

# પ્રસ્તાવના સંગ્રહ

લેખક-સંપાદક : આ. યશોદેવસૂરિ...

મુક્તિકમલ મોહનમાળા પુષ્પ-૧૦૨

# પ્રસ્તાવના સંગ્રહ

જેમાં બૃહત્સંગ્રહણી, ભગવાન શ્રી મહાવીરનું ૪૮ ચિત્રોનું સંપુટ, કલ્પસૂત્ર સુબોધિકા ટીકા, બારસાસૂત્ર, ઋષિમંડલ પૂજનવિધિ, યશોગ્રંથ મંગલ પ્રશસ્તિ સંગ્રહ, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મ.ના ગ્રંથો, પં. શ્રી ધીરજલાલ ટોકરશીના પુસ્તકો આદિ ૭૭ જેટલાં બહુમૂલ્ય પુસ્તકોમાં મનનીય, વિસ્તૃત રીતે છણાવટ કરીને પ્રસ્તાવના લખી છે તેનો વિશાળ સંગ્રહ પ્રસ્તુત પુસ્તકમાં આપવામાં આવેલ છે.


લેખક—સંપાદક

સાહિત્યકલારત્ન, યુગદૃષ્ટા, સાહિત્યસમ્રાટ

પરમપૂજ્ય

**આચાર્યશ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજ**



વિ. સં. ૨૦૬૨ ❀ ઈ.સન ૨૦૦૬

**પ્રકાશક**

**શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળા**
ઠે. રાવપુરા, કોઠીપોળ, વડોદરા (ગુજરાત)

**પ્રાપ્તિસ્થાન**

❀ **જૈન સાહિત્ય મંદિર**
તલાટી રોડ, પાલીતાણા-૩૬૪૨૭૦

❀ **પૂ. આચાર્યશ્રી યશોદેવસૂરિજી મહારાજ**
એસ. પી. એપાર્ટમેન્ટ, માનવમંદિર રોડ,
૧લા માળે, વાલકેશ્વર, મુંબઈ-૬

**વિ. સં. ૨૦૬૨** ❀ **ઇ.સન ૨૦૦૬**

**કિંમત : ૨૫૧=૦૦**

મુદ્રક :

**સ્મૃતિ ઓફસેટ**
જૈન વિદ્યાર્થી ગૃહ કંપાઉન્ડ,
સોનગઢ-૩૬૪૨૫૦

# પ્રકાશકીય નિવેદન

અમારી મુક્તિકમલ મોહનમાળા સંસ્થા તરફથી આજસુધી લગભગ ૧૦૦ પુસ્તકો પ્રકાશિત થયાં છે. ૭૫ વરસના ગાળામાં આટલાં બધાં પુસ્તકો પ્રકાશિત થયા તેનું અમે ગૌરવ અનુભવીએ છીએ. ચારેય અનુયોગને લગતાં પુસ્તકો બૃહત્‌સંગ્રહણી, ક્ષેત્રસમાસ, નવતત્ત્વ સુમંગલા ટીકા, ભગવતી સૂત્રના પ્રવચનો, ભગવાન શ્રી મહાવીરસ્વામી ૪૮ ચિત્રોનું સંપુટ, ભગવાન શ્રી મહાવીરસ્વામીના ૨૭ ભવનું પુસ્તક, પાંચમો કર્મગ્રંથ, કલ્પસૂત્ર વગેરે વગેરે લોકોપયોગી પુસ્તકો પ્રકાશિત કર્યા છે, તેમાં ભગવતીસૂત્રના પ્રવચનો, બૃહત્‌સંગ્રહણી, સંવચ્છરી પ્રતિક્રમણ સચિત્ર વિધિ વગેરે પુસ્તકો તો લોકોને એટલા બધા ગમી ગયા કે તેની સતત માંગ રહેતી અને એ પુસ્તકોની અમો આવૃત્તિઓ કરતા રહ્યા.

તેમાં આપણા જૈન સમાજવરિષ્ઠ સંઘસ્થવિર, સુદીર્ઘ સંયમ પર્યાયી, ગીતાર્થમૂર્ધન્ય સાહિત્યકલારત્ન, સાહિત્યસમ્રાટ આચાર્ય શ્રી વિજય યશોદેવસૂરીશ્વરજી મ.સા.ના પ્રકાશિત થયેલાં પુસ્તકો લોકોમાં એટલા પ્રશંસનીય બન્યા છે કે લોકો એની સતત માંગ કરતા રહે છે, સાથે સાથે પૂજ્યશ્રી તરફથી કાંઈક નવીન બહાર પડે તેવી અપેક્ષા કરી રહ્યા હોય છે.

પૂજ્યશ્રી પણ જૈન સમાજને કાંઈને કાંઈ નવું આપતા રહ્યા છે. આગમશાસ્ત્રો અને પોતાના લેખન અનુભવોમાંથી નવું નવું સર્જન કરી રહ્યા છે. નવું આપવાની ગણતરીએ આ પ્રસ્તાવના સંગ્રહ પુસ્તકનું સર્જન થયું અને ૮૦ પુસ્તકોનાં સારરૂપ એવું આ પુસ્તક પ્રગટ કરતાં અમો આનંદ અનુભવી રહ્યા છીએ.

આ કાર્યમાં પૂજ્યશ્રીના વિનયી ભક્તિવંત શિષ્યરત્ન પૂ. પર્યાયસ્થવિર પંન્યાસ શ્રી વાચસ્પતિવિજયજી મ. સા. તથા પૂજ્યશ્રીની અવિરત ખડપગે વૈયાવચ્ચ કરનાર પૂજ્યશ્રીના લાડીલા શિષ્યરત્ન પૂ. મુનિશ્રી જયભદ્રવિજયજી મ.સા. તથા સરલ સ્વભાવી પૂ. સાધ્વીજી શ્રી પુષ્પયશાશ્રીજી મ. તથા તેઓશ્રીના ભક્તિવંતા શિષ્યા પ્રૂફો તપાસવા વગેરેનું કાર્ય કરનાર પૂ. સાધ્વીજી શ્રી પુનિતયશાશ્રીજીને પણ ખાસ યાદ કરીએ છીએ.

પૂજ્યશ્રીના કાર્યમાં સહાયક થનાર સૌનો આભાર માની શાસનદેવને પ્રાર્થના કરીએ છીએ કે પૂજ્યશ્રીને તંદુરસ્ત રાખી શાસનનાં-સાહિત્યનાં ઘણાં કાર્યો કરાવે તેવી શુભકામના!

*ટ્રસ્ટીગણ*

# સંપાદકીય નિવેદન

આ પુસ્તકમાં મારા વિવિધ વિષયોના લખેલા ૭૭ પુસ્તકોમાં લખેલી પ્રસ્તાવના, અભિનંદન વગેરે બાબતોનો સંગ્રહ ધરાવતું પુસ્તક છે. મારો ખ્યાલ છે ત્યાં સુધી આ રીતનું પુસ્તક જૈન સમાજમાં કોઈએ છપાવ્યું હોય એવો ખ્યાલ ઓછો છે. છતાં વિદ્વાન મિત્રોનો ટેકો મળવાથી એક નવો આયામ કર્યો છે. સંભવ છે કે કેટલાકને ગમશે અને કદાચ કેટલાકને નહીં ગમે છતાં એ બધો વિચાર કર્યા વગર ''શુભે યથાશક્તિ'' એ ન્યાયે થોડું નવું કરવાનો ચીલો પાડવાનો પ્રયાસ કર્યો છે એ બદલ વાચકો ક્ષમા કરે.

આ ગ્રન્થમાં મેં વિ. સં. ૧૯૮૯માં દીક્ષા લીધી ત્યારપછીનું પહેલું પુસ્તક મારા અલ્પ-આછા ખ્યાલ મુજબ મેં બૃહત્સંગ્રહણીનું લખ્યું છે, એમાં પ્રસ્તાવના પણ લખી, એ ગ્રન્થની પ્રસ્તાવના આ ગ્રન્થમાં શરૂઆતમાં પહેલી આપવામાં આવી છે. ઉમ્મર થતાં અને નાદુરસ્ત તબિયતને કારણે વિ. સં. ૨૦૫૦ પછી લેખનકાર્યમાં નવા નવા સર્જનમાં મંદી આવી એટલે એ પછીની પ્રસ્તાવનાઓ વગેરે ઓછી જોવા મળશે.

આ પદ્ધતિનું પુસ્તક વિદ્વાનો અને લેખકો પસંદ કરશે કે કેમ ? તે દહેશત હતી. પરંતુ વિદ્વાનો, લેખકો વાચકોએ ખૂબ સત્કાર્યું--આવકાર્યું તેથી મને સંતોષ થયો. મને ખૂબ જ ધન્યવાદ આપ્યા અને મને કહે કે તમને આવો સુંદર વિચાર ક્યાંથી આવ્યો? એક સુંદર રચનાની જાણ સમાજને જાણવા મળશે એ મારા માટે એક આનંદનો વિષય છે.

અમારા શ્રદ્ધેય વિદ્વાન આચાર્ય શ્રી પૂર્ણચન્દ્રસૂરિજીએ તથા અમારા વિદ્વાન મિત્ર શ્રદ્ધેય ભાઈ શ્રી રમણભાઈએ આ પુસ્તક ઉપર કાંઈક લખીને મોકલ્યું છે તેનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું અને આવો સહકાર મને મારા અન્ય કાર્યોમાં મલતો રહે એવી શુભેચ્છા રાખું છું.

મારા કાર્યમાં મને પૂરો સાથ સહકાર આપનાર મારા પરમ વિનયી શિષ્યો-પર્યાયસ્થવિર પંન્યાસ શ્રી વાચસ્પતિવિજયજી તથા મારી નાદુરસ્ત તબિયતમાં મારી વિશેષ કાળજી રાખનાર, જેમને દીક્ષા લીધે મા. સુ. ત્રીજે ૨૫ વરસ પૂર્ણ થયાં તેવા સેવાભાવી મુનિરાજ શ્રી જયભદ્રવિજયજીને આ પ્રસંગે ખાસ યાદ કરૂં છું.

તથા વરસો સુધી એક સ્થાને રહીને મારા લેખન કાર્ય કરનાર તથા પ્રુફો સુધારવાનું કાર્ય કરનાર, ભદ્રિકપરિણામી, સરળ સ્વભાવી સાધ્વીજી શ્રી પુષ્પયશાશ્રીજી તથા તેમના વિનયી, ભક્તિવંતા શિષ્યા સાધ્વીજી શ્રી પુનિતયશાશ્રીજીને પણ ખાસ ધન્યવાદ આપું છું.

આ પુસ્તકને અથેતિ તૈયાર કરનાર સોનગઢના ધાર્મિકવૃત્તિના કહાન મુદ્રણાલયના માલિક શ્રી જ્ઞાનચંદજી તથા તેમના સુપુત્ર નિલયને હાર્દિક ધન્યવાદ ઘટે છે.

વિ. સં. ૨૦૫૯ વૈ. સુદ ૩,
એસ. પી. એપાર્ટમેન્ટ, વાલકેશ્વર,
મુંબઈ-૪૦૦૦૦૬

—યશોદેવસૂરિ

# પ્રસ્તાવનાની પ્રસ્તાવના

ચાતુર્માસના દિવસો દરમિયાન જ્યારે પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી મહારાજ વતી પૂ. પં. શ્રી વાચસ્પતિવિજયજી ગણિવર તરફથી પ્રસ્તુત દળદાર પ્રસ્તાવના-પુસ્તકની પ્રસ્તાવના લખી આપવાનું આમંત્રણ મલ્યું, ત્યારે આનંદ અને આશ્ચર્યની એકી સાથે અનુભૂતિ થઈ. આનંદ એ વાતનો થયો કે આ નિમિત્તે સીત્યોતેર જેટલી નાની-મોટી કૃતિઓનું સિંહાવલોકન કરવાનો લાભ મળશે. આશ્ચર્ય એ વાતનું થયું કે 'પ્રસ્તાવના'ઓમાં તે વળી વિશેષ તત્વ શું વાંચવા મળવાનું?

આપણે ત્યાં સામાન્ય રીતે પ્રસ્તાવનાઓ એ રીતે લખાતી હોય છે કે જેમાં લેખક દ્વારા લખાયેલી વાતોની જ લગભગ પ્રશસ્તિ હોય. પ્રસ્તાનામાં ખૂબીઓ અને ખામીઓના નિર્દેશપૂર્વક એ જ વિષયની વિશેષ માહિતી પૂરી પાડવામાં આવી હોય, આ જાતની પ્રસ્તાવનાઓ ઓછા પ્રમાણમાં લખાયેલી જોવા મળે છે, પરંતુ પ્રસ્તુત પ્રસ્તાવનાઓ વાંચતા એમ લાગ્યા વિના નથી રહેતું કે આ પ્રસ્તાવનાઓ પણ પુસ્તિકાની ગરજ સારે એવી છે. કેમકે આમાં વિવેચ્ય પુસ્તક ઉપરાંત એ વિષયને લગતી અન્ય ઠીક ઠીક માહિતી પૂરી પાડવામાં આવી છે, એથી આ પ્રસ્તાવનાઓ પણ પઠનીય બની જવા પામે એવી છે. એથી જ પ્રસ્તાવના વાંચીને પુસ્તકનું વાંચન થાય તો પુસ્તક વધુ બોધપ્રદ બની શકે અને પુસ્તકના વાંચન બાદ પ્રસ્તાવના વાંચવામાં આવે તો એ પ્રસ્તાવનાની ખૂબીઓ આપોઆપ સમજાયા વિના ન રહે.

પ્રસ્તાવનાલેખક પાસે એ કળા હોવી જોઈએ કે એ લેખનની ખૂબીઓને ખુલ્લી કરે, ખામીઓ તરફ આંગળી-ચીંધણું કરે અને પુસ્તકમાં ખૂટતા તત્વજ્ઞાનની પૂર્તિ કરે! આવી કળાની કલમે જે પ્રસ્તાવના લખાય, એ જ સાચા અર્થમાં 'પ્રસ્તાવના' ગણાય. પ્રસ્તુત પ્રસ્તાવનાઓ પર ઉપર ઉપરથી પણ નજર નાંખતા એનો સંતોષ અનુભવી શકાય કે ખરી પ્રસ્તાવના આવી જ હોવી જોઈએ.

૧૯૩૯થી આરંભીને ૨૦૦૦ સુધીનાં સમય-ગાળામાં નાની-મોટી લગભગ ૭૭ કૃતિઓ ઉપર લખાયેલી પ્રસ્તાવનાઓ આમાં સંગૃહીત છે. લગભગ ઘણી ખરી પ્રસ્તાવનાઓ સુવિસ્તૃત છે. ટૂંકી જણાતી પણ પ્રસ્તાવનાઓ અર્થગંભીર છે. પ્રસ્તાવના-લેખનની શરૂઆત 'બૃહત્સંગ્રહણી' દ્વારા થઈ અને આગળ વધતો વધતો આ લેખન પ્રવાહ 'સુવર્ણાક્ષરી બારસા'ને વટાવીને આગે બઢી રહેલો જોઈ શકાય છે. બૃહત્સંગ્રહણી અને બારસાસૂત્રની પ્રસ્તાવના પ્રમાણમાં વધુ મોટી અને ઘણી બધી માહિતીઓથી સમૃદ્ધ બનવા પામી છે.

સામાન્ય રીતે આ પ્રસ્તાવનાઓનું વિભાગીકરણ કરવું હોય તો આ મુજબ કરી શકાય. આગમસૂત્રો, પ્રકરણો, સ્તુતિ-સ્તોત્રો, ઈતિહાસ, જીવનચરિત્ર, પ્રભુજીવન, પ્રતિક્રમણ, સંગીત-નાટ્ય, પૂજા-પૂજન, જ્યોતિષ, કોશ, પ્રવચન, પત્ર-સંકલન, ઐતિહાસિક-સંશોધન,

સંસ્કૃત-પાઠ્યગ્રંથો, શિલ્પકળા, સંસ્મરણો, ચિત્રપટ-આલ્બમ, વિચારણીય પ્રશ્નો, ચિંતન મુખ્યત્વે આ અને આવા આવા વિષયની વિવેચના આ પ્રસ્તાવનાઓમાં કરવામાં આવી છે. એથી લગભગ તો જૈન સાહિત્યના તમામ વિષયોને સ્પર્શતી આ પ્રસ્તાવનાઓ છે, એમ નિ:શંક કહી શકાય. આમાં શાસ્ત્રીય મર્યાદાઓને સાચવવાનો યથાશક્ય પ્રયત્ન થયો છે. જ્યાં પણ એવા કોઈ વિષયમાં અનુમાન કે કલ્પનાને અવકાશ અપાયો છે, ત્યાં સિદ્ધાંતની સીમા ઓળંગી ન જવાય એની પૂરતી સાવધાની રાખવાનો પ્રયાસ થયો છે.

વિ. સં. ૨૦૨૯ની સાલમાં 'અમર ઉપાધ્યાયજી' પુસ્તક દ્વારા પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી ગણિવરના જીવનકવનને આલેખવાનો એક પ્રયાસ મારા દ્વારા થયો હતો, ત્યારથી પૂ. આચાર્યદેવની સાથે પત્ર દ્વારા સ્થપાયેલો પરોક્ષ-પરિચય પછીનાં વર્ષોમાં પ્રત્યક્ષ-પરિચયમાં પલટાયો અને પત્ર-પરિચય તો પછી પણ ચાલુ રહ્યો, એની જ ફળશ્રુતિ રૂપે 'પ્રસ્તાવનાની પ્રસ્તાવના' નામક આ લખાણને ઓળખાવી શકાય. એ વખતે 'અમર ઉપાધ્યાયજી' પુસ્તકની પ્રસ્તાવના પૂ. આચાર્યદેવશ્રીએ લખી આપી હતી. ત્યારે કલ્પના પણ ન હતી કે ભવિષ્યમાં આ રીતે પૂજ્યશ્રીના પુસ્તકને પરિચય કરાવતા 'પ્રસ્તાવના-લેખન'નો મને લાભ મળશે. આજની આ પળે ભૂતકાળની આવી સ્મૃતિ થતાં જ રોમાંચિત બની જવાય એ સહજ છે. પ્રાન્તે પૂ. આચાર્યદેવશ્રીના શિષ્યરત્ન સૌજન્યશીલ પૂ. પં. શ્રી વાચસ્પતિવિજયજી ગણિવરના સ્નેહ-સદ્‌ભાવનો સ્મરણોલ્લેખ કરીને 'પ્રસ્તાવનાની આ પ્રસ્તાવના' પર પૂર્ણવિરામ મૂકું છું.

પાલીતાણા,
મહારાષ્ટ્ર ભવન
પોષ દશમી,
તા. ૨૯-૧૨-૨૦૦૨

*આચાર્ય વિજયપૂર્ણચન્દ્રસૂરિ*

❀

- કોઈના હોઠોનું હાસ્ય ન બની શકો તો ચાલશે પણ કોઈની આંખના આંસુ તો ન જ બનશો.
- હે જીવ! ભોજન અને ભાષણ પ્રસંગે તું પ્રમાણ સાચવ. કેમકે અતિ આહાર અને અતિ માન-પ્રમાણ વગરનું ભાષણ પ્રાણનો વિનાશ કરે છે માટે કહ્યું છે કે-"અલ્પ ખા અને ગમ ખા"

# પ્રસ્તાવનાઓનું સર્જન

એક બહુમૂલ્ય ગ્રન્થનું સર્જન એટલે પ્રસ્તાવના સંગ્રહ. આ વિચાર આવવો એ જ એક અદ્ભુત અને આશ્ચર્યજનક વાત છે. કોઈ પુસ્તક લખે, કોઈ વાર્તા લખે, કોઈ નાટક લખે. કોઈ અનુવાદ લખે એટલે પુસ્તક વાર્તા, નાટક કે અનુવાદનું હોઈ શકે પરંતુ ક્યારે સંભળવા નથી મળ્યું કે માત્ર એક પ્રસ્તાવનાઓનું જ સ્વતંત્ર પુસ્તક હોય, એકલી પ્રસ્તાવનાઓ જ. આ વાત સાંભળીને ઘણાને આશ્ચર્ય જ થાય અને તે આ પુસ્તકમાં છે.

પ્રસ્તાવના એટલે જે તે વિષયના પુસ્તકના લખાણનો સાર (ક્રીમ). પુસ્તકના વિષયને બરાબર સમજાવતું લખાણ. હજુ પુસ્તક લખવું સહેલું છે પરંતુ પ્રસ્તાવના લખવી કઠિન છે. પુસ્તક એટલે સમુદ્ર અને પ્રસ્તાવના એટલે એ પુસ્તકરૂપી સમુદ્રને લોટામાં ભરવો. જ્યારે આખા સમુદ્રને સૂક્ષ્મરૂપ કરીને લોટામાં ભરવો હોય તો કેટલી જહેમત માંગી લે. કેટલી વિચારણા માગી લે. કેટલી બુદ્ધિની વિશાળતા માગી લે. આ પ્રસ્તાવનાઓ પાછી એક વિષય ઉપર નહીં અનેક વિષયો ઉપર અને કેટલા વિષયો તો પાછા બુદ્ધિને કસે તેવા.

પૂજ્યશ્રી ઉપર શાસનદેવ-દેવીઓ અને સ્વ. પૂજ્ય ગુરુદેવોની મોટી કૃપા વગેરે કારણે જ કઠિનમાં કઠિન એવા ગ્રન્થો અને અણઉકેલ સવાલોને ઉકેલી શકવાનું શક્ય બન્યું તેથી જ સમાજોપયોગી અનેકવિધ ગ્રન્થોનું પૂજ્યશ્રીનાં હસ્તે સર્જન થયું.

પૂજ્યશ્રીનાં સાહિત્યકલા-યંત્ર-મંત્ર-તંત્ર વગેરે વગેરે અનેક પ્રકાશનો પૈકી કેટલાક સંશોધનાત્મક પ્રકાશનો એ વિષયમાં તલસ્પર્શી સંશોધન કરીને લખવામાં આવેલ હજારો વરસોથી ચાલી આવતી ગેરસમજો–ભૂલોને સેંકડો ગ્રંથોનાં સંશોધન બાદ સચોટ રીતે યુક્તિ-યુક્ત દલીલો સાથે તેને સમજાવી અને સંશોધન કરેલ વાત સત્ય અને તથ્યથી ભરપૂર કરવી એ નાનીસુની વાત નથી. આ સંશોધન ઉપર પાછું વિદ્વાન–વડીલ પૂજ્યશ્રીઓનું મંતવ્ય અને માન્યતાની મહોર લાગવી તે જ પૂજ્યશ્રી ઉપર વડીલોની શ્રદ્ધા અને મહેરનું કારણ છે. વડીલ પૂજ્યશ્રીઓની પૂજ્યશ્રી ઉપર સચોટ વિશ્વાસ તેથી પૂજ્યશ્રીને આ માટે કહે અને પૂજ્યશ્રી દિલ લઈને અને ઉંડાણપૂર્વક એ કાર્યને હાથ ધરીને પૂર્ણ કરી તેનું પરિણામ (રિપોર્ટ) તે પૂજ્ય વડીલો સમક્ષ મૂકે ત્યારે તે પૂજ્ય વડીલોને કેવો આનંદ થયો હશે? જ્યારે પૂજ્યશ્રી પોતે સંશોધિત કરેલ તે વાત દાખલા–દલીલો સાથે યુક્તિયુક્ત રીતે એ પૂજ્ય વડીલોને સમજાવી હશે ત્યારે કેવો અલૌકિક આનંદ અનુભવ્યો હશે અને ત્યાર બાદ તે વાત પોતાનાં રોજીંદા જીવનમાં જાપમાં અમલમાં મૂકી હશે ત્યારે પૂજ્યશ્રીને કેવો આનંદ થયો હશે કે જૈન સમાજના બહુપૂજ્ય એ વડીલો પોતાનાં પ્રત્યે જે માન-આદર રાખે તેથી આ વાત શક્ય બને.

આવા આપના જૈન સમાજના આદરણીય, શ્રદ્ધેય, આબાલવૃદ્ધ સૌને માન્ય અને આપણા જૈન સમાજના ચારેય સંપ્રદાયમાં દીક્ષામાં સૌથી મોટા એવા પૂજ્ય ગુરુદેવના આ સંશોધનાત્મક પ્રસ્તાવનાઓનાં સંગ્રહનો રસાસ્વાદ માનીએ.

મનમાં આવતી કોઈપણ શંકાનું સમાધાન મેળવવા અથવા તે વિષયોને ઉંડાણથી સમજવા અથવા તેના વિષે વિશેષ જાણકારી મેળવવા આ પ્રસ્તાવના સંગ્રહ પુસ્તકને પોતાની રોજીંદી ઉપયોગી ચીજોની જેમ હંમેશા સાથે જ રાખવા જેવું છે. આ પુસ્તક હંમેશા ઉપયોગી બની રહેશે.

નવકાર મંત્ર, સિદ્ધચક્ર, ઋષિમંડલ, પાર્શ્વનાથ ભગવાન, પદ્માવતી માતાજી તથા સાધુ-સાધ્વીની દિનચર્યા ઉપર વગેરે વગેરે અનેકવિધ વિષયોની જાણકારી આ પુસ્તકમાંથી જ મળી શકશે. પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહના નમસ્કાર મંત્રસિદ્ધિ પુસ્તકની પ્રસ્તાવના લખી આપવા માટે શ્રી ધીરુભાઈએ પૂજ્યશ્રીને વિનંતિ કરી. પૂજ્યશ્રીએ પોતાનાં કાર્યોની વ્યસ્તતા જણાવી ત્યારે પંડિતજીએ આગ્રહભરી વિનંતિ કરતાં કહ્યું કે આપની પ્રસ્તાવના મળશે તો મને ઘણો આનંદ થશે. પૂજ્યશ્રીએ ધીરુભાઈની વિનંતિ સ્વીકારી પ્રસ્તાવના લખી આપવાનું સ્વીકાર્યું. કાર્યોની વ્યસ્તતા તથા સમયના અભાવે પ્રસ્તાવના લખી શકાતી ન હતી. છેવટે ગોડીજીનાં ઉપાશ્રયમાં પોતાની રૂમને ચારે બાજુથી બંધ કરાવી કોઈને ખબર ન પડે તેમ અંદર બેસી પાંચ દિવસે એ પ્રસ્તાવના પૂરી કરી. પ્રસ્તાવના એટલી સુંદર લખાઈ હતી કે જ્યારે પ્રસ્તાવના પંડિતજીના હાથમાં સોપવામાં આવી ત્યારે પ્રસ્તાવના વાંચી પંડિતજી હર્ષથી નાચી ઉઠ્યા. આવી સુંદર પ્રસ્તાવના પોતાના પુસ્તકમાં તો મૂકી પરંતુ તેની બે હજાર નકલ વધારાની કઢાવી સૌને આપી. તેનાથી સમજી શકાય છે કે પ્રસ્તાવના કેટલી સુંદર લખાઈ હશે. તે આ પુસ્તકમાં છે.

એક વખત અમદાવાદના વિદ્યાશાળાના ઉપાશ્રયમાં બિરાજમાન પ. પૂ. વયોવૃદ્ધ આચાર્ય શ્રી સિદ્ધિસૂરિ બાપજીએ પૂજ્યશ્રીને કહ્યું કે યશોવિજય! હું આ ઋષિમંડલ સ્તોત્ર વરસોથી ગણું છું. મને આમાં આ શબ્દ સમાયુક્તો માટે શંકા છે, તો તું તપાસીને મને કહેજે ને કે ખરેખર શબ્દ ક્યો છે. પૂજ્યશ્રીએ પણ એ વડીલ પૂજ્યશ્રીની વાતનો આદર કરી નવ મહિનામાં જુદા જુદા ભંડારોમાંથી ઋષિમંડલની સેંકડો પોથીઓ મંગાવી તેના ઉપર વિચારણા ચિંતન કરી અને જે સાચું લાગ્યું તે જણાવ્યું. આ રીતે ઋષિમંડલ સ્તોત્ર અને યન્ત્ર શુદ્ધ થઈ જૈન સમાજને પ્રાપ્ત થયા.

શ્રી સિદ્ધચક્રમાં પણ સંશોધન દરમિયાન સર્કરાલિંગમ્ શબ્દ ઉપર શંકા હતી. ત્યાં આગળ તેનો અર્થ સાકર અને લવિંગ કરી અનાહતનાં પૂજન વખતે વિધિવાળાઓ અનાહતનું સાકર અને લવિંગથી પૂજન કરાવતા. આ વાત પૂજ્યશ્રીને ખટકતી કે પ્રાયઃ કોઈપણ એક પદનું પૂજન કોઈ પણ એક વસ્તુથી થતું. જ્યારે અહીંયા એક પદ માટે બે વસ્તુ? આનાં ઉપર વિચારણા કરતાં અને તે માટે નજર રાખતા અમદાવાદ પાંચકુવા પાસે રેકડીમાં અનાયાસે એક વસ્તુ ઉપર પૂજ્યશ્રીની નજર ગઈ અને તે વસ્તુ અંગે પૂછપરછ કરતાં જે પદ માટે જે વસ્તુનું નિર્દેશન કરાતું તેનો ખ્યાલ આવી ગયો કે અનાહત પદ માટે સર્કરાલિંગમ્ એટલે સાકર અને લવિંગ નહીં પરંતુ લિંગના આકારની સાકર. આ જ વસ્તુ અમદાવાદનાં એક બજારમાં પૂજ્યશ્રીને રેકડીમાં જોવામાં આવી અને આ વાત જ્યારે પૂજ્ય વડીલોને સમજાવવામાં આવી ત્યારે આ વિષયને સમજનાર એ વડીલ પૂજ્યશ્રી પૂજ્યશ્રીને અહોભાવથી જોતાં રહ્યા.

એવી જ મહત્વની ત્રીજી વાત સવળાં ત્રણ છત્રની છે. હજારો વરસોથી ચાલી આવતી ગેરસમજ પૂજ્યશ્રીનાં ઉંડાણપૂર્વકના અને ભૂતકાળનાં હજારો વરસોનાં આલંબનો દ્વારા અને

યુક્તિસંગત દલીલો દ્વારા તૈયાર કરવામાં આવેલ લેખો. આ લેખોના વાંચન દ્વારા બુદ્ધિશાળી, વિચારશીલ અને સત્ય સ્વીકારવાની તૈયારીવાળા એવા ચારેય સંપ્રદાયના સન્માનનીય અગ્રગણ્ય અને આદરણીય સાધુપુરુષોએ એ સવળાં ત્રણ છત્રની ગોઠવણનો સ્વીકાર કર્યો.

સૌથી મોટી આનંદજનક બાબત આ પ્રસંગમાં એ બની કે તપાગચ્છ સંઘનાં સૌથી વિશાળ સમુદાયના પૂજનીય શ્રદ્ધેય ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મ. સા. કે જેમને પૂજ્યશ્રીનાં પાઠવેલ લેખો વાંચીને પ્રત્યુત્તર પાઠવ્યો કે તારા લેખો હું ધ્યાનપૂર્વક બે વખત વાંચી ગયો છું અને તે લખેલ યુક્તિસચોટ પુરાવાઓ સાથે જે ત્રણ છત્રની સવળી ગોઠવણ બતાવી છે તે બરાબર છે અને તે મેં માન્ય કરી મારી આજ્ઞામાં જેટલા સંઘો છે તે સંઘોમાં મેં સવળાં છત્રોની ગોઠવણ (ઉપરથી નીચે મોટું, મોટું, મોટું) કરવાનું કહી દીધું છે. આ વાત વાંચીને પૂજ્યશ્રી તો આનંદવિભોર થઈ ગયા અને કહે કે મહાપુરુષોની કેવી ઉદારતા હોય છે કે મારા જેવા નાના સાધુની વાત આવા મહાપુરુષો સ્વીકારી આદર કરે. મહાપુરુષોનો એક એવો ગુણ હોય છે કે સત્ય સમજાઈ જાય કે તરત તેનો સ્વીકાર કરી લે.

તેની સાથે સાથે અશોક-આસોપાલવ અંગે અને કેશમીમાંસા અંગેના પ્રશ્નોની પૂજ્યશ્રીએ સુંદર છણાવટ કરી વિવેચના કરી છે. અશોક અને આસોપાલવ એક નથી અને દીક્ષા લીધા પછી પણ તીર્થંકરોના કેશ (વાળ) વધે છે. આ અંગેની વિચારણા–છણાવટ "તીર્થંકરોની પ્રશ્નત્રયી" પુસ્તકમાં પૂજ્યશ્રીએ પૂજ્ય વડીલશ્રીઓના આવેલ અભિપ્રાયો સાથેના પત્રો છાપ્યા છે. આ પુસ્તક જિજ્ઞાસુઓએ તથા વક્તાઓએ ખાસ વાંચવું જોઈએ. આના વાંચન સિવાય અભિપ્રાય આપવો યોગ્ય નહિ રહે.

ચોથી વાત નવપદજીનાં ચિત્રોની—વરસોથી નવપદજીનું ચિત્ર એક સરખું ચાલ્યું આવતું હતું તેમાં પ્રતીક સ્વરૂપ પાંચ પદો અને ચાર ગુણપદો મૂકી ચિત્ર બનાવાતું. પૂજ્યશ્રીએ આમાં પણ પોતાની બુદ્ધિ ચલાવીને શાસ્ત્રોક્ત રીતે નવપદજીનું એક નવું ચિત્ર તૈયાર કરાવરાવ્યું. તેમાં અરિહંતપદ-અશોકવૃક્ષ વગેરે અષ્ટમહાપ્રાતિહાર્યો સાથે સિદ્ધપદ લાલ કલરમાં, આચાર્ય પદ, ઉપાધ્યાય પદ, સાધુ પદ એની જે મુદ્રાઓ જોઈએ તે મુજબ સુંદર ચિત્ર તૈયાર કરાવરાવ્યું. આ ચિત્ર જે જે પૂજ્યશ્રીઓને બતાવ્યું તે સૌ આનંદમિશ્રિત અવાજમાં પૂજ્યશ્રીઓ કહે કે યશોવિજયજી તમને આવો વિચાર કેવી રીતે આવ્યો? કેવું સચોટ ચિત્ર, ખરેખર! ચિત્ર રાખી આરાધના કરવી હોય તો આ ચિત્ર સામે જ કરાય.

પ્રસંગોપાત આ ચિત્ર પિંડવાડા મુકામે જન્મેલા પૂજ્યપાદ આચાર્ય ભગવંત શ્રી પ્રેમસૂરીશ્વરજી મ. સા.ને પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે બતાવ્યું તો તેઓશ્રીએ તો કહ્યું કે ધીરુભાઈ યશોવિજયજીને તમે કહેજો કે તે નવું ચિત્ર બનાવરાવી દે. આ ચિત્રે હું રાખી લઉં છું. આવું અદ્‌ભુત, આબેહૂબ, શાસ્ત્રોક્ત નવપદજીનું ચિત્ર મેં ક્યારેય જોયું નથી વગેરે વગેરે. યશોવિજયજીને મારા તરફથી ખૂબ ખૂબ ધન્યવાદ કહેજો. તે જૈનસમાજને કાંઈને કાંઈ નવું આપ્યા જ કરે છે.

આવી રીતે લખાણો દ્વારા, ચિત્રો દ્વારા, રચનાઓ દ્વારા, મૂર્તિઓ દ્વારા પૂજ્યશ્રી જૈન સમાજને

કાંઈને કાંઈ નવું પીરસ્યા કરે છે. આ પ્રસ્તાવના સંગ્રહ પુસ્તક પણ જૈન સમાજમાં એક નવો ચીલો ચાતરનાર છે.

પૂજ્યશ્રીની સંપૂર્ણ દેખરેખ–માર્ગદર્શન નીચે તૈયાર થયેલ અને પાયામાંથી જેમાં ભાગ આપેલ છે તે પાલીતાણામાં આવેલ જૈન સાહિત્ય મંદિરની રચનામાં પણ અનેક વિશેષતાઓ પૂરી બેનમૂન બનાવ્યું છે. એમાં અનેક વિશિષ્ટ રચનાઓ કરી છે. પૂજ્ય સાગરજી મ. સા. (લોક પ્રસિદ્ધ નામ) જ્યારે સાહિત્ય મંદિર જોવા પધાર્યા તે વખતે પૂજ્ય મુનિશ્રીએ (તે વખતે મુનિ–હાલ આચાર્ય) સાહિત્યમંદિર સાંગોપાંગ વિશિષ્ટતાઓ સાથે બતાવ્યા પછી બહાર નીકળી સાગરજી મ. સા.ને ઉપર જોવાનું કહ્યું ત્યારે સાગરજી મ. સા. કહે ઉપર પૂજ્યશ્રીએ જ્યારે મકાનમાં સૌથી ઉપરના ભાગમાં કઠેડામાં બનાવવામાં આવેલ ૪૫ આગમોની પથ્થરમાં બનાવેલી રચના બતાવી. ત્યારે તેઓશ્રી આનંદથી એકદમ બોલી ઊઠ્યા અલ્યા આવો વિચાર તને ક્યાંથી આવ્યો? કેવી સુંદર ગોઠવણ કરી છે. તે સારી બુદ્ધિ ચલાવી. ૪૫ આગમના ક્રમશઃ નંબર જ્યારે અગિયાર અંગ, બાર ઉપાંગ, દશ પયન્ના, છ છેદસૂત્ર, ચાર મૂલસૂત્ર અને બે ચૂલિકા તેના જુદા જુદા કલર અને તેમાં તેના નામ અને નંબર આ રીતે પીસ્તાલીસે પીસ્તાલીસ આગમો પુસ્તકાકારે કઠેળામાં બનાવવામાં આવ્યા છે. જેથી નીચેથી જોનારને સહજ રીતે જ ખ્યાલ આવી જાય કે આ કોઈ પુસ્તકાલય કે સાહિત્ય મંદિર છે.

આ રીતે પૂજ્યશ્રીએ જૈનસમાજને કાંઈને કાંઈ નવું આપ્યું છે, આપતા રહ્યા છે. તેઓશ્રીની જે પણ કૃતિઓ હોય તે એટલી આદરણીય બની છે કે તેની અનેક આવૃત્તિઓ થઈ છે.

પૂજ્યશ્રીએ જૈનસમાજને જે જે અણમોલ ભેટો આપી છે. તેમાં સર્વોચ્ચ સ્થાન ભગવાન શ્રી મહાવીરસ્વામીજીનું ચિત્રસંપુટ, સંગ્રહણી રત્નમ્, સંવત્સરી પ્રતિક્રમણ વિધિ, અને ભક્તિગંગા વગેરે અને શિલ્પ સ્થાપત્યમાં વાલકેશ્વરનાં શ્રી પદ્માવતી માતાજી વગેરે શિલ્પો, ૨૫૦૦ નિર્વાણ મહોત્સવ સમયે જૈનધ્વજ અને જૈન પ્રતીક, પૂજ્યશ્રીએ ૧૦૦ ઉપરાંત સ્તવનો બનાવેલ છે તે પૈકીનું એક મારી નાવલડી મઝધાર સ્તવન પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ. સા. તેમની શિબિરમાં યુવાનોને દિવસમાં ત્રણ-ત્રણ વખત ગવડાવતાં હતા અને કહેતા કે કેવા પળ કે ચોઘડીયે આ સ્તવનની રચના થઈ છે કે જે વારંવાર ગાવાનું મન થાય, મમરાવવાનું મન થાય. આ સ્તવનની રચનામાં જે શબ્દો વાપર્યા એ કેમ મૂકવાનું મન થયું હશે તે જોઈને આશ્ચર્ય થાય છે. સ્તવનો પૈકી થોડા સ્તવનોની એક કેસેટ યશોગીત ગુંજન તથા નવકાર, ચત્તારિ મંગલમ્, સમરોમંત્ર ભલો નવકાર, આરતી, મંગલદીવો વગેરેની ૩૦ રેકર્ડો તથા પદ્માવતી માતાજી તથા ચક્રેશ્વરીદેવીની આરતીઓ, દિવાળી દેવવંદન પદ?? શાહ-બાદશાહ નાટક, સુદમાક્ષરી દંડક (દંડક ત્રણ અક્ષરમાં આખું દંડક પ્રકરણ લખેલું છે.) તથા અષ્ટપ્રકારી પૂજા (પોસ્ટકાર્ડમાં આખી પૂજા લખી છે.) અને ત્રેવીસ તીર્થંકરયુક્ત કાઉસ્સગ્ગ મુદ્રાવાળા શ્રી આદીશ્વર ભગવાન, વિઘ્નહર પાર્શ્વનાથ, શ્રી મહાવીરસ્વામી ચોવીસી, ચાર શાશ્વતા (ઋષભ, ચંદ્રાનન, વારિષેણ અને વર્ધમાન) વગેરે અનેક સાહિત્ય, કલા, શિલ્પ સ્થાપત્યોની પૂજ્યશ્રીની નાની મોટી કલાકૃતિઓ, રચનાઓ જૈનસમાજમાં આદર પામ્યા છે.

શ્રદ્ધા છે કે તેવી જ રીતે આ પ્રસ્તાવના સંગ્રહ ગ્રન્થ પણ તેટલો જ અથવા તેથી વિશેષ આદર પામશે.

હાલમાં (વિ. સં. ૨૦૬૧) પૂજ્યશ્રીને જીવનનું નેવુમું વર્ષ તથા સંયમજીવનનું ૭૫મું વર્ષ ચાલી રહ્યું છે. તેઓશ્રી તંદુરસ્ત રહી જૈન સમજને હજુ પણ કાંઈને કાંઈ નવું આપતા રહે તેવી શુભકામના-શુભભાવના.

પાંચે ઇન્દ્રિયો અને મન જેમને જૈન શાસનને સમર્પિત કરી દીધા છે તેવા પૂજ્યશ્રી હાલમાં શ્રી મહાવીર ચિત્રસંપુટ જેવા જ ચિત્રમય શ્રી ત્રેવીસ તીર્થંકર, ચિત્રમય સાધુ-સાધ્વી દિનચર્યાનું કાર્ય કરી રહ્યા છે.

નાદુરસ્ત તબીયતને કારણે ધીમી ગતિએ ચાલતું આ કાર્ય ઝડપી ગતિ પકડી જલદીમાં જલદી પૂર્ણતાએ પહોંચી જૈન સંઘ સમક્ષ પહોંચે એવી શુભેચ્છા.

પૂજ્યશ્રીએ ૧૮ વરસની ઉંમરે લખેલ ૧૦૦૦ પાનાનાં સંગ્રહણી ગ્રન્થનો ઈંગ્લીશ અનુવાદ થઈ ગયો છે અને તે પણ ટૂંક સમયમાં બહાર પડશે.

એસ. પી. એપાર્ટમેન્ટ
વાલકેશ્વર--મુંબઈ-૬

*જયભદ્રવિજય*

- *દેવોને હવે તથાસ્તુ કહેતાં ડર લાગે છે કેમકે આજનો માણસ બે ફૂલ ચઢાવીને આખો બગીચો માંગે છે.*
- *તમારા નામની આગળ 'સ્વ' લાગે તે પહેલાં સ્વ(આત્મા)ને ઓળખી લો.*
- *ગુરૂ આપણી તસ્વીર-તકદીર બદલી શકે પણ તાસીર તો આપણે જાતે જ બદલવી પડે.*
- *પાણી પણ ડૂબાડતા પહેલાં બે વાર બચવાની તક આપે છે માટે એકવાર તો અવસર આપો.*
- *માણસ ખોટી પ્રશંસા સાંભળી શકે છે. પણ સાચી ટીકા સાંભળી શકતો નથી.*

# બહુમુખી પ્રતિભાવંતનું બહુમૂલ્ય લેખનકાર્ય

*ડૉ. રમણલાલ સી. શાહ*

પરમ પૂજ્ય આચાર્ય ભગવંત શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબ (પૂર્વનામ મુનિશ્રી યશોવિજયજી)ના 'પ્રસ્તાવના સંગ્રહ' નામના આ ગ્રંથશિરોમણિને આવકારતાં હું અત્યંત હર્ષ અનુભવું છું. પૂજ્ય આચાર્ય મહારાજશ્રીએ પોતાના દીર્ઘ જીવનકાળ દરમિયાન લખેલી ભિન્ન ભિન્ન ગ્રંથોની સિત્તેરથી વધુ પ્રસ્તાવનાઓનો આ સંગ્રહ છે. આઠસો પાનાંનો આ દળદાર ગ્રંથ રૂપરંગાદિ ક્લેવરની દૃષ્ટિએ નૂતન છે, પણ એમાં આપવામાં આવેલી સામગ્રી જૂની પણ મૂલ્યવાન અને સાચવવા જેવી છે, કાળ વીતતાં આ ગ્રંથનું કલેવર જૂનું થશે, પણ એમાં આપેલી સત્ત્વશીલ સામગ્રી તો નવા જેવી જ અને મૂલ્યવાન રહેશે.

પૂજ્ય આચાર્ય ભગવંતે આ પુસ્તકની સંક્ષિપ્ત પ્રસ્તાવના લખવાનું મને કહ્યું તે ગમ્યું છે, તે એટલા માટે કે એમનો પહેલવહેલો પરિચય મને પ્રસ્તાવનાના નિમિત્તે જ થયો હતો. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના 'જંબૂસ્વામી રાસ'ના મારા સંપાદન માટે વિ. સં. ૧૯૧૭ (ઇ. સન્ ૧૯૬૧)માં એમણે પુરોવચન લખી આપ્યું હતું. એ વર્ષોમાં મહારાજશ્રીએ 'ઉપાધ્યાય શ્રી યશોવિજય સ્મૃતિગ્રંથ' તૈયાર કર્યો હતો અને શ્રી યશોવિજયજીની કૃતિઓનું સંપાદન-પ્રકાશન તેઓ કરતા અને કરાવતા હતા. વસ્તુતઃ 'જંબૂસ્વામી રાસ'નું સંપાદનકાર્ય એમની ભલામણથી જ સુરતના શેઠ નગીનભાઈ મંછુભાઈ સાહિત્યોદ્ધાર ફંડ તરફથી મને સોંપવામાં આવ્યું હતું અને તે માટે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજે સ્વહસ્તે લખેલી 'જંબૂસ્વામી રાસ'ની હસ્તપ્રત એમણે મને મેળવી આપી હતી.

આ ગ્રંથમાં પહેલી પ્રસ્તાવના ઇ. સન્ ૧૯૩૯ની છે અને છેલ્લી પ્રસ્તાવના ઇ. સન ૨૦૦૦ની છે. એકસઠ વર્ષના ગાળામાં, પોતાના સંખ્યાબંધ સ્વતંત્ર ગ્રંથોના લેખન-પ્રકાશનની સાથે, પ્રસ્તાવનાઓનું આટલું બધું વિપુલ લેખનકાર્ય થઈ શક્યું એ પોતાનાં આરાધ્ય દેવીઓ-માતા સરસ્વતીદેવી અને માતા પદ્માવતીદેવીની કૃપા વગર ન થઈ શકે. જીવનની ઉત્તરાવસ્થામાં શક્તિઓ જ્યારે ક્ષીણ થવા લાગે ત્યારે તો આશ્ચર્ય થાય કે આટલું બધું લેખનકાર્ય શું પોતે કર્યું હશે! આજે એવું લખવું હોય તો ન લખાય. પૂજ્ય આચાર્ય ભગવંતને બાલ્યવયમાં દીક્ષા લીધી ત્યારથી જ એમના ગુરુ ભગવંતો પ. પૂ. આ. શ્રી મોહનસૂરીશ્વરજી મ., પ. પૂ. આ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મ. અને પ. પૂ. આ. શ્રી ધર્મસૂરીશ્વરજી મ.ની સતત કૃપા મળતી રહી હતી. એથી જ એમની બહુમુખી પ્રતિભાનું યશોજ્જ્વલ ઘડતર થયું હતું.

પૂ. આચાર્યશ્રીજીની પ્રતિભા બહુમુખી છે. એમની બહુશ્રુતતાનાં દર્શન જેમ એમના ગ્રંથોમાં

નિહાળી શકાય છે તેમ એમની પ્રસ્તાવનાઓમાં પણ નિહાળી શકાય છે. એમનો જીવ કવિનો-સર્જકનો છે અને પ્રતિભા વિદ્વાન તત્ત્વજ્ઞ સમીક્ષકની છે. દીક્ષા લીધી તે પૂર્વે બાલ્યાવસ્થામાં તેઓ અચ્છા નૃત્યકાર હતા અને જિનમંદિરમાં રાત્રિભાવનામાં સરસ નૃત્ય કરતા. વિવિધ વાજિંત્રો વગાડતાં એમને આવડતું, રાગ–રાગિણીના–શાસ્ત્રીય સંગીતના તેઓ જાણકાર છે. દીક્ષા પૂર્વે અને પશ્ચાત્ સ્તવનાદિ કાવ્યકૃતિઓની એમણે રચના કરી છે. એમણે નાટકો–સંવાદો લખ્યા છે અને ભજવ્યા છે. દીક્ષા પછી તત્ત્વજ્ઞાનના ક્ષેત્રે, ભાષાસાહિત્યના ક્ષેત્રે એમના ગુરુ ભગવંતોએ એમને પ્રવેશ કરાવ્યો. એથી સંસ્કૃત, પ્રાકૃત ભાષા, વ્યાકરણ, કોશ ઇત્યાદિમાં એમણે પ્રભુત્વ મેળવ્યું. પ. પૂ. આ. શ્રી મોહનસૂરીશ્વરજી મહારાજે એમને બૃહત્સંગ્રહણીની ગાથાઓ કંઠસ્થ કરવાની પ્રેરણા કરી હતી. આગમોના અભ્યાસ ઉપરાંત પૂર્વાચાર્યોના સમર્થ ગ્રંથોનું અધ્યયન પણ એમણે કર્યું છે. જૈન ઇતિહાસ અને ભાષાવિજ્ઞાનના તેઓ અભ્યાસી છે. જૂની જૈન દેવનાગરી લિપિમાં લખાયેલી હસ્તપ્રતો તેઓ સરળતાથી વાંચી શકે છે. શિલ્પકલા અને ચિત્રકલામાં એમનું પ્રભુત્વ, એમની મૌલિક સૂઝ અત્યંત પ્રશંસાપાત્ર છે. આમ બાહ્ય કલાઓના તેઓ જેમ મર્મજ્ઞ છે તેમ એમની આંતરિક સાધના પણ ઊંડી છે. મંત્રવિજ્ઞાન, યંત્રસાધના, ધ્યાન ઇત્યાદિના તેઓ માત્ર અભ્યાસી જ નહિ, આરાધક છે. માતા શ્રી પદ્માવતીજીના તેઓ પરમ ભક્ત, પરમ કૃપાપાત્ર છે. આમ પૂજ્ય આચાર્ય ભગવંતની પ્રતિભા અનોખી છે. આજે ૮૮ વર્ષની ઉંમરે પણ તેમની સાધના ચાલુ જ છે.

પૂજ્ય મહારાજશ્રીએ નાની વયે દીક્ષા લીધી હતી અને પ્રારંભથી જ એમને તત્ત્વજ્ઞાનના ગહન વિષયોમાં રુચિ પ્રગટ થઈ હતી અને તે સમજવા માટેની બૌદ્ધિક તીક્ષ્ણતા પણ એમનામાં હતી, એટલે એમનું લેખનકાર્ય એટલું વહેલું શરૂ થઈ ગયું હતું. વળી તેઓ પોતાના ગુરુ ભગવંતોને લેખનકાર્ય–સ્વાધ્યાયાદિમાં સહાય કરતા રહ્યા હતા. ગ્રંથોમાંથી સંદર્ભો મેળવી આપવા, નકલ કરવી ઇત્યાદિ કાર્ય તેઓ કરતા એટલે જ છ સાત દાયકા પહેલાંના કોઈ કોઈ ગ્રંથોમાં 'વિદ્વાન બાલમુનિ યશોવિજય' એવો ઉલ્લેખ જોવા મળે છે. એ સમયના ભાવનગરના ખ્યાતનામ શ્રાવક લેખક અને શાસ્ત્રજ્ઞ પંડિત શ્રી કુંવરજી આણંદજી એમની પ્રતિભાથી આકર્ષાયા હતા અને એમણે પણ પોતાના કોઈક ગ્રંથોમાં 'બાલમુનિ' માટે પ્રશંસાના ઉદ્ગારો કાઢ્યા છે. આમ નાની ઉંમરથી જ આચાર્યશ્રીની એક સિદ્ધહસ્ત લેખક તરીકે જૈન-જૈનેતર સાહિત્યજગતમાં ખ્યાતિ પ્રસરી ગઈ હતી, એટલે કેટલાયે લેખકો પોતાના ગ્રંથની પ્રસ્તાવના આચાર્યશ્રીજી પાસે લખાવવા ઝંખે એ સ્વાભાવિક છે.

પ્રસ્તાવનાઓ વિવિધ પ્રકારની હોય છે અને તે પણ લેખકે પોતે પોતાના ગ્રંથ માટે લખેલી અથવા લેખકે બીજા પાસે લખાવેલી હોય છે. પ્રાસ્તાવિક નિવેદન, આશીર્વચન ઇત્યાદિ પ્રકારની સંક્ષિપ્ત પ્રસ્તાવનાઓ ઘણી વાર માત્ર ઔપચારિકતા પૂરતી જ હોય છે. જિજ્ઞાસુ વાચક એવી પ્રસ્તાવના ન વાંચે તો પણ એને ખાસ કશું ગુમાવવાનું હોતું નથી. કેટલાક ગ્રંથોની અભ્યાસપૂર્ણ માહિતીસભર પ્રસ્તાવના લેખકે કે સંપાદકે પોતે લખેલી હોય છે અથવા એ વિષયના સમર્થ વિદ્વાન પાસે ઉપોદ્ઘાતરૂપે લખાવેલી હોય છે. એવી વિસ્તૃત પ્રસ્તાવના નવો પ્રકાશ પાડનારી

ગ્રંથને સમજવા માટે ચાવીરૂપ હોય છે. આંગ્લ લેખક બર્નાર્ડ શોએ પોતાનાં નાટકોની પ્રસ્તાવના પોતે જ લખી છે. ક્યારેક તો નાટક કરતાં પ્રસ્તાવના મોટી બની છે. જાણે માથા કરતાં પાઘડી મોટી. પરંતુ એ પ્રસ્તાવના વાંચ્યા પછી એમનાં નાટકોનું રહસ્યોદ્‌ઘાટન વધુ સુંદર થાય છે. કેટલીક આવી પ્રસ્તાવનાઓ મૂળ કૃતિ વાંચતા પહેલાં વાંચવા જેવી હોય છે. કેટલીક પ્રસ્તાવના પછીથી વાંચવા જેવી હોય છે અને કેટલીક વિશિષ્ટ કૃતિની વિશિષ્ટ પ્રસ્તાવના તો પહેલાં અને પછી એમ બે વાર વાંચવા જેવી હોય છે. આવી પ્રસ્તાવનાઓ પૂરક, પ્રેરક અને પ્રકાશક હોય છે. કોઈકને પ્રશ્ન થાય કે જો પ્રસ્તાવના વાંચવી અનિવાર્ય જ હોય તો તે જુદી આપવાને બદલે મૂળ કૃતિમાં જ કેમ ઉમેરી દેવાતી નથી? એનું કારણ એ છે કે બંનેનાં સ્વરૂપ અને આશય ભિન્નભિન્ન હોય છે.

પૂ. મહારાજશ્રીની આ પ્રસ્તાવનાઓમાં અપાર વૈવિધ્ય જોવા મળે છે. કેટલીક પ્રસ્તાવના પોતાના જ ગ્રંથ માટે લખાયેલી છે, તો કેટલીક અન્યના ગ્રંથ માટે લખાયેલી છે; કેટલીક સુદીર્ઘ છે તો કેટલીક સંક્ષિપ્ત છે. અન્યના ગ્રંથ માટે પ્રસ્તાવના લખવાનું કામ નાજુક અને અઘરું છે. વળી એ માટે પોતાની સજ્જનતા હોવી પણ જરૂરી છે. પૂ. મહારાજશ્રીમાં આપણને એવી સજ્જતા અને યોગ્યતા એમ બંને જોવા મળશે.

ધીરજ, ખંત અને ચીવટ એ પૂ. મહારાજશ્રીની પ્રકૃતિનાં મુખ્ય લક્ષણો છે. ઉતાવળે કાચું કામ કરવામાં તેઓ માનતા નથી. એ રીતે એમનો આશાવાદ જબરો છે. કુદરતે પણ એમની એ ભાવનાને માન આપ્યું છે. આશરે પંચાવન વર્ષની ઉંમરે એમને હરપિસનો રોગ થયો અને તે મસ્તકના ભાગમાં નીકળ્યો હતો. એથી એમની ચિત્તશક્તિ ઉપર કંઈક અસર થઈ. પરિણામે કામ કરવાનો ઉત્સાહ પહેલાં જેવો ન રહે, તો પણ આ ત્રણ દાયકાથી અધિક સમયમાં લેખન-સંશોધનનું જે સંગીન કાર્ય એમણે કર્યું છે તે આશ્ચર્યમુગ્ધ કરી દે એવું છે.

આ પ્રસ્તાવનાઓમાં ઝીણવટ અને ચોક્કસાઈ એ મહારાજશ્રીના લખાણનાં બે મહત્ત્વનાં લક્ષણો તરત નજરે પડે એવાં છે. એમણે આપેલી પાદટીપો તે તે વિષય પર કેટલો બધો પ્રકાશ પાથરે છે! પોતાની એવી તલસ્પર્શી જાણકારી સિવાય આટલી બધી પાદટીપો આપી શકાય નહિ. કેટલીક વિગતો હોય નાની, પણ ઐતિહાસિક દૃષ્ટિએ એનું મૂલ્ય બહુ મોટું હોય છે.

પૂ. મહારાજશ્રીની લેખનશૈલીની એક લાક્ષણિકતા એ છે કે લખાણમાં વચ્ચે વચ્ચે પેટા-શીર્ષકો આપવાં, એથી વાચકને સરળતા રહે છે. ક્યારેક વાચકનું ધ્યાન ખેંચવા માટે જરૂરી મુદ્દો પણ પેટાશીર્ષકરૂપે આપવામાં આવ્યો છે. આવા પેટાશીર્ષકો લેખકને પક્ષે પણ બહુ ઉપયોગી નીવડે છે, કારણ કે એથી કોઈ મહત્ત્વનો મુદ્દો રહી જતો નથી. વળી આ પ્રસ્તાવનાઓમાં પૂ. મહારાજશ્રીએ પોતાના અંગત અનુભવોની વાતો પણ જરૂર લાગી ત્યાં વણી લીધી છે. આવી વાતો ભવિષ્યના ઇતિહાસકાર માટે, તાળો મેળવવામાં બહુ ઉપયોગી થઈ પડે એવી હોય છે.

આ પ્રસ્તાવનાઓમાં લેખનકાળની દૃષ્ટિએ સૌથી પહેલી, સૌથી મોટી અને સહુમાં સમર્થ પ્રસ્તવાના તે 'બૃહત્‌સંગ્રહણી'ની છે. એવું જ સામર્થ્ય 'ઋષિમંડલ સ્તોત્ર', 'સિદ્ધચક', 'ઉવસગ્ગહરં સ્તોત્ર', 'પ્રતિક્રમણ', 'નવકારમંત્ર' ઇત્યાદિ વિષયોની પ્રસ્તાવનાઓમાં પણ જોવા મળે છે.

પૂ. મહારાજશ્રીનાં આ યશસ્વી કાર્યોની જેમ અન્ય ક્ષેત્રનું એવું જ યશસ્વી કાર્ય તે ભગવાન મહાવીરના ચિત્રસંપુટનું કાર્ય છે. આ ગ્રંથમાં એની લેખનસામગ્રીમાં તો ઝીણવટભરી દૃષ્ટિની સાથે ચિત્રકલા માટેની એમની સૂક્ષ્મ સૂઝની પણ પ્રતીતિ થાય છે. આ ચિત્રોમાં જે નાનીમોટી વિગતો છે તે શાસ્ત્રીય આધારયુક્ત છે અને ચિત્રો પણ મનોહર, ચિત્તાકર્ષક થયાં છે. આવાં ચિત્રોનો સંપુટ જૈન સાહિત્ય-કલાના ઇતિહાસમાં પહેલી જ વાર એમના હાથે થયો અને ચારેબાજુથી, દેશ-પરદેશથી એને અત્યંત સુંદર આવકાર મળ્યો છે તે એટલે સુધી કે બીજા કેટલાકે પોતાના ચિત્રસંપુટમાંથી, કોઈ પણ ઋણસ્વીકાર વિના, આમાંના કેટલાંક ચિત્રોનો બેઠો ઉપયોગ કર્યો છે કે થોડા ફેરફાર સાથે નકલ કરી છે. હવે તો કોમ્પ્યુટર આવતાં કેટલીયે પત્રિકાઓ, કેલેન્ડરો ઇત્યાદિમાં એમણે તૈયાર કરાવેલાં આ ચિત્રોનો જ પરંપરાએ ઉપયોગ ચાલુ થઈ ગયો છે. જૈન સમાજની કલાદૃષ્ટિને સંમાર્જવામાં પૂ. આચાર્યશ્રીજીનું યોગદાન ઘણું મોટું રહ્યું છે. જેમ ચિત્રકલામાં તેમ શિલ્પકલામાં, મૂર્તિવિધાનમાં પણ એમણે શાસ્ત્રીય આધાર સાથે નવપ્રસ્થાનો કર્યાં છે અને જૈન મૂર્તિકલાને વધુ રમણીય અને પ્રભાવક બનાવી છે. મુંબઈમાં વાલકેશ્વરમાં બાબુ અમીચંદના દેરાસરમાં માતાજી શ્રી પદ્માવતી દેવીની પ્રતિમા એનો ઉત્કૃષ્ટ નમૂનો છે.

સંશોધન-સંપાદનના ક્ષેત્રે પૂ. મહારાજશ્રીનું એક મહત્ત્વનું યોગદાન તે ઉપાધ્યાય શ્રી યશોવિજયજીની અપ્રકાશિત કૃતિઓને વિદ્વદ્‌ભોગ્ય પ્રસ્તાવના સાથે પ્રકાશિત કરવાનું છે ઉપાધ્યાયજી મહારાજના જીવન અને કવનનો પ્રભાવ એમના લેખનકાર્ય ઉપર ઘણો બધો રહ્યો છે એ આ પ્રસ્તાવનાઓ વાંચતા તરત જણાશે.

કાલચક્ર જેમ જેમ ફરતું જાય તેમ તેમ વર્તમાન સાહિત્ય જૂનું થતું જાય, ભુલાતું જાય અને નવું નવું સાહિત્ય પ્રકાશમાં આવતું જાય. પાંચ સાત દાયકામાં તો કેટલાયે ગ્રંથો જૂના અને જર્જરિત થઈ જાય છે. એ ગ્રંથો સાથે એની કિંમતી પ્રસ્તાવના પણ કાલગ્રસ્ત કે દુર્લભ બની જાય છે. એટલા માટે જ એવા ગ્રંથોમાંની ઉપયોગી સામગ્રીનું પુનઃ પ્રકાશન થાય તો ભાવિ પેઢીને એથી લાભ થાય. લેખકને પોતાને પણ એ સદ્યસંદર્ભ તરીકે કામ લાગે છે. એટલા માટે જ પૂ. મહારાજશ્રીના આ 'પ્રસ્તાવના સંગ્રહ'ની ઉપયોગિતા રહેવાની.

આવું ભગીરથકાર્ય એકલે હાથે થાય નહિ. એમાં વળી પૂ. આચાર્યશ્રીજી છેલ્લાં દશ વર્ષથી અશક્ત છે. એટલે જ આટલા બધા ગ્રંથોમાંથી પ્રસ્તાવનાનું લખાણ જુદું તારવવું, પ્રેસકોપી તૈયાર કરવી, પ્રૂફ વાંચવા ઇત્યાદિ કઠિન કાર્ય કરવા માટે પ. પૂ. પં. શ્રી વાચસ્પતિવિજયજી મહારાજ, પ. પૂ. શ્રી જયભદ્રવિજયજી મહારાજ તથા પ. પૂ. સાધ્વીજી શ્રી પુષ્પયશાશ્રીજી તથા તેઓના શિષ્યા પ. પૂ. સાધ્વીજી શ્રી પુનિતયશાશ્રીજીએ ઘણો જ પરિશ્રમ ઉઠાવ્યો છે. તેઓ સર્વે ખૂબ ધન્યવાદને પાત્ર છે.

પ. પૂ. આચાર્ય ભગવંત શ્રી યશોદેવસૂરીશ્વરજી મહારાજ સાહેબનો પ્રસ્તાવના-સંગ્રહ નામનો આ ગ્રંથ અનેકને માટે પ્રેરણારૂપ અને માર્ગદર્શક બની રહેશે એ નિઃસંશય છે.

❋

# अभिनन्दन

*-साहित्य वाचस्पति म० विनयसागर*

जैन चित्रकला, जैन मूर्तिकला और जैन अनुसंधान के क्षेत्र में ऐसा कौन सा नामांकित विद्वान है, जो ज्ञानवृद्ध और पर्यायवृद्ध आचार्य प्रवर श्री विजय यशोदेवसूरिजी को न जानता हो अथवा उनका नाम न सुना हो? इन्होंने अपनी सूक्ष्म पैनी दृष्टि से निर्णय लेते हुए अपने निर्देशन में जो असाधारण निर्माणकार्य करवाये है, वे वास्तवमें असाधारण ही हैं।

लगभग ४ दशक से मेरा उनके साथ सम्पर्क रहा है। सम्भवतः पहली बार जब ये वालकेश्वर में विराजमान थे, उस समय मिलना हुआ था और उनके वैदुष्य से मैं प्रभावित भी हुआ। सम्पर्क बराबर बना रहा। संयोग से जब मुझे यह ज्ञात हुआ कि जयपुर के प्रसिद्ध चित्रकार श्री बद्रीनारायणजी द्वारा चित्रित २४ तीर्थंकरों के चित्र जिनको पंडित भगवानदासजी जैन ने 'आदर्श जैन चौवीसी' के नामसे विक्रम संवत् १९९६ में प्रकाशित करवाये थे, उसके मूल चित्र पंडित भगवानदासजी से आपने क्रय कर लिये थे और वे आपके पास सुरक्षित हैं, प्राकृत भारती की यह अभिलाषा थी कि उन चित्रों का चौवीसी के नाम से पुनः प्रकाशन किया जाए। फलतः पालीताणा में उनसे मिलकर अनुरोध किया और उन्होंने उन चित्रों की ट्रांसपेरेंसी हमें भिजवाई और प्राकृत भारती ने उसी के आधार पर 'जिनदर्शन चौवीसी' प्रकाशित की। इसके पश्चात् तो आचार्यश्री से कई बार मैं मिला। उन्होंने सदा छोटे भाई के समान ही मुझे आदर-सम्मान प्रदान किया।

संयोग की बात है कि ३० जुलाई २००४ को उनके दर्शन और उनसे मिलने के लिए जब मैं मुम्बई में उनके स्थान पर गया। उनके दर्शन कर हृदय अत्यन्त प्रमुदित हुआ। अचानक ही आचार्यश्री ने कहा-'मेरे द्वारा लिखित प्रस्तावनाओं की एक किताब छप रही है! इसका प्रकाशन कभी हो जाता किन्तु भावि-भाव से तुम्हारे लिए ही यह प्रकाशन रुका रहा। तुम्हें इस पुस्तक पर अपने विचार लिखने है।' उनकी अनभ्रवृष्टि के समान कृपावृष्टि स्वरूप आदेश सुनकर मैं भाव-विह्वल हो गया। इस कार्य के लिए सक्षम न होते हुए भी उनके आदेश को शिरोधार्य किया।

प्रस्तुत पुस्तक में आचार्यश्री द्वारा लिखित ८० ग्रंथों-पुस्तकों की प्रस्तावनाएँ हैं। आचार्यश्री ने बहुत कुछ लिखा है, किन्तु पुस्तकों की प्रस्तावना के रूपमें ८० लेख ही हैं।

प्रसन्नता की बात है कि इन प्रस्तावनाओं को एक जगह संकलित किया गया है। इनमें से *स्वलिखित एवं अनुदित ग्रन्थों, आपके निर्देशन और परामर्श पर आधारित कई विद्वानों-*

डॉ० हीरालाल रसीकलाल कापडिया, पं० धीरजलाल टोकरसी शाह आदि की पुस्तकों पर एवं कई साहित्यिक, धार्मिक और सामाजिक प्रकाशनों पर आपने प्रस्तावनाएँ लिखी हैं। यदि सभी पर कुछ न कुछ लिखा जाएँ तो सम्भवतः एक नई पुस्तक तैयार हो जाए, अतः कुछ विशिष्ट बिन्दुओं-प्रस्तावनाओं पर ही मैं अपना अभिमत प्रकट कर रहा हूँ।

## संगीत--निपुणता

सर्व प्रथम आपके बाल्य–जीवन की घटना मुझे आकर्षित करती है। आपने लघु बाल्यावस्थामें ही डभोई मे संगीत विद्या सीखने के लिए संगीतकार उस्ताद फैयाझ खाँ के भाणेज गुलाम रसूल खाँ साहिब जैसे उच्च कोटि के संगीतकार से राग–रागनियों का विशिष्ट शिक्षण प्राप्त किया। उनके सान्निध्यमें ५० से अधिक रागोंका विशिष्ट अभ्यास किया और उसके आधार पर पं० सकलचन्द्रजी कृत सतरह भेदी पूजा को शास्त्रीय राग–रागनियों के साथ समाजमें पूजा पढ़कर यश प्राप्त किया। डाँडिया रास और मोरली नृत्य का भी अभ्यास किया। संघ द्वारा अभिनंदित भी हुए। उसके पश्चात् वैराग्यभाव उत्पन्न होने के कारण १६ वर्ष की उम्र में वि० सं० १९८७ में आपने दीक्षा ग्रहण की और साधु–जीवन में आने के पश्चात परिश्रम से प्राप्त संगीत विद्या, जो आपको अति प्रिय थी, उसका झरना सदा के लिए सूख गया। यदि आप उस समय दीक्षित न होते अथवा दीक्षा ग्रहण के पश्चात् द्रव्य क्षेत्र काल भाव को ध्यान में रखकर पूज्य गुरुदेवों की अनुमति से अपवाद स्वरूप इसका सतत अभ्यास चालु रखते तो निश्चित है कि भारत ही नहीं, विश्व के उच्च संगीतकारों में आपका भी स्थान होता।

## संग्रहणीरत्नम्

संवत् १९८७ में १६ वर्ष की अवस्था में दीक्षा ग्रहण करने के पश्चात् धार्मिक एवं संस्कृत आदि का अभ्यास प्रारम्भ किया। द्रव्यानुयोग, भूगोल और खगोल के दिग्गज विद्वान ३–३ आचार्यो-गुरुदेवों के सान्निध्य में अन्य अभ्यास के साथ संग्रहणीरत्नम् का अभ्यास भी चालू किया। गुरुदेवों का प्रोत्साहन और प्रेरणा पा कर इस ग्रंथ का अनुवाद भी प्रारंभ किया। पदार्थो का स्पष्ट निर्णय करने के लिए तत्सम्बन्धित साहित्य और टीका ग्रंथों का अवलोकन कर संवत् १९९३ में यह ग्रंथ प्रकाशित भी हुआ। पंडित चन्दुभाई एवं अन्य चित्रकारों आदि से बाल्यावस्था मे चित्रकला की ओर रुचि थी, फलतः संग्रहणीगत रेखा–चित्र भी तैयार किये। गुरुजनों और विद्वानों से परामर्श भी लिया और सुन्दर ७० चित्रों के साथ ८०० पृष्ठों में यह ग्रन्थ प्रकाशित हुआ। भू–लोक विद्या सम्बन्धित इस ग्रंथ से जैन जगत के समक्ष आपकी

प्रतिभा उजागर हुई। इस ग्रन्थ का यह अनुवाद इतना प्रशस्त और युक्तिसंगत था कि जैन समाज के गौरव और जैन साहित्य के विशिष्ट अध्येता, जैन साधु–साध्वियों को अध्ययन कराने में सिद्धहस्त श्रद्धेय कुंवरजी आनन्दजी ने अपने अन्तर्भावों को प्रकट करते हुए यह लिखा

आपके गुरुदेवोंने आपके ज्ञान–विकास के प्रति जो ध्यान दिया है, उससे द्रव्यानुयोग और गणितानुयोग के ऊपर तथा प्राकृत, संस्कृत और गुजराती भाषा के ऊपर विशिष्ट व्युत्पन्न स्फूर्ति देखकर अत्यधिक आश्चर्य और आनन्द होता है। ऐसे मुनिश्री के लिए आप सब और जैन संघ जितना भी गौरव प्रदान करें, वह कम है। मेरा वन्दन भिजवा दें।

एक बात विशेष रूप से लिखनी चाहिए कि मैंने बहुत वांचन किया, विचार किया और पिछले कुछ वर्षों से पूज्य साधु–साध्वियों को मैं पढ़ाता भी हूँ। मेरे पठन और पाठन के बीचमें कितनी ही विषयों के सम्बन्ध में मुझे अनेक शंकाएँ थीं, उन शंकाओं का समाधान मुझे कहीं पढ़ने को नहीं मिला। अनेक विद्वानों से पूछने पर भी सन्तोष का उत्तर नहीं मिला। गले उतर जाए, ऐसा समाधान तो मुनिश्री के भाषान्तर से ही मुझे प्राप्त हुआ है। इससे मुझे अभूतपूर्व आनन्द हो रहा है।

मेरी तरफ से यह विनती है यह भाषान्तर पठनीय और सुपाच्य है। समस्त प्रकारसे आदर के योग्य है। अनुवाद भी विस्तृत हुआ है, विशद हुआ है। भाषा सरल, सीधी और समझाने की शैली भी सुन्दर है।

## आचार्यदेवों का आशीर्वाद

यह इनके जीवन का सौभाग्य था कि प्रारम्भ से ही ३–३ सद्गुरु आचार्यों का सानिध्य मिला। द्रव्यानुयोग के विशिष्ट ज्ञाता आचार्य श्री विजयमोहनसूरिजी महाराज, प्रखर सिद्धान्तवेत्ता आचार्य श्री विजयप्रतापसूरिजी महाराज और गुरुवर आचार्य श्री विजयधर्मसूरिजी महाराज के क्रमशः प्रपौत्र, पौत्र और शिष्य होने पर भी इनके प्रति उक्त आचार्यों का अत्यन्त वात्सल्य भाव था अर्थात् यह उनके अन्यतम प्रिय शिष्य थे। जब ये लघु अवस्थामें ही संग्रहणीरत्न पर काम कर रहे थे, उस समय इन आचार्यों के श्रीमुख से और लिखित रूप में ये उद्‌गार ''उम्मरमां बाल छतां बुद्धिमां अबाल, तत्त्व जिज्ञासु' इनकी योग्यता के सूचक और भविष्य को उजागर करनेवाले अन्तर के शब्द थे। उक्त शब्दों को ही इन्होंने अपने जीवनमें चरितार्थ भी किया।

## व्युत्पन्न विद्वान

मैं समझता था कि आचार्यश्री जैन चित्र–मूर्तिकला, जैन साहित्य और अनुसंधान के प्रौढ़ विद्वान है, संभव है वे शब्द–शास्त्र के तलस्पर्शी विद्वान् न हो, किन्तु 'उणादिप्रयोग यशस्विनी

मंजुषा को देखकर मेरी धारणा भ्रान्त सिद्ध हुई। व्याकरण शास्त्र के विद्वान् छोटालालजी के पास व्युत्पत्ति शास्त्रका अध्ययन किया। इस अध्ययन को आगे बढ़ाते हुए परिभाषेन्दुशेखर, बालमनोरमा टीका, वैयाकरण भूषणसार, व्युत्पत्तिवाद, पतञ्जलि महाभाष्य, हैमकोश और कादम्बरी आदि का भी गहनता के साथ अध्ययन किया। सामान्यतः जो शब्द साधनिका के द्वारा सिद्ध न हो शके, क्वचित् ही प्रयोग में आते हो, ऐसे शब्द उणादि पाठ के ही माध्यम से सिद्ध हो सकते है, जो प्रौढ़ विद्वान ही कर शकता है। इस पुस्तकमें इस प्रकारके क्वचित् प्रयुक्त या अप्रयुक्त सैकड़ो शब्दों को उणादि के द्वारा निष्पन्न कर जो आपने अपना वैदुष्य प्रकट किया है, वह असाधारण है। इसी प्रकार न्यायाचार्य यशोविजयजी रचित काव्यप्रकाश की टीका के सम्पादन और भूमिका में भी जो ज्ञान का वैशद्य प्रकट हुआ है, वह अनुपम है।

## अनुसंधान

ऋषिमण्डल यंत्र, पट्ट और पूजन के संबंध में जो ४०० वर्षो से परंपरा चली आ रही थी, उस परम्परा को अपनी अनुसंधान की दृष्टि से शुद्ध करने का जो सुदृढ प्रयत्न किया, वह वास्तवमें श्लाघनीय था। अनेक प्राचीन हस्तलिखित प्रतियों का उपयोग कर इन्होंने नवीन मार्ग दिखाया। मूल मंत्राक्षर कितने अक्षरों का है? और वे कौन–कौन से हैं? इस पर अपनी शोधपूर्ण दृष्टि से जो निर्णय कर सिद्धमंत्र को स्थापित किया और उन्होंने नव बीजाक्षरों और अष्टादश शुद्राक्षर के साथ २७ अक्षरों का निर्णय किया। ऋषिमण्डल के श्लोकों को आधार बनाकर "सान्तः समलंकृतः, अग्निज्वालासमाक्रान्तं, नादविन्दु स्वाहा, क्षिप, स्वस्ति, कूटाक्षर, ॐ, ह्रीं, ॐम्, अर्हम्, साढ़े तीन रेखाएँ" आदि पर गहन विचार किया। यंत्रपटों के लिए कितने वलय होने चाहिए? उन वलयों में किन–किन देवियों की स्थापना होनी चाहिए? और पूजन विधि किस प्रकार की होनी चाहिए? आदि पर अत्यन्त गहनता से विचार कर इसका एक स्वरूप स्थापित किया तथा इससे सम्बन्धित पुस्तक, यंत्र, पूजन–विधि आदि प्रकाशित भी किये। यह आवश्यक भी था, क्योंकि यह स्तोत्र मंत्र 'सूरिमंत्र' पर आधारित था और ऋषि अर्थात् २४ तीर्थंकरों की स्थापना होने से यह अत्यन्त महत्त्वपूर्ण था। इस पुस्तक के कई संस्करण भी निकल चुके हैं।

इसी प्रकार नवपद यंत्र और पूजन के सम्बन्ध में भी परम्परा प्रचलित मंत्राक्षरों पर युक्तियुक्त विचार कर एक जैसा निर्दिष्ट स्वरूप स्थापित किया। स्वनिर्धारित यंत्र और विधियाँ भी प्रकाशित की। इनके इन संशोधनों को परम्परावादियों ने भी युक्ति–संगत होने के कारण स्वीकार भी किया।

इसी प्रकार मंदिरों में मूलनायक की मूर्ति के ऊपर अतिशय–द्योतक जो तीन छत्र लगाये

जाते हैं, उनका क्रम ऊपर से बड़ा, बीच में मध्य और तीसरा छत्र छोटा। इस परम्परा का भी मार्गदर्शन दिया कि क्रमशः छोटे से लेकर तीसरा छत्र बड़ा होना चाहिए।

इसी प्रकार अशोक वृक्ष के साथ चैत्य वृक्ष--ज्ञानवृक्ष होना ही चाहिए, इसकी प्रबल पुष्टि भी की। शास्त्र-पाठों के आधार से यह सिद्ध किया कि समवसरण में अशोक वृक्ष के साथ चैत्य वृक्ष भी होता था। इसी प्रकार तीर्थंकर देवों के दीक्षा ग्रहण करने के समय लुंचन करने के पश्चात् केशों की वृद्धि होती थी या नहीं, इस पर भी आगमिक चर्चा की। समाज द्वारा इनके अनुसंधानों को सहर्ष स्वीकार करना यह प्रकट करता है कि आगम-- साहित्य और जैन-साहित्य के ये तलस्पर्शी विद्वान हैं।

## समयोचित विचार

कई शताब्दियों से यह परम्परा रही है कि मंदिरमें जो प्रतिष्ठित मूर्तियाँ विराजमान की जाती हैं, उनके चक्षु प्रायः ऊपर से लगाए जाते हैं। इस पर भी आगमों के उद्धरणों के साथ इन्होंने यह प्रतिपादित किया कि प्राचीन परम्परा के अनुसार मूर्ति निर्माण के समय ही चक्षु उत्कीर्ण करना श्रेयस्कर है। पुनः पुनः तीर्थंकर मूर्तियोंके चक्षु चौंटाना अशातना का कारण है।

वर्तमान में टी० वी० की संस्कृति उपयोगी होते हुए भी हमारे जीवन में जिस प्रकार का विष घोल रही है, वह उपयुक्त नहीं है। इसके स्थान पर जैन-तीर्थंकरों, जैन-महर्षियों और व्रतधारी त्यागीजनों के चरित्र के आधार पर विशेष रूप से प्रभावशाली नाटक लिखे जाने चाहिए बहुलता से उन्हें देखना चाहिए जिससे कि हमारे में कुछ धार्मिक संस्कार और उन पूर्व-पुरुषों के प्रति लगन पैदा हो सकें। राजप्रश्नीय सूत्र के आधार पर उनका यह अभिमत है कि साधुगण भी इस प्रकार के विशिष्ट नाटक देख सकते हैं।

वर्तमान में शिक्षा-प्रणाली की दुर्दशा देखते हुए पंथ-निरपेक्ष के स्थान पर धर्म-निरपेक्ष का उद्घोष देखकर इनके हृदय को चोट पहुँची और धार्मिक संस्कारों की अत्यधिक न्यूनता देखकर उद्वेलित हो उठे। अतः उनका यह अभिमत है कि गाँव-गाँव में धार्मिक पाठशालाओं के माध्यम से धार्मिक संस्कार दिये जाने अत्यावश्यक हैं। पाठशालाओं में केवल सूत्र पाठ का रटन न होकर अर्थ एवं विवेचन का अध्ययन भी होना चाहिए जिससे की जैनत्व के संस्कार दृढ़ हो सकें और भावि जीवन पंथ-निरपेक्ष बन सके।

## न्यायाचार्य यशोविजयजी के परम भक्त

नव्य न्यायशास्त्र के अंतिम विद्वान और जैनागम-साहित्य के बेजोड़ विद्वान साहित्य आत्म

और अध्यात्म शास्त्र के दिग्गज श्री यशोविजयजी महाराज विक्रम की १८ वीं सदी में हुए थे। न्यायाचार्यजी का स्वर्गवास डभोई में हुआ था और इन आचार्य विजययशोदेवसूरि की जन्मस्थली भी डभोई है, अतः एक नाम राशि होने के कारण उनके प्रति अनन्य श्रद्धा होना स्वाभाविक है। उन्हीं के पद-चिह्नों पर चलते हुए ये आचार्य भी अनेक विषयों के निष्णात बने। न्यायाचार्यजी द्वारा रचित समस्त ग्रन्थों का संकलन, संशोधन एवं प्रकाशन के प्रति उमंग के साथ अभिरुचि थी। फलतः न्यायाचार्यजी द्वारा निमित्त एवं स्वलिखित ग्रन्थों के संग्रह, उनका सम्पादन और प्रकाशन करने में ये दिल से लगे रहे और न्यायाचार्यजी के कई ग्रंथों का प्रकाशन भी किया जिनकी प्रस्तावनाएँ स्वयं यशोदेवसूरि ने लिखी और खुलकर भक्तिपूर्वक भावांजलि भी दी।

## चित्र एवं मूर्तिकला के माध्यम से जैन समाज को विशेष अवदान

ताडपत्रीय चित्रों एवं प्राचीन कल्पसूत्र आदि के चित्र जैन चित्रकला के नाम से माने जाते है, प्रसिद्ध हैं। ताडपत्रीय ग्रन्थोंमें जिनेश्वरों, आचार्यों एवं देवियों से सम्बन्धित स्फुट चित्र प्राप्त होते हैं। सचित्र कल्पसूत्र में ७ चित्रों से लेकर १०० चित्रों तक पाये जाते हैं। शताब्दियों से दर्शनार्थ चौवीसी का भी निर्माण होता रहा। कई रंगों के आधार से और स्वर्ण की स्याही को आधार बनाकर चित्र बनते रहे, किन्तु किसी भी तीर्थंकर से सम्बन्धित चित्रावली प्राप्त नहीं होती। इस ओर आचार्यश्री का ध्यान गया। वे स्वयं रेखाचित्र निर्माण में कलापटु थे ही, फलतः ख्यातिप्राप्त चित्रकारों का सहयोग लेकर विशेष चित्र भी अपनी सूझ–बूझ और निर्देशन में बनवाते रहे। संग्रहणीरत्न इसका प्रमाण है ही, जिसमें ८० चित्र सम्मिलित किये गये। भगवान महावीर से संबंधित चित्रावली बनाने की ओर इनका ध्यान गया और वर्षों से उच्च कलाकार की शोध करते रहे। सौभाग्यवश प्रसिद्धतम चित्रकार गोकुलदास कापडीया से इनका परिचय हुआ, जो कि स्व–कला से चित्र जगत् में प्रसिद्ध थे। दोनों का सहयोग मिला। आचार्यश्री के रेखा–चित्रों और निर्देशों को स्वीकार करते हुए समय–समय पर परिवर्तन करते हुए भगवान महावीर के जीवन से सम्बन्धित एक चित्रसम्पुट तैयार हुआ। रंगों का सम्मिश्रण भी आचार्यश्री के निर्देशनमें होता रहा। आज के युगमें और चित्रकला की दृष्टि से सर्वश्रेष्ट निर्धारित होने पर ही **'तीर्थंकर भगवान श्री महावीर के ३५ चित्रों का सम्पुट'** ई० सन् १९७३ में प्रकाशित हुआ। इस सम्पुट के पीछे आचार्यश्री का दो युगों से जो अभिलाषा थी, संकल्प था, वह सफलता के साथ पूर्ण हुआ। केवल चित्रों से सामान्य जनता उसके हार्द-भावों को सहज भाव से हृदयंगम नहीं कर सकती, इसलिए चित्र के सम्मुख ही गुजराती, हिन्दी और अंग्रेजी भाषा में इन चित्रों का परिचय भी दिया गया है। इस अभूतपूर्व चित्रावली को देखकर न केवल जैन समाज ही अपितु प्रसिद्ध–अप्रसिद्ध चित्रकारों ने भी इसकी

मुक्त–कंठ से प्रशंसा की। जनताने बधाईयों के साथ इसको हाथों–हाथ खरीदा। फलतः इसके कई संस्करण निकले। सन् १९९२ में इसका तृतीय संस्करण निकला और अब शीघ्र ही चतुर्थ संस्करण निकलने वाला है। तृतीय संस्करणमें उसी कला के चित्रों के साथ १२ चित्र और सम्मिलित कर ४८ चित्रों का संपुट प्रकाशित किया। इन चित्रों के साथ ही १२ परिशिष्ट भी दिये गये, जिसमें भगवान महावीर के २६ पूर्वभवों का विशिष्ट परिचय, विहार स्थल, कुटुम्ब परिचय, चातुर्मासों का क्रम, स्थल, समय, चातुर्मास सूची, विशिष्ट तप, विशिष्ट उपसर्ग, भक्त राजागण, पाँच कल्याणक, भगवान महावीर के विविध नाम एवं अन्य स्फुट ज्ञातव्य विषयों की जानकारी दी है। परिशिष्ट १२ में श्वेताम्बर और दिगंबरों के मध्य भगवान महावीर के सम्बन्ध में जो मान्यता भेद है, उसका भी दिग्दर्शन कराया गया। ये परिशिष्ट भी तीनों भाषाओं में दिये गये है। प्रत्येक चित्र परिचय के साथ १४४ प्रतीकों का भी परिचय दिया गया है, जिसमें ॐ, ह्रीं, गजमुख, कलश, शहनाईवादक, नर्तकी, पद्मावती, लक्ष्मी, सरस्वती, जैन मुनि, श्रावक–श्राविका, जिनमन्दिर, ज्ञान, दर्शन, चारित्र, पंच परमेष्ठी, साधु के उपकरण, छत्रत्रय, मुद्राएँ, नंद्यावर्त, श्रीफल, शतदल, कमल, धर्मचक्र, अष्टमंगल आदि का सिद्धान्त संमत सारगर्भित परिचय इसमे दिया गया है। इनमें ८० पट्टिकाओं के साथ १९६ प्रतीकों के जो चित्र और परिचय दिये गये हैं, जो आज तक कहीं भी एक स्थान पर चित्रों के साथ प्रकाशित नहीं हुए थे। इस प्रकार देखा जाये तो यह ४८ चित्रों का सम्पुट अभूतपूर्व प्रकाशन है। आचार्यश्री ने श्री कापडिया के सहयोग से चित्र-कला जगत में जो अवदान दिया है, वह शताब्दियों तक भुलाया नहीं जा सकता।

इस पुस्तक में पेपर कटिंग के २ चित्र दिये गये हैं—१. शक्रस्तवः जिससे शास्त्रीय हस्तलिपि का भी ज्ञान होता है और २. सिद्धचक्र के माहात्म्य को प्रदर्शन करने वाला पंच परमेष्ठी के चित्र भी सम्मिलित किये गये हैं। साथ ही सिद्धचक्र और ऋषिमण्डल महायंत्रों के पृथक्-पृथक् रंगीन चित्र भी दिये गये है, जो कि आज पूजा–विधिकारकों के लिए अत्यन्त ही उपादेय हैं और इन्हीं यंत्रों की स्थापना करके पूजा-विधि भी कराते हैं।

इसी प्रकार सन् १९८६ मे एक पुस्तक और प्रकाशित हुइ थी, जिसका नाम था भगवान श्री वर्धमान–महावीर जीवनदर्शन चित्रों मां तथा दर्शनीय अन्य चित्रो। आचार्यश्री के अन्य सहयोगी चित्रकार थे–श्री जगन्नाथभाई, श्री गोकुलभाई और श्री दी० कुमार दीक्षित। इस चित्रावली में भगवान महावीर के बाल्यावस्था के चित्र हैं और अन्य चित्रों में पंच परमेष्ठी, ह्रींकार में पद्मावती, मणिभद्र यक्ष, सरस्वतीदेवी, पीपल के पत्तों में १. भगवान महावीर, २. चण्डकौशिक प्रतिबोध, ३. महावीर और चन्दनबाला, ४ ध्यानावस्था में भगवान महावीर, ५. भगवान महावीर का निर्वाण, ६. भगवान महावीर को केवलज्ञान, ७. भगवान पार्श्वनाथ

और हेमचन्द्राचार्य आदि के चित्र सम्मिलित हैं। ये समग्र चित्र जयपुरी चित्रकला के उत्कृष्ट उदाहरण हैं। इन चित्रों का निर्माण इतना मनोरम, सुन्दर और नयनाह्लादक हुआ है कि बस देखते ही बनता है। इस पुस्तक का अधिक प्रचार-प्रसार नहीं हो पाया।

आचार्यश्री की यह कला इस पुस्तक तक ही सीमित नहीं रही बल्कि भित्ति चित्रों में भी इसका अपूर्व दिग्दर्शन हमें प्राप्त होता है। वालकेश्वर, मुंबई में स्थित बाबू पन्नालाल अमीचंद जैन देरासर के प्रथम और द्वितीय तल की भित्तिकाएँ देखी जा सकती हैं। वर्षों तक एक स्थान पर रहकर अपनी देख-रेख में निर्देशन देते हुए जो चित्रित भित्तिकाएँ तैयार की है, वे अत्यन्त दर्शनीय और नयनाभिराम हैं। प्रत्येक दर्शक उन चित्र भित्तिकाओं को देखकर प्रसन्नता से अभिभूत होकर बरबस अपने मुख से वाह-वाह कहे बिना नहीं रह सकता।

चित्रकला के प्रति प्रारम्भिक रुझान के रूप में आचार्यश्री ने और भी कई प्रयोग किये हैं। श्रावकगण प्रतिक्रमण इत्यादि करते हैं। परम्परा प्रधान होने के कारण केवल सूत्रोच्चारण करते हैं। हजार व्यक्तियों के समुदाय में २-४ व्यक्ति ही उन सूत्रों के अर्थ को समझ पाते हैं। किस प्रकार की विधि से सामायिक या प्रतिक्रमण करना चाहिए, इसका भी प्रायः ज्ञान नहीं होता है। एक परिपाटी होने के कारण लोगों की इसमें हार्दिक रुचि भी नहीं रहती है। इसलिए आचार्यश्री ने कई वर्षों पूर्व यह प्रयोग किया था। इसके फलस्वरूप सचित्र और अर्थ सहित प्रतिक्रमण पुस्तक भी प्रकाशित करवाई थी, उसको भी जनता ने सहर्ष स्वीकार किया था।

## मूर्तिकला

अनुसंधान के क्षेत्र में भगवान पार्श्वनाथ के पार्श्वयक्ष और यक्षिणी पद्मावती तथा धरणेन्द्र और पद्मावती एक ही हैं या भिन्न-भिन्न हैं, इसका भी अवगाहन विविध साहित्य के आलोक में किया और पृथक्-पृथक् भी सिद्ध किया। आचार्यश्री प्रारम्भ से ही माँ पद्मावती के हृदय से उपासक रहे हैं, साधना भी की है इसी कारण माँ पद्मावती का आशीर्वाद उनको प्राप्त है तथा आज भी माँ पद्मावती उनको समय-समय पर सहयोग भी देती रहती है। पद्मावती की विविध प्रकारकी मूर्तियाँ भारतवर्षमें पाई जाती है। इनकी वर्षों से अभिलाषा थी कि माँ पद्मावती की ऐसी मूर्ति निर्माण की जाए, जो शास्त्र-दृष्टि से सहमत भी हो और मेरे अन्तर्भावों को प्रकाशित भी कर सके। धीमे-धीमे इनका यह मनोरथ पनपता रहा और क्रमशः वह सफल भी हुआ। वालकेश्वर मंदिर के ट्रस्ट द्वारा पद्मावती आदि नयी मूर्तियों की योजना स्वीकृत होने पर वहाँ के ट्रस्ट मण्डल ने इसके निर्माण का बोझ भी आचार्यश्री पर डाला। इसमें भी अपनी भक्ति, सूझ-बूझ पैनी दृष्टि को ध्यानमें रखकर जयपुर के मूर्तिकार को

बम्बई बुलाकर अपने तत्त्वावधान में ही इस विलक्षण मूर्ति का निर्माण करवाया। जो वास्तव में अनुपम और अद्वितीय थी। बालकेश्वर मंदिरमें अपने हाथों से प्रतिष्ठित भी करवाई और तत्पश्चात् तो इस माँ पद्मावती मूर्ति के अनुकरण पर पचासों स्थानों पर पद्मावती देवी की मूर्तियों की प्रतिष्ठाएँ हुई। ये प्रतिष्ठित मूर्तियाँ न केवल चमत्कारी ही हैं बल्कि भक्तों के अभीप्सित मनोरथों को पूर्ण भी करती हैं। जहाँ-जहाँ भी इसके अनुकरण पर मूर्तियाँ स्थापित हुई है, वहाँ-वहाँ इन स्थानों पर देवी माँ की उपासना करने के लिए जनता की भीड़ लगी रहती है। वस्तुतः इस प्रकार की आगम-शास्त्रीय और वास्तु-शास्त्रीय मूर्तियों के अभ्युदय का सारा श्रेय आचार्यश्री को दिया जा सकता है।

जैन-मंदिरों में लक्ष्मी देवी की स्थापना प्रायः कहीं भी देखने में नहीं आता है। शास्त्राधार से और अपनी कल्पना शक्ति से लक्ष्मी देवी की मूर्ति का निर्माण करवाकर बालकेश्वर मंदिर में स्थापित की। यह आचार्यश्री का अनूठा प्रयोग था।

चित्र और मूर्तिकला के अतिरिक्त स्थापत्य कला में भी इनका पूर्णाधिकार है। सिद्धक्षेत्र साहित्य मंदिर की संरचना इन्हीं के विचारों के अनुरूप हुई, जो वास्तव में दर्शनीय है एवं दर्शकों को भी आकर्षित करती है। सिद्धक्षेत्र आगम मंदिर के निर्माण में भी इनके विचारों को प्रमुखता दी गई है।

## लेखन कला

जैन ज्ञान भण्डारों में सुरक्षित ताडपत्रीय और हस्तलिखित ग्रन्थों की लिपि का पठन-पाठन और प्रति-लेखन भी समाप्त प्रायः हो गया है। जैनाचार्यों एवं जैन-श्रेष्ठियों प्रवर्तित स्वर्णाक्षरी, रजताक्षरी और गंगा-यमुनी स्याही का प्रयोग भी नहीं के समान होता जा रहा है। भावि-पीढ़ी इसके पुरातन स्वरूप को समझ सके इसलिए इन्होंने कई प्रयोग करके स्वर्णाक्षरी में दर्शनीय कल्पसूत्र भी लिखवाये। सोनेरी स्याही किस प्रकार बनाई जाए, इसका इलम-जानकारी भी आचार्यश्री को है और इसमें ये सफल भी हुए हैं। इनके द्वारा स्वर्णाक्षरी में लिखापित शास्त्र की यह विशेषता है कि प्रत्येक पत्र पर विविध प्रकार के बोर्डरों का भी अखतरा-प्रयोग किया है, बोर्डरों से प्रतिमें जान आ गई है।

## अभिवादन

९० वर्ष की दीर्घ अवस्था और उत्पन्न व्याधियों के कारण शय्या-पथारी में लेटे हुए भी प्रत्येक समय यही चिन्तन करते रहते हैं कि उन चित्रों का प्रकाशन करना है, उन ग्रंथों का प्रकाशन करना है, उन विद्वानों से सहयोग लेना है। उनकी कार्यों की प्रति इस प्रकार

सामने देखकर [illegible] भी लज्जावनत हो जाते हैं। यह सत्य है कि विविध विषयों के अनेक [illegible] में हाथ लेने के कारण वे जीवन-काल में अत्यधिक व्यस्त रहे। इस कार्य को मैं स्वयं सम्पन्न करूंगा, इस अभिलाषा के कारण उनके कई ग्रंथ समय पर प्रकाशित नहीं हो सके। इस अवस्था में भी उनकी कार्य करने की उमंग को देखकर सहसा नमन करने की अभिलाषा होती है। उनके जीवन का सम्बल माँ पद्मावती देवी ही है। अन्त में भगवान और गुरुदेव से यही प्रार्थना है कि वे स्वस्थ एवं शतायु होकर अभिलषित रुचि के अनुसार चित्र, मूर्तिकला और साहित्यिक अभिवृद्धि करते हुए जैन-साहित्य को गौरवान्वित करें।

- શુભ-લાભ---જીવનમાં જે પણ લાભ થાય છે. તે ગત જન્મોમાં સેવેલાં શુભનું ફળ છે, અને એનો ઉપયોગ શુભમાં જ કરવાનો છે. આ હકીકત યાદ રહે એટલા માટે ઘરની બહાર દીવાલ ઉપર 'લાભ-શુભ' લખવામાં આવે છે.
- બધું જ ગુમાવજે પણ ભાઈ! તારું એક નાનકડું હૈયું મન ગુમાવીશ.
- નાનકડાં પાપ માટે પણ સાવધાન રહો. ક્યારેક સાપ કરતાં સાપોલીયું વધારે ભયંકર હોય છે.
- ઘરનાં નામ માતૃછાયા ને પિતૃછાયા એવા રાખીએ છીએ અને એવાં માબાપનાં પગલાં કે પડછાયા પડવાય દેવાતા ન હોય તો પછી મકાનનું નામ પત્નીછાયા રાખવું શું ખોટું?

# વિષયાનુક્રમણિકા



| | | |
|---|---|---|
| ૧ | બૃહત્ સંગ્રહણીની પ્રસ્તાવના-ગુજરાતી | ૧-૧૩૪ |
| ૨ | સુજસવેલી ભાસની પ્રસ્તાવના | ૧૩૫-૧૩૭ |
| ૩ | શાહ-બાદશાહની પ્રસ્તાવના | ૧૩૮-૧૪૧ |
| ૪ | કલ્પસૂત્ર સુબોધિકા ટીકાની પ્રસ્તાવના | ૧૪૨-૧૪૫ |
| ૫ | ઋષિમંડલસ્તોત્રની પ્રસ્તાવના | ૧૪૬-૧૫૬ |
| ૬ | આ. વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રંથની પ્રસ્તાવના | ૧૫૭-૧૬૦ |
| ૭ | જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ભાગ-૧ની પ્રસ્તાવના | ૧૬૧-૧૬૪ |
| ૮ | ઉપાધ્યાયજી યશોવિજયજી સ્મૃતિ ગ્રંથની પ્રસ્તાવના | ૧૬૫-૧૭૭ |
| ૯ | જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ભાગ-૨ની પ્રસ્તાવના | ૧૭૮-૧૮૦ |
| ૧૦-૧૧ | સંસ્કૃતિનો સંદેશવાહક જૈન શ્રમણની પ્રસ્તાવના<br>ભુવનવિહાર દર્પણની પ્રસ્તાવના | ૧૮૧-૧૮૯ |
| ૧૨ | ઉપાધ્યાય યશોવિજયજી હસ્તલિખિત પ્રતિઓના<br>આદિ-અન્ત ભાગની ૫૦ કૃતિનું આલ્બમ | ૧૯૦-૨૦૩ |
| ૧૩ | ઐન્દ્રસ્તુતિની પ્રસ્તાવના | ૨૦૪-૨૨૧ |
| ૧૪ | જગદુદ્ધારક ભગવાન મહાવીરની પ્રસ્તાવના | ૨૨૨-૨૩૨ |
| ૧૫ | નવતત્ત્વ દીપિકાની પ્રસ્તાવના | ૨૩૩-૨૩૪ |
| ૧૬ | યશોદોહનની પ્રસ્તાવના | ૨૩૫-૨૩૯ |
| ૧૭ | જૈન તપાવલી અને તેનો વિધિની પ્રસ્તાવના | ૨૪૦-૨૪૧ |
| ૧૮ | આગમરત્ન પીસ્તાલીશીની પ્રસ્તાવના | ૨૪૨-૨૪૩ |
| ૧૯ | નમસ્કાર ચિંતન તથા નમસ્કાર મંત્રસિદ્ધિની પ્રસ્તાવના | ૨૪૪-૨૫૮ |
| ૨૧ | સમાધિ મરણની ચાવીની પ્રસ્તાવના | ૨૫૯-૨૭૩ |
| ૨૨ | ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથાની પ્રસ્તાવના | ૨૭૪-૨૮૭ |
| ૨૩ | જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ભાગ-૩ની પ્રસ્તાવના | ૨૮૮-૨૯૦ |
| ૨૪ | વૈરાગ્યરતિની પ્રસ્તાવના | ૨૯૧-૩૧૧ |
| ૨૫ | ઋષિમંડલ આરાધનાની પ્રસ્તાવના | ૩૧૨-૩૧૭ |
| ૨૬ | પ્રતિક્રમણ ચિત્રાવલીની પ્રસ્તાવના | ૩૧૮-૩૨૧ |
| ૨૭ | સંવચ્છરી પ્રતિક્રમણની સરલ વિધિની પ્રસ્તાવના (ગુજરાતી) | ૩૨૨-૩૩૯ |
| ૨૮ | તીર્થંકર ભગવાન શ્રી મહાવીરના ૪૮ ચિત્રોના સંપુટની પ્રસ્તાવના | ૩૪૦-૩૫[illegible] |

| | | |
|---|---|---|
| ૨૯ | સંગીત, નૃત્ય, નાટ્યસંબંધી જૈન ઉલ્લેખો અને ગ્રંથોની પ્રસ્તાવના . . . . | ૩૫૮-૩૭૧ |
| ૩૦ | બાબુ અમીચંદ-આદીશ્વર દેરાસરના દર્શનીય અને ભવ્યમૂર્તિ શિલ્પોની ચિત્રાવલીની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . . | ૩૭૨-૩૭૩ |
| ૩૧ | અમર ઉપાધ્યાયજીની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . . | ૩૭૪-૩૭૬ |
| ૩૨ | પાર્શ્વનાથની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . . . . | ૩૭૭-૩૯૦ |
| ૩૩ | સ્યાદ્વાદ રહસ્યની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . . | ૩૯૧-૪૧૫ |
| ૩૪ | સ્તોત્રાવલીની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . . . | ૪૧૬-૪૨૭ |
| ૩૫ | સંવચ્છરી પ્રતિક્રમણની સરલ વિધિની પ્રસ્તાવના--હિન્દી . . . . . . . . | ૪૨૮-૪૩૨ |
| ૩૬ | કાવ્ય પ્રકાશની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . . . | ૪૩૩-૪૬૧ |
| ૩૭ | સિદ્ધિદાયક સિદ્ધચક્રની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . | ૪૬૨-૪૭૮ |
| ૩૮ | આર્ષભીયચરિત મહાકાવ્યમ્ વિજયોલ્લાસ મહાકાવ્યમ્ તથા સિદ્ધસહસ્રનામકોશની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . | ૪૭૯-૪૯૨ |
| ૩૯ | સિદ્ધચક્રયન્ત્રપૂજન એક સર્વેક્ષણ અને સમીક્ષાની પ્રસ્તાવના . . . . . . . | ૪૯૩-૪૯૭ |
| ૪૦ | સત્તરભેદી પૂજાની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . . | ૪૯૮-૫૦૬ |
| ૪૧ | આત્મખ્યાતિ નવગ્રંથીની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . | ૫૦૭-૫૨૧ |
| ૪૨ | ગણધરવાદ વિષયત્રયીની પ્રસ્તાવના - પ્રતાકારે . . . . . . . . . . . . | ૫૨૨-૫૨૪ |
| ૪૩ | શ્રાવક-શ્રાવિકાનાં પ્રતિક્રમણની પ્રસ્તાવના . . . . . . . . . . . . . | ૫૨૫-૫૨૯ |
| ૪૪ | ઋષિમંડલયન્ત્ર પૂજનમ્ની પ્રસ્તાવના -- પ્રતાકારે . . . . . . . . . . | ૫૩૦-૫૬૬ |
| ૪૫ | પંચમ (શતક) કર્મગ્રંથની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . | ૫૬૭-૫૭૩ |
| ૪૬ | પંચગ્રંથીની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . . . . | ૫૭૪-૫૮૬ |
| ૪૭ | જ્યોતિષ અને જવેરાતની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . | ૫૮૭-૫૯૨ |
| ૪૮ | ભગવતી સૂત્રનાં પ્રવચનોની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . | ૫૯૩-૬૧૧ |
| ૪૯ | ભગવાન મહાવીરના ૨૬ ભવ અને ૨૭મા ભવનો માત્ર પ્રારંભની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . | ૬૧૨-૬૧૪ |
| ૫૦ | ઋષિમંડલ સ્તોત્રની પ્રસ્તાવના (હિન્દી) . . . . . . . . . . . . . . | ૬૧૫-૬૧૬ |
| ૫૧ | પ્રેરણા અને પ્રકાશ આપતું એક સુંદર પ્રવચનની પ્રસ્તાવના . . . . . . . . . | ૬૧૭ |
| ૫૨ | અભિધાન રાજેન્દ્રકોષ ભાગ-૧ની પ્રસ્તાવના . . . . . . . . . . . . . | ૬૧૮ |
| ૫૩ | યશોજ્વલ ચિત્રાવલીની પ્રસ્તાવના . . . . . . . . . . . . . . . . | ૬૧૯-૬૫૬ |
| ૫૪ | ઉપાધ્યાયજી : યશસ્વિની મંજૂષાની પ્રસ્તાવના . . . . . . . . . . . . | ૬૫૭-૬૬૧ |
| ૫૫ | મંગલચિત્ર સંગ્રહશ્રેણીના વિસ્તૃત પરિચયની પ્રસ્તાવના . . . . . . . . . | ૬૬૨-૬૬૪ |

| | | |
|---|---|---|
| ૫૬ | ભક્તિગંગા નવસ્મરણની પ્રસ્તાવના | ૬૬૫-૬૬૮ |
| ૫૭ | ભગવાન મહાવીર અને ચંડકૌશિક નાગના પ્રસંગની હૃદયસ્પર્શી કથા ઉપર પ્રવચનની પ્રસ્તાવના | ૬૬૯-૬૭૨ |
| ૫૮ | વર્ધમાન-મહાવીર જીવનદર્શન ચિત્રોમાં-પ્રસ્તાવના | ૬૭૩-૬૭૬ |
| ૫૯-૬૦ | ઋષિમંડલસ્તોત્ર એક સ્વાધ્યાય તથા ઋષિમંડલ મૂલમંત્ર એક ચિંતનની પ્રસ્તાવના | ૬૭૭-૬૮૧ |
| ૬૧ | જલદી માણી ન શકાય એવી અનોખી ઘટનાની પ્રસ્તાવના | ૬૮૨-૬૮૮ |
| ૬૨ | પાંચ પરિશિષ્ટો ગુજરાતીની પ્રસ્તાવના | ૬૮૯-૬૯૦ |
| ૬૩ | પૂ. યુગદિવાકર આ. શ્રી વિજયધર્મસૂરિજી શ્રદ્ધાંજલિ વિશેષાંકની પ્રસ્તાવના | ૬૯૧-૭૦૧ |
| ૬૪ | શત્રુંજયતીર્થ, અભિષેક અને ઋષભદેવની પ્રસ્તાવના | ૭૦૨-૭૦૪ |
| ૬૫ | તીર્થંકરોની પ્રશ્નત્રયીની પ્રસ્તાવના | ૭૦૫-૭૧૩ |
| ૬૬ | બૃહત્ સંગ્રહણી-હિન્દીની પ્રસ્તાવના | ૭૧૪-૭૨૪ |
| ૬૭ | પાંચ પરિશિષ્ટો હિન્દીની પ્રસ્તાવના | ૭૨૫-૭૨૬ |
| ૬૮ | યશોધર્મ પત્ર પરિમલની પ્રસ્તાવના | ૭૨૭-૭૩૬ |
| ૬૯ | જ્ઞાનની આશાતનાથી બચો (ગુજરાતી)ની પ્રસ્તાવના | ૭૩૭-૭૪૦ |
| ૭૦ | જ્ઞાનની આશાતનાથી બચો (હિન્દી)ની પ્રસ્તાવના | ૭૪૧-૭૪૨ |
| ૭૧ | પાર્શ્વનાથોપસર્ગહારિણી પદ્માવતી માતાજીની પ્રસ્તાવના | ૭૪૩-૭૫૪ |
| ૭૨ | વિજય યશોદેવસૂરિ-યશોજ્જવલ ગૌરવગાથાની પ્રસ્તાવના (ગુજરાતી) | ૭૫૫-૭૫૭ |
| ૭૩ | વિજય યશોદેવસૂરિ-યશોજ્જવલ ગૌરવગાથાની પ્રસ્તાવના (હિન્દી) | ૭૫૮-૭૬૦ |
| ૭૪ | યશોગ્રન્થમંગલ પ્રશસ્તિ સંગ્રહની પ્રસ્તાવના | ૭૬૧-૭૬૫ |
| ૭૫ | યશોજ્જવલ ગૌરવગાથાની પ્રસ્તાવના | ૭૬૬-૭૬૭ |
| ૭૬ | સુવર્ણાક્ષરી બારસાસૂત્રની પ્રસ્તાવના | ૭૬૮-૭૭૮ |
| ૭૭ | સ્વરૂપત્રયી સ્વરૂપ સોપાનની પ્રસ્તાવના | ૭૭૯-૭૮૨ |
| ★ | મુક્તિકમલ-મોહનમાળાના પ્રકાશિત પુષ્પોની યાદી | ૭૮૩-૭૮૪ |
| ★ | શાહ બાદશાહનું નાટક | ૭૮૫-૮૦૪ |
| ★ | સુજસવેલીભાસ-સાર્થ | ૮૦૫-૮૧૪ |
| ★ | જંબૂસ્વામીનો રાસ | ૮૧૫-૮૧૬ |
| ★ | આગમરત્ન પીસ્તાલીશી | ૮૧૭-૮૪૦ |

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# બૃહત્‌સંગ્રહણી

અથવા

## સંગ્રહણીરત્નમ્ અંગે
## લેખકની પ્રસ્તાવના અને નિવેદન


પહેલી આવૃત્તિ : વિ. સં. ૧૯૯૫ * ઇ.સન્ ૧૯૩૯

બીજી આવૃત્તિ : વિ. સં. ૨૦૪૭ * ઇ.સન્ ૧૯૯૧


૧

## મારું નમ્ર નિવેદન

આ ચન્દ્રીયા સંગ્રહણીનું અધ્યયન અત્યારે સવિશેષ પ્રચારને પામ્યું છે, ખાસ કરીને શ્રમણવર્ગમાં તેનો અધિક ફેલાવો થયેલ છે. આમ છતાં અદ્યાવધિ આવા મહત્ત્વ અને ગૌરવભર્યા વિશિષ્ટોપયોગી ગ્રન્થ ઉપર એક સરલ સ્પષ્ટાર્થક સુબોધ અને સુવિસ્તૃત ભાષાનુવાદની ખામી ચાલી આવતી હતી; એ ખામીને યથાશક્તિ દૂર કરવાની મને સદ્‌ભાવના થઈ.

તે અગાઉ મારા પરમઉપકારી, પ્રાતઃસ્મરણીય, વ્યાખ્યાનકેસરી, આરાધ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજય **મોહનસૂરીશ્વરજી** મહારાજશ્રીની આ સંગ્રહણી કંઠસ્થ કરવાની અનન્ય પ્રેરણાએ તે ગ્રન્થ પરત્વે બહુમાન પેદા કરાવ્યું હતું.

ત્યારબાદ મેં તેનાં ભાષાંતરનું સામાન્ય અવલોકન કરવા ચાલુ બુક મંગાવી, તેમાં આવતા વિવિધ વિષયોને અંગે અંતરમાં ખૂબ જ આહ્‌લાદ થયો, પણ કોઈ પ્રકાશનમાં પુસ્તકની કદ્રૂપતા, અને અશુદ્ધિઓભર્યું વ્યવસ્થા વિનાનું આંતરિક મુદ્રણકાર્ય, જ્યારે અન્ય પ્રકાશનમાં સુવિસ્તૃત વિવેચનની ખામી ઇત્યાદિ કારણે તે ભાષાંતર અસંતોષપ્રદ નીવડ્યું,

તેમાં વળી યન્ત્ર–ચિત્રોની પણ નહીં ચલાવી શકાય તેવી ક્ષતિઓએ મારા હૃદયમાં જન્મેલી ભાવનાને વધુ વેગવતી બનાવવાનું કાર્ય કર્યું.

હું સજ્જ તો થયો પણ મારી શિશુવય, વિશાળ વાંચન અને શાસ્ત્રીય અભ્યાસની ન્યૂનતા વગેરે કારણે જો કે હું સ્વયં સંકુચિત તો થતો જ હતો, તેમાં વળી પૂજ્ય આચાર્યશ્રીજી તરફથી તે વિચારમાં સહર્ષ ટેકો ન મલ્યો, તેમાં કારણ મારા તરફથી લખાએલું પુસ્તક સર્વગ્રાહ્ય અને આદર્શભૂત નીવડે એ જોવાની મારા પ્રત્યેની શુભ લાગણી સિવાય કંઈ જ ન હતું. ખરેખર! તેઓશ્રીનું આ મંતવ્ય વિશાળ અને દીર્ઘદૃષ્ટિભર્યું હતું. મને પણ લાગ્યું કે શક્તિ અને સામર્થ્ય બહારનું કાર્ય એ નિષ્ફળ થવાને જ સર્જાયું હોય છે. છતાં મારી ભાવનાને વધુ દાબી રાખવા અસમર્થ હતો, તેમાં વળી પૂજ્ય આચાર્યશ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજે પોતાના ઉદાત્ત સ્વભાવ પ્રમાણે મને નાહિંમત થવા ન દેવા અનુપ્રોત્સાહન આપ્યું. તેમ મેં ૧૯૮૬માં એ કાર્ય આરંભ્યું, $\frac{1}{4}$ ભાષાંતર થયું, અવકાશે કેટલાંક યન્ત્ર ચિત્રો પણ સામાન્ય રીતે આલેખ્યાં, ત્યારબાદ વિદ્યાધ્યયન ક્રમ શરૂ થયો.

ત્યારપછીના પ્રતિકૂલ સંયોગે ૧૯૮૬ થી ૧૯૮૮ સુધીમાં એ કાર્ય આગળ ધપાવવા અને પરિમાર્જન કરવાનો સમય જ ન લેવાયો. ૧૯૯૦માં વેરાવળથી મુનિસંમેલન પ્રસંગે રાજનગર-અમદાવાદ જવું પડ્યું; દીર્ઘ અને સતત વિહારાદિકને કારણે અમદાવાદ પહોંચતા ત્યાં માંદગીના દુઃખદ ભોગ મારે થવું પડ્યું.

પણ મારું અંતર તો આદરેલ કાર્ય આગળ ધપાવવા તલસતું હતું, હૃદયમાં એ જ ભાવના ગુંજારવ કરી રહી હતી, મારી ધીરજનો અંત આવ્યો અને ચિકિત્સકો તરફથી શ્રમ લેવાનો મનાઈ હુકમ છતાં મેં તો જુદા જુદા શાસ્ત્રીય ગ્રન્થોનું અવલોકન અને સાથે જ લેખનકાર્ય મંદ વેગે આદર્યું; ત્યારબાદ પુનઃ સંગ્રહણીને લગતા વિષયોનું સુવિસ્તૃત જાણપણું મેળવવા તથા મત–મતાંતરોનું એકીકરણ કરવા નાગજી ભૂધરની પોળમાં આવેલા પ્ર. સા. શ્રી કલ્યાણશ્રીજીના જ્ઞાનભંડારે એ સંશોધનની સાધનપ્રાપ્તિનું કાર્ય ઘણું સરલ કર્યું, ઘણા આગમોના ટીકા ગ્રન્થો તથા અન્ય અનેક ગ્રન્થોનું અવલોકન તથા દૃષ્ટિપાત કરી ગયો, સાથે સંક્ષિપ્ત ટાંચણો કરવાનું પણ ન ચુક્યો.

ત્યારબાદ મેં પ્રથમનું લખેલું જૂનું ભાષાંતર ખોલ્યું, ત્યારે તે મારા વધતા જતા શાસ્ત્રીય અભ્યાસ આગળ અધુરૂં અને ખામીભર્યું લાગ્યું; આચાર્યશ્રીની દીર્ઘદૃષ્ટિ તે અવસરે ખરે જ યાદ આવી. પુનઃ મેં નવેસરથી જ ભાષાંતર કરવું શરૂ કર્યું; વર્ષનો ચોમાસા વગેરેનો અર્ધભાગ વિદ્યાભ્યાસમાં જાય, શેષ અર્ધો ભાગ રહ્યો તે ખાસ કરીને વિહારાદિકમાં વીતાવવામાં જાય તેમાં ક્યારેક સમય મળે ત્યારે અવલોકન માટે જરૂર પડતા અન્ય ગ્રન્થોનું આનુકૂલ્ય પાછું ન મળે અને મારી ભાવના સુવિસ્તૃત અન્વેષણપૂર્વક ભાષાંતર કરવાની, એટલે શીઘ્રેચ્છા બર ન આવે એ સ્વાભાવિક હતું, છતાં મારો દૃઢ સંકલ્પ હતો કે આદરેલ કાર્ય પૂર્ણ તો અવશ્ય કરવું જ, મારી એ પ્રતિજ્ઞાના પ્રતાપે શારીરિકાદિ અસ્વાસ્થ્યતાના સંયોગો છતાં ૧૯૯૨ની સાલમાં સદ્ગુરુ–દેવ–કૃપાએ એ ભાષાંતર પૂર્ણ કરવા સમર્થ બન્યો. જ્યારે તેનું મુદ્રણકાર્ય ૧૯૯૩માં પૂર્ણ થયું. ત્યારપછી ચિત્રોનાં પ્રિન્ટમાં જ એક વર્ષ વીત્યું, આમ થતાં પુસ્તક પ્રકાશન આ સાલમાં થવા પામ્યું.

ભાષાંતરનું કાર્ય ઘણું કપરૂં છે, તે તેના અનુભવીઓ જ સમજી શકે, શબ્દ, કાઠિન્ય ન થાય, ભાષાસૌષ્ઠવ જળવાય, અશુદ્ધિ થવા ન દેવાય, શાસ્ત્રીય બાધા ન પહોંચાડાય, અને અનેક ગ્રન્થોનું અન્વેષણ દ્વારા સારભૂત પદાર્થોના સમન્વયપૂર્વક તે તે વિષયો ભાષાંતરમાં મૂકાય, ત્યારે તે લોકભોગ્ય થાય.

સામાન્ય લોકદૃષ્ટિ ભાષાંતર એટલે કંઈ નહિ એમ ભલે સમજે, પણ એ તો મિથ્યા ભ્રમણા છે; કલ્પિત કે સ્વેચ્છાપૂર્વકના લખાણને ભલે કદાચ તેમ સમજે, પણ શાસ્ત્રીય પ્રણાલિકાને નિરાબાધ રાખી કરવાનું કાર્ય જિનાજ્ઞાધીન આત્માઓ માટે તો જોખમદારી ભર્યું છે.

આ ભાષાંતરમાં ઘણા બહારના વિષયોના અધિકારો ગ્રન્થાંતરથી ઉપયોગી જાણી ભાષાંતર કરી મૂકવામાં આવ્યા છે. મારી ઈચ્છા તો હજુ અસંખ્ય-અનંત, ચૌદરાજલોક, તમસ્કાયાદિ વ્યાખ્યા, તથા બૃહદ્‌મંડલાદિક યંત્રો નાંખવાની હતી; વિષયો તૈયાર પણ કરી રાખેલા, પણ ગ્રન્થનું કદ વધવા માંડતાં ગ્રન્થસૌષ્ઠવ ઘટે અને રૂચિકર ન થાય, એટલે એ વિષયોને તો જતા કર્યા પણ દેવાધિકાર પછીનું ભાષાંતરકાર્ય પણ સંકોચ્યું, નવીન ટીપ્પણીઓ પણ આપવી બંધ કરી, આટલી ચીવટ છતાં આ ગ્રન્થનું પ્રમાણ લગભગ ૧૦૫ ફર્મા જેટલું દળદાર થઈ ગયું છે તે માટે પરિસ્થિતિ સમજ્યા બાદ પાઠકવૃંદ મને ઉપાલંભપાત્ર નહીં ઠરાવે.

ચિત્રો આલેખવાનું કાર્ય મેં ૧૯૯૩માં કર્યું. વ્યવસ્થિત ચિત્રોનું કાર્ય ઘણું જ કઠિન છે, બુદ્ધિ-વિચારો અને સમયનો ભારે ભોગ અપાય છે ત્યારે તે કાર્ય તૈયાર થઈ શકે છે. તે કાર્ય થયા બાદ કાર્યવાહકોએ તે ચિત્રો લીથોમાં કરાવવાં આપ્યાં. આ લીથો પ્રેસના કાર્યકર્તાઓની બેદરકારીથી એ કાર્ય પૂર્ણ થતાં મહિનાઓ વીત્યા, એક વર્ષ ઉપર સમય ગયો. જેની ગત ચૈત્ર માસમાં કાર્ય સમાપ્તિ થઈ.

આવી આવી મુશ્કેલીઓને લઈને હિતેચ્છુ અને લાગણી ધરાવતા વર્ગની શીઘ્ર પુસ્તક પ્રકાશનની ઈચ્છા છતાં થએલા વિલંબ બદલ સહિષ્ણુતા સિવાય કયો માર્ગ હોઈ શકે!

તેવી જ રીતે ભાષાંતર દરમિયાન શકય ખ્યાલ રાખવા છતાં મારો આ પ્રયાસ પ્રાથમિક અને અનુભવ વિનાનો હોવાથી ભાષાંતરગત રહી ગએલી ક્ષતિઓ બદલ જાહેર આગળ 'ક્ષમાપના' યાચીને હળવો થવાનું કાર્ય પણ કેમ જતું કરૂં?

આ કાર્યમાં મને ઉરના ઉંડા શુભાશીર્વાદ આપનાર ગીતાર્થવર્ય પ્રવચનપ્રભાવક પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય **મોહનસૂરીશ્વરજી મહારાજ**ના તથા તેઓશ્રીના પટ્ટધર વિનેયરત્ન સુવિહિત સદ્‌ગુણનિધિ આચાર્ય શ્રીમદ્ વિજય **પ્રતાપસૂરીશ્વરજી**નો તથા વિદ્વદ્‌વર્ય પૂજ્ય પંન્યાસશ્રી ધર્મવિજયજી મહારાજશ્રીનો પરમાભાર માની તેઓશ્રીની મહેરબાની અને મદદથી આ કાર્યમાં કૃતકૃત્ય થયો તે બદલ ભાવભર્યા હૈયે કોટીશઃ વંદન કરીને કંઈકે ઋણમુક્ત થાઉં તો શું અજુગતું?

તદુપરાંત સહાયક બનનારા વિનેયશાલી પ્રવર્તક શ્રીમાન્ **ઉદયવિજયજી** મ. તથા વિનયવંત પ્રવર્તક શ્રીમાન્ **ભરતવિજયજી** મહારાજાદિ મુનિમંડલનો ઉપકાર માની, બાલમુનિવર્ય શ્રી **જયાનંદવિજયજી**ને પણ હું ન ભૂલી શકું, જેને મારા કાર્ય વેગમાં યથાશક્તિ સહાયતા સમર્પી.

ચિત્રોમાં પ્રેરક થનાર, પૂછેલ પ્રશ્નોનું સંતોષકારક સમાધાન આપનાર અને જેઓ મારા તરફ પ્રથમાવસ્થાથી જ પરમ ધર્મસ્નેહ રાખનાર પંડિતવર્ય ચંદુલાલ નાનચંદ શીનોરવાળાને સહુથી પ્રથમ કેમ ન સંભારી લઉં?!

વળી પ્રવર્તિની આર્યા શ્રી કલ્યાણશ્રીજી કે જેમના ગ્રન્થભંડારે પ્રથમ પગલે જ ગ્રંથાવલોકનનું ઉપયોગી કાર્ય સરલ કર્યું, તે બદલ તેમને પણ સ્મૃતિપથમાં લાવવું કેમ વિસરી શકું?

તેવી જ રીતે સહાયક અને હિત ધરાવનારી અન્ય વ્યક્તિઓને પણ તેથી બાકાત તો ન જ રાખી શકું?

હવે છેલ્લામાં છેલ્લો અને મોટામાં મોટો ઉપકાર તો મારે માનવો જોઈએ મારા જીવનોદ્ધારક પરમગુરુદેવ વિદ્વદ્વર્ય સદ્ગુણશાલી પૂજ્ય પંન્યાસજી શ્રી ધર્મવિજયજી મહારાજશ્રીનો; જેઓશ્રીએ સારાએ પુસ્તકનું સાદ્યન્ત સંશોધન કરી પોતાનો સમય અને શક્તિનો ભોગ આપ્યો છે, અને જેઓએ પ્રથમથી જ આ પુસ્તક સર્વાંગસુંદર આદર્શભૂત અને સર્વોપયોગી બને તે જોવાની ઉદાત્ત ભાવના પ્રદર્શિત કરી છે, અને જેઓએ ભાષાંતર દરમિયાન થયેલ શંકાઓના સમાધાનો પણ આપ્યા છે, સ્થળે સ્થળે કિંમતી સૂચનાઓ પણ કરી છે. તે દ્વારા મારા ઉપર જે અસીમ અને અમાપ ઉપકાર કર્યો છે, તેથી તો ખરેખર! મને તેઓએ મ્હોટા ઋણના ભારતળે મૂક્યો છે; તેઓશ્રીની જો મદદ ન હોત તો આ કાર્યને પહોંચી શકવા હું ખરેખર! અશક્ત બન્યો હોત!

પણ આવા ઉપકારીઓનાં ઋણ કોઈનાથી મુક્ત કર્યાં થયાં છે ખરાં કે? માટે તેઓશ્રીના ઉપકારનો બદલો હું કયા શબ્દોમાં અને કેવી રીતે વાળી જ શકું?

છતાં સહુની જેમ દેશથી ઋણમુક્ત થવા માટે જ આ સૌંદર્યસંપન્ન અને દળદાર ગ્રન્થ **તેઓશ્રીના જ શુભ કરકમલમાં સહર્ષ અર્પણ** કરી કૃતકૃત્ય થવાની મોંઘેરી તક લઉં છું.

પૂજ્ય ગુરુદેવોની કૃપાથી આ મહાન સૂત્ર ગ્રન્થના ભાષાંતરનું સદ્ભાગ્ય મને સાંપડ્યું, તેઓશ્રીની અમૂલ્ય સૂચનાઓ, સમાધાનો દ્વારા અભ્યાસીઓને દરેક રીતે સુગમ થાય તેવું વ્યવસ્થિત ભાષાંતર કરવામાં આવ્યું, યથામતિ અને યથાશક્તિ શાસ્ત્રીય અને મુદ્રણ સંબંધી શુદ્ધિ જાળવવા પ્રયત્ન સેવ્યો; છતાં કંઈપણ સ્ખલનાઓ દૃષ્ટિગોચર થાય તો સુધારી લેવા સજ્જન સમાજને મારું સાદર નિવેદન છે.

અંતે મારા પરમારાધ્ય, સહાયક સર્વવિઘ્નવિનાશક, અખંડ પ્રભાવક અર્ધપદ્માસને બિરાજમાન દર્ભાવતી (ડભોઈ) મંડન શ્રી **લોઢણ પાર્શ્વનાથ** ભગવાનનું તથા ભગવતી શ્રી પદ્માવતી માતાજીનું શ્રી સરસ્વતી દેવી તથા સમગ્ર ઈષ્ટદેવ–ગુરુવૃંદનું સ્મરણ કરી અને શરણ સ્વીકારી આ મારું નમ્ર નિવેદન સમાપ્ત કરું છું.

ફલિતમાં આ ગ્રન્થનું અધ્યયન ખૂબ વૃદ્ધિવાળું થાઓ અને ત્રણે લોકનું સ્વરૂપ અને માહિતી મેળવી મુક્તિમાર્ગના પરમોપાસક બનવા ઉજમાળ થાઓ એ જ અંતિમ અભ્યર્થના!!!

*અનુવાદક—'યશોવિજય'*

॥ ॐ नमोऽर्हत्परमेश्वराय ॥

# ઉ....પો....દ્‌....ઘા....ત

मेघाच्छन्नो यथा चन्द्रो, न राजति नभस्तले।
उपोद्‌घातं विना शास्त्रं, न राजति तथाविधम् ॥१॥

(એ આપ્તોક્તિ અનુસાર કોઈપણ પુસ્તક ગમે તેટલું મહત્વનું કે ગૌરવભર્યું હોય પણ તેના ઉપર સચોટ પ્રકાશ ફેંકતી, ગ્રન્થવિષયોનો તલસ્પર્શી પરામર્શ કરતી અને ગ્રન્થના સારભૂત નવનીત દર્શાવતી એક સુંદર અને સુવિસ્તૃત પ્રસ્તાવના કે ઉપોદ્‌ઘાત ન હોય તો તે પુસ્તક જોઈએ તેવું શોભતું નથી, તેમાંય અત્યારે તો 'પ્રસ્તાવનાનું ગૌરવ જેટલું વધારે તેટલું ગ્રન્થગૌરવ વધારે' એ સહજ પ્રથા થઈ ગઈ છે. હું પણ તે નિયમને અપનાવી, યથામતિ સુવિસ્તૃત પ્રસ્તાવના લખવી શરૂ કરૂં છું.)

ગ્રન્થરચનાથી પ્રસ્તાવનાનો શ્રમ કંઈ ઓછો નથી, આખાએ ગ્રન્થનો સાર દર્શાવવા બુદ્ધિને સરાણે ચઢાવી કેટલી કસવી જોઈએ અને વાચક વર્ગ માટે એવું રહસ્ય–સ્વરૂપ નવનીત મૂકી દેવું જોઈએ, કે જેથી વાચકવર્ગને આત્મસંતોષ થાય.

જ્ઞાન, દર્શન તે–શ્રદ્ધા, અને ચારિત્ર ઈત્યાદિ અનુભવગમ્ય સહભાવિ આત્મીય ગુણો પૈકી જ્ઞાનગુણ એ સર્વોત્તમગુણ છે, અને જગતભરમાં ગણાતા સર્વ ગુણો પૈકી તેનું સર્વાગ્રણીપણું એ અનુભવસિદ્ધ વસ્તુ છે, અખિલ જગતવર્તી સર્વાત્માઓ ન્યૂનાધિકપણે જ્ઞાનગુણથી વિરહિત હોતા નથી, આથી જ્ઞાન એ ગુણ છે અને આત્મા એ ગુણી છે. એ ગુણ–ગુણીનો સંબંધ अविनाभावि હોવાથી જ્યાં જ્યાં આત્મા ત્યાં ત્યાં જ્ઞાન, જ્યાં જ્યાં જ્ઞાન ત્યાં ત્યાં આત્મા, એવી રીતે ઉભયનું એ સહચારીપણું અનાદિકાલથી સર્વાત્મ વ્યાપ્ત હોવાથી સંસિદ્ધ છે, જ્યાં જ્ઞાનાંશ નથી, અરે ! અક્ષરના અનંતમા ભાગ જેટલો પણ જ્યાં જ્ઞાનલવ નથી, ત્યાં પદાર્થ કે દ્રવ્યો ચૈતન્યસ્વરૂપ નહિ પણ જડસ્વરૂપ છે. જ્યારે જ્ઞાન એ ચૈતન્ય સ્વરૂપ અને સર્વોચ્ચગુણ છે તો જ 'વિશિષ્ટ જ્ઞાનોપેત આત્માઓ સર્વ સન્માન્ય, સદાપૂજનીય અને યાવત્ વંદનીય થઈ શકે છે' એ સિદ્ધ સનાતન કથન સર્વદા નિ:શંક સત્ય ઠરે છે.

એ જ્ઞાનથી સંપૂર્ણ થવા માટે જ્ઞાનાવરણીય કર્મને ક્ષય કરવું જોઈએ, તે ક્ષય કરવા માટે તે કર્મબંધનનાં મૌલિક કારણોને તિલાંજલી આપી, નવ્ય શુભ કર્મોનું ઉપાર્જન કરવું જોઈએ, અને એમ કરતાં સંપૂર્ણ જ્ઞાનજ્યોતિને આવરનાર કર્મનો નિર્મૂલ ક્ષય કરવો જોઈએ, અને ત્યારે જ આત્મા લોકાલોકવર્તી ત્રૈકાલિક ચરાચર, કિંવા જડ કે ચેતનના વિશ્વવિસ્તીર્ણ સર્વ ભાવોને હસ્તામલકવત્

આત્મ-પ્રત્યક્ષ કરવાની અવિનાશિની અને અવિપર્યાસિની અતીન્દ્રિય અનંત શક્તિનો ભોક્તા બને છે, તેવી અનંત શક્તિસંપન્ન વ્યક્તિને સુપ્રસિદ્ધ અને રૂઢ શબ્દોમાં મૂકીએ તો તે ઈશ્વર અથવા પરમાત્મ સ્વરૂપ કહેવાય છે. જેને જૈનો પોતાના પારિભાષિક-રૂઢ શબ્દોમાં તીર્થંકર, અરિહંત, કેવલી, સર્વજ્ઞ, જિનેશ્વર, વીતરાગ ઈત્યાદિ પૂજ્ય અને ગુણવાચક શબ્દોથી સંબોધી અહર્નિશ તેમની પર્યુપાસના કરે છે.

એવા ઈશ્વરાત્મક કિંવા પરમાત્મ સ્વરૂપ વ્યક્તિને જગતના પ્રત્યેક સુજ્ઞ અને વિચારશક્તિસંપન્ન પ્રાણી સમુપાદેય ગણે છે તથા આત્મોન્નતિ માટે તે સર્વદા પરમાત્મતત્ત્વનો પરમોપાસક હોય છે. વર્તમાન દુનિયામાં જૈનો, બૌદ્ધો, વૈદિકો, શૈવો, ઈસ્લામીઓ, પારસીઓ, પ્રોટેસ્ટ-ક્રિશ્ચિયનો, કે રોમન કેથોલિકો ઈત્યાદિ જે જે ધાર્મિક ફિરકાઓ વિદ્યમાન છે, તે દરેક ધર્મારાધક વ્યક્તિઓની અંતરેચ્છા ધર્મના આદ્ય સંસ્થાપકે સ્વમાન્યતાનુસારે પ્રાપ્ત કરેલી ઉચ્ચદશાને સાધ્ય કરવાની હોય છે; એમ તેના સિદ્ધાન્તો અને મંદિરો, મસ્જીદો કે ચર્ચોમાં કરાતી પ્રાર્થનાના શબ્દધ્યેયમાંથી સામાન્ય રીતે સમજી પણ શકાય છે, એટલું જ નહિ પણ તેઓ એક નહિ તો બીજી રીતે પણ ધર્મસંસ્થાપક, ધર્મોપદેશક અને ધર્મકર્તવ્ય એ ત્રણેય તત્ત્વોને પણ સાથે સાથે અપનાવતા હોય છે.

આમ છતાં આત્મ-જીવનના સર્વતઃ પરમસંરક્ષક અને પરમહિતકર એવા એ ત્રણે સિદ્ધાન્તો સામે પણ વિરૂદ્ધ અપલાપો, અવિચારી મન્તવ્યો અને અનિચ્છનીય કર્તવ્યો પણ કોઈ કોઈ ખૂણેથી ઊભાં થતાં શ્રવણગોચર અને દૃષ્ટિગોચર પણ થાય છે, પરંતુ માનવજાત યાદ રાખે કે જ્યાં સુધી આત્મા સંપૂર્ણગુણી કે સંપૂર્ણજ્ઞાનવાન્ નથી, ત્યાં સુધી અજ્ઞાનજન્ય યદ્વા તદ્વા બોલવું કે સ્વેચ્છાપૂર્વક સ્વમતિ કલ્પનાનુસારે જે તે માની લેવું એ ઘણું જ ગંભીર અને ભૂલભર્યું, જોખમી અને જીવનને અધોમાર્ગે ગમન કરાવનારૂં પગલું છે, વાસ્તવમાં એવાઓ માટે તો પરમાત્મદશાની પ્રણાલિકાએ આરૂઢ થવા સીધો અને સરલ પ્રાથમિક રાજમાર્ગ એહીજ આદરવો ઘટે કે પ્રાચીન મહર્ષિઓએ દર્શાવેલી શાસ્ત્રોક્ત પદ્ધતિ અને પ્રણાલિકાએ ચાલવું, એટલું જ નહિ પણ અટલ અને અનુભવસિદ્ધ સિદ્ધાન્તોનો શ્રદ્ધાપૂર્વક સ્વીકાર અને અમલ કરવો; એ સિવાય મુમુક્ષુ જીવો માટે નિષ્કંટક અને સહીસલામતભર્યો બીજો એકેય સન્માર્ગ જણાતો નથી.

પણ ભારે કમનસીબી સાથે મારે કહેવું જોઈએ કે આપણે એ આપ્તમહર્ષિઓના સનાતન સત્ય સ્વરૂપ ફરમાનોને શિરસાવંદ્ય કરી નથી આવકારતા કે નથી તો તે તત્ત્વોની તલસ્પર્શી વિચારણા માટે સમય કે સમજણનો ઉપયોગ કરતા, પરિણામે એક જ સાધ્યબિન્દુ ધરાવતા વિવિધ વર્ગોમાં પણ શાસ્ત્રોક્ત વાક્યોની બાબતોમાં પરસ્પર વિસંવાદ જન્મે છે, અને ક્રમશઃ તે વૃદ્ધિંગત થઈને પોતાના વર્તુલમાં પ્રબલ સ્થાન પણ જમાવી લે છે. ચાલુ યુગમાં પણ તત્ત્વાતત્ત્વના સુરહસ્યને નહીં સમજી શકનારો, સ્યાદ્વાદમાર્ગ શૈલીથી અનભિજ્ઞ અને પૂર્વાપરના સંબંધને નહીં ઘટાવનારો કેટલોક અણસમજુવર્ગ કોઈ કોઈ પદાર્થના નિરૂપણ કે નિર્ણયના પ્રસંગે કે નવીન વૈજ્ઞાનિક પદ્ધતિના હેતુઓના પ્રસંગે મહાન પુરુષોના ત્રિકાલાબાધિત અવિચ્છિન્ન અને અફર સિદ્ધાન્તોને અમાન્ય કરી તે ઉપર કેવળ કલ્પનાના હવાઈ કિલ્લાઓ ખડા કરી દે છે, પરંતુ 'કૂપમંડૂક' ન્યાયથી બુદ્ધિમાન

અને વિચારક વ્યક્તિઓ માટે એ સન્માર્ગ હોઈ શકતો નથી. તેઓએ તો જરા ઉંડું ઉતરી દીર્ઘદૃષ્ટિથી લક્ષ્યપૂર્વક વિચારવું ઘટે કે દરેક શાસ્ત્રોનું પ્રત્યક્ષ, અથવા તો પરોક્ષ, અથવા તો પ્રત્યક્ષ અનુમાન, ઉપમાન કે આગમ–શબ્દ પ્રમાણથી જ નિરૂપણ હોઈ શકે છે, તેમાં કોઈ પદાર્થ પ્રત્યક્ષ પ્રમાણથી સંસિદ્ધ થતો હોય ત્યારે કોઈ અનુમાન પ્રમાણથી ઘટતો હોય, જ્યારે કોઈ પદાર્થની સિદ્ધિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ બન્ને ચરિતાર્થ થતાં ન હોય ત્યાં અતીન્દ્રિય પદાર્થો માટે શબ્દ અથવા આગમ પ્રમાણથી વસ્તુતત્ત્વની સિદ્ધિ પણ અવશ્ય કબૂલ રાખવી જ પડે છે.

કારણકે શબ્દ–આગમના પ્રણેતા કોણ? તેનો ઘડીભરને માટે વિચાર કરીએ, તો 'पुरुषविश्वासे वचनविश्वासः' એ ન્યાયે આગમના પ્રણેતા રાગદ્વેષ મોહ રહિત એવા સર્વજ્ઞ પરમાત્માઓ હોય છે અને તેઓશ્રીના વચનામૃતમાં વિરોધાભાસ કે વિસંવાદને સ્થાન જ હોઈ શકતું નથી, કારણકે 'रागाद् वा द्वेषाद् वा मोहाद् वाऽनृतं ब्रूयात्' એ આપ્તોક્તિ પ્રમાણે માનવજાત ત્રણ પ્રકારે મૃષા બોલે છે, જ્યારે આ મહાન વિભૂતિઓએ એ ત્રણે કારણોનો સમૂલ–વિધ્વંસ કર્યો હોવાથી તેમની વચનાવલીમાં અસત્યને અવકાશ જ ક્યાંથી હોય! માટે આગમ પ્રમાણ એ સર્વગ્રાહ્ય કરવું જ પડે છે, જો તેને પ્રમાણભૂત ન માનીએ અને હવામાં ઉડાડી નાંખવામાં આવે તો ભયંકર અનર્થતા વ્યાપી જાય અને સર્વજ્ઞ પ્રણીત ધર્મશાસ્ત્રના અચલ સિદ્ધાન્તોમાં સર્વત્ર ઘેરો અંધકાર જામી જાય, તેમજ અવ્યવસ્થાનાં વાદળો ઉતરી પડે.

આથી જે અતીન્દ્રિય પદાર્થો છે કે, જેને જોવા કે જાણવા માટે ચર્મચક્ષુનું સામર્થ્ય નથી તેવા પદાર્થો તો હંમેશા જ્ઞાનીગમ્ય હોય છે, જે માટે કહ્યું છે કે :–

**समान विषया यस्माद् बाध्यबाधकसंस्थितिः।**
**अतीन्द्रिये च संसारि प्रमाणं न प्रवर्तते॥**

અલબત્ત સમયના પરિવર્તન સાથે પ્રજાના સામાજિક ધાર્મિક, વૈજ્ઞાનિક કે વિવિધ કલા તથા સાહિત્ય ઈત્યાદિ વિષયોને લગતી અભિરૂચિના માર્ગોનું પણ અનેક પ્રકારે પરાવર્તન થાય છે, પછી તે યોગ્ય હોય કે અયોગ્ય હોય, પણ એ પરાવર્તનના પ્રતાપે અત્યારે શ્રદ્ધા પ્રધાનયુગનું સ્થાન તાર્કિક યુગે લીધું છે, તે જોતાં એ દિશામાં વધુ પ્રગતિ અને પ્રયત્ન દ્વારા તર્કયુક્તિઓ વડે શાસ્ત્રોક્ત કથનોના નિરૂપણનો વિકાસ અને વૃદ્ધિ થાય તો જડવાદી યુગમાં હઠીલા અને અણસમજુ વર્ગ માટે પણ તે વસ્તુ તથા ઐતિહાસિક કે આગમ પ્રસિદ્ધ બીનાઓ પણ શ્રદ્ધા ગ્રાહ્ય થાય અને ત્યારે જ તેનું સત્ય મૂલ્યાંક અંકાય. એટલા પુરતું આત્મોન્નતિ, અધ્યાત્મસ્વરૂપ અને અહિંસાપ્રધાન એવા જૈનધર્મના સનાતન સિદ્ધાન્તો લોકરૂચિ ઉત્પન્ન થાય તેવી રીતે લોકભોગ્ય કરવા આત્મપ્રેરણાત્મક અને આકર્ષણાત્મક રીતે નવીન પદ્ધતિનું અન્વેષણ કે પરિમાર્જન ચોક્કસ માગી લે છે પણ સાથે એ ઉમેરવું જોઈએ કે એ પરિમાર્જન શાસ્ત્રોક્ત આશયોને અબાધિત રાખીને હોવું જોઈએ, નહિ કે મારી મચડીને, વિકૃત કરીને કે ખંડન કરીને!

### વાયરલેસ–રેડિયો–ફોનોગ્રાફ વગેરે યન્ત્રોનો શાસ્ત્રીય દૃષ્ટિએ સમન્વય :–

વૈજ્ઞાનિક હેતુઓ અને સંશોધનોના કારણોની પ્રસ્તુત ચર્ચાની વધુ સિદ્ધિને માટે થોડોક ઉલ્લેખ

અસ્થાને ન ગણીયે તો મારે કહેવું જોઈએ કે વર્તમાનમાં વૈજ્ઞાનિક (સાયન્ટીફીક) પદ્ધતિથી શોધાએલ ફોટોગ્રાફ-ફોનોગ્રાફ-ટેલીફોન-ટેલીગ્રાફ, રેડીઓ, લાઉડસ્પીકર, વાયરલેસ, ટેલીવીઝન વગેરે નવીન નવીન અનેક યાન્ત્રિક શોધખોળોથી જૈનધર્મ સિદ્ધાંતોમાં શબ્દ, છાયા, પ્રકાશ, પ્રભા અંધકાર વગેરેનું પૌદ્ગલિકપણું દર્શાવ્યું છે તે પાશ્ચાત્યોએ પ્રત્યક્ષ પ્રમાણથી સિદ્ધ કરી બતાવ્યું છે. 'शब्दगुणकमाकाशम्' શબ્દ એ આકાશનો જ ગુણ છે, તે કદી પુદ્ગલ સ્વરૂપ નથી. આવી જોરશોરથી ઉદ્‌ઘોષણા કરનાર ન્યાય કિંવા વૈશેષિક દર્શનો પણ 'પૂર્વોક્ત યાન્ત્રિક પ્રયોગોમાં રેડીઓ વાયરલેસ-સ્ટેશન દ્વારા છ છ હજાર માઈલ ઉપરના દૂર પ્રદેશોમાંથી નીકળતા શબ્દોનું અહીંના યન્ત્રમાં ગ્રહણ, વક્તા વિના શબ્દોનું ઉત્પાદન, તેવી જ રીતે ફોનોગ્રાફમાં વક્તાના કે જડ પદાર્થમાંથી નીકળેલા શબ્દનું ગ્રહણ, વળી લાઉડસ્પીકરના પ્રયોગથી થતો શબ્દોનો પ્રતિઘાત, આવા કારણોને લઈને પુદ્ગલપણું સ્પષ્ટ અનુભવાતું હોઈ 'શબ્દ એ આકાશનો ગુણ છે' એ માન્યતામાં શિથિલ થયાં છે અને આધુનિક નૈયાયિકોને એ વસ્તુએ ખરેખર એક અકલ્પ્ય મુંઝવણમાં મૂકી દીધા છે.

આ તો યાન્ત્રિક શોધખોળનું આપણે દૃષ્ટાંત ટાંક્યું, જયારે રાગ-દ્વેષ-મોહનો ક્ષય કરી જડ ચેતનના ત્રૈકાલિક ઉત્પાદ, વિનાશ કે ધ્રુવના સંપૂર્ણ ભાવોને આત્મપ્રત્યક્ષ કરનારા સર્વજ્ઞ ભગવંતોએ તો યાંત્રિક પ્રયોગો (એક્સપેરીમેન્ટ) કર્યા સિવાય જ જીવનના અનુપમ ત્યાગ, જાજ્વલ્યમાન તપોબલ, અને અતિ વિશુદ્ધ સંયમના મહાન પ્રતાપે ઉત્પન્ન થયેલા લોકાલોકવર્તી રૂપી--અરૂપી પદાર્થના પ્રકાશ કરનારા યથાર્થ જ્ઞાનના સામર્થ્યથી જગત્‌જંતુઓની સમક્ષ સ્વ-પર કલ્યાણાર્થે પ્રવચનો કરતાં ઉદ્‌ઘોષણા પૂર્વક અનેકશઃ સનાતન સત્ય જાહેર કરેલ છે કે શબ્દ એ આકાશનો ગુણ નહિ પણ પુદ્ગલનો પ્રકાર છે, જે કથનને અત્યારે પાશ્ચાત્ય વૈજ્ઞાનિકોએ સાક્ષાત્ સિદ્ધ કરી બતાવી આપ્યું છે.

આ શોધખોળ લોકદૃષ્ટિએ માનવ સમૂહમાં તદ્દન નવીન ભલે ગણાતી હોય પણ જૈન સિદ્ધાન્તની દૃષ્ટિએ તો એ વસ્તુ અનાદિ સિદ્ધ છે, પણ સમયના પરિવર્તન સાથે તેનો વિલયોત્પાદ થયા જ કરે છે.

જૈન સિદ્ધાન્ત હંમેશને માટે કહેતો આવ્યો છે કે--કંચન કામિનીના સર્વાંશે ત્યાગી, જગત્‌જંતુના ઉદ્ધારક, સત્ય અને અહિંસાના ધ્વજધારી મહાનુભાવ તીર્થંકર પરમાત્માઓના જન્માદિ પંચકલ્યાણકના પ્રસંગો આવતાં પરમાત્માના દિવ્ય પ્રતાપે ઈન્દ્રોનું આસન કંપે એટલે તે ઈન્દ્રાદિ દેવો વિશિષ્ટ જ્ઞાનથી જાણીને તે દિવસોને સહુ ભેગા મળીને ઉજવવા માટે ઈન્દ્રની આજ્ઞાથી પોતાનો સંદેશો પોતાની માલિકીના સ્થળોમાં સર્વત્ર પહોંચાડવા અને કલ્યાણકની જાગૃતિ કરાવવા હરિણૈગમેષી નામના દેવને બોલાવી જ્યારે ત્રણવાર સુઘોષા નામની ઘંટા વગડાવે છે તે સાથે જ અસંખ્ય યોજન દૂર રહેલી બાકીની એકત્રીશલાખ નવ્વાણુ હજાર વિમાનવર્તી ઘંટાઓ પણ દિવ્યાનુભાવથી સમકાળે જ વાગવા માંડે છે ત્યારે સમગ્ર દેવલોક શબ્દાદ્વૈત થઈ જાય છે. તે વખતે અન્ય દેવો ઘંટાઓ દ્વારા પોતાના સ્વામી ઈન્દ્રની આજ્ઞા સાંભળવાને સર્વ કાર્ય ત્યજી સજ્જ થઈ જાય છે, બાદ ઘંટાઓના બુલંદ અવાજો સંપૂર્ણ શાંત થતાંની સાથે સૌધર્મ વિમાનમાં રહેલો હરિણૈગમેષી શક્રાજ્ઞાને સંભળાવતો થકો જણાવે છે કે 'પરમહિતકારી જિનેશ્વરદેવનું કલ્યાણક

હોવાથી ઈન્દ્રમહારાજા મર્ત્યલોકે જાય છે, તમારે જવું હોય તો આવજો' આ શબ્દો અસંખ્ય યોજન દૂર દૂર રહેલા વિમાનોના દેવો સાંભળી શકે છે.

અહીંયા સૌધર્મ વિમાનમાં રહેલી સુઘોષાઘંટાના વિપુલ રણકારનું કરોડો અબજો નહિ પણ અસંખ્ય યોજન દૂર રહેલી સૌધર્મેન્દ્ર તાબેના વિમાનોની લાખો ઘંટાઓમાં અથડાવવું, પુનઃ હરિણૈગમેષી દેવના મુખમાંથી નીકળેલા શકાજ્ઞાના શબ્દોનું તાર કે થાંભલા વિના સર્વત્ર પહોંચી જવું ઈત્યાદિ શાસ્ત્રોક્ત વૃતાંત્તનું શ્રવણ કરનારાઓમાંથી કેટલીક અનભિજ્ઞ અને વિચારશીથિલ વ્યક્તિઓને મહદાશ્ચર્ય ઉપજતું, પરંતુ 'કારણાત્ કાર્યાનુરોધેન' એ ન્યાયથી તેમનું--પરમાત્માઓનું કથન કદી અસત્ય હોતું જ નથી, તે તો યથાર્થ નિઃશંક અને સત્ય જ બોલનારા હોય છે. એ જ વસ્તુ ઉપરથી શોધાયેલ વાયરલેસ રેડીયોની શોધખોળે અણમોલ દૃષ્ટાંત પુરૂં પાડી જિનેશ્વરના વચનોનો સાક્ષાત્કાર કરાવી આપણા મિથ્યા આશ્ચર્યને ફગાવી દીધું છે.

અરે! જિનેશ્વરનું શાસન તો જડ કે ચેતનમાંથી પ્રગટેલા પ્રત્યેક શબ્દોની ગતિ એક જ સમયમાં (નિમેષ માત્રમાં તો અસંખ્ય સમય થઈ જાય ત્યારે સમયનું માન જ્ઞાની સિવાય કોણ કળી શકે? જેની પાસે સેકન્ડ તો ઘણી મોટી થઈ પડે છે.) ચૌદરાજલોકના એક છેડેથી બીજા છેડા સુધી પહોંચી જવાનું જણાવે છે તો પછી સેંકડો ગાઉમાં વાયરલેસ વગેરેનું શ્રવણ થાય તેમાં શું આશ્ચર્ય છે!

## જલ-વાયુનું એકીકરણ-પૃથક્કરણ :-

વળી વૈશેષિક દર્શનના "क्षित्यप्तेजोमरुद्वयोम-कालादिग्देहिनो मनः" એ સિદ્ધાન્તની રૂએ પાણી તેમજ વાયુ પૃથક્ પૃથક્ સ્વતંત્ર જાતિના પરમાણુથી બનેલા દ્રવ્યો હોવાનું પ્રતિપાદન થાય છે, પરંતુ તેમની એ માન્યતાને ફટકો મારનારી સાયન્ટીફીક પદ્ધતિએ સિદ્ધ કર્યું છે કે બે ભાગ હાઈડ્રોજન તેમજ એક ભાગ ઓક્સીજન ($H_2O$+6 વોટર)નું મિશ્રણ થતાં તરત (વાયુનું પણ) પાણી થઈ જાય છે, પાણીરૂપે પરિણમેલાં એ અણુઓ પુનઃ પ્રયોગથી અલગ અલગ પણ થઈ જાય છે. આ પ્રમાણે બન્નેનું એકીકરણ અને પૃથક્કરણ થતું જોવામાં આવવાથી મજકૂર દર્શનનો સિદ્ધાન્ત અયુક્ત ઠરે છે, જે દ્રવ્ય સ્વતોભિન્ન છે, તેનું દ્રવ્યાન્તર રૂપે ત્રણકાળમાં પરિવર્તન થતું નથી, જ્યારે જે વસ્તુનું એકીકરણ કે પૃથક્કરણ અશક્ય મનાતું હતું ત્યારે સાંપ્રતયુગમાં વધતા જતાં વિજ્ઞાને એ બીનાને શક્ય બનાવી, અન્ય મતાવલંબીઓને ઝાંખા પાડી, સર્વજ્ઞોએ વસ્તુના યથાર્થભાવને પૃથક્ પૃથક્ સ્વરૂપે ન વર્ણવતા બાહ્યથી દેખાતા તેમજ અનુભવાતા જલ તેમજ વાયુના શરીરનો પુદ્ગલ દ્રવ્ય તરીકે અને તેમાં પણ ઔદારિક નામની જાતિ વિશેષમાં સમાવેશ હોવાનું સ્પષ્ટ પ્રતિપાદન કરેલું છે.

## ફોટોગ્રાફિક અને ટેલીવિઝન પદ્ધતિ :-

એ જ પ્રમાણે ચાલુ સદીમાં ખૂબ જ વૃદ્ધિંગત થએલી ફોટોગ્રાફિક પદ્ધતિ માટે તો શ્રી પ્રજ્ઞાપના સૂત્રના સમર્થ ટીકાકાર શ્રી મલયગિરિવરજીએ પ્રત્યેક તથાવિધ બાદર મૂર્ત્તદ્રવ્યમાંથી

'ફૂવારામાંથી વહેતા પાણીની માફક' કેવી કેવી રીતે છાયાના પુદ્‌ગલોનો પ્રવાહ નીકળે છે, અને તે પુદ્‌ગલોનું ભાસ્વર તેમજ અભાસ્વર દ્રવ્યમાં (દર્પણાદિકવત્) કેવું પ્રતિબિંબ પડવા સાથે કેવા કેવા પ્રકારથી ગ્રહણ થાય છે તે સંબંધી ઘણો જ રોચક ઉલ્લેખ કર્યો છે.

આ ઉપરથી વિદ્યમાન જૈન સિદ્ધાન્તોમાં વસ્તુધર્મનું પ્રતિપાદન કે તે તે વિષયની સ્પષ્ટતાઓ તે કંઇ એમને એમ જણાવી દીધેલી નથી, પરંતુ સચોટ અને હૃદયંગમ જ્ઞાન થવા માટે શાસ્ત્રસ્થ સૂક્ષ્મ, ગહન અને કાઠિન્ય ભાવવાળી પ્રતિપંક્તિઓ ઉપર ખૂબ જ ઝીણવટપૂર્વક વિચાર કરવાની બુદ્ધિને સરાણે ચઢાવવાની તક સાધવાની સંપૂર્ણ આવશ્યકતા છે.

## જૈન અભ્યાસીઓની ક્ષતિઓ :-

જે જ્ઞાની મહર્ષિઓએ સ્વાત્મજ્ઞાનના બળે આત્મ-પ્રત્યક્ષ વસ્તુના ભાવોને યથાર્થપણે કહ્યા, જે પ્રભુના સિદ્ધાન્તોમાં ઠેર ઠેર પૌદ્‌ગલિક કે અપૌદ્‌ગલિક પદાર્થોનું સંપૂર્ણ પ્રતિપાદન થયું છતાં તેનો સમન્વય કરી તે તે વસ્તુની શોધ માટેનાં કારણો, તેમજ તેના નિર્ણયો જે થઇ શકતા નથી, તે માટે નિષ્પક્ષપાતપણે મારે અવશ્ય સ્પષ્ટ કહેવું જોઈએ કે, તે તે સિદ્ધાન્તોનું વાંચન, મનન અને સંપૂર્ણ નિદિધ્યાસનના કર્તવ્ય વિષે આપણું પરાઙ્‌મુખપણું અને ખૂબ ઉંડા ઝીણવટભર્યા પરિશીલનનો અભાવ ઇત્યાદિ શરમભરી ક્ષતિઓ એ જ કમનસીબ કારણ છે. અત્યારે તો વિદ્યાર્થી આલમનું ઉપરચોટું વાંચન, અનેક વિષયોનું અધૂરી અને છીછરી દૃષ્ટિએ અવલોકન, એક વિષયમાં તૈયાર થયા વિના જે તે વિષયોમાં માથું મારવાની આપણી ખોટી કુટેવો અને વિના શ્રમે વિદ્વત્તા પ્રાપ્ત કરી લેવાના અનિચ્છનીય વેગે તો તેમાં ઓરજ વધારો કર્યો છે.

જેટલું જેટલું નવીન નવીન સાહિત્ય વધુ ને વધુ બહાર પડતું જાય છે, વળી સરલ ભાષામાં સરલાર્થ સ્વરૂપમાં પણ મૂકાતું જાય છે તેમ તેમ અંતરથી વિચારપૂર્વક તપાસીએ તો પ્રત્યેક માનવને લાગ્યા વિના નહીં જ રહે કે આજના વિદ્યાભિલાષીઓનું ચિંતનપૂર્વકનું જ્ઞાન સેવન, ઉત્કટ વિદ્વાન થવાની પ્રથમથી જ પ્રાપ્ત થવી જોઈતી શક્તિઓ વગેરે દિનપ્રતિદિન વેગળું ને વેગળું જ ખસતું જાય છે. જેથી શાસન તથા સમાજના કમભાગ્યે અતિ જરૂરિયાતના યુગમાં પણ સમર્થ વ્યુત્પન્ન વિદ્વાનોની મોટામાં મોટી ખોટ દુ:ખદ રીતે અનુભવાય છે, જે યુગમાં લિખિત પુસ્તકની બે ચાર કે પચીસ નકલો પણ ભાગ્યેજ એક સ્થળે મલી શકતી, જે યુગમાં ભણવાના સાધનોની પણ અપૂર્ણતા હતી; છતાં તેવા જ યુગમાં થએલા આપણા મહાન પ્રભાવક દુર્ધર્ષ વિદ્વાનોને નિહાળો, તેમના પ્રતિભાશાલી પાંડિત્ય તરફ દૃષ્ટિપાત કરો, અને છેવટે તેમનું તેજસ્વી અનુકરણીય અને વિશુદ્ધ વ્યક્તિત્વ તપાસો! છે આજે એકપણ એવો વિદ્વાન કે પૂર્વના વિદ્વાન પુરૂષોની સ્મૃતિ કરાવી આપે! છે કોઇ સ્વપર શાસ્ત્ર પારંગત વાદી કે ભારતના કોઇપણ વિદ્વાનોની સામે ટક્કર ઝીલી શકે!

જૈન-જૈનેતર વિદ્વાનોના સમૂહમાં અદ્વિતીય વિદ્વાન તરીકે વિખ્યાત થયેલા શ્રુતદેવીના સાક્ષાત્ અવતારસમા શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાય પછીથી અત્યાર સુધીમાં એવા કોઇ પ્રતિભાસંપન્ન, સર્વ શાસ્ત્રવ્યુત્પન્ન પુરૂષ થયો સાંભળ્યો કે, જે સમાજની ભૂખ ભાંગે?

જો કે હું 'મુદ્રણકલા તદ્દન અયોગ્ય છે કે સરલાર્થ સાહિત્ય અનર્થ કર્તા છે', એમ કહેવા નથી માગતો, અને એમાં અમોએ વળી, સહુના ભેગો સૂર પૂરેલો જ છે, એટલે અમે કંઇ તેથી નિર્લેપ છીએ એમ પણ કહેવા માગતા નથી, તેમ અત્યારે મહાન વિદ્વાનોનો સદંતર અભાવ છે એમ કહેવાનો પણ મારો લેશ માત્ર ઉદ્દેશ નથી, પણ સાથે બિન પક્ષપાતે સહુને એટલું તો કબૂલવું જ પડશે કે સર્વ શાસ્ત્રવ્યુત્પન્ન, પ્રખર વિદ્વાન, જૈનેતર દર્શનોનો પણ સારો જાણકાર, ન્યાય--સાહિત્ય કે વ્યાકરણ વિષયનો પારંગત, ભલભલાઓને શાસ્ત્રાર્થમાં પરાસ્ત કરનાર, સમાજ ઉપર પોતાની દિવ્યપ્રભા ફેંકનાર; એવો દુર્ધર વ્યક્તિત્વધારી પુરૂષ વાસ્તવિક રીતે જોઈએ તો પ્રાયઃ નથી દીસતો; તેનાં અનેક કારણો નરી આંખે આપણે જોઈ શકીએ છીએ, પણ તે બધાને અહીં જતાં કરી મુખ્ય કારણ તો એ બન્યું છે કે 'ગુરૂ પાસેથી સાંભળી કંઠસ્થ કે ધારી નહિ રાખીએ અથવા ટાંચી નહીં લઇએ તો ફરીથી એ વસ્તુ જાણવી મુશ્કેલ થશે' એ જે ભય હતો તે આજે મુદ્રણકલાના વિકાસ સાથે વિનાશ થયો, તમામ જાતના સાહિત્યો પુસ્તક રૂપે બહાર પડવા લાગ્યા, જેથી એ ભય રહ્યો નહિ અને વિદ્યાર્થીને કણ્ઠસ્થ કે ચીવટ પૂર્વક ભણવાની ખંત ચાલી ગઇ, પરિણામે તે એવું સમજવા લાગ્યા કે જરૂર પડશે તો પુસ્તક પાસે જ છે ને, જોઈ લેશું, ખરેખર આ ભાવનાએ વિદ્વત્તાની ભાવના ઉપર વજ્રાપાત કર્યો છે, વિદ્યાર્થીનું ખમીર હરાઇ ગયું છે, બુદ્ધિનો હ્રાસ થતો આવ્યો છે અને અભ્યાસીઓનાં વિદ્વાન થવાની મનોભાવનાનાં બલવાન અને તેજીચકોને પણ મંદવેગી બનાવ્યા છે.

ટૂંકમાં કહું તો જેટલું સાહિત્ય બહાર પડવા માંડ્યું છે, તેમ તેમ આત્મિક ભંડારની જમાવટમાંથી પણ તેટલું જ જ્ઞાન બહાર નીકળી જવા માંડ્યું છે, પણ આ યુગમાં એ સત્યકથન પણ અરણ્યરૂદન જેવું નીવડશે.

તથાપિ હજુએ એ ચોક્કસ છે કે વિદ્યાર્થી વ્યુત્પન્ન થવાને ચાહતો હોય તો તેને વિવિધ પ્રકારના મુદ્રણ સાહિત્યના મોહપાશમાં અને તેની લુબ્ધતામાં યુગપત્ ન સપડાતાં એક એક વિષયના મૌલિક સિદ્ધાન્તોનો સંપૂર્ણ પરામર્શ કરી, વ્યુત્પન્નપણું મેળવ્યા બાદ અન્ય વિષયોને ક્રમશઃ ગ્રહણ કરતો જાય તો હજુ પણ તે વ્યુત્પન્ન અને ધુરંધર વિદ્વાન થવાને સર્જાએલો છે, એમ અનુભવીઓનું હાર્દિક મન્તવ્ય છે.

## પદાર્થ સિદ્ધિ માટે અનુકૂલ સંજોગોનો અભાવ :–

અનન્તજ્ઞાની મહર્ષિઓના સિદ્ધાન્તો ત્રિકાલબાધિત હોવા છતાં તે સિદ્ધાન્તોને જાણવાની, કે જાણેલાઓ માટે પરામર્શ કરવાની બેદરકારી તેમજ ગવેષણા કરનાર જિજ્ઞાસુઓ હોય તો તેમને માટે જોઈતાં સાધનો કે ઉત્તેજનની ખામી, પ્રતિપક્ષીય સચોટ દલીલો કરી વસ્તુની સિદ્ધિમાં સહાયક થઇ શકે તેવા પ્રોફેસરોની ક્ષતિ, અને વળી ઈર્ષ્યાનું ઝેરી પ્રાબલ્ય વગેરે અનેક કંટાળાભર્યા માર્ગોથી જ્ઞાનસિદ્ધ પ્રયોગો પણ સમજી કે સમજાવી શકાતા નથી તો પછી પ્રયોગ સિદ્ધ તો કયાંથી જ દર્શાવી શકાય!

## આર્ય સંસ્કૃતિના વિકાસમાં જૈન પ્રજાનો ફાળો :–

જ્યારે જ્યારે આર્યસંસ્કૃતિ વિનાશને આરે પહોંચી જતી ત્યારે ત્યારે તેના સર્વતોમુખી

પુનરૂત્થાન માટે જૈન પ્રજાએ ભારતીય આર્ય મહાસંસ્કૃતિના પ્રત્યેક અંગમાં વિદ્યુત્ વેગે પ્રાણસંચાર કર્યો છે, તે પાછળ અને જગતની પ્રગતિમાન સંસ્કૃતિ અને શિસ્તતામાં પણ પોતાનાં જીવન, શક્તિ અને બુદ્ધિમત્તાનો સમર્થ અને સર્વ દિગ્ગામિ ફાળો અર્પ્યો છે એમ ઇતિહાસ બતાવી આપે છે, એ જૈન સંસ્કૃતિના પ્રબલ પ્રતાપે દરેક સાહિત્યરશ્મિ અભિવૃદ્ધિના પુનઃ ચમકારા ઝબકી પડ્યા છે.

## જૈન સમાજ માટેની શોચનીય બીના :-

જ્યારે આજે ક્રાન્તિનો યુગ પસાર થઇ રહ્યો છે, જો કે આજની કહેવાતી ક્રાન્તિના વહેણ તો સામાજિક કે ધાર્મિક સત્તાના વિશુદ્ધ સિદ્ધાન્તોને વિનાશને આરે ઘસડી રહ્યા છે, એણે તો સંસ્કૃતિના પાયા પણ હચમચાવી નાંખ્યા છે પણ જે સાચી અને શુભનિષ્ઠાની ક્રાન્તિ જે જે ક્ષેત્રમાં થઇ રહી છે અને દિનપ્રતિદિન આશ્ચર્યકારી અને અજબ ઘટનાઓ બની રહી છે, અને વિજ્ઞાનનો જમાનો જે અનિલ વેગે ઝડપી પ્રગતિ કરી રહ્યો છે, રોજ રોજ અવનવા તહેવારે પ્રયોગસર્જન, નવીન નવીન શક્તિઓનું આવિષ્કરણ, પાશ્ચાત્ય ભૂમિમાંથી વિશેષે કરીને શ્રવણ ગોચર થતું જાય છે; ત્યારે ખેદની વાત છે કે જૈન સમાજ હજુ જાગ્રત થઇ શક્યો નથી. જેમના સૈદ્ધાન્તિક તત્ત્વો સનાતન સત્યથી ભરપૂર છે, સ્વયંભૂ સિદ્ધ વૈજ્ઞાનિક રસાયણોના નિર્દેશો અંતર્ગત સંખ્યાબન્ધ વેરાયેલા પડ્યા છે, 'ઘર બેઠા ગંગા' જેવા સદ્‌યોગો છતાં તે સિદ્ધાન્તો પાછળ ખૂબ જ મનનપૂર્વક, ઝીણવટભર્યો પરામર્શ કરે તેવા, રાત્રિદિવસનો જાતીય ભોગ આપી પદાર્થાન્વેષણ કરે તેવા બાહોશ વૈજ્ઞાનિકોને સંગ્રહી શક્યો નથી, એટલુંજ નહિ પણ એના ઉત્પાદન માટેની દિશા જ જ્યાં શૂન્ય છે ત્યાં પગલું તો પાડ્યું જ ક્યાંથી હોય ! આ બીના શક્તિસંપન્ન સમાજ માટે કંઇ ઓછી શોચનીય નથી.

## જૈન ધર્મ અને જૈન પ્રજાનો પ્રભાવ :-

જૈનદર્શન અનેકાંતવાદી અને અહિંસા પ્રધાન છે, એ બન્ને તેના મૌલિક આધારભૂત સુદૃઢ સ્થંભો છે, અને અનેકાંતવાદના અસ્ખલિત પ્રતાપે દુનિયાભરના ધર્મો કે સંપ્રદાયોની ભિન્ન ભિન્ન માન્યતાઓ સાથે અહિંસાત્મકપણે ઐક્ય સાધવાનો અને હસ્તમિલનનો પણ પ્રયત્ન તેણે સેવ્યો છે.

જ્યારે સર્વદેશીય સર્વતોભદ્ર 'અહિંસા'ની ઉદાત્ત ભાવનાના પ્રતાપે જગત સાથે તેણે સદાને માટે ભ્રાતૃભાવ તરીકે સંપર્ક જોડ્યો છે.

જેના પરિણામે જૈનદર્શને પોતાનો પ્રબલ પ્રભાવ દરેક ધર્મ અને તેના સિદ્ધાન્તો ઉપર પાડ્યો છે અને પોતાના અસ્તિત્વને કપરા યુગમાં પણ વધુ દીર્ઘજીવી થવા માટેનો માર્ગ મોકળો કર્યો છે એ આપણે ગ્રામ્ય પ્રદેશમાં વસતી નાની નાની જૈન પ્રજાનું 'મહાજન' શબ્દ તરીકેનું વર્ચસ્વ અને સારાએ ગ્રામ્યવતનીઓ ઉપર પડતો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પ્રભાવ જોતાં હજુ તેઓનું મહત્ત્વ અને સામર્થ્ય કંઈ ઓછું જળવાઈ નથી રહ્યું, શહેરોમાં પણ દરેક ઠેકાણે જૈન પ્રજાનું નૂર તેના ઓદ્ધાઓ હજુ સુંદર રીતે ઉચ્ચ કક્ષાએ સચવાઈ રહ્યા છે. એ જોતાં સમાજ વિજ્ઞાનની દિશામાં પદસંચાર કરે

તો ઇતર સમાજનો સાથ પણ ધારે તો બહુ સુંદર મેળવી શકે.

લુગડાંને કોર-પાલવ કેટલા હોય? છતાં તેનું સૌંદર્ય અને પ્રભાવ સારા વસ્ત્ર ઉપર પડે છે, તેમ જૈનોની સંખ્યા ભલે થોડી હોય પણ તે દરેક રીતે સામર્થ્ય, શક્તિ અને સાધન ધરાવનારી એક શૂરવીર અને બહાદુર તથા અદ્વિતીય દાનેશ્વરી પ્રજા છે, એ જોતાં દાનેશ્વરી જૈનો ધારે તો સુંદર યોજના કરી શકે, અને એ કર્તવ્ય ધર્મના ફિરસ્તાઓના અને ખરું જોઈએ તો સમાજના અગ્રેસરોના શિરે અવલંબે છે.

## જૈન સમાજનું નૂતન કર્તવ્ય

વળી અહીંયા બીજી યોજનાનું સૂચન કરવું પણ નથી ભૂલી જવાતું કે આજે પ્રાચીન, ઐતિહાસિક કે શાસ્ત્રીય સંશોધન કરનારાઓની જૈન સમાજના દુર્ભાગ્યે મોટામાં મોટી ઉણપ છે, આપણા શાસ્ત્રીય કે ઐતિહાસિક પ્રમાણોથી સ્વતઃ સિદ્ધ બીના છે કે જૈનધર્મ એક વખતે ભારતધર્મ બની રહ્યો હતો, ભારતના દશે ખૂણે તેનો વિજય ડંકો ગાજતો હતો, સર્વ વિભાગમાં તે ફાલ્યો ફૂલ્યો હતો; એ દૂર દૂરનાં ભૂમિપ્રદેશમાંથી નીકળતા અવશેષોથી, તેમજ ઇતિહાસવેત્તાઓના કથનથી પણ સ્પષ્ટ થાય છે, છતાં હજુ પણ ઘણા દેશોમાં પ્રાચીન અવશેષો વગેરેનું સંશોધનક્ષેત્ર અણખેડયું પડ્યું છે, જ્યાં થઈ રહ્યું છે તે કેટલીકવાર જૈન સમાજના અવશેષો માટે અન્યાય અને પક્ષપાત થાય છે, આવી વિષમ પરિસ્થિતિનો સંતોષજન્ય ઉકેલ લાવવા માટે એક પુરાતત્ત્વ સંશોધન ખાતું ખોલાય, અને સારા સ્કોલરો રાખી નવા અભ્યાસીઓને તૈયાર કરાવાય અને ત્યારબાદ હિંદની ચારે દિશામાં પ્રાંતવાર એક એક વિભાગ મોકલવામાં આવે તો ઘણી ઘણી અદૃશ્ય અને અજાણી વસ્તુઓ અને સ્થળો ઉપર ક્રમશઃ ખૂબ જ પ્રકાશ પડે, શ્રીમંત કોમ ધગશ રાખે તો વૈજ્ઞાનિક કે ઐતિહાસિક આ બન્ને સંસ્થાઓનો જન્મ આપી શકે તેમ છે.

જ્યારે પાશ્ચાત્ય તેમજ ભારતીય જૈનોના વિદ્વાનોનો પૌર્વતનીય સંશોધનમાં મધ્યાહ્નકાળ થવા આવ્યો છે ત્યારે જૈન પ્રજામાં સંશોધનનું સવાર પણ પડ્યું નથી, બેશક સદ્‌ભાગ્યે કંઈક પરોઢ પહેલાંનો પ્રકાશ ખીલ્યો છે, એમ કહેવામાં કશીયે અત્યુક્તિ નથી.

તથાપિ એ માટેની જવાબદારી શક્તિ, સામર્થ્ય અને સાધન સંપન્ન આગેવાન જૈનો, અને જૈન શ્રમણ સંઘના વિદ્વાન ગણાતા સૂત્રધાર સમા મહારથીઓ સિવાય કોણે શિરે હોઈ શકે? જે ઇતિહાસ પડ્યો છે, એનું પણ નિરીક્ષણ, અવલોકન કે આસ્વાદન લેવા માટે સમય, સમજણ કે સાધન નથી; આવા અવાજો કર્ણે અથડાય એ બીના જૈન સમાજ માટે દુઃખદ અને ઘણી જ શરમાવનારી ગણાય.

સમાજમાં લગભગ અસ્ત પામેલી જિજ્ઞાસાવૃત્તિને પાછી સતેજ નહિ કરવામાં આવે અથવા જે કંઈ થવા માંડી છે તેને ઉત્તેજન કરવાના પ્રયાસો પ્રગતિપ્રધાન યુગમાં પણ નહીં થશે તો સમાજની ઐતિહાસિક કે ભૌગોલિક વિષય ઉપરની અશ્રદ્ધા વધુ ઘર કરી બેસશે, અને એમ થશે તો સમાજ અને સાહિત્ય પ્રગતિમય પંક્તિથી અલગ રહેશે; તે ન થાય માટે આપણા જ હાથે મૌલિક સિદ્ધાન્તોનું સંરક્ષણ કરવા સાથે બન્ને વિષયોની ઉન્નતિ કરીએ તો અન્ય જગતને આશ્ચર્ય

ઉપજાવી શકાશે અને સમાજે એ દિશામાં નવું પાનું ઉમેર્યું ગણાશે, તો જ જૈન સાહિત્ય ઉન્નતિના શિખરે પહોંચેલું જોઈ શકાશે.

'જો જરી પુરાણી ઘરેડ છોડીને કોઈ નવીન ચમત્કાર દાખવનારી યોજનાઓ ગતિમાન થાય તો ચોક્કસ જાણવું ઘટે કે નંદનવન સમા સાહિત્ય જગતમાં રહેલી જૈન સાહિત્ય કમલોની અનન્ય સૌરભ અને સૌંદર્યતાભરી અસંખ્ય પાંખડીઓ પોતાની સઘળીએ છટા સાથે એકાએક ખીલી જાય.'

હવે આપણે જૈન ભૂગોળ–ખગોળના મૂલ વિષય ઉપર આવીએ.

## પાશ્ચાત્ય અને શાસ્ત્રીય માન્યતા સાથે વિસંવાદ

આધુનિક યુગમાં જૈન ભૂગોળ તેમજ ખગોળ સાથે પાશ્ચાત્ય પદ્ધતિની ભૂગોળ–ખગોળનો ઘણો વિસંવાદ જોવાય છે; પણ તેનાં એ કારણો ઉઘાડાં છે. ધાર્મિક જૈન ભૂગોળ કે ખગોળના વિષયો યાંત્રિક સિદ્ધિ દ્વારા કે કાલ્પનિક અનુમાનો ઉપર નથી ઘડાયા, તેમજ તે નિયમો અચોક્કસ પણ નથી થયા. જ્યારે આજની શોધખોળ તો યાંત્રિક સાધનો દ્વારા, તેમજ અનુમાન દ્વારા થાય છે તેમાં પણ ચોક્કસ નિયમ નથી, તેમ યંત્રો પણ છેલ્લામાં છેલ્લી કોટિના છે તેમ તેઓ પણ માનતા નથી. જેમ જેમ યંત્ર વિજ્ઞાનમાં વધારો થતો જાય છે તેમ તેમ વિશેષે જોવાનું સામર્થ્ય ધરાવનાર થાય છે એમ તેઓ સ્વમુખે કબૂલે છે, આવી પરિસ્થિતિમાં પૂર્વ પૂર્વની શોધો અસત્ય અને ખોટી ઠરતી જાય અને નવી નવી શોધો પાછું સ્થાન જમાવતી જાય, આવી પુનરાવર્તન પામતી વિજ્ઞાનની સ્થિતિમાં શાસ્ત્રીય ભૂગોળ કે ખગોળના વિષયનો સમન્વય કયાંથી થાય!

જેમ જૈન સિદ્ધાન્તોમાં ભૂગોળના શાશ્વત પદાર્થોનું વર્ણન કરવામાં આવ્યું છે, તેવી જ રીતે ખગોળ માટે પણ કરવામાં આવ્યું છે; જેથી અશાશ્વતા પર્વતો, નદીઓ કે દેશ વિસ્તારો સાથે કયાંથી મુકાબલો થઈ જ શકે! અશાશ્વતા પદાર્થો માટે સર્વજ્ઞ સિદ્ધાન્ત નિયમ બાંધે નહિ, અને બાંધે તો એ પદાર્થો પુનરાવર્તન સ્વભાવવાળા, કેટલાક તો તદ્દન નવીનોત્પાદન સ્થિતિવાળા હોવાથી તેઓના અટલ સિદ્ધાન્તમાં, તેઓના જ્ઞાનમાં પરંપરાએ કુઠારાઘાત થવાનો પ્રસંગ ઉપસ્થિત થાય, અને જગતનો વિશ્વાસ, શંકિત થાય અને તેથી જ શ્રી ભગવતીજી સૂત્રમાં હજારો પ્રશ્નો હોવા છતાં આવા અશાશ્વતા પ્રશ્નોને લગતું સ્થાન ન મળી શક્યું હોય તો ઉપરોક્ત હેતુ જોતાં અસંભવિત નથી.

વર્તમાનમાં ભૂગોળ–ખગોળને અંગે શાસ્ત્રીય અને આધુનિક માન્યતામાં ખાસ મહત્ત્વના ફેરફારો શું છે તે નીચે પ્રમાણે--

| શાસ્ત્રીય માન્યતાઓ | આધુનિક માન્યતાઓ |
|---|---|
| —પૃથ્વીનો આકાર પુડલો અથવા થાળી સરખો ગોળ છે. | —પૃથ્વીનો આકાર ઈંડા અથવા નારંગી જેવો ગોળ છે. |
| —પૃથ્વી સ્થિર છે. ચન્દ્ર-સૂર્યાદિ જ્યોતિષ ચક્ર ફરે છે. | —ચન્દ્ર-સૂર્ય સ્થિર છે. પૃથ્વી પોતાની ધરી ઉપર તેમજ સૂર્યની આસપાસ ફરે છે અને ચન્દ્ર પૃથ્વીની આસપાસ ફરે છે. |

| | |
|---|---|
| —પૃથ્વી મોટી છે, અસંખ્ય યોજન પ્રમાણ છે. | —સૂર્ય ઘણો મોટો છે. પૃથ્વી તેની અપેક્ષાએ ઘણી જ નાની અને મર્યાદિત પ્રમાણવાળી છે. |
| —અને ચન્દ્ર–સૂર્ય તો ઘણા જ નાના છે. | —બુધ-શુક્ર વગેરે અન્ય ગ્રહોની માફક પૃથ્વી એ પણ (ઉપ) ગ્રહ છે. |
| —અસંખ્ય દ્વીપ–સમુદ્ર પ્રમાણ પૃથ્વી છે, | —એશિયા, યુરોપ, આફ્રિકા, અમેરિકા, ઓસ્ટ્રેલિઆ વગેરે પંચખંડ પ્રમાણ પૃથ્વી છે. |
| —ચન્દ્ર સૂર્ય–તારાદિ પૃથ્વીથી લાખો માઈલ દૂર છે. | —ચન્દ્ર-સૂર્ય પૃથ્વીથી કરોડો માઈલ દૂર છે. |
| —ચન્દ્ર, સૂર્ય, ગ્રહો, નક્ષત્રો, અને તારા સ્ફટિક વિમાન સ્વરૂપ છે અને તેમાં દેવો રહે છે. વગેરે.... | —ચન્દ્ર-સૂર્ય ગ્રહાદિ પૃથ્વીના પડસ્વરૂપ છે તે ઉપર પર્વતો સરોવરો ખડકો નદીઓ માણસો નહેરો ટેકરા વગેરે ઘણું ઘણું છે. |

આ અને આવી બીજી આધુનિક અનેક માન્યતાઓ જન્મ ધરાવે છે. એમાં તેઓની પરિવર્તનશીલ ભૂગોળ માટે તો આ સંસ્થા તરફથી બહાર પડેલ 'શ્રી ક્ષેત્રસમાસ' નામના જૈન ગ્રન્થનો યુક્તિપૂર્વક લખાએલ ઉપોદ્‌ઘાત ખાસ જોવો; જેથી સત્યાસત્યનો સચોટ ખ્યાલ આવશે.

જ્યારે ખગોળ માટે તો ઘણો જ વિસંવાદ છે એ લખવા બેસીએ તો એક અલાયદો ગ્રન્થ જ થવા જાય, તેટલું સ્થાન અહીં ન હોવાથી પ્રસંગે તે ચર્ચા મુલતવી રાખી મૂલ વિષય ઉપર આવીએ.

'जि जये' ધાતુ ઉપરથી ઉણાદિ 'इणूकिज्जिदीडुष्यविभ्योनक्' સૂત્રથી नक् પ્રત્યય લાગતાં અથવા સિદ્ધ હેમ વ્યાકરણના ઉણાદિ 'जिण्शीदीवुध्यमिभ्यः कित्' સૂત્રથી 'जि अभिभवे' ધાતુને कित् નઃ પ્રત્યય લાગતાં 'जिन' શબ્દની નિષ્પત્તિ થાય છે, તેની સામાન્ય વ્યુત્પત્તિ 'जयति स्वात्मतपोबलेन रागद्वेषमोहादीन् दुर्धरशत्रून् पराभवति अभिभवतीति जिनः' અર્થાત્ જેઓ રાગ-દ્વેષ અને મોહરૂપી દુર્ધર શત્રુઓને પોતાના (અમોઘ અને અજોડ) આત્મા તપોબલ વડે કરીને પરાભવ પમાડે છે, તેઓ જિન કહેવાય છે.

એવા જિનેશ્વરો અલૌકિક અનંત શક્તિ અને સામર્થ્યના ધણી હોય છે. ત્યારે તેઓ સંપૂર્ણ જગતમાં વર્તતા સૂક્ષ્મ કે સ્થૂલ પદાર્થોના ત્રણે કાલના ભાવોને આત્મ પ્રત્યક્ષ જોવાનું પરમ સામર્થ્ય ધરાવતા હોય છે, અસત્યના મૌલિક કારણભૂત રાગ-દ્વેષનો નિર્મૂલ ક્ષય કર્યો હોવાથી વસ્તુ ધર્મની વ્યાખ્યામાં મૃષા ભાષણ કરવાનું પ્રયોજન હોતું જ નથી અને મોહ એટલે કે અજ્ઞાન અંધકારનો વિધ્વંસ કર્યો હોવાથી કોઈ પણ પદાર્થનું કોઈપણ પ્રકારનું સ્વરૂપ જાણવા માટે મુંઝાવાપણું રહેતું નથી, જે બીના અગાઉ જોઈ આવ્યા છીએ.

આવા અનેક સબળ હેતુઓને લઈ સર્વ પદાર્થ પરિગ્રહના પરમત્યાગી સર્વ વસ્તુના

૧. અત્યારે ઘણા પાશ્ચાત્ય વિદ્વાનો પૃથ્વી ગોળ હોવાની માન્યતા ખોટી છે એમ સપ્રમાણ જાહેર કરે છે, અને શાસ્ત્રીય માન્યતામાં ઢળતા જાય છે, તે જાણીને ખુશી થવા જેવું છે.

જાણકાર સર્વજ્ઞ ભગવંતો વસ્તુનું યથાર્થ સ્વરૂપે પ્રતિપાદન કરનારા હોય છે તેથી તેઓ 'સર્વજ્ઞ' કહેવાય છે.

એ સર્વજ્ઞપણું રાગ-દ્વેષ મોહજન્ય કર્મોના ક્ષયથી પ્રાપ્ત થાય છે, અને રાગનો ક્ષય કર્યો હોવાથી તેઓને નથી ખપતો સ્ત્રિયાદિકનો મોહ, કે નથી હોતી પાપોત્પાદક અને અનિષ્ટ તત્ત્વ પોષક કોઈપણ જાતની લીલાઓ; તેમજ દ્વેષ કર્મને દેશવટો આપ્યો હોવાથી નથી તો કોઈને દુઃખ આપવાનું કે નથી મારન-કુટ્ટન, તાડન, તર્જન કરવાનું, અમુકને સુખ આપવું કે અમુકને દુઃખ આપવું એવું કશુંએ નથી હોતું; તેઓ જગતના પ્રત્યેક પ્રાણી ઉપર સમદૃષ્ટિ અને સમષ્ટિની ભાવનાવાળા હોય છે, ફક્ત તેઓનું કાર્ય જગતના ઉદ્ધાર માટે પોતાના પ્રવચનો દ્વારા સંસાર સાગરમાંથી ઉત્તીર્ણ થવાના માર્ગો પ્રાણી સમક્ષ બતાવવાનું.

એવા કરુણા રસનાં ભંડાર પરમાત્માઓનું દર્શન-વંદન કે પૂજન તેમના અલૌકિક ગુણોને આપણામાં આવિર્ભાવ કરવા માટે જબ્બર સાધનરૂપ છે અને તે પરમાલંબન સેવી આત્મા ક્રમશઃ ઉત્તરોત્તર ગુણની ભૂમિકાએ આરોહણ કરતાં અનુપમ આત્મદશામાં રમતો સ્વકલ્યાણ સાધી જાય છે.

આવા કલ્યાણકારી જિન પરમાત્માની આજ્ઞાને અહર્નિશ ઉઠાવનારા જે અનુયાયીઓ તે જાતિએ કોઈપણ હોય તો પણ તે 'જૈન' શબ્દથી સંબોધી શકાય છે.

એ જિનેશ્વર દેવોએ પ્રતિપાદન કરેલું દર્શન તે **'જૈનદર્શન'** કહેવાય છે. શરદ્‌ઋતુના ચન્દ્ર જેવું નિર્મળ, પરમપવિત્ર, પૂર્વાપર અવિસંવાદી, સ્યાદ્વાદમય, એવું જૈન દર્શન-સાહિત્ય, સંક્ષેપમાં કહીએ તો ૧. દ્રવ્યાનુયોગ ૨. ગણિતાનુયોગ, ૩. ચરણકરણાનુયોગ અને ૪. ધર્મકથાનુયોગ એ પ્રમાણે ચાર વિભાગમાં વિભક્ત થયેલું છે.

**"जावंति अज्जवइरा अपुहुत्तं कालियाणुओयस्स ।**
**तेणारेण पुहुत्तं, कालियसुयदिट्ठिवाए य ॥१॥**
**अपुहत्तेऽणुओगो चत्तारिदुवारभासइ एगो ।**
**पुहुत्ताणुओगकरणे ते अत्थ तओ वि वोच्छिन्ना ॥२॥**
**देविंद वंदिएहिं महाणुभावेहिं रक्खियज्जेहिं ।**
**जुगमासज्जविभत्ती, अणुओगो तो कओ चउहा ॥३॥**

(વિશેષાવશ્યકભાષ્ય)

ભાષ્યસુધાંભોનિધિ ભગવાન શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ મહારાજના ઉક્ત વચનથી એટલું તો સ્પષ્ટ જણાય છે કે, ભગવાન શ્રી આર્યવજ્રસ્વામીજી મહારાજના સમય પર્યંત પ્રત્યેક સૂત્ર ઉપર ચારે અનુયોગ ગર્ભિત વ્યાખ્યાઓ થતી હતી. દૃષ્ટાંત તરીકે **'धम्मो मंगल मुक्किट्ठं अहिंसा संजमो तवो। देवावि तं नमंसन्ति जस्सधम्मे सयामणो'** એ ગાથા દ્વારા ચારે અનુયોગોનું અસ્તિત્વ સ્પષ્ટ જણાય છે. ત્યારપછીના સમયમાં શ્રી આર્યરક્ષિતસૂરિજી મહારાજે ભાવિ આત્માર્થીઓના બુદ્ધિમાન્દ્યાદિ કારણોને

નજર સમક્ષ રાખી પ્રત્યેક વ્યાખ્યા ચારે અનુયોગ પૂર્વક થતી હતી તે ક્રમને બદલે છેવટે ગૌણ-મુખ્યની અપેક્ષા રાખી જે સૂત્રગ્રન્થમાં જે અનુયોગનું પ્રાધાન્ય વિદ્યમાન હોય અથવા દર્શાવવું હોય તો ત્યાં તે જ અનુયોગની વ્યાખ્યાનું પ્રધાનપદ રાખવાપૂર્વક, પ્રત્યેક સૂત્રમાં દ્રવ્યાનુયોગ પ્રમુખ કોઈપણ એક અનુયોગની વ્યાખ્યા કાયમ રાખવાનું બન્યું હતું, જે પરિપાટી અદ્યાવધિ તે જ રીતે જળવાઈ રહેલી દૃષ્ટિગોચર થાય છે.

જૈનેતર દર્શનકારોએ પણ જૈન દર્શનકારોની માફક અનુકરણ કરવાની મહેચ્છાએ પ્રસ્તુત ચારે અનુયોગો ઉપર વિધવિધ સાહિત્ય મર્યાદિતપણે તૈયાર કરેલું જોવાય છે; તથાપિ 'જૈન દર્શનકારના સુવિસ્તૃત, ઓજસ્વી, યુક્તિયુક્ત તેમજ પૂર્વાપર અવિસંવાદી સાહિત્યના અજોડ ગૌરવ પાસે તે સાહિત્યની ઝાંખપ સહસા જણાઈ આવે છે.' તેમાંએ પણ દ્રવ્યાનુયોગ સંબંધી સૂક્ષ્મ સાહિત્ય વિષયમાં પ્રાચીન જૈનાચાર્ય મહર્ષિઓએ જે રસ લીધો છે અને સર્વજ્ઞ પરમાત્માનુસારી સૂક્ષ્મ અને ઝીણવટભર્યા કથનો ઉપર આત્મવાદ, કર્મવાદ, પુદ્ગલવાદ પ્રમુખ વિષયોમાં જે સાહિત્ય ખડું કર્યું છે તેવું તદ્વિષયક સાહિત્ય કોઈ પણ દર્શનકારે તૈયાર કર્યું નથી, એમ સાંપ્રદાયિકની આધીનતાને કારણે મારે જ નહિ બલ્કે જૈન કે અજૈન સર્વ કોઈ સુજ્ઞ અને વિચારશીલ સાક્ષર વ્યક્તિઓને એકી અવાજે કબૂલ કરવું જ પડે છે અને પડશે, એમાં કારણભૂત જૈન દર્શનનું સર્વજ્ઞ મૂલકપણું એ જ પ્રધાન છે.

## ચાર અનુયોગો અને તેની વ્યાખ્યા :-

૧. દ્રવ્યાનુયોગ–આ અનુયોગમાં ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય અને કાળ એ ષડ્ દ્રવ્યોનું દ્રવ્યાસ્તિકનયની અપેક્ષાએ ધ્રૌવ્ય અને પર્યાયાસ્તિકનયની અપેક્ષાએ, ઉત્પાદ અને વિનાશપણું, એ દ્રવ્યોના અતીત-અનાગત અનંત-અનંતપર્યાયો, એ ષડ્દ્રવ્યમાં પુનઃ જીવ દ્રવ્ય પૈકી અને પુદ્ગલદ્રવ્યને અનુસરતો અધ્યાત્મવાદ તેમજ કર્મવાદ તથા સપ્તભંગી સપ્તનયોનો સમન્વય, તદુપરાંત વધુ સ્પષ્ટ કરાય તો કાર્મણ વર્ગણાઓના અનંત પ્રાદેશિક સ્કંધો, મિથ્યાત્વાદિ હેતુઓ વડે એ કાર્મણવર્ગણાના સ્કંધોનો આત્મપ્રદેશો સાથેનો ક્ષીર-નીર વા અગ્નિ લોહવત્ અભેદાત્મક સંબંધ, પ્રતિસમયે સ્વાવગાઢ આકાશપ્રદેશગત અનંતપ્રદેશી કાર્મણવર્ગણાના સ્કંધોનું ગ્રહણ–વિસર્જનાદિ કરણ, ગ્રહણ કરાતાં તે તે સ્કંધોમાં પુનઃ લેશ્યા–સહચરિત કાષાયિક અધ્યવસાય તેમજ માનસિક વાચિક કાયિક યોગવડે પ્રકૃતિ સ્થિતિ–રસની ઉત્પત્તિ થવા સાથે સ્પૃષ્ટ બદ્ધ, નિધત્ત અને નિકાચિત એ ચાર અવસ્થાઓનું ઉત્પન્ન થવું ઇત્યાદિ સર્વ વિષયોનો સમાવેશ આ દ્રવ્યાનુયોગમાં લગભગ થાય છે.

આત્મિક ચિત્તની એકાગ્રતા, દીર્ઘકાલિક અનંતાનંત કર્મોને અલ્પકાલિક બનાવવા સાથે ક્ષણવારમાં તેનો વિનાશ, અને તે દ્વારા ક્રમશઃ પ્રાપ્ત થતી સર્વજ્ઞતા અને શ્રેયઃ સાધકપણું એ સઘળુંએ આ કાઠિન્યભર્યા યોગના જ સેવનને આભારી છે.

કાર્મિકસત્તાનું વૈચિત્ર્ય પ્રાબલ્ય, આત્મા અને કર્મનો કયા પ્રકારે કેવી રીતનો સંબંધ છે?

આત્માને સુખ-દુઃખના સંયોગો શાથી પ્રાપ્ત થાય છે? ઇષ્ટાનિષ્ટના સંયોગો અને વિયોગો કઈ પ્રબલ કર્મસત્તાને આભારી છે, એ વિરલ કર્મોની સાથે આત્મા માનસિક, વાચિક, કે કાયિક યોગો વડે કયા કારણે કેવી કેવી રીતે જોડાય છે? અને પુનઃ તેઓ કઈ મહાન ક્રિયાના અવિરત સેવનવડે આત્માથી પૃથક્ થાય છે તેમજ આત્મા અને પુદ્ગલનું અનાદિ સંસિદ્ધ એકમેકપણું ઇત્યાદિક અનેક અધ્યાત્મ ભરપૂર વિષયોનું જ્યારે જાણપણું પ્રગટ થાય ત્યારે આત્મા હેય-જ્ઞેય અને ઉપાદેયભૂત પદાર્થોને પીછાણી શકે છે; અને તે દ્વારા ક્રમશઃ ચપલ વિષયો તરફ દોડધામ કરી રહેલી ક્ષણજીવી ઇન્દ્રિયોની ધમાધમ સામે ઝુંબેશ ઉઠાવવાને સમર્થ બને છે, અને ચારે તરફ દોડધામ કરી રહેલા માનસિક, વાચિક કે કાયિક યોગો ઉપર કાબૂ ઉત્પન્ન કરી શકે છે, એમ કરતાં તે માનસિક વિચારો ઉપર જબ્બર સંયમ ધરાવનારો થાય છે અને તેથી જ મનોભાવનામાં પવિત્ર અધ્યાત્મ સ્વરૂપ વેગોનો આવિર્ભાવ થતાં તેમને પવિત્ર પંથ ઉપર લઈ જવા અહોનિશ આયાસ કરતો રહે છે. ત્યારે તે સત્ય, અહિંસા અને ત્યાગનો પરમ ઉપાસક બની જાય છે અને એ સ્થિતિમાં જ વધતો પવિત્રાત્મા શુદ્ધસ્વરૂપમાં તન્મય થયો થકો ઉચ્ચતર–તમ દશા પ્રાપ્ત કરવાનું મંથન કરી રહેલો હોય તેવો સ્પષ્ટાવબોધ થાય છે.

આવી સ્થિતિએ જ્યારે ચિત્તની એકાગ્રતા જેમ જેમ વધે તેમ તેમ આ દ્રવ્યાનુયોગ આત્મા સાથે અહોનિશ રટનભૂત થઈ જાય છે, ત્યારે જ તે યોગનું સંપૂર્ણ અને સુખદ રહસ્ય સમજી શકાય છે. પૂર્વર્ષિઓની ''दविए दंसणसोही' એટલી સામાન્ય આપ્તોક્તિ પણ એ જ જણાવે છે કે 'દ્રવ્યાનુયોગનું શ્રવણ–મનન અને નિદિધ્યાસન દર્શનશુદ્ધિનું પરમ મૌલિક અને અનુપમ સાધન છે, અને ક્ષાયિક સમ્યક્ત્વને આપનાર પણ તે છે, અને ખરેખર! વસ્તુસ્વરૂપને જાણનારા તે વસ્તુને પણ સહજ સમજી શકે તેમ છે. તીર્થંકર પરમાત્માઓ ગાઢ કર્મોનો ક્ષય આ યોગની રાત્રિદિવસ વિચારણાની તલ્લીન ભાવના દ્વારા જ કરે છે. પરંતુ ખેદની વાત છે કે દુષમકાળના વિપમવિપાકો પ્રતિદિન વૃદ્ધિ પામતાં જડવાદના જમાનામાં આ વિષયના જાણકારોની સંખ્યા આંગળીના ટેરવે ગણાય તેવી અલ્પ તો છે પણ આ વિષયને યથાતથ્ય સદ્દહણા કરનારા સમ્યગ્દર્શની શ્રદ્ધાળુ જીવો પણ અલ્પ છે.

વર્તમાનમાં સુયગડાંગ, ઠાણાંગ, ભગવતીજી, જીવાભિગમ, પન્નવણા વગેરે આગમ ગ્રન્થો, કર્મફિલોસોફીના ભરેલા શ્રી કર્મપ્રકૃતિ, પંચસંગ્રહ, સપ્તતિકા કર્મગ્રન્થાદિ સર્વમાન્ય સાહિત્ય ગ્રન્થો આ અનુયોગથી ખૂબ જ ભરેલા છે. આ યોગનો વિષય ઘણો જ ગહન છે, અને તેના સમર્થ જાણકારો પણ જૈન સમાજમાં ગણ્યા ગાંઠ્યા છે.

૨. ગણિતાનુયોગ—આ યોગનું નામ જ તેના અર્થનો ભાસ ઉત્પન્ન કરાવે છે, આ યોગમાં અઢીદ્વીપવર્તી ભરત–ઐરવત–મહાવિદેહ–દેવકુરુ–ઉત્તરકુરુ, હરિવર્ષાદિક યુગલિકક્ષેત્રો, ગંગા-સિંધુ પ્રમુખ હજારો નદીઓ, મેરૂ-હિમવંત–વૈતાઢ્ય–નિષધ–નીલવંતાદિ પ્રમુખ શાશ્વતા પર્વતો તત્રવર્તી કૂટો વગેરે, પદ્મદ્રહાદિદ્રહો–સરોવરો, દેવલોકની વ્યવસ્થા નરકભૂમિ તથા નારકોની વ્યવસ્થા નરકાવાસ, તેના સ્થાનાદિકનું વર્ણન, દેવવિમાનો–ભવનો, અસંખ્ય દ્વીપ-સમુદ્રો, તત્રવર્તી પર્વતો, પાતાલ કળશાઓ, પૃથ્વીનો આકાર–ચન્દ્ર-સૂર્યની વ્યવસ્થા, તિર્યંચ–માનવોની દેહાદિક વ્યાખ્યા,

*કૃષ્ણરાજી, સિદ્ધશિલા, ચૌદરાજલોકવર્તી શાશ્વતા--અશાશ્વતા* પદાર્થોની લંબાઈ--પહોળાઈ, ઉંચાઈ, ઉંડાઈ, ક્ષેત્રફળ, ઘનફળ, બાહા, ધનુઃપૃષ્ઠ પરિધિ–વ્યાસ વગેરે ગણિતના વિષયોની સવિસ્તર વ્યાખ્યા, પરમાણુથી માંડીને યોજનની વ્યાખ્યા, સમયથી માંડી અનંતકાલની ફિલોસોફી એ સર્વનું આ ગણિતાનુયોગમાં આયોજન કરવામાં આવ્યું છે.

સાંપ્રતકાળે જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ સૂર્ય-ચંદ્ર પ્રજ્ઞપ્તિઓ, અનુયોગદ્વાર જીવાભિગમાદિ આગમ ગ્રન્થો, દેવેન્દ્ર–નરકેન્દ્ર પ્રકરણ, ક્ષેત્ર સમાસ, ક્ષેત્ર લોકપ્રકાશ, જ્યોતિષ્કરંડક, શ્રી બૃહત્‌સંગ્રહણી પ્રમુખ સાહિત્ય ગ્રંથો, આ ગણિતાનુયોગનું પ્રતિપાદન કરે છે.

૩. ચરણકરણાનુયોગ :—આ અનુયોગ આચાર (આત્મિક વર્તન વ્યવસ્થા) પ્રધાન અનુયોગ છે, વિધિ-નિષેધ, ઉત્સર્ગ–અપવાદના નિયમ માર્ગોનું પૃથક્કરણ આ યોગ દર્શાવે છે, આ યોગ પણ ખાસ મહત્ત્વનો ગણ્યો છે, આત્માને ઉચ્ચકક્ષાએ લઈ જવામાં, ઘણો જ ઉપયોગી કહ્યો છે. અર્વાચીન કાળે ચરણસિત્તરી કરણસિત્તરી આચાર દર્શક શ્રી ઉત્તરાધ્યન-આચારાંગ પ્રમુખ આગમગ્રન્થો તેમજ પંચાશક શ્રાદ્ધવિધિ પ્રમુખ મહાગ્રન્થોમાં રહેલા વિષયોનો આ અનુયોગમાં સમાવેશ થાય છે. ચારિત્રયોગની સ્થિરતામાં આ અનુયોગ પરમ સાધનભૂત છે. ક્રિયાકલાપમાં નિમગ્ન રહેનારા બાલજીવોને જેમ આ અનુયોગની અતીવ ઉપયોગિતા છે, તે પ્રમાણે જ્ઞાનીઓને પણ આ અનુયોગનું આલંબન લેવાની ખાસ આવશ્યકતા છે. 'ज्ञानस्य फलं विरतिः' એ શાસ્ત્રીય સત્ય આ અનુયોગની આરાધનાથી જ ફળે છે.

ક્રિયાના આળસુ, ક્રિયાના ચોર, આધ્યાત્મિકતાનો બાહ્યથી દાંભિકપણે પોકળ દાવો કરનારા, જ્ઞાનનો જ પોપટીઓ–ઉપરચોટો અભ્યાસ પઢનારા કેટલાક અનભિજ્ઞો આ ચરણકરણ ક્રિયાના વિષયને ગૌણ કરી દઈ, 'જ્ઞાનથી જ મુક્તિ છે, મુહપત્તિ ચરવલો ફેરવવાથી મુક્તિ નથી. પ્રારબ્ધ જ કામ કર્યે જાય છે, આત્માને કશું ક્રિયા કરવાપણું રહેતું નથી.' આવી આવી મિથ્યા અને કપોલ કલ્પિત, દુર્ગતિને જ નોંતરનારી–જિનેશ્વરના શાસ્ત્રથી તદ્દન વિરુદ્ધ ભ્રાન્ત માન્યતાઓ મુગ્ધ જનતા પાસે પ્રગટ કરવાપૂર્વક કુયુક્તિઓ દ્વારા સમ્યગ્‌ક્રિયાનો અપલાપ કરે છે, અને દુર્વિદગ્ધ આત્માઓને અવળે પંથે ચઢાવવાની કોશિષો કરે છે, પરંતુ તેવાઓ ખ્યાલ રાખે કે ક્રિયા કરવાપણું તો સર્વજ્ઞોને પણ હોય છે, જ્યાં સુધી સૂક્ષ્મમાં સૂક્ષ્મ યોગ રહે છે ત્યાં સુધી ક્રિયા રહેલી હોય છે; તો પછી અત્યારનાં આપણા સાવદ્ય યોગથી ભરેલાં જીવનો માટે તો વિચાર જ શું હોઈ શકે? અરે! શરીરમાં ઉત્પન્ન થએલા વ્યાધિને દૂર કરવામાં સમર્થ વૈદ્યની યોગ્ય ઔષધિ સંબંધી શ્રદ્ધાન તેમજ જ્ઞાન થવા સાથે ઉદરમાં નાંખવાનો ઉદ્યમ--ક્રિયા સેવાય તો જ દુઃસાધ્ય વ્યાધિ દૂર થવા સાથે શરીર સ્વસ્થ બને છે; એ જેમ અનુભવસિદ્ધ છે તે પ્રમાણે જ ભાવરોગને દૂર કરનાર શ્રી સંયમમાર્ગ સંબંધી શ્રદ્ધાન તથા જ્ઞાન થવા સાથે દેશ–સંયમ કિંવા સર્વ સંયમ ગ્રહણ કરી, ચરણ–કરણ ક્રિયાકાંડમાં આત્માને તન્મય બનાવાય ત્યારે જ ભાવરોગથી રહિત થવા સાથે અવિચળ–અનંત આત્મિક સુખની પ્રાપ્તિ થઈ શકે છે. એહિજ કારણથી આ ચરણકરણાનુયોગ પણ ખાસ આદરણીય છે.

૪. ધર્મકથાનુયોગ :—આ ચતુર્થ અનુયોગ ધર્માચરણ–કથન પ્રધાન અનુયોગ છે. મહાન

આત્માઓના જ્વલંત પ્રેરણા આપતા જીવન ચરિત્રો સન્માર્ગગમન કરનારને પુરોગામી સહાયક બને છે, જ્યારે સન્માર્ગથી ચ્યુત થતા આત્માઓને પુનઃ સન્માર્ગમાં પણ સ્થાપિત કરવાનું સામર્થ્ય પણ તે જ ધરાવે છે. 'चरणपडिवत्तिहेउ धम्मकहा' એ સૈદ્ધાન્તિક વચન પ્રમાણે ચારિત્રાદિ ગુણોની પ્રાપ્તિમાં સહુ કોઈ આત્માને આ યોગ પરમાલંબનભૂત છે, જો કે ઉક્ત ત્રણ અનુયોગની અપેક્ષાએ આ યોગનો વિષય ગહન નથી તો પણ પ્રાથમિક કે મધ્યમકક્ષાએ પહોંચતા કે પહોંચેલા આત્માર્થી વર્ગને ઘણો જ લાભપ્રદ છે.

આપણા પ્રતિભાસંપન્ન પ્રભાવિક સમર્થ આચાર્યોની પ્રાણવાન્ જીવન કથાઓની યોજના સાથે સાથે જ એ ભવ્યાત્માઓના જીવનચરિત્ર પ્રસંગે દ્રવ્યાનુયોગાદિ શેષ યોગો સંબંધી છૂટી છવાઈ તાત્ત્વિક વાતો પણ સ્થળે સ્થળે દશ્યમાન થતી હોવાથી ધર્મકથાના જ્ઞાન સાથે દ્રવ્યાદિનું સ્વરૂપ પણ સહેલાઈથી ગ્રહણ કરી શકાય છે. અધસ્તનીય ભૂમિકાઓમાં અનાદિકાલથી ખુંચેલા એવા આત્માઓનું કેવા કેવા પ્રકારે આત્મિક ગુણોના આવિર્ભાવ માટે ઉત્થાન થાય છે? કોનું કોનું એ રીતે થયું છે? ઉચ્ચતમ દશા મેળવતાં તેઓ પોતાના આત્મા ઉપર અનેક પ્રકારના દુષ્કર નાના-મોટા ભયંકર ઉપસર્ગો અને દુઃસહ પરિસહોની ઉપરાછાપરી પડતી ભીષણ અને સીતમ ઝડીઓ વચ્ચે હસતે વદને આત્મિક ક્ષમા ધારણ કરી સહિષ્ણુતાપૂર્વક સહન કરવા સાથે કેવા પ્રકારથી આત્મિક સદ્ગુણોનો સંપૂર્ણાંશે આવિર્ભાવ કરી આધ્યાત્મિક ઉન્નતિના શિખર ઉપર આરૂઢ થાય છે? વળી એવા પણ આત્માઓનું પ્રતિકૂલ કેવા અને કયા સંજોગો અને નિમિત્તો મળતાં પુનઃ અધઃપતન થાય છે? એ પતન અટકાવવા કેવા પ્રયાસો કયા ઉદ્બોધકોનું આસેવન કરવું જોઈએ? આત્મા ઉચ્ચતર દશા કેમ લભ્ય કરે? તેમજ તે તે યુગના આચાર-વિચાર અને વર્તનનો ખ્યાલ આપવા સાથે સાથે ગુંથાએલા ઐતિહાસિક બનાવોનો પરિચય દર્શાવતા વિવિધ વિષયોથી ભરપૂર અને કલ્યાણકારી આત્માઓના જીવનચરિત્રો એ આ અનુયોગનો પ્રાણ છે.

પ્રાથમિક ધાર્મિક રૂચિવાળા બાલજીવોને ધર્મભાવનામાં રસ લેતા કરવા અને ક્રમશઃ ઉચ્ચકોટિની કક્ષાએ લઈ જવા માટે તો ખરેખર! આ યોગ ઘણો જ હિતકારી અને અજબ કામ આપે છે, વળી તે કથાનુયોગ સહુ કોઈને પ્રિય થઈ પડે છે.

કાલ્પનિક નોવેલો, શૃંગારિક વાર્તાઓ, શૌર્યતા દાખવતી કથાઓ એ સર્વને વાસ્તવિક રીતે આ યોગમાં ભેળવી ન શકાય, પરંતુ અતીતકાળમાં યશઃશેષ થઈ ગએલા પુણ્યશ્લોક પુરુષો, જેઓએ આત્મોન્નતિનાં શિખર ઉપર જવાના કેવા કેવા જ્ઞાનાદિ સન્માર્ગો ગ્રહણ કરી શુદ્ધ ચારિત્રમાં આત્માને તન્મય બનાવ્યો અને આત્મિક સ્વરાજ્ય પ્રાપ્ત કર્યું, ઈત્યાદિ ધાર્મિક જીવનને અને સ્વાત્મજીવનને સુંદર સ્થિતિમાં લાવનારી સદ્ગુણોપેત કથાઓનો સમાવેશ કરવો યોગ્ય છે.

આ અનુયોગના શ્રી જ્ઞાતાસૂત્ર, ઉપાસકદશાંગ, વિપાક, ઈત્યાદિ આગમ ગ્રન્થો. શ્રી ત્રિષષ્ઠી શલાકાપુરુષ ચરિત્રો પૈકી તીર્થંકર, ગણધર, ચક્રવર્તી, વાસુદેવાદિકનાં જીવનપટો તેમજ સમર્થ જ્ઞાની શ્રી હરિભદ્રસૂરિ મહારાજાના શ્રી ઉપદેશપદાદિક અનેક ગ્રન્થો વર્તમાનમાં મોજૂદ છે.

ધર્મકથાનુયોગ ઉપર તો એટલું સાહિત્ય જૈનધર્મમાં ભર્યું છે કે અમે અહીં કેટલા ગ્રન્થોનો નામોલ્લેખ કરીએ?

આ પ્રમાણે ચારે અનુયોગની સંક્ષિપ્ત વ્યાખ્યા દર્શાવી છે, વર્તમાનમાં જૈનદર્શનનું પ્રતિપાદન કરનારા આગમો તેમજ પૂર્વર્ષિ–મહર્ષિ વિરચિત મહાન ગ્રન્થોમાં મુખ્યતયા દ્રવ્યાનુયોગાદિ ચારમાંથી પ્રત્યેક ગ્રન્થાશ્રયી કોઈપણ એક અનુયોગનું વિશેષ પ્રાધાન્ય જોવાય છે, જ્યારે શેષ યોગોની ગૌણતા જોઈ શકાય છે.

## શ્રી બૃહત્‌સંગ્રહણીમાં ચારે અનુયોગની ઘટના :—

જે ગ્રન્થને અંગે આ ઉપોદ્‌ઘાતનો ઉપક્રમ કરવામાં આવ્યો છે તે આ ત્રૈલોકયદીપિકા અપર નામ શ્રી બૃહત્સંગ્રહણી ગ્રન્થ યદ્યપિ ગણિતાનુયોગ અને દ્રવ્યાનુયોગના જ મુખ્ય વિષય ઉપર ઉપનિબદ્ધ થએલ છે તથાપિ એક સાથે થોડા પ્રમાણમાં પણ દ્રવ્યાનુયોગાદિ ચારે અનુયોગ–અંશે અંશે અસ્તિત્વ આ ગ્રન્થમાં ઉપલબ્ધ થાય છે. તે આ પ્રમાણે :—

આ સંગ્રહણી સૂત્રમાં અપાએલ ઉદ્દેશરૂપ જે ૩૬ દ્વારો, તે ઉપર દર્શાવેલાં જીવોનું આયુષ્ય–દેહમાન, અવધિજ્ઞાનાદિકની મર્યાદા અંગેના વિધાનો, ગત્યાગતિ તેમજ ૨૪ દંડકોની વ્યાખ્યાઓ વગેરે વિષયોનો 'દ્રવ્યાનુયોગમાં' સમાવેશ કરી શકાય છે.

સૂર્ય–ચન્દ્રનો ચાર, તેઓનું પ્રકાશ્ય ક્ષેત્ર, મંડલનું અંતર, પરિધિક્ષેત્ર, દેવ–નારકીનાં દેહાયુષ્યમાન માટે કરણગણિત વગેરે વિષયનો ઉહાપોહ 'ગણિતાનુયોગ'ના સ્થાનને અલંકૃત કરે છે.

તાપસ–ચરક–પરિવ્રાજકાદિ જીવો કયા પ્રકારના શુભાશુભ અનુષ્ઠાનથી સદસદ્ ગતિમાં ઉત્પન્ન થાય છે? વગેરે વિષયો ચરણકરણાનુયોગાન્તર્ગત ગણી શકાય છે.

ચક્રવર્તી, તીર્થંકર, બલદેવ, વાસુદેવોનું વર્ણન, ચક્રીની ચૌદ રત્નાદિક ઋદ્ધિનું ઐશ્વર્ય વર્ણન, તેઓ કયાંથી આવી કયાં જાય છે? ઇત્યાદિ કથન પ્રસંગે 'ધર્મકથાનુયોગ' નામના ચતુર્થ અનુયોગને પણ સ્થાન મળે છે.

## શ્રી બૃહત્સંગ્રહણીના વિવિધ ગાથાના સંખ્યાવાળા ગ્રન્થ આદર્શો

જૈન વિદ્યાર્થી વર્ગને પરમપ્રિય શ્રી ત્રૈલોકય દીપિકા અપરનામ શ્રી બૃહત્સંગ્રહણી જેવા બહુ જ પ્રચલિત સૂત્રગ્રન્થની સંકલના એક જ પ્રકારમાં દૃષ્ટિગોચર થતી નથી, પરંતુ જૈનદર્શનના અજોડ, અદ્વિતીય અને મનોરંજક સાહિત્યમાં ભિન્ન ભિન્ન પ્રણાલિકાઓથી જુદી જુદી સંખ્યાવાળી ગાથાઓથી સંકલિત થએલા એ બૃહત્સંગ્રહણી સૂત્રના પ્રાચીન હસ્તલિખિત આદર્શો વર્તમાનમાં ઢગલાબંધ પ્રમાણમાં પ્રાયઃ જાણીતા દરેક ભંડારોમાં ઉપસ્થિત જોવાય છે.

અને વર્તમાનમાં એ જ સંગ્રહણી સૂત્રના ગ્રન્થો જુદી જુદી સંખ્યાવાળી ગાથાઓવાળા મુદ્રિત પણ થઈ ચૂક્યા છે. તેમાં શ્રી ભીમસી માણેક તરફથી પ્રગટ થએલ 'પ્રકરણરત્નાકર' ગ્રન્થાન્તર્ગત

આપેલ શ્રી સંગ્રહણીસૂત્ર ૩૧૨ ગાથા પ્રમાણ છે, જ્યારે માસ્તર ઉમેદચંદ રાયચંદ તરફથી પ્રકાશિત થએલ સંગ્રહણી ભાષાંતરમાં ૪૮૫ ગાથાઓ છે, શ્રી આત્માનંદ સભા તરફથી સમર્થ ટીકાકાર શ્રી મલયગિરિ મહારાજાની ટીકા સાથે મુદ્રિત થએલ સંગ્રહણીમાં ૩૫૩ ગાથાઓ જોવાય છે, જેનું ગુર્જર ભાષાંતર આ સંગ્રહણી છપાતી હતી, તે દરમિયાન જૈન ધર્મ પ્રસારક સભાએ બહાર પાડેલું છે, જ્યારે દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ તરફથી ટીકા સહ પત્રાકારે છપાએલ મલધારી શ્રી હેમચંદ્રસૂરિ શિષ્ય શ્રી ચન્દ્રમહર્ષિ કૃત સંગ્રહણી સૂત્રમાં ૨૭૩ ગાથાઓનો સંઘાત દૃષ્ટિપથમાં આવે છે. આ પ્રમાણે પ્રકાશિત થએલું મુદ્રિત સાહિત્ય પણ ભિન્ન ભિન્ન પ્રણાલિકામાં હસ્તગત થાય છે. તદુપરાંત અપ્રગટ સંગ્રહણીના આદર્શો ઉપર વિવેચન કરવા બેસવું એ તો એક જુદું જ સંસ્કરણ કરવા માટે અવકાશ માંગી લે, અને તેટલા વિસ્તારને અહીં સ્થાન ન હોવાથી આપણે પ્રસ્તુત વિષય ઉપર આવવું જોઈએ.

## સંગ્રહણીને અંગે ઊભા થતા તર્કો

ઉપર જણાવ્યા પ્રમાણે શ્રી બૃહત્સંગ્રહણીસૂત્રનું હસ્તલિખિત કે મુદ્રિત સાહિત્ય અનેકધા મળી આવે છે, તો પણ આ સંગ્રહણીસૂત્ર પ્રણાલિકાના આદ્યપ્રણેતા કોણ? ત્યારપછીના સ્વતંત્ર કૃતિકાર કોણ? ભિન્ન ભિન્ન રચનાત્મક સાહિત્યના કર્તા કેટલા છે? શું બધા જુદા છે કે અમુક ફેરફાર માત્રથી જ તેવી ભ્રમણા થાય છે? મૂલપ્રણેતા તેમજ અન્ય પ્રણેતાઓએ કેટલી કેટલી ગાથાના માનવાળી અસલ સંગ્રહણી વિરચી? ત્યારપછીના યુગમાં તે સંગ્રહણીના ગાથામાનમાં કયા કયા ફેરફારો થયા? એ ફેરફારો કયા કારણે થયા? એ સંગ્રહણી સાહિત્યમાં જે જે વૈવિધ્ય જોવાય છે તે થવામાં કયા કયા હેતુઓએ અગ્રભાગ ભજવ્યો છે? સંગ્રહણી સૂત્રની ઢગલાબંધ પ્રતિઓ વિવિધાકર્ષણપૂર્વક જોવાય છે તેનું કારણ શું? તેની સૌન્દર્ય સમ્પન્નતા વધવામાં મુખ્ય ઉદ્દેશ શું હતો? વગેરે વગેરે અનેક પ્રાસંગિક વિષયો ઉપર યત્કિંચિત્ ઉહાપોહ કરવો અપ્રાસંગિક કે અસ્થાને નહિ ગણાય.

સંગ્રહણી એટલે સામાન્યતઃ જૈનોના મૂલ આગમોમાં રહેલા વિસ્તૃત વિષયોને સંક્ષિપ્ત વિષય વર્ણનાત્મક કરી પ્રાકૃત ભાષામાં ગાથાબદ્ધ પ્રકરણનું સંક્ષિપ્તાક્ષરમાં ગંભીરાર્થપણે રચવું તે સંગ્રહણી કહેવાય.

આ સંગ્રહણીને 'શ્રી ત્રૈલોક્ય દીપિકા' અસલ નામરૂપે કહેવાય છે એટલે અધોલોક, તિર્યગ્લોક અને ઊર્ધ્વલોક એ ત્રણે લોકવર્તી રહેલા પદાર્થોને બતાવવામાં આ ગ્રન્થ દીપિકા કહેતાં દીપકની જેમ ગરજ સારતો હોવાથી ઉક્તનામ સાન્વર્થ લેખાય છે.

## શ્રી બૃહત્સંગ્રહણીના આદ્ય પ્રણેતા કોણ?

શ્રી ત્રૈલોક્ય દીપિકા અપરનામ શ્રી બૃહત્સંગ્રહણી ગ્રન્થના આદ્ય પ્રણેતા ભાષ્યકાર ભગવાન શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણ હોવાનું સુપ્રસિદ્ધ અને સુવિદિત છે. આ ભાષ્યકાર મહારાજ એક સમર્થ મહાપુરુષ હતા એમ તેઓશ્રીની વિદ્વત્તા ભરપૂર શ્રી વિશેષાવશ્યકભાષ્ય, વિશેષણવતી, જીતકલ્પસૂત્ર ઇત્યાદિ કૃતિઓ બતાવી આપે છે, વળી જે જે વિષયો જીવાભિગમ, પન્નવણા,

જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, સૂર્યપ્રજ્ઞપ્તિ ઇત્યાદિ મૂળસૂત્ર ગ્રન્થોમાં ગણધરાદિ મહાપુરુષોએ સુવિસ્તૃતપણે વર્ણવ્યા છે, તે શ્રુતરૂપસાગરમાંથી આ વિષમકાલમાં પ્રતિદિન ક્ષીણ થતા બુદ્ધિ–બલાદિકનો વિચાર કરીને તે પરમઉપકારી ક્ષમાશ્રમણ મહાપુરુષે સ્વબુદ્ધિરૂપી મંથન વડે કરીને અમૃત સરખા મહત્વ-ભર્યા, ઉપયોગી અને સારભૂત તાત્ત્વિક પદાર્થોને ઉદ્ધૃત કરી સંક્ષેપમાં, પ્રાકૃતગાથાબદ્ધ આ સંગ્રહણીસૂત્ર તરીકેની રચના બાળજીવોના ઉપકારાર્થે કરી હોય એમ તે અંગોપાંગ સૂત્ર ગ્રન્થમાં દર્શાવેલા જ વિષયોનું પુનઃ પ્રતિપાદન જોતાં જણાય છે.

વળી બીજું કારણ એ પણ સમજાય તેવું છે કે જૈન સંપ્રદાયમાં લગભગ તમામ મૂલ આગમ ગ્રન્થો વાંચવાનો અધિકાર પુરુષ વર્ગનો છે. તેમાંએ પાછા વાંચનાધિકારી તે જ હોઈ શકે છે કે જેઓએ તે તે સૂત્રગ્રન્થો માટે દર્શાવેલ વિધિપૂર્વક તે તે મર્યાદાવાળી યોગ સંબંધી ઘોર તપશ્ચર્યા કરી હોય, ત્યાગ–વૈરાગ્યનું અને આત્મિક ઇન્દ્રિયદમનનું સજ્જડ નિયમન સેવ્યું હોય.

આવું હેતુ પુરસ્સરનું, સૂત્રની મહત્વતા જળવાઈ રહે તેવું અને દરેક રીતે લાભપ્રદ આચરણાનું પાલન કરવાને કંઈ સઘળા આત્માઓ સશક્ત નથી હોતા, એવા અશક્ત જીવોને શાસ્ત્રતત્ત્વો જાણવાની જિજ્ઞાસાવૃત્તિનો પ્રાદુર્ભાવ ખૂબ જ અસહ્ય થતો હોય તો તેવા આત્માઓ પણ તે પુણ્યલાભથી વંચિત ન રહે એવા સુવિચારને આધીન થઈ પરોપકારાર્થે આ કૃતિ રચવાનું પ્રાથમિક પગલું ઉચિત ધાર્યું હોય તો તે અસંગત કે અવિચારિત નથી.

## ક્ષમાશ્રમણની સંગ્રહણી કેમ ગુરુત્તર થઈ ગઈ?

આ ક્ષમાશ્રમણ મહારાજે સાતમા સૈકામાં આ સંગ્રહણીની પ્રાથમિક રચના કરી. તે રચના ત્યારપછીના યુગના જીવોને એટલી બધી પ્રિય અને આનંદદાયક લાગી કે તેનું અધ્યયન ખૂબ જ વધી ગયું, અને એ ગ્રન્થનો અધિકાર સ્ત્રી--પુરુષ સહુ કોઈને હતો, આ રીતે પ્રચાર વધવાની સાથે જે વિષય મૂળ સંગ્રહણીમાં વિસ્તારાદિકના ભયે શાસ્ત્રોમાંથી ઉદ્ધર્યો ન હતો તેવા ઉપયોગી વિષયોને સ્વસ્વ ઇચ્છાનુસારે તે વર્ગોએ નવીન નવીન ગાથાઓને, કેટલાકોએ ક્ષમાશ્રમણ સંગ્રહણીની [1]ટીકા હતી તેમાં સાક્ષીરૂપે કે પૂર્તિરૂપે કે વધુ વિષયના જ્ઞાનાર્થે આપેલી ઉપયોગી ગાથાઓને, ઉપાડીને અસલ સંગ્રહણીની મૂલ ગાથાઓની સાથે યથાયોગ્ય સંગત સ્થળે ઉમેરી કંઠસ્થ કરવું ચાલું રાખ્યું, અને ગ્રન્થ પ્રતિઓ પણ તે જ પ્રમાણે લખાવવા માંડી.

## શ્રી ચંદ્રમહર્ષિનું નવીન સંગ્રહણીનું રચવું

આ છૂટ લેવાનું પરિણામ એ ઉપસ્થિત થયું કે બારમા–તેરમા સૈકા દરમિયાનમાં એ મૂલસંગ્રહણીનું પ્રમાણ ખૂબ જ વધી ગયું, અને તે સમયની પ્રતિઓ હસ્તગત થતાં વધારેમાં વધારે બહુલતાએ કંઈક ન્યૂન ૪૦૦ અને કંઈક ન્યૂન ૫૦૦ ગાથાના માનવાળી પ્રતિઓ પ્રાપ્ત થઈ જે વાતની સાક્ષી બારમી સદીના શ્રી ચન્દ્રમહર્ષિ સ્વકૃત સંગ્રહણીના મૂલમાં જ આપે છે કે :–

૧ લગભગ ૨૭૩ ગાથા આસપાસની મૂળ સંગ્રહણી ઉપર ટીકા હોવી જોઈએ, અથવા અન્ય કોઈ કૃતિઓમાં તેનો ઉલ્લેખ હોવો જોઈએ, જે દ્વારા બારમી સદીમાં મૂલસંગ્રહણીમાન જાણી શકાયું હોય.

**संखित्ता संघयणी, गुरुत्तरसंघयणिमज्झओ एसा ।**
**सिरिसिरि चंदमुणिंदेण, णिम्मिया अत्तपढणट्ठा ॥१॥**

આથી મૂલસંગ્રહણી જ્યારે સુવિસ્તૃત થઈ ગઈ ત્યારે તે જ વખતે એટલે બારમી સદીમાં થયેલા મલધારી શ્રી હર્ષપૂરીય ગચ્છરૂપી આકાશમાં ચન્દ્રમા સમાન વિદ્વદ્‌શિરોમણી શ્રી ચન્દ્રમહર્ષિ નામના સૂરીશ્વરે વિચાર્યું કે મૂલસંગ્રહણીનું વર્તમાનમાં પ્રમાણ ખૂબ વધી ગયું છે. સમય ઘણો લાગે છે એમ છતાં જોઈએ તેટલો વધુ બોધ થતો નથી, એવો સદ્‌વિચાર કરી તેઓશ્રીને એક નવીન જ સંસ્કરણ રૂપે આ આદર્શ તૈયાર કરવાનો સુમનોરથ સમુપસ્થિત થયો અને પ્રજ્ઞાપના, જીવાભિગમાદિ શાસ્ત્રાન્તર સૂત્રગ્રંથોમાંથી અતિ વિસ્તૃત અભિહિત અર્થોને, અને વળી તે વખતે ક્ષમાશ્રમણ સંગ્રહણી કે જેનું પ્રમાણ [1]૪૦૦ ગાથાવાળું થઈ ગયું હતું અને જેના ઉપર વૃત્તિઓ પણ રચાઈ ગઈ હતી એ બન્ને વૃત્તિઓમાં તે તે વૃત્તિકારોએ દર્શાવેલી તેમજ અન્ય ગ્રંથાંતરોમાં પ્રતિપાદિત જે કંઈ વિશેષ અર્થભૂત હકીકતો હતી તે સર્વને એકઠી કરી પુનઃ તેને સંક્ષેપીને તેઓશ્રીએ ૨૭૩ ગાથા પ્રમાણની આદર્શભૂત સંક્ષિપ્તસંગ્રહણી રચી અને સ્વભાવનાને અમલી બનાવી.

અહીં આપણને શંકા થાય છે કે જ્યારે સંક્ષિપ્ત સંગ્રહણીની જરૂરિયાત હતી તો ક્ષમાશ્રમણજીએ રચેલી જે સંગ્રહણી હતી તે પણ લગભગ આટલા જ પ્રમાણવાળી હતી, કદાચ માની લો કે તે પ્રમાણ વધી ગયું હતું તો પણ તેમાંથી પ્રક્ષેપાત્મક ગાથાઓ દૂર કરીને અથવા વધુ ઉપયોગી ગાથાઓ રાખીને તે મૂલસંગ્રહણી પ્રમાણને કાયમ રાખીને પુનઃ પ્રસિદ્ધિમાં સ્થાપવી હતી પણ નૂતન સંદર્ભ બનાવવાનો પ્રયાસ શા માટે ખેડ્યો?

આનું સમાધાન જો કે અગાઉની બીનામાં આવી ગયું છે તથાપિ સ્પષ્ટ પ્રત્યુત્તરમાં નવીન સંસ્કરણના ટીકાકાર મહર્ષિ શંકા સમાધાન આપી જણાવે છે કે—

**ननु यदि संक्षिप्ततया प्रयोजनं तर्हि मूलसंग्रहण्येवास्तु, किं पुनः प्रयासेन? प्रायस्तस्या अप्येतावन्मात्रत्वात्, तन्न, एतावतोऽर्थजातस्य तस्यामसंपिण्डनात्''**

અર્થાત્ મારી તેમજ ક્ષમાશ્રમણની સંગ્રહણીનું પ્રમાણ પ્રાયઃ સમાન છે તો પણ જેટલી અર્થની અધિકતા અને ગંભીરતા લાવવાનો આયાસ (ચંદ્રમહર્ષિ કૃત) સંગ્રહણીમાં સેવાયો છે, તેવો મૂલસંગ્રહણીમાં ગમે તે કારણે થયો નથી.

## શ્રી મલયગિરિજીની ટીકા ઉપરથી ઉઠતો પ્રશ્ન :–

સાતમી સદીમાં રચાયેલી શ્રી જિનભદ્રગણિની[1] સંગ્રહણી ઉપર બારમી સદીમાં થએલા

---

૧. જે માટે શ્રી દેવભદ્રસૂરિ ચન્દ્રીયા સંગ્રહણીની વૃત્તિના આરંભમાં સત્ય જ જણાવે છે કે :– आर्यश्यामादिभिः प्रज्ञापनादिषु उद्धृतस्तेभ्योऽपि जिनभद्रगणिक्षमाश्रमणेन संग्रहण्यामवतारितः, साच यद्यपि न गुर्वी नापि लघ्वी. तथाप्यन्यान्यगाथाप्रक्षेपतो यावदधुना किञ्चिदूनचतुःशतीमाना पञ्चशतीमाना च सञ्जाता, ततोऽत्यल्पमेधसः संक्षिप्तरुचीन्सात्त्वानानुकम्पयद्भिः पूज्यश्रीचन्द्रसूरिभिस्ततोऽपि सोऽर्थोऽतिसंक्षेप्यास्यां संग्रहण्यामभिहिताः ॥

આ જાતનો ભાવાર્થ ૨૭૩ ગાથાની ટીકામાં પણ આપવામાં આવ્યો છે.

ટીકાકાર શ્રી મલયગિરિ મહારાજે વૃત્તિ રચી છે જે સુપ્રસિદ્ધ છે, જ્યારે તે જ સદીની રચેલી શ્રી ચંદ્રસૂરિની સંગ્રહણી ઉપર તે જ સદીમાં થએલા શ્રી ચંદ્રસૂરિજીના જ અન્તેવાસી શ્રી દેવભદ્રસૂરિજીએ જે વૃત્તિ કરી છે, તે દેવભદ્રસૂરિકૃત વૃત્તિમાં દર્શાવેલા "**ननु यदि संक्षिप्ततया प्रयोजनं तर्हि मूलसंग्रहण्येवास्तु, किं पुनः प्रयासेन? प्रायस्तस्या अप्येतावन्मात्रत्वात्** ।" આ કથનથી ક્ષમાશ્રમણની મૂલ સંગ્રહણીનું પ્રમાણ ૨૭૧ ગાથાની આસપાસનું હતું, જ્યારે મલયગિરિ મહારાજે ટીકા કરેલી તે સત્તા સમય બારમી સદીનો હતો એટલે મૂલ રચના સમય અને ટીકાના રચના સમય વચ્ચેના પાંચ સદીના કાળ દરમિયાનમાં તે ૨૭૧ આસપાસનું ગાથા સંખ્યામાન વધતું વધતું ૩૫૦ ઉપર પહોંચી ગએલું હતું, અને શ્રી મલયગિરિજીએ પણ ૨૭૧ ની મૂલ ગાથાની સાતમી સદીની અસલ પ્રતિના અભાવે, કે ૨૭૧ ગાથા મૂલ કર્તાની કઈ કઈ હોઈ શકે તે વસ્તુ સંબંધી નિર્ણયના સાધનના અભાવે, કે તે સમયે મૂલ સંગ્રહણીના (૨૭૧ ગાથા) પ્રમાણમાં પ્રક્ષેપક ગાથાઓ વધી જતાં ૩૫૦ ગાથાની આસપાસવાળી પ્રતિઓ ઉપરથી બહોળા પ્રમાણમાં થઈ રહેલા પ્રચારને લક્ષ્યમાં લઈને મૂલ સંગ્રહણી પ્રમાણ ગાથાની ટીકા ન કરતાં ૩૫૩ ગાથા પ્રમાણ સંગ્રહણીની ટીકા વિરચવી પડી છે. અને એથી જ તે પછીના નજીકના સમયમાં થએલા શ્રી ચન્દ્રીયા સંગ્રહણીના ટીકાકાર શ્રી દેવભદ્રસૂરિજી ગાથા ૨૭૧મી ગાથાની ટીકામાં ખરૂં જ કહે છે કે '**प्रक्षेप गाथाभिर्वृद्धिं नीयमानाऽधुना यावत् किञ्चिन्न्यून चतुःशतीमाना पञ्चशतीमाना च गुरुत्तरा संजाता**' અર્થાત્ અત્યારે એ સંગ્રહણી કંઈક ન્યૂન ૪૦૦ ગાથા પ્રમાણ વા પાંચસો ગાથા પ્રમાણ જેટલી ગુરૂત્તર થઈ ગઈ છે. આથી જે ન્યૂન ૪૦૦ ગાથાનો ઉલ્લેખ છે તે સંગત થાય છે અને તે જાતની પ્રતિઓનો કંઈક ન્યૂન ૫૦૦ ગાથાની અપેક્ષાએ વધુ પ્રચાર હોવો જોઈએ, અને તેથી જ શ્રી મલયગિરિ મહારાજે પણ તેના જ ઉપર ટીકા કરેલી હોય એમ માનવું સંગત લાગે છે.

## સંગ્રહણીના સ્વતંત્ર કૃતિકાર તરીકે બે જ મહર્ષિ છે

ગમે તેમ હોય પણ ભાષ્યકાર ક્ષમાશ્રમણની સંગ્રહણીની આદ્ય ગાથાના '**निद्दविय अटकम्म–वीरं नमिउण** ।' એ પદથી અને શ્રી ચન્દ્રમહર્ષિના આદ્ય '**नमिउं अरिहंताइ, टिइमवणोगाहणा य पत्तेयं** ।' આવા ભિન્ન પદથી એટલું તો ચોક્કસ છે કે શ્રી બૃહત્સંગ્રહણી પ્રાકૃત ભાષા સૂત્રના સ્વતંત્ર કૃતિકાર તરીકે શ્રી '**ક્ષમાશ્રમણ**' મહારાજ અને શ્રી '**ચંદ્રમહર્ષિ**' આ બન્ને જ મહાપુરુષો છે.

અને અત્યારે વર્તમાન યુગમાં ઉપલબ્ધ થતી પ્રાચીન કે અર્વાચીન પ્રતિઓમાં ભલે ગાથા સંખ્યા પ્રમાણ પ્રક્ષેપાત્મક ગાથાઓથી વધેલું હોય, પણ ગ્રંથાન્તે તો આ બન્ને જ મહર્ષિઓના

---

૧. જો કે ૩૫૩ ગાથાવાળી સંગ્રહણીની મૂલગાથાઓમાં કોઈ ઠેકાણે ક્ષમાશ્રમણ મહારાજે સ્વનામનો ઉલ્લેખ કર્યો નથી, તો પણ એ સંગ્રહણીના ટીકાકાર શ્રી મલયગિરિજીના મંગલાચરણના આદ્યશ્લોકથી સ્પષ્ટ છે કે એ સંગ્રહણી ક્ષમાશ્રમણની જ છે. यदुक्तं–नमत निजर्बुद्धितेजःप्रतिहतानिःशेषकुमतध्वान्ततिमिरम् । जिनवचनैकनिपुणं जिनभद्र-गणिक्षमाश्रमणम् ॥१॥ यामकृत संग्रहणीं जिनभद्रगणिक्षमाश्रमणपूज्यः । तस्या गुरूपदेशानुसारतो वच्मि विवृतिमहम् ॥२॥

૨. કિંચિદ્ ન્યૂન ચારસો કહેવાથી તો ૩૫૩ થી અધિક હોય તો સંગત થાય પણ ૩૫૩ શી રીતે સાર્થ થાય તો શ્રી દેવભદ્રસૂરિ સમયે ક્ષમાશ્રમણની સંગ્રહણી જુદી જુદી સંખ્યાવાળી હશે.

નામનિર્દેશ સૂચક ગાથાઓ હજુ મોજુદ જોવાય છે. તે ઉક્ત વાતની સાક્ષી આપે છે.

આ બીનાથી સબળ રીતે આપણે કહી શકીએ તેમ છીએ કે ફક્ત સંગ્રહણી સૂત્રના પઠનપાઠનની બહુલતાને અંગે, અધ્યયન અધ્યાપન કાળે તેમજ લેખનકાળે તે સૂત્રની પ્રાચીન ટીકાન્તર્ગત તેમજ અન્ય અન્ય ગ્રંથોમાં જોવાએલી પ્રક્ષેપાત્મક ગાથાઓનો અભ્યાસીઓના વર્ગોએ સ્વેચ્છાનુસાર તે તે સંગત સ્થળોએ નિવેશ કરવા પૂર્વક પ્રતો લખાવેલી હોય અને તેથી ભિન્ન ભિન્ન રીત્યા ગાથા પ્રમાણ દૃશ્યમાન થતું હોય તો તેમાં કશું આશ્ચર્ય જેવું નથી.

## ચન્દ્રીયા સંગ્રહણી પણ કેમ ગુરૂત્તર થઈ ગઈ?

જેમ સંગ્રહણીના મૂલોત્પાદક-પ્રણેતા શ્રી જિનભદ્રગણિ મહારાજની સાતમા સૈકામાં રચાએલી સંગ્રહણી બારમા સૈકા દરમિયાન (મલયગિરિ ટીકા રચનાકાલ સમયમાં) પ્રક્ષેપાદિક ગાથાઓથી અભ્યાસીઓ દ્વારા વધતી વધતી લગભગ ૩૫૩, ૪૨૫ અને ૪૮૫ એમ ભિન્ન ભિન્ન રીતે પણ સંખ્યા વૃદ્ધિવાળી થઈ ગઈ, (આવી ૧૨ મી સદી પછીથી અત્યાર સુધીના સાત સદીના કાળમાં તે જ સંગ્રહણી ૫૦૦, તેમજ ૫૭૫ ઈત્યાદિ પ્રમાણવાળી ખૂબ જ વધી ગઈ) તેવી જ રીતે ૧૨મી સદીમાં સ્વતંત્ર કૃતિકાર તરીકે તેમજ નવીન સંસ્કરણ તરીકે બાલજીવોને સંક્ષેપમાં અને અલ્પકાળમાં ઘણો બોધ થાય[1] એ દૃષ્ટિએ રચેલી મલધારી શ્રી ચન્દ્રમહર્ષિ પ્રણીત સંગ્રહણી જે રચી ત્યારે ૨૭૩ ગાથા પ્રમાણ હતી તે પણ વધતી વધતી છેલ્લી સાત સદીઓ દરમિયાન ૩૧૨-૩૧૮ અને ૩૪૯ એમ ભિન્ન ભિન્ન રીતે ગાથાની સંખ્યા વૃદ્ધિવાળી થઈ ગએલી, એવું સંખ્યાબન્ધ પ્રતિઓમાં જોવાય છે.

## પ્રચણ્ડ વિપર્યાસો છતાં કર્તાનો જળવાઈ રહેલો નામ નિર્દેશ :-

અને એના પ્રામાણિક અને સચોટ પુરાવા તરીકે બન્ને મહર્ષિના નામથી અંકિત ભિન્ન ભિન્ન ગાથા સંખ્યાવાળી બન્ને કૃતિકારોની કરેલી સંગ્રહણી છતાં તે તે પ્રતિઓમાં આબાદ રીતે જળવાઈ રહેલી કર્તાની સ્વનામાંકિત ગાથાઓ, અને તે માટે પૂર્વકાલિક અભ્યાસીઓએ પ્રક્ષેપગાથા ઉમેરવાની સ્વીકારેલી સાહસપદ્ધતિ છતાં પણ મૂલકર્તાના સુવર્ણ નામને લેખનકાળે જાળવી રાખેલ અજબ ખંત અને સાચી નિસ્પૃહતા માટે આપણે અખૂટ સન્માન અને અભિમાન ધરાવી શકીએ.

આથી સારાંશ એ આવ્યો કે ભાષ્યકારની મૂલસંગ્રહણી, અને અંગોપાંગભૂત સૂત્રો ઉપરથી અને ક્ષમાશ્રમણની સંગ્રહણીને દૃષ્ટિસમીપ રાખી કરેલી બીજી શ્રી ચન્દ્રીયા સંગ્રહણી એ બન્ને સ્વતંત્ર જ કૃતિઓ છે, તે સિવાય સંગ્રહણીની સ્વતંત્ર કૃતિ કોઈપણ મહર્ષિએ કરી હોય તેવો ઉલ્લેખ અત્યાર સુધીના પુરાતનીય પ્રકૃષ્ટ સંશોધન દરમિયાન જોવામાં કે જાણવામાં આવ્યો નથી.

**સંગ્રહણી**-એટલે જેમાં ચૌદરાજ લોકવર્તી જડ કે ચેતન સ્વરૂપ પદાર્થોને પ્રતિપાદન કરનાર સ્થાન-આયુષ્ય દેહાદિક વર્ણનનો સંક્ષિપ્ત, પણ ગંભીરપણે પિણ્ડીભૂત અર્થ સંગ્રહીત

---

૧. ક્ષેત્રસમાસ માટે તેવું જ બન્યું છે જે આગળ કહેવાશે.

કરાયો હોય તેવા ગ્રન્થને 'સંગ્રહણી' એવું સંબોધક નામ આપી શકાય છે. જે વાત પૂર્વે જોઈ આવ્યા.

## સંગ્રહણીને 'જૈન ખગોળ' તરીકે કહી શકાય :–

આ સંગ્રહણીની રચનામાં આકાશવર્તી ઉર્ધ્વલોકનો વિષય પ્રાધાન્યપણે રહેતો હોવાથી સર્વાંશે નહિ પણ દેશાંશે અપરનામ તરીકે વ્યવહાર પ્રસિદ્ધ 'જૈન ખગોળ' એવું પ્રચલિત ઉપનામ આપી શકાય તેવું છે. તેવી જ રીતે ક્ષમાશ્રમણ કૃત, અપૂર્વ વિદ્વત્તા દર્શક શ્રી ક્ષેત્રસમાસ ગ્રન્થ ભૂવર્તિ પદાર્થ વિષયોનું પરમ પ્રાધાન્ય ભોગવતો હોવાથી તેને 'જૈન ભૂગોળ' એવું સુવિખ્યાત નામ અર્પી શકાય છે.

જૈન સંપ્રદાયમાં અંગોપાંગભૂત સૂત્રમાં જુદે જુદે સ્થળે દર્શાવેલા શાશ્વત પદાર્થોના નિર્દેશરૂપ જૈન ભૂગોળ અને ખગોળના વિષયોને પૃથગ્ પાડી જૈન કે અજૈન કોઈ પણ વ્યક્તિ તેનો લાભ ઉઠાવી શકે તે માટે એ દિશામાં ભરેલા આપણા ઉપકારી, પૂર્વ મહર્ષિઓનાં પ્રાથમિક શુભ પગલાંથી આપણા ઉપરનો તેઓશ્રીનો ઉપકાર ચિરસ્મરણીય, નહીં ભૂલી શકાય તેવો અપાર અને અમાપ છે.

## સંગ્રહણીનું ગૌરવ અને વિષય પ્રચાર :–

વળી આ સંગ્રહણીની પ્રતોની સર્વત્ર થતી પ્રાપ્તિથી તેમજ તેની પ્રતિઓમાં પૂર્વપુરુષો દ્વારા થએલી અનેકવિધ વિવિધતા જોતાં જૈન સમાજમાં એ ગ્રન્થનું ભૂતકાલમાં કેટલું પઠન–પાઠન લોકપ્રિય થઈ ગયું હશે તેનો સચોટ ખ્યાલ નજર સમક્ષ તરી આવે છે, સહુ કોઈ સુજ્ઞ અભ્યાસી તે ગ્રન્થનું અધ્યયન અવશ્ય કરતો જ હશે એમ જણાઇ આવે છે, અને તે પ્રિય થઈ પડવામાં કારણ પણ ઉઘાડું છે કે તે ગ્રંથની વિષય રચના, તેની પ્રણાલિકા એટલી માર્ગદર્શક છે અને વળી સર્વ વિષયોને સંક્ષેપમાં પણ એવી સુંદર ઢબથી, યોગ્ય રીતે ક્રમશઃ વિભાગવાર ગુંથી લેવામાં આવ્યા છે કે સામાન્ય બુદ્ધિવાળો પણ અલ્પસમયમાં આ એક જ ગ્રન્થના અભ્યાસથી બહોળા જ્ઞાનનો લાભ ઉઠાવી શકે તેમ છે. અને તેથી આ અતિ પ્રિય ગ્રન્થના જુદી જુદી ઢબના નાના મોટા વિસ્તરાર્થ ભાષાંતરોવાળાં, ચિત્ર–વિચિત્ર અનેક વૈવિધ્ય કલા ભરપૂર સૌંદર્ય સમ્પન્ન આદર્શો ઢગલાબંધ પ્રમાણમાં હાલમાં પણ નજરે પડે છે.

## સંગ્રહણીમાં ચિત્રકલાનું સુંદર સ્થાન :–

વળી આ સંગ્રહણી ગ્રન્થની પ્રતોમાં એક ખાસ ખૂબી તો એ છે કે પ્રાયઃ નાની કે મોટી કોઈપણ હસ્તલિખિત પ્રતિઓમાં તે તે ગાથાના અર્થને અનુસરતા, અભ્યાસીઓએ હાથથી દોરેલાં અથવા દોરાવેલાં, મૌલિક વિષયનો ઓછોવત્તો પણ ખ્યાલ આપતાં રંગ–બેરંગી, રૂપેરી, સોનેરી કે પંચરંગી ભાતવાળા સંખ્યાબન્ધ ચિત્રો તો હોય જ!

કેટલીક પ્રતો તો એવી આબેહૂબ સૌન્દર્ય સમ્પન્ન ચિત્રોથી ચિત્રિત જોવામાં આવે છે કે તે

જોતાં ચિત્રકળાના વિકાસ માટે, ગ્રન્થની સર્વાંગ સુંદરતા માટે અને પ્રસ્તુત વિષયનો શીઘ્રબોધ થવા માટે આર્થિક દૃષ્ટિ ન રાખતાં તેના અભ્યાસીઓ તેના પ્રત્યે કેટલું ભારી સન્માન અને હાર્દિક પ્રેમ ધરાવતા હશે ત્યારે આવાં ચિત્રો પાછળ આટલી કાળજી અને ખંતપૂર્વક જહેમત ઉઠાવી હશે! તેનો ખ્યાલ સુંદર ચિત્રો સન્મુખ રાખતાં સાક્ષાત્કાર સ્વરૂપે પ્રગટી નીકળે છે.

સેંકડો વર્ષ જૂના સોનેરી રૂપેરી કે પંચરંગી ચિત્રો જાણે તાજેતરમાં જ આલેખાએલાં હોય એમ આંખે ઉડીને વળગે તેવાં બેનમૂન હોય છે.

અને જૈન સંપ્રદાયમાં જ સર્વોત્તમ ગણાતી પ્રાધાન્યપદ ભોગવી રહેલી, ખૂબ જ પ્રાચીનતાથી ચાલી આવતી એ ચિત્રપદ્ધતિ ખૂબ જ આવકારદાયક છે, કારણકે ગ્રન્થના પ્રસ્તુત વાઙ્મય વિષયની સાથે સાથે જ ચિત્રકલા કેવો તાલ મેળવે છે તે દર્શાવવા માટે નજરોદીપન કરે તેવાં તે તે વિષયને અનુસંગત ચિત્રો (તેમજ યન્ત્રાકૃતિઓ) આપવામાં આવતા હોવાથી પ્રસ્તુત વિષયનો સુગમ કે દુર્ગમ બોધનો સચોટ ખ્યાલ હૃદય સમક્ષ ખડો થાય છે અને સત્ય વસ્તુસ્થિતિનું શીઘ્રતયા ભાન ઉત્પન્ન કરાવે છે, જેથી મગજ ઉપર અંકાએલો એ ભાવ લાંબાકાળ પર્યન્ત ભુંસાતો નથી.

ખરેખર! માનવપ્રકૃતિનો સ્વાભાવિક નિયમ છે કે કોઈ કોઈ વિષયનો કોઈ કોઈ અભ્યાસીઓને અને અધ્યાપકોને જ્યારે સત્યછંદ કે શોખ જાગે છે ત્યારે તેઓ તે તે સાહિત્યને અંગે જેટલું જેટલું સાધન જે જે દૃષ્ટિએ આવશ્યક ગણાતું હોય તે તે સર્વ સાધનને ગમે તેવા સંયોગોમાં પણ મેળવીને તે વસ્તુને સર્વાંગસુંદર બનાવવાની અને વધુને વધુ સરલોપયોગી થાય તેવી રીતે રચના કરવાની એક પ્રકારની પ્રશસ્ય આંતરિક તમન્ના જાગે છે, ખરેખર આ સંગ્રહણી માટે તો તેમજ બનતું આવ્યું છે અને અત્યારે પણ એવું જ બની રહ્યું છે.

## જૈન મૂર્તિપૂજક સંપ્રદાયમાં ચિત્રકલાનું સ્થાન :-

સર્વતોમુખી જૈનસાહિત્ય સર્જનોમાં **શ્વેતાંબર જૈન મૂર્તિપૂજક સંપ્રદાયે** લેખનકળા સાથે નમુનેદાર ચિત્રકળાની ખર્ચભરી વિકાસન પદ્ધતિ જેટલી વિશદ અને વિપુલ પ્રમાણમાં અપનાવી છે, તેટલી દિગંબરાદિક અન્ય જૈન સંપ્રદાયે કે ઇતરમાર્ગી સમાજે નથી જ અપનાવી.

જૈન સંસ્કૃતિ, બૌદ્ધસંસ્કૃતિ કે વૈદિકસંસ્કૃતિગત સાહિત્યસર્જનોની પ્રાચીન ભારતીય ચિત્રકલામાં જૈનાશ્રિત ચિત્રકલાએ પોતાનું અજોડ રીતે અતિ ગૌરવતાભર્યું ઝળકતું સ્થાન જે પ્રાપ્ત કર્યું છે, તેનું કારણ લેખનકળા સાથે સાથે જ ચિત્રકલાના વિષયનું આવિષ્કરણ એ જ્યારે મુખ્ય હતું ત્યારે વિશ્વતોમુખી જૈન શ્રમણ સંસ્કૃતિએ બેનમૂન અને અપૂર્વ સૌંદર્યસમ્પન્ન શાસ્ત્રોક્ત ચિત્રકલાનું સર્જન કર્યું, જ્યારે તેના સંરક્ષક, ઉદ્ધારક અને આશ્રયદાતા તરીકે જૈનોએ અગ્રભાગ ભજવ્યો હતો, અને તેવું સર્વોચ્ચસ્થાન ઝડપી લેવા ભારતીય ચિત્રકલા પાછળ બુદ્ધિપૂર્વક સૂક્ષ્મેક્ષિકાનો તેમજ છૂટથી તન-મન અને ધનનો ખૂબ જ સદુપયોગ કર્યો હતો, અને એથી જ અત્યારે દરેક રીતે જૈન સંસ્કૃતિનો સાહિત્ય કલા અને વિજ્ઞાન વિષયક ફાળો આર્યસંસ્કૃતિના સાર્વભૌમીય વિકાસમાં સર્વોત્તમ અને

પ્રાધાન્ય પદ ભોગવે છે, તેમાંય છેલ્લા સૈકા દરમિયાન ગુજરાતના ખૂણે ખાંચેથી અપૂર્વ અને દુર્લભ જે જે સાહિત્ય સમુપલબ્ધ થયું છે; તે માટે ખાસ કરીને અત્યાર સુધીનું અન્વેષણ કાર્ય જોતાં ગુર્જરભૂમિ વધુ મગરૂરી લઈ શકે તેમ છે, એ માટે ગુર્જરીય જૈનોની જુલ્મી અને સંકટભર્યા યુગમાં પણ વિવિધ સાહિત્યના મહાન સન્દર્ભોને શકત્યનુસાર અબાધિત જાળવી રાખવાની ધગશ અને કાળજી ખરેખર! આપણને એક ચમત્કારિક પ્રેરણા અને બોધપાઠ આપી રહે છે.

## પ્રાચીન ચિત્રકલાનું નૈપુણ્ય :-

પ્રાચીન ભારતીય જૈનચિત્રોમાં કુશળ કલાકારોએ અનેક ચિત્ર પ્રસંગોમાં વાપરેલું ભાવવાહી રેખાનૈપુણ્ય, અંગવિન્યાસ,-મરોડપદ્ધતિ, યથાસ્થિત તાદૃશભાવોનું અભિનયાદિ પૂર્વક આરોપણ, ચિત્રસમયે જળવાએલા સ્વાસ્થ્ય સુંદરતા અને ચિંતનશીલતાદિ ગુણો વગેરે જોતાં કલારસિકોનું સુંદર નૈપુણ્ય સ્પષ્ટતયા તરી આવે છે.

એ બેનમૂન ચિત્રો ભલે અત્યારના પ્રગતિ અને નવલકલાવર્ધક યુગના સૃષ્ટિ સૌંદર્યની દૃષ્ટિએ અન્વેષણ કરતાં, મુખાકૃત્યાદિનું વૈલક્ષણ્ય નિહાળતાં વૈચિત્ર્યાભાસ પ્રત્યક્ષ થતો હોય પણ તે કાલની દૃષ્ટિએ ઘડીક વિચાર કરીએ તો એ જ ચિત્રો બારીક નિરીક્ષણ કરતાં એટલા જ પ્રાણવાન, પ્રફુલ્લકલાત્મક, અપ્રતિમ શોભાસ્પદ, રંગ સૌરભભર્યા રોનકદાર લાગ્યા વિના રહેશે નહિ.

એ સ્પષ્ટ, સુરેખ અને સુઘટિત ચિત્રસૃષ્ટિ દ્વારા તો તે તે સદીઓનાં વિજ્ઞાનમય અને કલાપૂર્ણ લોકજીવનની ગૌરવ કથા જાણવાની રીતિ, ભાતિ, અને રિવાજો જાણવાની તેમજ તેમની વિચારસરણી આલેખવાની પણ મોંઘેરી તક કેટલીકવાર આબાદ રીતે અચ્છી લભ્ય થાય છે.

## જૈન સંસ્કૃતિની ગૌરવ પ્રશસ્તિઓ :-

જૈન મહારથીઓએ ભગીરથ પ્રયત્નપૂર્વક સર્વસ્વનો ભોગ આપી ચિત્રકલાનું અનુપમ, લેખનકળાનું અપૂર્વ, અને સ્થાપત્યકલાનું અજોડ અને અમરસ્થાન ઉન્નતિની ટોચે એવું મૂકી દીધું હતું કે જગતભરમાં જૈન સંસ્કૃતિનું સ્થાન અને તેનું કલા સાહિત્ય અનોખી જ ભાત પાડતું અને ભારતની ઝળહળતી કળાકીર્તિને જાળવવા માટે સર્વોત્કૃષ્ટ ભૂમિકા ઉપર રહીને જ્વલંત પ્રતિભા પાડતું હતું અને અત્યારે વધુ પ્રતિભા પાડતું છે એમ મધ્યસ્થવૃત્તિનો કોઈપણ માનવ-પર્યાલોચન કરે તો આ નિર્વિવાદ અને નિર્મળ સત્ય નિઃશંકપણે કબૂલ કર્યા વિના રહે નહિ.

આ પ્રમાણે આપણે સંગ્રહણી કર્તાના વિષયને આનુષંગિક તેમાં થએલા સુધારા વગેરેને તેમજ તેને અનુસરતી ચિત્રકળાની વિકાસન પદ્ધતિ વગેરેની સંક્ષિપ્તમાં ચર્ચા કરી આવ્યા.

## શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણનું ઉડતું જીવન અવલોકન :-

અત્યારે ૫૦૦ ગાથા પ્રમાણવાળી થએલી તેમજ મલયગિરિ ટીકાવાળી સંગ્રહણીના આદ્યોત્પાદક ભગવાન શ્રી જિનભદ્રગણિ મહારાજ સાતમા સૈકામાં થયા હતા, તેઓએ શ્રી ક્ષેત્રસમાસ યાને જૈનભૂગોળ અને બૃહત્સંગ્રહણી યાને જૈનખગોળ; એ બન્ને મહત્વના મુખ્ય

વિષયોને લોકોપભોગ્ય કરવા માટે જે નવીન સંસ્કરણો તૈયાર કરવાનું અદ્‌ભુત અને સર્વમાન્ય સાહસ ખેડ્યું છે તે બદલ આપણે તેમના પરમઋણી છીએ, એ પરમર્ષિ પૂર્વધર હતા, તેમને વિશેષાવશ્યક જેવો અનેક તાત્ત્વિક વિષય ભરપૂર મહાન ગ્રંથ, તેમજ વિશેષણવતી, જીતકલ્પસૂત્રાદિ વિદ્વતા પરિપૂર્ણ ગ્રન્થો ઉપનિબદ્ધ કર્યા છે.

દરેક સંપ્રદાયમાં જેમ આગમ પ્રધાન અને તર્કપ્રધાન પુરૂષો હોય છે, તેમ આ આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરની જેમ તર્કપ્રધાન ન હતા, કિન્તુ આગમ પ્રધાન પુરૂષ હતા, અને આવા પુરૂષો આગમ-સિદ્ધાન્તોને અક્ષરશઃ વળગી રહેનારા હોય છે એટલું જ નહિ પણ, આગમામ્નાયોની પરંપરાને યથાર્થ અનુસરીને તેને સંગત એવી જ કૃતિઓ વિરચવાનું સાહસ ખેડવાને સર્વદા તૈયાર હોય છે તેથી તેઓ આગમના પરમ સંરક્ષક સિદ્ધાન્તવાદી અથવા આગમવાદી તરીકે ખ્યાત થાય છે.

ક્ષમાશ્રમણ મહારાજનો દિગ્‌દર્શન માત્ર પરિચય દર્શાવી જે સંગ્રહણી ઉપર આ પ્રસ્તાવ લખાઈ રહ્યો છે તે જ સંગ્રહણીના કર્તા શ્રી ચન્દ્રમહર્ષિની પીછાણ આપવા તેમના ગુર્વાદિકની ઓળખાણ, તેમનો સત્તાસમય, તેમનું સાહિત્યક્ષેત્ર ઇત્યાદિક વિષયોને મલતી શક્ય માહિતી તપાસીએ.

## મલધારી શ્રી અભયદેવસૂરિજી :-

"[1]मलहारि हेमसूरिण सीस लेसेण विरइवं सम्मं" સંગ્રહણીની અન્તિમ ગાથાના આ ઉક્ત પદથી શ્રી ચન્દ્રમહર્ષિના ગુરૂ મલધારી શ્રી હેમચંદ્રસૂરિ હતા એ બીના સુસ્પષ્ટ છે. અને તે હેમચંદ્રસૂરિના ગુરૂ પુનઃ [2]અભયદેવસૂરિ હતા, તેઓ પ્રશ્નવાહનકુલની મધ્યમશાખાગત શ્રી હર્ષપુરીય ગચ્છના સમર્થ પુરૂષ હતા. તેઓશ્રીએ રાજા કર્ણ, સિદ્ધરાજ જયસિંહ તથા અન્ય રાજવીઓ દ્વારા અહિંસાના કૃત્યો કરાવી, ચૈત્યપ્રતિષ્ઠાદિ શાસન પ્રભાવનાનાં કાર્યો ખૂબ કરાવ્યાં હતાં, તેઓનો સમય ૧૧મા સૈકા મધ્યે હતો.

## તત્પટ્ટે શ્રીહેમચંદ્રસૂરીશ્વરજી :-

તે મલધારી શ્રી અભયદેવસૂરિજીની પાટે મલધારી શ્રી હેમચંદ્રસૂરિજી થયા, તેઓ પૂર્વાવસ્થામાં રાજ્યસચિવ હતા, શ્વેતાંબરાચાર્ય વાદી શ્રી [3]દેવસૂરિ અને દિગંબરાચાર્ય શ્રી કુમુદચંદ્ર સાથે વાદ-વિવાદ ગોઠવાયા ત્યારે [4]અધ્યક્ષપદે આ.શ્રી હેમચંદ્રસૂરિજીને માન્ય રાખવામાં આવ્યા

---

૧. આ ગાથા સ્વયંકૃત જણાતી નથી, પાછળથી રચના થઈ હોવાનું જણાય છે પણ રચના કથન અસંગત નથી.

૨. નવાંગી વૃત્તિકારથી અન્ય સમજવા, આ સૂરીશ્વરજી ત્યાગ વૈરાગ્યની પ્રતિમા સમાન હતા. મલીન વસ્ત્રોનું સહધા પરિધાપન કરતા હતા. તે જોઈને તેમની પર્યુપાસના કરનાર શ્રી કર્ણદેવે (મતાંતરે સિદ્ધરાજે) મલધારી તરીકે વિખ્યાત કર્યા ત્યારથી તેઓ હર્ષપુરીય ગચ્છના છતાં મલધારીથી વધુ ઓળખાવવા લાગ્યા. તેમની સંતતિ માટે પણ તેમજ બન્યું.

૩. મુનિચંદ્રસૂરિ નામના આચાર્યના શિષ્ય હોવાનું સુપ્રસિદ્ધ છે, જેમણે પ્રમાણનયતત્ત્વાલોકાલંકારાદિ ન્યાય વગેરે વિષયના સુંદર અને ઉપયોગી ગ્રન્થો રચ્યા છે.

૪. આ શાસ્ત્રાર્થ પ્રસંગે કલિકાલ સર્વમાન્ય સર્વજ્ઞ *શ્રી હેમચંદ્રસૂરિજી પણ હાજર રહેતા હતા.*

હતા, એમાં દુર્ભાગ્યે દિગમ્બરોને છક્કડ હાર મળી, અને પૂર્વશરતાનુસારે કમનસીબપણે, ડંખતે હૃદયે ગુજરાત છોડી અન્ય પ્રદેશમાં ઉતરી જવું પડ્યું, આ અધ્યક્ષપણા બાદ તેઓ પંડિત, શ્વેતામ્બરાચાર્ય, ભટ્ટારકાદિ વિશેષણોથી વધુ પ્રસિદ્ધિને પામ્યા હતા.

આ મલધારી તે કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીથી ભિન્ન સમજવા પણ બન્નેનો સત્તા સમય સરખો હતો, બન્ને સાથે વિદ્યમાન પણ હતા, સાહિત્યની દૃષ્ટિએ બન્ને વચ્ચે મુખ્ય તફાવત એ હતો કે કલિકાલ સર્વજ્ઞ એ એક સમર્થ જ્યોતિર્ધર તરીકે અને સર્વદેશીય સાહિત્યકારના રચનાર તરીકે જબ્બર વિખ્યાત હતા અને તર્ક સાહિત્યપ્રધાન હતા જ્યારે મલધારીજી એ એક આગમપ્રધાન તરીકે સમર્થ વિદ્વાન પુરુષ હતા એ નિઃશંક છે, એથી જ આ મલધારીજીએ સિદ્ધાન્તને અનુસરતી વિશેષાવશ્યક ઉપર પાંડિત્ય ભરપૂર ટીકા રચી છે, તદુપરાંત પંચમ કર્મગ્રંથવૃત્તિ, સ્વોપજ્ઞ વૃત્તિયુતપુષ્પમાલા, અનુયોગદ્વારસૂત્રની ટીકા, જીવસમાસવિવરણ, ૧૧૭૧માં રચેલ સ્વોપજ્ઞવૃત્તિ સમેત ભવભાવનાદિ જેવા અમૂલ્ય ગ્રન્થો પણ આજે તેમના કીર્તિદેહને પ્રકાશમય કરી રહ્યા છે. એકંદર તેઓશ્રીએ એક લાખ શ્લોકની રચના કરી હોવાનું કહેવાય છે.

આ મલધારીજી ઉપર પણ સિદ્ધરાજ જયસિંહને આત્યન્તિક રાગ હતો, તત્સમીપે જઈને તે વૈરાગ્યરસ ભરપૂર તત્ત્વોનું બહુશઃ પાન કરતો, તે દ્વારા અનેક જૈન પ્રવચન પ્રભાવનાનાં કાર્યો, અમારી પટહનાં કાર્યો કરાવ્યાં હતાં. તદુપરાંત રાજાખેંગારને પ્રતિબોધ કરવો, સંઘ સહિત શત્રુંજય પધારવું અને ત્યાં જ અનશન કરી સ્વર્ગ પ્રયાણ આદરવું, એ તેમની જીવન ઝાંખી થઈ.

## તત્પટ્ટે 'શ્રી સંગ્રહણીકર્તા' શ્રી ચન્દ્રમહર્ષિ–

મલધારી શ્રી હેમચંદ્રસૂરિના પટ્ટધર તરીકે ત્રણ શિષ્યો સ્થાપિત હતા. ૧. [1]વિજયસિંહસૂરિ, ૨. શ્રી ચંદ્રસૂરિ, ૩. વિબુધચંદ્રસૂરિ.

તેમાં પ્રત્યુષાભિસ્મરણીય આરાધ્યપાદ શ્રી ચન્દ્રમહર્ષિનો સત્તા સમય પણ બારમી શતાબ્દીનો જ પ્રસ્તુત છે, અને સાહિત્યક્ષેત્રમાં તેમને ૧૧૯૩માં ધોલકાનગરમાં વિ. સં. ૧૧૯૩માં શ્રી મુનિસુવ્રતચરિત્ર નામનો સંદર્ભ ગુંથ્યો હતો અને તેનું આદ્યલેખન શ્રી પાર્શ્વદેવ-ગણિએ કર્યું હતું. તેમની બીજી કૃતિ આ બૃહત્સંગ્રહણીની છે, અને ત્રીજી કૃતિ શ્રી ક્ષેત્રસમાસની વર્તમાનમાં ઉપલબ્ધ છે.

આથી એ સ્પષ્ટ ફલિત થાય છે કે જેમ જિનભદ્રક્ષમાશ્રમણની બૃહત્સંગ્રહણી ઉપરથી આ ચન્દ્રમહર્ષિએ જેમ સકારણ સંક્ષિપ્ત અને ગંભીરાર્થવાળી સંગ્રહણી રચવાની [2]આવશ્યકતા સ્વીકારી

---

૧. વિજયસિંહસૂરિજીએ ૧૪૪૭૧ શ્લોક પ્રમાણ ધર્મોપદેશમાલા ગ્રન્થ વિવરણ રચેલ છે, જે સિદ્ધરાજના રાજ્ય સમયમાં જ એટલે સંવત ૧૧૯૧ના માઘ વદી ત્રીજે સમાપ્ત કરેલ છે.

૨. જે માટે તેમના શિષ્ય દેવભદ્રસૂરિજી તેમની જ સંગ્રહણીની ટીકામાં સ્વગુરૂ ઉદ્દેશી જણાવે છે કે–

प्रसन्नगम्भीरपदाहितक्रमा, मिताक्षरा वर्जितपौनरुक्त्या ।
यैर्निर्मिता संग्रहणीयमद्भुता, नमोनमस्तत्पदपंकजेभ्यः ॥१॥

તે જ પ્રમાણે એ જ મહાત્માએ ક્ષમાશ્રમણ શ્રી જિનભદ્રગણીના બૃહત્ક્ષેત્રસમાસ નામના ગ્રન્થ ઉપરથી સરલ અને ગંભીરાર્થ એવા ક્ષેત્રસમાસગ્રન્થ રચવાના માનસિક વેગને પણ અમલમાં મૂક્યો છે જેનો આરંભ '**नमितुवीरं सयलत्थमासगं**' એ ગાથાદ્યપદથી થાય છે પણ અત્યારે તે પ્રસિદ્ધિમાં નથી પણ એની પ્રત ખંભાત ભંડારમાં વિદ્યમાન છે. અત્યારે પ્રસિદ્ધિમાં તો શ્રી રત્નશેખરસૂરિ કૃત ક્ષેત્રસમાસ વધારે છે. આવી આવી સુલભ કૃતિઓ રચી ખરેખર! તેઓએ પરોપકાર શીલતાની પરાકાષ્ઠાનું દર્શન કરાવ્યું છે.

આ ઉપરથી શ્રી ચન્દ્રમહર્ષિજી ભૂગોળ અને ખગોળ વિષયના સુનિષ્ણાત હોવા સાથે તેવા વિષયપરત્વે હાર્દિક લાગણી ધરાવનાર ચારે અનુયોગના પરમાભ્યાસી હતા, એમ સારી રીતે અવલોકી શકાય છે. આ સિવાય કમનસીબે તેમની શિષ્યાદિ પરંપરાનો, માતાપિતાદિકના નામનો, કે જન્મસ્થળ ઈત્યાદિનો સત્તાવાર કશોએ ઉલ્લેખ દૃષ્ટિગોચર થતો નથી.

## શ્રી ચન્દ્રમહર્ષિના સમકાલિક મહર્ષિઓ અને બારમી સદી :–

શ્રી ચન્દ્રમહર્ષિના સમકાલિક પુરુષો જે છે તેનું વર્ણન કરવા જો બેસીએ તો તો ઘણાં પાનાં રોકવાં પડે, પણ જો અતિ સંક્ષેપમાં બ્યાન દોરીએ તો તેમના સમકાલિક શ્રી કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી એ છેલ્લી સદીઓમાંના એક મહાનમાં મહાન પુરુષ તરીકે ઓળખાવી શકાય, તેઓ એક આગમવાદી અને તર્કવાદી તરીકે જબરજસ્ત અને કોઈ અનોખા જ મહર્ષિ હતા, તેમનું વ્યક્તિત્વ અસાધારણ પ્રતિભાશાળી હતું, ત્યાગ વૈરાગ્યના તો સાક્ષાત્ પ્રતિબિંબ સમા હતા, એક અબધૂત યોગી તરીકે, પ્રખર મંત્રવાદી તરીકે, કુશલ તંત્રવાદી તરીકે, અને એક સમર્થવાદી તરીકે તે અદ્વિતીય નરોત્તમ હતા. તેમના નૈષ્ઠિક બ્રહ્મચર્યનો પ્રતાપ ભલભલા ગગનમંડળને ભેદીને ઇન્દ્રલોકમાં પ્રસરી વળ્યો હતો. ભલભલા ચમરબંધીઓના મસ્તકો તેમનો પાદસ્પર્શ કરતા હતા, તેઓએ ગુજરાતને પોતાનું પ્રાણપ્રિય ક્ષેત્ર બનાવી સારાએ દેશને સામાજિક કે રાજકીય, ધાર્મિક કે વ્યવહારિક હરેક બાબતોમાં નવું જ ચેતન અને નવસર્જન સમર્પ્યું હતું. તેઓશ્રીએ રાજકારણ પાછળ, ધર્મપ્રચાર અને સાહિત્ય સંસ્કૃતિનો જબ્બર વિકાસ કર્યો હતો. મહાન વૈયાકરણી તરીકે કોષકાર કાવ્યકાર તરીકે અત્યારે પણ તેઓ અક્ષરદેહ દ્વારા જગવિખ્યાત બન્યા છે. તેઓની અસાધારણ, જ્વાજલ્યમાન વિદ્વત્તાએ સહુ કોઈને આશ્ચર્ય મુગ્ધ બનાવી વંદન નમસ્કારના અર્ઘ્ય ઝીલ્યાં છે. ધન્ય હો! એ અમરાત્માને! એ પુરૂષ જો ન જન્મ્યા હોત, સાહિત્યક્ષેત્રને ફાલીફુલીને ઉંડામાં ઉંડું દોહન કરીને સર્વતોમુખી બનાવ્યું ન હોત, પ્રત્યેક વિષય ઉપર તલસ્પર્શી વિશાળ અને તુલનાત્મક દૃષ્ટિએ ગ્રન્થ સંદર્ભો રચ્યા ન હોત, તો નવીન યુગમાં સાહિત્યક્ષેત્ર ખરેખર અપૂર્ણ જ લેખાયું હોત. અરે! એ અષ્ટાધ્યાયી વ્યાકરણ વિના આજના નવીન અને પ્રગતિમય યુગમાં ગુજરાતને શરમનો અંચલો ઓઢવાનો જ પ્રસંગ આવ્યો હોત, પણ એ પુણ્યભૂમિનાં તેજ કોઈના લુંટ્યા લુટાયાં છે ખરાંકે! સમાજના સદ્‌ભાગ્ય કદીએ ઝુંટવાયા છે ખરાંકે! ધાર્મિક તપોબલના ચમકારા દીર્ઘકાળ પર્યન્ત કોઈ ઠેકાણે અદૃશ્ય રહ્યાં છે ખરાંકે! હરગીજ નહીં.

એથી જ એ પુરુષ આ સૌભાગ્યવંતી ગુર્જરભૂમિના સ્વામી તરીકે જન્મ્યા, જન્મીને સેંકડો અદ્વિતીય અને વિદ્વત્તા ભરપૂર ગ્રન્થો દ્વારા ગુજરાતને અભિમાન લેતું અને અમર કર્યું, ત્યારે સાહિત્યક્ષેત્રમાં સમર્થ વ્યુત્પન્ન શેખર, પરમ બહુશ્રુત અને દાર્શનિક વિદ્વાન તરીકે તેમની અમર કૃતિઓ પ્રથમ સ્થાને છે એમ સત્ય વસ્તુસ્થિતિનું ઈતર સમાજને પુનઃ ભાન આજે પ્રગટ થયું છે.

એ સિવાય અઢાર દેશાધિપતિ મહારાજા કુમારપાળને જૈનધર્મી બનાવ્યો, સેંકડો ભવ્યાત્માઓને જૈનધર્મમાં સ્થિર કર્યા, સર્વતોભદ્ર અહિંસાનો ડિંડિમનાદ ભારતના કંઈક દેશમાં ગાજતો કર્યો, આથી ગુજરાતના ધાર્મિક વૈભવ અને પ્રતાપની અસર અન્ય દેશો ઉપર ખૂબ જ ફરી વળી અને એથી જ એ યુગ હેમયુગ તરીકે ઓળખાવવા લાગ્યો.

એ આખોયે યુગ ટૂંકમાં તપાસીએ તો સાહિત્યવર્ધનનો, પ્રખર લેખકોનો, સમર્થ ઉપદેશકોનો, અસાધારણ જ્ઞાનપ્રચારનો, દેદીપ્યમાન બુદ્ધિમત્તાનો, પ્રચણ્ડવાદીકેસરીઓનો, ગ્રન્થ રચયિતાઓનો પુસ્તકલાલેખનનો, વિવિધ સાહિત્યસર્જકોનો, જૈનપ્રવચન પ્રભાવકોનો, એમ એ ચમત્કારિક અને એક સોનેરી જ યુગ હતો અને એ યુગ દ્વારા જ જૈનસાહિત્ય દીર્ઘકાલિકી અવસ્થાવાળું અને ચિરસ્થાયી બની શક્યું હતું.

તેમના સિવાય સમર્થ ટીકાકાર શ્રી મલયગિરિજી, સમર્થ વાદી ગજકેસરી, શ્રી દેવસૂરિજી (વાદી દેવસૂરિ), સમર્થ આગમવાદી વર્ધમાનસૂરિ આદિ અનેક મહાન પુરુષો પણ તત્કાલ વિદ્યમાન હતા. વળી ખરતરગચ્છીય સુપ્રસિદ્ધ 'દાદા' શબ્દથી સંબોધાતા શ્રી જિનદત્તસૂરિજી પણ ત્યારે વિદ્યમાન હતા.

બીજી બાજુ દિગમ્બર સમાજના શ્રી કુમુદચંદ્ર પ્રમુખ પ્રખર વિદ્વાનો પાકચા હતા, અન્ય પ્રાંતોમાં બૌદ્ધ સમાજમાં પણ બુદ્ધિશાલી પંડિતોની ન્યૂનતા ન હતી, અરે! જૈનેતર સમાજમાં ડોકીયું કરીએ તો શંકરાચાર્ય જેવા સમર્થવાદી પણ તે જ યુગમાં જન્મેલા હતા.

આમ એ યુગ જ વિદ્વાનોને પેદા કરનારો હતો, જૈનો માટે તો ખરેખર એ ચમત્કારિક અને સોનેરી યુગ જ હતો જ્યારે જૈનધર્મરૂપી સૂર્ય મધ્યાહ્નકાળે પહોંચી ગયો હતો.

આ પ્રમાણે ગ્રન્થકર્તા શ્રી ચન્દ્રમહર્ષિના સમકાલિક મહાપુરૂષોનો આછો પરિચય દર્શાવ્યો.

## શ્રી સંગ્રહણી ઉપરના વૃત્તિકારો કોણ?–

એ ચન્દ્રીયા [1]સંગ્રહણીના ટીકાકાર તાત્કાલિક થએલા તેમના જ પંડિતપ્રજ્ઞ શિષ્ય શ્રી દેવભદ્રસૂરિ છે, જેઓ શ્રી મુનિચંદ્રસૂરિ નામના મહાન આચાર્યના પરમકૃપાપાત્રી અને લબ્ધ પ્રતિષ્ઠક હતા અને જેઓએ ક્ષેત્રસમાસ–જીવાનુશાસન, દર્શનશુદ્ધિ પ્રકરણ ઉપદેશરત્ન કોષાદિ ગ્રન્થના વિવરણકર્તા હતા. ન્યાયાવતાર પણ કર્યું છે, [2]ક્ષેત્રસમાસવૃત્તિ ૧૨૩૩માં કર્યાનો ઉલ્લેખ

---

૧. જ્યારે ભાષ્યકાર પ્રાચીન સંગ્રહણીના ટીકાકાર શ્રી મલયગિરિ ઉપરાંત અન્યાચાર્યો પણ થયા છે પણ વર્તમાનમાં શ્રી મલયગિરિજીકૃત બૃહત્ટીકા સિવાય અન્ય જોવામાં આવેલ નથી.

૨. ક્ષેત્રસમાસ, તે તેમના જ ગુરૂ શ્રી ચન્દ્રમહર્ષિનું કરેલું જ હોવું જોઈએ, કારણ કે સ્વગુરુની સંગ્રહણી ઉપર જ્યારે પોતે જ ટીકા કરી, તેમ સ્વગુરૂકૃત ક્ષેત્રસમાસ ઉપર પણ ટીકા રચી હોય એમ સમજવું વધુ સંગત લાગે છે.

છે. તેઓશ્રીએ કરેલ શ્રી ચન્દ્રમહર્ષિ સંગ્રહણીની ટીકા ઘણી જ રોચક, સરળ અને સ્પષ્ટાર્થક છે.

## ઉપસંહાર અને મારી ક્ષમાયાચના :–

આ ચન્દ્રીયા સંગ્રહણીનું અધ્યયન અત્યારે સવિશેષ પ્રચાર પામ્યું છે, શ્રમણવર્ગમાં અધિક ફેલાવો થયો છે, આમ છતાં અદ્યાવધિ તેવું સુંદર સરલ સ્પષ્ટાર્થક અને સુવિસ્તૃત ભાષાંતરની ખૂબ જ ખામી ચાલી આવતી હતી, જે હતું તે નહીંવત્ હતું જેથી પાઠકો ન તો તેનો સુંદર લાભ ઉઠાવી શકતા કે ન તો તેનો જોઈએ તેવો સારો બોધ થતો. એ ખામીએ મને પ્રેર્યો અને તેથી મને તે મહાન ગ્રન્થનું ભાષાંતર કરવાની પુણ્ય તક સાંપડી (એ ભાષાંતર કયા સંજોગોમાં કેવી રીતે શરૂ થઈને પૂર્ણ થયું એનો ઉલ્લેખ મારા નિવેદનમાં અગાઉ કર્યો છે.) અને મેં તે કાર્ય મારી શક્તિ બહારનું હતું છતાં દર્ભાવતી–ડભોઈ મંડન ચખંડપ્રભાવક શ્રી લોઢણ પાર્શ્વનાથજી ભગવાનના પરમ પ્રતાપથી અને પૂજ્ય આચાર્યદેવોની પરમ કૃપાથી અને પૂજ્ય ગુરૂદેવની સતત સહાયથી અને અન્ય મુનિવર્ગ વગેરેના સહકારથી હું પુરૂં કરી શકવા સમર્થ થયો તે ખાતર અને મારાથી કેવલ સ્વોપકારવૃત્તિની ખાતર થએલા આ કાર્ય બદલ મને જે હર્ષ થયો તે માટે વિનમ્ર અભિમાન લઉં તો હાસ્યાસ્પદ તો નહીં જ બનું!

માનવમાત્ર ભૂલને પાત્ર છે, તો વાચકવર્ગ મારી પ્રસ્તાવનામાં થએલી ભૂલને ક્ષન્તવ્ય કરશે, તેવી જ રીતે મારા ભાષાંતરમાં રહેલી ખામીઓ નજરે પડે તેને ગૌણ કરી ક્ષન્તવ્ય ગણી ઉપકૃત કરશે અને મને જણાવશે એવી સહૃદયની પ્રાર્થના સાથે મારી પ્રસ્તાવના અહીં જ સમાપ્ત કરૂં છું.

પાલીતાણા.<br>
ચંપાનિવાસ.<br>
અક્ષય તૃતીયા,<br>
વિ. સં. ૧૯૯૫.

શ્રી ગુરૂચરણ સેવક :–<br>
'યશોવિજય'

ઉત્તમ સૌથી આબરૂ, સજ્જન કેરો સાથ;<br>
લાજ ગઈ જો લાખની, ફરી ન આવે હાથ.

મહા મહિનાનું માવઠું, જંગલ મંગલ ગીત;<br>
સમય વિનાનું બોલવું, તે ત્રણ સરખી રીત.

દાન આપતી વખતે હાથમાં શું છે તે નહિ<br>
પણ દિલમાં શું છે તે જોવાનું રાખો.

# ગ્રન્થ વિષય પરિચય

આ શ્રી ત્રૈલોક્યદીપિકા અપરનામ શ્રી બૃહત્સંગ્રહણીસૂત્ર જેના ઉપર આ અનુવાદ કરવાનું સાહસ ખેડ્યું છે તેની ૩૪૯ ગાથાઓ છે.

આ ભાષાંતર ટીકાના શબ્દે શબ્દના જ અર્થસંગ્રહ તરીકે જેમ નથી તેમ આ ગ્રન્થનું ભાષાંતર ૩૪૯ ગાથામાં જ આવતા વિષયોનું છે એમ પણ નથી, કિન્તુ આ ગ્રન્થનો અનુવાદ ૩૪૯ ગાથાના અર્થ ઉપરાંત અનેક અન્ય ગ્રન્થોમાં મલતા ઉપયોગી વિષયોને દૃષ્ટિપથમાં રાખીને કર્યો હોવાથી કેટલુંક વર્ણન નવીન જ ઉમેરવામાં આવ્યું છે. જ્યારે કેટલેક સ્થળે અંદરની જ વાતોને ચર્ચા દ્વારા સુવિસ્તૃત સ્વરૂપ આપવામાં આવ્યું છે. આમ ઘણા ઉપયોગી વિષયો, અધિકારો, અને પરિશિષ્ટોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અભ્યાસીવર્ગની સરલતા સુગમતા માટે સ્થળે સ્થળે હેડીંગો, જુદા જુદા અનેક યન્ત્રો, આકૃતિઓ, પૃથક્ પૃથક્ પેરિગ્રાફો સહિત વિષયોની વિભાગવાર, ક્રમબદ્ધ વ્યાખ્યાઓ વગેરે આપવામાં આવ્યું છે, જેથી આ ગ્રન્થ સહુ કોઈને રૂચિકર થશે.

## ગ્રન્થકારની વિષય ગુંથણી :-

આ સંગ્રહણી ગ્રન્થમાં ગ્રન્થકાર મહાશયે ખાસ કરીને મુખ્યત્વે ૧. સ્થિતિ (આયુષ્ય) ૨. ભવન, ૩. અવગાહના, ૪. ઉપપાત વિરહ, ૫. ચ્યવન વિરહ, ૬. ઉપપાત સંખ્યા, ૭. ચ્યવન સંખ્યા, ૮. ગતિ, ૯. આગતિ, આ પ્રમાણે નવ દ્વારો બાંધીને વ્યાખ્યા કરવાની સુંદર અને વ્યવસ્થિત પ્રથા સ્વીકારી છે.

ચારે ગતિ આશ્રયી વિચારીએ તો એ નવ દ્વારો દેવ અને નરકગતિને સંગત હોવાથી બન્નેનાં મળીને ૧૮ દ્વારો અને શેષ મનુષ્ય-તિર્યંચગતિમાં શાશ્વતા ભુવનોના અભાવે ભુવનદ્વાર સિવાયના આઠ આઠ દ્વારો ઘટતાં હોવાથી બન્નેનાં મળીને ૧૬ દ્વારો, ચારે ગતિનાં (૧૮+૧૬) મલીને કુલ ૩૪ દ્વારોની વ્યાખ્યા આ ગ્રન્થમાં દર્શાવેલી છે. તેમજ પ્રસંગે પ્રસંગે સંગત અને જરૂરી એવો અન્ય વિષય પણ આપવો ગ્રન્થકાર ચુક્યા નથી. તે સંક્ષિપ્તમાં આ પ્રમાણે :-

## અનુવાદનો પરિચય :-

આ અનુવાદના પ્રારંભમાં મંગલાચરણની ચર્ચા બાદ દશમાં પાનેથી સંગ્રહણી સૂત્રની આદ્યગાથા શરૂ થાય છે, ત્યારબાદ ઉપયોગી પુદ્ગલ પરાવર્તનું સંક્ષિપ્ત સ્વરૂપ અનેક પ્રમાણભૂત ટીપ્પણીઓને સ્થાન આપવા સાથે, ઘણાં પાનાં રોકે છે.

૧. દેવગતિ અધિકારના નવે દ્વારોની વ્યાખ્યા શરૂ થાય છે, એમાં નવ દ્વારો ઉપરાંત પ્રાસંગિક દેવોની કાયા, ચિહ્ન, વસ્ત્રાદિક વર્ણ અષ્ટરૂચક અને સમભૂતલા સ્થાન નિર્ણયની ચર્ચા, મનુષ્ય ક્ષેત્ર વર્ણન, અસંખ્ય દ્વીપ-સમુદ્રોની વ્યાખ્યા, પ્રાસંગિક અઢીદ્વીપાધિકારની સંક્ષિપ્ત વ્યાખ્યા, મંડલાધિકાર

દક્ષિણાયન-ઉત્તરાયણ કેમ થાય છે, લાંબાં ટૂંકા રાત્રિ-દિવસો થવાનું કારણ, જુદા જુદા દેશો આશ્રયી રાત્રિ-દિવસના ઉદયાસ્તમાં રહેતા તફાવતનો સમન્વય, ઇત્યાદિ, તથા અન્તે વૈમાનિક-નિકાયનું સુવિસ્તૃત સ્વરૂપ આદિ પણ આપવામાં આવેલ છે.

તેમજ બીજા દ્વારોની વ્યાખ્યાના પ્રસંગોમાં સંઘયણ-સંસ્થાનનું, અપરિગ્રહીતા દેવીઓનું, કિલ્બિષકોનું, લેશ્યાઓનું, આહાર-શ્વાસોચ્છ્વાસમાન ઘટના, ત્રણ પ્રકારના આહારનું, દેવોની ઉત્પત્તિથી માંડીને સર્વક્રમ વ્યવસ્થા, તેમજ તેઓનું અવધિજ્ઞાનક્ષેત્ર કયા આકારે છે ઇત્યાદિ સ્વરૂપ આપવામાં આવ્યું છે.

૨. નરકગતિ અધિકારમાં ઉક્ત નવે દ્વારોની વ્યાખ્યા, તત્પ્રસંગે તેમની વેદનાના પ્રકારો, તેમનાં દુઃખોના પરિપાકો, તેમનો આકાર વ્યવસ્થા, નરકવિસ્તાર, ઘનોદધ્યાદિની વ્યવસ્થા, નરકાવાસાઓનું સ્થાન તથા આકૃતિ સ્વરૂપ, અને લેશ્યાનું સ્વરૂપ વગેરે દર્શાવેલ છે.

૩. મનુષ્યગત્યાધિકારમાં ભુવન વિના ૮ દ્વારોની વ્યાખ્યા, દરમિયાન, ચક્રવર્તી વાસુદેવનું સ્વરૂપ તથા તેમના રત્નોની સુવિસ્તૃત વ્યાખ્યા, લિંગવેદાશ્રયી ગતિ, એક સમયસિદ્ધિ, સિદ્ધશિલા તથા સિદ્ધના જીવોનું વર્ણન તથા પ્રાસંગિક સિદ્ધજીવોનો પરિચયાદિ આપવામાં આવેલ છે.

૪. તિર્યંચગતિ અધિકારમાં પ્રથમ ગ્રન્થાન્તરથી તિર્યંચ જીવોનો સંક્ષિપ્ત પરિચય દર્શાવી ભુવન વિના આઠે દ્વારોની વ્યાખ્યા, તત્પ્રસંગમાં તેમની કાયસ્થિતિ સંબંધી સુંદર વર્ણન, ભવસ્થિતિનું સ્વરૂપ તથા નિગોદ, લેશ્યાદિકનું વર્ણન પણ આપવામાં આવેલું છે.

ત્યારબાદ ચારે ગત્યાશ્રયી સામાન્ય અધિકારમાં ત્રણે પ્રકારનાં અંગુલની, કુલકોટી, યોનિભેદોની, આયુષ્યના વિવિધ પ્રકારોની, અબાધાકાળ, ઋજુ-વક્રગતિ, આહારી--અનાહારી, ૭ પ્રકારની પર્યાપ્તિ તથા દશ પ્રકારના પ્રાણો વગેરેની સુવિસ્તૃત વ્યાખ્યાઓ, બાદ ૧૬ પ્રકારની સંજ્ઞા, ગ્રન્થકાર અને ગ્રન્થ રચવાનું પ્રયોજન અને ૨૪ દંડકોની સંક્ષિપ્ત વ્યાખ્યા વગેરે દર્શાવેલું છે.

ત્યાર બાદ પ્રક્ષિપ્ત ગાથાદ્વારા અઢાર ભાવરાશિ તથા ગ્રન્થકારના ગુરૂનો નિર્દેશ દર્શાવી વિવિધ વિષયો દ્વારા ગ્રન્થ સમાપ્તિ ઇચ્છવામાં આવી છે. ત્યારબાદ સંગ્રહણીની ૩૪૯ મૂલગાથાઓ ફક્ત ગાથાના સંક્ષિપ્ત અર્થ સાથે આપવામાં આવેલ છે.

## યન્ત્રોનો વિષય :-

તદુપરાંત સ્થળે સ્થળે વિવિધ ઢબે ઉપયોગી એવા લગભગ ૧૨૭ યન્ત્રો સરલતા પૂર્વક આપેલ છે. આવી મોટી યન્ત્ર સંખ્યા ભાગ્યેજ અન્ય ગ્રન્થમાં મળી આવે, એથી પ્રસ્તુત વિષયો સાથેની આ પદ્ધતિ ઘણી જ લાભદાયક છે.

## ચિત્ર પરિચય :-

આ ગ્રન્થમાં લગભગ ૭૦ ચિત્રો આપવામાં આવ્યાં છે. લગભગ ૫૦ ચિત્રો નવાં મારાં આલેખેલ છે, ચિત્રો પાછળ માનસિક શક્તિનો ભારે ભોગ અપાય, અને બુદ્ધિનો મહદ્ વ્યય થાય

ત્યારે સુંદર અને શાસ્ત્રીય ચિત્રો તૈયાર થઈ શકે છે. એ તેના અનુભવીઓ જ સમજી શકે.

એકંદરે ચિત્રો ઘણાં જ ઉપયોગી આલેખાયાં છે, તે અભ્યાસીઓ જોઈ શકશે, અને તે તે સ્થળે દાખલ કરવામાં આવ્યાં છે, ચિત્રો આપવાની પદ્ધતિ ગ્રન્થના મૌલિક વિષયોનો સાક્ષાત્ ચિતાર રજૂ કરવા માટે ઘણી જ આવકારદાયક છે, પાઠકો પણ તેથી ઘણો પ્રમોદ અનુભવે છે.

## ૧૦૩ ફર્માનો દલદાર ગ્રન્થ :–

એકંદરે અનુવાદના ૮૪॥ ફોર્મ, ગાથાનુવાદના છેલ્લા ૭॥ ફોર્મ અને નિવેદનો, ઉપોદ્‌ઘાત, ગ્રન્થવિષય, અનુક્રમણિકા, શુદ્ધિપત્રક વગેરેના ૧૦ ફોર્મ મલી લગભલ ૧૦૩ ફોર્મનો આ ગ્રન્થ ખૂબ જ દલદાર બની ગયો છે. પાઠકવૃંદ તેનો સુંદર લાભ ઉઠાવશે એવી હાર્દિક અભિલાષા છે.

આ ભાષાંતર ગ્રન્થની–મૂલગાથા, છાયા, શબ્દાર્થ, ગાથાર્થ, ત્યારબાદ વિસ્તારાર્થ આ પરિપાટી છે, અને સ્થળે સ્થળે આપેલી વિવિધ યન્ત્ર–આકૃતિઓ તથા મનોરંજન આબેહૂબ ચિતાર આપતાં અનેકરંગી ચિત્રો એ આ ગ્રન્થના અલંકારો છે.

આ પ્રમાણે આ ગ્રન્થનો સંક્ષિપ્ત પરિચય છે.

*–અનુવાદક*

જે નિસરણીનો સહારો લઈને તમો એકવાર ઉપર ચડ્યા હતા તે નિસરણીનો હવે કશો જ ખપ ન હોય તો પણ તેને લાત ન મારશો કેમકે સંભવ છે કે તમારે પાછાં ઉતરવાની પરિસ્થિતિ ક્યારેક પેદા થાય, ત્યારે એ જ નિસરણીની તમારે કદાચ જરૂર ઉભી પણ થઈ શકે. વ્યવહારમાં પણ તમને મોટા બનાવવામાં જેમણે ફાળો આપ્યો હોય તેમણે ખોટાં કે નકામા માનવાની ભૂલ કદાપિ ન કરશો, નહિતર ક્યારેક એ તમને ભારે પડી જશે.

બળની વાતો બહુ કરે, કરે બુદ્ધિના ખેલ,
આપદ્‌કાળે જાણીએ, તલમાં કેટલું તેલ.

सर्वविघ्नहरणाय श्रीशंखेश्वरपार्श्वनाथाय नमः

અહીં સંગ્રહણીગ્રન્થની બીજી આવૃત્તિની જ

# પ્રસ્તાવના

સુધારાવધારા સાથે છાપી છે.

લે. આચાર્યશ્રી યશોદેવસૂરિજી-પાલીતાણા

નોંધ :–પહેલી આવૃત્તિમાં ૧૯ પાનાંની પ્રસ્તાવના લખી હતી, એ પ્રસ્તાવના કેન્સલ કરી બીજી આવૃત્તિમાં નવેસરથી સં. ૨૦૪૪માં પ્રસ્તાવના લખી હતી, તે સુધારાવધારા સાથે ત્રીજી આવૃત્તિમાં છાપી છે. સં. ૨૦૫૩

**मेघाच्छन्नो यथा चन्द्रो न राजति नभस्तले।**
**उपोद्घातं विना शास्त्रं न राजति तथाविधम्॥१॥** એક પ્રાચીન પદ્ય

નોંધ :–એ આપ્તોક્તિ અનુસાર કોઈપણ પુસ્તક ગમે તેટલું મહત્ત્વનું કે ગૌરવભર્યું હોય પણ તેના ઉપર સચોટ પ્રકાશ ફેંકતો, ગ્રન્થ વિષયોનો તલસ્પર્શી પરામર્શ કરતો અને ગ્રન્થના સારભૂત નવનીત દર્શાવતો એક સુંદર અને સુવિસ્તૃત ઉપોદ્ઘાત કે પ્રસ્તાવના જો ન હોય તો તે પુસ્તક જોઈએ તેવું શોભતું નથી, વાચકોને સંતોષ આપતું નથી. તેમાંય અત્યારે તો ઉપોદ્ઘાત કે પ્રસ્તાવના વિશદ છણાવટ અને વિગતો પૂર્ણ હોય તેટલું ગ્રંથ ગૌરવ વધે. હું પણ તે નિયમને માન આપીને યથામતિ થોડી લાંબી પ્રસ્તાવના લખું છું.

આ ગ્રન્થની પહેલી આવૃત્તિમાં જે પ્રસ્તાવના છાપી હતી તે એક તો ૨૧ વર્ષની સાવ નાની ઉમ્મરે લખેલી, એ વખતની ઉમ્મર, અભ્યાસ તેમજ સંજોગ અને પરિસ્થિતિ આ બધાને અનુલક્ષીને લખેલી હતી. નવું લખવાના ટાઈમના અભાવે અને માત્ર પ્રસ્તાવનાના લીધે પ્રકાશન અટકી ન પડે એટલે બીજી આવૃત્તિમાં જૂની જ પ્રસ્તાવના છાપી દેવી આવો વિચાર કરેલો, પરન્તુ છેલ્લે પ્રસ્તાવના ઉપર નજર કરતાં લાગ્યું કે આ પ્રસ્તાવનાની (૪૮ વર્ષ પહેલાંની) હવે વિશેષ અગત્યતા નથી રહી એટલે ફરી નવી જ લખવી. સાથે એમ નક્કી કર્યું કે પ્રસ્તાવના અને સાથે ગ્રન્થનો પરિચય વગેરે આપતાં પહેલાં તે અંગેની થોડી ભૂમિકા પણ લખવી.

## –પાયાની વાત–

જૈનધર્મના અને જૈન તત્ત્વજ્ઞાનના આદ્ય પ્રકાશક વીતરાગ, સર્વજ્ઞ એવા તીર્થંકરો હોય છે. તેઓશ્રીના આપેલા જ્ઞાનને તેમના આદ્ય ગણધરશિષ્યો ગ્રહણ કરે છે, અને તે પછી એ જ્ઞાન

ઉપરથી જ શાસ્ત્રો રચે છે, પછી એ શાસ્ત્રો દ્વારા તીર્થંકરદેવના જ્ઞાનનો જુદી જુદી રીતે વિસ્તાર થતો રહે છે. સમ્યગ્દષ્ટિને પામેલા જીવો, તેઓશ્રીની વાણીને યથાર્થ-સર્વથા સત્ય માનીને સ્વીકારે છે.

પ્રશ્ન :–તીર્થંકરો જે જ્ઞાન આપે અથવા જે કંઇ કહે તે બધું સાચું જ, વિશ્વસનીય અને શ્રદ્ધેય જ હોય છે એવું કહેવામાં આવે છે તેમાં પ્રમાણ શું?

ઉત્તર :–પ્રમાણમાં તીર્થંકરોનો વિકાસ ક્રમ, સાધના અને સિદ્ધિ.

જૈન તીર્થંકરો પોતાના અંતિમ ભવમાં તીર્થંકરરૂપે ત્યારે જ જાહેર થાય છે કે રાગ-દ્વેષનો ક્ષય કરી વીતરાગ અવસ્થા પ્રાપ્ત કરી કેવલજ્ઞાન, કેવલદર્શન એટલે ત્રિકાલજ્ઞાન પ્રાપ્ત કરી લીધું હોય. ત્રિકાલજ્ઞાનનો અર્થ એ કે દૃશ્ય-અદૃશ્ય અખિલ બ્રહ્માંડને તેમાં રહેલા દ્રવ્યો-પદાર્થો, તે પદાર્થોના પર્યાયો, વિવિધ અવસ્થાઓ, પદાર્થોના ગુણો વગેરેને સંપૂર્ણ આત્મપ્રત્યક્ષ જોવા ને જાણવા. આથી જ્ઞાનના બળે સમગ્ર વિશ્વનું યથાર્થ દર્શન તેઓ કરી શકે છે. આ શક્તિ પ્રાપ્ત થયા પછી જ તેઓ જાહેર પ્રવચનો આપે છે. જેથી તેમના પ્રવચનમાં અસત્યનો અંશ આવવાની જરાપણ શક્યતા હોતી નથી, અને આથી વિશ્વને હેયોપાદેયનું સાચું જ્ઞાન મળે છે. તીર્થંકરો સત્યવાદી જ હોય છે. અસત્ય બોલવાનું તેમને કોઇ કારણ જ હોતું નથી.

### માનવજાત ત્રણ કારણોથી જુઠ્ઠું બોલે છે–

માનવજાત ત્રણ કારણોથી જુઠ્ઠું બોલે છે. કાં રાગથી, કાં દ્વેષથી, કાં અજ્ઞાનથી. આ ત્રણેય કર્મો આત્મામાંથી સર્વથા નષ્ટ થઇ જાય પછી કારણનો નાશ થતાં તેના કાર્યરૂપ અસત્ય પણ નષ્ટ થઈ જાય છે. આવી રાગ-દ્વેષ વિનાની જે વ્યક્તિ હોય તેને જ વીતરાગ કહેવાય છે, આપ્ત કહેવાય છે. આપ્ત એટલે યથાર્થવક્તા. વ્યક્તિ વિશ્વસનીય હોય તેના વચન ઉપર જરૂર વિશ્વાસ બેસે છે. યથાર્થ વચન જેઓને રાગ-દ્વેષ ન હોય તેવા વીતરાગ પુરુષો જ બોલી શકે છે. **पुरुषविश्वासे वचनविश्वासः।** એ ન્યાયે.

ઉપરની વાત કહેવાનું કારણ એ છે કે આ સંગ્રહણી ગ્રન્થનો સંબંધ તીર્થંકરદેવની વાણી જોડે જોડાયેલો છે. ત્યારે તીર્થંકર કેવા હોય છે તેનો ખ્યાલ આપવા ઉપરોક્ત સામાન્ય ઈશારાપૂરતી ભૂમિકા જણાવી છે.

❀ ❀ ❀

### 'સંગ્રહણીરત્ન' નામ શાથી?

પ્રસ્તુત ગ્રન્થને લોકો મોટીસંઘયણી, કે સંગ્રહણીના નામથી જાણે છે પણ તેનું એક સ્વતંત્ર નામ 'સંગ્રહણીરત્ન' છે. આ સંગ્રહણીની રચના બારમી શતાબ્દીમાં *શ્રીચન્દ્ર નામના મુનીશ્વરે કરી છે. સંગ્રહણીનો અર્થ એ કે આગમશાસ્ત્રમાં રહેલા વિવિધ પદાર્થોનો જેમાં સંચય-સંગ્રહ કરાયો હોય તે.

---

★ જુઓ संघयणिरयणं। ગાથા ૩૪૯. આ પ્રક્ષેપ ગાથા છે.

વાત એવી છે કે જે સાધુ-સાધ્વીઓ (ગમે તે કારણે) આગમ વાંચનના અધિકારી ન હોય તેઓને આગમનું થોડું ઘણું જ્ઞાન કોઇપણ રીતે ઉપલબ્ધ થાય તો સારૂં! આવી હિતબુદ્ધિથી પન્નવણા આદિ આગમ *શાસ્ત્રોમાંથી કેટલાક પદાર્થોને તારવીને તેની નવી ગાથાઓ રચી જેથી તે ભણવાથી દોષ ન લાગે અને તેથી તેની જ્ઞાનમાત્રામાં વધારો થઇ શકે.

❀ ❀ ❀

જૈનસંઘમાં સંગ્રહણી ગ્રન્થની રચના કરનાર તરીકે બે આચાર્યો જાણીતા છે. એક તો સાતમી શતાબ્દીમાં થયેલા શ્રીજિનભદ્રગણિ ક્ષમાશ્રમણજી અને બીજા બારમી શતાબ્દીમાં થયેલા શ્રીચન્દ્રમહર્ષિ. જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની સંગ્રહણીનું ગાથામાન ૨૭૦ આસપાસનું હતું પણ વિદ્યાર્થીઓએ નવી નવી ગાથા ઉમેરીને સેંકડો વરસોમાં તેને ૪૦૦-૫૦૦ ગાથા સુધી પહોંચાડી દીધું. એ પ્રમાણ નવી નવી ગાથાઓનો ઉમેરો, અન્ય ગ્રન્થોની ગાથાઓને પ્રક્ષેપ કરવાથી વધ્યો હતો. ૫૦૦ વરસ પછી જન્મેલા શ્રી ચંદ્રમહર્ષિને થયું કે ઓછી ગાથાવાળી સંગ્રહણી બનાવવી જોઈએ એટલે એમણે ઓછી બુદ્ધિવાળા માટે ઉપકાર કરવાની બુદ્ધિથી અર્થગંભીર ૨૭૩ ગાથા પ્રમાણ સંગ્રહણીની નવી રચના કરી. જેમાં અર્થ ઘણો રહે અને શબ્દો ઓછા વાપરવા પડે એવી ગાથાઓની નવી રચના કરી અને પ્રાચીન સંગ્રહણીથી આ જુદી છે એવો ખ્યાલ રહે એ ખાતર તેમણે તેની સાથે 'રત્ન' શબ્દ જોડીને 'સંગ્રહણીરત્ન' એવું નામકરણ કર્યું છે.

જો કે આ મુદ્રિત સંગ્રહણીમાં ૨૭૩ નહીં પણ વધારાની ગાથાઓ સાથે ૩૪૯ ગાથા અનુવાદ સાથે છાપી છે. તેનું કારણ એક તો આ ગાથાવાળી સંગ્રહણી છપાએલી હતી અને અમે ઘણા સાધુ-સાધ્વીજીઓ એ જ ભણતા હતા તેથી તે છપાવવી પડી છે. જો કે હાલમાં જિનભદ્રીયા સંગ્રહણી કરતાં શ્રીચન્દ્રમહર્ષિની સંગ્રહણી વધુ પ્રમાણમાં ભણાય છે.

જૈન તત્ત્વજ્ઞાનમાં સમય-કાળની વિશિષ્ટ ફિલસૂફી એટલે પ્રરૂપણા છે, જે તમને આ ધરતી ઉપરના કોઈ ધર્મશાસ્ત્ર દ્વારા પ્રાયઃ જોવા–જાણવા નહિ મળે. વિજ્ઞાન દ્વારા પણ નહિ જાણી શકાય. સંગ્રહણીના વિદ્યાર્થીઓ તથા અભ્યાસીઓને કાળનું સ્વરૂપ જાણવું અનિવાર્ય રીતે જરૂરી હોવાથી બીજા જૈનધર્મના ગ્રન્થોના આધારે સમયથી લઈને અંતિમ સંખ્યાત સંખ્યા સુધી, તેથી આગળ વધીને ઠેઠ પલ્યોપમ યાવત્ સાગરોપમ સુધીનું જાણવા જેવું સ્વરુપ ૧૪માં પાનાંથી લઈને ૪૩માં પાનાં સુધી આપવામાં આવ્યું છે અને વચ્ચે વચ્ચે આનુષંગિક બાબતો પણ લખવામાં આવી છે. વળી અસંખ્ય ક્રોટાનુક્રોટી યોજન દૂર ઊર્ધ્વાકાશમાં ચૌદરાજને અંતે બ્રહ્માંડનો જ્યાં અંત આવે છે ત્યાં જૈનધર્મની દૃષ્ટિએ મોક્ષનું સ્થાન સિદ્ધશિલાના પ્રતીકરૂપે આવેલું છે. ત્યાં અનંતા

---

★ સંગ્રહણી ગ્રન્થમાં જે વિષયો આપ્યા છે તે અનેક જાતના છે. આ બધા વિષયો જુદા જુદા આગમોમાંથી લઈને આપ્યા છે. એ આગમોની યાદી અહીં આપતો નથી. આ વિષયને લગતા આ સંગ્રહણીની રચના પછી ઘણાં વરસો બાદ ચૌદરાજલોકના વિષયને લગતા અનેક ગ્રન્થો નિર્માણ થયા છે. એ બધાયની યાદી અહીં આપતો નથી. તેમજ ભૂગોળ ખગોળને લગતું વૈદિક, બૌદ્ધ સાહિત્ય પણ છે. વૈદિકોમાં વિષ્ણુપુરાણ આદિ પુરાણો અને અન્ય ગ્રન્થો છે. બૌદ્ધોમાં અભિધમ્મકોશ આદિ છે પણ તે નામોની યાદી અહીં આપતો નથી. જૈનજ્યોતિષ અને થોડોક ગણિતનો વિષય છે એટલે લૌકિક, લોકોત્તર ગણિત, વગેરે ગણિતના અનેક પ્રકારો જૈન, વૈદિક, બૌદ્ધ સંસ્કૃતિ આ અંગે કેવી કેવી સમજ આપે છે તે પણ અહીં આપવું જરૂરી નથી.

જીવો દેહરૂપે નહિ પણ જીવતાં જ્યોતિ સ્વરુપે છતાં સંપૂર્ણ દૃષ્ટા તરીકે રહેલા છે. જૈનધર્મમાં જીવના મોક્ષ ત્યારે જ થાય છે કે, જીવ સારાં નરસાં તમામ કર્મોનો ક્ષય કરી સદાને માટે વિદેહી બની પોતાના આત્માને સંપૂર્ણ કર્મરહિત કરી નાંખે ત્યારે. જીવ એક પલકારામાં અવશ્ય મોક્ષ ચાલ્યા જાય છે અને જૈનધર્મની દૃષ્ટિએ મોક્ષે ગયેલા આત્માઓને કદી જન્મ લેવા આ સંસારમાં પુનઃ આવવાનું હોતું નથી. સંસારના તમામ દુઃખોનો અંત આવે એ માટે આત્મા મોક્ષની સાધના કરે છે, પછી એને સંસારમાં ખેંચી લાવે એવું કોઇ કર્મ-કારણ વિદ્યમાન રહેતું નથી.

એ મોક્ષસ્થાનથી એટલે ઉર્ધ્વાકાશથી નીચે ઉતરતાં અફાટ આકાશમાં જ ઉત્તમ કોટિના વિવિધ પ્રકારના દેવોનાં સ્થાનો અને તેના અસંખ્ય વિમાનો હોય છે. તે પછી નીચે આવતાં સૂર્ય-ચન્દ્ર વગેરેનો જ્યોતિષલોક આવે છે. એથી નીચે ઉતરતાં અત્યારનો મનુષ્યલોક જે ધરતી ઉપર આપણે બેઠાં છીએ એ સ્થાન આવે છે. આ ધરતીના કેન્દ્રમાં મેરુપર્વત રહેલો છે, જે લાખો માઇલ દૂર છે જેને આપણે જોઇ શકતા નથી. આપણે જે રહીએ છીએ એ ધરતીની નીચે હજારો માઇલ નીચે જઇએ ત્યારે નીચે વર્તતી સાત નરક-પૃથ્વી પૈકીની પહેલી નરક પૃથ્વી આવે છે. તે પછી અબજોના અબજો માઇલ સુધી અવકાશમાં બીજી છ નરક પૃથ્વીઓ રહેલી છે. ભયંકર પાપો કરનારા જીવોને ત્યાં ઉત્પન્ન થયા પછી જીવને અપાર દુઃખના અનુભવ કરવા પડે છે. એ સ્થાન તરીકે નરકના સ્થાનની જે પ્રસિદ્ધિ છે તે આપણી ધરતીની નીચે જ આવેલી છે. જેનું વર્ણન આ ગ્રન્થમાં આપેલું છે.

આ સંસાર ચાર ગતિમાં સંકળાએલો છે. ૧. દેવગતિ ૨. મનુષ્યગતિ ૩. તિર્યંચગતિ અને ૪. નરકગતિ. આપણી ધરતીની ઉપર રહેલા આકાશમાં અબજોના અબજો માઇલ સુધીના વિસ્તારમાં બે પ્રકારના દેવો વસેલા છે. ૧. વૈમાનિક ૨. જ્યોતિષ, અને બીજા બે પ્રકારના દેવો એટલે ભવનપતિ તથા વ્યન્તર આ બંને પ્રકારના દેવો આપણી ધરતીની ઘણા નીચે પહેલી નરકની પૃથ્વીની અંદર, ઉપરના ભાગે વચમાં રહેલા છે. દેવોને આપણે પ્રત્યક્ષ જોઇ શકતા નથી. મંત્રસાધના દ્વારા કે સામેથી દેવની કૃપા થાય તો જ તેનું દર્શન થઇ શકે છે. આકાશના દેવો ઘણી ઉંચી કક્ષાના હોય છે અને એમની શક્તિ-તાકાત બધી રીતે નીચેના દેવો કરતાં અનેક ગણી વધારે હોય છે, કેમકે તેવું પુણ્ય બાંધીને જન્મ્યા છે માટે. તીર્થંકરદેવને મેરુપર્વત ઉપર અભિષેક કરવા ભગવાનને ખોળામાં લઇને પ્રારંભમાં જે ઇન્દ્ર બેસે છે તે ઉપરનો સૌધર્મઇન્દ્ર હોય છે. ચોવીશ તીર્થંકરના યક્ષ-યક્ષિણીઓ તથા ભૂત, પ્રેત, પિશાચ, રાક્ષસ, કિન્નર, ગાંધર્વ વગેરે જાતજાતનાં સારાં, હલકાં બધી જાતનાં દેવ-દેવીઓ જેઓ મનુષ્યલોકમાં આવીને સારાં-નરસાં ફળો આપે છે, તે બધા દેવ-દેવીઓ આપણી ધરતી નીચે આવેલી (પ્રાયઃ) વ્યન્તર નિકાયનાં હોય છે.

જ્યોતિષીદેવોનાં વર્ણન પ્રસંગે રાત્રિ-દિવસ કેમ થાય છે, તેનું કાળમાન, સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાને લગતું વર્ણન કરશે. જે આજની વૈજ્ઞાનિક માન્યતા સાથે જરાપણ મેળ ખાય તેમ નથી.

દેવગતિ પછી આ ગ્રન્થમાં મનુષ્યગતિનું વર્ણન કરશે જેમાં પ્રાસંગિક ગ્રન્થાન્તરથી જંબૂદ્વીપ સહિત અઢીદ્વીપનું પણ થોડું વિસ્તારથી વર્ણન કરશે.

મનુષ્યલોકના વર્ણન પ્રસંગે જંબૂદ્વીપને ફરતા એક પછી એક અસંખ્ય દ્વીપ સમુદ્રો આ ધરતી ઉપર અબજો માઈલ સુધી કેવી રીતે રહેલા છે તેનો આછો ખ્યાલ આપશે.

આ સંગ્રહણીમાં મહત્ત્વનો વિભાગ જો કોઈ હોય તો સૂર્ય-ચન્દ્રનો અધિકાર છે. જો કે સંગ્રહણીમાં તો આને લગતી ગાથાઓ ૧૦-૧૨ જ છે, પરન્તુ સૂર્યપ્રજ્ઞપ્તિ, ચંદ્રપ્રજ્ઞપ્તિ, લોકપ્રકાશ વગેરે ગ્રન્થો દ્વારા મેં સૂર્ય-ચંદ્રના મંડળો, તેની તમામ જાતની વ્યવસ્થાનું વર્ણન ખૂબ વિસ્તારથી જણાવ્યું છે. આ વિભાગ જ સહુથી વધુ પેજ (૧૦૦ પાનાં) રોકે છે. પહેલી આવૃત્તિમાં આ વિભાગ માટે ઘણા આચાર્યો તેમજ જંબૂદ્વીપ અને ખગોળ શાસ્ત્રના અથાગ અભ્યાસી ધર્મસ્નેહી મુનિરાજ શ્રી અભયસાગરજી વગેરે સાધુઓ, મુનિરાજો તરફથી ઘણા અભિનંદન મલ્યા હતા.

ત્યારપછી સાતે સાત નરક અને તેમાં રહેતા નારકીઓનું વિસ્તારથી વર્ણન છે. તિર્યંચગતિમાં એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના વિવિધ પ્રકારનું તથા નિગોદના જીવોનું, શરીર, આયુષ્ય, પ્રકારો વગેરેનું વર્ણન વિસ્તારથી કરવામાં આવ્યું છે.

ચક્રવર્તીનું, સિદ્ધશિલાનું, વાસુદેવનું વર્ણન, ઉત્સેધાંગુલની, પ્રમાણાંગુલની વ્યાખ્યા, આયુષ્યના પ્રકારો, પર્યાપ્તિના પ્રકારો, વિવિધ પ્રકારનાં શરીરો વગેરેનું સ્વરૂપ, આમ નાની મોટી ઘણી ઘણી વ્યાખ્યાઓને સંગ્રહણીમાં ગુંથી દેવામાં આવી છે. વધુ માટે આ પછી આપેલો ગ્રન્થ પરિચય વાંચો.

* * *

## મૂલ ગ્રન્થની શરૂઆત ક્યાંથી?

આ ગ્રન્થના પ્રારંભમાં મેં થોડી મંગલાચરણની ચર્ચા ગ્રન્થાન્તરથી કરી. તે પછી આઠમા પૃષ્ઠથી પહેલી ગાથા શરૂ થાય છે. આ ગાથાના અર્થમાં જૈનધર્મની દૃષ્ટિએ સમય-કાળનું સ્વરુપ કેવું જાણવા જેવું છે, તે કેટલું બધું ઉપયોગી છે? સમયથી લઈ પુદ્‌ગલ પરાવર્તનું સંક્ષિપ્ત સ્વરુપ ગ્રન્થાન્તરથી ઉપયોગી વિગતો પ્રમાણભૂત ટીપ્પણીઓ સાથે આપ્યું છે.

* પહેલી આવૃત્તિમાં સંક્ષિપ્ત અર્થ સાથે સંગ્રહણીની ૩૪૯ ગાથાઓ છાપી હતી. બીજી આવૃત્તિમાં સંગ્રહણીનું કદ ઘણું વધી જવાથી તે વિભાગ રદ કર્યો હતો પણ ત્રીજી આવૃત્તિમાં સંક્ષિપ્ત અર્થ સાથે સંગ્રહણીની ૩૪૯ ગાથાઓ છાપી છે.

* મૂલ અને ભાષાંતરનો શબ્દકોષ છપાવવા વિચાર હતો, પણ તે સમયના અભાવે રદ કરેલ છે.

* હિન્દી ભાષી પ્રાંતોની ફરિયાદ હતી કે ગુજરાતી સાધુઓ હિન્દીમાં પુસ્તકો છપાવતા નથી. તેથી અમો જૈન તત્ત્વજ્ઞાનથી વંચિત રહીએ છીએ. આ વાતને ધ્યાનમાં રાખી ગુજરાતી અનુવાદનું હિન્દી કરાવી તેની પ્રથમાવૃત્તિ પ્રકાશિત કરાવી છે.

* આ પુસ્તકની આવૃત્તિ અંગ્રેજી ભાષામાં કરવી છે પણ અંગ્રેજીમાં જૈન તત્ત્વજ્ઞાનના શબ્દો ન હોવાથી ભાષાંતર કેમ કરી શકાય? એ પ્રશ્ન છે એટલે એ પ્રયાસ હાલ સ્થગિત રાખ્યો છે. આ અતિપરિશ્રમ સાધ્ય કાર્ય છે. અંગ્રેજીમાં ધૂની લગાવીને કામ કરનારા ક્યાં છે?

* દિગમ્બર સંપ્રદાયમાં સંગ્રહણીની જેમ तिलोयपण्णत्ती વગેરે ગ્રન્થો છે. જે ભાષાંતર સાથે પ્રગટ થએલા છે.

પહેલી આવૃત્તિનું પ્રકાશન અનંતા આત્માઓને મોક્ષ પ્રાપ્તિમાં કારણરૂપ શત્રુંજય મહાતીર્થની પવિત્ર ભૂમિ ઉપર અને તીર્થાધિરાજ સુદેદીપ્યમાન મુખમુદ્રાવાળી ભગવાન શ્રી ઋષભદેવની તેજસ્વી અને પ્રભાવક છત્રછાયામાં વિ. સં. ૧૯૯૫માં પાલીતાણામાં ચંપાનિવાસની ધર્મશાળામાં થવા પામ્યું હતું. જોગાનુજોગ બીજી આવૃત્તિનું પ્રકાશન પણ આ જ પવિત્ર ભૂમિ ઉપર થવાનો યોગ બન્યો હતો અને ત્રીજી આવૃત્તિનું પ્રકાશન પણ એ જ ભૂમિ ઉપર થશે એ પણ એક સુભગ સંયોગ છે.

તીર્થાધિરાજની અમોઘ કૃપા અને કલિકાલમાં કલ્પદ્રુમ જેવા પુરિસાદાનીય ભગવાનશ્રી પાર્શ્વનાથ તથા જાગૃતજ્યોતિ મા ભગવતી શ્રી પદ્માવતીજી તથા મારા ત્રણેય તારક પરમ ઉપકારક ગુરુદેવો આ બધાયની કૃપા વર્ષાના કારણે ભલે ઘણું મોડું મોડું પણ પ્રકાશન થવા પામ્યું તે બદલ સહુને ભાવપૂર્વક નતમસ્તકે નમસ્કાર કરું છું.

અમારા સમુદાયના ધર્મશાસનપ્રભાવક શતાવધાની આ. શ્રી જયાનંદસૂરિજી આદિ મુનિરાજો જેઓ એક યા બીજી રીતે સહાયક બન્યા હશે તેઓ પણ ધન્યવાદાર્હ છે.

ભાષાંતરમાં શાસ્ત્રના કે ગ્રન્થકારના આશય વિરુદ્ધ અજાણતાં કે પ્રેસદોષથી કંઇ લખાઇ ગયું હોય તો જ્ઞાનીઓ પાસે ક્ષમા માગું છું.

સહુ કોઇ આ ગ્રન્થનું અધ્યયન કરી સમ્યગ્ જ્ઞાન દર્શન ચારિત્રના જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરો એ જ શુભકામના!

*

## આ આવૃત્તિમાં ખાસ ખાસ વિશેષતા શું છે?

૧. આ આવૃત્તિની અનુક્રમણિકા વિશિષ્ટ પ્રકારે તૈયાર કરવામાં આવી છે. આ જાતની વિશેષતા બીજે ક્યાંય તમને (પ્રાયઃ) જોવા નહીં મળે. સામાન્ય રીતે વાચકોને અનુક્રમણિકાનું કોઇ મહત્ત્વ નથી હોતું પણ આ અનુક્રમણિકા જોશો તો તમને જરૂર ગમશે. ઘણીવાર સરળ, સ્પષ્ટ અનુક્રમણિકા ગ્રન્થ ભણવા માટે પ્રેરણાત્મક બની જાય છે.

૨. આ આવૃત્તિ છપાઇ ગયા બાદ ચારેક વર્ષ પછી સૂર્ય, ચન્દ્રનાં મંડળો અને ગ્રહો વગેરેની ૧૬૪ આઇટમોની યાદી નવી ઉમેરવામાં આવી હતી. તે ગ્રન્થના પૃષ્ઠ નંબર ૨૮૦ પછી તેના પાનાં જોડવામાં આવ્યાં હતા, પણ ત્રીજી આવૃત્તિમાં પૃષ્ઠ નંબર જુદા આપ્યાં નથી. પરંતુ ૨૫૧ થી ૨૫૬ સુધીના પાનામાં ૧૬૪ આઇટમો આપી છે. આ છ પાનાંની નોંધ અભ્યાસીઓને પહેલીજવાર જોવા મળશે. ખગોળના અભ્યાસીઓને ઘણી રીતે ઉપયોગી થશે એવી શ્રદ્ધા છે.

૩. ગ્રન્થના અન્તમાં ૩૪૪-૩૪૫ આ બંને ગાથાનું વિવેચન પુસ્તકનું કદ વધી જાય અને વિદ્યાર્થીઓને બહુ લાંબું ભાષાંતર ભારે પડશે એ હેતુથી પહેલી આવૃત્તિમાં ભાષાંતર મર્યાદિત રાખ્યું

હતું પણ આ બીજી આવૃત્તિમાં એ આખો વિભાગ ફરીથી અને વિસ્તારથી આપ્યો છે.

બીજી આવૃત્તિની જ લગભગ આ નકલ છે એટલે બીજી નવીનતા નથી.

* * *

## આત્માર્થી મુનિરાજશ્રી અભયસાગરજી જોડેની વાતચીત

જૈનસંઘના તેજસ્વી વિદ્વાન મુનિપ્રવરશ્રી અભયસાગરજી, જેઓ સં. ૨૦૦૦ ના [illegible] માલવા ઉદેપુરમાં ચોમાસું હતા ત્યારે તેઓ ભૂગોળ ખગોળને લગતાં પ્રશ્નો મને [illegible] માગતા હતા. સં. ૧૯૯૭માં શ્રી ચંદ્રસૂરીશ્વરજીની મોટી સંગ્રહણીના ભાષાંતરને [illegible] ચિત્રો સાથેની બુક પ્રકાશિત થઈ ત્યારે તેમને તે મંગાવીને જોઈ. અમારી સંસ્થા તરફથી [illegible] પડેલા ક્ષેત્રસમાસ ગ્રન્થની પૂજ્ય ગુરુદેવે લખેલી પ્રસ્તાવના અને સંગ્રહણીની પ્રસ્તાવના [illegible] તેમને વાંચી, ભૂગોળ ખગોળના વિષયમાં મુનિજીનો અભ્યાસ ઉત્તમ હતો એટલે એમને [illegible] જૈનશાસ્ત્રો અને આજના વિજ્ઞાન વચ્ચે કેટલું મોટું અંતર પડયું છે! તેમને [illegible] ભૂગોળના ક્ષેત્રમાં ઝુકાવવાનો નિર્ણય કરી ધીમે ધીમે પોતાનું વાંચન ચિંતન એ દિશામાં [illegible] ગયા. વચમાં વચમાં કેટલાક પ્રશ્નોના સમાધાન માટે મને પ્રશ્નો પણ પૂછતા હતા. [illegible] પાલીતાણામાં જંબૂદ્વીપ બનાવવાનું નક્કી કર્યું ત્યારે તેમની સંસ્થાના ટ્રસ્ટીઓ મારો [illegible] જાણવા મુંબઈ આવ્યા હતા એમાં મારા જાણીતા સુશ્રાવક દિલ્હીવાળાથી ઓળખાતા [illegible] વતની શ્રી રમણભાઈ પણ હતા, તેઓએ અભયસાગરજી મ. પાલીતાણામાં શું [illegible] તેની બધી વાત કરતાં મને કહ્યું કે તુલનાત્મક દૃષ્ટિએ જૈન માન્યતા અને વિજ્ઞાનની [illegible] શું તફાવત છે એ રચના કરીને રચનાત્મક રીતે બતાવવાની ઇચ્છા રાખે છે તો [illegible] છે ખરું? ત્યારે મેં એમને કહ્યું કે તુલનાત્મક દૃષ્ટિએ પ્રયાસ હાલમાં ન કરતાં [illegible] કે વિજ્ઞાનની વાત એવી છે કે જેમ જેમ શોધ થતી જશે તેમ તેમ જૂની માન્યતા [illegible] જશે. ત્યારે જૂની માન્યતાઓ પ્રમાણે જો કરીએ તો કરેલું બધું ખોટું ઠરે અને તે [illegible] વસ્તુઓ નકામી થઈ પડે. વળી [illegible] કહ્યું કે "ભૂભૌગોલિક વરસ" [illegible] ભૂગોળને લગતું વ્યાપક અને [illegible] સંશોધન સાતથી દશ વરસ માટે શરૂ થવાનું [illegible] વખતે આજ સુધી ભૂગોળને લગતી કેટલીક માન્યતાઓ ચાલે છે તેમાં કેટલાક [illegible] માટે ફક્ત સંભવ [illegible] જૈન ગ્રન્થો શું [illegible] તે બતાવવામાં કશો વાંધો નથી પણ [illegible] દૃષ્ટિએ એવી પણ સલાહ આપું કે પ્રયોગશાળામાં તેઓ એક મહિનો વૈજ્ઞાનિક [illegible] ગ્રહોની સ્થિતિઓ, પરિભ્રમણ વગેરે બધું જુએ, અને અનુભવ કરે પછી આગળ વધે. [illegible] એમાં સાધુઓની મર્યાદા વિચારવાની રહે. જો કે [illegible] મારી વાત ગળે ઉતરી, [illegible] અને ટ્રસ્ટીઓએ વિદાય લીધી.

ત્યારપછી અનેક વરસ બાદ મેં અભયસાગરજી મ.ને મારા ચિંતનમાં [illegible] પૂછ્યા. એ પ્રશ્નો ભાગ્યેજ કોઈને ઉઠ્યા હશે. મારા પ્રશ્નોથી મહારાજશ્રીને ઘણો [illegible] કેમકે તેમને પણ આ બાબતનો [illegible] પણ ખ્યાલ ન હતો.

બે પ્રશ્નમાંથી પહેલો પ્રશ્ન એ હતો કે–દરેક મહિનાની પૂનમના દિવસે પશ્ચિમમાં ચંદ્રમાનું દર્શન થયા પછી રાતના બાર વાગ્યા સુધી તો ચંદ્રમામાં રહેલ ચિહ્ન જેને હરણનું ચિહ્ન કહેવામાં આવે છે, તે સવળું જ હોય છે, સવળું એટલે કે આપણી સામે બેઠું હોય તેવું, એટલે શીંગડા ઊંચા અને પગ નીચે વાળેલા. પણ બાર વાગ્યા પછી એ જ ચન્દ્ર ધીમે ધીમે ઉલટવા માંડે છે એટલે મૃગનું ચિહ્ન પણ ખસતું ખસતું ઊંધું થવા લાગે છે. સવારે પાંચ વાગે તમે જુઓ તો હરણના પગ ઊંચા અને માથું તેમજ શરીરનો ભાગ નીચે આમ આખું હરણ ઉલટાઈ જાય છે. પાંચ જ કલાકની અંદર આ ઘટના કેવી રીતે બને છે એનો હું તાગ કાઢી શકયો નહિ એટલે મેં એ પ્રશ્ન મુનિશ્રી અભયસાગરજીને પૂછયો હતો. પ્રથમ તો મારો સવાલ સાચો છે કે કેમ? તેના જવાબ આપવામાં વરસ દોઢ વરસનો સમય વીત્યો. ત્યારપછી મને લખ્યું કે જાપાનથી ટેલીસ્કોપ આવવાનો છે, તે આવ્યા પછી નિરીક્ષણ કરીને જણાવીશ. ટેલીસ્કોપ આવવામાં બીજા બે વરસ ગયા, છેવટે નિરીક્ષણને અન્તે મારો સવાલ સાચો છે એટલું એમને જણાવ્યું અને આ બાબતમાં વિચાર કરીને પછી જણાવીશ એમ લખ્યું.

એમની સામે મારો બીજો પ્રશ્ન એ હતો કે–પૃથ્વીને મુનિશ્રી અભયસાગરજી સહિત આપણો સાધુ સમાજ થાળી જેવી ગોળ અને *ચપટી માને છે. આ એક અધૂરી સમજ છે અને ગતાનુગતિકે પછી સહુ 'હાલે હોલ' કરે છે. પૃથ્વીને ચપટી માની લઈએ તો બીજી ઘણી મુશ્કેલીઓ ઊભી થાય તેમ છે. આ વાત પણ મેં એમને કહી હતી ત્યારે તેઓ પાલીતાણામાં હતા. અવારનવાર જવાબ માટે ટકોર કરતો પણ મૌન રહેતા. ક્યારેક ક્યારેક તેઓ મારે ત્યાં સુવા [illegible] માટે પણ પધારતા ત્યારે તેમને યાદ આપતો. છેવટે મેં એમને એમ પણ કહ્યું તમને [illegible] વરસથી બે પ્રશ્ન પૂછેલા છે, આપની પાસે જો તેનું સમાધાન ન હોય તો જરાએ [illegible] જેવું નથી. આપણા જ્ઞાન, સાધનોની મર્યાદા છે, એટલે ગહન, ગૂઢ અને અદૃશ્ય [illegible]નું સમાધાન મેળવવું કોઈને માટે પણ કાઠું છે માટે ઉકેલ ન જડયો હોય તો તેમાં [illegible] સંકોચ રાખવાની જરૂર નથી, આપણે છદ્મસ્થ છીએ.

[illegible] ૨૦૩૩માં [illegible] કલ્યાણમુવનમાં ચોમાસું હતા. મોતીસુખીયામાં વ્યાખ્યાન રાખતા [illegible] મને આવીને કહ્યું કે આવતીકાલે સભામાં આપને જરૂર આવવાનું છે. બીજે દિવસે [illegible] સભામાં [illegible] થઈને ભૂગોળને લગતી કેટલીક વાતો કરી અને તેમાં [illegible] [illegible] પાસે [illegible] એમ તેમણે કહ્યું. એમની કેટલીક ધારણાઓ સાથે હું [illegible] સહમત ન હતો. તેમને મેં પૂછયું કયો આધાર તમને મળ્યો છે? ત્યારે [illegible] [illegible] મહારાજની પુરાણ પાસ આપ્યું. મેં કહ્યું એથી પ્રબળ આધાર મળ્યો [illegible]? [illegible] કહ્યું કે તપાસમાં છું. બાકી આ વિષયના અભ્યાસીઓએ ઊંડો અભ્યાસ કરી [illegible] [illegible] છે.

[illegible] પછી ભારતના તીર્થોની મૌખિક યાત્રાનો પૂર્ણાહુતિનો છેલ્લો દિવસ [illegible]

* [illegible] વિજ્ઞાનની દૃષ્ટિમાં ઉન્નત જણાય છે. તેથી પાછળથી એમને ચમાં ઊંચો [illegible] [illegible]

છેલ્લે મહાવિદેહના શાશ્વતા તીર્થોની વંદના રાખી હતી. યાત્રાનો છેલ્લો દિવસ મોટા સમારોહ સાથે ઉજવાય એટલે પબ્લિકને પણ આમંત્રણ આપ્યું હતું. શ્રી સીમંધરસ્વામીજીનું વિશાળકાય જંગી સુંદર ઓઈલ પેઈન્ટ ચિત્ર આગમમંદિરની બાજુમાં જંબૂદ્વીપની જગ્યામાં લટકાવ્યું હતું. સભામાં પૂ. આ. શ્રી હેમસાગરસૂરિજી મહારાજનું નેતૃત્વ હતું. ૬૦થી વધુ સાધુઓ અને લગભગ ૩૦૦ સાધ્વીજીઓ અને ૧૫૦૦ થી ૨૦૦૦ યાત્રિકો હતા. મને હાજરી આપવા માટે ખૂબ આગ્રહ કરેલ એટલે હું પણ હાજર હતો. શરૂઆતમાં વિદ્વાન મુનિરાજે ઊભા થઈને સભા બોલાવવાનો હેતુ જણાવીને પછી તેમને તરત જ જણાવ્યું કે 'ભૂગોળ ખગોળના ક્ષેત્રમાં દાખલ થવામાં જો કોઈ પણ નિમિત્ત બન્યું હોય તો અત્રે પધારેલા પૂજ્ય આચાર્ય શ્રી યશોદેવસૂરિજીનું સંગ્રહણીનું પુસ્તક અને તેની તથા ક્ષેત્રસમાસની પ્રસ્તાવના છે. આ પ્રમાણે તેઓએ કૃતજ્ઞતા વ્યક્ત કરી પોતાની ઉદાત્ત ગુણદૃષ્ટિનું દર્શન કરાવ્યું હતું.

મેં સૂચવેલી બાબતો ઉપર વિદ્વાન વાચકો પરામર્શ કરે અને સમાધાન શોધી કાઢે માટે ઉપરની વિગતો આપી છે.

*

## સંગ્રહણીની હસ્તલિખિત પ્રતો કયા સૈકાની મળે છે?

શ્રીચન્દ્રમુનીશ્વરની હાજરી દરમિયાન લખાએલી બારમા સૈકાની એક પણ પ્રતિ મળી નથી. ત્યારપછીના ૨૦૦ વર્ષ દરમિયાનમાં લખાએલી પ્રતિ મારી નજરે ચઢી નથી એટલે બારમાંથી પંદરમા સૈકા સુધીની પ્રત જોવામાં આવી નથી. સં. ૧૪૫૩માં ૬-૭ ઈંચ પહોળા અને પંદરેક ફૂટ લાંબાં કપડાં ઉપર બંને બાજુએ સંગ્રહણીનાં રંગબેરંગી ચિત્રો દોરેલું ઓળીયું (જોષી ટીપણું રાખે છે તેના જેવું) મારી પાસે છે. જેમાં સંગ્રહણી મૂલની સાથે તેનો સંક્ષિપ્ત અર્થ લખ્યો છે.

૧૬૯૩ની સાલની સુવર્ણ મિશ્રિત સ્યાહીવાળી મોગલ કલમથી ચીતરેલી દિલ્હીમાં લખાએલી કાગળની પ્રતિ મળી છે. પ્રાયઃ આ પ્રત પુરાતન ચિત્રકલા અને મંત્રશાસ્ત્રો વગેરેને પ્રકાશમાં લાવવા ભગીરથ પ્રયત્ન કરનાર ધર્મસ્નેહી શ્રી સારાભાઈ નવાબની છે. જૈન ભંડારોમાંની સંગ્રહણીની સચિત્ર પ્રતિઓની સર્વે કરવી હતી. થોડી કરી પણ પછી કાર્ય ન થયું. ભંડારોમાં ચિત્ર વિનાની પોથીઓ તો મોટી સંખ્યામાં છે પણ સચિત્ર પ્રતિઓ સો-દોઢસો હોવી જોઈએ. હજુ વ્યક્તિગત સંગ્રહોમાં, ખાનગી સંગ્રહોમાં, તાળાબંધી સંગ્રહોમાં અને જાહેર સંગ્રહોમાં સંગ્રહણીની સચિત્ર પ્રતિઓ મલી આવે ખરી!

*

## આર્ટપેપર ઉપર સંગ્રહણી અને તેનાં ચિત્રો સાથેનું અતિભવ્ય ઉપયોગી વોલ્યુમ તૈયાર ન થઈ શક્યું તે વાત

આજથી ૨૫ વર્ષ ઉપર મુંબઈમાં હતો ત્યારે પરદેશના એક પુસ્તક પ્રકાશકે, તે પછી

મુંબઈના એક પુસ્તક પ્રકાશકે કલ્પસૂત્રની સચિત્ર પ્રતિઓ ઉપર ઠીક ઠીક સાહિત્ય પ્રકાશન કર્યું છે. તે પ્રમાણે સંગ્રહણી ગ્રન્થ ઉપર તેના રંગીન ચિત્રો સાથે એક શ્રેષ્ઠ વોલ્યુમ પ્રગટ કરવા ભાવના પ્રદર્શિત કરી હતી. મારી પણ થોડી ઇચ્છા હતી કે સંગ્રહણી ઉપર વ્યાપક રીતે પ્રકાશ પાડવાનો કોઈ પ્રયાસ નથી થયો તો મારે સેવા આપવી. આ માટે અનેક ભંડોરની સંગ્રહણી પ્રતો મંગાવવી પડે. ફોટાઓ લેવરાવવા, તે પ્રતિઓનો પરિચય લખવો અને સંગ્રહણી ગ્રન્થનો પરિચય તૈયાર કરવો. તૈયારી પણ કરી, પરન્તુ બીજાં કામો વચ્ચે આ કાર્યને ન્યાય આપી શક્યો નહિ. દશ વરસ ઉપર અત્રે પાલીતાણાથી અમારા ધર્મમિત્ર ભાઈશ્રી સારાભાઈએ પણ ખૂબ કહ્યું, મારા કામમાં પોતાની બનતી સેવા આપવા પણ કહ્યું પરન્તુ શક્ય ન બન્યું. હવે તો ભવિષ્યમાં કોઈ વિરલ વ્યક્તિ આ કામ કરવા જરૂર કટિબદ્ધ થાય તો સંગ્રહણીની મોટી સેવા કરી ગણાશે.

## સંગ્રહણી ગ્રન્થ વિષય પરિચય

આ *ત્રૈલોક્યદીપિકા અપરનામ બૃહત્‌સંગ્રહણી કે સંગ્રહણીરત્ન જેના ઉપર આ અનુવાદ કરવાનું સાહસ ખેડયું છે તેની ગાથાઓ ૩૪૯ છે.

આ ભાષાંતર ટીકાના શબ્દે શબ્દના જ અર્થસંગ્રહ તરીકે જેમ નથી તેમ આ ગ્રન્થનું ભાષાંતર ૩૪૯ ગાથામાં જ આવતા વિષયોનું છે એવું પણ નથી, કિન્તુ આ ગ્રન્થનો અનુવાદ ૩૪૯ ગાથાના અર્થ ઉપરાંત અનેક અન્ય ગ્રન્થોમાં મલતા ઉપયોગી વિષયોને દૃષ્ટિપથમાં રાખીને કર્યો હોવાથી કેટલુંક વર્ણન નવીન જ ઉમેરવામાં આવ્યું છે. જ્યારે કેટલેક સ્થળે અંદરની જ વાતોને ચર્ચા દ્વારા સુવિસ્તૃત સ્વરુપ આપવામાં આવ્યું છે. આમ ઘણા ઉપયોગી વિષયો, અધિકારો અને પરિશિષ્ટોનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. અભ્યાસીવર્ગની સરલતા સુગમતા માટે સ્થળે સ્થળે હેડીંગો, જુદા જુદા અનેક યંત્રો, આકૃતિઓ, પૃથક્ પૃથક્ પેરિગ્રાફો સહિત વિષયોની વિભાગવાર ક્રમબદ્ધ વ્યાખ્યાઓ વગેરે આપવામાં આવ્યું છે, જેથી આ ગ્રન્થ સહુ કોઈને રૂચિકર થશે.

આ ગ્રન્થમાં ચૌદરાજલોક (અખિલ બ્રહ્માંડ)માં ચારે ગતિવર્તી રહેલા એકેન્દ્રિયથી લઈને પંચેન્દ્રિય સુધીના જીવોનું વિવિધ પ્રકારે વર્ણન કરવાનું અનુકૂળ રહે એટલા માટે પહેલી જ ગાથામાં ठिई भवणो० આ પંક્તિ દ્વારા કહેવાના નવ દ્વારો નક્કી કર્યા, જે આ પ્રમાણે છે–

૧. स्थिति–તે તે ભવમાં વર્તતા તે તે જીવોનું જઘન્ય તેમજ ઉત્કૃષ્ટ આયુષ્યપ્રમાણ.

૨. भवन–દેવ–નારકી જીવોને ઉત્પન્ન થવાનાં સ્થાનો.

૩. अवगाहना–જીવોનું જઘન્ય તેમજ ઉત્કૃષ્ટ શરીર પ્રમાણ.

૪. उपपात विरह–એક જીવ ઉત્પન્ન થયા બાદ બીજો જીવ કયારે ઉત્પન્ન થાય તે સંબંધી જઘન્ય તેમજ ઉત્કૃષ્ટ આયુષ્ય અંતર.

---

★ સં. ૧૭૬૬ની અને ૧૮૭૮ની હસ્તપ્રતિઓમાં આ નામ લખેલું છે. સં. ૧૮૧૧ની પ્રતિમાં સંગ્રહણીરત્ન પણ લખેલું હતું.

૫. च्यवनविरह–એક જીવનું (મૃત્યુ) ચ્યવન થયા બાદ બીજો જીવ કયારે ચ્યવે (મૃત્યુ પામે) તે સંબંધી જઘન્યોત્કૃષ્ટ અંતર.

૬. उपपात संख्या- દેવાદિ ગતિમાં એક સમયમાં એક સાથે કેટલા જીવો ઉત્પન્ન થાય તે.

૭. च्यवन संख्या–દેવાદિ ગતિમાંથી એક સમયે કેટલા જીવો એક સાથે ચ્યવે (મૃત્યુ પામે) તે.

૮. गति–કયો જીવ મૃત્યુ પામીને કઇ ગતિમાં ઉત્પન્ન થાય તે.

૯. आगति–દેવાદિ ગતિઓમાં કઇ કઇ ગતિમાંથી જીવો આવે તે.

આ નવે દ્વારો ચારે ગતિને લાગુ પાડશે. એ દ્વારા ચૌદરાજલોકની પરિસ્થિતિનો આછો ખ્યાલ બંધાશે. નવ દ્વારની વ્યાખ્યા તો બધાની કરશે જ. ત્યારબાદ બીજા ઘણાં વિશિષ્ટ વર્ણનો કરશે. વિદ્યાર્થીઓને વધુ જ્ઞાન થાય તે માટે અન્ય ગ્રન્થમાંથી આપેલી કેટલીક વિગતો જાણવા મળશે.

ચારે ગતિ આશ્રયી વિચારીએ તો એ નવ દ્વારો દેવ અને નરકગતિને સંગત હોવાથી બંનેનાં મળીને ૧૮ દ્વારો અને શેષ મનુષ્ય–તિર્યંચગતિમાં શાશ્વતા ભવનોના અભાવે ભવનદ્વાર સિવાયનાં આઠ આઠ દ્વારો ઘટતાં હોવાથી બંનેનાં મળીને ૧૬ દ્વારો, ચારે ગતિનાં (૧૮+૧૬) મલીને કુલ ૩૪ દ્વારોની વ્યાખ્યા આ ગ્રન્થમાં દર્શાવેલી છે. તેમજ પ્રસંગે પ્રસંગે સંગત અને જરૂરી એવો અન્ય વિષય પણ આપવો ગ્રન્થકાર ચૂકયા નથી. તે સંક્ષેપમાં આ પ્રમાણે–

## પ્રથમ ચાર ગતિની વાત–

૧. દેવગતિ–પ્રથમ આ અધિકારના નવે દ્વારોની વ્યાખ્યા કરશે. એમાં નવ દ્વારો ઉપરાંત પ્રાસંગિક દેવોની કાયા, ચિહ્ન, વસ્ત્રાદિક વર્ણ, અષ્ટરૂચક અને સમભૂતલા સ્થાન નિર્ણયની ચર્ચા, મનુષ્ય ક્ષેત્ર વર્ણન, અસંખ્ય દ્વીપ-સમુદ્રોની વ્યાખ્યા, પ્રાસંગિક અઢીદ્વીપના આકારાદિની સંક્ષિપ્ત વ્યાખ્યા, મંડલાધિકાર, દક્ષિણાયન–ઉત્તરાયણ કેમ થાય છે, લાંબા-ટૂંકા રાત્રિ-દિવસો થવાનું કારણ, જુદા જુદા દેશો આશ્રયી રાત્રિ-દિવસના ઉદયાસ્તમાં રહેતા તફાવતનો સમન્વય ઈત્યાદિ તથા અન્ત ઊર્ધ્વાકાશવર્તી વૈમાનિક નિકાયનું સુવિસ્તૃત સ્વરુપ આદિ પણ આપવામાં આવેલ છે.

તેમજ બીજાં દ્વારોની વ્યાખ્યાના પ્રસંગોમાં સંઘયણ-સંસ્થાનનું, અપરિગૃહીતા દેવીઓનું, કિલ્બિષિકોનું, લેશ્યાઓનું, આહાર-શ્વાસોચ્છ્વાસમાન ઘટના, ત્રણ પ્રકારના આહારનું, દેવોની ઉત્પત્તિથી માંડીને સવંક્રમ વ્યવસ્થા તેમજ તેઓનું અવધિજ્ઞાન ક્ષેત્ર કયા આકારે છે ઈત્યાદિ સ્વરુપ આપવામાં આવ્યું છે.

૨. નરકગતિ–આ અધિકારમાં ઉક્ત નવે દ્વારોની વ્યાખ્યા, તત્પ્રસંગે તેમની વેદનાના પ્રકારો, તેમનાં દુઃખોનાં પરિપાકો, તેમનો આકાર વ્યવસ્થા, નરક વિસ્તાર, ઘનોદધ્યાદિની વ્યવસ્થા, નરકાવાસાઓનું સ્થાન તથા આકૃતિ સ્વરુપ અને લેશ્યાનું સ્વરુપ વગેરે દર્શાવેલ છે.

૩. મનુષ્યગતિ–આ અધિકારમાં ભવન વિના આઠ દ્વારોની વ્યાખ્યા દરમિયાન ચક્રવર્તી વાસુદેવનું સ્વરુપ તથા *તેમના રત્નોની સુવિસ્તૃત વ્યાખ્યા*, લિંગ-વેદાશ્રયી ગતિ, એકસમય

સિદ્ધિસંખ્યા તથા સિદ્ધશિલા તેમજ સિદ્ધના જીવોનું વર્ણન તથા પ્રાસંગિક સિદ્ધના જીવોનો પરિચયાદિ આપવામાં આવેલ છે.

૪. તિર્યંચગતિ–આ અધિકારમાં પ્રથમ ગ્રન્થાન્તરથી તિર્યંચ જીવોનો સંક્ષિપ્ત પરિચય દર્શાવી ભવન વિના આઠે દ્વારોની વ્યાખ્યા, તત્પ્રસંગમાં તેમની કાયસ્થિતિ સંબંધી સુંદર વર્ણન, ભવસ્થિતિનું સ્વરુપ તથા નિગોદ, લેશ્યાદિકનું વર્ણન પણ આપવામાં આવેલું છે.

ત્યારબાદ ચારે ગત્યાશ્રયી સામાન્ય અધિકારમાં ત્રણે પ્રકારના અંગુલની, કુલકોટી, યોનિ ભેદોની, આયુષ્યના વિવિધ પ્રકારોની, અબાધાકાળ, ઋજુ–વક્રાગતિ, આહારી–અનાહારી, છ પ્રકારની પર્યાપ્તિ તથા દશ પ્રકારના પ્રાણો વગેરેની સુવિસ્તૃત વ્યાખ્યાઓ, બાદ ૧૯ પ્રકારની સંજ્ઞાઓ, ગ્રન્થકાર અને ગ્રન્થ રચવાનું પ્રયોજન તેમજ ૨૪ દંડકોની વિસ્તૃત વ્યાખ્યા વગેરે દર્શાવેલું છે.

ત્યારબાદ પ્રક્ષિપ્ત ગાથા દ્વારા ૧૮ ભાવરાશિ તથા ગ્રન્થકાર અને ગ્રન્થકારના ગુરુઓનો પરિચય આપી ગ્રન્થની સમાપ્તિ કરી છે.

ગ્રન્થ પરિચયનું ઉડતું અવલોકન કરાવ્યું. હવે ભાષાંતર માટે શું પદ્ધતિ સ્વીકારેલી છે તે જોઇએ.

## અનુવાદનો પરિચય

આ સંગ્રહણીની દરેક ગાથાનો અનુવાદ પાંચ વિભાગે કર્યો છે.

પાંચ ભાગ કેવી રીતે?–

તો ૧. સંગ્રહણીની મૂલ ગાથા, તે પછી ૨. ગાથા પ્રાકૃતમાં હોવાથી પ્રાકૃતભાષાના અણજાણ વાચકોને મૂલગાથાનો બોધ થાય એ માટે મૂલગાથાની સંસ્કૃત છાયા, તે પછી ૩. વિદ્યાર્થીઓને પ્રાકૃત શબ્દોના અર્થનું જ્ઞાન થાય એટલા માટે તેના શબ્દના અર્થો, તે પછી ૪. માત્ર ગાથાનો જ મૂલ અર્થ, ટૂંકા ગાથાર્થથી અર્થનો વિશેષ ખ્યાલ ન આવે એટલે છેલ્લે ૫. વિશેષાર્થ આપ્યો છે. આમ મૂલ ગાથા સહ પાંચ વિભાગ દ્વારા અનુવાદ કરવામાં આવ્યો છે. ગાથાનો વિશેષાર્થ માત્ર ગાથાના ભાવને લક્ષ્યમાં રાખીને લખવામાં નથી આવ્યો પરંતુ જુદા જુદા ગ્રન્થોના આધારે જ્યાં જ્યાં વિષયનો વિસ્તાર કરવાનો હતો ત્યાં યથોચિત રીતે કર્યો છે.

## કોઠાઓ-યન્ત્રો અંગે

યન્ત્રો એટલે જે ગાથાઓ હોય તેની જે વાત, તેને કોઠા-યન્ત્રો દ્વારા ડાયરીની જેમ રજૂ કરવી તે. આ પદ્ધતિ વિષયની જલદી જાણકારી માટે તથા યાદ રાખવા માટે સારૂં સાધન ગણાય છે. કોઠાઓ-યન્ત્રો કરવાની પ્રથા સેંકડો વરસ જૂની છે અને તેથી અમોએ પહેલી આવૃત્તિમાં

વધુમાં વધુ સંખ્યામાં યન્ત્રો બનાવી છાપ્યાં હતાં. કેટલાંક યન્ત્રો માટે ખૂબ જ પરિશ્રમ કરવો પડયો હતો.

વર્તમાનકાળમાં મને એવું લાગ્યું છે કે હવે પરિસ્થિતિ-રુચિ બદલાઈ છે. વાચકો માટે યન્ત્રોની ઉપયોગિતા ઘટી ગઈ છે, એટલે ન આપવા એવું વિચારેલું પણ પછી થયું કે એમ કરવું ઉચિત નહીં રહે, એટલે આ વખતે તો તે છાપવા એટલે અહીં છાપ્યાં છે. બીજી આવૃત્તિમાં લગભગ ૧૨૭ યન્ત્રો છે. આટલી મોટી યન્ત્રસંખ્યા પાઠય પુસ્તકમાં ભાગ્યેજ જોવા મળે.

## હવે સંગ્રહણી ગ્રન્થના કર્તા સાથે સંબંધ ધરાવતી બાબતો તથા તેઓશ્રીની ગુરુ પરંપરા જોઈએ, ગ્રન્થકર્તાના દાદાગુરુ શ્રી અભયદેવસૂરિજી

સંગ્રહણીના રચયિતા શ્રી ચન્દ્રમહર્ષિના ગુરુ હેમચન્દ્રસૂરિજી હતા. એમના ગુરુ શ્રી [1]અભયદેવસૂરિજી હતા. તેઓ પ્રશ્નવાહનકુલની મધ્યમ શાખામાં સ્થપાએલા હર્ષપુરીય ગચ્છના અગ્રણી પુરુષ હતા. આ શાખાનો સંબંધ તે ગચ્છવાળા, શ્રુતકેવલી સ્થૂલભદ્રસ્વામી સુધીનો જણાવે છે. અતિત્યાગી વૈરાગી શ્રી અભયદેવસૂરિજી વધારે પડતા મલીન વસ્ત્ર પહેરતા હતા, તેથી રાજા કર્ણદેવે તેમણે મલધારી ગુરુદેવ કહ્યા. ત્યારથી હર્ષપુરીય ગચ્છ [2]'મલધારી ગચ્છ' તરીકે ઓળખાતો થયો. જૂનાગઢના રાજવી ખેંગારે જેમનું બહુમાન કર્યું હતું. તેઓશ્રીએ રાજા કર્ણ, સિદ્ધરાજ જયસિંહ તથા અન્ય રાજવીઓ દ્વારા જીવદયા, અહિંસાના ઘણાં કાર્યો કરાવ્યાં હતાં. અનેક દેરાસરોની અંજનશલાકા–પ્રતિષ્ઠાઓ પણ કરાવી હતી. વળી તેમના ઉપદેશથી શાકંભરીના રાજા પૃથ્વીરાજ પાસે રણથંભોલમાં જિનાલય ઉપર સુવર્ણકળશ ચઢાવરાવ્યો હતો.

## તેમની પાટે શ્રી હેમચંદ્રસૂરિજી

તેમની પાટ ઉપર શ્રી [3]હેમચંદ્રસૂરિજી થયા. તેઓ સંસારીપણામાં પ્રદ્યુમ્ન રાજાના દીવાન હતા. સૂરિજી એક સમર્થ વિદ્વાન હતા. વાદી શ્રી દેવસૂરિજી અને દિગમ્બરાચાર્ય વાદી કુમુદચંદ્રસૂરિજી જોડે જ્યારે વાદવિવાદ થયો ત્યારે મધ્યસ્થી તરીકે શ્રી હેમચંદ્રસૂરિજીને નીમવામાં આવ્યા હતા. એ વાદ–વિવાદમાં દિગમ્બરોનો સખત પરાજય થયેલો અને શરતાનુસારે તેઓને ગુજરાત છોડીને બીજા પ્રદેશમાં જતું રહેવું પડયું હતું. શ્રી હેમચંદ્રસૂરિજીએ વિશેષાવશ્યક ભાષ્ય જેવા મહાન ગ્રન્થ ઉપર ૨૮૦૦૦ શ્લોક પ્રમાણ ટીકા રચી છે. પાંચમા કર્મગ્રન્થની વૃત્તિ, અનુયોગદ્વાર સૂત્રની ટીકા, સં. ૧૫૭૧માં જીવસમાસ વિવરણ, ભવભાવના ટીકા, પુષ્પમાળા પ્રકરણ, નંદીસૂત્ર ટીપ્પણ વગેરેની રચનાઓ કરી છે. કહેવાય છે કે તેઓશ્રીએ બધા થઈને એક લાખ શ્લોક પ્રમાણ ગ્રન્થરચના કરી છે. પાટણ નરેશ સિદ્ધરાજના રાજમહેલમાં રાજાને પ્રતિબોધ

---

૧. નવાંગી ટીકાકારથી આ જુદા સમજવા.

૨. સાચો શબ્દ મલધારી છે પણ મલ્લધારિ નહીં.

૩. કલિકાલ સર્વજ્ઞથી અન્ય સમજવા.

કરવા અવરનવર જતા હતા. સિદ્ધરાજ દ્વારા જિનમંદિરો ઉપર સોનાના કળશો ચઢાવરાવ્યા. જીવદયાના ઘણાં કાર્યો કરાવ્યાં હતાં. ગુજરાતમાંથી સંઘ કાઢીને શત્રુંજયની યાત્રાએ આવ્યા અને તેઓ પાલીતાણામાં કાળધર્મ પામ્યા હતા. આ આચાર્ય બારમી સદીમાં જન્મ્યા હતા.

## શ્રી હેમચંદ્રસૂરિજીની પાટે તેમના શિષ્ય આ સંગ્રહણીગ્રન્થના રચયિતા શ્રી ચન્દ્રમહર્ષિ અને બારમી સદી

શ્રી ચન્દ્રમહર્ષિનો સમય બારમી શતાબ્દીનો છે. તેઓ બહુશ્રુત વિદ્વાન હતા. તેમણે ધોળકા નગરમાં ધોળશા શેઠની વિનંતિથી શ્રી મુનિસુવ્રતસ્વામીના ચરિત્રની રચના કરી હતી. આવશ્યક વૃત્તિ ઉપર, પ્રદેશ વ્યાખ્યા ઉપર તેમને ટીકા લખી છે. તેમને ક્ષેત્રસમાસ ઉપર ટીકા, ન્યાયપ્રવેશ ટીપ્પણ, નિરયાવલિકા વૃત્તિ, નંદી ટીપ્પણ વગેરેની રચનાઓ કરી છે. ક્ષેત્રસમાસ અને સંગ્રહણીની રચના સહુથી પહેલાં શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણજીએ કરી છે. ત્યારપછી એ જ બંને ગ્રન્થની રચના શ્રી ચન્દ્રમહર્ષિએ પોતાની રીતે કરી છે.

શ્રી ચન્દ્રમહર્ષિના સમકાલીન આચાર્યો અનેક થયા છે. એમાં બબે રાજાઓને પ્રતિબોધ કરનાર જેમના વિરાટ્ વ્યક્તિત્વનું અને સર્જનની પ્રતિભાનું માપ કાઢી શકાય તેમ નથી એવા અનોખા પ્રકારના મહાન જ્યોતિર્ધર મહર્ષિ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી તેમના સમકાલીન હતા. પછી સમર્થ ટીકાકાર શ્રી મલયગિરિજી, વાદી દેવસૂરિજી, સમર્થ આગમવાદી વર્ધમાનસૂરિજી, ખરતરગચ્છીય સુપ્રસિદ્ધ દાદા જિનદત્તસૂરિજી, જિનવલ્લભસૂરિજી, ધર્મઘોષસૂરિજી વગેરે અનેક સમર્થ વિદ્વાનો ગ્રન્થકર્તાઓ, રાજપ્રતિબોધકો વિદ્યમાન હતા. અજૈન સમાજમાં શ્રીમાન્ શંકરાચાર્યજી જેવા સમર્થવાદી વિદ્વાન પણ ત્યારે વિદ્યમાન હતા. યથાર્થ રીતે કહીએ તો એ યુગ બધી રીતે એક સોનેરી યુગ હતો.

## સંગ્રહણીના ટીકાકાર

શ્રી ચન્દ્રીયા સંગ્રહણીના ટીકાકાર તેઓશ્રીના જ શિષ્ય શ્રી દેવભદ્રસૂરિ છે. ટીકા સરળ અને પ્રસાદપૂર્ણ કરી છે.

*ગ્રન્થ વિષય પરિચય પૂર્ણ થયો.*

## સંગ્રહણીની હસ્તલિખિત સચિત્ર પ્રતો અને મારાં ચિત્રો અંગે જરૂરી જાણવા જેવું

મારી લગભગ ૨૨ વર્ષની ઉમ્મરે આજથી પચાસેક વર્ષ ઉપર એટલે લગભગ સં. ૧૯૯૩ની આસપાસ સંગ્રહણીની હસ્તલિખિત પ્રતો જોવા મળી હતી. મોગલ જમાનાની લખાએલી પ્રતના ચિત્રો થોડાં સારાં હતાં. બાકીની પ્રતનાં ચિત્રો સામાન્ય કક્ષાનાં હતાં. જૈન

જ્ઞાનભંડારોમાં સંગ્રહણીની સચિત્ર પ્રતો ૧૦૦–૧૨૫થી વધુ નહિ હોય અને ચિત્ર વિનાની પ્રતોનું પ્રમાણ અંદાજે ૨૫૦-૩૦૦ હશે ખરૂં. મેં સંગ્રહણીની સચિત્ર ત્રીસેક પ્રતિઓ જોઇ હશે. ચિત્રોનું પ્રમાણ પચીસેકથી લઇને ૪૦-૪૫ આસપાસનું હોય છે. સંગ્રહણીની ઉત્તમ સારા ચિત્રોવાળી ૮–૧૦ પ્રતિઓને છોડીને બાકીની સચિત્ર બધી પ્રતિઓનાં ચિત્રો સામાન્ય ચિત્રકારોએ દોર્યા હોય એવાં ગ્રામીણકલાનાં હતાં. આ ચિત્રો લગભગ આંખને ન ગમે એવાં, વળી પ્રમાણમાન વિનાનાં, ગાથાનો અર્થ કંઇ હોય અને ચિત્ર જુદી રીતે જ બનાવ્યું હોય, કેટલાંક ચિત્રો માં માથા વિનાનાં, વિચિત્ર રીતે ચીતરેલાં જોઇને કયારેક અત્યન્ત ખેદ થાય, અને કહેવાનું મન થાય કે શું કામ આવાં ચિત્રો ચીતરાવ્યાં હશે, એમ કેમ બન્યું હશે? જૂના વખતમાં આપણે ત્યાં ચિત્રકલાના મહત્ત્વના પ્રસ્પેકટીવ કે પ્રપોશન વગેરે સિદ્ધાન્તોનું જ્ઞાન લગભગ ન હતું. લાઇટ-શેડનું જ્ઞાન ઓછું હતું એટલે જે વસ્તુ જેવી બતાવવી હોય તેવી બતાવી શકતા ન હતા.

કહેવાની વાત એ કે ચિત્રો બનાવવા માટે પ્રાચીન ચિત્રોનો આધાર લેવાની વાત હતી જ નહિ. મેં મારા ચિત્રો મારી ચિંતનાત્મક બુદ્ધિનો ઊંડો ઉપયોગ કરી બનાવ્યાં હતાં. હા, જ્યાં જરૂર પડી ત્યાં મારા ગુરુદેવ કે મારા વિદ્યાગુરુ ચંદુલાલ માસ્તરની સલાહ લેતો. બાકી પ્રતોમાંથી તો અનુકરણ કરવા જેવું કે લેવા જેવું લગભગ કશું જ નથી. આ બીજી આવૃત્તિમાં મૂકેલાં મારાં ચિત્રો મેં મારી કલ્પનાશક્તિ, બુદ્ધિ અને બીજા ઘણા અનુભવોથી કરાવ્યાં છે.

આ બીજી આવૃત્તિમાં જે ચિત્રો મૂકવામાં આવ્યાં છે તે સં. ૨૦૦૩માં જાણીતા ડભોઇના કુશળ ચિત્રકાર રમણલાલને વડોદરા કોઠીપોળના જૈન જ્ઞાનમંદિરમાં રાખીને મારા ક્ષયોપશમ પ્રમાણે ખૂબ ખૂબ ચિંતન, મનન અને મંથન કરીને સેંકડો વરસના ઇતિહાસમાં થવા ન પામ્યાં હોય એવાં ચિત્રો તૈયાર કરાવ્યાં હતાં. એ વખતે સંગ્રહણીની પહેલી આવૃત્તિની બુકો ખપી જવા આવી હતી. સં. ૧૯૯૫માં પ્રસિદ્ધ થયેલી સંગ્રહણી સં. ૨૦૦૫ આસપાસમાં વેચાઇ ગઇ. બીજી છપાવ્યા વિના ચાલે તેવું ન હતું. હંમેશા ચિત્રો કરવાનું કામ ઘણો સમય માંગી લે તેવું અને કપરું હોવાથી એ કામ મેં મુદ્રણ પહેલાં જ કરાવી લીધું.

આ ચિત્રોની ડિઝાઇનના બ્લોકો મુંબઇમાં સં. ૨૦૧૫માં કરાવી લીધા હતા. કેમકે એ જ સાલમાં પુસ્તક બહાર પાડી શકશું એવી પૂરી ધારણા હતી પરંતુ ભાવનગરનો મહોદય પ્રેસ એકાએક વેચાઇ જતાં ફર્મા ગોડાઉનમાંથી પાછા મેળવવામાં ખૂબ સમય ગયો. પછી ઘણાં ઘણાં અંતરાયો નડતા રહ્યા.

મુંબઇમાં મારાં નવાં ચિત્રો જોવા માટે તેરાપંથી સમાજના ઘણા સંતો આવી ગયા. પાલીતાણામાં તપાગચ્છના વિવિધ સમુદાયના કેટલાક સાધુઓ પણ જોઇ ગયા. તેરાપંથીના સાધુઓ તો મારા ચિત્રોની ડિઝાઇન જોઇને ભારે મુગ્ધ બની ગયા, તેઓએ કહ્યું કે આવું કામ અમોએ કદી જોયું નથી. હજારો વરસના ઇતિહાસમાં ભૂગોળ ખગોળને લગતાં આવાં ચિત્રો પ્રથમ જ જોઇએ છીએ. અમે તો સાંભળીએ છીએ કે આપ જાહેર જીવનમાં ખૂબ વ્યસ્ત રહો છો. બીજાં ઘણાં કામોમાં રોકાણ હોય છે ત્યારે આપ કયારે આ કામ કરી શક્યા હશો. ત્યારે મેં કહ્યું કે આ કામ તો સં. ૨૦૦૬ની આસપાસમાં પંદર વર્ષ પહેલાં થયેલું, ત્યારે તો તેઓને પાર વિનાની નવાઇ લાગી.

સંગ્રહણીની પ્રથમાવૃત્તિનાં ચિત્રો સંવત ૧૯૯૦માં અમેરીકન ડૉ. નોર્મન બ્રાઉન, તથા સ્ટેલા ક્રીમલીસ તથા બીજા વિદ્વાનોએ માગેલાં, તેમને મેં આપ્યાં હતાં, કેમકે તેઓ સંગ્રહણીમૂલનું સંશોધન અને અભ્યાસ કરતા હતા, અને તેનું પ્રકાશન કરવા માગતા હતા.

ખુલાસો—ભૂગોળ ખગોળના અભ્યાસી અમેરિકા રહેતા જૈન ભાઈશ્રી નિરંજનભાઈએ એક પુસ્તિકા બહાર પાડી છે, જેમાં મારી સંગ્રહણીનાં થોડાં ચિત્રો છાપ્યાં છે. ભાઈશ્રી નિરંજને બ્લેક હોલની જે કલ્પના કરી અને તે સ્થાન અષ્ટકૃષ્ણરાજીનું છે એવું જે ઘટાવે છે પણ તે અનેક કારણોસર બંધબેસતું નથી.

❀ ❀ ❀

## પાલીતાણામાં તલાટી પાસે આવેલા જંબૂદ્વીપમાં અમારા બે ગ્રન્થોનાં ચિત્રોની નકલ કરીને મૂકેલાં ચિત્રો

જંબૂદ્વીપ, જેના પ્રેરક વિદ્વાન મુનિપ્રવર શ્રી અભયસાગરજી છે. જેઓ પ્રાયઃ સં. ૨૦૦૩ આસપાસમાં અમદાવાદ મુકામે સુતરીયા કુટુંબના ઉપાશ્રયમાં રહ્યા હતા ત્યારે જૈન ભૂગોળને લગતો ગ્રન્થ ક્ષેત્રસમાસ અને ખગોળ તેમજ ત્રણેય લોકની વિગતોને રજૂ કરતો મારો અનુવાદિત ગ્રન્થ 'સંગ્રહણીરત્ન' અર્થાત્ મોટી સંગ્રહણી આ બે ગ્રન્થોની માગણી કરેલી તેથી હું જાતે આપી આવ્યો હતો.

આ ગ્રન્થો વાંચ્યા પછી જ તેમણે ભૂગોળ-ખગોળના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો હતો અને આજે પણ જંબૂદ્વીપની રચનામાં ભીંતો ઉપર, દેરીઓ ઉપર લગાવેલા પતરાં ઉપર કલર કામથી જે ચિત્રો મૂક્યાં છે તે લગભગ મોટાભાગનાં આ બંને ગ્રન્થોમાં આપેલાં ચિત્રો ઉપરથી પૂરેપૂરી નકલ કરીને જ મૂકયાં છે, જે આનંદની વાત છે.

દુઃખદ આશ્ચર્ય એ છે કે આ ચિત્રો ઉપરના બે ગ્રન્થોમાં છાપેલાં ચિત્રો ઉપરથી સંપૂર્ણ નકલ કરીને જ્યારે મૂકવામાં આવ્યાં છે ત્યારે ત્યાં આગળ તેની જાણ કરતું એક બોર્ડ મૂકવામાં આવ્યું હોત તો મૂલપુસ્તકો વાંચવા માટે વાચકો પ્રેરાત અને આજકાલ કેટલાક લેખકો, સાહિત્યકારો અને પ્રકાશકો મૂલવ્યક્તિનું કે મૂલગ્રન્થનું નામ લખવાની કે આભાર માનવાની નૈતિક જવાબદારીની ઉપેક્ષા કરતા હોય છે તે અપરાધમાંથી તેઓ મુક્ત રહી શકત.

## અભ્યાસીઓને ખાસ જાણવા જેવી થોડીક વાતો

પ્રશ્ન—આ સંગ્રહણી રત્ન કે સંગ્રહણી સૂત્રથી ઓળખાતા પુસ્તકને શું ખગોળ-ભૂગોળથી ઓળખાવાય ખરૂં?

ઉત્તર—આમ તો આ ગ્રન્થ અનેક વિષયનો છે. પ્રારંભમાં ભૂગોળ અને ખગોળનું વર્ણન કરતી ગાથાઓ જરૂર આપી છે પણ જરૂર પૂરતી જ ગાથાઓ છે. પરન્તુ મેં પ્રસંગ આવ્યો ત્યારે

લોકપ્રકાશ, ક્ષેત્રસમાસ આદિ અનેક ગ્રન્થો દ્વારા ટૂંકી ટૂંકી નોંધ સાથે અઢીદ્વીપનું વર્ણન આપ્યું છે. એ પ્રમાણે સૂર્ય–ચન્દ્ર આદિ જ્યોતિષચક્રનો પ્રસંગ આવ્યો ત્યારે સૂર્યપ્રજ્ઞપ્તિ તથા લોકપ્રકાશાદિ ગ્રન્થો દ્વારા વિસ્તૃત વિવેચન આમાં ઉમેર્યું છે. કહેવાનું તાત્પર્ય એ છે કે મૂલગ્રન્થમાં ભૂગોળ અને ખગોળનો વિષય અતિ અલ્પ છે ત્યારે જૈનખગોળ એવું સ્વતંત્ર નામ કેમ આપી શકાય? છતાં સાપેક્ષ દૃષ્ટિએ ખગોળના રસિક વિદ્યાર્થીઓને આકર્ષવા માટે તથા અન્ય કારણસર જૈનખગોળ તરીકે નામ અપવાદે આપી શકાય.

એમાં એક કારણ એ પણ છે કે આપણે ત્યાં વર્તમાનમાં ક્ષેત્રસમાસ અને બૃહત્સંગ્રહણી જાણે એક જ વૃક્ષની બે શાખા જેવા લાગે છે. ક્ષેત્રસમાસને તો આપણે અધિકારપૂર્વક જૈનભૂગોળ જરૂર કહી શકીએ અને આજે કહીએ પણ છીએ. એને જ્યારે જૈનભૂગોળ કહીએ ત્યારે સામો માણસ તરત પ્રશ્ન કરે કે તો જૈન ખગોળનો ગ્રન્થ કયો? તો ભૂગોળની સામે ધરવા માટે અપેક્ષાએ મોટી સંગ્રહણીનું જ નામ આપવું પડે.

પ્રશ્ન—જૈનગ્રન્થોની અંદર ભૂગોળની જે વાતો લખી છે તે વાતો કઇ છે?

ઉત્તર—આજે સ્કૂલ અને કોલેજોમાં આ વિશ્વની ધરતી ઉપર આપણી આંખ સામે જે ભૂગોળ પથરાયેલી પડી છે તે બાબતમાં ધર્મશાસ્ત્રકારોએ કશું કહ્યું નથી. તે માટે તેમને લખવાની જરૂર પણ ન હતી.

એનું શું કારણ?

અત્યારે વિદ્યમાન વિશ્વમાં પદાર્થો–વસ્તુઓ બે પ્રકારે છે. ૧. શાશ્વત અને ૨. અશાશ્વત. શાશ્વત એટલે અનાદિકાળથી જે પદાર્થો જેવડા અને જેવા હોય તે અનંતકાળ સુધી તેવડા અને તેવા જ રહે. દેખીતી રીતે કોઇ વિશેષ ફેરફાર ન દેખાય તેને શાશ્વત પદાર્થો કહેવાય, અને જે પદાર્થો ઓછાવત્તા થાય, જાતે દિવસે ખતમ થઇ જાય, નામનિશાન પણ ન રહે તેવા પદાર્થો અશાશ્વતા કહેવાય. શાસ્ત્રકારો અશાશ્વતા પદાર્થોનું પ્રાયઃ કરીને વર્ણન કરતા [1]નથી. કારણ કે જે કાળે વર્ણન કર્યું હોય ભવિષ્યમાં એ ચીજ એ રીતે ન રહે તો શાસ્ત્રો અસત્ય ઠરે, શાસ્ત્ર ઉપરથી વિશ્વાસ ઉઠી જાય અને શાસ્ત્રકારો જુઠ્ઠા પડે એટલે સામાન્ય રીતે વિનાશી પદાર્થોનું વર્ણન તેઓ કરતા નથી. ભૂગોળ એવી ચીજ છે કે સ્થળ હોય ત્યાં જળ થાય અને જળ હોય ત્યાં સ્થળ થાય, અને એ થવાનું કારણ ધરતીકંપ, જળ પ્રકોપ, અગ્નિ, ઉપદ્રવ અને વાયુના વાવાઝોડાનાં મહાન ઉપદ્રવો હોય છે. આ સંજોગોમાં જૈનભૂગોળનો આજની ભૂગોળ સાથે સંબંધ જ કયાં રહ્યો? પછી એની સાથે તુલના કરવાનો વિચાર જ કયાં રહ્યો? તમને એક જ દાખલો આપું–

વિશ્વ કે વિશ્વના ભાવો સતત પરાવર્તનશીલ છે. વીતેલા હજારો યુગોમાં પરાવર્તનની કરોડો બાબત બની ગઇ હશે પણ અહીં તો શાસ્ત્રનાં પાને લખાયેલો એક જ દાખલો મળે છે તે રજૂ કરૂં. હું જે વાત લખું છું તેનો ખ્યાલ બહુ ઓછી વ્યક્તિઓના ધ્યાનમાં હશે. તમોએ સંગ્રહણી અને ક્ષેત્રસમાસ વગેરે ગ્રન્થો દ્વારા જંબૂદ્વીપની ભૂગોળ સારી રીતે જાણી લીધી હશે. જૈનશાસ્ત્રમાં

---

૧. વર્ણન કર્યું હશે તો અપવાદે અને જરૂર પૂરતું.

જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં દરિયો છે એવું કદી જાણ્યું કે વાંચ્યું નહિ હોય અને દરિયો છે કે નહિ તેની કદાચ શંકા પણ થઈ નહીં હોય. વિદ્યાર્થીને પ્રશ્ન પૂછશું તો એમ જ કહેશે કે અમે કંઈ જાણતા નથી, તો આપણી ધરતી ઉપર અનાદિકાળથી દરિયો નહોતો. જો એ વાત સર્વથા સાચી જ હોય તો તે આવ્યો કયાંથી? ત્યારે આ અંગેનો ઉલ્લેખ માત્ર એક 'શત્રુંજય મહાત્મ્ય' ગ્રન્થમાં નોંધાયેલો જોવા મળે છે.

શ્રી ઋષભદેવ ભગવાનના વખતમાં નિયમ મુજબ જંબૂદ્વીપને ફરતો લવણસમુદ્રનો દરિયો હતો જ પણ જંબૂદ્વીપના કિલ્લાના તોતીંગ દરવાજાને તોડીને લવણસમુદ્રનો પ્રવાહ જંબૂદ્વીપમાં પ્રવેશ કરી શકે તેમ ન હોવાથી દરિયાનું અસ્તિત્વ જંબૂદ્વીપમાં હોય જ કયાંથી?

પણ બીજા શ્રી અજીતનાથજી તીર્થંકરના સમયમાં સગરચક્રવર્તી થયા. સૌરાષ્ટ્રમાં આવેલા શત્રુંજયતીર્થનું રક્ષણ કરવા માટે સમુદ્રદેવનું આરાધન કરી પ્રત્યક્ષ કર્યા અને દેવને આજ્ઞા કરી, એ દેવે લવણસમુદ્રની એક નહેરને જંબૂની જગતી–કિલ્લા નીચેથી જંબૂદ્વીપમાં દાખલ કરી ત્યારે નહેરના પાણીનો જબરજસ્ત પ્રવાહ ભરતક્ષેત્રમાં એવો ફરી વળ્યો કે ભરતક્ષેત્રની ભૂગોળ વ્યવસ્થાને ઘણી જ હાનિ પહોંચી.

બીજી બાજુ ભારતની ઉત્તરમાં તે વખતના તીર્થરૂપ અષ્ટાપદ પર્વત પાસે પણ દરિયો હતો એ વાત ત્રિષષ્ટિશલાકા ગ્રન્થમાં આવે છે. હિમાલયની જગ્યાએ જ દરિયો હતો એમ વૈજ્ઞાનિકો કહે છે, આથી ભૌગોલિક પરાવર્તનો કેવાં થતાં હોય છે તેનો ખ્યાલ આવશે. ત્રિષષ્ટિ બારમી સદીનો ગ્રન્થ છે.

*

## આજના વૈજ્ઞાનિકોની બીજી વાત જણાવું

અહીં કહેવાતી વાત પણ ૯૯ ટકા લોકો જાણતા નથી હોતા. જાણવાની જરૂરિયાત પણ શું હોય? દુનિયામાં હોય એટલું બધું જ જાણવું જરૂરી છે એવું થોડું છે. ભૂગોળના રસિકો હોય તેને રસ હોય, બીજાને શું રસ હોય? વૈજ્ઞાનિકોએ આ ધરતી ઉપરના બધા ખંડોનો ખૂબ ઊંડો અભ્યાસ કર્યો. પહાડો, ખડકો, નદીઓ, જંગલો તેમજ બીજા અનેક સ્થળે જાતજાતના પ્રયોગો કરીને માહિતીઓના ઢગલા ભેગા કર્યા, પછી તેની તારવણી કરી અને એક નકશો બહાર પાડયો. તે નકશામાં એમને એશિયા, આફ્રિકા, યુરોપ ખંડને જોડેલા બતાવ્યા. એ નકશાને તેમને 'ગોડવાના★ પ્રદેશ' એવું નામ આપ્યું. આ નકશો જોઈએ તો હિન્દુસ્તાનમાંથી પગપાળા તમે લંડન, યુરોપ, રશિયા બધે જઈ શકો, એનો અર્થ એ થયો કે આ બધા ખંડો વચ્ચે દરિયો હતો નહિ. ભારતના નકશામાં જે સૌરાષ્ટ્ર છે, એનો ભાગ જે બહાર નીકળેલો છે, એટલો જ ભાગ

★ દક્ષિણ ધ્રુવ વિસ્તારમાં બરફના જંગી પહાડો નીચે અને બીજો શોધ કરતાં વૈજ્ઞાનિકોએ જાહેર કર્યું કે બે કરોડ વર્ષ પહેલાં ભારત, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા, દક્ષિણ અમેરિકા વગેરે પ્રદેશો વિશાળ ભૂભાગથી જોડાએલા હતા અને તે પ્રદેશને વૈજ્ઞાનિકોએ 'ગોડવાના મહાખંડ' નામ આપ્યું હતું.

બરાબર તેની સામી દિશામાં રહેલા આફ્રિકા ખંડમાં ખાડાવાળો છે એટલે એ સૂચવે છે કે આફ્રિકાની ધરતી ભારતથી ખસીને ગયેલી છે. વૈજ્ઞાનિકો કહે છે કે દરેક દેશો રોજેરોજ જરા જરા સરકી રહ્યાં છે તે રીતે આફ્રિકા પણ ભારત સાથેના જોડાણથી ગમે તે કારણે ધરતીને ધક્કો લાગવાથી ભારતથી આફ્રિકાનો વિભાગ જુદો થઈ ગયો છે.

વાચકોએ એક વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે વૈજ્ઞાનિકો હંમેશા મોટાભાગે વૈજ્ઞાનિક સાધનોથી–અનુમાનોથી ઘણા નિર્ણયો લે છે અને લોકોને જણાવે છે. જો કે બધા ખંડો ભેગાં હતા તે વાત તો આપણને મનગમતી છે. એના ફોટા 'નેશનલ જ્યોગ્રોફી' વગેરે પત્રોમાં અને બીજે પ્રગટ થએલા છે.

હું ભૂલતો ન હોઉં અને મારી સ્મૃતિ બરાબર હોય તો આજથી ૫૦ વર્ષ ઉપર જૈનસંઘમાં એક એવી હવા ફેલાઈ હતી કે વૈજ્ઞાનિકોએ વર્તમાન પેઢીની શાસ્ત્ર ઉપરથી શ્રદ્ધા ઉઠી જાય એટલા માટે તેઓએ પૃથ્વીને આકાશમાં પોતાની ધરી ઉપર ગોળ ફરતી અને સૂર્ય-ચન્દ્રને સ્થિર કહ્યાં છે. વૈજ્ઞાનિકો ખ્રિસ્તી હોવાથી બીજાના ધર્મની માન્યતાને જુટ્ઠી પાડવા અને શાસ્ત્ર પ્રત્યેની શ્રદ્ધા ડગમગી જાય માટે ખોટું પ્રચારવામાં આવે છે. મારી સમજ મુજબ આ માન્યતાને વહેતી મૂકવામાં અને પ્રચારવામાં મુખ્ય ફાળો આપણા એક ધર્મશ્રદ્ધાળુ પંડિતજીનો હતો. પંડિતજી કહેતા કે ક્રિશ્ચિયન લોકોનું, આપણો ધર્મ, આપણી સંસ્કૃતિ, અને આપણાં શાસ્ત્રો સામે એક ભયંકર કાવતરૂં છે. પંડિતજીએ ફેલાવેલી આ વાત બીલકુલ ગલત હતી. પૃથ્વી ગોળ છે એ એની ધરી ઉપર ફરે છે અને સૂર્ય-ચન્દ્ર સ્થિર છે એ માન્યતા તો (પ્રાયઃ) ઈ.સ.ની પાંચમી સદીમાં થએલા ખગોળશાસ્ત્રના પ્રથમ પંક્તિના વૈજ્ઞાનિક ગણાતા એવા આર્યભટ્ટે એમના રચેલા ગ્રન્થમાં લખી છે. આર્યભટ્ટની પરંપરામાં એમની માન્યતાને વરેલા જેટલા શિષ્યો થયા તેઓએ આ માન્યતાને ખૂબ પ્રચારી હતી. કેટલાંક વરસો ગયા બાદ આર્યભટ્ટનું ખંડન કરનારો વર્ગ પણ આ દેશમાં જ ઊભો થયો. તેમને આર્યભટ્ટની માન્યતાઓનું બરાબર ખંડન કર્યું. સહુ એક વાત બરાબર ધ્યાનમાં રાખો કે પૃથ્વી ગોળ છે અને ફરે છે એ માન્યતા પશ્ચિમની જ છે એવું નથી પણ ખરી રીતે ભારતની જ પુરાણી માન્યતા છે. હિન્દુ, બૌદ્ધ અને જૈન ત્રણેયની શાસ્ત્ર માન્યતા વિરુદ્ધ માન્યતા ધરાવનાર વ્યક્તિ આપણા દેશની જ વ્યક્તિ હતી. પશ્ચિમની માન્યતા તો સેંકડો વરસ બાદ પંદરમી શતાબ્દીમાં ગેલેલીઓએ જાહેર કરી હતી. અરે! ખુદ એમના મહાન ધર્મગ્રન્થ બાઈબલમાં પણ આપણી જ માન્યતા લખી છે અને આથી ખ્રિસ્તી વિજ્ઞાનીઓ પોતાનું જ ધર્મશાસ્ત્ર ખોટું પડશે તે શું તેઓ નહોતા સમજતા? પણ આ તો એક શોધની બાબત હતી. માત્ર જૈનો જ નહિ પણ વૈદિક અને બૌદ્ધો પણ પૃથ્વીને સ્થિર અને સૂર્ય-ચન્દ્રને ચર માને છે, એ ખાસ ધ્યાનમાં રાખવું ઘટે.

આ સંગ્રહણીમાં પરિશિષ્ટરૂપે ત્રણેય ધર્મની અને વૈજ્ઞાનિકોની માન્યતાનું તૈયાર કરેલું વિસ્તૃત ચર્ચા કરતું લખાણ આપવું હતું, પરંતુ ગ્રન્થનું કદ વધતું જતું હોવાથી બંધ રાખ્યું છે. સમય યારી આપશે તો ભૂગોળ ખગોળ ઉપર તટસ્થ રીતે, તાર્કિક એક લેખમાળા લખવાનું મન છે, તે વખતે તેમાં શેષ રહેલી વિગતો રજૂ કરીશ.

પ્રશ્ન :—જૈન શાસ્ત્રોમાં વર્તમાન ભૂગોળ માટે કોઈપણ જાતનો ઉલ્લેખ છે ખરો?

ઉત્તર :—આ માટેનો ઈસારા પૂરતો એક ઉલ્લેખ આચારાંગ નામના આગમસૂત્રની શીલાંકાચાર્ય કૃત ટીકા, પ્રકાશક આગમોદય સમિતિ, પૃષ્ઠ ૨૬૫-૨૬૬, સૂત્ર ૧૯૯, ત્યાં મતાંતર આપતાં ટીકાકારે લખ્યું છે કે—"भूगोलः केषांचित् मतेन-निन्यं चलन्नेवाऽस्ते, आदित्यस्तु व्यवस्थित एव" ભૂગોળ–પૃથ્વી હંમેશા ફરતી છે અને આદિત્ય-સૂર્ય વ્યવસ્થિત–સ્થિર છે. આટલી જ નોંધ મળે છે, પણ પૃથ્વી સ્થિર છે એ વાત સાચી છે કે પૃથ્વી ફરે છે તે વાત સાચી છે? એ અંગે કશો નિર્ણય તો આપ્યો નથી પણ કંઈપણ ચર્ચા કરી નથી. ભૂગોળ વિષયમાં આ એક જ ઉલ્લેખ અત્યન્ત મહત્ત્વનો છે. સાતિશય જ્ઞાનીઓ થઈ ગયા, દેવતા પ્રસન્ન એવા આચાર્યો પણ થઈ ગયા પરંતુ આ બાબતમાં જવાબ કેમ મેળવ્યો નહિ હોય? પરિણામે સેંકડો વરસોથી આપણી મુંઝવણ ઊભી રહી છે. અને ઉગતી યુવાન પેઢીની શ્રદ્ધાને નબળી પાડી રહી છે.

નવાઈની વાત એ છે કે શીલાંકાચાર્યજીએ પૃથ્વીને અન્ય મતે ગોળ જણાવી અટકી ગયા, જરાપણ નુકતેચીની ન કરી. શું એમની સામે પણ એવાં કારણો હશે કે સ્પષ્ટ કંઈ લખી શકયા નહીં.

પ્રસ્તાવનાના ૫૧માં પેઈજ ઉપર ખુલાસો આ નામના મથાળા નીચે નિરંજનભાઈએ એક અંગ્રેજીમાં પુસ્તિકા બહાર પાડી એવી જે વાત લખી છે તે પુસ્તકનું નામ SUPER BLACK HOLE છે, અને ગુજરાતીમાં જે અનુવાદ બહાર પડયો છે તેનું નામ શ્યામ-ગર્ત અવકાશી તમસ્કાય પ્રદેશ રાખ્યું છે. તેના કવર પેઈજ ઉપર ભારતીય જૈનધર્મની પ્રાગ્ ઐતિહાસિક શોધ એમ છાપ્યું છે. બંને આવૃત્તિઓમાં સંગ્રહણી ગ્રન્થમાં છાપેલાં મારાં કેટલાંક ચિત્રો પણ તેમાં છાપીને મૂકયાં છે.

**જે કાર્યની પાછળ કારણનો ખ્યાલ આવે તો સમાધિ ટકી જાય પણ જે કાર્યની પાછળ પરિણામનો ખ્યાલ ન આવે તો તેની સમાધિ ટકતી નથી.**

*

**જીભ તો જન્મના પહેલા દિવસે જ મળી જાય છે પણ એના સદુપયોગની કળા આખો જન્મારો વીતવા છતાં કેટલાંયને પ્રાપ્ત થતી નથી.**

# સંગ્રહણી વગેરે ગ્રન્થો સમજવા માટે પાયાની કેટલીક વાતો સમજી લેવી જરૂરી હોઇ તેની વિગતો અહીં આપી છે

પાલીતાણા, સાહિત્યમંદિર                તા. ૧-૧-૮૯

નોંધ :–આ વિભાગમાં ઘણી બાબતો સમાવી શકાય છે, પણ એમ કરવા જતાં ઘણાં પાનાં વધી જાય અને પાઠય ગ્રન્થનું કદ મર્યાદાથી બહાર જાય તે પણ ઠીક નહીં એટલે અહીં છૂટી છવાઈ થોડી થોડી બાબતો વાચકોના ધ્યાન પર મુકું છું. ભૂગોળ-ખગોળ બાબતમાં એક જુદી પુસ્તિકા લખવા વિચાર છે, જેથી વ્યાપક અને વિસ્તૃત જાણકારી આપી શકાય.

સંગ્રહણી ભણનારાઓ માટે પ્રથમ પાયાની કેટલીક બાબતો જાણવી જરૂરી છે. અહીંયા બીજા ગ્રન્થમાં કહેલી ત્રણેક બાબતો રજૂ કરીશ. જૈનધર્મના ત્રિકાલજ્ઞાની સર્વજ્ઞ તીર્થંકરોએ પોતાના જ્ઞાનની સગી આંખોથી નિહાળેલા દૃશ્ય અદૃશ્ય એવા (અન્તમાં ચિત્રરૂપે આપેલા) વિશ્વના આકારને વાચકો ઊંડાણથી લક્ષ્યપૂર્વક બે મિનિટ જોઈ લો, પછી આંખ મીંચીને તેની ધારણા કરી લો, જેથી મોટામાં મોટી એક પ્રાથમિક જરૂરી જાણકારી તમે મેળવી શકશો. તે પછી આ સંગ્રહણીની થોડી જે વાતો જાણવાની છે તે સમજવામાં સરલતા થશે અને આનંદ આવશે.

આ ચિત્ર ચૌદરાજલોકરૂપ જૈન વિશ્વનું છે. આ વિશ્વ નીચેથી ઉપર સુધી કે ઉપરથી નીચે સુધી જૈનધર્મની પરિભાષામાં ચૌદરાજ ઊર્ધ્વ-ઊંચું છે, બાજુનું ચિત્ર એક પુરુષ બે પગ પહોળાં કરીને કેડે હાથ દઈ ટટ્ટાર રીતે સીધો ઊભો હોય એવા પ્રકારે લાગશે. ટોચના ભાગને માથું. તેની નીચે વચમાં પેટ અને તેની નીચે પગ આ રીતે કલ્પના સમાયેલી છે. વિશ્વ ચૌદરાજ પ્રમાણ ઊંચું છે પણ પહોળાઈમાં વિવિધ સ્થળે ભિન્ન ભિન્ન માપવાળું છે. ઠેઠ નીચે પગના ભાગે સાતમી નારકીના તળીયા નીચે (ઊંચાઈથી અડધા ભાગે એટલે) સાતરાજની લંબાઈ પહોળાઈ છે. બરાબર મધ્યમાં કમ્મર પાસે માત્ર એક રાજની છે, જયાં મનુષ્યલોક પથરાયેલો છે. તેથી ઉપર વધીએ તો કોણી પાસે પાંચ રાજ, અને તેથી આગળ વધીને લોકની ટોચે પહોંચીએ તો એક રાજ પ્રમાણ લંબાઇ પહોળાઇ છે.

ચૌદરાજના માપની વાત કરી તે માત્ર સન્મુખની ન સમજવી, પણ ચારે બાજુએ સરખી હોય છે. લોક संवट्टिय लोओ (લો. ના. ૨૮)ના આધારે ગોળાકારે છે.

*

એક રાજ એટલે કેટલું માપ સમજવું? તો એક રાજ એટલે અસંખ્ય અબજોના અબજો માઈલો સમજવા. કલ્પના કરો કે એ સંખ્યા ચૌદરાજે કયાં પહોંચે?

આ વિશ્વ બે વિભાગમાં વિભક્ત છે. તેના એક ભાગને લોક કહેવામાં આવે છે અને બીજા ભાગને અલોક કહેવામાં આવે છે. એ લોક આકાશમાં અદ્ધર રહેલો છે. આપણે જે ધરતી ઉપર રહીએ છીએ તે ધરતી ચૌદરાજલોકના મધ્યભાગે છે. અડધો ભાગ (આપણી

સમભૂતલા પૃથ્વીથી) ઉપર છે અને અડધો ભાગ નીચે રહેલી સાતે નરકોના અન્તે છે. લોકમાં રહેલા આકાશ-અવકાશને લોકાકાશ કહેવાય છે અને તેથી લોકની બહારના આકાશ-અવકાશને અલોકાકાશથી ઓળખાવાય છે. લોકના આકારની લંબાઈ બધે એક સરખી છે નહિ, જે ચિત્ર ઉપરથી તમે સમજી શકો છો. ઉપરના ભાગે એક રાજ લંબાઈ પહોળાઈ જાણવી. બરાબર એક રાજ લાંબી પહોળી ચોરસ પોલી ભુંગળીની કલ્પના કરો અને એ ભુંગળીને પેરેલલ એટલે સીધી લાઈનથી શરૂ કરી એ લાઈનને સીધા સાતમા તળીયા સુધી લઈ જાવ. મનુષ્યલોક પાસે આ ભુંગળીના બે છેડા બરાબર લોકના કિનારે અડેલા દેખાશે. (જે પુસ્તકમાં ચિત્ર દ્વારા બતાવ્યું છે) ચૌદરાજ લાંબી અને એક રાજ પહોળી જગ્યામાં એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના-ટૂંકમાં કહીએ તો વિશ્વના તમામ જીવોનો વસવાટ તેમાં રહેલો છે. ચિત્ર સપાટ બનાવેલું છે પરન્તુ સાચી રીતે ચૌદરાજલોક સમચોરસ છે. આ લોકને ફરતું વિરાટ નહિ વિરાટથી અનેકગણું વિરાટ એવું આકાશ-અવકાશ રહેલું છે, જેને અફાટ, અપાર અને અનંત પણ કહી શકાય. લોકની બહાર રહેલા આ આકાશને શાસ્ત્રકારોએ અલોક શબ્દથી ઓળખાવેલું છે. લોકથી ભિન્ન તે અલોક. જેની અંદર અસંખ્ય ચૌદરાજલોક સમાઈ જાય એવું આ અતિ વિરાટ આકાશ છે. આ આકાશ કેવળ પોલું-ખાલી છે ત્યાં એક પણ જીવ નથી એટલે ત્યાં જીવન નથી માત્ર શૂન્યાવકાશ છે. લોકના છેડા ઉપર ઊભો રહેલો કોઈ જીવ તદ્દન જોડાજોડ રહેલા એવા અલોકની અંદર આંગળી પણ લંબાવી શકતો નથી.

તેનું કારણ શું?

તો જૈનધર્મમાં સંસારને ષડ્દ્રવ્યરૂપ કહેલો છે. ૧. ધર્માસ્તિકાય ૨. અધર્માસ્તિકાય ૩. આકાશાસ્તિકાય ૪. પુદ્ગલાસ્તિકાય ૫. જીવ અને ૬. કાળ. આ છએ દ્રવ્યોથી આ ચૌદરાજલોક ભરેલો છે. આ છએ દ્રવ્યો શાશ્વતા છે. આ છ પદાર્થોમાંથી કયારેય એક પણ ઘટતો નથી અને તેમાં નવો કોઈ ઉમેરાતો નથી. અનાદિ અનંતકાલ સુધી જેવા છે તેવા જ રહે છે, જડ ચેતન પદાર્થો માટે છ દ્રવ્યો પર્યાપ્ત છે. આ લોક અનાદિકાળથી જેવો છે તેવો જ અનંતકાળ સુધી રહેવાવાળો છે. માત્ર ત્રિકાલજ્ઞાનીઓ જ પોતાના જ્ઞાન ચક્ષુથી તેને જોઈ શકે છે. લોક સદાને માટે સ્થિર અને શાશ્વત છે. છ દ્રવ્ય પૈકીના પહેલા અને બીજા એટલે ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બે દ્રવ્યો સમગ્ર લોકમાં વ્યાપીને રહેલાં છે.

શાશ્વતા એવા *ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય આ બંને અદૃશ્ય દ્રવ્યોની કોઈ ઉપયોગિતા ખરી?

આ બંને દ્રવ્યોની ઉપયોગિતા અસાધારણ છે. સમગ્ર વિશ્વ-બ્રહ્માંડમાં રહેલા તમામ જડ અને ચેતન પદાર્થોને ગતિ આપનાર અને એ પદાર્થોને સ્થિતિ-સ્થિર રાખનાર આ બંને દ્રવ્યો હોવાથી તેની અસાધારણ ઉપયોગિતા છે.

આ વિશ્વમાં જીવોના હલનચલનમાં, તમામ ઘરો, કારખાનાંઓ, જંગલો, વનોમાં, હલનચલનની તમામ પ્રકારની જે જે ક્રિયાઓ અવિરત થાય છે અને એથી વિશ્વના જે પદાર્થો

★ આ રહસ્યમય અકળ વૈજ્ઞાનિક બાબત છે. વૈજ્ઞાનિકોએ આ રહસ્ય ખાસ જાણવું જરૂરી છે.

ગતિમાન રહે છે તેમાં કારણ કોઈપણ હોય તો ધર્માસ્તિકાય નામનું અદૃશ્ય દ્રવ્ય-પદાર્થ છે. આ દ્રવ્ય માત્ર લોકમાં જ છે. અલોકમાં છ દ્રવ્યમાંથી આકાશ સિવાય એક પણ દ્રવ્યં નથી. ધર્માસ્તિકાયના સ્પર્શની સહાય વિના કોઈપણ પદાર્થ અલોકમાં એક તસુ માત્ર જઈ શકતો નથી. આ જ્યાં છે ત્યાં જ ગતિ વહેવાર થઈ શકે છે.

એ પ્રમાણે ધર્માસ્તિકાયથી વિપરીત અધર્માસ્તિકાયનું છે એ પણ સમગ્ર લોકવ્યાપી દ્રવ્ય પદાર્થ છે. જો અધર્માસ્તિકાય નામનું દ્રવ્ય ન જ હોય અને માત્ર ધર્માસ્તિકાય નામનું જ દ્રવ્ય હોય તો પરિણામ એ આવે કે જગત સતત દોડતું જ રહ્યા કરે. જડ કે ચેતન કોઈપણ પદાર્થ કોઈ ઠેકાણે સ્થિર જ ન રહી શકે, પરિણામે મહાન અનર્થ અને અવ્યવસ્થા સર્જાઈ જાય. ત્યારે ગતિમાન થએલા પદાર્થોને સ્થિર રહેવું હોય, ઊભા રહેવું હોય, બેસવું હોય કે ગમે તે રીતે રહેવું હોય, તે માટે અધર્માસ્તિકાયના દ્રવ્યની અવશ્ય જરૂર પડે છે. તાત્પર્ય એ કે ધર્માસ્તિકાય ગતિસહાયક દ્રવ્ય છે અને અધર્માસ્તિકાય સ્થિતિસહાયક દ્રવ્ય છે. જો એકલો અધર્માસ્તિકાય હોય તો જગતના પદાર્થો સ્થિર ન રહી શકે. વિરાટ વિશ્વની ગતિ-સ્થિતિ ક્રિયા માટે ધર્મ, અધર્મ બંને અસ્તિકાયોની અનિવાર્ય જરૂર છે. આ બંને મહાન શક્તિઓ સર્વત્ર અનાદિકાળથી જ રહેલી છે. આ બંને દ્રવ્યો-શક્તિઓ અલોકમાં નથી તેથી પાણીની સહાય વિના જેમ માછલું તરી ના શકે તે પ્રમાણે અલોકમાં તે દ્રવ્યોની સહાય ન હોવાથી ત્યાં આકાશ સિવાય જડ ચેતન કોઈપણ પદાર્થોનું અસ્તિત્વ નથી, ખાલી આકાશ આકાશ જ છે.

આઈન્સ્ટાઈન નામના મહાન વૈજ્ઞાનિકના પરિચયમાં આવેલા શ્રીમંત અને વિદ્વાન એક બંગાળી શ્રાવક, જેઓ મુંબઈમાં રહેતા હતા તેઓ મને મળેલા અને કહેતા હતા કે હું અમેરિકામાં આઈન્સ્ટાઈનને મળેલો અને તેઓએ મને કહ્યું કે આ જગતની ગતિ–સ્થિતિ પાછળ કોઈ શક્તિઓ કામ કરી રહી છે, અને હું તેની શોધ કરૂં છું. ત્યારે તે શ્રાવકે કહેલું કે અમારા શાસ્ત્રમાં એનું નામ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાય છે.

અલોક લોકને ફરતો રહેલો છે. સમુદ્રની આગળ જેવું (વહેવારે) બિન્દુ–ટીપુંનું સ્થાન છે. વિરાટ અલોકમાં ચૌદરાજનું સ્થાન પણ એવા બિન્દુ જેવું જ છે. લોક અને અલોક અનાદિકાળથી આકાશમાં જ રહેલા છે. સર્વજ્ઞ તીર્થંકરોએ પ્રતિપાદન કરેલી લોકાલોકની આ બધી વાતો દુનિયા ઉપરના ઇતર ધર્મોના કે બીજા કોઈ વૈજ્ઞાનિક ગ્રન્થોમાં કદી નહીં મળે

હવે આપણી વર્તમાન દુનિયા તો બિન્દુના બિન્દુ જેટલી છે. વર્તમાન દુનિયાની ચારે દિશામાં ઘુમી રહેલા વૈજ્ઞાનિક કૃત્રિમ ઉપગ્રહો અને વિમાનો તેને અનુકૂળ હવામાન હોય છે ત્યાં સુધી જ તેઓ જઈ શકે છે, તેથી આગળ જઈ શકતા નથી, એવું વૈજ્ઞાનિકો કહે છે એટલે વૈજ્ઞાનિકો કદાચ એમ માનતા હોય કે દુનિયા દેખાય છે આટલી જ છે પણ એવું નથી. જો કે આજે તો કેટલાક વૈજ્ઞાનિકો ઉત્તર તરફ ઉત્તર ધ્રુવથી આગળ જીવન છે એટલે ધરતી છે એવું વિચારી રહ્યા છે ખરા!

ચૌદરાજલોકમાં કઈ વસ્તુ કયાં છે તે ચિત્રથી સમજાશે. જૈન ગ્રન્થો અપરાવર્તિત શાશ્વતા પદાર્થોની વિગતો રજૂ કરે છે પણ પરાવર્તિત કે અશાશ્વતા પદાર્થોની નથી કરતા. જેથી આજનું

વિધાન ભવિષ્યમાં ખોટું ના પડે. આપણે ત્યાં ત્રણ લોકની પ્રસિદ્ધિ છે. ૧. સ્વર્ગ ૨. મૃત્યુ અને ૩. પાતાલ. અડધા સ્વર્ગના દેવોનું સ્થાન ઊર્ધ્વ આકાશમાં અને અડધાનું આપણી આ ધરતીની નીચે છે. આ એક ભારે રહસ્યમય ઘટના છે. ધરતીના અડધા દેવોનો આટલે બધે દૂર વસવાટ કેમ? આવો તર્ક સુજ્ઞ વ્યક્તિઓને સ્વાભાવિક રીતે જ થાય. મારી દૃષ્ટિએ એનો ખુલાસો અમુક રીતે આપી શકાય પણ ગ્રન્થનું કદ વધી જવાના કારણે અહીં રજૂ કરતો નથી. ચૌદરાજ લાંબી અને એકરાજ પહોળી સમચોરસ કાલ્પનિક ત્રસનાડીમાં બાકીની જંગી રહેતી ખાલી જગ્યા એકેન્દ્રિય જીવોથી વ્યાપ્ત છે, અને આ ત્રસનાડીની બહાર બાકીની રહેલી લોકાકાશની જગ્યામાં ફક્ત સૂક્ષ્મ એકેન્દ્રિય જીવો જ છે.

અખિલ બ્રહ્માંડરૂપ વિશ્વ અકલ, અગમ્ય, રહસ્યમય છે. એનું વ્યાપક અને વિરાટ સ્વરૂપ ન સમજી શકાય તેવું છે. ત્રિકાલજ્ઞાની તીર્થંકરોથી પણ વિરાટ વિશ્વના પદાર્થો અને એની ત્રૈકાલિક અવસ્થાઓ-પર્યાયોનું વર્ણન કરવું ત્રણેય કાળમાં અશક્ય છે. પોતાના જ્ઞાનમાં તેમણે વિશ્વ જે રૂપે જોયું-ભાસ્યું, તેના અલ્પાંશ માત્રનું વર્ણન કરી શક્યા છે. છતાં ધરતી ઉપરના માનવીઓને ચૌદરાજલોક રૂપી વિશ્વની અલ્પ અને સ્થૂલ ઝાંખી કરાવવા માટે વિશ્વની વ્યવસ્થાનું સ્થૂલ રીતે વિભાજન કરીને લોકોને તાત્ત્વિક વાતો સમજાવવાનું કાર્ય સરલ કરી દીધું છે.

આપણી દૃષ્ટિએ દૃશ્ય અદૃશ્ય એવા વિશ્વના જીવોનો પોતાના પ્રત્યક્ષ જ્ઞાનથી જાણીને વિરાટ એવું અસંખ્ય બાબતોનું વર્ગીકરણ કરીને એમને માત્ર ચાર વિભાગ એટલે ચાર ગતિમાં વહેંચી નાંખ્યા ત્યારે તે બાબત કેટલી સુખદ, સરલ અને આનંદજનક બની ગઈ.

અહીં ભૂમિકારૂપે લોકાલોકના સ્વરુપની આછી ઝાંખી કરાવી.

ચાર ગતિના જીવોનું જે વર્ણન કર્યું છે તે બધું તમને આ ગ્રન્થમાં જાણવા મળશે.

હવે ચાર ગતિની વાત સંગ્રહણીમાં આપી છે, તે ચાર ગતિનાં નામ આ પ્રમાણે છે. ૧. દેવગતિ ૨. મનુષ્યગતિ ૩. તિર્યંચગતિ અને ૪. નરકગતિ.

દેવગતિમાં દેવો રહે છે, મનુષ્યગતિમાં મનુષ્યો, તિર્યંચગતિમાં પશુ-પક્ષી અને ક્ષુદ્ર જંતુઓની વિરાટ દુનિયા અને નરકગતિમાં સતત દુઃખમાં રીબાતા નારકીઓ વસે છે.

દેવગતિમાં રહેનારા દેવો માટે એમ કહેવાય છે કે તેઓ દર્શન આપે ત્યારે મનુષ્યની જેવા જ દેખાય છે. ફરક એટલો જ કે બધા દેવો તેજસ્વી શરીરવાળા હોય છે. મનુષ્યનું શરીર ઔદારિક શબ્દથી ઓળખાતા પુદ્ગલોનું બનેલું છે. જેથી એ પુદ્ગલો હાડકાં, માંસ, લોહી, મેદ, મજ્જા, રસ અને શુક્ર આ સાતે ધાતુઓનું નિર્માણ કરી શકે છે. મનુષ્યનું શરીર બાલ્યાવસ્થા, યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થાવાળું બની શકે છે અને સાત ધાતુઓ અનેક પ્રકારના રોગો શરીરમાં ઊભા કરે છે. પરન્તુ પ્રત્યક્ષ નહીં દેખાતા એવા દેવોનાં શરીરો વિશ્વમાં વ્યાપક રીતે સર્વત્ર પથરાએલી અદૃશ્ય વૈક્રિય વર્ગણાના ગ્રહણ કરાએલા પુદ્ગલોથી બનેલાં હોય છે, એટલે આ પુદ્ગલોથી શરીરમાં સાત ધાતુઓનું નિર્માણ થઈ શકતું નથી. તેઓને માથા ઉપર વાળ, દાઢી, મૂછ, નખ, રોમ હોતા નથી, પેશાબ, ઝાડો, પરસેવો થતો નથી. વળી ફક્ત એક જ

યુવાવસ્થાવાળા છે. આ દેવોને માતાના ગર્ભમાં ઉત્પન્ન થવાનું હોતું નથી. મનુષ્ય જન્મમાં જે દુ:ખો, પીડાઓ, ત્રાસ, તકલીફો છે એ પ્રાયઃ દેવલોકમાં નથી. સુખ અને વૈભવ ભોગવવાનો આ જન્મ છે. આંખો સદાને માટે ખુલ્લી હોય છે. આંખનો પલકારો મારવાનો હોતો નથી. શ્વાસ સુગંધીદાર હોય છે. દેવલોકમાં જતાંની સાથે ઉત્પન્ન થવાની વસ્ત્રાચ્છાદિત શય્યામાં જન્મ લેવા જાય છે અને ઝડપથી તે શય્યામાં યુવાન અવસ્થાવાળા બની જાય છે. દેવલોકમાં વર્તતી જીવનભર કરમાય નહીં એવી માળા તેઓના કંઠમાં હોય છે. ફૂલોની એ માળા જીવનભર કરમાતી નથી. જીવનભર નિરોગી એવા દેવો મોટાભાગે જમીનથી ચાર અંગુલ ઉંચા ચાલે છે અને તેઓ વિશિષ્ટ કોટિનું પરોક્ષ જ્ઞાન (અવધિજ્ઞાન) ધરાવનારા હોય છે. માનવજાતથી લાખ ગુણા સુખી અખૂટ ઋદ્ધિ-સિદ્ધિથી ભરપૂર જીવન જીવનારા છે.

આકાશમાં રહેલા દેવો નીચેના દેવો કરતાં ઘણા ઉચ્ચ કોટિના છે, અને તેઓ વિમાનનો વૈભવ ધરાવનારા છે. આ ધરતી ઉપર તથા નીચે ભૂત, પ્રેત, પિશાચ, ડાકિણી, શાકિણી હલકી કક્ષાના દેવો તથા ચક્રેશ્વરી, પદ્માવતી, અંબિકા, ઘંટાકર્ણ વગેરે ઉંચી જાતના પણ દેવો છે અને ત્યાં લાખો દેવ-દેવીઓ છે. દેવોને જન્મતાંની સાથે વૈક્રિય શરીર સાથે [1]વૈક્રિય શક્તિ પ્રાપ્ત થાય છે, અને એ શક્તિ દ્વારા કુંથુઆ જીવથી પણ નાનું અને જરૂર પડે તો લાખો યોજન જેવડું વિરાટ સ્વરૂપ પણ કરી શકે છે. સુખ અને દુઃખ આપવાની પણ દેવોમાં તાકાત હોય છે. દેવો દર્શન આપે ત્યારે તેઓ મનુષ્ય જેવા પણ અત્યન્ત ઝળહળતા શરીરવાળા હોય છે. સાત ધાતુ વગરના વૈક્રિય પુદ્ગલોના બનેલા શરીર અને એની વિશેષતાઓની ઘટના ઘણી અજાયબીભરી છે.

દેવની વાત પછી મનુષ્ય અને તિર્યંચો આવે જે જાણીતા છે. પછી નારકો આવે, એ આ ધરતી નીચે અવકાશમાં ઘનોદધિ, ઘનવાત આદિના આધારે રહેલી સાત નરકોમાં રહે છે. સામાન્ય જનતાને એક નવી માહિતી આપવા ખાતર ઉપરની બાબત થોડી થોડી જણાવી છે.

હવે જૈનધર્મની બીજી ટૂંકી વાતો પણ જાણી લેવી જરૂરી છે.

## ભેગાભેગી બીજી ખાસ જાણી લેવા જેવી વાત પણ જાણી લઈએ

અમારા પ્રિય વાચકો તમો જૈનધર્મની પાયાની ટૂંકી ટૂંકી અને જાડી જાડી વાતો થોડી થોડી જાણી લેશો તો તમારી દૃષ્ટિનું ફલક થોડું વિસ્તૃત થશે અને શાસ્ત્રોની કે સંગ્રહણીની કેટલીક વાતોને સમજવામાં પણ બળ મળશે.

અત્યારે જૈન સિદ્ધાન્તની જૈન તત્ત્વજ્ઞાનની ચાર બાબતોને રજૂ કરું છું.

જૈનો ૧. આત્મા ૨. કર્મ ૩. પરલોક અને ૪. મોક્ષ આ ચારને માને છે.

---

૧. પોતાના એક શરીરના અસંખ્ય શરીરો બનાવી શકે છે. કરોડો ગાઉ જેવડા વર્તુલને ૨૧ વખત પ્રદક્ષિણા ફક્ત ૩ (ત્રણ) સેકન્ડમાં આપી શકે છે.

આત્મા—આત્મા એક શાશ્વત-સનાતન દ્રવ્ય છે. તે અસંખ્ય પ્રદેશ (-પરમાણુઓ) થી યુક્ત છે. તે જડ નથી પણ ચૈતન્યમય છે. સંપૂર્ણ જ્ઞાનમય છે પણ અનાદિકાળથી કર્મને પરાધીન હોવાથી તેજસ અને કાર્મણ આ બે જાતના શરીરથી યુક્ત છે, એટલે આત્માનો મૂલભૂત સ્વભાવ શુદ્ધ, અશરીરી, નિર્મળ અને સંપૂર્ણ રીતે જ્ઞાનમય-ચૈતન્યમય છે પણ એ જ્ઞાનના પ્રકાશ ઉપર મિથ્યા બુદ્ધિ, અજ્ઞાન, અસંયમ, કષાયભાવો, પ્રમાદ, મોહ, માયા, મમતા વગેરે દૂષણો અને પ્રદૂષણોને કારણે પ્રથમ તો આત્મામાં રહેલા જ્ઞાનના મહાન જ્ઞાનપ્રકાશ ઉપર અનેક હિમાલયો જેવડાં આવરણો ચઢી જવાથી તેનો જ્ઞાનપ્રકાશ ઢંકાઇ જાય છે. શરીરધારી હોવાથી તેની સ્વાભાવિક શક્તિઓ અને સ્વાતંત્ર્ય વગેરે ખતમ થઇ ગયું છે.

આ આત્મા અખંડ દ્રવ્ય છે. કોઈ પૂછે કે આત્મા કેવડો છે? તો આપણી એક આંગળીની પહોળાઈના અસંખ્યાતમા ભાગ જેટલો છે. પોતે કરેલા પુણ્ય-પાપના કર્મબંધના કારણે તે તે ગતિની યોનિમાં સરકતો રહીને વિવિધ શરીરો દ્વારા ભિન્ન ભિન્ન આકૃતિવાળો થતો રહે છે. સર્વજ્ઞ સિવાય આત્માને કોઇ જોઇ શકતું નથી. પરન્તુ એના ચૈતન્ય કે એની ક્રિયાઓથી એનું અસ્તિત્વ છે એવો પ્રાયઃ સહુને અનુભવ થાય છે. નાસ્તિકો ભલે આત્માને ન માને પણ તે છે ને છે જ. આત્માની ટૂંકમાં ઓળખાણ કર્યા પછી કર્મની વાત ટૂંકમાં સમજીએ.

કર્મ—કર્મનો અર્થ અહીંયા ઉદ્યમ, પુરુષાર્થ કે ક્રિયા નથી કરવાનો. કર્મ એ પણ એક પુદ્ગલ દ્રવ્ય છે. આ કર્મોના પ્રકારો અસંખ્ય હોય છે, પરન્તુ તેનું વર્ગીકરણ કરીને ફક્ત આઠ પ્રકારનાં કર્મ નક્કી કર્યાં છે. એનું વર્ણન સંગ્રહણીમાં પાછળના ભાગમાં નમૂના રૂપે આપ્યું છે. આ કર્મ એક પ્રકારના સૂક્ષ્મ પુદ્ગલ પરમાણુઓ રૂપે છે. વિશિષ્ટ જ્ઞાની સિવાય એ પુદ્ગલને કોઇ જોઇ શકતું નથી. આ કર્મના અણુ-પરમાણુઓ કે એના જથ્થાઓ-સ્કંધો ચૌદરાજલોકરૂપ આકાશમાં સર્વત્ર ઠાંસી ઠાંસીને ભર્યા છે. વિશ્વમાં રહેલા આ પરમાણુઓમાં સુખ દુઃખ આપવાની સ્વયં શક્તિ નથી, પરન્તુ કોઇપણ જીવ સારા-નરસા વિચારો કરતો રહ્યો હોય તે વખતે શરીરની અંદર રહેલો આત્મા અદૃશ્ય રીતે આજુબાજુમાં વર્તતા પુદ્ગલ પરમાણુઓને આકર્ષે છે-ખેંચે છે, અને આત્માના પ્રદેશોની સાથે તેનું જોડાણ થાય છે. એ જોડાણની સાથે સાથે એ કર્મ પરમાણુઓમાં સુખ-દુઃખ આપવાની શક્તિ પેદા થાય છે, અને બંધાએલાં કર્મો તે તે કાળે ઉદયમાં આવે ત્યારે જીવને સુખ-દુઃખનો અનુભવ કરાવે છે.

પરલોક—જૈનો પરલોકને પણ માને છે. મનુષ્યની દૃષ્ટિએ પરલોક એટલે બીજું સ્થાન, એટલે કે દેવગતિ, નરકગતિ, તિર્યંચગતિ એ ત્રણે ગતિઓ. સાપેક્ષ દૃષ્ટિએ મનુષ્ય અને તિર્યંચ એને પણ પરલોક કહી શકાય. કેટલાક દર્શનકારો આત્માને માનતા નથી, કર્મને માનતા નથી અને પરલોકને પણ માનતા નથી. પણ ભારતીય જૈન, વૈદિક અને બુદ્ધ ત્રણેય ધર્મો પરલોકને માને છે. પરલોક છે છે અને છે જ. એક ગતિમાંથી બીજી ગતિમાં જો જવાનું ન હોય તો સારાં-નરસાં કર્મોનો ભોગવટો મર્યા પછી ક્યાં જઈને કરે? છેલ્લાં ઘણાં વરસોથી જાતિસ્મરણ એટલે ગયા જન્મની ઘટનાઓના સેંકડો દાખલાઓ અખબારોમાં છપાતા રહ્યા છે એ જ પરલોકની સાબિતી આપે છે. એક જન્મ છોડી બીજો એવો જ જન્મ લેવો તેને પણ પરલોક કહેવાય.

મોક્ષ--મોક્ષ એટલે અશરીરી-શરીર વિનાના જ્યોતિરૂપ અનેક આત્માઓનું નિવાસસ્થાન. સકલ કર્મનો ક્ષય કરીને આત્મા સિદ્ધશિલાએ પહોંચી જાય છે પછી સંસારમાં પાછા આવવા માટેનું કોઇ કર્મ એના આત્મામાં બાકી રહેતું નથી એટલે એને ફરી જન્મ મરણ કરવા આવવાનું હોતું નથી. સર્વ દુ:ખોનો ક્ષય કરીને ત્યાં અનિર્વચનીય આધ્યાત્મિક સુખનો શાશ્વત કાળ સુધી અનુભવ કરે છે.

## હવે ત્રીજી બાબત પણ જાણી લઈએ

વર્તમાનમાં જૈન અભ્યાસીઓને જૈનધર્મના જ્ઞાન માટે પ્રારંભમાં મંદિર અને ઉપાશ્રયમાં ઉપયોગી સૂત્રો પ્રાર્થનાઓ-વિધિઓ શીખવાડાય છે. જેને પાંચ પ્રતિક્રમણ નવસ્મરણ આદિ કહેવાય છે. ત્યારપછી વિશ્વમાં વર્તતા એક ઇન્દ્રિયવાળા જીવોથી લઇ પાંચ ઇન્દ્રિય સુધીના જીવોનું જ્ઞાન થાય એ માટે જીવવિચાર નામનું પુસ્તક ભણાવાય છે. તે પછી જૈનધર્મની ઇમારતના પાયારૂપ-ચાવીરૂપ નવતત્ત્વથી ઓળખાતો તાત્ત્વિક ગ્રન્થ ભણે છે. જેમાં જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, સંવર, બંધ, નિર્જરા અને મોક્ષ, આ નવ તત્ત્વોનું જ્ઞાન મેળવે છે. પછી દંડક, સંગ્રહણી, ત્રણ ભાષ્ય વગેરે શીખીને સંગ્રહણી ગ્રન્થ ભણે છે. આ એક સામાન્ય પરંપરા-રિવાજ છે.

આ લેખમાં બે સંકેત કર્યા, હવે ત્રીજી જાણવા જેવી વાતનો સંકેત કરું, જેથી જૈન તત્ત્વજ્ઞાન અને જૈન શાસ્ત્રની મહાનતા-પ્રામાણિકતા કેટલી બધી છે તેની ઝાંખી થાય. જૈનધર્મના પ્રારંભમાં ભણવામાં આવતા 'નવતત્ત્વ' નામના પ્રકરણ ગ્રન્થમાં એક ગાથા-શ્લોક આપ્યો છે-

**"संद्दधयारउज्जोअ पभाछाया तवेहि य ।**
**वण्णगंधरसाफासा पुग्गलाणं तु लक्खणं ॥"**

જૈન તત્ત્વજ્ઞાન યથાર્થ અને સર્વજ્ઞમૂલક છે તેની પૂર્ણ પ્રતીતિ કરાવનારી અને વૈજ્ઞાનિક દૃષ્ટિને રજૂ કરતી આ ગાથા છે.

દરેક વસ્તુ-પદાર્થને ઓળખવા માટે તેનાં લક્ષણો નક્કી કરેલાં હોય છે. આ આત્મા છે તે શાથી કહેવાય? આ પુદ્ગલ છે તે શાથી કહેવાય? તો તેનાં જ્ઞાનીઓએ કહેલાં લક્ષણો જાણીએ તો તેનાથી નક્કી થઇ શકે અને તેથી જે વસ્તુ જે રૂપે છે, તેનો તે જ રીતે બોધ-જ્ઞાન થાય.

એટલે શિષ્યે પ્રશ્ન કર્યો કે અમારે 'પુદ્ગલ' કોને કહેવાય? તે સમજવું છે, તો તેનું લક્ષણ બતાવો.

એટલે આ ગાથાના ઉત્તરાર્ધમાં જણાવ્યું કે જે પદાર્થને પાંચ પ્રકારના રંગમાંથી કોઇને કોઇ એક રંગ હોય, બે પ્રકારના ગંધમાંથી કોઇ એક ગંધ હોય, છ પ્રકારના રસ-સ્વાદમાંથી કોઇ એક રસ-સ્વાદ હોય અને કઠોર કોમળ વગેરે આઠ પ્રકારના સ્પર્શમાંથી કોઇ એક સ્પર્શ હોય તેને પુદ્ગલ કહેવાય.

ઉપરનાં ચાર લક્ષણો જેને ઘટે તે પુદ્ગલ કહેવાય.

ઉપરની ગાથામાં વ્યાપક રીતે રહેલાં પુદ્‍ગલો કયા કયા પ્રકારનાં છે તે માટે શબ્દ, અંધકાર વગેરે નામો આપ્યાં છે.

ગાથા અર્થ—શબ્દ-ધ્વનિ, અંધકાર, ઉદ્યોત, પ્રભા, છાયા, આતપ-તડકો, આ છ વસ્તુઓ પુદ્‍ગલ સ્વરુપ છે. પુદ્‍ગલ એટલે દ્રવ્ય-પદાર્થ છે, એ નિર્વિવાદ જણાવ્યું. પદાર્થ હોવાથી તેના સ્કંધો-જથ્થાઓ પરમાણુઓ એક ઠેકાણેથી બીજે ઠેકાણે ગમનાગમન કરી શકે છે. બીજાં કેટલાંક અજૈન ધર્મશાસ્ત્રો શબ્દને આકાશનો ગુણ માનતાં હતાં પણ ફોનોગ્રાફ શોધાયું અને તેમાં શબ્દો પકડાયા અને સ્થાયી થયા ત્યારે સત્ય સમજાયું. એ રીતે જ તેઓ અંધકારને પ્રકાશનો અભાવ કહેતા હતા. જ્યારે જૈનદર્શન અંધકારને પ્રકાશના અભાવરૂપ નહીં પણ સ્વતંત્ર દ્રવ્યરૂપ માનતું હતું એટલે જ ફ્રાન્સના વૈજ્ઞાનિક ઓલીવરલોજે જાહેર કરેલું કે હું અત્યારે એવા પ્રયોગો કરૂં છું કે જો તેમાં સંપૂર્ણ સફળ થઈશ તો ધોળા દિવસે આખી દુનિયાને અંધકારમાં ડુબાડી દઈશ. આ ત્યારે જ બને કે જ્યારે તે વસ્તુ-પદાર્થ ચીજ હોય. છાયા એટલે સમગ્ર વસ્તુનું પ્રતિબિંબ. જડ કે ચેતન નાની કે મોટી કોઈપણ વસ્તુમાંથી છાયાનાં સાદા કે રંગીન તરંગો-મોજાંઓ સતત નીકળતાં જ હોય છે. તરંગો હોવાથી તેને પકડી શકાય છે એટલે જ રેડિયો, ટેલિવિઝન શક્ય બન્યાં. આ બધાં એકથી વધુ પરમાણુઓનાં બનેલાં સ્કંધો-જથ્થાઓરૂપે હોય છે. શબ્દ પુદ્‍ગલ છે અને તે એક સ્થળેથી બીજે સ્થળે જઈ આવી શકે છે. તેનો અનાદિ-અનંતકાળ સુધી જીવંત રહેનારો શાશ્વત દાખલો આપું.

જૈનધર્મમાં દરેક મહાકાળમાં ચોવીશ-ચોવીશ તીર્થંકરો થાય છે અને દરેક તીર્થંકરના જન્મ, દીક્ષા વગેરે પ્રસંગોની ઉજવણી દેવોને કરવાની હોવાથી ઈન્દ્ર મહારાજા દેવોને આમંત્રણ આપે છે ત્યારે વિમાનો કરોડો-અબજો માઈલ દૂર દૂર રહેલાં હોય છે. અસંખ્ય વિમાનોને ખબર શી રીતે આપવા? એટલે ઈન્દ્રનાં મુખ્ય વિમાનમાં શાશ્વતી 'સુઘોષા' નામની મહાઘંટા છે. એ ઘંટા ઈન્દ્ર પ્રથમ તેના અધિકારી હરિણૈગમેષી દેવ પાસે વગડાવે અને પછી સંદેશો પ્રસારિત કરાવે. હરિણૈગમેષી જોરથી મહાઘંટા વગાડે છે. સૌધર્મના મહાવિમાનમાં અવાજ શરૂ થતાંની સાથે જ લાખો-કરોડો માઈલ દૂર દૂર રહેલાં અસંખ્ય વિમાનોની અસંખ્ય ઘંટાઓ એક સાથે જ વાગવા માંડે છે. દેવોને આ રિવાજની ખબર હોય જ છે એટલે બધા સાવધાન થઈ જાય છે. શાંત થઈ જાવ, સાંભળો, સાંભળો, તે પછી ઈન્દ્રે આપેલો સંદેશો ઘંટા પાસે ઊભા રહી દેવ બોલે છે કે-'જગતનાં જીવોનું કલ્યાણ કરવા તીર્થંકર પરમાત્માનો જન્મ ભારતમાં થયો છે એની ઉજવણી કરવા હું મેરુપર્વત ઉપર જાઉં છું, જેને ભક્તિનો લાભ લેવો હોય તે જલદી આવજો.' આ સંદેશો અસંખ્ય દેવ-દેવીઓ સાંભળે છે.

હવે અહીં સમજવાનું એ છે કે એક વિમાનથી બીજાં વિમાન વચ્ચે નથી દોરડું કે તાર, ફક્ત ખાલી અવકાશ જ છે, છતાં ઘંટાના મહાનાદ પાસે ઊભા રહીને બોલાતો સંદેશો સહુ સાંભળે છે. રેડિયોની શોધ તો આ સૈકામાં થઈ પણ શાસ્ત્રમાં તો આ બાબત અનાદિકાળથી પડેલી જ છે. જ્યારે વિજ્ઞાને વિદ્યુત્ શક્તિ વગેરે અનેક સાધનો દ્વારા આજે શાસ્ત્રોક્ત પુરાણી વાતને સાચી કરાવી આપી છે.

એક ધ્યાન રાખવું કે અંધકાર અને પ્રકાશ, ધ્વનિ અને પ્રભા, છાયા આ તમામનાં પુદ્ગલો એક જ સ્થાનમાં એકબીજામાં મિશ્રણ થઈને રહી શકે છે. કેમકે પુદ્ગલોનો તેવાં પ્રકારનો સ્વભાવ હોય છે. જેમ પ્રકાશ ત્યાં જ અંધકાર હોય છે પણ પ્રકાશ આવે એટલે તેનાં તેજમાં* અંધારૂં દેખાય નહિ, એ જાય એટલે દેખાય જ. માત્ર એક ટાંચણીની ટોચ જેટલી જગ્યા ઉપર વિશ્વભરનાં જડ–ચેતનના ધ્વનિ-શબ્દો, અવાજો, અંધકાર, છાયા, પ્રકાશ વગેરેનાં અસંખ્ય પુદ્ગલ પરમાણુઓ હોય છે એમ જૈનતત્ત્વજ્ઞાનનું વિજ્ઞાન કહે છે.

## ○ ચોથી બાબત જાણીએ ○

સાથે સાથે અન્તમાં સમગ્ર વિશ્વમાં સર્વત્ર ઠાંસીઠાંસીને ભરેલા એવા દુનિયાના વૈજ્ઞાનિકો અને વિદ્વાનોથી પ્રાયઃ અજ્ઞાત છતાં વૈજ્ઞાનિક વાચકો માટે જાણવો જરૂરી એવા સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોનો પણ પરિચય આપી દઉં.

સાયન્સમાં અતિસૂક્ષ્મ જીવના પ્રકારમાં વાયરસ પ્રકારના જીવોની શોધ થઈ છે. એ જીવો સામાન્ય સૂક્ષ્મદર્શક યન્ત્રમાં નહિ પણ નવાં શોધાએલાં યન્ત્રમાં જોઈ શકાય છે. આવા વાયરસથી પણ સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવો આ સંસારમાં છે, જેને કોઈ યન્ત્ર કે માનવચક્ષુ જોઈ શકે તેમ નથી. આવા જીવોને શાસ્ત્રમાં 'નિગોદ' નામ આપ્યું છે અને તે જીવો સમગ્ર બ્રહ્માંડમાં યત્ર, તત્ર, સર્વત્ર ઠાંસીઠાંસીને ભર્યા છે.

ત્રણેયકાળમાં જ્યારે જ્યારે પ્રશ્ન થશે કે આ સંસારમાં નાનામાં નાનું શરીર ધારણ કરનારો જીવ કોણ? તો ત્રણેયકાળમાં તેનો એક જ જવાબ હશે કે નિગોદનો જીવ.

હવે આ નિગોદીયા જીવોનો અત્યલ્પ પરિચય આપું, જેથી આ મહાસંસારમાં જીવોને. કેવાં કેવાં કર્મને આધીન થઈને કેવાં કેવાં શરીર ધારણ કરવાં પડે છે તેનો ખ્યાલ મળે. જૈન તીર્થંકરોએ પોતાના નિરાવરણજ્ઞાનથી જે કહ્યું છે તેના આધારે કહીએ તો માપની દૃષ્ટિએ છેલ્લામાં છેલ્લી કક્ષાના એક અંગુલના અસંખ્યાતમા ભાગનું સૂક્ષ્માતિસૂક્ષ્મ શરીરવાળા નિગોદશરીરો તમામ જીવોએ અસંખ્ય વાર ગ્રહણ કર્યા છે.

જુદી જુદી પ્રજાનું આદિસ્થાન જેમ ઈતિહાસમાં નોંધવામાં આવે છે તેમ સંસારી જીવોનું આદિસ્થાન કયાં એવો પ્રશ્ન થાય ત્યારે તેનો જવાબ છે અનાદિ નિગોદ.

પ્રશ્ન—સંસારમાં એક ઈન્દ્રિયથી માંડીને પાંચ ઈન્દ્રિયો સુધીના પાંચ પ્રકારના અનંતા જીવો જે છે તેમાં નિગોદ જીવોનો સમાવેશ શેમાં સમજવો?

ઉત્તર—માત્ર એકેન્દ્રિય પ્રકારમાં જ. એકેન્દ્રિય એટલે માત્ર એક શરીરને જ ધારણ કરનારા (બાકીની ચાર ઈન્દ્રિયો વિનાના) પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ. આ પાંચ પ્રકારો પૈકી છેલ્લો પ્રકાર વનસ્પતિનો છે. એ વનસ્પતિને જૈનશાસ્ત્રોએ 'વનસ્પતિકાય' તરીકે

---

★ આ અંગે મતાંતર છે, તે તત્ત્વાર્થ ટીકાથી જાણી લેવું.

સંબોધી છે. કાય અર્થાત્ શરીર. નિગોદના જીવોનો સમાવેશ આ વનસ્પતિકાય (વનસ્પતિ શરીર)માં જ થાય છે.

## * હવે નિગોદના સ્વરુપની બીજી થોડી ઝાંખી કરી લઈએ *

નિગોદ એટલે અનંતા જીવોનું ભેગા મળીને મેળવેલું સર્વસાધારણ એક શરીર. માત્ર વનસ્પતિકાયમાં આ એક અતિવિચિત્રતા આપણને જાણવા મળે છે. આ જાણપણું કેવળજ્ઞાની તીર્થંકરોના જ્ઞાન દ્વારા જ થઈ શકે છે. એક શરીરમાં રહેનારા નિગોદના અનંતા જીવો એક સાથે જ ઉત્પન્ન થાય છે. તમામ જીવો પોતાના શરીરની રચના શ્વાસોશ્વાસ ગ્રહણ, તત્શરીર પ્રાયોગ્ય આહારનું ગ્રહણ અને વિસર્જન બધું એક સાથે જ સમકાળે જ કરે છે. કેવી આ મહાદુઃખદ અવસ્થા!

એક શરીરમાં અનંતા જીવો શી રીતે રહે? એ પ્રશ્ન થાય. તો જેમ એક ઓરડાના દીપકના તેજમાં અન્ય સેંકડો દીપકનું તેજ શમાઈ જાય છે તેમ દ્રવ્યો–પુદ્ગલના સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવ-પરિણામની વિચિત્રતા એવી છે કે તે જીવો એકબીજામાં સંક્રમીને રહી શકે છે. વાચકોને જાણીને આશ્ચર્ય થશે કે આવા સૂક્ષ્મ જીવોની વેદના કેવી હોય? શાસ્ત્રમાં તેનો જવાબ છે કે સાતમી નરકમાં રહેલા નારક જીવને જે વેદના હોય છે તેનાથી અનંતગણી વેદના તેમને હોય છે. એક શ્વાસોશ્વાસકાળમાં તો સત્તર વખત તેનાં જન્મ-મરણ થાય છે. આપણે સહુએ આ નિગોદનો આસ્વાદ અસંખ્ય વાર લીધો છે, પણ હવે ફરી ત્યાં જવું ન પડે માટે આત્મજાગૃતિ રાખીએ!

પ્રશ્ન—આપણી નજર સામે સાધારણ વનસ્પતિવાળી વસ્તુઓ કઈ કઈ છે?

ઉત્તર—આમ તો અનેકાનેક વસ્તુઓ છે પણ અહીંયા સુપ્રસિદ્ધ એવાં જાણવા જરૂરી થોડાં નામ જણાવું. તમામ જાતનાં કંદમૂળ, સેવાલ, લીલ-ફૂલ, ફૂગી, બિલાડીના ટોપ, લીલી હળદર, ગાજર, લીલું આદુ વગેરે વગેરે વસ્તુઓ માત્ર સોયના અગ્રભાગ ઉપર રહેલી હોય તો તેમાં પણ અનંતા જીવો હોય છે. આ બધા જીવોની હિંસાથી બચવું એ ધર્માત્માઓનું પરમ કર્તવ્ય છે.

હજુ જૈન તાત્ત્વિક વિજ્ઞાનની બીજી મુખ્ય મુખ્ય આઠ-દશ બાબતો પણ જાણવા જેવી છે પણ લેખ લંબાવવો નથી એટલે તે બાબતો જતી કરી છે.

બ્રહ્માંડ અપાર, અમાપ, અફાટ અને અગાધ રહસ્યોથી ભરેલું છે જેને પુરૂં જાણવાનું જ્ઞાનીઓ માટે પણ અગમ્ય છે. અહીંયા ફક્ત જાણવા જેવી ચાર વાતો સંક્ષેપમાં જણાવી.

*–યશોદેવસૂરિ*

મહા સુદિ-૧૩, વિ. સં. ૨૦૪૭, તા. ૨૮-૧-૯૧

# નવી આવૃત્તિ અંગે સંસ્થાનું પૂરક નિવેદન

**૧૭-૧૮ જેવી નાની ઉંમરમાં આવા બૃહદ્ગ્રંથનું સુવિસ્તૃત અને રોચક ચિત્રો સાથેનું ભાષાંતર કરવાનું જે સાહસ મુનિજીએ કર્યું તેની ભૂમિકા શું હતી તે અહીં રજૂ કરી છે**

*

જૈનસમાજમાં સંગ્રહણી નામના અતિ વિખ્યાત ગ્રન્થની રચના બારમી સદીના મહાન આચાર્ય ભગવંત શ્રીમદ્ ચંદ્રસૂરિજીએ, જે સાધુ-સાધ્વીઓ અને ગૃહસ્થો-સંસારીઓ આગમશાસ્ત્રોનું અધ્યયન ન કરી શકે અથવા તીવ્ર બુદ્ધિ ન હોવાને લીધે સંક્ષિપ્ત રીતે જૈન તત્ત્વજ્ઞાન અને વિરાટ વિશ્વનું જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો એક જ ગ્રન્થથી સારા પ્રમાણમાં કરી શકે, તેમજ અનેકાનેક વિષયોની માહિતી પ્રાપ્ત થાય, એવી ઉપકારક બુદ્ધિથી આગમમાંથી ઉપયોગી વિષયોને પસંદ કરીને, પ્રાકૃતભાષાની નવી ગાથાઓ બનાવીને આ ગ્રન્થની રચના કરી છે. આ ગ્રન્થ જૈનસંઘમાં એટલો પ્રિય થઈ ચૂકયો હતો કે તેનું અધ્યયન સેંકડો વરસોથી હજારો વ્યક્તિ કરતી આવી છે. એ જ કારણે તેની પ્રતો સારી સંખ્યામાં જૈન જ્ઞાનભંડારોમાં મળી આવે છે, અને તેની સચિત્ર પ્રતો ચૌદમી સદીથી માંડીને વીસમી સદી સુધીની સારી સંખ્યામાં પ્રાપ્ત થાય છે.

વિશિષ્ટ પ્રકારની એટલે કે ભારતીય અને ઈરાનીકલાના મિશ્રણથી નવો જન્મ પામેલી ચિત્રકલા વડે રચિત ચિત્રોવાળો મૂર્ધન્ય ગ્રંથ જૈનસમાજમાં પ્રથમ કલ્પસૂત્ર છે. તેની સુવર્ણાક્ષરી, રૌપ્યાક્ષરી બહુમૂલ્ય કૃતિઓ જૈન ભંડારોમાં સારી સંખ્યામાં વિદ્યમાન છે. આવી જ સચિત્ર પ્રતો મોટા, મહત્ત્વના જૈનભંડારોમાં બીજા ક્રમે આવતી હોય તો તે સંગ્રહણીની છે. પણ તેમાં રૂપકામનાં ચિત્રો બહુ ઓછાં હોય છે પણ બીજાં વિષયોનાં ઘણાં હોય છે. આ આકૃતિઓના અણજાણ અજૈન લેખકો મંત્ર, તંત્ર સમજે છે જે ખોટું છે. મોટાભાગની પ્રતિઓ મધ્યમકક્ષાના આર્ટની હોય છે. સોનાના, ચાંદીના વરખ શાહીથી અલંકૃત કેટલાંક ચિત્રોવાળી આકર્ષક પ્રતિ અમારા પુસ્તક સંગ્રહમાં છે.

આ સંગ્રહણીની ભંડારોમાં માત્ર સંક્ષિપ્ત શબ્દાર્થવાળી પ્રતો (ટબા) થોડી ઘણી પ્રાપ્ય છે. પરંતુ વિસ્તૃત ભાષાંતરવાળી એક પણ પ્રત મળેલ નથી. આ યુગના છેલ્લાં ૧૦૦ વરસમાં વિસ્તૃત ભાષાંતરવાળું એક પણ પુસ્તક છપાયું ન હતું તેથી મુનિજીને ખૂબ જ દુઃખ થયું અને સ્વપરના લાભાર્થે એક મહાન ગ્રન્થના અનુવાદનું ભગીરથ કાર્ય કરવાનો મહાન નિર્ણય કર્યો. ગુરુ આદેશ લઈને અનુવાદ કર્યો. આ અનુવાદ કયારે કર્યો? તે સમયે તેમની કેટલી ઉંમર હતી? કયારે છપાયો? આ બધી ઘટના રોમહર્ષક અને પ્રેરક છે તેથી તેની ઝલક જોઈએ, જેથી ૧૬-૧૭ વરસની ઉંમરમાં તેમને કરેલા એક અકલ્પનીય સાહસનો પરિચય થશે, તેની અનુમોદના થશે અને યુવાન વાચકોને ખાસ પ્રેરણા મળશે.

મુનિજીએ પાલીતાણામાં સં. ૧૯૮૬માં ૧૪ વરસની ઉંમરે સંસારીપણામાં પ્રથમ સંગ્રહણીની ૩૪૯ ગાથા કંઠસ્થ કરી, તે પછી સંગ્રહણી ગ્રન્થનું અધ્યયન પૂ. ગુરુદેવ ધર્મવિજયજી મહારાજ પાસે કર્યું. તે પછી તેનું ભાષાંતર દીક્ષા ગ્રહણના પ્રથમ વર્ષમાં જ અર્થાત્ સંવત ૧૯૮૭માં જ્યારે ઉંમર માત્ર ૧૫ વરસની હતી ત્યારે મહુવા (સૌરાષ્ટ્ર)માં શરૂ કર્યું. ૧।। વરસ સુધી થોડું થોડું લખતા રહ્યા, ત્યારબાદ વિહારના કારણે બે વર્ષ બંધ રહ્યું, વળી પાછું શરૂ કર્યું અને વિ. સં. ૧૯૯૧ના અંતમાં દર્ભાવતી-ડભોઈમંડન પરમપ્રભાવક શ્રી લોઢણપાર્શ્વનાથ ભગવાન વગેરે ઇષ્ટ દેવો અને ડભોઈમાં જ સ્વર્ગવાસી બનેલા ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ તથા પૂજ્ય ગુરુદેવો, ભગવતીજી મા પદ્માવતી તથા સરસ્વતીજી વગેરેની કૃપા-સહાયથી પૂરું કર્યું. કટકે કટકે ભાષાંતર કરતાં ૧૯ વરસની ઉંમરે પૂર્ણ કર્યું, લેખકના સમર્થ વિદ્વાન ગુરુદેવ તત્ત્વજ્ઞ પૂજ્ય મુનિશ્રી ધર્મવિજયજી મહારાજે સમગ્ર લખાણનું સંશોધન કર્યું અને જરૂરી સુધારા કર્યા. પૂજ્યપ્રવર ઉપાધ્યાયજી શ્રી પ્રતાપવિજયજી મહારાજે પણ સિંહાવલોકન કરી સૂચનો કર્યાં. પૂજ્ય દાદાગુરુજીએ નજર નાંખી, ત્રણેય ગુરુદેવોએ આશીર્વાદપૂર્વક ખૂબ જ પ્રસન્નતા દર્શાવી. પછી સં. ૧૯૯૩માં ભાવનગરના નવા જ શરૂ થએલા સુપ્રસિદ્ધ 'મહોદય' પ્રેસમાં છાપવા માટે ધર્માત્મા શ્રી ગુલાબચંદભાઈને પ્રેસકોપી આપી. મુદ્રણ કાર્ય તીવ્ર ગતિએ શરૂ થયું. પ્રૂફો મુનિજી અને બંને ગુરુમહારાજો પણ જોતા હતા. કિલષ્ટ મુદ્રણ હોવા છતાં પણ પ્રેસે આ કાર્યને પોતાનું જ માનીને ખૂબ જ લગનીથી આ દળદાર ગ્રંથ સં. ૧૯૯૫માં પૂરો છાપી આપ્યો. પછી ઉત્તમ બાઇન્ડીંગ, સુંદર ગેટઅપ, શ્રેષ્ઠ કાગળો વગેરેથી સર્વાંગસુંદર ૮૦૦ પાનાંનો પ્રસ્તુત ગ્રન્થ તીર્થક્ષેત્ર પાલીતાણામાં ચંપાનિવાસ ધર્મશાળામાં રહેલા પૂજ્ય ગુરુદેવોના નેતૃત્વમાં સાનન્દ પ્રકાશિત થયો. તે વખતે ઉદ્ઘાટન સમારંભ કરવાની ખાસ પ્રથા ન હતી. આ ગ્રન્થ મુનિજીને વૈવિધ્યનો શોખ એટલે લેઝર પેપર, ચાર રંગના આર્ટ પેપર, એન્ટિક વગેરે પેપર ઉપર પણ છાપ્યો હતો. વિવિધ કાગળોની નકલો આજે પણ વિદ્યમાન છે. જ્યારે સાહિત્યમંદિરમાં આ ગ્રન્થ પ્રકાશિત થયો ત્યારે અનુવાદક મુનિજીની ઉંમર માત્ર ૨૨ વર્ષની જ હતી.

આ ભાષાંતરમાં ભૂગોળ, ખગોળ અને ચૌદરાજના સ્થાનવર્તી એક કલરથી માંડી ચાર કલરનાં ૬૪ ચિત્રો હતાં. આ ચિત્રો પણ મુનિજીએ ખુદ પોતાના હાથે કરેલાં છે. આટલી નાની ઉંમરમાં ભૂગોળ, ખગોળ વગેરે વિષયોને લગતાં ચિત્રોની કલ્પના સાકાર કરવી, હાથથી ચીતરવાં એ ખૂબ જ મુશ્કેલ કાર્ય હતું છતાં તેઓશ્રીએ તે કાર્ય પાર પાડ્યું. તે પછી બીજી આવૃત્તિ માટે કુશળ ચિત્રકાર પાસે નવાં ચિત્રો તૈયાર કરાવ્યાં.

મુનિજીને ચિત્રકલાનો રસ ખરો પણ સ્કૂલમાં ભણતા ત્યારે તો ચિત્રકામમાં પિરિયડ ભરતા જ ન હતા પણ ગતજન્મનો સંસ્કાર એટલે સ્વયં સૂઝથી ચિત્રોનું કામ પાર પાડેલું હતું. આ ચિત્રોમાં જે કલરચિત્રો છે તે રંગીન પેન્સિલથી બનાવ્યાં હતાં પણ રંગથી નહિ. તે વખતે બજારમાં રંગો મળવાની અનુકૂળતા ઓછી હતી.

૧૨ વરસની ઉંમરથી જ વણશીખ્યા ગતજન્મના કલાના થોડા સંસ્કાર સ્વાભાવિક હતા અને ચિત્રો-નકશાઓ બનાવવામાં કુશળ કલારસિક પોતાના વિદ્વાન ગુરુદેવ વગેરેનો પૂરો સાથ

સહકાર હતો, એ કારણે પોતાની સૂઝ-બૂઝ આવડત અનુસાર ચિત્રો પણ બનાવ્યાં. જૈનસમાજના ઈતિહાસમાં પ્રથમવાર આવાં ચિત્રો બન્યાં એમ કહીએ તો ખોટું નથી. ૧૫ થી ૧૯ વરસ સુધીની નાની ઉંમરમાં ૩૪૯ ગાથાવાળા મહાન સુપ્રસિદ્ધ ગ્રન્થનું ભાષાંતર, અભૂતપૂર્વ ૭૦ ચિત્રો, અનેક યન્ત્રો તથા પાંચ પ્રકારે મુદ્રણ તેમજ તત્ત્વજ્ઞાનના ગણિતાનુયોગપ્રધાન વિષયનું નાની ઉંમરે બહુ જ અલ્પ સમયમાં દુર્બળ શરીર છતાં ઉત્કટ પરિશ્રમ કરીને ભાષાંતર કરવું એ એક સાધારણ બાબત નથી. પરંતુ ગતજન્મની જ્ઞાનસાધના, શાસનદેવ અને ગુરુકૃપાથી મળેલ વિચક્ષણ-વિશિષ્ટ બુદ્ધિવૈભવ, સર્વાંગી સૂઝથી અતિપરિશ્રમસાધ્ય, ભવ્ય કાર્ય પૂર્ણ થયું, નહીંતર દુર્બળ મુનિજી આવું કાર્ય કેવી રીતે કરી શકતે? ભાષાંતર કરવા માટે મુનિજીને ૧૯૯૦ની સાલમાં ૧૦૦ થી અધિક અજૈન-જૈન ગ્રન્થોનું અવલોકન કરવું પડયું હતું.

ગ્રન્થનું સુંદર અને આકર્ષક મુદ્રણ, શ્રેષ્ઠ કાગળ અને સરળ તથા સંસ્કારી ગુજરાતી ભાષા, વિવિધ પદાર્થો-વિષયોનું વિસ્તૃત વિવેચન તથા હજારો વરસમાં પહેલીજવાર બનેલાં રંગ-બેરંગી ચિત્રો વગેરે જોઇને જૈનસમાજના આચાર્યો, વિદ્વાન મુનિવરો, પૂ. સાધુ-સાધ્વીઓ અને વિદ્વાન ગૃહસ્થો સહુ કોઈ આટલી નાની ઉંમરના મુનિજીનું આશ્ચર્યકારક સાહસ જોઈને ત્યારે ભારે મુગ્ધ થયા હતા. મુનિજી ઉપર પ્રશંસાનાં પુષ્પો વેર્યાં હતાં અને મુનિજી ઉપર અભિનંદનની ભારે વર્ષા થઈ હતી.

વિ. સં. ૧૯૯૯માં પ. પૂ. આગમપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી મ. પાલીતાણા પધારેલા. તેઓ સાહિત્યમંદિરમાં ઉતર્યા હતા અને પૂ. ગુરુદેવો-પૂ. આ. શ્રી વિજય મોહનસૂરીશ્વરજી મ..સા. સપરિવાર પણ પાલીતાણા સાહિત્યમંદિરમાં બિરાજમાન હતા. પૂ. આગમપ્રભાકરશ્રી સંગ્રહણીનું પુસ્તક બહાર પડ્યા પછી બહુ સારી રીતે અવલોકન કરી ગએલા, એમને આ પુસ્તક આંખમાં ખૂબ વસી ગએલું. લેખક યશોવિજયજી મહારાજ પણ પોતાના ગુરુદેવો સાથે સાહિત્યમંદિરમાં બિરાજમાન હતા. તેઓશ્રીની આગળ આગમપ્રભાકરશ્રીજીએ સંગ્રહણી ગ્રંથની ઘણી પ્રશંસા કરી. બાહ્ય અને અભ્યન્તર બંને દૃષ્ટિએ ઘણો ઊંચો અભિપ્રાય આપ્યો. એક વખતે પૂ. પુણ્યવિજયજી મહારાજે સાહિત્યમંદિરમાં બિરાજતા પોતાના આજ્ઞાવર્તી તથા પરિચિત સાધુ-સાધ્વીઓને વરસીતપનાં પારણાં પ્રસંગે કોઇ સારૂં પુસ્તક ભેટ આપવાની ઈચ્છા થઈ ત્યારે તેમણે કહ્યું કે—પુસ્તકો તો ઘણી જાતનાં છે પણ 'લેનારને લાગે કે અમને કોઇ ઉમદા ભેટ મળી છે' એવું જો ઈચ્છતા હોય તો યશોવિજયજીના સંગ્રહણીનું પુસ્તક ભેટ આપો. આ પુસ્તક બધી રીતે ઉત્તમ છે. સહુ સંમત થયા અને સાહિત્યમંદિર પાસેથી ૧૦૦ પુસ્તકો ખરીદી તપસ્વી સાધુ-સાધ્વીઓને ભેટ આપ્યા.

ભાવનગરના સુપ્રસિદ્ધ વિદ્વાન કુંવરજીભાઈ જેઓ વરસોથી સાધુ-સાધ્વીઓને ભણાવતા હતા. તેઓએ લખ્યું હતું કે '૪૦ વરસથી જે શંકાઓનું સમાધાન મને નહોતું થતું તે મુનિજીના ભાષાંતરથી થયું,' આ પ્રમાણે લખીને ઘણા ધન્યવાદ આપ્યા હતા. ભાવનગરથી ખાસ પાલીતાણા આવી મુનિજીને શાબાશી આપી અને કર્મગ્રન્થ વગેરેનું ભાષાંતર આવી જ રીતે કરી દેશો તો મોટો ઉપકાર થશે વગેરે ભાવના વ્યક્ત કરી હતી. ૮-૧૦ દૈનિક-સાપ્તાહિક પત્રોએ

પણ ગ્રન્થ વિષે વિસ્તૃત અભિપ્રાય છાપીને અતિશય પ્રશંસા કરી હતી. આ અભિપ્રાયો આ પુસ્તકના પ્રારંભના ભાગમાં છાપ્યા છે.

બીજી આવૃત્તિમાં ગાથાના અને ભાષાંતરના 'વિશેષ' શબ્દોનો શબ્દકોષ પાઠ્યપુસ્તક હોવાના કારણે તથા અન્ય કારણોસર આપ્યો નથી.

વળી વૈદિક (હિન્દુ), બૌદ્ધ અને દેશના અન્ય ધર્મગ્રન્થોમાં અને પરદેશના દર્શનકારોની ભૂગોળ, ખગોળ અંગે શું માન્યતાઓ છે તે વાચકોને વિવિધ જાણકારી મળે એ માટે ૩૦ પાનાંનું મેટર તૈયાર કર્યું હતું પણ ગ્રન્થનું કદ વધી ગયું હોવાથી તે વિષય અહીં આપ્યો નથી. વિહારમાં સાધુ-સાધ્વીજીઓ સંગ્રહણીનું પુનરાવર્તન કરી શકે અને ઓછા સમયમાં વૈશ્વિક (ત્રણેય લોકના) પદાર્થોનું જ્ઞાન સરળતાથી થાય તે માટે પ્રથમાવૃત્તિમાં માત્ર ગાથાર્થ સાથેની બધી ગાથાઓ આપી હતી અને એ વખતે તેની છાપેલી નાનકડી પુસ્તિકા ખૂબ જ લોકપ્રિય બની હતી પરંતુ બીજી આવૃત્તિમાં ગાથા સાથે ગાથાર્થ આપવામાં આવ્યો ન હતો.

*

## ચૈતન્યની એટલે આત્માની શક્તિ કેવી છે તેનો કંઈક સ્વાદ માણી શકાય માટે નીચેનું ઉદાહરણ આપ્યું છે

વૈજ્ઞાનિકો વિજ્ઞાનની આંખથી એટલે યાન્ત્રિક આંખોથી વધુમાં વધુ તેઓ સો અબજ માઈલો સુધી દૂરનું જોઈ શકવા કદાચ સમર્થ થઈ શકે પરંતુ જૈનધર્મમાં એકરાજ પ્રમાણ કહ્યું છે. તે તેટલા દૂર રહેલા આકાશને જોવા માટે કયારેય સમર્થ નહીં થઈ શકે. કારણ એ છે કે એકરાજ એ અસંખ્ય એવા અબજો માઈલ પ્રમાણનું છે.

ચૌદરાજ પ્રમાણ અને લોકપ્રસિદ્ધ ભાષામાં બ્રહ્માંડ એટલે કે દૃશ્ય-અદૃશ્ય અખિલવિશ્વની ખૂબી તો જુઓ, આવા ચૌદરાજલોક પ્રમાણ આકાશને તળિયેથી ટોચ સુધી પહોંચી જવું હોય તો અર્થાત્ મોક્ષે પહોંચવું હોય તો એક શક્તિ એવી છે કે જે આંખના એક પલકારાના અસંખ્યાતમાના એકભાગમાં પહોંચી જાય છે. આ શક્તિ કઈ? આ શક્તિ બીજી કોઈ નથી પણ આત્માની પોતાની ચૈતન્યશક્તિ જ. જો કે આત્મા તળિયાથી લઈને સાતરાજ સુધીના ક્ષેત્રમાંથી મોક્ષ માટે પ્રયાણ કરવાનો અર્થાત્ ગતિ કરવાનો અધિકારી છે. કેમકે મોક્ષ મનુષ્યલોકમાંથી અને તેમાંય મનુષ્યલોકની અતિમર્યાદિત જગ્યામાંથી જ જઈ શકે છે પણ એટલાય મનુષ્યલોકથી સાતરાજ મોક્ષ દૂર છે. જીવ સંસારનો પૂર્ણ અન્ત જયારે કરે છે ત્યારે છેલ્લી ક્ષણે કાયમને માટે સ્થૂલ અને સૂક્ષ્મ બંને શરીરનો સંબંધ છોડી દે છે. જ્યારે તે અશરીરી બને છે એ જ ક્ષણે તે અસંખ્ય કોટાનુકોટી માઈલો સુધી એટલે એક સેકન્ડના અનેક અબજોના એકભાગના સમયમાં મોક્ષે પહોંચી જાય છે. આટલી ગહન અકલ્પનીય, અદ્ભુત, કયાંય જાણવા-વાંચવા ન મળે તેવી વાત તીર્થંકરોના કેવળજ્ઞાને આપણને જણાવી છે. સર્વજ્ઞથી જ દૃષ્ટ વાત અસર્વજ્ઞો કદી જાણી શકે નહિ એટલે આ વાત ધરતી ઉપરના કોઈ ગ્રન્થ કે પુસ્તકમાં તમને નહીં મળે, એ ફક્ત સર્વજ્ઞોપદિષ્ટ જૈન આગમાદિ શાસ્ત્રોમાં જ મળશે.

આ અનાદિકાળના મોહમાયામાં પડેલો આત્મા બાહ્ય દૃષ્ટિના આવિષ્કારો અને ચમત્કારો જોઈને મુગ્ધ બની જાય તે સ્વાભાવિક છે પણ સહુ કોઈ આત્માની અનંત-અગાધ શક્તિને જાણે, સમજે અને અંતિમ ભવમાં તેનો સાક્ષાત્કાર કરવા શીઘ્ર ભાગ્યશાળી બને એ જ એક શુભકામના!

*

જાણવા જેવી એક અગત્યની વાત

## * મનુષ્યના શરીરથી એક અન્ય શરીરની વાત *

આ સંગ્રહણીનો ગ્રંથ અનેક વિષયોની ખાણ જેવો છે એટલે તેનો અભ્યાસ કર્યા પછી, વાંચન કર્યા પછી વાચકોના મનમાં અનેક પ્રશ્નો ઉઠે છે. અહીં અત્યારે બુદ્ધિમાન વાચકો માટે એક નાનકડો વિચાર રજૂ કર્યો છે.

વિશ્વમાં ઘણાં ધર્મો, ઘણાં સમાજો અને ઘણી વ્યક્તિઓ એવી પણ છે કે જે પ્રત્યક્ષ દેખાતી વસ્તુમાં જ વિશ્વાસ કરે છે. જેમકે–મનુષ્યો, પશુ–પક્ષીઓ, પ્રાણીઓ અને જંતુઓ. એ બધાં નજરે દેખાય છે તેથી તેનો તે સહસા સ્વીકાર કરે છે પણ દેવો અને પાતાલમાં રહેલાં નારકો દેખાતા નથી તેથી તેના ઉપર વિશ્વાસ કરતાં નથી.

જૈનોએ અખિલ બ્રહ્માંડમાં ચાર ગતિનું અસ્તિત્વ સ્વીકાર્યું છે. ૧. મનુષ્યગતિ ૨. તિર્યંચગતિ (પશુ–પક્ષી–પ્રાણીઓ વગેરે) ૩. દેવગતિ (સ્વર્ગ વગેરે) અને ૪. નરકગતિ.

અહીં અતિ સંક્ષેપમાં વૈજ્ઞાનિકો, બુદ્ધિમાનો માટે એક નવા શરીરના અસ્તિત્વ તરફ ધ્યાન દોરૂં છું.

આ વિશ્વમાં અર્થાત્ અખિલ બ્રહ્માંડમાં ઉપર–નીચે કે ચારેય બાજુ વિશ્વ જાતજાતનાં પુદ્ગલ પરમાણુઓથી ભરાઈ ગયું છે, છવાઈ ગયું છે તેમાં ઔદારિક અને વૈક્રિય પુદ્ગલો આ બંને પુદ્ગલોનું સ્થાન દેખીતી રીતે ઘણું મોટું છે.

આપણે દેવો અને નારકો માટે થોડું જાણવા જેવું છે. મનુષ્ય અને તિર્યંચ ગતિ સિવાયની બે ગતિ ક્યાં છે એમ પ્રશ્ન થાય તો જૈન શાસ્ત્રો કહે છે કે દેવની દુનિયા વિશાળ છે. ઉપર આકાશ અને નીચે ધરતી એમ બે ઠેકાણે છે, અને નારકો ફક્ત પાતાલમાં–ધરતીમાં જ છે. મનુષ્ય અને પશુ–પક્ષી વગેરેનાં શરીરો ઔદારિક પ્રકારનાં છે, એટલે એ જાતનાં પુદ્ગલોમાંથી નિષ્પન્ન થાય છે. જ્યારે દેવોનાં શરીર વિશ્વમાં વર્તતા જૈનધર્મની પરિભાષામાં વૈક્રિય વર્ગણા નામનાં પુદ્ગલોથી બનેલાં હોય છે.

નારકોનાં શરીરો આપણને જોવા મળે તેમ નથી કારણકે નારકો પાતાલમાં તેની ધરતી ઉપર જન્મ લે છે અને સેંકડો હજારો વર્ષનાં આયુષ્યો પૂર્ણ કરીને મરે છે. એ પ્રમાણે દેવોનાં *શરીરો પણ આપણે જોઈ શકતાં નથી, વિશિષ્ટ પ્રકારનું જ્ઞાન પ્રાપ્ત થાય તે જીવો દેવોને જોઈ*

શકે છે. આપણે ત્યાં જેવા મનુષ્યના આકાર હોય છે તેવા આકારે દેવોને ચીતરવામાં આવે છે. આ પ્રથા હજારો વરસોથી ચાલી આવે છે. વૈજ્ઞાનિકોને વૈક્રિય શરીરનો ખ્યાલ આવ્યો નથી. વૈક્રિય શરીર વિષે જાણવા મલ્યું હશે પણ શરીરને પ્રત્યક્ષ જોયા સિવાય વિશેષ શું કહી શકે?

વૈક્રિય શરીરનું સ્વરૂપ કેવું છે? મનુષ્યના શરીરથી કેવી રીતે જુદું પડે છે તેનો કશો ખ્યાલ તેમને નથી. શાસ્ત્રોમાં અને આ બૃહત્સંગ્રહણીની ગાથા ૧૮૧ થી ૧૯૧નો અર્થ વાંચતા જણાશે કે મનુષ્યોને જે સાત ધાતુઓ હોય છે તે દેવોને એકેય હોતી નથી. મનુષ્યોનાં શરીરમાં રસ, રૂધિર, માંસ, મેદ (ચરબી), અસ્થિ (હાડકાં), મજ્જા, શુક્ર (વીર્ય), તથા નખ, વાળ હોય છે, તે દેવોનાં શરીરમાં હોતાં નથી. એમ છતાં શાસ્ત્રમાં દેવોને શરીરની આકૃતિથી અતિ સુંદર, પ્રકાશમાન, સુગંધી શ્વાસોશ્વાસવાળાં અને પ્રસ્વેદ–પરસેવા વગેરેથી રહિત વર્ણવ્યાં છે. સાત ધાતુઓનો અભાવ હોવાથી દેવોને ક્યારેય માંદગી હોતી નથી. કોઈપણ જાતનાં દર્દો થતાં નથી. દેવોને મનુષ્યોની જેમ કવલથી–કોળિયાથી આહાર કરવાનો હોતો નથી એટલે તેમને રસોઈ માટે અગ્નિની જરૂર પડતી નથી. છતાં તે વૈક્રિય શરીરી દેવો સેંકડો વરસોનાં આયુષ્યવાળા નહીં પણ લાખો-કરોડો–અબજો વરસનાં આયુષ્યવાળાં હોય છે. જે કાંઈ ઈચ્છા થાય તે મનના વિચારોથી પૂર્ણ થઈ જાય છે.

આ લખીને જણાવવા એ માંગું છું કે વૈજ્ઞાનિકોને વૈક્રિય શરીર ઉપર પૂરો અભ્યાસ કરવા માટે ક્યારેય તક મળવાની નથી.

ઉપરોક્ત લેખ લખવાનું કારણ આ અખિલ બ્રહ્માંડમાં આપણાં શરીરથી ભિન્ન રીતે વૈક્રિય નામનું શરીર છે, એ જાહેરપ્રજાનું લક્ષ્ય ખેંચવાનું છે. અમને પોતાને પણ ક્યાંયથી યથાર્થ હકીકત જાણવા મળી નથી એટલે વૈક્રિય શરીર અંગે વિશેષ શું લખી શકાય?

સંગ્રહણીગ્રન્થના વિષય ઉપરથી અભ્યાસી વાચકોના મનમાં અનેક પ્રશ્નો ખડા થાય તે સ્વાભાવિક છે. કેટલાંક પ્રશ્નો ઊભા કરીને તેનાં ઉત્તરો આપવાનો વિચાર મારો હતો પરંતુ તબીયતની વિષમ પરિસ્થિતિમાં હવે તે શક્ય નથી. અભ્યાસી પાસે જઈને શંકાનું સમાધાન કરી શકાશે.

*લે. યશોદેવસૂરિ, સં. ૨૦૪૭,*
*જૈન સાહિત્યમંદિર, પાલીતાણા*

## ભૂગોળ–ખગોળમાં ખાસ વિશિષ્ટ રસ ધરાવતા વાચકોને!

અહીં દીર્ઘ પ્રસ્તાવના પૂરી કરી અને હવે વૈજ્ઞાનિક દૃષ્ટિએ ભૂગોળ-ખગોળની શું પરિસ્થિતિ છે અને જૈન ભૂગોળ-ખગોળની શું પરિસ્થિતિ છે, તે માટે ખાસ વાંચવા-જાણવા જેવા જરૂરી લેખો અહીં છાપ્યા છે તે જુઓ.

# મુદ્રિત થએલા સંગ્રહણી ગ્રન્થ અંગે વર્તમાનપત્રોએ આપેલા અભિપ્રાયો

બારમી સદીમાં થએલા પ્રકાણ્ડ વિદ્વાન **શ્રીમદ્ ચન્દ્રસૂરિપુરંદર** વિરચિત, સાહિત્ય રસિક મુનિપ્રવર **શ્રીમદ્ યશોવિજયજી** અનુવાદિત, સચિત્ર સયંત્રક શ્રી ત્રૈલોક્ય દીપિકા યાને શ્રી **'બૃહત્ સંગ્રહણી સૂત્ર'** અથવા **જૈન ખગોળ** નામના મહાન અને આદર્શભૂત ગ્રન્થ પરત્વે, અને તેની આભ્યન્તરિક મહત્તા, ઉપયોગિતા તેમજ બાહ્ય સર્વાંગ સૌન્દર્યતા માટે, પૂજનીય મહાન જૈનાચાર્યોએ, વંદનીય વિદ્વાન મુનિવરોએ, સંખ્યાબંધ સાહિત્ય ઉપાસકોએ, અનેક અભ્યાસીઓએ, અનેક પ્રોફેસરો-સાક્ષરોએ, પાશ્ચિમાત્ય વિદ્વાનોએ, તેમજ અનેક જાહેર સાહિત્ય સંસ્થાઓએ, જેની ભૂરિ ભૂરિ પ્રશંસા બહુમાનભર્યા શબ્દોમાં કરીને જે સંતોષ વ્યક્ત કર્યો છે તેની નોંધ અહીંયા ન આપતાં–

માત્ર સાર્વજનિક દૃષ્ટિએ વર્તમાનમાં જાહેર મતનો પડઘો પાડનાર તરીકે ગણાતાં સુપ્રસિદ્ધ સામાયિકો, વર્તમાનપત્રોએ, જે બહુમૂલ્ય ગ્રન્થ પ્રકાશનને વધાવી લઈને પ્રશંસનીય શબ્દોમાં એકી અવાજે જે ઉદ્ગારો ઉચ્ચાર્યા છે; તે પૈકી કેટલાક જાણીતા પત્રોમાંના પ્રકાશિત અભિપ્રાયોમાંથી જાણવા યોગ્ય કણ્ડિકાઓ અહીં પ્રગટ કરી જાહેરનું અને ખગોળ-ભૂગોળના અભ્યાસીઓનું તે તરફ લક્ષ્ય ખેંચીએ છીએ. વાચકો, દરેક અભિપ્રાયો એકવાર જરૂર વાંચે!

સં. ૧૯૯૩ પાલીતાણા *પ્રકાશકો*

## ભાવનગર નિવાસી શ્રુતજ્ઞાનના ઊંડા અભ્યાસી
## સ્વ. શેઠ શ્રી કુંવરજી આણંદજીનો અભિપ્રાય તેમના ૪૫ વર્ષ જૂના પત્રમાંથી

નોંધ–વિ. સં. ૧૯૯૩માં પૂ. મુનિ શ્રી યશોવિજયજીએ લખેલા ભાષાંતરના ફર્માઓ વાંચી પ. પૂ. આચાર્ય શ્રી વિજય મોહનસૂરીશ્વરજી મહારાજ ઉપર કુંવરજીભાઈએ લખેલા કાગળો પૈકી એક કાગળનો સાર.

* * *

ઘણી નાની ઉંમરમાં પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજે કરેલા ભાષાંતરના બધા ફર્માઓ *આપશ્રીના આદેશથી* મહોદય પ્રેસે મને મોકલી આપ્યા છે, તેથી આનંદ થયો.

લખાણ વાંચી ગયો, વાંચતા અનેક શંકાઓ ઉઠી, તે શંકાઓ મેં મુનિશ્રી યશોવિજયજીને સમાધાન માટે લખી જણાવી અને તેઓશ્રીએ પણ તેના ઘણા સંતોષકારક જવાબ આપ્યા તેથી મને ઘણો જ સંતોષ થયો.

આપે અને એમના ગુરુદેવે એમના જ્ઞાન વિકાસ પ્રત્યે જે ધ્યાન આપ્યું તેથી અને દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ ઉપર તથા પ્રાકૃત, સંસ્કૃત અને ગુજરાતી ભાષા ઉપર વિશાળ વ્યુત્પન્ન સ્ફુર્તિ જોઇ ઘણા આશ્ચર્ય સાથે આનંદ થાય છે. આવા મુનિશ્રી માટે આપ સહુ અને જૈનસંઘ જેટલું ગૌરવ લે તેટલું ઓછું છે. મારા વંદન પાઠવજો.

એક વાત ખાસ લખવી જોઇએ કે મેં ઘણું વાંચ્યું, વિચાર્યું, અને છેલ્લાં કેટલાંએ વર્ષોથી પૂ. સાધુ-સાધ્વીજીઓને હું ભણાવું છું. મારા ભણવા અને ભણાવવા દરમિયાન કેટલીએ બાબતો પ્રત્યે મને ઘણી શંકાઓ થએલી, તે બાબતનું ક્યાંય સમાધાન વાંચવા ન મળ્યું, બીજા વિદ્વાનોને પૂછતાં સંતોષકારક જવાબ મળ્યો ન હતો, તેનાં ગળે ઉતરે તેવાં સમાધાનો મુનિશ્રીના ભાષાંતરમાંથી મળી આવ્યા તેથી મને અનેરો આનંદ થયો.

હવે મારા તરફથી વિનંતિ એટલી કે આ ભાષાંતર સુપાચ્ય છે. બધી રીતે આદર પાત્ર છે. ખૂબ જ વિશાળ કર્યું છે. ભાષા સરળ, સાદી અને સમજાવવાની શૈલી પણ ખૂબ જ સુંદર છે. તો હવે કર્મગ્રન્થો–પ્રકરણો–ભાષાંતરો આ પદ્ધતિએ જ જો થાય તો ભણનાર વર્ગ ઉપર મોટો ઉપકાર થશે. યોગ્ય લાગે તો મારી વાત તેમને જણાવજો. ચિત્રો તો બુક પ્રકાશિત થયે જોવા મળશે. ફરી મારાવતી મુનિરાજને ખૂબ ધન્યવાદ કહેજો.

*લી. કુંવરજી આણંદજીની વંદના*

જૈનધર્મનું તત્ત્વજ્ઞાન સંપાદન કરતાં પહેલાં આવશ્યક ક્રિયાના પાઠો પછી જીવવિચાર, નવતત્ત્વ, સંગ્રહણી, ક્ષેત્રસમાસ, કર્મગ્રંથ વગેરે પ્રકરણોના ગ્રંથોમાં પ્રથમ પ્રવેશ કરવો પડે છે. આજકાલ કેટલીક જૈન શાળાઓમાં તેવાં પ્રકરણો શીખવવામાં આવે છે કે જેનાં મૂળસૂત્રો, અવચૂરિ, ટીકા વગેરે માગધી અને પ્રાકૃત ભાષામાં હોવાથી અને કેટલાકનાં ગુજરાતી ભાષાંતરો સંક્ષિપ્તમાં થયેલ હોવાથી તે અલ્પ હોય છે, કે જેથી તેના વિસ્તૃત વિવેચનના અભાવે માત્ર શબ્દજ્ઞાન થવા જેટલું બને છે. વળી પ્રાકૃત સંસ્કૃતના અભ્યાસી માત્ર ગણ્યાગાંઠ્યા મુનિમહારાજાઓ હોવાથી તે તે પ્રકરણોની અનેક સંખ્યામાં ટીકાઓ હોવાથી તેનું જ્ઞાન સંપૂર્ણ લઇ શકાતું નથી.

ધાર્મિક શાળાઓમાં અભ્યાસ કરતા ગુજરાતી ભાષાનું જ જ્ઞાન ધરાવનાર બાળકો તેમજ મુનિમહારાજાઓ આવા પ્રકરણ અને તેના વિસ્તારપૂર્વક અર્થ સાથે તેવા ગ્રંથો પ્રગટ થતા નહિ હોવાથી, તેવા અભ્યાસીઓ અને જિજ્ઞાસુઓ સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરી શકતા નથી. આ ખોટ પૂરી પાડવામાં આવા પ્રકરણોનું શુદ્ધ, સરળ અને સાદી ગુજરાતી ભાષામાં વિસ્તારપૂર્વક વિવેચનનું કાર્ય આ. શ્રી **વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ** અને તેઓશ્રીના શિષ્ય-પ્રશિષ્યોએ ઉપાડી લઇ, તેવા અનેક ગ્રંથો લખી જૈનસમાજ ઉપર મહદ્ ઉપકાર કર્યો છે. તે પૈકીનો આ બૃહત્સંગ્રહણીનો ગ્રંથ છે કે જેનું શુદ્ધ, વિદ્વત્તાપૂર્વક સુંદર ભાષાંતર કરી મૂળ સાથે પ્રગટ કરવામાં આવ્યો છે.

આવા ગહન પ્રકરણનું ભાષાંતર દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગના તેમજ અનેક પ્રકરણોનું સંગીન શિક્ષણ મેળવી શકે તેવી રીતે વિવેચન ગુજરાતી ભાષામાં કરવું તે કાર્ય સહેલું નથી, ફક્ત સંગીન અભ્યાસીઓ કે વિદ્વાનો માટે જ તે સરલ છે.

આ ગ્રંથનું વિવેચન **મુનિરાજ શ્રી યશોવિજયજી** મહારાજે કરેલું છે કે જેઓશ્રી આચાર્ય શ્રીમદ્ વિજય મોહનસૂરીશ્વરજી મહારાજના શિષ્ય આ. શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજના શિષ્ય પંન્યાસશ્રી ધર્મવિજયજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન છે. તેઓએ માત્ર સુમારે વીશ-પચ્ચીસ વર્ષ જેટલી લઘુ વયમાં ભાષાઓનું અને દ્રવ્યાનુયોગ તેમજ પ્રકરણોનું કેવું અને કેટલું સંગીન જ્ઞાન મેળવેલું છે તે આ ગ્રંથ મનનપૂર્વક વાંચનાર અને શિક્ષણ લેનાર સમજી શકે તેમ છે. શ્રીમાન્ વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ વિદ્વાન છે અને તેઓશ્રીનો ઉત્તરોત્તર શિષ્યસમુદાય પણ વિદ્વાન અને સતત અભ્યાસી છે.

આવી રીતે ઉત્તરોત્તર શિષ્ય-પ્રશિષ્ય કે તેના શિષ્યવર્ગમાં સંગીન ધાર્મિક જ્ઞાન ઉપાર્જન કરાવવું અને તેયાર થયા પછી મળેલ જ્ઞાનરસને પુસ્તકો દ્વારા જૈન સમાજને પીરસવું-પાવું તે જૈન સમાજ માટે અત્યંત ઉપકારક છે.

આ ગ્રંથમાં મૂળ ગાથા-છાયા-ગાથાર્થ-શબ્દાર્થ-વિસ્તરાર્થ અને અનેક સ્થળે અભ્યાસીઓને સરળ પડે તેટલા માટે વિષયને લગતાં અનેક વિવિધરંગી ચિત્રો તથા સંખ્યાબંધ યંત્રો તેમજ વિપુલ સંખ્યામાં ટિપ્પણીઓ, આકૃતિઓ અને છેવટે ભાવાર્થ સહિત મૂળ ગાથાઓ તેમજ સાદી ગુજરાતી ભાષામાં વિસ્તારપૂર્વક ઉપોદ્ઘાત આપવામાં આવેલ છે.

જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન કે પ્રકરણો આદિનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે મૂળ ગ્રંથોના અનુવાદો આવી રીતે સુંદર શૈલીમાં રચવા માટે અનુવાદક મુનિરાજશ્રીનો જૈન સમાજ ઉપર ઉપકારક પ્રયત્ન છે. અભ્યાસ કરવાના ગ્રંથોને પ્રસિદ્ધ કરવાની આ ઉત્તમશૈલી છે, અને તેવી જ રીતે બીજા અભ્યાસના ગ્રંથો પણ રચાવા જોઇએ.

હવે આપણે આ ગ્રંથમાં શું છે? તે ઉપર આવીએ. આ ગ્રંથમાં મૂળ ગાથાઓ ૩૪૯, રંગબેરંગી ચિત્રો ૭૦ અને યંત્રો ૧૦૩ આપવામાં આવેલ છે. તેમજ વિવિધ રંગના ફોટાઓ મૂકીને ગુરૂભક્તિ પણ સાથે દર્શાવી છે.

આ ગ્રંથનો ઉપોદ્ઘાત ગ્રંથમાં અજવાળું પાડવાને માટે એક દીપક સમાન છે, જે ખાસ વાંચવા યોગ્ય અને મનનીય છે. તે ઉપોદ્ઘાત વિદ્વત્તાપૂર્ણ સુંદર ગુજરાતી ભાષામાં લખાયેલ છે કે જેથી અનુવાદક મહારાજશ્રી એક સારા લેખક પણ કહી શકાય. સાથે વિષયાનુક્રમ અને ટિપ્પણીઓ પણ આપીને આ ગ્રંથને એક નમૂનારૂપ બનાવ્યો છે.

આ ગ્રંથનો વિષય મુખ્યત્વે કરીને દ્રવ્યાનુયોગ તેમજ ગણિતાનુયોગ છે અને તેમાં આવેલા વિષયો ખાસ કરીને જૈન ખગોળ પણ કહી શકાય. તેમાં ઉદ્દેશરૂપ ૩૬ દ્વારો આપવામાં આવેલા છે.

**આ ગ્રંથની વસ્તુ જેમ સુંદર અને ઉત્તમ છે તેમ તેના પ્રકાશનનું કાર્ય** એટલે સારા કાગળો,

અનેક પ્રકારના ટાઈપો અને તેનું બાઈન્ડીંગ પણ તેવું જ સુંદર બનાવી ગૃહો, જ્ઞાનભંડારો અને પુસ્તકાલયોના શૃંગારરૂપ આ ગ્રંથ પ્રગટ કરવામાં આવ્યો છે.

આની સમાલોચના ખરેખરી રીતે તો **મુનિરાજશ્રી યશોવિજયજી** મહારાજ જેવા **વિદ્વાન મુનિવરો કે પંડિતો** જ કરી શકે, તેવો આ ગ્રંથનો વિષય છે, અમે તો માત્ર અલ્પમતિથી પણ કંઈક સમાલોચના માટે લખ્યું છે.

**વિદ્વાન મુનિરાજશ્રી યશોવિજયજી મહારાજના હાથે આ ગ્રંથની જે શૈલી છે તે જ પ્રમાણે આવા અભ્યાસના સુંદર ગ્રંથો તેઓ લખી જૈન સમાજ ઉપર વિશેષ ઉપકાર કરે તેવું અંતઃકરણથી ઈચ્છીએ છીએ.**

*(દીર્ઘજીવી માસિક પત્ર 'જૈન આત્માનંદ પ્રકાશ' ભાવનગર.)*

❀ ❀ ❀

એકાવન પૃષ્ઠ ઉપર ઉપોદ્‌ઘાત પણ શ્રી યશોવિજયજી મહારાજે વિદ્વત્તાપૂર્ણ લખેલ છે, આમાંથી ઘણું જાણવાનું મળે છે. વાયરલેસ, રેડિયો, ફોનોગ્રાફ, યંત્રોનો શાસ્ત્રીય દૃષ્ટિએ સમન્વય, જલ-વાયુનું એકીકરણ-પૃથક્કરણ ફોટોગ્રાફ અને ટેલીવિઝન, આર્ય સંસ્કૃતિના વિકાસમાં જૈન પ્રજાનો ફાળો, જૈન સમાજનું નૂતન કર્તવ્ય વગેરે વિષયો આમાં ખૂબ વિચારવા જેવા છે. ખાસ કરીને પાશ્ચાત્ય અને શાસ્ત્રીય માન્યતા સાથે વિસંવાદ તો ખૂબ ખૂબ વિચારવા યોગ્ય છે. આ ગ્રન્થમાં ચિત્ર કલાને સુંદર સ્થાન મલ્યું છે.

❀ ❀ ❀

આ ગ્રન્થમાં ચિત્ર કલાને સુંદર સ્થાન મલ્યું છે.

❀ ❀ ❀

**આ બૃહત્‌સંગ્રહણીની રચના અજાયબીભરી કરી છે.** આ ઉપકારક મહાગ્રંથમાં એકસો સત્યાવીસ તો યંત્રો આપેલા છે, સિત્તેર જેટલાં આકર્ષક ચિત્રો પણ મૂકેલાં છે, એથી આ મહાગ્રન્થ સમજવામાં ભારે સરળતા થાય છે.

❀ ❀ ❀

આ મહાગ્રન્થ જૈનબંધુઓ માટે ઘણો જ ઉપકારક છે, આમાંથી ઘણું જાણવાનું મળી આવે છે. આ ગ્રન્થનો વિશેષાર્થ લખવામાં શ્રી યશોવિજયજી મહારાજે ભારે પરિશ્રમ ઉઠાવ્યો છે. શ્રી **યશોવિજયજી મહારાજનું શાસ્ત્રીય જ્ઞાન બેહદ્‌માન ઉપજાવે છે. આ પ્રયત્ન** હરેક રીતે **સફળ થયો છે;** એથી અમે લાગતા વળગતા તમામને અંતઃકરણપૂર્વક ધન્યવાદ આપીએ છીએ.

*(દૈનિક પત્ર* ***'મુંબઈ સમાચાર'****માં પ્રગટ થએલા દોઢ કલમના અભિપ્રાયમાંથી જરૂરી ભાગ)*

# જૈન સાધુ સંતોની વિજ્ઞાનદૃષ્ટિ

## ખગોળ વિદ્યાનો અભ્યાસપૂર્ણ ગ્રન્થ

જૈન દર્શનમાં જેટલું વૈજ્ઞાનિકતાનું તત્ત્વ છે એટલું બીજા ભારતીય દર્શનોમાં નથી, અને એ વિજ્ઞાનપ્રેમ તેના સ્યાદ્વાદના સિદ્ધાન્તના પરિણામરૂપ છે. આ પ્રકારનું એ દર્શન છે એટલે તો જીવનને સ્પર્શતાં કેટલાંયે વિજ્ઞાનોમાં સંશોધનકાર્ય કરવા જૈનાચાર્યો પ્રેરાયા છે. ખગોળના વિષય પરત્વે એવું મહત્ત્વનું કાર્ય સાતસોથી વધારે પૃષ્ઠનો આ મહાગ્રન્થ કરે છે.

* * * * *

★ ★ ★ હું આવા ગ્રન્થના પ્રકાશનને આવકાર આપું છું. શા માટે? કારણકે આવા ગ્રન્થો વિજ્ઞાનની પદ્ધતિઓની રજૂઆત કરે છે; વિજ્ઞાને કયારે અને કેવી ભૂલો કરી છે તે બતાવે છે અને વિજ્ઞાનની શક્યતાઓનો ખ્યાલ આપી રહે છે.

* * * * *

અને એક બીજું પણ આ આવકારનું કારણ છે. ખગોળ વિદ્યાનો આ ગ્રન્થ માત્ર એ વિજ્ઞાનનું જ નિરૂપણ કરી નથી અટકી જતો; તેનાથી ઘણું વધારે એ આપણને આપે છે. માત્ર વિજ્ઞાનનો એ ગ્રન્થ ન બની જતાં એ સાથે સાથે દર્શન, તત્ત્વજ્ઞાન અને નીતિ શાસ્ત્રનો ગ્રંથ પણ બની રહે છે.

* * * * *

સંશોધન ગ્રંથ તરીકે તો આ ગ્રન્થનું મૂલ્ય અતિ ઘણું છે. એમાં મૂળસૂત્રનો અનુવાદ જ માત્ર અપાયો નથી; એ અનુવાદ ઉપરાંત એ વિષય પરત્વે બીજાં જૈન ગ્રન્થોમાં જે નિરૂપણ છે તેની નોંધ પણ તેમાં લેવામાં આવી છે, અને તેની ખગોળના પ્રશ્ન પરત્વે જૈન સિદ્ધાંતની જે જે માન્યતાઓ છે તેવી સળંગ સૂત્ર રજૂઆત આપણને મળી રહી છે.

છ રૂપિયામાં આવડા મોટાં કદનાં સાતસો આઠસો પાનાનાં બહુમૂલ્ય પુસ્તકને દેવનાગરી લિપિમાં આપીને શ્રી મુક્તિકમલ જૈન મોહનમાળાએ પ્રથમ કક્ષાની સાહિત્ય સેવા કરી છે. આ બહુમૂલ્ય અતિ કિંમતી પુસ્તક છે.

* * * * *

આ પુસ્તકમાં ગાથાઓનું વિસ્તૃત ભાષાંતર ઉપરાંત અન્ય ગ્રંથોમાં મળતા ઉપયોગી વિષયોને ધ્યાનમાં રાખીને આ ગાથાઓનો અનુવાદ કરવામાં આવ્યો છે. તે સિવાય કેટલુંક નવીન વર્ણન ઉમેરવામાં આવ્યું છે, કેટલેક સ્થળે ગાથાની અંદરની હકીકતને ચર્ચા દ્વારા વિસ્તૃતરૂપ આપવામાં આવ્યું છે.

* * * * *

વિવિધ વિષયો દ્વારા ૭૦ ચિત્રો વડે ૮૦૦ પાનાનાં આ મહાગ્રન્થને સમૃદ્ધ બનાવવામાં આવ્યો છે. × × × શ્રી યશોવિજયજી મહારાજે આ એક ભવ્ય ગ્રન્થ તૈયાર કરેલો છે.

[દૈનિક 'જન્મભૂમિ' પત્ર–કલમ કિતાબ વિભાગ
–(સંપાદક સુપ્રસિદ્ધ શ્રી ઝવેરચંદ મેઘાણી) મુંબઇ.]

* * * *

૮૨૫ પાનાંનો આ દળદાર ગ્રંથ અમને અભિપ્રાય અર્થે મળ્યો છે; એ ગ્રંથ પાછળ અપાર જર અને જહેમત ખર્ચાયા હશે એમ આ ગ્રંથ જોતાં જ પ્રતીતિ થાય છે.

આ ગ્રંથમાં કોઇ હવાઇ કલ્પના નથી કે નથી એમાં ગલગલીયા થાય એવી કોઇ વેવલી વાર્તા, પરન્તુ એ પુસ્તકમાં જડ અને ચેતન વસ્તુઓનાં સ્વરૂપોને સ્પષ્ટ બતાવી આપતી વાનીઓ છે. ટૂંકમાં કહીએ તો શાસ્ત્રીય તત્ત્વોની વાનીઓથી પીરસાયેલો એક મહાન રસથાળ છે.

એ પુસ્તકમાં ગાથાઓ માગધી મિશ્રીત છે, દરેકની સંસ્કૃત છાયા, ત્યારબાદ કઠિન શબ્દોના અર્થો, મૂલ ગાથાનો સંક્ષિપ્ત ભાવાર્થ, ફરી તે ઉપર તેનો વિસ્તૃત અર્થ, એમ સઘળું ગુજરાતી ભાષાંતર સરળ અને સમજભરી પદ્ધતિએ કરવામાં આવ્યું છે.

ખગોળશાસ્ત્રના આ ગ્રંથમાં અનેક મહત્ત્વની વાતો છે. એમાં મુખ્યત્વે કરીને નરક, દેવ, મનુષ્ય અને તિર્યંચ એ પ્રત્યેક ગતિના જીવાદિક પદાર્થોનું; સ્થિતિ, આયુષ્ય, અવગાહના, ઉપપાતવિરહ, ચ્યવનવિરહ, ઉપપાત સંખ્યા, ચ્યવન સંખ્યા, ગતિ-આગતિ એ નવ દ્વારોના વિભાગ દ્વારા વિસ્તૃત વર્ણન કરવામાં આવ્યું છે.

અને પ્રસંગે પ્રસંગે રાત્રિ અને દિવસ દક્ષિણાયન અને ઉત્તરાયન કેમ થાય છે, સૂર્ય ચન્દ્ર કેમ કરે છે, દરેક દરેક દેશમાં ઉદય અને અસ્તમાં થતાં ફેરફારો અને વૃદ્ધિ-હાનિનાં કારણો, આજની દુનિયા ક્યાં અને કેટલી સમજવી? તેમજ ગ્રહ, નક્ષત્ર, તારા વગેરે ખગોળના એક એક વિષયને બહુ જ સ્પષ્ટ રીતે ચિત્રો સમેત ચર્ચવામાં આવ્યો છે.

એટલું જ નહિ પરંતુ એમાં સમયથી માંડી પુદ્ગલ પરાવર્તનનું સ્વરૂપ, અઢીદ્વીપાધિકાર, અસંખ્યદ્વીપ, સમુદ્રોની વ્યવસ્થા, ભરતી-ઓટનું કારણ, સમભૂતલ રૂચક ચર્ચા, તે તે જીવોને અંગે આહાર, શ્વાસોશ્વાસ, નિગોદ, કાયસ્થિતિ, ભવસ્થિતિ, પર્યાપ્તિ, પ્રાણ, અનાહારકપણું, ઋજુ-વક્રાગતિ, નરકનાં દુ:ખો, ચક્રવર્તીની વિજયયાત્રા, ચૌદ રત્નો, નવનિધિ, આયુષ્યના પ્રકારો વગેરેને પણ વિસ્તારથી આપવામાં આવ્યા છે.

એમાં પરિશિષ્ટ તેમજ શાસ્ત્રોક્ત પ્રમાણ અને ઢગલાબંધ ટીપ્પણો અને બીજા સેંકડો વિષયો અનેક ગ્રન્થોમાંથી તારવીને આપ્યા છે.

સુંદર મુદ્રણ અને સરસ ગેટઅપ પુસ્તકના સુશોભિતપણામાં વધારો કરે છે.

આ ગ્રન્થમાં ૭૦ ચિત્રો આપવામાં આવ્યાં છે, તેમાં આકાશ, દેવલોક, મનુષ્યલોક અને નરક પૃથ્વીના જુદા જુદા વિભાગનાં ચિત્રો, જુદા જુદા નિવાસસ્થળો, જ્યોતિષચક્ર, તથા સૂર્ય ચન્દ્ર મંડળનાં સંખ્યાબંધ ચિત્રો તેમજ બીજાં અનેક વ્યવસ્થિત ઢબે ભાષાંતરકારે સ્કેલ મુજબ આલેખેલાં, અને મોટે ખર્ચે તૈયાર થએલાં હૂબહુ ચિત્રો જોતાં જ એ પુસ્તક પાછળ લેવાયેલી જહેમતનો ખ્યાલ આવી જાય છે. વિદ્યાર્થીઆલમને તો આ ભારે આશીર્વાદરૂપ થઇ પડે તેવું છે.

એ પુસ્તકમાં વિવિધ ઢબે છપાયેલાં માહિતીપૂર્ણ ૧૨૪ યંત્રો એ પુસ્તકની ઉપયોગિતામાં ખૂબ વધારો કરે છે.

જનતા સમક્ષ આવું સુંદર ગુજરાતી ભાષાંતરવાળું પુસ્તક રજૂ કરવા બદલ પ્રકાશકોને ધન્યવાદ ઘટે છે.

**(દૈનિક 'સંદેશ' પત્ર અમદાવાદ)**

* * * * *

આ ગ્રન્થમાં નવદ્વારો બાંધીને વ્યાખ્યા કરવાની સુંદર અને વ્યવસ્થિત પ્રથા સ્વીકારી છે. ખગોળના ઉપર આ એક જૈન શાસ્ત્રીય ગ્રન્થ છે, અને તેથી તેની મહત્તા વધારે છે. ખગોળના અભ્યાસીઓ, તેમજ જ્યોતિષીઓને પણ આ વિષયમાં જૈનદષ્ટિબિંદુ જાણવાથી અવશ્ય લાભ થશે. **આવા શાસ્ત્રીય ગ્રન્થનો અનુવાદ કરવાનું કામ અતિશ્રમ સાધ્ય છે.** તેથી અનુવાદ કરનાર અને પ્રકાશક બન્નેને અભિનંદન ઘટે છે. અનુવાદકે વિસ્તૃત ઉપોદ્‌ઘાત સાથે જોડ્યો છે. તેમાં એમણે ખગોળના વિષયની સારી ચર્ચા કરી છે.

જૈન દષ્ટિએ આ ગ્રંથમાં વિસ્તૃત વિચારણા કરવામાં આવી છે.

**(સચિત્ર સાપ્તાહિક પ્રસિદ્ધ 'ગુજરાતી' પત્ર મુંબઇ)**

* * * * *

યંત્રચિત્ર સમેતનો આ અનુવાદગ્રંથ છે. ખગોળનો વિષય એવો ગહન છે કે તેના અભ્યાસીઓ બહુ થોડા હોય, અને તેનો અભ્યાસ કરી સમજીને ગ્રંથ લખવા જેટલી નિષ્ણાતતા પ્રાપ્ત કરવી એ તો વિરલ અભ્યાસીને ફાળે જ જાય, એટલે આ અનુવાદ માત્ર વીશ વર્ષની વયના એક યુવાન મુનિએ કરેલો છે તે જોતાં એમની ધીરજ, અભ્યાસરતિ અને ચોક્કસાઈની પ્રશંસા જ કરવી જોઈએ.

જૈન ખગોળ વૈદિક ખગોળથી અનેરૂં હોવા છતાં પાશ્ચાત્ય ખગોળથી જુદું જ છે. તેના નિર્ણયો આજના વિજ્ઞાનસિદ્ધ ખગોળથી ઘણા જ જુદા પડે છે. અનુવાદક એનો ખુલાસો આપે છે કે 'વિજ્ઞાનસિદ્ધતા એ કાંઇ અંતિમ નિર્ણય નથી. કારણ કે વિજ્ઞાન આગળ વધે છે અને નિર્ણયો બદલાય છે. પરંતુ જૈન નિર્ણયો સર્વજ્ઞના છે અને તે અચળ છે.' આ વિજ્ઞાનનો જમાનો આવી વાતોને શ્રદ્ધાની આંખે જોઇ શકે તેમ નથી, છતાં જૈન ખગોળ એટલે ઉપલકીઉં કપોળકલ્પિત શાસ્ત્ર નથી, પણ રજે રજનો હિસાબ ગણીને કાળ અને સ્થળનાં સૂક્ષ્મ અણુઓને માપી માપીને રચવામાં આવેલું એક વિસ્તૃત શાસ્ત્ર છે, એ આ ગ્રન્થ અને તેમાંની આકૃતિઓ જોતાં જણાઇ આવે છે. વૈજ્ઞાનિક ખગોળના પ્રશ્નોના જવાબો આ શાસ્ત્રકથિત ખગોળ ન આપે, તો પણ તે ઊંડા ઉતરવા જેવી, અભ્યાસ કરવા જેવી એક વસ્તુ છે. ફેંકી દેવા જેવી કે ઉપલક દૃષ્ટિએ જોઈને નિર્ણય આપી દેવા જેવી વસ્તુ નથી, અલબત્ત, વિજ્ઞાનયુગ ચર્મચક્ષુથી જે બતાવે છે તે આ શાસ્ત્ર સર્વજ્ઞની ચક્ષુથી જોવાયેલું માન્ય રાખીને અને બને તેટલા પ્રમાણમાં ગણિત-માપથી કરી આપીને જ વિરમે છે.

ગ્રન્થને તૈયાર કરવા પાછળ જેટલો અનુવાદકે અને ચિત્ર કરનારાઓએ શ્રમ લીધેલો છે, તેટલો જ પ્રકાશકે તેના રંગીન ચિત્રો-યંત્રો વગેરે છપાવીને પ્રસિદ્ધ કરવામાં શ્રમ લીધો છે. છૂટે હાથે ખર્ચ કરવામાં આવ્યો છે.

* * * * *

અનુવાદકના શ્રમની કદર વસ્તુતઃ અભ્યાસીઓ જ કરી શકે તેમ છે અને એવા અભ્યાસીઓ-આવા ગહન વિષયના અભ્યાસીઓ જૈનોમાં કે જૈનેતરમાં કેટલા થોડા હશે તેની કલ્પના કરી શકાય તેમ છે. જેઓ આવા વિષયના રસિક હોય છે તે બહુધા પંડિતો જ હોય છે. સામાન્ય વાચકના રસનો વિષય તે હોઇ શકતો નથી. એટલે એવા પંડિતો મૂળ સંસ્કૃત ગ્રંથો પણ વાંચી શકે, પરન્તુ અનુવાદકના પ્રસિદ્ધિકરણની ઉપયોગિતાનું માપ તો અનુવાદ ઉપરથી જ જૈન ખગોળનો રસ અને અભ્યાસનો વિષય બનાવનારાઓ ઉપરથી નીકળી શકશે.

*(જાણીતું સાપ્તાહિક **'પ્રજાબંધુ'** પત્ર-અમદાવાદ)*
*સમીક્ષક સુપ્રસિદ્ધ લેખક ચુનીલાલ વર્ધમાન શાહ*

* * * * *

શ્રીમદ્ ચંદ્રસૂરીશ્વરજી મહારાજ રચિત આ ગ્રન્થ પૂજ્ય સાધુસમાજ અને જ્ઞાનપિપાસુ સમાજમાં એક અભ્યાસના ગ્રન્થ તરીકે પ્રચલિત છે.

દેવાદિ ચાર ગતિ આશ્રયી આયુષ્ય, શરીર પ્રમાણ વગેરે ૩૪ દ્વારોનું વિસ્તાર યુક્ત વર્ણન મુખ્યત્વે આ ગ્રંથમાં કરવામાં આવેલ છે, એટલે ચારે ગતિની પૌદ્ગલિક અને ભૌગોલિક

માહિતી આમાંથી મળી આવે છે, બીજી રીતે કહીએ તો જૈન ભૂગોળ અને વિજ્ઞાનની દૃષ્ટિ આ ગ્રંથમાંથી મળી રહે છે.

સામાન્ય રીતે કથાનુયોગ તરફ જનતાને જેટલી રૂચિ હોય છે તેટલી રૂચિ આવા ગણિત તત્ત્વના ગ્રંથો તરફ હોતી નથી. એટલે આ ગ્રંથનું મહત્ત્વ બહુ જ ઓછા પ્રમાણમાં જનતા સમજે છે.

બીજી રીતે આ ગ્રંથના વિષયને આધુનિક દૃષ્ટિએ સમજાવવામાં આવે તો આજની વૈજ્ઞાનિક શોધો સાથે સંબંધ ધરાવતા, અને એવી શોધોની પ્રેરણા જન્માવતા ઘણા મહત્ત્વના તાત્ત્વિક સિદ્ધાન્તો આમાં રહેલ છે, ભૌગોલિક દૃષ્ટિએ પણ ઘણા જાણવા જેવા અને આજની ભૌગોલિક શોધખોળમાં નવી જ પ્રેરણા આપતા પ્રસંગો પણ આમાં રહેલા છે. પણ તે જાણવા, વિચારવા અને તેનો યુગદૃષ્ટિએ ઉપયોગ કરવાની તક આપણે લઈ શક્યા નથી. તેનું કારણ આવા સાહિત્ય પરત્વેની આપણી ઉદાસીનતા, અને રોચક શૈલીનો અભાવ છે.

આ ઉદાસીનતા ટાળવા અને વસ્તુને વધુ રોચક, વધુ સરળ, તેમજ વધુ રસિક બનાવવા માટે ભાષાન્તરકારે સારો પ્રયાસ કર્યો છે. જ્યાં જ્યાં વિષયની ગહનતા જણાઈ છે ત્યાં ત્યાં આબેહૂબ ચિત્રો આપી વસ્તુ સરલ કરવામાં આવી છે. જ્યાં જ્યાં તત્ત્વોને આધુનિક વિજ્ઞાનની દૃષ્ટિએ કે ભૌગોલિક દૃષ્ટિએ ઘટાવવાં જેવું જણાયું છે ત્યાં ત્યાં સુયોગ્ય રીતે ઘટાવવામાં આવેલ છે, અને જરૂરી વિવેચન પણ સાથોસાથ કરવામાં આવેલ છે.

આ રીતે આ ગ્રન્થ તેના ચાલુ અભ્યાસકોને એક સરલ શિક્ષક રૂપ બન્યો છે, જ્યારે અન્ય વર્ગને જૈનદૃષ્ટિ જાણવા માટે એક ઉપયોગી સામગ્રીરૂપ બન્યો છે.

લેખકે જણાવ્યું છે તેમ, એક વસ્તુ સમાજે વિચારવી જરૂરી છે કે, આપણી પાસે એવું ઘણું સાહિત્ય પડયું છે કે જેના આધારે વિજ્ઞાનને નવો પ્રકાશ મળે, શોધકોને નવી દૃષ્ટિ મળે, પણ આવા સાહિત્યના ગવેષકોની આજે ખામી છે. આ ખામી દૂર કરવાનો ગંભીર વિચાર આપણે કર્યો નથી. વધુ નહિ તો આજના વિજ્ઞાન ક્ષેત્રના બે-ચાર અભ્યાસીઓને આપણા સાહિત્યનો તુલનાત્મક અભ્યાસ કરવા, અને તેનો યોગ્ય ઉપયોગ કરવા માટે બેસાડવામાં આવે તો નવી શોધખોળનો કેટલોક યશ જૈનસમાજને ફાળે નોંધાવી શકાય.

*   *   *   *   *

**✻ પાણી અને વાણી ✻**

પાણીના બેફામ બનેલાં પૂરે ગામોનાં ગામો ડુબાડયા છે તો વાણીના બેકાબૂ પૂરે કુટુંબોના કુટુંબો તારાજ કર્યા છે. પાણીના પૂરને અટકાવવાનો તો કદાચ વિજ્ઞાન પાસે ઉપાય છે પણ વાણીના બેફામ પૂર ઉપર નિયંત્રણ લાવવા તો વિવેકને શરણે જ જવું પડે.

# વિજ્ઞાન-સાયન્સને લગતી જૈન અભ્યાસીઓ માટે ખાસ જાણવા જેવી, થોડાક જરૂરી વિષયો અને વિગતોની નાનકડી

## * લેખમાળા *

૧. આ લેખમાળા ચતુર્વિધસંઘના ચારેય અંગના વિદ્યાર્થીઓ જરૂર વાંચે, જેથી તેમને ઘણો પ્રકાશ મળશે અને નવા નવા ખ્યાલો આવશે.

૨. સમયના અભાવે હું વિજ્ઞાનનો પૂરતો અભ્યાસી થઈ શક્યો નથી છતાં લખવાનો તીવ્ર વેગ આવ્યો એટલે લખી નાંખ્યું છે. સંભવ છે કે ક્યાંક ક્યાંક હકીકતદોષ કે ક્ષતિ રહી પણ હોય તો તે વાચકો સુધારી લે અને મને જણાવે.

પાલીતાણા<br>
સાહિત્યમંદિર<br>
તા. ૨-૫-૯૧

—યશોદેવસૂરિ

ॐ नमः

# જૈન ભૂગોળ-ખગોળ તથા વૈજ્ઞાનિકોની ભૂગોળ-ખગોળ અંગે વિવિધ માહિતીઓ રજૂ કરતા અને વિજ્ઞાન વગેરેની અન્ય વિગતોની જાણકારી આપતા ઉપયોગી લેખો

(બીજી આવૃત્તિમાંથી ઉદ્ધૃત)

ભૂમિકા—સંગ્રહણીનું પ્રકાશન કરવાની આખરી તૈયારી ચાલતી હતી, ત્યાં એક વિચાર આવ્યો કે આપણા જૈન સાધુ-સાધ્વીજીઓને તથા કેટલાક શિક્ષિત શિક્ષકવર્ગમાં જૈન ભૂગોળ-ખગોળની બાબતમાં 'વિજ્ઞાન' ખરેખર શું કહે છે તે વિષયમાં જોઈએ તેવી જાણકારી હોતી નથી અને તેઓ વિજ્ઞાનની સાથે તુલના કે સુમેળ કરવા જાય, તો તેનો મેળ ક્યાંથી બેસે?

વળી વિજ્ઞાનની કેટલીક જરૂરી પ્રાથમિક બાબતોનું જાણપણું થાય, વિજ્ઞાનના અકલ્પનીય આવિષ્કારો જાણીને જડ-પુદ્ગલનાં વૈશ્વિક ગહન રહસ્યો કેવાં કેવાં છે, પંચભૂત વગેરેનાં પુદ્ગલોની અને તેની પરાવર્તન અવસ્થાઓની કેવી કેવી અદ્ભુત-આશ્ચર્યજનક ઘટનાઓ છે, તેની કંઈક ઝાંખી થાય એ માટે મેં ભૂગોળ-ખગોળના જુદા જુદા વિષય ઉપર વાચકોને જરૂર ઉપયોગી થાય તેવા લેખો લખ્યા, તે બૃહત્સંગ્રહણી ગ્રન્થની આ બીજી આવૃત્તિમાં ખાસ પ્રગટ કરીએ છીએ.

વિશ્વ અમાપ, અપરિમિત અને અત્યન્ત ગહન રહસ્યોથી ભરેલું છે. એમાં રહેલી સર્જનાત્મક કૃતિઓ તથા રચનાઓ પ્રત્યેક અણુમાં કે કૃતિઓમાં ક્ષણે ક્ષણે પરાવર્તન પામે એ એક અજબગજબની રહસ્યમય બાબત છે. એના અતળ ઊંડાણનો તાગ કોઈથી લઈ શકાય તેમ નથી. વળી પૌદ્ગલિક પદાર્થની ચિત્રવિચિત્ર ચમત્કારિક લીલાઓ જાણવા મળે એ માટે આ લેખો લખ્યા છે.

બહુ ખેદની વાત એ છે કે હું આ બધા લેખો કટકે કટકે લખી શકયો, લખ્યા પછી લેખો બરાબર ચેક કરી શક્યો નહિ એટલે આ લેખોમાં કોઈ કોઈ વિષયો કે બાબતો બેવડાઈ ગયેલ હશે, વળી એકધારું લખાયું નથી એટલે એકસરખું સંકલન અને વ્યવસ્થા જાળવી શકાણી નથી તે માટે દિલગીર છું.

✱ ભવિષ્યમાં સમય મળે વિજ્ઞાન અને જૈનધર્મની વૈજ્ઞાનિક બાબતો સાથે આજના જ વિજ્ઞાનનો ક્યાં ક્યાં અને કેવી કેવી રીતે મેળ ખાય છે તે દર્શાવવા સાથે આજના વૈજ્ઞાનિકોએ પુદ્ગલ વિજ્ઞાન ઉપર કરેલી શોધો માટે લખવા વિચાર છે.

પાલીતાણા, ઈ. સન્ ૧૯૯૦ —યશોદેવસૂરિ

## લેખાંક—૧

### વૈજ્ઞાનિકોની માન્યતાવાળી પૃથ્વી અને જૈનશાસ્ત્રોની માન્યતાવાળી પૃથ્વી તેમજ તેને સ્પર્શતી બીજી કેટલીક બાબતો વિષે બંને પક્ષો શું કહે છે તેની ટૂંકમાં સ્થૂલ સ્થૂલ બાબતો જણાવી છે.

*

નોંધ :—વિજ્ઞાન જે પૃથ્વીની વાત કરે છે તે જ પૃથ્વીની વાત જૈનશાસ્ત્રો કરે છે પણ બંનેની માન્યતા વચ્ચે આકાશ-પાતાળ જેટલું અંતર છે. વૈજ્ઞાનિકો પૃથ્વીને આકાશમાં અદ્ધર રહેલી, વળી તે ફરતી અને લગભગ દડા જેવી નહિ પણ હવે જમરૂખ કે નાસપતી આકાર જેવી [1]ગોળ માને છે. જ્યારે જૈનશાસ્ત્રની ભૂગોળ એ પૃથ્વીની સાથે કરોડો માઈલની બીજી લાંબી પૃથ્વી જોડાયેલી છે એમ કહે છે. (જેનું નામ પહેલી નરક છે), અને એ પૃથ્વી પૂરી થયા પછી આકાશ-અવકાશ જરૂર આવે છે. જોડાયેલી સંયુક્ત પૃથ્વી આકાશમાં છે એમ જરૂર કહી શકાય. આથી એક વાત નિશ્ચિત સમજી લેવી કે જૈનોની પૃથ્વી બીજી પૃથ્વી સાથે જોડાયેલી છે, અને પૃથ્વી ફરતી નહિ પણ સ્થિર માને છે. જૈનો પૃથ્વીને ગોળ માનતા નથી. તે કેવી રીતે માને છે તે અંગે આ વિષયથી અણજાણ એવા સહુ માટે અને વિશેષ તો જૈન વિદ્યાર્થીઓને વાસ્તવિક પરિસ્થિતિની જાણ કરવા અહીં પ્રથમ લેખમાં જરૂરી વિગતો નીચે આપી છે.

### * અહીંથી મૂળ લેખ શરૂ થાય છે *

વૈજ્ઞાનિકો જે પૃથ્વીની વાત કરે છે તે જ પૃથ્વીની વાત આપણે કરવાની છે, પણ બંને વચ્ચે જે ફરક છે તે ફરક આપણને ધ્યાનમાં રહે એ માટે અહીં જરૂરી વિગતો જણાવું છું. જો કે પૃથ્વી અને તેને સ્પર્શતી બાબતોમાં જૈન ભૂગોળ અને વિજ્ઞાન વચ્ચે એટલું બધું અંતર છે કે આપણી સાથે કશો મેળ ખાય તેમ નથી, એટલે એ અંગે કશું લખવાનું છે નહિ. અહીં તો ફક્ત વિજ્ઞાનની ભૂગોળનો જરૂરી ખ્યાલ આપી જૈનમાન્યતા શું છે તે જણાવી દઉં જેથી અભ્યાસીઓને ખૂબ જ સંતોષ થશે.

---

૧. પૃથ્વી ચારેબાજુથી દડા જેવી ગોળ છે, તે વાત પશ્ચિમના વૈજ્ઞાનિકો ૫૦૦ વરસથી નિશ્ચિતપણે કહેતા રહ્યા હતા પણ આજથી ત્રીસેક વરસ પહેલાં વૈજ્ઞાનિકોએ સુધારો જાહેર કર્યો કે પૃથ્વી ઉપરના ભાગે સાવ ગોળ નથી, પરંતુ ઉપરનો થોડો ભાગ ઊંચો છે તેથી તે જમરૂખ જેવી છે. આમ વરસોથી સ્થાપિત થયેલો મત ફેરવવામાં કારણ બન્યું નવું શોધાયેલું રોકેટ. રોકેટ જે સ્થળેથી છોડાય છે અને જે સ્થળેથી પસાર થાય છે એનું માપ અને ગણતરી વિશ્વનાં અનેક દેશોનાં યન્ત્રો નોંધતા હોય છે. અમેરિકાથી છૂટેલા રોકેટને પૃથ્વીના ઉપરના ભાગમાં થઈને નીચે ઉતરતા રોકેટની ગતિ માટે જેટલી ક્ષણો નિશ્ચિત કરી હતી તેના કરતાં રોકેટે કંઈક વધારે ટાઈમ લીધો. તે પછી તે અંગે વિચારણા, સંશોધન કરતાં અંકે થયું કે રોકેટ થોડું ઊંચું ચઢીને નીચે ઉતર્યું છે, એટલે નક્કી કર્યું કે પૃથ્વી ઉપરથી સાવ ગોળ નથી પણ અણિયાળી છે.

જૈનધર્મની દૃષ્ટિએ પૃથ્વી ગોળ નથી, તે પોતાની ધરી ઉપર ઘૂમતી નથી અને આકાશમાં ફરતી નથી પણ તે આકાશમાં સ્થિર રહેલી છે. જે પૃથ્વીને આકાશમાં માનીએ છીએ તે આકાશમાં જરૂર છે પણ પૃથ્વીની સાથે એક બીજી પૃથ્વી જોડાયેલી છે એમ આપણે માનીએ છીએ. પહેલી પૃથ્વી અને બીજી પૃથ્વી પૂરી થયા પછી ઘનવાત, તનુવાત અને ઘનોદધિ જેના આધારે આ પૃથ્વી રહેલી છે તે ત્રણેય પદાર્થો પૂર્ણ થયા પછી અસંખ્ય યોજન (અબજો માઇલ) પછી નર્યું આકાશ આવે છે. વળી દેખાતી પૃથ્વી તો જંબૂદ્વીપનો જ સાવ નાનકડો ભાગ છે એટલે વિજ્ઞાન અને જૈનમાન્યતા વચ્ચે પૂર્વ-પશ્ચિમ જેવો જબરજસ્ત તફાવત છે. પૃથ્વીની આટલી સ્થૂલ બાબત જણાવીને જે વાચકો પશ્ચિમના વૈજ્ઞાનિકોએ નિશ્ચિત કરેલી પૃથ્વીની વ્યવસ્થાને (મુદ્રિત પુસ્તકો દ્વારા) જાણતા નથી એવા સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકાઓને વિજ્ઞાને પૃથ્વીનું જે સ્વરૂપ જણાવ્યું છે, એ ઉપરથી તેની ખાસ ખાસ જરૂરી બાબતોને જ અહીં જણાવું છું, જેથી વૈજ્ઞાનિકોએ નક્કી કરેલી પૃથ્વીની પરિસ્થિતિનો ખ્યાલ જૈન વાચકોને આવે, અને એ ખ્યાલ મળે તો જ જૈનધર્મની પૃથ્વીની સાથેનો ફરક બુદ્ધિશાળી વિદ્યાર્થીઓની સમજમાં આવે.

## પ્રથમ ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ વૈજ્ઞાનિકોએ ક્યાં આગળ માન્યા છે તે જોઇએ

જે પૃથ્વી આકાશમાં ગોળાકારે ફરે છે તે પૃથ્વીના ઉપરના ભાગે બરાબર કેન્દ્રમાં ઉત્તરધ્રુવનું સ્થાન આવેલું છે. વળી એ જ દડા જેવી માનેલી પૃથ્વીના તદ્દન નીચલા ભાગે કેન્દ્રમાં દક્ષિણધ્રુવનું સ્થાન છે. ઉપરનું ઉત્તરધ્રુવનું સ્થાન જ્યાં પૂરૂં થાય છે ત્યાં પૃથ્વીની સમાપ્તિ થઇ જાય છે અને નીચેનું દક્ષિણધ્રુવનું સ્થાન જ્યાં પુરૂં થાય છે ત્યાં ત્યાંની પૃથ્વી સમાપ્ત થઇ જાય છે. આથી વૈજ્ઞાનિકો નિશ્ચિતપણે માને છે કે ઉત્તરધ્રુવ પછી અને દક્ષિણધ્રુવ નીચે અને પૃથ્વીની બીજી બંને બાજુ એમ ચારે બાજુએ કરોડો-અબજો માઇલ સુધી અવકાશ-આકાશ જ છે. જેમ અત્યારે આપણે આકાશમાં બનાવટી દડા જેવો જંગી ગોળો લટકાવીએ એ રીતે જ આકાશમાં લટકતી ફરતી પૃથ્વી રહેલી છે. આથી બંને ધ્રુવો પછી ઉપર નીચે વધારાની ધરતી લઇને આ પૃથ્વી ફરતી નથી એ વાત તદ્દન સ્પષ્ટ થઇ જાય છે. જૈન વિજ્ઞાનમાં ધ્રુવની વાત નથી.

## હવે એની સામે જૈનશાસ્ત્રોનું વિજ્ઞાન શું કહે છે તે આપણે જાણી લઇએ

જૈનશાસ્ત્રની ભૂગોળ નિર્વિવાદપણે એમ કહે છે કે વૈજ્ઞાનિકોની પ્રસ્તુત વાત તદ્દન ખોટી છે. ઉત્તરધ્રુવ આગળ અલે પૃથ્વીની સમાપ્તિ માની છે પણ જૈનધર્મની દૃષ્ટિએ ઉત્તરધ્રુવથી આગળ અડધું ઉત્તર ભારત, તે પછી વૈતાઢ્ય પર્વતથી લઇને મહાવિદેહક્ષેત્ર અને તે પછી ઐરવતક્ષેત્ર વગેરે એટલે લગભગ ૪૦૦ લાખ યોજન (૪ ગાઉનો એક યોજન માનીએ તો ૧૬૦૦ લાખ ગાઉ) લાંબી ગોળાકારે વિરાટ ધરતી પથરાએલી છે. આ વાત જૈનધર્મે માનેલા એક લાખ જંબૂદ્વીપને અનુસરીને છે. જેમ ઉત્તરધ્રુવ પછી ૧૬૦૦ લાખ ગાઉ જેટલી લાંબી ધરતી છે તેમ દક્ષિણધ્રુવ પછી પણ સેંકડો ગાઉ-માઇલની ધરતી વિદ્યમાન છે. દક્ષિણધ્રુવનું જે સ્થાન વૈજ્ઞાનિકોએ માન્યું છે તે જૈનધર્મની દૃષ્ટિએ ત્યાં આગળ પૃથ્વીની સમાપ્તિ નથી પણ ત્યાંથી સેંકડોના સેંકડો માઇલ સુધી પૃથ્વી પથરાએલી છે, અને તે પૃથ્વી પૂરી થયા પછી તરત જ

જંબૂદ્વીપને ફરતો મોટો કિલ્લો આવે છે. એ કિલ્લાની ધરતી પૂરી થાય ત્યારે એક લાખ યોજન (ખરેખર તો ૪૦૦ લાખ યોજન) ના જંબૂદ્વીપની મર્યાદા પૂરી થાય છે. ઉત્તરધ્રુવ તરફની ઉત્તરદિશાની ધરતી અબજોના અબજો માઈલની દરિયાઈ ધરતી છે. જ્યારે વૈજ્ઞાનિકોએ માનેલા દક્ષિણધ્રુવનું સ્થાન દક્ષિણ જંબૂદ્વીપના છેડા ઉપર છે, એટલે પણ શેષ ધરતી ઉત્તરધ્રુવની ધરતીની અપેક્ષાએ બહુ ઓછી છે. આથી સમજી શકાશે કે જૈન ભૂગોળમાં ઉત્તરધ્રુવ કે દક્ષિણધ્રુવના સ્થાનની વાત જ આવતી નથી. જૈનધર્મની ભૂગોળની દૃષ્ટિએ ઉત્તરધ્રુવ કે દક્ષિણધ્રુવનું સ્થાન એ પૃથ્વીનો છેડો નથી, આ વાત વાચકોએ ખાસ ધ્યાનમાં રાખવી ઘટે. જૈનોએ તો ૪૦૦ ગાઉના યોજનના હિસાબે ૪૦૦ લાખ યોજનના જંગી વિસ્તારવાળો ગોળાકારે જંબૂદ્વીપ માનેલો છે. એ જંબૂદ્વીપના ઉત્તર અને બીજી બાજુના દક્ષિણના છેડા ઉપર ઉત્તર-દક્ષિણ પહોળાં ૫૨૬ યોજન, ૬ કળાનાં અને પૂર્વ-પશ્ચિમ ૧૪૪૭૧ યોજન લાંબાં વિસ્તારવાળાં બે ક્ષેત્રો છે. જંબૂદ્વીપના દક્ષિણ છેડે જે ક્ષેત્ર આવેલું છે તેનું નામ ભરતક્ષેત્ર અને ઉત્તર છેડે જે ક્ષેત્ર આવેલું છે તેનું નામ ઐરવતક્ષેત્ર છે. બંને ક્ષેત્રો સમાન માપવાળાં છે પણ અત્યારે આપણી પૃથ્વીની વાત કરીએ છીએ એટલે ભરતક્ષેત્ર સાથે આપણે સંબંધ છે. નાનકડા ભરતક્ષેત્રના મધ્યમાં લાંબો-દીર્ઘ વૈતાઢ્ય નામનો પર્વત આવેલો છે, તેથી ભરતક્ષેત્રના બે ભાગ પડી જાય છે. વૈતાઢ્ય પર્વતના ઉપરના ભાગને ઉત્તરભારત અને નીચેના ભાગને દક્ષિણભારત કહેવામાં આવે છે, અને આપણે અત્યારે દક્ષિણાર્ધ [1]ભરતની વાત કરી રહ્યા છીએ, જે ૨૬૩ યોજનનો છે. (એક યોજન એટલે ૪૦૦ [2]ગાઉ સમજવા.)

## નીચેની વિગતો લોકો દ્વારા તથા વૈજ્ઞાનિકો દ્વારા જાહેરપત્રમાં રજૂ થએલી છે

નોંધ—જો કે આપણી ભૂગોળની પરિસ્થિતિના વિષય સાથે સીધી રીતે નીચે જણાવાતી વાતોનો સંબંધ નથી, પરંતુ આડકતરી રીતે નીચેના વિષયોને જાણવાની કોઈપણ વિદ્યાર્થી માટે અનિવાર્ય જરૂર છે.

### ❖ દક્ષિણધ્રુવનો પરિચય ❖

અહીંયા દક્ષિણધ્રુવ શું છે, ત્યાંની પરિસ્થિતિ શું છે, છ-છ મહિના સુધી આ ધરતી ઉપર દિવસ જ હોય છે રાત્રિ પડતી નથી અને છ-છ મહિના સુધી રાત્રિ જ હોય છે, સૂર્ય દેખાતો નથી. તો એ ધરતી કઈ કઈ છે? કેવડી છે? એ ધરતી ઉપર વસવાટ છે કે કેમ? ત્યાં જઈ શકાય છે ખરૂં? એ બધી બાબતોની થોડી ઝાંખી કરી લઈએ.

"ધરતીકંપોના કારણે તથા કોઈ આકાશી ઘટનાના કારણે દક્ષિણધ્રુવની ધરતી બરફથી ઢંકાઈ ગઈ ન હતી તથા નિર્જન થઈ ગઈ ન હતી ત્યારે હજારો વર્ષ પહેલાં તે ધરતી વસ્તીથી

---

૧. આપણા શાંતિસ્નાત્ર વગેરે અનુષ્ઠાનોમાં 'અસ્મિન્ જંબૂદ્વીપે ભરતક્ષેત્રે દક્ષિણાર્ધભરતે' જે બોલાય છે તે આ જ ભરતક્ષેત્ર છે.

૨. જૈનસમાજમાં કોઈ કોઈ વર્ગ યોજન ૩૬૦૦ માઈલનો ગણે છે.

કેવી ગાજતી હશે? જ્યારે આજે આ ધરતી વિકરાળ અને વેરાન થઇ ગઇ છે. વારંવાર થએલા ભયંકર ધરતીકંપો, ઉલ્કાપાતો, વાવાઝોડાંઓ અને જાતજાતનાં હવામાનો વગેરેનાં કારણે સમગ્ર ધરતીના વિવિધ વિભાગો ઉપર કેવાં કેવાં પરિવર્તનો થયાં છે અને વિવિધ સ્થળોની કેવી ધરમૂળથી કાયાપલટ થઇ જાય છે. નગરો, શહેરો અને નદીઓ વગેરે હતું ન હતું કેવું થઇ જાય છે. જળ ત્યાં સ્થળ, સ્થળ ત્યાં જળ થઇ જાય છે. હિમાલય જેવા પહાડો ધરતીકંપના કારણે આખા ને આખા ધરતીમાં ઊતરી જાય છે. ધરતીમાં ઊતરી જઇને ધરતી કેવી સપાટ થઇ જાય છે, અને લાખો વરસ પછી (સાત પોઇન્ટથી વધુ પોઇન્ટ સુધીનો ધરતીકંપ થતાં) જમીનમાં ગરકાવ થઇ ગએલા જંગી પહાડો પાછાં કેવી રીતે બહાર આવી જાય છે. નવી-નવી નદીઓના જન્મ કેવી રીતે થાય છે તેની રોમાંચક આનંદજનક વિગતો જાણવા જેવી છે.

## અષ્ટાપદ પર્વત ક્યાં?

આપણો અષ્ટાપદ પર્વત ક્યાં? જૈનસમાજમાં આ સળગતો પ્રશ્ન છે. ઋષભદેવ હિન્દુઓના પણ એક અવતારી ભગવાન છે એટલે શિવ-ભાગવત પુરાણોમાં એમની છૂટી-છવાઇ વાતો લખી છે, એમાં બે જગ્યાએ ઋષભદેવને કૈલાસવાસી બતાવ્યા છે. આ કૈલાસપર્વત ક્યાં છે? તો હિમાલયના વચ્ચે ગુંબજના આકારે આજે જે પહાડ દેખાય છે તે કૈલાસમાં ઋષભદેવનું સ્થાન છે એમ જણાવે છે, અને ત્યાં અષ્ટાપદ હશે એમ કલ્પના કરે છે. પર્વત ઉપર બરફના ઢગ ચઢી ગયા હશે એમ પણ બોલાય છે પણ હિમાલય માટે બન્યું હતું એમ ધરતીકંપ થતાં અષ્ટાપદનું સ્થાન શૂન્ય બન્યું હોય તેવું બને ખરૂં? આ અનુમાનનો વિષય છે, સત્ય જે હોય તે. બાકી આ બધી વિચારણા વચ્ચે ઊંચાઇની વાત બહુ જ ચિંતા ઉપજાવે તેવી છે. યોજનની સાચી વ્યાખ્યા શું છે તે વિચારવું ખાસ જરૂરી છે.

## જૈનધર્મનાં તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ પૃથ્વી ઉપરના પૌદ્ગલિક પદાર્થોની થોડી વાત સમજીએ

જૈનધર્મની દૃષ્ટિએ [1]સચેતન, અચેતન પુદ્ગલ પરમાણુઓથી બનેલું આ ભૌતિક સમગ્ર વિશ્વ ક્ષણે ક્ષણે (સમયે સમયે) પરાવર્તન પામતું જ રહે છે. જીવ કે અજીવ તમામ પદાર્થો પલટાયા જ કરે છે. આનું કારણ પુદ્ગલોનો પોતાનો જ (અધ્રુવ પરિણામ) પરિવર્તનશીલ સ્વભાવ હોવાથી પુદ્ગલોની પોતાની સ્વયંભૂ ક્રિયા અવિરત ચાલતી જ હોય છે. એને બીજા કોઇ નિમિત્તની જરૂર રહેતી નથી. સવારના બાર વાગ્યા ઉપર એક મિનિટે જે પુદ્ગલ પરમાણુઓથી શરીર બંધાએલું છે, તે બધાં જૂનાં પુદ્ગલો નીકળીને તેની જગ્યાએ નવાં પુદ્ગલો ગોઠવાઇ જાય છે. આ પરાવર્તન એટલી ઝડપે થતું રહે છે કે તમે તમારી આંખથી જોઇ-જાણી શકતા નથી, આ એક અતિ આશ્ચર્યજનક અને જૈન તત્ત્વજ્ઞાન સિવાય ક્યાંયથી પણ જાણવા ન મળે તેવી, તેમ સાથે સાથે સામાન્ય વાચકોને જલદી ગળે ન ઊતરે તેવી પ્રાકૃતિક પ્રક્રિયા છે. જો

૧. સચેતન પદાર્થોના પરાવર્તનનો અર્થ એ જીવોની કાયાને અનુલક્ષીને સમજવો.

કે વ્યક્તિને પરાવર્તન જેવું કશું દેખાતું નથી હોતું પણ પરાવર્તન અકલ્પનીય રીતે થતું જ રહે છે તે હકીકત છે. પરિવર્તનશીલતાનો વિચાર અન્ય ધર્મોમાં પણ દર્શાવ્યો છે.

વિશ્વવર્તી પદાર્થોની આ પરિવર્તનની અજબ-ગજબની પ્રક્રિયાના કારણે એક વખતની ધરતી જ્યાં હજારો ઘરો, પહાડો, નદીઓ અને કરોડો લોકોની વસ્તીથી ગાજતી હતી. કરોડો લોકો આનંદથી પોતાનું જીવન જીવતાં હતાં એ ધરતી ઉપર કુદરતીપ્રકોપજન્ય તથા બીજી ત્રીજી શું શું ઘટનાઓ ઘટી હશે તે તો આપણે જાણતા નથી, પરંતુ વિજ્ઞાનની દૃષ્ટિએ કુદરતે ઊભી થએલી આફતોના કારણે ભારતની દક્ષિણ દિશામાં સેંકડો માઇલનો વિસ્તાર નાશ પામ્યો અને ત્યાં બરફીલું પ્રચણ્ડ વાતાવરણ એવું ઊભું થયું કે જેના કારણે ચારેક હજાર માઇલનો આખો દક્ષિણ વિભાગ પથ્થર જેવા જબરજસ્ત બરફોની જાડી એવી ચાદરોથી એકધારો છવાઇ ગયો. આ ઉપરથી પરિવર્તનની ભયાનકતા અને કુદરતની અદ્‌ભુત લીલાનો ખ્યાલ આવશે અને તમો ઘણું વિચારતા થઇ જશો.

વૈજ્ઞાનિકો દ્વારા નજરે જોવાયેલું દક્ષિણધ્રુવનું વર્ણન નીચે આપું છું તે વાંચો.

## દક્ષિણધ્રુવની વૈજ્ઞાનિકોએ જાતે જોઇને જણાવેલી વિગતો જોઇએ

વૈજ્ઞાનિકોએ [1]દક્ષિણધ્રુવની ધરતીને 'મહાદ્વીપ' નામ આપ્યું છે પણ તેનું જગપ્રસિદ્ધ અંગ્રેજી નામ એન્ટાર્કટિકા **(Antarctica)** છે. આ દક્ષિણધ્રુવની જાણકારી સેંકડો વર્ષ સુધી કોઇએ મેળવી નહીં. એ વખતે ત્યાં જવા માટેનાં સાધનો પણ ન હતાં. સાધન વિના જવું એ તો જીવનું જોખમ હતું એટલે કોઇએ સાહસ કર્યું નહિ હોય, છતાં ધરતી ઉપર એક સાહસિક જન્મ્યો અને તેને ૧૦૦ વરસ ઉપર દક્ષિણધ્રુવનો પ્રદેશ કેવો છે તે જોવાનું મન થયું. માનવીની નવું નવું જાણવાની જિજ્ઞાસા, શોધ અને સાહસિકવૃત્તિ અદમ્ય છે એટલે તેણે અકલ્પનીય સાહસ ખેડયું પણ તે પછી તો મોટા મોટા તમામ દેશોના વૈજ્ઞાનિકો કુદરતની જંગી આફતો વચ્ચે સંશોધન માટે પોતપોતાનાં વસવાટો બાંધીને બેઠા છે, દક્ષિણધ્રુવની ધરતીની નીચે રહેલી ખાણો વગેરેનાં આકર્ષણના કારણે કરોડો-અબજો રૂપિયાના ખર્ચે ત્યાં જબરજસ્ત સંશોધનો ચાલી રહ્યાં છે. દક્ષિણધ્રુવમાં લગભગ બબે હજાર ફૂટ એટલે અડધો માઇલ જેટલા બરફના જાડા થર પથરાએલા છે. કિનારાઓ ઉપર જબરજસ્ત એક-એક માઇલ કે તેથી વધુ માપનાં બરફના પહાડો ત્યાં રહેલા છે. જગતની પૃથ્વી ઉપર જેટલો બરફ છે તે પૈકી ૯૦ ટકાથી વધુ બરફ બંને ધ્રુવો ઉપર છે. હજારો માઇલની ૯૦ ટકા જમીન બરફથી છવાએલી છે. દક્ષિણધ્રુવ ઉપર દર વર્ષે ભયંકર બરફની વર્ષા સતત અવિરત થયા જ કરે છે. કુદરતનાં રહસ્યો અજબ-ગજબનાં છે, એને મહાજ્ઞાની (કેવળજ્ઞાની) સિવાય કોઇ જોઈ-જાણી શકે નહિ. દક્ષિણધ્રુવની જાણ કોઇને ન હતી. આટલો મોટો ખંડ ૧૯મી સદી સુધી અજ્ઞાત રહ્યો હતો. દક્ષિણધ્રુવમાં દુર્ગમ, વિકરાળ અને ભયંકર લાગે એવો, આકાશમાં રંગબેરંગી વિવિધ આકારવાળા સર્જાતાં વાદળોથી નયનરમ્ય આ ખંડ છે. આશ્ચર્ય થશે કે દક્ષિણધ્રુવ ભારતથી પાંચ ગણો મોટો છે. ઓસ્ટ્રેલિયા ખંડથી પણ

---

૧. ભારતીઓએ દક્ષિણધ્રુવના ભારતીય મથકને ગંગાની યાદમાં દક્ષિણગંગોત્રી નામ આપ્યું છે.

દક્ષિણધ્રુવ મોટો છે અને ત્યાં સર્વત્ર હજારો-લાખો ફૂટની બરફોની ચાદરોથી આખો ખંડ ઢંકાએલો છે. ચારે બાજુ જ્યાં જુઓ ત્યાં સફેદ બરફ સિવાય કશું જ ન દેખાય, પગ મૂકાય નહિ, વાહન ચાલે નહિ, હવે તો એના માટે બરફને કાપીને સરકતી જતી એવી ખાસ બનાવેલી સ્ટીમરો મારફત જઈ શકાય છે. ત્યાંની ઠંડી કે ત્યાંના સુસવાટા દૂર દૂર રહેલાંઓથી પણ સહન થઈ શકતા નથી. આવી પ્રાકૃતિક પરિસ્થિતિ જોવાનું મન કોણે ન થાય? ચાર હજાર માઈલના પથરાએલા પ્રગાઢ બરફના કારણે ત્યાં વ્હેલ માછલી, પેંગ્વીન પક્ષીઓ વગેરે સિવાય ખાસ કોઈ જીવજંતુ કે વનસ્પતિને સ્થાન નથી. હા, ફક્ત તેના કિનારાના ભાગ ઉપર ધરતીના થોડા જીવો અને થોડાં ઝાડ-પાન જોવા મળે છે. ત્યાં લાખો પક્ષીઓ રહે છે.

છ મહિનાની રાત અને છ મહિનાનો દિવસ જ્યાં થાય છે તે આ મહાદ્વીપના દક્ષિણધ્રુવ ઉપર તેમજ ઉત્તરધ્રુવના વિભાગો ઉપર થાય છે. અરે! રાત્રે ઊગીને બે-ત્રણ કલાકમાં આથમી પણ જાય છે, એવું પણ ત્યાં ચાલે છે. જૈન ભૂગોળની દૃષ્ટિએ આનું કોઈ સચોટ કારણ શોધી શકાયું નથી અને સમાધાન મેળવવું અશક્ય ન કહેતાં ઘણું જ દુઃશક્ય કહું તે ઠીક છે. દક્ષિણધ્રુવમાં બરફ ઉપર માત્ર કૂતરાઓથી ચાલતી સ્લેજગાડી પ્રવાસ માટે કામમાં આવે છે

## * હવે ઉત્તરધ્રુવનો પરિચય કરી લઈએ *

આપણી દેખાતી પૃથ્વીના ઉપરના ભાગે ટોચે આ સ્થાન છે. આ ઉત્તરધ્રુવને પણ 'આર્કટીક' નામથી ઓળખવામાં આવે છે. દક્ષિણધ્રુવમાં સઘન બરફમય ધરતીના કારણે સજીવ સૃષ્ટિ રહી શકે નહિ એટલે ત્યાં પહેલેથી જ વસવાટ જેવું હતું જ નહિ પણ ઉત્તરધ્રુવમાં થોડાક જ માણસો અને પશુઓનો વસવાટ રહ્યો છે. ઉત્તરધ્રુવના કેન્દ્રને ફરતો ઉત્તરધ્રુવ મહાસાગર છે. એસ્કિમો જાતના લોકો ત્યાંની પરિસ્થિતિને અનુકૂળ ઘર બાંધીને વસવાટ કરે છે. ત્યાં કૂતરાંઓ, પેંગ્વીન પ્રાણીઓ એવાં થોડાં પશુ-પ્રાણીઓની વસ્તી હોય છે. જ્યારે બરફ પડે છે ત્યારે તાપમાન શૂન્ય નીચે પહોંચી જાય છે. બરફ પડવાની રાતો ઘણી લાંબી હોય છે. કેમકે અહીં મહિનાઓ સુધી સૂર્ય ઊગતો નથી છતાં આકાશમાં એક પ્રકારનો પ્રકાશ ફેલાયેલો હોય છે. ક્યારેક સૂરજ દેખાય છે ત્યારે આકાશથી બહુ નીચે ઊગેલો હોય એમ દેખાય છે. ઉત્તરધ્રુવમાં બરફના તરતા પહાડો છે. તેના સઘન બરફની નીચે દરિયો છે. અમેરિકાની અણુસબમરીન પૃથ્વીની સફરે નીકળી ત્યારે ઉત્તરધ્રુવની નીચેના બરફની ચાદર નીચે થઈને પસાર થઈ હતી.

છ મહિનાની રાતની અને છ મહિનાના દિવસની અસરો ઉત્તરધ્રુવની પાસેના સ્વીડન નોર્વે વગેરે ધ્રુવપ્રદેશ પાસેના પ્રદેશોમાં પણ વરતાય છે. ઉત્તરધ્રુવની નજીક આવેલા નોર્વે દેશના 'બોડો' ગામમાં જૂનની ત્રીજી તારીખથી છ મહિનાના દિવસનો પ્રારંભ થાય છે, ત્યાં સૂરજ અડધી રાતે પણ હોય છે. ધ્રુવપ્રદેશમાં રાત્રે રંગબેરંગી અદ્‌ભુત દૃશ્યો દેખાય છે એવું જાનારે લખ્યું છે. છ મહિનાની રાત અને છ મહિનાના દિવસની ઘટના જૈન વાચકો માટે ભારે આશ્ચર્યજનક અને ઘણું ઊંડું સંશોધન માગે તેવી છે. એ સંશોધન નોર્વેના ઉત્તર ભાગમાં જાતે રહીને જ થઈ શકે ત્યારે તેનાં કારણો કદાચ શોધી શકાય. બાકી સૂર્યના ચારની જૈનદૃષ્ટિએ

કારણ શોધી કાઢવાનું કામ ભારે પરિશ્રમ માંગી લે તેવું છે.

બીજી એક વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે આપણા ભારતમાં સૂર્ય-ચંદ્ર માટેની આકાશી પરિભ્રમણની પરિસ્થિતિ જુદા જુદા સ્થળોનાં-દેશોના આધારે ફેરફારવાળી હોય છે. દરેક ઠેકાણે બાર વાગે એટલે સૂર્ય માથે જ દેખાય એવું નથી હોતું. મહારાષ્ટ્ર જેવા પ્રદેશમાં માથે ન દેખાતા સાઈડમાં જોવા મળે છે. પરદેશમાં કેટલાંક સ્થળે બીજના ચન્દ્રમાની લકીર ઊભી જોવા મળે છે. આવી બધી ઘણી ચિત્ર-વિચિત્ર આકાશી વિવિધતાઓ પ્રવર્તે છે. બધે એક જ જાતની પરિસ્થિતિ હોતી નથી. પ્રખર બુદ્ધિશાળીઓ દ્વારા સમગ્ર વિશ્વની પરિસ્થિતિનો આમૂલચૂલ અભ્યાસ જો કરવામાં આવે તો કયારેય વિચાર્યું ન હોય એવી બધી આશ્ચર્યજનક ઘટનાઓ, જાતજાતની વિષમતાઓ અને વિચિત્રતાઓ જાણવા મળે. એ બધું શાથી થાય છે એ સાચી રીતે નક્કી કરવાનું કામ આજના માનવીથી અશક્ય છે. અલબત્ત વિજ્ઞાનીઓ આનો ખુલાસો દૂરબીનો વગેરે દ્વારા પ્રાપ્ત માહિતીના આધારે જ થોડો ઘણો આપે છે.

સો વર્ષ પહેલાં ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવ વિશ્વની માનવજાતથી સાવ જ અજ્ઞાત અને અત્યન્ત ભયંકર તેમજ જોખમી પ્રદેશ હતો. ત્યાં જવાનો કોઈ વિચાર સુદ્ધાં કરી શકતું ન હતું. સમય જતાં સાહસિક વૈજ્ઞાનિકો જવા થનગનતા હતા પણ હજારો માઈલમાં પથરાએલા બરફ ઉપર ચાલીને શી રીતે જવું? એ એમની સામે બિહામણો-વિકરાળ પ્રશ્ન હતો. અત્યન્ત ભયાનક ઠંડી, વાતાવરણ પણ ભયંકર અને સંદેશાના આપ-લે કરવાનાં કોઈ સાધન નહીં. ઠંડીમાં ગરમી આપે એવાં હીટર કે ઈલેકટ્રીક સાધનો નહીં. ધીમે ધીમે એ સાધનો વિકસાવ્યાં અને પરિણામે જુદા જુદા દેશના વૈજ્ઞાનિકો સંશોધન માટે જતાં થયાં. પછી તો પ્લેનની સગવડ વધી અને જવાની અનેક સુવિધાઓ ખડી થતાં સાહસિકોના જૂથો બન્ને ધ્રુવો ઉપર ઉતરી પડ્યા અને અજ્ઞાત જંગી સૃષ્ટિનો જગતને પરિચય આપ્યો.

"ઉત્તરધ્રુવના વિશાળ પ્રદેશ સાથે ઉત્તરની ધરતીના ત્રણ ખંડો અને સાત રાષ્ટ્રો સ્પર્શ કરે છે. વૈજ્ઞાનિકો ઉત્તરધ્રુવ પ્રદેશને 'મધરાતનો સુરજનો પ્રદેશ' તરીકે ઓળખાવે છે. ઉનાળામાં ચોવીશે કલાક પ્રકાશ રહે છે ત્યારે રાત હોતી જ નથી. જ્યારે શિયાળામાં સૂરજ ડોકાતો જ નથી. ઉત્તરના કેટલાક ભાગોમાં તો મહિનાઓ સુધી સૂરજની કોર પણ દેખાતી નથી એમ છતાં ત્યાં સંપૂર્ણ અંધકાર નથી હોતો પણ ઝાંખો ઉજાશ હોય છે."

ઉત્તરધ્રુવ અને દક્ષિણધ્રુવના અને ત્યાંના સ્થાનના રંગીન-સાદા ફોટાઓ પ્રગટ થયેલા છે. આ વિષય ઉપર સ્વતંત્ર પુસ્તક લખવાનો જો સમય મળશે અને જો તે છપાશે ત્યારે ફોટા છપાવશું.

*

ઉપર જણાવેલી વિગતો વાંચ્યા પછી ભૂગોળ-ખગોળના અભ્યાસીઓ સાધુ હોય કે શ્રાવક, તેમને જરૂર એમ થશે કે બંને માન્યતાઓ વચ્ચે આકાશ-પાતાળ જેટલું કે તેથી વધુ અંતર છે. જેમકે વિજ્ઞાને સૌરમંડળ બનાવીને સૂર્યને કેન્દ્રમાં રાખીને બાકીના બધા ગ્રહોને સૂર્યને પ્રદક્ષિણા

આપતા જણાવ્યા છે. બીજા ગ્રહોની માફક પૃથ્વીને પણ ગ્રહ માનીને આકાશમાં ફરતી છે એમ કહ્યું, જ્યારે જૈનશાસ્ત્રોએ ચારસો લાખ યોજનના જંબૂદ્વીપની માન્યતાને રજૂ કરી તેના કેન્દ્રમાં મેરુપર્વત માન્યો અને તમામ સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા એ બધુંય જ્યોતિષચક્ર, સૂર્યને નહીં પણ મેરુને પ્રદક્ષિણા આપતું બતાવ્યું છે.

આ જ્યોતિષચક્ર જૈનમાન્યતા મુજબ મેરુની ચારે બાજુએ આકાશમાં ૫૧૦ યોજનમાં જ વિસ્તરેલું છે, જ્યારે વૈજ્ઞાનિકોનું જ્યોતિષચક્ર આકાશમાં અબજોનાં [૧]અબજો માઈલ સુધી વિસ્તરેલું બતાવ્યું છે. એક ગ્રહથી બીજા ગ્રહના અંતર પણ લાખો-કરોડો માઈલનાં બતાવ્યાં છે. જૈનધર્મે આકાશમાં સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, વગેરે જે ગ્રહો દેખાય છે તે સ્ફટિકરત્નનાં વિમાનો જ છે અને એ સ્ફટિકરત્ન પ્રકાશમાન હોવાથી આપણે તેને તેજસ્વી જોઈએ છીએ, અને એમાં દેવોનો વસવાટ છે. આ વિમાનો અનાદિકાળથી સ્વાભાવિક રીતે જ અવિરત ગતિ કરતાં જ હોય છે. જ્યારે વિજ્ઞાને આ ગ્રહોને એમનાં દૂરબીનોથી કે બીજાં સાધનોથી વિમાનો છે એવું સ્વીકાર્યું નથી. તેમણે તો ગ્રહોને અગ્નિ, પહાડો, પથ્થરો, કુંડો, ખાડાઓ વગેરેથી યુક્ત ગોળા જેવા જ માન્યા છે. જૈનોએ ગ્રહોને આકાશમાં એક ઉપર એક રહેલા માન્યા છે અને એકબીજા ગ્રહો વચ્ચે ફક્ત ૧૦ યોજનથી લઈને ૮૦ યોજનનું અંતર બતાવ્યું છે. જ્યારે વૈજ્ઞાનિકોએ એક ગ્રહથી બીજા ગ્રહ વચ્ચે લાખથી લઈને કરોડોનું અંતર અને મંગળ, ગુરુ જેવા ગ્રહો માટે કરોડો અબજો માઈલનાં અંતર બતાવ્યાં છે. જૈનગ્રન્થોએ ગ્રહનાં વિમાનોને ઓછાં વ્યાસ-માપનાં બતાવ્યાં છે, જ્યારે વિજ્ઞાને સેંકડો માઈલ મોટાં બતાવ્યાં છે, એટલે આવી બધી ઘણી વાતો અત્યન્ત વિસંવાદી છે એટલે આપણે આપણી શ્રદ્ધા પ્રમાણે જૈનશાસ્ત્રોએ જે કહ્યું છે તે વાતોને કેન્દ્રમાં રાખીને જે વિચારવું ઘટે તે વિચારવું. વિજ્ઞાનની માન્યતાઓ કઈ સાચી અને કઈ ખોટી? તેનો નિર્ણય શી રીતે કરી શકાય? ખુદ વૈજ્ઞાનિકો પોતે પણ કહે છે કે આજનું અમારું સંશોધન આવતીકાલે ખોટું પડી શકે છે અને ફેરફાર પણ થઈ જાય. વિજ્ઞાન એ વિકસતું જ્ઞાન છે. તેનાં નિર્ણયો યન્ત્રો, ગણિત અને અનુમાનોનાં આધારે એટલે પરોક્ષ આંખે લેવાયા હોય છે, સ્વ આંખે પ્રત્યક્ષ જોઈને લેવાતા નથી. જેમકે પૃથ્વી સેંકડો વરસ સુધી દડા જેવી બરાબર ગોળ કહી. રોકેટ, ઉપગ્રહ, અવકાશયાનોનો યુગ શરૂ થતાં ઉત્તરધ્રુવ પાસે ગોળ નથી પણ નાસપતીની જેમ થોડી ઊંચી છે એમ એમણે જ જાહેર કર્યું એટલે ખગોળ વગેરે બાબતમાં ફેરફારોને જ્યાં પૂરો અવકાશ રહે છે. અલબત્ત બધી રીતનું પરીક્ષણ કરીને જે બાબતમાં ૧૦૦ ટકા સાચા નિર્ણયો લીધા હોય એમાં ફેરફારોને અવકાશ (પ્રાયઃ) ન હોઈ શકે. છતાં વાચકોએ દરેક બાબતો વિવેકપૂર્વક ગ્રહણ કરવી. વૈજ્ઞાનિકોની વાતો તેઓએ પ્રત્યક્ષ નહીં પણ દૂરબીન, ગણિત વગેરે સાધનોનો સહારો લઈ નક્કી કરી છે, પ્રત્યક્ષ આંખે જોએલી વસ્તુ નથી. આપણે ત્યાં ધરતીમાં સાત (નરક) પૃથ્વીઓ જણાવી છે પણ તે નજરે કે સાધનથી જોઈ-જાણી શકાતી નથી એટલે વિજ્ઞાનની નજરમાં એ પૃથ્વીઓ ન જ આવે તે સ્વાભાવિક છે અને આકાશમાં જ્યોતિષચક્ર

---

૧. વિજ્ઞાન વિકાસની સાથોસાથ અવકાશ સંશોધને ભારે વેગ પકડ્યો છે. ધીમે ધીમે બધા ગ્રહોની માહિતી મેળવવા અવકાશયાનો વહેતાં મૂક્યાં છે.

પૃથ્વીની નજીક હોવાથી અને ગ્રહો પ્રકાશમાન હોવાથી એમની નજરમાં એ દેખાયું અને એની પાછળ સતત લાગી રહ્યા. તેમજ વિશ્વનાં બધાં રાષ્ટ્રો એનાં સંશોધન પાછળ ઝૂકી પડ્યાં અને ડૂબી ગયા છે. અબજો રૂપિયાના ખર્ચા થઇ ગયા અને થઇ રહ્યા છે. દૂરબીનથી જેવું દેખાતું ગયું તેવા નિર્ણયો કરતા રહ્યા, પરંતુ જૈનશાસ્ત્રોએ આકાશમાં જ્યોતિષચક્ર પુરૂં થાય તે પછી ઊંચે ઊંચે આકાશમાં જ અબજો માઇલના વિસ્તારમાં વિમાનધારી અને વિમાનવાસી અસંખ્ય દેવોના અસંખ્ય વિમાનો સ્થિર રહ્યાં છે. તે વિમાનો અનાદિ-અનંતકાળ સુધી એક જ સ્થિતિમાં રહેવાવાળાં છે. વિરાટ આકાશમાં અબજો માઇલ દૂર રહેલાં વિમાનોનાં અસ્તિત્વની ઉપગ્રહો અને અવકાશયાનો નોંધ ન લઇ શકે તે પણ સ્વાભાવિક છે. બાકી સાતે ગ્રહો અને પૃથ્વી વૈજ્ઞાનિકોએ જેટલી જોઇ છે તે બધું વિરાટ જૈન બ્રહ્માંડ આગળ તો બિંદુ જેટલું પણ નથી.

પ્રશ્ન—કોઇ પૂછે કે જૈન ભૂગોળનું પ્રમાણ-માપ શું?

ઉત્તર—ભૂગોળ શબ્દથી ભૂ એટલે પૃથ્વી સાથે સંબંધ ધરાવતી વાત. એ દૃષ્ટિએ વિચારીએ તો માત્ર મનુષ્યલોકની ધરતીનું ગ્રહણ કરાય તો એક રાજ એટલે અસંખ્ય કોટાનુકોટી અર્થાત્ અબજો માઇલનું પ્રમાણ ગણાય, અને આ અબજો માઇલમાં અસંખ્ય દ્વીપ-સમુદ્રોવાળી પૃથ્વી ગોળાકારે છે.

હવે આગળ વધીએ તો આપણી ધરતીની નીચે પાતાલમાં રહેલી સાત નરકો એ પણ સાત પૃથ્વીઓ છે, હકીકતમાં એ ધરતી જ છે. આકાશમાં પણ પૃથ્વી છે અને સિદ્ધશિલાને પૃથ્વી જ કહી છે.

પ્રશ્નકારનો પ્રશ્ન આ ધરતી ઉપરની ભૂગોળ પૂરતો છે જેથી એનો જવાબ માત્ર ઉપર કહ્યું તેમ મનુષ્યલોકના માપે સમજી લેવો. પણ જો ભૂગોળ શબ્દ ન વાપરીએ તો અલગ અલગ પૃથ્વીઓથી વર્તતું સમગ્ર વિશ્વ જેમાં સિદ્ધશિલા, દેવલોક, જ્યોતિષચક્ર, મનુષ્યલોક, અધોલોક-પાતાલલોક અર્થાત્ સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ ત્રણેયનો વિચાર કરીએ તો સમગ્ર વિશ્વ ચૌદરાજલોકરૂપ કહેવાય. એક રાજ એટલે અબજોના અબજો માઇલનો વિસ્તાર સમજવાનો એટલે આ વિશ્વ ઠેઠ નીચે પાતાળના તળિયાથી લઇને ઠેઠ ઉપર આકાશના છેડા સુધી પહોંચેલું છે. ચૌદરાજલોકરૂપી વિશ્વનો આકાર કેવો હોય તેનું ચિત્ર આ સંગ્રહણી ગ્રન્થમાં આપ્યું છે તે જોઇ લેવું. ચૌદરાજલોકરૂપ વિશ્વની લંબાઇ-પહોળાઇ બધે ઠેકાણે એકસરખી નથી, ઓછીવત્તી છે.

આ પ્રમાણે કેટલીક છૂટક છૂટક વિગતો પૂરી થઇ.

# લેખાંક-૨

નોંધ—જ્યોતિષચક્ર એ આકાશી વસ્તુ છે. આ આકાશી બધી વસ્તુઓને જૈનશાસ્ત્ર કેવી કેવી રીતે સમજે છે, તેનો ટૂંકો જરૂરી ખ્યાલ નીચે આપ્યો છે. આકાશી બાબતમાં આજના વિજ્ઞાન સાથે આકાશ-પાતાલનું અંતર છે, લગભગ બધી જ બાબતમાં જૈનમાન્યતાથી વિરૂદ્ધ છે, એટલે તેની જોડે વિચારણા કે તુલના કરવાનો કશો અર્થ નથી.

*

—સર્વજ્ઞપુરુષોકથિત જૈનશાસ્ત્રકારો જ્યોતિષચક્રને પાંચ વિભાગમાં વિભક્ત થએલું માને છે. જેનાં નામ અનુક્રમે સૂર્ય, ચન્દ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારા છે.

—અસંખ્ય કોટાનુકોટી યોજન-માઈલોમાં પથરાએલા આકાશમાં પ્રત્યેક વસ્તુઓ અસંખ્ય અસંખ્ય સંખ્યામાં છે.

—એ પાંચે વસ્તુઓ સ્વતંત્ર છે, એકબીજાથી ભિન્ન છે. તે સદાય ચર-[1]ગતિમાન જ હોય છે. અનાદિકાળથી જ સ્વતંત્ર છે અને અનંતકાળ સુધી તે રીતે જ રહેશે, તેમાં કશા ફેરફારો થવાના નથી. એ કદી ઉત્પન્ન થતા નથી તેમ ક્યારેય વિનાશ પામતા નથી. એ તો શાશ્વત પદાર્થો છે. પાંચેય જે દેખાય છે તે વિમાનો છે.

—એ પદાર્થો કોઇ કોઈની સાથે જોડાયેલા નથી તેમજ એકબીજામાંથી છૂટા પડીને અલગ થયા છે તેમ પણ નથી.

—વળી સદાકાળ એક જ નિશ્ચિત માપવાળાં જ રહેવાનાં છે. કોઇપણ સંજોગમાં તેના માપમાં હાનિ-વૃદ્ધિ થવાની નથી.

—આકાશમાં દિવસે અતિસ્પષ્ટપણે આપણે જે તેજસ્વી પદાર્થ જોઇએ છીએ, તે સૂર્ય નામના દેવનું તેના જ નામથી ઓળખાતું સ્ફટિકરત્નનું બનેલું વિમાન જ છે અને તેની અંદર અનેક દેવ-દેવીઓનો નિવાસ છે. રાતના આકાશમાં શીતળ પ્રકાશ આપતા અનેક તેજસ્વી પદાર્થો આપણે સ્પષ્ટપણે જોઇએ છીએ. એ બધાય સ્ફટિક વિમાનો છે, અને તે ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર અને તારાઓનાં છે અને તેની અંદર તે દેવ-દેવીઓનો નિવાસ છે.

—આ પાંચેય પદાર્થો પોતપોતાના માર્ગની નિશ્ચિત કરેલી આકાશી રેખાઓ ઉપર પ્રતિવર્ષે નિયમ મુજબ ગમનાગમન કરે છે, જેથી દિવસ, માસ, ઋતુઓ અને વર્ષના ભેદો ઉત્પન્ન થાય છે.

—જૈનદૃષ્ટિએ સૃષ્ટિ અસંખ્ય કોટાનુકોટી માઈલો પ્રમાણ છે. જેમાં પૃથ્વી, પાણી અને પ્રાણીઓનો સમાવેશ થાય છે. એમાં અસંખ્ય પૃથ્વીઓ છે અને અસંખ્ય સમુદ્રોનો પણ સમાવેશ છે. આ સૃષ્ટિનો જમીને જેટલો ભાગ રોક્યો છે તેથી અધિક ભાગ પાણી (સમુદ્રો) એ રોકેલો છે.

---

૧. ચરજ્યોતિષીનું સ્થાન અઢીદ્વીપમાં જ છે. તેની બહાર જ્યોતિષીઓ સદાકાળ સ્થિર જ હોય.

—આ સૂર્ય-ચંદ્ર વગેરે પાંચેય વસ્તુઓ સદાયે પરિભ્રમણ કરવાના સ્વભાવવાળી છે. તથાપિ (અઢીદ્વીપ તથા અઢીદ્વીપ બહારના આકાશમાં) તારા વગેરે અમુક વસ્તુઓ સ્થિર રહીને પણ પ્રકાશ આપવાવાળી છે.

—જૈનશાસ્ત્રો મુખ્યપ્રધાન ગ્રહોની સંખ્યા ૮૮ની કહે છે. તેમાં નવ ગ્રહોને અગ્રસ્થાન આપે છે. તે સૂર્ય, ચંદ્ર, મંગળ, બુધ, ગુરુ, શુક્ર, શનિ, રવિ, રાહુ અને કેતુ છે. નક્ષત્રોની સંખ્યા ૨૮ની છે, અને તારાની સંખ્યા તો અબજોની છે.

—આપણી ભૂમિથી તદન નજીકમાં નજીક પ્રથમ તારામંડલ આકાશમાં વ્યાપ્ત થએલું છે, એટલે આપણી આ (સમભૂતલા) પૃથ્વીથી ૭૯૦★ યોજન ઊંચે જઈએ ત્યારે તારાનાં તેજસ્વી વિમાનો આવી પહોંચે. એ તારાનાં વિમાનો જાતજાતનાં સ્ફટિકરત્નનાં તેજસ્વી છે, ત્યારબાદ ગ્રહોની શરૂઆત થાય છે. એમાં તારાથી ૧૦ યોજન દૂર પ્રથમ સૂર્ય ગ્રહ, ત્યારબાદ ૮૦ યોજન દૂર ચંદ્ર ગ્રહ, ત્યાંથી ૪ યોજન દૂર ઊંચે બુધ અને ત્યાંથી ત્રણ ત્રણ યોજનને અંતરે અનુક્રમે શુક્ર, ગુરુ, મંગળ અને શનિ ગ્રહો છે.

—પૃથ્વીની સહુથી નજીક ગ્રહ સૂર્ય, પછી ચંદ્ર, પછી ક્રમશઃ બુધ, શુક્ર, ગુરૂ, મંગળ અને શનિશ્ચર છે. આપણી પૃથ્વીથી સૂર્ય ૮૦૦ યોજન દૂર, ચંદ્ર ૮૮૦, બુધ ૮૮૮, શુક્ર ૮૯૧, ગુરુ ૮૯૪, મંગળ ૮૯૭, શનિ ૯૦૦ યોજન દૂર છે. સમગ્ર જ્યોતિષચક્રમાં સહુથી છેલ્લો અને સહુથી ઊંચો શનિશ્ચર છે.

—૨૮ નક્ષત્રોનું સ્થાન ચંદ્ર અને બુધ ગ્રહ વચ્ચે આવેલું છે, જે આપણી પૃથ્વીથી ૮૮૪ યોજન દૂર છે. નક્ષત્રોનાં મંડલો છે અને તે મેરુપર્વતને ફરતાં ગોળાકારે પરિભ્રમણ કરતાં હોય છે.

—સમગ્ર જ્યોતિષચક્રના પાંચે અંગો મેરુપર્વતને પ્રદક્ષિણા દેતા ગોળાકારે પોતાનો ચાર કરે છે અને ભિન્ન ભિન્ન કાળ મર્યાદાઓની સ્થિતિઓને પેદા કરે છે અને જગતના અનેક વ્યવહારોને પ્રવર્તાવે છે.

અંગત નોંધ :—જૈનશાસ્ત્રોમાં જ્યોતિષચક્ર બાબતમાં જે કંઈ થોડી ઘણી વિગતો મળે છે તેના આધારે થોડી સ્થૂલ સ્થૂલ માહિતી આપી છે. બાકી આકાશમાં કે સૂર્ય, ચંદ્ર આદિ ગ્રહો વગેરેમાં કેટલીક રહસ્યમય ઘટનાઓ અવરનવર સર્જાય છે કે કેમ! એ બાબતો જૈનશાસ્ત્રોમાં લખી હોતી નથી અને પ્રાયઃ એવું લખવાની પ્રથા પણ નથી. જ્યારે બીજી બાજુ પરદેશના વૈજ્ઞાનિકો એમનાં વિરાટ દૂરબીનો દ્વારા સૂર્ય વગેરે વસ્તુઓમાં સૂર્યમાં ધડાકા થાય છે, અવાજો થાય છે, જાતજાતની પરિસ્થિતિઓ સર્જાય છે તેમ અવરનવર જણાવતા હોય છે. જુદા જુદા [illegible] પણ ચિત્રવિચિત્ર પરિસ્થિતિઓ સર્જાય છે એમ તેઓ કહે છે. જૈન અભ્યાસીઓ માટે આ બાબતો ચિંતન કરવા જેવી અને સંશોધન માગી લે તેવી છે.

★ જુઓ આ સંગ્રહણીગ્રન્થની ગાથા ૪૯ થી ૫૧.

# લેખાંક-૩

આ સંગ્રહણીગ્રંથમાં ભૂગોળ-ખગોળનો વિષય મહત્ત્વનું સ્થાન ધરાવે છે એટલે સંગ્રહણી ગ્રન્થના ભૂગોળ-ખગોળના વાચકોને જૈન ભૂગોળ-ખગોળ અને વૈજ્ઞાનિક ભૂગોળ-ખગોળ વચ્ચે આકાશ-પાતાળ જેટલું જે અંતર છે, તે અંતર શું છે? કેવું છે? ભારતની જૈન, હિન્દુ અને બૌદ્ધ ત્રણેય સમાજની જે માન્યતાઓ છે તેથી વિપરીત રીતે વૈજ્ઞાનિકોએ જે વર્ણન કર્યું છે તે બધું શું છે તેની વાચકોને કંઈક ઝાંખી થાય તેવી વિગત અહીં આપું છું. તે પહેલાં વૈજ્ઞાનિકોની આજે એટલે ઇ. સન્ ૧૯૯૦ અને વિક્રમ સં. ૨૦૪૬ સુધીમાં શું પરિસ્થિતિ છે તે થોડું જોઈએ. તે પહેલાં એક વાતનું સ્પષ્ટીકરણ વાચકોએ સમજી લેવું જોઈએ કે છેલ્લાં ૫૦૦ વર્ષથી ખગોળના ક્ષેત્રમાં વૈજ્ઞાનિકોએ પદાર્પણ કર્યું અને છેલ્લાં લગભગ ૨૦૦ વર્ષમાં ભૂગોળ-ખગોળનાં ક્ષેત્રમાં વધુ સંશોધનો થયાં, તેમાં આધુનિક રીતે નવી વેધશાળાઓની શરૂઆત થઈ. આકાશને જોવા માટે નવાં દૂરબીનો તૈયાર થયાં અને તે વેધશાળાઓમાં મૂકવામાં આવ્યાં. ત્યારપછી ખગોળના ક્ષેત્રમાં વૈજ્ઞાનિકોએ આકાશવર્તી સૂર્ય, ચંદ્ર, અનેક ગ્રહો, નક્ષત્ર, તારાઓ, આકાશગંગા વગેરે પદાર્થોની બાબતમાં ખૂબ ખૂબ સંશોધનો કર્યાં. એન્જિનિયરીંગ વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ધરખમ વિકાસ સાધ્યો અને તે પછી આકાશના વધુ સંશોધન માટે અમેરિકાની પાલોમર વેધશાળામાં ૨૦૦ ઈંચના વ્યાસવાળું નવું દૂરબીન કરોડો રૂપિયાના ખર્ચે ઊભું કર્યું. આવી નાની-મોટી વેધશાળાઓ દુનિયાભરનાં મોટાં મોટાં શહેરોમાં સ્થપાઈ ગઈ. બધી વેધશાળાઓ રાત-દિવસ કાર્યરત છે. આ બધાં દૂરબીનોથી પૃથ્વીને ફરતું એવું જે સઘન વાયુમંડળ છે તે વાયુમંડળને ભેદીને ઘણાં દૂર ઊંડાણમાં જે વસ્તુ જોવી હોય તે વસ્તુ જોઈ શકાતી નથી. વૈજ્ઞાનિકો પાસેનાં દૂરબીનો વાયુમંડળને વીંધીને જોઈ શકે તે શક્યતા ન હોવાથી વરસોથી મૂંઝવણભરી સ્થિતિમાં મૂકાયા હતા. તેમાં વીજળીને વેગે દોટ મૂકી રહેલા વૈજ્ઞાનિકોએ વર્ષોની ભારે જહેમતને અન્તે એક મહાન સિદ્ધિ પ્રાપ્ત કરી. પૂર્વ-પશ્ચિમની માન્યતાનુસાર ધરતી ઉપર કે આકાશમાં સર્વત્ર ગુરુત્વાકર્ષણ રહેલું છે અને તેનાં કારણે જેટલી ચીજો ઉપર મોકલવામાં આવે તે અમુક મર્યાદા સુધી ગયા પછી તે આગળ વધી શકે નહિ પણ પાછું ઊતરવું જ પડે એટલે નીચે જ પડે તેવી પરિસ્થિતિ વર્તતી હતી.

## પ્રથમ *ગુરુત્વાકર્ષણ એટલે શું? તે સમજીએ

પૃથ્વી ઉપર ગુરુત્વાકર્ષણનું જબરજસ્ત અદૃશ્ય વ્યાપક બળ જે રહેલું છે તે બળ દૂર ગએલી કોઈપણ વસ્તુને નીચે ખેંચવામાં, નજીક લાવવામાં (લોહચુંબકની જેમ) ભારે તાકાત ધરાવે છે. જેમ એક દડો ઉપર ફેંકો એટલે ઉપર એની મેળે આગળ નહિ જાય, જેટલી તાકાત

★ જૈન ગ્રન્થોમાં આ અંગેના સંકેતો છે કે કેમ! તે જોવા મળ્યા નથી પણ આ દેશના વૈજ્ઞાનિક આર્યભટ્ટે ધરતીને ગુરુત્વાકર્ષણ છે એ સિદ્ધાન્ત શોધી કાઢયો અને પુસ્તકસ્થ પણ કર્યો, જે વાત અહીં અપાતા લેખમાં અલગ છાપી છે તે જુઓ.

ફેકનારે અજમાવી છે ત્યાં સુધી દૂર પહોંચ્યો. તે પછી તરત જ ગુરુત્વાકર્ષણના બળથી નીચે ખેંચાઈને ધરતી ઉપર આવે છે. વૈજ્ઞાનિકો અંતરીક્ષના ગ્રહોમાં પહોંચવા માટેનાં સ્વપ્નાં સેંકડો વરસથી સેવતાં હતાં, અને તેના માટે જાતજાતનાં વિચારો તેમજ અનેક જાતનું સંશોધન કર્યાં જ કરતા હતા. અંતે તેમણે શોધી કાઢયું કે આકાશમાં ગુરુત્વાકર્ષણ જ્યાં સુધી રહેલું છે તે ગુરુત્વાકર્ષણની હદ ઓળંગીને જો કોઈ ચીજ આકર્ષણની બહાર નીકળી જાય તો અંતરીક્ષની દુનિયાને જોવા માટેના તમામ દરવાજા ખુલ્લા થઈ જાય એટલે એમને વરસોથી ઘણા ઘણા પ્રયોગોને અન્તે એક જંગી રોકેટ (પેન્સિલ ઘાટનું ) બનાવ્યું, અને એ રોકેટને એટલી ઝડપથી આકાશમાં ચડાવી દેવું જોઈએ કે જે ગુરુત્વાકર્ષણને ભેદીને તે આગળ નીકળી જાય. રોકેટ ઉપર કશી અસર ન કરે એટલે એમને જાતજાતનાં યાન્ત્રિક સાધનોથી પરિપૂર્ણ શંકુ આકારનું લાંબું રોકેટ બનાવ્યું. વિદ્યુત શક્તિ ભરી દીધી. એ રોકેટને* ધક્કો મારવા માટે લોખંડ વગેરેનાં મજબૂત જંગી સ્થંભો સીડી જેવાં યાન્ત્રિક સાધનો ઊભાં કર્યાં. એની ઉપર રોકેટને ચડાવ્યું પછી સ્વીચ દબાવીને રોકેટને છોડવામાં આવ્યું. એ રોકેટ જબરજસ્ત વિદ્યુતવેગી ગતિથી ગુરુત્વાકર્ષણને ભેદીને-આકાશ ચીરીને બહાર નીકળી ગયું અને અંતરીક્ષમાં પહોંચી ગયું. આ જોઈ-જાણીને એક વિરલ સિદ્ધિ પ્રાપ્ત કર્યાનો વૈજ્ઞાનિકોએ અસીમ આનંદ અનુભવ્યો. વૈજ્ઞાનિકોનાં અંતરીક્ષ સંશોધન માટે રોકેટની શોધ પાશેરામાં પૂણી જેવી હતી પણ એમને જે જાણવું હતું તે જાણી લીધું કે રોકેટ એવું શક્તિશાળી સાધન બન્યું છે કે તે ગુરુત્વાકર્ષણને ભેદીને અંતરીક્ષમાં પહોંચી શકે છે. એટલે વૈજ્ઞાનિકોને હવે આકાશની અંદર રહેલી હવા, વાયુ, આકાશમાંથી આવતાં જાતજાતનાં કિરણો, સૂર્યમંડળની પરિસ્થિતિ, ગુરુત્વાકર્ષણની બહારના અંતરીક્ષમાં મનુષ્ય કેવી રીતે રહી શકે, આવી અનેક જાતનું સંશોધન કરવું જરૂરી હતું એટલે એ માટે તેમને અનેક જાતનાં સંશોધનોનાં સાધનોથી સજ્જ ગોળાકાર સાધન વિકસાવ્યું. શરૂઆતના પ્રયોગો કરવા વૈજ્ઞાનિકોએ જે સાધન બનાવ્યું તેનું નામ યાન-અવકાશયાન રાખવામાં આવ્યું. સૌથી પહેલું સ્પુટનિક નામનું અવકાશયાન રશિયાએ છોડયું હતું. પછી રશિયાએ મહિનાઓથી તાલીમ આપેલી કૂતરીઓને અવકાશયાનમાં મોકલી. આકાશના હવામાનના વાતાવરણમાં ગુરુત્વાકર્ષણના અભાવે કૂતરીઓનાં તન-મન ઉપર શું અસર થાય છે તે બધાં માપવાનાં યન્ત્રો સ્પુટનિકમાં જ ગોઠવવામાં આવ્યાં હતાં અને ઉપર જે કંઈ ઘટનાઓ બનતી તેનાં છાયા પુદ્ગલોનાં ચિત્રો ધરતી ઉપર રશિયાની વિજ્ઞાનશાળાઓમાં ગોઠવેલાં સાધનોમાં હજારો માઈલ દૂરથી ઊતરતાં રહ્યાં હતાં. ત્યારપછી તો અમેરિકાએ પણ આ દિશામાં ધરખમ રીતે ઝુકાવ્યું અને અમેરિકાએ રોકેટ અને અવકાશયાન બનાવ્યાં. અંતરીક્ષ ક્ષેત્રે બંને દેશો વચ્ચે હરિફાઈ વધી અને તાલીમ પામેલી અમેરિકાની બે વ્યક્તિઓને અને એ સ્પુટનિકને રોકેટ ઉપર બેસાડી દેવામાં આવ્યા અને નીચેથી રોકેટને એવો ધક્કો માર્યો કે અવકાશયાન સહિત રોકેટ અંતરીક્ષમાં પહોંચી ગયું અને અંદરની યાન્ત્રિક ગોઠવણ મુજબ અવકાશયાન આકાશમાં પહોંચ્યા પછી રોકેટ ઓટોમેટિક છૂટું પડી ગયું અને અવકાશયાન આકાશમાં ઘૂમતું થઈ ગયું. અમેરિકાએ પોતે બનાવેલાં અવકાશયાનમાં બેસાડી

★ રોકેટ કેમ બને છે, શેનું બને છે, એને જબરજસ્ત ધક્કો આપવા શું યોજના છે તે રોમાંચક છે

અને રોકેટને મોકલવાના ધક્કા દ્વારા રોકેટ સહિત અવકાશયાનને આકાશમાં ફેંકવામાં આવ્યું અને આકાશની અંદર પૃથ્વીને ફરતી સેંકડો પ્રદક્ષિણા દઈને એ અવકાશયાન ધરતી ઉપર સમુદ્ર ઉપર ચોક્કસ જગ્યાએ ઊતારવામાં આવ્યું અને અવકાશયાનમાં પ્રવાસ કરી આવેલા બંને યાત્રિકોને જહાજમાં બેસાડીને અમેરિકામાં લાવવામાં આવ્યા. ત્યારપછી ઘણાં યાનો–ઉપગ્રહો[1] આકાશમાં ઘૂમતાં થયાં, એપોલો, વોયેજર વગેરે ઉડાડયાં.

આ શોધખોળથી ખગોળના વૈજ્ઞાનિકોમાં અસીમ ઉત્સાહનું મોજું ફરી વળ્યું. કેમકે હવે તેઓ ધાર્યા નિશાનો લઈ શકશે. રોકેટ અને અવકાશયાનનો વધુ ઈતિહાસ લખવા માટેનું આ સ્થાન નથી. મારે જે વાત કહેવી છે તેના અનુસંધાન પૂરતી ઉપરની વાત લખવી પડી છે.

વૈજ્ઞાનિકોના હાથમાં હવે અંતરીક્ષમાં ચેતન કે જડ ગમે તે વસ્તુ લઈ જવા માટેના દ્વાર ખુલ્લાં થઈ ગયાં. પૃથ્વી ઉપરના દૂરબીનથી અંતરીક્ષને સ્પષ્ટ જોવામાં આકાશમાં કેટલીક મુશ્કેલીઓ થયા કરતી એટલે વૈજ્ઞાનિકોએ નક્કી કર્યું કે હવે વેધશાળાને આકાશમાં જ લઈ જવાય તો આકાશી દૂરબીનથી ખગોળનાં ઘણાં સત્યો જાણી શકાય. હવે અવકાશયાનનું સાધન તૈયાર હતું પણ અવકાશયાનમાં કામ કરી શકે તેવું દૂરબીન જો તૈયાર થાય તો અંતરીક્ષમાં દૂર દૂર ઊંડે જોઈને વિશ્વનાં અજ્ઞાત રહસ્યોને શોધી શકાય, એટલે અમેરિકાની સ્પેસ સટલ ડિસ્કવરીએ આ સાલના (ઈ. સન્ ૧૯૪૫) એપ્રિલ મહિનામાં હબલ નામના દૂરબીનને સ્પેસ સટલ દ્વારા આકાશમાં ચડાવી દીધું અને આ સંશોધનાત્મક ક્રાંતિકારી દૂરબીનને પૃથ્વીમંડળના વાયુમંડળની અંતરીક્ષમાં તેની કક્ષામાં તરતું મૂકાયું. આ દૂરબીન વિશ્વના તાગ કાઢશે અને નવાં નવાં રહસ્યો શોધી કાઢશે એમ વૈજ્ઞાનિકો જણાવે છે. આ હબલ દૂરબીન કેવાં ક્રાંતિકારી પરિણામો લાવશે તેના માટે વૈજ્ઞાનિકોએ જે તર્કો કર્યા છે, જે કલ્પનાઓ કરી છે, તે નીચે મુજબ જણાવી છે.

૧. આજસુધીનાં વિશ્વ અંગેના વિચારોમાં જડમૂળથી ફેરફાર કરશે. ૨. તારાઓને ગ્રહમાળાઓ છે કે નહિ તે જણાવશે. ૩. વિશ્વનાં ઘણાં ઘણાં અજ્ઞાત રહસ્યોને છતાં કરશે. ૪. કેટલાક વૈજ્ઞાનિકો એમ માને છે કે આ દૂરબીન આપણાં વિશ્વ વિષેના કેટલાય ખગોળ સિદ્ધાન્તોને જૂનાં સાબિત કરે તો ના નહીં. ૫. આ હબલે વિશ્વ કેટલું મોટું છે, તે વાત વૈજ્ઞાનિકોએ પણ જણાવી છે. આ હબલ દૂરબીન 'આ વિશ્વ મહાવિસ્ફોટથી ઉત્પન્ન થયું છે કે અનાદિકાળથી જેવું છે તેવું જ આજે છે' તે ઉપર પ્રકાશ નાંખશે.

વૈજ્ઞાનિકોને સૂર્યમંડળની રચનાની કેટલીક ગૂંચવણ છે તે હજુ પૂરેપૂરી સમજાણી નથી અને તેથી આકાશવર્તી મંદાકિનીઓની રચના અને ગૂંચવણ ખગોળ વૈજ્ઞાનિકોને મૂંઝવી રહી છે. વિશ્વને પોતાનું જન્મ-મરણનું ચક્ર છે કે નહિ, બીજે ક્યાંય જીવન છે કે નહિ, વિશ્વ કેટલું મોટું છે તે હવે ચોકસાઈભરી રીતે આ દૂરબીન શોધી કાઢશે.

---

૧. વિશ્વનાં માત્ર પાંચ રાષ્ટ્રો પોતાનાં રોકેટો દ્વારા ઉપગ્રહો ચઢાવે છે. એમાં ભારતે પણ નંબર નોંધાવ્યો અને રોહિણીને આકાશમાં ફેંક્યું, તે ઉપગ્રહ બની ગયું. ત્યારપછી ભારતે એપલ, આર્યભટ્ટ, ભાસ્કર નામનાં ઉપગ્રહો ચઢાવ્યાં.

ઉપરની વિગતોમાં આપણા માટે બે બાબતો ખાસ મહત્ત્વની છે. જૈન ખગોળ-વિજ્ઞાન એમ કહે છે કે આ પૃથ્વીનું અસ્તિત્વ તો અનાદિકાળથી અનંતકાળ સુધી રહેવાનું જ છે. સમગ્ર પૃથ્વીનો કોઈ દિવસ સંપૂર્ણ વિનાશ થતો નથી, પરંતુ પૃથ્વી ઉપર રહેલી જડ અને ચેતન વસ્તુઓ એટલે કે પ્રાણીઓ, પૃથ્વીઓ, જળાશયો, પહાડો વગેરેનો યોગ્ય સમયે રૂપિયે બાર–તેર આની પ્રમાણમાં વિનાશ સર્જાય છે, જેને જૈન વિજ્ઞાનીઓએ પ્રલયકાળ કહ્યો છે. જૈન વિજ્ઞાનીઓએ અમુક અબજો વર્ષનાં અન્તે પૃથ્વી ઉપર પ્રલયકાળો અવશ્ય આવે જ છે અને આખી ધરતીનો વિનાશ સર્જાય છે એમ જણાવ્યું છે. બહુ જ મર્યાદિત સંખ્યામાં માણસો-પ્રાણીઓ જીવતાં રહે, બાકી સમગ્ર ધરતી ઉપરનું ચૈતન્યજીવન એટલે કે મનુષ્યો, પશુઓ, પ્રાણીઓ, વનસ્પતિઓ, નદીઓ વગેરે લગભગ નાશ પામી જશે. ફક્ત ગંગા નદીનો એક નીક જેવો નાનકડો પ્રવાહ વહેતો રહેશે.

અહીં પ્રશ્ન થાય કે આ બધો નાશ કોણ કરશે? શી રીતે થશે? એ માટે જૈનશાસ્ત્રમાં એવું જણાવ્યું છે કે પ્રલયકાળના દિવસો જ્યારે આવી પહોંચશે ત્યારે કુદરતીસ્વભાવે જ અનાદિકાળના સ્થાપિત શાસ્ત્રકથિત નિયમ મુજબ ૪૯ દિવસ સુધી ક્ષાર, અગ્નિ, વિષ વગેરે સાત જાતની પ્રતિકૂલ વૃષ્ટિઓ સાત સાત દિવસ સુધી વરસશે અને તે આ ધરતી ઉપરની વિદ્યમાન તમામ વસ્તુઓને ખતમ કરી નાંખશે. જે લોકો જીવતા હશે તે નદીતટની ગુફાઓમાં વસવા ચાલ્યા જશે અને તેઓ ગંગાના પાણીમાં ઉત્પન્ન થતાં મત્સ્યો-માછલાં વગેરે ખાઈને પોતાનો નિર્વાહ કરતા રહેશે. આ પ્રલયકાળની મર્યાદા લાખો-કરોડો વરસોની હોય છે. તે કાળ વીત્યા પછી અનાદિકાળના જગતના નિયમ મુજબ ફરી આ ધરતી ઉપર ધરતીને નવું સર્જન આપવા માટે અને ધરતી ઉપર નવી જીવસૃષ્ટિ અને જીવન ઊભું કરવા માટે કુદરતે જ જાતજાતની અનુકૂળ વૃષ્ટિઓ વરસવા માંડશે, તેમજ કરોડો વરસથી સર્વથા રસ-કસહીન થયેલી શુષ્ક ધરતીને ફરી અનાજ ઉત્પાદન યોગ્ય આર્દ્ર બનાવશે અને બાકીની જીવસૃષ્ટિ પણ ધીમે ધીમે ઉત્પન્ન થવા માંડશે. હજારો વર્ષ પછી પ્રલયકાળ પહેલાં વિશ્વ જે રીતે ધબકતું હતું તે રીતે પાછું ધબકતું–વિદ્યમાન થઈ જશે એટલે પુનઃ સૃષ્ટિનું નવસર્જન થશે.

આ પ્રમાણે *સંહાર અને સર્જનની પ્રક્રિયા પૃથ્વી ઉપર રહેલી છે એમ જૈનો ચોક્કસ માને છે. વૈજ્ઞાનિકો જો હબલ દૂરબીનથી અનાદિકાળથી વિશ્વ જેવું છે તેવું જ આજે છે અને ભવિષ્યમાં પણ રહેશે તેવું શોધી કાઢશે તો જૈનધર્મની માન્યતાને મોટો ટેકો મળશે.

વાચકો એ પણ ખાસ ધ્યાન રાખે કે વૈજ્ઞાનિકોએ જે કંઈ શોધ્યું છે, જાણ્યું છે તે ફક્ત દૂરબીનની આંખે જોયેલું કહ્યું છે. પોતાની સગી આંખે જોયેલું કહ્યું નથી એથી જ ઉપર મેં જણાવ્યું તે પ્રમાણે આ હબલ દૂરબીન વિજ્ઞાનના કેટલાય સિદ્ધાન્તોને કદાચ ખોટા પાડે. સૂર્યમાળાની કેટલીક શોધખોળોમાં પણ નવી ક્રાન્તિ સર્જાય. એમાં પણ યથાર્થ-સત્ય કેટલું હશે તે તો જ્ઞાની જ જાણી શકે. અન્ય સાધનો દ્વારા થતી શોધો વાંચવી–જાણવી ખરી પણ ખરેખર શોધ સાચી છે તેની ખાત્રી થયા પછી જ સ્વીકાર કરવો જોઈએ.

---

★ અન્ય ધર્મની માન્યતાઓ ભિન્ન ભિન્ન છે.

આ ઉપરથી આપણે સમજવાનું એ છે કે જૈનધર્મની માન્યતાથી વિપરીત માન્યતાઓ બધી જ સાચી છે એવું માનવું જરૂરી નથી. એમની ઘણી માન્યતાઓ સાથે અનુમાન અને કલ્પનાઓ ઘણી જોડાયેલી છે. કદાચ એક દિવસ એવો પણ આવે કે જૈનધર્મની ભૂગોળ અને ખગોળની માન્યતાઓ મહત્ત્વની અને મુખ્ય મુખ્ય બાબતો જે છે તે સાચી છે એવું પુરવાર થાય તો નવાઈ નહીં.

એક વાત સમજી લેવી જોઈએ કે જૈન તીર્થંકરોએ જે કહ્યું તેનો જૈનાગમોમાં મોટાભાગે સંગ્રહ કરવામાં આવ્યો છે. જૈન તીર્થંકરોએ દૂરબીનથી જણાવ્યું નથી પણ તેમને જે કેવળજ્ઞાન થયું હતું, જેને ત્રિકાલજ્ઞાન કહેવાય છે એ જ્ઞાનચક્ષુથી ત્રણેયકાળની વિશ્વની વ્યવસ્થા, સમગ્ર બ્રહ્માંડની વ્યવસ્થા, જૈન ભૂગોળ-ખગોળની શું સ્થિતિ છે તે બધી નજરોનજર જોઈ છે અને પછી સ્થૂલ સ્થૂલ જરૂરી બાબતો જણાવી છે. જો વિજ્ઞાનની માન્યતા સ્વીકારીએ તો તેને તો જંબૂદ્વીપ સાથે કશું સગપણ જ નથી રહેતું. એ ન રહે એટલે મહાવિદેહ, મેરુપર્વત બધી બાબતો ઉડી જાય. વિજ્ઞાનકથિત પૃથ્વી તો આકાશમાં અદ્ધર ઘૂમે છે. પરિણામે અસંખ્ય દ્વીપ-સમુદ્રોનું, પહેલી નરક વગેરે બધાનું અસ્તિત્વ જ ખતમ થઈ જાય, તે આપણે ચલાવી શકીએ તેમ નથી. તીર્થંકરોની વાણી અસત્ય, ભ્રમણાત્મક કે અધૂરી હોય તે સ્વીકારી શકીએ તેમ નથી. અલબત્ત ભૂગોળ અંગે વિશેષ જાણકારીની જરૂર નથી હોતી, કેમકે આ ધરતી ઉપરની ભૂગોળ અશાશ્વત છે પરંતુ ખગોળ એ શાશ્વત ચીજ છે. ખગોળ બાબતમાં જૈનધર્મે જેટલું જણાવ્યું છે તેની આગળ આજના વિજ્ઞાને સૂર્યમંડળ આકાશી ગ્રહોથી વધુ કશું જ જણાવ્યું નથી. જ્યારે જૈનખગોળકારોએ તો ગ્રહોથી ઉપર અસંખ્ય વિમાનો, દેવોની મહાતિમહાસૃષ્ટિ વગેરે વર્ણવ્યું છે.

* * *

## લેખાંક-૪

## ગુરુત્વાકર્ષણ શક્તિ અને પૃથ્વી અંગેની માન્યતાનું સહુથી પહેલું (એટલે કે ઈ. સન્ ૪૭૫ની આસપાસમાં) કથન કરનારા વૈજ્ઞાનિકો ભારતના છે

નોંધ—જૈનગ્રન્થોમાં ગુરુત્વાકર્ષણની વાત જોવા મળી નથી એમ છતાં ગુરુત્વાકર્ષણની વાત પરદેશના વૈજ્ઞાનિકે પ્રથમ જાહેર કરી છે, આવું કેટલાક સમજે છે તે વાત બરાબર નથી. આ શોધ ભારતના જ વૈજ્ઞાનિકે સેંકડો વરસ ઉપર કહેલી છે. પૃથ્વી ફરે છે અને તે ગોળ છે, તે વાત સહુથી પહેલી ભારતના વૈજ્ઞાનિકે કરી છે તે અને બીજી બાબતો આ લેખમાં કરેલી છે.

*

પૃથ્વી ગોળ છે અને પૃથ્વીમાં આકર્ષણશક્તિ છે. આ બંને બાબતો ન્યૂટન[1] અને ગેલેલિયોએ કહી છે તેમ નથી, પરંતુ હજાર વર્ષ પહેલાં ભાસ્કરાચાર્ય નામના ભારતીય વૈજ્ઞાનિકે સિદ્ધાન્તશિરોમણિ ગ્રંથમાં જણાવેલી છે.

પૃથ્વીમાં આકર્ષણશક્તિ છે અને તે પોતાની આસપાસના પદાર્થોને ખેંચ્યા કરે છે. પૃથ્વીની નજીકમાં આકર્ષણશક્તિ વધુ છે પણ દૂર દૂર જતાં તે શક્તિ ઘટતી જાય છે.

કોઈ સ્થાન ઉપરથી હલકી કે ભારે વસ્તુ પૃથ્વી ઉપર છોડવામાં આવે તો તે બંને એકસાથે સમાનકાળમાં પૃથ્વી ઉપર પડે છે પણ એવું નથી બનતું કે ભારે વસ્તુ પહેલાં પડે અને હલકી પછી પડે. આથી એમ કહેવાય છે કે ગ્રહો અને પૃથ્વી [2]આકર્ષણશક્તિના પ્રભાવથી જ પોતપોતાની મર્યાદા જાળવીને પરિભ્રમણ કરે છે. આથી કેટલીક વ્યક્તિઓની સમજમાં એવું છે કે ઉપરોક્ત માન્યતા પરદેશના વૈજ્ઞાનિકોએ શોધી કાઢી છે અને એમને જ બતાવી છે પણ તેવું નથી. આ દેશના પ્રખર વૈજ્ઞાનિકોએ વરસો પહેલાં આ વાત જણાવી છે.

આર્યભટ્ટ પ્રથમનો જન્મ સમય ઈ. સન્ ૪૭૫ છે. તેના બનાવેલા આર્યભટ્ટીય ગ્રંથમાં પૃથ્વી ચલ અને પૃથ્વીની પરિધિ ૪૯૬૭ યોજન બતાવી છે. એ ગ્રંથમાં કાળના બે ભાગ પાડયા છે. પૂર્વભાગને ઉત્સર્પિણી અને ઉત્તરભાગને અવસર્પિણી નામ આપ્યું છે, અને પ્રત્યેકના છ ભેદ કહ્યા છે. આર્યભટ્ટે કાળના જે બે ભાગ પાડયા તે જૈનધર્મની કાળગણનાને બરાબર અનુસરતા છે. જૈનધર્મે પણ એક કાળચક્રના બે વિભાગ પાડયા છે. પ્રથમ ભાગને ઉત્સર્પિણી અને બીજા ભાગને અવસર્પિણી નામ આપ્યું છે. કાળનાં આ નામો અને વિગત જૈનધર્મની માન્યતા સાથે ખૂબ જ સામ્ય ધરાવે છે, તેનું શું કારણ છે તે શોધનો વિષય છે. છતાં લાગે છે કે પ્રાચીનકાળમાં વિદ્વાનો વચ્ચે જ્ઞાન-વિજ્ઞાનની આદાન-પ્રદાનની અથવા એક બીજા ધર્મના ગ્રંથો વાંચવાની પ્રથા ચાલુ હતી.

ભારતમાં પહેલા [3]આર્યભટ્ટ પછી ઈ. સન્ ૫૫૮માં બ્રહ્મગુપ્ત નામના વિદ્વાન થયા. જેઓએ ૩૦ વર્ષની ઉમ્મરે બ્રહ્મકૂટ સિદ્ધાન્ત નામના ગ્રંથની રચના કરી છે. તેમાં તેમને પૃથ્વીને સ્થિર જણાવી આર્યભટ્ટની માન્યતાનું જોરદાર રીતે ખંડન કર્યું છે અને પૃથ્વી ચલ છે એ સિદ્ધાન્તની જોરશોરથી દલીલો કરીને ટીકા કરી છે.

ત્યારપછી ભાસ્કરાચાર્ય નામના ભારતીય જ્યોતિષ વૈજ્ઞાનિકે પણ પૃથ્વી સ્થિર કહી છે. જેમ અગ્નિમાં ઉષ્ણતા અને જળમાં શીતલતા સ્વાભાવિક છે તેમ પૃથ્વીમાં સ્થિરતા (અચલપણું) એ પણ સ્વાભાવિક છે એમ જણાવ્યું છે. વળી ભાસ્કરાચાર્યે પૃથ્વીને (દડા જેવી નહીં પણ) કદમ્બ પુષ્પના જેવા આકારવાળી કહી છે અને તેની ઉપર ગામ, નગરો વસેલાં છે એમ જણાવ્યું છે.

*

---

૧. સત્તરમી સદીમાં ન્યૂટનના ગુરુત્વાકર્ષણના અને ગતિના નિયમોનો વ્યવસ્થિત જન્મ થઈ ગયો હતો.

૨. જાપાનના બે વૈજ્ઞાનિકોએ ૧૯૯૦માં ગુરુત્વાકર્ષણના નિયમો સાચા છે કે કેમ ? એવો પ્રશ્ન કર્યો છે.

૩. આર્યભટ્ટ ઘણા થયા છે તેથી.

## લેખાંક-૫

### ✻ જૈનધર્મની અને વિજ્ઞાનની જાણવા જેવી બાબતો ✻

આ ગ્રંથ અનેક વિષયોના સંગ્રહરૂપ હોવાથી એનું 'સંગ્રહણી' નામ આપ્યું છે, અને એ સંગ્રહમાં સમગ્ર જૈનવિશ્વની વ્યવસ્થાની અતિઅલ્પ ઝાંખી કરાવી છે, એટલે કે સમગ્ર જૈનલોક-વિશ્વ ઠેઠ બ્રહ્માંડની ટોચે આવીને સિદ્ધશિલાથી લઈને ઠેઠ નીચે ઊતરતાં ૨૨ દેવલોક, તે પછી જ્યોતિષચક્ર, તે પછી મનુષ્યલોક અને તે પછી પાતાલલોક, આ બધાં સ્થાનોની મુખ્ય મુખ્ય બાબતોનું સ્થૂલ-સ્થૂલ વર્ણન કરવામાં આવ્યું છે. મનુષ્ય, દેવ, તિર્યંચ અને નરક આ ચાર પ્રકારની વસ્તીથી ચૌદરાજલોક ભરેલો છે, જેમાં પશુ-પ્રાણીની સૃષ્ટિ પણ ભેગી આવી જાય છે, તથા નાની-મોટી બીજી અનેક બાબતોનો ખ્યાલ આપવામાં આવ્યો છે. જો કે આ બધું વર્ણન અતિસંક્ષેપમાં કરવામાં આવ્યું છે. જૈનદર્શન વિશ્વની ભૌતિક બાબતોની વિશેષ વાત કરે નહિ, કેમકે જાતે દિવસે વૈજ્ઞાનિકો દ્વારા તેમાંથી આરંભ-સમારંભ અને હિંસાનો જન્મ થવાનો. આ રીતે આ સંગ્રહણી ગ્રન્થ સમગ્ર વિશ્વ અને વિશ્વવર્તી પદાર્થોની ઝાંખી કરાવે છે.

વિજ્ઞાનની આંખ સામે પૃથ્વી અને ચમકતા સૂર્ય આદિ ગ્રહો હતા એટલે તે અંગે તેઓએ ખૂબ ખૂબ સંશોધન કર્યું પરંતુ જૈન ખગોળની દૃષ્ટિએ જ્યોતિષચક્રથી અબજોના અબજો માઈલ દૂર ઊંચે શરૂ થતાં દેવલોકનાં અસંખ્ય જે વિમાનો છે, તે અંગે કોઈ જાણકારી તેઓ મેળવી શક્યા નથી. જેમ આકાશ ઉપરથી ઊંચે ઊર્ધ્વલોક તરફ વિજ્ઞાન આગળ વધી ન શક્યું, તેમ અધોલોક એટલે પાતાલમાં સાત નરકો રહેલી છે તે અંગે કંઈપણ માહિતી મેળવી શક્યું નહીં, પણ તેઓ છેલ્લાં ૩૦-૪૦ વર્ષથી આકાશમાંથી આવતા રેડિયોમાં ઝીલાતા શબ્દ સંદેશાઓ દ્વારા સંદેહ કરે છે કે બીજા ગ્રહોમાં વસ્તી હોય, કેમકે ત્યાંથી ન સમજાય તેવી ભાષાના સંદેશાઓ અહીંના યંત્રમાં ઝીલાયા કરે છે, પણ ભાષા સમજાતી નથી. જે લોકો ઉપર વસે છે તે અહીંના મનુષ્ય કરતા વધુ બુદ્ધિશાળી અને વધુ સુખી છે, એવી કલ્પના પણ કરે છે, પણ અવકાશયાનો તૈયાર થયાં એટલે વૈજ્ઞાનિકોએ આકાશી ગ્રહો ગુરુ, શનિ વગેરેના અભ્યાસાર્થે રવાના કર્યું. ગ્રહો શેનાં બનેલાં છે, વસ્તી છે કે નહિ તે માટે અમેરિકાએ આ યાનો રવાના કર્યા. તેને મોકલેલા સંદેશા-ફોટાઓ દ્વારા નક્કી કર્યું કે ઉપલબ્ધ ગ્રહો ઉપર જીવન નથી. આ યાનોએ યન્ત્રો દ્વારા નવા ચંદ્રો શોધી કાઢ્યાં. વોયેજર[1] નામનું યાન તો ઈ. સન્ ૧૯૭૭માં રવાના કર્યું. આ વોયેજરની ગતિ કલાકનાં ૪૫૨૫૫ માઈલની હતી. ત્રણ વરસથી આકાશમાં ગતિ કરતું જ રહ્યું છે. ૧ અબજ ૩૦ કરોડ માઈલનું અંતર વટાવી ઈ. સન્ ૧૯૮૯માં શનિ ગ્રહ ઉપર પહોંચ્યું હશે. વિજ્ઞાને પૃથ્વીથી ગ્રહો એટલા બધા દૂર બતાવ્યા છે કે તમો આશ્ચર્ય પામી જાવ!

---

૧. નેપ્ચ્યૂનગ્રહની માહિતી મેળવવા માટે અમેરિકાએ માનવ વગરનું આ યાન ૧૩ વરસ ઉપર છોડ્યું છે. પાંચ અબજ કિલોમીટરનો પ્રવાસ કરી ચૂક્યું છે.

જૈનોએ એક લાખ★ યોજનનો જંબૂદ્વીપ છે એમ જણાવ્યું છે. એ જંબૂદ્વીપના કેન્દ્રમાં એક લાખ યોજને મેરુપર્વત છે તેમજ તેમાં સંખ્યાબંધ પહાડો, પર્વતો, નદીઓ અને વિવિધ નગરો, શહેરો અને ક્ષેત્રો છે. વૈજ્ઞાનિકશક્તિ મુખ્યત્વે યાન્ત્રિક છે અને તેથી તે મર્યાદિત છે એટલે આ બધાનો યત્કિંચિત ખ્યાલ ન આવે તે સ્વાભાવિક છે. આપણી વર્તમાન દુનિયા આ જંબૂદ્વીપના ઠેઠ છેડે આવેલા ભરતક્ષેત્રના દક્ષિણ વિભાગમાં આવેલી છે, અને દક્ષિણ વિભાગ જ્યાં પૂરો થાય છે ત્યાં છેડે જ જંબૂદ્વીપનો ૧૨ યોજન ઊંચો જંગી કિલ્લો આવેલો છે. દક્ષિણ ભારતમાંથી મહાવિદેહ પહોંચવા માટે ઉત્તરદિશામાં પ્રયાણ કરવું પડે. એ ઉત્તરદિશામાં જઈએ તો વચ્ચે વચ્ચે મોટાં મોટાં પહાડો, ક્ષેત્રો છે અને દ્વીપના સેન્ટરમાં મહાવિદેહક્ષેત્ર, મેરુપર્વત વગેરે વસ્તુ-સ્થાનો જોવાં મળે.

હવે અહીં પ્રશ્ન એમ થાય કે અનેક અવકાશયાનો, જંગી ઉપગ્રહો અને રોકેટો વગેરેનાં જંગી પ્રયોગો ચાલુ રહ્યા છે છતાં પણ તેઓ વર્તમાનદૃશ્ય પૃથ્વીથી ઉત્તરમાં કંઈક આગળ છે એવો અણસાર પણ મેળવી શક્યા કેમ નથી? તે વિચારમાં મૂકે તેવી બાબત છે. મુશ્કેલી એ છે કે વિજ્ઞાને આપણે જે પૃથ્વી ઉપર રહીએ છીએ તે દૃશ્ય પૃથ્વીને આકાશમાં ગોળાકારરૂપે અદ્ધર છે એમ સ્વીકાર્યું છે, એટલે પૃથ્વીનાં દક્ષિણ અને ઉત્તર ભાગના બે છેડા પૃથ્વીની સાથે જ સંલગ્ન છે અને આ સંજોગોમાં આ પૃથ્વી સાથે અદૃશ્ય એવી પૃથ્વીના જોડાણનો આપણે વિચાર જ કરવાનો ક્યાં રહ્યો?

પૃથ્વીને દડા જેવી ગોળ માની, ગોળો માન્યો, આકાશવર્તી (બે રીતે) ફરતી માની. એ ગોળાની ચારેબાજુએ ખાલી આકાશ-આકાશ જ છે. આ પૃથ્વી જોડે ઉપર નીચે બીજી મોટી કોઈ વસ્તુનો સંબંધ નથી. સ્વાભાવિક રીતે વળી એમણે તેનું માપ પણ નક્કી કરી નાંખ્યું એટલે ઉત્તર, દક્ષિણ, પૂર્વ, પશ્ચિમ ચારે દિશામાં જૈનધર્મની દૃષ્ટિએ જંગી વિરાટ ધરતીનું જોડાણ હોવા છતાં વૈજ્ઞાનિકોને તો આ વાતનું સ્વપ્ન પણ ક્યાંથી આવે? દક્ષિણમાં જંબૂદ્વીપનો કિલ્લો અને કિલ્લા પછી લાખો યોજનનો લવણસમુદ્ર છે. જે આપણી ધરતી સાથે જ જોડાએલો છે પણ વૈજ્ઞાનિકોએ કલ્પેલી જે પૃથ્વી છે તે પૃથ્વીના દક્ષિણનો છેડો જેને દક્ષિણધ્રુવ કહેવાય છે, ત્યાં આગળ હજારો ફૂટની ઊંચાઈમાં બરફ પથરાએલો છે અને ત્યાં આગળ વૈજ્ઞાનિક પૃથ્વીનો ગોળો સમાપ્ત થાય છે, એટલે આકાશમાં અદ્ધર ઘૂમતા પૃથ્વીના ગોળા સાથે જંબૂદ્વીપના કિલ્લા વગેરે સાથે વિચારવાની કે સરખાવવાની વાત જ ક્યાં રહી!

આપણે ત્યાં થોડી ઘણી ભૂગોળ વિષયની અભ્યાસી વ્યક્તિઓ છે. તેઓ તરફથી એવું કહેવામાં આવે છે કે ઉત્તરધ્રુવથી આગળ ઉત્તર તરફ વિમાનો ગયાં હતાં પણ ત્યાં એટલો બધો ઘોર અંધકાર, હવાની વિષમ પરિસ્થિતિ અને અતિ ઠંડી એ બધું એવું હોય છે કે વિમાનો એ દિશામાં આગળ વધી શકતા નથી. આ વાતો કરનારા કોઈ આધારે કહે છે કે કલ્પનાથી તે ખબર નથી.

*

---

★ પ્રમાણાંગુલે માપીએ તો ૪૦૦ લાખ યોજન થાય.

હવે આ બાબત સામે વિજ્ઞાને માન્ય કરેલી પૃથ્વીની પરિસ્થિતિનો થોડો ખ્યાલ આપું.

પૃથ્વીને ગોળારૂપે કલ્પેલી છે. ગોળાકાર પૃથ્વીને બે ધ્રુવ છે, એટલે કે બે નિશ્ચિત સ્થાનો છે. પૃથ્વીના ઉપરના છેડાનો બિલકુલ ઉત્તરમધ્યભાગ ઉત્તરધ્રુવરૂપે છે અને તે જ રીતે પૃથ્વીનો દક્ષિણમધ્યભાગ દક્ષિણધ્રુવરૂપે છે. દક્ષિણધ્રુવ સેંકડો વરસથી બરફથી છવાઇ ગએલો છે. તે જ પ્રમાણે ઉત્તરધ્રુવ દક્ષિણધ્રુવની જેમ બરફના થરથી છવાઇ ગએલો છે. એક-એક માઇલથી વધુ પ્રમાણમાં જાડા બરફના થરો છે. બંને ધ્રુવોમાં બરફના જંગી પહાડો પણ તરતા હોય છે. વિદ્યમાન પૃથ્વીના છેડે ઉત્તરધ્રુવના સ્થાન પછી વર્તમાન (આપણે જે જોઇએ-જાણીએ છીએ તે) દુનિયાનું સ્થાન સમાપ્ત થઇ જાય છે.

તો પ્રશ્ન થાય કે ઉત્તરધ્રુવ પછી શું હોય? ઉત્તરધ્રુવ પછી લાખો–કરોડો માઇલનું ફક્ત ખાલી આકાશ-અવકાશ જ હોય છે. અવકાશયાનો, ઉપગ્રહો વગેરે ઉત્તરધ્રુવ ઉપરથી જ પસાર થતાં હોય છે, એટલે ઉત્તરધ્રુવ પછી આપણે ત્યાં જે વૈતાઢ્ય વગેરે પર્વતોની વાતો કહી છે તે આપણી શાસ્ત્ર માન્યતા સાથે વિજ્ઞાનની માન્યતા મેળ ખાતી નથી. લાખો માઇલ આકાશમાં ઉડતાં યાનો, ઉપગ્રહો દ્વારા ઉપગ્રહોએ ઉત્તરમાં (વૈતાઢ્ય આદિ) પર્વતો-ક્ષેત્રો આદિ હોવાનું જણાવ્યું નથી. ગોળ પૃથ્વીનો ઉત્તરભાગ પૂરો થઇ ગયા પછી ધરતીનો કોઇ ભાગ આગળ છે જ નહિ. ચારે બાજુ આકાશ જ છે. જેમણે પૃથ્વીને આકાશમાં લટકતા ગોળાની માફક રહેલી માની હોય તેને બીજી ધરતી હોય જ ક્યાંથી? આકાશ જ હોય.

આટલી વાત અહીં પૂરી કરી પૃથ્વી અંગે બીજી થોડી વાત જાણીએ.

પ્રશ્ન—આટલો બધો બરફ બંને ધ્રુવોમાં ક્યાંથી પથરાઇ ગયો હશે? ક્યારે પથરાયો હશે? આવા અનેક પ્રશ્નો પણ આપણા મનમાં ઊભા થાય.

જો કે ઉત્તરધ્રુવ સમુદ્રરૂપે છે, ધરતીરૂપે નહીં. ઉપરની સપાટી બરફ બનીને તરતી રહે છે એમ કહે છે જ્યારે દક્ષિણધ્રુવને ખંડ કહે છે. ખંડ એટલે ધરતી.

ઉત્તર—આ બરફની જમાવટ ક્યારથી થઇ તેની ચોક્કસ મર્યાદાની ખબર નથી પણ વૈજ્ઞાનિકો એમ ચોક્કસ કહે છે કે લાખો-કરોડો વર્ષ ઉપર અત્યારે જ્યાં બરફ છે ત્યાં શહેરો, ગામો અને જંગલો વગેરે હતાં, પરંતુ પૃથ્વી અને આકાશની આબોહવા અને ભેજમાન વગેરે કારણે [illegible] જમાવટ થવા પામી છે.

દક્ષિણધ્રુવમાં તમામ રાષ્ટ્રનાં વૈજ્ઞાનિકો છેલ્લાં ૧૦૦ વર્ષથી ભયંકર ઠંડીમાં ધરતીની અંદર જઇ તેના અનેક પ્રયોગો કરી રહ્યા છે. એ સંશોધનમાં એમને માલમ પડ્યું કે પ્રાચીનકાળમાં વનસ્પતિ અને જીવસૃષ્ટિ હતી અને સુવર્ણ આદિ અનેક ધાતુઓની કિંમતી ખાણો અને ખનીજ તેલ, કોલસા વગેરે ઘણું બધું આ ધરતીમાં રહ્યું છે એ લાલચે વૈજ્ઞાનિકો સંશોધન માટે દક્ષિણધ્રુવ પાછળ લાગ્યા છે, એટલા ઉત્તરધ્રુવ તરફ લાગ્યા જાણ્યું નથી. આ પરિસ્થિતિમાં જૈન વિજ્ઞાને જણાવેલી મનુષ્યલોકવર્તી એકને ફરતા એક, એ રીતે વલયાકારે રહેલા અસંખ્ય દ્વીપ સમુદ્રોની વાત વૈજ્ઞાનિકો ક્યાંથી સ્વીકારે?

ભગવાન મહાવીરને થયે ૨૫૦૦ વરસ થયાં. તે વખતે આ ધરતીની શું સ્થિતિ હતી તે જાણવા માટે આપણે ત્યાં કોઈ સાધન ઉપલબ્ધ નથી. અધ્યાત્મપ્રધાન જૈનધર્મમાં ભૌતિક કે ઐતિહાસિક બાબતોની અગત્ય ખાસ ન હોવાથી આ ક્ષેત્ર અણસ્પર્શ્યું હતું એટલે શાસ્ત્રોમાં ભૂગોળ-ખગોળની વાતો થોડી અને સ્થૂલ સ્થૂલ જ મળે છે, જે હોય તે. ભગવાન મહાવીરના સમયમાં આ બંને ધ્રુવો બરફની ચાદરથી અત્યારે જેવા છવાઈ ગયા છે, તેવા તે વખતે હતા કે નહિ? તેનો જવાબ એક જ અપાય કે જૈનશાસ્ત્રોએ પૃથ્વીને સ્થિર માની છે, વળી તેને ગોળ કહી નથી. વિજ્ઞાન જેમ આકાશી ગોળો માને છે તેમ માનતા નથી, એટલે વિજ્ઞાનની માન્યતાઓ સામે મેળ કે તુલના કરવાનું સ્થાન જ નથી. પ્રાચીનકાળમાં આ પૃથ્વીને કેવા આકારની માનતા હતા? તેનો અલ્પ ઈશારો આ સંગ્રહણીની પ્રસ્તાવનામાં ૫૩માં પાનાંમાં કર્યો છે. કરોડો વર્ષ પહેલાં આ પૃથ્વી ઉપર જે ભયંકર [1]ઉથલપાથલ થઈ તે અકલ્પનીય હતી. એ ઉથલપાથલ પછી સમગ્ર પૃથ્વીના ભૂસ્તરોનું સંશોધન કરીને ભૂસ્તરવિજ્ઞાનીઓએ પૃથ્વીનો જે નકશો તૈયાર કર્યો છે તે દેશ-પરદેશની ભૂગોળને લગતો તથા અન્ય માસિકો તેમજ પુસ્તકોમાં છપાઈ ગયો છે. ભૂસ્તરશાસ્ત્રીઓએ પ્રચંડ અને વ્યાપક સંશોધનને અન્તે જણાવ્યું છે કે ધરતી ઉપર થએલી ભગીરથ ઉથલપાથલ પહેલાં દુનિયાના મોટાભાગના ખંડો, એક બીજાને અડીને રહેલા અને અખંડ હતા અર્થાત્ ઉત્તર અમેરિકા, દક્ષિણ અમેરિકા, આફ્રિકા, દક્ષિણધ્રુવ ખંડ, ઓસ્ટ્રેલિયા, યુરોપ, ભરતખંડ અને ગ્રીનલેન્ડ એ બધા એકબીજા સાથે જોડાયેલા હતા, વચ્ચે વચ્ચે ક્યાંક ક્યાંક નાના નાના સમુદ્રો પણ હતા. આપણા ભરતખંડની દક્ષિણે દક્ષિણધ્રુવ ખંડ અને ઓસ્ટ્રેલિયા હતા. જો કે આજે તો તે બંને હજારો માઈલ દૂર ચાલ્યા ગયા છે. (વચ્ચે સમુદ્રનાં જળ ધૂસી ગયાં) એ વખતે વચ્ચે વચ્ચે જે સમુદ્રો છે તે ત્યારે ન હતા પણ ત્યાં ધરતી હતી અને પાંચેય ખંડોમાં પગેથી ચાલીને જવાતું હતું. ભૂતકાળના આ ખંડને વૈજ્ઞાનિકોએ 'ગોંડવાના[2] મહાખંડ' એવું નવું નામ આપ્યું, કાલાંતરે આ ગોંડવાના ખંડમાં પણ અનેક સ્થળે ધરતીકંપો થયા, એટલે ધરતીમાં રહેલા પ્રવાહી લાવારસ ઉપર આ ખંડો સરકતા સરકતા એકબીજાથી છેટા જવા લાગ્યા. પરિણામે ગોંડવાના આ મહાખંડમાં ભંગાણ પડયું. જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ વહેતાં થયાં. દેશોની આડાશ જ્યાં જ્યાં દૂર થઈ અને ખાલી જગ્યા થઈ ત્યાં ત્યાં સમુદ્રનાં પાણી ધુસી ગયાં અને કાયમ માટે તે જળ સ્થિર થઈ ગયાં. ભારત અને આફ્રિકા ખંડ દૂર દૂર થતા ગયા. બંને વચ્ચે જગ્યા ખાલી પડી ગઈ અને ત્યાં સમુદ્રનાં પાણી પ્રવેશી ગયાં. વૈજ્ઞાનિકો પોતાની ધારણા સાચી છે તેના પુરાવામાં નકશામાં ભારતમાં સૌરાષ્ટ્રનો આકાર અને એની સામે આફ્રિકા દેશની ધરતીનો સૌરાષ્ટ્રના આકાર જેવો કપાએલા ભાગ તરફ ધ્યાન ખેંચે છે. સૌરાષ્ટ્ર જેવો જ ખંડિત ભાગ આફ્રિકાના કિનારે નજરે પડે છે.

વળી ઉપરની વાતના અનુસંધાનમાં આપણા પ્રસ્તુત મહાખંડમાં કેવી કેવી ઉથલપાથલો

---

૧. ઋષભદેવ ભગવાને અબજોનાં અબજો વર્ષ પૂર્વે અયોધ્યામાં રાજ્ય કર્યું. તે વખતે અયોધ્યા જે સ્થાને હતી તે જ સ્થાને આજે છે ખરી? અનેક દેશો, નગરીઓ પ્રત્યે પણ આવા સવાલો ઉઠે પણ તેનો જવાબ જ્ઞાનીગમ્ય છે.

૨. ગોંડ નામની આદિવાસી પ્રજા ઉપરથી આ નામ પાડવામાં આવ્યું હતું.

થઈ, કેવાં કેવાં પરિવર્તનો આવ્યાં, કેવી કેવી અકલ્પનીય કુદરતી આપત્તિઓ અને આફતોથી કેવી રહસ્યમય ઘટનાઓ બની તે જાણવા નીચે વિસ્તૃત ઉપલબ્ધ અખબારી નોંધ ટાંકી છે તે વાંચો.

નીચેની પ્રસ્તુત નોંધ સાંયોગિક પુરાવાઓ અને અનુમાનો દ્વારા લેવાએલા નિર્ણયથી નિશ્ચિત કરેલી છે, માટે તે બધી જ સાચી છે તેવું સર્વથા સ્વીકારી લેવાની જરૂર નથી. ફક્ત ધરતીના ભૂતકાળનું સમગ્ર ચિત્ર તમારા ખ્યાલમાં આવે અને તમારી સમજનું ફલક વિસ્તૃત બને એ ખાતર આપી છે. ધરતીનો ઈતિહાસ પણ કેવો હોય છે તે વાંચી વાચકો સાશ્ચર્ય અનુભવશે.

*

સૂચના—પ્રસ્તુત નોંધ નીચે મુજબ છે.

"આજથી આશરે ૩૫ કરોડ વર્ષ પૂર્વે ખંડો એકબીજાથી દૂર ખસી ગયા હતા. પરંતુ ગોંડવાના ખંડ, દક્ષિણ પૂર્વમાં ન્યૂઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયાથી માંડીને હિન્દી મહાસાગર વિંધ્યાચલથી દક્ષિણનો ભરતખંડ, દક્ષિણ અરબસ્તાન, સહારાની દક્ષિણનો આફ્રિકા અને દક્ષિણ અમેરિકાના પૂર્વભાગને આવરી લેતો હતો. બંગાળનો ઉપસાગર અને અરબીસમુદ્ર પણ એ ખંડમાં સમાઈ જતા હતા.

તે પછી વધુ ઉથલપાથલો થઈ. આપણા દેશની જ વાત કરીએ તો સાઠ કરોડથી સો કરોડ વર્ષ પહેલાં કચ્છથી મેઘાલય સુધી રેખા દોરો તો તેની ઉત્તરે સમુદ્ર હતો, એટલું જ નહીં પણ આંધ્રપ્રદેશ, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર અને કર્ણાટકના કેટલાક ભાગ સમુદ્રમાં ડૂબેલા હતા. સાઠ કરોડ વર્ષ પહેલાં આ સમુદ્ર નાનો થતો ગયો અને કચ્છથી મેઘાલય સુધીની રેખાની ઉત્તરે જે સમુદ્ર હતો તે વિસ્તરતો ગયો. તે પછી ૪૪ કરોડથી ૫૦ કરોડ વર્ષ પહેલાંના ભરતખંડમાં દક્ષિણ ભારતના સમુદ્રનો લોપ થયો.

૨૨ કરોડથી ૨૮ કરોડ વર્ષ પહેલાં ભરતખંડના ટુકડા થઈ ગયા હતા. કચ્છ, સૌરાષ્ટ્ર, ઉત્તર ગુજરાત વગેરે સમુદ્રમાં હતા અને આ સમુદ્ર ભરતખંડના બે ટુકડા કરીને આસામમાં જતો હતો. આપણે એમ કહી શકીએ કે આસામમાં અને ગુજરાતમાં તેલ બનાવનાર જીવો અને વનસ્પતિ આ સમયે કામે લાગી ગયાં હતાં. ૧૮ કરોડથી ૧૨૨$\frac{૧}{૨}$ કરોડ વર્ષ પહેલાં કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાત સમુદ્રમાંથી બહાર આવી ગયાં હતાં, પરંતુ ૧૩$\frac{૧}{૨}$ કરોડથી ૧૮ કરોડ વર્ષ પહેલાં તેઓ ફરીથી ડૂબી ગયા હતા. આ બધા સમય દરમિયાન ટાપુ તરીકે લંકાનું અલગ અસ્તિત્વ ન હતું, તે દક્ષિણ ભારત સાથે જોડાયેલ હતો.

સાત કરોડથી ૧૩$\frac{૧}{૨}$ કરોડ વર્ષ પહેલાં ભરતખંડમાં ફરીથી પ્રચંડ ઉત્પાતો થયા. આજે હિમાલય છે ત્યાં સમુદ્રમાંથી જ્વાળામુખીઓ ભભુકતાં હતાં. સૌરાષ્ટ્રમાં જ્યાં ત્યાં ધરતીમાં તિરાડો પડી હતી અને તેમાંથી લાવારસ વહેતો હતો, પરંતુ પૂર્વ સૌરાષ્ટ્ર અને કચ્છ તેમજ તળ ગુજરાતનો ઘણો પ્રદેશ દરિયામાં ડૂબી ગયો હતો. લંકાનો ટાપુ ભારત સાથે સર્વ રીતે હજી જોડાયેલ હતો અને ગુજરાતના કાંઠાથી લંકા સુધી સમુદ્ર ન હતો. ધરતીનો વિશાળ ખંડ આફ્રિકા ભણી પથરાતો હતો. મહારાષ્ટ્ર (દખ્ખણ), વિંધ્યપ્રદેશ, છોટાનાગપુર (દક્ષિણ બિહાર) વગેરે

પ્રદેશોની ધરતીમાં તિરાડો પડી હતી અને તેમાંથી લાવારસ વહેતો હતો. પાકિસ્તાન, કાશ્મીર, હિમાલય વગેરે બધા સમુદ્રમાં ડૂબેલા હતા. બંને બંગાળ અને આસામ પણ સમુદ્રમાં હતાં. આ યુગમાં પણ કુદરત તેલ બનાવવાની પ્રક્રિયા કરી રહી હતી.

આશરે છ કરોડ વર્ષ પહેલાં વિંધ્યાચલની ઉત્તરના છીછરા ટીથીસ (ભૂમધ્ય) સમુદ્રમાંથી હિમાલય ઉંચકાયો. દક્ષિણના ભૂપૃષ્ઠના ઉત્તરમાં ગતિ થવાથી અને ઉત્તરના ભૂપૃષ્ઠ સાથે અથડાવવાથી ટીથીસનું તળિયું બેવડાઈને ઊંચકાઈ રહ્યું હતું. આ હિલચાલ દરમિયાન આજે નર્મદા અને તાપી છે ત્યાં પણ ભંગાણ પડ્યું, તેથી તેમાં પાણી વહેતું થયું અને એ રીતે નર્મદા અને તાપીનો જન્મ થયો.

ચાર કરોડથી સાત કરોડ વર્ષ પહેલાં ગુજરાતનું નામનિશાન ન હતું. મુંબઈથી કાશ્મીર સુધી સમુદ્ર ઘૂઘવતો હતો, બંગાળ અને આસામમાં પણ.

દોઢ કરોડથી ચાર કરોડ વર્ષ પહેલાં આ સમુદ્રો પીછેહઠ કરવા લાગ્યા. મધ્ય-સૌરાષ્ટ્ર સમુદ્રમાંથી ટાપુરૂપે બહાર આવ્યું. દક્ષિણ ભારત અને લંકા વચ્ચેની ધરતી સમુદ્રમાં ડૂબી ગઇ અને લંકા ટાપુ બન્યો. કચ્છ, સિંધ, પશ્ચિમ રાજસ્થાન અને બંગાળ હજી સમુદ્રમાં ડૂબેલા હતા.

બે લાખથી ૧૪૦ લાખ વર્ષ પહેલાં ભરતખંડ આજનો આકાર ધારણ કરી રહ્યો હતો. સિંધ, પંજાબ અને ઉત્તરપ્રદેશથી આસામ સુધી શિવાલિક મહાનદ નામનો મીઠો મહેરામણ હતો. લંકા અલગ થઇ જવાથી જ્યારે સાઇબિરિયામાંથી ચીન અને આસામના માર્ગે વાઘ આપણા દેશમાં આવ્યા ત્યારે દક્ષિણ ભારતમાં ઠેઠ સુધી ફેલાયા. પરંતુ વચ્ચે સમુદ્ર હોવાથી લંકા જઇ શક્યા નહિ. આથી આજે પણ લંકામાં વાઘ નથી દીપડા છે. સૌરાષ્ટ્ર બેટ હતો પણ ગુજરાતનો મોટોભાગ સમુદ્રમાં હતો. ભરતખંડનો ઘણો પૂર્વ કાંઠો સમુદ્રમાં ડૂબેલો હતો.

બે લાખ વર્ષ ઉપર હિમયુગ તેની પરાકાષ્ઠાએ હતો ત્યારે માણસ પ્રગટી ચૂક્યો હતો. હિમયુગના કારણે સમુદ્રમાંથી ઘણું પાણી બરફરૂપે ધરતી ઉપર એકઠું થવાથી સમુદ્રની સપાટી નીચે ઉતરી ગઇ હતી અને કન્યાકુમારીથી સિંધ સુધી આજે સમુદ્ર છે, ત્યાં પગે ચાલીને જઇ શકાય તેમ હતું. એમ માનવામાં આવે છે કે આદિમાનવો આ પ્રદેશમાં રખડતા હતા અને જ્યારે હિમયુગનો અંત આવ્યો, તથા સમુદ્રની સપાટી ચડવા લાગી ત્યારે તેઓ ભાગવા લાગ્યા હશે. આજે બોમ્બે હાઈ, કચ્છ અને ખંભાતના અખાત તથા બંગાળના ઉપસાગરમાં નવો ખોદાયેલ તેલ કૂવો છે ત્યાં ધરતી હતી. હિમયુગમાં હિમાલયની હિમસરિતાઓ (ગ્લેસિઅર્સ) દુનિયામાં સૌથી મોટી હતી.

ટીથીસ સમુદ્ર છીછરો હતો અને જીવસૃષ્ટિ તથા વનસ્પતિસૃષ્ટિના વિકાસ માટે આદર્શ હતો. હિમાલય અને તેની પશ્ચિમની પર્વતમાળાઓના ઊંચકાવાથી તેનો લોપ થયો, પરંતુ આ પ્રક્રિયા તો થોડાંક કરોડ વર્ષ ચાલી, જ્યારે તેનો લોપ થયો ત્યારે તેનાં તળિયાનાં પેટાળમાં દટાઇ ગયેલી સૃષ્ટિ તેલ અને ગેસમાં ફેરવાઇ ગઇ હતી અને ફેરવાઇ રહી હતી. બ્રહ્મદેશ અને આસામથી ઈરાન અને આરબ દેશો સુધી આ તેલ અને ગેસ સમૃદ્ધ ક્ષેત્રો ધરતી સાથે

સમુદ્રમાંથી બહાર આવ્યાં અથવા છીછરા સમુદ્રમાં રહ્યાં. આજે ઇરાની અખાતમાં અને કાસ્પિયન સમુદ્રમાં તેલનાં કૂવા ખોદાય છે તે આ ટીથીસ સમુદ્રની ભેટ છે.

આમ ઇન્ડોનેશિયન અને બ્રહ્મદેશથી શરૂ થતો તેલ ક્ષેત્રોનો પટ આસામમાં છે. કારણકે આસામ કરોડો વર્ષ સુધી સમુદ્રમાં રહેલો, પણ મેઘાલયમાં નથી. કારણકે તે અગ્નિકૃત ખડકોનો બનેલ છે. ત્રિપુરામાં ગેસ નીકળ્યો છે અને બંગાળમાં પણ તેલ નીકળવાની આશા છે. એવી રીતે કાશ્મીરમાં પણ આશા છે અને પશ્ચિમ રાજસ્થાનમાં ગેસ હોવાનું જણાય છે.

આપણને તેલ અને ગેસ મળે તે માટે કુદરતે કરોડો વર્ષ સુધી કેવી ઉથલપાથલ કરી છે?

ઉપર જણાવ્યું તેમ પરાવર્તનો થતાં જ રહે છે." (લેખકની વાત પૂરી થઇ)

આજે કોઇ એમ કહે કે આટલો મોટો હિમાલય* આ ધરતી ઉપર હતો જ નહિ, તો તે વાત તમારા માનવામાં આવે ખરી?

પ્રથમ દૃષ્ટિએ તો આ વાત કોઇ પણ ના માને પરંતુ મહાન વૈજ્ઞાનિકોએ, ઇતિહાસકારોએ સંશોધન કરીને જાહેર કર્યું છે કે, દોઢ કરોડ વર્ષ પહેલાં હિમાલયની જગ્યાએ તેની આસપાસ ઉત્તરપ્રદેશમાં છીછરો 'ટીથીસ' સમુદ્ર હતો, ત્યાં જોરદાર ધરતીકંપ થયો, ધરતી ફાટી અને એમાંથી હિમાલય ધડાક લઇને બહાર નીકળી આવ્યો. શરૂઆતમાં થોડો બહાર નીકળ્યો પછી વારંવાર ધરતીકંપ થવાના પરિણામે તે ધીમે ધીમે બહાર નીકળતો ગયો અને ઊંચો નીકળતો ગયો તેમજ સ્થિર થયો. ત્યાં રહેલાં સમુદ્રનાં જળ ધરતીમાં ઊતરી ગયાં કે ધરતી બહાર ફેલાઇ ગયાં. આજના હિમાલયની ઉત્પત્તિ આ રીતે માનવામાં આવી છે. હિમાલય અને હિમાલયની આસપાસમાંથી સમુદ્રનાં જીવજંતુઓના અવશેષો આજે પણ મળે છે.

અમારી પાસે ઘણા સંન્યાસીઓ, વેપારીઓ નાના નાના પથ્થરના શંખો લઇને વેચવા આવે છે. આ શંખો નવી જાતના જોયા. તે માટે પૂછપરછ કરી ત્યારે જાણ્યું કે આ શંખો બીજા પથ્થરની સાથે જોડાયેલા હોવાથી તેને કાપીને જુદા પાડવામાં આવે છે, એટલે આ શંખોની ધાર કાપેલી જ રહે છે એમ સંન્યાસીઓનું કહેવું થયું. ઉત્તરપ્રદેશમાં વિશાળ સમુદ્ર હતો, એ તો ઘણાં વરસોથી જાણ્યું હતું. કેમકે સેંકડો શંખો એ ધરતી ઉપર ચોંટી ગએલા અને પછી પથ્થર જેવા થઇ ગએલા પથરાળમાંથી કાપી કાપીને મળતા જ રહ્યા છે. શંખો સમુદ્રો-જળની પેદાશ છે ધરતીની નથી, એ નિશ્ચિત હકીકત છે. આ બધા શંખો જમણા હોય છે. એ શંખનું દળ ખૂબ જાડું હોય છે અને તેની અંદર હીરાકણી જેવી ચમકતી રેતી ભરેલી હોય છે. આ શંખો આજે સંગ્રહરસિક જૈનસાધુઓ અને ગૃહસ્થો પાસે છે.

ઉત્તરપ્રદેશના ઉપરના વિભાગમાં સમુદ્ર હતો. તેનો એક પુરાવો શ્રી હેમચંદ્રાચાર્યજી કૃત 'ત્રિષષ્ટિશલાકા'માં આદીશ્વર ચરિત્રમાં નોંધાયેલો મળે છે. કરોડો વર્ષ પછીની વાત શ્રી હેમચંદ્રાચાર્યજીએ કોઇ ગ્રન્થના આધારે જ નોંધી હશે. સેંકડો અબજોનાં અબજો વરસોમાં આ

★ તે રીતે શત્રુંજય ધરતીમાં ગરકાવ થતો જાય છે. આ પર્વતનો તળ વિસ્તાર આદિકાળમાં ૫૦ યોજનનો અને ઊંચાઇ ૮ યોજન હતી, અને આ અવસર્પિણીમાં પાંચમા આરાના અંતે સાત હાથનો રહેશે.

વિશાળ ધરતી ઉપર શું શું આફતો ઉતરી હશે અને કેવાં કેવાં પ્રલયો થયાં હશે તેની તો કલ્પના જ કરવાની રહી! સર્જન-વિસર્જનની, વિકાશ-વિનાશની, ઉન્નતિ-અવનતિની પ્રક્રિયા બધાં ક્ષેત્રોમાં અનાદિકાળથી થતી જ રહે છે. જૈનતત્ત્વજ્ઞાને વિશ્વને અવિરત પરાવર્તનશીલ જણાવ્યું છે તેનું રહસ્ય આ જ છે.

## લેખાંક-૬

જૈન, બૌદ્ધ અને વૈદિક (હિન્દુ) ભૂગોળની બાબતમાં મતમતાંતરો ઘણા હોવા છતાં નામો અને સ્થાનથી કેટલીક બાબતોમાં તે પરસ્પર થોડુંક સામ્ય ધરાવે છે, કોઇ કોઇ બાબતમાં બાઇબલ પણ સામ્ય બતાવે છે. એમ છતાં મોટાભાગે માન્યતાઓમાં સરવાળે એકબીજાથી ઘણાં દૂર છે એ હકીકત છે.

જૈનભૂગોળની માન્યતાઓને વિજ્ઞાનની માન્યતાઓ સામે સુમેળ તથા સમન્વય સાધવાનો પ્રયત્ન કરવો એ મગજની અર્થહીન કસરત કરવા જેવું અને સમયનો વ્યર્થ વ્યય કરવા જેવું મને લાગ્યું છે. કેમકે જૈનશાસ્ત્રમાં આ વિશ્વની ધરતી ઉપરની ભૂગોળની આકૃતિ-આકાર બાબતમાં કોઇ બાબતનો ઉલ્લેખ નથી. એનું કારણ એ પણ હોઇ શકે કે ભૂગોળ-ધરતી ક્યારેય પણ એકસરખી રહેતી નથી. અતિવૃષ્ટિ, ધરતીકંપો વગેરેનાં કારણે જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ બની જાય છે. આજે પણ ધરતીકંપથી કેટલાંય શહેરો નાશ પામ્યાં, કેટલીય નદીઓ ધૂળ-પથ્થરોથી ભરાઇ ગઇ, સદાને માટે લુપ્ત થઇ ગઇ અને એનું વહેણ દૂર દૂરની ધરતી ઉપર ફૂટી નીકળ્યું. આવી પરિસ્થિતિ એટલે પરાવર્તનશીલ ભૂગોળની બાબતમાં જૈનાચાર્યોને લખવાનું કશું જ કારણ ન હતું. સહુ એમ કહે છે કે જે કાળે જેવી ભૂગોળ-ધરતી દેખાય તે પ્રમાણે તેવી ભૂગોળ સમજી લેવાની.

આ સંગ્રહણીનું પુસ્તક પાઠ્યપુસ્તક છે અને કદમાં ઘણું મોટું છે. પછી બીજી-ત્રીજી બાબતો વધારી પુસ્તકવજન વધારવું ઇષ્ટ નથી, છતાં અભ્યાસીઓને કેટલોક ખ્યાલ આપવા થોડી થોડી બીજી વાતો સંક્ષેપમાં લખવા સિવાય ચાલે તેમ નથી.

૬૦-૭૦ વર્ષથી જૈનસંઘના એક પંડિતજીએ કેટલાક લેખો લખેલા, તેમાં તેમણે લખેલું કે, પરદેશના ઇસુખ્રિસ્ત ધર્મના ખ્રિસ્તી વૈજ્ઞાનિકો જૈનધર્મની (તેમજ ભારતીય શાસ્ત્રોની) ભૂગોળ-ખગોળની માન્યતાઓને ખોટી બતાવીને જૈનોનાં શાસ્ત્રો ખોટાં છે એમ જાહેર કરીને જૈનશાસ્ત્રોની હાંસી ઉડાવવા માંગે છે પણ આ એમની ધારણા સર્વથા સાચી ન હતી. ઇસુનો અને ઇસુના ધર્મનો મહિમા વધારવા તેઓ આપણી માન્યતાઓને ખોટી પાડી રહ્યા છે. એ વાત ત્યારે જ યથાર્થ લાગે કે ઇસુની માન્યતા બધી જ રીતે આપણાથી જુદી હોય. બાઇબલમાં ઇસુએ આ

પૃથ્વીને સ્થિર કહી છે. વળી ગોળાકારે છે એમ કહ્યું નથી તો ઈસુના જ અનુયાયીઓ પોતાના જ ઈશ્વર ઈસુની માન્યતાઓ સામે અવાજ ઊઠાવે અને માન્યતા વિરૂદ્ધ લખે તે કેમ બને? પણ વિજ્ઞાન આંખે કે દૂરબીનથી દેખાતી પ્રત્યક્ષ વસ્તુને જ સાચું માને છે, એટલે વિજ્ઞાન વિજ્ઞાનની રીતે જ વાત કરે તે સ્વાભાવિક છે.

વળી આપણે ત્યાં થોડાં વરસો પહેલાં આપણા નાનકડા સમાજના થોડા અભ્યાસીઓના મનમાં જાહેરમાં લખાતાં લેખો અને પુસ્તકો દ્વારા એવી એક હવા ઊભી થઈ હતી કે પૃથ્વી ગોળ છે અને તે ફરે છે અને આ માન્યતા પશ્ચિમના વૈજ્ઞાનિકોની છે. ભારતમાં ૨૦૦૦ વર્ષમાં કોઈએ પણ આવી માન્યતા જણાવી નથી એમ જ સમજતા હતા પરંતુ સમય જતાં ભારતના વૈજ્ઞાનિકોએ રચેલાં પુસ્તકો પ્રગટ થયાં અને તેનું વાંચન વધતાં એના અભ્યાસીઓને નવો ખ્યાલ મલ્યો કે આપણા વૈજ્ઞાનિક આર્યભટ્ટે તો પંદરસો વરસ પહેલાં જ પોતાના ગ્રન્થમાં જણાવ્યું છે કે પૃથ્વી ગોળ છે અને તે ફરે છે. આથી એક વાતની અતિસ્પષ્ટતા થઈ ગઈ કે પૃથ્વી ગોળ છે અને સ્થિર નથી એટલે તે ફરે છે તે માન્યતાનો (પ્રાચીનકાળમાં પશ્ચિમની આ માન્યતા હતી કે નહિ તે હું નક્કી કરી શક્યો નથી) જન્મ આપણા દેશના જ વૈજ્ઞાનિકે આપ્યો હતો. ત્યારપછી દશમી શતાબ્દીમાં આચારાંગ નામના જૈનશાસ્ત્રના ટીકાકાર પૂ. શીલાંક નામના આચાર્યશ્રીએ ટીકાની અંદર એ વખતે જનતામાં પ્રસરેલી-ચાલતી અન્યની માન્યતાની નોંધ લેતાં—"भूगोलः केषांचित् मतेन नित्यं चलन्नेवाऽस्ते, आदित्यस्तु व्यवस्थित एव" પૃથ્વી ગોળ છે અને સૂર્ય સ્થિર છે એવો મત નોંધ્યો છે. જે વાત આ જ ગ્રન્થની પ્રસ્તાવનાના ૫૪માં પેજમાં જણાવી છે.

પૃથ્વી ગોળ છે, તે ફરે છે અને સૂર્યાદિ ગ્રહો સ્થિર છે. આવો મત પણ પંદરમી શતાબ્દીમાં (સં. ૧૫૬૪-૧૬૪૨ સમય દરમિયાન) થયેલા અંગ્રેજ વૈજ્ઞાનિક ગેલેલિયોએ જાહેર કરેલા. તે પહેલાં ૬૦૦ વર્ષ ઉપર શીલાંકાચાર્યજીએ પ્રસ્તુત માન્યતા જણાવેલી. હવે આર્યભટ્ટની પહેલાં આવી માન્યતા હતી કે કેમ? હતી તો ક્યારે હતી? એ વાંચવા કે જાણવા મલ્યું નથી.

શીલાંકાચાર્યજીએ તે વખતે પ્રચલિત બનેલી આર્યભટ્ટની માન્યતાને ખ્યાલમાં રાખીને શું આ ઉલ્લેખ કર્યો હશે?

શીલાંકાચાર્યજીએ બીજો મત રજૂ તો કર્યો પણ એ મત સાચો છે કે ખોટો એ અંગે તેઓશ્રીએ ત્યાં કશી નુકતેચીની (સંકેત) કરી નથી. આ બાબત જૈનશાસ્ત્રોની માન્યતાથી સર્વથા વિપરીત હોવા છતાં તેઓએ આ વાત વિચારણીય છે કે આ વાત ઉચિત નથી એવું પણ જણાવ્યું નથી. ત્યારે આપણા મનને પ્રશ્ન થાય કે આમ કેમ?

જૈન જ્યોતિષચક્ર આકાશમાં કેવી રીતે છે? તે.

જૈનશાસ્ત્રોની માન્યતા પ્રમાણે જ્યોતિષચક્ર આપણે અત્યારે જે ધરતી ઉપર રહ્યા છીએ, તે ધરતીની નીચે થોડાં માઈલ દૂર આકાશી પદાર્થોનું દૂરવર્તીપણું કેટલું તે નક્કી કરવા માટે શાસ્ત્રમાં 'સમભૂતલા પૃથ્વી'નું સ્થાન માપના ધ્રુવબિંદુ તરીકે નક્કી થયું છે. જેમ વૈજ્ઞાનિકોએ દરિયાને માપનું ધ્રુવબિંદુ બનાવી 'સી-લેવલ' નામ આપ્યું તેમ જૈનશાસ્ત્રોનું લેવલ સમભૂતલા

છે. હવે આ સમભૂતલાથી લઈને વિશ્વની ચારે દિશામાં વર્તતા પદાર્થો માપવામાં આવ્યા છે. એમાં સમભૂતલાથી જ્યોતિષચક્ર કેટલું દૂર છે? તો જણાવ્યું કે આકાશમાં ૭૯૦ યોજન ઊંચે જઈએ એટલે પ્રથમ તારાઓનું મંડળ આવે, પછી તારાથી ૧૦ યોજન ઊંચે જઈએ એટલે સૂર્ય, સૂર્યથી ૮૦ યોજન ઊંચે જઈએ એટલે ચંદ્ર, ચંદ્રથી ૪ યોજન ઊંચે નક્ષત્ર, નક્ષત્રથી ૪ યોજન ઊંચે બુધ, બુધથી ૩ યોજન ઊંચે જઈએ એટલે ગુરુ, ગુરુથી ૩ યોજન ઊંચે મંગળ, મંગળથી ૩ યોજન ઊંચે શનિશ્ચર આવે. સમગ્ર જ્યોતિષચક્ર ૭૯૦ યોજનથી શરૂ થાય. ઉપર વધતા ૯૦૦ યોજન જ્યાં પૂર્ણ થાય ત્યાં તે પૂર્ણ થાય છે, એટલે સીધી લાઈનમાં ઊંચાઈમાં માત્ર ૧૧૦ યોજન જેટલો જ નાનકડો વિસ્તાર જ્યોતિષચક્ર માટે જૈનશાસ્ત્રોએ જણાવ્યો છે.

જૈનગ્રન્થોની આ વાત અહીં એટલા માટે આપી કે હવે પછી હું વિજ્ઞાનની જરૂરી વાતો અહીં લખવાનો છું. તે વાતો જૈન માન્યતાથી કેટલી બધી જુદી પડે છે, અરે! જરાતરા પણ મેળ ખાય તેમ નથી. તેનો સચોટ ખ્યાલ આવે, અને તેથી વાચકોને સમજાશે કે વિજ્ઞાનની માન્યતાઓને જૈન માન્યતા સાથે બંધબેસતી કરવાનો પ્રયત્ન કરવો તે પાણીનાં વલોણાં જેવું કે હવામાં બાચકા ભરવા જેવું લાગશે!

જૈનોનું જ્યોતિષચક્ર જંબૂદ્વીપના મધ્યમાં આવેલા મેરુપર્વતને પ્રદક્ષિણા આપતું છે. સમગ્ર જ્યોતિષમંડળનું પરિભ્રમણ મેરુપર્વતને કેન્દ્રમાં રાખીને જ ફરતું જણાવ્યું છે. જ્યારે વૈજ્ઞાનિકોએ કેન્દ્રમાં માત્ર સૂર્યને મધ્યબિન્દુ રાખી ગ્રહોનાં સ્થાન અને તેનાં અંતર વગેરે નક્કી કર્યાં છે. સમગ્ર મંડળને સૂર્યમંડળ કે સૂર્યમોલા કહે છે.

## વિજ્ઞાન પૃથ્વીનો પરિચય શું આપે છે તે જોઈએ

પૃથ્વીની વાત શરૂ કરી છે કે વૈજ્ઞાનિકોની દૃષ્ટિએ પૃથ્વી શું છે? વૈજ્ઞાનિકોએ જે પૃથ્વી માની છે તે આપણે રહીએ છીએ તે જ પૃથ્વી છે, પણ તેમણે તે પૃથ્વી આકાશવર્તી છે, વળી તે ફરે છે અને વળી તે ગોળ છે એમ કહ્યું છે. આપણે પૃથ્વી સ્થિર છે, તે ફરતી નથી એમ માનીએ છીએ. આકાશમાં રહેલી તો આપણે માનીએ છીએ પણ વર્તમાન પૃથ્વીની સાથે જોડાયેલી પ્રથમ નરક પૃથ્વી સાથે તે આકાશમાં છે અને તે સ્થિર છે. જૈનશાસ્ત્રોની દૃષ્ટિએ પૃથ્વીની આકૃતિ નિશ્ચિત કરી શકાય તેમ છે જ નહીં. તેમાં બે કારણો છે.

પહેલું કારણ એ છે કે જંબૂદ્વીપનું ભરતક્ષેત્ર જેનાં દક્ષિણાર્ધ ભાગમાં આપણી આ પૃથ્વી આવેલી છે એ પૃથ્વી તો ઘણી જંગી અને વિશાળ છે. અબજો વર્ષ પહેલાં શ્રી આદિનાથ ભગવાનના કાળમાં સગર ચક્રવર્તી દક્ષિણાર્ધભરતમાં જંબૂદ્વીપને ફરતા લવણસમુદ્રનાં જળ ભરતક્ષેત્રમાં ખેંચી લાવ્યાં, ત્યારથી પૃથ્વીની જે વ્યવસ્થા હતી તે બધી તે વખતથી જ છિન્નભિન્ન થઈ ગઈ હતી. અબજો વર્ષમાં ઘણી ઉથલપાથલો થઈ હશે. આપણા વર્તમાન દેશનું નામ ભારત છે, પણ જૈનશાસ્ત્રમાં જંબૂદ્વીપના દક્ષિણ છેડે ભારતવર્ષ નામનું એક અબજો માઈલનું ક્ષેત્ર બતાવ્યું છે. એ ભારતની વચ્ચે વૈતાઢ્ય નામનો પર્વત આવ્યો હોવાથી બે ભાગ પડી ગયા છે. ઉપરનો ભાગ ઉત્તરભારત અને નીચેનો ભાગ દક્ષિણભારત તરીકે ઓળખાય છે. આજની

દુનિયા દક્ષિણભારતમાં છે એમાં આપણો ભારતદેશ આવી જાય છે, પણ વિદ્યમાન દુનિયા દક્ષિણભારતમાં ચોક્કસ કઇ જગ્યાએ માનવી તે નક્કી કરી શક્યો નથી, પણ અંદાજે મધ્યભાગથી ડાબી બાજુ તરફ વધુ છે એમ તારવણી કરી છે. જૈનશાસ્ત્રોની દૃષ્ટિએ પરાવર્તનશીલ અશાશ્વત મનાતી આ ધરતી પ્રમાણમાં બહુ નાનકડી રહી છે. જૈનોની માન્યતા મુજબ હજુ વર્તમાન ભૂગોળની ચારેબાજુએ જંગી ધરતી વિદ્યમાન છે, એટલે પ્રાચીનકાળની દૃષ્ટિએ એનો કોઇ આકાર કે માપ હતું જ નહીં.

બીજી બાજુ ધરતીકંપો, વાયુ, ગરમી અને ભેજનાં મોટાં ઉલ્કાપાતો વગેરેનાં કારણે ધરતી સદાકાળ એકસરખી રહેતી જ નથી એટલે ધરતીનું માપ સદાય અસ્થિર જ હોય છે, ત્યારે જૈનશાસ્ત્રો ધરતી-ભૂગોળનું માપ શી રીતે જણાવે?

પ્રાસંગિક કેટલીક વાતો કરીને પુનઃ વૈજ્ઞાનિકોએ પૃથ્વી કેવી માની છે તે વાત પૂરી કરીએ.

વૈજ્ઞાનિકોની માન્યતા ગોળાકાર એવી પૃથ્વી પોતાની ધરી ઉપર ફરે છે. સાથે સાથે સૂર્યને પણ પ્રદક્ષિણા કરે છે. વૈજ્ઞાનિકોએ સૂર્યને પ્રધાનસ્થાન આપ્યું અને તેને કેન્દ્રીય બનાવી ગ્રહો અને ઉપગ્રહો સાથે સૌરમંડળની કલ્પના કરી છે. આ સૌરમંડળમાં વૈજ્ઞાનિકોએ અનુક્રમે 'બુધ, શુક્ર, પૃથ્વી, મંગળ, ગુરુ, શનિ, યુરેનસ, નેપ્ચ્યુન, પ્લુટો અને પોસિડોન' એમ દશ ગ્રહો માન્યા છે. એમાં બુધ, ગુરુ, શુક્ર, મંગળ, શનિ એ પૃથ્વી ઉપરથી નરી આંખે જોઇ શકાય છે. બાકીના શોધી કાઢેલા નવા ગ્રહો દૂરબીનથી જોઇ શકાય છે. બધા જ ગ્રહો લંબગોળાકારે સૂર્યને પ્રદક્ષિણા આપે છે. સૂર્યમંડળમાં બીજા ૩૪[1] ઉપગ્રહો છે અને તે ગ્રહોની આસપાસ ફરે છે. આમ તો વૈજ્ઞાનિકોએ અસંખ્ય ગ્રહો માન્યા છે. જૈનોની દૃષ્ટિએ આશ્ચર્યની વાત તો એ છે કે પૃથ્વીને વિજ્ઞાને સૂર્યમંડળના દશ ગ્રહો પૈકીનો એક ગ્રહ માન્યો છે. પૃથ્વી સૂર્ય કરતાં ૧૩ લાખ ગણી નાની છે અને તે સૂર્યથી ૧૫ લાખ કિલોમીટર દૂર છે. પૃથ્વીની સપાટીની આજુબાજુ લગભગ ૮૦૦ કિલોમીટરની ઊંચાઇ સુધી જીવન જીવવાં માટેનાં અનેક જાતનાં વાયુઓ રહેલાં છે. વૈજ્ઞાનિકોએ ચંદ્રને પૃથ્વીના ઉપગ્રહ તરીકે ઓળખાવ્યો છે. પૃથ્વીથી સૌથી નજીક ચંદ્ર છે. પૃથ્વીથી ચંદ્રનું અંતર લગભગ ૩૮૫૦૦૦ કિલોમીટર છે. આ રીતે જૈન માન્યતાથી સર્વથા ભિન્ન એવી વૈજ્ઞાનિક માન્યતા મુજબ પૃથ્વીનો પરિચય પૂરો થયો.

*

## ભારતીય અને અભારતીય વૈજ્ઞાનિકો સમાન માન્યતાઓ ધરાવે છે

પૃથ્વી સ્થિર છે અને સૂર્યાદિ ગ્રહો ચર છે એટલે ફરે છે તથા પૃથ્વી ફરે છે અને સૂર્યાદિ ગ્રહો સ્થિર છે. આ બંને પ્રકારની માન્યતા ભારતમાં અને ભારતની બહાર સેંકડો વરસોથી ચાલી આવે છે. આ બંને માન્યતાઓને ખગોળશાસ્ત્રીઓ પોતાના તર્ક અને દલીલોથી સાબિત કરી બતાવે છે.

એમાં જૈન ભૂગોળ-ખગોળશાસ્ત્રીઓ પૃથ્વીને સ્થિર અને સૂર્ય-ચંદ્ર ફરે છે એવો એક જ મત ધરાવે છે.

---

૧. આમ તો વિજ્ઞાનમાં કરોડો ગ્રહો અને ગ્રહોને પણ બે-ચાર કે તેથી વધુ ચંદ્રો છે. આ બધી વાતો જૈન ખગોળ સાથે જરાપણ મેળ ખાતી નથી. જૈનશાસ્ત્રોમાં ભૂગોળ-ખગોળ અંગે વિશેષ વર્ણન નથી.

## લેખાંક-૭

જો કે સામાન્ય પ્રસિદ્ધિ એ છે કે ભૂગોળ-ખગોળના વિષયમાં છેલ્લાં પચાસેક વરસથી જૈન સમાજમાં જે કાંઈ ઉહાપોહ જાગ્યો છે તે પરદેશી વૈજ્ઞાનિકોનાં નિર્ણયો સામે જાગ્યો છે. પરંતુ હકીકતમાં જોઈએ તો એકંદરે જૈન, વૈદિક (હિન્દુ), બૌદ્ધ, ઇસ્લામ, ખ્રિસ્તી વગેરે ધર્મોએ પોતપોતાના ધર્મગ્રન્થોમાં ભૂગોળ-ખગોળને લગતી બાબતો જણાવી છે. એ બધા ધર્મગ્રન્થોમાં જે વિગતો આપી છે તે મતમતાંતરવાળી, વિસ્મયજનક અને કેટલીક બુદ્ધિથી ન સમજી શકાય તેવી છે.

આથી એક વાત એ ઉપસી આવે છે કે ભૂગોળ-ખગોળની બાબત ઉપર ધર્મનેતાઓને કંઈને કંઈ લખવાની અગત્ય સમજાણી હતી, ત્યારે જ ધર્મગ્રન્થોમાં તેને સ્થાન આપવામાં આવ્યું છે. એક જ દેશમાં ઉત્પન્ન થએલા ધર્મનેતાઓને એકબીજા વચ્ચે કશો મેળ ન ખાય એવી તેમજ રમૂજ પ્રેરે તેવી વિગતો કયા આધારે લખી હશે? શી રીતે જાણી હશે? તે તો જ્ઞાની જાણે, પણ સામાન્ય નિયમ મુજબ દરેક ધર્મશાસ્ત્રે પોતે જે લખ્યું તે સંપૂર્ણ સાચું જ છે તેવું નિશ્ચિતપણે તેઓ માને છે. આ પરિસ્થિતિમાં કોણ સાચું અને કોણ ખોટું એ નક્કી કરવાનું કામ ઘણું જ મુશ્કેલીભર્યું ઉપરાંત અશક્ય પણ છે.

જૈનશાસ્ત્રોએ પણ ભૂગોળ-ખગોળની વાતો પોતાના અનેક ગ્રન્થોમાં છૂટી-છવાઈ લખી છે. જૈનધર્મ ત્યાગ, તપ અને આચારપ્રધાન હોવાથી ભૂગોળ-ખગોળના વિષય સાથે તેનો સીધો આધ્યાત્મિક સંબંધ નથી, છતાં આડકતરી રીતે એ સંબંધ આધ્યાત્મિકચિંતન માટે ખૂબ જ જરૂરી લેખાયો છે.

પ્રશ્ન–જૈન શાસ્ત્રોની વાત સાચી છે ખરી?

ઉત્તર–જૈન શાસ્ત્રોએ બધી વાતોનું કથન કહેનાર વ્યક્તિ તરીકે સર્વજ્ઞને સ્વીકાર્યા છે. જૈનધર્મની સર્વજ્ઞવ્યક્તિ જન્મી ત્યારથી સીધી સર્વજ્ઞ નથી હોતી પણ ત્યાગ, તપ, સંયમ દ્વારા જ્ઞાનની આડે આવેલાં આવરણભૂત કર્મોનો ક્ષય કરીને સંપૂર્ણ આવરણ ખસી જતાં, વીતરાગ અવસ્થા પ્રાપ્ત થતાંની સાથે તરત જ કેવળજ્ઞાનનો વિરાટ પ્રકાશ પ્રગટ થાય છે. તે પછી વિશ્વની, વિશ્વના પદાર્થોની ત્રણેયકાળની સમગ્ર વ્યવસ્થાને આત્મપ્રત્યક્ષ જુએ છે અને તે પછી જ તેમનાં જ્ઞાનમાં જે જોયું તે શક્ય એટલું જગત સમક્ષ જણાવતા રહે છે એટલે તેમનાં કથન ઉપર તેમના અનુયાયીઓ સંપૂર્ણ વિશ્વાસ કરે તે સ્વાભાવિક છે.

પ્રશ્ન-તો શું શાસ્ત્રીય ભૂગોળ સાચી માનવી? સાચી માનવી તો સંપૂર્ણ રીતે માનવી? અને વૈજ્ઞાનિક ભૂગોળ માટે શું? તો તેનો જવાબ અહીં મુલતવી રાખી આગળ જોઈએ.

ભૂગોળ-ખગોળની અમુક બાબતમાં ભારતીય-અભારતીય કેટલાંક શાસ્ત્રો લગભગ એક જ મતવાળાં રહ્યાં છે. એ તમામ શાસ્ત્રોમાં પૃથ્વી સ્થિર છે અને સૂર્ય ફરે છે આ વાત બધાએ

એકસરખી કહી છે. પરદેશી ખ્રિસ્તી ધર્મગ્રન્થ બાઇબલમાં પણ એ જ વાત લખી છે. બધાય વૈજ્ઞાનિકો તે જાણે છે.

પ્રશ્ન–સેંકડો વર્ષથી આ માન્યતા ચાલી આવતી હતી, તે માન્યતાનું ખંડન કરીને પૃથ્વી ગોળ છે, સૂર્યાદિ ફરે છે આ વાત કોણે ઊભી કરી અને શી રીતે કરી?

ઉત્તર–પુસ્તકો અને અખબારી લેખો દ્વારા વાંચવા મલ્યું છે કે આ વાત સોળમી શતાબ્દીમાં પરદેશમાં જન્મેલા ગેલેલિયોએ પોતાના સંશોધનને અંતે જાહેર કરી. તેની જાહેરાત કર્યા પછી ક્રિશ્ચિયનસંઘની અંદર જબરજસ્ત વિરોધના ધરતીકંપો થયા. ધર્મગુરુએ સખત વિરોધ કર્યો અને ગેલેલિયોને તેની માન્યતા ફેરવવા અને માફી માગવા કહ્યું. તે પણ તેને સ્વીકાર્યું નહિ અને છેવટે ધર્મગુરુઓ સાથે રહીને ખ્રિસ્તી સમાજે ફરમાવેલી ફાંસીની સજા સ્વીકારી લીધી.

પ્રશ્ન–ગેલેલિયો પહેલાં આ વાત પરદેશમાં બીજા કોઇએ કરેલી ખરી?

ઉત્તર–ગેલેલિયો પહેલાં યુરોપ, અમેરિકામાં પ્રસ્તુત વાત કોઇએ કરી હતી કે કેમ? તેની મને જાણ નથી, પણ 'આપણા જ ભારત દેશના બ્રાહ્મણ ખગોળશાસ્ત્રીએ લગભગ પાંચમા સૈકામાં જરૂર જાહેર કર્યું હતું કે પૃથ્વી ગોળ છે, તે ફરે છે, સૂર્યાદિ સ્થિર છે વગેરે....' આથી એવું નક્કી થઇ શકે કે પૃથ્વી ગોળ છે, ફરે છે અને સૂર્યાદિ સ્થિર છે. આ માન્યતા કદાચ ભારતમાં જ જન્મ પામી. આ માન્યતા આર્યભટ્ટ પહેલાં આ દેશમાં જન્મી હતી કે કેમ? તે કહી શકું નહિ, પણ વિશ્વમાં માન્યતા તરીકે આર્યભટ્ટની માન્યતા જાણીતી છે. આથી એક વાત એ નક્કી થાય છે કે ઉપરોક્ત માન્યતા આપણા આર્યદેશના વતનીની પણ હતી.

પ્રશ્ન–આ માન્યતા ભારતના જ્યોતિષવિષયક વૈજ્ઞાનિકોએ સ્વીકારી હતી ખરી?

ઉત્તર–આર્યભટ્ટની માન્યતાને પણ ટેકો આપતો વર્ગ તો હતો જ, પરંતુ તેમની માન્યતા ખોટી છે. પૃથ્વી સ્થિર છે, સૂર્ય-ચંદ્ર ફરે છે એ માન્યતાનું સમર્થન કરનારી એક મોટી પરંપરા આર્યભટ્ટ પાછળ ચાલુ રહી, વળી એનું ખંડન કરનારા પણ તે વખતે હતા એટલે આ દેશની અંદર આ બંને પ્રકારની માન્યતાઓ ખૂબ જોરશોરથી ફેલાઇ ગઇ હતી. જેમ પરદેશની અંદર બંને પ્રકારની માન્યતા ધરાવનારો વર્ગ હતો તેમ આપણા દેશમાં પણ બંને પ્રકારની માન્યતાઓ ધરાવનારા વિદ્વાનો હતા જ. આ વાત વાચકો બરાબર યાદ રાખે.

જૈનસમાજની આ વિષયની અભ્યાસી કોઇ કોઇ વ્યક્તિ એમ કહે છે કે આપણાં જૈનધર્મનાં શાસ્ત્રોને ખોટાં પાડવાં અને ખોટાં પડે તો જનતાને શાસ્ત્રો ઉપરની શ્રદ્ધા ઊઠી જાય. આ જાતની પરદેશી લોકોની ચાલબાજી છે. લોકોની શ્રદ્ધા ખતમ કરવા માટે ભૂગોળ-ખગોળ આ એક જ વિષય સફળ નીવડે એવો છે, એટલે પરદેશના વૈજ્ઞાનિકોએ પૃથ્વી અને સૂર્ય અંગેની ભારતની માન્યતા સામે પોતાની વિરોધી માન્યતા જોરશોરથી જાહેર કરી. એ જાહેરાત માટેના પુરાવામાં જબરજસ્ત દૂરબીનો અને અન્ય સાધનોની સગવડ ઊભી થઇ ચૂકી હતી એટલે તેમણે કહ્યું કે અમોએ તો વેધશાળાનાં દૂરબીનો દ્વારા અને જુદી જુદી ગણિત પદ્ધતિ દ્વારા ચોક્કસ

નિર્ણય ઉપર આવ્યા છીએ કે પૃથ્વી ગોળ છે, ફરે છે અને સૂર્ય સ્થિર છે. પણ ભારતની પ્રજાએ આર્યભટ્ટને જોયા નથી, આર્યભટ્ટને થયે સેંકડો વરસ થયાં. કહે છે કે આર્યભટ્ટ વખતે દૂરબીન વગેરે કાંઈ હતું નહિ, તેનો જન્મ જ થયો ન હતો, જે જમાનામાં પૃથ્વી ગોળ છે અને ફરે છે આવી હવા જ ન હતી, તેવા યુગમાં આર્યભટ્ટે શી રીતે શોધી કાઢ્યું હશે? શી રીતે નક્કી કર્યું હશે? (કે પૃથ્વી ગોળ છે, ફરે છે અને સૂર્ય સ્થિર છે) આ ઘટના અસાધારણ આશ્ચર્ય ઉપજાવે તેવી છે. વગર વેધશાળાએ, વગર દૂરબીને એ જમાનામાં પુસ્તક વગેરેનાં સાવ ટાંચાં સાધનો હતાં, ત્યારે ગણિતપ્રધાન ઊંડું ચિન્તન-મનન વગેરેના બળથી કહ્યું હશે કે સંશોધનની દૃષ્ટિએ. જો કે જૈનદૃષ્ટિએ આર્યભટ્ટની વાત ખોટી છે એમ છતાં તેમણે જે કહ્યું તે ઘડીભર ઊંડું આશ્ચર્ય જન્માવે તેવું છે. આથી સમજી શકાશે કે આપણે ત્યાં પણ ભટ્ટ વિજ્ઞાનની આ માન્યતા જોરશોરથી ફેલાયેલી હતી. આથી વાચકોને મારે એ કહેવાનું છે કે શાસ્ત્ર ઉપરની શ્રદ્ધા ઊઠી જાય માટે પરદેશીઓએ ભૂગોળ-ખગોળની માન્યતા ઊભી કરી છે, પરદેશીઓએ જાણીજોઈને આ માયાજાળ ઊભી કરી છે, એવું એકાંતે માણી લેવું બરાબર નથી.

ગેલેલિયોએ જ્યારે જાહેર કર્યું ત્યારે તેની નજરમાં આ ભારત ન હતું અને ભારતની પ્રજા પણ ન હતી. ભારતનાં શાસ્ત્રો પણ ન હતાં. ૫૦૦ (પાંચસો) વરસ પહેલાંની આ વાત છે. એ જમાનામાં અને એ જમાના પછી પણ સેંકડો વર્ષ સુધી એમની માન્યતા ભારત પહોંચે તે પણ શક્ય ન હતું, આ એક વાત.

બીજી વાત એ કે એ જમાનામાં જૈનધર્મ શું, હિન્દુ ધર્મ શું એવા કશા ખ્યાલો પહોંચ્યા ન હતા. વૈજ્ઞાનિકોના મન ઉપર આવા ખ્યાલો હોતા પણ નથી. જે લોકો ભારતીય શાસ્ત્રોને ખોટાં પાડવાં માટે જ ગેલેલિયોએ આ માન્યતા ઊભી કરી છે તેમ કહે છે. તો હું પુછું છું કે ગેલેલિયોએ પોતાનું જ ધર્મશાસ્ત્ર જેમાં ઈસુખ્રિસ્તની વાણી સંઘરાએલી છે, જેનું નામ બાઈબલ છે, એ બાઈબલને પણ ખોટું પાડયું તો તેનું શું? બાઈબલની માન્યતા ભારતીય માન્યતા મુજબની જ છે. તો એ ક્રિશ્ચિયન વૈજ્ઞાનિકે પોતાનું ધર્મશાસ્ત્ર ખોટું પડશે એનો વિચાર કર્યા વિના પોતાનાં સંશોધનને મહત્ત્વ આપીને એ વાત જગજાહેર કરે ત્યારે માત્ર ભારતીય શાસ્ત્રોને ખોટાં પાડવાં માટે જ કર્યું છે તેવો આક્ષેપ શી રીતે કરી શકાય? અને ઉપર કહ્યું તેમ બાઈબલની માન્યતાને ખોટી પાડી એટલે તો તેને મારી નાંખવામાં આવ્યો.

પ્રશ્ન–આર્યભટ્ટના સમયમાં આ માન્યતા જોરશોરથી પ્રસરી હશે ત્યારે આપણાં પોતાનાં શાસ્ત્રો ખોટી વાત કરે છે એવું માનતા જૈન લોકોની શ્રદ્ધા ધર્મશાસ્ત્રો ઉપરથી ઊઠી ગઈ હશે એવું ખરૂં?

ઉત્તર–સમાજમાં હંમેશા જાતજાતની શ્રદ્ધાવાળા માણસો હોય જ છે. કાચી શ્રદ્ધાવાળા, અપરિપક્વ શ્રદ્ધાવાળા, ઉત્તમ શ્રદ્ધાવાળા, અલ્પ બુદ્ધિવાળા અને શ્રેષ્ઠ બુદ્ધિવાળા પણ હોય છે. ઉત્તમ કક્ષાથી નીચી કક્ષાના લોકો થોડા ઘણા દોરવાઈ ગયા હોય એવું બને છતાં લોકોને પોતાના ઈશ્વર ઉપર, પોતાના ધર્મપ્રણેતા ઉપર એટલી બધી દૃઢ શ્રદ્ધા હોય છે કે એમણે લખેલી

માન્યતા પ્રત્યે અપરિપક્વ માણસોનાં મનમાં કદાચ સંદેહ થાય કે આ સાચું કે ખોટું છતાં પોતાના ઈશ્વર પ્રત્યેની જામેલી શ્રદ્ધા અને માન્યતા છોડવા ભાગ્યેજ તૈયાર થાય છે. હા, અપવાદ હોઈ શકે છે.

પ્રશ્ન–આટલાં બધાં વરસો જૂની આર્યભટ્ટની માન્યતા હિન્દુઓથી ઉલટી હતી તો પછી હિન્દુઓએ અને જૈનોએ આ સામે વિરોધ ઊઠાવ્યો હશે ખરો?

ઉત્તર–આ બાબતમાં વાંધો ઊઠાવ્યાના કોઈ પુરાવા જાણવા મળ્યા નથી, અને એ વખતે તો વિરોધ કરવા માટેની અનુકૂળતા પણ ન હતી. કેમકે વિરોધ કરવાનાં સાધનો ત્યારે ઉપલબ્ધ ન હતાં, ત્યારે વિરોધની પત્રિકા કે પુસ્તક કાઢવાં માટે કોઈ પ્રેસ ન હતો, છાપાં ન હતાં, ટપાલ ન હતી. એ જમાનામાં વિરોધ કરવો હોય તો રૂબરૂ મળીને શાસ્ત્રાર્થ કરાતો હતો અથવા તેની નકલો બીજાને પહોંચાડાતી હતી, એટલે વિરોધની સંખ્યા બહુ ટૂંકી રહેતી હતી. આમ છતાં બ્રહ્મગુપ્ત જેવા ખગોળ-ગણિતશાસ્ત્રીઓએ પોતાના પુસ્તકમાં આર્યભટ્ટની વાતનું ખંડન કર્યું હતું છતાં જીવનના અંતિમકાળમાં તેમણે આર્યભટ્ટનો મત સ્વીકાર્યો હોવાની વાત પણ મળે છે.

પ્રશ્ન–આર્યભટ્ટે જે મત પ્રવર્તાવ્યો એમાં જૈનગ્રન્થોમાં એ મતનો કોઈ ઉલ્લેખ કે કોઈ અભિપ્રાય નોંધાયો છે ખરો?

ઉત્તર–આર્યભટ્ટે જે ગ્રન્થો લખ્યા તેના ઉપરથી બીજી હસ્તલિખિત નકલો લખીને પ્રચારાર્થે તે મોકલવામાં આવતી હશે. જૈનાચાર્યો પાદવિહારી હોવાથી બધે વિહાર કરતા હોય છે. વળી અન્ય મતમતાંતરોનું પણ જ્ઞાન પ્રાપ્ત કરતાં હોય છે, અને પોતાને જરૂરી લાગે તે ધર્મના ગ્રન્થોનો સંગ્રહ કરતા હોય છે તેથી તે ગ્રન્થ દ્વારા એક હજાર વર્ષ પહેલાં આપણા સંઘમાં, સાધુ સંસ્થામાં આર્યભટ્ટના મતની સારી જાણ થયેલી હશે એટલે જૈનધર્મનાં આગમો પૈકીનું બીજું મહત્ત્વનું માનનીય આગમ જેનું નામ 'आचारांग' સૂત્ર છે, તે ગ્રન્થના ટીકાકાર શીલાંકાચાર્ય છે, જે એક સમર્થ વિદ્વાન ટીકાકાર હતા. તેમને[1]આચારાંગની અર્થગંભીર ટીકા લખી છે. એ ટીકામાં એક સ્થળે પ્રસંગ આવતાં લોક કેવો છે? ત્યારે એના જવાબમાં ત્યાં કોઈનો મત ટાંકતા લખ્યું છે કે—"ભૂગોળ એટલે ગોળ એવી પૃથ્વી ફરતી છે અને સૂર્ય સ્થિર છે." સંભવ છે કે આ નોંધ આર્યભટ્ટના મતની હોય!

પ્રશ્ન–આજના જમાનામાં (પ્રાયઃ) એક પંડિતે અને એક મુનિરાજે ગેલેલિયોની પરદેશની માન્યતા સામે વિરોધ કર્યો અને પોતાની બધી શક્તિ અને તાકાત કામે લગાડી, જૈનશાસ્ત્રો પ્રત્યેની પોતાની અડગ શ્રદ્ધા હોવાના કારણે સખત વિરોધ કર્યો પણ મારો સવાલ એ છે કે હજારો વર્ષ વીત્યાં છતાં ગેલેલિયો જેવી જ માન્યતા ધરાવતા આર્યભટ્ટની માન્યતા સામે કોઈએ વિરોધ કેમ ન કર્યો?

ઉત્તર–તેનું કારણ એ સમજાયું છે કે આર્યભટ્ટને કોઈ જાણતું નથી. આર્યભટ્ટની

---

૧. જુઓ શીલાંકાચાર્યની ટીકા, ૧૯૯માં સૂત્રની ટીકા.

માન્યતાઓ પણ આજે ખોરંભે પડી ગઈ છે એટલે, પરંતુ પરદેશી વૈજ્ઞાનિકોની માન્યતા આપણા દેશમાં શાસન કરી રહેલાં પરદેશી શાસકોએ ભૂગોળ-ખગોળનાં પુસ્તકોમાં આ માન્યતાઓ દાખલ કરી દીધી અને હજારો છોકરાંઓ ભણવા માંડયા એટલે અમારા મહાનુભાવોને ધરખમ ચિંતા થઈ કે ભૂગોળ-ખગોળની પરદેશી માન્યતા શીખીને આપણી જૈનધર્મની માન્યતા હાંસીને પાત્ર બનશે. આપણાં શાસ્ત્રો પ્રત્યે અશ્રદ્ધાળુ બની જશે એટલે પ્રસ્તુત મહાનુભાવોએ જૈનધર્મની સાચી માન્યતા રજૂ કરી. પરદેશી માન્યતાઓ ખોટી છે અને ભારતીય સંસ્કૃતિ કે આર્યસંસ્કૃતિને ધક્કો પહોંચાડવા માટેનો એમનો કૂટ અને માયાવી પ્રયત્ન છે એવું તેઓએ પોતાના તરફથી પ્રગટ થતાં લેખો અને પુસ્તકોમાં જણાવ્યું છે.

પ્રશ્ન–શું પરદેશીઓ આવું કરે ખરા?

ઉત્તર–કરવું હોય તો ઘણું બધું કરી શકે છે, પણ ગેલેલિયોની માન્યતા આપણી સામે હતી એ કહેવું ન્યાયી નથી. બાકી ભારતીય સંસ્કાર, સંસ્કૃતિ અને સિદ્ધાન્ત તેમજ શ્રદ્ધાનાં મૂળ એટલાં ઊંડાં છે કે હજારો વિરોધી પ્રયત્નોથી પણ તે ખતમ થઈ શકે તેમ નથી.

પ્રશ્ન–શું પરદેશી માન્યતાઓ જાણીને આપણો જૈન વિદ્યાર્થીવર્ગ જૈનશાસ્ત્રો પ્રત્યેની શ્રદ્ધાથી વિચલિત થઈ જાય ખરો?

ઉત્તર–આનો જવાબ ટૂંકાણથી આપી શકાય તેમ નથી અને વિસ્તારથી લખવાની અહીં જગ્યા નથી. બાકી આપણા વિદ્યાર્થીઓને ભૂગોળ-ખગોળમાં કેટલો રસ હોય છે તે સર્વે થાય ત્યારે ખબર પડે. પરીક્ષા પૂરતું ભણે છે, મોંઢે કરે છે બાકી વિશેષ રસ નથી. સ્કૂલની અંદર ભૂગોળ-ખગોળનો સબજેક્ટ (Subject) એમના માટે મહત્ત્વનો નથી હોતો, છતાં અમુક ટકા નીકળે. બાકી હું પ્રશ્ન એ કરૂં કે આજના વિદ્યાર્થીઓ પરલોકને માને છે ખરા? મોક્ષને માને છે ખરા? દેવલોકને માને છે ખરા? નરકને માને છે ખરા? કર્મસત્તાને માને છે ખરા? આજે તો આત્મા છે, તે શાશ્વત છે, પરલોક, મોક્ષ, દેવલોક, નરક અને કર્મસત્તા આવી બધી બાબતો ઉપર વિદ્યાર્થીઓને શ્રદ્ધા કેમ થાય એની ચિન્તા કરવાની વધુ અને ખૂબ જરૂર છે.

*

## લેખાંક-૮

જૈનધર્મમાં દેશ અને કાળના અંતિમમાં અંતિમ વિભાગો જણાવ્યા છે. તેમાં કાળનું સર્વ અંતિમ એટલે સૂક્ષ્મમાં સૂક્ષ્મ માન **સમયનું** છે. સમય પછી તેનાથી પણ સૂક્ષ્મ કોઈ કાળ છે નહિ. એ પ્રમાણે દેશ એટલે કોઈપણ પદાર્થનું અંતિમ પ્રમાણ. ત્યારે પદાર્થનો અંતિમ અણુ જેના પછી બે ભાગ થઈ શકે તેવા ભાગને પરમાણુ કહેવાય છે. પરમાણુ પછી કોઈ પ્રમાણ બાકી રહેતું નથી. જૈનધર્મના તમામ તત્ત્વજ્ઞાનની ઈમારત પાયામાંથી લઈને ટોચ સુધીની બાબતોમાં સમય અને પરમાણુ વ્યાપક રીતે રહેલાં છે.

પ્રશ્ન–સમય કોને કહેવાય?

ઉત્તર–એ માટે શાસ્ત્રમાં દૃષ્ટાન્ત આપ્યું છે કે તમે આંખ મીંચીને ઉઘાડો એમાં કેટલા સમય જાય? ત્યારે સર્વજ્ઞ ભગવાને કહ્યું કે અસંખ્યાતા સમય જાય. અસંખ્યાતા એટલે લાખો, કરોડો, અબજો, ખર્વ, નિખર્વ એથી પણ અનેકગણી સંખ્યામાં આગળ વધો ત્યારે અસંખ્યાતા સમય આવે. અત્યન્ત સુકોમળ કમળનાં સો પાંદડાં જમીન ઉપર મૂકવામાં આવે અને એક મજબૂતમાં મજબૂત માણસ તીવ્ર અણીદાર ભાલો લઈને તેને પાંદડામાં ઘોંચે. દેખીતી રીતે તો આટલું કરવામાં કદાચ ૦। સેકન્ડ થાય પરન્તુ સર્વજ્ઞની દૃષ્ટિએ તો ફક્ત પહેલાં એક પાંદડાંથી બીજું પાંદડું ભેદાયું એટલા કાળમાં અસંખ્યાતા સમય ગયા. સો પાંદડાં ભેદાતાં સો ગુણા અસંખ્યાતા સમય જાય. હવે તમે વિચાર કરો કે અસંખ્યાતા સમયમાંથી એક સમયની તમે કલ્પના કરી શકો ખરા? તે કદી શક્ય નથી.

એવી રીતે પરમાણુ એ દ્રવ્ય-પદાર્થનો છેલ્લામાં છેલ્લો ભાગ છે, જેને પરમઅણુ-છેલ્લામાં છેલ્લો નાનો ભાગ કહેવાય, પછી એનાં કદી બે ભાગ થઈ શકતાં નથી. આજની સેકન્ડ તો સમયનાં માપ કરતાં લાખોગણી મોટી છે. વૈજ્ઞાનિકોનો આજનો અણુ તે પરમાણુ કરતાં ઘણો જ મોટો છે. જૈનધર્મના અનંતાકાળથી થતાં સર્વજ્ઞ તીર્થંકરોએ જ્ઞાનચક્ષુથી આ વાત જોઈ છે. આ કાંઈ દૂરબીનોથી કે કોમ્પ્યુટરોથી અખતરાં દ્વારા નક્કી થયેલી વાત નથી. આપણી પોતાની ચક્ષુ તો ચર્મચક્ષુ છે, અને આ વાત ચામડાંની ચક્ષુથી નક્કી થયેલી નથી.

જૈનધર્મની એક જ વાત કહું, જે સાંભળી તમે તાજુબ થઈ જશો. જે બુદ્ધિથી બેસે તેવી પણ નથી, છતાં સર્વજ્ઞોએ પોતાનાં જ્ઞાનથી જોયેલી છે એટલે નિર્વિવાદ સત્ય છે. એ વાત કઈ? તો મનુષ્યલોકમાંથી એક જીવ સર્વકર્મનો ક્ષય કરીને દેહને ત્યજીને એનો આત્મા ચોક્કસ મોક્ષે પહોંચી જ જવાનો હોય ત્યારે તે આત્મા એક જ સમયમાં મોક્ષે પહોંચી જાય છે. મનુષ્યલોકથી મોક્ષ સેંકડો, અબજો માઈલ નહિ પણ અનેક અબજોના અબજો માઈલ દૂર છે. અસંખ્ય માઈલ કહીએ તો પણ ચાલે. આટલે દૂર રહેલું મોક્ષનું સ્થાન ઉપર જણાવ્યું તે માપવાળા સમયમાં પહોંચી જાય તો જડ પદાર્થ કરતાં ચૈતન્ય એવા આત્માની કેવી અપ્રતિહત અને અકલ્પનીય ગતિ છે એનો પણ ખ્યાલ આવી જશે.

સમય અને પરમાણુની વાત સામાન્ય રીતે મનમાં વસવસો ઊભો કરે પરંતુ આ બધી વસ્તુઓ અંતે સાચી છે, તેની ખાતરી આજની પ્રજાને થાય અને જૈનધર્મની સર્વજ્ઞમૂલક વાતો સાચી–તથ્ય છે એવું પુરવાર કરવા માટે વિજ્ઞાન ખરેખર! આજે જૈનશાસ્ત્રોની મદદે આવી ટેકો આપી રહ્યું છે.

૧૯૮૯ની સાલમાં રશિયાના શાંતિના મહાદૂત જેવા અહિંસા અને વૈશ્વિક શાંતિના અજોડ હિમાયતી આજના પ્રધાનપુરુષ ગોર્બોચેવે પોતે જ એક સભામાં કોમ્પ્યુટરના સમાચાર જાહેર કરતાં કહ્યું કે રશિયાએ એક સેકન્ડમાં બાર કરોડ, પાંચ લાખ કાર્યો કરી શકે એવું કોમ્પ્યુટર વિકસાવ્યું છે અને હવે પછીનાં એક વર્ષને અન્તે એક સેકન્ડમાં એક અબજથી વધુ કાર્યો કરી

શકે અને ઈ. સન્ ૧૯૯૫ની સાલ પહેલાં એક સેકન્ડમાં દશ અબજથી વધુ કાર્યો કરી શકે એવું સુપરકોમ્પ્યુટર વિકસાવશે. વિજ્ઞાન કયાં પહોંચશે! ભૌતિક ક્ષેત્રમાં કેવા કેવા આવિષ્કારો અને ચમત્કારો સર્જશે તેની કલ્પના આવે એમ નથી.

ઉપરની જેમ વૈજ્ઞાનિકો એક ઈંચનો વીશ કરોડમો ભાગ ૧૯૮૯ની પાત્રમાં માપી શક્યા છે. ૫૦ વર્ષ પહેલાં એક ઈંચનો દશ હજારમો ભાગ માપી શક્યા હતા પણ ૫૦ વર્ષમાં વિજ્ઞાન અને ટેકનોલોજી તેમજ વર્તમાનમાં ભારે આશ્ચર્ય જન્માવે તેવાં કોમ્પ્યુટરોનાં સહકારથી એક ઈંચનો વીશ કરોડમો ભાગ માપી શકાયો છે. ફૂટપટ્ટી ઉપર તમે એક ઈંચ માપેલું જુઓ. એ એક ઈંચના તમે ૫૦૦ ભાગ પણ કલ્પી શકો તેમ નથી તો એક ઈંચનો વીશ કરોડમો ભાગ શી રીતે માનવીના ગળે ઉતરે? આજે તેઓ વીશ કરોડમો ભાગ માપે છે પણ સમય જતાં એક ઈંચનો અબજમો ભાગ પણ માપી શકશે. આ વાત ૫૦ વર્ષ પહેલાં જો કોઈએ કરી હોત તો લોકો તેને પાગલ કહેત.

આપણા શરીરમાં રહેલો આત્મા શરીર વિના એકલો હોય ત્યારે તે કેટલો હોય આવો ભગવાનને પ્રશ્ન કર્યો ત્યારે ભગવાને કહ્યું કે અંગુલના અસંખ્યાતમા ભાગ જેટલો. જરા વિચાર કરવા જેવી વાત છે. આપણા એક આંગળાની પહોળાઈમાં આપણે વધુમાં વધુ બસોથી ત્રણસો આંકા પાડી શકીએ પણ અહીં તો આગળ વધીને અસંખ્યાતમા ભાગની વાત છે. હજુ વિજ્ઞાન તો કરોડની વાત કરી રહ્યું છે જ્યારે જૈનધર્મે તો અબજોથી આગળ વધીને ઠેઠ અસંખ્યાતાની વાત કરી છે.

એક અંગુલ એટલે લગભગ ૦। ઈંચ અને ૦। ઈંચ જેટલા ભાગમાં અસંખ્યાતમો ભાગ કલ્પવાનો. કહો, તમો કલ્પી શકશો ખરા? તમારૂં મગજ ક્ષણભર વિચાર કરતું બંધ જ થઈ જશે. આવાં ઘણાં દૃષ્ટાન્તો આપી શકાય.

## લેખાંક-૯

સંસ્કૃતમાં સ્થળ વગેરેનું અંતર બતાવનાર ઘણા શબ્દો છે, એમાં ગાઉ વાચક કોશ શબ્દ છે. જૈનધર્મમાં પ્રમાણો માટે કોશ શબ્દનો પ્રયોગ બહુ ઓછો જોવા મળે છે, પણ યોજન શબ્દનો ઉપયોગ ઘણો થયો છે. આ આપણું ભારતીય માપ છે. બ્રિટિશ રાજ્યના આવ્યા પછી આપણે ત્યાં માઈલનું માપ શરૂ થયું. જો કે આજે આપણા દેશમાં ગાઉ શબ્દનો વપરાશ ગામડા પૂરતો રહ્યો છે. બાકી ગાઉનું સ્થાન માઈલ શબ્દે લીધું છે. એક ગાઉના કેટલા માઈલ થાય? તો ૧॥ માઈલ થાય. જો કે સૌરાષ્ટ્રના કેટલાક પ્રદેશોમાં કેટલાક લોકો ૧ ગાઉ બરાબર ૨ માઈલની ગણતરી મૂકે છે.

હવે આપણે તો મુખ્ય વાત કરવાની છે યોજનની.

યોજન એટલે શું? અથવા યોજનના ગાઉ કરવા હોય તો કેટલા ગાઉ થાય? અત્યારે

વ્યવહારમાં પ્રસિદ્ધિ ૪ ગાઉના ૧ યોજનની છે, અને તે આપણા શાસ્ત્રીય સર્વસંમત માપ મુજબ ચાર હાથનો એક ધનુષ્ય કહેવાય. બે હજાર ધનુષ્યનો એક ગાઉ થાય. આપણી આ શાસ્ત્રીય ગણતરીના અનુસારે ૮૦૦૦ ધનુષ્યના અર્થાત્ ૪ ગાઉ થાય અને તેને જ યોજન કહેવાય.

હું નાનો હતો ત્યારે વિહારમાં ગુજરાતમાં પૂછીએ ત્યારે કેટલાક ૧ાા માઈલનો ગાઉ કહે અને કાઠિયાવાડમાં પૂછીએ ત્યારે ૨ માઈલનો ગાઉ કહે. આપણા દેશમાં વજનનાં માપો અને અંતરનાં માપો જુદા જુદા પ્રદેશોને આશ્રીને ભિન્ન ભિન્ન ચાલતાં હતાં. લલિતવિસ્તરા ગ્રન્થમાં મગધદેશમાં ૧૦૦૦ ધનુષ્યનો ગાઉ ગણાતો હતો, જ્યારે વૈજયન્તીકોશમાં મગધમાં ૪૦૦૦ ધનુષ્યનો યોજન ગણાતો હતો. (કૌટિલ્ય અર્થશાસ્ત્રથી આ વાત જાણવા મળી શકે છે) હવે શાસ્ત્રમાં સર્વસામાન્ય અંતરો માપવા માટે ૪ ગાઉનો ૧ યોજન એ નિયમ નક્કી થએલો છે. પરંતુ શાસ્ત્રકારોને થયું કે જંગી પહાડો, પૃથ્વીઓ અને વિમાનો માટે નવું મોટું પ્રમાણ હોય તો જલદી ગણતરી થઈ જાય. એટલે શાસ્ત્રકારોએ જણાવ્યું કે પહાડો, પૃથ્વીઓ, વિમાનો અને બીજી કોઈ મોટી વસ્તુઓ હોય તેનાં શાસ્ત્રકારોએ જેટલાં યોજન બતાવ્યા હોય તેટલા યોજન ૪ ગાઉના નહિ સમજવા, પરંતુ **नगपुढवी विमाणाई** આ જ સંગ્રહણી ગ્રન્થમાં આપેલી ૩૧૪ મી ગાથાના આધારે ૪૦૦ ગાઉનો ૧ યોજન ગણીને ગણતરી કરવી.

જૈનશાસ્ત્રમાં [1]ઉત્સેધાંગુલ, આત્માંગુલ અને પ્રમાણાંગુલ ત્રણ જાતનાં પ્રમાણ કહ્યાં છે. એ ત્રણે જાતનાં પ્રમાણો પણ થોડાં વિવાદાસ્પદ છે. આ માટે એક પૂર્વાચાર્યજીએ એ વિવાદ દૂર કરવા અંગુલસિત્તરી નામનો ગ્રન્થ લખ્યો છે.

ઉત્સેધાંગુલની બાબતમાં આપણે એક દાખલો લઈએ.

મેરુપર્વતની ઊંચાઈ એક લાખ યોજનની કહી અને ઉપર કહ્યું તે પ્રમાણે પ્રમાણાંગુલના માપવાળા યોજન બતાવ્યા ત્યારે મેરુપર્વત ચારસો (૪૦૦) લાખ યોજન ઊંચો થયો. બુદ્ધિથી આ વાત શક્ય છે ખરી?

જંબૂદ્વીપનો ફરતો કિલ્લો ૧૨ યોજન છે અને તે પ્રમાણાંગુલને બદલે ઉત્સેધાંગુલથી ચાર ગાઉના યોજનના માપે લઈએ તો પણ ૧૨×૪=૪૮ ગાઉ ઊંચો થયો. તેના માઈલ કરો તો કેટલા બધા થાય? લવણસમુદ્રની ભરતીનું પાણી અટકાવવા માટે કિલ્લાની જરૂરિયાત હતી. એ માટે ૫૦૦ ધનુષ્યની ઊંચાઈ ઘણી થઈ પડે તો પણ અધધ બોલી જવાય. આવી અનેક બાબતો કઈ રીતે બંધબેસતી કરવી તે વિચાર માગે છે.

યોજન કોણે ગણવો? એ પ્રશ્ન જૈનસમાજમાં સેંકડો વરસથી સળગતો રહ્યો છે. એક પૂર્વાચાર્યે તો એના ઉપર અંગુલસિત્તરી નામનો ખાસ ગ્રન્થ લખ્યો છે, એમાં માપની ચર્ચા કરી છે. એનો અર્થ એ થયો કે આપણે ત્યાં યોજનનું કોઈ નિશ્ચિત માપ નથી. આટલા બધા સાતિશયજ્ઞાની પૂર્વાચાર્યો થયા પણ જોરદાર અવધિજ્ઞાન ધરાવતા એવા કોઈ દેવ દ્વારા આનો ઉકેલ થવા પામ્યો નથી.

❋

---

૧. આ મુદ્રિત પુસ્તકમાં આના વર્ણન માટે જુઓ પૃષ્ઠ ૫૨૭.

# લેખાંક-૧૦

આપણા જૈન ગ્રંથોમાં ગાઉ તથા યોજન વગેરે માપોની બાબતમાં મતમતાંતરો પ્રવર્તે છે. જૈનશાસ્ત્રો પ્રમાણ અંગે ૪૦૦ ગાઉનો એક યોજન કહે છે. કેટલાક ૧૬૦૦ ગાઉનો અને કેટલાક ૧૦ ગાઉનો યોજન ગણવાની વાત કરે છે. પ્રાચીન ાળમાં આ દેશમાં જુદા જુદા પ્રાંતોમાં વજન અને માપની ગણતરીમાં જુદા જુદા ધોરણો ાંમાન હતા. આ સંજોગોમાં શાસ્ત્રમાં કહેલી ગણતરી સાથે કેટલીક બાબતોનો મેળ ખાતો ો. જેમકે–તીર્થંકરોના દીક્ષાના વરઘોડાની આગળ મહેન્દ્રધ્વજ ચાલે છે. તે મહેન્દ્રધ્વજ શાસ્ત્રકા ો એક હજાર યોજન ઊંચો જણાવ્યો છે. સામાન્ય નિયમ એવો છે કે ઊંચાઈના પ્રમાણ જ પહોળાઈ હોવી જોઈએ નહીંતર તે ચીજનું સમતોલપણું (બેલેન્સ) જળવાય નહિ. તો હજાર યોજન ઊંચાઈ સામે કેટલા યોજનની પહોળાઈ ગણવી જોઈએ એ પ્રશ્ન ઊભો થાય. એ તો સહુને ખ્યાલ હશે જ કે જૂના શહેરની ગલીઓ દશથી પંદર ફૂટ માંડ માંડ પહોળી રહેતી હતી તો આ મહેન્દ્રધ્વજ કલ્પનાથી ઓછામાં ઓછો ૦ા યોજન પહોળો ગણો તો પણ આ ક્ષત્રિયકુંડ નગરની શેરીમાંથી શી રીતે પસાર થાય? નિરાકરણ★ માંગે તેવી આ વાત છે. આમાં દૈવિક શક્તિને કારણ ગણીએ તો અશક્ય શક્ય બની શકે!

માપની એકવાક્યતા ન હોવાના કારણે ભૂગોળ-ખગોળના શ્રેષ્ઠ અભ્યાસી એક મુનિરાજે એક પૂજાના આધારે રાજગૃહી ઠેઠ ઉત્તરધ્રુવ પાસે હતી અને ભગવાન શ્રી મહાવીર ત્યાં વિચરતા હતા. એમના સાધુ-સાધ્વીઓ પણ એ તરફ વિચરતા હતા એવો વિચાર ધરાવતા હતા. થોડા સમય પછી મેં તેમને સવાલ પણ કર્યો હતો. કહેવાની વાત એ છે કે યોજનની ગણતરી નક્કી નહિ થાય ત્યાં સુધી ઘણી બધી બાબતોનો નિર્ણય થઈ શકે તેવું નથી. એમાંય ખાસ કરીને આકાશમાં રહેલા ગ્રહોની બાબતમાં તો નહીં જ. જમીન ઉપરના પદાર્થો માટે તો વાચકોને થોડો ઘણો ખુલાસો કરી સંતોષ આપી શકાય પણ આકાશી પદાર્થો માટે આપણે વિજ્ઞાનની માન્યતાઓ સામે કશો જવાબ આપી શકીએ તેવી સ્થિતિ નથી. કેમકે વિજ્ઞાને તો આકાશના પદાર્થોનાં માપ માટે કે અંતર માટે હજારો, લાખો અને કરોડો માઈલની વાત કરી છે. આપણી માન્યતા સાથે આકાશ-પાતાલ જેટલું અંતર રહે છે.

હમણાં જ છાપામાં સમાચાર આવ્યા છે કે નેપ્ચ્યુન ગ્રહની માહિતી મેળવવા માટે આજથી ૧૩ વર્ષ ઉપર છોડાએલા માનવ વગરના 'વોયેજર' નામના યાને સાડાચાર અબજ કિલોમીટરનો પ્રવાસ ખેડયો છે. અબજો માઈલો દૂર દૂર ગ્રહની વાત વિજ્ઞાન જણાવતું હોય ત્યારે લાગે છે કે આકાશી પદાર્થની તુલના કે ભાંજગડમાં આપણે પડવું ઉચિત નથી.

*

---

★ આપણે તીર્થંકરોને લગતી આશ્ચર્ય અને ચમત્કારપૂર્ણ બાબતમાં દૈવિકશક્તિ કે તીર્થંકરોના અતિશય-પ્રભાવને જ કારણ માની સંતોષ લઈ શકીએ પણ સર્વસામાન્ય વાચકને આટલાથી સંતોષી શકાય નહીં.

# લેખાંક-૧૧

## ગ્રહો વચ્ચેનું અંતર અને ગ્રહોનું માપ

૧. જૈનશાસ્ત્રોમાં ગ્રહનો ક્રમ છે તેથી જુદો જ ક્રમ વિજ્ઞાને માન્યો છે. જૈન ખગોળમાં ગ્રહોને વિમાનો માન્યા છે પણ તે વિજ્ઞાનની સરખામણીએ કદમાં સાવ નાના કહ્યા છે.

હવે વિજ્ઞાન શું કહે છે તે જોઈએ.

આકાશમાં સૂર્ય જે સ્થાને છે તે સ્થાનથી બુધનો ગ્રહ લગભગ છ કરોડ કિલોમીટર દૂર છે અને તેનો વ્યાસ ૪૮૬૮ કિલોમીટરનો છે. *શુક્ર સૂર્યથી લગભગ ૧૧ કરોડ કિલોમીટર દૂર છે અને તેનો વ્યાસ સાડા બાર હજાર કિલોમીટરનો છે. મંગળ પૃથ્વી કરતાં જરાક નાનો છે, સૂર્યથી લગભગ ૨૨$\frac{૧}{૨}$ કરોડથી વધુ કિલોમીટર દૂર છે અને તેનો વ્યાસ ૭૦૦૦ કિલોમીટરનો છે. ગુરુ સૂર્યથી લગભગ ૭૮ કરોડ કિલોમીટર દૂર છે, પૃથ્વીથી ઘણો મોટો છે. શનિ સૂર્યથી લગભગ ૧૪૩ કરોડ કિલોમીટર દૂર છે અને શનિ પૃથ્વીના વ્યાસથી મોટો છે. આ બધા ગ્રહોમાં કોઈપણ ગ્રહ ઉપર જીવન-પ્રાણી વસ્તી નથી. દરેક ગ્રહો સૂર્યને પ્રદક્ષિણા આપતા જણાવ્યા છે. વૈજ્ઞાનિકો સૂર્યને તારા શબ્દથી પણ ઓળખાવે છે. સૂર્ય પૃથ્વીથી ચૌદ કરોડ અઠયાસી લાખ કિલોમીટર દૂર છે. સૂર્ય પૃથ્વીથી ૧૩ લાખ ગણો મોટો છે. વૈજ્ઞાનિકોએ સૂર્યને વાયુનો ધગધગતો એક વિરાટ ગોળો કહ્યો છે અને વૈજ્ઞાનિકો કહે છે કે સૂર્યનાં કિરણો પૃથ્વી ઉપર આવે છે તેને લીધે પ્રકાશ અને ગરમી મળે છે. એના કારણે પૃથ્વી ઉપરની તમામ જીવસૃષ્ટિ ટકી રહે છે. વિજ્ઞાનની બુકમાં ગ્રહોના અંતર બાબતમાં મતાંતરો જોવા મલ્યા છે.

### ❖ તારાઓ વિષે ❖

૨. વૈજ્ઞાનિકોએ તારાને ગ્રહો કરતાં ઘણા મોટા અને સ્થિર માન્યા છે. ગ્રહો તારાઓ કરતાં ઘણા નાના છે. ગ્રહો સ્વયં પ્રકાશિત નથી પણ સૂર્યના પ્રકાશથી પ્રકાશે છે એમ જણાવે છે.

મારા જૈન વાચકો! તમો આગળ વાંચી આવ્યા તેથી સમજાયું હશે કે જૈનધર્મની ખગોળ વચ્ચે વિજ્ઞાનનો જરાપણ મેળ મળે તેમ નથી. વૈજ્ઞાનિકોએ આકાશી ખગોળને (આપણાથી તદ્દન

---

★ અમેરિકાએ ઇ. સન્ ૧૯૮૮માં શુક્ર ગ્રહ શું છે? ત્યાંની પરિસ્થિતિ શું છે? તેનો તાગ કાઢવા મેગેલાન નામનું અવકાશયાન રવાના કર્યું છે. અબજો માઈલનો પ્રવાસ કરીને ઇ. સન્ ૧૯૯૫માં રિઝલ્ટ આપવાનું છે. કહો જોઈએ. અંતરમાં જૈન ખગોળ સાથે જરાપણ મેળ ખાય તેમ છે? આ યાન અત્યન્ત સૂક્ષ્મગ્રાહી રેડાર યન્ત્રરૂપે છે. ગ્રહો ઉપર યાનો મોકલવાનો અમેરિકાનો ઉદ્દેશ પૃથ્વી ઉપર જેવી માનવ વસ્તી અને જીવસૃષ્ટિ ત્યાં છે કે કેમ! તે શોધી કાઢવાનો છે.

આ મેગેલાન નામનું યાન ૧૫ કરોડના ખર્ચે તૈયાર થયું છે. તે લગભગ ૬ મીટર ઊંચું અને ૪ મીટર પહોળું તેમજ ૩૪૫૪ કિલોગ્રામ વજનનું છે. તે આકાશમાં પરિભ્રમણ કરી રહ્યું છે. આ શુક્ર એક તેજસ્વી તારો છે. આપણા દેશમાં ખૂબ જ પ્રસિદ્ધ છે અને પરદેશમાં 'વિનસ' તરીકે ઓળખાય છે.

જુદી રીતે જ) દૂરબીનો, કોમ્પ્યુટરો અને અન્ય યાન્ત્રિક સાધનોથી જુદી જ રીતે જોયું છે અને વરસોથી જાહેર કરેલું છે. આ સંજોગોમાં આપણા જ્યોતિષચક્ર સાથે અંશમાત્ર પણ મેળ ખાય તેમ નથી માટે જૈનોએ ખગોળ બાબતમાં પણ વિજ્ઞાન એક સ્વતંત્ર દર્શનરૂપે સમજી તેની સાથે તુલના કરવાનો કે સમજાવવાનો વ્યર્થ પ્રયત્ન કરવો જરૂરી નથી.

૩. ભૂગોળ-ખગોળની બાબત સાથે સંબંધ ધરાવનારા સાધુ મહારાજો તથા શિક્ષકો વગેરે એક મોટો ભય વ્યક્ત કર્યા કરે છે કે પરદેશની ભૂગોળ જાણીને આપણાં બાળકો-યુવાનોની શ્રદ્ધા આપણાં શાસ્ત્રો ઉપરથી ઊઠી જશે. અપેક્ષાએ આ વાત થોડી ઠીક છે પણ આ ભય થોડો વધુ પડતો છે.

પહેલી વાત એ છે કે સ્કૂલમાં ભણતા જૈન વિદ્યાર્થીઓને અને ભણી લીધા પછી મોટા થયા હોય ત્યારે ભૂગોળનું જ્ઞાન બે-ચાર આની પણ હોતું નથી, પછી કયું સાચું અને કયું ખોટું એની તુલના કરવાનું સૂઝે જ ક્યાંથી? શ્રદ્ધા ખસી જવાની બાબતમાં જોઇએ તો આજે સ્કૂલમાં ભણેલા હજારો સાધુ-સાધ્વીઓ છે, કોઈની શ્રદ્ધા ખસી ગઈ નથી. એનું બીજું કારણ મોટું એ છે કે જૈન પ્રજાને પોતાના ભગવાન મહાજ્ઞાની, સર્વજ્ઞ હતા તેની પૂરી શ્રદ્ધા છે. જૈન ભગવાન ખોટું બોલે નહીં તેની પણ પૂરી શ્રદ્ધા છે. જ્યારે વૈજ્ઞાનિકો તો ગૃહસ્થો છે, સંસારીઓ છે, પુસ્તકીયા કે દૂરબીન જ્ઞાનવાળાં છે અને અનુમાનોથી જે નક્કી કરેલું હોય તે કંઇ સાચું થોડું હોય! આવી પણ સામાન્ય સમજ હોય પછી શ્રદ્ધા ઉઠી જવાનું સ્થાન જ ક્યાંથી હોય! અપવાદે હોય તે જુદી વાત છે.

૪. વૈજ્ઞાનિકો પોતાનાં જંગી દૂરબીનો દ્વારા ગ્રહો માટે ૫૦-૧૦૦ કે વધુ વરસો પછી ગ્રહો અંગે બનનારી ઘટના બાબતમાં ચોક્કસ નિર્ણયો આપે છે. ૬૦-૭૦ વર્ષ પછી પણ હેલીનો ધૂમકેતુ કયારે પૃથ્વીની નજીક આવશે એની આગાહીઓ કરી છે અને તે સાચી પડી છે. પરદેશના અને આપણા દેશના વૈજ્ઞાનિકો પણ જે જે ગ્રહો પૃથ્વીની નજીક આવવાના હોય તેની જાહેરાત કરે છે. તે કઇ તારીખે આવશે, આકાશમાં કયા રંગનો દેખાશે તે પણ જણાવે છે. હમણાં જ આપણા બેંગલોરના વૈજ્ઞાનિકોએ છાપામાં જણાવ્યું કે નવેમ્બરની ૨૦મી તારીખે કરોડો માઇલ દૂર રહેલો મંગલનો ગ્રહ છે તે ગ્રહ પૃથ્વીથી માત્ર સાત કરોડ, ત્રીસ લાખ અને ત્રીસ હજાર માઇલના અંતરે હશે. આટલા બધા વિશાળ અંતરોની વાત જૈન-અજૈન કોઇ ગ્રન્થોમાં જણાવી નથી, એટલે આકાશી બાબતોમાં ધર્મશાસ્ત્રો સાથે મુલવણી કરવાનો કશો જ અર્થ નથી.

## * એક વિચારવા જેવી વાત *

૫. એક વિચાર એવો આવે છે કે એક બાજુ ખગોળની બાબતમાં બંને પક્ષે ઘણા મોટા મતભેદો પ્રવર્તે છે, છતાં ભારતીય જ્યોતિષશાસ્ત્ર અને વૈજ્ઞાનિક જ્યોતિષશાસ્ત્ર આ બંને દ્વારા કેટલીક આકાશી ગણતરી સો એ સો ટકા એકસરખી નીકળે છે. જેમકે–

૧. દરિયાની રોજેરોજ જે ભરતી-ઓટ થાય છે તે કયા કયા ટાઇમે ભરતી અને કયા કયા

ટાઈમે ઓટ થશે તેની નોંધ વિજ્ઞાન અને ભારતના જ્યોતિષીના ગ્રન્થોમાં આવે છે અને મુંબઈ સમાચાર જેવા પત્રમાં રોજેરોજ આવે છે. પરંતુ બંને પક્ષની નોંધો એકદમ સરખી અને સાચી હોય છે.

૨. કયા દિવસે કઈ તિથિ હશે તે, ગ્રહણ કયા દિવસે, કયા ટાઈમે થશે, કેવું થશે, કયાં દેખાશે, કયાં નહિ દેખાય અને તેને લગતી બીજી વિગતો, આ બધી વાતો બંને પક્ષે બરાબર મળતી આવે છે. આ પણ એક નોંધ લેવા જેવી સુખદ બાબત છે એટલે આ બાબતમાં વૈજ્ઞાનિકો પણ આપણી સાથે જ છે.

૩. આ બાબતમાં ગણિત બંનેનું લગભગ સાચું પડે છે. તો તેનું સમાધાન શું?

*

★ ભારતના સુપ્રસિદ્ધ વિજ્ઞાની જગદીશચંદ્ર બોઝે નિર્જીવ અને સજીવ પદાર્થો વચ્ચે વનસ્પતિસૃષ્ટિ મધ્યમકક્ષાએ અસ્તિત્વ ધરાવે છે. બંને વચ્ચેની રેખા અત્યંત પાતળી છે અને અભેદ્ય નથી. આ માન્યતાની આધારશિલા ઉપર તેઓએ વનસ્પતિની જીવંત પ્રક્રિયાઓનો અને તેમની સંવેદનાઓનો વ્યાપક તેમજ ઊંડો અભ્યાસ કર્યો. તે પછી તેમણે પોતાની માન્યતાના આધારે ખાસ યન્ત્રો બનાવ્યાં અને પછી વનસ્પતિ ઉપર એ યંત્ર દ્વારા પ્રયોગો કરીને સિદ્ધ કર્યું કે વનસ્પતિસૃષ્ટિ માનવીની જેમ જ તમામ પ્રકારની લાગણી અને સંવેદનાઓ અનુભવે છે. વૃક્ષને કાપવા કુહાડીના ઘા કરો ત્યારે કુહાડીના ઘાથી મનુષ્યને જેવી પીડા થાય કે દુઃખ થાય તેવી જ પીડા અને તેવું જ દુઃખ વનસ્પતિને થાય છે. કોઈ માણસ દાતરડું લઈને ઝાડ કાપવા વૃક્ષ પાસે આવે ત્યારે વૃક્ષમાં તેનાં પાંદડાંઓમાં અદૃશ્ય ભયની ધ્રુજારીઓ, ચિંતા અને વેદના થાય છે. આથી જગદીશચંદ્રે નક્કી કર્યું કે વનસ્પતિમાં જીવ એટલે કે તે સજીવ વસ્તુ છે. પછી પરદેશમાં જઈને પોતાનાં યન્ત્રો દ્વારા વનસ્પતિ સજીવ છે એ જોરદાર રીતે સાબિત કરી આપ્યું અને સમય જતાં લગભગ દુનિયાભરના તમામ વૈજ્ઞાનિકોએ પહેલીજવાર વનસ્પતિમાં પણ જીવાત્મા છે તેનો સ્વીકાર કર્યો. જૈન ગ્રન્થોમાં તો વનસ્પતિમાં અપ્રગટપણે રહેલી સુખ, દુઃખ મોહ, રાગ, દ્વેષ, હિંસા, ક્રૂરતા, ભય, ચિંતા, કામેચ્છા આદિ અનેક સંજ્ઞાઓ હોવાનું સ્પષ્ટ જણાવ્યું છે. સર્વજ્ઞ જૈન તીર્થંકરોએ કહેલી બાબતો કેટલી બધી યથાર્થ છે તે આજના યાન્ત્રિક સાધનો અને વૈજ્ઞાનિક વિશ્લેષણો દ્વારા ઘણું બધું પુરવાર થયું છે, થઈ રહયું છે અને થશે.

*

# લેખાંક-૧૨

## વિજ્ઞાન અને વૈજ્ઞાનિકો અંગે અવનવું કંઈક જાણવા જેવું

સેંકડો વર્ષ પહેલાં ભૂગોળ-ખગોળની બાબતમાં વૈજ્ઞાનિકો વધુમાં વધુ ચોકસાઈભર્યું જ્ઞાન બહુ ઓછું ધરાવતા હતા. વિજ્ઞાનમાં રસ લેનારા પણ ત્યારે બહુ ન હતા. બુદ્ધિનો વિકાસ ત્યારે

એટલો થયો ન હતો. આકાશ સંશોધન માટે વેધશાળાઓ ન હતી, તેમજ જોવાં માટે દૂરબીનો ન હતાં, ભૂગોળ પ્રવાસ કરનારા સાહસિકો અને અનુકૂળ સાધનો ખાસ ન હતાં, એટલે આ ક્ષેત્રમાં બહુ ઓછા વિજ્ઞાનના રસિકો પ્રવૃત્તિ કરતા હતા, પણ સમય જતાં ખગોળશાસ્ત્રીઓ અને સાહસિકો જન્મ્યા અને જતે દિવસે સંશોધનનાં દરવાજા ખૂલી જતાં વિજ્ઞાનનાં ક્ષેત્રો ખૂબ વિકસતાં અને વિસ્તરતાં રહ્યાં. તેમજ છેલ્લા સૈકાઓમાં સંશોધનને માટે અનિવાર્ય એવાં દૂરબીનો પણ તૈયાર થયાં. જેનાં પરિણામે વિજ્ઞાને જંગી કૂચ કરી, દોટ મૂકી અને પછી હરણફાળ ભરી. પરિણામે વિજ્ઞાન અને ટેકનોલોજી પુરબહારમાં ખીલી ઉઠયું. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ વગેરે શું છે, એ ઉપર તલસ્પર્શી સંશોધન કર્યું. આ તત્ત્વો ઉપર સારો કાબૂ ધરાવ્યો. અનેક ક્ષેત્રોમાં ન કલ્પી શકાય એવી સિદ્ધિઓ પ્રાપ્ત કરી. ટેકનોલોજી ક્ષેત્રે અનેક ચમત્કારો સર્જ્યા, માનવબુદ્ધિને સ્તબ્ધ બનાવી દીધી અને દુનિયાને દંગ કરી, દુનિયાને પણ સાંકડી બનાવી દીધી.

એક વખત વૈજ્ઞાનિકોને થયું કે એક વર્ષ સમર્થ દેશો બધા ભેગાં થઈને પૃથ્વીનાં અનેક રહસ્યોને બહાર લાવવા માટે નિર્ણય કરે અને જો બધા દેશોના વૈજ્ઞાનિકો કામે લાગી જાય તો પૃથ્વી સાથે સંબંધ ધરાવતી અનેક બાબતો-રહસ્યો બહાર આવે, જાણવા મળે. છેવટે ૭૦ રાષ્ટ્રોનો સહકાર મળ્યો, અને ઇ. સન્ ૧૯૫૭થી લઇ ઇ. સન્ ૧૯૫૮નાં સમયમાં એક વર્ષ સુધી અવિરત કાર્યો કરી નવાં રહસ્યો શોધવા માટે સહુએ ભેગાં મળીને આંતરરાષ્ટ્રીય (International Geophysical Year) ભૂભૌતિક વર્ષ ઉજવવાની જાહેરાત કરી.

ઇ. સન્ ૧૯૫૭ના જૂલાઇથી લઇને ઇ. સન્ ૧૯૫૮ ના ડિસેમ્બર એટલે ૧૭ મહિના સુધી પૃથ્વીની ચારે દિશામાં અનેક સ્થાનો ઉપર જાતજાતનાં પ્રયોગો અને સંશોધનો આદર્યાં. એમાં ધ્રુવીય પ્રકાશ, પૃથ્વીની ચુંબકતા, કોસ્મિક કિરણ વગેરેનું સંશોધન થવા પામ્યું. વાયુમંડળનું જ્ઞાન પ્રાપ્ત કરવા માટે અને અંતરીક્ષના સંશોધનોમાં ઘનિષ્ઠ વાયુમંડળ અને ગુરુત્વાકર્ષણના નિયમોને ભેદવા માટે માનવનું મગજ સ્તબ્ધ થઇ જાય એવી જાતનાં માનવસર્જિત કૃત્રિમ ઉપગ્રહો ઊભાં કર્યાં, રોકેટો તૈયાર કર્યાં. પ્રથમ રશિયાએ દુનિયાના ઇતિહાસમાં અને પૃથ્વીના આકાશી ઇતિહાસમાં પહેલીજવાર ઉપગ્રહ સ્પુટનિકને અવકાશમાં ચઢાવીને વિશ્વને સ્તબ્ધ કરી દીધું. રોકેટ અને ઉપગ્રહો છોડવામાં આવ્યાં. દક્ષિણધ્રુવ પ્રદેશનું અન્વેષણ તેમજ ભરતી-ઓટની ધારાઓની પરીક્ષા વગેરે અનેક બાબતોનું જ્ઞાન પ્રાપ્ત કરવામાં આવ્યું. માનવની બુદ્ધિ સ્થગિત થઇ જાય, જેની કલ્પના પણ ન આવે એવી એવી શોધો થવા પામી, તે પછી વિજ્ઞાનની તાકાત, શક્તિ વધી, તે પછી તેનાં નિર્ણયો પણ વધુ ચોકસાઇભર્યાં અને વધુ વિશ્વસનીય ગણાવવા લાગ્યા.

ઇ. સન્ ૧૯૫૭ના ૪થી ઓકટોબરે રશિયાએ માનવસર્જિત ઉપગ્રહ સ્પુટનિકને અવકાશમાં પ્રક્ષેપિત કરી જગતને આશ્ચર્યચકિત કરી દીધું, તે જોઇને રશિયાનો પ્રચણ્ડ હરીફ કંઇ બેસી રહે ખરો? એટલે અમેરિકાએ પણ આ ક્ષેત્રમાં ઝુકાવ્યું, અને ઇ. સન્ ૧૯૭૦-૧૯૭૯ સુધીમાં માનવસહિત યાનો તરતાં મૂકયાં. વિશ્વ પુનઃ સ્તબ્ધ બની ગયું. કંઇક લોકો તર્ક-વિતર્ક કરતાં

રહ્યાં. પછી તો બંને દેશો વચ્ચે સામસામી અવકાશી સ્પર્ધા ચાલી. અવકાશયાનો, ઉપગ્રહોની હારમાળાએ વિજ્ઞાનનાં ક્ષેત્રમાં એટલી બધી સિદ્ધિઓ મેળવી છે કે જેની માનવજાત કલ્પના પણ નહિ કરી શકે. વિજ્ઞાન હંમેશાં જૂનાં નિર્ણયો ઉપર વધુ સંશોધન કરીને નવી નવી ક્ષિતિજો શોધી કાઢવા તરફ અને નવી નવી શોધો-આવિષ્કારોને જન્મ આપવા માટે તે રાત-દિવસ ધમધોકાર પ્રયત્નો કરતું જ રહે છે. વૈજ્ઞાનિકોની એક રસમ એવી સારી છે કે પોતે જ પોતાની પહેલાના વૈજ્ઞાનિકોએ નક્કી કરેલી કેટલીક બાબતોને ખોટી પણ બતાવી, કેટલાક નિયમો અધૂરા હતા તે પણ જાહેર કર્યાં છે અને આજ સુધી અનેક વખત કહ્યું છે કે અમારા બધા નિર્ણયો સનાતન અને શાશ્વત બની જતા નથી. આજનું સત્ય કાલે અસત્ય થઇ ઊભું રહે અને ગઇકાલનું અસત્ય આજે સત્ય બની રહે, માટે અમારી બધી જ વાતો સાચી માની લેવી નહિ વગેરે.

બધા વૈજ્ઞાનિકો બધી જ બાબતમાં વિશ્વસનીય હોય છે એવું નથી હોતું એમને પણ વિરોધી દેશોથી કે પ્રજાઓથી ઘણું છુપાવવું પડે છે. વિજ્ઞાન એ વિકસતું જ્ઞાન છે એટલે ગઇકાલના નિર્ણયો પરિસ્થિતિવશ બદલાઇ પણ જાય એમ વૈજ્ઞાનિકો પોતે જ જાહેરમાં કહેતા જ રહ્યા છે. વિજ્ઞાનની બધી જ વાત સાચી છે કે બરાબર છે એમ એકાંતે ન સમજવું પણ વિવેકપૂર્વક સ્વીકાર કરવો.

*

# લેખાંક-૧૩

## જૈન સમાજના ભૂગોળ-ખગોળના અભ્યાસીઓએ વિચારવા જેવું

લગભગ ત્રીસેક વરસથી નીચે જણાવેલા પ્રશ્નોનું સમાધાન સ્વયં કરી શકયો નથી તેમજ ભૂગોળ-ખગોળના અભ્યાસી મુનિરાજો દ્વારા પણ થવા પામ્યું નથી.

વૈજ્ઞાનિકો પૃથ્વીને હવે દડા જેવી સાવ ગોળ નહીં પણ જમરૂખ જેવી માનવા લાગ્યા છે, જ્યારે આપણે-શાસ્ત્રો ગોળ માનતા નથી. આ એક મોટો વિસંવાદ છે.

૧. પૃથ્વીના ગોળા જેવા ફૂલાવેલા ફુગ્ગાની ઉપરની ટોચને જ્યારે હથેલીથી દબાવશો ત્યારે ફુગ્ગો જમીન ઉપર બેસી જશે એટલે નીચેનો ભાગ વધુ પહોળો થઇ જતાં બે છેડા વચ્ચેનું અંતર વધી જશે પણ ઉપરનો ભાગ અકબંધ રાખ્યો હોવાથી ઉપરના ભાગની વ્યવસ્થાને કશો બાધ આવતો નથી.

ઘણાં વરસો પહેલાં પૃથ્વીને ચપટ-સપાટ ચીતરવા માટે અક્ષાંશ-રેખાંશને કાગળ ઉપર જ્યારે ગોઠવ્યા ત્યારે પરિસ્થિતિ એ નિર્માણ થઇ કે પૃથ્વીના ઉપરનું જોડાણ તો સાબૂત રહ્યું પણ પૃથ્વીના દક્ષિણાર્ધ ભાગમાં એકબીજા વચ્ચેનું અંતર ઘણું દૂર થવા પામ્યું.

આ વાતને જરા સ્પષ્ટતાથી સમજીએ.

અત્યારે વૈજ્ઞાનિકોએ નિર્માણ કરેલા પૃથ્વીના નકશામાં તેમજ પૃથ્વીના ગોળાકારે તૈયાર થએલા ગોળામાં પૃથ્વીના ઉત્તરાર્ધના ટોચના ભાગે એક બાજુએ રશિયાનો છેડો, બીજી બાજુ અમેરિકાના ઉપરના ભાગમાં કેનેડા આવેલું છે અને એ કેનેડાની સાથે જોડાએલો અલાસ્કાનો જાણીતો પ્રદેશ છે. અલાસ્કાની ધરતીનો એક છેડો, બીજી બાજુ રશિયા ઉત્તરધ્રુવ મહાસાગરથી સ્પર્શાએલો છે. એ રશિયાના જમણા છેડે ઉત્તરધ્રુવવૃત્ત આ નામની ધરતી છે અને આ ધરતીના છેડા ઉપર ઈએસ કરીને ગામ છે, એ ગામની નજીકનો છેડો, આ રીતે રશિયા અને કેનેડાના બંને બાજુના છેડા નજીક નજીક આવેલા છે. આ બંને દેશના બંને છેડાની વચ્ચે નાનકડી સામુદ્રધુની છે, જેને બેરીંગની સામુદ્રધુની કહેવામાં આવે છે. આ રીતે પૂર્વગોળાર્ધ અને પશ્ચિમગોળાર્ધનો ઉપરનો છેડો બંને સામસામે આવી જાય છે. પરંતુ જ્યારે ગોળાને ચપટ કરીએ ત્યારે દક્ષિણ ગોળાર્ધના ભાગોમાં રહેલા પ્રદેશો વચ્ચેનું અંતર એકદમ વધી જાય છે. ઓસ્ટ્રેલિયા અને ન્યૂઝીલેન્ડ વચ્ચેનું અંતર ઘણું વધી જવાથી ભૂગોળના વૈજ્ઞાનિકોએ વૈજ્ઞાનિક સાધન દ્વારા એક દેશથી બીજા દેશ વચ્ચે માપેલું દરિયાઈ અંતર તે ખોટું પડી જાય છે. એ ખોટું પડે એ ચાલી શકે નહિ. કેમકે સ્ટીમરોમાં અંતર માપવાનાં યન્ત્રો હોય છે અને દૂર દૂરની ઓફિસો અડધો અડધો કલાકે સ્ટીમરે કેટલું અંતર કાપ્યું તેના રિપોર્ટ પણ મેળવતી હોય છે. પૃથ્વીને વર્તુળાકારની ગણતરીએ નિશ્ચિત કરેલું અંતર બંધબેસતું થાય છે તો સમાધાન શું?

૨. આજથી ૩૦-૩૫ વરસ ઉપર રાતના નવ વાગે અગાશીના છાપરા નીચે બેઠો હતો. પૂનમનો ચંદ્રમા ઊગ્યો હતો. લગભગ બાર વાગ્યા હતા અને મારી નજર ચંદ્રમા ઉપર હતી. ચંદ્રમા ઊગ્યો ત્યારથી પાંચ કલાક સુધી એકધારો ગતિમાન રહ્યો. એકધારો ગતિમાન એટલે કે ચંદ્રમામાં જે ચિહ્ન દેખાય છે તે પ્રસિદ્ધ માન્યતા મુજબ હરણ કહીએ છીએ, તે હરણનાં શીંગડાં માથે દેખાય અને પગ[1] નીચે વાળેલા હોય. વરસોથી આપણે એ રીતે જોતા આવ્યા છીએ પણ પહેલીજવાર આજે મને નવો અનુભવ થઈ રહ્યો હતો. રાતના બાર પછી ધીમે ધીમે હરણે ઊલટાવાની શરૂઆત કરી. રાતના બાર પછી જ ઘટના બનતી હોય ત્યારે મુકામમાં સુતા હોય એટલે ખ્યાલ શી રીતે આવે એટલે પહેલો જ અનુભવ થઈ રહ્યો હતો, તેથી મને વધુ રસ પડયો, એટલે હું સવાર સુધી જાગતો જ રહ્યો અને આ ચંદ્રમાના હરણની ચાલને જોતો જ રહ્યો. આ હરણ ધીમે ધીમે ઊલટાતું ઊલટાતું સવારે પાંચ વાગ્યા ત્યારે તો સાવ ઊલટાઈ ગયું હતું, પછી તો બીજા દિવસોમાં રાતના બે-ચાર વખત નિરીક્ષણ કર્યું અને વાત અંકે કરી.

ચંદ્ર વર્તુળાકારે પરિભ્રમણ કરતો હોય તો હરણને ઊલટું થવાનું કોઈ જ કારણ નથી દેખાતું અને એમાંય અત્યન્ત વિચારમાં મૂકી દે તેવી બાબત એ છે કે ઉદય થયા પછી રાતના બાર વાગ્યા સુધીમાં કશો જરાતરા પણ ફેરફાર ન થાય અને બાર વાગતાંની સાથે જ એટલે બાર વાગી ગયા પછી ધીમે ધીમે ચંદ્રમાનું હરણ પ્રદક્ષિણા શરૂ કરતું કરતું સવારના પાંચ વાગે પૂરેપૂરું ફરી જાય છે, તેનું શું કારણ? ચંદ્રમા ઊલટાઈ નથી જતો પણ ફરી જાય છે. તો આ બાર વાગ્યા પછી એવું શું કારણ આકાશમાં રોજ બને છે? એવી શું પરિસ્થિતિ બને છે તે આ

૧. જુદા જુદા પ્રદેશોમાં જુદી જુદી રીતે ચંદ્રમા જોવા મળે છે.

એક ન સમજી શકાય તેવી ઘટના છે. કોઈપણ વ્યક્તિ પૂનમની રાત્રે આ અનુભવ કરી શકે છે.

–કેટલોક સમય ગયા બાદ મહારાષ્ટ્રના એક ખેડૂત જેવા જૈન ભાઈ (અત્યારે નામ ભૂલી ગયો છું) જેઓ દિગમ્બર જૈન હતા, ભૂગોળ-ખગોળના ૩૦ વરસથી અભ્યાસી હતા. એ ભાઈ મારા પરિચયમાં હતા એટલે તેમણે મેં ઉપરોક્ત બાબત કાગળ લખી જણાવી,. ત્યારે તે પણ આશ્ચર્ય પામ્યા. મને લખ્યું કે આ વાતની જાણ મને પહેલીજવાર થાય છે. પછી તેઓએ કહ્યું કે વિચારવું પડશે. તેઓ ચિન્તન, મનન કરતા રહ્યા પરન્તુ સંતોષ થાય એ રીતે મને સમાધાન જણાવી ન શક્યા. હજુ હું આનું સમાધાન શોધી રહ્યો છું.

૧૯મી સદીમાં વિજ્ઞાન પ્રકાશની ગતિ માપવા સમર્થ બન્યું અને એક સેકન્ડમાં ૧૮૬૦૦૦ માઈલની તેની ગતિ છે. આના આધારે પ્રકાશ વર્ષનું ગણિત અસ્તિત્વમાં આવ્યું.

*

# લેખાંક-૧૪

## * જાણવા જેવી છૂટીછવાઈ જાતજાતની ટૂંકી ટૂંકી થોડી વિગતો *

### લેસર કિરણ

નોંધ-ગમે તેટલે દૂર રહીને એકદમ ઝડપથી સહીસલામત રીતે દુશ્મનના આક્રમણને ખતમ કરી નાંખે તેની શોધ મોટાં રાષ્ટ્રો વરસોથી કરી રહ્યા હતા. ઘણાં અખતરાને અન્તે લેસર કિરણની શોધ હાથ ઉપર આવી. જે દૂરથી જ બધું બાળીને ખાખ કરી નાંખે અને છોડનાર સલામત રહી જાય, ફેંકનારનો વિજય ગણાય.

વૈજ્ઞાનિકોએ ગામાકિરણ, ક્ષ કિરણ (એક્ષરે) વગેરે કિરણો પેદા કર્યાં છે. હવે લેસર નામના કિરણની શોધ છેલ્લાં પચાસેક વર્ષથી થઈ છે અને તમામ ક્ષેત્રોમાં તમો વિચારી ન શકો કે કલ્પી ન શકો એવા ચમત્કારિક લાભો સર્જવા માંડયા છે. આ કિરણનો ઉપયોગ અનેક રીતે થઈ રહ્યો છે. રક્ષણ અને ભક્ષણ, સર્જન અને સંહાર બંનેમાં થઈ રહ્યો છે. જોતજોતામાં આંખના મોતીયાને કાઢી શકે છે. અનેક દર્દો ઉપર, પદાર્થોના પરાવર્તનમાં અકલ્પનીય ચમત્કારો બતાવે જાય છે. લેસરના કિરણની તાકાતનો એક દાખલો જોઈએ.

પૂર્વ-પશ્ચિમ સામસામી દિશામાં રહેલા છતાં વિશ્વની ઉત્તરદિશામાં છેડા ઉપર બંને દેશો ભેગા થઈ જતાં રશિયા અને અમેરિકા બંને મહાસત્તાઓ લશ્કરી તાકાતમાં લગભગ સરખી તાકાત ધરાવે છે. અમેરિકાથી ૪૦૦૦ માઈલ દૂર રહેલ રશિયા પોતાના શસ્ત્ર ભંડારમાંથી કલાકના ૧૮ થી ૨૫ હજાર કિલોમીટરની ગતિથી પ્રચણ્ડ ઉષ્ણ કિરણો આકાશમાં જેવાં પ્રસારિત કરે કે તે ખબર અમેરિકા પોતાનું કટ્ટર દુશ્મન રશિયાની લશ્કરી હિલચાલની ચોવીશે કલાક આકાશમાં ધ્યાન રાખતાં યાન્ત્રિક સાધનોથી અમેરિકાને તરત જ ખબર આપી દે અને

ખબર પડતાંની સાથે જ આકાશમાં ઘૂમતાં રશિયાના શસ્ત્રને જોતજોતામાં લેસર કિરણો ફેંકી આકાશમાં જ ખતમ કરી નાંખે. અમેરિકા સામે આવી જ કિરણો છોડવાની તાકાત રશિયા પાસે પણ છે.

★ અમેરિકામાં અમાનવ અવકાશયાન પાયોનિયર નં. ૧૦ બધા જ ગ્રહોથી ખૂબ દૂર દૂર પ્રવાસ કરી રહ્યું છે. કરોડો માઈલ છેટેથી પાયોનિયરમાં ચાલુ રહેલો રેડિયો પૃથ્વી ઉપર અમેરિકન વૈજ્ઞાનિકોને સંકેતો મોકલી રહેલ છે.

★ આલ્બર્ટ આઈન્સ્ટાઈને નવ ગ્રહ ઉપરાંત દશમો ગ્રહ પણ છે એવું પોતાના અનુમાન દ્વારા કહ્યું હતું. તે નક્કી કરવા થોડાં વરસો પહેલાં પાયોનિયરને મોકલવામાં આવ્યું હતું. પાયોનિયર અત્યારે તો આકાશમાં દશેક અબજ કિલોમીટર દૂર પહોંચી ગયું છે. કલાકના ૪૮૦૦૦ માઈલની ગતિએ તે ધસી રહ્યું છે.

★ જૈન વાચકો! આ નાનકડી પાયોનિયરની વાત ઉપરથી સમજી શકાશે કે આકાશમાં એકબીજા ગ્રહો વચ્ચે કલ્પી ન શકાય એવાં અંતરો પડયાં છે. આ સ્થિતિમાં જૈન ખગોળ સાથે શી રીતે સમન્વય થઇ શકે? વિજ્ઞાન ગ્રહોને અનેક ચંદ્રનો પરિવાર છે એમ માને છે, એટલે ચંદ્ર અનેક છે. ચંદ્રને પૃથ્વીથી છૂટો પડેલો ટુકડો માને છે.

★ રશિયાએ હમણાં ઘણું મોટું દૂરબીન બનાવ્યું. એની જોવાની શક્તિ એટલી બધી પાવરફૂલ છે કે આકાશમાં ૧૫૦૦૦ માઈલ ઊંચે એક સળગતી મીણબત્તીને જોઇ શકે છે. એક જ સેકન્ડમાં લાખો બાબતો જણાવી શકતું કોમ્પ્યુટર બનાવ્યું છે.

★ કોમ્પ્યુટરની શોધ એ અજબગજબની શોધ છે. અનેક જાતનાં, અનેક વિષયનાં કોમ્પ્યુટર બની ગયાં છે. એક દિવસ એવો આવશે કે વિશ્વનો બધો વ્યવહાર કોમ્પ્યુટરો જ ચલાવશે. વિજ્ઞાન અને ટેકનોલોજી પંચભૂત તત્ત્વો દ્વારા દિન-પ્રતિદિન નવા નવા આવિષ્કારો અને ચમત્કારો સર્જી રહ્યા છે. કોમ્પ્યુટર મશીન સામે તમો ગુજરાતીમાં બોલો. તમારે તે ગુજરાતીનું તરત જ હિન્દી જોઈતું હોય તો બટન દબાવો એટલે અંદરથી એક સાથે મશીનની અંદર જ ભાષાંતર છપાઈને બહાર આવી જાય. પ્રાયઃ પાંચેક ભાષામાં ભાષાંતરો થઇ શકે છે. કેવી ગજબની આ રચના છે! કોમ્પ્યુટરોની માહિતી, ચમત્કારો અહીં ટૂંકમાં લખવા બેસું તો ઘણાં પાનાં થઇ જાય જેથી મુલતવી રાખું છું.

## ❋ અણુ-પરમાણુ વિજ્ઞાન ❋

★ પરમાણુ અને અણુની વાતો જૈન ગ્રન્થોમાં સારા પ્રમાણમાં જોવા મળે છે. પ્રથમ જર્મન વૈજ્ઞાનિકો અણુમાં શક્તિનો કેટલો અગાધ ભંડાર ભરેલો છે તેનો પ્રથમ ખ્યાલ બીજા વિશ્વયુદ્ધના અન્તે મેળવી ચૂકયા હતા. ત્યાં એકાએક લડાઈનો અંત આવ્યો અને જર્મન વૈજ્ઞાનિકોને વિજેતા બનેલા અમેરિકા અને રશિયા પોતપોતાના દેશમાં ઉપાડી ગયા. અમેરિકામાં પહોંચેલા જર્મન વૈજ્ઞાનિકોએ બાકી રહેલું અણુનું સંશોધન પૂરૂં કર્યું અને તેમાંથી પ્રચંડ ગરમીના ભંડારસમા અણુબોમ્બનું સર્જન કર્યું.

વૈજ્ઞાનિકોએ એક જ અણુમાં ઈલેકટ્રોન, પ્રોટોન અને ન્યુટ્રોનનાં અણુ-પરમાણુઓ કેવી રીતે રહ્યાં છે તેનું વિજ્ઞાને ભગીરથ સંશોધન કર્યું છે અને તેની કલ્પના ન આવે તેવી થિઅરી સર્જી છે. તેની ગતિ-શક્તિનાં માપ નીકળ્યાં છે અને આ અણુ સંશોધને તો વિજ્ઞાનના ઘણા દરવાજા ખોલી નાંખ્યા છે. આ તો ભૌતિક દૃષ્ટિએ અણુશક્તિની વાતનો ઈશારો કર્યો પણ તત્ત્વજ્ઞાનની દૃષ્ટિએ અણુ-પરમાણુ શું છે? તેનાં બનેલાં સ્કંધો વગેરે શું છે? તે ઉપર જૈન વિદ્વાનો સારો પ્રકાશ પાથરી શકે.

જૈનધર્મમાં અતિ જંગી માપને માપવા માટે એક લોખંડના ગોળાની વાત આ સંગ્રહણી ગ્રન્થમાં પૃષ્ઠ નંબર ૫૧૩માં લખી છે તે જોવી. આજનાં રોકેટો, ઉપગ્રહો કે યાનો આ ગોળાની ગતિ પાસે સાવ સામાન્ય લાગે.

અરે! એક દેવ અબજો માઈલનું અંતર આંખના પલકારામાં કાપી શકે છે. આ ચૈતન્યની તાકાત છે. દેવોનાં શરીરો મનુષ્યોના શરીરથી તદ્દન જુદાં જ વૈક્રિયથી ઓળખાતાં પુદ્ગલ પરમાણુનાં હોય છે અને તે અનેક ચમત્કારો સર્જી શકે છે.

અહીયા વિજ્ઞાનની બહુ જ થોડી જાતજાતની ટૂંકી ટૂંકી વાતો આપી છે. વિજ્ઞાનની બાબતો હજુ ઘણી ઘણી જાણવા જેવી છે પણ ગ્રંથનું કદ મર્યાદા બહાર જતું રહે. આ માટે તો ખગોળ ભૂગોળ વગેરેનાં ચિત્રો સાથે સ્વતંત્ર પુસ્તક લખવાનો યોગ બને ત્યારે ઘણું બધું આપી શકાય અને વાચકોને તેમાંય ખાસ કરીને જૈન સાધુ-સાધ્વીજીઓને ભૌતિક રહસ્યો, પુદ્ગલ વગેરેની અગાધ તાકાતની જાણકારી કરી શકાય. અત્યારે વિજ્ઞાનની ઘણી ઘણી આશ્ચર્યકારક ઘટનાઓ લખવા કલમ થનગની રહી છે પણ હવે કલમને પરાણે મ્યાન કરવી રહી.

*

## વાચકોને જૈન માન્યતા અને વિજ્ઞાનની માન્યતા વચ્ચે કેવી ભિન્નતા છે તેનો તરત ખ્યાલ આવે માટે અહીં જરૂર પૂરતી થોડી વિગતો આપી છે.

સૂચના :–અહીં બ્લેક એટલે મોટા ટાઈપનું લખાણ જૈનદર્શનની માન્યતાને જણાવે છે અને નાના ટાઈપનું લખાણ વિજ્ઞાનની માન્યતાને જણાવે છે.

૧. **જૈન દર્શન આત્મા, કર્મ, પરલોક અને મોક્ષ આ ચારેયના શાશ્વત અસ્તિત્વને સ્વીકારે છે.**

★ જ્યારે પરદેશના બધાં દર્શનો અને વૈજ્ઞાનિકો આ ચારેયના અસ્તિત્વને બરાબર સ્વીકારતા નથી.

૨. **જૈન દર્શન દેવ-દેવીઓથી યુક્ત એવા દેવલોકને એટલે દેવોના વસવાટ સ્થાનને માને છે. એમાં બે પ્રકારના દેવોનું સ્થાન ધરતી-પાતાલમાં છે અને બે પ્રકારના દેવોનું સ્થાન આકાશમાં અસંખ્ય અબજો માઈલના વિસ્તારમાં રહેલું છે.**

★ જ્યારે વૈજ્ઞાનિકો દેવલોકને જ માનતા નથી પછી આગળ વાત જ ક્યાં કરવાની રહી!

૩. જૈનો આ ધરતીની નીચે ભૂગર્ભમાં અબજોના અબજો માઈલના દીર્ઘ અવકાશમાં સાત નરકપૃથ્વીઓ છે એવું માને છે.

★ જ્યારે પરદેશના અજૈન દર્શનો કે વૈજ્ઞાનિકો આ ધરતીની નીચે નરક જેવી વસ્તુ છે એવું માનતા જ નથી.

૪. આપણે એક લાખ યોજન (૪૦૦ લાખ યોજન) ના જંબૂદ્વીપને માનીએ છીએ અને આ કારણે જંબૂદ્વીપના કેન્દ્રમાં આવેલા મેરુપર્વત અને મહાવિદેહને પણ માનીએ છીએ અને તેના છેડે આવેલા ભરતક્ષેત્રને પણ માનીએ છીએ.

★ જ્યારે વિજ્ઞાનને ત્યાં જંબૂદ્વીપ જેવી કોઈ માન્યતા નથી, એનું સ્વપ્નું પણ નથી એટલે મેરુપર્વત વગેરેની વાત જ કયાં કરવાની રહી!

૫. આપણે અત્યારે જે ધરતી ઉપર રહ્યા છીએ એ ધરતીની નીચે હજારો માઈલ ગયા બાદ આપણી ધરતીને છેડે જ જોડાયેલી સાત નરકપૃથ્વી પૈકી પહેલી નરકપૃથ્વી રહેલી છે. આ જ પૃથ્વીમાં ભવનપતિ અને વ્યંતર દેવો રહેલા છે.

★ જ્યારે વિજ્ઞાન આપણી ધરતીની જોડે જોડાયેલી કોઈ જંગી પૃથ્વી છે એવું સ્વીકારતું નથી એટલે નરકો જેવી સૃષ્ટિ નીચે છે એનું તો એને સ્વપ્નું પણ ના આવે.

૬. આપણે (જૈનો), વૈદિક હિન્દુ ગ્રન્થો, બૌદ્ધ ગ્રન્થો અને ઈસુખ્રિસ્તનું લખેલ બાઈબલ વગેરે પ્રાચીન બધા ધર્મો પૃથ્વી સ્થિર છે અને સૂર્ય-ચંદ્ર ફરે છે એવું જણાવે છે.

★ જ્યારે વિજ્ઞાન પૃથ્વીને ફરતી અને ગોળાકારે માને છે અને સૂર્ય-ચંદ્ર વગેરે સ્થિર છે એમ માને છે.

૭. જૈન ખગોળ આકાશમાં દેખાતા સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારા જે દેખાય છે તે બધા જ સ્ફટિકરત્નનાં તેજસ્વી વિમાનો હોવાથી તેને જોઈએ છીએ અર્થાત્ જે દેખાય છે તે બધા સ્ફટિકરત્નનાં બનેલાં જંગી વિમાનો જ છે અને તેની અંદર અસંખ્ય દેવ-દેવીઓ આમોદ-પ્રમોદમાં જીવન વીતાવી રહ્યા છે. અનાદિથી અનંતકાળ સુધી આ વિમાનોનો ધર્મ ઘુમતા જ રહેવાનો છે એમ માને છે.

★ જ્યારે વિજ્ઞાન આકાશમાં દેખાતા ચમકતા સૂર્યાદિ ગ્રહો વગેરેને વિમાનો છે એવું માનતા નથી. સૂર્યને અગ્નિનો ધગધગતો ગોળો માને છે. ચંદ્ર, મંગળ વગેરે ખડકો, પહાડો વગેરેના બનેલા છે એમ માને છે. ત્યાં કોઈ સજીવ વસ્તુ નથી, દેવ-દેવી, પ્રાણી, વનસ્પતિ કે નાનું-મોટું કોઈપણ જાતનું ચૈતન્ય જીવન નથી એમ માને છે.

૮. જૈનો ચંદ્ર સ્વયં પ્રકાશિત છે, ચંદ્રનું વિમાન સ્ફટિકરત્નનું બનેલું છે અને એ મહાન રત્નનો મહાન પ્રકાશ જ ધરતી ઉપર આવે છે એવું માને છે.

★ જ્યારે વિજ્ઞાન એ ચંદ્રને પૃથ્વીથી છૂટો પડેલો ટુકડો છે એમ માને છે. ચંદ્ર ખડકો, પથ્થરના બનેલા છે એટલે તેઓ ચંદ્રને સ્વયં નિસ્તેજ માને છે.

ત્યારે ચંદ્રમાં પ્રકાશ દેખાય છે તેનું શું કારણ? તેના કારણમાં કહે છે કે સૂર્યનું તેજ ચંદ્ર ઉપર પ્રતિબિંબિત થાય છે અને તેથી ચંદ્ર પ્રકાશિત થાય છે.

૯ આપણી આ ધરતીથી ઊંચે હજારો માઇલ દૂર જઇએ ત્યારે જ્યોતિષચક્ર આકાશમાં પથરાયેલું આવે છે. સેંકડો માઇલના ક્ષેત્રમાં રહેલા જ્યોતિષચક્રને વટાવીને આગળ જઇએ તો કરોડો માઇલ ગયા પછી સ્થિર એવા બાર દેવલોક પૈકીના પહેલા દેવલોકનાં વિમાનોની શરૂઆત થાય છે. પહેલા દેવલોકથી લઈ આ વિમાનો અબજોના અબજો માઇલ ઊંચા રહેલાં છે, અને તે એકબીજાથી ખૂબ જ દૂર દૂર હોય છે. બાર દેવલોક, તે પછી નવ ગ્રૈવેયક દેવો અને તે પછી અનુત્તર વિમાન આમ ૨૨ પ્રકારના દેવોનો વસવાટ પૂરો થઇ જાય, તે પછી ફક્ત અનુત્તરના મધ્યસ્થ વિમાનની જગ્યાથી બાર યોજન એટલે ૪૮ ગાઉ દૂર અનંત જ્યોતિરૂપ મોક્ષનું સ્થાન રહેલું છે. તેની નીચે એ સ્થાનનું સૂચન કરતી ૪૫ લાખ યોજન લાંબી-પહોળી અને આઠ યોજન જાડી મહાન સિદ્ધશિલા આકાશમાં અદ્ધર રહેલી છે. (આટલી મોટી વિશાળ જંગી સિદ્ધશિલા આકાશમાં નિરાધાર રહી છે)

★ જ્યારે ઉપરોક્ત વિગતોનું જાણપણું આજના વિજ્ઞાનને જરાપણ થયું નથી. અબજો જ નહિ પણ અસંખ્યવાર અબજોના અબજો માઇલમાં ઊંચે ને ઊંચે આકાશ કે અવકાશ વિસ્તાર પામેલું છે, એ બાબતમાં વૈજ્ઞાનિકોને ખ્યાલ મલ્યો છે કે કેમ! તે મને જાણવા મલ્યું નથી.

૧૦. જૈન જ્યોતિષચક્ર આપણી ધરતીથી ઊંચે ૭૯૦ ★યોજન ગયા પછી શરૂ થાય છે, અને ૧૧૦ યોજનમાં ગ્રહો, નક્ષત્ર, તારા બધું સમાપ્ત થાય છે.

★ જ્યારે વિજ્ઞાન એ પ્રમાણે માનતું નથી.

૧૧. જૈનો ગ્રહોને ઉપરાઉપરી રહેલા માને છે અને એક ગ્રહથી બીજા ગ્રહ વચ્ચે બહુ જ ઓછું માપ દર્શાવે છે.

★ જ્યારે વિજ્ઞાન પ્રાયઃ ગ્રહોને ઉપરાઉપરી છે એવું ઓછું માને છે અને એક ગ્રહથી બીજા ગ્રહ વચ્ચે લાખો, કરોડો, અબજો માઇલનું અંતર બતાવે છે.

૧૨. જૈનો સૂર્ય, ચંદ્ર વગેરેનું બનેલું જ્યોતિષચક્ર મેરુપર્વતને પ્રદક્ષિણા આપતું અવિરત ગતિ કર્યા કરે છે એમ માને છે.

★ જ્યારે વિજ્ઞાને આ બધાના કેન્દ્રમાં સૂર્ય માન્યો છે. સૂર્યને કેન્દ્રીય રાજા બનાવ્યો છે અને તમામ ગ્રહ ચર સૂર્યને ફરતા બતાવ્યા છે એમ માને છે. જેને વૈજ્ઞાનિકો સૂર્યમંડળ કે સૂર્યમાળા કહે છે.

---

★ યોજન એટલે ચાર ગાઉ.

## * ગુરુત્વાકર્ષણની શેષ વાત *

આ વિજ્ઞાનપૂર્તિના ૧૩માં પૃષ્ઠમાં ગુરુત્વાકર્ષણની વાત લખી છે. આ ગુરુત્વાકર્ષણની વાત આપણે ત્યાં જાણવા મળી નથી. આ વાત સાચી છે કે ખોટી તે વાત વિજ્ઞાનની દૃષ્ટિએ પણ પ્રશ્નાર્થક બની છે.

જે લોકો ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત યુરોપના વૈજ્ઞાનિકો પૈકી ન્યૂટને શોધી કાઢ્યો છે એવું સમજે છે તેઓ ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત ખોટો છે એવું માને તે સ્વાભાવિક છે. વૈજ્ઞાનિકો પ્રત્યે નફરત અને અવિશ્વાસ ધરાવતા હોવાથી જણાવું કે ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત એટલે ચુંબકીય અસરની બાબત. પંદરસો વર્ષ ઉપર થએલા ભારતીય વૈજ્ઞાનિક ભાસ્કરાચાર્યે સિદ્ધાંત શિરોમણીના ગ્રન્થમાં ગોળાધ્યાયમાં **आकृष्टशक्तिश्च महीतया यत्**૦ વગેરે લખી ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત ૧૫૦૦ વર્ષ પહેલાં રજૂ કર્યો છે. (જે વાત ૧૩માં પૃષ્ઠમાં જણાવી છે.)

ભાસ્કરાચાર્યે ૧૫૦૦ વર્ષ પહેલાંના પ્રાચીનકાળમાં જ્યારે મહત્ત્વની કોઈ વૈજ્ઞાનિક શોધો યાન્ત્રિક સાધનોનાં અભાવે શોધી શકાતી ન હતી, એવા સમયે ભાસ્કરાચાર્યે કઇ શક્તિ દ્વારા પૃથ્વીમાં આકર્ષણ-ચુંબકીય શક્તિ છે એવું શોધી કાઢ્યું હશે? તે ખૂબ જ આશ્ચર્યજનક બાબત છે. દુનિયાના કોઈ વૈજ્ઞાનિકે આ શોધ કરી નથી. સેંકડો વરસ બાદ આખી પૃથ્વી ચુંબકીય વાતાવરણ વચ્ચે ઘેરાયેલી છે. આ વાત ન્યૂટને શોધી કાઢી છે. ગુરુત્વાકર્ષણના સિધ્ધાન્તને આજે કેટલાય વૈજ્ઞાનિકોએ દલીલોપૂર્વક માનવાનો ઈન્કાર કર્યો છે. થોડાં વર્ષ ઉપર કર્ણાટકના હુબલી ખાતેના એક વૈજ્ઞાનિક નવીન કે. શાહે પણ આ નિયમને પડકાર્યો છે, અને ન્યુ યુનિવર્સલ લૉ (નવો વિશ્વ નિયમ) રજૂ કર્યો છે. નવીન શાહે જણાવ્યું છે કે ગુરુત્વાકર્ષણનો સિદ્ધાન્ત બધે જો લાગુ પડતો હોત તો વિશ્વ સંકોચાઇ જવું જોઇએ, એને બદલે વિશ્વ વિસ્તૃત બનતું હોય તેમ દેખાય છે. ૨૩ વર્ષ આકાશમાં નિરીક્ષણ કર્યા પછી એમને આ રજૂઆત કરી છે.

ઉપરથી ફેંકતા જે ચીજ નીચે આવે છે તેને ગુરુત્વાકર્ષણ સાથે કોઈ સંબંધ નથી. તે પ્રાકૃતિક બનતી ઘટના છે. વૈજ્ઞાનિકોની શોધખોળો પ્રત્યક્ષ અનુભવેલી નથી હોતી પણ યાન્ત્રિક આંખો અને ગણતરી દ્વારા નક્કી થતી હોય છે. એમાં ખોટી રજૂઆતો પણ થઈ જવાનો પૂરો સંભવ છે, અને એવું ઘણું બધું બન્યું છે.

*

## * મારી એક આશા-અપેક્ષા અને વિનંતિ *

જૈન દર્શન-ધર્મના સિદ્ધાંતો, નિયમો સાથે વિજ્ઞાનની કેટલીક બાબતો બિલકુલ બંધબેસતી નથી. જ્યારે કેટલીક બાબતો ઓછેવત્તે અંશે નિકટવર્તી સામ્ય ધરાવતી હોવાથી અને તે અંગે વધુ વિચારણા કરવી જરૂરી લાગવાથી મારું લખાણ પ્રાય: વાંચન કે શ્રવણ માત્ર બની રહેશે

★ આમ તો ૩૦-૪૦ વર્ષ દરમિયાન ભૂગોળ-ખગોળ અંગેની જે નોંધો કરી, વિજ્ઞાનને લગતા જરૂરી ગ્રન્થો જોયા તેના આધારે મારા વિચારોની બુક લખવાની ઈચ્છા બેઠી છે પણ હવે શક્યતા નથી.

એમ જાણવા છતાં મારા સ્વભાવ પ્રમાણે એક અંગત વિચાર રજૂ કરું છું.

જો કે છેલ્લાં દશ વર્ષ દરમિયાન હું સમર્થ, અગ્રણી આચાર્યપ્રવરો જેઓ પોતાના સુજ્ઞ શિષ્યો પાસે કંઈક કામ કરાવી શકે એવા આચાર્યમહારાજોને ખાસ વિનંતિ કરતો રહ્યો છું કે હું મારા પોતાનાં અનેક કામોમાં રોકાએલો છું. ઉંમરના કારણે પણ ઝાઝું કાર્ય કરવાની પરિસ્થિતિ રહી નથી. આ સંજોગોમાં હું પોતે જૈનધર્મની ભૂગોળ-ખગોળ સિવાયની કેટલીક માન્યતા સાથે વિજ્ઞાનનું નિકટપણું કેવું છે? એ અંગે લખવાની તીવ્ર ઇચ્છા છતાં લખી શકું તેમ નથી માટે બુદ્ધિશાળી, ચતુર, હોશિયાર અને ટેકનીકલ સમજ ધરાવનારા જે કોઈ સાધુઓ હોય એવાં બે ત્રણ સુયોગ્ય સાધુઓને તે તે સંઘાડાના અગ્રણીઓ આ કામ માટે જો રોકે અને તેમને જોઈતાં પુસ્તકો, સામાયિકો, સાહિત્ય વગેરેની સગવડ પૂરી પાડવામાં આવે અને એમને જણાવવામાં આવે કે બે વરસમાં વિજ્ઞાનની બાબતોનું જૈન તત્ત્વજ્ઞાન સાથે ક્યાં ક્યાં નજીકપણું કે સામ્યપણું દેખાય છે તે શોધી કાઢે જેથી જૈનતત્ત્વજ્ઞાનની બાબતો સો ટકા સાચી છે એવી પ્રતીતિ લોકોને કરાવવામાં બળ મળે. વિજ્ઞાને એવી કઈ કઈ બાબતો શોધી છે એનો તેઓ સંગ્રહ કરે અને એ સંગ્રહને વિદ્વાન, અધિકારી સાધુઓ તથા ભારતીય કોઈપણ અધિકૃત વૈજ્ઞાનિક જોઈ જાય. તે પછી આપણા અભ્યાસી વિદ્વાનો ચકાસણી કરે અને પછી એ સંગ્રહને ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ત્રણેય ભાષામાં પ્રસિદ્ધિ આપે તો ભારતીય જૈનવિજ્ઞાન અને પાશ્ચાત્ય વૈજ્ઞાનિકો વચ્ચે થોડું સેતુ (પુલ)નું કામ કરશે. જૈન-અજૈન પ્રજા ખૂબ આકર્ષાશે. તેથી જાણકારી વધશે, પ્રચાર વધશે, જૈનધર્મના સિદ્ધાંતો પ્રત્યે માન અને ગૌરવ વધશે. જૈનતત્ત્વજ્ઞાન વાંચવાની ભાવના જાગશે. જો કે આજની વિષમ પરિસ્થિતિમાં ભૂગોળ-ખગોળના ગૃહસ્થવિદ્વાનો આ કામ જો કરી શકે તેમ હોય તો છૂટથી પૈસા ખરચી શકે તેવી સંસ્થા કે વ્યક્તિઓએ આ દિશામાં પ્રયત્ન કરી જોવો જરૂરી ખરો!

હું વિજ્ઞાની નથી. વિજ્ઞાનનો ઘણો જ સામાન્ય અભ્યાસી છું જેટલું જાણ્યું, વાંચ્યું તેની જરૂરી વાતોની નોંધ ૪૬ પાનાંમાં આપી છે. લખવામાં જાણે-અજાણે ખોટું વિધાન થઈ ગયું હોય, ખોટી રજૂઆતો થઈ ગઈ હોય તો ક્ષમાર્થી છું. વાચકો મને જાણ કરે તેવી વિનંતિ.

***યશોદેવસૂરિ***

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સુજસવેલી ભાસની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૦૬ ઇ.સન્ ૧૯૫૦

## ૨

## आदिवाच्य

પ્રાચીન મુનિવર શ્રીમાન્ પૂ. કાન્તિવિજયજી કૃત શ્રી 'સુજસવેલી' મૂલ ભાષાંતર સાથે પ્રગટ કરવામાં આવી છે.

એક બાજુ સત્રની અનેકવિધ પ્રવૃત્તિઓ વચ્ચે તેમનું સ્વતંત્ર જીવન ચિત્ર ઉપસાવી કાઢવાનો સમય ન હતો, બીજી બાજુ સત્ર તરફથી નિબંધો માટે લેખકોને જ વિનંતિપત્રો મોકલાવેલાં, તેમાં પૂ. ઉપાધ્યાયજીની રુપરેખા શીઘ્ર પહોંચાડવાનું સમિતિએ જણાવેલું અને થોડા સમયમાં નવી રુપરેખા તૈયાર થઈ શકે તેવું ન લાગવાથી તુરત માટે તો પૂ. ઉપાધ્યાયજીને વિષે પ્રાચીન કે આદરણીય અર્વાચીન જે કંઈ સાહિત્ય સામગ્રી ઉપલબ્ધ હોય તે જ મુદ્રણદ્વારા રજૂ કરી છે, જેથી તેની ભૂમિકા ઉપર લેખકો યથેષ્ટ ચિત્રણ કરી શકે, એટલે 'સુજસવેલી' અને તે ઉપરાંત મહત્વની અન્ય ત્રણ રુપરેખાઓ આપવાનું નક્કી કર્યું, અને તે જ પ્રમાણે આ પુસ્તિકામાં પ્રસિદ્ધિ આપવામાં આવી છે.

'સુજસવેલી'ની કેટલીક કડીઓ દ્વયર્થક જેવી પણ છે, છતાં મને જે અર્થ વધુ ઉચિત લાગ્યો તે ગ્રાહ્ય કર્યો છે.

ટિપ્પણ નં. ૭૦માં તાત્કાલિક સાધનોના અભાવે ડભોઈનો કિલ્લો કોણે બંધાવ્યો? તે વાત જ અધૂરી રહી છે. તે સંબંધી એક પ્રઘોષ એવો પ્રવર્તે છે કે એ કિલ્લો ગૂર્જરેશ્વર શ્રી સિદ્ધરાજ જયસિંહે બંધાવ્યો. પરંતુ તે સંબંધમાં કોઈ ઐતિહાસિક પુરાવો મને હજુ ઉપલબ્ધ થયો નથી, તેમ અન્યત્ર થયાનું જાણમાં નથી. જ્યારે બીજો અભિપ્રાય એવો છે કે તે કિલ્લો ગુજરાતના મહામંત્રીશ્વર શ્રી તેજપાલે બંધાવ્યો અને એ હકીકતને ટેકો આપતો સ્પષ્ટ ઉલ્લેખ શ્રીજિનહર્ષરચિત શ્રી વસ્તુપાલ ચરિત્રમાં અતિ સ્પષ્ટ રીતે

મળે છે અને તેમાં તે કિલ્લો તદ્દન નવેસરથી જ બંધાવ્યાનું હેતુપૂર્વક જણાવ્યું છે.

આ બાબતમાં સંશોધકો વધુ પ્રકાશ પાડે તે જરૂરી છે.

ટિપ્પણ નં.૧૦ માં પૂ. ઉપાધ્યાયની જન્મભૂમિ 'કન્હોડુ' ગામ એ ગુજરાતના ગામ કલોલ પાસે જણાવ્યું છે, તે સાક્ષર શ્રી. મો. દ. દેસાઈએ કરેલા ઉલ્લેખને આધારે લખેલું, પરંતુ ચોક્કસ તપાસ કરતાં તે ગામ કલોલ પાસે નહિ પણ ગુજરાત પાટણની રેલ્વે લાઈનની વચમાં આવતા ધીણોજ ગામથી ત્રણ માઈલ દૂર અને કુણેગર ગામથી ૧૨ ગાઉ દૂર આવેલું છે. હાલમાં તે ગામ ચાણસ્મા તાલુકામાં ગણાય છે.

ત્યાં કન્હોડુમાં અત્યારે એક પણ જૈનનું ઘર નથી. તપાસ કરતાં થોડાક પ્રાચીન અવશેષો સિવાય કોઈ મહત્વની બાબત જાણવા મળી નથી. છતાં તપાસ થાય તો પ્રાચીન જૈન અવશેષો પણ મળી આવવા સંભવ ખરો, માટે વધુ તપાસ કરાવવા લાગતા-વળગતાઓનું ધ્યાન ખેંચું છું.

એક વાત તરફ જૈન સંઘનું ખાસ ધ્યાન ખેંચું છું કે આવા એક મહાન જ્યોતિર્ધર પુરૂષની જન્મભૂમિના વતનીઓ હંમેશાં યાદ કરે કે **"અમારા નાનકડા ગામમાં એક મહાન તેજ પ્રગટ થયું હતું ને જેણે વિશ્વનાં કલ્યાણ માટે મહાન વારસો આપ્યો હતો,"** એ માટે તેઓશ્રીના નામ સાથે જોડાયેલું ન્હાનું કે મ્હોટું કંઈ પણ સ્મારક જૈન સંઘે કરી આપવું જોઈએ; પછી એ સ્મારક યોગ્ય કક્ષાનું ગમે તે પ્રકારનું હોય!

એક ભારે ખેદજનક વાત એ છે કે પૂ. ઉપાધ્યાયજીની જન્મતિથિ કે સાલ મળતી નથી. જેથી તેઓશ્રીનું ચોક્કસ વય પ્રમાણ નિશ્ચિત થઈ શકતું નથી. બીજી બાજુ સુજસવેલીમાં જણાવેલી દીક્ષા અને કાલધર્મની સંવત સાથે વિચારતાં તેમનું વય પ્રમાણ ૬૫ થી ૭૦ વર્ષનું આંકી શકાય છે, જ્યારે કેટલાક મળેલા અન્ય પુરાવાઓના આધારે તેઓશ્રીનું આયુષ્ય ૮૦ વર્ષથી ઉપર થવા જાય છે. આથી તેનો "સુજસવેલી" સાથે મેળ મળતો નથી. આ બાબતમાં વિદ્વાનો વધુ સંશોધન કરી પ્રકાશ પાડે. વળી દીક્ષા, ઉપાધ્યાયપદ અને કાળધર્મની સંવતો સુજસવેલીમાં મળે છે પણ ત્રણેય પ્રસંગોના ચોક્કસ દિવસો મળતા નથી જેથી તેઓશ્રીના ગુણાનુવાદની ઉજવણી ક્યારે કરવી? તેનો નિર્ણય લઈ શકાતો નથી.

સુજસવેલીકારે તેમના સ્વર્ગવાસના દિવસે તેઓશ્રીના સ્તૂપમાંથી 'ન્યાયધ્વનિ' પ્રગટ થાય છે તેમ લખ્યું છે. આ માટે તો બારેય માસ ચોવીસે કલાક સજાગપણે કોઈ તેમના સ્તૂપ પાસે રહીને ચોકી કરે, તો તે બાબતની પ્રતીતિ મેળવી શકાય પણ 'ન્યાયધ્વનિ' એ શું વસ્તુ હશે તે પણ સ્પષ્ટ થવું જરૂરી છે.

કેટલાંક વર્ષોથી મા. સુદ ૧૧-મોન એકાદશી તેમના સ્વર્ગવાસ દિન તરીકે લખાતી આવી છે. એ દિવસ પ્રસિદ્ધિમાં આવવાનું કારણ ડભોઈમાં તેઓશ્રીની પાદુકા ઉપરનો કોતરેલો મા. સુદ ૧૧નો ઉલ્લેખ છે. પરંતુ તે ઉલ્લેખ તો પાદુકાની અંજન-પ્રતિષ્ઠાના દિવસનો છે, નહીં

કે કાલધર્મની તિથિનો. પંચાંગો છાપનારે હવેથી એ તિથિને 'સ્મૃતિદિન' તરીકે ઓળખાવવા ધ્યાન આપવું જરૂરી છે.

મૌન એકાદશી એ આરાધનાનો એવો પર્વ દિવસ છે કે તે દિવસે વ્યાખ્યાનમાં સહેજે મૌન એકાદશીનું માહાત્મય કહેવાનું હોય, બપોરના દેવવંદનાદિકની પ્રવૃત્તિઓ હોય, આમ ક્રિયાન્તર મુશ્કેલીના અંગે તેઓશ્રીના ગુણાનુવાદની ઉજવણી બરાબર થઈ શકવી મુશ્કેલ રહે છે; એટલે જ્યાં સુધી તેમની ચોક્કસ તિથિ સત્તાવાર રીતે મળી ના આવે અથવા જૈન સંઘ તેમની ઉજવણી માટે કોઈ સાનુકૂળ દિવસ નક્કી ન કરે ત્યાં સુધી મૌન એકાદશીના દિવસે જ એકાદ કલાક પણ તેઓશ્રીના ગુણાનુવાદ કરી તેમના 'સ્મૃતિદિન' તરીકે ઉજવણી થાય તે સમુચિત છે.

જૈન પરંપરામાં બહુધા બનતું આવ્યું છે કે મહાન-આધ્યાત્મિક ત્યાગી પુરૂષો પોતાના જીવનની નોંધો આપતા નથી એટલે સીધી રીતે તેમની નોંધો મળી શકતી નથી, વળી તપાસ કરતાં સાલ-તિથિ કદાચ મેળવી શકાય તેવાં અન્ય સાધનો પણ પ્રાપ્ય થઈ શક્યાં નથી. છતાં કેટલીકવાર વિદ્વાન સંશોધકો સંશોધનના અન્ય અંગો દ્વારા ચોક્કસ નિર્ણય કરવામાં સફળતા મેળવે પણ છે માટે સંશોધકોને આ દિશામાં સક્રિય પ્રયત્ન કરવા વિનમ્ર અનુરોધ છે.

જોડણી દરેક લેખકની જે હતી તે જ રાખી છે.

શાંત સ્વભાવી, વિદ્વાન મુનિરાજ શ્રીમાન્ ભદ્રંકરવિજયજી મહારાજે આ પુસ્તિકાના પ્રકાશનમાં સંપૂર્ણ આર્થિક સહાય કરાવરાવી છે, તેથી તેઓશ્રી ખરેખર અભિનંદનીય છે. મારા બીજા વિદ્વાન મિત્ર ધર્મશ્રદ્ધાળુ પં. શ્રીમાન્ લાલચંદ-ભ૦ ગાંધીએ આપેલા સહકારને પણ કેમ જ ભૂલાય!

ભવિષ્યમાં ઉપાધ્યાયજીનું સંશોધિત, આદર્શ અને પ્રમાણભૂત જીવન તેમજ કવન, તથા તે ઉપરાંત તેઓશ્રીના ગ્રંથો ઉપરની વિશદ સમીક્ષા વગેરે સાહિત્ય, વિદ્વાનોના સહકારથી તૈયાર થાય એવી આશા રાખું છું અને પ્રાન્તે સહુના સહકારથી એ આશા સફળ નીવડે તે શાસનદેવને પ્રાર્થના કરૂં છું.

દૃષ્ટિ કે પ્રેસદોષની ક્ષતિ માટે ક્ષમા.

વિ. સં. ૨૦૦૯
ઠે. કોઠીપોળ, જૈન ઉપાશ્રય,
મુ. વડોદરા

યશોવિજય

❖ ❖ ❖

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# શાહ-બાદશાહની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૦૬ ઇ.સન્ ૧૯૫૦

**૩**

॥ ૐ ॥

શ્રી પરમાત્માને નમઃ

## "શાહ-બાદશાહ" (નાટિકા)

### પાત્ર પરિચય

| | |
|---|---|
| મહમ્મદશાહ બેગડો | ........ પ્રસિદ્ધ શહેર ચાંપાનેરનો બાદશાહ |
| સાદુલ ખાંન | ........ ચાંપાનેર શહેરનો સુબો (વજીર) |
| ચાંપસી મહેતા | ........ ંપાનેર શહેરના નગરશેઠ |
| બંબ બારોટ | ........ સત્યવક્તા, નીડર બ્રહ્મભટ્ટ |
| કાન્તિચંદ | ........ અણહીલપુર પાટણના નગરશેઠ |
| ખીમચંદ (દેદરાણીયો) | ........ હડાળા ગામનો જૈન વણિક (શાહ) |
| કાશીરામ | ........ પાટણનો અંત્યજ |

ઉપરાંત : વિમળશાહ, પાનાચંદ શાહ, સૌભાગચંદ, લક્ષ્મીચંદ, માણેક મહેતા, સાંકળચંદ, ચંદ્રકાન્ત, મહેતાજી વગેરે......વગેરે.

સ્થળ : ચાંપાનેર, અમદાવાદ, અણહીલપુરપાટણ અને ધોળકાથી ધંધુકા જતાં વચ્ચે આવતું ભાલ પ્રદેશનું હડાળા ગામડું.

✧

## પ્રસ્તાવના

**સર્વભૂત દયા** સર્વ પ્રાણીઓને વિષે દયા અહિંસા ભાવ એ જૈનધર્મનો સનાતન સિદ્ધાન્ત છે, એમાં કેવલ માનવ દયાને જ સ્થાન નથી, એમાં માનવ દયા જેટલું જ સ્થાન પશુ, પક્ષી, કે ક્ષુદ્ર જંતુઓ માટે રહેલું છે. અર્થાત્ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ તેમજ પશુ કે પક્ષી ચૈતન્ય ધરાવતા નાના કે મોટા, સ્થિર કે ચર સર્વ કોઈ ભૂતાત્માઓ પ્રત્યે મનસા, વાચા, અને કર્મથી સમભાવ રાખવાનું અને તેના સુખ દુઃખમાં તાદાત્મ્ય સાધવાનું શીખવાડે છે, અને એ સંબોધે છે કે, એનો અમલ જ વિશ્વની સર્વતોમુખી સુખ શાંતિને જન્મ આપી શકે તેમ છે અને એ એક હજ્જારો નહિ બલ્કે લાખ્ખો વર્ષથી આર્ષ મહાપુરૂષોએ અનુભૂત કરેલો, સદા નવ યૌવન રહેવા સર્જાએલો અટલ સિદ્ધાન્ત છે અને ભારતના મહાઆર્યોએ સર્વોદયના પાયા રૂપે સ્થળે સ્થળે જાહેર કરેલું ઝળકતું સુવિખ્યાત તત્ત્વ છે.

સર્વ પ્રાણીઓ પ્રત્યે સમાન દૃષ્ટિ સમાન વર્તાવનો એ ઉદાત્ત સિદ્ધાન્ત જૈનધર્મના અનુયાયીઓને હંમેશા ચુસ્તપણે પાળવાનો હોય છે અને સાચા જૈનો તે ફરમાનને અમલમાં મૂકવા હંમેશા પ્રયત્નશીલ રહે છે. જૈન કુળોમાંના બાળકોને કીડી, મંકોડી, જૂ, માંકડ તથા અન્ય ક્ષુદ્ર જંતુઓને મારવાથી પાપ લાગે આવો પાયાનો સંસ્કાર તેમના વડીલ વર્ગ તરફથી ગળથુથીમાંથી જ મળે છે. પરિણામે બાલ્યકાળથી જ ભવિષ્યના એ ધાર્મિકો સમાજના આગેવાનો અને દેશના નાગરિકોમાં અંતર્ગત સમાનતાની સર્વ પ્રત્યેના મૈત્રી ભાવની સર્વ પ્રાણીની દયાની સર્વ કલ્યાણકર સંસ્કારની, એક એવી જ્યોત જલતી થઈ જાય છે કે મારા સુખ કે સ્વાર્થ ખાતર મારે બીજા જીવોને ન મારવા, ન પીડવા કે ન સંતાપવા અર્થાત્ અન્યને દુઃખ થાય તેવું વર્તન, મારે કદી ન કરવું, આવી ઉચ્ચભાવના પેદા થાય છે અને તેઓ–

**'આત્મનઃ પ્રતિકૂલાનિ પરેષાં ન સમાચરેત્'**

આર્ય સંસ્કૃતિના આ મહાન આ દેશના સાચા ઉપાસકો બની જાય છે, પરિણામે પ્રત્યેક વ્યક્તિ એવી શાંતિવાંછું બની જાય છે કે તે ઘરઘર વચ્ચે, સમાજ વચ્ચે કે રાષ્ટ્ર વચ્ચે પ્રાયઃ ઝગડાને કારણ નથી રહેતી. અને જ્યાં વ્યક્તિમાં શાંતિ આવી પછી સમાજ કે રાષ્ટ્રમાં અશાંતિ ટકે જ ક્યાંથી? કારણ કે વ્યક્તિ એ સમાજ કે દેશનું જ અંગ છે, વ્યક્તિ સુધરી એટલે દેશ સુધર્યો જ છે.

પણ અહીં સખેદ નોંધ લેવી પડે છે કે આજની દેશની સહુના પાપોદયે ઊભી થએલી વિષમ ને ભીષણ પરિસ્થિતિમાં પોતાના કુટુંબ સાથે, સમાજ સાથે કે પોતાના દેશ બાંધવો સાથે એક જૈન તરીકે જે જાતનો છાજતો વર્તાવ રાખવો જોઈએ, તે રાખવામાં જૈનોનો કેટલોક ભાગ નિષ્ફળ નિવડ્યો છે, અને પોતાના ઉદાત્ત સિદ્ધાન્તને બિન વફાદાર થવાથી પરિણામે પોતાની સુખ ને શાન્તિ પણ ગુમાવી બેઠો ય છે, હજુપણ ચેતાય તો સારૂં!

છતાંય જૈનો એક શાન્તિપ્રિય પ્રજા છે. એની કોણ ના કહી શકશે? વીરતાભરી અહિંસક સંસ્કૃતિને વરેલા ભૂતકાળના જૈન સામ્રાજ્યવાદી જૈન સમ્રાટોએ કે સર્વ ધર્મ સમન્વયની વિશાળ અને ઉદાર દ્દષ્ટિબિન્દુ ધરાવતી જૈન પ્રજાએ, અકારણ કોઈ રાષ્ટ્ર કે પ્રજા પર આક્રમણ કર્યું હોય તેવું ઇતિહાસ બોલતો નથી. એ જ એનો પુરાવો છે. આચારે અને વિચારે અહિંસક જીવનની જિજીવિષાવાળી જૈન પ્રજાએ પોતાની મહામૂલી અહિંસક સંસ્કૃતિને પોતાના જીવનમાં ઉતારવા સાથે સાથે તે સંસ્કૃતિનો અને પોતાના અહિંસક વર્તનનો ભારતના વિશાળ ભાગ ઉપર ઉંડો પ્રભાવ પાડ્યો હતો. એ ભવ્ય સંસ્કૃતિના પ્રતાપે પોતાના પાડોશીઓ સાથે પણ તેને સંપ અને સહિષ્ણુતા, પ્રેમ, અને આદર્શ ભ્રાતૃભાવના પણ કેળવી જાણી હતી.

આટલું જૈન પ્રજાનું ઉડતું અવલોકન એટલા માટે આપ્યું છે કે આ પુસ્તિકામાં જે કથાને ગૂંથી લેવામાં આવી છે તે કથા એક અહિંસકસંસ્કૃતિ અને જીવદયાની ભાવનાથી છવાએલા. જૈન કુલોત્પન્ન પુણ્યાત્માની જ છે. હવે એ કથાનો ટૂંકો સાર આપવા અગાઉ જૈન ઇતિહાસ તરફ કંઈક નજર કરી લઈએ.

ભૂતકાળના ઇતિહાસમાં જરા ડોકીયું કરશું તો, દાનવીર અને ધર્મવીર જૈનોએ ન્યાત જાતના ભેદ રાખ્યા સિવાય પોતાના અને અન્ય ધર્માવલંબીઓના કલ્યાણ, સુખ, શાંતિ અને આબાદી માટે પોતાની અઢળક સંપત્તિ અને શક્તિઓને પૂરેપૂરી કામે લગાડી હતી.

એમાંય જ્યારે જ્યારે દેશ ઉપર ઇતર રાષ્ટ્રો તરફથી આફતો ઊભી થતી, સ્વચક્ર અને પરચક્રના ભય આવી પડતા, કુદરત રૂઠતીને દુષ્કાળના ભયંકર ઓળા ધરતી પર ઉતરી પડતા ત્યારે ત્યારે તન, મન અને ધનથી પોતાની શક્તિઓને અવિરતપણે ખરચવામાં કશી કમીના રાખી ન હતી, પરિણામે લાખો કે કરોડો માનવીઓ તેમજ પશુઓ અને પક્ષીઓને મૃત્યુના વિકરાળ મુખમાંથી બચાવી મહાન પુણ્ય હાંસલ કર્યું હતું.

આ રીતે તે પ્રજાએ માનવદયા અને પ્રાણીદયાના મહામૂલા આદર્શોનો જે પદાર્થપાઠ સ્વયં શીખીને, વિશ્વની અન્ય પ્રજાઓને શીખવા માટે વિશ્વના ચોગાનમાં ખૂલ્લો મૂક્યો છે, માનવજાતને તેમાંથી જેટલો બોધ લેવો હોય તેટલો લઈ શકે છે.

વિક્રમની પહેલી સદીમાં એક મહાન જૈનાચાર્યે પાટલીપુત્રની દુષ્કાલ પીડિત પ્રજાને પ્રચણ્ડ પુરૂષાર્થ દ્વારા બચાવી લીધી હતી. ત્યારપછી દેશના બે હજાર વર્ષના ઇતિહાસમાં દેશ ઉપર આવેલી કુદરતી કે અકુદરતી આફતોમાં અનેક આસ્માની સુલતાનીમાં જૈન નરવીરોએ લાખો અને કરોડો પ્રજાજનોને જ નહિ. બલ્કે હજારો મૂકપ્રાણીઓને રક્ષણ આપી દેશની મહાન સેવા બજાવ્યાના અનેક દ્દષ્ટાંતો ઇતિહાસના સુવર્ણ પાને નોંધાયા છે. એમાંથી નજીકનો વિખ્યાત દાખલો ૧૪ મી સદીનો છે કે જ્યારે દેશના વિશાળ ભાગ ઉપર ભયંકર દુષ્કાળ પડી ચુક્યો હતો અને દેશનું માનવધન અને પશુધન ભૂખમરોને મોતની ભયંકર ચિંતામાં ગરકાવ થયું હતું ત્યાં જ પ્રજાના મહાન સદ્દભાગ્યે ભારતના એક ખૂણામાં વસતા માનવતાથી સભર ભરેલા એક મહામાનવીના હૈયાને કુદરતે સાદ દીધો ઉઠ, જાગ્રત થા, અને કર્તવ્યની મહામૂલી પળ વધાવી લે, તેને દૂર સુદૂર એક લાંબી નજર ફેંકી, તેને પોતાના ભાઈઓ અને દેશ બાંધવો ઉપર

આફતના ઘેરાતા વાદળ નિહાળ્યાં અને તેનો હૃદય સાગર ખળભળી ઉઠ્યો.

એ મહાઆર્ય હતો કચ્છ દેશના ભદ્રેશ્વર નગરનો વતની, એનું પુણ્યશ્લોક નામ હતું 'જગડુશાહ.' એ ધર્મે જૈન અને સાચો દાનવીર હતો; મહાગુજરાતથી માંડીને ઠેઠ કાશી અને સિંધ પ્રદેશ સુધી હજારો મણ અનાજ પુરૂં પાડી, મફત અન્નશાળા અને દાનશાળાઓ ખોલી ત્રણ ત્રણ વર્ષનાં લાંબા દુષ્કાળથી થનારી ત્રણ ભયંકર અસરમાંથી પ્રજા અને પ્રાણીઓને ઉગારી લીધી અને પ્રજાએ એ નરોત્તમને "જગત પાલનહાર" તરીકે બિરદાવ્યો અને તે ઘટના ઈતિહાસને પાને અમર બની ગઈ. આ થઈ ભૂતકાળની વાત!

હવે અહીં જે કથા કહેવાની છે, તે છે એવા જ કોઈ ઉદાર ચરિત દાનવીર પુણ્યાત્માએ કરેલા ભવ્ય અને પ્રેરક પુરૂષાર્થની.

આ પુરૂષનો જન્મ થયો વિક્રમની ૧૬મી સદીમાં, ભારતભરમાં અહિંસક સંસ્કૃતિથી સહુથી વધુ પરિપ્લાવિત થએલી, કામદુગ્ધા જેવી ગુજરાતની પુણ્યભૂમિએ હતો એનો દેશ અને એ ગુર્જર ભૂમિની પશ્ચિમે યા તેની પશ્ચિમ સરહદ પાસે આવેલું ધંધુકા પાસેનું હડાલીયા એ હતી એની જન્મભૂમિ, એનું નામ હતું 'ખેમો દેદરાણી.' એ ધર્મે જૈન હતો અને એક નાનકડા ગામડામાં જન્મી તદન સાદું અને સંયમી જીવન જીવતાં શીખી ગયો હતો.

ધંધુકા એ ગુજરાતના એક મહાન જ્યોતિર્ધર કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીનું જન્મ સ્થાન, ગુજરાતના એ ધર્મ ફિરસ્તાએ **'આત્મવત્ સર્વભૂતેષુ સુખદુઃખે પ્રિયાપ્રિયે'**ની પ્રતિબોધેલી જીવન જીવવાની મહાન ચાવી સરખી ઉક્તિને જેને જીવનમાં બરાબર ઉતારી દીધી હતી, પ્રાણ વિનાનું શરીર જેમ મડદું છે તેમ ધર્મ વિનાનું જીવન પણ તેવું જ નિરર્થક છે, એમ સમજીને 'ખેમો' ઉત્તમ પ્રકારનું ધાર્મિક જીવન ગાળતો હતો અને તે આજીવિકા માટે અનાજ, કરીયાણાં, ઘી, તેલ વગેરેનો પ્રામાણિકપણે ધંધો કરતો હતો.

એક પ્રસંગે ગુજરાતના એક વિભાગમાં દુષ્કાળનો પ્રસંગ ઊભો થતાં ચાંપાનેરના બાદશાહ મહમ્મદ બેગડાએ ચાંપાનેરના મહાજનને બોલાવીને ધમકી આપી કે તમારા બાપદાદા અને તમો બહુ બહાદુર છો તો પ્રજાને દુષ્કાળમાંથી ઉગારો ત્યારે ખરા, જો નહીં ઉગારો તો બાદશાહ તમારી શાહ અટક ખૂંચવી લેશે. બંબ બારોટે અને મહાજને બાદશાહના એ પડકારને ઝીલી લીધો અને બેગડાના દરબારમાં જ આપણી કથાનો મુખ્ય દેદરાણી ગુજરાતમાં પડેલા એક વર્ષના દુષ્કાળનો તમામ ખર્ચ વગેરે આપવાનું કહીને તે પડકારનો કેવો સુંદર જવાબ આપે છે અને મહાજનની, ગુજરાતની, તેમજ જૈનધર્મની શાન કેવી રીતે બઢાવે છે વગેરે સુવિસ્તૃત પરિચય ભાઈ બળદેવપ્રસાદ નાયકે સુંદર રીતે આલેખેલી નાટિકા વાંચવાથી જ મળી જશે.

હજારો વર્ષથી નાટક, નાટિકાએ ભારતમાં લખાતી ને ભજવાતી આવી છે, એ ઈતિહાસ આપવો અહીં અપ્રસ્તુત છે, બાકી આ નાટિકાનો સહુ સદુપયોગ કરી માનવમાત્ર તેમાંથી ભવ્ય પ્રેરણા મેળવે એ જ શુભેચ્છા.

*"યશોવિજય"*

[સં. ૨૦૦૬, મુંબઈ]

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# કલ્પસૂત્ર સુબોધિકા ટીકાની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૧૦ ઇ.સન્. ૧૯૫૪

૪

दर्भावतीमण्डन-श्रीलोढणपार्श्वनाथाय नमः ।।

## संपादकीय निवेदन

પરમપવિત્ર, મહામંગલકારી, સકલશાસ્ત્રશિરોમણિ શ્રીકલ્પસૂત્ર-સુબોધિકા ટીકાનાં પ્રકાશન પ્રસંગે મારું કિંચિત્ વક્તવ્ય અને આ પ્રકાશન અંગેની થોડીક વિશિષ્ટતાઓ વગેરે બાબતોનો થોડો નિર્દેશ કરું તો તે અસ્થાને નહીં ગણાય.

જ્યારથી પ્રતિસાલ કલ્પસૂત્ર વાંચવાના અને અન્ય મુનિવરોને વંચાવવાના પ્રસંગો ઊભા થયા ત્યારથી મારી દૃષ્ટિએ મને લાગેલું કે મુદ્રણકાર્યમાં કંઈક અભિનવતા આવે અને કઠિન શબ્દોના અર્થોનુ જરૂરી સ્થળોની હકીકતોનું સ્પષ્ટીકરણ થાય તો; આ સૂત્રનું **अध्ययन-अध्यापन** કરનાર-કરાવનાર મુનિવરોને વધુ ઉપકારક નીવડે.

વિ. સં. ૨૦૦૯ની સાલને અન્તે વર્ષોથી ભંડારેલી ભાવનાને સફળ કરવાની પુણ્યતક મળી. શ્રેષ્ઠિવર્ય, ધર્મશ્રદ્ધાળુ, પુણ્યાત્મા હરિદાસભાઈને અને બાઈ ચતુરાબાઈને શ્રીકલ્પસૂત્ર-સુબોધિકા ટીકા છપાવવાનો ઉદાર ને મંગલ મનોરથ થયો. અને સેવેલા મારા મનોરથોને માર્ગ મલ્યો. જુની હસ્તલિખિત પ્રતો વગેરેના સહારા સાથે, શ્રીકલ્પસૂત્ર-સુબોધિકા ટીકાની પ્રેસકોપી તૈયાર કરી તો ખરી, પરંતુ મુંબઈની સ્થિરતા દરમિયાન શતાવધાન, ભાયખલાના અપૂર્વ ઉપધાન, વર્તમાન જૈન ઈતિહાસમાં અજોડ રીતે ઉજવાએલો આચાર્યપદાર્પણ મહોત્સવ આદિ અસાધારણ ધાર્મિક-સામાજિક પ્રવૃત્તિઓ, અન્ય સાહિત્યક વ્યવસાયો અને તેમાં પાછી મારી શારીરિક અસ્વસ્થતા આદિ અનેકવિધ કારણોથી પુરતા સમયનો ભોગ આપી ન શકવાના કારણે પ્રસ્તુત પ્રેસકોપી સંતોષકારક રીતે તૈયાર થઈ ન જ શકી.

## मुद्रणपद्धति-निर्णय

ત્યારબાદ મુદ્રણકાર્યનો નિર્ણય થયો. મારા પરમ ઉપકારી પરમ કૃપાલુ વિદ્વદ્વર્ય ગુરુદેવો-પૂજ્યપાદ આચાર્ય ૧૦૦૮ **શ્રીમદ્ વિજય પ્રતાપસૂરીશ્વરજી** મહારાજ તથા આચાર્ય ૧૦૦૮ શ્રીમાન્ **વિજય ધર્મસૂરીશ્વરજી** મહારાજ જેઓશ્રી સંપાદન કાર્યમાં સાથે જ હતા. તેઓશ્રીની સલાહ અનુસાર ઉભય દૃષ્ટિ ખ્યાલમાં રાખી મુદ્રણ પદ્ધતિનો નિર્ણય કર્યો, એટલે કે, જે વિદ્વદ્વર્યો-પ્રથમ મૂલપાઠને બોલી, પછી તે ઉપરથી જ સીધે સીધા અર્થો કરી શકતા હોય તેઓને તે પ્રકારની, અને જેઓ ટીકાગત કૌંસમાં મૂકેલાં જ પ્રતીકો બોલી, તેની જ ટીકા વાંચી અર્થો કરતા હોય તેઓને તે પ્રકારની, અનુકૂલતા રહે તે માટે પ્રથમ સ્વતંત્ર મૂલપાઠ અને તેની નીચેની 'અન્ડરલાઈન' નીચે કૌંસમાં ઉપરનાં મૂલનાં **प्रतीको** અને તે પ્રતીકોની સાથે જ ટીકા આપવી; આ પદ્ધતિ નિશ્ચિત કરી. જે પદ્ધતિ અગાઉની કેટલીક મુદ્રિત પ્રતિઓમાં સ્વીકારેલી છે. ફક્ત ટીકાનાં સ્થાને આપેલાં મૂલનાં પ્રતીકો અને પ્રસ્તુત પ્રતીકોની ટીકા વચ્ચે ટાઈપની બોડીનો જે ભેદ રાખવાની પ્રબલેચ્છા હતી તે પ્રેસ પાસે તેવી સવલતનો અભાવ હોવાથી બર ન આવી.

તે ઉપરાંત ટીકામાં આવતા **श्लोको, टिप्पणो,** અને મૂલ તથા ટીકામાં આવતા પ્રાકૃત ગદ્ય-પદ્ય સ્થળોની **छायाओ** માટે ટાઈપોની અલગ અલગ પસંદગી કરેલી છે. જેથી કલ્પસૂત્રનું વાચન સરલ, રુચિકર અને સંતોષકારક બને.

### आ संपादननी विशिष्टताओ

૧ સુંદર મુદ્રણ અને ઉચ્ચ કાગળો.

૨ અલગ અલગ વિભાગો-વિષયો માટે ભિન્ન ભિન્ન **टाइपोनी** યોજના.

૩ પ્રાકૃત ગદ્ય-પદ્યોની સંસ્કૃતમાં છાયા.

૪ સ્પષ્ટતા અને સુબોધતા માટે ક્લિષ્ટ-અલ્પ પ્રસિદ્ધ અને જ્ઞાતવ્ય શબ્દો ઉપર ટીપ્પણો.

૫ ભિન્ન ભિન્ન વિષયોનો શીઘ્ર ખ્યાલ આવે, સરલતા થાય અને સુંદરતા દેખાય તે ખાતર ઠેર ઠેર પેરિગ્રાફો અને હેડીંગોની કરેલી યોજના.

૬ વાંચન સૌલભ્ય માટે ગદ્યથી પદ્ય શ્લોકોનું ચાલુ પંક્તિથી અલગ પાડીને કરેલું મુદ્રણ.

૭ શ્લોકો માટે રાખેલું પ્રાયઃ એક જ જાતનાં ટાઈપોનું ધોરણ.

૮ દરેક વ્યાખ્યાનનો પૃથગ્ પત્રથી રાખેલો પ્રારંભ (જેથી પ્રત્યેક વ્યાખ્યાનનો પર્ણસમુદાય અલગ કરી શકાય.)

૯ શીઘ્ર ખ્યાલમાં આવે તે માટે ખાસ જમણી બાજુ આપવામાં આવેલાં વ્યાખ્યાનનાં ક્રમાંકો.

૧૦ પૂર્ણાહુતિ સૂચક વાક્યો માટે ઇટાલીયન ટાઈપોની પસંદગી.

૧૧ આવશ્યક તમામ શ્લોકો ઉપર છન્દોનાં *નામોનાં ઉલ્લેખો.

---

★ મારી ઇચ્છા ટીકાગત અન્ય કર્તૃકશ્લોકો અને સાક્ષીભૂત વાકયોનાં લભ્ય મૂલ ગ્રન્થસ્થાનો બતાવવાની હતી પણ યાદી અપૂર્ણ હોવાથી પરિશિષ્ટમાં આપવા વિચાર છે.

૧૨ યથાશક્ય સ્થળે ટીકાગત શ્લોકો તથા મહત્વની સાક્ષીભૂત પંક્તિઓનાં મૂલસ્થાનો તરીકે તે તે ગ્રન્થનો* ઉલ્લેખ.

૧૩ આ ગ્રન્થ વ્યાખ્યાનનો હોવાથી ફક્ત જરૂરી સ્થળે જ આપેલાં પાઠાંતરો.

૧૪ પ્રાય: આજ સુધીના તમામ સંસ્કરણોમાં ગ્રહો વગેરેનાં કેટલાંક નામો અવ્યવસ્થિત અશુદ્ધ અને અસંબદ્ધ છપાયેલાં, તે આમાં સુધારી વ્યવસ્થિત રીતે આપવામાં આવ્યાં છે. તે ઉપરાંત ચાલી આવતી ગતાનુગતિક ક્ષતિઓ પણ, જે જે નજરમાં આવી તે તે પરિમાર્જિત કરી છે.

૧૫ કેટલાક પારિભાષિક અને ગૂઢાર્થક શબ્દોનાં ટીપ્પણ દ્વારા સુંદર સ્પષ્ટીકરણો તથા મતાંતરોના કેટલાક ઉલ્લેખો.

૧૬ સ્થવિરાવલિના અન્તે કેટલાક પ્રાકૃત શ્લોકો સાથે આપેલી સંસ્કૃત છાયા તેમજ છેલ્લા બન્ને વ્યાખ્યાનોમાં યથાશક્ય આપેલાં સૂત્રાંકો.

૧૭ ચોવીશે તીર્થંકરોને લગતી ૩૬ પ્રકારની હકીકતોનો સુંદર ખ્યાલ આપતું પરિશિષ્ટ નં. ૧

૧૮ આંખે ઉડીને વળગે તેવાં દર્શનીય ૧, ૧૬, ૨૨, ૨૩, અને ૨૪, એ પાંચ તીર્થંકરો, સરસ્વતી આદિ સૂરિમંત્રાધિષ્ઠાયકો સહિત શ્રીગૌતમસ્વામીજી એમ ૬ ત્રિરંગી ચિત્રોથી પ્રકાશનની વધેલી સુશોભિતતા.

આ પ્રમાણે લગભગ ૫૧ ફોર્મ-૬૧૨ પૃષ્ઠની આ સમૃદ્ધ પ્રતિમાં ઉપરોક્ત નાની-મોટી અનેક વિશિષ્ટતાઓ જોવા મલશે; એ જોતાં આ આવૃત્તિનું પ્રકાશન જરૂર આદરપાત્ર થશે, તેમાં શંકા નથી.

આમ છતાં જે બાબતોને મેં અતિ મહત્વની માની હતી તે, લખવામાં સમય લાગે તેમ હોવાથી અને બીજી બાજુ અર્થસહાયક શ્રેષ્ઠીને આ પ્રકાશન શીઘ્રાતિશીઘ્ર બહાર પડી જાય તેવી તીવ્રેચ્છા હોવાથી બંને બાબતો દાખલ થઈ શકી નથી તેટલો ખેદ છે, તેમાંની-

**પ્રથમ બાબત એ હતી કે**-શ્રી કલ્પસૂત્ર ઉપર અદ્યાવધિ લખાયેલાં તેમજ પ્રગટ થયેલાં જુદી જુદી ભાષાનાં સચિત્ર-અચિત્ર, મુદ્રિત-અમુદ્રિત તમામ સાહિત્યને નજર સમક્ષ રાખી, તે અંગેનો સળંગ ઈતિહાસ આપવો. જેમાં ભાષા-ટીકાદિ અંગે તેમજ તેમાં આવતી હકીકતોની ધાર્મિક, ઐતિહાસિક, સાહિત્યિક, સામાજિક અને વૈજ્ઞાનિક આદિ અનેક દૃષ્ટિએ વિચારણા કરવી-

કલ્પસૂત્ર શ્લોકસંખ્યા વિચાર, સુબોધિકાનો વિશેષ પ્રચાર કેમ થયો. મૂલકાર-ઉદ્ધૃતકાર અને ટીકાકારનાં જીવન ચિત્રણો.

જૈન સંઘમાં શ્રીકલ્પસૂત્રનું શું સ્થાન? તેનાં સામુદાયિક વાંચનના શા લાભો? પ્રતિસાલ થતાં એના એ જ વાંચનની શી ઉપયોગિતા? કલ્પસૂત્રનાં લાંબાં વ્યાખ્યાનો માટે આધુનિક જમાનાની કેટલીક વ્યક્તિઓ તરફથી થતા ગણગણાટ અંગે તટસ્થ રીતે વિચારણા. તેમજ *ટીકામાં આવતી, આધુનિક યુગના કેટલાક વર્ગને નીરસ લાગતી સ્વપ્નો અને ગોશાલાદિકની* વધુ પડતી લંબાણ હકીકતો અંગે સર્વાંગી વિચારણા.

*બીજી બાબત એ હતી કે-તીર્થંકર દેવોનાં અતિશયાદિ તેમજ યોજનાદિક પ્રમાણ વગેરે*

અંગે વિચારણા, પર્યુષણ શબ્દના અર્થો, કેટલાક પારિભાષિક અને કઠિન શબ્દોનો કોશ, શ્લોકાદિકની અનુક્રમણિકા, તથા કેટલાંક ઉપયોગી અન્ય પરિશિષ્ટો દાખલ કરવાં.

ઉપરોક્ત બન્ને વિષયો અને પરિશિષ્ટો ભવિષ્યમાં તૈયાર કરીને શ્રી કલ્પસૂત્રનાં ગ્રાહકોને પહોંચાડવાની ઉમેદ રાખી છે. શાસનદેવ એ ભાવના પૂર્ણ કરે.

મહત્વનાં અત્યુપયોગી અતિમાન્ય શ્રીકલ્પસૂત્ર જેવા પ્રાકૃત-સંસ્કૃત ગ્રન્થનાં સંપાદનમાં મારો આ પ્રયાસ આદ્ય હોવાથી, જે કંઈ ક્ષતિઓ રહી ગઈ હોય તે બદલ શાસનદેવ પાસે ક્ષમા પ્રાર્થું છું અને પુનઃ આથી વધુ સુંદર, વધુ આકર્ષક, વધુ કલાત્મક અને વધુ સમૃદ્ધ પ્રકાશનની પુણ્ય તક પ્રાપ્ત થાય એમ ઇચ્છું છું.

આ કાર્યમાં શુભેચ્છા ધરાવનાર વ્યાકરણ-સાહિત્યતીર્થ શતાવધાની મુનિશ્રી **જયાનન્દવિજયજી**, મુનિશ્રી **કનકવિજયજી**, મુનિશ્રી **વાચસ્પતિવિજયજી**, મુનિશ્રી **મહાનન્દવિજયજી**, મુનિશ્રી **સૂર્યોદયવિજયજી** વગેરે મુનિરાજોને અને અન્ય જે કોઈ સહાયક થયા હોય તેમને, તેમજ નિર્ણયસાગર પ્રેસના ધર્મસ્નેહી, સૌજન્યસ્વભાવી, અનેકભાષાવિદ્ વિદ્વદ્વર્ય શ્રી **નારાયણ રામ આચાર્ય કાવ્ય-ન્યાયતીર્થ** જેઓએ આ પ્રકાશનમાં આત્મીયભાવે સાથ આપ્યો, તેમને પણ હું કેમ ભૂલી શકું?

વળી સૌજન્યભાવે કાળજીથી કામ આપનાર ધન્યવાદાર્હ નિર્ણયસાગર પ્રેસના સંચાલકો અને કર્મચારીઓને પણ કેમ વિસરી શકું?

પ્રાન્તે સહુથી પરમ આભાર તો મારા પ્રત્યે પ્રાકૃતિક કૃપાવૃષ્ટિ વરસાવનાર, મારી સદ્ભાવનાઓને સદાય વેગ આપનાર, મારા પૂજ્યપાદ પ્રાતઃસ્મરણીય પરમકૃપાલુ વિદ્વદ્વર્ય પૂજ્ય આચાર્ય ૧૦૦૮ શ્રીમદ્ **વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજ** અને પૂજ્યપાદ આચાર્ય ૧૦૮ **શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી** મહારાજાઓનો માનવો રહ્યો, જેઓશ્રીએ આ સંપાદન કાર્યમાં પોતાનાં જ્ઞાન-વિજ્ઞાનના અનુભવોનો લાભ આપી આ ગ્રન્થને સુંદર બનાવવામાં સાદ્યન્ત સક્રિય ફાળો આપ્યો, અને અનુક્રમણિકા તો ખુદ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજ સાહેબે તૈયાર કરી આપી.

સુશ્રાવક **શ્રીયુત્ હરિદાસભાઈ** અને બાઈ **ચતુરાબાઈ** જેઓએ હજારો રૂપિયાનો સદ્વ્યય કરી શ્રુતજ્ઞાનની જે અનુપમ ભક્તિ કરી છે; તે ભક્તિનાં સુચારુ ફળો મેળવી પુનઃ પુનઃ આવી ભક્તિના લાભો તેઓ ઉઠાવે એ જ મનઃકામના.

શાહપુર-અમદાવાદ જૈન ઉપાશ્રય
આષાઢ સુદિ. ૧૧

લિ.
**યશોવિજય**

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ઋષિમંડલસ્તોત્રની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૧૨ ઇ.સન્. ૧૯૫૬

**૫**

जयन्तु जिनवराः

## સંપાદકીય નિવેદન

### પ્રથમાવૃત્તિમાંથી ઉદ્ધૃત

મહાપ્રભાવક શ્રી **ऋषिमंडलस्तोत्र**ની આરાધના, ઉપાસના કે સાધના શ્વેતામ્બર તેમજ દિગમ્બર બંને સંપ્રદાયોમાં વિશાળ પ્રમાણમાં થતી જોવાય છે. દિગમ્બર સમાજમાં તો તેનાં પૂજન–અર્ચનનો સારા પ્રમાણમાં પ્રચાર છે. એ વાત નિશ્ચિત છે કે આનો પ્રચાર જૈન સંઘમાં ઘણા લાંબા કાળથી ચાલ્યો આવે છે. આનો ઉપાસક વર્ગ ચતુર્વિધ શ્રી સંઘ છે અને એથી જ એને લગતું હસ્તલિખિત–મુદ્રિત બંને પ્રકારનું સાહિત્ય પ્રાયઃ તમામ જ્ઞાનભંડારો અને નાનામોટા અંગત સંગ્રહોમાં પણ ઉપલબ્ધ થાય છે. નવા નવા છપાતા સ્વાધ્યાય–સ્તોત્રસંગ્રહો અને નવસ્મરણાદિકની પુસ્તિકાઓમાં પણ આ સ્તોત્રને સ્થાન ન મળે એવું ભાગ્યેજ બને. આ જોતાં જૈન સંઘમાં તેનો સમાદર વિપુલ પ્રમાણમાં છે તે નિઃશંક બીના છે.

### લઘુ અને બૃહદ્ બંને સ્તોત્ર એક જ કર્તાની કૃતિ છે?

આ સ્તોત્રની હસ્તપ્રતિઓ ગાથાભેદને અંગે અનેક સંખ્યાવાળી પ્રાપ્ત થાય છે. આ સંખ્યાભેદ વાસ્તવિક છે કે પાછળથી ઊભો થયો છે? મૂલ કર્ત્તાએ જ બંને પ્રકારની રચના કરી હતી કે કેમ? અથવા મૂલ કર્ત્તાએ પ્રથમ બૃહદ્ ઋષિમંડલ રચેલું કે લઘુ?

એ નિર્ણય વિના સંખ્યા ભેદનો નિર્ણય થઈ શકે તેમ નથી એમ છતાં એ હકીકત શંકા વિનાની છે કે આજે નાના–મોટા બંને ઋષિમંડલ સ્તોત્રની પ્રતિઓ જૈન જ્ઞાનભંડારો અને સંગ્રહોમાં લભ્ય થાય છે.

૧ મોટા ઋષિમંડલની પ્રતિઓમાં ૭૮ થી માંડીને ૧૦૧ સુધીની ગાથાઓ મળે છે.

૨ નાના ઋષિમંડલ સ્તોત્રમાં ૬૧ થી ૬૫ સુધીની ગાથાઓ મળે છે. કોઈમાં તેથી પણ ન્યૂન ગાથાઓ જોવા મળી છે.

## નાના અને મોટામાં શું તફાવત છે?

નાના અને મોટા વચ્ચે નજીવો તફાવત છે. ગાથા ૧ થી ૨૫ સુધી સમાન છે, પણ પછીની ગાથા ૨૬, ૨૭, ૨૮ મોટા ઋષિમંડલમાં જુદી રીતે છે. ત્યારપછીની બે ગાથાઓ સરખી છે. તે પછી 'देवदेवस्य' આ ગાથાઓ શરૂ થાય છે તે મોટામાં ૪૫ છે જ્યારે નાનામાં ૧૩ છે. (આ વિભાગમાં જ ૩૨ ગાથાઓનો મોટો તફાવત) ત્યાર પછીની ત્રણ ગાથાઓ સમાન છે. પછી મોટા સ્તોત્રમાં 'भवनेन्द्र' આદિ ગદ્ય લખાણ વિશેષ છે, જે નાનામાં નથી. એ પછીથી 'इदं स्तोत्र' સુધીની તમામ ગાથાઓ બંનેમાં સરખી છે. તે પછી મોટામાં ત્રણ ગાથાઓ વધારે છે જે નાનામાં નથી. આ ઉપરાંત અન્તમાં મોટામાં કેટલાક પુસ્તકમાં બે, ત્રણ બીજી ગાથાઓ જોવા મળે છે. ત્યાર પછી 'देवदेवस्य यच्चक्रं' વાળી રક્ષણાત્મક કે કવચાત્મક જે ગાથાઓ છે તે ગાથાઓમાં જેના–જેનાથી રક્ષણ ઈચ્છવામાં આવ્યું છે તેના પ્રકારો બૃહદ્સ્તોત્રમાં વધુ વિસ્તારથી આપ્યા છે અને સ્તોત્રમાં સંખ્યાનો ખાસ વધારો આ ગાથાઓને જ આભારી છે, જ્યારે પ્રસ્તુત પ્રકારોને અર્થાત્ તેના ભાવોને લઘુ ઋષિમંડલમાં સંક્ષેપમાં જ સમાવિષ્ટ થયેલા આપણને જોવાં મળે છે.

વાસ્તવિક રીતે ઉપર જોઈ આવ્યા તેમ લગભગ મોટા ભાગની ગાથાઓ બંને સ્તોત્રોમાં સમાન છે.

હવે પ્રશ્ન એ ઉદ્‌ભવે છે કે લઘુ–બૃહદ્‌માંથી પ્રથમ રચના કોની થઈ હશે? એ બાબતનો ચોક્કસ ઉત્તર આપવો એ જોખમભર્યું છે. કારણ કે હસ્તલિખિત પ્રતિઓમાં ૬૩, ગાથાવાળા ઋષિમંડલ સ્તોત્રની એક પ્રતિના અન્તમાં 'क्षेपकश्लोकान्निराकृत्य मूलमन्त्रकल्पानुसारेण लिखितं'...આ ઉપરથી ૬૩ ગાથા પ્રમાણ એ જ બરાબર છે; એમ ફલિત થાય છે.

હવે બીજી બાજુ ઋષિમંડલનો પ્રચલિત યન્ત્ર જોઈએ છીએ તો તેમાં લબ્ધિ તથા ઋદ્ધિ પદોનું ચોથું વલય ખાસ આવે છે અને એ વલયમાં નામો બૃહદ્ ઋષિમંડલમાં જોવામાં આવે છે, લઘુમાં તે નથી હોતાં. આથી એવો સંભવ વધુ છે કે પ્રચલિત યન્ત્ર બૃહદ્‌ઋષિમંડલના આધારે થયો હોય અને એ વિચાર યોગ્ય હોય તો પ્રથમ રચના બૃહદ્‌ની માનવી પડે, પણ યન્ત્ર સ્વતંત્ર રીતે જ લઘુ સ્તોત્રને નજર સમક્ષ રાખી કર્યું હોય તો લઘુ સ્તોત્ર ગર્ભિત લબ્ધિપદોને યન્ત્રદ્વારા સ્પષ્ટ કર્યા હોય અને તે યન્ત્ર ઉપરથી જ બૃહદ્ સ્તોત્ર બનાવાયું હોય

તો તે પણ અસંભવિત ન ગણાય.[1] આથી પહેલું કયું? તેનો ઉકેલ અદ્ધર જ રહે છે. પણ એટલું ચોક્કસ છે કે મ્હોટા કરતા ન્હાનાનો પ્રચાર વિપુલ પ્રમાણમાં છે.

## સંશોધનમાં કેટલી પ્રતિઓનો ઉપયોગ કર્યો?

આ સ્તોત્રના શુદ્ધિકરણમાં બંને (લઘુ-બૃહદ્) પ્રકારની પ્રતિઓ ઉપરાંત મુદ્રિત સાહિત્ય પણ ઉપયોગમાં લેવામાં આવ્યું છે. તે પૈકી હસ્તલિખિત પ્રતિઓ નીચેના દશ ભંડારની ઉપયોગમાં લીધી હતી.

| | | |
|---|---|---|
| ૧. | જૈન સાહિત્ય મંદિર | પાલીતાણા |
| ૨. | શ્રી મુક્તિકમલ જૈન મોહનજ્ઞાનમંદિર | વડોદરા |
| ૩. | શ્રી આત્મારામજી તથા શ્રી હંસવિજયજી શાસ્ત્ર સંગ્રહ | વડોદરા |
| ૪. | મુનિશ્રી પુણ્યવિજયજી સંગ્રહ | અમદાવાદ |
| ૫. | શ્રી વીરવિજયજી શાસ્ત્રસંગ્રહ | છાણી |
| ૬. | શ્રીમદ્ યશોવિજયજી શાસ્ત્રસંગ્રહ | ડભોઈ |
| ૭. | શ્રી મોહનવિજયજી શાસ્ત્રસંગ્રહ | વઢવાણ શહેર |
| ૮. | શેઠ આણંદજી કલ્યાણજી | સુરેન્દ્રનગર |
| ૯. | શ્રી દાનસાગરજી શાસ્ત્રસંગ્રહ | બીકાનેર |
| ૧૦. | શ્રી ચારિત્રવિજયજી જ્ઞાનમંદિર | અમદાવાદ |

મુદ્રિત સાહિત્યમાં-શ્વેતાંબર-દિગમ્બર સમ્પ્રદાયનાં અનેક મુદ્રિત પુસ્તકો-જેમાં ઋષિમંડલ મૂલ તથા સાર્થ છાપવામાં આવેલું છે તે, તથા વસ્ત્ર-કાગળ, પટો તથા અન્ય પ્રકીર્ણક સાહિત્ય તપાસવામાં આવ્યું હતું.

## પાઠભેદોનું વૈવિધ્ય અને વૈચિત્ર્ય—

૧. કેટલીક પ્રતિઓમાં ક્યાંક ક્યાંક એક જ અર્થના વાચક શબ્દોને પર્યાયાન્તર તરીકે યોજવાથી શાબ્દિક ભિન્નતાઓ ઊભી થવા પામી છે.
૨. એમ થતાં કોઈ કોઈ સ્થળે [2]છંદોભંગ થવા પામ્યો છે.
૩. વ્યાકરણની અનભિજ્ઞતાના કારણે ક્રિયા, વચન અને લિંગના દોષો પણ થવા પામ્યા છે.
૪. ક્યાંક તો સંસ્કૃત શબ્દની જગ્યાએ તદર્થવાચક પ્રાકૃત શબ્દ પણ પ્રયોજેલ છે.

---

૧ વધુ સંભવ એ લાગે છે કે પ્રથમ રચના લઘુ ઋષિમંડલની હોવી જોઈએ ને તેમાં પાઠકોએ જ સ્વાનુકૂલતાઓની ખાતર સ્વેષ્ટ ગાથાઓ ઉમેરી ઉમેરી ઋષિમંડલને બૃહદ્ બનાવ્યું હોય?

૨ જેમ કે सरेफो द्व्यब्धिपञ्चषान् એની જગ્યાએ 'द्वि' ના વાચક તરીકે તેના સ્થાનમાં सरेफो युग्माब्धि... એમ કરીને 'युग्म' શબ્દ મૂક્યાં.

૫. કેટલીક પ્રતિઓમાં ગાથાઓનો ક્રમ ઉલટ-સુલટ જોવા મળ્યો છે.

૬. નાના-મોટા ઋષિમંડલની મૂલ ગાથાઓની સંખ્યામાં અલ્પ પ્રમાણમાં ન્યૂનાધિકપણું પણ દેખાય છે.

૭. લખનાર અને લખાવનારના લિપિદોષ કે લિપિવાંચનનું અજ્ઞાન, અણસમજણ કે બેદરકારીના કારણે જે ચિત્ર-વિચિત્ર ગોટાળાઓ ઊભા થવા પામ્યા છે તે વળી જુદા.

## પાઠભેદોનું સંતુલન—

તમામ પ્રતિઓના પાઠોનું યોગ્ય સંતુલન કર્યા બાદ જે પાઠ મૂલમાં આપવો ઉચિત હતો તે મૂલમાં આપ્યો છે, તે વખતે પ્રચલિત પાઠ જળવાઈ રહે તે માટે '**सिद्धस्य गतिश्चिन्तनीया**'નો ન્યાય લક્ષિત હતો જ, તેથી મેં ખાસ કરીને અશુદ્ધિઓનું જ પરિમાર્જન કર્યું છે.

અન્ય પાઠભેદો જે યોગ્ય લાગ્યા તે ટિપ્પણમાં આપ્યા છે. ઘણા પાઠભેદો બીનજરૂરી છતાં, એટલા જ ખાતર આપ્યા છે કે સંસ્કૃતભાષાનાં રહસ્યથી અજ્ઞાત એવો ઉપાસક વર્ગ પણ ભિન્ન ભિન્ન પ્રકારના મુદ્રિત પુસ્તકો-જેને આજના કેટલાક પ્રકાશકો માત્ર એક કમાણીના ઉદ્દેશથી ગમે તેમ છાપી મારે છે, શુદ્ધિ-અશુદ્ધિ તરફ પૂરતું લક્ષ્ય આપતા નથી-તેમાં આવતા શાબ્દિક તફાવતો જોઈને ભ્રમણામાં પડી શંકાશીલ બની જાય છે, તે વર્ગને પણ ખાત્રી થાય કે સ્તોત્રમાંનો મૂલપાઠ નક્કી કરતી વખતે સંપાદકની સમક્ષ અનેક પાઠભેદો મોજૂદ હતા જ.

વ્યાકરણ, છન્દ કે લિંગ-વચનની દૃષ્ટિથી જે પાઠભેદો તદ્દન અશુદ્ધ જ લખેલા હતા, તેને તો મેં સ્થાન જ નથી આપ્યું. કારણકે એ કંઈ પાઠભેદો ગણાતા નથી.

આ સ્તોત્ર ગણાનારો બહુ સંખ્યકવર્ગ વિપ્રકીર્ણ પુસ્તકોમાં જોવાતા પાઠભેદોથી, સાચો પાઠ કયો? તેના ભ્રમમાં શંકિત રહ્યા કરે છે. આવી શંકિત હૃદયની ઉપાસના સર્વોત્તમ કોટીના ક્ષીર ભોજનમાં વિષકણ તુલ્ય છે, વ્યાપક રીતે ગણાતા આ પવિત્ર પ્રભાવક અને મંગલ સ્તોત્રનું યથાશક્તિ-યથામતિ સંશોધન કરી જૈન જગતને વધુમાં વધુ શુદ્ધપાઠ પૂરો પાડવો જેથી આરાધનાનું સર્વોત્તમ ફળ મેળવી શકે; આ ઉદ્દેશને લક્ષ્યમાં લઈ, અનેક વ્યક્તિઓના આગ્રહને વશ થઈ આ સ્તોત્રપાઠ તૈયાર કર્યો છે.

આ સ્તોત્રનું ઋષિમંડલ નામ કેમ પડ્યું, આના કર્તા કોણ? આ બાબતનો ઉહાપોહ પુનરાવૃત્તિ પ્રસંગે કરવા ધારું છું.

ઋષિમંડલનો '**पूजनविधि**' તૈયાર કરવા આ સ્તોત્રના પરમોપાસક એક શ્રાદ્ધે મને ઘણા વખતથી બાધ્ય કર્યો છે. પણ અત્યારે આવું કંઈ કાર્ય તે મારું મુખ્ય કાર્ય ન હોઈ આ બાબતમાં વધુ સમય આપી શકું તેમ નથી છતાં કદાચ ભાવિ સર્જિત હશે તો તે પ્રસંગે આ સ્તોત્ર અંગેનું વિશેષ કથયિતવ્ય હશે તે જરૂર રજૂ કરાશે.

ઋષિમંડલ સ્તોત્ર અનુવાદ સાથે બહાર પાડવું તેવી ઘણા ભાવુકોની સૂચના છતાં, આજે એ પ્રથા સુયોગ્ય છે કે કેમ તેને વિચારસપાટી પર તરતી રાખીને તત્કાલ તો મૂલ સ્તોત્ર જ

પ્રગટ કરવાના ઈરાદાને અમલમાં મૂક્યો છે. બાકી એક વાત સ્પષ્ટ કરી દઉં કે આ સ્તોત્રના મુદ્રિત અનુવાદો, મને સંતોષકારક નથી લાગ્યા.

દુઃખની વાત એ છે કે આ સ્તોત્ર આટલું વ્યાપક અને પ્રસિદ્ધ હોવા છતાં તેના પર એક પણ ટીકા નથી મળતી. ટીકા રચાઈ હશે કે કેમ? તે જ સવાલ છે. એમ છતાં આનાં પૂજન–આમ્નાયોની નોંધોવાળી નાની–મોટી લિખિત કૃતિઓ મળે છે.

આટલો વિશદ ઉલ્લેખ કર્યા પછી આ સ્તોત્રના **मूलमंत्र**ની બાબત અંગે થોડુંક કહી દઉં.

મૂલમંત્ર અંગે પ્રત્યન્તરોમાં અનેક ભિન્નતાઓ નજરે પડે છે. એ ભિન્નતાઓ કેટલા પ્રકારની છે? ભિન્નતાના કારણો શું? અને મૂલ સ્તોત્રમાં આપેલી મૂલમંત્રદર્શક નવમી અને દશમી ગાથાનો વાસ્તવિક અર્થ શું? અને છેવટે ૨૭ અક્ષરોનો સાચો મૂલમંત્ર કયો? તે વિચારીએ.

## मूलमंत्र अंगे केटलीक विचारणा

હસ્તલિખિત–મુદ્રિત કૃતિઓમાં જે જે રીતે **मूलमंत्र** છપાયો છે તેનું વર્ગીકરણ કરીએ તો પ્રાયઃ બાર પ્રકારો થવા જાય છે.

१ ॐ ह्रां ह्रीं ह्रुं ह्रूं ह्रें ह्रैं ह्रौं ह्रः
**अ सि आ उ सा – सम्यग्दर्शन–**
**ज्ञान – चारित्रेभ्यो ह्रीं नमः ॥**

૨. બીજા પ્રકારમાં ઉપરના મન્ત્રમાં અન્તમાં જે ह्रीं આપ્યો છે તે નથી.

૩. ત્રીજા પ્રકારમાં '**सम्यग्**' શબ્દ જ નથી.

૪. ચોથા પ્રકારમાં '**दर्शन–ज्ञान**'ને બદલે '**ज्ञान–दर्शन**' એમ ઉલટું છે.

૫. પાંચમા પ્રકારમાં 'ॐ ह्रां ह्रीं' છે, તેને બદલે હ્રસ્વ 'ह्रिं' છે.

૬. છઠ્ઠા પ્રકારમાં આદિમાં દીર્ઘને બદલે હ્રસ્વ 'ह्रिं', ઉપરાંત **ज्ञान**– પદ નથી.

૭. સાતમા પ્રકારમાં અન્તમાં '**नमः**'ના સ્થાને '**नमोनमः**' શબ્દ છે.

૮. આઠમા પ્રકારમાં 'ह्रः' પછી 'ॐ **असिआउसाज्ञान०**' આ પ્રમાણે છે.

૯. નવમા પ્રકારમાં પ્રારંભના નવને બદલે અગિયારમું એટલે આઠમું ह्रों અને દશમું ह्रं બીજ બે વધારે છે.

૧૦ દશમા પ્રકારમાં બાર બીજ એટલે નવમાં પ્રકારમાં જે કહ્યાં છે તે જ અગિયાર અને વધારામાં દીર્ઘ ઉપરાંત હ્રસ્વ [1]'ह्रिं' એમ બંને બીજો પણ આપેલાં છે.

૧૧ અગિયારમા પ્રકારમાં ॐ થી લઈને નવ [2]બીજ આપ્યા બાદ **असिआउसा ज्ञानदर्शनचारित्रेभ्यो**[3] **नमः**

---

૧. ह्रीं દીર્ઘ સમજવો. ૨. સં. ૧૪૭૯ના પટમાં આ ઉલ્લેખ છે.

૩. એક પ્રતિમાં ॐ... ...ह्रः चारित्रेभ्यो ॐ ह्रीं मम (ઉપાસકનામોચ્ચાર) कुरु कुरु स्वाहा' આ પ્રમાણે ઉલ્લિખિત

૧૨ બારમા પ્રકારમાં શરૂઆતના ૐકારથી લઈને ह्रः સુધીમાં એક 'ह्रं' બીજ વધારે છે અને અન્તમાં 'तत्त्वदृष्टिभ्यो नमः' આવું વિચિત્ર વિધાન છે.

ઉપરના આવા અનેક વિકલ્પોમાંથી યથાર્થ મૂલમંત્ર કયો? તે નક્કી કરવા અગાઉ એક જ સ્તોત્રના **मूलमंत्र**માં આવા પાઠભેદો અને વિકલ્પો કેમ ઊભા થયા? તે પણ જરા જોઈ લઈએ.

૧. પ્રથમ તો પ્રસ્તુત સ્તોત્રમાં મૂલમંત્રદર્શક ગાથાઓનો મૂલ પાઠ બે જાતનો મળે છે.

૨. બીજું કારણ હસ્તપ્રતોમાં મૂલમંત્રદર્શક મૂલપાઠ આપેલો હોય તેને અનુસરીને જ મન્ત્રોદ્ધાર ન લખતાં પ્રચલિત માન્યતાના વહેણોમાં તણાઈને લખવામાં લીધેલી સ્વેચ્છા મુજબની [3]છૂટો અને તેના પરિણામે પાઠ કંઈ કહે, જ્યારે પાઠ નીચે આપેલો મંત્ર વળી જુદું જ કહે. આવી સ્થિતિ સર્જાવા પામી અને તેમાંથી મૂલમંત્રે ચિત્ર–વિચિત્ર સ્વરૂપ ધારણ કર્યું.

૩. વળી સંસ્કૃત ભાષાની અનભિજ્ઞતા તેમજ લિપિદોષ યા લિપિના વાચકના દોષને કારણે પણ આવી ભૂલો થવા પામે છે. અને એવા શતશઃ અનુભવો તદ્વિષયકવિજ્ઞોને થયેલા છે જ.

ઉપરોક્ત કારણોનાં ઉદાહરણ તરીકે કેટલીક પ્રતોમાં **द्वयेंलब्धिं–पंञ्चषानं** (અથવા **लब्धि...** એવો) પાઠ છે. એ આધારે મૂલમંત્રના પ્રારંભના મંત્રબીજોમાં ત્રીજું ह्रींકાર બીજ તે હ્રસ્વ નહીં પણ દીર્ઘ ह्रीँ હોવાનું જણાવે છે.

જ્યારે અન્ય પ્રતિઓના **'द्वि–[1]त्रि–पञ्च–षान्'** એવા પાઠથી ત્રીજું બીજ હ્રસ્વ ह्रिँ હોવાનું જ સૂચવે છે.

જો હ્રસ્વ હ્રિઁનો સ્વીકાર કરીએ તો આદિ અને અન્તમાં દીર્ઘ જ હ્રીઁ આવે છે તેને બદલે બંને જાતનાં બીજો પ્રાપ્ત થાય ખરાં, અને તે શોભનિક પણ બને છે.

ગમે તે હો પણ [2]બંને વિકલ્પોવાળા પાઠો જોવા મળે છે.

વળી મન્ત્રોદ્ધારવાળી મૂલગાથાઓમાં **'सम्यग्'** પદનો અક્ષરો દ્વારા કશો ઉલ્લેખ ન હોવા છતાં. મોટા ભાગની હસ્તપ્રતિઓમાં મંત્રોદ્ધાર તરીકે લખેલા મૂલમંત્રમાં તે શબ્દનો સ્પષ્ટોલ્લેખ મોટા પ્રમાણમાં જોવા મળે છે. વિદ્યાભૂષણસૂરિકૃત ઋષિમંડલમંત્રકલ્પમાં **'सद्दर्शनज्ञानसुसंयमेभ्यो'** આ પાઠથી **सद्** અથવા ઉપલક્ષણથી **सम्यग्** શબ્દ સહિત દર્શન-જ્ઞાન લેવાં જોઈએ એવો ધ્વનિ નીકળી શકે ખરો પણ પ્રચલિત સ્તોત્રપાઠમાં તેવો સૂચક પાઠ નથી. અલબત્ત બધી બાબતો

---

છે, પણ આ સ્તોત્રના મૂલપાઠથી તદ્દન અસંગત છે છતાં સ્તોત્ર–મન્ત્રોના પાઠોમાં કેટલીક વાર સકારણ-અકારણ આવી છૂટો લેવાતી. ડભોઈના ભંડારની એક પ્રતિમાં તો ह्रः પછી 'भगवति पार्श्वनाथाय असिआउसा' આટલો મોટો પાઠ વધારો છે.

૧. 'त्रि'ના પાઠ માટે લેખકના વાંચનદોષના કારણે લિપિદોષ ઊભો થતાં, ધીમે ધીમે द्वयब्धि ના 'ब्धि' અક્ષરે, त्रिનો અવતાર ધારણ કર્યો હોય એવું નથી ને?

૨. દિગમ્બર આમ્નાયની પુસ્તિકામાં પણ બંને વિકલ્પો છાપેલા જોવા મળે છે એમ છતાં ऋषिमंडलकल्प (પ્રકા. જૈનગ્રન્થરત્ન કાર્યાલય-મુંબઈ) નામની પુસ્તિકાના પ્રારંભમાં આપેલ શ્રી વિદ્યાભૂષણસૂરિ વિરચિત ऋषिमंडल स्तोत्र-यन्त्र ગાથા દસમીમાં 'नेत्रो-दधीश्वश्वकुलांगनांग-दिगयमांकैर्विहितोरुसेवं ।' આ પદના उदधि શબ્દથી દીર્ઘ ह्रींકારનું જ સૂચન થાય છે. એ જોતાં મુદ્રિત પાઠો ભરોસાપાત્ર ઠરતા નથી.

સ્તોત્રપાઠમાં કહેવાય જ છે એવું પણ નથી. ઉપલક્ષણથી, સત્ય પરંપરાથી પણ કેટલાક નિર્ણયો કરવાના હોય છે.

તે સિવાય કેટલીક પ્રતિઓના મૂલપાઠમાં 'पञ्चातो ज्ञान-दर्शने' એવા પાઠને ઠેકાણે [1]"पञ्च-दर्शनबोधने' એવો પાઠ હોવા છતાં તે પાઠને અનુસરીને મંત્ર ઉદ્‌ધૃત ન કરતાં પ્રથમ પાઠ પ્રમાણે જ ઉદ્ધરણ કરી નાંખ્યું છે.

ઉપર જોઈ આવ્યા તેમ અન્યાન્ય પ્રતિઓમાં જુદી જુદી રીતે મૂલમંત્ર બીજોમાં અને તેના શુદ્ધાક્ષરોમાં સામાન્ય કોટિનો તફાવત જોવામાં આવ્યો છે.

અગાઉ બાર પ્રકારો બતાવ્યા છે તેમાં નંબરો ૧, ૩, ૪, ૫– સિવાયના બાકીના પ્રકારો અંગે કશો જ વિચાર કરવાનો નથી; કારણ. કે તે તો તદ્દન અશુદ્ધ જ છે.

બીજી બાજુ મૂલમંત્રના પાઠભેદોવાળી વિભિન્ન તમામ હસ્તલિખિત પ્રતિઓ કે મુદ્રિત પુસ્તકોમાં, મૂલમન્ત્ર લખી કે છપાવીને નીચે જણાવાતી પંક્તિઓ (લગભગ) એક સરખી રીતે જ લિખિત કે મુદ્રિત જોવા મળે છે, તે પંક્તિ નીચે મુજબ છે.

"**इति ऋषिमंडलस्तवस्य-यन्त्रस्य मूलमन्त्रः, आराधकस्य शुभः।**
**नवबीजाक्षरः, अष्टादशशुद्धाक्षरः, एवमेकत्रसप्तविंशत्यक्षररूपः॥**"

આ પંક્તિમાં ઋષિમંડલનો જે યન્ત્ર છે તેનાં મન્ત્રબીજોની સંખ્યા નવ જણાવી, અને શુદ્ધાક્ષરોની અઢાર સંખ્યા ગણાવીને મૂલમન્ત્ર ૨૭ અક્ષરોનો હોવાનું સૂચન કર્યું. આ તો એકી અવાજે સર્વ સ્વીકૃત બાબત છે; પણ નવ બીજો અને ૧૮ શુદ્ધાક્ષરો કયા? તે સ્પષ્ટ ગણત્રી કરીને બતાવેલું મારા જોવામાં હજુ આવ્યું નથી, એટલે તેનો અલ્પ વિચાર આપણે જ કરવો રહ્યો.

## મન્ત્ર બીજો ૯, ખરા પણ તે કયા? અને [2]શુદ્ધાક્ષરો ૧૮ તે કયા?

સંખ્યા નિર્ણય કરવા અગાઉ ૐકારને બીજ ગણીને ગણનામાં ગણવો કે કેમ? તેનો પ્રથમ નિર્ણય કરવો જોઈએ, કારણકે ૐકાર પ્રણવ-અક્ષર પણ ગણાય છે ને [3]બીજ મન્ત્ર પણ ગણાય છે. વિ. સં. ૧૯૭૨માં અને ત્યારપછી વિ. સં. ૨૦૦૩માં દિગમ્બર સંસ્થા તરફથી બહાર પડેલી પં. શ્રી મનોહરલાલ શાસ્ત્રીકૃત અનુવાદવાળી ઋષિમંડલમન્ત્રકલ્પ નામની

---

૧. ખાસ કરીને દિગમ્બરીય પ્રતિઓમાં આ પાઠ વધુ હશે ખરો!

૨. મૂલમન્ત્રના ૨૭ અક્ષરોમાં આદિનું 'ૐ' બીજ ગણત્રીમાં લેવું કે કેમ? नमः એની શુદ્ધાક્ષરમાં ગણત્રી કરવી કે બીજમાં? सम्यग् પદ ઉપલક્ષણથી મૂલમન્ત્રમાં લેવું કે કેમ? આ નિર્ણયો કરવાનું કાર્ય તથાવિધ વિજ્ઞ વ્યક્તિઓના અભાવે તત્કાલ મુશ્કેલીભર્યું છે. અને એના નિર્ણય વિના મૂલમન્ત્રનો યથાર્થ નિર્ણય આપવો અશક્ય બની જાય છે. અમુક દૃષ્ટિએ જોઈએ તો ૐ અને नमः બંનેને બાદ કર્યા પછી ૨૭ અક્ષરોની ગણત્રી કરવી ઉચિત સમજાય છે.

૩. ૐકાર અને नमः બંનેનો બીજો તરીકે પણ ઉલ્લેખ થયેલો છે.

પુસ્તિકામાં સ્તોત્રની નવમી-દશમી ગાથાના અનુવાદમાં લખે છે કે 'इस मन्त्र में ॐ अक्षर पहले लगता है वह गिनती में नहीं आता परंतु उसके लगने से ही मन्त्रशक्ति प्रगट होती है । અને પ્રાયઃ તેનું જ અનુકરણ શ્રી ચન્દનમલજી નાગોરીએ સ્વઅનુવાદિત ઋષિમંડલસ્તોત્રમાં કર્યું છે.

હવે જ્યારે ૐકારને ગણત્રીમાં ન લઈએ તો બીજા ह्रीँ બીજથી हः બીજ સુધીની સંખ્યા આઠની થાય અને અન્તના नमः પદ પહેલાંનો ह्रीँ તેને નવમું બીજ ગણીએ તો નવ બીજાક્ષર બરાબર મલી જાય. પછી અષ્ટાદશ શુદ્ધાક્ષરો (ઉપલક્ષણથી सम्यग् પદ ગણત્રીમાં લઈએ તો) નીચે મુજબ ગણતાં સંપૂર્ણ મૂલમન્ત્ર આ રીતે તૈયાર થાય.

१ २ ३ ४ ५ ६ ७ ८
ॐ ह्राँ ह्रीँ ह्रुँ ह्रूँ ह्रेँ ह्रैँ ह्रौँ ह्रः–

१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १०
अ सि आ उ सा स म्य ग्द र्श न

११ १२ १३ १४ १५ १६ १६ १७ १८
ज्ञा न चा रि त्रे भ्यो ह्रीँ न मः॥

આ અત્યારે વધુમાં વધુ પ્રચલિત[1] મૂલમન્ત્ર છે તે જ સંગત થયો. માત્ર કેટલાક दर्शन-ज्ञानની જગ્યાએ ज्ञान–दर्शन આ રીતે બોલે છે.

હવે બીજા પક્ષે વિચાર કરીએ તો ૐકાર અને નમઃ એ બંનેને બીજો તરીકે ગણીએ તો સંપૂર્ણ મન્ત્રમાં બીજસંખ્યા નવને બદલે ૧૧ની થઈ જાય છે. કદાચ नमःને બીજ ન ગણીએ (શુદ્ધાક્ષરમાં રાખીએ) તો દસની સંખ્યા થાય છે. અને જો ॐ પ્રણવાક્ષરને સર્વત્ર વ્યાપક ગણીને તેને સંખ્યા ગણત્રી માટે અગણ્ય લેખીએ તો ય (नमःને બીજ રાખતાં) દસ બીજ રહે છે, પણ જ્યારે ॐ અને नमः આ બંને તો પ્રાયઃ દરેક મન્ત્રોમાં આવતા જ હોય છે તેથી તે અગણ્ય છે એમ સમજીને બંનેને બાદ કરીએ તો જોઈતા નવ બીજો મૂલમંત્રમાંથી મળી રહે. વળી नमः એકલા જ બીજને રદ કરીએ અને પછી નીચે પ્રમાણે ગણત્રી કરીએ તો તે રીતે ૨૭ અક્ષરો મળી રહે છે.

१ २ ३ ४ ५ ६ ७ ८ ९
ॐ ह्राँ ह्रीँ ह्रुँ ह्रूँ ह्रेँ ह्रैँ ह्रौँ ह्रः–

१० ११ १२ १३ १४ १५ १६ १७ १८ १९ २०
अ सि आ उ सा स म्य ग् द र्श न

२१ २२ २३ २४ २५ २६ २७
ज्ञा न चा रि त्रे भ्यो ह्रीँ नमः॥

અહીં સમ્યગ્દર્શન આ અક્ષરોમાં ग् ને द બેયની એક જ સંખ્યા ગણીએ અને છેલ્લો नमः

---

૧. આ કથન માટે તેઓએ ત્યાં આગળ કોઈ શાસ્ત્રપ્રમાણ કે ગણત્રી બતાવેલ નથી. તે આપવું જરૂરી હતું જેથી મૂલમન્ત્ર નિર્ણય કરવામાં સરલતા થઈ જાત.

આ પદને સંખ્યાવડે એક જ ગણીએ તો પણ ૨૭ નો મેળ મળી રહે.

હવે સાતમા પૃષ્ઠના બીજા પેરામાં કહ્યું છે તે રીતે [1]**सम्यग्** શબ્દ મૂલમંત્રમાં લઈએ તો જ ઉપરની વાત બંધબેસતી થાય અને જો ન લઈએ તો, બે યા ત્રણ અક્ષરોની સંખ્યા ઓછી થતાં ૨૫-૨૬ અક્ષરો થઈને ઊભા રહે.

હવે આપણે આડીઅવળી બાબતોનો વિચાર જતો કરીને સ્તોત્રમાંની મૂલમંત્રદર્શક ૯-૧૦ ગાથાઓનો સીધો જ અર્થ વિચારીએ–

**पूर्वं प्रणवतः सांतः, सरेफो द्वयब्धिपञ्चषान्।**
**सप्ताष्ट-दश-सूर्यांकान्, श्रितोबिन्दुस्वरान्पृथक्॥९॥**

**पूज्यनामाक्षरा आद्याः पञ्चदर्शनबोधने।**
**चारित्रेभ्यो नमो मध्ये ह्रीं-सांतः समलंकृतः॥१०॥**

આ વિધાનથી મૂલમંત્રમાં પ્રથમ પ્રણવ કહેતાં ૐકાર પછી ह्रां થી લઈને ह्रः સુધીનાં બીજો, પછી પૂજનીય પંચપરમેષ્ઠિના આદિ પાંચ અક્ષરો તે 'अ सि आ उ सा' ને ત્યાર પછી दर्शन-ज्ञान-चारित्रेभ्यो ह्रीं नमः

આ વિધાનથી તો સ્તોત્રકાર પોતે જ ૐકાર લેવાનું સૂચવે છે. એથી તેને બીજરૂપે સ્વીકારીએ તો ૐકારથી ह्रः સુધીનાં નવ બીજો અખંડ ક્રમે મળી રહે.

## અઢાર શુદ્ધાક્ષરો કેવી રીતે લેવા?

તો પૂજ્ય વાચક નામોના આદ્યાક્ષરો પાંચ, પછી दर्शन ज्ञान એના પાંચ, કુલ દશ થયા, ત્યારબાદ **चारित्रेभ्यो** ह्रीं આ પાંચ મળીને પંદર થયા અને અંતના नमः આ બે અક્ષરો ભેળવીએ તો સત્તર થયા. ત્યારે અઢારનો મેળ હજુ ન મલ્યો. એક અક્ષર ખૂટ્યો તો શું તેની સંગતિ મૂલપાઠમાંથી જ શક્ય છે ખરી? હા, પણ નીચેની વિચારણા સંગત લાગતી હોય અને સહુને માન્ય હોય તો! ચાલો ત્યારે એક નવો જ વિકલ્પ તમારી આગળ રજૂ કરું!

## એક નવો જ વિકલ્પ–વિચાર—

દશમાં શ્લોકમાં *'सांतः समलंकृतः' આ જે પદ છે, તેનો પ્રથમ અર્થ શું તે સમજી લઈએ. **सस्य अन्ते यः सः सान्तः** :-અર્થાત્ દન્ત્ય સકારના અન્તે જે વર્ણ હોય તે. ત્યારે અન્તમાં स પછી ह અક્ષર આવે છે તેથી તેને પકડવો; એ ह કેવો લેવો સાદો કે અન્ય

1. સ્તોત્રમાંની મૂલગાથા સાથે सम्यग् પદ બંધબેસતું નથી. ग् વ્યંજન હોવાથી આ અક્ષર સ્વતંત્ર ગણત્રી માટે અગણ્ય હોઈ સસ્વર 'द' અક્ષર સહિત ગણત્રીમાં લેવાનો છે. હસ્તલિખિત-મુદ્રિત પ્રતોમાં મૂલપાઠમાં પ્રથમ ज्ञान પદ અને પછી दर्शन પદ લખેલ છે. જ્યારે એ ગાથા પછી જ સમગ્ર મૂલમંત્ર આપેલા હોય છે, તેમાં તેથી ઉલટું दर्शन-ज्ञान, આમ પૂર્વાપર વિરુદ્ધ વિધાન છે.

★ મંત્રપરિભાષામાં સીધો ह ન કહેતાં તેને 'સાંતથી ઓળખવાની પદ્ધતિ-પ્રથા છે.

ચિહ્નોથી અલંકૃત? તો કહે છે કે-'समलंकृतः' અન્ય ચિહ્નાદિકથી સારી રીતે અલંકૃત લેવો. હવે અલંકૃત કયા પ્રતીકોથી કરવો? તે અધ્યાહાર છે. પણ રેફ, [1]નાદ, બિન્દુથી અલંકૃત કરવો યોગ્ય છે, જેથી ह्रूँ એવું એક નવું બીજ ઉમેરાણું.

આવો અર્થ જો (સ્તોત્રકારની દૃષ્ટિથી માન્ય હોય તો) કરીએ તો चारित्र અને नमः આ બે પદની વચ્ચે ह्रीँ બીજ ઉપરાંત 'ह्रः' બીજ એક વધુ ઉમેરવું જોઈએ. અને એ સમુચિત હોય તો ઉપર સત્તર અક્ષર ગણ્યા હતા, ત્યાં એક અક્ષર ઉમેરાતાં બરાબર અઢાર અક્ષરો સરલતાથી લભ્ય થઈ જાય છે.

પણ ઢાલની બીજી બાજુ તપાસીએ તો એ શંકાને પણ અવકાશ છે કે 'सांतः समलंकृतः' આ ચરણ કોનું વિશેષણ છે? તો માત્ર ह्रीँકારનું છે. એનું છે તો તે સ્વરૂપ વિશેષણ છે કે વ્યાવર્ત્તક?

સ્વરૂપ વિશેષણ અંગે વિચારીએ તો તેની ખાસ આવશ્યકતા નથી જણાતી, કેમકે સ્તોત્રકારે સમલંકૃત ह्रीँ નું નામપૂર્વક સ્પષ્ટોચ્ચારણ કર્યું છે માટે એ કરતાં તો (સ્તોત્રકારને ઇષ્ટ હોય તો) सम्यग् પદ ગોઠવવાની ખાસ જરૂર હતી; તે ગોઠવે નહીં ને બીજી બાજુ આવું નિરર્થક ગૌરવ શા માટે વધારે? એ જોતાં લાગે છે કે આ પદને સ્વરૂપ વિશેષણ ન માનતાં વ્યાવર્તકનો સ્વીકાર કરીએ તો સ્વતંત્ર 'ह्रूँ' બીજ તૈયાર થાય છે.

આ વિચારણાને ખુલ્લે ખુલ્લો ટેકો આપતાં દિગમ્બરીય [2]विद्यानुशासन ગ્રન્થમાં चारित्रेभ्यो ह्रीँ ह्रूँ આવા બે બીજોવાળો પાઠ સ્પષ્ટ છે, અને તે ઉપરથી વિદ્યાભૂષણસૂરિકૃત (દિગમ્બરીય) ઋષિમંડલ યન્ત્ર-સ્તોત્રમાં 'नमोऽस्तु मध्ये किल ह्रीँ च सांतं' આ પાઠથી પણ બે બીજો લેવાનું સૂચન થાય છે.

ઉપરોક્ત વિચારધારા પ્રમાણે નવ બીજાક્ષર અને અઢાર શુદ્ધાક્ષર મળીને કુલ ૨૭ અક્ષરોનો મૂલમંત્ર નીચે મુજબ તૈયાર થાય.

| | | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ | | |
| ॐ | ह्राँ | ह्रीँ | ह्रुँ | ह्रूँ | ह्रेँ | ह्रैँ | ह्रौँ | ह्रः– | | (शुभ नव बीजाक्षर) |
| ૧૦ | ૧૧ | ૧૨ | ૧૩ | ૧૪ | ૧૫ | ૧૬ | ૧૭ | ૧૮ | ૧૯ | |
| अ | सि | आ | उ | सा | द | र्श | न | ज्ञा | न – | |
| ૨૦ | ૨૧ | ૨૨ | ૨૩ | ૨૪ | ૨૫ | ૨૬ | ૨૭ | | | |
| चा | रि | त्रे | भ्यो | ह्रीँ | ह्रूँ | न | मः॥ | | | अढार शुद्धाक्षर |

અહીં જ્ઞાન-દર્શન આ ક્રમ નથી રાખ્યો.

શંકા થશે કે આ પુસ્તિકામાં છાપેલા સ્તોત્રની ગાથા પાંચમીમાં પ્રથમ જ્ઞાન અને પછી દર્શનને

૧ આ વાતને વિદ્યાનુશાસન ટેકો આપે છે.

૨ મંત્રશાસ્ત્રનો આર્ષગ્રન્થ.

સ્થાન આપ્યું છે અને તદનુસારે દશમી ગાથામાં **पञ्चातो ज्ञानदर्शने** જ પાઠ રાખવો જોઈએ, અને એ જ સંગત હતું તો પછી પાઠ કેમ બદલ્યો? આ વાત બરાબર છે, પણ એ સંબંધી વિચારનિર્ણય દ્વિતીયાવૃત્તિ પ્રસંગે કરવા ધારું છું.

અહીં પુનઃ યાદ આપું કે '**सम्यग्** શબ્દનો સૂચક પાઠ, મૂલસ્તોત્રપાઠમાં નથી જેથી અહીં તેનો વિચાર નથી કર્યો.

આ પ્રમાણે બીજી રીતે ઉપર મુજબ મૂલમન્ત્ર નિશ્ચિત થાય છે.

## –તો અમારે કયો મન્ત્ર ગણવો?

વાચકોને એમ થશે કે તમોએ તો ઉલટા અમને ભ્રમમાં નાંખ્યાં? હા, એમ લાગે ખરૂં! પણ જો આ રીતે વિચારો કે વિકલ્પો રજૂ ન કરીએ તો અન્ય વિદ્વાનોનું આ તરફ લક્ષ્ય ખેંચાય નહિ અને ત્યાં સુધી સત્ય નિર્ણય કરવાની ભૂમિકા ઊભી થવા પામે પણ નહીં. આ હેતુથી જ અત્રે વિપ્રકીર્ણ રીતે છણાવટ કરી છે; જેથી અભ્યાસીજનોને સાચો પ્રમાણભૂત પાઠ નિર્ણય લેવામાં, પ્રસ્તુત વિચારો સહાયક બને. પરિણામે પુનરાવૃત્તિ પ્રસંગે નિશ્ચિનપણે એક જ મૂલમંત્ર નિર્ણય આપી શકવાનું શક્ય બને.

## પણ અત્યારે અમારે બેમાંથી કયો ગણવો?

હમણાં તો હું લાંબા સમયથી પ્રચલિત વર્તમાનમાં જે મન્ત્ર ગણાય છે તે જ ચાલુ રાખવાની સલાહ આપી શકું, કારણ કે નવા પ્રકારને સુનિશ્ચિત કરવા આ અગાઉ બીજી કેટલીક વિચારણા કરવી જરૂરી છે.

ઋષિમંડલનો લઘુ મૂલમંત્ર '**ॐ ह्रीँ अर्ह नमः**' છે. મન્ત્ર નાનો છતાં પ્રભાવ મહાન છે માટે દરેક સાધકો માટે આનું પૂર્વ રટણ અત્યાવશ્યક છે.

ह्रीँકાર આકૃતિ સર્વ વર્ણો ગર્ભિત કઈ અપેક્ષાએ છે, ह्रीँ બીજનું મહત્વ, ઋષિમંડલ સ્તોત્રનો સંક્ષિપ્તાર્થ અને તેને અંગેનું સુવિસ્તૃત સ્પષ્ટીકરણ ભવિષ્યમાં યથાસમયે પ્રગટ થશે.

છેલ્લે છેલ્લે ગ્રન્થભંડારોના વહીવટદારોએ તથા સૌજન્યમૂર્તિ વિદ્વાન મિત્રવર્ય મુનિવર શ્રી પુણ્યવિજયજી મહારાજે, પોતાના સંગ્રહની હસ્તપ્રતિઓ આપી જે સહકાર આપ્યો છે, તે માટે તેઓનો અંતઃકરણથી આભાર માનું છું.

પૂજ્યપાદ્ પરમકૃપાળુ ગુરુદેવો-આચાર્ય શ્રીમદ્ વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજ તથા આચાર્ય શ્રીમદ્ વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજની સત્પ્રેરણાથી આ કૃતિનું પ્રકાશન થવા પામ્યું તેથી તેઓશ્રીનો પણ હું પરમઋણી છું.

વિ. સં. ૨૦૧૨ *'યશોવિજય'*

વસંતપંચમી.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# આચાર્ય વિજયવલ્લભસૂરિ સ્મારક ગ્રન્થ

વિ. સં. ૨૦૧૨ ઇ.સન્. ૧૯૫૬

૬

## ૨ : જૈન સાધ્વીજીઓની ભવ્ય પાષાણ-પ્રતિમાઓ

જૈન શિલ્પકામોમાં પ્રાચીનકાળમાં આચાર્યો-સાધુઓ-સાધ્વીઓનાં સ્મારકો તરીકે સ્તૂપો અને પાદુકાઓને સ્થાન હતું. પાછળથી તેમાં મૂર્તિશિલ્પની પ્રથાએ પ્રવેશ કર્યો અને પરિણામે ભારતના જુદા જુદા વિભાગમાં જૈન શ્રમણોની મૂર્તિઓ ભલે અલ્પ સંખ્યામાં પણ જોવા મળે છે જે જાણીતી બાબત છે. પણ જૈન આર્યા-સાધ્વીજીનાં મૂર્તિશિલ્પો ક્વચિત જ અસ્તિત્વ ધરાવતાં હોઈ તે બાબત લગભગ અદ્યાપિ અપ્રકાશિત જેવી જ રહી છે. અહીંયાં ત્રણ સાધ્વીની મૂર્તિઓ એક સાથે જ, પ્રથમવાર જ પ્રકાશિત થાય છે. સાધ્વી-શિલ્પનો પ્રારંભ ક્યારે થયો તેનો હજુ ચોક્કસ નિર્ણય નથી થયો પણ નં. એકની મૂર્તિ ૧૩મી સદીના પ્રારંભકાળની હોઈ, સંભવ છે કે તે અગાઉના સમયથી આ પ્રવૃત્તિ શરૂ થઈ હોય. જૈન સંઘના બંધારણ મુજબ સાધ્વીજીનું સ્થાન સાધુ પછી બીજે જ નંબરે હોઈ, આ પ્રથા દ્વારા પૂજ્યતાની દૃષ્ટિએ બેઉમાં સમાનત્વની પ્રતીતિ કરાવવાનો હેતુ પણ હોઈ શકે. સાધ્વી મૂર્તિની પ્રતિષ્ઠાનું વિધાન પંદરમી સદીમાં રચાયેલ શ્વેતાંબર આચાર દિનકર ગ્રંથના ૧૩મા અધિકારમાં છે. બાકી શ્રમણ-શ્રમણીના શિલ્પવિષયક ક્ષેત્રમાં સાદ્યંત પ્રકાશ પાડવાની તદ્વિષયક અભ્યાસીઓને જરૂર ખરી.

**ચિત્ર નં. ૧ : જૈન આર્યા-સાધ્વીજીની આરસપાષાણની ઊભી મૂર્તિ :** કુશળ શિલ્પીએ તેમના હાથમાં સાધુજીવનના પ્રતીક સમાન રજોહરણ-ઓઘો, મુહપત્તિ-મુખવસ્ત્રિકા આપી બે હાથ જોડી નમસ્કાર કરતી બતાવી છે. એમાં કટિમરોડથી

ઊભવાની અને હાથ જોડવાની મુદ્રા દ્વારા નમ્રતાનો જે ભાવ સૂચિત કર્યો છે તેથી, અને મુખાકૃતિને ધ્યાનસ્થ બતાવી, મુખારવિંદ ઉપર અખૂટ શાંતિ, વિનીતભાવ અને લાવણ્યપૂર્ણ તેજસ્વિતાનું જે દર્શન કરાવ્યું છે તેથી મૂર્તિ રમ્ય અને દર્શનીય બની ગઈ છે. મૂર્તિ નિહાળતાં ત્યાગજીવનની સ્વયંસ્ફુરિત શાંતિના આપણને સહસા દર્શન થાય છે. મૂર્તિમાં મસ્તકથી પાદ સુધી વસ્ત્રપરિધાન અને ડાબા ખભે ઊનની કંબલ નાંખીને ચકોર કલાકારે જૈન સાધ્વીજીની વેષભૂષાનું વાસ્તવિક દર્શન કરાવ્યું છે. પગની બંને બાજુએ બે ઉપાસિકાઓ છે. મૂર્તિની નીચેના ભાગમાં સં ૧૨૦૫ श्री महत्तरा सपरिवारा....!! આ પ્રમાણેનો ટૂંકો લેખ છે. આ લેખમાં સાધ્વીજીનું નામ અંકિત નથી. આ મૂર્તિ આ પરિચય લખનારના સંગ્રહમાં છે.

**ચિત્ર નં. ૨ : જૈન સાધ્વીજીની સંગેમરમરના પાષાણમાં કોરી કાઢેલી બેઠી મૂર્તિ :** આ મૂર્તિ સવસ્ત્ર છે. પ્રવચન કે ગણધર મુદ્રા જેવો ખ્યાલ આપતી ભદ્રાસન ઉપર સ્થિત છે. ડાબા હાથમાં મુખવસ્ત્રિકા છે, જમણો હાથ ખંડિત થઈ ગયો છે, તે છતાં તેનો જેટલો ભાગ છાતી પર દેખાય છે તે ઉપરથી લાગે છે કે શિલ્પીએ હાથમાં માળા આપી હોય. તેમનું રજોહરણ–ઓઘો પ્રાચીનકાળમાં શ્રમણોની મૂર્તિઓમાં બહુધા જે રીતે બતાવાતું તે રીતે અહીં પણ મસ્તકના પાછલા ભાગમાં બતાવેલ છે. મૂર્તિમાં પારિપાર્શ્વકો તરીકે કુશળ શિલ્પીએ કુલ ચાર રૂપઆકૃતિઓ બતાવી છે. આ પારિપાર્શ્વકો સાધ્વી નહિ પણ ગૃહસ્થ શ્રાવિકાઓ છે, પણ દુર્ભાગ્યે ડાબી–જમણી બાજુની એક એક આકૃતિ ખંડિત થઈ ગઈ છે. છતાં એમ લાગે છે કે ચારેયને કલાકારે કંઈ ને કંઈ કાર્યરત બનાવી સેવા અને ઉપાસનાનો એક ભાવવાહી આદર્શ રજૂ કર્યો છે. એમાં જે બે આકૃતિઓ અખંડ દેખાય છે તેમાં એક ઊભી ને બીજી બેઠી છે. ઊભી આકૃતિ ઊભવાના કોઈ સાધન ઉપર ઊભા રહીને પોતાનાં પૂજ્ય સાધ્વીજીની વાસક્ષેપથી પૂજા કરતી હોય તેમ લાગે છે. શિલ્પીએ તેની ઉભવાની પદ્ધતિ ખૂબ જ આકર્ષક અને વિનયભાવભરી બતાવી છે, મુખ ઉપર પૂજા અને ભક્તિનો ઉંડો ભાવ વ્યક્ત કર્યો છે. તેને સવસ્ત્ર બનાવી મૂર્તિમાં ઉત્તરીય વસ્ત્ર જે ખૂબીથી નાંખ્યું છે તે શિલ્પકળાના ગૌરવમાં સવિશેષ ઉમેરો કરે છે. એ કૃતિ કોઈ અગ્રણી ભક્તશ્રાવિકાની સંભવે છે. સાધ્વી મૂર્તિના પલાંઠી વાળેલા ડાબા પગ નીચે, ઘૂંટણીયે પડેલી જે ઉપાસિકા બતાવી છે તેના મુખ ઉપર શિલ્પીએ આંતરભક્તિભાવ અને પ્રસન્નતાનું મનોરમ દૃશ્ય બતાવ્યું છે. મૂર્તિ ઉપર તીર્થંકરની એક પ્રતિમા પણ ઉપસાવી કાઢી છે.

આ શિલ્પનું સમગ્ર દર્શન એટલું આકર્ષક અને ભાવવાહી છે કે જેથી આપણે પ્રાપ્ય સાધ્વીમૂર્તિશિલ્પમાં આને સર્વશ્રેષ્ઠ તરીકે સહેજે બિરદાવી શકીએ. પણ ખેદની વાત એટલી જ કે કળા અને સૌંદર્યના જ્ઞાનરસથી અનભિજ્ઞ અને શુષ્ક એવા વહીવટદારોએ તે મૂર્તિ ઉપર પ્રમાણથી વધુ મોટા અને મેળ વિનાના બાઘા જેવા ચક્ષુઓ, મોટી ભ્રમરો, નવે અંગે તદ્દન બિનજરૂરી મોટા ચાંદા જેવા ટીકાઓ ચોટાડી મૂર્તિની સુંદરતા અને ભવ્યતામાં ભારે ઉણપ આણવા સાથે કદ્રૂપતાનાં દર્શન કરાવ્યાં છે.

મૂર્તિ નીચે વિ. સં. ૧૨૫૫ कार्तिक वदि ११ वुधे देमतिमणीनी मूर्ति[ः]॥ આ પ્રમાણે લેખ કોતરેલો છે. આ મૂર્તિ ગુજરાત–પાટણના અષ્ટાપદજીનાં મંદિરમાં છે.

ચિત્ર નં. ૩ : **આરસપાષાણની સાધ્વીજીની મૂર્તિ** :–સાધ્વીજીની આ મૂર્તિ પોતાના મસ્તક ઉપર રહેલી સ્વઆરાધ્ય જિન પ્રતિમાને નમસ્કાર કરવા ભદ્રાસન પર પ્રવચન (?) મુદ્રાએ હાથ જોડીને બેઠેલાં હોય તેવો ભાવ રજૂ કરે છે. તેઓ સવસ્ત્ર છે. તેમની ડાબી બાજુએ દીક્ષિત અવસ્થા સૂચક અને અહિંસા ધર્મના પ્રતીક સમાન રજોહરણ–ઓઘો દેખાય છે, જેની દાંડી હાથના કાંડા ઉપર થઈને ઠેઠ ઉદર ભાગને સ્પર્શેલી છે. ડાબા હાથની કોણી નીચે લટકતો વસ્ત્રનો છેડો દેખાય છે. આનું શિલ્પકામ સ્થૂલ પદ્ધતિનું ગ્રામીણ ઢબના મિશ્રણવાળું છે. આમાં પણ વહીવટદારોએ નવાંગે ટીકાઓ નિરર્થક ચોડ્યા છે.

જનતાની અજ્ઞાનતાને કારણે માતર તીર્થની આ મૂર્તિ "શ્રી ગૌતમસ્વામીજીએ ભગવાન મહાવીરને મસ્તક ઉપર ધારણ કર્યા છે." એ રીતે જ વર્ષોથી ઓળખાતી અને પૂજાતી હતી, પણ બે વરસ પર મારું ત્યાં જવાનું થતાં આ ભ્રમ દૂર કરાવ્યો અને એ પ્રતિમાજીને બાજુમાંથી ઉઠાવી સન્મુખ પધરાવવા સૂચન કર્યું હતું. તેની નીચેના શિલાલેખમાં વિ. સં. ૧૨૯૮નો ઉલ્લેખ છે ને आर्यपदमृसिरि એવું નામ છે. સમયના અભાવે ને લેખની વધુ અસ્પષ્ટતાના કારણે સંપૂર્ણ લેખ લઈ શકાયો નથી. આ મૂર્તિ ગુજરાતના ખેડા પાસેના માતર તીર્થની છે.

માતર મૂર્તિનો સંપૂર્ણ લેખ–वि.सं. १२६८ **वर्षे आषाढ सुदि दशम गुरौ आर्या पदमृसिरि चिल्लिका राजसिरिकारापितं नित्यं प्रणमति शुभं भवतु॥**

ઉપરની ત્રણેય મૂર્તિઓ એક જ સૈકાની અને વળી આદિ, મધ્ય અને અન્તના ભાગની છે.

૩ : **પાટણના જૈન મંદિરમાંનો એક સુંદર કાષ્ઠપટ**—પાટણના કનાશાના પાડામાં જોડાજોડ આવેલ બે જૈન મંદિરો પૈકીના એકમાં આ કાષ્ઠપટ મંદિરની જમણી બાજુની ભીંતમાં સુરક્ષિતપણે જડી દીધેલો છે. સમસ્ત ગુજરાતમાં આટલો મોટો તીર્થંકાષ્ઠપટ ભાગ્યેજ અન્ય હશે.

પ્રાચીનકાળે કાષ્ઠરચનાથી મંદિરો થતાં તેની પરંપરારૂપે આ કાષ્ઠશિલ્પની કૃતિમાં ઉપલા ભાગમાં વર્તમાનયુગના વીશ તીર્થંકરોની નિર્વાણભૂમિરૂપે સમેતશિખર તીર્થ અને યુગના આદ્ય તીર્થંકર ભગવાન ઋષભદેવની નિર્વાણભૂમિ તરીકે અષ્ટાપદ તીર્થ વગેરેનું કોતરકામ થયેલું છે.

સમેતશિખરમાં શિલ્પીએ ત્રણેય દિશામાં ફરતી વીશ ટેકરીઓ ઉપરની વીશ દેવકુલિકાઓ-દહેરીઓ તેમની મૂર્તિઓ સાથે બુદ્ધિપૂર્વક ગોઠવી છે. વચમાં ત્રણ શિખરોથી સુશોભિત ભગવાન પાર્શ્વનાથની પ્રતિમાથી અલંકૃત અતિભવ્ય જલમંદિર સુંદર ને સુસ્પષ્ટ કોતરકામથી બતાવ્યું છે.

ઉપરાંત પ્રસ્તુત પહાડ, પક્ષીઓ, જલજંતુપૂર્ણ નદી, વાવો, સરોવરો, કુંડો, વૃક્ષો, વનરાજીઓ, ધ્યાન ને તપ કરતાં અનેક સંતો–ઋષિઓ અને યાત્રાર્થે ચઢતા–ઊતરતા માનવોની તાદૃશ અને રમ્ય આકૃતિઓથી કાષ્ઠપટને ભરપૂર બનાવ્યો છે.

નીચેના ભાગમાં અષ્ટાપદ પર્વત 'ચત્તારિઅટ્ઠદશદોય'ના નિયમ મુજબ ચોવીશ તીર્થંકરોની ફરતી શિખરબંધી દેવકુલિકાઓથી શોભે છે. આ મંદિરના મધ્યભાગે ઋષભદેવ ભગવાનની નિર્વાણભૂમિ ઉપર જૈનશાસ્ત્રના કથન મુજબ મંદિરને બદલે અલંકૃત રીતે સ્તૂપરચના બતાવી છે અને ઉપરના ભાગે બંને બાજુએ ચામરધારી તરીકે બે ઈન્દ્રો બતાવ્યાં છે. આમ પ્રાચીનકાળની

મૂળ પ્રથા અહીં બરાબર દેખાય છે. સમગ્ર મંદિરની જમણી બાજુ તન્તુવાદ્ય બજાવતા દશશિર રાવણ અને તેની ડાબી બાજુ તેમની જ પત્ની મંદોદરીને ભગવાન આગળ ભક્તિનૃત્ય કરતાં બતાવ્યાં છે. વળી મંદિરના નીચેના ભાગે સૂર્ય બતાવીને, તેના કિરણના આધારે ગૌતમસ્વામી યાત્રાર્થે પહોંચ્યા તે ભાવ રજૂ કર્યો છે. ઉપરના ભાગે જંઘાચારણ-વિદ્યાચારણ મુનિઓ યાત્રા કરવા આવ્યાનું દર્શાવ્યું છે. નીચે સગરચક્રીના પુત્રો તીર્થરક્ષણાર્થે ખાઈ ખોદી રહ્યાનું બતાવ્યું છે. આજુબાજુ જુદાં જુદાં આસનો દ્વારા તપ અને ધ્યાન કરી રહેલાં ઋષિમુનિઓ બતાવ્યાં છે. ઉપરના ભાગે વીશ વિહરમાન જિનની દહેરીઓ અને અન્ય તીર્થમંદિરો બતાવ્યાં હોય તેમ જણાય છે.

આ તીર્થપટ ગુજરાતના કાષ્ઠશિલ્પમાં બહુમૂલ્ય વસ્તુ છે. તેનું માપ આશરે ૩॥'×૭' છે અને સમય આશરે ૧૭-૧૮મી શતાબ્દી વચ્ચેનો ગણી શકાય. શ્રીપંચાસરજીની પ્રતિષ્ઠા પ્રસંગે તેનું મને પ્રથમ જ દર્શન થયું હતું.

૪ : **ઐતિહાસિક વસ્ત્રપટ**—ન્યાયાચાર્ય ઉપાધ્યાય શ્રીયશોવિજયજી મહારાજના જીવનકાળની વિચારણામાં અભૂતપૂર્વ પ્રકાશ પાડતો વિ. સં. ૧૬૬૩માં ચીતરાયેલો આ ઐતિહાસિક વસ્ત્રપટ જૈનધર્મની માન્યતા મુજબ દોરાયેલા મેરુપર્વતનો છે. મેરુપર્વતને ફરતી જે પુષ્પિકા છે તે અતિમૂલ્યવતી હોવાને કારણે પ્રથમ જ પ્રકાશમાં મૂક્યો છે.

આ વસ્ત્રપટ વિ. સં. ૧૬૬૩માં ઉત્તર ગુજરાતમાં કનોડા–ગાંભૂ પાસે આવેલા **कणसागर** ગામમાં ચીતરાયેલો છે. તેના આલેખક જૈન શાસનના અદ્ભુત જ્યોતિર્ધર પ્રકાણ્ડ વિદ્વાન, સર્વદર્શનવિજ્ઞ, સેંકડો ગ્રંથોના રચયિતા, ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહોપાધ્યાય ૧૦૦૮ શ્રીમદ્ યશોવિજયજી મહારાજના ગુરુદેવ પૂજ્ય શ્રી નયવિજયજી મહારાજ છે અને તેમણે પોતે જ પટમાં **गणिजसविजय योग्यं** લખીને સ્વશિષ્ય શ્રી યશોવિજય ગણિ માટે જ તૈયાર કર્યો છે તેમ સ્પષ્ટ કર્યું છે. ઉપાધ્યાયજીનો જીવનકાળ નક્કી કરવા માટે એક અમૂલ્ય ઐતિહાસિક દસ્તાવેજ જેવો આ પટ બની ગયો છે.

પૂ. ઉપાધ્યાયજીની જન્મ, દીક્ષા, વડીદીક્ષા, પદપ્રાપ્તિ કે અવસાન અંગેની આધારભૂત તિથિ મળતી નથી. માત્ર સંવતો ને તે પણ જન્મની, વડીદીક્ષા, પદપ્રાપ્તિ ને સ્વર્ગગમનની "સુજસવેલી"માં માત્ર મળે છે. લઘુદીક્ષાની તો સાલ પણ નહિ.

એમાં વડીદીક્ષાની સાલ ૧૬૮૮ નોંધી છે તેથી દીક્ષા વચ્ચે થોડા મહિનાનું અંતર હોવું જોઈએ.

બીજી બાજુ આ પટની પુષ્પિકામાં તો ૧૬૬૩ની સાલ વખતે ઉપાધ્યાયજીને **गणि** તરીકે ઓળખાવ્યા છે. આ પુષ્પિકાના પુરાવાના આધારે પચાસેક વર્ષથી જે વિદ્વાનો તેમનો જીવનકાળ લગભગ ૧૦૦ વર્ષનો છે એવું કહેતા આવ્યા છે તેને સમર્થન મળે છે.*

મુનિશ્રી યશોવિજયજી

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ભાગ-૧ની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૧૩ ઇ.સન્ ૧૯૫૭

૭

## બે બોલ

વરસો અગાઉ જાણીતા પીઢ કર્મઠ સાહિત્યકાર શ્રીયુત્ મોહનલાલ દ. દેસાઈકૃત 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ,' મેક્ડોનલકૃત 'સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' અને એના જેવા અન્યાન્ય જૈન અજૈન પુસ્તકોને જોઈને એક સ્ફુરણા થયેલી કે પ્રાકૃત તેમજ સંસ્કૃત સાહિત્યને લગતા જૈનધર્મના તમામ ગ્રંથોનું, તેના પરિચય સાથે એક સંસ્કરણ તૈયાર થવું જોઈએ. તે પછી તો જેઓને શ્રેષ્ઠ-શ્રેષ્ઠતમ કોટિના ગણી શકાય, તેવા વિદ્વાનો, ખાસ કરીને અજૈન વિદ્વાનોના હાથે લખાયેલાં ઈતિહાસ વિષયક પુસ્તકો અને તેમાંનાં પ્રકરણો આંખે ચઢવા માંડ્યાં, અને જ્યારે એમાં જૈન સાહિત્ય તેમજ તેના સાંસ્કૃતિક વિષય અંગેની અલ્પજ્ઞતા અને અજ્ઞાનતા જોઈ, ત્યારે તો તે માટે મને ભારે દુઃખ થયું અને આપણા શ્રીસંઘની બેદરકારી માટે શરમ પણ ઊપજી. અરે! કેટલાક લેખકોએ તો જાણે-અજાણે પણ, જૈનધર્મના મર્મની સમજણોના અભાવે, તેના સિદ્ધાંતો અને સંસ્કૃતિને ભારે અન્યાય આપતી વિકૃત રજૂઆતો પણ કરેલી જોઈ; ત્યારે તો મારી પૂર્વોક્ત ભાવના બળવત્તર બની ગઈ. આમાં મને ચોક્કસપણે એ પણ લાગ્યું પહેલા અપરાધી જો કોઈ હોય તો તે જૈન ધર્મ-સંસ્કૃતિના ઉપાસકો તરીકે ગણાતા આપણે જ છીએ; જેમણે પોતાની અજોડ, અદ્ભુત, અનુપમ અને વિશ્વોપકારક સાહિત્યની કિંમતી સમૃદ્ધિ અને પ્રસિદ્ધિનો જોઈએ તેવો પ્રકાશ આપ્યો નથી. પરિણામે ભગવાન જિનેશ્વરદેવની મુદ્રાથી અંકિત, આપણા સંગીત અને મૌલિક સાહિત્યની પુનિત અને નિર્મળ ગંગા, યોગ્ય આત્માઓના હૃદય-નયપથ સુધી બરાબર પહોંચી શકી નથી અને એનો સુયોગ્ય વિદ્વાનોને પણ, બહુ ઓછો લાભ મળ્યો છે, આમ છતાંયે મારે એ કહેવું જ જોઈએ કે આજ સુધીમાં જેટલું

જૈન સાહિત્ય પ્રસિદ્ધ થયું છે તે પણ વિપુલ પ્રમાણમાં છે અને છેલ્લા દશકામાં તો આધુનિક દૃષ્ટિએ સંપાદિત થયેલું સાહિત્ય પણ ઠીક ઠીક પ્રમાણમાં બહાર પડી ચૂક્યું છે, છતાં આજના વિદ્વાન લેખકો તેને લક્ષ્યપૂર્વક વાંચતા નથી, સમજતા નથી અને ઉપર ઉપરથી વાંચીને ઇધર-તિધરથી ઉઠાવીને પોતાના ગ્રંથમાં માત્ર બે ત્રણ પાનાં, જૈન-દર્શન સાહિત્યને લગતાં લખવાનાં રાખ્યાં હોય તે ભરી દે છે અને પોતાની જાતને સંતોષ મનાવે છે, પણ આ રીતે પાનાં ભરવાથી માત્ર જૈન સાહિત્યને ક્યારેય ન્યાય કે સંતોષ આપી શકાતો નથી અને આ જ કારણે બીજા નંબરના અપરાધી તરીકે હું લેખકોને સૂચવી શકું!

પણ હવે બન્નેએ નિરપરાધી બનવું જોઈએ. જૈનસંઘ તરફથી તો છેલ્લાં દશ વર્ષમાં અનેક-દેશીય સાહિત્ય બહાર પડ્યું છે અને હવે એ દિશામાં સારા પ્રમાણમાં પ્રયત્નો જરૂરી પણ છે એટલે હવે લેખકોને પોતાનો ધર્મ બજાવવાનો રહે છે. એટલે કે તેઓએ જૈન સાહિત્યનો ઊંડા ઊતરીને મનનપૂર્વક ઠીક ઠીક અનુગમ કરવો જ જોઈશે, એના મૌલિક ઉદ્દેશો અને ઉચ્ચતમ સિદ્ધાન્તો, એની પરિભાષાઓ, અજોડ ખૂબીઓ અને વળી, એના સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરેને ખૂબ ખૂબ અર્થપૂર્ણ રીતે સમજવા જોઈશે.

જૈન દર્શન એ એક નિરાલું દર્શન છે. એની સર્વજ્ઞમૂલક ખૂબીઓ અનન્ય છે. મધ્યસ્થભાવે આમૂલચૂલક અધ્યયન કર્યા વિના એનું સાચું રહસ્ય લાધશે નહિ અને એનું સાંસ્કૃતિક ગૌરવ પણ સમજાશે નહીં. અન્ય સંસ્કૃતિઓના અધ્યયન સાથે ભારતની આ મહાન સંસ્કૃતિનું અધ્યયન નહિ થાય ત્યાં સુધી અન્ય સાંસ્કૃતિક અધ્યયનો અપૂર્ણ જ રહેશે અને વિદ્વાનોને તે ચમકતાં નહિ જ લાગે. આ વાત હું જ કહું છું એમ નથી; પણ આજના માધ્યસ્થ્ય વૃત્તિ ધરાવનારા અજૈન વિદ્વાનો પણ આ જ હકીકતને જાહેરમાં જોરશોરથી કહે છે. એટલે અજૈન વિદ્વાનોને મારી વિનંતિ છે કે તેઓ જરી-પુરાણા થયેલા અસત્ પૂર્વગ્રહોને હવે ઝડપથી છોડે, પરાયા ભાવને તિલાંજલિ આપે, અને જૈન સંસ્કૃતિનું અધ્યયન-અધ્યાપન કરવા-કરાવવામાં, પૂરતો રસ અને ઉત્સાહ દાખવે.

આ ઠેકાણે મને જણાવતાં આનંદ થાય છે કે, આપણાં કેટલાય ભારતીય વિદ્વાનોને એ પ્રતીતિ થઈ છે કે જૈન સાહિત્યમાં સર્વદેશીય અને સાર્વક્ષેત્રીય હકીકતોનો અખૂટ ખજાનો ભર્યો છે, એટલે એ તરફ હવે તેઓનું ઠીક ઠીક પ્રમાણમાં આકર્ષણ વધતું ચાલ્યું છે. તેઓ જૈન સંસ્કૃતિના અધ્યયનમાં રસ લઈ રહ્યાં છે, અને અધ્યયનની વિશિષ્ટ દિશાને ખુલ્લી કરી મોકળી કરી રહ્યાં છે. અને તેમના જ હાથે—

"જૈનસંઘ પાસે વિપુલ સાહિત્ય સમૃદ્ધિ નથી, અને સાર્વદેશીય સાહિત્ય-સર્જન છે જ ક્યાં?"

ઇત્યાદિ જે જે ગેરસમજભર્યાં અભિપ્રાયો, ખોટી રીતે બંધાયા હતા અને તેથી કેટલાકના હાથે જે અસંબદ્ધ વિધાનો બોલાયાં, લખાયાં અને છપાયાં હતાં, એનાં પરિમાર્જનની શરૂઆત પણ થઈ ચૂકી છે. એ ખરેખર! એક અતિઆનંદનો વિષય છે.

જૈનસંઘને મારી સૂચના-વિનંતિ છે કે, વર્તમાન પરિસ્થિતિ, જૈન સંસ્કૃતિના પ્રકાશ અને

પ્રચાર માટે તો એટલી અને એવી અનુકૂળ છે કે, જો જૈન સંસ્કૃતિના પ્રચાર અને પ્રકાશ માટે, વિવિધ પ્રકારે હરણફાળ ભરવામાં આવે તો જૈન સંસ્કૃતિનો પ્રવાહ વિશ્વભરમાં વહેતો કરી શકાય અને એ પ્રવાહમાં અનેક આત્માઓ ડૂબકી મારીને પાવન બની શકે! પણ અફસોસની વાત એ છે કે વર્તમાન કલહ-કંકાસમાં અટવાઈ ગયેલા જૈનસંઘના સૂત્રધારોને પ્રચારનું મૂલ્ય સમજાયું જ નથી. અને જેઓને સમજાયું હશે તેઓ સક્રિય પ્રયત્નશીલ નથી. પરિણામે વર્તમાનની સાનુકૂળ પરિસ્થિતિનો સર્વાંગી લાભ શ્રીસંઘ ઉઠાવી શકતો નથી એ બીના જેટલી ખેદજનક છે તેટલી જ દુઃખદ છે. આ દુઃખદ પરિસ્થિતિનો જલદી અંત લાવવો જોઈએ!

આટલી વાત તો પ્રાસંગિક હૈયે હતી, તેમાંથી થોડીક હોઠે આવી અને કલમે અહીં ટપકાવી.

હવે મૂળ મુદ્દા ઉપર આવું.

આ પુસ્તક પ્રકાશક સંસ્થાના સૂત્રધારોને, વર્તમાન સમયમાં જાહેર પ્રજાને પોતાના સમૃદ્ધ વારસાનાં દર્શન કરાવવાની અને જૈનધર્મની સેવામાં પોતાનો યત્કિંચિત ફાળો નોંધાવવાની, જૈન સંસ્કૃતિ અને સાહિત્યની પ્રૌઢતા, પ્રખરતા અને ગંભીરતા જોવાની ભાવના પ્રગટી અને જાણીતા સુરત નિવાસી, અનેક કૃતિઓના સંશોધક, સંપાદક અને અનુવાદક, વિદ્વાન લેખક શ્રીયુત્ હીરાલાલ રસિકલાલ કાપડિયાને મળવાનું થયું ત્યારે તેઓએ પોતાના પ્રકાશિત પ્રાકૃત ભાષાના ઇતિહાસની જેમ, જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ લખવાની પ્રેરણા કરી, અને પોતાની પાસે તેની કાચી સામગ્રી સારા પ્રમાણમાં હોવાનું પણ જણાવ્યું. અર્થાત્ આ વિષયમાં તેમણે ઘણી સારી તૈયારી બતાવી. પૂજ્ય ગુરુદેવો અને સંસ્થાના કાર્યકરોને આ વાત કરતાં, પ્રસ્તુત વાતને તેઓએ સહર્ષ વધાવી લીધી. પછી શ્રી કાપડિયા સાથે, તેની રૂપરેખા, કાર્યમર્યાદા અને ગ્રંથમર્યાદા નક્કી થઈ. પછી એમણે કાર્ય શરૂ કર્યું. રૂપરેખા તો ઠીક જળવાઈ, પણ બાકીની મર્યાદાઓ જળવાઈ ન શકી. ગ્રન્થમર્યાદા તો ત્રિગુણાધિક થઈ ગઈ, જેથી ત્રણ ખંડો પાડવાનું નક્કી થયું, અને પરિણામે સંસ્થા આજે તેનો પહેલો ભાગ જ પ્રસિદ્ધ કરી રહી છે. આ પ્રકાશન દ્વારા જૈન સંસ્કૃત સાહિત્યની વિશાળતાનો અને તેની અનેકવિધ ખૂબીઓનો અર્થાત્ જૈન વિદ્વાનોએ વિદ્યા-કલા અને સાહિત્યના કેટકેટલાં ક્ષેત્ર ઉપર કલમ ચલાવી છે તેનો ખ્યાલ મળશે, અને ઘણા ભ્રમો, અધૂરા ખ્યાલો દૂર થશે અને વળી આ પ્રકાશનથી જૈન-જૈનેતર વિદ્વાન વાચકોને પ્રચૂર માહિતીઓ અને અનુભવો પણ મળશે. આશા છે કે જૈન-અજૈન જનતા આવા ઉપયોગી પ્રયત્નનો જરૂર સમાદર કરશે.

આ ગ્રન્થમાં ઉઠાવેલા પ્રબલ પરિશ્રમ અંગે વિદ્વાન લેખક શ્રી કાપડિયાને સહર્ષ ધન્યવાદ આપું છું, અને તેમની જૈન સાહિત્યની શેષ સેવાઓનું વિધવિધ રીતે દર્શન કરાવવાની તેમની અખૂટ ભાવના સફળ બને એવી શુભેચ્છા સેવું છું.

આટલું લખ્યા બાદ એક વાતનું સંસૂચન કરવાનું ઉચિત સમજું છું. તે એ કે—

ઇતિહાસ-સાહિત્ય વગેરે એવી ચીજ છે કે, એમાં પૂરેપૂરા નિર્ણયો લેવાયા જ છે એવું નથી હોતું. જે હોય છે તેમાં કેટલાંક એવા પણ હોય છે કે જે સંપૂર્ણ રીતે સાચા ન પણ

હોય, આનુમાનિક પણ હોય, અને છેવટે સંભવિત પણ રાખવામાં આવ્યા હોય. મારે અહીં એ કહેવું જોઈએ કે, વિદ્વાનોએ કેટલાક સંયોગોમાં ઉપરોક્ત સ્થિતિને માન્ય રાખી છે, પણ તે એવાં સાધનો અને સાહિત્ય માટે કે જે અપ્રાપ્ય હોય અને જેની હકીકતો મળતી ન હોય! પરન્તુ આમાં કેટલીક પ્રકાશિત અને લભ્ય કૃતિઓ માટે એવું બને ત્યારે તે કેમ ગમે? અને આથી અમુક કૃતિ પ્રત્યક્ષ રીતે એક માહિતી આપતી હોય ત્યારે આ પ્રકાશનમાં બીજી જ માહિતી જણાવાતી હોય! ક્યાંક ક્યાંક તો ઉલટી જ હકીકત પણ રજૂ થઈ હોય. વળી કેટલીક પ્રાકૃત કૃતિઓને સંસ્કૃત માનીને, અજૈન કૃતિને જૈન ગણીને, પ્રકાશિત કૃતિને અપ્રકાશિત સમજીને પરિચય અપાયો છે. ક્યાંક અનૈતિહાસિક વિધાન પણ નજરે ચઢી જાય છે.

આ માટે આપણા માનનીય લેખક વિદ્વાને, થોડોક વધુ પરિશ્રમ કરીને, જો સંસ્થાઓની સૂચીઓ મેળવી લીધી હોત, અને થોડી વધુ જાંચ કરી હોત તો, સૂચિત ક્ષતિઓથી આ સંસ્કરણને જરૂર બચાવી શકાયું હોત! અને આવું અતિપરિશ્રમ અને વ્યય સાધ્ય પ્રકાશન, શહાદતો (References) માટેનું પ્રામાણિક સાધન બની ગયું હોત!' અને આ ગ્રન્થ લખાવવા પાછળ સંસ્થાની જે ભાવના અને લક્ષ્ય હતું તે વધુમાં વધુ રીતે પાર પડ્યું હોત! અસ્તુ!

અન્તે જૈન શ્રી સંઘને વિનંતિ કે, સંઘના પ્રત્યેક અંગને, પોતાની અણમોલ સાહિત્ય સંપત્તિનું દર્શન થાય અને તેમાંથી અનેકવિધ કલ્યાણકર પ્રેરણાઓ મેળવે; એ માટે આ પ્રકાશનને જરૂર વસાવી લે અને એથી સંસ્થાને પણ બીજો ભાગ બહાર પાડવામાં પ્રોત્સાહન મળશે.

માટુંગા (મુંબઈ)
જેઠ સુદિ પૂર્ણિમા
વિ. સં. ૨૦૧૦

**મુનિ યશોવિજય**

❀ પેટ બગડે તેવું ખાશો નહિ
મન બગડે તેવું વિચારશો નહિ
જીવન બગડે તેવું આચરશો નહિ
ક્લેશ થાય તેવું બોલશો નહિ
મરણ બગડે તેવાં પાપ કરશો નહિ

❀ બિન્દુ યાદ રાખે કે તનેન સિન્ધુ બનવાનું છે.
સિન્ધુ એ ન ભૂલે કે તે બિન્દુનો બનેલ છે.

आचार्यश्री यशोदेवसूरिजी लिखित

# उपाध्यायजी यशोविजयजी स्मृति ग्रन्थनी प्रस्तावना

વિ. સં. ૨૦૧૩ ઇ.સન્ ૧૯૫૭

८

## संपादकीय निवेदन

जयन्तु जिनवराः।
नमो उवज्झायाणं।

परमाराध्य परमोपास्य, प्रातःस्मरणीय, पूज्यपाद साधुशार्दूल, तार्किकशिरोमणि, न्यायविशारद न्यायाचार्य महोपाध्याय श्रीयशोविजयजी महाराजना जीवन अने कवनथी संकलित 'न्यायविशारद न्यायाचार्य महोपाध्याय श्री यशोविजय-स्मृतिग्रन्थ' नुं संपादनकार्य सद्‌भाग्ये मारा शिरे आव्युं, अने आजे ते कार्य शासनदेव--गुरुनी कृपाथी, मित्रमुनिवरो, विद्वानो अने अन्य सहायकोनी शुभेच्छाथी पूर्णाहुतिने पण पाम्युं, ए माटे आनंद थाय छे अने लांबा समयथी सेवेला स्वप्नानो एक भाग आकार ले छे, तेथी संतोष प्रगटे छे।

रसोई रांधता घणुं घणुं कष्ट अनुभवाय छे, पण ज्यारे ते तैयार थाय छे त्यारे, तेना आनंदमां पूर्वक्रियानुं कष्ट के खेद विसारे पडे छे। एमांय रसोई जो सुंदर, स्वादु अने पक्व बनी होय तो तेनो संतोष अने आनंद कोई जुदो ज होय छे। पण जो रसोई असुंदर, बेस्वादु अने अपक्व बनी होय त्यारे तेनो असंतोष अने खेद रही जाय छे। मारा माटे पण कंईक एवुं ज बन्युं छे। प्रारंभथी ज प्रेसना प्रतिकूल संजोगो, खंतीला कार्यकरनो अभाव, एटले काम लंबायुं, चूंथायुं, आशातीत विलंब थतां एनी पाछळ निराशा आवी अने एणे नानोशो कंटाळो पण ऊभो कर्यो, परिणामे आ अंकने अंगे सेवेलुं स्वप्नुं पूर्ण आकार न लई शक्युं, तेटलो

विषाद छे। छतांय अन्तःसामग्रीनुं जीवंत चैतन्य मारा विषादनी विस्मृति करावे छे।

## स्मृतिग्रन्थमां शुं छे?

आ स्मृतिग्रन्थने बे विभागमां वहेंची नांखवामां आव्यो छे, पहेला विभागने **'महोपाध्याय श्रीमद् यशोविजयजी जीवन-कवनदर्शन'** नाम आप्युं छे। आ विभागे ३२॥ फोर्म एटले २६० पृष्ठो रोक्यां छे। बीजा विभागने **'अन्यविषयक निबन्धो'** ए नामथी रजू कर्यो छे। आ विभाग, लगभग १० फोर्म एटले ७५ पृष्ठमां समाप्त थाय छे, त्यार पछी वकील श्रीयुत् नागकुमार ना० मकाती तथा श्रीयुत जसुभाई जैनना संपादन नीचे पू० उ० श्री **यशोविजयगुरुमंदिर–प्रतिष्ठा अने श्रीमद् यशोविजयसारस्वत सत्रनो सुविस्तृत हेवाल, तार–टपालना संदेशाओ** तथा सत्र अंगे विद्वान मित्र डो. श्रीयुत भोगीलाल सांडेसरा तथा वकील श्रीयुत नागकुमार मकातीए आलेखेलां संस्मरणो वगेरे, अने अन्तमां उपाध्यायजी भगवानना ग्रन्थोनी वधु शुद्ध अने विशिष्ट **ग्रन्थयादी*** आपी छे। आ रीते आखा ग्रन्थनी पृष्ठ संख्या ४६० थई छे।

आ अंकमां साध्वीजी महाराज तथा श्राविकाना लेखने पण खास स्थान आप्युं छे; कारण के जैन संघनां आ बे अंगो ज्ञानना क्षेत्रमां घणां दुर्बल रह्यां छे, तेथी आ अंगोमां पण आ दिशामां कंईक उत्साह वर्धन थाय।

एक वातनो गौरवपूर्वक उल्लेख करवो जोईए के समितिए लेखकोने लेखो लखवा माटे दोढथी बे मास जेटली अल्पसमय मर्यादा आपेली; वळी, उपाध्यायजी अंगे ज कंईक लखवा आग्रह सेवेलो ज्यारे बीजी बाजुए उपाध्यायजीना जीवन उपर लखवा माटे, आज सुधी नहीं जेवी काची सामग्री विद्यमान न हती, म्होटो वर्ग तेमनां जीवन-कवनथी अपरिचित हतो, आ संजोगोमां कार्यसागरमां गळाबूड डूबेला विद्वद्वर्ग पासेथी बौद्धिक सामग्री मेळववी, ए केटलुं मुश्केल कार्य छे ते तद्विज्ञोथी अज्ञात नथी। एटले ज समितिए ज्यां मात्र पंदरेक लेखोनी आशा राखेली त्यां धारणाथी द्विगुणाधिक लेखो मेळवी शकी, ते खरेखर, ख्यातनाम पुण्यश्लोक महापुरुषना पुण्यबलने ज आभारी हतुं।

## सुजसवेलीभास अंगे

पू. उपाध्यायजी भगवानना जीवननी टूंकी नोंध मात्र 'सुजसवेलीभास' नामनी चार ढाळमां विभक्त थएली, ५२ कडीओमां पूर्ण थती एक नानकडी गुजराती पद्यकृति रजू करे छे। (जे *काव्यकृति आ ज अंकना २३५मां पृष्टमां छे) आपणा दुर्भाग्ये आ कृति सिवाय एमना जीवन अंगे* बीजी कोई व्यवस्थित नोंधो, विविध घटनाओ, विहारप्रदेशो, शिष्यसंपत्ति अने ग्रन्थनामो वगेरे बाबतो अंगे कोई खास सामग्री मलती नथी। घणी घणी बाबतो उपर अंधारपट ज पथराएलो छे; एम छतां

★ પૂજ્યશ્રીના જીવનચરિત્ર પ્રસંગમાં તમામ ગ્રન્થોનું પ્રમાણ, ભાષા, વિષય, રચનાસંવત્, કોના શાસનમાં લખી, તેની હસ્તપ્રતિ ક્યાં છે, મુદ્રિતકૃતિના પ્રકાશક કોણ? વગેરે અનેક હકીકતો સાથેની સુવિસ્તૃત ગ્રન્થયાદી આપવામાં આવશે.

सुजसवेलीकारे एक महापुरुषनी जीवनघटनाने पद्यमां गूंथीने तेओश्री विषे जे कंई परिचय आप्यो छे ते अभूतपूर्व छे ने अद्वितीय छे; तेथी जैन संघ खरेखर! तेमनो ओशिंगण छे।

## उपाध्यायजीनो जन्मसमय कयो ?

अहीं एक वात विचारवानी छे। सुजसवेलीकारे जन्मनी साल+ के तिथि जणावी नथी। मात्र दीक्षावडीदीक्षा ने उपाध्यायपदनी सालो ज जणावी छे, पण तिथि जणावी नथी. स्वर्गगमननी साल स्पष्ट जणावी नथी, तिथि पण जणावी नथी। दीक्षानी साल १६८८ जणाव्या बाद १० वरसना गाळा बाद १६९९ नी अवधान कर्यानी साल नोंधे छे अने त्यार पछी काशीगमन सूचवे छे, पण ते क्यारे ?–ते विषे मौन सेवे छे। आगळ चालतां काशी अने आग्रामां (४+३) सात वर्ष रहयानो उल्लेख करे छे। पण ते माटे चोकस सालनिर्देश नथी करता; गुजरातमां पुनरागमन क्यारे थयुं ? वगेरे हकीकतो उपर पण संपूर्ण अन्धारपट छे.

१६८८नी दीक्षा जणावीने सीधो १६९९नो, ने त्यांथी सीधा उपाध्यायपदार्पणनो १७१८नो, ने छेवटमां डभोई चातुर्मास कर्यानो १७४३नो, आम चार संवतनो ए उल्लेख करे छे। आ सिवाय बीजी कोई तवारीख के साल नोंधी नथी।

सुजसवेलीकार, उपाध्यायजी श्रीविनयविजयजीना गुरुभ्राता ज होय तो, तेओ तेमना समयना कवि होवा छतां, तेओए प्रस्तुत कृतिमां महत्त्वनी हकीकतोनी केम कशी नोंध न लीधी ?–ते घटना खरेखर! एक कोयडो बनी जाय छे।

अने उपाध्यायजी तो, खरेखर! त्यागमय अने निस्पृह जीवन जीवता जैन महर्षिओनी परंपराने ज अनुसर्या छे, एटले स्वजीवननी नोंध अंगे तेमणे तो केवल उपेक्षा ज सेवी छे।

## आयुष्य केटलुं ?

सुजसवेलीनी संवतोनी सच्चाईने उपलब्ध अन्यान्य उल्लेखोए पडकारी छे। सुजसवेलीना आधारे उपाध्यायजीनी आवरदा ६० थी ७० वर्ष अंदाजी शकाय, ज्यारे अन्य साधनो ९० थी १०० वरसनुं आयुष्य नक्की करी आपे छे। सुजसवेलीकारे दीक्षा १६८८मां जणावी छे; तेओश्रीने बालदीक्षित गणीने, दीक्षानी वय आठेक वर्षनी जो कल्पीए तो जन्म संवत १६८० आसपास अंदाजी शकाय।

हवे वि. सं. १६३३मां खुद उपाध्यायजीना गुरुजी श्रीनयविजयजीए उपाध्यायजी माटे चीतरेला मेरुपर्वतनी आकृतिवाळा पटमां उपाध्यायजीने, ए वखते 'गणि' तरीके उल्लेख्या छे, त्यारे तेमनी दीक्षा क्यारे गणवी ? जन्म क्यारे कल्पवो ? वळी तर्कभाषा, दशार्णभद्रसज्झाय वगेरेनी प्रतिओने अन्ते मळेला उल्लेखो जोतां तेओश्रीनो जन्मसमय साहजिक रीते पाछळ जाय, एटले के १६४० थी १६५० वच्चेनो कल्पी शकाय. स्वर्गगमन तो १७४५ पहेलां ज थयुं छे ए हकीकत निर्विवाद छे। एथी तेओश्रीने शतायुः मानवामां कोई बाध जणातो नथी।

---

+ શ્રીમહાવીર જૈનવિદ્યાલયના શ્રીવિજયવલ્લભસૂરિ સ્મારક અંકમાં પત્રના પરિચયમાં દ્રષ્ટિ કે પ્રેસ દોષથી 'જન્મ-સ્વર્ગગમનની સાલો મળે છે, એવું છપાયું છે તે બરાબર નથી માટે સુધારી લેવું.

१६९९मां राजनगरमां अवधान-धारणाशक्तिना प्रयोगो कर्या पछी ज काशी गयानी वात सुजसवेलीकार करे छे, पण तेथी ते तुरत ज गया छे के बे--चार वरसो बाद? ते सूचवता नथी। आना अचूक निर्णय माटे अन्य साधनो गवेषवां जोईए.

## कालधर्मनी तिथि कई?

उपाध्यायजीनुं आयुष्य अने स्वर्गगमननी संवत अंगे विद्वानोमां पचासेक वरसथी मतभेद चाले छे। एमां कालधर्मनी साल तरीके मोटो भाग १७४५नो उल्लेख करतो आव्यो छे, ज्यारे वस्तुस्थिति तेथी जुदी छे। छतां आम केम चाल्युं हशे? एना कारणमां प्रधान कारण तो पादुकानो शिलालेख ज लागे छे। एना उपर "१७४५ नी साल अने मागसर सुदि ११" लख्युं छे। प्रथम जेणे अचोकसाईथी लखाण वांच्युं हशे तेणेज प्रस्तुत साल--तिथिने कालधर्मनी साल-तिथि जाहेर करी दीधी हशे! अने पछी तो लीटे लीटे सहु उल्लेख करता गया हशे! परिणामे आपणां भींतिया पंचांगोमां पण आ खोटी तिथिनो उल्लेख थई रह्यो छे। परंतु ते साल नथी तो जन्मनी के नथी स्वर्गगमननी! माटे चाली आवती आ भूलने सत्वर सुधारी लेवी जोईए। प्रस्तुत १७४५ नो उल्लेख ते तो अमदावादनी पादुकानी प्रतिष्ठानो छे।

आथी एक वात निःशंकपणे निश्चित थई जाय छे के तेओ १७४५ना मागशर सुदि ११ पहेलां स्वर्गवासी थया हता। पण ते क्यारे? ते निर्णय करवानो रहे छे।

## सुजसवेलीकारे गाएला—

"सत्तरत्रयालिं चोमासु रह्या, पाठक नगर डभोई रे;
तिहां सुरपदवी अणुसरी, अणसणिकरि पातिक धोई रे."

आ पद्य उपाध्यायजी डभोईमां चोमासु रह्यानुं स्पष्ट जणावे छे। पण स्वर्गगमन चातुर्मासमां थयुं के ते पछी थयुं? ते विषे ते संपूर्ण मौन छे। जो के आ कृतिनी सालोए भारे शंका उभी करी छे, तेथी तेने केटलुं वजन आपवुं ते मुंजवणनो विषय छे; एटले ए वातने बाजू पर मूकीए, पण उपाध्यायजीए ज सुरतना चातुर्मासमां बे गुजराती पद्यकृतिओ बनावी छे; ए कृतिमां रचनानी साल जे जणावी छे, तेनुं अन्तिम पद्य आ प्रमाणे छे—

सुरति चोमासु रही रे, वाचक जस करि जोडी, वइ०
युग-युग-मुनि-विधु वत्सरइ रे, दियो मंगल कोडी.

[प्रतिक० हेतुगर्भ स०]

युग-युग-मुनि-विधु वत्सरइ रे, श्रीजसविजय उवज्झाय, टोड०
सुरत चोमासु रही रे, कीधो ए सुपसाय टो०॥६॥

[अगियार अंग स०]

उपरनी बन्ने कडीओमां ए कृतिओ रच्यानी सालो जणावी छे। आमां बंनेमां 'युग युग' शब्द वपरायो छे। हवे सवाल ए छे के, आ शब्द बे अने चार बंने संख्यानो वाचक छे; तो अहीं कई संख्या लेवी? बे के चार? आ माटे केटलाक विद्वानो युगथी चारनी ज संख्या गणवानो आग्रह धरावे छे; ज्यारे हुं तेथी जुदो पडुं छुं। अलवत्त प्रस्तुत निर्णय करवा माटे अकाट्य साधन तो कोई ज नथी। परंतु अहीं युगनो अर्थ चार करवा करतां बे करवो वधु संगत छे, एटलुं अन्तःपरीक्षण द्वारा अनुसन्धान करीने निर्णयनी नजीकमां जरूर जई शकीए छीए। त्यारे थोडोक विचारविमर्श करीए: जो बंने युग शब्दनो अर्थ चार चार करीए तो १७४४नी सालमां सुरतना चातुर्मासमां बंने स्वाध्यायोनी रचना करी'' एम निश्चित थाय। एटले जैन साधुना नियम मुजब कार्तिक सुदि चौदश सुधी (चातुर्मास समाप्तिदिन) त्यां ज रह्या हता ते सुनिश्चित थयुं। हवे पादुका उपरना लेखमां १७४५नी साल अने मागसर सुदि ११नी अंजनशलाकाने ते राजनगर--अमदावादमां कर्यानुं जणाव्युं छे। तेमनो देह डभोईमां ज पड्यो ते वात सुनिश्चित छे। सुरतनुं १७४४नुं चातुर्मास कार्तिक सुदि चौदशे पूर्ण थाय। एटले वहेलामां वहेलो विहार कार्तिक सुदि पूनमे करी शके। पूनमे विहार करी डभोई तरफ प्रयाण कर्युं होय एम मानीये तो पूनम अने पादुकानी अंजन--प्रतिष्ठा (तेय अमदावादमां) वच्चेनो गाळो मात्र २७ दिवसनो छे। अहीया विचारवानुं ए छे के, आटला दिवसोमां, तेओ एकाएक विहार करे, सुरतथी ८० माईल दूर डभोई आवी पहोंचे, तुरतातुरत अनशन करवाना संयोगो ऊभा थाय; कालधर्म पामे; अने पाछा रेलगाडी के मोटरना साधन विनाना जमानामां अमदावाद समाचार पहोंची जाय, संगेमरमरनी कमलासनस्थ पादुका पण बनी जाय, अने अंजन थई जाय--आ बधुं संभवित लागे छे खरुं? मारो अंगत जवाब तो 'ना' छे। छतांय घडीभर मानो के संभवित छे, तो पछी डभोईमां चातुर्मास कर्यानी कई साल नक्की करवी? आ बधी विषमापत्ति टाळवा युगयुगनो अर्थ चार न करतां जो बे करीए तो बधी समापत्ति थई जाय। जो के युगयुगथी तो २२,२४,४२,४४ आम चार विकल्पो कल्पी शकाय छे। छतांय बीजा पुरावा--साधनो तपासवा अने विचारविनिमय करवा माटेनां द्वारो खुल्लां ज छे।

उपाध्यायजी अंगेनी केटलीक बाबतो साफसूफी ने परामर्श मागी रही छे, तेमांथी महत्त्वनी बाबतो हुं रजू करुं छुं।

१--''उपाध्यायजी काशी* गया त्यारे विनयविजयजी तेमनी साथे गया हता; त्यांना ब्राह्मण भट्टाचार्य जैनमुनिने भणावे तेम न हता, तेथी ते बंने साधुओ नामांतर अने वेषांतर करीने रह्या, 'चिंतामणि' नामनो न्यायग्रन्थ गुरुनी गेरहाजरीमां गुरुपत्नी पासेथी मागीने एक रातमां बंने जणाए कंठस्थ करी लीधो''---आवी जे किंवदन्ति चाली आवे छे ते तद्दन खोटी छे। श्री यशोविजयजी साथे तेमना गुरु श्रीनयविजयजी ज गया हता पण 'नय'नी आगळ 'वि' वधीने 'विनय' विजय बनी गयुं छे। अन्य स्थले पण 'श्री नयविजय'मांनो 'श्री' बराबर न वंचावाथी, भ्रमणा के प्रमादथी 'श्री' ने ठेकाणे 'वि' वांचीने विनयविजय करी नांख्युं छे। बाकी अनेक पुरावाओथी हकीकत निश्चित छे के उपाध्यायजी साथे नयविजयजी ज हता। वळी विनयविजयजीनी ग्रन्थरचनादिकनी सालवारीथी पण विनयविजयजी न ज हता ए सुनिश्चित बीना छे। एटले आवी दन्तकथाओ लखवी के बोलवी बंध थवी जोईए।

---

★ આ વાતની સાક્ષી ઉપાધ્યાયજીના ગ્રન્થોની અનેક પ્રશસ્તિઓ આપે છે.

बीजुं काशीगमनमां गुरु, शिष्य साथे अन्य कया कया मुनिवरो हता?

२—टवणीना चार छेडे तेओ पाण्डित्यना गर्व सूचक चार ध्वजाओ बांधता हता; एमणे सुवर्णसिद्धि मेलवी हती ते, माफीपत्र लख्यानी वात, यति साथेना सम्बन्धनी वातो, तेमना जीवन साथे अघटमान लागती अतिशयोक्तिभरी अन्य किंवदन्तीओ सम्यग् आलोचना मागी रही छे।

३—(१) न्यायविशारद, (२) न्यायाचार्य, अने (३) उपाध्याय--आ त्रण पदवीओनो श्रीमदे स्वयं उल्लेख कर्यो छे। १--३ आ बे पदवी कोणे ने क्यां आपी तेनो तो, तेओश्री तेमज भासकार उल्लेख करे छे। पण नंबर बे वाली पदवी कया स्थले अने कोने मली? तेनो निर्देश नथी मलतो; तेमज; तेमणे जे सो ग्रन्थो रच्या, ते कया? ते पण गंभीर विचारणा मागी ले छे।

४—जन्मस्थान कनोडु ज हतुं के केम?

५—योगीश्री आनन्दघनजी साथेनुं मिलन क्यारे ने क्यां थयुं?

६—कहेवाय छे के उपाध्यायजी सिनोर पासे नर्मदाना किनारे आवेला निकोरा गाममां घणो समय रह्या हता। अने त्यां तेमनो ग्रन्थसंग्रह हतो, तो आ वात शुं साची छे?

७—खंभातनो वाद अने त्यां ज काशीथी आवेल विद्यागुरुनुं करेलुं गौरवपूर्ण बहुमान ए हकीकत यथातथ्य छे खरी!

८—तेओश्रीनो प्राण लेवा माटेना थएला प्रयासो अंगे, तेमणे स्वयं श्रीशंखेश्वरजीना स्तवनमां जे हृदयोद्गार काढ्या छे ते शुं सूचवे छे?

९—कवि श्री बनारसीदास आदिनी कोई कोई पद्य रचना साथे उपाध्यायजीनी पद्यकृतिनुं अक्षरशः साम्य आवे छे, तो तेनो शो अर्थ? अने तेम बनवानुं कारण शुं?

१०—उपाध्यायजीने जैन जगत आगल हलका चीतरवा विरोधीओए कोई कोई कृति तेमना नामे चढावी दीधी छे ते अंगे।

आवी आवी अनेक हकीकतो चकासवानी छे।

## खेदजनक घटना—

बाकी शासनना आवा एक परमप्रभावक, असाधारण विद्वान, महान सर्जनकार, कूर्चालशारद अविरत ज्ञानोपासना अने अखण्ड तत्त्वचिन्तनना परिपाक रूपे ज्ञाननिधिनी समृद्ध अने अणमोल भेट आपनार, सत्यने माटे सतत झझूमनार, क्रान्तिकारी सन्त, जैन संघमां पेठेली शिथिलताओ सामे जेहाद जगावनार, सम्यग्दर्शन–ज्ञान–चारित्रनी अहालेक जगावनार, तात्त्विक चर्चाओ, वादविवादो द्वारा वस्तुना सर्वांगी सत्यने स्थापित करनार, हरेक पदार्थने के हकीकतोने सर्वांगी दृष्टियी जोतां शीखवनार, भौतिक अनुशासन उपर आध्यात्मिक अनुशासननी अनिवार्य आवश्यकतानी उद्घोषणा करनार, ज्ञानांजनशलाकाथी अज्ञानतिमिरान्धोनां नेत्रोन्मिलन करनार, आत्मानी शुद्धि–विशुद्धिना मध्यवर्तुलसमा, स्वरचितज्ञानराशिथी

अनेकने प्रभावित करनार, जैन सिद्धान्तो अने तेनी परंपराना जागरूक रखेवाल, निश्चय अने व्यवहारनी तुलाना समधारक, मूर्ति अने मूर्तिपूजा प्रत्येना विरोधी आन्दोलनो, क्रियाशून्य अध्यात्मवादीओनी मान्यता अने तेना प्रचार सामे शास्त्र अने तर्क बन्ने द्वारा बुलंद सिंहनाद करनार, वीतरागदेवना सन्मार्गने सुरक्षित राखनार आ महापुरुषनी जीवन अने मौलिक विशेषताओनो नोंध, तेओश्रीना समकालीक अनेक मित्रमुनिवरो, विद्वानो होवा छतां केम कोईए न करी? ए घटना एक प्रश्नार्थक बनी रहे छे। एम छतां तेओश्रीना साहित्य–कवनना ओछावत्ता अभ्यासीओए के परिचितजनोए जे कंई पीरस्युं छे, ते पण ओछुं मूल्यवान नथी।

## लेखकोने धन्यवाद

लेखकोए जुदा जुदा दृष्टिकोणथी, भिन्न भिन्न बनावो अने घटनाओथी, अने तेओश्रीनी सर्वांगी साहित्य--साधनानी विशेषताओथी तेओश्रीनुं बाह्य अने आभ्यन्तर जीवनचित्र उपसाववानो अने तेओश्रीने भावभरी श्रद्धांजलि आपवानो खरेखर, (टूंकी मुदत छतां) स्तुत्य अने सुंदर प्रयत्न कर्यो छे, अने तेथी ज प्रस्तुत प्रयत्न सह कोईना धन्यवाद मागी ले तेवो छे।

खरेखर! आ अंकमां प्रगट थयेली काची सामग्री भविष्यमां तेओश्रीनुं सुसंकलित, व्यवस्थाबद्ध अने स्वतंत्र जीवनचरित्र आलेखवा माटेनी श्रेष्ठ भूमिका पूरी पाडशे एमां शक नथी।

## अंकना लेखो अंगे

सत्र–समितिए पोताना विनंतिपत्रमां खास करीने उपाध्यायजी महाराज अंगे ज लेखो लखवा आग्रह करेलो, एटले प्रथम पंक्तिना घणा विद्वानोनी समृद्धि ने अभ्यस्त कलमनो लाभ लेवानुं अमारा माटे अशक्य ज हतुं। खुद उपाध्यायजी महाराज अंगे पण समिति अभ्यसनीय लेखो पूरती संख्यामां मेलवी शकी नथी। अहीं ए पण स्पष्ट करुं के मारा मित्रोनो मने एक अभ्यसनीय लेख लखवा माटेनो आग्रह छतां, सकारण लखवानुं मुलतवी राखवुं पड्युं छे।

बीजुं ए के, उपाध्यायजी महाराजना जीवन--साहित्य अंगेनी सामग्री संघरवा पूरतो ज आ प्रयास होई नाना मोटा, सामान्य के विशेष तमाम लेखोने स्थान आपवा उपरांत बधुमां बधु प्राप्य सामग्री आपी छे, जेथी केटलीक पर्वप्रकाशित सामग्रीनुं पुनर्दर्शन पण कराव्युं छे। आनंदनी वात ए छे के, आ अंकमां सत्र संघना साधु--साध्वी, श्रावक--श्राविकारूप चारेय अंगोए भाग लीधो छे।

लेखोमां ज्यां ज्यां एक ने एक वात वेवडाती हती, नवो दृष्टिकोण के कोई विशिष्टता रजु करती न हती, तेमज तेओश्रीना जीवनने फरती जाळांझांखरानी जेम बाझी गएली असत् दन्तकथाओ अने बधु पडती अनुचित अने अप्रस्तुत हकीकतो हती, तेनी ज मात्र बादबाकी करी छे; ते माटे लेखको क्षमा करे!

साथे साथे ए पण स्पष्ट करुं के आ अंकना केटलाक मुद्रित लेखोमां वरसोथी चाल्या आवता केटलाक अनुचित प्रवाहो, विधानो अने हकीकतो पण जोवा मलशे, पण में जाणी जोईने ज तेनुं नास्तित्व न करतां अस्तित्व राख्युं छे, ते एटलां ज माटे के व्यवस्थित जीवनना अभावे, कालान्तरे महापुरुषोना जीवनने फरती केवी केवी हकीकतो प्रदक्षिणा करती होय छे, तेनो वर्तमान प्रजाने ख्याल आवे।

जोडणी, जे लेखकोनी जे हती बहुधा, ते ज राखी छे। केटलाक लेखो दुर्वाच्य होवाना कारणे, तेमज दृष्टिदोष के प्रेसदोषना कारणे, जे कई क्षतिओ रही गई देखाय ते बदल लेखको अने वाचको क्षमा करे!

पू. उपाध्यायजीए केटली कृतिओ रची हती? तेनो चोक्कस संख्यानिर्णय करवानुं कोई साधन नथी। परंतु तेओश्रीनी कृतिओमां अथवा बीजा फुटकर हस्तपत्रमां मलेली नोंध मुजब हाल तेनी निम्न संख्या नक्की करी शकीए---

## प्राकृत–संस्कृतभाषानी कृतिओ

प्राकृत–संस्कृत भाषाना उपलब्ध अने अनुपलब्ध ग्रन्थोनी कुल संख्या ८३ नी छे;

एमां उपलब्ध ६१ अने अनुपलब्ध २२ छे।

१— उपलब्ध ६१ मां ४६ मुद्रित अने १५ अमुद्रित छे।

२— उपलब्ध ६१ मां, ४६ ग्रन्थो स्वकृत; मूल अने टीकावाला छे। जेमांना ३७ मुद्रित अने ९ अमुद्रित छे।

३— अने शेष १५ अन्य आचार्यकृत ग्रन्थो उपरनी टीकावाला छे. एमांथी ९ मुद्रित अने ६ अमुद्रित छे.

## गुजराती, मिश्र भाषानी कृतिओ

### उपलब्ध--अनुपलब्ध

गूर्जर--मिश्रभाषानी ज्ञात, उपलब्ध अने अनुपलब्ध, नानी--मोटी थईने ५४ कृतिओ छे; तेमांथी ५३ उपलब्ध अने एक अनुपलब्ध छे। ५३ मांथी ४५ मुद्रित अने ८ अमुद्रित छे।

आ उपरांत अन्य ग्रन्थोनुं संशोधन अने संपादन कार्य पण तेओश्रीए कर्युं छे, ते अन्तमां आपेली ग्रन्थसूचीमां दर्शाविलुं छे।

उपर नं. २–३मां जणावेलो १५ संस्कृत कृतिओ, अने ८ गुजराती कृतिओमांथी केटलीक कृतिओनुं संशोधन थयुं छे ने केटलाकनुं थई रह्युं छे। कार्य गंभीर, गहन अने विशाल छे, ज्यारे साधनोनी ऊणप छे। एम छतां ए दिशामां डग मांड्युं छे तो भले 'शनैः पन्था शनैः पन्था' करतां करतां धीमानो अने श्रीमानोना सहकार अने शुभेच्छाथी अने शासनदेवनी कृपाथी इष्ट उद्देशनी मंजिले पहोंचीशुं।

सत्रोत्सवनी उजवणी पछीनुं सरवैयुं अमारा माटे उत्साह जगाडनारुं बन्युं छे। सत्रोत्सवनी उजवणीए उपाध्यायजी परत्वे जैन--जैनेतर वर्गनुं ठीक ठीक ध्यान दोर्युं छे, अने एना ठीक ठीक लाभो पण सर्जाता जाय छे। वळी, एमनी कृतिओ शोधी काढवानी भावनाने पण वेग मल्यो छे; परिणामे सत्रोत्सव पछी ज नवीन पूर्णापूर्ण १३ कृतिओ लभ्य थई छे, अने हजु अमदावादना भंडारमांथी वधु कृतिओ मळवानी संभावना छे।

આ તેર કૃતિઓ અને સત્રોત્સવ પહેલાંની નવ કૃતિઓ મળી કુલ ૨૨ પ્રતિઓ મુદ્રણ માગી રહી છે। તેમાંથી અર્ધી કૃતિઓનું સંશોધન પૂર્ણ થવાની અણી ઉપર છે। આ ગ્રન્થોનું પ્રકાશન વડોદરાની યશોભારતી પ્રકાશન સમિતિ તરફથી થનાર છે।

—તે ઉપરાંત પ્રશસ્તમહિમ ઉપાધ્યાયજી મહારાજના તમામ ગ્રન્થોના આદિ અને અન્તના ભાગો તૈયાર થઈ ગયા છે।

—સુભાષિતોનો સંગ્રહ, સન્મતિતર્ક અંગેની નોંધો અને તારવણ, તથા અન્ય પૃથક્કરણ વગેરે તૈયાર થનાર છે।

—તેઓશ્રીનું વ્યવસ્થિત પ્રમાણભૂત 'જીવન–કવન' ચરિત્ર પણ તૈયાર કરવાનું છે।

—ભાવિ યોજનાના સંદર્ભમાં ગુર્જરસાહિત્યસંગ્રહ ભાગ ૧-૨ જે તેઓશ્રીની મૂલભાષામાં છપાયેલ નહીં હોવાથી તેની તેઓશ્રીની ભાષામાં જ પુનરાવૃત્તિ કરાવવી।

—તેમજ શાસ્ત્રવાર્તાસમુચ્ચય ટીકા આદિની પુનરાવૃત્તિઓ અને સાથે સાથે અત્યુપયોગી ગ્રન્થોના અનુવાદો પણ પ્રગટ કરાવવા।

આટલું કાર્ય પાર પડશે ત્યારે ઉપાધ્યાયજી ભગવાનના શ્રીસંઘ ઉપરના અમાપ અને અનિર્વચનીય ઋણનો પૂર્વાર્ધ પૂરો કર્યો ગણાશે।

## ઉપાધ્યાયજીનું જીવન–કવન લખાઈ રહ્યું છે

અહીં એક આનન્દપ્રદ સમાચાર જણાવું કે ઘણા વખતથી હૈમસમીક્ષાની જેમ યશઃસમીક્ષા લખવાની મારી ભાવના હતી અને એ ભાવના આજે પણ ઊભી જ છે। દરમિયાન જાણીતા વિદ્વાન પ્રો૦ શ્રીયુત્ હીરાલાલ ર૦ કાપડીયાને મળવાનું થયું। તેમની પોતાની પાસે ઉપાધ્યાયજી અંગેની કેટલીક નોંધો છે એવું તેમણે જણાવ્યું। મને થયું કે ઉપાધ્યાયજી અંગે લખવાની સામગ્રી એટલી વિશાળ અને વિપુલ છે કે એમને અંગે એક નહીં પણ અનેક સમીક્ષાઓ લખાય તો પણ કંઈ જ ખોટું નથી; અને ઉપાધ્યાયજી અંગે જેમણે જે વાંચ્યું–વિચાર્યું હોય તેમની શક્તિ, ચિંતન અને કલમનો લાભ લઈ લેવો, એટલે આ કાર્યની વરમાળા શ્રી૦ કાપડીયાના ગળામાં પહેરાવી છે। તેઓ કુશળ સંગ્રહકાર અને વિશિષ્ટ દ્રષ્ટિ ધરાવતા સમીક્ષક પણ છે એટલે આપણને એક સારી ભેટ અર્પણ કરશે એવી આશા રાખીએ।

## સૌથી વધુ સ્વહસ્તપ્રતિઓ

આજ સુધીમાં કોઈ કોઈ વિશિષ્ટ વ્યક્તિના હસ્તાક્ષરવાળી પ્રતિઓ મલવા પામી છે। જ્યારે એક ભવ્ય ભારતીય વિભૂતિના હસ્તાક્ષરો આપણને મળે ત્યારે આપણને ખરેખર, આનન્દ ને ગૌરવનો અનુભવ થયા વગર ન રહે। તેઓશ્રીની સ્વ–હસ્તાક્ષરી પ્રતિઓ આપણને ઉપરાઉપરી મલવા પામી છે, તેનું પ્રમાણ જોતાં આટલી વધી સ્વહસ્તાક્ષરી પ્રતિઓ જૈન સંઘના આવા અન્ય કોઈ પણ મહર્ષિની હશે કે કેમ? ને સવાલ થાય છે। આથી જૈન શ્રીસંઘ તો ખરેખર બડ઼ભાગી જ છે। આજે તેઓશ્રીની સ્વહસ્તાક્ષરી ત્રીસ પ્રતો મલી છે। એ આ જૈન સંઘ માટે જ નહિ પણ ગુજરાત અને રાષ્ટ્ર માટેની એક ગૌરવપૂર્ણ

घटना छे। एक नपरवी त्यागमूर्तिना हस्ताक्षरो ए कोई एक व्यक्ति के समाजनुं नहीं पण समग्र प्रजानुं राष्ट्रीय धन छे अने ए रीते ज एनुं जतन थवुं जोईए।

## मुनिवर श्री पुण्यविजयजीनो फाळो

अहींया मारे सहर्ष कहेवुं जोईए के उपाध्यायजीनी स्वहस्ताक्षरि प्रतिओ के अन्य साहित्यने मेलववानुं महद्पुण्य श्रेष्ठ संशोधक, विद्वान मित्र मुनिवर श्रीपुण्यविजयजी महाराजने फाळे जाय छे अने हजु तेओ आपणने घणुं घणुं नवुं आपवाना ज छे। तेओश्रीने उपाध्यायजी उपर अथाग गुणानुराग छे. तेथी तेओ वरसोथी उपाध्यायजीनी ग्रन्थसामग्री आदि अंगे भक्ति अने खंतभर्यो पुरुषार्थ करता आव्या छे।

ने उपरांत उपाध्यायजी रचित ग्रंथोना संशोधन अने प्रकाशनमां पूज्यपाद प्रौढप्रतापी सूरिसम्राट् आचार्य श्री विजयनेमिसूरीश्वरजी महाराज साहेब तथा तेमना परिवारनो फाळो सहुथी वधु प्रशंसा ने धन्यवाद मागी ले तेवो छे।

## उपाध्यायजीना साहित्य अंगे कंईक

कोई पण महापुरुषनी साहित्यकृतिओ ए तेमनुं जीवन, तेमनी प्रतिभा, तेमना जीवननां उदात्त तत्त्वो, बहुश्रुतता अने तत्कालीन परिस्थितिनुं माप काढवानी आदर्श अने सचोट पाराशीशीओ गणाय छे।

ज्ञानमूर्ति उपाध्यायजीनो चार चार भाषाओमां रचायेलो विपुल अने समृद्ध ग्रन्थराशि जोईए छीए त्यारे तेओ नवसर्जननी रंगभूमि उपर एक सिद्धहस्त नटराजनी अदाथी न्याय, व्याकरण, साहित्य, अलंकार, नय, प्रमाण, तर्क, आचार, अध्यात्म, तत्त्वज्ञान, अने योगशास्त्रस्वरूप अंग-भंगीद्वारा जाणे चित्तहारी नृत्य करी रह्या होय तेवुं दृश्य खडुं करे छे। आम उपाध्यायजी जुदे जुदे प्रसंगे जूजवे रूपे देखा दे छे। एक वखते नव्यन्यायनी कलम द्वारा कठोर-कर्कशताथी व्याप्त हृदय जोवा मळे छे, ज्यारे बीजी वखते काव्यप्रकाश, अलंकारचूडामणि आदि साहित्यालंकारिक कृतिओनी वृत्तिओ द्वारा मृदु अने सुकुमारताथी परिप्लावित हैयानां पण दर्शन थाय छे; त्यारे कवि भवभूतिनी 'वज्रादपि कठोराणि मृदूनि कुसुमादपि'—ए उक्तिनुं स्मरण थई आवे छे।

वैराग्यकल्पलता अने वैराग्यरति जेवी वैराग्यमय रचनाओ द्वारा तेमना हैयामां शान्तरसनो अने करुणानो गंगा-यमुना जेवो केवो स्रोत वहेतो हशे ते जाणी शकाय छे।

अष्टसहस्री विवरण जुओ, अने तमने उपाध्यायजीनी सोळे कलाए खीली उठेली विद्वत्प्रतिभानां तेजोमय दर्शन थशे ने मुखमांथी धन्य! अति धन्य! ना उद्गारो सरी पडशे। दार्शनिक शिरोमणि एक श्वेताम्बर साधुए दिगम्बरीय कृति तेमज जैनेतर कृति उपर चलावेली प्रौढ कलम, ए तेओश्रीनां हार्दिक विशालता, उदात्त विचारो, सामाना शस्त्र द्वारा ज सामाने जवाब आपवानी अने परकीय ग्रन्थाद्वारा स्वसिद्धान्तोनुं समर्थन करवानी तेमनी लाक्षणिक कुशळतानुं अजोड दृष्टांत पूरुं पाडे छे।

तेओश्री विरचित के पल्लवित अध्यात्म अने योग विषयक ग्रन्थो जोईए छीए त्यारे, तेओ एक

सिद्ध योगी तरीके आपणी समक्ष खडा थाय छे। जैनेतर ग्रन्थ पातंजलयोगदर्शन उपर टीका रची जैन योगप्रक्रियानुं समत्व बताववा साथे तेमांनी अपूर्णताओ दूर करवानुं तेमनुं साहस जोईए छीए त्यारे तेओश्रीनी सर्वांगी प्रत्युत्पन्न मेधाने नतमस्तके भावांजलि अपाई जाय छे।

वेदान्त ग्रन्थो उपर टीका करवानुं खेडेलुं साहस, ए एमणे दार्शनिक क्षेत्रे साधेली ज्ञानसिद्धिनो एक सबळ पुरावो छे।

एमनुं जीवन–कवन जोतां टूंकामां एक वस्तु फलित थाय छे के आध्यात्मिक प्रवीणता ए ज तेमनो अन्तश्चरप्राण हतो अने सद्धर्मतत्त्वप्रचार ए ज तेमनो बहिश्चर प्राण हतो।

अहीं मारे सगर्व कहेवुं जोईए के, मारी अल्प जाण मुजब, कोई दिगम्बर के जैनेतर विद्वाने जैन श्वेताम्बर दार्शनिक ग्रन्थ उपर टीका--विवरण करवा शक्ति के उदारता बतावी होय, तेवुं जाणवामां नथी। ज्यारे श्वेताम्बरोए केटलीये जैनेत्तर कृतिओ उपर अने दिगम्बर कृति उपर पण विविध टीकाओ रची पोतानी विशाळ दृष्टि अने उदारतानुं ज्वलंत उदाहरण पूरुं पाड्युं छे त्यारे उदार कोण छे ने संकुचित कोण छे, तेनो निर्णय करवानुं वाचको उपर छोडुं छुं। बीजी एक विशिष्टता ए नोंधवी रही के आज सुधी साहित्यक्षेत्रे संस्कृत--प्राकृत ग्रन्थोना गुजराती अनुवादो गद्य--पद्य द्वारा थया छे, पण एक गुजराती भाषानी पद्यरचनानी अर्थ जटिलताने समजाववा संस्कृत भाषामां टीका रचवी पडे ए गुजराती भाषाना पद्यमय क्षेत्रे एक अपूर्व ने नोंधपात्र घटना छे। उपाध्यायजीना 'द्रव्यगुण पर्याय रास' ग्रन्थ माटे आवुं बन्युं छे।

अरे! गुजराती कृतिओने समजवा गुजराती अनुवादो पण लखाया छे।

उपाध्यायजी भगवाननी कृतिओमां पण केटलीक कृतिओ विशिष्ट स्थान धरावे छे। एमांथी अहींयां सर्वोपयोगी कृति तरीके बे कृतिओनो उल्लेख करी शकाय : एक छे ज्ञानसार, अने बीजी छे अध्यात्मसार। आ कृतिओ संस्कारसाहित्यमां मूर्धन्य स्थान धरावे तेवी छे। आ कृतिओ जैन उपरांत जैनेतर समाजने पण अत्युपयोगी छे। आ कृतिओ विश्वने कल्याणनो साचो राह चींधे छे, जीवनने ऊर्ध्वगामी बनाववा माटेनी सुचारु प्रक्रिया रजू करे छे। खरेखर, वर्तमान युगनी प्रजा माटे आ अणमोल भेट छे। सहु कोई माटे ए सुवाच्य अने सुपच खोराक छे। ए जोतां भारपूर्वक कहेवानुं मन थाय छे के लोकसमूहमां आ ग्रन्थनी वधुमां वधु प्रतिष्ठा थवी जोईए, अने आने सर्वमान्य अने सर्वग्राह्य करवा माटे 'गीता'नी जेम आना उपर भिन्न भिन्न पद्धति अने विविध दृष्टिकोणथी, सुंदर शैली अने लोकभोग्य भाषामां अनुवादो, विवेचनो अने व्याख्याओ पण थवा जोईए अने एना प्रचारने व्यापक बनाववामां सहुए भागीदार बनवुं जोईए। अणु–हाईड्रोजन अने कोबाल्ट बॉम्बना आरे आवीने ऊभेला विश्व माटे अध्यात्मवादना प्रचण्ड बळोने सत्वर जाग्रत करवा ज जोईए। अने ए माटे आध्यात्मिक सिद्धान्तोनो छूटथी वधुमां वधु प्रचार थवो जोईए। आवा सफल प्रयत्नोद्वारा ज मानवजातनुं अज्ञान घटाडी शकाशे, आत्मवादने दबावी रहेलां भौतिकवादनां परिबळोने नाथी शकाशे अने फलतः मानवचेतनानुं तेजोमय ऊर्ध्वीकरण साधी शकाशे।

अहींया प्रसंगोपात्त एक आंतरवेदना जणावुं के आजना विद्वानो अने शिक्षित वर्ग परदेशी

विद्वानोनां नाम अने कामने जेटलुं जाणे छे, तेटलुं आ भूमिना महापुरुषोनां नाम अने कामने जाणतो नथी; आ एक कमनसीब ने शरमजनक घटना छे। अरे! खुद गुजरातना ज विद्वानो पोताना ज घर आंगणे प्रकटेली आवी विज्ञ विभूतिने कामथी तो पछी, पण नामथी पण ज्यारे न जाणे, त्यारे आन्तरप्रान्तीय विद्वानोने तो आपणे शुं कही शकीए?

बीजी महादुःखनी वात ए छे के आपणा विद्वानो बीजा धर्मो अंगे सारुं ज्ञान धरावता होय छे, ज्यारे पोताना आंगणे ज रहेला, गुजराती प्रजाना उत्कर्षमां सर्वोत्तम अने अजोड फाळो आपनार जैनधर्म अंगे के तेमना साधुपुरुषो अंगेनुं ज्ञान मेळववामां खूब खूब पछात रह्या छे। अरे, तेओने घणीवार तो ओरमाया पुत्र जेवुं ज वलण जोवाय छे। हजारो वर्षथी जीवता जैनधर्मना ज्ञानना अभावे गुजरातना शिक्षण–विभागमां चालता गुजराती आदि भाषानां पुस्तकोमां, अने अन्य साहित्यमां पण, ज्यां ज्यां भगवान महावीर के जैनधर्म विषे लख्युं छे त्यां त्यां दम विनानुं, छीछरुं लख्युं छे अने केटलीक वार तो धर्मना मर्मनी समजणना अभावे खोटां विधानो करीने अन्याय पण कर्यो छे; जाणे–अजाणे खोटी हकीकतो रजू थई गई छे। आ बधानां कारणोनी समीक्षानुं आ स्थान नथी, परंतु विद्वानोने मारी सानुरोध प्रार्थना छे के, तेओ ऊंडा ऊतरे अने लखवा पहेलां जैन विद्वानोनो संपर्क साधी, हकीकतोनी चोकसाई करी पछी लखे, लख्या पछी पण सुयोग्य विद्वानने बतावी पछी मुद्रित करे, तो अन्याय थवा नहीं पामे। आशा राखीए के हवेथी तेओ पोतानी ज्ञानसाधनामां जैन विद्वानो, कविओ अने ग्रन्थकारोने जरूर स्थान आपशे।

उपाध्यायजी महाराज ए परमात्मा महावीरदेवना एक साचा अने शिस्तपालक सैनिक हता, अनेक गच्छो, संप्रदायो अने मतभेदोना मोजांओथी धूधवता जैनशासनसागरमां तोफाने चढेली धर्मनौकाना ए साचा सुकानी हता।

उपाध्यायजी महाराजे पोताना जीवनना बधांय वर्षो, जीवननुं सघळुं सुख, जीवननी तमाम कमाई जैनशासनने अर्पण करी दीधां हतां। जीवनना अन्तिम वर्ष सुधी साहित्यसर्जन, शासनसेवा अने धर्मरक्षाना श्वास लेनार ए वीर पुरुष आपणी समक्ष सेवा, स्वार्पण अने पुरुषार्थनो आदर्श नमूनो मूकता गया छे! शासनमां बुद्धिमानो घणा पाके छे, परंतु कर्त्तव्यपरायणो अने नव्य सर्जको गण्यागांठ्या ज पाके छे। उपाध्यायजी एक सर्जक अने क्रान्तिकारी पुरुष हता, तेथी तेओश्रीए भारे बलिदानो–आत्मभोग अने मुश्केलीथी मेलवेल सिद्धिओने टकावी राखवा अपूर्व साहित्य सर्जन कर्युं; ए साहित्यनुं अध्ययन, अध्यापन ने प्रचार थाय ए माटे श्रीसंघे 'यशोविद्यापीठ' जेवी एकाद संस्था उभी करवी जोईए।

आजे भौतिक विज्ञान अने राजकारण ए ज जाणे जीवननुं पूर्णविराम होय, एवी भावना अने मान्यता विश्वमां मजबूत थई बेठी छे। वळी, प्रजानुं मानस अनात्मवादी अने झेरी विचारोथी सतत घेरातुं जाय छे। बीजी बाजु प्रजाना नेताओ अने प्रचारक साधनो तरफथी मात्र भौतिक साधनोनां सर्जन, संवर्धन के विवर्धनमां ज प्रजानी सुख–शांति अने आबादीनी सिद्धिओ समाएली छे—आवी जोरशोरथी थई रहेली व्यापक उद्घोषणाओ द्वारा प्रजाना हृदय अने मगजमां सतत भयंकर विषपात थई रह्यो छे। प्रजा आत्मवाद के अध्यात्मवादना कल्याण मार्गथी दूर सुदूर हडसेलातो जाय छे। आ

गेने ज्यारे भारतीय संस्कृतिनो भव्य प्रकाश अवराई रह्यो छे, त्यारे खरेखर, आवा महर्षिओनी आर्ष वाणी ज प्रजाने उगारी शकशे। कारण के उपाध्यायजी भगवाननी वाणी मानवजातना साचा कर्तव्यने चींधे छे, मानवनी मानवताने समजावे छे, विश्वने प्रेरक पयगाम आपे छे, मंगल अने कल्याणना पवित्र राजमार्गनुं दर्शन करावे छे माटे एमनी वाणीनो खूब खूब प्रचार थवो जोईए।

आजीवन सर्वांगोपकारी पूज्यपाद गुरुदेवोनुं संस्मरण अने आ कार्यमां सहायक थनार शतावधानी न्याय-व्याकरण साहित्यतीर्थ जयानन्दविजयजी तथा मुनिश्री वाचस्पतिविजयजीनी याद शे भूलाय!

अन्तमां सरस्वतीना कृपापात्र, गुरुचरणकमलना अखंड उपासक, सम्यग्दर्शन-ज्ञान-चारित्रना अनुपम आराधक, महान विचारक, महान तत्त्वचिंतक, वाचकवर महोपाध्याय न्यायविशारद न्यायाचार्यने अने तेमनी स्वपर कल्याणकारक प्रज्ञाने अगणित वंदन!

—यशोविजय



❦ મન તો સીડી જેવું છે જો માલિક બનો તો છેક ઉપર લઈ જાય અને જો ગુલામ બનો તો ઘોર અંધકારમાં લઈ જાય. પતન અને ઉત્થાન તમારા ઉપર નિર્ભર છે.

❦ સંગ્રહ, આગ્રહ, પરિગ્રહ અને પૂર્વગ્રહ આ ચાર ગ્રહ છુટે તો અનુગ્રહને સ્થાન મળે. આજે દુનિયામાં ઉપગ્રહ છોડી શકે છે પરંતુ એકબીજા પ્રત્યેનો પૂર્વગ્રહ નથી છોડી શકાતો. તેનું જો કોઈ કારણ હોય તો તે ધર્મનો અભાવ.

❦ આપણી મરજી મુજબનું મળી જાય તો આપણે માલદાર બની જઈએ છીએ એ ખરૂં પણ એના વિના જો આપણે ચલાવી લઈએ તો આપણે શક્તિશાળી થઈએ છીએ એટલું ન ભૂલશો.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ભાગ-૨ની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૧૫ ઇ. સન્ ૧૯૫૯

૯

## મારા બે બોલ

પરમ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજ તથા પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજના શુભાશીર્વાદો સહ 'જૈન સંસ્કૃત સાહિત્યના ઈતિહાસ'નો પ્રથમ વિભાગ જ્યારે બહાર પડ્યો ત્યારે "બે બોલ" એ મથાળા નીચે મારે થોડું ઘણું જે કહેવું આવશ્યક હતું તે મેં કહી નાંખ્યું હતું. હવે વિસ્તૃત રીતે જે જે કહેવાનું હશે તે આ વખતે નહિ, પણ તૃતીય વિભાગ પ્રકાશિત થશે ત્યારે, સમય જો યારી આપશે તો લખવા ધારું છું.

દ્વિતીય વિભાગ તેર તેર વર્ષના પ્રલંબ વિલંબ બાદ પ્રસિદ્ધ થઈ રહ્યો છે. એ ટાણે આ વિલંબ માટે ખેદની અને પ્રસિદ્ધિ માટે આનંદની, મિશ્ર લાગણીઓ અનુભવી રહ્યો છું. હવે ત્રીજા વિભાગના પ્રકાશન માટે તો શાસનદેવને પ્રાર્થના કરું કે 'વેગા' નહિ તો છેવટે 'ચણ્ડા' ગતિએ પણ પ્રગટ થાય તેવી સાનુકૂલતાઓ અર્પે.

તેર વરસના ગાળા દરમિયાન જૈન સાહિત્ય અને ઈતિહાસ ઉપર જૈન વિદ્વાનોએ લખેલાં કેટલાંક સ્વતંત્ર પ્રકાશનો પ્રકાશિત થયાં છે. વળી અજૈન લેખકો અને અજૈન સંસ્થાઓ તરફથી પણ ભારતીય દર્શનો અથવા તો ઈતિહાસ ઉપર કેટલાંક પુસ્તકો બહાર પડ્યાં છે. હવે તેમાં જૈન દર્શન, સાહિત્ય કે ઈતિહાસને લગતું એકાદ પ્રકરણ જરૂર હોય છે. અજૈનોનું આ દર્શન પ્રત્યે સારા પ્રમાણમાં વલણ વધ્યું છે તે એક આનંદનો વિષય છે.

ભૂતકાળમાં અજૈન વર્ગની સૂક્ષ્મ કે સ્થૂલ સાંપ્રદાયિક ઘૃણા, વિદ્વેષ કે ઉપેક્ષા વગેરે કારણે, જૈન દર્શન કે જૈન ધર્મ પ્રત્યે અત્યન્ત ઉપેક્ષાભાવ રહેતો, એટલે આ ધર્મને

જાણવા કે સમજવા તરફ વલણ ન થતું. એમાં જૈન સમાજના પોતાના પૂર્વગ્રહોનો પણ કેટલોક દોષ હતો. કદાચ કોઈને મન થતું તો જૈન દર્શનના અભ્યાસ માટેની વિવિધ સામગ્રીની પ્રાપ્તિની અસુલભતા, વળી પ્રસ્તુત દર્શનને યથાવસ્થિત રીતે સમજવાની અયોગ્યતા, આ દર્શનની ઈતિહાસ લખવામાં જાણ માટેના જરૂરી રીતિરિવાજો, સંપ્રદાયગત વિવિધ હકીકતો સમજાવનાર વ્યક્તિની અપ્રાપ્તિ, આવી તેમજ બીજી અનેકવિધ પ્રતિકૂલતાઓના કારણે લખવાનું સાહસ કરી શકતા નહિ. વળી અર્ધદગ્ધ જ્ઞાની બની જેઓએ કલમ ચલાવી તો તેમાં કોઈ કોઈએ તો યથાર્થ, વાસ્તવિક સૂઝ, જ્ઞાન કે અનુભવના અભાવે જૈન દાર્શનિક સાહિત્યની માન્યતા અને રીતિરિવાજથી ઉલટું લખ્યું તો કોઈકે અધૂરું લખ્યું. અરે! પારિભાષિક શબ્દો કે નામો લખ્યાં તે પણ સાચાં નહિ. વળી હકીકતોના દોષો પણ રહી ગયા. કોઈકે અષ્ટં-પષ્ટં પણ લખ્યું, જો કે આવું કંઈ ઇરાદાપૂર્વક થતું નથી હોતું પણ વાસ્તવિક જ્ઞાનના અભાવે આમ થવું એ સ્વાભાવિક હતું અને જ્યાં માત્ર લખવા ખાતર લખવાનું હોય ત્યાં આમ જ બને.

છેલ્લાં દશ વર્ષ દરમિયાન જે જે પ્રકાશનોમાં (પુસ્તકો કે અખબારોમાં) જૈન દર્શન કે સાહિત્યને લગતી બાબતનાં પ્રકરણો દાખલ થયાં છે અથવા તેને અંગે જ્યાં જ્યાં વિધાનો થયાં છે ત્યાં ત્યાં તે અધૂરાં, અછડતાં અને હકીકતદોષોવાળાં જોવાં મળ્યાં છે.

આનું કારણ મને એ સમજાયું છે કે, આવાં પ્રકાશનોના પરિચય માટે બહુધા આપણે ત્યાં અંગ્રેજી વગેરે ભાષાઓમાં લખાએલાં તૈયાર પુસ્તકોનો આશરો લેવાતો હોય છે, એટલે આદ્ય નોંધ કરનારે જે જે કચાશો રાખી હોય તે સાહજિક રીતે જ ઉત્તરવર્તી પુસ્તકોમાં ઊતરતી આવે.

હવે પ્રસ્તુત પુસ્તકો ફરી છપાય અથવા નવોદિત લેખકો નવો પરિચય જ્યારે લખે ત્યારે ભંડારો કે લાઈબ્રેરીઓ વચ્ચે બેસી, જરૂરી તમામ સામગ્રી નજરે જોઈ, તપાસી, વિચારી અને ન સમજાય તેવી બાબતો તદ્‌વિદોને પૂછી, પછી જો લખાય તો મને લાગે છે કે ઉપરોક્ત ક્ષતિઓનો અસંભવ થાય અને પ્રસ્તુત ગ્રન્થ નિઃશંક રીતે પ્રમાણભૂત અને સન્માન્ય બની જાય. આટલી વાત પ્રાસંગિક કહી. હવે પ્રસ્તુત પ્રકાશન અંગે કહું.

## પ્રસ્તુત પ્રકાશન અંગે :—

પ્રસિદ્ધ થઈ રહેલો આ દ્વિતીય વિભાગ પ્રગટ થયા પછી તૃતીય વિભાગ પ્રગટ થશે એવું માનવાની જરૂર નથી કે આ ત્રણેય વિભાગમાં જૈન જ્ઞાનભંડારોમાંની તમામ સંસ્કૃત કૃતિઓનો પરિચય આવી જશે, હજુ તો અનેક ગ્રન્થભંડારો અણદીઠા પડ્યા છે. અનેક નાના મોટા સંગ્રહો તાળાબંધીમાં પડ્યા છે. અનેક કૃતિઓ પરદેશ ગઈ, જુદી જુદી પ્રાન્તિક સરકારોની લાઈબ્રેરીમાં ખરીદાઈ, વળી જે ભંડારોનાં લીસ્ટો અગાઉના સમયમાં થયાં તેમાં અચોકસાઈ અને અપૂર્ણતાઓ રહી છે. આ બધું જોતાં પ્રસ્તુત ભંડારોમાંની જુદા જુદા વિષયની, વિષયની દૃષ્ટિએ હજારો કૃતિઓ જે વિદ્યમાન છે એ તમામ કૃતિઓનો યથાયોગ્ય, યથાનુકૂલ અને યથાપૂર્ણ પરિચય આપવાનું કામ અત્યન્ત ભગીરથ છે. એના માટે અનેક વિદ્વાનો અને અનેક વર્ષો અપેક્ષિત છે. આવાં અનેકાનેક કારણોસર એ તમામનો પરિચય આપવાનું કાર્ય આ મર્યાદિત પ્રયાસથી શક્ય

ન હોય—ન જ હોઈ શકે એ તદ્‌વિદો સારી રીતે સમજી શકે તેમ છે. એથી આ ત્રણેય વિભાગોમાં શ્વેતામ્બર ઉપરાંત દિગમ્બર કૃતિઓની તથા તેની વૃત્તિઓની માહિતી જે રીતે જ્યાંથી, જેટલી ઉપલબ્ધ બની તે ઉપરથી પ્રો. હીરાલાલ ર. કાપડિયાએ આ પરિચય તૈયાર કર્યો છે.

અગાઉ આ જ પુસ્તકના લેખકે પ્રાકૃત કૃતિઓનો આપેલ પરિચય જે રીતે પ્રસિદ્ધ કરાવો હતો તે પ્રમાણે સંસ્થાએ સંસ્કૃત કૃતિઓનો પરિચય પ્રસિદ્ધ કર્યો છે. એમ કરીને 'શ્રી મુક્તિ કમલ જૈન મોહનમાળા' નામની આ સંસ્થાએ ઉપયોગી જ નહિ પણ વિદ્વાનોને માટે અનિવાર્ય ઉપયોગી એવું પ્રકાશન કરી પ્રશંસનીય ઉપકારી કાર્ય કર્યું છે. તે બદલ ઉપદેશકો અને સંસ્થા શતશઃ ધન્યવાદાર્હ બની છે. આવાં પ્રકાશનોથી નિત્ય, નૈમિત્તિક ક્રિયાકાણ્ડો, જ્ઞાનાભ્યાસાદિ અનેકવિધ કાર્યોમાં રત રહેવા છતાં, ત્યાગી જૈન મુનિવરોનું, જ્ઞાન, દર્શન અને ચારિત્રનાં, તેમજ સાહિત્યનાં અનેકવિધ વિવિધ ક્ષેત્રે કેવું કેવું સમૃદ્ધ અને ગૌરવભર્યું પ્રદાન છે તેનો ઉમદા ખ્યાલ જૈન-અજૈન તમામ વર્ગોને મળશે અને આના રસિયાઓને તો સ્વાદિષ્ટ અને સુંદર ઉત્તમ ભોજન કરતાં પણ વધુ મિષ્ટ ભોજન મળ્યાનો આનંદ થશે.

આપણા પૂજ્ય સાધુઓ, સાધ્વીજીઓ તથા વિદ્વાન ગૃહસ્થો ઐતિહાસિક પુસ્તકો વાંચવા પ્રત્યે દુર્લક્ષ સેવે છે. કારણ કે તેઓને આ વિષય નીરસ લાગે છે, પણ આપણા પરોપકારપરાયણ પૂર્વાચાર્યો વગેરેએ સ્વ-પરના હિતાર્થે નિર્માણ કરેલા ઐતિહાસિક ભવ્ય સાહિત્યમંદિરનું પૂરા જોશથી, પૂરા નહિ તો ઓછા જોશથી આછુંપાતલું પણ દર્શન-સ્પર્શન અવશ્ય કરવું જોઈએ.

આથી આપણા પૂર્વજો પ્રત્યે આપણને બહુમાન અને ગૌરવની આદરપૂર્ણ લાગણી થશે. તેમના જ્ઞાનગુણની અને ગુણીઓની અનુમોદનાનું પુણ્ય બંધાશે, જ્ઞાનની માત્રામાં અભિવૃદ્ધિ થશે અને હૈયામાં સપ્તરંગી પ્રેરણાનાં વિવિધ કિરણોનો પ્રાદુર્ભાવ થશે.

બીજી એક બાબતની અત્ર નોંધ લેવા માગું છું, જો કે પ્રકાશકે તો તે બાબતની નોંધ લીધી છે. એમ છતાં નોંધવું જરૂરી છે કે અમારી આ પ્રેરણા ઝીલી જેઓએ આ પ્રકાશનને સુલભ બનાવ્યું તે માટે, ધી અને શ્રીના સુભગ સંયોગવાળા, શ્રુતજ્ઞાનના સતત અભ્યાસી અને પ્રચારક શેઠ શ્રી અમૃતલાલ કાલીદાસ દોશી જેઓ મુંબઈના નમિનાથ જૈન દહેરાસર ટ્રસ્ટના પ્રમુખ છે, તેઓ તથા તેમનું ટ્રસ્ટીમંડળ જેઓએ પ્રમુખશ્રીની ભાવનાને ટેકો આપ્યો તે સહુ તથા મુંબઈના ચોપાટી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન દહેરાસરના ટ્રસ્ટના ઉત્સાહી અને ભાવિક પ્રમુખશ્રી આદિ કાર્યકર્તાઓ ધન્યવાદને પાત્ર બન્યા છે. આવા સહકારો જૈન ટ્રસ્ટો તરફથી મળતા પામે તો શ્રુતજ્ઞાનની, જૈન ધર્મની અને જૈન સંસ્કૃતિની અનેકવિધ સેવાઓ બહાર આવવા પામે

અન્તમાં આ ગ્રન્થમાં લેખક દ્વારા નોંધ અને વિધાનમાં જે કંઈ ક્ષતિઓ રહી ગઈ હોય તો તે સાક્ષરો જરૂર જણાવે, જેથી ભવિષ્યમાં તેનું પરિમાર્જન થઈ શકે.

*મુનિ યશોવિજય*

*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સંસ્કૃતિનો સંદેશવાહક જૈન શ્રમણની તથા ભુવનવિહાર દર્પણની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૧૭ ઇ.સન્. ૧૯૬૧

૧૦ ૧૧

## અનોખી યાત્રા :

યાત્રા અને પ્રવાસવર્ણનો લખવાની કે તેને નોંધવાની પદ્ધતિ, પ્રથા કે કળા આજકાલની નહિ પણ સેંકડો વર્ષ પુરાણી છે. સામાન્યતઃ સાધુ–સંતોનાં ભ્રમણને વિહાર કે યાત્રા અને ગૃહસ્થાશ્રમીઓનાં ભ્રમણને યાત્રા, પ્રવાસ કે પર્યટન શબ્દથી ઓળખાવાય છે. યાત્રા કે પ્રવાસનાં વર્ણનો માટે પ્રાચીન કાલમાં વિભિન્ન ભાષાઓમાં ગદ્ય–પદ્ય ગ્રન્થો અને કાવ્યો રચાયાં છે અને આજે પણ રચાતાં જાય છે. આજે તો અનેક માનવીઓની યાત્રા–પ્રવાસનાં વિવિધ ઘટનાઓ–વર્ણનો અનેક અખબારો અને સામયિકોમાં પ્રગટ થતાં રહે છે. અને પછી તે ગ્રંથરૂપે પ્રસિદ્ધ પણ થાય છે. પણ અહીંયા પ્રસ્તુત ગ્રંથમાં* આલેખેલી યાત્રા એ તો એક અનોખી યાત્રા છે, કારણ કે તે ધર્મતીર્થયાત્રા છે.

અહીંયા પ્રસિદ્ધ પામતું પુસ્તક જૈન સાધુઓની વિહારયાત્રાને અંગે લખાયેલું છે. એટલે જૈન સાધુઓને અંગે કંઈક કહેવું એ જ પ્રસ્તુત છે.

## જૈન સાધુઓનો વિહાર :

પ્રાચીન કાલમાં જૈન સાધુઓના વિહાર અને યાત્રાઓની પ્રકીર્ણક નોંધો પ્રાસંગિકપણે અમુક આગમોમાં છૂટી છવાઈ વેરાએલી નજરે પડે છે, જેની રચના લગભગ અઢી હજાર વર્ષ પુરાણી છે. ત્યારપછી વિવિધ પ્રકારનાં જૈન સાહિત્ય કે

---

* શ્રી ભુવનવિહારદર્પણમાં

ચરિત્રોમાં તે જોવા મળે છે. એ પછી તે ઐતિહાસિક પ્રબંધોમાં સંગ્રહીત થયેલી જોવા મળે છે. અર્વાચીન કાળમાં પ્રવાસગ્રંથ તરીકે જો કોઈનો ઉલ્લેખ કરવો હોય તો, ઐતિહાસિક પદ્યમય રાસમાળાઓનો કરી શકાય. આ રાસમાળા એટલે જૈન સાધુઓની ભારતયાત્રા, પછી તે પૂર્ણ ભારતની હોય કે અપૂર્ણ ભારતની. આ રાસમાળાને યાત્રાની વ્યવસ્થિત નોંધ-ડાયરી કહી શકાય. આની અંદર જૈન શ્રમણોએ ભારતના વિશાળ પ્રદેશમાં પગપાળા જ્યાં જ્યાં વિહાર કર્યો અને એ વિહાર દરમિયાન રસ્તાઓમાં, જંગલોમાં કે શહેરોમાં પોતપોતાની દૃષ્ટિએ જે જે વસ્તુ નોંધવા લાયક લાગી, તે તેમણે નોંધી. અલબત્ત, આવી નોંધો એકંદરે જોઈએ તો પ્રમાણમાં અતિ અલ્પ અને છીછરી છે. પરંતુ તેની અંદર કેવળ જૈન પ્રજા, જૈન ધર્મ, જૈન સંસ્કૃતિ કે જૈન સ્થાપત્યને જ લગતી હકીકત નથી. અલબત્ત યાત્રિકો તરીકે જૈન શ્રમણો હોવાથી અને જૈન સાધુ બહુધા તીર્થયાત્રાની દૃષ્ટિએ જ વિહરતો હોવાથી મુખ્યત્વે વર્ણન તે અંગેનું હોય તે સ્વાભાવિક છે. પણ સાથે સાથે જૈન સાધુની ઉદાર અને ઐતિહાસિક દૃષ્ટિ અજૈનોની કે તેમને લગતાં સ્થાનકોની ઉડતી નોંધ લીધા સિવાય રહી શકી નથી અને એથી તેમાં વિવિધરંગી અને વિવિધલક્ષી ઉપયોગી માહિતીઓ પણ સંગ્રહીત થવા પામી છે એ હકીકત છે.

વર્તમાન સમયમાં છેલ્લાં કેટલાંક વર્ષોથી જૈન સાધુઓના યાત્રા-પ્રવાસનાં વર્ણનોનાં પુસ્તકો ઠીક ઠીક પ્રગટ થતાં રહ્યાં છે. તેમાં આજે **ભુવનવિહાર દર્પણ** નામના ગ્રન્થનો ઉમેરો થાય છે. આ ગ્રંથનું નામ જ વિહાર કરનાર વ્યક્તિની ઓળખ આપી દે છે.

શાંતમૂર્તિ, સંયમશીલ, મુનિવર શ્રીમાન્ ભુવનવિજયજી મહારાજે કરેલા વિહારની વિવિધ હકીકતો અને ઘટનાઓનું આમાં દર્શન કરાવવામાં આવ્યું છે. આ હકીકતોને વ્યવસ્થિત રીતિએ રોચક ભાષામાં મૂકવાનું કાર્ય જાણીતા શતાવધાની, સિદ્ધહસ્ત, યશસ્વી લેખક પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહે કર્યું છે.

## જૈન મુનિઓનો લોકકલ્યાણમાં અપૂર્વ ફાળો :

જૈન મુનિઓના પગપાળા વિહારો લોકકલ્યાણમાં કેવો ફાળો આપે છે? જ્ઞાન-વિજ્ઞાનથી સભર, નિઃસ્વાર્થ કરુણા અને વાત્સલ્યભાવથી ઓપતા જૈન મુનિઓના ઉપદેશો માનવહૃદયોના સુષુપ્ત ભાવોને જગાડવામાં કેવી ચમત્કારિક અસરો નિપજાવે છે? સંસારના ત્રિવિધ તાપથી સંતપ્ત થયેલા, અનેકવિધ વેદના અને વિટંબનાઓથી જલતા આત્માઓને ક્ષમાપ્રધાન મુનિવરો પોતાની મિષ્ટ અને મધુર વાણીનાં વારિથી કેવી રીતે શીતલતા આપે છે? સંયમી જીવનની સુવાસથી પવિત્ર બનેલી જૈન મુનિઓની પવિત્ર પ્રેરણા સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રાદિ સદ્ગુણોને પ્રગટાવવામાં, પ્રગટ્યા હોય તો પોષવામાં, એટલું જ નહિ પણ એ સદ્ગુણોને પ્રગટાવનારાં અને પોષણ આપવાવાળાં સાધનોને જન્મ આપવામાં કેવો સચોટ અને અસરકારક ભાગ ભજવે છે? શાંત-પ્રશાંત, તપસ્વી, ત્યાગી, વૈરાગી જૈન મુનિઓનાં ચાતુર્માસો જૈન સંઘના સાતેય ક્ષેત્રોને કેવી રીતે નવપલ્લવિત અને પુષ્પિત બનાવે છે? તેનો આછો ખ્યાલ આ પુસ્તકનું અવલોકન કરનારને આવ્યા વિના રહેશે નહિ.

આ પુસ્તકમાં મુનિશ્રીના સંયમની સુવાસ, સચોટ અને સફળ ઉપદેશ, અને સાથે સાથે ખંતભર્યા પુરુષાર્થનાં પરિણામે થયેલાં ચાર-પાંચ કાર્યો ખાસ ધ્યાન ખેંચે તેવાં છે. જેમકે-મદ્રાસ શહેરમાંનો જૈન ઉપાશ્રય કે જે દેવદ્રવ્યની રકમથી તૈયાર થયો હતો.

## દેવદ્રવ્ય અંગે વિચારણા :

દેવનિમિત્તે એકત્રિત થતું દ્રવ્ય તે દેવદ્રવ્ય. આ દ્રવ્ય જિનમંદિર, જિનમૂર્તિ અને તેને લગતાં શાસ્ત્રોક્ત કાર્યોમાં જ વાપરી શકાય, પરંતુ જૈન સાધુ કે શ્રાવક-શ્રાવિકાના ઉપયોગમાં કદી વાપરી શકાતું નથી.

શાસ્ત્રો કહે છે કે વિષમ એવા કલિકાલમાં સંસાર તરવાનાં પ્રબળ સાધનો બે જ છે : એક તો જિનબિંબ અને બીજું જિનાગમ. આ સાધનો જેટલાં ભવ્ય, સ્વચ્છ અને આકર્ષક એટલી જ ભાવોલ્લાસની વૃદ્ધિ, એટલી જ માનસિક પ્રસન્નતા વધુ અને શુભભાવોની ભરતી, એ જ દર્શનનું શ્રેષ્ઠ ફળ. અને હું તો મારા શબ્દોમાં એમ પણ કહું કે તેટલી જ શ્રી સંઘમાં સર્વાંગી ઉજ્જવળતા. એટલે જ આપણાં પ્રાચીન મહાપુરુષોને દેવદ્રવ્ય માટે ખૂબ જ કડક વ્યવસ્થા બાંધવી પડી છે. જો આ વ્યવસ્થા મજબૂત ન હોત તો અજૈનોનાં મોટાં મોટાં તીર્થોની જે અવદશા થઈ, એ આપણાં જૈન મંદિરોની પણ થઈ હોત.

દેવનિમિત્તક દ્રવ્ય, જો તેના ભક્તો કે પૂજારીઓને ખપતું હોત તો, આપણાં નાનાં મોટાં અનેક તીર્થો અને અન્ય શહેરી મંદિરોની જે ભવ્યતા, જે સ્વચ્છતા, જે સુંદરતા ટકી છે તે હોત ખરી? આનો જવાબ બારાખડીના વીશમાં (-ના) અક્ષરથી જ આપી શકાય.

મને યાદ છે કે ફ્રાન્સ દેશના કેળવણીખાતાના વડા આજથી સત્તર વર્ષ ઉપર પાલીતાણા-જૈન સાહિત્યમંદિર જોવા આવ્યા, ત્યારે મેં પૂછેલું કે-આપ શત્રુંજય પર્વત ઉપર જઈ આવ્યા?

જવાબ મળ્યો કે-હા.

પ્રશ્ન :-ઉપર આપે શું જોયું?

જવાબ :-મેં હિન્દુસ્તાનના મોટા ભાગનાં જૈનો સિવાયના પ્રસિદ્ધ મંદિરો સૂક્ષ્મ દૃષ્ટિથી નિહાળ્યાં, પરંતુ મારે ભાર દઈને મોટા અવાજે કહેવું જોઈએ કે આ પર્વત ઉપરનાં જૈન મંદિરોમાં જે સ્વચ્છતા જોઈ, એવી મેં ક્યાંય જોઈ નથી. ઘણું જ સુંદર દૃશ્ય અને વ્યવસ્થા.

ઉચ્ચારેલો આ અભિપ્રાય છે એક સુશિક્ષિત, ઉચ્ચ અધિકારી અને અનુભવી પરદેશી ગૃહસ્થનો.

ખ્યાલ કરો કે આ સ્વચ્છતા કોને આભારી છે? બુદ્ધિ જવાબ આપશે કે દેવદ્રવ્યના નક્કર બંધારણને જ.

આવી વ્યવસ્થા ઇતર સંપ્રદાયમાં હોત તો, વૈદિક ધર્મીઓના સુવિખ્યાત તીર્થ તરીકે પંકાતું સોમનાથ પાટણનું મંદિર, આઠસો આઠસો વર્ષ સુધી બિસ્માર હાલતમાં ઊભું રહ્યું, તે બનત

ખરું? વૈષ્ણવોના મહાન તીર્થ તરીકે ઓળખાતાં શ્રીનાથજીના ધામમાં જે વિષમ પરિસ્થિતિ સર્જાઈ, તે સર્જાત ખરી? જૂનું સોમનાથ જેણે જોયું હશે તેને ખબર હશે કે ત્યાં યાત્રિકોની વાર્ષિક હજારોની આવક છતાં મંદિર જુઓ તો ગંદું, ગોબરું અને વ્યવસ્થા વિનાનું. તમને ત્યાં ઝાઝું ઊભું રહેવું પણ ન ગમે! અસ્તુ!

આ લંબાણ હકીકતનો ટૂંક સાર એ છે કે જૈન શ્રમણો દેવદ્રવ્યની શાસ્ત્રોક્ત પ્રણાલિકા અને સુવ્યવસ્થા માટે જે ધગશ અને કાળજી ધરાવે તે સમુચિત છે, ઇષ્ટ છે; અને એ ધગશ રાખીને મુનિવર્ય શ્રીભુવનવિજયજી મહારાજે પ્રબળ પુરુષાર્થ કરી ઉપાશ્રયને દેવદ્રવ્યના ભારમાંથી મુક્ત કરાવ્યો, તે એક અતિ પ્રશંસનીય અને અનુકરણીય કાર્ય કર્યું છે, એવું કહીએ તો જરાય અત્યુક્તિ કે અનુચિત નથી.

## જિનમંદિર અને જિનબિંબની મહત્તા :

સમ્યગ્દર્શનનાકારક–પોષક–વર્ધક અને ધર્મપ્રભાવના સાધન તરીકે મુખ્ય સાધન છે, ભવ્ય જિનબિંબથી શોભતું જિનમંદિર. ભાષામાં ઘણીવાર ગાઈએ છીએ કે—

"કલિકાલે જિનબિંબ જિનાગમ ભવિયણકું આધારા."

"શાસ્ત્રકારોએ જિનબિંબ એ ભવ્યાત્માઓને કલ્યાણકર સાધનોમાંનું સહુથી મહાન સાધન જણાવ્યું છે, અને તેથી જ તેને પરમાલંબન તરીકે ઓળખાવ્યું છે, કારણ કે આત્મિક વિશુદ્ધિનું તે પરમ સાધન છે. વીતરાગભાવની પ્રતિભા ધરાવતું જિનબિંબ, પાંચે ઇન્દ્રિયોની વિષય-વાસનાના દર્દોથી ઘેરાયેલા આત્મા માટે કાયાકલ્પનું, અને કષાયોની ધગધગતી હોળીઓને દિવાળીના રૂપમાં ફેરવી નાંખવાનું અચૂક સામર્થ્ય ધરાવે છે. વળી આબાલગોપાલ જીવો માટે તો જ્ઞાનાદિમાર્ગ કરતાં સીધો અને સહેલો ભક્તિમાર્ગ જ શ્રેયસ્કર છે. આ વિધાનની ઉપર, નિમ્ન શ્લોકનું નિર્માણ કરીને ઉપાધ્યાયજી ભગવંતે મહોરછાપ મારી છે :

सारमेतन्मया लब्धं, श्रुताब्धेरवगाहनात्।
भक्तिर्भागवती बीजं, परमानंद संपदाम्॥

અર્થ :–શ્રુતસાગરનું મંથન કરીને મેં માખણની જેમ સાર એ કાઢ્યો છે કે શ્રી જિનેશ્વરદેવની વિવિધ પ્રકારની ભક્તિ એ જ પરમાનંદ રૂપ મોક્ષસંપત્તિની પ્રાપ્તિનું બીજ છે.

ખરેખર! આધ્યાત્મિક દર્દોથી પીડાતા આત્માઓનાં દર્દ નિવારણ માટે દવાખાનાનું સ્થાન ધરાવનારાં, સંસારના દાવાનળથી સંતપ્ત થયેલાઓને ચંદ્રમાની ચાંદની અને બાવનાચંદનથી પણ અત્યંત શીતળતા આપનારાં અને સંસારની દીર્ઘ-સુદીર્ઘ વાટ કાપી રહેલા પથિકો માટે વિસામા સરખાં અને સેંકડો વર્ષો સુધી આધ્યાત્મિક પ્રેરણા આપનારાં જિનમંદિરોની આવશ્યકતા અનિવાર્ય છે. એટલા માટે જ આપણા મહાન પૂર્વજો, મહારાજા સંપ્રતિ–પરમાર્હત્ કુમારપાલ આદિ રાજાઓ, મંત્રીઓ, વગેરેએ પૃથ્વીને જિનમંદિરોથી વિભૂષિત કરી નાંખી હતી. અને

ભારતની ચારે દિશાના શત્રુંજય, ગિરનાર, સમેતશિખર, આબુ, તલાજા, ઢંક, કદંબ, રાજગૃહી, પાવાગઢ ઈત્યાદિ મહત્વના પહાડોને કરોડો રૂપિયા ખર્ચીને જિનમંદિરથી વિભૂષિત કરી દીધા, તેનું કારણ પણ તે જ હતું. એના અનેક લાભો પૈકી એક લાભ મોટો એ થયો કે, ભારતીય અજૈનો કે પરદેશીઓને જૈન ધર્મ જેવો એક ધર્મ છે, એ જીવતો જાગતો છે, એનો અનાયાસે શીઘ્ર ખ્યાલ મળી જાય છે. ભૂતકાળના જૈનોની ધર્મશ્રદ્ધા અને ભક્તિ કેવી હતી? એનો ખ્યાલ મળે છે અને મૂર્તિપૂજક સંપ્રદાયમાં તો નાનાં નાનાં બાળકોને બાલ્યકાળથી જ ધર્મમાર્ગ તરફ વાળવા માટે એક સરલ, સુંદર, સહજસાધ્ય, આલંબન-સાધન છે.

આજના બાળકો, યુવાનો, યુવતીઓ કે મોટાઓ ઉપાશ્રયમાં આવે યા ન આવે; પણ જિનમંદિરમાં જવામાં તેઓને કોઈ ભય કે સંકોચ નથી હોતો, એટલે એવા વર્ગને માટે ધર્મભાવનાથી આર્દ્ર–ભીંજાએલા રાખવા માટે આ એક અનુપમ સાધન છે. વધુ સ્પષ્ટ કહીએ તો આજે ઉપાશ્રયમાં ન આવવાવાળો વર્ગ વધુ છે. અને એવા વર્ગનાં હૈયામાં ધાર્મિક ભાવનાને પ્રગટ કરવાનું અને હોય તો તેને જલતી રાખવાનું મૂક કાર્ય ખરેખર! આબાદપણે બજાવે છે.

### પાઠશાળાઓની અત્યાવશ્યકતા :

બીજું આ યુગમાં સહુથી વધુ પ્રશંસા માંગી લે તેવું કાર્ય તો તેઓશ્રીએ પાટણની શ્રી ભુવનવિજયજી જૈન પાઠશાળા અંગે કર્યું છે.

આપણે જાણીએ છીએ કે આપણી જૈન પાઠશાળાઓ એ ધર્મશ્રદ્ધા–સંસ્કારસંપન્ન જૈનો અને શ્રેષ્ઠ નાગરિકો તૈયાર કરવા માટે નાની શી વિદ્યાપીઠો છે. ધર્મશ્રદ્ધા અને ધર્મસંસ્કારથી પરિપ્લાવિત રહેતી જૈન પ્રજાને જ્યાં જ્યાં જરૂરિયાત લાગી, ત્યાં ત્યાં પોતાના સંતાનોની વર્તમાન અને ભાવિ જીંદગી અહિંસક બને, પાપભીરૂ બને, દેવગુરુ અને ધર્મ ઉપર શ્રદ્ધા રાખનારી બને, યથાશક્તિ તપ–ત્યાગમાર્ગનું પાલન કરે, ન્યાયનીતિ, પ્રામાણિકતા અને સચ્ચાઈના સિદ્ધાંતોને અપનાવે, દયા, સેવા, ક્ષમા, નમ્રતા, સરળતા, સંતોષ, મૈત્રીભાવ, વિનય, વિવેક આદિ ગુણોનો વિકાસ સાધે, વાસનાઓની ભૂતાવળોથી અલિપ્ત રહે, ઈત્યાદિ ભાવનાઓને સફળ થતી જોવાનું ત્યારે જ બને કે પુષ્પકળી શા બાળકોને ધાર્મિક જ્ઞાન, સંસ્કાર અને આચારના પાઠો શીખવાડ્યા હોય. હવે એ પાઠો શીખવાનું સ્થાન તો આપણી પાઠશાળાઓ કે ધાર્મિક શાળાઓ જ છે. એટલે પાઠશાળાની અગત્ય અસાધારણ છે, અનિવાર્ય છે અને અત્યાવશ્યક છે. આજના ભૌતિકવાદ કે જડવાદપ્રધાન યુગમાં તો તે સર્વથા અનિવાર્ય છે.

બાલક–બાલિકાઓના આત્માના શ્રેયની ચિંતા કરનાર મુનિશ્રીએ વિ. સં. ૧૯૯૭માં પોતાની જન્મભૂમિમાં એક પાઠશાળા સ્થપાવરાવી અને હંમેશા પ્રેરણા આપીને ઉત્તરોત્તર તેને પ્રગતિવાન બનાવી. આટલું કાર્ય તો જાણે અનેક સંઘો અને મુનિવરોની પ્રેરણાથી થયું છે અને થાય છે. પણ આપણા મુનિવરશ્રી આટલું કાર્ય કરીને શાંત ન થયા. તેઓએ એની પાછળ ભારે પરિશ્રમ કર્યો અને ટૂંકા વરસોમાં સ્થળે સ્થળે બોધ આપી પ્રસ્તુત પાઠશાળા યાવચ્ચંદ્રદિવાકરૌ ચાલે, પૈસાના અભાવે તેની પ્રગતિની કદી પણ રૂકાવટ ન થાય, સંચાલકો,

શિક્ષકો અને વિદ્યાર્થીવર્ગનો ઉત્સાહ સતત ટકી રહે, એટલા માટે એક વિશાળ ફંડ શરૂ કર્યું. આજે એ ફંડ પચાસ હજારે પહોંચી ગયું છે. હવે આ પાઠશાળાને આર્થિક ભય કે લાચારીમાંથી મુક્ત બનાવી દીધી છે.

આ કાર્ય બીજાની દૃષ્ટિએ ભલે સામાન્ય લાગતું હશે, પણ આજની પરિસ્થિતિમાં મારી દૃષ્ટિએ તો તેમના આ કાર્યે અન્ય કાર્યોમાં ખરેખર! યશકલગી જ ચઢાવી છે. આટલું મોટું તરતું ફંડ ધરાવનારી આ પાઠશાળા જેવી પાઠશાળા અન્યત્ર આંગળીને વેઢે ગણાવી શકાય એટલી પણ હશે કે કેમ! કોઈ કોઈ સ્થળે શ્રીસંઘમાં જ્ઞાનખાતાનાં ફંડો તો આથી પણ મોટાં છે, પણ માત્ર પાઠશાળા માટે આટલું વિશાળ ફંડ જવલ્લે જ જોવા મળે.

આ માટે મુનિશ્રી જ્ઞાનપ્રેમી આત્માઓના ખરેખર શતશઃ ધન્યવાદાર્હ બન્યા છે. પ્રસ્તુત મુનિશ્રીના જેવી લાગણી રાખનારા અન્ય પૂજ્ય શ્રમણો જો નીકળી આવે તો આપણી કેટલીયે પાઠશાળાઓ પ્રાણવંતી બની જાય. આર્થિક નબળાઈઓનાં કારણે કેટલીક પાઠશાળાઓ કાં મરવાના વાંકે જીવતી હશે, કાં પ્રાણવિહીન હશે, પણ ખંતીલા સંચાલકો, ઉત્તમ શિક્ષકો અને સંગીન ફંડનો ત્રિવેણી સંયોગ થાય તો જૈનપ્રજામાં ભાવિ માટે ચિંતા કરવાની જરૂર ન રહે. પણ તેર મણનો "તો" ઉડી જાય ત્યારે ને!

## અન્ય સંસ્થાઓ :

આ સિવાય તેઓશ્રીએ જૈન ધર્મોપકરણ સંસ્થાની પણ સ્થાપના કરાવી છે. આ સંસ્થા પોતાની શક્તિ મુજબ પૂજ્ય સાધુ–સાધ્વીજી મહારાજ અને શ્રાવક–શ્રાવિકાદિની સેવાભક્તિનો સારો લાભ લે છે.

ઉપર્યુક્ત કાર્યો ઉપરાંત વર્ધમાન તપખાતાની ચિરંજીવી સ્થાપના, નૂતન જિનમંદિરો સ્થાપિત કરાવવા, અનેકને તપ, જપ, વ્રત, પચ્ચક્ખાણ આદિ તપત્યાગના માર્ગમાં જોડવા, અનેક અજૈનોને માંસ, મદિરા, જીવહિંસા, અભક્ષ્ય કે અપેયના પાપથી રોકવા, જીવહિંસા, દુર્વ્યસનો આદિનો ત્યાગ કરાવવો, લોકકલ્યાણકર પ્રવૃત્તિઓ, જનતાનાં ચારિત્રની સુધારણા માટે કરેલા સ્વ-પરકલ્યાણસાધક અનેકવિધ પ્રયત્નો, અનેક સ્થળે શ્રીસંઘમાં સંપ–સુલેહ કરાવવી, વગેરે કાર્યોનો ખ્યાલ આપણને આ પુસ્તક વાંચવાથી મળી જાય છે.

## આજના શાસકોની વિચિત્ર વિચારધારા :

આ પ્રમાણે ખરેખર જૈનમુનિઓ સ્થળે સ્થળે પગપાળા વિહરીને દેશની જનતાનું નૈતિક અને ચારિત્રનું ધોરણ ઉંચું લાવવા પ્રેરણા અને પ્રવચનદ્વારા પ્રબળ પરિશ્રમ ઉઠાવી રહ્યા છે, ત્યારે આવી પવિત્ર, ઉત્તમ, ઉપયોગી અને સ્વ-પરકલ્યાણ સાધતી સાધુસંસ્થા સામે, આજના શાસકો અને પ્રજામાં કોઈ વિચિત્ર વિચારધારા વહેવા માંડી છે. ભારત રાજકીય દૃષ્ટિએ ભલે સ્વતંત્ર થયું, પણ બૌદ્ધિક દૃષ્ટિએ સ્વતંત્ર થયું છે કે કેમ! એ વિચારણીય છે. પાશ્ચિમાત્ય કે અભારતીય સંસ્કૃતિ ગોળ કાણામાંના ચોરસ ખીલા જેવી છે. ભારતીય સંસ્કૃતિ સાથે એ ભાગ્યેજ

બંધબેસતી થઈ શકે! જ્યારે દેશની કમનસીબી આજે એ છે કે આપણા કેટલાક વર્તમાન શાસકો કે ધારાસભ્યોની બુદ્ધિ અને ભેજાં પશ્ચિમના આચારવિચાર, સંસ્કાર અને સંસ્કૃતિથી વધુ પડતા ઘેરાએલા છે. તેમની બુદ્ધિ પશ્ચિમના ભૌતિકવાદપ્રધાન રંગરોગાનથી રંગાએલી છે. તેમના હૃદયપટ ઉપર પશ્ચિમના આચારવિચારની છાપ મજબૂતપણે અંકિત થયેલી છે. એટલે એ બધાયનું પ્રતિબિંબ તેમના વિચાર, વર્તન અને કાર્યમાં પડે તે સ્વાભાવિક છે. આપણે જાણીએ છીએ કે આપણો શાસકવર્ગ ક્યારેક ક્યારેક આપણાં આર્યાવર્તના સંસ્કાર અને સંસ્કૃતિને લજવે એવા તદ્દન અનિચ્છનીય વિચારો જાહેરમાં રજૂ કરે છે. અને તદનુરૂપ કાયદાના બીલો પણ લાવે છે. કોઈ કોઈનાં ભેજાં તો એવાં ફળદ્રૂપ બની જાય છે કે કલ્પનામાં ન આવે તેવાં બીલો પાર્લામેન્ટમાં લાવે છે. અને એમની પાછળના જે ઉદ્‌ગારો નીકળે છે, તે જાણીને કોઈ પણ આર્યને ભારે ગ્લાનિ અને ખેદ ઉત્પન્ન થયા વિના ન રહે. ત્યારે ઘડીભર મનમાં પ્રશ્નો ઉઠી આવે છે કે શું આ આપણા ભારતના સપૂતો છે? શું આ આપણા સાચા હિતેચ્છુઓ છે? શું આ આપણી સંસ્કૃતિના રખેવાળો છે? ઉપરની વાતના અનુસંધાનમાં એક પ્રસંગ રજૂ કરૂં—

ભારત આઝાદ થયા પછી એક વખતે આપણા એક મુખ્ય પ્રધાને એક જાહેર સભામાં લલકારી નાખ્યું કે—

"આ યુગમાં જે શ્રમ ન કરે તેને ખાવાનો કોઈ અધિકાર નથી, જે શ્રમ ન કરે તેને સમાજ ઉપર નભવાનો અધિકાર નથી" ઈત્યાદિ.

આ વિધાન ભારતના સાધુ–સંન્યાસીઓને ઉદ્દેશીને કર્યું હતું. એ વખતે તેમણે કહ્યું હોત કે "જે સાધુઓ નથી પોતાનું કલ્યાણ કરતા કે નથી પ્રજાનું, માત્ર ખાવું, પીવું ને પડ્યા રહેવું, ગમે તેમ કરીને દિવસો પૂરા કરવા, ઉપરાંત સાધુતાને ન છાજે તેવું વર્તન કરતા હોય, તેઓ ભલે સાધુ હોવાનો દાવો કરતા હોય, પરંતુ વાસ્તવમાં તેઓ સાચા સાધુઓ નથી. આવા સાધુઓને સમાજ ઉપર નભવાનો કોઈ હક્ક નથી." તો તેમનું પ્રતિપાદન વિવેકપૂર્વકનું સમુચિત ગણાત. પણ તેમ ન ઉચ્ચાર્યું. પેલામાં તો સંસ્કૃતિનો અનાદર ધ્વનિત થતો હતો, પરિણામે 'यद् यदाचरति श्रेष्ठः तत्तदेवेतरो जनः'ની જેમ ત્યાર પછી તો 'મહેનત કરીને ખાવ, કામ કરો અને આરોગો"ના સૂત્રમાં જ માનવાવાળા અન્ય શાસકોએ પણ મોટાના ચીલે ચાલીને આના પર પિષ્ટપેષણ કર્યું અને પ્રસ્તુત વિચારોને વેગ આપ્યો. પછી અખબારોએ પણ કલમ ચલાવી, એટલે હવે તો આ હવા પ્રજાના એક વિભાગમાં પણ ઠીક પ્રસરવા માંડી હોય તેમ લાગે છે. અને તેમણે તો નરસા ભેગા સારાઓને પણ ભાંડવા માંડ્યાં છે. જે સાધુઓ ત્યાગ અને વૈરાગ્યના સંસ્કારોથી સંપન્ન છે, ચારિત્રવાન છે, દેશને ગૌરવરૂપ છે, જનતાના અહિંસા ધર્મના પાલનનું, સત્ય બોલવાનું, ચોરી નહિ કરવાનું, એક પત્નીવ્રત કે બ્રહ્મચર્યપાલનનું, પરિગ્રહના ત્યાગનું, જરૂરથી વધુ સંગ્રહ હોય તો દીન–દુઃખી–નિરાધારને આપવાનું, ઈર્ષ્યા, અદેખાઈ, નિંદા, ચાડી, ચુગલી, કલહ–કંકાસથી દૂર રહેવાનું; ક્રોધ–માન–માયા–લોભના દુર્ગુણોને નહીં પોષવાનું, જીવનના પાયાના પ્રામાણિકતાના ગુણોનો સતત આદર કરવાનું, વિનય, વિવેક, ક્ષમા, સંતોષને ખીલવવા મૈત્રી કે ભ્રાતૃભાવ વધારવાનું શિક્ષણ આપે છે, તે સેંકડો રાષ્ટ્રીય નેતાના કાર્ય કરતાં

ગુણવત્તા અને મહત્તાની દૃષ્ટિએ અનેકગણું વિશેષ છે. ટૂંકમાં કહીએ તો માનવજાતમાં માનવતાનો દીવડો પેટાવવાનું જે કામ, અખિલ વિશ્વમાં જૈન સાધુ-સાધ્વીઓ કરી રહ્યા છે, તે બેનમૂન છે, અજોડ છે અને અનુપમ છે. આની તોલે દુનિયાનો કોઈ સાધુ આવી શકે તેમ નથી. માનવજાતનાં કલ્યાણ માટે તીર્થંકરદેવે પ્રરૂપેલા જે ઉપદેશો જૈન સાધુ આપે છે, તેની સંપૂર્ણ તુલનામાં બીજો કોઈ ઉપદેશ ટકી શકે તેમ નથી.

એવા શ્રેષ્ઠ તપસ્વી-ત્યાગી જૈન શ્રમણો, લોકકલ્યાણમાં ફાળો આપતા ઉત્તમ કોટિના સંન્યાસીઓ સામે, પૂજ્યભાવ, ભક્તિભાવ કે આદરભાવથી જોવાને બદલે ધૃણા, તિરસ્કાર કે અનાદરભાવની દૃષ્ટિ રાખવી, એ ભારતીય શાસકો માટે દુઃખદ અને શરમભર્યું છે.

શાસકોનાં મુખો ભારતીય હોય અને ભેજાં જો અભારતીય હોય તો ભારતની મૂળભૂત ધર્મપ્રધાન સંસ્કૃતિનું યોગક્ષેમ શી રીતે થશે? આ એક ઘેરી ચિંતાનો વિષય છે. આર્યભૂમિની તમામ વિદ્યાઓ, કલાઓ, વહેવારો કે પ્રવૃત્તિઓ હંમેશા ધર્માભિમુખ અને ધર્મશાસ્ત્રને લક્ષમાં રાખીને જ કરવાની હોય છે, એમ ભારતીય અનેક ધર્મશાસ્ત્રો-ગ્રન્થો આપણને સ્પષ્ટપણે સૂચવે છે. છતાં આજના કેટલાક કાનુનોમાં ધર્મતત્ત્વની જે ઝલક હોવી જોઈએ તે હોતી નથી. પરિણામે પ્રસ્તુત ધારાઓ આપણી ધાર્મિક કે આધ્યાત્મિક સંસ્કૃતિ માટે કે સંસ્કૃતિના રખેવાળો માટે બાધક યાવત્ વિઘાતક પણ બની જાય તેમાં નવાઈ નથી.

એ માટેનો સીધો અને સારો ઉપાય તો એ છે કે, આપણા શાસકોને ભારતીય સંસ્કૃતિનું વાસ્તવિક દર્શન કરાવવું. ભારતીય આર્ય સંસ્કૃતિ, તેની ભવ્ય પરંપરા અને એ સંસ્કૃતિને અવિચ્છિન્ન ટકાવી રાખનારાં સાધનો શું છે, અને એ સંસ્કૃતિમાં બીજા કયાં કયાં અંગો કે તત્ત્વોનો ફાળો છે? એનું સર્વાંગી દર્શન, તેનો શ્રેષ્ઠ કોટિનો પરિચય, પુસ્તિકાઓ દ્વારા જો કરાવવામાં આવે તો તેનાં ઘણાં સારાં પરિણામો આવવા સંભવ છે. નહીંતર જેવા શાસકો તેવું શાસન રહેવાનું. આજે આપણી સંસ્કૃતિ માટે આપણને કેવું અને કેટલું ગૌરવ છે? તેનું માપ તો ઘડીક આત્મનિરીક્ષણ થાય ત્યારે જ નીકળી શકે. પરદેશીઓ પોતાની સંસ્કૃતિ માટે અથાગ અને અખૂટ ગૌરવ ધરાવે, અન્ય સંસ્કૃતિઓ કરતાં પોતાની સંસ્કૃતિને મહાન લેખાવે, જ્યારે તમામ સંસ્કૃતિમાં મૂર્ધન્ય સ્થાન ધરાવતી આર્યસંસ્કૃતિ માટે આપણાં જ ભારતીય ભેજાંઓ સ્વતંત્રતાની હવા લીધા પછી પણ, પોતાની ધર્મપ્રધાન અને મહાન સંસ્કૃતિ માટે લાઘવગ્રંથી ધરાવે, એના જેવી શોચનીય દશા બીજી કઈ હોઈ શકે! અરે! અહીંના રીતિરીવાજો, પરદેશી કાટલાઓથી જ માપવાની વાતો કરે. આને બૌદ્ધિક ગુલામી નહીં તો બીજું શું કહેવું! આ બધી બૌદ્ધિક ગુલામી મટી જાય તો ભારતના તેજ સમા, ભારતની સંપત્તિસમા જૈન સાધુઓ, અને અન્ય ઉત્તમ સંન્યાસીઓ માટે 'મહેનત કરીને ખાવ' એવાં ઉતાવળીયાં વિધાનો કે ઉદ્‌ગારો કદી નીકળવા ન પામે. બીજી વાત એ છે કે તેઓ શરીરશ્રમને મહેનત કહે છે, પરંતુ તેઓ પોતાની વિવેકબુદ્ધિનો ચીવટથી ઉપયોગ કરે તો સ્વયં જોઈ શકશે કે—શરીરશ્રમ અને બૌદ્ધિકશ્રમ બેમાં કોનું મહત્વ વધારે છે? દેશના રાષ્ટ્રપતિ કે વડા પ્રધાન વગેરે નેતાઓ કયો શરીરશ્રમ કરે છે? જો નથી કરતા તો તેઓને શા માટે ગાદીએ બેસાડવામાં આવ્યા છે? એવી સામી દલીલ સહેજે

કરી શકાય, પણ ખરી વાત એ છે કે શરીરશ્રમ કરતાં બૌદ્ધિકશ્રમનાં મૂલ્ય અનેકગુણાં છે, બૌદ્ધિકશ્રમનું કાર્ય એક સાથે લાખો માણસોને મદદ કરનારૂં નીવડે છે, જ્યારે શરીરશ્રમ માટે તેવું બનતું નથી. અરે! ઘણી વખત જોઈએ છીએ કે શારીરિક શ્રમ કરનારા લાખો માણસોનો દોરનારો કોઈ બુદ્ધિજીવી જ હોય છે. આ શું સૂચવે છે? એ જ કે દેશમાં શ્રમજીવી સાથે બુદ્ધિજીવીની તેથી પણ વધુ અગત્ય છે. અરે! સાધુસંતો તો બૌદ્ધિકશ્રમ સાથે વિહારાદિકના શારીરિક શ્રમો અને અનેક કષ્ટો શું નથી ઉઠાવતા? આ બધું વિચારાશે તો "સારા સંતો માટે સંસ્કૃતિઘાતક કાયદા, કાનૂનો કે અંકુશોનો વિચાર કરવો, એ પણ પાપ છે." એમ સમજાશે.

પ્રસંગવશ આટલું કહેવાનું મન થયું, એટલે દીર્ઘતાનો દોષ સેવીને પણ કહ્યું.

## જૈન શ્રમણ સંસ્કૃતિના વારસદારો :

અધ્યાત્મલક્ષી ભારતીય સંસ્કૃતિઓમાં મુગટમણિસમી જૈન શ્રમણસંસ્કૃતિના વારસદારો ભૂતકાળમાં નિઃસ્પૃહ અને નિઃસ્વાર્થભાવે ઉગ્રવિહારી, કઠોર પરિષહો વેઠીને ભૂખતરસની ખેવના રાખ્યા વિના, કઠોર નિયમોનું પાલન કરીને, કોઈને પણ તકલીફ આપ્યા વિના, શીતોષ્ણ ઋતુના શીતોષ્ણ પરિષહો સહીને શ્રી ગોચરવૃત્તિ દ્વારા સંયમોપયોગી લુખું કે સુકું જે મળે તેનાથી ઉદરપૂર્તિ કરીને, સ્ત્રીસંગનો સર્વથા ત્યાગ કરીને, (આર્ય સાધ્વીજીઓ માટે પુરુષસંગનો) જીવસ્વરૂપ ગણાતા પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુ અને વનસ્પતિ તથા ત્રસજીવોની હિંસાને વર્જીને, ભારતના ખૂણે ખૂણે વિચરીને, અહિંસા–તપ–સત્ય–સદાચાર અને સ્યાદ્વાદ–અનેકાન્તવાદનો સંદેશો આપી ભારતીય જૈન–અજૈન પ્રજાને ધર્મોન્મુખ બનાવી, ત્યાગ–વૈરાગ્યના રંગે રંગતા હતા, જનતાને હિંસા, જુઠ, ચોરી, છિન્નારી, અનીતિ, અન્યાય અને પાપના માર્ગેથી પાછી વાળતા હતા.

વર્તમાનકાળના ભારતના ભૂષણસમા જૈન શ્રમણો, એ જ માર્ગને અવિચ્છિન્ન ટકાવી રહ્યા છે. પ્રજા ભૌતિકવાદના બાહ્ય ચળકાટ કે આકર્ષણોમાં અંજાઈને કે મોહમુગ્ધ બનીને ચૈતન્યવાદ–આત્મવાદ કે અધ્યાત્મવાદને ભૂલી ન જાય એટલા માટે સ્થળે સ્થળે ઘૂમીને મૈત્રીભાવ, દયા, કરુણા, શાંતિ, સાચી ઉન્નતિ અને આત્મિક આઝાદીનો સાચો રાહ દીવાદાંડીની જેમ બતાવી રહેલા છે.

## અન્તિમ શુભેચ્છા :

અન્તિમ શુભેચ્છા એ કે, પૂજનીય અને વંદનીય, જૈન શ્રમણો પોતાનું વિહારક્ષેત્ર વધારતા રહે, પોતાના ઉપદેશનાં ક્ષેત્રને વ્યાપક બનાવતા રહે, પોતાનાં શ્રમણત્વનું તેજ અને ગૌરવ વધારતાં રહે, જેથી જૈન શ્રમણોનું સ્થાન ઉત્તરોત્તર ઉન્નત થતું રહે. આ પ્રક્રિયા અવિરત ચાલુ રહેશે તો તે વિશ્વના અશાંત અશુભ તત્ત્વોને ખાળવામાં પોતાનો અદ્‌ભુત ફાળો નોંધાવી શકશે. શાસનદેવ આપણને સહુને એ બળ આપે.

વિ. સં. ૨૦૧૭, વૈ. સુદ-૧૫,
૨૧, રીજરોડ, વાલકેશ્વર, મુંબઈ-૬

પરમપૂજ્ય આ. શ્રી વિજય ધર્મસૂરીશ્વરાન્તેવાસી
મુનિ યશોવિજય

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ઉપા. યશોવિજયજી હસ્તલિખિત પ્રતિઓના આદિ-અન્ત ભાગની ૫૦ કૃતિનું આલ્બમ

વિ. સં. ૨૦૧૭ ઇ.સન્. ૧૯૬૧

૧૨

स्वहस्तलिखित

## —ग्रन्थनामअनुक्रमणिका—

| क्रमांक | ग्रन्थनाम | मूलप्रति क्यां छे? |
|---|---|---|
| १. | आत्मख्याति प्रकरण | मुनिश्रीदयाविमलजीनो भंडार, देवसानो पाडो, अमदावाद |
| २. | चक्षुप्राप्यकारितावाद | मुनिश्री पुण्यविजयजी संग्रह |
| ३. | प्रमेयमाला | पगथीयाना उपाश्रयनो जैन ज्ञान भंडार अमदावाद |
| ४. | वादमाला | |
| ५. | वादमाला | |
| ६. | भाषारहस्य प्रकरण | ,, |
| ७. | नयरहस्य प्रकरण | ,, |
| ८. | तिङन्वयोक्ति | मुनिश्री पुण्यविजयजी संग्रह |
| ९. | गुरुतत्त्वविनिश्चय स्वोपज्ञ टीका | मुनिश्रीदयाविमलजी भंडार देवसानो पाडो, अमदावाद |
| १०. | अस्पृशद्गतिवाद | मुनिश्री पुण्यविजयजी संग्रह |

| | | |
|---|---|---|
| ११. | निशाभक्त प्रकरण | मुनिश्रीदयाविमलजी भंडार |
| १२. | स्याद्वादरहस्य (वीतरागस्तोत्रना अष्टमप्रकाशनी लघुवृत्ति) | देवसानो पाडो, अमदावाद |
| १३. | स्याद्वादरहस्य (वीतरागस्तोत्र अष्टमप्रकाशनी बृहद्वृत्ति) | मुनिश्रीमहेन्द्रविमलजीनो भंडार देवसानो पाडो, अमदावाद |
| १४. | वैराग्यरति | डेलाना उपाश्रयनो भंडार, |
| १५. | आर्षभीयचरित्र महाकाव्य | अमदावाद |
| १६. | आलोकहेतुतावादप्रकरणनुं | मुनिश्रीपुण्यविजयजीनो संग्रह |
| | मंगलाचरणमात्र (षड्दर्शन समुच्चय | ,, |
| | लिखित प्रतिना अन्तमां) | ,, |
| १७. | महो. श्रीयशोविजयजी लिखितपत्र | मुनिश्री पुण्यविजयजीनो संग्रह |
| १८. | जम्बूस्वामी रास | ,, |
| १९. | सम्यक्त्वचोपाई | ,, |
| २०. | श्रद्धानजल्पपट्टक | ,, |
| २१. | दशार्णभद्रराजर्षि स्वाध्याय | ,, |
| २२. | नयचक्र टीका | मुनिश्रीमहेन्द्रविमलजीनो भंडार देवसानो पाडो |
| २३. | शिरोमणि ग्रन्थोपरि जयरामी टीका | मुनिश्रीमहेन्द्रविमलजीनो भंडार देवसानो पाडो |
| २४. | अज्ञातनामा कृतिओ | मुनिश्रीयशोविजयजी संग्रह |
| २५. | ऐन्द्रस्तुति | मुनिश्री पुण्यविजयजीनो संग्रह |
| २६. | पातंजल योगशास्त्र | ,, |
| २७. | तर्कभाषा | ,, |
| २८. | श्रीयशोविजयजीगणिकृत ग्रन्थनामसूची | ,, |
| २९. | शाश्वतप्रासादप्रतिमामान स्तोत्र | ,, |
| ३०. | न्यायरत्न प्रकरण | ,, |
| ३१. | न्यायसिद्धान्तमञ्जरी (शब्दखण्ड) टीका | ,, |

*

# प्रतिओनो परिचय

સંપા. મુનિશ્રી યશોવિજયજી

સત્તરમી સદીના પૂર્વાર્ધ પછી જન્મેલા, જૈન શાસનના પરમપ્રભાવક, સમર્થ તત્ત્વચિન્તક, અસાધારણ કોટિના તાર્કિક વિદ્વાન, ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજશ્રીની સ્વલિખિત હસ્તપ્રતો જેમ જેમ ઉપલબ્ધ થતી ગઈ અને જેમ જેમ એ મહાપ્રભાવક વિદ્વાન મહર્ષિનાં પવિત્ર હસ્તાક્ષરોનાં દર્શન થતાં ગયાં, તેમ તેમ એક વિચાર ઉદ્ભવ્યો કે એ બહુમૂલ્ય હસ્તાક્ષરોનાં દર્શન સુલભ બનાવી શકાય તો કેવું સારૂં! આ વિચારણામાંથી આ હસ્તાક્ષરોની પ્રતિકૃતિઓનો સંપુટ પ્રગટ કરવાની યોજનાનો જન્મ થયો અને ઉપાધ્યાયજીના હાથે લખાએલી થોડીક પ્રતિઓની પ્રતિકૃતિઓના સંપુટરૂપે એ યોજના આજે બહાર પડે છે એ ખરેખર આનંદ અને ગૌરવનો પ્રસંગ છે. એમાંયે ઉપાધ્યાયજીના પ્રત્યે સવિશેષ ગુણાનુરાગ ધરાવનાર મહાનુભાવોને તો સવિશેષ આનંદ થશે એમાં કોઈ શક નથી. ખરેખર! આવા મહર્ષિના પવિત્ર હસ્તાક્ષરોનું દર્શન-વંદન થવું એ જીવનનો એક અદ્ભુત અને અણમોલ લહાવો છે.

અમારા આ એક ન્હાનકડા છતાં અનોખા પ્રકારના પ્રયાસથી જૈન સાહિત્યસંપત્તિમાં એક બહુમૂલ્ય પ્રકારનો ઉમેરો થશે.

આ સંપુટમાં નિમ્નોક્ત પ્રકારની (ફોટો સ્ટેટ) પ્રતિકૃતિઓ-છબીઓ આપવામાં આવી છે.

૧. ઉપાધ્યાયશ્રીજીએ રચેલા ગ્રંથોની ખુદ પોતે જ લખેલી કૃતિઓ તથા ખુદ પોતે જ રચેલી, લહિયાએ અપૂર્ણ મૂકેલી અને અંતે પોતે પૂરી કરેલી કૃતિઓ.

(આ કૃતિઓ ચિત્ર નં. ૧ થી લઈને ચિત્ર નં. ૧૭ સુધીની છે. એમાં ૧૦, ૧૧ નંબર ન લેવા)

૨. અન્ય જૈન ગ્રંથકારે બનાવેલી, પણ સ્વહસ્તે લખેલી કૃતિઓ.
(આ કૃતિ ચિત્ર નં. ૧૮-૧૯ છે.)

૩. અન્યે રચેલી, અન્ય વ્યક્તિએ લખેલી, પરંતુ સ્વહસ્તથી પરિમાર્જિત, પરિવર્ધિત કે સંશોધિત કરેલી (નામી-અનામી) કૃતિઓ.

(આવી કૃતિઓ ચિત્ર નં. ૨૦-૨૧, માં છે.)

૪. મહોપાધ્યાયજીએ રચેલી પણ અન્ય લેખકે લખેલી, પણ એ પ્રતિના અંતમાં સ્વહસ્તાક્ષરીય શ્લોકાદિકથી વિભૂષિત કરેલી.

(આ માટે ચિત્ર નં. ૨૨માં अ-आ પાનું જુઓ.)

૫. અન્ય કર્તાની, અન્ય લેખક કે લહિયાની પણ ઉપાધ્યાયજીની માલિકીનું સૂચન કરતી. (જુઓ ચિત્ર નં. ૨૨ इ)

૬. ઉપાધ્યાયજીનાં જીવન–કવન સાથે કંઈક ઐતિહાસિક સંબંધ ધરાવતી,

(જુઓ ચિત્ર. નં. ૧૨ आ, ૨૨ इ, ૨૩)

૭. મહોપાધ્યાયજીના ગુરુદેવ શ્રી નયવિજયજી મહારાજે સ્વહસ્તે લખેલી કૃતિઓ.

(જુઓ ચિત્ર. નં. ૨૪ अ અને आ)

૮. અજૈન ગ્રંથ ઉપર ઉપાધ્યાયજીએ રચેલી, અને બીજાએ લખેલી ટીકાવાળી કૃતિઓ,

(જુઓ ચિત્ર નં. ૨૫)

૯. અન્ય જૈન વિદ્વાને રચેલા ગ્રન્થ ઉપર ઉપાધ્યાયજીએ રચેલી અને ઉપાધ્યાયજીએ જ સ્વયં લખેલી એવી કૃતિઓ.

(જુઓ ચિત્ર નં. ૧૦, ૧૧ अ)

૧૦. અન્તમાં આપેલા ઐતિહાસિક મૂલ્ય ધરાવતા સમય (સંવત), સ્થળ (ગામ) ના ઉલ્લેખવાળી કૃતિઓ

(જુઓ ચિત્ર. નં. ૧૦, ૧૭, ૧૮, ૨૯, ૨૨, इ, ૨૪ अ आ)

આ કૃતિઓ પ્રગટ કરવાના ત્રણ ઉદ્દેશો છે : (૧) તેઓશ્રીના હસ્તાક્ષરોનું પવિત્ર દર્શન થાય. (૨) અદ્યાવધિ સ્વહસ્તાક્ષરીય કૃતિઓ કઈ કઈ અને કેટલી પ્રાપ્ત થઈ છે તેની વિપુલતાનો ખ્યાલ આવે અને (૩) કૃતિઓનાં આદિ–અન્તમાં મંગલાચરણો અને પ્રશસ્તિઓમાં જે કંઈ ગાંભીર્ય, માર્મિકતા કે વિશેષતા હોય તેનું જાણપણું થાય.

અહીંઆ જે ગ્રંથ પૂર્ણ મલ્યો, તે તે ગ્રંથના આદિ અને अन्तिम પૃષ્ઠો પ્રતિબિંબિત કરીને આપેલાં છે. દાખલા તરીકે :—आत्मख्यातिप्रकरण, वादमाला, भाषारहस्य, नयरहस्य, स्याद्वाद-रहस्यलघुवृत्ति, जम्बूस्वामी रास ઇત્યાદિ.

જે ગ્રન્થનો આદિ ભાગ હતો, પણ ગ્રન્થ ખંડિત કે અપૂર્ણ મળવાથી અંતિમ ભાગ ન હતો, તેનું માત્ર आदिपृष्ट જ આપેલ છે, અન્તિમ નથી આપ્યું; જેમ કે प्रमेयमाला આદિ. પણ એમાં वादमाला, तिङन्वयोक्ति, अस्पृशद्गतिवाद, निशाभक्तप्रकरण आर्षभीयचरित्र, આ કૃતિઓ અપવાદરૂપ છે. એટલે કે આ કૃતિઓ અપૂર્ણ કે ખંડિત હોવા છતાં તેનો અન્તિમ ભાગ સકારણ આપવો પડ્યો છે.

વળી જે ગ્રન્થનો આદિભાગ અન્ય લેખકનો લખેલો હોય પણ કોઈ કારણસર અન્તિમભાગ તેઓશ્રીએ જ પૂરો કર્યો હોય; તેવી કૃતિ પણ આમાં આપી છે. જેમ કે–સ્વરચિત गुरुतत्त्वविनिश्चय.

જે કૃતિનું માત્ર એક જ પાનું મલ્યું હતું, તેનો યદ્યપિ આદિ ભાગ તો આપવાનો હોય જ. પણ સકારણ તેના પાછલા ભાગને अपरपृष्ट થી સંબોધીને આપ્યો છે.

આપેલી પ્રતિકૃતિઓમાં, કોઈ કોઈ એવી પણ છે કે જેના અક્ષરો ખુદ ઉપાધ્યાયશ્રીજીના

હશે કે કેમ? એવો સંદેહ થઈ આવે. અરે! એક જ કૃતિમાં પરિચિત અને અપરિચિત, એમ બન્ને પ્રકારના અક્ષરો છે, તો શું તે કૃતિનો અમુક ભાગ અન્યના હાથે પણ લખાયેલ હશે ખરો? અથવા કલમના કે અન્ય ઉતાવળના કારણે અક્ષરોમાં ભિન્નતા આવી હશે ખરી? આનો નિર્ણય તો તેનું ઊંડું માર્મિક સંશોધન અને સંતુલન કરવામાં આવે ત્યારે જ સમજાય. આ બાબતમાં તદ્‌વિજ્ઞો કંઈક પ્રયત્ન કરે તેવી વિનમ્ર વિનંતી.

પ્રતિકૃતિઓનાં મથાળે કૃતિનું નામ અને કર્તાનું નામ આપ્યું છે, તેમજ પ્રથમ પત્રદર્શક आदिपृष्ठ છેલ્લાં પાનાનું સૂચક अन्तिमपृष्ठ, અને પહેલાં પાનાંની પાછળની બાજુ માટે अग्रपृष्ठ એવા શબ્દો પણ મથાળે કે નીચે મૂક્યા છે.

આ સંપુટના ૨૫ પૃષ્ઠોમાં ૪૦ ગ્રન્થો-પત્રાદિ વગેરેની લગભગ ૫૦ થી અધિક કૃતિઓ આપવામાં આવી છે. એ કૃતિઓનાં નામો મૂલ કૃતિ કયાં છે? ઇત્યાદિ હકીકત સંપુટની મૂકેલી સૂચીમાં આપી છે તેમાંથી જોઈ લેવી.

ઉપાધ્યાયજી ભગવાનના હસ્તાક્ષરોની અતિવિરલ અને અમૂલ્ય જે હસ્તપ્રતો મળી છે, તેની માલિકી રાજનગર અમદાવાદના દેવસાપાડા, ડહેલા અને પગથીઆ (સંવેગી)નાં નામથી ઓળખાતા ઉપાશ્રયોના જ્ઞાનભંડારોની, તેમજ પ્રખર સંશોધક પૂ. મુનિવર શ્રીપુણ્યવિજયજી મહારાજશ્રીની છે. આ બધી પ્રતિઓ મેળવી આપવાનું સૌભાગ્ય ઉપાધ્યાયજી પ્રત્યે અસાધારણ ભક્તિભાવ ધરાવનાર અને મારાં કાર્ય પ્રત્યે હંમેશા સહાનુભૂતિ રાખનાર સહૃદયી ઉદારચેતા, પ્રખર સંશોધક, આગમપ્રભાકર વિદ્વદ્વર્ય મિત્ર મુનિવર પુણ્યવિજયજી મહારાજના ફાળે જાય છે.

આટલું પ્રાસ્તાવિક વિવેચન કર્યા બાદ સંપુટગત પ્રતિકૃતિઓ જેના ઉપરથી લેવામાં આવી છે, તે મૂલપ્રતિઓનો પરિચય આપણે જોઈએ. અહીં આ પરિચય બાહ્ય દેહનો મર્યાદિત રીતે જ આપવાનો છે.

## ૧. પ્રતિઓનો વિશિષ્ટ પરિચય

**૧. પ્રતિઓના કાગલો** — સ્વહસ્તાક્ષરી મૂલપ્રતિઓના કાગળ ૧૬,૧૭ અને ૧૮મા સૈકાના છે અને તે અમદાવાદી 'સાહેબખાની' નામથી ઓળખાતા દેશી કાગળો છે.

★ કાગળો બહુધા જાડા વાપર્યા છે. કાગળની આજની પરિભાષામાં ૩૫ થી ૪૫ રતલી વજનના કહી શકાય.

★ આ કાગળોને તમે બેવડા વાળી દો તો એકાએક બટકશે નહિ કે તૂટશે નહિ. ૨૫૦-૩૦૦ વરસ જેટલા જૂના થવા છતાં સડવા નથી પામ્યા એ જ એની વિશેષતા છે. જ્યારે આજના મુદ્રણનો કાગળ ૫૦-૬૦ વરસે જરૂર *સડી જવાનો. કારણ કે આજની કાગળ

★ માટે જ જૈન સંઘને મારી નમ્ર સૂચના છે કે છેલ્લાં ૫૦ વરસમાં પાઠાંતરો, પાઠભેદો, શબ્દસૂચી આદિ

બનાવવાની પદ્ધતિ જ એવી છે. એ ખરૂં છે કે આજના કાગળની સફાઈ અને ઉજ્જવળતા પ્રાચીન કાગળમાં નથી હોતી.

★ વરસો પુરાણા થવાથી પલટાએલા રંગને કારણે તેની કાયાએ પીળાશપણું ધારણ કર્યું છે.

૨. स्याही — લખવામાં માત્ર કાળી સ્યાહીનો જ ઉપયોગ થયો છે. સ્યાહી ખૂબ જ કાળી છે. ઉતાવળનાં કારણે સિદ્ધહસ્ત લહીઆની જેમ શાહીનો પ્રવાહ એક સરખો ન રહેતાં આછો પાતળો થયાં કરે છે. ક્યાંક પાછો ઘટ્ટ બનતો જાય છે. તેઓશ્રીને ઠરાવીને કે ચીપીને લખવાની ફુરસદ હતી જ ક્યાં?

૩. कलम — કલમ આપણી જૂની અને જાણીતી અસલી બરૂ-કાંઠાની જ વાપરેલી છે. લખતા કલમ જાડી રહી, પાતલી રહી કે કૂચો બની ગઈ, એની રાહ જોઈ નથી કે પરવા કરી નથી. અને ખરેખરા વિદ્વાનો માટે તો લખાણની સુઘડતા કરતાં તેને ધારબદ્ધ અંક્તિ કરવાનું કાર્ય વધુ મહત્ત્વનું હોય છે. એ આથી સ્પષ્ટ સમજી શકાય છે.

૪. आकार — કૃતિઓ આકારમાં લંબચોરસ પ્રકારની જ મળી છે અને મોટે ભાગે લગભગ સરખી સાઈઝના માપવાળી છે.

૫ माप — પહોળાઈમાં ૩ $\frac{૧}{૨}$ ઈંચથી લઈને ૪ $\frac{૧}{૨}$ ઈંચ સુધીની લંબાઈમાં ૯ $\frac{૧}{૨}$ ઈંચથી લઈને ૧૦ ઈંચ સુધીની છે.

૬ स्थिति — સ્વહસ્તાક્ષરી પ્રતિઓની સ્થિતિ, એકંદરે સંગીન કહી શકાય. કાગળ કે સ્યાહીના દોષને કારણે કોઈ પ્રતિ જીર્ણપ્રાયઃ બની જાય તે સ્વાભાવિક છે.

૭ पंक्तिसंख्या — સામાન્ય રીતે પાનાં દીઠ ૧૪ થી માંડીને ૨૨ સુધીની પંક્તિઓ લખાએલી છે. ક્યારેક તો ૨૯ સુધી પહોંચી ગયાનું જોવાય છે.

૮ पंक्तिओनी लम्बाई — સામાન્ય રીતે પંક્તિઓની લંબાઈ ૭॥ થી ૮ ઈંચ સુધીની છે. અને પહોળાઈ દોઢ દોરાથી લઈને ત્રણ દોરા સુધીની છે.

૯ पंक्तिसौष्ठव — વગર રેખાએ લખેલી હોવા છતાં બહુધા એકધારી સીધી લીટીઓ લખાએલી છે. ક્યાંક ક્યાંક હળવા વળાંકો લે છે, અને જરાક સર્પાકાર કે ધનુષાકાર પણ બની જાય છે.

---

પરિશિષ્ટો સાથે છપાએલા તમામ ગ્રંથોને પ્રતાકારે કે ફુલસ્કેપ સાઇઝની બુકના સ્પેશ્યલ ઉંચી જાતના દેશી કાગળો (જેમાં તેજાબ-એસીડ ન આવતા હોય તેવાં) બનાવરાવી તેના ઉપર લહીઆઓ પાસ હસ્તલેખનથી લખાવા જોઇએ. કારણ કે ટકાઉ સ્યાહીથી લખાએલા ગ્રન્થો ૨૦૦-૫૦૦ વરસ સુધી ટકી શકશે, અને પ્રજા મુદ્રિત ગ્રન્થો સડી ગયા હશે ત્યારે ભાવિ પ્રજા આવી હસ્તલિખિત કૃતિઓ જોઇને સાશ્ચર્ય આશીર્વાદ વરસાવશે અને પુનઃ પ્રિન્ટીંગ કરવા માટે તે અત્યન્ત ઉપયોગી બનશે.

१० लिपि — લિપિ મહારાષ્ટ્રી દેવનાગરી છે.

११ भाषा — પ્રાકૃત, સંસ્કૃત, પ્રાચીન ગુજરાતી અને હિંદી છે.

१२ विषय — દર્શન, ન્યાય, તર્ક, વ્યાકરણ, આચાર, યોગ, સ્યાદ્વાદ, ધર્મશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, ચરિત્ર, રાસ, કાવ્ય, વાદવિવાદ, ચર્ચા, સ્તુતિ આદિ છે.

१३ पूर्णता-अपूर्णता — આ સંપુટમાં આપેલી કૃતિઓમાં તેર કૃતિઓ પૂર્ણ અને સાત અપૂર્ણ છે.

१४ शुद्धि अशुद्धि — યદ્યપિ મોટા ભાગની કૃતિઓ શુદ્ધ છે. તથાપિ ક્લિષ્ટ ગણાતા દાર્શનિક વિષયોની કૃતિઓનાં કેટલાંક સ્થળોમાં ઉતાવળે કલમ ચલાવ્યાના કારણે અક્ષરો અને શબ્દોની સંકીર્ણતાને લીધે આલેખન એવું વિચિત્ર બની જાય છે કે અનુભવીઓ માટે પણ મૂલ શબ્દો કે અક્ષરો શું હશે? એ નક્કી કરવાનું કાર્ય અતિ વિકટ બની જાય છે.

१५ अक्षरसंख्या — પ્રતિ પંક્તિમાં અક્ષરસંખ્યા ૩૬ થી લઈને ૫૬ સુધીની છે.

१६ अक्षरमान — નાનામાં નાના લગભગ 'મગ'ના દાણા જેવડા ને મોટામાં મોટા 'ચણા'ના દાણા જેવડા અક્ષરો છે.

१७ अक्षरमरोड — અક્ષરો ગોળ કે સીધા નથી પણ કંઈક વળાંકવાળા અને ઈટાલિઅન (ઈટેલિક) અક્ષરની જેમ જરા ત્રાંસમાં લખાએલા છે.

१८ प्रशस्ति छे खरी? — પ્રશસ્તિવાળી પ્રતિઓ ઓછી અને તે વિનાની વધુ છે, અધ્યાત્મી અને નિસ્પૃહી જીવન ગાળતા જૈન સાધુઓની ખાસીયત મુજબ ઉપાધ્યાયશ્રીજીએ પણ માહિતી પૂર્ણ પ્રશસ્તિ લખવા તરફ પૂરતું લક્ષ આપ્યું નથી.

१९ पृष्ठसंख्या — એક પાનાંથી લઈને ૭૭ પાનાં સુધીની છે.

२० लेखन संवत छे खरी? સ્વહસ્તની માત્ર સાત કૃતિઓ સંવતવાળી આ સંપુટમાં છે.

| नाम | कोना अक्षर? | लेखन संवत | लेखन स्थल |
|---|---|---|---|
| १ दशार्णभद्रस्वाध्याय | ઉપાધ્યાયજીના | ૧૬૬૯ | સુરત (ગુજ.) |
| २ स्याद्वादरहस्यलघुवृत्ति | ,, | ૧૭૦૧ | આંતરોલી (") |
| ३ नयचक्र | ,, | ૧૭૧૦ | પાટણ (") |
| ४ श्रद्धानजल्पपट्टक | ,, | ૧૭૩૮ | |
| ★ | ★ | ★ | ★ |
| ५ तर्कभाषा | નયવિજયજીના | ૧૬૬૫ | |
| ६ शाश्वतप्रतिमामानस्तोत्र | ,, | ૧૬૬૮ | |
| ७ न्यायरत्नप्रकरण | ,, | ૧૭૦૧ | વિદ્યાપુર (ગુજ.) |

આ પ્રમાણે અહીં પ્રતિઓની વિસ્તૃત માહિતી પૂરી થાય છે.

શાસનદીપક ઉપાધ્યાયજી એક ત્યાગી જૈન સાધુ હતા. જૈન સાધુ એટલે જ્ઞાનોપાસના જેટલું જ ક્રિયાકાણ્ડની સાધનાને મહત્ત્વ આપનાર. એથી જેમને પ્રભાતકાળથી લઈને રાતના શયન-સમય સુધી નિશ્ચિત સમયે અનેક પ્રકારની દૈનિક-રાત્રિક ક્રિયાઓ માટે સમય ફરજિયાત આપવાનો હોય, વળી સામાજિક કે સાંઘિક જવાબદારીઓ અદા કરવાની હોય અને એ સાથે સાથે સંખ્યાબંધ ગ્રન્થોનું વાંચન કરવાનું હોય. અને તે ય માત્ર સામાન્ય કોટિના જ નહિ, પણ ઉચ્ચ-ઉચ્ચતર ઉચ્ચતમ કોટિના પણ હોય કે જેમાં આગમિક, તાર્કિક, અને દાર્શનિક પ્રકારોને ગણાવી શકાય; એટલે કે જે વિષયો પ્રજ્ઞા અને પ્રતિભાને થકાવી દે. સાદા કહેવાતા શબ્દોમાં કહીએ તો ભેજાનું પૂરેપૂરૂં દહીં કરી નાંખે તેવા. પુનઃ અતિ શુષ્ક ગણાતા તર્ક, ન્યાય અને દર્શન-આગમિકવાદોનાં વાંચન બાદ તે તે શાસ્ત્રસિદ્ધાંતોનું ચિંતન મનન અને પછી મંથન કરવાનું હોય, પછી જૈન દર્શનના સનાતન સિદ્ધાંતો સાથે બુદ્ધિતુલાથી સંતુલન કરવાનું હોય, જ્યાં જ્યાં સંતુલનનો મેળ ન લાગે ત્યાં ત્યાં પાછું તર્ક, દલીલોથી સચોટ નિરસન કરવાનું હોય, આટલું જ કરી બેસી રહીને તેઓશ્રીને માત્ર સ્વ આનંદને જ લૂંટવાનો ન હતો, પણ પોતાના આનંદમાં અન્યને પણ સહભાગી બનાવવાનો ઉદાત્ત ભાવ પણ બેઠો હતો. એટલે સત્યનું જે નવનીત તારવ્યું. તેને પોતાની વિશિષ્ટકોટિની બૌદ્ધિક પ્રતિભા અને સાર્વજનિક પ્રક્રિયાથી સુગ્રાહ્ય અને સુપાચ્ય બનાવીને, પુનઃ ગ્રન્થ સ્વરૂપે સર્જન કરીને, સ્વયં લખીને પીરસવાનું હતું અને તે ય ભાષાની સંપૂર્ણ શુદ્ધતા જાળવીને. ત્યારે તો મનમાં એક જ તરંગ વારંવાર ઉઠયા કરે કે આવી પરિસ્થિતિ વચ્ચે તેઓશ્રીએ શી રીતે સમય કાઢ્યો હશે? આપણે તો આનો બીજો કોઈ જવાબ ન આપી શકીએ! જવાબ એક જ હોઈ શકે કે મુખ્યત્વે તેઓશ્રીનો અસાધારણ કોટિનો **अप्रमत्तभाव** જ આમાં કારણ હતો. એમાં પણ જ્યારે પૂ. શ્રી મલ્લવાદીજીના **नयचक्र** ગ્રન્થ ઉપરથી નકલ કરવાનો તેઓશ્રીનો અદમ્ય ઉત્સાહ અને અવિરત પ્રયત્ન જોઈએ છીએ, ત્યારે તો તેઓશ્રીની સર્વોત્તમ કોટિની શ્રુતભક્તિ આગળ સહસા મસ્તક ઝૂકી પડે છે અને વૈખરી ધન્ય ધન્ય બોલી ઉઠે છે.

નયચક્રગ્રન્થ એટલે દાર્શનિકવાદોનો સાગર. ભારતીય દાર્શનિક વાઙમય અને જૈન સાહિત્ય-સંસ્કૃતિના મુગટમણિ જેવા ૧૮ હજાર શ્લોકમાન જેવડા, આ મહાકાય શાસ્ત્રગ્રંથની નકલ, સાત જૈન મુનિઓએ એક સાથે બેસીને **'पक्षेणैकेन पूरितो ग्रन्थः'** આ પંક્તિના સ્વકૃત ઉલ્લેખથી પંદર દિવસમાં જ પૂરી કરી અને એ આદર્શની સંપૂર્ણ નકલ ૩૦૮ પાનામાં પૂર્ણ થવા પામી. એમાં ઉપાધ્યાયજી ભગવંતના ફાળે ૭૩ પાનાં લખવાનાં આવ્યાં, જેનું શ્લોકમાન ૪૬૦૦ થી ૪૮૦૦ નું થાય છે. પંદર દિવસો વચ્ચે તેની ફાળવણી જો કરીએ તો લખવાની સરેરાસ રોજના ત્રણસો શ્લોકની આવે. નિત્યક્રિયાઓને જાળવીને રોજના ૩૦૦ શ્લોકો લખી શકે ત્યારે સિદ્ધહસ્ત અને ઝડપી લહિયાની જેમ તેઓશ્રીનો લખવાનો પણ મહાવરો કેવો હશે? તેનો ખ્યાલ આવી શકશે! વિશેષ વાત તો વળી એ છે કે સ્વકૃતગ્રન્થો તો લખે, પણ અન્યકૃત જૈન-અજૈન ગ્રન્થોની પણ તેઓશ્રીના જ હસ્તાક્ષરની કૃતિઓ મળે ત્યારે કોણ સાશ્ચર્યમના ન બને!

ખરેખર! ઉપાધ્યાયજી ભગવંત પ્રખર અભ્યાસક, અદ્‌ભુત સર્જક અને કુશળ લેખક પણ હતા. આમ ત્રણેય શક્તિઓનો ત્રિવેણી સંગમ પ્રાપ્ત કરવાનું વિલક્ષણ સૌભાગ્ય કોઇ વિરલ વ્યક્તિને જ લલાટે લખાએલું હોય છે.

કોઇને સહજ રીતે એવો પ્રશ્ન થાય કે અહીંયા આપેલી પ્રતિકૃતિઓ સ્વહસ્તાક્ષરની જ છે એનો પુરાવો શું? તો પુરાવાનાં અનેક પ્રામાણિક કારણો રજૂ કરી શકાય એમ છે. સંપુટગત કૃતિઓ કે તેની મૂલ પ્રશસ્તિઓથી પણ તેનો ઘણો ખરો ખ્યાલ આવી શકે તેવુ છે. પણ એની ચર્ચા કરવાનું આ સ્થાન નથી, તેને જતું કરીએ. બાકી પુણ્યાત્મા મુનિવર શ્રી પુણ્યવિજયજી મહારાજે તથા મેં તેની પાકી અજમાયશ કરેલી છે. એટલે શંકાને કોઇ સ્થાન જ નથી. કેટલીક કૃતિઓ કે પંક્તિઓના હસ્તાક્ષરો એવા પણ છે કે જે પૂર્વાપર પૂરા મળતા આવતા નથી. કેટલાક ન્યૂનાધિકપણે મળતા આવે તેવા છે, તો તેનું કારણ શું? તેનું વાસ્તવિક કારણ તો શોધવું બાકી છે. પણ એનો સ્થૂલ જવાબ એ હોઇ શકે કે, ઉંમરના ભેદે, ઉતાવળના કારણે કાં લેખનકલાના અભ્યાસની પ્રગતિનાં પરિણામે અક્ષરોનાં માપ, વળાંક, કે મરોડમાં ભેદો સર્જાતા હોય છે, અને હસ્તાક્ષર નિષ્ણાતોથી તો એ વાત જાણીતી છે કે એક જ વ્યક્તિના હાથે લખાએલા અક્ષરોમાં એવી વિવિધતા હોય છે કે એને પારખવાનું કાય દુર્ઘટ બની જાય છે.

અગાઉ જણાવ્યું તેમ, ઉપાધ્યાયજી અતિવ્યવસાયી પુરુષ છતાં સમગ્ર લખાણની દૃષ્ટિએ જોઈએ તો નિઃસંકોચપણે આપણે તેમને સિદ્ધહસ્ત (લહિયા) તરીકે બિરદાવી શકીએ. કારણ કે લગભગ મોટા ભાગની પ્રતિઓનાં લખાણનો પ્રવાહ ગંગાના અવિરત ધસમસતા ધીર, ગંભીર પ્રવાહની જેમ એકધારો વહેતો દેખાય છે અને એથી આપણી નજરને પણ તે જકડી રાખતો હોય છે.

અલબત્ત સૌન્દર્યની દૃષ્ટિએ મૂલ્યાંકન કરીએ તો પ્રસ્તુત લેખનને સર્વોતમ કોટિનું ન કહી શકીએ, પણ મધ્યમ કોટિનું તો જરૂર કહી શકીએ. તેઓશ્રીના હાથની લઢણ અને શૈલી જોતાં જરૂર કહી શકાય કે તેઓશ્રીને સર્જન અલ્પ કરવાનું હોત, તો તો ચીપી ચીપી લખીને, કલમને મઠારી મઠારી સુંદર અને નમૂનેદાર અક્ષરો લખી શકત. પણ આવા અનોખા, મહાસર્જક સંતો સૌન્દર્યની સાથે સગપણ ક્યાં બાંધવા બેસે! તે તેમને પાલવે જ ક્યાંથી? વળી આ સર્જન પાછું કેવું? એકાદ અક્ષર કે શબ્દ ન્યૂનાધિક લખાઈ જાય, કાનો માત્ર રહી જાય કે તેના તફાવત પડી જાય, તો અર્થસંગતિમાં ભારે મથામણો ઊભી થઇ જાય એવું. વળી સંખ્યાબંધ ગ્રન્થોનાં ઉદ્ધરણો ટાંકવાના, સ્વપર ગ્રન્થોનું અવલોકન ચિંતન-મનન ઇત્યાદિ કાર્ય પાછું કરવાનું, એટલે આવા વ્યવસાયી પુરુષો હંમેશા કાર્યવેગી જ હોય, આવા કારણે તેઓશ્રી પાસેથી સર્વોતમ કોટિના લેખનની આશા રાખવી એ મને લાગે છે કે વધુ પડતી છે. આમ છતાં કહેવું જોઈએ કે, હસ્ત અને મનનાં સ્વાભાવિક સ્થૈર્ય અને ધૈર્યને જરા પણ ગુમાવ્યા વિના અચૂકપણે લખ્યું છે. એવું તેઓશ્રીની પ્રતોના આભિમુખ્ય સંદર્શનથી ચોક્કસ સમજાયું છે. આ જ કારણે સ્યાદ્વાદરહસ્યલઘુવૃત્તિ આદિ વૃત્તિઓ પ્રથમાદર્શરૂપે કાચી જ લખેલી મળી. અને તેમાં કરેલા

સુધારા વધારાથી તે એટલી બધી ચિત્રવિચિત્ર બની ગઇ છે કે પ્રતની નકલ કરનારનું ભેજું જ ગાયબ થઇ જાય, અને સંશોધકનું તો પૂછશો જ મા! ખાસું મજાનું હિમાલયના મહા મહિનાના જેવું દહીં જ કરી નાંખે! અમુક આપવાદિક સ્થળો બાદ કરીએ તો પ્રતિઓમાં ચેકચૂક, છેકછાક કે અક્ષરોની ગરબડી ક્યાંય માલમ નથી પડતી. કવચિત અક્ષર કે શબ્દનું ન્યૂનાધિકપણું બની ગયું છે તે વાત સાચી, પણ તે ઉતાવળથી લખવાના કારણે જ થયું છે. તેઓશ્રીની કલમ ઠીકઠીક વેગીલી હતી. બરૂ-કલમનો કસ પણ ઠીક ઠીક કાઢી લેતા હતા. લખતા લખતા બરૂ કૂચે થતા આવ્યું હોય છતાં અલ્પ સમયમાં વધુ લખવાના લોભમાં લખવાનું જેટલું ખેંચાય તેટલું ખેંચ્યું છે, અને બરૂની ધારનો જેટલો કસ કઢાય તેટલો એકી સાથે કાઢી લેવા પ્રયત્ન સેવ્યો છે. જેથી અક્ષરો ક્યાંક ખરડાએલા, તેમજ આછી પાતળી સ્યાહીવાળા થવા પામ્યા છે.

ખરે! એમની સર્જનની ધૂન અને સમયનો બચાવ કરવાની તાલાવેલી કેવી હતી તેનું પ્રતિબિંબ પ્રસ્તુત પ્રતિઓમાં જ જોવા મળે છે. સામાન્ય રીતે દરેક લેખક પ્રતિના લખાણની બન્ને બાજુએ એક એક લીટી મારે. અને બબ્બે લીટીઓ મારી શકાય તો બેવડી મારે, અને દોરવાના સાધનથી સીધી દોરીને પાનાની શોભા અને ઉઠાવ લાવે પરંતુ આ પુરુષને તો શોભા શણગાર માટે સમય જ ક્યાં હતો! તેની તેમને પડી પણ શું હોય? એટલે લીટી એકવડી જ મારી છે અને તે પણ ફૂટપટ્ટીની મદદ વિના હાથથી જ મારી દીધી છે. અને ઉતાવળ તો કેવી? કે લીટીઓ બધે જ સીધી ન મળે; કે ન તો પૂરી દોરેલી મળે! ન તો સરખા માપની હોય! ખરે! ઘણા સ્થળે તો લીટી મારવાનો શ્રમ કે સમય જ લીધો નથી, આવી તો હતી તેઓશ્રીની સર્જનની મસ્તધૂન અને પ્રચણ્ડ તાલાવેલી!:

ઉપાધ્યાયજીના 'ज' વગેરે અમુક અમુક વર્ણાક્ષરો લેખનમાં ખાસ વિશિષ્ટતા ધરાવે છે. એ વિશિષ્ટતા કયા વર્ણોની કેવી રીતે છે? તે તો ખાસ બ્લોક પ્રીન્ટ દ્વારા જ બતાવી શકાય.

મારી ઉમેદ હતી કે ઉપાધ્યાયજીના ખુદના હસ્તાક્ષરોની જ अ થી લઇને ह સુધીના સ્વર વ્યંજનોની, કેટલાક સંયુક્ત અક્ષરોની લિપિ તૈયાર કરી, મુદ્રિત કરાવી આ સંપુટના આરંભમાં જ આપવી, પણ સમયસર તૈયાર થઇ શકી નથી, એટલે હવે તે વાત તો ભાવિ ઉપર રહી.

આ સંપુટમાં આપેલા ऐन्द्रस्तुति અને पातंजलयोगदर्शन આ બંને પ્રતિકૃતિઓના અન્તમાં ઉપાધ્યાયજીએ પોતે એક શ્લોક લખ્યો છે. જેમાં પ્રતિઓ લખવામાં મદદગાર બનનાર પોતાના ખંભાતવાસી રત્નમેઘજીના પુત્ર જયતસી ભક્તને અમર બનાવી દીધો છે.

સર્જનયજ્ઞ ઉપરાંત લેખનયજ્ઞને માંડનારા ઉપાધ્યાયજીને શ્રુતજ્ઞાનભક્તિનું કેવું 'ઘેલું' લાગ્યું હતું કે, પોતાના ગ્રન્થો તો લખ્યા, પરંતુ તેમાં સહાયક અન્ય જૈન કે અજૈન ગ્રન્થોને પણ બીજા લેખકની અપેક્ષા રાખ્યા સિવાય સ્વહસ્તે જ લખ્યા. વળી અન્ય લેખકે લખેલા ગ્રન્થોને પરિમાર્જન પણ કર્યા. ધન્ય હો! એ અપ્રમત્ત પુરુષાર્થી, સ્વાશ્રયી, ઉદારચેતા સાધુપુંગવને!

એમના હસ્તાક્ષરની બીજી અનેક પ્રતિઓના ફોટા દાખલ નથી કરી શકાયા. ભવિષ્યમાં તૈયાર થયે સંસ્થા ખબર આપે ત્યારે મંગાવવા માટે ધ્યાન રાખવું.

આ સંપુટમાં પૂ. ઉપાધ્યાયજી સ્વનામધન્ય ગુરુદેવ શ્રી નયવિજયજી મહારાજના હસ્તાક્ષરોની પણ પ્રતિકૃતિઓ છે.

જૈન શ્રમણ વર્ગમાં ગુરુ શિષ્યો વચ્ચેની સ્નેહશૃંખલાના અંકોડા પરસ્પર કેવા જોડાએલા હોવા જોઈએ તેનું ઉદાત્ત અને જ્વલંત ઉદાહરણ પૂ. ઉપાધ્યાયજી અને તેઓશ્રીના ગુરુદેવ પૂરું પાડે છે અને તેની ઝાંખી આપણને આ સંપુટમાં જોવા મલે છે. ગુરુ શ્રી નયવિજયજીએ ભાવિકાળની ક્ષિતિજમાં વેધકદૃષ્ટિથી નજર નાંખી તો તેમને દર્શન લાધ્યું કે મારો હૃદયવલ્લભ 'યશોવિજય' ભાવિકાળમાં જૈનશાસન અને જૈનધર્મનો મહાપ્રભાવક, તેમજ જૈન વાઙ્મયનો અસાધારણ વિદ્વાન થશે. એટલે પોતાના પ્યારા શિષ્યને સર્વદર્શન સાહિત્યનું જ્ઞાન પ્રાપ્ત કરાવવા, દૂર દૂર રહેલા કાશીના વિદ્યાધામમાં લઈ જાય છે, આપત્તિઓ વેઠીને પણ અનેક રીતે સહાયક બને છે. અને અસાધારણ કોટિના દિગ્ગજ પંડિત બનાવે છે. શું એ ઉપકારી ગુરુવરના ઉપકારનાં મૂલ્ય કદીએ અંકાશે ખરાં? એટલું જ નહીં પણ શિષ્યના અભ્યાસમાં અને ગ્રન્થસર્જન કાર્યમાં ઉપયોગી સાહિત્યકૃતિઓની નકલ ખુદ ગુરુશ્રી જાતે જ કરી આપીને કેવા સહાયક બન્યા છે તેનું એક આદર્શ અને પ્રેરક દૃષ્ટાંત છે. ધન્ય હો! એ મહામના શિષ્ય વત્સલ ગુરુદેવને! આવી ગુરુકૃપા પણ તેને જ પ્રાપ્ત થાય છે કે જે શિષ્યો પરમ ગુરુભક્ત હોય, પરમ આજ્ઞાંકિત હોય અને જેઓએ ગુરૂશ્રી પ્રત્યેના 'સમર્પિત' ભાવની જ્યોત જલતી રાખી હોય! ગુરુભક્તતા કે સમર્પિત ભાવ તો ઉપાધ્યાયશ્રીજીનો કેવો હતો, તે તો તેઓશ્રીના સાહિત્યક્ષેત્રથી પરિચિત જનથી અજાણ નથી. ઉપાધ્યાયશ્રીજીની ન્હાની કે મ્હોટી (પ્રાયઃ) ભાગ્યેજ કોઈ કૃતિ મળશે કે જેમાં ગુરુશ્રીનો નામોલ્લેખ કરવાનું તેઓશ્રી ચૂક્યાં હોય! પ્રથમ ગુરુનામ પછી જ પોતાનું નામ હોય. ત્રણ જ કડીના સ્તવન જેવી ન્હાનકડી કૃતિમાં પણ પ્રથમ માથે ગુરુનામ લખીને કે રાખીને, તેની છત્રછાયા નીચે જ સ્વનામ મૂકવામાં જ પોતાનું ગૌરવ અને શોભા માની છે. સ્વનામ આગળ લઘુતા દર્શક શિષ્ય-સેવક ઈત્યાદિ વિશેષણો દ્વારા ગુરુની ગુરુતા અને શિષ્યની લઘુતાના સદ્‌ગુણોનું દર્શન કરાવ્યું છે. આજના યુગમાં ગુરુ-શિષ્યો માટે અને એમાંય શિષ્યો માટે તો ખાસ ધડો લેવા જેવી આ ભારે પ્રેરક ઘટના છે. આનાથી ગુરુ શિષ્યની બેલડી વચ્ચે કેવો નિર્મળ અને દૃઢ સ્નેહ પ્રવર્તતો હશે તેનો ખ્યાલ મળી રહે છે. આ બધું વિનય અને વાત્સલ્યના આદાન-પ્રદાન ધર્મે જ શક્ય બનાવ્યું હતું એમ કહીએ તો તે ખરેખર ઉચિત જ છે.

મહોપાધ્યાયજી ભગવાનની સમ્યગ્ જ્ઞાન અને ચારિત્રની ઉત્કટ આરાધના, સદા અપ્રમત્તતા અને આધ્યાત્મિક સાધનાના, જેટલા ગુણાનુવાદ કરીએ તેટલા ઓછા છે. આ ચિત્રસંપુટમાંથી એમના આવા અમર વ્યક્તિત્વનાં થોડાં પણ દર્શન થશે તો આ પ્રયાસ સફળ થયો લેખાશે.

હવે આ ક્ષેત્રની એક અન્ય ભાવના વ્યક્ત કરૂં કે છેલ્લાં એક હજાર વર્ષ પૈકીની જૈન

શ્રીસંઘની સુપ્રસિદ્ધ ગણનાપાત્ર કે નામાંકિત વ્યક્તિઓ પૈકી જેના જેના હસ્તાક્ષરો પ્રાપ્ત થયા હોય તેને એકત્રિત કરીને જો તેનો આવો સંપુટ બહાર પાડવામાં આવે તો મહાપુરુષોનાં કિંમતી હસ્તધનનાં મહામૂલાં દર્શનનો પવિત્ર લાભ સહુને મળે અને અક્ષર ઉપરથી જીવનદર્શન[1] કરાવનારા નિષ્ણાતો માટે તો તે મહામૂલો ખોરાક થઈ પડે.

ધારવા કરતાં નિવેદન લાંબું થઈ ગયું, પણ તેની ક્ષમા યાચી લઉં છું. આશા છે કે પવિત્ર હસ્તાક્ષરોનાં ચાહકો, સંગ્રહ શોખીન સદ્‌ગૃહસ્થો, શ્રીમાનો, વિદ્યાપ્રેમીઓ અને આપણા જ્ઞાનભંડારના કાર્યવાહક મહાનુભાવો; આ ચિત્રસંપુટને પોતાને ત્યાં વસાવીને આ અભિનવ પ્રયાસને પ્રોત્સાહન આપશે અને જ્ઞાનભક્તિના સહભાગી બનશે.

ઘણી મોટી સંખ્યામાં ઉપાધ્યાયશ્રીજીની કૃતિઓ આપણને મળી છે માટે એમની અનેક અસાધારણ વિશેષતાઓમાં આ પણ એક અસાધારણ વિશેષતા જ લેખાવી જોઈએ.

આવા મહર્ષિઓની સંપત્તિ એ કેવળ જૈનોની જ નહિ પણ વિશ્વ સમગ્રની હોય છે, માટે આપણી એ મહામૂલી સંપત્તિનું ચીવટપૂર્વક જતન થવું ઘટે. અને અંતમાં અણખેડાએલા જ્ઞાનભંડારોમાંથી આવીને આવી વધુ સંપત્તિ મેળવવા ભાગ્યશાળી બનીએ એ જ મનઃકામના! **जैनं जयति शासनम्॥**

તા. ક. પ્રસ્તુત આલ્બમ બહાર પડી ગયા બાદ છેલ્લાં સાતેક વર્ષમાં, પૂ. ઉપાધ્યાયજીએ સ્વહસ્તે લખેલી ન્યા. પં. શ્રી જયરામ ભટ્ટાચાર્ય કૃત **अन्यथा ख्यातिवाद** અને 'રહસ્ય' પદથી અંકિત **न्यायसिद्धांत रहस्य** અને **अनुमिति रहस्य** નામના બે ગ્રન્થો, તે ઉપરાંત ઉપાધ્યાયજીએ રચેલ અને સ્વહસ્તે લખેલ **विजयोल्लास काव्य** અપૂર્ણ તથા પૂ. ઉપાધ્યાયજી તથા તેઓશ્રીના ગુરુદેવશ્રીએ બંનેએ ભેગા મલીને લખેલી સિદ્ધસેનીયા **विंशतिद्वात्रिंशिका** નામની પ્રતિઓ નવી પ્રાપ્ત થએલી છે. જેનો પરિચય અહીં આપવામાં આવ્યો નથી.

## સંપુટના વિહંગાવલોકન ઉપરથી ઉપાધ્યાયજી અંગે ઉપસતું ચિત્ર

પ્રાતઃસ્મરણીય પૂજ્યપાદ ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ વિક્રમની સત્તરમી સદીના ઉત્તરાર્ધમાં અને અઢારમી સદીના પૂર્વાર્ધમાં શીલ અને પ્રજ્ઞા સંપન્ન મહાન જ્યોતિર્ધર થઈ ગયા. મહોપાધ્યાયજી મહારાજ જેવા જ્ઞાનના મહાર્ણવ હતા તેવા ચારિત્રની ખાણ રૂપ હતા. તેમનું વિવિધ વિષયનું જ્ઞાન તલસ્પર્શી, મર્મગ્રાહી અને વ્યાપક હતું, એમનું ચારિત્ર પણ સ્ફટિક સમું નિર્મળ હતું. ગહનમાં ગહન શાસ્ત્રીય અને દાર્શનિક વિષયનું મર્મસ્પર્શી અવગાહન કરવું અને એવા તમામ વિષયોને આત્મસાત્ કરીને, મૌલિક સાહિત્યસર્જન

---

૧. એ તો એક જાણીતી વાત છે કે હસ્તાક્ષરો એ પણ શક્તિ છે. એને પણ પોતાની એક સ્વતંત્ર ભાષા છે. અને એનું સ્વતંત્ર કિસ્મત પણ છે. તેઓ લખનારના-ગુણ-દોષોને સાંકેતિક (કોડ) ભાષામાં વ્યક્ત કરતા હોવાથી તેના નિષ્ણાતો તેના ઉકેલોને વૈખરી વાણીમાં વ્યક્ત કરે છે. અને એથી જ હસ્તાક્ષરો ઉપર ગુણદોષની ચર્ચા કરીને ફલાદેશને વ્યક્ત કરતાં ઈંગ્લીશ ગુજરાતી વગેરે ભાષામાં અનેક પુસ્તકો પણ લખાયાં છે.

દ્વારા એનું નવનીત જિજ્ઞાસુઓ અને અભ્યાસીઓ માટે સુલભ બનાવવું એ એમને માટે સાવ સહેલી વાત હતી. આ વસ્તુ જ એ બતાવે છે કે તેઓ કેટલા અપ્રમત્ત તથા જ્ઞાન અને ક્રિયાના આરાધનમાં કેટલા જાગૃત હતા. આત્માની સતત જાગૃતિ વગર આવી મેધા અને આવી જીવનશુદ્ધિ શક્ય જ ન બને. એમ કહી શકીએ કે મહોપાધ્યાયજી મહારાજ આત્મજાગૃતિના એક જીવંત આદર્શ હતા.

આગમોના તો ઉંડા મર્મજ્ઞ હતા જ. સાથે સાથે નવ્યન્યાય સહિત જૈન અને જૈનેતર દર્શનોના પણ સમર્થ જ્ઞાતા હતા, અને પોતાની જ્ઞાન-પિપાસાને સંતોષવા તેઓએ છેક વિદ્યાધામ કાશી સુધી વિહાર કર્યો હતો, અને ત્યાં વર્ષો સુધી ઉંડી જ્ઞાનોપાસના કરીને બ્રાહ્મણ વિદ્વાનોનાં આદર અને પ્રીતિ સંપાદન કર્યા હતા. પણ અમુક વિષયોનું સર્વસ્પર્શી જ્ઞાન મેળવવું એ એક વાત છે, અને શાસ્ત્રીય તાત્ત્વિક કે દાર્શનિક વિષયોને લઈને સંસ્કૃત કે પ્રાકૃત જેવી ભાષાઓમાં સર્જન કરવું એ સાવ જુદી વાત છે. પાંડિત્યની સાથોસાથ સાહિત્ય સર્જનની વિરલ પ્રતિભાનું વરદાન મળ્યું હોય તો જ આ બની શકે. મહોપાધ્યાયજી મહારાજની વિવિધ વિષયોને સ્પર્શતી અસંખ્ય નાની મોટી કૃતિઓનું અવલોકન કર્યા પછી કોઈને પણ એમ લાગ્યા વગર નહીં રહે કે તેઓ આવી વિરલ સર્જનપ્રતિભાના સ્વામી હતા અને એમની એ પ્રતિભાના લીધે તેઓશ્રીનું નામ અમર અને ચિરસ્મરણીય બની ગયું છે.

અને એમની આવી અસાધારણ પ્રતિભાનો લાભ કેવળ સંસ્કૃત કે પ્રાકૃત ભાષાઓની કૃતિઓ દ્વારા વિદ્વાનોને મલ્યો છે એમ નહીં, પણ લોકભાષા (ગુજરાતી–રાજસ્થાની) માં સંખ્યાબંધ ગદ્ય અને પદ્યાત્મક હૃદયંગમ કૃતિઓનું સર્જન કરીને સામાન્ય જનસમૂહ ઉપર પણ એમણે જે ઉપકાર કર્યો છે તે પણ કદિ વીસરી શકાય એવો નથી. એમની આ લોકભાષાની રચનાઓ જોતાં એ વાત સ્પષ્ટ રીતે જણાઈ આવે છે કે, દરેકે દરેક વિષયના જ્ઞાનને એમણે કેટલી અદ્ભુત રીતે પચાવી લીધું હતું! જે વિદ્વાનો કે વિચારકો હજી પણ એમ માનતા હોય કે અમુક વિષય તો અમુક ભાષા (સંસ્કૃત પ્રાકૃત જેવી શાસ્ત્રીય ભાષા) માં જ યથાર્થ રીતે નિરૂપી શકાય, તેઓને મહોપાધ્યાયજીની કૃતિઓ જાણે એલાન આપે છે કે જો કોઈ પણ વિષય બુદ્ધિમાં રમમાણ થઈ ગયો હોય તો એના નિરૂપણ માટે ભાષા તો આપ મેળે ચાલી આવે છે; પછી એને આ કે તે ભાષાનું કોઈ બંધન નડતું નથી.

વળી એમ પણ લાગે છે કે, મહોપાધ્યાયજીનો સાહિત્ય સર્જનનો વેગ અદમ્ય હતો. એકવાર એક વિષયનું નિરૂપણ અંતરમાં સાકાર થયું એટલે પછી એ વેગીલી કલમ દ્વારા ભાષાને આકાર ધરીને જ રહેતું એવે વખતે પછી તેઓ ન તો લહિયાની રાહ જોવા થોભતા કે ન તો લેખન સામગ્રીના સારા-ખોટાપણામાં કાળક્ષેપ કરતા. પછી તો કોઈ લહિયો મળ્યો તો ઠીક, નહીં તો સ્વયં કાગળ કલમ અને સ્યાહી લઈને લખવા બેસી જતા અને પોતાના અંતરમાં ઘૂઘવાતા જ્ઞાનના પૂરને ગ્રન્થસ્થ કર્યા પછી જ સંતોષ પામતા, પર્વતમાં ઊભરાતાં મેઘનાં જળ કદિ કોઈથી ખાળ્યાં ખળાયાં છે ખરાં! એ તો પૂર કે મહાપૂર રૂપે નદીમાં કે મહાનદીમાં વહી નીકળે ત્યારે જ શાંત થાય છે. એકવાર એક ગ્રંથ રચવાનો વિચાર આવ્યો

પછી પ્રમાદ કરવો કે નિરર્થક સમય વીતાવવો એ ઉપાધ્યાયજી મહારાજના સ્વભાવમાં જ ન હતું. એથી જ એમના પોતાના હાથે જ લખાયેલી એમની સંખ્યાબંધ કૃતિઓ આપણા જ્ઞાનભંડારોમાંથી સમયે સમયે ઉપલબ્ધ થતી રહી છે અને હજી પણ ઉપલબ્ધ થતી જાય છે. આવા મોટા વિદ્વાન અને જાતે પુસ્તકો લખવા બેસે, જાણે આપણી કલ્પનાને આ નવી નવાઈની વાત લાગે તેવું છે. પણ એ નવાઈની વાત જ મહોપાધ્યાયજીની અસાધારણ વિદ્વત્તાની, મહત્તાની અને સાહિત્યસર્જનની અદ્ભુત પ્રતિભાની જાણે સાક્ષી આપે છે.

અને આટલું જ શા માટે? મહોપાધ્યાયજીએ પોતાના હાથેથી કેવળ પોતાની કૃતિઓ જ લખી છે એવું પણ નથી. બીજા વિદ્વાનોએ રચેલી કૃતિઓની એમણે પોતાના હાથે નકલો કરી હોય એવા પણ દાખલા મળી આવ્યા છે. આ બતાવે છે કે એમની જ્ઞાન સાધના કેટલી જાગ્રત હતી અને એમની જિજ્ઞાસા કેટલી ઉત્કટ હતી. એમ કહી શકાય કે જ્ઞાન સાધનાની બાબતમાં તેઓ કોઈની પણ પરાધીનતા સ્વીકારવા તૈયાર ન હતા. જરૂરી સગવડ અને સહાય મળી તો ઠીક, નહીં તો આપણો પોતાનો પુરુષાર્થ ક્યાં આઘો ગયો છે? '**मदायत्तं तु पौरुषं**' એ ઉક્તિ એમણે ચરિતાર્થ કરી બતાવી હતી.

આ રીતે મહોપાધ્યાયજીના હાથે લખાએલી એમની પોતાની કૃતિઓ તેમજ અન્ય વિદ્વાનોની કૃતિઓ અત્યાર સુધીમાં સારી એવી સંખ્યામાં મળી આવી છે અને હજી પણ મળતી જાય છે, એ ભારે ખુશનસીબીની તેમજ ઐતિહાસિક મહત્ત્વની બીના છે. ભૂતકાળમાં બીજા પણ કેટલાક વિદ્વાનો એવા થઈ ગયા છે કે જેમના હાથે લખાએલી પ્રતો ઉપલબ્ધ થાય છે, પણ કોઈ વિદ્વાનના પોતાના હાથે લખાએલી પ્રતો આટલી મોટી સંખ્યામાં મળતી હોય તો તે મહોપાધ્યાયશ્રીની જ.

આ પ્રમાણે ઉપસાવેલા આછા ચિત્રની આછી ઝાંખી અહીં પૂરી થાય છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ઐન્દ્રસ્તુતિની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૧૮ ઇ.સન્ ૧૯૬૨

## ૧૩

## સંપાદકીય નિવેદન

પૂ. ઉપાધ્યાયજી મહારાજનો જ્ઞાનાવરણીય કર્મનો તીવ્ર ક્ષયોપશમ, અનેક દર્શનો અને વાદોને ઝડપથી સમજી લેવાની શક્તિ અને સમજેલાને યાદ રાખવાની પ્રબલ મેધા વગેરે કારણે તેઓશ્રીમાં સર્જનની જે તીવ્ર પ્રતિભા ઉત્પન્ન થઈ, તેના બળે તેઓશ્રી સમર્થ ગ્રન્થસર્જક બની શક્યા. પણ વધુ વિચારીએ તો ખરેખર! મહત્વનો ભાગ પ્રવચનની અધિષ્ઠાયિકા શ્રુતદેવી, વાગ્દેવી, ભારતીદેવી ઇત્યાદિ નામોથી ઓળખાતી ભગવતી શ્રી સરસ્વતી દેવીનાં વરદાને–આશીર્વાદે ભજવ્યો હતો, એ નિ:સંદેહ હકીકત છે. અને આ વાતનો ઉલ્લેખ ગ્રન્થકારે પોતે અન્યત્ર તો કર્યો છે. પણ ખુદ આ ઐન્દ્રસ્તુતિની (સ્વોપજ્ઞ) પોતાની બનાવેલી ચોવીસમા તીર્થંકરની સ્તુતિની ટીકામાં ગ્રન્થકારે પોતે જ પ્રાસંગિક જણાવ્યું છે કે "ઐં"[1] એવા સરસ્વતીના પ્રભાવશાળી સારસ્વતબીજમંત્રના ધ્યાનથી સરસ્વતીને મેં પ્રત્યક્ષ કરી.

અહીંયા કદાચ સવાલ એ થાય કે દેવતાની ઉપાસના, ભક્તિ, સાધના અને વરદાન શું કર્મ સત્તા ઉપર પ્રભાવ પાડી શકે? અથવા કર્મના ક્ષયોપશમમાં નિમિત્ત બને?

આવી શંકા સાહજિક રીતે થાય એમ સમજીને જ ખુદ ઉપાધ્યાયજીએ જ શંકા ઊભી કરી અને પોતે જ તેનો જવાબ આપ્યો. તે નિમ્ન રીતે છે—

પ્રશ્ન–શું[2] દેવલોકના દેવોની કૃપાથી અજ્ઞાનતાનો ઉચ્છેદ થાય ખરો?

---

૧. "ऐंकारेण–वाग्बीजाक्षरेण विस्फारम्–अत्युदारं यत् सारस्वतध्यानं–सारस्वतमंत्रप्रणिधानं तेन दृष्टा-भावना-विशेषेण साक्षात्कृता"॥ (ऐन्द्रस्तुति–महावीरजिनस्तुति श्लोक २ नी टीका मुद्रित पत्र-४६)

જવાબ—વસ્તુતઃ અજ્ઞાનતાના વિનાશમાં જ્ઞાનાવરણીયાદિ કર્મનો ક્ષય, ક્ષયોપશમ કારણ છે. એમ છતાં દેવકૃપા પણ ક્ષયોપશમનું કારણ બની શકે છે. કારણ કે ક્ષયોપશમની પ્રાપ્તિમાં શાસ્ત્રકારોએ દ્રવ્યાદિક પાંચેયને કારણ તરીકે માન્યાં છે. એમાં દેવતાપ્રસાદ 'ભાવ' નામના કારણમાં અન્તર્ગત માન્યો છે.

વળી પુરુષની[1] પ્રવૃત્તિમાં જેમ શ્રુતજ્ઞાન ઉપકારી છે તેમ દેવતાની કૃપા પણ ઉપકારી છે.

આમ તેઓશ્રીના સમગ્ર ગ્રન્થરાશિમાં આ એક જ ગ્રન્થ 'ऐं' બીજથી પાવન થયેલો મળે છે. અન્ય ગ્રન્થ કરતાં આની પાછળ ઉપાધ્યાયજીની એક વિશિષ્ટ સાધનાનો ઐતિહાસિક સંકેત હોવાથી આ ગ્રન્થનું પ્રકાશન પ્રથમ થાય તે સુયોગ્ય છે. એમ સમજીને આને યશોભારતી ગ્રન્થમાળાના પ્રથમ પુષ્પ તરીકે પ્રસિદ્ધ કરવામાં આવે છે.

આ કૃતિ પહેલવહેલી જ પ્રકાશિત થાય છે એવું નથી, કિન્તુ આ કૃતિ પુનર્મુદ્રણ તરીકે પ્રસિદ્ધ થાય છે. આ કૃતિ પ્રથમ તો ભાવનગરની આત્માનંદ જૈન સભાએ મુદ્રિત કરાવીને આત્માનંદ જૈનગ્રન્થરત્નમાલાના ૭૭ માં રત્નરૂપે વિ.સં. ૧૯૮૪ માં રોયલ ૧૬ પેજી સાઈઝમાં પુણ્યાત્મા પૂજ્ય મુનિવર્યશ્રી પુણ્યવિજયજી મહારાજના સંપાદન નીચે સંપાદિત થઈ પ્રગટ થઈ હતી. પરંતુ તે વખતે તેની ટીકા અશુદ્ધ અને ખંડિત થઈ હતી, કારણ કે મૂળ હસ્તપ્રતિ એક જ મળેલી અને જે મળેલ તે ખંડિત અને અશુદ્ધ મળેલી, અને તેના ઉપરથી જ પ્રેસકોપી થયેલી, એટલે ખૂબ જ અપૂર્ણપણે પ્રસિદ્ધ થઈ. એમ છતાં સંપાદકશ્રીએ તેને વધુ શુદ્ધ અને વ્યવસ્થિત બનાવવા શક્ય એટલો બધો જ પ્રયત્ન કરેલો. ત્યારપછી ઘણાં વરસોના અન્તે તેઓશ્રીને મહારાજશ્રી કીર્તિમુનિજીના સંગ્રહની પ્રતિ મળી, અને તેના આધારે પ્રથમાવૃત્તિના ખંડિત પાઠોને અખંડ કર્યા. અશુદ્ધ પાઠોનું શુદ્ધિકરણ કર્યું અને એ રીતે ફરી તૈયાર થએલી પ્રેસ કોપી, તેઓશ્રીએ ખૂબ જ ઉદારભાવે પ્રકાશન કરવા મને સોંપી. અને (પ્રાપ્ત) સંપૂર્ણ અને શુદ્ધ પાઠવાળી આ કૃતિ, પુનર્મુદ્રણને આવશ્યક અને અનિવાર્ય સમજી સંસ્થા તરફથી મુદ્રિત થઈને પુનઃ પ્રકાશિત કરવામાં આવી છે.

આ પુસ્તકમાં મૂલ સ્તુતિઓ અને તેની ટીકા આપવામાં આવી છે. તે ઉપરાંત અજ્ઞાતકર્તૃક, અવચૂરિ (ક્યાંક ક્યાંક ખંડિત) આપવામાં આવી છે. ત્યારપછી 'ઐન્દ્રસ્તુતિ' મૂલપાઠ આપ્યો છે. તે ઉપરાંત આવી યમકમય સ્તુતિઓ અર્થની દૃષ્ટિએ કિલષ્ટતાવાળી હોવાથી આના તરફ જોઈએ તેવું કોઈનું આકર્ષણ જાગતું નથી. જો તેનો અન્વય સહ અર્થ આપવામાં આવે તો વાચકો વધુ પ્રમાણમાં લાભ ઉઠાવે. એ હેતુથી આ કૃતિનો સાન્વય હિન્દી અર્થ આપવામાં આવ્યો છે. ગુજરાતી અનુવાદ આપવાની ઈચ્છા પાર પડી શકી નથી.

અન્તમાં આ ગ્રન્થનું સંપાદન કરતાં શાસ્ત્રદૃષ્ટિ કે મતિદોષથી કંઈ વિપરીત અને કર્તાના આશયથી વિરુદ્ધ વિધાન કે મુદ્રણ થયું હોય તેની ક્ષમા યાચી, સુધારી લેવા અને જણાવવા વિનંતી છે. વાચકો! આ ગ્રન્થનો વધુને વધુ સદુપયોગ કરે એ ભાવના સાથે વિરમું છું.

*

श्री लोढणपार्श्वनाथाय नमः ।

# પ્રસ્તાવના

અહીંયા પ્રકાશિત થઈ રહેલી લઘુકૃતિનું નામ 'ऐन्द्रस्तुति' છે. એના કર્તા મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ છે અને આ સ્તુતિ ઉપર તેઓશ્રીએ પોતે જ વિવરણ રચ્યું છે. આના ઉપર અદ્યાવધિ બીજી કોઈ ટીકા થઈ નથી, પણ બે અવચૂરિઓ રચાઈ છે ખરી. એક અજ્ઞાતકર્તૃક અવચૂરિ તો આ જ ગ્રન્થમાં છાપી છે અને બીજી પ. પૂ. આગમોદ્ધારક આચાર્યશ્રી સાગરાનન્દસૂરિજીએ રચી છે. તે પણ પ્રકાશિત થઈ ગઈ છે.

ઐન્દ્રસ્તુતિ કે તેના વિવરણનો ચોક્કસ સમય મળતો ન હોવાથી કર્તાનો સમય ૧૭-૧૮મી સદીનો હોવાથી, સૈકાની દૃષ્ટિએ તે સમય ગણી લેવો જોઈએ.

ઉપાધ્યાયજી મહારાજ છએ દર્શનમાં નિષ્ણાત હતા. તેઓશ્રીએ ચાર ભાષામાં સેંકડો ગ્રન્થો રચ્યા. ભગવતી શ્રીસરસ્વતીદેવીનું વરદાન પણ મેળવ્યું. યદ્યપિ જન્મે ગુજરાતના હતા, પરંતુ દાર્શનિક શાસ્ત્રનો અભ્યાસ તો એમને સુપ્રસિદ્ધ વિદ્યાધામ કાશીમાં જઈને કર્યો હતો. અને અન્તિમ સમય ૧૭૪૩ ની સાલમાં ડભોઈ (ગુજરાત) મુકામે પસાર કરેલો અને ત્યાં જ તેઓશ્રીનું સ્વર્ગગમન થયેલું.

આટલો સંક્ષિપ્ત ખ્યાલ આપીને, હવે પ્રસ્તુત સ્તુતિચોવીશીના અંગે વિચાર કરીએ, અને તે ઉપરાંત તેને લગતી બીજી હકીકતો પણ સમજી લઈએ.

એકંદર નિમ્ન બાબતો ઉપર વિચાર કરવાનો છે.

૧. સ્તુતિ ચોવીશી એટલે શું?

૨. ચોવીશીની રચનાનો વિષય શું?

૩. 'ऐन्द्रस्तुति' એવું નામકરણ કેમ કર્યું અને એનો અર્થ શું?

૪. આ સ્તુતિનો ઉપયોગ ક્યારે થાય છે?

૫. શું આવી ચોવીશી પ્રથમ જ રચાઈ છે?

૬. કાવ્યની દૃષ્ટિએ સ્તુતિનો પ્રકાર શું અને છંદોના પ્રકારો કયા?

૭. ઐન્દ્રસ્તુતિ એ સ્વતંત્ર કૃતિ છે કે અનુકરણાત્મક?

૮. આ કૃતિમાં શું શું વિશેષતાઓ છે?

૯. અંતિમ શ્લોકમાં આવતા દેવ-દેવી અંગે?

૧૦. આ સ્તુતિ ઉપર અન્ય ટીકા અવચૂરિ આદિ છે?

૧૧. સ્તુતિ કોની કરાય?

૧૨. સ્તુતિ કરવાથી શું ફળ મળે?

૧૩. ઉપાધ્યાયજીએ સ્તુતિની રચનાના શ્રમના ફળ તરીકે શું માગ્યું?

૧૪. પ્રશસ્તિગત વિશેષતાઓ.

## ૧. સ્તુતિચોવીશી એટલે શું?

સ્તુતિ અને ચોવીશી આ બે શબ્દના સંયોગથી 'સ્તુતિ-ચોવીશી' એવી નામ નિષ્પત્તિ થઈ છે. એમાં પ્રથમ 'સ્તુતિ,' શબ્દના અર્થને વિચારીએ.

જિનેશ્વરદેવના વિશિષ્ટ સદ્ગુણોનાં કીર્તનાદિ અંગે જે રચનાઓ થઈ છે તેના માટે સ્રીલિંગ 'સ્તુતિ' શબ્દ નિર્માણ કરવામાં આવ્યો છે. તે ઉપરાંત સ્તવ, સંસ્તવ, સ્તવન, સ્તોત્ર એવા શબ્દો પણ યોજાયા છે.

એ બધાય શબ્દોના મૂલમાં '[1]સ્તુ' ધાતુ બેઠેલો છે. 'સ્તુ' ધાતુ સ્તુતિ અર્થમાં વપરાયો છે. એનો સ્ફુટ અર્થ વિચારીએ તો ગુણપ્રશંસા[2] કરવી, વખાણ કરવાં, તારીફ કરવી, સારૂં બોલવું વગેરે થાય.

સ્તુતિની રચનાઓના અનેક પ્રકારો છે પણ અહીંયા તો માત્ર ઉપરોક્ત એક જ પ્રકાર પ્રસ્તુત છે, અને અહીંયા એને અંગે જ કંઈક વિચારણા કરવાની છે.

સ્તુતિ બે [3]પ્રકારની છે. એક નમસ્કાર કરવા રૂપ, એટલે કે પરમાત્માને નમસ્કાર કર્યો, એટલે સ્તુતિ કરી એમ કહેવાય. બીજા પ્રકારમાં જિનેશ્વર દેવનાં [4]અસાધારણ ગુણોનું કીર્તન કરવું તે. અહીંયા પ્રસ્તુત વિચારણા માટે બીજો પ્રકાર અભીષ્ટ છે.

અર્થની દૃષ્ટિએ જોઈએ તો સ્તુતિ, સ્તવ વગેરે શબ્દો સમાન અર્થના વાચક છે. એમ છતાં રચનાની દૃષ્ટિએ જોઈએ તો સૂક્ષ્મ ભેદરેખા બતાવી શકાય ખરી! પણ અહીંયા બીજા પ્રકારોને જતા કરીએ, પણ સ્તુતિ અને સ્તવ બન્ને જ શબ્દો વચ્ચેનો ભેદ વિચારીએ તો અર્થની દૃષ્ટિએ નહીં, પણ પ્રકારની દૃષ્ટિએ એવો ભેદ છે કે–એક [5]શ્લોકથી લઈને ત્રણ શ્લોક (પાછળથી[6] ચાર શ્લોક) સુધીની સંસ્કૃત કાવ્યરચનાને સ્તુતિ કહેવાય છે, જ્યારે ત્રણ કે ચારથી

---

१— 'ष्टुञ्' स्तुतौ।

२— उच्चैर्घुष्टं वर्णनेडा, स्तवः स्तोत्रं स्तुतिर्नुतिः, श्लाघा प्रशंसार्थवादः, (अभि० चि० नाममाला. काण्ड २. १८३-८४)
स्तुतिर्नाम गुणकथनम् (महि० स्तो०)

३— स्तुतिर्द्विधा–प्रणामरूपा, असाधारणगुणोत्कीर्त्तनरूपा च। (आव०)

४— स्तुतिस्तोत्राणि जिनानां तु आप्तानामेव (पंचा०)

५— तत्र स्तुतिरेकश्लोकमाना।

एग दुगे तिसलोका, थुतीसु अन्नेसि जा होइ सत्त।
.................... तेणं तु परं थया होइ॥ (व्य०)

६— समयपरिभाषया स्तुतिचतुष्टये। (पंचा०) चतुर्थस्तुतिः किल अर्वाचीना॥

વધુ[1] (યાવત્ ૧૦૮) શ્લોકની રચનાને સ્તવથી[2] ઓળખાવાય છે.

વળી સ્તુતિ અને સ્તવના ઉચ્ચારણ વખતે શારીરિક મુદ્રા કેવી હોવી જોઈએ? એને માટે પણ ભેદ કરવામાં આવ્યો છે એટલે કે સ્તુતિ[3] ઊભા ઊભા કરવી જોઈએ અને સ્તવ બેઠા બેઠા કરવો જોઈએ.

જૈનસંઘમાં આવી સ્તુતિ માટે વપરાતો 'स्तुति[4]' શબ્દ બંધ પડ્યો છે. હવે તો તે માત્ર લખવાના કે છાપવાના જ વિષય રૂપ બની ગયો છે. અત્યારે તો તેની જગ્યાએ વપરાશમાં સર્વત્ર 'थोय' શબ્દ જ ચાલે છે. થોય એ સ્તુતિવાચક પ્રાકૃત ભાષાના 'थुइ' શબ્દનો જ અપભ્રંશ છે અને એમાં ચાર ચારની સંખ્યાવાળી સ્તુતિઓ હોય તેને 'થોય જોડો' કહે છે. તેનો પ્રાકૃત શબ્દ 'थुइजुयल' છે. અહીંયા સ્તુતિ શબ્દથી ચાર થોય રૂપ સ્તુતિ જ અભિપ્રેત હોવાથી તે સિવાયની વિવિધ[5] સ્તુતિઓ અંગે લખવું અનાવશ્યક છે.

ચોવીશી એટલે ચોવીશ. ચાર અધિક વીશ એટલે ચોવીશ. સંસ્કૃતમાં ચોવીશની સંખ્યા માટે 'चतुर्विंशति' શબ્દ યોજાયો છે. પ્રાકૃતમાં 'चउ-वीस' શબ્દ છે. અને આ પ્રાકૃત શબ્દનો જ અપભ્રંશ થઈને 'ચોવીશ' શબ્દ બન્યો છે, અને ચોવીશ તીર્થંકરોનો એ વાચક છે.

## ૨. ચોવીશીની રચનાનો વિષય શું?

જૈન સાહિત્યમાં 'ચતુર્વિંશતિકા' (–કે ચોવીશી ) એ નામનો કાવ્યનો એક રચના પ્રકાર છે. આમ તો સ્તુતિના અનેક પ્રકારો છે. પણ અહીંયા તો ચાર ચાર શ્લોકની જ સ્તુતિ જે દેવવંદનની ક્રિયામાં બોલાય છે તે જ લેવાની છે. ચાર શ્લોકોવાળી સ્તુતિઓ બહુધા ચોવીશે તીર્થંકરોને ઉદ્દેશીને કરેલી હોય છે. એમ છતાં 'ચારેય સ્તુતિઓમાં તીર્થંકરોનું જ વર્ણન નથી હોતું. આ ચાર સ્તુતિઓ માટે અમુક નિયમન[6] કરવામાં આવ્યું છે. ચારમાં પ્રથમ સ્તુતિશ્લોક

---

૧— કોઈ આચાર્ય એકથી સાત શ્લોકની રચનાને 'स्तव' કહે છે.

૨— સ્તોત્રની વ્યાખ્યા પણ स्तोत्रं पुनर्बहुश्लोकमानम् (पंचा०) ના ઉલ્લેખથી લગભગ સમાન છે.

૩— स्तुतिस्तूद्ध्वांभूय कथनम्। (उत्त०)
ऊद्ध्वांभूय जघन्येन स्तुतिचतुष्टये स्तुतिप्रकथने। (पंचा०)

૪— પ્રાન્તીય ભાષાઓમાં स्तुति ને જુદા જુદા નામથી ઓળખાવાય છે. ઈંગ્લીશમાં hymn (હીમ્ન) કહે છે અને સમૂહને hymnology—(હીમ્નોલોજી) કહે છે.

૫—સ્તુતિઓના અનેક પ્રકારો છે. અનેક વિષયો ઉપર તે લખાઈ છે. એકાક્ષરી રચનાથી માંડીને અનેકાક્ષરીમાં રચાઈ છે. એ માટે વિવિધભાષાઓનો ઉપયોગ થયો છે. અનેક પ્રકારની ચમત્કૃતિઓવાલી, વાચકના મનને આનંદના આકાશમાં ઉડાડનારી, હૃદયને આહ્‌લાદ ઉપજાવનારી, બુદ્ધિને સતેજ કરનારી, ભક્તિપ્રધાનથી માંડીને યાવત્ દાર્શનિકક્ષેત્રને આવરી લેનારી, શતશઃ કૃતિઓ જૈનસંઘ પાસે-હજારો નષ્ટ થવા છતાં આજે પણ વિદ્યમાન છે. એથી કાવ્ય રચનાના ક્ષેત્રે જૈન કવિઓનું સ્થાન ગૌરવભર્યું જળવાઈ રહ્યું છે, અને રહેશે.

૬— अहिगयजिण पढम थुई, वीआ सव्वाण तइअ नाणस्स।
वेयावच्चगराणं, उवओगत्थं चउत्थ थुई॥ (देव० भा०)

એ અધિકૃત[1] તીર્થંકરને (કોઈપણ એકને) લક્ષીને હોય છે, અને બાકીની ત્રણમાં અનુક્રમે, એકથી અધિક તીર્થંકરાદિકની, પછીની તે શ્રુતજ્ઞાનની, અને તે પછીની અધિકૃત તીર્થંકરના વૈયાવૃત્યકર દેવ–દેવી અથવા અભીષ્ટ વિદ્યાદેવી અથવા તો કર્તાને ઈષ્ટ એવા દેવ–દેવીની હોય છે.

## ૩. 'ऐन्द्रस्तुति' એવું નામકરણ કેમ કર્યું અને એનો અર્થ શું?

વાસ્તવિક રીતે જોઈએ તો આ કૃતિનું નામ 'ઐન્દ્રસ્તુતિ' નથી. અન્ય સ્તુતિઓની જેમ આનું પણ સર્વ સામાન્ય 'જિનસ્તુતિ' કે 'અર્હત્‌સ્તુતિ' નામ છે. અને એ વાતની પ્રતીતિ આ સ્તુતિમાં ઉપાધ્યાયે રચેલું મૂલની[2] પ્રશસ્તિ અને ટીકાનું [3]મંગલાચરણ અને અન્તિમ પ્રશસ્તિના શ્લોકો વગેરે કરાવે છે.

એમ છતાં 'ઐન્દ્રસ્તુતિ' એ નામ કેમ પ્રસિદ્ધિમાં આવ્યું? એ સવાલના જવાબમાં એવું સમજાય છે કે, આ સ્તુતિના પ્રથમ શ્લોકના પહેલા વાક્યનું આદ્યપદ[5] ऐन्द्र હોવાથી આ કૃતિને 'ઐન્દ્રસ્તુતિ' એવું નામ આપ્યું છે, અને એથી એ લાભ પણ થયો કે ઉપાધ્યાયજીની સ્તુતિને ઓળખવાનું કામ સરલ બન્યું.

યદ્યપિ ઉપાધ્યાયજીની મોટાભાગની કૃતિઓનાં મંગલાચરણમાં આદ્યપદ ऐन्द्र પદથી વિભૂષિત જ હોય છે. છતાં કૃતિ તરીકે આ એકને જ 'ઐન્દ્ર' શબ્દ જોડીને કેમ પ્રસિદ્ધિ આપવામાં આવી? એવો તર્ક પણ સહેજે થાય.

પણ એનો સ્પષ્ટ જવાબ આપવા માટે કોઈ ચોક્કસ આધાર આપણી પાસે નથી, પણ નીચે મુજબ અનુમાન તારવી શકાય.

એક વાત સુવિદિત છે કે ખુદ ઉપાધ્યાયજી ભગવાન 'ऐँ' એવા સરસ્વતીના મૂલમંત્રબીજની ઉપાસના કરીને, સરસ્વતીનું વરદાન મેળવી ગ્રન્થસર્જનમાં અદ્‌ભુત પ્રતિભા અને [illegible] દાખવી શક્યા. એ ઉપકારનું ઋણ અદા કરવા, તેઓશ્રીએ પોતાના મોટા ભાગના

---

૧. [illegible] જેને ઉદ્દેશીને રચી હોય તે તીર્થંકર

તીર્થંકરો અનેક છે. પણ જ્યારે ઉપાસનાને તીવ્ર બનાવવી હોય ત્યારે કોઈ પણ એકને જ લક્ષ્ય બનાવવા [illegible] તો જ એકાગ્રતા આવે અને સંસ્કાર દૃઢ થાય એટલે તો જિનમંદિરમાં કોઈ પણ એક તીર્થંકર મૂળનાયક તરીકે [illegible] એ કારણે પહેલી સ્તુતિ કોઈપણ એક તીર્થંકરની કરવાનું કારણ સ્વીકાર્યું છે. બીજી સ્તુતિમાં [illegible] તીર્થંકરોની સ્તુતિ હોય છે. તેનું કારણ એ છે કે તીર્થંકરો દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવથી ભિન્ન છે [illegible] સમાન છે. તમામની શક્તિ અને પ્રભાવ સરખા જ હોય છે. કારણ કે ઈશ્વરપદ પ્રાપ્તિ માટેની પ્રક્રિયા સરખી [illegible] ના રૂપમાં પણ સમાનતા જ હોય છે. અને વળી આપણે એક જ પ્રભુના પૂજારી છીએ એમ નહિ, પણ [illegible] ગુણવાળા સઘળાએ તીર્થંકરોના પૂજારી છીએ એવો ભાવ પણ એથી વ્યક્ત થાય છે.

ત્રીજી સ્તુતિ શ્રુતજ્ઞાનની કરવાનું કારણ, શ્રુતજ્ઞાનરૂપ સિદ્ધાન્તો પ્રસ્તુત અરિહંતોએ જ પ્રરૂપેલા છે. વ્યક્તિને માનીએ અને તે જ વ્યક્તિના વિચાર, વાણી, આદેશો કે ઉપદેશોને જો ન માનીએ તો તેનો કોઈ અર્થ ન સરે. અને એ વાત પણ સાવ બેહૂદી જ ગણાય. એટલે કલ્યાણના સાચો રાહ બતાવનારાં શ્રુત--શાસ્ત્રજ્ઞાનની સ્તુતિ કરવામાં આવે છે.

મૂલગ્રન્થો અથવા તેની ટીકાના મંગલાચરણમાં શ્લોકની આદિમાં 'ऐंकार' બીજથી યુક્ત શબ્દપ્રયોગો કરીને પ્રસ્તુત બીજની ચિરસ્થાઈ પ્રતિષ્ઠા કરી અને એના પ્રત્યે તેઓશ્રીને કેવું બહુમાન અને સમાદર હતો તે પણ ધ્વનિત કર્યું.

એ જણાવી દેવું જરૂરી છે કે આ ગ્રન્થની આદિમાં પણ 'ऐन्द्र' શબ્દ જ વાપર્યો છે.

હવે આ વસ્તુથી પરિચિત વ્યક્તિને નામકરણ કરવાનું આવ્યું હશે, ત્યારે તેને એમ થયું હશે કે ઉપાધ્યાયજીની વિશિષ્ટ સાધનાનો ઐતિહાસિક સંકેત જેની પાછળ છે એવા 'ऐंकार' બીજથી સંવલિત નામથી આ ગ્રન્થ જો પાવન થાય તો કેવું સારૂં! બસ આવી કોઈ ભાવનામાંથી આદ્યસ્તુતિનો આદ્ય શબ્દ લઈને, બંને હેતુઓને સમાવિષ્ટ રાખીને, સ્તુતિ આગળ 'ऐन्द्र' શબ્દનું જોડાણ કર્યું હોય તો તે અસંભવિત નથી.

ऐन्द्र શબ્દ ઇન્દ્ર શબ્દ ઉપરથી બન્યો છે. **इन्द्राणां समूहः** ऐन्द्रः, અને તેમને કરેલી સ્તુતિ તે ऐन्द्रस्तुतिः.

## ૪. આ સ્તુતિનો ઉપયોગ ક્યારે થાય છે?

આ સ્તુતિનો પ્રધાન ઉપયોગ તો જૈન આચારના ક્ષેત્રમાં દેવસમક્ષ કરવામાં આવતી देववन्दन નામની ક્રિયા વખતે, કાયોત્સર્ગનો વિધિ થયા બાદ કરવામાં આવે છે.

## ૫. શું આવી ચોવીશી પ્રથમ જ રચાઇ છે?

આ ચોવીશી પ્રથમ જ રચાઇ છે એમ નથી. આ ચોવીશીની રચના તો સત્તરમા અને અઢારમા સૈકા વચ્ચે થયેલી છે. પરંતુ તે પહેલાં અનેક સ્તુતિઓ રચાઇ છે. પણ યમકમય પ્રાપ્ય કૃતિઓમાં સહુથી આદ્ય રચના આચાર્યશ્રી બપ્પભટ્ટજીની મલે છે. અને તે પછી શ્રીશોભનમુનીશ્વર અને તે પછી શ્રી મેરુવિજયજીગણિ આદિની મલે છે. સ્તુતિ જોડા સિવાયની ચોવીશ તીર્થંકરોની છુટક સ્તુતિઓ બીજી મલે છે.[1] આ બધી કૃતિઓ મુદ્રિત થઈ ગઈ છે. બપ્પભટ્ટજીની રચનાનો કાળ નવમો સૈકો છે.

## ૬. કાવ્યની દૃષ્ટિએ સ્તુતિનો પ્રકાર શું? અને છંદોના પ્રકાર કયા?

કાવ્યની દૃષ્ટિએ સ્તુતિચોવીશીઓ બે પ્રકારની જોવાય છે. એક યમકમય અને બીજી યમકપદ્ધતિ વિનાની. અહીંયા ઉપર જે સ્તુતિઓ ગણાવી છે તે યમકમય સ્તુતિઓની છે. બાકી યમકપદ્ધતિ વિનાની સ્તુતિઓ તો સેંકડો છે, અને તે ચિત્ર--વિચિત્ર પ્રકારોવાળી અને મનને અત્યન્ત આહ્લાદક લાગે તેવી ચમત્કૃતિઓવાળી છે.

સ્તુતિના છન્દોનું વૈવિધ્ય પણ ઠીક ધ્યાન ખેંચે તેવું છે. ૨૪ સ્તુતિઓમાં કુલ ૧૭ પ્રકારના

---

૧. તે સિવાય ૨૭ થી ૩૯ કાવ્ય પ્રમાણવાળી સ્તુતિઓ તો કવિ ચક્રવર્તી શ્રીપાલ, સોમપ્રભાચાર્ય, ધર્મઘોષસૂરિ, જિનપ્રભસૂરિ, ચારિત્રરત્નગણિ, ધર્મસાગરોપાધ્યાય આદિની ઘણી મળે છે.

છન્દોનો ઉપયોગ થયો છે, અને મોટા ભાગના છન્દો તો શોભન સ્તુતિમાં વપરાયા છે તે જ અપનાવ્યા છે. જુઓ પરિશિષ્ટ નં. ૨

## ૭. ઐન્દ્રસ્તુતિ એ સ્વતંત્રકૃતિ છે કે અનુકરણાત્મક?

ઐન્દ્રસ્તુતિ એ સ્વતંત્ર રીતની મૌલિક રચના છે એવું નથી, પરંતુ તે એક અનુકરણાત્મક કૃતિ છે. અને અનુકરણ કરવા માટે તેમની સામે પ્રધાન જ્ઞાની, ધ્યાની એવા શ્રી શોભન મુનિવરની બનાવેલી સ્તુતિચતુર્વિંશતિકાનો આદર્શ હતો એ નિઃસંદેહ બીના છે. કારણ કે શોભનસ્તુતિ સાથે ઉપાધ્યાયજીની તમામ સ્તુતિઓ માત્ર વિષય કે છંદોનું જ નહિ પણ બીજી રીતે પણ મોટાભાગનું સામ્ય ધરાવે છે. પરન્તુ એકલા સામ્યથી જ કંઈ અનુકરણાત્મક કૃતિ છે એમ ન કહી શકાય. ત્યારે એ માટેનો મજબૂત પુરાવો એ છે કે, ઉપાધ્યાયજીએ પોતાની સ્તુતિમાં શ્રી શોભનમુનિજીનાં વાક્યોનાં વાક્યો અને પદોનાં પદો યત્કિંચિત્ ફેરફાર કરીને જેમનાં તેમ આહરી લીધાં છે. ચોથા ભાગની સ્તુતિઓ તો એવી છે કે જેમાં શોભનસ્તુતિમાં આવતાં કેટલાંક વિશેષણો માત્ર શાબ્દિક વિપર્યાસ સર્જીને મૂક્યાં છે. વળી છન્દ, યમકાલંકારના પ્રકારો અને દરેક સ્તુતિના દેવ-દેવી સુદ્ધાં ([1]એકાદ અપવાદ બાદ કરીને) શ્રી શોભન મુનિવરે જે અને જે રીતે પસંદ કરેલા છે, પ્રાયઃ તે રીતે જ ઉપાધ્યાયજી મહારાજે અપનાવ્યા છે. તેથી શોભન સ્તુતિનાં પદ વાક્યો અને વિશેષણોનાં આહરણથી યમકાલંકારથી સભર સ્તુતિ નિર્માણ થઈ. એનું નિર્માણ કરવામાં તેમને કેવી સુગમતા થઈ તેનો સ્પષ્ટ ખ્યાલ નિમ્ન ઉદાહરણોથી આવી શકશે.

| शोभनस्तुति | ऐन्द्रस्तुति |
|---|---|
| पायाद् वः श्रुतदेवता निदधती तत्राब्जकान्तिक्रमौ | सौभाग्याश्रयतां हिता निदधती पुण्यप्रभाविक्रमौ |
| सुमते सुमते | सुमतिं सुमतिं |
| विभवाः विभवाः | विभवं विभवं |
| गान्धारि वज्रमुसले जयतः | गान्धारि वज्रमुसले जगती |
| जयति शीतलतीर्थकृतः सदा | जयति शीतलतीर्थपतिर्जिने |
| व्यमुचच्चक्रवर्ति लक्ष्मीं० | विगणितचक्रवर्तिविभवं० |
| भीममहाभवाब्धि० | भीमभवोदधे० |
| याऽत्र विचित्रवर्णविनतात्मजपृष्ठमधिष्ठिता | बलिष्ठमधिष्ठता प्रभासुरविनतातनुभव |
| नुदंस्तनुं प्रवितर मल्लिनाथ मे | पृष्ठमनुदित। महोदयं प्रवितनु मल्लिनाथ मे। |
| जलव्यालव्याघ्रज्वलनगजरुग्बन्धनयुधो | गजव्यालव्याघ्रानलसमिद्धन्धनरुजो |
| हस्तालम्बितचूतलुम्बिलतिका यस्या | दद्यान्नित्यमिताप्रलुम्बिलतिकाविभ्राजिहस्ता हितम् |

---

૧. માત્ર શોભનસ્તુતિમાં ૭૯ મા પદ્યમાં કપર્દિયક્ષની સ્તુતિ છે, જ્યારે ઐન્દ્રસ્તુતિમાં સરસ્વતીની છે.

વિશેષણો અને ભાવાર્થનું આહરણ તો આખી સ્તુતિમાં અનેક સ્થળે જોવા મળે છે. વાચકો બંને સ્તુતિઓ સાથે રાખીને અવલોકન કરશે, તો તેનો સ્પષ્ટ ખ્યાલ તેઓને મળી રહેશે. ક્યાંક ફેરફાર એવો કર્યો છે કે શોભનસ્તુતિમાં જે વિષયને ઉદ્દેશીને શબ્દો વાપર્યા હોય, તો ઐન્દ્રસ્તુતિકારે બીજા વિષયને લક્ષીને વાપર્યા હોય.

અહીંયા કોઈને શંકા જરૂર થાય કે પ્રસ્તુત સ્તુતિચોવીશી જો શોભનસ્તુતિચોવીશીના અનુકરણરૂપ જ છે, તો ઉપાધ્યાયજીએ નવું શું કર્યું? અને ઉપાધ્યાયજી જેવા સમર્થ વિદ્વાન અનુકરણશીલ કેમ બન્યા? પહેલા પ્રશ્નનો જવાબ એ છે કે આ ચોવીશી અનુકરણરૂપે ભલે હોય! પણ રખે! કોઈએ એમ તો ન જ માની લેવું કે તેમાં કશી જ નવીનતા નથી. તેઓશ્રીની સ્તુતિ ઉપરની સ્વોપજ્ઞટીકા જોતાં પ્રસ્તુત સ્તુતિમાં કેવી કેવી નવીનતા તેમજ ગાંભીર્ય છે તેનો સ્પષ્ટ ખ્યાલ તદ્‌વિદોને મળે છે. એમાં કેટલાએ મહત્વના પ્રશ્નોનાં સમાધાનો કર્યાં છે. આ નવીનતા અને ગંભીરતા ક્યાં ક્યાં છે? તેનો જલદી ખ્યાલ મળી શકે તે માટે, તેવી પંક્તિઓને સ્થૂલાક્ષર (બ્લેક ટાઈપ)માં છપાવી છે.

બીજા પ્રશ્નનો જવાબ ટૂંકાણમાં એટલો જ આપી શકાય કે, એક તો સામાની કૃતિનું ગૌરવ વધારવું, અને પ્રસ્તુત કૃતિમાં કેટલીક વિશેષતાઓને દાખલ કરી સ્વકૃતિને પણ ગૌરવાન્વિત કરવી.

વાચકો જાણી લે કે આવું અનુકરણ કંઈ એક ઉપાધ્યાયજીએ જ કર્યું છે એવું જ નથી. ભારતીય ભૂમિના અનેક વિદ્વાનોએ (મૌલિક સર્જન સાથે) અનુકરણાત્મક સર્જન કર્યું જ છે. છતાં એ સર્જકો, જો સમર્થ વિદ્વાન હોય, તો તેમાં તેઓ કંઈ ને કંઈ નાવીન્ય લાવીને, તેની આવશ્યકતાની મહોરછાપ મારે છે.

## ૮. આ કૃતિમાં શું શું વિશેષતાઓ છે?

સાતમા નંબરના લખાણમાં 'વિશેષતાઓ છે' એ વાત જણાવી છે, અને મોટા ભાગની વિશેષતાઓ સ્થૂલાક્ષર (બ્લેક ટાઈપ) માં મુદ્રિત કરી છે. કોઈ કોઈ ભાષા--અર્થગત વિશેષતાઓ પણ છે. જેમકે '**जयति**' ક્રિયાપદનો અર્થ નમસ્કાર અને **एव**નો અર્થ સંપૂર્ણ કર્યો છે. વળી નવ્ય ન્યાયની શૈલી દ્વારા કેટલાક પ્રશ્નોને સ્વયં ઉઠાવીને સમાધાનો કર્યાં છે. કેટલાક ગૂઢ ભાવોનું ઉદ્‌ઘાટન પણ કર્યું છે. એમાંની થોડીક વાનગી આપણે જોઈએ :–

**—એક**[1] **કાર્ય કરવાથી તેનું ફલ જો જલદી મળે તો તે કાર્ય ફરી ફરીને કરવાનું મન થાય છે.**

**ઉપાધ્યાયજીએ એક વાત સુંદર સમજાવી છે કે–**

**—'સમ્યગ્**[2] **જ્ઞાન–વિચારની પ્રાપ્તિ કરવી હોય તો તમો મિથ્યા–અસત્ દૃષ્ટિવાળી**

---

૧. સ્તુતિ ૧ શ્લોક ૨

૨. સ્તુતિ ૧/૩

વ્યક્તિઓનો સંગ ન કરજો,'—સાથે સાથે તેઓશ્રીએ પણ જણાવ્યું છે કે—આ વાત હું નથી કહેતો પણ પરમઉપકારી મહર્ષિઓ કહે છે.

—કેટલાકના મનમાં એવો પ્રશ્ન ઉઠે કે મારા પોતાના કર્મની હાનિ--વૃદ્ધિમાં મારો પોતાનો જ પુરુષાર્થ કારગત નીવડે, નહિ કે બીજાનો. જો એમ જ છે તો પછી સ્વર્ગના દેવતાઓનું સ્તુતિ–સ્મરણ કરવાની જરૂર શી?

બીજાઓના મનમાં ઉઠતા પ્રશ્નને ખુદ ઉપાધ્યાયજીએ જ વાચા આપીને સમાધાન કર્યું કે—

"[1]વસ્તુતઃ અજ્ઞાનતાના વિનાશમાં જ્ઞાનાવરણીયાદિ કર્મનો ક્ષય–ક્ષયોપશમ કારણ છે. એમ છતાં સ્વર્ગનાં દેવોની કૃપા પણ ક્ષયોપશમમાં કારણ બની શકે છે. ક્ષયોપશમભાવની પ્રાપ્તિમાં દ્રવ્યાદિક પાંચેયને કારણ તરીકે જણાવ્યા છે, એમાં દેવતાપ્રસાદ ભાવકારણમાં અન્તર્ગત ગણ્યો છે.'

વળી કોઈને એવી શંકા થાય કે, જ્ઞાન[2] ભણવાથી કંઈ સુખ થોડું મળવાનું છે?

ઉપાધ્યાયજી કહે છે કે, હા ભાઈ હા! જરૂર મળે છે. કારણ કે જેને વિશ્વના પદાર્થોને તાત્ત્વિક દૃષ્ટિએ જાણ્યા છે, તે આત્મા હંમેશા શુભ પ્રવૃત્તિ કરતો હોય છે, અને શુભમાંથી સુખનો જ જન્મ થાય છે, દુઃખનો નહિ જ.

કેટલાંક સ્વાનુભવ સ્પર્શિત મહત્વના વિધાનો કરતાં જણાવે છે કે—

—અહિંસકવિધિના[3] જ્ઞાતાઓમાં સૈદ્ધાન્તિક જ્ઞાનનો ઉત્કર્ષ જોવા મળે છે.

—અવિનયથી[4] કરેલું પૂજન પરમાર્થથી અપૂજન જ છે.

—માનસિક[5] વેદનાઓથી પીડાતા જીવોને શ્રુતજ્ઞાન ઉપકારી થતું નથી.

વળી એક સ્થળે ઉપાધ્યાયજી એમ પણ કહે છે કે—

—જૈન[6] સિદ્ધાન્ત એ તો મહાનિધાન કલ્પ છે, અને એનું ગ્રહણ યોગ્યાધિકારી જ કરી શકે, અનધિકારીના હાથમાં જાય તો તેથી ગેરલાભ થાય, એમ કહીને સિદ્ધાન્ત વાંચન માટે યોગોદ્વહન કરીને અધિકારી બનવાનો નિર્દેશ કર્યો છે.

—સાંસારિક[7] સુખની લિપ્સાથી થતું પૂજન એ પરમાર્થથી અપૂજન જ છે.

—સાધુઓએ પોતાની તમામ પ્રવૃત્તિ, ગુરુની આજ્ઞા લઈને જ કરવી જોઈએ.

—'ઐં'[8] એ સરસ્વતીદેવીનો બીજમંત્ર છે.

—સરસ્વતીની[10] સાધના દ્વારા વરદાન પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ કર્યો છે.

---

૧. સ્તુતિ ૧/૪ ૨. સ્તુતિ ૩-૨ ૩. સ્તુતિ ૫ શ્લોક ૩
૪. સ્તુતિ ૬ શ્લોક ૩ ૫. સ્તુતિ ૭ શ્લોક ૩ ૬. સ્તુતિ ૨૦ શ્લોક ૩
૭. સ્તુતિ ૨૧ શ્લોક ૨ ૮. સ્તુતિ ૨૨ શ્લોક ૩ ૯. સ્તુતિ ૨૪ શ્લોક ૪
૧૦. સ્તુતિ ૨૪ શ્લોક ૪ ★. પૃષ્ઠ. ૪૫.

પ્રશસ્તિમાં[1] કાશી ભણવા ગયાની વાતનો ઉલ્લેખ કર્યો છે. આવી આવી વિવિધ વિશેષતાઓ પ્રસંગ પ્રસંગે દર્શાવી છે.

## ૯. અંતિમ શ્લોકમાં આવતાં દેવ–દેવી અંગે—

વિશિષ્ટ પ્રકારની અદ્‌ભુત શક્તિ અને બળને ધારણ કરનારા હોય તેને દેવો તથા દેવીઓ કહેવામાં આવે છે. આનામાં જેઓ સમ્યગ્‌દૃષ્ટિ ધરાવનારા હોય તે તીર્થંકર દેવોના ભક્ત તરીકે પોતાને ગણે છે, અને તેમની સેવામાં તત્પર રહે છે, અને પોતાનું કલ્યાણ કરે છે. તીર્થંકરના તે તે ભક્ત દેવ–દેવીઓ પોતાના ઇષ્ટ એવા તીર્થંકરના ઉપાસક ભક્તોને સુખદુઃખમાં સહાયક પણ બને છે.

એમાં ૨૪ તીર્થંકરની વૈયાવચ્ચ કરનારા જે દેવ--દેવીઓ છે, તેઓને યક્ષ–યક્ષિણીના નામથી ઓળખાવાય છે. અને આ જાતિ પાતાલલોકવર્તી દેવોની છે. દરેક તીર્થંકરના યક્ષ[2]–યક્ષિણી નિયત થયેલા છે. જૈન ગ્રન્થોમાં એની સ્પષ્ટ નોંધ લેવામાં આવી છે. અને એનું રચનાત્મક દર્શન જૈન મંદિરોમાં તથા જૈન મૂર્તિઓના પરિકરોમાં જોવા મલે છે. કારણ કે એમાં યક્ષ–યક્ષિણી મૂકવાની પ્રથા સેંકડો વરસથી ચાલી આવી છે. પણ એક વાત બીજી ખાસ જાણવા જેવી એ છે કે 'જે નામના તીર્થંકર હોય તે નામ સાથે નિશ્ચિત થયેલા જ યક્ષ–યક્ષિણી પધરાવવા જોઈએ' એવો નિયમ આજે જે રીતે રૂઢ થયેલો છે તેવો પ્રાચીનકાળમાં ન હતો. એમ પ્રાચીન મૂર્તિશિલ્પો જોતાં સ્પષ્ટ જણાયું છે. એટલે કે વર્તમાન ચોવીશીના તીર્થંકર ગમે તે હોય પણ દેવી તરીકે તો પ્રધાન સ્થાન (પ્રાયઃ) અંબિકાને મલ્યું છે. આથી એમ લાગે છે કે પ્રાચીનકાળમાં જૈનસંઘની રક્ષિકા તરીકે જૈનસંઘે અંબાજીને[3] જ સર્વોચ્ચ સ્થાને સ્થાપિત કરી હોવી જોઈએ. અને તેથી પ્રસ્તુત પ્રથાનો સમાદર થયેલો હોવો જોઈએ, અને યક્ષ તરીકે ગજવાહનવાળો (–પણ હજી સુધી ચોક્કસ રીતે નહીં ઓળખાએલો ) દેવ–કંડારવામાં આવતો હતો. વિદ્યમાન સંખ્યાબન્ધ પાષાણ–ધાતુશિલ્પો એનાં સાક્ષી છે. જેને કેટલાક વિદ્વાનો સર્વાનુભૂતિ તરીકે કલ્પે છે.

આ વાત તો થઈ જાણે શિલ્પ રચનાનાં ધોરણની, પણ કાવ્યરચનાનું ધોરણ શું હતું? તે જોઈએ.

કાવ્ય રચનાઓમાં એકંદરે જોઈએ તો એમાં એકસરખું ધોરણ જળવાયું નથી. એમાં 'સ્તુતિચોવીશી'ને અનુલક્ષીને જો વિચારીએ તો અઢારમા સૈકા સુધીમાં વર્તમાનનું મુકરર થયેલું

---

૧. પૃષ્ઠ ૧૭, પં. ૨૩.

૨. અભિધાન ચિન્તામણિ કોષમાં ૨૪ યક્ષિણીઓનાં નામો નીચે મુજબ જણાવ્યાં છે.

चक्रेश्वर्यजितबला, दुरितारिश्च कालिका। महाकाली श्यामा शान्ता, भृकुटिश्च सुतारका ॥४४॥
अशोका मानवी चण्डा, विदिता चाङ्कुशा तथा। कन्दर्पा निर्वाणी बला, धारिणी धरणप्रिया ॥४५॥
नरदत्ताऽथ गान्धार्यम्बिका पद्मावती तथा। सिद्धायिका चेति जैन्यः, क्रमाच्छासनदेवताः ॥४६॥ (हैमकोष का०)

૩. અજૈનોમાં અંબામાતા વધુ તો 'માતાજી'ના નામથી હજારો સ્થળે લાખો લોકો પૂજે છે અને નવરાત્રમાં ગુજરાત અને બંગાલમાં મોટા ઉત્સવો ઉજવાય છે. તે અમ્બિકા આ જ ગણવી ખરી?

ધોરણ જળવાયું નથી. ઉલટું અમુક તીર્થંકરોની સ્તુતિમાં વિદ્યાદેવીઓને સ્થાન આપીને, તેમજ એક જ નામવાળી દેવીની પુનઃ સ્તુતિ કરીને આપણને વિચારના વમળમાં નાંખીને સવાલ ઊભો કરે છે કે આવું અનિયંત્રિત કે અનિશ્ચિત ધોરણ સ્વીકારવા પાછળ સ્તુતિકારોનો હેતુ શું હશે? અસ્તુ!

બીજી વાત એ સમજવા જેવી છે કે તીર્થંકરના ભક્તો દેવો પણ છે. છતાં શોભનસ્તુતિ અને આમાં પણ માત્ર દેવીઓને જ પસંદ કરવામાં આવી છે. શું દેવીઓ શીઘ્ર ફલપ્રદા ગણાય છે તેથી આ ધોરણ સ્વીકાર્યું હશે?

હવે આપણી પ્રસ્તુત સ્તુતિમાં શું ધોરણ છે તે જોઈએ.

પ્રસ્તુત ઐન્દ્રસ્તુતિમાં પણ ઉપાધ્યાયજીએ શોભનસ્તુતિને જ આદર્શ તરીકે રાખી છે, એટલે (એકાદ અપવાદને છોડીને ) તેમના જ ધોરણને અનુસર્યા છે. આ માટે જુઓ પરિશિષ્ટ નં. ૧.

દેવ-દેવીના હાથ ચાર[1] છે કે બે, તે ઉપરાંત તેમનાં વાહનો, આયુધો વગેરે માટે જૈન ગ્રન્થોમાં અને જૈનેતરનાં[2] શિલ્પશાસ્ત્રોમાં વિવિધ વિકલ્પો જોવા મળે છે. આ અંગે જુઓ પરિશિષ્ટ ક્રમાંક એક પછીનું લખાણ.

પ્રાચીન કાળમાં દેવીને બે હાથ કરાતા કે ચાર? કે બંને ધોરણ હતા? આ સવાલ ઉઠાવી શકાય. આનો જવાબ નિશ્ચિત રીતે આપી શકાય તેમ નથી. કારણ કે બંને પ્રકારના ધોરણો શિલ્પોમાં નજરે ચઢ્યાં છે. આ ઐન્દ્રસ્તુતિમાં પણ બે હાથ અને ચાર હાથનું વિધાન છે. આવા વિકલ્પોને કારણે દેવીની તત્કાલ નવી આકૃતિઓ બનાવી તે છાપવાનું માંડી વાળ્યું. અને માત્ર જૈન દેવ-દેવીનાં સ્વરૂપો કેવાં હોય છે એની આછી રૂપરેખા ખ્યાલમાં આવે તે પૂરતાં જ નિર્વાણકલિકા નામના જૈન વિધિગ્રન્થના આધારે, જયપુરના વિદ્વાન પંડિત શ્રી ભગવાનદાસ જૈને

---

૧. આ સ્તુતિમાં ક્યાંક બે હાથ, ક્યાંક ચાર હાથનો ઉલ્લેખ કર્યો છે. કયા હાથમાં કયું આયુધ કે વસ્તુ હોય છે? તેની સ્પષ્ટતા નથી કરી. જેના બે, ચાર કે છ હાથ હોય ત્યાં અન્ય ગ્રન્થકારો ડાબા હાથની અમુક ચાર વસ્તુઓ અને જમણા હાથની અમુક ચાર વસ્તુઓ તે નીચેના હાથથી ઉપર ઉપરના હાથમાં સમજવી? કે ઉપરના હાથથી નીચે નીચેના હાથમાં સમજવી? અથવા પ્રદક્ષિણા ક્રમે સમજવી? તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરતા નથી, યદ્યપિ એક ઠેકાણે 'दक्षिणाधः करक्रमात्' એવો ઉલ્લેખ કરેલો મળે છે.

હવે પૂજિત શિલ્પોમાં કે ચીતરેલા અથવા છાપેલાં યક્ષ–યક્ષિણીના ચિત્રોમાં બંને ધોરણો જોવા મલ્યાં છે. સાતમી સદીના શિલ્પોમાં પણ બંને ધોરણો મળે છે.

આયુધો અને વાહનાદિ સ્વરૂપની બાબતમાં નિર્વાણકલિકા, આચારદિનકર, સ્તુતિચતુર્વિંશતિકાઓ, મંત્રાધિરાજ આદિ સ્તોત્રો, પ્રવચનસારોદ્ધાર, ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર વગેરે જૈનગ્રન્થો, રૂપમંડન, દેવતામૂર્તિપ્રકરણ અપરાજિતપૃચ્છા, દીપાર્ણવ આદિ અજૈનગ્રન્થોમાં વિપર્યાસ અને વિકલ્પો નોંધાયા છે.

ઘણીવાર હાથ બે હોવાનું કહે, જ્યારે આયુધાદિ તરીકે એકનો જ ઉલ્લેખ હોય ત્યારે બીજા હાથમાં શું નક્કી કરવું તે સંશયમાં રહે!

પ્રાચીન સ્તુતિકારકોમાં પ્રાયઃ એ જ ધોરણ જોવા મલ્યું છે. અને महाजनो येन गतः स पन्थाः ની ઉક્તિને અનુસરીને ઉપાધ્યાયજીએ પણ એ જ માર્ગ સ્વીકાર્યો છે.

૨. અજૈન શિલ્પગ્રન્થોમાં તો વળી યક્ષ–યક્ષિણીઓનાં નામ આયુધાદિ અંગે કેટલાંક વિચિત્ર અશ્રુતપૂર્વ વિધાનો કરવામાં આવ્યા છે.

કરાવેલાં ચિત્રો અહીંયા પ્રગટ કર્યાં છે, પણ તે 'ઐન્દ્રસ્તુતિને'[1] સર્વથા અનુસરતાં નથી, તે વાચકો ખ્યાલમાં રાખે.

## ૧૦. આ સ્તુતિ ઉપર અન્ય ટીકા અવચૂરિ આદિ છે?

ઐન્દ્રસ્તુતિ ઉપર કર્તાની ટીકા ઉપરાંત અન્ય ટીકા કોઈ થઈ હોય તેવું જાણવામાં નથી. 'અવચૂરિ' બે મળે છે. એક અજ્ઞાતકર્તૃક છે, અને તે કંઈક અપૂર્ણ મળી છે. આ અવચૂરિ મુખ્યત્વે સ્વોપજ્ઞ ટીકાનું જ અનુસરણ કરે છે. ક્યાંક ક્યાંક વિશિષ્ટ અર્થ નિર્દેશ કરે છે. ક્યાંક પદભંગ જુદી રીતે કરીને વિશિષ્ટ અર્થ ઉપજાવે છે. આ અવચૂરિ આ પુસ્તકમાં જ પ્રકાશિત કરવામાં આવી છે.

બીજી અવચૂરિ વીશમી સદીમાં જન્મેલા આગમોદ્ધારક પૂ. આચાર્ય શ્રીમદ્ આનંદસાગર સૂરિજીની છે અને તે પણ પ્રકાશિત થઈ ચૂકી છે. એ સિવાય કોઈ ટીકા જાણવામાં નથી.

## ૧૧. સ્તુતિ કોની કરાય?

દેવોમાં સ્તુતિ અરિહંતોની કરાય. આ અરિહંતોને તીર્થંકર શબ્દથી પણ ઓળખાવાય છે. અરિહંતો સર્વજ્ઞ હોય છે, સર્વદર્શી હોય છે. સર્વોત્તમ ચારિત્રવાન્ અને સર્વોચ્ચ શક્તિમાન હોય છે. બીજા શબ્દોમાં કહીએ તો ત્રિકાલજ્ઞાની, એટલે કે દુનિયાના તમામ પદાર્થોને આત્મજ્ઞાનથી જાણવાવાળા, વળી તમામ પદાર્થોને આત્મપ્રત્યક્ષ જોઈ શકનારા, તેમજ રાગદ્વેષથી રહિત હોવાથી સંપૂર્ણ વીતરાગ બનેલા અને વિશ્વની તમામ તાકાતોથી અનંતગુણ તાકાતવાળા હોય છે. અને નમસ્કારસૂત્ર અથવા નવકારમંત્રમાં પહેલો નમસ્કાર પણ એમને જ કરવામાં આવ્યો છે.

અરિહંત અવસ્થામાં વર્તતી વ્યક્તિઓ સંસારનું સંચાલન કરનારાં ઘાતી--અઘાતી પ્રકારના મુખ્ય આઠ કર્મ પૈકીનાં ચાર ઘાતિકર્મોનો ક્ષય કરનારી હોય છે. એ કર્મો ક્ષય થતાં, અઢાર પ્રકારના દોષો કે જે દોષોની ચુંગાલમાં સમગ્ર જગત સપડાઈ મહાત્રાસ ભોગવી રહ્યું છે, એ દોષોનો સર્વથા ધ્વંસ થતાં સર્વોચ્ચ ગુણ-સંપન્નતાના સ્વામી બને છે. અને [illegible] પ્રાણીઓને અહિંસા, સત્ય, અચૌર્ય, અમૈથુન અને અપરિગ્રહ ઉપરાંત [illegible] છે. અને એ દ્વારા જગતને મંગલ અને કલ્યાણનો માર્ગ પ્રબોધે છે. આવી વ્યક્તિઓને અરિહંત કહેવાય છે,

હવે આ અરિહંતો પૃથ્વી ઉપર વિચરતા હોય ત્યાં સુધી તેઓ અરિહંતો તરીકે [illegible] ઓળખાય છે પણ સિદ્ધાત્મા તરીકે કહેવાતા નથી. કારણ કે આ અવસ્થામાં [illegible] અઘાતી કર્મોનો ઉદય પ્રવર્તતો હોવાથી અલ્પાંશે પણ કર્માદાનપણું બેઠું છે. હવે એ જ આત્મા અવશિષ્ટ ચાર અઘાતીકર્મોનો ક્ષય કરે ત્યારે અંતિમ દેહનો ત્યાગ થાય અને આત્માને સંસારમાં જકડી રાખવામાં કારણભૂત અઘાતીકર્મોના અભાવે સંસારનાં પરિભ્રમણનો અન્ત થાય, અસિદ્ધ

---

૧. આગમોદયસમિતિ તરફથી મુદ્રિત શોભનસ્તુતિ સચિત્રમાં જે ચિત્રો અપાયાં છે, તે પણ શોભનસ્તુતિને અનુસરતાં નથી. એ પણ નિર્વાણકલિકાના આધારે જ અપાયાં છે.

પર્યાયનો અન્ત આવે, સિદ્ધપર્યાયની ઉત્પત્તિ થતાં આત્મા સિદ્ધાત્મા રૂપે અહીંથી અસંખ્ય કોટાનુકોટી યોજન દૂર, લોક-સંસારને છેડે રહેલી સિદ્ધશિલાના ઉપરિતન ભાગે ઉત્પન્ન થઈ જાય છે. અને તેને સિદ્ધાત્મા ઉપરાંત મુક્તાત્મા, નિરંજન, નિરાકાર, વગેરે વિશેષણોને યોગ્ય બને છે. શાસ્ત્રોમાં શિવપ્રાપ્તિ બ્રહ્મપ્રાપ્તિ નિર્વાણપ્રાપ્તિ, મોક્ષપ્રાપ્તિ વગેરે શબ્દોના જે ઉલ્લેખો આવે છે; તે શબ્દો બધા પર્યાયવાચક છે. સિદ્ધાત્મા થયો એટલે હવે ફરી તેને પુનર્જન્મ કરવાપણું રહેતું નથી અર્થાત્ અજન્મા બની ગયો. જન્મ નથી એટલે જરા–મરણ નથી. એ નથી એટલે એને લગતો સંસાર નથી. સંસાર નથી એટલે આધિ–મનની પીડા, વ્યાધિ–શરીર પીડા, ઉપાધિ–બંનેની લગતી કે અન્ય વેદનાઓ, અશાંતિ, દુઃખ, અસંતોષ, હર્ષ–શોક–ખેદ–ગ્લાનિ વગેરેનો લેશમાત્ર સંચાર નથી. નમસ્કાર સૂત્ર (–મંત્ર)ના બીજા પદમાં આ જ સિદ્ધોને નમસ્કાર કરેલો છે. અને તેઓ બીજા પરમેષ્ઠી તરીકેના સ્થાનને પામેલા છે.

અલબત્ત સ્તુતિને પાત્ર તો પાંચેય પરમેષ્ઠિઓ છે. એમાં પણ અરિહંતો અને સિદ્ધો વિશેષ સ્તુતિપાત્ર છે. કારણકે ધર્મમાર્ગના આદ્ય પ્રકાશક અરિહંતો જ હોય છે. જગતને સુખ શાંતિ અને કલ્યાણનો માર્ગ બતાવનારા પણ એ જ છે. પ્રજાને સીધા ઉપકારક પણ એહી જ છે, એટલે સહુ કોઈ અરિહંતોની કે અરિહંતાવસ્થાની સ્તુતિઓ રચે તે સુયોગ્ય અને સ્વાભાવિક છે.

એક માનવી સામાન્ય સ્થિતિમાંથી અરિહંત જેવા પરમાત્માની સ્થિતિએ કેવી રીતે પહોંચતો હશે? એવી જિજ્ઞાસા સહેજે થાય. આ માટે શાસ્ત્રોક્ત કથનના આધારે તેમના જીવન વિકાસને અતિ ટૂંકમાં સમજી લઈએ.

અખિલવિશ્વના પ્રાણીમાત્રમાંથી કેટલાક આત્માઓ એવા વિશિષ્ટકોટિના હોય છે કે, તેઓ પરમાત્મા સ્થિતિએ પહોંચવા માટેની યોગ્યતા ધરાવતા હોય છે. એવા આત્માઓ જડ કે ચેતનનું કંઈને કંઈ નિમિત્ત મળતાં પોતાનો આત્મવિકાસ સાધતા જાય છે. અન્ય જન્મો કરતાં માનવજન્મોમાં તે વિકાસની ગતિ ખૂબ જ ઝડપી હોય છે. તે વખતે એ આત્માઓમાં મૈત્ર્યાદિ ભાવનાઓનો ઉદ્‌ગમ થાય છે. અને ઉત્તરોત્તર એ ભાવનામાં પ્રચણ્ડ વેગ આવે છે. અને એક જન્મમાં એમની મૈત્રીભાવના પરાકાષ્ઠાએ પહોંચે છે; ત્યારે તેમના આત્માને સાગર કરતાં વિશાળ મૈત્રીભાવ જન્મે છે. "[1]आत्मवत् सर्वभूतेषु सुखदुःखे प्रियाऽप्रिये'ની જેમ વિશ્વના સમગ્ર આત્માઓને આત્મતુલ્ય સમજે છે. એઓના સુખદુઃખને પોતાનાં જ કરીને માને છે. તેઓને એમ થાય છે કે "જન્મમરણાદિકના અનેક દુઃખોથી ખદબદી રહેલાં દુઃખી અને અશરણ બનેલાં આ જગતને, હું ભોગવવાં પડતાં દુઃખોથી મુક્ત કરી સુખના માર્ગે પહોંચાડું! એવું શક્તિબળ હું ક્યારે મેળવી શકીશ"? આવો આંતરસૃષ્ટિ ઉપર નાયગરાના ધોધથી અનેક ગુણો જોરદાર અને વાયુથી પણ વધુ વેગીલો વહી રહેલો ભાવનાનો મહાસ્રોત પરમાત્મદશા પ્રાપ્ત કરી શકાય તેવી સ્થિતિ નિર્માણ કરે છે. આ સ્થિતિ નિર્માણ કરનારો જન્મ એ પરમાત્મા

૧. आत्मवत् सर्वभूतेषु यः पश्यति स पश्यति છાંદોગ્ય ઉપનિષત્‌નું આ વાક્ય અપેક્ષા ન સમજે તો અનર્થકારક બની જાય, તેમ લાગવાથી શ્રી હેમચંદ્રાચાર્યજીએ ઉત્તરવાક્ય સુધારીને सुखदुःखे० પદ મુકીને નિઃસંદેહ બનાવી દીધું છે.

થવાના ભવ પહેલાંનો ત્રીજો ભવ હોય છે. અને પછી ત્રીજા જ ભવે, પૂર્વના ભવોમાં, અહિંસા, સત્ય, ક્ષમા, ત્યાગ, તપ, સેવા, દેવ–ગુરુભક્તિ, કરૂણા, દયા, સરળતા વગેરે ગુણો દ્વારા જે સાધના કરી હતી, એ સાધનાનાં ફળ તરીકે પરમાત્મારૂપે અવતાર લે છે. આ જન્મ તેમનો ચરમ એટલે અન્તિમ જન્મ હોય છે. તેઓ જન્મતાંની સાથે જ અમુક કક્ષાનું (મતિ, શ્રુત, અવધિ) વિશિષ્ટ જ્ઞાન લઈને આવે છે. જે દ્વારા મર્યાદિત પ્રમાણની ભૂત, ભવિષ્ય અને વર્તમાનની ઘટનાઓને પ્રત્યક્ષ જોઈ–જાણી શકે છે. જન્મતાંની સાથે જ દેવ–દેવેન્દ્રોથી પૂજનીય બને છે. ત્યાર પછી ધીમે ધીમે મોટા થાય છે. ગૃહસ્થ ધર્મમાં હોવા છતાં તેમની આધ્યાત્મિક સાધના ચાલુ હોય છે. પોતાને પ્રાપ્ત જ્ઞાનથી પોતાનું ભોગાવલી કર્મ અવશેષ છે, એવું જાણે તો તે કર્મને ભોગવી ક્ષય કરવા માટે લગ્નનો સ્વીકાર કરે છે અને જેમને એવી જરૂરિયાત ન હોય તેઓ તેનો અસ્વીકાર કરી આજન્મ બ્રહ્મચારી જ બને છે. ત્યાર પછી ચારિત્ર, દીક્ષા કે સંયમની આડે આવતાં ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થતાં, અશરણ જગતને શરણ આપવા, અનાથ જગતના નાથ બનવા, વિશ્વનું યોગ-ક્ષેમ કરવાની શક્તિ મેળવવા, યથાયોગ્ય સમયે સાવદ્ય (પાપ) યોગના પ્રત્યાખ્યાન અને નિરવદ્યયોગના આસેવન સ્વરૂપ ચારિત્રને ગ્રહણ કરે છે. પછી પરમાત્મા વિચારે છે કે જન્મ, જરા, મરણથી પીડાતાં અને તત્પ્રાયોગ્ય અન્ય અનેક દુઃખોથી સંતપ્ત બનેલાં જગતને સાચો સુખ, શાંતિનો માર્ગ બતાવવો હોય તો પ્રથમ સ્વયં એ માર્ગને યથાર્થ રીતે જાણવો જોઈએ. એ માટે અપૂર્ણ નહીં પણ સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવું જોઈએ. જેને શાસ્ત્રીય શબ્દોમાં કેવલજ્ઞાન કે સર્વજ્ઞપણું કહેવાય છે. અને આવું જ્ઞાન, અજ્ઞાન અને મોહનો સર્વથા ક્ષય વિના પ્રગટ થતું નથી, એટલે ભગવાન એનો ક્ષય કરવા માટે અહિંસા, સંયમ અને તપની સાધનામાં પ્રચણ્ડપણે ઝુકાવી દે છે. ઉત્કૃષ્ટ કોટિના અતિ નિર્મળ સંયમની આરાધના, વિપુલ અને અતિ ઉગ્રકોટિની તપશ્ચર્યાને કાર્યસિદ્ધિનું માધ્યમ બનાવીને ગામડે ગામડે, જંગલે જંગલે, નગરે નગરે, (પ્રાયઃ મૌનપણે) વિચરે છે. એ દરમિયાન તેમનું મનોમંથન ચાલુ હોય છે. વિશિષ્ટ ચિન્તન અને ઉંડા આત્મસંશોધનપૂર્વક ક્ષમા, સમતા, આદિ શસ્ત્રો સજીને મોહનીય આદિ કર્મરાજા સાથે મહાયુદ્ધમાં ઉતરે છે અને પૂર્વસંચિત અનેક સંકિલષ્ટ કર્મોનાં ભુક્કા ઉડાવતા જાય છે. આ સાધના દરમિયાન ગમે તેવા ઉપસર્ગો, આપત્તિઓ, સંકટો, મુસીબતો આવે તો તેનું સહર્ષ સ્વાગત કરે છે. તે તેને સમભાવે વેદે છે. તેથી આત્માનો મૌલિક પ્રકાશ વધતો જાય છે. છેવટે વીતરાગદશાની પરકાષ્ઠાએ પહોંચતા આત્માનો નિર્મળ સ્વભાવ પ્રગટ થઈ જાય છે. આત્માના અસંખ્ય પ્રદેશો ઉપર આચ્છાદિત રહેલાં કર્મનાં આવરણો ખસી જતાં કેવલજ્ઞાન અને કેવલદર્શનનો સંપૂર્ણ જ્ઞાનપ્રકાશ પ્રગટ થઈ જાય છે, અર્થાત્ ત્રિકાલજ્ઞાનાદિકની પ્રાપ્તિ થાય છે. પ્રચલિત શબ્દમાં 'સર્વજ્ઞ' બન્યા એમ કહેવાય છે.

એ જ્ઞાન પ્રગટ થતાં વિશ્વના તમામ દ્રવ્યો--પદાર્થો અને તેના ત્રૈકાલિક ભાવોને સંપૂર્ણપણે જાણવાવાળા અને જોવાવાળા બને છે અને ત્યારે પરાકાષ્ઠાનું આત્મબળ પ્રગટ થાય છે. જેને શાસ્ત્રીય શબ્દોમાં અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર અને અનંતવીર્ય–બળ (શક્તિ) તરીકે ઓળખાવાય છે.

આ પ્રમાણે જેઓ સર્વજ્ઞ, સર્વદર્શી, સર્વચારિત્રી અને સર્વશક્તિમાન હોય તેઓ જ સ્તુતિને યોગ્ય હોય છે.

સર્વજ્ઞ થયા એટલે તેઓશ્રી પ્રાણીઓ માટે સારૂં શું ને નરસું શું? ધર્મ શું અને અધર્મ શું? હેય શું અને ઉપાદેય શું? કર્તવ્ય શું અને અકર્તવ્ય શું? સુખ શાથી મળે અને દુઃખ શાથી મળે? આત્મા છે કે નહિ! છે તો કેવો છે? તેનું સ્વરૂપ શું છે? કર્મ શું છે? કર્મનું સ્વરૂપ શું છે? આ ચેતનસ્વરૂપ આત્મા સાથે જડરૂપ કર્મનો શો સંબંધ છે? સદાકાળ જીવને એકધારો સુખનો જ પૂર્ણપણે અનુભવ થાય, એવું સ્થાન છે ખરૂં? એ છે તો તે કઈ રીતે મળે? ઇત્યાદિ અનેક બાબતોને જાણે છે. આજના વૈજ્ઞાનિકોને તો પ્રાણીઓ કે દુન્યવી એક એક પદાર્થોનું રહસ્ય જાણવા માટે અનેક અખતરા-પ્રયોગો કરવા પડે છે, પણ આ આત્માઓ તો વગર અખતરા કે પ્રયોગે, એક કેવળજ્ઞાનના પ્રત્યક્ષ બળથી વિશ્વના તમામ સચેતન પ્રાણીઓ-પદાર્થો અને અચેતન દ્રવ્યો-પદાર્થોના આમૂલચૂલ રહસ્યોને જાણી શકે છે. તેઓની ત્રૈકાલિક સ્થિતિ સમજી શકે છે. પોતાના આત્મબળથી વિશ્વમાં ગમે ત્યાં ઉડીને જવું હોય તો પલવારમાં જઈ આવી શકે છે. સર્વજ્ઞ વીતરાગદશાને પ્રાપ્ત પ્રભુ હજ્જારો આત્માઓને મંગલ અને કલ્યાણકારી ઉપદેશ સતત આપે છે અને વિશ્વનાં સ્વરૂપને યથાર્થ રૂપે જાણતા હોવાથી યથાર્થરૂપે જ પ્રકાશિત પણ કરે છે.

આ અરિહંત ભગવંતો પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને જ્યારે નિર્વાણ (દેહથી મુક્તિ) પામે ત્યારે તેઓ સિદ્ધશિલા ઉપર રહેલા મુક્તિના સ્થાનમાં ઉત્પન્ન થઈ જાય છે, અને ત્યાં શાશ્વતકાળ સુધી આત્મિક સુખનો અદ્‌ભુત આનંદ અનુભવે છે. જે આનંદ દુનિયાનાં કોઈ સ્થળ કે પદાર્થમાં હોતો નથી.

અરિહંત પદ કયા કારણે અને કેવી રીતે પ્રાપ્ત થાય છે? તેની આછી રૂપરેખા જણાવી.

ટૂંકમાં સમજીએ તો આ અરિહંતના આત્માઓ અઢાર દોષોથી રહિત છે. પરમપવિત્ર અને પરમોપકારી છે, વીતરાગ છે. પ્રશમરસથી પૂર્ણ અને પૂર્ણાનન્દમય છે.

તેઓની મુક્તિમાર્ગ બતાવવાની શૈલી અનોખી અને અદ્‌ભુત છે. તેઓશ્રીનું તત્ત્વપ્રતિપાદન સદા સ્યાદ્વાદ-અનેકાન્તવાદની મુદ્રાથી અંકિત છે. મન, વચન અને કાયાના નિગ્રહમાં અજોડ છે. સૂર્ય કરતાં વધુ તેજસ્વી અને ચંદ્ર કરતાં વધુ સૌમ્ય અને શીતળ છે. સાગર કરતાં વધુ ગંભીર છે. મેરુ માફક અડગ અને અચલ છે. અનુપમ રૂપના સ્વામી છે. આવા અનેકાનેક વિશેષણોથી શોભતા, સર્વગુણસંપન્ન અરિહંતો જ પરમોપાસ્ય છે અને એથી જ તેઓ નિતાન્ત સ્તુતિને પાત્ર છે.

## ૧૨. સ્તુતિ કરવાથી શું ફળ મળે?

સર્વગુણસંપન્ન અરિહંતોની સ્તુતિ કરવાથી મુક્તિનાં બીજ રૂપ અને આત્મિક વિકાસના પ્રથમ સોપાનરૂપ સમ્યગ્દર્શનની[1] વિશુદ્ધિ થાય છે.

---

૧. (प्र.) चउवीसत्थएणं भंते! जीवे किं जणयइ? (उ.) चउवीसत्थएणं दंसण--विसोहिं जणयइ॥९॥'' (उत्तरा०)

વળી સ્તુતિ કરતાં જો ભગવાન [1]હૃદયમંદિરના સિંહાસન ઉપર વિરાજમાન થયેલા હોય તો તેથી કિલષ્ટ કર્મનો નાશ થાય છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં એક સ્થળે તીર્થંકર દેવોનાં સ્તવ–સ્તુતિરૂપ ભાવ મંગલવડે જીવ કયા લાભને પ્રાપ્ત કરે? એવો એક [2]પ્રશ્ન થયો છે. ત્યાં ઉત્તરમાં ભગવાને જણાવ્યું છે કે-સ્તવ કે સ્તુતિરૂપ ભાવ મંગલથી જીવ જ્ઞાનબોધિ, દર્શનબોધિ, અને ચારિત્રબોધિના લાભને પ્રાપ્ત કરે છે. અને તે રીતે સમ્યગ્જ્ઞાનાદિ ત્રણેય રત્નત્રયીનો લાભ થતાં તે જીવ આકાશવર્તી કલ્પવિમાનમાં ઉત્પન્ન થાય છે, અર્થાત્ દેવપણું પ્રાપ્ત કરે છે અને છેવટે આરાધના કરીને તે આત્મા મોક્ષની પ્રાપ્તિ કરે છે. તાત્પર્ય એ કે પરમાત્માનાં સ્તવન અને સ્તુતિરૂપ ભાવમંગલથી દર્શન વિશુદ્ધિ ઉપરાંત સમ્યગ્જ્ઞાન અને ક્રિયાની પણ વિશુદ્ધિ થાય છે અને એમાંથી ઉત્પન્ન થતી આત્મિક વિશુદ્ધિ જ જીવને મુક્તિ શિખરે પહોંચાડે છે. શ્રીમંતો કે અધિકારીઓની કરેલી સ્તુતિ નિષ્ફળ જાય, પરંતુ તીર્થંકરની કરેલી સ્તુતિ કદી પણ નિષ્ફળ જતી નથી અને પરંપરાએ તે બાહ્યાભ્યન્તર સુખને આપે છે. સ્તુતિ, એ પણ એક પ્રકારના રાજયોગનું જ સેવન છે.

બીજા શબ્દોમાં કહીએ તો અનંતજ્ઞાનીની સ્તુતિથી અનંતજ્ઞાન પ્રગટે છે, જેમ રાગીની સ્તુતિ કરતાં રાગીપણું પ્રગટે છે, તેમ વીતરાગની સ્તુતિ કરતાં વીતરાગદશા પ્રગટે છે અને અનંત વીર્યશાલિની સ્તુતિ કરતાં અનંતવીર્ય પ્રગટે છે.

વળી પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ તથા ઈષ્ટ મનોરથોની સિદ્ધિઓ પણ સુલભ બને છે.

## ૧૩. ઉપાધ્યાયજીએ સ્તુતિની રચનાના શ્રમના ફળ તરીકે શું માગ્યું?

ઉપાધ્યાયજીએ આ સ્તુતિની રચનામાં જે શ્રમ થયો તેના ફળ તરીકે પરમાત્મા પાસે શું માગ્યું? ઉપાધ્યાયજી માંગે છે કે—

"હે પ્રભુ! શુભાશયથી કે સદાશયથી આપની આ સ્તુતિનો હાર ગૂંથીને મેં જે કંઈ કુશળ પુન્ય પ્રાપ્ત કર્યું હોય તો તે પુણ્ય દ્વારા સંસારવૃક્ષના બીજરૂપ મારા રાગ અને દ્વેષ નષ્ટ થજો" (મૂલ પ્રશસ્તિ શ્લોક ૨)

કેવી સુંદર માંગ! ખરેખર નિઃસ્પૃહ ત્યાગી મહાત્માઓ બીજી માંગણી કરે પણ શું? સ્વોપજ્ઞસ્તુતિની રચના કરતાં કરતાં ભગવાન પ્રત્યે ભક્તિભાવનાની ભરતીનો જે જુવાળ ચઢ્યો, અને રચનાની પૂર્ણાહુતિ થતાં મંગલમય ઉત્સાહનો જે આવેગ વૃદ્ધિ પામ્યો એમાંથી ઉપરોક્ત ઉદ્‌ગારો સરી પડ્યા! અસ્તુ!

---

૧. 'हृदि स्थिते च भगवति क्लिष्टकर्मविगमः'।। (धर्मबिंदु०)

૨. (प्रश्न.) ''थयथुइ-मंगलेणं भंते! जीवे किं जणयइ ?
(उ.) नाणदंसणचारित्तबोहिलाभं संजणयइ, नाणदंसणचारित्तबोहिलाभ–संपन्नेणं जीवे अंतकिरियं कप्पविमाणोववत्तियं आराहणं आराहेइ ।।१४।।''

## ૧૪. પ્રશસ્તિગત વિશેષતાઓ—

મૂળ પ્રશસ્તિના આદ્યશ્લોકમાં પોતાના સાધુસંયમી કુટુંબને યાદ કરતાં પોતાના દાદાગુરુશ્રી જિતવિજયજી, પોતાના ગુરુશ્રી નયવિજયજી તથા જેમના ઉપર ઉપાધ્યાયજીને ખૂબ જ પ્રીતિભાવ હતો, અને જે પોતાના સંસારપક્ષના સગા ભાઈ હતા અને સાધુઅવસ્થામાં પણ જે ગુરુ ભાઈ તરીકે જ બન્યા હતા, તે પદ્મવિજયજીને આદરપૂર્વક યાદ કર્યા છે.

છેલ્લા ચરણમાં સ્વનામનો સીધો ઉલ્લેખ ન કરતાં પોતાનું ન્યાયવિશારદ બિરુદ વાપરી સ્વનામ ધ્વનિત કર્યું છે, પણ છેલ્લા ચરણમાં ઉપાધ્યાયજીએ પોતાના બિરુદનો અને विज्ञ વિશેષણનો કરેલો ઉપયોગ ક્ષણભર આશ્ચર્ય[1] ઉપજાવે તેવો છે.

ટીકાની પ્રશસ્તિમાં પણ કોઈ કોઈ વિશેષતાઓ બતાવી છે. જેમાં જગદ્‌ગુરુ શ્રીહીરસૂરીશ્વરજી મહારાજથી લઈને શ્રીવિજયસિંહસૂરિજીની પટ્ટપરંપરા સુધીનો ઉલ્લેખ કર્યો છે. શ્રીહીરસૂરીશ્વરજીના ઉપદેશથી સમ્રાટ અકબર જેવો બાદશાહ, અહિંસાપ્રધાન જીવન જીવવાવાળો બનેલો તેવો ઉલ્લેખ, તથા તેમની પાટે આવેલા શ્રીવિજયસેનસૂરિજીને રાજમાન્ય જણાવીને ગુજરાતના ગોધરાશહેરની રાજસભામાં મેળવેલી વિખ્યાત કીર્તિનો અને ગોધરા માટે गेहा એવા સંસ્કૃત શબ્દનો પ્રયોગ કર્યો છે. શ્રીવિજયસેનસૂરિજીની પાટે આવેલા શ્રીવિજયદેવસૂરિજી અને તેમની પાટે આવેલા શ્રીવિજયસિંહસૂરિજીનો તપસ્વી અને ક્ષમાધારી તરીકે ઉલ્લેખ કર્યો છે. ત્યારપછી તપાગચ્છને [2]गच्छत्तरे કહીને તેને અતિ ઉજ્જવલ જણાવ્યો છે.

ત્યારબાદ પુનઃ પોતાના ત્યાગી કુટુંબને યાદ કરી, પોતાના દાદાગુરુ શ્રીજિતવિજયજી, ત્યારપછી શ્રીલાભવિજયજી સ્વદીક્ષાગુરુ શ્રીનયવિજયજીને યાદ કર્યા છે. પોતાના ગુરુદેવને યાદ કરતાં લખે છે કે—

—'કાશીમાં રહીને મને ભણાવવા માટે જેઓશ્રીએ ભૂરિ પરિશ્રમ ઉઠાવ્યો હતો અને જેઓ રાજાઓથી પણ સેવિત હતા.' ઈત્યાદિ.

આ પ્રમાણે ઐન્દ્રસ્તુતિને ઉદ્દેશીને શરૂ કરેલી પ્રસ્તાવના અહીં પૂરી થાય છે.

એમાં શાસ્ત્ર કે પરંપરાવિરુદ્ધ વિધાન થયું હોય તો તેની ક્ષમા યાચું છું. જે કોઈ વ્યક્તિઓ એક યા બીજી રીતે સહાયક બની હોય તે સહુનો આભાર માની, અને આ ગ્રન્થનું અધ્યયન અધ્યાપન વધે તેવી શાસનદેવને પ્રાર્થના કરી વિરમું છું.

જૈન ઉપાશ્રય, વાલકેશ્વર
મુંબઈ ૬
વિ. સં. ૨૦૧૮

**મુનિ યશોવિજય**

---

૧. પ્રાચીનકાળમાં આ રીતે લખવાની એક ચાલ હતી. જે પ્રાચીનકાળના જૈન--અજૈન ગ્રન્થોમાં જોવા મળે છે.

૨. આ વાત યથાર્થ કહી છે. આજે પણ જૈનસંઘમાં એક તપગચ્છજ તેજસ્વી, પ્રતિભાસંપન્ન, ઉજ્જવલ, બળવાન અને જીવંત દેખાય છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# જગદુદ્ધારક ભગવાન મહાવીરની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૧૯ ઇ.સન્ ૧૯૬૩

૧૪

## આમુખ

આર્યભૂમિથી વિશિષ્ટ સ્થાન ધરાવતું આ ભારતવર્ષ એ ઈશ્વરોની ભૂમિ છે અવતારોની ધરા છે. સંતો, મહાત્માઓ, ઋષિ-મહર્ષિઓનું નિવાસ સ્થાન છે.

ભારતીય પુરાતન ઈતિહાસની ગવેષણા કરતાં આ દેશમાં બે સંસ્કૃતિઓનો પ્રવાહ વહેતો આવ્યો છે, અને એમાંથી જન્મ પામેલી બે પ્રકારની વિચારધારાઓ પણ ચાલી આવી છે. એક શ્રમણ સંસ્કૃતિ અને બીજી વૈદિક સંસ્કૃતિ. જૈન આચાર--વિચારનું પ્રતિનિધિત્વ માત્ર જૈન સંસ્કૃતિ કરતી હતી, અને જૈનધર્મનું પ્રતિબિંબ પણ તે જ પાડતી હતી. જૈનસંસ્કૃતિની પ્રાણ પ્રતિષ્ઠા કરનાર હતા જૈન તીર્થંકર દેવો. પાછળથી બૌદ્ધ વિચારધારાને પણ શ્રમણ સંસ્કૃતિથી ઓળખવામાં આવી, પરિણામે 'શ્રમણસંસ્કૃતિ' શબ્દથી મુખ્યત્વે જૈન અને બૌદ્ધ એમ બંને વિચારધારાઓનું ગ્રહણ થવા લાગ્યું. બૌદ્ધ વિચારધારાના પ્રણેતા હતા મહાત્મા ગૌતમ બુદ્ધ.

શ્રમણસંસ્કૃતિનો ઉદય શું ભગવાન મહાવીરથી જ થયો ? એનો જવાબ છે ના. એ સંસ્કૃતિની આદિ જ નથી. શ્રમણસંસ્કૃતિ કહો કે જૈનધર્મ કહો લગભગ એ એક જ અર્થને ધ્વનિત કરતા શબ્દો છે. 'જૈન' શબ્દ એ કોઈ વ્યક્તિનો વાચક નથી. जिन ઉપરથી 'જૈન' શબ્દ નિષ્પન્ન થયો છે. जिन શબ્દનો અર્થ–રાગ–દ્વેષ, અજ્ઞાન મોહાદિ દુર્ગુણોનો આત્મામાંથી સર્વથા ક્ષય કરી તેના પર જય મેળવનાર વ્યક્તિ થાય છે; અને

તેમનો કહેલો ધર્મ તે જૈનધર્મ. ધ્યાનમાં લેવા જેવી બાબત એ છે કે આ ધર્મને મહાવીરધર્મ કે પારસનાથ ધર્મ એવું નામ આપવામાં નથી આવ્યું. ધર્મની સાથે કોઈ વ્યક્તિનું વાચકનામ જોડવામાં આવ્યું નથી. આવા 'જિનો'તો ભૂતકાળમાં અનંતા થયા અને ભવિષ્યમાં અનંતા થશે. અને એ બધા જ જિનોથી ઓળખાશે. તે જ્યારે જ્યારે હોય ત્યારે ત્યારે જૈનસંસ્કૃતિ, શ્રમણસંસ્કૃતિ કે જૈનધર્મ હોય જ. આ જિનો વીતરાગ તેમજ સર્વજ્ઞ હોય છે.

જૈનો જેને પરમાત્મા, ઈશ્વર કે ભગવાન માને છે તેમને માટે તેઓ તીર્થંકર, અર્હત્ વગેરે શબ્દો વાપરે છે. આ શબ્દો પણ ગુણવાચક સાથે જાતિવાચક છે. પણ વ્યક્તિવાચક નથી. જાતિમાં વ્યક્તિનો સમાવેશ થઈ જાય છે. પણ વ્યક્તિમાં જાતિ સંનિવિષ્ટ થતી નથી. વ્યક્તિ વાચક નામની હંમેશા આદિ હોય છે, પણ જાતિવાચક નામની આદિ હોતી નથી. આ સામાન્ય સમજણથી શ્રમણસંસ્કૃતિ અનાદિ સિદ્ધ થાય છે.

જૈન શાસ્ત્રો તો જૈનધર્મનું અનાદિત્વ ભાખે છે, પરંતુ ઉપરોક્ત રીતે જાતિવાચક શબ્દોથી પણ જૈનધર્મ કે જૈનસંસ્કૃતિનું અનાદિત્વ સૂચિત થાય છે. વળી જૈન સંસ્કૃતિ સર્વજ્ઞ મૂલક છે. જૈન ધર્મનું તત્ત્વજ્ઞાન, આત્મા, કર્મ, પરલોક, અને મોક્ષ વિષયક વિશાળ અને અગાધ તાત્ત્વિક ચિન્તન, એને અંગે વપરાએલી દુનિયાના કોઈ ખૂણામાં જાણવા કે સાંભળવા ન મળે તેવી પરિભાષા, આત્મા અને કર્મની જડ અને ચેતનની કાર્યકારણ--ભાવાદિકની પ્રક્રિયા, ખરેખર! તેની સર્વજ્ઞમૂલકતાને માનવા દૃઢ રીતે પ્રેરે છે. અને માધ્યસ્થવૃત્તિ ધરાવનાર અજૈન વિદ્વાનો જ્યારે જૈન ધર્મના સિદ્ધાન્તો અને તેના આત્મા અને કર્મ વિષયક સાહિત્યને, દૃશ્ય કે અદૃશ્ય વિશ્વની શાસ્ત્રોક્ત વ્યવસ્થાને જાણે છે ત્યારે બોલી ઉઠે છે કે ખરેખર! આના મૂલમાં કોઈ સર્વજ્ઞ આત્મા જરૂર હોવો જોઈએ. આ રીતે જૈનસંસ્કૃતિ અનાદિ અને સર્વજ્ઞમૂલક છે.

કાલના અનંત પ્રવાહની દૃષ્ટિએ સંસ્કૃતિની અનાદિ હોય છે, પણ અમુક સાપેક્ષ કાળની દૃષ્ટિએ તેની આદિ પણ છે. જૈનોની કાલગણનામાં કાલચક્ર નામનો એક સંખ્યા પ્રકાર છે. વીતેલા અનંતા કાલચક્રોની અપેક્ષાએ અનંતા કાલચક્રો પસાર થયાં છે. આ કાલચક્રમાં અથવા એક કાલચક્રને જો યુગ શબ્દથી ઓળખીએ તો આ યુગની અંદર જૈન ધર્મની પુનઃ સ્થાપના કરવાનું શ્રેય આદ્યતીર્થંકર ભગવાન શ્રી. ઋષભદેવને ફાળે જાય છે. ઋષભદેવ કે વૃષભદેવ, આ યુગના આદિ--આદ્ય તીર્થંકર છે, અને તેથી જ જૈનોમાં તેની વધુ પ્રસિદ્ધિ 'આદિનાથ' એ નામથી થઈ છે. અને આ જ કાલચક્ર કે આ યુગના અન્તિમ--છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર છે. વચમાં બીજા બાવીશ તીર્થંકરો થયા તે પૈકી અજૈન વર્ગમાં સવિશેષ પ્રસિદ્ધિને પામેલા ભગવાન પાર્શ્વનાથ એ ત્રેવીશમા તીર્થંકર છે. જે ભગવાન મહાવીરનાં જન્મ પહેલાં ૨૫૦ વર્ષ ઉપર થઈ ગયા.

જૈનો દરેક કાલચક્રમાં કે યુગમાં (રૂઢ અર્થવાળા) ૨૪ અવતારો નહિ પણ ૨૪ તીર્થંકરો થાય તેવું માને છે. એટલે કે હિન્દુઓ એકને એક વ્યક્તિ પુનઃ પુનઃ ઈશ્વરી અવતારને ધારણ કરે છે એવું જે માને છે, તેવી માન્યતા જૈનોની નથી. તેઓ તો દરેક ઈશ્વરનો આત્મા અલગ અલગ જ હોય છે એવું માને છે. આથી ઈશ્વરપદ જૈનધર્મમાં રજીસ્ટર્ડ નથી. જૈનધર્મ તો

કોઈપણ આત્મા ઈશ્વરી માર્ગે જાય અને તેને લાયક અવિરત પુરુષાર્થ કરે તો તે પણ ઈશ્વર, ભગવાન, પરમાત્મા બની શકે છે. એ રીતે જૈન દર્શન ઈશ્વર થવાનો અધિકાર પ્રાણીમાત્રને બક્ષે છે.

ઉપર જોઈ આવ્યા તેમ જૈન ધર્મનો પ્રારંભ, આ કાલની અપેક્ષાએ ભગવાન શ્રીઋષભદેવથી[1] થયેલો હોવા છતાં કમનસીબે આ દેશમાં જૈન ધર્મ અંગે એટલું બધું અજ્ઞાન પ્રવર્તે છે કે મોટો ભાગ તો ભગવાન મહાવીરને જ (કોઈ પારસનાથને) જૈનધર્મના—સંસ્થાપક કે પ્રવર્ત્તક માને છે. મોટા મોટા પંડિતો, વિદ્વાનો, નેતાઓ કે લેખકો પણ વિના અભ્યાસે એવું લખે છે–બોલી નાંખે છે. શૈક્ષણિક દૃષ્ટિએ આગળ વધેલા આ જમાનામાં પણ સદંતર ખોટી માન્યતાઓ ચાલુ રહે, એ ઘણું જ દુઃખદ અને શરમજનક છે. અભારતીય સંસ્કૃતિઓ કે તેના પ્રવાહોનો ચીવટપૂર્વક અભ્યાસ કરનાર મહાનુભાવો માટે પોતાના ઘર આંગણે જન્મેલી, ફાલેલી, ફુલેલી, મહાન સંસ્કૃતિનો અભ્યાસ શું અનિવાર્ય નથી?

ભૂમિકા રૂપે જરૂરી બાબતોનો ટૂંકો ઉલ્લેખ કરીને પ્રસ્તુત ગ્રન્થના મુખ્યનાયક જગદુદ્ધારક શ્રમણ ભગવાન મહાવીર અંગે કંઈક વિચારીએ.

મહાવીર એ તીર્થંકર હતા, ઈશ્વર હતા, સર્વજ્ઞ હતા, વીતરાગ હતા અને મહાન ચારિત્રવાન હતા. એથી તેઓ લોકોત્તર, પુરુષોત્તમ તરીકે ઓળખાયા હતા.

તેઓશ્રી તીર્થંકર કે ઈશ્વર બન્યા, તે કંઈ એક જ જન્મના પુરુષાર્થથી કંઈ બની ગયા ન હતા. પણ તે પાછળ અનેક જન્મ જન્મની કઠોર આત્મસાધનાઓ કારણભૂત હતી. એક વિદ્યાર્થી પરીક્ષામાં સફળ થાય છે તે કંઈ તે જ દિવસોમાં બેસીને પાસ નથી થઈ જતો, પરંતુ સફળતા મેળવવા માટે ૧૧ા। મહિનાનો અથાગ પરિશ્રમ કરવો પડે છે. એમ તીર્થંકરના આત્માઓને પણ ગત જન્મમાં કોઈ ધન્યપળે સમ્યગ્દૃષ્ટિ એટલે કે હિતાહિતના વિવેકનો દીવડો પ્રગટ થઈ જાય છે, તે જ વખતે જીવન મુક્તિનાં પણ બીજ વવાઈ જાય છે. ત્યાર પછી કોઈને કોઈ જન્મમાં તપ, ત્યાગ, વૈરાગ્યમૂલક મૈત્રી ભાવના સાથે અનેક જીવન સાધનાઓ દ્વારા જીવનનું ઊર્ધ્વીકરણ કરતા રહે છે. મારામાં ક્યારે એવી મહાન શક્તિ પ્રગટ થાય કે દુઃખ અને અશાંતિમાં પીડાતા વિશ્વના પ્રાણીમાત્રને સુખ અને શાંતિની ગંગોત્રીમાં સ્નાન કરાવું!. **आत्मवत् सर्वभूतेषु**નો વહેવાર કરતા ભગવાન પ્રેમ અને મૈત્રી ભાવના દ્વારા જગતના તમામ જીવો પ્રત્યે તાદાત્મ્ય સાધે છે એને એમાંથી ઈશ્વરી પદનું ફળ જન્મ લે છે. મહાવીરના આત્માને ભગવાન બનાવનાર મહત્ત્વના પૂર્વ જન્મોની મહાન સાધના જ હતી. અને એથી જ ૨૬ મો જન્મ પૂર્ણ કરી અન્તિમ

૧. ભગવાન ઋષભદેવને અબજો વર્ષ થઈ જવા છતાં તેમની ખ્યાતિ અને તેમનો પ્રભાવ ભારતમાં એવો જવલંત રહ્યો કે તેની જોરદાર અસર ઇતર સંપ્રદાયો ઉપર થઈ. અને વૈદિકોએ તો જૈન તીર્થંકર હોવા છતાં પોતાના અવતારમાં જ ગોઠવી દીધા અને વૈદિકોમાં અવતાર તરીકે પૂજાયા. વૈદિક સાહિત્યના 'ભાગવત પુરાણ'માં ઋષભાવતાર સ્કંધમાં વિસ્તારથી તેમનું જીવન, સાધના અને કવન આપવામાં આવ્યું છે. તેમને સર્વોત્તમ અવતાર તરીકે પણ વર્ણવ્યા છે. તે ઉપરાંત ઋગ્વેદ સંહિતામાં વૃષભદેવનો અને ૧૦ થી ૧૨ જાતના અન્ય પુરાણોમાં ઋષભદેવનો ઉલ્લેખ થયેલો છે.

૨૭ મા ભવમાં માનવલોકમાં ભારતની ભૂમિ ઉપર ત્રિશલાની કૂખે પધાર્યા, તે ઘટનાને શાસ્ત્રોએ 'કલ્યાણક' જેવા પવિત્ર શબ્દનું વિશેષણ જોડી આપી તેને 'ચ્યવન કલ્યાણક' તરીકે સંબોધી. આનાથી અપર સિદ્ધિનો પૂર્વ સાધના-સિદ્ધિ સાથે કેવો સંબંધ છે? તે ધ્વનિત કર્યું.

તીર્થંકરનું જીવન અને કાર્ય તેઓશ્રીની મુખ્ય પાંચ ઘટનાઓ વચ્ચે સંકળાએલું છે. અને તે ઘટનાઓને શાસ્ત્રમાં 'કલ્યાણક' શબ્દથી ઓળખાવી છે ૧. ચ્યવન (માતાના ગર્ભમાં આવવું તે), ૨. જન્મ, ૩. દીક્ષા, ૪. કેવલ (સર્વજ્ઞપણાની પ્રાપ્તિ), ૫. નિર્વાણ (મોક્ષ): તેમની આ પાંચેય ઘટનાઓ વિશ્વના-કેવળ માનવ જાતના જ નહિ પણ-પ્રાણી માત્રના કલ્યાણને માટે જ હોય છે. માટે તે ઘટનાઓને 'કલ્યાણક' શબ્દથી નવાજી છે.

૧૨૭ પાનાનાં ગુજરાતી ભાષામાં લખાએલા સંક્ષિપ્ત જીવન ચરિત્રમાં કુશળ લેખકે પૂર્વ જન્મની સાધનાને જતી કરીને અન્તિમ જન્મની સાધના અને સિદ્ધિને સ્થાન આપ્યું છે, અને કલ્યાણકો વચ્ચે વહેચાયેલા જીવન-કવનને સુંદર રીતે આલેખ્યું છે. એમાં તેઓએ ભગવાન મહાવીર જન્મથી જ કેવા જ્ઞાની હતા? બાલ્યાવસ્થા છતાં કેવા નિર્ભય હતાં? યુવાન છતાં કેવા સદાચારી અને સંયમશીલ હતા? કઠોરતપ અને સંયમના પ્રભાવે જ્ઞાન પ્રકાશને આચ્છાદિત કરનારાં કર્મોના ક્ષય કરીને માનવ મટીને કેવી રીતે મહામાનવ બન્યા? મહામાનવ થવા માટે કેવાં કેવાં કષ્ટો, પરિસહો અને ઉપસર્ગોને હસતે મુખે, સમતાભાવે સહન કર્યા? વગેરે બાબતોનું આલેખન લેખકે સરલ ભાષામાં અને સુગમ શૈલીમાં કર્યું છે. લેખક પોતે અજૈન છતાં ભગવાન શ્રી મહાવીર પ્રત્યેની ઉંડી શ્રદ્ધાએ તેમને આ ચરિત્ર લખવાને પ્રેર્યા છે. એમ કરીને તેમણે જૈન ધર્મની મોટી સેવા બજાવવા સાથે પોતાના માટે ઉત્તમ પુણ્ય હાંસલ કર્યું છે. અને ધન્યવાદને પાત્ર બન્યા છે. લેખક ભારે સંગ્રહકાર છે. નાની વસ્તુને ફોલો કરવાની ભારે આવડત ધરાવે છે. તેઓ એક કુશળ લેખક છે. તેઓ જૈનધર્મ પ્રત્યેના ભાવભર્યા આદરના કારણે બીજાં અનેક પુસ્તકો લખવા ધારે છે.

ભગવાન મહાવીરની મહાનતા, પવિત્રતા અને તેમણે કરેલો લોકોપકાર એ બધું તો વાચકોને જગદુદ્ધારક ભગવાન મહાવીરની આ પુસ્તિકા જ કહેશે. એટલે તે અંગે વિશેષ કંઈ ન કહેતાં જાણવા-જણાવવા જેવી કેટલીક હકીકતોની પ્રકીર્ણક-છૂટક નોંધ લેવી ઉચિત ગણાશે.

આજકાલ ભાષણોનો મેનિયા અને પરોપદેશે પાંડિત્યનો રોગચાળો ફાટ્યો છે. વાણીનો દુર્વ્યય અને વ્યભિચાર ખૂબ જ વધ્યો છે. એમાંય ભારતમાં સવિશેષ. ભગવાન કંઈ એ પૈકીના ન હતા. ભગવાને તો અપૂર્ણ જ્ઞાને ઉપદેશ આપવામાં સ્વ-પરનું અહિત ભાળ્યું એટલે ત્યાં સુધી પ્રવચનો ન આપ્યાં, પણ જ્યારે સુવિશુદ્ધસંયમ, ઉગ્રતપ અને અવિરત આત્મ ચિન્તન દ્વારા અજ્ઞાન મોહના આવરણનો સર્વથા ઉચ્છેદ કરી વીતરાગ દશા સહ પૂર્ણ જ્ઞાની બન્યા પછી લાધેલા સત્યનું દર્શન કરાવવા અવિરત પ્રવચનો આપ્યાં. ભગવાન જ્ઞાનથી વિશ્વમાં સત્ શું અસત્ શું? ધર્મ-અધર્મ શું? હેયોપાદેય શું? આત્મા, કર્મ, પરલોક સમગ્ર વિશ્વના જડ-ચેતન પદાર્થો એ બધાયને સાક્ષાત્ જોયા-જાણ્યા અને પછી જ વિશ્વને જણાવ્યા.

વળી ભગવાન જેનો ઉપદેશ આપતા તેને પોતાના જીવનમાં પ્રથમ અમલી બનાવતા. વળી

ઉપદેશકમાં જે ગુણો જોઈએ તે ગુણોનો આવિર્ભાવ થયા બાદ જ ઉપદેશ આપ્યો. એ ગુણો હતા આમૂલચૂલ અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ વગેરે વગેરે. આ દ્વારા તેઓશ્રીએ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રનો મહાન આદર્શ જીવનમાં પ્રાપ્ત કર્યો હતો. ભગવાન મહાવીરનો ઉપદેશ બે પ્રકારનો હતો, એક મુનિધર્મનો અને બીજો ગૃહસ્થધર્મનો.

ભગવાને જ્ઞાનદૃષ્ટિથી જોયું કે—સુખશાંતિનો અભિલાષ પ્રાણીમાત્રને છે. એ જે સુખનો અભિલાષ સેવે છે તે, સુખ દુઃખના મિશ્રણ વિનાનું સંપૂર્ણ અને શાશ્વત ઈચ્છે છે. એ સુખ સંસારના ભૌતિક કે વિનશ્વર પદાર્થોમાંથી લાખો પ્રયત્ને મળે તેમ નથી. સંસાર ઉપરથી રળિયામણો મીઠો અને મધુર લાગે છે. પણ અનુભવે એ અસાર, દુઃખદ અને કડવો સમજાય છે. માટે સુખના કાંક્ષીએ સંસાર છોડીને સાધુજીવનનો મુનિધર્મનો સ્વીકાર કરવો જોઈએ. સાધુ–મુનિધર્મ એટલે અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ ધર્મ રૂપ પાંચ મહાવ્રતોનો મનસા, વાચા, કર્મણા પાલન કરવાનો સ્વીકાર અને એના દ્વારા આત્મિક જ્યોતને પૂર્ણપણે પ્રગટાવવાનો પ્રયત્ન. જેથી વાસનાઓનો નાશ થશે, શુદ્ધ સ્વરૂપ બનેલા આત્મામાં એ જ્યોત અનંત ગુણી પ્રકાશી ઉઠશે. અને આત્મા જ્યોતિર્મય બની જીવન–મોક્ષદશાનો અનુભવ કરશે. અને ત્યાં અનન્ત સુખનો આસ્વાદ માણશે. આમ ભગવાને સાધુધર્મ, મુનિધર્મ કે નિર્ગ્રન્થ ધર્મનો ઉપદેશ આપ્યો. પરિણામે ભગવાનના શાસન દરમિયાન એક લાખથી વધુ માણસો એ ધર્મનો સ્વીકાર કરી સાધુ બન્યા હતા, અને તે સહુ સ્વસાધના સાથે હજારો માણસોને વ્યવહારશુદ્ધિ, જીવનશુદ્ધિ, અને આત્મશુદ્ધિના માર્ગે લઈ જતા હતા. ભગવાન મહાવીરના સંઘમાં ૩૬ હજાર તો સ્ત્રીઓ સાધ્વી બની હતી. અને તેઓ પણ સ્ત્રી જનતાને બોધ આપીને તેમના જીવન અજવાળવામાં મહત્ત્વનો ભાગ ભજવતી હતી.

કઠોર સાધુપણું સ્વીકારી ન શકે, એના માટે ભગવાને સાધુધર્મ પછી બીજા નંબરે ગૃહસ્થધર્મનો ઉપદેશ આપ્યો. સાધુઓ માટેના જે પાંચ મહાવ્રતો છે, તે જ ગૃહસ્થને માટે સ્થૂલ રૂપે અણુ કે આંશિક રીતે પાળવાનો માર્ગ બતાવ્યો, કારણ કે ગૃહસ્થ સર્વથા હિંસા કે પાપનો ત્યાગ નથી કરી શકતો એટલે તે પોતાની ભાવના અને શક્તિ મુજબ જીવનમાં સંયમ કેળવે એમ જણાવ્યું. પાંચ અણુવ્રતો ઉપરાંત બીજાં વ્રતો લેવા પણ જણાવ્યું, જેને બાર વ્રતો કહે છે. આ ધર્મ શ્રમણોપાસક–શ્રાવક અને શ્રમણોપાસિકા--શ્રાવિકા એટલે જૈન ભાઈઓ અને બહેનોને સ્વીકારવાનો હોય છે. ભગવાન મહાવીરના આ ધર્મને સ્વીકારેલા શ્રાવકો–જૈનો લાખોની સંખ્યામાં હતા. આ તો વ્રતધારીઓની સંખ્યા થઈ, પણ આ વ્રતોને નહીં સ્વીકારનાર, કેવળ જૈન તરીકેની સંખ્યા તો કંઈ ગુણા લાખોની હતી.

આમ સર્વવિરતિ–સર્વથા ત્યાગ, દેશવિરતિ–આંશિક ત્યાગરૂપ બે ધર્મો બતાવ્યા.

વળી ભગવાન મહાવીરે આ પવિત્ર આર્યભૂમિને બે વસ્તુની ભેટ આપી. એક છે **अहिंसा** અને બીજી છે **अनेकांतवाद** અથવા **स्याद्वाद**. બંને મહાન ભેટો પામીને ભારત ધન્ય બની ગયું છે. એ આચારમાં અહિંસા અને વિચારમાં અનેકાન્તને અપનાવવાનો આદેશ આપે છે. બંને દૃષ્ટિથી પરિપૂત જીવન જીવાય કે કોઈ પણ પ્રવૃત્તિ થાય તો પવિત્રજીવન જીવવાના લાભ સાથે

કલેશ, કલહ, કંકાસ, ગેરસમજ, સંઘર્ષણો થવા ન પામે. કારણ કે અહિંસાથી આચાર શુદ્ધિ અને તેથી જીવનશુદ્ધિ થાય છે. અને અનેકાન્તથી વિચારશુદ્ધિ એટલે કે હૃદય કે મનની શુદ્ધિ અને સ્વસ્થતા પ્રાપ્ત થાય છે અને બંનેથી છેવટે તો આત્મિક શુદ્ધિ જ થાય છે.

અહિંસાને જરા વ્યાપક રીતે સમજીએ. અહિંસા ધર્મનો કોઈને મારી ન નાંખવું એટલો જ ટૂંકો કે સંકુચિત અર્થ નથી. તે પોતાનો ધર્મ સમજાવતાં કહે છે કે, દરેકને પોતાના પ્રાણ વ્હાલા છે. સહુ જીવવાની લાગણીઓ ધરાવે છે. માટે તમો કોઈ પણ જીવને–પછી તે સાવ સૂક્ષ્મ હોય કે મોટો હોય–હણો નહિ, તમે જો કોઈને નવું જીવન આપી શકતા નથી તો, બીજાના જીવનને ઝૂંટવી લેવાનો અધિકાર નથી. તમો બીજાને ત્રાસ–તકલીફ કે પીડા ન આપો. એ ઉપરાંત તમારી વાચાથી કોઈનું ખરાબ બોલો નહિ, નિંદા, કટુ, ધિક્કાર કે તિરસ્કારપૂર્ણ વચનોનો વહેવાર કરો નહિં, અને મનથી કોઈનું ખરાબ કે ભૂંડું થાય તેવું ઈચ્છો નહિ. ઈર્ષ્યા અદેખાઈ કરવી એ પણ હિંસા જ છે. માટે તે કરો નહિ. વળી દ્વેષ–વેર–વિરોધ ન કરો, પ્રાણી માત્ર પ્રત્યે મિત્રતાનો ભાવ રાખો. જાણતા અજાણતા કોઈને કદર્થના થાય તેવું કર્મ ન કરો. એમ છતાં જો નહીં સમજો તો એના ફળમાં દુઃખો, પ્રતિકૂલતાઓ, રોગ, અલ્પાયુષ્ય અને વિવિધ કષ્ટો વગેરેની પ્રાપ્તિ બેઠી છે. અને મનસા, વાચા, કર્મણા તમો સંપૂર્ણ અહિંસક ન બની શકો તો વધુમાં વધુ અહિંસક જીવન જીવવાનો પ્રયત્ન જરૂર કરોને કરો જ.

પ્રાસંગિક કહેવું જરૂરી છે કે—અન્ય દેશોનું ભારત તરફ જે આકર્ષણ રહ્યું છે, તે તેની અહિંસાની મહાન ભાવનાને આભારી છે. ભારત જે શાંતિ ભોગવી રહ્યું છે તે તેની દયા અને ધર્મની સંસ્કૃતિને આભારી છે. પરંતુ સખેદ કહેવું જોઈએ કે આજે ભારત અને ભારતની પ્રજા હિંસા અને અનીતિના માર્ગે ઝડપથી દોટ મૂકી રહી છે. હિંસક યોજનાઓ અને ઉદ્યોગોની ભડીમાર ચાલી રહી છે. અરે! ડોલરો અને સ્ટર્લીંગોના સાટે જીવંત પ્રાણીઓના સોદા? અને તે આર્ય ભૂમિના આર્ય માનવીઓના હાથે! આપણે દિલ્હીના દેવો અને પ્રજાને પૂછીએ કે ભારતને ભારત તરીકે મીટાવી દઈને શું કરવું છે? રાષ્ટ્ર વિચારે. ગંભીરપણે વિચારે, કે તેને શાંતિના સ્વર્ગ તરફ જવું છે કે અશાંતિના દોઝખ તરફ? અસ્તુ!

'અહિંસા'ની બાબતમાં માત્ર દિગ્દર્શન કરાવ્યું. હવે, 'અનેકાન્તવાદ'ને જરા વિસ્તારથી સમજીએ.

### અનેકાન્તવાદ :

અનેકાન્તવાદની બે બાજુ છે. એક તાત્ત્વિક અને બીજી વહેવારિક અહીંયા તેની વહેવારિક ઉપયોગિતા શું છે? તે જણાવાની અગત્ય હોવા છતાં તેની તાત્વિક બાજુની કંઈક ઝાંખી કરી આગળ વધીએ.

### અનેકાન્તની તાત્ત્વિક બાજુ :

ભારતીય વિદ્વાનોમાં જ્યારે દાર્શનિક ચર્ચાઓ જાગી પડી ત્યારે ભિન્ન ભિન્ન દર્શનકારોએ

વિશ્વના પદાર્થોને અંગે જુદી જુદી માન્યતાઓ નિશ્ચિત કરી. જેમકે,—કોઈએ આત્માને સર્વથા નિત્ય કહ્યો, તો કોઈએ સર્વથા અનિત્ય કહ્યો. કોઈએ ઈશ્વરને સર્વથા સત્ કહ્યો. તો કોઈએ તેને સર્વથા અસત્ તરીકે ઓળખાવ્યો. કોઈએ વિશ્વને સર્વથા સત્ કહ્યું તો કોઈએ સર્વથા અસત્ કહ્યું. પરિણામે અનેક વાદ-વિવાદો જાગી પડ્યા. શાબ્દિક ચર્ચાઓની અને દલીલોની સાઠમારીઓ શરુ થઈ. ભગવાને જોયું કે, એ બધા 'સર્વથા' શબ્દનો પ્રયોગ જો ન કરે તો તે પોતપોતાના કથનમાં સાચા છે અને સદાગ્રહી છે. પરંતુ વસ્તુના સ્વરૂપને પૂર્ણ રીતે નહી સમજવાના કારણે તેઓ વસ્તુને એકાંગી બનાવીને તત્ત્વવાદને ઘર્ષણવાદમાં ફેરવી અસત્વાદને જ પોષી રહ્યા છે. માનવજાતના મસ્તિષ્કમાં બુદ્ધિનો ભ્રમ ઉભો કરી, સંકુચિત દૃષ્ટિવાળા બનાવી, જુદા જુદા ખાબોચિયાં ઉભા કરી રહ્યાં છે. આને અટકાવવા માટે ભગવાને કહ્યું કે—મહાનુભાવો! તમો સત્યના શોધક બનો! સાચી ગવેષણા કરો! અને તત્પશ્ચાત્ તેને અનુસરો! તમારી એકાન્તી બનેલી દૃષ્ટિને અનેકાન્તી બનાવો! એમ કરશો તો જ તમારી સમજ આડો સર્વથા' નો કે 'જ'કારનો પડેલો, એકાન્ત આગ્રહી પડદો હઠી જશે. અને સત્યનો પ્રકાશ સ્વયં લાધશે. ત્યારે જ તમને સમજાશે કે પદાર્થ નિત્ય છે ખરો, પણ તે અનિત્ય પણ છે. સત્ છે ખરો તેમ અસત્ પણ છે. વળી પદાર્થ પરસ્પર વિરોધી ધર્મોનું આશ્રય સ્થાન પણ છે વગેરે વગેરે. એવા ધર્મો એક નહીં પણ અનેક હોઈ શકે છે, દ્રવ્ય કે પદાર્થની ત્રૈકાલિક અવસ્થાઓ વિચારીએ તો, તેમાં દૃશ્યાદૃશ્ય, પરસ્પર વિરોધી-અવિરોધી એવા અનેક પર્યાયો-ધર્મો-રૂપો કે અવસ્થાઓનું અવસ્થાન અવશ્યંભાવિ હોય છે.

આવી પરિસ્થિતિમાં તમે વિવક્ષિત એક પદાર્થના દૃશ્યમાન એકાદ ધર્મનો સ્વીકાર કરી અન્યનો જો તિરસ્કાર કરો તો ખરેખર! તમો અન્ય ધર્મોનો બહિષ્કાર જ પોકારો છો કે જે ધર્મોનું પ્રગટ કે અપ્રગટપણે અસ્તિત્વ અવશ્ય હોય છે. અસ્તિત્વ ધર્મનો અપલાપ કરીને કરેલો નિર્ણય અસત્ છે, માટે નિત્યાનિત્ય, સદસત્, ભેદાભેદાદિ ધર્મનો સ્વીકાર કરવો જ જોઈએ.

જેમકે,—આત્મા દ્રવ્યથી નિત્ય છે, કેમકે તેનો કદિ વિનાશ નથી. પર્યાય અથવા અવસ્થા ભેદથી અનિત્ય છે, કેમકે અવસ્થાઓનું પરાવર્તન થયા કરે છે. એજ રીતે અન્ય દ્રવ્યો માટે વિચારવા કહ્યું. આ માટે જ ભગવાને 'અનેકાન્ત' નામનો વાદ આપ્યો. જે વાદ પદાર્થના પૂર્ણ સત્યને માપવાનો માપદંડ છે. જૈન દર્શનનો પ્રાણ છે, અને અનેક દાર્શનિકવાદોની-એક યા બીજી રીતે-આધાર શિલા છે.

અતિ અતિ સંક્ષેપમાં તાત્ત્વિક બાજુનું નિદર્શન કરાવ્યું.

## હવે એની વહેવારિક બાજુ વિચારીએ :

કેટલાક માણસો સ્યાદ્વાદને 'આમે પણ હોય અને તેમે પણ હોય.' 'આમે થાય અને તેમે થાય' એમ કહીને આ વાદને અનિશ્ચિતવાદ કે સંશયવાદ એવું ઉપનામ આપે છે. પણ ખરી રીતે આ વાદ નિશ્ચિત અને નિશંક-કોટિનો વાદ છે. આ કંઈ ગમે તેમ નાચવાનું જણાવતો વાદ નથી ને નથી જ. કેટલાક અનેકાન્તનું પૂર્ણ સ્વરૂપ ન સમજવાને કારણે તેને 'અનેક મતોનો

સરવાળો,' ખીચડીયોવાદ કે શંભૂમેળાવાદ કહીને પણ વગોવે છે. પરંતુ તેય કથન સત્યથી તદ્દન વેગળું છે. કારણ કે તે કંઈ સત્યને અસત્યમાં અને અસત્યને સત્યમાં ફેરવી નાંખતો નથી. સત્ ને અસત્ કે અસત્ ને સત્ કહેતો નથી. પરંતુ આ અનેકાન્તમતમાં અંતર્ગત રહેલા સત્યના અનેકાન્તાત્મક સ્વરૂપને પ્રગટ કરી સહુની સાથે સંગતિ શોધતો વાદ છે. અનેકાન્તમત સત્યના અનેકાન્તાત્મક સ્વરૂપ ઉપર જ આધારિત છે. અનેકાન્તની એ ખાસિયત છે કે તે પ્રતીત થતાં કોઈ પણ સત્યને સ્વીકારવામાં માને છે, નહીં કે ફગાવી દેવામાં. આ વાદ બીજાનું એકાએક ખંડન કરવામાં કે ઉતારી પાડવામાં રાચતો નથી. તે કહે છે કે ભાઈ! કોઈ વસ્તુ કે વિચારમાં એકાન્તિક આગ્રહ મિથ્યા છે. અસત્ છે. તારે પ્રત્યેક વસ્તુ કે વિચારના અનેક 'અન્ત' સુધી પહોંચવું જોઈએ. પદાર્થ કે વિચારની એક જ બાજુ નિહાળી નિશ્ચિત મત બાંધી લેવો ન જોઈએ. પણ તેની તમામ બાજુ કે તમામ પાસાં તપાસવાં જોઈએ. અને એ બધાંયને એકત્રિત કરી સાપેક્ષ દૃષ્ટિ રાખી કરેલો નિર્ણય જ સમ્યક્ સત્ કે સાચો ઠરે છે. આ રીતે નિર્ણય લેનાર જ એકાંતી નહિં પણ સાચો અનેકાન્તી કહેવાય છે. અનેકાન્તવાદનો ચરમ આદર્શ આત્માની મૂળ ભૂત સ્વતંત્રતા પ્રાપ્ત કરી, અખંડ શાંતિ સુખ આનંદની પ્રાપ્તિનો છે. અર્થાત્ તેનું અંતિમ ધ્યેય સંસારનો મોક્ષ કરવાનું છે. પણ તે ત્યારે જ શક્ય બને કે શાસ્ત્રનાં પાનાં પર લખાએલા અનેકાન્તને પ્રત્યક્ષ જીવનમાં ખેંચી લાવીએ અને જીવનમાં વણી લઈએ. પણ આ વાદનો ઉપયોગ માત્ર વાદ-વિવાદ કે બુદ્ધિની કસરત પૂરતો જ કરવાનો હોય, કે દુન્યવી પદાર્થોનું રહસ્ય જાણવા પૂરતો જ સીમિત રાખવાનો હોય તો, તેથી કોઈ વિશેષ લાભ નહિ સર્જાય, એને તો જીવન અને કાર્યમાં પરિણત કરવો જોશે. ખરી રીતે જોઈએ તો અનેકાન્તપણાનું પ્રતિબિંબ આપણા જીવનના વિચાર, વાણી, વર્તનમાં સતત પડતું જ હોય છે. પણ તેને જોવા જાણવાની દૃષ્ટિના અભાવે આપણને તેનું ભાન નથી હોતું. આ દૃષ્ટિ વિકસિત અને અભિનવ સ્વરૂપ પ્રાપ્ત કરે, એ માટે ભગવાન મહાવીરે અનેકાન્તનું અંજન આપ્યું અને જાહેર કર્યું કે;— જો માનવી આ અંજનને પ્રતિદિન આંજતો રહે તો તેના જીવનમાં ભવ્ય અને દિવ્ય સૂર્યોદય પ્રકાશિત બને અને આત્મા કોઈ અનેરા આનંદને અનુભવે!

કોઈ પણ પદાર્થને અનેક બાજુઓ હોય છે. એમ કોઈ પણ વિચારને અનેક દૃષ્ટિબિંદુઓ હોય છે. અનેકાન્તની તાત્ત્વિક વિચારણા પ્રસંગે પદાર્થની બાબતમાં જેમ સમજી આવ્યા, તેમ વિચારની બાબતમાં પણ કંઈક સમજી લઈએ.

પદાર્થની જેમ વિચારને પણ અનેક પાસા–અપેક્ષા હોય છે. એ બધી અપેક્ષાઓને જો ન સમજીએ તો કોઈ પણ વિચાર અમુક કારણે સંપૂર્ણ સાચો જ છે, કાં સંપૂર્ણ ખોટો છે, એમ સ્વીકારી લઈએ. અને આમ એકાંગી નિર્ણય કરી બેસીએ તો અપૂર્ણ સત્યોની હારમાળા ખડી થઈ જાય. અને તે બુદ્ધિ અને કાર્યમાં વિસંવાદો જગાડે, અનેક ઘર્ષણોને જન્મ આપે અને પરિણામે એ ઘર્ષણોના વર્તુલો જો વિરાટ થતા જાય તો વિશ્વને આવરીને મહાન અશાંતિ પણ ઊભી કરે. એવું ન થાય માટે અનેકાન્તવાદ–જે સ્યાદ્વાદ કે સાપેક્ષવાદથી પણ ઓળખાય છે, તે માનવીને એક વિવેક દૃષ્ટિ આપે છે. તે કહે છે કે ભાઈ! વ્યકિતના વિચાર, વાણી કે

વર્તનમાં અમુક અપેક્ષાએ સત્યના અંશો હોય છે. તે રીતે અસત્યના અંશો પણ હોય છે. દરેકમાં સર્વથા સત્ય જ હોય કે સર્વથા અસત્ય જ હોય એમ નથી હોતું, અપેક્ષાગત સાચું અને ખોટું બંને સંભવી શકે છે. જેમ એક સ્ત્રીને તેના પતિની દૃષ્ટિએ પત્ની કહેવી એ જેમ સાચું છે, તેમ તેના પુત્રની દૃષ્ટિએ માતા કહેવી તે પણ એટલું જ સાચું છે, તાત્પર્ય એ કે–પત્નીત્વ, માતૃત્વ બંને (અથવા અનેક) ધર્મો એક વ્યક્તિમાં સંભવિત બને છે. બીજો દાખલો લઈએ તો—એક પુત્રનો પિતા તેના પુત્રની દૃષ્ટિએ પિતા અને બીજા સગપણોની દૃષ્ટિએ કાકો, મામો, ભાઈ પણ હોય છે. માટે જ આ આમ જ છે કે આમ થવું જ જોઈએ' એવા જકાર વાપરીને વહેવાર કરવાની વાત અનેકાન્તની દૃષ્ટિને સ્વીકાર્ય નથી. તે એકાન્તિક બનવાની કે દુરાગ્રહી થવાની નિતાન્ત ના પાડે છે. વળી તે કહે છે કે ભાઈ એક જ સત્ય અનેક રૂપે પ્રગટ થતું હોય છે. માટે તારે તેનાં અનેક સ્વરૂપોને માન્ય રાખવાં જ જોશે. ભલે તે વિરોધી રૂપે પણ હોય!

વહેવારમાં જોઈએ તો વ્યક્તિ, સમાજ કે રાષ્ટ્ર કંઈ સંપૂર્ણ સત્યને વરેલાં નથી હોતાં. પણ સત્યના અંશને તો તે વરેલાં હોય છે. તેથી તેટલે અંશે તે સાચા હોવાથી જો બધાય અંશોનો અપેક્ષિત આદર કરીએ તો પૂર્ણ સત્ય જન્મ પામે. માટે જ આ સિદ્ધાંત સાચો અને પૂર્ણ છે. અને તે 'મારૂં સાચું નહીં પણ સાચું એજ મારૂં' એવા સનાતન સત્યના સ્વીકાર કરવા તરફ સહુને દોરી જનારો છે.

વિશ્વમાં આજે અનેક સિદ્ધાંતો, વાદો કે માન્યતાઓ પ્રવર્તે છે તે બધા ન્યૂનાધિકપણે અનેકાન્તવાદના રંગથી રંગાએલા અને બહુધા સંકુચિતતાના વિષથી વ્યાપૃત થયેલા છે. તેથી તેઓ પોતપોતાના મતના કે વાદના આગ્રહી રહે છે. અને એના કારણે અનેક કલહો, કંકાસો, વિરોધો અને દુશ્મનાવટોની ભાવનાઓનું વિરાટ વાયુમંડળ સર્જે છે. છેવટે તે વિશ્વયુદ્ધને જન્મ આપીને વિરામ પામે છે. એ અટલ રીતે નોંધી રાખીએ કે પરસ્પર વિરોધી દૃષ્ટિબિંદુ ધરાવનારાઓમાં કોણ સાચા અને કોણ ખોટા છે? અને તે કેટકેટલા પ્રમાણમાં? એ શોધવાની દૃષ્ટિ તેમજ બંને છેડે ઉભેલા કટ્ટર હઠવાદીઓનું મિલન સ્થાન ઉભું કરી આપવાની સમન્વય દૃષ્ટિ, ભગવાન મહાવીરનો સમન્વયધર્મનો મહાન પુરસ્કર્તા, ઉદાર અનેકાન્તવાદ જ આપી શકે છે!

એટલે જ દૃઢતાથી કહેવાનું મન થાય છે કે, વ્યક્તિ, કુટુંબ, સમાજ, પ્રાંત, રાષ્ટ્ર કે વિશ્વની અનેક આંટીઘૂંટીઓ કે અશાંતિઓનો ઉકેલ લાવવો હોય તો આજકાલના તમામ વાદોનું વિસર્જન કરી, માનવજાત અનેકાન્તવાદને જ સહર્ષ અપનાવે, પછી તે જુએ કે તેની ગૂઢ અને કૂટ સમસ્યાઓ કેવી સરલતા અને શીઘ્રતાથી હલ થાય છે.

અન્તમાં પ્રાર્થના કે ઘરથી લઈને વિશ્વની પ્રજા પ્રજા વચ્ચે સહાનુભૂતિ, સમજૂતી અથવા મૈત્રી કે પ્રેમનો સેતુ ખડો કરવા એકાન્ત કે એકાંગીપણાના કોચલાને તોડી નાંખીને જીવન અને જગતનું વિશાળ દર્શન કરવા આપણે સહુ અનેકાન્તવાદી બનીએ! અને અંગત જીવનથી માંડીને વિશ્વપર્યન્ત ચિરસ્થાયી શાંતિ ઉભી કરવા અલ્પ ફાળો આપીએ!

## બે ઘટનાઓ અંગે કંઈક :

ભગવાન મહાવીરના જીવનની બે ઘટનાઓ પ્રત્યે લોકોને તર્ક થયા કરે છે. પહેલી બાબત છે પ્રભુના શરીરનું લોહી શ્વેત હતું તે. અને બીજી છે ગર્ભાપહરણની.

લોહી લાલ જ હોય, એ આબાલગોપાલ પ્રસિદ્ધ હકીકત આગળ સફેદ લોહીની વાત ગળે કેમ ઉતરે? પણ બુદ્ધિને બીજીબાજુ વળાંક આપીએ તો સમાધાન મળી આવે. શું માનવ શરીરમાં શ્વેત લોહી હોય ખરૂં? હા, સ્ત્રીના શરીરમાં તે પેદા થાય છે. ક્યારે પેદા થાય છે? તો સ્ત્રી પત્ની ઉપરાંત જ્યારે માતૃત્વદશા પ્રાપ્ત કરે છે ત્યારે અર્થાત્ બાળક ગર્ભમાં આવે ત્યારે. એમાં કારણ શું? કારણ એ કે બાળક પ્રત્યે માતાના હૈયામાં એવો અસાધારણ પ્રેમ વાત્સલ્યભાવ જાગે છે કે પ્રેમની ઉષ્મા લોહીનું સફેદાઈમાં પરાવર્તન (રીફાઈન) કરે છે. અને તેનું પરાવર્તન તેના સ્તનમાં જોવા મળે છે. જો એક જ જીવ પ્રત્યેના પ્રેમથી લોહી સફેદ થતું હોય તો વિશ્વના પ્રાણી પ્રત્યેના પ્રેમ વાત્સલ્યભાવની ઉષ્મા, ભગવાનના શરીરના સંપૂર્ણ લોહીને શ્વેત કરી નાંખે તો તેમાં શું આશ્ચર્ય?

ગર્ભાપહરણ એ કંઈ અશક્ય ઘટના નથી. આજના વિજ્ઞાન યુગમાં વૈજ્ઞાનિક ડોક્ટરો આજે પણ ગર્ભપરાવર્તન કરી શકે છે. તો અચિંત્ય દૈવિકશક્તિ ધરાવતા દેવોથી શું અશક્ય હોય ખરું? આ અંગે વિશેષ ઉદાહરણો આપવાનું આ સ્થાન નથી.

## શ્રી મહાવીરદેવના સિદ્ધાંતની પૂર્ણતા અને મહત્તા :

'सव्वे जीवा वि इच्छंति जीविउं, न मरिज्जिउं' પ્રાણી માત્ર જીવવાને ઈચ્છે છે. કોઈ જીવ મરવાને ઈચ્છતો નથી. માટે તમે કોઈની પણ હિંસા ન કરો. ભગવાને તો પૃથ્વી, પાણી, વાયુ, વનસ્પતિને પણ જીવસ્વરૂપ બતાવ્યા. એમાં પણ જીવન કહ્યું અને સમસ્ત પ્રાણી જગત સાથે મૈત્રી ભાવનાનું તાદાત્મ્ય સાધવાની ઘોષણા કરીને, એ જીવોના પ્રાણોની હિંસાથી દૂર રહેવાનો આદેશ આપ્યો.

ઈશુ ખ્રિસ્તનો "Live and Let Live" 'જીવો અને જીવવા દો' નો વિશ્વપ્રસિદ્ધ સિદ્ધાન્ત અધૂરો ને સ્વાર્થમૂલક છે. એમાં માનવતા ઝળકતી નથી. એ કહે છે કે 'તમે તમારી રીતે જીવો અને અમને અમારી રીતે જીવવા દો' આમાં એકબીજાને મદદરૂપ થવાની કે સુખદુઃખમાં ભાગીદાર બનવાની વાત રહેતી નથી. પછી કોઈ વખતે દાન, દયા કે પરોપકારના ધર્મને શું હાનિ નહીં પહોંચે?

જ્યારે ભગવાન મહાવીરનો સિદ્ધાંત પૂર્તિ કરતાં કહે છે કે–જીવો જીવવા દો, આની સાથે–તમારા જીવનના ભોગે અન્યને જીવાડો. (અથવા અન્યને જીવંત રાખવા તમે જીવો) આમ દ્વીસૂત્રીને બદલે ત્રિસૂત્રી સિદ્ધાંત બને તો જ સિદ્ધાન્ત સાચો અને સંપૂર્ણ બને. અને ત્યાં જ માનવતાનું તેજ દેખાય.

પેલું મહાત્મા બુદ્ધનું સુપ્રસિદ્ધ बहुजनहिताय बहुजनसुखाय સૂત્ર એમ કહે છે કે 'ઘણા જીવોના હિત માટે અને ઘણાં જીવોના સુખ માટે કરો.'

ભગવાન મહાવીર કહે છે કે એવું શા માટે? સર્વજન શા માટે નહીં? અરે! સર્વજન જ શા માટે? સર્વ તત્ત્વો-પ્રાણીઓ કેમ નહીં? કારણ કે બહુજન કરતાં સર્વજનનો સિદ્ધાંત ઉંચો, સર્વજન કરતાં સર્વપ્રાણીનો સિદ્ધાન્ત ઉંચો છે, અને સર્વોદયની મહાન ભાવના આ જ સિદ્ધાન્તમાં સમાયેલી છે. આ તો પ્રસંગોપાત્ત સૂચન કર્યું.

સમગ્ર વિશ્વમાં ચાલી રહેલી ભિન્ન ભિન્ન વિચારસરણીઓના વર્તમાન ઝનૂનનાં ખતરનાક ભયને ખાળવા, માનવજાતનો ઝડપથી અને સંપૂર્ણ નાશ કરે તેવા સામસામો દિશામાં ખડકાઈ ચૂકેલા અણુશસ્ત્રો અને ઝેરી બોમ્બોના વિનાશકારી પરિણામોથી વિશ્વને બચાવી લેવું હોય. અવિશ્વાસ અને ભયના વાતાવરણથી ત્રસ્ત બનેલી માનવજાતને ઉગારી લેવી હોય તો, વિશ્વની પ્રજાએ અસીમ જ્ઞાન અને અપરિમિતિ કરૂણાના સાગર એવા ભગવાન મહાવીરે માનવજાતનાં ઊર્ધ્વીકરણ માટે પ્રબોધેલા અહિંસાના મહાન સિદ્ધાન્તને વધુને વધુ પ્રમાણમાં જીવનમાં ઉતારવો જ જોશે! અને માનવ માનવ વચ્ચે તાદાત્મ્ય સંબંધ માટે સેતુનું કાર્ય કરનારા અનેકાન્તના ભવ્ય આદર્શને જીવનમાં અપનાવવો પડશે!

તે ઉપરાંત આપણે સહુ અખૂટ શાંતિ, અગાધ સૌમ્યતા અને અનુપમ સુખનો અનુભવ કરવા, ઇન્દ્રિયોના વિષયો અને ક્રોધ-માન લોભ આદિ કષાયત્યાગના પવિત્ર આદેશોને અનુસરી અને એ બધી સાધના-ઉપાસના દ્વારા બહિરાત્મ, અંતરાત્મદશાનાં શિખરોને વટાવીને પરમાત્મદશાનાં એવરેસ્ટને સર કરીએ એજ મંગલ કામના!

## પ્રસ્તુત પુસ્તક અંગે :

ભગવાન શ્રી મહાવીરના બહુ ઓછી ભાષામાં પચાસથી વધુ ચરિત્રો પ્રસિદ્ધ થયાં છે. દુઃખની વાત એ છે કે, હજુ પણ ભારતની મુખ્ય મુખ્ય (ચૌદથી પંદર) ભાષામાં પ્રગટ થયાં નથી. યદ્યપિ શ્રીમહાવીર દેવની મંગલ અને કલ્યાણકર વાણીનો સંગ્રહ ઘણા મોટા પ્રમાણમાં ઉપલબ્ધ થયો પણ તેઓશ્રીના ખુદના જીવનની ઘટનાઓ કે કાર્યોની હકીકતો બહુ જ ઓછી મળે છે. અને તેય સીલસીલા બંધ તો નહીં જ. જેમ કે બાલ્યકાળ પછીથી દીક્ષાગ્રહણ સુધીના સમય ઉપર લગભગ અંધારપટ, સાધના કાળ અને સર્વજ્ઞ થયા બાદ નિર્વાણ સુધીના કાળની હકીકતો પણ સંતોષજનક મળતી નથી. તેમજ તેમના સંઘની સાધક વ્યક્તિઓની નોંધો પણ ઓછી મળે છે. એમ છતાં હકીકતોની જે અને જેવી સામગ્રી મળે છે તે ઉપરથી જુદા જુદા લેખકો પોતપોતાની કુશળતા મુજબ રસોઈ પકવી લે છે. શ્રી જોષીએ પણ એ રીતે રસોઈ પકવી છે. એ કેવી પકવી છે? એનો જવાબ એને આરોગનારા વાચકો જ આપી શકે! હું તો વાચકોને એટલું જ કહું કે તેઓ પરમ આત્માના, એક વિશિષ્ટ ઢબે લખાયેલા આ ચરિત્રને વાંચે, વિચારે અને હૃદયમાં ઉતારીને તેમના ચીંધેલા માર્ગે ચાલવાનો આંશિક પ્રયત્ન કરીને લેખકના શ્રમને સાર્થક કરે! લેખક દ્વારા કાચું મેટર ફેર કરવા પ્રસંગે હકીકતોને નવો રંગ આપવા જતાં અજાણતાં કે પ્રમાદના કારણે ક્યાંક ક્યાંક શાસ્ત્ર અને ઇતિહાસ વિરુદ્ધ નિર્દેશો થવા પામ્યા છે. તેનું શક્ય એટલું શુદ્ધિપત્રક આપ્યું છે, તે જોઈ સુધારીને વાંચવા વિનંતી છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# નવતત્ત્વ દીપિકાની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૨ ઇ.સન્. ૧૯૬૬

૧૫

જૈન શ્રી સંઘમાં અત્યંત જાણીતા બનેલા પ્રકરણરૂપે લેખાતા 'નવ-તત્ત્વ' નામના ગ્રન્થનું પ્રકાશન શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ કૃત 'દીપિકા' નામની ગુજરાતી ભાષા-ટીકા સાથે થઈ રહ્યું છે, તે પ્રસંગે બે શબ્દનો નિર્દેશ કરવો અસ્થાને નહિ ગણાય.

આ સૃષ્ટિ મુખ્યત્વે બે તત્ત્વો ઉપર આધારિત છે. એ બેમાં એક છે જીવ અને બીજું છે અજીવ. પ્રસિદ્ધ શબ્દોમાં કહીએ તો એકનું નામ છે 'ચેતન' અને બીજાનું નામ છે 'જડ.'

આમ છતાં હેય અને ઉપાદેયની વિશિષ્ટ સમજણને માટે નવતત્ત્વોનું પ્રતિપાદન કરવામાં આવે છે અને તે આવશ્યક છે.

જ્યારે ચારેય બાજુએ ભૌતિકવાદનો સાગર ઉછળી રહ્યો હોય ત્યારે તેને ખાળવા કોઈપણ કાળે આધ્યાત્મિક-તત્ત્વજ્ઞાનની દિવાલો જ કામિયાબ નીવડે છે. કારણ કે—

તત્ત્વોનું જ્ઞાન હૃદયના પ્રગાઢ અંધકારને ભેદી નિર્મળ પ્રકાશને જન્મ આપે છે.

તત્ત્વોનું જ્ઞાન અજ્ઞાન દોષને દૂર કરી જ્ઞાનગુણની વૃદ્ધિ કરે છે.

તત્ત્વોનું જ્ઞાન દુર્ગુણોની બાદબાકી કરી સદ્‌ગુણની સુવાસનો સરવાળો ઊભો કરે છે.

તત્ત્વોનું જ્ઞાન જૈનાગમોરૂપી મંદિરમાં પ્રવેશ કરવા માટે દરવાજાની ગરજ સારે છે.

તત્ત્વોનું જ્ઞાન પ્રાણીગણ વચ્ચે શાંતિ મૈત્રી અને પ્રેમનો પ્રકાશ ફેલાવે છે.

આવા અનેકવિધ લાભોના કારણે અને અહિંસા, સત્ય, શાંતિ, પ્રેમ, મૈત્રી, સંપ, સંગઠન વગેરેની અંતરાત્મામાં, તેમજ ભૌતિકવાદથી સંતપ્ત બનેલા આ વિશ્વમાં પ્રતિષ્ઠા થાય, એ કારણે આવા જ્ઞાનનો ફેલાવો થતો રહે તે માત્ર આવશ્યક નહિ, પણ આ કાળે અનિવાર્ય છે. આવા જ્ઞાનના પ્રચાર દ્વારા જ વિનાશોન્મુખ વિશ્વને સાચી દિશામાં વિકાસોન્મુખ બનાવી શકીશું.

આજ સુધીમાં નવતત્ત્વ પ્રકરણ ઉપર કેટલાક રોચક અનુવાદો પ્રગટ થયા છે, તેમાં આ પ્રકાશનથી એક સમૃદ્ધ કૃતિનો ઉમેરો થાય છે. ભોજનની સામગ્રીને કેમ કેળવવી અને કેળવીને તેને કેમ સ્વાદુ અને સુપાચ્ય બનાવવી? એમાં પણ એક કળા સમાયેલી છે. એ રીતે વિવિધ સામગ્રીનું સંકલન કેમ કરવું? તે કરીને તેની સરલ અને રોચક ઢબે રજૂઆત કેમ કરવી, અને એ રજૂઆતના માધ્યમ તરીકે ભાષાશૈલી કેવી રાખવી? વગેરેમાં પણ ખાસ કલા સમાયેલી છે. આ કલામાં ગ્રંથલેખક નિષ્ણાત હોવાથી તેમની કૃતિ વાચકોને સ્વાદુ અને સુપાચ્ય લાગશે, એમાં શંકા નથી.

મારાં અનેક કાર્યોના સાથી અને ધર્મસ્નેહી ભાઈ શ્રી ધીરજલાલ પોતાની સમય-શક્તિનો ઉપયોગ, સાહિત્ય નિર્માણ તથા સાહિત્યપ્રચાર માટે કરી રહ્યા છે અને તેમના ધર્મપત્ની તપસ્વી શ્રી ચંપાબહેન તથા વિનીત પુત્ર ભાઈ શ્રી નરેન્દ્ર જે સહકાર આપી રહ્યા છે, તે ખરેખર! સ્વ-પર કલ્યાણકારક છે. હજુ પણ તેઓ અન્ય સાહિત્ય પીરસતાં રહે અને પોતાનું કલ્યાણ સાધે, તેવી શુભેચ્છા સાથે વિરમું છું.

મુંબઈ, શ્રી નમિનાથ જૈન ઉપાશ્રય, મુનિ યશોવિજય

તા. ૧-૪-૬૬

## સર્વોત્તમ આશીર્વાદ

આ વિશ્વમાં શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આશીર્વાદ ધર્મલાભ આ જ છે, જેને જૈનમુનિઓ ઉચ્ચારે છે. દીર્ઘાયુ થાવ એવો આશીર્વાદ આપીએ તો દીર્ઘાયુ તો નરકમાં પણ છે. સુખને માટે ધનવાન થવાનો આશીર્વાદ પણ કેમ અપાય ? કારણ કે હલકા લોકો પાસેય ધન ઘણું હોઈ શકે છે. સંતતિ માટે પુત્રવાન થવાની આશિષ પણ ન અપાય કેમ કે કુકડી, ભુંડણી આદિને ઘણાં સંતાનો હોય છે માટે. સર્વ સુખોને આપનારો આશીર્વાદ જો કોઈ હોય તો ધર્મલાભ જ છે. કારણ કે ધર્મનો લાભ થઈ ગયા પછી ભૌતિક—આધ્યાત્મિક કોઈ સિદ્ધિ એવી નથી કે જેનું આગમન થયા વિના રહે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# યશોદોહનની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૨ ઇ.સન્. ૧૯૬૬

૧૯

## સંપાદકીય નિવેદન

વિક્રમની સત્તરમી સદીમાં જન્મેલા, જૈન ધર્મના પરમ પ્રભાવક, જૈનદર્શનના મહાન દાર્શનિક, જૈન તર્કના મહાન તાર્કિક, ષડ્દર્શનવેત્તા અને ગુજરાતના મહાન જ્યોતિર્ધર શ્રીમદ્ **યશોવિજયજી મહારાજ**–જેઓ એક જૈન મુનિવર હતા. યોગ્ય સમયે અમદાવાદના જૈન શ્રીસંઘ સમક્ષ સમર્પિત થયેલા, ઉપાધ્યાય પદના બિરુદથી 'ઉપાધ્યાયજી' બન્યા હતા. સામાન્ય રીતે વ્યક્તિ 'વિશેષ' નામથી જ ઓળખાય છે, પણ આમના માટે થોડીક નવાઈની વાત એ હતી કે જૈનસંઘમાં તેઓશ્રી વિશેષ્યથી નહિ પણ 'વિશેષણ'થી સવિશેષ ઓળખાતા હતા. "ઉપાધ્યાયજી આમ કહે છે, આ તો ઉપાધ્યાયજીનું વચન છે" આમ 'ઉપાધ્યાયજી' થી શ્રીમદ્ યશોવિજયજીનું જ ગ્રહણ થતું હતું. વિશેષ્ય પણ વિશેષણનો પર્યાયવાચક બની ગયું હતું. આવી ઘટનાઓ વિરલ વ્યક્તિઓ માટે બનતી હોય છે. એઓશ્રી માટે તો આ બાબત ખરેખર ગૌરવાસ્પદ હતી.

વળી એઓશ્રીનાં વચનો માટે પણ એને મળતી બીજી એક વિશિષ્ટ અને વિરલ બાબત છે. એમની વાણી, વચનો, કે વિચારો 'ટંકશાલી' એવા વિશેષણથી ઓળખાય છે. વળી ઉપાધ્યાયજીની શાખ એટલે 'આગમશાખ અર્થાત્ શાસ્ત્રવચન, એવી પણ પ્રસિદ્ધિ છે. વર્તમાનના એક વિદ્વાન આચાર્યે ઉપાધ્યાયજી પ્રત્યે અસાધારણ ભક્તિભાવના ઉછાળાથી એમને 'વર્તમાનના મહાવીર' તરીકે પણ ઓળખાવ્યા હતા.

આજે પણ શ્રીસંઘમાં કોઈ પણ બાબતમાં વિવાદ જન્મે ત્યારે ઉપાધ્યાયજી વિરચિત શાસ્ત્ર કે ટીકાની 'શહાદત'ને અન્તિમ પ્રમાણ ગણવામાં આવે છે. ઉપાધ્યાયજીનો ચુકાદો એટલે જાણે સર્વજ્ઞનો ચુકાદો. એટલે જ એમના સમકાલિક

મુનિવરોએ તેઓશ્રીને 'શ્રુતકેવલી' વિશેષણથી નવાજ્યા છે એટલે કે 'શાસ્ત્રોના સર્વજ્ઞ' અર્થાત્ શ્રુતના બળે કેવલી. એનો અર્થ એ કે સર્વજ્ઞ જેવું પદાર્થનું સ્વરૂપ વર્ણવી શકનારા.

આવા ઉપાધ્યાયજી ભગવાને બાલ્યવયમાં (આઠેક વર્ષની આસપાસ) દીક્ષિત બનીને વિદ્યા પ્રાપ્ત કરવા માટે ગુજરાતમાં ઉચ્ચ કોટિના વિદ્વાનોના અભાવે કે ગમે તે કારણે ગુજરાત છોડીને દૂર–સુદૂર પોતાના ગુરુદેવ સાથે કાશીના વિદ્યાધામમાં જવું પડ્યું હતું અને ત્યાં છએ દર્શનના તેમજ વિદ્યા-જ્ઞાનની વિવિધ શાખા-પ્રશાખાઓનો આમૂલચૂલ અભ્યાસ કર્યો. અને તેના ઉપર તેઓશ્રીએ અદ્‌ભુત પ્રભુત્વ મેળવ્યું હતું. અને વિદ્વાનોમાં 'ષડ્‌દર્શનવેત્તા' તરીકે પંકાયા હતા.

કાશીની રાજસભામાં એક મહાસમર્થ દિગ્ગજ વિદ્વાન–જે અજૈન હતા તેની જોડે અનેક વિદ્વાનો અને અધિકારી આદિ સમક્ષ શાસ્ત્રાર્થ કરી વિજયની વરમાળા પહેરી હતી. તેઓશ્રીના અગાધ પાણ્ડિત્યથી મુગ્ધ થઈને કાશીનરેશ–પંડિતસભાએ તેઓશ્રીને 'ન્યાયવિશારદ' બિરુદથી અલંકૃત કર્યા હતા. તે વખતે જૈન સંસ્કૃતિના એક જ્યોતિર્ધરે જૈન પ્રજાના એક સપૂત જૈનધર્મનો અને ગુજરાતની પુણ્યભૂમિનો જયજયકાર વર્તાવ્યો હતો અને જૈનશાસનની શાન બઢાવી હતી.

વિવિધ વાઙ્‌મયના પારંગત વિદ્વાન જોતાં આજની દૃષ્ટિએ કહીએ તો તેઓશ્રીને બે ચાર નહિ પણ સંખ્યાબન્ધ વિષયોના પી.એચ.ડી. કહીએ તો તે યથાર્થ જ છે.

ભાષાની દૃષ્ટિએ જોઈએ તો ઉપાધ્યાયજીએ અલ્પજ્ઞ કે વિશેષજ્ઞ, બાળ કે પંડિત, સાક્ષર કે નિરક્ષર, સાધુ કે સંસારી વ્યક્તિના જ્ઞાનાર્જનની સુલભતા માટે, જૈનધર્મની મૂલભૂત પ્રાકૃત ભાષામાં, એ વખતની રાષ્ટ્રીય જેવી ગણાતી સંસ્કૃત ભાષામાં તેમજ હિન્દી, ગુજરાતી ભાષાભાષી પ્રાન્તોની સામાન્ય પ્રજા માટે હિન્દી ગુજરાતીમાં વિપુલ સાહિત્યનું સર્જન કર્યુ છે. (જુઓ પરિશિષ્ટ ૨). એઓશ્રીની વાણી સર્વનયસંમત ગણાય છે.

વિષયની દૃષ્ટિએ જોઈએ તો એમને આગમ, તર્ક, ન્યાય, અનેકાંતવાદ, તત્વજ્ઞાન, સાહિત્ય, અલંકાર, છંદ, યોગ, અધ્યાત્મ, આચાર, ચારિત્ર, ઉપદેશ આદિ અનેક વિષયો ઉપર માર્મિક અને મહત્ત્વપૂર્ણ રીતે લખ્યું છે.

સંખ્યાની દૃષ્ટિએ જોઈએ તો એમની કૃતિઓની સંખ્યા 'અનેક' શબ્દથી નહિ પણ સેંકડો શબ્દોથી જણાવી શકાય તેવી છે. આ કૃતિઓ બહુધા આગમિક અને તાર્કિક બંને પ્રકારની છે એમાં કેટલીક પૂર્ણ, અપૂર્ણ બંને જાતની છે અને અનેક કૃતિઓ અનુપલબ્ધ છે. પોતે શ્વેતામ્બર પરંપરાના હોવા છતાં દિગમ્બરાચાર્યકૃત ગ્રન્થ ઉપર ટીકા રચી છે. જૈન મુનિરાજ હોવા છતાં અજૈન ગ્રન્થો ઉપર ટીકા રચી શક્યા છે. આ એમના સર્વગ્રાહી પાણ્ડિત્યનો પ્રખર પુરાવો છે. શૈલીની દૃષ્ટિએ જોઈએ તો એમની કૃતિઓ ખણ્ડનાત્મક, પ્રતિપાદનાત્મક અને સમન્વયાત્મક છે. ઉપાધ્યાયજીની ઉપલબ્ધ કૃતિઓનું પૂર્ણ યોગ્યતા પ્રાપ્ત કરીને, પૂરા પરિશ્રમથી અધ્યયન કરવામાં આવે તો, જૈન આગમ કે જૈન તર્કનો લગભગ સંપૂર્ણ જ્ઞાતા બની શકે. અનેકવિધ વિષયો ઉપર મૂલ્યવાન, અતિમહત્વપૂર્ણ સેંકડો કૃતિઓના સર્જકો આ દેશમાં ગણ્યાગાંઠ્યા પાક્યા છે. એમાં

ઉપાધ્યાયજીનો નિઃશંક સમાવેશ થાય છે. આવી વિરલ શક્તિ અને પુણ્યાઈ કોઈના જ લલાટે લખાએલી હોય છે. આ શક્તિ ખરેખર! સદ્ગુરુકૃપા, જન્માન્તરનો તેજસ્વી જ્ઞાનસંસ્કાર અને સરસ્વતીનું સાક્ષાત્ મેળવેલું વરદાન, આ ત્રિવેણીસંગમને આભારી હતી.

તેઓશ્રી 'અવધાન'કાર (એટલે બુદ્ધિની ધારણાશક્તિના ચમત્કારો) પણ હતા. અમદાવાદના શ્રીસંઘ વચ્ચે અને બીજી વાર અમદાવાદના મુસલમાન સુબાની રાજસભામાં આ અવધાનના પ્રયોગો કરી બતાવ્યા હતા. તે જોઈને સહુ આશ્ચર્યમુગ્ધ બન્યા હતા. માનવીની બુદ્ધિ શક્તિનો અદ્ભુત પરચો બતાવી જૈનધર્મ અને જૈન સાધુનું અસાધારણ ગૌરવ વધાર્યું હતું. તેઓશ્રીની શિષ્યસમ્પત્તિ અલ્પસંખ્યક હતી. અનેક વિષયોના તલસ્પર્શી વિદ્વાન છતાં 'નવ્ય ન્યાય'ને એવો આત્મસાત્ કર્યો હતા કે, નવ્ય ન્યાયના 'અવતાર' લેખાયા હતા. આ કારણથી તેઓ 'તાર્કિકશિરોમણિ' તરીકે વિખ્યાત થયા હતા. જૈનસંઘમાં નવ્યન્યાયના (પ્રાયઃ) આ આદ્ય વિદ્વાન હતા. જૈન સિદ્ધાન્તો અને તેના ત્યાગ વૈરાગ્યપ્રધાન આચારોને નવ્ય ન્યાયના માધ્યમ દ્વારા તર્કબદ્ધ કરનાર માત્ર અદ્વિતીય ઉપાધ્યાયજી જ હતા. એમનું અન્તિમ અવસાન ગુજરાતના વડોદરા શહેરથી ૧૯ માઈલ દૂર આવેલા પ્રાચીન દર્ભાવતી, વર્તમાનમાં 'ડભોઈ' શહેરમાં વિ. સં. ૧૭૪૩માં થયું હતું. આજે એમની દેહાન્તભૂમિ ઉપર એક ભવ્ય સ્મારક ઊભું કરવામાં આવ્યું છે. જ્યાં એમની વિ. સં. ૧૭૪૫માં પ્રતિષ્ઠા કરેલી પાદુકા પધરાવવામાં આવી છે. ડભોઈ એ રીતે બડભાગી બન્યું છે.

ઉપાધ્યાયજીના જીવનની અને તેઓશ્રીને સ્પર્શતી બાબતોની અલ્પ ઝાંખી કરી. હવે પ્રસ્તુત પુસ્તક અંગે 'કંઈક' કહું.

## પ્રસ્તુત પુસ્તક અંગે—

આવા એક અનોખા મહાપુરુષની શ્રુત કે સારસ્વત સેવા કે તેની સાધના કેવી ઊંડી અને વિશાળ હતી? તેઓશ્રીની જન્મદત્ત નૈસર્ગિક પ્રતિભા કેવી હતી? નાનીશી માનવ જીંદગી, ત્યાગી જીવન, અનેક ફરજો અને જવાબદારીઓથી સંકુલ જીવન છતાં, એવી એક જ વ્યક્તિ પોતાની સર્વતોમુખી પ્રતિભા અને અગાધ વિદ્વત્તાના વિરલ યોગે, સ્વ-પર કલ્યાણાર્થે વિવિધલક્ષી સાહિત્યનું અભિનવ સર્જન, પ્રાચીન વિચારોનું સંવર્ધન અને પ્રમાર્જન વગેરે દ્વારા સાહિત્યરાશિનો કેવો ઉમદા અને સમૃદ્ધ વારસો શ્રીસંઘને સોંપતા ગયા છે; એ બધી બાબતોનો સામાન્ય ખ્યાલ જૈન-અજૈન વિદ્વાનને આવે તો સારું! એ માટે પ્રસિદ્ધ થયેલી 'હેમસમીક્ષા'ની જેમ ઉપાધ્યાયજીના ગ્રન્થોની પણ પરિચય સાથે 'સમીક્ષા' પ્રગટ થાય તેવું કાર્ય કરવું, એવું સ્વપ્ન લાંબા કાળથી સેવ્યું હતું. સેવેલું સ્વપ્નું સાકાર બનશે કે કેમ? એ મારા જેવા કમનસીબ અને પ્રમાદી માટે અનિશ્ચિત હતું, એટલે વિચાર્યું કે ઉપાધ્યાયજીના વિપુલ સાહિત્યની સર્વાંગીણ સમીક્ષા તેના વિવિધ અભ્યાસીઓ દ્વારા વિવિધ રીતે થાય તો શું ખોટું છે? ઊલટું સવિશેષ લાભપ્રદ જ છે. કારણકે દરેકની બૌદ્ધિકશક્તિ, વિચારધોરણ, રજૂઆતની કુશલતા અને સમીક્ષાની લઢણ સહુની નોંખી નોંખી હોય છે. એટલે આ સમીક્ષાનું કાર્ય માહિતીના સંગ્રહ

માટે દેવી 'અન્નપૂર્ણા' જેવા ગણાતા સુરત નિવાસી જાણીતા વિદ્વાન પ્રો. શ્રી હીરાલાલ રસિકદાસ કાપડિયાને સોંપવામાં આવ્યું. અને 'સમીક્ષા'ના અનુકરણરૂપે કરવાનું હોવાથી લેખકની ઈચ્છાનુસાર 'યશોદોહન' એવું અભિધાન રાખ્યું. પણ તૈયાર થયેલું લખાણ જોયા બાદ લાગ્યું કે તેઓએ તેમાં 'સમીક્ષા' ને બદલે પ્રધાનતયા 'ગ્રન્થપરિચય' આપવાનું કાર્ય કર્યું છે. આથી સંભવ છે કે પ્રસ્તુત નામ તેના પૂર્ણાર્થમાં બંધબેસતું ન લાગે! એમ છતાં તેઓએ પરિશિષ્ટાદિ વિવિધ અંગોને જોડવા પૂર્વક જે કાર્ય કર્યું છે તે પણ અતિ ઉપયોગી જ થયું છે, અને આ કાર્ય સારી રીતે પાર પડયું છે, એમ સાનંદ નોંધવું જોઈએ અને એથી લેખક મહાશય ધન્યવાદના અધિકારી બને તે પણ સ્વાભાવિક જ છે.

પ્રસ્તુત ગ્રન્થના બે ખંડ પાડવામાં આવ્યા છે. પુનઃ બીજા ખંડના ચાર ઉપખંડ પાડવામાં આવ્યા છે, જેને દશ પેટા પ્રકરણો વડે શોભાવ્યા છે. પ્રથમ ખંડમાં ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજીનું જીવનચરિત્ર અને તેને લગતી માહિતીઓ આપવામાં આવી છે. અને બીજા ખંડમાં તેનું કવન એટલે કે તેમને વિવિધ ભાષામાં જે કંઈ કહ્યું–લખ્યું તેનો પરિચય આપવામાં આવ્યો છે. આ બંને ખંડો ક્રાઉન ૧૬ પેજીના ૨૨॥ ફોર્મ એટલે ૩૬૦ પૃષ્ઠમાં મુદ્રિત થયા છે. ૨૩ મા ફોર્મથી પાંચ પરિશિષ્ટો શરૂ કરવામાં આવ્યા છે. જે લગભગ ૧૦ ફોર્મ એટલે કે ૩૬૧ થી ૫૧૫ એટલે ૧૫૫ પૃષ્ઠમાં પૂર્ણ થયાં છે. અન્તમાં જરૂરી શુદ્ધિપત્રક પણ આપવામાં આવ્યું છે. ગ્રન્થના પ્રારંભમાં અનેકવિધ માહિતી આપતો વિસ્તૃત ઉપોદ્‌ઘાત અને વિસ્તૃત વિષયસૂચી વગેરે જોડવામાં આવ્યા છે. આ રીતે આ ગ્રન્થને આધુનિક રૂપ આપી ઉપયોગી બનાવવામાં આવ્યો છે. આથી શ્રદ્ધા છે કે ઉપાધ્યાયજીની સાહિત્યસેવાની વિવિધતા અને વિશાળતા જાણવા માટે આ ગ્રન્થ વિવિધ રીતે ઉપયોગી થઈ પડશે અને ઉપાધ્યાયજી પ્રત્યેના આદરમાનમાં વૃદ્ધિ કરાવશે અને એક વિરલ અને તેજસ્વી બુદ્ધિપ્રતિભાસંપન્ન વ્યક્તિ, અપ્રમત્ત ભાવના રાખી જ્ઞાનોપાસનાનો પ્રચણ્ડ પુરુષાર્થ કરે, સાથે સાથે સામાજિક કે દુન્યવી વહેવારોના આકર્ષક પ્રલોભનોથી દૂર રહે તો શું સિદ્ધિ મેળવી શકે છે? તે અંગેની જ્વલન્ત પ્રેરણા પણ આપણને સહુને આ ગ્રન્થ આપી જશે. આ ગ્રન્થના વાંચન દ્વારા વાચકો તેઓશ્રીના ઉત્તમ સાહિત્યના સેવન, સર્જન અને વિવર્ધનના કાર્યમાં ન્યૂનાધિકપણે પણ પ્રગતિ કરશે તો, આ ગ્રન્થ પ્રકાશનની વિશેષ સાર્થકતા લેખાશે. બાકી તો જૈન શ્રીસંઘના સહકારથી ઉપાધ્યાયજી ભગવંતે કરેલા અગણ્ય મહાન ઉપકારોનું ઋણ સેંકડો વર્ષ બાદ પણ અંશે અદા કરવાનું કાર્ય આવા ગ્રન્થો દ્વારા થઈ રહ્યું છે, એ જ જૈન શ્રીસંઘ કે આ સંસ્થા માટે એક મોટી સંતોષાત્મક બાબત અને ગૌરવાસ્પદ ઘટના છે.

આ પ્રકાશન પણ સંજોગવશ 'દ્રુતવિલમ્બિતવૃત્ત'ની જેમ થોડું વિલંબે પ્રકાશિત થયું છે. પણ 'થયું' છે એ જ આનંદજનક છે.

આ ગ્રન્થની કોઈ કોઈ હકીકતો, વધુ સંશોધન, વધુ વિચારણાઓ માગે તેવી પણ છે. પણ આવા પ્રયત્નો ચાલુ રહેશે તો, નવી--સૂઝ, હકીકતો અને પુરાવાઓ મળતાં તેમાં સુધારા વધારા થતા રહેશે. પરિણામે પૂર્ણ સત્ય કાં તો સત્યની વધુ નજીક પહોંચવાનું થતું રહેશે.

વાચકો, વિદ્વાનો આ પુસ્તક જરૂર જોઈ જાય અને વાંચ્યા બાદ જે કંઈ જણાવવા જેવું લાગે તે સૂચિત કરે.

પ્રાચીન વિશેષનામોના અંતમાં બહુમાનાર્થે 'જી' શબ્દનો ઉમેરો મેં સ્વેચ્છાથી કર્યો છે.

અન્તમાં સંપાદન કરતાં જે કંઈ ક્ષતિઓ મારાથી કે અન્યથી પણ રહી ગઈ હોય તો ક્ષમાર્થી છું અને ઉપાધ્યાયજી ભગવંતના શ્રુતની સેવા કરવાના સાનુકૂળ સંયોગો શીઘ્ર પ્રાપ્ત થાય તેવી શાસનદેવને પ્રાર્થના કરું છું.

મુંબઈ, નમિનાથ જૈન ઉપાશ્રય,
સં. ૨૦૨૨

મુનિ યશોવિજય

❀ ઘણાં ઘરમાં પોપટને બોલતાં શીખવાડાય છે અને પેરન્ટસ (માબાપ)ને મુંગા રહેવાનું કહેવાય છે. આ પણ એક આશ્ચર્ય છે ને !

❀

❀ માણસ કરતાં ઘડિયાળ એક રીતે સલામત છે. ઘડિયાળની કમાન છટકે તો તે તરત રીપેર થઈ શકે છે પણ માણસના મગજની કમાન છટકે તો તે સહેલાઈથી રીપેર થઈ શકતી નથી.

❀

❀ જીવનમાં ડગલે ને પગલે આવતી સમસ્યાનું સાચું કારણ આપણી ખરાબ ગ્રહદશા નથી પરંતુ આપણી ખોટી આગ્રહદશા છે.

❀

❀ કુદરત દરેકને સુખની સોય તો આપે જ છે પરંતુ એમાં પરોવેલો હોય છે દુઃખનો દોરો.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# જૈન તપાવલી અને તેનો વિધિની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૩ ઇ.સન્ ૧૯૬૭

૧૭

## સંપાદકીય નિવેદન

મુંબઇ ગોડીજી જૈન મિત્ર મંડળે, મને આ પુસ્તિકા જે સ્વરૂપે, જે ટાઈપ અને જે મર્યાદા છે, બને ત્યાં સુધી તેને જાળવીને પંદર દિવસમાં પ્રગટ કરાવી આપવાની છે એમ જણાવ્યું, એટલે ટાઈપો સર્વથા બદલી તેમની અન્ય ભાવનાને શક્ય એટલું સ્થાન રહે તે રીતે, અતિ જરૂરી એવા સુધારા વધારા સાથે આ ત્રીજી આવૃત્તિ પ્રગટ થઈ રહી છે.

આ આવૃત્તિમાં કરેલા સુધારા વધારા ખાસ કરીને પીસ્તાલીશ આગમના તપના દુહા અને નામો અંગેના છે, બીજા સામાન્ય છે. અકારાદિક્રમથી આપેલ અનુક્રમણિકા તપનું પાનું શીઘ્ર શોધવામાં ખૂબ જ ઉપયોગી બનશે. આ તપમાંના દુહાઓ બંને આવૃત્તિઓમાં સ્વ. કવિરાજ મુનિ શ્રી. રૂપવિજયજી વિરચિત ૪૫ આગમની છાપેલી મોટી પીસ્તાલીશ પૂજાઓમાંના હતા. એમાં કોઈ આગમ પાસે એક તો કોઈ કોઈ માટે બબ્બે કડીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. અહીંયા સંખ્યાનું સમાન ધોરણ અતિઅગત્યનું છતાં જાળવ્યું નથી. વળી જે દુહાઓ છે, એમાં કેટલાકમાં આગમના નામોનો સ્પષ્ટ ઉલ્લેખ છે, જ્યારે કેટલાકમાં મુદ્દલ નથી, નામની જગ્યાએ તેના વિષયનું ઉપાદાન હોય તેવું પણ નથી. તો શું કરવું? એ પ્રશ્ન ઊભો થતાં પ્રાથમિક વિચાર એ કર્યો કે જે દુહામાં નામ નથી તે માટે તે જ આગમની પૂજાની પંક્તિઓ લઈ તેને જ દુહાની ઢબે ગોઠવી દેવી, જેથી કર્તાની રચના અને મહત્વ જળવાઈ રહે અને તમામ દુહાઓમાં નામ આવતાં શિક્ષિત, અશિક્ષિત, નાના મોટા, સહુને સુગમ થઈ પડે, ક્રમમાં ભૂલાવો ન થાય અને નામોચ્ચારથી પ્રસ્તુત આગમ પ્રત્યે ભાવોલ્લાસની વૃદ્ધિ પણ થાય. આવા કારણે પૂજાની પંક્તિઓ જરા નરા

સુધારા વધારા સાથે દુહા રૂપે ગોઠવી નામવાળા દુહા તૈયાર કર્યા, પણ બનાવ્યા બાદ મને પુનઃ અસંતોષ થયો, કેટલાક દુહાઓમાં નામો તો રહ્યાં પણ જૂનામાં તેમજ નવનિર્મિત કેટલાક દુહાઓમાં આગમનો વિષય યથોચિત રીતે ઝળકતો ન હતો અને કવિ અને મારી મિશ્રરચના, એ પણ ઠીક ન લાગવાથી મેં મારી પકવેલી ખીચડીને જતી કરી, અને ૪૫, આગમના તમામ દુહાઓ નવા જ બનાવી અહીંયા આપ્યા છે. ટૂંક સમયમાં રચવાના કારણે કાવ્ય અને ભાવની દૃષ્ટિએ રહી ગએલી ક્ષતિ સહ્ય ગણવી. એમ છતાં આપેલા દુહાઓ એકંદરે સહુને ગમશે, એવો આશાવાદી બનું તો અસ્થાને નહીં ગણાય.

જાપનાં નામોનો ક્રમ અને દુહાઓનો ક્રમ બંને વચ્ચે સુમેળ ન હતો, જે આગમનો જાપ થાય તો વળી દુહો બીજા જ આગમનો બોલાય. આથી પૂજાને આધારરૂપ રાખેલ હોવાથી પૂજાના ક્રમ પ્રમાણે દુહા અને નામોનો સુમેળ કર્યો છે.

આગમનાં નામો અંગે ખુલાસો કરૂં કે, નંદી વગેરે આગમો, તત્ત્વાર્થભાષ્ય, પાક્ષિકસૂત્ર-ટીકા વગેરેમાં અને તે આધારે રચાએલી પૂજા તથા સંસ્કૃતાદિ ભાષા કાવ્યોમાં આવતાં આગમોનાં નામોમાં મતાંતરો, વિકલ્પો અને નામાંતરો છે. એક જ નામના અક્ષરાદિભેદે સામાન્ય ફેરફારો છે. સંસ્કૃત પ્રાકૃત મિશ્ર નામો પણ બોલાય છે. આગમોના ક્રમમાં ફેરફારો છે. આમાં અસલ કયું અને આ ફેરફારોનાં કારણો શું? એની વિગતો ચર્ચા અને નિર્ણયનું આ સ્થાન નથી, પણ આ બાબતમાં આરાધકોએ શ્રદ્ધા અને ભક્તિની દૃષ્ટિ રાખીને કશો વ્યામોહ કરવા જરૂર નથી.

૪૫ આગમોમાં, ૧૧ [૧]અંગો, ૧૨ [૨]ઉપાંગો, ૧૦ પયન્નાઓ, ૬ છેદ[૩] સૂત્રો, [૪]મૂલસૂત્રો અને ૨ ચૂલિકાસૂત્રનો સમાવેશ થાય છે.

બીજા પણ કેટલાક અનેક આવશ્યક, મુદ્રણની દૃષ્ટિએ શોભા, સરલતા અને વ્યવસ્થાની દૃષ્ટિએ તેમજ ભાષાની દૃષ્ટિએ ઉપયોગી સુધારા વધારા કર્યા છે.

મારી અંગત ભાવનાને અનુરૂપ આ પ્રકાશન નથી, એમ છતાં પ્રથમ બે આવૃત્તિની દૃષ્ટિએ, ટાઈપ, વ્યવસ્થા વગેરે રીતે જોતાં આમાં નવીનતા જણાઈ આવશે. અન્તમાં અનાદિકાળની આહાર સંજ્ઞા તોડનારા તેમજ નિકાચિત અવસ્થા પર્યન્તનાં કર્મોને ભેદી નાંખનારા તપો માર્ગમાં સહુ કોઈ જોડાઈ જાવ. એ જ નમ્ર અનુરોધ. અનુપયોગીતાદિને લીધે, દૃષ્ટિદોષ કે મુદ્રણદોષને લીધે જે ક્ષતિઓ રહી ગઈ હોય, તે સુધારી વાંચવા વિનંતી.

સં. ૨૦૨૩, શ્રાવણમાસ.
મુંબઈ. ૩ પાયધુની
ગોડીજી જૈન ઉપાશ્રય

મુનિ યશોવિજય
જય વીતરાગ!

---

૧. ૧૧ અંગોનાં નામોમાં સહુએ એકવાક્યતા (લગભગ) જાળવી છે. બાકીનાઓમાં વિકલ્પો સર્જાયા છે. ૨. પયન્નાની સંખ્યા ઘણી છે. એમાંથી ૪૫ માં દશ જ સ્વીકાર્યા. પણ એ દશામાંએ એકમતિ ન રહી. દાખલા તરીકે-એકે 'ચંદવિજજા' રાખ્યો તો બીજાઓએ 'ગચ્છાચાર પયન્નો' રાખ્યો. મૂલમાં કેટલાંકે પિણ્ડનિર્યુક્તિને સ્થાન આપ્યું, તો બીજા વર્તુલોએ "ઓઘનિર્યુક્તિને સ્થાન આપ્યું. ૩. છેદ સૂત્રોના નામાંતરો છે. ૪. દિગમ્બરો વિદ્યમાન આગમ માત્રને માનતા નથી. જ્યારે શ્વેતામ્બર, સ્થાનકવાસી, તેરાપંથી ૪૫માંથી બત્રીસને જ માન્ય રાખે છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# આગમરત્ન પીસ્તાલીશીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૩ ઇ.સન્ ૧૯૬૭

## ૧૮

## સંપાદકીય નિવેદન

> નોંધ :—પૂજ્ય મુનિપ્રવર શ્રી યશોવિજયજી મહારાજે સં. ૨૦૨૩માં મુંબઈ ગોડીજી ઉપાશ્રયમાં ૪૫ આગમનો તપ કરનારને ઉપયોગી ૪૫ આગમના ૪૫ દુહાઓની 'આગમરત્ન પીસ્તાલીશી' આ નામની ગુજરાતી કાવ્યકૃતિ રચી હતી. એ કૃતિ તપસ્વીઓને તેમજ બીજાઓને ઉપયોગી થાય તેમ હોવાથી તે અહીં પ્રગટ કરી છે.
>
> આ રચનાની વિશેષતા એ છે કે નાનકડા એક જ દુહામાં 'આગમનામ અને તેનો પ્રધાન વિષય,' આ રીતે બંનેનો નિર્દેશ કરવામાં આવ્યો છે. વર્તમાન ગુજરાતીમાં આ જાતની રચના કદાચ પહેલવહેલી જ હશે.
>
> —તંત્રી

સંપાદકની નોંધ—

૪૫ આગમનો તપ મોટા શહેરોમાં અવરનવર થતો હોય છે. એ તપમાં ખમાસમણા વખતે બોલવાના સ્વતંત્ર આગમના દુહાઓ મળતા નથી એટલે 'વિવિધ પૂજા સંગ્રહ'ની બુકમાં છાપેલી ૪૫ આગમની પૂજામાંના દુહાઓ ઉપયોગમાં લેવાય છે. પણ એ દુહાઓ પૈકી કેટલાકમાં આગમનું નામ હોય ખરું અને ન પણ હોય, વિષયનો ઉલ્લેખ હોય કે ન હોય. એટલે એ સંતોષજનક બાબત ન હતી. એ ખાતર—

વળી, આવી ભાષા રચના કોઈને રુચિ જાય અને ભણે, તો ૪૫ આગમની અલ્પારાધનાનો લાભ પણ મલી જાય; વળી સંક્ષેપમાં ચતુર્વિધ સંઘમાં આગમનું નામ

અને બંનેની જાણકારી પણ વધે. ચતુર્વિધ સંઘના પ્રત્યેક વિભાગમાં સેંકડો વ્યક્તિઓ એવી હશે કે જે પીસ્તાલીશ આગમના પૂરા નામ પણ જાણતા નહિ હોય. વિષયની તો વાત જ ક્યાં કરવી? એટલે આ એક નાનકડી રચના લાભનું કારણ બનશે એમ સમજીને પ્રત્યેક આગમ દીઠ નવો દુહો, તેમાંના પ્રધાન વિષયનો નિર્દેશ કરવાપૂર્વક રચીને આપવામાં આવ્યો છે, અને આનું નામ 'आगमरत्न पीस्तालीशी' રાખવામાં આવ્યું છે.

બીજો એક ખુલાસો કરૂં કે–કેટલાંક આગમોની પ્રસિદ્ધિ, તેનાં મૂલભૂત પ્રાકૃત નામોથી ચાલે છે, તો કેટલાંકની (પ્રાકૃત ઉપરથી રૂપાંતર પામેલા) સંસ્કૃત નામોથી ચાલે છે; પણ લોકવહેવારમાં બધા એક જ ભાષાથી ઓળખાતા નથી. મેં આ દુહાની રચનામાં, તમામ આગમોને તેનાં મૂલભૂત પ્રાકૃત નામોથી જ ઓળખાવ્યાં છે.

આગમનાં નામો અને ક્રમમાં વિવિધ મતો પ્રવર્તે છે, એટલે મેં છેવટે અત્યારે તો 'વિવિધ પૂજા સંગ્રહ'માંની પૂજાને આધારશીલા બનાવીને પૂજાના ક્રમ મુજબ દુહા તથા જાપોનો ક્રમ ગોઠવ્યો છે.

જાપના પદો અંગે : જાપના પદો મુદ્રિત તપાવલીઓમાં દ્વિભાષી છપાએલાં છે, પણ આમાં એક ભાષી તરીકે સંસ્કૃત નામોને જ પસંદગી આપી છે. જેથી બંને પ્રકારના નામનો ખ્યાલ મળી શકશે.

તાત્પર્ય એ કે દુહાનાં નામો પ્રાકૃત અને પદોમાં સંસ્કૃત છે. આથી એક વ્યવસ્થિત ધોરણ સ્વીકૃત બન્યું છે.

*–યશોવિજય*

શ્રેષ્ઠ દિવસની વાટ કયાં સુધી જોયા કરશો ? શ્રેષ્ઠ દિવસની રાહ જોશો તો ક્યારેય તમારી પાસે નહીં આવે. આજનો દિવસ જે તમારા હાથમાં છે તે જ શ્રેષ્ઠ છે. ગઈકાલ તો મરી ગઈ છે. આવતીકાલ તો હજુ જન્મી જ નથી. જીવતી-જાગતી આજ જ આપણી પાસે છે એના સદુપયોગથી જ આવતીકાલ સારી આવશે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# નમસ્કાર ચિંતન તથા નમસ્કાર મંત્રસિદ્ધિની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૩ ઇ.સન્ ૧૯૬૭

**૧૯ ૨૦**

## નમસ્કાર ચિંતન તથા નમસ્કાર મંત્રસિદ્ધિ

(નમસ્કાર મંત્રસિદ્ધિ પુસ્તકની મનનીય પ્રસ્તાવના)

### નવકાર તથા તેનાં નામાન્તરો અંગે વિચારણા

આ પુસ્તકનું નામ 'નમસ્કારમંત્રસિદ્ધિ' આપવામાં આવ્યું છે. આ નામકરણ જે પાઠને ઉદ્દેશીને કરવામાં આવ્યું છે એ પાઠ પ્રાકૃત છે, અને એના કારણે એનું શાસ્ત્રોક્ત નામ [1]**नमुक्कार** કે **णमोक्कार** છે. સૂત્ર હોવાથી તેની આગળ **सुत्तं** જોડાતા **नमु (मो)क्कार सुत्तं**

---

૧. સિદ્ધહે. શ. ૮, ૧,૯૨ ના નિયમથી પ્રાકૃત ભાષામાં આદિ 'न' નો વિકલ્પે 'ण' થાય છે, તેથી णमोक्कार, णमुक्कार તેનાં વૈકલ્પિક રૂપો છે. નમસ્કાર અર્થમાં ત્રીજું **णमोक्कार** (ગઉડ પિ. ૩.૬.) એવું રૂપ પણ મલે છે. એ તમામમાંથી રૂપાંતર પામેલું ચોથું नवकार રૂપ પણ મલે છે. જેમ શ્રમણ ભગવાન મહાવીરનું જન્મદત્ત મૂલનામ પ્રસિદ્ધિને ન પામતાં દેવકૃત 'મહાવીર' નામ જગપ્રસિદ્ધ બની ગયું, તેવું જ આ સૂત્રને માટે થયું છે. આનાં પ્રારંભિક નામો અપ્રચલિત બન્યાં અને 'નવકાર' નામ સર્વત્ર પ્રસિદ્ધિને પામ્યું. આજે આ જ નામ આબાલવૃદ્ધ વર્ગમાં પ્રચલિત છે.

એના અપભ્રંશરૂપે 'નવકાર'માંથી ટૂંકા વહેવારરૂપે લોકોએ 'નોકાર' એવા રૂપને જન્મ આપ્યો. એના ઉપરથી જાપ જપવાની માળાનું નામ પણ 'નવકારવાળી' પડ્યું. ભલે માળા ઉપર બીજા અનેક જાપો જપાતા હોય પણ જૈનોની માળાને 'નવકાર**વાળી જ**' કહેવાય. એ રીતે આબાલવૃદ્ધમાં આ વ્યવહાર સર્વત્ર પ્રવર્તે છે.

આ ઘટના એક સૂચન કરે છે કે ભલે બીજા જાપો જપો પણ માળાના નામને ચરિતાર્થ કરવા 'નવકારમંત્ર' થોડો પણ ગણજો.

એવું નામ પ્રસિદ્ધિમાં આવ્યું. એ વખતે 'નમોક્કાર' સૂત્ર તરીકે ઓળખાતો હતો. પાછળથી [1]નમસ્કાર અર્થમાં તેનું પ્રાકૃતરૂપ **नवकार** થયું. એના ઉચ્ચારણની સરલતાને લીધે આ રૂપ આબાલવૃદ્ધ પર્યન્ત સર્વત્ર પ્રસિદ્ધિ અને પ્રચારને પામ્યું. એ વખતે નવકારની સાથે પણ **सुत्त**નું જોડાણ હતું, પરંતુ કાલાંતરે **सुत्त**નું સ્થાન **मंत** શબ્દે લીધું, એટલે પ્રાકૃતનાં બધાં રૂપો સાથે **मंतं** શબ્દનો વૈકલ્પિક વ્યવહાર યોજાયો.

જનતાએ '**नवकार-मंत**' આ શબ્દોનાં નવકારનું પ્રાકૃતરૂપ એમને એમ અકબંધ રાખ્યું, પણ **मंत** પ્રાકૃતની જગ્યાએ તેનું ગુજરાતી રૂપાંતર **मंत्र** ગોઠવી દ્વિભાષી 'નવકારમંત્ર' આવો શબ્દ ગાજતો કર્યો. આજે પ્રસ્તુત સૂત્રને નમસ્કાર અર્થના વાચક 'નવકાર' શબ્દથી જ સહુ કોઈ જાણે છે, ઓળખાવે છે અને વાણીના વ્યવહારમાં સર્વત્ર એ જ વપરાય છે.

આજે ગૃહસ્થનાં ઘરોમાં પણ 'નવકાર ગણ્યા, નોકાર ગણ્યા, નોકારવાલી ગણી?' આ શબ્દોનો વપરાશ સામાન્ય થઈ પડ્યો છે.

## महासुयक्खंध–મહાશ્રુતસ્કંધ નામ શા માટે?

મહાનિશીથ નામના આગમસૂત્રમાં આ નવકારસૂત્રને '**पंचमंगल महासुयक्खंध**' એવા લાક્ષણિક નામથી ઓળખાવ્યું છે. આ એક આગમશાસ્ત્રોક્ત, આદ્ય, મહત્ત્વપૂર્ણ અને સાર્થક નામકરણ છે, એટલે તે સંબંધી પણ કેટલોક વિચાર કરીએ.

સામાન્ય રીતે જિનાગમોને **શ્રુત** શબ્દથી ઓળખવામાં આવે છે, કારણ કે તેમાં જે જ્ઞાન સંઘરાયેલું છે, તે કર્ણપથ દ્વારા [2]શ્રવણ કરીને સંચિત કરેલું છે.

જે શ્રુત નો સમુદાય તે **શ્રુતસ્કંધ**[3] આ રીતે તમામ આગમોને માત્ર **सुयक्खंध**= શ્રુતસ્કંધથી ઓળખાવાય છે, જ્યારે આ સાવ નાનકડા સૂત્ર કે મંત્રપાઠને **महा** વિશેષણ જોડી **महासुयक्खंध**=

---

સવારનું આદ્ય પચ્ચક્ખાણ નવકાર ગણીને પારવાનું હોવાથી 'નવકારશી', નવકાર ગણવાવાળાના જમણને નવકારશી કે નોકારસીથી ઓળખાય છે. આજે 'નવકાર' તથા 'નોકાર' બે નામો સુપ્રચલિત બન્યાં છે.

૧. વર્તમાનના એક વિદ્વાન જૈન મુનિજી 'નવકાર' આ નામનો અર્થ કરતાં એક પુસ્તિકામાં લખે છે કે नवसु पदेषु काराः क्रियाः यस्मिन् स नवकारः। જેનાં નવપદોમાં નવ ક્રિયાઓ છે, તેને નવકાર કહે છે. આ કારણે મહામંત્રનું બીજું નામ 'નવકાર મંત્ર' છે. આ જાતની વ્યુત્પત્તિ કરી જે અર્થ ઘટાવ્યો છે તે, વળી काराः શબ્દોનો ક્રિયા અર્થ કર્યો છે તે, આ બંને માટે જો કોઈ આધાર ટાંક્યો હોત તો આ અભિનવ અર્થ માટે સંતોષ થાત. મને લાગે છે કે આવી ક્લિષ્ટ અને નિરાધાર કલ્પના કરવા કરતાં નવકાર શબ્દને કોશમાન્ય 'નમસ્કાર' અર્થનો વાચક શા માટે ન માનવો!

બીજી વાત એ પણ છે કે આરાધના ક્રિયા આઠ જ પદની છે, કેમકે સંપદા આઠ જ છે. પછી નવ ક્રિયાઓ કેમ ઘટશે?

આ સિવાય બીજી પણ કેટલીક બાબતો સાથે વિરોધ આવે તેમ છે, એટલે પ્રસ્તુત વિધાન વિચારણીય છે.

૨. શ્રુતના શાસ્ત્રજ્ઞાન, શબ્દજ્ઞાન, આગમ આદિ વિવિધ અર્થો પણ આગમોમાં તથા કર્મશાસ્ત્રોમાં મળે છે.

૩. સ્કંધ એટલે સમૂહ અથવા ખંડ. શ્રુતસ્કંધનો અર્થ દ્વાદશાંગ પણ કરવામાં આવ્યો છે.

મહાશ્રુતસ્કંધ તરીકે ઓળખાવ્યું છે. તે પરથી શાસ્ત્ર અને સંઘમાં તેનું કેવું અસાધારણ સ્થાન છે, તેનો ખ્યાલ મળી રહેશે.

આ સૂત્રને 'મહાશ્રુતસ્કંધ' કહેવાનું મુખ્ય કારણ એ છે કે [1]તલમાં તેલ, કમલમાં મકરંદ, દુધમાં ઘી, પુષ્પમાં સુવાસ અને કાષ્ઠમાં અગ્નિ જેમ સર્વાંશોમાં સદાય વ્યાપીને રહેલ હોય છે, તે જ રીતે આ નમસ્કારસૂત્ર અને તેનો ભાવ શાસ્ત્રની આદિમાં તેનું ઉચ્ચારણ કર્યું હોય યા ન કર્યું હોય, તો પણ તેમાં સર્વત્ર વ્યાપીને રહેલો છે. અથવા તો ધર્મ, અધર્મ, આકાશ, જીવો અને પુદ્ગલો આ પાંચેય અસ્તિકાયો જેમ સર્વત્ર સર્વદા વ્યાપ્ત છે, એની કોઈ આદિ નથી કે અંત નથી, તે રીતે જ આ પંચમંગલમહાશ્રુતસ્કંધ શાશ્વત છે અને તે સ્પષ્ટ કે અસ્પષ્ટપણે, સીધી રીતે કે આડકતરી રીતે, સર્વત્ર સર્વદા વ્યાપીને રહેલ છે. મહાનિશીથ સૂત્રમાં **पंचमंगल, पंच नमो (मु) क्कार** જેવા ટૂંકા શબ્દોથી પણ ઓળખાવેલ છે. અન્યત્ર **पंच परमेष्ठि**, [2]**पंचमंगल** વગેરે નામોથી પણ નિર્દેશ કરાયો છે.

હવે પ્રસ્તાવનામાં હું આ 'નવકાર'ના પાઠનો મંત્ર શબ્દ જોડીને વ્યવહાર કરીશ.

## નવકારમંત્રનાં પાંચ પદોનો અર્થ, મહિમા અને આરાધનાની ઝાંખી

આ નવકારમંત્રના પ્રારંભના પાંચ પદોમાં, **'तिन्नाणं तारयाणं'**ના આદર્શને વરેલા અઢાર દોષથી રહિત, બાર ગુણોથી શોભતા અરિહંતોને; અષ્ટકર્મથી રહિત, અષ્ટ ગુણોથી ઝળકતા સિદ્ધાત્માઓને; શાસનના સ્થંભસમા, છત્રીશ ગુણોથી અલંકૃત આચાર્યોને; પઠન--પાઠનાદિમાં સદા તત્પર પચ્ચીશ ગુણોને વરેલા ઉપાધ્યાયોને, સ્વપરના હિતમાં રત, મુક્તિ માર્ગના સાધક, સત્તાવીશ ગુણોથી દીપતા સાધુ–મુનિવરોને, એમ પાંચેય ગુણવાન આત્માઓને નમસ્કાર કરવામાં આવ્યો છે.

આ વિશ્વ ઉપર સર્વદા–સર્વથા[3] નમસ્કાર્ય–નમસ્કાર કરવા યોગ્ય, સત્કાર્ય કે સન્માન્ય જો કોઈ પણ વ્યક્તિઓ હોય તો ગુણરત્નપૂર્ણ **'शिवमस्तु सर्वजगतः'**ની વિશ્વકલ્યાણની સર્વોદાત્ત ભાવનાને વરેલા આ પાંચ જ છે. એથી જ પાંચેયને પૃથક્ પૃથક્ નમસ્કાર કરીને સહુનું પ્રાધાન્ય સ્થાપિત કરવાપૂર્વક ગૌરવ કરવામાં આવ્યું છે.

સરલ શબ્દો, સાદા અર્થો, નિરાડંબરી રચના, એમાં નથી મંત્રબીજો કે તંત્રના ભેદો; એમ છતાંય સર્વદેશ અને સર્વકાલમાં નવકારમંત્રનો પ્રભાવ અખંડપણે વિસ્તરતો રહ્યો છે અને વિસ્તરતો રહેશે.

---

૧. तिलतेलकमलमयरंदव्व सव्वलोए पंचत्थिकायमिव, सयलागमंतरोववत्त। –મહાનિશીથ સૂત્ર.

૨. નવકારને 'महामृत्युज्जय' તરીકે અદ્વિતીય ગ્રન્થસર્જક શ્રી હરિભદ્રસૂરિજીએ 'યોગબિન્દુ' માં ઓળખાવ્યો છે. અજૈનોમાં 'મહામૃત્યુંજય'ના જાપ કરવાનો ઘણો પ્રચાર છે. જૈનોને જરૂર પડે ત્યારે આ નવકારમંત્રના જ જાપો કરવા. આનાં બીજાં अपराजित વગેરે નામો પણ મળે છે.

૩. નમસ્કાર શાથી છે? તે બતાવવા-ઘણું લખવું પડે. તે અહીં અસ્થાને છે.

દુનિયાના તમામ મંત્રો, તંત્રો, વિદ્યાઓ કે શક્તિઓ, તે દૈવિક હોય કે માનુષી, પણ આ નવકારમંત્રની હરોળમાં બેસી શકે તેમ નથી. વધારે સ્પષ્ટ કહું તો એ બધાયની સ્થિતિ સાગર આગળ બિંદુ જેવી કે રાજા આગળ ચપરાશી જેવી છે.

આ નવકારમંત્ર પ્રવચનદેવતાથી અધિષ્ઠિત છે અને એથી વિનયોપધાન કરવાપૂર્વક ગ્રહણ કરવો જોઈએ એમ શાસ્ત્રમાં કહ્યું છે. ઉપધાનમાં સહુથી પહેલી આરાધના નવકારમંત્રની જ હોય છે. શુભ મુહૂર્તે, શુભ સ્થળે, જિનબિંબ સમક્ષ કે (ગુરુ સમક્ષ) યથોચિત તપ કરીને વિનય, બહુમાનપૂર્વક, સ્થળશુદ્ધિ જાળવી, નિર્મળ હૃદયથી નતમસ્તક બની, ઉછળતા પ્રવર્ધમાન ભાવે, ગુરુમુખથી આ મંત્રને ગ્રહણ કરવો અને પછી મહાનિશીથના આદેશ મુજબ પૂર્વ, પશ્ચાદ્, આનુપૂર્વી, અને તે બંને ક્રમ વર્જીને ત્રીજા વ્યુત્ક્રમ પ્રકારની અનાનુપૂર્વી આમ ત્રણ પ્રકારથી આનો જપ કરવો.

મનને સ્થિર કરવા માટે ગણિતાનુયોગ (ગણિતશાસ્ત્ર) એક સફળ સાધન છે, એટલે શાસ્ત્રકારોએ તેનો આશ્રય લઈને જાપના લાભ ઉપરાંત ચંચળ, વિચિત્ર અને દુર્નિગ્રહ મનને નાથવા અનાનુપૂર્વી[1] વગેરેની અમોઘ પ્રક્રિયા બતાવી છે.

## મંત્ર તેનો અર્થ અને પ્રભાવ વગેરે

### મંત્ર એટલે શું?

ચમત્કારિક શક્તિઓમાં **મંત્ર** અને **વિદ્યા** એ બે મુખ્ય ગણાય છે. અહીંયા 'મંત્ર' અંગે વિચાર કરવાનો છે.

વ્યાકરણના દિવાદિગણના જ્ઞાન-બોધ અર્થમાં રહેલા **'मन'** ધાતુને **'त्र'** પ્રત્યય લગાડી નિષ્પન્ન કરાતા **मन्त्र** શબ્દની વ્યાખ્યા તથા વ્યુત્પત્તિઓ વિવિધ પ્રકારે થઈ શકે છે. પૂર્વાચાર્યો અને મન્ત્રવિદોએ કરેલાં કેટલાંક વિધાનો અને અર્થો જોઈએ.

૧. પુરુષદેવતાથી [2]અધિષ્ઠિત હોય તે.

૨. પાઠસિદ્ધ[3] હોય તે.

૩. દેવથી[4] અધિષ્ઠિત વિશિષ્ટ અક્ષરોની રચના વિશેષ તે.

૪. જેનું[5] મનન કરવાથી ત્રાણ થાય-રક્ષણ થાય તે.

---

૧. આ ઉપરાંત, પ્રસ્તાર, ભંગસંખ્યા, નષ્ટ, ઉદ્દિષ્ટ નામની ગણિતની રીતો માટે જુઓ- પંચપરમિટ્ઠિ-નમુક્કારમહથુત્ત.

૨. इत्थी विज्जाऽभिहिया पुरिसो मंतुत्ति तव्विसेसोयं। विज्जा ससाहणा वा साहणरहिओ मंतु त्ति– સ્ત્રીદેવતાથી અધિષ્ઠિત તે વિદ્યા અને પુરુષદેવતાથી અધિષ્ઠિત હોય તે મંત્ર. વિદ્યા અનુષ્ઠાન કરવાથી સિદ્ધ થાય, જ્યારે મંત્ર અનુષ્ઠાન વિના સિદ્ધ થાય છે.--નમસ્કારનિર્યુક્તિ.

૩. 'मंतो पुण होइ पढियसिद्धो'--પંચકલ્પભાષ્ય

૪. मन्त्रो देवताधिष्ठितोऽसावक्षररचना विशेषः॥ પંચાશકટીકા

૫. मननात् त्रायते इति मन्त्रः। (તન્ત્રશાસ્ત્રો)

૫. જેમાં[1] ઉત્કૃષ્ટ સ્થાને રહેલી વ્યક્તિઓનો અથવા દેવ–દેવીઓ આદિનો આદર-સત્કાર કરવામાં આવ્યો હોય તે.

અહીંયા બધાંય અર્થો ઘટમાન થાય તેમ છે. આમ છતાં સીધો સંબંધ પાંચમી વ્યુત્પત્તિ ધરાવે છે.

આ નવકારમંત્રના પાંચ પદોના વર્ણો, શબ્દોનો પ્રભાવ, વળી પરસ્પર વર્ણો-શબ્દોના સંયોજનમાં ગૂઢ રહસ્યમય સંકલના વગેરે એવું છે કે તમે શ્રદ્ધા અને નિષ્ઠાપૂર્વક ગણવા માંડો કે તમને તેનો પરચો દેખાવા માંડે. દૂર દૂરની આપત્તિઓ દૂર કરવા માનસિક સંકલ્પપૂર્વક ગમે તે સ્થળે આંદોલનો પહોંચાડવા હોય તો વિદ્યુતના મોજાંથી પણ વધુ ઝડપથી પહોંચી જાય અને અનિષ્ટો, ભયો, આપત્તિઓ, અમંગલોથી રક્ષણ થાય.

મહાન આસ્માની–સુલતાનીની આફતો એટલે કે રાષ્ટ્રીય સંકટો કે કુદરતી પ્રકોપના પ્રસંગોએ આની વ્યક્તિગત કે સામુદાયિક યથોચિત આરાધના, એતદ્વિષયક જ્ઞાતાના માર્ગદર્શન મુજબ થાય તો, એક એવું વાયુમંડળ સર્જાય કે જે સમગ્ર વિશ્વ ઉપર છવાઈ જાય અને માનુષિક, પ્રાકૃતિક કે દૈવિક તમામ અવ્યવસ્થાને વ્યવસ્થિત બનાવી દે. ઇતિહાસનાં પૃષ્ઠો આ વાતની ગવાહી-સાક્ષી પૂરે છે.

નાનકડા નવકાર મંત્રનું કેટલું મૂલ્ય હશે? એની કોઈ કલ્પના આવી શકતી નથી.

## નવકારનું મહત્ત્વ અને મહિમા

શાસ્ત્રકારો, પૂર્વાચાર્યો અને મુનિવરોએ જૈનધર્મના મહાપ્રાણસમા, જૈન શાસનના સર્વસ્વરૂપ ગણાતા, અને જૈનાગમોમાં મુગટમણિસમા 'નવકારસૂત્ર-મંત્ર' ઉપર તેને સ્પર્શતા વિવિધ વિષયો અને જુદાં જુદાં અંગો ઉપર પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ, હિન્દી, ગુજરાતી અને કન્નડ આદિ અન્ય ભાષાઓમાં સારા પ્રમાણમાં કલમ ચલાવી છે. તેમાં પ્રાકૃત-સંસ્કૃત ભાષાની સ્વતંત્ર તેમજ સંદર્ભોવાળી ઉપલબ્ધ ૮૨ થી વધુ કૃતિઓ મુદ્રિત થઈ ચૂકી છે. અપભ્રંશ, હિન્દી, ગુજરાતીની કેટલીક કૃતિઓ મુદ્રિત થઈ છે. બાકી હજી ઘણી અપ્રગટ છે.

એ ગ્રન્થોમાં નવકારનો મહામહિમા ગવાયો છે. હવે પૂર્વાચાર્યોના શબ્દો અને ભાવોમાં તેને ટૂંકમાં જોઈએ. પછી તેનાથી થતાં ભૌતિક અને આધ્યાત્મિક લાભો તરફ દૃષ્ટિપાત કરીએ.

પાંચપદ-પ્રધાન 'નવકાર' એ સર્વમન્ત્રોનો જન્મદાતા અથવા સર્વ મંત્રોની ખાણ હોવાથી અને અન્ય મંત્રોમાં[2] સર્વોત્તમ હોવાથી તે મંત્ર નહિ પણ महामंत्र કે, परममंत्र[3] છે. તત્ત્વની દૃષ્ટિએ જોઈએ તો સર્વતત્ત્વોમાં સર્વ શ્રેષ્ઠ હોવાથી તે महातत्त्व સર્વ ધ્યેયોના સરવાળારૂપે અન્તિમ ધ્યેયરૂપ હોવાથી परमध्येय[4] અને સર્વમંગલોમાં સર્વોપરિમંગલ હોવાથી परममंगल અને

---

૧. मन्यन्ते सत्क्रियन्ते परमपदे स्थिताः आत्मानः अनेनेति।

૨. मंत्राणां परमेष्ठिमहिमा।

૩. થી ૫. एसो परमो मंतो परमरहस्सो। (न०)

मंताणं मंत्तो परमो इमुत्ति, धेयाण धेयं परमं इमुत्ति। तत्ताण तत्तं परमं पवित्तं; (શ્રાદ્ધદિનકૃત્ય)

રહસ્યમાં परमरहस्य[૫] તે ઉપરાંત परमपुण्य, परमफल, परमश्रेय આદિરૂપે બિરદાવવામાં આવ્યો છે. વળી તેને દ્વાદશાંગી અથવા ચૌદપૂર્વના સારરૂપે ગણવામાં આવ્યો છે, એટલું જ નહિ પણ અસાધારણ હકીકત તો એ છે કે આગળ વધીને 'દ્વાદશાંગી'[૧] રૂપે જ તેનો સ્વીકાર કરી નવકારને સર્વોપરિસ્થાને બેસાડ્યો છે અને પછી 'નવકાર'ની આરાધનામાં સમસ્ત દ્વાદશાંગી શ્રુતની આરાધના થાય છે, એવું જાહેર કર્યું છે. નવકારનું મહત્ત્વ દર્શાવતું આથી વધુ કોઈ વિધાન નથી, અને હોઈ શકે પણ નહિ.

આ મંત્રના પ્રભાવથી ભૌતિક દૃષ્ટિએ શું પ્રાપ્ત ન થાય અને શું પ્રાપ્ત થાય તે, તથા આધ્યાત્મિક દૃષ્ટિએ શું પ્રાપ્ત ન થાય અને શું પ્રાપ્ત થાય, તે અંગે થોડો દૃષ્ટિપાત[૨] કરી લઈએ.

## ભૌતિક દૃષ્ટિએ શું પ્રાપ્ત ન થાય?

પ્રાચીનકાલની આખરી ઉપમાઓ દ્વારા તેને કલ્પવૃક્ષ[૩], કામકુંભ, કામધેનુ, ચિંતામણિરત્ન વગેરેથી નવાજવામાં આવ્યો છે. આથી તમામ કામનાઓનો તે પૂરક છે, એવું સૂચવે છે.

પૃથ્વી આદિ પંચભૂતોને લગતા ઉપદ્રવોમાં ધરતીકંપ, અકસ્માતો, અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ, કુદરતી-અકુદરતી આગ, દાવાનલો, પ્રચંડ વાવાઝોડાંઓ વગેરે ઉપદ્રવો કે તેના ભયો પ્રાપ્ત થતાં નથી. સમસ્ત વિઘ્નો-આફતો-અનિષ્ટો નાશ પામે છે. અકાલમૃત્યુ કે અપમૃત્યુના પ્રસંગો બનતા નથી. દૈવિક, માનુષી કે પાશવિક ભયો--ઉપદ્રવો, સર્પાદિકના વિષભયો, તથા ગામ, નગર, જંગલ કે પહાડ, ગુફા કે આકાશ, ગમે ત્યાં નવકારનું યથાર્થ સ્મરણ તેની રક્ષા--ચોકી કરે છે. દુરાચારો, દુર્જનતા ભેટતી નથી, ભૂત, પ્રેત, પિશાચ, નવગ્રહાદિકની પીડાઓ તથા કુટુંબી કલેશો થતા નથી, દૌર્ભાગ્ય, દુઃખ દારિદ્ર, રોગ, પરાભવ કરતા નથી. અપયશ, અપમાન કે તેજોવધની ઘટના બનતી નથી. લોકૈષણા, પુત્રૈષણા, વિત્તૈષણાદિ એષણાઓ નાશ પામે છે.

ટૂંકમાં જ કહી દેવું હોય તો એમ કહેવાય કે વિશ્વ ઉપરનાં વિવિધ પ્રકારનાં સઘળાંય દુઃખો, ભયો અને ઉપદ્રવોથી તેનું રક્ષણ થાય છે.

## ભૌતિક દૃષ્ટિએ શું પ્રાપ્ત થાય?

આ મહામંત્રમાં બાહ્યાભ્યન્તર બંને પ્રકારનાં ફળો આપવાની શક્તિનાં કારણે, આત્માની મુક્તિમંઝીલ તરફની કૂચમાં સહાયક બને એવા અર્થ, કામ અને સુખદ ભોગોની પ્રાપ્તિ, સુખ અને સંપત્તિ, ઋદ્ધિ અને સમૃદ્ધિ, જય અને વિજય, ધી અને શ્રી, પંચેન્દ્રિયની પટુતા,

---

૧. (૧) मुत्तूंपि वारसंगं, त एव समरणं (मरणंमि) कारए जहा।
अरिहंत नमोक्कारो, तम्हा सो वारसंगत्ति। (ન. વ્યા.)

૨. નવકારાદિમંત્રની સાધના અને તેના વિવધ ફળોની પ્રાપ્તિ, આ બન્ને વચ્ચે વચગાળામાં એવી કઈ પ્રક્રિયા (પ્રોસેસ) ભાગ ભજવે છે કે મેગ્નેટશક્તિની જેમ ઉપરોક્ત ફળો ખેંચાઈ આવે છે? આ પ્રશ્નના જવાબ માટે ઘણી જગ્યા રોકાય તેમ હોવાથી જવાબ અધ્યાહાર રાખું છું.

૩. तेलुक्ककप्पद्दुम (ન. સ્વા.)

લોકપ્રિયતા, યશ, કીર્તિ, નિર્ભયતા, નિરૂપદ્રવપણું, બુદ્ધિ-વૃદ્ધિ, ષટ્કર્મોમાં સફળતા વગેરેની પ્રાપ્તિ થાય છે; ઈષ્ટસાધક, મનોવાંછિતની પ્રાપ્તિ થાય છે; અનાવશ્યક સંકલ્પ-વિકલ્પો નષ્ટ થાય છે; માનસિક ત્રાસ કે તાણો થાય તેવા પ્રસંગો ઉદ્ભવતા નથી.

અધિકારપદની પ્રાપ્તિમાં આ લોકમાં ન્હાની ઠકુરાઈથી લઈ યાવત્ ચક્રવર્તીપદની પ્રાપ્તિઓ, પરલોકમાં સ્વર્ગીય સુખો સહ દેવ-દેવેન્દ્રાદિપદ તથા ઉત્તમ કુલની પ્રાપ્તિ થાય છે. ટૂંકમાં કહીએ તો વિશ્વ ઉપરનાં તમામ ભૌતિક લાભો નવકાર મંત્રને શરણે જનારના ચરણમાં આળોટતા થાય છે.

## આધ્યાત્મિક દૃષ્ટિએ શું પ્રાપ્ત ન થાય?

અમોઘાલંબનરૂપ મહામંત્રના શરણે જવાથી આત્મા હિંસા, જૂઠ, ચોરી, મૈથુન, પરિગ્રહના પાપથી મુક્ત બને છે. ક્રોધ, માન, માયા, લોભ, કષાયો ઉપશમ ભાવને પામે છે. આત્માને મલિન કરનારા રાગ, દ્વેષ, કલહ, કલંક મૂકવાની ટેવો, ચાડી, ચુગલી, ખુશી, નાખુશી, પરનિંદા, માયાપૂર્ણ જૂઠું, મિથ્યાબુદ્ધિ, આદિ દોષો પ્રાપ્ત થતા નથી. ટૂંકમાં આત્મા તથા મનને રોગિષ્ટ બનાવે એવી આબોહવાથી સાધક બચી જાય છે.

## આધ્યાત્મિક દૃષ્ટિએ શું પ્રાપ્ત થાય છે?

વિષયોની વાસનાઓ અને કષાયોનો અલ્પવિરામ, અર્ધવિરામ અને યાવત્ પૂર્ણવિરામ થાય છે. માનવ મનને વ્યથિત કરતી અનાવશ્યક ઈચ્છાઓનો હ્રાસ થતો જાય છે. અહિંસક ભાવ, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ ગુણોની પ્રાપ્તિ, અનેકાંત દૃષ્ટિનો વિકાસ, ક્ષમા, નમ્રતા, સરલતા, સંતોષ, વીતરાગ ભાવ, અદ્વેષ બુદ્ધિ, પ્રેમ, મૈત્રી, પ્રમોદ, કરુણા ભાવનાઓનો વિકાસ તેમજ પરોપકારરસિકતા, ગુણદૃષ્ટિ કેળવાય છે. સમ્યગ્ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપાદિ ગુણોનું સર્જન અને વિવર્ધન, નિર્મલતા, પવિત્રતા, ઉદાત્ત ભાવ, વિશાળ મન, ઉમદા વિચારો, સાદાઈ, સરલતા, માનસિક આરોગ્ય વગેરેની પ્રાપ્તિ થાય છે, ગુણસ્થાનકના સોપાન ઉપર આરૂઢ થતાં ધર્મ અને શુકૂલ ધ્યાનની પ્રાપ્તિ કરી ઉત્તરોત્તર આગળ વધતાં કેવલજ્ઞાન પ્રાપ્ત કરી ચૌદમા ગુણસોપાને પહોંચી મુક્તિસુખના અધિકારી બને છે.

ઉપરોક્ત કારણોથી નિત્ય અને નૈમિત્તિક તમામ ક્રિયાઓમાં, વિવિધ અનુષ્ઠાનોમાં, માંગલિક કાર્યોમાં, વ્યાખ્યાન અને વાચનાના પ્રારંભમાં, સામાયિકાદિ ક્રિયાઓમાં, પ્રયાણ-પ્રવેશમાં, જીવનની તમામ અવસ્થાઓમાં, સાંસારિક કે ધાર્મિક તમામ પ્રવૃત્તિઓમાં નવકારમંત્રનું સ્મરણ કરવાનો આદેશ અપાયો છે અને એનો અમલ સર્વત્ર ચાલુ છે.

નવકારમંત્ર એ જૈન શ્રીસંઘમાં સમગ્ર આરાધનાનું કેન્દ્ર બની ગયો છે.

## જાતિવાચક પદોનું મહત્ત્વ અને તેથી જ તેનું શાશ્વતિકપણું :

આ મંત્રપાઠમાં જે પાંચનાં નામો લેવામાં આવ્યાં છે, તે કોઈ વિશિષ્ટ વ્યક્તિઓ નથી

પણ સમષ્ટિ છે, સમુદાય છે. અર્થાત્ કોઈ વ્યક્તિગત અમુક તીર્થંકર, અમુક સિદ્ધ કે અમુક આચાર્યનું નામ નથી. કદાચ રાખ્યું હોય તો તે સર્વદા માન્ય ન રહેત, છેવટે શાશ્વત કાળ ટકત પણ નહિ; ત્યારે આમાં જાતિઓનું ગ્રહણ કરવામાં આવ્યું છે. અર્થાત્ વ્યક્તિવાચક કે ગુણવાચક પદો છે. વ્યક્તિ કે વ્યક્તિવાદ શાશ્વત નથી, પણ જાતિ કે જાતિવાદ શાશ્વત છે, તે હંમેશા રહેવાવાળો છે. વ્યક્તિ કરતાં જાતિ મહાન છે. નવકારની ખૂબી એ જ છે કે એમાં વ્યક્તિપૂજા નથી, પણ જાતિપૂજા કે ગુણપૂજા છે.

અર્થાત્ તે તે ક્ષેત્રની તે તે કાળની (ત્રૈકાલિક) તમામ વ્યક્તિઓનો એમાં સમાવેશ છે. આ મંત્રમાં રહેલી સમષ્ટિના નમસ્કારની ગંભીર, વિશાળ અને ઉદાત્ત ભાવના એ સૂચિત કરી જાય છે કે વ્યક્તિપૂજાના લાભો કરતાં જાતિપૂજાનો લાભ અનંત છે. જાતિની સંખ્યા અનંત છે, તો તેના લાભનો સરવાળો અનંત ગુણ જ આવીને ઊભો રહે એ સહુ કોઈથી સમજી શકાય તેવી સરલ વાત છે.

જાતિવાચક કે ગુણવાચક આત્માઓનાં નમન, વંદન, પૂજનથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળના અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો અને સાધુઓનું ગ્રહણ થતું હોવાથી અનંતાનંત વ્યક્તિઓનાં નમન-વંદનાદિના લાભો મળે છે. દાખલા તરીકે 'नमो अरिहंताणं' આટલું બોલી નમસ્કાર કર્યો. એમ કરવાથી સર્વકાળ (અનંત ભૂત અને અનંત ભવિષ્ય) ના સર્વ ક્ષેત્રના (૧૫ કર્મભૂમિઓના) અરિહંતો, જે મહાન આત્માઓ ભૂતકાળમાં પોતાના આત્માના આંતરદોષો ઉપર વિજય મેળવી, તિરોહિત એવા અનંત ગુણોનો આવિર્ભાવ કર્યો, વર્તમાનમાં પ્રસ્તુત અનંત ગુણોનો આવિર્ભાવ કરી રહ્યા છે, અથવા આવિર્ભાવ કરી વિચરી રહ્યા છે. તેમજ ભવિષ્યમાં જેઓ આવિર્ભાવ કરશે, તે તમામને નમસ્કાર થઈ જાય છે. એ જ પ્રમાણે શેષ ચાર પરમેષ્ઠિઓ માટે ઘટાવી લેવું.

બહુ માનનીય અને વંદનીય થી ભગવતીજીસૂત્રમાં પણ ગોશાલાના પ્રસંગે શ્રમણ ભગવાન મહાવીરે એકની વિરાધનામાં અનંતા તીર્થંકરોની વિરાધનાઓ જણાવીને, એકની આરાધનામાં અનંતાની આરાધનાના સ્વીકારને માન્યતા આપી છે. આ છે નવકારમંત્રથી થતા મહાન લાભનું રહસ્ય.

પણ અહીં એક માર્મિક બાબત સમજી લેવી જરૂરી છે કે એકની આરાધનાનું લક્ષ્ય રાખીને અનેક કે અનંતાની આરાધના કરવી એ કરતાં અનેક કે અનંતાનું લક્ષ્ય રાખીને સહુની આરાધના કરવી એ એક અસાધારણ કોટિની નોખી જ બાબત છે.

વ્યક્તિ દ્વારા જાતિનું ગૌરવ કરવું અને જાતિ દ્વારા વ્યક્તિનું ગૌરવ કરવું, એ બે વચ્ચે મહદ્ અંતર છે.

ગૌરવભર્યા, ઝળકતા જાતિવાચકપદોની રચના એ જ નવકારમંત્રને શાશ્વતો ઠરાવવા માટેનું અનન્ય સાધન છે.

---

૧. રતનતણી જિમ પેટી, ભાર અલ્પ બહુમૂલ.--પરમેષ્ઠિગીતા

## નવકાર મંત્રમાં દેવ, ગુરુ અને ધર્મનું અસ્તિત્વ

નવકારમંત્રના પાંચ પદોમાં દેવ, ગુરુ અને ધર્મની ત્રિપુટી કેવી રીતે ગોઠવાયેલી છે, તે સમજી લઈએ.

નાનકડા નવકારમંત્રની ખૂબીઓ અનેકાનેક છે. પરંતુ મર્યાદા ગુણના નિયમવાળી પ્રસ્તાવનામાં કેટલું લખાય? એમ છતાંય અહીંયા મહત્ત્વની મુખ્ય મુખ્ય બાબતોની થોડી ઝાંખી કરી લઈએ. બાકી તો અન્ય ગ્રંથો તેમજ પ્રસ્તુત પુસ્તક દ્વારા ઘણું જાણવા મળશે જ.

પ્રારંભના બે પદો અરિહંત અને સિદ્ધ એ દેવ સ્થાનીય છે. એમાંય પ્રથમ પદે રહેલા દેવ સાકાર અથવા સકલ સ્વરૂપ છે અને બીજા પદે રહેલા દેવ નિરાકાર યા નિષ્કલ સ્વરૂપ છે. આમ બંને પ્રકારના સ્વરૂપોની આરાધના બે પદમાં સમાઈ જાય છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ આ ત્રણેય પદો ગુરુ સ્થાને છે. પાંચેય ગુણી છે. ગુણી ગુણ વિનાનો કદિ હોતો નથી. આ પાંચેય સદ્ગુણસંપન્ન મહાત્માઓ છે. અહીં આ ગુણોથી સમ્યગ્ એવા દર્શન, જ્ઞાન, ચારિત્ર, તપાદિ લેવાનાં છે. આ ગુણો ધર્મ સ્થાને છે.

એટલે નિશ્ચિત થાય છે કે આ મહામંત્રની ઉપાસના કરવી, એ દેવ--ગુરુ--ધર્મની ઉપાસના કરવા બરાબર છે.

## નવકારમંત્ર શબ્દાર્થ કેવી રીતે શાશ્વતો છે?

નવકાર મંત્ર શાશ્વતો છે, એટલે શું?

શાશ્વતાપણું બે રીતે હોય છે. દ્રવ્યનું અને ગુણનું. એ જ રીતે શબ્દથી અને અર્થથી હોય છે. અહીં આ શબ્દાર્થ પૂરતો જ વિચાર કરવાનો છે. પ્રસ્તુત નવકાર શબ્દ, અર્થ કે શબ્દાર્થ એ ત્રણેયમાં શાથી શાશ્વતો છે? એનો જવાબ એક જ છે કે તે શબ્દાર્થથી શાશ્વતો છે અર્થાત્ તે શબ્દ અને અર્થ ઉભયથી શાશ્વતો છે.

શબ્દથી શાશ્વતાપણું એને કહેવાય કે જે વર્ણો, જે રીતે હોય તે વર્ણો, તે જ રીતે ત્રણેય કાળમાં વિદ્યમાન રહે. નવકારમંત્રના અક્ષરો માટે એમ જ છે. જેમ કે—'નમો અરિહંતાણં' આમાં નકારોત્તર અકાર, અકારોત્તર મકાર, મકારોત્તર ઓકાર એટલે 'નમો' પદ નિષ્પન્ન થયું. પછી અકારોત્તર રકાર, રકારોત્તર ઈકાર, એમ 'ણં' સુધી વિચારવું. આ જાતની અક્ષરાનુપૂર્વી અનાદિકાલ પહેલાં હતી, આજે છે અને ભવિષ્યમાં અનંતકાળ પછી પણ આ જ રીતે રહેશે અને અર્થ તો શાશ્વતો છે જ.

અહીંયા અગત્યની વાત સમજવાની એક છે કે અર્થથી શાશ્વત બાબતો અનેક છે. દાખલા તરીકે દ્વાદશાંગશ્રુત (જૈનાગમશાસ્ત્ર) અર્થથી સદાય શાશ્વતું રહેવાનું છે, પણ શબ્દથી નહીં. શબ્દો બદલાયા કરે, જેમ કે—પાણી, જલ, વારિ. અર્થથી જોઈએ તો સહુનો એક જ અર્થ નીકળવાનો, પણ શબ્દો એક નહીં. તે જુદાં જુદાં રહેવાના. તે રીતે દ્વાદશાંગીના શબ્દોમાં ફેરફાર થાય.

જ્યારે આ મંત્રમાં જે અક્ષરો છે તે જ રહેવાના. ગઈ અનંતી ચોવીશી કે વીશીમાં એ જ હતા. અને ભાવિ અનંતી ચોવીશી--વીશી સુધી એ જ રહેશે. એની પુષ્ટિમાં જાતિસ્મરણનો પ્રસંગ ટૂંકમાં સમજીએ તો પ્રસ્તુત બાબતની વધુ પ્રતીતિ થશે.

[1]જાતિસ્મરણ એટલે ગત જન્મોને વર્તમાન જીવનમાં જ્ઞાન દૃષ્ટિથી (ચર્મચક્ષુથી નહિ) જોવા તે. આ ગત જન્મના જ્ઞાનમાં કાલ કે પદાર્થ વગેરે નિમિત્ત બને છે. પ્રસ્તુત વ્યક્તિના આત્મામાં જે વસ્તુનો સંસ્કાર જોરદાર પડ્યો હોય તે વસ્તુ જલદી નિમિત્ત બની જાય છે. અને એ વસ્તુ નિમિત્ત બનતાં કેટલાકને તરત મૂર્ચ્છા આવી, થોડીવારમાં તે દૂર થાય છે. આવરણના પડદા ખસવા માંડે ત્યારે આમ બને, જ્યારે કેટલાકને વિના મૂર્ચ્છાએ એવું બને. પછી તરત જ ગત જન્મની બધી ઘટનાઓને તે જ્ઞાનથી જોઈ–જાણી શકે છે.

શાસ્ત્રમાં '**नमो अरिहंताणं**' પદના શ્રવણથી જાતિસ્મરણ થયાના સંખ્યાબંધ દાખલાઓ નોંધાયા છે. તે પૈકી જાણીતો દાખલો જોઈએ.

સીલોનની રાજકુમારી સુદર્શના, રાજદરબારમાં પોતાના પિતાની બાજુમાં બેઠી છે. ઝવેરાત વેચવા આવેલા એક જૈન વેપારીને વાત કરતાં છીંક આવી. જૈન પ્રજાના સંસ્કાર મુજબ અમંગલ નષ્ટ કરવા તેને '**नमो अरिहंताणं**' પદનો મંગલ ઉચ્ચાર કર્યો. આ પદાક્ષરો સુદર્શનાના કર્ણપટ ઉપર અથડાતાં, સુદર્શના વચમાં આ શું બોલ્યો? એનો વિચાર કરવા લાગી. વિચારણામાં તન્મય થતાં જાતિસ્મરણ જ્ઞાનનો પ્રકાશ થઈ રહ્યો હતો, એટલે મૂર્ચ્છા આવી ગઈ. પછી ચેતના આવતાં તાજો જ છોડેલો 'સમળી'નો પક્ષી તરીકેનો જન્મ, અન્ત સમયે મુનિરાજે સંભળાવેલો નવકારમંત્ર, એ બધું ચિત્ર આત્મપ્રત્યક્ષ થયું. જો કે આ તો તાજી જ બનેલી ઘટના છે, પરંતુ અનેક વરસો પહેલાં સાંભળેલા અને ખૂબ ખૂબ રટણ કરીને ઘૂંટેલા નવકારમંત્રના દૃઢ સંસ્કારને કારણે વરસો પછી પણ કાને પડતાં જાતિસ્મરણ થઈ શકે છે. કોઈ પણ ચોવીશી કે વીશીમાં, ધાર્મિક ક્ષેત્રે જાતિસ્મરણ જ્ઞાન થયાનું નોંધાયું છે, ત્યાં '**नमो अरिहंताणं**' કે '**नवकारमंत्र**' ને જ કારણ તરીકે નોંધ્યો છે.

આથી એક વાત નિશ્ચિત છે કે આ મંત્ર અક્ષરાનુપૂર્વીથી દરેક કાળમાં વિદ્યમાન રહે છે. આત્માનું ચૈતન્ય, અગ્નિનું ઉષ્ણત્વ સહભાવિ તરીકે અનાદિ અનંતકાલ સુધી રહેવાવાળું છે. એવી જ રીતે આ મંત્રનો રચનાર કોઈ નથી, એની આદિ કે અંત પણ નથી. આના મંત્રાક્ષરો અનાદિ સંસિદ્ધ[3] છે. 'અનાદિ અનંતકાળ' નામના અભિનવ આયુષ્યવાળા છે.

---

૧. જાતિ એટલે જન્મ. ૨. જયપુરના પ્રો. એચ. બેનરજી--જેઓ પૂનર્જન્મના સિદ્ધાન્તની સત્યતા માટે સંશોધન કરી રહ્યા છે; તેઓ જાતિસ્મરણ (ગતજન્મની જ્ઞાનચેતના) વાળી વ્યક્તિઓ વર્તમાન વિશ્વ ઉપર ૫૦૦થી વધુ હોવાની ખાત્રીપૂર્વકની વાત જણાવે છે. ૩. અનાદિસંસિદ્ધ ઉપર કેટલાંક પ્રમાણો જોઈએ.

-- ध्यायतोऽनादिसंसिद्धान्, वर्णानेतान् यथाविधि। अनादि मूलमन्त्रोऽयम्। --एसो अणाइकालो. (પં. ન. ફલ)

આગે ચોવીશી હુઈ અનંતી, હોશે વાર અનંત;
નવકાર તણી કોઈ આદિ ન જાણે, એમ ભાંખે અરિહંત.

-- અનંત ચોવીશી આગે માનિઉં, પંચપરમેષ્ઠિ ધ્યાન.

## ઉત્કટ ધ્યાન અને ભક્તિનો અજોડ પ્રભાવ

માનસશાસ્ત્રનો એક નિયમ છે કે જે વસ્તુનું વારંવાર અવિરત શ્રવણ મનન, ચિંતન, નિદિધ્યાસન, રટન કે ધ્યાન કરવામાં આવે તો તે વસ્તુની પ્રાપ્તિ થાય છે અને હજુ એમાં આગળ વધીને 'ધ્યાન' જ્યારે તેની પરાકાષ્ઠાએ પહોંચે અને ધ્યાતા તથા ધ્યેય વચ્ચેના ભેદનો છેદ ઉડી જાય ત્યારે તે આત્મા જેનું ધ્યાન કરે છે, તે રૂપ બની જાય છે.

તિર્યંચ જીવનો દાખલો જોઈએ.

ભ્રમરીના દરમાં લાવવામાં આવેલી ઇયળ, ભ્રમરીના ગુંજનમાં ભ્રમરીનું ધ્યાન કરતી લયલીન બની જાય છે, તે વખતે એવું એક કર્મ બાંધે છે કે તે ત્યાં મરીને, ત્યાંને ત્યાં જ ભ્રમરી રૂપે જન્મ લે છે. આ જાતનો ઉલ્લેખ ભારતીય ગ્રંથોમાં મળે છે અને એ ઉપરથી જ 'ઇલિકાભૃંગી' નામની કહેવતસ્વરૂપ ન્યાયોક્તિનો જન્મ થયો છે.

હવે મનુષ્યનો દાખલો વિચારીએ.

ઉપર માનસવિજ્ઞાનનો જે સિદ્ધાન્ત રજૂ કર્યો, તે મુજબ ધ્યાતા-ધ્યાન કરનારો આત્મા, પોતાના ઈશ્વરપ્રણિધાનરૂપ ધ્યાનને તેની પરમ સીમાએ પહોંચાડે છે, ત્યારે તે 'अप्पा सो परमप्पा'ની પરમોક્તિનો સાક્ષાત્કાર કરે છે અને ધ્યાન પોતે જ ધ્યેય સ્વરૂપ બની જાય તેવા પ્રકારના નામકર્મને બાંધે છે. તે ઉપર મહારાજા શ્રેણિકનો દાખલો નોંધપાત્ર છે.

અઢી હજાર વર્ષ ઉપર થયેલા મગધેશ્વર મહારાજા શ્રેણિકની, તીર્થંકર ભગવાન શ્રી મહાવીર પ્રત્યે અનહદ અને અદ્‌ભુત ભક્તિ જાગી ગઈ હતી. તેણે પોતાનું સર્વસ્વ ત્રિકરણયોગે ભગવાનના ચરણે સમર્પણ કરી દીધું હતું. હૈયામાંથી यूयं वयम्‌નો અથવા મારા-પરાયાના ભેદનો વિચ્છેદ થઈ ગયો હતો, અર્થાત્ ભેદની દિવાલ દૂર થતાં બંને વચ્ચે અભેદભાવ સર્જાઈ ગયો હતો. ભક્તિભાવનાની અખંડ જ્યોત ઝળહળતી પ્રજ્વલિત બની ગઈ હતી. 'વીર વીર વીર' આ નામની લગન લાગી ગઈ હતી.

રામભક્ત હનુમાનજી માટે એમ કહેવાય છે કે--રામ પ્રત્યેની તેની ભક્તિની પારખ કરવી હોય તો તેના શરીરના કોઈ પણ ભાગને કાપો, તો ત્યાં તમને राम राम એવા શબ્દો જ વાંચવા મલે, યા તેવા ધ્વનિનો નાદ સાંભળવા મળે! એવું જ બહિરાત્મદશાવાળા મહારાજા શ્રેણિક માટે હતું. એમના દેહને કોઈ કાપે તો वीर वीर એવા શબ્દોનું દર્શન-શ્રવણ થાય.

## મહારાજા શ્રેણિકનું તીર્થંકર થવું

આવી પરા ભક્તિનું પરિણામ તો જુઓ, કેવું અદ્‌ભુત, કેવું અજોડ, કેવું સર્વોત્કૃષ્ટ આવ્યું! તીર્થંકર જેવું સર્વોત્તમ નામકર્મ બાંધી દીધું, પોતાનો આત્મા પરમાત્મા બને તેવું ફળ મેળવી લીધું અને તેય બહુ લાંબા ગાળા માટે પણ નહીં એટલે કે આગામી ચોવીશીના જ પહેલા તીર્થંકરરૂપે તેઓ જન્મ ધારણ કરશે.

આમાં તીર્થંકરનામકર્મના બંધ સાથે સમર્પણભાવની ભક્તિનું અદ્‌ભુત રહસ્ય તો એ છે કે ભગવાન મહાવીરના જીવનની બનેલી અન્ય મહત્ત્વની ઘણી ખરી ઘટનાઓ પ્રાપ્ત કરવાનું સૌભાગ્ય પણ તેમણે પ્રાપ્ત કરી લીધું. જેટલું આયુષ્ય ભગવાન મહાવીરનું, તેટલું જ શ્રેણિકનું હશે. કલ્યાણકોના દિવસો, તે વખતની ઉમ્મર, ગણધર તથા ચતુર્વિધસંઘની સંખ્યા વગેરે ભગવાન મહાવીર મુજબ હશે. પરમાત્મા થવાનું કર્મ તો સુલસા આદિ અન્ય ભક્તજનોએ પણ બાંધ્યું, પરંતુ તેમાં ઉક્ત વિલક્ષણતા તો નહીં જ.

જેવા મહાવીર એવા જ ભાવિના પહેલા તીર્થંકર. આવો વૈજ્ઞાનિક દાખલો મને નથી લાગતું કે આ વિશ્વ ઉપર અન્ય નોંધાયો હોય! બીજી બાજુ ઈશ્વર કે ભગવદ્‌ભક્તિના મહામહિમાને બુલંદ અવાજે ગાતું આવું જ્વલંત ઉદાહરણ પણ ઈતિહાસના પૃષ્ઠ ઉપર નોંધાયેલું જવલ્લે જ મળે.

કેટલાક અજૈન કવિઓએ ઈશ્વર માટે ઊંચામાં ઊંચી ગણાતી 'પારસમણિ' ની ઉપમા આપી છે, તેનું અનુકરણ કરી જૈન કવિઓએ તે ઉપમાથી પરમાત્માને ઉપમાવ્યા છે. પણ મને લાગે છે કે તીર્થંકર દેવ માટે પ્રસ્તુત ઉપમા ન્યાયપૂર્ણ નથી, અધૂરી છે. અલંકારની ભાષામાં ન્યૂનોપમા છે, કેમકે પારસનો સ્પર્શ લોહ-લોખંડને થતાં લોહના પરમાણુઓનું, પારસની ઉત્કટ અને અદ્‌ભુત ઉષ્ણશક્તિના બળે રૂપાંતર થઈ જાય છે. એમ ભગવાનની ભક્તિના સ્પર્શથી ભક્તના પૂર્વજીવનનું નવતર રૂપાંતર થઈ, સુવર્ણ જેવું મહાન બની જાય છે વગેરે વગેરે.

સાપેક્ષ દૃષ્ટિએ આ ઉપમા વીતરાગ ભગવાન માટે જાણે બરાબર છે, પણ યથાર્થોપમા તો નથી જ, કારણ કે પારસ લોઢાને સુવર્ણ બનાવે તે લાભ બરાબર છે. પણ પારસમણિ કંઈ લોઢાને પોતાના જેવો જ પારસ બનાવી શકતો નથી, કારણ કે એ શક્તિ તેનામાં છે જ નહીં.

જ્યારે ભગવાન તીર્થંકરદેવ તો, અન્ય આત્માઓને સુવર્ણ જેવા નિર્મળ માત્ર નહિ, પણ વિધિ અને ભાવની શુદ્ધિ જાળવી ઉત્કટ કોટિના ઉછળતા ભાવે ભક્તિ કરનારને પોતાના સરખો તીર્થંકર બનાવી દે છે. સંખ્યાબંધ આત્માઓને આપસ્વરૂપ બનાવ્યા છે. લોકભાષાની પેલી જાણીતી એક કડી પણ આ જ વાતનું સમર્થન કરતાં જણાવે છે કે--"પૂજા કરતાં પ્રાણિયો પોતે પૂજનિક થાય." આ છે પરાર્થવ્યસની તીર્થંકર દેવોની ભક્તિનો અજોડ પ્રભાવ.

આ હકીકત ઉપરથી વાચકોને સમજવાનું એ છે કે તમો પણ પંચપરમેષ્ઠિરૂપ નવકારને મનસા, વાચા, કર્મણા સમર્પિત થઈ જાવ તો, તો તમારા જ આત્માની પાંચ પરમેષ્ઠિરૂપ પાંચ પર્યાયો--અવસ્થાઓ પ્રગટ થતી જશે અને આત્મા અને પરમાત્મા વચ્ચેનો ભેદ ભૂંસાતા પોતે જ [1]અરિહંત સ્વરૂપ બની જશે.

ઉપર્યુક્ત મહિમાને જાણીને સહુ કોઈ નિયમિત રીતે ત્રિકાલ ન બને તો દ્વિકાળ કે એક કાળ પણ નવકારનો ઓછામાં ઓછો[1] ૧૦૮ વાર જાપ કરો. વળી સૂતાં, બેસતાં, ઉઠતાં, હાલતાં,

૧. જુઓ-સિરિ સિરિવાલ કહા અને પ્રવચનસાર, તથા શ્રીપાલ રાસના--અરિહંત પદ ધ્યાતો થકો, વગેરે પ્રમાણો.

ચાલતાં, જાગતાં, છીંક આવે ત્યારે, અન્ન--જલ લેતા પહેલાં, પ્રયાણ કે પ્રવેશ કાળે [2]કોઈપણ કાર્યના પ્રારંભમાં શુદ્ધોચ્ચારપૂર્વક નવકારનું સ્મરણ કરો. ધીમે ધીમે તેની ગતિ વધારો, એટલે સંખ્યાબળ વધારો, સાથે સાથે વિધિ અને ભાવની વિશુદ્ધિ વધારતા જાવ, કારણ કે એકલું સંખ્યાબળ પૂરતું નથી. સાથે આત્મશુદ્ધિ પણ વધવી જ જોઈએ. કોન્ટીટી (Quantity) અને ક્વોલિટી (Quality) બંનેનો સુમેળ સાધો. આથી જાગૃત લક્ષ્યવાળો આત્મા થોડાક જ વરસોમાં એવી સ્થિતિએ પહોંચશે કે સંસારાભિમુખી કોઈ પણ વિચાર, વાણી, વહેવાર કે કાયાની પ્રવૃત્તિ ચાલતી હશે તે વખતે, હૈયામાં નવકાર સ્મરણની જ્યોત પ્રજ્વલિત રહેશે. ઘડીભર આછી પડશે તો તે વખતે પણ, ક્યારે કામ પતે અને નવકાર શરૂ થઈ જાય, આ જ વિચાર અખંડ જ્યોત જેવો બની ગયો હશે. આથી સંસાર પ્રત્યેની આસક્તિઓ-વાસનાઓ પતલી થતાં તેની બાદબાકીઓ થતી હશે. એ રીતે ઉત્તરોત્તર આગેકદમ કૂચ વધતાં મન સાથે એવો જડબેસલાક સુદૃઢ સંસ્કાર જામી જશે કે શ્વાસોચ્છ્વાસની ક્રિયાની જેમ વિના પ્રયત્ને સ્વાભાવિક રીતે રટાયા કરતા **अजपाजाप** જેવી સ્થિતિ નિર્માણ થશે. ત્યારે તો સંસારની તમામ પ્રવૃત્તિના ભાગાકારો થઈ ચૂક્યા હશે!

આવા સંસ્કાર માટે એકાદ પદ જ કામીયાબ નીવડે છે. માટે **नमो अरिहंताणं**[3] આ મુખ્યપદ પસંદ કરો, તેને સર્વત્ર રટો, અને જુઓ કે શ્રીપાલકુમારની જેમ તે કેવું લસોટાય છે! પછી ગમે તેવા ભયંકર કે વિકટ સંજોગોમાં, મૃત્યુની આખરી ચેતવણી (અલ્ટીમેટમ) વખતે પણ તમારા મનનો તાર અરિહંત જોડે જ જોડાયેલો રહેશે. અને 'ઓ મા!' કે 'ઓ બાપરે!' યાદ ન આવતાં પ્રસ્તુત સાહજિક સંસ્કારના કારણે 'અરિહંત' કે 'નમો અરિહંતાણં' ના ઉદ્‌ગારો જ સરી પડશે.

## પ્રસ્તુત પ્રકાશન અંગે

પ્રસ્તુત પ્રકાશન અંગે કંઈક કહેવા માંગું છું.

મંત્ર કે વિદ્યાઓ એ આ દેશના લોહીમાં પ્રસરેલી બાબત છે. આનું આકર્ષણ માનવસ્વભાવમાં સદાય રહેવાનું છે. દરેક દેશમાં તેનો આદર થયો છે ને તે ઉપર અનેક મોટા ગ્રન્થો રચાયા છે.

પ્રાચીનકાલમાં ભારતીય વિદ્વાનોના હાથે ચારેક હજાર ગ્રન્થો લખાયા હતા. આજે પણ સેંકડો ગ્રન્થો વિદ્યમાન છે.

ભગવાન મહાવીરના શિષ્યોએ પણ એમની હયાતિમાં **विद्याप्रवाद** નામનો હજારો મંત્ર, તંત્ર, યંત્ર, અને વિદ્યાઓથી ભરપૂર ગ્રન્થ રચ્યો હતો, જે આજે ઉપલબ્ધ નથી. હજારો વરસથી જૈનાચાર્યો પણ મંત્ર શાસ્ત્રો રચતાં આવ્યાં છે. તેની જોરદાર ઉપાસનાઓ કરીને અનેક સિદ્ધિઓ

---

૧. મહાનિશીથમાં રોજનો અઢી હજાર જાપ કરવાનું જણાવ્યું છે.

૨. કલેશ, કંકાસ, ઝઘડા, વાદવિવાદ વખતે ધારણાથી પ્રતિકૂલ ખબરો આવે ત્યારે બંને પક્ષે કષાયનો પારો ઘટાડવા 'નમો અરિહંતાણં' બોલો, જુઓ કેવી મજા આવે છે! પણ ભલા, પાત્રાપાત્રની વિવેકદૃષ્ટિનો ઉપયોગ રાખીને આ પ્રયોગ કરજો.

૩. સરલતા ખાતર 'અરિહંત' પણ ચાલે.

મેળવી અત્યાવશ્યક પ્રસંગે[1] ચમત્કારો પણ બતાવ્યા હતા અને જનતામાં ધાર્મિક શ્રદ્ધાનો વિસ્તાર વધારી નાસ્તિકોને પણ આસ્તિક બનાવ્યા હતા અને શાસનપ્રભાવનામાં મહાન ફાળો આપ્યો હતો.

એટલે મંત્ર અને તેને લગતા સાહિત્યનું સર્જન, સંવર્ધન અને વિવર્ધન કાળે કાળે થતું રહ્યું છે. પૂર્વાચાર્યોએ નવકાર ઉપર સ્વતંત્ર ગ્રન્થો રૂપે, તેમ તે અંગેના ગ્રન્થસંદર્ભોમાં ઘણું લખ્યું છે.

છેલ્લા દશકામાં વિદ્વાન મુનિવરોના શ્રેષ્ઠ પ્રયાસોના કારણે નમકારમંત્ર બાબતમાં સુંદર જાગૃતિ આવી છે. વિવિધ ભાષામાં નવકાર સૂત્ર-મંત્ર ઉપર દોઢેક ડઝન જેટલા ગ્રન્થો છપાઈને બહાર પડ્યા છે. એમાં આજે '**नमस्कारमंत्रसिद्धि**' નામના આ ગ્રન્થનો ઉમેરો થાય છે. આના લેખક છે અનેક શક્તિઓથી થનગનતા, સેંકડો પુસ્તકોના યશસ્વી લેખક, શતાવધાની પંડિત શ્રી ધીરજલાલ ટોકરશી શાહ. જૈન સમાજમાં ગણ્યાગાંઠ્યા લેખકો પૈકીના તેઓ સન્માન્ય અને સિદ્ધહસ્ત લેખક છે. જૈન-અજૈન વચ્ચે ખૂબ જાણીતા થયેલા લેખકનો વધુ પરિચય આપવો તે ઉલટું અવિવેકમાં ખપે, એટલે પ્રસ્તુત પુસ્તક અંગે જ કંઈક કહું એ ઉચિત છે.

## ગ્રન્થની નવીનતા અને વિશિષ્ટતાઓ

નવકારમંત્ર ઉપર આ અગાઉ બહાર પડેલાં ત્રણેક પુસ્તકો અને પ્રકાશિત થતાં આ પુસ્તક વચ્ચે વિષય અને વિગતોનું કેટલુંક સામ્ય વાચકોને જોવા મળશે, પરંતુ એટલા માત્રથી ઉતાવળે એમ માની લેવાની જરૂર નથી કે આમાં નવીનતા નથી. લેખકનું વિશાળ વાંચન, રજૂઆત કરવાની તેમની વિશિષ્ટતા, વિષયને સરલતા અને સ્પષ્ટતાથી કહેવાની આવડત, ગ્રંથસંકલનની કુનેહ અને એ બધાયને જેબ આપે એવું એમનું ભાષાનું મધુર આકર્ષણ, આ બધાયને લીધે એમાં અનેક નવીનતાઓ જોવા મળશે.

પ્રગટ થએલાં પુસ્તકો કરતાં આમાં સાધનાખંડ વિસ્તારથી વ્યવસ્થિત રીતે રજૂ થયો છે, તેમજ ઉપયોગી મંત્રસંગ્રહ આપી ગ્રન્થની ઉપાદેયતામાં વધારો કરવામાં આવ્યો છે.

વિશેષમાં તેમણે ૬૪ જેટલા ગ્રન્થોનો આ સર્જનમાં આધાર લીધો છે, તે એમના વિશાળ સ્વાધ્યાય તથા '**नामूलं लिख्यते किञ्चित्**'ની નીતિનું પ્રબળ પ્રમાણ પૂરું પાડે છે.

પુરુષાર્થની મૂર્તિ જેવા લેખકબંધુને સાદર અનુરોધ છે કે, હવે તેઓ જૈન કર્મસાહિત્યને લગતું સાહિત્ય આધુનિકતાના ઢાંચામાં ઢાળીને આપવાના પુરુષાર્થ તરફ વળે અને વિવિધ સાહિત્યોપાસના દ્વારા જીવનને ધન્ય બનાવે!

### ક્ષમાયાચના—

'માથા કરતાં પાઘડી મોટી'ની જેમ પ્રસ્તાવનાની દીર્ઘતા બાબતમાં દિલગીરી વ્યક્ત કરી, મારાં જીવનનાં અંધારાં ઉલેચાય, અપૂર્ણતામાંથી પૂર્ણતાના ધ્રુવતારક તરફ પ્રગતિ થાય, એ માટે

---

૧. મંત્રવાદીને જૈનશાસ્ત્રમાં આઠ પ્રભાવકો પૈકીના છઠ્ઠા પ્રભાવક કહ્યા છે. જુઓ-'છઠ્ઠો વિદ્યા રે મંત્ર તણો બલી.' (યશોવિજયજી)

[1]નવપદવાળાં નવકારમંત્રનું અંતિમ સ્મરણ કરી અજાણતાં શાસ્ત્ર અને પરંપરાથી વિરુદ્ધ લખાયું હોય તેની ક્ષમા યાચી, આ પ્રસ્તાવના સમાપ્ત કરું છું.

**नमो अरिहंताणं। नमो सिद्धाणं। नमो आयरियाणं।**
**नमो उवज्झायाणं। नमो लोए सव्वसाहूणं।।**
**एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो।**
**मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं।।**

ગોડીજી જૈન ઉપાશ્રય
પાયધુની, મુંબઈ.
સં. ૨૦૨૩ના અષાડ વદિ ૧૩.

*પ. પૂ. આચાર્ય શ્રી*
*વિજયધર્મસૂરીશ્વરજી*
*શિષ્ય મુનિ યશોવિજય*

---

૧. દિગમ્બરો તથા શ્વેતાંબરમાંથી જન્મેલા સ્થાનકવાસી તથા તેરાપંથી એ બે સંપ્રદાયોએ, આદ્ય પાંચ પદોને જ માન્યતા આપી છે. અને ત્યાં તેટલાની જ આરાધના મુખ્યત્વે ચાલે છે. એમ છતાં મારા અલ્પ ખ્યાલ મુજબ બાકીનાં ચાર પદોને પાછળથી માન્યતા આપી છે.

નવકારના નવપદોના પાઠમાં શ્વેતામ્બરોમાં વિવિધ વિકલ્પો છે. વળી શ્વેતામ્બરથી દિગમ્બરીય પાઠો વચ્ચે પણ તફાવતો છે. તે આ પ્રમાણે:---

શ્વેતામ્બરોમાં પહેલા પદના વિકલ્પો સ્વીકારાયા છે. ચલણી નાણાંની જેમ વપરાતા--(૧) अरिहंताणं પાઠ સિવાય (૨) अरहंताणं અને (૩) अरुहंताणं. ઓરિસામાં ભુવનેશ્વર નજીક આવેલી ખંડગિરિની હાથીગુફા ઉપર ઈસ્વી. પૂર્વે ૨૦૦ વરસ ઉપર કલિંગાધિપતિ મહામેઘવાહન જૈન રાજા ખારવેલે બનાવેલી ગુફાઓના દરવાજા ઉપર પોતાની આત્મકથા લખી છે. તેના પ્રારંભમાં 'नमो अरहंतानं' પાઠને સ્થાન મલ્યું છે. પાંચમાપદમાં लोए પદ સિવાયનો સપ્તાક્ષરી नमो सव्वसाहूणं પાઠ પણ આવે છે. (જુઓ ભગવતીજીનું મંગલાચરણ) આ એક અતિવિચારણીય બાબત છે, કારણ કે આથી નવકારની અક્ષરસંખ્યા વગેરે બાબતોમાં ગંભીર પ્રશ્નો ઉભા કરે છે

---દિગમ્બર પરંપરામાં જુદા પડતા પાઠભેદો નીચે મુજબ છે : શ્વે.ના ત્રીજા પદમાંના आयरि ની જગ્યાએ आइरि, છઠ્ઠા પદમાં શ્વેતામ્બરોના नमु(मो)क्कारो ની જગ્યાએ णमोयारो અને નવમા પદમાં हवइ ની જગ્યાએ होइ.

—આ પ્રમાણે દિગમ્બર પાઠ (૩) णमो आइरियाणं, (૬) एसो पंचणमोयारो અને (૯) पढमं होइ मंगलं। આ પ્રકારનો છે.

—પદોની આદિમાં ण કે न બંને જાતના વર્ણો માન્ય છે. દિગમ્બરોએ ખાસ કરીને 'ण' વર્ણને પસંદગી આપી છે.

---બૌદ્ધો પણ બુદ્ધ ભગવાનને અનુલક્ષીને नमो अरहत्ताणं, नमो सिद्धाणं આ પદોથી પ્રાર્થના કરે છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સમાધિ મરણની ચાવીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૪ ઇ.સન્ ૧૯૬૮

૨૧

## પ્રસ્તાવના

લેખક: પરમપૂજ્ય મુનિરાજ શ્રી યશોવિજયજી મહારાજ.

આ પુસ્તકનું નામ 'સમાધિમરણની ચાવી' છે. એમાં સમાધિ અને મરણ અને ચાવી આ ત્રણ શબ્દો છે. આ ત્રણના મૂલભૂત અર્થોને સમજીએ.

આ 'સમાધિ' એ માત્ર ટૂંકા અર્થને જણાવી દેનારો શબ્દ નથી પણ પોતાના ગર્ભમાં અનેક ગંભીરાર્થોને દબાવીને બેઠેલો મહાશબ્દ છે.

### સમાધિ શબ્દોના અર્થો

**સમાધિ**--'**સમ્** ઉપસર્ગપૂર્વક '**આધિ**' શબ્દનું જોડાણ થતાં 'સમાધિ' શબ્દ નિષ્પન્ન થાય છે. હવે આ શબ્દના વ્યુત્પત્તિ વગેરેથી નિષ્પન્ન થતા અર્થોને જોઈએ.

યદ્યપિ આ શબ્દની વ્યુત્પત્તિઓ-અર્થો વિવિધ પ્રકારે ઉપલબ્ધ થાય છે. દર્શનશાસ્ત્રો, આગમશાસ્ત્રો અને વિવિધ કાર્યક્ષેત્રો, સંદર્ભો વગેરેની દૃષ્ટિએ, તેના વિવિધ અર્થો કરવામાં આવ્યા છે. અહીંયા તો જૈનશાસ્ત્રગત અર્થ અથવા જૈન મતાભિમત અર્થ કે તે અર્થને પુષ્ટિ આપતો અર્થ જ અભિપ્રેત હોવાથી તે અર્થોને સમજીએ.

[1]**સમાધિ**-(૧) ચિત્તવૃત્તિઓનું સમાધાન, ઉપશમ, સમતા, રાગદ્વેષાદિનો અભાવ.

---

૧. 'સમાધિ' શબ્દ ભાવસાધન અને કરણસાધન રૂપે છે. એનો ભાવસાધન અર્થ સમાધાનં સમાધિઃ,

૨. જેનાથી રાગ-દ્વેષનો ક્ષય થાય તેવું ધર્મધ્યાન.

૩. મોક્ષમાર્ગ ઉપર પ્રયાણ.

૪. જેનાથી મોક્ષમાર્ગની સારી રીતે આરાધના થાય, અથવા જે દ્વારા એ માર્ગ પ્રતિ પ્રસ્થાન થાય તે.

૫. ઈન્દ્રિય પ્રણિધાન.

૬. શુભ-ભાવલેશ્યારૂપ અધ્યવસાય.

૭. મુક્તિના સાધનરૂપ સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્રની આરાધના.

૮. રત્નત્રયીની આરાધનામાં પ્રશાન્તવાહિતાપણું.

૯. ચિત્તની વિક્ષેપ વિનાની અવસ્થા.

૧૦. ચિત્તનો સમાધિ--સ્વસ્થ પરિણામ.

૧૧. ચિત્તની સર્વથા એકાગ્રતા.

૧૨. ચિત્તનો નિરોધ.

૧૩. શુભ ધ્યાન.

૧૪. ધ્યાનનું ફળ.

ઉપરોક્ત [1]અર્થો વિવિધ જૈન આગમો અને અન્ય પ્રકરણાદિગ્રન્થો અને ટીકાઓમાં વિવિધ પ્રસંગોને અનુલક્ષીને જે આપ્યા છે તે નોંધ્યા છે.

## 'સમાધિના ભેદ--પ્રભેદો'

આ સમાધિ દ્રવ્ય અને ભાવથી, તેમજ ભૌતિક અને આધ્યાત્મિકથી બે પ્રકારે છે. જ્ઞાનસમાધિ, દર્શનસમાધિ અને ચારિત્રસમાધિ આ પ્રકારથી ત્રણ ભેદે છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવ ભેદે, તેવી જ રીતે નામ, સ્થાપનાદિ નિક્ષેપાની દૃષ્ટિએ ચાર પ્રકારની પણ સમાધિ છે, અને દસ[2] પ્રકારની સમાધિ પણ છે.

---

ચિત્તની વૃત્તિઓની ઉપશાન્ત અવસ્થા છે. કરણસાધનમાં समाधीयते चित्तमनेनेति समाधिः। જેનાથી ચિત્તવૃત્તિ રોકાય તેવો ઉપાય કે સાધન. આ ભાવસાધન અર્થને લઈને જ પતંજલિએ યોગદર્શનમાં योगः-समाधिः આવું કહીને યોગને જ સમાધિ કહી છે. અહીંયા યોગ શબ્દ પણ યુજિર્યોગે ધાતુ ઉપરથી નહિ, પણ સમાધિ અર્થમાં જ વપરાએલા 'युज्' ધાતુ ઉપરથી બન્યો છે. એ ધ્યાનમાં રાખવું ઘટે.

૧. યોગદર્શનમાં सार्वभौमः चित्तस्य धर्मः। મનના સાર્વભૌમ ધર્મને જ સમાધિ કહી છે.

૨. યોગ દર્શનકારે--સમાધિના અસંપ્રજ્ઞાત, સંપ્રજ્ઞાત, સબીજ, નિર્બીજ, સવિકલ્પ, નિર્વિકલ્પ એવા ભેદો બતાવ્યા છે. આ ભેદો જૈન સિદ્ધાંત મુજબ આઠમા ગુણસ્થાનક પછી પ્રાપ્ત થાય છે. અહીંયા આનું કોઈ વિશેષ પ્રયોજન નથી. બીજી વાત એ પણ ધ્યાનમાં રાખવી ઘટે કે યોગદર્શન ગ્રન્થની પ્રક્રિયા જોડે જૈન દર્શનનું બહુધા સામ્ય હોવાથી સ્વ. મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે તેના ઉપર સંક્ષિપ્ત ટીકા રચી છે. અને પતંજલિજીની સૂત્રરચનાને મઠારી છે.

## સમાધિનો ફલિતાર્થ

આ બધાયનો ફલિતાર્થ એ છે કે, જેનાથી રાગ-દ્વેષનો ક્ષય થતો જાય એવી ચિત્ત--મનની (ઉપયોગની) સમત્વ અવસ્થા તેનું નામ [1]સમાધિ.

પુસ્તકનું નામ 'સમાધિ મરણની ચાવી' છે. સમાધિનો અર્થ કહ્યો, 'મરણ' એટલે મૃત્યુ. પ્રાણોનું વિસર્જન થાય કે આયુષ્ય કર્મનો ક્ષય થાય તેને મરણ કહેવાય છે. અને 'ચાવી' એટલે ઉપાય. ગ્રન્થના નામનો આ શબ્દાર્થ, સાદા શબ્દોમાં કહીએ તો-સાચી શાંતિપૂર્વકનું મૃત્યુ.

## સમાધિમરણની ચાવી નામ કેમ રાખ્યું?[2]

શંકા--સમાધિમરણની ચાવી એને બદલે 'સમાધિ જન્મ'ની ચાવી કે 'સમાધિ જીવનની ચાવી' આવું નામ કેમ ન રાખ્યું? અહીં એવો તર્ક પણ થઈ શકે!

એનો ખુલાસો એટલો જ કે--સામાન્ય માનવી માટે 'સમાધિ જન્મ' શક્ય નથી, પણ 'સમાધિ જીવન' શક્ય છે. અને એવું જીવન જ સમાધિ-મરણ માટે કારણરૂપ છે. એટલે 'સમાધિ જીવન' નામ આપી શકાય. પણ એ નામ કરતાં 'સમાધિમરણ' આ નામ આપવું વધારે સાર્થક છે. કારણ કે મનુષ્ય તેનું સદ્ભાગ્ય હોય તો 'સમાધિજીવન' જીવી જાય ખરો, પણ ઘણીવાર તેનો અન્ત બગડી જાય એવું બને! એટલા માટે આપણે ત્યાં કહેવત છે કે--'જેનો છેડો સારો તેનું બધુંય સારૂં' આ કહેવત પણ એ જ વાત કહી જાય છે. ઘણીવાર જન્માન્તરના કોઈ પાપોદયે, પછી તે સંસારી હોય કે સાધુ, પણ અન્તિમ જીવન કે અન્તિમ સમય એવો અસમાધિમય થઈ જાય કે તેની મૃત્યુની ક્ષણો દુ:ખદ બની જાય. એટલે ખાસ કરીને વયોવૃદ્ધ એવો સુજ્ઞ મનુષ્ય, સાજો હોય કે માંદો, પણ તે પોતાનું મોત બગડી ન જાય તેની ચિંતા સેવતો હોય છે. આ લગભગ સહુના અનુભવની બાબત છે. આર્યસંસ્કૃતિને વરેલાઓ, તેમજ ધર્મજ્ઞ કે ધર્મિષ્ઠ ગણાતા માનવીઓ આવી ચિંતા સેવે તે સ્થાને પણ છે.

## સમાધિનું મહત્ત્વ

વળી આપણે મંદિરમાં જઈને પ્રભુ સમક્ષ જે 'ચૈત્યવંદન' કરીએ છીએ, તેમાં આવતા 'જયવીયરાય' થી ઓળખાતા પ્રાર્થના સૂત્રમાં '**समाहिमरणं च**'[1] રોજ બોલીએ છીએ, એટલે કે હે

---

૧. અજૈન ગ્રંથ સ્કંદપુરાણમાં यत्समत्वं द्वयोरत्र जीवात्म परमात्मनोः, स नष्टसर्वसंकल्पः समाधिः, અર્થાત્ જે અવસ્થામાં તમામ સંકલ્પ-વિકલ્પાદિ ચિત્તવિકારોનો નાશ થઈ જતાં જીવાત્મા પરમાત્મા તુલ્ય બની જાય, તેનું નામ સમાધિ. આત્મા પોતાના શુદ્ધ સ્વરૂપમાં અવસ્થિત થઈ જાય તે. આ યોગના અષ્ટાંગમાં આવતી જે 'સમાધિ' તેને લાગુ પડે છે. વળી યોગના અષ્ટાંગની સમાધિ જે અર્થમાં દર્શાવી છે, સર્વથા એ જ અર્થમાં આ પ્રકરણની 'સમાધિ' ન ઘટાવવી.

૨. પાપકર્મની નિન્દા, સર્વ જીવો સાથે ક્ષમાપના, શુભભાવના અરિહંતાદિ ચારે શરણાંનું શરણ, નવકારમંત્રનું રટણ અને અનશન વ્રત આ બાબતોથી યુક્ત મરણને સમાધિમરણ--શાંતિપૂર્વકનું મરણ કહેવાય છે. આ મોક્ષનું અનન્ય સાધન છે.

*ભગવંત! મને 'સમાધિમરણ' આપજો! આ માગણી દરેક જૈનને રોજે રોજ કરવાની, તે પાછી* દેવ-ગુરુની પાસે અને એની સાક્ષીએ. એ એ જ સૂચવે છે કે જૈનધર્મમાં સમાધિમરણનું કેવડું મોટું મહત્ત્વ છે.

કહેવાનું તાત્પર્ય એ કે--મરણ સુધરી જાય તો, આગામી ભવપરંપરા પણ સુધરી જાય એટલે [૨]'સમાધિમરણની ચાવી' જે નામ આપ્યું છે તે યોગ્ય જ છે.

ઉપર જોઈ આવ્યા તેમ સમાધિમરણ એટલે જ મરણમાં ચિત્તની પરમ પ્રસન્નતા, ઈશ્વર પ્રત્યેનું અવિરત અનુસંધાન, શુભ અધ્યવસાયની સંતતિ અને આ બધાયના કારણે, આત્માની તેજોમય અવસ્થા વર્તતે છતે મૃત્યુ થાય તેનું નામ 'સમાધિમરણ.' બીજા શબ્દોમાં કહીએ તો 'પંડિતમરણ'.

## સમાધિમરણની આવશ્યકતા શા માટે છે?

પ્રશ્ન--મરણ સમાધિપૂર્વક થાય કે અસમાધિપૂર્વક થાય, શાંતિમય થાય કે અશાંતિમય થાય, સ્વસ્થ રીતે થાય કે અસ્વસ્થ રીતે થાય, જાગૃતપણે થાય કે અજાગૃતપણે થાય, શૂન્યપણે થાય કે અશૂન્યપણે થાય, કે જેમ થવું હોય તેમ થાય. જેમ બનવાનું હોય તેમ બને. એમાં સમાધિમરણ જ થવું જોઈએ, અને એના માટે આવી રચનાઓ કરવી જોઈએ. તેનું શું કારણ?

ઉત્તર---ઉપરના પ્રશ્નનો જવાબ આપવા અગાઉ માનવદેહ સાથે અને માનવજીવન સાથે સંબંધ ધરાવતી થોડીક જરૂરી અન્ય બાબતો અને પરિસ્થિતિને સમજી લઈએ. કારણ એ છે કે, વિચારશક્તિ જ વિચાર કરી શકે છે. પણ આ વિચારશક્તિ જેને મનશક્તિ કહે છે, તે બધાય જીવોને નથી હોતી. જેને હોય છે તે તેનો સદુપયોગ જ કરે તેવું નથી હોતું, માટે તે અંગે થોડો વિચાર કરીએ.

### જીવોના પ્રકારો

અખિલ વિશ્વમાં એકેન્દ્રિયવાળા જીવોથી લઈને બે, ત્રણ, ચાર અને પાંચ ઇન્દ્રિયો સુધીના દેહને ધારણ કરવાવાળા અનંત જીવો છે. તાત્પર્ય એ કે જે જીવોને જિહ્વા (જીભ) નાક, ચક્ષુ (આંખ) અને કાન, આ ચાર ઈન્દ્રિયો સિવાયની માત્ર એક સ્પર્શઇન્દ્રિય છે તેવા એકેન્દ્રિયો. તેથી આગળ વધીને શરીર, અને જિહ્વા આ બે ઈન્દ્રિયવાળા જીવો, વળી શરીર, જિહ્વા અને નાસિકા, આ ત્રણ ઇન્દ્રિયવાળા જીવો, તથા શરીર, જિહ્વા, નાસિકા અને આંખ સહિત ચાર ઈન્દ્રિયોવાળા જીવો અને ઉક્ત આ ચાર સહિત પાંચમી કર્ણ-કાન ઈન્દ્રિયો સાથે પાંચ ઈન્દ્રિયોવાળા જીવો. આમ આ પાંચેય પ્રકારના જીવો જગતમાં વર્તે છે.

---

૧. समाहिवरमुत्तमंदिंतु આ પ્રાર્થના લોગસ્સ સૂત્રમાં પણ આવે છે.

૨. શાસ્ત્રમાં મરણના બે પ્રકાર બતાવ્યા છે, પણ જન્મના બે પ્રકાર કહ્યા નથી એટલે અહીંયા જ્ઞાનીઓને ચિંતા મરણની છે. એટલે તેઓએ જન્મની વિધિ--આરાધના બતાવી નથી. જ્યારે મરણ સુધારવા માટેની અનેક વિધિઓ બતાવી છે.

ચૌદરાજરૂપ સમગ્ર વિશ્વમાં અતીન્દ્રિય કે ઈન્દ્રિયગમ્ય, સૂક્ષ્માતિસૂક્ષ્મ જંતુઓથી લઈને સ્થૂલાતિસ્થૂલ પ્રકારના દૃશ્યમાન જીવો જે દેખાય છે, તે સહુનો સમાવેશ ઈન્દ્રિયોની દૃષ્ટિએ ઉપરના પાંચેય પ્રકારમાં થઈ જાય છે.

## 'મન' નામની શક્તિ અંગે વિચારણા

જીવસૃષ્ટિમાં જુદા જુદા દેહમાં ન્યૂનાધિકપણે ઈન્દ્રિયોનું જેમ અસ્તિત્વ છે તેમ (અમુક જ) દેહમાં 'મન' આ નામથી ઓળખાતી એક શક્તિ પણ છે. જેને જૈન પરિભાષામાં મનઃપર્યાપ્તિ કહેવાય છે. આ શક્તિથી જ વિશ્વમાં વર્તતા વિચારોપયોગી, મનના પુદ્ગલ પરમાણુઓને ખેંચી તેના સહકાર-બળથી (મનની શક્તિવાળા) જીવો વિચાર કરી શકવાને *સમર્થ બને છે.

આવી શક્તિવાળા જીવો કયા છે? તે જોઈએ.

ચૈતન્ય ધરાવતા એકેન્દ્રિયથી માંડીને ચઉરિન્દ્રિય સુધીના જીવો જેની ગણના (ગતિની અપેક્ષાએ ચાર પ્રકારના જીવો પૈકી) તિર્યંચના પ્રકારમાં થાય છે. તેઓને તો જાણે મનઃશક્તિ (પર્યાપ્તિ) જ નથી એટલે તેઓ વિચારશૂન્ય છે. ત્યાર પછી પાંચ ઈન્દ્રિયોવાળા જીવો આવે છે. તેમાં બે પ્રકારો છે, એક 'મન' (સંજ્ઞી[1]) શક્તિવાળા જીવો અને એક 'મન' શક્તિ (માનસિકશક્તિ-બળ) વિનાના જીવો.

## 'મન' શક્તિની માનવજાતને મળેલી મહાન ભેટ

અહીંયા જેનો વિચાર કરવાનો છે તે વિચાર, માનવજાતને અંગે હોવાથી મનવાળા (સંજ્ઞી) પંચેન્દ્રિય મનુષ્ય અંગે જ વિચાર કરીશું.

ખરેખર! માનવજાતને 'મન' નામની એક મહાન શક્તિની જે ભેટ મળી છે, તેથી માનવ ભારે મૂલ્યવાન બની ગયો છે એ એક હકીકત છે. અને આ જ શક્તિદ્વારા એને જે કંઈ સાધ્ય કરવું હોય તે બધું જ સાધ્ય કરી શકે છે, એટલું જ નહિ પ્રસ્તુત શક્તિથી મનુષ્ય ભૂત, ભવિષ્ય કે વર્તમાનનો વિચાર પણ કરી શકવાને સમર્થ છે.

યદ્યપિ દરેક મનુષ્યને સંપૂર્ણ શક્તિવાળું મન કે વિચારશક્તિ મળે એવું બનતું નથી. દરેક જીવોનું વિચારબળ ભિન્ન-ભિન્ન હોય છે. આ શક્તિ સહુને સમાન નથી હોતી. પણ જન્માન્તરનાં જેવાં અને જેટલાં શુભાશુભ સંચિત હોય, તેના આધારે ન્યૂનાધિકની અસંખ્ય તરતમતાઓ તેમાં પડે છે. અને આ તરતમતાઓને કારણે વિચારશક્તિની દ્રવ્ય, ક્ષેત્ર કાલાદિ કારણે અસંખ્ય વિચિત્રતાઓ હોઈ શકે છે.

---

★ સામાન્ય રીતે કોઈપણ સંસારી જીવાત્મા આહાર વગેરે સંજ્ઞા વિનાનો નથી. પણ તે સંજ્ઞા--વિચારણાનો અહીં સંબંધ નથી. અહીં મનઃશક્તિનો સંબંધ વિશિષ્ટ વિચારણા સાથે છે.

૧. શાસ્ત્રમાં 'મન'વાળા જીવોને 'સંજ્ઞી', તે વિનાના 'અસંજ્ઞી' શબ્દથી ઓળખાવ્યા છે. સંજ્ઞી જીવો ગર્ભજ પંચેન્દ્રિય મનુષ્યો ઉપરાંત ગ૦ પં૦ તિર્યંચો પણ હોય છે. સામાન્ય રીતે બહુધા વિવેકવિકલ તિર્યંચોને આની અગત્ય નથી. એટલે જે કંઈ કહેવાનું છે તે વિવેકવાન અને બુદ્ધિમાન મનુષ્યને જ કહેવાનું છે,

આ રીતે માનવદેહને આત્મા, પાંચ ઈન્દ્રિયોવાળું શરીર અને મન આ ત્રણ વસ્તુઓ પ્રાપ્ત થયેલ છે.

## મન એ શું છે?

મન એ શું છે? એને બહુ ટૂંકમાં સમજી લઈએ. દશ્યાદશ્ય વિશ્વમાં રહેલા સંસારી જીવોનું સંચાલન કરવામાં જૈન તીર્થંકરોએ અથવા દર્શનકારોએ વિશ્વમાં સર્વત્ર વ્યાપ્ત એવા અનેકાનેક પુદ્ગલો--પરમાણુઓ પૈકી આઠ પ્રકારના પુદ્ગલ સ્કંધો (પરમાણુઓના જથ્થા) બતાવ્યા છે. આ પુદ્ગલ સ્કંધો આમ તો જડ છે, શક્તિહીન છે. પણ એનો ચૈતન્ય જોડે જ્યારે સંયોગ થાય છે, ત્યારે જ તે પુદ્ગલસ્કંધોમાં તે તે પ્રકારની વિવિધ શક્તિઓનું નિર્માણ થાય છે, અન્યથા નહીં. અહીંઆ તો માત્ર 'મન' અંગેની વાત છે. એટલે એને ઉપયોગી પુદ્ગલ સ્કંધો આઠ પૈકી એક છે. જે જીવને વિચાર કરવામાં ઉપયોગી અથવા જેના આલંબનથી વિશિષ્ટ વિચાર કરી શકાય તેવા પદાર્થરૂપ પુદ્ગલસ્કંધો છે, અને જે અવકાશમાં સર્વત્ર રહેલા છે. મનને જ્યારે વિચાર કરવો હોય ત્યારે આ પરમાણુઓને ખેંચી, ગ્રહણ કરી, કરવા યોગ્ય વિચારો રૂપે બનાવી, વિચાર કરી તે પરમાણુઓને પાછા છોડી દે છે. આમ વિચારના ગ્રહણ-વિસર્જનમાં પ્રસ્તુત પુદ્ગલોનું પણ ગ્રહણ-વિસર્જન થતું રહે છે.

શાસ્ત્રીય પરિભાષામાં આ પુદ્ગલો 'મન' નામની વર્ગણાના છે. આ તો પ્રાસંગિક જૈન દૃષ્ટિએ ઉડતું 'મન' અંગેનું રહસ્ય જણાવ્યું.

## કર્મના બન્ધ-મોક્ષમાં કારણભૂત 'મન' છે.

વળી આત્મા વિશ્વમાં વર્તતા અગાઉ જે આઠ પ્રકાર કહ્યા, તે પૈકી બીજા એક 'કાર્મણ' નામના પુદ્ગલ સ્કંધોને ખેંચે છે. એ ખેંચતી વખતે મનનો શુભ કે અશુભ, સારો કે નરસો, તીવ્ર કે મંદ, જેવો પરિણામ વર્તતો હોય તેવા પ્રકારે તે કર્મ સ્કંધોને રંગે છે અને આત્મપ્રદેશોની[1] સાથે ક્ષીર-નીરની માફક તેને જોડે છે. તેમજ તે યથોચિતકાળે ઉદયમાં આવતાં જીવ તેના શુભાશુભ ફલોનો અનુભવ કરે છે. માટે જ ભારતીય આર્ષદ્રષ્ટાઓએ **मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः** આ વાક્ય પ્રયોજીને જણાવ્યું છે કે, કર્મના બંધ અને મોક્ષ, બન્નેમાં કારણ એક મન જ છે. આથી મનની કેવી વિચિત્રતા--વિલક્ષણતા અને સામર્થ્યતા છે એનો ખ્યાલ મળી રહે છે.

માનવ મનની બાબતમાં જે પરિસ્થિતિમાં મૂકાયો છે, તે જોઈએ. રખે! માનવ પોતાના કિંમતી મનનો દુરુપયોગ કરી ન બેસે! એટલે પ્રાણીમાત્રના કલ્યાણકાંક્ષી મહાત્માઓએ માનવનો ઉભય લોક સુધરી જાય, તે માટે જાતજાતની અથાગ ચિંતા કરી મનને ધર્મમય રાખવા, પવિત્ર રાખવા, સ્વસ્થ રાખવા વિવિધ ઉપદેશો અને બોધો ચીંધ્યા છે.

---

૧. પ્રદેશનું પરિમાણ પરમાણુ જેટલું જ છે. ફરક એટલો છે કે પરમાણુ અલગ હોઈ શકે છે. જ્યારે આ આત્માનો પરમાણુ તેના અન્ય પરમાણુઓથી કદી પણ જુદો પડતો નથી, સાંકળના આંકડાની માફક સદાય સંલગ્ન છે અને તેથી જ તેને 'પ્રદેશ' શબ્દથી ઓળખાવાય છે

આટલી બાબત પ્રાસંગિક જણાવી.

હવે અગાઉ ઉપસ્થિત કરેલા પ્રશ્નનો જવાબ જોઈએ.

મન અંગેની પરિસ્થિતિનો ખ્યાલ વાચકોને મળી ગયો છે. હવે મૂલ વાત એ છે કે વસ્તુતઃ સમગ્ર જીવન એવી રીતે જીવવું જોઈએ કે જેથી ઉભયલોક સુધરે, પણ જો એ ન જ બની શક્યું તો, પોતે પોતાની ઊભી કરેલી દુનિયાને 'રામ રામ' કરવાની અણી ઉપર આવ્યો હોય ત્યારે, હિતચિંતક જ્ઞાનીઓ કહે છે કે ભાઈ! છેવટે તો તું તારી બાજી સુધારી લે!

## ભાવિ જન્મોને સુધારો

જો અંતે પણ આ બાજી ન સુધારી, તો સમજી લેજે કે, ભાવિ જન્મોની પરંપરા તને ઉન્નતિના પંથે લઈ જનારી નહીં, પણ ઊલટ પક્ષે સંભવ છે કે તને અવનતિના પંથે ઘસડી જનારી બને!

## સમજવા જેવા બે નિયમો

હવે ભાવિજીવનની બાજી સુધારવા માટે કર્મસિદ્ધાન્તના આધારે રચાએલા બે નિયમોને જાણવા બહુ જરૂરી છે. આ જાણવાથી અતિ--ચંચળ અને અપ્રતિહત વેગવાળા 'મનજીભાઈ' ઉપર શા માટે કાબુ રાખવો? તે વાત ધ્યાનમાં રહેશે. એમાં પહેલો નિયમ છે. (૧) જેવી ગતિ તેવી મતિ. અને બીજો નિયમ છે (૨) જેવી મતિ તેવી ગતિ. આ બન્ને નિયમના રહસ્યને સમજીએ.

## (૧) જેવી મતિ તેવી ગતિ–

કર્મશાસ્ત્રના સિદ્ધાન્ત મુજબ જીવ, આગામી જન્મના આયુષ્યનો બન્ધકાળ જ્યારે કરી રહ્યો હોય ત્યારે, મનની જેવી મતિ, વિચાર, બુદ્ધિ કે અધ્યવસાયો ચાલતા હોય, તેના આધારે તેને અનુરૂપ (દેવ, મનુષ્ય, તિર્યંચ કે નરક આ ચાર ગતિ પૈકી) શુભ કે અશુભ જે ગતિમાં જન્મ લેવાનો હોય તે ગતિને લગતું આયુષ્ય બાંધે. હવે એ વખતે જો માનસિક અધ્યવસાય શુભ હોય તો શુભ ગતિનું, અને અશુભ હોય તો અશુભ ગતિનું આયુષ્ય બાંધે. માટે જ શુભગતિ ઈચ્છતા પ્રવાસીઓએ શુભ વિચારો કરવા જોઈએ.

એ શુભ અધ્યવસાયો થાય કેવી રીતે? અને ટકે કેવી રીતે?

## મનને શુભ વિચારોવાળું કેમ રાખી શકાય?

શુભ અધ્યવસાયો–જિનવાણીનું શ્રવણ, સત્પુસ્તકોનું વાંચન, ત્યાગી-વૈરાગી ગુરુઓનો સહવાસ, ધાર્મિક અનુષ્ઠાનો, ક્રિયાઓની આચરણા વગેરે પવિત્ર કારણોથી ઉત્પન્ન થાય છે. અને એને જ વધુ ને વધુ સેવવાથી અને ધાર્મિક વાતાવરણનો સહવાસ રાખવાથી તે ટકે છે. આ

માટે અનન્ત જ્ઞાનીઓ અને ઋષિ-મહર્ષિઓ કહે છે કે-પહેલું કામ તમો તમારા મનમાં ભરેલા ગંદવાડને ઉલેચી નાંખવાનું કરો, પછી નવો ગંદવાડ ભરવાનું બંધ કરો, પછી તમારા મનને સુંદર, શુભ અને શુદ્ધ ભાવો અને સદ્‌વિચારોથી સુગંધી બનાવો, એ મનને સત્પ્રવૃત્તિની ગંગામાં ઝબોળી દો, પછી મલીન, અનિષ્ટ, દુષ્ટ, વિકારી એવા અશુભ વિચારો ઘુસી ન જાય તે માટે તમો જાતે જ તમારા મનના ખડા ચોકિયાત બનો, અને મનને સન્માર્ગમાં ટકાવી રાખે એવો પુષ્ટ અને તન્દુરસ્ત ખોરાક આપો. એ ખોરાક કયો?

## એ ખોરાક કયો?–

તો રાગદ્વેષની ચીકાશો, આસક્તિઓ ઘટાડે, વાસનાઓનો નાશ કરે, માયા, મમતા અને મલીનતાને દૂર કરે, એવા કરુણાસમુદ્ર ભગવાન તીર્થંકર દેવોએ આપેલા ઉપદેશોનું શ્રવણ, અથવા સાચા ત્યાગી જ્ઞાની આધ્યાત્મિક પુરુષોની વિવિધ ગદ્ય–પદ્યમય ગ્રન્થરચનાઓનું વાંચન અને મનન. આ છે મહાચંચળ, મહાનાજુક, તેમ છતાં મહાસમર્થ એવા મહામૂલા મનનું ભાતીગળ ભોજન.

## આધ્યાત્મિક પુસ્તકોની જરૂરિયાત–

આવું ભોજન જ માનવમનને તન્દુરસ્તી અને પુષ્ટિ બક્ષે છે. આધ્યાત્મિક રચનાઓ જ, શ્રદ્ધાળુ માનવમનના દુર્વિચાર અને દુર્ધ્યાનને દૂર કરી આત્માને શુભધ્યાનમાં સ્થાપિત કરે છે. આધ્યાત્મિક વૈરાગ્યમય ગ્રંથોનું વાંચન, તેનું મનન અને ચિંતન શુભ ધ્યાનને સ્થિર કરે છે. વિવિધ પ્રકારની શુભક્રિયાઓ અને સદનુષ્ઠાનો હંમેશા કરતા રહેવાની જ્ઞાની–મહર્ષિઓની આજ્ઞા પાછળનું રહસ્ય પણ, મનનો શુભ અને શુદ્ધ ભાવ ટકી જાય એ જ છે.

અહીં પહેલા નિયમની વિચારણા પૂર્ણ થઈ.

## (૨) જેવી મતિ તેવી ગતિ–

આ વાક્ય મૃત્યુ અવસ્થાને અનુલક્ષીને જન્મ પામ્યું છે, એટલે કે મરનારની જેવી ગતિ થવાની હોય તેવી મતિ અન્તકાળે આવીને ઊભી રહે છે. વહેતા આયુષ્યકાળમાં જો આયુષ્ય [૧]બંધાઈ ગયું હોય તો મૃત્યુક્ષણે પ્રાપ્યગતિને લાયક મતિપરિણામ આવીને ઊભા રહે છે.

---

૧. જૈનદર્શનના કર્મના સિદ્ધાન્ત મુજબ મનુષ્ય અને તિર્યંચ વર્તમાન જન્મમાં જ્ઞાનીની દૃષ્ટિએ જેટલું આયુષ્ય નિશ્ચિત કરી આવ્યો હોય છે તે આયુષ્યના ત્રણ ભાગ કરીએ અને એમાંથી બે ભાગ પૂરા થયા બાદ ત્રીજો ભાગ શરૂ થતાં જ જીવને આગામી જન્મના આયુષ્યને બાંધવાનો કાળ આવે અને એ વખતે તે બંધ થાય એ વખતે જો પૂર્વે આયુષ્ય ન બંધાયું, તો પછી જે અવશેષ કાળ રહ્યો તેનો ત્રીજો ભાગ રહે ત્યારે બાંધે, એમ કરતાં બંધ જો ન જ પડ્યો તો છેવટનું અંતર્મુહૂર્ત રહે, ત્યારે તો જરૂર આયુષ્યનો બંધ કરે જ છે, અને પછી બંધને અનુસારે તે તે ગતિમાં ચાલ્યો જાય છે. આ બંધ માટે એમ કહેવાય છે કે, આ બંધ પણ ઘણા ભાગે તિથિના દિવસે જ પડે છે. ટૂંકમાં વાત એ કે ત્રીજા ભાગે આયુષ્ય બંધાય. આપણને એવું જ્ઞાન નથી કે, ત્રીજો ભાગ ક્યારે આવશે? એટલે, અને કદાચ જ્ઞાન હોય તો ધર્મભાવના વધારે પુષ્ટ બની રહે એ ખાતર પણ સદાય ધર્મમય જીવન ગાળવું, એ મનુષ્યનું આવશ્યક કર્તવ્ય છે.

અથવા જેમનો આયુષ્યબન્ધ થયો નથી પણ અંતિમ વખતે જ થવાનો છે. તેવા આત્માઓને તે વખતે જે ગતિનું આયુષ્ય બંધાવાનું હોય, તેને લાયક પરિણામ ઊભા થઈ જાય છે. અને તદનુસારે તે ગતિનું આયુષ્ય બાંધી આગામી જન્મમાં તે જીવ પૂર્વનિશ્ચિત સ્થાને જન્મ લેવા ચાલ્યો જાય છે.

અહીંઆ એક સિદ્ધાંત નિશ્ચિત સમજી રાખવો ઘટે કે, આગામી જન્મનું આયુષ્ય વર્તમાન ભવમાં જ જીવ નિશ્ચિત કરી પછી જ પોતાના વર્તમાન દેહને તજે છે.

## બાલમરણ કે શોકમરણ કોને કહેવાય?

જૈનશાસ્ત્રમાં મરણ બે પ્રકારનું બતાવ્યું છે. એક બાલમરણ અને બીજું પંડિતમરણ. ચાલુ શબ્દોમાં કહીએ તો શોકમરણ અને ઉત્સવમરણ. આ બંને મરણોની વ્યાખ્યા સમજીએ.

અંતિમ દિવસોમાં મૃત્યુને શાંતિપૂર્વક ભેટાય, સ્વસ્થતા કે સમાધિપૂર્વક પ્રાણવિસર્જન થાય, એ કાંઈ નાનીસૂની બાબત નથી. વિરલ પુણ્યાત્માઓના નસીબમાં જ એવું મરણ લખાયું હોય છે. બાકી મોટા ભાગના જીવો એ વખતે આત્માની અશુદ્ધ પર્યાયો–અવસ્થાઓમાં રમમાણ હોય છે, એ વખતે કાં સંસારના રંગ–રાગની યાદ ઉભરાતી હોય છે. કાં તેના થનારા વિયોગની ચિંતા સતાવી રહી હોય છે, કાં કુટુંબ પરિવારનો સ્નેહ-મોહ-મમતાની આસક્તિઓમાં ચિત્ત ચોંટ્યું હોય છે, કાં મન સ્ત્રી-પુત્રાદિક પરિવારના, તેમજ ધન, વૈભવ, અલંકાર, બાગ, બગીચા, બંગલા, મોજશોખના અતિપ્રિય સાધનો વગેરેનાં જાતજાતનાં મોહમાં અને તેની ચિંતામાં મુંઝાઈ ગયું હોય છે. ધંધા, ધાપા, ધનની ચિંતાઓ સંતાપ આપી રહી હોય છે. વળી મન હિંસા, જૂઠ આદિ અઢાર પાપસ્થાનકો તરફ લેપાએલું હોય છે. ચોરાસી લાખ જીવાયોનિના જીવો સાથે સ્થૂલ કે સૂક્ષ્મ, વેર–વિરોધ કે અમૈત્રી ભાવથી સહિત હોય છે. આર્ત--રૌદ્ર, ધ્યાનની સરિતામાં સ્નાન કરતું હોય છે.

જ્ઞાનાદિ પાંચ આચારોને અંગેના દોષાતિચારો સેવાઈ રહેલા હોય, અતીત અને વર્તમાન જન્મમાં પાપ, દોષો અને અતિચારોનું પ્રાયશ્ચિત, આલોચના-ક્ષમાપક ચાલતું ન હોય, આવી પરિસ્થિતિમાં જો મરણ થાય તો તે 'બાલમરણ' કહેવાય.

માનો કે આત્મા ઉપરોક્ત બાબતોથી પર રહ્યો હોય પણ છેવટે પોતાના આત્મા સાથે જોડાએલા શરીરયોગે કોઈ ભયંકર દર્દમાં સપડાઈ જતાં વરસો, મહિનાઓ કે દિવસો સુધી બેભાન બની રહે છે, કાં અત્યંત કારમી વેદના, પીડા, ત્રાસ, દુઃખ, હાયવોય અને બીજી જાતજાતની તકલીફો ભોગવતો રહે છે, અને એના કારણે તે માનસિક સ્વસ્થતા ગુમાવી બેસે છે, અને તેનું મન ધર્મધ્યાનમાં ઝુલતું હોતું નથી.

[1]વળી મૃત્યુના ઓળા, તથા અન્ય ભયોથી મારું શું થશે? હું મરીને ક્યાં જઈશ? ભાવિ

૧. જૈન વ્યક્તિએ મૃત્યુથી નહિ ડરતાં ફરી જન્મ લેવો પડે તેથી વધુ ડરવું જોઈએ. કારણ કે જન્મ છે ત્યાં અવશ્ય મૃત્યુ છે જ. પણ જ્યાં મૃત્યુ છે ત્યાં જન્મ હોય જ એવો નિયમ નથી. જો જીવ સંસારની સમાપ્તિ

સુખદ હશે કે દુઃખદ? વગેરેથી તે કંપતો હોય છે. નિરાશા અને હતાશાના સાગરમાં ડૂબી ગયો હોય છે. દીન અને દયાપાત્ર બની ગયો હોય છે. ઈશ્વર, ધર્મ, તરફ ઉદાસીન બન્યો હોય છે. ટૂંકમાં રાગ-દ્વેષ; વિષય અને કષાયને પરાધીન પડી અશુભ લેશ્યાથી રંગાઈ પરભાવની રમણતામાં જ ઝબોળાઈ રહ્યો હોય છે.

આવા જીવોના અન્તિમ મતિ–વિચાર ઉપરથી એમની ગતિ કેવી થશે? તેનું અનુમાન સ્વાભાવિક રીતે જ મરનાર જો કંઈક સુજ્ઞ હોય તો સ્વયં કરી શકે છે. અરે! તેના ચબરાક સાથીઓ પણ કરી શકે એવા વિરાધક ભાવમાં તે બેઠેલો નજરે પડતો હોય છે. અને આવી પરિસ્થિતિમાં મૃત્યુ થાય તો તેની દુર્ગતિ જ થાય. કારણ કે અશુદ્ધપર્યાયમાં મૃત્યુ એટલે અશુભગતિને તેડું. આવા મૃત્યુને શાસ્ત્રમાં બાલમરણ કે શોકમરણ તરીકે ઓળખાવ્યું છે.

આવા બાલમરણો અનાદિકાલથી જીવે અનેક જન્મમાં કર્યાં છે અને કરશે. આવાં મરણોએ સંસાર વધાર્યો છે. એણે આત્માની ઉર્ધ્વગામિતા અટકાવી પરલોકને બગાડ્યા છે. અને પરિણામે કમનસીબ આત્મા બહુધા દુર્ગતિઓ અને તેના દુઃખોમાં સબડતો રહ્યો છે.

## પંડિતમરણ કે ઉત્સવમરણ કોને કહેવાય?

પંડિતમરણમાં ઉપરોક્ત પરિસ્થિતિથી પ્રતિપક્ષીય સ્થિતિ વર્તતી હોય છે એટલે કે કોઈ પુણ્યવાન આત્મા જેનું પંડિતમરણ થવાનું હોય ત્યારે તેની વિચારધારા આ પ્રમાણે ચાલતી હોય છે–

'એ પોતાના ચિત્તમાં એવું વિચારી રહ્યો હોય છે કે–આ સંસાર અસાર છે, ધર્મ એ જ સાર છે. એમ સમજીને એની ઉપાસનામાં મનને પરોવે છે. પછી પોતાની જીંદગીમાં હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, સ્ત્રીસંગ, પરિગ્રહ–ધનધાન્યાદિ વગેરે અઢાર પાપસ્થાનકો અંગે જે કંઈ પાપ-દોષો સેવ્યાં હોય તેને યાદ કરી પશ્ચાતાપ કરે છે. ક્ષમાપના કરે છે. રખે! ફરી એ પાપ ન થાય! તેની જાગૃતિ રાખતો હોય છે. જે કાંઈ સત્‌કર્મો કર્યાં હોય તેની અનુમોદના અને અસત્‌કર્મોની ગર્હા–નિંદા કરતો હોય છે. ચોરાશી લાખ જીવાયોનિગત અનંતા જીવો પ્રત્યે, તેમજ પોતાના પરિવાર-કુટુંબ કે અન્ય સંબંધીઓ જોડે, જાણે-અજાણે થઈ ગએલા વેર-વિરોધની, તેમજ માનસિક, વાચિક કે કાયિક અપરાધોની ક્ષમા માગતો હોય છે.

વળી તે આત્મા મારૂં કોઈ નથી, હું કોઈનો નથી, દુન્વયી સગાઈઓ બધી સ્વાર્થની છે, જીવ એકલો જ આવે છે, અને એકલો જ જાય છે. તારૂં જે છે, જે તારાથી કદિ કોઈ ભવે પણ છુટું પડવાનું નથી, તે તો તારી પાસે જ છે. અને તે છે–સમ્યગ્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ આત્મિક ગુણો. માટે તું એવી આરાધના કર, એમ પોતાના મનને પ્રેરણા આપતો હોય છે.

---

કરી મોક્ષે જવાનો હોય, ત્યારે એ જન્મમાં મૃત્યુ થયા પછી આત્મા સીધો મોક્ષે જશે. એટલે ફરી એને જન્મ લેવાનો ન રહ્યો. જન્મ નથી એટલે સંસાર નથી, સંસાર નથી, એટલે દુઃખ, શોક, સંતાપો નથી. માટે અનંત જ્ઞાનીઓ કહે છે કે–ખરી રીતે તમો જન્મ લેવાથી ડરો, જેથી જીવનસુધારણા ચાલુ રહેશે અને કોઈ જન્મ અન્તિમ જન્મ તરીકે આવી જશે અને સકલ દુઃખ–કર્મનો અંત આવશે, માટે મૃત્યુથી નહીં વાસ્તવિક રીતે જન્મથી ડરતાં શીખો.

જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ અને વીર્ય જે પ્રત્યેક આત્માઓએ અવશ્ય આચરવા યોગ્ય આચારો છે. એ આચારોનું પાલન પોતાનાથી જો ન થઈ શક્યું હોય તો, એ આચારો પ્રત્યે કે એના પાલકો પ્રત્યે જાણે-અજાણે જે કંઈ વિરાધના, આરાધનામાં દોષોનું સેવન થયું હોય, તેનું 'મિચ્છામિ દુક્કડં' (માફી) દેતો હોય છે. પોતાના ઘર, કુટુંબ-કબીલો, દોલત વૈભવ ઉપરથી પોતાની મોહ-માયા-મમતાને ઉઠાવી લે છે. કારણ કે એ સમજે છે કે, એ બધું દુર્ગતિની ઊંડી ગર્તામાં ધકેલનાર છે. માત્ર ધર્મ ઉપરનો રાગ એજ સદ્ગતિ આપીને આત્માને ઊંચે લઈ જનાર છે, એમ સમજીને ધર્મને તાણાવાણાની જેમ મન જોડે વણી નાંખતો હોય છે.

હવે ઉપરોક્ત ભાવનાને તો તે બરાબર ભાવતો હોય, પણ કદાચ શરીરમાં ભયંકર ત્રાસ, વેદના, પીડા વર્તતી હોય છતાંય એના સદ્વિચાર કે સદ્વર્તનનો ધ્રુવ કાંટો આત્મલક્ષી દિશા જ બતાવતો હોય છે. એના દર્દમાં પણ તે એવું વિચારે કે, આ દર્દો મારા આત્માના નથી પણ શરીરના છે. શરીર અને હું બંને જુદા છીએ. દેહ સાથે મને લાગે વળગે જ શું? એનું કામ જયારે એ કરે, અને એનો પોતાનો ધર્મ પોતે બજાવે, તો પછી મારૂં કામ મારે કેમ ન કરવું? મારો આત્માનો ધર્મ મારે શા માટે ન બજાવવો? આવું વિચારે, અને સાથે સાથે પોતાના મન–આત્માને સ્વસ્થ રાખી આરાધનભાવમાં કે સ્વભાવદશાના શુદ્ધપર્યાયમાં ટકી રહે. પવિત્ર વિચારો રાખે, અને ધર્મધ્યાનમાં તન્મય બની રહે. ચારે શરણાંને સ્મર્યા કરે. નવકારમંત્રનું રટણ કરતો રહે.'

આવા શુભ વિચારો-અધ્યવસાયો અને આચારો સદ્ગતિપ્રાયોગ્ય પ્રવર્તમાન હોવાથી ચોક્કસ સમજવું કે તેની ગતિ શુભ જ થશે. આવા જ મરણને શાસ્ત્રકારોએ પંડિતમરણ કે ઉત્સવમરણ કહ્યું છે.

## જીંદગીની સફળતાનું પ્રમાણપત્ર

આવું મરણ સદ્ભાગ્યે જેને સાંપડી જાય તેનું મરણ મંગલરૂપ બની જાય. અને મરણ મંગલરૂપ બન્યું એટલે જાણવું કે ધન્ય જીવન જીવી ગયો! જેનો છેવટનો સરવાળો સારો, જેનો છેડો સારો, તેનું બધું જ સારૂં, એટલે એક ચિંતક આત્માએ માનવ જીવનની સફલતા શાથી સમજાય? તેનો ચૂકાદો આપતાં સાફ સાફ જણાવ્યું છે કે–

**मरणं मंगलं यत्र, सफलं तत्र जीवनम्।**

જેનું મૃત્યુ મંગળરૂપ બની ગયું તો સમજજો કે એની જીવનયાત્રા સફલતાને વરી ચૂકી. જીવન કૃતકૃત્ય બની ગયું, એવા આત્માઓનાં મરણો શોક માટે તો હોય જ નહીં. બલ્કે मृत्युरपि महोत्सवायते ના કથનાનુસાર સદાય માટે શોક રૂપ લેખાતું એવું મૃત્યુ પણ મહોત્સવરૂપ બની જાય છે. અને એથી જ એવા મહર્ષિઓ કે સાધુ–સન્તોના નિર્જીવ દેહને ભવ્ય પાલખીમાં બેસાડી, તેની વાજતે ગાજતે ધામધૂમથી સ્મશાનયાત્રા કાઢે છે. હજારોનો ખર્ચ કરી તે ક્રિયાઓ ઉજવીને એમના ઉત્તમજીવન કે નિર્મળગુણોનું બહુમાન કરે છે. જનતામાં મૃત્યુ પણ મહોત્સવરૂપ બને છે, તે વાતને આવી પ્રથા સાબિતી આપે છે.

(૨) 'જેવી મતિ તેવી ગતિ'ની વાત અહીં પૂરી થતાં, તે સાથે બન્ને નિયમોની વિચારણા પૂરી થાય છે.

મોક્ષના અનન્ય સાધનરૂપ ગણાતા સમાધિમરણ, પંડિતમરણ કે ભાવસમાધિમરણ જીવને પ્રાપ્ત થાય એ માટે જીવન અલિપ્તપણે, ત્યાગ વૈરાગ્યમય, પાપ અને વિકારો રહિત, મોહ–મમતા રહિત કેવી રીતે જીવવું જોઈએ? એ અંગે આત્મા તથા મનને વારંવાર વિચારવા કે વાગોળવા જેવી કેટલીક સાત્ત્વિક તાત્ત્વિક વિચારણા–ભાવના અહીં અપાય છે.

## દેહ અને આત્મા વચ્ચેનું ભેદજ્ઞાન કરો.

અનાદિકાળથી વળગેલો, અને મોક્ષે ન પહોંચાય ત્યાં સુધી રહેવાવાળો દેહાધ્યાસનો જે દૃઢ સંસ્કાર, તે છેવટે જીવને મુંઝવે છે. કારણ કે સ્ત્રી, પુત્ર, કુટુંબ-પરિવાર, ધન, દોલત, બાગ, બગીચા એ બધું તો આત્માથી પર છે. દૂરની બાબત છે. પણ દેહ-શરીર એ તો આત્મા સાથે નૈકટ્ય જ નહિ, પરંતુ આત્મપ્રદેશો જોડે ઓતપ્રોત થઈને રહેલું છે એટલે શરીરના કારણે મુંઝવણ થાય ત્યારે વિવેકદૃષ્ટિ કેળવવી જોઈએ. એટલે કે-શરીર અને આત્મા, ઉપરથી તો એક દેખાતા હોવા છતાં તત્ત્વતઃ ભિન્ન છે, પણ એક નથી આવું ભેદજ્ઞાન આરાધક બનવા માંગતી વ્યક્તિએ પોતાના હૈયામાં સચોટ રીતે નોંધવું જોઈએ, અથવા અંકિત કરી લેવું જોઈએ.

## આત્માના ગુણધર્મોની વિચારણા

ત્યારપછી, આત્મા અને દેહ બન્નેના ગુણધર્મો કેવી રીતે જુદા છે? તેની વિચારણા કરે. આ અંગે અગાઉ કંઈક કહ્યું. તે ઉપરાંત આત્મા અંગે વિચારતાં વિચારે કે-આત્મા એ ચૈતન્યરૂપ છે. એને વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, નથી. વળી તે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્રના ગુણોથી અવિરતપણે અખંડ વ્યાપ્ત છે. એના નથી જન્મ હોતાં કે નથી હોતાં મરણ. એ અવિનાશી છે. અજર છે. અમર છે. એનો કદિ નાશ નથી. એ હાનિ–વૃદ્ધિના ધર્મથી રહિત છે, વળી અનાદિકાળથી છે અને અનન્તકાળ સુધી રહેવાવાળો છે. આ પ્રમાણે આત્મા વિચારે!

## દેહના ગુણધર્મોની વિચારણા

ત્યારબાદ આત્મા મન દ્વારા દેહના ધર્મોને વિચારે--એટલે કે દેહ-શરીર એ પુદ્‌ગલ છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ લક્ષણોથી યુક્ત છે. જડ રૂપે છે. જ્ઞાનાદિ ગુણોથી સર્વથા રહિત છે. એનાં જન્મ-મરણ છે. વિનાશી છે. જરા અને મરણ અવસ્થાવાળું છે. એની પ્રવાહની દૃષ્ટિએ અનાદિ છે, પણ વ્યક્તિ દૃષ્ટિએ આદિ છે. સંકોચ-વિકોચ, હાનિ-વૃદ્ધિના સ્વભાવવાળું છે, અને એનો સદાય માટે અન્ત પણ આવે તેવું વિનશ્વર છે.

## ભૌતિક પદાર્થોની પરકીયતા

આમ બન્નેય પદાર્થોનું જ્ઞાન યથાર્થ કરી લીધા પછી આ વિશ્વમાં આત્માથી પર ભિન્ન-

અલગ જેટલા જેટલા પદાર્થો છે તે બધાય ભૌતિક અને પારકા છે, પોતાના નથી, એ શ્રદ્ધા પાકી થઈ જવી જોઈએ.

## ભૌતિક સંબંધોએ શી દશા કરી?

પછી એ પદાર્થોએ અવર નવર આ ભવચક્રમાં અનન્તશઃ મેળવ્યા પછી મેળવીને ભોગવ્યા છે અને ભોગવીને ઇચ્છાએ કે લાચારીએ છોડ્યા પણ છે. એ બધાય પદાર્થો અનિત્ય છે, અશાશ્વત છે, ક્ષણે ક્ષણે પરાવર્તનશીલ છે. ક્ષણિક છે. હાથતાલી આપવાવાળા છે, એમ છતાં દેહ અને દેહથી પર વર્તતા સ્ત્રી, પુત્ર, ધન, વૈભવ, કુટુંબ, બાગ, બગીચા, બંગલા આદિ તમામ પદાર્થો ઉપરની તારી મોહ–મમતા, તથા એના સંયોગ વિયોગથી ઉત્પન્ન થતી રુચિ–અરુચિ કે રાગ-દ્વેષની પરિણતિઓનાં કારણે કર્મબંધનો થયાં છે, આના કારણે જ જીવને સુખ–દુઃખનો ભોક્તા બનવું પડ્યું છે. અને એ માટે એને અનેક જન્મોની મહેમાનગીરી ચાખવી પડી છે. આ ખ્યાલ બરાબર આવી જવો જોઈએ.

## આત્મા અને શરીર અંગે ભાવવાની ભાવના

ઉપરની બાબતો હૈયામાં બરાબર જડબેસલાક થઈ જાય તો પછી આત્મામાં અસમાધિ કદિ ઉત્પન્ન નહીં થાય. પછી તો આત્મા વિચારશે કે–આત્મા અને શરીર એક નથી. હું જુદો છું, શરીર જુદું છે. આત્મા ચૈતન્ય છે, શરીર ચર્મ છે, એથી તે લોહી માંસ અને હાડકાંનો કોથળો છે. દેહ અને આત્માને લાગેવળગે શું? હું એનો નથી, એ મારો નથી, મારૂં જે છે તે બધું જ મારી પાસે છે. આવી પરિસ્થિતિમાં મારે શરીરના મોહના કારણે કે આ ભૌતિક પદાર્થોના સંયોગ–વિયોગાદિને કારણે મુંઝાવાની જગ્યા જ ક્યાં રહે છે? મારે માટે તો આપ સ્વભાવમેં સદા મગનમેં રહેના'ની અધ્યાત્મોક્તિને માન આપી મૃત્યુને ભેટવું એ જ શ્રેયસ્કર છે.

## સમાધિમરણ માટે શું કરવું જોઈએ

આવી વિવિધ ભાવનાઓને ભાવતો, જગતના સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવના રાખી, ખમતખામણાં કરતો, વેર-વિરોધને તજતો, જીવો પ્રત્યે કરૂણા વરસાવતો, સુકૃતની અનુમોદના અને દુષ્કૃતોની ગર્હા કરતો, અન્તરાત્મદશાને અનુભવતો, આ જીવાત્મા અન્તર્મુખ બની જાય છે. અને નવકારમંત્ર કે અરિહંતના ધ્યાનમાં જોડાઈ જાય છે. અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ આ ચારેયને શરણે પહોંચી જાય છે.

આવા અનુકૂળ વિચારો, ભાવનાઓ કે અધ્યવસાયો સ્વભાવમાં, કે સમભાવમાં સ્થિર રાખશે, અને અન્તે એ જ બધી બાબતોનો સરવાળો શુભ ભાવો પેદા કરાવી સમાધિમરણને ભેટાડશે.

માત્ર સમાધિમરણને ઉદ્દેશીને શરૂ થયેલું વિવેચન અહીં પૂર્ણ થાય છે.

## પ્રસ્તુત પુસ્તક અંગે—

પ્રસ્તુત પુસ્તકનું સંપાદન ધર્મશ્રદ્ધાળુ સુશ્રાવક જ્ઞાનસાહિત્યપ્રેમી શ્રી ભાઈચંદભાઈએ કર્યું છે. છેલ્લાં કેટલાંક વરસોથી તેઓ જુદા જુદા ઉપયોગી પુસ્તકોનું સંપાદન અને પ્રકાશન કરી રહ્યા છે. જૈફ ઉંમરે પણ તેમણે જ્ઞાનોપાસનાનું કાર્ય જારી રાખ્યું છે, એ એક આનંદનો વિષય છે. અને આ માટે સ્વાભાવિક રીતે જ તેમને ધન્યવાદ આપવાનું મન થઈ જાય છે. તેઓ આવી સત્પ્રવૃત્તિ વિકસાવતા રહે એ જ શુભેચ્છા!

આ ગ્રન્થમાં શું શું આપવામાં આવ્યું છે તે તો સંપાદકીય નિવેદનથી જાણી શકાશે. એ અંગે કશી નોંધ લેતો નથી.

## એક અગત્યનો ખુલાસો—

અહીંયા એક અગત્યનો ખુલાસો કરવો જરૂરી છે કે ખાસ કરીને ગુજરાતીઓમાં વરસો જૂની એવી માન્યતા જોરદાર રીતે ઘર કરી બેઠી છે, તે એ કે–પુણ્યપ્રકાશનું સ્તવન મરણ વખતે જ સંભળાવાય. એ પહેલાં સારાં હોય ત્યારે ન તો ભણાય કે ન તો સંભળાવાય, અને આ માન્યતા સમાજમાં એવી જોરદાર અને જડબેસલાક જામી ગઈ છે કે–જો કોઈને કોઈ ખબર કરે કે ફલાણા માંદા માણસને 'પુન્ય પ્રકાશ'નું સ્તવન સંભળાવે છે, એટલે સાંભળનારાઓ એમ ચોક્કસ માને કે, હવે સાંભળનારની અન્તિમ ઘડીઓ ગણાઈ રહી છે. આવે વખતે ઝટપટ કુટુમ્બીઓ–સંબંધીઓને નોતરવામાં આવે છે. જેને જેને ખબર પડે તે સહુ ઘરે ભેગા થઈ જાય છે. પણ ખાસ ધ્યાનમાં રાખવું જરૂરી છે કે, અંતિમ આરાધનાઓની રચનાઓ, અન્તિમ વખતે જ સંભળાવાય કે આવા પ્રસંગે તે વંચાય, એ માન્યતા સદંતર ખોટી છે. સાચી વાત તો એ છે કે, આ આરાધના અન્તિમ વખતે તો જાણે સંભળાવવાની છે જ, પણ બીજી કોઈ પણ વખતે તે ભણી શકાય કે સાંભળી શકાય છે. એટલું જ નહિ પણ રોજેરોજ તેનું વાંચન–શ્રવણ કરી શકાય છે. શાસ્ત્ર, પરંપરા કે કોઈ જ્ઞાની તેનો નિષેધ કરતા નથી.

ખરી વાત તો એ છે કે કોઈ વખતે અન્તિમકાળમાં શુદ્ધિ હોય કે ન હોય, શુદ્ધિ હોય તો કદાચ કાનના દેવતા બધિર બની ગયા હોય તેવી વ્યક્તિઓ, કે જેને આરાધના કેમ અને કેવી રીતે થાય છે? તેનું સ્વપ્નુંય નથી, અને નથી એવી હજારો વ્યક્તિઓ છે. અને તેથી તેઓ કશું જાણતા જ હોતા નથી, તેવા લોકો આ અન્તિમ સમયે મનોમનપણે સ્વયં આરાધના, ક્ષમાપનાદિ શું કરી શકશે? એટલે ખરી વાત તો એ છે કે અન્તિમ સમયે તો શુદ્ધિ હોય, જાગૃતિ હોય તો, ભલે આરાધના જરૂર સંભળાવો. પણ એ પહેલાની નીરોગી અવસ્થા કે રોગી અવસ્થામાં પણ આ આરાધના રોજેરોજ અથવા અવકાશે જરૂર વાંચો–સાંભળો. આ રોજેરોજ ભણી શકાય અથવા અવરનવર સ્વાધ્યાય કરી શકાય તેમ છે. અને આવી પ્રથા ચાલુ થાય તો ખોટી માન્યતા, ખોટો ભય દૂર થશે. એ કરતાંય ભૂતકાળમાં આરાધના અર્થ સાથે, ભાવથી, સમજણપૂર્વક, વાંચીને કે શ્રવણ કરીને આત્મસાત્ કરી હશે તો, અન્તિમ કાળમાં કાનની શુદ્ધિ

હશે તો ઉત્કૃષ્ટ ભાવોલ્લાસ જાગશે અથવા સ્વયં મનોમન આરાધના કરવા શક્તિમાન બનશે.

## ઉપસંહાર

અહીંયા જે કંઈ વિવેચન કર્યું, તે એટલા માટે કર્યું છે કે–માનવ આત્માઓ મૂલભૂત બાબતોને ન સમજે તો પોતાના જીવનની જાજમ જ્યારે સંકેલાઈ રહી હોય કે જીવનપદ્મ જ્યારે બીડાઈ રહ્યું હોય ત્યારે પણ, તેને 'સમાધિ' મરણ માટેનો વિચાર આવે નહીં, કદાચ વિચાર આવે પણ તેથી શો લાભ છે? તે સમજાવેલ ન હોય તો અન્તિમ આરાધના–જેને જૈન પરિભાષામાં નિજામણાં (નિર્યામણા) કહેવામાં આવે છે તે કરવાનો ભાવ જાગે નહિ અને એ જાગે નહીં એટલે આવશ્યક વીર્યોલ્લાસ જાગે નહીં, એ જાગે નહીં એટલે ચિત્તની એકાગ્રતા જામે નહીં અને નિર્મળભાવ પ્રજ્જ્વલિત બને નહીં. પરિણામ એ આવે કે આત્મા, અત્યંત દુર્લભકોટિના મહામૂલા આ માનવજન્મમાં, ભાવિ જન્મોની દીર્ઘ પરંપરા સુધારી શકવાની તમામ સાનુકૂલતાઓ હોવા છતાં, તેના બહુમૂલ્ય લાભથી તે વંચિત જ બની જાય!

'માથા કરતાં પાઘડી મોટી'ની જેમ પ્રસ્તાવના મેં, જો કે લાંબી લખી છે પણ આ લંબાણ થોડાક ભવભીરૂ અને હળુકર્મી આત્માઓને પણ જો સાચી પ્રેરણા આપનારૂં બનશે તો આ નાનકડો પ્રયત્ન સાર્થક બની રહેશે. અન્તમાં જૈન સિદ્ધાંતની મર્યાદા વિરુદ્ધ લખાઈ ગયું હોય તો 'મિચ્છામિ દુક્કડં' યાચું છું.

૬૧, રીજ રોડ વાલકેશ્વર
મુંબઈ–૬
સં. ૨૦૨૪

*લિ.*
*પૂ. આ. વિજયધર્મસૂરીશ્વર શિષ્ય*
*મુનિ યશોવિજય*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ઉવસગ્ગહરં સ્તોત્ર યાને જૈન મંત્રવાદની જયગાથાની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૫ ઇ.સન્ ૧૯૬૯

૨૨

## પ્રસ્તાવના

સ્તોત્ર-મંત્ર-યન્ત્રની ઉપાસના આ કાળમાં પણ પોતાના પ્રગટ પ્રભાવને બતાવનારી છે, એ અનુભવસિદ્ધ નિર્વિવાદ બાબત છે. છતાંય જે ઉપાસકોને આરાધના ફલવતી નથી દેખાતી, તેનાં કારણો શું છે? તે અંગે મારી દૃષ્ટિએ થોડુંક લખવા ઇચ્છા હતી. વળી સમ્યગ્દૃષ્ટિ શાસનદેવ–દેવીઓ અને મન્ત્રોનું શું સ્થાન છે તથા તેનો પ્રભાવ શું છે? તે અને સાધકો અને ઉપાસકોના તેમજ મારા પોતાના અનુભવો અંગે પણ લખવાની ઇચ્છા હતી, પણ તે તો સ્વતંત્ર પુસ્તક દ્વારા જ શક્ય બને. એમ છતાં શતાવધાનીજીએ એમના મંત્રગ્રન્થોની શ્રેણિમાં આ અંગે ઘણું લખ્યું છે, વાચકો તેથી જરૂર સંતોષ મેળવી શકે તેમ છે, એટલે હું તો ભગવાન શ્રીપાર્શ્વનાથ સાથે સંબંધ ધરાવતી જાણવા જોગ કેટલીક હકીકતો, સ્તોત્રાદિક અંગેની મહત્ત્વની બાબત વગેરે જણાવીને મારી પ્રસ્તાવના સમાપ્ત કરીશ.

જે સ્તોત્ર ઉપર આ ગ્રન્થ તૈયાર થયો છે, એ સ્તોત્ર પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનનું છે. પ્રસ્તુત તીર્થંકર બાલ્યકાળથી મારા ઉપાસ્ય છે, આરાધ્ય છે. માત્ર આરાધ્ય જ નહિ, પરમારાધ્ય છે. એમનાં નામસ્મરણ, ધ્યાન તથા ઉપાસનાએ મારા

જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે; એટલે પ્રારંભમાં ત્રિકરણયોગે વિધવિધ નામે ઓળખાતા જૈન સંઘના લોકપ્રિય તીર્થંકરને ભાવપૂર્વક વંદન–નમસ્કાર કરું છું. સાથે સાથે ભગવતી આરાધ્યદેવી શ્રી પદ્માવતી માતાજીને પણ નમસ્કાર કરૂં છું.

## ભગવાન 'પાર્શ્વ'નો જન્મકાળ :

જૈન ધર્મમાં કાલને એક સ્વતંત્ર દ્રવ્ય–પદાર્થ તરીકે ગણેલ છે, અને માનવજાતને સમજવા માટે સમય કે કાળની એક સ્વતંત્ર પરિભાષા નિર્માણ થઈ છે. એ પરિભાષામાં કાળના અવિચ્છિન્ન–અવિભાજ્ય પ્રમાણને સમય એવા સ્વતંત્ર શબ્દથી ઓળખાવ્યો છે. અહીંયા 'સમય' શબ્દથી પ્રચલિત 'વખત' એવો અર્થ લેવાનો નથી.

આ સમયના પરિમાણને સમજવું શી રીતે? આ વિષયથી અજ્ઞ એવા હરકોઈ વાચકોને આ પ્રશ્ન ઉઠે. એના માટે શાસ્ત્રમાં અનેક દૃષ્ટાંતો–દાખલાઓ આપ્યા છે. એ પૈકી એક દાખલો જોઈએ.

આપણે આંખને મીંચીને તરત ખોલી નાંખીએ, તેને 'પલકારો' કહીએ છીએ. એમાં જેટલો કાળ પસાર થયો, તેમાં અસંખ્ય **समयो** વીતી ગયા. જરા કલ્પના તો કરો! તમારી કલ્પના થીજી જાય એવી આ બાબત છે. એમાં હજારો, લાખો, કરોડો, અબજો નહિ પણ અસંખ્ય સમયો એટલે કે જેની ગણત્રી કરવી જ મુશ્કેલ, એટલા સમાયા છે. અત્યારે સ્થૂલ ગણિતમાં 'વિપલ' સુધીનું માપ છે. અંગ્રેજીમાં ચાલુ વહેવારમાં 'સેકન્ડ'નું (એક મીનીટના ૬૦મા ભાગનું) માપ છે. આ વિપલ કે સેકન્ડમાં લાખો કરોડો સમયનો સરવાળો રહેલો છે. આથી એક સમય કેટલો સૂક્ષ્મ વિભાગ છે, તેની કલ્પના આવી શકશે. જૈનધર્મનું આ આત્યન્તિક કોટિનું સૂક્ષ્મમાન છે. આ કાલગણિત તમને અન્યત્ર ક્યાંય નહિ મળે. કાળનું આદિમાન જેમ **समय** છે, તેમ તેનું અન્તિમમાન **अनंत** છે.

સમયથી શરૂ થતું આ માપ ગણત્રીની મર્યાદા છોડીને આગળ વધે છે, ત્યારે તેને માટે **असंख्य** શબ્દનો પ્રયોગ થાય છે. આવા અસંખ્ય વરસોના કાળને એક **पल्योपम** કહે છે. આવા અસંખ્યાતા પલ્યોપમના કાળને એક સાગરોપમનો કાળ કહેવાય છે. આવા દશ કોડાકોડી સાગરોપમ જેટલા કાળને એક **उत्सर्पिणी** અને એટલા જ માનવાળા કાળને **अवसर्पिणी** એવું રૂઢ નામ આપ્યું છે. ઉત્સર્પિણી અને અવસર્પિણી બંનેના સમુદિત–ભેગા કાળને માટે એક **कालचक्र** આવું નામકરણ કરવામાં આવ્યું છે. આવા અનંતા કાળચક્રો વીતી ગયાં છે અને વીતશે.

અહીં ઉત્સર્પિણી અને અવસર્પિણી બંને કાલને છ છ ભાગે વહેંચી નાંખવામાં આવ્યો છે. શાસ્ત્રોક્ત શબ્દોમાં આ ભાગને **आरा** શબ્દથી ઓળખાવાય છે. તેના પર્યાય તરીકે પ્રચલિત ભાષામાં 'યુગ' શબ્દ યોજી શકાય. ઉત્સર્પિણી એટલે બધી રીતે ઉત્તરોત્તર ઉન્નતિ દર્શાવતો કાળ અને અવસર્પિણી એટલે ઉત્તરોત્તર અવનતિ દર્શાવતો કાળ.

આરોહ જેવા ઉત્સર્પિણી અને અવરોહ જેવા અવસર્પિણી કાળમાં, યથાયોગ્ય કાળે વિવિધ

તીર્થંકરો–પરમાત્માઓ જન્મે છે. તેમની સંખ્યા પ્રત્યેક ઉત્સર્પિણીમાં ૨૪ અને પ્રત્યેક અવસર્પિણીમાં પણ ૨૪ જ હોય છે. ન્યૂનાધિક સંખ્યા હોતી જ નથી. એ ચોવીશે વ્યક્તિઓ એક જ વ્યક્તિના જન્માન્તર કે અવતારરૂપે હોતી નથી. પ્રત્યેક આત્મા અલગ અલગ હોય છે. જૈનધર્મમાં ઈશ્વરપદ એક જ વ્યક્તિ માટે રજીસ્ટર્ડ નથી. ઈશ્વર થવાનો હક્ક બીજાઓને પણ આપવામાં આવ્યો છે. આ ધર્મની આ તર્કબદ્ધ ઉદાત્ત અને ઉદાર માન્યતા છે.

અત્યારે જે અવસર્પિણી કાળ ચાલી રહ્યો છે, એનો પ્રારંભ અબજો વરસ ઉપર થયો હતો. આ કાળના છ આરા–યુગ પૈકી સાત કોડાકોડી સાગરોપમના બે આરા પસાર થયા, પછી પાછા બે કોડાકોડી સાગરોપમ કાળ પ્રમાણનો ત્રીજો યુગ ઘણો ખરો પસાર થયો, ત્યારે આ યુગના પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવ (આદીશ્વર) જન્મ્યા. ત્યારપછીના ચોથા આરાના અબજો વરસના કાળમાં બાવીશ તીર્થંકરો થયા અને ચોથો આરો ૩૫૩ વરસ અને સાડા આઠ મહિના જેટલો બાકી રહ્યો, ત્યારે ભગવાન શ્રી પાર્શ્વનો આત્મા દેવલોકમાંથી મૃત્યુ પામીને કાશી નગરીમાં અશ્વસેન રાજાની રાણી શ્રી વામાદેવીની રત્નકુક્ષિમાં ગર્ભપણે અવતર્યો. નવ મહિના અને છ દિવસનો ગર્ભાવધિ પૂર્ણ થતાં શાસ્ત્રીય રીતના મહિના મુજબ પોષ[1] વદિ દશમે, અને ગુજરાતી મહિના મુજબ માગસર વદિ દસમે વિશાખા નક્ષત્રમાં ચન્દ્રમાનો યોગ થયો ત્યારે મધ્ય[2] રાત્રિને વિષે જન્મ લીધો. યોગ્ય વયે પ્રભાવતી નામની રાજકન્યા સાથે પાણિગ્રહણ કર્યું; પૂરો ત્રીશ વર્ષ સંસારમાં રહી બીજા જ દિવસે એટલે પોષ વદિ ૧૧ (માગસર વદિ ૧૧) ના રોજ ત્રીસ વરસની ઉંમરે ચારિત્ર લીધું. ચારિત્ર લીધા બાદ અતિ ઉત્તમ ચારિત્ર પાળતાં ૮૩ દિવસ પસાર થયા, ત્યાં તો કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, (ઇ. પૂ. ૮૦૭માં) અને ત્યાર પછી ૬૯ વરસ, ૨૭૭ દિવસ પૂરા થયા, ત્યારે તેઓ પૃથ્વી પર વિચરીને લાખો જીવોને સન્માર્ગે ચઢાવીને બિહારમાં સમ્મેતશિખર પર્વત ઉપર એક મહિનાના અન્ન–જલ વિનાના ઉપવાસ કરી, સકલ કર્મનો ક્ષય કરી, પૂરા ૧૦૦ વરસની વયે, પરિનિર્વાણ પામ્યા, એટલે કે જન્મ–જરા–મરણનાં બંધનોથી સદાયને માટે મુક્ત બન્યા, અર્થાત્ એમના સંસારનો અન્ત થયો. આ થઈ ટૂંકી તવારીખ.

અહીં આપણને આ ભગવાન આપણાથી કેટલા વરસ ઉપર થયા હતા? એ જાણવામાં વધુ રસ હોય, તો જણાવવાનું કે પશ્ચાનુપૂર્વીથી ગણીએ તો આજની ૨૦૨૫ની સાલના હિસાબે ૨૮૪૫[3] વર્ષ ઉપર પાર્શ્વનાથ પ્રભુનો જન્મ થયો હતો.

## પાર્શ્વનાથ અને મહાવીર વચ્ચેની સમયગણના :

ભગવાન પાર્શ્વનાથના નિર્વાણ પછી, ૧૭૮ વરસે શ્રીવર્ધમાનસ્વામી (મહાવીર દેવ)નો જન્મ

---

૧. પ્રાચીન કાળમાં મહિના પૂનમીયા ગણાતા હતા, એટલે મહિનો પૂનમે પૂરો થાય અને બીજા દિવસથી આગળનો મહિનો શરૂ થાય. અને નવા મહિનાનો પહેલો પક્ષ વદિનો હોય ને બીજો સુદિનો હોય. એટલે માગસર સુદિ પૂનમે શાસ્ત્રીય મર્યાદાનુસાર માગસર પૂરો થયો, અને પડવાથી પોષ શરૂ થયો. અને વદિથી શરૂ થાય એટલે પોષવદિ દશમે જન્મતિથિ આવે. અત્યારના હિસાબે માગસર વદિ લેવાય. મારવાડમાં હજુ પૂનમીયા મહિના ચાલે છે.

૨. તીર્થંકરોનો જન્મ મધ્યરાત્રિએ જ થાય છે.

૩. વિક્રમ સંવત્ પૂર્વે ૮૨૦ વર્ષે.

થયો અને તેઓશ્રી ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મુક્તિપદને વર્યા. એટલે બંનેના નિર્વાણ વચ્ચેનું અંતર ૨૫૦[1] વરસનું છે. જ્યારે બંનેના જન્મ વચ્ચેનું અંતર ૧૭૮ વરસનું છે.

## પાર્શ્વનાથજીનું શાસન ક્યાં સુધી ચાલ્યું? તે અંગે ઐતિહાસિક વિચારણા

શ્રી પાર્શ્વનાથજીના નિર્વાણ પછી, ૨૨૦ વર્ષ પૂરાં થતાં શ્રમણ ભગવાન મહાવીરનું શાસનપ્રવર્ત્તન શરૂ થયું. અને એમનું શાસન તો ૨૧ હજાર વર્ષ સુધી એટલે છઠ્ઠા આરા–યુગના અન્ત સુધી ચાલશે. ત્યારે આપણને એ જિજ્ઞાસા સ્વાભાવિક રીતે થાય કે પાર્શ્વનાથ ભગવાનનું શાસનપ્રવર્ત્તન ક્યાં સુધી ચાલ્યું કે ચાલશે?

ભગવાન મહાવીરે પોતાનું શાસન સ્વયં લગભગ ૩૦ વર્ષ ચલાવ્યું. જ્યારે ભગવાન પાર્શ્વનાથે પોતાનું શાસન સ્વયં લગભગ ૭૦ વરસ ચલાવ્યું. પાર્શ્વનાથજીના નિર્વાણ પછી ભગવાન મહાવીરની હયાતિ સુધી તો પાર્શ્વનાથજીનું શાસન પ્રવર્તતું હતું, એમ જૈનાગમોમાં મળતા અનેક ઉલ્લેખોથી નિર્વિવાદ પૂરવાર થાય છે. ખુદ મહાવીરના જ માતા–પિતા પાર્શ્વનાથ ભગવાનના સંતાનીય હતા, એમ [2]આચારાંગ નામના જૈન આગમમાં સ્પષ્ટ જણાવ્યું છે. [3]સૂત્રકૃતાંગ આગમના નાલંદીયા અધ્યયનમાં ઉદકપેઢાલની ગૌતમસ્વામીજી જોડે જે પ્રશ્નોત્તરી થઈ, તેમાં પ્રશ્નકાર શ્રાવક ઉદકને શ્રી પાર્શ્વનાથના સંઘના શ્રાવક તરીકે સૂત્રકારે ઓળખાવ્યા છે.

ભગવતીજીમાં અનેક સ્થળોએ વિવિધ હકીકતો–ચર્ચાઓના પ્રસંગો સંઘરાયા છે. ત્યાં વ્યક્તિઓનો પરિચય આપતા [4]**पासावच्चिज्जे पासावच्चिज्जा** વગેરે વિશેષણો દ્વારા પ્રસ્તુત વ્યક્તિઓ શ્રી પાર્શ્વનાથ સંઘની છે, એમ સૂચિત કર્યું છે.

ભગવતીજીમાં '[5]કાલાસવેસી' નામના અણગાર અને અન્ય [6]સ્થવિરોની પ્રશ્નોતરી આવે છે. ત્યાં [7]ગાંગેયનો તથા [8]તુંગિયા નગરીના ૫૦૦ શ્રાવકોનો અધિકાર આવે છે. તેમને પાર્શ્વાપત્યકો તરીકે જ ઓળખાવ્યા છે. ઉત્તરાધ્યયનમાં [9]કેશી ગણધર અને ઇન્દ્રભૂતિનો મનોહર સંવાદ આપ્યો છે, એમાં કેશીને શ્રી પાર્શ્વનાથની પરંપરાના અણગાર તરીકે ઓળખાવ્યા છે.

---

૧. गते श्रीपार्श्वनिर्वाणात्, सार्द्धवर्षशते द्वये। –આ કથનથી અહિંઆ જરા વિચારવા જેવી બાબત એ છે કે આપણા સમીપવર્તી પાર્શ્વનાથ અને મહાવીર વચ્ચે, નેમિનાથ અને પાર્શ્વનાથ વચ્ચેનું અંતરકાલમાન ક્રમશઃ ૨૫૦, અને પછી લગભગ ૮૪ હજાર વર્ષનું શાસ્ત્રમાં લખ્યું છે, એટલે સેંકડોમાં અને હજારોમાં નોંધ્યું છે. જ્યારે નેમિનાથથી આગળ જોઈએ તો અંતરની સંખ્યા સીધી છ લાખ, ને પછી ઉત્તરોત્તર ભારે ઝડપે વધતી જાય છે, એ સમજવા જેવી બાબત છે.

૨. જુઓ–આચારાંગ–૨, ભાવચૂલિકા ૩, સૂત્ર ૪૦૧.

૩. જુઓ–સૂત્રકૃતાંગ–૨, શ્રુત, નાલંદીયા અધ્યયન.

૪. ભગવતી શતક ૧, ૫, ૯ વગેરે. સંસ્કૃતમાં 'પાર્શ્વાપત્યીય' કહેવાય.

૫. ભગવતી શતક ૧, ઉ. ૯, સૂત્ર ૭૬.

૬. ભગવતી શતક ૫, ઉ. ૯, સૂત્ર ૨૨૬

૭. ભગવતી શતક ૯, ઉ. ૩૨, સૂત્ર ૩૭૧

૮. ભગવતી શતક ૨, ઉ. ૫, સૂત્ર ૧૧૧

૯. કેશી ગૌતમીયા અધ્યયન ૨૩ મું; ગાથા ૨૩ થી ૩૨

આ બધા ઉલ્લેખોથી એમ સમજાય છે કે ભગવાન મહાવીરની હયાતિમાં પાર્શ્વનાથનો સંઘ વિદ્યમાન હતો અને આ સંઘની પરંપરા તો મહાવીરના નિર્વાણ પછી ઘણા લાંબા સમય સુધી રહી હતી અને એ પરંપરામાં મહાન આચાર્યો થયા હતા. ખુદ મહાત્મા 'બુદ્ધ' પાર્શ્વનાથની જ નિર્ગ્રંથ પરંપરામાં અમુક સમય સુધી જૈન સાધુ તરીકે હતા. પાર્શ્વનાથ-સંતાનીય કેશી શ્રમણના આજ્ઞાવર્તી [1]પેહિત નામના જૈન સાધુથી પ્રતિબુદ્ધ બની તેમની જ પાસે એમણે જૈન દીક્ષા લીધી હતી. બુદ્ધ રાજપુત્ર હતા.

જૈન નિર્ગ્રંથ-પ્રવચન (શાસન)માં [2]પ્રાર્થના, તત્ત્વજ્ઞાન, આચાર, ઉપદેશ, અનુષ્ઠાન વગેરે માટે જે જે [3]શબ્દો યોજાયા છે, એ જ શબ્દો બૌદ્ધ પિટકો અને અન્ય ગ્રંથોમાં સર્વથા સામ્ય ક્યાંથી ધરાવે? જૈનાગમો સિવાય બીજા કોઈ ધર્મપંથમાં આ શબ્દો છે પણ નહિ. વળી બુદ્ધે કરેલું તપ, સાધના અને દિનચર્યાની વાતો બૌદ્ધ ગ્રંથોમાં વર્ણવી છે, તે જૈન પરંપરા અને માન્યતાને અનુસરનારી ક્યાંથી હોય? સ્તૂપો, [4]ચિત્રપટો, બુદ્ધના વિવિધ શિલ્પો, એમની પ્રવચનમુદ્રાઓ, અનુષ્ઠાન-યંત્રાદિકમાં સારા પ્રમાણમાં જૈની છાયા અને જૈન અનુકરણો જે જોવાં મળે છે, તે ક્યાંથી મળે? [5]બૌદ્ધ સાધુઓ અને જૈન સાધુઓનો પહેરવેશ, ભિક્ષાપાત્રો, [6]ભિક્ષાવ્યવસ્થા, [7]વંદન,-મુદ્રાદિકમાં જૈન રીતિ-રિવાજો સાથે ઠીક ઠીક રીતે જે સામ્ય દેખાય છે, તે ક્યાંથી જોવા મળે? અહીંયા કોઈને તર્ક થાય કે બુદ્ધના કુટુંબને જૈન ધર્મનો સંપર્ક થયો હોય અથવા તેના કુટુંબમાં શ્રાવક જેવો ધર્મ પળાતો હતો એવો કોઈ પુરાવો છે? જવાબ છે, હા, બૌદ્ધના [8]"અંગુત્તરનિકાય" નામના ગ્રન્થમાં એવો એક ઉલ્લેખ છે કે કપિલ વસ્તુ[9] નગરનો 'વપ્પ' નામનો એક શાક્ય નિર્ગ્રંથ શ્રાવક હતો, અને આ જ મૂલસૂત્રની એક કથામાં આ 'વપ્પ'ને ગૌતમ બુદ્ધના કાકા તરીકે સ્પષ્ટ ઓળખાવ્યો છે. બુદ્ધ પણ જાતિએ શાક્ય જ હતા. આ ઉપરથી ફલિત થાય છે કે ગૌતમ બુદ્ધના કુટુંબમાં પણ જૈન ધર્મ પાળનારા હતા અને આ ધર્મની અસરોથી પ્રભાવિત થઈ તેઓ પાર્શ્વનાથના સાધુઓના પરિચયમાં આવ્યા હોય અને પછી પ્રવ્રજ્યા લીધી હોય તો તે જરાય અસંભવિત નથી. ધર્માનંદ કૌસાંબી પણ પોતાના લખેલા **ચાતુર્યામ** પુસ્તકમાં આ વાતને ટેકો આપે છે. આ બધાં કારણોથી બુદ્ધે જૈન નિર્ગ્રન્થ[10]-

---

૧. જુઓ ગ્રન્થ-'દર્શનસાર.'

2 ણમો અરિહંતાણં, નમો સિદ્ધાણં' બૌદ્ધોની આ પ્રાર્થના જૈન પ્રાર્થના સાથે ઘણું સામ્ય ધરાવે છે.

૩. પુગ્ગલ, આસવ, સંવર, ઉવાસગ, સાવગ, અણગાર, સમ્યક્ત્વ, બોધિ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિરતિ વગેરે. જો કે કેટલાક શબ્દોનું અર્થ સાથે સામ્ય નથી. આ બધા શબ્દો દીઘનિકાય, મજ્ઝિમનિકાય, મહાવગ્ગ વગેરેમાં નોંધાયા છે.

૪-૫-૬-૭. આ વિષયોનું સામ્ય બતાવવામાં પૃષ્ઠો વધી જાય, તેથી તેની વિગતો ચર્ચતો નથી.

૮. अथ सो वप्पो सक्को निगण्ठसावगो। અંગુત્તરનિ૦ ચતુષ્કનિપાત, પાંચમો વગ્ગ.

૯. નેપાળની નજીકમાં આવેલું શહેર, જ્યાં બુદ્ધનો જન્મ થયો હતો.

૧૦. હું મારા મિત્ર પ્રોફેસરો, એમ. એ. ભણતા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને વરસોથી કહેતો રહ્યો છું કે "બૌદ્ધ

સાધુ ધર્મનું આસ્વાદન જરૂર કર્યું હતું, એમ માન્યા સિવાય ચાલે તેમ નથી. આટલો ઐતિહાસિક ઉલ્લેખ કરી આગળ વધીએ.

## ભગવાન પાર્શ્વનાથ પુરુષાદાનીય કેમ કહેવાયા?

શાસ્ત્રકારે વર્તમાનના ૨૩ તીર્થંકરો પૈકી કોઈને પણ વિશિષ્ટ વિશેષણથી સંયુક્ત ઓળખાવ્યા નથી. જ્યારે ભગવાન પાર્શ્વનાથને આદર–બહુમાનવાળા વિશેષણથી બિરદાવ્યા છે અને એ વિશેષણ છે, **पुरुषादानीय**[1] કલ્પસૂત્ર, ભગવતીજી આદિમાં જ્યારે જ્યારે પાર્શ્વનાથનો નામોલ્લેખ થયો છે, ત્યાં ત્યાં સર્વત્ર આ વિશેષણપૂર્વક જ થયો છે. એટલું જ નહિ, ખુદ ભગવાન મહાવીરે[2] પણ સ્વમુખે 'પાર્શ્વ'નો ઉલ્લેખ કર્યો, ત્યારે 'પુરુષાદાનીય પાર્શ્વ' એ રીતે જ કર્યો છે. આ છે પાર્શ્વનાથ ભગવાનની પુણ્યાઈની પ્રકર્ષતા. પુરુષાદાનીય એટલે શું? તો જેમના વચન-વાણીને કોઈ પણ વ્યક્તિ પ્રેમ અને આદરપૂર્વક ગ્રહણ કરે, અથવા જેમનું નામ સહુ કોઈને લેવાનું મન થાય. આ રીતે જગતમાં તેમનાં નામ અને વાણી બંને આદરણીય અને પ્રિય હતાં. ટૂંકા શબ્દોમાં કહીએ તો તત્કાલીન પુરુષોમાં પ્રધાન સ્થાન ભોગવતા હતા, એટલે તે પુરુષાદાનીય કહેવાયા.

## લોકપ્રિય તીર્થંકર અને ૧૦૮ નામો :

ઉપર જણાવ્યું તેમ ભગવાન પાર્શ્વ જીવતા હતા, ત્યારે જેવા લોકપ્રિય હતા, તેવા જ લોકપ્રિય હજારો વરસો છતાં પણ આજે છે. એમાં એ પરમ આત્માનો અજોડ પુણ્યપ્રકર્ષ, તેમનું અલૌકિક તપોબળ મુખ્ય કારણ હતું. પણ સાથે સહાકારી કારણમાં ભગવાન પાર્શ્વની અધિષ્ઠાયિકા શ્રી પદ્માવતીદેવીજી પણ છે. ભૂતકાળમાં શ્રી પદ્માવતીજીના સાક્ષાત્કારો અનેક આચાર્યાદિ વ્યક્તિઓએ કર્યા છે. આજે પણ સાક્ષાત્કાર થઈ શકે છે. એમનો મહિમા–પ્રભાવ આજે જીવંત અને જોરદાર છે. જરૂર છે માત્ર ત્રિકરણ યોગે, સમર્પિતભાવે, પરમ શ્રદ્ધા–ભાવપૂર્વકની ભગવાન પાર્શ્વનાથજીની ઉપાસના. આ થાય તો ઈષ્ટફલસિદ્ધિના અનુભવો મલ્યા સિવાય રહેતા નથી. આમાં સેંકડો વ્યક્તિઓનો અનુભવ પ્રમાણ છે અને એથી જ આ કાળમાં સહુથી વધુ ઉપાસના પાર્શ્વનાથજીની થઈ રહી છે. એ ભગવાનની ફણાધારી આકૃતિ સહુને

---

અને જૈન ધર્મ–વચ્ચેનું સામ્ય અને તેનાં કારણો" આ વિષય ઉપર કોઈ પી.એચ.ડી. થાય તો, ઘણી નવી નવી બાબતો પ્રકાશમાં આવે. મારા મનમાં એક વાત એ પણ ઘોળાતી રહી છે કે શ્રમણ કે નિર્ગ્રંથ સંસ્કૃતિ સાથે સહુથી નજીકનો નાતો બુદ્ધ સંસ્કૃતિ સાથે છે, નહિ કે વૈદિક, છતાં બૌદ્ધો સાથે સર્વથા સગપણ કેમ જતું રહ્યું હશે? શું આજે એમની સાથે મિત્રતાના સંબંધો વિકસાવી ન શકાય? અત્યારે તો માત્ર સંકેત જ કરું છું. પણ ગંભીરપણે વિચારવા જેવી આ વાત છે.

૧. पासेणं अरहा पुरिसादाणीए। પાર્શ્વનાથ અર્હન્ પુરુષાદાનીય. પુરુષાદાનીયની વ્યુત્પત્તિ पुरुषश्चासौ आदानीयश्च, आदेयनामतया च पुरुषादानीयः। पुरुषप्रधान इत्यर्थः। (કલ્પસૂત્રટીકા)

૨. 'ચાતુર્યામ' એટલે ચાર મહાવ્રતોને પાળનાર. પાર્શ્વાપત્ય અણગારોએ ભગવાન મહાવીરને જ્યારે પ્રશ્નો પૂછ્યા, ત્યારે મહાવીરે ઉપર્યુક્ત શબ્દનો વ્યવહાર કર્યો હતો. पासेणं अरहा पुरिसादाणीएणं सासइ लोए वुच्चइ (ભગ. ૫–૬–૨૬). પુરુષાદાનીય વિશેષણ વાપરી ભગવાન મહાવીરે પોતાનો હાર્દિક આદર વ્યક્ત કર્યો છે.

એકદમ ગમી જાય તેવી છે. વૈદિક ધર્મી હિંદુઓના ભગવાન શ્રીશંકરને કોશકારોએ જનતાના અનુભવને ખ્યાલમાં રાખી **आशुतोष** વિશેષણ કે પર્યાયવાચક શબ્દથી ઓળખાવ્યા છે, એનો અર્થ શીઘ્રપ્રસન્ન થનારા થાય છે. જૈનોમાં **आशुतोष** તરીકે જો કોઈ પણ તીર્થંકરને બિરદાવવા હોય તો, એકી અવાજે સહુ ભગવાન 'પાર્શ્વનાથ'ને જ પસંદ કરે એમાં શંકા નથી. અને એથી જ ૨૪ તીર્થંકરો પૈકી ભાગ્યેજ કોઈ તીર્થંકર બે પાંચથી વધુ નામોથી ઓળખાતા હોય, પણ ભગવાન પાર્શ્વનાથ તો ૧૦૮[૧] અને તેથી વધુ નામોથી ઓળખાય છે. એમનાં બનેલાં અનેક તીર્થો આજે પ્રભાવ પાથરી રહ્યા છે; આ ભગવાન પાર્શ્વનાથના પ્રગટ પ્રભાવને અને પાર્શ્વનાથ પ્રત્યેની સર્વોપરિ અનહદ ભક્તિને જ સૂચિત કરે છે. વળી સમ્મેતશિખરજી ઉપર વીશ તીર્થંકરો મોક્ષે ગયા, પણ એ પહાડ વર્તમાનમાં 'પારસનાથ હીલ' તરીકે જ પ્રખ્યાત છે.

## દેહપ્રમાણ અને દેહવર્ણ :

સર્વજનવલ્લભ, સહુના શ્રદ્ધેય અને શીઘ્ર આત્મીય બની જતા ભગવાન શ્રીપાર્શ્વદેવનું શરીર નવ હાથ પ્રમાણ હતું. તેમના શરીરનો રંગ કેવો હતો? એમ પૂછીએ તો મોટા મોટા આચાર્ય ભગવંતોથી લઈ શિક્ષકો સુધીનાં સહુ કોઈ–૯૦ ટકા લોકો **લીલો** જ કહેશે. પણ શાસ્ત્રોક્ત રીતે જોઈએ તો તેમનો યથાર્થ રંગ **નીલો** હતો, નહીં કે **લીલો**. નીલો એટલે–આકાશ જેવો ભૂરો (બ્લ્યૂ) રંગ.

તો શું લીલો ન માનવો? આ માટે તો એક સ્વતંત્ર લેખ લખવો પડે. પણ ટૂંકમાં એટલું જ છે કે પાછળથી પાર્શ્વનો રંગ લીલો અને કાળો બંને સ્વીકારવામાં આવ્યો છે અને પછી લીલાને અતિશય મહત્ત્વ અપાતાં નીલાનું સ્થાન લીલાએ વ્યાપક રીતે લીધું. આમ વૈકલ્પિક રંગ તરીકે લીલો (તથા કાળો) માન્ય રખાયો છે. એમ કેટલાક ગ્રન્થો અને અન્ય ઉલ્લેખો તેના સાક્ષી છે. મારા સંગ્રહમાં અને અન્યત્ર ભૂરા અને લીલા બંને રંગનાં ચિત્રો મને જોવાં મલ્યાં છે. વિદ્વાનોએ આ અંગે ચોક્કસ નિર્ણય કરવો જોઈએ.

## ભગવાન પાર્શ્વનાથના અધિષ્ઠાયકો

ભગવાન પાર્શ્વનાથના અધિષ્ઠાયકો કોણ?[૨] એનો ચોક્કસ નિર્ણય આપી શકાય તેમ નથી. પણ આ સ્તોત્રમાં અને પ્રતિષ્ઠા, ચરિત્રાદિ ગ્રન્થોમાં પુરુષ–અધિષ્ઠાયક તરીકે 'પાર્શ્વ' યક્ષનો ઉલ્લેખ છે. અને સ્ત્રી અધિષ્ઠાયિકા તરીકે શ્રી પદ્માવતીજીનો ઉલ્લેખ છે. બીજી બાજુ અન્યત્ર પદ્માવતીજી જોડે ધરણેન્દ્રનો[૨] જ સંબંધ બતાવ્યો છે, કારણ કે પદ્માવતીજી ધરણેન્દ્રના જ પત્ની છે. તો પાર્શ્વને બદલે ધરણેન્દ્રને સ્થાન કેમ આપવામાં ન આવ્યું? છદ્મસ્થાવસ્થામાં કમઠના ઉપસર્ગ પ્રસંગે પાર્શ્વયક્ષ મદદે આવ્યા ન હતા, પણ ધરણેન્દ્ર–પદ્માવતીજી હાજર થયાં હતાં.

---

૧. ૧૦૮ નામને વ્યક્ત કરતું સ્તોત્ર આ જ ગ્રંથમાં છે.

૨. ઋષિમંડલ યન્ત્રપટોમાં તથા ચિંતામણિ આદિ પાર્શ્વનાથજીને લગતા યન્ત્રોમાં પદ્માવતીની સામે ધરણેન્દ્ર જ બતાવ્યા હોય છે. પાર્શ્વયક્ષ નથી હોતા. નવાઈની વાત એ છે કે મંદિરોમાં પાર્શ્વયક્ષને નિયત કર્યા અને યન્ત્રપટોમાં ધરણેન્દ્રને નિયત કર્યા.

પદ્માવતીજીના મંત્રાક્ષરોમાં પુરુષયક્ષ તરીકે **પાર્શ્વ** અને સ્ત્રી અધિષ્ઠાયિકા તરીકે **પાર્શ્વયક્ષિણી** આવો ઉલ્લેખ મળે છે. તો પાર્શ્વયક્ષિણીથી શું સમજવું? પાર્શ્વથી યક્ષનું સ્વતંત્ર નામ સમજવું કે પાર્શ્વથી પાર્શ્વ ભગવાનનું ગ્રહણ કરવું? આ અંગે થોડી વિચારણા કરી લઈએ.

## અધિષ્ઠાયકો વગેરે અંગે એક વિચારણા

નિર્વાણકલિકા,[1] ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર,[2] અભિધાન ચિન્તામણિકોશ,[3] સંતિકરં આદિ સ્તોત્રો–સ્તુતિઓ, કેટલાક વિધિ ગ્રન્થો, ભાવદેવસૂરિકૃત પાર્શ્વનાથચરિત તથા ભાષાની પદ્ય રચનાઓ ઇત્યાદિ કૃતિઓમાં ભગવાન શ્રી પાર્શ્વનાથના શાસનદેવતા તરીકે પાર્શ્વયક્ષ અને શાસનદેવી તરીકે પદ્માવતી યક્ષિણીને જણાવ્યા છે, જ્યારે વાદિરાજસૂરિકૃત પાર્શ્વનાથ ચરિત્રમાં તથા લાઈફ એન્ડ સ્ટોરીઝ ઓફ પાર્શ્વનાથ, તથા હાર્ટ ઓફ જૈનિઝમમાં શાસનદેવી તરીકે કેવળ પદ્માવતીને સ્વીકાર્યા છે અને યક્ષ તરીકે 'પાર્શ્વ' ને બદલે ધરણેન્દ્રને સ્વીકાર્યા છે. અરે! અન્ય સ્થળે તો શાસનદેવ તરીકે **વામન** એવા નામનો પણ ઉલ્લેખ થયો છે. તાત્પર્ય એ છે કે યક્ષના નામમાં પાર્શ્વ, ધરણેન્દ્ર અને વામન આ ત્રણ નામો જોવાય છે, પણ શાસનદેવીના નામમાં પદ્માવતી સિવાય બીજું કોઈ નામ પ્રાપ્ત થતું નથી એટલે તમામ ગ્રન્થકારોએ શાસનદેવી તરીકે પદ્માવતીજીને સ્વીકારેલા છે, એ બાબત નિર્વિવાદ છે.

આપણી ધરતીની નીચે રત્નપ્રભાથી ઓળખાતી એક પાતાલ પૃથ્વી છે, એ પૃથ્વીના પ્રારંભિક ભાગમાં જ ભવનપતિ અને વ્યન્તર એમ બે પ્રકારના દેવોનાં નિવાસો છે. એમાં ૨૪ તીર્થંકરનાં ૨૪ યક્ષો અને ૨૪ યક્ષિણીઓ એ વ્યન્તર નિકાયના દેવોની ત્રીજી નિકાયનાં હોય છે એવો ઉલ્લેખ ધર્મગ્રન્થોમાં મળે છે. આથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જો યક્ષ-યક્ષિણી વ્યન્તર નિકાયનાં જ હોય છે તો પછી ધરણેન્દ્ર અને પદ્માવતીજી એ બંને તો ભવનપતિ નિકાયનાં છે અને તે બંને પતિ–પત્નીના જ સમ્બન્ધવાળા છે એ પણ ગ્રન્થો જોતાં નિશ્ચિત છે, તો તેઓ શાસનદેવ–દેવી તરીકે કેમ હોઈ શકે? ત્રેવીસ તીર્થંકરોના શાસનદેવ–દેવી તરીકે ઓળખાતા યક્ષ–યક્ષિણીઓ વ્યન્તરના હોય અને આ એક જ પાર્શ્વ તીર્થંકરના એ બીજી નિકાયના હોય એમ કેમ સંભવી શકે?

બીજો પ્રશ્ન એ છે કે જે ગ્રન્થકારોએ વ્યન્તર નિકાયના પાર્શ્વને શાસનદેવ તરીકે જણાવ્યા એ જ ગ્રન્થકારોએ શાસનદેવી તરીકે ભવનપતિની પદ્માવતીજીને સ્વીકારી. આમ અલગ અલગ નિકાયની વ્યક્તિઓને એક જ તીર્થંકરના અધિષ્ઠાયકો તરીકે સ્થાન આપ્યું તો તેથી શું સમજવું?

---

૧. પૃષ્ઠ  ૨. પર્વ ૯-૩.

૩. કાણ્ડ ૧–૪૩–૪૬ ૪. ગાથા ૧૦, ૫. સર્ગ ૭-શ્લોક, ૮૨૭, ૬. પૃ. ૧૧૮--૧૬૭માં જુઓ ટિપ્પણ. ૭. પૃષ્ઠ ૩૧૩ ૮......, ગજમુખ દક્ષો વામન જક્ષો. ૯–૧૦ ધરણેન્દ્ર અને પાર્શ્વ બંને એક જ હોય તે રીતે પણ ઉલ્લેખ પાર્શ્વચરિત્ર (સર્ગ ૬, શ્લોક ૧૯૦–૧૯૪)માં થયો છે. શું યક્ષના આ ત્રણેય નામો એકાર્થક હોઈ શકે ખરા?

ત્રીજો પ્રશ્ન એ છે કે જે ગ્રન્થકારોએ ભવનપતિની પદ્માવતી સાથે શાસનદેવ તરીકે ભવનપતિના જ ધરણેન્દ્ર[1]ને સ્વીકાર્યા, એટલે તેઓએ એક જ નિકાયની બંને વ્યક્તિઓને માન્ય રાખી. તો પછી યક્ષ-યક્ષિણીઓ વ્યન્તર[2] નિકાયના જ હોય છે એ નિયમ શી રીતે જળવાશે?

જો યક્ષ-યક્ષિણી પતિ-પત્નીના સગપણવાળા જ પસંદ કરાતા હોય તો પતિ એક નિકાયનો હોય અને પત્ની બીજી જ નિકાયની હોય એમ કેમ બની શકે? કારણ કે પાર્શ્વ વ્યન્તર નિકાયના છે અને પદ્માવતી ભવનપતિ નિકાયની છે, બીજી બાજુ ધરણેન્દ્ર પદ્માવતી બંને પતિ-પત્નીના[3] સમ્બન્ધવાળા છે એવું ચરિત્રાદિગ્રન્થો સ્પષ્ટ જણાવે છે.

વળી ભગવાન પાર્શ્વનાથને ઉપસર્ગ થયો ત્યારે રક્ષા કરવા બંને સાથે જ આવ્યાં હતાં, કારણ કે પાર્શ્વવિરોધી કમઠ સંન્યાસીના પંચાગ્નિતપના એક અગ્નિકુંડમાંથી સળગતા લાકડાને પાર્શ્વકુમારે ચીરાવરાવ્યું ત્યારે તેમાંથી મરણાસન્ન નાગિણી-સર્પિણી નીકળી અને પાર્શ્વકુમારે પોતાના અનુચર[4] સેવક પાસે એના કાનમાં નવકારમંત્ર સંભળાવરાવ્યો અને પચ્ચખ્ખાણ-પ્રત્યાખ્યાન કરાવ્યું અને તેથી સમાધિપૂર્વક તે મૃત્યુ પામી. અને ભવનપતિના ઈન્દ્ર ધરણની પત્ની તરીકે ઉત્પન્ન થઈ. આ ઉલ્લેખ તેઓ બંને ભવનપતિ નિકાયના છે એમ સ્પષ્ટ સૂચવે છે.

બીજી એક બાબત પણ જાણવી ખાસ જરૂરી છે. તે એ કે લાકડું ચીરતાં એકલી નાગિણી નીકળી હતી કે સર્પ સર્પિણી નીકળ્યા હતા અથવા નાગ નાગિણીની જોડી નીકળી હતી?

આ અંગે શ્વેતાંબર ગ્રન્થોમાં બંને જાતના પાઠો મળે છે.

પણ પ્રાચીનકાળમાં રચાયેલા ચઉપન્નચરિયં, સિરિપાસનાહચરિયં તેમજ ત્રિષષ્ટિશલાકા. વગેરેમાં માત્ર સર્પનો જ ઉલ્લેખ છે પણ સર્પિણીનો નથી. પણ અર્વાચીન ગ્રન્થોમાં નાગ-

---

૧. ગ્રન્થોમાં-રચનાઓમાં ધરણેન્દ્રના ઉલ્લેખો ભલે થયા, પણ એક હકીકત નિર્વિવાદ છે કે પાર્શ્વનાથના જિનમંદિરોમાં યક્ષ તરીકે પાર્શ્વયક્ષને જ બેસાડવામાં આવે છે. ત્યાં ધરણેન્દ્રને કદી સ્થાન નથી. પણ એક હકીકત જાણવા જેવી એ છે કે દિગમ્બરોમાં ૨૪ યક્ષ અને ૨૪ યક્ષિણીઓનાં નામોમાં ઘણો મોટો તફાવત છે. એમ છતાં દિગમ્બર શાસ્ત્રકારોએ પાર્શ્વનાથજીના યક્ષિણી તરીકે પદ્માવતીજીને જ સ્વીકાર્યા છે. અને એમણે તો યક્ષ તરીકે પાર્શ્વયક્ષને નહિ પણ ધરણેન્દ્રને સ્વીકાર્યા છે. એ એક સૂચિત બાબત છે.

૨. યક્ષ-યક્ષિણી વ્યન્તર નિકાયની ત્રીજી નિકાયના કહેવાય છે. वंतरपुण अट्ठविहा, पिसाय भूया तहा जक्खा॥ (બૃ. સં. ગા. ૩૪)

૩. જુઓ શોભનમુનિકૃત સ્તુતિ ચતુર્વિંશતિકાની ટીકા. ઉપાધ્યાય યશોવિજયજીએ ઐન્દ્રસ્તુતિમાં ભગવાન પાર્શ્વનાથની સ્તુતિની ચતુર્થ સ્તુતિમાં અધિષ્ઠાયકોનો ઉલ્લેખ કરતાં अहिपस्यकान्ता તરીકે ઉલ્લેખ કર્યો છે. अहिपથી ધરણેન્દ્ર સિવાય બીજી શું કલ્પના કરી શકાય?

જો કે સ્થાનાંગ (સૂત્ર ૩૫) ભગવતીજી (શ. ૧૦, ઉ. ૫) અને જ્ઞાતા, (શ્રુ. ૨૩) એ આગમોમાં ધરણેન્દ્ર નાગરાજની જે આઠ અગ્રમહિષીઓનાં નામો જણાવ્યાં છે, તેમાં પદ્માવતીજીનો ઉલ્લેખ નથી તો શું પદ્માવતીજી તેમની સામાન્ય પત્ની તરીકે હશે ખરાં?

૪. કેટલાક ગ્રન્થકારો આ ઘટનાને કાશી દેશની રાજધાની વાણારસીના ઉપવનમાં બની હતી એમ નોંધે છે. જ્યારે પાસણાહ ચરિઉ ગ્રન્થકાર આ ઘટના કુશસ્થળમાં બની હતી એમ જણાવે છે.

નાગિણીની જોડીના ઉલ્લેખો થયા છે. આમ સર્પ અને નાગ બે નામના ઉલ્લેખો થયા છે.

નાગ–નાગિણી જોડીનો ઉલ્લેખ દિગમ્બરીય ઉત્તરપુરાણમાં મળે છે. તેનું અનુસરણ શ્વેતાંબર ગ્રન્થકારો કે કવિઓએ કર્યું હોય તો અસંભવિત નથી.

નવકારમંત્ર ખુદ ભગવાન પાર્શ્વે સંભળાવ્યો હતો કે તેમના સેવકે? આ અંગે બંને જાતના ઉલ્લેખો મળે છે. ચઉપન્ન ચરિયં અને ત્રિષષ્ટિ૦ના આધારે ભગવાને સેવક પાસે નવકાર સંભળાવ્યાનો ઉલ્લેખ છે જ્યારે બીજા ગ્રન્થકારો ખુદ ભગવાને નવકાર સંભળાવ્યાનું જણાવે છે.

પ્રાસંગિક એ જણાવવું જરૂરી છે કે યક્ષ--યક્ષિણીઓમાં યક્ષિણીઓની જ મહત્તા વધારે જોવાય છે, અને તેય અમુક યક્ષિણીઓની જ. જેમકે ચક્રેશ્વરી, અમ્બિકા, પદ્માવતી. ચોવીશમાં આ ત્રણની જ પ્રસિદ્ધિ વધારે. સ્તુતિ, સ્તોત્રો, મંત્રો એના જ બહુધા જોવા મળે. યક્ષનાં નહિવત્ હોય. આનું કારણ શું? તો તે જણાવવું અહીં અસ્થાને છે.

## માથે ફણા શા માટે છે, અને શું છે?

ભગવાન પાર્શ્વનાથજીના માથે સામાન્ય રીતે ચાલુ મૂર્તિઓમાં સાત ફણા બનાવવાનો રિવાજ છે. આમ તો ૯, ૨૭, ૧૫૮ અને ૧૦૦૮ મોટા--ફણાવાળો સર્પ બનાવવાનો રિવાજ છે, પણ પ્રાચીનકાળથી મૂર્તિઓમાં સાત ફણાથી વધુ ફણા જોવા મળતી નથી. હજુ ઓછી એટલે પાંચ જોવા મળે ખરી. છઠ્ઠા સૈકાથી લઈને અગિયારમા સૈકા સુધીની, વડોદરા પાસેના આકોટાના જંગલમાંથી નીકળેલી અનુપમ સૌન્દર્ય ધરાવતી ધાતુમૂર્તિઓ મુખ્યત્વે સાત ફણાવાળી જ છે. આજે તે વડોદરાની મ્યુઝિયમમાં વિદ્યમાન છે. પાછલા સૈકાઓમાં આ મર્યાદા જળવાઈ નથી, મનમાની સંખ્યાઓમાં તે થવા પામી છે.

આ રીતે જે ફણા કરવાની પ્રથા છે, તે પ્રથા ભગવાનની છદ્મસ્થાવસ્થામાં કમઠે કરેલા વૃષ્ટિના ઉપસર્ગ પ્રસંગે નાગકુમારનિકાયના ધરણેન્દ્રે, સર્પનું રૂપ લઈને ભગવાનના શરીરના રક્ષણ માટે પાછળ રહીને મસ્તક ઉપર ફણા ફેલાવી દીધી હતી. તેની સ્મૃતિમાં આ પ્રથા ચાલુ રાખવામાં આવી હોય; અને બીજું કારણ પણ છે, પણ તે અહીં નોંધતો નથી. આ ફણાને ગ્રન્થકારોએ ભગવાનના અંગરૂપે જ ગણી લેવામાં આવી છે. તાજુબીની વાત એ છે કે જૈનગ્રન્થકારોએ તીર્થંકરની પ્રતિમાના અંગ જેટલું જ મહત્ત્વ નાગકુમાર દેવ અને તેની તિર્યંચના પ્રકારની નાગાકૃતિને આપીને તેની પૂજા કરવાનું જણાવ્યું છે.

## પાર્શ્વનાથ અને ફણાનું આલ્બમ :

પાર્શ્વનાથજીની વિશિષ્ટ મૂર્તિઓ અને માત્ર વિવિધ પ્રકારની ફણાઓના જ સંગ્રહનું એક આલ્બમ જો પ્રગટ થાય તો ભક્તિવંતો અને કલાકારોને ફણાના વૈવિધ્ય તરીકે તે ઉપયોગી થઈ પડે.

## પાર્શ્વનાથજીની પ્રતિમાઓ :

આ ભગવાનની પ્રતિમાઓ પદ્માસન, અર્ધપદ્માસન અને ખડ્ગાસન ત્રણ પ્રકારે બનાવેલી મળે છે. તે પ્રતિમાઓ ભૂખરા પથ્થર ઉપર, આરસ ઉપર, તેમજ સોના–ચાંદી–પંચધાતુ અને કાષ્ઠમાં બનાવેલી પણ મળે છે. તે શ્વેત, શ્યામ, ગુલાબી, પીળા પથ્થરોમાં કંડારેલી મળે છે. ભૂરા પથ્થરમાં હજુ જોવા મળી નથી. એક તીર્થ, ત્રણ તીર્થ, પંચતીર્થ–કે પંચતીર્થી અને તેથી આગળ વધીને ચોવીશ તીર્થની પણ મળે છે. મૂર્તિઓ પરિકરવાળી અને પરિકર વિનાની પણ હોય છે. વચલા અમુક સમય દરમિયાન મૂળનાયક પાર્શ્વનાથ કે ગમે તે તીર્થંકર હોય, પણ જો તે પરિકર સાથે હોય તો પરિકરમાં યક્ષ–યક્ષિણી તરીકે પાર્શ્વ (કે ધરણેન્દ્ર) તથા પદ્માવતી, કે અત્યારના નિયમ મુજબ તે તે ભગવાનના તે તે યક્ષ યક્ષિણી જ મૂકાતા હતા, એવું ન હતું. તે વખતે ભગવાનની જમણી બાજુએ પરિકરમાં [1]મોટા પેટવાળો એક અજ્ઞાત યક્ષ અને યક્ષિણી તરીકે બધાયમાં[2] 'અંબિકા' જ બનાવવામાં આવતી હતી.

## એક જાણવા જેવી નવીન હકીકત :

આ સ્તોત્રની પાંચ ગાથાઓમાં તેમનો બહુમાન્ય સ્પષ્ટ પ્રભાવ વર્ણવ્યો છે. એમાં પહેલી જ ગાથામાં ભગવાનને **मंगल** અને **कल्याण**ના આવાસ જણાવ્યા છે, જ્યારે ચોથી ગાથામાં '**चिंतामणिकप्पपायवब्भहिए**' આવો પાઠ છે. આમ તો આ વિશેષણો છે, વિશેષ્ય નથી. પણ કોઈ વિદ્વાન મુનિ વ્યક્તિએ '**मंगल, कल्याण, चिंतामणि, कल्पपादप**' આ ચાર શબ્દોને વિશેષનામ તરીકે ગણીને આ નામની પાર્શ્વનાથજીની ચાર મૂર્તિઓ બનાવી ચતુર્મુખ–ચૌમુખજી, તરીકે આબૂ પહાડ ઉપર દેલવાડામાં[3] ખરતરવસહીના પહેલા મજલામાં સ્થાપિત કર્યા છે; પૂર્વ દિશામાં **मंगलकर** પાર્શ્વનાથ, દક્ષિણ દિશામાં **कल्याणकर** પાર્શ્વનાથ[4], પશ્ચિમ દિશામાં **मनोरथकल्पद्रुम** પાર્શ્વનાથ અને ઉત્તર દિશામાં **चिन्तामणि** પાર્શ્વનાથ છે. આ મૂર્તિઓ ઘણી મોટી અને ભવ્ય છે તથા નવ ફણાઓવાળી છે.

અહીં એક વાતનું ધ્યાન ખેંચવું જરૂરી છે કે પાર્શ્વદેવ ગણિએ કરેલી ઉવસગ્ગહરં સ્તોત્રની વૃત્તિમાં "**मंगलकल्लाण आवासं**' આ શબ્દનો 'પાર્શ્વનાથ જિનાલય' એવો માર્મિક અર્થ કર્યો છે. કોઈ વિદ્વાને જિનાલય શબ્દની મૂર્તિ અર્થમાં લક્ષણા કરી એ નામની મૂર્તિ ભરાવવાનો વિચાર કર્યો હશે. પછી થયું હશે કે બે મૂર્તિથી શું મેળ મળે? એટલે પછી તેને ચતુર્મુખી બનાવવા 'ચિંતામણિ' અને કલ્પદ્રુમ' શબ્દને મૂર્તિના વિશેષનામ રૂપે સ્વીકારી ઉપર્યુક્ત મંદિર

---

૧. કોઈ એને સ્નાતસ્યાસ્તુતિમાં વર્ણવેલ 'સર્વાનુભૂતિ' તરીકે સૂચિત કરે છે, પણ મારી દૃષ્ટિએ એ નિઃશંક નિર્ણય નથી.

૨. આવી થોડી મૂર્તિઓ વઢવાણ શહેરના મંદિરની ભમતીમાં છે. એક જમાનામાં અંબિકાને જ જૈનસંઘ શ્રીસંઘની અધિષ્ઠાયિકા તરીકે સ્થાપિત કરી હતી, એ આ અને બીજા પ્રમાણોથી સૂચિત થાય છે.

૩. આના પુરાવા માટે જુઓ–મુનિશ્રી જયંતવિજયજી લિખિત 'તીર્થરાજ આબૂ' ભાગ ૧. પૃષ્ઠ ૧૭૧–૭૨.

૪. 'कल्याणकर' શબ્દ ભૂંસાઈ ગયો છે, પણ સંદર્ભથી એ જ છે એમાં શંકા નથી.

બનાવરાવ્યું હશે. જો કે આ મારું એક અનુમાન છે.

પાર્શ્વનાથ ભગવાન મંગલ અને કલ્યાણને કરનારા છે, ચિંતામણિ રત્નની જેમ ચિંતાને દૂર કરનારા છે, કલ્પવૃક્ષની જેમ ભક્તજન જે જે માગે તેને આપનારા છે.

## સહુથી વધુ લોકોમાં સહુથી વધુ ગણાતું સ્તોત્ર :

જાણવા જેવી કેટલીક હકીકતો જણાવ્યા બાદ હવે મૂલ ગ્રન્થ અંગે કહું. આ ગ્રન્થ જૈન સંઘના નાનકડા છતાં બહુમાન્ય 'ઉવસગ્ગહરં' સ્તોત્ર અંગે વિવિધ ખ્યાલો આપતો સુંદર ગ્રન્થ છે. આ સ્તોત્ર મૂર્તિપૂજક સંપ્રદાયમાં મંદિરમાં જઈને નિત્યકર્મરૂપે કરાતા ચૈત્યવંદનમાં નિશ્ચિત સ્થાન પામેલું છે. લાખો જૈનો મંદિરમાં જઈને બોલે છે, અને પોતાના ઘરમાં રહીને પણ ૧૦૮, ૨૧, ૭ વાર ગણનારા હજારો ભાવિકો છે. ભગવાન પાર્શ્વનાથ ઉપર હાર્દિક ભાવનાના કારણે તેમના સ્તોત્રસ્તુતિ ઉપર પણ એવો જ ભાવ સ્વાભાવિક રીતે જાગે જ, એટલે વિદ્યમાન-વિવિધ અન્ય સ્તોત્રોમાં સહુથી વધુ વ્યક્તિઓ દ્વારા સહુથી વધુ સંખ્યામાં ગણાતું આ સ્તોત્ર હશે, એમ મારું માનવું છે.

આ સ્તોત્ર તેના મન્ત્ર-યન્ત્રો અને તેની ઉપાસના કેમ કરવી? કેવી રીતે કરવી? એનો વિસ્તૃત પરિચય ગ્રન્થમાં આપેલો જ છે, એટલે તે અંગે વિશેષ ન લખતાં હું તો તેનું થોડું જ ઉડતું અવલોકન રજૂ કરું છું.

## સ્તોત્રની ઉત્પત્તિનું કારણ અને સંખ્યામાન :

આ સ્તોત્રના કર્તા શ્રી ભદ્રબાહુસ્વામીજી છે. [1]ભદ્રબાહુના ભાઈ વરાહમિહિરે વ્યન્તર થયા પછી ગત જન્મના રોષના કારણે શ્રી સંઘમાં મહામારીનો ઉપદ્રવ કર્યો, ત્યારે તેનું શમન કરવા આ પ્રભાવક સ્તોત્ર રચી શ્રીસંઘને ઉપયોગ કરવા આપ્યું અને તેથી ઉપદ્રવ શાંત થયો, ત્યારથી આ સ્તોત્ર પ્રચલિત બન્યું છે.

આ સ્તોત્ર પાંચ,[2] છ,[3] સાત,[4] ૯, ૧૩, ૧૭, ૨૦[5]–૨૧,[6] આમ વિવિધ માનવાળું બન્યું છે. તો અસલ ગાથા કેટલી હશે? એમ પ્રશ્ન થાય, તો આ સ્તોત્રના તમામ ટીકાકારોના

---

૧. આ ભદ્રબાહુ કયા? એ માટે આ ગ્રન્થનું પ્રકરણ નં. ૫ જુઓ.

૨. આ સ્તોત્રના ટીકાકાર દ્વિજપાર્શ્વદેવ પાંચ ગાથા હોવાનું કહે છે.

૩. પ્રિયંકરનૃપકથાના કર્તા જિનસુરમુનિ પૂર્વે છ ગાથા હતી, એમ ટીકામાં કહે છે.

૪. સ્તોત્રના વૃત્તિકાર હર્ષકીર્તિ સાત ગાથા હોવાનું નોંધે છે.

૫. પાછળથી આ સ્તોત્રમાં યથેષ્ટ વધારો થતો રહ્યો અને તે કાગળ ઉપર અંકિત થયો, એટલે આજે ૯ થી લઈને ૨૭ સુધીના વિવિધ માનવાળું સ્તોત્ર બની ગયું.

૬. આ સ્તોત્ર ઉપર વૃત્તિ--ટીકા અવચૂરિ મલીને ૧૧ ની સંખ્યા છે. તેજસાગરમુનિએ આ સ્તોત્રના પ્રત્યેક ચરણની પાદપૂર્તિ રૂપે એક સ્તુતિ રચી છે તે અને વર્તમાનમાં આચાર્ય શ્રી ધર્મધુરંધરસૂરિજીએ પણ પાદપૂર્તિરૂપે એક કૃતિ રચી છે. બંને આ જ ગ્રન્થમાં મુદ્રિત થઈ છે.

કથન મુજબ તો પાંચ ગાથામાં જ રચાયું હતું, એમ સ્પષ્ટ થાય છે. પાછળથી આરાધક ભક્તો આ ગાથામાં ઉમેરો કરતા આવ્યા છે.

### ભગવતી શ્રી પદ્માવતી દેવીજી :

શ્રી પાર્શ્વનાથ પ્રભુના અધિષ્ઠાયકો તરીકે પાર્શ્વયક્ષ, ધરણેંદ્રદેવ અને પદ્માવતી ત્રણની વિશેષ પ્રસિદ્ધિ છે, પણ ચોથી વૈરોટ્યાદેવી એને પણ અધિષ્ઠાયિકાદેવી તરીકે કેટલાકોએ સ્વીકારી છે. બંને ધરણેંદ્રની જ દેવીઓ છે. વાલકેશ્વરમાં ભગવતી શ્રી પદ્માવતીજીની પરિકરવાળી અદ્વિતીય મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે, તેમાં વૈરોટ્યાને પણ સ્થાન આપ્યું છે.

**ॐ नमः पार्श्वनाथाय, विश्वचिंतामणीयते ।**
**ह्रीँ धरणेन्द्रवैरोट्या, पद्मादेवीयुतायते ॥१॥**

આનો આદર્શ મૂર્તિમાં રજૂ કરવામાં આવ્યો છે.

### સ્તોત્રફલ અને જપવિધાન :

આ સ્તોત્રનું નામ જ સૂચિત કરે છે કે આનો પાઠ ઉપસર્ગો એટલે ઉપદ્રવો-વિઘ્નો-અનિષ્ટોનું શમન કરનાર છે. આ ગ્રન્થમાં જ જણાવવામાં આવ્યું છે કે પાર્શ્વનાથજીની આરાધના શાન્તિમંગલને કરનારી, શુભસંપત્તિ, ઇષ્ટસિદ્ધિ, પુત્રપ્રાપ્તિને આપનારી છે.

રોજ પવિત્ર થઈ, શુદ્ધ વસ્ત્રાદિક પહેરી હાર્દિક ભાવપૂર્વક, પૂર્વદિશા સન્મુખ સ્થિરાદિ આસને બેસી ૧૦૮ વાર જાપ કરે તો કાર્યની સિદ્ધિ થાય છે. છ મહિના સુધી જો અખંડ ગણે તો દૈવિક દોષો અને રાજકીય ભયો કદી થતા નથી તથા માનસિક બેચેની દૂર થઈ પ્રસન્નતા અનુભવાય છે. કલિકાલમાં પણ આ મહિમાવંત સ્તોત્ર છે.

### પ્રસ્તુત ગ્રન્થનો પરિચય :

શતાવધાની પંડિતજીએ પ્રારંભમાં પાર્શ્વનાથજીની ઐતિહાસિક સાબિતી--માહિતી આપીને જીવનચરિત્ર આપ્યું છે. મંત્રોપાસનાનું સ્થાન, તેનો સદુપયોગ, સાધનાવિધિ, પાંચ ગાથાઓનો અર્થ, મંત્રના પ્રકારો, યન્ત્રના પ્રકારો, તેનો પૂજનવિધિ, પ્રભાવ, પાંચ ગાથાવાળાથી લઈને ચાર જાતના બીજા ઉવસગ્ગહરં સ્તોત્રો, તેનો અર્થ, શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ૧૦૮ નામો, તેમનાં તીર્થોનો રસિક પરિચય અને અત્યુપયોગી યંત્રોનો વિશાળ સંગ્રહ, આ બધી વસ્તુથી આ કૃતિને સમૃદ્ધ બનાવવામાં આવી છે. લેખકે આ માટે પુષ્કળ પરિશ્રમ ઉઠાવ્યો છે.

---

મારા વિદ્વાન મિત્ર શ્રી અગરચંદજી નાહટાના એક લેખ દ્વારા હમણાં જ નવી વાત જાણવા મલી કે આ સ્તોત્રની પાંચ ગાથા ઉપર યાકિની મહત્તરા સૂનુથી ઓળખાતા હરિભદ્રસૂરિજીએ 'ઉવસગ્ગહરસ્તવ પ્રબંધ' આ નામની ૧[illegible] સંસ્કૃત શ્લોકોની રચના કરેલી મલી છે. પણ એ લેખમાં એમને રજૂ કરેલા થોડા શ્લોકોની ભાષા જોતાં કર્તા અંગે મન શંકાશીલ રહે છે.

## શતાવધાનીજીને ધન્યવાદ :

તેઓ એક માર્મિક વિદ્વાન બહુશ્રુત વ્યક્તિ છે. જૈન સમાજમાં આવી પરિશ્રમી વ્યક્તિઓ ઘણી ઓછી જોવા મળે છે. મને તો તેમની અનેક જ્વલંત શક્તિઓ, પ્રખર જ્ઞાનોપાસના, ગુણગ્રાહિતા, સાત્ત્વિક વિચારદૃષ્ટિ વગેરે કારણે હાર્દિક આદરભાવ છે, એટલે એમની પ્રવૃત્તિને હું અને અમારા પૂજ્ય ગુરુવર્યો વરસોથી વિવિધ રીતે સહકાર આપતા રહ્યા છીએ.

આ ગ્રંથના પ્રકાશનથી મન્ત્ર-યન્ત્રને લગતી તેમણે શરૂ કરેલી ગ્રન્થ શ્રેણીમાં એક મહત્ત્વના ગ્રન્થનો ઉમેરો થાય છે. આવા ગ્રન્થોની જરૂરિયાત માટે હું વીસ વરસથી સ્વપ્ન સેવતો હતો. મંત્ર-યન્ત્ર-તંત્રને લગતા બે ગ્રન્થો વ્યવસ્થિત, શુદ્ધ અને વિશિષ્ટ રહસ્યો દર્શાવવા પૂર્વક તૈયાર કરવા માટે કેટલીયે સામગ્રી હું સંચિત કરતો રહ્યો છું, પણ મારો માલ ગોડાઉનમાં જ પડયો રહ્યો, જ્યારે કુશળ વેપારી જેવા પંડિતજીએ તો સંગ્રહીત માલ ગોડાઉનમાંથી લાવી બજારમાં મૂકી દીધો છે. આપણા માટે એ આનંદનો વિષય છે. અગાઉની જેમ રસપ્રદ શૈલીમાં લખાયેલા આ સુંદર ગ્રન્થને જનતા સહર્ષ સત્કારશે જ, એમાં શંકા નથી. અન્તમાં નિમ્ન શ્લોક દ્વારા મારા અજપાજાપની જેમ અદર્શનદર્શન જેવા ભગવાન પાર્શ્વનાથના સમતા-ક્ષમાભાવની સ્તુતિ અને વિનંતી કરી વિરમું છું.

**कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति ।**
**प्रभुस्तुल्य मनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तु वः ॥**

*--શ્રી હેમચંદ્રાચાર્ય*

અર્થ-એક બાજુ દુશ્મન કમઠે આપને ત્રાસ આપવા વરસાદનો ભયંકર ઉપસર્ગ કર્યો, બીજી બાજુ આપના ભક્તદેવ ધરણેંદ્રે આપની પાસે આવી ઉપસર્ગથી રક્ષણ કર્યું. એક શત્રુ અને એક મિત્ર પોતપોતાને યોગ્ય કર્મ કરવા છતાં હે પ્રભુ! આપે તો બંને ઉપર સમાન મનોવૃત્તિ રાખી. ધન્ય હો આપને!

આવા હે પાર્શ્વનાથ ભગવાન! આપ સહુનું કલ્યાણ કરો.

આ સ્તોત્રના નિત્ય-નિયમિત પાઠ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં ચાલી રહેલા અનેક ઉપદ્રવોથી સહુનું રક્ષણ થાય, એ જ શુભેચ્છા.

પ્રસ્તાવના લખવાની પુણ્યતક આપવા બદલ લેખકમિત્રને ધન્યવાદ!

વિ. સં. ૨૦૩૦ પોષ વદિ દશમ
વાલકેશ્વર મુંબઈ.

*મુનિ યશોવિજય*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ ભાગ-૩ની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૬ ઇ.સન્ ૧૯૭૦

**૨૩**

## મારા બે બોલ

'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' આ નામના ગ્રન્થનો બહાર પડી રહેલા ત્રીજા ભાગમાં મુખ્યત્વે સાહિત્ય અને ઈતિહાસને લગતાં મુદ્રિત થયેલા ગ્રન્થો અને અન્ય સામાયિક પત્રોનો આધાર લઈને ગુજરાતી ભાષામાં સેંકડો ગ્રન્થોનો પરિચય આપવામાં આવ્યો છે. જેટલા ગ્રન્થોનો પરિચય ઉપલબ્ધ થયો–જે રીતનો પ્રાપ્ત થયો, તેના પર પરામર્શ કરીને તે રજૂ કરાયો છે એટલે આ ત્રણેય ભાગોમાં આપેલો ગ્રન્થપરિચય એક મર્યાદાલક્ષી પરિચય છે. બાકી હજુ મુદ્રિત ગ્રન્થોનો અને એ કરતાંય જૈન જ્ઞાનભંડારોમાં પરિચયના પ્રકાશનની રાહ જોતી હજ્જારો હસ્તલિખિત (અમુદ્રિત) કૃતિઓનો પરિચય આપવાનું વિરાટ કાર્ય બાકી છે. આ કાર્ય અત્યંત દુર્ઘટ અને ભગીરથ શ્રમસાધ્ય છે. આ માટે એક વિરાટતંત્ર ઊભું કરાય, લાખો રૂપિયાની સગવડ થાય અને પૂરતા વિદ્વાનોને કામે લગાડાય તો સાગર તરવા જેવું આ કાર્ય પંદર વીશ વર્ષે સમાપ્તિના કિનારે પહોંચે. બાકી પ્રસ્તુત સંસ્થાએ તો ઓછા શ્રમથી સાધ્ય એવા ત્રણે ભાગોને પ્રકાશિત કરીને વિરાટ કાર્યની ઝાંખી કરાવવાનો નમ્ર પ્રયત્ન કર્યો છે.

આ ઈતિહાસ માટે પ્રારંભથી જ સંસ્થાની આર્થિક પરિસ્થિતિને લક્ષમાં રાખીને નિમ્નલિખિત કેટલીક મર્યાદાઓ આંકી હતી :

૧. અઢારમી સદીના પૂર્વાર્ધ સુધીના જ સંસ્કૃત ગ્રન્થોનો પરિચય આપવો.

૨. એમાં શ્વેતામ્બર અને દિગમ્બર બંને સંપ્રદાયના ગ્રન્થોને આમેજ કરવા.

૩. ગ્રન્થોની સંસ્કૃત (પ્રાકૃત) ટીકાઓનો પરિચય ન આપવો.

૪. અને ઈતિહાસલેખકો વધુમાં વધુ ૪૦ ફર્માઓમાં સમાપ્ત થાય તે રીતે ગ્રન્થ તૈયાર કરવો.

પ્રથમની ત્રણ મર્યાદાઓનું પાલન યથોચિત થવા પામ્યું પણ ચોથી મર્યાદાએ તેની લક્ષ્મણરેખા ઓળંગી નાંખી અને ૪૦ ફર્માને બદલે ત્રણ ગણા એટલે લગભગ ૧૨૫ ફર્મા જેટલું લખાણ થયું.

આમાં શ્વેતામ્બર દિગમ્બર ઉપરાંત થોડીક અજૈન કૃતિઓનો અને અલ્પસંખ્યક અમુદ્રિત કૃતિઓનો પણ પરિચય અપાયો છે. આ પરિચય જુદી જુદી ભાષામાં છપાએલા મુદ્રિત ગ્રન્થો અને અન્ય સામાયિકો વગેરેના આધારે લખવામાં આવ્યો છે. એમાં જન ગ્રન્થાવલી, જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ, જિનરત્નકોશ અને નાથૂરામ પ્રેમીજીનો 'જૈન સાહિત્ય ઔર ઇતિહાસ' આ ગ્રન્થો મુખ્ય છે. ત્રણેય ભાગમાં થઇને કેટલી સંખ્યાના ગ્રન્થનો પરિચય આપ્યો છે તેની નોંધ તૈયાર થઈ શકી નથી. જો કે આ પરિચયમાં ગ્રન્થનામ, લેખકનું ચોક્કસ નામ, વિષયનામ, ભાષા કઇ વગેરે બાબતોની ચોકસાઈ અંગે કેટલીક ક્ષતિઓ થવા પામી છે, કવચિત સંવત નિર્દેશમાં પણ ચૂક થઇ છે અને કેટલાક ગ્રન્થોનો પરિચય પણ રહી ગયો છે પણ તે માટે અનેક કારણોએ ભાગ ભજવ્યો છે. એમ છતાં એકંદરે આ પ્રયાસ વિદ્વજ્જનો માટે ઘણો સહરાનીય બન્યો છે તે હકીકત છે.

કેટલીક મહત્ત્વની ક્ષતિઓના સંશોધન માટે ધર્મસ્નેહી શ્રીયુત્ અગરચંદજી નાહટાએ ઘણો પરિશ્રમ લઇ સૂચવેલી ક્ષતિઓમાંથી તૈયાર કરેલું જરૂરી 'પરિમાર્જન' છાપ્યું છે, એ જોઇ લેવા વાચકોને વિનંતી છે. વળી પાછળથી તૈયાર થએલું પૂર્તિરૂપ લખાણ પણ શુદ્ધિપત્રક ઉપરાંત પણ છાપવું પડ્યું છે તે વાચકો ધ્યાનમાં રાખે.

ઉપર કહ્યું તેમ ભવિષ્યમાં જો કોઇ વિરાટ પ્રયત્ન થાય તો જૈન જ્ઞાનભંડારોની સહસ્રાવધિ અમુદ્રિત પ્રતિઓ તથા મુદ્રિત હજ્જારો ગ્રન્થોની અતિપ્રમાણભૂત અને સમીક્ષાત્મક કૃતિ—આવૃત્તિઓ તૈયાર થઇ શકે.

## હવે મારી અંગત વાત :

બીજા ભાગમાં 'મારા બે બોલ' આ મથાળા નીચેના પહેલા જ પેરામાં મેં જણાવ્યું હતું કે-"હવે વિસ્તૃત રીતે જે જે કહેવાનું હશે તે આ વખતે નહિ પણ તૃતીય વિભાગ પ્રકાશિત થશે ત્યારે, સમય જો યારી આપશે તો લખવા ધારૂં છું."

આ કારણથી મેં જૈન સાહિત્યના ઈતિહાસ અંગે, સંસ્કૃત ભાષા અંગે તેમજ બધી ભાષાઓની જનેતા તરીકે અનેક વિદ્વાનોએ સંસ્કૃત ભાષાને સિદ્ધ કરી છે પણ તે વાત બરાબર નથી તે અંગે પરામર્શ કરવાનો હોવાથી તેની કેટલીક નોંધો કરી હતી. વળી મુદ્રિત ત્રણેય

ભાગોની સ્વતંત્ર સમીક્ષા કરવાની પણ ખ્વાહેશ હતી પણ ભગવાન શ્રી મહાવીરદેવના ચિત્રમય જીવનના આલ્બમના લેખનકાર્યમાં રત હોવાથી અનેક વખત પ્રયત્ન કરવા છતાં પ્રસ્તુત નોંધોનું સંકલન કરી વ્યવસ્થિત સ્વરૂપ આપવા માટે સમય મેળવી ન શક્યો. જ્યારે માંડ મેળવતો ત્યારે મૂડ (Mood) ન જામતો. મારી આ ઇચ્છાને ખાતર તો પ્રકાશન બે વરસથી ઢીલમાં મૂકાયું પણ હવે લાગે છે કે મારી ઇચ્છા પૂર્ણ કરું, એવું બનવું તત્કાલ શક્ય નથી અને હવે વધુ વખત પ્રકાશન લંબાવવું એ પણ અનેક રીતે ઇચિત નથી, એમ સમજીને મારી ભાવનાને હાલ તો મારા મનમાં ભંડારી દઉં છું.

બાકી જૈનસંઘને, વિદ્વાનોને, વાચકવર્ગને ઉદ્દેશીને અન્ય જે કંઇ સૂચન કે સંકેતો કરવાના હતા તે પહેલા–બીજા ભાગમાં 'મારા બે બોલ' ના મથાળા નીચે જણાવ્યા છે.

અન્તમાં બે હજારથી વધુ વર્ષથી ગ્રન્થલેખક માટે દેશના ખૂણે ખૂણે વપરાએલી રાષ્ટ્રવ્યાપી સંસ્કૃતલિપિ–ભાષાને વંદન કરીને. વળી તે ભાષામાં પવિત્ર સંસ્કૃતિનું યોગ–ક્ષેમ કરનારા, હજારોની સંખ્યામાં ગ્રન્થસર્જન કરનારા સર્જકોનું અભિવાદન કરી इति शम् કરું છું.

મુંબઇ–ચેમ્બુરતીર્થ
કારતક સુદિ પૂનમ
૨૦૨૭

*–મુનિ યશોવિજય*

---

* मौनिनः कलहो नास्ति—મૌન ધરનારને ક્લેશ થતો નથી, અને તે બીજાને પણ ક્લેશ કરાવતો નથી.

* તક, તીર અને શબ્દ નીકળી ગયા પછી પાછાં ક્યારેય હાથમાં આવતા નથી માટે જ જ્ઞાનીઓની સલાહ છે કે વિચારીને જ બોલો. બોલતાં પહેલાં વિચારવાની બે પળ જે બગાડે છે તેને બોલ્યા પછીની પસ્તાવાની અનેક પળો બચી જાય છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# વૈરાગ્યરતિની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૬ ઇ.સન્ ૧૯૭૦

૨૪

## પ્રસ્તાવના

લે. મુનિશ્રી યશોવિજયજી મહારાજ

વિક્રમની સત્તરમી સદીમાં જન્મેલા અને અઢારમી સદીમાં કાલધર્મ[1] (અવસાન) પામેલા, જૈન શાસન ઉપર અવિસ્મરણીય અને મહામૂલ્ય ઉપકાર કરનારા, શાસનના વીરસુભટ, છ એ દર્શનમાં નિષ્ણાત, અનેક વિષયોમાં પારંગત, કાશીમાં 'ऐँ' મંત્રબીજ પ્રધાનમંત્રની સાધના દ્વારા દેવી શ્રીસરસ્વતીનું સાક્ષાત્ વરદાન મેળવનાર, કાશીની રાજસભામાં શાસ્ત્રાર્થ દ્વારા મહાવિજય પ્રાપ્ત કરી કાશીના દિગ્ગજ પંડિતો દ્વારા પ્રથમ આપેલા 'ન્યાયવિશારદ' પદથી અને ન્યાયશાસ્ત્રના સો ગ્રન્થોની (બે લાખ શ્લોકની રચના) રચનાના કારણે વિદ્વાનોએ પછીથી આપેલા 'ન્યાયાચાર્ય' પદથી, તેમજ શાસ્ત્રાર્થ દ્વારા ઠેર ઠેર વિજય મેળવવાના કારણે મેળવેલા 'કૂર્ચાલી સરસ્વતી'ના બિરૂદથી વિભૂષિત, પ્રાકૃત, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, મિશ્ર વગેરે ભાષાઓમાં ઢગલાબંધ ગ્રન્થોની મહત્ત્વપૂર્ણ રચના કરી આબાલગોપાલ, સહુ કોઇ જીવો ઉપર અનિર્વચનીય ઉપકાર કરનાર 'મહોપાધ્યાય' પદથી અલંકૃત પરમપૂજ્ય શ્રીમદ્ યશોવિજયજી મહારાજના ગ્રન્થોના પ્રકાશન માટે સ્થપાએલી 'શ્રી યશોભારતી જૈન પ્રકાશનસમિતિ' નામની સંસ્થા પૂ. ઉપાધ્યાયજીએ રચેલા वैराग्यरति[2] આ નામના મૂલ્યવાન ગ્રન્થનું પહેલવહેલું જ

---

૧. મૃત્યુને જૈનધર્મની પરિભાષામાં કાલધર્મ શબ્દથી ઓળખાવ્યું છે કેમકે મરણ એટલે કાળે પોતાનો ધર્મ બજાવ્યો તે. જૈન સાધુને મરી ગયા કહેવું ઉચિત નથી એટલે કાલધર્મ એવા સિદ્ધ શબ્દનું આયોજન કરાયું છે.

૨. આ ગ્રન્થ મળ્યો ન હતો ત્યાં સુધી આ ગ્રન્થને કેટલાક વિદ્વાન લેખકો 'મુક્તાશુક્તિ' એવા નામથી

પ્રકાશન કરી રહી છે, તે આપણા સહુ માટે આનંદિત થવા જેવી બાબત છે.

## કથાકાર તરીકે ઉપાધ્યાયજી

આપણા વંદનીય ગ્રંથકાર શ્રીમદ્ યશોવિજયજી મહારાજે ગત જન્મોમાં પવિત્ર એવા સમ્યગ્જ્ઞાન અને તેને લગતાં સાધનોની તથા જ્ઞાન, ત્યાગ, વૈરાગ્ય આદિ ગુણોથી અલંકૃત જ્ઞાનીઓના ચરણકમલની કોઈ એવી અસાધારણ કોટિની ઉપાસના કરી હશે કે જેના પ્રતાપે એક જ વ્યક્તિમાં અનેક શક્તિઓ આવિર્ભાવ થવા પામી હતી. બાલ્યાવસ્થામાં જ દીક્ષા લઈ ગુરુદેવશ્રી નયવિજયજી સાથે કાશી વગેરેના વિદ્યાધામમાં જઈને અસાધારણ પરિશ્રમ અને પરીષહ ઉઠાવી, અનેક દર્શન શાસ્ત્રો, તેમજ સાર્વજનીન સાહિત્યનું ગંભીરભાવે તલસ્પર્શી અને વિશાળ અવગાહન કરવાને શક્તિમાન બન્યા હતા. એ અવગાહન પરિશીલન તેમજ ચિંતન-મનનના પરિણામે વિવિધવિષયક જ્ઞાન વિજ્ઞાન સાહિત્યનું સર્જન કરવાને સમર્થ બન્યા હતા. પૂજ્યશ્રીએ આગમ[1] ઉપર ટીકા ટીપ્પણાદિ કરવાનું ટાલ્યું છે. તે સિવાય તેઓશ્રીએ અનેક વિષયો ઉપર ગંભીર માર્મિક યુક્તિયુક્ત મહત્ત્વનું અને અભિનવ પ્રકાશ પાડતું ઘણું ઘણું લખ્યું છે.

ઉપાધ્યાયજી દર્શનશાસ્ત્રોની રચનાથી, દાર્શનિક તર્કપૂર્ણ ગ્રન્થો લખવાથી તાર્કિક, વિવિધ ભાષામાં કવિતાઓ બનાવવાથી કવિ, સ્તુતિઓ રચવાથી સ્તુતિકાર, અલંકારના ગ્રન્થો રચવાથી સાહિત્યકાર, અધ્યાત્મ અને યોગવિષયક ગ્રન્થો લખવાથી આધ્યાત્મિક–યોગી, એમ વિવિધ વિશેષણોને યોગ્ય બન્યા છે. તેઓશ્રીએ કથાના ગ્રન્થો રચ્યા હોવાથી 'કથાકાર' તરીકે પણ આપણે ઓળખાવી શકીએ.

## અદ્ભુત સર્જક

એક વાત લક્ષમાં રાખવી ઘટે કે વિદ્વાનો હજારો પાકે છે જ્યારે સર્જકો સેંકડોયે પાકતા નથી. ઉપાધ્યાયજી અજોડ કોટિના, 'અદભુત' શબ્દથી નવાજી શકાય તેવા દિગ્ગજ વિદ્વાન તો હતા જ પણ 'સર્જક' પણ એવા જ અદ્ભુત કોટિના હતા. ભગવાન શ્રી મહાવીર દેવના ૨૫૦૦ વરસના શાસનમાં ઉત્તમ કોટિના પાંડિત્યપૂર્ણ થોડા ઘણા સર્જક આચાર્યો જે થઈ ગયા તેમાં ઉપાધ્યાયજીનું સ્થાન ઘણું જ જ્વલંત છે. પણ એથી આગળ વધીને તટસ્થભાવે કહું તો કોઈ અપેક્ષાએ વધુ ચમકતું છે. કારણ કે એમને પોતાની માતૃભાષા (જૂની ગુજરાતી)માં પણ શાસ્ત્રવાણી અને ઉપદેશને ઉતારી બાલજીવો ઉપર જે ઉપકાર કર્યો છે તેવો અને તેટલો બીજા સર્જકોએ કર્યો નથી એટલે તેઓ આમ જનતાના પણ સર્જક–ઉપકારક કહેવાયા છે.

---

ઓળખતું, કોઈ અપરનામ તરીકે 'મુક્તિશુક્તિ' ઓળખાવતું હતું, કોઈ કોઈ લેખકોએ પ્રસ્તાવનામાં અથવા તેમની પ્રગટ થયેલી યાદીમાં એ રીતે જ નોંધ લીધી છે પણ હવે અસલ મૂલ પ્રતિ મળતાં આ ગ્રન્થનું ઉપરોક્ત નામ સ્પષ્ટ થઈ જાય છે.

૧. થોડા સમય ઉપર ધર્મમિત્ર મુનિવરશ્રી પુણ્યવિજયજી મહારાજ તરફથી આનંદજનક સમાચાર મળ્યા કે ઉપાધ્યાયજીએ 'અનુયોગદ્વાર'ના આગમ ઉપર ટીકા રચ્યાનો પુરાવો મળ્યો છે.

ઉપાધ્યાયજી કથાકાર બન્યા એટલે કથાઓ કે ચરિત્રોના બે-ચાર ગ્રન્થોનું સર્જન કરવાનું પણ નથી ચૂક્યા. એમાં वैराग्यकल्पलता[1], आर्षभीयचरित[2] विजयोल्लास[3] વગેરે ગ્રન્થો મુખ્ય છે. આ પ્રગટ થઇ રહેલો 'વૈરાગ્યરતિ' ગ્રન્થ એ પણ કથાનો જ ગ્રન્થ છે. ત્યાગી, વૈરાગી, પંચ-[4]મહાવ્રતધારી જૈન મુનિના હસ્તક આ કથા રચાઇ હોવાથી, આ કથા વૈરાગ્યરસપ્રધાન હોય તે સ્વાભાવિક છે અને એથી આ ગ્રન્થનું નામકરણ જે થયું છે તે તેના અર્થમાં અર્થસંગત છે.

એક વાત એ ધ્યાનમાં રાખવી ઘટે કે જૈન સાધુઓની કથા વિવિધ રસો કે નવરસોથી પૂર્ણ હોય, અરે! શૃંગારપ્રધાન કથા હોય એમ છતાં એનો અન્ત વૈરાગ્યરસ કે શાન્તરસમાં જ વિરામ પામવાનો.

આનું પ્રધાન કારણ એ છે કે–માનવી એક દિવસ મૃત્યુને આધીન થવાનો જ છે. પણ એનું 'મૃત્યુ' તેના ભાવિ જન્મોને સુધારી શકે, એ માટે તેને વર્તમાન માનવજીવનને ઉજ્જવલ બનાવવું જ જોઇએ; રખે! જડવાદના પ્રબળ આકર્પક પ્રલોભનો, વિષયની વાસનાઓ, વૈભવ અને વિલાસોની મોહિની, એ બધાયમાં મોહાંધ અને મસ્ત બની વિશ્વભરના લગભગ તમામ દાર્શનિકો, વિદ્વાનો, અવતારી વ્યક્તિઓ અને બુદ્ધિમાનોએ જે જન્મને એકી અવાજે વખાણ્યો છે તે મહાન માનવ જન્મને નિષ્ફળ ગુમાવી ન બેસે! ઊલટું તે માનવતાના શ્રેષ્ઠતમ ગુણોને તેની પૂર્ણતામાં વિકસાવે એટલે કે આચારસ્થ કરી રાજસી, તામસી વૃત્તિઓનું દહન કરી સાત્ત્વિકતાને સોળે કલાએ પ્રગટ કરે, વળી સદાચારી, અને સંસ્કારી બને તેમજ ત્યાગ વૈરાગ્યમય જીવન જીવે અને ધર્માત્મા બની આત્મહિત સાધે.

અન્તે તો આ રસ જ માનવજીવનમાં મુખ્ય કર્તવ્યરૂપ રસ છે. આ રસ જ ઉપાદેય છે. આ કથામાં એ જ રસને પ્રધાન સ્થાન આપવામાં આવ્યું છે. અલબત્ત આ ગ્રન્થ અપૂર્ણ મળ્યો હોવાથી તેનો અન્ત નથી. પણ કથા વૈરાગ્યરસપૂર્ણ છે, એટલે એનો વૈરાગ્ય પ્રવાહ અન્તને આંબીને જ રહ્યો હોય એ સ્વાભાવિક છે.

## પ્રજામાં કથા-વાર્તાનું સ્થાન કેવું છે?

આજે સમગ્ર વિશ્વની વસતી વધીને લગભગ ચારથી પાંચ અબજે પહોંચ્યાનું સંભળાય છે. આમાં દર્શન, તત્ત્વજ્ઞાન, અધ્યાત્મ, ધાર્મિક ચરિત્ર આચારજ્ઞાન વગેરે વિષયો તરફ રસ ધરાવનારી સંખ્યા કેટલી? એવો પ્રશ્ન થાય તો તેનો જવાબ એ અપાય કે કરોડો નહીં., પણ કદાચ અલ્પસંખ્યક એવા લાખોની, જ્યારે કથા–વાર્તાઓ તરફ રસ ધરાવનારની સંખ્યા કેટલી? એવો પ્રશ્ન થાય તો તેનો નિર્વિવાદ જવાબ એ છે કે એની સંખ્યા કરોડોની છે. બીજી રીતે કહીએ તો સેંકડે ૯૦ ટકા પ્રજા કથાપ્રેમી જ હશે, જ્યારે બાકીની દશ ટકા પ્રજા બીજા તમામ વિષયોમાં રસ ધરાવનારી હશે.

---

૧. આ ગ્રન્થ મુદ્રિત થઇ ગયો છે.

૨-૩. બન્ને ગ્રન્થો અમુદ્રિત અવસ્થાવાળા છે.

૪. અહિંસા, સૂનૃત–સત્ય અસ્તેય, અમૈથુન અને અપરિગ્રહ આ પાંચ મહાવ્રતોને પાળનારા.

કથા એ અમર સાહિત્ય છે

આ સૂચવે છે કે ગરીબ કે અમીર, દરિદ્ર કે શ્રીમંત, બાલ કે વૃદ્ધ, સ્ત્રી કે પુરુષ, સંસારી કે ત્યાગી, ચોર કે શાહુકાર, મૂર્ખ કે વિદ્વાન,* શિક્ષિત કે અશિક્ષિત, એમ આબાલગોપાલ પ્રજાને મન, કથા એક રસનો વિષય નહીં પણ આનંદનો-તાજગીનો વિષય છે. ફુરસદનો સમય પસાર કરવાનું એક પ્રબળ સાધન છે. આ કથાપ્રેમ કંઇ આ જમાનાની પેદાશ નથી, પણ અબજો વરસ પહેલાં હતો, આજે છે અને ભવિષ્યમાં પણ રહેશે. એના વજનમાં ફરક પડવાની કોઈ શક્યતા દેખાતી નથી. તાત્પર્ય એ કે કથા એ સહુ કોઈને ખેંચનારૂં પ્રબળ લોહચુંબક છે અને એ સહુનું ધન છે. એ સદાય અમર છે એ નિર્વિવાદ-શાશ્વત સત્ય છે.

## કથાનું એકધારૂં આકર્ષણ શાથી છે?

કથાનું આટલું બધું એકધારું સ્વયંભૂ સ્થાઇ આકર્ષણ માનવ મનને કેમ રહેતું હશે એનો વિચાર કરીએ તો એનાં બે ત્રણ કારણો સમજાય છે. એક તો કથાની ભાષા સરલ, તેનો વિષય સુગમ એટલે ઝાઝી બુદ્ધિની જરૂર નહીં, મગજને કસવાની જરૂર નહીં, વળી કથા માથાનો બામ (દવા) બન્યા વિના સુખપૂર્વક વાંચી અને સાંભળી શકાય.

બીજું કારણ એ છે કે-કથાઓ-વાર્તાઓ પછી તે ચરિત્રો રૂપે હોય, નવલકથા કે નવલિકારૂપે હોય પણ તે બહુધા બાહ્ય માનવજીવનને જ માત્ર નહીં, તેના અંતરને જ નહિ પણ તે ટકરાતી ટકરાતી અન્તરના ઊંડામાં ઊંડા અન્તસ્તલને પણ સ્પર્શી જતી હોય છે. કથામાં માનવજીવનમાં બનતી સુખદુ:ખની સારા-નરસાની અનેક ઘટનાઓને લગતી બાબતો આવતી હોય છે. સાંભળનાર કે વાંચનાર વર્ગને એમાંની કોઈને કોઈ બાબત બહુધા ઓછેવત્તે અંશે સ્થૂલ કે સૂક્ષ્મરૂપે સ્પર્શતી હોય છે. એટલે શ્રોતા કે વાચક એમાં પોતાની જાતને પ્રતિબિંબિત કરી કથા સાથે તાદાત્મ્ય સાધી એક પ્રકારનું સ્વસંવેદન અનુભવે છે અને આ સંવેદન એ જ કથાકર્ષણનું મૂલભૂત તત્ત્વ છે.

કથા દ્વારા બીજી અનેક બાબતો એવી રજૂ થતી હોય છે કે એનાથી અવનવા જ્ઞાનના, સમજનો અનુભવનો વધારો તો થાય છે પણ સાથે સાથે વાંચનાર કે સાંભળનારના જીવનનું સુંદર-ઘડતર કરવામાં કે જીવનયાત્રાના પથપ્રદર્શનમાં તે મહત્ત્વનો ભાગ ભજવે છે. ટૂંકમાં કથા એ સહુ કોઈ માટેનો એક મૂક સધ્યારો છે.

ત્રીજું કારણ એ પણ છે કે કેટલાક વિષયો શુષ્ક હોય છે-નિરસ હોય છે, જ્યારે કથા માટે એવું નથી. કથા સરસ હોય છે-મૃદુ હોય છે, એટલું જ નહીં અનેક રસો યાવત્ નવેય રસોથી ભરપૂર પણ હોય છે. સામાન્ય મનુષ્ય બહુધા બધાય રસોનો પિપાસુ હોય છે, એટલે અને નવરસપૂર્ણ કથાથી તેને પોતાના મનને આનંદ ઉલ્લાસ-ઉત્સાહ અને આશ્ચર્યથી ભરી દેવાની સુલભ તક પણ મળે છે.

## કથાસાહિત્યના ખડકાતા ગંજ

એટલે જ આજે દેશ-પરદેશમાં જ્યાં જુઓ ત્યાં કરોડોની સંખ્યામાં કથાસાહિત્ય ખડકાઈ રહ્યું છે અને આજે બહુધા એની જ બોલબાલા છે. આ ક્ષેત્રના જાણકારોના કહેવા મુજબ સેંકડે ૯૦ ટકા પુસ્તકો કથાસાહિત્યના પ્રગટ થઈ રહ્યા છે, જ્યારે ૧૦ ટકામાં બાકીનું બધું સાહિત્ય પ્રગટ થઈ રહ્યું છે. આ ઉપરથી કથા સાહિત્યનો આમ જનતા ઉપર કેવો જબરજસ્ત પ્રભાવ છે તેનો ખ્યાલ મળી રહે છે.

## જૈન દર્શનમાં ચાર અનુયોગોનું સ્થાન અને તેની વ્યાખ્યા

[1]જૈન આગમશાસ્ત્રોમાં જે વર્ણન આવે છે તે તમામનો સમાવેશ ચાર પ્રકારના અનુયોગમાં કરવામાં આવે છે : ૧. દ્રવ્ય ૨. ગણિત ૩. ચરણ-કરણ અને ૪. ધર્મકથા. અનુયોગની દૃષ્ટિએ दृष्टिवाद ને દ્રવ્યાનુયોગમાં, અને सूर्यप्रज्ञप्ति ને ગણિતાનુયોગમાં, आचारांग

૧. વર્તમાન શ્વેતામ્બર સમ્પ્રદાયમાં અનુયોગનો ક્રમ વહેવારમાં ઉપર જણાવ્યા પ્રમાણે લખવા- બોલવાનો ચાલે છે. પણ શાસ્ત્રમાં-આવશ્યક મૂલભાષ્યમાં પહેલો ચરણકરણાનુયોગ અને તે પછી બીજો ધર્મકથાનુયોગ જણાવ્યો છે.

બીજી વાત એક સમજવી જરૂરી છે કે આવશ્યકનિર્યુક્તિ ચૂર્ણિ (૪૧૨) વસુદેવહિંડિ, પંચકલ્પ નંદી, સમવાયાંગ આદિ ગ્રન્થોમાં મૂલપ્રથમાનુયોગ, અને પ્રથમાનુયોગ આ નામના સિદ્ધાન્ત ગ્રન્થો હતા, જેમાં તીર્થંકરોનાં, એમના પરિવારનાં વર્ણનો, ચક્રવર્તી આદિનાં વર્ણનો હતાં એવું જણાવ્યું છે. આ કથાનુયોગના ગ્રન્થને 'પ્રથમાનુયોગ' નામ આપ્યું હોવાથી એમ સમજાય છે કે પ્રાચીનકાળમાં ચાર અનુયોગોમાં 'ધર્મકથાનુયોગ'ને પ્રથમ સ્થાન અપાયું હશે અને પછી ક્રમશઃ બીજા અનુયોગોનું સ્થાન હશે, જો આ વાત બરાબર હોય તો કથાસાહિત્યનું મહત્ત્વ કેટલું હશે તેનો ખ્યાલ આવી જશે.

અરે! દિગમ્બર પરંપરામાં તો આજે પણ કથાનુયોગની જગ્યાએ પહેલા અનુયોગનું નામ 'પ્રથમાનુયોગ' જ છે, અર્થાત્ ત્યાં તેનો ક્રમ ૧. પ્રથમાનુયોગ ૨. કરણાનુયોગ ૩. ચરણાનુયોગ ૪. (છેલ્લો) દ્રવ્યાનુયોગ આ રીતે છે. જો કે એમને 'ગણિતાનુયોગ' નામ સ્વીકાર્યું નથી. પણ જૈન ગણિતમાં करण શબ્દથી ઓળખાવાની એક ગણિતપદ્ધતિ છે. અને આ પદ્ધતિ ગણિતાનુયોગનું જ અંગ હોવાથી બીજા યોગમાં એની ગણત્રી કરવામાં આવી છે. અહીં કરણનો અર્થ શ્વેતામ્બર માન્ય લેવાનો નથી. વળી સાથે સાથે ગુણસ્થાનકાદિ કર્મ સંબંધી વિગતોને એમાં સ્થાન અપાયું છે એટલે આ બીજા અનુયોગમાં દિગમ્બર વિદ્વાનોએ બંને વિષયોને આવરી લીધા છે. બાકી તો દરેક અનુયોગમાં ઓછેવત્તે અંશે બાકીના ત્રણેય અનુયોગોને પ્રકીર્ણક રીતે સ્થાન મળ્યું જ હોય છે.

શાસ્ત્રમાં જણાવ્યું છે કે પ્રાચીન કાળમાં આગમોનું દરેક સૂત્ર ચારે અનુયોગોથી મિશ્રિત હતું અર્થાત્ પ્રત્યેક સૂત્રમાં ચારે અનુયોગો ગોઠવાએલા હતા. ગીતાર્થ સ્થવિરો-શિષ્યોને સૂત્રાર્થનું જ્ઞાન આપતા ત્યારે ચારેય અનુયોગો ઘટાવતા હતા અને સાથે સાથે નય, પ્રમાણ, સપ્તભંગી પણ ઘટાવતા હતા. પણ કાલના પ્રભાવે જેમ જેમ બુદ્ધિબળ-સ્મરણશક્તિ સાધુઓની ક્ષીણ થવા લાગી તે જોઈને વીર નિર્વાણના છઠ્ઠા સૈકામાં થએલા આર્યરક્ષિતસૂરિજીએ દરેક સૂત્રમાં રહેલા ચારે અનુયોગોને વિભક્ત કરી નાંખ્યા. એ વિભક્ત થયા એટલે પછી વિદ્યમાન આગમોને પણ પૃથક્ પૃથક્ અનુયોગોમાં વિભક્ત કર્યા. જેમકે આચારાંગ, દશવૈકાલિક વગેરે સૂત્રોની વ્યાખ્યા કરવી હોય તો માત્ર ચરણ-કરણાનુયોગથી જ કરી શકો. વળી સૂત્રોને પણ કાલિક અને ઉત્કાલિક વિભાગ તરીકે વિભક્ત કરી નાંખ્યા.

વગેરે ૧૧ અંગો અને છેદસૂત્રો વગેરેને ચરણ-કરણાનુયોગમાં અને ऋषिभाषित વગેરેને ધર્મકથાનુયોગમાં સ્થાન આપવામાં આવ્યું છે. આ એક સ્થૂલ દૃષ્ટિએ પડાતો વિભાગ છે.

૧. દ્રવ્યાનુયોગમાં=તાત્ત્વિક પદાર્થોની વ્યાખ્યા અર્થાત્ આત્મા, કર્મ-જીવ-અજીવાદિ નવે તત્ત્વોનું ચૌદરાજલોકરૂપ વિશ્વ સ્વરૂપનું વર્ણન હોય છે.

૨. ગણિતાનુયોગમાં=ગણિતશાસ્ત્રને લગતી પ્રક્રિયાઓ હકીકતો,-ખગોળ ભૂગોળને લગતા વિષયો.

૩. ચરણકરણાનુયોગમાં=ચરણ એટલે ચારિત્ર, કરણ એટલે પાલન. ચરણ એટલે શ્રેષ્ઠ જીવન જીવવાના મહાવ્રતો, અણુવ્રતો નિયમો-જેને ચારિત્ર સદાચરણ કહેવામાં આવે છે તે. અને કરણ એટલે તે ચરણ-આચરણનું પાલન કેવી રીતે થઈ શકે? તે અંગેની જુદી જુદી કક્ષાના જીવો, સાધકોને અનુલક્ષીને યોજાયેલી આચરણની વિવિધ પ્રક્રિયાઓ. આ રીતે પવિત્ર ચરિત્રમય જીવન શું છે? અને એવા જીવનનું પાલન કેમ કરવું? વગેરેનો સમાવેશ આમાં થાય છે.

૪. કથાનુયોગમાં=ચરણકરણાનુયોગનું કોણે, કેવી રીતે પાલન કર્યું? કોણે કોણે કેવી મુશ્કેલીઓ, આવેલા પરીષહો-ઉપસર્ગો, કષ્ટો વગેરેને સહન કરીને સાધનાનો પાર પામી ગયા, એ બધાયના જીવનચરિત્રો અને સાધના કરતાં કરતાં કયા કારણે કેવી રીતે પતન થયાં એનાં વર્ણનો પણ હોય છે.

આ ચારેય[1] અનુયોગમાં પ્રથમના બે જ્ઞાન સાથે સંબંધ ધરાવે છે. જ્યારે વર્તન-આચરણ સાથે સંબંધ ધરાવતો યોગ ચરણ-કરણ જ છે અને મોક્ષકાંક્ષી આત્માને એની જ આરાધના કરવાની છે અને એ આરાધનાની સમજણ અને તેની પુષ્ટિ માટે, એને લગતું અનુયોગ-સાહિત્યનું સેવન કરવાનું છે. આ ચરણકરણની સાધના, ધર્મકથા એટલે સાધકાત્માઓના પ્રેરક દૃષ્ટાન્તોની જાણ વિના મુશ્કેલીભરી બની જવા સંભવ છે. એટલે ત્રીજા યોગને સારી રીતે આચરવો હોય, અરે! એ તરફ પ્રજાને ખેંચવી હોય તો તે માટે પણ ચોથા કથાનુયોગને જ નોતરવો પડશે. એના વિના હરગીઝ નહિ ચાલે એટલે શાસ્ત્રકારોએ સાપેક્ષ દૃષ્ટિએ ચારેય યોગમાં કથાનુયોગને સહુથી પ્રાધાન્ય સ્થાન આપ્યું છે તે આ જ કારણે છે. અરે! વધુ કહીએ તો બાકીના ત્રણેય અનુયોગોને ખેંચી લાવનારો આ અનુયોગ છે, એટલે આ અનુયોગ એ કંઈ જેવી તેવી તાકાત ધરાવનારો અનુયોગ નથી. બહારથી સાદો સામાન્ય લાગતો અનુયોગ પણ આંતરિક રીતે ઊંડો, મર્મભેદી, ભલભલા કઠોર કાળજાને પણ કંપાવનારો, ભલભલા લોખંડી હૈયાને પણ મીનની માફક પિગળાવી નાંખનારો, પ્રજાનું અદ્‌ભુત વશીકરણ કરાવનારો, અનેરી તાજગી બક્ષનારો અને પ્રચણ્ડ તાકાત ધરાવનારો છે, મારા પ્રસ્તુત વિધાનો મેં શ્રોતા-વક્તા બંનેના અનુભવના આધારે ટાંક્યા છે.

---

૧. દ્રવ્યાનુયોગ અને ગણિતાનુયોગ જેવા વિષયો માટે બૌદ્ધોમાં अभिधम्मपिटक ધર્મકથાનુયોગ માટે सुत्तपिटक અને ચરણકરણાનુયોગ માટે विनयपिटक ગ્રન્થો રચાયા છે.

ત્રીજો આગમ 'ઠાણાંગ[1]' છે. એમાં ક્રમ વ્યત્યય કરીને કથાના ત્રણ પ્રકારો બતાવ્યા છે. ૧. અર્થકથા ૨. ધર્મકથા અને ૩. કામકથા.

૧૪૪૪ ગ્રન્થોના કર્તા મહાન અને અજોડ ભારતીય ગ્રન્થકાર શ્રી હરિભદ્રસૂરિજીએ 'સમરાઈચ્ચકહા[2]' નામના ગ્રન્થમાં ચાર પ્રકારો નોંધ્યા છે. ત્રણ તો આગમોક્ત ઉપર કહ્યા તે જ અને ચોથા પ્રકારમાં 'સંકીર્ણકથા'ને ઉમેરતાં ચાર.

સિદ્ધહસ્ત અદ્‌ભુત કલ્પનાકાર શ્રી સિદ્ધર્ષિજીએ 'ઉપમિતિભવપ્રપંચકથા[3]'માં શ્રી હરિભદ્રસૂરિજી કથિત ચાર પ્રકારોને જ સ્વીકાર્યા છે.

દાક્ષિણ્યાંકચિહ્ન, રસપૂર્ણ સંકીર્ણકથાને કહેનારા ઉદ્દ્યોતનસૂરિજીએ પણ કુવલયમાલાની પીઠિકામાં હરિભદ્રોક્ત ચારેય પ્રકારને માન્ય રાખ્યા છે. એમ છતાં એમને બીજી રીતે પાંચ પ્રકારો પણ વર્ણવ્યા છે. ૧. સંપૂર્ણકથા[4] ૨. ખંડકથા ૩. ઉલ્લાપકથા ૪. પરિહાસકથા અને ૫. વશકથા. આમ કહીને તેઓશ્રી નોંધે છે કે આ પાંચેય પ્રકારોને જે વાર્તામાં સ્થાન મળ્યું હોય તેવી વાર્તાને 'સંકીર્ણકથા' કહેવાય છે.

બીજી રીતે એમને એમ પણ કહ્યું કે, ધર્મકથા માત્ર ધર્મકથારૂપે ન રહેતાં, વચમાં અર્થ અને કામ અંગેના વિષયને લગતી વાર્તા–વિચારણા કહેવાએલી હોય ત્યારે (તે સ્વતંત્ર ધર્મકથા રહેતી ન હોવાથી પુનઃ) તે કથા પણ '[5]સંકીર્ણકથા' બની જાય છે.

વધારામાં કુવલયમાલામાં ધર્મકથાના ચાર[6] પ્રતિપ્રકારો બતાવ્યા છે. ૧. આક્ષેપિણી ૨. વિક્ષેપિણી ૩. [7]સંવેગજનની ૪. [8]નિર્વેદજનની. આના ૧૬ પ્રપ્રતિપ્રકારો પણ ઠાણાંગમાં નોંધ્યા છે. આખરે તો સોળે પ્રપ્રતિપ્રકારોના વિષયો દ્વારા જ ધર્મકથાઓ વર્ણવી શકાય છે. છતાં વિશેષ બોધ માટે ઉપપ્રકારો, ઉપપ્રપ્રકારો વર્ણવવાની એક પ્રથા છે.

---

૧. तिविहा कहा..........अत्थकहा, धम्मकहा, कामकहा. —ઠાણાંગસૂત્ર ઉ. ૩. સૂ. ૧૮૯

૨. જુઓ समराइच्चकहा ભવ પહેલો.

૩. જુઓ 'કુવલયમાલા'નો પ્રારંભનો પ્રસ્તાવ.

૪. શું સંપૂર્ણકથા અને સકલકથા બંને સમાનાર્થક છે ખરી?

૫. જુઓ 'કુવલયમાલા' પ્રારંભિક પીઠિકા.

–હેમચંદ્રાચાર્યજીએ સ્વોપજ્ઞ હૈમ કાવ્યાનુશાસનની 'અલંકાર ચૂડામણિ વૃત્તિ'માં સંકીર્ણ કથાનું લક્ષણ 'समस्त फलान्तेति वृत्तवर्ण्णना' દર્શાવીને ઉદાહરણ તરીકે 'સમરાદિત્ય'નો નામોલ્લેખ કર્યો છે.

૬. ઉપરોક્ત પ્રકારો ઠાણાંગ (ઠા. ૪, ઉ. ૨, સૂત્ર ૨૮૨)માં બતાવ્યા છે. તેના આધારે જ ઉપરોક્ત નોંધ લેવાઈ હોય તેમ સંભવિત છે.

૭. ઠાણાંગમાં સંવેદની નામ છે.

૮. ઠાણાંગમાં નિર્વેદની નામ છે.

ઉપર જાણી આવ્યા કે મુખ્યત્વે કથાના ચાર પ્રકારો છે અને તે સહુને માન્ય રહ્યા છે, એટલે હવે ચારેય કથાઓનો વિષય શો? એ જરા વિસ્તારથી સમજી લઇએ.

## મુખ્યત્વે કથાના પ્રકાર ચાર છે

**અર્થકથા**—જેમાં મુખ્યત્વે ધનોપાર્જન શી રીતે થઇ શકે? તે અંગેના ધંધા-વ્યાપારો કયા કયા છે? ધંધો ધીકતો કઇ રીતિ નીતિથી ચાલે, ધનપ્રાપ્તિના માર્ગો કયા કયા? વ્યાપારમાં કલાકૌશલ્ય કેવું કેવું જોઇએ, આવનાર ગ્રાહકોને કઇ રીતે આકર્ષવા અને જીતવા, યુદ્ધો, ઝઘડાઓ, ધાતુઓ, ઝવેરાતની બાબતો તથા સુવર્ણસિદ્ધિ વગેરેના પ્રયોગો, વિવિધ વિદ્યાકલા, શિલ્પો, ઉદ્યોગો અંગેનું જ્ઞાન, સામ, ભેદ, દાન, દંડાદિ નીતિઓની સમજ, વગેરે વગેરે સેંકડો બાબતો જેમાં હોય તે અર્થકથા. [1]કૌટિલ્ય અર્થશાસ્ત્ર વગેરે ગ્રન્થો અર્થશાસ્ત્રને લગતા છે.

૨. **કામકથા**—જેમાં મુખ્યત્વે કામશાસ્ત્રને લગતો વિષય હોય તે અને તે અંગેની અર્થાત્ મૈથુન સુખ (જાતીય સુખ)નો આનંદ કેવી રીતે માણવો તે અને તે અંગેની તમામ બાબતો જેમાં વર્ણવી હોય. રસ તરીકે જેમાં શૃંગારરસની પ્રધાનતા હોય. વળી સ્ત્રીના રૂપ રંગ, વેશભૂષા અને તેનાં અવયવોનાં વર્ણનો, સ્ત્રીઓના અને પુરુષોના વિવિધ પ્રકારો, કામની ભરતીનાં સ્થાનો, પ્રેમપત્રો કેમ લખવા, સ્ત્રીઓનું આકર્ષણ અને વશીકરણ કેમ થાય? તેનું વ્યાપક દૃષ્ટિએ વર્ણન, સ્ત્રીસંવનન કેમ કરવું અને તેને કેમ મેળવવી તે, કામોત્તેજક ઓષધો, ઉત્તેજના કયા કયા કારણે થાય, વિષયવાસના કેમ જન્મે, તે કેમ પુષ્ટ થાય અને તેની તૃપ્તિ કેમ થાય? વાજીકરણના પ્રયોગો, તેને લગતાં મંત્ર-તંત્રો, અશ્લીલ ચિત્રો, વાસનાને બહેકાવનારી કથા-વાર્તા, પ્રસંગો, લલિત કળાઓ, સૌન્દર્યવર્ધક ઉપાયો અને પ્રસાધનો, સ્ત્રીના શણગારો, સ્ત્રીની ૬૪ [2]અને પુરુષની ૭૨ કલાઓનું વર્ણન, સ્ત્રી જાતિની દેશાચાર પરત્વેની ખાસીયતો, નારીમહિમા વગેરે વગેરે હજારો રીતે જેમાં વર્ણનો થતાં હોય તે. આને લગતા ગ્રંથો ભારતીય વિદ્વાનોએ પ્રાચીનકાળમાં ઢૂંકીબંધ બનાવ્યા છે અને આજે પણ નવનવા પ્રકાશિત થતા રહે છે. મુખ્યત્વે આ જાતના ગ્રંથોને કામશાસ્ત્રથી ઓળખાવાય છે.[3]

૩. **ધર્મકથા**—જેમાં મુખ્યત્વે ધર્મ કોને કહેવાય અને ધર્મની પ્રાપ્તિ કેમ થાય, અને તે કોને કેવી રીતે થઇ? તેનું દૃષ્ટાંત વગેરે હોય તે. માનવ જાતને દુર્ગતિમાં જતાં બચાવી સદ્ગતિએ મૂકે, ધારણ-પોષણ કરે, તે ધર્મ. ધર્મના પ્રકારો, વળી જેમાં ક્ષમા, માર્દવ આદિ દશ પ્રકારના ધર્મો, અનુકંપા, સુપાત્રદાન, દાન, શીલ, તપ અને ભાવની તેમજ અહિંસા, સત્ય,

---

૧. પ્રાચીન કાળનો આ સુપ્રસિદ્ધ ભારતીય ગ્રન્થ છે. આજે તો હજારો ગ્રન્થો વર્તમાન અર્થ નિષ્ણાતોના લખેલા બહાર પડ્યા છે અને તેનું કોલેજો વગેરેમાં વિશાળ પ્રમાણમાં જ્ઞાન અપાય છે.

૨. કલાની સંખ્યામાં ઈતર ગ્રંથોમાં ફેરફાર આવે છે. આ એક પ્રચલિત સંખ્યા છે.

૩. સર્વસામાન્ય જ્ઞાનવાળો હોવા છતાંય અત્યન્ત જાણીતો એક ગ્રંથ 'કોકશાસ્ત્ર' તે કાશ્મીરના કોક પંડિતે બનાવેલ હોવાથી તેના નામથી ઓળખાય છે. આ ગ્રંથ એટલો બધો વ્યાપક થઇ ગયેલો હતો જેથી આ વિષયના બીજા પંડિતે બનાવેલા કામશાસ્ત્રોને પણ કોકશાસ્ત્રથી જ ઓળખાવાની પ્રથા પડી ગએલી.

અસ્તેય, બ્રહ્મચર્ય, અને અપરિગ્રહ વગેરે પાંચ મહાવ્રતો તથા પાંચ અણુવ્રતોની અર્થાત્ સર્વવિરતિ અને દેશવિરતિ ધર્મની વાતો હોય, જીવ, અજીવ, પુણ્ય, પાપ, આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, મોક્ષ વગેરે તત્ત્વોની વિગતો હોય, મોક્ષ સહિત પાંચ ગતિનું વર્ણન હોય, સમ્યક્ત્વ, પૌષધ, પ્રતિક્રમણ, દેવગુરુની ઉપાસનાને તથા સાત ક્ષેત્રોને લગતી વાતો હોય. આત્મા શું, કર્મ શું, બંને વચ્ચેનો સંબંધ શું, સંબંધ થવાથી શું થાય. તે છૂટે ક્યારે? રાગદ્વેષ કેમ ઘટે, વિષયકષાયો શું છે, અને તેનો ઉપશમ કેમ થાય તેવી વાતો હોય, ટૂંકમાં વીતરાગદશા તથા સર્વજ્ઞ પદ અપાવે, આત્માને નિર્મળ કરે, સન્માર્ગે ચઢાવે અને યાવત્ નીતિમય પ્રામાણિક જીવન કેમ જીવાય, તપ, ત્યાગ, સંયમની, અનેકાંતદૃષ્ટિની, ગુણસ્થાનકની, આઠેય કર્મોની, હકીકતો હોય, સામાન્ય આત્મામાંથી પરમાત્મા કેમ બનાય તેની પ્રક્રિયા, આ બધું જણાવ્યું હોય.આમ અનેક પ્રકારની મુક્તિપ્રદ ધાર્મિક આધ્યાત્મિક બાબતોનું વિવિધ રીતે વર્ણન હોય.

આ ધર્મકથાનાં જૈન આગમોની દૃષ્ટિએ વિચારીએ તો સામાન્ય રીતે (કથાનુયોગમાં) ज्ञाताधर्मकथा[1], उपासकदशा, अंतकृद्‌दशा, अनुत्तरौपपातिकदशा અને विपाक આટલા અંગોને સૂચવી શકાય. આ ગ્રંથોમાં ધર્મકથાનું પ્રાધાન્ય છે.

જરા ઊંડાણથી ગંભીર ભાવે સમજવા જેવી બાબત એ છે કે, અધ્યાત્મપ્રધાન, કે તાત્ત્વિકજ્ઞાનપ્રધાન જૈન ધર્મના આગમશાસ્ત્રો પૈકીના મુખ્ય અંગભૂત ગણાતા અત્યારે વિદ્યમાન ૧૧ અંગ પૈકી અંગભૂત પાંચ આગમો તો કથાનુયોગના જ છે.

## કથા દ્વારા અપાતા બોધની અસરો

સુજ્ઞ શાસ્ત્રસર્જકો સમજતા હતા કે ધાર્મિક, આધ્યાત્મિક કે તાત્ત્વિક જ્ઞાન પણ કથા દ્વારા સરલતાથી પીરસી શકાય છે. કથા દ્વારા તેની અસર પણ સુંદર થાય છે. ભારેખમ જેવું જ્ઞાન પણ કથાના માધ્યમ દ્વારા સરલ અને હળવું બની જાય છે. લેનારા ઉમળકાથી–હોંશથી તે મેળવી શકે છે. એથી જ આ રીતે અપાતો બોધ આજની ઉક્તિમાં નોંધીએ તો ગમ્મત સાથે જ્ઞાન જેવો છે.

## કથા એ સુપાચ્ય ખાદ્ય છે

તાત્ત્વિક જ્ઞાન સૂક્ષ્મ બુદ્ધિથી ગ્રાહ્ય છે. આધ્યાત્મિક વિકાસમાં આગળ વધેલાઓથી શ્રાવ્ય ગ્રાહ્ય છે, એટલે આ જ્ઞાનો મિષ્ટાન્ન–દુધપાક જેવાં છે, એથી તે ભારે છે. પરિણમન થતાં અર્થાત્ પચતાં વાર લાગે તેવાં છે. વળી આ ભારે જ્ઞાન સહુ ખાઈ શકે તેમ હોતું નથી. જે ખાય તે બધા જ પચાવી શકે છે તેમ પણ હોતું નથી.

જેમ ગરિષ્ઠ–ભારે ખોરાક બધા જ ખાઈ શકે છે તેવું નથી હોતું, તેમ ખાનારા બધા જ પચાવી જાણે છે એમ પણ નથી હોતું. એટલે પ્રસ્તુત ખોરાક જોડે, પાચન થાય તેવાં

---

૧. આ આગમનું માન આજે તો અલ્પ છે પણ પ્રાચીન કાળમાં સાગર જેવડું વિશાળ હતું. પ્રાચીન નોંધ એમ બોલે છે કે એમાં ૩॥ કરોડ મૂલ કથાઓ અને તેટલી જ અવાન્તર કથાઓ હતી.

દ્રવ્યો–મસાલાઓવાળી ખાદ્ય વાનગીઓ બનાવાય છે. અને તે ઉપરાંત ખાધા પછી નાગરવેલનાં પાન, સોપારી વિવિધ મુખવાસો, પાચન ચૂર્ણો આદિ સ્વાદિમ દ્રવ્યોનો ઉપયોગ કરાય છે, ત્યારે ખાધેલો ખોરાક હજમ થઈને આરોગ્ય કે પુષ્ટિપ્રદ બને છે. એ જ રીતે જનહૈયાંની વાસ્તવિક પરિસ્થિતિના જ્ઞાતા શાસ્ત્રકારોએ મિષ્ટાન્નાદિ જેવા દ્રવ્યાદિ ત્રણેય અનુયોગના જ્ઞાનાભ્યાસમાં જીવ જોડાઈ જાય અને જોડાયેલા હોય તે કંટાળી ન જાય, એનાં અપચો–અજીર્ણ કે અરૂચિ ન થાય એટલા માટે પણ કથાનુયોગને સામેલ કર્યો છે. જેથી તત્ત્વજ્ઞાન ભારે ન પડે. તે જલદી પચી જાય એટલે કે સમજાઈ જાય અને એની ભૂખ સદાયને માટે રહ્યા જ કરે.

ખરેખર! કથાનું માધ્યમ મોટા ભાગના ખાદ્યોમાં ઉપયોગી સબરસ-નીમક (મીઠા)ની જેમ બાકીના ત્રણેય યોગમાં, અનેક ક્ષેત્રમાં, અતિશ્રેષ્ઠ અને સુંદર કામગીરી બજાવનારું છે અને સ્વતંત્રપણે સાચા અર્થમાં માનવીને માનવી બનાવનારૂં છે.

ધર્મકથાનુયોગમાં આગમેતર અનેક જૈન ગ્રન્થો છે. જે સંકીર્ણ કથાના પ્રકારને અન્તે નોંધીશું.

૪. **સંકીર્ણકથા**—સંકીર્ણ એટલે [૧]મિશ્ર કથા. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય લક્ષણ-વિષયોથી યુક્ત હોય તે. આવી કથાઓમાં અવરનવર ત્રણેયને લગતું જ્ઞાન, ત્રણેયને પરસ્પર અવિરોધીપણે કેમ સ્થાન આપવું, તેને વહેવારૂ કેમ બનાવવા? એની સમજણ આપેલી હોય છે વળી જેમાં જૈન-અજૈન શાસ્ત્રના આધારે તેનાં કારણો, તર્કો, દલીલો દૃષ્ટાન્તો દ્વારા ત્રણેયની કુશળતા પૂર્વક પુષ્ટિ કરવામાં આવી હોય છે.

સંકીર્ણ કથાના ગ્રન્થો તરીકે અનેક નામો રજૂ કરી શકાય. બહુધા બૃહત્કથાઓ સંકીર્ણ પ્રકારની હોય છે. વળી [૨]પ્રથમાનુયોગ, વસુદેવહિણ્ડી, તરંગવઈ, પઉમચરિયં, ચઉપન્ન-મહાપુરિસચરિયં, સમરાદિત્ય કથા, ઉપમિતિભવપ્રપંચા, તિલકમંજરી, કુવલયમાલા, મર્યાદિત માનવાળી કથાઓ, જીવનચરિત્રો આ ગ્રન્થો ખાસ કરીને ધર્મકથાનું સ્થાન લઈ શકે કારણ કે એમાં અર્થ અને કામની વાતનું સ્થાન પ્રાયઃ નથી હોતું, હોય તો નહીંવત્ મુખ્યધ્વનિ કે મુખ્ય પ્રવાહ ધર્મકથાને લગતો જ હોય છે. જૈનેતરોમાં કથાના ગ્રન્થો તરીકે મુખ્યત્વે

---

૧. કથાગ્રન્થો બહુધા 'સંકીર્ણ' પ્રકારના હોય છે. વાર્તાઓ જે કહેવાય છે તે પણ એ જ પ્રકારની બહુધા હોય છે.

૨. આ શલાકા આદિ પુરુષોની કથાથી સમૃદ્ધ એક ગ્રન્થ હતો. આજે તે વિદ્યમાન નથી, સૈકાઓથી અનુપલબ્ધ છે પણ અન્ય આગમ અને આગમેતર ગ્રન્થોના વિવિધ ઉલ્લેખથી સ્પષ્ટ જાણી શકાયું છે કે, આ નામનો તીર્થંકરાદિ પુરુષોનાં જીવનચરિત્રો-કથાઓને લગતો એક મહાગ્રન્થ છે. પ્રસ્તુત 'પ્રથમાનુયોગ'નો નામોલ્લેખ કર્યો હોય તેવા ગ્રન્થોમાં પંચકલ્પચૂર્ણી, આવશ્યકનિર્યુક્તિચૂર્ણી અને તેની હારિભદ્રીયાવૃત્તિ, વસુદેવહિણ્ડી આદિ છે. જો કે સમવાયાંગસૂત્રકાર અને નંદીસૂત્રકારે પ્રથમાનુયોગની આગળ 'મૂલ' શબ્દ વધારી 'મૂલ પ્રથમાનુયોગ' એવો ઉલ્લેખ કર્યો છે પણ બન્નેનો વિષય એક જ હતો. 'મૂલ'વાળો ગ્રન્થ સૂત્રકાલીન અને તે વિનાનો ગ્રન્થ તેથી ઉત્તરકાલીન સમયનો છે અને જાણવા પ્રમાણે તેના કર્તા સ્થવિર આર્યકાલક હતા.

રામાયણ મહાભારત[1], પુરાણો વગેરેને અને બૌદ્ધોમાં સુત્તપિટક તથા જાતક કથાઓને નિર્દેશી શકાય.

અહીંઆ પ્રાચીન કાળના આ આર્ય ધરતીના વિદ્વાનો અને લેખકોના ચિત્તમાં કઇ વસ્તુ કેન્દ્ર સ્થાને હતી, તેમજ એમનો આદર્શ કેવો મહાન અન સમાન હતો એ તરફ વાચકોનું ધ્યાન ખેંચવા માગું છું.

## પ્રાચીન ગ્રન્થકારોનું મુખ્ય ધ્યેય શું રહેતું હતું?

આસ્તિક્ય ગણાતા ભારતીય દર્શનના વિવિધ વિષયોનાં પુસ્તકો-જેમકે વ્યાકરણ, ન્યાય, સાહિત્ય, અલંકાર, આયુર્વેદ, શિલ્પ, જ્યોતિષ, અર્થશાસ્ત્ર યાવત્ કામશાસ્ત્રો, રચનારા ગ્રન્થકારોએ પોતાના ગ્રન્થની રચનાનો ઉદ્દેશ શો છે? તેનો ગ્રન્થારમ્ભમાં જ ખ્યાલ આપતા બહુધા **धर्मार्थकामसाध्य** આ, કે આના ભાવને વ્યક્ત કરતું જ કોઇ વાક્ય નોંધ્યું હોય છે. એમાં તેઓ **धर्म** શબ્દને જ અગ્ર સ્થાન આપે છે. આથી આ દેશમાં ધર્મ પ્રત્યે કેવું બહુમાન, આદર અને અહોભાવ હતો તેનું સ્પષ્ટ દર્શન થાય છે. પ્રાચીન કાળના એટલે બહુ પ્રાચીન કાળના નહિ, નજીકના કાળના વિદ્વાનો, લેખકો, અધિકારીઓ, રાજા-મહારાજાઓ અને સામાન્ય રીતે કહીએ તો અસંખ્ય પ્રજાજનોના હૃદયમાં કેન્દ્રસ્થાને 'ધર્મ' રહેતો હતો અને 'અર્થ-કામ' તેને ફરતા હતા. કેન્દ્રની રક્ષા-મહત્તા અને આદર જાળવીને જ ફરતા અર્થ-કામની પ્રાપ્તિ રક્ષા કે ઉપભોગ વગેરે થતું હતું. આજે (આઝાદી પછી પ્રબળપણે) માનવીએ બહુધા કેન્દ્ર સ્થાને અર્થ અને કામને પ્રતિષ્ઠા આપી છે. અને ધર્મને ફરતો મૂક્યો છે. આમ ઊલટી ગંગા વહાવી છે અને એનાં અનેક માઠાં અને કટુ પરિણામો જોઇ શકીએ છીએ.

## ધર્મકથાનું મહત્ત્વ

ગ્રન્થકાર 'ધર્મ' શબ્દ મૂકીને, બે-ત્રણ વસ્તુ ધ્વનિત કરવા માગે છે. પ્રથમ એ કે અર્થ કામની પ્રાપ્તિનું મૂલ ધર્મ છે. ધર્મ એ જ અર્થાદિનું કારણ છે. માટે મૂલ વિના શાખા-પ્રશાખા ક્યાંથી? (**मूलं विना कुतः शाखा**) એ વાતને સૂચિત કરે છે. બીજું ધર્મને માટે જ અર્થકામ છે એ ખ્યાલ ન ચૂકજો એ કહેવા માગે છે. ત્રીજી વાત એ કે તમારી અર્થ-કામને લગતી કોઈ પણ પ્રવૃત્તિને ધર્મના પુટથી પુટિત કરતા રહેજો-ધર્મના રંગથી રંગતા રહેજો-ધર્મભાવનાના મસાલાથી મિશ્રિત કરતા રહેજો, જેથી અહિંસા, સત્ય, દયા, નીતિમત્તા, પ્રામાણિકતા અને માનવતાના સદ્‌ગુણો ટકી રહેશે.

તમારું મન કે તમારો આત્મા, ક્રૂરતા, અનીતિ, અપ્રમાણિકતા અને દાનવતા જેવા દુર્ગુણોનો શિકાર નહીં બને, પરિણામે બીનજરૂરી પાપપ્રવૃત્તિઓથી બચી જવાશે, સુંદર જીવન જીવાશે અને પરસ્પર પ્રેમ, સંપ, ભાઇચારો અને વિશ્વબંધુત્વની ભાવનામાં વધારો થતો રહેશે.

---

૧. આ સિવાય બૃહત્કથાસાગર વગેરે, તેમજ પરદેશના અરેબિયન નાઇટસ વગેરે સુપ્રસિદ્ધ કથાગ્રન્થો પણ છે પણ તે ધર્મકથામાં ગણી શકાય નહિ.

ગ્રન્થકારોનો ઉદ્દેશ-માનવ જાતને ત્રણેય પુરુષાર્થનું પરિજ્ઞાન કરાવવાનો અને ગૃહસ્થાશ્રમીઓને ત્રણેય માટે પુરુષાર્થ કરવાનું જણાવવાનો હોય છે પણ મુખ્યત્વે તમે ધર્મની પ્રધાનતા જાળવીને કરજો એ વાતને ખાસ ધ્વનિત કરવાનો છે.

કોઈ કોઈ ગ્રન્થમાં તો **નિઃશ્રેયસાભ્યુદય** વગેરે શબ્દો ઉમેરીને જીવનનું અંતિમ ધ્યેય સાફસાફ શબ્દોમાં સૂચવી દીધું છે. ધર્મ કરી શકવાના કારણે જ મહામૂલા ઉચ્ચ ગણાતા માનવ જીવનનું ધ્યેય ટૂંકું નથી પણ ઉદાત્ત અને મહાન છે. એને આ ૮૪, લાખના પરિભ્રમણને અંતે સંપૂર્ણ, નિર્મળ અને શાશ્વત સુખ-આનંદ અને શાંતિના ધામરૂપ મુક્તિ-મોક્ષ આત્માનો કરવો જ પડશે જો સુખ અને શાંતિ ખપતી હશે તો!

## આજના ધર્મબંધુ લેખકોને વિનમ્ર વિનંતિ

ભારતની આઝાદી પછી પરદેશી સાહિત્ય, ફિલ્મો અને પરદેશના પ્રવાસને અન્તે આવતી વાતોથી કેટલાક લેખકો તેની અસર નીચે આવી ગયા છે. એટલે ભારતીય સંસ્કારો, ભારતીય આદર્શો, ભારતીય મર્યાદાઓ કે ભારતીય ભાવનાઓને પુષ્ટિ મળે તેવું લખાણ ભાગ્યેજ જોવા મળે. પણ આજે જેટલું છે એટલું પણ જીવંત રહે તેવું સર્જન કરે તેવી મારી ધર્મબંધુ લેખકોને વિનંતિ છે. છેવટે જેટલું જીવંત આજે છે તે તિરસ્કૃત ન બને અથવા તે નબળું ન પડે, તેનો ખ્યાલ રખાય તોય સારૂં. સેક્સ પ્રધાન સાહિત્યનો મેનિયા બહુ વધ્યો છે. પ્રજાને શું ખાવું છે? એ કરતાં પ્રજાને આપણે શું ખવડાવવું છે કે જેથી તેનાં તન, મનનું આરોગ્ય જળવાય, તે સંસ્કારના સાચા રખેવાળોને જોવાનું છે. ગમે તેવા ગંદા અને ઝેરી ખોરાકો ખવડાવાથી પ્રજા રોગીષ્ઠ બની ગઈ છે, યુવાન પ્રજા ઉપર એની ઘણી મ્હોટી ખરાબ અસરો આજે પડી ચૂકી છે. ભાવિ પેઢીને આપણે કેવી જોવી છે? તે સહુ વિચારે. માત્ર પેટ-પટારા સામું જ ન જુએ પણ પ્રજાની નૈતિક, ધાર્મિક કે આધ્યાત્મિક ઉન્નતિ કેમ થાય? એનો પ્રધાન ખ્યાલ રાખીને સાહિત્ય પીરસે, આપણે માત્ર આલોકવાદી નથી પરલોકવાદી પણ છીએ, આત્મવાદી છીએ, માટે જીવનમાં સારા સંસ્કારો ઊભા કર્યા સિવાય ચાલવાનું નથી જ. કેટલાક લેખકો ધાર્મિક નવલકથાઓનાં નામના ઓઠા નીચે પણ વિકૃત પ્રકરણો લખી મારે છે. વિશેષ શું કહું! આ બધી બાબતો ઉપર સંયમ રાખી કલમ ચલાવે. સામાજિક શિક્ષા રક્ષાનો ધર્મ બજાવે અને ભારતીય સંસ્કારોનું ઋણ અદા કરે, તેવી મારી લેખક ધર્મબંધુઓને પુનઃ વિનમ્ર વિજ્ઞપ્તિ છે.

ઉપરોક્ત પરિસ્થિતિ વાંચીને લેખકો કે વાચકો મને જુદી જુદી દૃષ્ટિએ નિહાળે તે સ્વાભાવિક છે. પણ એક બાબતની હું સ્પષ્ટતા કરૂં કે પરિસ્થિતિ ખૂબ બગડેલી હોવા છતાં નિરાશાના ક્ષેત્રમાંનો અન્તિમવાદી હું નથી બન્યો. ઘણીવાર આશા નિરાશાના પ્રવાહો આપણા જીવનમાં સમાંતર લીટીએ જ ગતિ કરી રહ્યા હોય છે. હું ઈચ્છું છું, ઈચ્છું છું એટલું જ નહિ પણ ઈશ્વરને પ્રાર્થું છું કે મારી નિરાશા એક દિવસ આશામાં ફેરવાઈ જાય એવા દિવસો જલદી આવે!

મારી અન્તિમ પ્રાર્થના

બીજો ખુલાસો એ પણ કરૂં કે મેં ઉપર જે પરિસ્થિતિનું ધૂંધળું ચિત્ર દોર્યું છે તેવી બધી જ પરિસ્થિતિનો શિકાર આ દેશનો મોટો ભાગ બની ગયો છે એવું પણ હું માનતો નથી. ગાઢ અંધકારમાં પણ પ્રકાશના ઘણા તારલાઓ દેશમાં ચમકતા છે. જ્યારે પ્રજાનો પુન્ય પ્રકર્ષ વધશે અને કોઈ ને કોઈ નિમિત્ત મળતાં ઈષ્ટાશાનો સૂર્યોદય જાગશે ત્યારે અજ્ઞાન અને વિકૃતિનાં અંધારા ઉલેચાતાં વાર પણ નહિ લાગે. પરમાત્મા! આ દેશ માટે એ દિવસ જલદી લાવે એ જ અંતિમેચ્છા.

વિ. સં. ૨૦૨૫ जैनं जयति शासनम्। *મુનિ યશોવિજય*
તીર્થ ચેમ્બુર–મુંબઇ

## પ્રસ્તુત ગ્રન્થ અંગે—

આ ગ્રન્થનું યથાર્થ નામ કયું? તેનો નિર્ણય જાણવા અગાઉ આ ગ્રન્થનાં નામ માટે શું પરિસ્થિતિ હતી? તે જોઇએ.

છેલ્લા સાઠેક વર્ષ દરમિયાન ભિન્ન ભિન્ન લેખકોના હાથે પૂજ્યશ્રીના ગ્રન્થોની, છાપેલાં કેટલાક પુસ્તકોમાં જે નોંધો જોવા મલી છે, તેમાં કેટલાકે वैराग्यरति અપર નામ मुक्ताशुक्ति, તો કેટલાકે માત્ર मुक्ताशुक्ति એ રીતની નોંધ લીધી છે. નિશ્ચિત રીતે નોંધ લઇ શકાય તેવું સાધન ઉપલબ્ધ ન હોય ત્યારે એવું બનવું સ્વાભાવિક હતું. અરે! કોકે તો બંને નામની કૃતિઓ તદન ભિન્ન ભિન્ન છે એવું માનીને તેવો ઉલ્લેખ પણ કર્યો છે.

અહીં એ પ્રશ્ન થઇ શકે કે–'વૈરાગ્યરતિ'ના અપભ્રંશ રૂપે ભળતું કોઈ નામ પ્રચલિત બની જાય તે તો સંભવિત છે. પણ મૂલનામથી તદન ભિન્ન જ એવું 'મુકતાશુકિત' નામ કેમ ઊભું થઇ ગયું? એના જવાબમાં વૈરાગ્યરતિનો આદ્ય શ્લોક જ કારણ બની ગયો છે.

**ऐन्द्रश्रेणिनतपदान् नत्वा तीर्थङ्करान् परमभक्त्या।**
**शमगुणमौक्तिशुक्तिं वक्ष्ये वैराग्यरतियुक्तिम्॥१॥**

આ શ્લોકની રચના જ એવી છે કે ઉત્તરાર્ધના બંને વાકયો વિશેષ્ય અને વિશેષણ બની શકે એવો છે. પ્રથમ નજરે '**मौक्तिक शुक्तिं वक्ष्ये**' એવો જ અન્વય કરવા મન લલચાય. યદ્યપિ वैराग्यरति એટલો જ શબ્દ હોત તો પ્રથમ નજરની લાલચને તે જરૂર અવરોધત, પણ 'વૈરાગ્યરતિ' શબ્દની સાથે युक्तिम् શબ્દ જોડાયો છે એટલે પ્રસ્તુત અવરોધકને અવરોધક બાબત રહી નહીં, એટલે આવા કારણે કોઇની मौक्तिकशुक्ति તરફ નજર ઠરી, એથી એને ગ્રન્થકારને અનભીષ્ટ એવું નામ અપનાવી લીધું. જો કે એક વાત એ પણ સ્પષ્ટ કરવી જરૂરી છે કે અનભીષ્ટ (મુકિતાશુકિત) નામ પણ જે રીતે બોલાય છે તે રીતે પણ તે શુદ્ધ નથી.

લખનારે मौक्तिकમાં થયેલા (વ્યાકરણના) तद्धित પ્રયોગના જોડાણને બાદ કરીને मुक्ता શબ્દને જ અપનાવીને मुक्ताशुक्ति એવું નામ અપનાવ્યું છે.

## ત્યારે સાચું નામ શું?

આ ગ્રન્થના પહેલા જ સર્ગના અન્તમાં ગ્રન્થકાર પોતે જ પોતાના હાથે લખેલી (પાણ્ડુલિપિ) હસ્તપ્રતિમાં પ્રથમ સર્ગનું લખાણ પુરૂં થયા બાદ તરતજ 'वैराग्यरतौ प्रथम सर्गः' આ રીતે સ્પષ્ટ લખ્યું છે એટલે એ વાત નિશ્ચિત થઈ જાય છે કે ગ્રન્થકારને આ ગ્રન્થનું નામ 'वैराग्यरति' અભીષ્ટ છે એટલે હવે આ કૃતિને મુખ્યનામ રૂપે કે અપરનામ રૂપે 'મુકતાશુકિત'[1]થી ઓળખવાની આવશ્યકતા રહેતી નથી.

## કૃતિનો પરિચય

હસ્તપ્રતિનો અને મુદ્રિતનો જરૂરી પરિચય સંપાદક મુનિજીએ પોતાના સંપાદકીય નિવેદનમાં નોંધ્યો છે, છતાં તેને વિશેષ રૂપે સમજવો જરૂરી હોવાથી તેને સમજીએ.

આ કૃતિ ૧ થી ૮ સર્ગ પર્યન્તની મલી છે. પણ આઠમો સર્ગ અધૂરો જ મલ્યો છે. એટલે કે આઠમા સર્ગના ૫૨૪, શ્લોક સુધી જ તે છે. શું શેષ શ્લોકો બનાવવાના જ રહી ગયા હશે? અથવા તો કૃતિ પૂર્ણ કરી હશે પણ તેના હસ્તલિખિત પાનાં નષ્ટભ્રષ્ટ થઈ ગયા હશે? જે હોય તે, પણ કૃતિ[2] અધૂરી મલી છે એ હકીકત છે.

સર્ગની શ્લોક સંખ્યા નીચે મુજબ છે.

| સર્ગ | પદ્યાંક | | |
|---|---|---|---|
| ૧ | ૨૭૯[3] | ૭ | ૮૬૯ |
| ૨ | ૨૧૭ | ૮ | ૫૨૪ |
| ૩ | ૭૩૪ | | --------- |
| ૪ | ૧૪૯૩ | | ૫૩૮૪ |
| ૫ | ૭૫૭ | | +૬૦૭ વૈરાગ્યકલ્પતાના |
| ૬ | ૫૩૨ | | ------- |
| | | | કુલ ૫૫૯૧ |

૧. મારા હસ્તકની નોંધમાં મે वैराग्यरति મુખ્યનામ રૂપે અને અપરનામ રૂપે 'મુકતાશુકિત' કૌંસમાં છપાવેલું, તે એટલા ખાતર કે વિદ્વાનો બંને નામો એક જ ગ્રન્થના વાચક છે એમ સમજે.

૨. ઉપાધ્યાયજી ભગવંતની મોટા ભાગની કૃતિઓની નકલ ઉપાધ્યાયજી ભગવંતની હાજરીમાં લખાણી નથી. તેઓશ્રીના કાલધર્મ-અવસાન બાદ તુરત પણ લખાણી નથી. એટલે સંશોધકને તો એકજ કૃતિ ઉપરથી જ નિર્ણય બાંધવાનો હોય છે. ઉપાધ્યાયજી ગ્રન્થની બીજી નકલ ન મળે એને હું શ્રી સંઘની એક દુર્ભાગ્ય ઘટના માનું છું.

૩. 'યશોભારતી જૈન પ્રકાશન'ના બીજા પુષ્પ તરીકે પ્રો. શ્રી હીરાલાલ કાપડિઆ લિખિત 'યશોદોહન' નામની કૃતિ પ્રગટ થઈ છે. એમાં એમને 'વૈરાગ્યરતિ' ની હસ્તલિખિત પ્રતિ મેં મોકલેલી તેના આધારે સર્ગ દીઠ સંખ્યા લખી છે. પણ શરત ચૂકથી એ સંખ્યા ખોટી નોંધાણી છે.

આઠમો સર્ગ એ અન્તિમ સર્ગ છે. આ ગ્રન્થમાં ૧૧૩૧ શ્લોક પ્રમાણનો જે પૂરો છાપ્યો છે, તેનો ખુલાસો એ છે કે, ૫૨૪ શ્લોક પછી કથાનક અધૂરૂં ન રહે, એટલા માટે ઉપાધ્યાયજીની બીજી કૃતિ જેનું નામ **वैराग्यकल्पलता** એમાંથી ૬૦૭[1] શ્લોકો ઉમેરવામાં આવ્યા છે. કથાપ્રવાહ પૂરેપૂરો જળવાઇ રહે એ માટે સંપાદકે આ પ્રયત્ન કર્યો છે. અને સર્ગના અન્તની[2] સાથે કથાનકનો પણ અન્ત આવે છે.

ફક્ત ૫૨૪ પછીના પ્રક્ષેપ શ્લોકો માટે સંપાદકે ટાઈપ જુદા રખાવ્યા હોત, કાં ૫૨૪ શ્લોક થોડીક જગ્યા ખાલી રાખીને શરૂ કરાવ્યા હોત, કાં ત્યાં જ અવતરણ લખીને ૫૨૫મા શ્લોકની શરૂઆત કરાવી હોત તો, જોડાણ સ્થળનો વાચકોને સહસા ખ્યાલ આવી શકતે. અસ્તુ!

## વૈરાગ્ય કલ્પતાના શ્લોકો કેમ ઉમેર્યા?

વાચકોને પૂરી માહિતી ન હોય એટલે પ્રશ્ન સ્વાભાવિક રીતે જ ઉઠે કે, આઠમા સર્ગના શ્લોકોને આમાં ભેળવી દેવાનું શું કારણ? એનું સમાધાન આપણે જોઇએ.

ઉપાધ્યાયજીએ 'વૈરાગ્ય' શબ્દથી શરૂ થતી બે કૃતિઓ રચી છે એના પૂરાં નામો અનુક્રમે (૧) **वैराग्यकल्प–लता** અને (૨) **वैराग्य–रति** છે. એકના અન્તમાં 'लता'[3] અને બીજાના અન્તમાં रति શબ્દ છે. એક ભિન્નતા ધ્યાનમાં રાખવી ઘટે કે વૈરાગ્ય કલ્પતાની કૃતિના વિભાગો માટેની

---

૧. વૈ. કલ્પતાના સ્તબકના શ્લોકોની સંખ્યા વૈરાગ્યરતિના સર્ગના શ્લોકોની સાથે નિકટતા ધરાવે છે. 'યશોદોહન'માં પ્રો. શ્રી હીરાલાલ કાપડિઆએ કલ્પતાની સ્તબક દીઠ નોંધ બરાબર લીધી છે પણ સરવાળો ખોટો મૂકાતાં પદ્ય સંખ્યા ૪૫૮૨ નોંધી છે. કલ્પતામાં વિવિધ છ દોના શ્લોકો પણ છે. પણ ૩૨ અક્ષરના શ્લોક માને ગણત્રી કરતાં તેની સંખ્યા ૭૦૦૮ ની થાય છે. ઉપાધ્યાયજીના ગુરુદેવ નયવિજયજી મહારાજે ૧૭૧૯ માં લખેલી પ્રતના અન્તે આ ગણત્રી નોંધી છે.

૨. 'ઉપમિતિ' કથામાં પણ આઠ જ પ્રસ્તાવ છે એ જ સંખ્યાનો આદર એમણે લતા અને રતિ બન્નેમાં કર્યો છે.

૩. (लतान्त) થી ઉપાધ્યાયજીની બે રચનાઓ છે. એક તો ઔપદેશિક કથા રૂપે 'વૈરાગ્ય કલ્પતા' અને બીજી હરિભદ્રસુરિજી કૃત દાર્શનિક મતોના ખજાના રૂપ 'શાસ્ત્રવાર્તા સમુચ્ચય' ઉપર નવ્યન્યાયથી પરિષ્કૃત ઉપાધ્યાયજી એ રચેલી 'સ્યાદ્વાદ કલ્પતા' ટીકા. 'લતા' શબ્દના અન્તવાળી ઉપાધ્યાયજીની આ બે જ કૃતિઓ છે, એટલે જ તેઓશ્રીના ગ્રન્થો ની યાદીમાં તથા અન્યત્ર लता તથા लताद्वय આવો ઉલ્લેખ મળે છે. કેટલાક વિદ્વાનોએ તો બંને નામવાળી અલગ અલગ કૃતિઓ છે એવી પણ સંભાવના કરી છે. દાખલા તરીકે– પાતાંજલ યોગદર્શનની ઉપાધ્યાયજીની જ સંક્ષિપ્ત ટીકામાં તેઓશ્રીને 'अधिकं लतादौ' આવો ઉલ્લેખ કર્યો છે. આના આધારે પં. શ્રી સુખલાલજીએ સ્વાનુવાદિત યોગદર્શન–યોગવિંશિકામાં लता નામની સ્વતંત્ર કૃતિ હોવાનું કલ્પ્યું છે. પ્રો. શ્રી હીરાલાલ કાપડીઆએ પણ યશોદોહન (પૃ ૨૦૬) માં આવી સંભાવના સેવી છે, પણ હવે એ નિશ્ચિત સમજાય છે કે લતાદ્વય નામની કોઇ જ સ્વતંત્ર કૃતિ નથી. 'લતાદ્વય'નો જ્યાં ઉલ્લેખ થયો છે તેતો બંને કૃતિઓને સૂચિત કરવા માટેનો ટૂંકો શબ્દ પ્રયોગ છે અને ઉપાધ્યાયજીએ આ ઉલ્લેખ લતાન્તવાળી કૃતિઓ પોતાની બે છે તેનો ખ્યાલ આપવા પૂરતો જ કર્યો છે. હવે બીજી વાત— પાતાંજલ યોગદર્શન જેવા યોગજન્ય ગ્રન્થમાં लता નામની કૃતિ જોવાની ભલામણ કરે, ત્યારે સ્વાભાવિક રીતેજ એની સાથે નિકટતા ધરાવતા દાર્શનિક ગ્રન્થ તરીકે શાસ્ત્રવાર્તાની સ્યા. કલ્પતા ટીકા જ યાદ આવે. કારણ કે બીજી 'લતા' તો કથાત્મક છે. એટલે એમાં તાત્ત્વિક કે દાર્શનિક બાબતો હોઇ કેમ શકે? સ્વાભાવિક

સંજ્ઞા જુદી જુદી પસંદ કરી છે એટલે કે કલ્પતા માટે સ્તવક અને રતિના વિભાગ માટે સર્ગ શબ્દ યોજ્યો છે.

આ કહીને મારે કહેવાનું એ છે કે 'લતા' થી વૈરાગ્ય કલ્પતાનું ગ્રહણ કરીએ તો કંઈજ ખોટું નથી. આ ગ્રન્થના અન્તિમ આઠમાં સર્ગનો અન્તિમ ભાગ દાર્શનિક, યૌગિક, તાત્ત્વિક એવી અનેક સુંદર બાબતોથી સભર છે. વિદ્વાનો ઘણીવાર મોજમાં આવીને સામાન્ય કૃતિને પણ અસામાન્ય બનાવી નાંખે છે. તેનું આ પ્રતિતીકરણ ઉદાહરણ છે.

બંને વચ્ચે 'કંઈક' સમાનતા ખરી? કંઈક નહિ પણ લગભગ પૂરી અને સમાનતા નહીં પણ અસમાનતાઓ છે. અર્થાત્ કલ્પતાના શ્લોકોની જેવી શબ્દરચના, લગભગ[1] તેવી જ રચના વૈરાગ્ય રતિમાં છે. પાત્રો, કથાવસ્તુ, ભાવો, ઉપમાઓ, રૂપકો બધું જ સરખું છે. છન્દોની પણ સમાનતા છે. ફકત તફાવત એટલો છે કે કલ્પલતાના પહેલા સ્તબકના પ્રારંભના ૨૬૯ શ્લોકો વૈરાગ્યરતિમાં નથી, એટલે સમાનતાની શરૂઆત કલ્પલતાના પહેલા સ્તબકથી નહીં પણ બીજા સ્તબકના ચોથા[2] શ્લોકથી શરૂ થાય છે. લતાના બીજા સ્તબકનો ચોથો શ્લોક તે વૈરાગ્યરતિના પ્રથમ સર્ગનો ચોથો શ્લોક છે. અહીંથી શરૂ થયેલી સમાનતા એકધારી લતાના નવમા સ્તબકના ૫૨૭, અને રતિના આઠમાના ૫૨૪, શ્લોક સુધી જળવાઈ રહી છે. ખરી રીતે ૫૨૪, ની જગ્યાએ ૫૨૭ નો અંક આવવો જોઈતો હતો, પણ બે શ્લોકનો જે ઘાટો પડ્યો, તેના કારણમાં લાગે છે કે ઉપાધ્યાયજી ભગવંત હસ્તપ્રતિ લખવાના વેગમાં બેધ્યાન થતાં બે શ્લોક લખવાનું ચૂકી ગયા હોય! એ સિવાય બીજું કોઈ જ કારણ દેખાતું નથી. એ બંને શ્લોકો કલ્પલતામાં છે જ. એ શ્લોકો પૈકી એક શ્લોક આઠમા સર્ગના ૧૭ મા શ્લોક પછીનો અને બીજો આઠમા સર્ગના જ ૧૯૨, પછીનો છે.

આ રહ્યા તે શ્લોકો—

कटाक्षान् विक्षिपन्ती सा, प्रोल्लासितकुचद्वया।
निचखानाशमगोलाभ्यां हृदि स्मरशरान्मम॥१८॥

सत्कान्तारत्नपुगादिलाभाद् याऽभूत् सुखासिका।
ततोऽनन्तगुणजाता गुरुवाक्यश्रुतौ मम॥१९५॥

આ રીતે શબ્દ અર્થની સંપૂર્ણ સમાનતા હોવાથી કલ્પલતાના શ્લોકોનું જોડાણ કર્યું છે. આથી વાચકને ગ્રન્થવાંચનનો સાદ્યન્ત લાભ મળે છે.

---

રીતે આવું અનુમાન થાય. પણ ઉપાધ્યાયજી એક એવા દાર્શનિક પ્રતિમા રૂપ હતા કે એમના બુદ્ધિના સાગરમાં દાર્શનિક—તાર્કિક બાબતોની ભરતીઓ-છોળો આવ્યા જ કરતી હતી. એટલે ન્હાની કે મોટી અથવા સાવ સામાન્ય ટૂંકી રચનાઓ પણ કંઈકને કંઈ દાર્શનિક—તાત્ત્વિક વાતનો જલ છંટકાવ કર્યા વિના એમને ચેન જ નહોતું પડતું. આ એમની સાહજીક ખાસીયત હતી.

૧. લગભગ કહેવાનું કારણ એ કે ક્યારેક શબ્દો આગળ પાછળ આવી જાય છે તો ક્યારેક એકજ અર્થ માટે વૈકલ્પિક અન્ય શબ્દ પ્રયોજ્યો હોય છે.

૨. શરૂના ત્રણ શ્લોકો મંગલાચરણ અને વસ્તુનિર્દેશના છે અને ચોથાથી કથાનકનો પ્રારંભ છે.

## સમાન કૃતિ છતાં નામ અલગ કેમ? તથા સમાન કૃતિ રચવાનું પ્રયોજન શું?

લગભગ સમાન અક્ષરો, સમાન શબ્દો, સમાન વાક્યોવાળા અને ટૂંકમાં કહીએ તો સંપૂર્ણ રીતે સમાન શ્લોકો અને અર્થોવાળી બબ્બે કૃતિઓ રચવાનું પ્રયોજન શું? આના ખુલાસામાં સંપાદકે પોતાના સંપાદકીય નિવેદનમાં જે અનુમાન કર્યું છે કે 'બેમાંથી એક પ્રતિ ગુમ થઈ જવાના કારણે ફરી રચના કરવી પડી હોય, પણ આ અનુમાન સંતોષ થાય તેવું નથી. કારણ કે સમગ્ર ગ્રન્થ સાદ્યોપાન્ત એક જ સ્વરૂપમાં રચી શકાય એ શક્ય નથી લાગતું. ફરી વળી ભલે કૃતિ રચી? પણ સવાલ એ થાય કે નામ એનું એ જ કેમ ન રાખ્યું? વિભાગોની સંખ્યા એક જ કેમ ન રાખી, એટલે આ માટે તો બીજું કારણ શોધવું રહ્યું. પહેલી કૃતિ કઈ રચાણી તે અંગે મેં વિચાર પરામર્શ નથી કર્યો પણ ઉપાધ્યાયજીએ પણ બેમાંથી એકેય કૃતિના પ્રારંભમાં કે પૂર્ણાહુતિમાં આ અંગે કશો જ ખુલાસો નથી કર્યો. અસ્તુ!

પ્રસ્તુત સર્ગને અન્તે 'યશઃ શ્રી' શબ્દનો ધ્રુવ પ્રયોગ બંને કૃતિઓમાં સમાન રીતે જાળવ્યો છે ખરો!

## શું આ ગ્રન્થ સ્વતંત્ર કૃતિ છે?

આ ગ્રન્થ સ્વતંત્ર એટલે મૌલિક રચના રૂપ છે કે અન્યાધારે રચાએલી કૃતિ છે?

આ ગ્રન્થ સ્વતંત્ર રચના રૂપ નથી. ઉપાધ્યાયજી ભગવંતની કેટલીક કૃતિઓ પૂર્વકૃતિઓના મોટા ભાગનો સહારો લઈ અથવા તેને આધારભૂત રાખીને રચાએલી છે. તે રીતે આ કૃતિ પણ, મહામાનસશાસ્ત્રી અદ્‌ભુત અને અભૂતપૂર્વ કલ્પનાના સર્જક, વૈરાગ્યપૂત કથાકાર, [1]શ્રીસિદ્ધર્ષિગણિએ રચેલી, કથાના પ્રકારમાં 'સંકીર્ણ અથવા ધર્મ' પ્રકારની, કાવ્યના પ્રકારમાં 'ચમ્પુ' ગણાતી[2] અને વિષયના પ્રકારમાં વૈરાગ્યપ્રધાન એવી 'ઉપમિતિ ભવપ્રપંચા કથા'નો સંપૂર્ણ આધાર લઈને જ રચાયેલી આ કૃતિ છે.

### એક કૃતિ હોવા છતાં એવીને એવી જ બીજી રચવાનું પ્રયોજન[3] શું?

માત્ર ભારતીય કથાના નહિ પણ વિશ્વના ઈતિહાસમાં ઉપમા, ઉપમિતિ, અને ઉપમેય દ્વારા રૂપકાત્મક શૈલીએ રચાએલી આ કૃતિ ખરેખર! એક વિલક્ષણ, અપૂર્વ અને અભિનવ પથ પ્રદર્શક છે. અન્ય દર્શન-ધર્મ કે સંપ્રદાયમાં આ ઢબની કૃતિ રચાયાનું અદ્યાવધિ જાણવા મળ્યું નથી. આવી અનુપમ અને અત્યુત્તમ કૃતિ સોળેક હજાર શ્લોક પ્રમાણ વિસ્તૃત હતી. વળી તે ગદ્ય-

---

૧. મહાકવિ શ્રી માઘ, તે સિદ્ધર્ષિ ગણિના સંસારી કાકાના પુત્ર હતા. (જુઓ પ્રભા. ચ. પ્ર. વિ.)

૨. गद्य-पद्यमयी काचिच्चम्पूरित्यभीधीयते (કાવ્યાદર્શ. ૧)
गद्यपद्यमयकाव्यं चम्पुरित्यभीधीयते (સાહિ. દર્પણ. ૬)

૩. અહીંઆ જે વૈરાગ્યરતિ માટે કહેવાયું છે, તે જ વૈરાગ્ય કલ્પલતાને ઘટે છે.

પદ્યમય હતી. આવી લાંબી (ચમ્પુ) કૃતિનો લાભ દરેક કાળમાં સહુ કોઈ લઈ શકે એવું નથી હોતું, એટલે સંક્ષેપ રૂચિવાળા જીવો માટે વિશાળકાય ગ્રન્થના સંક્ષેપ કે સાર રૂપે એક અભિનવ કૃતિના સર્જનની આવશ્યકતાનો ખ્યાલ કરીને દસમી[1] સદીમાં રચાએલા પ્રસ્તુત 'ઉપમિતિ' ગ્રન્થની રચના પછી, તેના અવતરણ કે અનુકરણ રૂપે વિવિધ આચાર્યોએ ૧૧મી, કે ૧૩મી સદીમાં [2]અન્ય કૃતિઓ રચી હતી. ત્યાર પછી સત્તરમી સદી સુધીના ૪૦૦[3], વરસના ગાળામાં સંક્ષેપાત્મક કોઈ કૃતિ રચાયાનું જાણવામાં નથી આવ્યું. ચારસો વરસના ગાળા બાદ નવાં-નવલાં સર્જનની સતત ધૂની ધગાવી રહેલા ઉપાધ્યાયજીની દૃષ્ટિ 'ઉપમિતિ' ઉપર ગઈ અને એમને થયું કે 'લાવ ત્યારે આવી મહાન કૃતિનો પદ્યમય સંક્ષેપ કરૂં' એટલે ઝટ લઈને ૧૬ હજાર શ્લોકોની બૃહદ્ કૃતિનો છહજાર શ્લોકોની અંદર સંક્ષેપ કરી નાંખ્યો. જેથી સંક્ષેપ રૂચિવાળા અને ઓછા સમયમાં લાભ ઉઠાવવાવાળા જીવો પણ એનો લાભ ઉઠાવી શકે. બીજું 'ઉપમિતિ' ગદ્ય-પદ્યમય મિશ્ર હતી. જ્યારે ઉપાધ્યાયજીએ સંપૂર્ણ કથાને પદ્યમાં ઉતારી દીધી આ બીજું કારણ.

ત્રીજું 'ઉપમિતિ' નો પીઠ પ્રબન્ધ (પ્રથમ પ્રસ્તાવ ગત) માં પ્રથમ કથા અને પછી અલગ ઉપમા હતી. જ્યારે ઉપાધ્યાયજીએ પહેલાં જ સર્ગમાં કથાનાં પાત્રોની સાથે જ ઉપમા બતાવી દીધી. જેથી દૂરાન્વય ન થતાં સમીપાન્વયની સરલતા કરી આપી.

વળી તેઓશ્રીએ ક્યાંક ક્યાંક પોતાની સ્વતંત્ર આગવી પ્રતિભાનું પણ દર્શન કરાવ્યું છે. તે ઉપરાંત પ્રાસંગિક ઉક્તિઓ, સુવચનો અને સુભાષિતોના કિંમતી અલંકારોથી તેને શણગારી પણ છે.

આ વૈરાગ્યરતિ (કે વૈરાગ્ય કલ્પલતા) ઉપમિતિભવપ્રપંચાના પૂર્ણાવતાર જેવી જ છે. ઉપમિતિની સંપૂર્ણ કથા, તેની સર્વાંગ શૈલી, સંપૂર્ણ ઘટના, તમામ ભાવો અને તેનાં પાત્રો શુદ્ધાંનું આહરણ કરીને મહાકાવ્યની શૈલીએ અનુષ્ટુભ્ છંદમાં રચેલી પદ્યમય રચના છે.

પૂર્વવર્તી ઉપમિતિનું અનુકરણ કરનારા અન્ય ગ્રન્થકારોએ 'ઉપમિતિ ભવ પ્રપંચા' આ મૂલ નામવાળા શબ્દને ધ્રુવરૂપે રાખ્યો. જ્યારે ઉપાધ્યાયજીએ નવું જ નામકરણ કેમ કર્યું? તે વિચારણા માગે તેવી બાબત છે.

---

૧. संवत्सरशतनवके द्विषष्टिसंहिते (ઉપ. પ્રશસ્તિ) ના ઉલ્લેખથી સં. ૯૬૨ રચનાકાળ છે. વિક્રમનું વર્ષ ૪૯૨ અને ઈસ્વીસનનું વર્ષ ૪૩૬ સમજવું. આનું પ્રથમ વાંચન શ્રવણ 'ભિન્નમાળ' માં થયું હતું અને આ ગ્રન્થની આદ્ય નકલ 'गणा' નામના જૈન સાધ્વીજીએ કરી હતી.

૨. उप. भ. प्र. नाम समुच्चय-કર્તા શ્રી વર્ધમાનસૂરિજી, રચના સમય ૧૦૮૮. આ ગ્રન્થની વિજય કુમુદસૂરિજી મુદ્રિત પ્રતિમાં નામ સમુચ્ચયની જગ્યાએ सारसमुच्चय એવું નામ છાપ્યું છે. એટલે પણ ખુદ ગ્રન્થકારે સ્વકૃતિના અન્તમાં नामसमुच्चय આપેલું છે, એટલે એ જ યોગ્ય છે.

-उप. भ. प्र. कथासारोद्धार—કર્તા શ્રી ચન્દ્રગચ્છીય દેવેન્દ્રસૂરિજી રચના સં. ૧૨૯૮, આ જ નામની બીજી કૃતિ હંસરત્નની પણ નોંધાએલ છે.

-उप. भ. प्रपंचोद्धार કર્તા-દેવેન્દ્રસૂરિજી

૩. ભુવનભાનુ કેવલી ચરિત્રમાં અમુક પ્રકાશમાં ઉપમિતિની શૈલીનો આશ્રય લેવાયો છે, તે ઉપરાંત આ શૈલીને અનુસરતી મોહવિવેક રાસ, ભવભાવના વગેરે કૃતિઓ પણ રચાઈ છે.

## આ કૃતિ શેની છે?

આ ગ્રન્થનું वैराग्यरति એવું નામ એ જ કૃતિના વિષયને તદન સ્પષ્ટ કરે છે. આ ગ્રન્થનો વાર્તા વિષય શું છે? તે અંગે સ્વતંત્ર રીતે જુદો સાર આપશું. એ પહેલાં ઉપાધ્યાયજી આ ગ્રન્થના પ્રારંભમાં શું કહે છે? તે જોઈએ.

ઉપાધ્યાયજી પોતાની ગ્રન્થ રચનાની શરૂઆતની અટલ પ્રતિજ્ઞાનો નિર્વાહ કરવા 'ऐँ' નામના સરસ્વતી મંત્રબીજથી સંવલિત 'ऐँद्र' શબ્દ, જેનો પોતાના રચેલા અનેક ગ્રન્થોમાં લગભગ ધ્રુવ-નિશ્ચિતપણે પ્રયોગ કર્યો છે. તે શબ્દને અહીંઆ પણ આદ્યસ્થ રાખીને સામુદાયિક રીતે સર્વ તીર્થંકરોને પરમભક્તિ વડે નમસ્કાર કરીને અર્ધા શ્લોક દ્વારા આ ગ્રંથનું મંગલાચરણ પૂર્ણ કરે છે. ત્યાર પછીના સાડાત્રણ શ્લોકો દ્વારા, વિષય, પ્રયોજન અને ગ્રંથ સંબંધ વગેરે દર્શાવવા દ્વારા, ગ્રન્થારંભમાં પ્રાયઃ જણાવાતા અનુબંધ ચતુષ્ટયનો સમાદર કરે છે અને જણાવે છે કે જેની સહુ કોઈ સતત ઝંખના કરતું હોય છે, એવાં શાંત ગુણ રૂપ મોતીને જન્મ આપનાર શુક્તિ-છીપલીના જેવી, વૈરાગ્યની રતિને જગાડનારી આ વૈરાગ્યરતિને હું કહીશ.

આ રચનાનું કારણ રજૂ કરતાં બીજા શ્લોકમાં વૈરાગ્ય ભાવનાના સેવનમાં મજબૂતાઈ આવે એમ જણાવ્યું છે. અને એ મજબૂતાઈ લાવવામાં જે જે કારણો હોય, તે તે કારણોને, *વિવિધ રસપૂર્ણ કથાઓ દ્વારા કહેવાં એ અતિ પથ્ય હોય છે. એટલા માટે હું પણ ઉત્તમ* મુનિવરે આભ્યંતર ભાવને વ્યકત કરતા ચરિત્રોને માટે પ્રશાન્ત અને ચમત્કારિક જે પદ્ધતિ અપનાવી છે તે જ પદ્ધતિનો આશ્રય લઈને હું આ કથાને કહીશ. આ શ્લોકનો સંબંધ 'ઉપમિતિ' ની કથાના કરેલા અનુકરણને સૂચિત કરતો હોય એમ જણાય છે. પછી તરત જ આ કથાનો કથાનાયક 'દ્રમક' જે એક સંસારી જીવ તરીકે રજૂ કરાયો છે તે ગુણનિષ્પન્ન નામવાળા દ્રમક પાત્રથી વાર્તાનો આરંભ થાય છે.

## આ કૃતિના ઉપદેશનો સાર શું છે?

આ કૃતિમાં મુખ્યત્વે સંસારી જીવો સંસારના કારણભૂત મોહરાજાના આવિર્ભાવ સ્વરૂપ, સંસારવર્ધક ક્રોધ, માન, માયા અને લોભ આ ચારે કષાયો, હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ આ પાંચ પાપાશ્રવો, સ્પર્શ, રસ, ઘ્રાણ, ચક્ષુ અને કર્ણ આ પાંચે ઈન્દ્રિયોના વિષયો, આ બધાને આધીન બનીને કેવા કેવા મનોવિકારને જન્મ આપે છે, એનો ભોગ બનીને કેવા કેવા વિવિધ અને વિચિત્ર દોષો ઊભા કરે છે, સંસારની વિશાળ રંગભૂમિ ઉપર કેવા કેવા વેષો ધારણ કરીને કેવાં કેવાં નાટકો ભજવે છે, અને તે દ્વારા તે સંસારને કેવો લાંબો પહોળો અને ઊંડો કરે છે? તેનું આબેહૂબ અને અદ્‌ભુત ચિત્રણ, તદન અભિનવ પ્રકારના, અભિનવ નામો, ગુણ નિષ્પન્ન પાત્રોવાળા અનેક પાત્રો, અનોખી જ કલ્પનાઓ, વિવિધ ઉપમાઓ અને આલંકારિક રૂપક કથાઓ, આ દ્વારા સચોટ રીતે વર્ણવવામાં આવ્યું છે. એ વર્ણવતાં સમગ્ર સંસારનું, માનવ જગતનું, માનવ સ્વભાવોનું યથાર્થ સ્વરૂપ રોચક રીતે રજૂ કરાયું છે. વચ્ચે વચ્ચે માનવીના અજ્ઞાન તિમિરને જ્ઞાનશલાકા વડે દૂર કરનારા ધર્મગુરુઓ કે ધર્માચાર્યોના પાત્રો

દ્વારા અનુપમ ઉપદેશ વ્યક્ત કરાયો છે. છેવટે અપાર અને અનન્ત સાગર જેવા આ સંસારનો અન્ત લાવવા માટે માનવીએ પોતાના મનને કેવું નિર્મલ બનાવવું જોઈએ, દોષો અને વિકારોથી કેવા મુક્ત બનવું જોઈએ? તે કહીને, અન્તમાં પ્રબોધે છે કે હિંસાદિ આશ્રવોને તજી ઈન્દ્રિયોની આસક્તિને વર્જી, કષાયોની જંજીરોને ભંજી, જૈનધર્મ અને તેના શાસ્ત્રોનું સેવન કરો! અને તે દ્વારા માનસિક ગંદવાડને ઉલેચો! કર્મશત્રુઓને હઠાવો! અને પ્રશમરતિ[1] પ્રાપ્ત કરી, વીતરાગી બનીને આત્માનું હિત સાધો!

આત્માર્થીઓ માટે કથાનું આ જ અન્તિમ કથન છે.

શ્રવણ વાંચન કર્યાનું આ જ અન્તિમ ફલ છે.

આમ તો ઉપાધ્યાયજીએ વચ્ચે વચ્ચે તાત્ત્વિક, દાર્શનિક, વૈચારિક અનેક બાબતો રજૂ કરતાં; સ્થિરા, કાન્તા, વગેરે દૃષ્ટિઓ, ઉપનિષદ્‌, ગીતા, સ્મૃતિ આદિની સાક્ષીઓ પણ ટાંકી છે અને જીવન જીવવાની વિવિધ રસમય વાતો પણ સુંદર રીતે પીરસી છે. એમાંના મહત્ત્વના શ્લોકોની તારવણી કરી તેને અનુવાદ સાથે પરિશિષ્ટ રૂપે આપવું એ ખૂબ જરૂરી હતું પણ અત્યારે મારાથી શક્ય નથી બન્યું.

આઠમા સર્ગનો અન્તિમ ભાગ ખૂબ જ મહત્ત્વનો અને અધ્યાત્મ-યોગાદિ ચિંતનથી સભર છે પણ સંસ્કૃતમાં હોવાને કારણે સામાન્ય વાચકો તેનાથી વંચિત રહેશે, તેનો રંજ અનુભવું છું. ભવિષ્યમાં આનું સુંદર ભાષાંતર પ્રગટ કરવાનું શક્ય બનશે ત્યારે તેનો લાભ સૌને મળશે, બાકી જેઓ સ્વયં કે બીજાઓ દ્વારા વાંચી શકે તેમ હોય તેઓને આઠમા સર્ગનો અન્તિમ ભાગ વાંચી જવા મારો નમ્ર અનુરોધ છે. એમાં અનેક બાબતો રજૂ કરતાં અન્ય દાર્શનિકોની માન્યતાઓ, જૈન સાધુઓએ કેવા વિચાર, વાણી અને વર્તાવનો વહેવાર રાખવો જોઈએ, કેવા ઉદાર અને વિશાળમના થવું જોઈએ એ અંગે સુંદર માર્ગદર્શન આપ્યું છે. અન્તિમ ભાગનું ભાષાંતર પણ આ પ્રકાશનમાં જ અપાયું હોત તો પણ મારા મનને થોડોક સંતોષ થાત, પણ......

આ સમગ્ર રૂપક કથાનો પાયારૂપ સાર શું છે? તે (ઉપમિતિની પ્રસ્તાવનાની જેમ) ઉપાધ્યાયજીએ પહેલા સર્ગમાં આપી દીધો છે. તેનો અથવા તો આઠેય સર્ગનો સાર ગુજરાતીમાં આપ્યો હોત તો ગુજરાતી વાચકોને બહુ જ લાભકર્તા બનત પણ તે મારાથી બની શક્યું નથી તે માટે દિલગીર છું, એમ છતાં સમગ ગ્રંથનો સંક્ષિપ્ત સાર, એમાં ખાસ કરીને સંસારી જીવનું અસંવ્યવહાર નગરમાંથી નીકળવું તે પછી હિંસા, ક્રોધ, અને

---

૧. ઉપમિતિ ગ્રંથકારે પ્રારંભમાં જ સંસારવર્તી એક કલ્પિત નગરની કલ્પના કરતાં 'अदृष्टमूलपर्यन्त नाम किञ्चिन्महापुरम्' આ પંક્તિ દ્વારા 'અદૃષ્ટમૂલ પર્યન્ત' આ નામ પસંદ કર્યું છે. ઉપમિતિનું અનુકરણ કરનારા પરવર્તી ગ્રંથકારો પણ એમને જ અનુસર્યાં છે પણ ઉપાધ્યાયજીને એ વાત માન્ય ન હતી. એટલે તેઓશ્રીએ 'अस्तीह भवाह्वानं पुरमतुलमदृष्टपर्यन्तम्' (વૈ. રતિ શ્લોક, ૫) લખીને ઉપમિતિમાં અદૃષ્ટ જે વિશેષ્ય હતું તેને અહીઆં વિશેષણ બનાવીને 'ભવનગરને' વિશેષ્ય બનાવી દીધું છે. અર્થાત્ ઉપાધ્યાયજીએ 'ભવનગર' એવું નામ પસંદ કર્યું છે.

સ્પર્શેન્દ્રિયના વિપાકો અસત્ય, માન અને રસનેન્દ્રિયના ચોરી, માયા, પ્રાણ, નાસિકા ઈન્દ્રિયના; પરિગ્રહ, મોહ, કર્ણેન્દ્રિયના વિપાકો અને પૂર્વોક્તાર્થનો ઉપસંહાર છેવટે આધ્યાત્મિક સુંદર બોધ આ વિષયોનો સારાંશ બનશે તો થોડા વધુ વિસ્તારથી અલગ આપશું.

આ પ્રસ્તાવના લખતાં શાસ્ત્ર-ઈતિહાસ કે ગ્રંથકારના આશયને અનનુકૂલ વિધાન થયું હોય તો ક્ષમા માગું છું અને વાચકોને તે જણાવવા વિનંતી કરૂં છું.

## સંપાદન કાર્ય અંગે કંઈક

વિ. સં. ૨૦૧૨ની સાલમાં પ. પૂ. વિદ્વદ્વર્ય ધર્મસ્નેહી આગમપ્રભાકર મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજને 'વૈરાગ્યરતિ' ગ્રંથનું સંપાદન કાર્ય કરવા નમ્ર વિનંતી કરી. તેઓશ્રીએ ઉદાર ભાવે વિનંતી સ્વીકારી અને તે કાર્ય વિદ્વાન અને સ્નેહી મુનિવર પં. શ્રી રમણિકવિજયજી મહારાજને સોંપ્યું. વરસો બાદ તે કાર્ય પૂરું થવા પામ્યું અને ગત વરસમાં (૨૦૨૪) ગ્રંથ છપાઈને તૈયાર થવા પામ્યો. અને પ્રસ્તુત ગ્રંથના ફર્મા વગેરે મારા પર જોવા મોકલી આપ્યા, એમાં મારે પ્રસ્તાવના લખવાની હતી પણ અન્યાન્ય કારણો, ઉપરાંત આવેલી અણધારી માંદગીના કારણે આંખથી કામ કરવાનું બંધ રહ્યું હતું તેથી પ્રસ્તાવના લખી ન શકાણી, જેથી પ્રકાશન ઢીલમાં મૂકાયું. હવે એ પ્રસ્તાવના મુદ્રિત થતાં તેનું પ્રકાશન થવા પામ્યું છે.

સંપાદક મુનિશ્રીએ આના સંપાદનમાં શ્રેષ્ઠ કાળજી રાખી છે. સારો પરિશ્રમ ઉઠાવ્યો છે અને એમના સાથીદારોએ સારો સહકાર આપ્યો છે. પરિણામે અનેક ગ્રંથોમાં ખાસ કરીને સંશોધકોની નબળાઈને કારણે મોટા મોટા ભારેખમ શુદ્ધિપત્રકો છાપવા પડે છે. તેવું આમાં ન બનતાં–નાનકડું જ શુદ્ધિપત્રક બનવા પામ્યું છે, એ અતિયોગ્ય જ થયું છે.

એક વાત મને એ ખૂંચી કે સંપાદકે આને માટે વિશેષ સમય ફાજલ પાડીને આ ગ્રંથાતર્ગતના સુભાષિત શ્લોકોની તારવણી કરી અનુવાદ સહ પાછળ પરિશિષ્ટ તરીકે જો આપી હોત તો સામાન્ય વાચકોને થોડા સંતોષનું કારણ બનત. કાગળ જરા જાડા અને ટાઈપ જરા મોટા પસંદ કર્યા હોત અને પ્રિન્ટીંગમાં વધુ કાળજી લીધી હોત તો મુદ્રણની દૃષ્ટિએ ગ્રંથાકર્ષણ સુંદર થયું હોત. અસ્તુ.

પૂ. આગમપ્રભાકરજીના અને સંપાદકશ્રીના મને તેમજ આ સંસ્થાને આપેલ હાર્દિક સહકાર બદલ અમો સહુ આભારી છીએ. પણ એક અતિદુઃખદ વાતની નોંધ લેતાં ખેદની લાગણી અનુભવવી પડે છે કે આ ગ્રંથના સંપાદક મહાશય પોતાના પરિશ્રમના ફળરૂપ આ ગ્રંથનું પ્રકાશન જોવા આપણી વચ્ચે નથી. પ્રકાશન થતાં પહેલાં સ્વર્ગવાસી બન્યા છે.

પૂ. આગમપ્રભાકરજીનો સાહજિક રીતે ઉદાર અને સહૃદયી સહકાર તો સદાય મને મળતો જ રહ્યો છે તે બદલ આનંદની લાગણી અનુભવું છું.

વિ. સં. ૨૦૨૬
ચેમ્બુરતીર્થ, મુંબઈ

*મુનિ યશોવિજય*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ઋષિમંડલ આરાધનાની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૭ ઇ.સન્ ૧૯૭૧

૨૫

## પ્રસ્તાવના

*(પ્રથમ આવૃત્તિ મુજબ)*

*લે. પ. પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજ*

જેમ નવસ્મરણ, જિનપંજર, મંત્રાધિરાજ આદિ અનેક સ્તોત્રો છે, તેમ ઋષિમંડલ પણ એવું એક સ્તોત્ર છે. નવસ્મરણમાં પણ ભક્તામરસ્તોત્રનું શ્વેતામ્બર–દિગમ્બર સંપ્રદાયમાં જેવું સ્થાન છે, તેવું જ બંને સંપ્રદાયોમાં ઋષિમંડલ સ્તોત્રનું સ્થાન છે.

ઋષિમંડલ શબ્દનો અર્થ, તે ક્યારે રચાયું? રચનાર કોણ હતા? એની વિશેષતા, મહિમા, અન્તિમ ફલશ્રુતિ, નાના મોટા વચ્ચેનો તફાવત, આના આરાધકોના કેટલાક અનુભવો અને તેના અર્થ વગેરે બાબતો ઉપર લેખક મહાશયે યથાયોગ્ય રીતે પ્રકાશ પાડ્યો છે, એટલે એ અંગે વિશેષ કોઈ નિર્દેશ૧ અહીં કરતો નથી. અહીં જરૂરી અવલોકન નોંધી પ્રસ્તાવના ટૂંકમાં જ પૂરી કરીશ.

આ સ્તોત્રનો પાઠ ચતુર્વિધ સંઘના હજારો આત્માઓ રોજે રોજ કરે છે. તેના યન્ત્ર-મન્ત્રની આરાધના પણ હજારો પુણ્યવાન આત્માઓ કરે છે. સેંકડો માણસો એની વિધિપૂર્વક આરાધના અનેક રીતે કરતા આવ્યા છે, અને એના આધ્યાત્મિક લાભો, માનસિક શાંતિ અને બીજા અનેક ચમત્કારિક લાભો–ફળો તેઓએ અનુભવેલા છે. આ એક નિર્વિવાદ બાબત છે. સ્તોત્રની ભાષા સરલ, પ્રાસાદિક છે. સહુને પથ્ય થાય તેવું

૧. મારી સંપાદિત કરેલ ઋષિમંડલની પહેલી તથા ત્રીજી આવૃત્તિ જુઓ. એમાં સંક્ષેપમાં પણ ઘણી ઘણી બાબતો ઉપર વિવેચન કરેલું છે.

સંસ્કૃત ભાષાનું મધુર સ્તોત્ર હોવાથી તે ખૂબ આદરપાત્ર બનેલું છે.

આ સ્તોત્ર સુંદર હોવાના કારણે ફ્રાન્સ દેશના વતની ડો. ગીલ્બર્ટ જેઓ અત્યારે એક સાધના આશ્રમ જેવું કંઈક ચલાવે છે, તેઓ ૧૦ વરસ ઉપર ભારત આવેલા, ત્યારે ધર્માનુરાગી શાહ કેશવલાલ મોહનલાલ તેમને મારી પાસે લાવેલા. બે-ત્રણ વખત મુલાકાતો થયેલ અને એમણે ઋષિમંડલ સ્તોત્ર, મન્ત્ર, યન્ત્ર ઉપર મારી પાસેથી જાણકારી મેળવી, પ્રશ્નોત્તરી પણ કરેલી. તેથી તેઓ સ્તોત્રથી પ્રભાવિત થયા અને તેના યન્ત્રો, સ્તોત્ર, પુસ્તકો લઈ ગયા. પાછળથી તેનો યથાર્થ ઉચ્ચાર થઈ શકે તે માટે તેમણે તેની ટેપ મંગાવેલી, તે પણ મોકલાવી આપી. અને તે દ્વારા તેઓ આજે સ્તોત્રપાઠ કરતાં અને અન્યને સંભળાવતા થઈ ગયા છે.

આનો પ્રભાવ કેવો છે? તેનું દિગ્દર્શન લેખકે આ પુસ્તકના પ્રારંભમાં જ કરાવ્યું છે. પણ જો આના અનેક પરમારાધકોના અનુભવો એકઠા કરીએ તો ખાસું એક દળદાર પુસ્તક બની જાય.

આ સ્તોત્ર અનુવાદ સાથે બહાર પડી રહ્યું છે, તેથી ઘણાને આનંદ થશે. આ સ્તોત્રના જે અનુવાદો બહાર પડ્યા છે, તેમાં આ અનુવાદ મારા ખ્યાલ મુજબ સહુથી શ્રેષ્ઠ અને ઉપયોગી બન્યો છે.

આ પુસ્તકની પ્રેસ કોપી વિદ્વાન આ. શ્રી ધર્મધુરંધરસૂરિજી પાસેથી તપાસીને આવ્યા બાદ મેં તપાસી. મૂલપાઠ અને અનુવાદ જોઈ ગયો. લેખકે મૂલપાઠ નક્કી કરવા માટે મુખ્યત્વે મારી સંપાદિત આવૃત્તિઓને આધારભૂત રાખી હતી. મારી પ્રથમાવૃત્તિમાં ૧૦૦થી વધુ પાઠભેદો છાપ્યા હતા. નીચે છાપેલ પાઠભેદોમાંથી કોઈક કોઈક પાઠ મૂલમાં મૂકવા અને મૂલનો પાઠભેદ પાદનોંધ માટે પસંદ કરવો એવું લેખકને અર્થની દૃષ્ટિએ વધુ યોગ્ય લાગતાં તેમણે પોતાની પ્રેસકોપીમાં તે રીતે સ્થાન આપેલું હતું, પણ મેં નક્કી કરેલા પાઠ પાછળ ઉંડી સૂઝ અને સંશોધન હોવાથી આમ કરવું ઉચિત ન લાગવાથી, વળી ભિન્ન ભિન્ન પુસ્તકોમાં વાચકોને માટે વ્યામોહ, ઊભો થાય તે પણ યોગ્ય ન લાગવાથી, લેખકે મારી સાથે ચર્ચા કરીને ચાર-પાંચ *સ્થળોનો સૂચવેલો સુધારો માન્ય રાખ્યો. મૂલ અને અનુવાદનાં કેટલાંક સંદિગ્ધ સ્થળો પણ* ઘટતા સુધારાવધારા સાથે પરિમાર્જિત કર્યા. જેથી મારા અને એમના પાઠ વચ્ચે બહુધા સમાનતા જળવાઈ રહી, જે યોગ્ય જ થયું.

અલબત્ત, એક વાતનું સ્પષ્ટીકરણ કરું કે સ્તોત્રકર્તાની દૃષ્ટિએ એમને માન્ય-યથાર્થ પાઠ કયો હશે? ગાથાઓનો ક્રમ શું હશે? તે જ્ઞાની જાણે. કારણ કે આના આરાધકો-ઉપાસકોની વિશાળ સંખ્યા અને વીતેલો સેંકડો વરસનો કાળ આ બંનેના કારણે મૂલપાઠ અને મૂલમંત્રમાં એવી પરિસ્થિતિ નિર્માણ થઈ હતી કે એનું અસલીયતપણું શું હતું? તે નક્કી કરવું આજે ઘણું કપરૂં છે. એમ છતાં અર્થ અને પરંપરાની સદ્ધરતા શું છે? એ બંને બાબતોને સામે રાખીને મૂલકર્તાના અભીષ્ટ પાઠની વધુમાં વધુ નજીક પહોંચવા સત્પ્રયત્ન કરવો એમ વિચાર્યું. અને ભારતના મહત્ત્વના જૈન જ્ઞાનભંડારોની ૧૦૦ થી વધુ પ્રતિઓ મંગાવીને જોઈ. એના સંખ્યાબંધ યંત્રો જોયા. મારી અલ્પ-સ્વલ્પ સૂઝ મુજબ વિવેકદૃષ્ટિ જાળવીને પહેલી આવૃત્તિ

પ્રસંગે ઠીક રીતે મેં પાઠના નિર્ણયો લીધા. કોઈ કોઈ પાઠ અંગે નિરાકરણ ન થઈ શક્યું, તેને આગળ ઉપર મુલતવી રાખી, ઋષિમંડલસ્તોત્રની પ્રથમાવૃત્તિ એકસોથી વધુ પાઠભેદો છપાવવા પૂર્વક આકર્ષક રીતે, એક નમૂનેદાર સંપાદન તરીકે વિ. સં. ૨૦૧૨ માં છપાવી હતી. વિ. સં. ૨૦૧૭માં બીજી આવૃત્તિ અને વિ. સં. ૨૦૨૩માં ત્રીજી આવૃત્તિ પ્રસિદ્ધ થઈ. ત્રીજી આવૃત્તિમાં સંતોષ થાય તે રીતે લગભગ બધો પાઠ વ્યવસ્થિત થવા પામ્યો. એકાદ બે સ્થળે મને સંતોષ નથી થયો, તેનું નિરાકરણ થશે તો ચોથી આવૃત્તિ દીવાળી બાદ છપાવવા વિચાર છે, ત્યારે તેમાં સંપૂર્ણ પાઠ વ્યવસ્થિત અપાશે.

ઘણા વખતથી હસ્તલિખિત અને મુદ્રિત બંને પ્રતિ–પુસ્તકમાં જાતજાતના પાઠભેદો ચાલ્યા આવતા હતા. કેટલાક તો અર્થસંગત ન હતા, તેમજ ભાષાની દૃષ્ટિએ અશુદ્ધ હતા. તેનું શક્ય શુદ્ધિકરણ કર્યું છે. **देवदेवस्य**ની ગાથાઓ, લબ્ધિપદો તથા દેવીનામોના ક્રમમાં અવ્યવસ્થા હતી, તે ક્રમ સુધારીને આપ્યો છે. લગભગ અનેક બુકોમાં છાપેલા બૃહદ્ ઋષિમંડલસ્તોત્રમાં **वैक्रियर्द्धि** પાઠ છપાએલો છે. 'સ્વાધ્યાયસાગર' અને તે પછી હમણાં જ નવા નવા બહાર પડેલાં કેટલાક પુસ્તકોમાં આ જ પાઠ ચાલુ રહ્યો છે. વળી લઘુ કે બૃહદ્ સ્તોત્રની ગાથા ૧૯મા **तुर्यस्वरसमायुक्तो** પાઠ આવે છે, એ પાઠ હસ્તલિખિત સો પ્રતોમાં જોવા મળ્યો અને છાપેલા પુસ્તકોમાં પણ એ જ રીતે છાપ્યો છે. અર્થની દૃષ્ટિએ આ ગાથાની વિચારણા કરી ત્યારે અર્થ અધૂરો જ રહ્યો. વળી અહીં **समा** પાઠ કોઈ વિશેષ અર્થદ્યોતક ન હતો. પછી **अर्हं** પદ તૈયાર કરવામાં **कला** અર્થ કોઈ શબ્દથી સાબિત થતો ન હતો. શું કરવું? પછી મને સૂઝયું કે **समा**ની જગ્યાએ **कला** જો હોય તો સંપૂર્ણ રીતે અર્થસંગતિ થાય, એટલે મેં **समा**ની જગ્યાએ **कला** પાઠ ગોઠવી **तुर्यस्वरकलामुक्तो** પાઠ બીજી આવૃત્તિમાં સુધારી નાંખ્યો અને ત્રીજી આવૃત્તિમાં પાછળથી મળેલી હસ્તલિખિત પ્રતિમાં એ જ પાઠ મળી આવ્યો. તે પાઠનો બ્લોક મેં તેમાં પ્રગટ કર્યો છે.

તે ઉપરાંત બૃહદ્સ્તોત્ર પાઠમાં ભવનેન્દ્રવ્યન્તરેન્દ્રથી લઈને લબ્ધિપ્રાપ્ત મુનિઓને નમસ્કાર કરતાં નામપદો બોલાય છે. એમાં પણ ઘણી અસ્તવ્યસ્તતા તથા અશુદ્ધિ હતી. મેં પ્રાચીન યંત્રો. પૂજનવિધિ તથા પ્રતિઓ જોઈ એ ક્રમઃ વ્યવસ્થિત કર્યો અને નામની અશુદ્ધિઓ લાગી, તે પણ સુધારી નાંખી છે.

નવા નવા પુસ્તકોમાં ઋષિમંડલ સ્તોત્ર માટે સંપાદકો કે પ્રકાશકો મારી સંપાદિત આવૃત્તિનો જો ઉપયોગ કરશે તો શુદ્ધિ અને એકવાક્યતાનું ધોરણ સારૂં જળવાશે.

આ ગ્રંથનો અનુવાદ ઘણા પરિશ્રમપૂર્વક સુંદર રીતે થયો છે. આ જાતના અનુવાદવાળું પુસ્તક મારા ખ્યાલ મુજબ પહેલું છે. અને આના નિત્ય પાઠકો વધુ હોવાથી ભક્તામરસ્તોત્ર કરતાંય આનો આદર વધુ થશે.

અનુવાદમાં શીઘ્રતા દોષ કે કોઈ ભાગ ધ્યાન બહાર જવાના કારણે સંભવિત છે કે ક્યાંક ક્ષતિ[1] રહી ગઈ હોય તો વાચકો સુધારીને વાંચવાનો ખ્યાલ રાખે.

લેખકને ધન્યવાદ. જનતા અન્ય ગ્રન્થોની જેમ આનો ઉત્સાહપૂર્વક આદર કરે, એ જ શુભેચ્છા!

ચેમ્બુર જૈન મંદિર, મુંબઈ
વિ. સં. ૨૦૨૭

# યંત્ર અંગે કિંચિત્

*લે. પ. પૂ. મુનિશ્રી યશોવિજયજી મહારાજ*

શ્રી ઋષિમંડલયંત્રમાં પણ કેટલાક સંપ્રદાયો (પ્રકારો) પ્રવર્તે છે. તેનું ઊંડુ સંશોધન કર્યા બાદ મેં જે ઋષિમંડલયંત્ર સંપાદિત કર્યો છે, તે પાઠકોની જાણ માટે તથા આરાધકોના ઉપયોગ માટે અત્રે રજૂ કરવામાં આવ્યો છે. આ યંત્રની અત્યાર સુધીમાં ૧૦,૦૦૦ નકલો પ્રગટ થઈ ચૂકી છે અને તે આરાધક આત્માઓને શ્રી ઋષિમંડલની આરાધનામાં ઉપયોગી નીવડી છે.

આ યંત્રના મધ્ય ભાગમાં પર્વત જેવી રેખાઓ છે, તે મેરુ પર્વતની સૂચક છે. વચ્ચે હ્રીઁકારની સ્થાપના છે, તે એમ દર્શાવે છે કે આ હ્રીઁકાર મેરુ પર્વતના એક ઊંચા શિખર પર સ્થાપિત છે. આ હ્રીઁકાર કલા, બિંદુ અને નાદથી[૨] યુક્ત છે. તેમાં જે જે સ્થળે જે તીર્થંકરોની

---

૧. ૧૪ થી ૨૧ સુધીના શ્લોકો ઠીક વિચારણા માગે તેવા છે. તેમાંય ૧૪ થી ૧૮ શ્લોકોવર્તી શબ્દોના સીધા અર્થો તો સહુ કરી લે છે, પણ મને હજુ સંતોષ થયો નથી. મને લાગે છે કે આ શ્લોકોનો યથાર્થ ભાવ રજૂ કરવા માટે સટીક આગમો-ઉપનિષદો આદિનું અવલોકન કરવું જોઈએ. હું એ માટે સમય મેળવી શક્યો નથી, એટલે અનુવાદ કરવાનું કાર્ય લંબાવતો રહ્યો છું.

સમય નહી કાઢી શકું તો પછી ચાલુ વિવેચનો જૂના ટીપ્પણો જોઈને અર્થનું ધોરણ નક્કી કરી પ્રકાશન કરવું પડશે ખરું!

૨. કેટલાક આરાધકો બિન્દુ ઉપર નાદની એક વધુ આકૃતિ જોઈને ચમકે છે. અને આ વળી નવું ક્યાંથી મૂક્યું? એવું વિચારીને અનાદરભાવ સેવે છે, તેનું મુખ્ય કારણ એ છે કે તેઓને છેલ્લાં ૨૦૦-૩૦૦ વરસના ગાળામાં બનેલા વસ્ત્ર, કાગળ કે ત્રાંબા વગેરેના યન્ત્રોમાં ક્યાંય પણ આવી (નાદની) વધારાની આકૃતિ જોવા મળી નથી. પણ અમારા સંશોધન-ચિંતનને અન્તે 'નાદ' આકૃતિ અનિવાર્ય રીતે મૂકવી જ જોઈએ, એવું શાસ્ત્રીય દૃષ્ટિએ નિઃશંક રીતે નિશ્ચિત થયેલી બાબત છે. અને આ બાબતને પુષ્ટિ આપતી બાબત એ છે કે ૩૦૦ વરસ પહેલાના યંત્રોમાં આ આકૃતિ બનાવેલી મળે જ છે. અને આ મૂકવાથી જ હ્રીઁ બીજ સ્તોત્રપાઠ મુજબ યથાર્થ રીતે શુદ્ધ અને વ્યવસ્થિત બને છે.

નાદ મૂકાઈ ગયાના અનેક પ્રમાણો પૈકી એક જાણીતું પ્રમાણ એ છે કે સિદ્ધચક્રબૃહદ્યન્ત્રના કેન્દ્રવર્તી અર્હં ઉપરના બિન્દુ ઉપર નાદ આકૃતિ હોવી જ જોઈએ. છતાં સેંકડો વરસમાં મળતા અને વર્તમાનમાં જુદા જુદા મુનિરાજા તરફથી બહાર પડેલા યંત્રોમાં આ આકૃતિ જોવા મળતી નથી. જ્યારે શ્રીપાલકથામાં આવતો સિદ્ધચક્રનો યંત્ર બનાવવાની વર્ણવેલી હકીકતોના આધારે મેં મારા સંપાદિત સિદ્ધચક્રયંત્રમાં 'નાદ' ને સ્પષ્ટ મૂક્યો છે.

'નાદ' ત્રિકોણ, ચોરસ અને ગોળ ત્રણ આકારવાળો જોવા મળે છે

ભાવના કરવાની છે, ત્યાં ત્યાં તેમનાં નામો દર્શાવેલા છે.[1]

આ હ્રીઁકારની ડાબી બાજુ એક વર્તુલમાં ॐ છે અને જમણી બાજુના વર્તુલમાં नमः છે. અહીં ह्रीँ અને अर्हँ ચિત્ર પરથી ગ્રહણ કરવાના છે. એટલે કે અહીં ॐ ह्रीँ अर्हं नमः મંત્રની પણ સ્થાપના છે કે જે ઋષિમંડલનો લઘુમંત્ર ગણાય છે. ઋષિમંડલનો મૂલમંત્ર ह्रीँકારની વચ્ચે ખાલી રહેતી જગ્યામાં દર્શાવેલો છે. યંત્રની આકૃતિ દોરવાનો પ્રારંભ આ મંત્રાલેખનથી જ કરાય છે.

મધ્યભાગની ઉપર ૩૪ કૂટાક્ષરો દર્શાવવામાં આવ્યા છે, તે મેરુપર્વતના અનેક કૂટોની–શિખરોની યાદ આપે છે.

क થી ह સુધીના તેવીશ વ્યંજનો થાય, તેમાં क्ष ઉમેરતાં ૩૪ અક્ષરો બને. આ ચોત્રીશેય અક્ષરના પ્રારંભથી બનતો કૂટાક્ષર અહીં દર્શાવવામાં આવ્યો છે. કેટલાંક क તથા ल ના કૂટાક્ષરો છોડી ૩૨ કૂટાક્ષરો દર્શાવે છે, તે સંપ્રદાયભેદ સમજવો.

ત્યાર પછી પ્રથમ વલયમાં સ્વર–વ્યંજનવર્ગ સહિત આઠ પ્રકારના પિંડાક્ષરો દર્શાવેલા છે, તેની ભાવના વિશિષ્ટ મુદ્રાઓ વડે કરતાં અનેક પ્રકારના રોગાદિક અનિષ્ટો દૂર થાય છે.

બીજા વલયમાં નવ[2] ગ્રહોની સ્થાપના છે, તેમાં રાહુ–કેતુની સાથે સ્થાપના કરતાં આઠ દિશાવર્તી આઠ ખાનાઓમાં બધાનો સમાવેશ થાય છે.

ત્રીજા વલયમાં દશદિક્પાલની સ્થાપના છે. તેમાં ઈન્દ્રની સાથે બ્રહ્મન્ (ઊર્ધ્વદિશાના દિક્પાલ) અને વરુણની સાથે નાગ (અધો દિશાના દિક્પાલ)ને મૂકી તેનો સમાવેશ પણ આઠ ખાનાંઓમાં–પાંખડીઓમાં કરવામાં આવ્યો છે.

ચોથા વલયમાં અર્હદાદિ આઠ પદોની સ્થાપના છે કે જે અંગે પ્રસ્તુત ગ્રંથમાં પર્યાપ્ત વિવેચન કરવામાં આવ્યું છે.

પાંચમા વલયમાં ચતુર્નિકાયના ચોસઠે ઈન્દ્રો તથા પ્રધાન બાર લબ્ધિધારીઓની સ્થાપના સોળ ખાનાં દ્વારા કરવામાં આવી છે.

અને છટ્ઠા વલયમાં આ સ્તોત્ર સાથે સંબંધ ધરાવતી ૨૪ મહાદેવીઓની ૨૪ ખાનાઓમાં સ્થાપના કરવામાં આવી છે.

તેના ફરતો લવણસમુદ્ર[3] બતાવ્યો છે કે જે જંબૂદ્વીપને ઘેરી વળેલો છે. તેમાં ૫૬ અંતર્દ્વીપ સૂચક ૫૬ व જલબીજ તરીકે જલતરંગમાં વહેતા હોય એ રીતે દર્શાવેલા છે.

---

૧. ચોવીશ તીર્થંકરની આકૃતિઓવાળું યંત્ર નાના લાઇન બ્લોકથી છાપવું અશક્ય થવાથી નામો મૂક્યાં છે. નામોવાળા સંખ્યાબંધ યંત્રો વપરાય છે.

૨. શાંતિસ્તોત્રાદિમાં ગ્રહ–દિક્પાલપૂજન પ્રથમ થાય છે, પછી શાંતિસ્નાત્રનો મુખ્ય વિધિ કરાય છે તેમ.

૩. કોઇ યંત્રમાં લવણસમુદ્ર કૂટાક્ષર પછી દર્શાવ્યો છે, પણ તે યોગ્ય નથી.

આ યંત્રનું હ્રીઁકારના સાડાત્રણ આંટાથી વેષ્ટન કરેલું છે અને છેડે ક્રૌઁ અંકુશબીજથી પૂર્ણાહુતિ કરેલી છે.

સમગ્ર યંત્ર જલતત્ત્વપ્રધાન એવા કલશાકારમાં સ્થાપેલો છે. બંને બાજુએ નેત્રો, તથા કલશાની બંને બાજુએ ખેસ જેવી આકૃતિ બતાવી છે. કલશાકાર યંત્રોમાં પુરુષાકારની પણ કલ્પના કરાતી હોવાથી મસ્તક, મુખ, કંઠ, ઉદર અને પાદવિભાગની કલ્પના કરાય છે.

યંત્રની નીચેની બેઠકમાં નવનિધિ તથા પંચમુખો નાગ બતાવેલો છે.

યંત્રની આસપાસ પરંપરા મુજબ આ યંત્રના પ્રધાન અધિષ્ઠાયકો તરીકે શ્રી ધરણેન્દ્રદેવ અને તેમની શ્રી પદ્માવતી-વૈરોટ્યા બે દેવીઓની, તેમજ ગણધર ગૌતમસ્વામીની તથા સમગ્ર ગુરુપાદુકા તથા સાધકમૂર્તિની સ્થાપના છે.

ફરતો ખૂણાવર્તી ત્રિશલાકૃતિ સાથેનો ચોરસ છે; તે પૃથ્વીમંડલનું[1] સૂચન કરે છે. કારણકે તેના ખૂણામાં લં બીજની અને મધ્યભાગમાં ક્ષિ બીજની સ્થાપના છે.

સહુ કોઈ તુષ્ટિ-પુષ્ટિને આપનારાં, મંગલ-કલ્યાણને કરવાવાળા, અને ઈષ્ટ સિદ્ધિને દેનારા આ યંત્રની ઉપાસના કરવામાં ઊજમાળ બનો.

---

૧. જેમ 'નાદ' કરવાની પ્રથા અટકી ગઈ, તેમ યંત્ર ફરતું પૃથ્વીમંડલસૂચક ચતુષ્કોણક રેખા દોરવાની પ્રથા પણ ભૂલાઈ ગઈ હતી. મારા સિદ્ધચક્ર અને ઋષિમંડલના બંને યંત્રોમાં નાદ અને પૃથ્વીમંડલની પુનઃ પ્રતિષ્ઠા કરવામાં આવી છે. ખૂણામાં લં બીજની અને મધ્યભાગમાં ક્ષિ બીજની સ્થાપના છે.

પ્રાચીનકાળના પટોમાં અન્ય પૂજાયોગ્ય નામોનું પૂજન થતું હતું, તે નામોનો સંક્ષેપ કરીને ફરતા તે નામો દર્શાવ્યાં છે. મથાળે બંને બાજુએ લઘુ અને માલામંત્રથી ઓળખાતો સ્તોત્રનો મૂલમંત્ર આપ્યો છે.

મારો સંપાદિત કરેલો શ્રી ઋષિમંડલયંત્રનો જે પૂજાપાઠ પ્રચલિત છે, તેમાં આ જ ક્રમનું અનુસરણ કરવામાં આવ્યું છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# પ્રતિક્રમણ ચિત્રાવલીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૮ | ઇ.સન્ ૧૯૭૨

**૨૬**

## સંપાદકીય નિવેદન

स्वस्थानात्परस्थानं, प्रमादस्यवशाद्गतः।
तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते।।

અર્થ—આત્મા પ્રમાદના વશથી પોતાના (ક્ષમાદિરૂપ) સ્થાનમાંથી (કષાયાદિ ભાવ રૂપ) પરસ્થાનમાં ગયો હોય, તો તેવા આત્માને પાછો પોતાના સ્વસ્થાનમાં (ક્ષમાદિ ભાવમાં) લાવવો તેનું નામ 'પ્રતિક્રમણ' છે.

प्रति = એટલે પાછું, क्रमण = એટલે હઠવું, એનો સ્થૂલ અર્થ એ કે પાપથી પાછા હઠવાની ક્રિયા તેનું નામ પ્રતિક્રમણ. આ અર્થ પ્રતિક્રમણ શબ્દનો થયો. હવે પાછા હઠવું કહ્યું તો શેનાથી પાછા હઠવું? તેનો જવાબ ઉપરનો શ્લોક આપે છે, તેને આપણે સ્પષ્ટતાથી સમજીએ.

स्वस्थान—એટલે આત્મા પોતાના સમ્યગ્ શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર અને અપ્રમત્તાદિ આત્મિક ભાવમાં ત્રિવિધ રીતે ત્રિકરણ ભાવે રમણ કરે અથવા સ્વ-ભાવ દશામાં રહે તે. આ આત્માનું સ્વસ્થાન કહેવાય.

परस्थान—સ્વસ્થાનમાં જણાવેલી બાબતોથી પ્રતિપક્ષી ગણાતા ભાવોમાં અથવા પરભાવદશામાં અર્થાત્ વિરાધકભાવમાં રમણ કરવું તે. આરંભ-સમારંભ અને પાપની સાંસારિક પ્રવૃત્તિઓમાં ત્રિવિધ યોગને જોડવા એ બધી પરભાવદશા છે.

બાર બાર મહિના દરમિયાન આત્મા પ્રમાદ એટલે વિરાધકભાવને વશવર્તી થતાં

સ્વભાવદશાની આરાધકભાવની પ્રવૃત્તિ છોડીને પરભાવદશાના પંથે દૂર-સુદૂર સુધી ચાલી ગયો હોય છે. દૂર-સુદૂર ગએલા તે આત્માને, જેમાં દેવ, ગુરુ, શ્રુતજ્ઞાનની ઉપાસના મહત્ત્વનું સ્થાન ધરાવે છે તેવી, હિંસા, અસત્ય આદિ અનેકવિધ પાપો-દોષોનું શમન કરનારી અને ક્ષમા માગવા દ્વારા આત્માના ક્રોધાદિ કષાયોનું ઉપશમન કરનારી અને વિષયને વાસનાઓની પ્રશાન્ત કરનારી, આત્માને પુષ્ટ કરનારી એવી (પ્રતિક્રમણની) ક્રિયા દ્વારા પાછો તેના મૂલ સ્થાનમાં લાવવો તેને 'પ્રતિક્રમણ' કહે છે.

આ ક્રિયાને અન્તે કષાય અને વાસનાના ભારથી ભારે એવું મન હળવાશ અનુભવે, મન શાન્ત પ્રશાન્ત થાય, ચિત્ત અંતર્મુખ બને, સર્વ જીવો પ્રત્યે મૈત્રી ભાવ પ્રગટે તો સમજવું કે પ્રસ્તુત ક્રિયા રૂડી રીતે થઇ છે અને તેનું શ્રેષ્ઠ ફળ મલ્યું છે.

વળી આનું બીજું નામ 'આવશ્યક' છે, એટલે કે અવશ્ય ચોક્કસ કરવા જેવી બાબત અને તે રોજેરોજ. આનો તાત્પર્યાર્થ એ છે કે આ ક્રિયા જૈન માત્રે રોજે રોજ કરવી જોઈએ. રોજેરોજ બંધાતાં પાપોનું રોજેરોજ પ્રાયશ્ચિત કરવું જોઈએ અને આધ્યાત્મિક ગુણોનો ઉત્તરોત્તર વિકાસ સાધવો જોઈએ, જેથી આ જન્મના સુસંસ્કારોનો સરવાળો વધતો વધતો કોઈ જન્મને અંતે સકલ કર્મનો ક્ષય કરાવી મુક્તિ સ્થાને પહોંચાડે.

## ક્રિયાની આવશ્યકતા

જ્ઞાન અને ક્રિયા એક જ રથના બે પૈડા છે. બેમાંથી એક પણ પૈડું નબળું હોય તો આત્મારૂપી રથ મુક્તિના પંથે સરખી ગતિ કરી ન શકે, માટે જ આપણે ત્યાં જ્ઞાન અને ક્રિયા બંનેને સમાન મહત્ત્વ આપવામાં આવ્યું છે. એથી જ 'જ્ઞાનથી જાણો અને ક્રિયાથી આદરો' આ ઉક્તિ પ્રસિદ્ધિમાં આવી છે. વળી અપેક્ષાએ જ્ઞાન ભલે સ્વલ્પ હશે તો તે ચાલશે પણ ક્રિયાવાદનો અમલ બરાબર નહિ હોય તો તે નહીં ચાલે. જ્ઞાન તો બીજાનું પણ આપણને (ક્રિયા વગેરેમાં) કામ લાગશે પણ ક્રિયા બીજાની કરેલી બીજાને ઉપયોગી કદિ થતી નથી. ક્રિયા તો પોતાની જ પોતાને ફળ આપે છે. સહુની જાણીતી વાત છે કે કોઇ પણ વિદ્યા-કલા વગેરેના જાણપણાનું ફલ પોતાના જાણપણાને અનુકૂલ પ્રવૃત્તિ કરવામાં રહેલું છે, આ એક જગજાહેર નિર્વિવાદ સત્ય છે, કોઈ પણ બાબતનું જ્ઞાન મેળવી લીધા બાદ તે જ્ઞાનને વાગોળ્યા કરવાથી, તે જ્ઞાનની ડાહી ડાહી વાતો કરવાથી કે તેના મનોરથો કરવા માત્રથી માનવી કશો જ લાભ મેળવી શકતો નથી એ સહુ કોઇનું અનુભવસિદ્ધ, કોઈ પણ દલીલથી ઈન્કાર ન કરી શકાય તેવું આ સત્ય છે.

આપણું આ શરીર પણ એ સત્યને ટેકો આપે છે અને કહે છે કે આંખથી જુઓ અને પછી પગથી ચાલો તો ઇષ્ટ સ્થાને પહોંચશો. આંખ જ્ઞાનના સ્થાને છે અને પગ ક્રિયાના સ્થાને છે.

અરે! તરવાની ક્રિયાનો શ્રેષ્ઠ જાણકાર તરવૈયો પણ પાણીમાં પડ્યા પછી તરવા માટે હાથ પગ ચલાવવાની ક્રિયા જો ન કરે તો તે પાણીમાં ડૂબી જાય. આ દૃષ્ટાંત સૂચિત કરે છે કે એકલું જાણપણું કાફી નથી અર્થાત્ તેથી પૂરી સફળતા મળતી નથી.

અરે! શાસ્ત્રમાં તો સાપેક્ષ દૃષ્ટિએ એમ પણ કહ્યું છે કે કદાચ સૂત્ર ક્રિયાનો અર્થ ન જાણતો હોય પણ મહામંત્રાક્ષર જેવા મહર્ષિઓ-પરમર્ષિઓ પ્રણીત એવા સૂત્રોનું શ્રદ્ધા રાખીને ભાવપૂર્વક શ્રવણ કરે તો ય તેનું પાપ-કર્મ રૂપી ઝેર ઉતરી જાય છે. અને એમાં તેઓ એક દૃષ્ટાંત પણ ટાંકે છે કે-જેને સર્પનું ઝેર ચઢ્યું હોય તે જીવ બેશુદ્ધ બને છે. તેની આગળ કોઈ વિષ ઉતારનારો ગારૂડી, ગારૂડી મંત્રથી ઓળખાતા મંત્રોને મનમાં જ જપતો હોય ત્યારે પેલો બેભાન આત્મા કશું સાંભળતો નથી અને કદાચ ગારૂડી મુખથી ઉચ્ચારીને બોલે તો ય તે સાંભળવાનો નથી, એમ છતાં તેનું ઝેર પેલા મંત્રના પ્રભાવે ઉતરી જાય છે, અને તે નિર્વિષ બની જાય છે. એવો જ પ્રભાવ આ સૂત્રમંત્રનો છે.

ટૂંકમાં જણાવવાનું એકે આ ક્રિયા કરવા લાયક છે. અર્થની સાચી સમજ મેળવીને થાય તો સર્વોત્તમ છે. તેવી સમજ ન હોય તો શ્રદ્ધા ભાવપૂર્વક વિધિ મુજબ થાય તો પણ કર્મનો બોજ હળવો કરવા, મનને નિર્મળ બનાવવા આ ક્રિયા કરવી જરૂરી છે. અસ્તુ!

એકંદરે પ્રતિક્રમણના પ્રકારો જો કે પાંચ છે, પણ અહીંયા પાંચમા-છેલ્લા સંવચ્છરી પ્રતિક્રમણ અંગે કંઈક કહેવાનું છે.

## મૂલવાત :

ભારતના મહાતિમહાનગર મુંબઈમાં સેંકડો સ્થળે સંવચ્છરી પ્રતિક્રમણની આરાધના થાય છે. સમાજનો પંદરેક આની વર્ગ વરસમાં આ એક જ પ્રતિક્રમણ કરતો હશે એવું મારું અનુમાન અતિશયોક્તિ દોષ રહિત હશે એમ કહું તો ખોટું નહિ હોય.

કોઈ પણ આત્મા બાર મહિનામાં માત્ર એક જ દિવસ અને તેમાંય માત્ર ત્રણ કલાકની, પાપથી પાછા હઠવાની, પાપનું પ્રાયશ્ચિત કરનારી એવી મહાન અને પવિત્ર ક્રિયા કરે અને સાથે સાથે વિધિની અને ભાવની વિશુદ્ધિ બરાબર જાળવે તો ક્રિયા કરવા પાછળનો-બાર મહિનાના પાપદોષોની આલોચનાનો-જે ઉદ્દેશ તે જરૂર સફળ કરી શકે, ક્રિયા કરીને જે લાભ મેળવવો છે તે મેળવી શકે.

આ ત્યારે શક્ય બને કે જ્યારે સૂત્ર અર્થનું બરાબર જ્ઞાન હોય પણ આ જ્ઞાન (અને તે પાછું આ શહેરમાં) મેળવવું એ તો તમને ભારે અશક્ય જેવું લાગે, એટલે અમોએ આરાધકો યથાશક્તિ સાચી સમજણ પૂર્વક ક્રિયા કરી શકે, આત્મા બાર મહિનાના પાપના ભારથી હળવો થાય, ક્ષમા યાચના દ્વારા કષાયોનું ઉપશમન થતાં આત્મા સમતાભાવવાળો બને, અખિલવિશ્વના જીવ માત્ર પ્રત્યે મૈત્રીનું સગપણ બાંધી શકે અને પરિણામે પુરાણાં કર્મોની નિર્જરા અને નવા કર્મોનો સંવર-અટકાવ થાય, આ કારણે જરૂરી સૂત્રોની ટૂંકી સમજણ આપી શકે તેવી સંવચ્છરી પ્રતિક્રમણની સળંગ વિધિની સચિત્ર પુસ્તિકાની જરૂરિયાત આજથી બાર વર્ષ ઉપર મને જણાઈ હતી અને તે વખતે આ વિધિ છાપવાની તૈયારી પણ કરી હતી, પણ એક યા બીજા કારણે તે બન્યું નહિ. આજે તે મુદ્રિત થઈને બહાર પડી રહી છે ત્યારે તેનો આનંદ અને સંતોષ થાય તે સ્વાભાવિક છે. જો કે સળંગ અને સરળ પ્રતિક્રમણ વિધિની બુકો

બીજી સંસ્થાઓ તરફથી પણ પ્રગટ થઈ છે. એમ છતાં આમાં સંખ્યાબંધ ચિત્રોની ઉપસ્થિતિ વગેરેથી આ પુસ્તિકા અનેરી ભાત પાડશે એમ માનું છું. આમાં કેટલીક નીચે મુજબની નવીનતાઓ છે.

૧. મહત્વના સૂત્રોનો જરૂરી ભાવાર્થ અને તેની વિશેષ સમજ તે તે સૂત્રો વગેરેની પહેલાં જ આપી છે.

૨. તે તે સ્થળે તે તે ક્રિયા કેવા આસને કે મુદ્રાથી કરવી તે માટેનાં ચિત્રો આપ્યાં છે.

૩. મુહપત્તિનાં પચાસ બોલનાં ચિત્રો આપ્યાં છે.

સમાજનો ચૌદ પંદર આની વર્ગ પજુસણમાં, અને પંદર આનીથી વધુ વર્ગ સંવચ્છરીના દિવસે પ્રતિક્રમણ કરવા આવતો હોય છે.

સમાજનો એકાદ આની વર્ગ વ્યાખ્યાન શ્રવણ કરતો હશે. બહુ બહુ તો ચાર આની વર્ગ પ્રતિક્રમણના સૂત્રોને જાણતો હશે. એમાંય અર્થનું જાણપણું એકાદ આની વર્ગને હશે, એ એક આનીની પણ જો પુરૂષ-સ્ત્રી વચ્ચે વહેંચણી કરીએ તો બે ભાગમાં સ્ત્રીઓ અને એક ભાગમાં પુરુષો આવે. આ પરિસ્થિતિમાં પ્રતિક્રમણના સૂત્ર અને તેના અર્થજ્ઞાનની સ્થિતિ શું હોઇ શકે તે, એમાંય વળી પ્રતિક્રમણના સૂત્રોની મુદ્રાઓ કે આસનોનું જાણપણું કેટલું હશે? તે સમજી શકાય તેવું છે.

બતાવેલાં આસનો--મુદ્રાઓ અપ્રમત્તભાવ ટકાવી રાખવા, વિઘ્નો દૂર કરવા શારીરિક સ્વાસ્થ્ય જાળવવા માટે છે અને એનું એ જ ફળ છે.

આજે સમય એવો પ્રવર્તી રહ્યો છે કે લોકોની અનેક કારણોસર ધર્મક્રિયાઓ પ્રત્યેની શ્રદ્ધા, રૂચિ નબળી પડી છે. વળી ઉપાશ્રયમાં આવનારા, રોજ વ્યાખ્યાન સાંભળનારા વર્ગની પણ તે તરફની ઉપેક્ષા વધી છે. આજે મોટો ભાગ સાંસારિક ગડમથલોમાં ગળાબુડ ડૂબી ગયો છે. આ સંજોગોમાં સૂત્રો શીખવાનો ભાવ ક્યાંથી જાગે? ભાવ જાગે તો સમય ક્યાંથી કાઢે, અરે! મૂલ શીખવાનું ન બને તો પણ સૂત્રોનો અર્થ લક્ષપૂર્વક વંચાય તોય તેની શ્રદ્ધા રૂચિમાં વધારો થાય, તે પ્રવૃત્તિ તરફ પગલાં માંડવાનું મન થાય. સમજણપૂર્વક ક્રિયા થાય તો એથી એનો આનંદ પણ અનેરો આવે, ક્રિયાના શ્રેષ્ઠ લાભો મેળવી શકે, એથી આધ્યાત્મિક ચેતના વધુ ને વધુ સતેજ થતી જાય. હવે એ તો બને ત્યારે ખરૂં! પણ અમોએ અહીંઆ અમુક સૂત્રોનો જે ટૂંકો પરિચય સૂત્રોની આગળ આપ્યો છે તે સહુએ વાંચી લેવો જ જોઇએ અને પછી પ્રતિક્રમણ કરવું.

ચિત્રો જે આપ્યાં છે તે સમજાય તેવાં છે. વાંદણાનાં ચિત્રો અને મુહપત્તીના પચાસ બોલનાં ચિત્રો બહુ ઉપયોગી થાય તેવાં છે. તે સિવાય બીજાં કેટલાક ઉપયોગી ચિત્રો છે જે પહેલવહેલાં જ પ્રકાશિત થાય છે.

શ્રા. સુદિ આઠમ વિ. સં ૨૦૨૮
ગોડીજી જૈન ઉપાશ્રય, મુંબઈ.

—*મુનિ યશોવિજય*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સંવચ્છરી પ્રતિક્રમણની સરલ વિધિની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૮ ઇ.સન્ ૧૯૭૨

૨૭

## આ પુસ્તકની જન્મકથા અને કંઈક કથયિતવ્ય

(જૂની આવૃત્તિમાંથી ઉદ્ધૃત)

છેલ્લાં બાર વર્ષથી દરવર્ષે ચોમાસું બેસે અને સંવત્સરી પ્રતિક્રમણની વિધિની પ્રેસકોપી મુદ્રણયોગ્ય બનાવવાની ઇચ્છા વેગ પકડે પણ વિશેષ પુરુષાર્થ થાય નહીં અને સંવત્સરી વીતી જાય અને હવે આવતા વર્ષે ઝડપથી તૈયાર કરી લેશું એમ મનોમન નક્કી કરું, પણ મારી શિથિલતાના કારણે વર્ષોનાં વર્ષો વીતી ગયાં. કોઈ કોઈ આત્માઓ આ માટે પ્રેરણા પણ કરતા, છતાં કાંઈ ફળ ન આવ્યું.

વિ. સં. ૨૦૦૭માં પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવ આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ સાહેબ સાથે મુંબઈ ગોડીજી જૈન ઉપાશ્રયમાં ચાતુર્માસ કરવાનો પ્રસંગ બન્યો ત્યારે (૨૨ વર્ષ ઉપર) ભીંડી બજારના નાકે આવેલા શ્રી નેમિનાથ જૈન ઉપાશ્રયમાં પર્યુષણાપર્વની આરાધના કરાવવા માટે મને આજ્ઞા થઈ. હું મુનિવરશ્રી જયાનંદવિજયજી સાથે આરાધના કરાવવા ગયો. પર્યુષણમાં ચૌદસનું પક્ખી પ્રતિક્રમણ હતું. ઉપાશ્રય ચિક્કાર હતો, સામાયિક લઈ લીધા બાદ પ્રતિક્રમણ એટલે શું? એ કેવી રીતે કરવું જોઈએ? વિધિ અને ભાવની શુદ્ધિ કેવી જાળવવી જોઈએ? તેમજ શાંતિ અને શિસ્તને કેવું માન આપવું જોઈએ? એ ઉપર બે શબ્દો કહ્યા, મુંબઈવાસીઓને થયું કે 'પ્રતિક્રમણની બાબતમાં આ રીતે આજસુધી કોઈએ અમને હિતશિક્ષા આપી નથી. ક્યારેય અમને પોતાના ગણીને અમારા ઉપર ભાવદયા કરી પાંખમાં લીધા નથી.' મેં જોયું કે મારી વાત એમને ગમી છે, એટલે મેં કહ્યું કે આજનું પ્રતિક્રમણ બે કલાક ચાલે તેટલું

છે, જો તમો અડધો કલાકનો સમય વધુ આપવા તૈયાર હો તો હું તમને પ્રતિક્રમણનાં સૂત્રોનો અતિ ટૂંકો ભાવ, સૂત્રો શરૂ થતાં પહેલાં કહું, જેથી તમને થોડા સંતોષ સાથે આનંદ આવશે, પણ અમુક હા પાડે અને અમુકને ના ગમે તેમ હોય તો તમારો વધુ સમય લેવાની મારી ઇચ્છા નથી. સહુને વિશ્વાસમાં લેવા મેં આમ કહ્યું, એટલે ચારેબાજુએથી 'અમારી હા છે, અમારી હા છે' એમ પ્રત્યુત્તર મળ્યો. નાના મોટા સહુએ રાજીખુશીથી કહ્યું એટલે મને બળ મળ્યું, અને પછી મેં છ આવશ્યક શું? તે કહીને પ્રથમ 'સામાયિક' લીધું ત્યાંથી સમજણ આપવાનું શરૂ કર્યું અને પ્રતિક્રમણનાં તમામ સૂત્રો અને મુદ્રાઓનો પરિચય આપ્યો. અંતમાં 'સંતિકરં' પૂરું થયું ત્યારે ખાસા ત્રણ કલાક થવા પામ્યા પણ મારે કહેવું જોઈએ કે કોઈએ કશી ગરબડ કરી નહીં, અવાજ કર્યો નહીં. કોઈએ અરૂચિ દાખવી નહીં. પ્રતિક્રમણ પૂરું થતાં સહુએ કહ્યું કે જીંદગીમાં પ્રતિક્રમણ શું છે? તે આજે જ જાણવા મળ્યું, ખરેખર! આજે અપૂર્વ આનંદ થયો. અમને એમ થતું કે મુનિરાજો અમને મુહપત્તીના કપડાંને ઉઘાડ-બંધ કેમ કરાવે છે? વાંદણા વખતે કપાળ કેમ કુટાવે છે? અને તમો બોલે જાવ અને જ્યારે અમે કશું જ સમજીએ નહિ ત્યારે સાવ વેઠીયાવેઠ કરી લાગે, કંટાળો આવે, પછી ઊંઘીએ, વાતો કરીએ કે એકબીજાના મોઢાં જોતાં બેસી રહીએ, અને જેલની સજાની જેમ સમય પૂરો કરીએ.

આપે જે પ્રથા શરૂ કરી તે બધા મુનિરાજો અપનાવે તો અમારા જેવા અજ્ઞાન જીવોને આનંદ મળે અને ભાવ જાગે. તે જ વખતે લોકોએ માંગણી કરી કે 'સંવત્સરીએ પણ આ જ રીતે સમજ આપશો?' મેં કહ્યું કે સહુનો મત થશે તો મને વાંધો જ નથી. આ વાતની અગાઉથી લોકોને જાણ થઈ ગઈ હતી. ચૌદશના પ્રતિક્રમણની હવા પણ લોકોએ ખૂબ ફેલાવી હતી, એટલે સંવત્સરીએ માણસોનો કદી ન થયો હોય તેવો ધસારો થયો. સાંકડે માંકડે પણ સહુ બેઠા અને તે દિવસે મેં સંવચ્છરી પ્રતિક્રમણની આરાધનાની મહત્તા કહેવા સાથે ચૌદશની જેમ સમજાવ્યું. જનતાએ ખૂબ ખૂબ રસપૂર્વક સાંભળ્યું અને પ્રતિક્રમણ ઉઠયા પછી જનતાના આનંદોલ્લાસની સીમા ન હતી. ખાસા ચારેક કલાકે ક્રિયા પૂરી થઈ.

આ પદ્ધતિ દાખલ કર્યા પછી પ્રારંભમાં તો આ પદ્ધતિ અમારા સંઘાડાના સાધુઓએ અપનાવી લીધી અને ધીમે ધીમે અન્ય સંઘાડાના સાધુઓએ પણ સારા પ્રમાણમાં અપનાવી છે. હું જોઉં છું કે આથી જનતાનો ભાવોલ્લાસ ખૂબ જ વધે છે, અને કંઈક સમજીને કર્યાનો આનંદ પણ મેળવે છે અને ગુરુઓ પ્રત્યે આદર-પ્રેમ વધે છે.

આટલી પૌરાણિક ઘટના કહીને મૂલ વાત ઉપર આવું. હવે બધે સ્થળે સાધુ મહારાજ પ્રતિક્રમણ કરાવે એ શક્ય નથી હોતું એટલે મને એમ થયું કે હું પ્રતિક્રમણમાં જે કહું છું તે વાત થોડી વિસ્તારીને તેને સંવચ્છરી વિધિના પુસ્તક રૂપે જો છપાવવામાં આવે તો શહેરો માટે ખરેખર આશીર્વાદરૂપ થઈ પડે. આ વિચારમાંથી આ પુસ્તકનું સર્જન થયું અને તેનું પ્રકાશન થયું. આ પુસ્તક જનતાને કેવું ગમ્યું તે વિગતો પ્રકાશકીય નિવેદનમાં જણાવી છે, એટલે હું તે અંગે વિશેષ નિર્દેશ ન કરતાં એટલું જ જણાવું કે આ પુસ્તકને અગત્યના ઉપયોગી પુસ્તક તરીકે બિરદાવી મને ખૂબ હાર્દિક ધન્યવાદ પાઠવ્યા.

*મુનિ યશોવિજય*

# * આ પુસ્તકની ઉપયોગિતાનો અનુભવ *

સાચી વાત એ છે કે આરાધક આત્માઓએ, જો તેઓને આરાધના પ્રત્યે ખરેખરો રસ જાગ્યો હોય તો પ્રતિક્રમણનાં સૂત્રોને અવશ્ય કંઠસ્થ કરી લેવાં જ જોઈએ અને તેના અર્થનું પણ જ્ઞાન મેળવી લેવું જ જોઈએ. અર્થના અભાવે એકલા સૂત્રના સાવ અપરિચિત શબ્દોને શ્રદ્ધાવાન વ્યક્તિઓ આદર અને બહુમાનપૂર્વક ભલે શ્રવણ કરે પણ તેટલા માત્રથી યથાર્થ આનંદની અનુભૂતિ નહીં અનુભવાય. ખરેખર! આ ક્રિયા સાથે તાદાત્મ્ય સાધવું હોય તો તેનાં અર્થરહસ્યોનું જ્ઞાન લેવું જ પડશે.

મારું અનુમાન છે કે આપણે ત્યાં ૯૦ ટકા વર્ગ એવો છે કે પ્રતિક્રમણનાં પૂરાં સૂત્રોને જાણતો જ નથી. ૯૫ ટકા વર્ગ એવો છે કે જેને અર્થજ્ઞાન નથી. ફક્ત જૈન હોવાના કારણે મને કે કમને પ્રતિક્રમણ કરવા આવશે. ત્રણ કલાક બેસી પણ જશે પણ તે વખતે પોતે માત્ર એક પ્રેક્ષક હોય તેવી લાગણી અનુભવશે, કાં ઊંઘશે, કાં વાતો કરશે, ઠઠ્ઠા મશ્કરી કરશે, ડાફોલીયાં મારશે, પોતાનું બગાડશે અને સાથે બીજાનું ડોળાવી બગાડશે, છેવટે કંઈ નહિ તો આખી દુનિયાની ચિંતા કરતો સૂનમૂન બેસી રહેશે. પ્રતિક્રમણ પૂરું થયા બાદ એને પૂછો કે તે શું કર્યું? તને કંઈ સમજાયું? તને આનંદ આવ્યો? તેનો ઉત્તર શું હશે તે લખવાની મારે જરૂર ખરી? માટે જ તેનાં અર્થ કે ભાવાર્થનો ખ્યાલ મેળવી શકે તો તે સારી કમાણી કરી શકે.

સાથે એ પણ જણાવું કે આનો અર્થ કોઈ એવો ન કરે કે અર્થનું જ્ઞાન ન મેળવીએ ત્યાં સુધી પ્રતિક્રમણ કરવું જ નહિ. એ પણ મિથ્યા-અજ્ઞાન વચન છે, ખોટો વિચાર છે. કેમકે પૂ. ગણધર ભગવંત પ્રણીત સૂત્રોમાં એવી તાકાત બેઠી છે કે શ્રદ્ધા અને આદરપૂર્વક શ્રવણ કરવામાં આવે તો સાંભળનારને લાભ થાય જ છે. આ માટે હરડે, ઔષધિ અને ચિંતામણિ રત્ન વગેરેના દાખલા જાણીતા છે. પણ સાથે અર્થનું રીતસર જો જાણપણું હશે તો તેઓને આધ્યાત્મિક આનંદ અનેરો આવશે.

આ બીજી આવૃત્તિમાં પુસ્તકો માટે જાણવા મળ્યું કે અનેક યુવાનોએ આ પુસ્તકમાં આપેલા ભાવાર્થ-પ્રસ્તાવના વગેરેને વાંચી લીધા બાદ સંવચ્છરી પ્રતિક્રમણ કરેલું અને દૂરથી પૂરાં સૂત્ર સંભળાય નહિ એટલે પુસ્તક ખુલ્લાં રાખીને બેઠેલા, પ્રતિક્રમણ ભણાવનાર બોલે તેની સાથે પુસ્તકમાં જોઈને તેઓ સૂત્રો બોલતાં હતાં એટલે પ્રતિક્રમણ બરાબર કર્યાની લાગણી તેઓએ અનુભવી, અને સહુ બોલતા હતા કે પ્રતિક્રમણ શું વસ્તુ છે? તેની કંઈક ઝાંખી આ વખતે અમને થઈ અને બહુ જ મજા આવી. બીજા લાભો એ સર્જાયા કે સહુ પુસ્તક જુએ એટલે વાતો કરવાનું બંધ થયું. આડું અવળું જોવાની તક ન રહી. ચિત્ત-મન સૂત્રમાં બંધાણું એટલે સભામાં ઠેઠ સુધી શાંતિ જળવાણી. આ દૃષ્ટિથી વિચારીએ ત્યારે આ પુસ્તકની ઉપયોગિતા સફળ પુરવાર થઈ છે, તેમ ચોક્કસ સમજાયું. આથી ક્રિયા, રુચિ, શ્રદ્ધા અને ભાવ વધતાં ઘણા લાભો પામી જાય.

## ચિત્રો અંગે કંઈક!

લોકો સૂત્ર શીખી જાય છે પણ એ સૂત્રો બોલતી વખતે તેની સાથે જ કરવી જોઈતી શરીર સાથે સંબંધ ધરાવતી મુદ્રાઓ (અંગોપાંગની રચનાઓ) અને આસનો (કેમ ઊભવું અને કેમ બેસવું તે) તેના સમજણના અભાવે કેટલાક કરતા જ નથી. કેટલાક સમજણ ધરાવનારા મુદ્રાસના કરે છે, પણ પૂરતી સમજણના અભાવે અશુદ્ધ અને અપૂર્ણ મુદ્રાઓ—આસનો કરે છે. જો તેનાં ચિત્રો હોય તો તે જોઈને મુદ્રાસનોનું જ્ઞાન મેળવી તે બરાબર કરી શકે, તેથી દહેરાસર અને ઉપાશ્રયમાં થતી નિત્ય ક્રિયાઓને લગતાં મુદ્રાસનોનાં ચિત્રો વધુ વ્યવસ્થિત ચીતરાય એટલે પ્રથમ મારા ચિત્રકાર પાસે કરાવ્યાં. તેમાં સુધારાવધારા કરી પછી ફાઈનલ ચિત્રો તૈયાર થયાં અને અગાઉની આવૃત્તિમાં બે રંગમાં બ્લોકો બનાવી છાપ્યાં હતાં. છઠ્ઠી આવૃત્તિમાં ભાઈશ્રી જશવંત ગીરધરલાલ તરફથી આ ચિત્રોને ફરીથી ચીતરાવી ઑફસેટમાં સુંદર રીતે તૈયાર કરાવ્યાં.

મુહપત્તીનું સંપૂર્ણ પડિલેહણ સેંકડે ૯૫ ટકાને નહીં આવડતું હોય, તેઓ આ વિધિ શીખી શકે એ માટે મુહપત્તીનાં ચિત્રો પહેલવહેલાં જ પ્રગટ કરવામાં આવ્યાં છે. આમ એકંદરે આમાં ચાલીસેક ચિત્રો આપવામાં આવ્યાં છે.

એક વાત સૌના અનુભવની છે કે શબ્દો દ્વારા જે વાત સમજાવી શકાતી નથી તે વાત ત્યાં જો ચિત્રો હોય તો તે એકદમ વધુ સારી રીતે અને શીઘ્ર સમજાવી દે છે.

વાચકો ચિત્રોને રસપૂર્વક જોશે, ઉત્સાહપૂર્વક કંટાળો લાવ્યા સિવાય તેનું જ્ઞાન મેળવશે તો ચિત્રો વધુ સારી રીતે, સરળતાથી સચોટ રીતે અને તીવ્ર વેગથી પોતાની વાતને સમજાવી દેશે.

ચિત્રદર્શનની બીજી ખૂબી એ છે કે શબ્દોનું શ્રવણ કે વાંચન સ્મરણપટ ઉપર ટકે યા ન પણ ટકે, પૂરું ટકે કે ન ટકે પણ ચિત્રો પોતાની છાપ હૃદયપટ ઉપર દીર્ઘકાળ સુધી મૂકી જાય છે, અને ઘણી વાર એ છાપ અમિટ રીતે અંકિત કરી શકે છે.

આજે તો એક બાબત વિશ્વપ્રસિદ્ધ, અનુભવસિદ્ધ બની ચૂકી છે કે પ્રજાને શક્ય હોય ત્યાં સુધી ચિત્રો, આકૃતિઓ દ્વારા જ્ઞાન આપો.

ચિત્ર દ્વારા મળવાતા જ્ઞાનમાં માથા કે મગજને ઝાઝી કસરત કરવાની ન હોવાથી તે જ્ઞાન સૌ હોંશે હોંશે રસપૂર્વક લે છે. અલ્પ સમયમાં પ્રાપ્ત થાય છે અને છતાં તે દીર્ઘ બની જાય છે. આટલું ચિત્રો અંગે કહ્યું.

આ ચિત્રો પ્રથમ વ્યક્તિના સ્કેચ લઈને પછી તૈયાર કર્યાં છે. આ સ્કેચનું પાત્ર હું જ હતો. આ ચિત્રોમાં ક્યાંક મતફેરી હશે, પણ ચિત્રો એકંદરે વધુ રીતે યોગ્ય થાય તે રીતે પ્રયત્ન સેવ્યો છે, એમ છતાં સુધારા વધારા સૂચવવા વાચકોને નમ્ર વિનંતિ છે.

*મુનિ યશોવિજય*

*(વર્તમાનમાં આ. યશોદેવસૂરિ)*

# પ્રતિક્રમણ એટલે શું અને તેની સમજ

નોંધ : આ લેખમાં સરલ રીતે જરૂરી સમજ આપી છે.

પ્રત્યેક આત્મા સ્પષ્ટપણે કે અસ્પષ્ટપણે, અવિનાશી, સંપૂર્ણ અને નિર્ભેળ (એટલે દુઃખના મિશ્રણ વિનાનાં) આવા ત્રણ વિશેષણ કે ગુણવાળા સુખની સતત ઝંખના કરે છે. પણ આવું સુખ ૮૪ લાખ જીવાયોનિરૂપ સંસારમાં અર્થાત્ ત્રણેયલોકમાં ક્યાંય અસ્તિત્વ ધરાવતું નથી. આ દુનિયાના કોઈ ખૂણે-ખાંચરે તે નથી. રંકની ઝૂંપડીથી લઈને રાજાના મહેલોમાં ઘુમી વળો તો ત્યાંયે નથી. ભૂતકાળમાંય ન હતું અને ભવિષ્યમાં પણ હોવાનું નથી. આવું સુખ તો માત્ર એક મોક્ષ-મુક્તિસ્થાનમાં જ છે, અને જ્યારે આત્માની ત્યાં ઉત્પત્તિ થાય ત્યારે ત્રણેય ગુણોથી વિશિષ્ટ એવા આત્યંતિક સુખનો અનુભવ કરી શકે છે.

## એ મોક્ષ સ્થાન ક્યાં આવ્યું?

દૃશ્ય વિશ્વ કરતાં અદૃશ્ય વિશ્વ અસંખ્યગણું મોટું છે. ત્રણેય લોક અને મોક્ષસ્થાન સહિતના આ વિરાટ વિશ્વને જૈનધર્મની ભૌગોલિક પરિભાષામાં **લોક** કહેવાય છે. તેનું પ્રમાણ ચૌદરાજ પ્રમાણ હોવાથી વહેવારમાં લોકની આગળ ચૌદરાજ શબ્દ જોડી પ્રસ્તુત લોકને 'ચૌદરાજલોક' શબ્દથી ઓળખાવાય છે. આ [1]ચૌદરાજલોક પ્રમાણ લોક ક્ષેત્રમાં કેન્દ્રમાં એક રાજ પ્રમાણ લાંબા-પહોળા તથા ચૌદરાજ ઊંચા એવા સમચોરસ ક્ષેત્રને [2]ત્રસનાડીની ઉપમા આપવામાં આવી છે. આ ત્રસનાડીમાં સર્વની અધો ભાગે નરકનું સ્થાન છે. તેની ઉપર મનુષ્યલોક વગેરે છે. તેની ઉપર ઊર્ધ્વભાગે દેવલોક અને આની ઉપર જરાક જ દૂર મોક્ષનું સ્થાન છે. જ્યાં અનંતા કાળથી (દેહાદિકથી રહિત માત્ર આત્મત્વ ધરાવનારા) મુક્તિને પામેલા અનંતા જીવો વર્તે છે. ચોરાશી લાખરૂપ સંસારની રખડપટ્ટીમાં કારણભૂત એવાં કર્મોનો[3] સર્વથા ક્ષય કરી સર્વગુણસંપન્ન બની કૃતકૃત્ય થયેલા આત્માઓ જ આ સ્થાનને પ્રાપ્ત કરી શકે છે.

---

૧. ચૌદરાજ એટલે શું? તો 'રાજ' શબ્દ એ જૈનધર્મની ભૌગોલિક પરિભાષામાં ક્ષેત્રમાનની સંજ્ઞાનો વાચક શબ્દ છે. એક રાજમાં અસંખ્ય એવા કોટાનુકોટી યોજનનો સમાવેશ થાય છે, અને આ લોક બરાબર ચૌદરાજ જેટલા માનનો હોવાથી 'ચૌદરાજ' શબ્દ રૂઢ થઈ ગયો છે.

૨. ત્રસ એટલે શું? તો ત્રસ એટલે ગતિ પ્રાપ્ત જીવો, આ જીવો ચૌદરાજવર્તી વિશ્વના કેન્દ્રમાં આવેલો ૧ રાજ લાંબી, પહોળી અને ચૌદરાજલોક ઊંચી એવી સમચોરસ જગ્યામાં જ હોય છે. ત્રસ જીવો એથી બહાર હોતા જ નથી. તેથી ત્રસ જીવ પ્રધાન જગ્યાને 'નાડી' સંબોધન લગાડી ત્રસનાડી કહેવામાં આવે છે.

૩. કર્મ એટલે શું? કર્મ બે પ્રકારનાં છે. એક દ્રવ્યકર્મ અને બીજું ભાવકર્મ. દ્રવ્યકર્મ એટલે જગતમાં સર્વત્ર વર્તતા કાર્મણ વર્ગણાના પુદ્ગલ પરમાણુઓ. જેમાં વ્યક્તિના સારા-નરસા વિચારોનાં કારણે શુભાશુભ ફળ આપવાની શક્તિ પેદા થાય છે. અને પછી એ શક્તિ જીવને સુખ-દુઃખ કે સારા-નરસાનો અનુભવ કરાવે છે. અને આત્માનો શુભાશુભ વિચાર-પરિણામ તે ભાવકર્મ છે.

કારણ નષ્ટ થતાં કાર્ય સંભવી જ ન શકે એટલે આત્મપ્રદેશો સાથે અનંતાકાળથી વળગેલાં કર્મોને અહિંસા, સંયમ, તપ વગેરેની મહાસાધના દ્વારા છૂટાં પાડી દીધાં હોવાથી સંસાર પરિભ્રમણરૂપ કાર્ય હવે તેઓને રહ્યું નહીં, સંસાર નથી તો જન્મ-મરણને ફરી અવકાશ જ નથી. એ નથી એટલે આધિ, વ્યાધિ, ઉપાધિનાં દુઃખો ભોગવવાનાં રહેતાં નથી, એટલે મોક્ષે ગયેલા પરમ આત્માઓ અજર, અમર, અવિનાશી, નિરંજન, નિરાકાર વિશેષણોથી ઓળખાવાય છે, અને તે આત્માઓને અનન્ત અવ્યાબાધ સુખને પ્રાપ્ત થયા છે.

આવું મોક્ષ સ્થાન પ્રાપ્ત કરવું એ જીવમાત્રનું અંતિમ અને પરમધ્યેય છે, અંતિમ સાધ્ય છે. પૂર્વોક્ત સુખના અભિલાષીઓને આજે કે કાલે આ સાધ્ય સ્વીકારે જ છૂટકો છે.

આ સાધ્ય કે આ ધ્યેય મનુષ્ય દેહથી જ પાર પડે છે. કેમકે મુક્તિની સાધના માત્ર આ દેહથી જ શક્ય છે અને આ સાધનાની સિદ્ધિ આ દેહથી જ લભ્ય છે.

એ પણ ધ્યાનમાં રાખવું ઘટે કે મનુષ્ય અવતાર ભૂતકાળમાં અનેકવાર મળવા છતાં મુક્તિનું સાધ્ય સિદ્ધ થઈ શક્યું નથી, અને સંસાર જીવતો જાગતો પુંઠે પડેલો ચાલુ છે. એનાં કારણો શું? તો એનાં કારણોમાં સાચી શ્રદ્ધા, સાચી સમજ અને સાચા આચરણનો અભાવ કારણ છે. જેને જૈન પરિભાષાના શબ્દોમાં મિથ્યાત્વ, અજ્ઞાન અને અવિરતિ કહેવામાં આવે છે.

આ ત્રણેય દોષો ટળે તો તેના ફલ રૂપે (પ્રતિપક્ષી એવા) સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર ગુણો પ્રગટે, અને આ ગુણો જે ભવમાં પરાકાષ્ઠાએ પહોંચે એ જ ભવે જીવનો મોક્ષ અવશ્ય થાય. એટલા જ માટે શાસ્ત્રકારોએ જ્ઞાન, દર્શન, ચારિત્રરૂપી રત્નત્રયી એ જ મોક્ષ માર્ગ[1] છે એમ જણાવ્યું છે.

ત્યારે પ્રથમ જિનેશ્વરદેવ કથિત તત્ત્વ કે માર્ગ ઉપર પૂર્ણ શ્રદ્ધાવાન બનો, વળી એ તત્ત્વોને શ્રદ્ધેય બનાવ્યા પછી એને સાચી રીતે ઓળખો, આ જાણપણું જ તમોને હેય અને ઉપાદેય એટલે કે જીવનમાં ત્યાગ કરવા લાયક શું છે? પ્રાપ્ત કરવા લાયક શું છે? તેની સાચી સમજ પ્રાપ્ત કરાવશે.

સમ્યગ્શ્રદ્ધા અને શ્રદ્ધાનુસારી સમ્યગ્જ્ઞાન માત્રથી (જેને શાસ્ત્રીય પરિભાષામાં સમ્યગ્જ્ઞાન કહેવાય) સાધનાની સિદ્ધિ કદી થતી નથી પણ ત્યાગ કરવા લાયકનો ત્યાગ કરવામાં આવે અને મેળવવા લાયક બાબતોને પ્રાપ્ત કરવામાં આવે તો જ સાધ્યની કે ધ્યેયની સિદ્ધિ થાય.

હેયોપાદેયને જાણ્યા પછી **ज्ञानस्य फलं विरतिः** સૂત્ર મુજબ તેનો અમલ થવો જોઈએ તો જ જાણ્યું સફળ છે, પણ ત્યાગ વિનાનું માત્ર કોરું જાણપણું ઇષ્ટ સિદ્ધિ માટે કારગત નથી.

એટલે પછી તમારે સમ્યગ્ચારિત્રના આચારને અમલમાં મૂકવો જોઈએ, અર્થાત્ સંયમ-ચારિત્ર કે દીક્ષાનો સ્વીકાર કરવો જોઈએ, જેને જૈન તત્ત્વજ્ઞાન (કર્મગ્રંથ)ની ભાષામાં 'સર્વવિરતિ' કહેવામાં આવે છે. વિરતિ એટલે ત્યાગ જેમાં 'સંપૂર્ણ ત્યાગ'નું પાલન હોય તેને

---

૧. सम्यग्दर्शनज्ञानचारित्राणि मोक्षमार्गः। [तत्त्वार्थ सूत्र. १]

સર્વવિરતિ કહેવામાં આવે છે. સર્વ ત્યાગ શેનો? તેનો જવાબ છે કે હિંસા, અસત્ય, ચોરી, મૈથુન, પરિગ્રહ વગેરેનો જીવનભર ત્યાગ, આનો ત્યાગ થાય એટલે એના પ્રતિપક્ષી અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ આ પાંચ ધર્મોનું પાલન થાય. આ પાંચ ધર્મોને શાસ્ત્રોમાં 'મહાવ્રતો' તરીકે ઓળખાવ્યાં છે. સર્વથા સંપૂર્ણ ત્યાગ ન કરી શકે તેવા જીવો માટે ત્યાગ કરવાનો બીજો વિકલ્પ છે ખરો? તો કહે હા, તેઓ દેશથી એટલે ન્યૂનાધિકપણે હિંસાદિકના પાપનો ત્યાગ કરી શકે છે, જેને દેશવિરતિ કહેવામાં આવે છે. આ 'દેશવિરતિ' આંશિક ત્યાગરૂપ છે, અને ગૃહસ્થાશ્રમમાં રહીને તે આચરણમાં મૂકી શકાય છે. આ દેશવિરતિ એટલે કે આંશિક ત્યાગમાં તો સૌ કોઈ જોડાઈ શકે છે.

સર્વવિરતિનાં દીક્ષા, સંયમ, ચારિત્ર એ પર્યાયવાચક નામો છે. સર્વવિરતિથી પાંચ મહાવ્રતોનો સ્વીકાર કર્યો એટલે ચારિત્ર લઈ સાધુ થયા, પણ તેથી શું લાભ પ્રાપ્ત થયો?

લાભ એ કે આત્મા હિંસાદિ પાપો તથા વિષયકષાયાદિકને વશ થઈને ક્ષણે ક્ષણે નવાં નવાં કર્મ બાંધે છે. જો આ રીતે કર્મની સતત આયાત ચાલુ જ રહે તો કર્મના ગંજના ગંજ ખડકાતા જાય. આત્મા ક્યારેય કર્મથી રહિત ન થાય, અને જો ન થાય તો પછી મુક્તિની પ્રાપ્તિ એક સ્વપ્નું જ બની રહે, અર્થાત્ ક્યારેય કોઈનોય મોક્ષ ન થાય, અને સંસારની અનંત મુસાફરી ચાલુ જ રહે. એટલે જીવનું પ્રથમ કર્તવ્ય એ છે કે આવતાં નવાં કર્મોને અટકાવવાં અને આ કામ સર્વવિરતિ–ચારિત્ર બરાબર બજાવી શકે છે. જો નિરતિચારપણે સુવિશુદ્ધ રીતે ચારિત્ર પાલન થાય તો.

ચારિત્ર એટલે લીધેલાં પાંચ મહાવ્રતોનું ઉત્તમ રીતે પાલન અને બીજા નિયમો-ઉપનિયમોનો અમલ, એ જુદાં જુદાં પાપસ્થાનકોને આવવાના જે દરવાજાઓ છે તેનાં દ્વારોને તે બંધ કરી દે છે. નવું પાપાશ્રવરૂપ જલ આવી શકતું નથી.

હવે નવાં કર્મો અટક્યાં એટલે તે આત્માને અનન્ત કાળથી સંચિત થયેલાં અને આત્મપ્રદેશો સાથે અસ્તિત્વ ધરાવતાં માત્ર પુરાણાં કર્મોને જ ખપાવવાનાં પ્રચંડ પુરુષાર્થમાં લાગી જવાનું રહે.

નવાનું આગમન બંધ થયું એટલે જેની સત્તા વિદ્યમાન હતી તે પણ પ્રશસ્ત શુભ કે શુદ્ધ પ્રવૃત્તિઓ દ્વારા ખપવા માંડે અને એ જ્યારે સંપૂર્ણ ક્ષય થઈ જાય એટલે મુક્તિ–મોક્ષ જે જીવનનું સાધ્ય હતું તે પ્રાપ્ત થઈ જાય.

હવે જેઓએ ચારિત્ર નથી લીધું એવા આત્માઓને તો ક્ષણે ક્ષણે કર્મો બાંધવાનાં ચાલું જ રહે, પણ જેઓએ જેટલે અંશે દેશવિરતિ ત્યાગ–ચારિત્રનો સ્વીકાર કર્યો હોય તેને નવાં કર્મ બાંધવામાં કંઈક રાહત રહે છે. અર્થાત્ તેટલે અંશે આયાત ઓછી રહે છે, પણ જો સત્કાર્ય કરતો રહે તો પુરાણાં કર્મોનો ક્ષય જરૂર થતો રહે. તાત્પર્ય એ કે સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્રની આરાધનામાં આત્મા જો જોડાઈ જાય તો નવાં કર્મનાં આશ્રવ– આગમન અટકી જાય, એ અટક્યું એટલે સંવર થયો કહેવાય.

ચારિત્ર લીધા પછી સત્તામાં રહેલાં સંચિત-પુરાણાં કર્મોનો ક્ષય કરવા તપની સાધના કરવી જોઈએ. જેમાં વિનય, સેવા, પશ્ચાત્તાપ, સ્વાધ્યાય, ધ્યાન વગેરેની ઉપાસનાનો પણ સમાવેશ થાય છે. નવાં કર્મને રોકવાનું કામ ચારિત્ર બજાવે પણ આ ચારિત્રનું જે રીતે પાલન કરવાનું કહ્યું છે તે રીતે પાલન થવું શક્ય નથી હોતું. તેઓમાં-ચારિત્રવાન જીવોમાં પણ રાગ-દ્વેષ પ્રમાદાદિ દોષો બેઠેલા છે, એટલે વિરતિવંતને પણ મન, વચન, કાયાના યોગો દ્વારા કષાય ભાવો આવી જાય અને તેથી તેને અતિચારો-દોષો લાગવાના જ.

આ રીતે દેશવિરતિવંત ગૃહસ્થો હોય તેઓને તથા જેઓના જીવનમાં કશા જ ત્યાગધર્મનું પાલન નથી હોતું એવા અવિરતિ-અત્યાગી આત્માઓને તો પ્રમાદાદિકથી દોષો સતત લાગવાના જ અને આત્મા કર્મના ભારથી લદાયેલો જ રહેવાનો.

આ દોષો-પાપોનું રોજ રોજ પ્રાયશ્ચિત થઈ શુદ્ધિકરણ થતું જાય તો નવો પાપનો બોજ ન વધે. કર્મનું નવું દેવું તો ન વધે, પણ જૂનાં કર્મોનો ઘટાડો પણ થાય. આમ નવતત્ત્વની પરિભાષામાં કહીએ તો સંવર, નિર્જરા પ્રવર્તે. કર્મનું આગમન તેને તત્ત્વજ્ઞાનની ભાષામાં આશ્રવ કહેવાય. તેને જે અટકાવે તેને સંવર કહેવાય અને કર્મોનો ક્ષય કરે તેને નિર્જરા કહેવાય.

## પ્રાયશ્ચિત શેનાથી થાય?

પ્રાયશ્ચિત કરવાના અનેક પ્રકારો પૈકી સૌથી શ્રેષ્ઠ પ્રકાર જો કોઈ પણ હોય તો પ્રતિક્રમણનો છે. આ પ્રતિક્રમણ શબ્દ જૈન પરિભાષાનો અતિ જાણીતો શબ્દ છે. પ્રાકૃત શબ્દ પડિક્કમણ છે અને આ જ શબ્દનો અપભ્રંશ થઈને વપરાતો શબ્દ પડિકમણું છે. બોલચાલની ભાષામાં પડકમણું-પડિકમણું પણ લોકો વાપરે છે.

## પ્રતિક્રમણ શું છે? અને તેનાં સાધનો શું છે?

સૂત્ર-જ્ઞાનપૂર્વકનું પ્રતિક્રમણ એ જપ કે ધ્યાનનો પ્રકાર નથી, પણ તે પાપના પ્રાયશ્ચિત્ત માટેની કે પાપવિમોચનની એક અપૂર્વ અને પવિત્ર ક્રિયા છે. આત્મવિશુદ્ધિ માટેનું અતિ મહત્ત્વનું અનુષ્ઠાન છે. આ ક્રિયા સાંજ-સવાર બે વખત કરવામાં આવે છે. ઘરના કચરાને બે વાર સાવરણીથી કાઢીએ છીએ તો જ ઘર સ્વચ્છ અને શુદ્ધ રહે, તેમ રાત-દિવસથી ભેગા થતાં કર્મના કચરાને સાફ કરવા બે વખત પડિકમણું કરવું જરૂરી છે. સામાન્યતઃ આ ક્રિયાનો સમય ૪૦ થી ૬૦ મિનિટનો છે. પણ દર પંદર દિવસે એક દિવસ, પછી ચાર મહિને પણ એક જ દિવસ અને બાર મહિને એક જ દિવસ. [૧]વરસમાં ૨૮ દિવસો એવા છે કે જે

૧. દર મહિનાના પંદર દિવસે આવતી બે ચૌદશો, ચાર મહિને આવતી કાર્તિક, ફાગણ અને અષાઢ મહિનાની શુદિ ચૌદશો અને બાર મહિને શ્વે. મૂર્તિપૂજકમાં આવતી ભાદરવા સુદિ ચોથ, પંદર દિવસની ચૌદશને કે તે દિવસના પ્રતિક્રમણને પ્રાકૃતમાં પાખી, ચાર મહિનાની ચૌદશને કે તે દિવસના પ્રતિક્રમણને ચોમાસી અને બાર મહિનાની ચોથને કે તે દિવસના પ્રતિક્રમણને 'સંવચ્છરી' કે 'છમ્મછરી' તરીકે ઓળખાવાય છે. સંસ્કૃતમાં તેને ક્રમશઃ પાક્ષિક, ચાતુર્માસિક અને સંવત્સરી કહે છે.

દિવસે સાંજની ક્રિયા ઘણી મોટી એટલે કે બે થી ત્રણ કલાક સુધીની હોય છે. આ ક્રિયા ઉપાશ્રયમાં કે ઘરમાં થઈ શકે છે. દહેરાસરમાં પ્રભુ સામે આ ક્રિયા કરવાની નથી હોતી, આ ક્રિયા ગૃહસ્થોને રોજના પહેરેલાં ચાલુ કપડાંથી નથી કરાતી. આ ક્રિયા માટે જંગલ-પેશાબ ગયા વિનાનાં નવાં અથવા ચોકખાં કપડાં પહેરવાનાં હોય છે. તેની સાથે બેસવા માટે જમીન ઉપર પાથરવાનું ગરમ કાપડનું આસન, મુખ પાસે રાખવાની 'મુહપત્તી' અને 'ચરવલો' આ ત્રણ સાધનની અનિવાર્ય જરૂર પડે છે. જેને ઉપકરણો[1] કહેવાય છે. તે ઉપરાંત સાક્ષીરૂપ ગુરુજીની હાજરી સ્વરૂપ સ્થાપનાજી સ્થાપવા માટે પુસ્તકાદિ અને સાપડો આ બેની જરૂર પડે છે.

૧. **આસન**—એટલે જીવરક્ષા શુદ્ધિ વગેરે માટે ગરમ કપડાનું આસન. જે જમીન ઉપર બેસવા માટે વપરાય છે. જેને કટાસણું કહેવામાં આવે છે.

૨. **મુહપત્તી**—એટલે ૧૬ આંગળનું અમુક પદ્ધતિએ વાળેલું. સૂત્ર બોલતી વખતે મુખમાંથી નીકળતી હવા દ્વારા વાયુકાયના જીવને દુઃખ કે હિંસા ન થાય તે માટે મુખ આગળ રાખવાનું અને જીવદયા માટે શરીરની પણ પ્રમાર્જના (સાફસૂફી) કરવાનું કોરા કાપડનું અનિવાર્ય સાધન.

૩. **ચરવળો**—એટલે શાસ્ત્ર નિર્દિષ્ટ માપ પ્રમાણે લાકડાની દાંડી સાથે બાંધેલા ઉનના ગુચ્છાવાળું ઉપકરણ-સાધન તે. તે ઉપરાંત વિધિ સહિત પ્રતિક્રમણનું પુસ્તક પણ રાખવું.

માત્ર સૂત્રોચ્ચાર કે ઉપકરણો-સાધનો તે બહિરંગ સાધન કે બાહ્ય ક્રિયા છે. જ્યારે સૂત્રો તથા તેની સાથે અર્થના હૃદયસ્પર્શી ચિંતન કે અર્થ સાથે મનનું સક્રિય જોડાણ તે ભાવ ક્રિયા છે. આ ક્રિયા દ્વારા પાપનું પ્રાયશ્ચિત કરવાનું છે.

## પ્રતિક્રમણ શબ્દનો અર્થ શું છે?

પ્રતિક્રમણ આ શબ્દમાં 'પ્રતિ' અને 'ક્રમણ' બે શબ્દો છે. એનો શાસ્ત્રની દૃષ્ટિએ શબ્દાર્થ કરીએ તો 'પ્રતિ' એટલે પાછું અને 'ક્રમણ' એટલે ચાલવું, હઠવું, આવવું, ફરવું તે. પાછા આવવું, હઠવું કે ફરવું પણ શેનાથી? તેનો જવાબ નિમ્ન શ્લોક આપે છે.

**स्वस्थानाद् यत् परस्थानं, प्रमादस्य वशाद्गतः।**
**तत्रैव क्रमणं भूयः प्रतिक्रमणमुच्यते॥**

'પ્રમાદ વગેરે દોષોને વશ થઈને સ્વસ્થાનમાંથી પરસ્થાનમાં ગયેલા આત્માને પાછો પોતાના (મૂલ) સ્વસ્થાનમાં લાવવાની જે ક્રિયા તેનું નામ પ્રતિક્રમણ.'

જેમ મૂલ માર્ગ ઉપર સીધે સીધે રસ્તે ચાલી જતી એક વ્યક્તિ ભૂલથી આડે માર્ગે ચડી જાય અને તે વખતે કોઈ ભોમિયો તેને મૂલ માર્ગ ઉપર લાવીને મૂકે તે જ રીતે રોજેરોજ આડે રસ્તે ચઢી જતા જીવને ભોમિયા સરખું 'પ્રતિક્રમણ' મૂલ માર્ગમાં લાવી દે છે. અર્થાત્

---

૧. મોક્ષમાર્ગની આરાધનામાં આત્માને જે ઉપકારક બને તેને ઉપકરણ કહેવાય.

આશ્રવના પાપ માર્ગમાંથી પાછો વાળી સંવર નિર્જરાના માર્ગ ઉપર મૂકે છે, અને એમાંથી જ વીતરાગ અવસ્થાની પ્રાપ્તિનાં બીજો વવાઈ જાય છે.

તાત્પર્ય એ કે પાપ–દોષોથી પાછા હઠવાની જે ક્રિયા તે પ્રતિક્રમણ.

અહીં એ પ્રશ્ન થાય કે સ્વસ્થાન અને પરસ્થાન એટલે શું?

**સ્વસ્થાન**—જ્ઞાન, દર્શન અને ચારિત્ર જે આત્માના પોતાના ગુણો છે. જે મૂલમાર્ગરૂપ છે એમાં સ્થિરતા, એમાં ત્રિવિધ યોગે ત્રિકરણ ભાવે રમણતા, એમાં જ તન્મય રહેવું એ જીવનું સ્વસ્થાન કહેવાય અને જ્યાં સુધી એ અવસ્થામાં ટકી રહે તો સમજવું કે જીવ પોતાના ઘરમાં છે. બીજા શબ્દોમાં એમ પણ કહેવાય કે નિરવદ્ય પ્રવૃત્તિ કે શુભયોગમાં રહેવું તે. ફલિતાર્થ એ કે સ્વભાવદશામાં રહેવું તે સ્વસ્થાન છે.

**પરસ્થાન**—સ્વસ્થાનથી પ્રતિપક્ષી બાબતોમાં રમણતા તે, અર્થાત્ હિંસા, અસત્ય, ચૌર્ય, પરિગ્રહ, કષાયો કે ઇન્દ્રિયોની વાસનાઓ વગેરેને આધીન બનવું તે. ટૂંકમાં કહેવું હોય તો [1]અઢાર પાપસ્થાનકોનું સેવન તે (આત્મા માટે) પરસ્થાન કહેવાય.

આરંભ–સમારંભના સાવદ્ય માર્ગમાં પ્રવૃત્તિ, સાંસારિક પ્રવૃત્તિઓમાં ત્રિવિધ યોગે જોડાણ, અશુભ યોગમાં રહેવું તે. ફલિતાર્થ એ કે વિરાધક કે પરભાવદશામાં રમણતા.

આત્મા જો પાપો કરવાં, કરાવવાં કે અનુમોદવામાં જ ઓતપ્રોત થયો હોય તો સમજવું કે આત્મા પરસ્થાનમાં દોડી ગયો છે કે આડે અવળે રસ્તે પહોંચી ગયો છે. આ અને આના જેવા બીજાં પરસ્થાનો એ જ પરભાવ (ભૌતિકભાવ) રમણતાનાં સ્થાનો છે. આ સ્થાનો સ્વભાવસ્થાનો એટલે કે આત્માનાં પોતાનાં રમણ સ્થાનો નથી.

## પ્રમાદ એટલે શું?

પ્રમાદનાં કારણે પરસ્થાનમાં જીવ દોડી જાય છે તો 'પ્રમાદ' એટલે શું? પોતાના-આત્માના મૂલભૂત ધ્યેય તરફનું દુર્લક્ષ્ય–ઉપેક્ષા, આથી તેને પ્રમાદ કહેવાય. જીવ કે આત્માનું પોતાનું લક્ષ્ય જોવું, જાણવું અને નિજ ગુણમાં રમવું એ છે. તે લક્ષ્ય પ્રત્યેનું અલક્ષ્યપણું તે જ પ્રમાદ, અને આને લીધે આત્મા મિથ્યાત્વાદિ પાપો તરફ ઢળતો રહે, વિષય–કષાયને આધીન બને, મોહ, માયા, મમતા, આસક્તિ ભાવમાં રમમાણ રહે, જડ કે જડ પદાર્થ પ્રત્યેની જાળમાં ફસાએલો રહે અને પરંપરાએ આત્મા મલીન બન્યો રહે.

તાત્પર્ય એ કે પાપથી પાછા હઠવું, વિભાવદશામાંથી સ્વભાવદશામાં આવવું, પરઘરમાંથી સ્વઘરમાં આવવું, અપ્રશસ્ત યોગમાંથી પ્રશસ્ત યોગમાં આવવું, સ્થિર થવું, પાપનો પશ્ચાત્તાપ અને

---

૧. ૧૮ પાપસ્થાનકોનાં નામ–પ્રાણાતિપાત, મૃષાવાદ, અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, રાગ, દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, રતિ–અરતિ, પરપરિવાદ, માયામૃષાવાદ, મિથ્યાત્વશલ્ય, આ અઢારે પાપવર્ધક સ્થાનો છે.

ક્ષમાભાવની પ્રાપ્તિ તેનું નામ પ્રતિક્રમણ. આમ પ્રતિક્રમણની વ્યાખ્યાઓ અનેક પ્રકારની છે.

સામાન્ય રીતે મનુષ્યે પાપ ન કરવું જોઈએ અને સંવર-નિર્જરા સાથેની પુણ્ય-શુભ પ્રવૃત્તિમાં રહેવું જોઈએ, છતાં જાણે-અજાણે પાપો થાય છે, પણ તેનાથી મુક્ત થવું હોય તો પાપકર્મ અટકે અને અજાણતાં થયેલાં પાપો માટે દિલગીરી વ્યક્ત કરીએ અને ફરી જાણીને તો ન કરીએ, આ માટે જ આ ક્રિયા છે. ટૂંકમાં જ જો કહેવું હોય તો પાપનો પશ્ચાત્તાપ કરવાની, ભૂલોની ક્ષમા માગવાની ક્રિયા તેનું નામ પ્રતિક્રમણ.

શરીરની શુદ્ધિ જળસ્નાન વગેરેથી થાય છે તેમ આત્માની કે ચિત્તની શુદ્ધિ પ્રતિક્રમણથી થાય છે. શરીરને પુષ્ટ કરવા, શુદ્ધ અને પૌષ્ટિક ખોરાકની જરૂર છે, તેમ આત્મા-મનને શુદ્ધ કરવા આત્માને ગુણોથી પુષ્ટ કરવા પ્રતિક્રમણની જરૂર છે. આનાથી રાગ-દ્વેષાદિ કષાયોની મંદતા, વાસનાઓનો ઘટાડો અને નિર્મળતા આદિ પ્રાપ્ત થાય છે. કેમકે પ્રતિક્રમણ સૂત્રોમાં દેવ-ગુરુની સ્તુતિ, વંદના, ધ્યાન, શ્રુતજ્ઞાનની સ્તુતિ, ક્ષમાપના આદિની ઉત્તમ અને મંગલકારી અનેક આરાધનાઓ રહેલી છે, જે પૂર્વોક્ત લાભોને અચૂક મેળવી આપે છે.

## પ્રતિક્રમણ શું રોજે રોજ કરવું જોઈએ?

મિથ્યાત્વ, અજ્ઞાન, અવિરતિ, પ્રમાદ, કષાયાદિ દોષોના લીધે જાણે-અજાણે પણ જીવની મન, વચન અને કાયાની અશુભ પ્રવૃત્તિઓ કે પાપ પ્રવૃત્તિઓ અવિરત ચાલુ છે. ત્યાં સુધી પ્રતિક્રમણ અવશ્ય કરવું જ જોઈએ. જેથી જીવ પાપકર્મ કરતાં અટકે અને થયેલાં દુષ્કૃતો-પાપો માટે દિલગીરી પેદા થાય, ચિત્તની વિશુદ્ધિ થાય, પુરાણાં કર્મોને ખપાવે અને ચારિત્રગુણની ઉત્તરોત્તર વિશુદ્ધિ થાય.

પાપ રોજે રોજ થતું હોય તો તેને ખપાવવાં કે તેનું પ્રાયશ્ચિત્ત કરવા પ્રતિક્રમણ પણ રોજે રોજ કરવું જ જોઈએ અને પાછું વર્તમાન વ્યવસ્થા મુજબ નિયત કાલે.

એટલે જ પ્રતિક્રમણનું બીજું નામ 'આવશ્યક' છે. શાસ્ત્રીય પરિભાષાનો શબ્દ 'આવશ્યક' જ છે. આવશ્યક શબ્દ 'અવશ્ય' ઉપરથી બન્યો છે. 'અવશ્ય' એટલે જરૂર, ચોક્કસ અને અવશ્ય કરવા લાયક તેને આવશ્યક કહેવાય. ત્યારે પ્રતિક્રમણ અવશ્ય કરવા લાયક છે અને એથી જ પ્રત્યેક જૈને અવશ્ય કરવું જ જોઈએ અને તે દ્વારા આધ્યાત્મિક વિકાસ સાધવો જોઈએ.

આત્મા દોષોથી ભરેલો છે, ભૂલ કરવી અને પાછી તેને છુપાવવી એ આજનો ભયંકર માનસિક રોગ છે. ભૂલ કરવી એ તો પાપ છે પણ એ ભૂલને છુપાવવી એ એથીએ વધુ ભયંકર ગુનો છે. એ ભૂલના પાપથી ખરેખર બચાવનાર પ્રતિક્રમણની ક્રિયા જ છે.

## શું આવશ્યક એક જ છે?

ના, આવશ્યક બીજા પાંચ છે. પ્રતિક્રમણ આવશ્યકને છોડીને બાકીનાનાં નામ સામાયિક, ચઉવીસત્થો, વંદણક, કાઉસ્સગ્ગ અને પચ્ચખ્ખાણ છે. (પ્રતિક્રમણ ઉમેરતાં કુલ છ આવશ્યકો છે.)

પ્રતિક્રમણ છ આવશ્યક રૂપ છે. એમાં પ્રથમ આવશ્યકનું નામ સામાયિક છે. પ્રતિક્રમણ *સૂત્રગત સામાયિકની આરાધના છે. તે શરૂઆતના દેવવંદન પછી પ્રતિક્રમણ ઠાયા પછી* કરેમિભંતે સૂત્ર બોલાય છે તે જ છે. એ સૂત્ર જ સામાયિક સૂત્ર છે અને એ બોલાય એટલે સામાયિક આવશ્યકની આરાધના થઈ કહેવાય છે.

આથી શરૂઆતમાં જે સામાયિક વિધિ–અનુષ્ઠાનવાળું કરાય છે તે પ્રતિક્રમણના આવશ્યકરૂપે ગણતરીમાં લીધું નથી એટલે આ પ્રથમનું સામાયિક વધારાની આરાધનાનું સમજવું.

અહીંયા પ્રાસંગિક શરૂઆતમાં સામાયિક એટલે શું? તે થોડું જાણી લઈએ.

**૧. પ્રથમ સામાયિક આવશ્યક**—પ્રતિક્રમણ ઠાયા પછીના સૂત્ર બોલાય તે. આ સૂત્રનો અર્થ એ છે કે સમતાનો જેનાથી લાભ થાય તે 'સામાયિક' નામનું ધર્માનુષ્ઠાન છે. તે બે ઘડીનું (૪૮ મિનિટ) ચારિત્ર જેવું હોવાથી તેટલો સમય સાધુ જીવન ગાળવાનું અણમોલ સાધન છે. સાવદ્યયોગ–પાપની પ્રવૃત્તિઓને અટકાવવા માટેની ચિત્ત તથા મનને સ્વસ્થ, સમાહિત અને નિર્મળ રાખવાની આ એક શ્રેષ્ઠ તક છે. આ ક્રિયા એક પ્રકારનો રાજયોગ છે. ઉત્તમ આધ્યાત્મિક અનુષ્ઠાન છે, ચિત્તના સંક્લેશો અને વ્યથાઓને શમન કરનારું ઔષધ છે, ચારિત્રની વાનગી છે. તન, મન અને આત્માના સ્વાસ્થ્ય માટે લાભકર્તા છે. આનો અધિકાર સૌ કોઈને છે.

**૨. બીજું ચઉવીસત્થો આવશ્યક**—આ આવશ્યક લોગસ્સ રૂપ છે, અને આ લોગસ્સની આરાધના અતિચારની આઠ ગાથાનો કાઉસ્સગ્ગ કર્યા પછી જે લોગસ્સ બોલાય છે તે જ બીજા આવશ્યકરૂપે છે. આ આવશ્યકનું નામ 'ચઉવીસત્થો' (અથવા લોગસ્સ) આવશ્યક છે.

ચઉવીસત્થો એટલે ચતુર્વિંશતિ. જેમાં ચોવીશ તીર્થંકરોની સ્તુતિ છે તે. જેનું સુપ્રચલિત નામ 'લોગસ્સ' સૂત્ર છે. આમાં નામોની સ્તવના છે જે મંગલ અને કલ્યાણને આપનારી છે. સમ્યક્ત્વની શુદ્ધિ કરનારી છે. પૂર્વ સંચિત કર્મોનો ક્ષય કરનારી છે. સ્તવનાના પ્રભાવે સાથી શ્રદ્ધા, અનુકંપા, દયા, વૈરાગ્ય, સંવેગ અને સમતાના ગુણો પ્રગટ થાય છે, રત્નત્રયીની શુદ્ધિ થાય છે. નામસ્મરણમાં પણ અદ્‌ભુત તાકાત બેઠી છે. જે પરંપરાએ બાહ્યાભ્યંતર સુખ, શાંતિ અને આરોગ્યને આપવા સાથે જીવને મુક્તિની મંઝિલ સુધી પહોંચાડી દે છે. તો પછી નામસ્તવનાથી આગળના ભક્તિના પ્રકારોનું જો સેવન કરવામાં આવે તો શું શું લાભો ન મળે? સામાન્ય વ્યક્તિ માટે ભક્તિ એ રાજમાર્ગ છે. વળી રાજયોગનો જ પ્રકાર છે અને તે જીવને પરમાત્માની કક્ષાએ પહોંચાડવાનું સામર્થ્ય ધરાવે છે.

**૩. ત્રીજું વંદણક આવશ્યક**—બીજા આવશ્યકમાં દેવસ્તુતિ કરી. દેવ પછીનું સ્થાન ગુરુનું છે એટલે હવે ગુરુવંદનાદિ કરવું જોઈએ. એ માટે બે વાંદણાંનો વિધિ કરાય છે. વંદણ આવશ્યક તે ત્રીજા આવશ્યકની મુહપત્તી પડિલેહ્યા પછી જે 'સુગુરુવંદન'નો બે વાર પાઠ બોલીએ છીએ તે સમજવું.

ગુરુ એટલે જે ધર્મના જાણકાર, ધર્માચરણનું પાલન કરનાર, અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આદિ મહાવ્રતોનું અને ત્યાગમાર્ગનું પાલન કરનાર હોય તે ગુરુ કહેવાય. આવા નિઃસ્પૃહી ગુરુઓ આત્મકલ્યાણનો સાચો માર્ગ બતાવે છે. સદ્જ્ઞાનની પ્રાપ્તિ કરાવે છે માટે એવા ગુણસંપન્ન ગુરુઓને વંદન કરવું એ શિષ્યનું–શ્રાવકોનું કર્તવ્ય છે. ધર્મગુરુઓને વંદન કરવાથી વિનય–નમ્રતા ધર્મનું પાલન થાય છે અને આ વિનયગુણ પરંપરાએ આ જીવને મુક્તિ સુધી પહોંચાડે છે. આવા ગુરુની આજ્ઞાનું પાલન, તેમનું બહુમાન, આદર કરવો એ ઉત્તમ ધર્મ છે. ઉપકારક અને ગુણસંપન્ન ગુરુઓની આશાતના થાય તો ઘણું પાપ લાગે છે માટે તેથી બચવું જોઈએ. ગુરુ આગળ અભિમાન ન આવી જાય અને તેમના માટે અપરાધ, અવિનય કે અપ્રશસ્ત વિચારો ન આવી જાય તેનું પણ ધ્યાન રાખવું જોઈએ. એમ છતાં કર્માધીન આવી જાય તો બધાયની સાચા ભાવથી ક્ષમા માગી લેવી જોઈએ.

ગુરુવંદન માટે 'સુગુરુવંદનસૂત્ર' બોલવાનું છે, જે પ્રતિક્રમણમાં અનેકવાર આવે છે. ગુરુવંદન કેમ કરવું તેની વિશેષ માહિતી આ પુસ્તકમાં પ્રારંભમાં આપી છે તે જોઈ લેવી.

**૪. ચોથું પડિક્કમણું આવશ્યક**—આ આવશ્યક એ વંદિત્તા સૂત્રની આરાધનારૂપ સમજવું. પ્રતિક્રમણનો ટૂંકો અર્થ સ્વભાવદશામાંથી વિભાવદશામાં ગયેલા આત્માને પાછો સ્વભાવદશામાં સ્થાપન કરવો તે, એટલે કે અસદ્માર્ગ–અતિક્રમણ કરી ગયેલા આત્માને પ્રતિક્રમણ (પડિક્કમણાં) દ્વારા મૂલ સ્થાને લાવવો તે.

પડિક્કમણું એટલે અતિક્રમણનું પ્રતિક્રમણ, પાપથી પાછા હઠવાની ક્રિયા દર્શાવતાં સૂત્રો દ્વારા ક્ષણે ક્ષણે મન, વચન, કાયાથી થતાં પાપો–દોષોની આલોચના કરવી, દોષો–ભૂલોની ક્ષમા માગવી, શુદ્ધ થવું તેનું નામ પ્રતિક્રમણ છે. પાપ વિમોચનની આ ક્રિયા રોજે રોજ બે વાર કરવાની છે, જે બાબત અગાઉ જણાવી છે.

આ પ્રતિક્રમણ ઇરિયાવહિયા, વંદિત્તુ આદિ સૂત્રો દ્વારા થાય છે. 'મિચ્છામિ દુક્કડં' આ વાક્ય સારાય પ્રતિક્રમણનો પ્રાણ છે. એનાથી તરત જ દુષ્કૃત, પાપ, દોષ, અતિચાર કે ભૂલની ક્ષમા માગી શુદ્ધ થઈ હળવાશ અનુભવાય છે. જૈનસંઘનું આ જાણીતું સૂત્ર છે.

આ પ્રતિક્રમણનાં પાંચ પ્રકારો છે. ૧. રાઈસી ૨. દેવસી ૩. પક્ખી ૪. ચોમાસી અને ૫. સંવચ્છરી. રાત્રે બંધાયેલાં પાપના ક્ષય માટે રાઈસી, દિવસ દરમિયાન બંધાતાં પાપો માટે દેવસી, પંદર દિવસે વિશેષ પ્રકારે આલોચના કરવા પક્ખી, ચાર મહિના માટે ચૌમાસી અને બાર મહિને સંવચ્છરી પ્રતિક્રમણ કરવાનું છે.

**૫. પાંચમું કાઉસ્સગ્ગ આવશ્યક**—કાઉસ્સગ્ગનું સંસ્કૃત રૂપાંતર 'કાયોત્સર્ગ' છે. આ પાંચમું આવશ્યક વંદિત્તાસૂત્ર પછી બોલાતા લોગસ્સના કાઉસ્સગ્ગ પછી પ્રગટ લોગસ્સ જે બોલાય છે તે સમજવું. કાઉસ્સગ્ગનો સીધો અર્થ કાયાનો ત્યાગ એવો થાય છે પણ અહીં લક્ષણાથી કાયા એટલે શરીર ત્યાગ નહીં પણ શરીર ઉપરની મમતા–મૂર્ચ્છાનો ત્યાગ સમજવાનો છે. કાયોત્સર્ગ મુદ્રાનું આ જ મુખ્ય ધ્યેય છે એટલે કાઉસ્સગ્ગ દરમિયાન શરીરની સુશ્રુષાનો

સર્વથા ત્યાગ કરવાનો છે. કાયાનું કષ્ટ સહન કરવાનું છે અને સાથે સાથે મૌન અને ધ્યાન દ્વારા વાણી અને મનની મલિન વૃત્તિઓનો ત્યાગ કરવાનો છે, અર્થાત્ દેહાધ્યાસને ત્યજી સમતાપૂર્વક શુભ ધ્યાનમાં સ્થિર રહેવાની, કર્મના ભુક્કા બોલાવવાની તેમજ બાહ્ય દૃષ્ટિએ અનેક દુઃખો, ઉપદ્રવોને દૂર કરવાની શક્તિ ધરાવે છે.

૬. **છઠ્ઠું પચ્ચખ્ખાણ આવશ્યક**—રાતના યથાશક્તિ આહાર, પાણીનો વિવિધ રીતે ત્યાગ કરવાનો નિયમ કરવો તે. આથી છઠ્ઠા આવશ્યકની આરાધના થાય છે. જીવનને સંયમી બનાવવા, વિવિધ કુટેવોથી બચવા, સદાચરણમાં પ્રવૃત્તિ કરવા અને પાપાશ્રવથી અટકવા પચ્ચખ્ખાણ એટલે નિયમો ગ્રહણ કરવા જરૂરી છે. પ્રતિક્રમણમાં મુખ્યત્વે ખાવા–પીવાને ઉદ્દેશીને પચ્ચખ્ખાણ કરવાનાં છે. આમ આવશ્યકો છ પ્રકારનાં છે.

પ્રતિક્રમણ આવશ્યકની જોડે બાકીનાં પાંચ આવશ્યકોની આરાધના અત્યંત જરૂરી હોવાથી તેની એક સાથે જ આરાધના કરવામાં આવે છે. જો કે વહેવારમાં 'પડિક્કમણું' કર્યું કહેવાય છે પણ ગૌણપણે પ્રતિક્રમણને સહાયક શેષ આવશ્યકોની આરાધના પણ આવી જાય છે.

વર્તમાનમાં પચ્ચખ્ખાણ પ્રતિક્રમણ શરૂ થતાં પહેલાં કરાવાય છે.

આ પુસ્તક મુખ્યત્વે સંવત્સરી પ્રતિક્રમણની વિધિનું હોવા છતાં સવારના રાઈ પ્રતિક્રમણ સિવાય શેષ ચાર પ્રતિક્રમણ પણ આ પુસ્તક દ્વારા કરી શકાય એવી ગોઠવણ આ પુસ્તકમાં કરેલી છે.

## સંવચ્છરી પ્રતિક્રમણ શા માટે?

અગાઉ જણાવ્યું તેમ આધ્યાત્મિક ગુણોનો ઉત્તરોત્તર વિકાસ થાય, જાણે–અજાણે રોજ રોજ બંધાતાં પાપ કર્મોનું પ્રાયશ્ચિત થાય, કુસંસ્કારોની બાદબાકી અને સુસંસ્કારોનો સરવાળો થાય કે જે સરવાળો ચરમ કક્ષાએ પહોંચીને કોઈ જન્મને અંતે સકલ કર્મનો ક્ષય કરાવી આત્માને મુક્તિ સ્થાને પહોંચાડે માટે પ્રતિક્રમણ હંમેશા કરવું જોઈએ, પણ જેઓ તેમ નથી કરી શકતા તેઓએ વરસમાં એક દિવસ પણ પ્રતિક્રમણ અવશ્ય કરવું જ જોઈએ.

બાર બાર મહિના દરમિયાન આત્મા પ્રમાદને લીધે વિરાધકભાવને વશવર્તી થતાં સ્વભાવદશાની, આરાધક ભાવની પ્રવૃત્તિ છોડીને પરભાવદશાના પંથે દૂર સુદૂર સુધી ચાલી ગયેલો હોય છે. દૂર સુદૂર ગયેલા તે આત્માને, જેમાં દેવ, ગુરુ અને શ્રુતજ્ઞાન વગેરેની ઉપાસનાનું મહત્ત્વનું સ્થાન ધરાવે છે તેવી, વળી હિંસા, અસત્ય આદિ અનેકવિધ પાપ દોષોનું શમન કરનારી અને ક્ષમાદિ ધર્મના આચરણ દ્વારા આત્માના ક્રોધાદિ કષાયોનું ઉપશમન કરનારી, વિષયોની વાસનાઓને પ્રશાન્ત કરનારી, આત્માને પુષ્ટ કરનારી [1]સંવચ્છરી પ્રતિક્રમણની ક્રિયા કરી આત્માને પાપના ભારથી હળવો કરવો જોઈએ.

---

૧. સંવત્સર ઉપરથી સંવત્સરી બન્યું છે. પ્રાકૃતમાં સંવચ્છરી થયું. પર્યુષણના છેલ્લા દિવસને સંવત્સરી કહેવાય છે. આ શબ્દનું લોકોએ છમછરી, સમછરી એવું રૂપ આપ્યું.

આ ક્રિયાના અંતે કષાય અને વાસનાના ભારથી ભારે એવું મન હળવાશ અનુભવે, મન શાંત-પ્રશાંત થાય, ચિત્ત અંતર્મુખ બને, સર્વ જીવો પ્રત્યે મૈત્રીભાવ પ્રગટે તો સમજવું કે પ્રસ્તુત ક્રિયા રૂડી રીતે થઈ છે અને તેનું શ્રેષ્ઠ ફળ મેળવ્યું છે.

## ક્રિયાની આવશ્યકતા—

જ્ઞાન અને ક્રિયા એક જ રથના બે પૈડાં છે. બેમાંથી એક પણ પૈડું નબળું હોય તો આત્મારૂપી રથ મુક્તિના પંથે સરખી ગતિ કરી ન શકે, માટે જ આપણે ત્યાં જ્ઞાન અને ક્રિયા બંનેને સમાન મહત્ત્વ આપવામાં આવ્યું છે. એથી જ 'જ્ઞાનથી જાણો અને ક્રિયાથી આદરો' આ ઉક્તિ પ્રસિદ્ધિમાં આવી છે. વળી અપેક્ષાએ જ્ઞાન ભલે સ્વલ્પ હશે તો તે ચાલશે પણ ક્રિયાવાદનો અમલ બરાબર નહિ હોય તો તે નહિ ચાલે. જ્ઞાન તો બીજાનું પણ આપણને (ક્રિયા વગેરેમાં) કામ લાગશે પણ ક્રિયા બીજાની કરેલી બીજાને ઉપયોગમાં કદી થતી નથી. ક્રિયા તો પોતાની જ પોતાને ફળ આપે છે. સહુની જાણીતી વાત છે કે કોઈપણ વિદ્યાકલા વગેરેના જાણપણાનું ફળ પોતાના જાણપણાને અનુકૂળ પ્રવૃત્તિ કરવામાં રહેલું છે. આ એક જગજાહેર નિર્વિવાદ સત્ય છે. કોઈપણ બાબતનું જ્ઞાન મેળવી લીધા બાદ તે જ્ઞાનને વાગોળ્યા કરવાથી, તે જ્ઞાનની ડાહી ડાહી વાતો કરવાથી કે તેના મનોરથો કરવા માત્રથી માનવી કશો જ લાભ મેળવી શકતો નથી. એ સહુ કોઈનું અનુભવસિદ્ધ, કોઈપણ દલીલથી ઇન્કાર ન કરી શકાય તેવું આ સત્ય છે.

આપણું આ શરીર પણ એ સત્યને ટેકો આપે છે અને કહે છે કે આંખથી જુઓ અને પછી પગથી ચાલો તો ઇષ્ટ સ્થાને પહોંચશો. આંખ જ્ઞાનના સ્થાને છે અને પગ ક્રિયાના સ્થાને છે.

અરે! તરવાની ક્રિયાનો શ્રેષ્ઠ જાણકાર તરવૈયો પણ પાણીમાં પડ્યા પછી તરવા માટે હાથ પગ ચલાવવાની ક્રિયા જો ન કરે તો તે પાણીમાં ડૂબી જાય. આ દૃષ્ટાંત સૂચિત કરે છે કે એકલું જાણપણું કાફી નથી અર્થાત્ તેથી પૂરી સફળતા મળતી નથી.

અરે! શાસ્ત્રમાં તો સાપેક્ષ દૃષ્ટિએ એમ પણ કહ્યું છે કે કદાચ સૂત્ર-ક્રિયાનો અર્થ ન જાણતો હોય પણ મહામંત્રાક્ષર જેવા મહર્ષિઓ-પરમર્ષિઓ પ્રણીત એવા સૂત્રોનું શ્રદ્ધા રાખીને ભાવપૂર્વક શ્રવણ કરે તો પણ તેનું પાપ-કર્મરૂપી ઝેર ઉતરી જાય છે, અને એમાં તેઓ એક દૃષ્ટાંત પણ ટાંકે છે કે જેને સર્પનું ઝેર ચઢ્યું હોય તે જીવ બેશુદ્ધ બને છે. તેની આગળ કોઈ વિષ ઉતારનારો ગારૂડી, ગારૂડીમંત્રથી ઓળખાતા મંત્રોને મનમાં જ જપતો હોય ત્યારે પેલો બેભાની આત્મા કશું સાંભળતો નથી અને કદાચ ગારૂડી મુખથી ઉચ્ચારીને બોલે તો પણ તે સાંભળવાનો નથી, એમ છતાં તેનું ઝેર પેલા મંત્રના પ્રભાવે ઉતરી જાય છે, અને તે નિર્વિષ બની જાય છે. એવો જ પ્રભાવ આ સૂત્રમંત્રનો છે. આ માટે માતા હંસપુત્રની કથા પ્રસિદ્ધ છે.

ટૂંકમાં જણાવવાનું એ કે આ ક્રિયા કરવા લાયક છે. અર્થની સાચી સમજ મેળવીને થાય તો સર્વોત્તમ છે. કદાચ તેવી સમજ મેળવી ન હોય તો શ્રદ્ધા અને ભાવપૂર્વક વિધિ મુજબ થાય તો પણ કર્મનો બોજ હળવો કરવા, મનને નિર્મળ બનાવવા આ ક્રિયા કરવી જરૂરી છે. અસ્તુ! પણ આવી ઉત્તમ ક્રિયાઓ ઉત્તમ ફળ ક્યારે આપે? તો દરેક ક્રિયા વિધિની શુદ્ધિ અને ભાવની શુદ્ધિ આ બંનેની શુદ્ધિ જાળવીને થાય તો. વિધિની શુદ્ધિ એટલે કટાસણું, ચરવળો, મુહપત્તી આદિ ઉપકરણો-સાધનો સ્વચ્છ, અખંડ-સારાં વાપરવાં, શુદ્ધ સૂત્રોચ્ચાર, તેમજ કાયાથી થતી મુદ્રા, આસનો વગેરે જે રીતે કરવાનું હોય તે રીતે કરવાં તે. આ વિધિ તે બાહ્યશુદ્ધિ કહેવાય છે અને ઉપયોગ લક્ષ્યની જાગૃતિપૂર્વક, મનને સૂત્રાર્થાદિકના ભાવ ઉપર ત્રિકરણયોગે સાવધાન રહેવું તેને ભાવશુદ્ધિ કે અભ્યંતરશુદ્ધિ કહેવાય છે. આ રીતે ક્રિયા કરવાની છે. ગ્રામોફોનની રેકર્ડની જેમ સાંભળવાથી કે પોપટ પંખીની જેમ બોલી જવાથી વિશેષ લાભ *થતો નથી, એટલે આ ક્રિયામાં તલ્લીન બની પરમ શાંતિ જાળવી વાતચીત કર્યા વિના,* આડુંઅવળું જોયા વિના, કાયાને વારંવાર હલાવ્યા વિના, મડદા જેવા નહીં પણ સ્વસ્થ રહીને, ટટ્ટાર બની બે હાથ જોડી સૂત્રો સાંભળો અને પ્રમાદ છોડીને ચરવળો રાખી મુખ્ય વિધિઓ ઊભા ઊભા જ કરો. સંવચ્છરીના દિવસે વિશાળ સમુદાયમાં સભાની શાંતિ જાળવવા તે શક્ય ન હોય તો ફક્ત મુખ્ય મુખ્ય વિધિ (ગુરુ આદેશ મેળવીને) ઊભા ઊભા કરો.

એકંદરે પ્રતિક્રમણના પ્રકારો જો કે પાંચ છે પણ અહીંયા પાંચમા છેલ્લા સંવચ્છરી પ્રતિક્રમણ અંગે કંઈક કહેવાનું છે.

## મૂલ વાત-

ભારતના મહાતિમહાનગર મુંબઈમાં સેંકડો સ્થળે સંવચ્છરી પ્રતિક્રમણની આરાધના થાય છે. સમાજનો પંદરેક આની વર્ગ વરસમાં આ એક જ પ્રતિક્રમણ કરતો હશે એવું મારું અનુમાન અતિશયોક્તિ દોષ રહિત હશે એમ કહું તો ખોટું નહીં હોય.

કોઈપણ આત્મા બાર મહિનામાં માત્ર એક જ દિવસ અને તેમાંય માત્ર ત્રણ કલાકની, પાપથી પાછા હઠવાની, પાપનું પ્રાયશ્ચિત્ત કરનારી એવી મહાન અને પવિત્ર ક્રિયા કરે અને સાથે સાથે વિધિની અને ભાવની વિશુદ્ધિ બરાબર જાળવે તો ક્રિયા કરવા પાછળનો બાર મહિનાના પાપદોષની આલોચનાનો જે ઉદ્દેશ તે જરૂર સફળ કરી શકે, ક્રિયા કરીને જે લાભ મેળવવો છે તે મેળવી શકે.

આ ત્યારે શક્ય બને કે જ્યારે સૂત્ર અર્થનું બરાબર જ્ઞાન હોય તો પણ આ જ્ઞાન (અને તે પાછું આ શહેરમાં) મેળવવું એ તો તમને ભારે અશક્ય જેવું લાગે, એટલે આરાધકો યથાશક્તિ સાચી સમજણપૂર્વક ક્રિયા કરી શકે, આત્મા બાર મહિનાના પાપના ભારથી હળવો થાય, ક્ષમાયાચના દ્વારા કષાયોનું ઉપશમન થતાં આત્મા સમતાભાવવાળો બને, અખિલ વિશ્વના જીવમાત્ર પ્રત્યે મૈત્રીનું સગપણ-સેતુ બાંધી શકે અને પરિણામે પુરાણાં કર્મોની નિર્જરા-ક્ષય અને નવાં કર્મોનો સંવર-અટકાવ થાય, આ કારણે જરૂરી સૂત્રોની ટૂંકી સમજણ આપી શકે તેવી

સંવચ્છરી પ્રતિક્રમણની સળંગ વિધિની સચિત્ર પુસ્તિકાની જરૂરિયાત આજથી બાર વર્ષ ઉપર મને જણાઈ હતી અને તે વખતે આ વિધિ છપાવવાની તૈયારી પણ કરી હતી, પણ એક યા બીજા કારણે તે બન્યું નહિ. આજે તે મુદ્રિત થઈને બહાર પડી રહી છે ત્યારે તેનો આનંદ અને સંતોષ થાય તે સ્વાભાવિક છે. જો કે સળંગ અને સરળ પ્રતિક્રમણ વિધિની બુકો બીજી સંસ્થાઓ તરફથી પણ પ્રગટ થયેલી છે. એમ છતાં એની કેટલીક વિશિષ્ટતાઓને લીધે તથા આમાં ઉપયોગી સંખ્યાબંધ ચિત્રોની ઉપસ્થિતિ વગેરેથી આ પુસ્તિકા અનેરી ભાત પાડશે એમ માનું છું.

આમાં કેટલીક નીચે મુજબની નવીનતાઓ છે.

૧. મહત્ત્વનાં સૂત્રોનો જરૂરી ભાવાર્થ અને તેની વિશેષ સમજ તે તે સૂત્રો વગેરેની પહેલાં જ આપી છે.

૨. તે તે સ્થળે તે તે ક્રિયા કેવા આસને કે મુદ્રાથી કરવી તે માટેનાં ચિત્રો આપ્યાં છે.

૩. મુહપત્તીનાં પચાસ બોલનાં (ચિત્ર નં. ૧૦ થી ૨૨) ચિત્રો આપ્યાં છે.

આ ચિત્રો પહેલી જ વાર પ્રગટ થયાં છે.

સમાજનો ચૌદ-પંદર આની વર્ગ પજુસણમાં, અને પંદર આનીથી વધુ વર્ગ સંવચ્છરીના દિવસે પ્રતિક્રમણ કરવા આવતો હોય છે.

સમાજનો એકાદ આની વર્ગ વ્યાખ્યાન શ્રવણ કરતો હશે. બહુ બહુ તો ચાર આની વર્ગ પ્રતિક્રમણનાં [1]સૂત્રોને જાણતો હશે. એમાંય અર્થનું જાણપણું એકાદ આની વર્ગને હશે. એ એક આનીની પણ જો પુરુષ-સ્ત્રી વચ્ચે વહેંચણી કરીએ તો બે ભાગમાં સ્ત્રીઓ અને એક ભાગમાં પુરુષો આવે. આ પરિસ્થિતિમાં પ્રતિક્રમણનાં સૂત્ર અને તેના અર્થજ્ઞાનની સ્થિતિ શું હોઈ શકે તે, એમાંય વળી પ્રતિક્રમણનાં સૂત્રોની મુદ્રાઓ કે આસનોનું જાણપણું કેટલું હશે? તે સમજી શકાય તેવું છે.

બતાવેલાં આસનો-મુદ્રાઓ અપ્રમત્તભાવ ટકાવી રાખવા, વિઘ્નો દૂર કરવા, શારીરિક સ્વાસ્થ્ય જાળવવા માટે છે અને એનું એ જ ફળ છે.

આજે સમય એવો પ્રવર્તી રહ્યો છે કે લોકોની અનેક કારણોસર ધર્મ ક્રિયાઓ પ્રત્યેની શ્રદ્ધા, રુચિ નબળી પડી છે. વળી ઉપાશ્રયમાં આવનારા, રોજ વ્યાખ્યાન સાંભળનારા વર્ગની પણ તે તરફથી ઉપેક્ષા વધી છે. આજે મોટોભાગ સંસારિક ગડમથલમાં ગળાબૂડ ડૂબી ગયો છે. આ સંજોગોમાં સૂત્રો શીખવાનો ભાવ ક્યાંથી જાગે? ભાવ જાગે તો સમય ક્યાંથી કાઢે? અરે! મૂલ શીખવાનું ન બને તો પણ સૂત્રોના અર્થ લક્ષ્યપૂર્વક વંચાય તો પણ તેની શ્રદ્ધા-રુચિમાં વધારો થાય, પ્રવૃત્તિ તરફ પગલાં માંડવાનું મન થાય. સમજણપૂર્વક ક્રિયા થાય તો એથી એનો

---

૧. બધાં સૂત્રોના અર્થ એકવાર પજુસણમાં કે તે પહેલાં જો વાંચી જવાય તો પ્રતિક્રમણમાં જે કંટાળો, ઊંઘ, આળસ આવે છે તે નહીં આવે અને ક્રિયા કરવામાં અનેરો આનંદ આવશે.

આનંદ અનેરો આવે. ક્રિયાના શ્રેષ્ઠ લાભો મેળવી શકે, એથી આધ્યાત્મિક ચેતના વધુ ને વધુ સતેજ થતી જાય. હવે એ તો બને ત્યારે ખરું! પણ અમોએ અહીંયા અમુક સૂત્રોનો જે ટૂંકો પરિચય સૂત્રોની આગળ આપ્યો છે તે સહુએ અગાઉથી પજુસણ આવતા પહેલાં, વાંચી લેવો જ જોઈએ અને પછી જ પ્રતિક્રમણ કરવું.

એક અગત્યનું સૂચન–મોટાભાગે પર્યુષણ શરૂ થતાં પહેલાંના બે દિવસ વ્યાખ્યાન બંધ રખાય છે. આ બે દિવસમાં પર્યુષણ પર્વની આરાધના કેમ કરવી તે માટે શિબિર રાખવી અને તેમાં ખમાસમણ કેમ દેવું? કાઉસ્સગ્ગ કેમ કરવો? મુહપત્તી કેમ પડિલેહવી? વળી વ્યાખ્યાન શ્રવણ, પ્રતિક્રમણ, તપ, પૌષધ, પૂજા, દાન, પુણ્યાદિ કેમ કરવાં એ બધાની પ્રેક્ટીકલ *રીહર્સલ સાથે તાલીમ આપવી જેથી કાયમ માટે આચારવિધિ શુદ્ધ* બની જાય. મેં વરસો અગાઉ આ શિબિર રાખી હતી.

ચિત્રો જે આપ્યાં છે તે સમજાય તેવાં છે. વાંદણાનાં ચિત્રો અને મુહપત્તીનાં પચાસ બોલનાં ચિત્રો બહુ ઉપયોગી થાય તેવાં છે. તે સિવાય બીજાં કેટલાંક ઉપયોગી ચિત્રો છે જે પહેલવહેલાં જ પ્રકાશિત થાય છે.

પ્રકાશક સંવત
૨૦૩૮

*–મુનિ યશોવિજયજી*
*(વર્તમાનમાં આ.શ્રી યશોદેવસૂરિ)*

## ✻ મોક્ષ અંગે પ્રશ્નોત્તરી ✻

પ્રશ્ન :–મોક્ષ છે એવી વાત બધાય ધર્મના નેતાઓ કે દર્શનકારો કહે છે એમાંય જૈનદર્શન તો પોકાર પાડી પાડીને કહે છે. જૈનધર્મની તમામ પ્રવૃત્તિ પાછળનું સાધ્ય મોક્ષ જ છે એટલે મોક્ષ પ્રાપ્ત કરવું જોઈએ તે વાત ઠાંસી ઠાંસીને કહેવામાં આવી છે તો અમારી વાત એ છે કે મોક્ષ જેવી વસ્તુ છે તો ખરી ને?

ઉત્તર :–મોક્ષની વાત જેમણે કરી છે તે કેવલજ્ઞાનીઓ હતા. કેવલજ્ઞાન એટલે કે ત્રિકાલજ્ઞાન–સંપૂર્ણ જ્ઞાન. તેને ચર્મચક્ષુથી નહીં પણ જ્ઞાનચક્ષુથી જ જોવાનું છે. કેવલજ્ઞાન ત્યારે જ પ્રાપ્ત થાય છે કે જૂઠું બોલવાનાં રાગ–દ્વેષ, અજ્ઞાન આ ત્રણ કારણોનો સર્વથા ક્ષય થાય ત્યારે જ, એટલે તેમની વાત સાચી હોવાથી મોક્ષ છે, છે ને છે જ, એમ સ્વીકારવું રહ્યું.

પ્રશ્ન :–મોક્ષ ભલે છે પણ બધાયને પ્રાપ્ત કરવું જોઈએ એવું શા માટે?

ઉત્તર :–મોક્ષ પ્રાપ્તિ કરવાની ઇચ્છા તો જૈનકુળમાં જન્મેલાએ સતત હંમેશા રાખવી જોઈએ. પ્રશ્ન થાય કે શા માટે? તો અનંતકાળથી ચોરાશીના આ સંસારમાં જીવ અનેક ભયંકર દુઃખો–કષ્ટોને ભોગવતો રહ્યો છે તે બધાયનો અંત લાવવા માટે.

પ્રશ્ન :–મોક્ષે ગયા પછી સંસારમાં ફરી અવતરવું પડે?

ઉત્તર :–ના, એટલે સદાને માટે જન્મ–મરણના ચક્રનો અંત આવે છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# તીર્થંકર ભગવાન શ્રી મહાવીરના
# ૩૫ ચિત્રોનું સંપુટ
## (૪૮ ચિત્રોનું સંપુટ)

વિ. સં. ૨૦૨૯ ઇ.સન્ ૧૯૭૩
વિ. સં. ૨૦૪૯ ઇ.સન્ ૧૯૯૨

૨૮

## સંપાદકીય નિવેદન (પ્રથમાવૃત્તિમાંથી)

આ કાળના અન્તિમ-ચોવીસમા તીર્થંકર શ્રમણ ભગવાન શ્રી મહાવીર પરમાત્માના જીવન-પ્રસંગોનો ચિત્રમય સંપુટ પ્રગટ થઈ રહ્યો છે તે જોઈને હું અપાર હર્ષ અને લાગણી અનુભવી રહ્યો છું. વરસોથી સેવેલું સ્વપ્નું સાકાર થાય ત્યારે કોને હર્ષાનંદ ન થાય!

આ સંપુટમાં ભગવાન શ્રી મહાવીરનું જીવન ૩૪ ચિત્રોમાં આપવામાં આવ્યું છે. ૩૫મું ચિત્ર ભગવાનના આદ્ય શિષ્ય ગણધર શ્રી ગૌતમસ્વામીજીનું છે. આમાં ભગવાન શ્રી મહાવીરના જીવનના બીજા ચાર પાંચ પ્રસંગો ઉમેરવાની મારી ઈચ્છા હતી, પણ તે તત્કાલ શક્ય બની નથી. વળી કોઈ કોઈ ચિત્રમાં કલાના સિદ્ધાન્ત અને તેની દૃષ્ટિને માન આપવું અનિવાર્ય હોવાથી મારી ધારણા અને વાસ્તવિક્તાને જતી કરીને ચિત્રકારની સ્વતંત્રતા સ્વીકારવી પડી છે. આ પુસ્તક ચિત્રસંપુટનું હોવાથી ચિત્ર પરિચય એકદમ ટૂંકો આપી શકાત, પરંતુ મહત્ત્વના અન્ય કારણોસર આમાં મેં મધ્યમ પ્રકારનું ધોરણ અપનાવ્યું છે. પરિચય આલંકારિક કે કાવ્યમય ભાષામાં, તેમજ તેના માર્મિક વિવેચન સાથે ન આપતાં સહુને સુવાચ્ય અને સુપથ્ય થાય એ રીતે સરલ અને સાદી ભાષામાં, ઘટનાઓ પૂરતો જ આપ્યો છે. દેશપરદેશની જનતા આનો લાભ ઊઠાવી શકે એ માટે પરિચય ત્રણે ભાષામાં આપ્યો છે. શેષ લખાણ એક જ ભાષામાં આપ્યું છે.

જૈનો ઉપરાંત દેશ-પરદેશના શિક્ષિતો, જૈનધર્મનાં પ્રતીકો. ચિહ્નો વગરે કયા છે? કેવા કેવા આકારે હોય છે? તે શા માટે હોય છે? તે જાણવાની જિજ્ઞાસા ધરાવે છે તેવું હું વર્ષોથી જાણતો હોવાથી પ્રતીકો અને ચિત્રપટ્ટીઓ (બોર્ડરો) તૈયાર કરાવ્યાં. પ્રતીકોને ત્રણેય ભાષાના પરિચયના પ્રારંભમાં અને પટ્ટીઓને નીચેના ભાગે મુદ્રિત કરીને મૂકવામાં આવેલ છે, પ્રતીકો અને પટ્ટીઓ મોટા ભાગે જૈન ધર્મને અનુસરતાં છે, જ્યારે થોડાંક જ પ્રતીકો, પટ્ટીઓ સર્વસામાન્ય પ્રકારનાં છે. પ્રતીકો બધાં મળીને ૧૨૧ અને પટ્ટીઓ કુલ ૪૦ છે. અનેક વ્યક્તિઓની ઈચ્છાને માન આપીને પાછળ પરિશિષ્ટો ઉપરાંત પ્રતીકો અને પટ્ટીઓનો સ્થૂલ પરિચય પણ આપ્યો છે.

મારા આ મંગલ કાર્યમાં તન, મન અને ધનથી તથા વિવિધ રીતે અન્ય સહાય કરી મારા આ કાર્યને જેમણે સરલ બનાવ્યું છે તે સર્વ મહાનુભાવોને, તથા આ કાર્ય પ્રત્યે શુભેચ્છા દાખવનાર અમારા આબાલવૃદ્ધ સાધુ-સાધ્વીજી વૃંદને, એમાંય મને અનેક રીતે સહાયક થનારા મુનિરાજશ્રી વાચસ્પતિવિજયજીને. તેમજ પ્રકાશકીય નિવેદનમાં સમિતિએ જુદી જુદી રીતે સહાયક થનારા મુનિરાજો, ભાઈ-બહેનો, પ્રેસ અને પ્રેસના માલિકો વગેરેનો જે આભાર માન્યો છે તેમાં અંતઃકરણથી મારો સૂર પુરાવવા સાથે તે સૌને અંતઃકરણથી ધન્યવાદ આપું છું. સહુ કોઈની લાગણી અને ભક્તિભાવભર્યા સહાય અને સહકારને હું કદી વીસરી નહીં શકું!

સંપુટ પ્રગટ કરવામાં ધારણાથી વધુ વિલંબ થયો તે બદલ ઊંડી ખેદની લાગણી અનુભવું છું અને એ અપરાધને ઉદાર ભાવે નભાવી લેવા સૌને નમ્ર અનુરોધ કરું છું.

કલિકાલ-કલ્પતરુ ભગવાન શ્રી પાર્શ્વનાથ પ્રભુની સત્કૃપા, ભગવતી શ્રી પદ્માવતી દેવીની સહાય, અસીમ કરુણાવર્ષા કરનાર સ્વ. પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજય મોહનસૂરીશ્વરજી મહારાજ તથા પરમઉપકારી, પરમકૃપાળુ ગુરુદેવો-જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ, આચાર્યશ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજ, યુગદિવાકર પરમપૂજ્ય આચાર્યશ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજના શુભાશીર્વાદો, એમાંય પ્રખર ઉપદેશક મારા તારક ગુરુદેવની અનેકવિધ પ્રબલ સહાય-સહકારથી આ કાર્ય સફળતાને વર્યું તે માટે સહુને અનેકશઃ નત મસ્તકે વંદન કરી, ઉંડા આભારની લાગણી વ્યક્ત કરું છું.

અહિંસામૂર્તિ ભગવાન શ્રી મહાવીરનું સમગ્ર જીવન અદ્ભુત, અનુપમ, અજોડ અને પ્રેરણાપ્રદ છે. ખરેખર! એમણે અહિંસા, સંયમ, તપ, સત્ય અને ક્ષમા આદિ સર્વ કલ્યાણકર અને ઉદાત્ત એવા ધર્મોની સર્વોત્તમ કોટિની સાધના કરીને અન્તિમ સિદ્ધિ પ્રાપ્ત કરી, અર્થાત્ વીતરાગ-સર્વજ્ઞ બની નિર્વાણ સુખના અધિકારી બન્યા. આપણે પણ જો એ માર્ગે ચાલીએ તો આપણા આત્માને પરમાત્માની કક્ષાએ પહોંચાડીને નિર્વાણ સુખના અધિકારી અવશ્ય બનાવી શકીએ.

ક્ષમામૂર્તિ ભગવાન શ્રી મહાવીરના ઉપદેશનો ટૂંકો સાર એ છે કે જો તમારે તમારો સર્વાંગી વિકાસ સાધવો હોય તો આચારમાં સર્વ હિતકારિણી અહિંસાને, વિચારમાં સંઘર્ષશામક અનેકાન્ત (સ્યાદ્વાદ)ના સિદ્ધાન્તને અને વહેવારમાં સંકલેશનાશક અપરિગ્રહવાદને મનસા, વાચા,

કર્મણા અપનાવો! આથી વ્યક્તિના જીવનમાં વિશ્વબંધુત્વની મૈત્રીની ભાવના, સમન્વયવાદી દૃષ્ટિ અને ત્યાગ-વૈરાગ્યના આદર્શો જીવંત બનશે, અને આ સિદ્ધાન્તોને ન્યૂનાધિકપણે જો સહુ અમલમાં મૂકશે તો સમષ્ટિ-સમુદાયમાં અધ્યાત્મવાદનો પ્રકાશ પ્રગટ થતાં ભય, ચિંતા, અજંપો, અશાંતિ, અસંતોષ, વર્ગવિગ્રહ, અન્યાય, દુર્ભાવના, ધિક્કાર, તિરસ્કાર, કડવાશ, અવિનય, અવિવેક. અહંકાર આવા અનેક જડતત્ત્વોનો ઘેરો બનેલો અંધકાર વિલય થશે; પરિણામે સર્વત્ર મૈત્રી, પ્રેમ, સ્નેહ, આદર, સંપ, સહિષ્ણુતા અને શાંતિનાં બળો મજબૂત બનશે.

એ યાદ રાખવું ઘટે કે ભગવાન શ્રી મહાવીર કોઈ એક સંપ્રદાયના, એક પ્રાંતના કે એક દેશના ન હતા, એ સહુના હતા-સહુ માટે હતા, યાવત્ સમગ્ર વિશ્વના હતા, વિશ્વ માટે હતા, જો વિશ્વની માનવ જાતને હિંસા અને ત્રાસવાદથી ઊગરવું હશે તો ભગવાન મહાવીરના અહિંસાના સિદ્ધાન્તને અપનાવ્યા સિવાય કોઈ આરો વારો નથી. વ્યક્તિ કે સમષ્ટિ માટે અહિંસા સિવાય કોઈ બીજો તરણોપાય નથી. આ એક ત્રૈકાલિક સત્ય છે. વ્યક્તિ કે સમષ્ટિ એનો જેટલો વહેલો સ્વીકાર કરે એ એના હિતમાં છે.

અન્તમાં આપણે સૌ ભગવાન મહાવીરે ચીંધેલા માર્ગે ચાલીને અને તેમની તથા તેમના શાસનની આરાધના-ઉપાસના કરી આત્મકલ્યાણના અધિકારી બનીએ એ જ મંગલ કામના!

*મુનિ યશોવિજય*

## નવી ત્રીજી આવૃત્તિનું સંપાદકીય નિવેદન

**અગત્યની નોંધ :** આ ચિત્રસંપુટ ક્યારે, કેવી રીતે અને કેમ તૈયાર થયું તેની વિગતવાર માહિતી આ આવૃત્તિની પહેલી આવૃત્તિનાં મુદ્રિત કરેલાં નવમા પૃષ્ઠથી શરૂ થતાં નિવેદનોમાંથી જાણી લેવી. અહીં તો ફક્ત ત્રીજી આવૃત્તિ સાથે સંબંધ ધરાવતી વિગતો રજૂ કરીએ છીએ.

તીર્થંકર ભગવાન શ્રી મહાવીરના ચિત્રસંપુટની બંનેય આવૃત્તિ ૩૫ ચિત્રોની જ હતી, જ્યારે આ ત્રીજી આવૃત્તિ નવાં ૧૩ ચિત્રો ઉમેરાતાં ૪૮ ચિત્રોની થવા પામી છે. પહેલી બે આવૃત્તિનાં ચિત્રો ઓફસેટ પેપર ઉપર હતા. જ્યારે આ ત્રીજી આવૃત્તિનાં ચિત્રો ફોરેન આર્ટપેપર ઉપર છાપ્યાં હોવાથી જોનારાઓ ખૂબ જ આહ્લાદક અને આનંદ અનુભવશે. નવાં ૧૩ ચિત્રો જે ઉમેરાયાં તે ખૂબ જ આકર્ષક, ઉઠાવદાર, સુંદર અને નયનરમ્ય છે, જે આ આવૃત્તિની શોભામાં તો અનેરો વધારો કરશે જ પણ જૂનાં ૩૫ ચિત્રોની શોભામાં પણ સહાયક બની રહેશે. અનેક મુશ્કેલીઓ, અવરોધો, તબિયતના ઊભા થએલા વધુ પ્રતિકૂળ સંજોગો વચ્ચે, ધાર્યા કરતાં આ પ્રકાશનના કાર્યમાં ઘણો ઘણો સમય વીતવા છતાં આ પ્રકાશન સાંગોપાંગ રીતે તૈયાર કરી અમો પ્રકાશિત કરી શક્યા તે માટે અકલ્પનીય આનંદ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ. આજના સમય-સંજોગમાં અમારા માટે એક ઘણું જ ચિંતાજનક, વિકટ અને મુશ્કેલીભર્યું કામ પૂર્ણ થયું તેથી અમો સહુ અનેરી હાશ! અનુભવીએ છીએ.

હવે એક અતિદુ:ખદ ભારે ચિંતાજનક ઘટનાનો ટૂંકો નિર્દેશ કરૂં!

આ ચિત્રસંપુટના ૩૫ ચિત્રોની જૂની નેગેટીવો – પોઝેટીવો અમારી સંસ્થાએ પ્રથમ આવૃત્તિ છાપનાર મુંબઇ બોલ્ટન પ્રેસને સાચવવા માટે સોંપી રાખી હતી, પરંતુ થોડાં વરસો બાદ તેના પારસી માલિકે પોતાનો પ્રેસ વેચી નાંખ્યો, તેની સાથે અમો સહુની જાણ બહાર સંસ્થાની માલિકીની નેગેટીવો-પોઝેટીવો વગેરે સામગ્રી પણ આપી દીધી. નૈતિક દૃષ્ટિએ પ્રેસે આ એક અનુચિત તેમજ અમારા માટે ઘણું જ દુ:ખદ કાર્ય કર્યું. આ કારણે ત્રીજી આવૃત્તિ વિ. સં. ૨૦૪૦ આસપાસ જ મારે જે પ્રગટ કરાવવી હતી તે આયોજન સાવ નિષ્ફળ ગયું. પરિણામે અમારૂં બધું કાર્ય એકડે એકથી જ શરૂ કરવાનું માથે આવ્યું. મારા ઉપર ભારે બોજ આવી પડયો. ઊંડી ચિન્તાનો વિષય બની જતાં અંતરમાં ખૂબ ખૂબ ગ્લાનિ અનુભવી. કામ પ્રેસનું થાય મુંબઇમાં અને મારો વસવાટ પાલીતાણામાં, આ એક ભારે પ્રતિકૂળ પરિસ્થિતિ હતી. આ મોટો અવરોધ હતો એટલે નવેસરથી બધું કામ તૈયાર કરવું–કરાવવું કે કેમ? એવો પ્રશ્ન પણ મનમાં ઉઠ્યો. કેમકે હવે બધું પાયામાંથી જ પુનઃ કામ કરાવવાનું આવ્યું એટલે *અથાગ પરિશ્રમ અને સમયનો ભારે વ્યય થાય તેમ હતું. બીજી બાજુ તન–મનનું સ્વાસ્થ્ય ખૂબ* જ પ્રતિકૂળ હતું, તેમજ સેંકડો લોકો પ્રસ્તુત ચિત્રસંપુટની એકધારી તીવ્ર રાહ જોઈ રહ્યા હતા. નવી આવૃત્તિ જો બહાર પડે તો જ દેશ–પરદેશના સંપુટપ્રેમી લોકોને સંતોષ આપી શકાય, વળી નવાં ચિત્રોની ડિઝાઈનો, નવાં લખાણો વગેરે જે જે સામગ્રી તદ્દન નવી જ મેં જે તૈયાર કરાવી હતી તેનો પણ ઉપયોગ થઈ જાય અને પ્રજાને નવું જોવા-જાણવાનો લાભ મળે. વળી પ્રસ્તુત આવૃત્તિ સંપૂર્ણ રીતે ત્રણેય ભાષામાં જ પ્રગટ કરાવવાની દૃઢ ધારણા રાખી હતી અને આ બધું તો ફરીથી છપાય તો જ શક્ય બને, એટલે મેં ધૈર્ય, હિંમત અને મનોબળને મજબૂત કરી શરૂ કરેલું કાર્ય પૂરું કરીને જ જંપવું, એવી ભાવનાને વરેલા મારા સ્વભાવના કારણે જૂનાં ચિત્રો કાઢ્યાં. જે ૫૦ વર્ષ પહેલાં વોટર કલરથી અને પાછાં વોશ પદ્ધતિથી (પાણીથી ધોઈ ધોઇ ફરી ફરી રંગ કરવા તે) તૈયાર કરેલાં હતાં. વોટરકલરનાં ચિત્રોનું આયુષ્ય મારા અનુભવે સામાન્ય રીતે વધુમાં વધુ ૩૦-૪૦ વર્ષનું ગણાય, પછી તેમાં પેપર, રંગ વગેરેમાં પરિવર્તન શરૂ થઈ જાય છે. અમોએ તે ચિત્રો જોયાં પણ તેની સપાટી, કાગળ, રંગો વગેરે બધું જ નબળું–ઝાંખું પડી ગયું હતું, છતાં ટ્રાયલ તો લેવી જ એટલે તેની જ પુનઃ થોડી નવી નેગેટીવો લીધી અને આ અંગેનું બધું કામ પુરું કરીને તેના પ્રિન્ટીંગ નમૂના ઓફસેટ કાગળ ઉપર અમારા વિરાજપ્રેસે કાઢ્યા પણ રિઝલ્ટ જરાપણ સારૂં ન આવ્યું, કામ ઝાંખું, આંખને જરાય ન ગમે તેવું હતું. જુદા જુદા પેપર ઉપર અનેક જાતના અખતરા કરવા છતાં પણ મનપસંદ રિઝલ્ટ આવી ન જ શક્યું, ત્યારે મનમાં ઘણી હતાશા–નિરાશા વ્યાપી ગઈ અને ઘડીભર એવી ચિંતા થઈ પડી કે શું હવે ત્રીજી આવૃત્તિનાં દર્શન નહીં જ થઈ શકે? વિરાજ પ્રેસના ખંતીલા, અનુભવી, ઉત્સાહી અશ્વિનભાઇ તથા આકૃતિ એન્ટરપ્રાઈઝના શ્રી પ્રદીપભાઈદવે વગેરે પણ મારી જેમ આ બાબતમાં ખૂબ જ ચિંતિત હતા.

હવે છેલ્લો રસ્તો અમારી પાસે છાપેલી બુકનાં ચિત્રો ઉપરથી જ નવી નેગેટીવો લઈ

આગળ વધવાનો રહ્યો હતો. જો કે પ્રિન્ટ કરેલાં છાપેલાં રંગીન ચિત્રો ઉપરથી સારૂં રિઝલ્ટ આવી શકતું નથી. છાપેલાં રંગીન ચિત્રો ઉપરથી શ્રેષ્ઠ રિઝલ્ટ આવી શકે તેવી ટેકનીક લંડન વગેરે પરદેશમાં શ્રેષ્ઠ રીતે વિકસી છે, પણ હજુ આપણે ત્યાં એ ટેકનીક કે પદ્ધતિ વિકસી નથી એમ જણાવ્યું, એટલે લંડનના પ્રેસ સાથે મેં પત્ર વ્યવહાર કર્યો, તેઓ કામ કરવા તૈયાર હતા પણ દૂર-સુદૂર કામ કરાવવાનું હોવાથી બીજી અનેક મુશ્કેલીઓ અમારે વેઠવી પડે તેમ હતું એટલે છેવટે આપણે ત્યાં ભારતમાં જ જે અને જેવી ટેકનીક છે તેનો જ ઉપયોગ કરી આ કાર્ય પાર પાડવું એવું નક્કી કર્યું. છેવટે મને-કમને પણ આખરી નિર્ણય મુજબ બીજી આવૃત્તિની બુકના છાપેલાં રંગીન ચિત્રો ઉપરથી જ નેગેટીવો લઈને બને એટલું શ્રેષ્ઠ રિઝલ્ટ આવે એવું આયોજન કરવું એમ નક્કી કરીને આ કાર્ય આગળ ધપાવ્યું. રિઝલ્ટ માટે નમૂના છાપ્યા પણ ચાલુ ઓફસેટ કાગળ ઉપર તે સારૂં ન આવતાં છેવટે ભારે ખર્ચ કરીને પણ આર્ટપેપરનો ટેસ્ટ કરવાનું નક્કી કર્યું. સહુના સદ્‌ભાગ્યે તેમાં રિઝલ્ટ રીતસર સારૂં આવ્યું. અમારા મન તાળવે હતા તે હેઠા બેઠાં અને પછી પ્રેસને લીલી ઝંડી આપી. આ પુસ્તકના જૂનાં ૩૫ ચિત્રોનું પ્રિન્ટીંગ કામ પ્રેસે ભારે કાળજી રાખીને પાર પાડ્યું. જો કે જૂની નેગેટીવો જો મળી હોત અને તે મુંબઈની હવામાં સારી રહી હોત અથવા મૂલચિત્રો (ઓરિજીનલ) સારી સ્થિતિમાં રહ્યા હોત તો સો ટકા સારૂં રિઝલ્ટ આપણે જોઈ શકત, પણ અમો નિરૂપાય હતા.

આ આવૃત્તિમાં નવાં ૧૩ ચિત્રો જે ઉમેર્યાં છે તે ચીતરાવે ઘણાં વરસો થયાં ન હોવાથી અને વળી જાણીને જ તે મેં વોશપદ્ધતિથી કરાવ્યાં ન હોવાથી અને અમારા ગોકુળભાઈએ પ્રાણ રેડીને તે તૈયાર કર્યાં હોવાથી તે ચિત્રોના રિઝલ્ટ માટે કોઈ ચિંતા જ ન હતી, નવાં ૧૩ ચિત્રો ખરેખર! ખૂબ જ આકર્ષક રીતે હૃદય અને નયનને તૃપ્ત કરે તેવાં છપાયાં છે. મને શ્રદ્ધા છે કે તે જોઈને સહુ મુગ્ધ ભાવે અનેરો આનંદ અનુભવશે. આ આવૃત્તિમાં નવાં ૧૩ ચિત્રોને ૨, ૪, ૯, ૧૩, ૧૭, ૨૦, ૨૬, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૩, ૪૫, નંબર આપવામાં આવ્યાં છે. નવાં ૧૩ ચિત્રો જે ઉમેર્યાં છે તે જૂનાં ૩૫ ચિત્રોમાં અલગ અલગ ચિત્રો સાથે સંબંધ ધરાવતાં હતાં. નવાં ચિત્રોને એક સાથે રજૂ કરવાં કે વચમાં વચમાં જોઈન્ટ કરવાં? તે મારા માટે એક ચિંતાનો વિષય હતો. એક સાથે જ રજૂ કરવાથી ચિત્રસંપુટની ઉપયોગિતા અને પ્રતિષ્ઠા થોડી ઝંખવાય તેમ હતું એટલે એક સાથે ન મૂકતાં યોગ્ય ક્રમે અલગ અલગ ગોઠવ્યાં છે.

ચિત્રો ૩૯ ઊભાં અને ૯ આડાં, આમ બે સાઈઝમાં ચિતરાવ્યાં છે. જો કે એક જ સાઈઝના થાય તો મઢાવવા વગેરે પ્રસંગોમાં અનુકૂળતા રહે પણ કેટલાક વિષયોનો વિષય જ એવો હોય છે કે તે માટે ફરજિયાત ચિત્ર આડું જ ચીતરવું પડે. વળી ઓરિજિનલ ચિત્રની સાઈઝ બહુ મોટી ન હતી. આડાં ચિત્રોનો નંબર ૮, ૧૦, ૧૬, ૧૮, ૨૧, ૨૨, ૨૩, ૩૧, અને ૩૪ છે, બાકીનાં નંબરનાં ચિત્રો ઊભાં છે.

નવાં ૧૩ ચિત્રો લાઈટ કલરમાં કર્યાં હોવાથી અને બહુ જૂનાં ન હોવાથી તેમજ તેના ઉપરથી જ સીધું પ્રિન્ટનું કાર્ય થયું હોવાથી જૂનાં ૩૫ ચિત્રો કરતાં આ ચિત્રો એકદમ અલગ

તરી આવશે અને આના કારણે મને આંતરિક સંતોષ એ છે કે ત્રીજી આવૃત્તિના જૂનાં ૩૫ ચિત્રોનાં કંઈક નબળા રિઝલ્ટને નવાં ૧૩ ચિત્રોની આકર્ષક ભવ્યતા અને સુંદરતા જરૂર થોડી ઢાંકશે.

આ ગ્રન્થ એક મહાન વિભૂતિનો અનોખો બહુમૂલ્ય હોવાથી ગ્રન્થ ચીપ ન લાગે અને તેનું ગૌરવ જળવાઈ રહે માટે ઓફસેટ પદ્ધતિ અને તેની ડિઝાઈનોનો ઉપયોગ જાણી જોઈને વિશેષ કર્યો નથી.

સંપુટની બીજી આવૃત્તિમાં છાપેલાં પ્રકાશકીય અને સંપાદકીય બંને નિવેદનો આ ત્રીજી આવૃત્તિમાં પણ છાપ્યાં છે. એમાં પ્રસ્તુત ચિત્રસંપુટના જન્મથી લઈને પૂર્ણાહુતિ સુધીની ઘણી ઘણી બાબતોનો સંક્ષિપ્ત ઉલ્લેખ અને જાણકારી આપી છે. એમ છતાં આ પુસ્તકનું સૌથી આકર્ષક, અત્યન્ત ઉપયોગી, બોધક અને મર્મજ્ઞ અંગ જો કોઈપણ હોય તો આ પુસ્તકમાં આપેલાં ૧૪૪ પ્રતીકો (સિમ્બોલો), ૮૦ રેખાપટ્ટીઓ (બોર્ડરો) છે અને તેનો પરિચય આ પુસ્તકના અન્તમાં આપ્યો છે. આ પ્રતીકો અને બોર્ડરોનો પરિચય ન આપું તો ખાસ કોઈ અર્થ ન સરે. બીજી બાજુ આ પુસ્તક કલાનું હતું અને તેના કદની મર્યાદા હતી છતાં પાછલા ભાગમાં પુસ્તકની મર્યાદાનું ધ્યાન રાખીને પણ ત્રણ ભાષામાં ઠીક ઠીક રીતે વિસ્તૃત પરિચય આપ્યો છે. આ પરિચયમાં વાચકોને નવી નવી બાબતો, ઘણી ઘણી જાણકારી અને અભૂતપૂર્વ વાતો વાંચવા મળશે.

માત્ર પ્રતીકો અને બોર્ડરોનું તેના પરિચય સાથેનું એક સ્વતંત્ર પુસ્તક જલદી બહાર પાડવા પંદર વર્ષથી રસિક વાચકો તરફથી ખાસ આગ્રહ રહે છે. મારી ઈચ્છા પણ બોર્ડરો અને પ્રતીકોના છાપકામ સાથે દશ વર્ષ પહેલાં તેનું સ્વતંત્ર પ્રકાશન કરવાની ખાસ હતી. તે અંગેની હિલચાલ પણ કરેલી પરંતુ અન્ય કાર્યોની રોકાણ વગેરે કારણે તે શક્ય ન બન્યું. હવે એકાદ વર્ષ પછી પણ તે પ્રકાશિત થાય તેવી ઉમેદ રાખી છે.

## * વિવિધ નોંધો અને પ્રકીર્ણક વિચારણાઓ *

સંસારમાં કલાકારો એક એકથી ચઢિયાતા હોઈ શકે છે. વળી ચિત્રની પસંદગી સહુની જુદી જુદી હોય છે. એક જ ચિત્રકાર બધાની પસંદગી કે દૃષ્ટિને સંતોષી શકે તેવું ચિત્ર કદી બનાવી શકતો નથી એ હકીકત છે. એમ છતાં ચિત્રસંપુટનાં ચિત્રો દેશ-પરદેશમાં હજારોની આંખોને અને હૈયાને સંતોષી શક્યા છે, એ નિર્વિવાદ બાબત છે. સિદ્ધચિત્રકાર શ્રી ગોકુલભાઈના હાથમાં અને નજરમાં એક સિદ્ધિ છે જેથી તેઓ ખાસ કરીને તીર્થંકર દેવની કે મનુષ્ય વર્ગની આકૃતિઓ પ્રપોશનનો સિદ્ધાન્ત જાળવી સપ્રમાણ બનાવી શકે છે.

અહીંયા કુશળ ચિત્રકાર ગોકુળભાઈએ પોતાનાં ચિત્રો કોઈ એક જ શૈલીમાં કર્યાં નથી, પરંતુ મિશ્ર શૈલીમાં આલેખ્યાં છે. પ્રાચીન-અર્વાચીન કલાપદ્ધતિને ધ્યાનમાં રાખીને ઉપસાવ્યાં છે. જ્યાં જરૂર પડી ત્યાં ત્યાં અજન્ટાનાં ગુફા ચિત્રો અને સાંચીના સ્તુપ શિલ્પોનો પણ આધાર લીધો છે.

ભગવાન મહાવીરના શાસનમાં આ જાતની અદ્ભુત અને અનુપમ કહી શકાય તેવી ચિત્રાવલી (પ્રાયઃ) પહેલીજવાર તૈયાર થઈ છે. એકંદરે ચિત્રકારના ગતજન્મના કલાના સંસ્કાર, કલાની એમની ઊંડી ભવ્ય સૂઝ, સાથે સાથે અમારૂં વ્યાપક અને માર્મિક માર્ગદર્શન અને મળેલી અમારી પોતાની પણ કલાની ઊંડી સૂઝ-સમજ, આ બંનેના સહયોગથી થયેલાં ચિત્રોએ સહુને ખૂબ જ આકર્ષ્યા છે અને દેશ-પરદેશમાં સર્વત્ર અકલ્પનીય અને ભારે આદરમાન પામ્યાં છે.

## * આ ચિત્રોમાં કયા ગ્રન્થનો પ્રધાન આધાર લીધો છે *

ભગવાન મહાવીરનાં પ્રાચીન ચરિત્રો મુખ્યત્વે પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશભાષા તથા ગુજરાતીમાં મળે છે. આ ચરિત્રોમાં કેટલીક હકીકતોમાં સારી એવી ભિન્નતાઓ મળે છે એટલે અમોએ આ ચિત્રો પ્રધાનપણે કલ્પસૂત્ર-સુબોધિકા ટીકાને પ્રાધાન્ય આપી બનાવ્યાં છે. ભગવાન મહાવીરના જીવનના બધા ગ્રન્થોના મતભેદોની તાલિકા તથા ૪૮ ચિત્રોના લખેલ પરિચયના કઠિન શબ્દોનો અર્થકોશ, તેઓશ્રીના દરેક ચાતુર્માસ દીઠ શું શું ઘટનાઓ બની એની યાદી વગેરે આપવું હતું પણ આથી કલાના ગ્રન્થનું કદ વધે અને કલાના ગ્રન્થમાં જરૂર પણ નહીં તેથી મહાવીરને લગતી બીજી ઘણી બાબતો જતી કરી છે.

## * દક્ષિણ ભારતની ચાર ભાષામાં ચિત્રસંપુટ પ્રગટ થઈ ન શક્યું *

દક્ષિણ ભારતની તામિલ, તેલુગુ, કન્નડ, મલયાલમ આ ચાર ભાષામાં લખેલા પરિચયનું મેટર મારી પાસે પંદરેક વરસથી પડ્યું છે. મદ્રાસ કે બેંગ્લોરના સંઘે ઉત્કટ નિષ્ઠાથી આ પ્રકાશનનું કાર્ય જો માથે લીધું હોત તો તે પ્રગટ થઈ ગયું હોત અને સમગ્ર દક્ષિણ ભારતને ભગવાન મહાવીર જેવી મહાન વ્યક્તિનો આછો પરિચય પ્રાપ્ત થાત, પણ એ કાર્ય ન થતાં મને ઘણો જ રંજ રહી ગયો છે અને હવે કોઇ આશા નથી.

નાનું ભારત ગણાતા મહાન મુંબઇ શહેરમાં હેંગીંગ ગાર્ડન સામે જ ભગવાન શ્રી મહાવીરના કીર્તિસ્થંભનું સાત મજલાવાળું કામ શિલ્પ, સ્થાપત્ય, કલા વગેરેની દૃષ્ટિએ અજોડ કરવાની ભાવના હતી પરંતુ ત્યાંની ધરતી પથ્થરની નીકળતાં એ કામ મુલતવી રહ્યું અને અમો મુંબઈથી વિહાર કરી ગયાં.

## * વિશ્વની મોટી પાંચ ભાષામાં સંપુટ પ્રગટ થઈ ન શક્યું *

પરદેશમાં વસતી મોટી સંખ્યાની જનતાને ભગવાન મહાવીરના જીવનકવનની જાણ કરવી હોય તો વિશ્વની મુખ્ય પાંચ ભાષામાં તે છાપવું જોઈએ. આ માટે પાંચેય ભાષામાં ટ્રાન્સલેશન કરવું જોઈએ. તેમાં અમે ફ્રેન્ચ ભાષામાં ટ્રાન્સલેશન કરાવરાવ્યું. જર્મન, સ્પેનીસ વગેરે ભાષામાં કરવાનું હતું પણ કરનારા ન હતા. તે પછી તો અમારો વિહાર મુંબઈથી પાલીતાણા તરફ થયો. ઘણી હિલચાલ કરવા છતાં સફળતા ન મળી, અને મારા મહાવીરની મહાન કથાને વિશ્વભરમાં મોકલી ન શક્યો તેનો ભારે રંજ રહી ગયો.

મુંબઇના પ્રિન્સ ઓફ વેલ્સ મ્યુઝિયમના ગ્રાઉન્ડ ફ્લોરમાં નેચરલ વાતાવરણમાં લાઇફ સાઇઝનાં જે રીતે પૂતળાં (સ્ટેચ્યુ) રજૂ કર્યાં છે તે રીતે ભગવાન મહાવીરનું જીવનદર્શન ઊભું કરવાની ભાવના હતી. તે માટે મુંબઇમાં કે બીજે સ્થળે થઇ શકે તેની વિચારણા પણ કરેલી પરંતુ મારી અનેક પ્રવૃત્તિ વચ્ચે આ કાર્ય માટે સમય ફાળવી શક્યો નહીં અને તે કાર્ય પણ મુલતવી રહ્યું.

મારા મનમાં ભગવાન મહાવીરને લગતી ઘણી બધી ભાવનાઓ ધરબાએલી છે. કેમકે આ એક જ ભગવાનનું જીવન એવું છે કે આ વિષમકાળમાં માનવજાતને જાતજાતની અનેક પ્રેરણાઓ આપી જાય તેવાં અનેક રહસ્યોથી ભરપૂર છે. પણ વ્યક્તિના ભાગ્યમાં જેટલું લખાયું હોય તેટલું જ શક્ય બને છે. ભવિષ્યમાં અન્ય કલાપ્રેમી, કર્મઠ મહાનુભાવો આ દિશામાં જરૂર પ્રયત્ન કરતા રહે તેવી વિનંતી.

## પહેલી બે આવૃત્તિ કરતાં ત્રીજી આવત્તિમાં શું વિશેષતા કે નવીનતાઓ ઉમેરાણી છે?

૧. નવાં ૧૩ ચિત્રોનો વધારો, ૨. ૧૯ પટ્ટીઓ. ૩. ૩૯ પ્રતીકો ૪. ૪૮ ચિત્રોની ત્રણ *ભાષામાં અનુક્રમણિકા, ૫. સિદ્ધચક્રનો યંત્ર, ૬. ઋષિમંડલનો યન્ત્ર, ૭. ભાવિકાળમાં તીર્થંકર* થનારો આત્મા પરમાત્મા કેવી રીતે બને છે તેનો આછો ચિતાર, ૮. ચૌદરાજલોક વગેરેનાં ભૌગોલિક ચાર ચિત્રો, ૯. પાપ ક્ષમાપના સૂત્ર–અઢાર પાપસ્થાનક, ૧૦. જૈનાગમોની બ્રાહ્મીલિપિ, ૧૧. જીવક્ષમાપનાસૂત્ર–સાત લાખ, ૧૨. અશોક અને શાલવૃક્ષનાં ચિત્રો, ૧૩. ભારતનો મહાવીરકાલીન નકશો, ૧૪. કલ્પસૂત્રની પદ્ધતિનાં ચાર ચિત્રો પરિચય સાથે વગેરે વિશેષતાઓ ત્રીજી આવૃત્તિમાં જોવા મળશે.

પહેલી-બીજી બંને આવૃત્તિનાં ચિત્રો ઓફસેટ પેપર ઉપર હતાં જ્યારે આ આવૃત્તિમાં તે ફોરેન આર્ટપેપર ઉપર છાપ્યાં હોવાથી જોનારાઓને ખૂબ જ આનંદ આપશે. પહેલી બે આવૃત્તિ લગભગ સરખી હતી, આ ત્રીજી આવૃત્તિનું લખાણ ફોટોકમ્પોઝથી કરવામાં આવ્યું છે. કેમકે ફોટોકમ્પોઝમાં ટાઇપો અખંડ અને ઉઠાવદાર છપાય છે તેથી પ્રિન્ટીંગ આકર્ષક બન્યું છે.

આ આવૃત્તિમાં પૃષ્ઠ નંબરની શરૂઆત પેપર કટીંગવાળા નવકારમંત્રના ચિત્રને છોડીને તે પછીના પૃષ્ઠથી સમજવી.

પુસ્તકની કાયા લગભગ ડબલ થઈ જવાથી તેનું કદ ઠીક ઠીક બદલાઈ ગયું છે. આટલું બધું જાડું થઈ જાય તે વપરાશની દૃષ્ટિએ બંધબેસતું ન હોવા છતાં કોઈ ઉપાય ન હતો.

બીજી આવૃત્તિમાં ૧૬૪ પૃષ્ઠ હતાં પણ આ આવૃત્તિમાં ૨૨૬ પૃષ્ઠ થવાં પામ્યાં છે.

પ્રથમ આવૃત્તિમાં ચિત્રો ૩૫ છાપ્યાં હતાં, તેમાં નવાં ૧૩ ઉમેરાતાં ૪૮ ચિત્રો થયાં.

નવાં ૧૩ ચિત્રોના નંબર અનુક્રમે ૨, ૪, ૯, ૧૩, ૧૭, ૨૦, ૨૬, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૩, અને ૪૫ છે.

નવાં ૧૩ ચિત્રો જે ઉમેરવામાં આવ્યાં છે તેમાં ચિત્ર નં.૨, ૩૮ અને ૪૨ આદીશ્વર ભગવાનની ચિત્રશ્રેણીના છે, પરંતુ તે ચિત્રો અતિસુંદર હોવાથી જનતાને તેના દર્શનનો જલદી લાભ આપવાની દૃષ્ટિએ ભગવાન શ્રી મહાવીરની ચાલુ આવૃત્તિમાં જ દાખલ કર્યાં છે. સંપુટ નં.૨ કોણ જાણે ક્યારે છપાય? તેથી ભગવાન મહાવીરનું જીવન ચીતરાવનારને આ ત્રણ ચિત્રો બાદ કરીને ચિતરાવવું.

બીજી આવૃત્તિમાં ચિત્રો નીચેની રેખાપટ્ટીઓ-બોર્ડરો ૬૦ હતી તે વધીને ૮૦ થઈ છે અને ચોરસ પ્રતીકચિત્રો ૧૦૫ હતાં તે વધીને ૧૪૪ થયાં છે.

બીજી આવૃત્તિમાં પાછલા ભાગમાં બોર્ડરો અને પ્રતીકોનું આપેલું લખાણ માત્ર ગુજરાતી ભાષામાં જ હતું પણ આ આવૃત્તિમાં તેનો હિન્દી અને ઈંગ્લીશ અનુવાદ આપીને આ ત્રીજી આવૃત્તિ સંપૂર્ણરીતે ત્રણેય ભાષામાં પ્રસિદ્ધ થઈ રહી છે. પહેલી આવૃત્તિ પ્રસંગે પુસ્તકનું તમામ લખાણ ત્રણ ભાષામાં આપવાની મારી જે ઉમેદ પૂરી ન થઈ શકી તે આ આવૃત્તિમાં પરિપૂર્ણ થવા પામી છે, જે દેશ-પરદેશ માટે ખૂબ જ જરૂરી બાબત હતી. આમ આ આવૃત્તિમાં મારાં સ્વપ્નાં લગભગ પૂર્ણ થયાં તેનો મને ઘણો સંતોષ થાય છે.

પહેલી આવૃત્તિમાં ૧ થી ૧૦૫ પ્રતીકો એક સાથે જે જે જગ્યાએ મૂક્યાં હતાં પુનઃ તે જ સ્થાને રાખ્યાં છે. ચિત્ર નં.૩૬ થી ચિત્ર નં.૪૮ સુધીનાં ૩૯ પ્રતીકો જે મૂક્યાં છે તે તદ્દન નવાં જ મૂક્યાં છે એટલે જૂનાં ૧૦૫ + નવાં ૩૯ મળીને કુલ ૧૪૪ પ્રતીકો થયાં છે. પૃષ્ઠ નંબર ૫૧ થી લઈને તે પછીનાં પૃષ્ઠોમાં લખાણની બાજુની ઊભી સાઈડમાં આયુધો-શસ્ત્રોનાં પ્રતીકોની શ્રેણી એટલા માટે છાપી છે કે દેવ-દેવીઓના વર્ણન પ્રસંગે તથા અન્ય શિલ્પાદિક ગ્રન્થોમાં આ આયુધોના ઉલ્લેખો મળે છે તેથી તેને ઓળખવામાં સરળતા સાથે ઉપયોગી બને.

પુસ્તકમાં પ્રતીક મૂકવાની શરૂઆત સિંહના ચિત્રથી કરી છે. કેમકે સિંહ એ ભગવાન મહાવીરને ઓળખવા માટેનું લાંછન-ચિહ્ન હોવાથી તેને સહુથી પહેલું સ્થાન આપ્યું છે. ત્યારપછીનાં પ્રતીકોનો ક્રમ પણ સુવ્યવસ્થિત રીતે પૂરી સમજણ અને બુદ્ધિપૂર્વક ગોઠવવામાં આવ્યો છે, ધ્યાનપૂર્વક જોવામાં આવશે તો તે બરાબર સમજાઈ જશે. પુસ્તકના અંતભાગમાં પટ્ટીઓ અને પ્રતીકોનો જે પરિચય આપ્યો છે તે વાંચવાથી વૈશ્વિક-દુન્યવી જ્ઞાન તથા વિજ્ઞાનનું ઘણું ઘણું જાણપણું થશે. બોર્ડરો અને પ્રતીકોનો આ પરિચયવિભાગ ખરેખર! આ ગ્રન્થના શિરમોર જેવો છે. જેને અભ્યાસીઓ અને વિદ્વાનોએ અંતરથી ખૂબ જ ભારોભાર આવકાર્યો છે, અને પ્રતીકો, પટ્ટીઓ અને તેના પરિચય સાથેનું સ્વતંત્ર પુસ્તક છપાવવા માટે વરસોથી વિદ્વાનો ખૂબ જ આગ્રહ કર્યા કરે છે. મારા મન ઉપર આ વાત વરસોથી બેઠી જ છે પણ હવે એકલા હાથે બધે પહોંચી શકાય તેવું નથી છતાં તે કરવાની ભાવના છે.

ત્રીજી આવૃત્તિ માટે બોધક અને પ્રેરણાત્મક વિષયોના નવાં જ પ્રતીકો તૈયાર કરવાની

ઉમેદ છતાં અર્થપૂર્ણ નવા વિષયો અમારી પાસે સિલકમાં રહ્યા ન હતા. આ પુસ્તક જૈનધર્મનું હતું. અમારે પસંદગી માત્ર ધર્મ–સંસ્કૃતિની મર્યાદા જાળવીને કરવાની હતી. અને પાછું પ્રતીક છાપવાનાં હતાં (લગભગ) એક ઈંચની નાનકડી સાઇઝમાં જ. ચિત્ર સ્પષ્ટ રીતે છાપી શકાય તે રીતે આકૃતિઓ તૈયાર થઈ શકે તેવી શક્યતા ન હતી. વળી મારી સામે બીજી પણ મુશ્કેલીઓ ડોકાતી હતી. રૂબરૂ કામ કરી આપે તેવા આર્ટીસ્ટોની અનુકૂળતા ન હતી. આ બધા કારણે સાર્વજનીન જેવી તૈયાર છપાયેલી ચાલુ ડિઝાઇનોમાંથી જ પ્રતીકો પસંદ કરવાનું મારા માટે અનિવાર્ય હતું. મારી પાસે રહેલા આપણા દેશ–પરદેશમાં પ્રસિદ્ધ થયેલાં હજારોની સંખ્યાની ડિઝાઈનોવાળાં પુસ્તકોમાં છાપેલી ડિઝાઈનોમાંથી અને કલ્પસૂત્ર બારસાના પાનામાંથી માત્ર ૩૯ જેટલી થોડી સંખ્યાની ડિઝાઈનો પસંદ કરવાનું કામ જો કે મારા કલારસિક મગજ માટે ઘણું કપરૂં હતું, છતાં આંખ મીંચીને ઝટપટ યોગ્ય રીતે પસંદગી કરીને પ્રતીકો મૂક્યાં છે. અલબત્ત તે ધાર્મિક કક્ષાના ન હોવા છતાં પણ પ્રકાશકો, કલાકારો વગેરેને તથા કંકોત્રીઓ, ડિઝાઈનો વગેરેમાં અનેક રીતે ઉપયોગી બનશે.

આ આવૃત્તિમાં ૧૯ પટ્ટીઓ જે તદ્દન નવી બનાવીને મૂકવામાં આવી છે, તે પટ્ટીઓ નવી છે એવો જોનારને તરત ખ્યાલ આવે તે માટે (રત્નો અને ગર્ભસ્થ બાળકની ૩૫-૩૬ નંબરની બે પટ્ટી સિવાયની) ૧૭ પટ્ટીઓની ચાર કોર્નર–ખૂણા ઉપર ફરતી નવી ડિઝાઈન અને વચ્ચે વચ્ચે મથાળે સુશોભનો મૂક્યાં છે. જૂની ૬૦ પટ્ટીઓથી તે ૧૯ પટ્ટીઓ બીલકુલ જુદી જ તરી આવશે. જરા ધ્યાનથી જોશો તો મન આફરીન–ખુશ થઈ જશે.

આ આવૃત્તિમાં નવી રેખાપટ્ટી–બોર્ડરો એકી સાથે મૂકવી ઉચિત ન લાગવાથી જુદાં જુદાં ચિત્રો નીચે મૂકી છે, અને તે ચિત્રોનો ક્રમાંક ૩૫, ૩૬, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, અને ૪૭ છે. ત્યાર પછી ૪૯ થી ૫૪ નંબરની ૫૧ થી ૫૬ પૃષ્ઠ ઉપરની છ પટ્ટીઓ તદ્દન નવી છે. જૈનસંઘ, જૈન સાધુઓ, જૈન વિદ્વાનો અને જૈન શિલ્પીઓ વગેરેને ઉપયોગી થઈ પડે એ માટે નવી કલ્પના અને નવી સૂઝનો ઉપયોગ કરીને પૂરતી માહિતી સાથે તૈયાર કરાવી છે. આશા છે કે બુદ્ધિશાળીઓને આ આયોજન જરૂર ગમશે.

આ પટ્ટીઓમાં ભાગ્યેજ જાણવા મળે તેવી માહિતી આપતી થોડી વિશિષ્ટ અને આકર્ષક પટ્ટીઓ મેં જાણીને ચિતરાવીને અહીં મૂકી છે. એમાં નં. ૩૫ ની પટ્ટી (પ્રાયઃ) કોઈએ જોઈ નહીં હોય અને જીંદગીમાં ભાગ્યેજ જોવા મળે એવી મૂકાવી છે. આ પટ્ટીમાં નારીના ગર્ભાશયમાં શરૂઆતથી લઈને એક એક મહિને બાળક કેટલું, કેવી રીતે વિકાસ પામતું જાય છે તેનો આબેહૂબ ખ્યાલ આપતી પટ્ટી પહેલીજવાર વાચકોને જોવા મળશે. તે પછી ૩૬, ૪૪, ૪૭ ત્રણ પટ્ટીઓ પણ જોનારાઓને મુગ્ધ કરશે. ૫૫, ૫૬ નંબરની બે પટ્ટી એકેન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય જીવાયોનિની આકર્ષક પટ્ટી પૃષ્ઠ નં. ૫૭-૫૮ ઉપર છે, અને ૭૪ થી ૭૬ નં. ની પટ્ટી પૃષ્ઠ નં. ૧૦૬ થી ૧૦૮ ઉપર છે, તે કલ્પસૂત્રની સુપ્રસિદ્ધ ભારત-ઈન્ડોઈરાની મિશ્રશૈલીથી અથવા જૈન કે જૈનાશ્રિત કલાથી ઓળખાવાતી કલાત્મક પટ્ટીઓ છે.

નવાં અને જૂનાં પ્રતીકોનો તથા નવી અને જૂની બધી જ પટ્ટીઓનો ત્રણેય ભાષામાં

વિસ્તૃત પરિચય આ પુસ્તકના પૃષ્ઠ નંબર ૧૧૫ થી ૨૧૫ પૃષ્ઠ સુધીમાં જોઈ લેવો. એમાં ઘણી બધી માહિતી તમને મળશે.

પહેલી બે આવૃત્તિમાં પાછળ છાપેલા પટ્ટીવિભાગમાં ૩૫ પટ્ટીના હેડીંગો લખાણની સાઈડમાં છાપ્યાં હતાં, તે જ પ્રમાણે આ આવૃત્તિમાં રાખ્યાં છે, પરંતુ પટ્ટી નં. ૩૫ થી ૮૦ સુધીનાં હેડીંગો મોટાં હતાં તેથી, અને વાચકોને તરત ખ્યાલ આવી જાય એ માટે સાઈડમાં મૂકવાના બદલે લખાણની ઉપર સળંગ છાપ્યાં છે.

આ આવૃત્તિમાં ગ્રન્થની શરૂઆતમાં પ્રાચીન કલ્પસૂત્રોની સાદી કે સુવર્ણાક્ષરી પ્રતિઓમાં આવતા જૈન કે જૈનાશ્રિત ચિત્રકલાના છ નમૂના આપ્યા છે અને પુસ્તકનું એક પાનું ખાલી રહેતું હતું તેથી ત્યાં શું મૂકવું એ પ્રશ્ન થયો, એટલે સહુની સંમતિ થતાં ૩૭ વર્ષ પહેલાં કપડાં ઉપર જયપુરી ચિત્રકાર પાસે મારી નજર નીચે ચિતરાવેલાં જૈનસંઘમાં સર્વોપરિ સ્થાન ધરાવતા બૃહદ્ સિદ્ધચક્ર તથા ઋષિમંડલ આ બંને યંત્રો સંપુટના ૪૮ ચિત્રો પછી આપ્યાં છે. એમાં સિદ્ધચક્ર યંત્ર વસ્ત્ર ઉપર મારી પૂર્ણ પસંદગી પ્રમાણે થએલો અનેક ખૂબીઓ ધરાવતો, સુવર્ણમંડિત અતિ ભવ્ય અને સર્વોત્તમકક્ષાનો છે. એ રીતે ઋષિમંડલનો યંત્ર પણ કપડાં ઉપર જ ચિતરાવેલો છે, પણ આ યંત્ર થોડો અપૂર્ણ છે પરંતુ કામ સુંદર છે એટલે અહીં છાપ્યો છે.

ભાવિકાળમાં તીર્થંકર થનારા આત્માઓની ભૂતકાળથી લઈને ભાવિની આધ્યાત્મિક સાધનાની વિકાસયાત્રા કેવી રીતે ગતિમાન થતી રહે છે, અને એ આત્માઓ વિકાસયાત્રાને અંતે સાધનાની કેવી સિદ્ધિ મેળવે છે, એનું સંક્ષેપમાં છતાં આછું સળંગ દિગ્દર્શન પૃષ્ઠ નંબર ૮૮ ઉપર છે. આ દિગ્દર્શન પહેલી આવૃત્તિમાં જ આપવું ખૂબ જરૂરી હતું પરંતુ તે શક્ય બન્યું ન હતું.

**જાણીતાં ચાર ચિત્રો**–જૈન શાસ્ત્ર-ગ્રન્થોમાં ચાર વસ્તુના ઉલ્લેખો અવરનવર આવતા હોય છે. તે ચારેયનાં નામ અનુક્રમે ચૌદરાજલોક, નંદીશ્વરદ્વીપ, જંબૂદ્વીપ અને અઢીદ્વીપ છે. આ ચારેય વસ્તુઓ શું છે? ક્યાં છે? કેવી છે? તેનો બોધ થાય એટલા માટે આ આવૃત્તિમાં તે ચારેયનાં સામાન્ય ચિત્રો આપ્યાં છે. તેનો વિશેષ પરિચય તે ચિત્રોની નીચે જ આપ્યો છે.

**અઢાર પાપસ્થાનક**–મનુષ્યોના જીવનમાં રોજે રોજ થતાં અસંખ્ય પાપોનું વર્ગીકરણ કરીને, નક્કી કરેલાં મુખ્ય અઢાર જાતનાં પાપો પૂરાં કે ઓછાવત્તા પ્રમાણમાં જીવો બાંધ્યાં જ કરે છે. તે અઢાર પાપો કયા છે? તેનું જાણપણું થાય તે માટે તેનાં પ્રકારો, વળી તે પાપનું પ્રાયશ્ચિત શી રીતે કરવું? વગેરે બોધ માટે જુઓ પરિચય, પૃષ્ઠ નંબર ૧૩૫.

**બ્રાહ્મી લિપિ**–જૈન બ્રાહ્મી લિપિના મૂલાક્ષરોના જ્ઞાન માટે દેવનાગરી લિપિ સહિત બ્રાહ્મી લિપિ પૃષ્ઠ નં. ૧૪૮ ઉપર આપી છે.

**સાત લાખ**–ચોરાશી લાખથી ઓળખાતો જીવાયોનિરૂપ આ સંસાર જેમાં અનંતાનંત જીવોનો સમાવેશ થાય છે. એ જીવોની વિવિધ પ્રકારે જે હિંસાઓ થાય છે તે કેવી રીતે? અને ચોરાશી લાખની ગણતરી કેવી રીતે છે? રોજે રોજ થતી હિંસાનું પ્રાયશ્ચિત શી રીતે

કરવું? તે વાત 'સાત લાખના' મથાળા નીચે જણાવી છે. (જુઓ પૃષ્ઠ નંબર ૧૮૧)

**અશોક-શાલવૃક્ષ-તીર્થંકરદેવોનું અશોકવૃક્ષ અને ભગવાન શ્રી મહાવીરનું સ્વતંત્ર ચૈત્ય-** જ્ઞાનવૃક્ષ બંનેનાં સાદાં ચિત્રો પૃષ્ઠ નં. ૨૦૧ ઉપર આપ્યાં છે. એમાં અશોકવૃક્ષ ચાર કલરમાં કલ્પસૂત્રના રંગીન ચાર ચિત્રોના પાનાંમાં છાપ્યું છે.

**મહાવીરકાલીન ભારતનો નકશો**-ભગવાન મહાવીરના સમયમાં આપણા આ ભારતવર્ષનો નકશો કેવો હતો તે તત્કાલ હું બનાવરાવી શકું તેમ ન હોવાથી, બીજા બે-ત્રણ પુસ્તકમાં જે છપાએલો હતો તે જ અહીં છાપ્યો છે. જો કે સમયના અભાવે હું આ નકશાની યથાર્થતા અંગે વિશેષ પરીક્ષણ કરી શક્યો નથી.

★ નવીનતાઓની નોંધ અહીં પૂર્ણ થઈ. ★

## નવાં તેર ચિત્રોની વિશેષતાઓ શું છે તેનું દિગ્દર્શન

**પરિશિષ્ટમાં નવાં તેર ચિત્રોનો પરિચય આપ્યો હોવા છતાં અહીં સંક્ષેપમાં બીજી થોડી વિશેષતાઓ દર્શાવું છું.**

ચાર નંબરના **વીશસ્થાનકના ચિત્રનું, મારી કલ્પનાનુસાર** ચિત્રકારે જે રીતે આયોજન કર્યું છે તે ધ્યાનપૂર્વક જોવાથી બુદ્ધિશાળીઓ અને કલારસિકોને ઘણું જ ગમશે. ચિત્ર જરા આકર્ષક બને તે માટે બાજુમાં ખાસ આપેલી ફૂલોની ડિઝાઈનો ખરેખર! મનમોહક છે.

**પહેલી આવૃત્તિ વખતે ચૌદસ્વપ્નનું ચિત્ર આપી શકાયું ન હતું. એ ચિત્ર આ આવૃત્તિમાં ચિત્ર નં. નવમાં દાખલ કર્યું છે. મારા સ્વતંત્ર આઈડિયાથી મેં મારી પસંદગીના કલરો પ્રમાણે** આ ચિત્ર કરાવરાવ્યું છે. રાતના સીનમાં કાળો રંગ મૂકવો ન હતો એટલે ચિત્રકારે ખૂબ જ નિષ્ઠાથી તેની એકદમ લાઈટ મુલાયમ બ્લ્યુ ગ્રાઉન્ડ બનાવી, તેના કારણે આખું ચિત્ર આકર્ષક અને મીઠાશભર્યું બની ગયું છે. આ ચિત્રમાં વાચકોને એક વિશેષતા જોવા મળશે. શરૂઆતનાં ત્રણ સ્વપ્નોને ક્રમશઃ ન ગોઠવતાં, નીચેના ભાગમાં કેન્દ્રમાં ગોઠવ્યાં છે. નીચેના ભાગે એક રેખાંકનથી (લાઈનવર્ક) સ્વપ્નો જોઈ રહેલાં ત્રિશલામાતાનું ચિત્ર ખાસ ચિતરાવ્યું અને ચિત્રકારે આ ચિત્ર એટલું સુંદર અને આકર્ષક બનાવી દીધું કે સમગ્ર ચિત્રને એ પ્રભાવિત કરી રહ્યું છે. વચમાં ત્રણ સ્વપ્નો વ્યુત્ક્રમથી શા માટે મૂકાવ્યાં તેનો ખાસ જાણવા જેવો ખુલાસો પરિશિષ્ટ વિભાગમાં પૃષ્ઠ નં. ૫૪ ઉપર ચિત્ર નં. નવમા વાંચી લેવો.

તેર નંબરનું ચિત્ર **જૈનકલા, જૈન સંસ્કૃતિના ઈતિહાસમાં ૨૫૦૦ વર્ષમાં (પ્રાયઃ) પહેલીજવાર પ્રગટ થઈ રહ્યું છે. આ જાતનું ચિત્ર તમને ક્યાંય જોવા નહીં મળે. આ ચિત્રની ડિઝાઈન બીજા બધાં ચિત્રોથી જુદી પડી જાય તે રીતે કરાવી છે અને તેથી બીજાં ચિત્રોથી વધુ આકર્ષક બને એ રીતે છાપ્યું છે.** આ સંપુટમાં કંઈક વૈવિધ્ય અને નવીનતા બતાવવી એટલે આ આવૃત્તિમાં બે ચિત્રો જાણીને ખાસ નમૂનારૂપે બોર્ડરવાળાં બનાવરાવ્યાં છે. તે પૈકીનું આ

બીજું ચિત્ર છે. પરમાત્મા જેવા મહાન તીર્થંકરપુત્ર જોડે માતાપિતાના લાડ કે વહાલના એકાદ–બે પ્રસંગો રજૂ થાય તે અનેક રીતે જરૂરી હતું. આ માટે વિશેષ પરિચય પાછળ પરિશિષ્ટમાં જોઈ લેવો.

વીતરાગનું શાસન એટલે અધ્યાત્મપ્રધાન જીવન જીવવાનો આદેશ આપનારું શાસન. ત્યાગ-વૈરાગ્યપ્રધાન જૈનધર્મની અસર વરસોથી પરમત્યાગી એવા સાધુ સંતો ઉપર જવલંત રીતે રહેતી હતી જ એટલે સાંસારિક કોઈપણ પ્રસંગો બતાવવા તરફ ઉદાસીનતા હતી. એના કારણે ભગવાનના માતાપિતાના વાત્સલ્યના, લગ્નના, કુટુંબ અને મિત્રો સાથેના મિલનના પ્રસંગો બારસાસૂત્રની સચિત્ર પ્રતિઓમાં કે અન્યત્ર ક્યાંય જોવા મળતા નથી. મને થયું કે જે ઘટના સૌની જાણીતી જગજાહેર છે તો પછી તેને ચિત્રમાં શા માટે અંકિત ન કરવી? એટલે સર્વાંગી વિચાર કર્યા બાદ આ ચિત્ર મૂક્યું છે, જે સંસારી કુટુંબોને જરૂર ગમશે.

મારી ઈચ્છા ભગવાનના મહત્ત્વને વાંધો ન આવે તે રીતે એમના જુદા જુદા દિનચર્યાના તથા *અનેક પ્રસંગો ચિતરાવવાની હતી પરંતુ કેટલાંક કારણોસર અને સમયના અભાવે દુર્લભ બનેલી ચિત્રકારોની ઉપલબ્ધિના કારણે અમલમાં મૂકી શક્યો નથી. અહીં ચિત્રમાં તીર્થંકર થનાર વ્યક્તિનો ધર્મપત્ની શ્રી યશોદાનો લગ્ન પ્રસંગ, પરિવાર સાથેનું મિલન અને મિત્રગોષ્ઠી વગેરે પ્રસંગોના થોડાક જ નમૂના રજૂ કર્યા છે.

વીસમાં ચિત્રમાં ભગવાન મહાવીરની ગૃહસ્થાવસ્થાને લગતાં કેટલાક નવા પ્રસંગો પહેલીજવાર જોવા–જાણવા મળશે. જો કે તેથી કેટલાકને થોડું આશ્ચર્ય પણ થશે, એમ છતાં ગૃહસ્થાવસ્થામાં પણ ભગવાન પૂજા કરે છે તેનો આછો ઉલ્લેખ શત્રુંજય મહાત્મ્યમાં શ્રી અજિતનાથ ભગવાનના ચરિત્રમાં હોવાથી તેને આધાર બનાવીને આ પ્રસંગ ચમકાવ્યો છે. જો કે ખરી રીતે જોઈએ તો બે વર્ષ કેવી રીતે વિતાવ્યાં હશે તેની વિશેષ કોઈ નોંધ જોવામાં આવી નથી.

છવ્વીસમાં ચિત્રમાં જંગલમાં વિહાર કરતી વખતે પણ ભગવાન કેવા લાગતાં હશે એ બતાવવાનું ભગવદ્પ્રેમી ભક્તો માટે ખૂબ જરૂરી હતું તથા બીજાં પણ દ્રષ્ટવ્ય-જ્ઞાતવ્ય ચિત્રો રજૂ કર્યાં છે.

આડત્રીશમું ચિત્ર સુવર્ણકમળ ઉપર વિહારનું ખૂબ જ ભાવવાહી અને આકર્ષક છે. આમ તો આ ચિત્ર આદીશ્વર ભગવાનની શ્રેણીનું હોવા છતાં જાણીને અહીં આપ્યું છે.

ઓગણચાળીશમું ચિત્ર વાદ-વિવાદ કરવા આવેલા અગિયાર વિદ્વાન બ્રાહ્મણોનું અહોભાવ જગાડે અને ગમી જાય તેવું પ્રેરક છે.

એકતાળીશમું ચિત્ર જોનારને આશ્ચર્ય ઉપજાવે તેવું છે. લોકોત્તર ગણાતા એવા અપરિગ્રહી ભગવાન નિર્વસ્ત્ર શરીરે ફક્ત નિમિત્તરૂપ બનેલા ઉત્તર ભારતમાં થતાં શાલ નામના ચૈત્ય

---

★ 'બાળકોના મહાવીર' આ પુસ્તક ૨૦ વર્ષ ઉપર મુંબઈમાં તૈયાર થઈ રહ્યું હતું, જેમાં ૧૦૦ થી વધુ ચિત્રો આપ્યાં હતાં પણ તે પ્રકાશિત થવા ન પામ્યું.

(જ્ઞાન) વૃક્ષને પ્રદક્ષિણા આપે છે. શાસ્ત્રાભ્યાસીઓને વિચારણા માટે ઘણી પ્રેરણા આપે તેવું આ ચિત્ર છે. અહીં ચિત્રકાર ભૂલથી શાલ નામનું ચૈત્યવૃક્ષ પહેલેથી બતાવી શક્યા નહીં. જો કે ચીતર્યા પછી તો તે કરવાની જરાપણ શક્યતા રહી ન હતી. છેવટે પ્રતીકરૂપે માત્ર બે ડાળીઓ જ બતાવી સંતોષ માન્યો છે. આ બાબત મને હંમેશા ખટકતી રહેશે.

બેતાળીશમું ચિત્ર મેં મારી ખાસ ઇચ્છાથી કરાવરાવ્યું છે. સમવસરણનો દરવાજો જે રીતે શાસ્ત્રમાં વર્ણવ્યો છે, તેવો જંગી દરવાજો કે તેની અલ્પ પણ ઝાંખી કરાવવાની તાકાત કે શક્યતા માનવી પાસે છે જ નહીં. છતાં થયું કે નમૂનાના પ્રતીકરૂપે પણ કંઇક કલાત્મક, આકર્ષક આંખને ગમે તે રીતનો દરવાજો કરાવવો એટલે નાનકડો છતાં ભવ્ય, મનમોહક અને સુંદર દરવાજો કરાવ્યો છે. આ ચિત્ર લાક્ષણિક બને અને ભગવાનની બેઠક, જનતાની હાજરી આ બધું વિશિષ્ટ એંગલમાં બતાવવું જેથી આધુનિક રજૂઆત અને કલાદૃષ્ટિનું આછું દર્શન થાય એ ખ્યાલથી કરાવરાવ્યું છે. ફક્ત એક ભગવાન શ્રી મહાવીર સિવાયના બાકીના ૨૩ તીર્થંકરો આજીવન દેવદૂષ્ય વસ્ત્રધારી હતા તેથી આ ચિત્ર ત્રેવીશે તીર્થંકરો માટે ઘટમાન છે.

તેંતાલીસમા ચિત્રના પ્રસંગનો નિર્દેશ ગ્રન્થમાં એક ઠેકાણે કરેલો હોવાથી મોટાભાગનો અમારા સાધુમહાત્માઓને ખ્યાલમાં ન આવે તે સહજ છે. આ બલિવિધાનનો પ્રસંગ ખૂબ જ મહત્વનો, માર્મિક અને સહુના માટે અનેક રીતે પ્રેરક છે. વિશેષ પરિચય માટે પાછળ પરિશિષ્ટ પૃષ્ઠ નં. ૫૮ જુઓ.

૨૪ તીર્થંકરોમાં ભગવાન મહાવીરનું જીવન પ્રસંગ-ઘટનાઓની દૃષ્ટિએ બીજા તીર્થંકરોથી સહુથી જુદું તરી આવે છે. એટલા માટે એમ કહેવાય છે કે સંસારમાં આ ધરતી ઉપર અનંતા તીર્થંકરો થઈ ગયા પણ ભગવાન શ્રી મહાવીરને સાધનાકાળ અને કૈવલ્યકાળમાં ઉપસર્ગો–પરીષહની અકલ્પનીય જે બધી ઘટનાઓ બની એવી એકેય તીર્થંકરો માટે બની નથી, એટલે ભગવાનના જીવનમાં ઘણી ઘણી નવીનતાઓ અને વિશેષતાઓ હોય તે સંભવિત છે, અને એ કારણે તેઓશ્રીનું જીવન આત્મકલ્યાણ માટે, મોક્ષની સાધના માટે ઘણું જ પ્રેરક–માર્ગદર્શક બન્યું છે.

૨૪ તીર્થંકરોનાં જીવનચરિત્રોમાં સૌથી વધુમાં વધુ રાજાઓ ભક્ત બન્યાની નોધ ભગવાન મહાવીરના ચરિત્રમાં જોવા મળે છે. આ ચિત્રમાં ઉત્તર ભારતના અઢાર દેશના રાજાઓને બતાવીને ભગવાન શ્રી મહાવીરના મુખ્ય અનન્ય ભક્ત રાજવી શ્રેણિકને ઊભા બતાવ્યા છે. જેમ બૌદ્ધ ચિત્રમાં તેમના પરમભક્ત અશોકને રજૂ કરવાનો રિવાજ છે તેમ અહીં મેં શ્રેણિકને રજૂ કર્યા છે. ભગવાન પ્રત્યેની સમર્પણભાવની અખંડ ભકિતથી શ્રેણિક આવતી ચોવીશીમાં પહેલા તીર્થંકર થવાના છે અને તે પણ જેવા મહાવીર હતા બધી રીતે તેવા જ તીર્થંકરરૂપે થશે.

## પેપર કટીંગની નવકારમંત્રની તથા સિદ્ધચક્રની ડિઝાઈનનો અલ્પ પરિચય

**નવકાર મંત્ર** :–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ વિશ્વની સર્વોચ્ચ ગણાતી

આ પાંચ વ્યક્તિઓને જેમાં નમસ્કાર કરવામાં આવ્યો છે એવો આ નવકાર મહામંત્ર જૈન શાસ્ત્રનો સાર છે, જૈનધર્મનો પ્રાણ છે. વ્યક્તિ, સમષ્ટિ, સમાજ નહીં પણ સમગ્ર વિશ્વમાં પ્રકાશ આપનારો, બાહ્ય-અભ્યન્તર દૃષ્ટિએ સુખ, શાંતિ અને આનંદ આપનારો આ મહામંત્ર છે. એટલું જ નહિ પણ આ નવકારમંત્ર શાશ્વતો છે એટલે અનાદિથી અનંતકાળ સુધી આ જ શબ્દો અને અક્ષરો રહેવાના છે. મહર્ષિઓએ આનો મહિમા ભારોભાર ગાયો છે. સહુ કોઇ વધુમાં વધુ જપ-ધ્યાન કરતા રહો જેથી જીવનમાં સર્વાંગી કલ્યાણ થાય.

સિદ્ધચક્ર-વિશ્વની સર્વોચ્ચ વ્યક્તિ માત્ર એક અરિહંતો-તીર્થંકરો જ છે. તે પછી મોક્ષે ગયેલા સિદ્ધાત્માઓ છે. તે પછી મોક્ષમાર્ગ-ધર્મમાર્ગમાં સહાયક એવા આચાર્ય, ઉપાધ્યાય, અને સાધુઓ છે. જે ગુણોને કારણે જે વ્યક્તિઓ મહાન ગણાય છે તે ગુણો છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ. આમ ગુણો અને ગુણીથી સંયુક્ત જૈનશાસનનું સર્વોચ્ચ અને સહુનું સર્વાંગી કલ્યાણ, ઈષ્ટસિદ્ધિ, કાર્યસિદ્ધિ અને મનોરથોને પૂર્ણ કરનારૂં આ શાશ્વતું યન્ત્ર છે. એની સાંધના-આરાધના કરી સહુ કલ્યાણ સાધો!

નવકારમંત્ર અને સિદ્ધચક્ર બંને સિદ્ધ ગણાતાં યંત્રો છે. તે બીજેથી મેળવી લઈ ઘરમાં મઢાવીને રાખો. ખરેખર! આરાધના કરવા જેવી, પ્રકાશ આપી મોક્ષે લઈ જનારી મહાન વસ્તુઓ છે.

## ચિત્રોમાં સુધારા-વધારા કેમ થઈ ન શક્યા તેનો ખુલાસો

ચિત્રસંપુટની પહેલી આવૃત્તિ પ્રકાશિત થઈ તે પહેલાં વિ. સં ૨૦૦૫માં કુશળ કલાકાર શ્રીગોકુળભાઈ કાપડિયાએ પોતાની સૂઝ-બૂઝ પ્રમાણે ચીતરેલાં ૧૫ ચિત્રોના બ્લોકો બનાવરાવી મુદ્રિત કરીને બહાર પાડ્યાં હતાં. તે ચિત્રોમાં નજીવી ભૂલો અને નવા સુધારાવધારા કરવા જઈએ તો ચિત્રની મજાને ખામી પહોંચે તેમ હતું એટલે સુધારવાનું શક્ય ન હતું. ત્યારપછી વિ. સં ૨૦૩૦માં મારાં હસ્તકનાં નવાં ૨૦ ચિત્રો (જૂનાં ૧૫ સાથે) પહેલી આવૃત્તિમાં તા. ૧૬-૬-૭૪ ના રોજ છપાઈને પ્રગટ થઈ ચૂક્યાં હતાં. એ ૩૫ ચિત્રોમાં જે કંઈ ક્ષતિ હોય તે જણાવવા મુનિ મહાત્માઓને અને યોગ્ય અભ્યાસીઓને વિનંતી કરી હતી. બે-ત્રણ મુનિરાજોએ શ્રમ લઈને સુધારા માટેનાં સૂચનો અને નોંધો મોકલવાની કૃપા કરી હતી. કેટલાક વિદ્વાનો તરફથી સૂચનો પણ આવ્યાં હતાં. મારી દૃષ્ટિએ પણ ચિત્રોમાં રહેલી કેટલીક ક્ષતિઓ ખ્યાલમાં હતી જ. એમાંથી કોઈ કોઈ ચિત્રો નવાં જ કરાવવાનું, વળી જે કોઈ ચિત્રો સુધારી શકાય તેવાં હતાં તે સુધારવાનું પૂર્ણપણે નક્કી કર્યું જ હતું. પરંતુ બન્યું એવું કે પહેલાનાં કાગળો ઉપર વોટર કલરથી કરેલાં ચિત્રો છાપવા માટે જ્યારે પેટીમાંથી બહાર કાઢ્યાં ત્યારે ચિત્રોની સપાટી વૃદ્ધ એટલે પોચી થઈ હતી, કલરો ઝાખાં પડી ગયાં હતાં. તેના ઉપર સુધારા કરવાનું તદ્દન અશક્ય બન્યું હતું. અમારા માટે આ એક ચિન્તાનો મોટો વિષય બન્યો હતો. એના ઉપરથી નેગેટીવ પણ લઈ શકાય તેમ નહોતું. પરિણામે શરૂઆતમાં લખ્યું તેમ ચિત્રસંપુટમાં પ્રગટ થએલાં છાપેલાં ચિત્રો ઉપરથી જ નેગેટીવો લેવાનો વખત આવ્યો. ચિત્રોનો

એક યુગ વીતી ગયો હતો. છાપેલા કાગળ ઉપર તો પીંછી ફેરવવાની જ જગ્યા ન હતી, પછી ક્ષતિવાળાં ચિત્રો કઈ રીતે સુધારી શકાય? એટલે અતિ દિલગીરી સાથે લખવું પડે છે કે થોડાંક ચિત્રોમાં થોડી ઘણી ક્ષતિ રહી જ ગઈ. એમાં બે ચિત્રો તો તદ્દન નવેસરથી જ કરાવવાનાં હતાં પણ હવે તો આવું ભગીરથ કાર્ય ફરીથી ભાવિકાળમાં કરાવનારા કોઈ પુણ્યાત્મા નીકળે તો સુધારો થઈ શકે પણ હવે તેવા નીકળશે કે કેમ! તે પ્રશ્ન છે.

કયા કયા ચિત્રો નવેસરથી કરવાનાં હતાં તે અને કયા કયા ચિત્રમાં કયા સુધારા કરવાના હતા તેનો ઉલ્લેખ અહીં કરતો નથી પણ ભગવાન મહાવીરનું આ ચિત્રસંપુટ કેમ તૈયાર થયું તેની આદિથી અંત સુધીની નાનકડી કથા લખવા વિચારૂં છું. અનેક મુશ્કેલીઓ, વિકટ પરિસ્થિતિ અને મને થયેલા જાતજાતના રસપ્રદ અનુભવો પણ એમાં હશે. આ એટલા માટે પ્રસિદ્ધ કરવી જરૂરી છે કે એથી ભવિષ્યમાં કામ કરનારી નવી પેઢીને માર્ગદર્શક બની રહે.

## ૨૩ તીર્થંકરોનું બહાર પડનારું સંપુટ, અન્ય મનોરથો અને ભાવિ ચિંતા

ભગવાન મહાવીરના આ ચિત્રસંપુટની ત્રીજી આવૃત્તિનું કાર્ય પૂર્ણ થયું. હવે પછીના કાર્યક્રમમાં બાકીના ૨૩ તીર્થંકરોના પરિચય સાથેના ચિત્રોનું સંપુટ પ્રકાશિત કરવાનું કાર્ય બાકી છે. ૨૪ તીર્થંકરો પૈકી, ફક્ત શ્રીઆદિનાથજી, શ્રીશાંતિનાથજી, શ્રીનેમિનાથજી, શ્રીપાર્શ્વનાથજી, શ્રીમહાવીરસ્વામીજી આ પાંચ તીર્થંકરો ઉપરાંત ફક્ત બીજા બે તીર્થંકરો શ્રી મલ્લિનાથ અને શ્રીમુનિસુવ્રતસ્વામીના જીવનનાં ચિત્રો બનાવી શકાય તેવી ઘટનાઓ મળે છે. બાકીના તીર્થંકરોના પૂર્વભવની કે અંતિમ ભવની કોઈ વિશેષ ઘટના મળતી નથી. કેટલાક લોકો એવું સમજે છે કે બાકીના ચાર તીર્થંકરોનાં જુદાં જુદાં ચાર આલ્બમો બહાર પડવાનાં છે પણ તેવું નથી. હવે ચારેય તીર્થંકરોનું અને બીજા જે હોય તે આમ ૨૩ તીર્થંકરોનાં ચિત્રોનું એક જ સંપુટ (આલ્બમ) બહાર પડવાનું છે. પરિણામે બે સચિત્ર ગ્રન્થો દ્વારા બધાય તીર્થંકરોના જીવન અને કાર્યનો પરિચય મળી જશે. અત્યારે હવે ભગવાન મહાવીરના ચિત્રસંપુટનું કામ જલદી પુરું થઈ જાય એટલે મારી ઇચ્છા ૨૩ તીર્થંકરોનું કામ શરૂ કરવાની છે.

આ સિવાય ભગવાન મહાવીરના પ્રગટ થયેલાં ચિત્રોની સાઈઝથી નાની સાઈઝમાં એટલે કે ડબલ ડેમી સાઈઝ (૪ પેજી) અથવા ક્રાઉન ૮ પેજીમાં ભગવાન મહાવીરનું જીવનચરિત્ર બહાર પાડવાની બહુ જ અગત્ય છે. કેમકે મોટું સંપુટ હેરફેર કરવું ભારે પડી જાય તેવું છે પણ પોર્ટેબલ એટલે નાની સાઈઝ હોય તો પ્રવાસમાં બેગ વગેરેમાં મૂકીને લઈ જઈ શકાય. જો કે આ કાર્ય ૧૨ વર્ષ પહેલાં થવાનું હતું. વળી ભગવાન મહાવીરને લગતી બીજી યોજનાઓ પણ હતી. પરંતુ તે કાર્ય પણ થઈ શક્યું નહિ. બાકીનાં કામો નબળી પડેલી શારીરિક પરિસ્થિતિ, ઘણાં બધાં પ્રકાશનોનાં કારણે હવે મારા હાથે થવા પામશે કે કેમ? તે બાબત પ્રશ્નાર્થક બની છે. ભવિષ્યમાં કોઈ સાધુ મહાત્મા કે સંસ્થા આવું કાર્ય કરવા ધ્યાનમાં રાખે તેવી સાદર વિનંતી છે.

આપણે ત્યાં યૂરોપ, અમેરિકાની જેમ સારાં પ્રકાશનો તેમજ પોતાના ખર્ચે છાપે તેવી કોઈ

સંસ્થા જોવા મળી નથી. આપણે ત્યાં જ્ઞાનના ક્ષેત્રમાં વિશેષ રસ નથી. વેપારીઓને સાહિત્યના ક્ષેત્રમાં રસ નથી, પ્રચારનું મૂલ્ય તેમને સમજાયું નથી, સમજાયું હોય તો ભોગ આપવા તૈયાર નથી એટલે અમારા જેવા માટે એક ચિન્તાનો વિષય બન્યો છે. અરે! અમારી સાહિત્યકલાને લગતી કાચી સામગ્રી ભાવિ માટે ઉપયોગી થાય તે માટે કોને સુપ્રત કરવી તે વાત પ્રશ્ન બનીને ઊભી રહે છે. કેમકે એવી કોઈ વ્યવસ્થા કે સંસ્થા આપણે ત્યાં નથી.

આ ત્રીજી આવૃત્તિનું કાર્ય અનંત આત્માઓને મોક્ષે જવામાં નિમિત્ત બનેલા એવા પરમપવિત્ર શાશ્વત તીર્થ શ્રી શત્રુંજય ગિરિરાજની શીતળ છાયામાં, યુગાદિદેવ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાન, કલિકાલ કલ્પદ્રુમ શ્રી પાર્શ્વનાથ ભગવાન તથા અન્તિમ તીર્થંકર ભગવાન શ્રી મહાવીરસ્વામીજી આદિની કૃપા અને આ સાલ (સં. ૨૦૪૮માં) ફાગણ સુદિ બારસે પાલીતાણા જૈનસાહિત્યમંદિરમાં રાતના ૯ થી ૧૧ાા સુધી આંખ બંધ ઉઘાડનો સેંકડો માણસો વચ્ચે અભૂતપૂર્વ અજોડ ચમત્કાર બતાવનાર તેમજ જેમની સાથે પૂર્વભવના કોઈ ઋણાનુબંધ હશે જેના કારણે મારા પ્રત્યે વરસોથી જેમની કૃપાવર્ષા વરસી રહી છે તે ભગવતી શ્રી પદ્માવતી માતાજીની સહાય, મારા તારક પરમ ઉપકારી ત્રણેય ગુરુદેવોની અનરાધાર અસીમકૃપા તથા સંઘાડાના અનેક સાધુ–સાધ્વીજીઓની શુભકામનાઓ, શતાવધાની આ. શ્રી જયાનંદસૂરિજી આદિ મુનિરાજો જેઓ એક યા બીજી રીતે મારા પ્રત્યે શુભેચ્છક અને સહાયક બની રહ્યા તથા અન્ય સમુદાયના, અન્ય ગચ્છના મુનિરાજો જેઓએ આ સંપુટનાં ચિત્રો તપાસી આપ્યાં તથા અન્ય સહાય કરી તેથી તે સહુનો આભારી બન્યો છું.

પાનાંની મર્યાદાના કારણે મને સહાયક થનારાઓની વ્યક્તિગત સેવાઓને યાદ કરી પ્રત્યેકનો આભાર ન માનતાં પ્રથમની બે આવૃત્તિમાં સમૂહરૂપે જે આભાર આન્યો છે તે આ આવૃત્તિમાં પણ છાપ્યો છે. હવે ત્રીજી આવૃત્તિમાં જેઓ મને સહાયક બન્યાં છે તેમની વાત કરૂં.

હવે અંતિમ આભાર દર્શન કરતાં ગુરુકૃપા અને મા ભગવતીજીની અદૃશ્ય પ્રેરણાથી જ માત્ર ચિત્રસંપુટમાં જ નહીં પણ મારા ચાલુ અનેક કાર્યોમાં જેઓ સહાયક બન્યા છે તેમનો ઉલ્લેખ પ્રથમ કરી લઉં.

સહુથી પ્રથમ ભક્તિવંતા, વિનમ્ર, ગુણીયલ સાધ્વીજી શ્રીપુષ્પયશાશ્રીજીના વિનયશીલા, અથાગ ઉત્સાહી શિષ્યા સાધ્વીજી પુનિતયશાશ્રીજીને કેટકેટલા ધન્યવાદ આપું! એમને ચિત્રસંપુટનું લેખનકાર્ય સુંદર અક્ષરોમાં પ્રેસકોપી તૈયાર કરવી, તે પછી પૂરી કાળજીપૂર્વક ખંતથી પ્રૂફો તપાસવા અને એ અંગેની બીજી અનેક નાની મોટી જવાબદારીઓ અપાર ઉત્સાહ અને ભક્તિભાવથી પાર પાડી. અરે! તેઓ માત્ર ચિત્રસંપુટના જ નહીં પણ બીજાં અનેક પ્રકાશનોમાં સમર્પિત થઈ ગયા હતા. એમાં ચિત્રસંપુટની કાર્યવાહી તો એટલી વિશાળ હતી કે જો ગુરુણી–શિષ્યાનો પૂરો સાથ-સહકાર ન હોત તો ત્રીજી આવૃત્તિનું પ્રકાશન ખરેખર! ચિંતામાં મૂકાઈ જાત, એટલે એમની સફળ મહાવીરભક્તિ અને શાસનસેવાની હાર્દિક અનુમોદના જ કરવી રહી!

અનિવાર્ય સંજોગોમાં વરસોથી એક જ સ્થાને રહેવાનું થવા છતાં આનંદથી અને ભક્તિભાવથી પોતપોતાની ફરજો અદા કરતા રહીને મને વિવિધ રીતે સહાયક થનારા અમારા સેવાભાવી અન્તેવાસીઓ–મુનિપ્રવર પં. શ્રી વાચસ્પતિવિજયજી અને ઉત્સાહી, સદા આનંદી મુનિરાજ શ્રી જયભદ્રવિજયજી બંનેને હું કેટકેટલા ધન્યવાદ આપું! અહીંયા જે જે કાર્યો થયાં અને થઈ રહ્યાં છે તે બધાયમાં તેમજ આ ચિત્રસંપુટના કાર્યમાં પણ તેમનો મમતાભર્યો અનુમોદનીય ઉત્તમ ફાળો રહ્યો છે, જેના કારણે ચિત્રસંપુટનું પ્રકાશન સરળ બન્યું.

જૈન ચિત્રકલા નિદર્શન, જૈન સંસ્કૃતિ કલાકેન્દ્ર, પાર્શ્વપદ્માવતી ટ્રસ્ટ તથા જૈન સાહિત્યમંદિર વગેરે સંસ્થાના કાર્યકર્તાઓએ આ કાર્યમાં જે સાથ-સહકાર આપ્યો છે તે માટે તેઓ સહુને ધન્યવાદ ઘટે છે.

ઓસ્ટ્રેલિયા સિવાયના વિશ્વના બધા ખંડોના જૈનસંઘોમાં પહોંચી જઈને હજારો લોકોને પ્રેરણાપ્રદ અને નયનાનંદકારી બનેલું આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત આ ચિત્રસંપુટ, હજુ પણ વિવિધ માધ્યમો દ્વારા વાચકોને વધુમાં વધુ મોક્ષલક્ષી અહિંસા, સંયમ, તપ અને ત્યાગમાર્ગના આરાધક બનાવે એ જ શુભેચ્છા!

મહાન અને પવિત્ર ભૂમિ ઉપર ત્રીજી આવૃત્તિના મુદ્રણનો પ્રારંભ અને પૂર્ણાહુતિ થઈ તેવો આ ગ્રન્થ તૈયાર કરવામાં છદ્મસ્થભાવે જાણે–અજાણે શાસ્ત્ર કે પરંપરા વિરુદ્ધ કંઈપણ ચિત્રાંકન, વિધાન કે ઉલ્લેખ થયો હોય તો તે માટે શાસનદેવની સાક્ષીએ ક્ષમા યાચું છું.

વિ. સં. ૨૦૬૮,
જૈન સાહિત્યમંદિર પાલીતાણા

*–વિજય યશોદેવસૂરિ*

---

❀ પરિવર્તન સંસારનો અકાટ્ય–અફર નિયમ છે. ગઈકાલે જે બીજાનું હતું એ આજે આપણું બન્યું છે, એથી આવતીકાલે એ કોઈ અન્યનું થઈને જ રહેશે. માટે આજે જે મળ્યું છે એનો આનંદ માનવો રહેવા દઈએ. એ આનંદ જ આપણા દુઃખોનું મૂળ છે.

❀ ચંદ્ર જેવા બનીને કોઈના જીવન આકાશને નહિ ઉજાળો તો ચાલશે પણ રાહુ બનીને કોઈને નડશો તો નહીં જ.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સંગીત, નૃત્ય, નાટ્યસંબંધી જૈન ઉલ્લેખો અને ગ્રંથો

વિ. સં. ૨૦૨૯ ઇ.સન્ ૧૯૭૩

૨૯

## મારી સંગીતકલાકથા

(લેખક–મુનિશ્રી યશોવિજયજી)

મારી યાદદાસ્ત મુજબ હું જ્યારે દસેક વર્ષનો હતો ત્યારે મારી જન્મભૂમિ ડભોઈની જૈન પાઠશાળામાં હું ધાર્મિક અભ્યાસ કરતો હતો તે સમયની આ વાત છે. ડભોઈ એ વડોદરા રાજ્યના પ્રથમ કક્ષાના શહેરો પૈકીનું એક શહેર છે. તે વખતે ત્યાં વિદ્યાપ્રિય અને પ્રજાપ્રિય શ્રીમંત સરકાર સયાજીરાવ ગાયકવાડનું રાજ્ય હતું. વિદ્યા–કલાના પ્રેમી મહારાજાને સંગીતવિદ્યા પ્રત્યે અત્યન્ત આદર હતો અને તેનો તેમણે અજબ શોખ હતો એટલે એમણે તેમના મુખ્ય મુખ્ય શહેરોમાં સંગીતશાળાઓ પ્રજાને સંગીતપ્રવીણ બનાવવા માટે સ્થાપી હતી. એમાં ડભોઈ આવી જતું હતું અર્થાત્ ડભોઈમાં પણ તે શાળા શરૂ થઈ ગઈ હતી. આ શાળાનો સમય કાયમ માટે સાંજનો હતો. ગુજરાતી શાળાના કેન્દ્રિય મહાખંડમાં આ શાળા ચાલતી હતી અને તે વખતે આ શાળાના શિક્ષક તરીકે ઐતિહાસિક શહેર આગ્રાના વતની અને 'વ્રજ' ભાષામાં સેંકડો ગીતો રચનાર સરસ પિયા કાલેખાંના સુપુત્ર ઉસ્તાદ ગુલામ રસુલખાંસાહેબ જે હતા. એઓ આ વિદ્યાના શ્રેષ્ઠ વિદ્વાન ગણાતા હતા અને ભારતવિખ્યાત સંગીતનિષ્ણાત સ્વ. શ્રી ફૈયાઝખાંના ભાણેજ થતા હતા. આ શાળામાં શહેરના વિવિધ કોમના વિદ્યાર્થીઓ શિક્ષણ લેતા હતા. એમાં બે-ત્રણ મારા મિત્રો પણ હતા. હું પણ તેમાં જ દાખલ થયો.

## દર્ભાવતી શ્રી પાર્શ્વજિન સંગીતમંડળની સ્થાપના

મારા શાળાપ્રવેશ પૂર્વે ડભોઈ સંઘના અગ્રણી કુટુંબના શેઠ ચુનીલાલના સુપુત્ર શ્રી મૂલજીભાઈ આ શાળામાં સારું જ્ઞાન મેળવી રહ્યા હતા. તેમણે શાળાના એક સારા વિદ્યાર્થી તરીકેની નામના તથા વિદ્યાગુરુની સારી એવી ચાહના મેળવી હતી.

સરકારી સંગીતશાળા શરૂ થતાં શહેરમાં આ વિદ્યા પ્રત્યે આકર્ષણ અને આદર સારા પ્રમાણમાં ઊભાં થયાં. થોડાં વર્ષો બાદ ઊભી થએલી એ હવા જૈન શ્રી સંઘને સ્પર્શી ગઈ. એ ડભોઈ સંઘના આગેવાનો ભેગા થયા. સંગીતપ્રેમી આગેવાનોએ પ્રસ્તાવ મૂક્યો કે 'જો આપણા સંઘમાં જ સંગીતમંડળની સ્થાપના કરવામાં આવે તો આપણાં બાળકો સંગીતવિદ્યામાં પ્રવીણ બને અને સ્વયં પ્રભુભક્તિ કરી શકે તો તે શ્રી સંઘને કે પોતાની જાતને પણ ઉપયોગી બની શકે. માટે આ વિદ્યામાં સૌને પ્રવીણ અને પારંગત બનાવવા'. આ વિચાર સૌને રુચ્યો અને 'દર્ભાવતી (ડભોઈ) શ્રી પાર્શ્વજિન સંગીતમંડળ' એ નામની સંસ્થા સ્થાપવાનો નિર્ણય થયો. આ નિર્ણયને સૌએ અતિશય ઉત્સાહપૂર્વક વધાવ્યો. અમારા સંગીતશિક્ષક ખાં સાહેબને વાત કરતા તેઓ પણ રાજી થયા. સંગીતપ્રેમી આગેવાનો મારા સંસારી મામાના પુત્ર શ્રી જીવણલાલ ચુનીલાલ, મારા સંસારી વડીલ બંધુ શ્રી નગીનદાસ નાથાભાઈ, શ્રી ચંદુલાલ હિંમતલાલ પટેલ, શ્રી માણેકલાલ મોતીલાલ, શ્રી કાલીદાસ મોહોલાલ વગેરે ભાઈઓએ આ સંગીતમંડળના સંચાલન, વહીવટ વગેરેની જવાબદારી સહર્ષ સ્વીકારી.

## યોગ્ય પાત્રો માટે ત્રણ વાર ચકાસણી

આટલો પ્રારંભિક વિધિ પત્યા બાદ શાળામાં સંગીત શીખનારા વિદ્યાર્થીઓ દાખલ કરવા જોઈએ એટલે કોણે દાખલ કરવા એ પ્રશ્ન ઊભો થયો. આ તો શ્રીસંઘની શાળા, સૌ હક્ક કરતા આવે અને આમાં સંખ્યા જોઈએ મર્યાદિત. વળી જે ચૂંટાય તે સંગીતનું જ્ઞાન લેવાની કંઈક યોગ્યતા ધરાવનારા પણ હોવા જોઈએ એટલે એવો નિર્ણય લેવામાં આવ્યો કે સંઘનાં તમામ બાળકોને પાઠશાળામાં આમંત્રણ આપવું અને પછી તેમના ગળાની અને તેમની યોગ્યતાની પરીક્ષા કરવી. આ નિર્ણય મુજબ સેંકડો છોકરાંઓને પાઠશાળામાં ભેગા કરવામાં આવ્યા. છોકરાઓના આનંદનો પાર ન હતો. દરેકને સંગીત શીખવું હતું. સંઘના આગેવાનોની હાજરીમાં દરેક છોકરા પાસે સ્તુતિ, પ્રાર્થના કે કોઈ કવિતાની કડી, છેવટે નવકારમંત્ર બોલવાનું કહેવામાં આવ્યું. સંગીત શિક્ષકે બે દિવસમાં ચકાસણી કરી લીધી. ગળાની હલક, મધુરતા, ઈત્યાદિ સંગીતની યોગ્યતાના માપદંડ દ્વારા પ્રાથમિક તપાસમાં પચાસેક છોકરાને તારવ્યા. બીજી વાર તારવેલા પચાસમાં પુનઃ વધુ ચકાસણી કરીને પચીસેક જણને તારવ્યા. છોકરાઓ જોઈતા હતા પંદરથી વીસ એટલે ત્રીજી તપાસને અંતે સત્તરેક છોકરાઓને તારવ્યા અને શુભ દિવસે પાઠશાળાના નાના ખંડમાં સંગીતશિક્ષણનો પ્રારંભ થયો. એમાં પહેલા જ દિવસે તારવેલા સત્તર છોકરાની વધુ ચકાસણી શરૂ થઈ. ત્રણ દિવસની ચકાસણીને અંતે સત્તરેક છોકરાઓને ક્રમાંક આપવામાં આવ્યા. એમાં મારી યાદદાસ્ત મુજબ મારો ક્રમ ત્રીજો હતો. આ જ ક્રમથી અમારે

ભણવા બેસવાનું હતું. આ સત્તરમાંથી ચાર-છ છોકરાઓ સાંજના સાતથી આઠ ચાલતી સરકારી શાળામાં હાજરી આપતા. આઠથી નવ છુટ્ટી હતી. એમાં જૈન પાઠશાળામાં જઈને ધાર્મિક શિક્ષણ લેવાની ઈચ્છાવાળા વિદ્યાર્થીઓ હતા. તેઓ પાઠશાળામાં જતા. હું પણ પાઠશાળામાં નિયમિત દરરોજ જતો. નવ વાગે એટલે જૈન સંગીતશાળા શરૂ થતી અને ૯ થી ૧૦।। વાગ્યા સુધી ચાલતી હતી. સંગીતનું પ્રાથમિક જ્ઞાન તો મેં સરકારી શાળામાં લીધું હતું અને કેટલાક રાગો પણ શીખ્યો હત્તો. એટલે જૈન શાળામાં મારે તો તેથી આગળનું શીખવાનું હતું પણ જેઓએ સરગમો સાતસ્વરો વગેરે વિષયનું પ્રાથમિક જ્ઞાન પણ મેળવ્યું ન હતું તેમને પ્રાથમિક જ્ઞાન આપવાનું કાર્ય શિક્ષકે શરૂ કર્યું. જ્યારે અમારા માટે તેમણે આગળના નવા રાગોનું જ્ઞાન આપવાનું શરૂ કર્યું. ત્રણચાર મહિનામાં નવા વિદ્યાર્થીઓ પણ અમારી સાથે થઈ ગયા અને તેમણે રાગ-રાગિણી શીખવાના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. સપ્તસ્વરોનું, તેના ટૂકડાઓનું તેમજ મન્દ, મધ્યમ તીવ્ર, કોમલ રાગો આરોહ-અવરોહ અને તાન-આલાપો વગેરેનું મુખ્ય જ્ઞાન જો પરિપક્વ થઈ જાય તો તેને આગળ વધવામાં ખાસ કોઈ મુશ્કેલી નથી પડતી.

અમોને પ્રથમ તો સંગીત શું? રાગો કેટલા? રાગિણીઓ કેટલી? વગેરેનું સર્વ સામાન્ય જ્ઞાન અપાયું. તે પછી સંગીતક્ષેત્રમાં રિવાજ મુજબ સૌથી સહેલા એવા 'ભોપાલી' રાગને તેના આરોહ-અવરોહની સરગમથી શીખવવાનું શરૂ કર્યું. તે પછી તે રાગનું નોટેશન (સ્વરલિપિમાં અવતરણ) કાળા પાટિયા ઉપર ચોકથી લખી શીખવ્યું. દરેક રાગમાં પ્રથમ તે રાગનો ખ્યાલ આપતી આરોહ-અવરોહરૂપ સ્વરસરગમ, તે પછી 'સ્થાઈ'[1] શીખવાની હોય અને તે શીખી ગયા બાદ તેનો 'અંતરો'[2] શીખવાનો હોય, ચાર વિભાગમાં વહેંચાયેલું આટલું જ્ઞાન તો દરેક વિદ્યાર્થીએ લેવું જ જોઈએ. એ પાકું થઈ જાય એટલે એ રાગ શીખાઈ ગયો કહેવાય.

તે પછી આલાપો, તાન, પલટા, દુગુણ, ચોગુણ જે જે શીખવું હોય તે શીખી શકાય છે. આ નિયમ મુજબ અમોએ દરેક રાગના ચારેય વિભાગોનું જ્ઞાન મેળવી લીધું. સ્થાઈ અને અંતરાનું નોટેશન પાટિયા ઉપર લખવામાં આવતું તે જોઈ જોઈને અમો શીખતા હતા. તે પછી નાના તાન આલાપો પણ પાટિયા ઉપર લખીને નોટમાં કે મોઢેથી અમોને ખાં સાહેબે શીખવ્યા. અમારા ગુરુજી એક 'ઉસ્તાદ' હતા અને શિક્ષકના યથાર્થ અર્થમાં શિક્ષક હતા. તેઓ કોઈ પણ વિદ્યાર્થી કાચો હોય ત્યાં સુધી આગળ નવો પાઠ આપે જ નહિ. સાચા શિષ્યહિતાર્થી નિઃસ્વાર્થ ગુરુને પોતાનો વિદ્યાર્થી કાચો રહે એ કેમ પાલવે! પૂર્વશિક્ષિત અમારે સૌને ધીરજ રાખવાની હતી. અમારા સાથીદારોને અમારી હરોળમાં લાવવાના હતા. આથી અમને એક લાભ એ હતો કે અમારું લબ્ધ જ્ઞાન પરિપક્વ થતું જતું હતું. છેવટે સૌ ભેગા થઈ ગયા.

## ૪૦ થી ૫૦ રાગોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું

અમારા ઉસ્તાદ બહુ ચકોર હતા, દિલચોર ન હતા, ઉદારમના હતા તેમજ ખૂબ જ

---

૧. આની સ્થૂલ વ્યાખ્યા : નીચેના સૂરોમાં ગવાય તે.

૨. ઉપરના સૂરોમાં ગવાય તે.

ઉત્સાહી અને નિખાલસ હતા. દરેક વિદ્યાર્થીને તૈયાર કરવા તરફ સમાન ભાવ રાખતા હતા, પૂરા પરિશ્રમી હતા. એમાં જે વિદ્યાર્થી ઉત્સાહી, કહ્યાગરો અને સંગીત-વિદ્યાનો કંઈક શોખીન-સંસ્કારી હોય તેના તરફ તેઓ વધુ ધ્યાન આપીને તે વિદ્યાર્થીને તૈયાર કરતા. કોઈને કોઈ શિષ્ય શ્રેષ્ઠ સંગીતકાર બને તેવી ભાવના ખૂબ જ રાખતા હતા. દર મહિને પરીક્ષાઓ પણ લેવાતી. આ વખતે સંચાલકો પણ હાજર રહેતા.

અમોને એમણે પ્રથમ વીશેક રાગોનું નોટેશન શિખવાડ્યું. ત્યાર બાદ તે રાગનાં ગીતો, શબ્દો કે ધાર્મિક પદો દ્વારા રાગોનું જ્ઞાન કરાવ્યું. સાત વરસને અન્તે નોટેશન સાથે ૪૦ થી ૫૦ રાગના જ્ઞાન સુધી અમો પહોંચી ગયા હતા. ગુરુજીએ જૈન શાળામાં ૧૭ વિદ્યાર્થીઓને ત્રણ કક્ષામાં વિભક્ત કર્યા હતા. પ્રથમ કક્ષામાં ૪ વિદ્યાર્થીઓ, બીજીમાં ૬ વિદ્યાર્થીઓ અને ત્રીજી કક્ષામાં બાકીના ૭ હતા. પ્રથમ કક્ષામાં અમે ચાર હતા. અમો ચારેયના કંઠ, હલક અને જ્ઞાનમાં લગભગ એકતા હતી. એમ છતાં જ્યારે બધાય વિદ્યાર્થીઓ સમૂહરૂપે ગાતા ત્યારે કક્ષાના ભેદો વિલીન થઈ જતા હતા.

## [1]શીખેલાં રાગોનાં નામોની યાદી

| | | |
|---|---|---|
| ૧. ભોપાલી | ૧૫. કેદારો | ૨૯. મલાર |
| ૨. યમન | ૧૬. તિલક કામોદ | ૩૦. મેઘમલાર |
| ૩. યમનકલ્યાણ | ૧૭. આશાવરી | ૩૧. મીયાંમલાર |
| ૪. કલ્યાણ | ૧૮. જોગીઓ આશાવરી | ૩૨. અડાણો |
| ૫. હમીર | ૧૯. માલકોશ | ૩૩. રામશ્રી |
| ૬. ભૈરવ | ૨૦. સારંગ | ૩૪. ટોડી |
| ૭. શંકરા | ૨૧. ભૈરવી | ૩૫. કાનડો |
| ૮. બિલાવલ | ૨૨. સોરઠ | ૩૬. દરબારી કાનડો |
| ૯. ખમાચ | ૨૩. દુર્ગા | ૩૭. ગોડી |
| ૧૦. બિહાગ | ૨૪. વાગેશ્વરી | ૩૮. ગોડીનટ |
| ૧૧. ભીમપલાસ | ૨૫. દેશ | ૩૯. પૂર્વી |
| ૧૨. કાફી | ૨૬. વસંત | ૪૦. શ્રીરાગ |
| ૧૩. કાફીહોરી | ૨૭. હિંડોળ | ૪૧. શ્રીરંજની. |
| ૧૪. કાલિંગડો | ૨૮. સોહની | |

---

૧. જેટલા રાગો સ્મરણ કરતાં યાદ આવ્યા એટલા લખ્યા છે. એમ લાગે છે કે થોડાક રહી જતા હશે.

આ ઉપરાંત મિશ્ર રાગો જુદા, ગઝલો, કવાલીઓ અને દેશીઓ બધું વધારામાં.

## તમામ પૂજાઓ શીખી ગયા

રાગોનું જ્ઞાન જ્યારે લેવાઈ રહ્યું હતું તે દરમિયાન અમારે પૂજાઓ અને ભાવનાનાં સ્તવનો, ગીતો, પદો વગેરે શીખવાનાં હતાં. આથી અમારા ઉસ્તાદે અમોને ગુજરાતી ભાષાના મહાકવિ અને શાસનયક્ષિણી ભગવતી શ્રી પદ્માવતી દેવીની પ્રસન્નતાને મેળવનાર પંડિતશ્રી વીરવિજયજી મહારાજે બનાવેલી, ચલણી નાણાંની જેમ પ્રચલિત થએલી અને સર્વત્ર સુપ્રસિદ્ધ ગણાતી ભાવવાહી, બોધક અને પ્રિય પૂજાઓ શીખવવાનો પ્રારંભ કર્યો. એમાં અમોએ–મંડલીએ 'પંચકલ્યાણક' પૂજા શીખી લીધી. અમો ભાવનાનાં ગીતો શીખ્યાં. બે વર્ષમાં દેરાસરમાં ભણાવવામાં આવતી તમામ પૂજાઓ અમો શીખી ગયા. આ પૂજાઓ મોટા ભાગે ઉત્તમ રાગ–રાગિણીમાં બેસાડાએલી હતી. ભાવનાનાં ગીતો થોડાં લાઈટ પણ શાસ્ત્રીય સંગીતમાં શીખ્યાં હતાં. ઠુમરી, ગઝલો અને કવાલીઓ પણ શીખી લીધી હતી. મારા ઉસ્તાદને મારા કંઠની મધુરતા અને ગાવાની હલકના કારણે મારા પ્રત્યે થોડોક પક્ષપાત પણ હતો. આવો પક્ષપાત ત્રણ વિદ્યાર્થીઓ પ્રત્યે ખાસ હતો.

## વિવિધ તાલોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું

સંગીત અને તાલનો સંબંધ અત્યંત ગાઢ છે. તાલ વગરનું ગાણું એ મીઠા વિનાના ભોજન જેવું છે એટલે અમારા ઉસ્તાદે અમને પ્રથમ ગીત સાથે જ હાથથી તાલની લય શીખવાડી. તાલની પ્રાથમિક ભૂમિકા સિદ્ધ થતાં વિવિધ તાલોના ઠેકા–બોલ કંઠસ્થ કરાવી લીધા. તે પછી પ્રથમ ત્રિતાલ અને તે પછી ક્રમશઃ દાદરો, તેવરો, ઝપતાલ, દીપચંદી, પંજાબી ઠેકો વગેરેનું હાથતાલી સાથે શ્રેષ્ઠ જ્ઞાન આપ્યું, પછી તબલા અને ઢોલકનું જરૂરી જ્ઞાન અમોએ શીખી લીધું. તાલના બોલો તો એવા શીખેલા કે અમો તેને કડકડાટ રીતે બોલી જતા. અમારું કોઈ પણ ગીત કે રાગ બેતાલ ગવાય નહિ; તાલબદ્ધ જ બધું ગવાતું. અમને તો એટલી હદે તૈયાર કરેલા કે તબલા બજાવનાર જરાક ચૂકે કે અમો તરત પકડી પાડતા. આમ સંગીત અને તાલનું યથાયોગ્ય જ્ઞાન મેળવી લીધું.

## વિવિધ વાદ્યોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું

મંડળના કુશળ વિદ્યાર્થીઓ સ્વયં બધું શીખી લે તો મંડળને લાભકર્તા અને બીજાઓની પરાધીનતા સેવવી ન પડે. એથી વાદ્યોમાં હારમોનિયમ (વાજાપેટી) ઉપરાંત બંસી, પાવો, વાયોલિન (Violin) અને સતારનું જરૂર પૂરતું શિક્ષણ મેં લીધું. મારી જન્મ-ભૂમિમાં વર્ષોથી રહેતા શ્રી જોઈતારામ ભોજક પાસે મેં સારંગી પણ શીખવી શરૂ કરેલી. બપોરે એમને ત્યાં શીખવા જતો. તેઓ અમારા કુટુંબના સભ્ય જેવા હતા. એ કહેવાની જરૂર નથી કે પૂજા ભણાવનારને ખંજરી, કાંસીજોડાં, મંજીરા અને લોખંડની તાલ આપવાની ત્રિકોણ ઘંટડી શીખવી જ પડે છે. છેવટે ફ્લુટ (Flute)ની પણ શરૂઆત કરી અને મેં આ શિક્ષણ છોડ્યું. દાંડિયા અને રાસગૂંથણી (દાંડિયારાસ) ની તાલીમ અમોએ અવ્વલ નંબરની લીધી

હતી. રાસગૂંથણીનો અમારો કાર્યક્રમ એક વિશિષ્ટ ભાત પાડનારો હતો.

## પં. શ્રી સકલચંદ્રજીકૃત સત્તરભેદી પૂજા

ધાર્મિક ગીતોના માધ્યમ દ્વારા રાગ-રાગિણીનું જ્ઞાન અપાય તો ઉત્તમ, એ દૃષ્ટિએ અમારા નેતાઓએ પંડિતવર્ય મહાત્મા શ્રી સકલચંદ્રજીકૃત 'સત્તરભેદી' પૂજા વિદ્યાર્થીઓને શીખવવી એવો નિર્ણય લીધો. અને તે પછી શુભ દિવસે એ પૂજા શીખવાનો પ્રારંભ થયો. આ પૂજાના રચયિતા ઉપાધ્યાય શ્રી સકલચંદ્રજી મહારાજ ધ્યાની, તપસ્વી, ત્યાગી પુરુષ હતા. પ્રઘોષ મુજબ એમણે આ પૂજા કાયોત્સર્ગ-મુદ્રામાં રહીને બનાવી છે અને એથી એ મહામંગલકારી ગણાય છે. આ પૂજા જૈન શ્રી સંઘની શાંતિ માટે ભણાવવાનો રિવાજ છે. ગુજરાતમાં તો આ પૂજાનો એવો મહિમા છે કે 'પર્યુષણ' પર્વાધિરાજ અંગેનું પ્રતિક્રમણ કરતાં કોઈને છીંક આવી હોય, કંઈક અનિષ્ટ-આશાતનાદિ થયું હોય અથવા કશું ન થયું હોય તો પણ કાલાંતરે આ પૂજા ભણાવવાનો રિવાજ બહુ પ્રચલિત છે અને આ પૂજા પ્રત્યે સંઘ ઘણો આદર ધરાવે છે.

## ૩૫ ઢાળોના ૩૫ રાગોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું

આ પૂજા સંગીતશાસ્ત્રના ઊંચામાં ઊંચા રાગોમાં બનાવી છે. આમાં સત્તર પ્રકારે જિનભક્તિ કરવાની હોવાથી સત્તર પૂજાઓ રચાઈ છે. આ પૂજાના રાગો અતિકિલષ્ટ હોવાથી એ રાગોમાં ભાગ્યેજ કોઈ ગાઈ શકે. આથી અમારા શ્રીસંઘને એમ થયું કે આવી મહિમાશાળી પ્રભાવક પૂજા એના જ રાગોમાં વિદ્યાર્થીઓ શીખી જાય તો આ પૂજાનો મહિમા વધે અને ગાનાર-સુણનાર બંનેને આનંદનું કારણ બને. આથી અમે એ પૂજાઓ શીખવાનું શરૂ કર્યું. દરેક પૂજામાં બે ઢાળ છે એટલે સત્તર પૂજાની ૩૪ ઢાળો અને કલશ સાથે ૩૫ કાવ્ય છે. ગીતો એમાં છે. પાંત્રીસ રાગોમાં આ પૂજા અમારે શીખવાની હતી. આ પૂજામાં પ્રથમ તેનું નોટેશન[૧] (તેની સરગમ) શીખવવામાં આવતું, પછી તે પૂજાના શબ્દો ગોઠવીને તૈયાર કરાવવામાં આવતું, પૂજાની એક એક લીટી તૈયાર કરવા પાછળ ૪ થી ૬ દિવસો કાઢવામાં આવતા. કોઈ કિલષ્ટ રાગમાં વધુ દિવસો પણ જતા, આ પૂજા મારી યાદદાસ્ત મુજબ ત્રણેક વર્ષે સમાપ્ત થઈ હશે.

આ પૂજા જે રાગમાં બનાવી છે તે બધી તે જ રાગમાં બેસાડી છે એમ નથી બન્યું, ક્યાંક રાગો બદલ્યા છે અને ક્યાંક મિશ્ર છે. પૂજાની કડીઓ તાલબદ્ધ ને સરખી રીતે બેસાડવા માટે એમ કર્યા સિવાય છૂટકો ન હતો.

| પૂજા | ઢાળ પહેલી | ઢાળ બીજી |
|---|---|---|
| ૧. | ભોપાલી | અડાણો-મિશ્ર |

૧. અમારા સંગીતવિદ્યાગુરુ ગુલામ રસુલખાંએ નોટેશન સાથે સત્તરભેદી પૂજા લખી છે. ભવિષ્યમાં કદાચ તે મુદ્રિત પણ થાય.

| | | |
|---|---|---|
| ૨. | રામકલી | ટોડી |
| ૩. | મેઘમલાર | પીલુ |
| ૪. | હિંડોલ | જોગિયો |
| ૫. | જોનપુરી | જોનપુરી |
| ૬. | દેવસાખ | ભીમપલાસ |
| ૭. | ગૌરી | માલવી |
| ૮. | કેદાર | દરબારી કાનડો |
| ૯. | વાગેશ્વરી | નટ |
| ૧૦. | ગૌડસારંગ | ગૌરી |
| ૧૧. | દુર્ગા | બિહાગ |
| ૧૨. | ગૌડમલાર | મેઘમલાર |
| ૧૩. | વસંત | વસંત |
| ૧૪. | મુલતાની | ચમન |
| ૧૫. | તિલંગ | શ્રીરાગ |
| ૧૬. | જયજયવંતી | નટ |
| ૧૭. | સિંધુડો | ગુર્જરી તોડી |

કલશ : મુલતાની

અમારા ઉસ્તાદ ગુરુની એવી ખાસિયત હતી કે: એકેએક વિદ્યાર્થી પૂજામાં સંપૂર્ણ તૈયાર થવો જ જોઈએ. લગભગ તમામ વિદ્યાર્થીઓ તાલબદ્ધ રાગો ગાઈ શકે તે રીતે તૈયાર થઈ ગયા. અમારા આનંદનો પાર રહ્યો નહિ. એ પૂજા જ્યારે પહેલવહેલી દેરાસરમાં અમે ભણાવી ત્યારે સાંભળવા આવનાર શ્રીસંઘની હાજરીથી દેરાસર ચિકાર ભરાઈ ગયું હતું. શ્રીસંઘે આ પૂજા સાંભળી અમારા ઉપર અભિનંદનનો વરસાદ વરસાવ્યો હતો.

આ પૂજા તો અમને એવી કંઠસ્થ થઈ ગઈ કે અમો જાણે ઊંઘમાં પણ બોલી જઈએ અને ગાઈ જઈએ. રાગો એવા ઘૂંટાઈ ગયા હતા કે આજુબાજુમાં પથારીમાં સૂતા હોય અને જરાતરા કોઈ રાગને છેડે, પેટીના જરાક સૂરો નીકળે, નાનકડો આલાપ કે તાનપલટો સંભળાય કે આ સૂરો કયા રાગના છે તેનો તરત જ ખ્યાલ અમોને આવી જતો. આ પૂજા અમો વગર ચોપડીએ ભણાવી શકતા હતા, કારણ કે ઘણીખરી પૂજાઓ લગભગ કંઠસ્થ થઈ ગઈ હતી.

આ રાગો–તર્જોની વધુ તાલીમ માટે મારા વિદ્યાગુરુએ મારા સંસારી મોટાભાઈ શ્રી નગીનભાઈ વગેરેની સૂચનાથી મને ઘરે શીખવા આવવાનું જણાવ્યું. હું બપોરે બે વાગે ખાંસાહેબના ઘરે જતો. ખાંસાહેબ ક્યારેક તાલીમ આપે અને ક્યારેક કામમાં હોય તો મારી મેળે તાલીમ લેતો. એમના સુપુત્ર શમીનને ક્યારેક હું સરગમ બોલાવતો. પાછળથી બપોરની

તાલીમ મારા સંસારી મામાના સુપુત્ર શ્રી મુલજીભાઇ જેઓ સંગીતવિદ્યામાં ઘણા નિષ્ણાત થયા હતા તેમના ઘેર જઈને હું તેમની પાસે શીખેલા રાગોનો અભ્યાસ કરતો હતો. આમ નાની ઉંમરમાં જ સંગીતના ખેતરનું સારું એવું ખેડાણ કરવાની તક મને સાંપડી હતી. એ ડભોઈના જૈન શ્રીસંઘ અને ખાસ કરીને સંગીતશાળાની નેતાગીરીને આભારી છે. આ માટે સહુને હાર્દિક ધન્યવાદ આપવા રહ્યા.

## નૃત્ય કલાની લીધેલી શ્રેષ્ઠ તાલીમ

સંગીત અને તાલની તાલીમ લીધા પછી અમને નૃત્યકલા શીખડાવવાનો નિર્ણય કરાયો અને અમને એ તાલીમ આપવાનું શરૂ કરાયું. નૃત્યજ્ઞ વ્યક્તિઓએ પ્રથમ અમને પગમાં તોડા પહેરાવ્યા અને હાથના અભિનયની તાલીમ આપી. વળી અમો 'મોરલીનૃત્ય' ઉપરાંત અન્ય પ્રકારો સરસ રીતે શીખી ગયા. આ તાલીમમાં આઠ વિદ્યાર્થીઓ હતા. આમાં પણ મારો ક્રમાંક ત્રીજો હતો. પછી અમારા માટે સુરતમાં પરીઓના આકર્ષક ડ્રેસો–પોશાકો, બનાવટી કેશકલાપો, પરીના મુગટો વગેરે તૈયાર કરાવ્યાં અને પ્રેક્ષકો આફરીન થઈ ગયા.

પછી તો અમારા મંડળને બહારગામથી આમંત્રણો મળવા લાગ્યા. બહારગામ પાંચ પાંચ સાત સાત હજાર માણસો વચ્ચે અમારે નૃત્ય કરવાના પ્રસંગો બન્યા. સર્પવાળું 'મોરલીનૃત્ય' થાય ત્યારે તો લોકોનો ધસારો એવો થતો કે મેદની ભારે બેકાબૂ બની જતી. અમારા માટે નૃત્ય કરવાની જગ્યા પણ ન રહેતી. એ વખતે લોકો અમને છોકરા નહિ પણ છોકરીઓ સમજતા હતા. જ્યાં જઈએ ત્યાં લોકો ફિદા ફિદા થઈ જતા.

ત્યાર પછી મને વૈરાગ્યભાવ પેદા થયો અને આ તાલીમ બંધ થવા પામી.

સાધુજીવન, અન્ય પ્રતિકૂલ સંયોગો, શરમાળ પ્રકૃતિ વગેરે કારણે સમય જતાં મારા સંગીતની તાલીમ ધીમે ધીમે સર્વથા બંધ થઈ ગઈ. પરિણામે અતિશ્રમે થોડીઘણી મેળવેલી વિદ્યાનું મારું અતિપ્રિય ઝરણું બહુધા સુકાઈ ગયું.

આ રીતે મારી સંગીતની આત્મકથા અહીં પૂરી થાય છે. હવે આ પુસ્તક અંગે બે બોલ લખું છું.

### પ્રસ્તુત વ્યાખ્યાન અંગે

## બે બોલ

**પ્રસ્થાન**—આજથી ત્રણેક વર્ષ ઉપર પ્રો. હીરાલાલ ર. કાપડિયા ચેમ્બુરમાં મને મળ્યા અને વડોદરામાં "સંગીત, નૃત્ય અને નાટ્ય સંબંધી જૈન ઉલ્લેખો અને ગ્રન્થો" અંગે પોતે આપેલ વ્યાખ્યાન પ્રસિદ્ધ કરવા માટે મારું ધ્યાન ખેંચ્યું. મેં તેની પ્રેસ-કોપી માંગી અને તે મને એમણે આપી. હું તે જોઇ ગયો. તેની ઉપયોગિતા મને સમજાઇ અને મને થયું કે આ વ્યાખ્યાન જરૂર મુદ્રિત થવું જ જોઈએ. આથી મેં પરમપૂજ્ય મારા ગુરુદેવશ્રી આચાર્ય

શ્રીવિજયધર્મસૂરીશ્વરજી મહારાજને વાત કરી. તેઓશ્રીએ તેની સહર્ષ સ્વીકૃતિ આપી અને એનું મુદ્રણ કાર્ય શરૂ થયું. આજે એ વ્યાખ્યાન પરિશિષ્ટાદિ સહિત મુદ્રિત થઇ બહાર પડે છે.

**વ્યાખ્યાન**—આ મૂળે પુસ્તિકા જેવું છે. ભલે છે નાનું પણ આ વિષય પરત્વે રસ ધરાવતી વ્યક્તિને તે ઘણું મહત્વનું લાગશે અને અન્ય વાચકોને આ માહિતીપ્રચુર લખાણમાંથી કંઇ ને કંઇ નવું જાણવાનું મળી રહેશે.

આ વ્યાખ્યાન સર્વ સામાન્ય જનતાના રસનો વિષય ન બની શકે, સૌને પસંદ પડે તેવું ન બને એ સ્વાભાવિક છે પણ દરેક પ્રયાસ દરેકને માટે જ હોય છે કે કોઇ પણ વિષયનું પુસ્તક સૌને પસંદ પડે તેવું હોય છે એવું થોડું હોય છે? બુદ્ધિભેદે કે દૃષ્ટિભેદે આ ધોરણ સદાય રહેવાનું જ અને આ ધોરણ રહે તે અનાદરણીય નહીં પણ આદરણીય જ છે. આથી તદ્વિદોને અર્થાત્ એના જ્ઞાતાઓને જો એ સંતોષી શકશે તો તે આ પ્રયાસની ફલશ્રુતિ લેખાશે.

**લેખક**—વિવિધ માહિતીઓના ખજાના જેવા અને મર્મગ્રાહી મેધા ધરાવતા શ્રી કાપડિયા બહુશ્રુત વિદ્વાન છે. એઓ જૈનો કરતાં અજૈનોમાં વધુ વિખ્યાત છે. એમણે પોતાના આ વ્યાખ્યાનની વિગતો એકત્રિત કરવામાં પુષ્કળ પરિશ્રમ લીધો છે. એમણે વિવિધ ભક્તિમાર્ગી જૈન ધર્મમાં સંગીત, નૃત્ય અને નાટકનું કેવું આદરભર્યું સ્થાન છે તેનો વિશાળ ખ્યાલ આપ્યો છે અને જાણવા યોગ્ય ઘણી ઘણી વસ્તુઓનું દિગ્દર્શન કરાવ્યું છે. એની વિશેષ પ્રતીતિ પ્રસ્તુત પુસ્તક જ આપી રહેશે.

શ્રી કાપડિયા આજે તો જીવનની સંધ્યાએ પહોંચ્યા છે ત્યારે ખેદ થાય છે કે જૈન સમાજે એમની પાસેથી ઘણું ઘણું કાર્ય કરાવી લેવાની જરૂર હતી પણ તેમ થઇ ન શક્યું તે ખેદજનક છે.

પુસ્તક અને લેખક અંગે પ્રાથમિક નિર્દેશ કરી હું આ પુસ્તકમાં રજૂ થયેલી હકીકતના આધારે વાચકોને ત્યાગ, વૈરાગ્ય અને અધ્યાત્મ એ ત્રિપુટીપ્રધાન જૈન ધર્મમાં સંગીત, નૃત્ય, અને નાટકનું કેવું જ્વલંત સ્થાન છે તે તરફ ટૂંકમાં જ ધ્યાન ખેંચવા માંગું છું.

**સૂર્યાભ વગેરેનો નૃત્યવિધિ**—શ્રમણ ભગવાન મહાવીરસ્વામી વીતરાગ તીર્થંકર પરમાત્મા હતા. છતાં તેમની સમક્ષ સૂર્યાભદેવે નાટ્યનૃત્યવિધિ કર્યો. એ સમયે ભગવંતના શ્રી ગૌતમસ્વામીજી આદિ હજારો સાધુ-સાધ્વીજીઓ વગેરે હાજર હતા. ઈશાન ઈન્દ્રે પણ એ રીતે વિધિ કર્યો. એણે બત્રીસ બત્રીસ નાટકો ભજવ્યાં અને તે સમવસરણમાં જાહેરમાં ભજવી બતાવ્યાં. તે સિવાય વિજયદેવે, સૂર્ય અને ચન્દ્ર નામના ઈન્દ્રોએ, બહુપુત્રિકા દેવીએ તેમજ પૂર્ણભદ્ર, માણિભદ્ર, દત્ત. શિવબલ અને અનાદૃત વગેરેએ ભગવાન સમક્ષ નાટકો કર્યાં.

આ ઉપરથી એમ લાગે છે કે નાટ્યવિધિ ભક્તિયોગનું જ એક શ્રેષ્ઠ અંગ માત્ર છે એમ નહીં પણ તે સર્વોત્તમ પ્રકારનું અંગ છે. જો એમ ન હોત તો ખુદ ઈન્દ્ર જેવા ઈન્દ્રો નાટકો ભજવે ખરાં? હરગીજ નહીં.

**ભક્તિમાં નાટક-નૃત્યની પ્રધાનતા**—ભક્તિ એ મન, વચન અને કાયા એ ત્રિકરણ

યોગથી કરવાની કહી છે. એમાં કાયયોગથી જેવી ભક્તિ નાટ્ય-નૃત્ય વિધિમાં થઈ શકે છે. તેવી બીજા કોઈ પ્રકારમાં શક્ય નથી. વિનમ્રાતિનમ્ર કોટિની ભક્તિભાવનાના અનુપમ અને અજોડ આદર્શનું શરીરના અંગભંગના વખતે (મનોયોગ સહિતની કાયયોગની ભક્તિનું) પ્રત્યેક અણુમાં જે દર્શન થાય છે તે અન્ય પ્રસંગે થતું નથી. સંગીત સાથેના આ નાટ્ય-નૃત્ય વિધિમાં ભક્તિયોગના પરમાલંબન દ્વારા હૃદય સમર્પણનો જ નહીં પણ સર્વસ્વ સમર્પણનો જે પરા કોટિનો ભાવ આવિર્ભાવ થાય છે અને જેના ફલસ્વરૂપે ભક્તિ-ભાવનાની જે પરાકાષ્ઠા નિર્માણ થાય છે તે અન્ય યોગમાં જવલ્લે જ જોવા મળે કે ન પણ મળે.

કહેવાય છે કે સંગીતકારોનો ભગવાન તેના કંઠમાં હોય છે. દાર્શનિકોના ભગવાન તેના મસ્તિષ્કમાં, પંડિતોનો ભગવાન તેની બુદ્ધિ–પંડિતાઈમાં અને કવિઓનો ભગવાન તેના હૃદયમાં હોય છે પણ નૃત્યકલા કરનારનો ભગવાન તેના અંગે અંગમાં હોય છે.

આ વાતની પૂર્ણ પ્રતીતિ માટે દસ શિર ધરાવનારા તરીકે ઓળખાતા રાવણનું ઉદાત્ત અને ભવ્ય ઉદાહરણ સુવિખ્યાત છે, રાવણે 'અષ્ટાપદ' પર્વત ઉપર જિનપ્રતિમા સમક્ષ પોતાની પત્ની રાણી મંદોદરી સાથે વીણાવાદન કરવા પૂર્વક એકતાન બનીને એવું નાટક-નૃત્ય કર્યું કે જેના પરિણામે એણે 'તીર્થંકર' નામકર્મ જેવું પુણ્ય–પ્રકૃતિઓમાં સર્વોત્તમ કોટિની ગણાતી પુણ્યપ્રકૃતિનું મહાપુણ્ય કર્મ બાંધી લીધું. જે નાટક–નૃત્ય પરમાત્મા બનવાનું ફળ આપે, એ કલાની અદ્ભુત, અવર્ણનીય અને અજોડ શક્તિ માટે વધુ કહેવાની જરૂર ખરી?

## બૃહત્ પૂજાઓમાં પણ નાટકને સ્થાન

આ જાતનું નાટક-નૃત્ય ભક્તિનો એક ઉત્તમ પ્રકાર હોવાથી 'આ પ્રકારનું સેવન વારંવાર થવું જ જોઈએ' એવું સમજનારા દેશકાલજ્ઞ જ્ઞાનીઓએ એ પ્રકારને જિનમંદિરમાં જિનપ્રતિમા સમક્ષ ભણાવાતી પૂજાના પ્રકારમાં પણ સ્થાન આપ્યું છે. પૂજાઓના અનેક પ્રકારો છે. એમાં સર્વોપચારી, એકવીશપ્રકારી અને સત્તરભેદી આ નામની જે મોટી પૂજાઓ છે તે ત્રણેયમાં એક પૂજા તો નાટકની જ રચીને એનું શીર્ષક 'નાટક પૂજા' એવું રાખ્યું છે. નાટક એ નૃત્યના પાંચ પ્રકારો પૈકીનો એક પ્રકાર હોવાથી નાટક નૃત્ય વડે અને નૃત્ય નાટક વડે યુક્ત હોઈ શકે છે.

આ પૂજામાં સૂર્યાભના અનુકરણરૂપે સુંદર ૧૦૮[૧] કુમારોએ અને સ્વરૂપવંતી ૧૦૮ કુમારિકાઓએ આ પૂજા ભણાવાય ત્યારે સંગીતના વિવિધ સાજ સાથે ભાવવાહી નૃત્ય કરવાનું જણાવ્યું છે. પૂજામાં સાધુ–સાધ્વીજીઓ પણ હોય છે. આ નૃત્ય જાહેરમાં કરાય છે અને વળી જિનમંદિરમાં ભગવાનની પ્રતિમા સમક્ષ, તેમ છતાં તે કરવા માટે શાસ્ત્રકારો અને પૂર્વાચાર્યોએ આદેશ આપ્યો છે. 'નાટક' શબ્દ જ સાંભળીને ભડકનારી, અવિચારી અને ઉતાવળા સ્વભાવવાળી વ્યક્તિઓ માટે આ એક સૂચક બાબત છે. આજે પણ પૂજા–ભાવનામાં ઘણા

૧. સૂર્યાભ દેવની વાતના અનુવાદરૂપે ૧૦૮નો ઉલ્લેખ કર્યો છે પણ મંદિરની ટૂંકી જગ્યામાં એ સર્વથા અશક્ય છે એટલે અહીં યથાયોગ્ય સંખ્યાની વાત સમજવી.

ભાઈઓ તથા છોકરાઓની મંડળીઓ પગે ઘૂઘરાઓ બાંધીને અને નૃત્યોચિત વેશભૂષા સજીને વિવિધ પ્રકારે નૃત્ય કરે જ છે.

જ્યારે સાક્ષાત્ ભગવાન મહાવીર વિદ્યમાન હતા ત્યારે તેઓશ્રીની સમક્ષ ભક્તિ-નાટક નૃત્યો ભજવી બતાવ્યાના છૂટા છૂટા ઉલ્લેખો શ્વેતામ્બર અને દિગમ્બર બંને સંપ્રદાયના આગમ તથા ચરિત્રગ્રન્થોમાં મળે છે. શ્વે૦ આગમ 'રાયપસેણી'માં સૂર્યાભ દેવે બત્રીસ પ્રકારનાં નાટકો કરી બતાવ્યાનો સ્પષ્ટ પાઠ છે. દિગમ્બરાચાર્ય જિનસેનકૃત આદિપુરાણમાં ઇન્દ્ર પ્રથમ તીર્થંકર શ્રીઋષભદેવના જીવનની વિશિષ્ટ ઘટનાઓ-કલ્યાણકો કે પૂર્વ ભવોને દર્શાવતું નૃત્ય કર્યાની નોંધ લીધી છે. વળી આ પુરાણમાં એવું પણ જણાવ્યું છે કે ઋષભદેવે નાટ્યશાસ્ત્રનું જ્ઞાન પોતાના પુત્ર ભરતને અને ગન્ધર્વશાસ્ત્રનું ગીત-વાદ્યરૂપ બાબતનું જ્ઞાન બીજા પુત્ર વૃષભસેનને આપ્યું હતું. શ્વેતામ્બર શાસ્ત્રો પણ યુગની આદિમાં તીર્થંકર જેવા તીર્થંકરદેવે પ્રજાને સંસારનાં સર્વ શિલ્પો-વિદ્યા-કલાઓ૧ શીખવી હતી. એમાં નૃત્યકલા-નાટકકલાનું જ્ઞાન પણ શિખવાડ્યું હતું.

**અંતિમ નાટકમાં મહત્ત્વનો વિષય**—એ યાદ રાખવું ઘટે કે બત્રીસબદ્ધ નાટકમાં અંતિમ બત્રીસમું નાટક કાયમ માટે તે તે તીર્થંકરનાં પાંચેય કલ્યાણકો સહિત પૂર્વ ભવની તથા અંતિમ ભવની વિશિષ્ટ ઘટનાઓને દર્શાવનારું જ હોય છે. આ હકીકત એ જ મહત્ત્વની બાબત સમજાવી જાય છે. તે એ કે ખુદ ઇન્દ્ર કે દેવ જે અવિરત અર્થાત્ અત્યાગી-ચોથા ગુણસ્થાનકે રહેલ હોવા છતાં તે ભગવાન મહાવીરનું રૂપ લઈને-મહાવીરની વિવિધ અવસ્થાઓને ધારણ કરીને તેમનું જીવનચરિત્ર પ્રેક્ષકોને બતાવે છે. બારે પર્ષદાના પ્રસંગે પણ તે જ વિકુર્વે છે. દૈવિક શક્તિથી વિવિધ રૂપો વિવિધ વેશભૂષાઓને ધારણ કરે છે. એમાં સાધુ-સાધ્વીજીનો પણ પાઠ લેવાનું આવી જાય છે. અવિરત ગણાતા ઇન્દ્ર કે દેવને આવા પાઠો ભજવતાં તીર્થંકરો ઇન્કાર કરતા નથી. આ નાટક વખતે ખુદ સાધુ-સાધ્વીજીઓ પણ હાજર હોય છે છતાં પણ તે ભજવાયા છે. સમવસરણ એ જાહેર આખ્યાન-વ્યાખ્યાનનું સ્થાન છે. પ્રજાના તમામ વર્ગને ત્યાં આવવાની છૂટ હોય છે. ચતુર્વિધ સંઘ, અજૈનો અને દેવદેવીઓ વચ્ચે આ નાટકો ભજવાયાં છે. આથી એ બાબત સ્પષ્ટ થાય છે કે ખુદ તીર્થંકરોએ અનેકવાર ભક્તિનાટક-નૃત્યો કરવા દઈને બોધક, ધર્મપોષક અને ઉત્તમ કક્ષાના નાટકોનું જૈન ધર્મમાં અચૂક અને મહત્ત્વપૂર્ણ સ્થાન છે એ છાપ મારી આપી છે.

**નાટકોનું સર્જન**—કાલાંતરે જૈન મુનિઓએ દૃશ્ય અને શ્રાવ્ય નાટકો પણ રચ્યાં છે. તેમાંનાં કોઈ કોઈ ભજવાયાં પણ છે. વળી પ્રાચીન કાળમાં લોકોને ધાર્મિક બોધ મળે, શિક્ષણ મળે, ધર્મભાવનાને વેગ મળે, ઉત્સાહમાં વૃદ્ધિ થાય અને અંતઃકરણને જગાડી જાય એ માટે જૈન કથાઓ, ચિત્રો દ્વારા કે નાટકો દ્વારા રજૂ થયાના છૂટાછવાયા ઉલ્લેખો ઈતિહાસમાં વાંચવા મળે છે.

---

૧. પુરુષની ૭૨ કલા અને સ્ત્રીની ૬૪ કલા ગણાવાય છે.

**નાટકની લઘુ આવૃત્તિઓ**—પાઠશાળાના વાર્ષિક સમારંભ વખતે કોઈ બોધક પ્રસંગનો વિવિધ વેશભૂષા સાથે યુવાનો પાઠ ભજવે છે તે નાનકડી નાટકની જ આવૃત્તિ નહીં તો બીજું શું છે? સંવાદો ભજવાય છે તે, અંજનશલાકા વખતે થતી પંચ કલ્યાણકોની થતી ઉજવણી તેમજ રાજદરબાર અને લગ્નપ્રસંગના ભજવાતા પાઠો આ નાટકની લઘુ આવૃત્તિ નહીં તો બીજું શું છે?

**ચલચિત્રોનો પ્રભાવ**—આજે એક વાત નિર્વિવાદ અને દીવા જેવી છે કે સિનેમાના ચલચિત્રની અસરો ન વર્ણવી શકાય તેવી છે. સિનેમા જોનારાઓનાં મન સિનેમાના ચિત્રપ્રસંગોથી એવા તરબોળ બની જાય છે–એવા રંગાઈ જાય છે કે એની નજર સામે એ જ પ્રસંગો તરવરતા હોય છે. પ્રેક્ષકોના હૃદયપટ ઉપર તેની છાપ એવી અમિટ અંકાઈ જાય છે કે દીર્ઘ કાળ સુધી એની અસરો ભુંસાતી નથી. મુખ્ય એક્ટરો (અભિનેતાઓ) કે ફિલ્મસ્ટારો અગ્રગણ્ય પાત્ર–કલાકાર ઉપર કેટલાક યુવક–યુવતીઓ એવા આફરીન થઈ જાય છે, એની પાછળ એવા પાગલ બની જાય છે કે તેના ફોટાઓ (પ્રતિકૃતિઓ) પોતાની ડાયરી (રોજનીશી), પર્સ, પાકીટ વગેરેમાં સાથે જ રાખે છે. અને ઘરમાં ટેબલ (મેજ) ઉપર રાખે છે. અરે! ઘરની દિવાલો એનાં ચિત્રોથી જ મઢાઈ જાય છે. તેઓ મિત્રો વચ્ચે પસંદગીના એક્ટરોની વાતો, પ્રશંસા કે ચર્ચા કરતાં ધરાતા નથી–થાકતા નથી. તેની રહેણીકરણી–ઢબછબમાં તેની નાનામાં નાની બાબતોમાં તેઓ ઊંડો રસ લેતા હોય છે. તે વખતે તેમના હાવભાવ એવા દેખાતા હોય છે કે એક્ટરો જાણે તેમના આરાધ્ય દેવ ન હોય! આ દશા આજે યુવાન પ્રજામાં પ્રવર્તે છે.

**ભાવિ પેઢીને ધર્માભિમુખ કરવા નવી પદ્ધતિ અપનાવો**—ઉપર કહ્યું તેમ સિનેમાની જેવી પ્રબળ અસર છે લગભગ તેના જેવી અસરો નાટકોની પણ છે. આ પરિસ્થિતિમાં લોકો અધાર્મિક કે અર્ધધાર્મિક નાટકો જુએ એના કરતાં ધાર્મિક બાધ ન આવે એવાં અન્ય કોઈ પદ્ધતિ– (લ્યુમિનિસ્કોપ જેવી) પ્રયોગ દ્વારા લોકોને ધર્મમાર્ગે જો વાળી શકાતા હોય અને વળ્યા હોય તેને પુષ્ટિ મળતી હોય તો વિના સંકોચે તેવાં સાધનો દેશકાળની દૃષ્ટિએ અપનાવવાં જોઈએ.

ધાર્મિક પાત્રો અને પ્રસંગો જોડે પ્રેક્ષકોનું તાદાત્મ્ય જેટલું સધાશે અને તે જો વારંવાર સધાશે તો તે પાત્રોનો પ્રસંગો જોડે આત્મીય નાતો બંધાશે. સિનેમાના સ્ટારની જગ્યાએ આ પાત્રો પ્રત્યે તેમનો પ્રગાઢ સ્નેહ બંધાશે તો પ્રેક્ષકોના જીવનમાં સંજીવનીનું કામ કરશે. વિવિધ યોગ્યતા ધરાવનાર જીવો માટે વિવિધ સાધનોનો ઉપયોગ કરવો એ યોગ્ય માર્ગ છે. ફક્ત સાધન શુદ્ધ હોવું ઘટે. જે સાધનનો ઉપયોગ ભગવાન સમક્ષ થાય તે સાધન શુદ્ધ જ છે એ પુરવાર થયેલી બાબત છે.

## વિષ–નિવારક યુગલક્ષી ઉપાય અને અર્થહીન વિરોધ

આજના મોટા ભાગના નાટકોમાં ઝેરી ખોરાક પિરસાઈ રહ્યો છે. તમો સારું નહીં આપો તો તે ઝેરી ખોરાક પ્રજા આરોગવાની છે. આ ઝેરી ખોરાક ખાતાં ટેવાએલી પ્રજાને મુક્ત કરવી

હોય તો તેની સામે બીજો આકર્ષક, સુંદર અને પથ્ય ખોરાક આપવો જ પડશે તો જ ધીમે ધીમે ઝેરી ખોરાકની પકડમાંથી છૂટીને સારો ખોરાક ખાતાં ટેવાતી જશે. આજના યુગમાં માત્ર વિરોધ કરવાથી અનિષ્ટ અટકશે જ એ વાત પ્રતીતિકર નથી. પણ તેની સામે સારો વિકલ્પ રજૂ કરવો એ જ અનિષ્ટને રોકવા માટેનો યુગલક્ષી ઉપાય છે. પણ મારી આ વાત અત્યન્ત રૂઢિચુસ્ત, વ્યુદ્ગ્રાહિત, અસહિષ્ણુસ્વભાવી અને સર્વથા બંધિયાર માનસ ધરાવનારને જલદી નહીં જ સમજાય, પણ તેઓ વર્તમાન દેશકાળની અત્યન્ત વિષમ પરિસ્થિતિને ગંભીરતાથી લક્ષ્યમાં લે અને આજના યુવાનો-યુવતીઓ શું કરી રહ્યાં છે? ક્યાં જઈ રહ્યાં છે? એમનું ભાવિ શું? તેની પૂરી માહિતી મેળવે, પછી તેનું ચિંતન કરે અને નજર સામે દેખાતી પરિસ્થિતિ પ્રત્યે 'આંખમિચૌલી' નહીં કરે તો કદાચ તેઓ સહકાર-સાથ આપે કે ન આપે પણ કમમાં કમ વિરોધ કરવાનું તો તેઓ જરૂર ટાળી શકશે એમ મારું ખચિત માનવું છે.

**આધુનિક પરિસ્થિતિ**—યદ્યપિ આજથી વીસ વર્ષ પહેલાં આ જાતનો વિચાર કરવાનું કે કરાવવાનું સ્થાન ન હતું પણ જે પરાવર્તન બસો વર્ષમાં નહોતું બન્યું તે આ વીશ વર્ષમાં બન્યું છે. પરિસ્થિતિ ધરખમ પલટો ખાઈ ગઈ છે ત્યારે જ ઉપરોક્ત લખવાનું પ્રાપ્ત થયું છે. આ શાસન ટક્યું છે તે પૂર્વાચાર્યોની દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મહાન પદ્ધતિને માન આપીને શાસન ચલાવવાની કુનેહને આભારી છે.

**વર્તમાનમાં ભજવાએલાં અનેક નાટકો**—છેલ્લાં દસ પંદર વર્ષથી મુંબઈમાં સ્થૂલભદ્ર, રૂપકોશા, ઈલાયચીકુમાર, ચંદનબાળા, જગડુશાહ, શાલિભદ્ર વગેરે અનેક નાટકો કેટલીયેવાર ભજવાઈ ગયાં છે. તમે ઈચ્છો કે ન ઈચ્છો લોકો સ્વયં આ દિશામાં આગળ વધવા થનગની રહ્યા છે. આ ધસમસતા પ્રવાહને સર્વથા રોકી શકાય એવી કોઈ શક્તિ જ્યારે આપણી પાસે નથી ત્યારે ઉપર કહ્યું તેમ તેની સામે સુયોગ્ય વિકલ્પ એ જ પ્રવાહને બીજી દિશામાં વાળવા માટેનો અસરકારક ઉપાય છે. શાસનને વરેલા-સમર્પિત થયેલા ચિંતકોએ ગંભીરતાથી શાંતચિત્તથી પૂર્વગ્રહ છોડી, આવેશી બન્યા વિના આ બધું વિચારવું ઘટે.

**અધિકૃત કથાઓ**—જૈન સંસ્કૃતિ અને તેના સંસ્કારોનું ગૌરવ-મહિમા વધારે અને પ્રેરણાનાં પીયૂષનું પાન કરાવે એવી કથાઓ તૈયાર કરીને સામેથી શા માટે ન આપવી? અનધિકૃત વ્યક્તિઓના હાથમાં અધિકાર-કાયદો રહે એના કરતાં અધિકૃત વ્યક્તિઓના હાથમાં રહે એમાં સૌને ન્યાય અને સંતોષ મળશે એમ નથી લાગતું?

અલબત્ત આપણી મહાન વ્યક્તિઓનાં પાત્રોને પૂરો ન્યાય મળે, તેમનું યોગ્ય સ્થાન, મોભો અને આદર જળવાઈ રહે તે માટે પૂરી તકેદારી લેવાવી જોઈએ અને જરૂર પડે તો એ અંગેની મર્યાદાઓની લક્ષ્મણરેખા પણ દોરી લેવી જોઈએ. પણ સત્પ્રચાર માટે પ્રચારનાં સુયોગ્ય માધ્યમો અપનાવવામાં બીનજરૂરી ભય રાખવો ન જોઈએ, જો અનેક ઘરોમાં જૈનધર્મની હવા પહોંચાડવી હોય તો.

**દશ્યોની પ્રબળ અસર**—શ્રદ્ધા, ભક્તિ અને સુસંસ્કારોનાં પોષક નાટકાદિનાં કે

સ્લાઈડો દ્વારા બતાવાતાં દશ્યો હૃત્‌તંત્રીને ઝણઝણાવી નાંખે છે. કરુણા, ત્યાગ, વૈરાગ્ય અને શાન્ત રસને ઉદ્દીપ્ત કરીને સુષુપ્ત ચેતનાને જગાડી અંતર્મુખ બનાવે છે. જે અસર હજારો શબ્દો નથી નીપજાવી શકતી–જે અસર સંખ્યાબંધ પુસ્તકોથી ઊભી નથી થતી, તે અસર ચિત્રો કે નાટકો તત્કાલ ચમત્કારિક રીતે કરવાની અમોઘ શક્તિ ધરાવે છે એટલું જ નહિ તે હૃદયના અન્તસ્તલ સુધી પ્રવેશીને દીર્ઘ કાલ સુધી જીવંત રહે છે. આ એક ઉઘાડું વિશ્વવ્યાપી નગ્ન સત્ય છે. વસ્તુ ખરાબ નથી હોતી પણ તેનો તમો કેવી રીતે ઉપયોગ કરો છો તેના ઉપર તેની સારી-નરસી અસરોનો આધાર છે. વિદ્યુત્‌શક્તિ સર્જન કરી જાણે છે એમ એ જ શક્તિ સંહાર પણ કરી શકે છે. દરેક વસ્તુની બંને બાજુઓ હોય છે. તેનો સદુપયોગ પણ થાય અને દુરુપયોગ પણ થાય, માટે 'નાટક' શબ્દ સાંભળી ભડકી જવું અને જાણે ધરતીકંપ થયાની લાગણી અનુભવવી એ અજ્ઞાનતા, ઓછી સમજણ, ટૂંકી દષ્ટિ, આવેશ અને ઉતાવળનું પરિણામ છે.

**શુદ્ધ સાધનોનો સદુપયોગ**—આપણે બધી બાબતમાં 'જો' અને 'તો' ના કાલ્પનિક ભયસ્થાનોથી ગભરાટ જ અનુભવ્યા કરીએ તો એ નરી ભીરુતા અને કાયરતા છે. સાચું એ છે કે સાચાં ભયસ્થાનો સામે જાગૃત રહીને અને કોઈનું પણ અહિત ન થાય તેનો ખ્યાલ રાખીને ધાર્મિક લાભ થાય તેવાં શુદ્ધ સાધનોનો સુયોગ્ય રીતે ઉપયોગ કરીને એ નિર્દોષ અને નિર્ભય વસ્તુઓનો લાભ ઉઠાવીએ તો કશું નુકસાન થવાનું નથી; ઊલટું ભાવિ પેઢીને ધર્મમાર્ગમાં ટકાવી રાખવાનું પુણ્ય હાંસલ થવાનું છે. જો ત્યાગ, વૈરાગ્ય અને ધર્મ ભાવનાના ઉત્તેજક નાટકો કે નૃત્યો હાનિકર્તા હોત તો શાસ્ત્રકારોએ એ કરવાનું કહ્યું ન હોત અને તે ભજવ્યાનાં દાખલાઓ નોંધાયા પણ ન હોત.

અન્તમાં એક ખ્યાલ આપું કે ચૌદ પૂર્વરૂપ મહાશાસ્ત્રોના એક પૂર્વના અંશનું નામ જ **नाट्यप्राभृत** છે, જેમાં નાટકોની બાબતો સંઘરાએલી છે. આ બાબત જ જૈન ધર્મમાં નાટકનું કેવું સ્વતંત્ર અને મહત્ત્વપૂર્ણ સ્થાન છે તેનો સંકેત કરી જાય છે.

પ્રાસંગિક આટલું લખીને પ્રેસકોપી સમયસર કરી આપનાર ધર્માત્મા શ્રીમતી બી. જે. દલાલને ધન્યવાદ આપતો હું મારા બે બોલ પૂર્ણ કરું છું.

તા.૧-૬-૭૩
૪૧, રીજરોડ,
વાલકેશ્વર, મુંબઈ,

*—મુનિ યશોવિજય*

❑ ❑ ❑

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# બાબુ અમીચંદ-આદીશ્વર દેરાસરના દર્શનીય અને ભવ્યમૂર્તિ શિલ્પોની ચિત્રાવલીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૯ ઇ.સન્ ૧૯૭૩

**૩૦**

## ❀ મારા બે બોલ ❀

વાલકેશ્વરના ભવ્ય મંદિરમાં ધર્મ અને કલાનો સુભગ સમન્વય ધરાવતા નૂતન મૂર્તિ શિલ્પો તૈયાર કરવાની અને આ મંદિરને વધુ ભવ્ય અને દર્શનીય બનાવવાની જે પુણ્ય તક, મેને. ટ્રસ્ટી, દેવગુરુભક્તિકારક પુણ્યપ્રભાવક શેઠ શ્રી સીતાપચંદજી તથા બીજા ટ્રસ્ટી ધર્મશ્રદ્ધાળુ સુશ્રાવક સુમતિભાઈ તથા ધર્મપ્રેમી અન્ય ટ્રસ્ટીઓએ સહુએ મને આપી તે બદલ તેઓ સહુને હાર્દિક ધન્યવાદ આપું છું. આ નિમિત્તે મારા મન, વચન અને કાયાના યોગોને શુભમાર્ગે પ્રવર્તાવવાના પુણ્ય દિવસો પ્રાપ્ત થયા તે માટે મારી જાતને હું ધન્ય લેખું છું.

પરમપૂજ્ય આચાર્યશ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજશ્રીની પ્રેરણાથી હજુ બીજાં નવ ફૂટ ઉંચા અને ૪૦ ફૂટ ઉંચા અભૂતપૂર્વ શિલ્પો તૈયાર થવાનાં છે. શ્રદ્ધા છે કે આ શિલ્પો પણ એક નવી જ ભાત પાડનારાં બનશે.

આ નાનકડી પુસ્તિકામાં આપેલી તસ્વીરો પ્રથમવાર અત્રેના ચાલી રહેલા અંજનશલાકા પ્રતિષ્ઠા મહોત્સવની સુંદર આમંત્રણ પત્રિકામાં પ્રસિદ્ધ થતાં જનતાને તે ચિત્રો એટલાં બધા ગમી ગયાં કે આ ચિત્રોની જુદી બુકલેટ છાપવાની જોરદાર માંગણીઓ થઈ, એટલે અમોએ તેની સ્વતંત્ર પુસ્તિકા છપાવીને પ્રસિદ્ધ કરી છે.

આ પુસ્તિકાનું મુદ્રણ જવાહિર પ્રિ. પ્રેસના સંચાલક, મારા ધર્મસ્નેહી, સૌજન્ય

સ્વભાવી, શ્રી ડુંગરશીભાઈ તથા તેમના અન્ય સાથીઓએ પોતાનું માનીને ત્રણ જ દિવસમાં છાપી આપીને એક પુણ્યકાર્ય કર્યું છે તે બદલ તેઓને ધન્યવાદ આપું છું.

અંતમાં સંસારના તાપથી સંતપ્ત થએલા માનવીને સદાએ શીતળતા આપનારા, જીવનને અન્તર્મુખ બનાવનારાં જિનમંદિરો, અંધારામાં અટવાતા માનવીઓને માટે સન્માર્ગના પથ પ્રદર્શક બની રહો એ જ મંગલ કામના!

ટ્રસ્ટીમંડળ આ મંદિરને હજુ વધુ આકર્ષક અને ભવ્ય બનાવે અને તેની પરિચય પુસ્તિકા શીઘ્ર પ્રગટ કરે એટલો નમ્ર અનુરોધ કરીને વિરમુ છું.

તા. ૧૮-૨-૭૩

*મુનિયશોવિજય*

❀ અમાસને પૂનમ બનતાં પંદર દિવસની રાહ જોવી પડે છે તો અમાસને દિવાળી બનતાં તો એક વરસની રાહ જોવી પડે છે. ઓટને ભરતી બનતાં ૧૨ કલાકની રાહ જોવી પડે છે, તો પાનખરને વસંત બનતાં ચાર મહિનાની રાહ જોવી પડે છે પણ આત્માને પરમાત્મા બનતાં આમ જોવા જાવ તો પળનીયે વાર લાગતી નથી અને આમ જોવા જાવ તો અનંતકાળેય ઠેકાણું પડતું નથી સાવધ બની જાવ તો આત્મા ખૂબ ટૂંકા ગાળામાં એ પોતાના સ્વરૂપનો ઉઘાડ કરવામાં સફળ બની જાય છે અને જો સતત પ્રમાદમાં જ પડ્યો રહે તો અનંતકાળેય એ શુદ્ધ સ્વરૂપ સુધી પહોંચી શકતો નથી.

❀ ગુરુકૃપાથી વિભાવનું વિસર્જન અને સ્વભાવનું સર્જન થાય છે. આપણા હૃદયમાં ગુરુભગવંત પ્રત્યે અહોભાવ અને આદરભાવ એ જ સાચી કૃપા છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# અમર ઉપાધ્યાયજીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૨૯ ઇ.સન્ ૧૯૭૩

૩૧

## ✻ બે બોલ ✻

જે જ્યોતિર્ધરને, જેમની જાજવલ્યમાન વિદ્વત્તાને ખુદ ચતુર્વિધ જૈનસંઘે પૂરી પીછાણેલ નથી, મહાગુજરાતે અને ભારતીય વિદ્વાનોએ જેમને સમજવાની તો વાત દૂર રહી; પણ જાણવાની એ ખાસ ખેવના કરી નથી એવા ષડ્દર્શનવેત્તા, સેંકડો ગ્રન્થોના રચયિતા, ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય. મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજનું કુશળ લેખક મુનિવર શ્રીપૂર્ણચન્દ્રવિજયજીના હાથે લખાએલું જીવન અને કવન, 'અમર ઉપાધ્યાયજી' આ નામથી પુસ્તિકા રૂપે પ્રગટ થઈ રહેલું જોઈને આનંદ અને સંતોષની અનુભૂતિ અનુભવી રહ્યો છું.

યદ્યપિ ઉપાધ્યાયજીના જીવનચરિત્રને રજૂ કરતી પાંચ સાત નાની નાની પુસ્તિકાઓ ગુજરાતીમાં પ્રગટ થઈ છે. એક પુસ્તિકા अमर यशोविजयजी આ નામથી હિન્દીમાં મારા હસ્તક પ્રગટ થઈ છે. વરસો પહેલાં ઈંગ્લીશમાં પણ એક પ્રગટ થઈ છે. પરંતુ સહુ કોઈને રૂચિકર થાય અને હોંશે વાંચી શકે તેવા જીવનચરિત્રનું ચિત્રણ થયું નથી. આ માટે જાણીતા લેખક શ્રી મોહનલાલ ધામીને, પણ મેં કહેલું, તેઓ લખવા પણ સંમત થએલા છતાં તેઓ કરી ન શક્યા અને આ વાત અદ્ધર જ લટકતી રહી.

ગત સાલ સૌજન્યસ્વભાવી સ્નેહી મુનિશ્રી જયચન્દ્રવિજયજીના (જન્મભૂમિ ડભોઈ) નો પત્ર આવ્યો. તેમાં લખેલું કે 'ઉપાધ્યાયજી ભગવંતનું જીવનચરિત્ર આબાલગોપાલ સરલતાથી વાંચી શકે એવું લખવાની જરૂરિયાત છે. તો આ કાર્ય મુનિરાજ શ્રીપૂર્ણચન્દ્રવિજયજીને સોંપવામાં આવે તો તેઓ સારા લેખક હોવાથી સુંદર લખી શકશે'

વગેરે! મારે તો જોઈતું હતું અને વૈદ્યે કહ્યું એવું થયું. ઉપાધ્યાયજીનું જીવન વિવિધ લેખકો દ્વારા લખાય તો કંઈ ખોટું ન હતું. એમાંય એક સાધુપુરૂષના હાથે લખાય તો વધુ યોગ્ય હતું. મેં અહીં મુનિની ભાવનાનો સ્વીકાર કર્યો. મુનિશ્રી જયચંદ્રવિજયજીએ મુનિજીની શૈલી અને કલમ કેવી છે, તેનો ખ્યાલ આપવા તેમની મુદ્રિત કથાઓ જોવા મોકલી, ઉડતી નજરે જોઈ ગયો, એમની શૈલી અને છટા બંને મને ગમ્યાં અને એમની કલમ અને કલ્પનાનો લાભ લેવાનો આદેશ આપ્યો, લેખક મુનિજીએ ઉદારતાથી આ કાર્ય સ્વીકાર્યું તે માટે મને ઊંડો આનંદ થયો. આવી સહકારની ભાવના જો શ્રમણસંઘમાં વ્યાપકરૂપે ફેલાય તો શુભેચ્છા અને સહકારની ભાવનાનું સુંદર વાતાવરણ સર્જાય.

મુનિજીએ ઝડપથી તે કાર્ય પાર પાડ્યું, તેમને મારા પર પ્રેસ કોપી મોકલી આપી. પ્રેસ કોપી હું જોઈ ગયો. આ પ્રેસ કોપી મારા પૂજ્ય દાદાગુરૂ શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજને બતાવતાં, તેઓશ્રી ઉપાધ્યાયજીના પૂરા પક્ષપાતી હોવાથી તેમને પણ વાંચવા મન થયું એટલે તેઓશ્રીની નજરનો પણ લાભ મળી ગયો. ઘટતી સૂચનાઓ સાથે તે પ્રેસ કોપી પાછી મોકલી આપી, અને પછી તે પ્રેસમાં ગઈ અને આજે તે વાચકોના હાથમાં મુદ્રિત થઈને 'અમર ઉપાધ્યાયજી' ના નામે પ્રકાશિત થઈ રહી છે.

લેખક મુનિશ્રીએ પ્રશંસનીય શ્રમ લઈને, સરલ શૈલી અને સંસ્કારી ભાષામાં, ગમી જાય એવા નાના નાના પ્રકરણો પાડીને, હૃદયંગમ બને તે રીતે ચરિત્ર આલેખ્યું છે. તે માટે મુનિજીને હાર્દિક ધન્યવાદ ઘટે છે. મને શ્રદ્ધા છે કે, અગાઉ પ્રગટ થએલા જીવન ચરિત્રમાં આનું એક વિશિષ્ટ સ્થાન રહેશે. પુસ્તિકા ખૂબ આદરપાત્ર બનશે અને હોંશે હોંશે વિશાળ વર્ગમાં વંચાશે. આ પ્રસંગે મુનિજીને વિનંતી કે, જૈન શાસનના તેજસ્વી અન્ય સિતારાઓ ઉપર પણ કલમ ચલાવી, છૂપાએલાં અનેક રત્નોને બહાર લાવે અને વાચકોના ચોરા ઉપર મૂકે.

આ કાર્ય સારી રીતે પાર પડે તે માટે, સતત કાળજી રાખનાર મુનિશ્રી જયચંદ્રવિજયજીને પણ ખૂબ જ ધન્યવાદ ઘટે છે. આના મુખ્ય નિમિત્તક તેઓ બન્યા છે.

પ્રસ્તુત પુસ્તિકામાં ચરિત્રનાયક અને તેને સ્પર્શતી અનેક બાબતમાં ઘણું ઘણું કહેવાયું છે. એકાદ બાબતનો ઉલ્લેખ કરવો જરૂરી સમજીને અહીં નોંધું છું.

અનેક તડકા છાંયડા જોનારી બે હજાર વરસ પુરાણી આ ઐતિહાસિક તેમજ ધાર્મિક (દર્ભાવતી) જે ભૂમિ ઉપર, નવ્યન્યાયની શૈલીના માધ્યમ દ્વારા જૈન સિદ્ધાન્તો, અનેકાન્તવાદની સર્વોપરિતા અને પ્રમાણિકતાને પૂરવાર કરનાર નવ્યન્યાયના અવતાર સમા ઉપાધ્યાયજીએ અન્તિમ શ્વાસ લીધો, એ જ ભૂમિ ઉપર, પ્રાચીન ન્યાયશાસ્ત્રના પારંગત વિદ્વાન, સમર્થવાદી, બૃહદ્ ગચ્છના આચાર્ય શ્રી યશોભદ્રસૂરિજીના શિષ્ય અને આચાર્ય શ્રી વિજય દેવસૂરિજીના ગુરુવર્ય શ્રીમુનિચંદ્રસૂરિજીએ (ઉપાધ્યાયજીના સ્વર્ગવાસ પહેલાં લગભગ ૬૦૦ વરસ ઉપર) આદિશ્વાસ લીધો હતો અર્થાત્ જન્મ ધારણ કર્યો હતો. આ સૂરિજી પરમ ત્યાગી, પરમ તપસ્વી અને અસાધારણ કોટિના વિદ્વાન હતા. એમને અનેક ગ્રન્થો તો રચ્યા છે પણ, સેંકડો ગ્રન્થોના

રચયિતા, અદ્વિતીય વિદ્વાન શ્રી હરિભદ્રસૂરિજી વિરચિત 'અનેકાન્ત જયપતાકા' ઉપરનું તેઓશ્રીનું મહત્ત્વપૂર્ણ એક ટિપ્પણ, તેઓશ્રીની પ્રખર વિદ્વત્તાની જ્વલંત અને જીવન સાક્ષી રૂપ છે. પૂ. શ્રી મુનિચંદ્રસૂરિજીનો સ્વર્ગવાસ વિ. સં. ૧૧૭૮માં થયો હતો.

મારા બંને પૂજ્ય ગુરુદેવો–આચાર્ય શ્રીમાન્ વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજ તથા આચાર્ય શ્રીમદ્ વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજાદિના ઉપદેશથી તૈયાર થએલા, ઉપાધ્યાયજીના ભવ્ય સમાધિસ્તૂપની પાદુકાની બાજુમાં જ પૂજ્ય શ્રીમુનિચંદ્રસૂરિજીની પાદુકા છે.

ખુદ ડભોઈના જૈનસંઘને, પોતાની જ ભૂમિકામાં જન્મેલા હોવા છતાં ખાસ પ્રસિદ્ધિ ન હોવાના કારણે એમના જીવનનો, વિશેષ ખ્યાલ નથી અને એથી ડભોઈમાં એમની કોઈ વિશેષતા જોવા મલતી નથી.

ડભોઈનો જૈનસંઘ તથા પ્રકાશક સંસ્થાઓ તેમજ તેમના કાર્યકર્તાઓએ અને શ્રીશાન્તિભાઈ તથા શ્રીમફતભાઈ આદિ મહાનુભાવોએ આ કાર્યમાં અનેક રીતે સહાયક બની, ઉપાધ્યાયજી મહારાજ પ્રત્યે જે ભક્તિ દાખવી છે તે બદલ સહુ કોઈ અભિનંદનના અધિકારી છે. ડભોઈ ઉપાધ્યાયજી પ્રત્યે જેટલી ભક્તિ દાખવે તેટલી ઓછી છે.

અન્તમાં, આપણે સહુ શાસનદેવને પ્રાર્થીએ કે, ઉપાધ્યાયજીને યાદ કરાવે તેવા પુણ્યવાન આત્માનો અવતાર જલદી થાય!

—*મુનિ યશોવિજય*

ગોડીજી જૈન ઉપાશ્રય
પાયધુની, મુંબઈ
સં. ૨૦૨૯, કાર્તિકી પૂર્ણિમા

- જીંદગી જીવતાં જો આવડે તો જાહોજલાલી નહીંતર પાયમાલી.
- અધિકારપાત્ર ન બનાય તો ચાલશે પણ ધિક્કારપાત્ર તો ન જ બનશો.
- કોઈની જીવન નૈયાના સુકાન ન બનો તો કાંઈ નહિ પણ તુફાની તો બનશો જ નહિ.
- બીજાનો વિચાર કરીને કોઈ જીવનાર હોય તો તે છે જિનશાસનની શ્રમણ સંસ્થા.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# પાર્શ્વનાથની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૩૦ ઇ.સન્ ૧૯૭૪

૩૨

## પ્રસ્તાવના

સ્તોત્ર-મન્ત્ર-યન્ત્રની ઉપાસના આ કાળમાં પણ પોતાના પ્રગટ પ્રભાવને બતાવનારી છે, એ અનુભવીઓની અનુભવસિદ્ધ નિર્વિવાદ બાબત છે. છતાંય જે ઉપાસકોને આરાધના ફલવતી નથી દેખાતી, તેનાં કારણો શું છે? તે અંગે મારી દૃષ્ટિએ થોડુંક લખવા ઇચ્છા હતી. વળી સમ્યગ્દૃષ્ટિ શાસનદેવ-દેવીઓ અને મન્ત્રોનું શું સ્થાન છે તથા તેનો પ્રભાવ શું છે? તે અને સાધકો અને ઉપાસકોના તેમજ મારા પોતાના અનુભવો અંગે પણ લખવાની ઇચ્છા હતી, પણ તે તો સ્વતંત્ર પુસ્તક દ્વારા જ શક્ય બને. એમ છતાં શતાવધાનીજીએ એમના મંત્રગ્રન્થોની શ્રેણિમાં આ અંગે ઘણું લખ્યું છે, વાચકો તેથી જરૂર સંતોષ મેળવી શકે તેમ છે. એટલે હું તો ભગવાન શ્રીપાર્શ્વનાથ સાથે સંબંધ ધરાવતી જાણવા જોગ કેટલીક હકીકતો, સ્તોત્રાદિક અંગેની મહત્ત્વની બાબત વગેરે જણાવીને મારી પ્રસ્તાવના સમાપ્ત કરીશ.

જે સ્તોત્ર ઉપર આ ગ્રન્થ તૈયાર થયો છે, એ સ્તોત્ર પુરુષાદાનીય શ્રી પાર્શ્વનાથ ભગવાનનું છે. પ્રસ્તુત તીર્થંકર બાલ્યકાળથી મારા ઉપાસ્ય છે, આરાધ્ય છે. માત્ર આરાધ્ય જ નહિ, પરમારાધ્ય છે. એમનાં નામસ્મરણ, ધ્યાન તથા ઉપાસનાએ મારા જીવનમાં મહત્વનો ભાગ ભજવ્યો છે; એટલે પ્રારંભમાં ત્રિકરણયોગે વિધવિધ નામે ઓળખાતા જૈન સંઘના લોકપ્રિય તીર્થંકરને ભાવપૂર્વક વંદન—નમસ્કાર કરું છું. સાથે સાથે ભગવતી આરાધ્યદેવી શ્રી પદ્માવતી માતાજીને પણ નમસ્કાર કરું છું.

### ભગવાન 'પાર્શ્વ'નો જન્મકાળ :

જૈનધર્મમાં કાળને એક સ્વતંત્ર દ્રવ્ય-પદાર્થ તરીકે ગણેલ છે, અને માનવજાતને

સમજવા માટે સમય કે કાળની એક સ્વતંત્ર પરિભાષા નિર્માણ થઈ છે. એ પરિભાષામાં કાળના અવિચ્છિન્ન–અવિભાજ્ય પ્રમાણને સમય એવા સ્વતંત્ર શબ્દથી ઓળખાવ્યો છે. અહીંયા 'સમય' શબ્દથી પ્રચલિત 'વખત' એવો અર્થ લેવાનો નથી. આ સમયના પરિમાણને સમજવું શી રીતે? આ વિષયથી અજ્ઞ એવા હરકોઈ વાચકને આ પ્રશ્ન ઉઠે. એના માટે શાસ્ત્રમાં અનેક દૃષ્ટાંતો આપ્યાં છે. એ પૈકી એક દાખલો જોઈએ.

આપણે આંખને મીંચીને તુરત ખોલી નાંખીએ, તેને 'પલકારો' કહીએ છીએ. એમાં જેટલો કાળ પસાર થયો, તેમાં અસંખ્ય સમયો વીતી ગયા. જરા કલ્પના તો કરો! તમારી કલ્પના થીજી જાય એવી આ બાબત છે. એમાં હજારો, લાખો, કરોડો, અબજો નહિ પણ અસંખ્ય સમયો એટલે કે જેની ગણત્રી કરવી જ મુશ્કેલ એટલા સમાયા છે. અત્યારે સ્થૂલ ગણિતમાં 'વિપલ' સુધીનું માપ છે. અંગ્રેજીમાં ચાલુ વહેવારમાં 'સેકન્ડ' નું (એક મીનીટના ૬૦ મા ભાગનું) માપ છે. આ વિપલ કે સેકન્ડમાં લાખો કરોડો સમયનો સરવાળો રહેલો છે. આથી એક સમય કેટલો સૂક્ષ્મ વિભાગ છે, તેની કલ્પના આવી શકશે. જૈનધર્મનું આ આત્યન્તિક કોટિનું સૂક્ષ્મમાન છે. આ કાલગણિત તમને અન્યત્ર ક્યાંય નહિ મળે. કાળનું આદિમાન જેમ **समय** છે, તેમ તેનું અન્તિમમાન **अनंत** છે.

સમયથી શરૂ થતું આ માપ ગણત્રીની મર્યાદા છોડીને આગળ વધે છે, ત્યારે તેને માટે **असंख्य** શબ્દનો પ્રયોગ થાય છે. આવા અસંખ્ય વરસોના કાળને એક **पल्योपम** કહે છે. આવા અસંખ્યાતા પલ્યોપમના કાળને એક સાગરોપમનો કાળ કહેવાય છે. આવા દશ કોડાકોડી સાગરોપમ જેટલા કાળને એક **उत्सर्पिणी**, અને એટલા જ માનવાળા કાળને **अवसर्पिणी**, એવું રૂઢ નામ આપ્યું છે. ઉત્સર્પિણી અને અવસર્પિણી બંનેના સમુદિત–ભેગા કાળને માટે એક **कालचक्र** આવું નામકરણ કરવામાં આવ્યું છે. આવા અનંતા કાળચક્રો વીતી ગયાં છે અને વીતશે.

અહીં ઉત્સર્પિણી અને અવસર્પિણી બંને કાલને છ છ ભાગે વહેંચી નાંખવામાં આવ્યો છે. શાસ્ત્રોક્ત શબ્દોમાં આ ભાગને **आरा** શબ્દથી ઓળખાવાય છે. તેના પર્યાય તરીકે પ્રચલિત ભાષામાં 'યુગ' શબ્દ યોજી શકાય. ઉત્સર્પિણી એટલે બધી રીતે ઉત્તરોત્તર ઉન્નતિ દર્શાવતો કાળ અને અવસર્પિણી એટલે ઉત્તરોત્તર અવનતિ દર્શાવતો કાળ.

આરોહ જેવા ઉત્સર્પિણી અને અવરોહ જેવા અવસર્પિણી કાળમાં, યથાયોગ્ય કાળે વિવિધ તીર્થંકરો–પરમાત્માઓ જન્મે છે. તેમની સંખ્યા પ્રત્યેક ઉત્સર્પિણીમાં ૨૪ અને પ્રત્યેક અવસર્પિણીમાં પણ ૨૪ જ હોય છે. ન્યૂનાધિક સંખ્યા હોતી જ નથી. એ ચોવીશે વ્યક્તિઓ એક જ વ્યક્તિના જન્માન્તર કે અવતારરૂપે હોતી નથી. પ્રત્યેક આત્મા અલગ અલગ હોય છે. જૈનધર્મમાં ઈશ્વરપદ એક જ વ્યક્તિ માટે રજીસ્ટર્ડ નથી. ઈશ્વર થવાનો હક્ક બીજાઓને પણ આપવામાં આવ્યો છે. આ ધર્મની આ તર્કબદ્ધ ઉદાત્ત અને ઉદાર માન્યતા છે.

અત્યારે જે અવસર્પિણી કાળ ચાલી રહ્યો છે, એનો પ્રારંભ અબજો વરસ ઉપર થયો હતો. આ કાળના છ આરા–યુગ પૈકી સાત કોડાકોડી સાગરોપમના બે આરા પસાર થયા,

પછી પાછા બે કોડાકોડી સાગરોપમ કાળ પ્રમાણનો ત્રીજો યુગ ઘણો ખરો પસાર થયો, ત્યારે આ યુગના પહેલા તીર્થંકર ભગવાન ઋષભદેવ (આદીશ્વર) જન્મ્યા. ત્યાર પછીના ચોથા આરાના અબજો વરસના કાળમાં બાવીશ તીર્થંકરો થયા અને ચોથો આરો ૩૫૩ વરસ અને સાડાઆઠ મહિના જેટલો બાકી રહ્યો, ત્યારે ભગવાન શ્રી પાર્શ્વનાથનો આત્મા દેવલોકમાંથી મૃત્યુ પામીને કાશી નગરીમાં અશ્વસેન રાજાની રાણી શ્રી વામાદેવીની રત્નકુક્ષિમાં ગર્ભપણે અવતર્યો. નવ મહિના અને છ દિવસનો ગર્ભાવધિ પૂર્ણ થતાં શાસ્ત્રીય રીતના મહિના મુજબ પોષ[1] વદિ દસમે, અને ગુજરાતી મહિના મુજબ માગસર વદિ દસમે વિશાખા નક્ષત્રમાં ચન્દ્રમાનો યોગ થયો ત્યારે [2]મધ્યરાત્રિને વિષે જન્મ લીધો. યોગ્ય વયે પ્રભાવતી નામની રાજકન્યા સાથે પાણિગ્રહણ કર્યું; પૂરાં ત્રીશ વર્ષ સંસારમાં રહીને બીજા જ દિવસે એટલે પોષવદિ ૧૧ (માગસર વદિ ૧૧)ના રોજ ત્રીસ વરસની ઉંમરે ચારિત્ર લીધું. ચારિત્ર લીધા બાદ અતિ ઉત્તમ ચારિત્ર પાળતાં ૮૩ દિવસ પસાર થયા, ત્યાં તો કેવળજ્ઞાન પ્રાપ્ત કર્યું, (ઇ. પૂ. ૮૦૭માં) અને ત્યાર પછી ૬૯ વરસ ૨૭૭ દિવસ પૂરા થયા, ત્યારે તેઓ પૃથ્વી પર વિચરીને લાખો જીવોને સન્માર્ગે ચઢાવીને બિહારમાં સમ્મેતશિખર પર્વત ઉપર એક મહિનાના અન્નજલ વિનાના ઉપવાસ કરી, સકલ કર્મનો ક્ષય કરી, પૂરા ૧૦૦ વરસની વયે, પરિનિર્વાણ પામ્યા, એટલે કે જન્મ–જરા–મરણનાં બંધનોથી સદાયને માટે મુક્ત બન્યા, અર્થાત્ એમના સંસારનો અન્ત થયો. આ થઇ ટૂંકી તવારીખ.

અહીં આપણને આ ભગવાન આપણાથી કેટલા વરસ ઉપર થયા હતા? એ જાણવામાં વધુ રસ હોય, તો જણાવવાનું કે પશ્ચાનુપૂર્વીથી ગણીએ તો આજની ૨૦૨૫ની સાલના હિસાબે ૨૮૪૫[3] વર્ષ ઉપર પાર્શ્વનાથ પ્રભુનો જન્મ થયો હતો.

## પાર્શ્વનાથ અને મહાવીર વચ્ચેની સમયગણના :

ભગવાન પાર્શ્વનાથના નિર્વાણ પછી, ૧૭૮ વરસે શ્રીવર્ધમાનસ્વામી (મહાવીરદેવ)નો જન્મ થયો અને તેઓશ્રી ૭૨ વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી મુક્તિપદને વર્યા, એટલે બંનેના નિર્વાણ વચ્ચેનું અંતર ૨૫૦[4] વરસનું છે. જ્યારે બંનેના જન્મ વચ્ચેનું અંતર ૧૭૮ વરસનું છે.

---

૧. પ્રાચીન કાળમાં મહિના પૂનમિયા ગણાતા હતા, એટલે મહિનો પૂનમે પૂરો થાય અને બીજા દિવસથી આગળનો મહિનો શરૂ થાય. અને નવા મહિનાનો પહેલો પક્ષ વદિનો હોય ને બીજો સુદિનો હોય. એટલે માગસર સુદિ પૂનમે શાસ્ત્રીય મર્યાદાનુસાર માગસર પૂરો થયો, અને પડવાથી પોષ શરૂ થયો. અને વદિથી શરૂ થાય એટલે પોષવદિ દશમે જન્મતિથિ આવે. અત્યારના હિસાબે માગસર વદિ લેવાય. મારવાડમાં હજુ પૂનમિયા મહિના ચાલે છે.

૨. તીર્થંકરોનો જન્મ મધ્યરાત્રિએ જ થાય છે. ૩. વિક્રમ સંવત પૂર્વે ૮૨૦ વર્ષે.

૪. गते श्री पार्श्वनिर्वाणात्, सार्द्धवर्षशतद्वये।–આ કથનથી અહીંયા જરા વિચારવા જેવી બાબત એ છે કે આપણા સમીપવર્તી પાર્શ્વનાથ અને મહાવીર વચ્ચે, નેમિનાથ અને પાર્શ્વનાથ વચ્ચેનું અંતર કાલમાન ક્રમશઃ ૨૫૦ અને પછી લગભગ ૮૪ હજાર વર્ષનું શાસ્ત્રમાં લખ્યું છે, એટલે સેંકડોમાં અને હજારોમાં નોંધ્યું છે. જ્યારે નેમિનાથથી આગળ જોઇએ તો અંતરની સંખ્યા સીધી છ લાખ, ને પછી ઉત્તરોત્તર ભારે ઝડપે વધતી જાય છે. એ સમજવા જેવી બાબત છે.

## પાર્શ્વનાથજીનું શાસન કયાં સુધી ચાલ્યું? તે અંગે ઐતિહાસિક વિચારણા

શ્રી પાર્શ્વનાથજીના નિર્વાણ પછી, ૨૨૦ વર્ષ પૂરાં થતાં શ્રમણ ભગવાન મહાવીરનું શાસનપ્રવર્તન શરૂ થયું, અને એમનું શાસન તો ૨૧ હજાર વર્ષ સુધી એટલે છઠ્ઠા આરા–યુગના અન્ત સુધી ચાલશે. ત્યારે આપણને એ જિજ્ઞાસા સ્વાભાવિક રીતે થાય કે પાર્શ્વનાથ ભગવાનનું શાસનપ્રવર્ત્તન કયાં સુધી ચાલ્યું કે ચાલશે?

ભગવાન મહાવીરે પોતાનું શાસન સ્વયં લગભગ ૩૦ વર્ષ ચલાવ્યું. જ્યારે ભગવાન પાર્શ્વનાથે પોતાનું શાસન સ્વયં લગભગ ૭૦ વરસ ચલાવ્યું. પાર્શ્વનાથજીના નિર્વાણ પછી ભગવાન મહાવીરની હયાતિ સુધી તો પાર્શ્વનાથજીનું શાસન પ્રવર્તતુ હતું, એમ જૈનાગમોમાં મળતા અનેક ઉલ્લેખોથી નિર્વિવાદ પૂરવાર થાય છે. ખુદ મહાવીરના જ માતા–પિતા પાર્શ્વનાથ ભગવાનના સંતાનીય હતા, એમ [1]આચારાંગ નામના જૈન આગમમાં સ્પષ્ટ જણાવ્યું છે. [2]સૂત્રકૃતાંગ આગમના નાલંદીયા અધ્યયનમાં ઉદકપેઢાલની ગૌતમસ્વામીજી જોડે જે પ્રશ્નોત્તરી થઈ, તેમાં પ્રશ્નકાર શ્રાવક ઉદકને શ્રી પાર્શ્વનાથના સંઘના શ્રાવક તરીકે સૂત્રકારે ઓળખાવ્યા છે.

ભગવતીજીમાં અનેક સ્થળોએ વિવિધ હકીકતો–ચર્ચાઓના પ્રસંગો સંઘરાયા છે. ત્યાં વ્યક્તિઓનો પરિચય આપતા [3]**पासावच्चिज्जे पासावच्चिज्जा** વગેરે વિશેષણો દ્વારા પ્રસ્તુત વ્યક્તિઓ શ્રી પાર્શ્વનાથ સંઘની છે, એમ સૂચિત કર્યું છે.

ભગવતીજીમાં '[4]કાલાસવેસી' નામના અણગાર અને અન્ય [5]સ્થવિરોની પ્રશ્નોત્તરી આવે છે. ત્યાં [6]ગાંગેયનો તથા [7]તુંગિયા નગરીના ૫૦૦ શ્રાવકોનો અધિકાર આવે છે. તેમને પાર્શ્વાપત્યકો તરીકે જ ઓળખાવ્યા છે. ઉત્તરાધ્યયનમાં [8]કેશી ગણધર અને ઇન્દ્રભૂતિનો મનોહર સંવાદ આપ્યો છે, એમાં કેશીને શ્રી પાર્શ્વનાથની પરંપરાના અણગાર તરીકે ઓળખાવ્યા છે.

## શું મહાત્મા બુદ્ધ જૈન સાધુ હતા?

આ બધા ઉલ્લેખોથી એમ સમજાય છે કે ભગવાન મહાવીરની જ્ઞાતિમાં પાર્શ્વનાથનો સંઘ

---

૧. જુઓ–આચારાંગ–૨, ભાવચૂલિકા ૩, સૂત્ર ૪૦૧.

૨. જુઓ–સૂત્રકૃતાંગ–૨, શ્રુત, નાલંદીયા અધ્યયન.

૩. ભગવતી શતક ૧, ૫, ૯ વગેરે. સંસ્કૃતમાં 'પાર્શ્વાપત્યીય' કહેવાય.

૪. ભગવતી શતક ૧, ઉ. ૯, સૂ. ૭૬.

૫. ભગવતી શતક ૫, ઉ. ૯, સૂ. ૨૨૬.

૬. ભગવતી શતક ૯, ઉ. ૩૨, સૂ. ૩૭૧.

૭. ભગવતી શતક ૨, ઉ. ૫, સૂ. ૧૧૧.

૮. કેશી ગૌતમીયા અધ્યયન ૨૩મું; ગાથા ૨૩ થી ૩૨.

વિદ્યમાન હતો અને આ સંઘની પરંપરા તો મહાવીરના નિર્વાણ પછી ઘણા લાંબા સમય સુધી રહી હતી અને એ પરંપરામાં મહાન આચાર્યો થયા હતા. ખુદ મહાત્મા 'બુદ્ધ' પાર્શ્વનાથની જ નિગ્રંથપરંપરામાં અમુક સમય સુધી જૈન સાધુ તરીકે હતા. પાર્શ્વનાથ-સંતાનીય કેશી શ્રમણના આજ્ઞાવર્તી[1] પેહિત નામના જૈન સાધુથી પ્રતિબુદ્ધ બની તેમની જ પાસે એમણે જૈન દીક્ષા લીધી હતી. બુદ્ધ રાજપુત્ર હતા.

જૈન નિર્ગ્રંથ-પ્રવચન (શાસન) માં [2]પ્રાર્થના, તત્ત્વજ્ઞાન, આચાર, ઉપદેશ, અનુષ્ઠાન વગેરે માટે જે જે [3]શબ્દો યોજાયા છે, એ જ શબ્દો બૌદ્ધ, પિટકો અને અન્ય ગ્રંથોમાં સર્વથા સામ્ય ક્યાંથી ધરાવે? જૈનાગમો સિવાય બીજા કોઈ ધર્મ-પંથમાં આ શબ્દો છે પણ નહિ. વળી બુદ્ધે કરેલું તપ, સાધના અને દિનચર્યાની વાતો બૌદ્ધ ગ્રંથોમાં વર્ણવી છે, તે જૈન પરંપરા અને માન્યતાને અનુસરનારી ક્યાંથી હોય? સ્તૂપો, [4]ચિત્રપટો, બુદ્ધના વિવિધ શિલ્પો, એમના પ્રવચનમુદ્રાઓ, અનુષ્ઠાન-યંત્રાદિકમાં સારા પ્રમાણમાં જૈની છાયા અને જૈન અનુકરણો જે જોવા મળે છે, તે ક્યાંથી મળે? [5]બૌદ્ધ સાધુઓ અને જૈન સાધુઓનો પહેરવેશ, ભિક્ષાપાત્રો, [6]ભિક્ષાવ્યવસ્થા, [7]વંદન-મુદ્રાદિકમાં જૈન રીતિ-રિવાજો સાથે ઠીક ઠીક રીતે જે સામ્ય દેખાય છે, તે ક્યાંથી જોવા મળે? અહીંઆ કોઈને તર્ક થાય કે બુદ્ધના કુટુંબને જૈન ધર્મનો સંપર્ક થયો હોય અથવા તેના કુટુંબમાં શ્રાવક જેવો ધર્મ પળાતો હતો એવો કોઈ પુરાવો છે? જવાબ છે, હા, બૌદ્ધના [8]"અંગુત્તરનિકાય" નામના ગ્રન્થમાં એવો એક ઉલ્લેખ છે કે કપિલ વસ્તુ[9] નગરનો 'વપ્પ' નામનો એક શાક્ય નિર્ગ્રંથ શ્રાવક હતો, અને આ જ મૂલસૂત્રની એક કથામાં આ 'વપ્પ' ને ગૌતમ બુદ્ધના કાકા તરીકે સ્પષ્ટ ઓળખાવ્યો છે. બુદ્ધ પણ જાતિએ શાક્ય જ હતા. આ ઉપરથી ફલિત થાય છે કે ગૌતમ બુદ્ધના કુટુંબમાં પણ જૈન ધર્મ પાળનારા હતા અને આ ધર્મની અસરોથી પ્રભાવિત થઈ તેઓ પાર્શ્વનાથના સાધુઓના પરિચયમાં આવ્યા હોય અને પછી પ્રવજ્યા લીધી હોય તો તે જરાય અસંભવિત નથી. ધર્માનંદકૌસાંબી પણ પોતાના લખેલા **चातुर्याम** પુસ્તકમાં આ વાતને ટેકો આપે છે. આ બધાં કારણોથી બુદ્ધે જૈન નિર્ગ્રન્થ[10]-

---

૧. જુઓ ગ્રન્થ-'દર્શનસાર'.

૨. नमो अरिहंताणं नमो सिद्धाणं-બૌદ્ધોની આ પ્રાર્થના જૈન પ્રાર્થના સાથે ઘણું સામ્ય ધરાવે છે.

૩. પુગ્ગલ, આસ્રવ, સંવર, ઉવાસગ, સાવગ, અણગાર, સમ્યકૃત્વ, બોધિ, જ્ઞાન, દર્શન, ચારિત્ર, વિરતિ વગેરે. જો કે કેટલાક શબ્દોનું અર્થ સાથે સામ્ય નથી. આ બધા શબ્દો દીઘનિકાય, મજ્ઝિમનિકાય, મહાવગ્ગ વગેરેમાં નોંધાયા છે.

૪-૫-૬-૭ આ વિષયોનું સામ્ય બતાવવામાં પૃષ્ઠો વધી જાય, તેથી તેની વિગતો ચર્ચતો નથી.

૮. अथ सो वप्पो सक्को निगण्ठसावगो-અંગુત્તરનિ૰ ચતુષ્કનિપાત, પાંચમો વગ્ગ.

૯. નેપાળની નજીકમાં આવેલું શહેર, જ્યાં બુદ્ધનો જન્મ થયો હતો.

૧૦. હું મારા મિત્ર પ્રોફેસરો, એમ. એ. ભણતા વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને વરસોથી કહેતો રહ્યો છું કે "બૌદ્ધ અને જૈન ધર્મ—વચ્ચેનું સામ્ય અને તેનાં કારણો" આ વિષય ઉપર કોઈ પી. એચ. ડી. થાય તો, ઘણી નવી નવી બાબતો પ્રકાશમાં આવે. મારા મનમાં એક વાત એ પણ ઘોળાતી રહી છે કે શ્રમણ કે નિર્ગ્રંથ

સાધુધર્મનું આસ્વાદન જરૂર કર્યું હતું, એમ માન્યા સિવાય ચાલે તેમ નથી. આટલો ઐતિહાસિક ઉલ્લેખ કરી આગળ વધીએ.

## ભગવાન પાર્શ્વનાથ પુરુષાદાનીય કેમ કહેવાયા?

શાસ્ત્રકારે વર્તમાનના ૨૩ તીર્થંકરો પૈકી કોઈને પણ વિશિષ્ટ વિશેષણથી સંયુક્ત ઓળખાવ્યા નથી. જ્યારે ભગવાન પાર્શ્વનાથને આદર-બહુમાનવાળા વિશેષણથી બિરદાવ્યા છે અને એ વિશેષણ છે, 'પુરુષાદાનીય'. [1]કલ્પસૂત્ર, ભગવતીજી આદિમાં જ્યાં જ્યાં પાર્શ્વનાથનો નામોલ્લેખ થયો છે, ત્યાં ત્યાં સર્વત્ર આ વિશેષણપૂર્વક જ થયો છે. એટલું જ નહિ, ખુદ ભગવાન મહાવીરે[2] પણ સ્વમુખે 'પાર્શ્વ'નો ઉલ્લેખ કર્યો, ત્યારે 'પુરુષાદાનીય પાર્શ્વ' એ રીતે જ કર્યો છે. આ છે પાર્શ્વનાથ ભગવાનની પુણ્યાઈની પ્રકર્ષતા. પુરુષાદાનીય એટલે શું? તો જેમના વચન-વાણીને કોઈ પણ વ્યક્તિ પ્રેમ અને આદરપૂર્વક ગ્રહણ કરે, અથવા જેમનું નામ સહુ કોઈને લેવાનું મન થાય. આ રીતે જગતમાં તેમનાં નામ અને વાણી બંને આદરણીય અને પ્રિય હતાં. ટૂંકા શબ્દોમાં કહીએ તો તત્કાલીન પુરુષોમાં પ્રધાન સ્થાન ભોગવતા હતા, એટલે તે પુરુષાદાનીય કહેવાયા.

## લોકપ્રિય તીર્થંકર અને ૧૦૮ નામો :

ઉપર જણાવ્યું તેમ ભગવાન પાર્શ્વ જીવતા હતા, ત્યારે જેવા લોકપ્રિય હતા, તેવા જ લોકપ્રિય હજારો વરસો વીતવા છતાં પણ આજે છે. એમાં એ પરમ આત્માનો અજોડ પુણ્યપ્રકર્ષ, તેમનું અલૌકિક તપોબળ મુખ્ય કારણ હતું. પણ સાથે સહકારી કારણમાં ભગવાન પાર્શ્વની અધિષ્ઠાયિકા શ્રી **પદ્માવતી** દેવીજી પણ છે. ભૂતકાળમાં શ્રી પદ્માવતીજીના સાક્ષાત્કારો અનેક આચાર્યાદિ વ્યક્તિઓએ કર્યા છે. આજે પણ સાક્ષાત્કાર થઈ શકે છે. એમનો મહિમા-પ્રભાવ આજે જીવંત અને જોરદાર છે. જરૂર છે માત્ર ત્રિકરણ યોગે, સમર્પિતભાવે, પરમ શ્રદ્ધા-ભાવપૂર્વકની ભગવાન પાર્શ્વનાથજીની ઉપાસના. આ થાય તો ઈષ્ટફલસિદ્ધિના અનુભવો મલ્યા સિવાય રહેતા નથી. આમાં સેંકડો વ્યક્તિઓનો અનુભવ પ્રમાણ છે અને એથી જ આ કાળમાં સહુથી વધુ ઉપાસના પાર્શ્વનાથજીની થઈ રહી છે. એ ભગવાનની ફણાધારી આકૃતિ સહુને એકદમ ગમી જાય તેવી છે. વૈદિક ધર્મી હિંદુઓના ભગવાન શ્રીશંકરને કોશકારોએ

---

સંસ્કૃતિ સાથે સહુથી નજીકનો નાતો બુદ્ધ સંસ્કૃતિ સાથે છે, નહિ કે વૈદિક, છતાં બૌદ્ધો સાથે સર્વથા સગપણ કેમ જતું રહ્યું હશે? શું આજે એમની સાથે મિત્રતાના સંબંધો વિકસાવી ન શકાય? અત્યારે તો માત્ર સંકેત જ કરું છું, પણ ગંભીરપણે વિચારવા જેવી આ વાત છે.

૧. पासेणं अरहा पुरिसादाणीए। પાર્શ્વનાથ અર્હન્ પુરુષાદાનીય. પુરુષાદાનીયની વ્યુત્પત્તિ पुरुषश्चासौ आदानीयश्च आदेयनामतया च पुरुषादानीयः। पुरुषप्रधान इत्यर्थः। (કલ્પસૂત્રટીકા)

૨. 'ચાતુર્યામ' એટલે ચાર મહાવ્રતોને પાળનાર. પાર્શ્વાપત્ય અણગારોએ ભગવાન મહાવીરને જ્યારે પ્રશ્નો પૂછ્યા ત્યારે મહાવીરે ઉપર્યુક્ત શબ્દનો વ્યવહાર કર્યો હતો. पासेण अरहा पुरिसादाणीएणं सासइ लोए वुच्चइ (ભગ. ૫-૯-૨૬). *પુરુષાદાનીય વિશેષણ વાપરી ભગવાન મહાવીરે પોતાનો હાર્દિક આદર વ્યક્ત કર્યો છે.*

જનતાના અનુભવને ખ્યાલમાં રાખી **આશુતોષ** વિશેષણ કે પર્યાયવાચક શબ્દથી ઓળખાવ્યા છે, એનો અર્થ શીઘ્રપ્રસન્ન થનારા થાય છે. જૈનોમાં **આશુતોષ** તરીકે જો કોઈ પણ તીર્થંકરને બિરદાવવા હોય તો, એકી અવાજે સહુ ભગવાન 'પાર્શ્વનાથ' ને જ પસંદ કરે એમાં શંકા નથી. અને એથી જ ૨૪ તીર્થંકરો પૈકી ભાગ્યેજ કોઈ તીર્થંકર બે પાંચથી વધુ નામોથી ઓળખાતા હોય, પણ ભગવાન પાર્શ્વનાથ તો ૧૦૮[1] અને તેથી વધુ નામોથી ઓળખાય છે. એમનાં બનેલાં અનેક તીર્થો આજે પ્રભાવ પાથરી રહ્યા છે; આ ભગવાન પાર્શ્વનાથના પ્રગટ પ્રભાવને અને પાર્શ્વનાથ પ્રત્યેની સર્વોપરિ અનહદ ભક્તિને જ સૂચિત કરે છે. વળી સમ્મેતશિખરજી ઉપર વીશ તીર્થંકરો મોક્ષે ગયા, પણ એ પહાડ વર્તમાનમાં 'પારસનાથ હીલ' તરીકે જ પ્રખ્યાત છે.

## દેહપ્રમાણ અને દેહવર્ણ :

સર્વજનવલ્લભ, સહુના શ્રદ્ધેય અને શીઘ્ર આત્મીય બની જતા ભગવાન શ્રી પાર્શ્વદેવનું શરીર નવ હાથ પ્રમાણ હતું. તેમના શરીરનો રંગ કેવો હતો? એમ પૂછીએ તો મોટા મોટા આચાર્ય ભગવંતોથી લઈ શિક્ષકો સુધીના સહુ કોઈ–૯૦ ટકા લોકો **લીલો** જ કહેશે. પણ શાસ્ત્રોક્ત રીતે જોઈએ તો તેમનો યથાર્થ રંગ **નીલો** હતો, નહીં કે **લીલો**. નીલો એટલે–આકાશ જેવો ભૂરો (બ્લ્યૂ) રંગ.

તો શું લીલો ન માનવો? આ માટે તો એક સ્વતંત્ર લેખ લખવો પડે. પણ ટૂંકમાં એટલું જ છે કે પાછળથી પાર્શ્વનો રંગ લીલો અને કાળો બંને સ્વીકારવામાં આવ્યો છે અને પછી લીલાને અતિશય મહત્ત્વ અપાતાં નીલાનું સ્થાન લીલાએ વ્યાપક રીતે લીધું. આમ વૈકલ્પિક રંગ તરીકે લીલો (તથા કાળો) માન્ય રખાયો છે, એમ કેટલાક ગ્રન્થો અને અન્ય ઉલ્લેખો તેના સાક્ષી છે. મારા સંગ્રહમાં અને અન્યત્ર ભૂરા અને લીલા બંને રંગનાં ચિત્રો મને જોવા મલ્યાં છે. વિદ્વાનોએ આ અંગે ચોક્કસ નિર્ણય કરવો જોઈએ.

## ભગવાન પાર્શ્વનાથના અધિષ્ઠાયકો :

ભગવાન પાર્શ્વનાથના અધિષ્ઠાયકો કોણ?[2] એનો ચોક્કસ નિર્ણય આપી શકાય તેમ નથી. પણ આ સ્તોત્રમાં અને પ્રતિષ્ઠા, ચરિત્રાદિ ગ્રન્થોમાં પુરુષ–અધિષ્ઠાયક તરીકે 'પાર્શ્વ' યક્ષનો ઉલ્લેખ છે. અને સ્ત્રી-અધિષ્ઠાયિકા તરીકે પદ્માવતીજીનો ઉલ્લેખ છે. બીજી બાજુ અન્યત્ર પદ્માવતીજી જોડે ધરણેન્દ્રનો જ સંબંધ બતાવ્યો છે, કારણ કે પદ્માવતીજી ધરણેન્દ્રના જ પત્ની છે. તો પાર્શ્વને બદલે ધરણેન્દ્રને સ્થાન કેમ આપવામાં ન આવ્યું? છદ્માસ્થાવસ્થામાં કમઠના ઉપસર્ગ પ્રસંગે પાર્શ્વયક્ષ મદદે આવ્યા ન હતા, પણ ધરણેન્દ્ર–પદ્માવતીજી હાજર થયાં હતાં.

---

૧. ૧૦૮ નામને વ્યક્ત કરતું સ્તોત્ર આ જ ગ્રંથમાં છે.

૨. ઋષિમંડલ યન્ત્રપટોમાં તથા ચિંતામણિ આદિ પાર્શ્વનાથજીને લગતાં યન્ત્રોમાં પદ્માવતીની સામે ધરણેન્દ્ર જ બતાવ્યા હોય છે. પાર્શ્વયક્ષ નથી હોતા. નવાઈની વાત એ છે કે મંદિરોમાં પાર્શ્વયક્ષને નિયત કર્યા અને યન્ત્રપટોમાં ધરણેન્દ્રને નિયત કર્યા.

પદ્માવતીજીના મંત્રાક્ષરોમાં પુરુષયક્ષ તરીકે **પાર્શ્વ** અને સ્ત્રી અધિષ્ઠાયિકા તરીકે **પાર્શ્વયક્ષિણી** આવો ઉલ્લેખ મળે છે. તો પાર્શ્વયક્ષિણીથી શું સમજવું? પાર્શ્વથી યક્ષનું સ્વતંત્ર નામ સમજવું કે પાર્શ્વથી પાર્શ્વ ભગવાનનું ગ્રહણ કરવું? આ અંગે થોડી વિચારણા કરી લઈએ.

## અધિષ્ઠાયકો વગેરે અંગે એક વિચારણા

નિર્વાણકલિકા, ત્રિષષ્ટિ શલાકાપુરૂષચરિત્ર,[1] અભિધાન ચિન્તામણિકોશ,[2] સંતિકરં આદિ સ્તોત્રો–સ્તુતિઓ, કેટલાક વિધિ ગ્રન્થો, ભાવદેવસૂરિકૃત પાર્શ્વનાથચરિત્ર તથા ભાષાની . પદ્ય રચનાઓ ઇત્યાદિ કૃતિઓમાં ભગવાન શ્રી પાર્શ્વનાથના શાસનદેવતા તરીકે પાર્શ્વયક્ષ અને શાસનદેવી તરીકે પદ્માવતી યક્ષિણીને જણાવ્યા છે, જ્યારે વાદિરાજસૂરિકૃત પાર્શ્વનાથ ચરિત્રમાં તથા લાઇફ એન્ડ સ્ટોરિઝ ઓફ પાર્શ્વનાથ, તથા હાર્ટ ઓફ જૈનિઝમમાં શાસનદેવી તરીકે કેવળ પદ્માવતીને સ્વીકાર્યા છે અને યક્ષ તરીકે 'પાર્શ્વ' ને બદલે ધરણેન્દ્ર ને સ્વીકાર્યા છે. અરે! અન્ય સ્થળે તો શાસનદેવ તરીકે **વામન** એવા નામનો પણ ઉલ્લેખ થયો છે. તાત્પર્ય એ છે કે યક્ષના નામમાં પાર્શ્વ, ધરણેન્દ્ર અને વામન આ ત્રણ નામો જોવાય છે, પણ શાસનદેવીના નામમાં પદ્માવતી સિવાય બીજું કોઇ નામ પ્રાપ્ત થતું નથી એટલે તમામ ગ્રન્થકારોએ શાસનદેવી તરીકે પદ્માવતીજીને સ્વીકારેલી છે, એ બાબત નિર્વિવાદ છે.

આપણી ધરતીની નીચે રત્નપ્રભાથી ઓળખાતી એક પાતાલ પૃથ્વી છે, એ પૃથ્વીના પ્રારંભિક ભાગમાં જ ભવનપતિ અને વ્યન્તર એમ બે પ્રકારના દેવોનાં નિવાસો છે. એમાં ૨૪ તીર્થંકરનાં ૨૪ યક્ષો અને ૨૪ યક્ષિણીઓ એ વ્યન્તર નિકાયના દેવોની ત્રીજી નિકાયનાં હોય છે એવો ઉલ્લેખ ધર્મગ્રન્થોમાં મળે છે. આથી પ્રશ્ન એ ઉપસ્થિત થાય છે કે જો યક્ષ-યક્ષિણી વ્યન્તર નિકાયનાં જ હોય છે તો પછી ધરણેન્દ્ર અને પદ્માવતીજી એ બંને તો ભવનપતિ નિકાયનાં છે અને તે બંને પતિ–પત્નીના જ સમ્બન્ધવાળા છે એ પણ ગ્રન્થો જોતાં નિશ્ચિત છે, તો તેઓ શાસનદેવ–દેવી તરીકે કેમ હોઇ શકે? ત્રેવીસ તીર્થંકરોના શાસનદેવ-દેવી તરીકે ઓળખાતા યક્ષ–યક્ષિણીઓ વ્યન્તરના હોય અને આ એક જ પાર્શ્વ તીર્થંકરના એ બીજી નિકાયના હોય એમ કેમ સંભવી શકે?

બીજો પ્રશ્ન એ છે કે જે ગ્રન્થકારોએ વ્યન્તર નિકાયના પાર્શ્વને શાસનદેવ તરીકે જણાવ્યા એ જ ગ્રન્થકારોએ શાસનદેવી તરીકે ભવનપતિની પદ્માવતીજીને સ્વીકારી. આમ અલગ અલગ નિકાયની વ્યક્તિઓને એક જ તીર્થંકરના અધિષ્ઠાયકો તરીકે સ્થાન આપ્યું તો તેથી શું સમજવું?

---

૧. પર્વ ૯।૩.

૨. કાણ્ડ ૧–૪૩–૪૬ ૪. ગાથા ૧૦, ૫. સર્ગ ૭ શ્લોક ૮૨૭, ૬. પૃ. ૧૧૮–૧૬૭માં જુઓ ટિપ્પણ. ૭. પૃષ્ઠ ૩૧૩ ૮....., ગજમુખ દક્ષો વામન જક્ષો. ૯–૧૦ ધરણેન્દ્ર અને પાર્શ્વ બંને એક જ હોય તે રીતે પણ ઉલ્લેખ પાર્શ્વચરિત્ર (સર્ગ ૬, શ્લોક ૧૯૦–૧૯૪) માં થયો છે. શું યક્ષના આ ત્રણેય નામો એકાર્થક હોઇ શકે ખરાં?

ત્રીજો પ્રશ્ન એ છે કે જે ગ્રન્થકારોએ ભવનપતિની પદ્માવતી સાથે શાસનદેવ તરીકે ભવનપતિના જ ધરણેન્દ્ર[1]ને સ્વીકાર્યા, એટલે તેઓએ એક જ નિકાયની બંને વ્યક્તિઓને માન્ય રાખી. તે પછી યક્ષ–યક્ષિણીઓ વ્યન્તર[2] નિકાયના જ હોય છે એ નિયમ શી રીતે જળવાશે?

જો યક્ષ–યક્ષિણી પતિ–પત્નીના સગપણવાળા જ પસંદ કરાતા હોય તો પતિ એક નિકાયનો હોય અને પત્ની બીજી જ નિકાયની હોય એમ કેમ બની શકે? કારણે કે પાર્શ્વ વ્યન્તર નિકાયનો છે અને પદ્માવતી ભવનપતિ નિકાયની છે, બીજી બાજુ ધરણેન્દ્ર પદ્માવતી બંને પતિ–પત્નીના[3] સમ્બન્ધવાળા છે એવું ચરિત્રાદિ ગ્રન્થો સ્પષ્ટ જણાવે છે.

વળી ભગવાન પાર્શ્વનાથને ઉપસર્ગ થયો ત્યારે રક્ષા કરવા બંને સાથે જ આવ્યાં હતાં, કારણકે પાર્શ્વવિરોધી કમઠ સંન્યાસીના પંચાગ્નિતપના એક અગ્નિ કુંડમાંથી સળગતા લાકડાને પાર્શ્વકુમારે ચીરાવરાવ્યું ત્યારે તેમાંથી મરણાસન્ન નાગિણી–સર્પિણી નીકળી અને પાર્શ્વકુમારે પોતાના અનુચર[4]–સેવક પાસે એના કાનમાં નવકારમંત્ર સંભળાવરાવ્યો અને પચ્ચખ્ખાણ–પ્રત્યાખ્યાન કરાવ્યું અને તેથી સમાધિપૂર્વક તે મૃત્યુ પામી. અને ભવનપતિના ઈન્દ્ર-ધરણની પત્ની તરીકે ઉત્પન્ન થઈ. આ ઉલ્લેખ તેઓ બંને ભવનપતિ નિકાયના છે એમ સ્પષ્ટ સૂચવે છે.

બીજી એક બાબત પણ જાણવી ખાસ જરૂરી છે. તે એ કે લાકડું ચીરતાં એકલી નાગિણી નીકળી હતી કે સર્પ-સર્પિણી નીકલ્યા હતા અથવા નાગ-નાગિણીની જોડી નીકળી હતી?

આ અંગે શ્વેતાંબર ગ્રન્થોમાં બંને જાતના પાઠો મળે છે.

પણ પ્રાચીનકાળમાં રચાયેલા ચઉપન્ન. ચરિયં, સિરિપાસનાહ ચરિયં તેમજ ત્રિષષ્ટિશલાકા. વગેરેમાં માત્ર સર્પનો જ ઉલ્લેખ છે પણ સર્પિણીનો નથી. પણ અર્વાચીન ગ્રન્થોમાં નાગ-

---

૧. ગ્રન્થોમાં–રચનાઓમાં ધરણેન્દ્રના ઉલ્લેખો ભલે થયા, પણ એક હકીકત નિર્વિવાદ છે કે પાર્શ્વનાથના જિનમંદિરોમાં યક્ષ તરીકે પાર્શ્વયક્ષને જ બેસાડવામાં આવે છે. ત્યાં ધરણેન્દ્રને કદી સ્થાન નથી. પણ એક હકીકત જાણવા જેવી એ છે કે દિગમ્બરોમાં ૨૪ યક્ષ અને ૨૪ યક્ષિણીઓનાં નામોમાં ઘણો મોટો તફાવત છે. એમ છતાં દિગમ્બર શાસ્ત્રકારોએ પાર્શ્વનાથજીના યક્ષિણી તરીકે પદ્માવતીજીને જ સ્વીકાર્યા છે. અને એમણે તો યક્ષ તરીકે પાર્શ્વયક્ષને નહિ પણ ધરણેન્દ્રને સ્વીકાર્યા છે એ એક સૂચિત બાબત છે.

૨. યક્ષ–યક્ષિણી વ્યન્તર નિકાયની ત્રીજી નિકાયના કહેવાય છે. वंतरपुण अट्ठविहा, पिसाय भूया तहा जक्खा ॥ (બૃ. સં. ગા. ૩૪)

૩. જુઓ શોભનમુનિ કૃત સ્તુતિ ચતુર્વિંશતિકાની ટીકા. ઉપાધ્યાય યશોવિજયજીએ ઐન્દ્ર સ્તુતિમાં ભગવાન પાર્શ્વનાથની સ્તુતિની ચતુર્થ સ્તુતિમાં અધિષ્ઠાયકોનો ઉલ્લેખ કરતાં अहिपस्यकान्ता તરીકે ઉલ્લેખ કર્યો છે. अहिप થી ધરણેન્દ્ર સિવાય બીજી શું કલ્પના કરી શકાય?

જો કે સ્થાનાંગ (સૂત્ર. ૩૫) ભગવતીજી (શ. ૧૦, ઉ. ૫) અને જ્ઞાતા. (શ્રુ. ૨૩) એ આગમોમાં ધરણેન્દ્ર નાગરાજની જે આઠ અગ્ર મહિષીઓનાં નામો જણાવ્યાં છે તેમાં પદ્માવતીજીનો ઉલ્લેખ નથી તો શું પદ્માવતીજી તેમની સામાન્ય પત્ની તરીકે હશે ખરાં?

૪. કેટલાક ગ્રન્થકારો આ ઘટનાને કાશી દેશની રાજધાની વાણારસીના ઉપવનમાં બની હતી એમ નોંધે છે. જ્યારે પાસણાહ ચરિઉ ગ્રન્થકાર આ ઘટના કુશસ્થળમાં બની હતી એમ જણાવે છે.

નાગિણીની જોડીના ઉલ્લેખો થયા છે. આમ સર્પ અને નાગ બે નામના ઉલ્લેખો થયા છે.

નાગ-નાગિણી જોડીનો ઉલ્લેખ, દિગમ્બરીય ઉત્તર પુરાણમાં મળે છે. તેનું અનુસરણ શ્વેતાંબર ગ્રન્થકારો કે કવિઓએ કર્યું હોય તો અસંભવિત નથી.

નવકારમંત્ર ખુદ ભગવાન પાર્શ્વે સંભળાવ્યો હતો કે તેમના સેવકે? આ અંગે બંને જાતના ઉલ્લેખો મળે છે. ચઉપન્ન ચરિયં અને ત્રિષષ્ટિના આધારે ભગવાને સેવક પાસે નવકાર સંભળાવ્યાનો ઉલ્લેખ છે જ્યારે બીજા ગ્રન્થકારો ખુદ ભગવાને નવકાર સંભળાવ્યાનું જણાવે છે.

પ્રાસંગિક એ જણાવવું જરૂરી છે કે યક્ષ-યક્ષિણીઓમાં યક્ષિણીઓની જ મહત્તા વધારે જોવાય છે. અને તેય અમુક યક્ષિણીઓની જ. જેમકે ચક્રેશ્વરી, અમ્બિકા, પદ્માવતી. ચોવીશમા આ ત્રણની જ પ્રસિદ્ધિ વધારે. સ્તુતિ, સ્તોત્રો, મંત્રો એના જ બહુધા જોવા મળે. યક્ષનાં નહીંવત્ હોય. આનું કારણ શું? તો તે જણાવવું અહીં અસ્થાને છે.

## માથે ફણા શા માટે છે, અને શું છે?

ભગવાન પાર્શ્વનાથજીના માથે સામાન્ય રીતે ચાલુ મૂર્તિઓમાં સાતફણા બનાવવાનો રિવાજ છે. આમ તો ૯, ૨૭, ૧૫૮ અને ૧૦૦૮ મોટા-ફણાવાળો સર્પ બનાવવાનો રિવાજ છે, પણ પ્રાચીન કાળથી મૂર્તિઓમાં સાત ફણાથી વધુ ફણા જોવા મળતી નથી. હજુ ઓછી એટલે પાંચ જોવા મળે ખરી. છઠ્ઠા સૈકાથી લઈને અગિયારમા સૈકા સુધીની, વડોદરા પાસેના આકોટાના જંગલમાંથી નીકળેલી અનુપમ સૌન્દર્ય ધરાવતી ધાતુમૂર્તિઓ મુખ્યત્વે સાત ફણાવાળી જ છે. આજે તે વડોદરાની મ્યુઝિયમમાં વિદ્યમાન છે. પાછલા સૈકાઓમાં આ મર્યાદા જળવાઈ નથી, મનમાની સંખ્યાઓમાં તે થવા પામી છે.

આ રીતે જે ફણા કરવાની પ્રથા છે, તે પ્રથા ભગવાનની છદ્મસ્થાવસ્થામાં કમઠે કરેલા વૃષ્ટિના ઉપસર્ગ પ્રસંગે નાગકુમારનિકાયના ધરણેન્દ્રે, સર્પનું રૂપ લઈને ભગવાનના શરીરના રક્ષણ માટે પાછળ રહીને મસ્તક ઉપર ફણા ફેલાવી દીધી હતી. તેની સ્મૃતિમાં આ પ્રથા ચાલુ રાખવામાં આવી હોય; અને બીજું કારણ પણ છે, પણ તે અહીં નોંધતો નથી. આ ફણાને ગ્રન્થકારોએ ભગવાનના અંગરૂપે જ ગણી લેવામાં આવી છે. તાજુબીની વાત એ છે કે જૈનગ્રન્થકારોએ તીર્થંકરની પ્રતિમાના અંગ જેટલું જ મહત્ત્વ નાગકુમાર દેવ અને તેની તિર્યંચના પ્રકારની નાગાકૃતિને આપીને તેની પૂજા કરવાનું જણાવ્યું છે.

### પાર્શ્વનાથ અને ફણાનું આલ્બમ :

પાર્શ્વનાથજીની વિશિષ્ટ મૂર્તિઓ અને માત્ર વિવિધ પ્રકારની ફણાઓના જ સંગ્રહનું એક આલ્બમ જો પ્રગટ થાય તો ભક્તિવંતો અને કલાકારોને ફણાના વૈવિધ્ય તરીકે તે ઉપયોગી થઈ પડે.

## પાર્શ્વનાથજીની પ્રતિમાઓ :

આ ભગવાનની પ્રતિમાઓ પદ્માસન, અર્ધપદ્માસન અને ખડ્ગાસન ત્રણ પ્રકારે બનાવેલી મળે છે. તે પ્રતિમાઓ ભૂખરા પથ્થર ઉપર, આરસ ઉપર, તેમજ સોના–ચાંદી–પંચધાતુ અને કાષ્ઠમાં બનાવેલી પણ મળે છે. તે શ્વેત, શ્યામ, ગુલાબી, પીળા પથ્થરોમાં કંડારેલી મળે છે. ભૂરા પથ્થરમાં હજુ જોવા મલી નથી. એક તીર્થ, ત્રણ તીર્થ, પંચતીર્થ–કે પંચતીર્થી અને તેથી આગળ વધીને ચોવીશ તીર્થની પણ મળે છે. મૂર્તિઓ પરિકરવાળી અને પરિકર વિનાની પણ હોય છે. વચલા અમુક સમય દરમિયાન મૂળનાયક પાર્શ્વનાથ કે ગમે તે તીર્થંકર હોય, પણ જો તે પરિકર સાથે હોય તો પરિકરમાં યક્ષ–યક્ષિણી તરીકે પાર્શ્વ (કે ધરણેન્દ્ર) તથા પદ્માવતી કે અત્યારના નિયમ મુજબ તે તે ભગવાનના તે તે યક્ષ-યક્ષિણી જ મૂકાતા હતા, એવું ન હતું. તે વખતે ભગવાનની જમણી બાજુના પરિકરમાં [1]મોટા પેટવાળો એક અજ્ઞાત યક્ષ અને યક્ષિણી તરીકે બધાયમાં[2] 'અંબિકા' જ બનાવવામાં આવતી હતી.

## એક જાણવા જેવી નવીન હકીકત :

આ સ્તોત્રની પાંચ ગાથાઓમાં તેમનો બહુમાન્ય સ્પષ્ટ પ્રભાવ વર્ણવ્યો છે. એમાં પહેલી જ ગાથામાં ભગવાનને **मंगल** અને **कल्याण**ના આવાસ જણાવ્યા છે, જ્યારે ચોથી ગાથામાં **'चिंतामणिकप्पपायवब्भहिए'** આવો પાઠ છે. આમ તો આ વિશેષણો છે, વિશેષ્ય નથી. પણ કોઈ વિદ્વાન મુનિ વ્યક્તિએ **मंगल, कल्याण, चिंतामणि, कल्पपादव** આ ચાર શબ્દોને વિશેષનામ તરીકે ગણીને આ નામની પાર્શ્વનાથજીની ચાર મૂર્તિઓ બનાવી ચતુર્મુખ–ચૌમુખજી, તરીકે આબુ પહાડ ઉપર દેલવાડામાં[3] ખરતરવસહીના પહેલા મજલામાં સ્થાપિત કર્યા છે; પૂર્વ દિશામાં **मंगलकर** પાર્શ્વનાથ, દક્ષિણ દિશામાં **कल्याणकर** પાર્શ્વનાથ[4], પશ્ચિમ દિશામાં **मनोरथकल्पद्रुम** પાર્શ્વનાથ અને ઉત્તર દિશામાં **चिंतामणि** પાર્શ્વનાથ છે. આ મૂર્તિઓ ઘણી મોટી અને ભવ્ય છે તથા નવ ફણાઓવાળી છે.

અહીં એક વાતનું ધ્યાન ખેંચવું જરૂરી છે કે પાર્શ્વદેવગણિએ કરેલી ઉવસગ્ગહરં સ્તોત્રની વૃત્તિમાં **'मंगलकल्लाण आवासं'** આ શબ્દનો 'પાર્શ્વનાથ જિનાલય' એવો માર્મિક અર્થ કર્યો છે. કોઈ વિદ્વાને જિનાલય શબ્દની મૂર્તિ અર્થમાં લક્ષણા કરી એ નામની મૂર્તિ ભરાવવાનો વિચાર કર્યો હશે. પછી થયું હશે કે બે મૂર્તિથી શું મેળ મળે? એટલે પછી તેને ચતુર્મુખી બનાવવા 'ચિંતામણિ' અને 'કલ્પદ્રુમ' શબ્દને મૂર્તિના વિશેષનામ રૂપે સ્વીકારી ઉપર્યુક્ત મંદિર બનાવરાવ્યું

---

૧. કોઈ એને સ્નાતસ્યા સ્તુતિમાં વર્ણવેલ 'સર્વાનુભૂતિ' તરીકે સૂચિત કરે છે, પણ મારી દૃષ્ટિએ એ નિઃશંક નિર્ણય નથી.

૨. આવી થોડી મૂર્તિઓ વાલમ શહેરના મંદિરની ભમતીમાં છે. એક જમાનામાં અંબિકાને જ જૈનસંઘે શ્રી સંઘની અધિષ્ઠાયિકા તરીકે સ્થાપિત કરી હતી, એ આ અને બીજા પ્રમાણોથી સૂચિત થાય છે.

૩. આના પુરાવા માટે જુઓ–મુનિશ્રી જયંતવિજયજી લિખિત 'તીર્થરાજ આબુ' ભાગ-૧. પૃષ્ઠ ૧૭૧–૭૨.

૪. 'कल्याणकर' શબ્દ ભૂંસાઈ ગયો છે, પણ સંદર્ભથી એ જ છે એમાં શંકા નથી.

હશે. જો કે આ મારું એક અનુમાન છે.

પાર્શ્વનાથ ભગવાન મંગલ અને કલ્યાણને કરનારા છે, ચિંતામણિ રત્નની જેમ ચિંતાને દૂર કરનારા છે, કલ્પવૃક્ષની જેમ ભક્તજન જે જે માગે તેને આપનારા છે.

## સહુથી વધુ લોકોમાં સહુથી વધુ ગણાતું સ્તોત્ર :

જાણવા જેવી કેટલીક હકીકતો જણાવ્યા બાદ હવે મૂલ ગ્રન્થ અંગે કહું. આ ગ્રન્થ જૈન સંઘના નાનકડા છતાં બહુમાન્ય 'ઉવસગ્ગહરં' સ્તોત્ર અંગે વિવિધ ખ્યાલો આપતો સુંદર ગ્રન્થ છે. આ સ્તોત્ર મૂર્તિપૂજક સમ્પ્રદાયમાં મંદિરમાં જઈને નિત્યકર્મરૂપે કરાતા ચૈત્યવંદનમાં નિશ્ચિત સ્થાન પામેલું છે. લાખો જૈનો મંદિરમાં જઈને બોલે છે, અને પોતાના ઘરમાં રહીને પણ ૧૦૮, ૨૧, ૭ વાર ગણનારા હજારો ભાવિકો છે. ભગવાન પાર્શ્વનાથ ઉપરના હાર્દિક ભાવનાના કારણે તેમના સ્તોત્રસ્તુતિ ઉપર પણ એવો જ ભાવ સ્વાભાવિક રીતે જાગે જ, એટલે વિદ્યમાન–વિવિધ અન્ય સ્તોત્રોમાં સહુથી વધુ વ્યક્તિઓ દ્વારા સહુથી વધુ સંખ્યામાં ગણાતું આ સ્તોત્ર હશે, એમ મારું માનવું છે.

આ સ્તોત્ર તેના મન્ત્ર-યન્ત્રો અને તેની ઉપાસના કેમ કરવી? કેવી રીતે કરવી? એનો વિસ્તૃત પરિચય ગ્રન્થમાં આપેલો જ છે, એટલે તે અંગે વિશેષ ન લખતાં હું તો તેનું થોડું જ ઉડતું અવલોકન રજૂ કરું છું.

## સ્તોત્રની ઉત્પત્તિનું કારણ અને સંખ્યામાન :

આ સ્તોત્રના કર્તા શ્રીભદ્રબાહુસ્વામીજી છે. [1]ભદ્રબાહુના ભાઈ વરાહમિહિરે વ્યન્તર થયા પછી ગત જન્મના રોષના કારણે શ્રી સંઘમાં મહામારીનો ઉપદ્રવ કર્યો, ત્યારે તેનું શમન કરવા આ પ્રભાવક સ્તોત્ર રચી શ્રીસંઘને ઉપયોગ કરવા આપ્યું અને તેથી ઉપદ્રવ શાંત થયો, ત્યારથી આ સ્તોત્ર પ્રચલિત બન્યું છે.

આ સ્તોત્ર પાંચ,[2] છ,[3] સાત,[4] ૯, ૧૩, ૧૭, ૨૦,[5]–૨૧,[6] આમ વિવિધ માનવાળું બન્યું છે. તો અસલ ગાથા કેટલી હશે? એમ પ્રશ્ન થાય, તો આ સ્તોત્રના તમામ ટીકાકારોના

---

૧. આ ભદ્રબાહુ કયા? એ માટે આ ગ્રન્થનું પ્રકરણ નં. ૫ જુઓ.

૨. આ સ્તોત્રના ટીકાકાર દ્વિજપાર્શ્વદેવ પાંચ ગાથા હોવાનું કહે છે.

૩. પ્રિયંકરનૃપકથાના કર્તા જિનસુરમુનિ પૂર્વે છ ગાથા હતી, એમ ટીકામાં કહે છે.

૪. સ્તોત્રના વૃત્તિકાર હર્ષકીર્તિ સાત ગાથા હોવાનું નોંધે છે.

૫. પાછળથી આ સ્તોત્રમાં યથેષ્ટ વધારો થતો રહ્યો અને તે કાગળ ઉપર અંકિત થયો, એટલે આજે ૯ થી લઈને ૨૭ સુધીના વિવિધ માનવાળું સ્તોત્ર બની ગયું.

૬. આ સ્તોત્ર ઉપર વૃત્તિ–ટીકા અવચૂરિ મલીને ૧૧ ની સંખ્યા છે. તેજસાગરમુનિએ આ સ્તોત્રના પ્રત્યેક ચરણની પાદપૂર્તિ રૂપે એક સ્તુતિ રચી છે તે અને વર્તમાનમાં આચાર્ય શ્રી ધર્મધુરંધરસૂરિજીએ પણ પાદપૂર્તિરૂપે એક કૃતિ રચી છે. બંને આ જ ગ્રન્થમાં મુદ્રિત થઈ છે.

કથન મુજબ તો પાંચ ગાથામાં જ રચાયું હતું, એમ સ્પષ્ટ થાય છે. પાછળથી આરાધ્ય ભક્તો આ ગાથામાં ઉમેરો કરતા આવ્યા છે.

## ભગવતી શ્રી પદ્માવતીદેવીજી :

શ્રી પાર્શ્વનાથ પ્રભુના અધિષ્ઠાયકો તરીકે પાર્શ્વયક્ષ, ધરણેન્દ્રદેવ અને પદ્માવતી ત્રણની વિશેષ પ્રસિદ્ધિ છે. પણ ચોથી વૈરોટ્યાદેવી એને પણ અધિષ્ઠાયિકાદેવી તરીકે કેટલાકોએ સ્વીકારી છે. બંને ધરણેન્દ્રની જ દેવીઓ છે. વાલકેશ્વરમાં ભગવતી શ્રી પદ્માવતીજીની પરિકરવાળી અદ્વિતીય મૂર્તિ સ્થાપિત કરવામાં આવી છે, તેમાં વૈરોટ્યાને પણ સ્થાન આપ્યું છે.

ॐ नमः पार्श्वनाथाय विश्वचिंतामणीयते।
ह्रीँ धरणेन्द्रवैरोट्या–पद्मादेवीयुतायते॥१॥

આનો આદર્શ મૂર્તિમાં રજૂ કરવામાં આવ્યો છે.

## સ્તોત્રફલ અને જપવિધાન :

આ સ્તોત્રનું નામ જ સૂચિત કરે છે કે આનો પાઠ ઉપસર્ગો–એટલે ઉપદ્રવો–વિઘ્નો–અનિષ્ટોનું શમન કરનાર છે. આ ગ્રન્થમાં જ જણાવવામાં આવ્યું છે કે પાર્શ્વનાથજીની આરાધના શાન્તિ–મંગલને કરનારી, શુભસંપત્તિ, ઈષ્ટસિદ્ધિ, પુત્રપ્રાપ્તિને આપનારી છે.

રોજ ૧૦૮ વાર પવિત્ર થઈ, શુદ્ધ વસ્ત્રાદિક પહેરી, હાર્દિક ભાવપૂર્વક, પૂર્વદિશા સન્મુખ સ્થિરાદિ આસને બેસી જાપ કરે તો કાર્યની સિદ્ધિ થાય છે. છ મહિના સુધી જો અખંડ ગણે તો દૈવિક દોષો અને રાજકીય ભયો કદી થતા નથી તથા માનસિક બેચેની દૂર થઈ પ્રસન્નતા અનુભવાય છે. કલિકાળમાં પણ આ મહિમાવંત સ્તોત્ર છે.

## પ્રસ્તુત ગ્રન્થનો પરિચય :

શતાવધાની પંડિતજીએ પ્રારંભમાં પાર્શ્વનાથજીની ઐતિહાસિક સાબિતી–માહિતી આપીને જીવનચરિત્ર આપ્યું છે. મંત્રોપાસનાનું સ્થાન, તેનો સદુપયોગ, સાધનાવિધિ, પાંચ ગાથાઓનો અર્થ, મંત્રના પ્રકારો, યન્ત્રના પ્રકારો, તેનો પૂજનવિધિ, પ્રભાવ, પાંચ ગાથાવાળાથી લઈને ચાર જાતના બીજા ઉવસગ્ગહરં સ્તોત્રો, તેનો અર્થ, શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં ૧૦૮ નામો, તેમનાં તીર્થોનો રસિક પરિચય અને અત્યુપયોગી યંત્રોનો વિશાળ સંગ્રહ, આ બધી વસ્તુથી આ કૃતિને સમૃદ્ધ બનાવવામાં આવી છે. લેખકે આ માટે પુષ્કળ પરિશ્રમ ઉઠાવ્યો છે.

---

મારા વિદ્વાન મિત્ર શ્રી. અગરચંદજી નાહટાના એક લેખ દ્વારા હમણાં જ નવી વાત જાણવા મલી કે આ સ્તોત્રની પાંચ ગાથા ઉપર યાકિની મહત્તરા સૂનુથી ઓળખાતા હરિભદ્રસૂરિજીએ 'ઉવસગ્ગહરસ્તવ પ્રબંધ' આ નામની ૧૯૫ સંસ્કૃત શ્લોકોની રચના કરેલી મલી છે. પણ એ લેખમાં એમને રજૂ કરેલા થોડા શ્લોકોની ભાષા જોતાં કર્તા અંગે મન શંકાશીલ રહે છે.

## શતાવધાનીજીને ધન્યવાદ :

તેઓ એક માર્મિક વિદ્વાન બહુશ્રુત વ્યક્તિ છે. જૈન સમાજમાં આવી પરિશ્રમી વ્યક્તિઓ ઘણી ઓછી જોવા મળે છે. 'મને તો તેમની અનેક જ્વલંત શક્તિઓ, પ્રખર જ્ઞાનોપાસના, ગુણગ્રાહિતા, તાત્ત્વિક વિચારદૃષ્ટિ વગેરે કારણે હાર્દિક આદરભાવ છે એટલે એમની પ્રવૃત્તિને હું અને અમારા પૂજ્ય ગુરુવર્યો વરસોથી વિવિધ રીતે સહકાર આપતા રહ્યા છીએ.

આ ગ્રંથના પ્રકાશનથી મન્ત્ર-યન્ત્રને લગતી તેમણે શરૂ કરેલી ગ્રન્થ શ્રેણીમાં એક મહત્ત્વના ગ્રન્થનો ઉમેરો થાય છે. આવા ગ્રન્થોની જરૂરિયાત માટે હું વીસ વરસથી સ્વપ્નું સેવતો હતો. મંત્ર-યંત્ર-તંત્રને લગતા બે ગ્રન્થો વ્યવસ્થિત, શુદ્ધ અને વિશિષ્ટ રહસ્યો દર્શાવવા પૂર્વક તૈયાર કરવા માટે કેટલીયે સામગ્રી હું સંચિત કરતો રહ્યો છું, પણ મારો માલ ગોડાઉનમાં જ પડ્યો રહ્યો, જ્યારે કુશળ વેપારી જેવા પંડિતજીએ તો સંગ્રહીત માલ ગોડાઉનમાંથી લાવી બજારમાં મૂકી દીધો છે. આપણા માટે એ આનંદનો વિષય છે. અગાઉની જેમ રસપ્રદ શૈલીમાં લખાયેલા આ સુંદર ગ્રન્થને જનતા સહર્ષ સત્કારશે જ, એમાં શંકા નથી. અન્તમાં નિમ્ન શ્લોક દ્વારા મારા અજપાજાપની જેમ અદર્શનદર્શન જેવા ભગવાન પાર્શ્વનાથના સમતા-ક્ષમાભાવની સ્તુતિ અને વિનંતી કરી વિરમું છું.

**कमठे धरणेन्द्रे च, स्वोचितं कर्म कुर्वति।**
**प्रभुस्तुल्यमनोवृत्तिः, पार्श्वनाथः श्रियेऽस्तु वः।।**

—*શ્રી હેમચંદ્રાચાર્ય*

**અર્થ**—એક બાજુ દુશ્મન કમઠે આપને ત્રાસ આપવા વરસાદનો ભયંકર ઉપસર્ગ કર્યો, બીજી બાજુ આપના ભક્તદેવ ધરણેન્દ્રે આપની પાસે આવી ઉપસર્ગથી રક્ષણ કર્યું. એક શત્રુ અને એક મિત્ર પોતપોતાને યોગ્ય કર્મ કરવા છતાં હે પ્રભુ! આપે તો બંને ઉપર સમાન મનોવૃત્તિ રાખી. ધન્ય હો આપને!

આવા હે પાર્શ્વનાથ ભગવાન! આપ સહુનું કલ્યાણ કરો.

આ સ્તોત્રના નિત્ય-નિયમિત પાઠ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં ચાલી રહેલા અનેક ઉપદ્રવોથી સહુનું રક્ષણ થાય, એ જ શુભેચ્છા.

પ્રસ્તાવના લખવાની પુણ્યતક આપવા બદલ લેખકમિત્રને ધન્યવાદ!

વિ. સં. ૨૦૩૦
પોષ વદિ દશમ
વાલકેશ્વર, મુંબઈ.

*મુનિ યશોવિજય*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સ્યાદ્વાદ રહસ્યની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૩૦ ઇ.સન્ ૧૯૭૪

૩૩

## ※ સંપાદકીય નિવેદન ※

યશોભારતી જૈન પ્રકાશન સમિતિ તરફથી પ્રકાશિત થઇ રહેલી નવ ગ્રન્થોની સીરીઝમાં આ પુસ્તક સાતમું છે. ૧ થી ૬ ગ્રન્થો અને ચાલુ સીરીઝમાં છેલ્લું નવમું એમ સાત પુસ્તકો બહાર પડી ગયાં છે.

'સ્યાદ્વાદ રહસ્ય' થી ઓળખાતી ત્રણ ટીકાઓનું સંશોધન, સંપાદન અલગ અલગ વરસોમાં થવા પામ્યું હતું. આ પુસ્તકમાં ત્રણ વૃત્તિનો ક્રમ પ્રથમ બૃહદ્ પછી મધ્યમ અને પછી જઘન્ય આ રીતનો છે.

બૃહદ્વૃત્તિએ પાનાં નં. ૧ થી ૮૭ રોક્યાં છે. મધ્યમ વૃત્તિએ પાનાં નં. ૮૮ થી ૧૨૩ અને જઘન્ય વૃત્તિએ પાનાં નં. ૧૨૪ થી ૧૬૦ રોક્યાં છે. આથી બૃહદ્માં ૮૭, મધ્યમમાં ૩૬ અને જઘન્યમાં ૩૭ પાનાં મુદ્રિત થયાં છે. ત્રણેયનાં સંમિલિત પાનાં ૧૬૦ થાય છે.

બૃહદ્ વિવરણ ૧૧ શ્લોકનું કર્યા બાદ ૧૨ મા શ્લોકનું અધૂરું રહી ગયું છે, મધ્યમ વિવરણ ત્રણ શ્લોકનું કર્યા પછી અધૂરું રહી ગયું છે અને જઘન્ય વિવરણ અષ્ટમ પ્રકાશના બારે બાર શ્લોક ઉપર મળ્યું છે એટલે એ રચના સંપૂર્ણ છે. બૃહદ્ વિવરણનું પરિણામ મોટું હોવાથી બૃહદ્ નામ રાખ્યું છે. મધ્યમ અને જઘન્યનું લગભગ સરખું છે.

ત્રણેય કૃતિઓ એક સાથે મળી ન હતી, આંતરે આંતરે મળેલી. જેનાં હસ્તલિખિત પાનાં વધુ તેનું મેં સ્વેચ્છાથી બૃહદ્ નામ રાખ્યું, તેથી ઓછાં પાનાં તેને પછી મધ્યમ કહી અને તેથી ઓછાં પાનાંને જઘન્ય નામ આપ્યું, જો કે જઘન્યનાં લખેલાં પાનાં ઓછાં હતાં પણ લખાણ બારીક અક્ષરોવાળું અને થોડું ગીચ વધારે એટલે જઘન્ય પણ મધ્યમ જેવડી જ થવા પામી.

આ ત્રણેય વૃત્તિઓ પ્રાયઃ ૨૦૩૦માં છપાઈ ગઈ હતી, પરંતુ પરિશિષ્ટો, શુદ્ધિપત્રક વગેરે કાર્ય તત્કાલ થઈ શક્યું નહિ અને એ આ ગ્રન્થ સાથે જોડાઈ શક્યું નહિ. બીજી બાજુ આ ગ્રન્થનું નામ જ સ્યાદ્વાદ હોવાથી સ્યાદ્વાદ ઉપર સહુ સમજી શકે એ રીતે એક ૮-૧૦ પાનાંનો નિબંધ લખવો અને આ બધું ન થાય ત્યાં સુધી પુસ્તક બહાર પાડવું નહિ એવો દૃઢ નિર્ણય કરી બેઠો હતો. બીજી બાજુ અન્ય વ્યવસાયો ચાલુ હતા એટલે આ કાર્ય થઈ ન શક્યું અને પ્રકાશન દશ દશ વર્ષ વીતવા છતાં થવા ન પામ્યું.

બીજી બાજુ આપણી ભારતીય પ્રાચ્યતત્વ સમિતિએ પિણ્ડવાડાથી સં. ૨૦૩૨માં આ જ ત્રણેય ટીકાઓ '**स्याद्वाद रहस्य**' આ નામ નીચે છપાવી પુસ્તક પ્રકાશિત કર્યું; જ્યારે મારું તૈયાર થયેલું ભાણું થોડી ચટણી તૈયાર ન થઈ શકી એટલા ખાતર પીરસી ન શકાયું; પણ પિણ્ડવાડાની ઉત્તમ પ્રકારે સંપાદિત થયેલી કૃતિ જોઈને આનંદ અનુભવ્યો.

## એક ખુલાસો-

એક ખુલાસો કરું કે-પિણ્ડવાડાના પ્રકાશનમાં મારામાં જે ટીકાને 'મધ્યમા' તરીકે કહી છે એને જ તેમાં 'બૃહદ્' તરીકે માન્ય રાખી છે. અભ્યાસ કરનારા વાચકો એ ભેદ બરાબર ધ્યાનમાં રાખે. જ્યારે પિણ્ડવાડાવાળાએ આ વર્ગીકરણ શ્લોકોનું વિશદ વર્ણન (ટીકા દ્વારા) કઈ કૃતિમાં છે એ દૃષ્ટિ રાખીને કર્યું છે.

જઘન્યકૃતિ સં. ૧૭૦૧માં લખાયેલી છે. બાકીની બે અધૂરી હોવાથી એની સાલ મળી નથી. ત્રણેય ટીકાને બરાબર ખંતથી મેળવીએ તો કદાચ કયો નંબર આપવો તે કદાચ મળે અને ન પણ મળે. એનો અભ્યાસ કરી નિર્ણય લેવાનું વાચકો ઉપર છોડી દઈએ.

★ ઉપાધ્યાયજીના ગ્રંથોના મુદ્રણમાં સંધિના નિયમોનું પાલન, અન્ય વ્યવસ્થા મારી સૂઝબૂઝ પ્રમાણે કરેલ છે.

★ ઉપાધ્યાયજીના ન્યાયના ગ્રન્થોમાં આવેલા પ્રાચીન-અર્વાચીન-જૈન-અજૈન વિદ્વાનોનો તેના સમય સાથેનો ટૂંકો પરિચય પૂરો લખી શકાયો નહીં તેથી આપી શક્યો નથી તેનો રંજ થાય છે.

★ આ પુસ્તકનાં પરિશિષ્ટો બાઈન્ડિંગ થતાં પહેલાં આપી શકાશે તો આપશું.

★ યશોભારતીનાં પ્રકાશનોનું કામ જુદાં જુદાં ચાર શહેરોમાં થયું, જેથી છાપકામ અને મુદ્રણની દૃષ્ટિએ સંતોષજનક થવા ન પામ્યું. પ્રતિકૂલ સંજોગો અને વર્તમાન દશકાથી પ્રેસોની બદલાઈ ગયેલી ઘણી જ વિષમ પરિસ્થિતિ અને સહાયક વ્યક્તિઓનો સતત અભાવ વગેરે જોતાં ક્વોલિટી-સારા કામનો મોહ જતો કર્યો છે. અને જેમ અને જેવું—રીતસર છપાય તે સ્વીકારી લેવું એ આજનો લગભગ યુગધર્મ બન્યો છે. કલાનું તો મારું ક્ષેત્ર છતાં ગેટ-અપ અને મુદ્રણ બન્નેની ક્ષતિઓ માટે ઘણો રંજ અને ખેદ છે. પણ હવે અવસ્થા, નબળી પડેલી શારીરિક પરિસ્થિતિ અને હજુ કલાનાં ઘણાં મોટાં કાર્યો હોવાથી, 'મોટી સંગ્રહણી' ગ્રન્થનું ઘણું મોટું કામ હોવાથી, બહુ સારાનો આગ્રહ છોડી જલદી કામ થાય તે દૃષ્ટિને લક્ષ્યમાં રાખી હવે જાહેરની કે અન્ય

સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિઓ ગૌણ કરીને સાહિત્ય અને કલાનાં કાર્યો પૂરાં કરી દેવાં તેનું પ્રધાન લક્ષ્ય રાખ્યું છે. જોઈએ કુદરત કેટલી મદદે રહે છે. અન્તમાં શાસનદેવગુરુ અને ભગવતીજીની કૃપા ઊતરતી રહે! એ પ્રાર્થના સાથે સમાપ્તિ કરું છું.

ષડ્દર્શનવેત્તા તર્કન્યાયરત્ન સંશોધનમાં સહાયક, પં. શ્રી ઈશ્વરચંદ્રજી, તથા શ્રી ધૈર્યકુમાર શાહ જેને આ પુસ્તક છાપી આપ્યું તે બદલ હાર્દિક ધન્યવાદ.

પુષ્પ છઠ્ઠા અને આ સાતમાની લાંબી વિષયાનુક્રમણિકા સંસ્કૃતમાં તૈયાર કરી હતી પણ આજની પરિસ્થિતિમાં આપવી વિશેષ આવશ્યક ન લાગવાથી તે છાપવાનું મુલતવી રાખ્યું. જૂના વખતમાં પ્રસ્તાવના આદિ સંસ્કૃતભાષામાં આપવાની પ્રથા હતી, કેમકે એ વખતે તેનું મહત્ત્વ હતું અને સંસ્કૃતમાં લખવું ગૌરવરૂપ ગણાતું. પણ આજે એ પરિસ્થિતિ પલટો ખાઈ ગઈ છે. આજે જો સંસ્કૃતમાં વધુ આપીએ તો ગણી ગાંઠી વ્યકિતઓ જ એ વાંચશે અને મોટો ભાગ તેનાથી વંચિત રહેશે. તો જેને માટે લખાય છે તે જ વાંચી ન શકે તો શું કામનું? એટલે મેં પહેલેથી જ યશોભારતીના ગ્રંથોમાં ગુજરાતી, હિન્દી બે જ ભાષાનું ધોરણ સ્વીકાર્યું છે.

ઉપાધ્યાયજી ભગવંતનું ભવ્ય કલર ચિત્ર આપણા જાણીતા કુશળ ચિત્રકાર શ્રી ગોકુલભાઈ કાપડિયાએ બનાવ્યું છે તે માટે તેમને ધન્યવાદ આપવા અહીં તે પ્રગટ કર્યું છે. ઉપાધ્યાયજીનું આ પ્રકારનું ચિત્ર પહેલી જ વાર પ્રગટ થયું છે, જે મારા માટે આનંદનો વિષય છે.

★ પ્રથમ શુદ્ધિપત્રક જોઈ ગ્રન્થ સુધારી પછી અધ્યયન કરવું.

**તા. ક. એક ખુલાસો**—ગ્રન્થના અન્તમાં શુદ્ધિપત્રક જે છાપ્યું છે. તેમાં મથાળે आत्मख्याति નામ આપ્યું છે, પણ દિલ્હીવાળા પ્રેસે ભૂલ કરી છે. आत्मख्याति ઉપરાંત वादमाला, विषयतावाद નામ પણ છાપવું જરૂરી હતું. કેમકે શુદ્ધિપત્રક ત્રણેયનું છે.

પાલિતાણા
જૈન સાહિત્ય મંદિર
સં. ૨૦૩૮

—*યશોદેવસૂરિ*

કલિકાલ સર્વજ્ઞ ભગવંત શ્રી હેમચંદ્રાચાર્યજી વિરચિત

# વીતરાગસ્તોત્રનો અલ્પ પરિચય

જૈનસંઘમાં મહત્વના પ્રસિદ્ધ સ્તુતિકારો તરીકે શ્રી સિદ્ધસેનદિવાકર, શ્રી સમન્તભદ્રજીની જેમ શ્રી હેમચન્દ્રાચાર્યજી પણ ખૂબ જ જાણીતા છે.

વીતરાગ સ્તોત્રની રચના ભકિતમાર્ગની અને કાવ્યરચનાના ક્ષેત્રની એક અનોખી હૃદયંગમ વિશિષ્ટ રચના છે. વીતરાગથી અહીં તીર્થંકરો કે જિનેશ્વરો સમજવાના છે. સર્વગુણસંપન્ન એ મહાન આત્માના અદ્‌ભુત ગુણોની અનુપમ સ્તુતિ આમાં કરવામાં આવી છે. કલિકાલસર્વજ્ઞ જેવા અગાધ બુદ્ધિના નિધાન જ્યારે સ્તુતિ કરે ત્યારે તે કેવી ઉચ્ચતમ કક્ષાની બને છે; તે શબ્દ અર્થ,

ભાવ અને તેના રહસ્યને સમજનારા અને તેનું આત્મસંવેદન કરનારા આત્માઓ જ સમજી શકે, કારણકે આ સ્વસંવેદ્ય બાબત છે.

આ સ્તુતિમાં માત્ર વૈરાગ્ય, અધ્યાત્મ અને ભકિતરસની ગંગા જ વહેવરાવી છે એવું નથી, પણ તે ઉપરાંત બીજા અનેક વિષયોની નાની મોટી ઝલકો જોવા મળે છે. ભકિતભાવથી સભર અને દાર્શનિક છાંટથી ઝળહળતા આ સ્તોત્રના વીશ પ્રકાશ છે અને તેના શ્લોકો ૧૮૦ છે.

અહીં છાપેલી ટીકાઓ માત્ર આઠમા પ્રકાશ ઉપર જ કરી છે; કેમકે ઉપાધ્યાયજી પ્રાચીન ન્યાય અને એમાં નવ્ય–ન્યાયનું પાન કરી ગયેલા, એમાંય નવ્યન્યાયના તો ખણખણતા પુરુષ હતા, અને વીશ પ્રકાશનો એક આઠમો પ્રકાશ જ એવો છે કે જેમાં દાર્શનિક ચર્ચા છે. ઉપાધ્યાયજીની સામે તો જ્યાં દાર્શનિક તત્ત્વજ્ઞાનની રચના આવે કે તરત જ કલમ અને કાગળ લઈને બેસી જ જતા. અને આવી ખાસિયતને કારણે જ ત્રણ ત્રણ ટીકાઓ રચી કાઢી છે. આ સ્તોત્ર ઉપર અન્ય કર્તાઓની પાંચ ટીકાઓ અને ચાર અવચૂરિઓ મળે છે.

—*યશોદેવસૂરિ*

## **वीतरागस्तोत्र**ના માત્ર એક આઠમા પ્રકાશ ઉપર રચેલી स्याद्वाद रहस्य નામની ટીકામાં કયા કયા વિષયોની ચર્ચા કરેલી છે તેની અલ્પ ઝાંખી

લે. મુનિ યશોવિજય

ભારતીય ષટ્ દર્શનની પ્રસિદ્ધિમાં છ દર્શન કયા કયા સમજવાં, આ બાબતમાં વિભિન્ન માન્યતાઓ છે. એમ છતાં દાર્શનિક ક્ષેત્રમાં છ દર્શનની સવિશેષ જે પ્રસિદ્ધિ છે, એમાં न्याय અને **वैशेषिक**ની ગણતરી કરવામાં આવે છે.

ન્યાયદર્શન એ ગૌતમીય **न्यायसूत्र**નું જ અપરનામ છે. અર્થાત્ ન્યાયસૂત્રના રચનાર શ્રી ગૌતમ નામની એક વિદ્વાન વ્યકિત હતી.[1] પ્રાચીન કાળમાં આ ગૌતમની પ્રસિદ્ધિ 'અક્ષપાદ' નામથી હતી.

આ ગૌતમનો સત્તા સમય વૈદિક પૌરાણિક લોકો પાંચ હજાર વર્ષ જેટલો પ્રાચીન કહે છે. પરંતુ આધુનિક સમયના સંશોધકો ભગવાન શ્રી મહાવીર અને મહાત્મા શ્રી બુદ્ધના સમય પછી થયાનું માને છે. આથી ન્યાયસૂત્રની રચનાનો સમય બે પ્રકારે નોંધાએલો છે. આટલો પ્રાસંગિક જરૂરી ઉલ્લેખ કરી પ્રસ્તુત ગ્રંથની વાત પર આવીએ.

આ ગ્રંથનું નામ ઉપાધ્યાયજીએ **स्याद्वाद रहस्य** રાખ્યું છે, પણ આ નામ પ્રસ્તુત ગ્રંથની ટીકાનું છે એ ધ્યાન રાખવું ઘટે. મૂલ ગ્રંથનું નામ તો છે **वीतरागस्तोत्र** અને કર્તા છે બારમી સદીમાં થયેલા કલિકાલસર્વજ્ઞ ભગવંત, મહાન જ્યોતિર્ધર શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી મહારાજ. વીતરાગ સ્તોત્ર એ એક ભક્તિ સ્તોત્ર છે. કાવ્યની દૃષ્ટિએ મધુર, અપૂર્વ ભાવોથી અને અવનવી વેધક કલ્પનાઓથી

૧. આથી તો 'ગૌતમીય ન્યાય' એવી ઉકિત પ્રચલિત બનેલી છે.

ભરેલું, અતિ શ્રેષ્ઠ કોટિનું આ સ્તોત્ર છે. જેનો ટૂંકો પરિચય અલગ આપ્યો છે.

જૈન સંઘમાં અનેક સાધુ-સાધ્વીજીઓ આ સ્તોત્રને કંઠસ્થ કરે છે. તેનો પ્રભાતમાં રોજે રોજ પાઠ કરી જાય છે. ઐતિહાસિક બાબત એવી મળે છે કે ગુર્જરેશ્વર મહર્ષિ પરમાર્હત્ કુમારપાલના [1]સ્વાધ્યાય માટે શ્રી હેમચંદ્રાચાર્યજીએ આ સ્તોત્રની રચના કરી હતી. આ સ્તોત્ર દ્વારા તેઓ વીતરાગ અવસ્થાને પામેલા. વીતરાગ એટલે સંસારની વૃદ્ધિના મૂળ કારણભૂત રાગ અને દ્વેષ, આ બે દુર્ગુણોથી શાશ્વત રીતે મુકત બનેલા અને તેથી વીતરાગથી ઓળખાતા વીતરાગદેવ તીર્થંકરો-જિનેન્દ્રોની રોજ સ્તુતિ કરતા હતા. સમગ્ર સ્તોત્રના વીશ પ્રકાશ છે અને બધા મળીને ૧૮૭ શ્લોકો છે. તમામ શ્લોકો અનુષ્ટુપ્ છંદમાં રચેલા છે. જૈન સમાજમાં નિત્ય સ્વાધ્યાય તરીકે છપાતી પ્રચલિત પુસ્તિકાઓમાં આ સ્તોત્રને સ્થાન મળે જ છે.

આ સ્તોત્ર ઉપર અન્ય પાંચ ટીકાઓ તથા ચાર અવચૂરિઓ પણ છે. વિસ્તૃત હોય તેને ટીકા શબ્દથી અને સંક્ષેપમાં વિવરણ હોય તેને અવચૂરિ શબ્દથી ઓળખાવાય છે.

આ સ્તોત્રમાં કલિકાલસર્વજ્ઞ, આઠમા પ્રકાશની રચનામાં દાર્શનિક ચર્ચાવાદને ખાસ ખેંચી લાવ્યા છે. બધા પ્રકાશોથી આ પ્રકાશ અનોખો છે. દાર્શનિકો, તાર્કિકો કે નૈયાયિકોને આનંદ થાય અને તર્કદૃષ્ટિએ સ્તોત્રની ગરિમા વધે એ માટે થોડીક દાર્શનિક છાંટ નાંખી છે.

આ પ્રકાશમાં ૧૧ શ્લોકો છે અને આ શ્લોકો ઉપર એને સમજવા માટે જે વિવેચન સંસ્કૃત ભાષામાં થયું તેને સંસ્કૃતના પારિભાષિક શબ્દમાં ટીકા શબ્દથી ઓળખવાની પ્રથા છે. આ ટીકાનું નામ स्याद्वाद रहस्य એવું ખુદ ટીકાકાર ઉપાધ્યાયજીએ જ રાખ્યું છે. ઉપાધ્યાયજીએ અન્તના 'રહસ્ય' શબ્દથી અંકિત ૧૦૮ ગ્રંથો બનાવી જે પ્રતિજ્ઞા ભાષારહસ્ય નામના ગ્રંથના પ્રકરણને અંતે ખુદ પોતે વ્યકત કરી છે તે પૈકીની આ એક કૃતિ છે. જો કે તેઓશ્રીએ કરેલી પ્રતિજ્ઞામાં रहस्य નામવાળા ગ્રંથો કેટલા રચાયા હશે, તે જાણવા માટે કોઈ સાધન કે કોઈ ઉલ્લેખ ઉપલબ્ધ નથી. પણ હાલમાં તો उपदेशरहस्य, नयरहस्य, भाषारहस्य અને ચોથી આ પ્રસ્તુત કૃતિ-स्याद्वाद रहस्य અને પાંચમા वायुष्मादः० रहस्य આટલા જ ઉપલબ્ધ થાય છે, અને તે બધી કૃતિઓ મુદ્રિત થઈ ચૂકી છે. તે ઉપરાંત वादरहस्य નામની અનુપલબ્ધ કૃતિ છે. આમ रहस्य નામથી અંકિત માત્ર છ કૃતિઓ જ લભ્ય બની છે. બધી રીતે વિચારતાં લાગે છે કે કદાચ 'રહસ્ય' શબ્દાન્ત અંકિત કૃતિઓ બહુ ઓછી રચી શકયા હશે! જે હોય તે; અનેક ગ્રંથોનું સર્જન કરનાર માટે આવું બનવું શકય છે.

આ અષ્ટમ પ્રકાશમાં છએ દર્શનની મુખ્ય માન્યતાઓનો ઉલ્લેખો કરી, તેમની ઐકાન્તિક માન્યતાઓનું ખંડન કરીને અથવા स्याद्वाद[2] અર્થાત્ સ્યાદ્વાદ નામના વાદથી અનેક અપેક્ષાઓને

---

૧. જુઓ આ સ્તોત્રનો પહેલો અને છેલ્લો શ્લોક—

श्री हेमचंद्रप्रभवाद्, वीतरागस्तवादितः । कुमारपाल भूपालः, प्राप्नोतु फलमीप्सितम् ॥

૨. स्याद् નામનો વાદ, તે સ્યાદ્વાદ અર્થાત્ स्याद् ક્રિયાપદનું જોડાણ કરીને કોઇ પણ માન્યતાને અમુક અપેક્ષાએ આંશિક સત્યરૂપે રજૂ કરાય તે. હકીકતમાં આ પદનું મુખ્ય નામ અનેકાન્તવાદ છે અને આ વાદને સમજાવવાની પદ્ધતિ તેનું નામ સ્યાદ્વાદ છે. જો કે વહેવારમાં એક જ વાદ બંને નામથી જાણીતો થયો છે.

લઈને એટલે કે સ્યાદ્ પદની બૌદ્ધિક કરામત–કસરતથી ભિન્ન-વિભિન્ન મન્તવ્યોનો સંગમ સાધી સમન્વય સાધ્યો છે.

ઉપાધ્યાયજી ભગવંતને તો તર્ક, ન્યાય કે બૌદ્ધિક (લોજિક) વાદ-વિવાદનું એવું ઘેલું લાગ્યું હતું કે એવો પ્રસંગ જ્યાં નજરમાં આવે કે ત્યાં તરત જ તેના ઉપર કલમ ચલાવવા મંડી જ પડે. એમનું દિમાગ જંપીને બેસે નહિ, એટલે તેઓશ્રીને આ અષ્ટમ પ્રકાશની એક ટીકાથી સંતોષ ન થયો એટલે જઘન્ય, મધ્યમ અને બૃહદ્ એમ ત્રણ–ત્રણ ટીકાઓ રચી નાંખી, જો કે આ ત્રણ ટીકાઓ કરવા પાછળનું વાસ્તવિક કારણ શું હશે તે અંગે વધુ વિચારવાનું અહીં મુલતવી રાખીએ.

ઉપાધ્યાયજીએ આ અષ્ટમ પ્રકાશના શ્લોકમાં અને તેની ટીકામાં જે પ્રતિપાદન કર્યું છે તેની જરૂરી ઝાંખી અહીં કરાવું છું. જેથી આ વિષયના રસિકોને કંઇક રસ પડે.

નૈયાયિકો તથા અન્ય કેટલાક દાર્શનિકો આદિ મતવાદીઓ, વિશ્વવર્તી જે પદાર્થો છે તેમાંના કેટલાક પદાર્થોને સર્વથા નિત્ય માને છે. સર્વથા એટલે એકાંતે નિત્ય એટલે બધી રીતે નિત્ય જ છે, એટલે શાશ્વતકાળ એક જ પ્રકારે રહેવાવાળા છે. જ્યારે સદાય શાશ્વત એટલે કંઇ પણ ફેરફાર વિનાના કેટલાક પદાર્થોને તેઓ સર્વથા અનિત્ય એટલે એકાંતે અનિત્ય–એટલે બધી રીતે નિશ્ચિતપણે અનિત્ય માને છે, એટલે કાયમને માટે વિનાશી જ=એકધારી સ્થિતિમાં નહીં રહેવાવાળા માને છે.

જેમકે; પૃથ્વી કે તેના પરમાણુઓ આકાશ, આત્મા આદિ દ્રવ્યો–પદાર્થો સર્વથા નિત્ય છે. અર્થાત્ જે સ્થિતિમાં અનાદિકાળ પહેલાં હતા તે જ સ્થિતિમાં આજે છે. અને ભાવિ અનન્તાકાળ સુધી એ જ એક જ પરિસ્થિતિમાં રહેશે. માટે તેમને સર્વથા નિત્ય કહ્યા. પણ પૃથ્વી, જલ, તેજ, વાયુ આદિ ભૂતોના દ્વયણુક (એટલે બે પરમાણુથી ઉત્પન્ન) થી માંડીને મહાપૃથિવ્યાદિ સુધીના સ્થૂલ અવયવીઓ–કાર્ય (કાર્યાન્વિત) પદાર્થો, એ બધાય અનિત્ય છે.

ઉપરોક્ત સર્વથા નિત્ય અને સર્વથા અનિત્ય, આ બંને મંતવ્યો જૈન દર્શનને હરગીજ માન્ય નથી. 'સર્વથા' ના લેબલવાળી માન્યતા અનેક દોષાપત્તિઓને ઊભી કરનારી અને ત્રિકાલાબાધિત સર્વજ્ઞમૂલક સિદ્ધાંતોની સાથે બંધબેસતી નથી. એટલે ભગવાન શ્રી મહાવીરે અનેકાન્તવાદ (કે સ્યાદ્વાદ) નામની વિશિષ્ટ વિચારધારાની એક મહાન અને અભૂતપૂર્વ દૃષ્ટિ કે અનુપમ ભેટ, માનવ સ્વભાવના વૈચારિક મતભેદો કે સંઘર્ષોનું ઉત્થાન ન થાય, થાય તો ઉપશમન થાય એ માટે વિશ્વને આપી.

અનેકાંતવાદ (કે સ્યાદ્વાદ)ના પુરસ્કર્તા કહે છે કે વિચાર કે વાણીમાં કે 'ભી કે' પણ' રાખો, પણ હી કે 'જ' ન રાખો, પણ યથાયોગ્ય રીતે જ તેનો ઉપયોગ કરો.

આવી અને આના જેવી કે આને લગતી અનેક બાબતો તેઓશ્રીએ સ્યાદ્વાદરહસ્ય નામની ટીકામાં જણાવી છે. જેમકે; પહેલા શ્લોકમાં પદાર્થ માત્રને અપેક્ષાભેદથી નિત્ય અને અપેક્ષાભેદથી અનિત્ય દર્શાવી પદાર્થ માત્રને નિત્યાનિત્ય સ્વભાવવાળા દર્શાવ્યા છે, ત્યાં આગળ તેઓએ એક દૃષ્ટાંત દ્વારા સમજણ આપી છે કે,—જો પદાર્થ સર્વથા નિત્ય હોય તો ઘી, દૂધ આદિ જન્ય પદાર્થનું સર્વથા અસ્તિત્વ જ રહેવું જોઇએ, અને જો પદાર્થ સર્વથા અનિત્ય હોય તો ઘટ–પટ વગેરે પદાર્થોનું

કૃતજન્ય સ્વરૂપ (કારણોથી ઉત્પન્ન પદાર્થનું વિવિધ સ્વરૂપ) તેનો નાશ થઈ જવો જોઈએ.

તાત્પર્ય એ છે કે વસ્તુ સર્વથા નિત્ય હોય તો ઘટ વગેરે પદાર્થોનું જે કૃતસ્વરૂપ છે એટલે કે કુંભકાર દ્વારા બનાવેલું સ્વરૂપ, તેનો નાશ થઈ જવો જોઈએ. અર્થાત્ ઘટ પટ આદિ આકારોની પ્રતીતિ થવી ન જોઈએ, પણ ઊલટું તેની અન્ય આકારોની પ્રતીતિ તો જોનાર મનુષ્યને થાય તે હકીકત છે. મનુષ્ય સમજે છે કે આ ઘટ અમુક કુમ્ભકારે બનાવ્યો છે. આ પટ–વસ્ત્ર તન્તુવાય એટલે વણકરે બનાવ્યો છે. જો ઘટ–પટ સર્વથા નિત્ય હોય તો તેના આકાર વગેરે સ્વરૂપનું દર્શન થવું ન જોઈએ. પણ થાય છે તો ખરું, માટે વસ્તુ અપેક્ષાએ નિત્ય છે એમ સ્વીકારવું જોઈએ. કેમકે સર્વથા નિત્ય વસ્તુનો જન્મ હોતો જ નથી. જ્યારે અહીંયા તો કુમ્ભકાર અને વણકર ઘટ–પટને જન્મ આપે છે. વસ્તુ ઉત્પન્ન થઈ જ્યારે તો પછી સર્વથા નિત્યપણું રહ્યું જ ક્યાં? તાત્પર્ય એ કે સર્વથા નિત્ય છે, એવું સમજવું ન જોઈએ.

એ જ રીતે ઘટ–પટ વગેરે પદાર્થોને સર્વથા અનિત્ય માનવામાં આવે તો પણ ઉપરોકત દોષ લાગુ પડે છે. જેમકે–ઘટ–પટ વગેરે પદાર્થનો સર્વથા નાશ પ્રતીત નથી થતો. યદ્યપિ ઘટાકાર રૂપે ઘટનો નાશ જોવા મળે છે, પરંતુ માટી વગેરે રૂપે નાશ જોવા મળતો નથી. ઘટના માટી વગેરે અન્ય સ્વરૂપો અનેક સ્થળે વિદ્યમાન હોવાથી માટી આદિની અપેક્ષાએ ઘટાદિ નિત્ય પણ છે.

એટલે તાત્પર્ય એ નીકળ્યું કે અપેક્ષા ભેદે ઘટાકાર રૂપે ઘટ અનિત્ય છે અને માટી રૂપે (એટલે મૂળ દ્રવ્યની અપેક્ષાએ) નિત્ય પણ છે.

બીજી રીતે પણ નિત્યાનિત્યની સાબિતી કરતાં ગ્રંથકાર સમજાવે છે કે ઘટાદિ પર્યાય (એટલે કે ઘટાદિ અવસ્થા) રૂપે ઘટ અનિત્ય છે, પણ દ્રવ્યરૂપે (એટલે કે માટી રૂપે) નિત્ય પણ છે, કેમકે વર્તમાનમાં (માટીથી બનેલો) ઘટાકાર હંમેશા રહેવાનો નથી. ગમે ત્યારે એ ઘટ ભાંગી જવાનો છે એટલે ઘટાકાર સદા નિત્ય હોઈ શકે એ વાત સંભવિત નથી; એટલે પર્યાય અનિત્ય જ હોય છે, એટલે પર્યાય અપેક્ષાએ ઘટાદિને—અનિત્ય કહેવાય છે પણ ઘટનું દ્રવ્ય જેના ઉપરથી ઘટ બન્યો તે દ્રવ્ય વિદ્યમાન હોવાથી તે નિત્ય છે.

એ રીતે આકાશ વગેરે પદાર્થોને પણ અપેક્ષા ભેદોથી નિત્ય અને અનિત્ય તરીકે સમજવા જોઈએ.

પણ કેટલાક એકાંતવાદી દાર્શનિકો, વિદ્વાનો કાં તો પદાર્થને સર્વથા નિત્ય જ માને છે. કાં તો પદાર્થને સર્વથા અનિત્ય જ માને છે. એમ એમની એકાન્તવાદી માન્યતાનું પહેલા શ્લોકની અંદર ખંડન કરવામાં આવ્યું છે.

પ્રસંગવશ ઉપાધ્યાયજીએ અવયવ અને અવયવિના ભેદાભેદનું નિરૂપણ કર્યું છે. આથી ઘટાદિ અને આકાશાદિ સર્વ પદાર્થોને નિત્ય અને અનિત્ય બંને રૂપે સ્વીકારવા જોઈએ, આમ ગ્રંથકાર અને ટીકાકાર બંને જણાવે છે.

તે ઉપરાંત નૈયાયિકોના 'સમવાય' નામના એક ખ્યાતનામ સંબંધનું પણ પ્રત્યાખ્યાન ખંડન કર્યું છે. નૈયાયિકોની માન્યતા પ્રમાણે ચક્ષુ એક તેજસ્ પદાર્થ છે અને આ ચક્ષુની રશ્મિ એટલે

કિરણોનો સંબંધ નિકટવર્તી ઘટાદિ વગેરે અને દૂરવર્તી ચંદ્ર વગેરે સાથે થાય છે, ત્યારે જ તે પદાર્થો પ્રત્યક્ષ થાય છે. આ કારણે ન્યાયની પરિભાષામાં તેઓ ચક્ષુને તેજસ્ પદાર્થ તરીકે ઓળખાવે છે.

ઉપાધ્યાયજીએ ઉપરોકત મતનું ખંડન કરતાં જણાવ્યું છે કે તમો ચક્ષુને તેજસ કહો છો પણ તે તેજસ રૂપ છે જ નહિ એટલે પછી એની રશ્મિ કે કિરણોનો ઘટ, ચંદ્ર વગેરે સાથે સંબંધ થાય છે અને દેખાય છે, આ વાત જ પછી ક્યાં રહે છે? પદાર્થના પ્રત્યક્ષમાં ચક્ષુનો કોઈ સંયોગ કે સંબંધની જરૂર જ નથી. પદાર્થના પ્રત્યક્ષમાં ચક્ષુઈન્દ્રિયમાં બેઠેલી રૂપને જોવાની સહજ શકિત એના કારણે તે સમીપના કે દૂરના પદાર્થોને સ્વાભાવિકપણે જ જોઈ શકે છે. એ માટે કોઈ સંબંધ જોડવાની-માનવાની જરૂર નથી, એટલે જૈન ન્યાયની પરિભાષામાં ચક્ષુને અપ્રાપ્યકારી[1] તરીકે ઓળખાવવામાં આવે છે.

ત્યાર પછી ટીકામાં સાંખ્યમતવાદીઓના સત્કાર્યવાદનું ખંડન કર્યું છે. સત્કાર્યવાદ એ ન્યાયશાસ્ત્રનો ગંભીરતાથી સમજવા જેવો વિષય છે.

'સત્કાર્યવાદ' નું એવું મંતવ્ય છે કે-કાર્ય એ કારણમાં અવ્યક્ત રૂપે વિદ્યમાન હોય છે, અને પછી અભિવ્યક્ત થાય છે.

નૈયાયિકો વળી એમ કહે છે કે કારણમાં કાર્ય સર્વથા અસત્ એટલે રહેતું જ નથી; એ તો પાછળથી ઉત્પન્ન થાય છે.

પરંતુ જૈન મતાનુસાર કારણમાં કાર્ય અવ્યક્ત રૂપે સત્ છે અને વ્યક્તરૂપે અસત્ છે.

કેટલાક દાર્શનિકોનું એવું માનવું છે કે એક જ પદાર્થમાં પરસ્પર વિરોધી ધર્મો સંભવી શકે જ નહિ. એની સામે જૈન દાર્શનિકો સ્પષ્ટ રીતે કહે છે કે-એક જ પદાર્થમાં અપેક્ષા ભેદે પરસ્પર વિરોધી ધર્મનું અસ્તિત્વ જરૂર હોઈ શકે છે. આ વાત અષ્ટમ પ્રકાશના જ સાતમા શ્લોકમાં જણાવતાં લખે છે કે-વિવિધ વર્ણ મિશ્રિત કોઈ એક રત્નમાં નીલ, પીત આદિ પરસ્પર વિરોધી વિવિધ રંગોનું અસ્તિત્વ પ્રત્યક્ષ દેખાય છે, તેમ પ્રત્યેક પદાર્થમાં નિત્યત્વ-અનિત્યત્વ, ભેદ-અભેદ, [2]સત્-અસત્, સામાન્ય-વિશેષ, વાચ્યત્વ,-અવાચ્યત્વ આદિ અનેક ધર્મોનું અસ્તિત્વ હોઈ શકે છે અને તે ઘટાવી શકાય છે.

તે પછીના શ્લોકમાં વિજ્ઞાનવાદી બૌદ્ધો જેઓ અનેકાન્તવાદનું ખંડન કરે છે, પણ બીજી બાજુ તેઓ પોતે જ એક જ વિજ્ઞાન અનેક આકારથી મિશ્રિત છે એવું પ્રતિપાદન કરે છે. આથી તો સ્પષ્ટ થાય છે કે એક જ વિજ્ઞાનમાં અનેક આકારોનું અવસ્થાન છે જ, એટલે બૌદ્ધો પણ અનેકાન્તવાદી જ ઠરે છે, આથી અનેકાન્તવાદનું ખંડન એ નિરર્થક બાબત બની રહે છે.

---

૧. ખુદ ઉપાધ્યાયજીએ આ ઉપર चक्षुरप्राप्यकारितावाद નામની એક પદ્ય કૃતિ જ રચી કાઢી છે.

૨. અનેકાન્તમતને પુષ્ટિ આપતો, માત્ર એક રામાનુજ સંપ્રદાયના ગ્રંથનો શ્લોક અહીં આપવો પ્રસ્તુત ન હોવા છતાં સંગ્રાહ્ય હોવાથી ઉદ્ધૃત કરું છું.

स्वरुपपररूपाभ्यां, नित्य सदसदात्मने ।
*वस्तुनि ज्ञायते किंचिद्, रुपं कैश्चित् कदाचन ॥*

જેમાં અનેક રંગ-રૂપોનું અસ્તિત્વ હોય છે, એવા ચિત્રરૂપને નૈયાયિકો અને વૈશેષિકો એક જ રૂપ તરીકે સ્વીકારે છે. એક જ રૂપે સ્વીકાર કરીને પાછા તેઓ જ એક જ રૂપમાં નીલ, પીત, શ્યામ આદિ રંગોનું અસ્તિત્વ પણ પ્રામાણિકપણે સ્વીકારે છે. તો શું આ માન્યતા દ્વારા તેઓ અનેકાન્તવાદનું જ સ્વાગત નથી કરતા? અર્થાત્ કરે જ છે.

સાંખ્ય મતવાદીઓ સત્ત્વ, રજ અને તમ, આ ત્રણેય ગુણોના સમૂહને પ્રકૃતિરૂપ માને છે. ખુદ પ્રકૃતિ પોતે જ પરસ્પર વિરોધી એવા ઉક્ત સત્ત્વાદિ ત્રણેય ગુણોના સમુદાયરૂપ છે. પરસ્પર વિરોધી એવા ધર્મોનો એક જ વસ્તુમાં સ્વીકાર એનું નામ જ અનેકાન્તવાદ છે. સાંખ્યો પણ પ્રકૃતિને પરસ્પર વિરોધી ધર્મવાળી માને છે, એટલે સાંખ્યો માટે પણ અનેકાન્તવાદ અપરિહાર્ય બની જાય છે. (૧૦)

ચાર્વાક નામની વ્યક્તિથી ઓળખાતા ચાર્વાકદર્શનના અનુયાયીઓ જેમની ગણતરી નાસ્તિકોમાં થાય છે, તેઓના માટે શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી ઊંડો તિરસ્કારનો ભાવ ધ્વનિત કરતાં જણાવે છે કે—

—"ચાર્વાકોની તો બુદ્ધિ જ બહેર મારી ગઈ છે. આત્મા, પરલોક અને મોક્ષનું અસ્તિત્વ છે કે નહિ? એ બાબતમાં જેમની બુદ્ધિ જ કામ કરી શકતી નથી એવા નાસ્તિક લોકોની, અમારી માન્યતામાં સંમતિ હોય તોય શું અને અસંમતિ હોય તોય શું?" તાત્પર્ય એ કે–એમના અભિપ્રાયનું અમારે મન કોઈ જ મૂલ્ય નથી. આમ જણાવી ચાર્વાકની વાતને હસી કાઢી છે.

ઉપાધ્યાયજીએ પૃથ્વી આદિ ભૂતો જડ છે કે ચેતન? એમાં ચૈતન્ય એ ગુણ કેવી રીતે હોઈ શકે તે, તથા પ્રસંગવશ અનુમિતિ 'માનસ' છે, એવા મતવાદીઓનું ખંડન કર્યું છે.

નૈયાયિકો શબ્દને દ્રવ્ય પદાર્થ ન માનતા **शब्दगुणमाकाशम्** કહીને આકાશનો ગુણ કહે છે. એ ગુણ આકાશનો છે એમ સ્થાપિત કરે છે. પરંતુ ઉપાધ્યાયજીએ જૈન મતાનુસાર શબ્દ એ ગુણ નથી પણ દ્રવ્ય[1] જ છે. શબ્દ એ દ્રવ્ય છે અને આકાશ એ પણ દ્રવ્ય છે. એક દ્રવ્ય દ્વારા બીજા દ્રવ્યની અનુમિતિ–અનુમાન થઈ શકતું નથી. એમ શબ્દ એ દ્રવ્ય હોવાથી આકાશની અનુમિતિ થઈ શકે નહિ. આકાશનો ધર્મ અવગાહન ધર્મ છે; એટલે બીજા પદાર્થને અવકાશ સ્થાન આપવાનો છે. એથી શબ્દ પણ આકાશમાં વ્યાપ્ત થઈ શકે છે, તેથી 'આકાશ' શબ્દ ધર્મવાળું છે એમ કેમ કહી શકાય?

નૈયાયિક આત્માને 'વિભુ' કહીને તેને સર્વવ્યાપક તરીકે ઓળખાવે છે, એટલે આત્મા તમામ જગ્યાએ વ્યાપ્ત રહેલો છે એમ માને છે.

ઉપાધ્યાયજી આ મતનું ખંડન કરતા કહે છે કે : આત્મા સર્વવ્યાપી એટલે કે વિશ્વવ્યાપક

---

૧. જૈન દર્શનની માન્યતા અનુસાર લોક–વિશ્વવ્યાપી વર્તતા તમામ પુદ્ગલ દ્રવ્યોની અનેક (૨૩) વર્ગણાઓ પૈકી એક વર્ગણા ભાષાની છે. આ ભાષાના પુદ્ગલાણુઓના વિસ્ફોટથી ઉત્પન્ન થતો ધ્વનિ રૂપ પરિણામ તેને શબ્દ કહેવાય છે. આ શબ્દ શ્રોત્રેન્દ્રિયનો વિષય થતો હોવાથી તે મૂર્ત છે અને મૂર્ત છે એટલે પૌદ્ગલિક છે. ભાષા કે ભાષારૂપ, અભાષારૂપ ભાષાના પાછા સાક્ષર, અનક્ષર અને અભાષાના પ્રાયોગિક વૈસ્રસિક પ્રકારો છે. જેનું સ્વરૂપ ગ્રન્થાન્તરથી સમજવું.

નહીં પણ શરીર પરિણામી છે. જેવડું જેવડું શરીર હોય તેવડા તેવડા શરીરમાં વ્યાપીને તે રહે છે. જેટલું શરીરનું માપ તેટલું જ આત્માનું સ્વીકારવું જોઈએ. આ વાત દેહધારી આત્માની દૃષ્ટિએ સાપેક્ષ રીતે સમજવી.

કેટલાક દાર્શનિકો આત્મા સ્વયં ચૈતન્ય રૂપ છે (જ્ઞાન રૂપ) એવું માનતા નથી, તે લોકો આત્માને ચૈતન્ય ગુણવાળો માને છે. અર્થાત્ આત્મા અને ચૈતન્ય એ બંને ભિન્ન વસ્તુ છે એમ માને છે એટલે કે જ્ઞાનના અધિકરણ રૂપે માને છે.

ઉપાધ્યાયજી જ્ઞાનને અધિકરણ રૂપે નથી માનતા. આથી શું થયું કે – આત્મામાં જ્ઞાન રહે છે એવું નથી સ્વીકારતા. જ્ઞાન અને આત્મા સર્વથા ભિન્ન છે એવું નથી માનતા. આથી નક્કી થયું કે આત્મા સ્વયં ચૈતન્યરૂપ–જ્ઞાનરૂપ છે, આત્મા અને જ્ઞાનગુણ આત્માથી અભિન્ન છે.

આ રીતે અહીં મૂળ કે ટીકાના વિષયની અતિઅલ્પ જ ઝાંખી કરાવી છે.

(૩) **तिङ्न्तान्वयोक्ति** શું કહેવા માંગે છે?

આ ગ્રંથમાં નૈયાયિક, મીમાંસક વગેરે મતને અનુસરીને તિઙ્ન્ત પદના અન્વયનો વિચાર કરવામાં આવ્યો છે. નવીન શાબ્દિકોનો મત એવો છે કે વ્યાપાર અને ફલના આશ્રયરૂપ તિઙન્તનો અર્થ એ છે કે જે વ્યાપાર અને ફલનો આશ્રય હોય, સાધ્ય રૂપે બતાવેલી ક્રિયા વ્યાપાર છે. કર્તા, કર્મ, સંખ્યા અને કાલ આટલા અર્થ આખ્યાતમાં રહેલા છે. કર્તા અને કર્મનો વ્યાપાર અને ફલમાં અન્વય, કાલનો વ્યાપાર અર્થમાં અન્વય અને સંખ્યાનો કર્તા અને કર્મમાં અન્વય થાય છે. આખ્યાતનો અર્થ સંખ્યા થાય છે પણ તે જ્યારે પ્રકારરૂપે જ્ઞાન કરાવે ત્યારે, તેમાં આખ્યાત દ્વારા થનારું કર્તા અને કર્મનું જ્ઞાન કારણ છે.

નૈયાયિકો આખ્યાતનો અર્થ સંખ્યા કરે છે, અને એનો જ્યારે પ્રકાર રૂપે બોધ થાય ત્યારે તેનો પ્રથમાન્ત પદના અર્થમાં અન્વય થાય છે.

મીમાંસકો કહે છે કે પ્રકૃતિ અને પ્રત્યયના અર્થોમાં પ્રત્યયનો અર્થ જ પ્રધાન હોય છે, એટલે આખ્યાતના અર્થમાં ભાવનાનું પ્રાધાન્ય હોય છે.

ઉપાધ્યાયજી કહે છે કે ભાવના જ્યાં પ્રકાર રૂપે માલમ પડે ત્યાં પ્રથમાન્ત પદજન્ય જ્ઞાન કારણ બને છે એ વાત યુકિતસંગત નથી. જ્યાં આખ્યાતનો અર્થ કર્તા હોય અને તેની પ્રકાર રૂપે પ્રતીતિ થતી હોય ત્યાં ધાતુથી જન્મેલું ભાવનાવિષયક જ્ઞાન કારણ બને છે.

ઉપાધ્યાયજીએ માત્ર–પ્રારંભ કરીને અધૂરા મૂકેલા આ પ્રકરણનું ઊડતું આ અત્યલ્પ અવલોકન છે. લેખ અપૂર્ણ હોવાથી તિઙન્તપદનો અન્વય ક્યારે અને ક્યાં થાય? એ વાત અધૂરી જ રહી જવા પામી છે.

ઉપાધ્યાયજીની અતિ નાનકડી આ રચના ઉપાધ્યાયજી શબ્દશાસ્ત્રમાં કેવા પારંગત અને કેવા સફળ વૈયાકરણી હશે તેની પ્રતીતિ કરાવે તેવી છે.

# પ્રમેયમાલા અને તેને સ્પર્શતા વિચારો

લે. મુનિ યશોવિજય લે. વિ. સં. ૨૦૩૦

પ્રાચીન તાર્કિક વિદ્વાનો વિચાર કરવા યોગ્ય વિષયો ઉપર અધ્યયન કરનારાઓને, તે તે વિષયોની ઠીક રીતે સમજ પ્રાપ્ત થાય એ માટે દાર્શનિક ક્લિષ્ટ બાબતોને વિસ્તારથી સમજાવતા હતા. પ્રાચીન કાળમાં પ્રસિદ્ધ વિદ્વાન હરિરામ તર્કવાદી જે લોકપ્રસિદ્ધિ મુજબ સુવિખ્યાત તાર્કિક કેસરી અને ગદાધર ભટ્ટાચાર્યના ગુરુ હતા. જો કે હરિરામની એટલી પ્રસિદ્ધિ નથી, પણ એમણે અહીં નાનાં પ્રકરણોથી યુક્ત મુદ્રિત થયેલી આ 'પ્રમેયમાલા' જેવા અનેક वाद ગ્રંથો બનાવ્યા છે. જેમકે મુક્તિવાદ, 'અનુમિતિર્માનસત્વ વિચાર', 'જ્ઞાનલક્ષણ રહસ્ય' વગેરે. પંડિતવરશ્રી ગદાધરજીએ પણ અનેક વાદો લખ્યા છે, જે અનેક નામોથી પ્રસિદ્ધ છે. જો કે એમાંથી ઉપલબ્ધ ગ્રંથો આજે અત્યલ્પસંખ્યક છે.

એ રીતે જગદીશ તર્કાલંકાર અને મથુરાનાથ તર્કવાગીશ જેવા મહાસમર્થ વિદ્વાનોએ પણ અનેક वाद ગ્રંથો રચ્યા છે, પરંતુ આ ગ્રંથો એટલા બધા ક્લિષ્ટ અને તર્કજાળથી યુકત હતા, કે આ ગ્રંથો સમજવા એ હિમાલયના પહાડ ચઢવા જેવું મહાકપરું કામ હતું અને એથી જ એને ભણનારા હંમેશા અતિ અલ્પસંખ્યક જ રહેતા, એમ છતાં તે સમયમાં દાર્શનિક ગ્રંથો રચવાનું વાતાવરણ એટલું બધું જામ્યું હતું કે એની અસર બીજા ઉપર થયા વિના રહે નહીં એટલે ઉપાધ્યાયજી ઉપર પણ તેની અસર પડી, અને તેઓશ્રી પણ એ જ માર્ગને અનુસર્યા, અને લગભગ ક્લિષ્ટ અને દુર્ગમ કહી શકાય તેવા ગ્રંથો રચ્યા. પણ ઉપાધ્યાયજી સર્વજ્ઞમૂલક શાસ્ત્રસિદ્ધાંતના જ્ઞાતા તેમજ અનેકાન્તવાદના પ્રખર પુરસ્કર્તા હોવાથી એમની રચનામાં અનેક પ્રકારની વિશેષતાઓ ઉમેરાણી. અર્થાત્ પ્રાચીન વિદ્વાનો જે વિષયોને બરાબર ન્યાય આપી શક્યા ન હતા; અથવા આપ્યો હતો તો તે અપૂર્ણ આપ્યો હતો, અથવા વિષયના ઊંડાણમાં ઊતરી તલસ્પર્શી સ્પષ્ટીકરણ કરી શક્યા ન હતા, તે બધાય વિષયોને સ્પષ્ટ કરીને છણાવટ કરીને ઉપાધ્યાયજીએ વિસ્તારપૂર્વક ન્યાય આપ્યો છે. એટલું જ નહીં, પણ પ્રાચીન તાર્કિકોનો તર્ક જ્યાં અટકી પડ્યો ત્યાં ઉપાધ્યાયજી તે તર્કને તેથી પણ આગળ લઈ ગયાનું જોવા મળ્યું છે.

ઉપાધ્યાયજીએ પોતાના ગ્રંથોમાં અજૈનોના અનેક તર્ક-ન્યાયના ગ્રંથોનો અને અનેક નૈયાયિકોનાં નામોનો ખૂબ ખૂબ ઉલ્લેખ કર્યો છે પણ એમાંય સહુથી વધુ સાક્ષીઓ, પાઠો પૂર્વપક્ષ વગેરે માટે કોઈ પણ ગ્રંથનો ઉપયોગ કર્યો હોય તો સુવિખ્યાત તાર્કિક[1] ગંગેશોપાધ્યાયકૃત **'तत्त्वचिंतामणि'** (ન્યાય તત્ત્વચિંતામણિ) ગ્રંથનો છે.

આ તત્ત્વચિંતામણિ ગ્રંથ ઉપર પ્રાચીનકાલમાં [2]પક્ષધર મિશ્રે રચેલી 'આલોક' નામની ટીકાનો પ્રચાર હતો. ત્યારબાદ ક્રમશઃ [3]રઘુનાથ શિરોમણિકૃત દીધિતિ ટીકાનો પ્રચાર હતો અને

---

૧. ગંગેશોપાધ્યાયનો સમય તેરમી સદીનો ઉત્તરાર્ધ.

૨. પક્ષધરનો પંદરમી સદીનો પૂર્વાર્ધ.

૩. રઘુનાથ શિરોમણિનો પંદરમીનો ઉત્તરાર્ધ.

તે પછી દીધિતિકૃત ટીકા ઉપર [1]મથુરાનાથ, [2]જગદીશ અને ગદાધર[3] કૃત વ્યાખ્યાઓનો પ્રધાનતયા પ્રચાર હતો અને અમુક વિભાગમાં ભવાનન્દસિદ્ધાંત વાગીશકૃત વ્યાખ્યાનો પણ પ્રચાર હતો. જો કે પાછળથી આ ટીકાનું અધ્યયન નામશેષ બન્યું, અને આજે આ વ્યાખ્યા પણ પૂરી મલતી નથી.

પાછળથી અને આજે બહુધા 'ચિંતામણિ' ગ્રંથ અને એની 'આલોક', માથુરી, [4]જાગદીશી, [5]ગદાધરી, મુખ્ય આ ચાર વ્યાખ્યાઓને ન્યૂનાધિકપણે પણ અભ્યાસીઓ ભણે છે, એમાં ગદાધરીનો વિશેષ પ્રચાર દક્ષિણભારતમાં અને શેષ ટીકાઓનો વિશેષ પ્રચાર ઉત્તરભારતમાં હતો, અને છે. હું 'છે' એવું લખી રહ્યો છું પણ હકીકતમાં આ ગ્રંથનું અધ્યયન ખરેખર! સમાપ્તિના કિનારા ઉપર જઈ રહ્યું છે. વાસ્તવિક રીતે જોઈએ તો તત્ત્વચિંતામણિ ગ્રંથના ચાર ખંડોના જાણકારો પ્રાચીન-કાલમાં પણ આંગળીના ટેરવે ગણાય તેટલા હતા. આવી પરિસ્થિતિમાં પણ સત્તરમી સદીમાં જન્મેલા એક જૈનસાધુ, ચારેય ખંડોમાં આવેલા મુખ્ય પ્રતિપાદ્ય વિષય ઉપર વાદ ગ્રંથોની રચના કરે એ એક અસાધારણ નહીં, પણ અતિઅતિ અસાધારણ કહી શકાય તેવી વિરલ ઘટના છે. સહુથી આશ્ચર્યજનક બાબત એ છે કે જે યુગમાં રેલ્વે, બસો વગેરે આધુનિક સાધનો ન હતાં, ત્યારે અજૈન વિદ્વાનો પ્રતિઓ કઈ રીતે મેળવી શક્યા હશે!

એક જ વ્યકિત ચારેય ખંડોનું આમૂલચૂલ અધ્યયન કરી પારંગત બની પ્રસ્તુત 'પ્રમેયમાલા' ગ્રંથની રચના કરે એ બીજી અસાધારણ ઘટના છે.

આ કાર્ય સરસ્વતીની સાક્ષાત્ કૃપા હોય તો જ શક્ય બને, અને તેઓશ્રીએ સ્વયં કરેલા ઉલ્લેખોથી એ કૃપા એમને વરી હતી, એ નિર્વિવાદ બાબત છે, અને એથી જ તેઓશ્રીને તર્કન્યાય ઉપર કલમ ચલાવવી એ એમને મન એક સામાન્ય બાબત બની ગઈ હતી.

## ગ્રંથ પરિચય :—

ઉપાધ્યાયજીએ અનેક વાદ ગ્રંથો લખ્યા છે. એમાંના જે થોડાક ઉપલબ્ધ થયા છે તે પૈકી આ 'પ્રમેયમાલા' ગ્રંથ એ પણ એક વાદ ગ્રંથ છે, આ ગ્રંથ અપૂર્ણ મળ્યો છે. આ ગ્રંથ પૂરો કર્યો હતો અને પાછળથી નષ્ટ થઈ ગયો હતો એવું નથી. કારણ કે આ ગ્રંથની હસ્તપ્રત ખુદ ઉપાધ્યાયજીના હાથની જ લખાયેલી મળી છે અને તેનો અન્તભાગ જોતાં રચતાં રચતાં આ ગ્રંથ અધૂરો જ રહી ગયો છે. અનેક ગ્રંથોનું સર્જન કરનાર સર્જકો માટે આવું બનવું સ્વાભાવિક છે.

૧. મથુરાનાથનો સોળમી સદીનો ઉત્તરાર્ધ. ઉપાધ્યાયજીના સમકાલીન.

૨. જગદીશનો સોળમી સદીનો ઉત્તરાર્ધ. ઉપાધ્યાયજીના સમકાલીન.

૩. ગદાધરનો સત્તરમીના ઉત્તરાર્ધનો પ્રારંભ.

૪-૫. ઉપાધ્યાયજીના ગ્રંથોમાં ગદાધરી કે જગદીશી ટીકા કે તેના કર્તા ઉપાધ્યાયજીથી પૂર્વકાલીન હોવા છતાં તેમના નામનો ઉલ્લેખ પ્રાયઃ જોવા મળ્યો નથી, એથી લાગે છે કે એમના સમયમાં મથુરાનાથ; પક્ષધર મિશ્ર, અને રામભદ્ર સાર્વભૌમ કે તેની ટીકાઓની વધુ પ્રસિદ્ધિ હશે. કેમકે આ ત્રણેયના ઉલ્લેખો પ્રચુર માત્રામાં મળે છે.

ઉપાધ્યાયજીએ આ ગ્રંથમાં કેટલાં પ્રકરણો લખ્યાં હશે તે ગ્રંથ અધૂરો જ રહી ગયો હોવાથી ચોક્કસ કહી શકાય તેમ નથી. બારમું પ્રકરણ અધૂરું મૂક્યું છે. આ ગ્રંથમાં આપેલાં પ્રકરણોનાં નામો નીચે મુજબ છે. આ યાદી ઉપરથી આ ગ્રંથમાં તર્કની દૃષ્ટિએ વિષયોની અને તર્ક-ન્યાયની દૃષ્ટિએ કરેલી ચર્ચા શેની છે તેનો ખ્યાલ મળી જશે.

| | |
|---|---|
| ૧. સ્વત્વ | ૮. સંશય લક્ષણ |
| ૨. વિષયતા | ૯. મન |
| ૩. સંસ્કાર સવિષયતા | ૧૦. પૃથિવી |
| ૪. સ્વપ્રકાશતા | ૧૧. જલ |
| ૫. નિર્વિકલ્પક | ૧૨. તેજ |
| ૬. સ્મૃતિ પ્રામાણ્ય | ૧૩. વાયુ |
| ૭. વિશેષોપલક્ષણ | ૧૪. .... |

આ વાદગ્રંથની થોડી વિશેષતા એ છે કે પ્રાચીન તર્ક-ન્યાયના પરંપરાગત વિદ્વાનોએ 'સ્વત્વ' આદિ વિષયના કેટલાક વાદો જે લખ્યા છે તેમાં માત્ર પ્રચલિત તર્કની દૃષ્ટિએ જ નિરૂપણ કર્યું છે. જ્યારે ઉપાધ્યાયજીએ એ જ 'સ્વત્વ' આદિ વિષયો ઉપર લખ્યું ત્યારે તર્કની દૃષ્ટિએ તો નિરૂપણ કરવાનું સ્વાભાવિક હતું જ; પણ તેની સાથે સાથે જૈન તર્કને અનુસરીને પણ પ્રત્યેક વિષય ઉપર નિરૂપણ કર્યું છે. જેમ કે—અજૈન તાર્કિકો પૃથ્વી, જલ, તેજ, વાયુ આ ચારને સ્વતંત્ર મૂલભૂત તત્ત્વરૂપે માને છે. અર્થાત્ પ્રત્યેકને સ્વતંત્ર પદાર્થરૂપે માને છે. જ્યારે જૈનદર્શન એ બધાયને-સર્વથા સ્વતંત્રરૂપે નથી માનતું પણ તે ચારેયના મૂલભૂત તત્ત્વ તરીકે માત્ર પુદ્ગલ દ્રવ્યને જ સ્વીકારે છે. અને તે કહે છે કે ચારેય માત્ર એક પુદ્ગલના જ વિકારરૂપે છે. મૂળ વાત એ સમજવાની છે કે, જૈન દર્શન આ વિશ્વમાં મૂળભૂત દ્રવ્યો-પદાર્થો છ જ છે, એમ કહે છે. અને તે છ સ્વતંત્ર જ દ્રવ્યો છે. જેનાં નામ અનુક્રમે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ, જીવ, પુદ્ગલ, અને કાળ છે. આ છ દ્રવ્યો વડે લોકનું-અખિલ (દૃશ્યાદૃશ્ય) વિશ્વનું સ્વરૂપ નિર્માણ થયેલું છે. આ દ્રવ્યો તેની ગુણ પર્યાયો અવસ્થાઓથી યુકત હોય છે, એટલે પ્રતિક્ષણે આ દ્રવ્યો પોતપોતાની મર્યાદા મુજબ વિવિધ પરિણામોને પ્રાપ્ત કરતા રહે છે.

તમામ દ્રવ્યો સત્, સ્વભાવસિદ્ધ અનાદિનિધન છે અને સમાન છે એટલે કે એક જ અવકાશમાં અન્યોન્ય પ્રવેશ કરી શકે એવાં છે. પોતાના સ્વભાવમાં જ સદાય રહેતા હોવાથી અવસ્થિત છે. એમાં માત્ર જીવ દ્રવ્ય ચૈતન્ય સ્વરૂપ છે. બાકીનાં પાંચ દ્રવ્યો જડ છે. એમાં માત્ર પુદ્ગલ દ્રવ્ય જ મૂર્ત છે. બાકીનાં પાંચ અમૂર્ત દ્રવ્યો છે. કર્તા, દ્રવ્ય, માત્ર જીવ દ્રવ્ય જ છે. બાકીના પાંચ અકર્તા છે. જીવ, પુદ્ગલ દ્રવ્યો અનિત્ય છે. બાકીનાં ચાર નિત્ય છે.

આ છ દ્રવ્યોમાં જીવ અને પુદ્ગલ એ આપણા સ્પષ્ટ અનુભવમાં આવનારાં દ્રવ્યો છે.

જેટલાં ચૈતન્ય દ્રવ્યો છે તે જીવો છે. જેનો સમાવેશ જીવદ્રવ્યમાં થાય છે અને આ વિશ્વ ઉપર જે ભૌતિક દ્રવ્યો-પદાર્થો કે વસ્તુઓ છે, તે પુદ્ગલ અથવા પુદ્ગલાસ્તિકાય નામના દ્રવ્યના જ વિકારો કે રૂપાંતરો છે. એક જ પુદ્ગલના અનેક પ્રકારો છે એમ માને છે, એટલે તે પૃથ્વી આદિ ચારેય ભૂતોને પ્રકાર-વિકાર સ્વતંત્ર પદાર્થરૂપે સ્વીકારતું નથી. આજે વિજ્ઞાન પણ અસંખ્ય પદાર્થો એક જ પુદ્ગલ પદાર્થના પ્રકારરૂપે છે એવી માન્યતા તરફ ખૂબ ઢળી રહ્યું છે.

આ ગ્રંથમાં તર્ક સંબંધી કેટલીક બાબતોનું એવું નિરૂપણ કર્યું છે કે જે પ્રાચીન અજૈન વિદ્વાનોએ પણ કર્યું નથી. આ એક અત્યન્ત ગૌરવ લેવા જેવી બાબત છે.

આ ગ્રંથનો આધ્યયનિક-ભણવાનો લાભ શું? તે માટે ઉપાધ્યાયજી પોતે જ આ ગ્રંથના મંગલાચરણના બીજા શ્લોકમાં જણાવે છે કે આ ગ્રંથને વારંવાર જે ભણે છે, ચિંતન કરે છે, મનન કરે છે તે તર્કરૂપી સમુદ્રને જોતજોતામાં તરી જાય છે એટલે મહાન તાર્કિક બને છે અને અનેક ગ્રંથોના વાંચનને સુસાધ્ય કરી શકે છે.

## પ્રતિનો પરિચય

આ પ્રતિ ખુદ ઉપાધ્યાયજીએ પોતે જ લખી છે, એટલે અતિ શુદ્ધ જ હોય એ સ્વાભાવિક છે. સુંદર અક્ષરો, વ્યવસ્થિત લખાણ, ક્યાંય પણ ચેકચૂક નહિ, એ રીતે લખાયેલી છે. પ્રતિનું માપ, પંક્તિ, અક્ષર, સંખ્યા વગેરે જણાવવાનું બહુ અગત્યનું ન હોવાથી તેનો નિર્દેશ નથી કરતો. આની બીજી નકલ ક્યાંયથી પણ ઉપલબ્ધ થઈ નથી.

આ પ્રમાણે ગ્રંથને અનુલક્ષીને પ્રાસંગિક કંઈક ઝાંખી કરાવી.

દુઃખની વાત કહો કે જૈન સંઘની કમનસીબી કહો તે એ કે ઉપાધ્યાયજીના ન્યાય વિષયક ગ્રંથોની પ્રાયઃ એક એક પ્રતિ જ ઉપલબ્ધ થઈ અને તે પણ (પ્રાયઃ) તેઓશ્રીના હાથે જ લખાએલી (પાંડુલિપિ). તો શંકા થાય કે આ પ્રતિઓની બીજી નકલ કેમ મળતી નહિ હોય? શું ખુદ ઉપાધ્યાયજી મહારાજ જ આ પ્રયાસ કરી-કરાવી શક્યા નહિ હોય? અથવા કદાચ થયો હોય અને એમની પ્રતિઓ નષ્ટ થઈ હશે, કે નષ્ટ કરી દેવામાં આવી હશે! જે હોય તે, પણ પ્રત્યન્તર નથી એ હકીકત છે. એટલે ઘણાં સ્થળે અક્ષરો સ્પષ્ટ વાંચી શકાય નહિ ત્યારે બીજી પ્રતિના અભાવે અક્ષર-શબ્દનો નિર્ણય કરવામાં ભારે મુશ્કેલીઓ ઊભી થતી હતી. છતાં શાસનદેવ, ઉપાધ્યાયજી અને ભગવતીજીની પરમકૃપાથી જ અલ્પમતિ મારાથી જેવું હોય તેવું પણ કામ પાર પાડ્યું, એનો મને આત્મસંતોષ છે.

આ રીતે ગ્રંથને અનુલક્ષીને કંઈક ઝાંખી કરાવી છે.

## પ્રમેયમાળાના ઉપલબ્ધ પ્રકરણોના વિષયોનું વિહંગાવલોકન

આ ગ્રંથમાં બાર વિષયોને અનુલક્ષીને બાર પ્રકરણો આપવામાં આવ્યાં છે. પ્રત્યેક પ્રકરણમાં અનેક પ્રકારે વિવિધ ચર્ચાઓ કરીને જૈન મંતવ્યની યથાર્થતાની સાબિતી કરવામાં આવી છે. અહીંયા પ્રત્યેક પ્રકરણના ઓછાવત્તા વિષયનું યત્કિંચિત સંક્ષિપ્ત દિગ્દર્શન કરાવવામાં આવે છે. આથી વાચકોને આ ગ્રંથ શેનો છે તેની કંઈક ઝાંખી થઈ શકે.

### પ્રકરણ ૧ : સ્વત્વ

*સ્વત્વને કેટલાક દાર્શનિકો એક જાતનો સ્વતંત્ર પદાર્થ માને છે, પણ જૈનો તેવું માનતા નથી. તેઓ સ્વત્વ એ, સ્વત્વ અને સ્વામિત્વ બંનેમાં રહેવાવાળો—પર્યાયરૂપ પદાર્થ છે. આથી 'સ્વત્વ' એ સ્વતંત્ર પદાર્થ નથી એમ જૈન દાર્શનિકો માને છે.

વળી દ્રવ્યાર્થિક નયની દૃષ્ટિથી વિચારીએ તો સ્વત્વ અને સ્વામિત્વ એ સ્વ અને સ્વામીથી અભિન્ન છે, અને પર્યાયાર્થિક નયની દૃષ્ટિએ વિચારીએ તો સ્વત્વ અને સ્વામિત્વ સ્વ અને સ્વામીથી ભિન્ન છે.

### પ્રકરણ ૨ : વિષયતા

કેટલાક લોકો વિષયમાં વિષયતા રહે છે અને તે જ્ઞાતતા કહેવાય છે પણ ઉપાધ્યાયજી તેથી વિરુદ્ધ મત દર્શાવતાં કહે છે કે જ્ઞાન એ જ વિષયતારૂપ છે. અર્થાત્ વિષયતા જ સ્વયં જ્ઞાનરૂપ છે.

### પ્રકરણ ૩ : સંસ્કાર-સવિષયતા

બીજા લોકો સંસ્કારમાં વિષય નથી હોતો એમ માને છે. જેમ અદૃષ્ટ અર્થાત્ ધર્માધર્મ જે રીતે વિષયથી રહિત હોય છે એ પ્રમાણે સંસ્કાર પણ વિષયથી રહિત છે., પણ જૈન મતાનુસાર સંસ્કાર વિષયથી યુક્ત છે. સ્મૃતિજ્ઞાનના આવરણરૂપ કર્મના ક્ષયોપશમરૂપ છે તેથી એ પણ વિષયથી યુક્ત છે. અર્થાત્ સંસ્કાર વિષયતાયુક્ત છે એ વાત ઉપાધ્યાયજીએ સાબિત કરી આપી છે.

### પ્રકરણ ૪ : સ્વપ્રકાશતા

નૈયાયિકો જ્ઞાનને સ્વપ્રકાશક ન માનતાં માત્ર પરપ્રકાશક જ માને છે જ્યારે જૈનદર્શન જ્ઞાનને સ્વપ્રકાશક જ માને છે. જ્ઞાન સ્વપ્રકાશક કેવી રીતે છે તે વાત દલીલોથી આ પ્રકરણમાં સમજાવવામાં આવી છે.

---

★ સ્વ થી પોતાના અધિકારવાળી માલિકીવાળી કોઈપણ વસ્તુ ધન વગેરે, અને એ વસ્તુમાં રહેવાવાળો ધર્મ તે સ્વત્વ અર્થાત્ જે વસ્તુમાં જે અધિકાર-હક્ક રહેલ હોય તે તેનો ધર્મ કહેવાય છે.

## પ્રકરણ ૫ : નિર્વિકલ્પક

પ્રત્યક્ષજ્ઞાનમાં નિર્વિકલ્પ સ્વરૂપનો વિચાર આ પ્રકરણમાં કર્યો છે. નૈયાયિકો સવિકલ્પક અને નિર્વિકલ્પક પ્રત્યક્ષ માને છે. જેમાં વિશેષણ વિશેષ્યભાવની પ્રતીતિ થતી હોય તે સવિકલ્પક અને તેવી પ્રતીતિ થતી ન હોય તે નિર્વિકલ્પક. આ વ્યાખ્યા નૈયાયિકોની છે.

પણ જૈનદર્શન આ રીતના નિર્વિકલ્પક જ્ઞાનને સ્વીકારતું જ નથી. તે કહે છે કે મતિજ્ઞાનના અવગ્રહભેદમાં પ્રારંભમાં જે જ્ઞાન થાય છે તે સવિકલ્પક જ્ઞાનની જ પ્રથમાવસ્થા છે, પણ સર્વથા નિર્વિકલ્પક છે એમ માનવાનું નથી. આ બાબત આ પ્રકરણમાં ચર્ચી છે.

## પ્રકરણ ૬ : સ્મૃતિપ્રામાણ્ય

નૈયાયિકો સ્મૃતિ–સ્મૃતિજ્ઞાનને પ્રમાણરૂપે નથી માનતા, જ્યારે ઉપાધ્યાયજી જૈનમતને અનુસરીને કહે છે કે સ્મૃતિ–જ્ઞાન એ પણ પ્રમાણરૂપે જ છે, જેમ અનુભવ હંમેશા યથાર્થ હોય છે અને તેથી અનુભવ પ્રમાણરૂપ ગણાય છે એમ ઉપાધ્યાયજીએ સ્મૃતિને પ્રમાણરૂપે ગણાવી છે.

## પ્રકરણ ૭ : વિશેષોપલક્ષણ

વિશિષ્ટજ્ઞાનમાં જે પ્રકારરૂપ ધર્મ છે તે બે પ્રકારે છે. એક વ્યાવર્તક અને બીજો અવ્યાવર્તક. વ્યાવર્તક ધર્મ બે પ્રકારે છે. (૧) વિશેષણ અને (૨) ઉપલક્ષણ. અવધારણાત્મક વિષયતા જેમાં હોય તે વિશેષણ કહેવાય છે. આ બંને ધર્મો સર્વત્ર અનુગત છે એમ માને છે પણ ઉપાધ્યાયજી કહે છે કે બધી જ જગ્યાએ અનુગત હોય છે એવું નથી. આ બાબત આ પ્રકરણમાં ચર્ચી છે.

## પ્રકરણ ૮ : સંશય-લક્ષણ

સંશય કે સંદેહનું લક્ષણ વિવિધ દાર્શનિકો વિવિધ રીતે વર્ણવે છે; પરંતુ ઉપાધ્યાયજી એક ધર્મમાં વિરોધથી યુકત અનેક ધર્મો જેમાં પ્રકાર (વિશેષ–ભેદ) પડતા હોય તેવા જ્ઞાનને સંશયજ્ઞાન–સંદેહજ્ઞાન કહે છે.

## પ્રકરણ ૯ : મન

નૈયાયિકો જીવમાત્રમાં મન હોય છે એવું માને છે પણ જૈનદર્શન એમ માનતું નથી, તેથી ઉપાધ્યાયજી જણાવે છે કે માત્ર ગર્ભજ પંચેન્દ્રિય પ્રકારના જીવોમાં જ તે હોય છે. આ મન દીર્ઘકાલીન સંજ્ઞા નામના જ્ઞાનનું જનક છે. આ મનનો ઉત્કર્ષ–અપકર્ષ થતો જોવાતો હોવાથી તે પુદ્‌ગલના સ્કંધરૂપે છે તેથી તે નિત્ય પણ નથી. આમ મનને અણુ, નિત્ય અને સર્વજીવસમ્બદ્ધ કહે છે તે વાત અસત્ ઠરે છે.

## પ્રકરણ ૧૦ : પૃથ્વી

પૃથ્વીને નૈયાયિકો સ્વતંત્ર દ્રવ્ય માને છે, અને ગંધનું સમવાયી કારણ માને છે, અને ગંધની સમવાયી કારણતાના અવચ્છેદક રૂપે નૈયાયિક પૃથ્વીતત્ત્વની સિદ્ધિ કરે છે; પરંતુ ઉપાધ્યાયજી પૃથ્વીને સર્વથા સ્વતંત્ર દ્રવ્ય ન માનતાં પુદ્ગલ દ્રવ્યનો પરિણામ–વિકાર વિશેષ છે એમ જણાવે છે.

## પ્રકરણ ૧૧ : જળ

જળતત્ત્વને પણ નૈયાયિકો સ્વતંત્ર દ્રવ્ય માને છે પણ જૈનો સ્વતંત્ર દ્રવ્યરૂપે નથી માનતા. જૈનો સ્વતંત્ર દ્રવ્ય રૂપે પુદ્ગલ દ્રવ્યને જે માને છે તેનો જલ એક પ્રકાર છે. ચૈતન્ય--આત્મદ્રવ્ય સિવાય વિશ્વમાં (આકાશને તેમજ ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને કાળને છોડીને) જેટલા ભૌતિક પદાર્થો છે તેનો સમાવેશ એક 'પુદ્ગલ' નામના સ્વતંત્ર દ્રવ્યમાં જ થાય છે. પછી એ જ પુદ્ગલ દ્રવ્યના વિકારો–પર્યાયોરૂપે તમામ દ્રવ્યો–પદાર્થો વર્તે છે.

## પ્રકરણ ૧૨ : તૈજસ

સુવર્ણ–સોનું એ તૈજસ અગ્નિરૂપ છે કે પૃથ્વીરૂપ છે, આ સવાલ છે. એમાં વૈશેષિકદર્શન સુવર્ણને તૈજસરૂપ માને છે. અને ભલે સ્પષ્ટ તૈજસપણું નથી પણ અભિભૂત જરૂર છે. જ્યારે તત્ત્વચિંતામણિકાર એમ જણાવે છે કે સુવર્ણમાં ઉષ્ણસ્પર્શ અદ્‌ભુત છે, એની સામે ઉપાધ્યાયજી કહે છે કે સુવર્ણ પૃથ્વીમાં–ધરતીમાં ઉત્પન્ન થાય છે તેથી અને કાપવાથી સમાન અંકુર આવિર્ભૂતિ દેખાતા હોવાથી સુવર્ણ પૃથ્વીકાયનો જ ભેદ છે. આ રીતે જૈનદર્શન ધાતુઓને પૃથ્વીકાય માને છે તેની સાબિતી કરી આપી છે.

## પ્રકરણ ૧૩ : વાયુ

મીમાંસકો, ત્વચાથી વાયુ પ્રત્યક્ષ થાય છે એવું માને છે. ચિન્તામણિકાર એવું માનતા નથી. આ બંનેને ઉપાધ્યાયજી જવાબ આપે છે કે વાયુનું પ્રત્યક્ષ વિચારજ્ઞાનથી થઈ શકે છે. પણ આ વાત જલદી ગળે ન ઉતરે તો વૃક્ષાદિના કંપન દ્વારા અનુમાનથી તેની પ્રતીતિ કરી શકાય છે, વગેરે અનેક બાબતો આ પ્રકરણમાં જણાવી છે. આ પ્રકરણ અપૂર્ણ રહી ગયું છે.

પ્રકરણ તેર અને ચૌદ બે મળ્યાં નથી, તથા આકૃતિના છેલ્લા પાનાં ઉપર वायुप्रकरणम् એવું જે હેડીંગ છપાયું તે રદ કરવું.

# મહોપાધ્યાય શ્રીમદ્ પૂજ્ય યશોવિજયજી મહારાજશ્રીના જીવનની અલ્પ ઝાંખી

લેખક : યશોદેવસૂરિ

લેખન સમય ૨૦૩૦

આપણા ભારત વર્ષના પશ્ચિમ ભારતમાં ગુજરાતનો પ્રદેશ આવેલો છે. આ ભૂમિ ઉપર જ શત્રુંજય, ગિરનાર, પાવાગઢ. તારંગા જેવા અનેક પહાડી પવિત્ર ધામો આવ્યાં છે. જે દૂર-સુદૂરથી લોકોને આકર્ષી રહ્યા છે. ધાર્મિક ક્ષેત્રે, દિગ્ગજ જેવા સમર્થ વિદ્વાનો, મહાન આચાર્યો અને શ્રેષ્ઠ સંતો, તપસ્વિની સાધ્વીજીઓ તથા રાષ્ટ્રીય ક્ષેત્રે, કે સામાજિક ક્ષેત્રે સર્વોચ્ચ કોટિના નેતાઓ, કાર્યકરો, સાહિત્ય ક્ષેત્રે, વિવિધ ભાષાના પ્રખ્યાત લેખકો, કવિઓ, સર્જકો પણ ગુજરાતની ધરતીએ નીપજાવ્યા છે. મહાન વૈયાકરણ પાણિનીના સંસ્કૃત વ્યાકરણથી નિર્વિવાદ રીતે અતિ ઉચ્ચ કોટિના ગણાતા સિદ્ધહેમ શબ્દાનુશાસન નામના વ્યાકરણની અણમોલ ભેટ માત્ર ગુજરાતને જ નહિ પણ વિશ્વને પ્રાપ્ત થઈ, તેના રચયિતા, ગુજરાતની સંતપ્રસૂ ભૂમિ ઉપર જન્મેલા જૈન મુનિ કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી જ હતા. ભારતના અઢાર દેશમાં અહિંસા ધર્મનો વ્યાપક પ્રચાર કરનારા ગુર્જરેશ્વર પરમાર્હત્ કુમારપાળ મહારાજા પણ ગુજરાતની ભૂમિમાં જ જન્મેલા નરરત્ન હતા. જેના આદેશથી સેનાના લાખોની સંખ્યાના હાથી ઘોડાઓ પણ જ્યાં કપડાથી ગાળેલું પાણી પીતા હતા. માથાની જુ સુદ્ધાંને જેના રાજ્યમાં મારી શકાતી ન હતી. જે ધરતીમાંથી હિંસા રાક્ષસીને સર્વથા દેશનિકાલ કરી હતી. તે કુમારપાળ હેમચંદ્રાચાર્યજીના જ શિષ્ય હતા. વળી હેમચંદ્રાચાર્યજી અને કુમારપાળની જોડીએ લોકહૈયામાં વહેવડાવેલી અહિંસાની ભાગીરથીના કારણે જ અન્ય પ્રાંતોની અપેક્ષાએ ગુજરાત, વધુમાં વધુ અહિંસા, દયા, કરૂણા, પ્રેમ, કોમળતા, સહિષ્ણુતા, સમભાવ, શાંતિપ્રિયતા, ધાર્મિક ભાવ, સંતપ્રેમ, ઉદારતા વગેરે ગુણોથી દેશમાં આગવું સ્થાન ધરાવે છે. કુમારપાળે સમજાવટ અને સત્તાના સહારે ગુજરાતની ધરતીના કણે કણ સુધી ફેલાવેલી અહિંસા ભારતના ઈતિહાસમાં અજોડ છે, અદ્ભુત છે અને અમર છે. આજે ગુજરાત સમગ્ર દેશમાં વધુ અહિંસક રહી શક્યું છે, અને તેથી ગુજરાતનું વાતાવરણ વધુ સહિષ્ણુ છે. પણ વર્તમાન સરકારની ધરખમ હિંસક નીતિ ગુજરાતને ગુજરાત તરીકે કેવું રહેવા દેશે તે ભગવાન જાણે!

ગુજરાતની સંતપ્રસૂ પુણ્યભૂમિ ઉપર ઉત્તર ગુજરાતમાં એક વખત ગુજરાતની રાજધાની રૂપે વિખ્યાત બનેલું એવું પાટણ શહેર છે, જે શહેર મંદિરો, સંતો, મહાત્માઓ, ધર્માત્માઓ અને શ્રીમંતોથી શોભાયમાન છે. આ પાટણની નજીકમાં જ ધીણોજ ગામ આવેલું છે. આવા ધીણોજ પાસે જ મેં જાતે જોએલું કનોડુ નામનું સાવ ધૂલીયું ગામ છે. આજે આ ગામ સામાન્ય ગામડા જેવું છે. આજે ત્યાં કદાચ જૈનોના એકાદ બે ઘર હશે. પણ સત્તરમી સદીમાં ત્યાં જૈનોના ઘરો વધુ હોવા જોઈએ. આ ગામમાં 'નારાયણ' નામના એક જૈન વ્યાપારી ધર્મિષ્ઠ હતા. તેમને 'સોભાગદેવી' નામના પત્ની હતા. આ પત્નીએ કોઈ સુયોગ્ય સમયે એક

મહાન તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો. માતા-પિતાએ તેનું જશવંતકુમાર એવું નામ સ્થાપ્યું. આ જસવંત એ જ ભાવિના આપણા **યશોવિજયજી.**

અતિ ખેદની વાત એ છે કે તેઓ કઈ સાલમાં, કયા મહિનામાં, કયા દિવસે જન્મ્યા હતા તેનો કશો ઉલ્લેખ મળતો નથી. એમના જીવનને વ્યકત કરતી 'સુજસવેલી' કવિતા, ઐતિહાસિક વસ્ત્રપટ, હેમધાતુ પાઠની લખેલ પોથી, ઉના ગામના ભગવાનના સ્તવનનું લિખિત પાનું, આ બધાયની તથા સ્વકૃત ગ્રંથની પ્રશસ્તિઓ જોતાં એમનો જન્મ લગભગ ૧૬૪૦ થી ૧૬૫૦ વચ્ચેનો અંદાજી શકાય. તેઓ વિ. સં. ૧૭૪૩માં ડભોઈ મુકામે સ્વર્ગવાસી થયા હતા. એ ઉલ્લેખ જોતાં તેમનું આયુષ્ય લગભગ સો વર્ષનું કલ્પી શકાય.

સુજસવેલી નામની ગુજરાતી પદ્યમય રચનાના કથનાનુસાર પંડિત શ્રી નયવિજયજી નામના જૈન મુનિ કુણગેર ચોમાસું કરી કનોડુ પધાર્યા, જશવંતના માતા પોતાના પુત્રનું જીવન ધાર્મિક સંસ્કારોથી સુવાસિત બને એટલે માતા હંમેશા દેવદર્શન ગુરુદર્શન કરવા જતા ત્યારે જસવંતને સાથે લઈ જતા. દેવદર્શન કરી ઉપાશ્રયમાં ગુરુને વંદન કરી સુખશાતાની પૃચ્છા કરી માંગલિક પાઠનું શ્રવણ કરતા અને પોતાના ઘરે ગોચરી–ભિક્ષાનો લાભ આપવાની ગુરુશ્રીને વિનંતી કરતા. ધીમે ધીમે જશવંત બીજા સમયમાં પણ ઉપાશ્રયે જતો-આવતો થયો. સાધુઓ જોડે બેસતો, સાધુઓ પ્રેમથી બોલાવતા અને જશવતંના ગુરુદેવ પાસે વાર્તા કથા સાંભળતો અને એ નિરાંતે ત્યાગ–વૈરાગ્યની પ્રેરણા મેળવતો ગયો. પારખુ ઝવેરી જેમ હીરાને ઓળખી કાઢે અને તેના મૂલ્યનું માપ પણ કાઢે તે મુજબ ગુરુ શ્રી નયવિજયજીને જશવંતનું તેજસ્વી મુખ વિનય વિવેક ભર્યું વર્તન, શાણપણ, ઠાવકાઈ, ધર્મ ઉપરનો આછો પતલો પ્રેમ વગેરે ગુણો જોઈ તેનામાં ભાવિના એક મહાન નરરત્નની ઝાંખી થઈ. જશવંતનું ભાવિ માપી લીધું. જશવંતને પણ ગુરુજીએ તથા સાધુઓએ પૂછયું કે કેમ દીક્ષા લેવાની ભાવના થાય છે ખરી? ત્યારે તે સંમતિ સૂચક મસ્તક ધુણાવતો અને હા પાડતો. સાધુઓ ત્યાગી જીવન શું છે તે મળવું કેટલું કઠણ છે તે પણ સમજાવતા, ત્યારે તે હિંમતથી કહેતો કે તમો પાળો છો તો હું કેમ નહીં પાળું? જરૂર પાળીશ. પછી મુનિશ્રી નયવિજયજી જશવંતની બાબતમાં આગળ વધ્યા અને એક દિવસ ગુરુદેવે સંઘની હાજરીમાં બાળક જશવંતને જૈનશાસનના ચરણમાં સમર્પણ કરવાની અર્થાત્ દીક્ષા આપવા માટેની માંગણી કરી. જૈનશાસનને વરેલી માતાએ વિચાર્યું કે જો મારો પુત્ર ઘરમાં રહેશે તો વધુમાં વધુ શ્રીમંત થાય કે ગામ પરગામમાં નામના કાઢે કે કુટુંબનું ભૌતિક હિત કરે. મારો પુત્ર ઘરમાં રહેશે તો નાનકડી દીવડીની જેમ રહી મારા એક ઘરને પ્રકાશિત કરશે પણ જો ત્યાગી થઈ જ્ઞાની થશે તો સૂર્યની જેમ હજારો ઘરોને પ્રકાશ આપશે. હજારો આત્માઓને આત્મકલ્યાણનો માર્ગ બતાવશે તો એક ઘર કરતાં અનેક ઘરોને મારો પુત્ર અજવાળે તો એનાથી મારે રૂડું શું? હું કેવી બડભાગી બનું! મારી કુખ કેવી રત્નકુક્ષિ બની જાય. આ વિચારોએ માતાના હૈયામાં હર્ષ–આનંદની ભરતી આણી. ઉત્સાહપૂર્વક જિનશાસનને વરેલી માતાએ ગુરુ અને શ્રી સંઘની આજ્ઞા માથે ચઢાવી. પોતાના વહાલસોયા કુમારને એક શુભ ચોઘડિયે શ્રી નયવિજયજીને સુપ્રત કરી દીધો. આ પણ એક ધન્યપળ હતી. આ રીતે જૈન શાસનના ભાવિમાં થનારા જયજયકારનું બીજારોપણ થયું.

ધર્માત્મા નારીરત્ન માતા સોભાગદેએ પોતાના વૈરાગી અને ધર્મ સંસ્કારી જસવંતને જૈનશાસનને ચરણે સોંપી દીધો. પછી નાનકડા કનોડુમાં આવા ઉત્તમ બાળકની દીક્ષા આપવાનો વિશેષ અર્થ આપવાનો નિર્ણય લીધો. વ્યકિતની-શાસનની કે જાહેરની દૃષ્ટિએ એ યોગ્ય નિર્ણય હતો, પિતા નારાયણને પાટણ સાથે સારા સંબંધો પણ હતા એટલે આપણા પુણ્યવાન જશવંતકુમારની ભાગવતી દીક્ષા યોગ્ય મુહૂર્તે અણહિલપુરથી ઓળખાતા પાટણ શહેરમાં ધામધૂમથી આપવામાં આવી. હવેથી સંસારી મટી (સંયમી) સાધુ થયા, ભોગી મટી ત્યાગી બન્યા.

પોતાના ભાઈને સંયમના પંથે જતા જોઇને જશવંતના બંધુ પદ્મસિંહનું મન પણ વૈરાગ્યના રંગે રંગાઈ ગયું. તેની આ પવિત્ર અને મહાન ભાવનામાં ધર્માત્મા માતાપિતા તેમાં સહાયક હતા. છેવટે પદ્મસિંહે દીક્ષા લેવાની ઉત્કટ ભાવના વ્યકત કરતા તેની પરીક્ષા કરી. મક્કમ ભાવના જોઈને તેને પણ તે જ વખતે દીક્ષા આપવામાં આવી. જૈન શ્રમણ પરંપરાના નિયમ મુજબ ગૃહસ્થાશ્રમનું નામ બદલીને જશવંતનું નામ યશોવિજય-જસવિજય, અને પદ્મસિંહનું નામ પદ્મવિજય પાડવામાં આવ્યું. આ નામો સમગ્ર જનતાએ જયનાદોની પ્રચણ્ડ ઘોષણા સાથે વધાવી લીધા. જનતાનો આનંદ અપાર હતો. ચતુર્વિધ શ્રી સંઘે બંનેના મસ્તક ઉપર સુગંધી અક્ષતના પ્રક્ષેપ દ્વારા શુભાશીર્વાદ પાઠવ્યા. બંને પુત્રોના માતાપિતાએ પણ પોતાના બંને પુત્રોને આશીર્વાદથી નવાજ્યા. પોતાની કુખને અજવાળનારા બંને બાળકોને ચારિત્રના વેશમાં જોઈ તેમની આંખો હર્ષાશ્રુથી ભીંજાઈ ગઈ. ઘરે જન્મેલો પ્રકાશ આજથી હવે જગતને અજવાળવાના પંથે પ્રયાણ કરશે એ વિચારથી બંનેના હૃદય આનંદવિભોર બની ગયા!

દીક્ષા વખતે જશવંતકુમારની ઉમ્મર સાતથી દશ વર્ષ વચ્ચેની હોવી જોઈએ.

જૈન ધર્મમાં સ્કુલની પરીક્ષાની જેમ પ્રથમ પ્રારંભિક નાની દીક્ષા આપવાની હોય છે પછી મોટી એટલે કાયમી દીક્ષા આપવામાં આવે છે. પણ એ માટે થોડી તપશ્ચર્યા કરવી પડે છે. અહીં બંને ભાઈઓએ મોટી દીક્ષાને યોગ્ય-તપ કર્યો. વૈરાગ્યભાવ પ્રબળ જોયા બાદ અને દીક્ષા અંગેની યોગ્યતાની ચકાસણી કર્યા બાદ, તેમને વિધિ સહ વડીદીક્ષા આપી. તે પછી ગુરુશ્રી નયવિજયજી પાટણથી વિહાર કરી અમદાવાદ પધાર્યા, ત્યાં વિવિધ પ્રકારનો ધાર્મિક અભ્યાસ ચાલુ કર્યો. તીવ્ર બુદ્ધિમત્તાના કારણે તેઓ ઝડપથી ભણવા લાગ્યા. ભણવામાં એકાગ્રતા અને ઉત્તમ વર્તણુંક જોઈને શ્રી સંઘના આગેવાનોએ બાળ સાધુ જસવિજયમાં ભવિષ્યના મહાન સાધુની આગાહી વાંચી. બુદ્ધિની કુશળતા, ઉત્તરો આપવાની વિચક્ષણતા વગેરે જોઇ શ્રી સંઘના આગેવાનોને બહુમાન પેદા થયું. ધારણા શકિતનો અનોખો પરિચય સાંપડ્યો, ભકતજનોમાં ધનજી સુરા નામના એક શેઠ હતા તેમણે જશવંતથી પ્રભાવિત થઈ ગુરુદેવને વિનંતી કરી કે 'અહીંયા ગુજરાતમાં હાલમાં મોટા પંડિતો દેખાતા નથી માટે આમને વિદ્યાધામ કાશીમાં ભણાવવા લઈ જાઓ તો બીજા હેમચંદ્રાચાર્ય જેવા મહાન અને ધુરંધર વિદ્વાન થશે. આ, અંગેનો તમામ ખર્ચ પૂરો પાડવાનું અને પંડિતોને વેતન-પગાર આપવાનું વચન તેમણે સ્વેચ્છાથી ઉત્સાહપૂર્વક સ્વીકાર્યું.

એ વખતે વિદ્યાધામ કાશી પ્રકાણ્ડ પંડિતો, અને દિગ્ગજ વિદ્વાનો અને મહાન દાર્શનિકોની

કર્મભૂમિ હતું, અને જ્ઞાનની અધિષ્ઠાત્રી ભગવતી સરસ્વતી ત્યાં ઘુમતી હતી. તે વખતે ત્યાં વાસ હતો.

ગુરુદેવ શ્રી નયવિજયજી પોતાના સુશિષ્ય યશોવિજયજી સાથે સુયોગ્ય દિવસે વિહાર કરી ભારે પરિશ્રમ ઉઠાવીને ગુજરાતથી નીકળી ઠેઠ સરસ્વતીધામ કાશીમાં પહોંચ્યા. એક મહાન વિદ્વાને પૂર્વનિર્ણીત સ્થળે ઉતારો કર્યો. તે પછી એક મહાન વિદ્વાન પંડિતજીનો સંપર્ક સાધી વિવિધ પ્રકારના દર્શનશાસ્ત્રોનો તથા અન્ય સાહિત્યનો અભ્યાસ શરૂ કર્યો. અકલ્પનીય ધારણા, ગ્રહણ શકિત, અતિ તીવ્ર સ્મૃતિ, અજબ કંઠસ્થ શકિત વગેરે કારણે, સંસ્કૃત, વ્યાકરણ, કાવ્ય અને તે પછી પ્રાચીન તથા નવ્ય ન્યાયશાસ્ત્ર વગેરેના, તેમજ અજૈનોના સાંખ્ય, વેદાન્ત, મીમાંસક આદિ અને તેની અનેક શાખાઓનો દાર્શનિક અભ્યાસ કરવા સાથે જોતજોતામાં તો તેઓ અનેક શાસ્ત્રોના વિદ્યા–જ્ઞાનની વિવિધ શાખાઓના પારંગત વિદ્વાન બની ગયા. દર્શનશાસ્ત્રોનું અધ્યયન એવું આમૂલચૂલ કર્યું કે તેઓ જાતે દિવસે, ષડ્દર્શન વેત્તા તરીકે પ્રસિદ્ધિ પામ્યા. એમાંય ખાસ કરીને નવ્યન્યાયના તો અજોડ વિદ્વાન બની ગયા. પછી તે શાસ્ત્રાર્થ કે વાદ–વિવાદ કરવામાં તેમની બુદ્ધિ પ્રતિભાએ ભારે પરચાઓ બતાવ્યા. તેઓશ્રીના વિદ્યાગુરુ આવા મહાન શિષ્યથી ખુશ હતા. કહેવાય છે કે એ જમાનામાં ભણાવનાર પંડિતને મહિને માત્ર રૂા. ૩૦ આપવામાં આવતા હતા, જૈન ધર્મમા આ **નવ્યન્યાય**ના પહેલા જ પંડિત બન્યા. નવ્યન્યાય એટલે પ્રાચીન ન્યાય કરતાં તર્કની જટિલ અટપટી અને કિલષ્ટ પદ્ધતિ દ્વારા કરવામાં આવતો અન્તિમ નિર્ણય.

કાશીમાં પવિત્ર ગંગાના કિનારે બેસીને તેઓશ્રીએ વાણીની શકિતને વિકસાવનાર 'ઐં' બીજયંત્ર સહિત સરસ્વતીપદના મંત્રનો જાપ કરી માતા શારદાને પ્રસન્ન કરી સાક્ષાત્ પ્રગટ કરીને વરદાન[૧] મેળવ્યું. જેના પ્રભાવે મુનિશ્રી યશોવિજયજીની બુદ્ધિ ખરેખર! કવિતા, કાવ્ય, તર્ક, દર્શનશાસ્ત્ર અને ભાષાના ક્ષેત્રમાં કલ્પવૃક્ષની શાખાની જેમ કલ્પનાતીત ઈષ્ટ આશીર્વાદ આપવા માંડી. એક વખત કાશીના રાજરબારમાં એક મહાસમર્થ દિગ્ગજ વિદ્વાન જે અજૈન હતા, તેની જોડે અનેક વિદ્વાનો અને અધિકારીઓ પણ હતા. તેઓની સમક્ષ શાસ્ત્રાર્થ કરી વિજયની વરમાળા પહેરી હતી. તેઓશ્રીના અગાધ પાણ્ડિત્યથી મુગ્ધ થઈને કાશી નરેશે તેઓશ્રીને 'ન્યાય વિશારદ' બિરૂદથી અલંકૃત કર્યા હતા. તે વખતે જૈન સંસ્કૃતિના એક બુદ્ધિનિધાન જ્યોતિર્ધરે અને ગુજરાતના એક મહાન સપૂતે જૈનધર્મનો અને ગુજરાતની પુણ્યભૂમિનો જયજયકાર વર્તાવ્યો હતો અને જૈન શાસનની શાન બઢાવવા સાથે જ્ઞાન–વિજ્ઞાનનો પણ જયજયકાર વર્તાવ્યો હતો. ત્યાર પછી તેઓએ માત્ર નવ્યન્યાયના માધ્યમથી જ લખેલા તર્ક—ન્યાયના સો ગ્રન્થોની રચના પૂરી થતાં એમને સહુએ ન્યાયાચાર્ય પદથી અલંકૃત કર્યા. પણ સો ગ્રંથો કયા કયા સમજવા તે અને આ પદ ક્યારે, ક્યાં, કોણે આપ્યું? તેની કશી વિશેષ માહિતી ઉપલબ્ધ થઈ નથી. ઉપાધ્યાયજીના જીવનનો મોટા ભાગનો ઈતિહાસ અંધારામાં જ છે.

કાશીથી વિહાર કરી આગ્રા પધારીને કેટલોક સમય ત્યાં રહી, ત્યાં રહેતા કોઈ અજૈન ન્યાયાચાર્ય પંડિત પાસે વેદાન્ત, સાંખ્ય, ન્યાય, મીમાંસા, બૌદ્ધ વગેરે શાસ્ત્રોનો વધુ તલસ્પર્શી

૧. આ વાત ખુદ ઉપાધ્યાયજીએ પોતે જ પોતાના ગ્રન્થોમાં અનેક સ્થળે જાહેર કરી છે.

અભ્યાસ કર્યો. તર્કના સિદ્ધાન્તો અને નવ્યન્યાયના ગ્રન્થોનું પરિશીલન, મનન, નિદિધ્યાસન કરવાથી વધુ પારંગત બનતા ગયા. અને બૌદ્ધિક દલીલો દ્વારા, તટસ્થ રીતે યુકિતયુકત જવાબો દ્વારા શાસ્ત્રના વચનોને, યથાર્થ સત્યોને સમજી, વિદ્વાનો અને પ્રજા સમક્ષ મૂકવા માંડ્યા. આગ્રાથી વિહાર કરી ગુજરાતના પાટનગર અમદાવાદમાં પધાર્યા. ત્યાંના જૈન શ્રી સંઘે ઠેરઠેર શાસ્ત્રાર્થો કરી વિજય પતાકા ફરકાવીને પધારી રહેલા આ દિગ્ગજ વિદ્વાનનું ભારે સ્વાગત કર્યું.

એ વખતે અમદાવાદમાં મહોબતખાન નામનો સુબો રાજકારભાર ચલાવતો હતો. એમની વિદ્વત્તા સાંભળી આમંત્રણ આપ્યું. સુબાની વિનંતીથી ત્યાં તેમણે ધારણા શકિતના ૧૮ 'અવધાનો'[1] કરી બતાવ્યાં. સુબો તેમની સ્મૃતિ શકિત ઉપર આફરીન થઈ ગયો. તેમનું બહુમાન કર્યું. જૈન શાસનનો જયજયકાર વર્ત્યો. વિ. સં. ૧૭૧૮માં શ્રી સંઘે તે વખતના તપાગચ્છીય શ્રમણ સંઘના અગ્રણી પૂ. આ. વિજયદેવસૂરિજીને વિનંતી કરી કે, યશોવિજયજી મહારાજશ્રી બહુશ્રુત વિદ્વાન છે અને ઉપાધ્યાય પદ માટે યોગ્ય છે. માટે એમણે આ પદે સ્થાપવા જોઈએ. શ્રી સંઘની વિનંતીનો સ્વીકાર કરી એ જ સાલમાં યશોવિજયજી ગણિને ઉપાધ્યાય પદથી વિભૂષિત કર્યા. એમ લાગે છે કે એ સમયમાં એક જ આચાર્યની પ્રથા હતી. એટલે તેઓશ્રી આચાર્ય બની શક્યા ન હતા. બાકી તો તેઓશ્રીનો જ્ઞાનવૈભવ એવો અપાર, અખૂટ અને અગાધ હતો કે આચાર્યના આચાર્ય થઈ શકે તેવી યોગ્યતા ધરાવતા હતા. તથ્ય જ્ઞાની જાણે!

ઉપાધ્યાયજીને છ શિષ્યો હતા, એવી નોંધ મળે છે. ઉપાધ્યાયજી મહારાજ અનેક સ્થળે વિચર્યા પણ ખાસ તેમનો વિહાર ઉત્તર પ્રદેશ, ગુજરાત, રાજસ્થાન વિભાગમાં રહ્યો હતો તેમ જણાય છે.

'સુજસવેલી'ના આધારે તેઓશ્રીનું અંતિમ ચાતુર્માસ ગુજરાતના વડોદરા શહેર પાસે આવેલા ઐતિહાસિક શહેર ડભોઈ (દર્ભાવતી) મુકામે થયું અને ત્યાં જ તેઓ સ્વર્ગવાસી થયા. આ સ્વર્ગવાસની સાલ ૧૭૪૩ની હતી. ત્યાર પછી તેમનું સ્મારક ડભોઈમાં તેમના અગ્નિસંસ્કારના સ્થાને કરવામાં આવ્યું. અને ત્યાં તેમની ચરણ પાદુકા પધરાવવામાં આવી છે. પાદુકા ઉપર ૧૭૪૫માં પ્રતિષ્ઠા કર્યાનો ઉલ્લેખ છે. ૧૭૪૩ની સાલ માટે માત્ર સુજસવેલી જ આધાર રૂપ છે. બીજો કોઈ વધુ વિશ્વસનીય ઉલ્લેખ મલ્યો હોત તો સારૂં હતું.

ઉપાધ્યાયજી જીવનના નિષ્કર્ષરૂપ પરિચય જાણવા માટે **'યશોદોહન'** નામના ગ્રન્થમાં આપેલી ટૂંકમાં મારી નોંધ જ રજૂ કરું છું.

---

૧. અવધાન એટલે ધારી રાખવું. જ્યારે પાછળથી ધારેલું કોઈ પૂછે ત્યારે ધારેલું જે હોય તે તરત જ કહી આપવું તેને 'અવધાન' કહેવાય છે. અવધાન જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ ત્રણે પ્રકારના થાય છે. આજે જે અવધાનો શીખવામાં આવે છે તે જઘન્ય અને મધ્યમ પ્રકારના છે. આજે સો અવધાન કરનારને 'શતાવધાની' કહેવામાં આવે છે. ૧૦૦ પ્રશ્નો એક પછી એક પૂછાતા રહે. પ્રશ્નો–વસ્તુદર્શન, ગણિત, ભાષા, ગુપ્તાંક શોધી કાઢવા વગેરે જાતજાતના હોય છે. સભામાંથી આ પ્રશ્નો પૂરા થાય ત્યારે દોઢ બે કલાક સમય જાય, પછી અવધાન કરનાર વ્યકિત હોય તે ક્રમશઃ પ્રશ્ન શું હતો તે કહેવા સાથે તેના જવાબ આપવા માંડે છે, આમ ત્રણથી ચાર કલાકે આ પોગ્રામ પૂરો થાય છે. જૈન સંઘમાં આજે અનેક સાધુ–સાધ્વીઓ અવધાન વિદ્યા શીખી ગયા છે. જેમાં શ્રેષ્ઠ ફાળો શતાવધાની પંડિત ધીરજલાલ ટોકરશીનો છે.

'વિક્રમની સત્તરમી સદીમાં જન્મેલા જૈન ધર્મના પરમ પ્રભાવક, જૈન દર્શનના મહાન દાર્શનિક, જૈન ધર્મના મહાન તાર્કિક, ષડ્દર્શનવેત્તા, ભારતીય વિદ્વાન અને ગુજરાતના મહાન જ્યોતિર્ધર, શ્રીમદ્ યશોવિજયજી મહારાજ જેઓ એક જૈન મુનિવર હતા. યોગ્ય સમયે અમદાવાદના જૈન શ્રી સંઘે સમર્પિત કરેલા ઉપાધ્યાય પદના બિરુદથી 'ઉપાધ્યાયજી' બન્યા હતા. સામાન્ય રીતે વ્યક્તિ 'વિશેષ' નામથી જ ઓળખાય છે. પણ આમના માટે થોડીક નવાઈની વાત એ હતી કે જૈન સંઘમાં તેઓશ્રી વિશેષથી નહિ પણ 'વિશેષણ' થી સવિશેષ ઓળખાતા હતા. "ઉપાધ્યાયજી આમ કહે છે, આ તો ઉપાધ્યાયજીનું વચન છે." આમ 'ઉપાધ્યાયજી' થી શ્રીમદ્ યશોવિજયજીનું ગ્રહણ થતું હતું. વિશેષ્ય પણ વિશેષણનો પર્યાયવાચક બની ગયું, આવી ઘટના વિરલ વ્યક્તિઓ માટે બનતી હોય છે. એઓશ્રી માટે તો આ બાબત ખરેખર ગૌરવાસ્પદ હતી.

વળી એઓશ્રીના વચનો માટે પણ એને મળતી બીજી એક વિશિષ્ટ અને વિરલ બાબત છે. એમની વાણી, વચનો કે વિચારો 'ટંકશાલી' એવા વિશેષણથી ઓળખાય છે. વળી ઉપાધ્યાયજીની શાખ એટલે 'આગમશાખ' અર્થાત્ શાસ્ત્રવચન એવી પણ પ્રસિદ્ધિ છે. વર્તમાનના એક વિદ્વાન આચાર્યશ્રીએ, એમને 'વર્તમાનના મહાવીર' તરીકે પણ ઓળખ આપવામાં સંકોચ રાખ્યો ન હતો.

આજે પણ શ્રી સંઘમાં કોઈ પણ બાબતમાં વિવાદ જન્મે ત્યારે, બહુધા ઉપાધ્યાયજી વિરચિત શાસ્ત્ર કે ટીકાની 'શહાદત'ને અન્તિમ પ્રમાણ ગણવામાં આવે છે. ઉપાધ્યાયજીનો ચુકાદો એટલે જાણે સર્વજ્ઞનો ચુકાદો એટલે જ એમના સમકાલીન મુનિવરોએ તેઓશ્રીને 'શ્રુતકેવલી' વિશેષણથી નવાજ્યા છે, એટલે કે 'શાસ્ત્રોના સર્વજ્ઞ' અર્થાત્ શ્રુતના બળે કેવલી. એનો અર્થ એ કે કેટલીક બાબતમાં સર્વજ્ઞ જેવું પદાર્થનું સ્વરૂપ વર્ણવી શકે-લગભગ તેવી રીતે સમજાવી શકનાર.

આવા ઉપાધ્યાયજી ભગવાને બાલ્યવયમાં (આઠેક વર્ષની આસપાસ) દીક્ષિત બનીને વિદ્યા પ્રાપ્ત કરવા માટે ગુજરાતમાં ઉચ્ચ કોટિના વિદ્વાનોના અભાવે કે ગમે તે કારણે, ગુજરાત છોડીને દૂર-સુદૂર પોતાના ગુરુદેવ સાથે કાશીના વિદ્યાધામમાં જવું પડ્યું હતું. અને ત્યાં છએ દર્શનનો તેમજ જ્ઞાનની વિવિધ શાખા-પ્રખાશાઓનો આમૂલચૂલ અભ્યાસ કર્યો અને તેના ઉપર તેઓશ્રીએ અદ્ભુત પ્રભુત્વ મેળવ્યું હતું, અને વિદ્વાનોમાં ષડ્દર્શનવેત્તા તરીકે પંકાયા હતા. તેઓશ્રી અવધાનકાર પણ હતા.

કાશીની રાજસભામાં એક મહાસમર્થ દિગ્ગજ વિદ્વાન જે અજૈન હતો તેની જોડે જબરજસ્ત શાસ્ત્રાર્થ કરી વિજયની વરમાળા પહેરી હતી. તેઓશ્રીના અગાધ પાંડિત્યથી મુગ્ધ થઈને તેઓશ્રીને 'ન્યાય-વિશારદ' બિરૂદથી અલંકૃત કરવામાં આવ્યા હતા. તે વખતે જૈન સંસ્કૃતિના એક

---

૧. સંજોગોએ ફરજ પાડી અને હું પણ આ વિદ્યા ૨૫ દિવસમાં મુનિશ્રી જયાનંદવિજયજીને સાક્ષીરૂપે રાખીને શીખી ગયો હતો અને ૬૦ અવધાનો વડોદરામાં પહેલી જ બેઠકમાં સફળતાપૂર્વક કરી શક્યો હતો. તે પછી ૧૦૦ નહિ પણ ૨૦૦ અવધાનો કરવાનું નક્કી કર્યું, જેમાં ગણિતને વધુ સ્થાન આપવું. આમાંની ધારણાઓને ગણિત વગેરે દ્વારા પકડી પાડવી વગેરે કિલષ્ટ પ્રકારના હતાં. થોડાંક શીખ્યો, પણ ગ્રહદશા એવી કે જાહેર જનતાથી વીંટળાએલા રહેવું પડતું. પરિણામે મુંબઈમાં એકાંત મળતું નહિ, કંટાળીને પ્રેકટીસ છોડી દીધી. નહીંતર બસો અવધાન શીખી ગયો હોત! પં. ધીરજલાલ ટો. શાહ સહાયક હતા.

જ્યોતિર્ધર-જૈન પ્રજાના એક સપૂતે-જૈન ધર્મનો અને ગુજરાતની પુણ્યભૂમિનો જયજયકાર વર્તાવ્યો હતો, અને જૈન શાસનની શાન બઢાવી હતી.

વિવિધ વાઙ્મયના પારંગત વિદ્વાન જોતાં આજની દૃષ્ટિએ કહીએ તો તેઓશ્રીને બે ચાર નહિ પણ સંખ્યાબંધ વિષયોના પી. એચ. ડી. કહીએ તો તે યથાર્થ જ છે.

**ભાષાની દૃષ્ટિએ** જોઈએ તો-ઉપાધ્યાયજીએ અલ્પજ્ઞ કે વિશેષજ્ઞ, બાળ કે પંડિત, સાક્ષર કે નિરક્ષર, સાધુ કે સંસારી એવી વ્યકિતઓના જ્ઞાનાર્જનની સુલભતા માટે જૈન ધર્મની મૂલભૂત પ્રાકૃતભાષામાં તેમજ હિન્દી, ગુજરાતીમાં, એમ ચાર ભાષામાં વિપુલ સાહિત્યનું સર્જન કર્યું છે. એઓશ્રીની વાણી સર્વનય સંમત ગણાય છે એટલે કે જૈન ધર્મની અજોડ અનેકાન્ત દૃષ્ટિએ સર્વતર્ક દલીલોથી અર્થની દૃષ્ટિએ સિદ્ધ થાય તેવી હોય. પ્રશ્ન કે વાક્ય એક જ હોય પણ તેના તમામ પાસાઓથી પરિપૂર્ણ રજૂઆત કરી શકાય તેવી આવો પ્રશ્ન કે આવું વાક્ય સર્વોચ્ચ સત્ય તરીકે ગણાય. આજે જૈન ધર્મની પરિભાષામાં એને સર્વનય સંમત વાક્ય કહેવાય છે.

**વિષયની દૃષ્ટિએ** જોઈએ તો—એમને આગમ, તર્ક, ન્યાય, અનેકાંતવાદ, તત્ત્વજ્ઞાન, સાહિત્ય, અલંકાર, છંદ, યોગ. અધ્યાત્મ, આચાર, ચારિત્ર, ઉપદેશ આદિ અનેક વિષયો ઉપર માર્મિક અને મહત્ત્વપૂર્ણ રીતે લખ્યું છે.

**સંખ્યાની દૃષ્ટિએ** જોઈએ તો—એમની કૃતિઓની સંખ્યા 'અનેક' શબ્દોથી નહિ પણ 'સેંકડો' શબ્દોથી જણાવી શકાય તેવી છે. આ કૃતિઓ બહુધા આગમિક, ધાર્મિક અને તાર્કિક બંને પ્રકારની છે. એમાં કેટલીક પૂર્ણ, અપૂર્ણ બંને જાતની છે, અને એમની સંખ્યાબંધ કૃતિઓ અનુપલબ્ધ છે. પોતે શ્વેતામ્બર પરંપરાના હોવા છતાં દિગમ્બરાચાર્યકૃત મહત્વના ગ્રન્થ ઉપર ટીકા રચી છે. જૈન મુનિરાજ હોવા છતાં અજૈન ગ્રન્થો ઉપર ટીકા રચી શક્યા છે. આ એઓશ્રીના સર્વગ્રાહી પાણ્ડિત્યનો પ્રખર પુરાવો છે.

**શૈલીની દૃષ્ટિએ** જોઈએ તો—એમની કૃતિઓ ખણ્ડનાત્મક, પ્રતિપાદનાત્મક અને સમન્વયાત્મક છે. ઉપાધ્યાયજીની ઉપલબ્ધ કૃતિઓનું પૂર્ણયોગ્યતા પ્રાપ્ત કરીને પૂરા પરિશ્રમથી અધ્યયન કરવામાં આવે તો. જૈનઆગમ કે જૈનતર્કનો લગભગ સંપૂર્ણ જ્ઞાતા બની શકે. અનેકવિધ વિષયો ઉપર મૂલ્યવાન, અતિ મહત્ત્વપૂર્ણ સેંકડો કૃતિઓના સર્જકો આ દેશમાં ગણ્યા ગાંઠ્યા પાક્યા છે તેમાં ઉપાધ્યાયજીનો નિઃશંક સમાવેશ થાય છે. આવી વિરલ શકિત અને પુણ્યાઈ કોઈના જ લલાટે લખાએલી હોય છે. આ શકિત ખરેખર! સદ્‌ગુરુ કૃપા, જન્માન્તરનો તેજસ્વી જ્ઞાનસંસ્કાર, અને સરસ્વતીનું સાક્ષાત્ પ્રાપ્ત કરેલું વરદાન, આ ત્રિવેણી સંગમને આભારી છે.

તેઓશ્રી 'અવધાનકાર' (એટલે બુદ્ધિની ધારણા શકિતના ચમત્કારવાળા) હતા. અમદાવાદના શ્રી સંઘ વચ્ચે અને બીજીવાર અમદાવાદના મુસલમાન સુબાની રાજ્યસભામાં આ અવધાનના પ્રયોગો કરી બતાવ્યા હતા. તે જોઈને સૌ આશ્ચર્યમુગ્ધ બન્યા હતા. માનવીની બુદ્ધિ-શકિતનો અદ્‌ભુત પરચો બતાવી જૈન ધર્મ અને જૈન સાધુનું અસાધારણ ગૌરવ વધાર્યું હતું, તેઓશ્રીની શિષ્ય સમ્પત્તિ અલ્પ સંખ્યક હતી. અનેક વિષયોના તલસ્પર્શી વિદ્વાન છતાં નવ્યન્યાય' ને એવો

આત્મસાત્ કર્યો હતો કે 'નવ્યન્યાય'ના અવતાર લેખાયા હતા. આ કારણથી તેઓ 'તાર્કિક શિરોમણિ' તરીકે વિખ્યાત થયા હતા. જૈન સંઘમાં નવ્યન્યાયના આ આદ્ય વિદ્વાન હતા. જૈન સિદ્ધાંતો અને તેના ત્યાગ-વૈરાગ્ય પ્રધાન આચારોને નવ્યન્યાયના માધ્યમ દ્વારા તર્કબદ્ધ કરનાર માત્ર એક અને અદ્વિતીય ઉપાધ્યાયજી જ હતા. એમનું અંતિમ અવસાન વડોદરા શહેરથી ૧૯ માઈલ દૂર આવેલા પ્રાચીન દર્ભાવતી, વર્તમાનમાં 'ડભોઈ' શહેરમાં વિ. સં. ૧૭૪૩માં થયું હતું. આજે એમની દેહાન્તભૂમિ ઉપર એક ભવ્ય સ્મારક ઊભું કરવામાં આવ્યું છે. જ્યાં એમની વિ. સં. ૧૭૪૫માં પ્રતિષ્ઠા કરેલી પાદુકા પધરાવવામાં આવી છે. ડભોઈ એ રીતે બડભાગી બન્યું છે.

ઉપાધ્યાયજીના જીવનની અને તેઓશ્રીને સ્પર્શતી બાબતોની આ અલ્પ ઝાંખી છે.

લેખન સં. તા. ૧૬-૨-૬૬ વિ. સં. ૨૦૨૨
નમિનાથ જૈન ઉપાશ્રય પાયધુની મુંબઈ

મુનિ યશોવિજય
['યશોદોહન' નામના ગ્રંથમાંથી ઉદ્ધૃત]

## એક ખુલાસો—

યશોભારતી સંસ્થાના નવ પ્રકાશનોની શ્રેણિમાં આ પુસ્તકનો પુષ્પ નંબર છટ્ઠો છપાયો છે તે ભૂલ થઈ છે. વિષમ સંજોગોમાં આ પુસ્તક સહુથી છેલ્લું પ્રગટ થાય છે—આનો પુષ્પ નંબર ૭ સમજવો.

## મારી બીજી વાત—

મહોપાધ્યાયજીના પ્રકાશનો માટે સ્થપાએલી યશોભારતી સંસ્થા જૈન પ્રકાશન તરફથી ૨૬ પુસ્તકો પ્રકાશિત કરવાનું ભગીરથ કાર્ય મેં જે ઉપાડેલું તે કાર્ય પૂર્ણ થાય છે. આ પુસ્તકનું મુદ્રણ વહેલું થયું હોવા છતાં પ્રકાશન મોડું થાય છે.

પૂ. ઉપાધ્યાયજી મહારાજના ૨૪ પુસ્તકો અને એક અન્ય લેખક લિખિત ગ્રન્થ સાથે ૨૫ પુસ્તકોનું અતિપરિશ્રમ, સમય અને કષ્ટસાધ્ય કાર્ય, મારી નાદુરસ્ત તબીયત જાહેર સમાજ સાથે સંકળાયેલું જીવન છતાં, આનંદ અનુભવું છું. શાસનદેવ-ગુરુકૃપા અને સહુના પ્રેમ સહકારથી પૂર્ણ થાય છે.

મહાન જ્યોતિર્ધરના અક્ષર દેહની અને એ દ્વારા શ્રુતજ્ઞાનની ઉપાસનાની શ્રેષ્ઠ તક સાંપડી તે મારા જીવનનું મોટું અહોભાગ્ય સમજું છું. આ માટે સહુનો સર્વાંગી આભાર માનું છું.

બીજા તબક્કામાં ઉપાધ્યાયજી માટે ઘણું ઘણું કરવાનું બાકી રહ્યું છે. પણ હવે જીવનની અંતિમ સંધ્યા જોતજોતામાં આવી પડી છે. સ્વાસ્થ્ય અસ્વસ્થ છે એટલે અન્ય કોઈ વિદ્વાન આત્મા અધૂરાં કાર્યને આગળ ધપાવશે એ આશા સાથે—

જૈન સાહિત્ય મંદિર, પાલીતાણા

*આ. યશોદેવસૂરિ*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સ્તોત્રાવલીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૩૧ ઇ.સન્ ૧૯૭૫

૩૪

## પ્રધાન સંપાદકનાં પુરોવચન

સત્તરમી સદીના મહાન જ્યોતિર્ધર ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય, મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજ વિરચિત સ્તોત્ર-સ્તવાદિકની સંસ્કૃત પદ્યમય કૃતિઓનું 'યશોભારતી જૈન પ્રકાશન સમિતિ' તરફથી પ્રકાશન થતાં હું અત્યંત આનંદ અને અહોભાવની લાગણી બે કારણે અનુભવું છું. પ્રથમ કારણ એ કે એક મહાપુરુષની સંસ્કૃત ભાષામાં પદ્યબદ્ધ થયેલી મહાન કૃતિઓના પ્રકાશનની જવાબદારીથી હું હળવો થઇ રહ્યો છું અને બીજું કારણ એ કે તમામ કૃતિઓ હિન્દી અર્થ સાથે બહાર પડી રહી છે તે.

હિન્દી ભાષાંતર સહિત આ સ્તોત્રો હોવાથી તેનું પઠન-પાઠન જરૂર વધવા પામશે. ભકિતભાવભરી તથા કાવ્ય અને અલંકારની દૃષ્ટિએ શ્રેષ્ઠ ગણાતી કૃતિઓનો આહ્લાદક રસાસ્વાદ વાચકો જરૂર અનુભવશે. એ દ્વારા જીવનમાં અનેક પ્રેરણાઓ મેળવી અનેક આત્માઓ ભકિતમાર્ગોન્મુખ બનશે, અને વીતરાગની ભકિત જીવનને વીતરાગભાવ તરફ દોરી જશે.

આ કૃતિઓ પૈકી અમુક કૃતિના તથા અન્ય કૃતિઓના કેટલાક શ્લોકોના પ્રાથમિક ગુજરાતી અનુવાદો મેં કરેલા. જે કૃતિઓ દાર્શનિક તથા તર્કન્યાયથી વધુ સભર હતી તે કૃતિઓના અનુવાદનું કાર્ય એકાંત અને ખૂબ સમય માગી લે તેવું હતું, વળી અમુક કૃતિઓ તથા અમુક શ્લોકોના અનુવાદનું કાર્ય મારા માટે પણ દુઃશક્ય હતું. આમ છતાંય વહેલો મોડો સમય મેળવીને, પરિશ્રમ સેવીને, જરૂર પડે ત્યાં અન્યનો સહકાર મેળવીને પણ ઉપાધ્યાયજી ભગવંતની કૃતિઓના અનુવાદની આ નાની સેવા મારે જ કરવી એવા મારા માનસિક હઠાગ્રહને કારણે વરસો સુધી આ કાર્ય બીજા કોઈને મેં સુપરત ન કર્યું.

છેવટે મને લાગ્યું કે હું એકથી વધુ ઘોડા ઉપર સવાર થયેલો છું, કાર્યનો ભાર વધતો જાય છે, વળી દિન–પ્રતિદિન સાર્થક કે નિરર્થક વધતી જંજાળો પણ મારો સમય ખાઈ રહી છે. ઉપરાઉપરી આવી રહેલી દીર્ઘકાલીન માંદગીઓ, અન્ય પ્રકાશનોનાં ચાલતાં કાર્યો, કલાના ક્ષેત્રમાં થઇ રહેલી પ્રવૃત્તિઓ અને ઈચ્છાએ કે અનિચ્છાએ સામાજિક કાર્યોમાં કરવી પડતી પટલાઈઓ, વગેરે કારણે મને લાગ્યું કે હવે આ કાર્ય મારાથી થવું શક્ય નથી, એટલે પછી આ કાર્ય મેં મારા વિદ્વાન મિત્ર પંડિતને સોંપી દીધું, જેનો ઉલ્લેખ પ્રકાશકીય નિવેદમાં કર્યો છે. તેઓ દ્વારા સહૃદયતાથી થયેલા કાર્યને પરિમાર્જિત કરી " વીરસ્તવ" નામની જે કૃતિનું ભાષાંતર કર્યું ન હતું, તેનું પણ ભાષાંતર મારા *વિદ્વાન સહૃદયી મિત્ર પં. ડો. રુદ્રદેવજી ત્રિપાઠીએ કર્યું.* છેવટે સંપૂર્ણ પ્રેસકોપી તપાસવા માટે પાછી મને મોકલી. તે પ્રેસકોપી આદિથી અંત સુધી જોવાનો સમય ન મેળવી શક્યો છતાં ઉપલક નજરે જોઇ ગયો. ક્યાંક ક્યાંક અર્થની દૃષ્ટિએ વિચારણા માગી લે તેવા સ્થાનો હતાં વળી 'વીરસ્તવ'નો અનુવાદ ખૂબ પરિશ્રમ પૂર્વક કરવા છતાં ક્યાંક ક્યાંક સંતોષકારક ન લાગ્યો એટલે ઘટતી સૂચના સાથે પ્રેસકોપી અનુવાદકશ્રીને મોકલી આપી. તેઓએ પણ પુનઃ ઘટતા સુધારા વધારા કર્યા, છતાં પુનરાવલોકન માગી લે તેવી આ કિલષ્ટ કૃતિ હોવાથી આ વિષયના કોઇ સુયોગ્ય વિદ્વાન આ અનુવાદ ખંતથી જોઈ જાય અને અશુદ્ધ અને શંકિત સ્થળો જે હોય તે વિના સંકોચે જણાવે અથવા તો એ સંપૂર્ણ અનુવાદ કરીને તે અનુવાદ મોકલવાની મોટી કૃપા દાખવે તો ઘણો આનંદ થશે અને તેથી હવે પછી મુદ્રિત થનાર ગુજરાતી અનુવાદ વાચકોને સુયોગ્ય રીતે પ્રામાણિકપણે આપી શકાશે.

પ્રાથમિક યોજના મેં એવી નક્કી કરી હતી કે દરેક શ્લોકની નીચે ગુજરાતી અને હિન્દી અનુવાદો આપવા જેથી મારા ગુજરાતી દાતારો અને વાચકોને ખૂબ જ સંતોષ થાય પણ ગુજરાતી અનુવાદ માટે હું સમય કાઢી શકું તેમ હતું નહિં. બીજા દ્વારા પ્રયાસ કર્યો પણ સમય બહુ જાય તેમ હતું. સુયોગ્ય અનુવાદ ન થાય તો કશો અર્થ ન સરે એટલે તત્કાલ તો હિન્દી અનુવાદથી જ સંતોષ માન્યો છે. ભવિષ્યમાં જેમ બને તેમ જલદી ગુજરાતી અનુવાદ તૈયાર કરાવી જલદી પ્રકાશિત થાય તે માટે જરૂર પ્રયત્નશીલ રહીશ. કોઇ સંસ્કારી ભાષાના લેખક મુનિરાજ યા કોઇ વિદ્વાન આવું ઉપકારક કામ કરવા તૈયાર હોય તેઓ મારી સાથે જરૂર પત્ર વહેવાર કરે તેવી સાદર નમ્ર વિનંતી કરું છું.

પ્રસ્તુત સ્તોત્રો, કાવ્ય, ઉત્પ્રેક્ષા, અલંકાર, અર્થ, ભાષ્ય, અને વિવિધ દૃષ્ટિએ કઈ રીતે ઉત્તમ પ્રકારના છે, ઉપાધ્યાયજીએ પ્રાસંગિક ક્યાં ક્યાં માર્મિક અને મહત્વની વાતો રજૂ કરી છે તે, સમન્વયાત્મક દૃષ્ટિએ અવલોકન વગેરે અંગે હું કશું લખી શક્યો નથી પણ જો કોઈ સુયોગ્ય વિદ્વાન સમીક્ષા કરીને મોકલશે તો ગુજરાતી આવૃત્તિમાં તે જરૂર પ્રગટ કરીશું અને ગૃહસ્થ વિદ્વાન હશે તો યોગ્ય પુરસ્કારની પણ વ્યવસ્થા સંસ્થા કરશે. સ્તોત્રના શ્લોકોના ટાઈપો જે વાપર્યા છે તેથી દોઢા મોટા વાપરવાના હતા પણ પ્રેસ પાસે સગવડ ન હોવાથી બની શક્યું નથી.

આ પુસ્તકમાં આપેલા સ્તોત્રમાંથી ઘણા તો જો કે અગાઉ જુદી જુદી સંસ્થા તરફથી પુસ્તકાકારે તથા પ્રતાકારે પ્રગટ થયાં છે છતાંય એક જ સાથે એક જ પુસ્તકમાં તો આ વખત

પ્રથમ જ પ્રગટ થાય છે. કેટલાક સ્તોત્રો ગુજરાતી અર્થ સાથે પ્રગટ થયાં છે પણ એક બે નાનકડાં સ્તોત્ર અવશેષ રહી જાય છે, તે ગુજરાતી આવૃત્તિમાં સમાવી લેવાશે. આ તમામ સ્તોત્રાદિક હિંદી અર્થ સાથે પ્રથમ જ પ્રગટ થાય છે. અમુક કૃતિઓ પહેલી જ વાર પ્રગટ થાય છે. ઉપાધ્યાયજીના સ્તોત્રો 'સ્તોત્રાવલી'થી પ્રસિદ્ધ હોવાથી આ ગ્રન્થનું નામ પણ 'સ્તોત્રાવલી' રાખ્યું છે. આ અંગેની વિસ્તૃત નોંધ લખવાનું માંદગીના કારણે હૉસ્પીટલમાં બિછાનાવશ હોવાથી શક્ય નથી તેથી સંક્ષેપમાં જ ઉલ્લેખ કર્યો છે. મારા સહૃદયી મિત્ર ડૉ. રુદ્રદેવજીએ અનુવાદક તરીકે, અનુવાદના સંશોધન તરીકે, મુદ્રણાદિકની સંપૂર્ણ જવાબદારી ઉપાડી લઈને જે સહકાર આપ્યો તે બદલ તેઓ સાચા અભિનંદનના અધિકારી બન્યા છે. ઉપાધ્યાયજી વિરચિત કાવ્યપ્રકાશની ટીકાનું મુદ્રણકાર્ય, પ્રૂફ સંશોધન વગેરે પણ તેઓ ખૂબ જ ખંતથી કરી રહ્યા છે. થોડા મહિના બાદ તે કૃતિ પણ બહાર પડશે.

ઉપાધ્યાયજીના ગ્રંથોનું વરસોથી અધૂરું પડેલું કાર્ય મારા ધર્મસ્નેહી ધર્મબંધુ શ્રી ચિત્તરંજન ડી. શાહ અને ધર્માત્મા સરલાબહેને માઉન્ટયૂનીકમાં આવેલા તેમના અનુજ બંધુ હેમંતભાઈની જગ્યાની અમને સગવડ આપી અને ત્યાં બહારની કોઈપણ વ્યક્તિને આવવા ઉપર સખત પ્રતિબંધ રાખીને ભૂગર્ભવાસની જેમ જ હું રહ્યો. નીરવ શાંતિ અને રોજના દસ-દસ બાર-બાર કલાક કામ કરીને ઉપાધ્યાયજીની પ્રેસકોપીઓ શોધ માટે જે જે અધૂરી હતી, કેટલીકને છેવટનો સ્પર્શ આપવાનો હતો એ બધી પ્રેસકોપીઓને આપ્યો, કલ્પના ન કરી શકાય તેવો ક્ષયોપશમ જાગ્રત થયો હતો, પરિણામે કામ ખૂબ થયું. આ સ્તોત્રાવલીને આખરી સ્પર્શ પણ માઉન્ટયૂનીક જગ્યામાં જ આપ્યો હતો. દશ વરસનું કામ જે જાહેર સ્થળમાં મારાથી થઈ શકતું ન હતું તે પ્રસ્તુત જગ્યામાં ચાર પાંચ મહિનામાં પાર પાડી શકાયું. આ અંગે વિશેષ ઉલ્લેખ હું બહાર પડનાર અન્ય ગ્રન્થના નિવેદનમાં કરવા માગું છું. અત્યારે તો મારા એ ભકિતવંત ઉપર્યુકત ધર્માત્માઓ, ભકિતવંત ધર્માત્મા સુશ્રાવિકાઓ સરલાબહેન, કોકિલાબહેન, શ્રી વિરલભાઈ તથા ઘરના શિરચ્છત્ર ધર્માત્મા સુશ્રાવક શ્રી દામોદરભાઈ તથા તેમના ધર્મપત્ની સમાજસેવિકા ધર્માત્મા સ્વ. રંભાબહેન વગેરે કુંટુબ પરિવારનો ખૂબ જ આભારી છું. તેઓ સહુ શ્રુતસેવાના કાર્યમાં નિઃસ્વાર્થ રીતે અનુપમ ભકિતભાવ દાખવી અનેક રીતે જે સહાયક બન્યા તે બદલ જેટલા ધન્યવાદ આપું એટલા ઓછા છે. દેવ, ગુરુ અને ધર્મ પ્રત્યેનો આવો ભકિતભાવ સદાય જવલંત રહે એ જ શુભેચ્છા!

સ્તોત્રના અનુવાદનું કામ ઘણું કપરું છે. અનુવાદની પદ્ધતિઓ, લઢણો ભિન્ન ભિન્ન પણ હોય છે. અહીં આ અમુક પદ્ધતિને જાળવીને અનુવાદ પ્રસ્તુત કર્યો છે. વીરસ્તવના અનુવાદનું કાર્ય ઘણું જ કપરું હતું, સંક્ષેપમાં કરવું વધુ કઠિન હતું અને એ અનુવાદ જોઈએ તેવો ચીવટથી જોઈ શકાયો પણ નથી એટલે અનુવાદક મહાનુભાવની જે કંઈ ક્ષતિઓ હોય તે માટે વાચકો ક્ષમા કરે અને તે ક્ષતિઓ સંસ્થાને જણાવે.

અન્તમાં સહુ કોઈ આત્મા સ્તોત્રનું અધ્યયન-અધ્યાપન કરીને આધ્યાત્મિક પ્રકાશ મેળવે એ જ મંગલ કામના!

*ડૉ. બાલાભાઈ નાણાવટી હૉસ્પિટલ, વિલેપારલા, મુંબઈ* — *મુનિ યશોવિજય*

# प्रधान सम्पादक का पुरोवचन

सत्रहवीं शती के महान् ज्योतिर्धर, न्यायविशारद, न्यायाचार्य, महोपाध्याय श्रीमद् यशोविजयजी महाराज विरचित स्तोत्र-स्तवादि की संस्कृत पद्यमय कृतियों का 'यशोभारती जैन प्रकाशन समिति' की ओर से प्रकाशन होने से मैं अत्यन्त आनन्द तथा अहोभाग्य का अनुभव करता हूं इसके दो कारण हैं, एक तो यह कि एक महापुरुष की संस्कृतभाषा में निबद्ध पद्यमय महान् कृतियों के प्रकाशन की जवाबदारी से मैं हलका हो रहा हूँ और दूसरा यह कि ये सभी कृतियाँ हिन्दी अनुवाद के साथ प्रकाशित हो रही हैं।

हिन्दी अनुवाद के साथ इन स्तोत्रों के प्रकाशन से अवश्य ही इनके पठन-पाठन में वृद्धि होगी। भक्तिभाव से ओतप्रोत तथा काव्य एवं अलंकारो की दृष्टि से श्रेष्ठ कहीं जानेवाली इन कृतियों के आह्लादक रसास्वाद का पाठक अवश्य ही अनुभव करेंगे, इनके द्वारा जीवन में अनेक प्रेरणाएँ प्राप्त कर अनेक आत्माएँ भक्तिमार्गोन्मुख बनेंगी तथा वीतराग की भक्ति जीवन को वीतरागभाव के प्रति आकृष्ट करेगी।

हमारा स्तुति-साहित्य आगमों के काल से ही पर्याप्त विस्तार को प्राप्त है। प्रत्येक जिनभक्ति-सम्पन्न भविक अपने आत्मकल्याण के लिये प्रभुकृपा का अभिलाषी होता है। इस पर भी जो संवेगी मुनिवर्ग है वह तो सर्वतोभावेन मन, वचन और काया से प्रभु की शरण प्राप्त कर लेता है, अतः उसका प्रत्येक क्षण उपासना, नित्यक्रिया एवं व्याख्यानादि में ही बीतता है। प्राक्तन संस्कारों से तथा इस जन्म के स्वाध्याय से कवि-प्रतिभा-प्राप्त मुनिवर्ग इष्टदेव के चरणों में वाणी के पुष्प सदा से अर्पित करता आया है। वे ही पुष्प उत्तरकाल के भविकों के लिये स्तोत्र के रूप में संग्राह्य होते रहे हैं। इस प्रकार जैन सम्प्रदाय में स्तोत्र-सम्पदा बहुत ही अधिक संग्रहीत है। पूज्य उपाध्याय श्रीयशोविजयजी महाराज ने भी प्राकृत, संस्कृत एवं गुजराती-हिन्दी भाषा में अनेक स्तोत्र लिखे हैं उनमें कुछ तो यत्र-तत्र प्रकाशित हुए हैं और कुछ जो वाद में उपलब्ध हुए हैं वे इस ग्रन्थमें अनुवादसहित दिये गये हैं।

यहाँ यह प्रश्न हो सकता है कि 'देवता की उपासना, स्तुति, भक्ति साधना और वरदान क्या ये कर्म-सत्ता पर प्रभाव डाल सकते हैं? अथवा कर्म के क्षयोपशम में निमित्त बन सकते हैं?

ऐसी शङ्का सहजसम्भव है! ऐसा समझकर ही उपाध्यायजीने 'ऐन्द्रस्तुति' के एक पद्य की टीका में स्वयं प्रश्न उठाया है कि—'न च देवता-प्रसादादज्ञानोच्छेदासिद्धिः तस्य कर्मविशेष-विलयाधीनत्वात्' इति वाच्यम्, देवताप्रसादस्यापि क्षयोपशमाधायकत्वेन तथात्वात्, द्रव्यादिकं प्रतीत्य क्षयोपशम-प्रसिद्धेः'' अर्थात् क्या देवलोक के देवों की कृपा से अज्ञानता का उच्छेद हो सकता है? और उत्तर में कहा है कि—'वस्तुतः अज्ञानता के विनाश में ज्ञानावर्णीयादि कर्म का क्षय, क्षयोपशम का कारण है। इतना होने पर भी देवकृपा भी क्षयोपशम का कारण बन सकती है, क्योंकि क्षयोपशम की प्राप्ति में शास्त्रकारोंने द्रव्यादिक पाँचों को कारण के रूप में स्वीकार किया है। इनमें देवता-प्रसाद **'भाव'** नामक कारण में अन्तर्हित माना है।

साथ ही पुरुष की प्रवृत्ति में जिस प्रकार श्रुतज्ञान उपकारी है उसी प्रकार देवता की कृपा भी उपकारी है, यह बात 'ऐन्द्रस्तुति' में पद्मप्रभस्तुति के श्लोक ४ की टीका में 'भवति हि पुरुषप्रवृत्तौ श्रुतमिव देवताप्रसादोऽप्युपकारीत्येवमुक्तम्' कहकर भी उसकी पुष्टि की है।

इस दृष्टि से ही प्रेरित होकर सम्भवतः सभी साधकवर्ग यदि स्वयं कवित्वशक्ति रखता है तो स्वयं स्तोत्रादि की रचना करता है अन्यथा अन्य साधकों द्वारा प्रणीत स्तुतियों से इष्टदेव की कृपा प्राप्त करता है।

इसी प्रसङ्ग में स्तोत्र, स्तुति, स्तव, संस्तव, स्तवन आदि शब्दों से रूढ प्रक्रिया के शाब्दिक एवं पारिभाषिक ग्रन्थों पर विचार करना भी अप्रासङ्गिक न होगा।

इन सभी शब्दों के मूल में 'ष्टुञ्-स्तुतौ धातु का 'स्तु' रूप निहित है। स्तुति अर्थ में प्रयुक्त इस धातु का स्फुट अर्थ गुणप्रशंसा होता है।[1] इसी के आधार पर—

'जिनेश्वर देव के विशिष्ट सद्गुणों के कीर्तनादि से सम्बद्ध जो रचनाएँ हुई है वे 'स्तोत्र' नाम से अभीष्ट हैं।'

स्तोत्र-रचना दो प्रकार की होती है।[2] एक नमस्काररूप और दूसरी जिनेश्वरदेव के असाधारण गुणों का कीर्तन करने रूप। यहाँ द्वितीयरूप ही 'स्तोत्र' पद से गृहीत है।

अर्थ की दृष्टि से वैसे स्तोत्र, स्तव आदि शब्द समानार्थक ही है तथापि रचना की दृष्टि से कुछ सूक्ष्म भेद उपलब्ध होते हैं। यथा 'तत्र स्तुतिरेकश्लोकमाना, एव दुगे तिसलोका, थुतीसु अन्नेसि जा होई, समय-परिभाषया स्तुतिचतुष्टये' आदि वाक्यों के अनुसार एक पद्य से चार पद्य तक की रचना स्तुति कहलाती है जबकि 'स्तोत्रं पुनर्बहुश्लोकमानम्' (पंचा०) के अनुसार स्तोत्र अनेक श्लोकवाला होता है। प्रस्तुत 'स्तोत्रावली' में प्रत्येक स्तोत्र के श्लोकों की संख्या भी ४ से अधिक है, अतः इन्हें स्तोत्र की संज्ञा दी गई है।

'उत्तराध्ययनसूत्र' में यह भी कहा गया है कि—'स्तुतिस्तूर्ध्वीभूय कथनम्' अर्थात् 'स्तुति खड़े होकर बोली जाती है' जबकि स्तोत्रस्तवादि बैठकर बोले जाते हैं।

स्तुतियों के प्रकार पद्यसंख्या एवं वर्ण्यविषय के आधार उपर ही बताये गये हैं जबकि रचना-सौष्टव, उक्तिप्रकार, वचनवैचित्र्य आदि की दृष्टि से तो ये अनेकविध होती हैं। उदाहरण के लिये—

१–वर्णविन्यासात्मक—एकाक्षरी से लेकर अनेकाक्षरी तक।

२–भाषावैविध्य-पद्धतिरूप—प्राकृत, संस्कृत, देशी, अपभ्रंश आदि से मिश्रित।

३-चमत्कृतिमूलक—विविध चमत्कारपूर्ण शास्त्रीय पद्धतियों से रचित।

---

१ उच्चैर्घुष्टं वर्णनेडा, स्तवः स्तोत्रं स्तुतिर्नुतिः। श्लाघा प्रशंसार्थवादक (अभिमान-चिन्तामणि, नाममाला, काण्ड २, १८३-८४।) स्तुतिर्नाम गुणकथनम् (महि० स्तो०)

२ स्तुतिर्द्विधा प्रणामरूपा, असाधारणगुणोत्कीर्तनरूपा च। आवश्यकसूत्रे।

४–कल्पनामूलक—वाचकों के मन को आनन्द के आकाश में विचरण करानेवाली कल्पना से संयुक्त।

५–विविधार्थमूलक— एक अर्थ से लेकर दो, चार, दस, सौ अर्थों से युक्त।

६–काव्यकौतुकपूर्ण— अनेक विषयगर्भ, चित्रबन्धादि तथा प्रहेलिका, समस्या-पूर्ति आदि काव्यकौतुकों से परिपूर्ण।

इनके अतिरिक्त भी और कई प्रकार प्राप्त होते हैं, जिनकी विशेष चर्चा यहाँ प्रसङ्गोपात्त नहीं है।

स्तुति किसकी की जाती है? यह एक प्रश्न और उठता है, जिसका उत्तर है कि—देवताओं में अरिहंतों की स्तुति की जाती है। अरिहंतों को तीर्थङ्कर भी कहा जाता है। अरिहंत सर्वज्ञ होते हैं, सर्वदर्शी होते है, सर्वोत्तम चारित्र्यवान् तथा सर्वोच्च शक्तिमान् होते है। अन्य शब्दों में कहे तो त्रिकालज्ञानी अर्थात् विश्व के समस्त पदार्थों को आत्मज्ञान द्वारा जाननेवाले तथा सभी पदार्थों को आत्म-प्रत्यक्ष से देख सकनेवाले तथा रागद्वेष से रहित होने के कारण सम्पूर्ण वीतराग और विश्व की समस्त शक्तियों से भी अनन्तगुण अधिक शक्तिसम्पन्न होते हैं। तथा नमस्कार-सूत्र अथवा नवकारमंत्र में पहला नमस्कार भी उन्हें ही किया गया है।

अरिहंत अवस्था में विचरण करनेवाले व्यक्ति संसार के सञ्चालक, घाती-अघाती प्रकारके प्रमुख आठ कर्मों में चार घाती कर्मों का क्षय करनेवाले होते हैं। इन कर्मों का क्षय होने से, अठारह प्रकार के दोष कि जिनके चंगुल में सारा जगत् फँसकर महान् कष्ट पा रहा हैं, उनका सर्वथा ध्वंस होने पर सर्वोच्चगुण सम्पन्नता का आविर्भाव होता है और विश्व के प्राणियों को अहिंसा, सत्य, अचौर्य, अमैथुन तथा अपरिग्रह का उपदेश देते हैं और उसके द्वारा जगत् को मङ्गल एवं कल्याण का मार्ग दिखलाते हैं। ऐसे व्यक्तियों को ही 'अरिहंत' कहते हैं।

ये अरिहंत जब तक पृथ्वी पर विचरण करते रहते है तब तक उन्हें अरिहंत के रूप में ही पहिचानते हैं। किन्तु ये सिद्धात्मा नहीं कहलाते। क्योंकि इस अवस्था में भी अवशिष्ट चार घाती कर्मो का उदय होता रहने से अल्पांश में भी कर्मादानत्व रहता है। पर जब ये ही शेष उन चारों अघाती कर्मों का क्षय करते हैं तब अन्तिम देह का त्याग होता है और आत्मा को संसार में जकड़ रखने में कारणभूत अघाती कर्मों के अभाव में संसार के परिभ्रमण का अन्त हो जाता है, असिद्धपर्याय समाप्त हो जाता है, सिद्धपर्याय की उत्पत्ति होने पर आत्मा सिद्धात्मा के रूप में यहाँ से असंख्य कोटानुकोटि योजन दूर, लोक-संसार के अन्त में स्थित सिद्धशिला के उपरितन भाग पर उत्पन्न हो जाते हैं। तब वे सिद्धात्मा के अतिरिक्त मुक्तात्मा, निरञ्जन, निराकार आदि विशेषणों के अधिकारी बन जाते है। शास्त्रों में शिवप्राप्ति, ब्रह्मप्राप्ति, निर्वाणप्राप्ति, मोक्षप्राप्ति आदि शब्दों के जो उल्लेख मिलते हैं, वे सभी शब्द पर्यायवाची हैं। सिद्धात्मा हो जाने पर उन्हें पुनः जन्म नहीं लेना पड़ता है अर्थात् वे अजन्मा बन जाते हैं। जन्म नहीं तो जरा और मरण भी नहीं, और जरा-मरण नहीं तो उससे सम्बन्धित संसार नहीं, संसार नहीं तो आधि, व्याधि और उपाधि से संसृष्ट अन्य वेदनाएं, अशान्ति, दुःख, असंतोष, हर्ष-शोक-खेद-ग्लानि आदि का लेश मात्र सञ्चार भी नहीं। नमस्कार-सूत्र

के द्वितीय पद में ऐसे ही सिद्धों को नमस्कार किया गया है और उन्हें द्वितीय परमेष्ठी के रूप में स्थान प्राप्त है।

वैसे स्तुति के पात्र तो पाँचों परमेष्ठी हैं। किन्तु उनमें भी धर्ममार्ग के आद्य प्रकाशक अरिहंत ही होते हैं। जगत् को सुख-शान्ति और कल्याण का मार्ग बतानेवाले भी ये ही हैं। प्रजा के सीधे उपकारक भी ये ही हैं। अतः सभी अरिहंत अथवा अरिहंतावस्था की स्तुति की जाए यह उचित और स्वाभाविक है।

यहाँ यह भी विचारणीय है कि एक मनुष्य सामान्य-स्थिति से उठकर अरिहंत जैसी परमात्मा की स्थिति में कैसे पहुँचता होगा? इस सम्बन्ध में शास्त्रों के आधार पर उनके जीवन-विकास को अति संक्षेप में समझ लें।

अखिल विश्व के प्राणिमात्र में से कुछ आत्माएँ ऐसी विशिष्ट होती हैं कि, वे परमात्मा की स्थिति में पहुँचने की योग्यता रखती हैं।' ऐसी आत्माएँ जड़ अथवा चेतन का कुछ न कुछ निमित्त मिलने पर अपनी आत्मा का विकास करती जाती हैं। अन्य जन्मों की अपेक्षा मानवजन्मों में उस विकास की गति अति तीव्र होती है। उस समय इन आत्माओं में मैत्र्यादि भावनाओं का उद्‌गम होता है और उत्तरोत्तर इस भावना में प्रचण्ड वेग आता है तथा एक जन्म में इन की मैत्रीभावना पराकाष्ठा पर पहुँच जाती है। उनकी आत्माओंमें सागर से भी विशाल मैत्रीभाव उत्पन्न हो जाते हैं। 'आत्मवत्सर्वभूतेषु सुखदुःखे प्रियाप्रिये'[1], के समान विश्व की समग्र आत्माओं को वे आत्मतुल्य मानते हैं। उनके सुखदुःख को स्वयं का ही सुख-दुःख मानते हैं। उन्हें ऐसा अनुभव होता है कि— जन्म-मरणादिक के अनेक दुःखों से व्याकुल दुःखी और अशरण-रूप इस संसार को मैं भोक्तव्य दुःखों से मुक्ति दिला कर सुख के मार्ग पर पहुँचाऊँ। ऐसी शक्ति-बल मैं कब प्राप्त कर सकूँगा? ऐसी आन्तरदृष्टि होने पर सामान्य निर्झर से अनेक गुना अधिक प्रभावशाली तथा वायु से भी अदिक वेग शील प्रवहमान भावना का महास्त्रोत परमात्मदशा प्राप्त की जा सके ऐसी स्थिति निर्माण करता है। इस स्थिति का निर्माण करनेवाला जन्म इस परमात्मा होनेवाले भव से पूर्ववर्ती तीसरा भव होता है और बाद में तीसरे ही भव में पूर्व के भवों में अहिंसा, सत्य, क्षमा, त्याग, तप, सेवा, देव-गुरुभक्ति, करुणा, दया, सरलता आदि गुणों के द्वारा साधना की थी, उस साधना के फल-स्वरूप परमात्मा के रूप में अवतार लेते हैं। यह जन्म उनका चरम अर्थात् अन्तिम जन्म होता है। वे जन्म लेने के साथ ही अमुक कक्षा का (मति, श्रुत अवधि) विशिष्ट ज्ञान लेकर आते हैं। जिसके द्वारा मर्यादित प्रमाण की भूत, भविष्य और वर्तमान की घटनाओं को प्रत्यक्ष देखा–समझा जा सकता है। जन्म लेने के साथ ही देव-देवेन्द्रों के द्वारा पूजनीय बनते हैं। तदनन्तर धीरे-धीरे बड़े होते हैं। गृहस्थधर्म में होते हुए भी उनकी आध्यात्मिक साधना चालू रहती है। स्वयं को प्राप्त ज्ञान के द्वारा अपना भोगावली-कर्म शेष है, ऐसा ज्ञात हो तो उस कर्म को भोगकर क्षय करने के लिए लग्न करना स्वीकार करते हैं और जिन्हें ऐसी आवश्यकता न हो तो उसे अस्वीकृत कर आजन्म ब्रह्मचारी ही

---

१. 'आत्मवत् सर्वभूतेषु यः पश्यति छान्दोग्यउपनिषद् का यह वाक्य समझने में न आये तो अनर्थकारक बन जाए इस दृष्टि से श्री हेमचन्द्राचार्यजी ने उत्तरवाक्य सुधारकर 'सुखदुःखे०' पद रखकर निःसन्देह बना दिया है।

रहते हैं। इसके पश्चात् चारित्र, दीक्षा अथवा संयम के समक्ष आनेवाले चारित्रमोहनीय कर्म का क्षयोपशम होने पर, अशरण जगत् को शरण देने, अनाथ जगत् के नाथ बनने, विश्व का योग-क्षेम करने की शक्ति प्राप्त करने, यथायोग्य अवसर पर सावद्य (पाप) योग के प्रत्याख्यान तथा निरवद्य योग के आसेवन-स्वरूप चारित्र को ग्रहण करते हैं। तत्पश्चात् परमात्मा सोचते है कि जन्म, जरा, मरण से पीड़ित तथा तत्प्रायोग्य अन्य अनेक दुःखों से सन्तप्त जगत् को यदि सच्चे सुख और शांति का मार्ग बताना हो, तो पहले स्वयं उस मार्ग को यथार्थ रुप में जानना चाहिए। इसके लिए अपूर्ण नहीं अपितु सम्पूर्ण ज्ञान प्राप्त करना चाहिए। जिसे शास्त्रीय शब्दों में केवलज्ञान अथवा सर्वज्ञत्व कहते हैं। तथा ऐसा ज्ञान, अज्ञान और मोह के सर्वथा क्षय के विना प्रकट नहीं होता। अतः भगवान् उसका क्षय करने के लिए अहिंसा, संयम और तप की साधना में उग्ररुप से लग जाते हैं। उत्कृष्ट कोटि के अतिनिर्मल संयम की आराधना, विपुल तथा अत्युग्रकोटि की तपश्चर्या को माध्यम बनाकर गाँव-गाँव, जंगल-जंगल और नगर-नगर में (प्रायः मौनावस्था में) विचरण करते हैं। इस बीच उनका मनोमन्थन चलता रहता है। विशिष्ट चिन्तन और गम्भीर आत्मसंशोधनपूर्वक क्षमा, समता आदि शस्त्रों से सुसज्जित होकर मोहनीय आदि कर्मराजाओं के साथ महायुद्ध में उतरते हैं तथा पूर्वसञ्चित अनेक संक्लिष्ट कर्मो को नष्ट करते जाते हैं। इस साधना के बीच चाहे जैसे उपसर्ग, आवषियाँ संकट अथवा कठिनाइयाँ आएँ तो उनका सहर्ष स्वागत करते हैं। वे उसे समभाव से देखते हैं जिसके कारण मौलिक प्रकाश, बढ़ता जाता है। अन्त में वीतरागदशा की पराकाष्ठा तक पहुँचने पर आत्मा का निर्मल स्वभाव प्रकट हो जाता है। आत्मा के असंख्य प्रदेशों पर आच्छादित कर्म के आवरण हट जाने पर केवलज्ञान और केवलदर्शन का सम्पूर्ण ज्ञानप्रकाश प्रकट हो जाता है अर्थात् त्रिकाल-ज्ञानादि की प्राप्ति हो जाती है। प्रचलित शब्दों में वे 'सर्वज्ञ बन' गए ऐसा कहा जाता है।

यह ज्ञान प्रकट होने पर विश्व के समस्त द्रव्य-पदार्थ और उनके त्रैकालिक भावों को सम्पूर्ण रूप से जाननेवाले तथा देखनेवाले बनते है और तब पराकाष्ठा का आत्मबल प्रकट होता है जिसे शास्त्रीय शब्दों में अनन्तज्ञान, अनन्तदर्शन, अनन्तचारित्र तथा अनन्तवीर्य-बल (शक्ति) के रूप में पहचाना जाता है।

इस प्रकार जो सर्वज्ञ, सर्वदर्शी, सर्वचारित्री तथा सर्वशक्तिमान् होते हैं वे ही स्तुति के योग्य होते हैं।

सर्वज्ञ बने अर्थात् वे, प्राणियों के लिए क्या अच्छा है और क्या बुरा? धर्म क्या है और अधर्म क्या? हेय क्या है और उपादेय क्या? कर्तव्य क्या है और अकर्तव्य क्या? सुख किससे मिलता है और दुःख किससे मिलता है? आत्मा है अथवा नहीं? है तो कैसा है? उसका स्वरूप क्या है? कर्म क्या है? कर्म का स्वरूप क्या है? इस चेतन स्वरूप आत्मा के साथ जड़रूप कर्म का क्या सम्बन्ध है? हर समय जीव को केवल सुख ही सुख का पूर्णरूपेण अनुभव हो, ऐसा कोई स्थान है क्या? यदि है तो वह किस प्रकार प्राप्त हो सकता है? इत्यादि अनेक बातों को जानते हैं। आज के वैज्ञानिकों को तो प्राणियों अथवा संसार के एक-एक पदार्थ के रहस्य को समझने के लिए अनेक प्रयत्न-प्रयोग करने पड़ते है। पर ये आत्माएँ तो विना किसी प्रयत्न-प्रयोग के, एकमात्र

केवलज्ञान के प्रत्यक्ष बल से विश्व के सभी सचेतन प्राणी, यथार्थ तथा अचेतन द्रव्य-पदार्थों के आमूल-चूल रहस्यों को जान सकती हैं। उनकी त्रैकालिक स्थिति समझ सकती हैं। अपने आत्मबल से विश्व में यथेच्छ स्थल पर उड़कर जाना हो, तो पलभर में आ-जा सकती है। सर्वज्ञ वीतराग दशा को प्राप्त प्रभु हजारों आत्माओं को मङ्गल और कल्याणकारी उपदेश सतत प्रदान करते है तथा विश्व के स्वरूप के यथार्थरूप से ज्ञाता होने के कारण उसे यथार्थरूप में ही प्रकाशित भी करते हैं।

ये अरिहंत भगवंत अपनी आयु को पूर्ण करके जब निर्वाण (देह से मुक्ति) प्राप्त करते हैं तब वे सिद्धशिला पर स्थित मुक्ति के स्थान में उत्पन्न हो जाते हैं। और वहाँ शाश्वतकाल तक आत्मिक सुख का अद्‌भुत आनन्द प्राप्त करते हैं जैसा कि आनन्द विश्व के किसी भी स्थल अथवा पदार्थ में नहीं होता।

यह सब अरिहन्तपद किन कारणों से? किस प्रकार प्राप्त होता है, इसकी एक अच्छी-सी रुपरेखा प्रस्तुत की गई।

संक्षेप में समझना चाहें तो–ये अरिहंत की आत्माएँ अठारह दोषों से रहित हैं। परम-पवित्र और परमोपकारी हैं। वीतराग हैं। प्रशमरस से पूर्ण और आनन्दमय हैं।

उनकी मुक्तिमार्ग बताने की शैली अनूठी और अद्‌भुत है। उनका तत्त्वप्रतिपादन सदा स्याद्वाद-अनेकान्तवाद की मुद्रा से अंकित है। मन, वचन और काया के निग्रह में वे बेजोड़ है। सूर्य से भी अधिक तेजस्वी और चन्द्रमा से भी अधिक सौम्य और शीतल है। सागर से भी अधिक गम्भीर है। मेरु के समान अडिग और अचल है। अनुपम रूप के स्वामी हैं। ऐसे अनेकानेक विशेषणों से शोभित, सर्वगुणसम्पन्न अरिहंत ही परमोपास्य हैं और इसीलिये वे स्तुति के पात्र हैं।

इसी प्रसङ्ग में एक प्रश्न और किया जा सकता है कि 'स्तुति करने से क्या लाभ मिलता है?' इसका उत्तर इस प्रकार है—

सर्वगुणसम्पन्न अरिहंतों की स्तुति करने से मुक्ति के बीजरूप तथा आत्मिक-विकास के सोपानरुप सम्यग्‌दर्शन[1] की विशुद्धि होती है।

तथा स्तुति करते समय यदि भगवान् हृदय-मन्दिर के सिंहासन पर विराजमान हो तो उससे क्लिष्ट कर्म[2] का नाश होता है।

उत्तराध्ययनसूत्र में एक स्थान पर देवों के स्तव-स्तुति-रूप भाव-मङ्गल के द्वारा जीव किस लाभ को प्राप्त करता है? ऐसा एक प्रश्न[3] हुआ है। वहाँ उत्तरमें भगवान् ने बताया है कि—स्तव अथवा

---

१ (प्र०) चउवीसत्थएणं भंते! किं जणयई?

(उ०) चउवीसत्थएणं दंसण-विसोहिं जणयई॥९॥ (उत्तरा०)

२ हृदि स्थिते च भगवति क्लिष्टकर्मविगमः॥ (धर्मबिन्दु)

३ (प्र०) 'थय थुइ मङ्गलेणं भंते! जीवे किं जणयइ?

(उ०) नाणदंसणचारित्तबोहिलाभं संजणयइ, नाणदंसणचारित्तबोहिसंपन्नेणं जीवे अन्तकिरियं कप्पविमाणोववत्तियं आराहणं आराहेइ॥१४॥

स्तुतिरूप भावमङ्गल के द्वारा जीव ज्ञानबोधि, दर्शनबोधि और चारित्रबोधि के लाभ को प्राप्त करता है तथा इस प्रकार सम्यग्ज्ञानादि रत्नत्रयी का लाभ होने पर वह जीव आकाशवर्ती कल्पविमान में उत्पन्न होता है अर्थात् देवत्व प्राप्त करता है और अन्त में आराधना करके वह आत्मा मोक्ष को प्राप्त करता है। तात्पर्य यह कि परमात्मा के स्तवन और स्तुतिरूप भावमङ्गल से दर्शनशुद्धि के अतिरिक्त सम्यग्ज्ञान और क्रिया की भी विशुद्धि होती है तथा उससे उत्पन्न आत्मिक-विशुद्धि ही जीव को मुक्ति के शिखर पर पहुंचाती है। श्रीमन्त अथवा अधिकारियों की की गई स्तुति निष्फल हो सकती है। किन्तु तीर्थङ्करों की स्तुति करने पर वह निष्फल नहीं होती है। और वह परम्परा से बाह्य एवं आभ्यन्तर सुख को देती है। इस तरह स्तुति भी एक प्रकार के राजयोग का ही सेवन है।

अन्य शब्दों में कहें तो अनन्तज्ञान की स्तुति से अनन्तज्ञान प्रकट होता है, जैसे रागी की स्तुति करने से रागीपन प्रकट होता है उसी प्रकार वीतराग की स्तुति करने से वीतरागदशा प्रकट होती है और अनन्त वीर्यशाली की स्तुति करने से अनन्त वीर्य प्राप्त होता है।

तथा पुण्यानुबन्धी पुण्य की प्राप्ति और इष्ट मनोरथ की प्राप्ति भी सुलभ बन जाती है।

इन बातों को लक्ष्य में रखकर प्रस्तुत स्तोत्रों का नित्यपाठ, सार्थ मनन और आत्मीकरण करना प्रत्येक साधक के लिये अत्यावश्यक है।

## अपनी बात

पूज्य उपाध्यायजी की रचनाएँ विद्वद्योग्य मानी जाती हैं। उन की ज्ञानशक्ति प्रबल थी और संस्कृत-भाषा के व्याकरण, अलंकार आदि से युक्त उत्कृष्ट कोटि की रचनाएँ वे धाराप्रवाहरूप से लिखा करते थे। अतः इन रचनाओं का भाषानुवाद किये विना रस प्राप्त करना सर्वसाधारण के लिये कठिन ही था। यही कारण है कि अनुवाद कार्य को आवश्यक माना गया।

इन कृतियों में से कुछ कृतियों तथा अन्य कृतियों के कुछ पद्यों का प्राथमिक गुजराती अनुवाद मैंने किया था। जो कृतियाँ दार्शनिक तथा तर्कन्याय से अधिक पुष्ट थीं उनके अनुवाद का कार्य एकान्त तथा पर्याप्त समय की अपेक्षा रखता था, तथा कुछ कृतियों एवं कुछ पद्यों के अनुवाद का कार्य मेरे लिये भी दुःशक्य था। इतना होने पर भी 'जैसे तैसे समय निकालकर, परिश्रमपूर्वक आवश्यकतानुसार अन्य विद्वानों का सहयोग प्राप्त करके भी उपाध्याय महाराज की कृतियों के अनुवाद की यह तुच्छ सेवा मुझे ही करनी चाहिये' ऐसे मेरे मानसिक हठाग्रह के कारण वर्षों तक यह कार्य किसी अन्य को मैंने नहीं दिया। अन्त में मुझे लगा कि मैं एक से अधिक घोड़ों पर सवार हूँ। कार्य का भार बढ़ता ही जा रहा है तथा सार्थक अथवा निरर्थक दिनों-दिन बढ़ती उलझनें भी मेरा समय खा रही है, एक के बाद एक आनेवाली दीर्घकालीन बीमारियाँ, अन्य प्रकाशनों के चल रहे कार्य, कला के क्षेत्र में हो रही प्रवृत्तियाँ तथा स्वेच्छा से अथवा अनिच्छा से सामाजिक कार्यों में होनेवाली व्यस्तता, आदि के कारण मुझे अनुभव हुआ कि यह कार्य अब मुझ से होना सम्भव नहीं है। अतः यह कार्य मैंने मेरे विद्वान मित्र पण्डित को सौंप दिया, जिसका उल्लेख प्रकाशकीय निवेदन में किया गया है। उन्होंने सहृदयता से पहले किये गये कार्य को परिमार्जित किया तथा 'वीरस्तव'

नामक जिस कृति का अनुवाद नहीं हुआ था उसका अनुवाद भी मेरे विद्वान सहृदयी मित्र डो० रुद्रदेवजी त्रिपाठी ने किया। अन्त में सम्पूर्ण प्रेसकोपी संशोधन के लिये मेरे पास भेजी। वह प्रेसकोपी विभिन्न व्यस्तताओं के कारण मैं देख नहीं पाया तथापि सिंहावलोकनन्याय से देख गया। कहीं-कहीं अर्थ की दृष्टि से विचारणा-सापेक्ष स्थल थे और 'वीरस्तव' का अनुवाद पर्याप्त परिश्रमपूर्वक करने पर भी यत्र-तत्र सन्तोषकारक प्रतीत नहीं हुआ, अतः आवश्यक सूचनाओं के साथ प्रेसकोपी अनुवाद को प्रेषित की। उन्होंने भी पुनः अपेक्षित संशोधन-परिवर्तन किया, तथापि पुनरावलोकन की अपेक्षा रखने योग्य क्लिष्ट कृति होने से इस विषय का कोई सुयोग्य विद्वान् इस अनुवाद को सूक्ष्मदृष्टि से देख ले और अशुद्ध एवं शंकास्पद जो स्थल हों उन्हें निःसंकोच बतलाये अथवा इसका संपूर्ण अनुवाद पृथक्रूप से करके प्रेषित करने की महती कृपा करें तो अत्यन्त आनन्द होगा तथा उसके द्वारा इसके पश्चात् मुद्रित होनेवाला गुजराती अनुवाद पाठकों को प्रमाणितरूपसे दिया जा सकेगा।

प्रकाशन के लिये मैंने प्राथमिक योजना इस प्रकार बनाई थी कि प्रत्येक श्लोक के नीचे गुजराती और हिन्दी अनुवाद दिया जाए जिससे मेरे गुजराती दानदाता एवं पाठकों को पूर्ण सन्तोष हो, किन्तु गुजराती अनुवाद के लिये मैं समय निकालने की स्थिति में नहीं था। दूसरे के द्वारा भाषान्तर करनेवाले का प्रयास किया किन्तु उसमें पर्याप्त समय लगता और सुयोग्य अनुवाद न हो तो उसका कोई फल नहीं। ऐसी स्थिति में अभी तो हिन्दी अनुवाद से ही सन्तोष किया है। भविष्य में यथाशक्ति शीघ्र गुजराती अनुवाद करवाकर इसका प्रकाशन किया जाए इसके लिए अवश्य प्रयत्नशील रहूँगा। कोई संस्कारी भाषा के लेखक मुनिराज अथवा कोई विद्वान ऐसे उपकारक कार्य करने के लिये तैयार हो, तो वे मेरे साथ अवश्य पत्र-व्यवहार करें ऐसी मेरी विनम्र प्रार्थना है।

प्रस्तुत स्तोत्र काव्य, अलंकार, अर्थ, भाषा तथा विविध दृष्टि से किस प्रकार उत्तम कोटि के हैं, इस सम्बन्ध में मैं कुछ भी नहीं लिख पाया हूँ। इसके सम्पादक डो० त्रिपाठीजी ने उपोद्घात में इस पर कुछ लिखा है तथापि ओर कोई सुयोग्य विद्वान इसकी समीक्षा करके भेजेगा तो गुजराती आवृत्ति में उसे अवश्य प्रकाशित करूँगा तथा गृहस्थ विद्वान होगा तो उन्हें योग्य पुरस्कार देने की व्यवस्था भी संस्था की ओर से की जाएगी।

स्तोत्र के श्लोकों के टाईप जो प्रयोगों में लाये गये हैं, वे इनसे ड्योढ़े मोटे प्रयोग में लाने चाहिये थे किन्तु प्रेस में सुविधा न होनेसे वैसा नहीं हो सका।

इस स्तोत्रावली में मुद्रित स्तोत्रों में से बहुत से तो यद्यपि इससे पूर्व भिन्न-भिन्न संस्थाओं के द्वारा पुस्तकों अथवा प्रतियों के आकार में छप चुके हैं तथा कुछ स्तोत्र गुजराती अनुवाद के साथ भी छपे है किन्तु इसमें कुछ स्तोत्र पहले बिलकुल प्रकाशित नहीं हुए थे और शेष इतस्ततः पृथक्-पृथक् मुद्रित थे उन समस्त स्तोत्रों को एक ही साथ अर्थसहित प्रकाशित करने का यह पहला अवसर है। उपाध्यायजी के स्तोत्र 'स्तोत्रावली' के नाम से प्रसिद्ध हैं अतः इस ग्रन्थ का नाम भी 'स्तोत्रावली' ही रखा गया है। बीमारी के कारण हास्पीटल में शय्याधीन होने से इस सम्बन्ध में विस्तृत परिचय लिखना संभव नहीं था अतः संक्षेप में ही उल्लेख किया है।

मेरे सहृदयी मित्र डो० रुद्रदेव त्रिपाठी ने अनुवादक, अनुवाद करके संशोधक तथा सम्पादक के रूप में मुद्रणादि का समस्त उत्तरदायित्वसे कर जो सहयोग दिया है, तदर्थ वे सचमुच अभिनन्दन के अधिकारी हैं।

उपाध्यायजी के द्वारा विरचित 'काव्यप्रकाश' की टीका का हिन्दी अनुवाद सहित मुद्रण कार्य, प्रूफसंशोधक आदि भी वे ही वड़ी लगन से कर रहे हैं। कुछ महीनों में वह कृति भी प्रकाशित हो जाएगी।

उपाध्यायजी के ग्रन्थों का वर्षो से अपूर्ण पड़ा हुआ कार्य मेरे धर्मस्नेही-धर्मबन्धु श्री चित्तरंजन डी० शाह तथा धर्मात्मा सरला बहिन ने 'माउण्ट यूनिक' में स्थित उनके अनुज बन्धु हेमन्तभाई के स्थान की हमें सुविधा दी और वाहर के किसी भी व्यक्ति के आने पर कड़ा प्रतिबन्ध रखकर भू-गर्भ-वास के समान ही मैं वहाँ रहा। नीरव शान्ति तथा दिन के दस-दस, वारह-वारह घण्टे तक कार्य करके उपाध्यायजी की रचनाओं की प्रेसकोपियाँ संशोधन के लिए जो अपूर्ण थीं तथा कुछ को अन्तिम रूप देना था उन सभी को व्यवस्थित रूप दिया।

इस 'स्तोत्रावली' का अन्तिम व्यवस्थापन भी माउण्ट यूनिक स्थान में ही किया गया। दस वर्ष का कार्य जो प्रख्यात स्थानों में मुझ से सम्पन्न नहीं हो सका था उसे प्रस्तुत स्थान में चार-पांच मास में पूर्ण कर सका इस सम्वन्ध में विशेष उल्लेख मैं प्रकाशित होनेवाले अन्य ग्रन्थ के निवेदन में करना चाहता हूँ। अभी तो मैं अपने इन उपर्युक्त भक्तिशील, धर्मात्मा, सुश्राविका-सरला बहन, कोकिला बहन, श्री विरलभाई तथा घर के शिरच्छत्र धर्मात्मा सुश्रावक श्री दामोदरभाई और उनकी धर्मपत्नी समाजसेविका धर्मात्मा स्व० श्री रम्भा बहन आदि कुटुम्ब परिवार का बहुत ही आभारी हूँ। ये सभी श्रुतसेवा के इस कार्य में अनेक प्रकार से सहायक बने तदर्थ धन्यवाद देता हूँ तथा देव, गुरु और धर्म के प्रति ऐसा भक्तिभाव सदैव बना रहे ऐसी शुभकामना करता हूँ।

स्तोत्र के अनुवाद का कार्य अत्यन्त कठिन है। अनुवाद की पद्धति एवं अभिव्यक्ति भी पृथक्-पृथक् होती है। यहाँ एक पद्धति का अनुवाद सरल करते हुए अनुवाद प्रस्तुत किया गया है। अतः अनुवाद में जो भी त्रुटियाँ रही हो उन्हें पाठकगण सुधार कर पढ़ें तथा संस्था को भी सूचित करें।

अन्त में सभी आत्माएँ इन स्तोत्रों का सहृदयतापूर्वक अध्ययन-अध्यापन करके आध्यात्मिक प्रकाश प्राप्त करें यही मङ्गल कामना है।

डो० बालाभाई नाणावटी होस्पीटल
विलेपारले (बम्बई)
दि० १३-४-७५

—*मुनि यशोविजय*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સંવચ્છરી પ્રતિક્રમણની સરલ વિધિની પ્રસ્તાવના–હિન્દી

વિ. સં. ૨૦૩૧ ઇ.સન્ ૧૯૭૫

**૩૫**

हिन्दी के प्रथम संस्करण में से उद्धृत

## सम्पादकीय निवेदन

अनेक चित्रों से युक्त विधि सहित संवच्छरी प्रतिक्रमण की पुस्तिका की गुजराती में दो वर्ष में चार आवृत्तियाँ प्रकाशित हो गई। यह पुस्तिका राजस्थानी भाइयों के देखने में आई। उसे देखकर उन्होंने कहा कि हमको गुजराती भाषा में यह पुस्तिका पढ़ने में तकलीफ होती है। यदि आप इस पुस्तिका को हिन्दी में प्रकाशित करावें तो हम पर बड़ा उपकार होगा। मैं तो इसका हिन्दी भाषान्तर कराने वाला था ही, लेकिन संयोग की सानुकूलता हो तभी यह काम हो सकता है, ऐसा मैंने कहा।

किसी ने ऐसी टकोर की कि 'गुजराती साधु गुजरातीयों के लिये ही करते हैं, हमारे लिए नहीं' मैंने कहा—ऐसा तो नहीं है, मेरी इच्छा तो जैन साहित्य का प्रकाशन अनेक भाषाओं में हो ऐसी है, लेकिन मैं गुजराती हूँ इस वास्ते पहला लेखन गुजराती में ही हो सकता है, फिर हिन्दी आदि अन्य भाषाओं में।

लेकिन मेरी शिकायत यह है कि मैंने दो चार सुज्ञ राजस्थानी भाइयों से कहा कि "आप लोग अहमदाबाद में 'सस्ता साहित्यवर्धक' जैसी संस्था की स्थापना क्यों नहीं करते? श्रीमन्त—लक्ष्मी-सम्पन्न राजस्थानी क्या नहीं कर सकते हैं! धार्मिक पुस्तक प्रकाशन के लिये संस्था की स्थापना कीजिए। उत्साही कार्यकर्ताओं को रखिये और योग्य गुजराती पुस्तक का

हिन्दी में भाषान्तर करवा कर शीघ्र प्रकाशित करवाइये, फिर १० वर्ष में देखिये, ज्ञान की समृद्धि कितनी बढ़ती है और धार्मिक संस्कारों की कितनी वृद्धि होती है।

लेकिन अभी तक ऐसी किसी समृद्ध संस्था की स्थापना नहीं हुई है। इसलिये राजस्थान के श्रीसंघ और उसके आगेवानों से अनुरोध करता हूँ कि यह कार्य शीघ्र सम्पन्न करें और जैन धर्म की शान बढ़ावें। इस कार्य से अन्य अनेक लाभ भी उपलब्ध होंगे।

संवच्छरी विधि की यह सचित्र पुस्तक पहली बार हिन्दी में प्रकाशित हो रही है यह मेरे लिये आनन्द की बात है। हिन्दी भाषा-भाषी जनता इसका अधिकाधिक लाभ उठायेगी तो मेरे यह श्रम सार्थक होगा।

विधि प्रारम्भ करने से पूर्व जो बोधक लेख लिखा है, उसे प्रत्येक व्यक्ति पहले ध्यान पूर्वक पूरा अवश्य पढ़ ले, समजे और उसके बाद प्रतिक्रमण करेंगे तो क्रिया में श्रद्धा होगी और अपूर्व आनन्द आएगा।

भाषा की दृष्टि से मुद्रण में जो–जो त्रुटियाँ रह गई हों उन्हें सुज्ञ पाठक सुधार कर पढ़े। इत्यलम्!

—*मुनि यशोविजय*

## इस पुस्तक की जन्म कथा और रहस्योद्घाटन

विगत बारह वर्ष से, प्रति वर्ष चातुर्मास का प्रारम्भ होता और संवत्सरी प्रतिक्रमण के विधि-विधान की 'प्रेस कॉपी' प्रकाशित करने योग्य बनाने की इच्छा बलवती होती; किन्तु विशेष पुरुषार्थ होता नहीं था और संवत्सरी बीत जाती। अब अगले वर्ष 'जल्दी ही तैयार कर लूंगा' ऐसा मन ही मन निश्चित करता, किन्तु मेरी कार्य विवशता के कारण वर्षों बीत गये। कभी-कभी कोई पुण्यात्मा इसके लिये प्रेरणा भी करते, फिर भी कुछ परिणाम न निकला।

वि.सं. २००७ में परमपूज्य परमोपकारी गुरुदेव आचार्य श्री विजयधर्मसूरीश्वरजी महाराज साहब के साथ बम्बई गोडीजी जैन उपाश्रय मे चातुर्मास करने का प्रसंग उपस्थित हुआ; तब (१२ वर्ष पूर्व) भिण्डी बाजार के उपान्त स्थित श्री नेमिनाथ जैन उपाश्रय में पर्युषण पर्व की आराधना करने की मुझे आज्ञा हुई कि मुनिवर श्री जयानन्द विजयजी के साथ आराधना करने गया। पर्युषण में चौदस का पक्खी प्रतिक्रमण था। उपाश्रय ठसाठस चिक्कार भरा था। सामायिक ग्रहण करने के बाद प्रतिक्रमण का क्या अर्थ है? उसे किस प्रकार करना चाहिये; विधि और भावना की शुद्धि किस तरह रखनी चाहिये और शान्ति व शिष्टाचार को कैसे सन्मान देना चाहिये? इस सम्बन्ध में दो शब्द कहे। बम्बई निवासियों को लगा कि प्रतिक्रमण के सम्बन्ध में 'इस प्रकार की हित-शिक्षा आज तक हमें किसी ने नहीं दी, कभी हमें अपना मानकर हमारे पर भाव-दया करे अपनी बाहु में नहीं लिया'। मैंने देखा—मेरी बात उन्हें पसन्द आई है; इसलिये मैंने कहा कि आज का प्रतिक्रमण दो घण्टे तक चले, ऐसा है। यदि आप लोग आधे घण्टे का समय और अधिक देने को तैयार

हों तो मैं आपको प्रतिक्रमण के सूत्रों का अति संक्षिप्त भाव, सूत्रों के प्रारम्भ में समझा दूं, जिससे आपको थोड़ा सन्तोष और आनन्द आयेगा। लेकिन कुछ 'हाँ' कहें और कुछ 'ना' कहें तो आपका अधिक समय लेने की मेरी इच्छा नहीं है। सबको विश्वास में लेने के लिये मैंने ऐसा कहा, इसलिये चारों ओर से हमारी स्वीकृति है, ऐसा प्रत्युत्तर मिला। छोटे-बड़े सभी ने राजी-खुशी कहा; इसलिये मुझे बल मिला और मैंने छः आवश्यक क्या है? उसे कहकर प्रथम आवश्यक 'सामायिक' से रहस्यों की समझ देना प्रारम्भ किया और प्रतिक्रमण को तमाम सूत्र एवं मुद्राओं का परिचय दिया। अन्त में 'संतिकरं' पूर्ण हुआ तब पूरे तीन घण्टे वीत चूके थे, लेकिन मुझे कहना चाहिये कि कुछ भी गड़वड़ी, अशान्ति, आवाज नहीं हुई, किसी ने अरुचि नहीं दिखलाई। प्रतिक्रमण पूर्ण होने पर किसी ने कहा कि जिन्दगी में प्रतिक्रमण क्या है यह आज जानने को मिला; सचमुच आज अपूर्व आनन्द हुआ। हमें लगता था कि मुनिराज हमें मुहपत्ती के कपड़े को उधाड-बन्ध क्यों करवाते हैं! वंदना के समय ललाट क्यों कुटवाते हैं, आप बोलते रहते हैं और जब हमें कुछ भी समझ में नहीं आता तब वह भार रूप लगता जैसे बेकार वोझ उतार कर रहे हों, फिर कंटाला आता, नींद लेते, बातें करते या एक दूसरे का मुँह ताका करते और जेल की सजा की तरह समय पूरा करते रहते।

"आपने जो पद्धति प्रारंभ की है उसे यदि सभी मुनिराज अपनाएँ तो हमारे जैसे अज्ञानी जीवों को आनन्द मिले और भावना जागृत हो।" उसी समय श्रावकों ने माँग रक्खी कि संवत्सरी में भी इसी प्रकार समझ देने की कृपा करें। मैंने कहा—सभी संमत होंगे तो मुझे हरकत नहीं है। इस बात की खबर लोगों को पहले से मिल चुकी थी। चौदस प्रतिक्रमण की हवा भी लोगों ने खूब फैलाई थी, इसलिये संवत्सरी में जनसंख्या की गाढ़ आई, अपूर्व भीड़ हुई। सिमट-सिमट कर सब बैठे और मैंने चौदस की तरह ही उस दिन संवत्सरी प्रतिक्रमण की आराधना की महत्ता समझाई। श्रोतावर्ग ने अत्यन्त रसपूर्वक सुना। प्रतिक्रमण पूर्ण होने पर जनता के आनन्दोल्लास की सीमा न रही। पूरे चार घण्टे में क्रिया समाप्त हुई।

इस पद्धति के प्रचलन करने पर प्रारंभ में तो इसे हमारे समुदाय के साधुओं ने अपनाली और शनैः-शनैः अन्य संघाडे–समुदाय के साधुओं ने भी अच्छी मात्रा में अपनाई है। मैं देख रहा हूँ कि इससे जनता का भावोल्लास खूब बढ़ता है और कुछ समझ-बूझकर करने का आनन्द भी प्राप्त करते हैं। इतनी प्रासंगिक घटना के कथन के बाद अब मूल बात पर आता हूँ। परिस्थिति के कारण अब सब जगह साधु महाराज प्रतिक्रमण करावें, यह शक्य नहीं है। इसलिये मेरे मन में हुआ कि प्रतिक्रमण में जो कहता हूँ वह हकीकत विस्तार करके उसे संवच्छरी विधि की पुस्तक के रूप में यदि मुद्रित की जाय तो शहरों के लिये सचमुच ही आशीर्वाद सिद्ध होगी। इस विचार में से इस पुस्तक का सर्जन हुआ और उसका प्रकाशन हुआ। यह पुस्तक जनता को कितनी पसन्द पड़ी, वह सब हकीकत प्रकाशकीय निवेदन में बतलाई है, इसलिये यहाँ उस सम्बन्ध में विशेष निर्देश नहीं करके इतना ही कहना पर्याप्त मानता हूँ कि इस पुस्तक को अत्यन्त उपयोगी पुस्तक के रूप में जनता ने अपनाकर खूब हार्दिक धन्यवाद भी प्रेषित किये है।

(गुजराती प्रथमावृत्ति में से उद्धृत)

# इस पुस्तक की उपयोगिता और स्वानुभव की उपलब्धि

[प्रथमावृत्ति से उद्धृत]

वास्तविकता तो यह है कि आराधक आत्माओं को, यदि उन्हें आराधना के प्रति सचमुच रसमय रुचि जागृत हुई हो तो प्रतिक्रमण के सूत्रों को अवश्य कंठस्थ कर लेना चाहिये। उसके अर्थ का भी ज्ञान कर लेना चाहिये। अर्थज्ञान के अभाव में मात्र सूत्र के बिलकुल अपरिचित शब्दों को श्रद्धावान व्यक्ति आदर और बहुमान पूर्वक चाहे भले ही श्रवण करें लेकिन उतने मात्र से यथार्थ आनन्द की अनुभूति हो नहीं सकती। वस्तुतः इस क्रिया के साथ तादात्म्य साधना हो तो उनके रहस्यों का ज्ञान प्राप्त करना ही होगा।

मेरा अनुमान है कि हमारे यहाँ ८० प्रतिशत वर्ग ऐसा है कि प्रतिक्रमण के पूरे सूत्रों को जानता ही नहीं है। ५५ प्रतिशत वर्ग ऐसा है कि जिन्हें अर्थज्ञान नहीं है। सिर्फ जैन होने के नाते इच्छा-अनिच्छा से प्रतिक्रमण करने आयेंगे। तीन घण्टे बैठ भी जायेंगे, लेकिन उस समय वे मात्र एक प्रेक्षक हो ऐसा उन्हें लगेगा। या तो नींद लेंगे, या बातें करेंगे, हँसी-मजाक करेंगे, कंकड-पथ्थर जो हाथ में आया फेकेंगे, अपना तो बिगड़ेंगे, साथ में दूसरों को विक्षुब्ध करके बिगाड़ेंगे। कुछ नहीं तो सारी दुनिया की चिंता करते हुये गुमसुम बैठे रहेंगे। प्रतिक्रमण पूरा होने के बाद उन्हें पूछीये कि आपने क्या किया? कुछ समझ में आया? आनन्द मिला? उसका उत्तर क्या मिलेगा यह लिखने की जरूरत है क्या? इसीलिये उनके अर्थ और भावार्थ का खयाल किया जा सके तभी अच्छी कमाई हो सकेगी।

साथ ही यह भी जानना जरूरी है कि इसका अर्थ कोई ऐसा न करे कि अर्थ का ज्ञान न हो वहाँ तक प्रतिक्रमण करना ही नहीं। यह भी मिथ्या-अज्ञान वचन है; क्योंकि पू. गणधर भगवंत प्रणीत सूत्रों में ऐसी शक्ति बैठी हुई है कि श्रद्धा और आदर-पूर्वक श्रवण किया जाये तो सुनने वाले को लाभ होता ही है। जैसे हरड़े औषधि और चिंतामणि आदि के दृष्टांत प्रसिद्ध हैं। कहने का तात्पर्य यह है कि यदि अर्थ का ज्ञान होगा तो उन्हें अपूर्व आध्यात्मिक आनन्द प्राप्त होगा।

इस दूसरी आवृत्ति की पुस्तकों के लिये यह जानने को मिला कि अनेक युवाओं ने इस पुस्तक में दिये गये भावार्थ, प्रस्तावना आदि पढ़ने के बाद संवत्सरी प्रतिक्रमण किया और दूर से पूरे सूत्र सुनने में न आने के कारण पुस्तकें खोलकर बैठे, प्रतिक्रमण कराने वाले सूत्र बोलते, उनके साथ पुस्तक में देखकर वे लोग सूत्र बोलते थे इसलिये प्रतिक्रमण अच्छी तरह करे रहे है ऐसा सन्तोष का अनुभव किया। सभी ऐसा कहते सुनाऊ पड़ते थे कि प्रतिक्रमण क्या वस्तु है, उनकी कुछ झलक हमें इस बार मिली और बड़ा आनन्द मिला। अन्य लाभ ये हुए कि सबका मन पुस्तक पढ़ने में रहने से बातें बन्द हुई, इधर-उधर देखने की तक न रही, चित्त मन सूत्रों में बंधा रहा, इसलिये सभा में अन्त तक शांति रही। इस दृष्टि से विचार करने पर लगता है कि इस पुस्तक की उपयोगिता सफल सिद्ध हुई है। इससे क्रिया, रुचि, श्रद्धा और भाव के बढ़ने से बहुत से लाभ होंगे।

# चित्रों के सम्बन्ध में किञ्चित्

लोग सूत्र सीख लेते हैं, किन्तु सूत्रों के बोलने के समय उनके साथ की जाने वाली शरीर सम्बन्धी मुद्राएं (अंगोपांग की रचनाएं) और आसन (कैसे खड़े रहना, कैसे बैठना) उसकी समझ न होने से कुछ करते ही नहीं। कुछ समझदार लोग मुद्रासनादि करते हैं किन्तु पूरी जानकारी के अभाव में अशुद्ध और अपूर्ण मुद्राएं–आसनादि करते हैं। यदि उनके चित्र हों तो उनको देखकर मुद्रासनों का ज्ञान प्राप्त करके वे अच्छी तरह कर सकें इसलिये मन्दिर और उपाश्रय में होने वाली नित्य क्रियाओं से सम्बन्धित मुद्रा और आसनों के चित्र व्यवस्थित रूप से तैयार करके इसमें मुद्रित किये हैं।

मुहपत्ती का सम्पूर्ण पडिलेहण ९५ प्रतिशत लोगों को नहीं आता होगा। इस विधि को वे सीख सकें इसलिये मुहपत्ती के चित्रों को प्रथम बार ही प्रकाशित किया है। इस प्रकार कुल ४० चित्रों का इसमें समावेश किया है।

एक बात सबके अनुभव की है कि शब्दों के द्वारा जो बात नहीं समझाई जा सकती—चार पृष्ट पढने पर भी जो बात स्पष्ट समझ में नहीं आती, उस बात का यदि एक ही चित्र हो तो वह बात शीघ्र सरलता से समझ में आ जाती है।

पाटकगण! चित्रों को रसपूपर्वक देखें, उत्साहपूर्वक बिन ऊबे उसका ज्ञान प्राप्त करेंगे तो चित्र अच्छी तरह, सुगमता से, सही रूप से, तीव्रता से अपनी बात समझा देंगें।

चित्र प्रदर्शन की दूसरी खूबी यह है कि शब्दों का श्रवण या वांचन स्मरण पर टिका रहे या न रहे पूरा टिके या न टिके, परन्तु चित्र तो अपनी छाप हृदय पट पर चिरकाल तक छोड़ जाते हैं और बहुत बार तो वह छाप अमिट रूप से अंकित हो जाती है।

आज तो एक बात विश्वप्रसिद्ध, अनुभव सिद्ध बन चुकी है कि इस युग में प्रजा को शक्य हो वहाँ तक चित्र और आकृतियों द्वारा ज्ञान देना विशेष उपयुक्त होता है।

चित्र द्वारा प्राप्त होने वाले ज्ञान में सिर और दिमाग को ज्यादा कसरत नहीं करनी पड़ती, इसलिये सभी कक्षा के लोग उस ज्ञान को खुशी–खुशी रसपूर्वक लेते हैं। फिर सचित्र ज्ञान अल्प समय में प्राप्त होता है फिर भी वह दीर्घजीवी बन जाता है।

ये चित्र प्रथम जीवंत व्यक्ति के स्केच का अंकन कर बाद में तैयार किये हैं। इन चित्रों में खमासमण के चित्र के सम्बन्ध में किंचित् मतभेद हैं किन्तु हमने यहाँ प्रचलित सुप्रसिद्ध प्रकार का चित्र दिया है। अन्य चित्र विशेष रूप से अच्छे बने, ऐसा प्रयत्न किया है। फिर भी कोई सुधार की आवश्यकता हो तो बताने की पाटकों को नम्र विनती है।

—मुनि यशोविजय

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# કાવ્ય પ્રકાશની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૩૨ ઇ.સન્ ૧૯૭૬

૩૬

## પ્રધાન સંપાદકનું પુરોવચન

ઉપક્રમ :

વિદ્વાનોએ અનુમાનિત રીતે નક્કી કરેલા સમય મુજબ અગિયારમી સદીના ઉત્તરાર્ધમાં વાગ્દેવતાવતાર જેવા મમ્મટ નામના ગૃહસ્થાચાર્યશ્રીએ રચેલા 'કાવ્યપ્રકાશ' નામના સુવિખ્યાત ગ્રન્થના બીજા અને ત્રીજા ઉલ્લાસ ઉપર, સત્તરમી સદીમાં થએલા તાર્કિક શિરોમણિ, ષડ્દર્શનવેત્તા, સંખ્યાબંધ ગ્રન્થોના રચયિતા પરમપૂજ્ય ઉપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે રચેલી ટીકા પહેલવહેલી જ પ્રગટ થઈ રહી છે, તે માટે સમગ્ર સાહિત્યાનુરાગી જગત આથી એક આનંદની લહરીનો અનુભવ કર્યા વિના નહીં રહે.

પણ હું તો અત્યન્ત આનંદ સાથે ગૌરવનો પણ અનુભવ કરી રહ્યો છું, મારા માટે આનંદ અને ગૌરવનાં બે કારણો છે. પહેલું કારણ એ છે કે એક મહાપુરુષની સંસ્કૃત ભાષામાં રચાયેલી સાહિત્યાદિકના તથા કેટલાક દાર્શનિક સિદ્ધાન્તોનું તર્કબદ્ધ વિવેચન કરનારી એક મહાન કૃતિના પ્રકાશનની જવાબદારીમાંથી હું મુક્ત થઈ રહ્યો છું અને તેથી એક પ્રકારની હળવાશ અનુભવી રહ્યો છું. બીજું કારણ ન્યાયપૂર્ણ ટીકા

જેનું ભાષાંતર થવું દુઃશક્ય છતાં તેનું ભાષાંતર સુશક્ય બનીને હિન્દી ભાષાંતર સાથે આ કૃતિ પ્રગટ થઈ રહી છે.

સામાન્ય માન્યતા એવી છે કે તાર્કિકો–નૈયાયિકો, કઠોર સ્વભાવવાળા હોય છે, કેમ કે તર્ક દલીલો, કે પદાર્થજ્ઞાનમાં કંઈ આનંદ નથી આવતો. તે ભેજાનું દહીં કરે તેવી બાબતો છે, એટલે નૈયાયિકો જલદી સાહિત્યકાર બનતા નથી, સાહિત્યકાર તે જ બની શકે કે જેના હૃદયમાં મૃદુતા–કોમલતા કે સરલતાનું પ્રમાણ વધુ હોય. એમ છતાં 'वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि'ની કાલિદાસોકિતને ભજનારા આ મહર્ષિએ જરૂર પડે ત્યાં વજ્રથી પણ વધુ કઠોર–કડક થઈ શકે છે ને અવસરે ફૂલ કરતાં યે વધુ સુકોમલ હૃદયનો અનુભવ કરાવે છે. વળી એમ પણ વિદ્વત્તવાયકા છે કે શ્રેષ્ઠવિદ્વાનો કાવ્યસાહિત્યના ક્ષેત્રને હીણું સમજે છે અને કહે છે કે પંડિત ન થઈ શકે તેવા લોકો [1]કાવ્યો–કવિતાઓમાં ઝુકાવે છે.

પરંતુ ઉપાધ્યાયજી માટે આ ઉકિત નિષ્ફળ પુરવાર થઈ અને એમણે ભારતીય સાહિત્યનિધિની એક ખ્યાતનામ કૃતિ ઉપર પોતાની કલમ ચલાવી પોતાની સર્વાંગી પ્રતિભાના દર્શન કરાવ્યા, અને એ દ્વારા જૈનસાહિત્ય અને જૈન શ્રીસંઘને ખરેખર! ગૌરવ બક્ષ્યું છે.

જ્ઞાન–વિજ્ઞાનની અનેક શાખાઓને પુષ્પિત–પલ્લવિત કરવાની અદમ્ય ધગશ ધરાવનાર, પરોપકાર રસિક, ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી જેવા બહુશ્રુત અને બહુમુખી વિદ્વાને કાવ્ય જેવા વિષયને પણ છોડ્યો નહિ અને આ રીતે જૈન શ્રીસંઘને ગૌરવ બક્ષ્યું છે.

એક જ વ્યકિતએ જ્ઞાનની વિવિધ શાખા–પ્રશાખા ઉપર એટલું વિપુલ અને વિસ્તૃત સાહિત્યનું સર્જન કર્યું છે કે જેનું મૂલ્યાંકન કરવું અતિ કિલષ્ટ છે.

## કાવ્યપ્રકાશ એક 'ગ્રન્થમણિ' :

કાવ્યપ્રકાશ (અપરનામ–[2]સાહિત્યસૂત્ર) કાવ્યશાસ્ત્રની શ્રેણીમાં [3]'ગ્રન્થમણિ' ગણાય છે. આ ગ્રન્થની રચના એટલી બધી અર્થગંભીર અને ઉંડા રહસ્યોથી પૂર્ણ છે કે એનો તાગ મેળવવા

---

૧. આ માટે એક ઉકિત પણ પ્રસિદ્ધ છે કે–शास्त्रेषु भ्रष्टाः कवयः भवन्ति। શાસ્ત્ર ન ભણી શકે તે કવિ થાય છે, પણ ઉપાધ્યાયજી માટે આ ઉકિત ઘટમાન ન હતી.

૨. કાવ્યાચાર્યો-ભામહ, દણ્ડી, ઉદ્ભટ, વામન, રુદ્રટ વગેરે વિદ્વાનોએ જે કાવ્યશાસ્ત્ર વિષયક ગ્રંથો રચ્યાં તે બધાંય પદ્યમાં રચ્યાં છે, છતાં તેમને 'સૂત્ર' ની સંજ્ઞા અપાઈ છે, પણ મમ્મટે નવો રાહ સ્વીકારીને ગંભીરાર્થકકારિકા અને વૃત્તિમાં સૂત્ર પદ્ધતિએ જ ગ્રન્થ રચના કરી છે, તેથી જ આ ગ્રન્થને સૂત્ર કહેવાય છે. તેમજ કાવ્યપ્રકાશના કેટલાય ટીકાકારોએ આ ગ્રન્થ માટે 'સૂત્ર' શબ્દનો પ્રયોગ પણ કર્યો છે.

૩. મ. મ. ગોકુલનાથ ઉપાધ્યાયે લખ્યું છે કે—

मन्थान-मन्दर-गिरि-भ्रमण-प्रयत्नाद् रत्नानि कानि चनकेन चिदुद्धृतानि।
नन्वस्ति साम्प्रतमपार-पयोधिपूर-गर्भावरस्थगित एष गणोऽमणीनाम्॥

–કા. પ્ર. ટીકા.

સમયે સમયે થયેલા અનેક વિદ્વાનોએ વિવિધ ટીકાઓ દ્વારા એની અર્થપૂર્ણતાને, તેમજ એની મહત્વપૂર્ણ વિલક્ષણ ખૂબીઓના ઉંડાણને માપવા અથાગ પ્રયત્નો કર્યા છે. આના પર રચવામાં આવેલી ૭૦ થી વધુ ટીકાઓ એનો પ્રબળ પુરાવો છે. આટલાં બધા વિવરણો–ટીકાઓ રચાયાં હોવા છતાં, આ વિષયના પારંગત વિદ્વાનોને મન, હજુ પણ આ ગ્રંથ દુર્ગમ જ રહ્યા છે અને એથી જ સમયે સમયે કોઈને કોઈ વિદ્વાનને કાવ્યપ્રકાશનું ખેતર ખેડવાનું મન લલચાયા વિના રહેતું નથી, આ ગ્રંથ ઉપર માત્ર સંસ્કૃતમાં જ ટીકાઓ છે એવું પણ નથી. વિવિધ પ્રદેશોની વિવિધ ભાષાઓમાં પણ આના ભાષાંતરો થયાં છે અને થઈ રહ્યાં છે.

## કાવ્ય પ્રકાશની સર્વમાન્ય વિશિષ્ટતાઓ :

કાવ્યપ્રકાશનું આ સાર્વભૌમ મહત્વ તેની વિશિષ્ટતાઓના કારણે સ્વયં પ્રસ્ફુટિત થયું છે. તેની વિશેષતાઓ શું છે, તેનું આછું દિગ્દર્શન કરાવવું હોય તે આ રીતે કરાવી શકાય—

૧. કાવ્ય સંબંધી આ પ્રાચીનકાળથી ચાલી આવતી માન્યતાઓનું મજબૂતપણે કરેલું વિશ્લેષણ.

૨. પોતાના સમય સુધી નિશ્ચિત થએલા વિષયોનું તેમણે સૂક્ષ્મરીતે કરેલું નિરીક્ષણ અને પરીક્ષણ.

૩. ખ્યાતનામ આનંદવર્ધન પ્રસ્થાપિત ત્રીજી શબ્દશકિત વ્યંજનાનું સમર્થન કરવા સાથે 'ધ્વનિ'ની કરેલી પ્રતિષ્ઠા, ધ્વનિ સિદ્ધાન્તના વિરોધી એવા વૈયાકરણીઓ, સાહિત્યકારો, વેદાન્તીઓ, મીમાંસકો અને નૈયાયિકોએ ઉઠાવેલી આપત્તિઓનું પ્રબલ યુકિત દ્વારા ખંડન.

૪. વૈયાકરણ ગાર્ગ્ય, યાસ્ક. પાણિની વગેરે આચાર્ય દ્વારા પ્રતિપાદિત उपमाનાં લક્ષણો અને અલંકારશાસ્ત્રનાં કેટલાક નિયમોનું વ્યવસ્થિત વ્યવસ્થાપન.

૫. ભરતમુનિથી ભોજ સુધીના લગભગ ૧૨૦૦ વર્ષના સમય દરમિયાન ચર્ચાએલા અલંકારશાસ્ત્રના વ્યાપક વિષયો ઉપર સ્વતંત્ર મન્થન કરી નવનીતની જેમ આપેલું સારભૂત વિવેચન, અલંકારોનું યથાર્થ મૂલ્યાંકન, કાવ્યનું લક્ષણ, શબ્દશકિતઓ, ધ્વનિરસસૂત્રગત અર્થનો નિષ્કર્ષ, દોષ, ગુણ, રીતિ અને અલંકારોનું કરેલું યથાર્થ મૂલ્યાંકન.

૬. પોતાનાથી પૂર્વે થઈ ગયેલા ગ્રન્થકારોની જ્ઞાતવ્ય ઉત્તમ બાબતોનો સંગ્રહ અને ઉપેક્ષણીય બાબતોનો પરિત્યાગ.

૭. સંક્ષિપ્ત સૂત્રશૈલીમાં અનેક વિષયોનું કરેલું વ્યવસ્થિત સંકલન વગેરે.

મમ્મટની બહુમુખી પ્રતિભા–પાણ્ડિત્યે વર્ણવેલી અનેક વિશેષતાઓના કારણે આ ગ્રન્થ એક [1]આકર (ખાણ) ગ્રન્થ બની ગયો છે. અને એ એટલો બધો સર્વમાન્ય જેવો અને પ્રમાણભૂત બની ગયો છે કે અનેક ગ્રન્થકારોએ પોતાના ગ્રંથમાં 'तदुक्तं काव्यप्रकाश' એમ કહીને તેનો અતિ સમાદર કરીને ગ્રંથની પ્રામાણિકતા ઉપર મહોર–છાપ મારી આપી છે.

૧. આ સિવાય બૃહત્કથાસાગર વગેરે, તેમજ પરદેશના અરેબિયન નાઈટસ વગેરે સુપ્રસિદ્ધ કથાગ્રન્થો પણ છે પણ તે ધર્મકથામાં ગણી શકાય નહિ.

મમ્મટ માત્ર કાવ્યપ્રકાશના જ જ્ઞાતા ન હતા. તેઓ વ્યાકરણ, વેદાન્ત, [1]મીમાંસા, ન્યાય, સાંખ્યાદિ શાસ્ત્રના પણ શ્લાઘનીય જ્ઞાતા હતા. જે વાત તેમના મૂલ અને ટીકાના વિવેચનથી પૂરવાર થાય છે. અન્ય દર્શનોના વિશાળ જ્ઞાનના કારણે જ રસાસ્વાદના સ્વરૂપદર્શનમાં બ્રહ્મ-રસાસ્વાદ જોડે તુલનાત્મક ચર્ચા કરી છે. માયા, પ્રપંચ કે મોક્ષ પ્રાપ્તિને લગતાં આપેલાં ઉદાહરણો, રસાસ્વાદ મિતયોગિતાજ્ઞાન, મિતેતરજ્ઞાનની વિલક્ષણતા, નિર્વિકલ્પ તથા નિર્વિકલ્પક જ્ઞાનને સવિષયક માનવું કે કેમ? આ બધી બાબતો તેમના વેદાન્ત વિષયક વિશાળ જ્ઞાનને છતું કરે છે. વળી ન્યાયશાસ્ત્રના પણ તેઓ સારા જ્ઞાતા હતા.

વળી 'મમ્મટ' શબ્દ તેના અર્થ અને તેની શકિતઓ વિષે ગંભીરપણે પ્રામાણિક વિવેચન કરે છે. તેમણે यत् શબ્દની तत् શબ્દ સાકાંક્ષતા અને નિરાકાંક્ષતાની ચર્ચા કરી છે. ત્યાં તેમની પંડિતાઈ સ્પષ્ટપણે ઝળકી ઊઠી છે, અને ભીમસેનના ઉદ્ગારને જોઈએ તો તેમણે મમ્મટને 'વાગ્દેવતાવતાર'–અર્થાત્ સરસ્વતીના અવતાર જેવા કહ્યા છે.

## કાવ્યપ્રકાશ મૂલનો સ્વલ્પ પરિચય :

હવે આપણે અહીં તો કાવ્ય પ્રકાશનો સ્વલ્પ નામ માત્રનો પરિચય કરીએ.

આ ગ્રન્થના દશ ઉલ્લાસો છે અને દરેક ઉલ્લાસ કોઈને કોઈ વિશિષ્ટ હેતુનો પૂરક હોવાથી નીચે જણાવેલા નામ–વિષયથી અલંકૃત છે.

પ્રથમ ઉલ્લાસ–કાવ્ય પ્રયોજન કારણ સ્વરૂપ વિશેપ નિર્ણય

દ્વિતીય ઉલ્લાસ–શબ્દાર્થસ્વરૂપ નિર્ણય

તૃતીય ઉલ્લાસ–અર્થવ્યંજકતા નિર્ણય

ચતુર્થ ઉલ્લાસ–ધ્વનિભેદ–પ્રભેદ નિરૂપણ

પંચમ ઉલ્લાસ–ધ્વનિ–ગુણીભૂત, વ્યંગ્ય સંકીર્ણભેદ નિરૂપણ

ષષ્ઠ ઉલ્લાસ–શબ્દાર્થ ચિત્ર નિરૂપણ.

સપ્તમ ઉલ્લાસ–દોષ દર્શન.

અષ્ટમ ઉલ્લાસ–ગુણાલંકારભેદ નિયતગુણ નિર્ણય.

નવમ ઉલ્લાસ–શબ્દાલંકાર નિર્ણય.

દશમ ઉલ્લાસ–અર્થાલંકાર નિર્ણય.

આ પ્રમાણે વિષયો છે.

---

૧. वै. सि. मंजूषा તો કાવ્યપ્રકાશને પ્રમાણભૂત ગ્રન્થ લેખે છે.

૨. काव्यप्रकाशस्य कृता गृहे गृहे टीका तथाप्येष तथैव दुर्गमः।
सुखेन विज्ञातुमिमं य ईहते धीरः स एतां निपुणं विलोक्यताम्॥

—ટીકાકાર મહેશ્વરાચાર્ય

પ્રતિપાદનની દૃષ્ટિએ મમ્મટે કારિકા–સૂત્રવૃત્તિ અને ઉદાહરણો દ્વારા વિષયને વ્યક્ત કર્યો છે. તેની રચનામાં સૂત્રાત્મક શૈલી હોવાથી અર્થગાંભીર્ય ઘણું છે. સૂત્રમાં સંક્ષિપ્તસૂચક સીમિત શબ્દ પ્રયોગોના કારણે ગ્રન્થ સદા કિલષ્ટ અને દુર્ગમ લાગે તે સ્વાભાવિક છે.

કેટલાંક ઉદાહરણાદિ પણ દુર્ગમ દોષવાળાં છે અને આ જ કારણે એને સમજાવવા માટે જાતજાતના વિદ્વાનોએ ટીકાઓ રચી તેથી [1]ટીકાની સંખ્યાનું પ્રમાણ અદ્દભુત કહી શકાય તેવા આંકડે પહોંચી ગયું છે. મને લાગે છે કે સંસ્કૃતમાં આ એક જ ગ્રન્થ હશે કે જેના પર લગભગ સો સો ટીકાઓ રચાઈ હોય!

## ઉપાધ્યાયજી કૃત પ્રસ્તુત ટીકા અંગે :

કાવ્યપ્રકાશના માત્ર બે ઉલ્લાસ[2] પૂરતી રચેલી ઉપાધ્યાયજી કૃત પ્રસ્તુત ટીકાનો ઉલ્લેખ જૈન-અજૈન કોઈએ કર્યો નથી. ફકત કેટલાક જૈન વિદ્વાનોને જ જૈન જ્ઞાનભંડારમાંથી કાવ્યપ્રકાશની પોથી ઉપલબ્ધ થતાં એનો ખ્યાલ હતો. પ્રાપ્ય પોથી વધુ પડતી ખંડિત અને અશુદ્ધ હતી, એની નકલો થઈ તે પણ તેવી જ થઈ અને વધુ પડતી અશુદ્ધિ હોવાનાં કારણે જ કદાચ આ કૃતિ પ્રકાશિત કરવાનો ઉત્સાહ કોઈને જાગ્યો નહીં હોય, નહીંતર બીજી કૃતિઓ જેમ પ્રકાશિત થઈ તેમ આ પણ થઈ હોત!

## પુણ્યાત્મા શ્રી પુણ્યવિજયજીની પ્રેસ કોપી :

એવામાં મારા સહૃદયી આત્મમિત્ર, પ્રખરસંશોધક, વિદ્વદ્વર્ય, સ્વર્ગસ્થ આગમ પ્રભાકર પુણ્યનામધેય શ્રી પુણ્યવિજયજી મહારાજ જેઓશ્રીનો અક્ષરદેહ આ ધરતી પર વિદ્યમાન નથી, અને જેમની સ્મૃતિ આજે પણ લાગણી વિવશ બનાવે છે. જેઓશ્રીને મારા પર હાર્દિક પ્રેમ અને અકારણ પક્ષપાત હતો અને મારા પ્રત્યે આત્મીય શ્રદ્ધા રાખતા હતા. તેઓશ્રી પાસે મારે વીશેક વર્ષ ઉપર રહેવાનું થયું. ત્યારે ઉપાધ્યાયજી અંગેની જે કંઈ સામગ્રી તેઓશ્રી પાસે હતી તે મને આપવા માંડી. તેમાં તેઓશ્રીએ પોતે સ્વહસ્તે લખેલી કાવ્યપ્રકાશની પ્રેસ કોપી પણ ખૂબ ઉત્સાહ અને ઉદારતાથી મને અર્પણ કરી. એ કોપીના મોતી જેવા સુંદર અક્ષરો, સુસ્પષ્ટ અને સુંદર મરોડવાળી એક સર્વમાન્ય કૃતિની ઉપાધ્યાયજીની પ્રેસ કોપી જોઈ મેં અનહદ આનંદ અનુભવ્યો. મને થયું કે અન્ય મહત્વનાં અનેક કાર્યો વચ્ચે પણ તેઓશ્રીની શ્રુતભકિતની કેવી લગન! અને ઉપાધ્યાયજી પ્રત્યેની કેવી અનન્ય લાગણી! સમય કાઢીને (કિલષ્ટ હસ્ત પ્રત ઉપરથી) સ્વયં પ્રેસ કોપી કરી. તેઓશ્રીની પ્રેસ કોપી એટલે સર્વાંગ સુવ્યવસ્થિત નકલનાં દર્શન, તેઓશ્રીની લેખિત પ્રેસ કોપીનો ફોટોબ્લોક આ ગ્રન્થમાં છાપ્યો છે તે જુઓ.

---

૧. સંપાદક પંડિત શ્રી રુદ્રદેવજીએ લગભગ તમામ ટીકાઓ અને ટીકાકારોનો સુંદર પરિચય આ ગ્રન્થના ઉપોદ્‌ઘાતમાં આપ્યો છે.

૨. ઉપાધ્યાયજીએ વધુ ઉલ્લાસ પર ટીકા કરી હોય એવો કોઈ પુરાવો મળ્યો નથી. એમના રસના મહત્વના ઉલ્લાસો આ બે જ હતા. અનુમાનતઃ લાગે કે કાવ્યપ્રકાશના અન્ય ભાગને સ્પર્શ્યા નહિ હોય!

વર્ષો બાદ આ પ્રેસ કોપીનું કાર્ય હાથ પર લીધું અને અમારા હસ્તકના શ્રીમુક્તિ કમલ જૈન મોહનમાલાની અને બીજા ભંડારની એમ બે ભંડારોની બે પ્રતિઓ મંગાવી. અન્યત્ર આ કોપી લભ્ય ન હતી. આ બન્ને પ્રતિઓ ઠીક ઠીક રીતે અશુદ્ધ અને પાઠોથી ખંડિત હતી. એમ છતાં બન્ને પ્રતિઓ એક બીજાને ક્યાંક ક્યાંક પૂરક થાય તેવી હોવાથી તે પ્રેસ કોપી સાથે મેળવવામાં ક્યાંક ક્યાંક સહાયક બની. અને તે પછી તે ઉપરથી તદ્દન નવી જ પ્રેસ કોપી તૈયાર કરાવી.

## ઉપાધ્યાયજીના સ્વહસ્તાક્ષરની મળી આવેલી પ્રતિ :

આ પ્રેસ કોપી તૈયાર થયા બાદ અમદાવાદના ભંડારમાંથી પુણ્યાત્મા મુનિપ્રવર શ્રી પુણ્યવિજયજી મહારાજને ખુદ ઉપાધ્યાયજીના હાથની લખેલી પ્રતિ મળી ગઈ. તેઓશ્રીએ મને તરત જ શુભ સમાચાર પાઠવ્યા અને મારા માટે તેઓશ્રીએ તરત જ ફોટોસ્ટેટ કોપી લેવડાવી મને મોકલી આપી. મેં જોઈને પ્રસ્તુત પોથીને ભાવભીનું નમન કર્યું. મારા આનંદનો પાર રહ્યો નહિ. ચેકચાક વિનાની, સુંદર અક્ષરમાં લખાયેલી પ્રતિ જોવી એ પણ એક લહાવો છે.

આ પોથી મળતાં તૈયાર થયેલી પ્રેસ કોપી જોડે મેં મેળવી લીધી અને ખંડિત પાઠો પૂર્ણ કર્યા. પરિશ્રમ ખૂબ થયો પણ અશુદ્ધ પાઠો શુદ્ધ થવા પામ્યા એટલે હળવો થઈ ગયો અને ફળસ્વરૂપે મને પરમસંતોષ થયો. હવે આ કૃતિ તદ્દન શુદ્ધ પાઠ રૂપે આપી શકીશું એમ થયું.

વર્ષો સુધી આ પ્રેસ કોપી મારી પાસે પડી રહી. બીજાં કામો ચાલતાં હતાં એટલે તે રાખી મૂકી હતી.

## કાવ્યપ્રકાશના આદ્ય ટીકાકાર કોણ?

કાવ્યપ્રકાશની રચના અગિયારમી સદીના ઉત્તરાર્ધમાં થઈ અને તે પછી એ ગ્રન્થના યથાર્થ અર્થનું જ્ઞાન કરાવવા માટે પહેલી જ ટીકા રચવાનું માન એક જૈનાચાર્યના જ ફાળે આવ્યું. એ ઘટના પણ જૈનો માટે ગૌરવરૂપ બની.

આ આચાર્યશ્રીજીનું નામ હતું માણિક્યચન્દ્રજી. સહુથી પ્રાચીન ટીકાકાર તરીકે તે પ્રસિદ્ધિને પામ્યા. એમને ટીકાનું નામકરણ संकेत રાખ્યું. અને એની રચના વિ. સં. ૧૦૧૬ (ઈ. સ. ૧૧૬૦) માં થઈ છે, ત્યાર પછી લગભગ સાડા પાંચ સૈકાઓ વીત્યા બાદ ૧૭–૧૮ મી શતાબ્દીમાં ઉપાધ્યાયજીએ નવ્યન્યાયની પદ્ધતિને માધ્યમ બનાવીને બે ઉલ્લાસની કરેલી ટીકા આજે પ્રગટ થઈ રહી છે.

આ ગ્રન્થની ટીકા વિદ્યાર્થી આલમમાં વધુ પ્રચલિત બને એ માટે તેનું ભાષાંતર કરાવવું સમુચિત જાણી તેની જવાબદારી વ્યાકરણ સાહિત્યાચાર્ય ડો. શ્રી હર્ષનાથમિશ્રજીને સોંપવામાં આવી હતી. તેઓએ પણ આ કિલષ્ટ કાર્યને પૂરા ઉત્સાહથી પાર પાડ્યું તે બદલ તેઓ પણ ધન્યવાદાર્હ બન્યા છે.

આજના યુગમાં આ અને આના જેવા દુર્ગમ ગણાતા ગ્રન્થોના પઠનપાઠનનો પારો ખૂબ ઉતરી ગયો છે, એટલે આ ગ્રન્થને ભણનારા ઇન, મીન, તીન નીકળે તોય અહોભાગ્ય! પણ અમારો ઉદ્દેશ ભૂતકાલમાં, કાળની ગર્તામાં તેઓશ્રીની અનેક કૃતિઓ ગરકાવ થઈ ગઈ, તેવું હવે ન બને અને તે કૃતિઓ સુરક્ષિત બની રહે, એટલા ખાતર આ પ્રયત્ન છે, જૈનધર્મનો સિદ્ધાન્ત છે કે સોમાંથી એક વ્યકિત ધર્મ પાળે તો ય સામાનો પુરુષાર્થ સફળ છે.

પ્રસિદ્ધ નાટકકાર આચાર્યશ્રી ભવભૂતિના 'उत्पत्स्यतेऽत्र मम कोऽपि समानधर्मा'ની ઉકિત વિચારીએ ત્યારે ભાવિકાળમાં બીજા યશોવિજયને પકવવામાં આ કૃતિઓ જો નિમિત્ત બનશે ત્યારે ખરેખર! અમારો પ્રયાસ સફળતાને વરશે.

## મારી ભાવના, ચિંતા અને ધન્યવાદ :

મારા મનમાં વર્ષોથી એક ઉમળકો—એક ઝંખના રહેતી હતી કે, 'પૂ. ઉપાધ્યાયજીની મારાથી શક્ય એવી કૃતિઓનાં સંશોધન, સંપાદન કે અનુવાદ કરવાનું કાર્ય હું પોતે જ કરીને તેઓશ્રીની શ્રુતસેવાનો યત્કિંચિત્ લાભ શા માટે ન લઉં'? એટલે હું હરસાલ આ માટે યથાયોગ્ય-યથાશકિત પ્રયત્નશીલ રહેતો. પણ પ્રથમ તો મારા નિત્યમિત્ર શરીરની ચિરસ્થાયી બનેલી પ્રતિકૂળતા અને એના લીધે ઊભા થતાં કાર્યાંતરાયો અને બીજું મારી વિવિધ કારણોસર વિવિધ રોકાણો, આ કારણે મને થયું કે હવે મારે એ દિશાના મમતા કે મોહ જતા કરવા જોઈએ. પણ સાથે એ વિચાર આવતો કે મોહ-મમતા જતા તો કરૂં પણ મારો કાર્યબોજ ઉપાડનાર જો કોઈ ન મળે તો શું? દરમિયાન ભલે લાંબા ગાળે પણ મારા જૂના મિત્ર યોગ-સંખ્યાચાર્ય શ્રી રૂદ્રદેવજી ત્રિપાઠીને દિલ્હીથી મુંબઇ આવવાનું થયું, ત્યારે તેઓ મને મળવા આવ્યા, ત્યારે તેમને મેં કહ્યું કે 'પંડિતજી હવે એકલા હાથે બધી જ જવાબદારી વહન કરી શકું તેવી સ્થિતિ મારી નથી રહી અને આ બાબતમાં મને અન્ય કોઈ સહાયક નથી, એ જોતાં જો હવે પ્રસ્તુત કાર્યની મમતા કે મોહ ઉપર પૂર્ણ વિરામ કે અર્ધ વિરામ હું નહીં મૂકું તો પ્રસ્તુત પ્રકાશનો, પ્રકાશનનો પ્રકાશ ક્યારે જોશે? એ ચિંતા રહે છે. તેમણે મારી આ દર્દભરી વાત સાંભળી, સહૃદયી, પરમોત્સાહી પંડિતજીએ મારા કાર્યના સહકારી થવાની સહર્ષ સ્વીકૃતિ આપી, અને મેં એમને 'સ્તોત્રાવલી' અને 'કાવ્યપ્રકાશ' ની મારી સંશોધિત અને સંપાદિત પ્રેસ કોપીઓ છાપવા માટે આપી. સોંપેલું કાર્ય યથાસમયે કરીને પ્રથમ સ્તોત્રાવલીનું મુદ્રણ, સંપાદનાદિ કાર્ય પાર પાડ્યું. જે પ્રકાશન યશોભારતીના ચોથા પુષ્પ તરીકે પ્રકાશિત પણ થઈ ગયું.

હવે આજે યશોભારતીના પાંચમા પુષ્પ તરીકે કાવ્યપ્રકાશના એક અંશનું પ્રકાશન પણ તેમના પૂરા પરિશ્રમને અંતે પ્રકાશિત થઈ રહ્યું છે ત્યારે પંડિતજીને ખૂબ હાર્દિક ધન્યવાદ આપું છું.

આ પ્રકાશન મારી પસંદ કરેલી પદ્ધતિ અને આપેલી સૂચના સલાહને અનુસરીને પંડિતજીએ કર્યું હોવાથી તેનો મને સંતોષ ઉપજ્યો છે.

## સંપાદન અંગે

આ પ્રકાશન ૧. મૂળ, ૨. વૃત્તિ, ૩. ટીકા, ૪. અનુવાદ, તથા ૫. પાદટિપ્પણથી પંચપાઠી બન્યું છે. સાથે વિદ્વત્તાપૂર્ણ અને માહિતીપૂર્ણ પરિશ્રમપૂર્વક લખેલો ઉપોદ્ઘાત છે. જેમાં પંડિતજીએ વિસ્તારથી અનેક મહત્ત્વપૂર્ણ વિષયોનો પરિચય, જૈનાચાર્યો દ્વારા પ્રણીત કાવ્યશાસ્ત્રીય ગ્રન્થો, કાવ્યપ્રકાશની વિશિષ્ટતા, તેની અનેક ટીકાઓનો પરિચય, તેમજ પ્રસ્તુત ટીકાની સમીક્ષા આપી છે. ઉપરાંત પરિશિષ્ટાદિ વગેરેથી ગ્રન્થને અલંકૃત કર્યો છે.

કેટલાંક કઠિન કે ત્રુટિત સ્થળોના અનુસંધાનમાં તર્કન્યાયરત્ન સૌજન્યમૂર્તિ, સહૃદયી, વિદ્વદ્વર્ય પં. શ્રી ઈશ્વરચંદ્રજી શર્માએ જે સહયોગ આપ્યો તે માટે તેઓ પણ ખૂબ અભિનંદનના અધિકારી છે.

## પ્રસ્તુત ટીકામાં શું છે?

કાવ્યપ્રકાશના માત્ર બીજા ઉલ્લાસ ઉપર પ્રકાશિત થએલી આ ટીકામાં પૂજ્ય ઉપાધ્યાયજીએ કાવ્યગત શબ્દાર્થસ્વરૂપ નિરૂપણ અને 'અર્થવ્યંજકતા નિરુપણ'ને લગતા ઉહાપોહોનું નૈયાયિક શૈલીમાં પ્રતિપાદન કરતાં લગભગ પૂર્વવર્તી નવ ટીકાકારોનો નામપૂર્વક નિર્દેશ કર્યો છે. અને લગભગ ચૌદ વિભિન્ન ગ્રન્થકારોનાં મતોનું વિવેચન કર્યું છે. આ વિવેચન પ્રસંગે ઉપાધ્યાયજીએ કોઈ સાંપ્રદાયિક દુરાગ્રહ સેવ્યો નથી. પણ તટસ્થ રીતે જ પોતાના પુરોગામીઓના વિવિધ મતોનો ઉલ્લેખ કરવા સાથે પોતાને માન્ય મતોનું ઉપસ્થાપન કર્યું છે, અને તે ઘણી સ્પષ્ટતા સાથે કર્યું છે.

## પ્રસ્તુત કૃતિ અંગે કંઈક :

પહેલા કહી ગયો તેમ પૂજ્ય ઉપાધ્યાયજીના હસ્તાક્ષરવાળી જે પ્રતિ મળી તે પ્રતિમાં શરૂઆતના ૧ થી ૬ પાનાં, નથી, સાતમા પાનાંથી બીજા ત્રીજા ઉલ્લાસની ટીકાનો પ્રારંભ થાય છે, એટલે સહેજે તર્ક થાય કે શું પહેલા ઉલ્લાસની ટીકા હશે અને તે ટીકા પાછળથી નષ્ટ થઈ ગઈ હશે? નિર્ણય કરવાને માટે કોઈ સાધન ઉપલબ્ધ નથી, પણ બીજી રીતે વિચારતાં એમ પણ લાગે છે કે ઉપાધ્યાયજી પોતે 'ન્યાયાવતાર' પુરુષ હોવાથી તેમનો પ્રિય વિષય નવ્યન્યાયનો જ રહ્યો છે, અને નવ્યન્યાયનો ઉપયોગ કરી શકાય તેવા લાક્ષણિક ઉલ્લાસો મુખ્યત્વે બીજા–ત્રીજા બે જ છે, એટલે આ બે જ ઉપર ટીકા કરી હોય તેમ માનવા મન વધુ પ્રેરાય, પ્રતિના શરૂઆતના છ પાનાં એમની બીજી કોઈ કૃતિના પણ હોઈ શકે, જે નષ્ટ થઈ ગયાં હોય, કાં અલગ પડી ગયા હોય, જે હોય તે.

જો હેમચન્દ્રાચાર્યજી કૃત કાવ્યાનુશાસન ઉપરથી ઉપાધ્યાયજીએ રચેલી 'અલંકાર ચૂડામણિ' ટીકા ઉપલબ્ધ થઈ હોત તો કદાચ કાવ્યપ્રકાશના આદ્ય કે અગ્રિમ ઉલ્લાસો પર ટીકા કરી હતી કે કેમ! તેનો નિર્ણય કરવાનું કદાચ સરળ થાત. બીજી કમનસીબી એ છે કે ઉપાધ્યાયજીની કેટલીક કૃતિઓની એકથી વધુ હસ્તલિખિત નકલ ઉપલબ્ધ હોતી નથી.

## પ્રતિ પરિચય

બે ઉલ્લાસવાળી એક પ્રતિ પાલીતાણા જૈનસાહિત્યમંદિરમાં રહેલા 'શ્રી મુકિતકમલ જૈનમોહન ગ્રન્થ ભંડાર'માંથી મળી હતી. પણ તે ઘણી જ અશુદ્ધ હતી. આવી જ પ્રતિ બીજા ભંડારમાંથી મળી હતી. તે પણ ઘણી જ અશુદ્ધ હતી. આવી જ અશુદ્ધ પ્રતિ બીજા ભંડારમાંથી પણ મળી હતી. આ પ્રતિ કોઈ વિશિષ્ટ પરિચયને પ્રાપ્ત ન હોવાથી તેનો પરિચય આપતો નથી. સામાન્ય રીતે એક પ્રતિ કોઈએ ઉતારી, મોટા ભાગે તેના ઉપરથી જ બીજી નકલો થતી હતી, એટલે જેવી પહેલી હોય તેવો જ બીજીનો જન્મ થાય.

પાછળથી ઉપાધ્યાયજી ભગવંતે સ્વહસ્તે લખેલી પ્રતિ જે મળી અને જે પ્રતિ આજે 'શ્રી લાલભાઈ દલપતભાઈ વિદ્યામંદિર'માં વિદ્યમાન છે, તે જ પ્રતિની 'ફોટોસ્ટેટ' કોપી મારી પાસે છે. જેમાં પ્રારંભના ૧ થી ૬ પાનાં નથી. અને વચમાં પણ કોઈ કોઈ પાનાં નથી. આ પાનાં એક સરખાં માપનાં અક્ષરોથી લખાયા નથી. અક્ષરો નાનાં મોટાં છે, અને એના કારણે પ્રતિપૃષ્ઠમાં લીટીઓની સંખ્યામાં પણ સારો એવો એટલે ૨૨ થી ૧૬ પંકિત વચ્ચેનો તફાવત જોવા મળે છે. એથી જ પ્રતિ પંકિતના અક્ષરોનાં ધોરણમાં પણ તફાવત રહે તે સ્વાભાવિક છે. આ તફાવત ૬૨ થી ૫૨ અક્ષર વચ્ચેનો છે. પ્રતિનો આકાર ૨૫ X સેન્ટીમીટરનો છે.

## અભિવાદન :

અન્તમાં આ તકે પરમપૂજ્ય ગુરુદેવો, સહાયક સાધુ–સાધ્વીઓ, મારા સહકાર્યકરો, સંસ્થાના ટ્રસ્ટી–મંત્રીઓ, નામી-અનામી સહાયકો અને દાતારો વગેરેનું અભિવાદન કરું છું.

## પ્રકાશન અંગેનું ભાવિચિત્ર :

ઉપાધ્યાયજીના સંખ્યાબંધ ગ્રન્થોની જે જવાબદારી મારા શિરે હતી તે. મહાપ્રભાવક ભગવાનશ્રી પાર્શ્વનાથ પ્રભુ, ઉપાધ્યાયજી મહારાજ, ભગવતીશ્રી પદ્માવતીજી દેવી, શ્રી સરસ્વતીજી અને પૂ. ગુરુદેવોની સત્કૃપાથી અને નિત્યકર્મમાં સહાયક મુનિરાજ શ્રી વાચસ્પતિવિજયજી આદિના સહકારથી, મારાથી અશક્ય કોટિનું કાર્ય પણ શક્ય બનીને હવે કિનારે પહોંચવા આવ્યું છે, અને લાગે છે કે તેઓશ્રીની અપ્રસિદ્ધ નાની મોટી તમામ કૃતિઓનું પ્રકાશન સં.૨૦૩૩ માં પૂર્ણ થશે અને ત્યારે વર્ષોથી મારા શિર ઉપરનો ભાર આટલા પૂરતો હળવો થતાં પરમ પ્રસન્નતા અને એક ફરજ અદા કર્યાનો શ્વાસોચ્છ્વાસ લેવા ભાગ્યશાળી બનીશ!

દ્રુતવિલમ્બિત છન્દની ગતિથી થઈ રહેલા આ કાર્ય અંગે જૈન સંઘ, મારા સહકાર્યકરો વગેરેનો હું ઠીક ઠીક અપરાધી બની ગયો હતો, પણ હવે આ અપરાધમાંથી મુકિત મેળવવાના દિવસો નજીક આવી રહ્યા છે એમ લાગે છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સિદ્ધિદાયક સિદ્ધચક્રની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૩૩ ઇ.સન્ ૧૯૭૭

૩૭

## પ્રસ્તાવના

જૈન શ્રીસંઘમાં વર્તમાનમાં બે યંત્રો વિશેષ જાણીતા અને પ્રચલિત છે. એનાં નામો ક્રમશઃ સિદ્ધચક્ર અને ઋષિમંડલ છે. આ બંનેની આરાધના અને ઉપાસના હજારો ભાવિકો કરી રહ્યા છે. આ બંનેમાંય વિશેષ પ્રધાનતા, વ્યાપકતા અને પ્રસિદ્ધિ–'સિદ્ધચક્ર' યંત્રની છે, એમાં માત્ર નવપદના નવ-ખાનાંવાળો યન્ત્ર હોય કે કલાશાકાર યન્ત્ર હોય પણ બંનેને સિદ્ધચક્ર જ કહેવાય છે. નાનાને લઘુ અને મોટાને બૃહદ્ (યંત્ર) કહેવાય છે.

### સિદ્ધચક્રની વિશેષ પ્રસિદ્ધિ શાથી?

પ્રસિદ્ધિમાં અનેક કારણો છે. એક તો સિદ્ધચક્રની આરાધના શાશ્વતી હોવાથી અનાદિકાલીન છે. જૈન ગ્રંથોના કથન મુજબ તે લાખો વરસોથી ચાલી આવે છે. વળી આની ઉપાસના સામુદાયિક રૂપે પણ થતી હોય છે. જ્યારે ઋષિમંડલની ઉપાસના સિદ્ધચક્ર જેવી પ્રાચીન નથી, અને શાશ્વતી તો નથી. એનું ક્ષેત્ર સિદ્ધચક્રની અપેક્ષાએ મર્યાદિત છે.

### નવ નવ દિવસની સમૂહ આરાધના

સિદ્ધચક્રની વ્યાપકતા કે પ્રસિદ્ધિ માટેનું મોટું પ્રબળ કારણ એ છે કે આની

આરાધના-ઉપાસના માટે વર્ષમાં ખાસ બે તહેવારો-પ્રસંગો નિર્માણ થયાં છે. એક ચૈત્ર સુદમાં અને બીજો આસો સુદમાં. અને આ પર્વોત્સવ એક બે દિવસના નહીં પણ ખાસા નવ નવ દિવસ સુધી ઉજવાય છે. તે વખતે શહેરોનાં અનેક જિનમંદિરો સિદ્ધચક્ર કે તેના બૃહદ્ યન્ત્રનાં પૂજાપાઠ અને ગીત-ગુણ-જ્ઞાનની ભક્તિથી ગાજી ઉઠે છે. આ ઉત્સવથી તે દિવસોમાં એક ધર્મભાવનાસભર વાતાવરણ સર્જાય છે. હજારો ભાવિકો ભક્તિની ગંગામાં ડુબકી મારી પાવન થતાં એક પ્રકારની હળવાશ અનુભવે છે અને આધ્યાત્મિક દિવ્ય આનંદની મજા માણે છે.

ઉપાશ્રયોમાં પણ મુનિમહારાજાઓ સિદ્ધચક્ર-નવપદજીનું સ્વરૂપ-માહાત્મ્ય એની મહત્તા પ્રભાવ, એની આરાધના કેમ કરવી તે સમજાવે છે અને એની શ્રેષ્ઠકોટિની અખંડ આરાધના કરનારા મહામના આદર્શ મહાનુભાવો શ્રીપાલ અને મયણાના ભવ્ય અને પ્રેરક ચરિત્રને નવ દિવસ સુધી સુંદર રીતે સમજાવે છે, એથી આરાધના જીવંત બની રહી છે. સુદીર્ઘકાળથી સુવિખ્યાત અને સર્વ સામાન્ય જૈનો માટે આ બાબત સુપરિચિત હોવાથી સિદ્ધચક્રની આરાધના સવિશેષ પ્રસિદ્ધ છે.

## આયંબિલ તપ અને ભોજન વ્યવસ્થા—

આરાધના યથાર્થ વિધિ જાળવીને કરવી હોય તેને તપ કરવો પડે છે. એકાસણ કે એકટાણાની જેમ આ તપમાં પણ બપોરના એક જ વખત બેસીને ભોજન લેવાનું હોય છે. ભોજન પછી સૂર્યાસ્ત પહેલાં માત્ર ગરમ કરેલું પાણી પીવાનું હોય છે. પણ આ તપનું ભોજન લૂખું અને નિરસ હોય છે. કેમકે આ તપમાં દૂધ, દહીં, ઘી, ગોળ, સાકર કે તેની બનાવેલી ચીજ કે લીલોતરી, ફ્રુટ-મેવો વગેરે વાપરવાનાં હોતાં નથી, ફક્ત અનાજ કે તેના લોટની બનાવેલી ચીજો જેમાં ફક્ત મીઠું મરી આ બે જ વસ્તુ નાંખેલી હોય છે તેવી બધી વસ્તુઓ વાપરી શકાય છે. આ તપને જૈનધર્મની પરિભાષામાં 'આયંબિલ' તપ (આયામ્લ તપ) કહેવાય છે. વળી આ નવેય દિવસની આરાધાનાના તબક્કાને કે મર્યાદાને 'ઓળી' અથવા 'આયંબિલની ઓળી'-નવપદજીની ઓળી-સિદ્ધચક્રજીની ઓળી' આવા નામોથી ઓળખાવાય છે. ઉત્કૃષ્ટ રીતે તપ કરનારા તો મીઠા વિનાનું કાં એક મીઠાવાળું જ ભોજન લે છે.

નવે દિવસ તપ કરવાવાળો વર્ગ મર્યાદિત હોય છે. એમાં વિધિપૂર્વક ઓળી કરવાવાળો વર્ગ એથી પણ ઓછો હોય છે. પણ ઓળીના નવ દિવસ દરમિયાન આ તપનો આદર કરવામાં મંગલ નિમિત્તે એક, બે કે ત્રણ (પહેલું છેલ્લું ખાસ) આમ છુટક આયંબિલ કરવાવાળો વર્ગ ઘણી વિશાળ સંખ્યામાં હોય છે. આ માટે નાનાં મોટાં શહેરોમાં આયંબિલશાળાઓ ચાલે છે. જ્યાં આ તપની રસકસ વિનાની જાતજાતની લૂખી રસોઈ રસોઈયાઓ બનાવે છે ત્યાં તમામ સગવડ હોય છે એટલે સેંકડો માણસો ત્યાં જઈને જ ભોજન કરી લે છે. જેને ત્યાં ન જવું હોય તો તે પોતાના ઘરે લૂખું ભોજન કરી જમી લે છે.

## આયંબિલ તપથી થતો લાભ—

આવા લૂખા ભોજનથી ઇન્દ્રિયો કે તેના અશુભ વ્યાપારોનું અવમૂલ્યન થાય છે. એમાં શેષ

ચાર ઈન્દ્રિયોને ઉત્તેજિત કે વેગ આપનારી રસના (જીહ્વા) ઈન્દ્રિય ઉપર અંકુશ આવે છે. પરિણામે ઈન્દ્રિયોની વાસના-વિકારો ક્ષીણ થતા જાય છે, આહાર સંજ્ઞામાં ઘટાડો અને સારું સારું આરોગવાની વૃત્તિઓનો ઉપશમ થાય છે. વળી તપોધર્મ એ જીવનને આધ્યાત્મિક જીવનની નિકટતા કેળવવાની અનેરી તક આપે છે. જૈનસંઘમાં અખંડ રીતે પાંચસો પાંચસો અને તેથી પણ વધુ આયંબિલ કરનારાઓ છે.

## આરાધનામય જીવન જીવવાની તક—

તાત્પર્ય એ કે આ નવ દિવસોની આયંબિલની ઓળીની વિધિપૂર્વક આરાધના કરનારા વહેલી સવારથી ઉઠીને રાત સુધીનો સમય બેય વખત પ્રતિક્રમણ, પૂજા, દેવવંદન, પ્રવચનશ્રવણ, જપ-ધ્યાનમાં જ પસાર કરે છે. આ કારણે બહારના આરંભ-સમારંભના પાપથી અનાયાસે જ બચવાનું બને છે. બાહ્ય આલંબન બાહ્ય શુદ્ધિનું અને આભ્યન્તર આલંબન એ આભ્યન્તર શુદ્ધિનું અંતરંગ કારણ છે. આભ્યન્તર કે ભાવશુદ્ધિ વિનાના ક્રિયાકાંડ કે અનુષ્ઠાન ઈષ્ટ કે યોગ્ય ફળને આપતા નથી, માટે વિધિશુદ્ધિ અને ભાવશુદ્ધિ બંને જાળવીને જ હરકોઈ આરાધના કે ઉપાસના કરવી જોઈએ.

ઉપર જણાવેલાં કારણે સિદ્ધચક્રની આરાધના જૈનસંઘમાં સુદીર્ઘકાલથી સુવિખ્યાત અને સર્વસામાન્ય જૈનો માટે ચિરપરિચિત બાબત હોવાથી તેની પ્રસિદ્ધિ વિશેષ હોય તે સ્વાભાવિક છે. સિદ્ધચક્ર સાથે ઓળી—આયંબિલનો ઘનિષ્ઠ સંબંધ હોવાથી તે અંગેની કિંચિત્ ભૂમિકા અહીં દર્શાવી.

હવે યંત્ર અંગે વિચારીએ.

## યંત્રના બે પ્રકારો—

આ યંત્રને બે નામથી ઓળખાવવામાં આવે છે. એક નામ છે **सिद्धचक्र** અને બીજું નામ છે **नवपद** (**नवपदजी**).

સિદ્ધચક્ર આ નામ તેના પ્રભાવને અનુલક્ષીને છે. જ્યારે નવપદ તેની યથાર્થ રચનાને અનુલક્ષીને છે. સિદ્ધચક્ર એ જ નવપદ છે અને નવપદજી એ જ સિદ્ધચક્ર છે. એક જ વસ્તુના બે નામો હોવાથી તેને પર્યાયવાચક તરીકે સમજવા.

## નવપદજીના ગટ્ટા—

અહીંયા જે બે નામો જણાવ્યાં તેમાં **नवपद** થી નવ-ખાનાંના [1]ગોળાકારે બનાવવામાં આવતા ચાંદી, તાંબા કે પિત્તળની ધાતુથી બનાવેલા દહેરાસરમાં પૂજાતા નવપદજીના ગટ્ટા એવા શબ્દથી ઓળખાતા ગટ્ટા જ અભિપ્રેત છે. નવપદજીની આકૃતિવાળા આ ગટ્ટા કાગળ, કાપડ, પુંઠા, ધાતુ કે અન્ય માધ્યમો ઉપર પણ બનાવેલા હોય છે. જ્યાં દહેરાસર નથી હોતું, તે ગામોના લોકો આવા ગટ્ટા રાખીને તેની ઉપાસના-અર્ચના કરે છે.

---

૧. ક્યાંક ક્યાંક ધાતુના ચોરસ આકારે બનાવેલા ગટ્ટા પણ હોય છે.

વંદનીય, પૂજનીય કે આરાધ્ય, એવા નવપદો નવખાનાંથી યુકત હોવાથી તેને નવપદજી તરીકે ઓળખાવાય છે.

## સ્વયં સિદ્ધ યંત્ર—

આ નવપદજી યંત્રની આરાધનાને ''સિદ્ધઆરાધના'' કહી છે. સિદ્ધ એટલે જે યંત્રો સ્વયં સિદ્ધ હોય છે. જેની થોડી ઉપાસના પણ તરત ફળ આપવા માંડે, અલ્પ પ્રયાસથી જે સાધ્ય–સિદ્ધ કરે તે, અથવા પરંપરાથી જ જે સિદ્ધ હોવાના કારણે લાંબી સાધના કર્યા વિના જ શીઘ્ર ફળ આપવા માંડે, આવા યંત્રને 'સિદ્ધ યન્ત્ર' કહેવાય છે, અને આનો આકાર ચક્રની માફક ગોળ હોવાથી એની સાથે 'ચક્ર' શબ્દનું જોડાણ કરતાં ''સિદ્ધચક્ર'' આવી નામનિષ્પત્તિ થાય છે.

બીજી અપેક્ષાએ વિચારીએ તો 'સિદ્ધચક્ર' શબ્દને વિશેષણ કહી શકીએ અને નવપદ શબ્દને વિશેષનામ તરીકે પણ કહી શકાય.

ઉપરોકત વાત રોજ રોજ પૂજાતા નાના નાના માપના પ્રચલિત નવપદ–સિદ્ધચક્રના (ગટ્ટા) યંત્ર અંગે અહી.

❀ ❀ ❀

## બૃહદ્ સિદ્ધચક્ર યન્ત્રનો પરિચય—

સિદ્ધચક્ર નવપદજીનો બૃહદ્–વિસ્તૃત યંત્ર પણ છે. નવપદજીના–નવાખાનાંને કેન્દ્રમાં રાખીને, આરાધ્ય અને આરાધકોનાં નામવાળા અનેક વલયો–વર્તુલોથી ખૂબ જ વિસ્તૃત બનાવાએલાં સિદ્ધચક્ર યંત્રને બૃહદ્ યંત્ર તરીકે ઓળખાવવામાં આવે છે, આથી અત્યારે શ્રીસંઘમાં આ યંત્રને 'શ્રીસિદ્ધચક્ર બૃહદ્યંત્ર' એવા નામથી ઓળખાવાય છે.

નાના સિદ્ધચક્ર–નવપદજીના ગટ્ટામાં માત્ર આરાધ્ય જ વ્યકિતઓ કે પદોને સ્થાન મળ્યું છે, જયારે બૃહદ્–મોટામાં આરાધ્ય ઉપરાંત (એની આરાધનામાં સહાયક થનારી) આરાધક [દેવ–દેવીરૂપ] વ્યક્તિઓને પણ સ્થાન આપવામાં આવ્યું છે જે નાનામાં નથી.

નાના નવપદજીમાં નવ આરાધ્યપદો પૈકી પાંચ આરાધ્ય વ્યકિતઓ જે ગુણી એટલે ગુણવાન છે અને પરમેષ્ઠી શબ્દથી ઓળખાય છે. જેના નામ અનુક્રમે અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ છે. આ જ પાંચેયને બૃહદ્માં ભેદ, પ્રભેદ દ્વારા વિસ્તારથી સ્થાન આપવામાં આવ્યું છે, એટલે આરાધ્ય વિભાગ બૃહદ્યન્ત્રમાં વિશાળ સ્થાન રોકે છે અને દેવ-દેવીઓનો આરાધક–સેવક વિભાગ પણ એવું જ સ્થાન રોકે છે.

આ પ્રમાણે આપણે અહીંઆ બંને જાતના યન્ત્ર અંગેની માહિતીનું સામાન્ય દિગ્દર્શન કર્યુ.

આ યન્ત્ર શું છે, તેના આકાર–પ્રકારો કેવા છે, તેમાં શું શું લખવામાં આવ્યું છે, કેવી રીતે લખવામાં આવ્યું છે, તેના અર્થ અને હેતુઓ શું છે, તેનો મહિમા શું છે? ઈત્યાદિ અનેક

બાબતોને ખૂબ સારી રીતે સરળતાથી સુવાચ્ય ભાષામાં લેખકે 'સિદ્ધિદાયક સિદ્ધચક' પુસ્તકમાં સમજાવી છે એટલે એ અંગે વિશેષ કંઈ ન લખતાં કેટલીક બીજી બાબતો અને કેટલીક મતભેદવાળી બાબતો પ્રત્યે માત્ર અલ્પ–સ્વલ્પ નિર્દેશ કરીશ.

## યન્ત્ર શું વસ્તુ છે?—

લોકોપયોગી પ્રચલિત યન્ત્રો બહુધા ચોરસ, ગોળ, ત્રિકોણ કે ષટ્કોણ આકારના હોય છે. ચેતન-અચેતનની આકૃતિઓ પૂર્વકનાં યન્ત્રો વિધવિધ પ્રકારનાં આવે છે, જેમકે—કમલાકાર આકૃતિ, ભૂમિતિની વિવિધ આકૃતિઓ દ્વારા નિષ્પન્ન યન્ત્રો, વળી પુરુષ, સ્ત્રી, પશુપક્ષી આદિ પ્રાણીઓ વગેરેના આકારોથી યુકત યન્ત્રો અને એની અંદર અંકો કે મંત્રાક્ષરો લખવામાં આવે છે. કેટલાક યન્ત્રો હ્રીંકારબીજ વગેરે મન્ત્રબીજોથી વેષ્ટન કરી ક્રૌં બીજથી નિરોધ કરેલા પણ હોય છે. ખરેખર! આ પણ એક મહાવિદ્યા કે મહાશાસ્ત્ર છે. અંકોવાળાં યન્ત્રો લાખો પ્રકારનાં બનાવી શકાય છે.

## યન્ત્રનો દેહ કેમ બને છે?—

વિવિધ જાતના ચેતન- અચેતન પ્રકારના આકારો–પ્રકારોવાળી આકૃતિઓને અંકો, મન્ત્રાક્ષરો, વર્ણાક્ષરો, શબ્દો, શ્લોકો વગેરેથી યુકત કરવામાં આવે ત્યારે તે વસ્તુ યન્ત્રનું રૂપ ધારણ કરે છે. યન્ત્રનો દેહ–ચિત્ર, રેખાઓ, અંકો, (આકાર–પ્રકારો) વર્ણો, શબ્દો, શ્લોકોથી જ રચવામાં આવે છે.

## યન્ત્ર વિજ્ઞાન અને મહિમા—

યન્ત્ર વિજ્ઞાન ભારતીય સાહિત્યનું મહાવિજ્ઞાન છે, એની પાછળ એક ઊંડું ગહન રહસ્ય સમાએલું છે. એમાં કેટલુંક વાચ્ય હોય છે. અને કેટલુંક અવાચ્ય પણ હોય છે. આ યન્ત્ર–શાસ્ત્રો એટલે કે યંત્રોએ, આ દેશના યુદ્ધોમાં વિજય પ્રાપ્તિ પ્રસંગે, ભયંકર ઉપદ્રવો–અનિષ્ટોની શાંતિ, રોગોની અનિષ્ટ શકિતઓના ઉપદ્રવોની શાંતિ, રાજા–પ્રજાની સુખ–શાંતિ અને આબાદી માટે ઘણો જ મહત્ત્વનો ફાળો આપ્યો છે અને એ નિર્વિવાદ સત્ય છે. આજે પણ આ વિજ્ઞાન ન કલ્પી શકાય–ન સમજી શકાય એવા ચમત્કારો સર્જી શકે છે. આ હકીકત કેવળ મારા જ નહીં પણ સેંકડો વ્યકિતઓના સ્વાનુભવની છે.

બુદ્ધિજીવી અને તાર્કિકવર્ગ આ વાતને ભલે હાંસી અને મજાકની દૃષ્ટિથી જુએ, પણ આવું જોનારાઓને જ્યારે સ્વાનુભવ થાય છે ત્યારે એમના જ દિમાગમાં શ્રદ્ધાના પ્રકાશનું નવું કિરણ જન્મે છે અને ત્યારે તે પોતાની ભૂતકાલીન અશ્રદ્ધાને માટે સ્વયં દુઃખદ શરમ અનુભવે છે, માટે બુદ્ધિવાદીઓએ એક વાત ધ્યાનમાં રાખવી ઘટે કે બુદ્ધિ કે તર્કનું ક્ષેત્ર સીમિત છે. જયારે શ્રદ્ધાનું ક્ષેત્ર અસીમિત છે. દરેક વસ્તુની પાછળ કાર્ય–કારણભાવો અદૃષ્ટ રીતે પણ તેનો ભાગ ભજવતા જ હોય છે, જે સમજવા માટે માનવની મર્યાદિત બુદ્ધિ ઘણી નાની પડે છે. કુદરતના

[1]પંચતત્ત્વોના કે મન્ત્રતન્ત્ર વિજ્ઞાનના ગૂઢ અને વિરાટ રહસ્યોનું માનવીય બુદ્ધિ દરેક બાબતમાં માપ કાઢી શકતી નથી. વિરાટને માપવાનો માનવીય બુદ્ધિનો ગજ ઘણો નાનો છે. જ્યાં તર્ક કે બુદ્ધિનો પ્રકાશ અસ્ત થાય છે ત્યાં જ શ્રદ્ધાનો દીપક પ્રકાશ પાથરવા માંડે છે માટે બુદ્ધિવાદનો આદર ભલે કરીએ પણ શ્રદ્ધાવાદ અને શકિતવાદની અવગણના તો કદી ન કરીએ. માનવી જ્યારે ઘોર અંધકારથી ઘેરાય છે ત્યારે શ્રદ્ધાવાદ જ એનો સહારો બનીને પ્રકાશનો પંથ ચીંધે છે.

યદ્યપિ યન્ત્રના પ્રભાવ અને તેના અનુભવો-સ્વાનુભવોને દર્શાવવાનું કંઈ આ સ્થાન નથી એટલે એ નોંધવાનું અહીં રાખ્યું નથી.

## યન્ત્ર ઉપર શોધ પ્રબંધ લખી શકાય—

આ વિષય વિશાળ, ગંભીર અને ગહન હોવાથી થોડા લખાણથી સમજાવી શકાય તેમ પણ નથી. આના પર તો ખાસો શોધ પ્રબન્ધ લખી શકાય એટલે આટલાથી જ એનું પૂર્ણવિરામ કરીએ.

આ યંત્રોને વિધિવિધાન કરી, તેનામાં ચેતના (કરંટ-પાવર) ઊભી કરવી જોઈએ, તો જ તે ફલોપધાયક બને છે. પછી તેનું ધારણ-સેવન વિધિપૂર્વક થવું જોઇએ.

## યંત્રો જરૂર ફળ આપે છે—

જેમ નીરોગી થવા માટે વિજ્ઞ વૈદ્યની દવા દર્દી તર્ક કે દલીલ કર્યા વિના જ શ્રદ્ધાથી લે છે, એવી જ શ્રદ્ધા આ યંત્ર પરત્વે રાખીને યન્ત્રદાતા કે યંત્રશાસ્ત્રના નિયમોને માન આપીને અટલશ્રદ્ધા અને શાસ્ત્રોક્ત વિધિ મુજબ તેનું સેવન, ઉપાસના આદિ કરવું જોઈએ. અલબત્ત આપણે એકલા પુરુષાર્થવાદી નથી પ્રારબ્ધ-કર્મવાદી પણ છીએ, એટલે નિશ્ચિતપણે વિધાન ન કરી શકીએ પણ બહુધા યંત્રોપાસના ફળ આપ્યા વિના રહેતી નથી, એટલું તો જરૂર કહી શકીએ. પ્રાસંગિક યંત્રવિજ્ઞાન અંગે થોડો નિર્દેશ કરીને હવે ચાલુ વાત પર આવીએ.

## નવપદજીના ગટ્ટાનું સામ્રાજ્ય—

નવપદજીના નાના ગટ્ટા-યંત્રો વરસોથી શહેરો કે ગામડાઓમાં અનેક ઘરે પૂજાતાં આવ્યા છે. જ્યારે જિનમંદિરો અલ્પસંખ્યક હતા ત્યારે શહેરો કે ગામડાઓમાં પિત્તળ વગેરે ધાતુના, કપડાં કે કાગળ ઉપર બનાવેલાં નવ-ખાનાનાં યંત્રોનું જૈનસંઘમાં સામ્રાજ્ય વર્તતું હતું, ત્યારે આ યંત્રોના ચિત્ર બનાવવામાં પણ ભારે વિકાસ થયો હતો. તે વખતે અલ્પમૂલ્યથી લઈને બહુમૂલ્યનાં

---

૧. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ તત્ત્વો છે. જે સમગ્ર વિશ્વના આધારભૂત છે. આના આધારે સમગ્ર વિશ્વ ગતિમાન-અગતિમાન છે. આપણા શરીરમાં આ પાંચ તત્ત્વો છે, અને સારો સંસાર આ પાંચ તત્ત્વોથી ઓતપ્રોત છે. આ તત્ત્વો સમ-સરખા-સમપ્રમાણવાળા રહે તો શાંતિ રહે પણ વિષમ કે અસરખા બનવા માંડે તો અશાંતિઓ જન્મે છે એટલે આ પાંચેય તત્ત્વો સામે બિનજરૂરી ચેડાં ન કરતાં તેને સુયોગ્ય રીતે નાથવા એ જ માનવજાત માટે હિતાવહ છે.

યંત્રો બનતાં, જેમાં સોનું, મોતી, માણેક વગેરે ઝવેરાતનો પણ ઉપયોગ થતો હતો. આ યંત્રોને કાષ્ઠ કે ધાતુઓની સુંદર ડબ્બીઓમાં મઢવામાં આવતાં હતાં.

આ યંત્રમાં ગુણવાન એવા પંચપરમેષ્ઠીની પાંચ આકૃતિઓને ચીતરવામાં આવે છે, અને વિદિશાના ચાર ખાનામાં જેનાથી પરમેષ્ઠીઓ ગુણવાન કહેવાય છે તે ગુણોનાં નામો લખેલાં હોય છે. જેના અનુક્રમે નામ છે, दर्शन, ज्ञान, चारित्र અને तप. આ ચારેય શરીરના નહિ પણ આત્માનાં અવિનાભાવી (કાયમી) ગુણો છે. આ જ ગુણોનું સંપૂર્ણ પ્રગટીકરણ એટલે જ મોક્ષ અને આ પ્રગટીકરણ માટે જ માનવીએ વિવિધ પ્રકારની સાધના-આરાધના તથા ધાર્મિક-આધ્યાત્મિક પુરુષાર્થો કરવાના છે.

## બૃહદ્ યંત્ર અંગે—

લઘુયંત્રને બૃહદ્રૂપ ક્યારે આપવામાં આવ્યું હશે તે માટે ચોક્કસ સમયનો નિર્દેશ કરી શકાય તેવો કોઈ ઉલ્લેખ મળ્યો નથી. પરંતુ પહેલું યંત્રાલેખન જ્યારે થયું હશે ત્યારે તેનું સ્વરૂપ, તેનાં નામોની વ્યવસ્થા, તેના આકાર પ્રકાર વગેરે કેવું હશે તે જાણી શકાય તેવી કોઈ સામગ્રી મને ઉપલબ્ધ થઈ નથી અને કદાચ ખૂણે ખાંચરે આરામ કરતી હશે તો તે મારા નયનગોચર બની નથી.

સેંકડો વરસોથી વિનષ્ટ થઈ ગયેલા 'વિદ્યાપ્રવાદપૂર્વ' નામના મહાગ્રંથમાં આ યંત્રનું વિધાન હતું. ત્યારપછી વ્યવસ્થિત રીતે આ યંત્રાલેખનનું વિધાન પંદરમી શતાબ્દીમાં રચાયેલા 'સિરિવાલકહા' ગ્રંથમાં મળે છે, એટલે સિરિવાલકહાના વિધાનને સરખાવી શકાય તેવી બીજી નોંધ ક્યાંયથી મલી નથી એટલે આ માટે તો આજે સિરિવાલકહાની કૃતિને જ एकमेवाद्वितीयम् તરીકે બિરદાવીએ તો ખોટું નથી.

## બીજા પ્રકારના પણ બૃહદ્ યન્ત્રો મલે છે

એક બીજી મહત્ત્વની બાબત નોંધું, જે બાબત સમાજમાં ખાસ જાણીતી નથી. શ્રીપાલ કથા માટે બીજી સંસ્કૃત કૃતિ રચાણી છે. જેમાં તેમણે બૃહદ્ સિદ્ધચક્ર યંત્રનો પરિચય આપ્યો છે. પણ તે આલેખન તદ્દન જુદી જ રીતે કરવાનું બતાવ્યું છે. આ સિવાય એક [1]ત્રીજી પદ્ધતિ પણ છે જે સમાજમાં જાણીતી નથી પણ તેની પ્રતિકૃતિ મારી પાસે છે. આ બંને પ્રકારના યંત્રનો પ્રચાર ખાસ વધવા ન પામ્યો, એટલે એના યંત્રો પણ ખાસ જોવા મળતાં નથી.

## સંખ્યાબન્ધ વસ્ત્રાદિના પટોનું અવલોકન અને અરાજકતા—

સિરિવાલકહાની કૃતિને મુખ્ય માધ્યમ રાખીને વાચકો સિરિવાલકહા ગ્રન્થના શ્લોકોનું પોતપોતાના ક્ષયોપશમ-બુદ્ધિ પ્રમાણે વિવિધ રીતે અર્થઘટન કરીને યન્ત્રો તૈયાર કરતાં રહ્યાં.

૧. સિદ્ધચક્રની પૂજનવિધિના અંતમાં એક સ્તોત્ર છે, જે પૂજનના અંતે બોલાય છે. તેમાં પણ આલેખન માટે નવો જ આમ્નાય સૂચવે છે.

પ્રાચીનકાળમાં યન્ત્રો મુખ્યત્વે વસ્ત્ર ઉપર તૈયાર થતાં, પછી કાગળ ઉપર પણ થતાં રહ્યાં. પાછળથી પિત્તળ, તામ્રધાતુ ઉપર પણ ઉતારવામાં આવ્યાં. ૨૧મી સદીમાં ચાંદી ઉપર પણ થવા લાગ્યાં. પ્રાચીન વસ્ત્ર પટો મારી સમક્ષ જે આવ્યા હતા તે સત્તરમી સદીથી લઈને ૨૧મી સદી સુધીના હતા. આથી વધુ જૂનાં પટો જોવાનું સદ્ભાગ્ય મને નથી સાંપડ્યું. લગભગ ૪૦૦ વરસના ગાળાના સિદ્ધચક્રનાં વસ્ત્ર. કાગળ કે ધાતુનાં અનેક યંત્રો જોયાં, દૂરવર્તી હતાં તેના ફોટા મંગાવીને જોયાં અને તેનું ઊંડું અવલોકન પણ કર્યું. આ પટોના નિરીક્ષણ પછી પરીક્ષણ એ કર્યું કે-ભાગ્યેજ કોઈ પટ બીજા પટને મળતો હોય. તમામ પટો આકારની દૃષ્ટિએ અને નામોની દૃષ્ટિએ એકબીજાથી અલ્પાધિક અંશે ભિન્નતા જ દાખવતા હતા, એટલે એકમતી કે એકવાક્યતા ક્યાંય જોવા ન મળી. જો કે જે વસ્તુ સમાજમાં વધારે પ્રચલિત હોય (અને એનો મૂળ આધાર અસ્ત થયો હોય ત્યારે) તેમાં આવી અરાજકતા ઊભી થવી એ સ્વાભાવિક હતું. ઘણીવાર આવી અરાજકતા એ જ આ વસ્તુનો ઉપયોગ કેટલો વિશાળ પ્રમાણમાં થયો હતો, તેનું પ્રમાણપત્ર બની જાય છે.

## યન્ત્રવિદ્યાના ક્ષેત્રમાં વિશેષ પ્રકારે મારો પ્રવેશ—

વિ. સં. ૨૦૦૭ કે ૨૦૦૮માં મુંબઈ ગોડીજી ઉપાશ્રયમાં મારા પરમપૂજ્ય ગુરુદેવ યુગદિવાકર આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ જોડે મારૂં પણ ચાતુર્માસ હતું. તે અરસામાં ધર્માત્મા સુશ્રાદ્ધવર્ય શેઠશ્રી જીવતલાલ પ્રતાપશીને ઈતિહાસ મહોદધિ પૂ૦ પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજે સાધના કરવા માટે વસ્ત્રનો સિદ્ધચક્ર યંત્ર ભેટ કરેલો, પ્રસ્તુત યંત્ર બરાબર છે કે કેમ? તે તપાસવા માટે મને આપ્યો. તેમણે એવા ભાવથી આપ્યો કે આ માટે 'આજે હું અનધિકારી છું,' એવું કહેવાની તક જ રહેવા ન દીધી. મેં આ કામનો હળવા અવાજે સ્વીકાર કર્યો. અને યંત્રના ક્ષેત્રમાં મને ફરજિયાત ઊંડા ઉતરવાનું સદ્ભાગ્ય સાંપડ્યું.

## ત્રણેય સંસ્કૃતિના ગ્રંથોનું અવલોકન—

ત્યારબાદ સંશોધન માટે વૈદિક, બૌદ્ધ અને જૈન સંસ્કૃતિના મંત્ર-તંત્ર-યંત્રાદિકને લગતા અનેક ગ્રંથો અવલોકવાનું બન્યું, ઈંગ્લીશ ઓથરોના પણ કેટલાક ગ્રંથોના જરૂરી ભાગો અવલોક્યા અને યંત્રની વિશિષ્ટતાઓ, રહસ્યો, પ્રણાલિકાઓ અંગેના કેટલાક ખ્યાલો મેળવ્યા.

## તમામ દર્દોના ઉપાય તરીકે યન્ત્રોનો થયેલો અતિ વ્યાપક ઉપયોગ—

ભારતીય વિદ્વાનોએ બાહ્ય અને અભ્યંતર, ભૌતિક કે આધ્યાત્મિક કલ્યાણ માટેના ઉપાયો દર્શાવવા કેવું અને કેટલું મોટું ખેડાણ કર્યું હતું તે જોઈ ગૌરવાન્વિત થવા સાથે નવાઈ અનુભવી. ૧૮મી શતાબ્દીથી વીસમી સદીના પ્રારંભના લગભગ ૨૦૦થી વધુ વરસનો ગાળો રાજકીય અંધાધુંધી અને સામાજિક માંદગીઓનો સવિશેષ હતો. આ બધાયથી છૂટકબારો મળે, કોઈપણ પ્રકારના માનસિક, શારીરિક, આર્થિક કે અન્ય કોઈ તકલીફો, કષ્ટો કે દુઃખદર્દોથી મુક્ત થવાય

કે રાહત અનુભવાય એ માટે મંત્ર-તંત્ર-યંત્રના અધિકૃત સિદ્ધસાધક વિદ્વાનોએ મંત્ર-તંત્ર અને યંત્રની ભારે શોધો કરીને, નવા નવા આવિષ્કારો સર્જ્યા. જનતાના લાભાર્થે તેનો ઉપયોગ પણ કર્યો. આ માટે મુખ્યત્વે સાધુ અને યતિઓએ કરેલું હસ્તલિખિત સાહિત્યનું સર્જન જૈન જ્ઞાનભંડારોમાં જોતાં ભારે આશ્ચર્યમાં ગરકાવ કરી દે તેવું વિપુલાતિવિપુલ છે.

## યન્ત્રનો વિવિધ ઉપયોગ—

નાના મોટા હસ્તલિખિત ગ્રંથસંગ્રહોમાં આને અંગે કંઈને કંઈ લખાએલું સાહિત્ય હશે ને હશે જ. સંખ્યાબંધ પ્રતિઓ અને સેંકડો પાનાં મારી આંખ તળે પસાર થયાં છે. ચિત્ર-વિચિત્ર કૃતિઓ પણ નિહાળી છે. મસ્તક-બુદ્ધિ ઘડીભર થંભી જાય એવું ઘણું ઘણું જોવા મળ્યું છે. ખરેખર! મંત્ર-તંત્ર અને યંત્રોવાળા ચમત્કારી વિજ્ઞાનને જોવું, સમજવું અને જો વ્યવસ્થિત રીતે તૈયાર કરવું હોય તો વરસો સુધી સમયની સંપત્તિનું દાન કરવું પડે, તો જ તે કાર્ય કરી શકાય તેટલું વિપુલ છે. એક યુગ જ એવો આવી ગયો કે તમામ તકલીફોના [1]ઉપાય તરીકે સેંકડો જાતનાં યંત્રો જ વપરાતાં હતાં. આનો ધમધોકાર વ્યવસાય ચાલતો હતો. આ કાર્યના અગ્રણી ખાસ કરીને યતિઓ-જતિઓ હતા. આ યંત્રો ખીસામાં, ગળામાં, પાઘડીમાં, માદળિયામાં, ડબીમાં, ઘરમાં પૂજાના સ્થાનકમાં, મંદિરોમાં રાખવામાં આવતાં. તેમજ આ યંત્રોનું પૂજન કરી પછી તેનું પાણી પીવડાવવાના, તેમજ પૂજાના અનુષ્ઠાનો-પ્રયોગો પણ થતાં હતાં અને આ યન્ત્રના ધારણ-અર્ચન-પૂજનાદિકથી ઘણાયની ઘણી તકલીફો દૂર થતી હતી. 'જરૂરિયાત એ શોધખોળની જનની' કહેવાય છે એ ન્યાયે યંત્રના ક્ષેત્રે પાર વિનાની ક્રાંતિ થઈ.

## યંત્રનું શ્રેષ્ઠ સર્જન થાય તે માટે કાઢેલી પ્રશ્નાવલી—

આલેખેલા-ચીતરેલા ઉપલબ્ધ પટોનું વૈવિધ્ય અને વિચિત્રતા જોયા બાદ જાણકાર વિદ્વાનોની સલાહ-સૂચના મેળવી સહુ મળીને વધુને વધુ શુદ્ધ યંત્ર જૈનસંઘને આપી શકીએ, પટોની ભિન્નતા અને અનેકતામાંથી વધુ અભિન્નતા અને એકતા સર્જાય, આ ભાવનાથી મેં વિ. સં. ૨૦૧૦માં ૩૫ પ્રશ્નોની એક પ્રશ્નાવલી (ધ્રાંગધ્રામાંથી) [2]છપાવીને બહાર પાડી, તેને તમામ આચાર્યો, અન્ય પદસ્થો વિધિકારો ક્રિયાકારો, મન્ત્રશાસ્ત્રના જે કંઈ જાણકારો લાગ્યા હતા તેમના ઉપર (એટલે સાધુઓ અને ગૃહસ્થો ઉપર) મારા વિનંતી પત્ર સાથે મોકલી આપી હતી અને તેના ઉત્તરો મેં વિદ્વાનો કે તેના જાણકારો પાસેથી ખાસ માગ્યા હતા, પણ સખેદ જણાવવું જોઈએ કે બસોથી વધુ સ્થળે મોકલેલી પ્રશ્નાવલીની થોડીક જ પહોંચો મળી, એમાં સાથે પોતાની આ કામ માટેની અયોગ્યતા-અનુભવનો અભાવ, સમયનો અભાવ વગેરે કારણો દર્શાવેલાં.

---

૧. મને આ વિજ્ઞાન તરફ વિશ્વાસ હોવાથી કોઈ પણ એક તકલીફ માટે 'તંત્ર-મંત્ર-યંત્ર અને ઔષધ' આમ એક સાથે ચાર ઉપાયો બતાવતો સંગ્રહ તૈયાર કરવા એક વાર મન થયેલું પણ મારા ઘણા વિચારો ઉપાધિગ્રસ્ત જીવનના કારણે ઉધાર ખાતે જમા થતા રહ્યા છે. એવું જ આ માટે બન્યું.

૨. આ પ્રશ્નાવલી પાછળ છાપી છે એટલે બીજીવાર આવો પ્રયત્ન કરવો જરૂરી છે કે કેમ! તેનો ખ્યાલ મારે ખાસ મેળવવો પણ હતો.

આથી પ્રશ્નોના પ્રતિઉત્તરો ખાસ ન સાંપડ્યા. શુભહેતુથી કરેલો મારો આ પ્રયત્ન નિષ્ફળતામાં પરિણમ્યો પણ મારે જાણવું હતું કે જૈનસંઘમાં આ વિષયના જાણકાર કોણ છે અને કેટલા છે? તેનું માપ નીકળી આવ્યું એટલે ભાવિ માટે એ લાભ થયો ખરો!

## સ્વ. પૂ. આ. શ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજનો મળેલો સંપૂર્ણ ટેકો

ત્યારબાદ અમદાવાદમાં પાંજરાપોળ જ્ઞાનમંદિરમાં બિરાજતા સિદ્ધાંત મહોદધિ, સમર્થગીતાર્થ, પૂજ્યપાદ, આચાર્ય શ્રીમદ્ વિજયઉદયસૂરીશ્વરજી મહારાજશ્રી જોડે પ્રશ્નાવલીની ચર્ચા-વિચારણા કરવા સમય માંગ્યો. પ્રથમ તો [1]તેઓશ્રીએ મને કહ્યું કે 'જો ભાઈ! તારી જેમ મેં કંઈ વ્યાપક વિચારણા કરી નથી. મારી આંખના કારણે પુરાવા માંગીશ તો આપી નહિ શકું, તો કહે કેમ કરશું? મેં કહ્યું કૃપાલુ! મારે પુરાવા જોઈતા નથી. મારા પ્રશ્નો સામે આપના વરસોના ઊંડા અનુભવના ઉત્તરો જે મળશે તે પણ મારા માટે કાફી-ઉપયોગી બની રહેશે! તો કહે ભલે! પછી મને તેઓશ્રીએ બે દિવસ પછી ચર્ચા-વિચારણા રાખવા કહ્યું, અને પછી નિશ્ચિત કરેલા સમયે હું દશાપોરવાડ સોસાયટીમાંથી પાંજરાપોળ જ્ઞાનમંદિરમાં પહોંચી ગયો. આ વિષયમાં રસ ધરાવનાર તેઓશ્રીના જ મુનિરાજો શ્રી શિવાનંદવિજયજી તથા મુનિરાજશ્રી નિરંજનવિજયજી વગેરે અન્ય સાધુઓની હાજરીમાં ક્રમશઃ પ્રશ્નો પૂછવામાં આવ્યા. તેઓશ્રીએ બે મુલાકાત દરમિયાન પરસ્પર વિચારણા કરવાપૂર્વક મારા લીધેલા નિર્ણયોને સંપૂર્ણ ટેકો સાંપડ્યો. મારા માટે એક બહુશ્રુત, અનુભવી, જ્ઞાની વ્યકિત મારા લીધેલા નિર્ણયોને સંપૂર્ણ ટેકો આપે એ મારા માટે અતિ આનંદ, ગૌરવ અને પરમ સંતોષની બાબત હતી.

## પં. ધુરંધરવિજયજી મહારાજ જોડે થયેલી વાટાઘાટ અને મળેલો ટેકો

ત્યારપછી એ જ રીતે સમય મેળવીને સં. ૨૦૧૪માં પ્રસ્તુત વિષયના સારા અભ્યાસી ગણાતા વિદ્વદ્વર્ય શ્રીમાન્ ધુરંધરવિજયજી મહારાજ સાથે મુંબઈમાં પારલાના કરમચંદ હોલમાં ચર્ચા-વિચારણા કરી. એક વખતે આવા વિષયના ઊંડા અભ્યાસી પરમ શ્રુતોપાસક ધર્મસ્નેહી શેઠશ્રી અમૃતલાલ દોશી પણ અમારી ચર્ચામાં હાજર હતા, અને માત્ર વિચારભેદવાળી બે ત્રણ બાબતો ઊભી રાખીને બાકીના નિર્ણયોને સાદર ટેકો આપ્યો હતો. અને શ્રી ધુરંધરવિજયજી મહારાજે પોતાના યન્ત્રગત રહેલી મેં દર્શાવેલી અનેક ક્ષતિઓનો પ્રેમપૂર્વક સરલતાથી સ્વીકાર પણ કર્યો હતો. તે જ વખતે મેં તેઓશ્રીને નવો યન્ત્ર બનાવી લેવાની વિનંતી પણ કરી હતી. શેઠશ્રીને ત્યાં રહીને તેમની સાથે સ્વતંત્ર રીતે પણ મેં ચર્ચા કરી હતી. આ સિવાય અન્ય [1]સાધુઓ, માન્ત્રિકો-તાન્ત્રિકો વગેરે સાથે પણ યથાયોગ્ય ચર્ચા કરવાનું ક્યારેક બનતું, પણ એ ચર્ચામાંથી વિશિષ્ટ રીતે જાણવાનું જવલ્લે જ મળતું.

---

૧. પ્રારંભમાં પૂજ્યશ્રીએ મને એમ કહ્યું કે તારી પ્રશ્નાવલી મારવાડમાં મળેલી અને મેં ત્યાં વંચાવી હતી. તે ઘણું વિચાર્યું છે, અને સામા પક્ષેથી પુરાવા માંગ્યા છે. આંખની તકલીફના કારણે પુરાવા શી રીતે આપીશ, તને કેમ સંતોષ થશે? મેં કહ્યું કે મારે તો આપનો જે કંઈ અનુભવ છે એ અનુભવ જ મારે જાણવો—સમજવો છે. અમે પુસ્તકીયા જ્ઞાનવાળા છીએ, આપ અનુભવજ્ઞાની છો, આમ મેં કહ્યું ત્યારે કહ્યું કે તો ભલે પુછવું શરૂ કર.

વર્તમાન સમયમાં જ્ઞાનભંડારની પ્રતિઓ–પોથીઓ અને પટ પ્રાપ્તિનાં સાધનો મેળવવાં વધુ સુલભ હોવાથી અને આ વિષયના જાણકારો પણ વધવાથી 'આ મેં કર્યું છે,' આવો મોહ છોડીને 'આ સહુએ કર્યું છે.' આવું કહેવાનો વખત આવે તેથી મારી ઈચ્છા સહુના જ્ઞાન–વિજ્ઞાનનાં સહકાર મેળવી જૈન શ્રીસંઘને શ્રેષ્ઠતમ કોટિનો યંત્ર આપવાની હતી અને એટલા માટે જ મેં આ રીતે વિચાર–વિમર્શો કરવાનું ચાલુ રાખ્યું હતું. જેથી નવો યંત્ર સહુના સહકાર અને સહાનુભૂતિથી શ્રેષ્ઠકોટિનો તૈયાર થઈ શકે.

## મેં તૈયાર કરાવેલો એક વિશિષ્ટ યંત્ર—

વિવિધ ધર્મના અને જૈનધર્મના તંત્ર–મંત્ર–યંત્રાદિકને લગતા ગ્રંથો યંત્રાકૃતિઓનું પરિશીલન કર્યા બાદ તેનું ચિંતન, મનન અને વ્યાપક મનોમંથન કરી ઠીક ઠીક રીતે વાગોળ્યું. આ બધાયના પરિપાક રૂપે મારી માનસિક સપાટી ઉપર જે ચિત્ર ઉપસ્યું, તે ચિત્ર શ્રેષ્ઠ રંગોલીકાર અને કુશળ ચિત્રકાર શ્રી રમણિક શાહને સવા મહિનો મુંબઈ કોટમાં મારી પાસે બેસાડીને જ બ્લેક એન્ડ વ્હાઈટમાં (બીજી વાર) રેખાચિત્ર રૂપે તૈયાર કરાવ્યું. અર્થાત્ ડિઝાઈન કરાવી. કહેવું જોઈએ કે શ્રી શાહે રાત–દિવસ અથાગ પરિશ્રમ વેઠીને તેની શ્રેષ્ઠ ડિઝાઈન બનાવી.

આ યંત્ર ચિત્ર–આકૃતિ અને મંત્રો–પદોની દૃષ્ટિએ સહુથી વધુ શુદ્ધ અને સુવ્યવસ્થિત બને, જૈન કલાની દૃષ્ટિએ સર્વાંગ સુંદર થાય, આંખને ગમી જાય તેવું આકર્ષક બને, એ માટે અનેકવિધ દૃષ્ટિ અને વિવિધ પ્રકારના ઊંડા અને વ્યાપક ખ્યાલો રાખીને નિર્માણ થવા પામ્યું છે. સિદ્ધચક્રના જ નહિ પણ યંત્રના આજ સુધીના ઈતિહાસમાં આ જાતનું ભવ્ય કલાત્મક યંત્રચિત્ર પહેલું જ છે.

પ્રાચીન અને અર્વાચીન અનેક [1]યંત્રોનાં અવલોકનો અને અનુભવને તથા શાસ્ત્રોક્ત આદેશોને ખ્યાલમાં રાખી બીજાથી જુદી પડતી કેટલીક શાસ્ત્રોક્ત બાબતો જે આપી છે તેનું હવે આછું દિગ્દર્શન (પ્રથમ કેન્દ્રીય બીજનો ક્રમ સમજી લઈને પછી) કરીએ.

## કેન્દ્રવર્તી વિશિષ્ટ કોટિના કેન્દ્રીય બીજનો ક્રમ શું સમજવો?

યંત્રમાં अर्हं પછી ओंकार છે. અને તેને ફરતો कार છે. આ ह्रींकारના અંતની ई માંથી

---

૧. સ્વ. પૂ. આ. શ્રી લાવણ્યસૂરિજી જોડે પણ બીલીમોરામાં થોડીક ચર્ચા થએલ. તેઓશ્રીએ બનાવેલો નવો સિદ્ધચક્ર યંત્ર પટ આખરી તપાસ માટે પૂનાથી સ્વ. પૂ. આ. શ્રી ઉદયસૂરીશ્વરજી મહારાજ અને સ્વ. પૂ. આ. શ્રી નંદનસૂરિજી મહારાજ ઉપર જે મોકલ્યો હતો તે પટ પૂનાથી આવ્યો એટલે બંને પૂજ્યોએ તે જ દિવસે (અમદાવાદ) શાહપુરમાં સંશોધન માટે મોકલી આપેલો. એ પટ તપાસીને મારી દૃષ્ટિએ સમજાએલી સુધારા માગતી નોંધ લખીને મેં પાંજરાપોળ ઉપાશ્રયે મોકલી આપી હતી. આ મારૂં સદ્ભાગ્ય હતું અને મારી નોંધ બંને પૂજ્યોએ પૂના મોકલાવી આપીશું એમ મને જણાવેલું.

૧. વીસ વીસ વરસથી નજર તળે પસાર થએલા સિદ્ધચક્ર અને ઋષિમંડલના વસ્ત્ર કે કાગળ વગેરે ઉપરનાં યંત્રોનું વૈકલ્પિક ચિત્રવિચિત્ર પદ્ધતિઓ અને પરંપરાઓ ઉપર અભ્યાસપૂર્વક એક વિસ્તૃત લેખમાળા આ વિષયના અભ્યાસીઓને ઉપયોગી થાય તે માટે સમય મળે લખવા ઈચ્છું છું.

નીકળેલી રેખા બે વાર વર્તુલાકારે એટલે ગોળાકારે બતાવી છે. આ બે વર્તુળો બતાવ્યા છે તે અનાહતનાદના જ સૂચક છે. અથવા અનાહતનાદ રૂપે છે. એટલે થયું શું કે એક નાદને આકૃતિરૂપે સ્વીકારીને [1]ત્રિકોણાકારે अर्हं ઉપર સ્થાપિત કર્યો અને બીજા નાદને ह्रीँ કાર ફરતો ગોળાકાર, વલયો દ્વારા રજૂ કર્યો.

હવે પ્રશ્ન એ થાય કે આ ત્રણેયનું સાથે ઉચ્ચારણ કેમ કરવું? કારણકે પ્રચલિત ક્રમ બોલવાનો 'ॐ ह्रीँ अर्हं' છે. જ્યારે આલેખનનું વિધાન એવી રીતનું છે કે આલેખનમાં ॐकार બીજને ह्रींकार અને अर्हं ની વચ્ચે ગોઠવ્યું છે. આલેખનના ક્રમ પ્રમાણે એને સીધી રીતે તો ह्रीँ ॐ अर्हं બોલવું જોઈએ, અથવા अर्हं ॐ ह्रीँ બોલવું જોઈએ. ત્રણેયમાંથી કયો ક્રમ સ્વીકારવો એ બાબત વધુ વિચારણા માગતી હોવાથી અત્યારે તો પ્રચલિત માન્યતાનો આદર ચાલુ રાખવો એ જ ઉચિત છે.

બીજી વાત એ છે કે ई ની સાથે બે જ વર્તુલો દોરવાનું વિધાન છે. મેં ई સ્વરની ઊભી રેખા–લીટી પૂરી થાય છે તે ખૂણાના ભાગથી વર્તુલનો પ્રારંભ કર્યો હોવાથી એ જ ખૂણામાં બીજા વર્તુલને પૂર્ણ કરવાનું યોગ્ય ધાર્યું છે. આ બે વર્તુલોનો સંકેત શું છે અને તે દોરવા પાછળ શું હેતુ હશે? તેનું સંતોષકારક રહસ્ય મને હજી ઉપલબ્ધ થયું નથી.

વચલો ભાગ અષ્ટદલ કમલની કર્ણિકા રૂપે હોવાથી કમળની વાસ્તવિકતા બતાવવા મુદ્રણમાં કેસરનાં સૂચક એવા ટપકાંઓ મૂકી બતાવ્યો છે. જે આજ સુધીના પ્રાચવા-અર્વાચીન પટોમાં મને આ રીતે ક્યાંય જોવા મળેલ નથી.

## મારા યંત્રની ખાસ જાણવા જેવી વિશેષતાઓ

## પ્રથમ ૩૦૦ વરસમાં ભૂલાઈ ગયેલ 'नाद' ની મહત્ત્વની આકૃતિ અંગે—

યંત્રના પ્રથમ વલયના કેન્દ્રમાં अर्हं બીજના हूँ વર્ણ ઉપર नादની ત્રિકોણ આકૃતિ ખાસ મૂકી છે તે જુઓ. સિદ્ધચક્રના યંત્રામ્નાયમાં આ આકૃતિ મૂકવાનું ખાસ વિધાન છે. જો કે ૩૦૦થી વધુ વરસના ગાળાના કોઈ પણ પટમાં કે તાંબાના યંત્રમાં આ આકૃતિ મને જોવા મળી, નથી. ૨૧મી સદીના છેલ્લાં ૨૫–૫૦ વરસમાં કે નવા પ્રગટ થયેલા યંત્રમાં પણ આ આકૃતિ મૂકવામાં નથી આવી, બીજું નાદને ત્રિકોણ આકૃતિ રૂપે ઓળખવો એ વધુ યોગ્ય છે. નાદ આકૃતિરૂપે દર્શાવી શકાય છે એવો સ્પષ્ટ ખ્યાલ નાદજ્ઞાનની પરંપરા નષ્ટ થવાના કારણે વિસરાઈ ગયો હોવાથી અને ધ્યાન પ્રક્રિયામાં આવતાં ધ્વનિસ્વરૂપ અનાહતનાદનું તરવરતું જે વિશિષ્ટ સ્થાન છે તે જોતાં નાદ શબ્દથી પહેલો ખ્યાલ શીઘ્ર સહુને અનાહતનાદનો જ આવે તે સ્વાભાવિક હતું, નાદ એ માત્ર ધ્વનિરૂપ જ છે એમ નહિ પણ આકૃતિરૂપ પણ છે અને તે ત્રિકોણાકૃતિ દ્વારા પરિચાયક છે એ ખ્યાલ રહ્યો જ ન હતો. પછી એક પ્રકારનો મતિભ્રમ ઊભો

૧. આ ત્રિકોણ, લંબગોળાકાર કે વર્તુલાકાર નાદ આલેખવા પાછળનો સંકેત સાધકોએ અનાહતનાદે પહોંચવાનું છે એવો ખ્યાલ આપવા માટે તો નહિ હોય ને?

થયો હશે, પરિણામે આ સિદ્ધચક્રમાં જ નહીં પણ અન્ય ઋષિમંડલ, સરસ્વતી આદિના ચીતરેલાં યંત્રો જોયાં, જેમાં નાદને આકૃતિરૂપ આલેખવાનું તેના સ્તોત્રોમાં સંસ્કૃત પાઠ દ્વારા ખાસ વિધાન છતાં તેમાંથી પણ નાદ ઉડી ગયેલો જોયો. છેલ્લાં ૩૦૦ વરસમાં નિર્માણ થયેલાં જે જે યંત્રો જોયાં એમાં ભારે આશ્ચર્યની વાત તો એ હતી કે તેમાં મને એકાદ પટમાં પણ 'નાદ' જોવા ન મળ્યો. જાનકારો પણ સમજતા ન હતા. તેથી એક વાત નિશ્ચિત લાગી કે ખરેખર! નાદ વરસોથી ગાયબ થઈ ગયો હતો. હા, ૩૦૦ વરસ પહેલાંના ઋષિમંડલના યન્ત્રપટોમાં અચૂકપણે નાદ જોવા મલ્યો ત્યારે લાગ્યું કે તે યુગમાં નાદનો ખ્યાલ બરાબર હતો જ. તેમાં આ નાદની આકૃતિ આડી લંબગોળ બતાવેલી છે. જૈનેતરોએ ત્રિકોણ માની છે.

❀

## મારા યંત્ર અને અન્ય યંત્ર વચ્ચેની વિચારણા—

મારા સંપાદિત અને સંશોધિત પ્રભાવક ઋષિમંડલના છાપેલા યંત્રમાં ૩૦૦ વરસ પછી મેં ह्रींकार ઉપર [1]नादને દોરાવીને પુનર્જીવન બક્ષ્યું. એમ આ સિદ્ધચક્રયંત્રના अर्हं ઉપરના બિન્દુ ઉપર મૂકવાનું 'नाद'નું ચિહ્ન જે દીર્ઘકાલથી ભૂલાઈ ગયું હતું તેને પણ પુનર્જીવન મલ્યું.

## પ્રથમ વલયમાં 'સ્વાહા' મૂકવું જ જોઈએ—

મુનિ શ્રી ધુરંધરવિજયજી આદિના યન્ત્રપટમાં નવપદજીના આઠ ખાનામાં પરમેષ્ટી મન્ત્રપદોના અને દર્શન આદિ ચાર મન્ત્રપદોના અન્તે नमः શબ્દ મૂક્યો છે, જેમકે सिद्धेभ्यो नमः વગેરે. પણ नमःની જગ્યાએ स्वाहा જ શબ્દ મૂકવો જોઈએ એ નિર્વિવાદ હકીકત છે, તો જ सिद्धेभ्यो स्वाहा આવું સાચું મંત્રપદ બને; सिरिवालकहाના કર્તાએ 'स्वाहा' લખવાનો ખાસ સ્પષ્ટ આદેશ આપ્યો છે, એટલે नमः કોઈ પણ સંજોગોમાં મૂકી જ ન શકાય આ એક ગંભીર ભૂલ હતી, અને તેઓશ્રીએ ખરેખર! ખેલદિલીથી તેનો સ્વીકાર પણ કર્યો હતો. અહીં એક વાત ધ્યાનમાં રાખવી ઘટે કે स्वाहा એ હોમ બીજ છે, તેમ શાંતિનું પણ બીજ છે અને એથી જ કેટલાએ મન્ત્રો स्वाहा બીજ જોડીને જાપ કરવાના મંત્રશાસ્ત્રમાં નોંધાયા છે.

આપણે ત્યાં स्वाहाનો ઉપયોગ હોમ વખતે વધુ થતો હોવાથી स्वाहा એ હોમ બીજ જ

---

૧. મારા ઋષિમંડલ યંત્રમાં ૩૦૦ વરસ પછી મેં ह्रींकार ઉપર 'नाद'ને દોરાવીને પુનર્જીવન બક્ષ્યું. મારા છાપેલા યંત્રમાં બિંદુ ઉપર એક વધુ આકૃતિ પહેલ વહેલી જોઈને કેટલાક આચાર્યો અને મુનિરાજોને નવાઈ લાગી અને ત્યાં સુધી અભિપ્રાય આપી દીધો કે—યશોવિજયે ખોટું ડહાપણ કર્યું છે. કોઈ ઠેકાણે આવી આકૃતિ મૂકેલ જોઈ જ નથી અને ક્યાંથી ઠોકી બેસાડી? વગેરે. તેમનો આ પોકાર જ સૂચવે છે કે સમાજ નાદથી કેટલો બધો અજ્ઞાત હતો, અને આજે પણ છે. પણ એક નમ્ર સૂચન કરું કે જે સાધુ–શ્રાવકોને પોતાને આ વિષયનું પુરું જ્ઞાન ન હોય ત્યારે, અનધિકારપણે અભિપ્રાયો આપવા કરતાં તેઓએ કરનાર પાસેથી સમજ મેળવવી, એમને માટે એ જ શ્રેયસ્કર માર્ગ છે.

છે એવો જોરદાર ખ્યાલ મન પર હોવાથી જપ મન્ત્રમાં કે યન્ત્રમાં તે ન જ હોય એવું માની લેવાય છે પણ તે બરાબર નથી.

વળી [1]**नमो अर्चनकाले होमे च स्वाहा ।** આ સિદ્ધાન્તને આશ્રીને કરેલું વિધાન એ વૈકલ્પિક વિધાન છે એવો યથાર્થ ખ્યાલ આવશે ત્યારે નવ ખાનાનાં નવપદોમાં **स्वाहा** શબ્દના કરેલા ઉપયોગ માટે સંદેહને સ્થાન નહીં રહે.

## બીજા વલય અંગે—

યન્ત્રના બીજા વલયના કમલાકાર આઠ ખાનામાં કે આઠ પાંદડાંમાં ૧૬ સ્વરો અને વ્યંજનો લખવામાં આવ્યા છે. જૈન અને અજૈન અનેક યન્ત્રોમાં ચોખ્ખા માત્ર સ્વરો અને વ્યંજનો લખવાનો આમ્નાય મંત્ર-તંત્રના ક્ષેત્રમાં સુપ્રસિદ્ધ છે. એની પાછળ એક રહસ્ય છે. આ સ્વર અને વ્યંજનો સિવાય એ ખાનામાં બીજી રીતે કંઇ પણ લખવાનું હોય જ નહિ, આ એક મર્યાદા છે અને યન્ત્રનો આલેખન આમ્નાય જણાવનાર સિરિવાલકહામાં પણ માત્ર વર્ણો જ લખવાનો આદેશ છે. પરંતુ શ્રી ધુરંધરવિજયજી મહારાજે એ ખાનામાં વર્ણો સાથે **अवर्गायनमः। कवर्गाय नमः।** આવાં વાક્યો પણ લખ્યાં છે. એટલે મારે તેમની જોડે ચર્ચા થઇ અને મેં કહ્યું કે પૂજનવિધિમાં આવતા પૂજન મન્ત્રોને (વર્ગવાક્યોને) આપે મૂક્યાં તે તો અયોગ્ય થયું, આ રીતે યંત્ર આમ્નાય અને પૂજન આમ્નાય બેનું મિશ્રણ કરો તો તે યન્ત્રની વાસ્તવિકતા અને મહત્તા બેય જોખમાઇ જશે, ત્યારે તેમણે કહ્યું કે પૂજન વિધિની સાથે મેળ રાખવા ખાતર મારે આમ કરવું પડ્યું, મેં કહ્યું કે પૂજનવિધિનો આદર કરવાની કે મુખ્યતા આપવાની અહીં કોઇ જ જરૂર ન હતી. કેમકે [2]**अवर्गायनमः।** આ વાક્યો પૂજન માટેનાં છે આલેખન માટેના નથી.

## ॐ વિના માત્ર **नमो अरिहंताणं** જોઇએ—

બીજા વલયના બાકીના આઠ ખાનામાં અહીંયા પણ પૂજનવિધિના પાઠનો આદર કરવા જતાં ॐ બીજ વધારીને જે મૂક્યું, તે પણ તદ્દન અયોગ્ય બન્યું. પૂજન વખતે યંત્રગત મંત્રો પદો આગળ બહુધા મંત્રબીજો જોડીને પૂજામંત્રો બોલવાનાં હોય છે. પણ આલેખન મંત્રોમાં જે છુટછાટ લીધી તે બિલકુલ બિનજરૂરી હતું.

વળી એમની સામે **सत्तक्खर, सप्ताक्षरो राजति राजमन्त्रः। सप्ताक्षरेषु मण्डयेत्** પાઠો પણ મોજૂદ હતાં. અને પાઠો (ॐ વિના) માત્ર **नमो अरिहंताणं** આ સાત અક્ષરો જ મૂકવાના છે. તેની આગળ કંઇ જ મૂકવાનું નથી એવું સ્પષ્ટ જણાવતા હતા. વળી મેં અનેક પટો જોયા ત્યારે એકેય પટમાં ॐ મંત્રબીજ જોડાએલું જોવા મલ્યું નથી.

---

૧. જુઓ પાછળ છાપેલી ૩૫ પ્રશ્નોની પ્રશ્નાવલી.

૨. દિગ્પાલોમાં પણ ધુરંધર મહારાજે ॐ ब्रह्मणे नमः આટલું જ લખવું જોઇતું હતું પણ અહીંયા પણ પૂજનવિધિની સાથે મેળ કરવાની વાત મનમાં રમતી હતી એટલે ब्रह्मणे શબ્દની આગળ सोम શબ્દ વધારી ॐ सोमब्रह्मणे લખાવરાવ્યું છે જે જરૂરી ન હતું.

## ત્રીજા લબ્ધિવલય[1] અંગે—

सिरिवालकहाના આધારે આ યન્ત્રમાં ત્રણ જ વલયો આલેખવાના છે વધુ નહીં અને આ વલયોનો સ્પષ્ટ ખ્યાલ આવે એ માટે કેન્દ્રનું પહેલું અષ્ટદલ વલય પુરું થતાં મોતીના દાણા જેવી ગોળ વર્તુલોવાળી માળા જેવી બોર્ડર મૂકાવેલ છે. બીજું ષોડશદલ એટલે સોળ પાંદડાંનું કમળ પુરું થયું ત્યાં મેં ફરતી વૃક્ષવેલ–પાંદડાંઓની બોર્ડર કરાવરાવી છે અને ત્રીજું લબ્ધિ વલય પુરું થતાં પુનઃ વેલની બોર્ડર મૂકાવી છે, એટલે જાણીને જ ત્રણેય વલયનો એકદમ સ્પષ્ટ ખ્યાલ આવે એટલા માટે રેખા લાઈનો ન દોરાવતાં ત્રણ બોર્ડરો મૂકાવી છે.

અન્યત્ર પ્રકાશિત કોઈ કોઈ યન્ત્રમાં 'પંક્તિ' શબ્દનો અર્થ જુદી રીતે કરીને પૂજન કરનારની સગવડ ખાતર લબ્ધિ વલયમાં બે વર્તુલો–લીટીઓ દોરવામાં આવે છે, પણ મારી દૃષ્ટિએ તેમ કરવું જરૂરી ન હતું. આથી તો પાંચ વલયનો ભ્રમ ઊભો થશે.

અન્ય પટોમાં લબ્ધિ વલયના નામોમાં ક્યાંક ક્યાંક [2]અશુદ્ધિઓ હતી. તે નામો મારા યન્ત્રમાં મારી સમજ મુજબ શુદ્ધ કરીને આપ્યાં છે.

## પાંદડાંમાંના અનાહત વર્તુલો ઓંકાર વિનાના જ જોઈએ—

મારા છાપેલા યન્ત્રના આ જ વલયમાં દિશા અને વિદિશાના મળીને (બીજી આવૃત્તિમાં) લીલા રંગના આઠ પાંદડાં બતાવ્યાં છે. આ પાંદડાંની અંદર ગોળાકારે બે રેખાઓથી બે વર્તુલો બતાવ્યાં છે, આ વર્તુલો ઓંકારમાંથી પ્રગટ થયાં છે એવું બતાવવાનું ન હોવાથી ઓંકાર સહિત વર્તુલો બતાવ્યાં નથી. પ્રાચીન કેટલાક જૈન–અજૈન પટોમાં [3]ઓંકારના ઉચ્ચારમાંથી પ્રગટ થયેલાં (અનાહત સૂચક) આ વર્તુલો છે એવું દર્શાવવા ઓંકાર સહિત વર્તુલો આલેખાએલાં મળે છે.

---

૧. લબ્ધિ એટલે તપશ્ચર્યા વગેરે દ્વારા જીવને પ્રાપ્ત થતી વિશિષ્ટ પ્રકારની સિદ્ધિ–શક્તિ. આવી લબ્ધિઓ અનંત છે એટલે જ ગૌતમસ્વામીજીને अनन्तलब्धिनिधानाय કહીએ છીએ. આ યંત્રમાં ૪૮ લબ્ધિઓને સ્થાન આપ્યું છે. એમાં આ યંત્રની એક વ્યવસ્થા–મર્યાદાએ મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. અહીં આ આઠની સંખ્યાને ધ્રુવ રાખી દ્વિગુણ, ત્રિગુણ, ચોગુણ વગેરે સંખ્યાના ખાનાંવાળા વલયો અહીં બનાવ્યાં છે. ૮, ૧૬, ૨૪ ખાનાંવાળાં જે વલયો છે તેમ અહીં આ આઠથી છગુણી સંખ્યાવાળી (૮★૬=૪૮) ૪૮ લબ્ધિઓ આપી છે. આવ૦ નિર્જુક્તિ (૬૯–૭૦) વિશેષા૦ ભાષ્યમાં ૧૬ લબ્ધિ નોંધી છે. સૂરિમંત્ર બૃ૦ ક. માં જિનપ્રભસૂરિજીએ, વળી મન્ત્રરાજ રહસ્યમાં સિંહતિલકાચાર્યે ૫૦ નોંધી છે અને ઋષિમંડલમાં ફક્ત ૧૮ ને જ સ્થાન મળ્યું છે.

૨. જેમકે ૩૩ મું લબ્ધિપદ પં. શ્રી ધુરંધરવિજયજીના મુદ્રિત પટમાં वड्डमाणतवाणं હતું. પણ માત્ર वड्डमाणाणं જોઈએ. અને નિર્વિવાદ હતું. કોઈ પણ ગ્રન્થમાં કે પટમાં वड्डमाणतवाणं જોવા નથી મળ્યું. આગળ પાછળ તવ શબ્દવાળા પદોનાં કારણે तवाणं વધારવાનું સ્વાભાવિક જ મન થઈ ગયું હોય તેવું અનુમાન છે.

૩. અનેક અજૈન પટોમાં ओंकार જૈન લિપિનો બહુધા જોવા મળ્યો છે. અજૈનોએ પોતાની પદ્ધતિનો ઓંકાર વાપર્યો નથી. આ એક નોંધપાત્ર બાબત છે. આપણો ઓંકાર અને અન્યનો ઓંકાર વસ્તુતઃ સરવાળે તો એક જ છે. જૈનલિપિનો 'ओं' જે હતો તેણે જ બદલાઈને આજના વિશ્વવિખ્યાત ओंનું રૂપ ધારણ કર્યું છે. આ ओंનું સ્વરૂપ ક્રમશઃ કેમ પલટાતું ગયું અને પલટાઈને આજના આવા ૐનું સ્વરૂપ કેમ ધારણ કર્યું તે તેની વિવિધ અવસ્થાઓ આકારો દ્વારા બતાવી શકાય.

પણ મારો મુદ્રિત યન્ત્ર પ્રગટ થયા બાદ અનાયાસે મને બે પટો એવા જોવા મળ્યા કે, જેમાં [1]ઓંકાર વિનાના માત્ર ગોળાકાર વર્તુલો જ હતા. મારી માન્યતાને પૂર્ણ ટેકો આપતું આલેખન જોઈ મેં અત્યંત આનંદ અનુભવ્યો અને ભૂતકાળમાં મારા જેવો નિર્ણય લેનારી વ્યક્તિઓ પણ થઈ હતી એનો મને મોટો સંતોષ થયો અને મારો નિર્ણય બરાબર હશે કે કેમ એનો જે વસવસો મને રહેતો હતો તેને હૂંફ મળી.

## અનાહત ઓંકાર સહિત કે રહિત તેની વધુ વિચારણા—

જેમણે આ પાંદડાંમાં ઓંકાર ચિતરાવી તેના છેડાના ભાગમાંથી વર્તુલાકારે બે રેખાઓ બતાવવા દ્વારા ઓંકારને વેષ્ટન કર્યું છે, તેઓની દલીલ એવી છે કે કોઈ પણ મન્ત્રબીજ કે અક્ષરના ઉચ્ચારણ વિના નાદ કેમ પ્રગટ થઈ શકે? એટલે અનાહતના ઉચ્ચારણ માટે પ્રથમ કોઈ પણ મંત્રબીજ કે અક્ષર હોવો જ જોઈએ, પણ તેમનું આ મંતવ્ય પ્રારંભિક કક્ષાના સાધકો માટે વિચારીએ તો તે બરાબર છે. પણ આગળ વધી ગયેલા સાધકો માટે બરાબર નથી.

## સાલંબન—નિરાલંબનની અવસ્થા—

ખરી વાત તો એ છે કે ધ્યાનમાર્ગમાં પ્રથમ સાલંબન ધ્યાન હોય છે અને પછી નિરાલંબન હોય છે, સાલંબન ધ્યાનમાંથી નિરાલંબન ધ્યાનની કક્ષાએ પહોંચવાનું હોય છે. એ રીતે પ્રથમ સબીજ ધ્યાન પછી નિર્બીજ ધ્યાન, પ્રથમ આહત ધ્યાન પછી અનાહત ધ્યાન. આ રીતે સાધના માર્ગનું બે ને બે ચાર જેવું સીધું સાદું આ સર્વમાન્ય ગણિત છે.

એટલે [2]આલંબન, [3]સબીજ, [4]અક્ષર કે [5]આહત ધ્યાન એ પ્રારંભિક અવસ્થાની પ્રક્રિયા છે, પણ આ ધ્યાનને સાધ્ય કર્યા પછી સાધકે ધ્યાનની આગળની કક્ષા સાધ્ય કરવાની હોય છે, એટલે ધીમે ધીમે ઉત્તરોત્તર પ્રગતિ કરતા સાધકે વર્ણાક્ષરો આદિનું આલંબન તજવાનું હોય છે.

પછી તે આલંબન વર્ણાક્ષર ઉપરાંત ગમે તે વસ્તુનું હોય, પછી અન્તે તો વિના આધારે

---

૧. યન્ત્રની રચનાનું વર્ણન કરનાર પ્રધાનભૂત ગ્રન્થ સિરિવાલકહા–કથામાં तइए वलएऽवि (ગાથા ૧૯૯). ગાથામાં અને તેની ટીકામાં तृतीयवलयेऽपि अष्टसु दिक्षु अष्टावनाहतान् लिखेत्। એટલે માત્ર આઠ અનાહતોને આલેખવા એટલું જ લખ્યું છે. ઓંકાર સહિત આલેખવાના હોત તો ટીકામાં સ્પષ્ટીકરણ કર્યું હોત એટલે ઓંકાર વિનાના અનાહતો આલેખવા એ જ ઉચિત છે.

૨. કોઈ પણ વસ્તુનું આલંબન–આધાર કે ટેકો લઈને કરાતું ધ્યાન.

૩. મંત્રના કોઈપણ બીજાક્ષરને કેન્દ્રમાં રાખી કરાતું ધ્યાન.

૪. કોઈપણ વર્ણાક્ષરો સહિતનું ધ્યાન.

૫. નાભિની નીચેના ભાગમાં વાણીને ઉત્પન્ન કરનારી એક સૂક્ષ્માતિસૂક્ષ્મ શક્તિ રહેલી ચે. જેને યોગીઓ 'પરા' શબ્દથી ઓળખાવે છે. આ વાણીને કોઈ સ્વરૂપ ન હોવાથી તે અનક્ષર સ્વરૂપા હોય છે. આ શકિત કોઈ વર્ણાદિ સાથે આહત થઈ નથી તેથી તે અનાહત શબ્દથી પણ ઓળખાવાય છે, તેને અનક્ષરરૂપા કહો કે અનાહતરૂપા બોલો તે બંને એક જ અર્થને જણાવે છે.

સાધકે ધ્યાનમાં સ્થિર રહી શકાય તેવું સામર્થ્ય મેળવવાનું હોય છે અને એ સામર્થ્ય આવી જાય એટલે પછી તેને [1]નિરાલંબન–નિર્બીજ–અનક્ષર કે અનાહતનું ધ્યાન કરવાની યોગ્યતા પ્રાપ્ત થાય છે અને પછી સાધકે તે જાતના ધ્યાનમાં લીન–લયલીન બનીને ક્રમશઃ ધ્યાનની પરાકાષ્ઠાએ પહોંચવાનું હોય છે.

## ટેકાની જરૂર પ્રારંભમાં જ હોય છે—

બાળકને ચાલણગાડી કે આંગળીના ટેકાનું અવલંબન ત્યાં સુધી જ લેવાનું હોય કે બાળક સ્વયં પગ પર ઊભો રહીને ચાલતો ન થાય, ચાલતો થયા પછી તેને કોઈ આલંબનની જરૂર રહેતી નથી, તે સ્વયં ગતિ કરી શકે છે. આમ નિરાલંબનાદિ અવસ્થા પ્રાપ્ત થયા બાદ તે ધ્યાનપથમાં ત્વરાથી ગતિ કરતો થઈ જાય છે.

એટલે પ્રારંભિક અવસ્થા સાલંબન ધ્યાનની, અને ખૂબ આગળ વધ્યા પછીની અવસ્થા નિરાલંબન કે અનક્ષર ધ્યાનની હોય છે એ બરાબર ધ્યાનમાં રાખવું ઘટે.

## યન્ત્રમાં સાલંબન અનાહત ક્યાં અને નિરાલંબન અનાહત ક્યાં?

એથી જ આ યન્ત્રના કેન્દ્રમાં અનાહતની સૂચક ત્રિકોણાકૃતિને अर्हं અક્ષર ઉપર મૂકી ત્યાં જ અંતરમાં જે બે વર્તુલો બતાવ્યાં તે પણ ह्रीँ બીજથી સંયુકત દર્શાવ્યા આ જ વસ્તુ સ્પષ્ટ સૂચિત કરે છે કે પ્રાથમિક ધ્યાનમાં અક્ષરની જરૂર પડે છે પણ આગળ જતાં સાધકે તેનો સહારો છોડી જ દેવાનો છે. તેનો ખ્યાલ સતત જાગ્રત રહે તે માટે આઠ પાંદડાંમાંની અનાહત આકૃતિને [2]અક્ષર વિનાની જ બતાવી છે. વળી પૂજનવિધિમાં પણ આ પૂજનને માત્ર અનાહત શબ્દથી જ ઓળખાવ્યું છે, નહીં કે ઓંકાર સહિત અનાહતનું.

## અનાહતોના આકારો કેટલા પ્રકારના છે?—

ગોળ, ચોરસ, લંબગોળ કે લંબચોરસ એમ ત્રણ ચાર પ્રકારના મળે છે. અહીં પાંદડાંમાં મેં તેને બરાબર વર્તુલાકારે બતાવ્યાં છે, મારા યન્ત્રમાં મેં બીજા ખાનાઓમાં ગોળ અને લંબચોરસ બે પ્રકારનાં દર્શાવ્યાં છે.

## જયાદિ દેવીના વલય અંગે—

જયાદિ આઠ દેવીઓને બરાબર દિશા અને વિદિશામાં જ બેસાડવી જોઈએ, અને એ લક્ષ્ય

---

૧. નિરાલંબન, નિર્બીજ આદિ શબ્દ એક જ અર્થના વાચક છે. સ્પષ્ટ સમજણ માટે ભાષ્યની નોંધ આપી છે.

૨. ચિંતનશીલ આત્માર્થી વિદ્વદ્વર્ય પં. પૂજ્ય શ્રી ભદ્રંકરવિજયજી મહારાજને (હાલ લુણાવા) મારી વાદદાસ્ત મુજબ વિ. સં. ૨૦૦૯માં વડોદરા હું કોઠીપોળ જૈન ઉપાશ્રયમાં હતો ત્યારે મળવાનું થતાં યન્ત્ર અંગે સામાન્ય ચર્ચા થઈ, તેઓશ્રીને મારું મંતવ્ય બરાબર લાગ્યું. એટલે એમની પાસે પોતાનો સુંદર સિદ્ધચક્ર પટ હતો તે કાઢીને મને આપ્યો અને તેમાંથી ઓંકારો કઢાવી આપવા કહ્યું. મેં ચિત્રકાર દ્વારા તરત જ તે કાઢી નંખાવ્યાં.

પ્રથમ રાખીને જ કલશાકારની આકૃતિ દોરાવવી જોઈએ, એ નિર્વિવાદ બાબત છે. મારા યન્ત્રમાં મેં ચારને દિશામાં અને ચારને વિદિશામાં બરાબર બેસાડી છે. પં. શ્રી ધુરંધરવિજયજી આદિ સંપાદિત યન્ત્રમાં દિશા વિદિશા જેવું જળવાયું જ નથી. તેથી તે બિલકુલ બરાબર નથી. વિદિશામાં દેવીનું ખાનું બનાવીને તેની આગળ પૂ૦ મૂકીને પૂર્વ દિશાની નોંધ મૂકવી એ કેટલું વિચિત્ર અને અનુચિત લાગે! યંત્રની અંદર અંદર દિશા સૂચવવી પડે એ જ સૂચવે છે કે એમનો નિર્ણય બરાબર નથી.

## અધિષ્ઠાયક વલય અંગેની અગત્યની વિચારણા—

સહુથી વધુ સળગતો-ખડો પ્રશ્ન અધિષ્ઠાયક વલયનો છે. શાસ્ત્રોક્ત કથન મુજબ (સિરિવાલકહાના) આ વલયમાં 'આસન્ન સેવિકા' દેવીઓ ૧૨ અને ચાર અધિષ્ઠાયકો મળીને ૧૬ નામો જ મૂકવાં જોઈએ. દેવીઓને 'આસન્ન સેવિકા' તરીકે વર્ણવી છે અને બીજા ચારને અધિષ્ઠાયક કહ્યા છે. પરન્તુ ૧૫ મી શતાબ્દીમાં રચાયેલા સિરિવાલકહા ગ્રન્થના એક ટીકાકાર જેઓ ઓગણીસમી સદીમાં થયા, તેમણે ટીકામાં સ્પષ્ટ લખ્યું છે કે બાર દેવીઓ જેઓને મૂલમાં ગ્રન્થકારે 'આસન્ન સેવિકા' તરીકે ઓળખાવી છે અને ટીકાકારે તેનાં નામો ભૂલાઇ ગયાં છે એમ લખ્યું છે. તાત્પર્ય એ કે આ નામોનું જાણપણું વિદ્યમાન જ નથી પછી શી રીતે નામો જણાવીએ? ચાર અધિષ્ઠાયક પૈકી તેમણે વિમલેશ્વર, ચક્રેશ્વરી અને ક્ષેત્રપાલ આ ત્રણને 'અધિષ્ઠાયક' તરીકે જણાવીને લખ્યું કે ચોથા અધિષ્ઠાયક કયા છે તેનું નામ વિચ્છેદ થયું હોવાથી અમે જાણતા નથી એટલે ૧૬માંથી ફક્ત ત્રણ જ નામ અમે જાણીએ છીએ અને તે ત્રણેય માત્ર અધિષ્ઠાયકોનાં જ.

આ રીતે સોળમાં બાર તો દેવીઓ અને એક અધિષ્ઠાયક કુલ તેરનાં તો નામો જ પરંપરાથી વિચ્છેદ થવાથી છે જ નહિ. એટલે જ પ્રાચીન કે અર્વાચીન ચિતરેલા પટમાંથી આ વલય જ નીકળી ગયેલું જોવા મળ્યું છે. કોક શાણી અને ડાહી વ્યકિતએ ઘણા વરસો ઉપર એક પટ કરાવ્યો, તેમાં અધિષ્ઠાયક વલય દોરાવ્યું તો ખરું પણ બિલકુલ કોરું[1] જ રાખ્યું, જ્યારે પૂજન વિધિ સંકલન કરનાર કોઈ ભાવનાશીલ મુનિરાજને (અધિષ્ઠાયક દેવ-દેવીઓના નામ ઉપલબ્ધ ન હોવાથી) એમ થયું કે આ વલયનું પૂજન ન થાય તો કેમ ચાલે? 'ન મામા કરતાં કહેનો મામો શું ખોટો' એટલે જૈન શાસનના બીજા દેવદેવીઓને મૂકીએ અને તેને પૂજીએ તો ખોટું શું છે? આવો કોઈ વિચાર ઉદ્ભવ્યો હશે એટલે એમણે જૈનસંઘમાં જે દેવ–દેવીઓનાં નામો વધુ પ્રચલિત હતાં કે જુદા જુદા અનુષ્ઠાનમાં પૂજાતાં હતાં તે બધાયને યથેચ્છ રીતે પૂજનમાં આમેજ—દાખલ કરી દીધાં.

ભલે કોઈ મુનિરાજે ગમે તે રીતે એક અપૂર્ણ વલયની પૂર્તિ કરીને આત્મસંતોષ લીધો હશે! પણ આ મુનિરાજ આ ક્ષેત્રની વિશિષ્ટ સૂઝ ધરાવનાર હશે કે કેમ? તે પ્રશ્ન છે. કેમકે જે નામો તેમણે સંગ્રહીત કરીને મૂક્યાં, તે નામોનો આ યન્ત્ર જોડે તો કોઈ નાતો જ નથી, એટલે

---

૧. આ પટ ડભોઈના ઉપાશ્રયમાં છે.

અસંગત નામો આપી દેવા એ કંઇ ન્યાયી ન હતું. બીજો વિચાર એ પણ તેમણે નથી કર્યો કે જે નામો મૂકું છું તે તે નામો પૈકીનાં કેટલાક તો વિદ્યાદેવી કે યક્ષ-યક્ષિણીના વલયોમાં આવી જ જાય છે. તો બીજીવાર એ નામ આપવાનો અર્થ શો હતો? અવિવેકનો દોષ વહોરીને જો કહું તો ખરેખર! લાગે છે કે આ તેમનું અનુચિત સાહસ જ હતું.

હવે મારે શો નિર્ણય કરવો? તે થોડું મુંઝવણભર્યું હતું. કેમકે શ્રી ધુરંધરવિજયજી સંપાદિત પૂજનવિધિની પ્રતિમાં આ નામો પ્રથમથી જ આપ્યાં હતાં. આના આધારે પૂજન પ્રસંગોમાં આ નામોનો વપરાશ પણ ચાલુ થઇ ગયો હતો. બીજી બાજુ એ યન્ત્ર પ્રગટ કરનારા મારા જ નિકટના સંબંધી હતા. એમના વડીલો એ જ મારા વડીલો-પૂજ્યો હતા. એકાએક હું ફેરફાર કરું એના કરતાં પૂજ્ય વડીલોને અને શ્રી ધુરંધર મહારાજને તેની જાણ કરી વિચાર વિનિમય કરી આગળ વધવું એમ વિચાર્યું. જો કે પૂજ્ય ઉદયસૂરીશ્વરજી મહારાજ જોડેની ચર્ચામાં તો તેઓશ્રીએ મારી સાથે ચર્ચા-વિચારણા કરી ખુશીની સાથે વલયમાં ફેરફાર કરવા સૂચવેલું.

નિરર્થક ખોટો ઉહાપોહ જાગે અને ખોટો વ્યામોહ ન થાય એ માટે સહુની સલાહ જે રીતે મળે તે રીતે કરવું, એટલે મેં સ્વ. પરમકૃપાલુ વિદ્વદ્વર્ય પૂજ્ય આ. શ્રી નંદનસૂરીશ્વરજી મહારાજને એક વિગતવાર પત્ર લખ્યો, જેમાં "પ્રાચીનકાળથી સિદ્ધચક્ર યન્ત્રમાં સુધારા-વધારા થતાં જ રહ્યાં છે. વર્તમાનમાં જેમ ધુરંધરવિજયજીએ જૂનાં પટની કેટલીએ બાબતોને સુધારી નવો યંત્ર બનાવ્યો છે, એટલે સંશોધન તો સુધરતી એક પ્રક્રિયા છે; તો આ વલયના નામો બદલીએ તો કેમ? કેમકે સિરિવાલકહાના આધારે તેઓશ્રીને મેં એ પણ લખેલું કે-જમવાના અધિકારી બીજા છે અને જમાડીએ છે બીજાઓને એટલે કે અનધિકારીઓને. આ કેમ ચાલે? આ બાબત આપ સમય કાઢીને ગંભીરતાથી વિચારશો તો જ સમજાશે. ઉપર ઉપરથી વિચારશો તો સાચો નિર્ણય નહીં લઈ શકો!" આવા ભાવાર્થનું મેં લખ્યું હતું.

એમણે જવાબમાં લખ્યું કે 'તારી વાત વિચારવા જેવી જરૂર છે પણ જૂનાં નામો પ્રચલિત ખૂબ થઈ ગયાં છે, તો હાલમાં ન બદલવામાં આવે એ અમને ઉચિત લાગે છે. બદલવાથી ભ્રમ ઊભો થશે.

પછી મુનિવરશ્રી ધુરંધરવિજયજી મહારાજ અંધેરી હતા ત્યાં પણ પૂછાવ્યું, જે જવાબ પૂજ્ય આ. શ્રી નંદનસૂરિજી મહારાજે આપ્યો એવો જ જવાબ એમને આપ્યો. નામ બદલવા માટે કોઇએ ઉદારતા ન દાખવી. અધિષ્ઠાયક વલયમાં કંઇપણ ફેરફાર ન થાય તેવી તેમની લાગણી જોતાં મારે અતિ અનિચ્છાએ, માત્ર તેમની ઇચ્છાનો આદર કરવા ખાતર પ્રચલિત નામો બધાય રાખવાં એમ નક્કી કરવું પડ્યું.

પણ આ સિદ્ધચક્રના ખાસ અધિકારી જે ભક્ત દેવ-દેવીઓ જ છે, તેનાં આદર-પૂજન ન થાય અને અનધિકારીઓનાં આદર-પૂજન થાય તો તે વાત પણ કોઈ રીતે યોગ્ય ન હતી. બીજી બાજુ જૂનાં ૧૮ નામો સાથે નવા આસન્ન સેવિકાઓનાં ૧૨ નામો અને બીજા બે અધિષ્ઠાયકો એમ મળીને ૩૪ નામો લખવાં પડે, આટલાં નામો લખવાની તો વલયમાં જગ્યા

જ ક્યાં હતી? આથી એક વખત એમ પણ થયું કે જૂનાં નામો જતાં જ કરૂં, એટલે મારે નવાં (૧૨+૪) સોળ નામો જ લખવાનાં રહે, પણ એ વિચારનો પુનઃ ઉપશમ કરી હવે તો બાર દેવીઓ માટે માત્ર એક જ ખાનું રાખવું, એવો નિર્ણય લઈને મારા મનને સાંત્વન કર્યું.

બીજી એક વાત એ કે ચાર અધિષ્ઠાયકોમાં બે નામો તો જ્યારે જૂનાં વલયમાં રાખ્યા ત્યારે પૂજનસંગ્રહ કે બાકીનાં બે અધિષ્ઠાયકોને કેમ બાકાત રાખ્યાં તે સમજાયું નહીં, જો કે ચોથાનું નામ ન હતું પણ ક્ષેત્રપાલ તો હતા જ, તો તેને વલયમાં કેમ દાખલ ન કર્યા? તે ઘણી વિચારણીય બાબત છે.

## ચારેય અધિષ્ઠાયકો વલયમાં જ હોવા જોઈએ—

બીજી મુદ્દાની વાત એ છે કે ચારેય અધિષ્ઠાયકો કે અન્ય દેવદેવીઓ યન્ત્રના વલયની અંદર જ હોવા જોઈએ. એ તો સીધી જ વાત છે કે જેનું વલય હોય તે તેમાં હોવા જ જોઈએ. વરસોથી ચાલી આવતી પ્રથાને અને નિયમને અનુસરીને યન્ત્રની બહાર ચાર દેવીઓ ચાર અધિષ્ઠાયકોની દેવીઓ બનાવવામાં આવે છે, ત્યાં જે ખૂણામાં અધિષ્ઠાયક છે, તે પ્રમાણે મેં મારા યન્ત્રમાં તે રીતે જ (તે તે ખૂણામાં) સ્થાપિત કર્યા છે. અને દરેક અધિષ્ઠાયકનો ક્રમ સમજાય એ માટે એ નામો સાથે ૧, ૨, ૩, ૪, એવા ક્રમાંક આપ્યાં છે. વિમલેશ્વરને ઉપરના ભાગે આપણી ડાબી બાજુએ, ચક્રેશ્વરીને આપણી જમણી બાજુએ, ઉપરના ભાગે ક્ષેત્રપાલને, આપણી ડાબી બાજુએ નીચે વિદિશામાં-ખૂણામાં, જેને મેં નં. ૩ આપ્યો છે અને અપ્રસિદ્ધને જમણી બાજુએ વિદિશામાં-ખૂણામાં-જેને નંબર ચાર આપીને સ્થાપિત કર્યા છે. જો કે આથી પ્રદક્ષિણા ક્રમ જળવાતો નથી. પણ તેની અહીં અગત્યતા પણ નથી. વળી જ્યારે ખાનું ફેરફાર સાથે નવું કરવાનું નક્કી કર્યું એટલે યક્ષ-યક્ષિણીનાં નિયમ મુજબ (વલયગત) દેવોને શક્ય હોય તેટલાને આપણી ડાબી બાજુએ રાખવા અને દેવીઓને જમણી બાજુએ રાખવી એ રીતે વ્યવસ્થા રાખી છે, પણ નામો ઘણાં હોવાથી નિયમ પૂરો જળવાય તેવી શક્યતા જ ક્યાં હતી?

પૂજન વખતે નંબર પ્રમાણે ક્રમશઃ વલયગત ચાર અધિષ્ઠાયકોનું પૂજન ચાર ખૂણામાં ચાર ફળો કોળાં ધરાવીને તે જ કોળાંઓને દેરીઓમાં સ્થાપિત કરવાં. તેથી આપણી જમણી બાજુએ યંત્રની ખાસ અધિકારિ ૧૨ આસન્ન સેવિકાઓ (જેઓને સેંકડો વરસોથી યંત્ર પટોમાંથી આચાર્યો, મુનિઓ કે શ્રાવકોએ વિદાય આપી છે તે દેવીઓ) ના પૂજનનું ખાનું મૂક્યું છે. ત્યાંથી પૂજન શરૂ કરવું અને પછી તો પૂજનવિધિની પ્રતનાં કે ધુરંધરવિજયજીવાળા યંત્રમાં વર્તમાનમાં પૂજાતાં દેવ-દેવીઓનાં નામો છે એનું ક્રમશઃ પૂજન કરવું. આ માટે તમો અધિષ્ઠાયક વલયને બરાબર ધ્યાનથી જુઓ. સૂક્ષ્માક્ષર હોવાથી સૂક્ષ્મદર્શક કાચ (આઇગ્લાસ)થી વલયોને જુઓ અને બરાબર નામો અને સ્થાનને ખ્યાલમાં રાખો.

## મારા યંત્રના અધિષ્ઠાયકવલયનાં પૂજન અંગે—

અત્યારે તો મારા યંત્રના અધિષ્ઠાયક વલયની વ્યવસ્થાના કશા ખ્યાલો મેં વિધિવાળાઓને

[1]આપ્યા નથી, એટલે ૨૫ વરસથી તો પૂજનવિધિના છાપેલાં નામો પ્રમાણે પૂજન ચાલે છે, પણ હવે તો [2]શાસ્ત્રોક્ત રીતે ઉચિત અને સુયોગ્ય રીતે થવું જોઈએ એમ લાગે છે એટલે આ બુકમાં પાછળ તે વિધાન આપ્યું છે.

બે અધિષ્ઠાયકોનું વલયમાં પૂજન થાય અને બેનું વલય બહારની દેરીઓમાં થાય એ કેવું બેઢંગુ લાગે?

## ચાર દેરીઓ શા માટે—

ચાર દેરીઓ બનાવવાની વાત યંત્રવિધાનના શાસ્ત્રપાઠમાં જણાવી નથી. પણ અનેક પટોમાં આ રીતે બેસાડવાની જોરદાર પ્રાચીન પ્રથા-પરંપરા જોવા મલી છે, એટલે મેં પણ તેનો સમાદર કર્યો છે.

અહીં સિદ્ધચક્ર પટ માટે તો દેરીઓ બનાવવાનું અનિવાર્ય છે. કેમકે પૂજનમાં ચારેય અધિષ્ઠાયકોને ચાર કોળાં ચઢાવાનાં કહ્યાં છે. આ કોળાં જો યંત્રના વલયમાં નામ પર ખાનામાં ચઢાવવામાં આવે તો આજુબાજુના વલયગત દેવ-દેવીઓનાં નામો કે ખાનાંઓ પૂરા દબાઈ જાય, તો એ યોગ્ય ન હતું. આવા કારણે મોટા ફળનાં જ લેણદાર ચારેયને માટે બહાર દેરીઓ બનાવી તેમાં નામ લખવાનું રાખ્યું અને પછી તેના પર કોળાં ચઢાવાય તો તે બધી રીતે સાનુકૂળ બની રહે, પૂજનકારે એક ધ્યાન રાખવું કે એ ચઢાવતાં પહેલાં વલયના ખાનાનાં નામ સન્મુખ ઊભા રહી ત્રણવાર ગોળાકારે પ્રદક્ષિણાક્રમે થાળી ફેરવી પછી તે ફળો દેરીમાં પધરાવવાં.

## પ્રારંભના ક્ષેત્રપાલ અંગે—

પૂજનના પ્રારંભમાં ક્ષેત્રપાલનો (अत्रस्थ०) મંત્ર બોલીને ક્ષેત્રપાલની મૂર્તિ સૂચક શ્રીફળ-નારિયેળની જે સ્થાપના કરાય છે અને તેની ઉપર ચમેલીનાં સુગંધી તેલથી પૂજા થાય છે, તે ક્ષેત્રપાલ ચાર [3]અધિષ્ઠાયકમાંનો ન સમજવો, આ ક્ષેત્રપાલ તો જે જગ્યામાં પૂજન કરવાનું છે.

---

૧. સિરિવાલકહામાં શ્રીપાળ મહારાજે પૂજન કર્યાનો વિધિ બતાવ્યો છે. ત્યાં વિમલેશ્વર, ચક્રેશ્વરી પછી ત્રીજો ક્ષેત્રપાલનું પૂજન બતાવ્યું છે. પછી ચોથાની વાત કરી છે. ક્ષેત્રપાલ મૂકવાની પ્રથા યંત્રમાં આપણી ડાબી બાજુએ છે. સવ્ય-પ્રદક્ષિણા ક્રમ જાળવવો હોય તો ક્ષેત્રપાલને આપણી જમણી બાજુએ રાખવા પડે. ચિતરેલા વિવિધ યંત્રોમાં પણ વધુ પ્રમાણ જમણી બાજુનું જોવા મલ્યું છે.

૨. હું પોતે સિદ્ધચક્ર અને ઋષિમંડલની પૂજનવિધિ તમામ ચિત્રો સાથે વ્યવસ્થિત રીતે કેટલીક નવીનતા અને વિશેષતાઓ સાથે જ ૧૪ વરસ પહેલાં જ બહાર પાડવાનો હતો. થોડી તૈયારી પણ કરી, પણ અન્યાન્યકાર્યમાં એ કાર્ય ખોરંભે પડી ગયું. નહીંતર તેમાં આ વલયનું પૂજન પણ આપત.

૩. અગાઉ પૂજનકારો આ ક્ષેત્રાધિપતિ ક્ષેત્રપાલને ચાર અધિષ્ઠાયકમાંનો ક્ષેત્રપાલ માની આપણી ડાબી બાજુની દેરીમાં શ્રીફળ પધરાવતા હતા પણ ઘણા વિધિકારોને સમજણ આપવાથી હવે તે દેરીની બહાર સ્થાપિત કરે છે. ક્ષેત્રપાલના વાહન, હાથ, આયુધની સંખ્યા તથા પ્રકારમાં ઘણા મતાંતરો છે. મારા પટમાં તે નિર્વાણકલિકા ગ્રંથના આધારે બનાવ્યો છે. કારણ કે આ 'કલિકા' પ્રાચીન, શ્રધ્ધેય અને સન્માન્ય ગણાય છે. શબના વાહનવાળો ક્ષેત્રપાલ કરતાં આ સારો.

તે જગ્યામાં નિવાસ કરનારો સમજવો એટલા માટે જ તેના મંત્રમાં 'अत्रस्थ०' 'અહીં રહેલો' એવો શબ્દ વપરાય છે, અને આ કરવાનું કારણ પૂજનની જગ્યામાં કંઈ પણ વિઘ્ન ઉપસ્થિત ન થાય અને તે બધી રીતે સહાયક બની રહે તે હેતુ રહેલો છે. અને આ સ્થાપનાનું શ્રીફળ દેરીમાં મૂકવાનું નથી હોતું, તેથી દેરીની બાજુમાં ચોખાની ઢગલી ઉપર સમુચિતપણે મૂકાવવું.

## નવનિધિ કલશના ગળામાં જ હોવા જોઈએ—

કલશાકાર અને વલયોની પદ્ધતિ યંત્રપટોમાં જાતજાતની જોવા મલી. વર્તમાનમાં પણ કલશાકાર કેવી રીતે કરવો? એ જણાવતી 'સિરિવાલકહા' ગ્રંથના પાઠની ત્રણ લીટીઓએ ઘણાયને મુંઝવણમાં મૂક્યા છે. એ પંક્તિઓ થોડી બુદ્ધિની કસરત કરાવે એવી છે. આ કારણે જેણે જેવો અર્થ જે રીતે બંધ બેસે તે તેવા આકારો દોરાવે. વિદ્વાનો ભેગા થઈ ચર્ચા કરી નિર્ણય લાવે તો ઘણું નિરાકરણ આવી જાય પણ આપણે ત્યાં એ શક્ય જ ક્યાં છે?

## નવનિધિ કંઠમાં કેવી રીતે જોઈએ—

હવે કેટલાક લોકો ગોળાકાર વર્તુલ પછી તરત જ સામસામી લીટીઓનો ક્રોસ કરી પછી ઉપરનો ભાગ બનાવે છે. પરિણામે એ આવે છે કે ગળાની જ જે જગ્યા ત્યાં ચોકડી જ ક્રોસ હોય. માત્ર એક દોરો પહોળી ચોકડી એટલે ગળું તો ખતમ જ થઈ જાય, પછી ગળાનો ખ્યાલ જ ક્યાંથી આવે. જો કે જૂનાં વખતમાં કોઈ કોઈ એ ક્રોસ કરી તેના પર કલશો મૂકી દીધેલા જોવા મળે છે. પ્રાચીન-અર્વાચીન અનેક પટમાં તો ક્રોસના ઉપરના ભાગમાં એટલે માથાની જગ્યામાં ચીતરેલા જોવા મળ્યા છે. આ બધું મારી સમજ પ્રમાણે અઘટિત લાગ્યું છે. વળી કળશાકારમાં પુરુષાકારની કલ્પના પણ કરવામાં આવે છે. જો એ રીતે વિચારીએ તો ઉપરનો ભાગ મસ્તક અને મુખ રૂપે, પછી બે આંખો, પછી કંઠ-ગળાના ભાગ (कण्ठे नवनिधि) માં નવ નિધાનના નવ કલશો, જાણે હાર પહેરાવ્યો હોય તે રીતે ચીતરાવવા જોઈએ. મેં એ રીતે જ મૂકાવ્યા છે. જેથી ગળાની અને કળશની શોભામાં પણ અનેરો વધારો કરે છે અને મેં જે રીતે દોરાવ્યો તેથી કંઠને જોઈતો વિસ્તાર પણ મળે છે. કર્ણ પછી ધડ-પેટની જગ્યાએ વચલો ગોળાકાર ભાગ અને નીચેની બેઠકમાં પગની કલ્પના કરાય છે.

## ચક્ર શબ્દની સાર્થકતા માટે—

આ યન્ત્રનાં નામમાં અન્તમાં ચક્ર શબ્દ આવતો હોવાથી અન્તના યક્ષ-યક્ષિણી વલયના ખાનાંનો આકાર ચક્રનો ખ્યાલ આવે તે રીતે દોરાવ્યો છે.

## અનેક વિશેષતાઓથી સભર યન્ત્ર—

આમાં નાની મોટી બીજી અનેક વિશેષતાઓ રહી છે. સૂક્ષ્મ દૃષ્ટિથી પૂરો અવકાશ લઈને નીરખવામાં આવે તો જ તે સમજી શકાય તેમ છે. આ વિશેષતા શાસ્ત્ર, આમ્નાય અને કલાની

દૃષ્ટિએ રહેલી છે, કલશાકારની સપ્રમાણતા અને સુન્દરતા બધી રીતે જળવાઇ રહે તે ધ્યાનમાં રાખીને દોરવામાં આવ્યો છે.

## ગુરુપાદુકા અંગે—

ગુરુપાદુકા પૂજનની પ્રાર્થનામાં **गुरूणां पादुका चैव** તથા અન્ય ઉલ્લેખોના આધારે વલયમાં પાદુકા જાણીને ચીતરાવી છે. પ્રાચીન પટોમાં કેટલાકમાં તે હતી અને કેટલાકમાં ન હતી.

## કલશના આકાર અંગે એક વિચારણા—

કલશનો આકાર કેવો બનાવવો એ ચોક્કસ નિર્ણય માગે તેવી બાબત છે. પરંતુ આપણી પાસે મૂલકર્તાને કયો આકાર ઈષ્ટ હશે તેને જાણવા માટે તેઓએ નિર્માણ કરેલું કોઈ યંત્ર-ચિત્ર લભ્ય નથી. એટલે આ યંત્ર કેવી રીતે બનાવવું તેને જણાવનારા ગ્રન્થો તરફ જ વળવું જોઈએ, ત્યારે આ યંત્ર બનાવવાની રીત સિરિવાલકહા (એટલે શ્રીપાળ કથા) નામના ગ્રંથમાં જ માત્ર મળે છે. આ ગ્રન્થનું મૂલ અને ટીકામાં આકાર બનાવવા માટે જે વિધાન કર્યું એ જ માત્ર આજે એક આધાર છે. પણ ચિત્રકલાના આલેખનની અમુક પ્રક્રિયા સુગમ રીતે સમજાવવા માટે ભાષા પણ પૂરું સામર્થ્ય ધરાવતી નથી હોતી, તલસ્પર્શી સમજ આપવા માટે ક્યારેક ભાષાનો ગજ પણ ટૂંકો પડે છે અને '**अन्योन्य**' પંક્તિ માટે એવો જ અનુભવ થાય તેવું છે. આ સંજોગોમાં તો વાચકો પોતપોતાના બુદ્ધિબળ પ્રમાણે અર્થનિષ્પત્તિ કરે અને તદનુસાર આલેખન કરાવે એટલે પછી પટોમાં ચિત્ર-વિચિત્ર પ્રકારોનાં અને વૈવિધ્યનાં દર્શન થાય તે સ્વાભાવિક છે.

જૂનાં ચિત્રપટો (નવાં પણ) જોયાં તો તે પરસ્પર ન્યૂનાધિક ફેરફારવાળા એટલે એક બીજા પ્રત્યે કંઇ ને કંઇ અસામ્યતા ધરાવતાં હતાં. મેં ઉપર કહ્યું તેમ '**अन्योन्य**' પંક્તિના છ શબ્દોના અર્થ વિવિધ રીતે ભ્રમ ઊભો કરે તેવો છે. એટલે જેણે જે રીતે અર્થ બેઠો તેણે તે રીતે આકાર ચિતરાવ્યો, એટલે પટોમાં એકવાક્યતા કે સમાનતા આવી ન શકી.

મારી જ વાત કરૂં કે, આ પંક્તિનું જ્યારે મેં ચિંતન કરવા માંડ્યું ત્યારે મારા મનની શાખા ઉપર વિકલ્પોની અનેક કૂંપળો ફૂટી નીકળી હતી. પછી તો છેવટે એક જ નિર્ણય લેવાનું મારા માટે અનિવાર્ય બની ગયું હતું, સાશંક મને જે નિર્ણય લેવાયો તે અનુસારે એક જ રેખામાંથી કલશાકાર બનાવરાવ્યો. **ग्रथित** શબ્દ હોવાથી ગુથેલાં દોરડાંની વર્તુલ પંક્તિ पि (કાપા મૂકીને) ચિતરાવી છે.

આમ કરીને યથાર્થ સત્યની વધુમાં વધુ નજીક પહોંચવા નમ્ર પ્રયત્ન સેવ્યો છે. મર્યાદિત સાધન શકિત સો ટકા પરિણામ (રીઝલ્ટ) શી રીતે લાવી શકે!

### [1]કલશાકાર શા માટે—

આ કલશાકાર અંગે જુદાં જુદાં અનુમાનો રજૂ કરી શકાય, પણ બીજાં કારણો જતાં કરીને જે વધુ મહત્ત્વનું જાણવા યોગ્ય કારણ છે તે જ રજૂ કરું છું.

કળશ કે ઘટ એ જલ ભરવાનું જ સાધન છે. કહો કે તે જળનું પ્રતીક છે. જળના ગુણધર્મો શીતલતા, પવિત્રતા અને શાંતિ આપવાના છે. એટલે ધ્યાન કરનાર ધ્યાતાની સામે જેવું પ્રતીક હોય તેવી તેને કલ્પના આવ્યા કરે, જેવી કલ્પના કે વિચાર આવ્યા કરે તેવું તેનું ચિંતન થાય અને જેવો ચિંતનમાં વિચાર આવે તેવો તેનો આકાર બને, સાકાર બનેલો વિચાર યથાયોગ્ય ફળને નિર્માણ કરે. શુભપ્રતીક શુભને જન્મ આપે, અશુભ પ્રતીક અશુભને જન્મ આપે. તાત્પર્ય એ કે કલશાકાર પૂર્વકનું ધ્યાન ખૂબ શાંતિ અને શીતલતા આપે છે, મંત્ર અનુષ્ઠાનમાંના ષટ્ કર્મમાં પહેલાં શાંતિક કર્મમાં આનો સમાવેશ થાય છે. વળી કળશ અષ્ટમંગલ પૈકીનું એક મંગલ ચિહ્ન હોવાના કારણે પણ તે મંગલ સૂચક મનાયો છે. અનેક વિધિઓનો પ્રારંભ જળભૃત (ભરેલા) ઘટ–કળશથી જ થાય છે. આનો શાંતિક વિધિ પણ ભવ્ય રીતે આનંદોત્સાહપૂર્વક ઉજવાય છે. આના શુકન પણ શકુન શાસ્ત્રમાં શુભ ફલપ્રદ કહેલ છે.

## આંખ અને ખેસ મૂકવાનું શું કારણ છે?

આંખ મૂકવાનું તથા કલશના પેટની બંને બાજુએ ગાંઠ બાંધીને બતાવતા લટકતા ખેસનું પ્રયોજન શું છે? તેનો ખુલાસો ક્યાંય વાંચવા–જાણવામાં નથી આવ્યો, ફક્ત વિવિધ અનુમાનો કરી સંતોષ માનવાનો રહે એટલે આપણે પણ અનુમાનો રજૂ કરીએ.

### પ્રથમ ચક્ષુઓ માટે—

૧. સામાન્યતઃ ખુલ્લી ચક્ષુઓ જીવતા જીવનનો ખ્યાલ આપતું પ્રતીક છે, એટલે આ યંત્ર–મંત્રનો પ્રભાવ પણ જીવંત છે એવું જણાવવા.

૨. જાગ્રત અને સ્થિરદૃષ્ટિ રાખીને સાધના–ધ્યાન કરજો તેવી પ્રેરણા આપવા.

૩. આ યંત્રની સાધનાથી અજ્ઞાનના અંધકાર દૂર થઇ તેના ફલ રૂપે જ્ઞાનજ્યોતિ પ્રગટ થાય છે તેનો ખ્યાલ આપવા.

૪. આની ઉપાસનાથી સાધનાની અંતિમ સિદ્ધિ તરીકે સર્વોચ્ચ કોટિનું કેવલજ્ઞાન અને કેવલદર્શન પ્રાપ્ત થાય છે. તે બંનેનો બે ચક્ષુ દ્વારા ખ્યાલ આપવા.

આવા અનુમાનો વિચારી શકાય.

---

૧. કલશના પેટના છેડે જે ખેસના બાંધેલા છેડા બતાવવામાં આવે છે તેનો યથાર્થ અર્થ ગ્રંથમાં ક્યાંય મળ્યો નથી. આપણે કલ્પનાથી ઘટાવીએ તે વાત જુદી.

## ખેસ અંગે—

'સિરિવાલ કહા' ગ્રંથ જે સિદ્ધચક્ર યંત્ર કેમ બનાવવો તેની પ્રક્રિયા બતાવનારો પ્રામાણિક ગ્રંથ છે. આ ગ્રંથમાં કે આને લગતાં અન્ય સ્તવ–સ્તોત્રાદિકમાં યંત્રમાં આંખો કે ખેસ બતાવવાની કોઈ વાત લખી નથી એ ધ્યાનમાં રાખવું ઘટે, છતાં આ કરવાની પ્રથા સેંકડો વર્ષ જૂની છે એ પણ એક હકીકત છે. આ શા માટે મૂકવામાં આવે છે એને અંગે ક્યાંય કોઈએ ખુલાસો કર્યો હોય તેવું વાંચવામાં નથી આવ્યું, એટલે હવે આપણે તો કલ્પના જ કરવી રહી.

કળશના મધ્યભાગના બંને છેડે લટકતા કપડાંને 'ખેસ' તરીકે ઓળખીએ છીએ. કલશાકાર સ્થિર રહે, અમૃતમંડલ સુવ્યવસ્થિત રહે, એ માટે એને ખેસથી બાંધવામાં આવે છે, આવી કલ્પના કરનારા જરૂર કરે છે, પણ સવાલ એ છે કે બંધન રૂપે જો વિચારીએ તો બંધન તો આખા કળશને ફરતું બતાવેલું હોવું જોઈએ. જયારે અહીં સપાટ દોરાતા કળશ ઉપર તો વસ્ત્રની આડી પટ્ટી જેવું કશું બતાવાતું નથી તો બંધનની કલ્પના કરવી યોગ્ય ખરી? આનું સમાધાન એ કે અહીંના કળશમાં વલયો–મંત્રપદોનું આલેખન કરવાનું હોવાથી ખેસનું વસ્ત્ર ફરતું ક્યાંથી બતાવી શકાય? એ શક્ય જ નથી, એટલે વલયો–મંત્રો એને જ બંધન રૂપે સમજી લઈએ અથવા કલ્પનાથી કલ્પી લઈએ તો શું ન ચાલે?

[1]ખેસવાળો કળશ બારમીથી પંદરમી સદીની તાડપત્રીય પ્રતોમાં (કે કાગળની) તીર્થંકરની માતાને આવતાં ચૌદ સ્વપ્નોમાં આપેલા રંગીન ચિત્રમાં નવમાં સ્વપ્ન–કળશમાં અને અષ્ટમંગલના ચિત્રમાંના કળશમાં સ્પષ્ટ જોવા મળે છે. ત્યાં આંખો અને ખેસ સ્પષ્ટ જોવા મળે છે. કળશની ચારે બાજુએ ફરતું ખેસ જેવું બંને બાજુએ લટકતા છેડાવાળું, કપડાંનું ગ્રંથીવાળું બંધન શા માટે? તેનો અકાટ્ય પુરાવો મળ્યો નથી. પણ સામાન્ય અનુમાનો કરવાં હોય તો–

(૧) કળશને સુશોભિત બનાવવા, અથવા

(૨) ઉપર કહ્યું તેમ કળશાકારને સ્થિર, મજબૂત અને સુવ્યવસ્થિત રાખવા કે તેવી ભાવના ભાવવા.

એક વાત ધ્યાનમાં રાખવી કે કલ્પસૂત્ર–બારસાની સચિત્ર પ્રતિઓમાં અષ્ટમંગલના ચિત્રમાં જૈન કળશના (જૈન) ચિત્રોમાં બે આંખો, કળશના પેટના ભાગ ઉપર ચારે બાજુએ વસ્ત્રથી બાંધેલું, બે છેડે ગાંઠ બાંધી લટકતા છેડાવાળું કપડું, જેને આપણે અત્યારે 'ખેસ' શબ્દથી ઓળખીએ છીએ તે અવશ્ય બતાવેલું છે. વળી ગળાનો ભાગ પહોળો જ દોરેલો હોય છે.

❀

---

૧. ખેસ વિનાના કળશવાળા પણ પટો (૧૮મા સૈકાના) મારા જોવામાં આવ્યા હતા. આ ખેસ ભૂલથી રહી ગયા હતા કે સમજપૂર્વક નહીં કર્યા હોય તે કહી શકાય નહીં.

## પૃથ્વી મંડલનું આલેખન—

મન્ત્ર-તન્ત્ર વિદ્યામાં જે જે પ્રકારે સાધના કરવાની હોય તેને અનુસરીને પાંચ મંડલો પૂર્વક યન્ત્રો બનાવવાનું વિધાન છે. પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ તત્ત્વો, જેનાથી સૃષ્ટિ વ્યાપ્ત છે. એ તત્ત્વો માટે નક્કી થએલી અમુક આકૃતિઓ તેને મંડલો કહેવાય. આ મંડલો સાધક ઉપર અને વાતાવરણ ઉપર અનોખી અસરકારક અસરો ઉપજાવનારાં છે. જ્યાં જે કારણ માટે જે મંડલની જરૂર હોય ત્યાં તેનું આલેખન કરીને તેની અંદર યન્ત્ર-મન્ત્ર આલેખવાનાં હોય છે. પણ આજ કાલ એ સમ્બન્ધી જ્ઞાનના અભાવે વગર મંડલનાં યન્ત્રો બહાર પડી રહ્યાં છે. અરે! આજકાલની જ શા માટે વાત કરવી? મેં તો છેલ્લાં ૩૦૦-૪૦૦ વરસના યંત્રો સિદ્ધચક્ર વગેરેનાં જે જે જોયાં, તે એકેયમાં પૃથ્વી આદિ કોઈ મંડલ આલેખ્યું જોવા ન મળ્યું. કેટલી દુઃખદ બાબત કહેવાય!

એક ધ્યાન રાખવું કે તમામ યન્ત્રોને મંડલના આલેખનની જરૂર જ હોય છે એવું ન સમજવું.

આ સિદ્ધચક્ર યન્ત્ર ધરતી-પૃથ્વી ઉપર કરવાનું છે એટલે પૃથ્વીમંડલ આલેખીને તે મંડલની અંદર સ્થાપિત કરવાનું છે. યન્ત્ર કરતાં પહેલાં (કે પછી) પૃથ્વીમંડલ દોરવું જ જોઈએ. એ વિના યન્ત્રની રચના કે સ્થાપના કરવી કલ્પે નહિ. પણ આ ખ્યાલ ૪૦૦ વરસ દરમિયાન જેમણે યંત્રો દોરાવ્યાં તેમણે અને ૨૦-૨૧ મી સદીમાં નવા સિદ્ધચક્રનાં યંત્રો જે બહાર પડ્યાં કે દોરાવ્યાં તેમણે, એક અનિવાર્ય અને ગંભીર બાબતનો લેશમાત્ર ખ્યાલ કેમ આવ્યો નહિ? તે એક વિચારમાં મૂકી દે તેવી આશ્ચર્યજનક અને દુઃખદ બાબત છે.

મેં મારા યંત્રમાં કળશાકાર પૂરો કર્યા પછી પૃથ્વીમંડલ દોરાવ્યું છે. જુઓ બોર્ડરની અંદર તેની જ નજીકમાં ચારે બાજુએ દોરેલી લીટી, ચારે બાજુએ દોરેલી પૃથ્વીમંડલની લીટીના ચારે ખૂણે ક્રોસ કરી અન્તમાં [1]ત્રિશૂલાકાર બનાવવાનો હોય છે, તે પણ અહીં બતાવ્યો છે. પૃથ્વીતત્ત્વનાં જે મંત્રબીજો નક્કી થએલાં છે, તે પણ મૂકવા જ જોઈએ, જે અહીં મૂક્યાં છે. પૃથ્વીતત્ત્વ માટે બે અક્ષરો નક્કી થયા છે, એક તો 'ક્ષિ' અને બીજું લ. પછી તે અક્ષરને બીજ મંત્ર તરીકેનું આરોપણ કરવા ઉપર અનુસ્વાર મૂકીને તેનો ઉપયોગ કરવો જોઈએ એટલે અહીંઆ પૃથ્વીમંડલના ચાર ખૂણામાં નિયમ પ્રમાણે લ બીજને, અને ક્ષ બીજને કલશની સ્થાપના અને પૃથ્વીની લીટીના મધ્યભાગે સ્થાપ્યું છે. તમો તેને યંત્રમાં બરાબર નિહાળો અને મંડલ આલેખવાની અગત્યને બરાબર ધારી રાખો. કોઈ બે નહિ પણ બેમાંથી એક જ પૃથ્વી બીજ વાપરે છે.

આ યંત્ર [2]પૃથ્વીમંડલ અને કળશાકાર હોવાથી બીજા જલમંડલની અસરવાળું, એમ બે

---

૧. ત્રિશૂલ શા માટે, પૃથ્વી આદિ મંડલોનું પ્રયોજન, પ્રભાવ, અમુક તત્ત્વ માટે અમુક જ અક્ષરો, એ બધું શી રીતે નક્કી થયું હશે તે જાણવું ખૂબ જરૂરી છે.

૨. પૃથ્વીતત્ત્વનો આકાર ચોરસ નક્કી થયો હોવાથી અહીં ચોરસ આલેખન કર્યું છે. આ મંડલની લીટીને ચાક ખડીથી છેવટે અક્ષતથી પણ શ્વેત દોરી શકાય, પણ પૃથ્વીબીજો તો ચંદન કે રંગથી પીળા જ બનાવવા યોગ્ય છે.

તત્ત્વોથી સ્પર્શિત બન્યું. પૃથ્વીતત્ત્વનો રંગ પીળો કલ્પેલો હોવાથી આ મંડલનું આલેખન અને મંત્રબીજો પીળા રંગના કરવાના હોવાથી ચંદન કે પીળા રંગથી કરી શકાય.

પૃથ્વી તત્ત્વ અને જલતત્ત્વથી માનસિક, શારીરિક, કે તાંત્રિક દૃષ્ટિએ શું શું ફાયદા થાય છે તે, તે વિષયના જ્ઞાની ગુરુ પાસેથી સમજવું.

## વૈકલ્પિક નામો અંગે—

મારા યંત્રના કેટલાક વલયનાં મંત્રપદોમાં મેં[1] વૈકલ્પિક નામો મૂક્યાં છે. તે એટલા માટે મૂક્યાં છે કે કોઈ ઊંડો અભ્યાસી સંશોધન કરીને કોઈ ચોક્કસ નામો દર્શાવી શકે. જેથી બીજી વાર આ યંત્રની પુનઃ નવી ડિઝાઈન કરવાનો પ્રસંગ આવે ત્યારે વૈકલ્પિક નામો રાખવાની જરૂરિયાત જ ન રહે.

## નામની અશુદ્ધિ અંગે—

લબ્ધિવલયમાં ૩૩મું નામ **वड्ढमाणाणं** જોઈએ. જ્યારે ધુરંધરવિજયજીના પટમાં **वड्ढमाणतवाणं** આમ **तव** શબ્દ વધારીને આપ્યું છે, તે સર્વથા અયોગ્ય છે. જે વાત અગાઉ ૩૦માં પેજના ટિપ્પણમાં નોંધી છે. તે સિવાય ૨૨મું નામ ફક્ત **चारणाणं** જોઈએ. ત્યાં તેમને પોતાના યંત્રમાં **चारलद्धीणं** મૂક્યું છે, જે અહીં માટે બિલકુલ અયોગ્ય છે. કેમકે આ વલયમાં કોઈ પણ લબ્ધિના નામોમાં **लद्धीणं** જોડવામાં આવ્યું નથી. આ શબ્દનું જોડાણ અહીં નિરર્થક છે. તમામ સ્થાનોમાં ચોથા દિક્પાલનું નામ મોટાભાગે સહુ કોઈ **नैऋताय** લખે છે. પણ મારું સંશોધન એમ કહે છે[2] કે **निर्ऋतये** પાઠ સુયોગ્ય છે. જે મારા યંત્રમાં આપ્યો છે.

## યંત્રમાં નામો કેવી ઢબે લખવા?—

યંત્રની આમ્નાય એવી છે કે બધાય નાગરીલિપિવાળાં નામોનાં માથાં આપણી તરફ રહે તે રીતે લખાવવા જોઈએ અર્થાત્ કેન્દ્રની સન્મુખ રહે એ રીતે લખવા જોઈએ. મુખ્ય વિધિ એ છે. કેમકે કેન્દ્રમાં જે હોય તેની સામે બધો પરિવાર બેઠેલો હોવો જોઈએ. સેવકોથી પીઠ કરીને ન બેસાય.

આ રીતે યંત્રને લગતી વિચારણા અહીં પૂરી થાય છે. હવે પૂજનવિધિ અંગે વિચારીએ.

❀ ❀ ❀

---

૧. જેમ જયાદિ વલયમાં તત્કાલ મેં अन्या નામને મુખ્ય રાખ્યું હતું, ઘણા પટોમાં આ નામ જોવા મળ્યું હતું તેથી. એ રીતે ૨૪ યક્ષો અને યક્ષિણીના નામોમાં પણ સ્તોત્રો અને ગ્રંથોમાં ઘણા મતાંતરો આવે છે. મેં મોટાભાગે કૌંસમાં બીજું નામ પણ આપ્યું છે. જો કે કેટલાય સુજ્ઞો યંત્રમાં વૈકલ્પિક નામો મૂકાય તે પસંદ નહીં કરે. કેમકે એ લોકો એવું વિચારશે કે યાંત્રિક આરાધના એ શ્રદ્ધાનો વિષય છે. એમાં લોકોના મનમાં સંદેહ પેદા થાય તેવું શા માટે હોવું જોઈએ?

૨. निर्ऋतिं वरुणस्तथा (સુબોધા સામા૦) निर्ऋतये આવું બ્રહ્મરત્ન ગ્રંથમાં છે. निर्ऋतये स्वाहा (નંદ્યાવર્ત પૂ.)

# પૂજનવિધિ અંગે થોડી વિચારણા અને ભૂલ સુધારણા

નોંધ—પૂજનવિધિ અંગે ઘણી બાબતો સ્પષ્ટીકરણ અને સુધારા વધારા માગે છે, પણ તે તો મારી પૂજનવિધિ છપાશે ત્યારે તે કાર્ય થશે, પણ તે પહેલા અનિવાર્ય જરૂરી થોડીક બાબતો જણાવી દઉં જેથી પૂજનવિધિ શુદ્ધ રીતે સહુ વિધિવાળા કરાવી શકે.

## કેન્દ્રવર્તી ૧૬ સ્વરો અંગે—

પ્રથમ વલયમાં કેન્દ્રોમાં વર્તુલાકારે આલેખેલા અ આ ઇત્યાદિ ૧૬ સ્વરોનું પૂજન થતું નથી. (અલબત્ત બીજા વલયમાં આ સ્વરોનું પૂજન થાય છે ખરૂં,) પણ અહીં જ્યારે મૂક્યા છે તો પૂજન કરવું જોઈએ ખરૂં? જો કરીએ તો બેવાર ૧૬ સ્વરોનું પૂજન થશે, તો આ એક વિચારણા માગે તેવી બાબત છે.

## અનાહતોનું પૂજન જ થતું ન હતું—

સં. ૨૦૦૮ માં પૂજનવિધિની સાયકલો સ્ટાઈલ બાંધેલી પ્રતિ બહાર પડી પછી થોડા સમય બાદ તેની મુદ્રિત પ્રતિ નિરંજન ગ્રન્થમાલા તરફથી બહાર પડી. ૨૦૦૯ માં આ યંત્રનું હું સંશોધન કરી રહ્યો હતો ત્યારે બધું તપાસતા ખ્યાલ આવ્યો કે યંત્રમાં એક વસ્તુનું પૂજન સર્વથા રહી જાય છે, કેમકે પ્રતિમાં સ્વતંત્ર રીતે છાપ્યું જ ન હતું. અને એ પૂજન હતું '૧૬ અનાહતોનું.' બે આવૃત્તિ થઈ, પૂજનો પણ ઘણાં થયાં છતાં ખેદની વાત એ હતી કે એનો છપાવનારને ખ્યાલ જ ન આવ્યો. મેં તો ૧૬ પૂજન મારા જાણીતા વિધિવાળાઓને ખ્યાલ આપીને તેમના દ્વારા કરાવવાનું શરૂ કરી દીધું જ હતું. પછી અંધેરીમાં ધુરંધર મહારાજશ્રીને ૨૦૧૪ માં મળવાનું થતાં અનાહતનું પૂજન છાપ્યું ન હોવાથી તે પૂજન થતું નથી, એવી વાત જ્યારે મેં કરી ત્યારે તેમને આશ્ચર્ય થયું. પછી પૂજન કયા મંત્રથી કરવું તેમ પૂછતાં મને ઉપલબ્ધ થયેલા મંત્રપદો જણાવતાં યોગશાસ્ત્રના આઠમા પ્રકાશમાં જણાવેલું '[1]અનાહતદેવ' નામ પસંદ કર્યું અને તેમની તેની ત્રીજી આવૃત્તિમાં તે પૂજન દાખલ કરી દીધું. મારા સૂચનનો તેઓશ્રીએ અમલ કર્યો તેનો મને આનંદ થયો.

---

૧. એક હસ્તલિખિત પાનામાં આનાં ત્રણ પ્રકારના મન્ત્રપદો મળ્યા હતા. તે આ પ્રમાણે—

(૧) अनाहतविद्यायै नमः। (૨) अनाहतपदाय नमः। (૩) अनाहतदेवाय नमः। કોઈ પ્રતિમાં अनाहतचक्राय नमः આવું પદ પણ બોલતું હતું. પણ વિદ્યા શબ્દ જોડેલું પદ વધુ વપરાયું છે. દિગમ્બરીય પૂજનવિધિમાં વિદ્યા શબ્દ વાપર્યો છે, માટે પૂજન મંત્ર નક્કી કરતાં પહેલાં ગંભીરતાથી વિચારવું જોશે.

—સિંહતિલકાચાર્યશ્રીએ પણ अनाहताभिधं કહીને યોગશાસ્ત્રમાં શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજીના ઉલ્લેખને જ સન્માન્ય કરી દેવાની ઉપમા આપી છે અને સાધક તેનું દર્શન પણ કરે છે એમ જણાવ્યું છે.

—જુઓ નમસ્કાર સ્વાધ્યાય સંસ્કૃત વિભાગ.

—અનાહતને દેવ સ્વરૂપ કેમ કહ્યા તે વિચારવું રહ્યું!

જો કે સિરિવાલકહામાં આ અનાહતોનું પૂજન કરવાનું જણાવ્યું હતું જ. શાંતિકલશમાં પણ તેનો ઉલ્લેખ હતો. છતાં તે તરફ લક્ષ્ય ન જવાથી મહત્ત્વની ખામી ઊભી થવા પામી.

## શર્કરાલિંગનો સાચો અર્થ ન સમજવાના કારણે થતો અવિધિ—

સમાન્ય રીતે લિંગક શબ્દથી તત્સમ કે તદ્ભવ જેવા લવિંગ શબ્દ તરફ ધ્યાન જાય તે સ્વાભાવિક હતું. એટલે ધુરંધરવિજયજી મહારાજશ્રીએ પણ લવિંગ ચઢાવવાનું લખ્યું પણ લિંગકનો અર્થ લવિંગ કેમ થાય? છતાંય મેં ચોકસાઈ કરવા કેટલાએ કોશો (ડિક્શનરીઝ) જોયા. કોઈ પણ કોશમાં લિંગકનો અર્થ લવિંગ ક્યાંય જોવા ન મળ્યો, એટલે એ વાત મને ઘણી ખટકતી હતી. સિરિવાલકહાકાર ગ્રંથનું લખાણ જોતાં પણ લિંગક શબ્દ કોઈ બીજા અર્થને વ્યક્ત કરતો હોવો જોઈએ એમ લાગ્યા કરતું હતું. અનાયાસે અમદાવાદમાં રસ્તે જતાં મારી બાજુમાંથી પસાર થતી ખાદ્ય ચીજોવાળી એક રેકડીમાં સાકરના કટકાથી બનેલી લિંગાકાર મીઠાઈ મારી નજરે ચઢી. પછી તે રેકડી ઊભી રાખી, જોયું તો સાકરના કટકાઓ ચીટકાવીને પાંચ સાત ઈંચના લિંગાકાર જેવા મેરૂ બનાવ્યા હતા. ત્યારે કલ્પના આવી કે એ જમાનામાં એ ચીજ અમુક પ્રદેશમાં પ્રચલિત હશે એટલે પૂજનમાં દાખલ થઈ હશે એટલે નક્કી થયું કે અનાહત પૂજનમાં શર્કરાલિંગક શબ્દથી (લિંગાકાર) સાકરની મીઠાઈ ચઢાવવાની છે. એક વાત એટલી જ સાચી છે કે, જ્યાં સુધી આવી વસ્તુ નજરમાં ન ચડે ત્યાં સુધી તેનો વાસ્તવિક ખ્યાલ પણ ક્યાંથી આવે? આ તો અનાયાસે મને જોવાની તક મળી, નહીંતર લવિંગ મૂકવાનું જ વિધાન ચાલ્યા કરત.

પછી આ વાત મેં ધુરંધરવિજયજી મહારાજને કરી, તેમને ઘણું આશ્ચર્ય થયું અને આ વાત તેમને બરાબર બેસી પણ ગઈ અને શર્કરામેરૂ જેવા આકારવાળી મીઠાઈથી પૂજન થવું જોઈએ એ નિશ્ચિત થયું. અને મારી પ્રસ્તુત વાતને પૂજનવિધિની બીજી આવૃત્તિમાં છાપીને તેમણે સ્વીકૃતિ આપી.

–પહેલા વલયનું પૂજન થઈ જાય પછી તરત જ ૧૬ અનાહતોનું પૂજન કરવાનું. (બીજા વલયમાં ૮ ને ત્રીજા વલયમાં આઠ છે તેનું) તે પછી જ સ્વરો-વ્યંજનોનું કરવાનું છે, આ જ ક્રમ સાચો છે પણ મુદ્રિત પૂજનવિધિમાં પ્રથમ સ્વર-વ્યંજનોનું જણાવ્યું છે, અને પછી અનાહતોનું છાપ્યું છે, જે બરાબર નથી.

–સામાન્ય રીતે સ્તોત્રોમાં જે નામો હોય તે જ નામો તેના પૂજનમાં હોય અથવા જે નામો પૂજનના હોય, તે જ નામો સ્તોત્રોમાં હોય, પણ પૂજનવિધિમાં જે લબ્ધિ સ્તોત્ર છાપ્યું છે, તેનો યન્ત્રની ૪૮ લબ્ધિનાં નામો સાથે મેળ ખાતો નથી, સ્તોત્રમાં જે લબ્ધિ ગણાવી છે તે બધી લબ્ધિ વલયમાં નથી. સિદ્ધચક્ર યન્ત્રને અનુલક્ષીને બનાવેલું સ્તોત્ર ન મળતાં જે ઉપલબ્ધ થયું તે આપવું પડ્યું છે.

## જયાદિવલય અંગે

ધુરંધરવિજયવાળી પૂજનવિધિમાં પાંચમું વલય અધિષ્ઠાયકોનું અને છઠ્ઠું જયાદિદેવીનું આપ્યું

છે તે બરાબર નથી. યંત્રના વલયમાં જે ક્રમ છે તે ક્રમ મુજબ જ પૂજન થવું જોઈએ. એટલે પાંચમું જયાદિનું અને પછી જ છઠ્ઠું અધિષ્ઠાયકોનું પૂજન થવું જોઈએ. સિરિવાલ ગ્રંથમાં પણ આ જ ક્રમે પૂજન બતાવ્યું છે. અધિષ્ઠાયક શબ્દથી આમ તો સિદ્ધચક્રના તમામ દેવદેવીઓ સમજવાના છે, એટલે આહ્‌વાહનનો વિધિ જયાદિ વલય પહેલાં જ કરી લેવાય તો પછી ક્રમ ભંગ કરવો ન પડે. પછી ક્રમશઃ જયાદિનું પૂજન કરીને પછી વિમલેશ્વરાદિ અધિષ્ઠાયક વલયનું પૂજન થાય તો તે સુયોગ્ય બને!

## એક મહત્ત્વની વાત—

જયાદિના પૂજનમાં **जयन्ती** દેવીનું પૂજન થાય છે. જ્યારે આ પૂજનના અંતમાં બોલાતી [1]પ્રાર્થનાના શ્લોકમાં **जयन्ती**ની જગ્યાએ **अजिता** નામ છે. એટલે આ જગ્યાએ **जये**[2] **च विजये चैवाजिते** આવો પાઠ છે. તેની જગ્યાએ **जये च विजये चैव, जयन्ति चापराजिते** આવો પાઠ બોલવો જોઈએ, તો જ પ્રાર્થના શુદ્ધ થાય. આપણા સિદ્ધચક્રના બધા યંત્રોમાં સર્વત્ર **जयन्त्यै नमः।** પાઠ જોવા મળ્યો છે. છતાં આ પૂજનવિધિમાં સત્તાવીસ સત્તાવીસ વરસના દીર્ઘ સમયથી નહીં ઘટમાન થતો એવો શ્લોક સર્વત્ર બોલાતો આવે છે. આજ સુધી એનો કોઈને ખ્યાલ પણ આવ્યો નહીં, એ કેવું ખેદજનક!

અલબત્ત ચાર દેવીઓમાં **अजिता**ને પણ સ્થાન છે, પરંતુ આ યંત્ર પૂરતું વિચારીએ તો અહીં અજિતાને કોઈ સ્થાન જ નથી. સ્થાન છે જયંતીને જ. સુજ્ઞો વિચારે!

## ચાર અધિષ્ઠાયકનું પૂજન કોળાથી જ કરવાનું છે–

બીજું ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે–ચાર અધિષ્ઠાયકોનું પૂજન સાથે જ કરવું જોઈએ, અને પૂજનમાં ચારેય જગ્યાએ (ચાર) કોળાં[3] જ ચઢાવવાં જોઈએ છતાં વર્તમાનમાં

---

૧. આ શ્લોક પૂજનવિધિમાં છે.

૨. जया विजया કે जय विजय આ નામનો શું જાદુ છે કે અનેક બાબતના સંકુલમાં, સમૂહમાં કે જાતજાતની જગ્યાએ આ બંને નામો મલ્યાં કરે છે. સુરિમંત્રની અધિષ્ઠિકા ચાર છે એમાં બેના નામોમાં जया विजया છે. ઋષભદેવ ભગવાનના ૧૦૮ પુત્રોમાં जय विजय નામ ખરાં જ, સંભવ છે કે કોઈ જૂના યંત્રમાં जयन्तीના પૂજનની જગ્યાએ अजिता નામ હોય, વાસ્તુશાસ્ત્રની શિલાસ્થાપન માટેની આઠ શિલાઓમાં બે શિલાઓનાં નામ जया विजया છે. જંબૂદ્વીપના ફરતા કિલ્લાના ચાર દ્વારમાં બે દરવાજા जय विजय નામના જ છે. સમોસરણના ચાર દરવાજાના પ્રાતિહારીઓમાં બેનાં નામ जय विजय છે. આમ મારી પાસે આવી અનેક બાબતોની નોંધ છે. અહીં તો નમૂના રૂપે જ રજૂ કરી છે. આથી આ બંને વસ્તુનું મહત્ત્વ સંસારમાં કેટલું બધું હશે તેનો ખ્યાલ આવશે. માણસને પોતાના જીવનના ક્ષેત્રમાં આખરી ઇચ્છા જય વિજયની જ હોય છે ને! એને આપનારી આ દેવીઓ છે. જય વિજય નામો કેવા વ્યાપક છે તેની વિસ્તૃત નોંધ પરિશિષ્ટ નંબર એકમાં આપી છે.

૩. મૂલપાઠ चत्तारिं उ कोहलाउ चक्काहिगयगपएसु ।। (सिरि. कहा ११६८)

चक्राधिष्ठायके न्यसेत् कुष्माण्डमुत्तमम्–સ્તુતિ ચોવીશી અધિષ્ઠાયક તરીકે ચારને જ જણાવ્યા છે અને ૧૨ દેવીઓને 'सेविका' તરીકે ઓળખાવી છે તે ધ્યાનમાં રાખવું.

વરસોથી વિધિવાળાઓ અજ્ઞાનભાવે ત્રણ કોળાં ચઢાવરાવે છે અને એકમાં શ્રીફળ મૂકાવે છે, જે તદ્દન ખોટું છે.

## પ્રાર્થનાના શ્લોકો બાબત—

પ્રથમ વલયના અન્તે પ્રાર્થનાના શ્લોકો નથી. ત્યારપછી પ્રાર્થના બીજા ત્રીજા વલયોના અંતે પણ આપી નથી. પણ તે પછી ગુરુપાદુકાના પૂજનને અન્તે આપવામાં આવી છે. પણ ત્યાં ખૂબી એ કરી છે કે બીજા-ત્રીજા વલયની પૂજાના ઉલ્લેખને સમાવીને કરી છે, એટલે ભલે બીજા-ત્રીજા વલયના પૂજનને અન્તે તે નથી પણ ત્રણેયની ભેગી કરીને કર્તવ્ય અદા કર્યું છે. પણ સવાલ એ થાય કે પ્રત્યેક પૂજનને અન્તે એક શ્લોકની પ્રાર્થના શા માટે રચવામાં ન આવી? જો બીજાથી લઈને ચોથા સુધીની પ્રાર્થનાનો શ્લોક રચ્યો, તો પછી પહેલા વલયને અન્તે શ્લોક નહીં હોય એવું કેમ મનાય? દિક્પાલ અને ગ્રહને પ્રાર્થના છે પણ ગ્રહની પ્રાર્થના તો બીજી કૃતિમાંથી અહીં ઉદ્ધૃત કરી છે. ગુરુપાદુકા પછી જયાદિ પૂજનની પ્રાર્થના જયાદિ પૂરતી જ આપી છે. ત્યાર પછી પ્રાર્થના દ્વારપાળ પૂજનના અન્તે છાપી છે, અને આ પ્રાર્થનામાં અધિષ્ઠાયકથી લઈને ચાર વીર સુધીનાં દેવદેવીઓની પ્રાર્થના સમાવી દીધી છે. શ્લોકનો પ્રારંભ **विमलस्तत्परिवारो देवा-देव्यश्च सद्दशः।** આ રીતે છે.

વિમલથી વિમલેશ્વર લેવાના છે. **देवादेव्यः** શબ્દથી અન્ય પાંચેય પ્રકારના દેવદેવીઓ લેવાના છે એથી લાગે છે કે વિધિકારે આ પદ્ધતિ એવી પણ સ્વીકારી છે, કે બે ચાર પૂજનની પ્રાર્થના ભેગી જ કરી લેવી.

હવે આ પદ્ધતિ જોતાં તરત જ સમજાશે કે અધિષ્ઠાયકના વલય બાદ જયાદિનું પૂજન રાખ્યું તે બિલકુલ અપ્રસ્તુત છે. જો પ્રસ્તુત હોત તો જયાદિના પૂજનની સ્વતંત્ર પ્રાર્થના આપી તે કદી ન આપત, કેમકે **देवा देव्यश्च** શબ્દથી જયાદિનું પણ ગ્રહણ થઈ જવાનું જ હતું. બીજું વચમાં **विमलस्तत्परिवारो** આ શ્લોકથી અધિષ્ઠાયક વલયથી ચાર સુધીની એક શૃંખલા જે સ્વીકારી છે તેનો જયાદિ પ્રાર્થનાનો શ્લોક ભંગ કરે છે, અને તે કારણે **विमलस्तत्** આ શ્લોક પછી ઘટમાન થતો નથી.

આ પૂજનની જ બીજી સુવ્યવસ્થિત પ્રતિ જો ઉપલબ્ધ થાય તો જ આ પ્રતની અપૂર્ણતાઓ પૂર્ણતામાં (અધિકાર પૂર્વક) ફેરવાઈ જાય અને અન્તિમ સત્ય હાથમાં આવે.

## પૂજન માટે વલયો વગેરેનો અનુક્રમ સાચો કયો?

પૂજનવિધિનું વર્ણન વર્તમાનમાં સર્વોચ્ચકોટિની આધારભૂત ગણાતી **सिरिवालकहा**-કથા છે. તેમાં શ્રીપાલ મયણાએ યંત્રનું પૂજન કર્યું તે પ્રસંગ બતાવ્યો છે. એના આધારે સાચો ક્રમ કયો છે તે, અને શ્રી ધુરંધરવિજયજી મહારાજની પૂજનવિધિમાં ખોટો ક્રમ જે રજૂ થયો છે, તે પણ નીચે રજૂ કરૂં છું.

| સાચો ક્રમ | ખોટો ક્રમ |
|---|---|
| ૧. નવપદજીનું (પ્રથમ વલય) પૂજન | ૧. નવપદનું પૂજન |
| ૨. અનાહતોનું (૧૬નું) | ૨. સ્વરવર્ગનું |
| ૩. સ્વરવર્ગાદિકનું (બીજું વલય) | ૩. અનાહતોનું |
| ૪. લબ્ધિપદોનું (ત્રીજું વલય) | ૪. લબ્ધિઓનું |
| ૫. ગુરુપાદુકાનું | ૫. ગુરુપાદુકાનું |
| ૬. જયાદિ દેવીનું | ૬. અધિષ્ઠાયકોનું |
| ૭. અધિષ્ઠાયક દેવોનું | ૭. જયાદિ દેવીનું |
| ૮. વિદ્યાદેવીઓનું | ૮. વિદ્યાદેવીઓનું |
| ૯. યક્ષ-યક્ષિણીઓનું | ૯. યક્ષ-યક્ષિણીઓનું |
| ૧૦. દ્વારપાલોનું | ૧૦. દ્વારપાલોનું |
| ૧૧. ચાર વીરોનું | ૧૧. ચાર વીરોનું |
| ૧૨. નવનિધિઓનું | ૧૨. દિગ્પાલોનું |
| ૧૩. નવગ્રહોનું | ૧૩. નવગ્રહોનું |
| ૧૪. દશદિગ્પાલોનું | ૧૪. નવનિધિઓનું |

અહીંયા અનાહત પૂજન, જયાદિ દિક્પાલ, ગ્રહ, અને નવનિધિ આટલા પૂજનમાં ક્રમભંગ થાય છે.

છાપેલી વિધિમાં શાસ્ત્રોક્ત સ્પષ્ટ ક્રમ છતાં પૂરતું લક્ષ્ય ન આપવાના કારણે બિનજરૂરી અને અયોગ્ય રીતે ક્રમભંગ થયો છે, આ એક અત્યન્ત ખટકે તેવી બાબત છે.નવી આવૃત્તિમાં આ ભૂલનું પરિમાર્જન કરવું જ રહ્યું.

## અનાહતો ૧૬ કે ૧૭ તે અંગે—

અનાહતોની આકૃતિઓ ત્રણ જગ્યાએ છે, પણ બે સ્થળની એટલે આઠ, બીજા વલયમાંના ચોરસ અનાહતો અને ત્રીજા લબ્ધિવલયના લંબગોળ આઠ અનાહતો. આ અનાહતો કોઈ પણ વર્ણાક્ષર કે કોઈ આકૃતિમાંથી નીકળતા નથી બતાવ્યા, પણ સ્વતંત્ર જ બતાવ્યા છે. પૂજનવિધિમાં તેનું પૂજન કરવાનું જણાવ્યું છે, પણ કેન્દ્રમાંના હ્રીંકારમાંથી નીકળતો અનાહત જે (વર્ણાક્ષર) હ્રીં બીજમાંથી પ્રગટ થતો હોવાથી તેનું પૂજન બતાવ્યું નથી. આથી એક વાત એમ પણ સમજાય છે કે બીજા વલયમાં અનાહતો જેમ (વર્ણયોગ વિનાના) સ્વતંત્ર છે તેવી જ રીતે ત્રીજો અનાહત જો તેના જેવો નાતીલો ગણાતો હોત તો તેનું પૂજન કરવા જણાવ્યું હોત, તો પછી સત્તર અનાહતોનું પૂજન થાત.

આઠ આઠ અનાહતો અલગ અલગ વલયમાં હોવા છતાં પૂજન તો બંનેનું એકી વખતે સાથે જ કરવાનું જણાવ્યું છે.

## જાપ કેવા પદથી કરાવવા?

પ્રથમ વલયના પૂજનમાં ભાવોલ્લાસ કે સંતોષ ખાતર (વિધાન નહીં હોવા છતાં) નવપદજીના નવપદોની માલા દરેક ખાનાનાં પૂજન બાદ ગણવામાં આવે છે, પણ સુપ્રસિદ્ધ પ્રથા મુજબ ગટ્ટાની અંદર પ્રાકૃત મંત્રપદો હોવાથી તે જ ગણવાનું કહેવામાં આવે છે. પણ મને લાગે છે કે આ યંત્રમાં આદ્ય વલયમાં પ્રાકૃતની જગ્યાએ સંસ્કૃત નામો મૂકાયાં છે, ત્યારે જાપ પણ સંસ્કૃત પદોનો જ કરાવવો ઉચિત છે. જેમકે ॐ ह्रीँ अर्हद्भ्यः स्वाहा। ઇત્યાદિ. જે નામથી પૂજન થાય, જાપ પણ તે જ નામનો હોવો જોઈએ. ત્યાં ભિન્ન ભાષાનો ઉપયોગ કરવા જરૂર નથી. આ યંત્ર પૂરતી આ વિશેષતા છે.

## ચોવીશીઓ સાથે સ્પર્શતી વિચારણા—

પૂજનવિધિની પુરાણી હસ્તલિખિત પ્રતિમાં પ્રારંભમાં ત્રણ ચોવીશીઓ આપી હતી. એમાં પહેલી ચોવીશીના શરૂઆતના ૧૩ાા શ્લોક પૂરતું પાનું નષ્ટ થવાથી અપ્રાપ્ય હતા, એટલે પૂજનવિધિની મુદ્રિત બીજી આવૃત્તિમાં પં. શ્રી ધુરંધરવિજયજીએ નવા ૧૩ાા શ્લોક બનાવીને ચોવીશીની પૂર્તિ કરી. રચના સુંદર બની, પણ એક વાત મુનિજીના ધ્યાનમાં ન રહેવાથી મારી દ્રષ્ટિએ એક વસ્તુની દ્વિરુક્તિ ઊભી થવા પામી છે. જે નીચે મુજબ છે.

જેનો એક વાર ઉલ્લેખ થયો હોય પછી તે નામનો બીજી વાર ઉલ્લેખ કરવાનો હોય નહિ. ચૌદમો પ્રાચીન અડધો શ્લોક सन्तु...दिक्पालाः આ છાપ્યો છે. આમાં દિક્પાલનું કથન આવી જ જતું હતું, પણ આ વાત ધ્યાનમાં ન આવવાથી નવા શ્લોકો બનાવ્યા તેમાં બીજીવાર મુનિજીએ દિક્પાલનો ઉલ્લેખ इन्द्राद्या दश दिक्पालाः લખીને કર્યો. બંને શ્લોક પાસે હોવા છતાં (૧૩-૧૪) અનુપયોગે દ્વિરુક્તિ થવા પામી. જે ક્ષતિ નાની છતાં અહીં માટે ઘણી મોટી.

બીજી વાત—

પહેલી ચોવીશી યન્ત્રમાં સ્થાપિત કરવાના દેવદેવીઓના નામોની બાબતને જણાવતી છે. બીજી ચોવીશી સ્થાપિત કરેલા પરમેષ્ઠી આદિ તથા દેવદેવીઓની પૂજા શેનાથી કરવી તે જણાવતી છે.

સામાન્ય નિયમ એવો છે કે યન્ત્રમાં જેની જેની સ્થાપના કરી હોય તે બધાયનું પૂજન કરવાનું હોય છે. પણ ગમે તે કારણે અહીં એક વિચિત્રતા સર્જાઈ છે અને તે એ કે પહેલી ચોવીશીમાં ૧૬ વિદ્યાદેવીની સ્થાપના કરી છે પણ તેનું પૂજન બીજી ચોવીશીમાં બતાવ્યું નહીં. આ પૂજનની વાત જણાવવી કેમ રહી ગઈ હશે? તે વિચારવું રહ્યું.

બંને ચોવીશી વચ્ચે બીજી એક વિચિત્રતા એ છે કે સ્થાપના ક્રમ પ્રમાણે જ પૂજન ક્રમ

દર્શાવવો જોઈએ પણ ક્રમમાં વ્યુત્ક્રમતા છે. અર્થાત્ બંને વચ્ચે સુમેળ નથી. એથી વધારે નવાઈ એ છે કે સિરિવાલકહા ગ્રંથના ક્રમ જોડે પણ પૂરો મેળ નથી.

પૂજનવિધિની પૂર્ણાહુતિમાં કરવામાં આવતા ચૈત્યવંદનમાં બોલાતા **मन्त्रमहोदधिममलं** અને **ऊर्ध्वाधोरयुतं** આ સ્તોત્રોની હકીકતો ચાલુ યંત્રની જોડે મેળ ખાતી નથી. અરે! યંત્રની રચના-સ્થાપના પદ્ધતિ વગેરે બાબતોમાં બંને સ્તોત્રો પરસ્પર અલગ અલગ વાત કરે છે. આમ કેમ થવા પામ્યું તેની વાત મારે અહીં કરવાની નથી. પણ આ સ્તોત્રો, યંત્ર બનાવવા માટે કેવા વિવિધ આમ્નાયો-પદ્ધતિઓ પ્રવર્તમાન હતી તે સૂચિત કરે છે.

## પૂજનવિધિના પ્રારંભમાં स्वस्ति-नमोर्हत्० આવે છે તે શું છે?

વિધિ છપાવનારને કે વિધિવાળાઓને **स्वस्ति** એ શું છે તેનો ખ્યાલ ન હોવાના કારણે જે રીતે છાપવું જોઈએ તે રીતે છપાવ્યું પણ નથી. ગતાનુગતિક બોલી જવામાં આવે છે પણ વિધિવાળાઓએ કે આરાધકોએ પુરૂં રહસ્ય જાણવાની ખેવના રાખવી જોઈએ.

વાત એવી છે કે અનુષ્ઠાનમાં, પ્રારંભમાં કલ્યાણકારી પાઠનું અર્થાત્ જેનું મુખ્ય પૂજન હોય તેના વર્ણનના પાઠનું શ્લોકો દ્વારા સભા સમક્ષ વાંચન કરવાનું હોય છે. એટલે એકલો **स्वस्ति** શબ્દ છાપવાનો હોય જ નહિ. કેમકે તેથી વસ્તુ સ્પષ્ટ થતી જ નથી. **स्वस्ति**નો અર્થ માત્ર કલ્યાણ થાય છે. પણ અહીં તો વાંચન કરવાનું છે એટલે છાપતી વખતે **स्वस्ति** જોડે વિષય વાચક **वांचन** શબ્દ છાપવો જ જોઈએ તો જ વિષય સમજાય. જેમકે—

**स्वस्तिवांचन–नमोऽर्हत्०॥** આ રીતે. અથવા **णमोऽर्हत्** પૂરું છાપવું. ભવિષ્યમાં વિધિ છપાવનારે આ બાબત ધ્યાનમાં રાખવી.

## શાંતિકળશના દણ્ડકમાં ૨૫ વરસથી ચાલી આવતી ક્ષતિ

મારી દૃષ્ટિએ એક મહત્ત્વની ભૂલ છેલ્લા શાંતિદંડકના પાઠની ચાલી આવે છે. જો કે તે પાઠ મારે જ્યારે બોલવાનું બને છે ત્યારે તો હું તે પાઠ સુધારીને જ બોલું છું.

તે ભૂલ કઈ? તો તે આ પ્રમાણે-

પ્રારંભમાં ૐ **पञ्चरुकूह्रींकारश्च श्रीऋषभादि०** આવો પાઠ છે. એના બદલે ૐ **पञ्चरुकूह्रींकारस्थ श्रीऋषभादि०** આવો પાઠ જોઈએ. એટલે કે વચમાં જે **श्च** પા૦ છે એની જગ્યાએ **स्थ** પાઠ જોઈએ, તો જ અર્થસંગતિ બરાબર થાય છે. અહીંયા **च** પાઠ મૂક્યો છે તે ગુજરાતીમાં 'અને' અર્થવાળા અવ્યયનો વાચક છે. અહીં બે વસ્તુ જુદી પાડવાની નથી. અથવા બે વસ્તુ જોડવાની નથી. પછી શા માટે 'અને' વાચક **च** મૂકાયો હોય? તેથી તે સર્વથા અનાવશ્યક છે. મુદ્રણમાં **श्च** પછી, અર્થહીન અલ્પવિરામ મૂક્યું છે, તેથી નકામો ભ્રમ ઊભો થયો છે. ત્યાં બે વાક્યો છે જ નહિ. ભ્રમાત્મક અલ્પવિરામને હઠાવી **श्च**નો **स्थ** કરવાથી એક જ વાક્ય બની જશે.

તો એ એક વાક્યનો અર્થ શું કરવો?

ह्रीँ પાંચ વર્ણનો છે. ह्रीँકારના કલ્પમાં, ઋષિમંડલ યંત્રના સ્તોત્ર[1] અને આમ્નાય વગેરે રચનાઓમાં, પાંચવર્ણના ह्रीँકારનું બહુ જ સ્પષ્ટ અને હેતુ સાથે વિધાન કર્યું છે. એટલે સાચો અર્થ એ નિષ્પન્ન થશે કે पञ्च એટલે પાંચ रुक् એટલે વર્ણ, પાંચ રંગવાળા એવા ह्रीँकारस्थ એટલે ह्रीँકારમાં સ્થિત શ્રી ઋષભદેવ વગેરે ૨૪ તીર્થંકરોને નમસ્કાર.

મારી સમજ મુજબ આ જ અર્થ સાચો છે, કેમકે તીર્થંકરોને આપણે પણ પાંચ વર્ણવાળા સ્વીકાર્યા છે. એ પાંચેયને પોતપોતાના રંગવાળા ભાગમાં ચીતરવાના કે મૂકવાના હોય છે. મૂર્તિરૂપે ન ચીતરાય તો તેના બદલે તેનાં નામો લખવાનાં હોય છે. તે ત્યારે જ બની શકે કે ૨૪ તીર્થંકરોના બેસવાના ह्रीँ રૂપ સિંહાસનને પાંચ વર્ણનું કલ્પીએ તો જ.

ચોવીશ પૈકી ૧૬ તીર્થંકરો સુવર્ણવર્ણના એટલે પીળા, જે હ્રીઁકારના મસ્તક સાથેના હ્ર વર્ણમાં મૂકવાના હોય છે. બાકીના આઠ તીર્થંકરો રહ્યા તે, હ્રીઁકારના બાકીના ચાર ભાગમાં મૂકવાના હોય છે. એટલે ह ઉપર આવતો અર્ધચંદ્રાકાર 'કળા' પછી આવતું 'બિંદુ' ० અને તે ઉપર આવતો (પ્રાયઃ) ત્રિકોણાકાર 'નાદ' V અને हને જોડવાનો દીર્ઘ સ્વર ई, આ ચારમાં બબે મૂકવાના હોય છે. કળા લાલ હોવાથી લાલવર્ણના છટ્ઠા અને બારમા બે તીર્થંકરો, બિંદુ શ્યામ કલ્પેલું હોવાથી ૨૦મા અને ૨૧મા અને નાદ શ્વેત કલ્પેલો હોવાથી આઠમા અને નવમા બે શ્વેત, અને દીર્ઘ ઈને લીલો (વિકલ્પે ઘેરોબ્લ્યૂ) કલ્પેલો હોવાથી ત્યાં ૧૯મા અને ૨૩મા પાર્શ્વનાથ બે તીર્થંકરો મૂકવાના છે. ૨૩ તીર્થંકરોને પદ્માસને મૂકવામાં આવે છે. જ્યારે ભગવાન પાર્શ્વનાથને વિશિષ્ટ કારણસર ઊભા ઊભા કાયોત્સર્ગ મુદ્રામાં ધ્યાનસ્થ અવસ્થામાં ચીતરવામાં આવે છે.

આ પ્રમાણે સાધકને ૨૪[2] 'તીર્થંકરોનું તે તે રંગ સહિત ધ્યાન કરવા માટે આ વ્યવસ્થા છે, માટે જ स्थ જોઈએ. क्ष વ્યાકરણ કે અર્થ દૃષ્ટિએ પણ બંધબેસતો જ નથી. આખું વાક્ય એક કરી અર્થ કરો તો જ અર્થપૂર્ણતા થાય છે. નહીંતર અર્થ સાકાંક્ષ રહે છે. લહિયાની અશુદ્ધિ હોય કે પ્રેસકોપી કરવાવાળા સમજી ન શક્યા હોય તેથી स्थનો क्ष લખાઈ જાય કે વંચાઈ જાય તેમાં નવાઈ નથી. આવું તો હસ્તલિખિત પ્રતિઓમાં સેંકડો સ્થળે અક્ષર કે શબ્દોના અર્થાભાવના જાણકારીના અભાવે ઘણા ગોટાળા થયા છે.

શાંતિકળશમાં કોઈ પણ જાતના વિશેષણ રહિત માત્ર सर्वानाहतेभ्यो શબ્દ વાપર્યો છે. એ સૂચિત કરે છે કે અનાહતો સર્વતંત્ર સ્વતંત્ર છે. કોઈના આધાર લઈને જ આલેખવા જોઈએ તેવું નથી એમ સ્પષ્ટ કરે છે.

---

૧. ઋષિમંડલનો કેન્દ્રીય હ્રીઁ પાંચ વર્ણનો જ છે. તે મુજબ ચીતરવામાં પણ આવે છે. જુઓ સ્તોત્રની एकवर्णं द्विवर्णं થી લઈને શેષા૦ ગાથાઓ એટલે ૨૦ થી ૨૬ ગાથાઓ.

૨. જો કે ૨૪ તીર્થંકરોની મુખ્યતા આમ તો ઋષિમંડલના કેન્દ્રીય હ્રીઁ સાથે જ સંબંધ ધરાવતી હોવા છતાં સિદ્ધચક્ર યંત્રમાં કલશ પાઠના પ્રારંભમાં જ કેમ ઉલ્લેખ કર્યો હશે તે વિચાર આવે તેવી બાબત છે. બીજી રીતે વિચારીએ તો સમાધાન સાધી શકાય ખરું.

વળી ॐ **अवर्गाय नमः** ને બદલે ॐ **स्वरेभ्यो नमः** પદ વાપરવું વધુ સુયોગ્ય છે. કેમકે સ્વરોને વર્ગ કહેવો એ કેટલે અંશે ઉચિત છે? વ્યંજનોનો વર્ગ કલ્પવો (**कवर्गाय** ઇત્યાદિ) એ તો સર્વથા સમુચિત છે. કેમકે પ્રત્યેક વર્ગમાં સંનિષ્ઠ વ્યંજનોનાં ઉચ્ચારણ સ્થાન સમાન છે. સમાન સ્થાનીય અક્ષરોનો વર્ગ બની શકે પણ સ્વરોમાં તેવું નથી ત્યાં તો જુદા જુદા સ્વરોનાં ઉચ્ચારણ સ્થાન અલગ અલગ છે. એ જોતાં ॐ **स्वरेभ्यो नमः** આ શબ્દથી (બીજા વલયમાં) પૂજન કરાવવું ઉચિત છે, અને શાંતિકળશમાં પણ ॐ **स्वरेभ्यो नमः** આ પદ જ વાપર્યું છે. ॐ **अवर्गाय नमः** આ પદ નથી વાપર્યું. જે મારા વિચારને ટેકો આપે છે.

શાંતિકળશના (દણ્ડક) પાઠમાં ગુરુપાદુકા પછી જયાદિદેવી, વિદ્યાદેવીનો સ્પષ્ટ નામ લેવા-પૂર્વક ઉલ્લેખ કર્યો નથી. યદ્યપિ **सिद्धचक्राधिष्ठायकदेवा देव्यो** શબ્દ વાપર્યો છે. એમાં રહેલા દેવ-દેવી શબ્દથી વાચકને થાય કે ગુરુપાદુકા પછી આવતા બધાય દેવદેવીઓનું ગ્રહણ કર્યું છે એમ શું સમજી ન લેવાય? આવો વિચાર થાય પણ જો બધાયને અનુલક્ષીને વાપર્યો હોય તો પછી नाग, यक्ष, वीर, ग्रह ઇત્યાદિ વ્યક્તિગત નામો પુનઃ લેવાની જરૂર જ ન હતી. અને 'અધિષ્ઠાયક' શબ્દ મૂક્યો છે તેથી તો લાગે કે અધિષ્ઠાયક વલય પૂરતો જ આ ઉલ્લેખ છે. એટલે આ વાત ખટકે તેવી છે. એટલે આ નામો ઉમેરવાં કે કેમ તે ગંભીરતાથી વિચારવું રહ્યું. ઘણી વાર લહિયાઓ પ્રતિઓ અશુદ્ધ લખતા હતા, અધૂરી લખતા હતા. એ સંજોગોમાં ઉપરોક્ત વિચારવાનું સંપ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે પૂજનવિધિ સાથે સંબંધ ધરાવતી બાબતો અંગેની જરૂરી સૂચનાઓ–હકીકતો સમાપ્ત થાય છે.

અહીંયા યન્ત્ર અને પૂજન અંગેની વિચારણા પૂરી થઈ.

❀

## સિદ્ધચક્ર કે તેના યંત્રનું મહત્ત્વ શાથી છે તે અંગે એક સમજવા જેવી અગત્યની વાત–

## જાતિવાચક પદોનું મહત્ત્વ અને તેથી જ તેનું શાશ્વતિકપણું—

આ યંત્રમાં અરિહંતાદિ જે પાંચ પરમેષ્ઠીઓ છે. તે કોઈ એક એક વ્યક્તિઓ નથી, પણ દરેક પદ પોતાના ગર્ભમાં અનંત વ્યક્તિઓને સમાવીને બેઠેલું છે, એટલે પ્રત્યેકપદ સમષ્ટિરૂપ–સમુદાય વાચક છે. અર્થાત્ કોઈ વ્યક્તિગત અમુક તીર્થંકર, અમુક સિદ્ધ કે અમુક આચાર્યનું નામ નથી. કદાચ એ રીતે રાખ્યું હોત તો તે સર્વદા માટે માન્ય પણ ન રહેત! છેવટે શાશ્વત કાળ ટકત પણ નહીં. ત્યારે આમાં વ્યક્તિનું નહિ પણ જાતિઓનું ગ્રહણ કરવામાં આવ્યું છે. અર્થાત્ આ નામો વ્યક્તિવાચક નથી એ હકીકત છે. વ્યક્તિ કે વ્યક્તિવાદ શાશ્વત નથી, પણ જાતિ કે જાતિવાદ શાશ્વત છે, તે હંમેશા રહેવાવાળો છે. વ્યક્તિ કરતાં જાતિ મહાન છે.

સિદ્ધચક્રની ખૂબી એ જ છે કે એમાં વ્યક્તિપૂજા નથી, પણ જાતિપૂજા છે અને ગુણવાચક પદો હોવાથી ગુણની પૂજા છે.

અર્થાત્ તે તે ક્ષેત્રની તે તે કાલની (ત્રૈકાલિક) તમામ વ્યક્તિઓનો એમાં સમાવેશ છે. આ યંત્રમાં રહેલી સમષ્ટિના-સામુદાયિક નમસ્કારની ગંભીર, વિશાળ અને ઉદાત્ત ભાવના એ સૂચિત કરી જાય છે કે વ્યક્તિપૂજાના લાભો કરતાં જાતિપૂજાના લાભો અનંત છે. જાતિની સંખ્યા અનંત છે, તો તેના લાભનો સરવાળો પણ અનંતગુણ જ આવીને ઊભો રહે, એ સહુ કોઈથી સમજી શકાય તેવી સરલ વાત છે.

જાતિવાચક કે ગુણવાચક આત્માઓનાં નમન, વંદન પૂજનથી ભૂત, ભવિષ્ય અને વર્તમાન ત્રણેય કાળના અરિહંતો, સિદ્ધો, આચાર્યો, ઉપાધ્યાયો, અને સાધુઓનું ગ્રહણ થતું હોવાથી એક પદનું સ્મરણ કરવાથી અનંતાનંત વ્યક્તિઓનાં નમન-વંદનાદિના લાભો મળે છે. દાખલા તરીકે **'नमो अरिहंताणं'** આટલું બોલી નમસ્કાર કર્યો. એમ કરવાથી સર્વકાળ (અનંત ભૂત અને અનંત ભાવિ)ના અને સર્વક્ષેત્રના (૧૫ કર્મભૂમિઓના) અરિહંતો કે જે મહાન આત્માઓએ ભૂતકાળમાં પોતાના આત્માના આંતરદોષો ઉપર વિજય મેળવી જેઓએ તિરોહિત એવા અનંતગુણોનો આવિર્ભાવ કર્યો, વર્તમાનમાં પ્રસ્તુત અનંતગુણોનો આવિર્ભાવ પ્રગટ કરી રહ્યાં છે, અથવા આવિર્ભાવ કરી વિચરી રહ્યા છે. તેમજ ભવિષ્યમાં જેઓ આવિર્ભાવ કરશે, તે તમામ અરિહંતોને નમસ્કાર થઈ જાય છે. એ જ પ્રમાણે શેષ ચાર પરમેષ્ઠીઓ માટે ઘટાવી લેવું.

અહીં એક માર્મિક બાબત સમજી લેવી જરૂરી છે કે એકની આરાધનાનું લક્ષ્ય રાખીને અનેક કે અનન્તની આરાધના કરવી, એ કરતાં અનેક કે અનંતનું પ્રથમથી જ લક્ષ્ય રાખીને અનંતની-સહુની આરાધના કરવી, એ એક અસાધારણ નોખી જ બાબત છે.

વ્યક્તિ દ્વારા જ્ઞાતિનું ગૌરવ કરવું, અને જ્ઞાતિ દ્વારા વ્યક્તિનું ગૌરવ કરવું, એ બે વચ્ચે મહદ્ અંતર છે.

ગૌરવભર્યા, ઝલકતા જાતિવાચક પદોની રચના એ જ સિદ્ધચક્ર યંત્રને શાશ્વતો ઠરાવવા માટેનું અનન્ય સાધન છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# આર્ષભીયચરિત મહાકાવ્યમ્ વિજયોલ્લાસ મહાકાવ્યમ્ તથા સિદ્ધસહસ્રનામકોશની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૩૪ ઇ.સન્ ૧૯૭૮

૩૮

## આર્ષભીય ચરિત્ર અને વિજયોલ્લાસ બે મહાકાવ્યો અને એને અનુલક્ષીને કથનીય કંઈક

વિ. સં. ૨૦૨૯ અને ઈ. સન ૧૯૭૩ની[1] સાલમાં મારી માતૃભૂમિ-જન્મભૂમિ અને ન્યાયવિશારદ ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજશ્રીની સ્વર્ગવાસ ભૂમિ ડભોઈ (દર્ભાવતી) મુકામે સ્વ. પૂ. યશોવિજયજી મહારાજની નવી ભવ્ય દેરી અને ગુરુમૂર્તિની પ્રતિષ્ઠા પ્રસંગે, સાથે સાથે મહોપાધ્યાયજીના જીવન અને કવનથી જૈન-અજૈન વિદ્વાનો અને પ્રજાને પરિચિત કરાવવા 'શ્રી યશોવિજય સારસ્વત સત્ર'' આ નામ નીચે સત્રોત્સવ પણ ઉજવવાનું નક્કી કર્યું હતું. પૂજ્યપાદ ચાર આચાર્યોની અધ્યક્ષતામાં સવાર, બપોર જાહેર સભાઓ યોજાતી, પૂજ્યપાદ ગુરુદેવોના વક્તવ્ય સાથે દેશના વિવિધ ભાગોમાંથી આવેલા અનેક વિદ્વાનોએ પૂ. ઉપાધ્યાયજીનાં જીવન-કવન ઉપર અભ્યાસપૂર્વક મનનીય પ્રકાશ પાડ્યો હતો. સભામાં પાંચેક હજારની જનતા ઉપસ્થિત હતી. આ એક અભૂતપૂર્વ પ્રસંગ હતો. ખાસ કરીને ગુજરાતની પ્રજાને ગુજરાતના એક મહાન ધર્મ સપૂતને ઓળખવા માટે કરેલો આ પ્રયાસ આ સત્રને લીધે, તેમજ સરકારી તંત્ર અને એના પ્રચાર સાધનોના સુંદર સહકારથી તેમજ વર્તમાનપત્રોના ઉત્સાહથી સફળતાને વર્યો હતો અને મારો ઉદ્દેશ સફળ થતાં મને તેનો અવર્ણનીય અને અમાપ આનંદ થયો હતો.

---

1. ઉત્સવ ફાગણ વદિ બીજથી ફાગણ વદિ આઠમ સુધી હતો. સત્ર સાતમ-આઠમ તા. ૭-૩-૭૩ અને ૮-૩-૭૩ બે દિવસ હતું.

કરેલો સંકલ્પ

આ સત્રની બેઠકના મારા પ્રવચનને અંતે મેં એક સંકલ્પ જાહેર કરેલો કે, ઉપાધ્યાયજી ભગવંતની અનુપલબ્ધ કૃતિઓને ઉપલબ્ધ કરવા માટે તમામ પ્રયાસો કરીશ. પછી પ્રાપ્ત કૃતિઓની પ્રેસ કોપી કરી-કરાવી તેનું સંશોધન કરી, આધુનિક પદ્ધતિએ સંપાદિત કરી મુદ્રિત કરાવી, પ્રકાશિત કરાવીશ.

એ પછીનું કાર્ય, છાપેલા અનુપલબ્ધ બનેલાં ગ્રન્થો જે ઘણા જરૂરી હશે તેનું પુનર્મુદ્રણ કરાવવાનું કરીશ અને તે પછી ભાષાંતર યોગ્ય જે કૃતિઓ હોય તેનું ભાષાંતર કરી પ્રગટ કરાવવું, તે પછી ઉપાધ્યાયજીના જીવન-કવન ઉપર અભ્યાસપૂર્વક એક નિબંધ લખવો વગેરે.

પરમપૂજ્ય આગમપ્રભાકર પૂ. મુનિપ્રવર શ્રી પુણ્યવિજયજી મહારાજ આ સત્રની ઉજવણીથી અસાધારણ રીતે ખુશી થયા હતા, તે પછી ભેગો થયો ત્યારે મને પાર વિનાના અભિનંદન આપી ખૂબ જ રાજીપો વ્યકત કરેલો. પછી અમો સાથે પણ રહ્યા અને સંકલ્પ મુજબ અભિનવ કૃતિઓ માટે પ્રયાસો આદર્યા, અન્ય મિત્રોએ પણ પ્રયાસ કર્યા. કેટલીક કૃતિઓ પ્રાપ્ત થઈ. અમદાવાદ દેવશાના પાડાના ભંડારનો પુનરોદ્ધાર કરવામાં પૂ. પુણ્યવિજયજી મહારાજશ્રી સાથે હું પણ હતો. ત્યાંથી પણ ઉપાધ્યાયજીના સ્વહસ્તાક્ષરમાં જ તેઓશ્રી રચિત કૃતિઓ સારી સંખ્યામાં મળી. એ પ્રાપ્તિમાં સહુથી વધુ ફાળો પૂજ્ય પુણ્યવિજયજી મહારાજનો હતો. જેઓશ્રી મારા પ્રત્યે અનન્ય પક્ષપાત ધરાવતા હતા. તે પછી મારી વિનંતીથી તેઓશ્રીએ સુંદર સુવાચ્ય પ્રેસકોપી કરનાર ધર્માત્મા શ્રી નગીનદાસ કેવળચંદ દ્વારા કેટલીક પ્રેસકોપીઓ પણ કરાવી આપી, પોતે કરેલી તે પણ મને આપી. તે પછી તેનું સંશોધન, સંપાદન, મુદ્રણાદિનાં કાર્યો ઉત્સાહથી આરંભાયા અને ફલતઃ આજે યશોભારતીનું આ નવમું પુષ્પ બહાર પડતાં કરેલા સંકલ્પના કિનારા નજીક પહોંચવા આવ્યો છું, અને એકાદ બે વરસમાં કિનારે ઉતરી પણ જશું અને કરેલ સંકલ્પ કે લીધેલ માનસિક પ્રતિજ્ઞાની પૂર્ણાહુતિ થતાં જીવનમાં એક વિશિષ્ટ વાઙ્મયની સેવા કર્યાનો ઉંડો સંતોષ મેળવીશ.

## આજ સુધીમાં પ્રકાશિત થયેલી કૃતિઓની નોંધ

આજ સુધીમાં યશોભારતી જૈન સંસ્થા તરફથી પૂ. ઉપાધ્યાયજી ભગવાનની પંદર કૃતિઓ જે પ્રગટ થઈ ચૂકી છે તેની યાદી આ પ્રમાણે છે.

૧. ઐન્દ્રસ્તુતિ. સ્વોપજ્ઞ-સ્વકૃત ટીકા, ભાષાંતર સાથે

૨. વૈરાગ્યરતિ (મૂલ માત્ર.)

૩. સ્તોત્રાવલી સંસ્કૃત કૃતિ. હિન્દી ભાષાંતર સાથે (સ્તુતિઓ, સ્તોત્રો પત્રો આદિ)

૪. કાવ્ય પ્રકાશ, ૨, ૩ ઉલ્લાસની ટીકા, હિન્દી ભાષાંતર સાથે

૫. સ્યાદ્વાદ રહસ્ય બૃહદ્ ટીકા.

૬. સ્યાદ્વાદ રહસ્ય મધ્યમ ટીકા

૭. સ્યાદ્વાદ રહસ્ય જઘન્ય ટીકા

૮. તિઙન્વયોક્તિ (પ્રારંભ માત્ર)

૯. આત્મખ્યાતિ

૧૦. પ્રમેયમાલા

૧૧. વાદમાલા બીજી

૧૨. વાદમાલા ત્રીજી

૧૩. વિષયતાવાદ

૧૪. ન્યાય સિદ્ધાન્તમંજરી (શબ્દખંડ પૂરતી ટીકા)

બાઈન્ડીંગ કરેલા છ ગ્રન્થોમાં અને સાતમા નંબરના પુષ્પ સુધીમાં નાની-મોટી ઉપરોકત ૧૮ કૃતિઓ છપાઈ ગઈ છે. ત્રીજા પુષ્પ તરીકે યશોદોહન છપાયું છે. જેમાં ઉપાધ્યાયજીના ઉપલબ્ધ બધાય ગ્રન્થોનો પરિચય છે. શરૂઆતની ચાર પુષ્પકૃતિઓ સ્વતંત્ર એક જ ગ્રન્થરૂપે અને છઠ્ઠું પુષ્પ, ચાર કૃતિઓથી અને સાતમું છ કૃતિઓથી સંયુકત છે.

આજે આઠમા પુષ્પ તરીકે ઉપાધ્યાયજીની ત્રણ કૃતિઓનું સંયુકત પ્રકાશન થઈ રહ્યું છે. ઉપરોકત ૧૪ માં ત્રણ ઉમેરતાં કુલ ૧૭ કૃતિઓ યશોભારતી જૈન ગ્રન્થ પ્રકાશન સંસ્થા પ્રગટ કરી રહી છે. તેમાંની પંદર કૃતિઓ તો પહેલ વહેલી જ પ્રગટ થઈ છે. બાકીની બે ઐન્દ્રસ્તુતિ અને થોડાંક સ્તોત્રોવાળી સ્તોત્રાવલી અગાઉ અન્ય સ્થળેથી મુદ્રિત થઈ હતી. એમ છતાં પ્રસ્તુત બંને પ્રકાશનો અપૂર્ણ હતાં. તેથી તે બંને સુધારા-વધારા સાથે. નવીન કૃતિઓનો ઉમેરો કરવા પૂર્વક ભાષાંતર સાથે, વિશિષ્ટ રીતે પ્રકાશિત થયાં છે.

હવે ૧૦૮ બોલ, અઢારસહસ્ર શીલાંગ રથ, કૂપદૃષ્ટાંત૦ વિચારબિન્દુ, તેરકાઠીઆ, કાયસ્થિત૦ આ છ કૃતિઓ બહાર પડવાની છે. ત્યારે કુલ ૨૩ કૃતિઓ પ્રકાશિત થશે. કાર્ય ચાલુ છે.

## હવે પ્રસ્તુત ગ્રન્થ અંગે

આજે ઉપાધ્યાયજીની સ્વકૃતિ તરીકેનું આઠમું પ્રકાશન થઈ રહ્યું છે. યશોભારતી સંસ્થા તરફથી આઠમું આ પ્રકાશન ઉપાધ્યાયની ત્રણ કૃતિઓથી સંયુકત છે અને તેથી તેના પર ત્રણ નામો [1] છાપવામાં આવ્યાં છે.

આ ત્રણેય કૃતિઓનો પરિચય વિદ્વદ્વર્ય, પ્રખર સાહિત્યકાર ડૉ. શ્રી રૂદ્રદેવજી ત્રિપાઠીએ આ ગ્રન્થમાં જ આપ્યો છે તે જોઈ લેવો. જે કહેવાનું શેષ રહે છે તે અહીં જણાવું છું.

આ ત્રણેય કૃતિઓનું રચના પ્રમાણ ઘણું ઓછું હોવાથી દરેકની અલગ અલગ પુસ્તિકાને જન્મ આપવો એ હાથે કરીને નબળાં બાળકોની જમાતને જન્મ આપવા જેવું દેખાય અને તે અદર્શનીય બની જાય. એનો કોઈ અર્થ પણ ન રહે. પુસ્તકનું કલેવર પુષ્ટ બને, એ માટે આ

1. લાયબ્રેરીનું લીસ્ટ કરનારાએ, આ કૃતિની ત્રણેય કૃતિઓને તે તે અક્ષરવિભાગમાં અલગ અલગ નોંધવી. જેથી જલદી મેળવી શકાય.

સંયુકત પ્રકાશન નક્કી કર્યું. કદ વધે એ માટે ૧/૧૬ ક્રાઉન સાઈઝ પસંદ કરી. જેથી પુસ્તકને કદ સાંપડ્યું.

પ્રથમની બે કૃતિઓ ચરિત્રો રૂપે છે. બંને કૃતિઓ કાવ્યાત્મક છે. આ બંને કાવ્યો [1]મહાકાવ્યોની હરોળમાં ઊભા રહે તેવાં છે. એકનું નામ **आर्षभीय** અને બીજાનું નામ છે **विजयोल्लास**. બંને કૃતિઓને થોડી ઐતિહાસિક પણ ગણી શકાય. આર્ષભીયકાવ્ય મોટા ભાગે દ્વયર્થકકાવ્ય છે, એટલે કે એક શ્લોક બે પ્રકારના જુદા જુદા અર્થને વ્યકત કરે તે.

આ બે કૃતિઓ કાવ્યની છે. કાવ્યના વિષય ઉપર ઘણું ઘણું લખી શકાય. જૈન સાહિત્ય-કાવ્ય ઉપર ઘણા વિદ્વાનોએ યથોચિત લખ્યું છે. એમ છતાં મારા જ્ઞાનવિકાસ માટે અને કોઈ કોઈ અણસ્પર્શાએલી બાબતોને અનુલક્ષીને, કાવ્યનાં પાસા પર યથામતિ કંઈક લખી શકાય. જેમાં જૈનધર્મમાં કાવ્ય પરંપરાને શું સ્થાન હતું? આ પરંપરામાં માત્ર સાધુઓ જ જ્ઞાન–વિજ્ઞાનના ક્ષેત્રો સંભાળતા રહ્યાં, તો ગૃહસ્થો (રડ્યા–ખડ્યા અપવાદ સિવાય) શા માટે આ વિદ્યાથી અસ્પૃશ્ય રહ્યા અને આજે છે તે જૈન–અજૈન કાવ્યોમાં વચ્ચેની તુલનાત્મક છણાવટ જૈનધર્મમાં સ્વતંત્ર પ્રતિભા ધરાવતાં કાવ્યો છે ખરાં? અનુશાસક કે ઉપજીવ્ય કૃતિઓ કઈ? સ્વતંત્ર અને ઉપજીવ્યમાં વધુ પ્રમાણ કોનું? કાવ્યમાં રસો નવે હોય પણ એનું પૂર્ણવિરામ જૈન–અજૈન બંનેમાં સમાન બિન્દુ ઉપર હતું કે અસમાન? એનું પર્યવસાન કયા રસમાં થતું હતું અને જૈન ધર્મની એ મૂળભૂત ખાસીયત, આખરી ધ્યેય, કે અંતિમ લક્ષ્યનું સાતત્ય કવિઓએ કેવી રીતે જાળવી રાખ્યું? તે ઉપરાંત સૈકાવાર કાવ્યની રચના કઈ કઈ થઈ અને તેને લગતી જરૂરી બાબતોની યથાશકિત-યથામતિ રૂપરેખા આપવાની તીવ્રેચ્છા રાખેલી પણ વર્તમાનની શારીરિક માનસિક કે મસ્તિષ્કની પ્રતિકૂલ પરિસ્થિતિ અને અન્ય સાધનાક્રમ ચાલતાં હોવાથી આજે એ બધું લખી શકાય તેવી સ્થિતિ નથી; અને તેથી તેનો રંજ જરૂર છે.

કમનસીબી એ છે કે બંને કૃતિઓ [2]અપૂર્ણ મળી છે.

આ કૃતિનું **आर्षभीय** નામ વાચકોને અપરિચિત લાગશે. આવા નામની ખાસ પ્રસિદ્ધિ પણ ક્યાંય જોવા મળી નથી. સામાન્ય વાચકને વિચાર થઈ પડે કે **आर्षभीय** એટલે શું હશે? વ્યાકરણના નિયમથી **ऋषभस्य इदं आर्षभीयम्** ઋષભદેવ સંબંધી જે હોય તે આર્ષભીય અને આ ચરિત્ર છે, તેથી ઋષભનું જે ચરિત્ર તેને આર્ષભીય કહેવાય.

પહેલા તીર્થંકરનું માતા–પિતાએ પાડેલું સાન્વર્થક નામ [3]ઋષભ હતું. ઋષભ ઈશ્વર બન્યા ત્યારે સહુના નાથ–સ્વામી બન્યા કહેવાય, પણ ઉચ્ચારની થોડીક અસરલતાના કારણે કે બીજા ગમે તે કારણે ઋષભ નામને બદલે આદિ ભગવાન હોવાથી 'આદિનાથ–આદીશ્વર આ નામને

---

૧. સર્જનની અજબ-ગજબની ધૂની જગાવનાર ઉપાધ્યાયજીની સર્જન સમૃદ્ધિ અને તે પાછળનો તેઓશ્રીનો અપ્રમત્તભાવ જોતાં હરકોઈનું શિર ઝુકી જાય તેવું છે.

૨. કૃતિઓ કેમ અધૂરી રહી હશે? એ પ્રશ્નાર્થક જ રહેશે.

૩. સાધના કરનારે તો ઋષભ નામનો ઉપયોગ કરવો લાભપ્રદ છે.

ખૂબ જ પ્રસિદ્ધિ મળી છે. અજૈન ગ્રન્થવેદ-પુરાણાદિકમાં ઋષભ અને આદિનાથ બંને નામોનો ઉલ્લેખ થયો છે.

ઋષભદેવનો મહિમા જ્યારે આ દેશમાં ઉત્કટ બન્યો હશે ત્યારે અજૈન ધાર્મિક અગ્રણીઓએ જૈનોના પહેલા તીર્થંકરને પોતાના ઈશ્વરી અવતારમાં સમાવિષ્ટ કરવાનો વિચાર-નિર્ણય કર્યો, ત્યારે તેમને ચોવીશમાંથી બીજા કોઈને પસંદગી ન આપતાં બુદ્ધિ કૌશલ્ય વાપરીને એમને પહેલા તીર્થંકરને પસંદ કરીને એમને અવતારમાં સ્થાપિત કરી દીધા, અને એમને અવતાર તરીકેના નામમાં 'ઋષભ' નામ જ પસંદ કર્યું. અને રૂષભને અવતાર તરીકે જાહેર કર્યા. અને ભાગવદ્ પુરાણમાં અવતારોના વર્ણનમાં તેમનું [1]જીવનચરિત્ર પણ દાખલ કરી દીધું. આમ જડબેસલાક રીતે જૈન તીર્થંકર રૂષભ, [2]રૂષભાવતાર રૂપે અજૈન વિભાગમાં માન્ય, વંદનીય અને પૂજનીય બની ગયા.

## ભાષાંતર અંગે—

ભારતીય સંસ્કૃતિનો આત્મા પ્રાકૃત ભાષામાં જીવે છે તેમ આર્યકુલની ગણાતી સંસ્કૃત ભાષામાં પણ જીવે છે. આ ભાષા હજારો વર્ષથી આ દેશમાં સર્વત્ર પથરાએલી છે. કેમકે આ ભાષાને નિયમબદ્ધ કરવામાં આવી છે એટલે એને દેશકાળના સીમાડા બાધક ન બન્યા. જ્યારે બીજી લોકભાષા-પ્રાકૃત બોલી માટે બાર ગાઉએ બોલી બદલાય એવી સ્થિતિ હતી. વ્યવહારની ભાષા વ્યાકરણશાસ્ત્રથી સુસંસ્કારી એટલે નિયમબદ્ધ બનતાં સંસ્કૃત ભાષા જન્મી, એટલે આ દેશની હરકોઈ વ્યક્તિ એને શીખી શકે તેવી પરિસ્થિતિ નિર્માણ થઈ. એટલે જ આ ભાષામાં તમામ દર્શનકારોએ પોતાના સાહિત્યની જંગી રચનાઓ કરી છે. ભારતીય સંસ્કૃતિના આત્માને એકતાના સૂત્રે બાંધનાર, વિવિધતામાં એકતાનો અનુભવ કરાવવામાં આ ભાષાનો ફાળો ઘણો ઉમદા રહ્યો છે.

જોકે દરેક ધર્મશાસ્ત્રકારોએ પોત પોતાના મૂલભૂત શાસ્ત્રો માટે સ્વતંત્ર ભાષાઓ અપનાવી છે. જેમકે જૈનોએ પ્રાકૃત, વૈદિકોએ સંસ્કૃત અને બૌદ્ધોએ પાલી. એમ છતાં આ ધર્મશાસ્ત્રોને સમજાવવા માટે જે ભાષાનો છૂટથી ઉપયોગ થયો તે બહુલતાએ સંસ્કૃત ભાષાનો જ થયો છે. આ સમજાવવા માટે રચાયેલી સંસ્કૃત રચનાઓ સર્વત્ર **ટીકા** શબ્દથી ઓળખાય છે. આમ ભારતીય સંસ્કૃતિનો આત્મા ભાષામાં શબ્દબદ્ધ થઈ વણાઈ ગયો. આવી વ્યાપક સર્વત્ર સમાન સમાદરને પાત્ર બનેલી ભાષા પ્રત્યે આજે પનોતી ઉતરી છે. દેવભાષાથી ઓળખાતી ભાષા પ્રત્યે

---

૪. કલ્પસૂત્ર ગ્રન્થમાં ભગવાનને પાંચ વિશેષણોથી ઓળખાવ્યા છે. उसभ, पढमोराया, पढमभिक्खायरे, पढमजिणे, पढमतित्थंकरे, उसभ–રૂષભ, પ્રથમ રાજા, પ્રથમ ભિક્ષાચર-સાધુ આદિ વીતરાગ, આદિ તીર્થંકર, આજે કોઈ પ્રશ્ન કરે કે આ યુગના આદિ રાજા, સાધુ પહેલા વીતરાગ અને આદિ તીર્થંકર કોણ? તો જવાબમાં રૂષભદેવ.

૧. જુઓ ભાગવત પુરાણ.

૨. રૂષભદેવાવતારનું ચરિત્ર જૈનોથી થોડું જૂદું પડે છે. જો કે અન્તમાં થોડી વિચિત્ર વિકૃતિઓ પણ જોવા મળે છે.

એની જન્મદાત્રી ધરતીમાં જ અભાવ, અપ્રીતિ, તિરસ્કાર અને અતિ ઉપેક્ષાના ભાવો પ્રગટ થઈ રહ્યાં છે. વિદ્યાર્થીઓનું આ ભાષા પ્રત્યે સાવકી મા કરતાંએ ખરાબ એવું વર્તન જોઈને કોઈપણ સંસ્કૃતપ્રેમી ભારતીયને દુઃખ અને ચિંતા થયા વિના નહીં રહે.

ચરિત્રો આ જ ભાષામાં લખાયા છે, એટલે જો આ ભાષાનો અનુવાદ થાય તો જ તેનો લાભ બહુજન ઉઠાવી શકે. આ માટે પ્રયાસ કર્યો પણ ભાષાંતરકારોનો દુકાળ, ક્લિષ્ટ ભાષા રચનાને ભાષામાં સમજનારા ઓછા થઈ ગયા. સાધુ–શ્રમણસંઘમાં પણ સંસ્કૃત ભાષા પ્રત્યે ઘટેલો આદર, આ બધા કારણે તત્કાલ સારૂં ભાષાંતર થઈ શકે તેવી શક્યતા ન હોવાથી અહીં આપી શકાયું નથી. એટલે આ ગ્રન્થનો ઉપયોગ કેટલો થશે એની ચિંતા છતાં, ચિંતા ન કરતાં ઉપાધ્યાયજીની ઘણી મહામૂલી કૃતિઓ કાળના ખપ્પરમાં સ્વાહા થઈ ગઈ તેમ, નવી ઉપલબ્ધ કૃતિઓનું ન બને અને તે ચિરંજીવ બની રહે, એ ઉદ્દેશથી સંસ્થા પ્રકાશન કાર્ય કરી રહી છે.

હવે પ્રતિ પરિચય જોઈએ

## આર્ષભીયની પ્રતિનો જરૂરી પરિચય

આર્ષભીયની પ્રતિનું દીર્ઘમાપ ૯ા ઈંચ એક દોરો, પહોળાઈ ૪ા ઈંચ બે દોરા છે. પહેલા ખાનામાં પંકિત ૧૩ છે. પ્રારંભના પાંચ ખાનામાં અક્ષરો એક ઈંચમાં ચારથી પાંચ સમાય તેવડા મોટા લખ્યા છે. તે પછી અક્ષરો નાના થતા જાય છે. પત્ર દીઠ પંકિતપ્રમાણ ૧૪ થી ૧૯ સુધીનું પહોંચે છે અને અક્ષર સંખ્યામાન એક ઈંચમાં વધતું ગયું છે.

આ પ્રતિ એક જ હાથે લખાઈ હોય તેમ લાગતું નથી. પણ પાછળનું લખાણ ખુદ ઉપાધ્યાયજીના પોતાના અક્ષરમાં હોય તેમ સમજાય છે. પ્રતિની સ્થિતિ સારી છે. આની એક જ નકલ મળી છે. કાળી શાહીમાં લખાઈ છે. એક ભકતજનની વિનંતીથી તેને સંભળાવવા માટે આ રચના કરી છે તેવું લેખકે જણાવ્યું છે. વળી અન્તિમ શ્લોકમાં તેમને પોતાને પસંદ એવા [1]શ્રી શબ્દનો પ્રયોગ કર્યો છે. [2]આર્ષભીય પ્રતિ અંગેની આલોચના પૂરી થઈ.

વિજયોલ્લાસની પ્રતિ માપમાં લગભગ આર્ષભીય જેવી જ છે. બાકી લિપિની લઢણ અને પ્રતિની સ્થિતિ સારી છે.

આ બંને કાવ્યો નહિ પણ મહાકાવ્યોની રચના જોતાં એક નૈયાયિક પણ કવા સફળ સાહિત્યકાર બની શકે છે તે જોઈ **शिरसा मनसा मत्थएण वंदामि** પૂર્વક મસ્તક નમી પડે છે. આર્ષભીય અને વિજયોલ્લાસ બે કાવ્ય માટે મારૂં જે કંઈક કથયિતવ્ય હતું તે અહીં જણાવી દીધું છે. હવે 'સિદ્ધસહસ્ર' અંગે લખું છું.

---

૧. કેટલાક પ્રાચીન ગ્રન્થકારો ગ્રન્થના અન્તિમ શ્લોકમાં પુષ્પાંજુલિમાં સ્વવ્યકિતત્વનાં સૂચક કોઈ પણ એક સાંકેતિક શબ્દ મૂકતા હતા. ઉપાધ્યાયજીએ 'શ્રી' શબ્દ ઉપર પસંદગી ઉતારી હતી.

૨. આ ચરિત્રમાં શ્લોક ૧૩૨માં सार्धत्रयोदशसुवर्ण० ૧૩ા ક્રોડ સોનૈયાની વૃષ્ટિની નહીં ૪ વાત કરી નહીં છે. આમ તો ૧૨ા ક્રોડ સોનૈયા વૃષ્ટિની વાત સર્વત્ર આવે છે. વિદ્વાનોએ વિચારવું.

# સિદ્ધસહસ્રની પ્રસ્તાવના

સિદ્ધકોશ અથવા સિદ્ધસહસ્રનામ પ્રકરણ આ બે નામથી પરિચાયક આ લઘ્વીકૃતિ અંગે જે કંઈ કથયિતવ્ય હતું તે બહુધા ધર્મસ્નેહી શ્રી અમૃતલાલભાઈએ લખી નાંખ્યું છે. અને તે આ જ ગ્રન્થમાં મુદ્રિત કરી પ્રગટ કર્યું છે. જે આ જ પુસ્તકના પ્રારંભના પેજ ૩૬થી વાંચી લેવું, જેથી કૃતિનો વિસ્તૃત પરિચય મલી જશે. જે શેષ મારે કહેવાનું છે તે અહીં જણાવું છું.

ભારતમાં સહસ્રનામો દ્વારા કોઈ પણ ઇષ્ટ દેવ-દેવીનાં વિવિધનામો દ્વારા ગુણોત્કીર્તન નામ સ્તવન-સ્તુતિ કરવાની પરંપરા [1]જુગજુગ પુરાણી છે. સહુથી પ્રથમ અજૈનોએ સહસ્ર નામો દ્વારા આવી સ્તુતિ રચનાઓ કરી. તે પછી બૌદ્ધ-જૈનોએ પણ કરી. જૈનદર્શનમાં પણ આ પરંપરા અર્વાચીન નથી, પ્રાચીન માત્ર નથી, પણ અતિ પ્રાચીન-પુરાણી પ્રથા છે.

ઉપલબ્ધ કૃતિના આધારે કહીએ તો જૈનસંઘમાં ચોથી [2]શતાબ્દીથી [3]જિનસહસ્ર નામની કૃતિ મળી આવવાથી ૧૬૦૦ વર્ષ પહેલાં આ હતી તે પુરવાર થાય છે. પણ આ પહેલાં આવી કોઈ કૃતિ રચાણી હશે ખરી? એ પ્રશ્નાર્થક રહે છે. આ કૃતિ દિગમ્બરીય છે.

આવી રચના શુષ્ક લાગતી હોય છે એટલે આ દિશામાં અત્યલ્પ વ્યક્તિઓએ કલમ ચલાવી છે. પ્રાપ્ત સાધનોથી અનુમાન કરી શકાય કે ચોથી શતાબ્દીથી બે હજારની શતાબ્દી સુધીમાં જૈન સમાજમાં સહસ્રનામથી અંકિત કૃતિઓ પંદરેકથી વધુ તો નહિ જ હોય.

આ વિષય જ એવો છે કે જેમાં માત્ર નામોની જ રચના હોય છે. એમાં બીજું કંઈ કથયિતવ્ય હોતું નથી. જો કે નામો રચવાનું પણ કાર્ય સહેલું નથી. એમાંએ કાર્ય કારણ ભાવની વ્યવસ્થિત તત્વવ્યવસ્થા જે દર્શનમાં હોય ત્યાં શબ્દો નક્કી કરવા માટે ખૂબ જ પ્રતિભા અને સાવધાની માગી લે તેવી બાબત છે. છતાંય એકંદરે બીજા વિષયોનું જે ખેડાણ થયું છે એની સરખામણીમાં આ દિશાનો પ્રયાસ નાનો કહી શકાય, આ એક શોખની-રસની બાબત છે. અનિવાર્ય જરૂરિયાતની બાબત નથી. છતાંએ હિન્દુ પરંપરા કે વૈદિક ક્ષેત્રમાં સ્પર્શાએલા ક્ષેત્રો જૈનીક્ષેત્રમાં અણસ્પર્શ્યાં રહે, આ ક્ષેત્રોમાં જૈનોની દેણ ન હોય તે એક સ્વતંત્ર સંસ્કૃતિ ધરાવતા જૈનસંઘ માટે સમુચિત ન હોવાથી જૈનમુનિઓએ કરેલો આ પ્રયાસ ખરેખર જૈનસંઘ માટે અતિ અગત્યનો અને ઉપકારક ગણી શકાય તેવો છે.

---

૧. ઋગ્વેદ જેટલી પ્રાચીન તો ખરી જ.

૨. સહસ્ર રચનાઓ અજૈનોની યાદી ઘણી લાંબી હોવાથી નમૂનારૂપે જ થોડાં નામોનો અહીં નિર્દેશ કરું છું. ૧. વિષ્ણુસહસ્ર, ગોપાલસહસ્ર, ગણેશ, દત્તાત્રેય, સૂર્યનારાયણ, પુરુષોત્તમ વગેરેના સહસ્રનામો રચાયાં છે. દેવીઓમાં લક્ષ્મી, રેણુકા, પદ્માવતીનાં પણ સહસ્રનામો રચાયાં છે.

૩. 'જિન' શબ્દનો અર્થ જીતે તે જિન. આટલાથી અર્થ તૃપ્ત થતો નથી. અર્થ સાકાંક્ષ રહે છે એટલે પ્રશ્ન થાય કે કોને જિતે? તો આત્માના રાગદ્વેષરૂપી શત્રુને. આ જીતાઈ જાય એટલે આત્મા વીતરાગ બની જાય. જિન-વીતરાગ એક જ અર્થના વાચક છે. વીતરાગ થયા એટલે સર્વત્ર સમભાવવાળા બન્યા એટલે જ સર્વગુણસંપન્ન બન્યા.

જૈન સાધુઓની દેશકાળને ઓળખીને સમય સાથે તાલ મિલાવવાની યુગલક્ષી ઉદાત્ત ભાવનાના પરિણામે ત્યાગ, વૈરાગ્યના પાયા ઉપર ઉભેલા જૈનધર્મમાં પણ અજોડ વિષયો ઉપર જૈનાચાર્યો-મુનિઓએ વિશાળ સર્જન કર્યું. અનેક વિષયોના ખેતરો ખેડી નાંખ્યા અને પરિણામે જૈન સમાજને મહાન સંસ્કૃતિનો મહાન વારસો મળ્યો. જેના લીધે દેશમાં આજે જૈનસમાજ પોતાની આ વિશાળ જ્ઞાન-સાહિત્ય સમૃદ્ધિનાં કારણે ઉન્નત મસ્તકે જીવન જીવી રહ્યો છે. અને છેલ્લાં પચીસ વર્ષમાં દેશ-પરદેશમાં પણ સંશોધન ક્ષેત્રે, જૈનતત્વજ્ઞાને અને જૈનગ્રન્થોએ વિદ્વાનોમાં ભારે ઉત્સાહ અને આતુરતા જગાડી દીધી છે.

જન-માનસ વિવિધ સંસ્કારોથી સભર છે અનેક કોમ્પ્યુટરને શરમાવી શકે તેવા અગાધ, વિશાળ, વ્યાપક અને વિવિધ ખ્યાલો ધરાવતાં મગજને નાના નહિ પણ વિશાળ વિચારો, નાની કલ્પના નહીં પણ વિશાળ કલ્પનાઓ વધુ આકર્ષી શકે છે. આ અતિજ્ઞાનીઓ–બુદ્ધિશાળીઓ માટેની જાણીતી સમજી શકાય તેવી બાબત છે. નાની આકૃતિ કરતાં મોટી આકૃતિ (આઈ લેવલથી મોટી) વધુ ધ્યાન ખેંચે છે, એ માનવ ચક્ષુ અને મનનું સાદું ગણિત છે. અલ્પતા કરતાં (સારી બાબતોની) વિશાળતા કોને ન ગમે?

આવા માનસિક કારણે એક નામ કરતાં અનેક નામથી, અનેક કરતાં દશ નામથી, દશ કરતાં જયારે વધુ આનંદ અનુભવ્યો એટલે મન આગળ વધે. દશમાં વધુ આનંદ આવ્યો તો સોમાં તો આનંદની છોળો ઉડશે. આવી કોઈ પુણ્યભાવનામાંથી શતકોની રચના થઈ. પછી એ અંગેનો ઉત્સાહ લક્ષ્મણરેખા ઓળંગી જતાં જીવડો સીધો કુદકો મારી હજાર, વાસ્તવિક રીતે તો[1] ૧૦૦૮ નામની રચના ઉપર પહોંચ્યો અને એ ઈચ્છાને સંતોષવા ભગવાનને વિવિધરૂપે કલ્પવા માંડ્યા. વિવિધ ગુણોથી અલંકૃત કરવા પડ્યા. બુદ્ધિને ઉંડી કામે લગાડી મંથન કર્યું. યેનકેન પ્રકારે અનેક સાન્વર્થક નામો બનાવી (છન્દને અનુકૂળ રહીને) સહસ્રનામની ભવ્ય કૃતિને જન્મ આપ્યો, કહો કે જન્મ મળ્યો.

ઉપર જે કહ્યું તે માનવ સ્વભાવને અનુલક્ષીને કહ્યું, પણ એ કરતાંય વધુ વાસ્તવિક કારણ એ સમજાય છે કે મન્ત્રશાસ્ત્રનો એક સર્વ સામાન્ય નિયમ–ધોરણ એવું છે કે કાર્યની સફળતા માટે કોઈ પણ મન્ત્રનો જાપ ઓછામાં ઓછો એક હજારનો રોજ થવો જ જોઈએ તો જ તેની ફલશ્રુતિનાં કંઈકે દર્શન થાય, હજારનો જાપ રોજ થતો જાય તો લાંબા ગાળે જાપકને અભૂતપૂર્વ શકિતનો સંચાર, દર્શન અને રહસ્યોનો કંઇક અનુભવ થયા વિના રહે નહિ, પણ આના કરતાંએ વધુ વાસ્તવિક એ લાગે છે કે ભગવાનના શારીરિક લક્ષણોની સંખ્યા[2] ૧૦૦૮ છે આવા અંકને લક્ષ્યમાં રાખી ભગવાનના ગુણનિષ્પન્ન ૧૦૦૮ નામોની સ્તવના કરવાનું કદાચ બન્યું હોય!

---

૧. જુઓ, શિલ્પમાં શું થયું કે ભગવાન શ્રી પાર્શ્વની મૂર્તિમાં પાંચ, સાત, કે નવ ફણાથી સંતોષ ન થયો, એટલે સીધા વધીને સહસ્રફણા એટલે એક હજાર સર્પમુખના ઢાંકણવાળી મૂર્તિઓનું નિર્માણ થવા પામ્યું. એવું અહીં વિચારી શકાય.

૨. જુઓ મહા. પુ. પર્વ. ૨૫, શ્લોક ૯૯.

ઉપર નિર્દિષ્ટ કારણોને લક્ષ્યમાં રાખીને પણ આવા સહસ્ર (૧૦૦૮) નામોની કૃતિઓ રચાઈ હોય તો તે સુસંગત બાબત છે.

અલબત્ત પરમાત્માના ગુણો અનંત છે. અનન્ત ગુણોના અનન્ત નામો પણ રચી શકાય, પણ માનવ બુદ્ધિથી તે શક્ય નથી એટલે જે વધુ યોગ્ય, ભાવોત્પાદક આકર્ષક અને ઉત્તમ હોય તેવાં જ નામોનું નિર્માણ કરવાની પ્રથા છે.

આ જાતની પ્રથા જૈન, વૈદિક અને બૌદ્ધ ત્રણેય સંસ્કૃતિમાં હતી. આવી રચનાઓ મુખ્યત્વે પોતપોતાના ઈષ્ટ દેવો અને દેવીઓને કેન્દ્રમાં રાખીને રચવામાં આવી હોય છે.

સ્તવ-સ્તવના કે સ્તોત્ર ચાર પ્રકારે થાય છે. ૧. [1]નામસ્તવ. ૨. સ્થાપનાસ્તવ. ૩. દ્રવ્યસ્તવ. અને ૪. ભાવસ્તવ. આ સ્તવનામાં સર્વ કાળના સવ ક્ષેત્રોના તીર્થંકરો પરમાત્માઓને આવરી લેવાના હોય છે. જેથી કોઈપણ સ્થાનની કોઈપણ ક્ષેત્રમાં રહેલી ઈશ્વરીય વ્યક્તિઓ અસ્તુત્ય રહી ન જાય, અને તેથી પરમ મંગલ-કલ્યાણની પ્રાપ્તિ થાય.

સહસ્ર નામોની રચના અરિહંતો-અર્હન્તો સિવાય વર્તમાન ચોવીશીના કોઈ પણ તીર્થંકરને ઉદ્દેશીને પણ કરી શકાય છે. પણ આ ચોવીશીમાં સહસ્ર નામો રચી શકાય કે પ્રાપ્ત થાય તેવા ભગવાન જો કોઈ પણ હોય તો તે પાર્શ્વનાથ ભગવાન છે. તેથી તેઓશ્રીના નામની સ્તુતિ રચાણી છે. જેનું નામ 'પાર્શ્વનાથ નામસહસ્ર' છે. અરિહંતથી વધુ ઉચ્ચ સ્થાન ધરાવતા સિદ્ધાત્માઓના સહસ્ર નામો ઉપાધ્યાયજી સિવાય બીજા કોઈએ કર્યા હોય એવું જાણવામાં નથી, એટલે જ સહસ્ર નામની રચના ઉપાધ્યાયજી સુધી અરિહંતોને અનુલક્ષીને જ થતી હતી તે ધ્યાનમાં રાખવું ઘટે.

આ પ્રથાનો આદર શ્વેતામ્બર-દિગમ્બર બંને સંપ્રદાયોમાં થયો છે. એમાં સહસ્રની સહુથી જૂની રચના શ્વેતામ્બર આચાર્ય શ્રી સિદ્ધસેન દિવાકરજીની છે. અને તેનો સમય ચોથી શતાબ્દીનો છે. ત્યારપછી લગભગ ૫૦૦ વરસ બાદ વિદ્વાન દિગમ્બર આચાર્યશ્રીએ [2]'જિનસહસ્ર' નામના સ્તોત્ર-સ્તવની રચના કરી. આ રચનાનો સમય નવમી શતાબ્દીનો છે.

પણ આમાં એક વિવેક કરવો જરૂરી છે કે દિવાકરજીની રચનામાં નામ ભલે હજાર હોય પણ તે ગદ્ય પદ્ધતિએ સંગૃહિત થયા છે. પદ્ય-શ્લોક રૂપે નહિ, અને શૈલીનો પ્રકાર પણ ભિન્ન છે, એટલે વાસ્તવિક રીતે શ્લોકબદ્ધ પદ્ધતિએ રચાયેલી રચના સહુથી પ્રથમ આચાર્ય શ્રી જિનસેનની છે, એમ પ્રાપ્ત સાધનો જોતાં કહી શકાય.

---

૧. नामाकृतिद्रव्यभावैः पुनतस्त्रिजगज्जनं।
क्षेत्रे काले च सर्वस्मिन्नर्हतः समुपास्महे॥ (સકલાર્હત્)

–જુઓ શાસ્ત્રો-ટીકાઓ-ચરિત્રો-કાવ્યકૃતિઓ.

–આની મઝા એ છે કે આથી, ત્રણેય કાલના અનંત આત્માઓની સ્તુતિનો લાભ સ્તુતિ કરનારને પ્રાપ્ત થાય છે.

૨. એમના જ બનાવેલા આદિ પુરાણના એક અંશ-ભાગની આ કૃતિ છે, પણ સ્વતંત્ર રચના નથી.

જિનસેનજીની કૃતિ પછી લગભગ ત્રણ સૈકા પછી (વિ. સં. ૧૨૨૯) કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજી આવી જ કૃતિ આપણને આપે છે. ફકત નામમાં થોડોક ફરક કરીને, 'અર્હન્[1] નામસહસ્રસમુચ્ચય' નામ રાખીને આપે છે. અર્થદૃષ્ટિએ અર્હન્ કે જિન એક જ અર્થના વાચક છે. જો કે આ કૃતિને 'જિન સહસ્ર'થી પણ ઓળખાવવામાં તો આવે જ છે.

જિનસહસ્રનામ સ્તોત્ર અથવા અર્હન્નમસ્કાર સ્તોત્ર, આવા નામની અન્તિમ મુદ્રિત કૃતિ સત્તરમી શતાબ્દી (સં. ૧૭૩૧)ની મલે છે. જેના કર્તા ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજ છે. જિનસહસ્રની રચનાઓ એકંદરે સાત મળી છે. એમાં ત્રણ દિગમ્બરની અને ચાર શ્વેતામ્બરની છે. દિગમ્બરની ત્રણેય કૃતિઓ મુદ્રિત થઈ ગઈ છે. જ્યારે શ્વેતામ્બરની બે મુદ્રિત થઈ છે અને બે અમુદ્રિત છાણી અને પૂનાના ભંડારમાં હસ્તલિખિત પ્રતિ રૂપે વિદ્યમાન છે.

એમાં મને દિગમ્બરીય આશાધર પંડિત (વિ. સંવત ૧૨૮૭) વિરચિત રચના એની વિશિષ્ટ ક્રમબદ્ધ ગોઠવણ અને નામોમાં વ્યકત થતી પ્રતિભાના કારણે રચનાની દૃષ્ટિએ ઘણી [2]વિશિષ્ટ કૃતિ લાગી છે. આશાધરને કવિકાલિદાસ તરીકે ઓળખાવ્યા છે. તેઓ ગૃહસ્થ વિદ્વાન હતા.

'સહસ્ર' નામની સહુથી આદ્ય રચના (અજૈન કૃતિ) [3]વિષ્ણુ સહસ્ર નામની છે, અને તેથી ઉપલબ્ધ સહસ્રના વાઙ્મયમાં તે સહુથી વધુ પ્રાચીન છે.

---

૧. દિગમ્બરીય જિનસહસ્રનાં નામો અને શ્વેતામ્બરીય અર્હન્ સમુચ્ચયના નામોમાં ગ્રન્થગત નવમા શતકની રચનાને બાદ કરીએ તો બાકીના શતકના નામોમાં અસાધારણ સામ્ય દેખાઈ આવે છે. આજે આ પ્રશ્નને એક સમસ્યા રૂપ લેખવા કરતાં સાહિત્યના ક્ષેત્રમાં પરસ્પર એકબીજાનું આદાન- પ્રદાન કરવાની કેવી પ્રથા હતી તે રૂપે સમજવું વધુ ઉચિત રહેશે.

૨. ભારત વિવિધ ધર્મો અને પન્થોનો દેશ છે. આવા દેશમાં પ્રજા પ્રજા વચ્ચે સહિષ્ણુતાનો સેતુ ટકી રહે, સંપનો દોરો પરોવાએલો રહે, તો જનતા વિવિધતામાં પણ એકતાને અનુભવે, જેથી ભાતૃભાવ, પ્રેમ અને મૈત્રીની ભાવના મજબૂત થતી રહે. આ માટે જૈનાચાર્યોએ પ્રસંગ આવે સાહિત્યના ક્ષેત્રમાં ઉદાત્ત ઉદાહરણો પૂરાં પાડ્યાં છે. એમાં પ્રાચીનોમાં સુપ્રસિદ્ધ મહાન આચાર્યોમાં સુરિપુંગવ શ્રી હરિભદ્રજી, તે પછી શ્રી હેમચંદ્રાચાર્યજી, શ્રી માનતુંગસૂરિજી અને તે પછી ઉપાધ્યાયજી યશોવિજયજી આદિને ગણાવી શકાય. દિગમ્બરમાં પંડિતપ્રવર શ્રી આશાધરજીને રજૂ કરી શકાય. આશાધરજીએ સહસ્રનામોના શતકોમાં અર્થની દૃષ્ટિએ જૈનદૃષ્ટિને ખ્યાલમાં રાખીને બ્રહ્મશતક, બુદ્ધશતકની કરેલી રચનાઓ પ્રસ્તુત બાબતના પ્રબુદ્ધ પુરાવા છે.

આ, ભગવાન મહાવીરે આ દેશને આપેલી તદ્દન નવી, અદ્ભુત અનેકાન્તદૃષ્ટિની સર્વતોમુખી દૃષ્ટિને આભારી છે. ભેદમાં અભેદ અને અભેદમાં ભેદને સ્થાપન કરી સત્યને જીવંત રાખવું એ આ દૃષ્ટિની ફલશ્રુતિ છે. સાપેક્ષદૃષ્ટિ એ અનેકાન્તનું બીજું નામ છે. તમામ સંઘર્ષોના ઉકેલ માટેનો આ એક મહાન સિદ્ધાન્ત છે. અને આ અનેકાન્તના સિદ્ધાન્તને 'સ્યાદ્' વાદ શૈલી દ્વારા જૈનાચાર્યોએ ખૂબ ખૂબ વિકસાવ્યો છે.

ઉપાધ્યાયજીએ પણ ઉપરોકત પરંપરાનો આદર યથોચિત કર્યો છે. એમને જ શાબ્દિક ઝઘડાથી દૂર રહેવાનું જણાવતાં ભાષામાં રચેલ સિદ્ધ સહસ્રનામ વર્ણનની કૃતિમાં કહ્યું છે કે

ઈસ્યા સિદ્ધ જિનનાં કહ્યાં સહસ્ર નામ,
રહો શબ્દ ઝઘડો કહાં લહો શુદ્ધ ધામ.

૩. આ કૃતિ મહાભારતના અનુશાસનપર્વમાં છે.

જિનસહસ્ર નામ ઉપરાંત વ્યકિતગત તીર્થંકરની એક રચના ઉપલબ્ધ છે તે ભગવાન પાર્શ્વનાથજીની છે. અને એથી એનું નામ 'પાર્શ્વ' સહસ્ર નામ' છે. જે વાત ઉપર જણાવી છે.

ભગવાન પાર્શ્વનાથ આ કાળના લોકપ્રિય તીર્થંકર રહ્યા છે અને સદાએ રહેશે. ૨૩ મા એક જ ભગવાન એવા છે કે જે સેંકડો નામોથી ભારતમાં ઓળખાય છે અને એનાં મંદિરો મૂર્તિઓ પણ વધુ છે. જૈનેતરોમાં શંકર ભગવાનનું જે સ્થાન છે તેવું સ્થાન જૈનોના લોકહ્રદયમાં પાર્શ્વનાથ પ્રભુનું છે. જેમ શંકર [1]આશુતોષ કહેવાય છે એમ ભગવાન પાર્શ્વની ભકિત પણ શીઘ્રતોષ આપનારી છે. આ ઉપરાંત ગ્રહોમાં જોઈએ તો મુખ્ય સૂર્યગ્રહની તેમજ શ્રી [2]પદ્માવતી આદિ દેવ-દેવીઓની પણ સહસ્ર નામની રચનાઓ મળે છે.

સહસ્ર નામની રચનાઓ સંસ્કૃતથી અનભિજ્ઞ જીવો માટે ભાષામાં પણ રચાઈ છે. તેના કર્તા તરીકે બનારસીદાસ, જીવહર્ષ અને ઉપાધ્યાયજી તો છે જ.

* * *

હવે પ્રસ્તુત ગ્રન્થના મૂલ મુદ્દા પર આવીએ, જે કૃતિના કારણે ઉપરોકત ભૂમિકા બાંધવી પડી તે કૃતિનું નામ છે 'સિદ્ધસહસ્રકોશ' જે અગાઉ જણાવી ગયો છું.

જિન સહસ્રનામોની કૃતિઓ જૈન સંઘ પાસે હતી એટલે ઉપાધ્યાયજીએ એકને એક ચીજમાં વધુ ઉમેરો કરવા કરતાં નવો વિષય પસંદ કરવાનું મુનાસિબ માન્યું અને એમનાં મનમાં (જિન અરિહંતની રચનાને છોડીને) સિદ્ધ ભગવંતોના સહસ્રનામો રચવાની અભિનવ કલ્પના સ્ફુરી અને તેને સાકાર બનાવીને આપણને સિદ્ધસહસ્ર નામની વિશિષ્ટ ભેટ આપી. એ ખરેખર! ઉપાધ્યાયજીની બુદ્ધિ પ્રતિભાને આભારી છે.

જિનસહસ્રમાં જેવી નામોની રચના થાય છે તેવી તો આમાં ક્યાંથી થાય? કેમ કે જિન તીર્થંકરોની તે વખતની ગુણાવસ્થા જુદી છે. જિનો ત્યારે સદેહી છે. ઉપદેશની પ્રવૃત્તિ વગેરેથી સંકળાએલા હોય છે. આઘાતી ચાર કર્મો પણ બેઠાં હોય છે. ત્યારે સિદ્ધોને આમાનું કશું જ નથી હોતું, એટલે સ્વાભાવિક રીતે જ સકલ કર્મ રહિત બનેલા સિદ્ધોને જે ગુણો ઘટમાન થાય તે ગુણોનું નિર્માણ કરવું પડે અને એ રીતે જ નામસંગ્રહ થતો હોય છે. અલબત્ત આમાં જિનસંગ્રહમાંના નામો મળશે ખરાં પણ તે થોડાંક.

૧૦૦૮ નામોના સંગ્રહ માટે સ્થાપિત ધોરણ મુજબ શતકનું ધોરણ રાખી દશ શતકો નિર્માણ કર્યાં છે. આ કૃતિ માટે સંપૂર્ણ અનુકૂળ ગણાતા અનુષ્ટુપ્ છંદની પસંદગી આપી છે. દરેક શતકમાં ૧૦૦ નામનો સુમેળ રાખ્યો છે. પણ સો નામ માટેના વિભાગોની સંખ્યા સમાન નથી. નામ ટૂંકાક્ષરી હોય ત્યારે તે માટે ઓછા શ્લોકો રચવા પડે, આથી દસ શતકમાં ૯ થી ૧૩ની સંખ્યાના શ્લોકનું ધોરણ છે. કર્તાએ પોતાને ઉપાધ્યાય નહિ માત્ર ગણિ તરીકે

---

૧. આશુ એટલે જલદી, તોષ-પ્રસન્ન થાય, સંતોષ આપે તે.

૨. જૈનેતરમાં એમને માન્ય અંબિકાસહસ્ર, રેણુકાસહસ્ર આદિની અનેક દેવીઓની કૃતિઓ છે.

ઓળખાવ્યા છે. આ કૃતિ પૂ. આ. શ્રી દેવસૂરિજીના સામ્રાજ્યમાં રચી છે. એમના ભકતજનના શ્રવણ માટે રચી છે, તેવું તેમને શતકના અન્તમાં જણાવ્યું છે.

સિદ્ધ એટલે શું?

જૈનો જે દેવને માને છે તે બે પ્રકારે છે. એક સાકાર અને બીજા નિરાકાર. એક કર્મ સહિત, એક કર્મ રહિત.

સાકાર એટલે દેહધારી હોય તે અવસ્થા. દેહધારી હોય ત્યારે જનકલ્યાણ માટે તેઓ અવિરત ઉપદેશની વર્ષા કરે છે, અને એ જ સાકાર દેહધારી દેવ પોતાનું માનવદેહનું આયુષ્ય પૂર્ણ થતાં અવશેષ જે ચાર અઘાતી કર્મો હોય તેનો સર્વથા ક્ષય કરી સર્વાત્મપ્રદેશે નિષ્કર્મ બની, સકલ કર્મથી મુકત થતાં આત્માનું પોતાનું શાશ્વત જે સ્થાન મોક્ષ કે મુકિત જે અબજોના અબજો માઈલ દૂર છે ત્યાં આંખના એક જ પલકારામાં પસાર થતી અસંખ્યાતી ક્ષણો (–સમયો) પૈકીની માત્ર એક જ ક્ષણમાં પહોંચી જાય છે. ત્યાં અનાદિ કાળથી જ્યોતિરૂપે અનંતાનંત આત્માઓ વિદ્યમાન છે. શાશ્વત નિયમ મુજબ એક આત્માની જ્યોતિમાં અનંતાનંત આત્માઓની જ્યોતિ સમાવિષ્ટ થતી જ રહે છે. (જેમ પ્રકાશમાં પ્રકાશ ભળતો રહે છે તેમ) ત્યાં નથી શરીર, નથી ઘર, નથી ખાવાનું–પીવાનું, કોઈ ચીજ નથી, કોઈ ઉપાધિ નથી, એનું નામ જ મોક્ષ. મોક્ષનું બીજું નામ સિદ્ધ છે, શિવ–મુકિત નિર્વાણ વગેરે છે. આ મોક્ષ–સિદ્ધ સ્થાનમાં રહેનારા જીવો પણ સિદ્ધો જ કહેવાય અને સર્વકર્મ વિમુકત અતએવ સર્વગુણસંપન્ન, સર્વોચ્ચ કોટિએ પહોંચેલા આ જ [1]સિદ્ધાત્માઓને ઉપાધ્યાયજીએ વિધવિધ નામે સ્તવ્યા છે.

બીજી વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે જિનસહસ્રમાંના 'સહસ્ર' શબ્દથી પૂરા એક હજાર જ ન સમજવા, પણ એક હજારને આઠ સમજવાના છે. પણ 'અષ્ટાધિક જિન સહસ્ર' આવું નામકરણ બરોબર ન લાગે એટલે ગ્રન્થના નામકરણમાં સહસ્રનો પૂર્ણાંક રાખ્યો છે, અને તે ઉચિત છે.

માનવની પ્રવૃત્તિ હંમેશા ફલોદ્દેશ્યક હોય છે. પ્રવૃત્તિનું સારૂં ફળ મળશે એવું લાગે તો શ્રદ્ધાપૂર્વક પ્રવૃત્તિ કરે, ન લાગે તો ન કરે. કદાચ કરે તો એ મન વિના. એટલે પ્રશ્ન એ થાય છે કે નામસહસ્રનો પાઠ કરવાથી શું લાભ થાય? આનો જવાબ એ કે નામાવલિના રચયિતાઓએ તો નામસ્તવ કરનારો આત્મા તીર્થંકર નામકર્મ એટલે ઈશ્વર બનવા સુધીનું પુણ્ય બાંધી શકે એટલી હદ સુધીનો મહિમા ગાયો છે. એ પ્રાપ્ત થાય એ દરમિયાન–વચગાળાઓની અવસ્થાઓમાં આ સહસ્રનામોનો પાઠ કરવાથી શુભની અને [2]પરમ શાંતિની પ્રાપ્તિ, પાપોનો નાશ, અભીષ્ટ સિદ્ધિ અને સર્વ દુઃખોથી મુકિત વગેરે લાભો મળે છે.

---

૧. ઉપાધ્યાયજીએ સિદ્ધોને ગુજરાતી ભાષામાં પણ સ્તવ્યા છે. જેનું નામ સિદ્ધસહસ્ર નામ વર્ણન છંદ' રાખ્યું છે. જે ગુર્જર સાહિત્ય સંગ્રહ ભાગ એકમાં મુદ્રિત થયેલ છે. યદ્યપિ ઉપલબ્ધ આ કૃતિમાં નામો ઘણાં ઓછાં છે.

૨. स्तुवन्तः.....प्राप्नुयुर्मानवाः शुभम् । (વિષ્ણુસહસ્ર)
–सर्वविघ्नैकहरणं सर्वकामफलप्रदम् । (ગણેશસહસ્ર)
–परमं शं प्रशास्महे । (મહાપુરાણ)

ઉપાધ્યાયજી મહારાજે પણ સિદ્ધોને નમસ્કાર કરવાથી ગૌણફળ તરીકે ઋદ્ધિ-સિદ્ધિની પ્રાપ્તિ અને મુખ્ય ફળ તરીકે મહોદય પ્રાપ્તિ-મુકિતની પ્રાપ્તિ જણાવ્યું છે.

મુકિતનું જ બીજું નામ મહોદય છે. ઉદય શબ્દ તો સંસારવર્તી ઉન્નતિમાં લાગુ પડે છે, પણ મહાન ઉદય (શબ્દના યથાર્થ સ્વરૂપમાં મહોદય) સૃષ્ટિ ઉપર થતો જ નથી. એ તો મોક્ષમાં જ પહોંચાય ત્યાં જ તે અનુભવાય છે. આ દર્શાવ્યું સિદ્ધોને પ્રણિપાત નમસ્કાર કરવાનું ફળ.

સ્મરણનું ફળ શું? તો ઉપાધ્યાયજીએ કહ્યું કે મંગલ નહિ પણ પરમ મંગલ. મંગલ એટલે પાપનો-વિઘ્નનો નાશ. વળી સ્વર્ગલોકની પ્રાપ્તિ અને તેના સર્વોત્તમ ફલમાં સિદ્ધસ્થાનની પ્રાપ્તિ. તાત્પર્ય એ કે આ સ્તવના ભુકિત મુકિતપ્રદા છે, એટલે બાહ્ય-અભ્યંતર બન્ને પ્રકારના સુખોને આપનારી છે.

અહીં ચર્ચાને માટે અવકાશ નથી, પરંતુ એકાંગી, અને નિશ્ચયનયવાદી બનીને ધર્મારાધન કે ભકિતના ફળ તરીકે માત્ર મુકિતને જ જણાવવી જોઈએ એવો આગ્રહ રાખનાર ભુકિત શબ્દ તરફ નજર કરે.

આ ઉપરથી કેટલાક વાચકોને એમ થાય કે સ્તવનું મહત્વ વધારવા ખાતર જ આવા પ્રલોભનો બતાવાતાં હોય છે. એવું તો નથી ને?

આનો જવાબ વિશેષ વિવેચન કર્યા વિના જ જૈન-અજૈન વિદ્વાનોએ પોતાના અનુભવની જે વાર્તા-વાણી જે શ્લોકોમાં ઉતારી છે, તે જ શ્લોકો તેના અર્થ સાથે અહીં ઉદ્ધૃત કરૂં છું.

જેમને આ સિદ્ધકોશની રચના કરી એ જ મહર્ષિની વાણી એક શ્લોકમાં રજૂ કરૂં છું. ભકિત માર્ગ શું છે તે જણાવતાં કહે છે કે :—

श्रुताब्धेः अवगाहनात् साराऽसारसमुद्धृतः।
भक्तिर्भागवती वीजं परमानन्दसम्पदाम्॥

અર્થ—આગમ શાસ્ત્રોના સાગરમાં ડૂબકી મારી અને સાર મેં એ મેળવ્યો છે કે-પરમાનંદ રૂપ મોક્ષસ્થાનની પ્રાપ્તિ કરવી હોય તો તમો સહુ પવિત્ર એવી ભગવાનની ભકિતનું આલંબન લઈ લો.

અજૈનોમાં પણ આના જેવા જ ભાવને વ્યકત કરતો શ્લોક જુઓ :—

आलोड्य सर्वशास्त्राणि विचार्य च पुनः पुनः।
इदमेकं सुनिष्पन्नं ध्येयो नारायणो हरिः॥

અર્થ :—સર્વશાસ્ત્રોનું વાંચન-મનન કર્યું, પછી તે શાસ્ત્ર વચનો પર વારંવાર ચિંતન કર્યું, પણ સરવાળે તો મને એક જ સાર મળ્યો છે કે-આ વિશ્વની અંદર પરમાત્મા એ એક જ ધ્યાનને લાયક કે પ્રાપ્ત કરવાને લાયક છે.

---

૧. આવશ્યક સૂત્રોમાં સ્તોત્રો, સ્તુતિઓ, શાંતિપાઠોમાં તો ભૌતિક લાભોની વાતો પણ પાર વિનાની જણાવી છે.

મનોવૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારીએ તો માનવ સ્વભાવને સરળ અને સહજ સાધ્ય માર્ગ વધુ ગમતો હોય છે. ભક્તિ માર્ગ અમીર કે ગરીબ, શિક્ષિત કે અશિક્ષિત, બાળ કે વૃદ્ધ સહુને માટે લાભકર્તા હોય છે. વિવિધ પ્રકારના ભક્તિમાર્ગનું શરણું દિવ્યપ્રકાશ આપી અંતિમ આત્મસિદ્ધિ પ્રાપ્ત કરાવે છે.

બીજા બધા સાધનાના માર્ગો કપરા છે, દુર્ગમ છે, કષ્ટ સાધ્ય છે. બુદ્ધિ હોય તો સમજી શકાય તેવા છે અને દીર્ઘ સમય માગે તેવા છે. સામાન્ય કક્ષાના જીવો માટે એ સુસાધ્ય નથી, માટે તો એક અજૈન કવિએ સારભૂત નવનીત આપતાં કહ્યું છે–

"પુરાણ કો પાર નહિ, [1]વેદન કો અન્ત નહિ;
વાણી તો અપાર કહી, કહાં ચિત્ત દીજીએ;
સબન કો સાર એક, રામનામ રામનામ લીજીએ."

એટલે સહુ કોઈએ, આબાલવૃદ્ધો માટેનો રાજમાર્ગ ઈશ્વર–પ્રભુ–ભગવદ્ સ્મરણ જ બતાવ્યો છે. કારણ કે ઈશ્વરનું સ્મરણ હૃદયની ગ્રન્થિઓને ભેદી નાંખવામાં અજોડ કામ કરે છે. બાહ્યાભ્યન્તર દુઃખ, અશાંતિને ભગાડી મૂકે છે. અતૃપ્તિથી ભરેલા જીવનમાં જીવ પરમતૃપ્તિ અને દુઃખ દાવાનલમાં જલતાને પરમશાંતિ કરાવે છે.

આ નામોનો જાપ પણ કરી શકાય છે અને એથી આ પુસ્તકમાં અન્તમાં આપેલા પરિશિષ્ટમાં ચતુર્થી વિભક્તિમાં તમામ નામ આપીને અન્તમાં **નમઃ** શબ્દ જોડીને તમામ નામો છાપ્યાં છે. જેથી દરેક પદ જાપને યોગ્ય બનાવી આપ્યું છે. આથી આના પ્રેમીઓને રેડીમેડ માલથી જરૂર આનંદ થશે જ.

ઘણાં નામો અર્થની દૃષ્ટિએ આનંદ આપે તેવાં છે. આની જો કોઈ ટીકા રચે તો એની ખૂબીઓનું દર્શન જાણવા મળે.

ચાલો ત્યારે આપણે સહુ, સર્વગુણસંપન્ન, પુરૂષોત્તમ, સર્વોત્તમ, સર્વોચ્ચ કોટિના આત્માઓની નામ ગંગામાં ડૂબકી મારવાનો સંકલ્પ કરીને મન–આત્મા અને તનના મેલોને ધોતા રહીએ.

આ ત્રણેય પ્રકાશનમાં મતિદોષ, દૃષ્ટિદોષ અને પ્રેસદોષથી ક્ષતિ રહી ગઈ હોય તે માટે ગ્રન્થકાર પાસે ક્ષમા.

જૈન સાહિત્ય મંદિર
પાલીતાણા તા. ૧૧-૧૦-૭૯

યશોદેવસૂરિ

❀

૧. ચાર વેદ.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સિદ્ધચક્રયન્ત્રપૂજન એક સર્વેક્ષણ અને સમીક્ષાની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૩૪ ઇ.સન્ ૧૯૭૮

૩૯

## બીજી આવૃત્તિ કેમ છપાવવી પડી?

આ પુસ્તકની પહેલી આવૃત્તિની સમજીને જ ફક્ત ૩૦૦ નકલ છપાવી હતી. જે વાચકોને પ્રસ્તુત પુસ્તિકા જોવા મળી તેઓ અમારી પાસે માગણી કરતા રહ્યા. ક્રિયાકારો, મંત્રરસિકો વગેરે માગણી કરતા રહ્યા પણ નકલ સ્ટોકમાં ન હતી. માંગણી ૬૦-૭૦ જણાંની આવી હતી પણ એટલી સંખ્યામાં પુસ્તિકા છપાવાય નહીં એટલે ફરી ૧૦૦૦ પુસ્તિકા છપાવવી એમ નક્કી કર્યું. દિગંબર, સ્થાનકવાસી, તેરાપંથી સંપ્રદાયોમાં તથા નવા અભ્યાસીઓ, વિદ્વાનો અને જ્ઞાનભંડારોને પણ આ પુસ્તિકાનો લાભ મળે એ જરૂરી સમજીને આ બીજી આવૃત્તિની ૧૦૦૦ નકલ છપાવવી પડી છે.

આ ચર્ચાત્મક પુસ્તક સહુના રસનો વિષય નથી. એના વાચકો બહુ જ ઓછા હોય છતાં આ વિષયના બે-ચાર જ્ઞાનીઓને-ખપી જીવોને આ પુસ્તિકા ઉપયોગી થશે તો અમને થોડો સંતોષ થશે. વળી પહેલી આવૃત્તિનો કાગળ અને છપાઈ એવી હતી કે વાંચવા માટે બહુ આકર્ષણ ન થાય, એટલે આ વખતે સારાં કાગળ, સારું મુદ્રણ અને ટાઈપ થોડા મોટા રાખ્યા છે, એટલે આ પુસ્તિકા વાંચવી ગમશે.

### સાધુ–સાધ્વીજીઓને ખાસ વિનંતી

પૂ. સાધુ મહારાજો અને સાધ્વીજી મહારાજોને વિનંતી છે કે તમારે ત્યાં આ વિષયમાં રસ ધરાવતા તમારા શિષ્ય-શિષ્યાઓ હોય, ભલે તેઓને ઓછું-વધુ સમજાય પણ આ પુસ્તક જરૂર નજર કરી જવાનું કહેજો. જેથી ભવિષ્યમાં યંત્ર અનુષ્ઠાનની

બાબતમાં અભ્યાસીઓને શંકા થશે ત્યારે આ વિષયનું ઓછુંવત્તું અવગાહન કર્યું હશે તો પૂછવા આવનારની જોડે ચર્ચા-વિચારણા કરી શકશે. આ રીતે તેઓ ભાવિ પેઢીના લેખકોને યથામતિ સહાયક બની શકશે.

આવી ચર્ચાત્મક પુસ્તિકામાં તર્ક, અનુમાન વગેરેનો સારો એવો આશ્રય લેવાતો હોય છે. બધા તર્ક અને બધા અનુમાનો સો ટકા સાચાં જ હોય છે એવું નથી હોતું. આજે સાતિશયજ્ઞાન રહ્યું નથી. આપણા ક્ષયોપશમ જ્ઞાનની વિચિત્રતા એવી છે કે નિર્ણયમાં પ્રમાદ થવાનો અને અયોગ્ય વિધાન પણ થઈ જવાનો સંભવ છે એટલે આ પુસ્તિકામાં અમારાથી જ્ઞાની ભગવંતની દ્રષ્ટિએ જે કંઈ નિર્ણય, વિધાન, ચર્ચા કે પ્રરૂપણામાં જે કંઈ પ્રસ્તુત વિષય વિરુદ્ધ લખાયું હોય તો તે બદલ મિચ્છામિ દુક્કડં છે.

જે વાચકોને આ પુસ્તિકામાં જે કંઈ ભૂલો કે અયોગ્ય લખાણ લાગે તેઓ વિના સંકોચે અમને જણાવશે તો અમે તેઓના ખૂબ ખૂબ આભારી થઈશું. —*લેખક*

પ્રાચીનકાળથી આપણી ભારતીય સંસ્કૃતિમાં મંત્ર, તંત્ર, વિદ્યાઓનું ખાસ મહત્ત્વપૂર્ણ સ્થાન છે. હજારો વર્ષથી ત્યાગીઓ અને સંસારીઓ મંત્ર, તંત્ર, વિદ્યાઓ શીખીને, સાધીને, સિદ્ધ કરીને તેનો ઉપયોગ પોતાના અને પરના ઈષ્ટકાર્યની સિદ્ધિ માટે કરતા રહ્યા છે. પણ આની સફળતા વિધિશુદ્ધિ અને ભાવશુદ્ધિપૂર્વક ઉપાસના થાય તો જ મળે છે. આ અંગેનો માર્ગદર્શન લેખ અહીં આપવો હતો પણ આપી શકાયો નથી.

સિદ્ધચક્ર યંત્ર અને તેનું પૂજન પ્રાચીનકાળથી ચાલ્યાં આવે છે. યંત્રના આલેખનના બે-ત્રણ પ્રકારો જોવા મલ્યા છે. તેની પૂજનવિધિ પણ બે-ત્રણ પ્રકારે જોવા મળી છે તે ધ્યાનમાં રાખવું ઘટે.

બીજી વાત એ કે મેં યંત્ર, મંત્ર અને પૂજનને લગતી નાની નાની મહત્ત્વની બાબતો ઘણા વખતથી મારી નોટમાં નોંધેલી છે, જે અભ્યાસીઓને ઉપયોગી અને આનંદ આપે તેવી છે. મને થાય કે સહુના જ્ઞાન માટે તેની વ્યવસ્થિત પ્રેસકોપી થઈ ગઈ હોત તો અહીં અપાઈ જાત, પણ હવે તે શક્ય નથી.

## ★ સિદ્ધચક્ર પૂજનવિધિ છપાવવા અંગે ★

પં. શ્રી ધુરંધરવિજયજી સંપાદિત સિદ્ધચક્ર પૂજનવિધિમાં જે કંઈ ક્ષતિઓ રહી ગઈ છે તે દૂર કરીને પૂજનવિધિ છપાવવાનો વિચાર કેટલાં વરસોથી ઊભો છે. શરૂઆતના પાનાંની પ્રેસકોપી કરેલી પણ પડી છે, પણ ઘણાં કાર્યો વચ્ચે જેની ખૂબ જ જરૂર છે છતાં તેની પૂજનવિધિની પૂરી પ્રેસકોપી તૈયાર થઈ શકતી નથી તેનો ખૂબ રંજ છે. આ માટે એકાદ મહિનો જો ફાળવી શકીશ તો પૂજનવિધિ તૈયાર થતાં તે છાપી શકાશે.

લેખન સં. ૨૦૪૯ —*યશોદેવસૂરિ*
જૈન સાહિત્યમંદિર, પાલીતાણા

# ❋ પ્રાસ્તાવિક ❋

(લેખ સં. ૨૦૩૪) (પ્રથમ આવૃત્તિમાંથી ઉદ્દધૃત)

અમારી પ્રકાશક સંસ્થાએ સિદ્ધચક્રયન્ત્રના આલેખન પૂજન વગેરે અંગે વિવિધ બાબતોની જાણકારી આપતી, તટસ્થદૃષ્ટિએ અનેક બાબતોના પ્રશ્નોના જવાબ આપતી 'સિદ્ધચક્રયન્ત્ર એક સર્વેક્ષણ અને સમીક્ષા' આ નામની જે પુસ્તિકા પ્રગટ કરી છે, તે પાછળનો હેતુ વધુમાં વધુ સત્યો બહાર આવે અને આખરી સત્યની નજીક જઈ શકાય.

આ અંગેની વિચારણા કરવા મેં મારી સામે માધ્યમ તરીકે મારા ધર્મમિત્ર વિદ્વદ્વર્ય પં. શ્રી ધુરંધરવિજયજી સંપાદિત યન્ત્રને રાખ્યું હતું. કારણ કે આ યન્ત્ર એની પહેલાંના ઘણાં યન્ત્રોમાંની અશુદ્ધિઓ અને અરાજકતાની સારી એવી બાદબાકી બતાવતું હતું, અને મારા સંશોધનનું કાર્ય થોડું આસાન બનાવે તેવું હતું.

યથાયોગ્ય સમયે અવરનવર જે કંઈ વિચારેલું, સંશોધન કરેલું, એ જાહેરમાં રજૂ થાય તો આ વિષયના રસિક આત્માઓને, ભાવિ પેઢીને અવનવું જાણવા મળે, અને તેથી આ યન્ત્ર-મન્ત્ર વિષયક ક્ષેત્રની પ્રસંગપ્રાપ્ત વિચારણામાં તેઓને કંઇક બળ મલી શકે, તેમજ સંપૂર્ણ કે વધુમાં વધુ સત્ય ખોજી શકે, એ ઉપરાંત પોતાના જ્ઞાન-વિજ્ઞાનમાં કંઇ ને કંઇ વધારો કરી શકે, એ બધા સદાશયોથી આ પુસ્તક-સાહિત્ય પ્રગટ કરવામાં આવ્યું છે.

આ લખવા કે છપાવવા પાછળનો હેતુ મારી મહત્તા કે વિદ્વત્તા બતાવવાનો તથા બડાઇ બતાવીને બીજાની લઘુતા કે ઓછાશ કરવાનો જરા પણ નથી. રખે! મારા માટે કોઈ આવી અમંગળ કલ્પના કરે! આવું લખીએ ત્યારે કોઈ મારી વાતને આજના હવામાનમાં શો-દેખાવ તરીકે ખપાવે, પણ મારા ઉપરોકત ઉદ્‌ગારો સાચા હૃદયથી નિખાલસભાવે વ્યકત કર્યા છે.

જાણીને તો નહિ જ પણ અજાણતાં, વ્યકિત, સમષ્ટિ કે શાસનના હિતની દૃષ્ટિએ લખતાં કંઈક અયોગ્ય, શાસ્ત્રવિરૂદ્ધ લખાયું હોય, કટુ સત્ય પણ કહેવાયું હોય તો ત્રિવિધે ક્ષમા યાચું છું. તે ઉપરાંત મારી ભૂલો અસત્ વિધાનો તરફ વાચકો જરૂર મારૂં ધ્યાન ખેંચશે તો મારી સમજના અસદ્‌અંશની બાદબાકી થવા પૂર્વક સદંશના મારા સરવાળામાં વધારો થશે.

આજથી પંદર વર્ષ ઉપર સિદ્ધચક્રયન્ત્ર આલેખન અને પૂજન ઉપર વર્તમાનપત્રોમાં ચાર પાંચ લેખો દ્વારા એક લેખમાળા લખવાનું નિમિત્ત મારા વંદનીય વિદ્વાન ધર્મમિત્ર શ્રીમદ્દ ધુરંધરવિજયજી (હાલમાં આચાર્યશ્રીજી) સંપાદિત પૂજનવિધિની પ્રસ્તાવનાના લખાણે ઊભું કર્યું હતું. એમને એમાં મારા યન્ત્ર માટે જે સમીક્ષા નોંધ લખી હતી તે બરાબર ન હતી. મેં તેઓશ્રીને પત્ર લખી મીઠી ટકોર પણ કરી હતી, અને લખેલું કે લખાણ વખતના સંજોગાધીન લખાણ લખ્યું હતું. બીજી આવૃત્તિ વખતે યોગ્ય થઈ જશે.

તે પછી વરસો બાદ વિવિધ વિષયક ગ્રંથોની શ્રેષ્ઠ હારમાળા જૈનસંઘને આપનાર

શતાવધાની પંડિત શ્રીયુત્ ધીરજલાલ ટોકરશી શાહે પોતાના નવા લખેલા 'સિદ્ધિદાયક સિદ્ધચક્ર' ગ્રન્થ માટે પ્રસ્તાવના લખવા મને કહ્યું, પણ સમયસર લખી ન શક્યો, તેમની પઠાણી ઉઘરાણી થતાં મોડે મોડે લખવું શરૂ કર્યું. ચાર છ પાનાં જેટલું જ લખવાનું નક્કી કરેલું, પણ લખવા માંડું પછી લઘુસૂત્રી ઓછું એવું મારૂં દીર્ઘસૂત્રી મગજ સંક્ષેપમાં પતાવે જ નહીં, અને લાંબું પહોળું લખી નાંખે, આમાં પણ એમ જ બન્યું.

બીજી બાજુ ગ્રન્થોદ્‌ઘાટનની તારીખ નજીક આવી, અને ગણત્રીના દિવસોમાં પ્રસ્તાવના પ્રેસવાળાએ છાપી આપવાની સર્વથા અશકિત બતાવી, છેવટે પ્રસ્તાવનાને ટૂંકાવી નાંખી. તે છતાં પણ છાપવાની અનુકૂળતા ન આવી અને પ્રસ્તુત પ્રસ્તાવના પ્રસ્તુત ગ્રન્થમાં આવી ન શકી. અને ત્યારે સેવેલો શ્રમ સાર્થક ન બન્યો. આજે આ વાતને પંદરેક મહિના વીતી ગયા છે. મુંબઈથી છરી પાળતો સંઘ લઈ અમો પાલીતાણા આવી ગયા.

મારા પૂજ્ય દાદાગુરુજી તથા અન્ય વ્યકિતઓ જેમને મારી પ્રસ્તાવના છપાવાની છે એવી ખબર હતી, તેઓને તે ન છપાતાં રંજ થયો. અને તે પ્રસ્તાવના પૂજ્ય ગુરુદેવે અલગ પુસ્તિકારૂપે પણ પ્રગટ કરવા આગ્રહ કર્યો, એટલે સુધારા વધારા કરીને તે છાપવા આપી.

મુદ્રણ દરમિયાન મને થયું કે પુરાણી જે કંઈ નોંધ–સામગ્રી ઉપયોગી હોય તે પણ આપવી. એટલે મેં તેમાં ઉમેરો કર્યો, વળી તે છપાતા દરમિયાન થયું કે ૨૩ વર્ષ પહેલાં એટલે ૨૦૦૯માં કાઢેલી પ્રશ્નાવલી પણ આપી દેવી. જેથી આ વિષયના રસિકોને બરાબર ઉપયોગી થાય. એટલે તે પ્રશ્નાવલી ક્યાં ક્યાં મોકલી હતી અને તેના જવાબો શું આવ્યા તે, તથા અન્ય ઉપયોગી પરિશિષ્ટો વગેરે સાહિત્ય, તેમજ મારા અને શ્રીમાન્ ધુરંધરવિજયજી મહારાજના યંત્ર વચ્ચે શું તફાવત છે? તે પણ શીઘ્રબોધ માટે જુદું તારવી આપ્યું છે, જેથી જલદી જાણવું સરળ થાય.

મારી ૩૫ પ્રશ્નોની પ્રશ્નાવલીએ, તે વખતે વિદ્વાનોમાં સારી એવી ચકચાર જગાવી હતી. મેં આ પ્રશ્નાવલીનું વાંચન પૂજ્યપાદ ઉદયસૂરીશ્વરજી મહારાજશ્રી પાસે ત્રણ ચાર સાધુઓની હાજરી વચ્ચે, બબ્બે કલાકની બેઠક રાખી તેઓશ્રી પાસેથી પ્રત્યુત્તરો મેળવવા કરેલું. જે વાત આ પુસ્તિકાની અંદર જણાવી છે. ટૂંકમાં એક જ પુસ્તિકામાં બધું સાહિત્ય સંગ્રહિત થાય તો તે ભાવિ માટે ઉપયોગી બનશે. એ રીતે વિવિધ સામગ્રી પીરસતાં પ્રસ્તાવનાએ ખાસી એક લઘુ પુસ્તિકા જેવું કલેવર ધારણ કરી લીધું.

અમદાવાદના કુશળ ક્રિયાકાર શ્રી ચીનુભાઈ આજથી સત્તર વર્ષ પહેલાં એટલે સં. ૨૦૧૪માં અગાઉથી પૂરતો સમય માંગી યંત્ર અંગેની ચર્ચા અને જ્ઞાન મેળવવા ખાસ પૂના આવેલા. વિગતવાર બધી સમજણો મેળવી અને તેમને પૂરો સંતોષ થયો અને પછી પોતાના માટે મારા સંપાદિત યંત્ર ઉપરથી તાંબાનો મોટો યંત્ર મારા મારફત બનાવરાવ્યો અને તેઓએ પૂજનોમાં એ જ યંત્રનો ઉપયોગ શરૂ કર્યો હતો.

સિદ્ધચક્રપૂજન વિધિની ચાલી આવતી અશુદ્ધિ કે અપૂર્ણતા અંગે સુધારા વધારા સાથે

કેટલીક મહત્ત્વની સૂચનાઓ મેં પ્રસ્તાવનામાં કરી છે. બાકી શેષ સુધારા અને અધિષ્ઠાયક વલયના પૂજનમંત્રો વગેરે મારા તરફથી અનેક ચિત્રો સાથે મુદ્રણની વિશિષ્ટતાપૂર્વક અનેરી ભાત પાડનારી પૂજન વિધિ જયારે છપાય ત્યારે જ મારા યંત્રના અધિષ્ઠાયક વલયનું પૂજન છાપવું, આવો નિર્ધાર ૨૦ વર્ષથી કરેલો, પણ પૂજનવિધિની પ્રેસકોપી વિવિધ કાર્યનું રોકાણ તેમજ અન્યાન્ય કારણોસર તૈયાર કરી શકાણી નહીં, એટલે થયું કે ક્યાં સુધી આ વાત અદ્ધર રાખવી? એટલે પછી મેં આ જ પુસ્તિકામાં પરિશિષ્ટ નં. ૫ના મથાળા નીચે મારા યંત્રના અધિષ્ઠાયક વલયનું પૂજન કરવું હોય તો કયા મંત્રપદો બોલીને કરવું જોઈએ? તે માટે મેં આ પુસ્તિકામાં જ અલગ પૂજન આપી દીધું છે.

વિધિકારકો તેને પોતાની નોટમાં ઉતારી લે અથવા વિધિવાળાઓ માટે હું જુદું પાનું છપાવી મોકલી આપીશ, તો તેનો ઉપયોગ કરે. આ અધિષ્ઠાયક વલય મારું કયા કારણે અલગ છે તે માટે મે પ્રસ્તાવનામાં લખ્યું હતું, જે આ બુકમાં છાપ્યું છે, તે વાંચી લેવું.

આ પુસ્તિકામાં સુધારા વધારા સાથેની પ્રસ્તાવનાએ ૧ થી ૭૭ પાનાં રોક્યાં છે. ત્યારપછી રસપ્રદ છ પરિશિષ્ટો આપ્યાં છે, ઉપાધ્યાયજીનો, તેમજ ભગવાન પાર્શ્વનાથજીનો રંગ ભૂરો કે લીલો એની ચર્ચા કરી છે, ભગવાન શ્રી મહાવીરના અભૂતપૂર્વ નિર્વાણ મહોત્સવ નિમિત્તે તૈયાર થયેલા અને થનારા ધ્વજ અંગે જાગેલા અર્થહીન વિરોધી અંગે ઈસારો કર્યો છે. પૂજનવિધિ અંગે અનાહતપૂજન તથા શાંતિકલશની ચાલી આવતી મહત્ત્વની અશુદ્ધિ તથા અન્ય કેટલીક હકીકતો અંગેની બાબતો જણાવી છે. બે ત્રણ ફર્મા જેટલી જ પુસ્તિકા છાપવાની ધારણા છતાં તે લગભગ નવ ફર્મા સુધી પહોંચી ગઈ છે.

પૂજનવિધિ અંગે જે જે મહત્ત્વની અવશેષ બાબતો કહેવાની છે તે બધી જ પૂજન વિધિની આદર્શ સચિત્ર પ્રતિ છપાશે ત્યારે તેમાં જણાવીશ, કાં સ્વતંત્ર લેખ દ્વારા પ્રસિદ્ધ કરીશ. અંતમાં નામી અનામી સહુનો તથા પૂજ્ય ગુરુદેવોનો તથા કહાન મુદ્રણાલય અને તેના સૌજન્ય સ્વભાવી માલિક શ્રી જ્ઞાનચંદજીને ધન્યવાદ આપી આ નિવેદન પૂર્ણ કરૂં છું.

વાચકો! મનન ચિંતનપૂર્વક વિચારે, અને ભૂલચૂક હોય તે મને જણાવે તેવી નમ્ર વિનંતી છે.

સમીક્ષા-તુલના માટે ઉપયોગી થાય એ માટે મારા સંપાદિત યન્ત્રનો બ્લોક છાપ્યો છે. અને બીજો બ્લોક ૩૫ પ્રશ્નોની પ્રશ્નાવલી પ્રસંગે મારી માન્યતા કે વિકલ્પોને સમજવા માટે બહાર પાડેલો તે અત્રે આપ્યો નથી.

પાલીતાણા
જૈન સાહિત્ય મંદિર
તા. ૧-૧-૭૮

*મુનિ યશોવિજય*
(વર્તમાનમાં આચાર્ય યશોદેવસૂરિ)

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સત્તરભેદી પૂજાની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૩૫ ઇ.સન્ ૧૯૭૯

૪૦

## ગ્રન્થ બારી

[ પ્રસ્તાવના ]

લેખકઃ મુનિ યશોવિજય

મારા સંગીતગુરુ આગ્રા ઘરાણાના ભારત પ્રસિદ્ધ સંગીતકાર શ્રી ફૈયાંઝખાંના સગા ભાણેજ ખાં સાહેબ શ્રી ગુલામરસુલ ગવૈયા તરીકે તો નિષ્ણાત છે, પણ હારમોનિયમના નિષ્ણાત તરીકે ભારતભરમાં સુપ્રસિદ્ધ છે. તેઓએ ૫૦ વરસ પહેલાં કરી આપેલું સત્તરમી સદીમાં થયેલા ઉપાધ્યાય શ્રીમદ્ સકલચંદ્રજીએ બનાવેલી સત્તરભેદી પૂજાનું નોટેશન, પૂજા સાથે પ્રકાશિત થતાં હું અનેક રીતે પ્રસન્નતા અનુભવું છું. એક તો આ પ્રકાશનથી પ્રથમ ખાંસાહેબની ઇચ્છા બર આવતાં વિદ્યાગુરુ તરીકેનું યત્કિંચિત્ ઋણ અદા થાય છે. બીજી પ્રસન્નતા એ કે સંગીતના શ્રેષ્ઠકોટિના રાગોમાં બેસાડેલી પૂજાઓ તેના સ્વરો–નોટેશન સાથે પ્રગટ થઇ રહી છે. આ રીતે નોટેશન સાથે પૂજા પ્રગટ થાય એ ઘટના જૈન પૂજાના ઇતિહાસમાં (પ્રાયઃ) પહેલી છે. અને આથી શાસ્ત્રીય (ક્લાસીકલ) સંગીતના રસિકોને જરૂર આનંદ થશે. ત્રીજી પ્રસન્નતા જે રાગો અને જે તાલોમાં લયઢબ સાથે પૂજાઓ શીખ્યા તે જ વસ્તુ મુદ્રણ થવાથી ચિરકાલીન અવસ્થાને પામી રહી છે. અને ચોથી પ્રસન્નતા ભલે તદન નાની પણ જવલ્લે જ પ્રકાશનનું પુણ્ય મેળવે તેવી કૃતિ અમારી સંસ્થા તરફથી પ્રકાશિત થઇ રહી છે તે, આ પૂજા પછી થોડાક ભાવનાનાં ગીતો નોટેશન સાથે આપ્યાં છે.

## હવે થોડી મારી વાત

હું જયારે આઠેક વર્ષનો હતો ત્યારથી સરકાર હસ્તક ચાલતી સંગીત શાળામાં જોડાતા સંગીત વિદ્યાના ક્ષેત્રમાં મારો આદ્ય પ્રવેશ થયો. ત્યાર પછી પ્રાયઃ એકાદ વર્ષ બાદ ડભોઈના જૈન સંઘને પોતાના બાળકોને પૂજા-ભાવના વગેરેમાં તૈયાર કરવાની મનોભાવના થતાં જૈન પાઠશાળાના મુકામમાં સંગીત કલાસ ચાલુ કર્યા અને શીખવવા માટે ખાંસાહેબની જ નિયુકિત કરી, પંદરેક છોકરાઓ આ જ્ઞાન પ્રાપ્તિ માટે જોડાયા હતા. સરકારી શાળાનો સમય સાંજના સાતથી આઠનો હતો અને નવથી સાડાદશનો સંઘની સંગીતશાળાનો સમય હતો. પ્રથમ લગભગ ૪૦ શાસ્ત્રીય રાગો શીખ્યા, વળી કવાલી, ગઝલો, ઠુમરી વગેરે પ્રકારો શીખ્યા, પછી સત્તરભેદી પૂજાઓ, સ્તવનો, પદો વગેરે શીખ્યા. બપોરના ઉસ્તાદના ઘરે પણ ભણવા કલાકેક જતા હતો. વાદ્યકલામાં ઢોલક, તબલા, બંસરી પીપુડી, ફીડલ, સતાર, સારંગી, ખંજરી, મંજીરા વગેરે તેના ઉસ્તાદો પાસે શીખ્યા, પછી નૃત્યની તાલીમ સુરતના એક નૃત્યના નિષ્ણાત મુસ્લીમ ગુરુ પાસે શીખ્યા, પછી દાંડીયારાસ શીખ્યા. નૃત્ય પરીનો વેષ પહેરીને કરતા હતા. મારી સાથે બીજા પાંચ છોકરાંઓ નૃત્યાદિકની તાલીમમાં હતા, એટલે મારી નાની ઉંમરના છોકરાંઓની ટીમ જયાં જઈએ ત્યાં સંગીત અને નૃત્ય કલાનો અદ્ભુત પ્રભાવ પાડતી. મને યાદ છે કે બુહારી પાસેના જલાલપુરમાં દશ હજાર માણસોની વચ્ચે નાચવાની તક પણ અમને મળેલી.

'મોરલી' એ અમારો ખાસ વિષય હતો, જે જોઈને હજારો હૈયાં સ્તબ્ધ બની જતાં. તમામ પૂજાઓ શીખતાં અને ભણાવતાં ભણાવતાં લગભગ મોંઢે થઈ ગઈ હતી. આ પૂજા શાસ્ત્રીય સંગીતમાં અને દેશી ઢબમાં બંને રીતે શીખ્યા. હું સંગીતનો અભ્યાસી હોવાથી સમાન ક્ષેત્રની એટલે કે સંગીતના ક્ષેત્રની નામાંકિત અનેક વ્યકિતઓ સાથે સહજ રીતે પરિચય થઈ જતો હતો.

સખેદ કહેવું જોઈએ કે સંસારી અવસ્થામાં લીધેલું આ જ્ઞાન દીક્ષા લીધા બાદ કટાતું ગયું. કેમકે દીક્ષા બાદ સૌરાષ્ટ્રમાં ૧૪ વરસ વિચર્યા. કાઠિયાવાડમાં મોટે ભાગે ચલણ દેશી સંગીત પદ્ધતિનું એટલે શાસ્ત્રીય રાગમાં હારમોનિયમ બજાવનાર પૂજામાં જવલ્લે જ હોય, વળી થોડો મારો શરમાળ અને સંકોચવાળો સ્વભાવ, આના કારણે મને બોલવાનો ઉત્સાહ ભાગ્યેજ થતો, પરિણામે શાસ્ત્રીય સંગીત નબળું પડ્યું અને વરસો બાદ ગાવાનો રસ નષ્ટ પ્રાયઃ બન્યો. અલબત્ત હજુ હું મારી મેળે સંગીતની મોજ એકલો બેઠો હોઉં ત્યારે, કોઈ સ્તવન કે કોઈ પદ દ્વારા માણી લઉં છું. જો કે ધારૂં તો બે ચાર મહિના સારો સંગીતકાર રાખીને મારા સંગીતના જ્ઞાનને પૂર્વવત તાજું કરી શકું, કેમકે અંતર્ગત બધોય સંસ્કાર બેઠો છે, એટલે ઈચ્છાઓ ઘણી કરેલી પણ પ્રમાદમાં રહી જ ગયું. હવે તો 'આજે બાકોત ગઈ થોડી રહી' જેવી તન મનની પરિસ્થિતિ પ્રવર્તે છે એટલે **स्वान्तःसुखाय** પૂરતી અનેક માનસિક અશાંતિ કે દુઃખોની રામબાણ દવા જેવી સંગીતની મીઠી મધુરી મોજ ક્યારેક ક્યારેક પદો દ્વારા માણી લઉં છું. આ મોજ માણું છું ત્યારે આટલું જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી ગાવામાં કંજુસ રહ્યો તેનો

અને એથી જે ઝરણું સુકવી દીધું તેનો ઉંડો ખેદ પણ થાય છે, પણ जीवा कम्मवसा હોવાથી બીજી જ પળે ફીકરની ફાકી કરી નાંખું છું.

એક વખતે મારા સંગીત ગુરૂશ્રીએ કહ્યું કે સત્તરભેદી પૂજા નોટેશન સાથે મેં તૈયાર કરેલી છે. આપ મારી મહેનત ચિરંજીવ બને અને મારા જીવનનું સંભારણું બને માટે જો છપાવી આપો તો સારૂં!

હું જાણતો જ હતો કે સંગીત શાસ્ત્રના સહુથી સર્વશ્રેષ્ઠ અને કિલષ્ટ રાગોમાં તૈયાર થયેલી પૂજાઓ જે તે ગવૈયાઓ બરાબર ગાઈ શકતા નથી, તો જો નોટેશન સાથે તે બહાર પડે તો આ પૂજાના થોડાક અભ્યાસી સંગીતકારો ઊભા થવાની તક ઊભી થાય, એટલે આ પૂજા પ્રકાશિત કરી છે.

આની પ્રેસકોપીમાંની પૂજાઓ હું તપાસી ન શક્યો. હું મુંબઈ હતો એટલે પ્રૂફ પણ જોવાનું શક્ય ન હતું એટલે પૂજામાં ક્યાંક થોડી અશુદ્ધિઓ રહી જવા પામી છે. ખરી રીતે આવી પૂજાઓ 'અથેતિ' સુધી મારે જ જોઈ જવી એ જ યોગ્ય હતું. અનેક મોટા કામોને રીતસર ન્યાય આપવાનું જ્યારે અશક્ય કે દુઃશક્ય બન્યું હોય ત્યારે, આવા નાના કામોમાં સમય કાઢવાનું મન આનાકાની કરે તે સ્વાભાવિક હતું. છતાં આરંભમાં ન કર્યું તો છેવટે અન્તમાં કરવું પડ્યું, એટલે કે વિહારમાં હસ્તલિખિત પ્રતિઓ સાથે રાખી હતી એટલે ચૈત્ર મહિનામાં વિહારમાં જ પાઠો મેળવી, મારી દૃષ્ટિએ જે યોગ્ય પાઠ લાગ્યા તે સ્વીકારીને સંશોધન કર્યું છે.

પ્રતિઓ પણ પૂરી શુદ્ધ ન હતી, ક્યાંક અંદરોદર જુદી પડતી હતી. વિહારમાં વધુ સંશોધન શક્ય ન હતું. એટલે આ સંશોધન મને પૂરો સંતોષ ઉપજે એ રીતે બની નથી શક્યું, છતાં મારી વિવેક બુદ્ધિનો ઊપયોગ કરી યથોચિત પાઠ નિર્ણય લીધો છે.

તમામ પૂજાઓ અલગ પણ છાપી છે. જે અનેક રીતે ઉપયોગી થશે.

તમામ પૂજાઓ પ્રાચીન પ્રતિઓ સાથે એકવાર ખંતપૂર્વક કોઈ વિદ્વાન સાધુ જો મેળવી આપે તો કાયમ માટે શુદ્ધ પાઠવાળી પૂજાઓ સમાજને પ્રાપ્ત થાય. આ નાનું પણ મહદ્ પુણ્યનું કામ છે. કોઈ વિરલ આત્માને કાને મારો આ અવાજ પહોંચે તો કેવું સારૂં! પૂજાઓના વિષય અને ક્રમમાં થોડું મતાંતર જોવાયેલ છે.

પરમપૂજ્ય પરમતારક વિદ્વદ્વર્ય સ્વ. દાદાગુરૂ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયપ્રતાપ-સૂરીશ્વરજી મહારાજની સત્કૃપાથી, તેમજ પરમકૃપાળુ અજોડ વ્યાખ્યાનકાર જૈન તત્ત્વજ્ઞાનના સર્વોચ્ચ કોટિના વિદ્વાન, પૂજ્યપાદ યુગદિવાકર ગુરુદેવ આચાર્ય શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજના આશીર્વાદો આ કૃતિના પ્રકાશનને સાંપડ્યા છે.

આ માટે પૂજ્ય ગુરુવર્યોનો પણ ભારોભાર આભાર માનું છું. ભૂલચૂક ક્ષતિ માટે 'મિચ્છામિ દુક્કડં.'

સંગીત અને તેની વિશ્વની જડ ચેતન પદાર્થો ઉપર અસર, તેમજ મારા ચિત્ત ઉપર એનો પ્રભાવ, એ વિષય ઉપર મારે મારૂં ચિંતન રજૂ કરવું હતું, પણ અનિવાર્ય સંજોગોમાં લખી નથી શકાયું છતાં ટૂંકમાં કહેવું હોય તો સંગીત, નૃત્ય કે નાટકનો પ્રભાવ તીર્થંકર નામકર્મ સુધીની સર્વોચ્ચ કોટિની પુણ્યપ્રકૃતિને બંધાવનાર છે. સંગીતની અદ્ભુત ઊંડી અને ઠંડી તાકાતને ઓળખવા આથી વધુ પુરાવાની જરૂર ખરી!

આ સત્તરભેદી પૂજાને જૈન સંઘમાં કેટલો મોટો દરજ્જો મળ્યો છે કે ગુજરાતમાં તો પજુસણ પછી શ્રીસંઘના શ્રેય માટે ખાસ આ પૂજા ભણાવાય છે. પ્રતિક્રમણમાં છીંક આવી હોય તો તે દોષના નિવારણ માટે આ જ પૂજા ભણાવવાનો રિવાજ છે. આ પૂજામાં ક્ષુદ્રદોષો, વિઘ્નોને શાંત કરવાની શક્તિ છે.

## ત્રીજી પૂજા અંગે એક જરૂરી વિચારણા

તા. ક :—અહીંયા રજૂ થતા વિચારો આખરી છે એવું ન સમજવું. આ એક મારી આનુમાનિક વિચારણા છે.

આ પૂજાના કર્તા તપાગચ્છીય શ્રી સકલચંદ્રજી ઉપાધ્યાય છે. તેઓશ્રીએ પોતે જ પોતાની પૂજામાં પૂજાના દ્રવ્ય અંગે મતાંતર દર્શાવ્યું છે. આથી તમે ચક્ષુયુગલ પૂજા પણ કહી શકો અથવા એને વસ્ત્રયુગલ પૂજા પણ કહી શકો. આ વાત ખુદ તેમણે જ પૂજાની બીજી કડીમાં 'અહવા પાઠાંતરે' પાઠથી દર્શાવી છે.

આ જ ઉપાધ્યાયજીએ એકવીશ પ્રકારી પૂજા પણ બનાવી છે. અને તે પૂજાસંગ્રહની બુકમાં છાપેલી છે. આ પૂજામાં પ્રતિમાજીના અંગ ઉપર તેમજ પ્રતિમાજીની સમક્ષ અને પ્રતિમાજી ઉપર ચઢાવાના દ્રવ્યોની વાત જણાવી છે. આ પૂજાની બીજી ગીત પૂજામાં માત્ર વસ્ત્રપૂજાની જ વાત કરે છે. ચક્ષુની તો વાત જ કરતાં નથી. પૂજાના કર્તા એક જ હોવા છતાં પરંપરાગત વહી રહેલા પ્રવાહને અનુસરીને ભલે વૈકલ્પિક વાત કરી, પણ પોતાની સ્વયં પસંદગી કે ઝોક શું છે તે તો તેઓશ્રીએ વસ્ત્રપૂજાને પ્રાધાન્ય આપી જણાવી દીધું છે. વળી ખુદ પૂજામાં ચક્ષુનું નામ લીધું, પણ ચક્ષુ કેવા હોવા જોઈએ તેને સ્પર્શતી કોઈ વાત જ ન કરી, જ્યારે વસ્ત્ર અંગે તો સારો એવો પરિચય આપ્યો.

અંચલગચ્છીય શ્રી મેઘરાજ મુનિશ્રીએ તેમજ શ્રીમદ્ આત્મારામજી ( વિજયાનંદસૂરિજી ) મહારાજે સ્વકૃત સત્તરભેદી પૂજામાં સકલચંદ્રજીએ જે વાત કરી તે જ તેમને કરી છે પણ પૂજાઓ જોતાં સહેજે એવી છાપ પડે કે, તેઓને પણ વધુ ઈષ્ટ વસ્ત્રયુગલ હતું. મૂર્તિ કે પ્રતિમા ઉપર રંગથી બનાવેલા ચક્ષુ રોજે રોજ થતા જળના અભિષેકથી, અંગલુંછણા ઘસવા વગેરે કારણે નેત્રનો રંગ ઘસાઈ જતો, આના પરિણામે ચક્ષુઓ નકામી થઇ જતી. એથી અજૈન દેવ-દેવીઓને લગાડવામાં આવતો કોડા–કોડીની સફેદ આંખોનો જૈન મૂર્તિઓમાં ઉપયોગ થવા માંડ્યો. (જે અન્ય પ્રાંતોનાં ગામડાઓમાં જૈન મૂર્તિઓમાં આજે પણ ચાલુ છે) એક અનુકૂળ બાબત એ

હતી કે બંધ કોડાની આંખો જ એવી હોય છે કે જે આંખના ખાડામાં જ બેસાડી શકાય. પણ રાજકીય, સામાજિક અને આર્થિક પરિસ્થિતિમાં જેમ જેમ પલટો થવા માંડ્યો, તેમજ જૈન સંઘની ભકિત અંગેની સમજમાં વધારો થયો. એટલે એમને કોડાની આંખો આવા દેવાધિદેવ જિનેન્દ્રભગવાન માટે બંધબેસતી કે ઉચિત ન લાગી. વળી સમય જતાં કોડાની આંખોના રંગો પણ પ્રક્ષાલ-પખાલ જલ અને અંગુલંછણાના ઘસારાથી ઘસાઈ જતા, એટલે આ પરિસ્થિતિ કાયમી ઉકેલના મનોમંથનમાંથી આજે વપરાતી કાચની ચક્ષુઓનો જન્મ થયો હશે એવું મારૂં સમજવું છે, પછી જે હોય તે.

એક દુઃખની કે ખટકતી બાબત એ છે કે આજે ભગવાન ઉપર જે ઉપચક્ષુઓ ચીટકાવાય છે, તે ચક્ષુઓની ડિઝાઈન બરાબર નથી. આ ચક્ષુઓ એવી સાઈઝના અને એવી ઢબના છે કે તે નેત્રના બરાબર ખાડામાં આવી શકે તેવા નથી અને એથી વધુ અનુચિતપણું એ છે કે આ ઉપનેત્રો જાડાઈમાં વધુ હોવાથી ખાડાની બહાર ઉંચા રહે છે. નેત્ર હંમેશા ખાડાની અંદર જ એના હિસાબ મુજબ સમાઈ જાય તો જ તે વધુમાં વધુ સ્વાભાવિક (નેચરલ) લાગે, નહીંતર તે વિકૃત–બેડોળ અને બનાવટી બની જાય છે અને પરિણામે મૂર્તિની સુંદરતા, મધુરતા અને એ કરતાં એમની પ્રસન્નતા ચાલી જાય છે. મૂર્તિ બેડોળ, કુત્રિમ અને ભયંકર લાગે છે. રોજના ટેવાએલા ભકતજનોને અને જેણે આ જાતની સમજણ નથી હોતી તેને કલ્પનાએ આવતી નથી. આવી વ્યકિતઓને વાંધાભર્યું કશું ન લાગે, પણ સુજ્ઞોનો અભિપ્રાય એ જ અભિપ્રાય ગણાય છે. અને આવા કેટલાએ જૈનો અને અજૈનો અને પરદેશીઓ જૈનોને વાલકેશ્વરના મંદિરમાં પરિચય આપવા મારે જવું પડતું ત્યારે એ જ લોકો મારી સામે પ્રશ્ન ઉઠાવી અરૂચિ વ્યકત કરતા હતા અને વીતરાગ મુદ્રાની શાન્તતા અશાન્તતાને જ્યારે વ્યકત કરનારી બને ત્યારે આવા ઉપચક્ષુઓ વિવેકી ભકિતનું અંગ મટી અવિવેકી ભકિતનું અંગ બની નથી જતાને? તે તટસ્થ રીતે ગંભીરતાથી વિચારવું શું જરૂરી નથી?

પણ **गतानुगतिको लोकः** જેમ આની સામે કોઈ અવાજ ઉઠાવતું નથી. ઉહાપોહ થતો નથી અને યોગ્ય રાહ લેવા પ્રયત્નો થતા નથી.

મેં આજથી ૨૩ વરસ પહેલા જયપુરના જડીઆને ખાડામાં બેસી જાય તે રીતે જ ચક્ષુ બનાવવા માટે સમજાવતાં તેને હા પાડી હતી. પણ કમભાગ્યે ટૂંક સમયમાં તેનું મૃત્યુ થતાં તે કાર્ય થઈ શક્યું નહિ, નહીંતર કદાચ દેશભરમાં આવા જ ચક્ષુઓનો વપરાશ શરૂ થઈ જાત. જો કે થોડા સમય ઉપર સુરતવાળા કારીગરોએ અંદર બંધબેસતા થાય તેવા ચક્ષુઓ બનાવેલા મને બતાવ્યા પણ ખરા, પણ હજુ તે કામ મને સંતોષજનક ન લાગ્યું. હાલમાં ચાંદી ઉપર મીનો ચઢાવેલી જાત તૈયાર થઈ છે.

અહીં એક પ્રશ્ન સ્વાભાવિક રીતે થઈ શકે કે શું પ્રાચીન કાળમાં ચક્ષુઓ રાખવામાં આવતા હતા ખરાં?

આનો જવાબ એ છે કે આજે જેવા ચક્ષુઓ બેસાડીએ છીએ તેવા તો હતા જ નહિ,

કેમકે ત્યારે આવા કામની કલ્પના ન હતી. પરંતુ મોટા ભાગે કોડાકોડીના ચક્ષુઓ લગાવવાની પ્રથા હતી, પણ તે કેટલી જૂની માણવી? આ માટે ચોક્કસ નિર્ણય આપી શકાય તેવું સાધન નથી. પરંતુ ધાતુ મૂર્તિઓમાં આંખમાં કીકીની જગ્યાએ *ચાંદીની ગોળ કીકી ખાડો કરીને અથવા ખાડો કર્યા વિના ચીટકાવવાની પ્રથા હતી. આ પ્રથા બારસો વરસ પહેલાંની મળેલી મૂર્તિઓમાં (ચાંદીની કીકીઓ) જોવા મળે છે. પણ પાષાણ કે આરસમાં આવું કોઈ ધોરણ જોવા મલ્યું નથી. પ્રાચીન કાળમાં જઈએ તો પાષાણ મૂર્તિઓ ધ્યાનસ્થ (એટલે અડધી મીંચેલી આંખોવાળી) થતી હતી. મથુરાની કંકાલી ટીલાની મૂર્તિઓ મથુરા શહેરમાં જઈને પ્રદર્શન હોલમાં જોઈ લેશો તો મોટા ભાગની ઢગલાબંધ મૂર્તિઓ અર્ધોન્મિલન છે. ધ્યાનસ્થ મૂર્તિઓમાં ચક્ષુનો પ્રશ્ન રહેતો નથી. અતિપ્રાચીન કાલમાં આરસ કરતાં ખાસ કરીને અન્ય પાષાણની મૂર્તિઓ વધારે થતી હતી. કેમકે અમુક અમુક કાળે આરસની પ્રાપ્તિ કેટલાંક કારણોસર દુર્લભ હતી. જયારે અન્ય પાષાણ લગભગ બધેય સુલભ હતો.

પ્રશ્ન : કેટલાક વિજ્ઞ લોકો પણ તીર્થંકરનું ધ્યાનસ્થ ચિત્ર જોઈને સવાલ કરે છે કે ભગવાનને ધ્યાનસ્થ ચીતરાવાય?

આ સવાલ તેમના મનમાં ઉઠે એનાં બે કારણો છે. તેઓ એમ સમજે છે કે ભાવતીર્થંકર બન્યા પછી તેમને ધ્યાન પ્રક્રિયા હોતી જ નથી. બીજું કારણ છેલ્લાં સેંકડો વરસથી બનતી મૂર્તિઓ લગભગ ઉન્મિલન એટલે ઉઘાડા ચક્ષુઓવાળી જ વધુ જોવા મલે છે. એટલે તેનાથી વિપરીત દૃશ્ય જુએ એટલે ચાલુ પ્રવાહના સંસ્કારથી ભીંજાએલી બુદ્ધિ પ્રસ્તુત સવાલ ઉઠાવે તે સ્વાભાવિક છે. પણ હકીકતમાં જોઈએ તો ભાવાવસ્થામાં પણ શાસ્ત્રદૃષ્ટિએ સર્વથા ધ્યાન કે તેની સત્તાના અસ્તિત્વનો ઈન્કાર કરી શકાય તેમ નથી.

બાકી એક વાત એ બરાબર યાદ રાખવી અતિ જરૂરી છે કે મૂર્તિ ભગવાન માટે નથી બનાવતા પણ આપણા માટે બનાવીએ છીએ. એ સંજોગોમાં સાધકને તેઓની ઉચિત મુદ્રામાંથી ( ધ્યાનસ્થ કે અધ્યાનસ્થ ) જે મુદ્રા યોગ્ય લાગે તે મુદ્રાવાળી મૂર્તિ ભરાવી શકે.

દરેક બાબતમાં શાસ્ત્ર અને સ્થાપિત સિદ્ધાન્તોને વચમાં લાવવાના નથી હોતા. કેટલીક બાબતોને પૂરી જાણ્યા, સમજયા વિના, શાસ્ત્ર કે સ્થાપિત નીતિ–નિયમો જોડે મૂલવવાની નથી હોતી. અજ્ઞાનભાવે જ્યાં જ્યાં એવા અસદ્ આગ્રહો ભૂતકાળમાં થયા છે ત્યાં ત્યાં ખોટા વિસંવાદો–મુશ્કેલીઓ સર્જાઈ છે. એમાંય આ એક આચારની શિલ્પવિષયક બાબત છે. ત્યાં તો તીર્થંકરના તીર્થંકરત્વને બાધ ન આવે તે રીતે વિવેકપૂર્વક નિર્ણયો કરવાના હોય છે.

---

★ કોઈ કોઈ મૂર્તિમાં આખી આંખ સફેદ ચાંદીના પતલા પતરાથી જડી દઈ વચમાં શ્યામ રત્નની (–કે પથ્થરની) કીકી બેસાડવામાં આવતી હતી. ક્યારેક ત્યાં શ્યામ મીનો પણ ભરવામાં આવતો હતો.

હાલમાં અમારા શિલ્પી કારીગરોને વરસો પહેલાં આપેલી સૂચનાથી મૂર્તિમાં કીકીની જગ્યાએ ખાડો પાડી અંદર કીકી જેવડો જ કાળો પથ્થર લગાડી દે છે. દિલ્હી વગેરે સ્થળે આ રીતની મૂર્તિઓ પધરાવેલી છે.

## ૩૫ ઢાળોના ૩૫ રાગોનું જ્ઞાન પ્રાપ્ત કર્યું

આ પૂજા સંગીતશાસ્ત્રના ઊંચામાં ઊંચા રાગોમાં બનાવી છે. આમાં સત્તર પ્રકારે જિનભક્તિ કરવાની હોવાથી સત્તર પૂજાઓ રચાઈ છે. આ પૂજાના રાગો અતિ ક્લિષ્ટ હોવાથી એ રાગોમાં ભાગ્યેજ કોઈ ગાઈ શકે. આથી અમારા શ્રીસંઘને એમ થયું કે આવી મહિમાશાળી પ્રભાવક પૂજા એના જ રાગોમાં વિદ્યાર્થીઓ શીખી જાય તો આ પૂજાનો મહિમા વધે અને ગાનાર-સુણનાર બંનેને આનંદનું કારણ બને, આથી અમે એ પૂજાઓ શીખવાનું શરૂ કર્યું. દરેક પૂજાના બે ઢાળ છે એટલે સત્તર પૂજાની ૩૪ ઢાળો અને કલશ સાથે ૩૫ કાવ્યો છે. ગીતો એમાં છે. પાંત્રીસ રાગોમાં આ પૂજા અમારે શીખવાની હતી. આ પૂજામાં પ્રથમ તેનું નોટેશન (તેની સરગમ) શીખવવામાં આવતું, પછી તે પૂજાના શબ્દો ગોઠવીને તૈયાર કરવામાં આવતી. પૂજાની એક એક લીટી તૈયાર કરવા પાછળ ૪ થી ૬ દિવસો કાઢવામાં આવતા. કોઈ ક્લિષ્ટ રાગમાં વધુ દિવસો પણ જતા, આ પૂજા મારી યાદદાસ્ત મુજબ ત્રણેક વર્ષે સમાપ્ત થઈ રહશે.

આ પૂજા જે રાગમાં બનાવી છે તે જ રાગમાં બેસાડી છે એમ નથી બન્યું, ક્યાંક રાગો બદલ્યા છે અને ક્યાંક મિશ્ર રાખ્યા છે. પૂજાની કડીઓ તાલબદ્ધ અને સરખી રીતે બેસાડવા માટે એમ કર્યા સિવાય છૂટકો ન હતો.

| પૂજા | ઢાળ પહેલી | ઢાળ બીજી |
|---|---|---|
| ૧ | ભોપાલી | અડાણો-મિશ્ર |
| ૨ | રામકલી | ટોડી |
| ૩ | મેઘમલાર | પીલુ |
| ૪ | હિંડોલ | જોગિયો |
| ૫ | જોનપુરી | જોનપુરી |
| ૬ | દેવશાખ | ભીમપલાસ |
| ૭ | ગોડી | માલવી |
| ૮ | કેદાર | દરબારી કાનડો |
| ૯ | વાગેશ્વરી | નટ |
| ૧૦ | ગૌડસારંગ | ગૌરી |
| ૧૧ | દુર્ગા | બિહાગ |
| ૧૨ | ગૌડમલાર | મેઘમલાર |
| ૧૩ | વસંત | વસંત |
| ૧૪ | મુલતાની | યમન |

| | | |
|---|---|---|
| ૧૫ | તિલંગ | શ્રીરાગ |
| ૧૬ | જયજયવંતી | નટ |
| ૧૭ | સિંધુડો | ગુર્જરી તોડી |

અન્તનો કલશ મુલતાનીમાં.

અમારા ઉસ્તાદ ગુરુની એવી ખાસિયત હતી કે એક એક વિદ્યાર્થી પૂજામાં સંપૂર્ણ તૈયાર થવો જ જોઈએ. લગભગ તમામ વિદ્યાર્થીઓ તાલબદ્ધ રાગો ગાઈ શકે તે રીતે તૈયાર થઈ ગયા. અમારા આનંદનો પાર રહ્યો નહિ. એ પૂજા જ્યારે પહેલ વહેલી દેરાસરમાં અમે ભણાવી ત્યારે સાંભળવા આવનાર શ્રી સંઘની હાજરીથી દેરાસર ચીકાર ભરાઈ ગયું હતું. શ્રીસંઘે આ પૂજા સાંભળી અમારા ઉપર અભિનંદનનો વરસાદ વરસાવ્યો હતો.

આ પૂજા તો અમને એવી કંઠસ્થ થઈ ગઈ કે અમો જાણે ઊંઘમાં પણ બોલી જઈએ અને ગાઈ જઈએ. રાગો એવા ઘૂંટાઈ ગયા હતા કે આજુબાજુમાં પથારીમાં સૂતા હોય અને જરાતરા કોઈ રાગ છેડે, પેટીના જરાક સૂરો નીકળે, નાનકડો આલાપ કે તાનપલટો સંભળાય કે આ સૂરો કયા રાગના છે તેનો તરત જ ખ્યાલ અમને આવી જતો. આ પૂજા અમો વગર ચોપડીએ ભણાવી શકતા હતા, કારણ કે ઘણીખરી પૂજાઓ લગભગ કંઠસ્થ થઈ ગઈ હતી.

આ રાગો–તર્જોની વધુ તાલીમ માટે મારા વિદ્યાગુરુએ, મારા સંસારી મોટાભાઈ શ્રી નગીનભાઈ વગેરેની સૂચનાથી મને ઘરે શીખવા આવવા જણાવ્યું. હું બપોરના બે વાગે ખાંસાહેબના ઘરે જતો. ખાંસાહેબ ક્યારેક તાલીમ આપે અને ક્યારેક કામમાં હોય તો મારી મેળે લેતો, એમના સુપુત્ર શમીનને ક્યારેક હું સરગમ બોલાવતો. પાછળથી બપોરની તાલીમ મારા સંસારી મામાના સુપુત્ર શ્રી મુલજીભાઈ જેઓ સંગીત વિદ્યામાં ઘણા નિષ્ણાત થયા હતા, તેમના ઘરે જઈને હું તેમની પાસે શીખેલા રાગોનો અભ્યાસ કરતો હતો. આમ નાની ઉંમરમાં જ સંગીતના ખેતરનું સારૂં ખેડાણ કરવાની તક મને સાંપડી હતી. એ ડભોઈના જૈન શ્રી સંઘ અને ખાસ કરીને સંગીતશાળાની નેતાગીરીને આભારી હતું. આ માટે સહુને હાર્દિક ધન્યવાદ આપવા રહ્યા.

સંગીત અને તાલની તાલીમ લીધા પછી અમને નૃત્ય શીખવાડવાનો નિર્ણય કરાયો અને અમને એ તાલીમ આપવાનું શરૂ કરાયું. બહારગામથી આવેલી નૃત્યજ્ઞ વ્યકિતઓએ પ્રથમ અમને પગમાં તોડા પહેરાવ્યા અને હાથના અભિનયની તાલીમ આપી. વળી અમો 'મોરલીનૃત્ય' ઉપરાંત અન્ય પ્રકારો સરસ રીતે શીખી ગયા. આ તાલીમમાં આઠ વિદ્યાર્થીઓ હતા. આમાં પણ મારો ક્રમાંક ત્રીજો હતો, પછી અમારા માટે સુરતમાં પરીઓના આકર્ષક ડ્રેસો–પોશાકો, બનાવટી કેશકલાપો, પરીના મુગટો વગેરે તૈયાર કરાવ્યાં અને તે વેશમાં જોઈને પ્રેક્ષકો ખરેખર અમારા ઉપર આફરીન થઈ જતા.

પછી તો આ અમારા મંડળને બહારગામથી આમંત્રણો મળવા લાગ્યાં. બહારગામ પાંચ પાંચ સાત સાત હજાર માણસો વચ્ચે અમારે નૃત્ય કરવાના પ્રસંગો બન્યા. બનાવટી સર્પની

ફરતું કરાતું 'મોરલીનૃત્ય' થાય ત્યારે તો લોકોનો ધસારો એવો થતો કે મેદની ભારે બેકાબૂ બની જતી. અમારા માટે નૃત્ય કરવાની જગ્યા પણ ન રહેતી, અને લોકો ફિદા ફિદા થઈ જતા. એ વખતે લોકો અમને છોકરા નહિ પણ છોકરીઓ સમજતા હતા.

ત્યાર પછી મને વૈરાગ્યભાવ પેદા થયો અને આ તાલીમ બંધ થવા પામી.

સાધુજીવન, અન્ય પ્રતિકૂલ સંયોગો, શરમાળ કે સંકોચવાળી પ્રકૃતિ વગેરે કારણે સમય જતાં મારા સંગીતની તાલીમ ધીમે ધીમે સર્વથા બંધ થઈ ગઈ. પરિણામે મારૂં અતિ પ્રિય એવું મીઠું-મધુર ઝરણું બહુધા સુકાઈ ગયું. છતાં માંડ મળતી નવરાશની પળે એકલો પડું ત્યારે ત્યારે કોઈ કોઈ રાગની સુરાવટ કરી સંગીતનો સહારો લઉં છું અને ત્યારે માત્ર સંગીતની જ નહિ પણ સાથે સાથે આધ્યાત્મિક મોજ માણી લઉં છું. આજે પણ મને એમ થાય છે કે ફરીથી સંગીતજ્ઞને રાખી મારૂં જ્ઞાન તાજું કરી પ્રભુ ભકતિના પ્રસંગોમાં ઉપયોગ કરૂં, પણ વ્યવસાય સંકુલ જીવનમાં મારા માટે "વો દિન કહાં સે"....નો જ પ્રશ્ન આવીને ઊભો રહે!

આ રીતે મારી સંગીતની આત્મકથા અહીં પૂરી થાય છે.

**મનનો સંયમ એ જ સર્વોત્તમ સંયમ છે**

कर्मेन्द्रियाणि संयम्य, य आस्ते मनसा स्मरन् ।
इन्द्रियार्थान् चिमूठात्मा, मिथ्याचारः स उच्यते ।।

ભાવાર્થ :—જે મૂર્ખ મનુષ્ય લંગોટ વગેરે સાધનો દ્વારા કર્મેન્દ્રિયોનો બાહ્ય સંયમ રાખીને ઈન્દ્રિયોને અનુકૂલ વિષયોનું સતત ચિંતન કરે છે, તે મિથ્યાચાર ગણાય છે. અનંત કામના વિષય-ભોગના સંસ્કારો અંગે અનિચ્છાએ કોઈવાર વિકલ્પ આવી જાય તે જુદી વાત છે, પરંતુ ઈરાદાપૂર્વક રાત્રિ-દિવસ તે જ વિચારો અને તેના જ વાતાવરણના પોષણની પ્રવૃત્તિ કરનાર કોઈપણ રીતે સાચો સંયમી ગણાતો નથી.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# આત્મખ્યાતિ નવગ્રન્થીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૩૬ ઇ.સન્ ૧૯૮૦

૪૧

## સંપાદકીય નિવેદન

સત્તરમી સદીમાં જન્મેલા સ્વ. મહાન જ્યોતિર્ધર મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજની રચેલી નાની મોટી કેટલીક રચનાઓ સં. ૨૦૧૦ થી ૨૦૧૨ સુધીમાં જુદા જુદા જ્ઞાનભંડારોમાંથી પહેલી જ વાર ઉપલબ્ધ થઈ, પછી તેની પ્રેસકોપીઓ કરવામાં આવી. તે પછી ધીમે ધીમે સમય મળે ત્યારે તેનું સંશોધન ચાલુ રાખેલું. પ્રથમ વૈરાગ્યરતિ ગ્રન્થનું સંશોધન પૂ. વિદ્વાન મુનિવર પં. શ્રી રમણિકવિજયજી મહારાજે કરી આપ્યું. અનુકૂળ સમયે મુદ્રણ શરૂ થયું. **ऐन्द्रस्तुति** પહેલીવાર અપૂર્ણ છપાએલી, પાછળથી અન્ય પ્રતિ મલતાં પાઠપૂર્તિ કરી ફરીથી તેનું મુદ્રણ થયું અને વિ. સં ૨૦૧૮-ઈ. સન્ ૧૯૬૨માં તે પ્રકાશિત થઈ. યશોભારતીનું આ પ્રથમ પુષ્પ હતું. પછી સં. ૨૦૨૨, ઈ. સન્ ૧૯૬૬માં પ્રો. શ્રીયુત્ હીરાલાલ ર. કાપડીયા પાસે ઉપાધ્યાયજીના તમામ ગ્રન્થોના લખાવેલા પરિચયનું પુસ્તક પુષ્પ બે તરીકે પ્રસિદ્ધ થયું. પછી સં. ૨૦૩૬ ઈ. સન્ ૧૯૬૯માં ત્રીજા પુષ્પ તરીકે **वैराग्यरति** ગ્રન્થ પ્રકાશિત થયો. ચોથા પુષ્પરૂપે હિન્દી ભાષાંતર સાથે **स्तोत्रावली** વિ. સં. ૨૦૩૧, ઈ. સન્ ૧૯૭૫માં પ્રસિદ્ધ થઈ. તે પછી પાંચમાં[1] પુષ્પરૂપે **काव्यप्रकाश** ઉપર બીજા ત્રીજા બે ઉલ્લાસની ટીકાવાળું પુસ્તક સં. ૨૦૩૨ ઈ. સન્ ૧૯૭૭માં પ્રગટ થયું. ત્યારપછીના ૬, ૭, ૮, પુષ્પોનું કામ

---

૧. કાવ્ય પ્રકાશ પહેલાં એક ગ્રન્થ કરવાનો હતો એટલે કાવ્યપ્રકાશને છઠ્ઠો નંબર આપેલ પણ પાછળથી તે પ્રકાશન થઈ ન શક્યું અને પાંચને બદલે ખોટો નંબર છઠ્ઠો રહી ગયો છે.

મુલતવી રાખીને નવમા (યશોભારતીની પ્રકાશન શ્રેણીમાં છેલ્લા) પુષ્પ તરીકે आर्षभीयचरित्र महाकाव्य, विजयोल्लास महाकाव्य અને सिद्धसहस्त्र नामकोश આ ત્રણ કૃતિઓથી સંયુકત પ્રકાશન વિ. સં. ૨૦૩૪, ઇ. સન્ ૧૯૭૭માં થયું. તે પછી સાતમાં પુષ્પ તરીકે કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય મહારાજ રચિત वीतराग स्तोत्रના માત્ર અષ્ટમ પ્રકાશ ઉપર જ રચેલી બૃહદ્, મધ્યમ અને જઘન્ય આ ત્રણ ટીકાઓથી યુકત स्याद्वादरहस्य થી ઓળખાતી ત્રણ કૃતિઓ, વ્યાકરણ વિષયક तिङन्वयोक्ति અને प्रमेयमाला આ ત્રણ ગ્રન્થોથી સંકલિત કૃતિ વિ. સં. ૨૦૩૮ ઇ. સન્ ૧૯૮૨માં પ્રગટ થશે. છઠ્ઠા પુષ્પ તરીકે જેનું આ નિવેદન લખી રહ્યો છું તે કૃતિ ૨૦૩૮, ઇ. સન્ ૧૯૮૧માં પ્રકાશિત થાય છે. આ છઠ્ઠા વોલ્યુમમાં નીચે મુજબની નવ કૃતિઓ પ્રગટ કરી છે.

| | |
|---|---|
| १. आत्मख्याति | ६. न्याय सिद्धांतमंजरी |
| २. वादमाला (२) | ७. यतिदिनकृत्य |
| ३. वादमाला (३) | ८. विचारबिन्दु |
| ४. विषयतावाद | ९. तेर काटियानुं स्वरुप |
| ५. वायुष्मादेः | |

નવ કૃતિઓ હોવાથી ટાઈટલ ઉપર પણ नवग्रन्थी નામ છાપ્યું છે. આ રચનાઓમાં ૧ થી ૭ કૃતિઓ સંસ્કૃત ભાષામાં છે, અને આઠમી, નવમી કૃતિ ગુજરાતી ભાષાની છે. છેલ્લી ચાર કૃતિઓ અલગ અલગ પ્રેસમાં છપાવવી પડી તેથી સળંગ નંબરનું પૃષ્ઠધોરણ જાળવી શકાયું નથી, તે માટે દિલગીર છું.

આઠ કૃતિઓ જૈન રચના છે. ફકત છઠ્ઠી કૃતિ न्याय सि. मंजरी મૂલ અજૈન કૃતિ છે. જેના માત્ર શબ્દ ખંડ ઉપર ઉપાધ્યાયજીએ ટીકા રચી છે.

આ કૃતિઓ માટે વિશેષ પરિચય આપવાની સંજોગોની અનુકૂળતા ન હોવાથી અતિ સંક્ષેપમાં જ પરિચય લખ્યો છે, જે જુદો છાપ્યો છે.

એકલા હાથે કામ કરવાનું, સમયની મર્યાદા, કાર્યવ્યસ્ત જીવન, શારીરિક સંપત્તિની દરિદ્રતા વગેરે કારણે ધારણા પ્રમાણે ઇચ્છા મુજબ કાર્ય થવાની શક્યતા ઘણી ઓછી હોવાથી કમનસીબે સંસ્કૃતભાષા જે દેશનો આત્મા ગણાય એ જ દેશમાં સંસ્કૃત કામ માટે પ્રેસમાં ઊભી થયેલી મુશ્કેલીઓ, પ્રેસોમાં કામની ભીડીમાર વગેરે કારણે કવોલીટી કામ કરવાનું મુશ્કેલ બન્યું છે. એમાંએ જૈન સાધુ જીવનમાં કામ કરાવવું ઘણું કપરૂં છે. એ સંજોગોમાં આ ગ્રન્થમાં ગ્રન્થકારના આશયને કે મુદ્રણાદિ કાર્યને પૂરો ન્યાય ન અપાયો હોય, ત્રુટીઓ રહી ગઈ હોય તે ચલાવી લેવા નમ્ર અનુરોધ છે.

શાસનદેવ, મારા તારક ગુરુદેવોના પ્રત્યક્ષ અપ્રત્યક્ષ આશીર્વાદ, મારા સહવાસી મુનિશ્રી વાચસ્પતિવિજયજી તથા અન્ય મુનિવરોની સહાય, શુભેચ્છાઓ અન્ય સહાયકોમાં ષડ્દર્શનવેત્તા

પંડિત પ્રવર શ્રી ઈશ્વરચંદ્રજી અને અનેક ભાઈ–બહેનોની શુભેચ્છા, અને અર્થ સહકારથી આટલું પણ કાર્ય થઈ રહ્યું છે અને એક મહાન ઉપકારી મહર્ષિના ઉપકારના ઋણભારમાંથી કંઈક હળવા થવાનું સદ્ભાગ્ય મને–સહુને સાંપડ્યું તેનો જ આનંદ અને સંતોષ માણી વિરમું છું.

મુંબઈના વસવાટ દરમિયાન ઉપાધ્યાયજીના ગ્રન્થોની પ્રસ્તાવના, નિવેદનો વગેરેની ફેર કોપીઓ તથા આ અંગેની અન્ય વ્યવસ્થા માટે સમયનો અને શ્રમનો ભોગ આપનાર ધર્માત્મા ભક્તિવંતા બહેનો શ્રી રમાલક્ષ્મી રસિકલાલ દલાલને એમાં વિશેષ કરીને શ્રી ભાનુમતી જયંતિલાલ દલાલ (B.A.) ને ખાસ ધન્યવાદ આપું છું. જેઓ ગમે ત્યારે ગમે ત્યાં જવું આવવું પડે ત્યારે હંમેશા સાધનો વગેરેનો પૂરો સહકાર આપતા જ રહ્યા હતા, તથા ધર્માત્મા શ્રી ચિત્તરંજનભાઈ તથા ભક્તિવંતા સરલાબેનને પણ હાર્દિક ધન્યવાદ. અને હાલમાં તપસ્વિની સાધ્વીજી શ્રી દમયંતીશ્રીજીની વિનયશીલ શિષ્યાઓ સાધ્વીજી શ્રી ચંદ્રપ્રભાશ્રીજી તથા સાધ્વીજી શ્રી કનકપ્રભાશ્રીજીએ અનેક લખાણોની શુદ્ધ પ્રેસ કોપીઓ લખી આપવામાં સહાયક બન્યા તે માટે તેઓ સહુ ધન્યવાદના ભાગી બન્યા છે.

મહાન તીર્થાધિરાજની શીતળ–પવિત્ર છાયામાં આ નિવેદન સમાપ્ત કરૂં છું.

તા. ૧–૧–૮૨ પાલીતાણા. સાહિત્ય મંદિર.

❀

## આ ગ્રન્થમાં છાપેલા નવ ગ્રન્થોનો પરિચય અહીંઆ શરૂ થાય છે.

### ૧. आत्मख्याति

—: અલ્પ ઝાંખી :—

પરિચયકાર—મુનિશ્રી યશોવિજયજી. લેખન સં. ૨૦૩૪

'[૧]આત્મખ્યાતિ' ગ્રન્થમાં ઉપાધ્યાયજી ભગવંતે જે જે વિષયોનું પ્રતિપાદન કર્યું છે, તેમાં ખાસ કરીને શું શું વિષયો આવે છે તેની સંક્ષિપ્ત ઝાંખી અહીં કરાવું છું.

૧. આત્માનું કે આ નામના સ્વતંત્ર પદાર્થનું અસ્તિત્વ[૨] છે, એવું તમામ આસ્તિક (ચાર્વાકાદિ નાસ્તિક દર્શનોને છોડીને) દર્શનો સ્વીકારે છે. વળી આત્મા ચૈતન્ય શરીરમાં જ હોવા છતાં શરીરથી તદ્દન ભિન્ન પદાર્થ છે એ વાતને પણ તેઓ સ્વીકારે છે. પણ આત્માનું પરિમાણ કેટલું? એ બાબતમાં મતભેદ પ્રવર્તે છે. કેટલાક ચિંતકો આત્મા વિભુ છે અર્થાત પરમમહત્વ પરિમાણવાળો છે, અને તેથી સર્વ વ્યાપક છે એવું માને છે કેટલાક ચિંતકો મધ્યમ પરિમાણવાળો છે એમ માને છે. ઉપાધ્યાયજીએ જુદા જુદા દાર્શનિકોની વિવિધ માન્યતાઓનું ખંડન કરીને સાબિત કર્યું છે કે આત્મા વિભુ નથી, પરમમહત્વ પરિમાણવાળો પણ નથી, આત્મા તો

---

૧. કેટલીક બાબતમાં મીમાંસકો જૈનમતને અનુસરે છે. ૨. સાબિતી માટે અલગ લેખ લખી શક્યો નથી.

(દેહધારી અવસ્થાની દૃષ્ટિએ) સ્વશરીર પરિમાણવાળો છે. જે જે યોનિમાં જાય ત્યાં ત્યાં ન્હાનું કે મ્હોટું, જેવું જેવું શરીર મેળવે તેવા શરીરમાં તે વ્યાપીને રહે છે. શરીરથી બહાર (અવકાશમાં) ફેલાઈને કદી રહેતો નથી. આ વાત આમ શરીરધારી આત્માને અનુલક્ષીને કરી છે. બાકી સૂક્ષ્મ શરીરધારી (તૈજસ-કાર્મણ) આત્માનું પ્રમાણ એક અંગુલના અસંખ્યાતમા ભાગનું પણ હોય છે.

૨. નૈયાયિકો સમવાયને અલગ પદાર્થ માને છે, જ્યારે જૈનો સ્વતંત્ર પદાર્થ છે એવું માનતા નથી. તેથી તેના મતનું ખંડન કર્યું છે. જૈનો સમવાય સંબંધના સ્થાને ભેદાભેદ અવિશ્વગ્ભાવ સંબંધ માને છે અને આ વાત એમને તર્કાદિકથી પૂરવાર કરી છે.

૩. જૈનદર્શન આત્માને નહિ પણ સંસારી જીવાત્માને ઉત્પત્તિ, વિનાશ, અને ધ્રૌવ્યથી યુકત માને છે, તેથી તાત્પર્ય એ છે કે, આત્મા અપેક્ષાએ નિત્ય અને અનિત્ય બંને રીતે હોવાથી નિત્યાનિત્યથી ઓળખાય છે. વળી જૈનદર્શન આત્માને શાશ્વત નિત્ય દ્રવ્ય માને છે પણ જ્યાં સુધી તે મુકતાત્મા ન થાય ત્યાં સુધી તે સંસારી અવસ્થાવાળો છે. અને સંસારમાં રહેનારો હોવાથી તેને કોઈને કોઈ જન્મમાં દેહધારી રૂપે રહેવું જ પડે છે. શરીરો ભલે બદલાય પણ શરીરમાં રહેનારો બદલાતો નથી. તે તો અનાદિકાળથી એક જ રૂપે છે અને તે અનંતકાળ સુધી તે જ રહેવાનો છે, આથી આત્મદ્રવ્ય એ ધ્રુવદ્રવ્ય છે.

૪. વિવક્ષિત એક યોનિમાં આત્મા ઉત્પન્ન થાય છે, ત્યારે વહેવારથી તેનો 'જન્મ' થયો કહેવાય છે. આ જન્મ એટલે ઉત્પત્તિ અને વિવક્ષિત જન્મનું આયુષ્ય પૂર્ણ થતાં (આત્મા દેહમાંથી અન્યત્ર જન્મ લેવા ચાલ્યો જાય) દેહનો વિનાશ થાય ત્યારે તેને 'વિનાશ' કહેવાય. વહેવારમાં મૃત્યુ અથવા માણસ કે જીવ મરી ગયો બોલાય છે. આપણે આત્મા મરી ગયો નથી બોલતા. કેમકે એનો ઉત્પત્તિ, વિનાશ છે જ નહિ. આ ચૈતન્ય સ્વરૂપ શાશ્વત અવિનાશી દ્રવ્ય છે એટલે આત્માનાં જન્મ મરણ નથી. જન્મ મરણ તો દેહનાં છે. આત્મા તો ધ્રુવ-નિત્ય દ્રવ્ય છે. કર્મસત્તાને વશવર્તી બનીને આ સંસારના મંચ ઉપર વિવિધ પ્રકારના પાત્રો લઈને જાતજાતનાં સારાં-નરસાં નાટકો ભજવે છે, એટલે જ તેના ઉત્પત્તિ વિનાશ પર્યાયની દૃષ્ટિએ સમજવાનાં છે.

૫. નૈયાયિકો વગેરે લોકો સર્વથા પ્રલયને માને છે. જ્યારે જૈનો સર્વથા પ્રલયને સ્વીકારતા નથી, પણ તે આંશિક પ્રલય જરૂર માને છે. આ કારણે ઉપાધ્યાયજીએ સર્વથા પ્રલયની વાતનું ખંડન કર્યું છે.

૬. કેટલાક મતકારો જીવ માત્રને મોક્ષ-મુકિત માને છે, જ્યારે જૈનદર્શન તમામ જીવોની મુકિત થાય તેવું નથી માનતું. એટલે એ વાત પ્રસ્તુત પ્રકરણમાં સુંદર રીતે સમજાવી છે.

૭. અન્ય દાર્શનિકો જગતને અનાદિ સાંત માને છે. જ્યારે જૈન દર્શન જગતને (પ્રવાહની અપેક્ષાએ) અનાદિ અનંત માને છે. અર્થાત્ તેનો સર્વથા નાશ થતો નથી એવું માને છે. તેથી સર્વથા અનાદિ સાંત કહેનારા મતવાદીઓનું ખંડન કર્યું છે.

૮. નૈયાયિકો કોઈ પણ કાર્યની નિષ્પત્તિમાં સમવાયી, અસમવાયી અને નિમિત્ત ત્રણ કારણોને માને છે. જ્યારે જૈનો કાર્યોત્પત્તિમાં ઉપાદાન અને નિમિત્ત આ બેયને માનતા હોવાથી નૈયાયિક માન્યતાનું ખંડન કર્યું છે.

૯. કેટલાક લોકો અવયવ અને અવયવીનો એકાંત ભેદ માને છે, પણ જૈનો ભેદાભેદ (એકાંત ભેદ નહિ અને એકાંત અભેદ પણ નહિ) માનતા હોવાથી એકાંત-ભેદવાદનું ખંડન કર્યું છે.

૧૦. સંયોગ સંયોગ જ હોય છે, એવું ન્યાય અને વૈશેષિક દાર્શનિકો માને છે. જ્યારે જૈનો સંયોગથી સંયોગની ઉત્પત્તિને માનતા નથી, તેથી તેનું ખંડન.

૧૧. કેટલાક દાર્શનિકો કર્મને સાત, ત્રણ કે બે ક્ષણ સ્થાઈ માને છે, તેનું ખંડન કરી સ્વમત દર્શન કરાવ્યું છે.

૧૨. જૈનો શરીર ઈન્દ્રિયાદિના વિકાસ અને પોષણમાં પર્યાપ્તિ નામની એક શકિતને માને છે. જ્યારે ઈતર દર્શનકારો આવી કોઈ શકિતને માનતા નથી. ઉપાધ્યાયજીએ જૈન મત સંમત પર્યાપ્તિનું અસ્તિત્વ અને તેની જરૂરિયાત અંગે વિવેચન કરી સમજાવ્યું છે.

૧૩. દ્વિત્વ આદિ સંખ્યા અપેક્ષા બુદ્ધિથી જન્મે છે. અને વ્યંગ્ય છે એ બાબતનું સમર્થન.

૧૪. નૈયાયિકો પરમાણુને શાશ્વત માને છે. જ્યારે જૈનો શાશ્વત માનતા નથી. તે વાત રજૂ કરી છે.

૧૫. વૈશેષિક મતાનુસાર પરમાણુઓમાં પાક અને ન્યાય મતાનુસાર અવયવીમાં પાક હોય છે એમ જણાવે છે. જ્યારે જૈન દાર્શનિકો પરમાણુઓમાં પાકથી રૂપાદિકની ઉત્પત્તિ અને નિષેધ માને છે તે વાત અહીં રજૂ થઈ છે.

૧૬. અનેક મણિઓમાં ભૂરો, પીળો આદિ ઘણાં રૂપો પ્રતીત થાય છે, અને તેને ચિત્રરૂપથી નૈયાયિકો ઓળખાવે છે. આ રૂપ એક છે કે અનેક છે? વગેરે વિષયો ઉપર કરેલી વિચારણા.

૧૭. નૈયાયિકો જ્ઞાનને સ્વસંવેદન નથી માનતા જ્યારે જૈનો માને છે તેની સિદ્ધિ.

૧૮. જ્ઞાન તો અભેદ, અપરોક્ષ છે, એવું અદ્વૈતવાદી માને છે, પણ જૈનો ન માનતા હોવાથી તેનું કરેલું પ્રત્યાખ્યાન.

૧૯. આ રીતે હાલમાં વિશેષ લેખન સમયના અભાવે આત્મખ્યાતિના થોડાક વિષયોની થોડી ઝાંખી કરાવી છે.

## ૨. वादमाला માં શું છે?

વાદમાલામાં જૈનદર્શનાનુસાર સામાન્ય અને વિશેષાત્મક જે હોય તે વસ્તુ છે, પદાર્થ છે. તેનું અનેક વિભિન્ન મતોની આલોચના કરવા પૂર્વક પ્રતિપાદન કર્યું છે.

બીજી વાદમાલામાં વસ્તુલક્ષણ, સામાન્ય, વિશેષ, ઈન્દ્રિય અતિરિક્ત શકિત અને અદૃષ્ટ આ બાબતના છ વાદો છે.

નૈયાયિકો વગેરે વિદ્વાનો જાતિને વ્યકિતથી અત્યન્ત ભિન્ન માને છે. બૌદ્ધો જાતિને અન્યવ્યાવૃત્તિરૂપ માને છે, જ્યારે જૈનો જાતિને ભિન્નાભિન્ન માને છે. અર્થાત્ અમુક અપેક્ષાએ ભિન્ન અને અમુક અપેક્ષાએ અભિન્ન. તેથી અહીં સર્વથા ભિન્ન કે સર્વથા અભિન્ન માનનારા દર્શનોના મતનું ખંડન કર્યું છે.

નૈયાયિકો વિશેષને નિત્યદ્રવ્યમાં રહેવાવાળી એક અલગ સત્તાને સ્વીકારતા નથી. એ અંગેની ચર્ચા આ વાદવિવાદમાં કરી છે.

સાંખ્યો પાણી, પાદ, ઉપસ્થ આદિને કર્મેન્દ્રિય તરીકે માને છે. જૈન દર્શન એ વાતને પ્રમાણ ગણતું ન હોવાથી તે કહે છે કે આત્મામાં જ્ઞાનની ઉત્પત્તિમાં પ્રકૃષ્ટ ઉપકારક હોય તેને ઈન્દ્રિય કહેવાય છે. વળી જ્ઞાન થવામાં માત્ર ત્વચા અને મનના સંયોગને જ કેટલાકો કારણ માને છે. જૈનદર્શન એ રીતે માનતું ન હોવાથી તેનું અહીં ખંડન કર્યું છે.

જૈન દૃષ્ટિએ ઈન્દ્રિયો બે પ્રકારે છે. એક દ્રવ્યેન્દ્રિય અને બીજી ભાવેન્દ્રિય. પાછા એમાં બે ભેદ છે. નિવૃત્તિ અને ઉપકરણ. પાછા એના પણ બાહ્ય અને અભ્યન્તર ભેદો છે. તો આમાં તે ભેદો બતાવી ચર્ચા કરી તેની સાબિતી કરી છે.

શકિત એ દ્રવ્ય, ગુણ, કર્મ આદિથી એક અલગ સ્વતંત્ર પદાર્થ છે એમ જણાવીને પ્રાચીન અને નવ્ય નૈયાયિકના મતોની આલોચના કરી અનેક પ્રમાણો ઉપસ્થિત કરી શકિત એક અલગ પદાર્થ છે તેની સવિસ્તર ચર્ચા કરી શકિતની સિદ્ધિ કરી છે. વૈશેષિકાદિ શકિત ન માનતા માત્ર છ પદાર્થોને જ માને છે, પણ ઉપાધ્યાયજીએ તેમના મતનું ખંડન કર્યું છે.

ધર્માધર્મ-શુભાશુભ સંસ્કારો એ આત્માના પોતાના જ વિશેષ રૂપ ગુણો છે, એવું માનવાવાળાના મતનું ખંડન કરીને જણાવ્યું છે કે જૈનદર્શન એ ગુણો, ધર્માધર્મ કે પુણ્યપાપાદિ આત્માના નહિ પણ તત્વતઃ પુદ્ગલના જ વિકારો છે એમ જણાવીને અદૃશ્ય એ નૈયાયિકોના મતે વિશેષ ગુણ રૂપ માને છે. તેનું ખંડન કરી અનેક યુકિતઓ દ્વારા અદૃષ્ટના પૌદ્ગલિકત્વની સિદ્ધિ કરી છે. તે ઉપરાંત નાના મોટા અનેક વિષયો ચર્ચીને જૈન દર્શનનાં મંતવ્યોએ સચ્ચાઈ પૂરવાર કરી છે.

કેટલાક સ્થળે અન્ય મતાવલંબીઓના વિવિધ મતોની રજૂઆત કરી છે પણ એ ઉપર પોતાનું સ્વમન્તવ્ય જોઈએ તેવું રજૂ નથી કર્યું.

## ૩. વાદમાલા ત્રીજીનો સાર

આ વાદમાલામાં સ્વત્વવાદ અને સન્નિકર્ષવાદ બંને વાદોની ચર્ચા કરી છે. સ્વત્વરૂપ પદાર્થ અતિરિક્ત રૂપ છે કે સમ્બન્ધ વિશેષ રૂપ છે અથવા શું સ્વરૂપે છે. આ પ્રશ્ન ઉપર વિવિધ

દાર્શનિકોનાં વિભિન્ન મતો રજૂ કર્યા છે. સન્નિકર્ષવાદમાં દ્રવ્યચાક્ષુષને અનુસરીને ચક્ષુ સંયોગ હેતુતાનો વિચાર કર્યો છે અને જાતજાતના નૈયાયિકોના મતો દર્શાવી મતભેદનું ખંડન કર્યું છે. પરસમયની માન્યતા રજૂ કરી છે.

## ૪. विषयतावाद

આ કૃતિમાં વિષયતા નામક પદાર્થ, વિષય તથા જ્ઞાન આદિથી ભિન્ન છે એવું સિદ્ધ કરીને વિષયતાના ભેદોનું વિવેચન કર્યું છે.

જ્યારે જ્ઞાનથી વિષયની પ્રતીતિ થાય ત્યારે વિષયમાં જ્ઞાનનો અનુભવ થાય છે. નૈયાયિકો આત્માને જ્ઞાનનો આધાર સમવાય સંબંધથી માને છે. પરંતુ આધાર વિષયતા સંબંધથી વિષય બને છે. પ્રાચીનો એમ કહે છે કે વિષયતા સ્વરૂપ સંબંધથી છે. તેથી તે જ્ઞાન અને વિષયથી ભિન્ન પદાર્થ નથી.

આની સામે ઉપાધ્યાયજી વાંધો ઉઠાવે છે. એ કહે છે કે જો વિષયતા જ્ઞાન સ્વરૂપ છે તો ભૂતલ ઘટવાળું છે, આ જ્ઞાનથી નિરૂપિત જો વિષયતા ઘટ અને ભૂતલમાં રહે છે તેમાં અભેદ પડી જશે. અને અભેદ થવાથી ઉકત પ્રકારવાળા જ્ઞાનથી ઉત્તરકાલમાં 'ઘટ' પ્રકારક જ્ઞાનથી હું મુકત છું' આવા પ્રકારની પ્રતીતિ થવી જોઈએ. જે અનુભવથી વિરૂદ્ધ છે. આ માટે વિષયતા, જ્ઞાન અને વિષયતા આશ્રયતા સંબંધથી વિષયમાં અને નિરૂપકતા સંબંધથી જ્ઞાનમાં રહે છે.

વિષયિત્વ પણ જ્ઞાન અને વિષયથી ભિન્ન પદાર્થ છે, અને આ વિષયિત્વ બે પ્રકારે છે. પહેલું કોઈ પણ વિષયતાથી નિરૂપિત નથી થતું અને બીજું એ છે કે અન્ય વિષયતાથી નિરૂપિત થાય છે.

નિર્વિકલ્પક જ્ઞાનમાં જે વિષયિત્વ હોય છે એનાથી નિરૂપિત વિષયતા અન્ય વિષયથી નિરૂપિત નથી થતી. વિશિષ્ટ જ્ઞાનની જે વિષયતા હોય છે તે અન્ય વિશેષતાઓથી નિરૂપિત થઈ શકે છે. અહીં પ્રકારતા, વિશેષ્યતા અને સંસર્ગતા રૂપ વિષયતા હોય છે અને તે પરસ્પર નિરૂપ્ય નિરૂપક ભાવે હોય છે.

વિશેષ્યતા અને પ્રકારતા પણ બે પ્રકારની હોય છે. એક કોઈ પણ ધર્મથી અવિચ્છિન્ન હોય છે અને બીજી નિરવિચ્છિન્ન હોય છે.

ઉપરોક્ત બધી વાતોને વિસ્તારથી આ કૃતિમાં ચર્ચી છે.

## ૫. वायुष्मादेः प्रत्यक्षाप्रत्यक्षत्व એટલે કે
## વાયુ અને ઉષ્મા પ્રત્યક્ષ છે કે અપ્રત્યક્ષ એને અંગેની ચર્ચા

કેટલાક નૈયાયિકો પૃથ્વી, પાણી અને અગ્નિ આ ત્રણ દ્રવ્યો, રૂપ અને સ્પર્શથી યુકત છે

એમ માને છે. અને તેથી તે ત્રણેય ચક્ષુ અને ત્વચા (સ્પર્શેન્દ્રિય) આ બે ઈન્દ્રિયોથી તે પ્રત્યક્ષ થાય છે એમ પ્રત્યક્ષ અનુભવ કરીને કહે છે. દ્રવ્યને પ્રત્યક્ષ થવામાં રૂપ ત્યારે જ કારણ બને છે જયારે પ્રત્યક્ષ બાહ્ય ઈન્દ્રિયોથી ઉત્પન્ન થતું હોય. તેઓ ચક્ષુથી દ્રવ્યના પ્રત્યક્ષમાં રૂપ અને ત્વચાથી પ્રત્યક્ષ થવામાં સ્પર્શને કારણ માનતા નથી. સ્પર્શ અને રૂપ બંનેને કારણ તરીકે ગણવામાં આવે તો ત્યાં બે જાતના કાર્ય કારણભાવ માનવા પડશે. બે કાર્ય–કારણભાવ માનવામાં દાર્શનિકોને ગૌરવ થાય છે. બીન જરૂરી કારણને તેઓ બોજ માને છે. એટલે ગૌરવ ન થાય તે તરફ તેઓનું ખાસ લક્ષ્ય હોય છે. એટલે તેઓ એમ કહે છે કે રૂપ અને ત્વચા આ બંને દ્રવ્યોના પ્રત્યક્ષમાં એક રૂપને જ જો કારણ માનવામાં આવે તો લાઘવ થાય છે. આ લાઘવવાદીઓના મત મુજબ રૂપ હોય તો જ ત્વચાથી દ્રવ્ય પ્રત્યક્ષ થઈ શકશે નહીંતર નહિ.

આટલી સંબંધિત વાત સમજાવીને વાયુ-દ્રવ્યની વાત સમજાવતા કહે છે કે વાયુ દ્રવ્ય છે. આવી પ્રતીતિ ત્વચાથી પણ નહીં થાય, કેમકે ઉપરની દલીલ પ્રમાણે દ્રવ્યનાં પ્રત્યક્ષમાં કારણ એક રૂપને જ માન્યું છે, અને રૂપ તો વાયુદ્રવ્યમાં છે જ નહિ એટલે ત્વચાથી વાયુ પ્રત્યક્ષ કરી શકતો નથી.

આ પ્રમાણે પ્રાચીન નૈયાયિકોનો મત છે.

ઉપાધ્યાયજી મહારાજે આ મતનું વિવિધ હેતુઓ દ્વારા આ પ્રકરણમાં ખંડન કર્યું છે. તેઓશ્રી કહે છે કે શરીરની સાથે વાયુ–હવાનો જયારે સંયોગ થાય તો જ આ શીતવાયુ વાઈ રહ્યો છે–આ ઉષ્ણવાયુ ફુંકાઈ રહ્યો છે. આ પ્રમાણે પ્રત્યક્ષ અનુભવ થાય છે, રૂપથી રહિત વાયુ પ્રત્યક્ષ છે. આથી ત્વચાજન્ય પ્રત્યક્ષમાં સ્પર્શનાં ભિન્ન ભિન્ન કારણો માનવાં જોઈએ.

પ્રત્યક્ષની માન્યતાથી વિરૂદ્ધ હોવાથી લાઘવની વાત આગળ ધરીને દ્રવ્યપ્રત્યક્ષમાં કેવળ રૂપને કારણ કહેવું, વાયુના પ્રત્યક્ષમાં ત્વચાને ભ્રાન્ત કારણ કહેવું તે યોગ્ય નથી. આ બાબતને ઘણા હેતુઓ આપીને વિસ્તારથી સમજાવી છે.

ઉપાધ્યાયજીએ ગ્રન્થના નામના અન્તમાં **रहस्य** શબ્દ લગાડેલો હોવાથી ૧૦૮ ગ્રન્થો રચવાની જે પ્રતિજ્ઞા કરી હતી તે પૈકીની આ રચના છે. એકંદરે **रहस्य** શબ્દવાળી ચાર કૃતિઓ જ ઉપલબ્ધ થઈ.

## ૬. ન્યાય સિદ્ધાન્ત મંજરી ગ્રન્થની શબ્દ ખંડની ટીકામાં શું વિષયો આવે છે તેની સંક્ષિપ્ત નોંધ

૧. ઉપાધ્યાયજીએ પ્રારંભમાં ટીકાના મંગલાચરણમાં ઘણું સૂચિત કરી શકાય તેવું ભગવાન મહાવીરની વાણી માટે वेदध्वनिः આવું વિશેષણ વાપર્યું છે.

પ્રારંભના પ્રત્યક્ષાદિ ત્રણ ખંડ ઉપર ટીકા કરી હતી કે કેમ તે કહી શકાય તેવું નથી. મને તો છેલ્લા ખંડની અપૂર્ણ ટીકા ઉપલબ્ધ થઈ તે જ અહીં પ્રગટ કરી છે. એમાં નીચે મુજબ વિષયો રજૂ થયા છે.

૨. શબ્દ પ્રમાણ ગણાય છે તો તે કેવી રીતે? તેનાં લક્ષણો શું? તેની ચર્ચા કરવાની પ્રતિજ્ઞા કરીને 'અર્થના' શબ્દ મંગલાર્થક છે એમ જણાવીને શબ્દ શું છે, શબ્દશકિત, પદશકિત, જાતિશકિત, લક્ષણા વગેરે બાબતો વિસ્તારથી ચર્ચી છે.

૩. વૈશેષિક દાર્શનિકો શબ્દ પ્રમાણને અનુમાન પ્રમાણની અંતર્ગત ગણી લે છે, પણ ઉપાધ્યાયજીએ જૈન દર્શનની માન્યતાનુસાર શબ્દ પ્રમાણ એ એક સ્વતંત્ર પ્રમાણ છે. એવું જણાવીને વૈશેષિક માન્યતાનું ખંડન કર્યું છે.

૪. શબ્દબોધમાં 'શકિત' સહકારી કારણરૂપ છે એવું પ્રતિપાદન કરીને શકિતનું શકિતજ્ઞાનના ઉપાયોનું નિરૂપણ કરેલ છે.

૫. તે ઉપરાંત પદશકિત જાતિમાં છે કે વ્યકિતમાં? તે અંગે કરેલી વિચારણા.

૬. પદાની શકિત કાર્યતામાં છે. આ જાતનું મન્તવ્ય ધરાવનાર મીમાંસા દર્શનકાર પ્રભાકર મિશ્રના મતનું ખંડન.

૭. શકિત ત્રણ પ્રકારની છે. અભિધા, લક્ષણા અને વ્યંજના. એમાં લક્ષણા નામની શકિત શબ્દમાં કેવી રીતે રહેલી છે તે અંગે કરેલી ચર્ચા વિચારણા.

૮. લગભગ ૧૨૦૦ શ્લોક જેવડી ગદ્ય ટીકામાં સ્વકૃત अलंकारचूडामणि विवरण, अष्टसहस्त्री विवरण, ઉદયનાચાર્ય કૃત कुसुमांजलि અને સ્વકૃત नयामृततरंगणी, विशेषावश्यकभाष्य વગેરેનો ઉલ્લેખ કરાયો છે.

આ સિવાય નાની મોટી અનેક બાબતોની ચર્ચા-વિચારણા કરી છે.

★ આ ન્યાય સિદ્ધાન્ત મંજરી ગ્રન્થના શબ્દખંડ ઉપર ટીકા કરવાનું મન કેમ થયું? તો જ્યારે વિશ્વનાથ ભટ્ટાચાર્ય કૃત ન્યાય સિદ્ધાન્ત મુકતાવલીની રચના થઈ ન હતી. તેનો પ્રચાર શરૂ થયો ન હતો તે પહેલાં લગભગ ૧૬ મી શતાબ્દીના ઉત્તરાર્ધમાં રચાએલી ન્યાય સિદ્ધાન્ત મંજરી (અને ન્યાય લીલાવતીનો પણ) તો ઘણો પ્રચાર થઈ ચુક્યો હતો. અને આ બન્ને ગ્રન્થો ઉપર ઘણી ટીકાઓ થઈ હતી એટલે ઉપાધ્યાયજીને પણ આવા ગ્રન્થ ઉપર કંઈક વિશિષ્ટ લખવાનું મન થઈ આવ્યું અને તર્કન્યાય પ્રધાન વિભાગ ઉપર ટીકા લખી નાંખી ત્યારે ઉપાધ્યાયજીની પ્રતિભા કેવી બહુમુખી અને ભવ્ય હશે!

## ૭ ¹यतिदिनकृत्य કૃતિનો આછો પરિચય

આ કૃતિને यतिदिनचर्या તરીકે પણ ઓળખાવવામાં આવી છે. આ નામની બે હાથપોથીઓની નોંધ જિનરત્નકોશ (વિ. ૧. પૃ. ૬૦૧)માં છે. આ કૃતિનો બીજો શ્લોક જોતાં कृत्य શબ્દનું જોડાણ જ બરાબર છે. ²यति એટલે સાધુ. રૂઢ અર્થમાં જૈન સાધુ (યતિ એટલે જતિ એટલે ગોરજી એ અર્થ અહીં ન સમજવો.)

આ કૃતિમાં જૈન શ્રમણોનો દૈનિક આચાર-વ્યવહાર કેવો હોય છે. સાધુઓએ નિત્યક્રિયાઓ શું કરવી જોઈએ, વસ્ત્રો-પાત્રો સંખ્યામાં કેટલાં, શેનાં બનાવેલાં, અને કેવાં

રાખવાં-વાપરવાં જોઈએ? તેમની આહાર ગ્રહણ,-ભિક્ષા વ્યવસ્થા કેવી છે? એ અંગેની વિશાળ સમજ આપી છે. અનિવાર્ય ગણાતી રોજની પ્રતિક્રમણની એટલે પાપથી પાછું હઠવાની ક્રિયા બાબત, સુતરાઉ, ગરમ કાપડ અંગેની માહિતી, જૈન સાધુ અહિંસાને વરેલો હોવાથી સૂક્ષ્મજીવોની રક્ષા કેવી રીતે કરવી જોઈએ? રજોહરણ-ઓઘાથી પૂજના-પ્રમાર્જના કેવી રીતે કરવી જોઈએ, વસ્ત્રની પડિલેહણા, ઉપકરણોની પડિલેહણા, પિણ્ડવિશુદ્ધિ નિર્દોષ ભિક્ષા કોને કહેવાય? કયો ભોજનપિંડ કલ્પે, નાના મોટા વચ્ચેનો વંદન વહેવાર અને વિધિ શી રીતે છે? સ્વાધ્યાય વ્યવસ્થા, ચાતુર્માસમાં ભેજકાળ દરમિયાન વિશેષ પ્રકારે કરવાની આરાધના-આચરણ, પર્યુષણપર્વની આરાધના, કષાયનો ઉપશમ કેમ કરવો, પરસ્પર વૈયાવચ્ચ-સેવા, ગુરુ આજ્ઞા પાલન, વિવિધ પ્રકારની સામાચારીનું પાલન, વગેરે બાબતો કહેવામાં આવી છે.

જેઓએ મોક્ષ પ્રાપ્ત કરવો હોય તેને અહિંસાપ્રધાન જીવન જીવવું જોઈએ અને બધી રીતે બીનગુન્હેગાર રહીને સાધના કરવી જોઈએ. આવું જીવન તૈયાર કરવા તેને અહિંસા, સત્ય, અચૌર્ય, બ્રહ્મચર્ય અને અપરિગ્રહ, આ પાંચ મહાવ્રતોનું સમ્યગ્ પાલન અને પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિઓના સૂક્ષ્માતિસૂક્ષ્મ જીવોની અહિંસા-રક્ષામાં સતત લાગી રહેવું જોઈએ. જેથી તે નિમિત્તના રાગ-દ્વેષના કાષાયિક પરિણામોથી આત્મા બચતો રહે.

એકંદરે જીવન મુકત થવા માટે સાધુ-સાધ્વીજીઓએ ઉપરની આચારસંહિતાનું પાલન કરવાથી પોતાના જીવનમાં **अहं** અને **मम**-હું અને મારાપણાનો-મમતાનો ભાવ ઓગળતો જશે, નિસ્પૃહતા વધશે. અપેક્ષાઓ ઘટી જશે. સ્વભાવની વિષમતા સમતામાં ફેરવાતી જશે અને પોતાના ત્યાગ, વૈરાગ્યના સંસ્કારોનું પાલન પોષણ, વર્ધન, વિવર્ધન ખૂબ જ કરી શકશે અને પોતે નિર્દોષ, નિષ્કલંક, પવિત્ર અને વધુને વધુ સદાચારી જીવન જીવી રહ્યાનો આનંદ લૂંટી શકશે.

ઉપર કહેલી નાની મોટી જીવન વહેવાર અને દિનચર્યાને લગતી તમામ પ્રકારની આચારસંહિતાને આ કૃતિમાં દર્શાવી છે. આને આમાં જ સમ્યગ્ જીવન જીવવાની બધી ચાવીઓ બતાવી છે, અને અસમ્યગ્જીવનને દૂર કરવાના ઉકેલો પણ રજૂ કર્યા છે.

આ કૃતિ એકંદરે સમ્યગ્ જીવન જીવવા માટે જૈન સાધુ-સાધ્વીજીઓ અંગેનું બહુ જ વ્યવસ્થિત દસ્તાવેજી બંધારણ છે. જો આ બંધારણ વધુમાં વધુ વફાદાર રહીને આચારમાં મૂકાય તો હરકોઈ સાધુ મહાન બની જાય. સ્વ-પર ઉપકારક અને પવિત્ર બની રહે.

ભગવાન મહાવીરના સિદ્ધાન્તોનું મૂળ કે એમના ધર્મનો મૂળભૂત પાયો आचार છે. પ્રથમ આચાર ધર્મ જાણો અને તેને પછી આચરવો એટલે વિચારોની શુદ્ધિ અને પાલન સુકર-સરલ થઈ પડશે.

દરેક પૂ. સાધુ-સાધ્વીજીએ આ સામાચારી વાંચવી, સાંભળવી ખૂબ જ જરૂરી છે.

આટલી ટૂંકી ઝાંખી 'યતિદિન કૃત્ય' કૃતિ અંગે કરાવી.

આનો અનુવાદ, પારિભાષિક કોશ અને હિન્દી ગુજરાતી અર્થ આપવાની અને તેને સચિત્ર *બનાવવાની પણ ભાવના હતી. પણ બની શક્યું નથી. કોઈ પણ સુયોગ્ય અધિકૃત મુનિરાજ*

શ્રમણ સંઘના હિતાર્થે અનુવાદનું ઉપકારક કામ કરી આપશે તો હું ખૂબ જ આભારી બનીશ, અને પોતે છપાવી શકે તેમ ન હોય તો તે માટે હું પ્રયત્ન કરીશ.

આ કૃતિની પ્રથમ નકલ વિ. સં. ૧૭૧૯માં એટલે કે ઉપાધ્યાયજીની બરાબર હયાતીમાં જ પૂર્ણિમાં ગચ્છના પૂ. આચાર્યશ્રી મહિમાપ્રભસૂરિજીના શિષ્ય મુનિવર શ્રી ભાવરત્નજીએ કરી છે. તે વાત પ્રતિના અન્તમાં લખી હતી, જે આ કૃતિના અંતમાં મુદ્રિત કરી છે. આથી લાગે છે કે તેઓ ઉપાધ્યાયજીના નિકટવર્તી–સહવાસી હોવા જોઈએ.

મારા પરમ તારક, પરમકૃપાળુ, જ્ઞાનવૃદ્ધ, પરમપૂજય આચાર્યશ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજે આ રચનાના કેટલાક રૂઢ અને સાંકેતિક શબ્દો માટે માર્ગદર્શન આપી મને ઉપકૃત કર્યો છે તે બદલ તેઓશ્રીનો પરમ આભારી છું. આજે મારા મહદ્ અસદ્‌ભાગ્યે આ નાનકડી કૃતિનું પ્રકાશન જોવા માટે તેઓશ્રી આપણી વચ્ચે નથી એની ઉંડી વેદના સાથે પરિચય પૂરો કરૂં છું.

## ૮. વિચાર બિન્દુ

ઉપાધ્યાયજી મહારાજે પોતે જ **धर्मपरीक्षा** નામનો અતિ ઉત્તમકક્ષાનો વિવિધ વિષય-વિચાર સમૃદ્ધ ગ્રન્થ રચ્યા પછી એ ગ્રન્થનું પુનઃ અવલોકન કરતાં એ ગ્રન્થમાં જયાં જયાં સુધારા-વધારાની આવશ્યકતા લાગી ત્યાં ત્યાં તેમને સુધારા-વધારા પોથીમાં જ કરી નાંખેલા. પાછળથી આ સુધારા-વધારા એક પોથીરૂપે તૈયાર કરવામાં આવ્યા અને આ નોંધ કે પોથીને **विचारबिन्दु** અથવા 'વાર્ત્તિક' એવું નામ આપવામાં આવ્યું. અને પછી તે પ્રતિ મુદ્રિત કરીને આ જ પુસ્તકમાં જોડવામાં આવી છે.

જેમ હીરપ્રશ્ન, સેનપ્રશ્ન જેવા પ્રશ્નોત્તર ગ્રન્થો રચાયા છે, તેમાં પ્રશ્ન સાથે ઉત્તરો અપાયાં છે. આમાં એવી પદ્ધતિ અપનાવાઈ નથી પણ સાધુ કે સંઘના વિદ્વાન–અભ્યાસી વર્તુલોમાં ઘણી શાસ્ત્રીય માન્યતાઓ અંગે જે વિવાદ કે મતભેદ પ્રવર્તતા હતા તેને રજૂ કરીને ઉત્તર એટલે સમાધાન આપવાની સીધી પદ્ધતિ સ્વીકારી છે.

આ ગ્રન્થમાં બહુ જ મહત્ત્વના ગૂઢ, કિલષ્ટ પ્રશ્નો ઉઠાવીને તેનું ઉપાધ્યાયજીએ આધારો આપી આપીને અસરકારક ઉત્તરો આપ્યા છે. વિદ્વાન અને ભણેલા વાચકોને અતિમહત્વનાં સમાધાનો આમાંથી પ્રાપ્ત થશે, જે કેટલાંક સમાધાનો બીજેથી મળવા અશક્ય છે. ત્યારે આ સમાધાનો જૈન શ્રમણ સંઘને બહુ જ ઉપયોગી લાભપ્રદ થશે અને કેટલાક તો વાચકની દૃષ્ટિના ફલકને, પ્રવર્તતા રૂઢ ખ્યાલોને સુધારવામાં પણ સમાધાનો સહાયક બનશે. ઢગલાબંધ આપેલી સાક્ષીઓ ઉપાધ્યાયજી ભગવંતની બહુશ્રુતતાના પ્રમાણપત્ર રૂપ છે. ઉપાધ્યાયજી ભગવંતે પોતાના માટે પૂરવાર કરેલી **नामूलं लिख्यते किंचिद्** ની ઉકિતનું બરાબર પાલન કર્યું છે.

ઉપાધ્યાયજી જેવા શ્રુતધર પુરુષનાં સમાધાનો માટે શું કહેવાનું જ હોય! આપેલાં સમાધાનો આપણા સહુની જ્ઞાનદૃષ્ટિને વિકસિત કરવામાં, વિશેષ સમજણને પુષ્ટ કરવામાં સહાયક બની રહે એ જ પ્રાર્થના!

આજના યુગમાં કેટલીક બાબતમાં જે ગેરસમજો પ્રવર્તે છે. માત્ર ઉત્સર્ગને જાણનારા અપવાદ માર્ગની સમજણના અભાવે કે ઉતાવળભાવે કેટલીક સારી પ્રવૃત્તિઓની પણ અપવાદ કહીને, કાં અશાસ્ત્રીય જણાવીને ટીકા કરે છે. તેઓ માટે, આમાંનાં સમાધાનો તટસ્થ દૃષ્ટિએ વાચકો વિચારશે તો વિરોધ કરવાનું ટાળશે અને જૈનધર્મની દૃષ્ટિ પામીને દૃષ્ટિનું ફલક કેટલું વિશાળ અને ઉદાત્ત હોવું જોઈએ તેનો માર્મિક યથાર્થ બોધ આપી જશે.

અભ્યાસી સહુ શ્રમણ-શ્રમણીઓએ આ કૃતિ વાંચવી જોઈએ. પ્રતિનો પરિચય અલગ આપ્યો છે.

## ૯. તેર કાઠિયાનો પરિચય અને સંપાદકીય નોંધ—

અખિલ બ્રહ્માંડમાં બે સત્તાઓનું મહાન સામ્રાજ્ય અનાદિકાલથી પ્રવર્તે છે. એક છે ધર્મસત્તા અને બીજી છે કર્મસત્તા. ધર્મસામ્રાજ્યના સમ્રાટ્-રાજા છે તીર્થંકર અરિહંત પરમાત્મા, અને કર્મસત્તાના સમ્રાટ છે મોહરાજા, બંને નેતાઓ, આ સંસારના પ્રજાજનો પોતપોતાના આદેશોનો સ્વીકાર-પાલન કરી પોતાના કબજામાં રહે એમ ઈચ્છે છે, એટલે બંને સત્તાઓ વચ્ચે અનાદિ કાલથી સંઘર્ષ ચાલે છે. બંને પોતાનું સામ્રાજ્ય વિસ્તરતું રહે. વિસ્તરેલું છે એમાંથી જરાએ ઓછું ન થાય, એ માટે તેઓએ પોતાના અનેક અધિકારીઓ નીમ્યા છે. મોહરાજાના સેનાધિપતિઓ ક્રોધ, માન, માયા અને લોભ છે. અને એના હાથ નીચે તેઓના તેર (કે તેથી વધુ) અધિકારીઓ છે, જેઓ કર્મરાજાનું શાસન સદાયે વિજયવંતુ રહે એ માટે સતત ચોકીપહેરો ભરી રહ્યા છે. દેખરેખ રાખી રહ્યા છે. આ અધિકારીઓ સામાન્ય રીતે તેર છે અને તેને કાઠિયા તરીકે ઓળખાવવામાં આવ્યા છે.

આ કાઠિયા ક્યાં ક્યાં કયા કયા પ્રસંગોએ કેવી રીતે અચૂક હાજર થઈ જાય છે અને માણસને ઉંધે રસ્તે ચઢાવી પોતાના ધાર્યા નિશાનો પાર પાડી કેવી રીતે સફળતા મેળવે છે, આવા પ્રસંગે ધર્મરાજાનો ઉપદેશ કેવી રીતે તેઓને બચાવે છે. એ બધો અધિકાર આમાં ઉપકારી ગુરુ ભગવંતોએ સુંદર રીતે વર્ણવ્યો છે. જે વાંચતા આનંદ ઉપજે એવો બોધક અને પ્રેરક છે.

ઘણીવાર વ્યકિતને પોતાને જ ખ્યાલ નથી હોતો કે મારી સામે શું ચાલી રહ્યું છે. મારા આત્મિક-આધ્યાત્મિક વિકાસના માર્ગમાં કોણ કોણ પત્થરો-અવરોધો મૂકી રહ્યું છે તેનો યથાર્થ ખ્યાલ હોતો જ નથી. જેને હોય છે તેને અધૂરો હોય છે. પરિણામે જાગૃત દશા રાખવી જોઈએ તે આત્મા રાખી શકતો નથી અને માર ખાધા કરે છે.

આ માટે ઉપકારી પુરુષે આવા નિબંધો દ્વારા સહુ સમજી શકે તેવી સીધીસાદી ગામઠી ભાષામાં તેર કાઠિયાનો નિબંધ બનાવ્યો છે. આ કાઠિયા સારાં કાર્યો ન કરવા દેવા માટે કે ન કરી શકે તે માટે વારે વારે કેવા ઝટ લઈને મનમાં ખડા થઈ જાય છે? તેનો આનંદ આપે એવો સુંદર, રોચક, મજાનો ચિતાર આપ્યો છે.

આ ચિતાર જૂની ગુજરાતી ભાષામાં હોવાથી આજની ગુજરાતીમાં તેનો અનુવાદ આપવો

અવશ્ય જરૂરી હતાં પણ તે કાર્ય મારાથી થઈ શક્યું નથી.

આ કૃતિના આદિ કે અન્ત ભાગમાં ઉપાધ્યાયજીના નામનો ઉલ્લેખ નથી એટલે શું આ કૃતિ ઉપાધ્યાયજીની જ છે ખરી? એનો જવાબ આપવો મુશ્કેલ છે. પણ પ્રતિ તો ઉપાધ્યાયજીના નામે ચઢેલી છે અને મંગલાચરણ ઉપાધ્યાયજી મહારાજ જે રીતનું કરે છે તે જ પદ્ધતિનો શ્લોક છે. જો કે આટલી બાબત પુરાવા રૂપે કંઈ પૂરતી ન જ ગણાય, છતાં ઉકત કારણે છાપી છે.

કાઠિયો એટલે કઠોર, કડક, તોફાની, ધર્મ શ્રવણાદિક કાર્યમાં અંતરાય પાડનારો. આવા કાઠિયા[1] ૧૩ નહિ પણ એથીએ વધુ ગણાવી શકાય, પણ અહીંયા મહત્વના તેરની ગણત્રી રાખી છે. એક ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે નીચે અપાતી તેર કાઠિયાઓની વિભિન્ન સૂચિઓથી કાઠિયાઓની સંખ્યા તેરની જ રાખી એકતા જાળવી, પણ નામોમાં સમાનતા નથી જાળવી. ભિન્ન ભિન્ન નામોને એકત્રિત કરવામાં આવે તો સંખ્યા તેરથી વધી જાય.

હવે મૂલ વાત કહું કે મળેલી પ્રતિમાં આઠમું પાનું ન હોવાથી બારમા તેરમા કાઠિયા કયા તેનો ચોક્કસ નિર્ણય થઈ શક્યો નથી. અખંડ પ્રતિ મળે તો જ નિર્ણય થઈ શકે.

છ પાનાંની પ્રસ્તુત કૃતિમાં :—

૧. [2]આલસ, ૨. મોહ, ૩. નિદ્રા, ૪. અહંકાર, ૫. ક્રોધ, ૬. કૃપણ, ૭. શોક, ૮. લોભ, ૯. ભય, ૧૦. રતિ, ૧૧. અરતિ, પછીના ૧૨-૧૩. અસ્પષ્ટ છે.

એક બીજી મુદ્રિત પ્રતિમાં :—

૧. આળસ, ૨. મોહ, ૩. અવજ્ઞા, ૪. અહંકાર, ૫. ક્રોધ, ૬. પ્રમાદ, ૭. કૃપણતા, ૮. ભય, ૯. શોક, ૧૦. અજ્ઞાન, ૧૧. ચિત્તવિક્ષેપ, ૧૨. કુતૂહલ, ૧૩. સ્ત્રી [2]વિલાસ, આ રીતે ૧૩ છે.

એક સજઝાયમાં :—

૧. આળસ, ૨. મોહ, ૩. અવર્ણવાદ, ૪. દંભ, ૫. ક્રોધ, ૬. પ્રમાદ, ૭. કૃપણ, ૮. ભય, ૯. શોક, ૧૦. અજ્ઞાન, ૧૧. વિકથા, ૧૨. કુતૂહલ, ૧૩. વિષય.

ઉપરોકત સૂચીથી સમજાશે કે નામોમાં પરસ્પર સમાનતા રહી નથી. આ પ્રમાણે તેર કાઠિયાનો પરિચય છે. કાઠિયો ગુજરાતી શબ્દ છે.

આ કૃતિ જુની ગુજરાતી ભાષામાં છે.

તેર કાઠિયાનું ગુજરાતી ભાષામાં સુંદર વર્ણન કરતી પુસ્તિકા વિ. સં. ૨૦૦૬માં બોટાદથી બહાર પડી છે. જેના લેખક આચાર્ય શ્રીમાન્ વિજય સુશીલસૂરીશ્વરજી મહારાજ છે, અને તે પ્રતાકારે છપાયું છે

—*યશોવિજય*

---

૧. आलस्स मोह० આ ગાથા દ્વારા ઉત્તરાધ્યયન નિર્યુક્તિમાં ૧૩ જણાવ્યા છે.

૨. અન્યત્ર 'રાગાંધ' નામ જોવા મલ્યું છે.

# प्रतिओनो परिचय

નીચેની બધી જ કૃતિઓ પહેલી જ વાર પ્રગટ થાય છે.

૧. **आत्मख्याति**–૫૬ પૃષ્ઠ (બંને બાજુએ ગણીએ તો ૧૧૨)ની આ કૃતિ પૂ. ઉપાધ્યાયજીના જ સુંદર હસ્તાક્ષરે લખાયેલી છે. આ કૃતિ સંપૂર્ણ છે. પ્રશસ્તિ અન્તમાં નથી. આ વૃત્તિ પહેલી જ વાર પ્રગટ થાય છે. આ કૃતિ અમદાવાદના દેવશાના પાડાના ભંડારની છે.

[એક ખુલાસો—મારૂં આ પ્રકાશન પ્રગટ થવા અગાઉ ભારતીય પ્રાચ્ય તત્ત્વ પ્રકાશન સમિતિ (પિણ્ડવાડા) એ **वादसंग्रह** આ નામનું (ક્રા, ૧૬ પેજી) એક પુસ્તક વિ. સં. ૨૦૩૧માં પ્રકાશિત કર્યું છે. એમાં આ ગ્રન્થમાં આપેલી બંને **वादमालाओ** પ્રકાશિત કરી છે. ફરક માત્ર એટલો જ ધ્યાનમાં રાખવાનો છે કે જે વાદમાલાને મેં બીજી તરીકે ઓળખાવી છે. તેને આમાં ત્રીજો નંબર આપ્યો છે અને મારી ત્રીજી છે તેને બે નંબર આપ્યો છે. વાચકો મેળવવા જાય ત્યારે ભૂલાવામાં ન પડે માટે આટલી સ્પષ્ટતા કરી છે.]

૨. **वादमाला बीजी**–ઉપાધ્યાયજી ભગવંતે કેટલી વાદમાલાઓ રચી હશે તે જ્ઞાની જાણે, પણ આપણને ત્રણ વાદમાલાઓ ઉપલબ્ધ થઈ છે. પહેલી વાદમાલા અમદાવાદથી વર્ષો પૂર્વે ૨૦૦૮માં પ્રકાશિત થઈ ગઈ છે. એટલે આ ગ્રન્થની વાદમાલાને બેનો અંક આપ્યો છે. આ પ્રતિના પાનાં છ છે. અને અમદાવાદના દેવશાના પાડાના જ્ઞાનભંડારમાં છે. આ જ્ઞાનભંડારનું મારે અવલોકન કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે મારી બાજુમાં ડાબડા તપાસી રહેલા સ્વ. પૂ. આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજના હાથમાં આવતા તરત જ મને તેઓશ્રીએ દર્શન કરાવેલાં. છ પાનાંની આ કૃતિ છે.

૩. **वादमाला त्रीजी**–૧૧ પાનાંની આ પ્રતિ અમદાવાદમાં એલ. ડી. ઈન્સ્ટીટયુટમાં પ્રસ્થાપિત વિમલગચ્છીય **महेन्द्रविमलना** ભંડારમાં વિદ્યમાન છે.

ઉપરની બંને વાદમાલાઓની પાણ્ડુલિપિ અથવા પ્રથમાદર્શ તરીકે તે પ્રતિઓ ખુદ ગ્રન્થકારે પોતે જ એટલે ઉપાધ્યાયજીએ પોતાના જ હાથે લખેલી છે.

ઉપાધ્યાયજીએ જે જે કૃતિઓ સ્વહસ્તે લખી તે વધુ શુદ્ધ જ હોય એટલે પ્રકાશનમાં શુદ્ધતા આવી. જો બીજાના હાથે લખાએલી મને મળી હોત તો અશુદ્ધિ થોડી વધુ હોત તો તેની બીજી નકલ વિદ્યમાન ન હોવાથી પાઠ શુદ્ધિ કરવાનું કામ વધુ શ્રમસાધ્ય બની જાત.

૪. **विषयतावाद**–આ પ્રતિ માત્ર ચાર પાનાંની છે. એક છોટી રચના છે. ઉપાધ્યાયજીના સ્વહસ્તાક્ષરની કૃતિ છે. આજે તે ખંભાતમાં અમર જૈનશાળામાં છે, જ્યારે બીજી નકલ અમદાવાદના દેવશાના ભંડારમાં છે. આ વાદ એક સ્વતંત્રવાદ છે.

૫. **वायुष्मादे०**–ચાર પાનાંની આ પ્રતિ ખંભાત અમર જૈનશાળાના ભંડારની છે. આ કૃતિમાં કર્તા તરીકે ઉપાધ્યાયજીનો ઉલ્લેખ નથી પણ અંદરની વ્યાખ્યા, શૈલી. ભાષા, લેખ વગેરે

જોતાં ઉપાધ્યાયજીની હોવાનો વધુ સંભવ માની પ્રકાશિત કરી છે.

૬. **न्यायसिद्धांत मंजरी शब्दखण्ड नी टीका**—આ કૃતિ પહેલી જ વાર પ્રગટ થાય છે. આ પ્રતિ વિજય મોહનસૂરીશ્વર શાસ્ત્ર સંગ્રહની તથા અન્ય ભંડારની પણ હતી.

૭. **यतिदिनकृत्य**—નવ પાનાંની આ પ્રતિ એક જ મળી. કેટલાક શ્લોકો પણ અશુદ્ધ હતા. પ્રથમાદર્શ તરીકે પ્રથમ પ્રતિ પૂર્ણિમા ગચ્છના આચાર્યશ્રી મહિમાપ્રભસૂરિજીના શિષ્ય મુનિશ્રી ભાવરત્ને લખી છે, એવું પ્રતિના અન્ત ભાગમાં જણાવ્યું છે. આ જ આચાર્યે લખેલું ઉપાધ્યાયજીકૃત ગ્રન્થનામોનું એક પાનું મળ્યું છે તેમાં આ કૃતિને **यतिदिनचर्या** તરીકે ઓળખાવી છે. આ પ્રતિ જૈન સાહિત્ય મંદિર પાલીતાણાના પૂ. આચાર્યશ્રી વિજય મોહનસૂરીશ્વરજી શાસ્ત્ર સંગ્રહની છે.

આ પ્રકરણમાં બધા મળીને ૪૮૫ શ્લોક સંખ્યા છે. મેં આ કૃતિને ૨૦૨૯માં સંશોધિત કરી હતી. તે પછી તે પ્રેસકોપી સ્વ. જ્ઞાનવૃદ્ધ વિદ્વદ્વર્ય સામાચારી જ્ઞાનના ખાસ જ્ઞાતા, મારા પરમ ઉપકારી દાદાગુરુજીને મેં આગ્રહથી નજર કરી જવા ખાસ વિનંતી કરતાં તેઓશ્રી જોઈ ગયા હતા અને યોગ્ય સ્થળે સુધારા પણ સૂચવ્યા હતા.

૮. **विचारविन्दु**—આ પ્રતિ, અન્તમાં લખેલી પ્રશસ્તિ મુજબ ઉપાધ્યાયજી મહારાજ વિદ્યમાન હતા ત્યારે લખાયેલી છે એટલે આ પ્રતિની ખાસ આ મહત્તા અને વિશેષતા છે. આ પ્રતિ સં. ૧૭૨૬માં લખાયેલી છે. આ પ્રતિ શ્રી મુક્તિકમલ મોહન જૈન જ્ઞાનમંદિરના શ્રી વિજય મોહનસૂરીશ્વર શાસ્ત્ર સંગ્રહની છે. આ પ્રતિનું સંશોધન ૨૦૧૭માં મેં કર્યું હતું.

પોતાના બનાવેલા **धर्म परीक्षा** નામના ગ્રંથના વાર્તિક એટલે પૂર્તિરૂપે લખાએલી આ કૃતિ છે.

૯. **तेरकाटियानुं स्वरूप**—આ જૂની ગુજરાતી ભાષાની રચના છે. આ પ્રતિ સાહિત્યમંદિરના સંગ્રહની હતી. તે સં. ૧૮૫૦માં લખાએલી છે. આ કૃતિના આદિ કે અન્તમાં ઉપાધ્યાયજીના નામનો ઉલ્લેખ નથી, ફક્ત મંગલાચરણ એમને સ્વીકારેલી પદ્ધતિ મુજબનું હોવાથી કૃતિ ઉપાધ્યાયજીની હશે એમ સમજીને આ ગ્રન્થ સંગ્રહમાં છેલ્લે છાપી છે. સ્વરૂપ રોચક, મજા, અને આનંદ આપે એવું છે.

આ રીતે પ્રતિઓનો પરિચય પૂરો થયો.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ગણધરવાદ વિષયત્રયીની પ્રસ્તાવના - પ્રભાકારે

વિ. સં. ૨૦૩૬ ઇ.સન્ ૧૯૮૦

૪૨

## મારી વાત

ઘણાં વરસો અગાઉ ઉદ્‌ભવેલો, વિચાર, વરસોનાં વહાણાં વીત્યા બાદ પણ જ્યારે સાકાર બને ત્યારે સંતોષ અને આનંદની મીઠી અનુભૂતિ અનુભવાય તે સ્વાભાવિક છે. આમ તો આ કાર્ય સામાન્ય છતાં એની જરૂરિયાતની દૃષ્ટિએ નવોદિત વક્તાઓને આ કાર્ય જરૂર કંઈક વિશેષ લાગશે અને સહુને ગમશે.

આ પ્રતિ સંગ્રહમાં મુખ્યત્વે ત્રણ બાબતો છાપવામાં આવી છે.

૧. પ્રથમ ગણધર ઈન્દ્રભૂતિ બ્રાહ્મણનો આત્મસંવાદ (ગણધરવાદ)

૨. શ્રી મહાવીર જન્મ વાંચન વિવેચિકા

૩. કાઉસ્સગ્ગ (કાયોત્સર્ગ) પ્રભા

૧. પ્રથમ ગણધરવાદ :—પ્રથમ બાબત અહીંઆ ત્રણ પ્રકારે રજૂ કરી છે. ખેમશાહી (કલ્પસૂત્રનું) ગુજરાતી ભાષાંતરના પ્રથમ ગણધરવાદનું ત્રીસેક વર્ષ ઉપર કરેલું સંસ્કૃતમાં રૂપાંતર. કેવળ સંસ્કૃત ભાષામાં જ આપેલો વાદ. વિદ્વાનો માટે પેજ ૧ થી ૮.

જેઓ સંસ્કૃતમાં અર્થ કરી શકે તેમ ન હોય તેઓ માટે સંસ્કૃત અને તેનું ગુજરાતી ભાષાંતર પેજ ૯ થી ૨૮.

સંસ્કૃત પણ બોલવું ન ફાવે તેવી વ્યક્તિઓ (જેમને મુંબઈ જેવા શહેરમાં ફરજિયાત

પજુસણ કરાવવા જવું પડે છે.) માટે ફક્ત ગુજરાતીમાં જ સંવાદ આપ્યો છે. જુઓ પેજ ૧ થી ૧૨.

(પ્રેસની મુશ્કેલીના કારણે નંબરની સળંગતા જળવાઈ નથી)

આ રીતે ત્રણ પ્રકારે આપેલો ગણધરવાદ ૧ થી ૪૦ પૃષ્ઠમાં પૂર્ણ થાય છે. શેષ માહિતી પ્રતની અંદરના પાનામાં મેં લખી છે તે વાંચી લેવી.

કોઈ પણ વસ્તુની સાબિતી માટે તર્ક-ન્યાય-શાસ્ત્ર આધારિત કેટલાંક ધોરણો નક્કી થયાં છે. જેમાં વિવિધ પ્રમાણો–સિદ્ધાન્તો સમાએલા છે. સામાન્ય નીતિ એવી છે કે કોઈ પણ બાબત તર્ક-દલીલોથી, બુદ્ધિગમ્ય જવાબોથી સિદ્ધ થતી હોય ત્યાં સુધી તે રીતે જ કરવી. આ માટે અનેક પ્રમાણો જે નક્કી થયાં છે તે પૈકી અહીંઆ મુખ્ય ગણાતાં ત્રણ પ્રમાણોથી આત્માની સાબિતી કરાવી છે. પ્રથમ સર્વમાન્ય એવા પ્રત્યક્ષ પ્રમાણથી, બીજા અનુમાનથી, ત્રીજા આગમ (શાસ્ત્ર) પ્રમાણથી. અન્ય ઉપમાનાદિ જે પ્રમાણો છે તે દ્વારા સાબિતી કરાવી નથી, તે બહુ જરૂરી પણ નથી.

ગણધરવાદ એવો તાત્વિક વાદ છે કે પહેલા જ ગણધરવાદમાં જો વિસ્તાર કરીએ તો કલાકો જોઈએ. અહીંઆ હું સમયની જે ગણતરી મુકું છું તે ઈન્દ્રભૂતિની શંકા ભગવાન જણાવે છે, ત્યાંથી લઈને જ મુકું છું, નહીં કે સમવસરણ તરફ જઈ રહેલા ઈન્દ્રભૂતિ અંગેના શ્લોકોથી.

સર્વ સામાન્ય ધોરણ મુજબ **विज्ञानघन०** કે તર્ક-ન્યાયના પ્રમાણવાળો અહીં રજૂ થતો વાદ, બેમાંથી કોઈ પણ ચર્ચાવાળા પહેલા ગણધરવાદમાં અડધો કલાક કાફી ગણાય. કારણ કે બાકીના ગણધરો વગેરે અંગે અન્ય ઘણું વાંચવું પડતું હોવાથી. પછી જેવી જેની અનુકૂળતા. હું પોતે તો પહેલેથી જ સુબોધિકાની ટીકામાંનો **विज्ञानघन एव०** એ જ વાદ વાંચું છું. આ માટે એકાદ કલાક તો સહેજે થઈ જ જાય છે. બાકી સર્વ સામાન્ય ધોરણ અડધા કલાકનું[1] પ્રમાણોપેત ગણાય.

ગણધરવાદ બે પ્રકારે વાંચી શકાય છે. એક તો **विज्ञानघन एव०** પંક્તિઓવાળો અને બીજો (**विज्ञानघन एव०** ની પંક્તિઓ વિનાનો) ખેમશાહીવાળો, પ્રત્યક્ષ અનુમાન. આગમ, ઉપમાનાદિ ચાર પ્રમાણવાળો. **विज्ञानघन एव०**વાળો વાદ બુદ્ધિવંત વિદ્વાનો માટે છે. જ્યારે બીજો વાદ ન્યૂન બુદ્ધિવાળાઓ માટે ઘણો અનુકૂળ રહે તેવો છે. મારો પ્રયાસ મધ્યમ પ્રકારની બુદ્ધિવાળા અને નવોદિત વક્તાઓ માટેનો હોવાથી (**विज्ञानघन एव०** વાળો વાદ અહીં ન આપતાં) માત્ર પ્રત્યક્ષ પ્રમાણાદિવાળો બુદ્ધિગમ્યવાદ અહીં રજૂ કર્યો છે. એ સહુની જાણીતી વાત છે કે વર્તમાનમાં

---

૧. બાકી તદન નવો વક્તા, તે પોતે જ કશું ન સમજતો હોય ત્યાં તે શું કરે! જેમ તેમ ઝટપટ પંક્તિઓ વાંચી જાય અને મોં માથા વિનાનું ગગડાવી નાંખે. ન છુટકે ફરજ બજાવવાનું માથે નાંખ્યું હોય ત્યારે વક્તા કરે પણ શું?

શાસ્ત્રોમાં આત્માની સાબિતી માટે સંખ્યાબન્ધ દલીલો છે. અહીંઆ તો કેટલીક અસરકારક દલીલો હતી તેની માત્ર છાંટ જ આપી છે.

વ્યાખ્યાનમાં પ્રથમ પંક્તિના બુદ્ધિમાનો કે વિદ્વાનો તે દિવસે પાંચ દશ ટકા માંડ આવતાં હોય છે. જ્યારે ૮૦ થી ૯૦ ટકા શ્રોતાઓ તો બીજી પંક્તિના એટલે ન્યૂન બુદ્ધિ-સમજણવાળા હોય છે. આ સંજોગોમાં વર્તમાનકાળના સર્વ સામાન્ય શ્રોતાઓ માટે અહીં આપેલો ગણધરવાદ, ઉપયોગી અને આકર્ષક બની રહે તેવો છે. વક્તા અને શ્રોતા બંને માટે રસપ્રદ, સમજવા-સમજાવવામાં પણ સુલભ બની રહે તેવો અને થોડા શ્રમથી સાધ્ય છે. ફક્ત શરત એટલી છે કે નવા વક્તાઓએ પાંચ–સાત વાર અનુકૂળ વિદ્યાગુરુ પાસે બરાબર સમજી લઈને, ચીવટથી ધારી લેવો જોઈએ. કુશળ અને ચતુરવક્તા તો વિવેકપૂર્ણ રીતે પ્રસ્તુત વાદને ઉપયોગમાં લઈ ખીલવી શકશે અને જમાવી શકશે.

## ૨. મહાવીર જન્મવાંચન વિવેચિકા :—

ભાદરવા સુદ એકમે સ્વપ્ના ઉતાર્યા બાદ જે જન્મવાંચનના પાઠનું વાંચન થાય છે, તે આખો પાઠ સૂત્ર-ટીકા અને તેના ગુજરાતી અર્થ સાથે આપ્યો છે. એના પ્રારંભમાં ભૂમિકા રૂપે શું કહેવું જરૂરી છે તે વિસ્તારથી આપ્યું છે. નવોદિત વક્તાઓ માટે દિશા સૂચન રૂપે આ છે. બાકી જેને જે રીતે યોગ્ય લાગે તે રીતે બોલી શકે છે.

## ૩. કાઉસ્સગ્ગ (કાયોત્સર્ગ) પ્રભા :—

સાથે સાથે કાઉસ્સગ્ગના વિષય ઉપર પજુસણમાં હું જે જે બાબતો વર્ણવું છું તે અંગેની બધી નોંધ, અન્ય વ્યાખ્યાનોપયોગી વિગતો આપી છે. તે પણ સહુને ઘણી જ ગમશે અને મહત્વનો ખોરાક પૂરો પાડશે.

ભૂલચૂક સુધારી લેવા અને જણાવવા વિનંતી છે.

જરૂર લાગશે તો આ પોથી હિન્દી ભાષામાં પ્રગટ કરાવશું અને **विज्ञानघन** ० ઉપર હું જે વાંચન કરૂં છું, તે વાદ પણ શક્ય હશે તો ભવિષ્યમાં પ્રગટ કરાવશું જેથી સામાન્ય અને વિશેષ બંને પ્રકારના શ્રોતાઓને લાભપ્રદ નીવડશે.

બીજી રીતે સહાયક બનનાર મુનિરાજ પં. શ્રી વાચસ્પતિવિજયજી, મુનિરાજશ્રી વિનયવિજયજી તથા મુનિશ્રી જયભદ્રવિજયજીને ધન્યવાદ આપવા રહ્યા. તે ઉપરાંત પાલિતાણા ભરત પ્રેસે લાગણી અને ખંતથી કામ કરી આપવા બદલ ધન્યવાદ આપવા રહ્યા.

તીર્થાધિરાજ, શાસનદેવો અને પૂજ્ય ગુરૂદેવોની કૃપાનું સંસ્મરણ કરી દીર્ઘસ્વભાવી મારી પોતાની કલમને સ્થગિત કરૂં છું.

સં. ૨૦૩૬, સ ૧૯૮૦
સાહિત્યમંદિર, પાલીતાણા.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# શ્રાવક-શ્રાવિકાનાં પ્રતિક્રમણની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૩૭ ઇ.સન્ ૧૯૮૧

૪૩

## સંપાદકીય નિવેદન

પૂજ્યપાદ, પરમગીતાર્થ, શ્રુતજ્ઞાનના ઉંડા અભ્યાસી, જૈન-અજૈન અનેક ધર્મશાસ્ત્રો અને વિવિધ સાહિત્યના સતત સહવાસી, માર્મિક કક્ષાના અનોખા વક્તા, મારા પ્રત્યે અકારણ આત્મીય ભાવે પરમકૃપા વરસાવનાર, પરમઉપકારી પૂજ્ય દાદાગુરુ આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજની ઈચ્છા ૨૫ ફોર્મ જેટલા આ પ્રતિક્રમણના લેખોનું લખાણ જલદી પ્રગટ થાય તેવી હતી. પણ કમનસીબે આજે તેમની ગેરહાજરીમાં પચીસને બદલે માત્ર ૭ાા ફોર્મ જેટલા જ લખાણની નાનકડી પુસ્તિકા પ્રગટ થાય છે.

શ્રી કાપડિયાએ આ લખાણ લખ્યું, પ્રેસવાળાએ તેમનું મેટર અનેક સુધારા વધારા વગેરેથી ભરપૂર હોવાથી અવાચ્ય હતું એટલે કંપોઝ કરવાની ના પાડી એટલે કાપડીઆ ઉપર પત્ર લખી બધું મેટર પાલીતાણા મંગાવી લીધું. અને ત્રણ ચાર સાધ્વીજી અને બીજા લેખક દ્વારા ફરી લખાવરાવી કાપડીયાને મોકલાવ્યું. તેઓએ સુરત છાપવા આપ્યું. ૬ થી વધુ ફર્મા છપાયા બાદ કાપડીયાનું અવસાન થયું, પાછળથી દોઢ ફર્મો પાલીતાણા છપાવ્યો હતો. હવે અંદાજે બાકીના ૧૮-૧૯ ફર્મા જેટલું મેટર કાપડીયા પાસે કે એમના હસ્તક ગમે ત્યાં રહી ગયું. તત્કાલ તે પ્રાપ્ત થાય તેવી શક્યતા ન હોવાથી હાલ તો ૭ાા ફોર્મ જેટલું છપાવી પ્રસિદ્ધ કર્યું છે. અતિ ખેદની વાત છે કે મારા પૂજ્ય દાદાગુરુજીનો સ્વર્ગવાસ થવાથી મારી કેટલીક વ્યવસ્થા અવ્યવસ્થિત બની હતી. કેટલાંક કારણો પણ બન્યાં. જેથી આ પ્રતિક્રમણનું મેટર, તથા ગુજરાતી સાહિત્યની રૂપરેખાનું મેટર અને પ્રતિક્રમણ સૂત્રનો શબ્દકોશ, આ ત્રણેય મેટર કબજે કરવા તરત જ પગલાં

લેવા જોઈએ, પણ તે બાબત સ્મૃતિ બહાર ચાલી જતાં લઈ શક્યો નહિ. હવે એ મેટર ક્યાં હશે, કોની પાસે હશે? તે જ્ઞાની જાણે. ગુજરાતી રૂપરેખા અને શબ્દકોશ આ બે અતિ ઉપયોગી રચનાઓ હતી. શબ્દકોશ પાછળ તો ઘણી મહેનત ઉઠાવી હતી.

અન્તમાં ૧૨૦ પાનાંની આ પુસ્તિકા (સામાન્ય વાચકોને ઉપયોગી ન હોવાથી) પણ વિદ્વાન વાચકોને કંઈક નવું જ્ઞાન-સમજ આપી રહેશે. —*યશોદેવસૂરિ. પાલીતાણા*

*

## અતિક્રમણનું પ્રતિક્રમણ દર્શાવતી નાનકડી પ્રસ્તુત કૃતિનો અલ્પ પરિચય

—*યશોદેવસૂરિ, પાલીતાણા*

શાસ્ત્રકારોએ આત્માએ પોતે કેવું જીવન જીવવું જોઈએ? જેથી ઓછામાં ઓછો પાપનો બંધ પડે, તે માટે સુરેખ અને સુસ્પષ્ટ માર્ગદર્શન આપ્યું છે. પણ આવું જીવન જીવવું બધાયથી શક્ય નથી હોતું. આત્મા રાત દિવસ જાતજાતના આરંભ-સમારંભાદિ વિવિધ કૃત્યો દ્વારા, મન, વચન, કાયાનો સાથ મેળવીને, પાંચે ઇન્દ્રિયોના વિષય સુખો તેમજ ક્રોધ, માન, માયા અને લોભ રૂપ કષાયોથી પોતાના મૂલમાર્ગથી ચલિત બનીને પાપને માર્ગે અતિક્રમણ કરી જાય છે. પાપને માર્ગે દોડી ગએલા આત્માઓએ અતિક્રમણથી પાછું ફરીને પોતાના મૂલસ્થાન–માર્ગ પર આવી જવું જોઈએ. એ પાછું આવવા માટેની કરવાની જે ક્રિયા તેને જ પ્રતિક્રમણ કહેવાય છે. તાત્પર્ય એ કે અતિક્રમણનું જે શુભક્રિયા દ્વારા પ્રતિક્રમણ કરવું તેને જ આવશ્યક ક્રિયા કહેવામાં આવે છે. અવશ્ય એટલે રોજે રોજ કરવાની જે ક્રિયા તે. જે પ્રતિક્રમણનું જ બીજું નામ છે. આ ક્રિયા સવારે અને સાંજે બે વખત કરવાની હોય છે. જેમાં એક કલાકનો સમય લાગે છે. પંદર દિવસે ક્રિયાનું પ્રમાણ વધારે એટલે બે કલાક લાગે છે. ચાર મહિને તેથી વધુ એટલે લગભગ સવા બે કલાક અને બાર મહિને સંવચ્છરીએ ત્રણેક કલાકની ક્રિયા હોય છે. પાપનું પ્રાયશ્ચિત કરવાની અને ક્ષમા માંગવાની ક્રિયા ઇતર ધર્મોમાં પણ સારી રીતે બતાવી છે. આટલું અવતરણ કરી મૂલ બાબત ઉપર આવું.

**શ્રાવક અને શ્રાવિકાઓનાં પ્રતિક્રમણો** :—આ પુસ્તિકામાં તપાગચ્છીય શ્રાવક-શ્રાવિકાઓ સવારની અને સાંજની આવશ્યક-પ્રતિક્રમણની ક્રિયામાં જે સૂત્રોનો ઉપયોગ કરે છે તે સૂત્રોને લગતા લગભગ ચાર લેખો પ્રો. શ્રી હીરાલાલ કાપડીયાએ ભૂતકાળમાં લખેલા તે જ લેખોને અહીં મુદ્રિત કર્યા છે. આજે ફક્ત સાડા સાત ફોર્મ એટલે ૧૨૦ પાનાં જેટલું જ મેટર મુદ્રિત થઈ શક્યું છે. બાકી મેટર ૨૫ ફોર્મ જેટલું એટલે ૪૦૦ પાનાં જેટલું થવા પામત, પણ મારા નિવેદનમાં જણાવ્યા મુજબ એ મેટર મારા હાથમાં ઉપલબ્ધ નહીં હોવાથી તે બદલ ઘણો જ ખેદ થાય છે. જો પૂરું મેટર પ્રકાશિત થવા પામ્યું હોત તો ઘણી ઘણી બાબતો, માર્મિક હકીકતો જાણવાની મળી શકત.

ભારતના જૈન સંઘમાં ભગવાન શ્રી મહાવીરના ૨૫૦૦ વર્ષના શાસનમાં પડતા કાળના

વિષમ પ્રભાવે, ઊભા થએલા બુદ્ધિ ભેદોના કારણે સાધનોમાં મતભેદો ઊભા થતાં અનેક ગચ્છો, સંપ્રદાયો, ઉગ્યા અને આથમ્યા. એમાં આજે મૂર્તિપૂજક સંપ્રદાયમાં તપાગચ્છ, ખરતર-ગચ્છ, અંચલગચ્છ, પાયચંદગચ્છ આ ચાર ગચ્છો ખાસ જાણીતા છે. ચારેય ગચ્છના પ્રતિક્રમણનાં સૂત્રો અને તેની ક્રિયામાં ભિન્નતા છે. અહીંયા બીજા ગચ્છોની વાત છોડીને માત્ર વિજયવંતા ગાજતા તપાગચ્છના પ્રતિક્રમણને લગતાં સૂત્રો અંગે અને તેની સાથે સંબંધ ધરાવતી બાબતો અંગે ચાર લેખો દ્વારા ઘણી છણાવટ કરી છે. અને ઘણી સમજૂતી આપી છે. જેનું ઉડતું અવલોકન કરીએ.

લેખાંક ૧ : ૧ થી ૫૮ પાનામાં સૂત્રના વિવિધ નામો અને તેમાં શું આવે છે તેની ટૂંકી નોંધ છે.

લેખાંક ૨ : ૫૮ થી ૮૪ માં પ્રાકૃત, સંસ્કૃત, ગુજરાતી ભાષા પૈકી કયા સૂત્રો, કઈ સ્તુતિઓ વગેરે કઈ ભાષામાં છે તે, તેમજ વ્યાકરણ વિભક્તિઓની દૃષ્ટિએ છણાવટ કરવા સાથે ક્યાંક ક્યાંક ઈતિહાસની વિશિષ્ટ બાબતો પણ નોંધી છે.

આ વિભાગમાં લેખકે પાક્ષિક, ચાતુર્માસિક, અને સંવચ્છરી પ્રતિક્રમણમાં બોલાતા 'અતિચાર'ના પાઠમાં આવતા ગુજરાતી ભાષાના અપ્રચલિત–ઓછા પ્રચલિત શબ્દોના અર્થો આપ્યા છે, જે બાબત ઘણી ઉપયોગી બની રહેશે.

લેખાંક ૩ : આ વિભાગમાં પ્રસ્તુત સૂત્રો કયા છન્દમાં છે તેનો વિશાળ ખ્યાલ આપ્યો છે.

લેખાંક ૪ : ૮૫ થી ૮૬ પૃષ્ઠમાં શબ્દો કે અર્થ દ્વારા જ્યાં જ્યાં ચમત્કૃતિ અર્થાત્ મનને રમ્ય, ગમ્ય, આકર્ષક બાબતો લાગી જેને સાહિત્યની ભાષામાં શબ્દાલંકાર અને અર્થાલંકાર કહેવાય છે. આ અલંકારો કયા કયા પદ્ય, વાક્ય દ્વારા સર્જાયા છે. તેનું સુંદર ચિત્ર રજૂ કર્યું છે.

તે પછી કયા સૂત્રના આધાર માટે કયા શાસ્ત્ર ગ્રન્થો છે? તે અને તેની રચના ક્યારે થઈ? તે જણાવીને એને અંગે કેટલોક ઉહાપોહ પણ કર્યો છે.

આ વિભાગમાં વિવિધ ગચ્છના આચાર્યોએ બનાવેલાં કેટલાંક પ્રાચીન ચૈત્યવંદનોની નોંધ આપી છે. અને તેના કર્તા કવિઓનો પરિચય આપવો શરૂ કર્યો છે, પણ આગળનું મેટર અનુપલબ્ધ થતાં આપણને તે અધૂરો જ પ્રાપ્ત થાય છે. આ પુસ્તિકામાં છાપેલા લેખોનું આ સામાન્ય દિગ્દર્શન છે.

તાર્કિક બુદ્ધિના અનોખા શંકાકાર આ શતાબ્દીના એક અનોખા શોધક અને સંગ્રહકાર લેખક શ્રી કાપડિયાજીએ આ લેખોમાં પોતાના વિશાળ વાંચન, વ્યાપક વિદ્વત્તા, અસાધારણ યાદદાસ્ત અને તર્કશક્તિની સુંદર ઝાંખી કરાવી છે. એ બદલ શતશઃ અભિનંદન.

* * *

# ગુજરાતી સાહિત્યની રૂપરેખા અને પ્રતિક્રમણ સૂત્રના શબ્દોના પ્રાકૃતકોશ અંગે એક જરૂરી ખુલાસો

પ્રો. હીરાલાલ ર. કાપડીયાએ વરસો અગાઉ (પ્રાકૃત) ભાષા અને સાહિત્ય આ પુસ્તક દ્વારા પ્રાકૃત સાહિત્યનો ઈતિહાસ લખી પ્રસિદ્ધ કર્યો હતો. એ પછી મને થયું કે વ્યાપક રીતે ઉપયોગી થાય એ માટે 'જૈન સંસ્કૃત સાહિત્યનો ઈતિહાસ' તેના ગ્રન્થ પરિચય સાથે લખાય તે ખૂબ જ જરૂરી છે. જેથી વિદ્વાનો, સંશોધકો, પી. એચ. ડી. થવાવાળાઓ, આ બધાયને અતિ ઉપયોગી થઈ શકે. કાપડીયા આ કાર્યના એક અધિકૃત વિદ્વાન હતા. એટલે એ અનુભવી બહુશ્રુત જેવા વિદ્વાનને જો આ કાર્ય સોંપાય તો સારો ન્યાય આપી શકે અને કાર્ય પણ જલદી થઈ શકે. કોને ખબર છે કે આજના વિષમ કાળમાં ફરી આવો પરિશ્રમી અને માર્મિક વિદ્વાન ક્યારે જન્મે, વળી આવી રચના માટે કેટલુંક સાહિત્ય બહાર પડી પણ ચૂક્યું હતું. તેના સહારાથી આ કાર્ય સફળતાથી પાર પડે તેવી શક્યતાઓ પણ હતી એટલે આ કાર્ય તેમને સુપ્રત કર્યું.

આ કાર્ય એમણે મને ૩૦ થી ૪૦ ફર્મા સુધીમાં થઈ જશે એમ કહેલું પણ પરિશિષ્ટો વગેરે સાથે ૧૨૫ ફર્મા જેટલું, લગભગ ૨૦૭૨ પાનાં જેટલું લખી નાંખ્યું. પ્રકાશન ઘણું ખરચાળ બન્યું પણ વિવિધ ટ્રસ્ટોએ મદદ કરવાથી આ કાર્યનું પ્રકાશન ત્રણ ભાગે થયું. વિદ્વાનોને, અભ્યાસીઓને, અજૈન વિદ્વાનોને તો ખૂબ જ ગમી ગયું. કોઈપણ વિષયની કોઈ પણ ગ્રન્થની ટૂંકી માહિતી જાણવી હોય ત્યારે તમો આ ગ્રન્થો હાથમાં લ્યો એટલે તરત જ મળી આવે. જૈનધર્મની લગભગ ઉપલબ્ધ તમામ શાખા-પ્રશાખાઓનાં પુસ્તકોના ટૂંકા પરિચયને આમાં આવરી લેવાયો છે.

## ગુજરાતી સાહિત્યની રૂપરેખા—

પ્રાકૃત, સંસ્કૃત ગ્રન્થોનો પરિચય પુસ્તકાકારે પ્રગટ થયા બાદ હવે અન્તિમ પરિચય ગુજરાતી સાહિત્યનો બાકી રહેતો હતો. તે તેમની સ્વભાવની વિષમ પરિસ્થિતિ અને વિષમ પ્રકૃતિના કારણે મારા મનમાં જન્મેલી ભાવનાને હું જલદી સાકાર ન કરી શક્યો. વિદ્વાન લેખક શ્રી અગરચંદજી નાહટા મને વારંવાર લખતા કે આટલું બાકીનું કાર્ય ગમે તેમ કરીને કરાવી લો. આપના વિના આ કાર્ય કોઈ નહીં કરાવે, છેવટે કાપડીયાને એ કામ સોંપ્યું અને તેમને જે જે પુસ્તકો જોઈતાં હતાં તે પૂરાં પાડ્યાં. અમોએ એ કાર્ય કઈ ઢબે કરવું, એની મર્યાદાઓ શું રાખવી? ગુજરાતી તરીકે કયા કયા સાહિત્યનો-ગ્રન્થોનો સમાવેશ કરવો? એ અંગે અમો બંનેએ પરસ્પર વિચાર વિમર્શ કરીને કાગળ ઉપર રૂપરેખા નક્કી કરી અને પછી એમને કામ શરૂ કર્યું. શરૂઆતમાં એ લખાણ મને બતાવતા રહ્યા અને મારી દૃષ્ટિએ કરવા જેવા સૂચનો સુધારા પણ સૂચવતો. પરિણામે આગળના કામ માટેનું એક માળખું તૈયાર થવા પામ્યું. મુંબઈની મારી હાજરી દરમિયાન કાર્ય પુરૂં કર્યું. મેટર આપી પણ ગયા, પદયાત્રા સંઘ સાથે હું મુંબઈથી પાલીતાણા જનાર હોવાથી મેં એમને પાછું સોંપ્યું, અને કહ્યું ફરી નજર કરી લેજો. પાલીતાણા પહોંચ્યા બાદ મેટર મંગાવી લઈશું. મેટર પાલીતાણા આવ્યું. મેટર એટલું બધુ વિચિત્ર રીતે

લખ્યું હતું કે કોઈ પ્રેસ એનું કામ કરવા તૈયાર થાય જ નહીં. છેવટે ત્રણ-ચાર સાધ્વીજીઓને અને એક લેખકને આ કામ સોંપ્યું, ખૂબ મહેનત કરી. ઘણું ખરૂં મેટર ફરી લખાવરાવ્યું. સમય નહીં છતાં સમય કાઢીને પાછું તપાસી લીધું. અને એ મેટર મુંબઇ કાપડીયાને ત્યાં છાપવા માટે મોકલાવી આપ્યું. સુરત છપાવવું શરૂ કર્યું. પહેલા ફર્માના પ્રૂફો પણ શરૂ થયા હતા. તે પછી કાપડીયાનું અવસાન થયું. હું પણ થોડો વખત આ વાત વિસરી ગયો અને સમય વધુ નીકળ્યો તેથી મેટરનો પત્તો ન લાગ્યો. હવે તે કોની પાસે હશે તે જ્ઞાની જાણે? મને અત્યંત ખેદ-દુઃખ છે કે આવું સુંદર, ઉપયોગી અને જૈન ગુર્જર સાહિત્યનો ગૌરવ વધારે તેવું મેટર ગુમ થવા પામ્યું. હવે તે ક્યારે મળે તેની રાહ જોવી રહી!

'ગુજરાતી સાહિત્યની રૂપરેખા'ના મેટર અંગે ખુલાસો જણાવીને હવે 'પ્રતિક્રમણ શબ્દકોશ' ઉપર આવું.

## પ્રતિક્રમણ સૂત્રનો શબ્દકોશ—

**સંવચ્છરી પ્રતિક્રમણની સરલ અને સચિત્રવિધિ**—જેનું સંપાદન મેં કર્યું છે. આ પુસ્તકની અંદર હું પ્રતિક્રમણના વધુ કઠિન અપરિચિત શબ્દનો કોશ આપવાનો હતો પણ આ કાર્ય મારાથી સમયના અભાવે થઇ ન શક્યું. આ માટે કાપડીઆએ વારંવાર મને કહ્યું. પણ છેવટે હું કાપડીઆને જ વળગ્યો. હવે આ કામ તમે જ કરી આપો. મારાથી થાય તેમ દેખાતું નથી. તમારી ઉંમર થઇ છે. આંખો દુર્બળ થતી જાય છે, માટે તમો આ કાર્ય શરૂ કરો ને જલ્દી પૂરૂં કરો, મારા પૂ. દાદાગુરુજી પ્રાયઃ મારા વિચારો સાથે સંમત જ હોય એટલે એમને પણ ખુશાલી વ્યકત કરી. અને શ્રી કાપડીઆએ મારી જોડે ચર્ચા કરીને કામ શરૂ કર્યું. વચ્ચે તેઓએ દાદાગુરુજી અને મારી જોડે શબ્દના અર્થની બાબતમાં કેટલીક ચર્ચા પણ કરેલી. છેવટે આ મેટર પણ મારે ત્યાં ન મળવાથી મારા આછા પતલા ખ્યાલ મુજબનો કાપડીઆને જ પહોંચાડ્યું હોવું જોઇએ. આ ધારણા ઉપર આવ્યો છું તો હાલમાં આ કોશ ઘણા શ્રમ પૂર્વક તૈયાર કરવામાં આવ્યો હતો. હવે તો એ જ્યારે મળે ત્યારે છાપી શકાય. આજે એ કોના હાથમાં હશે તે જ્ઞાની જાણે!

—*યશોદેવસૂરિ.*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ઋષિમંડલયન્ત્ર પૂજનમ્‌ની પ્રસ્તાવના – પ્રતાકારે

વિ. સં. ૨૦૩૮ ઇ.સન્‌ ૧૯૮૨

**૪૪**

## સંપાદકીય નિવેદન

ઋષિમંડલની પૂજનવિધિના પ્રકાશનની બાબતમાં કેટલીક જાણવા જેવી વાતો અને કેટલીક રસપ્રદ હકીકતો

❀

જૈનસંઘમાં ખૂબ જ શ્રદ્ધેય, હજારો લોકોએ જેની સેંકડો વરસોથી આરાધના કરી જીવનમાં આધ્યાત્મિક પ્રકાશ અને સાથે બાહ્ય અભ્યંતર બંને પ્રકારના સુખ, શાંતિ આનંદનો અનુભવ કર્યો છે અને આજે કરી રહ્યા છે તે મહાપ્રભાવક ઋષિમંડલ સ્તોત્રના બૃહદ્યન્ત્રપૂજનની પોથીનું પ્રકાશન થતાં અવર્ણનીય આનંદ અનુભવું છું. પ્રકાશિત કરવાનું વીસ વીસ વરસથી સેવેલું સ્વપ્નું ઘણું મોડું મોડું પણ સાકાર બન્યું એ મારા માટે અને અન્ય માટે આનંદ ઉપજે તેવી બાબત છે. અનેકલક્ષી વ્યવસાય, અને સ્વાસ્થ્યની સદા રહેતી પ્રતિકૂળતા આ બંને કારણે ધાર્યું કામ સમયસર પાર પડી શકતું નથી તેનો ઘણો રંજ-ખેદ રહે છે જ, પણ એ માટે લાચારી શબ્દ એ જ મારા માટે પર્યાપ્ત છે.

આ પૂજનની મળેલી પ્રાચીન પ્રતિ અને તે પછીની ઘટનાની નોંધ અહીં વિશેષ આપતો નથી પણ આ પ્રતિ એક ભંડારમાંથી સં. ૨૦૧૩માં મળી આવી હતી. આ પ્રતિમાં પૂર્વસેવા એટલે પ્રારંભનો કંઈપણ વિધિ જ ન હતો. શરૂઆત જ ૨૪ તીર્થંકરના પૂજનથી કરી હતી અને પછી બધા વલયોનું પૂજન તેના શ્લોકો સાથે હતું. પ્રત હાથમાં

આવતાં મારે મુખ્ય બાબત પ્રથમ એ જોવાની હતી કે નાદનું પૂજન એમાં છે ખરૂં? જો હોય તો એ પ્રત પ્રામાણિક, શુદ્ધ અને પૂર્ણ સમજું, અને ખરેખર જણાવવું જોઈએ કે નાદનું પૂજન તેના યથાર્થ શ્લોકો સાથે હતું એટલે અનહદ આનંદ થયો. જો કે શ્લોકો લહીઆએ ઘણા અશુદ્ધ લખેલા હતા. વળી ક્યાંક ક્યાંક કાગળ ફાટી જવાથી શ્લોકો પૂરા ન હતા. હવે અમારે આ શ્લોકોનું અનુસંધાન નવેસરથી બધું કરવાનું હતું. ખૂબ પરિશ્રમને અંતે તે શુદ્ધ કર્યા પણ કેટલીક જગ્યાએ કયા અક્ષરો, શબ્દો મૂકવા કે જેથી અર્થસંગતિ થાય એ માટે નિર્ણય ન કરી શક્યો. છેવટે મારા પરમતારક, વિદ્વદ્વર્ય, સંસ્કૃતભાષાના ઉંડા જ્ઞાતા ગુરુદેવનો સહકાર લીધો, શ્લોકો બેસાડવા પરસ્પર મથામણ કરી ચર્ચા-વિચારણા કરી, તે શ્લોકો અર્થસંગતિ જળવાઈ રહે એ રીતે અમારી રીતે પૂર્ણ કર્યા. પરિણામે તે પ્રત તૈયાર થઈ ગઈ. પછી મેં તેની પૂર્વસેવા–પ્રારંભિક વિધિ, પશ્ચાદ્‌સેવા-પશ્ચાદ્‌વિધિ તૈયાર કર્યો. લગભગ સમગ્ર પૂજનવિધિને ઠીક ઠીક રીતે તૈયાર કરી લીધો. પછી પાટણવાળા શેઠ ભગુભાઈ ઉત્તમચંદભાઈને ઋષિમંડલ–પૂજન ભણાવવા ભાવના થઈ. ત્યારે મને થયું કે આ પૂજન સેંકડો વર્ષો બાદ પહેલીજવાર ભણાશે, કેમકે ૩૦૦ વરસથી હ્રીઁ બીજ ઉપરનો 'નાદ' ભૂલાઈ ગયો એટલે નાદનું પૂજન તો બંધ જ થઈ ગયેલું. બીજી બાજુ શ્વેતામ્બર-મૂર્તિપૂજક સંઘમાં આ પૂજનની ખાસ પ્રવૃત્તિ પણ ન હતી. ધર્માત્મા શ્રી ચંદનમલ નાગોરીજી જેવા કોઈ કોઈ ક્યારેક ભણાવતા પણ તે મારવાડમાં, ગુજરાત, મહારાષ્ટ્રમાં તો ભાગ્યેજ ભણાવાયું હશે અને જે યન્ત્ર પૂજનમાં વપરાતું તે નાદ વિનાનું જ, આકાર, વલય, રચના વગેરેથી પણ અશુદ્ધ હતું. મળેલી પ્રતિની બીજી નકલ ક્યાંયથી પ્રાપ્ત ન થઈ, એક જ પ્રતિ અકસ્માતની જેમ અચાનક મળી ગઈ. પણ જેની હું ઝંખના કરતો હતો તે નાદાકૃતિના વિધાનવાળી જ મળી ગઈ. જેથી મારા આનંદનો પાર ન રહ્યો.

પહેલીવાર આ પૂજન વાલકેશ્વર ભણાવવું એમ નક્કી થયું. આ પ્રસંગે મંત્રવિદો, મંત્રતંત્રના જાણકારો, રસિકો, વિધિવાળાઓ વગેરેને ખાસ નોતર્યા હતાં. માંડલું કરવા નિમિત્તે વચલો હ્રીઁકાર ગોળાકાર પતરાંનો સવા બે ઈંચના પંચધાતુના ૨૪ તીર્થંકરો અને કૂટાક્ષરો સહિત રંગ પૂરી સુંદર અને શ્રેષ્ઠ બનાવરાવ્યો હતો. ખાનાંઓમાં મૂકવાની ધાતુની પટ્ટીઓ નામ સાથે બનાવરાવી હતી. માંડલું સરસ બનાવેલું અને પછી સમગ્ર પૂજન વિધિવિધાનની મહત્તા, રહસ્યો, મુદ્દાઓ તમામની સમજણ આપવા સાથે ભણાવવામાં આવ્યું અને શ્રોતાઓને ઘણું નવું નવું જાણવા–સમજવાનું મળતાં અપાર આનંદ થયો હતો. મંત્રશાસ્ત્રના ઉંડા અભ્યાસી શેઠ અમૃતલાલ દોશી વગેરે ઉપસ્થિત હતા.

આપણા સમાજમાં ઋષિમંડલ ભણાવાતું હતું નહિ અને જે રીતે, જે જાતનું વાલકેશ્વરમાં ભણાવાયું, તે રીતનું તો ક્યારેય ભણાવાયું ન હતું એટલે સહુએ એક નવો જ આનંદ અનુભવ્યો. હાજરી ખૂબ ચીકાર હતી.

ત્યારપછી સમય જતાં પ્રત છપાવવાની માંગણીઓ વધવા માંડી પણ જો બીજી પ્રતિઓ મળે તો સંશોધન-શુદ્ધિ કરી પછી આગળ વધવું એમ રાખેલું પણ આને મળતી બીજી પ્રતિ ક્યાંયથી મળી નહિ એટલે મેં છાપવા માટેની પ્રેસકોપી કરવાનું માંડી વાળ્યું. વરસો વીતતાં

ક્રિયાકારકો પાછળ પડ્યા. છેવટે ૧૪-૧૫ આની જેટલું વ્યવસ્થિત શુદ્ધ સંકલન કરી લહીયા પાસે પાંચ સાત પ્રતિઓ લખાવી ક્રિયાકારકોને આપી અને તેઓએ તે ઉપરથી પૂજન ભણાવવું શરૂ કરી દીધું એટલે તત્કાલ પૂરતો સંતોષ થયો. અમદાવાદ, સુરત, મુંબઈ, છાણી, ખંભાતના ક્રિયાકારકો પ્રતિ જલદી પ્રગટ કરવા વારંવાર પ્રેરણા કરતા રહ્યા. બીજી અનેક પ્રવૃત્તિઓ જેથી આ કામ થઈ શકતું નહિ. છેવટે તેની રીતસર પ્રેસકોપી ૨૦૩૦માં વાલકેશ્વર હતો ત્યારે તૈયાર કરી પરંતુ આગળ પાછળની વિધિઓ વધુ વ્યવસ્થિત કરવાનું અગત્યનું કાર્ય બાકી હતું. આમ જોઈએ તો કામ તો મહિનાનું પણ ન હતું પણ હાથ પર લેવાય નહિ ત્યાં સુધી શું થાય? એ તો પંચસમવાય ભેગા થાય ત્યારે જ કાર્યસિદ્ધિ થાય.

તે પછી પાલીતાણા આવવાનું થયું અને ૨૦૩૩માં પ્રેસકોપી વધુ વ્યવસ્થિત કરી ભાવનગર વૈદ્યનાથ પ્રેસમાં તેનું મેટર છાપવા માટે આપ્યું. કુશળ મુદ્રણકાર પરસોતમ રોજેરોજ પ્રૂફ લઈ ભાવનગરથી આવતા જતા રહ્યા. પોતે કુશળ દૃષ્ટિવાળા એટલે મારી ૮૦ ટકા ધારણા મુજબ કામ કરી આપ્યું. ટાઈપો મને મનગમતા મળી ગયા. વૈદ્યનાથ પ્રેસના ભાવિક ભાઈઓએ પણ સારો સહકાર આપ્યો, અને એ કામ વરસમાં પૂરૂં કર્યું. પછી વાત આવી પ્રસ્તાવનાની. અમારા જેવાને પ્રસ્તાવનાની લપ મોટી હોય. કંઈક વધુ જ્ઞાન–સમજ આપવી અને વિશિષ્ટ દિગ્દર્શન કરાવવું આવો એક જાતનો મોહ, પણ બીજી બાજુ એવું લખવા શાંતિનો સમય અને મૂઢ મળે નહિ, અને પ્રસ્તાવના લખાય નહિ. પછી નક્કી કર્યું કે પ્રસ્તાવના લખ્યા વિના જ બહાર પાડી દેવું. કેમકે બ્રેનની સ્થિતિ વ્યાધિગ્રસ્ત બનવાથી હવે જે જાતની પ્રસ્તાવના કે અનુષ્ઠાનનાં રહસ્યો બતાવવાની ભાવના હતી તે પૂરી કરવાની શક્યતા ઘટી, છતાં પણ પ્રકાશન થઈ ન શક્યું. અને વરસ લંબાઈ ગયું. છેવટે આ સાલ ૨૦૪૩ના જેઠ માસમાં પ્રસ્તાવના જેમ તેમ કરી પૂરી કરી. ઘણા મુદ્દાઓ લખવા જતા કરવા પડ્યા પણ હવે મારી શારીરિક પરિસ્થિતિ જોતાં વિલંબ કરવો અનુચિત હતું એટલે ભક્તિ શું ચીજ છે! સર્વસાધનામાં સહુ માટે એ કેવી સર્વોપરિ છે વગેરે બાબતોનો જરૂરી નિર્દેશ કરી આ પ્રત બહાર પાડી દીધી છે. આથી મારા વંદનીય શ્રમણો, મારા ભક્તિવંત વિધિકારો અને આવી બાબતમાં રસ ધરાવતા સંઘના સંતાનોને પૂરો નહીં તો થોડો સંતોષ જરૂર થશે.

આમાં રહેલી અપૂર્ણતા અને ખામી શું શું રહી છે તેથી હું સભાન છું પણ વાચકો એ તરફ ન જોતાં સહુ સદુપયોગ કરે અને ખામીઓ તરફ મારૂં ધ્યાન દોરે. બીજી આવૃત્તિનો પ્રસંગ ઊભો થાય ત્યારે ખામીઓ નીકળી જાય અને પ્રત વધુ સારી બને તે માટે નિઃસંકોચપણે મુક્તમનથી સૂચનો–ખામીઓ લખી જણાવે.

હવે અન્તમાં મુખ્ય વાત કહેવાની બાકી રહી, તે એ કે, સં. ૨૦૧૪ માં મારા પરમતારક, અકારણ પરમ વાત્સલ્ય ધરાવનાર, પૂજ્યપાદ દાદાગુરુ આ. શ્રી વિજયપ્રતાપસૂરિજી મહારાજે પૂજનવિધિઓ બહુ સરલ, વધુ સમજણવાળી અને ચિત્રોવાળી બનાવવા ઈચ્છા પ્રદર્શિત કરતાં કહ્યું કે ૧૮ અભિષેકની પ્રત, નંદ્યાવર્ત પૂજન અને શાંતિકપૂજન, અરિહંત ભગવંતનું મહાપૂજન અને એ પત્યા પછી અંજનશલાકા પ્રતિષ્ઠા વિધિઓ પ્રાચીન અર્વાચીન પ્રતિઓ નજર સામે રાખી

પુનઃ વધુ સુવ્યવસ્થિત રીતે અને સચિત્ર તૈયાર કરી શકાય તો સારૂં! આટલું બધું કાર્ય બીજાં ઘણાં કાર્યો વચ્ચે પાર પાડવું એ મારા માટે અશક્ય અથવા ઘણું કપરૂં હતું છતાં પ્રારંભમાં ૧૮ અભિષેકની પ્રત વિશિષ્ટ રીતે અર્થ સાથે તૈયાર કરવી શરૂ કરી. અડધા ઉપરાંત તૈયાર થઈ, નંદ્યાવર્ત પૂજનની પ્રતિ તૈયાર કરવામાં હું પહોંચી ન વળું તેથી પૂજ્યશ્રી પોતે ભોગ આપતા અને હું કહું તેમ બધું લખી આપતા, એ એમની મારા પ્રત્યેની આત્મીય લાગણી અને ઉદારતા હતી. મેં મુદ્રણની દૃષ્ટિએ વિશિષ્ટ રીતે તૈયાર કરી હતી. આ બધીએ પ્રેસ કોપીઓ પૂરી થઈ ન શકી અને કામ ખોરંભે પડી ગયું.

બાકી એક વાત એમના માટે ઘણી મહત્ત્વની એ હતી કે વિધિવિધાનોનું વાંચન એમનું વિશાળ હતું, સૂઝ ઘણી મોટી હતી, અનુભવો ઘણા હતા. નોંધો ઘણી કરતા, સાંકેતિક શબ્દો ચીજો માટે અનેકની પાસેથી જાણકારી મેળવતા, ઉતારા ખૂબ કરી લેતા. જૈન-અજૈન ક્રિયાકારકો, મંત્રવિદો મળે તો અચૂક સમય મેળવી ચર્ચા કરતા, ઘણું ઘણું બધુ જાણી લેતા અને પછી અવકાશે જરૂરી વાતો મને પણ જણાવતા રહેતા.

ક્યારેક ૨૫, ૫૦ શ્લોકોની હસ્તપ્રત મલી હોય અને ઉતારનાર કોઈ ન હોય અને હું મુંઝાતો હોઉં ત્યારે તે સમજી જાય અને મને કહે એ પ્રત મને આપ, અને હું તેઓને પ્રત આપતો અને તેઓ સ્વહસ્તે ઉતારી આપતા. આવા પરગજુ, પરોપકાર પરાયણ આત્મા હતા. ક્રિયારસ ઘણો, શ્રદ્ધા અપાર. ખોંચીયાં, ઉંડા ઉતરી તલસ્પર્શી વિચાર કરવાનો સ્વભાવ એટલે આ વિષયના જાણકારોને તેઓશ્રી પાસેથી ઘણું ઘણું જાણવાનું મળતું.

ઋષિમંડલ માટે પ્રત જલદી તૈયાર કરવા તેઓશ્રી મને મીઠી ટકોર પણ કરતા હતા. તેઓશ્રીને સંતોષ થાય એટલે પ્રેસકોપી અપૂર્ણ બતાવી ત્યારે તે જોઈ રાજી થએલા.

મારા માટે કમનસીબી એ કે આ પ્રત જોવા બંને ગુરુદેવો હયાત નથી.

હવે પછી—

વિધિવિધાન ક્ષેત્રે જીવનની અંતિમ સંધ્યાએ ઘણાં કાર્યો વચ્ચે પૂજનને લગતું સંશોધન, સર્વને જતું કરીને ઓછામાં ઓછી હવે બે વિધિની પ્રતો તૈયાર કરીને બહાર પાડવાની ભાવના રાખી છે.

૧. શ્રી સિદ્ધચક્ર બૃહદ્યન્ત્ર પૂજનવિધિ ચિત્રો સાથે. ઋષિમંડલની છાપેલી પ્રત જેવી જ.

૨. રાજરાજેશ્વરી ભગવતી પદ્માવતી માની પૂજનવિધિ, જેની કેટલીક સામગ્રી વરસો પહેલાંથી સંગૃહીત કરી રાખી છે. તેનું સંકલન કરી બહાર પાડવી. આજે ભણાતા પૂજનમાં અપૂર્ણતા રહે છે તે પણ દૂર થઈ જશે. પં. શ્રી ધીરજલાલ ટોકરશી શાહે પદ્માવતી પૂજન તૈયાર કરવાની મને વાત કરી ત્યારે મેં એમને પૂજન તૈયાર કરી આપવાની હા પાડી હતી, પરન્તુ ચોરે બેઠેલા પટેલ જેવું મારૂં જીવન એટલે ૮-૧૦ મહિના સુધી કંઈ કરી ન શક્યો એટલે પછી પંડિતજીએ મને કહ્યું કે અનેક જાતના વ્યવસાય વચ્ચે આપ નહીં કરી શકો માટે

મને જ કરવા દો એટલે મેં હા પાડી એટલે પછી તેમને પૂજનનું સંકલન કર્યું જે આજે ખૂબ જ ઉપયોગી બન્યું છે.

વાલકેશ્વરમાં ભગવતી પદ્માવતીની સ્થાપના થયા પછી અનેક કારણોસર 'મા'નો પ્રભાવ ખૂબ વધતો જ ચાલ્યો. અનેકને માની સાધનાથી સુખ-શાંતિ, ઈષ્ટસિદ્ધિ-કાર્ય સિદ્ધિના સુખદ અનુભવો થવા માંડ્યા. એમાં આ પૂજનવિધિ પ્રકાશિત થઈ એટલે માનું પૂજન ભણાવવાની ભાવના વધી અને ધીમે ધીમે પૂજન કરવાની પ્રવૃત્તિ ખૂબ વધતી ગઈ. આજે તો ઠેરઠેર વારંવાર ભગવતીજી માનાં પૂજનો ખૂબ ઉલ્લાસ અને ઉત્સાહથી થઈ રહ્યાં છે. માના પ્રભાવના કારણે વાલકેશ્વર સ્ટાઈલની જ ૨૦૦ થી વધુ મૂર્તિઓ દેશમાં સ્થાપિત થઈ ચૂકી છે. માનું સહુથી વધુ પ્રભાવિત અને પ્રસિદ્ધ સ્થાન આજે વાલકેશ્વર બન્યું છે. ૨૫૦૦ વરસના ઈતિહાસમાં પદ્માવતીજીનો મહિમા અને લોકાદર છેલ્લાં ૨૦ વરસમાં જે જોવા મળ્યો છે એવો ઈતિહાસમાં પ્રાયઃ થયો નહીં હોય. લખવું નહીં જોઈએ છતાં લખવાની લાલચને રોકી શકતો નથી કે, આ મહિમા જે વધ્યો તેમાં ભગવતીજીએ મને થોડો નિમિત્ત બનાવ્યો, તે મારૂં સદ્‌ભાગ્ય સમજું છું. ક્યારેક નિરાંતનો સમય મળશે તો મા પદ્માવતીજીની કૃપાના મારા અનુભવો, ચમત્કારો અને અન્યના અનુભવો તેમજ વિવિધ પ્રભાવો તેમજ એના અંગેની બીજી બાબતોનું તેમજ તેની વિશિષ્ટ સાધના કઈ રીતે કરવી તે ઉપર એકાદ પુસ્તક લખવા વિચાર છે. આ સિવાય મા અંગે બીજું ઘણું કરવાનું કાર્ય હતું પણ તે થઈ શક્યું નથી. આ બધુ થવું એ કર્મરાજા અને કાળદેવના હાથની વાત છે.

ઋષિમંડલની સાધનાના વિવિધ આમ્નાયો મળે છે, પણ તે સ્તોત્રની મોટી બુક બહાર પડે ત્યારે એક નક્કર આમ્નાય રંગીન ચિત્રો સાથે આપીશું. આમાં પંચપરમેષ્ઠીના પાંચ રંગો ઉપરનું લખાણ તેમજ લબ્ધિપદો લબ્ધિ, ઋદ્ધિ વગેરે શું છે? તે ઉપર લખેલો લેખ જરા મોટો હોવાથી તે લેખ પણ આમાં છાપ્યો નથી. ઋષિમંડલ અંગેની ઘણી બાબતો મુલતવી રાખવી પડી છે.

આ પ્રતમાં મારા તરફથી લખાએલાં લખાણો એ મારા ક્ષયોપશમભાવ પ્રમાણે લખાયાં છે. ભૂલચૂક હોય તો જરૂર ધ્યાન ખેંચવા વાચકોને નમ્ર અનુરોધ છે.

આ પુસ્તકમાં એક યા બીજી રીતે સહાયક થનારા દાતારો, પૂજનવિધિ શ્રેષ્ઠ રીતે છાપવામાં સહાયક વૈદ્યનાથ પ્રેસના માલિકો તથા પરસોતમદાસભાઈ, યોગેશ ચિત્ર સેન્ટરના ચિત્રકારો, અમારા અનેક રીતે કાર્ય સહાયકો સાધુ મુનિરાજો પં. મુનિશ્રી વાચસ્પતિવિજયજી, સ્વ. મુનિશ્રી વિનયવિજયજી, મુનિશ્રી જયભદ્રવિજયજી તેમજ વિનયવંતા સાધ્વીજી કમલાશ્રીજી, તથા શ્રી વિમલાશ્રીજી આદિ અનેક સાધ્વીજી મહારાજો તથા સુશ્રાવક શ્રી રોહિતભાઈ, કહાન પ્રેસના માલિક સૌજન્ય સ્વભાવી શ્રી જ્ઞાનચંદજી, શુદ્ધ પ્રેસકોપી કરી આપનારા સાધ્વીજી શ્રી દમયંતીશ્રીજીના શિષ્યાઓ શ્રી કનકપ્રભાશ્રીજી તથા શ્રી ચંદ્રપ્રભાશ્રીજી તથા સાધ્વીજી શ્રી પુષ્પયશાશ્રીજીના શિષ્યા શ્રી પુનિતયશાશ્રીજી, પૂજનવિધિ જલદી બહાર પાડવા માટે વારંવાર પ્રેરણા આપનારા મુંબઈ, સુરત, છાણી, ખંભાત, અમદાવાદ, પાલીતાણા વગેરે સ્થળના વિધિકારો વગેરેનો આભાર માની નિવેદન પૂરું કરૂં છું.

*—યશોદેવસૂરિ*

# પ્રસ્તાવના

## ★ આ પ્રતિ–પુસ્તકમાં આપેલી પૂજનવિધિ અને સમગ્ર યન્ત્રનો પરિચય ★

*લે. આ. શ્રી યશોદેવસૂરિ*

આધ્યાત્મિક બળથી પંગુ માનવજાત કે મનુષ્ય પોતાની શક્તિઓથી અપૂર્ણ છે, અસહાય છે. તે શારીરિક રીતે, માનસિક રીતે, બૌદ્ધિક રીતે, આર્થિક રીતે, સાધન અને સંપત્તિની દૃષ્ટિએ મર્યાદિત અનુકૂળતા ધરાવે છે. આખરે તે પામર પ્રાણી–જીવ છે, એટલે અવારનવાર તેને દુઃખ, અશાંતિ અને પ્રતિકૂળતાઓનો ભોગ બનવું પડે છે. એ વખતે માનવને પોતાની સીમિત શક્તિઓનું અને પોતાની પંગુતા–પામરતાનું ભાન થાય છે. ત્યારે અસહાય બનેલો માનવી તેના નિવારણ માટે કોઈ બીજાની સહાયને ઝંખે છે અને મનુષ્યથી શ્રેષ્ઠ સર્વશક્તિશાળી માત્ર એક ઈશ્વર–ભગવાન જ છે. જે પૂર્ણ હોય, સર્વબળનો ખજાનો હોય તે જ વ્યક્તિ બીજાઓને સહાયક બની શકે એવી સામાન્ય સમજ સહુ કોઈ માનવીની બુદ્ધિમાં, હૃદયમાં અંતર્ગત પડેલી હોય છે એટલે જ ગમે તેવો મૂરખ, ગમે તેવો નાસ્તિક માણસ પણ દુઃખો, તકલીફો, કષ્ટો, પીડાઓથી જ્યારે ભરાઈ જાય, ત્રાયસ્વ કે ત્રાહિમામ્ થાય ત્યારે, ઓ ભગવાન! ઓ પ્રભુ! ઓ મારા નાથ! આવા શબ્દોના પોકારો પાડીને અદૃશ્ય એવા ઈશ્વરને યાદ કરીને તેની મહાન કૃપા અને શક્તિની યાચના–પ્રાર્થના કરતો હોય છે અને આશ્વાસન લેતો કે રાહત મેળવતો હોય છે. આ બધી આપણા સહુના અનુભવની વાત છે.

ઈશ્વરી સહાય મળે એ માટે તેમનું નામસ્મરણ કરવામાં આવે છે. પછી તેની જલદીમાં જલદી અને વધુમાં વધુ કૃપા ઉતરે એટલા માટે ક્યાંયથી એની છબી મેળવીને તેના દર્શન, પૂજા વગેરે કરતો થાય છે. આમ ભૌતિક સુખ-શાંતિ માટે મનુષ્ય પરમાત્માનું સ્મરણ, પૂજન, ધ્યાન વગેરે કરતો હોય છે.

*  *  *

એ જ પ્રમાણે આધ્યાત્મિક ક્ષેત્રમાં આગળ વધેલી વ્યક્તિઓ પણ પોતાની ધાર્મિક યા આધ્યાત્મિક સાધનાની પ્રગતિમાં થતી રૂકાવટોને દૂર કરવા તેઓ પણ પરમાત્માની સહાય અને કૃપાની અવિરત ઝંખના કરતા હોય છે એટલે તેઓ પણ પરમાત્માનો જાપ તથા પૂજન વગેરેની અનેકવિધ પ્રવૃત્તિ કરતા હોય છે. ભગવંતની વિવિધ પ્રકારે સાધના, આરાધના કે ભક્તિ એ માત્ર મુક્તિનો જ લાભ આપે છે એમ ન સમજવું પણ ભક્તિ એ ભુક્તિ-મુક્તિ બંનેનો લાભ આપનારી છે. આ વાત જૈનાચાર્યોએ સ્તોત્રોમાં ઠેરઠેર લખી છે. જે દ્વારા તેઓ સિદ્ધિના સોપાન ઉપર પહોંચવા અને એથી આગળ વધીને મુક્તિની મંઝીલ તરફ પ્રયાણ કરતા હોય છે. આ પ્રમાણે ભુક્તિ અને મુક્તિ માટે, એમ બાહ્ય અને આભ્યન્તર બંને લાભો ઈશ્વરી સાધનાથી મળે છે.

જૈનશાસ્ત્રમાં સમર્થ આચાર્યોએ સ્તોત્રો, પૂજનના અનુષ્ઠાનો રચ્યાં તેમાં તે સ્તોત્રો અને એ પૂજનોને ફળમાં ભુકિત-મુક્તિપ્રદ કહ્યાં છે. જૈનધર્મ અને તેની સમગ્ર આરાધના, સાધનાનું આખરી લક્ષ્ય મુક્તિ-મોક્ષ છે, એ એનું ધ્રુવબિન્દુ છે. એ લક્ષ્યને કેન્દ્રમાં રાખીને જૈનધર્મની આખી ઈમારત ઊભી કરવામાં આવી છે. એટલે જૈનધર્મની તમામ નાની-મોટી કોઈપણ ક્રિયા, સાધના, મેળવેલું જ્ઞાન, સંયમ, ક્રિયા, વૈયાવચ્ચ, દાન, પુણ્ય, પરોપકાર, તપ, ત્યાગ, જપ, વ્રત, અનુષ્ઠાન, પૂજન વગેરે કોઈપણ બાબત ન્યૂનાધિકપણે ઓછી-વત્તી રીતે પણ મુક્તિના લક્ષ્યને, મુક્તિની ભાવનાને અને મુક્તિના માર્ગને સ્પર્શતી હોય તો એ તમારાં સાધના અને અનુષ્ઠાનો સમ્યગ્ છે, સાચાં છે અને અનુમોદનીય છે.

આટલી સામાન્ય ભૂમિકા કરીને પ્રસ્તુત વાત કરીએ.

અહીંયા ઋષિમંડલયન્ત્રના પૂજન અંગે થોડુંક કહેવાનું છે.

## ઋષિમંડલ શબ્દનો અર્થ શું?

ઋષિમંડલ એટલે શું? આપણે ત્યાં ઋષિ, મહર્ષિ અને પરમર્ષિ ત્રણ શબ્દો જાણીતા છે. ત્રણેય શબ્દો તીર્થંકરોનાં વિશેષણ થઈ શકે છે. જેમણે ઋષિમંડલસ્તોત્ર, પૂજન વગેરે રચ્યું હશે એમણે પોતાની પસંદગી 'ઋષિ' શબ્દ ઉપર ઉતારી. ઋષિ એટલે તીર્થંકર...ઋષિમંડલના કેન્દ્રમાં ૨૪ તીર્થંકરો ચારેબાજુ થઈને સ્થાપિત થયેલા છે, એટલે સામાન્ય રીતે મંડલ કહી શકાય. મંડલ શબ્દથી સીધો ખ્યાલ ગોળાકારનો આવે. પણ અહીંયા મંડલનો બીજો અર્થ સમૂહ પણ થાય છે. સમૂહ જેમકે 'યુવકમંડળ' જેની અંદર તીર્થંકરોના સમૂહની સ્થાપના કરવામાં આવી હોય એવો જે કોઈ 'યન્ત્ર' તેને ઋષિમંડલયન્ત્ર કહેવાય.

કોઈને એમ પ્રશ્ન થાય કે બીજાં ઘણાં નામ હતાં, તો શું બીજા નામની પસંદગી થઈ ન શકત? જરૂર થઈ શકત, પણ હંમેશા દરેકની રુચિ અને દરેકના ગર્ભિત આશયો ભિન્ન ભિન્ન હોય છે એટલે આવા પ્રશ્નની કે તેના જવાબની અહીં કોઈ અગત્ય નથી. ઋષિમંડલ શબ્દના અર્થની વાત પૂર્ણ થઈ.

★ એક વાતની સ્પષ્ટતા કરી લઉં કે ઋષિમંડલસ્તોત્રની કોઈ ટીકા, ટબો મળતો નથી, અર્થવાળી ખાસ પ્રતો મળતી નથી. પૂજનની પ્રતો પણ અનેક પ્રકારની મળે છે. આપણે ત્યાં મન્ત્ર-યન્ત્ર અને પૂજન પરંપરા જેવું સુવ્યવસ્થિત લખાણ મળતું નથી. આ તો એકબીજી વિધિઓ જોઈ પ્રચારમાં જે વિધિઓ આવી છે, તેને જ માન આપવું અને તે જાળવી રાખવી, એ જ શ્રેયસ્કર માર્ગ છે, એમ સમજીને પ્રચલિત વિધિઓ અને મારા આ ક્ષેત્રના અલ્પ-સ્વલ્પ અનુભવનું મિશ્રણ કરીને અહીંયા પૂર્વસેવા વગેરે વિધિઓ આપી છે, હસ્તલિખિત પ્રતોમાં જાતજાતની ભિન્નતાઓ છે.

## હવે યન્ત્ર એટલે શું?

યન્ત્રના ઘણા અર્થો છે. પૂજનની પ્રતમાં તો ઈશારો કાફી છે. ટૂંકમાં યન્ત્ર એટલે મન્ત્રનો

દેહ–શરીર. મન્ત્રને રહેવાનું સ્થાન તે યન્ત્ર. એક અર્થ આ છે. વિવિધ પ્રકારના આકારો, આકૃતિઓ પ્રત્યે લોહચુંબકની જેમ દેવો વગેરેને તેમજ વિશ્વમાં વર્તતી અદૃશ્ય શક્તિઓને પ્રેમ અને આકર્ષણ હોય છે તેથી યન્ત્રોનું દર્શન, પૂજન વગેરે ઈષ્ટ લાભને આપે છે.

ઋષિમંડલના પ્રાચીન અર્વાચીન જુદી જુદી જાતના ચીતરેલા પટો જોવા મળે છે. કયો સાચો? કોની આરાધના કરવી? એ સામાન્યજન માટે બહુ જ કપરૂં કામ છે. છતાં સંખ્યાબંધ પટો જોયા બાદ પ્રાચીન અર્વાચીન પદ્ધતિનું મિશ્રણ કરીને મેં ઋષિમંડલનો યન્ત્ર બનાવરાવ્યો છે. જો કે મન્ત્ર–યન્ત્રના જાણકારો રહ્યા નહિ, કોણે પૂછવું? છતાં વધુમાં વધુ ઉત્તમ રીતે યન્ત્ર બનાવરાવ્યો છે.

## મન્ત્ર એટલે શું?

બધી જાતનું અનુકૂળ વાતાવરણ સર્જે, ઈષ્ટ કાર્યની સિદ્ધિ કરે અને બધી રીતે શાંતિ આપે અને યોગ–ક્ષેમ કરે તે.

ઋષિમંડલના મૂલ મન્ત્રના પચીસથી વધુ પ્રકારો મળ્યા છે. પણ મેં સર્વોત્તમ રીતે શુદ્ધ કરેલો મૂલમંત્ર આપ્યો છે. શ્રદ્ધાપૂર્વક મુખ્યત્વે કરેલી મન્ત્રયન્ત્રની ઉપાસના ફળ આપે છે, માટે વ્યામોહ સેવવો નહિ.

દરેક પૂજનોમાં પૂર્વસેવા અને ઉત્તરસેવા એમ બે વિભાગો હોય છે. પૂર્વસેવા એટલે પૂજન કરતાં પહેલાં પાયાની નાની મોટી જે વિધિઓ કરવાની હોય છે તેને પૂર્વસેવા કહેવાય. પૂર્વસેવા એટલે પ્રારંભનું કાર્ય—જેમાં મુદ્રાઓ સાથે આત્મરક્ષા, આહ્વાહન સ્થાપન વગેરે વગેરે બધી ક્રિયાઓનો સમાવેશ થાય. તે પછી જ યન્ત્રાદિકનું પૂજન કરવામાં આવે છે. આ એટલા માટે છે કે પૂજન કરતાં તન-મનમાં વિઘ્ન ન પડે, બહુ શાંતિથી પૂજનકર્મ થાય. અહીંઆ પણ પૂર્વસેવા તરીકે પ્રારંભિક વિધાન છાપ્યું છે અને તેનું હેડીંગ પણ પહેલા પાનાં ઉપર કર્યું છે.

અહીંઆ આપેલા પ્રારંભિક વિધાનનો આધાર સૂરિમંત્ર કલ્પમાં કરાતી પૂર્વસેવા છે. સિદ્ધચક્ર યન્ત્ર પૂજનમાં સૂરિમંત્રની પૂર્વસેવાનો આધાર ઓછો લેવામાં આવ્યો છે. અહીંઆ પૂર્વસેવામાં બાવીશ વિધિઓ બતાવવામાં આવી છે. જે પ્રથમ પાનાંથી લઈને ૪૦ માં પાને પૂર્ણ થાય છે. દરેક વિધિને નંબર આપ્યા છે. ૨૨ વિધિનું મુદ્રણ વિશિષ્ટ રીતે કરવામાં આવ્યું છે.

* * *

આમ ષટ્કર્મ કે અષ્ટકર્મના કારક તમામ પૂજનો શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ વગેરે ફળ પ્રાપ્તિ માટેનાં જ હોય છે જ, છતાં સાપેક્ષ દૃષ્ટિએ કોઇ કોઇ પૂજન માટે ખાસ વિશિષ્ટતા બતાવી હોય છે. આ ઋષિમંડલ પૂજન માત્ર એકલું શાંતિને આપવાવાળું નથી પણ સાથે સાથે પુષ્ટિને

પણ આપવાવાળું છે. પ્રતિકૂળતાઓના કારણે ઊભી થએલી અશાંતિ દૂર થાય તેનું નામ શાંતિકકર્મ કહેવાય. પુષ્ટિનો અર્થ એ છે કે પોતે અનુકૂળ એવી જે જે પરિસ્થિતિમાં મૂકાએલો છે તે અનુકૂળતા તેને ઓછી પડે છે, સંતોષકારક નથી. જે પ્રવૃત્તિ કરે છે તેનું પૂરતું ફળ મળતું નથી ત્યારે વધુ બળ–તાકાત પ્રાપ્તિ કરવા માટે માણસ ઈચ્છા કરતો હોય છે. એ ઈચ્છાઓને પુષ્ટિ–બળ મળે તેનું નામ પૌષ્ટિક કર્મ કહેવાય. તાત્પર્ય એ કે બાહ્ય અને અભ્યન્તર બંને પ્રકારની પ્રવૃત્તિને જે પુષ્ટ કરે તેનું નામ પૌષ્ટિક કર્મ.

મંત્રશાસ્ત્રમાં શાંતિકકર્મ અને પૌષ્ટિક કર્મમાં ઉપયોગી મંત્રબીજો નક્કી થયેલાં છે. શાંતિક કરવા માટે **स्वाहा** અને પૌષ્ટિક કરવા માટે **स्वधा**. આ બીજો જાપ મંત્રના અન્તમાં તેમજ પૂજન કરવાના મંત્રોના અન્તમાં જોડવામાં આવે છે. સિદ્ધચક્રપૂજન વિશેષ પ્રકારે શાંતિપ્રધાન ગણાતું હોવાથી તેના જાપ અને પૂજન મંત્રોમાં માત્ર **स्वाहा** બીજનો ઉપયોગ થયો છે જ્યારે ઋષિમંડલનું પૂજન એ શાંતિક અને પૌષ્ટિક બંનેમાં લાભકર્તા હોવાથી તેનાં ન્યાસ, તેનાં પૂજન મંત્રો વગેરેમાં **स्वाहा** અને **स्वधा** આ બે બીજો જોડવામાં આવ્યા છે. ક્રિયાકારકોએ આ વાત બરાબર ધ્યાનમાં લઈ રાખવી જોઈએ, નહીંતર ઘણા ક્રિયાકારકોને મંત્ર વિષયોનો કશો જ ખ્યાલ ન હોવાથી '**स्वधा** બીજનું વધારાનું જોડાણ જોઈને ભ્રમમાં પડી જાય છે, વિચારમાં પડી જાય છે ને મુંઝાઈ જાય છે. પછી ઘણા **स्वधा** બોલવાનું જ પડતું મૂકી હાશ! અનુભવે છે પણ એ વાત બરાબર નથી. વિધિ દોષ તો લાગે પણ જે ઉદ્દેશથી શ્રાવક કે સંઘ પૂજા કરાવતો હોય તેના ઈચ્છિત ફળમાં ક્ષતિ ઊભી થાય છે, એવું ન બને માટે ઉપર જણાવ્યું છે તે ધ્યાનમાં રાખવું.

અમોએ પૂર્વસેવાના એક પછી એક વિષયો–વિધિઓ તરત જ નજરમાં આવે એ માટે ડાબી બાજુએ પ્રારંભમાં હેડીંગો માટે જ જગ્યા રાખીને મુદ્રણની વિશિષ્ટ પદ્ધતિ અપનાવીને મુદ્રણ કરાવ્યું છે. જેથી ક્રિયાકારકોની નજરમાં તરત જ વિષયો આવતા જાય, મુંઝાવું ન પડે. નંબર ત્રણનો ભૂમિશુદ્ધ મંત્ર જુઓ! એના અન્તમાં તમને **स्वाहा** અને **स्वधा** બંને બીજો છાપેલાં જોવા મલશે. ૨૨ વિધિ પૂર્વસેવાની છે, તેમાં ઘણીખરી વિધિકારોથી જાણીતી છે એટલે બધી વિધિના પરિચયો અહીં આપવા જરૂરી નથી, છતાંય અંદરના પાનામાં બહુ સ્પષ્ટતાથી સમજણ આપી છે જ. છતાં જ્યાં ખાસ જરૂર જેવું લાગશે ત્યાં તેટલું જણાવીશ.

## क्षिपॐ ના બે ન્યાસ આપ્યા છે બેમાંથી ગમે તે એક કરવો.

૪. **पूर्वसेवा-क्षिप ॐ०** મનુષ્ય શરીરમાં દેહના પાંચ વિભાગોની અથવા આઠ વિભાગોની કલ્પના કરવામાં આવી છે. એથી પોથીમાં ૪ નંબરમાં પંચાંગન્યાસ બતાવ્યો છે. પંચાંગન્યાસમાં પાંચ મંત્રબીજો સ્થાપન કરવાનું જણાવ્યું છે. વિધિ કરનાર અને ક્રિયાકારકો તે મન્ત્રને મોઢેથી બોલે છે, ચેષ્ટા પણ કરે છે પણ લક્ષ્યનું–મનનું જોડાણ થતું ન હોવાથી જે જે અંગોમાં મંત્રબીજો સ્થાપવાનું કહેવામાં આવે છે ત્યારે ખરેખર તો એ અક્ષરોને તે તે સ્થાનમાં કલ્પનાથી સ્થાપિત કરવાના હોય છે પણ મોટે ભાગે લોકો તેવું કરતા નથી. મંત્રબીજો માનસિક ઉત્સાહ, બળ અને શ્રદ્ધાને તો વધારનાર છે પણ સાથે સાથે શરીરની જુદી જુદી ગ્રન્થિઓ અને

સ્નાયુઓની નબળાઈને દૂર કરનારા પણ છે, માટે ન્યાસના બીજાક્ષરોને શ્રદ્ધા-ભાવપૂર્વક સ્થિરતાથી બરાબર સ્થાપન કરવા જોઈએ.

તે પછી નં. ૫ ની વિધિમાં **क्षिप ॐ** મંત્રબીજોનો ન્યાસ કરવાનો છે તે માટે છઠ્ઠા પેજમાં જ ચિત્ર ક્રમાંક ૨ જુઓ. હાથ પર રાખડી બાંધી છે તે ઘડિયાળ નથી પણ રક્ષા-રાખડી છે. પાંચે બીજોનું ટૂંકું વર્ણન અંદર પ્રતમાં કર્યું છે જેથી અહીં લખતો નથી. સારૂંએ વૃક્ષ બીજમાં જ હોય છે અને બીજ જ વિકસીને વૃક્ષ થાય છે, એવું જ મંત્રબીજ માટે છે. મંત્રબીજોની ઉપાસના અનેક પ્રકારની સુખ-શાંતિ, વિકાસ અને ઈષ્ટસિદ્ધિ માટે થાય છે.

ચિત્રમાં નીચે એક કોઠો આપવામાં આવ્યો છે. એ કોઠા મુજબ તે તે તત્ત્વની આકૃતિ, રંગ બંનેને ધ્યાનમાં રાખીને 'ન્યાસ' કરવો જોઈએ. અમોએ આકૃતિ, રંગ સાથેનો પાંચ કલરનો બ્લોક બનાવ્યો હતો પણ અમારો પ્રેસવાળો દલાલ ધૈર્યકુમાર પંદરેક વરસ ઉપર ઋષિમંડલના મહત્ત્વના ચાર પાંચ કલર બ્લોકો આપ્યા વિના અમેરિકા વિદાય થઈ ગયો અને બ્લોક ક્યાં નાંખ્યા તે માટે અંધારામાં રાખ્યા, પછી ચિત્રકારોની મુશ્કેલી અંગે ફરી કરાવી ન શક્યો. રહી ગયું એ રહી જ ગયું એટલે પછી બીજું કલર વિનાનું સાદું ચિત્ર જે હતું તે અહીં છાપ્યું છે. તમો ન્યાસ કરો ત્યારે આકૃતિ, રંગ અને તે ઉપર તે તે અક્ષરો મૂકીને કરવો જેથી તન મન બંનેની સુરક્ષા થાય.

આ क्षिप०ના બીજા ચિત્ર માટે પેજ નંબર ૧૪૨ જુઓ. ત્યાં क्षिप ॐ ન્યાસ અંગે વિશેષ સમજૂતી આપી છે.

છઠ્ઠા નંબરમાં વજ્રપંજર જેનું બીજું નામ આત્મરક્ષા સ્તોત્ર છે. એ અંગેનો પરિચય પોથીમાં પ્રથમ આપ્યો છે. એને અંગેનાં ૧૦ ચિત્રો પણ આપ્યાં છે. આ ચિત્રો સં. ૨૦૧૭ની સાલમાં પહેલીજવાર વાલકેશ્વરના દહેરાસરમાં પહેલાં મજલે પાટડીમાં ચીતરાવ્યાં હતાં. ત્યારપછી તે જૈનગ્રન્થરત્નચિંતામણિમાં છપાયાં અને તે પછી હવે આ પ્રતમાં છાપ્યાં છે. આ ન્યાસ અત્યારે સહુ વિધિવાળાઓ સ્તોત્ર બોલવાની સાથે સાથે કરે છે. ઘણાં વરસોથી સર્વત્ર આ જ રિવાજ ચાલ્યો આવે છે પણ મારો નમ્ર મત જુદો છે. ખરી રીતે પોથીમાં દરેક છાપેલા ચિત્રમાં મોટા અક્ષરે નવકારમંત્રનો મંત્ર પ્રથમ છાપ્યો છે. તે મંત્રપદ બોલીને ન્યાસ કરવો જોઈએ. આ અંગે પોથીના પાનામાં ચર્ચા કરી છે એ ક્રિયાકારકોએ જોઈ લેવી.

—આત્મરક્ષાના નવ ચિત્રો બીજી રીતે પણ બનાવી શકાય છે પણ તે અહીં આપ્યાં નથી. ફરી ક્યારેક પ્રગટ કરાવીશું. વજ્રપંજર—આત્મરક્ષા સ્તોત્રમાં પંચ પરમેષ્ઠીઓને સ્થાપન કરવાના છે. પંચ પરમેષ્ઠીઓનો આકાર કેવો કલ્પવો તે માટે દરેક પરમેષ્ઠીનાં ચિત્રો અમુક રીતે આકાર પસંદ કરીને પ્રતમાં છાપ્યાં છે. આ ચિત્રો થોડાં ઘણાં ફેરફાર સાથે પણ બનાવી શકાય છે.

—પેજ નંબર ૧૭માં બે ચિત્રો આપ્યાં છે. એક હૃદયશુદ્ધિનું અને બીજું વજ્રપંજર-રક્ષા ક્રિયા સંપૂર્ણ રીતે કરી લીધા પછી તે દૃશ્ય કેવું સમજવું અને કેવી કલ્પના કરવી? તેનું ચિત્ર છાપ્યું છે. એથી નાનું ચિત્ર છાપીએ તો અક્ષરો બીલકુલ વંચાય નહિ એટલે જરા અક્ષરો વંચાય

અને પોથીમાં છાપી શકાય, એટલે બ્લોક થોડો મોટો બનાવવો પડ્યો છે. એથી એ પાનામાં ચાલુ બોર્ડર છાપી શકાય તેમ ન હતું અને જો છાપીએ તો બ્લોક આવે જ નહિ એટલે ચાલુ બોર્ડર કેન્સલ કરીને પ્રેસની સાદી બોર્ડર વાપરીને કામ પાર પાડ્યું છે. સંપૂર્ણ વજ્રપંજર કવચ ડાબી બાજુ છાપવું જોઈએ, ક્રમાંક ૧૩ તેને આપવો જોઈએ અને હૃદયશુદ્ધિ ચિત્ર જમણી બાજુએ છાપવું જોઈએ અને તેને ક્રમાંક ૧૪ આપવો જોઈએ પણ પ્રેસે ઉલટ સુલટ કરી ભૂલ કરી નાંખી છે.

૯. **કલ્મષ દહન**—પવિત્ર ક્રિયા શરૂ કરતાં પહેલાં પોતાની નજર સામે હું પોતે અશુભ પાપોના ઢગને બાળી રહ્યો છું એવી કલ્પના કરીને મારાં પોતાનાં મન અને આત્મા બંનેને નિર્મળ બનાવ્યાં છે એમ ભાવના ભાવવાની છે. કેમ કે શુદ્ધ મનવાળા બની પૂજન કરવાનું હોવાથી તત્કાલ પૂરતા નિષ્પાપ બની જવા માટે આ ક્રિયા સ્વસ્તિક મુદ્રાએ કરવાની છે. આ માટે ચિત્ર નં. ૧૭ જુઓ.

૧૦. પૂજનમાં બંને હાથની અંગુલીઓનો ઉપયોગ થવાનો હોવાથી તે અંગુલીઓમાં પંચપરમેષ્ઠી આત્માઓની સ્થાપના કરવાની છે. જેથી તે અંગુલીઓ પૂજનને યોગ્ય પવિત્ર બને.

કઈ અંગુલી કયા નામથી ઓળખાય છે તે માટે ચિત્ર ક્રમાંક ૧૮ જુઓ અને કંઈ અંગુલી ઉપર કયા પરમેષ્ઠીની સ્થાપના કરવી તે માટે ચિત્ર ક્રમાંક ૨૦ જુઓ.

તે પછીની વિધિ અને તેનો જરૂરી ભાવ પ્રતમાં જણાવવામાં આવ્યો છે એટલે તેનું પુનરાવર્તન અહીં ન કરતા ત્યાંથી જોઈ લેવા ભલામણ છે.

ત્યારપછી ૧૧ માં અષ્ટાંગન્યાસ[1] (શરીરના આઠ ભાગ ઉપર કરવાની સ્થાપના) આઠ ચિત્રો ઉપરથી સમજાઈ જાય એવો છે. આઠમા ચિત્ર ઉપર પદાન્તન્યાસ લખ્યું છે. પદાન્ત જગ્યાએ પાદાન્ત બોલી શકાય છે. આ ન્યાસ ઋષિમંડલસ્તોત્રનો ખાસ છે.

ત્યારપછીની બધી વિધિ સમજાય તેવી છે. આ રીતે શરૂઆતની પૂર્વસેવારૂપ વિધિનો સંક્ષિપ્ત સૂચનો સાથેનો પરિચય પૂરો થાય છે. પૂર્વસેવા પૂરી થઈ. હવે ઉત્તરસેવા પેજ નં. ૫૧થી શરૂ થાય છે. ઉત્તરસેવા એટલે યન્ત્રનું પૂજન વગેરે. આ શરૂ થતાં પહેલાં જેનું પૂજન કરવાનું છે તે તમામ વ્યક્તિઓનું સ્મરણ–તથા પ્રાર્થના તેમને કરવી જોઈએ. માટે ૪૧ થી ૪૮ પાનામાં છાપેલું સુપ્રસિદ્ધ સ્તોત્ર સુંદર રીતે સંભળાવવું જોઈએ. સહુએ બે હાથ જોડવા, ભાવથી સાંભળવા જણાવવું. ભારતમાં પ્રભાતમાં આજે આ સ્તોત્રનો પાઠ ચતુર્વિધસંઘ તેમજ ચારેય સંપ્રદાયના હજારો માણસો કરે છે.

## થોડીક જરૂરી વાતો

પેજ નં. ૪૮ પછી પેજ નં. ૪૯ અને ૫૦ જુઓ. આ પેજનો નંબર પ્રેસવાળા છાપવો

---

૧. ન્યાસના કેટલાંક ચિત્રો નવી રીતનાં લાગશે. ૨. અજૈનમાં પુરશ્ચરણ શબ્દ વપરાય છે.

ભૂલી ગયા છે એટલે ટાઈપથી નંબર છાપ્યો છે. ચિત્રનો ક્રમાંક ૩૩ જુઓ. ઋષિમંડલના યન્ત્રનો આધુનિક રિવાજ મુજબ અને જૈનસંઘમાં પેહલીજવાર સાદો ચાર્ટ–નકશો જોવા મલશે. આ ચાર્ટ જો કે બહુ જરૂરી ન ગણાય છતાં યંત્ર પાસે બેસનાર વિધિવાળા માણસને વલયના ક્રમનો જલદી ખ્યાલ આવે એટલા પૂરતો છાપ્યો છે. આ ચાર્ટ તે પોતાની પાસે રાખે.

પેજ નં. ૫૧ ચિત્ર ક્રમાંક–૩૭ આજ સુધી કેન્દ્રના હ્રીઁ બીજની વચ્ચે મૂલમંત્ર લખેલો હોય તેવો યંત્ર* તમને (પ્રાયઃ) ક્યાંય જોવા નહીં મળે. આ મૂકવાનો રિવાજ ૩૦૦ વરસથી ભૂલાઈ ગયો હતો. એટલે પછી ઘણા ચિંતન, મનન, અને અનુભવને અન્તે હ્રીઁકાર વચ્ચે મૂલમંત્ર લખેલો હોવો જ જોઈએ એમ ઋષિમંડલ સ્તોત્રના શ્લોકો દ્વારા જ સમજાયું છે. ઋષિમંડલની કોઇપણ પૂજનવિધિમાં મૂલમંત્રનું અને તે પછી હ્રીઁ બીજનું કોઇ પૂજન કરતું જ નથી એટલે અંશે પૂજન અપૂર્ણ અને અધૂરૂં રહે છે એટલે મેં એનું પૂજન મારી આ પ્રતની વિધિમાં દાખલ કરી દીધું છે. વિધિકાર મહાનુભાવોએ તે ધ્યાનમાં લેવું.

કેન્દ્રીય–વચ્ચેના મુખ્ય હ્રીઁકારના પૂજનમાં હ્રીઁકારના જુદા જુદા વિભાગોના પરિચય માટે તેની સાથે જોડાએલી આકૃતિઓનો આકાર અને નામ શું છે તેનો ખ્યાલ આવે એટલે ૩૭મા ચિત્રમાં પ્રસ્તુત આકૃતિઓ તેનાં નામ સાથે એકદમ સ્પષ્ટ રીતે આપી છે. એમાં નાદની આકૃતિ પહેલીજવાર જોઈને ઘણા વિચારમાં પડી જશે, ઘણા મુંઝાશે. જૈનસંઘમાં ૩૦૦-૩૦૦ વરસથી સાવ ભૂલાઇ ગએલી નાદની આકૃતિને પુનર્જીવન આપવાનું સદ્ભાગ્ય મને પ્રાપ્ત થયું અને છેલ્લાં ૩૦ વરસથી મારા નવા બનાવેલાં યન્ત્રમાં આ નાદને દાખલ કરવામાં આવ્યો છે અને વિવિધ માધ્યમો ઉપર તૈયાર થએલાં તમામ યન્ત્રમાં તમને આ નાદ જરૂર જોવા મળશે. હા, ૩૦૦ વરસ પહેલાં નાદ જરૂર ચીતરાતો હતો. તે પછી અભ્યાસીઓના મનમાં અનાહતનાદની આકૃતિ ખોટી છે એવો ભ્રમ થયો હશે એટલે નાદને દેશવટો અપાઇ ગયો. આશ્ચર્ય એ કે ૩૦૦ વરસમાં આ વિષયના ઘણા વિદ્વાનો પાકચા હશે, શું અર્થ સાથે સંગતિ કરવાનું મન જ નહીં થયું હોય? નાદ ન મૂકો તો બે તીર્થંકરોનું સ્થાન ઉડી જતાં બધી અવ્યવસ્થા સર્જાય. ખેર, વધુ માટે મારી સ્તોત્ર બુક જુઓ.

હવે અહીંથી **उत्तरसेवा** એટલે પૂજનનો પ્રારંભ થાય છે.

પેજ નં. ૫૨, આઇટમ નં. ૪—**स्वस्ति वांचन** જૈન–અજૈન પૂજનમાં સ્વસ્તિ એટલે કલ્યાણકારી પાઠનું વાંચન કરવાનો માંગલિક વિધિ નિશ્ચિત હોય છે તે હવે કરવાનો છે. સિદ્ધચક્ર પૂજનમાં **स्वस्ति** આવે છે પણ હું દાવા સાથે કહી શકું છું કે આજથી ૧૦–૧૫ વરસ પહેલાં **स्वस्ति वांचन** શું છે? તે પ્રાયઃ કોઈને જાણ ન હતી. તમામ વિધિવાળા મને મળતા અને તેઓને આ માટે મેં પ્રશ્ન કરેલો પણ તેઓ જવાબ આપી શકતા ન હતા, એથી સમજાયું છે.

---

★ યન્ત્રો આજથી ૨૫ વરસ ઉપર તાંબા ઉપર, કપડાં ઉપર, એલ્યુમીનીયમ, મીનો, વગેરે માધ્યમો ઉપર કરાવી જૈન સમાજ માટે વિવિધ સામગ્રી પૂરી પડાવી હતી.

સિદ્ધચક્ર અનુષ્ઠાનના પ્રારંભમાં એક ધાર્મિક માંગલિક પ્રાર્થના પાઠ બોલવો જરૂરી છે તેથી અહીંઆ જાણીતા બે પ્રકારના પાઠો આપવામાં આવ્યા છે.

અમૃત જૈન સાહિત્યવર્ધક સભા (પૂ. નેમિસૂરિજી પરિવાર) તરફથી 'સિદ્ધચક્રયન્ત્રોદ્ધાર બૃહદ્પૂજનવિધિ'ની બે ત્રણ આવૃત્તિઓ થઈ હશે. એમાં છેલ્લી ૨૦૨૭માં છપાણી છે, એના ૧૦માં પાનામાં **स्वस्ति-नमोऽर्हत्०** આ રીતે પાઠ છાપ્યો છે. તેથી **स्वस्ति** શબ્દ પણ પૂજનમંત્રનો જ અંશ હોય તેવો ખ્યાલ વાચકને થાય છે અને એ નામ બોલવા સાથે નમોઽર્હત્‌નો પાઠ બોલી જાય છે. સાચી રીતે 'સ્વસ્તિ' શબ્દ બોલવાનો નથી, એટલે આ વાત સુધારી લેવી જોઇએ.

ખરૂં તો **स्वस्ति** જે જગ્યાએ આપ્યું, તે શા માટે છે, તેનો શું અર્થ છે? એ મંત્રશાસ્ત્ર અને અનુષ્ઠાન શાસ્ત્રનો બહુશ્રુત સાધુ કે જાણકાર વિદ્વાન ક્રિયાકાર જો ન હોય તો શોધી નહીં શકે. પ્રાયઃ આપણે ત્યાં લગભગ મોટો વર્ગ આ શું છે તે સમજતો નહીં હોય. આપણે ત્યાં મન્ત્ર તન્ત્ર પૂજનના ઊંડા અભ્યાસી અને અધિકૃત વિદ્વાન શોધવા પડે તેવી સ્થિતિ છે.

છાપવામાં ભૂલ કરી છે. એકલું **स्वस्ति** છાપ્યું છે. કેમકે '**स्वस्ति**'ની ખબર જ નથી પણ સ્વસ્તિનો અર્થ કલ્યાણ–માંગલિક થાય છે અને માંગલિક પાઠનું વાંચન પૂજનના નિયમ મુજબ સભા વચ્ચે કરવું જ જોઈએ એટલે **स्वस्तिवांचन** આવો આખો શબ્દ છાપવો જોઈએ અને નમોર્હત્૦ જરા છેટે કે જુદું છાપવું જોઈએ. **स्वस्तिवांचन** એ તો હેડીંગ છે, બોલવાનો મંત્ર નથી અને જ્યારે આ વિધિ આવે ત્યારે ક્રિયાકારે ઉંચા સ્વરે બોલવાનું હોય છે કે 'ભાઈઓ હવે હાથ જોડો મંગલપાઠ બોલાય છે, તે સાંભળવાનો છે.' નમોર્હત્૦ સિવાય સમય હોય તો નાની મોટી કોઈપણ સ્તુતિ પ્રાર્થના બોલી શકાય છે. વરસોથી વિધિવાળાને નમ્રતાથી સહજ રીતે પ્રશ્ન કરતો **स्वस्ति** એટલે શું? એટલે બોલી શકતા ન હતા.

ત્યારપછીનાં ચિત્રો, લખાણ અને પૂજન વગેરેની સમજણ પ્રતમાં બરાબર સમજાય તેવી આપી છે એટલે અહીં તેના પુનરાવર્તનની આવશ્યકતા નથી.

અહીંઆ એક સાથે પાંચ મુદ્રાઓનું ચિત્ર છાપ્યું છે. તેમજ ૨૪ તીર્થંકરની પૂજાના પ્રસંગમાં આહ્‌વાહન, સ્થાપન, સંનિધાન અને અંજલિ આ મુદ્રાઓનાં નાનાં અલગ અલગ પણ ચિત્રો છાપ્યાં છે.

૨૯ નંબરનું ચિત્ર વાચકોને તદ્દન નવું લાગશે. આનો ભાવ શું એ માટે પેજ ૫૭માં જોઈ લેવું.

જુદા જુદા વલયનાં પૂજન ઉપર, સરલતાથી સમજાય એવી રીતે વિશિષ્ટ પ્રકારે હેડીંગો છાપવામાં આવ્યા છે. જે જોવાથી માલમ પડશે.

કેન્દ્રમાં રહેલાં **ह्रीं** કારમાં વર્તતા ૨૪ તીર્થંકરોનું પૂજન એ યન્ત્રપૂજનનું મહત્ત્વનું પ્રધાન અંગ છે. **ह्रीं** કારને પાંચ રંગનો કલ્પવામાં આવ્યો છે. કેમકે ત્યાં શ્વેત, રક્ત, પીળા, નીલા (–લીલા), કાળા રંગના તીર્થંકરોને સ્થાપન કરવાના છે. ૨૪ તીર્થંકરોને પણ એ જ પાંચ

રંગના કલ્પવામાં આવ્યા છે. ह्रीँ કાર બીજમાં તીર્થંકરોને અધિકૃતરંગના સ્થાનમાં સ્થાપિત કરવામાં આવે છે.

પ્રથમ મૂલમંત્રનું પૂજન કરવું, પછી એકલા ૨૪ તીર્થંકરવાળા વચલા ह्रीँ બીજનું પૂજન કરવું, તે પછી ૨૪ તીર્થંકરોનું પૂજન શરૂ કરવાનું છે. આમ શરૂઆતમાં ત્રણ પૂજનો કરી લેવાના છે. જે પ્રતમાં મંત્રો સાથે વ્યવસ્થિત રીતે આપેલ છે.

ચોવીશે તીર્થંકરોનું પૂજન દરેક વખતે [1]આહ્‌વાહન આદિ બોલીને કરવાનું જણાવ્યું છે. અષ્ટપ્રકારી પૂજન કરવાનું અને પાછો જાપ કરવાનો એટલે ત્રણ ક્રિયાઓ કરવાની. આના કારણે ઓછામાં ઓછા બે કલાક આ પૂજનમાં થાય છે, વારંવાર આહ્‌વાહન માટે પાનું ફેરવવું ન પડે માટે સરલતા ખાતર આ મંત્રોનું જુદું જ પાનું સ્વતંત્ર છાપેલું આ પોથીમાં પેજ નંબર ૧૩૨મું છે તે જોઈ લેવું. સમયની વધુ અનુકૂળતા કદાચ ન હોય તો શું કરવું? તો અપવાદે ચોવીશે તીર્થંકરોનું એક સાથે આહ્‌વાહન, સ્થાપન વગેરે કરી લેવું. સામૂહિક આહ્‌વાહન કરવા માટેના શબ્દ-મંત્રપદો આ પોથીના ૧૪૪ માં પાને આપ્યાં છે તે પાનું કાઢી સામે રાખવું.

સ્તોત્રના કથન પ્રમાણે ह्रीँકારને મેરુપર્વત પર બેસાડેલો છે. જૂઓ ह्रीँકારની નીચેની પર્વત જેવી રેખાઓની ડિઝાઈન. મેરુપર્વત આવ્યો એટલે પર્વતને શિખરો હોય એટલે અહીં શિખરને સ્થાને ફરતા ઊભા કૂટાક્ષર ગોઠવ્યા છે. કૂટ એટલે શિખર. શિખરનો ખ્યાલ આપે તેવા અક્ષરો એટલે એનું પૂજન કરવાનું. આ પૂજન પેજ નં. ૭૭થી શરૂ થાય છે; અને એનો પરિચય પૂજન શરૂ થતાં પહેલાં જ વિસ્તારથી ૭૫ અને ૭૬ માં પાનાંમાં આપી દીધો છે, તે વાંચી લેવો જેથી અહીં ફરીથી આપ્યો નથી.

## ૩૩ + ૧ = ૩૪ કૂટાક્ષરોનું પૂજન (પાનું-૭૫)

આ પૂજન માત્ર કુસુમાંજલિથી જ કરવાનું છે. આમેય કયું પૂજન શેનાથી કરવું? તેના સ્પષ્ટ ઉલ્લેખો ઘણા પૂજનમાં-પ્રાચીન પ્રતોમાં પૂરા મલતા નથી, પછી કેટલુંક અનુમાનથી બુદ્ધિપૂર્વક વિચારીને નક્કી કરવું પડે છે. પ્રતમાં [2]૩૩ કૂટાક્ષરો લખ્યા છે જ્યારે યન્ત્રમાં ૩૪ છે. અહીંયા સંખ્યાનું કોઇ મહત્ત્વ નથી.

ઋષિમંડલયન્ત્રમાં સિદ્ધચક્ર યન્ત્ર કરતાં વલયો ઘણાં ઓછાં છે. વલયમાં પૂજન માટેનાં નામો પણ ઓછાં છે. આ યન્ત્રમાં આઠનો આંકડો ધ્રુવ છે, આઠનું યુનિટ છે એટલે ચાર વલયો આઠ આઠ ખાનાનાં છે, પછી પાંચમું વલય ૧૬ (૮×૨=૧૬) ખાનાનું જેમાં ચારે નિકાયના દેવદેવીઓ તથા લબ્ધિધર મહર્ષિઓનું છે. તે પછી છઠ્ઠું વલય ઋષિમંડલની ખાસ

---

૧. ઋષિમંડલમાં 'અવગુણ્ઠન' મુદ્રા રાખી નથી. અને મેં ઉમેરી નથી.

૨. શ્રી સિંહતિલકાચાર્ય જેવા મન્ત્ર મનીષીએ ૩૨ની સંખ્યાની પસંદગી કરી છે. જો કે પ્રતમાં વિવિધ સંખ્યાના કૂટાક્ષરો મળે છે.

સ્વતંત્ર દેવીઓનું (૮×૩=૨૪) ૨૪ ખાનાનું છે. આ વલયમાં દેવીઓનાં નામો છે, એ નામો પૈકી સોળેક નામો નવાં છે. આપણે ત્યાં સિદ્ધચક્ર આદિ ચાલુ પૂજનોમાં બાકીનાં નામો જોવા મળે છે.

## આ છ વલય પૈકી પ્રથમ વલયનું પૂજન

અહીંથી પ્રથમ વલયના પૂજનની શરૂઆત થાય છે. ૩૪ કૂટાક્ષરોનું પૂજન અત્યાર સુધી કરવાની કોઈ પ્રથા નથી, પણ માત્ર એકસ્વર અને જોડાણ સાથેના છ વ્યંજન અક્ષરોથી નિર્માણ થતો કૂટાક્ષર એ એક વિશિષ્ટ રચનાવાળી બાબત છે. (અર્ધચન્દ્ર, અનુસ્વાર અને રેફ ઉમેરીએ તો નવ થાય) છ અક્ષરો જુદા જુદા પ્રકારનાં ફળો-લાભોનું નિર્માણ કરનારા છે અને સમગ્ર કૂટાક્ષરનું પણ કોઈ સામૂહિક ફળ હોવું જોઈએ પણ પૂરેપૂરી નહીં પણ શક્ય એટલી વધુ આ માટે તપાસ કરવા છતાં પણ આ અંગેની માહિતી મને ઉપલબ્ધ થઈ નથી. પણ આઠ પ્રકારના કૂટાક્ષરોનું પૂજન પ્રથમ વલયમાં જ્યારે આવે જ છે તો પછી ૩૪ કૂટાક્ષરોનું પૂજન કરવામાં કશો ગેરલાભ નથી એટલે ૩૪ કૂટાક્ષરોનું પૂજન રાખવામાં આવ્યું છે. આ વલયના આઠ ખાનામાં સ્વરો અને વ્યંજનોની સ્થાપના કરવામાં આવી છે. સામાન્ય રીતે ઘણા મહત્વના સાત્ત્વિક જૈન અજૈન મંત્રોમાં સ્વરો અને વ્યંજનોને ખાસ સ્થાન આપવામાં આવ્યું છે પણ સાથે સાથે મહત્ત્વના ઉપયોગી આઠ પિંડાક્ષરોને પણ સ્થાન આપવામાં આવ્યું છે.

અહીં આપેલા એ આઠ પિંડાક્ષરોના આદિ અક્ષરો ક્રમશઃ ૧. ह ૨. व ૩. म ૪. र ૫. ग ૬. ज ૭. स અને ૮. ख છે. કૂટાક્ષરો ભેગી ખાનામાં વર્ણમાલા પણ આપવામાં આવી છે. વર્ણમાલાના સ્વરો અને વ્યંજનોનું શું સ્થાન છે? એ માટે 'અર્હ્ઁ' ઉપરનો મારો લેખ આ પ્રતમાં જુઓ.

બીજા અને ત્રીજા વલયમાં નવગ્રહ અને દશ દિગ્પાલનું પૂજન છે. દરેક પૂજનમાં આહ્‌વાહન, સ્થાપન અને સંનિહિત-સંનિધાન આ ત્રણ ક્રિયાઓ ખાસ ગોઠવવામાં આવી છે. પહેલું પૂજન દિગ્પાલનું રાખવું કે ગ્રહનું? આ બાબતનો વિકલ્પ જાણકારોમાં પ્રવર્તે છે. નવગ્રહો અને દિગ્પાલો જાણીતા છે. ગ્રહોને તો સારુંય વિશ્વ જાણે છે. ગ્રહોની સારી અને ખરાબ અસરો વિશ્વના સમગ્ર તંત્ર ઉપર પડતી હોય છે. એથી માનવજાતને પણ એની અસરો થાય છે. પનોતીની ભયંકર અસરોનો અનુભવ કોને નથી થતો? ગ્રહની વાતો લાખો માણસોની જાણીતી છે. લાખો માઈલ દૂર રહેલા ગ્રહોની શુભાશુભ અસર કેવી રીતે થાય? આ પ્રશ્નના જવાબ માટે ઘણું લખવું પડે. જે અહીં શક્ય નથી.

ગ્રહો દિગ્પાલોને જૈનો સંપૂર્ણ રીતે માને છે, તેઓ સમ્યક્‌દૃષ્ટિઓ છે. આગમમાં પણ પૂરતું વર્ણન છે. દરેક ધાતુની કે પરિકરવાળી મૂર્તિઓમાં ગ્રહો મૂકેલા જ હોય છે, એટલે જૈનધર્મમાં તેનું પૂરેપૂરું સ્થાન છે. આ બધાય સમ્યગ્‌દૃષ્ટિ હોય છે. અહીં વધુ વિસ્તાર કરતો નથી.

ઋષિમંડલના અધિષ્ઠાયક દેવોનું પૂજન કરવાની પ્રથા આપણે ત્યાં નવગ્રહોના પૂજન પછી

તરત જ રાખવામાં આવે છે. તે જ પ્રમાણે અહીંયા પણ તે સંક્ષેપમાં આપ્યું છે.

આ યંત્ર ઉપર પ્રધાનપણે ભગવાન પાર્શ્વનાથજીની છાયા લાગે છે. કેમકે અધિષ્ઠાયકો ધરણેંદ્ર, પદ્માવતી, વૈરાટ્યા ભગવાન પાર્શ્વનાથના જ છે.

ત્યારપછી ચોથા વલયમાં સિદ્ધચક્ર સ્વરૂપ અરિહંતાદિ આઠ પદોનું પૂજન તેના શ્લોકો–મન્ત્રો સાથે કરવાનું છે. આઠે પદોનું પૂજન અષ્ટપ્રકારી પૂજાપૂર્વક કરવાનું છે. અને તે પૂજાવિધિ જાણીતી છે.

ત્યારપછી પાંચમા વલયમાં ચારેય નિકાયના દેવ-દેવીઓ તથા લબ્ધિધારી એટલે કે તપ, સંયમ દ્વારા ચમત્કારિક શક્તિઓને પ્રાપ્ત થયેલા એવા મહામુનિઓનું પૂજન કરવાનું છે.

લબ્ધિઓના અર્થ કે વિવેચન લખી શકાયું નથી, મૂલમંત્રના બીજોનો અર્થ પણ આપ્યો નથી.

છટ્ઠા વલયમાં ઋષિમંડલ સાથે સંબંધ ધરાવતી ૨૪ દેવીઓનું પૂજન છે. આ દેવીઓનાં વર્ણન, આયુધ, વાહન વગેરેનું વર્ણન એક સાથે કોઈ ઠેકાણે પ્રાપ્ત થયું નથી પણ લગભગ અજૈન ગ્રન્થોમાં જુદી જુદી સાધના કે પૂજા જ્યાં બતાવી છે ત્યાં આ નામની દેવીઓનાં વર્ણનવાળા શ્લોકો વગેરે મળે છે. સમાન નામવાળા દેવ-દેવીઓ પણ ઘણાં હોય છે, એટલે એની નોંધ અહીં આપતો નથી. અન્તમાં બે હાથ જોડીને કરવાની પ્રાર્થના અને આશીર્વાદનો શ્લોક આપીને દેવીપૂજન પૂર્ણ કરવામાં આવ્યું છે.

જૈનભૂગોળ પ્રમાણે જંબૂદ્વીપને ફરતા ગોળાકારે રહેલા લવણસમુદ્રમાં જંબૂદ્વીપની જમણી ડાબી બંને બાજુએ જંબૂદ્વીપમાંથી નીકળીને લવણસમુદ્રમાં ગયેલા ચાર જગ્યા ઉપર ૫૬ દ્વીપો છે. દ્વીપો પાણીમાં આવેલાં છે. મન્ત્રશાસ્ત્રમાં પાણીનું મંત્રબીજ વ છે, એટલે ૫૬ વ ચિત્રમાં બતાવ્યા છે. એથી અહીંયા છેલ્લે કુસુમાંજલિ વગેરે દ્વારા તેનું પૂજન કરવામાં આવે છે.

તે પછી અનુષ્ઠાનના રિવાજ મુજબ મૂલમંત્રનો જાપ કરવાનો હોય છે તેથી મૂલમંત્રનો જાપ બતાવ્યો છે. આ મૂલમંત્રનો જાપ ૧૦૮ અથવા ૨૭ બેમાંથી એક સંખ્યાનો કરવાનું લખ્યું છે. સમયની અનુકૂળતા હોય તો ૧૦૮ વાર કરવો ઉત્તમ છે.

આ રીતે સમગ્ર યન્ત્રનું સંપૂર્ણ પૂજન પૂર્ણ થયું.

* * *

પરમાત્માની દ્રવ્યપૂજા કે દ્રવ્યસ્તવ પૂર્ણ થયાં હવે પરમાત્માની ભાવપૂજા–ભાવસ્તવ એટલે મન–હૃદય સાથે મનનો ભાવ જોડવો તે. આ માટે ચૈત્યવંદનનો વિધિ કરવાનો છે. ચૈત્યવંદનની મુદ્રાનાં ચિત્રો ક્રમાંક ૪૬ થી ૫૦ સુધીનાં જુઓ અને બતાવેલી મુદ્રા પ્રમાણે શરીરને ગોઠવી અને પછી ક્રિયા કરો.

**ધ્યાનક્રિયા**—તે પછી અનુષ્ઠાનોના રિવાજ મુજબ ક્ષણવાર ધ્યાન કરવાનું છે એટલે કે ઋષિમંડલના આકાર અને તેમાં સ્થાપિત કરેલા ૨૪ તીર્થંકર સહિતના હ્રીઁકારને, તે પછી વલયમાં સ્થાપેલા દેવદેવીઓને સ્મૃતિપટમાં લાવવા. ઋષિમંડલના યન્ત્રની આકૃતિ કેવી કુંભ-કળશાકારે છે તે ચિંતવવું, તે પછી બધા વલયો વગેરેનું સ્મરણ કરી તે પ્રત્યે આત્મીયભાવ જોડવો.

તે પછી **"ભલું થયું ને મેં પ્રભુ ગુણ ગાયા"** એ ગીત ગવડાવવું. કેમકે આરતી અને મંગલદીવો પૂર્ણાહુતિના સૂચક હોવાથી તે ઉતારી એટલે સભા વીખરાઈ જાય છે.

**સમગ્ર પૂજન** ભણાવી લીધા પછી છેલ્લે **શાંતિકલશ** કરવો. શાંતિકલશ કેવી રીતે કરવો તે માટે ક્રમાંક નંબર ૫૧ મું ચિત્ર જુઓ.

શાંતિકળશ અંગે ૧૨૦-૧૨૧ માં પાનામાં નીચે ફૂટનોટ-ટિપ્પણ કર્યું છે તે વિધિ કરાવનારે ખાસ જોઈ લેવું. ૧૨૨ માં પાનાંની ફૂટનોટ પણ જરૂર વાંચી લેવી.

સિદ્ધચક્ર અને ઋષિમંડલમાં શાંતિકળશનો પાઠ ત્રણ ત્રણવાર બોલવાનો કહ્યો છે, પરન્તુ ઘણીવાર બોલવા માટે તેટલો સમય નથી હોતો. કાં શાતિકળશનો ઘડો બહુ નાનો હોય છે. આ માટે ત્રણ વખતમાં પાણી કેટલું જોઈએ તે નક્કી કરી તેના માપનો ચાંદીનો કે ધાતુનો અષ્ટમંગલવાળો ઘડો, સોની* પાસે કરાવી લેવો જોઈએ. નહીંતર શું થાય કે શાંતિકળશનો પાઠ બીજીવાર બોલતા હોય ત્યાં જ ઘડો ભરાઈ જાય ને પાણી બહાર ઢોળાયા જ કરે. જો સકારણ એક જ વખત શાંતિપાઠ બોલવાનો હોય તો તે માપનો બનાવી રાખવો જોઈએ. આમ બે જાતના શાંતિકળશની આવશ્યકતા ખરી, પણ આ બધી બલામાં કોણ ઉતરે? શાંતિકળશપાઠ પૂર્ણ બોલાઈ જાય પછી શાંતિકળશનું થોડું પાણી વિધિકારે હાથમાં લઈ સભા ઉપર થોડા છાંટણા કરી લેવા જેથી સભાને અસંતોષ ન રહે!

**ક્ષોભણક્રિયા**—

ક્ષોભણ એટલે સ્થાપેલા પદાર્થને ચલિત કરવાની તથા ઉંચું નીચું કરવાની ક્રિયા. આ ક્રિયા કરતાં પ્રથમ યન્ત્ર સામે ઊભા રહીને (ચિત્રમાં બતાવ્યા મુજબની) અસ્ત્ર મુદ્રા યન્ત્ર સામે ઊભા ઊભા બતાવવી. મુદ્રા કર્યા બાદ યન્ત્રને તેના સ્થાનથી જરાક ખસેડી દેવો. ક્રિયાકારકે પોતાના આસન વગેરેને ચલિત કરવું એટલે ખસેડી દેવું. આ અન્તિમ ક્રિયા કરવાથી પૂજન અંગેની સંપૂર્ણ જવાબદારી સહુની પૂર્ણ થઈ જાય છે.

**ક્ષમાપ્રાર્થના**—

હવે ક્રિયા કરતાં વિધિની અશુદ્ધિ રહી હોય, ભાવની શુદ્ધિ ન જળવાણી હોય તો તે

---

★ અગાઉ મેં સોની પાસે બનાવડાવ્યો હતો.

ક્રિયાનો દોષ લાગે છે, તેથી તેની ક્ષમાપના–માફી માંગવાની હોય છે એટલે અંદર આપેલા ક્ષમાપનાના પ્રસિદ્ધ શ્લોકો ભાવથી બોલવા, આ ક્ષમાપના ત્રણ વખત કરવાની છે.

### વિસર્જનનો વિધિ—

ત્યારપછી છેલ્લી ક્રિયા વિસર્જનની છે. માંડલું, મૂર્તિ, સામગ્રી વગેરે ઉઠાવી લેવાનો અધિકાર મળે માટે વિસર્જનની ક્રિયા કરવાની છે. શરૂઆતમાં ઋષિમંડલની સ્થાપના વગેરે કરીને જે સર્જન કર્યું હતું તે બધાનું હવે વિસર્જન કરવાનું છે. વિસર્જનની ક્રિયા 'સંહાર' નામથી ઓળખાતી મુદ્રાવડે કરવાની છે. સંહાર મુદ્રાનું ચિત્ર પોથીમાં છાપ્યું છે. સંહારમુદ્રાનું ચિત્ર ક્રિયાકારકોને–અરે! શ્રીસંઘને પ્રાયઃ પ્રથમ જ જોવા મલશે. જો કે અન્તની 'ક્ષોભણ' વિસર્જન ક્રિયા સમય ટૂંકો હોય ત્યારે વિધિવાળા ઝટપટ કરી લે છે. વિસર્જનનો મંત્ર રેચક પ્રાણાયામ કરીને બોલવાનો છે માટે શ્વાસ બહાર કાઢતા જાવ તે સાથે પોથીમાં લખેલો મંત્ર **ऑं ह्रीं श्री वर्धमानान्ताः**........એ આખો મંત્ર બોલી તરત જ યન્ત્ર સામે જમણા હાથે સંહાર મુદ્રા કરી બતાવવી એટલે વિસર્જન થઈ ગયું અને પૂજનની જોખમદારી હવે કશી ન રહી.

પછી પોથીમાં ઋષિમંડલના મહિમાના શ્લોકો અર્થ સાથે જ આપ્યા છે, તે સમય હોય તો અર્થ સાથે સંભળાવવા.

આ રીતે આ પ્રતમાંની વિધિનો પહેલો વિભાગ પૂર્ણ થાય છે.

*   *   *

## વિભાગ–૨

'ઑઁ નમઃ પાર્શ્વનાથાય' આ ચૈત્યવંદન ભૂલથી છાપવું રહી ગયું છે તે છેલ્લાં પાનામાં આપ્યું છે. ચૈત્યવંદનમાં બોલાતું સ્તવન–થોય ૧૩૪ માં પાને છે. ત્યારપછી કયો જાપ કઈ આંગળીએ કરવો તેનાં ચિત્રો પોથી પેજ નંબર ૧૩૭–૩૮ માં ચિત્ર ક્રમાંક ૫૪ થી ૫૭ સુધીનાં આપ્યાં છે. આ બાબતમાં પણ ઘણી ગેરસમજ–અજ્ઞાન છે જે આનાથી દૂર થશે.

ત્યારપછી ૧૩૯ માં પાને હ્રીંકારને અને તેના વિભાગોનું પણ જ્ઞાન મળે તેથી પૂરી સમજણ સાથે બે ચિત્રો છાપ્યાં છે. બંનેમાં ફરક માત્ર એક નાદનો છે. પહેલા ચિત્રમાં નાદ નથી જ્યારે બીજા ચિત્રમાં (બિન્દુ ઉપર) ત્રિકોણાકૃતિ નાદ બતાવવામાં આવ્યો છે. નાદથી અનાહત નહિ પણ આકૃતિરૂપ દર્શાવાતી નાદની આકૃતિ સમજવી, જે સેંકડો વરસોથી થતી ન હતી.

છેલ્લાં ૩૦૦ વરસમાં કાગળ ઉપર, કપડાં ઉપર, તાંબા ઉપર કે પથ્થર ઉપર કે કોઈપણ માધ્યમ ઉપર તમે જોશો તો ઋષિમંડલના હ્રીંકાર ઉપરના અર્ધચન્દ્ર ઉપર એક જ ગોળ બિન્દુ કે વર્તુળ જોવા મલશે પણ એની ઉપર બીજું નાદનું ચિહ્ન–આકાર તમને જોવા નહીં મળે. (હા–મારો યન્ત્ર હશે તો જરૂર જોવા મલશે)

ત્યારપછી ૧૪૦મું પાનું જેનો પૃષ્ઠ નંબર છાપવાની પ્રેસે ઘણી બેદરકારી દાખવી છે. એ પાનામાં જૈનેતરોમાં અસ્ત્રન્યાસ કરવાની કેવી પ્રથા છે તે પદ્ધતિસર બતાવી છે. જો કે આજે આપણે આ રીતે કરતાં નથી પણ એનો ઉપયોગ આપણે કરવો હોય તો કંઇ બાધ નથી. મંત્ર શાસ્ત્રની તથા વિધિવિધાન, અનુષ્ઠાનોની કેટલીક બાબતોમાં વૈદિકો (હિન્દુ) જૈનો વચ્ચે સામ્ય પ્રવર્તે છે.

આ જ પાનામાં જમણી બાજુએ હસ્તલિખિત બે પ્રતિઓના (कलायुक्तो) પાઠોનો બ્લોક કરીને છાપ્યો છે. અને એ બ્લોક શા માટે છે તે અંગેનો ખુલાસો તેની નીચે છાપ્યો છે. વિસ્તૃત ખુલાસો ઋષિમંડલસ્તોત્રની મારી સંપાદિત પોકેટ સાઇઝની છાપેલી બુકમાં આપ્યો છે તે મેળવીને જોઇ લેવો.

તે પછી ૧૪૧માં પાનામાં ઋષિમંડલસ્તોત્રનો પહેલો અને બીજો બ્લોક બનાવીને છાપ્યો છે. એ બંને શ્લોકોમાં કેટલાક શબ્દો મંત્રની સાંકેતિક પરિભાષામાં છે. ગમે તે માણસ તેનો સાચો અર્થ કરી શકતો નથી, કરી શકે પણ નહીં. ભલભલા આચાર્યો પણ કરી શકતા નથી, તેમાં કારણ આ વિષયનો અભ્યાસ ન હોય તેથી અને અમુક અર્થ માટે તો વિદ્વાનો પણ મુંઝાય છે તેથી અહીં તે અંગે વિસ્તૃત રીતે સ્પષ્ટ સમજ આપી છે. એક રેફવાળો अर्हं પ્રસિદ્ધ છે પણ अर्हं બે રેફવાળો પણ છે તે ખ્યાલ લગભગ ઘણાયને નથી, એટલે આ બે શ્લોકો બે રેફવાળા अर्हं બીજની વાત કરે છે..આ માટે પ્રસ્તાવના પછી अर्हं ઉપર ખાસ લેખ લખ્યો છે તે વાંચી લેવો.

૧૪૫મા પાનાંથી ૧૪૮મા પાનાં સુધીમાં ૨૪ ભગવાનના દરેક પૂજન વખતે જાપ કરવાના મન્ત્રો છાપ્યા છે. ઘણીવાર એવી પરિસ્થિતિ સર્જાય છે કે આ મંત્રો ગણવાનો સમય પણ હોતો નથી, એવા સંજોગોમાં ટૂંકો મંત્ર આપ્યા સિવાય છુટકો નથી હોતો ત્યારે ફક્ત ભગવાનના નામ પૂરતી માળા ગણાવાય છે. જો પૂજન સમયસર શરૂ કરવામાં આવે તો બધી વિધિ શાંતિથી થઇ શકે. પૂજનમાં સંગીત-ગીતનું સ્થાન ઘઉંમાં કાંકરાના પ્રમાણની માફક રહે તો સમય બચે અને પૂજનનો ઉદ્દેશ પાર પડે.

આ ઋષિમંડલની પોથીમાં ૨૪ ભગવાનના જાપ મંત્રો મેં બહુ સમજપૂર્વક બે લાઇનમાં છાપ્યા છે. કેમકે જો ટૂંકો જાપ કરાવવો હોય તો પહેલી લાઇનનો મંત્ર જપવો, અને પૂરો ગણવો હોય તો બંને લાઇનનો બોલવો.

૧૪૮મા પાને પરિશિષ્ટ નંબર ૪ માં બધા પૂજનમાં ખૂબ જ પ્રચલિત થોડા મંત્રબીજોના અર્થ આપ્યા છે.

જે ઋષિ ભક્તો ઘરમાં ઋષિમંડલ બૃહદ્પૂજન રોજે રોજ ન કરી શકે તેમ હોય અને કરવાની ઈચ્છા હોય, સમય બહુ ઓછો ઉપલબ્ધ હોય ત્યારે તેઓને સંક્ષેપમાં પૂજન બતાવાય તો તેઓ કરી શકે અને આત્મસંતોષ થાય એટલે અહીંયા પાંચમા પરિશિષ્ટમાં પેજ નંબર ૧૪૯ થી ૧૫૩ સુધીમાં સંક્ષિપ્ત પૂજન આપવામાં આવ્યું છે.

ત્યારપછી પરિશિષ્ટ નં. ૬માં પૂજનના પ્રકારોની વ્યવસ્થિત યાદી આપવામાં આવી છે અને કયું પૂજન કઇ વસ્તુથી કરવું તે પણ જણાવવામાં આવ્યું છે એટલે વિધિકારે આ પાનું પહેલેથી જોઈ લેવું અને બહાર કાઢી સામે અલગ રાખવું. આ યાદી એક નમૂનારૂપે આધાર પૂરતી છે. સંજોગ પ્રમાણે ફેરફાર કરી શકાય છે.

પરિશિષ્ટ નં. ૭—આઠ પિંડાક્ષર કે કૂટાક્ષરોનો ઉપયોગ શું છે એ પ્રતમાં જણાવવામાં આવ્યું છે અને તેના અહીં જાપ મંત્રો પણ બતાવવામાં આવ્યા છે.

આ કૂટાક્ષરોના અર્થની વાત અગાઉ પૂજન પ્રસંગમાં કરી છે પણ પોથીમાં અગાઉ ૭૫-૭૬ પાનામાં પણ કરી છે.

પરિશિષ્ટ નં. ૮—ઋષિમંડલયન્ત્ર પૂજન માટે જોઈતું સામાન-સામગ્રીનું લીસ્ટ આપવામાં આવ્યું છે. પ્રથમ લીસ્ટ અકારાદિ ક્રમથી આપ્યું છે.

વળી ૧૬૦ માં પાને વિધિવાળા, પૂજન કરાવનારા અને શ્રીસંઘ માટે કેટલીક સૂચનાઓ કરવામાં આવી છે તે પણ જોઈ લેવી.

પરિશિષ્ટ નં. ૯—બીજીવાર પૂજન ઉપયોગી વસ્તુઓની વસ્તુ વિષયવાર યાદી આપી છે. આ રીતે પહેલીજવાર વધારે સરલતા ખાતર બે જાતની યાદી આમાં આપી છે.

પરિશિષ્ટ નં. ૧૦—ઋષિમંડલ યન્ત્રના પૂજનની ઉછામણી શેની શેની બોલવી તેનું લીસ્ટ આપવામાં આવ્યું છે.

પરિશિષ્ટ નં. ૧૧મા ભગવતી પદ્માવતીનું અત્યન્ત પ્રભાવક સુપ્રસિદ્ધ સ્તોત્ર આપવામાં આવ્યું છે. સમય હોય તો પદ્માવતીના પૂજન વખતે સુંદર રીતે બોલી શકાય છે, અથવા ગમે ત્યારે બોલી શકાય છે. ઋષિમંડલની અધિષ્ઠાયિકા ભગવતી પદ્માવતી છે. આ સ્તોત્ર રોજ એકવાર કે ત્રિકાલ બોલી શકાય છે. તેથી ખૂબ જ લાભો થશે.

પરિશિષ્ટ નં. ૧૨—૧૬૯મા પાનામાં ભણનાર, ભણાવનાર બંનેનું હૈયું ભગવાન પાસે ભાવભીનું બની જાય, ભગવાનને શરણે પહોંચી જવાય એવા અને હૃદયમાં ઊંડી પ્રેરણા આપે તેવા થોડા શ્લોકોના નમૂના અન્તમાં આપ્યા છે. એક સૂચન કરૂં કે આ શ્લોકો છેલ્લે ન બોલવા, શક્ય હોય તો વચમાં ચાલુ ક્રિયામાં હાજરી ચીક્કાર હોય ત્યારે અર્થ સાથે સંભળાવાથી આરાધક આત્માઓને કોઇ અનેરો ભાવોલ્લાસ વધશે.

પરિશિષ્ટ નં. ૧૩—છેલ્લું પરિશિષ્ટ મન્ત્રશાસ્ત્રને લગતી અનેક જાણવા જેવી મહત્વની તમામ વિગતોને લગતું છે. જે મન્ત્રરસિકો માટે ઘણું ઉપયોગી બનશે.

આ પ્રમાણે પૂજનવિધિનો તથા પરિશિષ્ટોનો પરિચય, તે અંગે જાણવા જેવી બાબતોનો પરિચય અહીં પૂર્ણ થાય છે.

આ કંઈ સ્વતંત્ર પુસ્તક નથી પણ આ તો પૂજનની વિધિની પ્રત છે એટલે અહીં બધા વિષયોની લંબાણ-છણાવટ કરીએ તો આ પ્રતિ-પોથી દોઢી—ડબલ જાડી થઈ જાય અને પૂજનનું મહત્ત્વ અને મહિમા ઝાંખો પડે. એમ છતાંય લંબાણ થઈ ગયું છે, અલબત્ત આજના વિધિકારો અને જનતાના સંજોગો જોતાં જરૂરી પણ છે.

આ અનુષ્ઠાનો તે શા માટે? તે કેવી રીતે કરી શકાય? શ્લોકો કેમ બોલાય? તેનું ગૌરવ મહત્તા કેમ જાળવવી? મનના પરિણામ કેવા રાખવા? એને લગતું પુસ્તક નવું લખાય ત્યારે ત્યાં વ્યાપક છણાવટ થઈ શકે, પૂજનની પોથીમાં ન થાય.

## પૂજન શા માટે ભણાવવું જોઈએ?
## ભક્તિથી શું લાભો થાય?

શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાં સુપ્રસિદ્ધ સાત્ત્વિક પ્રભાવશાળી સિદ્ધ એવા બે બૃહદ્યન્ત્રોનું પ્રાધાન્ય છે. પ્રથમ સિદ્ધચક્રબૃહદ્યન્ત્ર અને બીજું ઋષિમંડલ બૃહદ્યન્ત્ર. સિદ્ધચક્રયન્ત્રના કેન્દ્રમાં ॐ ह्रीं બીજ સહિત ऽर्हं ની (अर्हं) મુખ્યતા છે. જ્યારે ઋષિમંડલમાં (ह्रीं બીજ સહિત) ૨૪ તીર્થંકરોની મુખ્યતા છે. ॐ अर्हं नमः કહેવું છે એટલે વ્યાકરણના નિયમ મુજબ ओं પછી अ આવે એ अ ની અવગ્રહસંજ્ઞા ઽ મૂકાય છે. આ ચિહ્નને કોઈ આચાર્ય કુંડલીની શક્તિનું સૂચક માને છે. એટલે જૈનોમાં પણ કુંડલીની માન્યતા છે.

વીતરાગ તીર્થંકર પરમાત્માનું નામ, સ્મરણ, ધ્યાનથી અશુભ કર્મનો ક્ષય અને શુભ કર્મનો બંધ-સંચય થાય છે. વિષયની વાસનાઓ ક્ષીણ થાય છે, અને ક્રોધાદિ કષાય ભાવોનો ઉપશમ થાય છે. તો પછી તેમના પૂજન કરવાથી વધુમાં વધુ કર્મનો ક્ષય અને વધુમાં વધુ પુણ્યનો બંધ થાય તે સ્વાભાવિક છે. નામ, સ્મરણ કે ભગવાનની વિવિધ પ્રકારની ભકિત પાછળનો હેતુ આત્મામાં વારંવાર આવતી આધ્યાત્મિક સુષુપ્તિને દૂર કરીને આધ્યાત્મિક જાગૃતિ પ્રગટાવવાનો છે. જે જાગૃતિ આત્માને ત્યાગ-વૈરાગ્ય તરફ ઢાળતી રહે. પૂજનની એક બીજી અસર એ છે કે શરીરની વિવિધ ગ્રંથિઓ ઉપર કે વિવિધ સ્તોત્રો ઉપર, લોહીના સરક્યુલેશન ઉપર, ટૂંકમાં કહીએ તો શરીરના સમગ્ર તંત્ર ઉપર પડે છે. પૂજનમાં બોલાતા મંત્રાક્ષરોના પૂજનીય, વંદનીય અને સ્મરણીય એવા દેવ-દેવીઓનાં નામોના કર્ણશ્રવણથી, તેમજ પૂજનના પવિત્ર ભાવોની અને વાતાવરણની અસર તન-મન ઉપર એવી થાય છે કે શ્રદ્ધાવંત અને ભકિતવાન આત્મા કોઈ અનેરો આનંદ અનુભવે છે. પૂજન સાંભળ્યા પછી મન સમગ્ર ચિંતાઓથી મુક્ત થઈને ખૂબ સ્વસ્થતા અનુભવે છે. આનંદના વારંવાર ઓડકારો આવતા હોય એવો અનુભવ થાય છે. આ બધી ખોટી વાહવાહ નથી કરતો પણ આવો અનુભવ છેલ્લાં ૨૦ વરસથી મને પોતાને જ થતો રહ્યો છે—અચૂક થયો છે. એટલા માટે જ હું પ્રાયઃ કરીને પહેલેથી છેક સુધી પૂજનમાં બેસું છું. જેથી અંતરમાં ભગવાન પ્રત્યેનો અહોભાવ, આત્મીયતા, એકતા, મમતા, ઓતપ્રોતપણું વગેરે ઘણું બધું અનુભવાય છે. તન અને મન બંને એકદમ સ્વસ્થ

બની જાય છે અને મનઃ प्रसन्नतामेति આ વાક્યનો સાક્ષાત્કાર દરેક વખતે અનુભવું છું. શારીરિક અસ્વસ્થતા અને માનસિક ચિંતા, તાણ, અને બેચેની અનુભવતા આત્માઓ જો શ્રદ્ધા-ભાવપૂર્વક મારી જેમ સંપૂર્ણ પૂજનમાં બેસશે અને ભકિતમાં લીન થશે તો તેઓને પણ ઉપરોક્ત અનુભવ થયા વિના રહેશે નહિ. આ એક અનુભવ કરવા જેવી બાબત છે. અશાંત મનવાળાઓએ પૂજનનો ડોઝ લેવા જેવો છે. લઈને અનુભવ કરી જુઓ! એમાં કશું ગુમાવવાનું નથી.

જિનેશ્વરદેવની ભક્તિનાં કેવાં કેવાં બાહ્ય અને અભ્યન્તર ફળો છે એ વિદ્વાન અને અભ્યાસી વર્ગ બહુ સારી રીતે જાણતો હોય છે. વિવિધ રીતે એનો મહિમા ગાઈને જનતાને ભકિતમાર્ગમાં જોડતાં હોય છે. વિધિવાળાઓ પણ પોતપોતાની બુદ્ધિ-શક્તિ પ્રમાણે ભક્તિનો મહિમા વર્ણવતા હોય છે.

આ અંગે ઈસારા પૂરતી સામાન્ય નોંધ આપું—

★ જિનગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ,

પરમાત્માના ગુણોનું સ્મરણ કરવાથી આપણામાં એ ગુણોની અસરો ઊભી થાય છે.

★ભગવાનની પૂજા કરવાથી—

'પૂજા કરતા પ્રાણીઓ પોતે પૂજનીક થાય,'

પૂજા કરનારો આત્મા ભગવાનની પૂજા કરતો કરતો પોતે પૂજનીક બની જાય છે, એટલે પોતે જ બીજાને પૂજવા યોગ્ય એવો પરમાત્મા બની જાય છે. જેમ શ્રેણિક મહારાજાએ ભગવાન મહાવીરની ભક્તિ કરતાં આગામી ચોવીશીમાં ભગવાન મહાવીર જેવાં જ તીર્થંકર થવાનું પુણ્ય બાંધી લીધું તે રીતે. ભમરીનું ધ્યાન કરતી ઈયળ જેમ ભમરી બની જાય તે રીતે. લોહચુંબકથી જેમ લોઢું ખેંચાય છે, તેમ પરમાત્માની ભક્તિ મુકિતરૂપી લોહચુંબકને ખેંચી લાવે છે. એ માટે મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ ઋષભદેવ ભગવાનના સ્તવનમાં લખે છે કે—"ચમક પાષાણ જેમ લોહને ખેંચશે મુક્તિને સહજ તુજ ભકિત રાગો."

ઉપાધ્યાયજી મહારાજનો બીજો પણ એક શ્લોક જણાવી દઉં—

सारमेतत् मया लब्धं श्रुताब्धेरवहगानात्। भक्तिर्भागवती बीजं परमानन्दसंपदाम्॥

એક મહાન તાનીક, જ્ઞાનમાર્ગનો મહાઉપાસક, બુદ્ધિવાદી વ્યક્તિ, પોતાની પાછલી અવસ્થામાં પોતાના સ્વાનુભવનો એક નિચોડ પોતાના બનાવેલા દ્વાત્રિંશિકા ગ્રન્થમાં લખતાં જણાવે છે કે—સમગ્ર શાસ્ત્રરૂપી સાગરનું મેં મારી બુદ્ધિરૂપી રવૈયા વડે મંથન કર્યું. મંથનને અન્તે મેં એક જ સાર કાઢ્યો કે જ્ઞાનમાર્ગ, ક્રિયા-કર્મમાર્ગ એ બંને કરતાં જીવનમુક્તદશા પ્રાપ્ત કરવા માટેનું તેમજ પરમઆનંદની સંપત્તિ જ્યાં રહેલી છે એવી મુક્તિની પ્રાપ્તિ માટેનું બીજ કોઈપણ હોય તો વીતરાગ પરમાત્માની માત્ર એક પવિત્ર ભકિત જ છે, માટે સહુ ભક્તિને શરણે દોડી જાવ. ભગવાનના ચરણમાં સમર્પણ થઈ જાવ. યાદ રાખો કે—

'વિના ભગવંત નહીં કોઈ અપના' ભગવાન સિવાય મારું કોઈ જ નથી, આ સત્યનું સતત રટણ કરતા રહો!

આ પૂજન માત્ર આત્મિકલાભ માટે જ છે એવું નથી પરંતુ સંસારની કોઈપણ ઉપાધિ, કષ્ટ, દુઃખ, ચિંતાઓ, રોગ, શોક, ભૂતપ્રેતપિશાચ આદિના ઉપદ્રવો અશાંતિઓને દૂર થાય એ માટે પણ ભણાવાય છે અને ઈષ્ટલાભ પણ તેથી થાય છે. એટલા માટે આપણે ત્યાં સ્તોત્રોમાં અનેક સ્થળે *ભુક્તિ-મુક્તિપ્રદં શબ્દ વાપર્યો છે. આ રીતે ઉપર ભગવાનની ભક્તિ માટે નવા ઉગતા સાધુઓને કે નવા વિધિવાળાઓને બોલવા માટેના થોડાક સંકેતો અહીં મૂક્યા છે.

૧. વિધિવાળા કેવા હોવા જોઈએ, કેવા ગુણવાન હોવા જોઈએ અને તેમની ફરજો અને વિધિઓ વગેરે અન્ય ગ્રન્થ દ્વારા જાણી લેવું.

૨. બ્રાહ્મણ સમાજમાં જેમ વંશ પરંપરાથી કર્મકાંડીઓ–ક્રિયાકારો તૈયાર થતાં હોય છે એવી પરંપરા આપણા સંઘમાં કે વૈશ્ય સમાજમાં રહી નથી. આપણે ત્યાં તો વિધિવાળાઓની પૂરી અછતના કારણે ગમે તે થોડી આવડતવાળો માણસ વિધિકાર બની જાય છે અને પૂજનો વગેરે ભણાવી શકે છે. આના માટે ફરજિયાત તાલીમ નથી. આના કારણે કેટલાક ક્રિયાકારકો સંસ્કૃતના શ્લોકો શુદ્ધ બોલતા નથી હોતા. ક્રિયાઓનો પણ પૂરો અનુભવ નથી હોતો. એને માટે જે ઉપયોગ અને જાગૃતિ હોય તે પણ ઘણીવાર જોવા મલતી નથી. આજે સારા, પવિત્ર મનવાળા ક્રિયાકારકોનો ખૂબ જ અભાવ થઈ ગયો છે. એવા સંજોગમાં સારા વિધિકારો આપણે ત્યાં બહુ ઓછા છે. બીજી બાજુ આજે પૂજનો એટલા બધા વધી ગયા છે કે વિધિવાળાઓની એટલી જ જરૂરિયાત ઊભી થઈ છે, એટલે થોડું ચલાવી લેવું રહ્યું, પણ નવા તૈયાર થતાં વિધિવાળાઓ સમયનો થોડો ભોગ આપીને સંસ્કૃત શ્લોકો શુદ્ધ બોલવાનું કરશે અને વિધિવિધાન ઉત્સાહપૂર્વક ચડતા પરિણામે કરાવવામાં ધ્યાન આપશે તો કરનાર કરાવનારને ઉત્તમ પુણ્ય બંધાશે. એક સૂત્ર છે अतिपरिचयाद् अवज्ञा એટલે કે એક વસ્તુ વારંવાર કરવાથી તે પ્રત્યેનો આદર અને ભાવ ઠંડો પડી જાય છે. એવું ન બને એ માટે ખાસ જાગૃત રહેવું જોઈએ.

★ કેટલાક આચાર્યો અને સાધુઓ ભગવાનની ભક્તિના ફળમાં એકાંતવાદી પ્રરૂપણા કરે છે. પરન્તુ પરમાત્માની ઉપાસના, મંત્રબીજો, મંત્રો, યન્ત્રોની સાધના કે તેની પૂજા વગેરેના ફળ તરીકે માત્ર એકલી મુક્તિ બતાવી નથી પણ સાથે સાથે ભુક્તિ એ પણ ફળ બતાવ્યું જ છે. એટલે કે ભગવંતની ઉપાસના મુક્તિ અને ભુક્તિ બંનેને આપનારી શાસ્ત્રોએ–જ્ઞાનીઓએ કહી છે. ભુક્તિ શબ્દ અહીં સંસારની સુખ-શાંતિઓના પ્રતીકરૂપે વાપર્યો છે, જેની અંદર સંસારની બધી જ ઉચિત અનુકૂળતાઓનો સમાવેશ થાય છે.

સાધના અને ધ્યાનના ફળમાં બતાવતાં તત્ત્વાનુશાસનના ૧૯૬ શ્લોકમાં (આત્મા) मुक्तिमुक्तिं च यच्छति।

તત્ત્વાર્થસારદીપક, શ્લોક ૪૭–भुक्तिमुक्त्यादि दातारं।

જૈનધર્મના મોટા ભાગના સ્તુતિ, સ્તોત્રોનાં ફળો આચાર્યોએ બાહ્ય અને અભ્યન્તર બંને પ્રકારે બતાવ્યાં. જેમાં *બાહ્ય લાભમાં અનેક સાંસારિક લાભો બતાવ્યા છે. અહીં આટલો જ ઈસારો પર્યાપ્ત છે.*

## ઉપદેશ અને સંગીતપ્રધાન બનેલાં પૂજનો

છેલ્લાં કેટલાંક વરસોથી સિદ્ધચક્રપૂજન વગેરે પૂજનો સંગીત પ્રધાન અને ઉપદેશ પ્રધાન થઈ ગયા છે. અલબત્ત સાપેક્ષદૃષ્ટિએ હાલના યુગમાં લોકોને એ જરૂર ગમે છે એની ના નથી પરન્તુ ઉપદેશ તો ગમે ત્યારે આપી શકાય છે કે સાંભળી શકાય છે પરન્તુ પૂજનનો યોગ બહુ જ ઓછો મળતો હોય છે. એ સંજોગોમાં ઘણીવાર વિધિવાળા કાંકરામાં ઘઉંની જેમ ઉપદેશનું પ્રમાણ રાખે છે એના કરતાં ઘઉંમાં કાંકરા જેવું રાખે તો પૂજન ભણાવવાનો જે હેતુ છે એ હેતુ પાર પડે. ખરી રીતે તો પ્રજાને પૂજનમાં રસ જગાડવો હોય અને પૂજનનો લાભ એક યા બીજી રીતે સહુને મળે એવું કરવું હોય તો પૂજનના દરેક નમસ્કારના પદો મંત્રાક્ષરો આખી સભાને ઝીલાવવા જોઈએ. મંત્રબીજો પણ બોલાવવા જોઈએ. પૂજન ભણાવનારનો હેતુ ભગવાનની ભક્તિ દ્વારા આત્મ કલ્યાણ સાથે સાથે મંત્રપદોના અક્ષરો દ્વારા જીવનમાં સુખ શાંતિ ને આનંદ મળે એ પણ હોય છે, એ હેતુ મંત્રબીજોના શ્રવણથી અને પૂજનમાં તન્મય થવાથી મળે છે તો એ હેતુ પણ પાર પડી શકશે.

વધુ પડતો ઉપદેશમાં સમય પસાર થવાથી પાછળનો પૂજનનો બધો વિધિ એક વેઠની જેમ, અનાદર રીતે, જેમ તેમ કરીને પૂરો કરવો પડે છે અને આ જાહેર અનાદર અવજ્ઞાના પાપનો દોષ વિધિવાળાને ફાળે જાય છે. માટે નમ્ર સૂચના કે ઉપદેશ પૂજનનો મહત્ત્વનો ભાગ પૂર્ણ થયા પછી જો અપાય તો બંને બાબતોને ન્યાય મળશે. સમજુને શું વધુ લખવું?

પૂજન ભણાવનારે આગલા દિવસોમાં કેવી કેવી ભાવના ભાવવી જોઈએ, અને પૂજનના દિવસે ઉઠીને દન્તધાવન સ્નાનાદિ ક્રિયાઓ, વસ્ત્ર પહેરવાં એના પણ મંત્રો બોલીને કરવાનો વિધિ આવે છે પણ તે અત્રે જણાવતા નથી.

## અનેક યન્ત્રોમાં આવતી સાડા ત્રણ રેખા એ શું છે?

વિશેષ કરીને જૈનધર્મના બૃહદ્ યન્ત્રોમાં આરાધ્ય-પૂજનીય નામવાળાં વલયો પૂર્ણ થાય તે પછી તેને ફરતી ઉપરના ભાગે ह्रीं લખી તેના જ ઈકારમાંથી શરૂઆત કરીને (તાંત્રિક માંત્રિક મિશ્ર પ્રયોગરૂપ) સાડા ત્રણ વલયો—વર્તુળો, રેખાઓ-લીટીઓથી (યન્ત્રના દેહને આવેષ્ટન કરવા) દોરવામાં આવે છે.

આ સાડા ત્રણ આંટા જ શા માટે? ૨ાા નહિ, ૩ નહિ, ૪ નહિ અને સાડા ત્રણ જ શા માટે? વળી એ ૩ાા નું રહસ્ય શું? તે હજુ સુધી મને અક્ષરોમાં વાંચવા મલી શક્યું નથી.[1] તેવા જાણકારો પણ નથી, પરિણામે સાચો અર્થ જાણવા મળતો નથી એટલે પછી અનુભવી અભ્યાસીઓ તર્ક અને અનુમાનને કામે લગાડીને જુદા જુદા કારણોની કલ્પના રજૂ કરે છે. એક એવું અનુમાન કરાય છે કે માનવ શરીરમાં પ્રાણશક્તિ સાડા ત્રણ આંટા મારીને સુષુપ્ત

---

૧. સુશ્રાવક પરમશ્રુતાભ્યાસી જૈન સાહિત્ય વિકાસ મંડળના સ્થાપક શેઠ શ્રી અમૃતભાઈ જોડે આની ચર્ચા-વિચારણા થએલી પણ સંતોષજનક નિર્ણય ઉપર આવી શક્યા ન હતા.

અવસ્થામાં રહેલી હોય છે. તેની સૂચક આ રેખાઓ છે. સાડા ત્રણ રેખાને કલા પણ કહે છે. યોગશાસ્ત્રમાં કુંડલીનીને ૩ા આંટાની કહી છે. કોઈ એના પ્રતીકરૂપે કલ્પી સંતોષ લે છે.

આ રેખાઓને ह्रीँ બીજ સાથે સાંકળવાનો અને છેલ્લી પૂર્ણાહુતિમાં રેખાને યંત્રોના પૂર્ણાહુતિ સૂચક क्रौं બીજ સાથે જોડવા પાછળનો હેતુ શું છે? એનો ચોક્કસ નિર્ણય હજુ થઈ શક્યો નથી.

અંક સંખ્યા એ ગણિતનો વિષય છે અને અંક સંખ્યામાં ૧ા-૨ા અને છેલ્લી સંખ્યા ૩ા હાથની નિશ્ચિત થએલી છે જેને આપણે ઔઠા[1] (ઔઠાના ઘડીઆ) કહીએ છીએ.

ह्रीँ અને क्रौं બે અક્ષરો વગરની એકલી ૩ા રેખાઓ હોય તો સિદ્ધચક્રના પાઠ પ્રમાણે તેને અનક્ષર શ્રુત તરીકે ઓળખાવે છે. અક્ષર વગરની આકૃતિઓ કે સંજ્ઞાઓ જૈનધર્મમાં અનક્ષરશ્રુતમાં ગણાય છે. તેને ૩ા લીટીઓને અનાહત તરીકે વિચારી શકાત પણ ઉપર નીચે બે અક્ષરો આવ્યા એટલે વસ્તુ આહત થઈ. જો કે આજે પ્રમાણભૂત વિદ્વાનો નહીં પણ આ ક્ષેત્રમાં મધ્યમ કક્ષાના વિદ્વાનો ગણાતા કોઈ કોઈ આચાર્યો અનાહતને કોઈ અક્ષરવાળો હોય તેને જ યોગ્ય લેખે છે.

સાડા ત્રણ આંટા અંગે થોડીક વિચારણા અભ્યાસીઓ માટે રજૂ કરી.

બંને મંત્રબીજો સહિત સાડા ત્રણ વલયમાં પૂજન કરાવવું કે કેમ! તે વિચારવું રહ્યું. ૩ા[2] વલયનું રહસ્ય નેપાળ વગેરે તરફના આ વિષયના વિદ્વાનોને પૂછવાથી કદાચ મળી આવે.

## अर्हंની અસાધારણ મહત્તા અને એ અંગેનું વિવેચન

મંત્રશાસ્ત્ર એક ગહન, રહસ્યમય અને વિશાળ શાસ્ત્ર છે. એની ઝાંખી પણ અહીં કરાવવાની આ જગ્યા નથી પણ ખાસ જ્ઞાતવ્ય જરૂરી બાબત છે તેટલી જ અહીં જણાવું છું.

મંત્રો બે પ્રકારના હોય છે. કૂટ અને અકૂટ, સંયુક્ત હોય તો એને કૂટ કહેવાય અને સંયુક્ત ન હોય તો તેને અકૂટ કહેવાય. આમાં સમજવાનું એ છે કે કૂટ મંત્રમાં અક્ષરો ઘણા હોય પણ મંત્ર તો એક જ અક્ષર હોય છે. એની સાથે બાકીના જે અક્ષરો હોય છે તે મન્ત્રના પરિકર-પરિવારરૂપે હોય છે. જેમકે अर्हम् એમાં અક્ષરો ઘણા એટલે ત્રણ છે પણ મંત્રાક્ષર તો એક જ [3]ह છે. ह એ મહાપ્રાણ અક્ષર છે. ह ને પ્રાણ નહીં પણ મહાપ્રાણ કહ્યો તેથી

૧. દેશીઆંકની બાળકોની ચોપડીમાં ઔઠાના પાઠો આવે છે તે. તે શબ્દ સામાની હાંસી માટે પણ વપરાય છે. જેમકે ઔઠા જેવો છે. ઔઠા જેટલું ભણ્યો છે વગેરે.

૨. હારિભદ્રીય ઉપદેશપદ ગ્રન્થમાં ૩ા કલા સહિત ભગવાનનું ધ્યાન કરવાની વાત આવે છે તે બહુ જ સમજવા જેવી બાબત છે. તે વાંચવાથી કંઈક નવો પ્રકાશ મળશે.

૩. अ म् એ બે મંત્ર કેમ નહિ? તે ચર્ચા અહીં અસ્થાને છે. આમાં મન્ત્રવિદોની મર્યાદા મુખ્ય કારણ છે. શેષ જ્ઞાતાથી જાણવું.

તેમાં ઘણું રહસ્ય છે. એ રીતે हम्ल्व्यूँ, એવી રીતે क्ष, ज्ञ વગેરે અક્ષરો સમજવા.

આ વિષયના જ્ઞાનીઓ કહે છે કે મંત્ર પરિકર સહિત હોય તો પરિપૂર્ણ ફળને આપે છે માટે મંત્ર સાથે પરિકર હોવું જરૂરી છે.

हम्ल्व्यूँ આદિ કૂટાક્ષરમાં ल व य र ऊ આ પાંચ અક્ષરો જે છે તે પૃથ્વી આદિ પંચભૂતના વાચક છે. સંપૂર્ણ માતૃકા વર્ણોને જ્યારે કૂટાક્ષર બનાવવામાં આવે છે ત્યારે માતૃકાના વર્ણો સાથે म् ल् व् य् र् ऊ, આ છ અક્ષર, અને અર્ધચન્દ્ર, અનુસ્વાર જોડવામાં આવે છે. કૂટાક્ષરોનો સંબંધ છ ચક્રો સાથે તથા તેની છ દેવીઓ સાથે પણ જોડાએલો છે. જો કે આ એક મોટો તાંત્રિક વિષય છે, જલદી સમજાય એવો નથી. સૂક્ષ્મ ચિન્તન, મનન વિના પ્રકાશ મળવો મુશ્કેલ છે. અહીં તો મેં માત્ર જરાતરા થોડા સંકેતો જ કર્યા છે.

સપરિકર अर्हम् એ અસાધારણ કોટિનું, સર્વોચ્ચ, ફળદાયક મંત્રબીજ છે. આ અદ્‌ભુત મંત્રબીજ છે. કેમકે જેમણે આ બીજ જગતના બાહ્ય-અભ્યન્તર કલ્યાણ માટે દર્શાવ્યું છે તેઓની જનકલ્યાણની મહા ઉપકારક બુદ્ધિને ધન્યવાદ આપવા જોઈએ. આ બીજનું વિસ્તારથી અને વ્યાપક રીતે વર્ણન કરવા બેસું તો ઘણાં ઘણાં પાનાં ભરાઈ જાય, બીજી બાજુ આ પોથી છે એટલે તે વધારો અહીં અનાવશ્યક છે. તેના માટે સ્વતંત્ર લેખ જ ઉપયોગી બને.

## વર્ણમાલા અંગે

સમગ્ર વિશ્વના સંચાલનમાં-તેની વ્યવસ્થામાં, એ વ્યવસ્થા ભૌતિક હોય કે આધ્યાત્મિક હોય, આંતરિક જગતની હોય કે બાહ્ય જગતની હોય એ માટે વર્ણમાલા-બારાખડી વિના એક ક્ષણ પણ ચાલી શકે નહીં, એના વિના સમગ્ર જગત સ્તબ્ધ જ બની રહે. કશો વહેવાર ઉપલબ્ધ થાય નહિ.

પ્રાચીન કાળમાં કે અર્વાચીન સમયમાં સમગ્ર વિશ્વ, બોલવામાં કે લખવામાં પોતપોતાની ભાષા કે લિપિનો ઉપયોગ કરતું આવ્યું છે. વર્ણમાલાની સંખ્યામાં ન્યૂનાધિકપણું જરૂર હોય છે. પરન્તુ ન્યૂનાધિકપણે પણ વર્ણમાલાનો ઉપયોગ બધે લગભગ સરખો જ છે.

અહીંયા अर्हम् બીજમાં अ અને ह અને બંને વચ્ચે સમગ્ર વર્ણમાલાનો સમાવેશ થઈ જાય છે. કેમકે કોઈપણ દેશની વર્ણમાલામાં પ્રથમ સ્વરો અને પછી વ્યંજનો હોય છે. અને સિદ્ધમાતૃકા[1] અથવા વર્ણમાલાનો પહેલો અક્ષર अ હોય છે. આપણી વર્ણમાલામાં પણ પહેલો અક્ષર अ છે અને છેલ્લો વર્ણ ह છે. આદિ અને અન્ત અક્ષરના બનેલા अह અક્ષરમાં વચગાળાના आ થી લઈને व સુધીના તમામ (સ્વરો, વ્યંજનો) અક્ષરો આવી જાય છે, એટલે તમો अह અક્ષરને કલા, બિન્દુ અને રેફવડે યુક્ત કરો એટલે अर्हम् પદ તૈયાર થાય. એક अर्हं પદનું સ્મરણ કરો, ધ્યાન કરો, ચિન્તન મનન કરો, અને વર્ણમાલાને ધ્યાનમાં રાખીને કરો તો તમામ સમગ્ર વર્ણમાલાની ઉપાસના થઈ જાય એટલે જ अर्हं એ આદિ બીજ છે. વળી તે

૧. अकारादिहकारान्ता प्रसिद्धा सिद्धामातृकाः, युगादौ या स्वयं प्रोक्ता ऋषभेण महात्मना। —*ધર્મોપદેશમાલા*

સિદ્ધચક્રનું પણ આદિ બીજ છે, આગમોનું રહસ્યભૂત બીજ છે, પરમેષ્ઠીપદનું વાચક છે, યોગ-ક્ષેમનું કારણ છે. સર્વ બીજમય છે. બીજમાંથી જ ફળ નિષ્પત્તિ થાય છે. અકારથી ક્ષકાર સુધીના ૫૦ વર્ણો સિદ્ધાક્ષરો છે. જે સિદ્ધમાતૃકા, વર્ણમાલા વગેરે શબ્દથી પરિચિત છે. આ બીજ સમગ્ર વિઘ્નોનું નાશક છે. કલ્પવૃક્ષ સરખું એટલે કે ઇહલૌકિક પારલૌકિક તમામ ઈચ્છિત ફળને આપનારૂં છે અને બધા મન્ત્રોમાં સર્વશ્રેષ્ઠ છે.

## બે રેફવાળા अर्ह्ंની સિદ્ધિ કેમ થાય છે તે

હવે વાચકોને, વિદ્વાનોને, સાધકોને, વર્તમાનના અગ્રણી શ્રમણસંઘ વગેરેને વિનંતી કે તેઓ નીચેની વાત બરાબર લક્ષ્યમાં રાખે, તે સ્વ-પરના કલ્યાણ માટે બહુ જ જરૂરી છે. અત્યાર સુધી ઉપરના એક રેફ-ર વાળું अर्हं મંત્રબીજ મંત્ર, શબ્દ, વર્ણથી હજારો વરસથી સર્વત્ર પ્રસિદ્ધ છે. હજારો માણસો તેનો જાપ કરે છે અને લેખનમાં વપરાય પણ છે. પરંતુ બે રેફવાળો अर्ह्ं લગભગ સમગ્ર સમાજથી ઠીકઠીક અણજાણ-અજ્ઞાત રહ્યો છે એમ સમજું છું. અને એથી અમારા હસ્તકના સં. ૨૦૧૫ થી વારંવાર છપાતા સિદ્ધચક્રના ત્રિરંગી યન્ત્રમાં મથાળે ગૌતમસ્વામીજીને નમસ્કાર છાપ્યો છે, ત્યાં अर्ह्ं બે *રેફવાળો મેં છપાવ્યો છે. કોક કોક ઊંડું અન્વેષણ કરનારા ભાઈઓએ એ જોઈને નવાઈ અનુભવી અને એમને એમ લાગ્યું કે યશોવિજયજી મહારાજની અથવા છાપનારની કંઈક ભૂલ થઇ ગઇ હોવી જોઈએ. સાચી પરિસ્થિતિ જાણવામાં ન આવે ત્યારે આવી શંકા થવી સહજ છે.

બે રેફવાળો अर्ह्ं જૈન જગતમાં છે. બીજાઓને એવું સ્વપ્ન પણ જયાં ન હોય ત્યારે શ્લોકોના અર્થ પણ સાચા કરી શકે નહિ, કાં તે અધૂરાં કરે.

દા. ત. ઋષિમંડલ સ્તોત્રના પ્રથમના બે શ્લોકોનો અર્થ છેલ્લાં ૫૦ વરસમાં છપાએલી નાની મોટી આઠ દશ ચોપડીમાં જોયો. પ્રાયઃ સાચો અર્થ એકેયમાં જોવા ન મલ્યો. એનું કારણ એ હતું કે પ્રથમના બે શ્લોકમાં ત્રીજા પાદ—ચરણમાં **अग्निज्वालासमं०** પંક્તિ આવે છે અને ત્યારપછી બીજા શ્લોકની પહેલી લીટીમાં ફરી એના જ જેવી **अग्निज्वालासमाक्रान्तं०** પંકિત આવે છે. એમાં પહેલીવારની પંક્તિનો અર્થ તો જાણકારોને પ્રાથમિક ખ્યાલ હતો કે अर्हं ઉપર રેફ મૂકાય છે એ તો જાણીતી વાત હતી એટલે એના ઉપર એમને રેફ ચડાવી દીધો. પણ બીજીવાર જયારે **अग्निज्वालासमाक्रान्तं०** આવ્યું ત્યારે તેમણે મુંઝવણ થઇ. ક્યાયંથી સમાધાન મલ્યું પણ ન હોય એટલે એનો અર્થ જ છોડી દીધો, એટલે (પ્રાયઃ આજ સુધીની) પરિણામે બધી ચોપડીમાં એક જ રેફવાળો अर्हं જોવા મળે તે સ્વાભાવિક હતું.

પ્રશ્ન—अर्हं બે રેફવાળો પણ છે એ વાત જૈનગ્રન્થો જ કહે છે કે અજૈન ગ્રન્થો પણ કહે છે?

ઉત્તર—જૈન અને અજૈન ગ્રન્થો એક રેફવાળા अर्हं નો તો હજારો વરસોથી સ્વીકાર કરે

---

★ બે રેફવાળો अर्ह्ं છે એના અનેક પુરાવાઓ ઉપલબ્ધ છે. સિદ્ધચક્ર યન્ત્રના કેન્દ્રમાં જ બે રેફવાળો ર છે.

જ છે. એના માટે શ્રીમદ્ હેમચંદ્રાચાર્ય વિરચિત સંસ્કૃત દ્વાશ્રય મહાકાવ્યના ટીકાકાર અભયતિલક ગણિજીએ પ્રથમ શ્લોકની ટીકામાં માથાના એક રેફવાળો अर्ह સર્વદર્શનોને માન્ય છે એવો ઉલ્લેખ કર્યો છે.

એક વાત અહીં ખાસ ધ્યાન રાખવી કે अर्हं શબ્દ કોઈ જૈન તીર્થંકર-પરમાત્માનો વાચક નથી. વળી રૂઢ શબ્દ પણ નથી, પણ યૌગિક શબ્દ છે. અને अ-ह શબ્દનું સ્મરણ કે સાધનાથી વર્ણમાલા-બારાખડીના ૫૦ કે ૫૨ અક્ષરોની આરાધના અંતર્ગત સંપૂર્ણ આવી જાય છે એટલે કોઈપણ ધર્મવાળાને આ શબ્દ માનવામાં વાંધા વિરોધ જેવું છે જ નહિ. આવા વિશાળ તાત્ત્વરહસ્યને અંદરગત ભંડારીને રહેલો શબ્દ કોણે ન ગમે? કોણ ન અપનાવે? એટલે જૈનેતરોએ अर्ह થી હરિ, હર અને બ્રહ્મા (વિષ્ણુ, શંકર અને બ્રહ્મા) એ ત્રણેયનું ગ્રહણ કર્યું છે.

अकारेणोच्यते विष्णुः, रेफे ब्रह्मा व्यवस्थितः। हकारेण हरः प्रोक्तस्तदन्ते परमं पदम्॥

એટલે કે अर्ह શબ્દથી ત્રણેય વાચ્ય છે. अर्ह શબ્દમાં રહેલા अ કારથી વિષ્ણુનું, રેફથી બ્રહ્માનું અને ह કારથી શિવ કહેતા શંકરનું ગ્રહણ કર્યું છે. અને અન્તમાં अर्हम्નો ખોડો म् એ પરમનો-પરમપદનો વાચક એટલે મોક્ષનો વાચક છે એમ માને છે. આ તો આપણે વચમાં એક રેફવાળા अर्ह અંગે જાણવા જોગી બીજી વાતો કરી લીધી.

બે રેફવાળો अर्हम् જૈનેતરો પણ માને છે તે અંગે અને બે રેફવાળા अर्ह નો ઉપયોગ શ્વેતામ્બર, દિગમ્બર અને અજૈન ગ્રન્થ બધામાં આવે છે. તેના બીજા પુરાવા અહીં આપતો નથી.

अह બે અક્ષરોને વિશેષવાચક બનાવાય તો તે વધુ પ્રભાવકસહ વિશિષ્ટ સ્થાન મેળવે એટલે अह ने अर्ह બનાવવામાં આવ્યો તે શી રીતે? તે જાણી લઈએ—

अर्हम् શબ્દ પૂજા અર્થમાં રહેલા अर्ह ધાતુ ઉપરથી બન્યો છે. (દેવતાઓ વડે) જે પૂજનીય હોય તે अर्हम् કહેવાય. આપણે પછી આ શબ્દને રૂઢ બનાવી મંત્રરૂપે પણ સ્થાપિત કર્યો. પછી તીર્થંકરરૂપે પ્રસિદ્ધિમાં મૂકાયો એટલે જાણે માત્ર જૈનમાન્ય જ अर्ह હોય અને અજૈનોને જાણે કશું લાગતું વળગતું નથી એવો સ્થૂલ ખ્યાલ આવે. યૌગિક એટલે જૈનોએ ભલે રૂઢ બનાવ્યો પણ તે શબ્દ સહુ કોઈ વાપરી શકે છે.

સિદ્ધચક્રના છાપેલા બૃહદ્યન્ત્રમાં અવગ્રહના ચિહ્ન સાથેનો अर्हम् કેન્દ્રમાં બતાવવામાં આવે છે તે બે રેફવાળો જ હોવો જોઈએ. મારા યન્ત્રમાં મેં બરાબર બે રેફવાળો (અને નાદ સાથે) બતાવ્યો છે. પણ પ્રાચીનયન્ત્રોમાં આ ધોરણ જળવાયું જોવા મળ્યું નથી. અર્વાચીન ચાર પાંચ યન્ત્રો જે બહાર પડ્યા છે તેમાં પણ આ ધોરણ જળવાયું નથી. આનો અર્થ એ કે અનુપયોગ અથવા અણજાણપણાના લીધે એવું બને તે શક્ય છે.

## બીજી અતિ સમજવા જેવી મહત્ત્વની વાત—

देवो भूत्वा देवं यजेत् આવું પ્રસિદ્ધ (પ્રાયઃ) અજૈન વાક્ય છે અને स्वयं देवो भूत्वा देवं

ध्यायेत् આ હેમચંદ્રાચાર્યજીએ સિદ્ધહેમના પ્રથમ સૂત્રની ટીકામાં ટાંકેલું વાક્ય છે. આ બંને સૂત્રો ખૂબ જ મહત્ત્વના છે એમ નહીં પણ અતિ મહત્ત્વના છે. સેંકડે પાંચ દશ ટકા વ્યક્તિઓ જ આના રહસ્યને સમજીને જાપ અને પૂજન કરતા હશે. આના ઉપર ઘણું લાંબું લખી શકાય પણ અહીં તો બહુ જ ટૂંકમાં એટલું જ કહેવાનું કે તમો જેનો જાપ કરો કે જેનું પૂજન કરો તેટલો ટાઈમ તમો તમારા રૂપ, રંગ, આકાર વગેરે બધું જ ભૂલી જઈને જેનો જાપ કરતા હોય તે સ્વરૂપ બની જજો, જેથી જાપનું શ્રેષ્ઠ ફળ અને પૂજાના ઈચ્છિત ફળની તમને ઝાંખી થવા પામે.

દાખલા તરીકે પંચપરમેષ્ઠીનું પૂજન કરો ત્યારે તમો તે તે પરમેષ્ઠીરૂપ બની જજો. જો કોઈ દેવ-દેવીના જાપ-પૂજન કરો ત્યારે તે તે સ્વરૂપ બનજો, પણ તે વખતે શરીર, વસ્ત્ર, આસન આદિ શુદ્ધિ જાળવવાનું ચૂકશો નહિ.

હવેથી બે રેફવાળા अर्ह્ની માળા ગણજો, ॐ अर्ह नमः આ શબ્દનો યન્ત્ર લખીને કે ધાતુ પર બનાવીને પૂજજો જેથી મહા લાભો થશે.

અન્તમાં સહુ સાધના કરી આત્મસિદ્ધિને વરો!

**ઋષિમંડલનાં ત્રણેય અંગો ઉપલબ્ધ છે :—**
**૧. સ્તોત્ર, ૨. મૂલમંત્ર અને ૩. યન્ત્ર**

કોઈપણ સાધનામાં સર્વ સામાન્ય રીતે તેના ત્રણ અંગ હોય છે. સ્તોત્ર, મંત્ર, અને યન્ત્ર. જેના ત્રણેય અંગો હોય તે જ પૂરા ફળને આપી શકે છે. આ સ્તોત્ર બહુ જ સરલ અને સુંદર છે. તેનો મન્ત્ર પણ છે અને આ મંત્ર (૨૫ કે ૨૭ અક્ષરનો) અનેક ફળને આપનારો છે. પરંપરાનો મહાપ્રાણમન્ત્ર છે. આ મંત્ર हादि પક્ષનો આઠ બીજોવાળો અત્યન્ત પ્રભાવક છે. ત્રીજું મંત્રના દેહ તરીકે ગણાતા યન્ત્રનું પણ નિર્માણ થયું છે અને તેના પૂજનનો વિધિ પણ છે. જે માટેની આ પોથી જ છે એટલે યન્ત્રની ભવ્ય પૂજા થઈ શકે છે. ત્રણેય યોગ સાથેની વિધિપૂર્વક ભાવશુદ્ધિ જાળવી કરેલી આરાધના અવશ્ય ધાર્યા ફળો આપ્યા વિના રહેતી નથી.

આ પુસ્તક પૂજનવિધિનું છે એટલે એમાં વિવેચન ઝાઝું લખાય નહીં, જેટલું લખ્યું છે તે પણ વધુ છે. બાકીનું મારી ઋષિમંડલ સ્તોત્રની બુકમાંથી વાંચી લેવું.

પોથીમાં છ બોર્ડરો છે. એ બોર્ડરો ઉપર સીરીયલ-ક્રમ નંબર આપ્યા છે. એ બોર્ડરો એ નંબર પ્રમાણે જ છાપવાની હોય પણ બેધ્યાનથી પ્રથમ બોર્ડર નંબર એકના બદલે દાસભાઈએ ભૂલથી ચાર નંબરથી છાપી નાંખી છે.

બીજી ભૂલ—પૂર્વસેવામાં મુખ્ય હેડીંગના ટાઈપ કરતા પેટા હેડીંગ સંસ્કૃતમાં જરા નાના ટાઈપમાં કરવા જોઈએ, જેથી મુખ્ય આઈટમ અને પેટા આઈટમ અલગ તરી આવે પણ તે ય ભૂલ કરી છે.

## આ પ્રતમાં પ્રથમ પૂંઠા ઉપર છાપેલી બોર્ડરોનો તથા અંદર છાપેલી છ બોર્ડરોનો પરિચય

ઋષિમંડલની પૂજનવિધિની પ્રત અંગેના મુદ્રણ અને બોર્ડરો અંગે થોડો ખ્યાલ આપી દઉં.

ઘડીભર કોઇને થશે કે બોર્ડરોનો પરિચય શું આપવાનો? પણ સાહિત્ય, કલા, તત્ત્વ અને ઈતિહાસના પ્રેમીઓને આ પરિચયથી એક વિશિષ્ટ દૃષ્ટિ, કંઇક નવી સૂઝ અને પદ્ધતિનો લાભ મળશે.

પ્રથમ તો ટાઇટલ પૂંઠા ઉપર જે બોર્ડર છાપી છે. તેમાં કમાનમાં મુખ્ય ગણાતા પાંચ તીર્થંકર મૂક્યા છે. યંત્ર ઉપર વધુ છાયા ભગવાન પાર્શ્વનાથજીની છે એટલે વચમાં પાર્શ્વનાથ રાખ્યા અને તે હ્રીંકારમાં મૂકાવ્યા. નીચે અષ્ટમંગલ જૈનસૂત્રો સાથે મૂક્યા છે.

**પોથીની સાન્વર્થક બોર્ડરો**—ઋષિમંડલની પૂજનવિધિની પ્રત માટે જુદા જુદા વિષય નક્કી કરી તેની છ બોર્ડરો બનાવવાનું નક્કી કર્યું. જો કે પાને પાને તમામ જુદી જુદી જાતજાતની બોર્ડરો આપી શકત, પરન્તુ પ્રત-પોથી જેવા પ્રકાશન માટે તે વધુ પડતું લાગત. વળી કલાકારો પણ કામ કરી આપે તેવી પરિસ્થિતિ આજે રહી નથી એટલે છ બોર્ડરો જ નિયત કરીને તેનો ઉપયોગ કર્યો છે.

છ પૈકી ચાર બોર્ડરો ઋષિમંડલ સ્તોત્ર, યન્ત્રના વિષયને લગતી છે અને બે બોર્ડરો પૈકી એક જૈનધ્વજ અને જૈન પ્રતીકની છે અને છેલ્લી * છટ્ઠી બોર્ડર વિવિધ પ્રકારની આકૃતિઓની મૂકી છે.

બોર્ડર ૧—આ બોર્ડરમાં મન્ત્રના સાર્વભૌમ, સર્વોત્તમ અને સર્વવ્યાપક ૐ હ્રીં એ મંત્ર બીજો મૂક્યા છે. તેમાં એક હ્રીં નાદની આકૃતિ સાથેનો અને બીજો તે વિનાનો એમ બે પ્રકારે મૂક્યા છે. પહેલી બોર્ડર હતી એટલે અષ્ટમંગલ અને નીચેના ભાગે પૂજાપાઠનો ખ્યાલ આપતા ધૂપ-દીપ, પુષ્પ વગેરેનું આલેખન કરી પ્રસંગોચિત બનાવી છે.

બોર્ડર ૨—આ બોર્ડરમાં ઋષિમંડલનો મૂલમંત્ર મૂકયો છે. મૂલમંત્ર ૨૫ અક્ષરનો તેમ જ ૨૭ અક્ષરનો બંને પ્રકારે છાપ્યો છે. દિગમ્બરોનો મૂલમંત્ર ૨૭ અક્ષરનો છે. આ સંશોધનને અન્તે કરેલો મારો આ નમ્ર મત છે. સામાન્ય રીતે ૨૫ અક્ષરનો મૂલમંત્ર શ્વેતામ્બર મત સંમત છે અને ૨૭ અક્ષરનો મૂલમંત્ર દિગમ્બર મત સંમત છે. આમ હોવા છતાં પણ સેંકડો વરસોથી સેંકડે નેવુંથી વધુ ટકા હસ્તલિખિત શ્વેતામ્બર ભંડારોની પ્રતોમાં ૨૭ અક્ષરનો જ મૂલમંત્ર લખેલો હોય છે અને એથી મુદ્રિત તમામ પુસ્તકોમાં ૨૭ અક્ષરનો જ મૂલમંત્ર છપાતો રહ્યો છે. હજ્જારો લોકો ૨૭ અક્ષરનો મૂલમંત્ર ગણતા આવ્યા છે અને આજે ગણે છે.

ઋષિમંડલનો મૂલમંત્ર ૨૫ અક્ષરનો હતો કે છે એવી છેલ્લાં ૪૦૦-૫૦૦ વરસથી જાણ

---

★ છટ્ઠી બોર્ડરમાં જમણી બાજુની બોર્ડરમાં ઉપરથી ચોથું ચિત્ર બ્લોકમાં કટીંગ થઇ ગયું છે.

હોય એવું જાણવામાં આવ્યું નથી. હસ્તલિખિત પ્રતિઓમાં કે છુટક પાનાંઓમાં ક્યાંય ૨૫ અક્ષરનો મૂલમંત્ર જોવા મળ્યો નથી. ૧૫ મી સદીમાં મંત્રશાસ્ત્રના પરમ નિષ્ણાત સિંહતિલકાચાર્યજી જેમને ઋષિમંડલસ્તવયન્ત્રાલેખન નામનો ગ્રન્થ રચ્યો છે અને ૨૫ અક્ષરનો મૂલમંત્ર છે એવું એમણે જ પહેલીજવાર નક્કી કરી જણાવ્યું. એમના સમયમાં ૨૭ના મંત્રનું પ્રચલન હતું. છતાં સિંહતિલકાચાર્યજીએ કયા કારણે ૨૭ના ૨૫ કર્યા હશે? તે જ્ઞાની જાણે. પણ લાગે છે કે મૂલમંત્રના ૨૫ અક્ષરની પરંપરા લાંબા સમય સુધી ચાલી નહીં હોય.

હવે નંબર બેની બોર્ડર જુઓ. ઉપરના અડધા ભાગમાં શ્વેતામ્બર મત સંમત ૨૫ અક્ષરનો મૂલમંત્ર દેવનાગરી લિપિમાં અંકસંખ્યા આપવા સાથે છાપ્યો છે અને નીચેના ભાગે દિગમ્બર મત સંમત ૨૭ અક્ષરનો મૂલમંત્ર તેના અંક સાથે ગુજરાતી લિપિમાં છાપ્યો છે. ટૂંકમાં सम्यग् શબ્દ રાખો તો ૨૭ અને ન રાખો તો ૨૫. છતાં બંને પ્રકારનો ઉપયોગ કરવામાં કોઈ જ બાધ ન સમજવો, પણ આ નિર્ણય સિંહતિલકાચાર્યના પ્રમાણના આધારે કર્યો છે. સિંહતિલકાચાર્ય પહેલાંની શી સ્થિતિ હતી તે અને તે પછી ૨૫ અક્ષરનો કેમ પ્રચલિત ન બન્યો, આ બંને સ્થિતિ અભ્યાસ માગે તેવી બાબત છે, પણ બન્ને પ્રકારો સ્વીકાર્ય છે.

બોર્ડર ૩—આ બોર્ડરમાં ઉપરની લાઈનમાં ઋષિમંડલના क्षिप ॐ० ન્યાસના અક્ષરો આરોહ અને અવરોહ કરીને મૂક્યા છે અને બંને બાજુએ ગોળાકારમાં બે ચિત્રો મૂક્યાં છે. આપણી ડાબી બાજુએ શ્રીધરણેન્દ્ર અને જમણી બાજુના છેડે શ્રીપદ્માવતીજી બતાવ્યા છે. તેની નીચે ઊભી લાઈનમાં બંને બાજુએ મોટા તમામ યન્ત્રોમાં લગભગ આવતી વર્ણમાતૃકાના સ્વરો અને વ્યંજનો મૂકયા છે. આપણી ડાબી બાજુએ अ થી अः સુધીના સોળ સ્વરો અને જમણી બાજુએ તેત્રીસ વ્યંજનો મૂકયા છે. તેની નીચે એક બાજુ ગૌતમસ્વામીજી બીજી બાજુ વૈરોટ્યા દેવી બતાવી છે, અને નીચેની આખી આડી લાઈનમાં ઋષિમંડલ યન્ત્રના પહેલાં વલયના આઠ ખાનામાં વધુ ઉપયોગી આઠ પિંડાક્ષરો—કૂટાક્ષરો મૂકવામાં આવ્યા છે. પિંડ એટલે અક્ષરનો સમૂહ એનું નામ પિંડાક્ષર. આ પિંડાક્ષરો આડા ને ઊભા બે રીતે લખાય છે. વિવેચન પોથીમાં અંદર ૭૫-૭૬માં પાને છે. શિખરની જેમ ઊભા લખીએ ત્યારે તેને કૂટાક્ષરથી ઓળખવામાં આવે છે. કેમકે સંસ્કૃતમાં શિખરને કૂટ પણ કહેવામાં આવે છે. આ પિંડાક્ષરમાં સાત કે નવ અક્ષર હોય છે. આ કૂટાક્ષરો વર્ણમાલાના જેટલા વ્યંજનો છે તેટલા એટલે કે क થી ह સુધી બની શકે છે. એમાં કુલ છ અક્ષરો અને એક સ્વર હોય છે. અર્ધચન્દ્ર અને બિન્દુ-અનુસ્વાર આટલું હોય છે. બોર્ડરમાં બંનેના અંતરમાં મંગલકુંભો મૂકવામાં આવ્યા છે અને નીચે વચમાં માથે છત્ર બતાવવા સાથે ધર્મચક્ર રજૂ કરવામાં આવ્યું છે.

બોર્ડર ૪—આ બોર્ડરમાં ઋષિમંડલના મારા યન્ત્રના વલયમાં ૨૪ તીર્થંકર સહિત જે જે નામો સ્થાપિત કર્યા છે. એ બધાય નામો કુશળતાપૂર્વક માંડમાંડ શમાવી લેવામાં આવ્યાં છે. મોટાં યન્ત્રો સાડા ત્રણ વલયોથી વીંટાએલા-અવરુદ્ધ હોય છે. તેથી છેડા ઉપર એ પણ બતાવેલ છે. પ્રારંભમાં ह्रीँ, અન્તમાં क्रौं બંને મંત્રબીજો જોડ્યા પણ છે. તે ઉપરાંત યન્ત્રના

છેડે પૃથ્વીવલય બતાવી તેના લં અને ક્ષિ બંને બીજો પણ મૂકાવ્યા છે. જે ધારીને જોવાથી ખ્યાલ આવી જશે.

બોર્ડર ૫—આ બોર્ડરમાં મંદિરધ્વજ અને સંઘધ્વજ બે ધ્વજ બતાવવામાં આવ્યા છે. એમાં બે બાજુએ ઊભી બોર્ડરમાં જૈનધર્મના પ્રતીકો (સીમ્બોલ) મૂકવામાં આવ્યાં છે. બોર્ડરના ચાર ખૂણામાં કલાત્મક ચાર સાથિયા મૂકવામાં આવ્યા છે. મંદિરધ્વજ અને સંઘધ્વજ એટલે શું? બોર્ડરની ઉપરની લાઇન જુઓ. ગોળાકાર વર્તુળો કર્યા છે, તેમાં પહેલાં વર્તુળમાં મંદિરધ્વજ બતાવ્યો છે. બીજા વર્તુળમાં સંઘધ્વજ બતાવ્યો છે. મંદિરધ્વજ દહેરાસરના શિખર ઉપર ચડાવવામાં આવે છે તે છે. તે મંદિરધ્વજ લાલ અને સફેદ બે જ રંગનો હોય છે એનું કારણ શું? તો કારણ એ કે જૈનમંદિરમાં મૂર્તિઓ અરિહંતોની અને મોક્ષે ગએલા સિદ્ધોની એમ બે પ્રકારની જ હોય છે. એના કારણે બે જ રંગ હોય છે. જૈનધર્મમાં અરિહંત ભગવાનના રંગની કલ્પના શ્વેત-સફેદ કરવામાં આવી છે. કેમકે શ્વેત રંગ સર્વોત્તમ છે અને બધી જાતની શાંતિને આપનારો છે, અને અનેક આન્તરિક આધ્યાત્મિક શક્તિઓને જન્મ આપનારો છે. શ્વેતવર્ણ મગજ, આંખ અને હૃદયને તૃપ્તિ આપનારો છે, આરોગ્ય આપનારો છે. વિશ્વભરમાં શાંતિના પ્રતીક તરીકે શ્વેત રંગ જ નક્કી થએલો છે, એટલે તમામ દેશના નેતાઓ વિશ્વશાંતિની પરિષદમાં સફેદ કબૂતરો ઉડાડે છે. લડાઇમાં હારેલું લશ્કર શરણે થયું છે તે સૂચવવા શ્વેતધ્વજ પોતાના વિજેતાની સામે લઇને જાય છે. જેથી તેને રક્ષણ આપવામાં આવે છે. શ્વેતરંગ માટે આવા બીજા દાખલા તેમજ બીજી ઘણી બધી બાબતો લખી શકાય. જૈનશાસનના શાસનપતિ અરિહંત છે. એ છે તો શાસન છે. એ એક છે તો બધું છે.

બાકી સિદ્ધાદિ ચાર પરમેષ્ઠીના રંગોની કલ્પના અનુક્રમે લાલ, પીળા, લીલા (કે ભૂરા) અને કાળાની કરવામાં આવી છે.

સમગ્ર વિશ્વ હજારો પ્રકારના રંગોથી ખીચોખીચ ભરેલું છે. કેમકે સમગ્ર વિશ્વ અસંખ્ય પ્રકારના પુદ્‌ગલોથી ભરેલું છે. પુદ્‌ગલમાત્રને રંગ હોય જ છે. એક ટાંચણીના અગ્રભાગ ઉપર લાખો રંગો વિદ્યમાન હોય છે. દરેક રંગને પોતાનું સ્થાન હોય છે.

રંગ ઉપર વૈજ્ઞાનિકોએ ઘણું બધું લખ્યું છે. વિશાળ ગ્રન્થો લખાયા છે. દરેક રંગના લાભાલાભો બતાવ્યા છે, પણ એ બધું બીજેથી-બીજાઓથી જાણી લેવું.

બોર્ડરમાં માત્ર બે જ રંગ છે એવો ખ્યાલ આવે એટલે ધજામાં બે જ રંગ બતાવ્યા છે. તેની જોડેના વર્તુળમાં સંઘધ્વજ શબ્દ છાપેલો છે અને એમાં પાંચ વિભાગ પાડીને ધ્વજ બતાવવામાં આવ્યો છે. સંઘધ્વજ એટલે શું? સંઘધ્વજ એટલે ચતુર્વિધસંઘના સમારંભોમાં, ફંકશનોમાં, ઘર ઉપર, પદયાત્રા સંઘમાં, વરઘોડા વગેરેમાં વાપરવા માટેનો છે. દહેરાસરમાં અરિહંત અને સિદ્ધ બેને જ સ્થાન હતું પણ ચતુર્વિધસંઘમાં તો વધારામાં આચાર્ય, ઉપાધ્યાય અને સાધુને પણ સ્થાન છે. તેઓ વિદ્યમાન પણ છે. પાંચે પરમેષ્ઠીઓ ચતુર્વિધસંઘને વંદનીય, પૂજનીય છે. પાંચેયની આરાધના કરવી એ સંઘનો મહાન આદર્શ છે એટલે પાંચેય પરમેષ્ઠીના પાંચ રંગો-

એટલે શ્વેત, લાલ, પીળો, લીલો (ભૂરો) અને કાળો છે. આ ધ્વજ હેરફેર માટે ગમે ત્યાં લાવવા લઈ જવા માટે હોય છે. એનો વધુ સ્પષ્ટ ખ્યાલ આવે એટલા માટે ગોળાકાર વર્તુળના છેડા ઉપર નજર માંડો. તમને એક માણસ હાથમાં ધ્વજ લઈને ઊભેલો દેખાશે.

**બોર્ડર ૬**—આ બોર્ડર થોડા અવનવા પ્રતીકોની મૂકી છે. સમયના અભાવે સાદી બોર્ડર બનાવવી પડી.

**કાગળ**—આ પ્રતમાં લકીપાચમેન નામના ઉંચી જાતના કાગળનો ઉપયોગ થયો છે. લકીપાચમેન જેવો જોઈતો હતો તેવો વ્હાઈટ જાડો તત્કાલ મળે તેમ ન હતું. રાહ જોવામાં મોડું થતું હતું. વળી આ પ્રતો કાગળોની વેરાઈટીના મારા શોખના કારણે અમુક સંખ્યાની પ્રતો લેઝરપેપર, મેપલીથો વગેરે જુદા જુદા કાગળો ઉપર છપાવી છે. ગ્રાહકો પોતાના મનગમતા કાગળ ઉપર છપાએલી પ્રત મંગાવી શકે છે.

**મુદ્રણની વ્યવસ્થા**—૨૫ વરસ ઉપર ઋષિમંડલપૂજનવિધિની પ્રેસકોપી કરાવી હતી. પછી નવીન ઢબે આકર્ષક રીતે અને વિધિકારોને એકદમ સરલતા રહે એ રીતે નિર્ણયસાગર પ્રેસની સ્ટાઈલના સંસ્કૃત ટાઈપો પસંદ કર્યા અને ગુજરાતી ટાઈપ પણ સુંદર મરોડવાળા મળી ગયા અને વૈદ્યનાથ પ્રિ. પ્રેસ ભાવનગરમાં વિશિષ્ટ પ્રકારે તે છપાવી. આ માટે પ્રેસકામના અચ્છા અનુભવી પરસોત્તમદાસને કામ સોંપવામાં આવ્યું. તેઓએ છાપવામાં સારી કાળજી લીધી. પ્રત સુંદર લાગે એટલે જુદા જુદા બબ્બે કલરમાં છપાવી. આ માટે પ્રેસ અને દાસને ધન્યવાદ ઘટે છે.

**ખુલાસો**—ઋષિમંડલપૂજનવિધિ પૂરી થઈ ત્યાં સુધી બે રંગની બોર્ડરો છાપી. તે પછી પ્રસ્તુત બોર્ડરો બંધ રાખી પાછળના તમામ પાનામાં એક જ કલરમાં છાપી છે.

## બોર્ડર અંગે ખાસ સુધારો—

પ્રેસની સાથે કામ કરનાર ભાઈની ગેરસમજને કારણે બોર્ડર નંબર ૧ થી ક્રમશઃ છાપવી જોઈએ તેના બદલે એવી ગંભીર ભૂલ કરી નાંખી કે પહેલી જ બોર્ડર ચાર નંબરથી શરૂ કરી અને ફરી પાછી એ જ બોર્ડર તે પછીના બીજાં પાનામાં છાપી. બોર્ડરના ક્રમનો ગોટાળો બાર પાનાં સુધી થયો છે તે બદલ દિલગીર છીએ.

ચાર નંબરની બોર્ડરમાં પેજ નંબર નાંખવાની જગ્યા ન રહેવાથી પેજ નંબર નાંખ્યો નથી પણ ઉપર બોર્ડરનો ક્રમાંક હોવાથી પાનાં ગોઠવવામાં વાંધો નહીં આવે. ક્યાંક ક્યાંક પેજ નંબર પણ સેન્ટરમાં બરાબર છપાયા નથી.

ઋષિમંડલનો બીજો વિભાગ ૧૩૨ પેજ પછી શરૂ થાય છે. એ ભાગની અંદર પહેલાં પાનાંને છોડીને બાકીનાં પાનામાં બ્લોકની બોર્ડર ન છાપતા પ્રેસના બીબાંની બોર્ડર છાપી છે.

## સંક્ષેપમાં થોડા ખુલાસા

છાણીવાળા વિધિકુશળ, ધર્મશ્રદ્ધાળુ ભક્તજન ભાઈશ્રી સોમચંદભાઈએ ઋષિમંડલ પૂજનવિધિની પ્રત મારા નામ નીચે પ્રગટ કરી છે. પરન્તુ સોમચંદભાઈએ ઉત્સાહમાં આવી હાથથી લખાવેલી મારી આપેલી વિધિની પોથીની પ્રેસકોપી કરી પછી તેમાં કેટલોક બીનજરૂરી વધારો કરવાનું દુઃસાહસ કરી નાંખ્યું. અને એથી વધુ તો એમણે તાંબાનો ઋષિમંડલનો યન્ત્ર મનસ્વી પ્રમાણે બનાવરાવીને વધુ પડતું અનુચિત સાહસ કરી નાંખ્યું. તેમના જેવા સમજુ આત્મા આવું કરે ત્યારે દુઃખ થાય. તેઓ જ્યારે રૂબરૂ મલ્યા ત્યારે મેં એમણે ઠીક ઉપાલંભ પણ આપ્યો. એ પ્રત વિધિયોગ્ય ન રહી. હવે તો વ્યવસ્થિત રીતે પૂજનવિધિની આ પ્રત બહાર પડે છે એટલે પ્રસ્તુત ચિંતાનો વિષય રહેતો નથી.

સોમચંદભાઈની આ પ્રતિ ઉપર મારૂં નામ હોવાથી ૧૦ વરસમાં ઘણાંએ મને પૂછ્યું એટલે આ ખુલાસો કરવો પડ્યો છે.

આજથી ઘણાં વરસો પહેલાં મુંબઈમાં હતો ત્યારે મુનિવરશ્રી પદ્મવિજયજીએ ઉદારતાથી આત્મીયભાવે ઋષિમંડલ મહાયન્ત્રની બૃહદ્ પૂજનવિધિ તથા પાછળથી લઘુ પૂજનવિધિ મુંબઈ જોવા મોકલી હતી. મારી જાણ મુજબ મારા હસ્તકની પ્રાચીન પૂજનવિધિના શ્લોકોનો ભાવ જાળવી રાખીને શબ્દો અર્થોનો થોડોક ફરક કરીને, નવાં શ્લોકોનું નિર્માણ કરીને બૃહદ્પૂજનવિધિ બહાર પાડી હતી. પરિશ્રમ ઘણો ઉઠાવ્યો પણ નવી વિધિ ઊભી કરવા જતાં જો મારી પ્રતિ છાપવા માંગી હોત તો હું તેમને સોંપી દેત. વળી તેમને ભાવાવેશમાં બધો જ લાભ પૂજા કરનારને મલી જાય તે લોભથી સિદ્ધચક્રયન્ત્રમાં આવતા પૂજનો ઉમેરીને વિધાન ખૂબ લાંબું કરી નાંખ્યું, તે ઉપરાંત તેમણે પોતાની ઈચ્છા અને માન્યતા પ્રમાણે ઋષિમંડલયન્ત્ર પણ બહાર પાડ્યો હતો. એમાં પણ સિદ્ધચક્રયન્ત્રના વલયો નામો વગેરેનો ખૂબ વધારો કરી નાંખ્યો જે જરૂરી ન હતો.

૪૦-૫૦ વરસ પહેલાં પૂજનવિધિઓના સંશોધન માટેનું પ્રભાત જોઈએ એવું ઉઘડ્યું ન હતું એટલે એ વખતે ધર્માત્મા ચંદનમલ નાગોરી વગેરે તથા દિગમ્બર સમાજ તરફથી જે યન્ત્રો બહાર પડ્યાં તે તો ઘણાં અધૂરાં અને અશુદ્ધ બહાર પડ્યા હતાં.

મારો યન્ત્ર બહાર પડયા પહેલાંના તમામ યન્ત્રો નાદ વિનાનાં અશુદ્ધ અને અપૂર્ણ હતાં છતાં શ્રદ્ધાથી પૂજાતાં હતા.

—ઋષિમંડલ સ્તોત્રના ટબાવાળી એક પ્રતિ અમારા ભંડારમાંથી મળી પરન્તુ તેમાં કેટલાંક અર્થો બરાબર નથી. આ પ્રતિ ૧૮૮૭ના સમયની છે. આ સિવાય કોઈ ટીકા કે ટબાવાળી બીજી પ્રત હજુ મને મળી નથી.

### પૂરવણી—

નોંધઃ—ઋષિમંડલમાં લબ્ધિપદોનું પૂજન આવે છે. આ લબ્ધિની વાત મારી પ્રસ્તાવનામાં

લખવી ભૂલથી રહી જવા પામી એટલે છેલ્લે છાપી છે. એ રીતે સાડા ત્રણ રેખા અંગેની વાત પણ આ સાથે આપી છે.

## લબ્ધિ-ઋદ્ધિ એટલે શું?

લબ્ધિ એટલે શક્તિ.

એ શક્તિ આત્માના સહયોગથી ઉત્તમ સંયમ-ચારિત્ર અને ઉગ્રતપ આ ગુણોની સાધના દ્વારા અશુભ કર્મોની બાદબાકી થતાં અને શુભ કર્મોનો સરવાળો જ્યારે એકદમ વધી જાય છે ત્યારે તે આત્મામાં પ્રાપ્ત થાય છે. આ શક્તિ એક વિશિષ્ટ, અદ્ભુત, આશ્ચર્યજનક અને ચમત્કારિક હોય છે. આવી શક્તિ એક નહિ, અનેક નહિ પણ અનંત હોય છે. એટલે જ આપણે મહર્ષિ ગણધર ગૌતમસ્વામીજીને 'અનંત લબ્ધિ નિધાન' તેમજ 'લબ્ધિ તણા ભંડાર' તરીકે ઓળખીએ છીએ.

આ શક્તિને જૈનશાસ્ત્રો લબ્ધિ અને ઋદ્ધિ આ બે શબ્દોથી ઓળખાવે છે. એમાં શ્વેતામ્બરોએ પ્રધાનપણે **लब्धि** શબ્દ વાપરવો પસંદ કર્યો છે. દિગમ્બરોએ પ્રધાનપણે **ऋद्धि** શબ્દ, વૈદિક પરંપરાએ પ્રધાનપણે **सिद्धि** શબ્દ, યોગદર્શનકારોએ **विभूति** શબ્દ અને બુદ્ધપરંપરામાં **अभिज्ञा** શબ્દ પ્રયોજાયો છે. અલબત્ત આ શબ્દોમાં પણ થોડી અર્થ ભિન્નતા છે.

આ શક્તિનું પ્રાગટ્ય કરવામાં માનવ શરીરના અણુઅણુમાં વ્યાપીને રહેલ હોવા છતાં સામાન્ય માનવીથી નહિ જોઇ શકાતા એવા તૈજસ નામના સૂક્ષ્મ શરીરનો જ બાહ્ય પ્રભાવ કારણ છે. આ પ્રભાવનું નામ જ લબ્ધિ, ઋદ્ધિ, સિદ્ધિ, શક્તિ-Power વગેરે છે. ઉપર કહ્યું તેમ શક્તિઓ અનંત છે પણ વધારેમાં વધારે ૬૦ની આસપાસ ઉપલબ્ધ દેખાય છે. એમાં સિદ્ધચક્ર પૂજનમાં ૪૮, ઋષિમંડલ પૂજનમાં ૧૨ અને સૂરિમંત્રમાં ૧૩થી લઇને...સુધી લબ્ધિઓનાં નામો મળે છે.

આ લબ્ધિઓ ઘણી શક્તિશાળી ગણાય છે. એ પદોનાં જાપ, પૂજન વગેરે પ્રચૂર પ્રમાણમાં થાય છે. સૂરિપદે બિરાજમાન આચાર્યો ૨૫૦૦ વરસથી હંમેશા આ લબ્ધિપદોના જાપ મુદ્રાઓ સાથે કરે છે.

દરેક લબ્ધિ-શક્તિ માનવ જાતની જુદી જુદી અનેક જાતની તકલીફો, કષ્ટો, દુઃખો દૂર કરવામાં તથા ઉન્નતિ, કીર્તિ, યશ, ઈષ્ટસિદ્ધિ-કાર્યસિદ્ધિ અને ધર્મપ્રભાવનાની શક્તિ વગેરેના પ્રગટીકરણમાં સફળ કામ આપનારી છે.

સંયમ અને તપના બળથી શારીરિક, માનસિક અને વાચિક રીતે વિશિષ્ટ શક્તિ જે પ્રાપ્ત થાય છે, એને લબ્ધિ અથવા ઋદ્ધિ કહેવાય છે. આ ઋદ્ધિઓના મૂલ પ્રકારો આઠ બતાવ્યા છે. તે આ પ્રમાણે—૧ બુદ્ધિ ૨. ક્રિયા ૩. [1]વિક્રિયા ૪. તપ ૫. બળ ૬. ઔષધિ ૭. રસ

૧. અજ્ઞાત વ્યક્તિઓ વિક્રિયાને બદલે વૈક્રિય લખે છે જે બરાબર નથી.

અને ૮. ક્ષેત્ર. એમાં બુદ્ધિઋદ્ધિના ૧૮, ક્રિયાઋદ્ધિના ૨, વિક્રિયઋદ્ધિના ૧૧, તપઋદ્ધિના ૭, બળઋદ્ધિના ૩, ઔષધિઋદ્ધિના ૮, રસઋદ્ધિના ૬ અને ક્ષેત્રઋદ્ધિના ૨ તેમજ બીજા પેટા પ્રકાર સાથે ૬૪ પ્રકાર થાય છે. તીર્થંકરદેવ અને સાધુપુરુષો આ ઋદ્ધિના સ્વામી હોય છે. આપણા લગભગ મોટાં બધાં યન્ત્રોમાં લબ્ધિપદોને સ્થાન આપવામાં આવ્યું છે.

આ શક્તિઓનો ઉદ્‌ભવ તૈજસ શરીરમાંથી થાય છે. ખુદ એ શરીર જ બધા ચમત્કારો સર્જી શકે છે. તૈજસ શરીર એ શું છે? તૈજસ શરીર માનવ શરીરમાં કેવો ભાગ ભજવે છે? કેવા અદ્‌ભુત ચમત્કારો સર્જી શકે છે? તે જાણવું જરૂરી છે. તૈજસશરીર મનુષ્યના મસ્તક પાછળ સર્જાતી આભા ઊભી કરે છે. એટલું જ નહિ પણ આ શરીરને જરૂર પડે ત્યારે માનવના મૂલભૂત શરીરમાંથી તે નીકળીને આ શરીર અબજોના અબજો માઈલ સુધી (સમુદ્‌ઘાત વખતે ચૌદરાજલોકમાં) સર્વત્ર વ્યાપ્ત થઇ જાય છે અને પૌદ્‌ગલિક શક્તિ કેવી અકલ્પનીય અને અસંખ્ય જાતજાતના આવિષ્કારોથી ભરી ભરી પડી છે તેનો કંઇક ખ્યાલ આથી આવી જશે. એક એક શક્તિએ શારીરિક, માનસિક અને ભૌતિક, રોગો અને ચિંતાઓ–વગેરે ઉપર કેવા કેવા સફળ પરિણામો નિપજાવ્યા છે અને આજે પણ કેવા કેવા સફળ પરિણામો સર્જી શકે છે? એ અને એવી અનેક બાબતોનું વ્યાપક રીતે દર્શન કરાવવું હોય તો તે એક સ્વતંત્ર લેખ દ્વારા જ થઇ શકે. ભવિષ્યમાં એક લેખ લખવા ધારૂં છું.

પૂજન હોવાથી પેટા ભેદો ૬૪ નું પૂજન થઇ જાય છે. આ લબ્ધિઓ જ્ઞાન યન્ત્રમાં આઠે આઠ મુખ્ય લબ્ધિઓનું પ્રાપ્તિમાં અને ઈન્દ્રિયો દ્વારા ન માની શકાય તેવા અદ્‌ભુત પ્રભાવ, ચમત્કારો સર્જે છે. આઠ લબ્ધિના અર્થો અહીં આપ્યા નથી.

## સાડા ત્રણ રેખાના વલય અંગે

સૂરિમંત્ર, સિદ્ધચક્ર, ઋષિમંડલ વગેરે યન્ત્રોમાં યન્ત્રની વચ્ચે સાડાત્રણ રેખાઓના વર્તુળો આલેખવામાં આવે છે. એ વર્તુળનો પ્રારંભ યન્ત્રના ઉપરના ભાગમાંથી ह्रींकार મંત્રબીજના જોડાણથી શરૂ થાય છે. અને સાડાત્રણ રેખા અન્તે क्रौं (क्रौं) મંત્રબીજના જોડાણથી પૂરી થાય છે. આવું આ લેખન જૈનયન્ત્રોમાં જ જોવા મળે છે. આ રેખાઓ ખરેખર શા માટે છે, એનું વાસ્તવિક રહસ્ય શું છે એનો મને હજુ સ્પષ્ટ ખ્યાલ આવ્યો નથી. હા, પણ કેટલાક અનુમાનો કરી શકાય.

આચાર્યશ્રી જયસિંહસૂરિજીએ ધર્મોપદેશમાલામાં ૩॥ કલાની એક વાત લખી છે. તેમને લખ્યું છે કે જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મની આઠ કલા એમાં ચાર કલા ઘાતીકર્મની ગણાવી છે. ચાર ઘાતીકર્મનો ક્ષય થાય ત્યારે આઠમાંથી ચાર કલા બાદ થાય ને ચાર કલા બાકી રહે. કેવલજ્ઞાન થાય એ પછી અઘાતી ચાર કર્મો ભોગવવાના બાકી રહે છે. તે ચાર કર્મોની ચાર કલા કહેવાય. એમાં આયુષ્ય કર્મની જે અઘાતી કલા તે ભગવાનના કેવળજ્ઞાન સમયે કેટલીક ક્ષીણ થઇ ગઇ હોય છે, અને કેટલુંક આયુષ્ય ભોગવાઇ ગયું હોય છે. જેથી અડધી

કલા ક્ષીણ થઈ જાય છે. બાકીની સાડાત્રણ કલા અવશેષ રહે છે. એ કલા ભગવાનની સાથે વિહરતી હોવાથી કેવળી ભગવંતનું ધ્યાન કરવાનું સૂચન કરે છે. પણ યન્ત્રની સાડાત્રણ રેખા સાથે જરાતરા સંબંધ હોય તેવો કશો સંકેત તેઓ કરતા નથી. વળી યન્ત્ર-મન્ત્રની સાથે સંબંધ ધરાવતી રેખાઓ શું સાથે કર્મવિભાગની ઘટનાઓનો સંબંધ બેસાડી શકાય તેમ છે ખરૂં? જો કે ઉપરની સમજ આકર્ષણનું કારણ બની રહે છે ખરી. આથી સાડાત્રણ રેખાનું કારણ શોધવું રહ્યું.

એક માર્ગદર્શન—ઋષિમંડલ સ્તોત્રમાં **भार्यार्थी लभते भार्या** આ શ્લોક પુરુષને આશ્રયી બરાબર છે. પણ સ્ત્રી પાઠ કરતી હોય તો શું કરવું? જો ત્યાં **पत्यर्थी लभते भर्ता** એવું બોલી શકાય છે. પતિના અર્થીને પતિ પણ મળે છે.

- વરસગાંઠમાં શું કામ હરખાય ? એ તો મોત નિકટ છે તેની સાબિતી છે. ગાંઠનું વર્ષ જાય તેનું નામ વર્ષગાંઠ.
- શબ્દથી સમાધાન પણ થાય છે અને સંઘર્ષ પણ થાય છે.
- હાજી શબ્દ હજારો ભૂલોમાંથી બચાવી લેનાર મંત્રાક્ષર છે.
- પદ પર બેસી જે મદ કરે છે તે રદ થયા વિના રહેતો નથી.
- પાપ કદાચ કરવું પડતું હોય તો પશ્ચાતાપ કરજો પણ પાપનો બચાવ તો ન જ કરશો.
- સંપત્તિના ભાગ પાડતાં મનમાં વિભાગ ન પડે તે જોજો.
- મદદ કર્યા પછી મદ કરે તેનું ફળ રદ થયા વિના રહેતું નથી.
- ગુરુ હૃદયમાં પહોંચવાનો માર્ગ ગુરુ ચરણથી થાય છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# પંચમ (શતક) કર્મગ્રન્થની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૩૮ ઇ.સન્ ૧૯૮૨

૪૫

## વિવિધ જાનકારી

જ્યારે ગ્રન્થમાં વિવિધ વિષયો વર્તતા હોય ત્યારે ગ્રન્થનું નામકરણ કરવું અતિ મુશ્કેલ બને છે. છેવટે ગ્રન્થકારને કોઈ જુદું જ નામ આપવાની ફરજ થઈ પડે છે. આવું જ કંઈક આ ગ્રન્થ માટે બન્યું હોય તેમ લાગે છે. ગ્રન્થકારને આ ગ્રન્થ માટે સંખ્યાવાચક નામ નક્કી કરવું પડ્યું, કેમકે એમણે ગાથા લગભગ સો રચી એટલે સો સંખ્યાનો વાચક સંસ્કૃતમાં **शतक** શબ્દ હોવાથી આ ગ્રન્થનું **शतक** નામ પસંદ કર્યું. જેથી આ કૃતિ **शतककर्मग्रन्थ** આ નામથી ઓળખાય છે. આ રીતે પણ નામકરણ કરવાની પ્રથા હતી.

શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાં **पंचवस्तु, कर्मप्रकृति, तत्वार्थाधिगमसूत्र** આદિ કર્મ–તત્ત્વજ્ઞાનનાં અનેક ગ્રન્થોમાં જે વિષયો હતા. તેમજ પરંપરાથી જે વિષય કંઠસ્થ ચાલ્યા આવતા હતા. તેનું સંક્ષેપીકરણ અને વ્યવસ્થિતકરણ કરીને આ કર્મગ્રન્થોની રચના થવા પામી અને તે જ્ઞાનને છ વિભાગમાં વહેંચી દેવામાં આવ્યું, ત્યારથી તે રચનાને "છ કર્મગ્રન્થો" એ શબ્દ એક કર્મજ્ઞાન વિભાગનો એક શાખા પૂરતો અતિ પ્રચલિત થઈને રૂઢ બની ગયો છે.

શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાં આનું અધ્યયન સેંકડો વરસથી ચાલ્યું આવે છે. આ ગ્રન્થો અનિવાર્ય રીતે ક્રમશઃ ભણવામાં આવે છે. ચાર કર્મગ્રન્થ સુધી ભણનારો વર્ગ ઘણો મોટો હોય છે, પણ પાંચમો કર્મગ્રન્થ ઘણો ક્લિષ્ટ હોવાથી ઘણીવાર વિદ્યાર્થીની ગાડી અહીંથી અટકી પડે છે, કંટાળો આવે છે. પછી છઠ્ઠાની તો વાત જ

ક્યાં કરવી? એટલે આ કર્મગ્રન્થ ક્લિષ્ટ હોવાથી એને ભણનારા અત્યલ્પ સંખ્ય જ હોય છે, પણ આ અત્યલ્પ સંખ્ય આત્માઓનું આવા તત્ત્વજ્ઞાનને જીવંત રાખવામાં ઘણું જ મહત્વનું યોગદાન છે. આ અધ્યયન સેંકડો વરસથી ચાલતું આવ્યું છે અને ચાલી રહ્યું છે અને ભવિષ્યમાં પણ ચાલ્યા કરશે એ નિઃશંક બાબત છે. આ અધ્યયન પુસ્તકના અભાવે મૃતપ્રાયઃ ન બની જાય એટલા માટે જ્યારે જ્યારે એની તાણ ઊભી થાય છે ત્યારે ત્યારે આ ગ્રન્થને પુનઃ છપાવવા માટે પ્રેરણા કરતા રહ્યા છીએ. તદનુસાર આ ગ્રન્થની ચોથી આવૃત્તિ સંસ્થા પ્રગટ કરી રહી છે, એ સંસ્થા માટે ગૌરવની અને મારા માટે સંતોષની અને અધ્યયનાર્થીઓ માટે આનંદની બાબત છે.

આ ગ્રન્થના લેખક છે એક વખતના મારા વિદ્યાગુરુ જેવા ગૃહસ્થ સ્વ. પંડિત શ્રીયુત **ચંદુલાલભાઈ.** શ્રી ચંદુલાલભાઈ એક જૈન પાઠશાળાના શિક્ષક તો હતા એટલું જ નહિ પરંતુ તે વધીને તેઓ કમ્મપયડી ગુણસ્થાનકક્રમારોહ આદિ તત્ત્વજ્ઞાનના ગ્રન્થોનાં પ્રખર પંડિત હતા અને એથી જ એમને મોટા મોટા વિદ્વાન સાધુઓને લોકપ્રકાશ, કમ્મપયડી, ગુણસ્થાનક-ક્રમારોહ, તત્ત્વાર્થ, કર્મગ્રન્થ આદિ ગ્રન્થોનું અધ્યયન પણ કરાવ્યું હતું. કાર્મગ્રન્થિક, ગુણસ્થાનક વિષયક બાબતમાં, ચિંતનમાં જ્યારે જ્યારે સમર્થ સાધુઓને પણ કોઈ બાબતમાં ગડ ન બેસે ત્યારે તેઓ પંડિત શ્રી ચંદુલાલભાઈની સાથે ચર્ચા વિચારણા કરતાં. કેમકે તેઓનું ચિંતન ઘણું ઉંડું હતું, એટલે ગુંચનો ઉકેલ લાવવામાં એમની નજર પહોંચી જતી અને તીવ્ર ક્ષયોપશમ પ્રવર્તતો હોવાથી સવાલ કરનારને એમના ઉત્તરથી હાર્દિક સંતોષ થતો જ. મારા પૂજ્ય તારક ગુરુદેવે પણ તેઓશ્રી પાસે કમ્મપયડી વગેરે ગ્રન્થોનું અધ્યયન કર્યું હતું.

એક વખત આ ચંદુભાઈની મારી જન્મભૂમિ ડભોઈમાં શિક્ષક તરીકે નિમણૂંક થઈ ત્યારે મારી ઉમ્મર પ્રાયઃ ૧૧ વરસની હશે ખરી! આવા એક સંસારી છતાં જન્માન્તરની જ્ઞાનસાધનાના પ્રતાપે સમર્થ વિદ્વાન બનેલા ચંદુભાઈ ગુજરી જતાં હું ખૂબ જ નિરાશ બની ગયો હતો. મારા પ્રત્યે તેમની અનન્ય પ્રીતિ-લાગણી પ્રવર્તતી હતી. વિ. સં. ૧૯૯૨માં મારી દીક્ષા પછી તેઓ પૂજ્ય ગુરુદેવને વંદનાર્થે આવતા ત્યારે હું સંસ્કૃત ભણતો હતો. ત્યારે તેમણે મને બે-ત્રણ વરસ રહી કર્મશાસ્ત્રના ગ્રન્થો ભણાવવાનું વચન આપ્યું હતું. કેમકે મારા પર તેમને પ્રથમથી જ અનન્ય પ્રેમ અને વાત્સલ્ય હતું. જો કે મારા પૂજ્ય ગુરુદેવ પણ મને ભણાવનાર હતા. છતાંય સમય પૂરતો મેળવી ન શકાય. પારકી મા કાન વીંધે, બીજા પાસે સજાગ વધુ રહેવું પડે, આ બધા લાભો રહે છે, પણ મને ભણાવવાનો સમય આવ્યો ત્યારે તેઓ કમનસીબે દિવંગત થયા હતા અને આવા ઊંડા તત્ત્વજ્ઞાની પાસે અભ્યાસ કરવાનું મારૂં સ્વપ્ન ભાંગી ગયું, ત્યારે હું ઘડીભર શૂન્યમનસ્ક બની ગયેલો. પૂજ્ય ગુરુદેવે આશ્વાસન આપી સ્વસ્થ બનાવેલ. મારી દીક્ષાના કાર્યમાં પણ સારા સહાયક રહ્યા હતા.

કોઈ શિક્ષિત મહેનત કરી એમના ગ્રન્થોની પૂરી યાદી તૈયાર કરી શકે તો સારી વાત બને.

સુશ્રાવક ચંદુભાઈ માત્ર સંસ્કૃત જ્ઞાન માટે માત્ર માર્ગોપદેશિકા અને મન્દિરાન્ત પ્રવેશિકા

ભાંડારકરની માત્ર બે બુક જ ભણ્યા હતા. વ્યાકરણ વગેરે ભણ્યા ન હતા પણ અનેક ગ્રન્થોના અભ્યાસ-વાંચનથી તેમજ જ્ઞાનનો કોઈ એવો પ્રગાઢ ઉંડો ઉઘાડ હતો કે ગમે તે શાસ્ત્ર વગેરે ગ્રન્થોની ટીકા બેસાડી શકતા હતા. ભાષાંતર કરવામાં તેઓ ખૂબ જ કુશળ હતા. તથા તે તે વિષયના શાસ્ત્રકથિત વર્ણનના ચિત્રો પણ સુંદર દોરી શકતા હતા. સાંભળવા પ્રમાણે સંપૂર્ણ લોકપ્રકાશનું[1] તેમણે ભાષાંતર કર્યું છે. ભારે કમનસીબીની વાત એ છે કે તેઓ સંસારી હોવાના કારણે એક સમર્થ વિદ્વાન આચાર્ય જેવા જ જ્ઞાની છતાં સમાજને તેની સાચી અને પૂરી ઓળખ ન હતી અને પોતે એકદમ નિરાડમ્બરી સામાન્યકક્ષાની વ્યક્તિ જેવું જ જીવન જીવવામાં આનંદ માનતા હતા. અનેક સાધુ-સાધ્વીજીઓને એમણે ભણાવ્યા છે. હું તો ત્યારે દશ બાર વર્ષનો એટલે ખ્યાલ ન આવ્યો અને તરત જ તેઓ અવસાન પામ્યા, એટલે દુઃખની વાત એ કે તેમણે કરેલા ભાષાંતરોની એક યાદી કોઈ તૈયાર ન કરી શક્યું કે તૈયાર ન થવા પામી.

*

એમણે કરેલા ભાષાંતરમાં ઘણા સુધારા-વધારા દ્રવ્યાનુયોગ વિજ્ઞાનના પરમ નિષ્ણાત અને આજે (પ્રાયઃ) તો એકમેવ અદ્વિતીય જેવા મારા પૂજ્ય ગુરુદેવ યુગદિવાકર આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજે કર્યા. ખૂબ ખંતથી પ્રેસ કોપી જોઈ. ચીવટથી સુધારા-વધારા કર્યા. પોતાના જ હાથેથી સુંદર લાઈનવર્કનાં ચિત્રો બનાવ્યાં જે આમાં છાપવામાં આવ્યા છે. આજે તે પુસ્તકની ચોથી આવૃત્તિ પ્રકાશિત થઈ રહી છે જેથી વિદ્યાર્થીઓની અગવડનો અન્ત આવશે.

## અગત્યની વાતની જાણકારી

એક વાતનો ઉલ્લેખ કરવો અત્યન્ત જરૂરી સમજી અહીં કરૂં છું. વાત છે સંવત ૨૦૧૪ની, માટુંગા મુંબઈમાં હતો ત્યારની.

પંડિતજી શ્રી ચંદુભાઈને કમ્મપયડી આદિ તથા ગુણસ્થાનક ક્રમારોહ આદિના વિષય ઉપર ચિત્રો–ડીઝાયનો સાથે ટ્રેસીંગ પેપર, કાપડ ઉપર સહીથી કામ કરેલા સાતેક બંડલો ડભોઈનાં જ્ઞાનમંદિરમાં હતા. એ કામ ચંદુભાઈ મારી હાજરીમાં બપોરે ઉપાશ્રયમાં બેસી કરતા હતા.

આ સાત બંડલો મેં (ચાલીસ) વરસ ઉપર માટુંગા હતો ત્યારે ડભોઈથી મંગાવેલા પછી પાછા મોકલી આપ્યા હતા. પણ જ્ઞાનમંદિરના કાર્યકર્તાઓ કહે છે કે તે બંડલો જ્ઞાનમંદિરમાં દેખાતા નથી એટલે લાગે છે કે કોઈ લઈ ગયું હોય, દુર્બુદ્ધિની ભાવનાથી બન્યું હોય.

મારી ઈચ્છા આ ચોપડાનાં લખાણને ફોટો કોપી કરાવી પછી છપાવવાની હતી. આવું કાર્ય ભાગ્યેજ જોવા મલશે. પણ હવે ડભોઈવાળા કહે છે કે જ્ઞાનમંદિરમાં કબાટોમાં નથી. હજુ તપાસ કરતા મળી જાય તો મહદ્ આનંદની વાત થાય અથવા કોઈ ભાગ્યશાળી પાસે હોય

---

૧. જેના ત્રણ સર્ગો પ્રકાશિત થયા છે. બાકીના સર્ગોનું ભાષાંતર થયું હોય અને જેની પાસે હોય તે જરૂર પ્રગટ કરાવે.

તો અમને જાણ કરે તો મહદ્ પુણ્યની વાત થાય અને એની નકલ થઈ જાય તો આ કાર્ય ચિરંજીવ બની જાય.

આ જ્ઞાનમંદિરના સ્થાપક અને ગ્રન્થસંગ્રાહક મારા દૂરનાં કૌટુમ્બિક પૂજ્ય પં. શ્રી રંગવિજયજી મહારાજ હતા. હું એમની પાસે સેવાભાવે ખૂબ સમય આપતો ત્યારે મારી ઉમ્મર ૯-૧૦ વરસની હશે. દીક્ષાની ભાવના હતી એટલે પાંચ તિથિ હું એકલો જ પૌષધ કરતો હતો અને રોજ બપોરે જ્ઞાનમંદિરમાં એમની સાથે કામ કરવા જતો હતો. જ્ઞાનમંદિરમાં પુંઠા ચઢાવવામાં તથા બીજા કામમાં સહાયક રહ્યો હતો. આ રીતે જ્ઞાનભક્તિનો લાભ અને ગ્રન્થ સેવાકાર્ય નાની ઉમ્મરથી જ સદ્ભાગ્યે મલ્યું હતું.

આ પુસ્તકની ચોથી આવૃત્તિમાં ભક્તિવંત પંન્યાસ મુનિશ્રી વાચસ્પતિવિજયજી, વિનયશીલ મુનિશ્રી જયભદ્રવિજયજી તથા સમગ્ર પ્રકાશન કાર્યમાં પૂરી ચીવટ રાખનાર ગુરુ-શિષ્યા સા. શ્રી પુષ્પયશાશ્રીજી, સા. શ્રી પુનિતયશાશ્રીજી તથા ભક્તિવંત ભાઈશ્રી રોહિતભાઈ આદિએ આ કાર્યમાં વિવિધ રીતે સહાય કરી છે તે માટે તે સહુને ધન્યવાદ આપવા રહ્યા. સાથે આ આવૃત્તિનું મુદ્રણ સોનગઢના કહાન મુદ્રણાલયના માલિક શ્રી જ્ઞાનચંદજી તથા તેમના પુત્રો નિરજ, નિલયે ઝડપથી ખૂબ સારી રીતે કામ કરી આપ્યું તે માટે તેમને પણ ધન્યવાદ ઘટે છે. શાસ્ત્ર વિરુદ્ધ કંઈ લખાયું હોય તો ક્ષમા.

ભાદરવા સુદ-૧૫
વિ. સં.-૨૦૫૪
એસ. પી. એપાર્ટમેન્ટ
વાલકેશ્વર-મુંબઈ

—*વિજય યશોદેવસૂરિ*

## કર્મ એ શું ગુણ છે કે દ્રવ્ય છે? છે શું?

[નોંધ :—અજૈન ધર્મશાસ્ત્રો પાસે કર્મના અસલી સ્વરૂપની વ્યાખ્યા કે તેની પૂર્વાપર અબાધિત પ્રરૂપણાની વ્યવસ્થા નથી. તેની મૂળભૂત વ્યાખ્યા, વિસ્તાર, આમૂલચૂલ છણાવટ, એનો પ્રચંડ પ્રભાવ એ બધું સવિસ્તર જૈન તત્ત્વજ્ઞાનના ગ્રન્થોથી જ જાણવા મળે તેમ છે. એનું સ્વરૂપ ઘણું અદ્ભુત છતાં સામાન્ય બુદ્ધિવાદીઓથી અગમ્ય લાગે એવું છે. અહીંયા જૈન દૃષ્ટિએ કર્મ એક દ્રવ્ય છે અને એ [1]દ્રવ્ય જ આત્માની ઉન્નતિ-અવનતિમાં અવિરત ભાગ ભજવે છે તેની ટૂંક સમજ અહીં આપી છે. —*યશોદેવસૂરિ*

**કર્મ** (**क्रियते तत् कर्म**) આ શબ્દ વ્યાપાર, ક્રિયા, ઉદ્યમ કે પુરુષાર્થના અર્થમાં વિશેષ વપરાય છે. ગીતાનો 'કર્મયોગ' શબ્દ પણ ઉદ્યમ, પ્રવૃત્તિના અર્થનો જ સૂચક છે. પણ આ લેખમાં કર્મ શબ્દને જુદા જ અર્થમાં અનોખી વ્યાખ્યારૂપે રજૂ કરવાનો છે. જો કે કર્મ વિજ્ઞાન ઉપર સુવ્યવસ્થિત

---

૧. જૈનધર્મ કે જૈનધર્મનું તત્ત્વજ્ઞાન તથા તેની સામાજીક કે અન્ય વ્યવસ્થાના પાયામાં કર્મસત્તાનું મુખ્યત્ત્વે પ્રબળ કારણ રહેલું છે. સારું કે નરસું જે કાંઈ બને છે તે પાછળ મુખ્ય ભાગ ગતજન્મના કે આ જન્મમાં ઉદયમાં આવેલી કર્મસત્તા જ ભાગ ભજવે છે.

રીતે લખવા-સમજાવવા અત્યારે સમય નથી, અને આ પુસ્તકમાં પાનાંની મર્યાદા બાંધી છે એટલે શક્ય એટલો ખ્યાલ અપાશે.

સંસારમાં શબ્દો માત્ર સાપેક્ષભાવે જ રહ્યા છે. તમો એક શબ્દ ઉચ્ચારો એટલે તેનો વિરોધી શબ્દ ખડો થઈ જ જવાનો. તમો સુખ શબ્દ બોલો એટલે તેનો પ્રતિપક્ષી દુઃખ શબ્દ નજરે આવી જ જવાનો. ત્યારે આ વિશ્વમાં શુભ-અશુભ, સદાચાર-દુરાચાર બન્ને પ્રકારના ભાવોનું શાશ્વત અસ્તિત્વ રહેલું જ છે. ધાર્મિક પરિભાષામાં તમો તેને પુણ્ય-પાપ શબ્દથી ઓળખાવી શકો.

જગત વિષમતા અને વિચિત્રતાથી ખૂબ જ છવાઈ ગયેલું છે. એ એક જ પ્રકારનું નથી પણ પરસ્પર વિરોધી એવા દ્વંદ્વોથી પરિપૂર્ણ-ભરેલું છે. તેથી જ આપણે સહુ *એક સુખી; બીજો દુઃખી, એક શ્રીમંત, એક ગરીબ; એક મૂર્ખ, એક વિદ્વાન; એક રોગી, એક નીરોગી; એક પુરુષ, એક સ્ત્રી; એક પુણ્યાત્મા, બીજો પાપાત્મા; ફક્ત એક માનવ-જાતની દૃષ્ટિએ જોઈએ તો ત્યાં આપણે આ બધું જ જોઈ રહ્યા છીએ.

આથી વિવિધ ધર્મના સ્થાપકોને થયું કે આ વિચિત્રતા પાછળ જરૂર કંઈ કારણો તો હોવાં જ જોઈએ. કારણ વિના તો કોઈ કાર્ય સંભવિત જ નથી એટલે તત્ત્વજિજ્ઞાસુઓને કારણો દર્શાવવા જ પડશે, એટલે બૌદ્ધશાસ્ત્રોએ કારણમાં સંસ્કાર વાસના અવિજ્ઞપ્તિ એવાં નામો પસંદ કર્યાં, સાંખ્યોએ પ્રકૃતિ શબ્દ યોજયો, વેદાન્તીઓએ માયા, અવિદ્યા વાપર્યો. વૈશેષિકોએ અદૃષ્ટ અને મીમાંસકોએ અપૂર્વ આવા જાત-જાતના શબ્દો યોજવા દ્વારા તેઓ એક યા બીજા સ્વરૂપે કર્મની શુભાશુભ સત્તાનો તો સ્વીકાર કરે જ છે. જૈનોએ આ માટે 'કર્મ' શબ્દ યોજયો.

આ સારા-નરસા ભાવોનો જન્મદાતા, ભોક્તા કે મોક્તા જીવ જ છે એ પણ નિર્વિવાદ બાબત છે. તો પ્રશ્ન થાય કે જીવમાત્ર સારાં જ કર્મો કેમ ન કરે? જેથી તેને દુઃખી થવાનો વખત જ ન આવે! વાત બરાબર પણ ચેતના સદાય શુભમાર્ગમાં પ્રવર્તે તેવી શક્યતા જ નથી. તો તરત જ એ પ્રશ્ન થાય કે તો એમ થવામાં શું કારણ?

ત્યારે ભગવાન શ્રી મહાવીર પરમાત્માના જ્ઞાનમાં જે જોવા મળ્યું તે આધારે જવાબ એ છે કે કોઈ અદૃષ્ટ સત્તા જીવને દોરનારી બેઠી છે. આથી એ વાત પણ નિશ્ચિત થાય છે કે—વિશ્વમાં બે જ સત્તાનું અસ્તિત્વ (મોક્ષે ન જાય ત્યાં સુધી) સનાતન છે. એક આત્મસત્તા-જીવસત્તા કે ચૈતન્યસત્તા અને બીજી આ કર્મસત્તા. આ બંનેના જોડાણથી આ સંસારમાં દ્વંદ્વો, સંઘર્ષણો ઊભા થાય છે. પરિણામે કર્મના નચાવ્યા જીવને નાચવું પડે છે.

પ્રશ્ન :—તો હવે મૂલ વાત સમજાવો કે કર્મ એ શું વસ્તુ છે? જો એ ગુણ નથી તો શું છે? અને એ કર્મ વિજ્ઞાનની થોડી સમજ આપો.

ઉત્તર :—વિશ્વના કોઈ પણ ધર્મશાસ્ત્રમાં કે અન્ય કોઈ ધુરંધર તત્ત્વજ્ઞાનીના ગ્રન્થમાં જૈનધર્મે કર્મને જે રૂપે રજૂ કર્યું છે તેની અંશમાત્ર વ્યાખ્યા અજૈન ગ્રન્થોમાં નથી. સ્થૂલ અર્થે વ્યાખ્યાઓ જરૂર છે પણ સૂક્ષ્મ કે સૂક્ષ્મતર વ્યાખ્યાઓ નથી. એ રહસ્ય બધું સર્વજ્ઞકથિત જૈન શાસ્ત્ર દ્વારા

જ જાણી શકાય છે. આ વિજ્ઞાન ત્રિકાલજ્ઞાનીએ જ બતાવ્યું છે એ પૂરવાર કરવા માટે બીજા કોઈ પુરાવા તરફ ન જઈએ તો હું તો એમ કહું કે આ કર્મશાસ્ત્ર માટે જે જે શબ્દો પ્રયુક્ત થયા છે એ શબ્દો તમને વિશ્વમાં ક્યાંય જોવા-સાંભળવા નહિ મળે. આ શબ્દોની અભિનવતા અને અજોડતા એ જ એની સર્વજ્ઞકથિત સચ્ચાઈ પૂરવાર કરવા માટે નિષ્પક્ષપાત અને તટસ્થ વિદ્વાન માટે પ્રમાણપત્રરૂપ છે.

પ્રશ્ન :—હવે તમો કર્મને ગુણરૂપે નહિ પણ દ્રવ્યરૂપે છે એ શાસ્ત્ર દ્વારા અહીં નિશ્ચિતપણે જણાવવા માગો છો તો હવે તે વાત જણાવો.

ઉત્તર :—જેમ વિજ્ઞાન, ડૉક્ટરી એલોપથી સાયન્સ એમ જણાવે છે કે-સમગ્ર વિશ્વ અસંખ્ય જાતનાં બેક્ટરીઆ અને વિવિધ પ્રકારનાં વાયરસ જીવોથી ઠાંસી-ઠાંસીને ભર્યું છે. એના વિનાની એક ટાંકણી જેટલીએ જગ્યા વિશ્વમાં ખાલી નથી. એક સોયના અગ્રભાગ જેટલી જગ્યામાં કરોડો બેક્ટરીઆ હોય છે.

વિજ્ઞાનની જેમ કર્મના અણુ-પરમાણુઓ (પુદ્ગલસ્કંધો) માટે પણ એ રીતે સમજવાનું છે. ભગવાન શ્રી મહાવીર પરમાત્માએ જ્ઞાન દ્વારા પ્રત્યક્ષ કર્મના અનંતપ્રદેશી દ્રવ્યોને જોયા અને કહ્યું કે-કર્મરૂપ પરિણામ પામનારા પુદ્ગલસ્કંધો વિશ્વમાં સર્વત્ર વ્યાપ્ત છે.

જીવ સ્વભાવે અમૂર્ત્ત (કોઈ પણ પ્રકારની આકૃતિ વિનાનો) છે. પણ અનાદિ કાલથી જ મૂર્ત્ત એવા કોઈના સંબંધથી એકધારો અવિરહપણે જોડાએલો હોવાથી-તે બાપડો મૂર્ત્ત જેવો બની ગયેલો હોવાથી મૂર્ત્ત પુદ્ગલોને આહરણ-ગ્રહણ કરવામાં પાવરધો-જોરદાર સંસ્કારવાળો બની ગએલો છે.

પુદ્ગલ એ એક પરમાણુ રૂપે હોય અને અનંત પરમાણુ રૂપે પણ હોય. એક પરમાણુ જોડે બીજા પરમાણુનું જોડાણ થાય ત્યારે તે બે પરમાણુના બનેલા આ ભાગને 'સ્કંધ' તરીકે ઓળખાવાય છે. આત્મા પરમાણુ રૂપે રહેલા પુદ્ગલોને ગ્રહણ કરી શકતો નથી પણ સ્કંધરૂપે રહેલા પુદ્ગલ સ્કંધોને જ ગ્રહણ કરે છે. આવા સ્કંધો સર્વત્ર અનંતાનંત ઠાંસીઠાંસીને ભરેલા છે.

આત્મા અમૂર્ત છે જ્યારે આ કર્મો મૂર્ત છે. બંને અનાદિકાળથી અવિરત જોડાએલા છે. આત્મા આધ્યાત્મિક પુરુષાર્થ કરતો પરાકાષ્ઠાએ પહોંચે અને સકલ કર્મનો ક્ષય કરે ત્યારે સદાને માટે વિદેહી બની જતાં કર્મના જોડાણથી સર્વથા સર્વદા મુક્ત બની જાય.

કર્મના પ્રકારો અગણ્ય છે એની ગણત્રી કોઈ રીતે થઈ શકે નહિ એટલે અગણ્ય પ્રકારોનું વર્ગીકરણ કરી તેને આઠ પ્રકારમાં વહેંચી નાંખવામાં આવ્યા, અને આ પ્રકારોને વર્ગણા એ નામના પારિભાષિક શબ્દથી ઓળખાવ્યા-જેમકે-૧. ઔદારિકવર્ગણા, ૨. વૈક્રિયવર્ગણા, ૩. આહારકવર્ગણા, ૪. તૈજસવર્ગણા, ૫. કાર્મણવર્ગણા, ૬. ભાષાવર્ગણા, ૭. શ્વાસોચ્છ્વાસવર્ગણા, ૮. મનોવર્ગણા.

અહીંયા આઠ પ્રકારની વર્ગણા-પ્રકારો જે જણાવ્યા એમાં એક વર્ગણા-પ્રકાર એવો છે

કે જે સર્વત્ર વિદ્યમાન છે અને જે વર્ગણા કર્મરૂપ પરિણામ પામવાની યોગ્યતા ધરાવતી હોય અને જીવ જેને ગ્રહણ કરવાનો છે તે વર્ગણાને કાર્મણ નામની વર્ગણા કહેવાય છે.

આ સર્વત્ર વ્યાપ્ત છે જ પણ જીવ જ્યાં રહેલો હોય તે જગ્યામાં પણ તે ઠાંસી–ઠાંસીને રહેલી જ હોય છે.

જ્યારે જ્યારે અમૂર્ત એવો આત્મા શુભાશુભ વિચાર કરે ત્યારે ત્યારે તે મૂર્ત એવી કાર્મણવર્ગણાના પુદ્ગલસ્કંધો (દ્રવ્યો)ને જેમ દીવો વાટ દ્વારા તેલને ગ્રહણ કરે છે તેમ તે કાર્મણ પુદ્ગલોને ખેંચીને પોતાના આત્મપ્રદેશો જોડે તેનું જોડાણ કરી નાંખે છે. જોડાણની સાથે સાથે જ શુભાશુભ જેવા વિચારો ચાલતા હોય આ વખતે પેલા કાર્મણ પુદ્ગલ સ્કંધો 'કર્મ' શબ્દથી ઓળખાવાય છે. આ જોડાણ થાય છે તે જ વખતે તે કર્મનો સ્વભાવ, તે કેટલા વર્ષો સુધી રહેશે, કેવા પ્રકારે તે ભોગવવું પડશે અને તેનું પ્રમાણ વગેરે બાબતો નક્કી થઈ જાય છે.

જીવ હંમેશા પરમાણુરૂપે રહેલા પુદ્ગલોને ગ્રહણ કરતો નથી પણ અનેક-અનંત પરમાણુઓના જથ્થાથી સ્કંધરૂપે રહેલા પુદ્ગલોને જ ગ્રહણ કરી શકે છે. આ લોકમાં એવા સ્કંધો અનંતાનંત છે, અને તેની અનંતાનંત વર્ગણાઓ છે.

એક વાત ધ્યાનમાં રાખવી કે આ પુદ્ગલો–કાર્મણવર્ગણાના સ્કંધો જીવને પોતાની જાતે વળગવા આવતા નથી પણ શુભાશુભ વિચારો–કારણોને લીધે જીવ પોતાના તરફ આકર્ષે છે અને પછી ક્ષીર–નીરની જેમ આત્મપ્રદેશોમાં ઓતપ્રોત બની જાય છે. કર્મરૂપ પરિણામ પામવાની યોગ્યતા માત્ર આ એક જ વર્ગણામાં છે. જીવ સ્વભાવે અમૂર્ત છતાં અનાદિકાળથી કર્મસંબંધથી જોડાએલો હોવાથી તે બિચારો મૂર્ત જેવો થઈ જતાં મૂર્ત *પુદ્ગલો ગ્રહણ કરવાના તીવ્ર સંસ્કારવાળો બની ગએલો છે. જીવ પરમાણુનું ગ્રહણ કરી શકતો નથી પણ અનંતપ્રદેશી સ્કંધરૂપે બનેલા પુદ્ગલસ્કંધોને ગ્રહણ કરે છે. નિકાચિત કર્મ અવશ્ય ભોગવવું પડે છે જ્યારે અનિકાચિત માટે એવો નિયમ નથી, વિકલ્પ પણ સંભવી શકે છે. કોઈ કોઈ કર્મ ઉદય આવતાં પહેલાં અન્ય નિમિત્તો ઊભા થતાં વગર ભોગવ્યે આત્માથી છૂટું પણ પડી શકે છે. આ કર્મોને ખેંચી લાવવામાં ક્રોધ–માન–માયા–લોભરૂપ કષાયો મન–વચન–કાયાના યોગો, મિથ્યાત્વ–અવિરતિ આદિ હેતુઓ નિમિત્ત બને છે.

આ પ્રમાણે ટૂંકમાં લખેલી કર્મની સમજણ અહીં સમાપ્ત થાય છે.

---

★ પુદ્ગલ શબ્દ અન્ય દર્શનમાં બહુ ઓછો વપરાયો છે અને ત્યાં દર્શાવેલ અર્થ તેનો વાસ્તવિક અર્થ હોય એમ બુદ્ધિમાનને ન લાગે, જ્યારે જૈનદર્શન પુદ્ગલ શબ્દથી ઓતપ્રોત થઈ ગયું છે અને અણુ-પરમાણુ શબ્દોના વિજ્ઞાન-રહસ્ય જૈનદર્શન સિવાય વ્યાપક રીતે ક્યાંયથી જાણવા મળે તેમ નથી, પણ કમનસીબી એ છે કે આજે વિદ્વાનો જૈનાગમમાં બતાવેલા અણુવિજ્ઞાન ઉપર કોઈ જોરદાર પ્રકાશ પાડવા કમ્મર કસતા નથી, નહીંતર આજના આ અણુ, ઉપગ્રહ યુગમાં જૈનતત્ત્વજ્ઞાનની સર્વોપરિતા અને એની સર્વજ્ઞ મૂલકતા સાબિત થયા વિના રહે નહીં.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# પંચગ્રન્થીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૩૮ ઇ.સન્ ૧૯૮૨

૪૯

## પાંચ ગ્રન્થો અંગેનું કંઈક સંપાદકીય

પૂ. ઉપાધ્યાયજીના પાંચ ગ્રન્થો અંગેની પુસ્તિકા ૧/૧૬ ક્રાઉન સાઈઝમાં પ્રસિદ્ધ કરી છે. ઉપાધ્યાયજીના નવ ગ્રન્થોની શરૂ કરેલી શ્રેણીમાં આ આઠમું પુષ્પ (વોલ્યુમ) છે. કૃતિઓ નાની છે પણ વિવિધ દૃષ્ટિએ ઉપયોગી છે. ઉપાધ્યાયજી ભગવંતની નાની મોટી કોઈ પણ કૃતિને પ્રસિદ્ધિ આપવી, આ નિર્ણયના કારણે આ પાંચ કૃતિઓ છાપી છે. કૃતિઓ નાની હોવાથી ભેગી કરીને છાપી છે. પુસ્તકને પાંચ નામોથી ઓળખાવવામાં, બોલવામાં વિષમતા અને કષ્ટ હોવાથી આનું બીજું નામ **पंचग्रन्थी** પાડયું છે.

આ પાંચેય કૃતિનો પરિચય લખવાનો સમય મળશે કે કેમ! તે ભય હતો પણ તેને ટૂંકમાં લખી નાંખ્યો અને તે પાંચેય કૃતિઓનો પરિચય રજૂ કરું છું. એમાં મેં શ્રદ્ધાન જલ્પ પટ્ટકની કૃતિના પરિચયમાં વર્તમાન સાધુ સંસ્થામાં, ક્યાંક ક્યાંક બહુધા શિષ્યના હૈયામાં જન્મ લેતી અહંભાવ, પ્રસિદ્ધિ અને મહત્ત્વાકાંક્ષાની ભૂખોના કારણે કેવી પરિસ્થિતિ સર્જાય છે અને આના ઉપાય તરીકે શું કરવામાં આવતું હતું અને આજે પણ શું કરવું જોઈએ, તેનું ચિત્રણ-દિગ્દર્શન આપ્યું છે. તે સાધુ-સાધ્વીજીઓ વિનમ્ર હૈયે, આરાધક ભાવ રાખી જરૂર વાંચે!

પાલીતાણા, ૨૦૩૮ *-યશોદેવસૂરિ*

### ૧. ૧૦૮ બોલ સંગ્રહ અંગેનો કિંચિત્ પરિચય

પૂ. ઉપાધ્યાયજી શ્રીમદ્ યશોવિજયજી મહારાજ દ્વારા નિર્માણ થયેલા ૧૦૮ બોલની

માત્ર એક જ પ્રતિ મલી, એમાંય પ્રથમ પાનું ન હતું. આ પ્રતિ મૂલઆદર્શની (પાછળથી લખાયેલી) નકલ છે. મહાન દુર્ભાગ્ય એ છે કે એમની કૃતિની બીજી નકલ જ બહુ જ ઓછા ગ્રંથોની મળે છે. તાત્ત્વિક, ચર્ચાત્મક, દાર્શનિક, તાર્કિક ગ્રંથોની તો બીજી પ્રતિ મળી જ નથી, જે વધુ સંખ્યામાં મળે છે તે તેમની ગુજરાતી કૃતિઓની જ મળે છે. જેમાં રાસ, સ્તવનો, પદો વગેરે હોય છે, એટલે સ્વાભાવિક જ છે કે લોકભોગ્ય સાહિત્ય વધુ પ્રમાણમાં લખાય અને તાત્ત્વિક અને વિદ્વદ્‌ભોગ્ય કૃતિઓના ભણનારા પણ કેટલા?

જૈન પરંપરામાં તત્ત્વજ્ઞાન વગેરેની છુટક છુટક બાબતોના કરેલા સંગ્રહને બોલ શબ્દથી ઓળખાવાય છે. આ કૃતિ સત્તરમી અઢારમી શતાબ્દીમાં જે ગુજરાતી ભાષા બોલાતી-લખાતી તે જ ભાષામાં જ રચાએલી છે. એટલે મારી ઇચ્છા સત્તરમી સદીની ભાષાને એકવીશમી સદીમાં લાવી મૂકવાની પ્રબળ ઇચ્છા હતી. અને એથી થોડું ભાષાંતર લખ્યું પણ ખરું, પણ પછી મારા અન્ય વ્યસ્ત સંજોગોના કારણે સમય મેળવી ન શક્યો. જો તે થયું હોત તો આ ગ્રંથનું અધ્યયન સહુ કરી શકત. સહુને સંતોષ થાત. હવે અત્યારે તો મારાં કામો જલદી પૂરાં કરવાનાં હોવાથી ભાષાંતરનો મોહ જતો કરી મૂળભાષામાં જ પ્રસિદ્ધ કરું છું. વિદ્વાનો–અભ્યાસીઓને આના વાંચનથી ઘણું નવું જાણવાનું અને પોતાની રૂઢ થયેલી કેટલીક માન્યતાઓ અંગે નવા અભિપ્રાયો જાણવા મળશે અને પોતાની દૃષ્ટિના ફલકને વધુ વિસ્તારી શકશે જે આજે અનિવાર્ય જરૂરી છે.

પ્રસ્તાવનામાં વિશદ સમીક્ષા ઝાઝા પ્રશ્નો લઈને કરવાની તમન્ના હતી પણ હવે ૧૦૮ બોલરૂપ પ્રશ્નો, સમાધાનોમાંથી ઉપાધ્યાયજીએ શાસ્ત્રાધારે જ આપેલાં થોડાંક સમાધાનો રજૂ કરું–

પ્રશ્ન : ૧૭. કેટલાક કહે છે કે મિથ્યાદૃષ્ટિ જીવોમાં જે ગુણ દેખાતા હોય તેને ગુણ શબ્દથી કેમ ઓળખાવાય? આવો સવાલ કરનારાઓને પૂ. ઉપાધ્યાયજી જવાબ આપે છે કે ભાઈ! તારી વાત બરાબર નથી, મિથ્યાદૃષ્ટિના ગુણોને ગુણ કહેવાય જ નહિ કે તેને ગુણો હોતા નથી એવું જો તું કહીશ તો પહેલાં ગુણસ્થાનકનું નામ જ ઉડી જશે. પહેલું ગુણસ્થાનક મિથ્યાદૃષ્ટિઓનું છે અને તેમ હોવા છતાંય એ પહેલાં સ્થાનકની આગળ ગુણ શબ્દ મૂકીને તેને ગુણસ્થાનક એટલે ગુણનું સ્થાન કહ્યું છે. જો ત્યાં રહેલાંને ગુણો ન ઘટતા હોત તો ગુણસ્થાનક શબ્દ જ ન યોજાત, અને ગુણસ્થાનકની હરોળમાં તે દાખલ જ થયું ન હોત!

પ્રશ્ન : ૧૦. જૈનશાસ્ત્રની સુપાત્રદાન, જિનપૂજા, સામાયિક આદિ ક્રિયાઓ છે, તે જ માર્ગાનુસારી (મોક્ષમાર્ગાનુકૂળ) પણાનું કારણ બને છે એવી પ્રરૂપણા કેટલાક લોકો કરે છે, એવું કરીને તેઓ જૈનધર્મની જ ક્રિયાઓ કરે તે જ માર્ગાનુસારી કહેવાય. તે સિવાયની કરે તેને ન કહેવાય. આવી માન્યતા રાખનારને ઉપાધ્યાયજી કહે છે કે–

ભાઈ! આ વાત તારી અમુક અંશે જ ઠીક છે પણ તે વાત એકાંતે ન સમજવી. ઉભય મત સંમત દયા, દાન, અહિંસા, સત્ય, નીતિ આદિ ધર્મો પણ માર્ગાનુસારીપણાનું કારણ બને

---

★ સ્થાનકવાસી સમાજમાં બોલની જગ્યાએ 'થોકડા' શબ્દ વપરાય છે.

જ છે અને પુરાવામાં મહાન આચાર્ય શ્રી હરિભદ્રસૂરિકૃત 'યોગબિંદુ' ગ્રંથ રજૂ કરે છે.

પ્રશ્ન : ૨૨ જૈમધર્મની જ ક્રિયામાં અપુનર્બંધક હોય અને ઈતરકારોની જ હોય એના જવાબમાં ઉપાધ્યાયજી એમ કહે છે કે :—

ભાઈ! તારી આ સમજ બરાબર નથી. સમ્યગ્દષ્ટિ શ્રાવક-જૈન ભલે સ્વશાસ્ત્રસૂચિત ક્રિયા કરવા દ્વારા (યોગબિંદુના કથન મુજબ) ભલે અપુનર્બંધક બને; પણ બૌદ્ધ આદિ ધર્મની ક્રિયાઓ દ્વારા પણ અપુનર્બંધકપણું ઘટી શકે છે.

પ્રશ્ન : ૩૧. લૌકિક મિથ્યાત્વથી લોકોત્તર મિથ્યાત્વ વધારે ખરાબ એમ જેઓ કહે છે તે વાત એકાંતે બરાબર નથી. બંધની અપેક્ષાએ લૌકિક પણ ઘણું જ ખરાબ હોય છે. આ માટે યોગબિન્દુનો પુરાવો આપતાં લખે છે કે ભિન્ન ગ્રંથિનું મિથ્યાત્વ હળવું અને અભિન્ન ગ્રંથિનું ભારે કહ્યું છે.

પ્રશ્ન : ૯૮, વિધિ પ્રતિષ્ઠિત પ્રતિમા હોય તે જ વંદનીય-પૂજનીય બને છે, અને પાછી તે તપાગચ્છની જ હોવી જોઈએ અર્થાત્ બીજા ગચ્છથી પ્રતિષ્ઠિત ન હોવી જોઈએ.

ઉપાધ્યાયજી કહે છે કે ભાઈ! તું આ વાત ક્યાંથી લાવ્યો? જો આ રીતે માણીશ તો બધે ઠેકાણે તને તપાગચ્છીય આચાર્યથી પ્રતિષ્ઠિત પ્રતિમા ક્યાંથી મળશે? અને નહિ મળે તો જિનદર્શન દુર્લભ થઈ પડશે આમ કહીને શ્રાદ્ધવિધિની સાક્ષી આપી છે. અને કહે છે કે આકૃતિ વંદનીય છે પછી એ આકૃતિ બનાવી છે કોણે? એ જોવાનું ન હોય. એમ કયા આચાર્યે તે પ્રતિષ્ઠિત કરી છે તે જોવાનું ન હોય. તીર્થંકરની વીતરાગ મુદ્રાસ્થિત મૂર્તિ દેખો એટલે તે વંદનીય–પૂજનીય થઈ શકે છે.

પ્રશ્ન : ૯૯. બીજા ગચ્છનો વેષધારી વાંદવા યોગ્ય નહિ તેમજ ગચ્છાંતરની પ્રતિમા વાંદવા યોગ્ય નહિ? આવું કહેનારને ઉપાધ્યાયજી સમજાવે છે કે વેષના લિંગમાં ગુણદોષની વિચારણાને જરૂર સ્થાન છે, પણ પ્રતિમાની બાબતમાં તે વિચારને સ્થાન નથી, વંદન નિર્યુક્તિનો આધાર ટાંકીને કહે છે કે પ્રતિમા તો સર્વશુદ્ધરૂપે જ ગણાય. તેમાં દોષને કોઈ અવકાશ જ ન હોય.

થોડાક પ્રશ્નોની નોંધ આપી પરિચય પૂર્ણ કરું છું. અભ્યાસીઓ આ રચનાનું જરૂર અવલોકન કરે. એમાં મહત્ત્વની નોંધો જાણવા મળશે. યશોભારતીના છટ્ઠા પુષ્પમાં આપેલી ઉપાધ્યાયજીની વિચારબિન્દુની કૃતિ પણ જોઈ જવા જેવી છે.

કૃતિના અન્તમાં લખ્યું છે કે 'હજુ આવા ઘણા બોલો વિચારવાના છે. તે સુવિહિત ગીતાર્થ સમક્ષ વિચારવા.' આ કથન સ્પષ્ટ જણાવે છે કે ઉત્સર્ગ–અપવાદમાર્ગ, નય, નિક્ષેપ અને તત્ત્વજ્ઞાનથી પૂર્ણ અનેકાન્ત દર્શનની વાતો, સાપેક્ષ દૃષ્ટિએ પૂર્વાપર અવિરોધભાવે ઘટાવવાની હોય છે અને એ જ્ઞાનવૃદ્ધો પરિણત આત્માઓ જ ઘટાવી શકે. માટે જ ગીતાર્થના ચરણે બેસી તત્ત્વ સમજવા કહ્યું છે, નહીંતર અધૂરી સમજણે ઊલટી ગડ બેસી જાય તો અનર્થ થઈ જાય. એવા અનર્થો આજે પણ જાણે-અજાણે થતા રહ્યા છે.

બોલ ૧૦૮ લખ્યા હતા. આ રચનાની પ્રતિ ૧૭૪૪માં લખાણી છે એવું અંતમાં જણાવ્યું છે. ઉપાધ્યાયજી મહારાજની રીતિ મુજબ અહીંયા ऐँ શબ્દ સંકલિત મંગલાચરણ નથી, પ્રશસ્તિમાં પણ ખાસ લખ્યું નથી છતાં લખાણ જોતાં બોલ ઉપાધ્યાયજીના છે એ નિર્વિવાદ બાબત છે. બોલ રચનાનો સમય જણાવ્યો નથી.

આ કૃતિ વિમલગચ્છના ઋદ્ધિવિમલજીના શિષ્ય કીર્તિવિજયજીએ કાગળ ઉપર ઉતરાવેલી છે.

## ૨. શ્રદ્ધાનજલ્પપટ્ટક પરિચય અને તેના અનુસંધાનમાં શ્રમણોની વર્તમાન પરિસ્થિતિનું એક દર્શન

આ લેખને ગ્રન્થ ન કહેવાય, કેમકે બે પાનાંની જ સાવ નાનકડી આ રચના છે. ખરી રીતે તો આ એક પત્ર છે. અને તેથી છેલ્લે જ છાપવાનો હતો પણ સંજોગોના કારણે વચમાં છાપવો પડ્યો અને આગળ પાછળ ગ્રન્થકૃતિઓ છપાણી એટલે આને પણ ગ્રન્થના કલાસમાં જ ગણવી અનિવાર્ય હતી. એટલે આ પણ ગ્રન્થ તરીકે સ્થાનાપન્ન થવા પામી. વળી पंचग्रन्थी નામ આપવું હતું એટલે પછી આ કૃતિને ગ્રન્થ તરીકે બિરદાવવી જ પડે.

આ કૃતિ ક્યારે લખાણી તેનો ઉલ્લેખ (સામાન્ય રીતે જે) અન્તમાં કરાતો હોય છે તે પ્રારંભમાં જ કર્યો છે અને ત્યાં संवत १७३८ वर्षे वैशाख सित, गुरो महोपाध्याय श्रीयशोविजय गणिभिः श्रद्धानजल्प पट्टकोलिख्यते। समस्त-परिणत समवाय योग्यं! આ નોંધથી એક વાત બહુ જ સ્પષ્ટ થઈ જાય છે કે આ કૃતિનું લેખન ૧૭૩૮માં કર્યું છે. પણ આ પટ્ટક ક્યારે તૈયાર કર્યો તે વાત જાણવા મળતી નથી. ૧૭૩૮માં લેખન થયું છે, એટલે કાલધર્મના નજીકના વર્ષમાં અને વયોવૃદ્ધ ઉંમરે થયું છે એ નક્કી છે, અને આવા પટ્ટકો લખવાનો અધિકાર મોટા ભાગે ત્યારે જ સાંપડતો હોય છે.

આ કૃતિનું નામ श्रद्धानजल्प पट्टक આવું અનોખું રાખ્યું છે. श्रद्धानजल्प આ નામ રાખવા પાછળ પણ સહુ સાધુઓ પોતાના હૈયાની હાર્દિક અપીલ તરફ ઉપેક્ષા ન કરે તે હતી. અને पट्टक શબ્દ એ જૈન પરંપરામાં આદેશવાચક તરીકે સદીઓથી વપરાતો આવ્યો છે. पट्टक ના પર્યાયવાચક તરીકે આદેશપત્ર, લેખપત્ર, આજ્ઞાપત્ર વગેરે ગણી શકાય. અન્તમાં समस्त परिणत समवाय योग्यं શબ્દ વાપર્યો છે. આમાં परिणत શબ્દ બહુ જ સમજીને મૂકાયેલો શબ્દ છે. ઉપાધ્યાયજીનો આ શબ્દ બીજી ઘણી બાબતોની ચાડી ખાય છે પણ ટૂંકમાં મુખ્ય મુદ્દાની વાત એ ધ્વનિત થાય છે કે આવા આદેશ પટ્ટકો અપરિણત આત્માઓને કરવા કરતાં પરિણત આત્માને અનુલક્ષીને કરાય તે વધુ જરૂરી છે. આવી બાબતો ઉછાછળાં, ઉદ્ધત, સ્વછંદી સ્વભાવવાળાઓને કહેવાય નહિ. કહેવાય તો પોતાના સ્વભાવનું વધુ પ્રદર્શન કરે અને લેખનો આદર તો ન કરે પણ લેખની પૂરી અવગણના કરીને લેખક સામે બળવો જ પોકારે અને અનુચિત પરિસ્થિતિ સર્જાય; માટે ઠરેલ સંયમ જીવનથી સંસ્કારિત, ઘડાયેલાઓ આગળ જ આ વાત કરવા માંગે છે.

## હવે પટ્ટકમાં શું છે તે

શ્રમણ સંસ્કૃતિ હોય, વૈદિક યા બૌદ્ધ હોય પણ માનવ સ્વભાવ ન્યૂનાધિકપણે સર્વત્ર સમાન હોય છે. કેમકે માનવજાતમાં કષાયભાવ (ક્રોધ, માન, માયા, લોભ) સત્તામાં બેઠેલો જ હોય છે. આ ચાર પ્રકારમાં ઓછાવત્તા કષાયથી માનવજાત સતત પીડાતી હોય તો તે સહુથી વધુ **માન** કષાયથી જ. એટલે જરાતરા પોતાનો જાણે-અજાણે અનાદર, અપમાન કે ઉપેક્ષા થઈ છે કે થઈ રહી છે એમ લાગે કે તરત જ માનસર્પ ફણા ઊંચી કરી બેઠો થઈ જશે અને ફૂંફાડા મારતો થઈ જશે અને આખરે ડંખો મારવાનું પણ કામ કરશે અને અનુચિત, અનિચ્છનીય, વેશલજ્જક જાતજાતનાં તોફાનો, લવારાઓ, કૌભાંડો ઊભાં કરી ઊતરતી કક્ષાના સ્વભાવનો ભાગ ભજવશે. આથી તે પોતાની જ જાતિનું અને સાથે પોતાના સહવાસીઓ અને આખા સમુદાયનું કેટલું અહિત કરતો હોય છે તે માન-કષાયમાંથી ઊભા થયેલા ક્રોધ, રોષ કષાયથી અંધ' બની ગયેલો આત્મા ક્યાંથી જોઈ જ શકે? આમાં પછી સાધુ હોય કે સંસારી. અહીંયા વાત આપણે શ્રમણસંઘની કરવાની છે. શ્રમણ સંસ્કૃતિ તરીકે આજે બે સંસ્કૃતિઓ ઓળખાય છે : એક જૈન અને બૌદ્ધ. અનાદિકાળથી જૈન સંસ્કૃતિના મુખ્ય પ્રવર્તક કે પ્રવર્ધક તરીકે તીર્થંકર ભગવાનનો જ હોય છે. જેમાં છેલ્લા તીર્થંકર ભગવાન મહાવીર હતા અને બૌદ્ધ સંસ્કૃતિના પ્રવર્તક મહાત્મા બુદ્ધ હતા. કષાયભાવોની નાની-મોટી આગો સર્વત્ર પ્રજ્વલતી જ હોય છે. ઈતિહાસના અભ્યાસીઓને ખ્યાલ હશે કે ખુદ મહાત્મા બુદ્ધને ઝેર કે બીજા કોઈ પ્રયોગ દ્વારા મારી નાંખવાના ઉપલી સપાટીએથી પ્રયત્નો એકથી વધુ વાર થયા હતા. અને ભગવાન મહાવીર માટે શું બન્યું તે તો જૈનોની જાણીતી વાત છે. જે બુદ્ધ ઉપર થયું એ જ મહાવીર ઉપર થયું. વસવાટની પરિચર્યા એમની એવી હતી કે ઉઘાડી રીતે મહાવીરને ખતમ કરવાનું ઘણું જ મુશ્કેલ હતું. લોકો અગાઉથી ન જાણી શકે એ રીતે જ હુમલો થઈ જાય તો જ નિશાન પાર પડે તેમ હતું. એટલે ગોશાળાએ પોતાના તપથી મેળવેલ (તેય પોતાના જ ગુરુ ભગવાન મહાવીરની કૃપાથી જ) તેજોલેશ્યા એટલે મુખમાંથી જ્વાલા કાઢવાની (આધ્યાત્મિક શક્તિ) શક્તિ મહાવીરને ભડથું કરી નાંખવા અગ્નિજ્વાળા ક્યાં છોડી ન હતી?

વેષનું, ચારિત્રનું અને સાધનાનું બધુંય ચૂકી જનારા આત્માઓ માત્ર વધુ પડતી રીતે માત્ર અહંકાર, મહત્વાકાંક્ષા, પૂજાવાની વાહવાહની તીવ્ર ભૂખો ન સંતોષાતાં નાની–શી જિંદગી લઈને આવેલા સાધુનો વેશ પહેરી જીવન જીવનારા સંતો-મહાત્માઓ શું ને શું ન કરે તેનાં અનેક ઉદાહરણો ઈતિહાસમાં મળે છે અને આજે આપણી નજર સામે પણ જોવા ક્યાં ઓછું મળે છે?

માન કષાયના પ્રસંગમાં ઈતિહાસ કહે છે કે તીર્થંકર ભગવાન મહાવીર અને મહાત્મા બુદ્ધ જેવી વ્યક્તિઓને અન્તિમવાદીઓએ મારી નાંખવા સુધીનાં કેવા દુષ્ટ, નિંદ્ય અને પાશવી કૃત્યો આચર્યા હતાં. એ પછી તેમની પરંપરામાં માનવસ્વભાવ તો સદાકાળ (પ્રાયઃ) એ જ રહેવાનો. અહં, મહત્ત્વાકાંક્ષા અને સત્તાની, પૂજાવાની લાલસાનો ભોગ બનેલા આત્માઓ શું ને શું ન કરે? બધું જ કરે! લગભગ દરેક કાળમાં આવી સ્થિતિ સર્જાતી હોય છે. પણ

કાળ જેમ જેમ ઉતરતો આવતો જાય ત્યારે કષાયભાવોનું પ્રમાણ અને ઉગ્રતા બંને વધતાં જતાં હોય છે.

આજે બરાબર કલિજુગનાં દર્શન થઈ રહ્યાં છે. છેલ્લાં ૧૫ વર્ષમાં માનકષાયનું વિષ સર્વત્ર ઉછળ્યું છે. અને હવા બધે જ પહોંચી ગઈ છે. હવે એક ઘર, એક સમાજ, એક ગામ, એક શહેર કે એક રાષ્ટ્ર એવી વાત નથી રહી. લગભગ સમગ્ર વિશ્વમાં સ્વચ્છંદતા અને વડીલોની આમન્યા ન માનવી અને ઈચ્છા મુજબ વર્તવું એવી અકલ્પનીય, અતિ શોચનીય પરિસ્થિતિ ખડી થઈ છે. તેણે બધાય ક્ષેત્રોમાં પ્રવેશ કર્યો છે. (અહીં કંઈ લેખ નથી લખવાનો જેથી સમગ્ર ચિત્ર રજૂ કરી શકાય) અને એનો ભોગ ન્યૂનાધિકપણે મોટો ભાગ બનતો રહ્યો છે.

એ ઉપરાંત કાળના પ્રભાવે કહો કે માનવસ્વભાવની વધુ પડતી નબળાઈઓના કારણે કહો પણ જ્ઞાન, ધ્યાન તપ અને સંયમપાલનમાં સાધુઓમાં નબળાઈઓ, ક્યાંક શિથિલતાઓ, ક્યાંક અનાચારો જેવી ભ્રષ્ટાચારોની પણ દુઃખદ અને અતિ અનિચ્છનીય પરિસ્થિતિઓ ઊભી થયેલી અને થઈ રહેલી જોવા મળે છે. આ જ સ્થિતિએ વધુ દૂર ન જઈએ તો હજાર વર્ષ દરમિયાન પણ જૈનસંઘમાં દેખા દીધી છે.

જ્યારે જ્યારે શિથિલાચાર માઝા મૂકીને પોતાની લીલાઓ બતાવતો રહેવા થાય ત્યારે પરિણત એવા પૂ. આચાર્યો-સાધુઓ અને શ્રાવકો ચોંકી ઊઠે અને ત્યારે સહુને થાય કે હવે 'રૂકજાવ'નો આદેશ આપવો જ જોઈએ. ત્રસ્ત બનેલા શાણા, સમજુ, વિચારશીલ, ગંભીર અને શાસનના રાગેવાળો પરસ્પર ચર્ચા-વિચારણા કરી જૈનસંઘના સંમેલનો બોલાવે પણ એની નેતાગીરી મુખ્યત્વે જૈન શ્રમણસંઘના આચાર્યો લે, કેમકે એકલા શ્રાવકસંઘથી આ કાર્ય શક્ય જ નથી હોતું. અને પછી એક સ્થળે અગ્રણી પીઢ, ગંભીર પરમશ્રદ્ધાળુ બુદ્ધિમાન, ગંભીર સુશ્રાવકો સંચાલક રહે અને ભગવાન મહાવીરના આચારથી થોડા ઘણા વિચલિત થએલા શ્રી શ્રમણસંઘને (શ્રમણી સંઘને પણ) પુનઃ આચારબદ્ધ કરી સુવ્યવસ્થિત કરવા શ્રમણસંઘના સમર્થ અગ્રણીઓ સહુ શ્રમણોને પ્રેમ, સમજાવટથી, બેફામ તોફાની કે બળવાખોર બનેલા તત્ત્વોને જરૂર પડ્યે કડક થઈને પણ અંકુશમાં લે અને શિથિલાચારને સદંતર (નહિ કે અમુક જ) ખતમ કરવા, સાધુધર્મને સુશોભિત અને સુવાસિત બનાવવા પરસ્પર ચર્ચા-વિચારણાનો વિનિમય કરીને નવાં નીતિનિયમો ઘડે અને તે નિયમોનું પાલન કરાવવા, દેખરેખ રાખવા, સાધુ અને શ્રાવકોની એક મજબૂત કમીટી શિક્ષા કે દંડ નીતિનો અમલ કરી શકે તે રીતે નીમે અને તે સાધુઓમાં શિથિલાચારોનો પોતાની દોષપાત્ર, ટીકાપાત્ર અને વધુ પડતી અનિચ્છનીય પ્રવૃત્તિઓનો કાયાકલ્પ કરાવે એટલે કે મૂલ માર્ગ ઉપર લાવી દે. આવી જડબેસલાક વ્યવસ્થા થતી અને એમ છતાં કોરડુ મગ જેવા સાધુઓ, બળવાખોરો, બેફામ રુઆબ કરનારા, સંઘમાં ખટપટો, કાવાદાવા, લડાવી મારવાનો ધંધો કરનારા સાધુઓ ન સુધરે તો દંડ તરીકે સંઘબહાર કરી દેતા અને પછી જૈનસંઘને તેની જાણ કરી દેવામાં આવતી એટલે ગામ કે નગરનો સંઘ, સંઘના ફરમાનથી એ સાધુઓનો કશો આદર ન કરે—અરે! ઉપાશ્રયમાં ઉતરવા ન દે, યાવત્ જરૂર પડે ગોચરી પણ ન વહોરાવે. આજની સ્થિતિ એવી છે કે ક્યારેક ક્યાંક નીતિનિયમો ઘડાય છે પણ એનું

પાલન ક્યાં છે? પછી પરિણામોમાં શૂન્ય. આજના સમયમાં દંડ કે ભય વિના પરિણામ જોવા ભાગ્યેજ મળે.

મૂલગુણ અને ઉત્તરગુણના માર્ગથી ઉતરી પડેલા શ્રમણસંઘને પુનઃ મૂલમાર્ગ ઉપર ચઢાવવા માટે જે નીતિનિયમો ઘડાતા તેને **पट्टक**[1] નામ આપવામાં આવતું. આ પટ્ટક શબ્દ જૈનધર્મમાં રૂઢ થયેલો, સાધુસંઘમાં પ્રખ્યાત શબ્દ છે. વહેવારમાં તેના પર્યાયો તરીકે નિયમપત્ર, આજ્ઞાપત્ર, દસ્તાવેજ, આદેશપટ્ટકપત્ર, આચાર સંહિતા, ફરમાન આદિ શબ્દો વાપરી શકાય. ભૂતકાળમાં આવા પટ્ટકો બનાવ્યાનો ઇતિહાસ મળે છે.

અહીં જે પટ્ટક છાપ્યો છે તે તો સાવ જ નાનકડો-થોડીક જ બાબતોનો સમાવેશ કરતો છે. એમ છતાં તે સમયની ડામાડોળ અને અનિયંત્રિત બનેલ પરિસ્થિતિનો પૂરો ખ્યાલ આપી જાય છે.

માનવ હૈયામાં ખોટી સ્વતંત્રતા અને સ્વચ્છંદતાનાં આકર્ષક લાલસાનાં પરિબળો સુષુપ્ત હોય છે. એ બળો, અહંનો સાથ મળતાં ગમે તે નિમિત્ત મળતાં એકાએક બેઠા થઈ જાય છે અને સીધો બળવો પોકારવા સુધીની હદે પહોંચી જાય છે અને તે પછી તેને થાય છે કે હવે મારા સ્વતંત્ર-જીવન જીવવામાં, ન જોઈએ કોઈની રોક ને ન જોઈએ કોઈની ટોક. આ વિચાર જ એ સર્વાંગી પતનને નોંતરવાનો ભયંકર વિચાર છે. સાધુ જીવન જ એવું છે કે તે નિયંત્રિત જ હોય, અંકુશિત જ હોય તો જ સાધુતા ટકે અને પાંગરે. પણ વ્યક્તિના પાપના ઉદયે તેની દયનીય સ્થિતિ બને ત્યારે કાં ગુરુ તેને સંઘાડા બહાર મૂકે, ક્યાં તે સ્વયં સંઘાડાથી જૂદો પડી એકલવિહારીની માણેલી મજા માણતો થઈ જાય. તાત્પર્ય એ કે સર્વકલ્યાણકર ગુરુકુળવાસને તિલાંજલિ આપે છે. સઢ વિનાના વહાણની જેમ બની રહે છે. આવી પરિસ્થિતિથી આત્માઓ બચે એ માટે આ ગ્રન્થમાં પહેલી જ વાત ગ્રન્થકાર ઉપાધ્યાયજીએ ગુરુકૂળવાસની વાત શાસ્ત્રની સાક્ષી સાથે કરી છે.

જૈનસાધુને જો પોતાની સંયમરક્ષા કરવી હોય, પવિત્ર, સુંદર અને સુવ્યવસ્થિત જીવન જીવવું હોય તો તે સમુદાયમાં જ રહેવાથી બની શકે, બધી મર્યાદાઓનું પાલન ત્યાં જ થઈ શકે, એકલા વિચરવાથી સંયમજીવન ખતમ થઈ જવાનો પૂરો ભય ઊભો થવાનો અને પછી પોતાના તારક ગુરુ પ્રત્યે અપ્રીતિ અને વિદ્વેષભાવ જાગતાં તો પછી ગુરુ સામે વિરોધ અને બળવો પોકારી સાન-ભાન ભૂલીને ગુરુના અવર્ણવાદો બોલી તેની હલકાઇ કરે અને કરીને મનમાં મલકાય અને ખૂબ ખુશી મનાવે.

આ દુષ્ટ-મલિન ભાવના આવે જ નહિ અને આવી હોય તો દૂર થાય એટલા માટે ઉપાધ્યાયજીએ પાયાની વાત તરીકે પ્રથમ વાત એ જણાવી કે...

---

૧. પટ્ટક જૈનશ્રમણ સંઘના કામચલાઉ છતાં બંધારણ માટેનો એક પારિભાષિક શબ્દ છે. અનુમાન થાય છે કે આવું મહત્ત્વનું બંધારણ સારી રીતે ટકી રહે એ માટે તે કદાચ કપડાં ઉપર લખવામાં આવતું હોય અને કપડાંનો પર્યાય શબ્દ पट्ट જૈનોમાં, જૈનસાધુઓમાં સુપ્રસિદ્ધ છે. જેમ ચોલપટ્ટો, ઉત્તરપટ્ટો વગેરે. આ પટ્ટ શબ્દને સ્વાર્થમાં कन् અન્વય લગાડીને पट्टक શબ્દ બનાવ્યો છે.

'તારા સદ્દગુરુ એ માત્ર ગુરુ જ નથી પણ તેને તું તીર્થંકર જેવા માનીને ચાલજે એટલે કે તારા માટે તો તે સાક્ષાત્ ભગવાન જ છે.' ગુરુ પ્રત્યે વિનય, આદર અને વિવેકનો ભાવ જ્વલંત ટકી રહે અને ક્યારેક ગુરુ પ્રત્યે અનાદર, અવિનય અને અવિવેકનો ભાવ રખે જાગી ન જાય. તને કદાચ એનો ઉછાળો આવી જાય કે મારામાં અને ગુરુમાં શું ફરક છે? જેવો હું છું તેવા તે છે. એ કંઈ બાપ નથી, મારે ને એને શું સગપણ? એ જુદા ઘરના હું જુદા ઘરનો. એ મોટા છે અને હું નાનો છું એટલે કંઈ એમની આજ્ઞામાં રહેવું જોઈએ એવું થોડું છે? આવો અપ્રીતિ, અરુચિ, તિરસ્કાર, ધૃણા, અનાદરના ઝેરથી હૈયું છવાઈ ન જાય માટે જ ઉપાધ્યાયજી પટ્ટકમાં પહેલી જ વાત કરે છે કે મહાનુભાવ! આવો ભાવ જાગે ત્યારે મારા સામે ગુરુ બેઠા નથી પણ સાક્ષાત્ તીર્થંકર બેઠા છે એમ વિચારજે; જેથી મર્યાદા વટાવી ગયેલા તારા ઉન્માદ, ઉદ્ધતાઈ કે અહંકારનો પારો નોર્મલ થઈને ઊભો રહેશે અને ગુરુ અવજ્ઞા-આશાતનાના મહાપાપથી બચી જઈશ. અને તારા સ્વાર્થ મતલબ ખાતર તારો અહંને પોષનારી પ્રસિદ્ધિ, મહત્ત્વાકાંક્ષાની તીવ્ર ભૂખ વગેરે વગેરે કારણે અથવા અજ્ઞાનભાવે તું તારા ગુરુજીનું અપમાન, અનાદર, ખોટી નિંદા, ટીકા, ટિપ્પણ કરી ગુરુદ્રોહના પાપથી બચી જઈશ અને પાપશ્રમણના બિરુદથી અને બંધાતા પાપકર્મથી ઉગરી જઈશ.

તે ઉપરાંત આ પટ્ટકમાં મેલાં ગંદા લૂગડાં પહેરવા માત્રથી જેઓ પોતે ઊંચા છે એવો અહં રાખનારા, પોષનારા આત્માઓને ઉદ્દેશીને પણ સ્પષ્ટ ટકોરી કરી છે કે મેલાં લૂગડાં પહેરે અને જો તે બીજો આચાર ન પાળે તો તે ક્રિયાવાન નથી... વગેરે

આ પ્રમાણે પટ્ટકની પ્રસ્તાવના પ્રસંગે સદ્ભાવ, સરળ ભાવથી શાસનના હિતાર્થે મારા વિચારો થોડાક કડક વ્યક્ત કર્યા છે.

પટ્ટકની ભાષા સમજાય તેવી છે, તેથી અને આના ઉપર હજુ ઘણું લખી શકાય છતાં વિસ્તાર ન કરતાં સહુને આ કૃતિ જોઈ જવા અનુરોધ કરું છું.

સમયે સમયે શ્રમણ સંઘના હાલક ડોલક થઈ જતા રથને મજબૂત બનાવવા જાગ્રત જૈન શ્રી સંઘે હિંમતથી ઉપેક્ષા છોડી શ્રેષ્ઠ પ્રયત્નો કર્યા હતા, તે પ્રયત્નો આજે કરવાની તાતી નહિ, અતિ તાતી જરૂર છે. જેથી શ્રમણ સંઘનું નાવ દૂષણો–પ્રદૂષણોના ખડક સાથે અથડાઈ ન જાય! સહુ જ્ઞાની, વિદ્વાનો, ચિંતકો, શાસનપ્રેમીઓ જરૂર વિચારે અને સક્રિય બને.

–યશોદેવસૂરિ

સં. ૨૦૩૭ પાલિતાણા

## ३. अढारसहसआदि शीलांगादि रथ કૃતિનો સામાન્ય પરિચય

શીલ એટલે આચાર, શુદ્ધાચાર પાલનથી જ વ્યક્તિ મહાન અને પવિત્ર બને છે. વિવિધ રીતે વિવિધ પ્રકારના ભાંગે ગણિતની સાથે ગણતરી કરતાં શીલના ૧૮ હજાર પ્રકારો થઈ શકે છે. અને ગણતરી કરવા માટે કાગળ ઉપર જે રીતે ગણતરી કરવી અનુકૂળ રહે તે રીતે કાગળ ઉપર ખાનાંઓ દર્શાવી ગણતરીનું ચિત્ર આલેખીએ તો જાણે રથ જેવી આકૃતિ બની ન હોય

તેવું ભાસે એટલે ૧૮ હજારની ગણતરીવાળી આ કોષ્ટક રચનાને रथ ની ઉપમાં આપી. અને તેથી આ નાનકડી કૃતિનું નામ अढारसहस्रशीलांगरथ પાડ્યું છે. આની ગણતરી આ પ્રમાણે છે.

યોગ, કરણ, સંજ્ઞા, ઈન્દ્રિય પૃથ્વીકાયાદિ દસ, તેમજ શ્રમણધર્મ, સાધુધર્મ આટલી વસ્તુઓનો પરસ્પર હિસાબ કરીએ તો શીલના ૧૮ હજાર અંગોની સિદ્ધિ થાય છે.

યતિધર્મ દસ પ્રકારનો છે. ક્ષમા, માર્દવ, (કોમલતા) આર્જવ, (સરલતા) મુક્તિ (નિર્લોભતા) તપ, સંયમ, સત્ય, શૌચ, અકિંચન અને બ્રહ્મચર્ય. મુનિ આ દશ પ્રકારના ગુણોથી યુકત હોય, આવા મુનિએ પૃથ્વીકાયાદિ દશ પ્રકારના આરંભનો ત્યાગ કરવાનો હોય છે એટલે ૧૦ યતિધર્મની સાથે મુનિઓ પૃથ્વી આદિ ચાર કષાયનો તેમજ બેઈન્દ્રિયથી લઈ પંચેન્દ્રિય સુધીના સમારંભો અને અજીવ સમારંભનો ત્યાગ કરવાનો છે તેથી તે દરેક ગુણ દશ-દશ પ્રકારના થતાં શીલનાં અંગો ૧૦૦ થાય.

યતિધર્મ સહિતની યતના-જયણા પાંચ ઈન્દ્રિયોના જીતવાપૂર્વક કરવાની છે તેથી સોના પાંચ પાંચ પ્રકારો થતાં ૧૦૦×૫=૫૦૦ની સંખ્યા થઈ.

એ ઈન્દ્રિયજન્ય આહારાદિ ચાર સંજ્ઞાથી રહિત હોવો જોઈએ એટલે ૫૦૦×૪=૨૦૦૦, વળી તે મન, વચન અને કાયાથી ન કરવારૂપ, ન કરાવવારૂપ. અને ન અનુમોદનરૂપ હોવાથી, ૫૦૦×૪ સંજ્ઞા×૩ કરણ×૩ યોગ=૧૮ હજાર ભેદ શીલાંગના થાય. આ ભાંગા બતાવવાનો મૂળ મુદ્દો જૈન સાધુએ યથાર્થ રીતે ૧૮ હજાર પ્રકારે શીલધર્મની આરાધના કરવા પૂર્વક જીવન જીવવાનું હોય છે તેનો તેને ખ્યાલ આપવાનો છે.

શીલાંગ ઉપરાંત બીજા ૧૭ પ્રકારના રથો ૧૮ હજારના ભેદો બતાવવા દ્વારા શાસ્ત્રમાં બતાવ્યા છે. એ અઢારે પ્રકારના રથોનો પરિચય ઉપાધ્યાયજીની આ કૃતિમાં આપ્યો છે.

આ કૃતિના પ્રારંભમાં મંગલાચરણ જ નથી. ऎँ नमः પણ નથી અને પ્રશસ્તિ પણ નથી; પણ પ્રતિના અંતમાં મહોપાધ્યાય यशोविजय गणि विरचितायाः આટલી પંક્તિ હતી. આ રીતનું નામ બીજા કોઈ સાધુનું જાણવા મળ્યું નથી. એટલે આ કૃતિ ઉપાધ્યાયજીની જ છે એવું પ્રાથમિક પ્રમાણ ન હોવા છતાં આ એક જ પંક્તિના કારણે અમોએ છાપી છે. સત્ય જે હોય તે ખરું! પ્રત્યન્તર મળેલ નથી, એટલે યથાર્થ નિર્ણય કરી શકાયો નથી.

૧૮ હજાર શીલાંગ રથોની રંગીન રથોનાં ચિત્રો સાથેની પુસ્તિકા વરસો અગાઉ બહાર પડેલી છે.

—યશોદેવસૂરિ

પાલિતાણા, ૨૦૩૮

## ૪. कूपदृष्टांतविशदीकरण ગ્રન્થકૃતિનું ઊડતું અલ્પાવલોકન

જૈનધર્મ એ અહિંસામૂલક ધર્મ છે, એટલે કે જેના પાયામાં જ અહિંસા છે, જેના કેન્દ્રમાં જ અહિંસા બેઠી છે, જૈનધર્મના આચાર, વિચાર ક્રિયાકાણ્ડનાં તમામ ક્ષેત્રો સૂક્ષ્મ કે સ્થૂલ રૂપે અહિંસા વિચાર-આચારથી છવાઈ ગયેલાં છે.

હિંસા અધર્મ છે, જ્યારે અહિંસા ધર્મ છે. જ્યાં ધર્મ છે ત્યાં કલ્યાણ છે. અને જ્યાં અધર્મ છે ત્યાં અકલ્યાણ છે. જ્યાં ધર્મ છે ત્યાં પ્રકાશ, સુખ, શાંતિ અને આનંદ છે અને જ્યાં અધર્મ છે ત્યાં અંધકાર, અશાંતિ, દુઃખ અને શોક છે.

જૈનધર્મની ધાર્મિક કોઈ પણ પ્રવૃત્તિમાં સાચી રીતે હિંસાનું સીધું કે આડકતરી રીતે, સૂક્ષ્મપણે કે સ્થૂલપણે સ્થાન હોય તો તે પ્રવૃત્તિ કોઈ પણ જૈનથી કરી શકાય નહિ. આ પ્રાથમિક મૂળભૂત બાબત છે, અર્થાત્ આ જૈનધર્મનો તીર્થંકર સર્વજ્ઞોએ બતાવેલો સર્વસામાન્ય સિદ્ધાન્ત છે, રાજમાર્ગ છે, એટલે એને લક્ષ્યમાં રાખી શિષ્ય પ્રશ્ન કરે છે—

પ્રશ્ન :—જ્યાં જ્યાં હિંસા ત્યાં ત્યાં અધર્મ છે તો પછી (સાધુ-સાધ્વીજીની વાત જુદી છે) ગૃહસ્થો તો પૂજા કરવા માટે સ્નાન કરે, પ્રતિમાજીને જલાભિષેક કરે, ત્યારે સચિત્ત–સજીવ જીવવાળા કાચા પાણીનો જ ઉપયોગ કરવો પડે છે, પુષ્પો ચઢાવે તે પણ સજીવ હોય, અગ્નિ પેટાવે તે પણ સજીવ હોય, આ રીતે તેમાં જીવોનો જન્મ આપવાનું અને અગ્નિ બુઝાઈ જતાં તેનું મોત નિપજાવવાનું કાર્ય થાય જ છે. તો અપ્કાય–જલકાય અને અગ્નિમાં અગ્નિકાયરૂપ શરીરો રહેલાં જ છે. તેથી ભલે અહીં બાદર એકેન્દ્રિય જીવોની હિંસા થતી હોય અને તે ધર્મ નિમિત્તે હોય તો ત્યાં કરાતા દ્રવ્યસ્તવમાં એટલે પ્રભુપૂજામાં હિંસાનું પાપ લાગવાનું જ. તો પછી તે દ્રવ્યસ્તવ એટલે પૂજાદિ કાર્યો કેમ કરી શકાય? અર્થાત્ જૈમધર્મે આનો નિષેધ કરવો જ જોઈએ. આ શિષ્યનો પ્રશ્ન છે.

ઉત્તર :—આનો ઉત્તર એટલે તેઓશ્રી આ ગ્રન્થમાં શાસ્ત્રની દૃષ્ટિ–સાક્ષીએ અને તર્ક-દલીલો દ્વારા આપે છે અને સાબિત કરી આપે છે કે પૂજા માટે સ્નાનાદિકથી લઈને કરવામાં આવતો દ્રવ્યસ્તવ (ભલે તેમાં હિંસા સૂક્ષ્મ સ્વરૂપે દેખાતી હોય તો પણ) પોતાને અને પરને અનુમોદન કરવા દ્વારા સ્વપર ઉભયને પુણ્યનું કારણ બને છે. અને જ્યાં પુણ્ય છે ત્યાં ધર્મ છે જ. એક બાજુ તમો હિંસા ત્યાં પાપ-અધર્મ બતાવો અને બીજી બાજુ ધર્મ નિમિત્તે થતી હિંસાને અહિંસામાં ખપાવી તેને ધર્મ-પુણ્ય બતાવો, વદતોવ્યાઘાત જેવી આ વાત કેમ ગળે ઉતરે? ત્યારે વસ્તુની સાબિતી માટે હંમેશા દૃષ્ટાંત-દાખલો બહુ જ અસરકારક ભાગ ભજવે છે. વળી તેથી તર્ક પૂરો સાબિત થઈ શકે છે એટલે અહીંયા પણ ગ્રંથકાર પ્રસ્તુત વાતના સમર્થનમાં **कूप खनन**નું એક સુપ્રસિદ્ધ ઉદાહરણ ટાંકે છે. આ દૃષ્ટાંતનો ઉપયોગ સહુ ધર્મના નેતા કરતા હોય છે. 'લાભાલાભ' શબ્દ આ જ પ્રશ્નની પેદાશ કહીએ તો ચાલે. એની સાથે આડકતરી રીતે હિંસા–અહિંસાની વાત સંકળાયેલી છે. ઉપાધ્યાયજીએ આ દૃષ્ટાંતનું વિશદીકરણ કર્યું એટલે વિવિધ તર્ક દ્વારા સારી રીતે આ વાત સમજાવી.

આ દૃષ્ટાંત આપણને એમ સમજાવે છે કે જેમ કૂવો ખોદતાં પૃથ્વી, જલ કે અગ્નિકાયાદિ એકેન્દ્રિયાદિ જીવોની હિંસા તો થશે જ, પણ જ્યારે પાણી નીકળશે ત્યારે મધુર જલ દ્વારા સ્વ-પર સહુની તૃષા છીપાશે, સહુની શાંતિ-પરિતૃપ્તિ થશે. એ વખતે કૂવો ખોદાવનારને પુણ્યબંધ થશે અને જ્યાં પુણ્ય ત્યાં ધર્મ છે જ. અને આ વાત ભારતવર્ષમાં (૧૪૪૪) ગ્રન્થના સર્વોત્કૃષ્ટ સર્જક, મહાન આચાર્ય પૂજ્યપાદ શ્રીહરિભદ્રસૂરિજી વિરચિત ૫૦ શ્લોકવાળા સાતમા પૂજા

पञ्चाशक નામના પ્રકરણની દશમી ગાથામાં અને તેના મહાન ટીકાકાર શ્રી અભયદેવસૂરિજી મહારાજે તેની ટીકામાં પણ અલ્પદોષ બતાવી કૂવાનું ઉદાહરણ આપી વિશેષ લાભ બતાવ્યો છે. જેમકે કૂવો ખોદવામાં શરીર કાદવથી ખરડાશે, કપડાં મેલાં થશે, ક્ષુધા-તૃષા શ્રમ થશે, પણ કૂવો ખોદાયા પછી પાણી નીકળતાં સ્વ-પરને લાભ થવાનો છે. જેમ કૂવો ખોદવામાં પ્રારંભમાં નુકશાન હોવા છતાં પરિણામે લાભ હોવાથી કૂવો ખોદવાની પ્રવૃત્તિ આખરે તો જીવોના લાભ-હિતમાં પરિણમે છે. તેમ જિનપૂજામાં હિંસા થવા છતાં પૂજાથી થતા શુભ ભાવોથી પરિણામે આત્માને લાભ જ થાય છે.

પ્રશ્ન :--પૂ. અભયદેવસૂરિજી મહારાજે અલ્પદોષ બતાવ્યો છે તો તેવી પૂજા સંપૂર્ણ પુણ્યબંધનું કારણ કેમ બને? તો પૂ. અભયદેવસૂરિ મહારાજે જે અલ્પદોષ બતાવ્યો છે તે પણ જયણા (એટલે કે અહિંસાના પ્રગટ પરિણામ વિનાની પ્રવૃત્તિ) નું પાલન ન કરે તો લાગે છે. પણ જો જયણા વગેરે વિધિપૂર્વક સ્નાન-પૂજાદિ કરે તો અલ્પદોષ પણ લાગતો નથી. એ દ્રવ્યસ્તવ એકાન્તે ધર્મરૂપ જ બને છે. તે નિષ્પાપ અને પુણ્યબંધનું કારણ બને છે.

પૂ. અભયદેવસૂરિ મહારાજે જે कथञ्चिद् શબ્દ દ્વારા અલ્પદોષ બતાવ્યો છે. પણ આ શબ્દ યતનાપૂર્વકની પૂજામાં સર્વથા દોષ થતો નથી તેમ સૂચિત કરે છે. ગ્રન્થ રચનાના પ્રારંભમાં કરેલી પ્રતિજ્ઞાના સમર્થનમાં પૂજા પંચાશકની ગાથા ૪૨માં આપેલા कथञ्चित् વચનની અન્યથા અનુપપત્તિ કરી છે. ત્યાં લખે છે કે [1]कथञ्चित् केनचित् यतना विशेषेण प्रवर्तमानस्य सर्वथापि न भवती त्यपि दर्शनार्थं कथंचित् ग्रहणम् તાત્પર્ય એ કે કૂવાના ઉદાહરણથી જિનપૂજા ગૃહસ્થો માટે નિર્દોષ છે. પૂજા એ ગૃહસ્થોને અસદ્ આરંભથી નિવૃત્તિ આપે છે. તેનાથી ભાવની વિશુદ્ધિ થાય છે. પરિણામે ચારિત્રધર્મની પ્રાપ્તિ પણ થાય છે ત્યારે તે સંપૂર્ણ જીવહિંસાથી નિવૃત્ત થાય છે–બને છે. માટે વિધિ અને ભાવની શુદ્ધિપૂર્વક કરેલી પૂજા આલોક-પરલોકના હિતાર્થે થાય છે. શુભ અધ્યવસાયોની વિશુદ્ધિ થતાં ઈષ્ટની સિદ્ધિ પણ થાય છે. માટે મૂઢતા છોડીને શાસ્ત્રીય બાબતો વિવેકપૂર્વક, સાપેક્ષભાવે લાભાલાભનો વિચાર કરી ગ્રહણ કરવા જેવી હોય છે. બુદ્ધિ વિવેક ન દાખવે તો તેને હિંસા જ દેખાવાની અને પૂજાનો વિરોધ જ કરવાનો. પણ વિરોધની ખાતર વિરોધ કરવાની રસમ છોડીને, વિરોધી જડ વલણ તજીને, જૈનધર્મની અનેકાન્તિક ધર્મપ્રરૂપણાની પદ્ધતિને ધ્યાનમાં લેશે તો ક્રિયા એ કર્મ ખરું, પણ બંધ પરિણામ પર હોય છે. એ જોતાં પૂર્વગ્રન્થિઓ-પૂર્વગ્રહો છોડીને બાપદાદાના કૂવામાં ડૂબી નથી જવું એવો ખ્યાલ રાખશે. તેમજ ઉપાધ્યાયજી મહારાજની સમજાવટ, કૂપખનનનું તેમજ દુર્ગતિનારી આદિનાં દૃષ્ટાંતો વિચારશે તો વિરોધી વલણ ટાળ્યા વિના નહીં રહે. અહીં ચર્ચાનો ઈશારો જ બસ છે.

## પ્રતિ પરિચય

સદ્ભાગ્યે છ પાનાંની પૂરી પ્રતિ મલી આવી, જેથી પ્રથમ બહાર પડેલી મુદ્રિત પ્રતિમાં પૃષ્ઠ છમાં જે પાઠ છૂટી ગયો હતો તે પાઠ ઉમેરીને પ્રતિ પૂર્ણ કરાવી લીધી અને તે જ અહીંયા

---

૧. कायवहो जति वि होइउ कहिंचि પૂજા પંચાશક ગાથા ૪૨.

છાપી છે. આ પ્રતિની પ્રેસકોપી મેં સં. ૨૦૧૧માં કરાવી હતી.

આ કૃતિ સ્વોપજ્ઞ છે એટલે મૂલકાર અને ટીકાકાર બંને પોતે જ છે. એક જ કર્તા હોવા છતાં તેમને આ કૃતિનાં બે નામ ઈષ્ટ હતાં એટલે ટીકાના મંગલાચરણમાં **तत्त्वविवेक** નામ દર્શાવ્યું છે. જ્યારે મૂલગ્રન્થની આદ્ય ગાથામાં **कूप दृष्टान्त विशदीकरणनाम** દર્શાવ્યું છે. એટલે એમના ગ્રન્થોની સૂચિમાં બંને નામોનો ઉપયોગ થયો છે પણ હું મૂલગાથાગત આપેલાં નામને પ્રાધાન્ય આપી આ ગ્રન્થનું સહુએ **कूपदृष्टान्त विशदीकरण** નામ રાખ્યું છે એટલે પણ તે જ નામ માન્ય રાખું છું.

પાલિતાણા ૨૦૩૮ —*યશોદેવસૂરિ*

## ૫. કાયસ્થિતિ સ્તવનનું ઊડતું અવલોકન

પૂ. ઉપાધ્યાયજી મહારાજશ્રીએ સત્તરમા અઢારમા સૈકામાં પાંચ ઢાળ અને વિવિધ છંદોમાં બનાવેલ ૬૭ પદ્યો દ્વારા જૂની ગુજરાતી ભાષામાં રચેલી આ કૃતિ છે. અને આ પાંચગ્રન્થી ગ્રન્થના અન્તમાં યશોભારતી પ્રકાશનના આઠમાં પુષ્પરૂપે પ્રકાશિત કરી છે. નવ ગ્રન્થપુષ્પોમાં ગ્રન્થભંડારોમાંથી શોધી કાઢવામાં આવેલી તમામ કૃતિઓ પ્રસિદ્ધિના પ્રકાશને પામે છે અને મારી વર્તમાનની મોટી જવાબદારી પૂર્ણ કરતાં અનહદ સંતોષ થાય છે.

### કાયસ્થિતિ એટલે શું?

કાયસ્થિતિ એ ટૂંકું નામ છે પણ એને વધુ સમજવા માટે આગળ 'સ્વ' મૂકીને **स्वकाय स्थिति** આવું પૂરું નામ સમજી લેવું. હવે જૈનધર્મના પ્રકરણ કે તત્ત્વજ્ઞાનની વૈજ્ઞાનિક પરિભાષામાં તેનો શું અર્થ થાય છે તે જોઈએ.

**स्व** એટલે પોતાની, **काय** એટલે કાયા, અને તેની સ્થિતિ એટલે તેનો કાળ. આટલો શબ્દાર્થ કરી તેનો સળંગ અર્થ સમજીએ તો જીવ-આત્મા પોતાની એકની એક જાતિની વિવક્ષિત કાયામાં–દેહમાં (એને એ જ કાયા દ્વારા) અવિરહપણે ઉત્પન્ન થવા વડે અને મૃત્યુ પામવા વડે કરીને પસાર થતો જીવનો કાળ તેને 'સ્વકાય સ્થિતિ' કહેવાય છે.

૮૪ લાખ જીવાયોનિમાં એક ઈન્દ્રિયવાળા જીવોથી માંડીને પંચેન્દ્રિય સુધીના (૨૪ દંડકના) જીવો પરત્વેનો કાયસ્થિતિ એટલે પસાર થનારો કાળ કે ભાવો કેટલા હોય છે તે. આ વાત ત્રિકાળજ્ઞાની ભગવંતોએ અનંત જીવાયોનિઓનું જ્ઞાનથી પ્રત્યક્ષ દર્શન કરીને જાણી હતી. તે વાત શાસ્ત્રમાં ગૂંથાણી અને તેનો લાભ સર્વ સામાન્ય જીવોને મળે તે હેતુથી ઉપાધ્યાયજીએ પદ્ય–કવિતા દ્વારા ત્યાગ, વૈરાગ્ય અને જીવનના વિકાસ ક્રમના તાણાવાણા સાથે જણાવી છે.

કાયસ્થિતિ આગળ **स्व** ન સમજીએ તો એકલા એ શબ્દનો અર્થ કોઈપણ જીવના શરીરના માપ અંગેનું સ્તવન છે એવું કોઈ સમજી ન જાય માટે **स्व** શબ્દ લગાડવો.

પ્રશ્ન :—કોઈ પ્રશ્ન કરે કે શું મનુષ્ય મરીને મનુષ્ય જ થાય ખરો? (સાપેક્ષભાવે કહીએ)

તો થાય પણ ખરો. જો થાય તો પછી ઉપરાઉપરી કેટલીવાર થાય? અને સતત મનુષ્યનો ભવ-જન્મ કેટલીવાર મળે, તે વાત માત્ર મનુષ્યને આશ્રીને જ નહિ; જીવની તમામ ભેદ-પ્રભેદોને આશ્રીને અહીં જણાવી છે.

અજૈન શાસ્ત્રની એક માન્યતા એવી પણ ચાલી આવી છે કે મનુષ્ય મરીને સદાકાળ મનુષ્ય જ થાય. પશુ મરીને ફરી પશુ જ બને અર્થાત્ ત્રણેય કાળમાં મનુષ્ય મનુષ્ય જ બની રહે અને પશુ પશુ બની રહે. આવી ઈતરોની માન્યતા નિતાન્ત ખોટી છે. 'સદાકાળ' શબ્દ અને 'જ કાર' શબ્દ દૂર કરીને પછી અર્થ સ્વીકાર કરવાનો છે. આ પ્રશ્ન અનેકાન્ત દૃષ્ટિથી હલ કરવો એટલે કે મનુષ્ય મરીને મનુષ્ય, તિર્યંચ મરીને તિર્યંચ પણ થઈ શકે, પણ 'થાય જ' એવો નિયમ નહિ, જીવની જેવી જેવી શુભાશુભ કરણી હોય તદનુસારે તે તે ગતિનું અને તે તે કર્મનું નિર્માણ થાય. સારું જીવન, સારી કરણી કરે તો અતિ વિકસિત જન્મમાં વિકસિત દશા પ્રાપ્ત કરે. ખરાબ જીવન ખરાબ કૃત્યો કરે તે અતિ અવિકસિત જન્મમાં જન્મીને અવિકસિત આત્માની—મૂઢ અતિ જડ જેવી અવસ્થાવાળી યોનિઓમાં જન્મ લીધા કરે છે.

આ સ્તવનમાં તમામ જીવોની કાયસ્થિતિનું વર્ણન કરીને ચારેય ગતિમાં કેવાં કેવાં કષ્ટો, દુઃખો અને ઉપાધિઓ છે તેનું સુંદર વર્ણન કરી, મનુષ્ય જન્મની મહત્તા જણાવી આ સંસારની રખડપટ્ટીનો અન્ત લાવવા એકીલો જીવ અસમર્થ હોવાથી કર્તાએ પ્રભુને શરણે જઈ પ્રભુ પ્રત્યેનો સમર્પણભાવ વ્યક્ત કરી પ્રભુકૃપા યાચી છે.

અહીંયા એક વાતનું ગણિત ખાસ સમજવા જેવું એ છે કે તદન અવિકસિત દશાના, તદન નીચી કક્ષાના જીવોની કાયસ્થિતિ સહુથી વધુ અને તેથી વિકસિત થતાં જન્મોની તેથી ઓછી અને સહુથી વિકસિત મનુષ્યની સહુથી ઓછી છે. કાળની દૃષ્ટિએ જોઈએ તો નીચી કક્ષાના જીવો માટે અનન્ત ઉત્સર્પિણી અને અવસર્પિણી શબ્દ વાપર્યો, જ્યારે તેથી ઉપરના માટે અસંખ્ય શબ્દ આપ્યો અને મનુષ્યાદિ માટે વરસો શબ્દ ન વાપરતાં ભવ શબ્દ વાપર્યો. તેથી અલ્પ માટે સાતથી આઠ ભવ કહ્યાં.

આ રીતે કાયસ્થિતિ સ્તવનમાં શું આવે છે તેની ઝાંખી કરાવી. આપણે પણ પ્રભુને પ્રાર્થીએ કે અમારી કાયસ્થિતિનો સદાને માટે અન્ત આવે અને નિર્વાણમાર્ગની સાધના દ્વારા વિદેહી બની શાશ્વત સુખ–મોક્ષના અધિકારી બનાવે!

આ કૃતિ અમદાવાદના એક ભાવિક શ્રાવકે લખાવી છે.

પાલિતાણા. ૨૦૩૮ યશોદેવસૂરિ

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# જ્યોતિષ અને જવેરાતની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૦ ઇ.સન્ ૧૯૮૪

૪૭

## મારે કંઈક કહેવાનું છે!

સાહિત્યવિશારદ આચાર્ય શ્રી યશોદેવસૂરિજી–પાલીતાણા

"જ્યોતિષ અને જવેરાત" આ પુસ્તક અંગે :—

જૈન તત્ત્વજ્ઞાનમાં શ્રદ્ધા ધરાવનાર માટે એક વાત પ્રારંભમાં જ કહી દઉં કે જૈન તીર્થંકર ભગવાન પ્રરૂપિત જૈન ધર્મ, જૈનશાસ્ત્ર કે જૈન તત્ત્વજ્ઞાન, જગતના કર્તા તરીકે ઈશ્વરને સ્વીકારતું નથી અને તેથી તે જગતની ચીજો તમામ ઈશ્વરે બનાવી છે, એ વાતને, તેમજ સુખદુ:ખના કર્તા તરીકે કે બનતી સારી–નરસી ઘટના માટે ઈશ્વરને જવાબદાર ગણવાની ખૂબ જ ઉંડી વ્યાપક બનેલી વાત પાયા વિનાની છે એમ કહે છે. જગત તો સ્વાભાવિક રીતે સર્જન અને વિસર્જનની ક્રિયા સાથે ચાલુ છે અને ચાલશે.

જૈનો જગતના કર્તા તરીકે એટલે બનાવનાર તરીકે ઈશ્વરને માનતા નથી એટલા ખાતર જેનેતર વિદ્વાનો જૈનો ઈશ્વરને માનતા નથી એવો આક્ષેપ કરે છે અને જૈનોને અનીશ્વરવાદી કહે છે પણ આ વાત સર્વથા ખોટી છે. જૈનો ઈશ્વરને તીર્થંકરોને પુરેપુરી રીતે માને છે. એના વંદન, પૂજન ઉપાસના કરે છે. એના પુરાવા માટે બીજા પુરાવા બાજુએ રાખીએ પણ આ દેશના ન્હાના મોટા પહાડો ઉપર રહેલ જૈનમંદિરો સહુ જોઈ લો. આ મંદિરો જૈનો ઈશ્વરવાદી (ઈશ્વર કર્તૃક નહિ) છે એનો જગજાહેર પુરાવો છે.

આવો ખુલાસો કરીને આ પુસ્તક વિષે કે એના વિષય અંગે કંઈક કહેવા માગુ છું. આમ તો આ પુસ્તક ધાર્મિક નથી, આધ્યાત્મિક નથી, એટલે આ પુસ્તક અંગે હું શું લખી શકું! મારા વિચાર કાર્યક્ષેત્રથી આ વિષય દૂર છે, પણ હસ્તરેખા વિજ્ઞાનના નિષ્ણાત ભાવિક ભક્તજન, ભાઈશ્રી હસનઅલીજી એ મારા વરસોથી પ્રીતિપાત્ર વ્યકિત

છે. જૈન સાધુઓ પ્રત્યે ખૂબ સદ્‌ભાવ ધરાવે છે, એમનો ત્રણ ત્રણ વરસ થયા આગ્રહ છે અને હવે થાકીને લખે છે કે મને કંઈ નહિં તો છેવટે ચાર લીટી પણ જે રીતે લખી શકો તે રીતે લખી આપો. પણ સખેદ લખું છું કે એક યા બીજા કારણે હું એ કાર્ય હાથ પર લઈ શક્યો નહિ. હાલમાં તેમના તરફથી પુનઃ કંઈક લખી આપવા પ્રબળ ઉઘરાણી આવી, એટલે મારા મનને તૈયાર કરવું પડ્યું. મારા કાર્યનો રીતસર ન્યાય આપવા માટે મને જ જ્યારે સમય મળી શકતો ન હોય ત્યારે, બીજાના કાર્ય માટે કઇ રીતે ઉદાર બની શકું? છતાં ત્રણ ત્રણ વરસથી જેની પ્રેસ કોપી મારી પાસે પડી રહી, જેમણે અખૂટ ધીરજ રાખી, ત્યારે થયું કે મારે યથોચિત કંઈક લખી આપવું જ જોઈએ. યદ્યપિ રત્નો અને તેની સાથે સંબંધ ધરાવતી અનેક બાબતોનો પરિચય તો આ પુસ્તકમાં આપ્યો છે એટલે એ વિષય ઉપર વિશેષ પુનરાવૃત્તિ નહિ કરૂં. કંઈક પૂર્તિરૂપ બને એવી છુટી છવાઈ નોંધો રજૂ કરૂં છું.

*  *  *

રત્નોના ઈતિહાસ માટે લેખકે વૈદિક કાળને યાદ કર્યો છે, પણ એ તો બહુ જ ટૂંકો ગાળો છે. ઋગ્વેદના કાળથી ભૂતકાળમાં અબજોના અબજો વરસ ચાલ્યા જઈએ ત્યારે, આ કાળની દૃષ્ટિએ જેને આદિકાળ કહી શકીએ, ત્યારે આ દેશના પ્રથમ ચક્રવર્તી ભરત મહારાજાએ ઉત્તર ભારતમાં આવેલા અષ્ટાપદ પર્વત ઉપર ભાવિમાં થનારા ૨૪ તીર્થંકરોના દેહમાન પ્રમાણ ૨૪ મૂર્તિઓ ( જિન મંદિર બંધાવી) રત્નની બનાવીને સ્થાપિત કરી હતી. આ મૂર્તિઓ સાત હાથથી લઈને બે હજાર હાથ જેવડી ગંજાવર કાયા પ્રમાણ હતી. એ કાળમાં માણસો બે હજાર હાથ જેવડી કાયા માનવાળા પણ થયા હતા. જો કે આજે આપણી સીમિત બુદ્ધિની દૃષ્ટિએ જોઈએ તો આ વાત ગળે ન ઉતરે!

જૈન ધર્મમાં સિદ્ધચક્ર નામનું (માન્ત્રિક ક્ષેત્રનો) સુવિખ્યાત યન્ત્ર છે. આ યન્ત્રના કેન્દ્રમાં અરિહંત અને ચાર દિશામાં ચાર–સિદ્ધ, આચાર્ય ઉપાધ્યાય અને સાધુ એ પાંચે વ્યકિતઓનાં નમસ્કાર કરવા પૂર્વકનાં નામો જેને પાંચ પરમેષ્ઠીઓ તરીકે ઓળખાવાય છે. ચારે દિશાનાં ચાર પરમેષ્ઠીના વચગાળે દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ આ ચાર બીજાં આરાધ્ય નામો મૂકાય છે. એમ આ યન્ત્રમાં નવપદો (સ્થાનો) હોવાથી સિદ્ધચક્ર યન્ત્રનું બીજું નામ આ નવપદ યન્ત્ર પણ છે. આ સિદ્ધયન્ત્ર ગણાય છે. આ યંત્રનું પૂજન અસંખ્ય યુગોથી થતું આવ્યું છે. આ પૂજનમાં નવે પદોનું રત્નોથી પૂજન કરવાનું કહ્યું છે. ત્યાં રત્નોનાં નામો નોંધ્યા છે એટલે પૃથ્વી પર રત્નનું અસ્તિત્વ અસંખ્ય યુગો પહેલા પણ હતું.

આ રત્નોમાં હીરા, માણેક, પન્ના, નીલમ, મોતી વગેરે નામો જણાવ્યાં છે. દેવલોકની દૃષ્ટિએ વિચારીએ તો સ્વર્ગલોક અને પાતાલલોકનાં વિમાનો વિવિધ પ્રકારનાં રત્નોનાં જ બનેલાં હોય છે. વિમાનનું રાચરચીલું બધું રત્નમય હોય છે.

જ્યોતિષચન્દ્રની દૃષ્ટિએ વિચારીએ તો સૂર્ય–ચન્દ્રાદિ ગ્રહો અનાદિ અનંતકાળ પર્યંતના છે. આ બધા ગ્રહોની પ્રતિકૂળતાને અનુકૂળતામાં ફેરવવા માટે નવગ્રહોનું પૂજન બતાવ્યું છે. એમાં

તે તે ગ્રહોને લગતાં રત્નો મૂકવાની–પહેરવાની માન્યતા યુગો જૂની છે. રત્નો મુખ્યત્વે ખાણો અને સમુદ્રોમાંથી પ્રાપ્ત થાય છે. એથી બન્ને રત્નાકર (રત્નોની ખાણ) તરીકે ઓળખાય છે અને સમુદ્રો અસંખ્ય વર્ષો પ્રાચીન છે. ચક્રવર્તીના ચૌદ રત્નો, ગ્રહોના નવરત્નો, વિવિધ આ અને આવા બીજા અનેક દાખલાઓથી રત્નોનું અસ્તિત્વ અનાદિ અનંતકાળ પર્યંતનું છે. શાસ્ત્રો અને સાહિત્ય ઠેર ઠેર રત્નોની વિવિધ વાતોથી અલંકૃત છે. કોઈ કોઈ વખતે તેની ઉપલબ્ધિમાં ન્યૂનાધિકતા થાય તે જુદી વાત છે.

આ પ્રમાણે રત્નોની પ્રાચીનતા અંગે થોડી ઝાંખી કરી.

*　　　　*　　　　*

આ રત્નો આકાર કે વજનમાં ખૂબ નાના છતાં મૂલ્ય એનું ઘણું હોવાથી સુલભતાથી સંગ્રાહ્ય હોવાથી તેનું આકર્ષણ હંમેશા રહ્યું છે. રત્નો દુર્લભ અને અલ્પ સંખ્યક હોવાથી તે ઘણા કિંમતી અને ઉપયોગી ગણાય છે. આ રત્નનો ઉપયોગ દાગીનાના રૂપમાં, શોભાના રૂપમાં, સુખ શાંતિની પ્રાપ્તિ માટે તેમજ દવાના રૂપમાં, તેમજ અનેક ઔદ્યોગિક પદાર્થોમાં ખૂબ થઈ રહ્યો છે.

રત્નોની જાતિ, તેના પ્રકારો, તેના ગુણધર્મો, તેનું વિજ્ઞાન, તેનો ઔષધીય વ્યાપક ઉપયોગ, આશ્ચર્યજનક રંગવૈવિધ્ય, રત્નો આખરે જે (મોતીને છોડીને) પથ્થરો કે પથ્થર જેવા નંગો જ છે. છતાં તેમાં પણ જાતજાતની ખાસીયતો અને ચમત્કારો જોવા મળે છે. જેમકે એવા હીરા આવે છે કે જે ઝેરી પરમાણુઓથી જ સભર હોય છે, જેને ચુસવાથી માણસનું મૃત્યુ થઈ શકે છે. બીજી બાજુ એમાં એવું પણ છે કે ધારણ કરનારનો ઉત્કર્ષ પણ થાય છે. પારસમણિ રત્નનો ચમત્કાર જુઓ, લોઢા ઉપર ફરે કે લોઢું સોનું બની જાય.

આ રત્નોમાં કેટલાક રત્નો સ્વર્ગના ચમત્કારિક શક્તિઓ ધારક દેવોથી રક્ષાયેલા રત્નો પણ છે. એક એક રત્નની સંભાળ બબે હજાર દેવો કરતા હોય છે. અને ચક્રવર્તીને સર્વત્ર વિજય અપાવવામાં, ઠેર ઠેર યન્ત્રો, સૈનિકો કે લશ્કર વગેરેનું તથા તેના યોગક્ષેમનું કામ કરવામાં સહાયક હોય છે. આટલો મોટો પ્રભાવ રત્નો સાથે સંકળાએલો જ છે. આવા રત્નોની સંખ્યા ચૌદની મળે છે, અને એ ચક્રવર્તીને જ હોય છે. આ ચક્રવર્તીને પ્રાપ્ત ચૌદ રત્નોનાં નામો ચક્ર, છત્ર, ધનુષ્ય, ખડ્ગ, કાકિણી, દંડ, વગેરે છે. વાસુદેવને ચૌદમાંથી સાત હોય છે. અલંકાર દાગીના તરીકે તેનો વધુ વપરાશ નારી કરતી આવી છે. બીજી બાજુ ભક્તો આ કિંમતી વસ્તુનો ઉપયોગ ભગવાનની મૂર્તિ કે દેવદેવીની મૂર્તિને અલંકૃત કરવામાં કરતા આવ્યા છે. રત્નો ઉપર પુસ્તકો પણ લખાયાં છે. એમાં 'સ્થળ પરીકરવા' નામનું જૈન પુસ્તક પણ છે. ગુજરાતી, હિન્દીમાં ૮૪ રત્નો ઉપર પુસ્તકો લખાયાં છે. આમ તો સામાન્ય, અસામાન્ય બધી જાતનાં રત્નોની ગણત્રી કરીએ તો રત્નોની સંખ્યા ૮૪ની ઉપલબ્ધ થાય છે.

રત્નો અને રત્નો સાથે સંબંધિત આકારો, પ્રકારો, વિવિધ જાતો વગેરે બાબતો, દેશ–પરદેશની વાતો આ બધું તો તમને આ ગ્રન્થમાંથી જાણવા મળી જશે.

દરેક વસ્તુની પ્રાયઃ બે બાજુ હોય છે. એક ભૌતિક અને બીજી આધ્યાત્મિક. ભૌતિક બાબતનો આ ગ્રન્થ તેમજ આવા અનેક ગ્રન્થોથી જાણવા મળી શકે છે, એટલે અહીંયા આ આધ્યાત્મિક ભૂમિકા ઉપર કંઈક લખું છું.

રત્નોની આધ્યાત્મિક બાજુ શું છે? તે જોઈએ.

## ❋ રત્નોનું જીવ ચૈતન્ય વિજ્ઞાન ❋

જૈન ધર્મની દૃષ્ટિએ રત્નો ચૈતન્યમય છે, એટલે કે એમાં આત્મા હોય છે, જીવ હોય છે. એ જીવાત્મા રત્નના દેહમાં સંપૂર્ણ વ્યાપીને રહેલો હોય છે.

જીવોના વિવિધ પ્રકારોને ઓળખવા માટે જૈન ધર્મમાં ઘણા પ્રકારો બતાવ્યા છે. અહીંયા આપણે એક પ્રકારને જોઈએ. જેમકે-જીવો જગતમાં એક ઈન્દ્રિયથી લઈને પાંચ ઈન્દ્રિયવાળા છે. આ દૃશ્યાદૃશ્ય સૃષ્ટિ ઉપર દૃશ્યાદૃશ્ય જે જીવો છે તેમનો પાંચ ઈન્દ્રિયમાંથી કોઈને કોઈ ઈન્દ્રિયમાં સમાવેશ થાય છે. જેમ ચાર પગા પશુઓ અને મનુષ્યો એ પાંચ ઈન્દ્રિયવાળા છે, એટલે (૧) સ્પર્શ (ચામડી) (૨) જીહ્વા (જીભ) (૩) ઘ્રાણ (નાક) (૪) ચક્ષુ (આંખ) અને (૫) કર્ણ (કાન), આ પાંચ ઈન્દ્રિયો કહેવાય છે. જેના દ્વારા વિષયોનો અને વિશ્વના પદાર્થોનો અવબોધ-જ્ઞાન કરી શકાય છે.

આમાં રત્નો માત્ર પહેલી સ્પર્શ ઈન્દ્રિયવાળા હોય છે, એટલે એને શરીર (બોડી) માત્ર હોય છે પણ જીભ, નાક, આંખ, કાન આ ચાર નથી હોતા. એક ઈન્દ્રિયવાળું જીવન એટલે જીવની અતિ નિમ્નતમ દશા. અતિ પાપો જીવે કર્યા હોય ત્યારે તદ્દન ક્ષુદ્ર કોટિનો જન્મ મળે છે. પણ સાથે એ પણ સમજવા જેવું છે કે એક જ ઈન્દ્રિયવાળા જીવોના, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ આદિ અસંખ્ય પ્રકારો છે. એમાં રત્નો પૃથ્વીના વિકારરૂપ પૃથ્વીના જ પ્રકાર રૂપ છે. પૃથ્વીના પ્રકારો પણ અસંખ્ય છે. પણ એમાં જલજ કે વનસ્પતિ જ નહીં પણ પૃથ્વી રૂપે રહેલા હીરા, પન્ના, માણેક, નીલમ આદિ રત્નો સર્વાધિક પુણ્યશાળી પણ છે. એ જીવોએ ગત જન્મમાં કંઈક એવું પુણ્ય બાંધેલું કે જેના પ્રતાપે લોકોમાં કિંમતી બહુ મૂલ્યવાન ગણાય એવા રત્નના પ્રકારને પામ્યા.

ઉપર કહ્યું તેમ ઝવેરાતથી ઓળખાતા હીરા, પન્ના, માણેક વગેરે માત્ર જીવન-શરીર છે. એમને જીહ્વા, આંખ, કાન વગેરે નથી, મન પણ નથી એટલે તેઓ આત્મિક-આધ્યાત્મિક કશી પણ સાધના કરી શકતા નથી. વસ્તુ નાની છતાં તેજ, ચમક અને કિંમતી હોવાના કારણે મહત્ત્વ ઘણું હોવાથી કરોડો વરસોથી લોકો એને વસાવે છે, પહેરે છે અને અહોભાવ અને ગૌરવ અનુભવે છે. આ રત્નો જેને બીજી રીતે વિચારીએ તો પથ્થરોના કટકા જ છે છતાં તેનું મૂલ્ય લાખો કરોડો સુધીનું થાય છે. વિચારવા જેવી બાબત એ છે કે પથ્થરના મૂલ્ય જેવું માણસનું મૂલ્ય અંકાય છે ખરૂં? છતાં સર્વજ્ઞ ભગવાન મહાવીર આદિ દરેક તીર્થંકરોએ ભૌતિક ચીજોને નાશવંત કહી, મોહ-માયામાં ડુબાડી, પાપ બંધાવી, સંસાર વધારનારી કહી છે,

અને આવા રત્નોનો મોહ શોખ તજી દેવા ઉપદેશ આપ્યો છે. રત્નો જે આખરે તો પથ્થર છે, પથ્થરનું શું મૂલ્ય? જયારે માનવી કે માનવીનું જીવન તો મુકત દશા પ્રાપ્ત કરવા માટે આત્મ કલ્યાણ કરવા માટે, નિર્મળતા તથા શાશ્વત સુખ શાંતિ, આનંદ મેળવવા માટે છે. માનવી દયા, દાન, શીલ, તપ, ત્યાગ. અહિંસા. સત્ય. અચૌર્ય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ આ ધર્મોનું પાલન કરી શકે છે. દેવ-ગુરુની ભક્તિ કરી શકે છે. માટે માનવકાયા કે માનવજીવનને, સમગ્ર વિશ્વની જીવ સૃષ્ટિમાં સર્વોત્તમ કોટિનું છે એવું વિશ્વના તમામ ધર્મનાયકોએ-ફિરસ્તાઓએ વર્ણવ્યું છે, આ એક નિર્વિવાદ હકીકત છે.

આવા મહાન જીવન સ્વયં શોભનીય છે એને શોભાવવા માટે પરાયા અલંકારોની શી જરૂર?

તત્ત્વજ્ઞાનીઓ કહે છે કે તારી તાત્ત્વિક દૃષ્ટિને ઉપયોગમાં લે તો તને સમજાશે કે હીરા-પન્ના એ શું છે? તો તે એકેન્દ્રિય જીવોનાં શરીરો છે. ખાણમાંથી છૂટા પડ્યા બાદ એમાં જે ચેતના આત્મા હતો તે નીકળી ગયો. પછી ચેતના વિનાના દાગીના એ માત્ર એકેન્દ્રિય જીવોના કલેવરો–મડદાઓ જ છે. ભલે મોહમાયા અને અજ્ઞાન ભાવના જોરે આંખમિચોલી કરી મૂલ બાબતને ભૂલીને રત્નો પહેર્યાનો આનંદ માણે!

આમ તો મરેલાંને જરા વધુ વાર રાખીએ નહિ, અડીએ નહિ, પણ પત્થરના જીવોના કલેવરો ધન સંપત્તિના મોહમાં ખુંતેલો માનવી હોંશેહોંશથી પહેરે છે અને ખુશાલી મનાવે છે.

બીજી એક વાત સમજવા જેવી છે કે જૈનોએ આ ધરતી ઉપર જીવોના જેટલાં શરીરો દેખાય છે ને જેટલા દૃશ્ય પદાર્થો છે તે બધા એક જ તત્ત્વના છે. એક જ તત્ત્વના વિકારો ભેદો-પ્રભેદો છે અને તેનું નામ છે ઔદારિક જાતના પરમાણુઓ. ઔદારિક વર્ગણા શબ્દથી ઓળખાતા પુદ્ગલ પરમાણુઓ છે. જડ ચેતનના શરીરોમાં આ એક જ કુળના પુદ્ગલ પરમાણુઓ હોય છે.

કોઈપણ વસ્તુનો ઉપયોગ અધિકરણ અને ઉપકરણ એ બે રૂપે થતો હોય છે. અધિકરણ જેમાં શસ્ત્ર જેમ બીજાને હાનિ પહોંચાડે એમ જે વસ્તુ આત્માના સદ્ગુણોને ક્ષતિ પહોંચાડે તે અધિકરણ. ઉપકરણ એટલે ઉપકારક જે વસ્તુ, આત્મામાં આત્મ કલ્યાણમાં કોઈને કોઈ અંશે સહાયક બની રહે તો તે વસ્તુને ઉપકરણ કહી શકાય.

આમ આ રત્નોનાં અધિકરણ અને ઉપકરણ બે રૂપે ઉપયોગ છે. આ રત્નોનો ઉપયોગ સ્ત્રી પુરૂષો શોભા વધારવા માટે શણગાર તરીકે કરે ત્યારે તે રત્નો અધિકરણ બને, અને આ જ રત્નો સર્વગુણ સંપન્ન એવા વીતરાગ દેવની મૂર્તિની અંગરચનામાં, ભગવાનના, જ્ઞાનનાં, ગુરુઓનાં પૂજનો, વધામણાં આદિમાં વપરાય તો તે વસ્તુ ઉપકરણ રૂપે ઉપયોગી બની કહેવાય.

જર જવેરાત વિનશ્વર છે. એનો રાગ અને આસક્તિ આત્માને ખૂબ જ હાનિકારક થાય છે અને અધોગતિએ લઈ જનાર છે. હીરા પન્ના માણેક મોતી આદિ જવેરાત એમાંથી જીવ નીકળી ગયા બાદ એ બધા એકેન્દ્રિય જીવોના કલેવરો છે. આવા કલેવરોથી મનુષ્યો શોભા

વધારે છે અને આનંદ માણે છે, હરખાય છે. જર જવેરાતમાં સતત ખેંચાણ રહ્યા કરે, રાગ રહે, મોહ રહે, અહોભાવ રહે, મમત્ત્વ બુદ્ધિ રહે તો આવતા ભવનું આયુષ્ય એવું બંધાય કે પાછું મનુષ્યમાંથી પથ્થર આદિની જાતિમાં પાછો જન્મ લેવાનું બને.

એક મહાન ત્યાગી, તપસ્વી, મહાન સાધ્વીજીને વીંટીના તેજસ્વી હીરાના નંગ ઉપર રાગ રહી ગયો અને એ જ રાગદશામાં આગામી ભવનું આયુષ્ય બાંધવાનો પ્રસંગ આવ્યો, પરિણામ એ આવ્યું કે તેમને ગરોલીના ભવનું આયુષ્ય બાંધી લીધું અને મરીને ગરોલી રૂપે જન્મ લીધો.

મનુષ્ય જેવી યોનિ અને ત્યાગી તપસ્વી જીવનની સાધના, આવી ઉચ્ચ સ્થિતિના શિખરે હોવા છતાં એક જ હીરાના મોહે એવા નીચે પટકાવ્યા કે હલકી યોનિની તલેટીમાં જઈ પડ્યા. તેજસ્વી હીરાના અતિ તીવ્ર અને વધુમાં વધુ દુર્ધ્યાન સતત રહેતું, એના કારણે એવી યોનિમાં ઉત્પન્ન થયા. માટે સહુ કોઈ ભૌતિક પદાર્થો ઉપરના વધુ પડતા આસક્તિ ભાવથી બચતા રહો, જેથી નીચે ઉતરવાનું ન બને.

મારી સાધુ ધર્મની દૃષ્ટિએ જે અને જેવું લખવું ઉચિત લાગ્યું તે અને તેવું લખ્યું છે. હવે વાત રહી લેખકની.

લેખક જન્મે જ્ઞાતિએ ખોજા હોવા છતાં જન્માંતરના કોઈ ઋણાનુબંધે જૈન ધર્મગુરુઓ અને જૈન બંધુઓ પ્રત્યે વધુ સહવાસ બનતો રહ્યો છે. એમા મારા ગુરુદેવ યુગદિવાકર આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ અને મને મળવાનું થયું. ઉત્તરોત્તર અમારો ધર્મસંબંધ ગાઢ બનતો રહ્યો. એમાં મારાં પ્રત્યે એમને કુદરતી માન, શ્રદ્ધા, આદર સવિશેષ હતો. ગુણાનુરાગની દૃષ્ટિ. માનવતાવાદી માનસ એટલે મને એમના પ્રત્યે હંમેશા આદરભાવ રહ્યો છે. એમની હસ્તરેખા તથા અન્ય સાધના અને એમને મેળવેલું જ્ઞાન પણ દાદ માંગે તેવું છે, અને તેથી તેઓ ઘણા ભક્તો-અનુયાયીઓ કરી શક્યા છે. ઘણા અનુયાયીઓને મારા આશીર્વાદ લેવા પણ તેઓ મોકલતા હોય છે. એમની હસ્તરેખા વિજ્ઞાન અન્ય ઉપાસના અને ફલાદેશ માટે સારી પ્રશંસા સાંભળું છું. હજુ પણ તેઓ લોકોના સુખ-શાંતિમાં વધુ ફાળો આપી શકે માટે હજુ વધુ પારદર્શક જ્ઞાન મેળવે તેવી શુભકામના!

એ બધાય કરતાં જીવનની અન્તિમ સંધ્યાએ સ્થિરતા, શાંતિ, સમત્વ, વીતરાગતાભાવ, આધ્યાત્મિક નિર્મળતા વગેરેથી પોતાના આત્માને વધુને વધુ ઉર્ધ્વ લઈ જાય તેવા શુભાશીર્વાદ. પરમાત્માની કૃપા અને ભગવતીજીની કૃપા એમના પર ઉતરી રહો!

જૈન સાહિત્ય મંદિર, પાલીતાણા

❀

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ભગવતી સૂત્રનાં પ્રવચનોની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૧ ઇ.સન્ ૧૯૮૫

૪૮

## ચોથી આવૃત્તિના પ્રકાશન પ્રસંગે મારું કિંચિત્ નિવેદન

નોંધ—પ્રસંગવશ સ્વ. પૂ. ગુરુદેવને સ્પર્શતી કેટલીક વાતો બહુ ટૂંકમાં જણાવવા-પૂર્વક થોડી પ્રસ્તુત પ્રસંગને લગતી વિગતો રજૂ કરું છું. *લેખક–યશોદેવસૂરિ*

પ. પૂ. પરમશાસન પ્રભાવક, ગીતાર્થ પ્રવર, શુદ્ધપ્રરૂપક, અનોખી પદ્ધતિના અજોડ વકતા, સ્વ. આચાર્યદેવ ૧૦૦૮ શ્રીમાન્ વિજયમોહનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર જ્ઞાનવૃદ્ધ, ઉંડા ચિંતક, વિશિષ્ટ વ્યાખ્યાનકાર પ. પૂ. પ્રાતઃસ્મરણીય ધર્મપ્રભાવક આચાર્યદેવ ૧૦૦૮ શ્રી વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજના પટ્ટપ્રભાવક તત્ત્વજ્ઞાનના નિષ્ણાત, દ્રવ્યાનુયોગ વિષયના ઉંડા અભ્યાસી, પ. પૂ. યુગદિવાકર આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજના વિ. સં. ૨૦૦૫ની સાલમાં વડોદરા શહેરમાં થયેલ ચાતુર્માસ દરમિયાન અપાએલાં અનોખા પ્રકારનાં શ્રી ભગવતી સૂત્રની પ્રાથમિક પ્રસ્તાવનાવિષયક ખાસ મનનીય વ્યાખ્યાનોનાં આ બહુમૂલ્ય ગ્રંથની ચોથી આવૃત્તિનું પ્રકાશન કરતાં અમોને અતિશય આનંદ થાય છે.

આ પ્રવચન ગ્રંથનું જયાં જયાં જે જે તત્ત્વરસિક મહાનુભાવોએ ચિંતન-મનનપૂર્વક વાંચન કરેલ છે તે તે દરેક મહાનુભાવોના હૈયામાં એક અમિટ છાપ ઉભી થયેલી છે કે,–દ્રવ્યાનુયોગ, ગણિતાનુયોગ, ચરણકરણાનુયોગ અને ધર્મકથાનુયોગ આ ચારેય અનુયોગ ગર્ભિત જૈન દર્શનના અભ્યાસ માટે તેમજ પરિશીલન માટે, આ પ્રવચનગ્રંથ, પૂર્વાચાર્ય વિરચિત સંસ્કૃત પ્રાકૃત ભાષાના આધ્યાત્મિક, તાત્ત્વિક, અનેક ગ્રંથોની જેમ ગુજરાતી ભાષાનો પણ આ ગ્રંથ–જૈનધર્મના સિદ્ધાંતો અને રહસ્યોને સમજવા માટે એક અપૂર્વ સાધન છે અને એથી આ ગ્રન્થ અતિ ઉત્તમ કક્ષાની કોટિનો છે.

આ ગ્રન્થની પહેલી આવૃત્તિ વિ. સં. ૨૦૧૨માં, બીજી સં. ૨૦૧૮માં, ત્રીજી

સં. ૨૦૨૯માં બહાર પડી હતી. છેલ્લાં આઠેક વરસથી તે અપ્રાપ્ય બની હતી અને માગણીઓ ખૂબ થતી હતી, એટલે ચોથી આવૃત્તિ છાપવાનો નિર્ણય થયો અને સ્વર્ગસ્થ ગુરુદેવના અનેક ઉપકારોના ભારથી આભારિત ચેમ્બુર શ્રી ઋષભદેવ જૈન ટેમ્પલ ટ્રસ્ટને પ્રસ્તુત પ્રકાશન ટ્રસ્ટ તરફથી થાય એવી સૂચના કરતાં ટ્રસ્ટના ભક્તિવંત અને કૃતજ્ઞ ટ્રસ્ટીઓએ આર્થિક ખર્ચની સંપૂર્ણ જવાબદારી સહર્ષ સ્વીકારી લીધી, જેના પરિણામે આ ચોથી આવૃત્તિનું પ્રકાશન સુલભ બન્યું.

પૂજય ગુરુદેવની દીક્ષા લીધા બાદ તેઓશ્રીના બંને ગુરુદેવો, દ્રવ્યાનુયોગ વિષયક જ્ઞાનના ઉત્તમકક્ષાના અભ્યાસી વિદ્વાનો, એ વિષયના ખાસ પક્ષપાતી એટલે એ દિશામાં તૈયાર થવા તેઓશ્રીને પ્રોત્સાહન આપ્યું. બંને ગુરુદેવોએ પણ એ વિષયના ગ્રન્થો ભણાવ્યા. એ જમાનામાં છાપાનું જોર ન હતું અને ગુરુશ્રીને છાપા વાંચવા તરફ, વાતો કરવામાં રસ જ ન હતો એટલે શાસ્ત્રીય ગ્રન્થના અધ્યયન માટે પૂરતો સમય ફાળવી શકતા હતા. તેનું ચિંતન પણ કર્યા કરતા. તે વખતે બહાર પડતાં પરચૂરણ પુસ્તકોમાં કે કથાગ્રન્થોમાં તેમને રસ ન હતો, વાંચે તો દ્રવ્યાનુયોગનાં પુસ્તકો કે આગમિક ગ્રન્થો એટલે એમની બુદ્ધિ, હૃદય જૈનતત્ત્વજ્ઞાનના વિષયોથી તરબોળ બની ગયું હતું, પછી તેઓ તાત્ત્વિક વિષયોમાં ઉંડા ઉતરી ગયા અને તત્ત્વજ્ઞાનમાં ટોચના ગણાતા [1]કમ્મપયડી તથા પંચસંગ્રહ વગેરે ગ્રન્થોનું પણ ખૂબ સમજ અને મનનપૂર્વક અધ્યયન કર્યું. જેના પરિણામે કર્મ વિષયનાં વિશાળ પદાર્થો-રહસ્યો જાણ્યાં, તેનાં કાર્ય-કારણ ભાવો-રહસ્યોનો તાગ સારા પ્રમાણમાં મેળવી લીધો. બુદ્ધિ તલસ્પર્શી બની. ઘણી વખત કર્મતત્ત્વને લગતી અથવા સૈદ્ધાન્તિક બાબતને લગતી વિષમ બાબતો ઉભી થાય ત્યારે ત્રણેય ગુરુદેવો મોટે ભાગે ગોચરીમાંથી ઉઠ્યા પછી તે ઉપર ચર્ચા-વિચારણા કરી પ્રશ્નોનો તાગ લેતા. હું પણ એ ચર્ચા સાંભળતો.

વળી પૂજયશ્રીની પોતાની તીવ્રબુદ્ધિ, શ્રેષ્ઠ યાદશક્તિ, નવું નવું જાણવાની જિજ્ઞાસા એટલે ભણવાનો રસ તીવ્ર તો હતો જ પણ ભણવા કરતાંય ભણાવવાનો રસ અતિ તીવ્ર હતો, અને તેઓશ્રી સહુના અનુભવની વાત દુહરાવતા ક્યારેક કહેતા કે વ્યુત્પન્ન થવું હોય, પદાર્થનાં રહસ્યોને સ્પષ્ટ જાણવા હોય અને શંકાઓનું સમાધાન આપવાની શક્તિ મેળવવી હોય તો બીજાંઓને ભણાવો. મળેલ જ્ઞાનનો લાભ અન્યને જો આપતા જ રહેશો તો તમારું ભણેલું એટલું લસોટાઈ જશે કે ખુદ તમને પોતાને અને શ્રોતાઓને બંનેને ઉપકારક અને આનંદજનક બનશે. એ વાત તો નિર્વિવાદ છે કે ભણાવાથી જ ભણેલું ખીલી ઉઠે છે.

જાતે દિવસે તેઓશ્રીએ ગુરુ આદેશથી વ્યાખ્યાનની પાટ સંભાળવી શરૂ કરી. ભગવતીજી સૂત્રના અઠંગ અને અજોડ વ્યાખ્યાનકાર દાદાગુરુ પૂ. આચાર્ય શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજના સતત વ્યાખ્યાન શ્રવણથી તેઓશ્રીની જ શૈલીનું અવતરણ યોગાનુયોગ પૂજય યુગદિવાકર ગુરુદેવની વાણીમાં અને શૈલીમાં થયું હતું અને તે મુજબ તેઓશ્રી ભગવતીજી સૂત્રના શ્રેષ્ઠ પ્રવચનકાર બન્યા. કંઠની મધુરતા, ભાષા ઉપરનો કાબુ, વાણીનો-શરીરનો અને મુખનો

---

૧. કમ્મપયડીના વિષયને સમજવા માટે તેમણે પોતાના હાથે કેટલાંક નવાં ચિત્રો પણ નિપજાવ્યાં છે.

સંયમ, વકતા તરીકેની મર્યાદાઓનું પાલન, ભારે કટાક્ષો કે અણગમતા પ્રહારોનો સદંતર અભાવ, ઉગ્રતાનું નામનિશાન નહીં, વગેરે સદ્ગુણોના કારણે પૂજયશ્રી વિશિષ્ટ કોટિના વ્યાખ્યાતા બની ગયા. તેઓશ્રીની વાણી જોરશોરથી ધમધમાટ કરતા નદીના પ્રવાહ જેવી ન હતી પણ સમુદ્રના જળ જેવી ધીર ગંભીર પ્રક્ષોભ વિનાની હતી. કદિ વિષયાંતર ન થતા, પ્રશ્ન દ્વારા ન કોઈને થવા દેતા. જે વિષય ઉપાડ્યો તેને પૂરી છણાવટથી છણતા. અને પ્રશ્ન કરવાની સહુને છૂટ આપતાં જો કોઈએ પ્રશ્ન કર્યો કે ક્રોસ કર્યો ત્યારે તો તેઓ ભારે ખીલી ઉઠતા અને પછી તો બાકીનું આખું વ્યાખ્યાન એમાં જ સમાપ્ત થઈ જતું અને અધૂરો વિષય બીજા દિવસે આગળ વધારતા. તેઓશ્રીના વ્યાખ્યાનો તત્ત્વજ્ઞાન પ્રધાન જ રહેતા. કેમકે તત્ત્વજ્ઞાન તો તેમનો પ્રાણ હતો એટલે ગમે તેવું લાઈટ વ્યાખ્યાન આપવાની ઈચ્છા કરી હોય પણ વ્યાખ્યાન કરતાં જો કોઈ તક ઉભી થઈ જાય તો તત્ત્વજ્ઞાન રજૂ કર્યા વિના ન રહે. તત્ત્વજ્ઞાનથી સભર વ્યાખ્યાનો કે તત્ત્વજ્ઞાનથી પોલીસ કરેલાં એવાં લાઈટ વ્યાખ્યાનો વિદ્વાન, બુદ્ધિમાન અને શિક્ષિતવર્ગના હૈયામાં શ્રેષ્ઠ કક્ષાએ આદર પામ્યાં હતાં. સૌમ્યતા, વાણીની મીઠાશ અને છટા આ આકર્ષક કેન્દ્રો હતાં.

તેઓશ્રીનું વ્યાખ્યાન જો એક મહિનો જેણે શ્રવણ કર્યું હોય, તો તેને અન્ય વકતાઓનાં આધુનિક દેશકાળ વિષય પ્રધાન, સર્વજનપ્રિય પ્રકારનાં વ્યાખ્યાનો સાંભળવામાં બહુ રસ પડતો ન હતો. એ શ્રોતાઓ દ્વારા જાણેલી બાબત છે, કેમકે તત્ત્વજ્ઞાન એટલે આત્માના ઘરની વાતો, આત્મલક્ષી વાતો એ કોણે ન ગમે? યદ્યપિ શ્રોતાની કક્ષા અને શ્રોતા ભેદે સમાજમાં બધાં જ પ્રકારનાં વ્યાખ્યાનો અને વિવિધ શક્તિઓ ધરાવતા વક્તાઓની આવશ્યકતા અનિવાર્ય છે. આ તો અંતરાત્માને સ્પર્શતા તત્ત્વજ્ઞાન પ્રત્યે અંતર આત્માનો કેવો આદર હોય છે તે જણાવવા પૂરતો જ આ ઉલ્લેખ સમજવાનો છે.

જન્માંતરની કોઈ ઉત્કટ જ્ઞાન સાધના, સાથે સાથે પોતાના ગુરુદેવોનો અસાધારણ વિનય, વિવેક સાથે જ્વલંત ભક્તિભાવપૂર્વક સેવા, ગુરુચરણે જીવન સમર્પણ, આ બધા ઉમદા ગુણોના કારણે જ્ઞાનગુણ ખૂબ ખૂબ ખીલ્યો હતો. પરિણત જ્ઞાનગુણે સંયમ અને ક્રિયામાર્ગના એટલા જ અડગ પક્ષપાતી બનાવ્યા હતા. ક્ષયોપશમની અનુકૂળતા એમને એવી સુંદર હતી કે કોઈપણ શંકાનું સમાધાન એમની પાસેથી ન મળે એવું ભાગ્યેજ બને!

ક્યારેક તો દ્રવ્યાનુયોગના શ્વેતામ્બર, દિગમ્બર પંડિતો કે શ્રાવકોની શંકાના સમાધાનો કરે ત્યારે હું અને ઉપસ્થિત વર્ગ પણ અચંબામાં પડી જતા. વ્યાખ્યાનદ્વારા દ્રવ્યાનુયોગ જેવા તાત્ત્વિક અને ગહન વિષયને સરલતાથી સમજાવવો એ સામાન્ય જ્ઞાની કે સામાન્ય શક્તિ ધરાવનાર વકતાનું કામ નથી. એ તો જ્ઞાનનો વિશાળ વ્યાપ હોય. જ્ઞાનની ઊંડી સાધના હોય, અને સમતોલ રીતે વિષયને રજૂઆત કરવાની વિશિષ્ટ કુશલતા હોય, આ બધું પુણ્યોદયે મલ્યું હોય તેનું કામ છે. પૂજય આચાર્યશ્રીજીને એ બધી શક્તિઓ વરેલી હતી. એક પત્રકારના શબ્દોમાં કહું તો "જૈન સંઘમાં વ્યાખ્યાન દ્વારા તાત્ત્વિક રહસ્યોને તલસ્પર્શી રીતે સ્પર્શી, આવા વિષયોથી લગભગ અસ્પૃશ્ય એવા શ્રોતાઓ આગળ સાદી ભાષામાં સરલતાથી રજૂ કરવામાં આચાર્યશ્રીજી એકના એક અનન્ય વક્તા છે." આ મન્તવ્ય માત્ર એક પત્રકારનું નહિ પણ સેંકડો શ્રોતાઓ–

વિદ્વાનોનું છે અને એથી જૈન સમાજમાં તેમના માટે એક ખ્યાતિ હતી કે 'તાત્ત્વિક અને અસરકારક વ્યાખ્યાન સાંભળવું હોય તો જાવ ધર્મસૂરિજી મહારાજના વ્યાખ્યાનમાં.'

જૈનદર્શનના ઉત્સર્ગ અપવાદ, નિશ્ચય વહેવાર, કાર્ય કારણ ભાવની શૃંખલાઓ, નય, નિક્ષેપાદિકની સૂક્ષ્મ વાતો, કર્મગ્રન્થની અદ્ભુત બાબતોને તેમજ જૈન તત્ત્વજ્ઞાનના ગંભીર વિષયોને અનોખી ઢબે, સુગમતાથી તેમજ અતિસુંદર રીતે સમજાવતા હતા. એથી અનેક શ્રોતાઓ તેઓશ્રીની મધુર વાણીનું પાન એક ધ્યાનથી કરતા હતા. એક સરખા જુસ્સા સાથે પ્રવહબદ્ધપણે નીકળતી વાણી શ્રોતા ડોકું ઉંચું કરી બરાબર સન્મુખ મુખ રાખી એક ધ્યાને જો ન સાંભળે અને એકાદ વાક્ય શ્રવણ કરવાનું જતું રહે તો શ્રોતાની થોડી મઝા ઉડી જાય. તેઓશ્રીની તાત્ત્વિક, ગહન અને અપરિચિત વાતોને સમજવા માટે સજાગ ઉપયોગની બહુ જ જરૂર પડતી. તેઓશ્રી સામે બરાબર ડોકું ઉંચું કરી, સન્મુખ રાખી મન શ્રવણમાં જોડી શ્રોતા સાંભળે તો જ પૂરો આનંદ મેળવે. પૂજ્યશ્રીની રોચક વાણીથી શ્રોતાઓનાં હૈયાં ધર્મભાવનાથી પુલકિત બની જતાં. પ્રેરક અને બોધક પ્રવચનો સાંભળી જીવનનું કોઈ નવું ભાતું બાંધ્યાનો અનેરો આનંદ અનુભવતા હતા. પૂજ્યશ્રી દોઢ કલાક સુધી એક ધારું પ્રવચન કરતાં જરાએ થાકતા નહીં. વળી ઉપકારક બુદ્ધિ એવી કે પ્રવચન વિના એક દિવસ જાય તે તેઓશ્રીને ઈષ્ટ ન હતું. હાર્ટએટેક આવ્યા પછી કહેતા કે મારી દવા જ વ્યાખ્યાન છે. મને ન વિચારેલી, ન કલ્પેલી વાતો એવી ઉપસી આવે છે કે જેથી મને આનંદ રહે છે, એટલે જ્યાં જાય ત્યાં ઓછાવત્તા સમય માટેનું પણ પ્રવચન આપ્યા વિના રહે નહીં. આ એમનું વ્યસન હતું. વ્યાખ્યાન આપવામાં અને જ્ઞાન દાનમાં તો સદાય અપ્રમત્તભાવ તેઓશ્રીનો પ્રવર્તતો હતો.

વળી તેઓશ્રીની પાસે ગ્રન્થ-સૂત્ર વાચના લેવી કે સાંભળવી એ એક અનુપમ લ્હાવો ગણાતો હતો. કેમકે તેઓશ્રીના જ્ઞાનનો નકશો માત્ર લાંબો પહોળો ન હતો પણ ઉંડો એટલે ત્રિપરિમાણ-થ્રી પરિમાણ (થ્રી ડાયમેન્શન) હતો.

એક જૂની વાત યાદ આવી તે એ કે અજમેરમાં રહેતા જૈન તત્ત્વજ્ઞાનના રસિયા જાણીતા વિદ્વાન અને લેખક શેઠશ્રી કસ્તુરમલજી બાઠીયાએ તો આજથી બાવીસ વર્ષ ઉપર પૂજ્યશ્રીના ભગવતી સૂત્રના પ્રવચનો વાંચીને ભાવનગરથી પ્રગટ થતાં 'એક સાપ્તાહિક પત્રમાં એક લેખ પ્રકાશિત કર્યો હતો, જેમાં એમણે લખ્યું હતું કે,—

"ભગવતીજી સૂત્ર ઉપર અન્ય-મૂર્તિપૂજક આચાર્યોનાં જે પ્રવચનો પ્રગટ થયાં છે, એમાં ભગવતીજી સૂત્રને સૌથી શ્રેષ્ઠ ન્યાય આપ્યો હોય તો પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરિજીએ આપ્યો છે. વસ્તુના-પદાર્થનાં હાર્દને પકડવાની, મૂલભૂત વસ્તુને યથાતથ્ય રજૂ કરવાની, વિષયની તલસ્પર્શી છણાવટ કરવાની વિશિષ્ટ શક્તિ જે જોઈને ખરેખર તેઓશ્રીના ઉંડા, ગહરા [1]શાસ્ત્રીય વિષયોનો અભ્યાસ અને તેના ઉંડા ચિંતન-મનનને આભારી છે.' પણ ઘણા ખેદની

---

૧. *તેઓશ્રી વધુ વ્યાખ્યાનો લખી શક્યાં ન હતાં. મારા આગ્રહથી પાછળથી બહુ થોડાંક લખ્યા હતાં તે* જેમના હાથમાં છે તેની પાસેથી મળી શક્યાં નથી.

વાત એ છે કે વરસો બાદ પણ ભગવતીજી સૂત્રનાં વ્યાખ્યાનનો બીજો ભાગ તેઓશ્રીના વિદ્વાન શિષ્ય મુનિશ્રી યશોવિજયજી પ્રકાશિત કરાવી શક્યા નથી.''

ભાષાંતર કરવા, છ કર્મગ્રન્થ ઉપર વિવેચન લખવા અને ગુણસ્થાનક ક્રમારોહ વગેરે ગ્રન્થોનું ભાષાંતર કરવા ઘણીવાર વિનંતી કરેલી. મેં કહ્યું કે–આજે જ્ઞાનીઓનો સાવ દુકાળ નથી પડ્યો પણ તત્ત્વજ્ઞાનને કસાએલી કલમથી લખવાની અને સરલતાપૂર્વક પીરસવાની આપનામાં વિશિષ્ટ શક્તિ છે. બીજી બાજુ વર્તમાન સાધુ સંસ્થાને તત્ત્વજ્ઞાન ભણવા પ્રત્યે ઉભી થએલી અત્યન્ત દુઃખદ ઉપેક્ષા, તેમજ અન્ય પરિસ્થિતિ જોતાં ભાવિમાં દ્રવ્યાનુયોગના જ્ઞાતાઓ કેટલા હશે? કદાચ હશે તો લેખન શક્તિ ધરાવતા હશે કે કેમ? આ બધું જોતાં આપ ભાવિ પેઢીના હિતમાં મૃતપ્રાયઃ થઈ રહેલી તત્ત્વજ્ઞાનની પરંપરા જીવંત રહે એ માટે આપ નાના સ્થળમાં રહીને પણ કંઈક સર્જન કરો તો સારું!

બીજી મજાની વાત એ હતી કે એમની લેખન શકિતની એક વિશિષ્ટતા હતી કે તેઓશ્રી એક જ બેઠકે બેસી, એક જ કલમે એક કલાકમાં ત્રણ થી ચાર પાનાં તો કોઈ પણ વિષય ઉપર લખી નાંખતાં. ભાગ્યેજ તેમાં સુધારા વધારાને અવકાશ હોય. કારણ કે એ પાનાં મને નજર કરી જવા આપતાં એટલે આ મારો જાત અનુભવ છે. એટલે તેઓશ્રી લેખન કાર્ય આસાનીથી કરી શકે તેવી સાનુકૂલતા પુણ્યોદયે મળેલી હતી, પણ મારી વિનંતિના જવાબમાં તેઓશ્રી કહેતા કે ભાઈ શું કરું! મને પણ ઘણું થાય છે પણ તું જુએ છે કે સવારે વ્યાખ્યાન, બપોરે પાઠ–વાચના, રાત્રે કલાસ. વચ્ચે વચ્ચે સંઘના અને સમાજનાં કામો આવ્યાં કરે તે જુદાં, તું કહે હું ક્યારે લખું? તું ગામડામાં જવાની વાત કહે છે. છ મહિના મૌન રાખી, મુલાકાતો બંધ રાખી, એકાન્તમાં રહી લખવાની વાત કરે છે પણ તને લાગે છે કે લોકો મને એમ કરવા દેશે? આપણા કે સમાજના દુર્ભાગ્યે લેખન સર્જનનું કાર્ય છતી અનુકૂલતાએ પણ ન થઈ શક્યું. અત્યન્ત પરિતાપની બાબત છે. આજે પરિણામ એ આવ્યું કે પરિપક્વ અને પરિણત પામેલી જ્ઞાનની ઝળહળતી જ્યોતે વિદાય લઈ લીધી. અનેકના જ્ઞાનનું પ્રષ્ઠવ્ય અને આશ્રય સ્થાન સદાને માટે અદૃશ્ય બની ગયું!

## હિન્દી ભાષામાં મુદ્રિત થએલાં પણ બહાર નહીં પડેલાં પ્રવચનોની કથા વ્યથા

પૂજ્ય ગુરુદેવનાં તત્ત્વજ્ઞાન ને આધ્યાત્મિક વાતોને અનોખી રીતે સમજાવતાં ચાલુ ચીલાથી થતી વ્યાખ્યાઓથી અલગ અને અનોખી રીતે કરાએલી વ્યાખ્યાઓવાળા આ પ્રવચનોનો લાભ હિન્દી ભાષી જનતાને મળવો જોઈએ એ શુભ હેતુથી મેં એનું પંજાબી લેખક ઓમપ્રકાશ પાસે ગુજરાતીનું હિન્દી કરાવ્યું. ધૈર્યકુમાર નામના જૈન યુવાનને છાપવા આપ્યું. છપાઈ પણ ગયું. માત્ર મારી અન્ય રોકાણોને લીધે પ્રસ્તાવના છાપવામાં વિલંબ થયો એવામાં ધૈર્યકુમાર એકાએક મને જાણ કર્યા વિના જ અમેરિકા પોતાના સગાંને ત્યાં રહેવા પહોંચી

ગયો. ત્યાંથી પણ કશા સમાચાર આપ્યા નહિ. આજે એને દશ-બાર વર્ષ થયાં. એ ફર્માં કયા પ્રેસમાં રાખ્યા હતા તેની જાણ ન હતી. તેને જાણ ન કરી. હવે છાપેલા ફર્માંનું શું થયું તે તો જ્ઞાની જાણે.

આમ એક સુંદર હિન્દી પ્રકાશનના લાભથી હિન્દી ભાષી વર્ગ વંચિત રહી ગયો તેનો રંજ થાય છે.

ત્રણ આવૃત્તિ ક્રાઉન ૮ પેજી સાઈઝની હતી. અન્ય મહાનુભાવોની સૂચનાથી તેનાથી અડધી એટલે ક્રાઉન ૧૬ પેજી સાઈઝમાં આ ચોથી આવૃત્તિ છાપી છે. લોકોને ઉપયોગ કરવામાં વધુ અનુકૂળ રહેશે.

ભગવતી સૂત્રના તમામ વ્યાખ્યાનોનું મુદ્રણ પાલીતાણાના જાણીતા ભરતપ્રેસના માલિક શ્રી કાન્તિભાઈ સપરિવારે ખૂબ ઉત્સાહથી ખંતથી કરી આપ્યું છે. આજે આ એક પ્રેસ જૈન સંઘ માટે ઘણો ઉપકારક બની રહ્યો છે. આ તકે કાન્તિભાઈ સપરિવારને અભિનંદન આપું છું.

ઉપરનું જેકેટ-આવરણ આપણા સમાજમાં વિવિધ પ્રકારની સુંદર ડિઝાઈનો માટે જાણીતા થએલા હારીજવાળા શ્રી શાંતિલાલ શાહે સુંદર રીતે કરી આપ્યું છે તેથી તેમને ધન્યવાદ આપું છું.

મારા કાર્યમાં એક યા બીજી રીતે સહાયક થનારા પૂ. પંન્યાસ મુનિરાજ શ્રી વાચસ્પતિવિજયજી, તથા અન્ય મુનિરાજો પૂ. મુનિ શ્રી વિનયવિજયજી તથા પૂ. મુનિશ્રી જયભદ્રવિજયજી વગેરેને પણ યાદ કર્યા વિના કેમ ચાલે!

ભગવતીજીના પ્રારંભના તમામ પાનાં છાપી આપવા બદલ સુમતિ પ્રિ. પ્રેસને ધન્યવાદ.

પંચમાંગ શ્રી ભગવતી સૂત્રનો ઈતિહાસ, સૂત્રની ભાષા, સૂત્રનું સંકલન અંગે ભાષાવિદોના તર્કો, ભગવતીજી સૂત્ર ઉપર વિવિધ ટીકાઓ, અવચૂરિ-ચૂર્ણી આદિ જે જે વિવરણો લખાયાં, તેનો સાલ વાર પરિચય, તેના હસ્તલિખિત સંદર્ભો, મુદ્રિત સાહિત્ય વગેરે વિષયક નોંધો, ચર્ચા કે વિગતો, સમયાભાવે આપી શક્યો નથી તે માટે દિલગીર છું.

દૃષ્ટિ કે મતિદોષથી શાસ્ત્રીય કે વિષયની દૃષ્ટિએ જે કંઈ ક્ષતિ રહી ગઈ હોય અને જોડણીની ભૂલો રહી ગઈ હોય તેની ક્ષમા માંગી સુધારી વાંચવા સાદર વિજ્ઞપ્તિ છે.

## શ્રીભગવતીજી સૂત્ર તથા તેના વાંચન સાથે સ્પર્શતી કેટલીક વાતો

જૈનધર્મના મૂળભૂત શાસ્ત્રો 'આગમ' એવા શબ્દથી ઓળખાય છે. જેમ ઈસ્લામમાં 'કુરાન' એ એક જ મુખ્ય મહત્ત્વનો ધર્મગ્રન્થ ગણાય છે. ખ્રિસ્તીઓમાં એક બાઈબલ જ મુખ્ય ગ્રન્થ છે. એવું જૈનધર્મમાં નથી. જૈનધર્મમાં આગમો-શાસ્ત્રો એક નહિ પણ અનેક છે. કોઈ એકને મુખ્યતા આપી નથી. પ્રાચીનકાળમાં ચોરાસીની સંખ્યા ગણાવાતી હતી, વર્તમાનમાં પીસ્તાલીસની સંખ્યા પ્રવર્તે છે, એટલે ૪૫ આગમો-શાસ્ત્રો જૈનો પાસે છે. આમ તો જૈનો પાસે પ્રાયઃ

આગમો સિવાયના તમામ વિષયના સંસ્કૃત, પ્રાકૃત તથા દેશ્ય ભાષાઓના હજારો ગ્રન્થો છે, પણ મૂળભૂત શાસ્ત્રોની સંખ્યા આજે ૪૫ ની છે. આ ૪૫ આગમોને શાસ્ત્રમાં પુરુષના દેહની ઉપમા આપવામાં આવી છે, અને એની પુરુષદેહના વિવિધ અંગો સાથે સરખામણી કરવામાં આવી છે, અને તેથી તેનું નામ 'આગમપુરુષ' તરીકે આપણે ત્યાં પ્રચલિત છે અને સુપ્રસિદ્ધ છે. શરીરમાં અંગો હોય છે એમ ઉપાંગો અને અંગોપાંગો પણ હોય છે. આ આગમો અમુક અંગસ્થાને જ્યારે અમુક ઉપાંગ વગેરેનાં સ્થાને છે. 'અંગ' આગમો એટલે પ્રથમકક્ષાના અતિ મહત્વના મૂળભૂત શાસ્ત્રો-ગ્રન્થો અને 'ઉપાંગ' એટલે બીજી કક્ષાનાં શાસ્ત્રો.

જેમ શરીર આઠ અંગોનું બનેલું છે. આઠ અંગોને પાછા હાથ-પગના આંગળા વગેરે ઉપાંગો રહેલા છે. એ રીતે ૪૫ આગમમાં કેટલાક આગમો અંગરૂપે, કેટલાક અંગોપાંગના સ્થાને છે. અંગોનું સ્થાન સર્વોપરિ છે અને ઉપાંગોનું સ્થાન તે પછીનું છે. મૂલભૂત અંગો ૧૨ હતા, જે દ્વાદશાંગીથી ઓળખાતા હતા, પણ બારમું દૃષ્ટિવાદ અંગ વિચ્છેદ થયું ત્યારથી ૧૧ અંગો વિદ્યમાન છે. વિદ્યમાન રહેલા અંગો પણ સંક્ષેપ રૂપ મળે છે. આ અંગોમાં પાંચમા અંગ-આગમ વિવાહપન્નત્તી, એટલે કે વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ-એનો અર્થ જેમાં પદાર્થોની સ્પષ્ટ વ્યાખ્યાઓ વર્ણવી હોય તે-આનું જ બીજું નામ ભગવતીજી છે.

તીર્થંકરદેવોએ કેવળજ્ઞાન એટલે ત્રિકાળ જ્ઞાનથી આત્મપ્રત્યક્ષ જોએલા, વિરાટ્ બ્રહ્માંડવર્તી જડ-ચેતન સ્વરૂપ દ્રવ્યો-પદાર્થો કે તત્ત્વો તથા કલ્યાણકર અન્ય તત્ત્વો અને સિદ્ધાંતોનું જે વર્ણન-સ્વરૂપ જણાવ્યું, સાથે સાથે તેને સ્પર્શતી હજારો બાબતો સ્વમુખે જણાવી, એ બધી બાબતોનું તે તે તીર્થંકરોના ગણધર શિષ્યોએ શ્રવણ કરીને સંકલન કર્યું અને પછી સમગ્ર સંકલનને 'દ્વાદશાંગી' (બાર અંગ) જેવા રૂઢ શબ્દથી ઓળખવામાં આવ્યું છે.

અહીંયા દ્વાદશાંગી એટલે બાર અંગની રચના થઈ. એમાં પાંચમું અંગ જે તૈયાર કર્યું તે પ્રશ્નોત્તરીરૂપે તૈયાર કરવામાં આવ્યું, કેમકે હજારો પ્રશ્નોને સળંગ લખાણોરૂપે રજૂ કરવા મુશ્કેલ હોય છે. આ પ્રશ્નોત્તરીરૂપ અંગ શાસ્ત્રને-સંગ્રહને અનુકૂળ એવું 'વિવાહપન્નત્તી' નામ આપવામાં આવ્યું. જે ભગવતીજી એવા અપરનામથી સુવિખ્યાત છે.

આ પાંચમા આગમ ગ્રન્થની બે વિશેષતાઓ છે. એક તો સહુથી વિસ્તૃત પ્રમાણનું સંપૂર્ણ કક્ષાનું આ આગમ છે અને બીજું તેમાં ચારેય યોગોનું મિશ્રણ હોવાથી સર્વાનુયોગમય છે. કેમકે વિશ્વવર્તી મૂલભૂત વિવિધ હજારો વિષયોનો સમાવેશ કરવામાં આવ્યો હોવાથી વિવિધ પ્રકારનું વિશદ જ્ઞાન એક જ સૂત્રમાં ઉપલબ્ધ થતું હોવાથી તેનું નામ ગણધર ભગવંતોએ વિવાહપન્નત્તી--વ્યાખ્યા પ્રજ્ઞપ્તિ રાખ્યું એટલે વિવિધ પ્રરૂપણા કરનારું શાસ્ત્ર. આ આગમના વિષયો પ્રત્યે એટલું બધું આકર્ષણ વધ્યું કે પૂર્વાચાર્યોએ તેનું ભગવતીજી સૂત્ર એવું બીજું નામકરણ કરી વ્યાપક પ્રસિદ્ધિ આપી, જેથી જૈનસંઘમાં આ પંચમાંગને ભગવતીજી શબ્દથી જ ઓળખવામાં આવે છે. સર્વોત્તમ કોટિની વ્યક્તિને પૂજ્યભાવને વ્યક્ત કરતો આખરી અને સર્વ પ્રિય શબ્દ ભગવાન છે અને એ જ અર્થમાં આ ભગવતી શબ્દ છે.

ભગવતી એટલે પૂજનીય, વંદનીય...આમ તો ભગવતી વિશેષણ છે. વિશેષણ વિશેષ્ય બની જૈન લોકહૃદયમાં અમિટ સ્થાન પામ્યું છે. જૈન સંઘમાં સર્વત્ર પરમ પવિત્ર ભગવતીજી સૂત્રની જે અને જેવી બોલબાલા છે એવી એકેય આગમની નથી.

જૈનોની સારી એવી વસ્તીવાળા ગામોમાં સુશ્રાવકો ભગવતીજી સૂત્રનું એકાદવાર વાંચન (વાચના) થાય તેવી ઝંખના રાખતા હોય છે અને જે સંઘમાં 'આપણે ત્યાં ભગવતીજી વંચાવાનું છે' આટલી વાત જાણતાં, ન્હાના-મ્હોટા સહુના હૈયામાં અનેરો આનંદ ઉલ્લાસ અને ભક્તિભાવ જાગી જાય છે. કેમકે પ્રગટ-અપ્રગટપણે આ સૂત્ર પ્રત્યેનું બહુમાન સહુના હૈયામાં બેઠું હોય છે.

આ સૂત્ર પાછળ જે બહુમાન અને આનંદ છે તે માટે મહત્વનું બીજું એક કારણ છે. આ એક જ સૂત્ર એવું છે કે જેની વાચના વિશિષ્ટ વિધિ કરવાપૂર્વક થાય છે. પ્રથમ તો ધામધૂમથી સૂત્ર સાથેનો વરઘોડો કાઢવામાં આવે છે. સમગ્ર સંઘ અનેરા ઉલ્લાસ, ઉત્સાહ અને આનંદથી ભાગ લે છે. પછી સૂત્ર વાચનાના અધિકારી ગુરુદેવને ઉછામણી બોલીને સૂત્ર પોથી વહોરાવવામાં આવે છે. એટલે ગુરુ સમક્ષ રોજ ચોખાના ૩૦૦ સાથિયા, તે ઉપર ત્રણસો બદામ, ધૂપ-દીપક થાય છે. રોજ ભગવતીજીનું સોનામહોર અથવા રૂપાનાણું વગેરેથી પૂજન થાય. પછી વાસક્ષેપ નંખાવામાં આવે છે, પછી ગુરુજીને વ્યાખ્યાન આપવાની વિનંતી કરે એટલે પછી વ્યાખ્યાનકાર ગુરુશ્રીને પણ કરવાનો વાચના વિધિ તે પોતે કરીને પછી વ્યાખ્યાન આપે. વ્યક્તિગત કે સામુદાયિક ખર્ચ આ વિધિ રોજેરોજ કરવાનો હોય છે. આ કારણે પણ સંઘમાં ઉલ્લાસ રહેતો હોય છે. જો કે આજે આ વિધિ સંક્ષિપ્તપણે પણ કરવામાં આવે છે. આ સર્વોપરિ અને સર્વોત્તમ ગણાતા આ આગમ પ્રત્યે જૈન સંઘમાં ખૂબ જ આદર-માન-શ્રદ્ધા અને ભક્તિ બેઠાં છે.

વર્તમાન પ્રજાની પરિસ્થિતિ અને માનસ એવું બન્યું છે કે એને સળંગ વિષયો વાંચવા ગમતા નથી. વળી જો લાંબા લાંબા હોય તો તે વધુ કંટાળી જાય છે પણ જો ટૂંકા ટૂંકા વિષયો હોય તો બહુ ગમે અને એમાંય તે પ્રશ્નોત્તરીરૂપે હોય ત્યારે તેને બહુ રુચિકર લાગે છે. કેમકે પ્રશ્ન કરવાનો હોય એટલે વાક્ય રચના પૂરી હોય અને ઉત્તર આપવાનો હોય તે પણ પૂરી વાક્ય રચનાવાળો હોય, એટલે એમાં આકાંક્ષા સંતોષાઈ જાય છે. ટૂંકું ટૂંકું વધુ યાદ રહે છે. વળી નવું નવું જાણવાની જિજ્ઞાસા પ્રશ્નોત્તરીથી પૂરી સંતોષાઈ જાય છે, આથી કોલેજ સ્કુલોમાં પણ કેટલીક ગાઈડો વગેરે આ જ પ્રશ્નોત્તરીના ધોરણ પર જ બહાર પડેલી છે. તાત્પર્ય એ કે આ સમગ્ર ભગવતીજી સૂત્ર પ્રશ્નોત્તરીરૂપે હોવાથી થોડી મનગમતી રચના છે.

વાચકને શંકા થાય કે પ્રશ્નો છે તો તે કેટલા છે?—પ્રશ્નો સેંકડોમાં બોલાય તેમ નથી. હજારોમાં બોલાય તેમ છે અને હજારોમાં બે પાંચ હજાર નહિ પણ ખાસા ૩૬ હજારની સંખ્યા. સાંભળીને આપણને આ સૂત્ર પ્રત્યે અસાધારણ અહોભાવ જાગી જાય છે. વિશ્વમાં પ્રશ્નોત્તરીરૂપે રચાએલો આવો મહાગ્રન્થ કદાચ વિશ્વમાં બીજો વિદ્યમાન હશે કે કેમ! એ પ્રશ્ન છે.

પ્રશ્નકારો જુદા જુદા છે પણ ઉત્તરદાતા એક જ સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીર છે. પ્રશ્નો પણ અજબ ગજબના. વિશ્વ ઉપરના કોઈ ધર્મશાસ્ત્રમાં અલ્પાંશે પણ જે જ્ઞાન ન મળે એવા અનોખા, પરમાણુ–અણુથી લઈ અખિલ બ્રહ્માંડ સુધીના છે. આમાં તત્ત્વજ્ઞાન, ધર્મબોધ, વિશ્વના ચેતન–અચેતન પદાર્થોની ગણના, તેની સાથે સંબંધ ધરાવતી વિગતો, પ્રભાના, અંધકારના તથા ભાષાના પુદ્ગલો–ધ્વનિ–તરંગો, (રેડિયો) પ્રત્યેક પદાર્થમાંથી નીકળતા છાયા–તરંગોને (ટી.વી.) લગતાં ગૂઢ–નિગૂઢ પ્રશ્નો, ભૂગોળ–ખગોળને તથા દેવ–નરક–મનુષ્ય અને તિર્યંચ આ ચાર ગતિને લગતું ધોધમાર વર્ણન અને વિગતો, જૈનધર્મશાસ્ત્ર–સિદ્ધાંતને લગતી કેન્દ્રીય સ્થાને રહેલી અને અખિલ બ્રહ્માંડના પદાર્થોની ગતિ, સ્થિતિમાં પ્રાણભૂત ગણાતી, કર્મસત્તાને લગતા ઈતિહાસ, પદાર્થ વિજ્ઞાન વગેરે અંગેની અઢળક બાબતો સંઘરાએલી છે. આથી આ ભગવતીજી તત્ત્વજ્ઞાન, પદાર્થજ્ઞાન અને ધર્મબોધ જ્ઞાનના રસિકોને ખૂબ જ ગમી જાય અને કહેનારા પ્રત્યે માથું ઢળી જાય એવું છે.

ભગવતીજીમાં શું શું છે? એ વિષયોની માત્ર યાદી કરવામાં આવે તો એક ખાસી પુસ્તિકા બની જાય, એટલે આપણે આ વાતને અહીં જ અટકાવી દઈએ.

આ સૂત્ર ઉપર સમર્થ આચાર્યોએ સંસ્કૃત ભાષામાં સમર્થ વિવરણો કરેલાં છે. આ વિવરણ હોવાથી પદાર્થ સમજવામાં સુલભતા પ્રાપ્ત થાય છે. પ્રાચીન કાળમાં એક એક પ્રશ્ને એક એક ગીનીનું પૂજન કર્યાના દાખલા નોંધાયા છે, એવું આ સૂત્રનું બહુમાન હતું.

આ ભગવતીજી ભૂતકાળમાં સુવર્ણાક્ષરે (સોનાના વરખમાંથી બનાવેલી સહીથી) કાગળ ઉપર લખાયું હતું અને વર્તમાન કાળમાં કપડાં ઉપર સુવર્ણાક્ષરે એકથી વધુ પ્રતિઓ લખાઈ હશે. લખાવવું અતિ ખરચાળ બન્યું હોવા છતાં જૈન સમાજની આગમ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા–ભાવનાના કારણે સુવર્ણાક્ષરી લેખનની પરંપરા આવા વિષમ કાળમાં, આપણા શ્રીસંઘના સહકારથી મહાત્મા પુરુષોએ જાળવી રાખી. ખરેખર! આ પરંપરાએ જૈનસંઘનું ગૌરવ વધાર્યું છે, લેખન કલા સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.

આ કાળમાં ૪૫ આગમો સુવર્ણાક્ષરે લખાઈ ચૂક્યા હશે! કાગળ ઉપર સુવર્ણાક્ષરે લખનાર કોઈ હતું નહિ અને મારી ઈચ્છા આ પ્રાચીન પરંપરા ફરી શરૂ થાય તેવી હોવાથી કાગળ કે કપડાં ઉપર સુવર્ણાક્ષરે લખનાર લેખક ધર્માત્મા ભાઈશ્રી ચીમનલાલ ભોજકને ત્રીસેક વરસ ઉપર હિંમત આપી મેં જ તૈયાર કર્યા, અખતરા કરાવ્યા, શાહી કેમ બનાવવી એનું જ્ઞાન આપ્યું, કેમ કે એ શાહી ૩૫ વરસ ઉપર મેં મારા હાથે બનાવીને તેનાથી કાગળ ઉપર મેં થોડુંક લખવાનો સફળ અખતરો કરેલો હતો. આવો યોગ ન બન્યો હોત તો સુવર્ણાક્ષરી પ્રતિ સાહિત્યનું સર્જન થયું ન હોત. સુવર્ણાક્ષરી પ્રતિ લેખનની પરંપરા જળવાત કે કેમ? તે પ્રશ્નાર્થક બની રહેત!

શું ભગવતીજીની વાચના પૂરી થાય છે ખરી! પ્રશ્ન બરાબર છે. ભગવતીજીનું વાંચન પ્રથમ સવારે થાય. સવારના વ્યાખ્યાનમાં બધી કક્ષાના શ્રોતા હોય એટલે ભોજન સ્વાદિષ્ટ અને

પાછું પથ્ય જ પીરસવું પડે એટલે સવારે તાત્ત્વિક વાત સમજાવીને એ વાતના સમર્થનમાં દાખલા-દૃષ્ટાન્તો બીજી વાતો કહેવી પડે એટલે મૂલસૂત્ર ઓછું વંચાય અને આ કારણે આ વાચના ચાર–પાંચ મહિના સવાર પૂરતી બરાબર ચાલે તો માંડ માંડ અડધું કે એકાદ શતક પૂરું થાય. (એ ધ્યાનમાં રાખવું ઘટે કે ભગવતીના શતક વિભાગ-૪૧ છે)

બીજી બાજુ જનતાની ઇચ્છા પૂરું સૂત્ર શ્રવણ કરવાની રહેતી હોય છે અને પરિણત આત્માર્થી ગુરુદેવોની પણ તીવ્રેચ્છા ભગવતીજીનું પારાયણ પૂરું કરવાની હોય છે એટલે એના માટે એવી પ્રથા છે કે બપોરના ૩ થી ૪ વ્યાખ્યાન રહે અને તે વખતે પ્રશ્નોત્તરનો વિસ્તાર ન કરતાં લોકો સમજી શકે તે રીતે ટૂંકાણમાં વાંચવું એટલે બપોરે જેટલું બને એટલું વધુ વાંચવું. ચોમાસા દરમિયાન બેવડી વાચનાથી પણ પુરું ન થાય તેમ લાગે તો છેલ્લા ૧૫-૨૦ દિવસ હોય ત્યારે મૂલસૂત્ર સંભળાવવામાં આવીને પણ પૂર્ણાહુતિ કરવામાં આવે છે.

**અમારે ત્યાંની વાત**—ભગવતીજી સૂત્રને પૂરું વાંચવાની અમારે ત્યાં શી વ્યવસ્થા હતી તે જણાવતાં પહેલાં થોડી ભૂમિકા જણાવું.

ભગવતીજી જેવા ક્લિષ્ટ, ગહન અને ગંભીર વિષયોને તલસ્પર્શી વિવેચનપૂર્વક વ્યાખ્યાન દ્વારા રજૂ કરવા અને શ્રોતાઓને ગળે ઉતારવા એ સહેલી વાત નથી પણ ઘણી કઠિન વાત છે. અને આ કારણે ભગવતીજી સૂત્રને યથાર્થ ન્યાય આપે એવા વાચનાકાર કે વ્યાખ્યાનકાર આચાર્યો કે પદસ્થોની સંખ્યા દરેક કાળમાં ગણત્રીની જ હોય છે. જૈનધર્મનાં મૂલભૂત તત્ત્વો, સિદ્ધાંતો અને રહસ્યોનો જેણે ઉંડો અભ્યાસ કર્યો હોય, તત્ત્વજ્ઞાન બરાબર આત્મસાત્ થયું હોય, વિષય અને પદાર્થો બરાબર ઉપસ્થિત હોય, તેનું પૃથક્કરણ કરવાની કુશળ શક્તિ હોય તેવા મહાત્માઓ જ આ સૂત્રને પ્રામાણિકપણે ન્યાય આપી શકે અને સુંદર રીતે વર્ણવી શકે છે. તો જ વક્તા અને શ્રોતા વચ્ચે આત્મીયભાવોનો સેતુ સર્જાય છે ત્યારે જ નમ્ર અને પ્રેમાળ વક્તા અનેક શ્રોતાઓને જ્ઞાનનો પ્રકાશ આપી હજારોનાં જીવનનો કાયાકલ્પ કરી શકે છે અને યાવત્ અનેકની હૃદયભૂમિ ઉપર બોધિબીજોનું વપન (–સ્થાપન) કરી શકે છે.

ભગવતીજીને સાચો ન્યાય આપી શકે એવા થોડા વક્તાઓમાં વીશમી સદીમાં મારા પ્રદાદાગુરુ અજોડ વક્તા ગણાતા. પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજય મોહનસૂરીશ્વરજી મહારાજનું નામ તટસ્થ રીતે કહું તો પ્રથમ હરોળમાં તો હતું પણ અગ્રસ્થાને હતું. આ અભિપ્રાય માત્ર મારો જ નથી પણ સેંકડો જણાનો છે.

એનાં શું કારણો હતાં? વ્યાખ્યાનનો જાદુ કંઈ એકલી વિદ્વત્તા કરી શકતી નથી પણ સાથે સાથે સહકારી અન્ય અન્ય બાબતો ગુણ-સંસ્કારો ભળે છે ત્યારે જ તે વ્યાખ્યાન જાદુ કરી શકે છે. ધીર ગંભીરવાણી હોય, વાણી ઉપર કાબૂ હોય, ભાષા ઉત્તમ હોય, અસ્ખલિત પ્રવાહ હોય, કંઠનું માધુર્ય હોય અને ઉપસ્થિત શ્રોતાજનોની કક્ષાને અનુકૂળ ઉપદેશ હોય, કહેવાતી વાણી વકતાના પોતાના અંતરને સ્પર્શીને નીકળતી હોય તો તેવી વાણી સભામાં ચમત્કાર સર્જી શકે છે. શ્રોતાઓને જકડી રાખે છે. વક્તા શ્રોતાઓના હ્રદયમાં સોંસરા ઉતરી જાય છે.

સભાના હૈયાંને ડોલાવી નાંખે છે–હચમચાવી દે છે અને છેવટે ઉપકાર–આભારવશ બનેલો શ્રોતા ગુરુ ચરણે ઢળી પડે છે. વ્યાખ્યાનની મધુર બંસીના નાદથી કોણ આકર્ષાતું નથી?

પૂજ્ય મારા દાદા ગુરુજીમાં ન્યૂનાધિકપણે ઉપરોક્ત ગુણો વર્તતા હતા. શાસ્ત્રીય વિદ્વત્તા પૂરી હતી. ધીર, ગંભીર અને કટાક્ષ–ટીકા, ટિપ્પણ અને વાણી આક્ષેપોથી પર હતી. વાણી ઉપર ભારે કાબૂ હતો. શબ્દોની પકડ સુંદર હતી. છટાદાર ભાષા, પ્રવાહબદ્ધ એકધારું વક્તવ્ય, શરીર, આંખ અને હાથની અનુચિત ચેષ્ટાનો અભાવ, જાજરમાન દેહ, ઉજ્જવળ કાયા, ભરાવદાર બોડી, રાજવીના જેવું પ્રતિભાશાળી તેજ, મંડનાત્મક વાણી, દોઢ દોઢ કલાકના નિયમિત પ્રવચનો હોય પણ પલાંઠીવાળી સ્થિર આસને અક્કડ બેસીને આપવાનું, પોતાના સ્થાનથી એકેય દિશામાં ચલિત નહીં થવું. આબાલ ગોપાલને સમજાય એવી ભાષા અને એવી સરલ સમજણ ગમી જાય એવી દૃષ્ટિ, આવાં કારણે તેઓશ્રીના પ્રવચનમાં વિશાલ હાજરી, પ્રવચન એવું મેગ્નેટ કે કાને પડ્યા પછી ઉઠવાનું મન ન થાય. ઉપરની વિશેષતાઓથી એક અનોખી વિશેષતા એમને સાંધી હતી. જે બીજા વક્તાઓમાં ઓછી જોવા મળે. જમણા હાથ દ્વારા કરવામાં આવતી એક વિશિષ્ટ મુદ્રા પ્રવચનને ઓપ આપે અને વક્તાને જોમ આપે એવી સ્વાભાવિકપણે જ થતી હતી. જે આમ તો નજરે જોવાથી જ એની ખૂબી સમજાય તેમ હોવાથી આ વાત શબ્દોથી શું સમજાવવી?

પૂજ્ય ગુરુદેવની જૈન સંઘમાં અનોખી શૈલીના વિશિષ્ટ વક્તા તરીકે પ્રસિદ્ધિ સુપ્રસિદ્ધ હતી. એટલે મારી જન્મભૂમિ ડભોઈમાં સંવત ૨૦૦૦ માં ચાતુર્માસ કર્યા બાદ પોષ સુદ નોમે કાળધર્મ પામ્યા. તેને અનુલક્ષીને અનેક સંદેશાઓ આવેલા ત્યારે એક જ સંદેશો તેઓશ્રીની વ્યાખ્યાન શક્તિનું યથાર્થ મૂલ્યાંકન કરતો એવો આવ્યો કે જે વાંચી હું પણ આશ્ચર્યમાં પડી ગયો. આ સંદેશો લખનાર વ્યક્તિ પાછી એવી હતી કે જે તટસ્થ રીતે સાચું મૂલ્યાંકન કરી શકે. એમણે સંદેશામાં જણાવેલું કે—

**'સ્વર્ગસ્થ પુણ્યવાન આત્માના કાલધર્મથી જૈન સંઘમાં વિશિષ્ટ પ્રકારની વ્યાખ્યાન શૈલીનો દુઃખદ અન્ત આવ્યો છે.'**

આ લખનાર હતા શ્રમણ સંઘમાં સામ્પ્રત કાળના અજોડ સંશોધક, સંપાદક, મારા શ્રદ્ધેય, પરમધર્મસ્નેહી પુણ્યવાન આત્મા પૂ. આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મહારાજ.

સ્વર્ગસ્થ પૂજ્ય ગુરુદેવનો એક બીજો પ્રસંગ મને યાદ આવે છે. જે બન્યો હતો સં. ૧૯૯૨માં. વાત એમ હતી કે જામનગરથી પરમધર્મશ્રદ્ધાળુ શ્રી પોપટલાલ ધારસી પરિવારે પાલીતાણા વગેરેની યાત્રાર્થે છરી પાળતો સંઘ કાઢ્યો, અમો એમાં હતા. ચાર દિવસ પછી બપોરના વ્યાખ્યાન શરૂ કરવા શ્રાવકોએ સંઘપતિ સાથે મળીને પૂ. સૂરિસમ્રાટ આ.શ્રી વિજયનેમિસૂરિજી મહારાજ આગળ જઈ વાત મૂકી. પૂ. સૂરિસમ્રાટે બધા આચાર્યોને બોલાવ્યા. કોણ વ્યાખ્યાન વાંચે એ માટે થોડો વિચાર વિનિમય થયો. એક બીજા આચાર્યો એક બીજાને

આગ્રહ કરી રહ્યા પણ ચોક્કસ નામ તો કોઈ મુખ્ય વ્યક્તિ બોલે તો જ પ્રશ્નનો નિવેડો આવે.

પૂ. સૂરિસમ્રાટ્ અને પૂ. આગમોદ્ધારક સાગરાનંદસૂરિજીએ કહ્યું કે અમને લાગે છે કે વ્યાખ્યાનની જવાબદારી વિજય મોહનસૂરિજી મહારાજને સોંપી દેવી જોઈએ, આચાર્યશ્રીજીનું વ્યાખ્યાન સહુને ગમે એવું અને રસ પડે તેવું છે. સહુ સંમત થતા હો તો જે બોલાવો. એ વખતે બીજા વક્તાઓ, આચાર્યો હાજર હતા. બધાંએ ઉલ્લાસથી સંમતિ આપી. જો કે પૂ. દાદાગુરુજીએ ઘણી આનાકાની કરી. પૂ. સૂરિસમ્રાટ, પૂ. આગમોદ્ધારક, પૂ. સૂરિસમ્રાટના મુખ્ય આચાર્યોએ વાંચવું જોઈએ. કાં વારા થાય તે ઉચિત છે. સહુને લાભ મળે પણ એ વાત માન્ય ન રહી અને કળશ અમારા દાદા ગુરુદેવ ઉપર ઢોળાયો.

મેં પ્રસંગવશ ગુરુગુણ ભક્તિવશ વ્યાખ્યાનની વાત ઉપર થોડી આડી વાતો કરી પણ ક્યારેક ભૂતકાળનો ઈતિહાસ વર્તમાનમાં ખેંચી લાવવો એ પણ આજની પ્રજા માટે જરૂરી છે એટલે બહું જ ટૂંકમાં નિર્દેશ કરી હવે મૂળ વાત ઉપર આવું.

અમારા દાદાગુરુની હૃદયંગમ વ્યાખ્યાન શક્તિના કારણે ભગવતીજી સૂત્રનાં વ્યાખ્યાનો ભારે આકર્ષક, લોકપ્રિય અને આહ્લાદક બનતાં હતાં. સવારે તેઓશ્રી વાંચતા. ભગવતીજી પૂરું કરવાની ઈચ્છાની વાત સદા રજૂ કરે ત્યારે દાદાગુરુ બપોર માટે 'પ્રતાપ' કહી (પૂ. આ.શ્રી વિજયપ્રતાપસૂરિજી મહારાજને બોલાવી) વાત કરે કે તમને અનુકૂળતા હોય તો બીજા શતકથી સંક્ષેપમાં બપોરે વાચના આપો તો સારું. પૂ. ઉપા.શ્રી પ્રતાપવિજયજી મહારાજ એટલા બધા ગુરુભક્ત, વિનયશીલ આત્મા હતા કે ગુરુદેવ કહે એટલે કશું જ બોલવાનું નહિ. કોઈ તર્ક, દલીલ કે હા, 'ના'નો કોઈ અણસાર જ નહિ. તે તો એક જ કહે આપની જે આજ્ઞા હોય તે મારે કરવાનું. મને યાદ છે ત્યાં સુધી સૂરિજી પોતાના ગુરુદેવ પાસે (પ્રાયઃ) પલાંઠી વાળીને કદિ બેઠા ન હતા. મોટા ભાગે ચૈત્યવંદનની મુદ્રાએ બેસે પછી કલાક થાય કે બે કલાક પણ એક જ આસને બેસી પોતાના તારક ગુરુદેવ સમક્ષ અજબ વિનયધર્મ સાચવતા હતા. ગુરુથી અજાણપણે છૂપું નાનું મોટું કંઈપણ કામ કરવાનું ન હતું. એવા એ સાચા ગુરુ ભક્ત હતા.

બપોરના વ્યાખ્યાનની જાહેરાત થતાં લોકો બપોરના વાચના માટે ભેગા થાય. પૂજયશ્રી સંસ્કૃત-પ્રાકૃત ભાષાના પૂરા વિદ્વાન એટલે અસ્ખલિતપણે સમજાય તે રીતે સંક્ષેપમાં સૂત્રાર્થ સમજાવે. વ્યાખ્યાન નિરસ ન થાય એટલે ક્યારેક ક્યારેક અંદરની વાતો વિસ્તારે, ક્યારેક બહારની વાત પણ ઉમેરે અને શ્રોતાઓનો ઉત્સાહ ટકાવી રાખે. ચારેક મહિના વાચના બાદ કાર્તિક પૂનમ પછી ભગવતીજી વધુ બાકી હોય તો માત્ર મૂલ વાંચે. ક્યાંક ક્યાંક સમજણ આપે એમ કરીને ભગવતીજી સૂત્ર પૂરું કરી નાંખે. તે પછી સારાય ભગવતીજીની વાચનાની પૂર્ણાહુતિના આનંદની ઉજવણી સંઘ કરે. આમ મારા દાદા ગુરુજીએ બપોરની વાચના દ્વારા પૂરું ભગવતીજી અનેક વખત વાંચ્યું હતું.

જ્યારે ન છૂટકે ગુરુદેવથી જુદું ચોમાસું કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે તેઓશ્રી સવાર બપોર બંનેય વખત ભગવતીજીની વાચના આપતા. સવારે રિવાજ મુજબ વિસ્તારથી, બપોરે

સંક્ષેપથી. મને યાદ છે કે સં. ૧૯૮૯ માં મારા પૂ. દાદાગુરુ શ્રી વિજય મોહનસૂરિજી મહારાજ વગેરે સહુનું ચોમાસું શીહોર થયું ત્યારે એવી મુશ્કેલી ઉભી થઈ કે પાલીતાણા ક્ષેત્ર સાચવ્યા સિવાય ચાલે તેમ ન હતું. ત્યારે તે વખતે પૂ. દાદા ગુરુજીએ પોતાના પટ્ટશિષ્યરત્ન, તે વખતે ઉપાધ્યાય પદ ધારક વિજય પ્રતાપવિજયજી મહારાજની પાલીતાણા માટે જય બોલાવી. પૂ. ઉપાધ્યાયજી પોતાના ગુરુદેવથી જુદા રહેવા જરાએ તૈયાર જ ન હતા. પણ દુખાતે મને પાલીતાણા પધાર્યા ત્યારે ત્યાં એમને જે વ્યાખ્યાનો શરૂ કર્યા તે એવા જામ્યા અને પાલીતાણાની મોટી ટોળીના સંઘને ભારોભાર એવા ગમ્યાં કે જે કોઈ પાલીતાણાથી શીહોર આવે તે બધા મોટાસાહેબ પાસે એકી અવાજે કહે કે આ તો ઢાંક્યું રતન. શું વ્યાખ્યાન? પાલીતાણામાં ઘણાં ઘણાં પ્રખ્યાત વક્તાઓને અમે તો સાંભળ્યા છે પણ આપના વ્યાખ્યાનની વાત જ જુદી. ઉઠવાનું મન થતું નથી, જો અમને ત્યાં જમવાની સગવડ કરી આપે તો ઘરે જવા મન નથી થતું. આખો દિવસ વ્યાખ્યાન જ સાંભળ્યા કરીએ એમ થાય છે ત્યારે મારા પ્રદાદા ગુરુ (પૂ. મોહનસૂરિજી મહારાજ) કહેતા કે એ કોઈ દિવસ જુદો જતો નથી એટલે એની શક્તિનો મને પણ શું અનુભવ હોય? આ વખતે પણ પરાણે મોકલ્યો ત્યારે અંદરની શક્તિ કેટલી છે તેની ખબર સહુને પડી. મને સાંભળીને ખૂબ આનંદ થાય છે વગેરે બોલ્યા હતા. પ્રાસંગિક થોડીક પુરાણી ઘટના જણાવી.

પૂ. મારા ગુરુજી વિજય ધર્મસૂરિજી મહારાજે, પોતાના ગુરુદેવ વિના એકલા ચોમાસા કર્યા ત્યારે સવાર ઉપરાંત બપોરની વાચના તેઓશ્રી જ આપતા, અને બપોરે પણ ચીકાર હાજરી રહેતી. ૨૦૦૬ ની સાલમાં મુંબઈમાં પૂજ્યશ્રીના ભગવતીજીના પ્રવચનોએ મુંબઇને ઘેલું કર્યું હતું. જનતા કહેતી કે ૫૦ વરસમાં આવી હાજરી બબે વખત વ્યાખ્યાનમાં જોઈ નથી અને આવું તત્ત્વજ્ઞાન કોઈએ સમજાવ્યું જ નથી. વ્યાખ્યાનની ત્યારે રમઝટ જામી હતી. નાના મોટા સહુ તેઓશ્રીની મધુર, પ્રવાહબદ્ધ, સચોટ વાણીમાં તરબોળ બન્યા હતા.

અહીંયા પ્રાસંગિક ત્રણેય ગુરુદેવોની વકતૃત્વ શકિત્તનો સ્થૂલ પરિચય આપ્યો. અને એક મહત્વની ઘટના જીવંત બની.

મારી વિનંતીથી પૂજ્યશ્રીજીએ ભગવતીજી સૂત્રનાં વધારે તો નહિ પણ નવાં લખેલાં થોડાં વ્યાખ્યાનો ઉતારેલાં હતા. તે આ પુસ્તકમાં દાખલ થઈ શક્યાં હોત તો સારું હતું પણ એમનો સંગ્રહ જેમના કબજામાં છે તેમની પાસેથી મેળવવાનું અશક્ય હતું.

પૂજ્ય દાદા ગુરુ અને ગુરુજીનું ભગવતી સૂત્ર સાંભળવું એક વિશિષ્ટ લ્હાવો હતો. આજે એ લ્હાવો સદાને માટે અસ્ત થયો છે. આજે શ્રમણ સંઘમાં ભગવતીજી સૂત્રની યથાર્થ વાચના આપનાર વક્તાઓ ગણ્યા ગાંઠ્યા કદાચ નીકળે ખરા! આજે શ્રોતાઓ મોટે ભાગે ચવાણું, ભેળસેળ નાસ્તાના પૂજારી વધુ બન્યા છે, પણ મીઠાઈ કે પૌષ્ટિક ખાદ્યના ગ્રાહકો ગણ્યા ગાંઠ્યા રહ્યા છે. આ સંજોગોમાં તત્ત્વજ્ઞાની વાચનાદાતાઓ વધવાના સંજોગો નહીંવત્ બન્યા છે. જો કે શાસન જયવંતુ છે, છતાં વચગાળે નિરાશા કે મુશ્કેલીઓ જોવી પડશે એ

સ્વાભાવિક છે, પરંતુ વિષમકાલના પ્રભાવ આગળ ઉપાય નથી.

આ પુસ્તકમાં આપેલા ભગવતી સૂત્રના દરેક વ્યાખ્યાનોની સમીક્ષા હું કરી શક્યો નથી. બીજા વિદ્વાન પાસે કરાવી શક્યો નથી. આજે તો આવા વ્યાખ્યાનોની સમીક્ષાના અધિકારી સંઘમાં શોધવા પડે અને શ્રમણ સંઘમાં જે કંઈ થોડાક છે એમને સમયનો પ્રશ્ન હોય. વળી સમુદાયભેદે કરવા માટેની પણ ક્યારેક મુશ્કેલીઓ વરતાય, નહીંતર વ્યાખ્યાનોની જો સમીક્ષા થઈ શકી હોત તો આ વ્યાખ્યાનોની મહત્તા કોઈ જુદી અનુભવાત.

છેલ્લે છેલ્લે પાલીતાણામાં ભગવતીજી સૂત્રની જે વાચના થઈ તે પણ શ્રેષ્ઠ કોટિની હતી. આ વાચના અનેક સાધ્વીજીઓ, શ્રાવકો નોટમાં ઉતારતા હતા. અમારી પાસે બે રીતમાં ઉતારેલાં વ્યાખ્યાનોની કોપી છે. એ કોપી મારે જ બરાબર સુધારા વધારા સાથે સંસ્કારી બનાવાની જોરદાર ભાવના હતી એટલે ચાર વરસ સુધી મેં કોઈને જોવા ન આપી. પણ મારી પાસે અનેક કામો એટલે ચાર વરસથી લાગ્યું કે મારાથી શક્ય નહીં બને માટે બીજા કોઈ મુનિરાજો જોઈ આપે તો વિનંતી કરવી અને જોવાઈ જાય તો જલદી છપાવી નાંખવી. એટલે મેં એ કોપી બે ત્રણ યોગ્ય સાધુમહાત્માઓને આપી પણ કાચી પ્રેસ કોપી એટલે ભાષા-વાક્યોની અપૂર્ણતા થોડી ઘણી તો હોય જ એટલે એ જોઈને તેઓએ જણાવ્યું કે અમારા માટે આ કામ કઠણ છે, એમ પણ જણાવ્યું કે આચાર્યશ્રીજીના કથનને યથાર્થ ન્યાય નહીં આપી શકીએ. આવું જણાવી પ્રેસ કોપી અમને પાછી મોકલાવી. હવે જો કોઈ શાસ્ત્રીય રીતે, ભાષાની દૃષ્ટિએ, સંકલનની દૃષ્ટિએ સુધારનાર કુશળ વ્યક્તિ મળે તો જ આ કાર્ય થાય પણ લાગે છે કે 'પારકી આશ સદા નિરાશ' કહેવતનો અનુભવ થવાના ચાન્સીસ વધારે એટલે છેવટે સમય મેળવી મારે કરવું રહેશે!

પૂજ્ય ગુરુમહારાજ અવરનવર લેખો લખતા હતા, મોટા ભાગે તે જૈન પત્રમાં છપાતા હતા. એ બધા લેખોનું સંકલન કરી સારી રીતે સંપાદિત કરી ભવિષ્યમાં પ્રગટ કરવા વિચાર છે. મારી પાસે કામો ઘણાં છે, એ બધાં પાર પડી શકશે કે કેમ તેની ઉંડી ચિંતા છે, એ જોતાં બીજાં કામો ઉપાડી શકું તેમ નથી. એટલે સુયોગ્ય વિદ્વાન મળશે તો તેમને સોંપી પ્રેસ કોપી કરાવી લઈશું પછી છપાવાશે. મને લાગે છે કે આ સંગ્રહ પણ ૪૦-૫૦ ફોર્મથી ઓછો તો નહીં જ થાય. વળી મારા જ કહેવાથી પૂજ્યશ્રીએ નવતત્ત્વ ઉપર ૪૫ વર્ષ પહેલાં 'સુમંગલા' નામની ટીકા રચી હતી. આ ગ્રન્થ પણ પુનર્મુદ્રણ માંગી રહ્યો છે.

પૂજ્યશ્રીનો બધો સંગ્રહ પ્રસિદ્ધ થાય તે ભાવના છે, જોઈએ સમય, શરીર અને સંજોગો કેવા સહાયક બને છે.

હવે પૂર્ણાહુતિમાં વાચકોને થોડી બીજી ઉપયોગી વિગતો આપી પ્રસ્તાવના પૂરી કરું—

જૈનધર્મના મૂલભૂત શાસ્ત્રોને 'આગમ' શબ્દથી ઓળખવામાં આવે છે. જૈનધર્મમાં ભગવાન શ્રી મહાવીર પછી ઘણાં વરસો બાદ ચાલ્યા આવતા પ્રભુના એક જ માર્ગમાં બે ભાગલા પડ્યા-બે ફાંટા પડ્યા એટલે બંને માટે નવાં નામોનો જન્મ થયો. એક શાખાનું નામ શ્વેતામ્બર

અને બીજી શાખાનું નામ દિગમ્બર પડ્યું. સહુથી પ્રબળ, અને અતિ બહુમતી ધરાવતો સમૃદ્ધ પક્ષ હતો શ્વેતામ્બર. શ્વેતામ્બર નામ ચાલી આવતી મૂલશાખાને આપવામાં આવ્યું અને (બીજી શતાબ્દી) નવા ઊભા થએલા મતને દિગમ્બર નામ અપાયું. દિગમ્બરોએ તો પોતાની બે ત્રણ મુખ્ય માન્યતાનો આગમશાસ્ત્રો વિરોધ કરતા હોવાથી તેમને ભગવાન મહાવીરથી ચાલ્યા આવતા આગમો નવા છે, પ્રાચીન આગમો વિચ્છેદ ગયા છે એમ કહીને આગમો સાથે છેડો જ ફાડી નાંખ્યો. પછી ન રહ્યો વાંસ તો પછી બંસી હોય જ ક્યાંથી?

શ્વેતામ્બર પરંપરામાં સમય જતાં પડતા કાળના પ્રભાવે મુખ્યત્વે આચાર બાબતમાં વિચારભેદો વધતાં મતભેદો થયા, પરિણામે ઘણી ઘણી નવી શાખાઓ જન્મી. કહે છે કે ચોરાસી ગચ્છો–સંપ્રદાયો થયા. આ શાખામાં ભગવાન મહાવીરથી લગભગ ૧ હજાર વરસ બાદ મૂર્તિ અને મૂર્તિપૂજાના વિરોધી પક્ષોનો જન્મ થયો, એ પક્ષો લોંકા, ઢૂંઢિયા, સ્થાનકવાસીના નામોથી ઓળખાતા હતા. સ્થાનકવાસીમાંથી વરસો બાદ તેરાપંથી પક્ષ નીકળ્યો.

સ્થાનકવાસી જ્યારે નીકળ્યા ત્યારે મૂર્તિને માનવી તે પાપ છે એટલે મૂર્તિની માન્યતાને પૂરવાર કરનારા જોરદાર આગમો જે હતા તે બધા આગમોનો તેમણે બહિષ્કાર પોકાર્યો અને ૪૫ આગમની સેંકડો વરસથી ચાલી આવતી માન્યતાને તિલાંજલિ આપતાં ૧૩ આગમોને વિદાય આપી. જો કે તેમણે જે ૩૨ સ્વીકાર્યા છે, એમાં પણ કેટલાક આગમો એવા છે કે જેમાં મૂર્તિ અને મૂર્તિપૂજા શાસ્ત્રોક્ત છે અને તે માનવામાં આત્મકલ્યાણ જ છે, એવું જોરશોરથી કહેનારા પાઠો પૂરતા પ્રમાણમાં છે, છતાં કારણ ગમે તે બન્યું હોય પણ એ આગમોને બાવીસમાં સત્તાવાર સ્થાન મળી ગયું એ હકીકત છે. અને એ લોકોએ એ માન્ય રાખ્યા છે. આ પણ એક વિચિત્ર અને વિષમ વાત છે.

વાચકોને આગમોની બાબતમાં કંઈક જાણપણું મળે એ ઈરાદે એ અંગે ઉપરછલ્લી સ્વલ્પ ઓળખાણ કરાવી.

હવે શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાય જે સમગ્ર ભારતમાં સહુથી વિશાળ સંપ્રદાય છે, અને તમામ રીતે જે તેજસ્વી, આગળ પડતું સ્થાન ધરાવે છે તે શ્વેતામ્બર સમાજ જે ૪૫ આગમોને માને છે તે કયા કયા છે તેની યાદી અહીં નીચે રજૂ કરી છે.

❀

---

૧. દિગમ્બર શબ્દનો અર્થ–શબ્દમાં દિક્–અમ્બર બે શબ્દ છે. દિગ્ એટલે દિશા અને અમ્બર એટલે વસ્ત્ર. આકાશની દિશાઓ એ જ જેમને વસ્ત્રરૂપે કલ્પી છે તે, તેથી દિગમ્બર સાધુઓ વસ્ત્ર રાખતા નથી, એટલે કલ્પનાથી દિશાઓ છે એને જ વસ્ત્ર કલ્પી દિશારૂપી વસ્ત્રથી ઢંકાયેલા છે તે દિગમ્બર અને શ્વેતામ્બર એટલે શ્વેત વસ્ત્રને ધારણ કરનારા તે. દિગમ્બરો વીર સં. ૬૦૯ અને વિ. સં. ૧૩૯ માં જન્મ્યા.

## —પિસ્તાળીશ આગમ સૂત્રોનાં નામોની યાદી—

### ૧૧. અંગનાં નામો

૧. આચારાંગ
૨. સૂત્રકૃતાંગ
૩. સ્થાનાંગ
૪. સમવાયાંગ
૫. વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ (ભગવતીજી)
૬. જ્ઞાતાધર્મકથા
૭. ઉપાશકદશા
૮. અંતકૃદ્દશા
૯. અનુત્તરોપપાતિકદશા
૧૦. પ્રશ્નવ્યાકરણ
૧૧. વિપાકશ્રુત

### ૧૨. ઉપાંગો

૧. ઔપપાતિક
૨. રાજપ્રશ્નીય
૩. જીવાભિગમ
૪. પન્નવણા
૫. સૂર્યપ્રજ્ઞપ્તિ
૬. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ
૭. ચંદ્રપ્રજ્ઞપ્તિ
૮. નિરિયાવલિકા
૯. કલ્પાવતંસિકા
૧૦. પુષ્પિકા
૧૧. પુષ્પચૂલિકા
૧૨. વહ્નિદશા

### ૧૦. [૧]પયન્નાઓ

૧. ચતુઃશરણપ્રકીર્ણક
૨. આતુરપ્રત્યાખ્યાન
૩. મહાપ્રત્યાખ્યાન
૪. ભક્તપરિજ્ઞા
૫. તંદૂલવૈચારિક
૬. ગણિવિદ્યા
૭. ગચ્છાચાર
૮. દેવેન્દ્રસ્તવ
૯. મરણસમાધિ
૧૦. સંસ્તારક[૨]

### ૬. છેદસૂત્રો

૧. દશાશ્રુતસ્કંધ
૨. બૃહત્કલ્પ
૩. વ્યવહારકલ્પ
૪. જીતકલ્પ
૫. લઘુનિશીથ
૬. મહાનિશીથ

### ૪. મૂલસૂત્રો

૧. આવશ્યક
૨. દશવૈકાલિક
૩. ઉત્તરાધ્યયન
૪. પિંડનિર્યુક્તિ

### ૨. ચૂલિકાસૂત્રો

૧. નંદી
૨. અનુયોગદ્વાર

---

★ આ આગમોના નામોમાં જરાતરા ફેરફાર અને વૈકલ્પિકનામ પણ આવે છે.

૧. પયન્નાનું સંસ્કૃત 'પ્રકીર્ણક' એટલે વિવિધ વિષયક રચનાઓ.

૨. પયન્નાની નામ ગણત્રીમાં મતભેદ આવે છે.

અંગ ઉપાંગ પયન્ના છેદસૂત્રો મૂલસૂત્રો ચૂલિકાસૂત્રો
૧૧ + ૧૨ + ૧૦ + ૬ + ૪ + ૨ = બધું મલીને ૪૫ + આગમો થયા.

*પાલીતાણા જૈન સાહિત્યમંદિરને સ્પર્શતી તેની અગાસીના કઠેડામાં પોથી–પુસ્તકાકારે પત્થરથી બનાવેલા, રસ્તા પરથી જોઈ શકાય. એવી નાનકડી ગોઠવણીની સાહિત્યકલારસિકો માટે જાણવા જેવી એક વાત અત્રે રજૂ કરી છે.

પાલીતાણાના જૈન સાહિત્યમંદિરનું સર્જન માત્ર મારી ઈચ્છાના કારણે જ, પૂજ્યપાદ ગુરુદેવે કરાવ્યું. અને સમગ્ર સાહિત્યમંદિરનો પ્લાન પણ મેં જ સં. ૧૯૯૨ની સાલમાં પાલીતાણામાં ચંપાનિવાસમાં દોરેલો હતો. ઉપાશ્રય અને જ્ઞાનમંદિરમાં કઈ કઈ સવલતો હોવી જોઈએ? અને આધુનિક સ્થાપત્ય કેવું બનાવવું જોઈએ? એનું મને ઠીક ઠીક જાણપણું હોવાથી એ રીતે જ પ્લાન દોર્યો. મુકામ તૈયાર થયું ત્યારે સેંકડો માણસો રોજે રોજ જોવા આવતા. ભવ્ય દેખાવ, પાલીતાણામાં ભલે ઘણું જ નાનું છતાં પણ એક નમૂનેદાર સ્થાપત્ય અને તેમાં તમામ સુવિધાઓ જોઈ ધર્મસ્થાનના આયોજન–આયોજકની ઘણી અનુમોદના કરતા હતા.

આ ડીઝાયન જ્યારે કરી ત્યારે મારી શક્ય એટલી બધી ભાવનાઓ–વિચારોને થોડું થોડું પણ સ્થાન આપ્યું હતું. એ બધું અહીંઆ લખવાનું સ્થાન નથી, છતાં મહત્ત્વની એક વાત જણાવી દઉં કે આ મુકામ બહારથી જુએ તો તેને 'આ જૈન જ્ઞાનમંદિર છે' એમ લાગવું જોઈએ. એટલે આ મુકામની ઠેઠ ઉપર અગાસીનો કઠેડો મેં ચાલુ ભમરીઓવાળો નહિ પણ ગણત્રી કરીને બરાબર ૪૫ આગમોની પત્થરમાં ઉપસાવેલી ૪૫ પોથીઓવાળો બનાવરાવ્યો છે. બહારથી જોનારને લાગે કે આ જૈન જ્ઞાનમંદિર કે પુસ્તકાલય જ છે. કુશળ શિલ્પીએ મારા દોરેલા નકશા મુજબ અપાતી સૂચનાને ધ્યાનમાં રાખી પોથી આકારે ૪૫ આગમો ઉપસાવ્યા અને દરેક ઉપર આગમનાં નામો પણ કોતરાવ્યાં. તે જોઈને સહુ પ્રસન્ન થયા. એક વખત આગમોદ્ધારક પૂજ્યપાદ આ.શ્રી સાગરાનંદસૂરિજી મહારાજ સાહિત્યમંદિર પધાર્યા ત્યારે મેં સડક ઉપરથી જ કહ્યું કે, 'સાહેબજી ઉપર અગાસીનો કઠોડો જુઓ' તેમને ઉપર નજર કરી, મેં સંકેત કર્યો. પછી રસ પડ્યો, નામો વાંચ્યા અને ઘણા રાજી થયા, અને મને કહે કે ભાઈલા આવી કલ્પના તને ક્યાંથી સુજી? મેં કહ્યું કે આપની કૃપાથી. પાલીતાણા જનારા સમય હોય તો ઉપર નજર નાંખજો. અત્યારે તો તડકો અને વરસાદના કારણે પાંચ વરસમાં નામો બગડી ગયાં છે, અને બહું ઉંચે બતાવેલા હોવાથી ડોકીયું ઉંચું કરે તો જ ખ્યાલ આવે પણ આજના દોડાદોડીના ધમાલીયા જીવનમાં જોવાનો સમય પણ ક્યાં છે?

બીજા કોઈ સ્થળે આવી ગોઠવણનો ઉપયોગ કોઈએ કરવો હોય તેને ધ્યાનમાં રાખવા જેવી બાબત છે. પબ્લીકની જોરદાર સૂચના છે કે એક બોર્ડ નીચે મારો તો જ લોકોને ખ્યાલ મળશે તો જ વાંચશે, બાકી આટલા ઉંચે કોનું ધ્યાન જશે. આ માટે ટ્રસ્ટ ઘટતું કરશે.

## શ્રમણી–સાધ્વીજી સંઘ માટે એક વિચાર

આપણી વિવિધ સદ્‌ગુણોથી શોભતી ચાર હજારથી વધુ સંખ્યા ધરાવતી સાધ્વીજીની

સંસ્થામાં સુંદર હસ્તાક્ષરોવાળા ઓછામાં ઓછા સોએક તો સાધ્વીજીઓ નીકળી આવે. આવા શિક્ષિત સાધ્વીજીઓને દેવનાગરી-સંસ્કૃતલિપિમાં લખવાની તાલીમ આપી હોય તો જ્ઞાનભંડારો માટે કે ભાવિ પેઢી માટે હસ્તલિખિત પ્રતિઓ-કૃતિઓનો વિશાળ સંગ્રહ થવા પામે.

એક સાધ્વીજી વધુ નહીં તો ઓછામાં ઓછા ૧૦ થી ૨૫ શ્લોકો જો નિયમિત લખે તો મહિનામાં વીશ દિવસમાં ૩૦૦ થી ૭૫૦ શ્લોકો લખી શકાય. તો બાર મહિને ૧૦ લખવાવાળા સાધ્વીજી ૩૬૦૦ શ્લોક લખી શકે અને ૨૫ લખવાવાળા ૧૨ મહિને ૯ હજાર શ્લોક લખી શકે. એક સાધ્વીજી જો આવું કામ કરે તો ૧૦૦ સાધ્વીજીઓ બાર મહિને એક લાખથી વધુ શ્લોકો લખી શકે.

આ વાત કેવી મોહક, ગણત્રી કેવી આકર્ષક! પણ અમલમાં મૂકાય તો કામ થાય અને સંતોષ થાય...ખૂબ વિચારવા જેવી વાત છે. આ માટે આપણા સાધ્વીજીઓને પ્રેરણા આપી ઉત્સાહી બનાવવા જોઈએ. દરેક સંઘાડાના શ્રદ્ધેય આચાર્ય મહારાજોને મારું આ નમ્ર સૂચન વ્યાજબી લાગે તો પોતપોતાના સંઘાડામાં યથાશક્તિ શક્ય હોય તો શરૂઆત કરાવી શકે!

લખાણ પ્રતાકાર પાનામાં અથવા ઊભી બાંધેલી નોટોમાં પણ લખાવી શકાય. ફક્ત કાગળો રેગકન્ટ્રી-વધારેમાં વધારે રૂ વાળા અને હેન્ડમેડ વાપરવા જોઈએ. એસીડથી ધોએલા પ્રિન્ટીંગ પેપરો ન વાપરવા. જો એસીડવાળા-કાગળ વપરાશે તો એસીડ અતિ ગરમ હોવાથી લખેલાં કે છાપેલાં આ કાગળો કદાચ વધુ ઊંચા હશે તો પણ વધુમાં વધુ ૫૦ થી ૬૦ વરસ સુધી ટકશે. કેટલાંક ૩૦ વરસના અન્તે સડી જશે અને પાનું ફેરવતાં જ બટકી જશે. માટે કાગળની પસંદગી, લાઈનો દોરાવવાની અને ઉત્તમ સ્યાહીની વ્યવસ્થા ઉત્તમ કરી આપવી પડે. લખાણ ઉત્તમ રીફીલવાળી બોલપેનથી લખાવવું. આ શાહી પાણીથી કદી ભુંસાતી નથી. રેલાતી નથી. આ ફાયદો ઘણો મોટો છે.

શક્ય હોય તો—સુંદર હસ્તાક્ષરવાળા સાધ્વીજીઓએ ગુરુ પાસે જ્યારે પ્રાયશ્ચિત માંગ્યું હોય ત્યારે, પ્રાયશ્ચિતમાં ૫૦ થી ૨૦૦ કે વધુ શ્લોક લખી આપવાનું પ્રાયશ્ચિત આપવાનું શરૂ કરાય તો આવી પ્રથા દ્વારા પણ આ કાર્યને વેગ આપી શકાય.

કહેવાનો આશય એ કે આપણા ઘણા ઘણા સાધ્વીજીઓની ભણવાની શક્તિ ઓછી હોય છે. ઘણાને રસ નથી હોતો. આવા વિશાળ સંખ્યક સાધ્વીજીઓની શક્તિ અણવપરાએલી રહે તેના કરતાં શ્રુતભક્તિ-જ્ઞાનભક્તિના કાર્યમાં ઉપયોગ કરાશે તો જ્ઞાનાવરણીય તેમનું કર્મ ખપે, લેખન શક્તિ ખીલે, શ્રદ્ધા બળ વધે, મન પ્રફુલ્લિત અને પ્રસન્ન રહેશે અને અંદરોદરનાં આંતરિક સંઘર્ષો હશે તો તેથી વિમુખ બનશે. પરિણામે સાધ્વી સંસ્થા વધુ તન્દુરસ્ત અને આત્માર્થી બનીને વધુ કલ્યાણ કરી શકશે.

તેરાપંથી સાધુ-સાધ્વીજીઓમાં તો સંઘનું એક નેતૃત્વ હોવાથી હંમેશા નેતાજીના આદેશથી સેંકડો સાધુ-સાધ્વીજીઓને ફરજીયાત ૫૦૦ની આસપાસ શ્લોકો લખાવવામાં આવે છે. આ વાત ખાસ ધ્યાનમાં લેવી ઘટે.

ઉપર જણાવેલી અને નીચે જણાવાતી બાબતો વિસ્તારથી છાપામાં જ આપવી જરૂરી છતાં

મારી આ વાત ચિરસ્થાઈ બની રહે તે પણ યોગ્ય છે એમ સમજી ગ્રન્થસ્થ કરું છું. અહીં સંક્ષેપમાં જ ઇસારો કરું છું. સહુ ગંભીરતાથી વિચારે અને શીઘ્રાતિશીઘ્ર અમલ કરે!

વાત એ છે કે, આપણા સંઘમાં છેલ્લાં ૭૦ વરસમાં આપણે ત્યાં બહુ જ મહત્વના બહુ-મૂલ્ય ગ્રન્થો મુદ્રિત થઈ પ્રગટ થયા. મશીનરીના એસીડવાળા કાગળોના કારણે કેટલાક ગ્રન્થો મૃત્યુ શય્યામાં પોઢી ગયા. કેટલાક મરણ પથારીએ છે. કેટલાક કેન્સરની જેમ કાગળના દર્દથી ગ્રસ્ત બન્યાં છે. અર્થાત્ એસીડથી સાફ થતાં કાગળોનું આયુષ્ય ૩૦ થી ૪૦ વરસનું, પલ્પ કે કવોલીટી મજબૂત હોય, એસીડનો ઉપયોગ ન થયો તો તેવા કાગળો થોડા વધુ વરસો સુધી ટકી શકે છે. ૧૫૦ વરસની ગેરંટીવાળા ફોરેન પેપરો મેં વાપર્યાં છે જે હેન્ડમેન્ડ હતા.

કહેવાની વાત એ છે કે હજારો વરસમાં જે રીતે સંશોધન સંપાદન ન થયું હોય તેવા ગ્રન્થો ૭૦ વરસના ગાળામાં છપાયા છે. જે પાઠભેદો, પેરિગ્રાફો, પુરાવાઓ, તુલનાત્મક ખ્યાલો અને વિવિધ પ્રકારના પરિશિષ્ટો, અકારાદિ સૂચીઓ વગેરે આધુનિક સંપાદન પદ્ધતિથી સંપાદિત થએલા છે. પણ હવે એનાં કાગળો ખૂબ જીર્ણ થઈ ગયા છે.

આ પુસ્તકોને પુનર્જીવન આપવામાં ન આવે તો ફરી જ્યારે છપાવવા હશે ત્યારે ફાટેલા પાનાંની નકલ છાપવા માટે કામ નહીં લાગે. પ્રેસ કોપીઓ, પણ કરી નહીં શકાય. માટે સમાજના ધુરંધર-સમર્થ આચાર્યો કે સંઘો, શાસનના તથા ભાવિપેઢી માટેના મહાન ઉપકારક કાર્ય માટે પરસ્પર વિચાર વિનિમય કરી, સંગઠિત બની, અત્યુપયોગી, એવા જરૂરી બસો ગ્રન્થો નક્કી કરે અને ઉત્તમ કક્ષાના શ્રેષ્ઠ કાગળ ઉપર મુંબઈમાં ઝેરોક્ષ નકલો કરાવે અને જુદાજુદા આચાર્યોને અને ભંડારોને તેના અગાઉથી ગ્રાહક બનાવી દેવાય તો, એક ઐતિહાસિક ભગીરથ કાર્ય થાય. બહુમૂલ્ય સાધ્ય ગ્રન્થોનો લાભ ભાવિપેઢીને મળી શકે. કામ જરાએ કઠિન નથી. અતિ આનંદની અભિનંદનીય વાત એ છે કે સમયજ્ઞ આત્માઓ દ્વારા આજે આગમો વગેરેનો ઝેરોક્ષ દ્વારા ઉદ્ધાર શરૂ થઈ ગયો છે.

અમારા ભંડારના ડઝનબંધ પુસ્તકોને ભૂમિશરણ કરવા પડ્યાં, અને ૧૦ વરસે બીજા ગ્રન્થોનું વિસર્જન અનિવાર્ય કરવું જ પડશે. હું ગચ્છાધિપતિઓને અને યોગ્ય સ્થળે ૧૫ વરસથી આ વાત કહેતો રહ્યો છું. આ કાર્ય જરાએ કઠિન નથી, મને સમય નથી, નહીંતર આ કાર્ય હું ઉપાડી લેત, પણ પૂરતો સમય આપી શકે તેવા સંઘાડાઓ, આ કાર્ય શીઘ્ર હાથ પર લે તો તો બધી રીતે શ્રુતની રક્ષા થઈ જાય. અન્તમાં એક વાત જણાવવી રહી ગઇ તે એ કે:- મારા હસ્તકના લગભગ ૫૦૦ થી વધુ ફુલસ્કેપ જેટલાં લખાણોની સ્પષ્ટ, સુંદર અને સ્વચ્છ અક્ષરોમાં નકલ કરનાર ખૂબ જ ઉત્સાહી, સાધ્વીજી શ્રીપુનિતયશાશ્રીજી જેઓ ગુણીયલ સાધ્વીજી શ્રી પુષ્પયશાશ્રીજીના શિષ્યા છે, તેઓએ આ ભગવતી સૂત્રનાં વ્યાખ્યાનોના પુસ્તકના પ્રારંભનાં ૭૦ પાનાં તથા અન્ય લખાણ, સરસ રીતે, ઝડપથી કરી આપી ઉત્તમ જ્ઞાનભક્તિ અને ગુરુભક્તિ દાખવી છે, તે માટે તેઓ ખૂબ જ ધન્યવાદને પાત્ર બન્યા છે.

જૈન સાહિત્યમંદિર, પાલીતાણા
સં. ૨૦૪૧ જેઠ માસ

*આચાર્ય યશોદેવસૂરિ*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ભગવાન મહાવીરના ૨૬ ભવ અને ૨૭મા ભવનો માત્ર પ્રારંભની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૨ ઇ.સન્ ૧૯૮૬

૪૯

## પૂજ્યપાદ ગુરુદેવ અંગે મારે કંઈક કહેવાનું છે-

*—આચાર્યશ્રી યશોદેવસૂરિ*

તત્ત્વજ્ઞાનનો ઉંડો અભ્યાસ હોય પણ સાથે પ્રવચનકાર હોય એવું ન પણ હોય! બંને શક્તિ હોય છતાં લેખક પણ હોય જ એવું ન બને! જ્યારે આપણા પૂજ્ય યુગદિવાકર આચાર્યશ્રીજીની જન્માન્તરની ઉત્તમ જ્ઞાનસાધનાના પ્રતાપે જ્ઞાનાદિ ક્ષેત્રના અંતરાયો યથોચિત રીતે તોડ્યા હતા એટલે તેઓશ્રીને અનુકૂળ મન, ઉત્તમ વિચારશક્તિ અને ઉંડી ચિંતનશક્તિ, મૌલિક તત્ત્વોને સરલતાથી રજૂ કરવાનો કસબ આ ત્રણેય ગુણો આ કાળના હિસાબે સ્વ-પર કલ્યાણ માટે ઉત્તમ કહી શકાય તેવા પ્રાપ્ત થયા હતા. મહાન ભગવતી સૂત્રનાં એમના છપાયેલાં પ્રવચનો અને ૨૬ ભવની ભગવાન મહાવીરની પુસ્તિકા અને છાપામાં લખાએલા તાત્ત્વિક લેખો એના પુરાવાઓ છે.

દ્રવ્યાનુયોગને લગતા તત્ત્વાર્થ, કર્મગ્રંથ, કમ્મપયડી, પંચવસ્તુ વગેરે દ્રવ્યાનુયોગના ગ્રન્થોનું અધ્યયન, મનન ખૂબ જ શ્રેષ્ઠ હતું. ગુણસ્થાનકની ચેનલના તો તેઓ, શ્રેષ્ઠ વ્યુત્પન્ન અને અજોડ અભ્યાસી હતા. ઉપયોગ, લેશ્યા, ક્ષપકશ્રેણી, ઉપશમશ્રેણી વગેરે ઉચ્ચ કક્ષાના વિષયોની વ્યાખ્યા રજૂ કરતા ત્યારે એકાકાર બની જતા. એમની પ્રવાહબદ્ધ વાણી ચાલે ત્યારે આત્માને સ્પર્શતું કંઈક અવનવું સાંભળતા હોઈએ એવું શ્રોતાઓને લાગતું. એમનાં પ્રવચનો સાંભળ્યા પછી બીજા સાધુઓના લાઈટ પ્રવચનોથી શ્રોતાઓના અંતર સંતોષાતા નહીં. જ્ઞાનપિપાસા નાની ઉંમરથી જ અદમ્ય હતી. માત્ર ભણવું જ નહિ પણ બીજાને ભણાવવું એ એમના રસનો વિષય હતો. ભણાવાથી જે જ્ઞાન ખીલે

છે તે અનોખું ચમકે છે એવું તેઓ બરાબર જાણતા હતા. એથી યોગ્ય સમયે વાચનાઓ શરૂ કરી હતી, પ્રાયઃ અનેકવાર વાચનાઓ આપી છે. ગમે તેટલાં કામો હોય પણ રાતના એમના તત્ત્વજ્ઞાનના કલાસો નિયમિત રહેતા. વિશાળ જનસમાજને પ્રવચનો દ્વારા તત્ત્વજ્ઞાન અને જૈન આચાર-વિચારનું જ્ઞાન ખૂબ ખૂબ પીરસ્યું. આત્મસ્પર્શી સચોટ ઉપદેશ દ્વારા અનેકના જીવનમાં એમણે ધાર્મિક-આધ્યાત્મિક પ્રકાશ પાથર્યો. ધર્મ-કર્મના આરોહ-અવરોહ ઉત્સર્ગ-અપવાદની જૈનસિદ્ધાંતો અને તેની સુવ્યવસ્થાને ઘટાવવાની વ્યાખ્યાઓ, દૃષ્ટાન્તો ઘટાવવાની વિશિષ્ટ ખૂબી વગેરે ઘણું ઘણું આપ્યું. અનેકના જીવનના અંધારા યથાયોગ્ય રીતે ઉલેચાયાં. અનેકે પ્રકાશ અને પ્રેરણાઓ મેળવી. જિનમંદિરો, ઉપાશ્રયો, આયંબિલશાળાઓ, પાઠશાળાઓ વગેરે ધાર્મિક સ્થાનકો, સાત ક્ષેત્રોને પુષ્ટિ વગેરે ઘણાં ઘણાં ઉપકારક કાર્યો એમના હસ્તક થવા પામ્યાં, પણ આ બધી રોકાણોને લઈને કમનસીબી એ કે કલમ દ્વારા એમના તલસ્પર્શી અને વેધક ક્ષયોપશમનો પુસ્તકો દ્વારા જેટલો લાભ મળવો જરૂરી હતો તે મળી શક્યો નહિ. ભાવિ પેઢી એમના એ વારસાથી વંચિત રહી તેનો અફસોસ છે. તત્ત્વાર્થસૂત્રનું ભાષાંતર કરાવવાની મારી વરસોની ઈચ્છા પણ સમયની તાણે ફળવા ન પામી. ખરેખર! જૈનસમાજ માટે એક મોટા અફસોસની વાત હતી. કેમકે આવા તત્ત્વજ્ઞાનીઓ જલદી જનમતા નથી માટે.

છેલ્લાં ૨૦ વરસથી આવેલો સમય, બહુ જ વિષમ, વિચિત્ર અને ભારે ચિંતા ઉપજાવે તેવો ચાલી રહ્યો છે. આગમજ્ઞાનનો પારો ૧૧૦ ડીગ્રીથી ઉતરીને સર્વસામાન્ય દૃષ્ટિએ જોઈએ તો ૧૦૧ ડીગ્રીએ આવ્યો દેખાય. સાધુઓના હાથમાં પોથી કરતાં પણ પુસ્તક અને છાપાઓના દર્શન વધુ જોવા મળે. જ્ઞાનપ્રાપ્તિની ગુરુ પરંપરા તૂટી. ભાવિ સ્થિતિ આજે ઘણી ચિંતા ઉપજાવે તેવી બની છે. સાધુ મહાત્માઓ જ્યારથી વધુ પડતા જાહેર કાર્યો કરાવવા તરફ આગળ વધ્યા, અને શ્રાવક યોગ્ય કાર્યો જાતે સંભાળવા માંડ્યા ત્યારથી ઘણી બધી પરિસ્થિતિઓ પલટાઈ ગઈ. જો કે બાહ્યદૃષ્ટિએ લાભો જરૂર થાય પણ ધર્મગુરુઓ સંઘાડા કરતા સમાજને વધુ અર્પણ થઈ ગયા. પરિણામે બીજા ક્ષેત્રોમાં ક્ષતિઓ પહોંચી ગઈ. બુદ્ધિમાન સાધુઓએ ગમે ત્યારે અસલી પરંપરા પર પાછું ફરવું ખૂબ જ જરૂરી છે. શાસનના વિચારશીલ. સંયમી મહાત્માઓ અને જૈનસંઘના હિતેચ્છુ શ્રમણોપાસકો આ બંને અંગો મારી વાત ઉપર જરૂર ઉંડું ચિંતન મનન કરે!

પ્રાસંગિક એક વાતની સૂચના કરવાને ૧૫ વરસથી ઈચ્છી રહ્યો છું તે એ કે ૫૦ વરસ પહેલાં શ્રેષ્ઠ જ્ઞાની વકતાઓ અલ્પ હતા જયારે આજે ભિન્ન ભિન્ન શૈલીએ સુંદર પ્રવચનો આપતા અનેક વકતાઓ છે. દરેકની છટા, વિવેચન શક્તિ નોખી નોખી હોય છે. આ બધા વકતાઓના એક બે વ્યાખ્યાનોની પણ ટેપો થાય તો સમાજને–જાહેર પ્રજાને, તેમજ નવા વકતાઓને અતિ મહત્વની કે ઐતિહાસિક ભેટ મળી જાય. કોઈ કોઈ વકતાઓ એવા છે કે આવા વકતાઓ ભાવિમાં ક્યારે થશે તે જ્ઞાની જાણે! આવા પ્રયાસથી અનેકનો અવાજ ચિરંજીવ બની જશે. આવું ઉપયોગી સાધન જ્યારે પ્રાપ્ત થયું છે ત્યારે દીર્ઘ દૃષ્ટિએ વિચારવું જરૂરી બન્યું છે.

જૈન વકતાઓની વાતો, બીજા ધર્મના વકતાઓથી અનોખી અને અંતરને સ્પર્શતી હોય

છે, અજૈનોને ખૂબ જ ગમી જાય છે. સાધુ મહાત્માઓ પુસ્તકો છપાવવા, તાર, ટેલીફોનો કરાવવાના પોતાના માટે કે પોતાની હાજરીવાળા સમારંભો માટે ફોટાઓ, ફિલ્મ અને વિડીયો બેધડક જ્યારે ઉતરાવરાવે છે ત્યારે સુશ્રાવકો ટેપ ઉતરાવાનું હજારોને ઉપયોગી કાર્ય શું ન કરી શકે! લાભાલાભની દૃષ્ટિએ આજે વિચારવું જોઈએ.

જો કે મારી વાત અદેશકાલજ્ઞ આત્માઓને નહીં ગમે! મારા પ્રત્યે અણગમો દાખવશે, પણ કોઈપણ વાત બધાને ગમે તેવું હોતું નથી, મારાં કાર્યોની ફાઈલમાં ઘણા વખતથી આવી તો આત્મોપયોગી સમાજોપયોગી બીજી ઘણી આઈટમો નોંધેલી છે. બીજા લોકો દ્વારા કેટલાકનો અમલ થઈ પણ રહ્યો છે.

પાંચમી વાર છપાતા આ પુસ્તકનો સહુ વિશેષ પ્રમાણમાં લાભ ઉઠાવે એ જ સહુને અનુરોધ!

આ પુસ્તક અંગેની વધુ વાતો આ પુસ્તકના ૧૯૪ પાનાંથી જોવી. અન્તમાં લેખકને વંદન કરી તેમની લેખિની અને લેખને ધન્યવાદ આપી વિરમું છું.

- એક સાકરનો કણ સો કીડીને એકઠી કરી દે પણ અફસોસ એક માનવનું વેણ સો દિલના ટુકડા કરી નાંખે છે.

- જીવન એ ત્રણ અક્ષરનો શબ્દ છે. જી એટલે જીવવું, વ એટલે વધવું અને ન એટલે નમવું. આ ત્રણ વસ્તુ જેને આવડે તેને જીવનકલા હસ્તગત થઈ ગઈ છે તેમ માનવું. આજે જીવન સાથે લાગેવળગે નહિ તેવી ઘણી પ્રવૃત્તિઓમાં આપણે જોડાયા છીએ. ધુમાડા જેવા દીર્ઘ જીવન કરતાં એકાદ ક્ષણનું જ્યોતનું જીવન સારું ગણાય.

- જન્મ થતાંની સાથે જ માનવ મૃત્યુનું વોરંટ લઈને જ આવે છે. એ વોરંટની બજવણી ક્યારે, કયા સ્થાને, કેવી રીતે થશે એની જાણ નથી પરંતુ માનવનું મૃત્યુ નક્કી જ છે. એમાં એ લક્કી નથી તો પછી હે માનવ ! તારે જવું જ છે તો જા ! પણ જતાં જતાં સ્વાર્થની દુર્ગંધને બદલે સ્નેહ, સેવા, સદાચાર, સાદાઈ અને સૌજન્યની સૌરભ મૂકતો જા કે જેથી અમે પણ એ સુરભિની પુણ્ય સ્મૃતિ ઉપર બે સાચાં આંસુ તો પાડી શકીએ.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ઋષિમંડલ સ્તોત્રની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૨ ઇ.સન્ ૧૯૮૬

**૫૦**

## संपादकीय निवेदन

वि० सं० २०१२ मे लघु एवं बृहद् दोनों प्रकार से जाने गये ६३ और ९८ गाथा के मानवाले दोनों स्तोत्रवाली क्राउन साईज की एक पुस्तिका देवनागरी संस्कृत लिपि में बड़ौदा से श्री मुक्तिकमल जैन मोहनमाला ने प्रगट की थी।

इन दोनों स्तोत्रों का संशोधन, संख्याबंध हस्त प्रतियों, मुद्रित कृतियों, तथा उनके यंत्र और चित्र देखने के बाद साथ ही इस विषय का चिंतन किये बाद करने में आया था। एक सौ से अधिक पाठ भेद दिये गये थे। श्रेष्ठ कागज, श्रेष्ठ प्रिन्टिंग, बढीसाइज के टाइप आदि से प्रस्तुत प्रकाशन सुन्दर और आकर्षक बन गया था। तटस्थरूप से कहूँ तो आज तक जैन समाज में तो प्रकाशित हुई इस स्तोत्र की अन्य पुस्तकों में तो वह मूर्धन्य कोटि का था। इसी लिये वह अभूतपूर्व था। इस प्रकाशन का सर्वत्र खूब आदर हुआ। इसके अंत में स्तोत्र पाठ और मूलमंत्र के विषय में एक अभूतपूर्व ध्यान बहुत बारीकी से देने पर स्तोत्र प्रेमियों को नया जानने और समझने को भी मिला। मेरे पास आए हुऐ पत्र इसके साक्षी हैं।

अभी भी इस स्तोत्र के मन्त्र (यन्त्रादि) के विषय में अनेक बातें जानने, समझने और विचारने जैसी हैं। इसके लिये मेरे पास अच्छा खासा निबंध लिखने योग्य सामग्री संग्रहित है।

श्वेताम्बर और दिगम्बर दोनों समाज में अत्यंत प्रचलित इस स्तोत्र के लिये संग्रहित, संकलित सामग्री प्रसिद्धि में आए तो इस स्तोत्र के प्रेमी एवं अभ्यासी वर्ग को बहुत विचार पाथेय मिल सकेगा। इसलिये इस लघु पुस्तिका में थोडी थोडी वानगी परोसी गई है।

प्रस्तुत निबंध और उसके चित्रों को प्रकाशित करने का अवसर शीघ्र प्राप्त हो इसका इन्तजार कर रहा हूं।

एक विशेष बात यह भी जाननी आवश्यक है कि इस स्तोत्र को पढ़ने का अधिकार श्री संघ के चारों ही अंगों को है।

*—मुनि यशोविजय*

**मूलमंत्र के विषय में**—स्तोत्र में या अलग से जब आप मूल मंत्र छापते हैं तो 'असिआऊसा' के आगे जो आप ॐ छापते हैं, वह सर्वथा अशुद्ध है। प्रथम और बीच में, इस प्रकार दो ॐ की इस मंत्र में आवश्यकता नहीं। इससे मूलमंत्र एकदम अशुद्ध हो जाता है।

मूलमंत्र में 'चारित्रेभ्यो ह्रीँ नमः' सभी छपवाते है। किन्तु नमः के आगे ह्रीँ छपवाना सर्वथा अनुपयुक्त है। आप कभी मत छपवाइयेगा। यदि ६–१० श्लोकों का खूब समझपूर्वक प्रथम अन्वय करके फिर जो अनुसंधान करेंगे तो इस बात की सही खात्री हो जायेगी।

मूलमंत्र में 'सम्यग्दर्शन' रूप प्रकाशन मिलता है। इसमें सम्यग् शब्द को श्वेताम्बरीय आम्नायने स्वीकार नहीं किया है। यद्यपि ६८ वें की सदी हस्तलिखित तथा प्रतियों और प्रकाशित पुस्तकों में आपको 'सम्यग्' शब्द देखने को मिलेगा। परन्तु बहुत संशोधन और ग्रन्थों के व्यापक निरीक्षण के अन्त में मैं इस निर्णय पर आया हूँ कि 'सम्यग्' शब्द की आवश्यकता नहीं। इसके अतिरिक्त पूज्य श्वेताम्बराचार्य श्री सिंहतिलकसूरिजीने भी 'सम्यग्' शब्द स्वीकार नहीं किया है। निष्कर्ष यह है कि श्वेताम्बर एवं दिगम्बर मतानुसार मूलमंत्र क्रमशः २५ तथा २७ अक्षरों का होता है। अतः हमने सम्यग् शब्द निकाल कर २५ अक्षरों का मूलमंत्र प्रकाशित किया है। सम्यग् शब्द रखना चाहिये यह बात ऋषिमंडल के श्लोकों में से कहीं भी नहीं निकलती। यह मैं अनुभव करता हूँ कि समाज में २७ अक्षरों की प्रसिद्धि इतनी व्यापक और गहरी है कि मेरी बात जल्दी ही गले नहीं उतरेगी, उलटा विरोध खड़ा होगा, लेकिन एक अच्छे शोधक को जो सत्य प्रतीत हो उसे प्रगट करना ही चाहिये, यह सोचकर सत्यता आपके समक्ष रक्खी, अब आपको चाहिये आप अपनी बुद्धि से इसे सत्य की कसौटी पर परखें। मूलमंत्र तो बीस से अधिक उपलब्ध हुए हैं और किसी-किसी मन्त्र में २७ से अधिक अक्षर देखने में आये हैं, फिर भी यहां हमने खूब ही प्रचलित और अनेक प्रकार से सुयोग्य मूलमन्त्र पसंद किया है।

२. 'तूर्यस्वरसमायुक्तो' सैंकड़ों वर्षों से यह पाठ चला आता है। सेंकडे १५ टका पुस्तकों में ऐसा ही पाठ मिलता है। बाद में जो पुस्तकें छपी इसी परम्परानुसार उनमें भी यही पाठ छपता रहा है, किन्तु यह पाठ एकदम अशुद्ध है। गाथा १६ में सही पाठ 'तूर्यस्वरकलायुक्तो' है, यह निर्विवाद और एक हजार टका सही पाठ है, अतः दिमाग् को अधिक कसरत कराये विना, निःशंकरूप से 'समा' के स्थान पर 'कला' शब्द छापेंगे, ऐसी आशा है।

३. गाथा ४५ के प्रारंभ में अधिकांश पुस्तक में ॐ ह्रीँ श्रीँ,' पाठ देखने को मिला है, लेकिन ह्री श्री पर अर्धचन्द्र बिन्दु की जरूरत नहीं, क्योंकि यह दो मन्त्र बीज नहीं है, लेकिन ह्री, श्री ये तो देवियों के नाम हैं। और क्रम में भी प्रथम श्री और ह्री होना चाहिये। अर्थात् ॐ श्रीः ह्रीः, ऐसा पाठ और क्रम सही है तो इस प्रकार छापना चाहिये, यह भी एक निश्चित यथार्थ सत्य है।

छपानेवाले साधु–साध्वीजी, प्रकाशक-और पुस्तक विक्रेता जरूर ध्यान देंगे, ऐसी आशा है।

*—लेखक*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# પ્રેરણા અને પ્રકાશ આપતું એક સુંદર પ્રવચનની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૨ ઇ.સન્ ૧૯૮૬

**૫૧**

## વક્તાની વાત

### (બીજી આવૃત્તિમાંથી)

અહીં પ્રગટ થતાં વ્યાખ્યાનની મારા હાથે લખેલી નકલ સંગ્રહમાંથી મળી આવી. તેના ઉપર નજર કરતાં લાગ્યું કે તેને વ્યવસ્થિત રીતે સંકલન કરી, સુવ્યવસ્થિત કરવામાં આવે તો તે સુવાચ્ય બની શકે. તે વખતની ભાષા અને બોલવાનું તે વખતનું ધોરણ અકબંધ રહે તે ખ્યાલ રાખીને જ્યાં જ્યાં ખાસ જરૂર પડી ત્યાં જ સુધારા વધારા કરી મઠારી છે. સંસ્થા આજે ૫૭ પાનામાં છપાએલું સર્વ સામાન્ય જનતાને પ્રેરક બને એવું આ વ્યાખ્યાન પ્રકાશિત કરી રહી છે.

આ વ્યાખ્યાનની પ્રેસકોપી જયારે જોઇ ત્યારે મને સાશ્ચર્ય નવાઇ લાગી. શું આવું વ્યાખ્યાન મેં આપ્યું હતું? શું હું આવું બોલી શકયો હતો? ના, ના. ભૂતકાળની વાતનું જરાપણ સ્મરણ ન હોય ત્યારે અને એકાએક વ્યાખ્યાન કોપી જોવા મળે ત્યારે આવા વિચારો ઉદ્‌ભવે તે સ્વાભાવિક છે.

આ વ્યાખ્યાન તાત્ત્વિક કે દ્રવ્યાનુયોગ પુટિત નથી. તે માત્ર એક જનરલ-લાઈટ વ્યાખ્યાન છે, સુપથ્ય અને સુવાચ્ય છે એટલે સામાન્ય જનતાને તે જરૂર ઉપયોગી થશે, તેમજ પ્રભાવનાદિરૂપે આપવા માટેનું એક સાધન બની રહેશે, એમ સમજી તેને પ્રકાશિત કરવામાં આવ્યું છે. નાનકડું આ વ્યાખ્યાન વાચકોના હૃદયમાં પ્રેરણા અને પ્રકાશ આપે એવી શુભકામના સાથે ૐ શાંતિઃ।

—*યશોદેવસૂરિ*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# અભિધાન રાજેન્દ્રકોષ ભાગ-૧ની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૨ ઇ.સન્ ૧૯૮૬

## ૫૨

श्रीमद् विजय यशोदेवसूरिजी महाराज 'अभिधान राजेन्द्र' और इसके कर्ता के प्रति अपना भावोल्लास प्रकट करते हुए लिखते है–आज भी यह (अभिधान राजेन्द्र) मेरा निकटतम सहचर है। साधनोंके अभावके जमाने में वह जो महान कार्य संपन्न हुआ है, इसका अवलोकन करके मेरा मन आश्चर्य के भावोंसे भर जाता है और मेरा मस्तक इसके कर्ताकि इस भगीरथ पुण्य पुरुषार्थके आगे झुक जाता है। मेरे मनमें उनके प्रति सम्मानका भाव उत्पन्न होता है क्योंकि इस प्रकारके (महा) कोशकी रचना करनेका आद्य विचार केवल उन्हें ही उत्पन्न हुआ और उस विकट समयमें अपने विचार पर उन्होंने अमल भी किया। यदि कोइ मुझसे यह पुछे कि जैन साहित्यके क्षेत्रमें बीसवीं सदी की असाधारण घटना कौनसी है, तो मेरा संकेत इस कोशकी ओर ही होता, जो बड़ा कष्ट साध्य एवं अर्थ साध्य है।

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# યશોજ્વલ ચિત્રાવલીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૩ ઇ.સન્ ૧૯૮૭

૫૩

## સંપાદકીય નિવેદન

### પ્રસ્તુત પુસ્તક અંગે અને મુદ્રાના પ્રભાવ અંગે એક ઘટના

બહુ જ નાનકડી અને કલાની દૃષ્ટિએ મધ્યમ ગણી શકાય એવા રેખા ચિત્રોથી તૈયાર થએલી આ પુસ્તિકામાં સ્વદેહ રક્ષા, પૂજાપાઠ રક્ષા, વિવિધ પ્રકારની મંત્રબીજાદિની સ્થાપના માટે કરાતા ન્યાસો તથા વિવિધ પ્રકારોની હાથના આંગળાઓથી થતી મુદ્રાઓનાં ચિત્રો આપ્યાં છે.

આમાં આપેલાં પહેલાં બે ભાગના લગભગ તમામ ચિત્રો પહેલીજવાર પ્રકાશિત થાય છે. ફક્ત ત્રીજા ભાગમાં આપેલાં ચિત્રો, સવાર-સાંજ બે વાર પાપનું પ્રાયશ્ચિત કરવા માટે થતી પ્રતિક્રમણ (-પડિક્કમણું) શબ્દથી ઓળખાતી ક્રિયામાં ઉપયોગી આસનો મુદ્રાઓ જે આજથી પંદર વરસ ઉપર મારી 'સંવચ્છરી પ્રતિક્રમણની સરળ સચિત્ર વિધિ' આ નામની બુકમાં પ્રગટ થયાં હતાં.

તમામ ચિત્રો હજારો વરસમાં પહેલીજવાર મારા દ્વારા તૈયાર થવા પામ્યાં છે, અને તેનો લાભ હજારો માણસોએ ઉઠાવ્યો અને ઉઠાવી રહ્યા છે તેથી હું આનંદ અનુભવું છું. અલબત્ત મનપસંદ કામ કરનારા ચિત્રકારો મળવા અતિ દુર્લભ બન્યા હોવાથી આર્ટની દૃષ્ટિએ ધાર્યું કામ કરી શકાયું નથી. કેટલાંક ચિત્રો રંગીન બનાવવાં હતાં તે કામ પણ થઈ શક્યું નથી તેનો રંજ છે.

આ પુસ્તકનાં ૨૫ પાનાં સુધીનાં ચિત્રો મારી પાંચ વરસ ઉપર છપાઈ ગએલી પણ પ્રકાશિત થઈ શકી નથી તે 'ઋષિમંડલ યન્ત્ર પૂજન વિધિ'ની પ્રતાકાર સ્વરૂપ પોથીમાં છાપેલાં છે. જેનું સીધું દર્શન તમે ૨૦૪૩ના પજૂસણ આસપાસમાં કરી શકો તે જાતના પ્રયત્નમાં છું.

આ પોથીનાં ચિત્રોના બ્લોકો તૈયાર હતા એટલે ભાવનગરવાળા સંદર્ભ ગ્રન્થોના રસિયા ભાઈશ્રી નંદલાલ દેવલુકે પોતાના દળદાર જૈન ગ્રન્થરત્નચિંતામણિમાં છાપવા માગણી કરી એટલે સંસ્થા દ્વારા તેમને અપાવ્યા જેથી આ ચિત્રો બીજીવાર એમાં પ્રગટ થયાં છે.

મારી ઈચ્છા હાથની બીજી અનેક મુદ્રાઓ ઉમેરીને રંગીન ચિત્રોમાં વિશિષ્ટ પ્રકારનું અને નાની સાઈઝમાં એક પુસ્તક પ્રગટ કરવાની ભાવના છે, ત્યારે હાથની મુદ્રા એ શું ચીજ છે? આ મુદ્રાનાં ફળો શું છે? ભારતીય સંસ્કૃતિમાં આનું સ્થાન શું છે? સ્વર્ગલોકના દેવો વિવિધ આકારોથી શા માટે પ્રસન્ન થાય છે? મુદ્રાઓ સહિત કરેલો જાપ દ્વિગુણ ફળ કેમ આપે છે? એ ઉપર સપ્રમાણ પુસ્તક પ્રગટ કરવા ઇચ્છા રાખું છું. સમય યારી આપશે તો!

મુદ્રાઓ એક રહસ્યમય વિષય છે. આ વિદ્યા ભારતીય વિદ્યા છે. ઋષિ-મહર્ષિઓથી દર્શિત શાસ્ત્ર છે. દુઃખની વાત એ છે કે આપણે ત્યાં મુદ્રાઓ ઉપર શાસ્ત્રોક્ત રીતે પ્રકાશ પાડતા મુદ્રાઓનાં ચિત્રો સાથેના સ્વતંત્ર જૈન ગ્રન્થ જોવા-જાણવા મલ્યાં નથી. સામાન્ય ચાલુ મુદ્રાઓ પણ મંત્ર ગ્રન્થોમાં દોરેલી મને જોવા મલી નથી. અંગ્રેજી વગેરે ભાષામાં મુદ્રાઓનાં ચિત્રો સાથેનાં વિવેચનો ઠીક ઠીક સંખ્યામાં મલે છે. તિબેટ જઈને મુદ્રાઓ શીખી એક પરદેશી વિદ્વાને ચિત્રો સાથે ૫૦ વરસ ઉપર મુદ્રાઓ ઉપર એક ગ્રન્થ બહાર પાડ્યો હતો.

મુદ્રાના પ્રભાવનો એક દાખલો મારા પરમમિત્ર વિદ્વદ્વર્ય પૂ. પુણ્યવિજયજી મહારાજે ૩૦ વરસ ઉપર મને કહ્યો હતો. તેઓશ્રી પાટણમાં દર્શને જતા હતા. એક છોકરાને વીંછી કરડ્યો હતો. વીંછીનું ઝેર ઉતારનાર મરાઠી ભાઈ ત્યાં રહેતા હતા, એની મા તેને ત્યાં લઈને ગઈ. પેલા મરાઠી તાંત્રિકે તેને ઓસરીમાં બેસાડ્યા. પુણ્યવિજયજી મહારાજનું નીકળવું. તાંત્રિક વ્યક્તિ પુણ્યવિજયજીની પરિચિત હતી એટલે બંનેની નજર મલતા પુણ્યવિજયજી મહારાજને બોલાવ્યા. મહારાજજીને પણ જોવું હતું. પેલા તાંત્રિકે છોકરાને સામે બેસાડી તરત જ મુદ્રાઓ કરી, મનમાં મંત્ર ભણ્યો અને પાંચ મીનીટમાં ઝેર ઉતરી ગયું. પૂ. પુણ્યવિજયજી આશ્ચર્ય પામ્યા. આથી સ્પષ્ટ થાય છે કે મન્ત્ર સાથે મુદ્રા કોઈ અનેરો પ્રભાવ પાથરતી હોવી જ જોઈએ.

આપણા ધર્માચાર્યો ૨૫૦૦ વરસથી સૂરિમંત્રનો જાપ મુદ્રાઓ સાથે કરતા જ આવ્યા છે. આજે પણ કરે છે, અને હું પણ મુદ્રાઓ સાથે જાપ કરૂં છું. આ મુદ્રાતન્ત્ર માનસિક, આધ્યાત્મિક શાંતિ, રોગ-ઉપસર્ગ શમનમાં, તુચ્છ-મલિન ઉપદ્રવો, કુટિલ પ્રયોગોનો છેદ ઉડાડવા વગેરે અનેકાનેક કાર્યોમાં સફળ રીતે જોરદાર સહાયક બને છે.

* * *

## મારાં હસ્તક થએલાં સચિત્ર કાર્યોની થોડીક યાદી

*-લે. યશોદેવસૂરિ*

(૧) મારાં હસ્તક તૈયાર કરવામાં આવેલી તીર્થંકર દેવો અને અન્ય દેવીઓની આરસ

અને ધાતુની જે જે મૂર્તિઓ શિલ્પકલાના શ્રેષ્ઠ નમૂના તરીકે પૂજાઈ રહી છે તે કેવી છે તેનો ખ્યાલ વાચકોને મળે તે માટે ઘણાં પાનાં લખવાં પડે. આ મૂર્તિઓ મુંબઈ ખાતે વાલકેશ્વર ત્રણબત્તી, ગોડીજી જૈન ઉપાશ્રય અને સર્વોદય દેવદર્શન હોલ ઘાટકોપર, પાલીતાણા વગેરે સ્થળે છે. આ જાતનાં શિલ્પો જૈનસંઘમાં પહેલીજવાર બન્યાં છે.

## ૬૦ ચિત્રોની ઋષિમંડલ પૂજન વિધિની નવી પ્રત

(૨) મારાં હસ્તક પૂર્વાચાર્યકૃત ખૂબ અધૂરી જ અને ઘણી અશુદ્ધ મળેલ શ્રી ઋષિમંડલયન્ત્ર વિધિને સંપૂર્ણ બનાવી તેની પોથી હમણાં છપાવી છે. જેમાં પૂજન, જપ વગેરે વિધિને લગતાં અભૂતપૂર્વ, અજોડ એવાં લગભગ ૬૦ ચિત્રો પણ છાપવામાં આવ્યાં છે, જે પ્રત હજુ બહાર પડી નથી.

## સંવચ્છરીની વિધિ–૪૦ ચિત્રો

(૩) બીજી બુક સંવચ્છરી પ્રતિક્રમણની સચિત્ર વિધિની પ્રસિદ્ધ થએલી છે. જેમાં પ્રતિક્રમણની વિધિ વિધાનની મુદ્રાઓનાં ચાલીસેક ચિત્રો છાપવામાં આવ્યાં છે. જે ચિત્રો આજથી વીશેક વરસ ઉપર પહેલી વાર જૈન સમાજમાં પ્રગટ થવા પામ્યાં હતાં. આ પુસ્તકની[1] ગુજરાતી, હિન્દીની હજારો નકલો દેશભરમાં પ્રચાર પામી, સહુને એકદમ ગમી ગઈ. આ પુસ્તિકા એટલી બધી ઉપયોગી બની ગઇ કે ગુરુની ગેરહાજરીમાં મુંઝાયા વિના સરલતાથી પ્રતિક્રમણ કરી શકાય. સંવચ્છરીના દિવસે એની સાચી ઉપયોગિતા છે. પરદેશમાં આફ્રિકામાં બે હજારથી વધુ બુકો અને લંડન, અમેરિકામાં હજારેક બુકો ગઈ છે. પરદેશમાં બહુ જ લોકપ્રિય થઈ છે અને એ લોકો પરદેશમાં જ ૨૦૪૩માં છાપવા વિચારી રહ્યા છે. આજ સુધીમાં તેની સાત આવૃત્તિઓ દ્વારા વીશેક હજાર પુસ્તકો વહેંચાયા છે. મોટાં શહેરોમાં સેંકડે સ્થળે પ્રતિક્રમણો થતાં હોય છે. બધે સ્થળે સાધુ મહારાજ ક્યાંથી હોય, ત્યારે આ પુસ્તક બહુ જ ઉપયોગી થાય છે. હવે આની નવી આઠમી આવૃત્તિ છપાવાની છે.

## નવી તૈયાર થનારી સચિત્ર શ્રી સિદ્ધચક્ર પૂજન વિધિ

(૪) સિદ્ધચક્ર બૃહદ્ યન્ત્રપૂજન વિધિ છપાવાની છે. થોડી પ્રેસકોપી તો વરસોથી કરેલી પડી છે. તે કામ અનુકૂળતાએ હાથ પર લઈ પુરૂં કરવું છે. આ આવૃત્તિ પણ સચિત્ર બનશે. આમ ઋષિમંડલ અને સિદ્ધચક્રપૂજન આ બંને વિધિની શ્રેષ્ઠ, સુંદર, આકર્ષક પ્રત છાપવાની મારી ભાવના પૂર્ણ થશે.

મારાં હસ્તકનાં કેટલાંક ચિત્રો સુપ્રસિદ્ધ કરવામાં વધુ વિલંબ થઈ રહ્યો હોવાથી આપણા જાણીતા પ્રબળ ઉદ્યમી ભાઈશ્રી નંદલાલ દેવલુકે પોતાના જૈનરત્ન ચિંતામણિ નામના પુસ્તકમાં છાપવા માટે માંગણી કરતાં જૂનાં નવાં બ્લોકો છાપવા ચાર વરસ પહેલા આપ્યા હતાં. તેઓએ

---

૧. ગુજરાતીની ૭ આવૃત્તિઓ થઇ ગઇ અને હિન્દીની બે થઇ.

તેને પોતાના પુસ્તકમાં છાપ્યા ત્યારે બહુ જ થોડી નકલો વધુ ખેંચાવરાવી હતી, તે જ બુકો આ છે, અને ઉપરની આ ચારેય સચિત્ર કૃતિઓનાં ચિત્રો-બ્લોકો આ નાનકડી પુસ્તિકામાં છે.

આ વિષયના રસિયાઓને આ ચિત્રો અચૂક જરૂર ગમશે જ અને આથી સાચું જ્ઞાન, માર્ગદર્શન મળશે.

આ ચિત્રોમાં ક્યાંય ક્ષતિ હોય તો જરૂર સૂચવશો.

૧. આ ચિત્રોને કલર–રંગીન બનાવવાનું કામ બાકી રહ્યું છે.

૨. સંવચ્છરી પ્રતિક્રમણની સંપૂર્ણ વિધિની પ્રતાકાર પ્રતિ ચિત્રો ચીતરવા સાથે તૈયાર કરવી બાકી રહી ગઈ છે. હાથના બનાવેલાં દેશી કાગળ ઉપરનું લખાણ અને ચિત્રો સેંકડો વરસ સુધી ટકે છે.

૩. આ ચિત્રોને મેં મારી નજર નીચે ૧૬/૨૦ની સાઈઝમાં લાઈન વર્કથી કરાવ્યાં હતાં. જેનું પ્રદર્શન આજથી ૧૨ વરસ પહેલાં પાયધુની ગોડીજી જૈન દહેરાસરના વ્યાખ્યાન હોલમાં પરિચય સાથે કરવામાં આવ્યું હતું. અન્ય બે ત્રણ શહેરમાં પણ થયું હતું. હજારો માણસોએ લાભ લઈ બોધ મેળવ્યો હતો.

આ પ્રદર્શન હજારો ભાઈઓ, બહેનો અને પાઠશાળાના વિદ્યાર્થીઓ જુએ તો મુદ્રાઓ, આસનો, આકૃતિઓનું જ્ઞાન થઇ જાય તો વધુ શુદ્ધ ક્રિયા કરી શકે.

જૈનસંઘમાં થોડી કમનસીબી એવી જોવા મળે છે કે જુદી જુદી શક્તિ ધરાવનારા ગુરુઓના વારસો–સ્થાન લેનારા શિષ્યો પેદા થતા નથી, કાં તો તૈયાર થતા નથી. પરિણામે વિવિધ શક્તિઓની પરંપરા ચાલતી નથી. ચાલે છે તો ૧૦-૨૦ વરસમાં સમાપ્ત થઇ જાય છે. આમાં કોઈક વિરલા પુણ્યવાન ગુરુઓ અપવાદરૂપ હોઈ શકે છે. કલાના ક્ષેત્રમાંની જૈનસમાજને ખાસ જાણ કરવા બે-ત્રણ બાબતોનો ઉલ્લેખ અને મારા હસ્તકનાં કાર્યોની જાણ જૈનસમાજને કરાવું તો ઉચિત ગણાશે.

૧. વાલકેશ્વર જૈન મંદિરના વિશિષ્ટ પ્રકારની ડિઝાયનો–આકૃતિઓવાળા પહેલીજવાર અભૂતપૂર્વ કહી શકાય તેવાં શિલ્પો–મૂર્તિઓ તૈયાર થતાં હતાં ત્યારે મારા શ્રેષ્ઠ શિલ્પીઓએ કહ્યું કે આપની નવીન કલ્પના અને ચાલુ ચીલાથી જુદી તરી આવે એવાં મૂર્તિશિલ્પો અમારી પાસે આપે કરાવ્યાં. આવું કામ ૫૦ વરસની લાઈફમાં પહેલી જ વાર કરવાનો અમને ચાન્સ મલ્યો. આપની શિલ્પ કલાદૃષ્ટિ જોઈને એમ થાય છે કે ૨૫, ૩૦ નવા દેવ-દેવીઓ કે બીજા કોઈ પ્રકારના શિલ્પોની ડીઝાઈનો આપ બનાવી અમારી પાસે તે શિલ્પો કરાવી મુંબઈમાં એક હોલ બનાવી તેમાં 'નૂતન શિલ્પકલામંદિર' નામ રાખી નવાં શિલ્પો હું આપને મનપસંદ કરી આપું તે ત્યાં મૂકો, અમો બેસ્ટ કામ કરી આપીશું વગેરે. પણ મુંબઈ શહેરમાં જગ્યા મેળવવી અશક્ય બનવાથી પ્રસ્તુત કાર્ય થઈ ન શક્યું.

જો કે મારી ઇચ્છા ૨૦૦૩માં વડોદરા કોઠીપોળમાં ૨૪ ભગવાન, ૨૪ યક્ષ-યક્ષિણી,

વિદ્યાદેવી વગેરેની ૧૧ ઈંચની આસપાસની આરસની મૂર્તિઓ ભરાવી તેના પરિચય સાથે ત્યાં પ્રદર્શનરૂપે ગોઠવવાની હતી. ઓર્ડર પણ આપ્યો, ત્રણ-ચાર મૂર્તિ બનાવી પણ પછી મોટી મૂર્તિઓના ઓર્ડરો મળતાં કારીગરોએ નાનું કામ બંધ કરી દીધું. જો મુંબઈમાં હોલ થવા પામ્યો હોત તો ત્યાં માટે પ્રયત્ન જરૂર થતે.

કુદરતે મને કલ્પનાઓ ઘણી ઘણી વિશાળ મળી છે, ઊંડી છે, પાછી અનેકલક્ષી છે. ચીલાઓથી અનોખી છે. તેથી મારી કલ્પનાના આકાશમાં અનોખા મંદિરનું પણ દર્શન છે. ચાલુ મંદિરોથી અનોખી માંડણી અને બાંધણીવાળા એક વિશિષ્ટ કોટિના મંદિરની અને વિશિષ્ટ પદ્ધતિથી બંધાએલા એક જંગી મ્યુઝીયમની ભાવના વરસોથી સેવતો આવ્યો છું. આ ભાવના ત્રીસેક વરસથી જન્મી છે, પરંતુ સર્જિત નહીં હોય એટલે તે બેમાંથી એકે સાકાર થઈ શકી નહીં. (મહાકવિ ભવભૂતિની **उत्पत्स्यते कोऽपि मम समानजन्मा** (ભવિષ્યમાં મારા જેવો કોઈ જન્મ લેશે) ની ઉક્તિ અનુસાર ભવિષ્યમાં કોઈ સ્થાપત્યકલાવિજ્ઞ પુણ્યાત્મા નવું કંઈક કરી બતાવશે. આઠ વરસ પહેલાં અનેક સ્થળોની વિચારણા કર્યા બાદ પાલીતાણામાં મ્યુઝીયમ કરવું જ જોઈએ. થોડીક સુખી અને કલારસિક વ્યક્તિઓનું બહુ દબાણ થતાં પૂર્ણવિરામ કરેલી વાતને પુનઃ સજીવન કરી તલાટી પાસે આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રદર્શનનો એક હોલ છે, એની લાઈનમાં જ પેઢીની જગ્યા હોવાથી મ્યુઝીયમ માટે ૨૦૦ ફૂટ લાંબી અને ૧૦૦ ફૂટ પહોળી જગ્યાની દરખાસ્ત–માગણી શેઠ કસ્તુરભાઈ લાલભાઈ પાસે મૂકી. તેમણે મારો વિશાળ અને જંગી મ્યુઝીયમનો ચિતાર જાણ્યા પછી તરત જ જગ્યા આપવાની હા પાડી. સાથે સાથે આર્થિક સહાય આપવાની ઉદારતા દર્શાવી. પછી મારી પાસે પેપર ઉપર મ્યુઝીયમનું આયોજન મંગાવ્યું. મેં કાગળ ઉપર વિસ્તારથી લખીને અમદાવાદ મોકલાવ્યું. બે-ત્રણ વખત મીટીંગોમાં તેની ચર્ચા પણ થઈ. આયોજનથી સહુ પ્રભાવિત પણ થયા. ત્યારપછી કેટલોક સમય વીત્યા બાદ પાલીતાણાની પરિસ્થિતિની વિષમતા અને સંચાલન ચલાવનારા મેનેજરો માણસો મેળવવાની કપરી મુશ્કેલીઓ, રક્ષક ભક્ષક બને તેવો આવી ગયેલો સમય, તેમજ અન્ય સમગ્ર પરિસ્થિતિનો તોલ કરતાં મ્યુઝીયમની યોજના મુલતવી રાખી.

બીજી બાજુ સમાજમાં આ અંગે વિશેષ રસ નથી. એકલા પૈસાથી કામ થતું નથી. તન, મન અને ધન ત્રણેયનો ઉત્સાહ ભળે તો જ જંગી કામો પાર પડે, અને પાછળથી પણ તે વ્યવસ્થિત ચાલી શકે.

મારી છૂટક છૂટક વાતો પ્રથમ નજરે આત્મશ્લાઘા લાગે તેવી હોવા છતાં એટલા માટે લખું છું કે આવતી પેઢી અધૂરૂં કાર્ય કરવા પ્રેરાય. બસ અત્યારે અહીં જ ઇતિશ્રી કરીએ.

❀

# યશસ્વિની ચિત્રાવલી પુસ્તકનાં ચિત્રોનો ઘણો ઉપયોગી પરિચય

લેખક : આચાર્ય યશોદેવસૂરિ

નાના મોટા ૧૦૮ થી વધુ બ્લોકોની નાનકડી પુસ્તિકા આજે પ્રકાશિત થઈ રહી છે. કર્મઠકાર્યકર ભાઈશ્રી નંદલાલ દેવલુકે એક દિવસ પોતાના 'જૈન રત્ન ચિંતામણી' નામના મહાકાય સંદર્ભ ગ્રન્થમાં, મારી પાસે જે કંઈ ધાર્મિક બ્લોકો હોય તે છાપવા માટે માગણી કરી. મારા સંગ્રહમાંના જે જે બ્લોકો હાથ પર હતા તે મેં તેમને આપ્યા. અલબત્ત બહુ જ મોડા આપ્યા. સાધના તથા આરાધનામાં ઉપયોગી વિવિધ મુદ્રાઓ અને વિભિન્ન આસનો વગેરેની જાણ સાધકોને આરાધકોને વધુ ને વધુ પ્રમાણમાં થાય તો વિધિપૂર્વક સાધના–આરાધના કરી શકાય. એક વાત નિશ્ચિત છે કે કોઈપણ ક્રિયા–આરાધના વિધિની શુદ્ધિ ને ભાવની શુદ્ધિ બંને શુદ્ધિ જાળવી હોય તો જ ફળ આપે છે. તેમાંથી એક ન હોય કે તેની ખામી હોય તો તે પૂરૂં ફળ આપતી નથી. એ સંજોગોમાં આ નાનકડી યશસ્વિની–યશોજ્જવલ ચિત્રાવલી અનેકને અનેક રીતે લાભપ્રદ થશે જ. આ ચિત્રો ત્રણ વિભાગે રજૂ થયાં છે. એમાં જિનમંદિર જિનમૂર્તિ સમક્ષ કરવામાં આવતા અને સામાયિક પ્રતિક્રમણ વગેરેને લગતાં ઉપયોગી ચિત્રો છે.

આટલી બધી મુદ્રાઓ, આસનો વગેરે એક જ પુસ્તિકામાં એક સાથે (પ્રાયઃ) પહેલીજવાર પ્રકાશિત થતાં હશે! કેટલીક મુદ્રાઓ અભિનવ છે. પહેલીજવાર વાચકોને જોવા મલશે. આ વિષયના ખપી રસિક જીવોને હાથમાં એક ઉપયોગી કૃતિ મૂકી રહ્યો છું તેનો આનંદ થાય છે. અલબત્ત તમામ ચિત્રો કલરીંગ પ્રગટ કરી શકાયાં નથી નહીંતર તેવાં સહુને ગમત.

આ ચિત્રાવલીમાં શરૂઆતમાં ઋષિમંડલયન્ત્ર બૃહત્ પૂજન વિધિની જે પ્રત હવે બહાર પડવાની છે, તેમાં લગભગ ૬૪ ચિત્રો છાપ્યાં છે. તે જ ચિત્રોને પુનઃ અહીં છાપવામાં આવ્યાં છે. ત્યાર પછી સિદ્ધચક્રપૂજનવિધિને લગતાં ૧૫ ચિત્રો છાપ્યાં છે. તે પછી સામાયિક પ્રતિક્રમણને લગતા લગભગ ૨૭ ચિત્રો છાપવામાં આવ્યાં છે. જે અગાઉ મારી સંવચ્છરી પ્રતિક્રમણની છ આવૃત્તિઓમાં છપાઈ ગયાં છે. આ બ્લોકો એમને ફક્ત એક સંગ્રહ તરીકે મૂકવાના હતા એટલે બહુ વ્યવસ્થિત રીતે અને ક્રમપૂર્વક મૂકવાનો ખ્યાલ પ્રકાશકે રાખ્યો નથી, એટલે આમાં કેટલાક બ્લોકો ક્રમ વિના આડાઅવળા છપાયાં છે તે વાત ધ્યાનમાં લેવી.

ચિત્રાવલીના ક્રમની વ્યવસ્થા જે જળવાઈ નથી તો તે કેવા ક્રમે હોવી જોઈએ તે અંગે નીચે મુજબ સુધારા સૂચવું છું.

૧. પેજ નં. ૧૦, પંચાંગન્યાસની બાજુમાં બીજો બ્લોક છે તે ત્રીજા નંબરે જોઈએ અને ત્રીજા નંબરનો બ્લોક બીજા નંબરમાં જોઈએ.

૨. પેજ નં. ૧૪ મા પાનામાં આપેલું વજ્રપંજરનું ચિત્ર ૧૩ મા પાનામાં છાપવું જોઈએ.

૩. પેજ નં. ૧૫ મા પાનાંનું ઉપરનું બીજું ચિત્ર આડું છાપ્યું છે તેને બદલે સન્મુખ છાપવું જોઈએ.

૪. પેજ નં. ૧૮ મા ૮ નંબરનો બ્લોક આડો અવળો મૂકાઈ ગયો હોવાથી છાપ્યો નથી.

૫. પેજ નં. ૨૩ મા શાંતિકળશ ઉપરને બદલે નીચે ત્રીજા સ્થાને જોઈએ અને ૨૫ મા પાનાનાં અસ્ત્રમુદ્રાના બે ચિત્રો શાંતિકળશના ચિત્ર નજીક જોઈએ.

૬. ૨૪ મા પાનાનું ઉપરનું બીજું ચિત્ર પહેલું છાપવું જોઈએ અને પહેલું તર્જની જાપનું ચિત્ર બીજું છાપવું જોઈએ.

૭. ૨૯ મા સામાયિકના લેવા-પારવાના બે ચિત્રો આમાં છાપ્યાં નથી.

૪૦ લોગસ્સના ને ૧૬૧ નવકારનો કાઉસગ્ગ કરવા માટેનાં ચિત્રો સંવચ્છરી પ્રતિક્રમણની વિધિની ચોપડીમાં છાપ્યાં છે. તેના બ્લોકો પ્રેસમાં કે બીજે આડા અવળા મૂકાઈ ગયા હોવાથી આ બુકમાં છાપી શક્યા નથી.

એ યાદ આપવી રહી કે આ ચિત્રાવલીની માત્ર ૫૦ નકલ જ ખેંચાવી છે.

## * વરસો પુરાણી મારી બે ઈચ્છાઓ *

(૧) ઘણાં વરસોથી મારી ઈચ્છા પ્રકાશક સંસ્થાઓ પાસે, સાધુ મહારાજ હસ્તક કે શ્રાવક હસ્તક બહાર પડેલાં સાધના, આરાધનાને લગતાં, મુદ્રા, આસનોના તથા તાંત્રિકપ્રક્રિયાના ધ્યાનના, જાપના જે કંઈ બ્લોકો મળે તે મેળવીને દરેકનો સુંદર પરિચય, તેનો ઉપયોગ ક્યારે કરવો, તેનાં વિધિવિધાન શું? એ બધી વિગતો સાથેનું કલરકામવાળું એક સુંદર કલાત્મક પુસ્તક પ્રકાશન કરવું.

(૨) સૂરિમંત્ર, અંજનશલાકા, પ્રતિષ્ઠા વગેરે પ્રસંગે વપરાતી હાથની મુદ્રાઓ તથા જુદા જુદા કાર્ય નિમિત્તે જાપ પ્રસંગે અથવા જાપ અને અનુષ્ઠાન સિવાય સ્વતંત્ર રીતે કાર્યની સિદ્ધિ અને સફળતા માટે કરવામાં આવતી મુદ્રાઓ, આસનો ચિત્રકાર પાસે શ્રેષ્ઠ રેખાંકન દ્વારા મુદ્રાઓ ચિતરાવી 'જૈન મુદ્રાઓ અને આસનો' આ નામથી એક પુસ્તક પ્રકાશન કરવાની ભાવના ત્રીસેક વરસથી હૈયામાં ધરબાયેલી છે.

ઉપરની બંને ઈચ્છા ક્યારે સફળ થાય છે તેની રાહ જોવી રહી! પણ કદાચ હવેની શારીરિક પરિસ્થિતિમાં, કે સમયના અભાવે ન બન્યું તો કોઈપણ જ્ઞાતા અધિકારી ભાવિમાં આ કાર્ય કરશે તો એક ઉપયોગી કાર્ય બનશે.

## * ભાવિમાં કરવા જેવું શું છે તે માટે થોડું માર્ગદર્શન અને દિગ્દર્શન *

૧. પ્રસિદ્ધ થતી મારી આ ચિત્રાવલીમાં ચિત્રો જલદી બહાર પાડવા પડેલાં એટલે કલરીંગ કરવાનું કામ જતું કરવું પડ્યું. હવે બીજાં અનેક કામો ચાલતાં હોય, સમય પૂરતો ન હોય,

વળી ચિત્રકારો પાસે કામ લેવાની અસાધારણ મુશ્કેલીઓ એટલે મારાથી હવે બનવું અશક્ય લાગે છે. આ બધી મારી વાતો બીજાને જણાવવાની કશી જરૂર ન હોવા છતાં જણાવું છું, એટલા માટે કે કોઈપણ કલારસિક મુનિરાજ કે શ્રાવકને કદાચ આ મારી ઇચ્છા જાણીને તમામ ચિત્રોને રંગીન–કલરીંગ બનાવવાનું મન થાય.

—આ ચિત્રોને સુવ્યવસ્થિત રીતે ગોઠવી સુંદર કલાત્મક રીતે મુદ્રિત કરાવી શકાય છે.

—તેને જોઈતો પરિચય ચિત્ર નીચે લખે અને પછી તે ક્રાઉન સાઈઝની ૮ કે ૧૬ પેજી બુકમાં છપાવે તો તે બહુ જ ઉપયોગી પ્રકાશન બની રહેશે, નકલોની સંખ્યા ઉત્સાહના અતિરેકમાં આવ્યા સિવાય સમજીને નક્કી કરવી તેથી નકલો ઘરજમાઈ થઈ ન પડે.

—તમામ ચિત્રો ૧૫૦ વરસની ગેરંટીના બ્રીટીશ હેન્ડમેડ કાગળ ઉપર પોથી આકારનાં પાનાં બનાવીને સાદા તેમજ રંગીન બંને પ્રકારે ચિતરાવવા જોઈએ જેથી ૨૦૦–૪૦૦ વરસ બાદ પણ તે ચિત્રો સુરક્ષિત રીતે જોવા મલે, તો ભાવિ પેઢી તેનો વિવિધ રીતે ઉપયોગ કરવો હોય તો કરી શકે. આ કાર્ય મુનિરાજો જ કરી શકશે.

—કલાના સર્જકો-શોખીનો આ ચિત્રોની પ્લાસ્ટરના, પથ્થરના, લાકડાના, હાથીદાંત તથા ધાતુના વગેરેનાં માધ્યમો દ્વારા સીરીઝ ઊભી કરી શકે છે. એ ચિત્રોને કલાત્મક અને રંગબેરંગી બનાવી આકર્ષક બનાવી શકે છે.

—મ્યુઝીયમ-પ્રદર્શન માટે ૯ થી ૧૨ ઈંચ, વચ્ચેની સાઈઝમાં હિન્દી, ગુજરાતી, અંગ્રેજી ત્રણેય ભાષાના પરિચય સાથે તેને અનુરૂપ કાચનું શોકેશ બનાવી જૈન જનતાના શિક્ષણ માટે મૂકી શકાય છે.

—સિદ્ધચક્ર કે ઋષિમંડલ વગેરેનાં પૂજન પ્રસંગે પૂજન કરનારા મોટાભાગના ભાઈઓ-બહેનોને મુદ્રા આસનોનું કશું જ્ઞાન હોતું નથી એટલે એ લોકો પણ પૂજન વખતે મુદ્રા અને આસનો કેમ કરવા તે ચિત્રો જોઈને કરી શકે, એ માટે સારા સુંદર અને આકર્ષક વસ્ત્રના પડદા બનાવી ચિત્રો ચિતરાવી મંદિરના મંડપમાં અથવા જ્યાં પૂજન હોય ત્યાં બાંધવાની સગવડ હોય તો ચારે બાજુએ ઊંચે બાંધવા જોઈએ. સચિત્ર ફોલ્ડર બનાવીને અથવા છૂટક કાર્ડ દ્વારા પણ કાર્ય થઈ શકે.

તમામ ચિત્રોનો રોલ વાળીને જેમ એક બાજુથી ફિલ્મ નીકળે અને બીજી બાજુથી વીંટાય એવું સાત ફૂટથી ઊંચું સ્ટેન્ડ કરાવીને આયોજન કરી શકાય. જેથી પડદા વારંવારે બદલવા ન પડે. ૨૫ વર્ષ પહેલાં આવું ઓટોમેટિક આયોજન કરવાનું કામ કારીગરોને સોંપ્યું હતું પરન્તુ તેઓ કરી શક્યા નહિ. પછી વાત ખોરંભે પડી ગઈ. જાપના મંત્રો માટે કાચનું શોકેસ બનાવી અંદર પ્રકાશની વ્યવસ્થા અને મંત્રની પટ્ટીઓ એક પછી એક સરકતી રહે એવી જાતનું ૭ ફૂટ ઊંચું યાંત્રિક સાધન કારીગરે શરૂ કરેલું પણ તેય કારીગરે પૂરું ન કરી આપ્યું.

જનતાને કંઈક માર્ગદર્શન આપવા ખાતર ઉપરની નોંધો ન છૂટકે લખવી પડી છે.

આ ચિત્રાવલીમાં ૨૪ મા પાને જમણી બાજુએ સિદ્ધચક્ર યન્ત્રનો નાનો બ્લોક છાપ્યો છે. શ્વેતામ્બરોની જેમ દિગમ્બર સંપ્રદાયમાં સિદ્ધચક્રના ગટ્ટા બનાવવાની પ્રથા છે. આપણા મંદિરમાં કોઈ સ્થળે આવો સિદ્ધચક્રનો ગટ્ટો જોવા મલે છે. એમાં સિદ્ધચક્રના બધા ખાનામાં અનાહત (અનાહતથી અહીં યોગ્ય સંખ્યાના વર્તુલો) સહિત ॐ હ્રીઁની આકૃતિઓ મૂકવાની પ્રથા છે. એ આકૃતિ કેવી હોય છે તેનો ખ્યાલ આપવા અને આ વિષયના જ્ઞાતાઓ એના મર્મને–રહસ્યને સમજી શકે તેથી તેની આકૃતિ ચિતરાવીને અહીંયા મૂકી છે. આ એક વિશિષ્ટ પ્રકારે કરાએલું ચિંતનીય આલેખન છે.

આ ચિત્રાવલીમાં ૨૫ માં પાને ઋષિમંડલ સ્તોત્રના પહેલા અને બીજા શ્લોકનું અર્થઘટન સાથે ચિત્ર આપ્યું છે. એ ચિત્ર ખાસ મહત્ત્વનું છે અને તેનો પરિચય પ્રારંભમાં આપ્યો છે તે જોઈ લેવો.

## અંદર છાપેલાં ચિત્રોનો સંક્ષિપ્ત પરિચય

૧. માતૃકા અક્ષર જેનું બીજું નામ ગુજરાતીમાં બારાખડી અથવા કક્કો કહેવાય છે. જેમાં ૧૬ સ્વરો અને સામાન્ય રીતે ૩૩ વ્યંજનો છે. જેમાં ह અક્ષરનું ઘણું મહત્ત્વ છે. કોઈપણ અક્ષરને 'મહાપ્રાણ' સંજ્ઞા મળી હોય તો ह ને જ મળી છે. મહાન મંત્રબીજ अर्हं માં પણ પ્રધાનવર્ણ માત્ર ह[1] છે. ઋષિમંડલનો મૂલમંત્ર (આઠ) ह બીજપ્રધાન છે.

ન્યાસ એટલે સ્થાપના. જાપ કે વિશિષ્ટ પૂજનની ક્રિયા કરતાં પહેલાં તંત્ર શાસ્ત્રનો આદેશ છે કે જાપ દરમિયાન બહારના ક્ષુદ્ર દેવદેવીઓ દ્વેષબુદ્ધિથી, કુતુહલ વૃત્તિથી, વિરોધ દૃષ્ટિથી જાપ, પૂજા અને ક્રિયામાં ભંગાણ ન પાડે તેમજ શરીરની અંદર નાના મોટા કોઈ વ્યાધિ કે ઉપદ્રવની તકલીફ ન થાય એટલા માટે બહારથી શરીરને કવચ (બખ્તરની જેમ રક્ષણ) કરી લેવું જોઈએ, અને શરીર ઉપર મંત્રબીજોને તેનો રંગ તેની આકૃતિ વગેરેને લક્ષ્યમાં રાખીને ભાવપૂર્વક યથાયોગ્ય એક હાથ કે બે હાથ વડે કરીને સ્થાપન કરવાથી શરીરના અંદરનું રક્તાભિસરણ, ધાતુઓ, ગ્રન્થિઓ વગેરે વિષમ થતી અટકે, સમતોલપણું રહે અને શારીરિક સ્વસ્થતા જળવાય છે.

ન્યાસના પ્રકારો સંખ્યાબંધ છે અને યોગ, ક્ષેમ માટે આ અનુષ્ઠાનમાં પંચાંગન્યાસ કરવાનો શાસ્ત્રોક્ત આદેશ છે. એટલે અહીંઆ પંચાંગન્યાસનું ચિત્ર મૂકવામાં આવ્યું છે. આ ન્યાસમાં ફક્ત એક જ વર્ણને (ह ને) પાંચ સ્વરો લગાડીને મંત્રબીજરૂપે બનાવ્યા છે. એ વર્ણ છે 'ह'. આ ન્યાસ માથાના શિખા (-બ્રહ્મ) સ્થાનથી લઈને હૃદય સુધીનો છે, એટલે ઉપરના ઊર્ધ્વ દેહનો છે.

પહેલાં ચિત્રની નીચે क्षिप०નો પંચાંગન્યાસ આપવામાં આવ્યો છે.

---

૧. મંત્રશાસ્ત્રમાં પ્રાચીન કાળમાં બે શાખા પ્રખ્યાત હતી. हादि શાખા. અને क्रादि શાખા ह અક્ષરપ્રધાન મંત્રબીજોવાળી તે હાદિ અને क અક્ષરપ્રધાન મંત્રબીજોવાળી કાદિ. જેમકે---હ્રીઁ હ્રીઁ વગેરે. અને क्रों, क्लीँ વગેરે.

સમગ્ર વિશ્વ પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ આ પાંચ તત્વોથી બનેલું છે. આ પાંચ તત્ત્વો વડે વિશ્વનું વ્યવસ્થિત-અવિરત સંચાલન ચાલી રહ્યું છે. આ તત્ત્વોનાં નામો અનુક્રમે, પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ (-પોલાણ) છે. જેમ વિશ્વના સંચાલનમાં પાંચ તત્ત્વો ભાગ ભજવી રહ્યાં છે તેમ આપણું શરીર પણ એ જ પાંચ તત્ત્વોથી ચાલી રહ્યું છે. 'જે પિંડે તે બ્રહ્માંડે જે બ્રહ્માંડે તે પિંડે' એટલે જે પિંડ કહેતા શરીરમાં જે છે તે જ અખિલ વિશ્વમાં-બ્રહ્માંડમાં છે અને જે બ્રહ્માંડમાં છે તે પિંડમાં-દેહમાં છે. કેવો બંધબેસતો સમન્વય?

આ પાંચે તત્ત્વો સમ એટલે સરખા પ્રમાણોપેત રહે તો તો વ્યક્તિને, સમષ્ટિને, કે વિશ્વને કશી આંચ ન આવે. કશી ઉથલપાથલ ન થાય પણ જો તત્ત્વો વિષમ થઈ જાય, મર્યાદા તજી દે, તો સહુને માટે ચિંતા, દુઃખ અને તકલીફનો વિષય બની જાય છે. જેમ પૃથ્વી માટે ધરતીકંપ, પાણી માટે અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ અને નદી સમુદ્રના પ્રકોપ, અગ્નિ માટે અતિ ઉગ્રતાપ, વિદ્યુત શક્તિ અને વધીને બોમ્બ વગેરે. વાયુ માટે વાવાઝોડું, ઝંઝાવાત વગેરે તત્ત્વોની આ બધી વિષમાવસ્થાઓ છે, અને એ પાંચે તત્ત્વો જ્યારે વિફરે ત્યારે કેવી પરિસ્થિતિ સર્જાય છે તે પુસ્તકો, પત્રો વગેરે દ્વારા સહુ જાણીએ છીએ. માટે જ વૈજ્ઞાનિકોએ પણ આ પાંચ તત્ત્વોની સામે વધારે પડતા ચેડાં-ચાળા ન કરવા જોઈએ. નહીંતર એનું પરિણામ છેવટે વિનાશમાં આવે છે.

આપણા શરીરમાં પણ પૃથ્વી તત્ત્વનાં સ્થાને હાડકાં, જળતત્ત્વનાં સ્થાને લોહી, પાણી વગેરે, અગ્નિતત્ત્વના સ્થાને જઠરાગ્નિ (તૈજસશરીર) અને વાયુતત્ત્વના સ્થાને શરીરમાં રહેલો વાત (ગેસ) અને આકાશના સ્થાને ઉચિત પોલાણ જેવી વાયુ વગેરેનું સંચરણ બરાબર થઈ શકે. આ પાંચે તત્ત્વો શરીરમાં 'સમ' એટલે જોઈએ તેટલાં પ્રમાણોપેત રહે ત્યાં સુધી સારું રહે, પરન્તુ અયોગ્ય આહાર-વિહારાદિના લીધે જો ઉશ્કેરાય તો 'વિષમ' બની જાય, અને વિષમ બનતાં શરીરમાં અસ્વસ્થતા સર્જાય અને એ અસ્વસ્થતા સર્જાવાથી કોઈ વખતે ચાલુ ક્રિયામાં ઉલટી, ઝાડા, ચૂક, દુઃખાવો તથા નાના મોટા કોઈપણ ઉપદ્રવો થવાની શક્યતા ઊભી થવા પામે ખરી. એ ન થાય, માટે તેમજ વિષમ ક્ષુદ્ર દૈવિક શક્તિઓ વિઘ્ન ન કરે એ માટે क्षि प ऑं०નો ન્યાસ કરવાનું ખાસ વિધાન કરવામાં આવ્યું છે.

—૧. ક્ષિ, ૨. પ, ૩. ઓં, ૪ સ્વા, અને ૫. હા. પૃથ્વી આદિ પાંચ તત્ત્વો માટે મંત્ર મહર્ષિઓએ આ પાંચ વર્ણવાળા પાંચ મંત્ર બીજો નક્કી કરેલા છે. એ પાંચે તત્ત્વોને શરીરમાં સ્થાપન કરવામાં આવે તો શરીરના પંચભૂતો સરખા રહી શકે એટલા માટે આ ન્યાસ કરવાનો છે. પૃથ્વીતત્ત્વ માટે क्षि, જળતત્ત્વ માટે प, અગ્નિતત્ત્વ માટે ऑं, વાયુતત્ત્વ માટે स्वा અને આકાશતત્ત્વ માટે हा છે.

લોકોને આ અંગે કશું જ્ઞાન હોતું નથી. પૂજાના ઉપદેશક ગુરુઓ અને વિધિવાળા-ક્રિયાકારકો તરફથી અગાઉથી આ બધી ક્રિયાઓની સમજણ કે જ્ઞાન કશું અપાતું નથી. ખુદ ગુરુઓ અને મોટાભાગના વિધિકારોને પણ આ જ્ઞાન હોતું નથી, એટલે એમની પાસેથી વિશેષ શું અપેક્ષા રખાય! પૂજન વખતે કંઈપણ સમજણ કે જ્ઞાન વિના જેમ તેમ કરીને ક્ષિપની ચંટા

કરી નાંખવામાં આવે છે. સાચી રીતે આ ન્યાસ જો કરવો હોય તો દરેક તત્ત્વની આકૃતિ, એનો રંગ સહિત અક્ષરનું જ્ઞાન મેળવી લેવું જોઈએ. એક હાથથી નહિ સાચી રીતે તે ન્યાસ બે હાથથી શરીરના લલાટથી લઈને પગ સુધીના નક્કી કરેલા અંગો ઉપર કરવાનો છે.

આનું ચિત્ર જુઓ. પગના ઘુંટણથી લઈને લલાટ સુધી આરોહ શબ્દ મૂકીને અને જમણી બાજુએ અવરોહ શબ્દ મૂકીને પાંચ બીજો બતાવવામાં આવ્યાં છે. ચિત્રની નીચેના ભાગમાં પાંચ તત્ત્વોનાં નામ, આકૃતિ અને રંગની ઓળખાણ આપી છે. તેની બરાબર ધારણા કરી લેવી. રોજ પ્રેકટીસ થાય તો કદિ ન ભૂલાય.

## આત્મરક્ષા–વજ્રપંજર સ્તોત્રના ચિત્રો

આત્મરક્ષા-ત્યાં આત્મા શબ્દથી પોતાની રક્ષા સમજવી. એનું બીજું નામ વજ્રપંજર છે. આત્મરક્ષા હાથની ચેષ્ટાઓ સાથે પૂરેપૂરી થઈ જાય ત્યારે હાથની ચેષ્ટાઓ દ્વારા વજ્રના બનાવેલા પાંજરામાં બધા અંગોની રક્ષા કરવાપૂર્વક પોતે બેઠો છે એવા ચિત્રનું સર્જન થાય. આત્મરક્ષા–વજ્રપંજર સ્તોત્ર પૂરેપૂરું બોલી રહ્યા પછી વજ્રનું પાંજરૂં કેવી રીતે તૈયાર થાય છે તે માટે તમો બરાબર ધ્યાનપૂર્વક જૈનસંઘના ઈતિહાસમાં પહેલી જ વાર તૈયાર થએલી ક્યાંય જોવા ન મળે તેવી ૧૪માં પાનામાં છાપેલી આકૃતિ નિહાળો.

આત્મરક્ષાના અહીંયા દશ ચિત્રો આપવામાં આવ્યાં છે. (પહેલાં ચિત્રનો ક્રમ જાળવ્યો નથી જે વાત ઉપર કહી દીધી છે) છેલ્લાં ૫૦ વરસથી નવસ્મરણ સહિત છપાતાં પુસ્તકોમાં આ આત્મરક્ષા સ્તોત્ર પ્રાયઃ બધા જ પુસ્તકોમાં છાપવામાં આવે છે. એમાં પહેલા શ્લોકમાં 'પરમેષ્ઠિ નમસ્કાર' આ ચરણ-પદ એની આગળ પ્રારંભમાં ૐ છાપેલો હોય છે. તેથી સર્વત્ર ૐનું ઉચ્ચારણ કરાય છે. પરન્તુ અહીંયા ૐની કોઈ જરૂર નથી. ૐનું કોઈ પ્રયોજન નથી. ૐ મૂકવાથી આઠ અક્ષર હોવા જોઈએ તેની જગ્યાએ નવ થઈ જાય છે. એટલે કોઈએ ૐ છાપવો[1] જોઈએ નહિ, બોલવો જોઈએ પણ નહીં. પહેલો શ્લોક માત્ર મંગલાચરણરૂપેનો શ્લોક છે. એ શ્લોક બે હાથ જોડીને બોલવાનો હોય છે. અત્યારે વરસોથી સર્વત્ર આત્મરક્ષાના શ્લોકો બોલતા બોલતા હાથો દ્વારા તે તે જગ્યાએ હાથનો સ્પર્શ કરીને આત્મરક્ષા પૂરી કરવામાં આવે છે, પણ ઘણાં વરસો અગાઉથી મને તે વાત બરાબર બંધબેસતી ન હતી. આ આત્મરક્ષાસ્તોત્ર કડીબદ્ધ બોલવા માટેનું નથી, પરન્તુ આત્મરક્ષા કરવા માટે નવકારમંત્રનું એક એક પદ બોલીને ક્યાં ન્યાસ કરવો તેની સૂચના આપતું આ સ્તોત્ર છે એટલે 'ૐ નમો અરિહંતાણં સ્વાહા' બોલીને માથા ઉપર મુગટની કલ્પના કરવાની. પછી 'ૐ નમો સિદ્ધાણં સ્વાહા' બોલીને મુખની રક્ષા કરીએ છીએ, એટલે ચિત્રની અંદર પ્રથમ પસંદગી મેં નવકારમંત્રના પદને આપી છે અને હકીકતમાં જોઈએ તો મને મારી સમજ સાચી અને વ્યાજબી લાગે છે. આ આત્મરક્ષા સ્તોત્રમાં આઠ પદોની વાત કર્યા પછી નવમા પદમાં (શ્લોક પાંચ પછી) '**स्वाहान्तं च पदं ज्ञेयं**' કહ્યું છે એનો અર્થ એમ થાય કે 'દરેક પદ સ્વાહાન્ત હોવું જોઈએ' એમ તમારે સમજવું. સ્તોત્રકાર

---

૧. પુસ્તક છપાવનારા સાધુ-સાધ્વીજીઓ અને બુકસેલરો બરાબર આ વાત ધ્યાનમાં રાખે.

પોતે જ આપણને સ્પષ્ટ સમજ આપે છે. તાત્પર્ય એ કે અંતમાં દરેક પદને અંતે 'स्वाहा' પદ મૂકવું જ જોઈએ. આત્મરક્ષા બોલતાં બોલતાં ચેષ્ટા કરીએ તો 'સ્વાહા' શબ્દ નવકાર મંત્રના કોઈ પદ સાથે જોડાય નહીં અને આત્મરક્ષા માટે દરેક પદે પદે સ્વાહા હોય એ વધુમાં વધુ વ્યાજબી વાત લાગે છે, છતાં વિદ્વાનો વિચારે! એમ છતાં લાંબા વખતથી ચાલી આવતી પ્રથા છોડવી કોઈને ગમે યા ન ગમે એટલે આત્મરક્ષાના શ્લોકો પણ સાથે આપ્યા છે અને શ્લોકો ચિત્રમાં પણ આપ્યાં છે.

નવ ચિત્રોમાં એક એક રક્ષા બતાવી છે. સ્વતંત્રરૂપે એક જ રચના બતાવી છે. જે જે પદથી જે જે કરવાની હોય તે જ. ઋષિમંડલ યન્ત્ર પૂજન વિધિની પોથીમાં આ બધા ચિત્રો છાપવામાં આવ્યાં છે.

૧૪ માં પાનામાં પચીસેક વરસ પહેલાં બહુ જ ઉપયોગી બુદ્ધિપૂર્વક દોરાવેલું ચિત્ર છાપ્યું છે. એક જ ચિત્રમાં સંપૂર્ણ આત્મરક્ષાના મંત્ર પદો અંકો સાથે આપીને ચિત્ર બનાવ્યું છે. આત્મરક્ષાના આ અગિયારે અગિયાર ચિત્રો (પ્રાયઃ) લગભગ ત્રીસેક વરસ પહેલાંના કરાવેલાં છે.

**ખાસ સૂચના**—પ્રારંભની તમામ ક્રિયાનાં ચિત્રો પદ્માસને બતાવાયાં છે, એનો અર્થ એ કે આ બધી ક્રિયામાં પદ્માસન કરવું જરૂરી છે. પરંતુ આજે પદ્માસન કરવાની પ્રથા લગભગ બંધ પડી છે.

૧૩ મા પાનામાં 'પંચ પરમેષ્ઠિની મુદ્રા-આકૃતિ' એ હેડીંગ નીચે પાંચ પરમેષ્ઠીઓની પાંચ મુદ્રાઓ છાપવામાં આવી છે. અરિહંતની મુદ્રા અષ્ટમહાપ્રાતિહાર્ય સાથે છાપવામાં આવી છે. સિદ્ધની મુદ્રા આકાશમાં છે એ બતાવવા બંને બાજુએ આકાશ બતાવામાં આવ્યું છે. આચાર્યની મુદ્રા વ્યાખ્યાનની બતાવી છે. ઉપાધ્યાયજીની મુદ્રા બીજાઓને જ્ઞાન આપતા પાઠક-શિક્ષક તરીકે બતાવી છે. ઉપાધ્યાયની આગળ ઠવણી ઉપર પુસ્તક મૂકવામાં આવ્યું છે. સાધુની મુદ્રા અહીંઆ માળા ગણવા સાથેની બતાવી છે. સાધુની મુદ્રા કાયોત્સર્ગ ધ્યાનની પણ બતાવી શકાય છે.

પંચપરમેષ્ઠીઓ કેવી રીતે ચીતરવા એ માટે ઘણી પૂછપરછ થતી હોય છે તેથી અમોએ અમારી દૃષ્ટિએ અમુક પ્રકાર નક્કી કરીને ચિત્રો કરાવ્યાં છે.

હવે પછી પૂજનના પ્રારંભમાં નાની નાની કરાતી વિધિના ચિત્રો આપ્યાં છે. દશમા પાનામાં હૃદયશુદ્ધિ બતાવી છે, એ હૃદયશુદ્ધિ ડાબા હાથે જ કરવાનું કહ્યું છે.

તે પછી મંત્રસ્નાનના પૂર્વાર્ધ અને ઉત્તરાર્ધ લખીને બે ચિત્રો છાપ્યાં છે. પૂર્વાર્ધમાં પદ્માસન કરીને બે હાથ છાતીને અડીને અંજલિ મુદ્રારૂપે બતાવ્યા છે. તે એટલા માટે કે સ્નાન કરવાનું હોવાથી સ્નાન પાણીથી જ થાય છે અને પાણી હંમેશા બે હાથની અંજલિમાં પ્રથમ ભેગું કરવાનું હોય છે. એ અંજલિમાં વિવિધ પવિત્ર નદીઓનાં જળ કલ્પનાથી મારા હાથમાં ભર્યાં છે. તે મહાન પવિત્ર નદીઓનાં નામનું સ્મરણ કરીને તે જળ વડે મારા આખા શરીરને કલ્પનાથી સ્નાન

કરાવું છું એવું ચિંતવે. આ શુદ્ધિ તે મંત્રદ્વારા કરાતી કાલ્પનિક શુદ્ધિ છે. કલ્પનાથી કરાતી શુદ્ધિની ચેષ્ટાઓની વિશેષતા કઈ રીતે છે તે માટે લખવાનું લંબાણ અહીંયા કરતો નથી.

૧૫ મા ચિત્રમાં મનને શુદ્ધ, સ્વચ્છ અને નિર્મળ બનાવવા માટે કલ્મષદહનની ક્રિયાનું ચિત્ર છે. પૂજન કરતાં પહેલાં બધાં પાપોને બાળીને ભસ્મ કરી નિષ્પાપ બનીને પૂજન આદિ ક્રિયાઓ થાય તો તે ઉત્તમ ફળને આપી શકે એટલે આ ક્રિયા મુદ્રા કરીને વિધિમાં બેઠેલા ભાઈઓ-બહેનોએ પોતાની નજર સામે પોતાનાં બધાં પાપોને ભસ્મ કરી રહ્યા છીએ એવી મનથી કલ્પના કરવી અને સાચી રીતે દહન કર્યું છે એવો ભાવ લાવવો. કલ્મષ દહનની મુદ્રાનું નામ 'સ્વસ્તિક' છે એટલે કલ્યાણકારી મુદ્રા.

ઘણાય લોકો હાથની પાંચ આંગળીઓના પૂરાં નામો જાણતા નથી હોતા. અંગૂઠો ને ટચલી આંગળી બે આંગળીના નામ જાણે, અને આ બધી સાધના ને ક્રિયાઓમાં અમુક અમુક ક્રિયાઓ માટે અમુક અમુક આંગળીના ઉપયોગની વાત સાધના ગ્રન્થોમાં આવે છે. તેથી અહીંઆ બંને હાથની આંગળીઓ તેના નામની ઓળખાણ સાથે બતાવી છે. પૂજા કરવા માટે ચોથી અનામિકા, (જેનું બીજું નામ સાવિત્રી છે) શાંતિ તુષ્ટિના જાપ કરવા માટે મધ્યમા અને બીજાને ચુપ કરવા માટે કે દૂરની વસ્તુ બતાવવા માટે અંગૂઠા જોડેની તર્જની વપરાય છે. સૌથી નાની હોવાથી તેને કનિષ્ઠિકા (ગુજરાતીમાં ટચલી) કહેવામાં આવે છે. આ ચિત્ર જગ્યાની મુશ્કેલીના કારણે આડું છાપ્યું છે.

તે પછી સૂરિમંત્ર વગેરેના જાપ પ્રસંગે તથા અંજનશલાકા પ્રતિષ્ઠા પ્રસંગોમાં પૂજન વિધિ પ્રસંગે, પૂજા વગેરે કાર્યોમાં આ બધી આંગળીઓનો ઉપયોગ થતો હોય છે. ''देवोभूत्वा देवं यजेत्'' એટલે કે દેવ બનીને દેવની પૂજા કરવી. જેની પૂજા કરવાની હોય તે સ્વરૂપે પોતાને કલ્પે. એટલે પોતે માનવી નહિ પણ દેવ બન્યો છે એમ માને. અહીંઆ ફક્ત આંગળીઓમાં સ્થાપના કરી આંગળીઓને પણ કિંમતી બનાવવાની છે. કઈ આંગળીમાં કયા પરમેષ્ઠિને સ્થાપન કરવા તે ચિત્રમાં જોઈ લેવું.

ત્યારપછી પંચાંગોના ન્યાસના ચાર ચિત્રો આપવામાં આવ્યાં છે. પદ્માસને દોરેલાં પ્રથમ ચિત્રમાં અંગૂઠામાં અરિહંતનો ન્યાસ કરવાનો હોવાથી અંગૂઠા ઉપર તર્જની દ્વારા અરિહંતના ન્યાસની સ્થાપના કરવામાં આવી છે.

૧૬ મા પાનામાં અંગૂઠા ઉપર તર્જની દ્વારા સિદ્ધની સ્થાપના કરવામાં આવી છે, તે પ્રમાણે બાકીની આંગળીઓનું સમજી લેવું.

કરતલ કરપૃષ્ઠ ન્યાસ બે પ્રકારે થાય છે. તે બંને પ્રકારોને પ્રતના ચિત્રમાં બતાવવામાં આવ્યા છે.

ત્યારપછી ઋષિમંડલમાં કરવામાં આવતા અષ્ટાંગ ન્યાસના આઠ ચિત્રો આપવામાં આવ્યાં છે. પહેલો ન્યાસ અંગૂઠાથી અને ત્યારપછીના ન્યાસો તર્જની અને મધ્યમા આંગળીથી

બતાવવામાં આવ્યા છે. જ્ઞાન, દર્શન અને ચારિત્રના ન્યાસ વખતે કઈ આકૃતિઓ મૂકવી તે જાણકારો પાસેથી જાણી લેવું.

બાર સ્વરો દ્વારા આકાશમાં કરવામાં આવતી છોટિકાની મુદ્રાનું ચિત્ર બતાવવામાં આવ્યું છે અને તે છોટિકા ક્ષુદ્રશક્તિઓને દૂર ભગાડવામાં-ડરાવામાં કરવામાં આવતી હોવાથી અંગૂઠા અને તર્જનીનો ઉપયોગ કરવામાં આવે છે, અને સાથે સાથે વિધિકારે મોઢું બંધ રાખીને છાતીમાંથી–અંદરથી હુંકારો (હૂંહૂં) કરતા જવાનું.

મંત્ર શાસ્ત્રમાં વિરોધી–મલિન દૈવી શક્તિઓને ડરાવીને ભગાડી દેવા માટે છોટિકા નામની ક્રિયા બતાવી છે. આમ તો આ ક્રિયા સૂરિમંત્રની પૂર્વસેવામાં કરવાનું બતાવ્યું છે, પણ ઋષિમંડલની વિધિ તૈયાર કરનારે તે ક્રિયા ઋષિમંડલની પૂર્વસેવામાં પણ હોય તો સારી એમ વિચારી એમાં દાખલ કરવાની ભલાઈ કરી છે.

યંત્રોનું અમૃતીકરણ—આ ચિત્રમાં વિધિકારગુરુ યંત્રનું 'અમૃતીકરણ' કરી રહ્યા છે એટલે અમૃત–સ્રવણ કરે છે. અમૃત કેવું હોય છે. એનો સ્વાદ કેવો હોય છે? તે વાંચવા મળ્યું નથી. પણ તે મરેલા માણસને જીવતા કરવાની તાકાત ધરાવે છે એવી પ્રાચીન કાળથી સમજ ચાલી આવે છે. સામાન્ય રીતે અમૃત દેવલોકના દેવો પાસે હોય છે નાડીમાં એથી એમનું બીજું નામ અમૃતભુજ છે. તીર્થંકર પરમાત્માના જન્મના પહેલા દિવસે દેવો ભગવાનના જમણા અંગૂઠામાં અમૃત પ્રક્ષેપ કરે છે અને તેથી તેને અમૃતનાડી કહેવાય છે. અમૃતને વહેવારની બોલીમાં 'અમી' કહે છે. કોશમાં દૂધ, પાણી અર્થ કર્યા છે.

જાપ કરતાં પહેલાં મંત્ર શાસ્ત્રનો વિધિ–નિયમ છે કે–સાધકે જે દેવી–દેવતાઓની જાપ-પૂજા કરવી હોય, તે દેવદેવીઓને તેમના નિવાસ સ્થાનેથી કલ્પનાથી બોલાવી સામે રહેલા ચિત્રમાં કલ્પનાથી હાજર કરે, પછી બેસાડે, તે પછી હૃદયના સિંહાસન ઉપર સ્થાપે અને તે પછી પધારેલા ઇષ્ટનું–દેવદેવીઓનું અમૃતીકરણ કરે, એટલે કે સુરભિધેનુ મુદ્રાવડે સજીવન–જીવંત કરે, તેથી તેઓ સાધકની સામે સાક્ષાત્ હાજર થઈ ગયા છે એવું સમજે. પછી તેની પૂજા અને તે પછી પ્રાણાયામની ક્રિયા કરે, પછી સંકલ્પ એટલે જે નિમિત્તે જાપ વગેરે કરવાના હો તો નિમિત્ત અને જાપનો દિવસ રોજરોજ બોલીને પછી જાપ કે પૂજાનુષ્ઠાન કરે. આ અમૃતકરણની ક્રિયાથી સાધક પોતાના દેહની અંદર પણ શીતલતાનો મધુર સંચાર અનુભવે છે. શરીર એકદમ સ્વસ્થતા અનુભવે છે.

★સુરભિ કે ધેનુ મુદ્રા–ધેનુ એટલે ગાય. ગાયના ચાર આંચળમાંથી જેમ દૂધ ઝરે છે તેવી રીતે અહીંઆ પણ બંને હાથના આંગળા દ્વારા ચાર અંચળ જેવો આકાર રચીને યન્ત્ર ઉપર ક્રિયાકાર પોતાની આંગળીમાંથી અમૃત–દૂધ ઝરાવતો આખા યન્ત્રના દેવ-દેવીઓને સજીવન કરી રહ્યો છે તેવી કલ્પના કરીને ક્રિયા કરે. આથી બધાય દેવ-દેવીઓ જીવંત–હાજર–પ્રત્યક્ષ થયા છે એવું સમજીને પૂજા કાર્ય કરવાનું છે. મુદ્રા જાણીતા પાસે શીખી લેવી.

---

★ કોઈ ગ્રન્થમાં સુરભિ–ધેનુ મુદ્રા વચ્ચે ફરક બતાવ્યો છે.

ત્યારપછી ૧૯મા પાનામાં વિધિકાર માટે અથવા વિધિકારના સાથીદારો માટે ઉપયોગી ઋષિમંડલના જરૂરી યન્ત્રનો ભાગ–નકશો આપવામાં આવ્યો છે. કયા વલય પછી કયું વલય આવે તે ધ્યાન બહાર જતું ન રહે–ભૂલાવો ન થાય તે પૂરતો જ આ નકશો ઉપયોગી છે. બાકી ચિત્ર સ્પષ્ટ છે.

એની નીચે પ્રાણાયામનાં બે ચિત્રો છે. ક્રિયા કરતાં પહેલાં ઈડા, પિંગલા અને સુષુમ્ણા આ ત્રણે નાડીઓ તથા શરીરની બીજી નાડીઓ, ગ્રન્થિઓ વગેરેનું શુદ્ધિકરણ, સ્વસ્થતા તથા તેમાં ચૈતન્ય જાગૃત થાય આ માટે જાપ કે અનુષ્ઠાન પહેલાં પ્રાણાયામની ક્રિયા કરવાનું વિધાન છે. પ્રાણાયામની અગત્ય ઉપર ઘણું ઘણું લખી શકાય પણ અહીં તો બહુ જરૂરી જ સ્પર્શ કરવાનો છે. પ્રાણાયામની ક્રિયામાં ત્રણ વિભાગ છે. ૧. પૂરક. ૨. રેચક અને ૩. કુંભક. વાયુ શ્વાસોશ્વાસની શુદ્ધિ પ્રધાનપણે આ બધી ક્રિયાઓમાં ખૂબ જરૂરી હોય છે. પ્રાણાયામ કરવા માટે પદ્માસન કરી એકદમ ટટ્ટાર બેસી, સ્વસ્થ થઈ, અંગૂઠાથી જમણું નસકોરૂં જોરથી દબાવીને ડાબા નસકોરાથી પ્રાણવાયુને લયપૂર્વક શરીરમાં દાખલ કરવો. આને શ્વાસ પૂરવાની ક્રિયા હોવાથી પૂરક પ્રાણાયામ કહેવાય છે. પૂરક કર્યા પછી ડાબા હાથના અંગૂઠાથી ડાબું નસકોરૂં દબાવીને જમણા નસકોરામાંથી લીધેલી હવાને બહુ ધીમી ધીમી ગતિએ બહાર કાઢવી તેને રેચક પ્રાણાયામ કહેવાય છે. અને પૂરક પ્રાણાયામ કર્યા પછી રેચક ન કરતાં શ્વાસોશ્વાસને નાભિસ્થાનમાં રોકી સ્થિર કરવો તેને કુંભક પ્રાણાયામ કહેવામાં આવે છે. પૂજનમાં ત્રણેય પ્રાણાયામ જરૂરી હોય છે. અહીંઆ પ્રાણાયામનાં ત્રણ ચિત્રો આપવામાં આવ્યાં છે. (છાપનારે ચિત્રોનો ક્રમ જાળવ્યો નથી) પ્રાણાયામ જાણકાર પાસેથી શીખવો.

(આ યોગ ક્રિયા સૂરિમંત્રની પૂર્વસેવામાં કરાય છે. આ ક્રિયા અહીં કરવી જ જોઈએ એવું નથી, થાય તો ખોટું નથી.)

છેલ્લાં લગભગ ૧૦૦ વરસથી ઋષિમંડલનાં પૂજનો જેટલા ભણાવામાં આવે છે તેમાં સાધુઓ અને શ્રાવકોને સાચી જાણકારી ન હોવાથી પ્રારંભમાં જ સમગ્ર હ્રીઁ બીજનું અને તે પછી મૂલમંત્રનું પૂજન જે કરવું જોઈએ તે કરવામાં આવતું જ નથી. હ્રીઁકાર પણ લગભગ ૩૦૦ વરસથી તદ્દન ખોટો જ ચીતરાતો આવ્યો છે. જ્ઞાનભંડારના પટો, તાંબાનાં જૂનાં યન્ત્રો, સાધુના પાસેના પટો બધામાં સાવ જ ખોટો ચીતરાય છે. (આની પૂરી ચર્ચા ઉપર જણાવી તે મારી પુસ્તિકામાં જ છે) છેલ્લાં સો વરસમાં જાણીતા અમદાવાદ વિદ્યાલય સ્થિત વયોવૃદ્ધ, સમર્થ આચાર્યો પોતાના ભક્તોને ઋષિમંડલના યન્ત્રો ચીતરેલા ચિત્રો આપતાં હતાં. મેં એક સૂરિજી પાસે તેમજ તેમના ભક્તો પાસે તે યંત્રો જોયા હતાં. તે યન્ત્રોનો હ્રીઁકાર વરસોથી જે રીતે ખોટો ચાલ્યો આવતો હતો, તે જ રીતે તેમાં હતો. ઋષિમંડલનો સ્તોત્રપાઠ અને યન્ત્ર બંને વસ્તુ સેંકડો વરસોથી ઘણી ઘણી ખામીવાળા ચાલ્યા આવે છે. એ બંને બાબતને બને તેટલી શુદ્ધ કરવાનો પ્રયત્ન મારી સ્તોત્રપાઠની બુક અને છાપેલા યંત્રમાં કરવામાં આવ્યો છે. ઋષિમંડલનો મૂલમંત્ર કેન્દ્રીય હ્રીઁકારના વચમાં જ લખવો જોઈએ એ ખ્યાલ ન હોય એટલે હ્રીઁકાર કેવી રીતે ચીતરાવવો તેનો ખ્યાલ ન રહે. છેલ્લાં ૨૫ વરસથી મારા યન્ત્ર દ્વારા સાચી

રીતે હ્રીઁ બતાવીને સાચો ખ્યાલ આપવામાં આવ્યો છે. હ્રીઁકારના બિન્દુ ઉપર નાદ કરવાનો હોય છે પણ એ વાત કોઈ જ જાણતું નથી એટલે નાદ જ ઉડાડી દીધો, પછી હ્રીઁ ચીતરવામાં સાવ અરાજકતા થઈ ગઈ. આશ્ચર્ય છે કે સેંકડો વરસમાં પણ કોઈ વિદ્વાનને સંશોધન કરવાનો વિચાર કેમ નહીં આવ્યો હોય, હજારો માણસો જેની સાધનાઓ કરે અને તેનો પાયો જ ભૂલ ભરેલો હોય પછી ધાર્યું ફળ કે પરિણામ ક્યાંથી જોવા મળે. ઋષિમંડલના કેટલાક શ્લોકો વિષે ઘણું મોટું અજ્ઞાન અને ગેરસમજ પ્રવર્તે છે એટલે કલા, બિન્દુ, નાદ વગેરેના સ્થાનોમાં ભારે ગરબડ થવા પામી છે. અમારા સત્ પ્રયત્નથી સમય જતાં ગેરસમજ નીકળી રહી છે અને સમય જતાં વધુમાં વધુ ઋષિમંડલની શુદ્ધ આરાધના સમાજ કરતો થઈ જશે. શરત એ છે કે પૂર્વગ્રહ, અજ્ઞાન, હઠ છોડવા જોઈએ, નહીંતર મારી શોધ–સુધારાને વગોવતા રહેશે. સત્ય પામી નહીં શકે!

ત્યારપછી નીચેના ચિત્રમાં જાપ અને પૂજન કરતાં પહેલાં એવો વિધિ છે કે જેનું પૂજન કરાવવું હોય તેમણે વિનંતી કરી આમંત્રિત કરવા–તેડાવવા, પછી તેમણે વિનંતી કરી બેસવા માટે કહેવું, ત્યારપછી તેમણે હૃદય મંદિરમાં સ્થાપન કરવા કે હૃદય સમીપ લાવવા, આટલું કર્યા પછી જ તેમનું પૂજન થઇ શકે. આ પાંચ ક્રિયા માટે એ ક્રિયાના જ ભાવને સૂચવતી પાંચ મુદ્રાઓ નક્કી કરવામાં આવી છે. એ પાંચે મુદ્રાઓ દ્વારા જ બોલાવાય, બેસાડાય વગેરે. આ પાંચ ચિત્રો એક સાથે અને અલગ અલગ છાપવામાં આવ્યાં છે. ૨૦ માં પાનામાં પાંચે મુદ્રાઓનું ભેગું ચિત્ર છાપવામાં આવ્યું છે અને તેની બાજુમાં પહેલી આહ્‌વાહન[1] ક્રિયાનું પદ્માસનસ્થ ચિત્ર આપ્યું છે અને તે પછી અન્ય ફક્ત મુદ્રા બતાવવા જ સ્વતંત્ર ચિત્રો આપવામાં આવ્યાં છે. આહ્‌વાહન કરવું એટલે બોલાવવું. આ બોલાવાની ક્રિયા આહ્‌વાહન મુદ્રા વડે કરવામાં આવે છે. ૨૦ માં પાનામાં ચોથું ચિત્ર પદ્માસન સાથે કરાતી આહ્‌વાહન–આમંત્રણ મુદ્રાનું જ છે.

૨૧મા પાનામાં સ્થાપન, સન્નિધાન, સંનિરોધ, અવગુંઠન અને અંજલિ આ પાંચ મુદ્રાઓ બતાવવામાં આવી છે. છાપનારે ક્રમ વિના છાપી છે. બેસાડવાની ક્રિયા સ્થાપન મુદ્રાથી, હૃદય સમીપે લાવવાની ક્રિયા સન્નિધાન મુદ્રાથી, હૃદયમાં સારી રીતે અટકાવી–ટકાવી રાખવાની ક્રિયા સંનિરોધ મુદ્રાથી, ચાલતી ક્રિયા ઉપર કે આવેલા ઉપર કોઈની મલિન દૃષ્ટિ–નજર ન પડે એટલા માટે અવગુંઠન મુદ્રાથી કરવી. આટલો વિધિ થયા બાદ પૂજનની શરૂઆત અંજલિ મુદ્રાથી કરવાની હોય છે. જે પૂજા અંજલિ મુદ્રાથી શક્ય હોય ત્યાં ત્યાં તે મુદ્રાથી વિધિ કરવો જોઈએ. જેથી પાંચે મુદ્રાઓ બતાવવામાં આવી છે.

૨૧મા પાનામાં ઉપરના પહેલા ચિત્રમાં એક ચિત્ર છાપ્યું છે. આ ચિત્રમાં કલ્પના એવી છે કે હ્રીઁકાર સહિત તીર્થંકરોને હૃદય કમલમાંથી સુષુમ્ણા નાડી વડે કરીને બ્રહ્મરંધ્રમાં લઈ જઈ ત્યાં તેઓને તમો સ્થાપન કરો. અને અનુષ્ઠાન પૂરૂં થાય એટલે બ્રહ્મરંધ્રમાંથી નીચે ઉતારીને પાછા હૃદય કમલમાં મૂકો. આ આહ્‌વાહનનો જ પ્રકાર છે.

---

૧. આહ્‌વાહન, આવાહન.

આ જાતનો વિધિ કરવાનું ખાસ કરીને સૂરિમંત્રની પ્રારંભની ક્રિયામાં કરવાનું બતાવ્યું છે.

મંત્રશાસ્ત્રની પરિભાષામાં જેને [1]કૂટાક્ષર, સંયુકતાક્ષર કે પિંડાક્ષર કહેવામાં આવે છે. તે અક્ષરો નીચે ચિત્રમાં ઉભા અને આડા બે રીતે બતાવવામાં આવ્યા છે. આ અક્ષર ઉભો કેમ લખાય અને આડો કેમ લખાય તે આલેખન બતાવ્યું છે. આની અંદર અનુસ્વાર વિના સાત અક્ષરો છે. એક સ્વરને છોડી બાકીના વ્યંજનો છે. અનુસ્વાર સાથે આઠ અક્ષરો છે. જેમકે क, म, ल, व, य, र, ऊ આ કૂટાક્ષરોનો ઉપયોગ લખવામાં, જાપ કરવામાં આવે છે. જૈન-અજૈન મંત્રોમાં આનો ઉપયોગ થાય છે અને આનું ઉચ્ચારણ ગુરુગમથી શીખી લેવું જોઈએ. જો કે આ અંગે સ્પષ્ટ વર્ણન વાંચવામાં હજુ આવ્યું નથી. આની વિશેષ વિગત મારા તરફથી બહાર પડનારી ઋષિમંડલ પૂજન વિધિની પ્રતમાં જણાવી છે.

ઋષિમંડલપૂજન વિધિમાં ચૈત્યવંદન અને કાઉસગ્ગ કરવાનો અધિકાર આવે છે, એટલે અહીં આ સંવચ્છરી પ્રતિક્રમણની વિધિની અંદર જે પાંચ ચિત્રો છાપ્યાં છે તે ચિત્રોના જ બ્લોકો અહીં છાપ્યા છે.

૨૨ માં પાનાનું પહેલું ચિત્ર પંચાંગ પ્રણામ-પ્રણિપાતનું છે. જૈનધર્મમાં સર્વ ક્રિયાઓમાં પ્રધાન લક્ષ્ય અહિંસા ધર્મના પાલનનું છે. એ હેતુને ધ્યાનમાં રાખીને પંચાંગ પ્રણિપાત-પ્રણામ કરવા જણાવ્યું છે. સાષ્ટાંગ દંડવત્ કરવાનું કહ્યું નથી. તે કરવાથી પોતાની કાયાથી જમીન વધુ વપરાશે, વજનદાર શરીર નીચે પડવાથી સૂક્ષ્મ જંતુઓ કચડાઈ જશે માટે *નિષેધ કર્યો છે.

બીજું ચિત્ર યોગમુદ્રાનું છે. ત્રીજું ચિત્ર મુક્તાશુક્તિ મુદ્રાનું છે.

૨૩ માં પાનાનું પહેલું ચિત્ર જિનમુદ્રાનું છે. જિનમુદ્રામાં ટટ્ટાર ઉભા રહેવું, બે હાથ જંઘાની પાસે કે અડાડીને રાખવાના, આંખો નાસિકાગ્ર ભાગમાં રાખવાની હોય છે.

ત્યારપછી પૂજનને અન્તે થતી શાંતિકળશની ક્રિયાનું ચિત્ર છે. આ ક્રિયા બેઠા બેઠા થતી બતાવી છે. શાંતિકળશની ક્રિયા મુખ્યત્વે સુરતના ક્રિયાકારક ભાઈઓ વરસોથી પતિ પત્નીને ઉભા રાખે. બંને જણાના હાથોના આંગળા ભીડાવી તેના ઉપર કળશનું સ્થાપન કરી પૂજામાં આવેલા કોઈપણ ભાઈઓ-બહેનો દ્વારા કળશથી ઘડામાં જળ નાંખે છે. આ પ્રમાણે ઊભા ઊભા ક્રિયા કરવાનું વિધાન ક્યારથી શરૂ થયું, કોણે શરૂ કર્યું તેનો તાગ મેળવી શકાયો નથી. પણ છેલ્લા ૨૦-૨૫ વરસથી આ વાત મને બિલકુલ અનુચિત લાગી હતી. તેનાં બે કારણો હતાં. મુખ્ય કારણ. ૧. શાંતિજળ ભરવાની ક્રિયા જેમણે શાંતિ પ્રાપ્ત કરવી હોય તેને જ કરવાની હોય

---

૧. કુટાક્ષર લખવા યોગ્ય છે? પૂજવા યોગ્ય છે? તે માટે વિકલ્પ છે. આ અક્ષરો ક્યાંક જાપમાં પણ બતાવ્યા છે. જૈન-અજૈન બંનેના યંત્રમાં તે આવે છે.

★ સાષ્ટાંગ દંડવત્ એટલે કે શરીરના આઠ અંગોને (સંપૂર્ણ શરીરને) ધરતીની સાથે અડાડવા પૂર્વક લાકડીના દંડની માફક લાંબા થઈને ઉંધા પડીને પોતાના બે હાથ લાંબા કરી બંને હાથને ભેગાં કરી નમસ્કાર કરવો. આશ્ચર્યની વાત એ છે કે એક જૈનાચાર્યે પોતાની કાવ્યકૃતિમાં જિનેશ્વરને સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરવાની વાત જણાવી છે.

છે. પાણી શીતળ છે તેથી તેને શાંતિદાયક કહ્યું છે. પાણી-જળ એ જીવન છે, પ્રાણ છે. આનો ઘણો ઘણો ઉપયોગ થાય છે. આ તત્ત્વનો પણ ઘણો મહિમા છે, એટલે પાણીથી ભરેલો કળશ ઘી બોલનારા હાથમાં રાખી પોતે જ કુંભમાં જળધારા કરે.

• હવે જ્યારે પતિ-પત્નીને ઉભા કરી એમના ભીડાવેલા હાથમાં જ કળશ રાખવાનું થાય એટલે એમણે તે જળ નાંખવાનું રહ્યું જ નહિ. સામાન્ય માણસો કળશ ભરી ભરી ઘડામાં જળ નાંખતાં રહે છે. પરિણામ એ આવે છે કે શાંતિજળનો જે મૂળભૂત હેતુ છે. તેનો લાભ તો પેલા ઘી ન બોલ્યા હોય તેવી વ્યક્તિઓને પ્રાપ્ત થાય છે. મુખ્ય વ્યક્તિ મુખ્ય ક્રિયા કે ફળથી વંચિત રહે છે, માટે આ પ્રથા વ્યાજબી નથી, એને બદલવી જ જોઈએ. મારા આદેશથી મારી હાજરી હોય ત્યાં ધર્માત્મા, કુશળ ક્રિયાકાર શ્રી બાલુભાઈ (સુરત) એ પ્રમાણે કરતા હતા.

બીજું એ કે પતિ-પત્ની સામસામી આંગળા ભીડાવી એ આંગળા ઉપર ઘડો મૂકાય અને પછી તે ચારશેર પાંચશેર પાણીથી ભરાય એટલે આંગળા ઉપર વજન વધે. આંગળા આ ભાર સહેલાઈથી સહી શકે નહિ, પરિણામે ઊભા રહેલા દંપતિની માનસિક અકળામણ વધે, પછી મન ઘડાને સંભાળવામાં અને ક્યારે શાંતિ પૂરી થાય, એ ચિંતામાં પડે, પરિણામે મોટી શાંતિનો પાઠ સાંભળવામાં તેમનો જીવ કેવો રહે? આ દૃષ્ટિએ પણ ઊભા ઊભા કળશ ભરાવવા હિતાવહ નથી. કેમકે શાંતિ માટેની ક્રિયામાં જ માનસિક અશાંતિ ઊભી થઈ જાય.

અસ્ત્રમુદ્રા; સંહારમુદ્રા તેમજ ૨૪ માં પાનામાં તર્જની વગેરે જાપ માટેની આંગળીઓના ચિત્રોનો પરિચય મારી સંપાદિત કરેલી ઋષિમંડલયન્ત્ર પૂજન વિધિમાં આપ્યો છે, ત્યાં જોઈ લેવું. આ પરિચય લેખ પણ લાંબો થઈ ગયો છે. એટલે અહીં પુનઃ આપતો નથી.

ત્યારપછી દિગમ્બરીય અનાહત સહિત ઓંકારનું ચિત્ર છે. એનો પરિચય પ્રારંભમાં આપ્યો છે.

૨૫મા પાનામાં ઋષિમંડલના પ્રથમના બે શ્લોકોના અર્થઘટનનો બ્લોક છાપ્યો છે. એનું વિવેચન અલગ આપ્યું છે.

# વિભાગ-૨

## સિદ્ધચક્રયન્ત્ર પૂજનને લગતાં ચિત્રો

પાનું-૨૬ (૧) આ વિભાગમાં પહેલું ચિત્ર શરીરને ટટ્ટાર રાખીને બે હાથ કેવી રીતે રાખીને પૂજામાં ઊભા રહેવું જોઈએ તે દર્શાવતું છે.

(૨) અનાહત સહ સ્વર વર્ગનું ચિત્ર છે. આ વાત મુખ્યત્વે સિદ્ધચક્રયન્ત્રની છે. અનાહત

નોંધ :—આત્મરક્ષા વગેરે વિધિ બધા જ પૂજનોમાં હોય છે. તેનાં ચિત્રો પ્રથમ વિભાગમાં આવી ગયા છે. ફક્ત સિદ્ધચક્રમાં જરા જુદી રીતના પ્રસંગો હોવાથી તેનાં જ ચિત્રો અહીં આપ્યાં છે.

એટલે શું? એ પ્રશ્નનો ઉત્તર આપવામાં સામાન્ય રીતે જાણકારો મુંઝવણ અનુભવે તેવી બાબત છે. કારણ કે અનાહત શબ્દ યોગ સાધનામાં ખૂબ જ પ્રચલિત બનેલો છે અને ત્યાં અનાહત શબ્દ નાદના વિશેષણ તરીકે વપરાયો છે અને આખો શબ્દ અનાહતનાદ તરીકે પ્રસિદ્ધ છે. અનાહતનાદ એટલે યોગસાધનામાં અમુક કક્ષાએ પહોંચ્યા બાદ શરીરમાં સ્વાભાવિક રીતે જ (સ્વર-વ્યંજનવાળો અથવા તે વિનાનો) એક પ્રકારનો ધ્વનિ સંભળાતો હોય છે. એ ધ્વનિ પોતાને તો સંભળાય છે પણ નજીકમાં બેઠેલા બીજાઓને પણ સાંભળવા મળે છે. એ ધ્વનિ સાધકે જે મંત્ર આત્મસાત્ કર્યો હોય તેનો જ થતો હોય છે. પણ અહીંયા યન્ત્રના આલેખનની પ્રક્રિયા હોવાથી પ્રસ્તુત અનાહત સાથે કશો જ સંબંધ નથી. સિરિવાલકહા ગ્રન્થમાં સિદ્ધચક્રના આલેખનના શ્લોકોમાં માત્ર–અનાહત શબ્દ વાપર્યો છે, પણ અનાહત નાદ વાપર્યો નથી એટલે યન્ત્રાલેખનમાં અનાહતનો અર્થ જુદો કરવાનો છે. જુદો શું કરવો? એ ૯૯ ટકા વાચકો કે અભ્યાસીઓ માટે છેલ્લાં ઘણા વરસોથી મુંઝવણનો વિષય બની રહ્યો હોય તેમ સમજાય છે. ગ્રન્થના ઉલ્લેખો અને ચિત્રો જોતાં અનાહત શબ્દથી અહીંયા આકૃતિ લેવાની છે. આથી અનાહત શબ્દ આકૃતિ સૂચક પણ છે. આકૃતિનો વાચક છે. સૂચક છે તો કઈ આકૃતિ લેવી? તો ૨૬માં પાનાનાં ચિત્રમાં બે જાતની આકૃતિ બતાવી છે. ૧. લંબચોરસ અને ૨. વર્તુલાકાર. અન્યત્ર સમચોરસની આકૃતિ પણ મળે છે. સિરિવાલકહાના આધારે ગોળાકાર કે ચોરસ કે લંબચોરસ પૂરા બે (અઢી, કે ૩॥) આંટા દોરવામાં આવે છે તેને 'અનાહત' કહેવાય છે.

બીજું સિદ્ધચક્ર-ઋષિમંડલ વગેરે યન્ત્રોમાં સાડી ત્રણ રેખાઓ દોરવામાં આવે છે. આ રેખાઓ શા માટે કરવામાં આવે છે અને એ રેખાઓ શું છે એ બાબત મારે મન થોડી પ્રશ્નાર્થક જ રહી છે. શું આ સાડાત્રણ રેખાઓને પણ અનાહતની રેખાઓ સમજવી ખરી? ૨૬ માં પાનામાં છેલ્લે પાંચમો બ્લોક વૃક્ષનું પત્તું બતાવીને એની અંદર બે કુંડલાકારે અનાહત બતાવ્યો છે. પ્રાચીન પટોમાં મોટા ભાગે ઓંકાર આલેખીને તેના નીચેના છેડા લાઈનમાંથી અનાહત શરૂ કરીને તેના પૂરા આંટા બતાવવામાં આવે છે. વર્તમાનકાળમાં પણ એ પટોના આધારે ઓંકાર સહિત અનાહત ચીતરવામાં આવે છે. સેંકડો વરસોથી ઓંકાર સહિતના આલેખનો મળે છે પણ મારા અભ્યાસ અને ચિંતનને અન્તે થયું કે આ જગ્યાએ અનક્ષર જ અનાહત કરવો બરાબર છે એટલે મેં મારા સિદ્ધચક્રના યન્ત્રમાંથી ઓંકારને વિદાય આપી, એકલી અનાહતની જ આકૃતિ દોરાવી છે. મને એક પ્રાચીન પટ એવો મલ્યો હતો કે જેમાં લબ્ધિ વલયના વર્તુળમાં રહેલા અનાહતો ઓંકાર વિનાના હતા. એટલે મારા જેવો કોઈ સાધુ કરાવનાર હશે. મને આ એક આધાર પણ મલ્યો. પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજીના શિષ્ય પૂ. પં. મુનિ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ મને આજથી લગભગ ૩૭ વરસ ઉપર વડોદરામાં જ્યારે ભેગા થયા ત્યારે તેઓશ્રી પોતે જેની આરાધના કરતા હતા તે સિદ્ધચક્રયન્ત્રનો પટ તેમની સાથે જ હતો. સિદ્ધચક્રના યન્ત્ર પૂજન અંગેની ઘણી ચર્ચા કરી એમાં આ અનાહતની પણ પરસ્પર ચર્ચા વિચારણા થવા પામી. છેવટે મારી યુક્તિયુક્ત પુરાવાઓ સાથેની વાતો એમને એટલી બધી ગળે ઉતરી ગઈ કે એમનો પોતાનો યન્ત્ર તરત જ મને આપીને કહે છે કે 'મારા યન્ત્રમાં અનાહતના ઓંકારો જે બધા છે તે બધા જ કઢાવી આપો' એટલે મેં મારા હાજર

પેઈન્ટર જયપુરવાળા જગન્નાથજી પાસે એમના રંગીન વસ્ત્રપટમાંથી ઓંકાર બધા કઢાવી નંખાયા હતા અનાહત અંગે હાલમાં આટલું ઘણું.

ત્યારપછી ૨૭મા પાનામાં સિદ્ધચક્રપૂજનને લગતાં નવ ચિત્રો છે. ત્રીજું ચિત્ર સિદ્ધચક્રની આસન્નસેવિકાનું છે. આસન્ન સેવિકા એટલે સિદ્ધચક્રની સમીપમાં ભક્તિ કરતી દેવી. આ દેવી સિદ્ધચક્રની ખાસ દેવીઓ છે તે ૧૨ છે. એનું વર્ણન મલતું નથી. આ આસન્નસેવિકાઓ સિદ્ધચક્રપૂજનમાં આવતા અધિષ્ઠાયક વલયની દેવીઓ છે. એમ છતાં છેલ્લાં ૬૦૦ વરસથી આજ સુધીમાં જ્ઞાન ભંડારો, મંદિરોમાં મલતા કાગળના, કપડાનાં કે તાંબા વગેરેનાં કોઈપણ યન્ત્રમાં આ દેવીઓને લેશમાત્ર સ્થાન આપવામાં આવ્યું નથી. મારા પોતાના તરફથી આજથી ૨૫ વરસ ઉપર બહાર પડેલા ત્રણ કલરના વિશિષ્ટ પ્રકારના આકર્ષક યન્ત્રમાં, અધિષ્ઠાયક વલય અત્યારે જે પટોમાં છે તે કેન્સલ કરી ૧૨ આસન્નસેવિકાઓ અને ૪ અધિષ્ઠાયકો મળી ૧૬ ખાનાનું જ કરવું હતું. આ માટે અનુભવી વિચારશીલ પૂ.આ. શ્રી નન્દનસૂરિજી મ. તથા પૂ. આ.શ્રી ધર્મધુરંધરવિજયજી બંનેએ મારી વાત રૂબરૂ તથા પત્ર દ્વારા કબૂલ રાખી પણ પ્રચારમાં વલય ખૂબ આવી ગયું હોવાથી તે બદલવાથી ભ્રમ ઉભો થશે એટલે ન બદલે તો સારૂં એવો આગ્રહ જણાવ્યો એટલે મારી બદલવાની પૂરી ઇચ્છા છતાં વડીલોની આમન્યા જાળવવા અનિચ્છાએ જે વલય ચાલુ હતું તેને કાયમ રાખી ઘટતો ફેરફાર કરી દીધો.

જુઓ, અધિષ્ઠાયક વલય, જેમાં બાર આસન્નસેવિકાઓનાં બારના બદલે એક જ ખાનામાં બાર ખાનાનું ભેગું નામ લખ્યું છે. આ અંગેની વિશેષ ચર્ચા કે સમજણ જોઈતી હોય તેમણે મારી લખેલી "સિદ્ધચક્રયન્ત્રપૂજન એક સર્વેક્ષણ અને સમીક્ષા" ૨૦૩૪ માં બહાર પડેલી અત્યન્ત ઉપયોગી માહિતીસભર પુસ્તિકાના ૩૫ થી ૪૨ પાનાં વાંચી લેવા.

ત્યારપછીનાં ચાર ચિત્રો ભૂતબલિનાં છે. ભૂતબલિની ક્રિયા જૈન-જૈનેતર બંનેના અનુષ્ઠાનોમાં કરવામાં આવે છે. એ અંગે અહીં વિશેષ લખતો નથી. બીજા વિભાગનું લખાણ પૂર્ણ થયું.

## વિભાગ-૩

વિભાગ ત્રીજામાં પ્રતિક્રમણ સૂત્ર અંગેનાં ચિત્રો છે. તે અંગે લખવું અહીં જરૂરી નથી. એમ છતાં જૈન ધર્મમાં ગુરુનું સ્થાન શું છે? અને શિષ્ય ગમે તેવો હોંશિયાર હોય, વિદ્વાન હોય, પ્રભાવક હોય અને ગુરુ હોય કે ન પણ હોય પણ આત્મકલ્યાણના ખપી શિષ્યને ક્યારેય પોતાની આવડતનું કે જ્ઞાનનું અભિમાન આવી ન જાય અને જાણે અજાણે ગુરુને પોતાનાથી ઓછા જ્ઞાની કે અણસમજુ માની તેમનો અનાદર, અપમાન કે અવજ્ઞા કરવાનું સાહસ ન થઈ જાય માટે હંમેશા માતાના ગર્ભમાં રહેલું બાળક જેવું અજ્ઞાન હોય છે તેવો જ અજ્ઞાનભાવ શિષ્યના મનમાં ટકી રહે માટે રોજ ગર્ભાવસ્થાની અવસ્થા યાદ રાખવા સૂચન કર્યું પણ એ યાદ રાખવા કરતા રોજ કરી બતાવે તો રોજેરોજ નમ્રતા મજબૂત બની રહે તેથી ગુરુવંદનની ક્રિયામાં ગર્ભાવસ્થાની મુદ્રા

કરવા જણાવ્યું. એ મુદ્રા ૩૧ માં પાને છટ્ઠા નંબરના ચિત્રમાં બતાવી છે તે જુઓ. **विणओ धम्मस्स मूलं**–ધર્મનું મૂલ વિનય છે. વિનયથી વિદ્યા–જ્ઞાન પ્રાપ્ત થાય છે અને જ્ઞાનથી હિતાહિતનો હેયોપાદેયનો વિવેક જાગે છે અને છેવટે એ દ્વારા પરંપરાએ મુક્તિ મેળવે છે.

આ રીતે આ પુસ્તિકામાં આપેલાં ચિત્રોનો યથાયોગ્ય પરિચય પૂરો થાય છે.

* * *

## પુસ્તિકાના ૨૫મા પાને ઋષિમંડલસ્તોત્રના પ્રથમ બે શ્લોકોનો બ્લોક છાપ્યો છે તે અંગેની વિસ્તૃત સમજ નીચે આપી છે. આથી જૈનમંત્ર પરિભાષા, સાંકેતિક પદ્ધતિનું થોડું જ્ઞાન મળશે.

★ મંત્રાક્ષરો કે મંત્રશબ્દો વગેરે વ્યક્ત કરવા માટે મંત્રવિશારદોએ મંત્રવિજ્ઞાન શાસ્ત્ર સર્જ્યું છે. એમાં સાંકેતિક પરિભાષાનો ઠીક ઠીક ઉપયોગ કર્યો છે. એમાં અંક–આંકડા કે તેની સંખ્યા જણાવવા માટે તેમજ વર્ણો એટલે સ્વર–વ્યંજનનું જ્ઞાન–પરિચય આપવા માટે, તેમજ અમુક શબ્દો ઉપરથી અમુક અક્ષરનું જ ગ્રહણ થાય તે માટે, એક નિશ્ચિત ધોરણ–પરિભાષા નક્કી કરી છે. અહીંયા વાચકોને મંત્રની આ પરિભાષા–પદ્ધતિનું જ્ઞાન મળે માટે ઋષિમંડલના બે શ્લોકમાં જ એ પરિભાષાનો જ્યારે સારો એવો ઉપયોગ કરવામાં આવ્યો છે ત્યારે તે પરિભાષા દ્વારા તેના અર્થને સમજીએ. જેમ કે **ह** અક્ષર કહેવો હોય ત્યારે **सान्तः** શબ્દ વાપરી ह નું સૂચન કરશે. **सान्तः** એટલે **सस्य अन्तेयः वर्णः सः हः** સથી વર્ણાક્ષરનો દન્ત્ય સકારનું ગ્રહણ કરવાનું છે.

મન્ત્રનો વિષય સહુના રસનો હોતો નથી. આ એક ગૂઢ રહસ્યમય વિષય છે. આના જાણકારો ઓછા હોય છે. આના રહસ્યો સમજવા અને અનુભવોને લેવા માટે એક જનમ પણ ઓછો પડે. આ શાસ્ત્ર ઉપર સેંકડો ગ્રન્થો અને હજારો પાનાંઓ ભંડારોમાં ઉપલબ્ધ છે. મન્ત્રશાસ્ત્ર કે મન્ત્ર એ ભારતીય સંસ્કૃતિનો આ એક વિશિષ્ટ અનોખા પ્રકારનો ગૂઢતમ વૈજ્ઞાનિક રહસ્યવાળો વિષય છે. ચતુર્વિધ સંઘની યોગ્ય વ્યક્તિઓ જરૂરી પ્રમાણમાં પણ જાણે તે જરૂરી છે, પણ એ પ્રત્યે સંજોગોએ ઉપેક્ષા ઊભી કરી છે. એમ છતાં—મને થયું કે મારા સાધુ–સાધ્વીજી, વાચકો તથા અન્ય રસિક સાધકોને મંત્ર પરિભાષાની જરાક વાનગી ચખાડું તો સારૂં એટલે આજથી ૨૫ થી વધુ વરસ ઉપર ઋષિમંડલના બે શ્લોકો પૂરેપૂરી સમજ મળે તે માટે સુવ્યવસ્થિત અને વિશિષ્ટ ઢબે ચિત્રકાર ભાઈશ્રી રમણિક દ્વારા લખાવ્યા હતા. થોડા વખત ઉપર તેનો જ બ્લોક કરાવ્યો હતો. જે અહીં છાપવામાં આવ્યો છે.

આ બે શ્લોકનો બ્લોક છાપેલું આ પુસ્તિકાનું જ પાનું ૨૫ મું ઉઘાડું રાખો પછી નીચેની વાત વાંચો.

૧. પહેલાં શ્લોકના પ્રથમ શબ્દ **आद्यन्त** છે. ત્રણ અક્ષરના આ શબ્દમાં બે શબ્દો છે. એ સમાસથી જો છૂટા પાડીએ તો **आदि** અને **अन्त** બે શબ્દ થાય અને વ્યાકરણના નિયમથી સંધિ થતાં **आद्यन्त** એવો એક શબ્દ બન્યો. **आद्यन्त** પછી શ્લોકમાં **अक्षर** શબ્દ છે એટલે

**आद्यन्ताक्षर पूरुं** વાક્ય બન્યું. અક્ષર શબ્દનું જોડાણ બંને શબ્દમાં કરવાનું હોવાથી 'આદિઅક્ષર' અને 'અન્તઅક્ષર' એમ બે વાક્ય બન્યા. આદિ અક્ષર એટલે પહેલો અક્ષર અને અન્ત અક્ષર એટલે છેલ્લો અક્ષર, પણ સવાલ થાય કે કોનો આદિ અક્ષર અને કોનો અન્તાક્ષર? તો જવાબ એ કે, આપણી પ્રસિદ્ધ વર્ણમાલા કે બારાખડીના આદિ–અન્તના અક્ષરો.

એક વસ્તુના બે છેડા. એક છેડાને ડાબા હાથે પકડો અને બીજાને જમણા હાથે પકડો એટલે પછી બે છેડા વચ્ચેનો ભાગ તો સ્વાભાવિક રીતે એની મેળે જ આવી જાય. અહીંયા વર્ણમાલાના 'આદ્યન્ત' કહી સંલક્ષ્ય કહ્યું એટલે સ્વાભાવિક રીતે જ આપણી ભાષાના માધ્યમરૂપ એવા પચાસ અક્ષરોનું ગ્રહણ થઈ જ જવાનું. વર્ણમાલામાં પ્રથમ સ્વરોનું સ્થાન પછી વ્યંજનનું છે. સ્વરોમાં સુપ્રસિદ્ધ अ आ इ ई વગેરે છે અને વ્યંજનોમાં क ख થી લઈ ह સુધીના બધા અક્ષરો સમજવા. સંયુક્ત વર્ણમાલામાં પ્રથમ સ્વરોનું અને પછી વ્યંજનનું સ્થાન છે એટલે વર્ણમાલાના આદિ સ્વરોનો આદ્ય અક્ષર अ છે, અને અન્તનો મહાપ્રાણ અક્ષર ह (स श ष ह) છે. આ બંનેનું ગ્રહણ કરી અર્થ મુજબ બંનેને સાથે મૂકો એટલે अह આવો શબ્દ બન્યો. (ચિત્ર જુઓ)

પછી આગળ શ્લોકમાં **संलक्ष्यमक्षरं व्याप्य०** આ વાક્ય છે. આ વાક્ય અર્થ ગંભીર અને મહત્વપૂર્ણ છે. આ વાક્ય કહે છે કે अह શબ્દમાં તમામ સ્વરો વ્યંજનોનો સમાવેશ થઇ જાય છે. એ બધા સ્વરો અને વ્યંજનોને પોતાનામાં સમાવીને તે બેઠો છે. કોઇપણ પદાર્થનો આદિ–અન્ત ભાગ હોય એટલે વચ્ચેનો તો સ્વાભાવિક (ઓટોમેટિક) રીતે જ આવી જ જાય અથવા સમજી લેવો.

अह શબ્દની નિષ્પત્તિ કર્યા બાદ તેને પૂર્ણ મંત્રબીજ બનાવવું છે એટલે તમામ સ્વર વ્યંજનનો વાચક અથવા દર્શક अह શબ્દ બન્યા પછી શું કરવાનું? તો કહે છે કે તેને अग्नि [1]**ज्वालासमंनाद**[2]–**बिन्दु**[3]–**रेखा**[4]થી યુક્ત કરો. અહીં 'અગ્નિજ્વાલા' શબ્દ એ મંત્રનો સાંકેતિક (કોડ) શબ્દ છે. અગ્નિજ્વાલાથી અગ્નિનું વાચક બીજ લેવાનું છે. તો તે બીજ र અક્ષર રૂપ છે. रનું ગ્રહણ કરવાનું હોય ત્યારે ગ્રન્થકાર र શબ્દ નહીં લખે પણ ★'અગ્નિજ્વાલા' લખશે. તદ્‌વિદો તરત સમજી જાય છે. અહીં र ને ઉપર જ મૂકવો એમ કેમ? તો નાદ બિન્દુની વાત સાથે કરે છે અને નાદ બિન્દુ મથાળે જ હોય માટે અને માથે ચઢે એટલે તે र રેફ શબ્દથી ઓળખાવાય છે. હવે अह ની ઉપર રેફ ચઢાવવો પછી ઠેઠ ઉપર નાદની ત્રિકોણ આકૃતિ મૂકો. તે પછી તેની નીચે બિન્દુની વર્તુલાકાર ગોળ મીંડાની આકૃતિ મૂકો અને તેની નીચે અર્ધચન્દ્રમા આકારની રેખા મૂકો. આથી શું થયું કે આપણે अह ઉપર ચાર વસ્તુ ચઢાવી દીધી. રેફ, નાદ, બિન્દુ અને અર્ધચન્દ્ર રૂપરેખા. આ રીતે પહેલા શ્લોકનો અર્થ પૂરો થયો.

હવે બીજા શ્લોકના અર્થનું अहના ह સાથે પાછું જોડાણ કરો.–

---

★ પાંચ તત્ત્વો પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ. આને સમ–વિષમ કરવા માટે મંત્રશાસ્ત્રમાં અમુક અક્ષરો નક્કી થએલા છે. એમાં र વર્ણ અગ્નિ–ઉષ્ણતા પ્રગટાવવામાં ઉપયોગી બને છે. પાંચ તત્ત્વો અને તેનું વિજ્ઞાન ઘણું સમજવા જેવું છે. પણ તે જાણકારો પાસેથી સમજવું. અહીં તો ઇસારો જ બસ છે.

अग्निज्वालासमाक्रान्तं આપણે ઉપર સમજી લીધું કે અગ્નિજ્વાલાથી र લેવાનો છે. ત્યાં માત્ર समं શબ્દ હતો. અહીં પણ समं નો અર્થ સરખો કરવો. તેને પણ બીજીવાર र આવ્યો તો તેને ક્યાં મૂકવો? તો अह અહીં आक्रान्तं શબ્દ છે. એ કહે છે કે अह ને र વડે બરાબર આક્રાન્ત કરો–એટલે દબાવો, એ ત્યારે જ બને કે બરાબર નીચેથી જોડાણ થાય તો જ, માટે र ને નીચેના ભાગે રહેલા ह વર્ણ જોડે જોડો.

આથી શું થયું કે ઉપર નીચે બે રેફવાળો ह બનતા अर्ह्र आवो શબ્દ બન્યો. મંત્રબીજ બનાવવા અન્તમાં અનુસ્વાર જોડો. હવે આ શબ્દ ન રહ્યો પણ પાંચ પાંચ અક્ષરોના શણગારથી તે હવે अर्ह्रं એવું મંત્રબીજ બની ગયું.

હવે अर्हं એ બીજ વ્યાકરણના–પૂજા અર્થના અર્હ ધાતુ ઉપરથી તૈયાર થયું છે અને તેથી તે પૂજાવા યોગ્ય વ્યક્તિના અર્થમાં વપરાયું છે.

એ બીજ અરિહંતો–તીર્થંકરોનું વાચક છે. આ અર્હં એ ત્રણેય કાળના અરિહંતોનું વાચક છે. અર્હં બોલવાથી પૂજા યોગ્ય વ્યક્તિઓનું ગ્રહણ થાય છે. આ મહાન લાભ છે.

યદ્યપિ આપણે ત્યાં વધુ પ્રચલિત પ્રકાર એક રેફવાળા અર્હંનો છે અને તે જરાએ ખોટો નથી પૂર્ણ સાચો છે, પણ અહીં અર્હંના ह અક્ષરને રેફથી સંપુટ કરી તેની શક્તિ દ્વિગુણિત કરી છે. એક નવીન-વિશેષ વાત કરી છે. જે વાત સેંકડે ૯૫ ટકા લોકો જાણતા જ નથી. એ વાત એ છે કે આપણા સમાજમાં માથાના એક રેફવાળા अर्हं ની બાબત જાણીતી છે અને જાપ, ધ્યાન વગેરેમાં એક જ રેફવાળા અર્હંનો ઉપયોગ કરાય છે. પણ ઋષિમંડલ સ્તોત્રનું આ અર્હં બીજ બે રેફવાળું છે અને ઋષિમંડલ યંત્રના કેન્દ્રનો ह्रीँ પણ બે રેફવાળો છે તે બરાબર ધ્યાનમાં રાખવું ઘટે.

સિદ્ધચક્રપૂજનના અન્તમાં ચૈત્યવંદનમાં એક સ્તોત્ર બોલવામાં આવે છે. એના પહેલા શ્લોકમાં +ऊर्ध्वाधोयुतं सबिन्दु० શ્લોક કહીને ઊર્ધ્વ-ઉપર અને અધો-નીચે र વડે યુક્ત એવું એમ જણાવ્યું છે. આથી अह માંના ह નો બે રેફથી સંપુટ કર્યો છે.

આ બે રેફવાળા अर्ह्र ઉપર (ડિઝાઈન જુઓ) પ્રથમ નાદ મૂકવા કહ્યું. નાદ એટલે ધ્વનિસૂચક આકૃતિ. નાદનો અહીં 'અનાહત' નાદ સાથે કોઈ સંબંધ નથી. નાદ આકૃતિરૂપ છે અને નાદની આકૃતિ ત્રિકોણ રૂપે પ્રખ્યાત છે પણ જૈન પ્રાચીન પટોમાં લંબગોળ વગેરે આકારરૂપે પણ જોવા મલી છે. અહીં ત્રિકોણને લગતી બદામ આકૃતિ પસંદ કરી તે મૂકી છે, પછી બિન્દુ–ગોળ મીંડું મૂક્યું, પછી રેખાથી ચન્દ્રમાની અર્ધાકૃતિને મૂકવા કહ્યું છે.

अह શબ્દની સાથે પાંચ બાબતોનું જોડાણ થયું.

નાદ આકૃતિરૂપ છે, એ ખ્યાલ છેલ્લાં ૩૦૦ વરસોમાં સમગ્ર જૈન સમાજના મંત્ર યન્ત્ર

---

\+ ऊर्ध्वाधोयुतं, व्योमोर्ध्वाधोयुक्तं (સિ. સ્તો.) આ અને આવા પાઠો અન્ય સ્તોત્ર, મન્ત્ર, યન્ત્ર બનાવવાના આમ્નાય ગ્રન્થોમાં ઘણાં આવે છે.

વિશારદ પૂ. આચાર્યો વગેરેની સમજમાંથી ગમે તે કારણે ભૂલાઈ ગયો, પરંપરા તૂટી ગઈ હશે. મેં મંદિરો, જ્ઞાનમંદિરો, પુસ્તકાલયોમાં હાથે દોરેલા પટો જોયા. છાપેલાં, આરસમાં, ધાતુમાં બનાવેલાં યન્ત્રો પણ જોયાં. ઓંકાર, હ્રીંકાર પણ જોયા પણ ક્યાંય નાદને આલેખેલો કે મૂકેલો ન જોયો.

સિદ્ધચક્રયન્ત્ર, ઋષિમંડલયન્ત્ર વગેરે યન્ત્રોનું સંશોધન ઉંડાણથી વ્યાપક રીતે કરતાં ઘણો પરિશ્રમ ચિંતન મનનને અન્તે નાદનો પ્રકાશ થયો. મેં મારી મોટી બ્લેક એન્ડ વ્હાઈટ ૨૭ ઈંચની ડીઝાયન સિદ્ધચક્રની બનાવી તેનો બ્લોક થઈ ગયો હતો. છાપવા પણ અપાઈ ગએલો, ત્યાં એકાએક નાદ અંગે જે નવો પ્રકાશ થયો ત્યારે થયું કે નાદ કેવો ધરમૂળથી ભૂલાઈ ગયો. આ સ્થિતિમાં મને પણ ક્યાંથી ખ્યાલ આવે, એટલે સિદ્ધચક્રની મારી ડીઝાયનમાં કેન્દ્રના અર્હં ઉપર જે નાદ મૂકવો જોઈએ તે મૂકી શકાયો નહિ. 'નાદ' વિનાનો યન્ત્ર અપૂર્ણ શું કામનો? એટલે મેં આ તાંબાનો બ્લોક કેન્સલ કરી, બદામ આકારની માત્ર બે દોરાની નાદની આકૃતિ ન હોવાથી પણ તે અનિવાર્ય કરવી જરૂરી હતી તેથી એ બ્લોક કેન્સલ કર્યો. તેની આખી ડીઝાયન પણ કેન્સલ કરી અને ફરીથી નવી જ ડીઝાયન ચીતરાવી, પછી એક તે મહિને પૂરી થઈ, તે પછી તેનો બ્લોક બનાવ્યો અને અન્તે નાદ સહિતના સિદ્ધચક્રયન્ત્રનો ૨૦૦-૩૦૦ વરસમાં પહેલી જ વાર જન્મ થયો. પછી તેનાં ધાતુ, વસ્ત્ર, કાગળ, સુવર્ણ, ચાંદી વગેરે ઉપર તૈયાર થએલાં ૫૦ હજારથી વધુ યન્ત્રો પ્રગટ થઈ ગયાં છે.

ઋષિમંડલના કેન્દ્રીય વચલા હ્રીં ઉપર પણ નાદ એક હજાર એક ટકા હોવો જ જોઈએ. જે આચાર્યો, સાધુઓ આ વિષયથી અજ્ઞાત છે અને સ્થિતિસ્થાપક બુદ્ધિ કે વિચારવાળા કે જે નવું સ્વીકારવામાં માનતા જ નથી તેઓ મારી વાત કેમેય સ્વીકારવા તૈયાર નહીં થાય. પરિણામે તદ્દન ખોટાં જ ઋષિમંડલયન્ત્રો પૂજાયા કરે છે. છપાવે છે અને ભક્તોને આપે છે. નાદના અભાવે આખી હ્રીંકારની આકૃતિ બધી રીતે ખોટી પડે છે. કેમકે નાદ રદ થતાં તીર્થંકરની આકૃતિ કે નામ માટે એક સ્થાન રદ થતાં ૨૪ તીર્થંકરોનાં નામો ખોટાં સ્થાને મૂકાઈ જતાં સ્થાનના તે તે રંગો સાથે અમેળ થઈ જતાં સમગ્ર હ્રીંકાર ખોટો થઈ જતાં યન્ત્ર પણ ખોટો થઈ જાય છે.

બીજી બાજુ અર્હંનું સ્મરણ, ઉચ્ચારણ, ધ્યાન કરવાથી તમામ સ્વરો વ્યંજનોનું સ્મરણ, ધ્યાન, ઉપાસના, સાધના આવી જાય છે. અર્હં બીજના પેટાળમાં ઘણું બધું સંઘરાએલું છે. અહીં એ બધું વિવેચન* કરવું અસ્થાને છે.

વિશ્વમાં ગમે તે ક્ષેત્રમાં વાણીનો વ્યાપાર લેખનનો વહેવાર સ્વર વ્યંજન સ્વરૂપ અક્ષરો દ્વારા જ થાય છે. અક્ષરો વૈખરી-વાણીનું માધ્યમ છે. અક્ષરો પદાર્થના જ્ઞેય વસ્તુના પરિચાયક છે. આ માધ્યમ વિના વિશ્વમાં કશો વહેવાર થઈ શકે નહીં, વિશ્વની કશી વ્યવસ્થા સંભવી જ શકે નહીં.

---

★ સમય હોય તો મારું સંશોધિત કરેલું અને મારા પરમ ધર્મસ્નેહી, આત્મીય ભક્તજન, શતાવધાની ધીરજલાલ ટોકરશીએ લખેલું અર્હંમંત્રોપાસના પુસ્તક જોઈ લેવું.

આ પ્રમાણે મન્ત્ર પરિભાષાનો બોધ કરાવવા માટે, નાદ, બિન્દુ, કલા, બે રેફ સહિત अर्हं બીજને ઉત્પન્ન કરનારી ઋષિમંડલની બે ગાથા સમજાવાના પ્રસંગે થોડી બીજી વાતો પણ જણાવી.

## * કેટલીક જાણવા જેવી છૂટક ઘટનાઓ *

જો કે નીચે જણાવાતી કેટલીક ઘટનાઓ આ પુસ્તિકા જોડે સંબંધ ધરાવતી ન હોવા છતાં જાણીને પ્રસિદ્ધિ આપી છે. એમાં મુનિજીના કલાશોખની વાત સાથે વિશેષ તો ભૂતકાળના વીતેલા, રોમહર્ષક, આકર્ષક સંસ્મરણો ચતુર્વિધ શ્રીસંઘમાં ઉત્તેજના જગાડી પ્રેરણા અને પ્રકાશ આપી રહેશે. અને પૂ. આ. શ્રીમદ્ સાગરાનંદસૂરિજીવાળી ચમત્કારી ઘટના તે જાણવાથી આનંદ થશે. હવે તો આ વાતના સાક્ષી પ્રાયઃ જામનગરમાં બિરાજતા માત્ર બે ત્રણ મુનિવરો રહ્યા છે.

નીચે આપેલી કેટલીક ઘટનામાં પૂ. સાગરાનંદસૂરિજીવાળી ઘટના ખાસ વાંચવા જેવી છે.

૧. પૂ. મુનિશ્રી યશોવિજયજીની બાલ્યકાળથી કેવી કલારૂચિ હતી તે.

૨. પૂ. આ. શ્રી સાગરાનંદસૂરિજી સાથે હરદ્વારના એક સિદ્ધ સાધક સંન્યાસીની આશ્ચર્યપ્રદ મુલાકાત.

૩. આગમમંદિરના પાયાના કામથી શિલાલેખના કામ સુધી સતત સહાયક રહેલા મુનિશ્રી યશોવિજયજી.

૪. ૪૫ આગમોને ૦॥ ઈંચના અક્ષરથી મોટી સાઈઝના હેન્ડમેન્ડ કાગળ ઉપર વોટરપ્રૂફ શાહીથી લખાવાની અને તેને સાતેક હજાર ચિત્રોથી સચિત્ર બનાવાની સં. ૧૯૯૫ માં કરેલી જંગી ભગીરથ યોજના.

૫. આગમ લખવાના કાગળો ઉપર છાપવા માટે તૈયાર કરાવેલી ચાર ડીઝાઈનોના બ્લોક.

૬. સાહિત્યમંદિરના મુકામનો સમગ્ર પ્લાન મુનિજીએ બનાવ્યો હતો.

પૂજ્ય આચાર્ય શ્રી યશોદેવસૂરિજી મહારાજ જેઓશ્રીને જન્માન્તરનો કુદરતી કલા સંસ્કાર છે. તેઓશ્રી નાના હતા ત્યારથી જ તેમને કલાનો કંઈક રસ ખરો અને જરાતરા ડિઝાઈન જેવું બાલવયસુલભ ચિત્રામણ પણ કરતા હતા. તે પછી ૧૯૮૭ના દીક્ષા વરસમાં દીક્ષા પહેલાં કે પછી બૃહત્સંગ્રહણી ગ્રન્થને લગતાં વીસેક કલર ચિત્રો સ્ટ્રેસીંગ કલોથ–કપડાં ઉપર હાથે વોટર કલર ભરીને ચીતર્યાં. પંદર વર્ષ જેવી નાની ઉમ્મરમાં ચીતરેલો કપડાંનો કલરીંગ રોલ, તે આજે પણ અસ્તિત્ત્વ ધરાવે છે, પછી તો સંગ્રહણીને લગતાં ચિત્રો બધા બનાવવા માંડ્યાં. એમાં જરૂર પડી ત્યાં પૂ. ગુરુદેવની તથા અન્યની સલાહ–સૂચનાઓ પણ લીધી. જૈન ભૂગોળ ખગોળ વિષયને લગતાં મોટાં ચિત્રો હાથે વિવિધ રંગોની પેન્સિલોથી ચીતર્યા, તે લીથો પ્રેસમાં છપાયા. બૃહત્સંગ્રહણી ગ્રન્થ એ મોક્ષ, સ્વર્ગ, મૃત્યુ અને પાતાલલોકનું વર્ણન કરતો પ્રાકૃત શ્લોકોનો ૧૨મી સદીના આચાર્ય પૂ. શ્રી ચન્દ્રસૂરિજીનો બનાવેલો છે. આ પ્રાકૃતશ્લોકની સંસ્કૃત છાયા, શબ્દાર્થ, ગાથાર્થ અને વિશેષાર્થ, આમ પાંચ રીતે તેનો અનુવાદ મુનિશ્રી યશોવિજયજીએ દીક્ષા

લીધી તે જ વરસે એટલે પંદરમે વરસે જ સં. ૧૯૮૭માં જ મહુવામાં શરૂ કરેલો. જે માત્ર ૨૦ ગાથા સુધીનો જ જેવો તેવો કરેલો, પછી કામ બંધ રાખ્યું. પછી ૧૯૮૯માં પુનઃ પહેલેથી શરૂ કર્યું અને ૧૯૯૦માં તે પૂર્ણ કર્યો અને તે છાપવા માટે ૧૯૯૧ માં ગયો અને ૮૦૦ પાનાંનો આ દળદાર અને ભવ્ય ગ્રન્થ ૧૯૯૨માં છપાઈ પ્રસિદ્ધ પણ થઈ ગયો. સંવત હતી ૧૯૯૨ની અને ઉમ્મર હતી મુનિજીની ત્યારે ૨૨ વર્ષની. એટલે પહેલવહેલું ચિત્રકામ બૃહત્સંગ્રહણીનાં ચિત્રોનું થયું.

## (૨) પોસ્ટકાર્ડમાં અષ્ટપ્રકારી પૂજા, બીજામાં ભક્તામર અને ત્રીજામાં દંડક આ ત્રણ અક્ષરમાં જ દંડક પ્રકરણનું આલેખન.

સંસારીપણામાં દીક્ષાની ભાવના થયા પછી પ્રાયઃ ૧૧ કે ૧૨મા વર્ષે અંતરાયકર્મની અષ્ટપ્રકારી પૂજા તેનાં કાવ્ય શ્લોકો સાથે એક પોસ્ટકાર્ડમાં બંને બાજુએ થઈને પેન્સિલથી અતિસૂક્ષ્માક્ષરે લખી, વળી એક પોસ્ટકાર્ડમાં ભક્તામર આખું અને કલ્યાણમંદિર અધૂરાં લખ્યા, અને નવતત્ત્વાદિકના ભેદ પ્રભેદ નામોવાળાં ઝાડ વગેરે આકારના નકશા બનાવ્યાં, અને ૧૯૮૦માં જ દંડક પ્રકરણ છે તેના 'દંડક' શબ્દ ચીતરી તે ત્રણ અક્ષરમાં જ દંડકની બધી જ ગાથાઓ, એ જમાનામાં કાપીને બારીક કરેલી સ્ટીલથી લખી. જેનો બ્લોક મુનિજી લિખિત ૮૦૦ પાનાં, ૭૦ ચિત્રો અને અનેક યન્ત્રોવાળી પહેલી આવૃત્તિ બૃહત્સંગ્રહણી પુસ્તકમાં સહુથી છેલ્લે છાપ્યો છે.

(૩) આમ તો મુનિજીની વય અભ્યાસકાળની હતી એટલે લક્ષ્ય તે તરફ વધુ રહેતું, છતાં પૂજ્ય ગુરુદેવોની નિશ્રામાં ઉત્સવો-મહોત્સવો થતાં ત્યારે જુદા જુદા તીર્થોની કલાત્મક આકર્ષક રચના થાય એ માટે પોતાની કલાત્મક દૃષ્ટિ-બુદ્ધિનો વ્યાપક ઉપયોગ કરતા. ઉજમણાંની ગોઠવણીમાં અનેક નવીનતાઓ ઉભી કરી જે બીજાઓએ અપનાવી છે.

## પાલીતાણાના જૈન સાહિત્યમંદિરના બાંધકામનો પ્લાન એકલા હાથે ચીતર્યો હતો.

સંવત ૧૯૯૨ની સાલમાં પરમપૂજ્ય આગમોદ્ધારક આચાર્ય શ્રી સાગરાનંદસૂરિજી મહારાજના ભક્તજન શેઠ શ્રી પોપટલાલ ધારશીએ જામનગરથી કાઢેલા છરી પાળતા સંઘમાં પોતાના ગુરુદેવો સાથે મુનિજીનું પાલીતાણા આવવું થયું. ચંપાનિવાસમાં રહેવાનું થયું. સાધુઓને ઉતરવા માટે સ્વતંત્ર સ્થાનની ખામી હતી એટલે માત્ર મુનિ યશોવિજયજીની સૂચનાથી પોતાના પૂજ્ય વડીલ ગુરુદેવો દ્વારા એક મુકામ બંધાવાનું નક્કી થયું, એટલે મુનિજીને ભારે મોટી તક મળી. સાહિત્યમંદિરની જગ્યા ઘણી નાની હતી છતાં—મુકામ નાનું પણ બેનમૂન બનાવવું. પાલીતાણામાં જેની જોડ ન હોય એવું. જ્ઞાનમંદિર માટે વિશાળ હોલ અને સાધુઓ માટે કેવી સાનુકૂળતા હોવી જોઈએ તે બધાનો ઊંડો અને વ્યાપક ખ્યાલ પ્રથમથી જ કુદરતી હતો એટલે જાતે જ તેનો પ્લાન-નકશો બનાવ્યો, પછી મીસ્ત્રી પાસે પાકો કરાવ્યો. અગાસીના કઠેડામાં પુસ્તકોના ઘાટમાં જ ૪૫ આગમો નામ સાથે ચીતરાવ્યાં. અષ્ટમંગલ, ૧૪ સ્વપ્નો, પાંચ કલ્યાણક, ગૌતમસ્વામીજી તથા સરસ્વતી, લક્ષ્મીજીની મોટી મૂર્તિઓ પથ્થરમાં કંડારી

મુકાવરાવ્યાં. સમોવસરણના ઘાટવાળું વચલું છજુ બે હાથી ઉપર ઝૂલતું બનાવરાવ્યું અને એમની શિલ્પ–સ્થાપત્ય અને કલાદૃષ્ટિનો આ મુકામને ઘણો મોટો લાભ મલ્યો. એથી જ જ્યારે થયું ત્યારે આવનારા સહુ સાવ નાનું મુકામ છતાં બે મોંઢે વખાણ કરતા હતા.

—જે વખતે સાહિત્યમંદિરનું બાંધકામ શરૂ થયું તે જ વખતે આગમમંદિરનું કામ શરૂ થયું હતું. તે અંગે ખાસ જાણવા જેવી રસપ્રદ વાતો સંક્ષેપમાં જણાવું.

**એક મહત્ત્વની વાત**—જામનગરથી નીકળેલા છરી પાળતા સંઘમાં પૂજ્ય મોટા ગુરુદેવ આચાર્ય શ્રી વિજયમોહનસૂરિજી, પૂ.આ. શ્રી વિજય પ્રતાપસૂરિજી તથા પૂ. પ્રવર્તક ધર્મવિજયજી હતા અને સાથે જ મુનિ યશોવિજયજી હતા. જો કે મુનિશ્રીની ઉમ્મર ત્યારે ૨૦ વરસની હતી પણ તેઓશ્રીના વિનય, વિવેક, સભ્યતા અને સરલતાની સંસ્કારિતાના કારણે પૂ. સૂરિસમ્રાટ સાહેબ, પૂજ્ય આગમોદ્ધારક આચાર્યદેવના પરિચયમાં આવ્યા અને થોડા જ દિવસોમાં તેઓશ્રીના આદરપાત્ર બની ગયા.

એક મહિનામાં જ કેવા નિકટના બની રહ્યા તેનો એક જ દાખલો જોઈએ—ઉનામાં ઉત્તર ભારતના હરદ્વાર તરફથી આવેલા એક સાધુ સંન્યાસી જૂથના અગ્રણીનો પૂ.આ શ્રી વિજયપ્રતાપસૂરિજી જોડે અને મુનિજી જોડે મેલાપ થયો. સંન્યાસીની એક કલાકમાં આત્મીયતા થઈ ગઈ. તેમને આટલો મોટો સંઘ લઈ જનાર સંઘપતિના અને સંઘપતિના ગુરુ જે હોય, તેના દર્શન કરવા ઇચ્છા વ્યક્ત કરી. પૂ. આ. શ્રી સાગરાનંદસૂરિજી મહારાજનો ટાઈમ મુનિજીને જ લેવાનો હતો, મુનિજી, આચાર્યશ્રીજીને મલ્યા. આમ તો સામાન્ય રીતે પૂજ્ય આગમોદ્ધારક આવી બાબતમાં રસ ધરાવતા ન હતા, પણ કોણ જાણે મુનિજી પ્રત્યેની આદર ભાવના એટલે જરાક સમજાવ્યા કે હા પાડી દીધી અને બીજા દિવસે સવારે ઉનામાં જ મુલાકાત નક્કી થઈ હતી. પૂજ્ય આગમોદ્ધારક પૂ.આ. શ્રી વિજય પ્રતાપસૂરિજી, પૂજ્ય મુનિજી (યશોવિજયજી) તથા સંઘપતિ પોપટભાઈ આ ચારની જ હાજરી વચ્ચે ભવિષ્ય કથન કરવાનું હતું. તંબુના પડદા બંધ કરી ચારેય બેઠા અને યોગી સંન્યાસીએ ઠીક ઠીક કથન કર્યું. એમાં સહુથી મહત્ત્વનું ભવિષ્ય ભાખતા કહ્યું કે—આપે વરસો થયાં જુગ જુગ સુધી આપની યાદી રહી જાય તેવું એક મહાન કાર્ય નિર્માણ કરવાનો સંકલ્પ કરેલો છે. એ વાત આપે ત્રીસ ત્રીસ વરસ થવા છતાં કોઈનેય કહી નથી એ વાત સાચી છે? એટલે પૂ. આગમોદ્ધારકશ્રીજીએ હા પાડી. પછી કહ્યું કે સેવેલું આપનું સ્વપ્નું ટૂંક વખતમાં જ એટલે કે પાલીતાણા પહોંચ્યા પછી જલદી સાકાર થશે.

વરસોથી હૈયામાં ભંડારેલી કોઈનેય પણ ન જણાવેલી વાત સાંભળતા પૂજ્યશ્રી અચંબો પામી ગયા અને એ સ્વપ્નું પાલીતાણા પહોંચતાની સાથે જ સંન્યાસીના કહ્યા મુજબ સાકાર બનવાની શરૂઆત પણ થઈ.

કાર્યનો પ્રારંભ કર્યો એટલે પૂજ્ય મુનિ યશોવિજયજીના ગુરુજી તે વખતના ધર્મવિજયજી મહારાજ અને મુનિશ્રી બંનેનું આગમમંદિર કેમ બાંધવું, શું કરવું આ બાબતની વિચારણા માટે પૂ. સાગરજી મહારાજના આદેશથી એમને રોજ મળવાનું નક્કી થયેલું. મુનિશ્રી યશોવિજયજી

મહારાજે તો બર્મા રાજ્યના સ્થપતિ પાસેથી બર્મામાં બૌદ્ધના ત્રિપિટક શાસ્ત્રો કંડારેલું બૌદ્ધમંદિર છે. એની વિગત મુનિજીએ જાણી લીધી, પછી તેનું સાવ અનુકરણ તો ન જ કરવું. પણ જૂનામાં નવીનતા ઉમેરી કંઈક નવીનતા ઊભી કરવાની ખાસિયતવાળા મુનિજીએ આર્કીટેકચર પાસે નવો જ પ્લાન ચીતરાવ્યો. જેમાં વચ્ચે એક જ દેરાસર અને તે સિવાય વિવિધ આગમોની ઉત્કીર્ણ કરેલી શિલાઓને સ્થાપિત કરવી, વિવિધ આકારના સ્ટેન્ડો, માધ્યમો બનાવરાવવા, જેથી ખરેખર સ્વતંત્ર આગમમંદિર જ બની રહે, અને આવનાર દર્શક આ આગમમંદિર જ છે એવી પ્રધાન અને અમીટ છાપ લઈને જાય. આ પ્લાન ઉપર પૂજ્ય સાગરજી મહારાજ સાથે બેસીને ચર્ચા વિચારણા પણ કરી. તેમને પ્લાન તો ખૂબ જ ગમ્યો પણ પ્રશ્ન આવ્યો મુખ્યમંદિર વગેરે બાંધકામના ખર્ચનો. પૂજ્યશ્રીજી પૈસાની બાબતમાં ગૃહસ્થીને વિશેષ કહેવાના સ્વભાવવાળા ન હતા. શું કરવું? પછી પૂજ્યશ્રીજીના સાધુ-સાધ્વીજી અને શ્રાવક પરિવાર જોડે ચર્ચા કરી પણ ખર્ચનો પ્રશ્ન સહુને મુંઝવી રહ્યો. જો કે મુનિજી અને મુનિજીના ગુરુજીએ હિંમત આપી કે યોજના બહાર પડ્યા પછી અનેક દાતારો આગળ આવશે અને જરાએ વાંધો નહિ આવે, ચપોચપ કામ પતી જશે, પણ ભરોસે કેમ રહે? છેવટે પૈસા ઊભા કરવા ખાતર ચૌમુખજીની મૂર્તિઓ પધરાવાનો નિર્ણય લેવાયો.

જો કે એક બાબત હકીકત છે કે, બીજા ક્ષેત્રમાં વાપરવા માટે ગમે તેટલું સમજાવો પણ જૈનસંઘમાં ભગવાન પ્રત્યેનો પક્ષપાત અને શ્રદ્ધા એવી છે કે પ્રાયઃ તમારૂં કશું ઉપજી શકે નહિ. આજના નવી પેઢીના બુદ્ધિમાનો મુનિજીને ઘણીવાર પ્રશ્ન કર્યા કરે કે લોકોને બીજા ક્ષેત્રમાં દાન કરવાનું કેમ જલદી મન થતું નથી અને થાય છે તો નાના પ્રમાણમાં એમ કેમ? ત્યારે મુનિજી સામાના સંતોષ ખાતર એક લોઝીક ઉત્તર આપતાં જણાવે કે-આઠકર્મ પૈકીના નામકર્મની પ્રકૃતિઓમાં અનેક પુણ્ય પ્રકૃતિઓ બતાવી છે, તેમાં શાસ્ત્રકારોએ સહુથી શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ પુણ્ય પ્રકૃતિ તીર્થંકરનામકર્મની બતાવી છે, તો આવી શ્રેષ્ઠ પ્રકૃતિના ધણી તરફ સહુનું આકર્ષણ થાય, લક્ષ્ય જાય, ભાવ પેદા થાય અને હજારો લાખો સહજ રીતે ખેંચાય અને તેથી તેની પાછળ ખૂબ ખરચે તેમાં નવાઈ શી? જગતનો સર્વશ્રેષ્ઠ, સર્વગુણસંપન્ન આત્મા માત્ર એક તીર્થંકર જ છે, એટલે એ તરફ તેમનો ભાવ સદાય જવલંત રહેવાનો જ છે. જો કે દેશકાળને અનુસરીને કે સાચી જરૂરિયાત સમજીને બીજાં ક્ષેત્રો માટે આગ્રહ કરો, સમજાવો પણ વિશેષ સફલતા મળવાની શક્યતા ઓછી, બુદ્ધિમાનો માટે વાસ્તવિક પરિસ્થિતિનો આદર કરવો એ જ સન્માર્ગ છે. આટલી પ્રાસંગિક વાત કરી ચાલુ ઘટના જોઈએ—

આગમોનું શું? લોકો લાભ લેશે ખરા? કેમકે ભગવાન પ્રત્યે જેવી ભક્તિ છે એવી જ્ઞાન પ્રત્યે નથી હોતી. તેઓશ્રીએ પોતાની મુંઝવણ અમો ગુરુ-શિષ્ય આગળ કહી. અમોએ અમારાં દાદાગુરુ પૂ. મોહનસૂરિજીને કરી અને બીજા જ દિવસે લીમડીના એક સ્થાનકવાસી સુશ્રાવક તરફથી નંદીસૂત્ર શિલોત્કીર્ણ કરવાનું નક્કી કર્યું. જેથી પૂજ્ય સાગરજી મહારાજનો ઉત્સાહ વધે, પૂજ્ય સાગરજી મહારાજને બહુ જ હિંમત આવી, ઘણું ગમ્યું. પછી અમોએ કહ્યું કે સાહેબ છાપામાં જાહેરાત થશે એટલે આ એક નવીન બાબત હોવાથી અને આપના મહાન પ્રભાવથી

આગમ ભક્તો ઘણાં ઘણાં લાભ લેવા આગળ આવશે. છેવટે એમ જ થયું કે યોજના બહાર પડતાંની સાથે જ લોકોએ ઝડપથી આગમો નોંધાવી દીધા. પૂ. સાગરજી મહારાજ કહે કે સહુથી પ્રથમ મંગલાચરણ તમોએ કોઈ એવી શુભ પળે કર્યું, કે કાર્ય જલદી થઈ ગયું ત્યારે અમોએ કહ્યું કે આપની પુણ્યાઈ અને પ્રભાવ જ એવાં છે.

પછી માંગણીઓ વધી પણ આગમ એકેય બાકી ન હતું તો શું કરવું? ત્યારે પૂજ્ય મુનિશ્રી યશોવિજયજી મહારાજે વિચાર કર્યો કે કાગળ ઉપર આગમ લખાવવા માટે કાર્ય કરવું અને સામાને સંતોષ આપવો. ખરચ અંદાજે ૧૦ લાખ રૂા. ગણ્યા હતા પછી મારો ભણવાનો અભ્યાસકાળ એટલે હું આ કામ ઉપાડું તો અભ્યાસને ક્ષતિ પહોંચશે એમ થતું પણ છેવટે પોતાના ત્રણેય ગુરુદેવોએ અનિચ્છાએ પણ સંમતિ આપી.

મારી યોજના નીચે મુજબ હતી.

૧. તમામ આગમોના ખર્ચ માટે દરેક આગમ લખવાના ઘરાકો કરી લેવાના.

૨. શક્ય હોય તો તે આગમોને સચિત્ર બનાવવા, મેં ૪૫ આગમમાં સાતેક હજાર ચિત્રો થાય તેવો અંદાજ મૂક્યો.

૩. ચિત્રોનું કામ કરાવવું એમાં મારા એકલાનું કામ નથી. જુદા જુદા સંઘાડાના વિદ્વાન સાધુઓ થોડા સમય માટે સાથે રહે તો જ આ કાર્ય થાય પણ 'વો દિન કહાંસે' જેવી વાત એટલે શક્યતા ઓછી.

૪. આગમના કાગળની સાઈઝ ૧૬/૨૦ ઈંચ આસપાસની રાખવી. જાડા, રૂવાળા, નવા ઉંચી કોલીટીના બનાવવા ૨૦૦ વરસ ચાલે તેવા.

૫. અક્ષરો ૦। કે ૦॥ ઈંચ જેવડા મોટા રાખવા.

૬. વોટર પ્રૂફ સ્યાહી રાખવી.

૭. વિવિધ રંગમાં અક્ષરો લખાવવા.

ભારત રાષ્ટ્રના બંધારણની જેવી મોટી પ્રતિ છે તેના જેવી આ બનાવવી. કોઈને પણ જોવાનું મન થાય. એ પ્રત મૂકવાનું નાનકડું મંદિર બનાવવું. ભગવાન શ્રીમહાવીરની ઉપદેશ દેતી–મૂર્તિ એ મંદિરમાં વિશિષ્ટ પ્રકારે પધરાવવી. ચિત્રો અને બોધવાક્યો વગેરેથી તેને અલંકૃત કરાવવું.

આ મંદિરનું આયોજન અનેક રીતે કરી શકાય.

આ માટે જ પ્રથમ પૂજ્યશ્રીજીએ ડભોઈવાળા રંગોલી આર્ટીસ્ટથી જાણીતા પેન્ટર રમણિક શાહ પાસે ત્રણ બોર્ડરો સાઈઝની ચીતરાવરાવી.

ભગવાનની આગમવાણી, સમોસરણમાં પ્રગટી, તે વાણીનું ગ્રથન પણ સમોસરણમાં જ ગણધરોએ કર્યું એટલે સમોસરણના ત્રણગઢની બ્લેક એન્ડ વ્હાઈટમાં ત્રણ ડીઝાઈન અને ચોથી ભારતીય વિવિધ વાજિંત્રો દ્વારા બનાવી જેમાં વાદ્યો દ્વારા થઈ રહેલા આગમ સંકીર્તનની હતી.

પણ પાછળથી વિહાર થતાં અને બીજાં પણ કારણોસર આ એક ઐતિહાસિક મહત્ત્વપૂર્ણ યોજના ખોરંભે પડી ગઈ.

આજે લગભગ ૪૫ વરસ પહેલાંની ડિઝાઈનો અમારી પાસે પડી છે. જો આ શક્ય બન્યું હોત તો અભૂતપૂર્વ શક્યવર્તી કાર્ય થાત અને હજારો વર્ષમાં એક અજોડ કામ બન્યું લેખાત અને મુનિજીની જ્ઞાન અને કલા શક્તિનો લાભ હજારો લોકોને વરસો સુધી મળતો રહેત.

ઉપરની વાત વચમાં પ્રાસંગિક કરી

ત્યારપછી આગમમંદિરમાં ચૌમુખજી પધરાવાનું નક્કી થયું પણ મુનિજીને આ વાત જરાપણ ગમતી ન હતી છતાં મુનિજીએ પ્રભાશંકર મીસ્રી અને પૂજ્ય સાગરજી મહારાજ, શેઠ પોપટલાલ ધારશી અને પૂજ્યશ્રીના ધર્મમિત્ર મુનિવર મહેન્દ્રસાગરજી વગેરે સાધુઓની હાજરીમાં એક સૂચના કરી કે ચૌમુખજી પધરાવા જ છે તો-અને ભીંતમાં શિલાઓ ચોંટાડવાની છે તો ભીંત અને ચૌમુખજીની બેઠક વચ્ચે ઓછામાં ઓછું ત્રણ ચાર ફૂટનું અંતર રાખો તો સારૂં જેથી શિલાઓનાં દર્શન થાય, આગમોનું અસ્તિત્વ દેખાય અને હકીકતમાં આગમમંદિર નામ સાર્થક બની રહે. જો એમ નહીં થાય તો આગમમંદિર ગૌણ થઈ જશે, અને આવનારની નજરમાં મુખ્ય જિનમંદિર જ દેખાશે. પણ આર્થિક અને અન્ય કારણોસર તેમ થવા ન પામ્યું. અને ચૌમુખજી નજીકમાં રાખવાથી શિલાલેખો સાવ ગૌણ બની ગયા. ભાવિભાવ.

પછી આગમો શિલોત્કીર્ણ કેમ કરવા એમાં પણ મુનિજીએ પૂરેપૂરો રસ લીધેલો. દરેક શિલા ફરતી બોર્ડરો હેતુલક્ષી ચીતરાવવી પછી કોતરાવવી અને પછી રંગ પૂરણી પણ કરવી. ત્યારે શિલા કોતરવાનું મશીન જાપાનમાં હતું એટલે ત્યાંથી એક નમૂનો આરસ પર કરાવી મંગાવરાવ્યો, સહુને ગમ્યો પણ વધુ થનારો ખર્ચ તથા બીજા કારણોસર બોધક, સાર્થક અને કલાત્મક શિલાઓ થવા પામત અને અનેરો પ્રભાવ પાડી શકત પણ તે ન બન્યું.

કોણ જાણે પૂ. સાગરાનંદસૂરિજીને ત્યાં સાંજે ચાર વાગે ન ગયા હોય તો તેડું કરે એટલી લાગણી પ્રેમ અમો-ગુરુ-શિષ્ય ઉપર હતાં અને ગુરુજી ઉપર તો દ્રવ્યાનુયોગના સમર્થ વિદ્વાન અને એક અતિ વિનયશીલ આત્મા તરીકે ઘણું જ માન હતું.

પૂજ્ય શિરછત્ર ગુરુદેવો સાથે રહીને જ તેમને જાણ કરીને જ ઉપરનાં કાર્યો મુનિજી સ્વયં કરતા હતા.

# આ પુસ્તિકામાં છાપેલી પાષાણ અને ધાતુમૂર્તિઓનો પરિચય

નોંધ—મને વિસ્તારથી લખવાની થોડી આદત પડી ગઇ છે એટલે કોઈપણ લખાણ ટૂંકું લખવું હોય છતાંય લાંબું થઈ જાય છે. બીજી બાજુ એમ થાય કે આવા નિમિત્તે જૈનસંઘને જણાવવા જેવી બાબતો જણાવાઈ જશે અને તેઓ વાંચીને વધુ સમજ મેળવે તો તે સારી વાત બનશે.

જીંદગીમાં મોટો ભાગ પૂજ્યશ્રીની નિશ્રામાં જ રહેવાનું બન્યું. એક વખતે વાલકેશ્વરમાં દહેરાસરના પહેલા મજલે પૂજ્યશ્રીજીના ઉપદેશથી નવી દેરીઓ બાંધવાનો ટ્રસ્ટી મંડળે નિર્ણય કર્યો ત્યારે ગુરુદેવોને નવા પ્રતિમાજી ભરાવાની વિનંતી કરી. પૂજ્યપાદશ્રીએ કહ્યું કે આ કામ યશોવિજયજીનું છે, એટલે તેઓશ્રીએ મને કહ્યું કે કંઈક નવું નિર્માણ કરી શકાય તો સારૂં! પછી મૂર્તિઓ કોની અને કેવી ભરાવવી તે અંગે ચિન્તન-મનન કર્યું. પછી તેની પેન્સિલથી કાચી ડિઝાઈનો કરી. એ ડિઝાઈનમાં ટાઇમ મળે ત્યારે સુધારા વધારા કરતો રહ્યો. હવે લાગ્યું કે ડિઝાઈનોમાં નવું કંઈક ઉમેરવા જેવું કે કાઢી નાખવા જેવું કશું નથી રહ્યું, ત્યારે ગુરુદેવને કાચી ડિઝાઈનો બતાવતો. ત્યાર પછી ચિત્રકાર પાસે ફુલસાઇઝની કાચી ડિઝાઈનો પાસે બેસીને કરાવરાવી. એમાં પણ કુરસદે સુધારા વધારા કરતો રહ્યો. અને તૈયાર થયેલી મૂર્તિઓ કેવી લાગશે તેનું સ્પષ્ટ અને સુરેખ ચિત્ર નજર સામે બરાબર આવી ગયું. તે પછી જ તેની પાકી ડિઝાઈનો કુશળ ચિત્રકારો પાસે બનાવરાવી. તે ઉપરથી આરસની મૂર્તિઓનું કામ સોમપુરા અથવા જયપુરના આર્ટીસ્ટો વાલકેશ્વરમાં મારી નજર નીચે રહીને કરે તો બધી રીતે મનગમતું શ્રેષ્ઠ કંઈ કરાવી શકાય. પરન્તુ પત્થરના કારીગરો પોતપોતાના કામમાં એવા રોકાયેલા હતા કે જેથી તરત કોઈ આવી શકે તેમ ન હતા. એટલે પછી જયપુરમાં જ કામ કરાવવાનું નક્કી કર્યું. જયપુરના જાણીતા મૂર્તિ આર્ટીસ્ટ ગણેશનારાયણ અને તેમના સુપુત્રને વાલકેશ્વર બોલાવી ૧૦ મૂર્તિઓની ડિઝાઈનોની સમજણ આપી. અંગોપાંગો અને અવયવો વગેરે કેવાં કરવાં તેની, તેમજ નાની નાની ઘણી બધી સમજણો આપી. ત્રણ મૂર્તિઓ તો નવીન જાતની હતી. એ ત્રણમાંય સહુથી વધારે નાજુક કામ પ્રભાવશાલિની ભગવતી શ્રી પદ્માવતીજીનું હતું. ત્રણ દિવસ કારીગરોને રોક્યા. અલંકારો પહેરાવવામાં, સાડી પહેરાવવામાં, મુગટ ચડાવવામાં સગવડતા રહે તે માટે કેમ કરવું તે અંગેની બધી સૂચનાઓ આપી.

ભાઈશ્રી ગણેશ નારાયણ જયપુરના શ્રેષ્ઠ અનુભવી પ્રથમ નંબરના કુશળ કલાકાર તરીકે સુપ્રસિદ્ધ હતા. તેમના સુપુત્રો પણ સુંદર કામ કરી જાણે છે. અને મારી સાથેનો પરિચય થયા પછી કલા પ્રત્યેની મારી સુઝ, રસ, અને અભિરૂચી જોઈને તેમણે પણ શ્રેષ્ઠ કામ કરી આપવાનો ઉત્સાહ વધે તે સ્વાભાવિક હતું અને તેમને હું રાજી થાઉં તો અમારી કલા અને કામ સફળ છે. આવો ખ્યાલ પૂરો હોવાથી શ્રેષ્ઠ મૂર્તિઓ ઘડી તૈયાર કરી આપી.

# મુંબઈ વાલકેશ્વર રીજરોડ ત્રણબત્તી ઉપર, ભારતભરમાં પ્રથમવાર જ નૂતન શિલ્પોનું થયેલું સર્જન

૧. **વિઘ્નહર શ્રી પાર્શ્વનાથજીની** સપરિકર આરસની નવીન પ્રકારની મૂર્તિ—આ શિલ્પમાં ત્રણ લાઈનમાં બનાવેલી ૨૭ ફણાઓથી યુક્ત મૂલનાયક પાર્શ્વનાથ રાખ્યા છે. તે સિવાય અનેક વસ્તુઓ બનાવામાં આવી છે. શું શું બનાવ્યું છે તે આ સાથેના છાપેલાં પાનામાં ''સાત મૂર્તિઓનો આછો પરિચય'' એ હેડીંગ નીચેના લખાણમાં જણાવામાં આવ્યું છે, તો ત્યાંથી તે જોઈ લેવું. વિઘ્નહરની દેરીની બાજુની દેરીમાં જ ભગવતી પદ્માવતીજીની શિલ્પકલાના ઉત્કૃષ્ટ નમૂનારૂપ અજોડ અને અભૂતપૂર્વ મૂર્તિ છે. જે જોઈ હજારો જૈન-જૈનેતરો મુગ્ધ થયા છે.

પદ્માવતીજીની દેરી સાંકડી હોવાથી બંને બાજુએ મૂર્તિઓ બેસાડી શકાય એવું ન હતું. બીજી બાજુ મારા પ્રત્યે ખાસ હાર્દિક પક્ષપાત ધરાવનાર અને આજે વાલકેશ્વરમાં જેમની ખોટ વર્તાઈ રહી છે, તે શેઠશ્રી સીતાપચંદજીની ઈચ્છા પદ્માવતીજીની દેરીમાં બંને ભીંતોમાં બે ગોખલા બનાવાની આગ્રહભરી હતી. બીજી બાજુ વાલકેશ્વરના દહેરાસરમાં બીજી જાણીતી દેવીઓની મૂર્તિઓ બિરાજમાન હતી જ. નવી બે મૂર્તિઓ નક્કી કરવાની હતી. એમાં હજારો વરસથી દેવી સરસ્વતીજીની મૂર્તિ જૈન મંદિરમાં પધરાવવાની પ્રથા છે એટલે એક સરસ્વતી નક્કી કરી. સરસ્વતીની સામે લક્ષ્મીજીની જ મૂર્તિ શોભે એટલે મેં લક્ષ્મીજીની મૂર્તિ પધરાવવાનું નક્કી કર્યું. સરસ્વતી એ શ્રુત-જ્ઞાનની અધિષ્ઠાત્રી દેવી છે અને લક્ષ્મીજી ધનની અધિષ્ઠાત્રી દેવી છે. પણ લક્ષ્મી દેવીની સ્થાપના જૈન મંદિરમાં (પ્રાયઃ) પહેલીજવાર નક્કી થઈ હતી. એટલે ચર્ચાનું સ્થાન ખૂણેખાંચરે ઊભું થવાનો સંભવ હતો. પરન્તુ એની સામે મારી પાસે સચોટ જવાબ અને પુરાવા પણ હતા. અને એના કારણે જ ગુરુ મહારાજે સંમતિ આપી હતી. એટલે મારે બીજો વિચાર કરવાની અગત્ય રહી ન હતી. લક્ષ્મીજી પધરાવવા પાછળનો એક હેતુ એ પણ હતો કે મુંબઈમાં લોકો બેસતા વર્ષે મહાલક્ષ્મીજીના મંદિરે દર્શન કરવા જાય છે. પરન્તુ અહીંયા જો જૈનમહાલક્ષ્મીજી હોય તો લોકોનો કેટલોક પ્રવાહ વાલકેશ્વરના લક્ષ્મીજીના દર્શન કરવા તરફ વળે. જો કે મુખ્ય કારણ તો સરસ્વતીજી સામે બીજી કોઈ મૂર્તિ નજરમાં હતી જ નહિ. જો કે એક રીતે જૈન સમાજમાં પહેલીજવાર લક્ષ્મીજીની એક નવીનતા ઊભી થઈ.

લક્ષ્મીજીની ઉપાસના ગૃહસ્થો જ કરે છે એમ નથી. ૨૫૦૦ વરસથી આચાર્યો પણ 'સૂરિમંત્રના પટમાં કરતા આવ્યા છે. બંનેના ઉદ્દેશમાં થોડો ફરક ભલે હોય એટલે લક્ષ્મીજીની સ્થાપના એ તદ્દન શાસ્ત્રોક્ત હતી. મુંબઈમાં હજારો લોકોને મારા આ સાહસથી નવાઈ લાગી. ઘણાએ મને મારા આ સાહસ બદલ અભિનંદન પણ આપ્યા.

સામાન્ય રીતે ચિંતન-મનન અને ઉંડી ખોજ સાથે ચીવટપૂર્વકનું સ્થાપત્ય તૈયાર થતું હોવાથી મારા હસ્તકનાં કેટલાંક શિલ્પો (મૂર્તિઓ) નું ઘણા સંઘોમાં અનુકરણ થયું છે. એટલે કે તે ઉપરથી એના જેવી જ બીજી મૂર્તિઓ જુદા જુદા અનેક સ્થળે બિરાજમાન કરવામાં આવી છે. વાલકેશ્વરમાં પદ્માવતીજી, સરસ્વતીજી અને લક્ષ્મીજી આ ત્રિપુટીની સ્થાપના થયા પછી

મુંબઈના સંઘોએ અનેક દહેરાસરોમાં ત્રણેયની સ્થાપના કરવાનો એક શિરસ્તો પાડી દીધો. મુંબઈનાં અનેક દહેરાસરોમાં પદ્માવતીજી, સરસ્વતી અને લક્ષ્મીજી આ ત્રણેયની મૂર્તિઓ બિરાજમાન થઈ. એટલું જ નહિ પણ બહારગામમાં પણ આ પ્રથા શરૂ થઈ ગઈ. મારી કોઈપણ રચના શાસ્ત્રોક્ત જ હોય, એવી મુંબઈના સમગ્ર સંઘમાં અનન્ય શ્રદ્ધા હતી.

પ્રથમ મજલે બીજી સાઈડની દેરીમાં ભગવાન શ્રી મહાવીરજીની ૨૪ તીર્થંકરોથી શોભતી નૂતન, વિશિષ્ટ પ્રકારના આયોજનવાળી મૂલનાયક ભગવાન મહાવીર સ્વામીજીની આરસની મોટી મૂર્તિ છે. વિઘ્નહર પાર્શ્વનાથજીની બંને બાજુએ અને ભગવાન મહાવીરની બંને બાજુએ ચાર શાશ્વતા નામ ધરાવતા ઋષભ–ચંદ્રાનન આદિ ચાર તીર્થંકરોની મૂર્તિઓ છે. આ મૂર્તિઓ ગુપ્તકાળમાં જે પદ્ધતિ પ્રમાણે થતી હતી તે પદ્ધતિ પ્રમાણે કરાવવામાં આવી છે. આ પદ્ધતિ સાદી છતાં મૂર્તિનો ભારે ઉઠાવ કરે છે, જેથી દેખાવમાં બહુ જ સુંદર લાગે છે. આમાં મસ્તકો આખા ગુંચડીઆ કુટિલ વાળવાળા બતાવાયાં છે અને ભામંડલ ઈન્દ્રો–સહિત બતાવાય છે. તે રીતે જ આ મૂર્તિઓમાં મુકાવ્યાં છે.

બાજુની દહેરીમાં સીમંધરસ્વામીજી તથા બંને બાજુએ શ્રી પુંડરીક ગણધર અને શ્રી ગૌતમસ્વામીજીની મૂર્તિઓ પણ ખાસ નવી ડિઝાઈનો બનાવીને વાસ્તવિક લાગે તેવી સપ્રમાણ નિર્માણ કરવામાં આવી છે.

## ભગવતી શ્રી પદ્માવતીજી મૂર્તિની થોડી વિશેષતાઓ—

૧. આ મૂર્તિનું આસન પદ્માસન ન રાખતાં ભદ્રાસન રાખ્યું છે. પદ્માવતીજીનાં ચિત્રો બંને પ્રકારનાં આસનોવાળા મળે છે. એમાં સહુથી વધારે દેવીઓમાં ભદ્રાસનનો ઉપયોગ થયો છે. તેથી ભદ્રાસન કરવામાં આવ્યું છે. ભદ્ર એટલે મંગલકારી આસન. જેમાં જમણો પગ નીચે હોય અને ડાબો પગ ઉપર વાળેલો હોય, કોઈ કોઈ મૂર્તિઓમાં જાણીને કરાવનારની કે કારીગરની ભૂલથી જમણો પગ ઉપર રાખે અને ડાબો પગ નીચે રાખવામાં આવે છે પણ એ આસન બરાબર નથી.

૨. જૈન સમાજના શિલ્પના ઈતિહાસમાં માતાજીનું જે જાતનું પરિકર બનાવરાવ્યું છે તેવા પરિકર સાથેની મૂર્તિનું નિર્માણ પહેલીજવાર થવા પામ્યું છે. કેટલીક મૂર્તિઓમાં પાછળના ભાગમાં પત્થરના સાદા ઓઠીંગણો કરવાની પ્રથા હતી. કોઈ કોઈ મૂર્તિઓમાં બાજુમાં દેવદેવીઓ સાથેનાં નાના પરિકરો જોવા મળે છે. જ્યારે વાલકેશ્વરની પદ્માવતીજીની પાછળનું પરિકર લગભગ સંપૂર્ણ કક્ષાનું કરવામાં આવ્યું છે.

આ પરિકરમાં 'ઓં નમઃ પાર્શ્વનાથાય વિશ્વચિંતામણીયતે' આ શ્લોકનું અવતરણ કર્યું છે એટલે માથે પાર્શ્વનાથજીની મૂર્તિ છે. પછી આપણી ડાબી બાજુએ પરિકરની ઊભી પટ્ટીમાં ધરણેન્દ્ર અને આપણી જમણી બાજુએ વૈરોટ્યા દેવીની મૂર્તિ છે, અને વચ્ચે પદ્માવતીજી છે. વાહન મોટેભાગે એકલા સર્પનું જ મૂકવાની પ્રથા છે. પણ મેં અહીંયા નાગ–સર્પનું જે વાહન

મૂકાવ્યું છે તેના ઉપર કમલનું પણ આસન મૂકાવરાવ્યું છે. આમ સર્પની પ્રધાનતા જાળવીને વાહન અને તે ઉપર આસન બંને ગોઠવવામાં આવ્યાં છે. સહુથી વધારે નવીનતા નાગનું મોઢું કુકડાનું બનાવવામાં આવ્યું તે છે. પદ્માવતી 'कुर्कुटोरगवाहना' હોવા છતાં તેના અર્થના ભ્રમના કારણે સાચી આકૃતિ (પ્રાયઃ) થતી ન હતી. અને તેથી કુર્કુટના મોંઢાવાળા સર્પવાળી પદ્માવતીજીની મૂર્તિ પ્રાયઃ ક્યાંય જોવામાં આવી નથી. પ્રાચીન ચિત્રમાં કોઈ ઠેકાણે બનાવી હશે. આ કારણે જૈન સમાજને સાચો દાખલો આપવા બહુ જ સ્પષ્ટ રીતે કુકડાનું મોંઢું કરાવરાવ્યું. આ જોયા પછી ઘણાં નવાઈમાં પડી જતાં અને પ્રશ્ન કરતાં કે આ નવું કેમ કરાવરાવ્યું. સાપનું મોંઢું કુકડાનું કદી હોય જ નહિ. આવું તો ક્યાંય જોયું નથી, આમ લોકો બોલે ત્યારે તેનું સમાધાન કરવું પડતું. પ્રાચીનકાળમાં આવા કુર્કુટ સર્પો હતાં, આકાશમાં ઉડી શકતા પણ હતા. જો કે તેની ઉત્પત્તિ દક્ષિણ ભારતમાં વિશેષ હતી. આજે તો એ જાતિનો નાશ થઈ ગયો છે, એટલે ક્યાંય જોવા મળતા નથી.

પદ્માવતીજીનાં આયુધો ચિત્રોમાં અને મૂર્તિઓમાં ભિન્ન ભિન્ન પ્રકારનાં મળે છે. પદ્માવતીજીની મૂર્તિઓના સંખ્યાબંધ ફોટાઓ જોયા. આયુધોના વિકલ્પો જોઈને એમ થયું કે હવે એક શાસ્ત્રોક્ત આધારને પકડીને તે રીતે જ આયુધો કરાવવાં. એટલે 'નિર્વાણકલિકા' ગ્રન્થનો આધાર લઈ અહીંયા આયુધો મૂકવામાં આવ્યાં છે. શાસ્ત્રકારો પણ કેટલીક બાબતો સ્પષ્ટ કરતા નથી. ગોળ ગોળ રાખે છે અને કયું આયુધ કઈ બાજુના કયા હાથમાં મૂકવું? તે માટે ઘણીવાર મુશ્કેલીઓ ઊભી થાય છે. ઘણા અનુભવી ને ખટકવાળા સંશોધકો તો સાચા નિર્ણય પર આવી શકે પણ જેઓ એટલા નિષ્ણાત નથી હોતા તેઓ નિર્વાણકલિકાના આધારે આયુધો તો મૂકી દે પણ હાથનો સાચો ક્રમ જળવાઈ શકે નહિ. આવું પણ મને જોવા મળ્યું છે. પદ્માવતીજીના ચાર હાથોની આંગળીઓ, તેના આયુધો બહુ જ સુરેખ, સ્પષ્ટ અને કલાત્મક કરવામાં આવ્યાં છે. માતાજીની પતલી કમ્મર, અડીખમ પ્રપોશન અને ખાસ પસંદ કરેલા દાગીના ઉપરથી જ આલેખેલા અલંકારો, માથાના ઉપરનો મુગટ, કેશાવલી, ભામંડલ વગેરે દેવીને ઉચિત સામગ્રીથી અલંકૃત કરવામાં આવ્યા છે.

આમાં માતાજીના માથાની સાત ફણાઓમાં જે વિશેષતા બતાવવામાં આવી છે. એ દેવીમાં પહેલીજવાર કરવામાં આવી છે. આમ તો સામાન્ય રીતે ફણા ઉપરથી એક સરખી જ બતાવાય છે પણ મારી ઇચ્છા મૂર્તિમાં જેટલી બને તેટલી કંઈક નવીનતા કરવી એટલે વચલી ફણા પછીની બધી ફણાઓ એકની નીચે એક, એકની નીચે એક, એ રીતે ઘડવામાં આવી છે. આને કટ કરેલી ફણાઓ કહેવાય છે.

મારી નજર સામે રાખીને આ મૂર્તિનો નકશો બનાવવામાં મારો દોઢેક મહિનો ગયો હશે. આ માટે જાણીતા શ્રેષ્ઠ ચિત્રકારોનો સહકાર મેળવ્યો હતો. જેના પરિણામે અજોડ, બેનમૂન, મેગ્નેટની માફક આકર્ષક, જોતાં ધરાઈએ નહિ એવું બેનમૂન શિલ્પનું નિર્માણ થયું. ડિઝાઈન એવી નમુનેદાર બનવા પામી કે આ જ પદ્માવતીની ડિઝાઈન ઉપરથી (જયપુરના કારીગરોએ આપેલા આંકડા મુજબ) વાલકેશ્વર જેવી સાઈઝની એક ડઝનથી વધુ અને તેનાથી નાની મોટી

મૂર્તિઓ લગભગ ૨૦૦ થી વધુ મંદિરો વગેરે સ્થળે બિરાજમાન થઈ ચૂકી છે. ફ્રાન્સના યોગસાધકે પહાડ ઉપર પોતાના આશ્રમમાં પોતાની પસંદગીની પદ્માવતી પધરાવી છે. મોટા તાંત્રિકોના સાધના રૂમમાં પણ વાલકેશ્વરની મૂર્તિના ફોટા સ્થાન પામ્યા છે. અમેરિકા, લંડનના મંદિરોમાં પણ મૂકાવાની છે.

જૈનધર્મમાં શક્તિપૂજા મર્યાદિત હતી પણ (પૃથ્વી અને પાણીના સંગમ સ્થાને) વાલકેશ્વરમાં પદ્માવતીજીને બિરાજમાન કર્યા પછી માએ પોતાનો પ્રભાવ એટલો બધો વિસ્તારી દીધો કે જેના પરિણામે સાધુ-સાધ્વી-શ્રાવક-શ્રાવિકાઓ ખૂબ જ આકર્ષાયા અને સહુ એમની સાધના ઉપાસના કરવા લાગી ગયા. અને મા પણ જાતજાતના ચમત્કારો-પ્રભાવો બતાવતા રહ્યા છે. ભાવિકો પાસેથી યથાર્થ સાચી જાતના (જુઠા, દંભિક, ભ્રમણાત્મકને છોડીને) ચમત્કારોની નોંધો કરવામાં આવે તો મોટું પુસ્તક ભરાઈ જાય તેટલી વિગતો મળે. મારા હસ્તકની વાલકેશ્વરની ૧૨ શિલ્પ મૂર્તિઓનો આછો પરિચય અહીં પૂરો થાય છે. નહીં માનનારા સાધુઓ પણ સાધના કરતા થઈ ગયા છે.

આ સિવાય સર્વોદય હોસ્પીટલમાં મૂકાવેલી ૨૭ ફૂટના પાર્શ્વનાથની ખડ્ગાસન મૂર્તિ એટલે કે કાઉસગ્ગના આકારે બનાવેલું શિલ્પ. આ શિલ્પ પણ મારા હસ્તક તૈયાર થયું છે. પરમપૂજ્ય આચાર્યશ્રી વિજયપ્રતાપસૂરિજીની શ્વેતામ્બર સમાજમાં એકેય મોટી મૂર્તિ ન હોવાથી તેઓશ્રીની મોટી મૂર્તિની તીવ્રેચ્છા હતી એટલે પહેલીજવાર શ્વેતામ્બરમાં મોટી મૂર્તિ થવા પામી. આની પાછળ પણ એક સુંદર ઘટના છે, જે અહીં નથી લખતો.

આ સિવાય કાયોત્સર્ગ આકારની આદીશ્વર ભગવાનની મારબલની ૨૪ તીર્થંકરોની મૂર્તિ સહિતની ૯ ફૂટની મૂર્તિ ક્યાંય તમને જોવા ન મળે એવી સુંદર, કલાત્મક અને અવનવી નવીનતાઓવાળી ખાસ જોવા જેવી છે. આ મૂર્તિના મસ્તક ઉપર મેરુપર્વત ઉપર અભિષેક કરવા માટે જઈ રહેલા દેવોનું ચિત્ર શિલ્પમાં જે ઉપસાવવામાં આવ્યું છે તે ખાસ જોવા જેવું છે. એમાં આકાશમાં જતા દેવોનો ચિત્રકારે જે વેગ બતાવ્યો છે તે ખાસ જોજો, આવો ફોર્સ ક્યાંય તમને જોવા નહીં મળે. આવા સપ્રમાણ શરીરવાળા અંગોપાંગવાળી આકૃતિઓ પણ તમને ક્યાંય જોવા નહીં મળે. જન્મ મહોત્સવની શોભાયાત્રાની ડિઝાઈન મારી સંપૂર્ણ પસંદગી મુજબ જાણીતા કુશળ ચિત્રકાર ગોકુળભાઈ કાપડીયા પાસે કરાવી હતી.

બીજી નવીનતા આજ સુધી ભારતભરમાં કોઈએ કરી નથી, એ નવીનતા એ છે કે મૂર્તિના મસ્તક ઉપર અષ્ટમહાપ્રાતિહાર્યમાંના એક પ્રકારરૂપે અશોકવૃક્ષ અને આદીશ્વર ભગવાનને જે ઝાડ નીચે કેવળજ્ઞાન થયું તે વૃક્ષ જેને શાસ્ત્રમાં ચૈત્યવૃક્ષ કહેવામાં આવ્યું છે તે વૃક્ષ પણ ભેગું મૂકવામાં આવ્યું છે. ચૈત્યનો અર્થ અહીંયા જ્ઞાન કરવામાં આવ્યો છે, અને જ્ઞાનનું વૃક્ષ તે ચૈત્યવૃક્ષ કહેવાય છે. આદીશ્વર ભગવાનનું ચૈત્યવૃક્ષ વડ છે એટલે આ મૂર્તિ મેં બે ઝાડવાળી

★ અષ્ટમહાપ્રાતિહાર્યમાં અશોકવૃક્ષ સાથે હોય છે. પણ તે ચૈત્યવૃક્ષ સહિત હોય છે. એવો સ્પષ્ટ ઉલ્લેખ જોવા નથી મળ્યો. પણ તે ચૈત્યવૃક્ષ સહિત માનવામાં કોઈ બાધ નડતો નથી.

બનાવરાવી છે. આ શિલ્પ પાયધુની ગોડીજીના જૈન ઉપાશ્રયમાં ત્રીજા મજલે જ્યાં મૂર્તિઓ પધરાવવામાં આવી છે ત્યાં એક ખૂણામાં છે. જેમને રસ હોય તેમને જોઈ આવવું. આ મૂર્તિનો ફોટો ચિત્રલેખા માસિકના અંકમાં છપાયો હતો. અને નિર્વાણ મહોત્સવના અંકમાં રેખા ચિત્ર રૂપે છપાયો છે.

આરસનું કમલના આકારનું લગભગ ૧ાા ફૂટ ઉંચું પત્થરનું એક શિલ્પ નવા પ્રકારે કરાવરાવ્યું. જેમાં પત્થરથી જ બનાવેલું અશોકવૃક્ષ, અને તેની નીચે ચતુર્મુખ ચાર મૂર્તિઓ, તેની આગળ નીચે ફરતા નવપદજીના બાકીનાં આઠ ખાનાંઓ સાથે સિદ્ધચક્રનું સુંદર આકર્ષક શિલ્પ હતું. જેના ઉપરથી વધુ શિલ્પો થયાં અને શ્રાવકોએ પોતાને ત્યાં દર્શનાર્થે પધરાવ્યાં છે. એ સિવાય આરસની બીજી વિવિધ પ્રકારની થોડી મૂર્તિઓ નવીનતાઓવાળી થવા પામી હતી. અને તે મૂર્તિઓ જે લોકોએ ભરાવરાવી હતી તેમણે આપી દીધી હતી. સુખડ, દાંતની પણ કેટલીક મૂર્તિઓ વિશિષ્ટ રીતે બનાવરાવી છે.

આ પ્રમાણે મુંબઈ ખાતે તૈયાર થયેલી પાષાણ અને ધાતુ મૂર્તિઓનો ટૂંકો પરિચય પૂરો થાય છે.

—o—

—પાલીતાણામાં બનેલાં ધાતુ શિલ્પો—

છ ધાતુ મૂર્તિઓનો પરિચય તો અંદર છાપેલો છે જ. એ બધાય ધાતુશિલ્પો પાલીતાણાના કારીગરોએ બનાવેલાં છે. આ પદ્માવતીની નાની મૂર્તિઓ બે ને છોડીને બાકીની મારા હસ્તક નિર્માણ થઈ છે. છેલ્લે મીની પાર્શ્વનાથ-પદ્માવતીનો બ્લોક છાપ્યો છે. તે લગભગ ૧ાા થી ૨ ઈંચની ઉંચી મૂર્તિઓ છે. ભાવમાં ઘણી સસ્તી હોવાથી પ્રભાવના માટે જેનો ઘણો ઉપયોગ થવા પામ્યો છે. કારીગરના કહેવા પ્રમાણે ચારેક હજારથી વધુ જોડી ખરીદાણી હશે.

—o—

—હવે પછી બે પત્રો વાંચો.

જૈન સાહિત્યમંદિર, પાલીતાણા

તા. ૧૨-૫-૮૭

—યશોદેવસૂરિ

**पं. नारायणलाल रामधन मूर्तिवालाँ रास्ता भिन्डान मूर्ति-मोहल्ला, जयपुर(राजस्थान)—दि. ८-१-१९७०**

**श्री श्री १००८ श्री परमपूज्य श्री यशोविजयजी महाराज, जोग जयपुरसे नारायणलाल रामधन मूर्तिवालेका जय जिनेन्द्र।**

आपका पत्र मिला। आपके आर्डरकी मूर्तियोंका काम चालू है। बड़े महाराजको नई मूर्तियाँ देखके प्रसन्नता हुई और आपको महाराजसाहबने कहा कि क्या आपकी प्रेरणा कारण है? तो बड़े महाराजसाहबकी कल्पना सही है।

गत साल आपके पास चेम्बुरमें आया और नया परिचय हुआ। हमेशा आपके पासमें और मेरे साथमें बैठनेका मौका मिला।

आपने जैनमूर्ति शिल्पके बारेमें जो नई नई जानकारी दी, मस्तक ऊपर घूँघराले बाल बनाना, हाथ-पैरकी अंगुलियाँ कलात्मक बनाना। गद्दीमें परिकर बनाना–फणोंकी विविधता जो जो आपने सुधारा करवाया वही दाखिल कर दिया है। इससे मूर्तियाँ बहुत ही अच्छी लगती हैं।

मन्दिरोंमें, मूर्तियोंमें नवीनता और विविधता आयेगी और जैन समाजकी कला–सम्पत्ति बढ़ेगी। बड़े गुरु महाराजको कहना मूर्तिका अंगोपांग कैसे सुन्दरता कलात्मक होना चाहिए यह बतलाया, फोटो-चित्रों द्वारा भी जो ज्ञान दिया ऐसा ज्ञान किसी मुनिराजने आज तक हमको नहीं दिया है। और हमारे साथ कभी इस विषयकी चर्चा भी नहीं की है। आप एक उत्साही और नई दृष्टिवाले कलाके मर्मज्ञ मुनिराज हैं। वास्ते आपने समय निकाला। मैंने भी यहाँ आकर वर्षोंसे चला आता ढांचा बदल दिया है। आपने जो जो सूचना दी, शिक्षा दी उसको ध्यानमें रखकर मैंने ४० वर्षोंकी पद्धति बदल दी है और मूर्तिके शिल्पमें सुन्दरता बढ़ी है।

अभी तो आपने मूर्ति शिल्पमें जो नया आविष्कार शुरू करवाया उसे दूसरे जैन भाई देखकर उसीको ही जलदी पसंद करते है और मेरे पर, कारीगरों पर आपने जो प्रेम, ममता दिखाई वैसी अन्यत्र देखनेको नहीं मिली। आपको सहर्ष धन्यवाद है। –लि० नारायणलाल रामधन मूर्तिवाला

पं० नारायणलाल रामधन मूर्तिवाला, रास्ता भिण्डान, जयपुर (रजस्थान) दि. ३–४–१९६८

श्री श्री १००८ श्री महाराजसाहब यशोविजयजी, बम्बई।

आपकी ओरसे हमें मूर्तियोंका आर्डर मिला और आपकी हमने सेवा की, जिससे हमें जानकारी प्राप्त हुई कि आपको कला शास्त्रोक्त विद्याकी पूर्ण महान जानकारी हैं। हमें आपने कलाकी ओर जो आकर्षित कराया है जिससे हमें ज्ञान प्राप्त हुआ है और हम आपके आभारी हैं। हम आपसे यही निवेदन करते हैं कि हमें उच्चकोटिकी कलाकृतिमें शिक्षाप्रदान करते रहेंगे। आपको भगवान महान शक्ति प्रदान करें।

## ★ પત્ર બીજો ★
## હિન્દીનું ગુજરાતી ભાષાંતર

શ્રી શ્રી ૧૦૦૮ શ્રી પરમપૂજ્ય શ્રી યશોવિજયજી મહારાજ જોગ, જયપુરથી નારાયણલાલ રામધન મૂર્તિવાળાના જય જિનેન્દ્ર.

આપનો પત્ર મળ્યો. આપના ઓર્ડરની મૂર્તિઓનું કામ ચાલુ છે, મોટા મહારાજ સાહેબને

નવી મૂર્તિઓ જોતાં આનંદ થયો અને આપને મહારાજ સાહેબે (પૂછ્યું) કહ્યું કે શું તમારી પ્રેરણા કારણરૂપ છે? તો કહેવાનું કે મોટા મહારાજ સાહેબની કલ્પના સાચી છે. ગયે વરસે તમારી પાસે ચેમ્બુરમાં આવ્યો અને નવો જ પરિચય થયો. હંમેશા આપની પાસે બેસવાનો મોકો મળ્યો.

આપે જૈનમૂર્તિના શિલ્પ વિષે જે નવી નવી માહિતી આપી, માથા ઉપર વર્તુલાકારે ગુંચડીઆ વાળ બનાવવાં, હાથ પગની આંગળીઓ કલાત્મક બનાવવી, ગાદીમાં પરિકર બનાવવું, ફેણની વિવિધતા વગેરે બાબતમાં જે જે સુધારાઓ તમે કરાવ્યા તે બધા અમલમાં મૂક્યા છે. આ બધાથી મૂર્તિઓ ખૂબ જ સુંદર થવા પામી છે. તમે મૂર્તિ-શિલ્પમાં બીજી પણ નવી ડિઝાઈનો બનાવવાનું કહેતા હતા, તે બનાવી કે નહીં? અને શિલ્પસ્થાપત્યના ચિત્રો-ફોટાની ડિઝાઈનવાળો એક પ્રમાણભૂત ગ્રન્થ તૈયાર કરાવવા વિષે કહેતા હતા તો તે કામ શરૂ કર્યું હશે. જરૂર બનાવશો. સોમપુરા લોકો, શિલ્પીઓ અને મારા જેવાને ઘણું જાણવાનું મળશે. મંદિરોની મૂર્તિઓમાં નવીનતા અને વિવિધતા થશે અને જૈન સમાજની કલા-સમ્પત્તિ વધશે. મોટા ગુરુ મહારાજને કહેશો કે મૂર્તિના અંગ-ઉપાંગ કેવા સુંદર અને કલાત્મક હોવા જોઈએ તે અમે બરાબર બતાવ્યા છે, ફોટા-ચિત્રો દ્વારા પણ જે જ્ઞાન મને આપ્યું એવું જ્ઞાન કોઈ મહારાજ સાહેબે આજ સુધી નથી આપ્યું અને મારી સાથે ક્યારેય આ વિષય પરત્વે કોઈ ગુરુજીએ ચર્ચા પણ નથી કરી. તમે એક ઉત્સાહી અને નવો દૃષ્ટિકોણ ધરાવનાર કલાના મર્મજ્ઞ મુનિરાજ છો એટલે આપે સમય આપ્યો. મેં પણ અહીં આવીને વર્ષોથી ચાલી આવતી પરંપરા-ઢાંચો બદલી નાંખ્યો છે. તમે જે જે સૂચના, દિશાસૂચન-આપ્યાં તેને ધ્યાનમાં રાખીને ૪૦ વરસોથી ચાલી આવતી અમારા કારખાનાંની પદ્ધતિ બદલી નાંખી છે અને તેથી મૂર્તિના શિલ્પની સુન્દરતામાં વધારો થયો છે.

હાલ તો તમે મૂર્તિ શિલ્પમાં-જે નવી ખોજ, નવું સંશોધન શરૂ કર્યું છે તેને જોઈને બીજા જૈન ભાઈઓ જલદી તે જ પસંદ કરે છે. તમે મારા પર અને કારીગરો પર જે પ્રેમ, મમતા દેખાડ્યા તેવાં પ્રેમ, મમતા બીજે ક્યાંય જોવાં ન મળ્યાં. તમને મારા સહર્ષ ધન્યવાદ.

*—લિ. નારાયણલાલ રામધન મૂર્તિવાલા*

## તા. ૩-૪-૧૯૬૮ના દિવસે લખાલેલ પત્ર પહેલો
## શ્રી શ્રી ૧૦૦૮ શ્રી યશોવિજયજી મહારાજ સાહેબ, મુંબઈ.

આપના તરફથી અમને મૂર્તિઓનો ઓર્ડર મળ્યો. અને અમે આપની સેવા કરી, એનાથી અમને જાણવા મળ્યું કે આપ કલા, શાસ્ત્રોક્ત-કલા વિદ્યાના પૂર્ણ, મહાન જ્ઞાની છો. તમે અમને કલા પ્રત્યે આકર્ષિત કર્યા છે અને તેનાથી અમને (ઘણું) જ્ઞાન મળ્યું છે તે માટે અમે તમારા આભારી છીએ. અમે તમને નિવેદન કરીએ છીએ કે તમે અમને ઉચ્ચ કોટિની કલાકૃતિનું શિક્ષણ-જ્ઞાન આપતા રહેશો. તમને ભગવાન મહાન શક્તિ આપે!

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ઉણાદિપ્રયોગ યશસ્વિની મંજૂષાની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૩ ઇ.સન્ ૧૯૮૭

૫૪

## ઉણાદિ૦ મંજૂષાના રચયિતાનું નિવેદન

મારી વાત હું શા માટે ન લખું?
બીજાઓ શા માટે લખે?

*–લે. આ. યશોદેવસૂરિ*

જ્ઞાનાર્જનની કથા માટે ભૂતકાળમાં જરા ડોકિયું કરી લઉં—

૧૯૮૭ની સાલમાં પંદર વર્ષની ઉંમરે મારી દીક્ષા થયા બાદ ગૃહસ્થાવસ્થામાં ભણતાં બાકી રહેલાં પ્રકરણોનો તેના અર્થ સાથેનો અભ્યાસ વગેરે ધાર્મિક બાબતનો આવશ્યક કોર્સ પૂરો કર્યો અને એક વર્ષ પછી સંસ્કૃત બે બુકો શરૂ કરી. એ પૂરી કરી તે પછી લઘુ કૌમુદી શરૂ કરી બે વર્ષે એ પૂરી કરી. સાથે પ્રસિદ્ધ પંચકાવ્યો કર્યાં. હીર સૌભાગ્ય કાવ્યના કેટલાક સર્ગો કર્યા. દ્વયર્થક ભટ્ટીકાવ્ય પણ કર્યું. તે વખતે સાથે સાથે દ્વાશ્રય કાવ્યનું પણ અવલોકન કર્યું. ચારેક વર્ષ બાદ ૧૯૯૨માં દેવગુરુના આશીર્વાદ સાથે પાણિનીય વ્યાકરણસૂત્રટીકા સિદ્ધાન્ત કૌમુદીનો પ્રારંભ કર્યો. તેનું એક પાનું જે લગભગ ત્રીસેક શ્લોક પ્રમાણ થતું હશે. તેને રોજ કંઠસ્થ કરીને પૂજ્ય ગુરુદેવને કાં તો પંડિતજીને સંભળાવી દેતો, સાડા બાર હજાર શ્લોક પ્રમાણની પૂરી કૌમુદી કંઠસ્થ કરી. પરિશ્રમ વધુ થતાં એ વખતે તબિયતની પ્રતિકૂળતા તો હતી જ એમાં વધારો થયો હોવાથી ધરખમ પરિશ્રમ ન કરી શકવાના કારણે મારી દૃષ્ટિએ વ્યુત્પન્ન કક્ષાના સર્વાંગી અધ્યયનમાં થોડી ક્ષતિ રહી ગઈ એનો મને મનમાં થોડોક વસવસો રહી ગયો હતો.

સિદ્ધાન્ત કૌમુદીનું અધ્યયન જાણીતા વિદ્વાન શાસ્ત્રીય છોટાલાલજી પાસે કર્યું હતું. જેઓ એક વ્યુત્પન્ન અને પ્રખર વિદ્વાન હતા. જેઓ અજૈન હોવા છતાં રોજ ભક્તામર સ્તોત્રની રચના પ્રત્યે અપારશ્રદ્ધા એટલે રોજ પાઠ કરતા હતા. આ પંડિતજી પાસે ૧૯૯૫ માં ઉણાદિનું જ્યારે અધ્યયન કર્યું ત્યારે ઠીક ઠીક વ્યુત્પત્તિમાં શબ્દો વાક્યો પૂરવાની પદ્ધતિ આત્મસાત્ થઈ ગઈ. પછી પંડિતજી રોજ ૧૦-૧૨ શબ્દો આપતા અને મને સ્વયં વ્યુત્પત્તિ કરવાનું કહેતા. આના પરિણામે વ્યુત્પત્તિ કેમ કરી શકાય તેની પદ્ધતિ આવડી ગઈ. તે પછી એકાદ વરસ બાદ બધી વ્યુત્પત્તિઓ લખાઈ ગઈ.

ત્યારપછી ત્રણ વર્ષ બીમારીમાં ગયા. બ્રેનની તકલીફ હોવાથી ભણવાની બિલકુલ મનાઈ હતી, એટલે કમનસીબે જ્ઞાનમાં નવી કમાણી થઈ ન શકી. તબિયત થોડીક ઠીક થઈ એટલે જાણીતા વિદ્વાનો પંડિત સત્યદેવમિશ્રજી તથા પં. દીનાનાથ ઝા તથા બીજા એક બે પંડિતોએ ડીગ્રી કોર્સ કરવાનો ખૂબ આગ્રહ કર્યો. છેવટે એ શરૂ કરવો પડ્યો. એમાં સિદ્ધાન્ત કૌમુદીની ટીકા, પરિભાષેન્દુ શેખર, બાલમનોરમા ટીકા, વૈયાકરણભૂષણસાર વગેરે ગ્રન્થોના જરૂરી ભાગોનું અધ્યયન કર્યું. વ્યુત્પત્તિવાદ તથા મંજૂષા અને પાણિનીય સૂત્ર ઉપરના મહાભાષ્યના જરૂરી ભાગનું પણ અધ્યયન કર્યું. હૈમકોશ (રોજના ૪૦ શ્લોક કંઠસ્થ કરવાના હિસાબે) કંઠસ્થ કર્યો. સઘન સમાસોથી ભરચક કાદમ્બરી વગેરેનું પણ વાંચન કર્યું. બે ત્રણ વર્ષ સુધી આ બધું કર્યા પછી વ્યાકરણાદિકની પરીક્ષા પણ આપી. મંજૂષા અને વ્યુત્પત્તિવાદ સુતાં સુતાં ભણ્યો ત્યારે પંદર મિનિટ પાઠનું શ્રવણ અને પંદર મિનિટ આંખ મીંચીને આરામ, એ રીતે કોર્સ પૂરો કર્યો હતો. આ પ્રમાણે સાર્વજનીક ગ્રન્થોના ગુરુકૃપાથી થએલા અધ્યયનની ટૂંકી વાત જણાવી.

## હવે પ્રસ્તુત ઉણાદિની વાત જોઈએ.

વ્યાકરણમાં એક પ્રકરણ ઉણાદિનું હોય છે. આ પ્રકરણ એટલા માટે રાખવામાં આવે છે કે જે શબ્દની સિદ્ધિ સ્વાભાવિક નિયમ અનુસાર તેમજ પ્રચલિત ધાતુ સૂત્રો વગેરેથી ન થતી હોય તો શું કરવું? એના ઉપાય તરીકે ભાષાવિદોને ઉણાદિની રચના ઊભી કરવી પડી છે. મોટા વ્યાકરણમાં પ્રાયઃ ઉણાદિનો વિભાગ જરૂર હોય છે. અને એ વિભાગ પાંચ પાદથી લઈને દશપાદ સુધીનો પણ હોય છે. ઉણાદિને ઉણાદિકોશ પણ કહેવામાં આવે છે. ઉણાદિ ઉપર લગભગ ૨૦ થી વધુ ટીકાઓ મળે છે. વ્યાકરણ શાસ્ત્રમાં ઉણાદિનું સ્થાન ઘણું મહત્ત્વનું છે. એ બધાયમાં પાણિનીના ઉણાદિને સર્વોપરિ કહી શકાય.

જ્યારે મેં પાણિનીનું ઉણાદિ પ્રકરણ ભણવું શરૂ કર્યું ત્યારે શબ્દોની વ્યુત્પત્તિઓ કેમ કરવી તેનું જ્ઞાન પંડિતજી દ્વારા થવા પામ્યું હતું. બે વર્ષ વીતી ગયા પછી મને થયું કે વ્યુત્પત્તિઓનું જ્ઞાન સંસ્કૃતના ઉગતા વિદ્યાર્થીઓને માટે અને મારા વ્યાકરણરસિક સાધુ સાધ્વીજીઓ માટે ખૂબ જ ઉપયોગી બની રહેશે. એટલે જૂની નવી વ્યુત્ત્પત્તિઓ બનાવીને મેં મારા હાથે લખવાનું શરૂ કર્યું અને સં. ૧૯૯૫-૯૬ માં ઉણાદિના બધાય શબ્દોની વ્યુત્પત્તિઓ લખીને ★ પૂરી કરી.

ત્યારપછીના પંદરેક વર્ષ સુધી તો એની યાદ પણ વિસરાઈ ગઈ, પણ એક નિમિત્ત મળતાં વાત તાજી થઈ. ઉણાદિની લિખિત કોપીઓ મેં કાઢી પછી મને થયું કે અમરકોશ, હૈમકોશની ટીકામાં તથા શબ્દોની વ્યુત્પત્તિઓ દર્શાવતા અન્ય કોશોને જોઈને એક જ શબ્દની જુદી જુદી રીતે થતી વ્યુત્પત્તિઓ ઉમેરવી. બબ્બે ત્રણ ત્રણ વર્ષે વધુ પડતો મગજનો પરિશ્રમ થતાં કામ કરવાનો ઉત્સાહ ઓછો થાય. બીજી બાજુ અન્ય કાર્યો વધવા માંડ્યા, બહુ વિસ્તાર કરવામાં સમય પણ બહુ જશે અને ગ્રન્થ કદાચ દીર્ઘસૂત્રી-કંટાળાજનક બની રહેશે, એટલે એ વાત માંડી વાળી. ત્યારપછી કાર્ય મર્યાદા નક્કી કરી તેની પ્રેસકોપી તૈયાર કરી. પ્રત્યેક શબ્દના ગુજરાતી અને હિન્દી અર્થ તૈયાર કર્યા. તે પછી એક વિદ્વાન પંડિત જેઓ અંગ્રેજીના પણ પ્રોફેસર હતા. તેઓ યોગ્ય વિદ્વાન હતા. નિર્ણય સાગર પ્રેસમાં તેઓ પ્રુફ રીડીંગ કરતા હતા. તેઓ વારંવાર કંઈક કામ માગ્યા કરતા હતા, એટલે એમણે મેં ઉણાદિના દરેક શબ્દના વાચક અંગ્રેજી શબ્દો લખવાનું કામ સોંપ્યું. તે પણ તેમણે તૈયાર કર્યું. એ કાર્ય પણ પૂર્ણ થયું. અને પછી તે કોઈને કોઈ કારણે છાપવા માટે તેને આખરી ઓપ આપવો જોઈએ તે ન આપી શકવાના કારણે તે મેટર મુદ્રણાલયમાં છાપવા માટે પહોંચી ન શક્યું.

ત્યારપછી લાંબો સમય વીત્યા બાદ હું મુંબઈ વાલકેશ્વર ઉપાશ્રયમાં હતો ત્યારે જાણીતા શબ્દ-અર્થના ઉંડા અભ્યાસી લેખક ભાઈશ્રી રૂપારેલને કેટલાક શબ્દોની બાબતમાં ચર્ચા-વિચારણા કરવાનો વિચાર આવ્યો ત્યારે તે મેટરનું બંડલ શોધ્યું પણ કંઈ હાથ ન આવ્યું. ઘણી તપાસને અન્તે એમ થયું કે તે મેટર ગુમ થઈ ગયું હોવું જોઈએ. કેવી રીતે ગુમ થયું તેની કંઈ સુઝ ન પડી, પણ ગુમ થયું એ હકીકત હતી. જેની પાછળ ખૂબ જ જહેમત ઉઠાવી હોય, ખૂબ માનસિક પરિશ્રમ સેવ્યો હોય, ઘણે સ્થળે એક એક શબ્દની પાંચ-પાંચ સાત-સાત વ્યુત્પત્તિઓ લખી હોય, અને, કોશોને સંદર્ભો જોઈને ઉપયોગી ફૂટનોટો લખી હોય, અંગ્રેજી શબ્દ નક્કી કરવા માટે જે વિદ્વાને ખૂબ જ મહેનત ઉઠાવી હોય અને સર્વાંગ સંપૂર્ણ પ્રેસકોપી તૈયાર કરી હોય, વળી સાવ નાની છતાં બીજી અનેક રીતે જે ઉપયોગી હોય, ઉણાદિની આવી કૃતિ પ્રાયઃ, આજસુધી પ્રકાશિત થયેલી જોવા ન મળી હોય અને જે કૃતિ બહાર પડવાથી એક અભિનવ પ્રકાશન બનવાની હોય, અને એ જ્યારે ગુમ થાય ત્યારે મન એકદમ નિરાશ થઈ જાય તે સ્વાભાવિક હતું. હવે તો મારી વરસો જૂની કાચી પ્રેસકોપી મળી આવે તો તેની ફરી પ્રેસકોપી બનાવી ફૂટનોટની નવી મહેનત ભલે ન થાય, અંગ્રેજી શબ્દનો વિભાગ જતો કરવો પડે તો ભલે, પણ તેને ફરી હાથથી લખીને પ્રેસકોપી તૈયાર કરવી. અને તે છપાવવી એમ નક્કી કર્યું.

સં. ૨૦૩૩ માં મુંબઈથી પાલીતાણા આવવાનું થતાં સદ્ભાગ્યે જૂના સંગ્રહમાંથી તે કાચી નકલ મળી આવી. મારી તબિયતના તથા અન્ય કાર્યો વચ્ચે એના ઉપર ફૂટનોટ વગેરે માટે મહેનત કરવાનું શક્ય ન હતું એટલે થયેલી પ્રેસકોપી છપાવવાનું નક્કી કર્યું. ઉણાદિનું કંપોઝકામ

---

★ વિદ્યાભ્યાસકાળમાં મોટાભાગના વિદ્યાર્થીઓ પંડિતજી પાસેથી સાંભળી શીખીને વ્યુત્પત્તિઓ લખતા હોય છે. એટલે આ બાબત કંઈ નવીન નથી. ફક્ત આનું પ્રકાશન થવા પામે છે તેટલા પૂરતી વિશેષતા કહેવાય.

માથાના બામ જેવું એટલે તે કામ કરવા કોઈ પ્રેસવાળા અત્યારના સમયમાં જલદી તૈયાર થતા ન હતા. અને તૈયાર થાય તો નજરમાં ન બેસે એવો ભાવ માંગતા હતા. મારી પાસે પ્રુફો જોવાનો સમય હતો નહિ. એ જોવા બેસું તો બીજા કામોને હાનિ પહોંચે, એટલે મારા અત્યંત આત્મીયજન જેવા જાણીતા શ્રેષ્ઠ વિદ્વાન ડો. પં. શ્રી રુદ્રદેવ ત્રિપાઠીને આ કામ સોંપ્યું. ત્રણચાર વર્ષ સુધી તો એ કામ એમની પાસે પડી રહ્યું. તેઓ પણ આ કામને ગતિમાં ન મૂકી શક્યા. હું હતાશ થયો. પંડિતજીને લખ્યું કે મારી ઉમ્મર વધતી જાય છે. કાંઠે પહોંચી રહ્યો છું. નાના મોટા કોઈ રોગની પરાધીનતા થઈ જતાં મારૂં એક અંતિમ અતિપ્રિય કાર્ય જો બાકી રહી જશે તો તેનો રંજ રહી જશે. માટે આપ ગમે તેમ કરીને થોડો સમય કાઢીને કોઈ પ્રેસને શોધીને આ કામ શરૂ કરાવો. છેવટે એમણે કામ શરૂ કરાવ્યું, પણ પંડિતજી પણ અનેક કાર્યોમાં વ્યસ્ત રહેતા હોવાથી એ કાર્ય આગળ વધ્યું નહિ. છેવટે ફરી પાછું લાગણીથી પંડિતજીને પણ લખી ઉત્સાહિત કર્યા. અને અમારૂં કામ થોડું ચાલ્યું. શરૂઆતમાં પ્રુફો ટેસ્ટીંગ ખાતર મંગાવ્યા. મારી કલ્પના મુજબનું મુદ્રણ લગભગ ગોઠવાઈ ગયું. એટલે કાર્ય આગળ ચાલ્યું અને ધીમી ગતિએ કામ થતાં થતાં તે કામ ૨૦૪૩માં પૂર્ણ થયું.

લગભગ ૪૮ વરસ પહેલાં બાલ્યકાળમાં લખાએલી આ કૃતિ સંજોગોના અનેક આરોહ અવરોહને પાર કરતી જનતાની સમક્ષ આજ પ્રત્યક્ષરૂપે રજૂ થઈ રહી છે તો પણ મારા માટે પરમતોષ અને આનંદનો વિષય એટલા માટે છે કે જેની આશા નહીંવત્ હતી એ વસ્તુ પૂર્ણતાને પામી.

## પ્રસિદ્ધિ થતી કૃતિનો અભ્યન્તર પરિચય

પ્રસ્તુત 'ઉણાદિ પ્રયોગ યશસ્વિની મંજૂષા'નો પરિચય નીચે મુજબ છે.

પ્રથમ ક્રમાંક, પછી ઉણાદિથી નિષ્પન્ન શબ્દ, પછી કયા ધાતુ ઉપરથી તે શબ્દ બન્યો, તે પછી તે ધાતુ કયા ગણનો, તે પછી વ્યુત્પત્તિ, ઉણાદિના કયા સૂત્રથી સિદ્ધિ થઈ તે સૂત્ર, પછી પ્રત્યક્ષ કયો લાગ્યો તે, તે તે શબ્દોનું લિંગ શું છે? એ પછી ઉણાદિના શબ્દનો ગુજરાતી અર્થ, હિન્દી અર્થ, આ રીતે દરેક શબ્દ માટે આયોજન કરેલું છે. ફક્ત ૧૧મું ખાનું ખાલી રહ્યું છે કેમકે અંગ્રેજી શબ્દવાળી પ્રથમની અતિશ્રેષ્ઠ ઉણાદિની પ્રેસકોપી ગુમ થઈ ગઈ. તેની યાદમાં અથવા ક્યારેક એ કાર્ય કરવાનું કોઈને મન થાય તો જગ્યા ઉપયોગી બને માટે ખાનું ખાલી રાખ્યું છે.

ટાઈપ નાના વાપર્યા સિવાય છુટકો ન હતો. જો કે આનો ઉપયોગ અને એ વાપરનારા મર્યાદિત છે એટલે વાંધો પણ નથી.

આ માટે શાસનદેવનો, પૂ. ગુરુદેવનો, ભગવતી મા પદ્માવતીજીનો, મારી સાથે રહેતા ભક્તિવંત શિષ્યોનો તથા કંટાળો લાવ્યા વિના પૂરા ઉત્સાહથી સુંદર અક્ષરોમાં લેખન કાર્ય કરનાર વિનીત સાધ્વીજીનો ખૂબ ખૂબ આભાર માનું છું.

આ બધું હોવા છતાં ખૂબ જ સહૃદયી, સૌજન્ય સ્વભાવી, અત્યન્ત વિનયશીલ આત્મીય લાગણી ધરાવનાર પંડિતજી શ્રી રૂદ્રદેવજી ત્રિપાઠીજીએ આ કાર્ય હાથમાં લીધું ન હોત તો આ કાર્ય કદાચ પ્રકાશિત થવા ન પામત. તે માટે તેમનો આભાર માનવા સાથે ખૂબ ખૂબ ધન્યવાદ અર્પણ કરૂં છું. તેઓ મારા એક અભ્યન્તર પર્ષદાના મારા નિકટના ધર્મમિત્ર છે. એમની પાસેથી મેં ઘણું ઘણું કામ લીધું છે. અને એમણે પણ પ્રામાણિકપણે બહુ સરલતાથી ધીરજ અને શાંતિથી તે કાર્યને પોતાનું સમજીને પાર પાડ્યું.

ઉણાદિના મુદ્રણનું કાર્ય દિલ્હીના પંકજ પ્રેસે ખંતથી કરી આપ્યું તે બદલ તેમને પણ ખૂબ ધન્યવાદ આપવા રહ્યા.

એક વાત અહીં નોંધવી રહી ગઈ. તે એ કે ૩૦ વરસ પહેલાં પાણિની ઉણાદિની વ્યુત્પત્તિની પ્રેસકોપી તૈયાર કરતો હતો ત્યારે મારી ઇચ્છા ભેગાભેગી કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચંદ્રાચાર્યજી કૃત પાણિનીની માફક અષ્ટાધ્યાયના ક્રમે એકલા હાથે રચેલા મહાન કૃતિ સિદ્ધહેમ વ્યાકરણના સૂત્રો આધારિત સિદ્ધહેમની ઉણાદિ વ્યુત્પત્તિસંગ્રહ તૈયાર કરવા દૃઢ ભાવના હતી. એક શબ્દની વ્યુત્પત્તિ વધુને વધુ પ્રકારે બની શકે તેવું કરવાના મનોરથ પણ હતા. થોડીક તૈયારી કરેલી પણ એક પૂરું ન થાય ત્યાં બીજાની આશા કેમ રખાય!

સંસ્કૃતજ્ઞ બુદ્ધિમાન અભ્યાસીઓ આનો સદુપયોગ કરે એ જ શુભ ભાવના!

૧૯૯૫ માં લખેલી વ્યુત્પત્તિઓનું પ્રકાશન ૨૦૪૩ માં એટલે ૪૮ વરસે થાય છે. સમયની એ પણ એક બલિહારી જ છે.

પરમપૂજ્ય ગુરુદેવોના આશીર્વાદ, મારા સાથી તમામ મુનિરાજોનો તથા અન્ય શુભેચ્છકોનો એક યા બીજી રીતે સહકાર મલ્યો તે બદલ આભાર વ્યક્ત કરું છું.

*—યશોદેવસૂરિ*

પાલીતાણા
સાહિત્ય મંદિર
સં. ૨૦૪૩

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# મંગલચિત્ર સંગ્રહશ્રેણીનો વિસ્તૃત પરિચયની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૩ ઇ.સન્ ૧૯૮૭

૫૫

**પરિચય પુસ્તિકા નાની, પણ ચિત્રોની સીરીઝ કિંમતી એટલે તેની વાત થોડી લાંબી**

તા. ૧-૧-૮૭ લે–આ. શ્રી યશોદેવસૂરિ, પાલીતાણા

ઘણાં વરસો પહેલાંની વાત છે. જ્યારે લોકોને પોતપોતાનાં આરાધ્ય દેવ-દેવીઓનાં મનપસંદ ચિત્રો-ફોટા બજારમાં ઉપલબ્ધ થતાં ન હતાં. મારી પાસે માગણી કરતાં ત્યારે પૂરો સંતોષ થાય તેવાં મારી પાસે પણ ન હતાં.

મને થયું કે અનેક સ્થળે ચોમાસામાં જુદા જુદા કારણ નિમિત્તે અઠ્ઠમ કરાવાની આપણે ત્યાં પ્રથા છે, પણ જે નિમિત્તે અઠ્ઠમ કરવાના હોય તેના ફોટા હોય કે ન પણ હોય, હોય તો જોઈએ તેવા ન હોય, એટલે મને થયું કે મારે જ આ ચિત્રો નવાં બનાવરાવવાં એટલે નવા નવા ચિત્રકારો મેળવવા મુશ્કેલ, મળે તો જૈનધર્મને લગતી બાબત નવેસરથી બધી જ સમજાવવી પડે. વળી નવાં પરિચિતો જોડે સુમેળ મનનો કેવો જામે? એ બધું વિચારતાં, નવા નવા આર્ટીસ્ટોની કલમનો લાભ ઉઠાવી જૈનસંઘમાં કલાની વિવિધતા દર્શાવાનો મોહ જતો કર્યો.

ત્રેવીશ તીર્થંકરનાં ચિત્રોમાં શ્રી પાર્શ્વનાથજી વગેરે ચાર તીર્થંકરોના પેઈન્ટીંગ માટે પણ, આપણા દેશની જાણીતી વિવિધ પીંછી-કલમનો લાભ ઉઠાવવા ચાર જાતવાળા ચાર ચિત્રકારો પાસે, ચાર તીર્થંકરોના જીવન પ્રસંગો ચીતરાવવા એવું વિચારેલું પણ નવા ચિત્રકારો, જૈન પદ્ધતિઓ, જૈન ખાસિયતો અને જૈન ગણત્રીઓથી અણજાણ હોય એટલે

મારે નવેસરથી તાલીમ આપવી પડે, મારે સાથે બેસવું પડે અને છતાંય મનપસંદ કામ બને કે કેમ! વળી મને બેસવા માટે સમય પણ એટલો ન હોય એટલે પછી વિવિધતાની તીવ્રેચ્છા છતાં તેનો મોહ જતો કરવો પડ્યો હતો. છેવટે આ કાર્ય અમારા ખ્યાત નામ કલાકાર શ્રી ગોકુળભાઈ કાપડીયાને જ સોંપવું પડ્યું. એમને એ કામ આકર્ષક અને સુંદર રીતે કરી આપ્યું. પછી આ ચિત્રો છપાવવાં કે કેમ એ પ્રશ્ન અમારી સામે ભારે મુંઝવણ ભર્યો હતો. કેમકે પ્રથમ તો આપણા સમાજમાં કલાનો રસ નહીંવત્ છે. વળી સસ્તું હોય તો ખરીદાય, વળી ચિત્રો ઘરે રાખવાથી આશાતના થાય.' અમુક વર્ગની આ મોટી બલા, પાછાં આ તો દેવ-દેવીઓનાં ચિત્રો એટલે વધુ ડર-ભય રહે. બે હજારથી ઓછી નકલ છપાવાય નહિ. ઓફસેટ પ્રિન્ટ સિવાય પ્રિન્ટ થઈ શકે તેમ ન હતું. ૧૧ ચિત્રોની ચાર કલરની બે હજાર કોપીનો ખર્ચ જંગી આવે એમ હતું. સેટો કેટલાં વેચાય એનો ભરોસો નહિ, એટલે આ કાર્ય કોઈ ડેસ્કડાયરી કે કેલેન્ડરો કાઢનાર કંપનીઓને જો સોંપી દેવાય તો ખરચનો પ્રશ્ન અને વેચાણ માટેની કશી ચિંતા જ ન રહે. બીજી બાજુ એમ થયું કે જો અમો ન છપાવીએ તો આવું ખરચાળ આંધળીયું સાહસ બીજું કોઈ નહીં જ કરે. નહીં વેચાય તો છેવટે ભેટનો માર્ગ ક્યાં નથી? આવી બધી માનસિક ચિંતાઓ વચ્ચે આર્થિક દૃષ્ટિએ સાહસ કરવા જેવું ન હોવા છતાં જાણીને સાહસ કર્યું. જો સાહસ કરીએ નહીં તો સમાજ કદિ આવી સીરીઝ જોવા ન પામતે. કેમકે આવું મોટા ખર્ચનું સાહસ ભાગ્યેજ કોઈ કરે.

છેવટે સાહસ કર્યું, જો કે હવે ઓફસેટવાળા ઓછી કોપીઓ છાપતા થયા છે એટલે જ આ છાપી શકાયું. સમાજની કલા પ્રત્યેની રૂચિ વિશેષ ન હોવાના કારણે અને તેથી વધુ તો આશાતનાનો હાઉ વધુ પડતો હોવાના કારણે નકલો ચોથા ભાગની પણ ખપશે કે કેમ તે પ્રશ્ન છે. આવા સુંદર ચિત્રો પડતર ભાવે કે ઓછા ભાવે પણ લેવા લોકો તૈયાર નહીં થાય.

વળી પોતાને મનગમતાં જ ચિત્રો હોય, તે જ લે તો આખો સેટ તૂટી જાય. આ બધી મોટી ચિંતા અને છપાયા પછી જે ભય સેવ્યો હતો તે ભય આજે સાચો પડ્યો છે અને આજની સંઘની પરિસ્થિતિ જોતાં, ફક્ત નિત્યોપયોગી પાઠ્ય પુસ્તકોને છોડીને બાકીનાં પુસ્તકોની વેચાણ તરીકેની ખપત વધુમાં વધુ આજે ૩૦૦ થી ૫૦૦ પુસ્તકની અમોએ અનુભવી છે. હજાર છપાવા જતાં અડધા પુસ્તકો ઘર જમાઈ થઈ પડ્યાં રહે એવી પણ ભીતી છે. મેં તો મારાં અનુભવને નજર સામે રાખી બે પુસ્તકો તો ત્રણસો ત્રણસો જ છપાવરાવ્યાં. આ લખવા સાથે પુસ્તક છપાવનારાઓને નમ્ર સૂચના કે પુસ્તકની નકલ નક્કી કરો ત્યારે, કયું પુસ્તક છે! આ દશકાની પરિસ્થિતિ કેવી બની છે? સાધુ-સાધ્વીજીઓમાં અધ્યયનની પરિસ્થિતિ કેવી છે? તેઓ કેવો વિષય, કેવું વાંચન પસંદ કરે છે? પૈસા ખરચીને લેવાવાળા કેટલા ટકા? તે તમામ પાસાઓનો વિચાર કરી નિર્ણય લેજો. નહીંતર સમાજના નાણાં પડી જશે.

મારી પાસે નિર્વાણકલિકા, હેમકોષ, સંતિકરં આદિ સ્તોત્રો, આચાર દિનકર, પ્રવચન સારોદ્ધાર, સપ્તતિશતક સ્થાનક, શિલ્પગ્રન્થો વગેરેમાં ૨૪ તીર્થંકરના યક્ષ-યક્ષિણીનાં નામો આવે છે. તેમજ કોઇ કોઇ ગ્રન્થમાં તેમના સ્વરૂપનું તથા આયુધોનું વર્ણન પણ આવે છે. મેં આજથી

૩૦ વરસ ઉપર એ બધા ગ્રન્થોના આધારે નામો અને આયુધોમાં આવતા નજીવા મત મતાંતરો સાથે એક કોષ્ટક બનાવ્યું હતું. જે અહીં પ્રગટ કરવું હતું પણ નથી આપી શકાયું.

૨૫ વરસ પહેલાં અનેક પ્રસંગોમાં ઉપયોગી એવા સેંકડો ચિત્રો રંગીન, સાદી લાઈન વર્કની ડિઝાયનો બનાવી તેનું પુસ્તક પ્રગટ કરવું હતું. કુશળ ચિત્રકાર શ્રી પ્રીતમ ત્રિવેદીને એ કામ સોંપ્યું પણ હતું પણ તે કરી શક્યો નહિ.. જો થયું હોત તો સમાજને એક સુંદર કલાકૃતિ સંગ્રહ પ્રાપ્ત થાત.

આ દેવ-દેવીઓ ક્યાં રહે છે, તે મદદ કેવી રીતે કરે છે, કયું જ્ઞાન છે એ વિગત અહીં આપી શકતા નથી.

અમારા શાસક પ્રભાવક, અનોખી પદ્ધતિના પ્રખર વક્તા પરમપૂજ્ય ગુરુદેવ આચાર્ય શ્રી વિજય મોહનસૂરીશ્વરજી મહારાજે વડોદરામાં સ્થાપેલી શ્રી મુક્તિ કમલ જૈન મોહન જ્ઞાનમંદિર સંસ્થા તરફથી, વ્યવસ્થાપકોના સુંદર સાથ સહકારથી, એલાઈડ પ્રકાશન સંસ્થાવાળા ભાઈશ્રી કુમુદભાઈ, શ્રી બકુલભાઈ તથા શ્રી દીપકભાઈએ પૂરી લગનથી પાર પાડી શક્યું છે. અલબત્ત મારી ધારણા પ્રમાણે કામ થવા નથી પામ્યું તે પૂરતો અસંતોષ છે પણ જનતાને એ ગમ્યું છે તેથી સંતોષ છે. પત્રો દ્વારા તો જનતાએ ચિત્રોની ઘણી પ્રશંસા કરી કલાકારને અને સંસ્થાને ધન્યવાદ આપ્યા છે.

અમારા સહવર્તી એક યા બીજી રીતે સહાયક ભક્તિવંતા મુનિરાજો. પં. મુનિશ્રી વાચસ્પતિવિજયજી, મુનિશ્રી જયભદ્રવિજયજી, ભક્તિવંત રોહિતભાઈ, તેમજ અમારાં મુદ્રણના કાર્યો આત્મીય લાગણીથી સુંદર રીતે કરી રહેલા કહાન પ્રેસના સંચાલક ધર્માત્મા ભાઈશ્રી જ્ઞાનચંદજી વગેરેને ધન્યવાદ ઘટે છે.

–અમારા આ સત્કાર્યને ચતુર્વિધ સંઘની અનેક વ્યક્તિઓએ આવકાર્યું છે, તે આનંદનો વિષય છે.

–મુદ્રણમાં કે લખાણમાં જે કંઈ ઊણપો કે ન્યૂનાધિકપણું રહ્યું હોય તે બદલ દિલગીર છીએ.

સં.–૨૦૪૩, ચૈત્ર સુદિ બીજ

*—યશોદેવસૂરિ*

*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ભક્તિગંગા નવસ્મરણની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૪ ઇ.સન્ ૧૯૮૮

૫૬

## સંપાદકીય નિવેદન

—આ.શ્રી યશોદેવસૂરિ

સાચા હૃદયથી ઉત્કટ ભાવથી કરેલી પરમાત્માની ભક્તિ ભક્તને ભગવાન બનાવી શકે છે. આત્માને પરમાત્મા, જીવને શિવ અને નરને નરોત્તમ બનાવી દે છે, માટે ભક્તિને મુક્તિની દૂતી કહી છે. તે પ્રચંડ આધ્યાત્મિક શક્તિ ધરાવે છે.

એક કવિએ લખ્યું છે કે ભગવાન આપ પારસમણિ જેવા છો. એટલે કે પારસમણિનો સ્પર્શ થાય અને જેમ લોઢું સોનું બની જાય છે તેમ પારસમણિ જેવી આપની ભક્તિનો સ્પર્શ થઇ જાય તો આત્મા સોના જેવો શુદ્ધ બની જાય.

પારસમણિની ઉપમા એ શ્રેષ્ઠ કક્ષાની ઉપમા હોવા છતાં એક જૈન કવિને આ વાત જરા ખટકી, એમને લાગ્યું કે આ થોડું અધૂરું સત્ય છે. ભક્તિની શક્તિને અન્યાય કરનાર છે.

પારસમણિની ઉપમા સાપેક્ષદૃષ્ટિએ બરાબર છે પણ તે અપૂર્ણ અને અધૂરી છે. કેમકે ભગવાનની ભક્તિ કે એમની ઉપાસના જો ઉત્કટભાવે થાય તો ભક્ત પોતે જ ભગવાન બની શકે છે. જ્યારે પારસમણિ ભલે લોઢાને સોનું બનાવે, લોઢાના પરમાણુઓને રૂપાંતર કરીને સુવર્ણરૂપે ભલે બનાવે પણ પારસમણિ લોઢાને પારસમણિ તો બનાવી શકતું નથી એટલે એક ગીતમાં લખ્યું છે કે—

''પૂજા કરતાં પ્રાણીઓ પોતે પૂજનીક થાય''
''જિન ગુણ ગાવતાં ગુણ આવે નિજ અંગ''

આ પંક્તિઓ પણ એ જ વાત સ્પષ્ટ કરે છે. પરમાત્મા તીર્થંકરની નામસ્મરણ

ભક્તિ, પૂજાભક્તિ અને ગીતભક્તિ કરનાર આત્મા હૃદય વિશુદ્ધ અને નિર્મળ ભક્તિ ભાવથી એવું પુણ્ય હાંસલ કરી લે છે કે એ જીવ પોતે જ પૂજનીક બની જાય છે. અર્થાત્ પરમાત્મા-તીર્થંકર બની જાય છે.

પરમાત્માનું ગુણગાન કરતાં પરમાત્માનાં ગુણો આપના અંગમાં એટલે આપણા આત્મામાં આવિર્ભાવ થવા પામે છે.

આપણે ત્યાં આ બાબતમાં ઈલિકાભ્રમર ન્યાય મહર્ષિઓએ બતાવ્યો છે. આ ન્યાયનો અર્થ એ છે કે ભમરી ઝાડ ઉપરથી કે ગમે ત્યાંથી ઈયળને લઈ આવે છે અને પોતાનાં બાંધેલાં માટીનાં નાનકડા ઘરમાં મૂકે છે, કાણું બંધ કરી દે છે પછી ભમરી સતત અંદર ગુંજારવ કરતી રહે છે. પરિણામે ઈયળ ભમરીના અવાજમાં તન્મય થાય છે અને એના કારણે મરીને ભમરી થવાનું કર્મ બાંધી લે છે. માટીના દરમાં ને દરમાં જ એ ઈયળનો જીવ ત્યાં ભમરી રૂપે જન્મ લે છે એમ લખ્યું છે. એ પ્રમાણે ભગવાનનો ભક્ત પોતે ભગવાનમાં તન્મય બનીને ભગવાન સ્વરૂપ બનવાનું શુભ કર્મ બાંધે છે.

ભગવાન મહાવીરના કથાનકમાં કહેવામાં આવ્યું છે કે બિહારની રાજધાની મગધના રાજા શ્રેણિકે ભગવાન મહાવીરની ઉત્કૃષ્ટ ભક્તિ કરીને તેમની હાજરીમાં જ ઈશ્વરત્વ તીર્થંકર નામકર્મ બાંધી લીધું, એટલે કે આત્માને પરમાત્મા બનવાનું ઈશ્વરત્વ પ્રાપ્ત કરવાનું પુણ્ય બાંધી દીધું.

ભગવાન મહાવીરની હાજરીમાં એક માત્ર શ્રેણિકે જ નહીં પણ બીજા નવ-નવ જણાએ ભગવાનની ભક્તિ કરીને ભવિષ્યકાળમાં-આગામી ભવમાં તીર્થંકરપદની પ્રાપ્તિ કરવાનું પુણ્ય બાંધી દીધું હતું.

એટલા માટે જ પંડિતપ્રવર શ્રી વીરવિજય કૃત બારવ્રતની પૂજામાં લખ્યું છે કે-

સુલસાદિક નવ જણને જિનપદ દીધાંરે,
મારા તે કર્મે રે તે વેળા વસીયો હું વેગળો;
શાસન દીઠુંને વળી લાગ્યું મીઠું રે,
આશાભર આવ્યો રે સ્વામી એકલો....

આ પંક્તિમાં કવિ ખુદ પોતાના જ માટે પોતે અફસોસ કરતાં કહે છે કે ભગવાન સુલસા, રેવતી શ્રાવિકા વગેરે નવ નવ જણાએ તારી ત્રિકરણ યોગે કરેલી ભક્તિથી તમોએ નવેય જણાને તીર્થંકરપદની ભેટ ધરી પણ ભગવાન! હું કેવો કમનસીબ કે તે વખતે હું તારી પાસે હાજર ન હતો. પણ આજે હું એ પદ મેળવવા આપની પાસે આશાભર આવ્યો છું.

આ પંક્તિઓ આપણને જણાવે છે કે સર્વગુણસંપન્ન વીતરાગ પરમાત્માની નામ ભક્તિ, વિવિધ સેવાભક્તિ, પૂજાભક્તિ અને ગુણગાન ભક્તિ પરમાત્મા પદને આપે છે.

માટે ભક્તિને મુક્તિની દૂતી તરીકે ઓળખાવી છે. દૂતી એટલે સંદેશા લાવવા-લઈ જનાર અને કામ કરનાર તેમ ભક્તિ એ મુક્તિ સાથે સંબંધ બંધાવી આપે છે.

વળી સત્તરમી સદીમાં થયેલા પ્રકાણ્ડ વિદ્વાન, અંતિમ જ્યોતિર્ધર ન્યાયાચાર્ય, ન્યાયવિશારદ મહોપાધ્યાય શ્રીમદ્ યશોવિજયજી મહારાજે જીવનની અંતિમ સંધ્યાએ એક ગ્રંથ લખ્યો છે. એ ગ્રંથમાં પોતાના સમગ્ર શાસ્ત્રોનાં અધ્યયનનો નિચોડ આપતાં જાહેરાત કરી કે–

"सारमेतद् मयालब्धम्, श्रुताब्धेऽवगाहनात्।
भक्ति र्भागवती बीजं परमानंदसंपदाम्"॥

જ્ઞાનવૃદ્ધ, વયોવૃદ્ધ અને અનુભવવૃદ્ધ ઉપાધ્યાયજી અનુભવની વાણી ફરમાવતાં જણાવે છે કે–

શ્રુતાબ્ધિ...એટલે શાસ્ત્રોરૂપી સમુદ્રનું વાંચન, મનન અને નિદિધ્યાસન દ્વારા મંથન કર્યું. મંથન કરીને મેં એક જ સાર કાઢ્યો કે આનંદ તો થોડો થોડો બધે હોય છે પણ પરમાનંદ તો ફક્ત મોક્ષસ્થાનમાં જ હોય છે. અને એ પરમાનંદની સંપત્તિ જો પ્રાપ્ત કરવી હોય તો એનું બીજ પવિત્ર એવી પરમાત્માની એક ભક્તિ જ છે.

ઉપાધ્યાયજીએ જ્ઞાનમાર્ગ, તપોમાર્ગ, ધ્યાનમાર્ગ અને ચારિત્રમાર્ગની વાત ન કરી પરંતુ મોક્ષ માટે સૌથી સહેલો રાજમાર્ગ એમને જે લાગ્યો તે ભક્તિમાર્ગની વાત તેમને આ શ્લોકમાં કરી.

ઉપાધ્યાયજી મહારાજને ભક્તિ એ રાજમાર્ગ દેખાયો. ભણેલો હોય કે અભણ હોય, મૂર્ખ હોય કે વિદ્વાન હોય, ગરીબ હોય કે શ્રીમંત હોય સૌ કોઈ માટે ભક્તિ એ રાજમાર્ગ છે.

આટલું કહીને આ ભક્તિગંગા પુસ્તકમાં જે સ્તોત્ર આપ્યાં છે. એમાં ખાસ કરીને ભક્તામર અને કલ્યાણમંદિર સ્તોત્ર ભગવાનના ઉત્કૃષ્ટ મહિમાને કહેતા હોવાથી ભક્તિ માટેનાં ઉત્તમ સ્તોત્રો છે. જૈનધર્મમાં સંસ્કૃત, પ્રાકૃત અને અપભ્રંશ ભાષામાં અનેક સ્તોત્રો રચાયાં છે.

'ભક્તિગંગા' નામની પુસ્તિકાની આ છઠ્ઠી આવૃત્તિ પ્રગટ થઇ રહી છે. ઘણાં વરસોથી આ પુસ્તિકા લોકોમાં આદરણીય અને પ્રિય થઇ પડી છે. જેથી ફરી એનું પુનર્મુદ્રણ કરાવ્યું છે.

## આ પુસ્તિકામાં શું શું છે તે—

જૈનોનો કેટલોક વર્ગ સવારના પહોરમાં નવસ્મરણનો નિત્યપાઠ કરે છે એટલે વરસોના રિવાજ મુજબ પુસ્તકના પ્રારંભમાં નવસ્મરણ સ્તોત્રો આપ્યાં છે. તે પછી ઋષિમંડલ તથા જિનપંજર વગેરે સ્તોત્રો આપ્યાં છે. જેની નોંધ અનુક્રમણિકામાં આપી છે. તે ઉપરાંત ભગવતી, પદ્માવતી, અંબિકા, સરસ્વતી, શારદા વગેરેનાં સ્તોત્રો અને સ્તુતિઓ આપી છે.

નવગ્રહનાં જાપ અને પ્રાર્થના તથા ૯, ૧૭ અને સત્તાવીશ ગાથાનાં એમ ત્રણ પ્રકારનાં ઉવસગ્ગહરં સ્તોત્રો આપ્યાં છે. માણિભદ્રવીર, ગૌતમસ્વામીજી, વગેરેના છંદો, રત્નાકર પચ્ચીશી, ચઉશરણ પયન્ના, ચક્કેશ્વરી, પદ્માવતી માતાની સ્તુતિ તથા આરતી, વિવિધ પચ્ચખ્ખાણો, જુદી

જુદી વિધિઓ, સિદ્ધાચલના ૨૧ ખમાસમણાના દુહા, પર્યુષણપર્વનું સ્તવન, હાલરડું, વૈરાગ્યની સજ્ઝાયો, સ્નાત્રપૂજા, આરતી, મંગળદીવો, સુતકવિચાર વગેરે વગેરે સંગ્રહ આપવામાં આવ્યો છે. તે ઉપરાંત પરમાત્મા પાસે બોલવાના સરળ ભાવવાહી સંસ્કૃત શ્લોકો અર્થ સાથે આપ્યા છે. કોઇ ચીજ ગુમ થઇ હોય તો તે મેળવવા શું કરવું જોઇએ અને દરિદ્રતા આવી ગઇ હોય તો શું ગણવું જોઇએ વગેરે વિગતો આ પુસ્તકની શરૂઆતમાં સ્વતંત્ર પાનામાં જણાવી છે. આ પુસ્તક ઘરમાં હશે તો ગમે ત્યારે ઉપયોગી બનશે.

શ્રી ગૌતમસ્વામીજીનો મોટો રાસ પ્રાયઃ દરેક સ્થળે બેસતા વરસે સંઘને સંભળાવવામાં આવે છે. આ રાસના બનાવનાર પૂજ્ય મુનિવર શ્રી વિનયપ્રભવિજયજી છે. જેઓ ખરતરગચ્છના સાધુ હતા. એમને પોતે દરિદ્રતા માટે જે વાત જણાવી છે તે આ ગ્રંથમાં શ્લોકમાં આપવામાં આવી છે તે જોવી.

થોડી સમજ વધુ પડે તે માટે જુદાં જુદાં સ્તોત્રો અને વિષયો ઉપર ટૂંકમાં પરિચય પણ આપ્યો છે.

પાંચમી આવૃત્તિથી આ પુસ્તકનું નામ ફેરફાર કરીને મુખ્ય નામ તરીકે 'ભક્તિગંગા' રાખ્યું છે.

આ વખતે આ આવૃત્તિ લેસર ટાઇપ સેટીંગમાં છપાવી છે તેથી કાગળ અને ટાઇપની દૃષ્ટિએ સૌને ગમી જશે.

મતિમંદતાથી, પ્રેસદોષથી કે જાણતાં અજાણતાં જિનાજ્ઞા વિરૂદ્ધ કાંઇ લખાયું હોય તો તે બદલ મિચ્છામિ દુક્કડં.

સૌ કોઇ આ પુસ્તકનો સદુપયોગ કરી આત્મકલ્યાણ સાધે એ જ શુભેચ્છા.

સંસ્કૃતિ કલાકેન્દ્ર પાર્શ્વપદ્માવતી ટ્રસ્ટ
એસ. પી. એપાર્ટમેન્ટ
માનવમંદિર રોડ, રીજરોડ, વાલકેશ્વર, મુંબઇ

*વિજય યશોદેવસૂરિ*
સં. ૨૦૫૩

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ભગવાન મહાવીર અને ચંડકૌશિક નાગના પ્રસંગની હૃદયસ્પર્શી કથા ઉપર પ્રવચનની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૪ ઇ.સન્ ૧૯૮૮

૫૭

## વક્તાની વાત

શરૂ થએલી પ્રવચનમાળાનું આ બીજું પ્રવચન છે. આ પ્રવચનમાળામાં પ્રગટ થએલા પહેલા પુસ્તકના રસિક, રોચક અને લાઇટ પ્રવચને લોકોમાં સારો ઉત્સાહ જગાડ્યો, અને તેની માંગણી ખૂબ વધી પડતાં તરત જ તેની બીજી આવૃત્તિ કરવી પડી. પહેલાં પ્રવચનની કુલ ૪૫૦૦ પુસ્તિકા છપાણી. પ્રવચન વાંચીને લોકોએ રૂબરૂ તથા પત્રો દ્વારા ખૂબ ખૂબ અનુમોદના અને પ્રશંસા કરી. ૪૧ વર્ષ પહેલાં નાની ઉમ્મરમાં કોઈ જ્ઞાની મહાત્મા ફરમાવે તેવું વ્યાખ્યાન વાંચી ભારે આશ્ચર્ય પામ્યા હતા. આવું વ્યાખ્યાન કઇ રીતે આપી શકાયું હશે તેવો પણ લોકો સવાલ ઉઠાવતા રહ્યા.

લોકોની ઇચ્છા ઘણા વખતથી એવી હતી કે થોડું ગુજરાતી વાંચન અમને મળે એવું કંઇક કરો તો સારૂં! ગુજરાતી વાંચન સર્વ સામાન્ય લોકો સમજી શકે એવું જનતાને જોઇએ એટલે થોડાં વ્યાખ્યાનો પ્રગટ કરવા નક્કી કર્યું. એ હકીકત છે કે મારા હસ્તક પ્રગટ થયેલાં પ્રકાશનો લગભગ સંસ્કૃત-પ્રાકૃતને લગતાં છે. જનતાને એ શું કામ આવે? જનતાને તો જોઈએ ગુજરાતીમાં સરળ વાંચન, કથા-વાર્તા, ઉપદેશ વગેરે એટલે તે સ્વાભાવિક રીતે જ માંગે અને મારી પાસે એ તૈયાર ન હોય એટલે શરમ–ખેદ અનુભવાય.

આજે ચાલીશ વર્ષ પહેલાંની એક ઘટના નવી જનરેશનના ધ્યાનમાં લાવવા તેનું પુનર્મુદ્રણ કરવાની કોઇને ભાવના જાગે એ માટે અહીં ઉલ્લેખ કરૂં છું.

વિ. સં. ૨૦૦૦ની આસપાસના સમયમાં ધાર્મિક વિષયની, ધાર્મિક બોધ આપતી, ધર્મની કથા કહેતી ગુજરાતી પુસ્તિકાઓ બહુ ઓછી પ્રગટ થતી હતી. બીજી બાજુ

સમાજમાં શિક્ષણનો વ્યાપ વધી પડતા લોકોની વાંચનની ભૂખ ઉઘડી હતી. મને થયું કે લોકો ધાર્મિક ભાષાંતરોના મોટા ગ્રન્થો વાંચે તેમ નથી. તેને માટે વાંચનક્ષમભાષામાં વ્યાખ્યાનોની જરૂર હતી. નવો યુવાન વર્ગ વ્યાખ્યાનમાં આવે, રસ લે એ શક્યતા દેખાતી ન હતી. ભાવિ પેઢીમાં ધાર્મિક આચારો અને વિચારોનું જ્ઞાન આપવું ખૂબ જરૂરી હતું એટલે વીશ ગ્રન્થોની એક ગ્રન્થમાળા નિર્માણ કરવાનો નિર્ણય કર્યો. આપણા શ્રીસંઘના જાણીતા અને ધર્મસ્નેહી, અમારા હસ્તકની શાસનપ્રભાવનામાં જેમનો અદ્વિતીય સહકાર રહ્યો હતો, જેઓ મારી સાથે ધર્મસ્નેહના અતૂટ તાંતણે બંધાઈ ગયા હતા. તે શતાવધાની પં. ધીરૂભાઈની ઇચ્છા પણ આવું કંઈક કરવાની અંતરમાં બેઠી જ હતી, એટલે અમોએ યુવાન પેઢી સરળતાથી સમજી શકે તે રીતે લખવાનું નક્કી કરી પંડિતજીને કામ સોંપવામાં આવ્યું. એક પુસ્તકની ૮૦ પાનાંની મર્યાદા બાંધવામાં આવી. બે હજાર નકલ છપાવવાનું નક્કી કર્યું. અમોએ ચર્ચા–વિચારણા કરીને વિષયો નક્કી કર્યા. મારા તારક પૂજ્ય ગુરુદેવોને તેની જાણ કરી. તેઓશ્રીએ સહર્ષ સંમતિ આપી. ધીરૂભાઈએ પહેલી પુસ્તિકાનું લખાણ તૈયાર કર્યું. મેટર વાંચવાની જવાબદારી મારી હતી એમ છતાં પૂ. ગુરુદેવોનો અભિપ્રાય અને આદેશ મળી જાય તે પણ ખૂબ જરૂરી હતું એટલે તેઓશ્રીને પહેલી પુસ્તિકાનું મેટર નજર કરી જવા મેં આપ્યું.

લખાણની, વિષયોની અને રજૂઆતની અનેક દૃષ્ટિઓ અને પ્રથાઓ છે. અમોએ અમુક ધોરણ સ્વીકારીને આ પુસ્તક લખવાનું નક્કી કર્યું. એમાં પુસ્તકનું જે નામ હોય તે વિષયને સમજાવવાનો અને તે પછી જૈન યુવાન સાધુ–વક્તાઓને પણ ઉપયોગી થાય તે માટે વિષયને પુષ્ટ કરતા શ્લોકો અર્થ સાથે આપવા અને વચ્ચે વચ્ચે વિષયને અનુરૂપ એક–બે દૃષ્ટાંત રજૂ કરવા. આ પ્રમાણે નીચે જણાવેલા વિષયોની વીશ પુસ્તિકાઓ તૈયાર થવાની હતી.

વર્તમાન દેશકાળને અનુલક્ષીને અમોએ એવું નક્કી કર્યું કે પુસ્તિકા ઉપર સામાયિક, પ્રતિક્રમણ, સ્યાદ્વાદ, દાન, તપ વગેરે ધાર્મિક નામો આવશે તો આજના યુવાનોને આ વસ્તુ પરત્વે આછી–પાતળી સૂગ અને અરુચિ છે તેનાં કારણે પુસ્તિકા હાથમાં લેશે નહિ, એટલે અમોએ ધાર્મિક નામ કૌંસમાં મૂકવાનું નક્કી કર્યું અને મુખ્ય નામ સહુને આકર્ષક બને તે માટે મોટા અક્ષરથી પ્રથમ છાપવું એટલે અમોએ નીચે પ્રમાણેનાં નામો વીશ પુસ્તકોનાં રાખ્યાં હતાં.

### પુસ્તકોનાં નામ

૧. ત્રણ મહાન તકો
૨. સફળતાની સીડી (પુરુષાર્થ)
૩. સાચું અને ખોટું (સ્યાદ્વાદ)
૪. આદર્શ દેવ (સુદેવ)
૫. ગુરુદર્શન (સુગુરુ)
૬. ધર્મામૃત (સુધર્મ)
૭. શ્રદ્ધા અને શક્તિ
૮. જ્ઞાનોપાસના
૯. ચારિત્રવિચાર
૧૦. દેતાં શીખો (દાન)
૧૧. શીલ અને સૌભાગ્ય (શીલ)
૧૨. તપનાં તેજ (તપ)
૧૩. ભાવના સૃષ્ટિ (ભાવ)
૧૪. પાપનો પ્રવાહ (૧૮ પાપસ્થાનક)

१५. બે ઘડી યોગ (સામાયિક) — १८. ભક્ષ્યાભક્ષ્ય

१६. મનનું મારણ (ધ્યાન) — १९. જીવનવ્યવહાર

१७. પ્રાર્થના અને પૂજા (આવશ્યકક્રિયા) — २०. દિનચર્યા

વિ. સં. ૨૦૦૦માં ગોડીજીના ઉપાશ્રયમાં વ્યાખ્યાનમાં પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં ગોડીજીના ટ્રસ્ટીઓએ આ પુસ્તિકાની વાત મૂકી, સભામાં અપીલ કરી પછી હું અને પૂ. ગુરુદેવ અને અન્ય વક્તાઓ બોલ્યા હતા. વીશ પુસ્તિકાના ફક્ત ૧૦ રૂપિયા રાખ્યા હતા. તેના ગ્રાહકો નોંધવામાં આવ્યા અને બે વર્ષમાં એ ગ્રન્થમાળા પૂર્ણ કરવામાં આવી હતી. આ રીતે બે હજાર ઘરોમાં આ પુસ્તક પહોંચી ગયાં અને હજારો વાચકોએ તેનો લાભ ઊઠાવ્યો.

આજે છેલ્લાં વીશેક વર્ષથી એ પુસ્તકો મળતાં નથી. આ પુસ્તકો બધાયને સંતોષી શકે એવું તો ન બંને પરંતુ એમાંથી ધાર્મિક વિષયનો બોધ જરૂર પૂરતો થાય તે હકીકત હતી. એકંદરે ૧૦૦ ફર્માની ૨૦ પુસ્તિકાઓ હતી. તે પછી તે હિન્દીમાં પ્રગટ કરવાની હતી પણ તે શક્ય ન બન્યું. અરે! આ ધર્મબોધ ગ્રન્થમાળાની બીજી આવૃત્તિ પણ પ્રગટ થઈ શકી નહિ. અમદાવાદમાં પ્રકાશન માટે સારી સહાય કરતી સંસ્થાને આનું પુનર્મુદ્રણ થાય તે જરૂરી છે એ માટે પ્રેરણા કરેલી. આ વાતને પણ ચારેક વર્ષ થઈ ગયાં, પરંતુ તે વાત એમને એમ ઊભી રહી છે. પુસ્તકના લખાણનો ઢાંચો કે પદ્ધતિ બધાને ગમી જાય એવું ન બને પરંતુ જગત અને જીવનને જોવાની સાચી દૃષ્ટિ રજૂ કરતાં સુખ, શાંતિ અને સામર્થ્ય પ્રાપ્તિનો સાચો રાહ બતાવતા બીજા હજારો સાધુ-સાધ્વીઓ તેમજ શ્રાવક-શ્રાવિકાઓને જરૂર ઉપયોગી થઈ પડે તેવા છે.

આ વીશ પુસ્તિકા પછી જૈનધર્મના તત્ત્વજ્ઞાનને લગતી બીજી વીશ પુસ્તિકા પ્રગટ કરવાનો વિચાર કર્યો હતો પણ મુંબઈથી વિહાર થતાં તે વાત પણ ખોરંભે પડી ગઈ. તત્ત્વજ્ઞાનની પુસ્તિકાઓ કદાચ આ જમાનામાં વધુ ઉપયોગી થઈ પડત. આ પુસ્તિકાઓમાં પૂજ્ય ગુરુદેવના અને મારા લખાણને પણ અવકાશ મળવાનો હતો.

તે પછી અમારા હસ્તક ગુજરાતી ભાષામાં લોકોને સંતોષી શકે તેવું સાહિત્ય તૈયાર થઈ શક્યું નહિ. જો કે છેલ્લાં ત્રીશ વર્ષમાં અનેક મહત્ત્વના, ઉત્તમ ગ્રન્થોના ગુજરાતી ભાષાંતરો, વ્યાખ્યાન સંગ્રહો, અન્ય બોધક ગ્રન્થો, વળી વર્તમાન પ્રજાને અપીલ કરી જાય તેવા વિદ્વાન સાધુઓનાં રોચક, આકર્ષક, હૃદયંગમ લાઈટ લેખો, વ્યાખ્યાનો પ્રગટ થઈ ચૂક્યાં છે. આ એક ઘણી જ સુખદ બાબત છે. જૂની વાત અહીં પૂર્ણ કરી.

બાળકો, યુવાનો માટે પુસ્તકો લખવાની ઘણી ઘણી મને ઉમેદ હતી. તૈયાર કરેલી કેટલીક કાચી સામગ્રીનો હું ઉપયોગ કરી શક્યો નહિ પણ હવે કંઈક યોગ પાક્યો એટલે વડોદરાથી લગભગ તૈયાર થએલી ૪૦ વર્ષ જૂની કોપી હાથમાં આવતાં એ મેટર રીતસર વ્યવસ્થિત કરી 'પ્રેરણા અને પ્રકાશ આપતું પ્રવચન' તે નામની પુસ્તિકા પ્રથમ પ્રગટ કરાવી દીધી. તે પછી વિ. સં ૨૦૩૯માં ચૈત્ર સુદિ તેરસના દિવસે જૂનાગઢ પાસેના મજેવડી ગામમાં શ્રી મહાવીર

ભગવાનના જન્મ દિવસે વ્યાખ્યાન આપવાનો પ્રસંગ બન્યો. આજુબાજુનાં ગામોમાંથી જનતાની વિશાળ સંખ્યા ઉપસ્થિત હતી. તે દિવસે ભગવાન શ્રી મહાવીર અને ચંડકૌશિક નાગ ઉપર પ્રવચન થયું. અનેક લોકોએ વ્યાખ્યાનની નોંધો કરી હતી. એ નોંધોને સંસ્કારિત અને સુયોગ્ય કરી બીજા વ્યાખ્યાનરૂપે તૈયાર કરી તે પ્રગટ કરવામાં આવી. આ વ્યાખ્યાને પબ્લિકમાં ખૂબ રસ જગાડ્યો. અનેક મોટા સાધુ અને વિદુષી સાધ્વીઓને પણ જાણ થતાં આ પુસ્તિકા મંગાવતા રહ્યા.

આ પુસ્તિકાની બે આવૃત્તિ પ્રગટ થઇ હતી પણ હજુ જનતામાં તેનું આકર્ષણ સારૂં હોવાથી હાલમાં તેની ત્રીજી આવૃત્તિ પ્રગટ કરી છે.

## પ્રસ્તુત વ્યાખ્યાન અંગે—

પ્રસ્તુત વ્યાખ્યાન એકવાર નહીં પણ બે-ત્રણવાર ધ્યાનપૂર્વક વાંચવામાં આવશે તો વ્યક્તિના ક્રોધ-કષાયની ઉગ્રતાનો પારો ઘટ્યા સિવાય નહીં રહે. હળુકર્મી આત્મા હશે તો ક્રોધ-કષાય પાતળાં પડ્યા વિના નહીં રહે. ભગવાન શ્રી મહાવીર અને ચંડકૌશિકની આ ઘટના ઘણી વેધક, માર્મિક અને ખૂબ જ પ્રેરક છે. આ પ્રસંગને વાંચ્યા પછી એકાંતમાં ભગવાન મહાવીરને અને ચંડકૌશિકને નજર સામે લાવી એ પ્રસંગને ધ્યાનપૂર્વક વિચારશો. અંદર આપેલું ચિત્ર ઊંડી નજરે એકસરખું જોતાં રહેજો તો તમારા મન ઉપર સમતાભાવની મોટી અસર ઊભી થયા વિના નહીં રહે.

વર્તમાનકાળની પરિસ્થિતિ એવી કક્ષાએ પહોંચી છે કે (પ્રાયઃ) ઘડીભર એમ થાય કે શું સમતાએ આ ધરતી ઉપરથી વિદાય લીધી છે? એ પરિસ્થિતિમાં ક્ષમા-સમતાભાવની પ્રતિષ્ઠા સહુ કોઇ પોતાના હૃદયમંદિરમાં યથાશક્તિ કરતા રહે તો પોતે અને સમગ્ર માનવજાત સુખ, શાંતિ અને આનંદની ગંગામાં આધ્યાત્મિક શાંતિ, તન-મનની શાંતિ તેમજ શીતળતાનો અનુભવ કરી શકશે.

આ વ્યાખ્યાનના ઉત્તરાર્ધમાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની થિઅરી જગતની ધરતી ઉપર કોઇપણ ધર્મમાં ન બતાવી હોય એવી રજૂ કરી છે. એ થિઅરી સહુને સમજાય એવી છે. મુક્તિની મંઝિલ તરફ આગળ વધવું હોય તેઓ બહુ ધ્યાનપૂર્વક વાંચે અને જીવનમાં અંતરથી તેનો અમલ કરતા રહે.

સહુ કોઇ પ્રસ્તુત પ્રવચન વાંચીને ક્ષમા અને સમતાના ભેખધારી બનો અને આત્માને અજવાળો!

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# વર્ધમાન-મહાવીર જીવનદર્શન ચિત્રોમાં–પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૫ ઇ.સન્ ૧૯૮૯

**૫૮**

## જયપુરી ચિત્રો તથા વિવિધ પ્રકારનાં અન્ય ચિત્રો અંગેની પ્રસ્તાવના-કથા

*–લે.આ. યશોદેવસૂરિ*

મને કલ્પસૂત્ર–બારસાનાં શ્રેષ્ઠ કોટિનાં ૧૦૦ ચિત્રો કરાવવાની ભાવના હતી. ગુજરાતના સુપ્રસિદ્ધ ચિત્રકાર કલાગુરુ રવિશંકર રાવલ બંગાલી, જયપુરી અને ગુજરાતી જૈન ચિત્રકાર વગેરેની ટીમ બનાવીને આ કાર્ય કરવાનું નક્કી કર્યું હતું. પરંતુ સંજોગોએ જ્યારે સાથ ન આપ્યો ત્યારે છેવટે વરસોથી જાણીતા જયપુરના કુશળ ચિત્રકાર શ્રી જગન્નાથભાઈને રોકવા પડ્યા. તેઓ પણ ફક્ત ૨૦ ચિત્રો જ કરી શક્યાં, અને આગળનું કામ સ્થગિત થઈ ગયું. આ ચિત્રો માત્ર કલાની દૃષ્ટિએ ન જોતાં જયપુરની બારીક પીંછીની દૃષ્ટિએ જોશો તો ચિત્રો એ દૃષ્ટિએ શ્રેષ્ઠ લાગશે. દરેક ચિત્રોનો કાચો આઈડીયા પેન્સિલથી હું ચીતરી આપતો હતો, અને તે ઉપરથી ચિત્રકાર પાકો સ્કેચ બનાવતાં, અને તેને હું ફાઈનલ કરતો પછી તેના ઉપર કલર કામ કરવામાં આવતું હતું. તેઓ મારે ત્યાં જ રહીને નજર સામે જ કામ કરતા હતા અને હું પૂરૂં ધ્યાન રાખતો હતો.

આ ચિત્રોની બોર્ડરો બધી જ મારી પસંદગી પ્રમાણે કરી છે. એક એક બોર્ડરની વિશિષ્ટતા માટે આ સાથેની પરિચય પુસ્તિકા છે તે જોવી. આ ચિત્રો ચિત્રકારને મારી પાસે નવ મહિના રાખીને બનાવરાવ્યાં છે. કલાકારે કહ્યું કે મારી જીંદગીમાં મુક્ત મનથી કામ કરાવનાર આપ જ મળ્યા, તેથી મેં પણ બુદ્ધિ-શક્તિનો મુક્તમનથી ઉપયોગ કર્યો છે. પાછળથી ચિત્રકારની આંખને મુશ્કેલી ઊભી થઈ એટલે આગળ કામ થયું નહિ.

ફક્ત નિશાળમાં ભગવાન પધારે છે ત્યાં સુધીનાં જ ચિત્રો બની શક્યાં, પછી મારૂં મુંબઇ જવાનું થતાં કામ રખડી પડ્યું.

જયપુરી કલાના ૧૦૦ ચિત્રોનો સેટ, ગુજરાતભરમાં નહીં પણ દેશમાં શ્રેષ્ઠ કોટિનો બને, એ જાતનું વડોદરામાં સર્જન કરવાનું મારું જે ઐતિહાસિક સ્વપ્નું હતું તે નિષ્ફળ ગયું, તેનો મોટો રંજ રહી ગયો છે. નહીંતર ચિત્રોની બોર્ડરોમાં ઘણી નવીનતાઓ ઊભી થઈ શકતે. પ્રસિદ્ધ થતી આ કૃતિમાં બોર્ડરોની ખાસ વિશેષતા છે. તે જરૂર ધીરજથી જોજો.

૨૦ ચિત્રોમાંથી પાછાં શ્રેષ્ઠ એવાં પાંચ ચિત્રો તો ટાઈમ્સ ઓફ ઇન્ડિયાના ઈલસ્ટ્રેટેડ વીકલીમાં પ્રકાશન કરવા તેના તંત્રી શ્રી ખુશવંતસિંઘ છાપવા લઈ ગયા પણ કમનસીબે એમની ઓફિસમાંથી તે કોઈ ઉઠાવી લઈ ગયું. જંગી વ્યવસ્થા ધરાવતી સંસ્થામાંથી ગુમ થાય એ અકલ્પનીય દુઃખદ બાબત હતી. સં. ૨૦૦૭ ની આસપાસ બારસાસૂત્ર મૂલ અને અત્યારે પ્રકાશિત થઈ રહ્યાં છે તેવાં ભગવાન મહાવીરનાં સળંગ જીવનને ચિત્રિત કરતાં લગભગ ૧૦૦ ચિત્રો બનાવવાં હતાં અને જૈન સંઘમાં જયપુરી કલમની એક સર્વોત્તમ રચના બતાવવાની મહેચ્છા હતી. એમાં ઉપર લખ્યું તેમ માત્ર ૨૦ ચિત્રો થયાં, તેમાંથી પાછાં પાંચ ગુમ થયાં એટલે માત્ર ૧૫ ચિત્રો જ અહીં પ્રકાશિત થાય છે.

## બીજાં ચિત્રો અંગે

આ ૨૬ કાર્ડબોર્ડ અને તેમાં છાપેલાં ૩૦ સંખ્યાના ચિત્રસંપુટમાં ૨૩મું સુંદર ચિત્ર ૧૯૯૧માં જયપુરના શ્રેષ્ઠ ચિત્રકાર બદરીનારાયણે મારા માટે કરી આપેલી સરસ્વતીજીનું છાપ્યું છે. સાથે શ્રી માણિભદ્રજી યક્ષ તપાગચ્છના જે રખેવાળ તરીકે ગણાય છે તેનું ચિત્ર તેમના જ સુપુત્ર શ્રી જગન્નાથભાઈએ કરી આપેલું છાપ્યું છે.

હું નાનો હતો ત્યારે જેનાં દર્શન કરતો તે બધાયની આર્ટ કાર્ડ ઉપર મેં કાગળની એક પાટલી ચીતરાવેલી તે પાટલી છાપી છે. વળી ૐ હ્રીં વગેરે આકૃતિની પાટલી પણ છાપી છે. તેનો વિશેષ પરિચય અલગ છાપેલી બુકલેટમાં જુઓ.

પ્રતાકાર બહાર પડતા આ સંપુટના પ્રારંભમાં ભગવાન શ્રી મહાવીરનું ખૂબ પ્રસિદ્ધિને પામેલું મનોરમ ચિત્ર છાપ્યું છે. આ ચિત્ર મેં સંપાદિત કરેલા વિખ્યાત ભગવાન મહાવીરના સંપુટમાંથી લઈને અહીં આપ્યું છે.

આંતરરાષ્ટ્રીય ખ્યાતિને વરેલા મારા સંપાદિત ભગવાન શ્રી મહાવીરના અજોડ અને અદ્વિતીય ગણાતા ચિત્રસંપુટ ઉપરથી મુંબઈમાં ૩૦ વર્ષ ઉપર પીપળનાં પાન ઉપર એક નિષ્ણાત કલાકારે નકલ કરીને મને કરી આપેલાં ચિત્રોમાંથી થોડા નમૂના આ પુસ્તિકામાં આપવા, તેમજ બીજી વિશિષ્ટ કોઈ કલાકૃતિઓ હોય તો તે પણ પ્રગટ કરી દેવી, એટલે આ પ્રતાકાર પુસ્તિકામાં પીપળનાં પાન ઉપરનાં ૬ ચિત્રો પ્રકાશિત કર્યાં છે. પ્રખ્યાત ચિત્રકાર શ્રીયુત્ ગોકુલભાઈ કાપડીયાએ એક વિશિષ્ટ નવીનતા રૂપે વિવિધ રંગી પોસ્ટની ટિકિટો ચીટકાવીને

જે બે ચિત્રો મને કરી આપેલાં તે પણ આમાં પ્રકાશિત કર્યાં છે.

છેલ્લાં ૫૦ વરસમાં જયપુરમાં સુવર્ણાક્ષરી ઓછામાં ઓછી ત્રીસેક પ્રતો ત્યાંના કારીગરો પાસે સાધુઓએ લખાવરાવી હશે પણ એ બધામાં મારી સમજ મુજબ વધુ શ્રેષ્ઠ કલ્પસૂત્ર મારા હસ્તક લખાવવા પામ્યું છે. મોટા મોટા આચાર્યો અને કલાકારો જોઈને મુગ્ધ બન્યા છે. મને થયું કે એ બારસાસૂત્રનાં પાનાંના નમૂના જો આમાં આપું તો એના પણ દર્શન જૈન સંઘને થાય એટલે બે પાનાં એનાં પણ અંદર આપ્યાં છે.

જયપુરી સંપુટમાં ખર્ચનું પ્રમાણ નવાં ચિત્રો ઉમેરાતાં ઘણું વધી જવા પામ્યું એટલે નમૂનારૂપે બીજાં વધુ ચિત્રો મૂકવાનું માંડી વાળ્યું. અઢાર જ ચિત્રો પ્રગટ કરવાનાં હતાં તે વધારીને ૩૦ ચિત્રોવાળી ૨૬ પ્લેટો નક્કી કરી. એનું કારણ એ હતું કે મારી ઉમ્મર થઈ છે, શારીરિક શક્તિ પણ નબળી પડી છે. સાહિત્ય કલાનો મારો કોઈ વારસદાર નથી. કલાનું પ્રકાશન કરનારી કોઈ જોરદાર સંસ્થા પણ જૈન સમાજમાં નથી કે જે આવાં કામો કરવાનું બીડું ઝડપે એટલે ખાસ જાણવા–જોવા જેવી કલાની વાનગીઓ કલારસિકોને થોડી પીરસાઈ જાય તો મને–સહુને સંતોષ થાય.

મારી પાસે અષ્ટમહાપ્રાતિહાર્યો સાથેનાં ૨૪ તીર્થંકરોનાં અતિ ભવ્ય ચિત્રો અને તેની બંને બાજુએ તે તે તીર્થંકરના યક્ષ-યક્ષિણીનાં આકર્ષક ૨૪ ચિત્રો છે. જયપુરની સ્ટાઈલમાં બારીક કલમના આ સર્વોત્તમ અને અજોડ ચિત્રો છે.

આજથી ૪૩ વર્ષ પહેલાં પં. ભગવાનદાસ જૈની પાસેથી આ ચિત્રો અમારી સંસ્થાએ ખરીદી લીધાં હતાં. એ ચોવીસે ચોવીસ ચિત્રોની દર્શનચોવીશી તરીકે છપાવવાનો વિચાર ઘણા વખતથી બેઠો છે, આ પ્રસ્તુત આલ્બમમાં નમૂના તરીકે એક ચિત્ર મૂકવાની ઈચ્છા હતી પણ ધારણાથી બજેટ ડબલ થઈ જવાથી એ વિચાર માંડી વાળ્યો છે.

દર્શન ચોવીશી-અનાનુપૂર્વી કોઈ શ્રીમંતને પ્રગટ કરવાની ઇચ્છા હોય તો આ શ્રેષ્ઠ ચિત્રોનો લાભ જૈન સમાજને મળી શકે. આવી દર્શન ચોવીશી આજથી ૪૦ વર્ષ પહેલાં પં. ભગવાનદાસ જૈનીએ છપાવી હતી.

મારા આ પ્રકાશનમાં સાથી મુનિરાજોએ, આ કાર્યમાં પૂ. સાધ્વીજી શ્રી પુષ્પયશાશ્રીજીના શિષ્યા સતત સહાયક પૂ. સાધ્વીજી શ્રી પુનિતયશાશ્રીજી આદિ સાધ્વીજીઓએ તથા પ્રેસના માલિક શ્રી અશ્વિનભાઈએ, કાર્યકર્તા શ્રી પ્રદીપભાઈ તથા નરોત્તમભાઈ વગેરે વ્યક્તિઓએ જે સહકાર આપ્યો છે તે માટે સહુને હાર્દિક ધન્યવાદ ઘટે છે.

આ નાનકડા પ્રકાશનને હજુ ઘણી ઘણી રીતે રંગબેરંગથી, નવી ટેકનીકથી, આથી દોઢું સુંદર અને કલાત્મક બનાવી શકાય પણ ખર્ચની મર્યાદા છે એમ છતાં ધારવા કરતાં વધુ ખર્ચ કરવો પડ્યો છે. ઉદારચરિત ભાવિકોના સહકારથી આવાં બધાં કાર્યો પાર પડે છે. આવા કલાના કાર્ય માટે શ્રીમંત વર્ગને અમારા કાર્યમાં ઉદાર હાથે ફાળો આપવા વિનંતી.

## સોનાના અક્ષરવાળા કલ્પસૂત્રનાં પાનાંનો પરિચય

મેં (એટલે મુનિ યશોવિજયજીએ) સં. ૨૦૧૦ની આસપાસમાં કલ્પસૂત્ર સોનાની શાહીથી સુવર્ણાક્ષરે લખાવ્યું હતું, અને ૧૫૦ વરસની ગેરંટીવાળા, ઇંગ્લેંડની બનાવટના સોન્ડહર્સ્ટ પેપરોને પ્રથમ મંગાવીને પછી તેના કટકા કરી તેને રંગીન બનાવવામાં આવ્યાં, પછી સોનું બરાબર ચઢી શકે તે માટે સીધે સીધું સુવર્ણાક્ષરે ન લખાવતાં કુશળ લેખક ભોજક ચીમનલાલ પાસે પ્રથમ પીળા રંગની શાહીથી સંપૂર્ણ લખાવરાવ્યું અને પછી પીછીંથી સોનું ચઢાવવા માટે જયપુર મોકલવામાં આવ્યું અને ત્યાં કુશળ કલાકારે તેના પર સોનું ચઢાવ્યું.

દરેક પાને પાને બોર્ડરો જુદી જુદી હોય તો સારૂં એટલે સેંકડો બોર્ડરોના નમૂના છાપેલું પુસ્તક મેં મારા કામની દેખરેખ રાખતાં જયપુર પં. ભગવાનદાસ જૈનીને મોકલાવ્યું, તેમને કલાકારને આપ્યું અને કલાકારે તે બોર્ડરો પાને પાને ઉતારી અને પીંછીથી સુંદર રંગોથી ચમકાવી એક અદ્વિતીય કહી શકાય તેવી બોર્ડરો બનાવી અજોડ કહી શકાય તેવી કૃતિ તૈયાર થઈ.

અમારા ખ્યાલ પ્રમાણે ૫૦ વરસમાં ઘણાં કલ્પસૂત્રો સુવર્ણાક્ષરે લખાયાં હશે પણ એમાં મારી દૃષ્ટિએ આનું સ્થાન સર્વોપરિ ગણું છું. એ કલ્પસૂત્રના નમૂનાના બે પાનાં અહીં દર્શકોને જોવાનો લહાવો મળે એટલે મુદ્રિત કર્યા છે.

અહીં ૬૩ મું પાનું મરાઠી પ્રાકૃત ભાષામાં લખેલા શ્રી પાર્શ્વનાથ ભગવાનના જીવન ચરિત્રનું છે. બાજુમાં ચિત્રકારે પોતાની ઇચ્છા મુજબ પોતાની પદ્ધતિ મુજબ ચીતરેલા ભગવાનના જીવન પ્રસંગોનું છે.

## પીપળના પાનાનાં ચિત્રોનો પરિચય

અહીંયા ભગવાન શ્રી મહાવીરના જીવન પ્રસંગોનાં અનેક ચિત્રો પીપળનાં પાન ઉપર કુશળ કલાકાર પાસે કરાવ્યાં છે. તેમાંથી છ ચિત્રો નમૂના રૂપે જનતાને પીપળાનાં પાન ઉપરની કલાનું સુભગ દર્શન થાય એ માટે પ્રગટ કર્યાં છે. છ ચિત્રો શેનાં શેનાં છે તેનો પરિચય તે તે ચિત્રની નીચે જ આપેલ છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# ઋષિમંડલસ્તોત્ર એક સ્વાધ્યાય તથા ઋષિમંડલ મૂલમંત્ર એક ચિંતનની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૩ ઇ.સન્ ૧૯૮૭

વિ. સં. ૨૦૪૬ ઇ.સન્ ૧૯૯૦

૫૯ ૬૦

## આ પુસ્તિકા અંગે કંઈક નિવેદન

બીજીવાર પુસ્તકરૂપે પ્રગટ થતો આ લેખ સ્તોત્ર, મંત્ર કે યંત્રને લગતો છે. બુદ્ધિભેદે અને પરંપરાદિભેદે આ વિષયમાં વિવિધ મતાંતરો પ્રવર્તતા હોય છે. મૂલભૂત બાબતો અને રહસ્યોનું સચોટ અને તલસ્પર્શી રીતે જ્ઞાન આપતા ગ્રન્થો આજે ઉપલબ્ધ નથી. આ વિષયના જાણકારો પણ અતિ અલ્પ હશે એટલે, અનેક વિષયરસિક મન અને અનેક ગ્રન્થો વાંચવાની ઝંખના છતાં તન–મનના સંજોગો, સંયમની મર્યાદા વગેરે કારણે મારૂં વાંચન મર્યાદિત રહ્યું છે. જેવો જોઈએ તેવો પરિશ્રમ સતત રહેતી કાયાની અસ્વસ્થતાના કારણે પહેલેથી લઈ શકાયો નથી. આના કારણે અત્યારે ઉપલબ્ધ સાધનો, તર્ક અને ઉપલબ્ધ બુદ્ધિથી નિર્ણયો કરવા પડે છે. અલબત્ત આ નિર્ણયો બહુ જ વિચારીને લઉં છું, એટલે વિષયને યોગ્ય ન્યાય આપી શકાય, છતાંય ઉપરોક્ત પરિસ્થિતિના કારણો માટે મંત્ર, તંત્ર અને યંત્ર શાસ્ત્ર, પરંપરા અને આમ્નાય વિરૂદ્ધ અથવા કોઈને પણ અન્યાય થાય એવું જે કંઇ લખાઇ ગયું હોય તો બધાની પ્રથમથી ક્ષમા માંગી લઉં છું.

અભ્યાસી વાચકો જેઓ હોય તેઓ મારા નિર્ણયોને પણ કસીને વિચારે. મને સુધારવા જેવું હોય તો જરૂર જણાવે.

—*લેખક*

*

श्रीशत्रुंजयगिरिवराय नमः।

## વાચકોને—

નોંધ :—પાલીતાણાથી નીકળતા 'સુઘોષા માસિક' ના વર્ષ ૧૯, અંક-૬ સં. ૨૦૩૭ સ ૧૯૮૧-૧ના અંકમાં, ઋષિમંડલનો મૂલમંત્ર કયો તેની ચર્ચા કરતો ૧૨ પાનાંનો લેખ પ્રગટ થયેલો. તે પછી ચાર મહિના બાદ એ અંગેની લેખમાળા જ શરૂ કરી, જે વર્ષ ૧૯, અંક-૧૧-૧૨, સ ૧૯૮૧માં, પછી વર્ષ-૨૦, અંક-૧-૨-૩ પછી ૬-૭ માં, ૧૯૮૨ ૧-૨ માં પૂરી થઈ હતી. તે પછીના પેજમાં બીજી બાબતો પ્રગટ કરી હતી.

તે જ વખતે આ લેખનમાળાના અંકોની માંગણીઓ ઘણી થઈ હતી, એ જ વખતે આ લેખન માળા આ વિષયના ખાસ રસિકોને માટે પ્રસિદ્ધ કરવી જોઈતી હતી, પરંતુ કમનસીબે તે બની શક્યું નહિ. હવે આજે પાંચ વરસના લાંબા સમય બાદ સં. ૨૦૪૩ ના માગસરમાં ( સન ૧૯૮૬-૧૨) માં પ્રગટ થાય છે.

આ બુકલેટનું અંતિમ પાનાનું લખાણ આગળ બીજું લખવાનું હતું પણ તે બન્યું નથી તેથી વાચકોને પૂર્ણાહુતિ અધૂરી લાગશે.

આ લેખનમાળાના મારા વિધાનો કે વાતો સંપૂર્ણ સાચાં જ છે એવું રખે કોઈ માને! દુઃખની વાત એ છે કે અસાધારણ પ્રચલિત પ્રસિદ્ધ સ્તોત્ર છતાં આના પર કોઈ ટીકા-ટબ્બા પ્રાયઃ જોવા નથી મલ્યા. વચલા સાત શ્લોકોના અર્થ થોડા ગહન છે. એ શ્લોકોનું ઊંડું ચિંતન થઈ શક્યું નથી, એટલે અર્થ લખવાનું સાહસ કર્યું નથી. આ લેખ માળામાં મારી સ્વલ્પ-અલ્પ સૂઝ પ્રમાણે રજૂઆત કરી છે. કર્તાના કે શાસ્ત્રના આશય વિરૂદ્ધ લખાયું હોય તો ક્ષમાર્થી છું, અને વાચકોને સૂચના કરવા અનુરોધ કરું છું.

## વિશેષ વાત—

પચીસેક વરસ ઉપર, ઋષિમંડલની પ્રારંભની બે ગાથાઓનો અર્થ લગભગ માનું છું કે પંચાણુ ટકાના વાચકો પૂરો સમજતા નથી એટલે વાચકોને એનું યથાર્થ-સ્પષ્ટ જ્ઞાન આપવા તે બે ગાથાઓ લખાવરાવી હતી. અહીં આ તેનો ટાઈટલ પેજ ઉપર બ્લોક છાપ્યો છે.

મન્ત્રની સાંકેતિક ભાષાનું જ્ઞાન લગભગ ૯૫ ટકાને નથી હોતું, પછી ક્યાંથી અર્થ કરી શકે?

મોટાભાગે અક્ષરના માથા ઉપર એક રેફવાળુ अर्हं બીજ તો સેંકડો વરસોથી સહુ કોઈ જાણે છે, પણ अर्हं બીજ બે રેફવાળુ લખાય કે બોલાય છે એવું બીજાને કહીએ તો વિચારમાં પડી જાય છે, પણ अर्हं બીજને વધારે શક્તિશાલી બતાવવા બે રેફવાળા अर्हं ની જ વાત બે ગાથા કરે છે.

આ બે ગાથામાં બે વાર अग्निज्वालासमं० અને अग्निज्वालासमाक्रान्तं, આમ બે સરખા પાઠ

આવે છે. આ બાબતનો અનુભવ ન હોવાથી વાચક મુંઝાય. તો સમજવાનું એ છે કે પ્રથમના અગ્નિજ્વાલાસમ૦ વિશેષણ શબ્દથી ઉપરનો રેફ, અને બીજા અગ્નિજ્વાલા૦ વિશેષણથી નીચેનો રેફ સમજવાનો છે. 'અગ્નિજ્વાલા' મન્ત્રના આ પારિભાષિક શબ્દથી ર્ વ્યંજન લેવાનો છે. કેમકે ર્ અક્ષર એ અગ્નિનું વાચક બીજ છે.

એની વધુ ખાત્રી માટે જણાવું કે સિદ્ધચક્રયન્ત્ર-પૂજનમાં પૂજનના અન્તે કરવામાં આવતા ચૈત્યવંદનમાં સ્તવનની જગ્યાએ સંસ્કૃત સ્તોત્રો બોલીએ છીએ, ત્યાં સ્તોત્રના પહેલા જ શ્લોકના પ્રારંભમાં ऊर्ध्वाधोरयुतसबिन्दु० આ વાક્ય છે, તેનો અર્થ ઊર્ધ્વ અને અધો એટલે ઉપર અને નીચે બંને સ્થળે ર્ થી યુક્ત એવું....

બે રેફથી સંપુટ પણ બને, પ્રભાવ પણ વધે છે.

ઋષિમંડલની જેમ સિદ્ધચક્ર મન્ત્ર-યન્ત્ર ઉપર પણ લેખમાળા મારે લખવી બાકી છે. જો કે આ અંગે બીજી રીતે 'સિદ્ધચક્ર યન્ત્ર-મન્ત્ર પૂજન એક સર્વેક્ષણ અને સમીક્ષા' નામની બુક સાતેક વરસ ઉપર બહાર પડેલી છે. જેમાં ઘણી ઘણી અવનવી હકીકતો આપી છે. પૂજ્ય આચાર્યાદિ મુનિવરો વિધિવાળાઓ વગેરેને મોકલી આપી હતી. આજે તે અપ્રાપ્ય છે.

યશોદેવસૂરિ—

## બાબત બહુ જ નાની, સામાન્ય, પણ ખ્યાલ રાખવા જેવી—

અત્યન્ત પ્રચલિત ચારેય જૈન ફિરકાઓમાં સર્વમાન્ય એવા ચતુર્વિધ શ્રીસંઘની હજારો વ્યક્તિઓ જેનો નિત્યપાઠ જ્યારે કરતી હોય એવા સ્તોત્રો શીખવા કે પાઠ કરવા માટે જાતજાતની પ્રતિઓ લખતા હોય ત્યારે સ્વાભાવિક છે કે સંપ્રદાયભેદે, અનુભવભેદે કે વિદ્વત્તાભેદે, વિવિધ પ્રકારના પાઠભેદો સર્જાયા કરે તે આ એક સમયની સ્વાભાવિક પ્રક્રિયા છે.

છેલ્લાં ૩૦૦ વરસોમાં લખાએલી લગભગ એકસોથી વધુ પ્રતિઓ ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર તથા રાજસ્થાનના કેટલાક ભંડારોમાંથી મે મંગાવીને જોઈ, તે પછી ઢગલાબંધર પાઠભેદો પાઠાંતરોની નોંધો તારવી, તેના ઉપર તન્ત્ર, મન્ત્ર, ભાષા, વ્યાકરણ, ગાથાક્રમ, સંકલન યોગ્યતા આ બધી બાબતોની દૃષ્ટિએ વ્યાપક રીતે ઊંડો વિચાર કર્યો, ત્યારબાદ મારા ક્ષયોપશમ પ્રમાણે યથાર્થ પાઠ સુવ્યવસ્થિત કરી તેની પ્રેસકોપી કરી અને તે ઉપરથી હું આ ઋષિમંડલ મુદ્રિત કરાવી પ્રસિદ્ધ કરાવી રહ્યો છું. આટલી ભૂમિકા કરી હવે મૂલ વાત જણાવું.

અર્થની દૃષ્ટિને ખ્યાલમાં રાખી સ્તોત્રપાઠ મેળવતાં મને સંશોધકો, રસ ધરાવતા અભ્યાસીઓ માટે ઉપયોગી બને તેવી જરા આશ્ચર્ય પણ ઉપજાવે તેવી એક બે બાબત જોવા મળી તેની ચર્ચા-વિચારણા અહીં રજૂ કરૂં છું.

આ સ્તોત્રને ભણનાર વર્ગમાં સામાન્યવર્ગ નથી પણ આચાર્યો, પદસ્થો, વિદ્વાનો હોય છે.

---

૧. બે રેફવાળા બીજના, અન્ય ઉલ્લેખો અન્ય ગ્રન્થોમાં મળે છે.

છતાં ૩૦૦ વરસથી એક અશુદ્ધિ આજ સુધી લગભગ ચાલી આવી કેવી આશ્ચર્ય થાય તેવી આ વાત છે. માત્ર સ્તોત્રપાઠ ભણવાનો હોય એટલે અર્થ સાથે વિચારણા બે ટકાની પણ ન હોય, એટલે અશુદ્ધ પાઠની એક પોથી પહેલવહેલી જે લખાય તે ઉપરથી જ ચીલે ચીલે સહુ લખાવતા રહે એટલે જે અશુદ્ધિ ૩૦૦ વરસ પહેલાં હતી તે આજે પણ સુદીર્ઘકાળ સુધી અકબંધ જોવા મળે.

સંશોધકો-વિચારશીલો, અભ્યાસીઓ પણ વધુ વિચાર કર્યા વિના ક્યારેક ક્યારેક કેવું અનુકરણ કરી નાંખે છે કે અશુદ્ધ પાઠની પરંપરાને વેગ મળતો રહે છે અને જનતા અશુદ્ધ પાઠ કરતી રહે છે. મારી પ્રસ્તુત વાતની પ્રતીતિ વાચકોને થાય, તટસ્થ રીતે, કેવી ઊંડી ગવેષણા કરવી જોઈએ. કેવી જાગૃતિ રાખવી જોઈએ, એની સભાનતા આવે એ માટે નિમ્ન નોંધ લખું છું. અને ખાસ કરીને સ્તોત્ર છપાવનારોનું ખાસ ધ્યાન ખેંચું છું.

## અત્યન્ત અનિવાર્ય સુધારા

૧. ઋષિમંડલ સ્તોત્રની **अर्हदारव्यस्तु०** (શ્લોક. ૧૯) આ ગાથાના અર્થથી ह्रीँ બીજની નિષ્પત્તિ થાય છે. આ ગાથાના ઉત્તરાર્ધમાં <u>तूर्यस्वरसमायुक्तो</u> પાઠ છેલ્લાં ૩૦૦ વરસમાં લખાએલી આ સ્તોત્રની એકસોથી વધુ પોથીઓમાં એક સરખો જોવા મલ્યો છે.

હકીકતમાં **समा०** પાઠ સાચો પાઠ જ નથી. પહેલવહેલી કોઈ પ્રત લખતાં લહિયાની ભૂલ થઈ હોય કે ગમે તે હોય પણ ખોટો પાઠ લખાઈ ગયો છે એ નિર્વિવાદ વાત છે. પછી એનું અનુકરણ થઇ ગયું. જો **समा०** ને સાચો પાઠ માનીએ તો ह्रीँ બીજ ઉપર ચંદ્રમાની કલા જે અવશ્ય હોવી જ જોઈએ તેની વાત ઉડી જાય છે. ચંદ્રકલા વિનાનું બિન્દુ કરવાથી બીજ મંત્રબીજ બનતું નથી, અને બીજ પૂર્ણ થતું નથી. આથી એક વાત પૂર્ણપણે નિશ્ચિત થાય છે કે—

<u>तूर्यस्वरसमायुक्तो०</u> આ પાઠ સર્વથા અશુદ્ધ છે અને તેથી તે સંગત થતો નથી જ્યારે—

तूर्यस्वर कलायुक्तो०

આ પાઠ સ્વીકારીએ તો તે પાઠ સર્વથા શુદ્ધ હોવાથી તે અર્થથી બરાબર સંગત થાય છે. અને તેથી મેં મારી છેલ્લી આવૃત્તિઓમાં એ પાઠ સુધારીને છાપ્યો છે.

પ્રશ્ન–**कला** શબ્દ સાચો છે એવો લેખિત પ્રાચીન પુરાવો છે ખરો?

ઉત્તર–હા, છે. પાછળથી સદ્‌ભાગ્યે બે પ્રતિઓમાંથી પુરાવા એકાએક મળ્યા. આ પુરાવા મારી બુકમાં મેં મારી ઇચ્છાથી સુધારો છપાવી નાંખ્યા પછી મને મળ્યા. તેથી મને આનંદ એ થયો કે મેં અર્થની દૃષ્ટિએ જે સુધારો છપાવ્યો તે સાચો છે.

બે પુરાવામાં એક મળ્યો મુંબઇ મહાવીર વિદ્યાલયના ભંડારની એક પ્રતિમાંથી અને બીજો મળ્યો થાણા ગયો ત્યારે, એક જતિએ ફાટેલાં બે ચાર પાનાં આપ્યાં તેમાંથી એક જ પાનું

૨. ૨૦૧૨ માં છપાએલી પહેલી આવૃત્તિમાં ૧૦૦થી વધુ પાઠભેદો છાપ્યા હતા.

ઋષિમંડલની પ્રતનું હતું, તેમાં સ્પષ્ટ **कला** પાઠ હતો. આ પ્રતિના પાઠનો બ્લોક પોકેટ સાઈઝની મારી સ્તોત્ર બુકમાં છાપ્યો પણ છે. એટલે વાચકો ધ્યાનમાં રાખે કે અર્થની દૃષ્ટિએ **कला** પાઠ જ બરાબર છે અને તે જ સહુએ છાપવો જોઈએ. આ અંગેનું વધુ વિવેચન આ લેખ માળાની પુસ્તિકામાંથી જોઇ લેવું.

**મૂલમંત્ર અંગે—**

૨. મૂલ મંત્ર સાચો કયો? તે મારી સૂઝબુઝ પ્રમાણે જે નક્કી કર્યો છે તે આ બુકમાં જણાવ્યો છે.

★ કેટલાક લોકો ह्रीँ હ્રસ્વ દીર્ઘ બંને વાપરે છે, કેટલાક પ્રારંભમાં ऑँ અને **असिआउसा** આગળ ફરીથી ऑँ ગણે છે પણ તે બરાબર નથી.

★ ત્રીજું **चारित्रेभ्यो** પછી ह्रीँ નમઃ બોલે છે એમાં જે ह्रीँ બોલાય છે એ ખોટું છે. તે ટૂંકા શબ્દોવાળી ગાથાના અર્થના ગુંચવાડાભર્યા અન્વયના રહસ્યને ન સમજવાના કારણે મોટી ગેરસમજ ઉભી થયેલી છે. પણ હવે ह्रीँ ત્યાંથી રદ કરવો જોઈએ. આ અંગે વધુ વિવેચન આ પુસ્તિકામાંથી જોઇ લેવું.

૩. ઋષિમંડલના ह्रीँ કાર ઉપર ચંદ્રમા પછી બિન્દુ આ વાત તો સર્વ સામાન્ય હોવાથી બધા સમજે છે પણ બિન્દુ ઉપર ત્રિકોણ કે લંબગોળ એવી **नाद** ની આકૃતિ એક હજાર એક ટકા મૂકવી જ જોઈએ, છતાં ઘણા દોઢ ડાહ્યા, વધુ પડતું જાણપણાનો, સમજયા વિનાનો નશો ધરાવનારા માનવા તૈયાર નથી, એ તો એવું પણ બોલે કે યશોવિજય નવું નવું ખોટું ઉભું કરે છે, શું પૂર્વાચાર્યો કે વર્તમાન આચાર્યો ખોટા હતા? વગેરે. પણ લહીઆ વગેરેની ભૂલથી ચાલ્યા આવતા ખોટા પાઠો જતા કરી સાચા સ્વીકારવા એ જ સમજુનું સાચું કર્તવ્ય છે. આધાર વિના મનસ્વી સુધારા કોઇ કરે જ નહિ. —યશોદેવસૂરિ

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# જલદી માણી ન શકાય એવી અનોખી ઘટનાની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૬ ઇ.સન્ ૧૯૯૦

**૬૧**

## સ્વર્ગસ્થ પૂજ્ય આચાર્ય શ્રીમદ્ વિજયપ્રતાપસૂરીશ્વરજી મહારાજે બતાવેલા ચમત્કારો

માંગરોળમાં દેરાસરના કમ્પાઉન્ડમાં મુખ્ય એક દેરાસર છે. તેની જોડે એક ઉપાશ્રય છે. એ ઉપાશ્રયની સામેની બાજુએ લાઈબ્રેરીનું મુકામ છે. સ્વ. પૂજ્યપાદ્ ગુરુદેવ આચાર્ય શ્રી વિજય પ્રતાપસૂરીશ્વરજી મહારાજ તથા પૂજ્યપાદ્ આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજ આદિ ઠાણા સપરિવારનો તા. ૨૩-૩-૭૮ ગુરુવારે માંગરોળમાં પ્રવેશ થયો. તે દિવસથી તેઓશ્રીની લથડેલી તબિયતના કારણે લાઈબ્રેરીનાં મુકામમાં ભોયતળિયાના રૂમમાં જ રાખવામાં આવ્યા હતા. તા. ૩૧-૩-૭૮ સં. ૨૦૩૪ના ફાગણ વદિ સાતમ, શુક્રવારની સવારે ટૂંકી માંદગી ભોગવી કાળધર્મ પામ્યા એટલે સ્વર્ગવાસી બન્યા, પરલોક સીધાવ્યા.

તે દિવસે બપોરે જ્યારે ત્રણ વાગ્યા ત્યારે, દેરાસરના ઉપરના ભાગમાંથી ચંદનની આછી વૃષ્ટિ શરૂ થઈ. પછી તે ત્યાંથી આગળ વધીને ચોકમાં ફેલાણી, પછી ધીમે ધીમે શહેરના વિસ્તારોમાં આગળ વધી. પૂજ્ય ગુરુદેવનું શબ ઉપાશ્રયમાં રાખવામાં આવ્યું હતું. અગ્નિસંસ્કાર બીજે દિવસે બપોરના બે વાગે રાખવામાં આવ્યો હતો. મૃતકની હાજરી હોય અને ચંદનની વૃષ્ટિ થાય એટલે સામાન્ય જનસમૂહ સ્વાભાવિક રીતે જ આ ચંદનની ઘટનાને સ્વર્ગસ્થ ગુરુદેવના પ્રભાવ તરીકે સમજે-ગણે એ સાહજિક હતું. સૌ જોવા ઊમટ્યા.

શહેરમાંથી જાહેર જનતાનો દેરાસરમાં પ્રવાહ શરૂ થયો. હું તો લાઈબ્રેરીના પહેલા મજલે ગમગીન હૈયે વ્યવસ્થામાં રોકાયો હતો. મને પણ 'ચંદનની વૃષ્ટિ ચાલુ થઈ ગઈ છે, લોકો જોવા ખૂબ ઊમટ્યા છે.' એ સમાચાર કેટલાક ભાઈઓ આવીને કહી ગયા. એ વખતે મારા પૂજ્ય તારક ગુરુદેવ સ્વ. આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજ વગેરે તમામ સાધુઓ હું જ્યાં હતો તેની સામેના ઉપાશ્રયના મુકામમાં હતા. નીચેથી મારી પાસે અવારનવાર ભાઈઓ મને વરસતી ચંદનની વૃષ્ટિની વાત કરી જતા, આપ પધારો અને જુઓ એમ પણ કહેતા, તે વખતે કારણ ગમે તે હશે પણ મારા મનમાં એકાએક જોરદાર કુતૂહલ કે આશ્ચર્ય પેદા ન થયું. એમાં સંભવ છે કે ભૂતકાળના મારા કેટલાક અનુભવો પણ કારણભૂત હશે, એટલે હું નીચે ન ગયો, ન એ અંગે કોઈની સાથે બીજી પૂછપરછ કે વાત કરી, કે ન મેં કશી ઇન્તેજારી દર્શાવી. લોકોની અધીરાઈ વધી. તમામ સાધુ—સાધ્વીજીઓ જોવા હાજર, ન હાજરમાં માત્ર એક હું, એટલે આ વાત કેટલાકને મન રહસ્યમય બની. કેટલાક કહે મહારાજશ્રીને અમે બે વાર કહી આવ્યા છીએ અને હમણાં આવી જશે વગેરે. કેટલાક એમ બોલ્યા કે ગામ જોવા આવ્યું પણ યશોવિજય મહારાજ કેમ પધાર્યા નહીં? શું કારણ હશે? એટલે કેટલાક ભાઈઓ પુનઃ મારી પાસે આવ્યા, તરત જ મારી પાસે ટ્રસ્ટીભાઈઓ પણ આવ્યા. મને ચંદનની વૃષ્ટિ જોવા નીચે આવવા માટે આમંત્રણ આપ્યું. બધા લોકો ઇચ્છે છે કે હવે આપ પધારો તો સારું! હું સૌને એક જ જવાબ આપતો કે 'તમે તમારે જુઓ હું આવું છું.' ત્યાં તો એક ભાઈ ઝડપથી આવ્યા અને મને કહે સાહેબ! હવે તો દેરાસરમાં અંદરના ભાગે અને ગભારામાં પણ છાંટા પડવા શરૂ થઈ ગયા છે હવે તો પધારો! વખતે એ બંધ થઈ જશે તો જોવા નહીં મળે. મેં એ વાત સાંભળી લીધી અને હાથથી સંકેત કરી કહ્યું કે ધીરતા રાખો!

એકાએક નીચે ન જવા પાછળ જે કારણ હતું તે એ હતું કે આ ચંદનની વૃષ્ટિ–છાંટણા પાછળ સ્વર્ગસ્થ ગુરુદેવનો કંઈક સંકેત છુપાએલો છે કે કેમ? એની જ્યાં સુધી મને પ્રતીતિ ન થાય અને હું ત્યાં જાઉં તો તે વખતની ત્યાંની જનતાની ગિરદી જોતાં કદાચ માત્ર મારી હાજરી જ, રીઝલ્ટની વાત તો પછી પણ લોકોની ચમત્કારની માન્યતાને ટેકો આપનારી થઈ પડે એ ખાતર મેં ધીરજ રાખી હતી.

વળી મારી નજર સામે ભૂતકાળના અનુભવોની વાત ખડી થઈ. તે વાત એ હતી કે, અમદાવાદ એલીસબ્રીજ તરફ આવેલ દશાપોરવાડ જૈન સોસાયટીમાં મારી તબિયતને કારણે હું દેરાસરની સામે જ આવેલા ધર્માત્મા ચોકસી શ્રી ચીમનલાલ સકરચંદના બંગલામાં આરામ માટે રહેલો, ત્યાં કેટલાક સમય બાદ જોવા મલ્યું કે મહિનામાં એ બંગલાની અગાસીનો ભાગ લગભગ રોજ ચંદનની વૃષ્ટિથી રાતના કે દિવસના છવાઈ જતો. તે કહો કે પછીના વરસોમાં બીજાં કેટલાક દેરાસર–ઉપાશ્રયના રસ્તા ઉપરના ભાગોમાં પણ ચંદનના છાંટા જોવાના પ્રસંગો પણ બનેલા, તે વખતે એની પાછળ કોઈ દૈવિક કારણની કલ્પના કરી શકાય એવું કોઈ પણ કારણ વિદ્યમાન ન હતું. એટલે આ બધા અનુભવો ઉપરથી નિશ્ચિત વાત હતી કે આકાશમાં પૃથ્વીના રજકણ જળ–વાયુ વગેરે સંયોગોના કારણે પીળા રંગના સંચિત થતાં પુદ્ગલોના કારણે તે ચંદનની વૃષ્ટિનો જન્મ થતો હશે જોઈએ. અને આવી વૃષ્ટિ તો અનેક સ્થળોએ અનેક વખત પડતી પણ હોય છે. પીળા

રંગના ચાંદલાના કારણે ભલે તે ચંદનની કહેવાતી હોય પરંતુ હકીકતમાં સુગંધ વગેરની દૃષ્ટિએ જોઈએ તો ચંદન કહેવું એ વિધાન ઉતાવળીયું બની રહે. હું માત્ર શ્રદ્ધાવાદી સાધુ નથી, તેમ માત્ર બૌદ્ધિકવાદી પણ નથી પરંતુ મિશ્રવાદી છું, એટલે મારા તર્કહીન કે બુદ્ધિહીન અતિશયોક્તિના અલંકારથી હું હંમેશા દૂર રહ્યો છું. હું એમ માનું છું કે ખોટી રીતે કોઈનું પણ મહત્ત્વ વધારવું એ ગુનો છે. એમાંય જ્યારે પોતાના જ પૂજ્યોની બાબત હોય ત્યારે તો ખૂબ જ ખ્યાલ રાખવો જરૂરી હોય છે. લાગણીવશ-ભક્તિવશ દોરવાઈ જવાયું તો પાછળથી સત્ય બહાર આવતાં વડીલોની જ લઘુતા કરવાનું પાપ લાગે છે અને ટીકાપાત્ર તથા હાંસીપાત્ર થવાય અને અસત્યનું પાપ લાગે તે વધારામાં. ધર્મને ઉત્તેજન ન આપી શકાય તો ભલે, પણ મારા નિમિત્તે એક અધર્મને ઉત્તેજન ન મળી જાય. હું કોઈને ન્યાય ન આપી શકું તે મંજૂર પણ હું કોઈને અન્યાય ન કરી બેસું એનો સતત ખ્યાલ રાખતો આવ્યો છું એટલે હું નીચે દેરાસરમાં જોવા ન ગયો તે ન જ ગયો, કેટલીક સમજદાર વ્યક્તિઓને મારું નીચે ન જવું એ બહુ ખટકતું હોવાથી એક બીજું ગ્રુપ મારી પાસે આવ્યું અને તેમણે સામો મને સવાલ કર્યો કે આ વૃષ્ટિ જે થઈ એની પાછળ આપનું કોઈ બીજું મંતવ્ય છે? પૂછનાર વ્યક્તિઓ જવાબદાર હોવાથી હું જવાબ આપું ન પહેલાં મને એક સ્ફૂરણા થઈ અને મેં લોકોને કહ્યું કે સ્વ. ગુરુદેવ જો આ લાઈબ્રેરીની જગ્યામાં કાળધર્મ પામ્યા છે તો આ મકાનની અગાશીમાં છાંટા છે કે કેમ? એની પણ ચોકસાઈ કરી લેવી જોઈએ, એટલે મેં અગાસી ખોલાવી, મારી સાથે એ ભાઈઓ પણ ઉપર આવ્યા, અગાસી જોઈ, ચંદનના છાંટા અલબત્ત હતા પણ પ્રમાણમાં તે વિશેષ ન હોવાથી હું જોઈને પાછો નીચે ઉતર્યો. મારો પ્રતિભાવ શું છે? તે સમજવા મારી સામે જોઈ રહ્યા. મેં કશો પ્રતિભાવ દર્શાવ્યો નહિ ત્યારે સૌ ભાઈઓએ મને પૂછયું, સાહેબ! શું લાગે છે? જવાબમાં મેં કહ્યું અત્યારે ખાસ કાંઈ કહેવું નથી એમ કહીને મેં પડદો પાડ્યો પણ આવનારાઓની આ રહસ્યમય બાબતની ઈંતેજારી એવી હતી કે મારી પાસે ફાઈનલ જજમેન્ટ સાંભળવાની તીવ્ર અપેક્ષા તેઓની આંખમાં દેખાતી હતી. બીજી બાજુ દેરાસરમાં પ્રેક્ષકોનો ધસારો એકદમ ચાલુ રહ્યો હતો.

ત્યારપછી એક કલાક વીતી ગયા બાદ મેં મારા પૂજ્ય ગુરુદેવને કહ્યું કે હું બે દિવસ પહેલાં જ અગ્નિસંસ્કાર કઈ જગ્યાએ કરવો એ નક્કી કરી આવ્યો છું, એમ છતાંય આપશ્રી પણ પધારી જોઈ લો તો મારા આત્માને સંતોષ થાય. તે વખતે પૂજ્ય ગુરુદેવે કહ્યું કે તું જગ્યા પાસ કરી આવ્યો છે પછી મારે કાંઈ જોવા આવવાની જરૂર નથી. અને મને કહ્યું કે તારી પસંદગી કે પ્રવૃત્તિ હંમેશા સમજપૂર્વકની હોય છે પછી મારું શું કામ છે? પણ મેં કહ્યું કે મારા મનના સંતોષ ખાતર પધારો! પૂજ્યશ્રીનો કાયમ માટે મારા પ્રત્યે જે સદ્‌ભાવ હતો તેના કારણે હું જ્યારે વિશેષ આગ્રહ કરું ત્યારે વગર ચર્ચા કે વગર દલીલે મારી વાત સાથે સ્વાભાવિક રીતે લગભગ સહમત થઈ જાય એટલે મને તેઓશ્રીએ કહ્યું કે સૂર્યાસ્ત થવાની તૈયારી છે એટલે આપણે પાણી ચૂકાવીને (પીને) જઈએ પછી અમે પાણી ચૂકાવીને સાંજના સાત વાગ્યે ત્રણ-ચાર સાધુઓ અને ૮-૧૦ શ્રાવકો સાથે ઉપાશ્રયથી બહારની વંડીએ જવા નીકળ્યા, જેમાં હું પણ હતો. ગુરુદેવ માથે કામળી ઓઢીને ડોળીમાં બેઠા. ગુરુદેવે પોતાના જમણા હાથે ડોળીનું દોરડું પકડી રાખ્યું. અમે ચારે સાધુઓ તથા આઠ-દશ શ્રાવકો સાથે ચાલ્યા, પસંદ કરેલી જગ્યા સોએક ફૂટ છેટે રહી ત્યારે એકાએક એક શ્રાવકની

નજર ડોળીનું દોરડું પકડી રાખેલા ગુરુદેવના જમણા હાથની હથેળી ઉપર ગઈ અને જોનાર શ્રાવકે તરત જ મને કહ્યું કે "યશોવિજયજી મહારાજ! યશોવિજયજી મહારાજ! સાહેબનો હાથ જુઓ! હાથ જુઓ!" હું પૂજ્ય ગુરુદેવની જમણી બાજુએ જ એક વેંત જ છેટો ચાલતો હતો, એટલે તરત જ મેં ગુરુદેવની હથેળી તરફ શીઘ્ર નજર કરી, ત્યારે તો હથેળી અડધી ચંદનના છાંટણાથી ભરેલી જોઈ અને પલકારાથી ઓછા ટાઈમમાં હું બરાબર જોઉં એ પહેલાં તો બાકીની અડધી હથેળી પણ ભરાઈ ગઈ, એટલે એક આશ્ચર્યજનક ઘટના એકાએક ઉદ્ભવતા ડોળી ઉભી રાખી. અમે સૌ ઊભા રહ્યા, પછી મેં ગુરુદેવના તમામ શરીર ઉપર નજર કરી, માથાથી લઈ પગ સુધીના અને ખભાથી લઈ ઢાંકેલા હાથ સુધીના કપડાં ઉપર બરાબર અવલોકન કર્યું, માથા ઉપર જોયું પીળા રંગનો એક પણ છાંટો ક્યાંય પણ જોયો નહી. મારા કપડાં જોયાં. હું તદ્દન બાજુમાં જ ચાલતો હોવા છતાં પણ મારા શરીરના કોઈ પણ ભાગ ઉપર તેમજ સાથે આવેલા શ્રાવકોના કપડાંના કોઈપણ ભાગ ઉપર કે ડોળીના કોઈપણ ભાગ ઉપર એક પણ પીળા રંગનો ચાંદલો ન હોવાથી, મારા મનમાં દેરાસર ઉપર થઈ રહેલી વૃષ્ટિ પાછળ ગુરુદેવનો સંકેત હોવાની બાબતમાં હું શંકાશીલ હતો પણ આ ઘટનાથી મારી શંકા સર્વથા નષ્ટ થઈ ગઈ અને એ વખતે બધાની હાજરીમાં ગુરુદેવને કહ્યું કે આપની આડી રાખેલી હથેળી રસ્તે ચાલતા મારી હાજરીમાં એકાએક રંગાઈ જવાનો આ પ્રયોગ મને ચોક્કસ લાગે છે કે સ્વ. ગુરુદેવે ખરેખર! મને બોધપાઠ આપવા માટે જ કર્યો છે, એટલે મારી શંકા દૂર થઈ ગઈ છે. કારણકે હું ત્રણ ત્રણ કલાક થવા છતાં દેરાસર તથા શહેરમાં થતી વૃષ્ટિ પાછળ કુદરતનું પણ કારણ હોઈ શકે છે એવું જે વિચારી રહ્યો છું એ વિચાર મારો ખોટો છે. એ વૃષ્ટિ પાછળ કારણરૂપે હું (સ્વ. ગુરુદેવ) છું એવો બોધપાઠ આપવા માટે જ આ ચમત્કાર કરી બતાવ્યો છે. હજુ જો ડોળીમાં બેઠેલા ગુરુજીના મસ્તક ઉપર કે શરીરના અન્ય ભાગ ઉપર અથવા આડા રાખેલા હાથ ઉપર જો છાંટા પડ્યા હોત તો હજુ પણ આ વૃષ્ટિ કુદરતી થઈ છે એમ માન્યા કરત! પણ મારી એ સમજને સદંતર રીતે નિર્મૂળ કરવા માત્ર આકાશ તરફ નહીં પણ જરા ઊભી રાખેલી હાથની હથેળી એકાએક આંખના પલકારામાં ચંદનના છાંટાથી ભરાઈ જાય તે દૈવિક શક્તિ સિવાય તદ્દન અશક્ય બાબત હતી. એથી ફરી મેં સૌને કહ્યું કે સ્વ. ગુરુદેવ દેવલોકમાં ઉત્પન્ન થવાની સાથે જ ત્યાંના વૈભવી અને વિલાસી સુખમાં તરત ડૂબી ગયા નથી, પરંતુ જાગૃત રહ્યા છે. અને પોતે દેવલોકમાં ગયા છે એની સહુને ખાત્રી કરાવવા ખાતર જ એમને આ ચમત્કારી ઘટનાનું દર્શન કરાવ્યું છે. વળી આ માટે એમણે એમના જ મહાન શિષ્યના હાથને પસંદ કર્યો અને મને નિમિત્ત બનાવી બોધપાઠ આપવા દ્વારા પ્રતીતિ કરાવી.

ત્યારપછી પૂ. ગુરુદેવને મેં વિનંતિ કરી કે હવે હાથ ઉપરના ચાંદલા ભૂસી ન નાંખતા, ઉપાશ્રયે જઈને આપણા બાકીના સાધુ-સાધ્વીજી અને લોકોને બતાવવા છે.

જગ્યા જોઈ અમે પાછા ઉપાશ્રયે આવી ગયા. ત્યાં સહુને હાથ બતાવ્યો. સહુ સાશ્ચર્ય બની સ્વર્ગસ્થ ગુરુદેવની સ્વર્ગીય લીલાને આશ્ચર્ય અને અહોભાવે દિગ્મૂઢ બની હાથ જોઈ રહ્યા. આ વખતે સમય સાંજના સવાસાત વાગ્યાનો હતો.

આ એક ઘટના અહીં પૂરી થાય છે. હવે બીજી ઘટના જોઈએ.

## પત્ર રીપોર્ટરો શું કહે છે?

તે જ દિવસે હું રાતના દશ વાગ્યા ત્યારે પત્રકારોની રાહ જોઈ રહ્યો હતો. માંગરોળમાં ત્રણ રિપોર્ટરો રહે છે. તેઓ બપોરના મને મળીને તપાસે ઉપડી ગયા હતા. માંગરોળમાં ચંદનના ચાંલ્લાઓની વૃષ્ટિમાં તથ્ય શું છે? શું આની પાછળ કોઈ દૈવિક કારણ છે કે કેમ? તેની જાતે તપાસ કરી પછી આગળ વધવું એ ઇરાદાથી.

રાતના સાડા દશ પછી ત્રણેય રિપોર્ટરો મને મલ્યા, મેં કહ્યું કે બીજા બધા નિર્ણય આપે અને તમો રિપોર્ટ આપો એમાં તમારા રિપોર્ટનું વજન થોડું વજનદાર ગણાય. માટે તમને જે લાગ્યું હોય તે જ વિના સંકોચે જણાવો. તેઓએ કહ્યું કે અનેક ઘરોની અગાસી જોઈ આવ્યા, રોડ જોયા, પાંચ કિલોમીટર સુધી બેટરી લઈને જઈ આવ્યા, નવા બાંધકામો છૂટથી જોયા. એમણે એમ કહીને મારી આગળ એક ઓશીકું મૂક્યું, રૂનો ઢગલો મૂક્યો અને એક લાકડાનો કટકો મૂક્યો. પછી માહિતી રજૂ કરતાં બોલ્યા કે આ ઓશીકું મુસલમાનની ઘરની અગાસીનું છે. 'રૂ' છે તે હિન્દુના ઘરની અગાસીનું છે અને લાકડું છે તે ખારવા વિભાગનું છે. આ ત્રણેય ચીજો પીળા રંગના ચાંલ્લાઓથી ભરાઈ ગયેલી હતી. મેં પૂછ્યું કે તમારૂં જજમેન્ટ શું છે? તે કહો. એટલે તે બોલ્યા કે, આની પાછળ કોઈ દિવ્ય શકિત કામ કરી રહી છે એમ અમને લાગે છે. વધુમાં કહ્યું કે રસ્તે ચાલતા માણસના કપડાં ઉપર, મોટર ઉપર, ઘરોની અંદર પણ પીળા રંગના છાંટાઓ પડયા છે. સહુથી વધુ વર્ષા ખારવા વિભાગમાં થઈ છે. તેથી ખારવાઓએ બે દિવસ માટે માંગરોળ બંદર ઉપર માછલી ન પકડવાનો નિર્ણય કર્યો, અને બે દિવસની લાખો રૂપિયાની કમાણી જતી કરી.

માંગરોળની જનતાએ બીજા દિવસે નીકળનારી પાલખી યાત્રામાં સમસ્ત જનતા ભાગ લેવા આગ્રહ કરતી જાહેરાત લાઉડસ્પીકર દ્વારા કરતાં કહ્યું કે પૂજ્ય સૂરીશ્વરજી માત્ર જૈનોના ન હતા, આપણા હતા, સહુના હતા, યાવત્ સમગ્ર જનતાના હતા માટે તમામ પ્રજાએ અંતિમયાત્રામાં ભાગ લેવો. તે ઉપરાંત ક્યારેય ન પડી હોય એવી સખત હડતાલ પણ પાડી હતી. રાતની શોકસભામાં તમામ પ્રજાએ શ્રદ્ધાંજલિ આપી અને પાલખી યાત્રમાં અજૈનોએ છૂટથી લાભ લીધો હતો.

(૨)

**બીજા પ્રસંગો—**

★ અગ્નિસંસ્કારની જગ્યાએ દિવસો સુધી ચંદનની વૃષ્ટિ ચાલુ રહી હતી.

★ પાલીતાણામાં તેઓશ્રીની દહેરી ફરતી ચંદનવૃષ્ટિ પહેલા જ વરસની કાળધર્મની તિથિએ એક કલાક સુધી ચાલી હતી, સેંકડો લોકોએ તે ઘટના જોઈ હતી.

## (૩) આચાર્ય પદવી પ્રસંગે

અમારી આચાર્યપદવીનો નિર્ણય થયા બાદ પાલીતાણા અને મુંબઈ ખાતે સર્વોદય અને

શિરોમણી પાર્શ્વનાથના સ્થાપક પુણ્યવંતા આત્માને રાતના કેટલાક સંદેશા આપ્યા તેની ટૂંકી નોંધ અહીં નીચે આપું છું. આ નોંધ શેઠશ્રીએ મારા ઉપર મોકલાવી હતી તે ઉપરથી આપી છે.

(૧) આચાર્યપદવીની તમોએ હા પાડી તેનો અપાર આનંદ સ્વર્ગસ્થ ગુરુદેવે વ્યક્ત કર્યો છે.

(૨) જે દિવસે તમોએ પદવીની હા પાડી, તેના બીજા દિવસથી જ તેઓશ્રી બીજા સૂક્ષ્મદેહે સાહિત્યમંદિરમાં તમારી પાસે આચાર્યપદવી આપવાના દિવસ સુધી તમારા સાંનિધ્યમાં વાસ કરવાના છે, અને તમને આધ્યાત્મિક તથા માનસિક નિર્મળતા વધારવા અને તેનું બળ આપવાના છે. સુદિ પાંચમ સુધી રહેશે. છટ્ઠના વિદાય લેશે અને પાંચમની રાતે મને સંદેશો આપશે જે મારે તમને જ કહેવાનો છે. આ પ્રમાણે મારી જોડે વાત કરી છે.

(૩) **"પાલીતાણામાં જૈનશાસનની જે મહાન પ્રભાવના થશે તે તમારા માત્ર પુરુષાર્થનું પરિણામ નહીં હોય પણ કરનારી બીજી શક્તિઓ કામે લાગશે. એક દેવી પદ્માવતીજી અને બીજો હું. અમો જૈનધર્મનો જયજયકાર કરાવશું."** એમ જણાવવાપૂર્વક ભગવતી શ્રી પદ્માવતીજી સાથે રહીને સહીયારો પ્રયત્ન કરવા દ્વારા, હજારો વર્ષમાં ન થયો હોય તેવો ઐતિહાસિક પ્રસંગ નિર્માણ કરીને જૈનધર્મની મહાન પ્રભાવના કરવામાં અકલ્પનીય ફાળો આપ્યો અને પદવી પ્રસંગે પણ અદૃશ્ય રહીને આશીર્વાદ આપ્યા હતા.

(૪) છેલ્લા નવ દિવસ પાલીતાણાનું વાતાવરણ દિવ્ય, ભવ્ય અને અનેરું સર્જવા માટે શ્રી ધરણેન્દ્ર અને પદ્માવતી માનો સાહિત્યમંદિરમાં વસવાટ રહ્યો.

(૫) માગસર સુદિ ૧-૨-૪ મુંબઈવાળા સુશ્રાવકે રાતના સ્વપ્નમાં પાલીતાણા ઉપર દેવ–દેવીઓને સુગંધી જલ–પુષ્પની વૃષ્ટિ કરતા જોયા અને પ્રશ્ન કર્યો કે આપ બધા કેમ આ બધું કરી રહ્યા છો ત્યારે આચાર્યપદવીનો અભિષેક હોવાથી અમો વાતાવરણને અને સ્થળને શુદ્ધ, પવિત્ર અને દિવ્ય બનાવવા ભક્તિ કરી રહ્યા છીએ વગેરે કહ્યું. તે વખતે પૂજ્ય સ્વ. ગુરુદેવ તથા મુનિશ્રી જયાનંદવિજયજીને પણ સ્વપ્નમાં આવ્યા અને વાર્તાલાપ થયો હતો. ચોથની રાતના સ્વપ્નમાં પદવી પ્રસંગે બે દિવ્ય વ્યક્તિઓ સૂરિમંત્રપ્રદાન પ્રસંગે આવી હતી. તે વ્યક્તિ ક્યાંથી આવી? કોણ હતી? કોણે મોકલી હતી? તે અધ્યાહાર રાખું છું.

આ બધા પ્રસંગો સ્વપ્નામાં બનેલાં છે.

★ સ્વર્ગસ્થ મારા ગુરુદેવની ઘણી અસ્વસ્થ તબિયત છતાં આ બધા પ્રસંગોમાં સ્વસ્થતા જળવાય તે માટે તેઓશ્રીએ જ સંભાળ રાખી. સમારંભ પ્રસંગે અદૃશ્ય રીતે ધ્યાન રાખી એમના સ્વાસ્થ્યની સુરક્ષા કરી હતી. અને એથી જ પાંચ--છ કલાક સુધી બેસવા છતાં તે વખતે કે પાછળથી પૂજ્યશ્રીને જરા પણ તકલીફ ઊભી થવા પામી ન હતી. ડોકટરને ન બોલાવવા પડયા કે ન દવા લેવી પડી.

★ પદવીને દિવસે ચાંદીનો વરસાદ વરસાવવાની વાત પદવી પહેલા દોઢ મહિના અગાઉ તેઓશ્રીએ જણાવેલી અને જાહેરાત મુજબ એવાં ચક્રો ગતિમાન કર્યા અને એવા ચોકઠા ગોઠવી દીધા કે આચાર્યપદવી પ્રસંગે સૂરિમંત્ર પટ અપર્ણ, કામળી ઓઢાડવાની અને ગુરુપૂજનની બોલીનો

આંકડો લગભગ સવાબે લાખનો થવા પામ્યો. પાલીતાણા જેવા સ્થળમાં અને મારા માટે કોઈનેય પ્રેરણા ન કરવાની કાયમી મારી નીતિ મુજબ મારા એક પણ ભક્તને બોલી બોલવા માટે કે બોલીમાં ભાગ લેવા માટે સૂચના કરી ન હોવા છતાં તેઓશ્રીએ ભાખેલી ભવિષ્યવાણી સાચી થઈને ઊભી રહી હતી. આ એક ઘણી જ આશ્ચર્યજનક, ઐતિહાસિક આ કાળમાં અકલ્પનીય અને અભૂતપૂર્વ કહી શકાય તેવી ઘટના હતી.

★ મારા તારક ગુરુદેવનો એકાએક કાળધર્મ એટલે અવસાન થવા પામ્યું, આથી હું અત્યંત વ્યથિત બની ગયો હતો. સ્વર્ગસ્થ ગુરુદેવે જ્ઞાનથી મારા હૃદયની પરિસ્થિતિ જાણી, મુંબઈમાં પોતાના અંગત ભક્તજનને રાતના મને આપવા માટેનો આશ્વાસનનો સંદેશો લખાવરાવ્યો. જેમાં તેઓશ્રીએ મને જલદી સ્વસ્થ બની જવા તથા બીજી કેટલીક સૂચનાઓ જણાવેલી. તે લખાણ મને તાબડતોડ પહોંચાડવા ભક્તજનને સૂચના કરી અને તેઓ તરત જ પાલીતાણા આવ્યા. સંદેશો વાંચવા આપ્યો. આવનાર ભક્તે કહ્યું કે મને વહેલામાં વહેલી તકે આપને સંદેશો આપવા કહ્યું છે. એ ભાઈ રાત પાલીતાણા રહ્યા ત્યારે ફરી મને જાણ કરવા માટે લખાણ લખાવ્યું. તે લખાણ પણ તે ભાઈએ બપોરે વિદાય થતાં પહેલાં મને વંચાવ્યું. બીજા પણ અનુભવો થયા જેની નોંધ અહીં આપતો નથી.

આમ પૂજ્યશ્રીની આવી અકલ્પનીય અને અનહદ કૃપા જોઈ હું ભાવાવેશમાં આવી મારી જાતને ધન્ય માની આશ્ચર્ય અનુભવતો. હું એક અદની, સામાન્ય વ્યકિત અને આ બધું શું? આની પાછળ વાસ્તવિક કારણ શું? આના સૂચિતાર્થો શું હશે? તે બધી બાબત મારા માટે એક રહસ્ય જ બની ગઈ છે.

જો કે મેં પૂજ્ય ગુરુદેવને અને ભગવતીજી પદ્માવતીજીને પ્રાર્થના કરી કે આવી આગિયા જેવા ચમકારા જેવી ઘટનાઓથી મને સંતોષ ન થાય. સંતોષ તો ત્યારે થાય કે મારા દ્વારા કોઈ શાસન કે સમાજનું શ્રેષ્ઠ કાર્ય થવા પામે!

**નોંધ :**—ઘણાં સમય પહેલાં આ ઘટના જાહેરમાં મૂકવી હતી પણ યોગ નહિ હોય. આજે પણ પ્રગટ થઈ શકત કે કેમ? તે સવાલ હતો છતાં ઝટપટ લખીને ઝટપટ છપાવીને પ્રસિદ્ધિ આપી છે. સામાન્ય રીતે આવી બાબતો આ કાળમાં કોઈ માને નહિ, ઉલટી હાંસીપાત્ર--ચર્ચાપાત્ર બને અને જાતજાતની કલ્પનાઓ કરે પણ લખેલી હકીકતમાં લેશમાત્ર અતિશયોક્તિ કરી નથી. ચમત્કારોની વાતો જાતજાતની મારા કાને આવતી રહી પણ જે ઘટના અનુભવી, જે જાણી એની જ નોંધો અહીં આપી છે. ખોટી મહત્તા વધારવા લખ્યું નથી, વાહવાહ કરવા જણાવ્યું નથી.

આ પ્રસંગની પ્રસિદ્ધિ પાછળનો હેતુ આ કાળમાં પણ સ્વર્ગે જનારા પુણ્યાત્મા સ્વર્ગે ગયા બાદ જાગૃત રહી ગત જન્મના પરિવારને યાદ કરી, સહાય કરી શકે છે, પોતે ક્યાં ગયા છે તે જણાવી શકે છે એવી વિશ્વાસ બેસે તેવી ઘટના જાણવા મળે તો આજના વૈજ્ઞાનિક યુગના યુવાનોની શ્રદ્ધાને નવું જોમ બક્ષી શકે છે. આવી સદ્‌બુદ્ધિથી જાહેરમાં મૂકી છે.

*–યશોદેવસૂરિ*

जैनं जयति शासनम्

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# પાંચ પરિશિષ્ટો ગુજરાતીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૭ ઇ.સન્ ૧૯૯૧

## પાંચ પરિશિષ્ટ પુસ્તકનું કંઈક પ્રાસ્તાવિક

જૈન શ્વેતાંબર સંઘમાં 'સંગ્રહણીરત્ન', 'બૃહત્ સંગ્રહણી' અથવા 'મોટી સંગ્રહણી' એક જ ગ્રન્થના ત્રણ નામ છે. સમાજમાં તે મોટી સંગ્રહણીથી પ્રખ્યાત છે. તેનું 'ત્રૈલોકયદીપિકા' નામ પણ છે. જુદા જુદા આગમો–શાસ્ત્રોનાં વિષયોને તારવીને તેની પ્રાકૃત ગાથાઓ બનાવી તેના સંગ્રહરૂપે આ ગ્રન્થ તૈયાર કરવામાં આવ્યો છે. આ ગ્રન્થની રચના જૈનસંઘમાં બે આચાર્યોએ કરી છે. એક હતા જૈનધર્મના મહાન આચાર્ય શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ અને બીજા હતા શ્રીચન્દ્રમુનીશ્વર. આ સંગ્રહણીગ્રન્થનું ભાષાંતર સારૂં મળતું ન હતું એટલે તેનું ભાષાંતર ૧૮ થી ૨૦ વર્ષની ઉમ્મરે મેં સં. ૧૯૯૦–૯૧માં અતિપરિશ્રમ સેવીને કર્યું હતું. કેટલાંક ચિત્રો પણ ત્યારે બનાવ્યાં હતાં અને સં. ૧૯૯૫ માં તે ગ્રન્થ પ્રસિદ્ધ થયો હતો એની જ બીજી આવૃત્તિ પ્રસિદ્ધ થવાની તૈયારીમાં છે.

સંગ્રહણી ભાષાંતર સાથે કંઈક સંબંધ ધરાવતા જાણવા જેવાં પાંચ પરિશિષ્ટોની પહેલી આવૃત્તિ ૫૦ વર્ષ પહેલાં પ્રગટ થઈ હતી. વરસોથી તે અપ્રાપ્ય હતી એટલે તેની બીજી આવૃત્તિ સંસ્થાએ પ્રસિદ્ધ કરી છે. જેમાં નીચેનાં પાંચ પરિશિષ્ટો આપ્યાં છે.

૧. ચૌદરાજલોક અને તેની વ્યવસ્થાનું વર્ણન

૨. સંખ્યાત, અસંખ્યાત અને અનંતનું સ્વરૂપ

૩. તીર્થંકર, ચક્રવર્તી, વાસુદેવ આદિનો પરિચય

૪. ત્રસકાય–અપ્કાયનું વિવેચન અને

૫. આકાશવર્તી અષ્ટકૃષ્ણરાજીની વ્યાખ્યા

પહેલામાં ચૌદરાજરૂપ જૈન વિશ્વ કેવું છે? કેવા આકારે છે? સુપ્રસિદ્ધ ત્રણેય લોક કેવા છે? ક્યાં આવ્યા છે? એક રાજ કોને કહેવાય? વગેરે અનેક વિગતો, બીજામાં કાળની ગણતરી જૈનશાસ્ત્રોમાં જે બતાવી છે તેવી બીજાં કોઈ શાસ્ત્રો કે દર્શનકારોએ જણાવી નથી. સંખ્યાત, અસંખ્યાત, અનંતનું માન કોને કહેવાય તેની વિશદ સમજ, ત્રીજામાં જૈનધર્મમાં ઈશ્વર કે તીર્થંકર તરીકે ઓળખાતી વ્યકિતનો તથા તે તે કાળે થતા ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, બલદેવાદિ વગેરે વ્યકિતઓનો પરિચય, ચોથામાં તમસ્કાય અને પાંચમામાં અષ્ટકૃષ્ણરાજી, આ બંને વસ્તુઓનું સ્થાન આકાશવર્તી છે. તે બધાનો પરિચય આપવામાં આવ્યો છે.

આ પુસ્તિકામાં શાસ્ત્ર વિરૂદ્ધ વિધાન થઈ ગયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

પરિશિષ્ટોની નકલો બહુ ઓછી છપાવવાના કારણે પુસ્તિકા ૧૫ રૂા. પડવા છતાં કિંમત ૧૨ રૂા. રાખી છે.

— *યશોદેવસૂરિ*

આગ જેવા ઉગ્ર રાજાની સેવા નકામી કારણકે એના આવેશની અગનજ્વાળા ક્યારે સેવકોને સળગાવી દે તે કહેવાય નહીં. ચમડી છુટે પણ દમડી ના છુટે તેવા કૃપણ સ્વામીની સેવા પણ વ્યર્થ કારણ કૃપણ વ્યક્તિ કયારેય કદર કરી શકતી નથી. રાજા, વાજાં ને વાંદરા આ ઉક્તિને સાર્થક કરનારા રાજાની ચાકરી પણ નિષ્ફળ ગણાય છે. કેમકે વિશેષ જ્ઞાન વિનાના એ કાચા કાનના રાજાઓ ક્યારે ખીજાઈને ખેદાન મેદાન કરી દે તેનો ભરોસો નહિ અને વફાદારીને વિસરી જતાં કૃતઘ્ની રાજાની સેવાય નિરર્થક કારણકે છેલ્લા શ્વાસ સુધી સેવા કરનારને પણ સન્માનવાનું સૌજન્ય એમનામાં હોતું નથી એમની સેવાથી ફૂલોની મજા નહીં પણ શૂલોની સજા મળે છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# પૂ. યુગદિવાકર આ.શ્રી વિજયધર્મસૂરિજી શ્રદ્ધાંજલિ વિશેષાંકની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૮ . ઇ.સન્ ૧૯૯૨

**૬૩**

## પૂજ્યશ્રીજીનું સંપાદકીય નિવેદન

*—વિજયયશોદેવસૂરિ*

પરમપૂજ્ય યુગદિવાકર આચાર્ય શ્રી વિજય ધર્મસૂરિજી શ્રદ્ધાંજલિ વિશેષાંક પ્રગટ થઇ રહ્યો છે, તેમાં મર્યાદાથી પણ વધુ વરસો પ્રકાશિત કરવામાં વીત્યાં હોવાથી પ્રસિદ્ધિનો આનંદ-ગૌરવ કેવી રીતે લઇ શકાય? મોડું થવામાં કેટલાંય કારણોએ ભાગ ભજવ્યો છે. ચિત્ર-વિચિત્ર ઘણી પરિસ્થિતિ ઊભી થઇ અને બીજા અનેક અવરોધો પણ ચાલુ રહ્યા. વચમાં ત્રણ-ચાર વર્ષ મારા તન-મનનું સ્વાસ્થ્ય પણ ઘણું બાધક બનતું રહ્યું. આ બધાયનો સરવાળો એ કે જે ગ્રંથ પાંચ વર્ષ પહેલાં બહાર પડવો જોઇતો હતો અને ઘણાં કારણોસર જરૂરી પણ હતું છતાં તે આજે પાંચ વર્ષ પછી પ્રકાશિત થઇ રહ્યો છે તેનો અમને ભારે રંજ અને દુઃખ છે.

દસ વર્ષ પહેલાં મારું સ્વાસ્થ્ય અનેક કાર્યોને વહેલું-મોડું ઠીક ઠીક સમયમાં પહોંચી વળવા સમર્થ હતું, પણ સમય જતાં ઉંમરનો વધતો આંક, બ્રેનની જૂની તકલીફમાં થયેલો વધારો એટલે બધી રીતે કાર્યને બ્રેક લાગી. સ્વાસ્થ્ય દિન-પ્રતિદિન વધુ ડાઉન થતું રહ્યું. તેમાં મારા સ્વભાવનું એક દૂષણ કહો કે ભૂષણ, પણ ક્યારેક ઘણાં કાર્યો એક સાથે હાથ ઉપર લેવાની ટેવ પણ આમાં થોડી બાધક બનતી હતી. એક સાથે વધુ કાર્યો લેવાં ન જોઇએ એ બાબતની પૂરી સભાનતા છતાં જ્ઞાનના ઉત્કટ રસના લીધે અને અન્ય પરિસ્થિતિઓના કારણે એમ બની જતું. બીજી બાજુ માથું એક અને હાથ બે અને કામો વધુ માથાના અને વધુ હાથોના પછી એ કાર્યોને પહોંચી વળવાનું કે ન્યાય આપવાનું કામ

સ્વાભાવિક રીતે જ મુશ્કેલ બની જાય. વળી આજકાલની પ્રેસોની સર્જાએલી પારાવાર મુશ્કેલીઓના કારણે કાર્યો પૂર્ણ કરવાનું કામ મુશ્કેલ બની ગયું છે. આવી પરિસ્થિતિ વચ્ચે પણ જેવું કે તેવું, સારું કે નરસું, ગમતું કે અણગમતું પણ સહુના સદ્ભાગ્યે આ વિશેષાંકનું કાર્ય મોડું મોડું પણ સમાપ્તિને પામ્યું એનો મોટો સંતોષ માનવો રહ્યો!

આજથી સાતેક વર્ષ ઉપર પૂજ્યપાદ યુગદિવાકર આચાર્યશ્રીજીના મુંબઈવાસી ગુણાનુરાગી અનન્ય ભક્તજન શ્રી કાંતિલાલ સુખલાલ જેઓ ધર્મશ્રદ્ધાળુ સુશ્રાવક છે. તેમને ભક્તિભાવથી વિચાર આવ્યો કે આવા મહાન શાસનપ્રભાવક અને જૈનસંઘનું શ્રેય-કલ્યાણ કરવામાં અપ્રતિમ ફાળો આપનારા જ્ઞાની ગુરુદેવનો શ્રદ્ધાંજલિ અંક કાઢવો જ જોઈએ, અને શિક્ષણસંઘની પત્રિકાના જ વિશેષાંકરૂપે તે બહાર પાડવો એવો વિચાર કર્યો, તે પછી પત્રિકાના પ્રધાન સંચાલક, વરસોથી પ્રાણ બનેલા, અઠંગ કાર્યકર્તા ધર્માત્મા શ્રી ચીમનભાઈ પાલીતાણાકરે પ્રસ્તુત વિચારને પ્રોત્સાહન આપ્યું અને અન્ય કાર્યકરોએ પણ સંમતિ આપી. તે પછી શિક્ષણ સમિતિ તરફથી સહકાર્યકરોની સંમતિ મેળવી એમને જુદા જુદા લેખકો, વાચકોને પૂજ્યપાદ યુગદિવાકરશ્રી પ્રત્યે શ્રદ્ધાંજલિના રૂપમાં લેખરૂપે કંઈકને કંઈક પ્રાસાદી મોકલી આપવા વિનંતી કરી. તે ઉપરાંત શિક્ષણસંઘની પત્રિકાના શ્રદ્ધાંજલિ અંકમાં વંદનારૂપે ફાળો આપવા અપીલ પણ કરી. તે વખતે તેમની ધારણા લગભગ ૩૦૦ પાનાંનો અંક કાઢવાની હતી.

જૈનસંઘમાં, જૈનસમાજમાં દ્રવ્યાનુયોગના ઊંડા અને પ્રખર જ્ઞાની-વિદ્વાન તરીકે, જૈનશાસન અને જૈનધર્મના મહાન પ્રભાવકપુરુષ તરીકે પૂજ્ય ગુરુદેવનું એક વિશિષ્ટ સ્થાન હતું. તેમની લેખનશૈલી પણ વિશિષ્ટ હતી. હજારો લોકોનું આત્મકલ્યાણ થાય એ માટે મુંબઈની સ્થિરતા દરમિયાન ચિરસ્મરણીય, અભૂતપૂર્વ ધાર્મિક ઉત્સવો, સામાજિક કાર્યો અને જૈનશાસનમાં બીજાં અનેક નાનાં-મોટાં જે કાર્યો થયાં તે, તથા પૂજ્યશ્રીએ પોતાના અમોઘ ઉપદેશ અને પ્રખર પ્રભાવથી મુંબઈ શહેરને અનેક જિનમંદિરો તથા ધર્મસ્થાનોથી મંડિત કર્યું તેની વિગતો, સાધર્મિક બંધુઓ માટે અનેક યોજનાઓ કરી. જૈન ઉપાશ્રયો, પાઠશાળાઓ, આયંબિલખાતા વગેરેનાં પણ નિર્માણ કરાવરાવ્યાં. આ બધાને ધ્યાનમાં રાખીને પૂજ્ય આચાર્ય મહારાજાઓએ, સાધુ-સાધ્વીઓ વગેરેએ પૂજ્ય યુગદિવાકરશ્રીજીના જ્ઞાન, વિજ્ઞાન, સંયમી જીવન, લેખનકાર્ય, શાસન પ્રભાવકતા તથા સંયમ સાધનાની અનુમોદના-પ્રશંસા કરતા, ભાવભીની ભાવાંજલિ આપતા લેખો, કવિતાઓ મોકલી આપ્યા હતા, તે બધું આમાં મુદ્રિત કરવામાં આવ્યું છે. આ લેખો-કવિતાઓ દ્વારા જે શ્રદ્ધાંજલિ આપી છે તેમાં પૂજ્ય યુગદિવાકરશ્રીજી પ્રત્યે, પૂજ્યશ્રીજીનાં જીવન પ્રત્યે, કાર્યો પ્રત્યે સમાજમાં કેવો અહોભાવ વર્તતો હતો તેનું દર્શન જોવા મળે છે. એક સંઘાડાના આચાર્યશ્રીજી માટે બીજા સંઘાડાના આચાર્યો, મુનિરાજો ભાવભીની શ્રદ્ધાંજલિ આપે ત્યારે સહુ ગૌરવ અનુભવે અને પરસ્પરનો આદર, પ્રેમ, મૈત્રી, પ્રમોદભાવ અને ગુણીયલ દૃષ્ટિ જોઈને અનેરા આનંદ સાથે અનુમોદના થાય તે સ્વાભાવિક છે.

તે ઉપરાંત તેઓશ્રીના તેજસ્વી જીવનના વિવિધ પાસાઓ ઉપર ચતુર્વિધસંઘના ચારેય અંગો તરફથી તથા જૈનસમાજના કેટલાક અગ્રણીઓ, લેખકો, શિક્ષકો, પંડિતો તરફથી પૂજ્યશ્રીજીના

સંઘાડાના તથા અન્ય ગચ્છ કે સમુદાયના પૂજ્ય સાધ્વીજીઓએ હૃદયના ઊંડા ભાવભક્તિથી ભાવભીના જે સંદેશાઓ મોકલ્યા તે પણ અહીં છાપ્યા છે. આ માટે અમો સહુ ધન્યવાદ આપવા સાથે ગૌરવ અનુભવીએ છીએ.

આ શ્રદ્ધાંજલિ અંકના ૩૨ ફર્મા શ્રી કાંતિભાઈના નિકટના પરિચિત કલ્યાણ માસિકના તંત્રીશ્રી ધર્માત્મા કીરચંદભાઈએ ખૂબ લાગણીથી છાપી આપ્યા છે. અલબત્ત આ અંકનું મુદ્રણ અને આયોજન લગભગ ચાલુ માસિકપત્રોના ઢબે રાખેલું હોવાથી વાચકોને મુદ્રણ વગેરે સંતોષજનક નહીં લાગે. સૌથી વધુ ખટકતી વાત પ્રૂફરીડીંગમાં દાખવેલી અતિ નબળાઈ, એમ છતાં બીજી રીતે એક વાત ખાસ ધ્યાનમાં રાખવી ઘટે કે આ ગ્રન્થ એ અભિનંદન ગ્રંથ નથી પરંતુ શ્રદ્ધાંજલિ અંક છે, એ ખ્યાલમાં રાખીને મુદ્રણાદિકની ક્ષતિઓ ક્ષમ્ય ગણવી રહી. યદ્યપિ અતિવિષમ સંજોગોના લીધે આ ગ્રંથનું બાહ્ય સૌંદર્ય ઉપસાવી શકાયું નથી પણ એનું આંતરિક વિગતોનું આકર્ષણ ઘણું હોવાથી એ પૂરતો સંતોષ અને આનંદ માણવો રહ્યો!

હવે ૩૨ ફર્માને અંતે આ અંકની સમાપ્તિ કરવી કે પૂજ્યપાદશ્રી યુગદિવાકરશ્રીના વિવિધ પ્રસંગો--ઘટનાઓ ઉમેરીને ગ્રંથનું કદ વધારવું ? અમને એમ થયું કે આ અંક સંસ્થા અભિનંદન ગ્રંથરૂપે નહીં પણ પૂજ્યપાદશ્રીનાં કાર્યો અને ઘટનાના સંગ્રહરૂપે બહાર પાડી રહી છે ત્યારે તેઓશ્રીના જીવનની બીજી ઘટનાઓ આપવા જેવી હોય તો આપી દેવી એ યોગ્ય છે, જેથી પૂજ્યપાદશ્રીજીના જીવન અને કાર્યોને લોકો વધુ સારી રીતે સમજી શકે. કેમકે પૂજ્યપાદશ્રીજીનું સુવિસ્તૃત સળંગ ★ જીવન લખાયું નથી એટલે પ્રગટ થયું નથી. આ સંજોગોમાં આ શ્રદ્ધાંજલિ અંકમાં પૂજ્યશ્રીજીના જીવન, કવન, પ્રભાવકપણાને તથા મહાનતાને સ્પર્શ કરતી યથાશક્તિ વિગતો, હેવાલો અને નોંધો આપવી એ ધ્યેય નક્કી કરી આ વિશેષાંકમાં ઓછી જરૂરી કે વધુ જરૂરી, નાની કે મોટી ઘણી ઘણી વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## શ્રદ્ધાંજલિ અંકનો પરિચય

આ અંકમાં પ્રથમ ૧ થી ૧૭ પૃષ્ઠમાં વિવિધ વર્તમાનપત્રો અને પુસ્તકોમાં પ્રગટ થયેલા પૂજ્ય ગુરુદેવના જીવનપ્રસંગો આપ્યા છે, અને આ અંક પાંચ વિભાગમાં વિભક્ત કરવામાં આવ્યો છે.

પહેલા વિભાગમાં ૧ થી ૧૩૬ પૃષ્ઠ છે. તેમાં પૂ. આચાર્ય મહારાજાઓએ, પૂ. મુનિરાજોએ, પૂ. સાધ્વીજી મહારાજોએ તથા અન્ય વ્યક્તિઓએ જે લેખો તથા ગીતો દ્વારા સ્વ. ગુરુદેવને ભાવભીની જે શ્રદ્ધાંજલિ આપી તે બધા લેખો અને ગીતો વગેરે સાહિત્ય સામગ્રી પ્રસ્તુત કરી છે.

બીજો વિભાગ ૧૩૭ થી ૨૨૪ પૃષ્ઠ સુધીમાં આપ્યો છે. તેમાં મુંબઈમાં પૂજ્ય ગુરુદેવના કાળધર્મ બાદ જૈનાચાર્યો, જૈન સાધુઓ, સાધ્વીઓ તથા શ્રાવક-શ્રાવિકાઓ, જૈનસંઘો, ટ્રસ્ટો, વિવિધ સંસ્થાઓ વગેરે તરફથી જે જે શોક સંદેશાઓ આવ્યા હતા તે (અક્રમપણે) છાપ્યા છે.

---

★ પૂજ્યશ્રીનું જીવનચરિત્ર પ્રગટ થવાની તૈયારીમાં હોવા છતાં પ્રગટ થઈ ન શક્યું તે અંગેની વિગત પ્રસ્તુત નિવેદનમાં અંતમાં આપી છે.

ત્રીજો વિભાગ ૨૨૫માં પૃષ્ઠથી શરૂ થઈને ૨૯૭માં પૃષ્ઠમાં પૂર્ણ થાય છે. તેમાં શરૂઆતના ચાર પૃષ્ઠમાં 'તારમાં પ્રતિબિંબિત અંતરના તાર' આ હેડીંગ નીચે આવેલા તારોની નામાવલી આપી છે.

તે પછી મુંબઈ વગેરે સ્થળના અનેક વર્તમાનપત્રો, દૈનિકપત્રો, સાપ્તાહિકો, માસિકો વગેરેમાં જે રિપોર્ટ પ્રગટ થયા હતા તે, તે પછી મુંબઈ મમ્માદેવીના મેદાનમાં પૂ. આ શ્રી વિજય જયાનંદસૂરિજી મહારાજની અધ્યક્ષતામાં અનેક જૈનાચાર્યોની હાજરીમાં ૫૦ હજારની માનવમેદની વચ્ચે યોજાયેલી વિરાટ શોકસભાની વિગતો, પાછળથી મળેલી શ્રદ્ધાંજલિઓ તથા પ્રેરક લેખો, તે પછી પૂજ્ય ગુરુદેવના કાળધર્મ બાદ પૂજ્યશ્રીની મુંબઈ–પાયધુની ગોડીજીના દહેરાસરથી ચેમ્બુર સુધીની ૨૧ કિલોમીટર લાંબી નીકળેલી બે લાખ માણસોના માનવસાગરથી ઊભરાતી જંગી, વિરાટ, અજોડ અને ઐતિહાસિક પાલખીયાત્રાના ભવ્ય હેવાલો, પાછળથી આવેલી શ્રદ્ધાંજલિની વિગતો, આવેલા શોકસંદેશાના જવાબરૂપે પાલીતાણા અને મુંબઈથી પૂજ્ય ગુરુદેવો દ્વારા પાઠવવામાં આવેલી પત્રિકાઓ, તેમાં પાલીતાણા તથા મુંબઈથી અપાયેલો હૃદયંગમ જવાબ, પાલીતાણામાં પૂ. આચાર્યશ્રી યશોદેવસૂરિજીની નિશ્રામાં યોજાયેલ સ્વ. યુગદિવાકર ગુરુદેવની ગુણાનુવાદ સભા, તે પછી સ્વ. ગુરુદેવના કાળધર્મ નિમિત્તે મુંબઈ શહેરના અનેકાનેક મંદિરોમાં તથા પાલીતાણા તેમજ અન્ય શહેરોમાં પ્રભુ ભક્તિ નિમિત્તે થયેલાં ભવ્ય ઉત્સવો, મુંબઈ–ભાયખલામાં પચાસેક હજારની માનવમેદની વચ્ચે પૂજ્ય ગુરુદેવની થયેલી અભૂતપૂર્વ, ઐતિહાસિક આચાર્યપદવીનો રોમહર્ષક–રોમાંચક હેવાલ વગેરે વિગતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

ચોથો વિભાગ—આ વિભાગ પૃષ્ઠ નંબર ૨૯૮ થી ૩૭૨ સુધીમાં પૂર્ણ થાય છે. તેમાં પ્રથમ ભારતના સંરક્ષણ પ્રધાન શ્રી વાય. બી. ચૌહાણે દિલ્હી જતાં મુંબઈ—વાલકેશ્વરમાં લીધેલા આશીર્વાદ, તે પછી મુનિશ્રી યશોવિજયજીએ પૂજ્ય યુગદિવાકરશ્રીજીને સમર્પણ કરેલ બૃહત્સંગ્રહણી ગ્રંથનું પાનું, ગુરુ–શિષ્ય (પૂ. યુગદિવાકર આચાર્યશ્રીજી તથા સાહિત્યકલારત્ન મુનિશ્રી યશોવિજયજી) વચ્ચે લખાએલા કેટલાક પત્રો અને ઘટનાઓ, મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણસંઘે પૂજ્ય યુગદિવાકરશ્રીજીના સત્કાર–સન્માન માટે યોજેલા સમારંભ અંગેની પ્રેરક ઘટના, જંગી ઉજમણાંનો ભવ્ય હેવાલ, મુનિશ્રી યશોવિજયજી તથા મુનિ જયાનંદવિજયજીને આપેલ પદપ્રદાનનો હેવાલ, માનનીય શ્રી વાય. બી. ચૌહાણના આશીર્વાદનો એક પ્રસંગ, મુંબઈ–ગોડીજીમાં સ્થાપેલી જગદ્ગુરુ જૈન સંસ્કૃત પાઠશાળા, સાધર્મિક બંધુઓના ઉત્કર્ષ માટે પૂજ્ય ગુરુદેવે લખેલા સચોટ ત્રણ લેખો તથા સાધર્મિક ભક્તિ અંગે કરેલાં ભવ્ય આયોજનો, મુંબઈ–લાલબાગ ભૂલેશ્વરમાં ઊભી થયેલી જંગી ધર્મશાળા તથા ભોજનશાળાના ઉદ્ઘાટનના ભવ્ય હેવાલો, મુનિશ્રી યશોવિજયજી તથા એક સુશ્રાવકની રોમાંચક ઘટના, ગોડીજીના ઉપાશ્રયના શિલાલેખની પ્રેરક ઘટના, વાલકેશ્વરમાં ભારે ધામધૂમથી થયેલું પૂજ્યશ્રીનું વરસીતપનું પારણું, પૂજ્ય યુગદિવાકરશ્રીની આચાર્યપદવીની કંકોત્રીની વિશેષતા, ગીતો તથા ઉક્તિઓ, મુંબઈ–લાલબાગ જૈનધર્મશાળાના ઉદ્ઘાટનનો પ્રસંગ, પૂજ્ય યુગદિવાકરશ્રીજીને આચાર્યપદવી લેવા માટે વિનંતી કરતાં ભાવનગરના જૈનપત્રના તંત્રીશ્રીના બે પત્ર, પૂજ્યશ્રીજીના ઉપદેશથી તેમજ પૂ. આચાર્યશ્રી યશોદેવસૂરિજીના સહકારથી પાલીતાણામાં ઊભી થયેલ શત્રુંજય હોસ્પિટલ, શ્રમણીવિહાર તથા ધર્મવિહાર વગેરેના સમાચારો, પૂ. યુગદિવાકરશ્રીજીના ૭૫માં વર્ષે અમૃત મહોત્સવની વઢવાણમાં થયેલી ઉજવણી, મુંબઈમાં ઊભા

થનારા કીર્તિસ્થંભનું ભૂમિપૂજન તથા ભવ્ય હેવાલ, આખા દેશમાં ઉજવાયેલા ભગવાન શ્રી મહાવીરના ૨૫૦૦મા નિર્વાણ પ્રસંગની ઉજવણી પ્રસંગે પૂજ્ય ગુરુદેવે પૂરું પાડેલું નેતૃત્વ, મુંબઈથી નીકળેલા શત્રુંજય તીર્થની પદયાત્રા સંઘનો અજોડ, યાદગાર અને ઐતિહાસિક હેવાલ વગેરે વિવિધ ઘટના–પ્રસંગોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

પાંચમો વિભાગ નેચરશેડ કાગળ ઉપર છાપવામાં આવ્યો છે, તેથી તે વિભાગ બધા વિભાગની દૃષ્ટિએ સુવ્યવસ્થિત અને સુંદર બન્યો છે. ચાર વિભાગ છપાયા પછી શ્રદ્ધાંજલિ અંકના વિભાગ સાથે સળંગ નંબર આપવાનું અનુકૂળ ન હોવાથી પાંચમો વિભાગ પૃષ્ઠ નંબર ૧ થી જ શરૂ કરેલ છે અને તે ૨૦૮ પાને પૂર્ણ થાય છે. આ વિભાગમાં સ્વ. યુગદિવાકરશ્રી અને મુનિશ્રી યશોવિજયજી વચ્ચે થયેલા અનેરા, અભૂતપૂર્વ, યાદગાર ૩૫ તથા પાછળથી બે વધતા ૩૭ પત્રોની શૃંખલા, જેમાં પરમપૂજ્ય આ.શ્રી વિજયમોહનસૂરીશ્વરજી મહારાજ, પ. પૂ. આ. શ્રી વિજયપ્રતાપસૂરિજી મહારાજ, પ. પૂ. યુગદિવાકર આ.શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ અને મુનિશ્રી યશોવિજય સાથે થયેલા પરસ્પર પત્રવ્યવહારના લાંબા–ટૂંકા ઉલ્લેખો, તે અંગેના જરૂરી બ્લોકો, ઐતિહાસિક નોંધો તેમજ ગુરુ–શિષ્ય વચ્ચેના સંબંધો—પ્રસંગોની અત્યંત રસપ્રદ, પ્રેરણાપ્રદ અને રોમાંચક અનેક વિગતો–ઘટનાઓથી સભર છે.

આ પાંચમા વિભાગમાં પ્રથમ ૩૫ પત્રો છાપવામાં આવ્યા છે. તેમાં યશોવિજયજી સારસ્વત સત્રની ઉજવણીનો પ્રસંગ, ઉપધાન અંગે મુનિશ્રી યશોવિજયજીનો અભિપ્રાય, મુંબઈના કીર્તિસ્થંભની કથા અને તેની વ્યથા, રાષ્ટ્રને અર્પણ કરાવેલ ૧૭ લાખના સુવર્ણ બોન્ડનો પ્રસંગ, ભગવાન મહાવીરના ચિત્રસંપુટના ઉદ્‌ઘાટનનો તથા પૂજ્યશ્રીની અધ્યક્ષતામાં ઉજવાયેલો ભગવાન મહાવીરનો ૨૫૦૦મો નિર્વાણ મહોત્સવ, તે પછી મુંબઈથી પાલીતાણા પધાર્યા બાદ સૌથી શિરમોર જેવો ગણાતો અભૂતપૂર્વ, ઐતિહાસિક મુનિશ્રી યશોવિજયજીની આચાર્યપદવીનો જે પ્રસંગ ઉજવાયો તેની ઘટના, પૂજ્ય યુગદિવાકરશ્રીજીના ઉપદેશથી શત્રુંજય હોસ્પિટલ શ્રમણીવિહાર, ધર્મવિહાર વગેરે અનેક ઉપયોગી સંસ્થાઓ–સ્થાનકો નિર્માણ થયાં તે, વઢવાણમાં ઉજવાયેલ અમૃત મહોત્સવની ઉજવણી, તિથિ–સંવચ્છરી પ્રકરણ અંગેની તથા પટ્ટક અંગેની વિગતો, તે પછી **यशः पादरजः**–પૂજ્ય યુગદિવાકરશ્રીજીએ સ્વયંભૂ ઇચ્છાથી પોતાના શિષ્ય મુનિશ્રી યશોવિજયજીના ચરણના રજની ભરેલી શીશીની ૬૦ વર્ષ પુરાણી રોમાંચક, આશ્ચર્યકારી, ઐતિહાસિક ઘટના અને તેનો બ્લોક, પોતાના શિષ્ય એક જ દિવસમાં ૧૦૦ ગાથા–શ્લોકો કંઠસ્થ કરી શકે છે તેની ખાતરી આપતા પૂજ્ય ગુરુદેવશ્રીના હસ્તાક્ષરનો છાપેલો બ્લોક વગેરે વિગતો રજૂ કરી છે.

બ્લોક વિભાગ—પૃષ્ઠ નંબર ૧૨૦ થી ૧૫૦ સુધી ૩૫ પત્રોમાંથી અતિજરૂરી એવા લગભગ ૨૨ પત્રોના બ્લોકો પૂજ્ય યુગદિવાકરશ્રીએ લખેલા સુંદર હસ્તાક્ષરોનું દર્શન કરાવતા છાપ્યા છે. જો કે તે જોઈએ તેવા ઉઠાવદાર નથી. તેનું કારણ ઘણાં કાગળો શ્યામ અને જીર્ણ થઈ ગયા હતા. અક્ષરોની શાહી ઘણી ઝાંખી થઈ ગઈ હતી.

ત્યારપછી ૪૦ વર્ષ પહેલાં અનેક નવીનતાઓથી સભર એવી છપાએલ કલ્પસૂત્રની મુદ્રિત પ્રતિની પ્રસ્તાવનામાં પૂજ્ય આ.શ્રી વિજયધર્મસૂરિજી મહારાજે પોતાના શિષ્ય મુનિશ્રી યશોવિજયજીને અણમોલરત્ન જેવા અતિશ્રેષ્ઠ વિશેષણથી બિરદાવ્યા છે તેનો બ્લોક, બંને વડીલ

ગુરુદેવોએ મુનિશ્રી યશોવિજયજીના ★ ૬૧માં વર્ષના પ્રવેશ પ્રસંગે સ્વયંભૂ ઇચ્છાથી ઘાટકોપરથી પાઠવેલા શુભાશીર્વાદ, પૂજ્ય મુનિજીના દીક્ષાના ૪૬માં વર્ષના પ્રવેશ નિમિત્તે પણ પૂજ્ય યુગદિવાકરશ્રીજીએ વ્યક્ત કરેલી શુભભાવના અને આશીર્વાદ તથા તેઓશ્રીના આશીર્વાદાત્મક લખાણનો બ્લોક, શત્રુંજયહોસ્પિટલના ભવ્ય ઉદ્‌ઘાટનના સમાચાર જાણી અને મુંબઇ આવવા માટે મુનિજીએ સંમતિ આપી તે માટે મુંબઇથી પત્ર દ્વારા પૂજ્ય યુગદિવાકરશ્રીજીએ વ્યકત કરેલો આનંદ, મુંબઈથી વિહાર કરતાં ચોપાટીમાં વિદાયગીરી પ્રસંગે ઉપસ્થિત થયેલી ૫૦ હજારની માનવમેદની વચ્ચે પૂજ્ય આ.શ્રી વિજયધર્મસૂરિજી મહારાજને તથા મુનિશ્રી યશોવિજયજીને અણજાણપણામાં આપેલી પદવીઓની ઘટનાની નોંધ, મુનિજીને આચાર્યપદવી આપવા માટે વિનંતી કરતા જુદા જુદા શ્રાવકોએ ગુરુદેવો ઉપર લખેલા ૧ થી ૫ પત્રો પૃષ્ઠ નંબર ૧૬૪ થી ૧૬૯ ઉપર આપ્યા છે. તે પછી મુંબઈમાં ઊભા થનારા કીર્તિસ્થંભની જન્મકથા તથા ઈતિહાસ, ત્યારપછી વધારાની પુરાણી એક પત્ર શ્રેણી ૧૭૨માં પાને શરૂ થઈ ૧૯૫માં પાને પૂર્ણ થાય છે. તેમાં *સં. ૧૯૮૮માં ગુરુદેવોનો પાલીતાણા–સિહોરના ચોમાસાના પ્રસંગને અનુલક્ષીને પરસ્પર પત્રવ્યવહાર થયા હતો તે પ્રગટ કર્યો છે. આ પત્રોમાં બાલમુનિને બરાબર યાદ કરી ‘શ્રીમાન્ યશસ્વીજી,’ ‘બાલયોગી’ વગેરે ભારોભાર પ્રેમ ઠાલવતા, કલ્પનામાં ન આવે એવા રોમહર્ષ ઉલ્લેખો પણ વાચકોને જોવા મળશે.

પૃષ્ઠ નંબર ૧૭૨ થી શરૂ થતી અને ૧૯૫માં પૃષ્ઠ ઉપર પૂર્ણ થતી શ્રેણીમાં ૧ થી ૧૫ પત્રો પ્રગટ કર્યા છે. તેમાં પહેલો પત્ર પૂજ્ય આચાર્ય શ્રી વિજયમોહનસૂરિજી મહારાજે પાલીતાણા બિરાજતા પોતાના શિષ્ય ઉપાધ્યાય શ્રી પ્રતાપવિજયજી ઉપર લખેલો છે. બીજો પત્ર પૂજ્ય ધર્મવિજયજી મહારાજે પાલીતાણામાં પોતાના ગુરુદેવને પોતાની પદવીની બાબત અંગે લખેલો છે. ત્રીજો, ચોથો પત્ર સિહોરથી પૂ.આ. શ્રી વિજય મોહનસૂરિજી મહારાજે પાલીતાણા પોતાના શિષ્ય ઉપા. શ્રી પ્રતાપવિજયજી ઉપર લખેલો છે. ગુરુ–શિષ્ય બંનેના પત્ર ખૂબ જ હૃદયસ્પર્શી છે. દરેક સાધુ માટે ખાસ વાંચવા જેવા અને મનનીય છે. પરસ્પરનો પ્રેમ, વિશ્વાસ, નમ્રતા, સરલતા, ભક્તિ, કર્તવ્યનિષ્ઠા ખરેખર! આપણને મંત્રમુગ્ધ કરે તેવી છે. ધન્ય છે આવા સરળ, નમ્ર, વિનયશીલ અને પ્રેમાળ આત્માઓને! વળી એ પત્રોમાં પણ સહુના પ્રિયપાત્ર બનેલા બાલમુનિશ્રી યશોવિજયજી માટે વ્યક્ત કરેલો ભાવ ખાસ જાણવા જેવો છે.

પાંચથી નવ નંબરના પત્રો પૂજ્ય ધર્મવિજયજી મહારાજે પાલીતાણા પોતાના ગુરુદેવ ઉપર જે લખેલા છે તે પત્રોમાં બાલમુનિ યશોવિજયજીને કેવી કેવી રીતે, કેવા કેવા શબ્દોમાં બિરદાવી પોતાની અંતરભાવનાને સંતોષી છે. દશમો પત્ર સં. ૧૯૯૨માં પૂ. ઉપા. શ્રી પ્રતાપવિજયજી મહારાજ જામનગર ચોમાસું કરવા ગયા ત્યારે પૂ. આ. શ્રી વિજયમોહનસૂરિજી મહારાજે પાલીતાણાથી નૂતનવર્ષના આશીર્વાદ આપતો જે પત્ર લખ્યો હતો તે ખાસ વાંચવા જેવો છે. પત્ર

---

★ પૂ. મુનિશ્રી યશોવિજયજી પોતાની જાતને બહુ લઘુ માનતા હતા. પોતાની જ્ઞાનકક્ષાને મધ્યમ જાણતા હતા અને તેથી કોઈ તેમના જન્મદિવસની યાદ અપાવે તે તેમને જરાય ગમતું નહીં એટલે જન્મદિન કે દીક્ષાદિનની મારા જેવા નાના સાધુની ઉજવણી શી ? રખે જાણ ન થઈ જાય તેની ભારે તકેદારી રાખતા હતા. એટલે પૂજ્ય ગુરુદેવને પત્ર લખી આશીર્વાદ મંગાવતા ન હતા. ખબર પડશે તો ઉજવણી જેવું કંઈક કરશે પણ એ સામે પૂજ્ય ગુરુદેવો પોતાના શિષ્યના દિવસોની બરાબર યાદી રાખતા હતા અને સામેથી પત્ર લખી આશીર્વાદ મોકલતા હતા.

* ૧૯૮૮ની સાલ એટલે મુનિશ્રી યશોવિજયજીનું દીક્ષાનું બીજું વર્ષ.

નં. ૧૧ ભાવનગરના સામાજિક કાર્યકર શ્રી નાનચંદ તારાચંદે પૂ. ધર્મવિજયજીની ગણિ પદવી પ્રસંગે પાલીતાણા મોટી ટોળી ઉપર લખેલો મનનીય પત્ર, આ વખતે બાલમુનિ યશોવિજયજીની દીક્ષાનું છઠ્ઠું વરસ હતું, અને ઉંમર લગભગ ૨૨ વર્ષની હતી, ત્યારે નાનચંદભાઈએ મુનિજી માટે જે અભિપ્રાય લખ્યો છે તેથી તે વખતે સાધુની શક્તિનું માપ કાઢનારા શ્રાવકો હતા તેનો ખ્યાલ મળી રહે છે. બારમો પત્ર સં. ૧૯૮૮માં બાલમુનિ શ્રી યશોવિજયજીએ દાદાગુરુ ઉપર પત્ર લખેલો તે. તે પછી બાલમુનિ શ્રી યશોવિજયજીની મહુવામાં થયેલ વડીદીક્ષાના મહોત્સવનો મનનીય હેવાલ, તેરમો પત્ર ૪૫ વર્ષની ઉંમર છતાં વિનયશીલતા અને ગુરુભક્તિની પરાકાષ્ઠાનું દર્શન કરાવતો પૂ.આ. શ્રી વિજયપ્રતાપસૂરિજી મહારાજે પોતાના ગુરુદેવ ઉપર લખેલો પ્રેરણાપ્રદ પત્ર. ચૌદમો પત્ર ગુરુશ્રીએ શિષ્યના (આ.શ્રી પ્રતાપસૂરિજીના) પત્રના જવાબરૂપે લખેલો ખાસ મનનીય પત્ર છે. આ બંને પત્રો પૃષ્ઠ નં. ૧૯૦ થી ૧૯૪ ઉપર છે. આ પત્રો વર્તમાનના ગુરુ-શિષ્યો, સાધુ-સાધ્વીજીઓએ ખાસ ધ્યાનપૂર્વક અને મનનપૂર્વક વાંચવા જેવા છે. ગુરુ-શિષ્ય વચ્ચેના સંબંધો કેવા હોવા જોઈએ તેનું દર્શન કરાવતા આ બે પત્રો છે. પંદરમો ક્ષમાપનાપત્ર પણ પૂ. આ. શ્રી વિજયમોહનસૂરિજી મહારાજે સુવિનીત શિષ્ય આ.શ્રી વિજયપ્રતાપસૂરિજી ઉપર લખેલો છે.

બીજા પત્રોમાંથી જાણવા જેવી ત્રણ નોંધો આપી છે. તે પછી પૂ.આ. શ્રી વિજયધર્મસૂરિજી મહારાજ સાથે પૂનામાં બનેલી એક ઘટના, બાલમુનિશ્રી યશોવિજયજી માટે પૂજ્ય ગુરુદેવોએ વાપરેલાં લાડભર્યાં વિશેષણોનો બ્લોક છાપ્યો છે.

પુસ્તક પૂર્ણ થવા આવ્યું અને અગત્યની બાબતો અને પત્ર ઉમેરવાનું પાછળથી નક્કી થતાં તે ઉમેરી પ્રગટ કરેલ છે. તેમાં પૃષ્ઠ નંબર ૨૦૧, ૨૦૨, ઉપર સં. ૧૯૯૦માં એટલે આજથી ૫૮ વર્ષ પહેલાં પૂ.આ. શ્રી યશોદેવસૂરિજી બાલમુનિ હતા અને ઉંમર તેમની ૧૯ વર્ષની હતી ત્યારે પૂ. ગુરુદેવોએ મુનિજીને ક્ષેત્રસમાસ ગ્રંથ સમર્પણ કર્યો હતો તેની નોંધ અને બ્લોક, ભાવનગરના કાર્યકર શ્રી નાનચંદ તારાચંદ શાહનો બીજો પત્ર, સં. ૨૦૦૧માં પરમપૂજ્ય આચાર્ય શ્રી વિજયમોહન-સૂરીશ્વરજી મહારાજ ડભોઈમાં વધુ પડતી બિમારીમાં સપડાયા હતા ત્યારે પોતાના ચારેય શિષ્યોને બોલાવીને આપેલી હિતશિક્ષા અને કરેલી ભલામણો પ્રગટ કરી છે જે ખાસ જાણવા જેવી છે.

આ ગ્રન્થનો વિષય એવો છે કે સર્વસામાન્ય વ્યક્તિને વાંચવા માટે આકર્ષક બની રહે તેવી શક્યતા ઓછી છે. લોકો પાસે આજે વાંચવાનો સમય નથી એટલે અમોએ પૂજ્ય યુગદિવાકરશ્રીજીના પત્રોમાંથી તથા તેના ઉપરની નોંધોમાંથી જાણવા જેવી મહત્ત્વની ઘટનાઓ આ બંનેની તારવણી કરીને અમોએ મૂકી છે. કદાચ એટલું વાંચી શકે અને એ દ્વારા પણ વાચક ગ્રન્થ વાંચવા પ્રેરાય!

અન્તમાં પૃષ્ઠ નં. ૨૦૬ થી ૨૦૮ ઉપર આ ગ્રન્થ પૂર્ણ કરવાનો બાકી હતો તેથી બીજી વિગતો ઉમેરવાનો અવકાશ હતો અને 'યશોધર્મપત્રપરિમલ' ની પુસ્તિકાનું વિમોચન વિ. સં. ૨૦૪૮, તા. ૪-૫-૯૨, વૈશાખ સુદિ બીજના દિવસે પ્રો. શ્રી રમણભાઈ ચી. શાહના વરદ હસ્તે થયું ત્યારે વિમોચન સમારોહની જે યાદગાર ઉજવણી થઈ તેનો હેવાલ 'સુઘોષા' માસિકમાં પ્રગટ થયેલો તેમાંથી ઉદ્ધૃત કરીને પ્રસંગવશ તેને પણ અહીં પ્રસિદ્ધિ આપી છે.

પાંચમા વિભાગના માત્ર પત્રોની સ્વતંત્ર પુસ્તિકાની 'યશોધર્મ પત્ર પરિમલ' આ નામે ૨૦૮ પાનાંની વધારાની છપાવેલી ૩૦૦ નકલો થોડા સમય ઉપર પ્રગટ થઈ ગઈ છે.

પૂજ્ય ગુરુદેવના ઉપકારોની સ્મૃતિમાં મુંબઈ વગેરે અનેક સ્થળના ટ્રસ્ટોએ તથા ભાવિક ભક્તજનોએ ઉદારતાથી વંદનાઓ દ્વારા જે શ્રદ્ધાંજલિ આપી છે તે સહુને ધન્યવાદ ઘટે છે.

ભાવનગર નિવાસી જ્ઞાતિએ ભાવસાર ધર્મશ્રદ્ધાળુ જૈન એવા ભાઈશ્રી અનંતરાય નાનચંદ જેઓ અત્યન્ત ભક્તિવંત છે. દેવ-ગુરુ પ્રત્યે તેમને હાર્દિક શ્રદ્ધા છે. વિનય, વિવેક, નમ્રતા, સરળતાના ગુણો તેમનામાં સાહજિક છે. તેઓ સરકારી સર્વીસમાં છે પણ કલાકાર તરીકેની એક દૃષ્ટિ છે, અને ચિત્રકલાના કાર્યમાં રસ પણ છે. છેલ્લાં ૧૪ વર્ષથી અમારા પરિચયમાં આવ્યા બાદ ખૂબ ચીવટથી સુંદર, આકર્ષક ડિઝાઈનો તૈયાર કરવા સાથે જૈન પંચાંગ તૈયાર કરવાનું કાર્ય કરી રહ્યા છે. તેમના હસ્તક તૈયાર થયેલા પંચાંગોનું આકર્ષણ અનહદ વધી ગયું છે અને કલાત્મક પંચાંગોની માંગણી પણ જોરશોરથી ખૂબ રહે છે. તે સિવાય સુંદર ડિઝાઈનો પણ કરી જાણે છે. તેઓ અમારા કાર્યને પોતાનું જ માનીને કલાની સુંદર સૂઝ અને કામની સ્ફૂર્તિ વગેરે કારણે અમને ઘણો સંતોષ આપી રહ્યા છે. આ શ્રદ્ધાંજલિના કવરની ડિઝાઈન પણ તેમને જ કરી છે. આનંદ અને અનુમોદનીય વાત એ છે કે અમારું બધું કામ ભક્તિભાવથી કંઈપણ મહેનતાણું લીધા વિના કરી આપ્યું છે અને કરતા રહ્યા છે, તે માટે તેમને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે.

શેષજાણકારી–પાલીતાણા યશોવિજયજી જૈન ગુરુકૂળના માજી ગૃહપતિ શ્રી ફૂલચંદ હરીચંદ દોશીએ પૂ. યુગદિવાકરશ્રીજીનું જીવનચરિત્ર લગભગ બારેક વર્ષ પહેલાં ખૂબ શ્રમ લઈને લખ્યું. પૂજ્ય ગુરુદેવ વ્યાધિગ્રસ્ત હોવાથી જલદી છપાઈ જાય અને તેઓશ્રીની હયાતીમાં તેઓશ્રીના જ અધ્યક્ષપણા નીચે સમારોહ કરીને બહાર પાડવું તેવી તેમની તીવ્ર ઈચ્છા હતી. લખ્યા પછી મેટર તપાસવાનું હતું. તેઓ મને મોકલી આપવાના હતા પણ તે જોવાનો પ્રથમ ચાન્સ જાણીજોઈને મારા પ્રશિષ્યને આપવાની ઈચ્છાથી મેં ફૂલચંદભાઈને લખ્યું કે ચેમ્બુરમાં પૂજ્ય ગુરુદેવ સાથે ડભોઈવાળા અમારા પ્રશિષ્ય...છે, તેમને જોવા આપશો. કેટલા સમયમાં તે જોઈને આપશે તે નક્કી કરીને મેટર આપશો. તે જોઈ લીધા બાદ હું મંગાવી નજર કરી લઈશ..

આ મહાનુભાવને હું સારી રીતે ઓળખતો હોવાથી અંતઃકરણથી આપવાની ઈચ્છા નહીં હોવા છતાં તેમના પ્રત્યેની મારી લાગણી ઉદારતાના કારણે કામ સોંપ્યું. મહિનાનો વાયદો કર્યો, મહિના પૂરો થતાં ફૂલચંદભાઈએ મેટર માંગ્યું પણ તેમને કહ્યું કે મેં હજુ જોવાનું જ શરૂ કર્યું નથી. ફરી મહિનાનો વાયદો થયો. ફરી લેવા ગયા તો ત્યારે પણ તે જ જવાબ મલ્યો. આમ વાયદા કરતા ગયા અને મહિનાઓ વીતતા ગયા. ફૂલચંદભાઈ અકળાઈ ગયા ત્યારે મેં પૂ. ગુરુદેવને કહ્યું. ગુરુદેવે ઠપકાવીને કહ્યું પણ મહાત્માજી બહાના કાઢતા જ રહ્યા. અંદરખાનેથી તેમની વૃત્તિ કોઈ જુદી હશે એટલે તેમને મેટર ન જ આપ્યું, તે ન જ આપ્યું. ફૂલચંદભાઈના દર્દભર્યા નિશાશા નાંખતા પત્રો આવવા લાગ્યા. આપે મને આવા મહાત્માને શું કામ બતાવ્યા? આપે મને ખોટી જગ્યાએ ભેટો કરાવી આપ્યો. મને પારાવાર પશ્ચાતાપ થઈ રહ્યો છે. ખરેખર! હું ફસાઈ ગયો છું વગેરે લખી જાતજાતની વેદના ઠાલવતા રહ્યા. પૂ. યુગદિવાકરશ્રી માંદગીના બિછાને એટલે વિશેષ કહી શકે

તેવી પરિસ્થિતિ ન હતી છતાં પણ પોતાની રીતે કહેવા યોગ્ય કહ્યું પણ તેમને પણ દાદ ન આપી. પૂજ્ય ગુરુદેવની હયાતીમાં ચેમ્બુરમાં સમારોહ કરી પૂજ્ય ગુરુદેવને સમર્પણ કરવાની ફૂલચંદભાઈની ઈચ્છા ફળી નહીં.

આ સુજ્ઞ મહાત્માએ કોણ જાણે કેટલાક સદ્‌ગુણો અને સ્વભાવ એવા કેળવ્યા છે કે જેના કારણે તેમનું હૃદય કઠોરમાંથી કોમળ ન થયું તે ન જ થયું. ફૂલચંદભાઈએ આ દુનિયામાંથી વિદાય લીધી અને પૂજ્ય ગુરુદેવે પણ વિદાય લીધી. આજે આ ચરિત્ર તેમની પાસે જ છે કે કેમ તે હું જાણતો નથી. આ મહાત્માને આવું શા માટે કરવું પડ્યું ? તેની વિગત જણાવવાનો કોઈ અર્થ નથી.

## પૂ. યુગદિવાકરના ક્રાઉન ૧૬ પેજીમાં બહાર પડેલા ખાસ અંકની વાત

એક બીજી વાતની ખાસ નોંધ લેવી જરૂરી હોવાથી ઘણી જ સાવ ટૂંકમાં ઈશારા પૂરતી વાત જણાવું કે—ઉપરોક્ત જે વાત કરી એ જ મહાત્માએ શ્રદ્ધાંજલિ વિશેષાંકનું કામ પોતાને ન મળતાં મને સોંપવામાં આવ્યું. તેથી તે હતાશ અને નિરાશ થઈ ગયા, અને મારા હસ્તકનો શ્રદ્ધાંજલિ વિશેષાંક બહાર પડે તે પહેલાં જ જાણીજોઈને વિદ્વેષ અને વિરોધભાવથી ભાવનગરથી નીકળતા જૈન છાપાનાં તંત્રીને પૂજ્ય યુગદિવાકરશ્રી માટેનો નવો અંક તૈયાર કરાવી જલદી બહાર પાડી દેવા માટે કામ સોંપ્યું. તેને બધી રીતે મદદ પણ કરી. ક્રાઉન સોળ પેજીની સાઈઝમાં ઝડપથી અંક બહાર પાડી દીધો.

એ પુસ્તકની પ્રસ્તાવનામાં પ્રકાશક ગુરુદેવના નામે પાયા વિનાની તદ્દન જુઠી વાત લખતાં લખે છે કે 'અમારા આ અંકમાં એમની સાધ્વીઓને લેખો લખવા માટે મનાઈ કરી હતી.' આવું હડહડતું જૂઠ્ઠું લખનાર પ્રસ્તુત અંકના પ્રકાશક અને તેને બધી રીતે સહાયક થનાર તેમજ ગુરુદેવની વારંવાર અવહેલના થાય એવું લખવા માટે પ્રોત્સાહન આપનાર મહાત્મા, એ બંનેને ધન્યવાદ જ આપવા રહ્યા. ખાસ કરીને પ્રકાશકની દુઃખદ, શરમજનક, વિદ્રોહી કથા ઘણી લાંબી છે જેને અહીં સ્થાન આપવું ઉચિત નથી. જાણતાં-અજાણતાં, સ્મૃતિચૂકથી જે કંઈ ભૂલો રહી ગઈ હોય, અનુપયોગથી ન્યૂનાધિક વિધાન થયું હોય તો તે બધાયનું મિચ્છામિ દુક્કડં સહુને પહોંચે!

નોંધ—મારા પૂજ્ય ગુરુદેવ અને વડગુરુદેવો સાથે મારા ગૃહસ્થજીવન અને સંયમજીવન દરમિયાન અનેક ઘટનાઓ બની છે. આજે જીવનની અંતિમ સંધ્યાએ અનેક ઘટનાઓ તથા ભૂતકાળનાં અનેક સંસ્મરણોની સ્મૃતિઓ ઓછી થઈ છે, છતાં તાજેતરમાં એક નાનકડી ઘટના સ્મૃતિપથ ઉપર ઉપસી આવી ને અહીં મુદ્રિત કરી છે. કારણ કે આ ઘટના પૂજ્ય ગ્રન્થનાયક સાથે ખાસ સંબંધ ધરાવતી અને પ્રાથમિક કાળની છે. પ્રસ્તુત પ્રતિ (પોથી)ની પ્રસ્તાવનામાં લેખકશ્રીએ ત્રણ ત્રણ જગ્યાએ પોતાના શિષ્યને યાદ કર્યા છે. તેમાંય પ્રતિના દશમાં પાનાંમાં લખેલી છેલ્લી નોંધ ખાસ અગત્યની છે. એમાં પોતાના શિષ્ય અંગે ઉલ્લેખ કરતાં—

**'ઉમ્મરમાં ★બાલ છતાં બુદ્ધિમાં અબાલ, તત્ત્વ જિજ્ઞાસુ''**

---

★ જેમ ભગવાન વર્ધમાનને बाल्येऽपि अबालपराक्रमः વર્ણવ્યા છે તે રીતે.

આ બે વિશેષણો વાપરીને શિષ્યના સદ્ગુણ પ્રત્યે આદર દર્શાવ્યો છે.

**વિ. સં. ૧૯૮૯માં પૂજ્ય ગુરુદેવ શ્રી ધર્મવિજયજી મહારાજ નવી રચેલી નવતત્ત્વ પ્રકરણની સુમંગલા ટીકાની ભૂમિકામાં પોતાના શિષ્ય બાલમુનિ યશોવિજયજી માટે જણાવે છે કે—**

**"બાલ છતાં બુદ્ધિમાં અબાલ, તત્ત્વજિજ્ઞાસુ"**

અહીં રજૂ થતી બાબત છે વિ. સં. ૧૯૮૯ની. તે સાલમાં અમદાવાદમાં શ્વેતાંબર મૂર્તિપૂજક સંપ્રદાયના તમામ મુનિઓનું સંમેલન હતું ત્યારે પરમપૂજ્ય આચાર્યશ્રી વિજય મોહનસૂરીશ્વરજી મ.સા., પરમપૂજ્ય આ.શ્રી વિજય પ્રતાપસૂરિજી મ. તથા મારા ગુરુદેવ પ. પૂ. શ્રી ધર્મવિજયજી મ. (ભાવિ આચાર્ય શ્રી વિજય ધર્મસૂરિજી) અને હું તથા અન્ય મુનિરાજો સંમેલન નિમિત્તે અમદાવાદ આવ્યા અને અમો માણેકચોક પાસે આવેલી વીશા શ્રીમાળીની જૈન વાડીમાં ઉતર્યા. અમો વેરાવળથી ૪૦૦ માઇલનો વિહાર કરી મોડા પહોંચ્યા હતા. તે પછી અઠવાડિયા બાદ મુનિ સંમેલનની શરૂઆત થઇ હતી. ગયા ભવનું શાતાવેદનીય કર્મ સારું બાંધેલું નહિ એટલે ગૃહસ્થાશ્રમમાંથી જ શરીરે દુર્બળ હતો અને એકસાથે લાંબો વિહાર કરવાથી શરીર થોડું થાકી પણ ગયું હતું. એ વખતે અમદાવાદમાં મેનીંગ જાઇટીસનો નવો રોગ ઉપદ્રવ શરૂ થયો હતો. તેથી અમદાવાદ ભારે ચિંતામાં મૂકાઇ ગયું હતું. હું પણ થોડો માંદો પડ્યો એટલે સહુને ચિંતા થાય તે સ્વાભાવિક હતી પણ એ માંદગી પથારીવશ જેવી ન હતી. ગુરુકૃપાથી થોડા દિવસમાં થોડીક સ્વસ્થતા પ્રાપ્ત થઇ. દ્રવ્યાનુયોગના વિશિષ્ટકોટિના જ્ઞાતા, તત્ત્વજ્ઞાનને સરલતાથી સમજાવવાની જેમની કલા અનેરી હતી એવા મારા ગુરુદેવ પૂ. શ્રી ધર્મવિજયજી મ. પાસે નવતત્ત્વના અર્થ ભણી ચૂક્યો હતો. વિહારમાં પણ અભ્યાસ ચાલુ રહ્યો હતો. દ્રવ્યાનુયોગ અંગેનું તેઓશ્રીનું કેટલુંક ચિંતન જોઈને હું ઘણીવાર મુગ્ધ બની જતો. ક્યારેક ક્યારેક લોકો સાથે નવતત્ત્વના વિષય ઉપર ચર્ચા કરે ત્યારે તેઓશ્રી ખૂબ સરસ રીતે ખીલી ઉઠતા હતા.

એક વખત રાતના ગુરુ મહારાજ સાથે જ જ્ઞાન અંગેની ચર્ચા--વિચારણા ચાલતી હતી ત્યારે મેં મારા ગુરુમહારાજને વિનયપૂર્વક વિનંતી કરી કે સાહેબજી ! આપ નવતત્ત્વની ટીકા રચોને ? મેં જરા અનુનય–વિનયથી વિનંતી કરીને તેઓશ્રીને લખવા માટે ઉત્તેજિત કર્યા. તે પછી એમ નક્કી કર્યું કે પૂજ્ય ગુરુદેવોની આજ્ઞા અને આશીર્વાદ મળે એટલે કામ શરૂ કરવું. જો કે તેઓશ્રીનો સંસ્કૃત ટીકા લખવાનો પ્રયાસ પહેલો જ હતો, એટલે તેઓશ્રીને થોડો સંકોચ થતો હતો, પણ પૂજ્ય ગુરુદેવની વિદ્વતા, તત્ત્વજ્ઞાનના વાંચનની વિશાળતા એટલે મેં કહ્યું કે આપ કામ શરૂ કરશો એટલે કામ થઇ જશે, એમ કરી પ્રોત્સાહિત કરતો રહ્યો. ટીકા કરતાં કરતાં અવરનવર અમારા વચ્ચે સવાલ જવાબ પણ થતાં, ત્યારે હું તો તદ્દન સામાન્યકક્ષાનો નાની ઉમ્મરનો વિદ્યાર્થી–શિષ્ય હતો, પણ મારા ઉપર ગુરુકૃપા ભારે હતી. પૂ. દાદાગુરુના સહકાર સાથે શુભ મુહૂર્ત નક્કી કર્યું અને તે જ મુહૂર્તે ટીકા લખવાનું મંગલ કાર્ય શરૂ કર્યું.

ટીકા લખાઇ ગઇ પછી પ્રતાકારે તે છાપવાની હતી, ત્યારે હું વીશ વરસનો હતો. મુદ્રણના ક્ષેત્રમાં પણ મારી શરૂઆત હતી છતાં પ્રતિના પાનામાં બે બાજુ ઊભી બોર્ડર મૂકવાની હતી. અમારા પ્રેસવાળાએ તો પ્રૂફમાં ચાલુ બોર્ડર મોકલી આપી. મને થયું કે કંઇક નવું કરવું. તે વખતે અંગ્રેજી ભાષાનો પ્રભાવ સારો વર્તતો હતો. પછી મેં બોર્ડરો પ્રેસવાળાને તૈયાર કરી આપી. 'નવતત્ત્વ' -NAVATATVA એના નવ અક્ષરો અને સુમંગલા-SUMANGALA તેના પણ નવ અક્ષરો. કુદરતે સંખ્યાનું સામ્ય બરાબર થયું અને અંગ્રેજીના મૂલાક્ષરોમાં એકબાજુની બોર્ડરમાં નવતત્ત્વ અને બીજી બાજુની બોર્ડરમાં સુમંગલા તેમજ એક એક અક્ષરના આંતરે સાથિયો મૂકાવવાનું રાખ્યું.

ગતજન્મની સુસંસ્કારિતાની સાધનાના કારણે આ જન્મમાં દેવ-ગુરુ કૃપાથી મળેલી સરળતા, નમ્રતા, વિનય, વિવેકશીલતા, સમર્પણભાવ વગેરે સદ્‌ગુણોના કારણે મારા ઉપર ત્રણેય ગુરુદેવોની અપારકૃપા અને અનહદ વાત્સલ્યભાવ વર્તતો હતો. આ નવતત્ત્વની પ્રતિની ભૂમિકા મારા પૂજ્ય ગુરુદેવે તે વખતે લખેલી. ટીકા હમણાં સાહિત્યમંદિરમાં પોથીઓનું પડિલેહણ શરૂ થયું ત્યારે એક સાધુએ પ્રસ્તાવના વાંચી. મને વાત કરી, એમાં મારા માટેનો ઉલ્લેખ કરતાં પ્રકાશકીય નિવેદનમાં લખ્યું છે કે—

**"શિષ્યરત્ન તત્ત્વજિજ્ઞાસુ મુનિવર્ય શ્રી યશોવિજયજીની આ બાબતમાં વિશેષ પ્રેરણા થવાથી ટીકા કરવા સંબંધી નિશ્ચય થયો." (પૃષ્ઠ નં. ૨)**

ત્યારપછી એમાં ભૂમિકા છાપવામાં આવી છે. આ ભૂમિકા ટીકા કરનાર પૂજ્ય ગુરૂજીએ પોતે લખી છે. એમાં ગુરુદેવે લખ્યું છે કે—

**"ગુરુદેવોની આજ્ઞાથી તેમજ બાલમુનિ શ્રી યશોવિજયજીના ખાસ આગ્રહથી મારી અલ્પબુદ્ધિનો વિચાર કર્યા વિના જ આ ટીકા લખવાની મને અભિલાષા પ્રગટ થઈ." (પૃષ્ઠ નં. ૮)**

તે પછી પ્રતિના દશમાં પાનામાં પુનઃ ઉલ્લેખ કરતાં લખે છે કે—

**"ઉમ્મરમાં બાલ છતાં બુદ્ધિમાં અબાલ, તત્ત્વજિજ્ઞાસુ મુનિવર્ય શ્રી યશોવિજયજીની ઉદાત્તપ્રેરણા થવાથી ટીકા લખવાનું જીવનમાં પ્રથમ મંગલ કર્યું." (પૃષ્ઠ નં.૧૦)**

આ પ્રમાણે તેઓશ્રીએ ત્રણ ત્રણ જગ્યાએ નોંધ લીધી છે.

મારી સ્મૃતિ મુજબ આ ટીકા તેઓશ્રીએ ઝડપથી પૂરી કરી નાંખી હતી. કેમકે પ્રસ્તાવનામાં ભૂમિકા લખ્યાની સાલ ૧૯૮૯ લખી છે. ત્યારે મારી ઉમ્મર ૧૯ વરસની હતી અને ત્યારે હું ગુરુદેવ પાસે સંસ્કૃત અને પ્રકરણનો અભ્યાસ કરતો હતો.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# શત્રુંજયતીર્થ, અભિષેક અને ઋષભદેવની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૮ ઇ.સન્ ૧૯૯૨

૬૪

## ☼ કંઈક પ્રાસ્તાવિક ☼

આ પુસ્તિકાને વિશેષ પ્રસ્તાવનાની જરૂર નથી. કેમકે આખી પુસ્તિકા પ્રસ્તાવના જેવી જ છે, છતાં આ પુસ્તિકામાં શું શું આપ્યું છે તેની ટૂંકી નોંધ આપવી જરૂરી સમજી આપી છે.

લેખ નં. ૧માં શત્રુંજય ગિરિરાજનો, લેખ નં. ૨માં આદ્ય વિશ્વશિલ્પી મૂલનાયક ભગવાન શ્રી ઋષભદેવ ભગવાનની મૂર્તિના પ્રભાવ–મહિમા વિષે અને તે પછી લેખ નં. ૩માં ઉત્સવ પ્રસંગની અને અભિષેકની વાતો લખી છે. ત્રણેય લેખો પહેલીજવાર થોડાક નવા દૃષ્ટિકોણથી લખાએલા છે. ત્રણેય લેખોના નવી સમજ–ખ્યાલો વિચારોથી વાચકો તૃપ્તિ અને પરમ આનંદ અનુભવ્યા સિવાય રહેશે નહિ. અભિષેકનો લેખ પણ વ્યાપક દૃષ્ટિથી વિસ્તારથી લખ્યો છે. આ લેખોએ મુંબઇની જૈન જનતા ઉપર કોઇ ન કલ્પી શકાય એવી ભારે જાદુઇ અસર કરી હતી. અનેક શંકા-કુશંકાઓનાં વાદળોથી ઘેરાએલાં હૈયાં સ્વસ્થ બન્યાં અને તાજગી અનુભવી.

૩૨ પેજ સુધી અભિષેકના ત્રણ લેખો આપ્યા છે. તે પછી લેખની પૂરવણી અને અભિષેક માટે ભારતભરમાં પ્રાર્થના કરવા માટે અપાએલો આદેશ છાપવામાં આવ્યો છે. તે પછી લેખની ભારોભાર અનુમોદના કરતાં તથા આચાર્યશ્રીજીનું અભિવાદન કરતાં આવેલા કેટલાંક પત્રો અને તેમાંની કણ્ડિકાઓ, ત્યારપછી શત્રુંજય તીર્થનો પરિચય, અતિ પ્રાચીનકાળમાં અવસર્પિણીકાળના આદિ અને અંતમાં આ ગિરિરાજનું પ્રમાણ કેટલું હતું તે, ઉદ્ધારની વિગતો, પાલીતાણાનાં મોટા તહેવારો, વર્ષીતપ તથા નવ્વાણું યાત્રાના ટૂંકા નિર્દેશો

છાપવામાં આવ્યા છે. શ્રી ઋષભદેવ ભગવાનનો પરિચય, તે સમયની યુગલિક વ્યવહારની રસપ્રદ આશ્ચર્યજનક ઐતિહાસિક વિગતો, શત્રુંજય પર્વતની વિશેષતા, તે ઉપરાંત આ તીર્થ સાથે સંબંધ ધરાવતી જાણવા જેવી અનેક વિગતો આપવામાં આવી છે.

સહુ કોઈ વાચકો ભાવસભર આ પુસ્તિકા જરૂર વાંચે અને તીર્થ પ્રત્યેના ભકિતભાવમાં વધારો કરે એ જ શુભકામના!

*—યશોદેવસૂરિ*

જૈન સાહિત્યમંદિર, પાલીતાણા

**★ આમ તો આ તીર્થનાં ૨૧, ૧૦૮ નામો જાણીતાં છે પરંતુ સૌથી પ્રચલિત અને પ્રસિદ્ધ નામો ૧. શત્રુંજય ૨. સિદ્ધાચલ ૩. વિમલાચલ આ ત્રણ છે.**

## મહાસુશ્રાવક દાદાજીને સમર્પિતભક્ત શ્રી રજનીભાઈના અંતરમાં મહાઅભિષેક કરવા પુણ્યભાવના જે જાગી તેમાં કયું નિમિત્ત કારણ બની ગયું?

## નીચે છાપેલા 'સમકાલીન' દૈનિકપત્રના સમાચાર અંગેની ભૂમિકા—

દાદાના દરબારમાં થનારા અભિષેકની વિધિ પ્રસંગે હું, વિદ્વાન મુનિરાજ શ્રી જંબૂવિજયજી તથા પ્રવક્તા મુનિરાજ શ્રી પ્રદ્યુમ્નવિજયજી આદિ મુનિવરો ઉપસ્થિત રહ્યા હતા. અભિષેકની ક્રિયામાં વચ્ચે ત્રણ મુદ્રાઓ બતાવવા દ્વારા ભગવાનને આહ્‌વાહન કરવાનો વિધિ થાય છે. આહ્‌વાહન એટલે કલ્પનાથી ભગવાનનું મૂર્તિની અંદર સાક્ષાત્ અવતરણ કરાવવું તે. ઉપસ્થિત સાધુઓમાં હું મોટો હતો એટલે એ વિધિ મારે કરવો પડે તેમ હતો. તે વખતે નિર્ણય કર્યો કે આ વિધિ વિશિષ્ટ પ્રકારે અમુક રીતે થઈ શકે તે રીતે કરવો, કેમકે પાલીતાણા વગેરે સ્થળમાં સખત દુષ્કાળની પરિસ્થિતિ જામી ગઈ હતી. લોકો આકાશ સામું જોઈને નિરાશ થયા હતા. મારી પાસે કેટલાય માણસો આ બાબતની ચિંતા વ્યક્ત કરવા આવતા હતા. અભિષેકની ભકિતની આ ક્રિયા ઈચ્છિત પરિણામ બતાવે તો કેવું સારૂં? જો વરસાદ ન પડે તો મનુષ્યો, પશુઓ, યાત્રિકો માટે અત્યંત વિકટ પરિસ્થિતિ સર્જાઇ જાય તેમ હતું. આપણે તો માત્ર પ્રાર્થનાના જ અધિકારી હતા એટલે આહ્‌વાહનની ક્રિયા કરી ભગવાનની કાયા ઉપર નક્કી કરેલા અમુક મંત્રબીજોનું ખાસ સ્થાપન કર્યું. શ્રી રજનીભાઈ અને શ્રી શાંતિભાઈ પાસે પણ અમુક ક્રિયા કરાવરાવી. છેલ્લે મંત્રોચ્ચાર હૃદયના ઊંડા ભાવથી કર્યો. ક્રિયા કરી નીચે ઉતર્યા ત્યારે વરસાદ એકદમ તૂટી પડ્યો. બીજાઓએ કહ્યું કે વિધિ ચાલતી હતી તે જ વખતે એકાએક જોરદાર વાદળાં ચડી આવ્યાં અને વરસાદની હેલી શરૂ થઈ ગઈ. સર્વત્ર વરસાદની જોરદાર શરૂઆત થઈ ગઈ, પછી લોકોએ કહ્યું કે મહત્ત્વની ક્રિયા શરૂ થતાંની સાથે જ વરસાદ શરૂ થઈ ગયો હતો, ક્રિયા પૂરી થતાં ધોધમાર વરસાદ તૂટી પડ્યો.

એવું કેમ બને છે? એ પ્રશ્ન સહેજે સહુને થાય. એનો જવાબ એટલો જ કે કુદરતનાં રહસ્યો કે દૈવિક ચમત્કારો અગમ્ય છે. ત્યાં માનવીનું ગણિત કે તર્ક કશું કામ લાગતું નથી. સાધનાના પ્રભાવે અણકલ્પેલી ઘણી ઘટનાઓ બનવા પામે છે.

અભિષેક પૂરો થયા પછી રજનીભાઇ તથા શાંતિભાઇ જૈન સાહિત્યમંદિરમાં જ્યારે મલ્યા ત્યારે આહ્‌વાહનની ક્રિયા જોઇને ખુશીપો–આનંદ થએલો તે વ્યક્ત કર્યો અને કહ્યું કે અભિષેકની ક્રિયાનો આટલો બધો પ્રભાવ જોવા મળશે એવી કલ્પના પણ ન હતી. તેમાંય ક્રિયા કરતાં કરતાં જ પરિણામ દેખાય એવું તો જવલ્લે જ બને પણ ખરેખર! આ મહાન ભૂમિ ઉપરના પવિત્ર ધામમાં એક નાનકડો ચમત્કાર સર્જાઇ ગયો. આ પ્રસંગથી રજનીભાઈને અભિષેક ઉપર એકદમ શ્રદ્ધા બેસી ગઇ. બીજી વખત પણ સારી રીતે અભિષેક કરાવવાનું નક્કી કર્યું, એનું જ પરિણામ એટલે થએલો મહાઅભિષેક પ્રથમ અભિષેકના મુખ્ય પ્રેરણાદાતા આપણા જૈન સમાજના શ્રદ્ધેય મુનિરાજ શ્રી જંબૂવિજયજી હતા. એમને જ આ અંગે ઘણું ઉમદા અને પ્રેરક માર્ગદર્શન આપ્યું હતું. સહુની નિશ્રામાં આ આયોજન થયું હતું.

ઉપરની વાતને ટેકો આપતી નોંધ મુંબઇથી નીકળતા સન્ ૧૯૯૦, ૨૬મી ડિસેમ્બર, બુધવારે 'સમકાલીન' પત્રમાં નીચે મુજબ પ્રગટ થઇ હતી.

''શત્રુંજયના ઐતિહાસિક અભિષેક પાછળ એક જ વ્યક્તિની ભવ્ય ભાવના કામ કરી ગઇ. એ શ્રાવક એટલે સ્વ. રજનીભાઇ દેવડી. ૧૯૮૬ની સાલમાં ગુજરાત જ્યારે વિષમ દુષ્કાળમાં સપડાયું હતું ત્યારે આ સંકટ ટળી જાય એવી શુભ ભાવનાથી આચાર્ય શ્રી યશોદેવસૂરિજી મહારાજ આદિની નિશ્રામાં આદીશ્વર દાદાના અભિષેકનું આયોજન કરાયું હતું. એ વખતે અભિષેકનો આનંદ એટલો પ્રચંડ થયો હતો કે રજનીભાઇએ ત્યારે જ સંકલ્પ કર્યો કે એક વખત આખા ગિરિરાજનો અઢાર અભિષેક કરવો.''

## ✻ બીજી આવૃત્તિ અંગે કંઇક ✻

આ પુસ્તક વિ. સં. ૨૦૪૭ માં પ્રસિદ્ધ થયા બાદ ઝડપથી તેની નકલો ખપી ગઇ અને તેની માગણીઓ ચાલુ રહી. આ બીજી આવૃત્તિ જલદી છપાવવાની તીવ્ર ઇચ્છા હોવા છતાં પ્રેસમાં ઊભી થએલી મુશ્કેલીના લીધે ઘણાં સમય સુધી આ કામ મુલતવી રહ્યું તેથી વિલંબ થયો છે.

આ આવૃત્તિમાં શત્રુંજયતીર્થ અંગેની કેટલીક વિશિષ્ટ બાબતો અને અન્તમાં મારા કેટલાક સામાન્ય વિચારો દર્શાવ્યા છે.

આ પુસ્તિકા છપાવવામાં શાસ્ત્ર અને ઇતિહાસ વિરુદ્ધ તથા અન્ય કંઇપણ અનુચિત લખાયું હોય તો તે અંગે ક્ષમા માગી લઉં છું. જાણકાર વાચકો ક્ષતિઓ અંગે ધ્યાન ખેંચશે તો તેમનો આભારી બનીશ.

❀

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# તીર્થંકરોની પ્રશ્નત્રયીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૯ ઇ.સન્ ૧૯૯૩

**૬૫**

## ત્રણ લેખોની પ્રસ્તાવના

નોંધ :—અહીંયાં ત્રણ છત્ર કેવાં હોવાં જોઈએ? અને વાળની અવૃદ્ધિ ક્યારથી? આ બંને બાબત અંગે શિલ્પશાસ્ત્ર તથા ત્રિષષ્ઠીશલાકાપુરુષચરિત્ર વગેરેના જે પ્રબળ પુરાવા આપું છું તે પુરાવા એવા છે કે છત્ર અને વાળ બાબતમાં લેખ, ચર્ચા કે વાદવિવાદની જરૂર જ ન રહે. આ પુરાવા સવળાં છત્રની માન્યતાને પૂરેપૂરો ટેકો આપે છે, અને વાળની અવૃદ્ધિ દીક્ષા વખતથી ન સમજવી એ વાતની સાબિતી આપે છે.

★ છત્ર અંગે શિલ્પશાસ્ત્રના પાઠનો પુરાવો પાછળ આપ્યો છે.

પ્રસ્તાવના એ પુસ્તકનું મુખ છે, પ્રવેશદ્વાર છે, એનો અલંકાર છે. નાનું મોટું કોઈપણ પુસ્તક થયું એટલે તેની નાની-મોટી પ્રસ્તાવના તો આપવી જ પડે. તેમાંય જે પુસ્તક ચર્ચાત્મક કે વિવાદાત્મક હોય ત્યારે પ્રસ્તાવના ખાસ જરૂરી બની જાય છે. આ પુસ્તકમાં શરૂઆતના બે લેખોના વિષયો શુષ્ક છે, લખાણ અનેકરંગી છે. આ પુસ્તકની સૂઝ થોડું શાસ્ત્રીયજ્ઞાન હોય, વ્યક્તિ સુશિક્ષિત અને જ્ઞાની હોય તો તેને આમાં સમજ અને રસ પડે. આ પુસ્તક સામાન્ય પ્રજાના કે સામાન્ય અભ્યાસીઓના આકર્ષણ અને રસનો વિષય બને તેવું નથી. તેથી પ્રસ્તાવના દ્વારા પુસ્તકનો પરિચય યોગ્ય રીતે રજૂ કરવો જોઈએ. જેથી પુસ્તક શું કહે છે તેનો ખ્યાલ વાચકોને મળી રહે. અને એમાંથી કંઈક નવું પણ જાણવા મળે. વળી નાના-મોટા સહુને ભાગ્યેજ જાણવા મળે એવાં વરસો બાદ પહેલીજવાર ચર્ચાતા અને આખરી નિર્ણય આપતા એવા આ પુસ્તકના અભૂતપૂર્વ ત્રણ લેખના વિષયોની કંઈક ઝાંખી થાય.

પ્રસ્તાવનામાં હું જે કહેવાનો છું તે આ પુસ્તકમાં અંકિત થઇ ગયું છે, પરંતુ અમારા સાધુ ભગવંતો, સાધ્વીજી મહારાજો તથા વિદ્વાનો, શિક્ષકોને આ બાબત સ્પષ્ટ ખ્યાલમાં આવે તેથી આ પુસ્તકમાંની જ વાત સરળતાથી અહીં રજૂ કરું છું.

આ પુસ્તકમાં ત્રણ લેખો પ્રગટ કરવામાં આવ્યા છે, જે નીચે પ્રમાણે છે.

**૧. તીર્થંકરદેવની મૂર્તિ ઉપર ત્રણ છત્રો કયા ક્રમે લટકાવવાં જોઈએ તે અંગેની વિશદ વિચારણા.**
**૨. તીર્થંકરદેવની કેશ (વાળ) મીમાંસા. ૩. અશોકવૃક્ષ ★ આસોપાલવ ★ ચૈત્યવૃક્ષ.**

આ ત્રણેય લેખો તીર્થંકર ભગવાન સદેહે જીવતા હોય છે ત્યારે તેમની સાથે સંબંધ ધરાવતા છે.

પહેલો લેખ તીર્થંકરદેવ ઉપર રહેતાં ત્રણ છત્રને લગતો છે, બીજો લેખ તીર્થંકરદેવના વાળ બાબતનો છે અને ત્રીજો લેખ તીર્થંકરદેવના મસ્તક ઉપર રહેતું અશોકવૃક્ષ તે આસોપાલવ છે કે અશોકવૃક્ષ જુદું જ છે અને ચૈત્યવૃક્ષ શું છે? તેને લગતો છે.

પહેલો લેખ દેવો પોતાની ભક્તિથી તીર્થંકરદેવ તીર્થંકર થયા એટલે રિવાજ મુજબ જીવનપર્યન્ત મસ્તક ઉપર ત્રણ છત્રની રચના કરે છે. તે રચના કેવા પ્રકારે હોય છે તે અંગેનો છે. બીજો લેખ ભગવાને દીક્ષા લીધી તે વખતે લોચ કર્યા પછી એટલે કે વાળ કાઢી નાંખ્યા પછી ભગવાનના માથા ઉપર ફરી વાળ વધે છે ખરા? તે અંગેનો છે. ત્રીજો લેખ અશોક અને આસોપાલવનાં વૃક્ષ જુદાં જુદાં છે કે એક જ છે અને ચૈત્યવૃક્ષ શું છે? તેનો નિર્ણય આપતો છે.

આ ત્રણેય લેખો પાલીતાણાથી પ્રગટ થતાં 'સુઘોષા' માસિકમાં ઈ. સન્ ૧૯૮૬ના ફેબ્રુઆરી–માર્ચ–એપ્રિલના ત્રણ અંકો દ્વારા પ્રગટ થયા હતા. તે પછી વઢવાણથી પ્રગટ થતાં 'કલ્યાણ' માસિકમાં વર્ષ–૪૩, અંક–૬, ઈ. સન ૧૯૮૬ના સપ્ટેમ્બરમાં પ્રગટ થયા હતા. તે લેખોએ વાચક વર્ગમાં સારો રસ જગાડ્યો હતો. લેખો વાંચ્યા બાદ કેટલાક વાચકોના મનમાં સવાલો ઉઠ્યા હતા. તેઓએ પત્ર દ્વારા, કેટલાક વાચકોએ રૂબરૂ પ્રશ્નો કરી સમાધાન મેળવ્યાં હતાં. અનેક વાચકોની અને મારી પણ ઈચ્છા આ ત્રણ લેખો ગ્રન્થસ્થ થાય તો ચિરંજીવ બને અને વાચકોના ઉપયોગમાં આવી શકે અને આવનારી શ્રમણસંઘની પેઢીને આજસુધી નહીં ચર્ચાએલા એવા એક અભૂતપૂર્વ નવીન વિષયનું જાણપણું મળે, અને તે ઉપર વધુ વિચારણા કરી શકે. આવા વિષયો ચર્ચવાનો ઊંડાણથી, વ્યાપક રીતે છણાવટ કરી આખરી નિર્ણય આપવાનો યોગ ક્યારેક જ બને છે.

છત્રનો લેખ માસિકોમાં જ્યારે પ્રગટ થયો ત્યારે તેમાં થોડીક ક્ષતિઓ રહી ગઇ હતી. તે ક્ષતિઓ દૂર કરીને, વિગતો ટૂંકાવીને આ વખતે તદ્દન નવેસરથી જ નવાં દૃષ્ટિકોણથી લેખ લખ્યો અને અહીં છપાવ્યો છે. આ વિષયના રસિયા વાચકો ધીરજ અને શાંતિથી વાંચે જેથી લેખનો ભાવ સમજી શકાય. મારી ભૂલચૂક કે ક્ષતિ લાગે તો તે જરૂર જણાવે.

## ૧. તીર્થંકરદેવની મૂર્તિ ઉપર ત્રણ છત્રો કયા ક્રમે લટકાવવાં જોઈએ?

ત્રણ છત્રવાળાં પહેલાં લેખનો સંબંધ કેવલજ્ઞાન થતાંની સાથે શરૂ થાય છે. તીર્થંકરો

કેવલી–સર્વજ્ઞ થયા એટલે દેવો વડે વિશેષ પ્રકારે પૂજાતા થયા એટલે દેવો તીર્થંકરના લોકોત્તર પુણ્યપ્રભાવથી અને પોતાની ભક્તિથી અષ્ટમહાપ્રાતિહાર્યની રચના કરે છે. પ્રાતિહાર્ય એટલે ચોકીદારની જેમ તીર્થંકરની સેવામાં અવિરત રહેતી આઠ વસ્તુઓ. એમાં ચોથા પ્રાતિહાર્ય તરીકેનાં ત્રણ છત્રો દેવો ભગવાન ઉપર કાયમ માટે ધરતા હોય છે. કેવલી અવસ્થાથી લઈને નિર્વાણ પર્યન્ત પ્રભુના મસ્તક ઉપર દેવનિર્મિત ત્રણ છત્રોનું અસ્તિત્વ રહે છે. આ ત્રણ છત્રો એક સરખાં આકાર–પ્રકારનાં છે કે ભિન્ન ભિન્ન પ્રકારનાં છે? એ પ્રશ્નની છણાવટ પહેલા લેખમાં વિસ્તારથી કરવામાં આવી છે. ત્રણ છત્ર સરખાં નથી પરંતુ નાનાં-મોટાં છે. અમુક આચાર્યો ભગવાનના માથા ઉપર દેવો ત્રણ છત્રો લટકાવે છે તેનાં ક્રમમાં માથા ઉપર પ્રથમ નાનું, પછી બીજું મોટું અને તે પછી ત્રીજું એથીય મોટું, આ રીતે માને છે જેને હું 'અવળાં' છત્રો કહું છું. જ્યારે બીજા આચાર્યોના મતે ભગવાનના માથા ઉપર પ્રથમ મોટું, પછી બીજું તેથી નાનું અને ત્રીજું તેથીય નાનું આ રીતે માને છે, જેને હું 'સવળાં' છત્રો કહું છું. સવળાં છત્રોની તરફેણમાં સહુથી વધુ સંખ્યામાં આચાર્યો છે, જે આ પુસ્તકથી જાણવા મળશે.

આ બંને પ્રકારોમાં બંને પ્રકારો સાચાં છે કે બેમાંથી કોઈ એક પ્રકાર સાચો છે? એ બાબતની વિસ્તારથી ચર્ચા આ પુસ્તકમાં કરી છે. એમાં મને એક જ પ્રકાર સાચો લાગ્યો છે. બીજો વિકલ્પ મને દેખાયો જ નથી, એ વાત મને બરાબર સમજાણી છે, એટલે શાસ્ત્ર, શિલ્પ અને પ્રત્યક્ષપ્રમાણનાં બળને લીધે હું ભાર દઈને કહી શકું કે—

**છત્રમાં સવળો એ એક જ વિકલ્પ છે બીજો કોઈ વિકલ્પ છે જ નહિ (એટલે જ પુણ્યર્દ્ધિથી સમવસરણની ઋદ્ધિ લેવી જોઈએ જેથી એક જ મત રહે.)**

આ છત્રનો પ્રશ્ન મેં ત્રીસેક વર્ષ પહેલાં છાપામાં પ્રગટ કરાવ્યો હતો. કેમકે સમગ્ર ભારતના જૈનમંદિરો માટે ચંદરવા, પુંઠિયાંઓની રચનામાં આ પ્રશ્ન ભલે નાનો પણ અનિવાર્ય રીતે નિર્ણય માગતો એક મહત્ત્વનો પ્રશ્ન હતો.

## શા માટે આ પ્રશ્નો ચર્ચ્યા અને લેખો લખ્યા?

ભગવાન મહાવીરનાં જીવનપ્રસંગોનાં ચિત્રો પ્રસિદ્ધ ચિત્રકાર ગોકુલભાઈ કાપડીયા પાસે કરાવી રહ્યો હતો. કેવલજ્ઞાન થયાં પછીનાં ચિત્રો જ્યારે કરાવવાનાં આવશે ત્યારે ચિત્રોમાં ત્રણ છત્ર બતાવવાનાં આવશે જ, તે વખતે ત્રણ છત્રો કેવાં ક્રમે બતાવવાં એનો નિર્ણય કરી લેવો જ પડે એટલે મેં આ પ્રશ્ન ચર્ચ્યો હતો. આ પ્રશ્ન માટે વાચકો પાસેથી જવાબ પણ માગ્યા હતા. પરંતુ આપણે ત્યાં સંઘમાં આવા અગત્યના પ્રશ્નોના પણ જવાબ ન આપવાના જાણે સોગંદ લીધા હોય તેવી પરિસ્થિતિ વરસોથી પ્રવર્તે છે. ફક્ત પાંચ–સાત જણાએ જવાબ આપ્યા હતા. કેટલાક આચાર્ય ભગવંતો સાથે મુંબઈ વગેરે સ્થળે આ પ્રશ્ન રૂબરૂમાં ચર્ચ્યો હતો, પણ સહુ વીતરાગસ્તોત્રના આધારે અવળાં રાખવાનો ખ્યાલ ધરાવતાં હતાં. ત્યારબાદ વરસો સુધી આ પ્રશ્ન પેન્ડીંગ પડી રહ્યો. જાણે એને ચર્ચવાનું મુહૂર્ત જ નહિ હોય. હવે યથાર્થ નિર્ણય કરવા ફરીથી બહુશ્રુત વિદ્વાનો સામે જાહેરપત્રોમાં એટલે સુઘોષા અને કલ્યાણ તેમજ પ્રબુદ્ધજીવન વગેરે

માસિકોમાં આ પ્રશ્ન રજૂ કર્યો હતો, ત્યારે સ્પષ્ટ લખ્યું હતું કે આ લેખમાં મારી જે ભૂલો અને ગેરસમજ દેખાતી હોય તે વિના સંકોચે પુરાવા સાથે સ્પષ્ટ જણાવશો તો બંને બાજુનો વિચાર કરીને છત્રની બાબતમાં સાચો નિર્ણય કરવામાં સહાયક બની શકશો. વળી આ તો એક જાહેર ટેસ્ટ કરવો હતો. કેમકે શાસ્ત્રો આપણી પૂરી મદદે આવતાં નહોતાં. કોઇ વિશિષ્ટ પ્રકારના સાચા અર્થમાં જ્ઞાની, અનુભવી નજર સામે ન હોય ત્યારે ઝાઝા હાથ રળિયામણાની જેમ સુજ્ઞોનો સાથ સહકાર સારો. સમાજમાં ઘણા બુદ્ધિશાળી, તેજસ્વી વિદ્વાનો છે. તેઓને જો પ્રામાણિક અને સાચી સલાહ આપવી હોય તો આપી શકે પરંતુ બહુ જ ઓછાએ સલાહ–સૂચના આપી. અને મેં મારા પુનઃચિંતનને જોડીને નવી જ રીતે લેખનું કલેવર તૈયાર કર્યું અને પૂ. શ્રી હેમચંદ્રાચાર્યજીના શ્લોકને, તેની ટીકા–આગમાદિ શાસ્ત્રોને અનુસરે તો બધી રીતે સુયોગ્ય થાય, એ ખ્યાલ રાખીને શ્લોક–ટીકાનું અર્થઘટન કરવા પ્રયાસ સેવ્યો છે. તેમાં હું કેટલો સફળ થયો છું તે તો સુજ્ઞ વાચકો નક્કી કરી શકશે.

છત્ર અવળાં છે કે સવળાં અથવા કોઈ વળી ત્રીજા પ્રકારનાં કરવાનું પણ કહે તો તેની સામે મારે કશું કહેવાનું નથી, જેને જેમ નિર્ણય કરવો હોય તેમ કરે પણ હજારો વરસથી ચાલી આવતી સવળાં છત્રની અક્ષુણ્ણ પરંપરા અખંડ ટકી રહે, એને ટેકો આપતા અર્થ અને પુરાવાઓ મળતા હોય તો પ્રયત્ન કરવો તેમ કર્તવ્ય સમજી ત્રણ છત્ર ઉપર વિસ્તારથી લેખ રજૂ કર્યો છે. અને એ લેખ દ્વારા ભગવાનના મસ્તક ઉપર ત્રણ છત્ર સવળાં જ છે, અવળાંનો કોઈ પ્રકાર જ નથી તે વાત સિદ્ધ કરી બતાવી છે.

## અહીંયા ત્રણ છત્રનો પ્રશ્ન શા માટે ચર્ચવો પડ્યો?

તો અષ્ટમહાપ્રાતિહાર્યમાં નંબર ચારનું પ્રાતિહાર્ય ત્રણ છત્રનું છે. એ ત્રણ છત્રો સવળાં કે અવળાં સમજવાં?

આ ત્રણ છત્ર દેશભરમાં આરસ કે ધાતુની મૂર્તિઓમાં મૂર્તિ ઘડતી વખતે જે અંદર બનાવવામાં આવ્યાં છે તે બધાં સવળાં વિદ્યમાન છે, પરંતુ વીતરાગસ્તોત્ર, તેની ટીકા અને લખાણ એવાં પ્રકારનું છે કે ભલભલા વિદ્વાનો એકવાર વાંચીને ભગવાન ઉપર અવળાં જ છત્રો લગાડવાં જોઈએ એવો અર્થ કરી બેસે. ચતુર્વિધસંઘમાં આજે કોણ ઊંડું વિચારે છે? અપેક્ષાએ જોઈએ તો આ નાની બાબત લાગે, એટલે એ દિશા જ લગભગ સહુની શૂન્ય હોય એટલે વીતરાગસ્તોત્રનાં શ્લોક વાંચીને આગળ પડતી વિદ્વાન વ્યક્તિઓ જે અર્થ કરે, નીચેનાં સહુ કોઈ તેને અનુસરે. એના કારણે કોઈ કોઈ સ્થળે અવળાં છત્રનું સર્જન કરી નાંખે તે સ્વાભાવિક છે, પરંતુ મને મારા અત્યાન વ્યાપક સંશોધન અને મંથનને અન્તે મારી દૃષ્ટિએ સમજાયું છે કે અવળાં છત્રની માન્યતાને તો કોઇ સ્થાન જ નથી. મેં ઉપર કહ્યું તેમ શ્લોક અને માત્ર તેની ટીકા જો ઉપર ઉપરથી વાંચી લે તો પૂ. શ્રી હેમચંદ્રાચાર્યજી અવળાં છત્રની જ વાત કરે છે એમ જ તેઓ સમજી લે, પણ જે લોકો તટસ્થ છે, સત્યના સાચા ખપી છે. તેઓને સાચી સમજ બરાબર આપવામાં આવે તો ઊભી થએલી ગેરસમજ જરૂર દૂર થાય.

**છત્રની બાબતમાં એક વાત ફરી જણાવી દઉં કે–શાસ્ત્રનાં પાઠો અંગે ગમે તેમ તર્ક કરો, ગમે તે દલીલો કરો, એકબીજાની વાતોને ખોટી કે ખામીવાળી કહો, ગમે તે રીતે પાઠ લગાડો. એ બધું કરી શકાય છે પણ એક વાત નિશ્ચિત છે કે સવળાં છત્રની માન્યતામાં કશો ફેરફાર કરી શકાય તેમ નથી, એ શાસ્ત્રકારોનું નિર્વિવાદ અંતિમ સત્ય છે. પરિકરની અંદરના પ્રત્યક્ષપ્રમાણને એટલે સવળાં છત્રને સ્વીકાર્યા સિવાય કોઈનેય ચાલે તેમ નથી.**

જે વ્યક્તિ વીતરાગસ્તોત્રની ટીકાના આધારે અવળાં છત્રનો મત ધરાવે છે તેઓ આ લેખને ખૂબ ધ્યાનપૂર્વક, તટસ્થભાવે, તમામ પૂર્વગ્રહો છોડીને વાંચે.

અન્તમાં વાચકોને વિનંતી કે કોઈપણ સાધુ કે શ્રાવક અવળાં છત્રનાં વિકલ્પ છે એમ પ્રબળ પુરાવા સાથે, ખોટાં તર્કો, ખોટા પાઠો તેના જ ખોટા અર્થો, ખોટી દલીલો, જુઠ્ઠી રજૂઆતો અને ફેંકોલોજી સ્વભાવ વગેરેનો સહારો લીધા વિના સભ્ય ભાષામાં જણાવીને અમારું ધ્યાન ખેંચે.

## ૨. તીર્થંકરદેવની કેશમીમાંસા

તીર્થંકર લોકોત્તર વ્યક્તિ છે એટલે તેમની કાયાની કેટલીક વિશેષતાઓ છે. તે કરતાંય હવે તેઓ દેવોથી વંદનીય, પૂજનીય બન્યા હોવાથી પોતાની જવાબદારી અદા કરવા અને પોતાના આત્મકલ્યાણ માટે ભગવાનની ભક્તિમાં અનન્યભાવે તલ્લીન રહે છે. તીર્થંકરનો આચારસંહિતા સ્વતંત્ર સંહિતા છે. તેની સરખામણી કોઈની સાથે કરવાની હોતી નથી. કારણ કે તીર્થંકર નામકર્મ એમણે જે બાંધ્યું છે તે એવું બાંધ્યું છે કે તેનાં કારણે અનેક વિશેષતાઓ તીર્થંકરોના જીવનમાં ઊભી થવા પામે છે. આ બીજા લેખમાં તીર્થંકરદેવના વાળ અંગે વિચારણા કરવામાં આવી છે. તીર્થંકરો માટે એ વાત છે કે તીર્થંકરો દીક્ષા લેતી વખતે સ્વહસ્તે માથાના વાળ કાઢી નાંખે છે. તે પછી જેટલા વાળ માથા ઉપર જે કંઈ અવશેષ રહ્યા હોય તેમાં જીવનપર્યન્ત ઓછાવત્તા થતા જ નથી, એવું વીતરાગસ્તોત્રના ટીકાકાર કહે છે એમ ઘણા સાધુઓ–શિક્ષકો યથાર્થ સમજના અભાવે સમજે છે, પણ એ સમજ ખોટી છે. કેમકે કેટલાક દાખલા અને આગમના ઉલ્લેખો અન્ય જ સ્પષ્ટ રીતે એમ જણાવે છે કે તીર્થંકરદેવને દીક્ષા લીધા પછી પણ વાળ વધતા હતા અને કેવળજ્ઞાન થયા પછી જ્યારે ભગવાન સમવસરણમાં પહેલીવાર બિરાજે ત્યારે મસ્તકની શોભા વાળથી છે તેથી જોનારાને ભગવાન સુંદર લાગે માટે ઇન્દ્ર મહારાજા ભગવાનના મસ્તક ઉપરના અને દાઢી–મૂછના વાળને પણ પોતાની દૈવિક પ્રભાવક શક્તિથી સુંદર બનાવી દે છે અને એ વાળ ઠેઠ નિર્વાણ થતાં સુધી વિદ્યમાન રહે છે.

મેં મારા લેખમાં દીક્ષા લીધા પછી કેવલજ્ઞાન થાય ત્યાં સુધી ભગવાન વાળ વિનાના અને વાળવાળા બંને પ્રકારે હોય છે એવું સાબિત કર્યું છે. લોચની બાબતમાં કેટલાકે પ્રશ્નો કર્યા કે લોચ કોની પાસે કરાવતા હશે? કેટલા વખતે કરાવતા હશે? વગેરે...પરંતુ આવી બધી બાબતમાં ખુલાસા શાસ્ત્રમાં મળતા નથી, અને પ્રાયઃ આવી વાતોમાં તેઓ વિશેષ લખતા પણ નથી એટલે

થોડી વિગતો લખી હોય તે ઉપરથી કે અનુમાનથી કેટલાક નિર્ણયો લેવાનું અનિવાર્ય બને છે. અલબત્ત આ નિર્ણયો બધા જ સાચા હોય છે એવું માનવાનું નથી.

વીતરાગસ્તોત્રના મૂલ શ્લોકમાં અવસ્થિતિ ક્યારથી તે વાત જણાવી જ નથી. હા, ટીકાકારોએ દીક્ષા લીધા પછી વાળનું ન્યૂનાધિકપણું થતું નથી એ વાત જરૂર જણાવી પણ તે વાતને પૂ. હેમચંદ્રાચાર્યજીના ગ્રન્થો જ ખોટી પાડે છે. આ માટે વાંચો આ જ પુસ્તકમાં આપેલો સુવિસ્તૃત લેખ.

## ૩. અશોકવૃક્ષ, આસોપાલવ અને ચૈત્યવૃક્ષ

અષ્ટમહાપ્રાતિહાર્યમાં ત્રણ છત્રની જેમ અશોકવૃક્ષ પણ એક પ્રાતિહાર્ય જ છે. એ પણ તીર્થંકરોની સેવામાં અવિરતપણે જીવનપર્યન્ત રહેલું હોય છે.

આ લેખ એટલા માટે લખવો પડ્યો છે કે જૈનસમાજમાં સો વર્ષ પહેલાં શું સમજ હતી તે કેમ જણાવી શકું? પણ છેલ્લા સૈકામાં એટલે ૬૦-૭૦ વરસથી તો હું જાણું છું કે આપણા બધા આચાર્યો, સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓ વગેરેનો ખ્યાલ એવો બંધાઈ ગયો છે કે આસોપાલવનું ઝાડ એ જ અશોક છે. પ્રાયઃ આપણે સહુ કોઈ એ રીતે માનતા આવ્યા છીએ. પરંતુ ભગવાન મહાવીરનાં જીવન પ્રસંગનાં ચિત્રો બનાવવાનાં હોવાથી મારે પાકી ચોકસાઈ કરવી પડી, ત્યારે આછો ખ્યાલ આવેલો કે આસોપાલવ એ અશોક નથી પરંતુ અશોકનું વૃક્ષ એ સ્વતંત્ર વૃક્ષ છે. કેટલાંક વરસો સુધી એ અંગે વધુ સંશોધન થઈ શક્યું નહિ. થોડાં વરસ ઉપર આ વાત હાથ ઉપર લીધી અને વનસ્પતિશાસ્ત્રનાં કોશો તપાસતાં અશોક અને આસોપાલવ જુદાં છે તે વાત નક્કી થઈ, પછી કેરાલા, ગુજરાત, ઉત્તરપ્રદેશના બગીચાના માલિકો પાસેથી પણ તે વાત જાણવા મળી. કોણ જાણે વરસો સુધી મને વિચારવા માટે કોઈ નિમિત્ત ન મળ્યું. પરિણામે ખોટી માન્યતા વરસો સુધી ખેંચાતી રહી. આ ખોટી માન્યતા જડબેસલાક જામી ગઈ, એમાં કારણ એમ માનું છું કે અશોકનાં સ્વતંત્ર ઝાડ ગુજરાતમાં ખાસ નથી એટલે અશોકનું સ્વપ્ન પણ ક્યાંથી હોય?

આ પ્રકરણમાં અશોક અને આસોપાલવ બે જુદાં છે તે વાત જણાવી છે અને સાથે સાથે શાલવૃક્ષ નામના ચૈત્યવૃક્ષનો પરિચય પણ આપ્યો છે. પ્રાચીનકાળમાં ઉપનિષદમાં જણાવ્યું છે કે ઋષિ-મહર્ષિઓ વૃક્ષની નીચે બેસીને વેદોનું ગાન કરતા હતા. વેદો અને મંત્રોચ્ચાર શીખતા હતા અને પોતાના શિષ્યોને વિદ્યાધ્યયન કરાવતા હતા. આપણા તીર્થંકરો પણ લોકોને ધર્મનો બોધ આપે તે (પ્રાયઃ) અશોકવૃક્ષ નીચે બેસીને આપે છે. કોઈપણ તીર્થંકરને કેવલજ્ઞાન થાય તે કોઈને કોઈ ઝાડ નીચે જ થાય છે એટલે મેં લેખમાં એના અંગે વધુ સંશોધન કરવા સંકેત પણ કર્યો છે. તીર્થંકરદેવ જેવી લોકોત્તર વ્યક્તિ પણ કેવલજ્ઞાન પ્રાપ્ત કરવાના સમયે ઝાડ નીચે જ આવી જાય, એ એક અસાધારણ મનનીય બાબત છે. અહીંઆ ઝાડની અનિવાર્યતા કયા કારણે છે તે કોઈ આર્ષદૃષ્ટા જ્ઞાની જણાવી શકે.

ચૈત્યવૃક્ષ એ શું છે, તેની પણ સમજ સહુને ન હતી. અશોક ઉપર બીજું વૃક્ષ હોય છે એનો પણ ખ્યાલ બહુ ઓછાને હોય છે. એ ચૈત્યવૃક્ષ શું છે તે પણ પ્રસ્તુત લેખમાં જણાવ્યું છે.

ચૈત્યનો અર્થ જ્ઞાન થાય છે અને જે તીર્થંકરોને જે ચૈત્ય નીચે જ્ઞાન પ્રાપ્ત થયું હોય તે ઝાડ

વંદનીય-પૂજનીય બની જાય છે એટલે દેવો અશોકવૃક્ષની રચના કરીને ઉપર તે તે જ્ઞાન-ચૈત્યનાં વૃક્ષને જોડી દે છે.

તીર્થંકર દેવોની મહાન પ્રાણશકિત અશોક, ચૈત્યવૃક્ષમાં પ્રવેશ થઈ જતાં પ્રસ્તુત વૃક્ષો પણ બધી રીતે શ્રેષ્ઠ બની જાય છે.

આ પ્રમાણે અંદરના (પુસ્તકના) ત્રણ લેખનો ટૂંકો સાર અહીં આપ્યો છે.

## ત્રીજા લેખની પૂર્તિ—

પ્રશ્ન—અશોક એ જ આસોપાલવ છે અને આસોપાલવ એ જ અશોક છે એવી એક સમજ અભ્યાસીઓમાં ચાલી આવે છે તે બરાબર છે?

ઉત્તર—ના, એ સમજ બરાબર નથી. એ અંગે વિચારીએ.

આસોપાલવ એ શબ્દનો સંસ્કૃત શબ્દ વિવિધ કોશોમાં તપાસ કરતાં હાથ લાગ્યો નહીં. વળી કેટલાક કોશકારોએ અને કોઈ વિદ્વાને અશોકનો અર્થ આસોપાલવ કરેલો છે અને આપણે પણ વરસોથી એ જ સમજતા આવ્યા છીએ. પરંતુ આસોપાલવ અને અશોક એક છે કે જુદાં જુદાં છે તે માટે વિશેષ સંશોધન શરૂ કર્યું ત્યારે વૃક્ષોના વનસ્પતિકોશો વગેરે જોયા. ત્યારે તેમાં અશોક અને આસોપાલવ બંને વૃક્ષ જુદાં જુદાં બતાવીને બંનેનો અલગ અલગ પરિચય છાપ્યો હતો તે વાંચ્યો. તે પછી અમારી તપાસ આગળ ચાલતાં અશોક અને આસોપાલવનાં વૃક્ષ જુદાં જ છે એમ એના જાણકારો તેમજ બાગના માળીઓએ જણાવ્યું. બંને વૃક્ષ જુદાં નજરે જોવા પણ મલ્યાં. પાલીતાણામાં બંને વૃક્ષો જુદાં જુદાં ઉછરેલાં મારી નજર સામે આજે વિદ્યમાન છે. અન્ય સ્થળે પણ ભિન્ન ભિન્ન વૃક્ષો વિદ્યમાન છે.

આસોપાલવને અશોકની જ્ઞાતિનું વૃક્ષ કહી શકીએ, અને તેથી આસોપાલવ શબ્દમાં અશોકનું અડધું નામ 'આસો' જે મલ્યું છે તે પાંદડાંઓની લગભગ સમાનતાના કારણે હોઈ શકે છે.

તાત્પર્ય એ કે અશોક અને આસોપાલવ એક છે તેવું કદી માની શકાય તેમ નથી. બંને વૃક્ષો જુદાં જ છે એ ઉપલબ્ધ અન્ય પુરાવાઓથી નિર્વિવાદ છે.

સાર્થ ગુજરાતી જોડણીકોશ......આસોપાલવ પુ૦ (**सं. अशोक, प्रा० आसोअ + पल्लव**)

એક ઝાડ (જેના પાનનું તોરણ બને છે) આ રીતે શબ્દનોંધ આપી છે.

એનો અર્થ એ કે કોશકારો આસોપાલવ એને જ અશોક સમજે છે અને પાલવનો ગુજરાતી અર્થ પાંદડું થાય છે. અશોક ઉપરથી 'આસો' અને સંસ્કૃત **पल्लव** ઉપરથી 'પાલવ' શબ્દ બન્યો હોય એવું સ્વીકારે છે.

આથી એમ નક્કી થાય કે અશોકપલ્લવ એ શબ્દ ઉપરથી એમને તેનું અપભ્રંશ રૂપે આસોપાલવ શબ્દ નક્કી કર્યો લાગે છે. પરંતુ સંસ્કૃતકોશોમાં અશોકવૃક્ષનો વાચક બીજો સંસ્કૃત **अशोकपल्लव** એવો શબ્દ જોવા નથી મળતો.

મને લાગે છે કે આપણે ત્યાં આસોપાલવ એ જ અશોક છે એવી જે ગેરસમજભરી હવા વરસોથી ચાલતી હતી એ હવાની અસર તળે કોશકારોએ આ શબ્દનોંધ કરી હશે.

## ★ અશોક ઉપર ચૈત્યવૃક્ષ હોવું જ જોઈએ ★

ભગવાન શ્રી મહાવીરનું ચિત્રસંપુટ પ્રગટ થયું ત્યારપછી કેટલાક સાધુ અને શ્રાવકોના પત્રો આવેલા. અવરનવર રૂબરૂ પણ પ્રશ્ન પૂછતા હતા.

એમનો પ્રશ્ન એ હતો કે છેલ્લાં સોએક વરસથી સમવસરણની અંદર તીર્થંકરના મસ્તક ઉપર એક અશોકવૃક્ષ જ હોય છે, બીજા કોઇ વૃક્ષની વાત અમોએ જાણી કે સાંભળી નથી. સમવસરણનાં કોઈક કોઈક ચિત્રો દહેરાસરમાં તથા સ્થાનકવાસી સંપ્રદાયનાં જોવાં મલ્યાં, તેમાં પણ સમવસરણમાં એક અશોકવૃક્ષ જ ચીતરેલું હતું. આપે ભગવાન મહાવીરના ચિત્રસંપુટમાં સમોસરણના ચિત્રમાં અશોકવૃક્ષ ઉપર પાછું બીજું વૃક્ષ બતાવ્યું છે, અને આપે તેને ચૈત્યવૃક્ષ તરીકે ઓળખાવ્યું છે. ચિત્રના પરિચયમાં પણ આપે બે વૃક્ષોનો ઉલ્લેખ કર્યો છે. ભગવાનના માથા ઉપર બે વૃક્ષ હોય એ વાત પહેલી જ વાર જાણવા મળી. જો કે શાસ્ત્રાધાર વિના આપે લખી ન જ હોય છતાં અમારી જિજ્ઞાસાને તથા બીજાઓને પણ સંતોષ આપી શકાય એ માટે આપ શાસ્ત્રાધાર જણાવશો ખરા?

સાથે સાથે સહુ એમ પણ માનતા હતા કે અશોક એ જ ચૈત્યવૃક્ષ છે. ચૈત્યવૃક્ષ જેવું કોઇ જુદું વૃક્ષ છે જ નહિ તો તે અંગે પણ આપ પ્રકાશ પાડો તો સારૂં!

તેઓને મેં શાસ્ત્રાધારો બતાવ્યા હતા. ત્યારપછી તે લોકોએ સુઘોષા અને કલ્યાણ માસિકમાં અશોક અને આસોપાલવનો લેખ વાંચ્યો, એટલે તેમને પૂર્ણ સંતોષ થયો હતો. ત્યારપછી મને સૂચન થયું કે શાસ્ત્રાધારો સાથે લેખ માસિકમાં આવે તે બહુ જરૂરી છે. કેમકે આ એક મહત્ત્વની પહેલી જ વાર પ્રકાશિત થતી બાબત છે, એટલે અનેકના મનમાં સંશય રહેતો હોય તો તે નીકળી જવા પામે અને કોઇ આડું અવળું ખોટું પ્રચારતા હોય તો તેનો ભોગ ન બને. પણ અત્યારે તો આ પ્રગટ થતી પુસ્તિકામાં જ તેના શાસ્ત્રપાઠો આપું છું.

### –શાસ્ત્રપાઠો–

एएसिणं चउवीसाए तित्थयराणं चउवीस चेतियरुक्खा होत्था। तं जहाणग्गोह सत्तिवण्णे...

वत्तीसंति धणूइं चेतियरुक्खो उ वद्धमाणस्स।
णिच्चोउगो असोगो ओच्छन्नो सालरुक्खेणं॥११०॥

तिण्णेव गाउयाइं चेतियरुक्खो जिणस्स उसभस्स।
सेसाणं पुण रुक्खा सरीरतोबारसगुणा उ॥१११॥ (समo सूत्र १५७)

न्यग्रोधाद्या अमी ज्ञानो--त्पत्तिवृक्षा यथायथं।
सर्वेषामर्हतां भाव्या अशोकोपरिवर्तिनः॥१३॥ (लोक ३०)

ચોવીસ તીર્થંકરના ચોવીશ ચૈત્યવૃક્ષો હોય છે. તેમનાં નામ અનુક્રમે (પહેલા તીર્થંકર

ન્યગ્રોધથી લઈ સાલવૃક્ષ સુધીનાં જાણવાં. ૨૨ તીર્થંકરોનાં ચૈત્યવૃક્ષો પોતાના શરીરથી બાર ગુણા ઊંચાં હોય છે. ફક્ત વર્ધમાનસ્વામીજી અને શ્રી આદીશ્વરજી બંનેમાં ફરક આવે છે. વર્ધમાનસ્વામીજીનું અશોકવૃક્ષ **ओच्छन्नो०** વાક્યથી શાલવૃક્ષથી ઢંકાએલું હોય છે. વર્ધમાનસ્વામીનું ચૈત્યવૃક્ષ શાસ્ત્રમાં ૩૨ ધનુષ્યનું જે કહ્યું છે તેમાં ૨૧ ધનુષ્યનું અશોકવૃક્ષ સમજવું અને તેના ઉપર ૧૧ ધનુષ્યનું સાલ નામનું ચૈત્યવૃક્ષ, એમ બે વૃક્ષના ભેગાં થઈને ૩૨ ધનુષ્ય સમજવાં. પહેલા તીર્થંકર શ્રી ઋષભદેવ ભગવાનનું ચૈત્યવૃક્ષ ૩ ગાઉનું અને બાકીના ૨૨ તીર્થંકરોનાં ચૈત્યવૃક્ષો એટલે કે જ્ઞાનવૃક્ષો તે તે તીર્થંકરોના શરીરથી બાર ગુણા ઊંચાં સમજવાં.

ન્યગ્રોધ વગેરે જે જ્ઞાનોત્પત્તિ વૃક્ષો એટલે કે ચૈત્યવૃક્ષો કહ્યાં તે દરેક તીર્થંકરના [1]અશોકવૃક્ષ ઉપર યથાયોગ્ય રીતે સમજી લેવાં.

★ **मल्लिजिनस्य चैत्यवृक्षोऽशोकः ।** મલ્લિનાથ ભગવાનના ચૈત્યવૃક્ષનું જ નામ અશોક છે એટલે અશોક ઉપર બીજું અશોકવૃક્ષ છે.

ચોવીશ ચૈત્યવૃક્ષનાં નામો સપ્તતિશત૦ તથા તિત્થોગાલી૦માં પણ આપ્યાં છે.

★ **येषामधस्तात् तीर्थकृतां केवलान्युत्पन्नानि**

જેની નીચે તીર્થંકરોને કેવલજ્ઞાન થયું તેને ચૈત્યવૃક્ષ કહેવાય છે, જે જુદાં જુદાં હોય છે. જો અશોક એ જ ચૈત્યવૃક્ષ હોત તો ૨૪ જુદાં જુદાં વૃક્ષો ક્યાંથી સંભવે? એકલું અશોકવૃક્ષ આઠ પ્રાતિહાર્ય પૈકીનું છે પણ પ્રાતિહાર્યના ઉલ્લેખ વખતે ચૈત્યવૃક્ષસહિત અશોક એવું જણાવ્યું નથી, ત્યારે એમ અનુમાન થઈ શકે કે માત્ર સમોવસરણમાં દેશના આપવા બેસે ત્યારે જ ચૈત્યવૃક્ષસહિત અશોક હોય, બાકી તે સિવાયના વિહારાદિ પ્રસંગે તે ન હોય. તેની પ્રધાનતા દેશના પ્રસંગે જ હશે.

❀

પ્રશ્ન—**चैत्यद्रुम-चैत्यपादपं** આવા પણ ઉલ્લેખો શાસ્ત્રમાં મલે છે. આ ઉલ્લેખો ચૈત્યવૃક્ષ એનું જ બીજું નામ અશોક છે એમ સૂચવે છે.

ઉત્તર—આ અંગે આ જ પુસ્તિકામાં ૧૨૯માં પેજનું ટિપ્પણ જુઓ. બાકી શાસ્ત્ર-ગ્રન્થોની અસ્પષ્ટતા અને મતમતાંતરોના કારણે ચોક્કસ નિર્ણય આપવાનું અશક્ય બની જાય છે.

---

૧. ધરતી ઉપર અશોકનાં ઝાડ પાંચ રંગનાં થાય છે પણ સમવસરણનું ઝાડ કયા રંગનું સમજવું?

અશોકવૃક્ષ અને તેનાં સંયોગાંગના રંગ બાબતમાં શાસ્ત્ર-ગ્રન્થોમાં ઓછી સ્પષ્ટતા અને મત-મતાંતરો પણ આવે છે ત્યારે સ્પષ્ટ નિર્ણય આપવાનું મુશ્કેલ બને છે. આવા સંજોગોમાં અનુમાનપ્રમાણનો આશરો લેવો પડે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# બૃહત્ સંગ્રહણી-હિન્દીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૯ ઇ.સન્ ૧૯૯૩

૬૬

## संपादकीय निवेदन

*सं. आ. यशोदेवसूरि*

यहाँ जो प्रस्तावना दी गई है, वह गुजराती अनुवादवाली संग्रहणीमें जो दी है उसके आधार पर उल्लिखित है। क्योंकि जो बात गुजरातीके लिये कही गई है, वही हिन्दी-ज्ञाताओंके लिये लिखनी है।

जैनसंघमें पाठ्यपुस्तकके रूपमें प्रसिद्ध ऐसे सुप्रसिद्ध संग्रहणीरत्न–बृहत् संग्रहणी ग्रन्थके प्रकाशित गुजराती अनुवादके आधार पर ही किया गया वह हिन्दी अनुवाद प्रकाशित हो रहा है।

इस महान् ग्रन्थका गुजराती अनुवाद परमपूज्य शासनप्रभावक आचार्य श्री विजयमोहनसूरीश्वरजी महाराजके पट्टशिष्य परम पूज्य प्रतापसूरिजी म.के पट्टशिष्य और मेरा गुरुदेव प. पू. आ. श्री विजय धर्मसूरिजी म.की कृपा-सहायसे मैंने मेरी १८ से २० वर्षकी उम्रमें किया था। मूलग्रन्थ प्राकृत गाथाबद्ध है। ३४६ गाथाएँ हैं। आगमशास्त्र-वांचनका अधिकार साधुओंमें भी सभीको नहीं होता। और वांचनके योग्य बुद्धि भी जिनकी तीव्र नहीं होती ये लोग भी आगमोंमें विद्यमान कतिपय विषयोंका ज्ञान प्राप्त कर सके, उनके लिये अनेक ग्रन्थों-विषयोंमेंसे चयन करके उनको संग्रहके रूपमें आयोजन किया, और उन विषयोंको ३४६ गाथाओंमें, ११वीं शतीमें विद्यमान पूज्यपाद विद्वान आचार्यश्री चन्द्रमुनीश्वरने गूँथ दिया।

यह कृति विविध विषयोंकी संग्रहरूप होनेसे 'संग्रहणी' अथवा 'संग्रहणीरत्न' ऐसे सार्थक नामसे सम्बोधित है। दृश्यादृश्य–विश्वव्यवस्था, भूगोल, खगोल, स्वर्ग, मृत्यु और पाताल—इन तीन लोकोंसे सम्बद्ध आकर्षक विषयोंके कारण ८०० वर्षोंसे जैनसंघमें सैंकड़ों आत्माएँ इस ग्रन्थको

कण्ठस्थ करती आयी हैं। और उनका अर्थ भी गुरुजनों द्वारा सीखते आये हैं। इस कारण जैनसंघमें इस ग्रन्थका गौरवपूर्ण स्थान सुस्थिर रहा है। आज प्रायः प्रत्येक प्राचीन भण्डारमें इस ग्रन्थकी सचित्र प्रतियाँ मिले विना रहती नहीं।

संसारी अवस्थामें पन्द्रह वर्षकी आयुमें दीक्षा लेनेके लिये पूज्यपाद गुरुदेवके पास पालिताणामें 'रणशी देवराजकी धर्मशाला' में मैं साथ रहा था तब इस ग्रन्थकी सभी गाथाएँ कण्ठस्थ करके शीघ्र ही अर्थका भी अवगाहन किया था लेकिन १६वें वर्षमें दीक्षा लेनेके पश्चात् पूज्य गुरुदेवके पाससे पढाने-पुरस्सर इस ग्रन्थका अभ्यास आरम्भ किया तब इसका कोई व्यवस्थित और रोचक भाषान्तर देखनेमें नहीं आया। मैंने सोचा कि जिस ग्रन्थको सैंकड़ों विद्यार्थी पढ़ते हैं, उस महत्त्वपूर्ण ग्रन्थका उत्तम अनुवाद न हो यह दुःखद और लज्जाजनक बात थी। दूसरी ओर मैं उस समय बहुत छोटा था, इतनी छोटी आयुमें भाषान्तर-अनुवाद करनेका साहस कैसे करूँ? भाषान्तरको गुरुदेव करने भी कैसे देंगे? ऐसे बहुतसे विचार उपस्थित हुए। दीक्षा लिये हुए चार-छः महीने हुए थे कि लिखनेका उत्साह और वेग ऐसा था कि लम्बे समय तक उसे दबाये नहीं रख सका। अन्ततः गुरुदेवको कहकर कामचलाउ स्वीकृति प्राप्त करके—छपानेके लिये नहीं, अपितु केवल मेरे स्वयंके आनन्दके लिए ही भाषान्तर करना था। भाषान्तर करनेका अभ्यास करना था। लेखनकलाको विकसित करना था। बुद्धिको अधिक तेजस्वी बनाना था, अतः मैंने तो आँख मूँदकर 'जैसा आता है उतना अनुवाद करना' ऐसा निर्धार करके भाषान्तर आरम्भ किया। प्रारम्भमें कच्चा-कच्चा लिखा और बादमें उसीको सुधारकर पक्का लिखा।

इस भाषान्तरका आरम्भ करनेसे पहले 'संग्रहणी'के साथ सम्बन्ध रखनेवाले विषय आगम तथा प्रकरण आदि जिन-जिन ग्रन्थोंमें थे, उन्हें मैंने पहले देखकर बहुत-से संकेत उद्धृत कर लिये। इसमें दो महीने बीत गये। साथ ही साथ पूर्वापरमें कहाँ विरोध और कहाँ विस्तार आता है? इन सभी बातोंका अवगाहन भी कर लिया जिससे भाषान्तर करते समय मेरा यह परिश्रम भी मुझे अच्छा सहायक बना। क्लिष्ट तथा अबोध्य कार्य पूज्यपाद गुरुदेवकी कृपासे धीरे धीरे सरल होता गया और जहाँ-जहाँ अर्थ-संयोजनमें कठिनाई होती वहाँ-वहाँ अपने पूज्यपाद गुरुदेवोंको पूछकर समाधान प्राप्त कर लेता था ऐसा करते हुए अन्तमें सम्पूर्ण प्रेसकॉपी तैयार हो गई। बादमें वह प्रेसकॉपी पूज्यपाद गुरुदेवोंको संशोधनके लिये सोंप दी। मेरे पूज्य तीनों ही गुरुदेवोंने उसका पूर्णरूपसे अवलोकन कर लिया। योग्य शोधन-परिवर्धन हो जानेके बाद पूज्यपाद गुरुदेवोंने मेरी पीठ थपथपाई, मुझे प्रोत्साहित करके मेरे कार्यकी बहुत-बहुत अनुमोदन की। पूज्यपाद गुरुदेवोंको बहुत आश्चर्य हुआ, क्योंकि यह कार्य इतना सुन्दर और तीव्रतासे मैं कर सकूँगा ऐसी धारणा नहीं थी किन्तु गुरुकृपा, पूर्वजन्मके पुण्य और ज्ञानोपासना तथा सभीकी शुभकामनाके कारण एक अतिमहत्त्वपूर्ण ग्रन्थका भाषान्तर पूर्ण हो गया। मुझे भी पूर्ण सन्तोष हुआ। संग्रहणी ग्रन्थके प्रति मुझे असाधारण मोह तथा आकर्षण था, और इस प्रकार इस ग्रन्थकी मेरे द्वारा यत्किञ्चित् सेवा हुई। अभ्यासीयोंके लिये थोड़ा बहुत, समुचित, रुचिकर हो वैसा भाषान्तर कर सका इससे मुझे बहुत तुष्टि-तृप्ति मिली।

भाषान्तरके समय साथ-साथ ही मैंने अपने हाथोंसे संग्रहणीके चित्र बनानेका कार्य भी चालू

किया। छोटी अवस्थामें छलांग लगाने जैसी बात थी, क्योंकि चित्र बनानेके लिये बहुत समझ, बुद्धि, सूझ-बूझ और ज्ञान आदि बहुत अपेक्षा रखते हैं। चित्र बनानेकी कुछ शिक्षा संसारीअवस्थामें जनशिक्षणके मेरे विद्यागुरु श्री चन्दूलाल नानचन्दसे मैंने प्राप्त की थी। वे मेरी जन्मभूमिमें जैनसंघके शिक्षकके रूपमें पाठशालामें रहे थे। वे जैनतत्त्वज्ञानके प्रथम कोटिके विद्वान् थे। वे लेखन-चित्रकार्य करते थे। सुन्दर चित्र बनाना जानते थे। उनका काम देखकर मैंने भी प्रेरणा प्राप्त की थी। अतः उनका कार्य देखकर प्राप्त की हुई शिक्षा मुझे चित्र बनानेमें सहायक हुई। मेरे गुरुदेवोंका मेरे प्रति अगाध-अपार वात्सल्य ऐसा था कि मेरे द्वारा उत्तम भाषान्तर सम्पन्न हो तभी उसे प्रकाशित करनेका उनका दृढ़ निर्णय था। बादमें गुरुदेवोंने मेरा भाषांतरका ध्यानपूर्वक अवलोकन किया और वह सुचारु और समुचित लगा तब उन्होंने प्रकाशित करनेकी अनुमति दी।

बादमें यह ग्रन्थ भावनगरके महोदय प्रेसमें शीघ्र छप गया। चित्र पूनाके लीथो प्रेसमें छप गये। फिर इसकी बाइण्डिंग आरम्भ हुई और सं० १९९५ में यह प्रकाशित हुआ। प्रकाशित होनेके पश्चात् समाजमें सर्वत्र अत्यधिक आदरको प्राप्त हुआ। अनेक आचार्यों तथा अनेक लोगोंने पूज्य गुरुदेवोंके पास धन्यवाद देते हुए अनुमोदना करते हुए अनेक पत्र लिखे। संग्रहणीग्रन्थकी प्रतियाँ कुछ वर्षोंमें ही समाप्त हो गई। मेरा अध्ययनकाल, विहार तथा अन्य कतिपय कारणोंसे दूसरी आवृत्ति प्रकट करनेका संयोग शीघ्र नहीं बना। दुर्भाग्यसे द्वितीयावृत्तिके लिये कुछ वर्ष बीत गये। इसी बीच संग्रहणीके मेरे प्रथमावृत्तिके चित्र चित्रकारके द्वारा सुव्यवस्थित और सभी प्रकारसे श्रेष्ठ बने ऐसा करवानेकी इच्छा हुई। चित्रोंके कच्चे रेखाङ्कन पूर्वभूमिकाके रूपमें मैं तैयार करता गया और हमारे भक्तिशाली कुशल चित्रकार श्री रमणीक शाहने हमारे पास रहकर सभी चित्र बहुत ही उत्साहसे सुन्दररूपमें बना दिये। वे चित्र एकसे चार कलरके थे। उस समय ऑफसेट प्रिन्टिंग युग नहीं था अतः उन चित्रोंके ब्लोक बनवाये। ७०से अधिक ब्लोक बम्बईमें मेरी उपस्थितिमें तैयार करवाये और वे ब्लोक अभी-अभी सं० २०४४ में भावनगरके प्रेसमें भाई परसोत्तम द्वारा छपवाये। इस प्रकार गुजराती दूसरी आवृत्ति तैयार हुई।

गुजराती अनुवाद किस किस गतिविधिसे हो सका इसका ज्ञान हिन्दी जनताको कुछ हो सके इसके लिये उपरोक्त बात लिखी है। दूसरी ओर बहुत समयसे मेरी इच्छा 'हिन्दीभाषी जनता अधिकसे अधिक इसका ज्ञान प्राप्त करे' ऐसी थी। जैन-अजैन विद्वान भी बहुत समयसे जैनधर्मके तत्त्व तथा पदार्थोंकी कुछ झाँकी हो ऐसा ग्रन्थ हिन्दीमें प्रकाशित करनेके लिये मुझे सूचित भी करते ही रहते थे। क्योंकि हिन्दीभाषी प्रजा ज्ञानकी अल्परुचिवाली प्रजा है। जैनधर्मका ज्ञान बहुत कम पढ़ती है। व्यावहारिक शिक्षा भी बहुत कम प्राप्त करती है इससे ज्ञानकी रुचि मन्द होती है, अतः संग्रहणीग्रन्थ कि जिसमें विस्तारसे रसप्रद अनेक विषयोंकी जानकारी है, ऐसे विषयोंका ग्रन्थ यदि हिन्दीमें प्रकाशित किया जाए तो हिन्दीभाषी जनताके लिये वह बहुत उपयोगी हो जाएगा। मैंने सोचा कि संग्रहणी ग्रन्थ पर्याप्त योग्य ग्रन्थ है कि जिसमें मोक्ष-स्वर्ग, मृत्यु, पाताल, नरक, मनुष्यलोक, भूगोल, खगोल, जीवसृष्टि आदि विषयोंका वर्णन दिया गया है। इस गुजराती अनुवादसे हिन्दी अनुवाद करवाया गया। इस अनुवादको पुनः देख लेनेका लाभ एक शिक्षकको दिया। प्रेसकॉपी तैयार हुई और उसे प्रेसमें

छपवानेके लिये दी। काम शीघ्रतासे हो, इसके लिये आधा मैटर सोनगढ़-कहान मुद्रणालयमें और आधा मैटर अहमदाबाद-भरत प्रेसमें दिया। लेकिन मेरा उद्देश्य सफल नहीं हुआ, क्योंकि प्रस्तावना आदिके लेखनका हिन्दी अनुवाद करनेका कार्य शेष था। गुजरातीका हिन्दी अनुवाद करनेवाले शिक्षकके अभावके कारण छपाये गये ग्रन्थका प्रकाशन शीघ्र नहीं हो सका। बहुत बहुत कठिनाईयाँ तथा अवरोधोंके होने हुए भी इस कार्यको किनारे तक पहुँचाया और आज यह सभीके सद्भाग्यसे ७०० पृष्ठका ७२ चित्रोंके साथ विशाल विशिष्ट ग्रन्थ प्रकाशित हुआ और जैनविद्यार्थियोंको ऐसा महान् ग्रन्थ पढ़नेका अवसर प्राप्त हुआ, यह हमारे लिये तथा सभीके लिये बहुत आनन्दका विषय है, और जैनसंघके लिये, सभीके लिये महान् गौरवकी बात है।

गुजरातीसे जो इसका हिन्दी अनुवाद किया गया है, वह हिन्दीभाषाकी दृष्टिसे उच्च स्तरका नहीं प्रतीत होगा किन्तु गुजराती शिक्षकोंसे हिन्दी करानेमें कुछ शैथिल्य तो स्वाभाविक रूपसे प्रतीत होगा ही।

जैन शासनरत्न श्री श्रेणिकभाई कस्तुरभाईकी प्रेरणासे अहमदाबाद जैन बोर्डिंग ट्रस्ट तरफसे, भक्तवन्त धर्मात्मा श्री लक्ष्मीचन्दभाई तथा श्री देवीलाल आदिकी प्रेरणासे बेंगलोर ट्रस्टने तथा बम्बई-शांतिकुन्ज जैन उपाश्रय ट्रस्ट तरफसे यह प्रकाशन कार्यमें अच्छी तरहसे आर्थिक सहाय प्राप्त हुई है इसलिये वो महानुभावोंका हमारी संस्था आभार मानती है।

अन्तमें हमारे छोटे-बडे कार्योंमें सहकार देनेवाले विनयवन्त पं. मुनिश्री वाचस्पतिविजयजी तथा भक्तवन्त मुनि श्री जयभद्रविजयजी तथा हिन्दी लेख-मैटर लिखना और प्रुफ देखना, गुजरातीका हिन्दी करना तथा मुद्रणके सम्बन्धी अन्य व्यवस्थामें पूरे भक्तिभावसे साथ-सहकार देकर श्रुतभक्तिका लाभ लेते हुई विनयवन्ता साध्वी श्री पुण्ययशाश्रीजीका सुविनीत उत्साही शिष्या सा. श्री पुनितयशाश्रीजी तथा घरकी जैसे काम करनेवाला भक्तिवन्त भाई श्री रोहितभाई आदि बहुत धन्यवादार्ह है।

सोनगढ़-कहान मुद्रणालयके संचालक धर्मात्मा श्री ज्ञानचन्दजी जैन तथा अहमदाबाद भरतप्रेसके मालिक धर्मात्मा श्री कांतिभाई सपरिवार भी धन्यवादार्ह है।

इस ग्रन्थका अध्ययन सभी व्यक्ति अधिकाधिक संख्यामें करें और आत्मकल्याणकी साधनामें उपयोगी बनायें यही प्रार्थना है।

ग्रन्थकारके आशयसे विरूद्ध अथवा शास्त्रविरूद्ध कुछ भी लिखनेमें आ गया हो तो, उसके लिये क्षमायाचना!

# बृहत्संग्रहणी ग्रन्थ का संक्षिप्त परिचय

सूचना :—इस विशालकाय ग्रन्थमें क्या क्या विषय है, इसका समुचित परिचय करानेका यहाँ प्रयास किया गया है।

इस भूमि पर दृष्टिसे दिखाई देनेवाला जो विश्व है, इतने छोटे-से विश्वका हम मुख्यतः 'दुनिया' शब्दसे व्यवहार करते हैं। क्योंकि इसका प्रमाण–आकारप्रकारात्मक स्थिति बहुत छोटी है किन्तु वास्तविक रूपमें उसका विश्व शब्दसे व्यवहार नहीं किया जाता। क्योंकि दूसरा शब्द "विश्व" है जिसमें—दृश्य अदृश्य पृथ्वियाँ, धरती और आकाशमें तथा पातालमें विद्यमान देव एवं पातालमें विद्यमान नारक हैं। इन सभी वस्तुओंका जिसमें समावेश होता हो, उसे वास्तविक रूपसे 'विश्व' शब्दसे सम्बोधित किया जा सकता है। इसलिये जैन परिभाषामें विश्वको लोक शब्दसे परिचित कराया जाता है। इतर धर्ममें विश्वके लिये 'ब्रह्माण्ड' शब्दका प्रयोग होता है। जैनसमाज लोक शब्दमें 'स्वर्ग, मृत्यु, और पाताल' इन तीनो स्थलोंका समावेश करता है। जैनोंका जो लोक है वह आकारमें 'खड़ा एवं गोलाकार' है। इस लोकके पातालके अन्तमें सातवाँ नरक विद्यमान है उसके अंतिम ऊपरके कोने पर सिद्धशिला-मोक्षस्थल है। सातवें नरकके तलभागके नीचेसे लेकर लोकके ऊपरी अन्तिम लोक पर पहुँचते हैं तब उसका माप जैनशास्त्रमें चौदह राज बतलाया है। 'राज' शब्द जैनधर्मकी परिभाषाका 'प्रमाण' बतलानेवाला शब्द है।

अतः प्रश्न होगा कि 'एकराज अर्थात् कितना?' एक राज अर्थात् असंख्य कोटयनुकोटि योजन। पुरुषाकारमें स्थित यह राजलोक चौड़ाईमें एकसमान नहीं होता है। इसकी छोटीसे छोटी चौड़ाई एक राज प्रमाणकी, मध्यम पाँच राज प्रमाणकी और पातालमें सातवें नरकके तलभागमें सात राज जितनी चौड़ाई है। तात्पर्य यह है कि—'यह लोक ऊँचाईमें चौदहराज जितना और चौड़ाईमें सात राज जितना है। और इस लोकके मध्यभागमें हमारे मनुष्यलोककी धरती विद्यमान है। हमारी इस धरतीके नीचेवाले भागमें जाते हैं तब 'समभूतला' नामसे पहचानी जानेवाली पृथ्वीका स्थान है। जैनशास्त्रमें यह समभूतला समस्त प्रकारके मापोंको निश्चित करनेका केन्द्रस्थान है। समभूतला पृथ्वीसे सात राज नीचे पाताललोक और सातराज ऊपर ऊर्ध्वलोक है। (लोकका आकार कैसा है, उसका चित्र इस ग्रन्थमें दिया है, उसे देखिये।)

इस प्रकार चौदहराज प्रमाण लोकसे ज्ञेय जैन विश्वमें तीन विभाग हैं। ऊपरका विभाग जिसे 'स्वर्गलोक', मध्यके विभागको 'मध्यलोक' (तिर्यक् लोक) और अपनी धरतीके नीचेवाला भाग जो अरबों–असंख्य मील प्रमाणवाला है उसे पाताललोक–अधोलोक कहा जाता है। इस प्रकार 'ऊर्ध्व, अधः और तिर्यक् को प्रचलित भाषामें 'स्वर्ग, मृत्यु और पाताल' शब्दसे जाना जाता है।

यह लोक-संसार चार गतिरूप है। देव, नरक, मनुष्य तथा तिर्यंच! ये सभी जीव तीनों लोकमें स्थित हैं। उन चारों गतिके जीवों-पदार्थोंका वर्णन इस 'संग्रहणी' ग्रन्थमें दिया गया है।

इस लोक-विश्वमें केवल हिलने–चलते जीवोंके रहनेका स्थान चौदह राजलोकके मध्यमें एक राज जितनी लम्बी–चौड़ी जगह है जिसे जैनधर्मकी तात्त्विक परिभाषामें 'त्रसनाड़ी' कहा जाता है, इसीमें है। त्रसनाड़ी नाम इस लिये दिया गया है कि-जगत्के जीव दो प्रकारके हैं–१. स्थावर और २. त्रस। जिन

जीवोंमें प्राण हैं—जीव है किन्तु एक स्थानसे दूसरे स्थान पर स्वेच्छासे जा-आ नहीं सकते उनको स्थावर कहते हैं। स्थावर अर्थात् स्थिर। इनमें पृथ्वी, जल, अग्नि, वायु और वनस्पतिका समावेश होता है।

स्थावरसे विपरीत 'त्रस' कहलाते हैं। त्रस अर्थात् ठण्ड और गर्मी-धूपके किसी भी प्रकारके त्रास-दुःखका अनुभव होने पर गति कर सके, एक स्थानसे दूसरे स्थान पर जा सकें वे। इनमें द्वीन्द्रिय-दो इन्द्रियवाले, त्रीन्द्रिय-तीन इन्द्रियवाले, चतुरिन्द्रिय-चार इन्द्रियवाले और पञ्चेन्द्रिय-पाँच इन्द्रियवाले। ऐसे चारों प्रकारके जीवोंका समावेश होता है। ये त्रसजीव एकराज लम्बी-चौड़ी जगहमें ही उत्पन्न होते हैं और मरते हैं। इसके बाहरके भागमें एक भी जीव उत्पन्न नहीं होता और नहीं मरता है।

तब प्रश्न होता है कि क्या त्रस नाड़ीमें स्थावर जीव नहीं हैं? तब कहते हैं कि—पूर्णरूपसे हैं। स्थावर जीव तो ठूंस-ठूंस कर रहते हैं-विद्यमान हैं। त्रसनाड़ीका सम्पूर्ण अर्थ लिखें तो ऐसा होगा कि-अखिल ब्रह्माण्डमें अथवा संसारमें जो कुछ सूक्ष्म अथवा स्थूल जीव हैं, जिनमें चैतन्य विद्यमान है, वे सभी त्रस नाड़ीमें ठूँस-ठूँस कर भरे हुए हैं। सुईकी नोक जितनी जगह भी खाली नहीं है।

इतना विवेचन करनेके पश्चात् मूल बात पर आते हैं—

इस 'बृहत्संग्रहणी' ग्रन्थमें चौदह राजलोक-विश्व कैसा है? इसकी पर्याप्त जानकारी दी गई है। चौदह राजलोकके ऊपरके अन्तिम भाग पर सिद्धशिला-मोक्षस्थान है। जो सकल कर्मोंका क्षय करके ज्योतिःस्वरूप ऐसे अपनी आत्माको सदाके लिये देहसे मुक्त करता है कि तत्काल आत्मा अपने स्थानसे ऊर्ध्व जाकर अनन्त आत्माओंकी ज्योति जहाँ स्थित है वहाँ ज्योतिरूपमें स्थिर होती है। जैनधर्मकी दृष्टिसे मोक्षमें गई हुई आत्माओंको जन्म लेनेके लिये इस संसारमें पुनः आना नहीं पड़ता। यह मोक्ष क्या है? इसका प्रमाण-स्वरूपात्मक स्थिति क्या है? सिद्धशिला पर क्या है? तथा मोक्षस्थानसे नीचे उतरते अनन्त आकाशमें ही उत्तमकोटिके, विविध प्रकारके देवोंके स्थान और उनके असंख्य विमान होते हैं। तत्पश्चात् नीचे आने पर सूर्य, चन्द्र आदिका ज्योतिषलोक आता है। उससे नीचे उतरने पर आजका मनुष्यलोक जिस धरती पर हम रहते हैं वह स्थान आता है। इस धरतीके केन्द्रमें मेरुपर्वत स्थित है जो लाखों मील दूर है, जिसे हम देख नहीं सकते। जहाँ हम रहते हैं उस धरतीके नीचे, हजारों मील नीचे जाएँ तब नीचे देव-देवियोंका स्थान और सात नरक स्थित हैं। इन सभी विषयोंका वर्णन प्रस्तुत ग्रन्थमें दिया गया है।

हमारी यह प्रत्यक्ष दिखाई देनेवाली धरती जैनभूगोलमें तो सागरके समक्ष बिन्दु जितनी भी नहीं है। इस मनुष्यलोककी धरती पर असंख्य द्वीप एवं समुद्र विद्यमान हैं उनके मध्यमें 'जम्बूद्वीप' है। उस जम्बूद्वीपके छोर-सीमा भागमें विद्यमान दुनिया है। उस जम्बूद्वीपके मध्यमें महाविदेहक्षेत्र भी आया हुआ है। मेरुपर्वत भी जम्बूद्वीपके मध्यमें ही स्थित है। इस मनुष्यलोकमें अमुक भागमें सूर्य और चन्द्र फिरते हैं और अमुक भाग पूर्ण होनेके पश्चात् सूर्य, चन्द्र, नक्षत्र और ज्योतिषचक्र है, वे स्थिर है गतिमान नहीं।

तिर्यचलोकमें एकेन्द्रियसे लेकर पञ्चेन्द्रिय तकके जीवोंका कायामान, आयुष्यमान, लेश्या, परिणाम आदिका वर्णन दिया गया है।

हमारी धरतीके नीचे हजारों मील जानेके बाद भवनपति एवं व्यन्तर ऐसे दो जातिके देवोंका जो

निवास है वह पहले नरकके ऊपरी भागमें है। अतिउत्तम पुण्य किये हुए जीव देवलोकमें जाते हैं और अतिपाप किये हुए जीवोंको विविध नरकमें जन्म लेना पड़ता है। इस नरकके दुर्भागी पापी जीवोंको भयंकर कष्ट और दुःखोंका अनुभव करना पड़ता है, और मध्यम प्रकारके पुण्य किये हुए जीवोंको मनुष्यलोकमें जन्म लेना पड़ता है, यह सापेक्षभावसे समझना चाहिये।

और इस संग्रहणी ग्रन्थमें एकेन्द्रियसे लेकर पञ्चेन्द्रिय तकके जीवोंकी कायाका माप, उनका आयुष्य, प्रकार, परिस्थिति, निगोदके जीवोंका तथा मनुष्यकी कायासे सम्बन्ध वर्णन, मनुष्यकी आयुष्यमीमांसा, द्वीप-समुद्रोंका वर्णन, आकाशमें स्थित कतिपय वस्तुओंका वर्णन, भिन्न-भिन्न मापका वर्णन, पर्याप्तियोंका वर्णन एवं अन्तमें विशेष जानने योग्य ऐसे २४ द्वारोंका वर्णन आदि विविध विषयोंका विवेचन करनेमें आया है।

इनके अतिरिक्त चक्रवर्तीका वर्णन, सिद्धशिला, वासुदेव, उत्सेधांगुल, प्रमाणांगुलकी व्याख्या, आयुष्यके प्रकार, पर्याप्तिके प्रकार, विविध प्रकारके शरीर आदिका स्वरूप, इस प्रकार छोटी-बड़ी, अनेकानेक व्याख्याओंको संग्रहणी ग्रन्थमें गूँथ दिया गया है।

## चैतन्यकी शक्ति कैसी है, उसकी कुछ झाँकी हो सके, उसके लिये नीचे उदाहरण दिया गया है।

वैज्ञानिक विज्ञानकी आँखसे अर्थात् यान्त्रिक आँखोंसे अधिकसे अधिक वे सौ अरब मीलों तक दूर-स्थित वस्तुको देख सकनेमें कदाचित् समर्थ हो सकते हैं परन्तु जैनधर्ममें जो एक राज प्रमाण कहा है, उसे उतनी दूरी पर स्थित आकाशको देखनेके लिये वे कभी समर्थ नहीं हो सकते। उसका कारण यह है कि एकराज यह असंख्य ऐसे अरबों मीलोंके प्रमाणवाला है।

चौदह राजप्रमाण और लोकप्रसिद्ध भाषामें ब्रह्माण्ड अर्थात् दृश्य-अदृश्य, अखिल विश्वकी विशेषता तो देखिये।

ऐसे चौदह राजलोकप्रमाण आकाशके नीचेसे शिखरकी नोंक तक पहुँच जाना हो तो अर्थात् मोक्षमें जाना हो तो एक शक्ति ऐसी है कि जो आँखकी एक पलक गिरनेके असंख्यातमेंसे एक भागमें पहुँचा जाता है, यह शक्ति कौनसी है? यह शक्ति कोई अन्य नहीं अपितु आत्माकी अपनी चैतन्यशक्ति ही है, जो कि आत्मा तलभागसे लेकर सातराज तकके क्षेत्रमेंसे मोक्षके लिये प्रस्थान करनेका अर्थात् गति करनेका अधिकारी है। क्योंकि मोक्ष मनुष्यलोकसे और उसमें भी मनुष्यलोकके अतिमर्यादित स्थलसे ही जा सकता है; किन्तु इतने ही मनुष्यलोकसे सातराज मोक्ष दूर है। जीव संसारका पूर्ण अन्त करता है तब अन्तिम क्षणमें सदाके लिये स्थूल और सूक्ष्म दोनों शरीरोंका सम्बन्ध छोड़ देता है। जब वह अशरीरी बनता है उसी क्षण वह असंख्य कोटानुकोटी मीलों तक अर्थात् एक सेकण्डके अनेक अरबोंके एक भागके समयमें मोक्षमें पहुँच जाता है। इतनी गहन, अकल्पनीय, अद्भुत, कहीं जानने-पढ़नेमें नहीं आये, ऐसी बात तीर्थंकरोंके केवलज्ञानने हमें बतलाई है। सर्वज्ञसे ही दृष्ट बातको असर्वज्ञ कभी जान नहीं सकते, अतः यह बात धरती पर विद्यमान किसी ग्रन्थ अथवा पुस्तकमें आपको नहीं मिलेगी, केवल सर्वज्ञोपदिष्ट जैन आगमादि शास्त्रोंमें ही मिलेगी।

इस अनादिकालके माया मोहमें पड़ा हुआ आत्मा वाह्यदृष्टिके आविष्कारों और चमत्कारोंको देखकर मुग्ध वन जाए, यह स्वाभाविक है किन्तु सभी–कोई आत्माकी अनन्त–अगाध शक्तिको जानें, समझें और अन्तिम भवमें उसका साक्षात्कार करनेमें शीघ्र भाग्यशाली बने, यही एक शुभकामना है!

सं. २०४८, सन् १९९१

–ले० यशोदेवसूरि
जैन साहित्यमन्दिर, पालिताणा

# ડૉ. શ્રી ★સાગરમલજીના લેખ ઉપર મારી જરૂરી નોંધ

*લે. આચાર્યશ્રી યશોદેવસૂરિજી*

બહુશ્રુત સમર્થ વિદ્વાન સૌજન્યસ્વભાવી ડૉ. શ્રી સાગરમલજી જૈનને બૃહત્સંગ્રહણી ગ્રન્થ અંગે કંઇક લખવા વિનંતી કરી. તેઓએ હિન્દી ભાષાંતરના ફર્માઓનું વાંચન તથા ગુજરાતી ભાષાંતરની પ્રસ્તાવના, વૈજ્ઞાનિક લેખ વાંચ્યા બાદ ચિંતન મનન કરીને એક લેખ તૈયાર કરી મને મોકલી આપ્યો. સાથે લખ્યું કે જે લખાણ કે જે અંશ ઉચિત ન લાગે તો તે જરૂર રદ કરી શકો છો.

છેલ્લાં ૩૦–૪૦ વર્ષથી ભૂગોળ–ખગોળ બાબતમાં જે પરિસ્થિતિ પ્રવર્તે છે, તે એમના ખ્યાલમાં હતી જ એટલે એમને એમની દૃષ્ટિએ પોતાનું મંતવ્ય અને વિચારો ભૂમિકામાં દર્શાવ્યા છે. કોઈપણ લેખક પોતાના વિચારો રજૂ કરે તે આખરી સત્ય છે, એમ સમજીને રજૂ નથી કરતા. આપણે પણ તે સંપૂર્ણ સત્ય સમજીને સ્વીકારીએ છીએ એવું નથી. મતભેદવાળી બાબતો ઉપર વિરોધ અને તરફેણ એમ બંને રીતે વિચારણા ન થાય તો આખરી સત્ય કદી લાધી શકે નહીં. શાસ્ત્રોમાં પણ તાર્કિક અને ચર્ચાસ્પદ બાબતો જ્યાં જ્યાં નોંધાણી છે ત્યાં પૂર્વપક્ષની જાણ થયા સિવાય એ પૂર્વપક્ષ સાચો છે કે ખોટો તેનો ઉત્તર કઈ રીતે આપી શકો? એટલે ભગવાન શ્રી મહાવીર પાસે ગણધરો વાદ કરવા આવ્યા ત્યારે પણ ભગવાને એમ ન કહ્યું કે તમારી માન્યતા ખોટી છે. હું કહું તે સાંભળ! પરંતુ દરેક ગણધરના હૃદયમાં જે જે માન્યતા હતી તે ખુદ ભગવંત જાણતા હોવાથી ગણધરોના હૃદયમાં રહેલી શંકાઓને ભગવંતે પોતે જ પૂર્વપક્ષ તરીકે રજૂ કરી. ઉત્તરપક્ષ તરીકે ભગવંત જવાબ વાળતા હતા, અને ગણધરોની માન્યતા ક્યાં ગેરસમજભરી છે તે તેમને સમજાવ્યું હતું. પરિણામે આખરી સત્ય સમજાયું અને તેનો સ્વીકાર કર્યો હતો. આ રીતે જ આખરી સત્ય આવીને ઊભું રહે છે.

સંસ્કૃતમાં એક વાક્ય છે કે–**वादी प्रतिवादीभ्यां निश्चितो निर्णीतो अर्थः सिद्धांतः।**

વાદી અને પ્રતિવાદી બંને પક્ષે પરસ્પર ચર્ચા–વિચારણા કરીને જે નિર્ણય કર્યો હોય તે જ નિર્ણય સિદ્ધાંત બને છે. વાદી અને પ્રતિવાદીઓ જ્યારે એક પ્રશ્ન ખડો કરીને ચર્ચા કરે છે ત્યારે એકબીજાની માન્યતાઓનું–વિચારોનું ખંડન મંડન કરતા જ રહે છે. કાં તો વાદી અને પ્રતિવાદી

★ હિન્દી લેખ સામે હિન્દી જ નોંધ આપવી જોઈએ પરંતુ સમયના અભાવે હિન્દી થઈ શકયું નથી માટે દિલગીર છીએ.

બંને નિર્ણય ઉપર ના આવે તો મધ્યસ્થની જરૂર પડે છે અને મધ્યસ્થી જે નિર્ણય આપે તે બંનેને સ્વીકાર્ય હોય છે. છતાંય કેટલીક વ્યક્તિઓ એવી હોય છે કે મધ્યસ્થે નિર્ણય આપવા છતાં પણ અંતરથી સમાધાન જેને ન ગમ્યું હોય તો તે આખરી ચુકાદાને માન આપતા નથી.

અહીં કહેવાનો આશય એ છે કે પૂર્વપક્ષ એટલે રજૂઆત કરવાની તક બુદ્ધિમાન વિદ્વાનોને જરૂર આપવી જ જોઈએ જેથી બુદ્ધિમાનોએ કરેલી રજૂઆત સાચી છે કે ખોટી તે જાણીને તે બરાબર ન હોય તો તેના પુરાવા સાથે યોગ્ય રીતે પ્રતિકાર કરી શકાય, અને લોકોને કેટલાક સાચા ખ્યાલો પણ આપી શકાય.

આટલો ખુલાસો વાચકો ધ્યાનમાં રાખે.

મારી ગુજરાતી બૃહત્સંગ્રહણીની પ્રસ્તાવનામાં મેં વિજ્ઞાનની વર્તમાન માન્યતા સામે સંક્ષેપમાં થોડું જણાવ્યું છે, છતાં થોડી જરૂરી વાતો અહીં પુનઃ કરું.

**'પૃથ્વી ગોળ છે અને તે ફરે છે'** આ માન્યતા આપણે ત્યાં લગભગ છેલ્લાં ૨૦૦ વર્ષથી વધુ પ્રસિદ્ધ થયેલી છે. શાળા અને સ્કૂલોમાં શીખવાડવાનું શરૂ થયું ત્યારથી આપણે ત્યાં પણ પશ્ચિમની માન્યતા પૃથ્વી ગોળ છે અને તે ફરે છે તે ખૂબ વ્યાપક બની ગઈ. આપણે ત્યાં બ્રિટીશ રાજ્ય હતું એટલે જ પશ્ચિમના વૈજ્ઞાનિકોની માન્યતાઓ આપણે ત્યાં ભણાવવામાં આવતી હતી. આપણે ધર્મની બાબતમાં વધુ પડતા ઉતાવળીયા અસહિષ્ણુ છીએ એટલે આપણે ત્યાં વરસોથી ચાલી આવતી માન્યતાથી વિરુદ્ધ વાત આવે એટલે અસહિષ્ણુ બની જોરદાર વિરોધ શરૂ કરી દઈએ છીએ. ભૂગોળની બાબતમાં પ્રાચીનકાળમાં કંઈ લખાવ્યું છે કે કેમ! બધાં શાસ્ત્રોનું જ્ઞાન કંઈ બધાંને હોતું નથી. આપણા સમાજમાં પણ એક અભ્યાસી મહેસાણાના ધર્માત્મા શ્રી પંડિતજીએ પ્રસ્તુત માન્યતા જૈનધર્મ તથા ભારતના બધા ધર્મોથી તદ્દન વિરુદ્ધ હોવાથી આ માન્યતા સામે જોરદાર વિરોધ કર્યો હતો અને ખંડન પણ કર્યું છે. તેને પગલે બીજા એક મુનિશ્રીએ પણ વિરોધ પોકાર્યો અને એવી એક જોરદાર હવા વહેતી મૂકી કે પશ્ચિમના વિદ્વાનો અને લોકોએ ભારતના ધર્મપ્રવર્તકો ઋષિ–મહર્ષિઓનાં શાસ્ત્રકથનોને ખોટાં બતાવ્યાં છે. ભારતીય જનતાને પોતાના ધર્મ ઉપરની શ્રદ્ધાથી ચલિત કરી અશ્રદ્ધાળુ બનાવવાની આ એમની ચાલબાજી છે. પણ એ વાત તેમની ખોટી હતી. કેમકે ઉપર કહ્યું તેમ પૃથ્વી ગોળ છે અને તે ફરે છે તે માન્યતા પહેલાં હું કહી આવ્યો તેમ ૧૫૦૦ વર્ષ પહેલાંની છે. જ્યારે પશ્ચિમના લોકોની પોતાની આ માન્યતા મારા ખ્યાલ મુજબ ૪૦૦–૫૦૦ વર્ષ જૂની છે.

આજથી કેટલાંક વર્ષ ઉપર મને પોતાને જ એમ થયું કે પૃથ્વી ગોળ છે અને તે ફરે છે. આ માન્યતા ભારતીય વૈજ્ઞાનિકોની હતી કે કેમ! તે માટે મેં તપાસ કરી તો ભારતના વૈજ્ઞાનિક આર્યભટ્ટના તથા બીજાનાં સંસ્કૃત ગ્રન્થો અંગેની વિગતો જાણી ત્યારે સન્ ૪૭૫માં થયેલા આર્યભટ્ટે (ઈ. સન્ ૧૯૯૪ના હિસાબે આર્યભટ્ટને થયે લગભગ ૧૫૨૫ વર્ષ થયાં) પોતાના ગ્રંથમાં સંસ્કૃત શ્લોકોમાં પૃથ્વી ગોળ છે અને તે ફરે છે એમ વાંચવા મલ્યું, ત્યારે હું ઘણો જ આશ્ચર્ય પામ્યો. મને એમ થયું કે આ માન્યતા પશ્ચિમના વૈજ્ઞાનિકોની છે એ ખ્યાલે પશ્ચિમના લોકો આર્ય નથી

એટલે ભારતના આર્યધર્મોની માન્યતાને ખોટી પાડવા માટે પશ્ચિમ વૈજ્ઞાનિકોએ આ બધી માન્યતા ખોટી રીતે ફેલાવેલી છે એવું માનીને તે માન્યતાનો સખત વિરોધ કરતા રહ્યા પણ ખરેખર! આ માન્યતા પશ્ચિમની હરગીજ નથી. આ તો ભારતની જ ધરતીની માન્યતા છે. ભારતના જ ગ્રંથોમાં પૃથ્વી ગોળ છે અને તે ફરતી છે એમ સ્પષ્ટ લખ્યું છે. અરે! દસમી સદીમાં થયેલી આચારાંગ નામના જૈનશાસ્ત્રની રચાયેલી ટીકામાં ટીકાકાર શીલાંકાચાર્યે પૃથ્વી ગોળ છે અને તે ફરે છે અને સૂર્ય સ્થિર છે એવી આર્યભટ્ટ આદિ અજૈન વૈજ્ઞાનિકોની માન્યતાને પોતાનો કોઈપણ અભિપ્રાય વ્યક્ત કર્યા વિના કેટલાક પૃથ્વીને ગોળ માને છે એવો ઉલ્લેખ કર્યો છે. આ લખીને ચાલી આવતી આર્યભટ્ટની માન્યતાને તાજી કરી છે.

આર્યભટ્ટ વગેરે ભારતીય વૈજ્ઞાનિકોએ પોતાનો પૃથ્વી અંગેનો અનુભવ પુસ્તકમાં ઉતાર્યો ત્યારે અમેરિકા દેશનું તો અસ્તિત્વ લગભગ ન હતું. ત્યાં વિજ્ઞાનની હવા ન હતી. તેમજ યુરોપમાં એટલો વિજ્ઞાનનો વિકાસ થયો ન હતો. જો કે યુરોપમાં ગ્રીસ આ વિદ્યા માટે પ્રસિદ્ધ હતું. પશ્ચિમના વૈજ્ઞાનિકો હંમેશા કહેતા જ રહ્યા છે કે અમારા નિર્ણયો બધા જ સત્ય છે એમ ના સમજવું. આજનું સત્ય આવતીકાલે ખોટું પડે, વિજ્ઞાન તો વહેતું જ્ઞાન છે. વૈજ્ઞાનિકો કહે છે કે આજના અમારા નિર્ણયો કાલે બદલાય, કાલનો નિર્ણય પરમદિવસે બદલાય.

હું છેલ્લાં ત્રીશ વર્ષની વાત કરું. સેંકડો વૈજ્ઞાનિકો પૃથ્વીને બરાબર ગોળ દડા જેવી માનતા આવ્યા હતા. એ લોકોએ આ કેવી રીતે નક્કી કર્યું તે આપણે જાણતા નથી પણ પહેલવહેલો ઉપગ્રહ છોડ્યો અને પૃથ્વી ઉપરની ટોચ પાસે જઈને સીધો જ ઉતરી જવો જોઈએ એના બદલે વૈજ્ઞાનિકોએ પોતાનાં યાંત્રિક સાધનોથી જોયું કે ઉપગ્રહને સરકતા કંઈક વધુ વિલંબ થયો એટલે એમને લાગ્યું કે પૃથ્વી ઉપરના ભાગે બરાબર ગોળ નથી લાગતી પણ વચમાં ઊંચી છે, અને જમરૂખની જેમ ઉપરથી ગોળાકાર છે. આ રીતે સેંકડો વર્ષથી ચાલી આવતી માન્યતાની ઈમારત કકડભૂસ થઈ ગઈ અને નવી માન્યતાનો આવિષ્કાર થયો, પણ વૈજ્ઞાનિકોને તેનો અફસોસ થતો નથી. તે તો એમ જ સમજે છે કે આપણને એક નવું સત્ય લાધ્યું.

એક રોકેટની શોધે સેંકડો વરસોથી વિશ્વવ્યાપી વૈજ્ઞાનિકોની માન્યતાને ઉથલાવી નાંખી. ચાલ્યા આવતા એક સત્યને ફેરવી નાંખી 'પૃથ્વી ગોળ છે' તે બાબતમાં આ ઉપગ્રહે ફેરફાર બતાવ્યો, પણ પૃથ્વી ફરતી નથી, સ્થિર છે એવું કોઈ એંધાણ હજુ જાણવા મલ્યું નથી.

ગુરુત્વાકર્ષણ જેવી બાબત વિદ્યમાન છે એ વાત પણ ૩૦૦-૪૦૦ વરસની નથી પણ એ વાત પણ આર્યભટ્ટે જ કરી છે. કોઈ જૈન પંડિત, જૈન સાધુ આ શોધ પશ્ચિમની છે એવી તદ્દન ખોટી ગેરસમજ ધરાવે છે.

આટલું પ્રાથમિક વિવેચન કરીને લેખકના લેખમાંથી એમની મંજૂરી લઈને જે અંશો વધુ વિવાદાસ્પદ હતા તે તે અંશો કેન્સલ કર્યા છે, પણ મને આશ્ચર્ય સાથે નવાઈ એ લાગી કે એમને જૈન માન્યતાનો જે અઢીદ્વીપ છે એ અઢીદ્વીપને આજની વિદ્યમાન પૃથ્વી ઉપર શમાવવાનો પ્રયત્ન કેમ કર્યો? તે સમજાયું નહીં.

વાત એ છે કે, એમને જંબૂદ્વીપ, પુષ્કરાર્ધ વગેરેને દેખાતી દુનિયામાં શમાવવાનો વિચાર રજૂ કર્યો પણ તે સર્વથા અસંગત છે. કેમકે શાસ્ત્રીય દૃષ્ટિએ જંબૂદ્વીપને એક લાખ યોજન **नगपुढवी विमाणाइं** એ પાઠના આધારે પૃથ્વીને પ્રમાણાંગુલથી માપવાની જણાવી છે, એટલે એક લાખની જગ્યાએ ૪૦૦ લાખ મોટો એટલે ૪૦૦ લાખ યોજનનો જંબૂદ્વીપ છે એટલે એ દૃષ્ટિએ અહીં કોઈ જ મેળ નહીં ખાય. અઢીદ્વીપ, જંબૂદ્વીપ, અસંખ્ય દ્વીપ-સમુદ્રો, મેરુપર્વત, મહાવિદેહક્ષેત્ર જંબૂદ્વીપનો કિલ્લો આ બધાં સ્થાનો જૈન ભૂગોળમાં દર્શાવ્યાં છે એટલે તેનું અસ્તિત્વ નથી એમ કોઈ પણ રીતે કહી શકાય એમ નથી. કેમકે આ વાત એક ગ્રંથમાં નહીં પણ અનેક ગ્રંથમાં લખી છે. આ બધી બાબતોનો કોઈ નિર્ણય આપી શકાય એવી પરિસ્થિતિ નથી. યોજનની પરિભાષા સંશોધન માગે છે.

આશ્ચર્ય સાથે દુઃખની વાત એ છે કે આવા ગંભીર પ્રશ્નો સામે પણ આકાશમાંથી કોઈ દેવો દેવવાણી કેમ કરતા નથી? બાવીશમા તીર્થંકર શ્રી નેમિનાથ ભગવાનને ગોપીઓ લગ્ન માટેની હા પડાવવા માટે જળક્રીડામાં મૂંઝવી રહી હતી ત્યારે આકાશમાંથી દેવવાણી થઇ, એવી નોંધ કલ્પસૂત્રમાં વાંચવા મળે છે. તો મને મારી સ્થૂલ બુદ્ધિથી એમ થાય કે આટલા મોટા ગંભીર પ્રશ્નો સામે દેવોને દેવવાણી કરતા શું હરકત નડતી હશે? એ સમજાતું નથી. સાચું આ છે ને ખોટું આ છે, એટલી દેવવાણી થાય તો સમગ્ર વિશ્વના વિચારોની કાયાપલટ થઈ જાય. આખા વિશ્વનું તંત્ર ઘડીભર થંભી જાય અને નવો વિચાર કરી શકે, આટલી વાત અહીં જ રાખીએ.

બીજી બાજુ આજના વિજ્ઞાને જૈન તીર્થંકરદેવે કહેલા કેટલાંક સત્યોને યથાર્થ ઠેરવવામાં ઘણો મોટો ફાળો આપ્યો છે. અંગુલનો અસંખ્યાતમો ભાગ સાબિત કરવામાં સમય જેવો સૂક્ષ્મકાળ હોઈ શકે છે એમ સાચું ઠેરવવામાં આજનું વિજ્ઞાન આપણી વ્હારે ધાયું છે. તીર્થંકરોએ જ્ઞાનચક્ષુથી જોયું અને વૈજ્ઞાનિકોએ યાંત્રિક ચક્ષુથી જોયું. યાંત્રિક ચક્ષુમાં મર્યાદા છે છતાં તેમના જ્ઞાનમાં જે દેખાયું તે પણ જૈનધર્મની માન્યતાને સાચી ઠેરવવામાં પૂરતો ફાળો આપ્યો છે.

હવે જૈનો બરાબર યાદ રાખે કે પૃથ્વી ગોળ છે, ફરતી છે આ શોધ તથા ગુરુત્વાકર્ષણની શોધ સહુથી પ્રથમ પશ્ચિમના યુરોપિયન વિદ્વાનોએ કરી તે ભૂલી જાય. કેમકે આ શોધ તો વરસો પહેલાંના ભારતીય વૈજ્ઞાનિકોની છે.

આ માટે વિશેષ જાણકારી માટે મારી ગુજરાતી બૃહત્સંગ્રહણીની પ્રસ્તાવના, ભૂમિકા અને વિજ્ઞાનનો ૫૬ પાનાંનો લેખ જોઇ જવા વિનંતી. પ્રસ્તાવનામાં ઘણી ઘણી ચર્ચા કરી છે.

જૈન સાહિત્યમંદિર, પાલીતાણા

ता. १६-६-९४

*—યશોદેવસૂરિ*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# પાંચ પરિશિષ્ટો હિન્દીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૯ ઇ.સન્ ૧૯૯૩

૬૭

॥ सर्वविघ्नविदारणायश्रीमद्घोघणपार्श्वनाथाय नमोनमः ॥

॥ परमपूज्यआचार्यश्रीमद्विजयमोहनसूरीश्वर सद्गुरुभ्यो नमः ॥

## कुछ प्रास्ताविकता

जैन श्वेतांबर संघमें 'संग्रहणीरत्न', 'बृहत्संग्रहणी' अथवा 'मोटी संग्रहणी ये तीनों नाम एक ही ग्रन्थके हैं। समाज में तो मोटी (वडी) संग्रहणीसे प्रख्यात है। उसका अपरनाम त्रैलोक्यदीपिका भी है। भिन्न--भिन्न आगमों--शास्त्रों के विषयोंको ग्रहण कर उसकी प्राकृत गाथायें बनाकर, उन्हें संग्रहित कर यह ग्रन्थ तैयार किया गया है। इस ग्रन्थकी रचना जैनसंघके दो आचार्योंने की है। एक थे जैनधर्म के महान् आचार्य श्री जिनभद्रगणि क्षमाश्रमण और दूसरे थे श्रीचन्द्रमुनीश्वर। इस संग्रहणीका गुजराती भाषान्तर सुंदर रोचक सही भाषांतर नहीं मिलता था, इसलिये इसका भाषांतर १८ से २० वर्ष की उम्रमें मैंने वि. सं. १९९०--९१ में बहुत परिश्रमपूर्वक किया। कुछ चित्र भी उस समय बनवाये थे। वह ग्रन्थ वि. सं. १९९५ में प्रसिद्ध हुआ। उसीकी दूसरी आवृत्ति प्रगट होनेकी तैयारी में हैं।

संग्रहणी भाषांतरसे संबंधित जानने योग्य गुजराती में पाँच परिशिष्टोंकी प्रथम आवृत्ति ५० वर्ष पूर्व प्रकाशित हो गई थी। वर्षोंसे वह अप्राप्य थी, अतः उसकी दूसरी आवृत्ति संस्थाने प्रसिद्ध की है। वह पाँच परिशिष्ट का ज्ञान हिन्दीभाषी प्रजाको मिले इसलिये हमें गुजराती अनुवाद परसे हिन्दी अनुवाद करवाया और वो हिन्दी अनुवाद यहाँ प्रकाशित हो रहा है। यह हिन्दी पुस्तिकामें निम्नांकित पाँच परिशिष्ट है।

१. चौदह राजलोक एवं उसकी व्यवस्था का वर्णन,

२. संख्यात, असंख्यात और अनंत का स्वरूप,

३. तीर्थंकर, चक्रवर्ती, वासुदेव आदिका परिचय,

४. तमस्काय, अप्कायका विवेचन और

५. आकाशवर्ती अष्टकृष्णराजीकी व्याख्या।

पहले परिशिष्ट में चौदह राजरूप जैन विश्व कैसा है? उसका आकार, प्रकार कैसा है? सुप्रसिद्ध तीनों लोक कैसे हैं ? कहाँ है ? एक राज किसे कहें? इत्यादि अनेक विगतों। दूसरे में कालकी गिननी जैसी जैन शास्त्रोंमें बताई गई है, वैसी अन्य शास्त्रों अथवा दर्शनकारों द्वारा बताई गई ज्ञात नहीं होती। संख्यात, असंख्यात और अनंतका मान-प्रमाण क्या है उसकी विस्तारसे समजाइश। तीसरे में जैन मान्यता अनुसार ज्ञात किये जानेवाले ईश्वर या तीर्थंकररूप व्यक्ति तथा उस समयमें होनेवाले चक्रवर्ती, वासुदेव, प्रतिवासुदेव, बलदेव आदि व्यक्तियोंका परिचय, चौथें में तमस्काय और पाँचवें में अष्टकृष्णराजी, इन दोनों वस्तुओंका स्थान आकाशवर्ती है, इन सबका परिचय कराया गया है।

परमधर्मश्रद्धालु आराधक--साधक सुश्रावक श्री धनरूपमलजी नागोरी जो एक कुशल और प्रभावक क्रियाकार है। राजस्थान में अनेक स्थलों में प्रतिष्टा और अनुष्टानसे जैनसंघको बहुत लाभान्वित किया है। श्री धनरूपमलजी मेरे श्रद्धेय आत्मीय सुश्रावक है। मेरी साथ उनका हार्दिक स्नेह संबंध है और मेरी विनती से उसने समय निकालकर अतिपरिश्रम करके मेरा गुजराती पाँच परिशिष्ट ग्रन्थ परसे हिन्दी अनुवाद किया इसलिये मैं उसको बहुत ही धन्यवाद देता हूँ। और ऐसे ही सहयोग सदैव देते रहे यही शुभकामना !

इस पुस्तिका में कोई शास्त्रविरूद्ध विधान हो गया हो तो मिच्छामि दुक्कडम् ।

सं. २०४६, आषाढ शुक्ल ५
साहित्य मंदिर, पालीताणा

*यशोदेवसूरि*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# યશોધર્મ પત્ર પરિમલની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૯ ઇ.સન્ ૧૯૯૩

૬૮

## ○ થોડીક મારી વાત (સંપાદકીય) ○

દેવલોકના દેવોને માત્ર એક જ અવસ્થા હોય છે અને તે યુવાવસ્થા. જ્યારે માણસને કે તેની કાયાને ત્રણ અવસ્થામાંથી (પ્રાયઃ) પસાર થવું પડે છે. બાળ, યુવા અને જરા, એટલે મનુષ્ય ત્રણેય અવસ્થાનાં સંવેદનો અનુભવે છે. વળી લીલી-સૂકી, સારી-નરસી પરિસ્થિતિ અને ખાડાં-ટેકરાના અનુભવોમાંથી (પ્રાયઃ) પસાર થવું પડે છે. આ સંજોગોમાં જરા અવસ્થાએ પહોંચેલી વ્યક્તિને પોતાના ભૂતકાળમાં ડોકિયું કરવાનું બને ત્યારે, વળી શૈશવકાળ અને યુવાકાળની યાદ દેવડાવે, અંતરમાં વિવિધ સંવેદનો અને અનેરો હર્ષોલ્લાસ જગાડે એવા પત્રો જીવનયાત્રાની છેલ્લી સફરમાં અનાયાસે અકસ્માત વાંચવા મળે ત્યારે ખરેખર! અનેરૂં સદ્ભાગ્ય જ માનવું રહ્યું! પ્રસ્તુત પત્રોની વાત કરૂં!

પૂ. ગુરુદેવ આ. શ્રીમદ્ વિજયધર્મસૂરીશ્વરજી મહારાજે મારા ઉપર (એટલે પોતાના શિષ્ય યશોવિજયજી ઉપર) લખેલા પત્રો તેમજ મારા દાદાગુરુ પૂજ્યપાદ આ. શ્રી પ્રતાપસૂરીશ્વરજી મહારાજે લખેલા પત્રો, તે ઉપરાંત મારા ગુરુદેવ પૂજ્ય યુગદિવાકર આ.શ્રી ધર્મસૂરિજી મહારાજ સાથે સંબંધ ધરાવતી અન્ય ઘટનાના પ્રસંગો તથા સંવચ્છરીપર્વ પ્રકરણને લગતી વિગતો વગેરે તથા પ્રસ્તુત પ્રસંગને લગતી અન્ય ઘટનાઓના પત્રો અહીં છાપ્યા છે. મોટાભાગના આ પત્રો મારા પત્રોના જવાબરૂપે લખાએલા છે પણ મારા લખેલા પત્રો યુગદિવાકર આચાર્યશ્રીજીએ ફાડી જ નાંખ્યા હોય એટલે શિષ્યે કયા ભાવથી, કેવી રીતે, કયા શબ્દોમાં પત્રો લખ્યા હતા તે બાબતો વાચકોને જાણવા નહીં મળે.

આચાર્યશ્રીજી સાથે મારે પત્રવ્યવહારનો પ્રસંગ પણ બહુ જ ઓછો હતો. કારણ કે સાથે રહેવાનું વધુ હતું એટલે ઘણી ખરી ચર્ચાઓ, વાર્તાલાપો રૂબરૂમાં જ થઈ જતાં એટલે પત્ર લખવાનો ખાસ પ્રસંગ બનતો જ નહીં, એમ છતાં ક્યારેક ક્યારેક ચોમાસામાં અને શેષકાળમાં પણ જુદા રહેવાનું બનતું ખરું! પરાઓમાં પણ સાથે જવાનું જ્વલ્લે જ બનતું એટલે ખાસ જરૂરી કારણોસર પત્ર લખવાના પ્રસંગો બનતા હતા. દરેક પત્રો રાખી મૂકવાની અગત્ય હતી નહીં એટલે એ વખતે લખાએલાં કેટલાક પત્રો તો ભૂમિશરણ પણ થઈ ગયા, પણ જે કંઈ બચી ગયા તથા તપાસ કરતાં જે હસ્તગત થયા અને એમાં પણ જે પ્રગટ કરવા જેવા હતા તેટલા જ પત્રોનું અહીં પ્રકાશન થઈ રહ્યું છે. આ શ્રમણસંઘના ઈતિહાસની જ નહીં પણ જૈનસંઘના ઈતિહાસની એક નોંધપાત્ર, વિરલ અને અભૂતપૂર્વ ઘટના છે.

આ પત્રો પ્રગટ કરવાનું ઉચિત થશે કે કેમ! આના પ્રતિભાવો-પ્રત્યાઘાતો કેવાં પડશે! આ અંગેની ચિંતા ખૂબ હતી એટલે વિચારશીલ વિદ્વાનો અને મુનિરાજોનું પાલીતાણામાં મળવાનું થતાં એ અંગે પૂછપરછ પણ કરેલી ત્યારે તે સહુએ એકીઅવાજે કહ્યું કે કોઈપણ જાતનો સંકોચ કે ભીતિ રાખ્યા સિવાય પત્રોનું પ્રકાશન જરૂર કરો. તેમણે જ્યારે પત્રો વાંચ્યા ત્યારે તો વધારે ભાર દઈને કહ્યું કે સ્વ. ગુરુદેવની ભાવનાઓ, વિચારો, તેમનું હૃદય અને શિષ્ય સાથેના તેમના મધુર સંબંધો અને ગુરુપદે હોવા છતાં પણ મિત્રતાના સમાનભાવે શિષ્યને જોવાની દૃષ્ટિ, શિષ્યના વિચારો, બુદ્ધિ પ્રત્યે તેમની અથાગ શ્રદ્ધા, આદર અને માન કેવું હતું? પૂજ્યશ્રીજીના જીવનમાં સરળતા, સમભાવ, તટસ્થતા, નમ્રતા અને લઘુતાનો ભાવ કેવો ઝળકતો હતો? એ બધાય સદ્‌ગુણોનું દર્શન આ પત્રો હૃદયંગમ રીતે કરાવે તેમ છે, માટે આ પત્રો પ્રગટ થવા જ જોઈએ. એટલે પૂજ્યપાદ 'યુગદિવાકર આ.શ્રી વિજયધર્મસૂરીશ્વરજી શ્રદ્ધાંજલિ' વિશેષાંકમાં આ પત્રો છાપવામાં આવ્યા છે. એ અંક થોડા સમય બાદ પ્રગટ થનાર છે, ત્યારે તેમાં પણ આ પત્રો પાંચમા ભાગરૂપે છપાએલા જોવા મળશે પણ સાથે સાથે ખાસ કરીને પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજયમોહનસૂરીશ્વરજી મ., પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્ વિજયપ્રતાપસૂરીશ્વરજી મ. તથા પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજય ધર્મસૂરીશ્વરજી મહારાજના સંઘાડાના સાધુ-સાધ્વીજીઓને તથા સંઘાડા સાથે નિકટનો સંબંધ ધરાવતા ભક્તજનોને તેમજ પત્રસાહિત્યમાં રસ ધરાવતા વિદ્વાનોને તથા ચતુર્વિધસંઘને પ્રેરણાત્મક, બોધક એવા આ અજ્ઞાત પત્રોનો લાભ મળે એ હેતુથી પત્રવિભાગની વધુ નકલો ખેંચાવી તેને પ્રગટ કરવી અત્યંત જરૂરી સમજીને તે પ્રગટ કરી છે.

દરેક પત્રો ઉપર તે પત્ર કયા કારણોથી લખવામાં આવ્યા છે તેની ભૂમિકાનો ખ્યાલ લખનાર વ્યક્તિને જ હોય, એટલે સાધુ, સાધ્વીઓ અને વાચકોને યથાર્થ ખ્યાલ રહે એ માટે મેં મારા વિશાળ અનુભવોના આધારે તેના ઉપર વિસ્તૃત નોંધો આપી છે. આ નોંધો અનેક દૃષ્ટિએ ઘણી જ મહત્ત્વની છે અને એમાંથી પણ ઘણું ઘણું જાણવાનું, શીખવાનું અને માણવાનું મળે તેમ છે. આ બધી નોંધો લખવા માટે જે શાંતિ અને સ્થિરતા હોવી જોઈએ તે મારી નાદુરસ્ત તબિયત તથા અન્યાન્ય રોકાણોના લીધે હતી નહીં એટલે સંભવ છે કે કેટલીક બાબતો, વિચારો કે લખાણમાં ક્યાંક ક્યાંક ક્ષતિ કે ભૂલચૂક પણ હોય!

પૂજ્ય આચાર્યશ્રી વિજય પ્રતાપસૂરિજી મહારાજે મારા (એટલે મુનિશ્રી યશોવિજયજી) ઉપર લખેલો 'ક્ષમાપનાપત્ર' સૌથી વધુ ધ્યાન ખેંચે તેવો પત્ર છે. એ પત્ર આ અંકમાં આપવો તે બહુ સુમેળભર્યું ન હોવા છતાં વર્તમાનની ઘટનાનો ઈતિહાસ ભાવિ પેઢીને કંઈક જાણવા માટે પ્રેરક બને એટલા જ ખાતર અહીં પ્રસિદ્ધિ આપી છે.

પત્રો ઉપર જે નોંધો લખવામાં આવી છે તે નોંધો ઉચિતતા, સંયમ, વિવેક, સચ્ચાઈ અને તટસ્થતા વગેરેનો પૂરતો ખ્યાલ રાખીને લખી છે. આ પત્રો અમારા ગુરુ-શિષ્ય વચ્ચેના આંતરૂ-આત્મીય સંબંધો કેવા ભવ્ય, મધુર, રોમાંચક, અને રોમહર્ષક હતા, માત્ર તેનું જ જાણપણું થશે એમ નહિ પણ વાંચનારને ક્ષણભર એવો વિચાર ઝબકી જશે કે આમાં ગુરુ કોણ અને શિષ્ય કોણ?

ખરી રીતે તો પત્રોનું આ સ્વતંત્ર પ્રકાશન પાંચ વર્ષ પહેલાં જ બહાર પડ્યું હોત તો સ્વ. પૂ. આચાર્યશ્રીજીના અંતરને સમજવા માટે, મારા માટે, સંઘાડાના માટે, સમાજ માટે, જાહેર જીવન માટે અનેક રીતે ઉપયોગી અને લાભપ્રદ બન્યું હોત!

આજથી વીસ-પચ્ચીસ વર્ષ પહેલાં શ્રદ્ધાંજલિ અંક બહાર પાડવાનો પ્રસંગ ઊભો થશે અને એમાંય પત્રવ્યવહાર પણ છાપવાનો પ્રસંગ આવશે, તે કાર્ય મારા હસ્તક થશે એવી સ્વપ્નેય કલ્પના ન હતી, એટલે પત્રો જાળવી રાખવા કે સંઘરવાની કોઈ કલ્પના જ ન હતી. જ્યારે પત્રો પ્રગટ કરવાનો પ્રસંગ આવ્યો ત્યારે પત્રો થોડા મળ્યા, પછી તપાસતાં સંગ્રહમાંથી બીજાં મળી આવ્યાં એટલે પુસ્તકરૂપે પ્રગટ કરી શકાયા અને વાચકો માટે અમારા (ગુરુ-શિષ્યના) બંનેના જીવનની એક વિશિષ્ટ રીતનું અનોખું દર્શન કરવાની તક ઊભી થવા પામી.

સાહિત્યના ક્ષેત્રમાં પત્રવહેવારના થોડાંક પત્રપ્રકાશનો પ્રગટ થયાં છે પણ જૈન સાધુઓ વચ્ચે (ગુરુ-શિષ્ય વચ્ચે)નો પત્રવ્યવહાર આટલો મોટો કદાચ પહેલીજ વાર પ્રગટ થતો હશે.

જો કે આ પત્રવ્યવહારમાં કોઈ તાત્ત્વિક ચર્ચાઓ નથી, સમાજ સાથે ખાસ સંબંધ ધરાવતો નથી, આધ્યાત્મિક ચર્ચા કે પ્રશ્નની સમીક્ષા કરનારો નથી, કોઈ અગમ્ય રહસ્યની ચર્ચા કે છણાવટ કરતા પણ નથી, એમાં તો ફક્ત ગુરુ-શિષ્ય વચ્ચેના અંદરોઅંદરના પરસ્પરના વહેવારને લગતી સામાન્ય બાબતો છે એમ છતાં ગુણગ્રાહી ગુણાનુરાગી એવા જૈન સાધુ-સાધ્વીના જીવનમાં કંઈક પ્રેરણા અને પ્રકાશ આપી શકે તેવા જરૂર છે એ દૃષ્ટિએ આ પત્રોનું મૂલ્ય ઘણું છે.

આ પત્રોનું પ્રકાશન કેટલું બધું ઉપયોગી છે, આ પત્રોની મહત્તા શું છે? ગુરુ-શિષ્યના સંબંધો માટે આ પત્રો શું બોલે છે? પૂ. યુગદિવાકરશ્રીને શિષ્ય પ્રત્યે કેવો આત્મીયભાવ તેમજ અંતરનો સ્નેહ પ્રવર્તતો હતો તેનું દર્શન આ પુસ્તકમાં પહેલાં પાનાંથી શરૂ થતી પત્રોની મનનીય ભૂમિકા અને સમીક્ષા વાંચવાથી વાચકોને સુપેરે થશે, અને ખરેખર! આચાર્યશ્રીજીના અંતરભાવોને પ્રગટ કરવા માટે આ એક મહત્ત્વનું પ્રદાન છે. પત્ર લખનાર વ્યક્તિ કેવી મહાન, સરળ અને ગુણવાન હતી, ગુરુ-શિષ્યની જોડી સમગ્ર સમાજમાં વિરાટ વડલાની જેમ કેવી રીતે છવાઈ હતી એ બધી ઘટના 'વિરલ પત્રની વિરલ વાતો' એ હેડીંગ નીચે બહુ જ મનનીય રીતે રજૂ કરી છે. આ સમીક્ષા એક ઉચ્ચકોટિના ગુણાનુરાગી સુપ્રસિદ્ધ વિદ્વાન લેખકે લખી છે.

સમાજમાં આવી ઉત્તમ ગુણગ્રાહી દૃષ્ટિ રાખનારા મુનિવરો જવલ્લે જ જોવા મળશે, એમની ઉદારતાને કયા શબ્દોમાં બિરદાવવી! એમને તો ધન્યવાદ જ આપવા રહ્યા!

આવી રીતનો પત્રવ્યવહાર ભૂતકાળમાં શ્રમણસંઘના અન્ય ગુરુ-શિષ્યો વચ્ચે અંદરોઅંદર થવા પણ પામ્યો હશે, પરંતુ સાધુસંસ્થાના ત્યાગી અને આધ્યાત્મિક જીવનના કારણે પત્રો રાખવાની પ્રથા નથી અને ૫૦ વર્ષ પહેલાંના સાહિત્ય જગતમાં તો આજના આધુનિક કેટલાક ખ્યાલો પણ ન હતા એમ છતાં કોઈ ગુરુ-શિષ્ય વચ્ચેના પત્રો જેમની પાસે સચવાયાં હોય અને પ્રગટ કરવા યોગ્ય હોય એવા પત્રો પ્રગટ થાય તો તે દ્વારા સમાજને શ્રમણજીવનની કેટલીક વિશેષતાઓ, અંતરજીવન અને અંગત જીવનવહેવારની રસપ્રદ વાતોથી વાચકોને કંઈક ને કંઈક જાણવા-શીખવાનું મળે ખરૂં!

અમારા કોઈ મહદ્ સદ્ભાગ્યે છેલ્લે છેલ્લે મળી આવેલા અને પૃષ્ઠ નંબર ૧૩૨ થી ૧૩૬માં છાપેલા બે પત્રો અત્યન્ત મહત્ત્વના છે, તે ખરેખર! હૃદયંગમ અને અંતરના તારોને હલાવી નાંખે તેવા છે. સહુ ખાસ વાંચે, વિચારે અને શિષ્યના પત્રગત ભાવોને બીજાઓ અનુસરવા પ્રયત્નશીલ બને એ જ શુભકામના!

ખુલાસો – કોઈક કોઈક પત્ર માટે ક્યારેક એવું બનતું કે પૂ. ગુરુદેવે મારા ઉપર પત્ર લખીને મોકલ્યો હોય પણ એ મોકલવાની યાદ ભૂલી જતાં લગભગ એ જ જાતનો બીજો પત્ર બીજે દિવસે લખવાનું થતું. આ પત્રોમાં ૨૪માં પત્ર માટે એવું બન્યું છે. અમોએ એક પત્ર બ્લોક રૂપે અને એક પત્ર લખાણ રૂપે રજૂ કર્યો છે. જેથી બંને વચ્ચે થવા પામેલો તફાવત જોવા મળશે.

પત્રો ઉપર આપેલી નોંધો તથા બીજી કોઈ સામગ્રીના પ્રકાશનમાં જાણે-અજાણે હકીકતદોષ થયો હોય, અજુગતું લખાયું હોય તો ક્ષમા. વાચકો ક્ષીર-નીર ન્યાયે પત્રો વાંચે.

## સમગ્ર પત્રસંગ્રહની મનનીય ભૂમિકા અને આછી સુંદર સમીક્ષા

(નોંધ - આ ભૂમિકા અને મનનીય સમીક્ષા એક ગુણજ્ઞ વિદ્વાન મહાત્માની લખેલી છે.)

ગુરુને હૈયે વસાવવા એ પણ જ્યાં સહેલું નથી ત્યાં ગુરુના હૈયે વસવું એ તો સહેલું હોય જ ક્યાંથી? છતાં મુશ્કેલ ગણાતી આ બંને બાબતોને સહેલી બનાવતી ગુરુ-શિષ્યની જોડલીઓ પ્રભુના શાસનમાં અવારનવાર થતી જ આવી છે, તે રીતે આમાં યુગદિવાકર પૂ. આ. શ્રી વિજયધર્મસૂરીશ્વરજી મહારાજ તેમજ સાહિત્યકલામર્મજ્ઞ પૂ. આ. શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજ આ ગુરુ–શિષ્યની જોડલી એક મોટું નામ કે મોટું ફોર્મ ગણાય એવી છે.

❖ ❖ ❖

સમર્પણના યોગે ગુરુનાં હૈયે શિષ્ય કઈ રીતે વસ્યા હતા અને વાત્સલ્યના યોગે શિષ્યના હૈયામાં ગુરુનો કેવો વાસ હતો એની સુવાસ સૌ કોઈને આ પત્ર દ્વારા સુપેરે મળી શકશે એવો અમને વિશ્વાસ છે.

❖ ❖ ❖

અરસપરસના પત્રો એ જીવનના ઊંડાણમાં ડોકિયું કરી શકાય એવી એક બારી છે. આમાં કોઈપણ જાતની દિવાલ ન હોવાથી બંનેના અન્તસ્તલનો પૂરો પરિચય પામી શકાય છે.

❖ ❖ ❖

—એથી આ શ્રદ્ધાંજલિ વિશેષાંક ગ્રન્થમાં પત્રવિભાગ રજૂ કરવાની ભાવનાને સફળ કરવા પ્રકાશકે મુંબઈના શિક્ષણસંઘની પત્રિકામાં જાહેરાત આપી જણાવ્યું કે પૂ. યુગદિવાકર આચાર્ય મહારાજે લખેલા પત્રો જો કોઈની પાસે હોય તો અમને મોકલી આપે. આવી ટહેલ નાંખી પણ કશો પ્રતિસાદ ન મલ્યો. પૂજ્ય યશોદેવસૂરિજીને અમે આગ્રહ કર્યો કે પૂ. યુગદિવાકરે પોતાના ગુરુઓ ઉપર લખેલા પત્રો અથવા આપની ઉપર લખેલા પત્રો જો સમય કાઢીને તપાસ કરશો તો કદાચ મળી આવે. પછી ઊંડી ખોજ કરતાં સદ્‌ભાગ્યે થોડા પત્રો મળ્યા પણ છતાં તે એવા મળ્યા કે જે પૂજ્યશ્રીને જુદી જુદી રીતે સમજવા માટે ઘણાં જ ઉપયોગી હતા. આ તમામ પત્રો પૂજ્ય યુગદિવાકરશ્રીજીએ પોતાના જ હાથે લખેલા છે. ચતુર્વિધ શ્રીસંઘનું સદ્‌ભાગ્ય છે કે હૈયાનાં અતલ ઊંડાણમાંથી લખાયેલા, ઐતિહાસિક ગણી શકાય તેવા અને બીજાઓ માટે દીવાદાંડીની ગરજ સારે તેવાં પત્રો મળી આવ્યાં.

—આજે અમને એ વાતનો આનંદ છે કે પૂજ્યશ્રીએ એ પત્રો કે પત્રના જરૂરી ભાગો પ્રસ્તુત અંકમાં પ્રકાશિત કરવાની સંમતિ આપી છે. એથી શ્રદ્ધાંજલિ ગ્રંથના મહત્ત્વના શણગાર રૂપે આ પત્રોની પ્રસિદ્ધિ શોભી ઉઠશે, એ એક ચોક્કસ વાત છે. મહાપુરુષોની મહાપુરુષતાનો જેટલો ભાગ જગત સમક્ષ જાહેર હોય છે, એથી કંઈ ગુણો વધુ ભાગ જગત માટે અદૃશ્ય-અપ્રગટ હોય છે અને એનું થોડુંક દર્શન, પત્રોમાં પ્રતિબિંબિત એવું એમનું વ્યક્તિત્વ કરાવી જતું હોય છે.

—પૂ. આ.શ્રી ધર્મસૂરીશ્વરજી મહારાજનું બાહ્ય જીવન જગતથી જેટલું જાણીતું હતું એટલું જ ભીતરી જીવન અજાણ્યું હતું. એ અજાણ ભીતરની ઓળખાણ આ પત્રો કરાવી જશે, એઓશ્રી મહાન અને સર્વેસર્વા હોવા છતાં પોતાના શિષ્યની સમક્ષ પણ કેવો વ્યવહાર રાખતા હતા, કેવી નમ્રતા-લઘુતા દાખવવાની વિશાળતા એમનામાં હતી તેમજ શિષ્યના હૈયામાં ગુરુ-બહુમાનનું કેવું ઊંચું સ્થાન-માન હતું, આ વાતની પૂરી પ્રતીતિ કરાવતી આ પત્ર-ધારામાંથી મુખ્ય મુખ્ય એ બાબતો જાણવા મળે છે કે-

—પોતાના અદના શિષ્યને પણ કેવા વાત્સલ્યથી એઓ આવકારતા હતા. પત્રારંભમાં વારંવાર જોવા મળતું 'સદ્‌ગુણ સંપન્ન ભાઈશ્રી' સદ્‌ગુણશાલી ભાઈશ્રી' નું સંબોધન આ વાત્સલ્યનો માપદંડ બને એવું છે. જાણીને આશ્ચર્ય થશે કે પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી મહારાજે પોતાને આવું સંબોધન ન કરવા વિનમ્રભાવે કરેલી અનેકવાર વિનંતી છતાં પણ પૂ. યુગદિવાકરશ્રીજી પત્રમાં એમણે 'સદ્‌ગુણ સંપન્ન ભાઈશ્રી' આ શબ્દોથી જ સંબોધતા. એકવાર પોતાના વહાલસોવા શિષ્યને લખ્યું કે 'તમારામાંના અનેક સદ્‌ગુણોથી પુલકિત મન મારાં હૈયાને સહજ રીતે લખવાની ફરજ પાડી દે છે ત્યાં હું શું કરૂં!' અને પોતે કહેતા કે શું ગુરુ થઈ ગયા એટલે શિષ્યની આટલીય ગુણાનમોદના ન થાય!

—શિષ્યમાં પણ શિષ્યત્વની સાથે સાથે ગંભીરતા ભાવિનો તાગ મેળવવાની દીર્ઘદૃષ્ટિ, તેમજ કોઈપણ ચીજનો નિર્ણય લેવા માટે જરૂરી કોઠાસૂઝ હોવાથી, પોતે ગુરુ સ્થાને બિરાજમાન હોવા છતાં, અનેક બાબતોમાં પૂ.આ શ્રી યશોદેવસૂરિજીનું મન જાણ્યા વિના પગલુંય એઓશ્રી આગળ વધતા ન હતા. જે અહીં રજૂ થતા પત્રો પોતે જ સ્પષ્ટ બોલશે–કહેશે.

❖ ❖ ❖

—ઢગલાબંધ માન-પાન મળતા હોવા છતાં, સાધુ જીવનની મર્યાદાને જાળવવાનો તેમનો દૃષ્ટિકોણ કેટલો દેઢ હતો, તેમજ શહેરમાં લાંબા કાળ સુધી લોકોપકારની દૃષ્ટિથી રહેવાના સંજોગો–સંઘોએ ફરજ પાડી હોવા છતાં એઓશ્રીનું આંતરિક–વલણ કેવું અને કેટલા બધા પ્રમાણમાં સાધુતાલક્ષી હતું એ પત્રોમાંથી સારી રીતે છતું થાય છે.

❖ ❖ ❖

—સન્માન દાનના કેટલાંય પ્રસંગો ઉપસ્થિત થવા છતાં એ માન દાનના અવસરોમાં પૂજ્યશ્રીની આંતરૂરુચિ કેટલી બધી આત્મલક્ષી હતી એનો પણ પ્રેરક પરિચય આ પત્રો કરાવી જાય છે.

❖ ❖ ❖

—પત્રોમાં અહંભાવ, આગ્રહી સ્વભાવ, માન-પાન કે ખોટી મહત્ત્વાકાંક્ષાના ક્યાંય દર્શન થતાં નથી, આ એમનો આત્મા કેવો ઉત્તમ, કેવો ગુણવાન હતો, તેઓ કેટલા બધા સરલ હતા એની આ પારાશીશી (થર્મોમીટર) છે.

❖ ❖ ❖

—ટૂંકમાં ગુરુ-શિષ્યની જોડીનો પ્રભાવ અગત્યનાં જે પાયાના ગુણોના કારણે સંઘ–સમાજ પર વિરાટ વડલાની જેમ છવાઈ ગયો એનું ખૂબ જ આલ્હાદક પ્રેરક દર્શન આ પત્રો કરાવી જાય છે. એથી જીવન–કવનના આ ગ્રન્થમાં પ્રગટ થનારા લેખો કરતાંય પણ એક અપેક્ષાએ આ પત્રધારાનું પ્રકાશન વધુ મહત્ત્વનું બની જાય છે. આ પત્રો સંઘાડાની મિલકત સમા છે, પૂ. સૂરિજીની એક અંતર સંપત્તિ સમા છે, ભાવિ પેઢી માટેની મૂડી-મિલકત જેવાં છે. જાણવા, માણવા સંઘરવા જેવો આ પત્ર સંગ્રહ છે.

❖ ❖ ❖

—આજે પૂ. યુગદિવાકર આચાર્યદેવ સદેહે વિદ્યમાન નથી, છતાં આ ગુરુદેવને હૈયે વસાવીને, એઓશ્રીના હૈયામાં વાસ મેળવનાર પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી મહારાજ 'એ' ખોટને સાલવા દેતા નથી. એથી એઓશ્રીના હૈયામાં વસવા તેમજ તેઓશ્રીને હૈયે વસાવવા માટેનું કર્તવ્ય કયું હોઈ શકે? એનું પણ પ્રેરણાત્મક માર્ગદર્શન પૂરું પાડવા સમર્થ, આ પત્ર-ધારાને સાંનિધ્યે,

આગળ-પાછળના સંદર્ભો તેમજ પત્રલેખનના સમયનું વાતાવરણ આદિનો ખ્યાલ રાખવાપૂર્વક વાંચવા-વિચારવા સૌ કોઈને અમારો નમ્ર અનુરોધ છે.

❖ ❖ ❖

એક ખુલાસો– અહીં રજૂ થએલા પત્રો માત્ર પૂ. ગુરુદેવના જ જવાબ રૂપે રજૂ થયા છે. પણ જે પત્ર ઉપરથી જવાબો લખાયા તે (મુનિશ્રી યશોવિજયજી કે આચાર્યશ્રી યશોદેવસૂરિજીએ લખેલા) રજૂ થયા નથી. જેમ ગુરુજીના પત્રોથી ગુરુજીની સરલતા, નમ્રતા, નિરહંકારી, નિરાગ્રહીપણું, શિષ્ય પરત્વે અકલ્પનીય આદર, શ્રદ્ધા, પ્રેમ અને સ્નેહ જે જોવા મલ્યા, તેઓશ્રીના નિર્મલ હૃદયનું દર્શન થયું એમ મુનિજીના સદ્‌ગુણોનું પણ દર્શન થાત, પણ એ પત્રો પ્રાયઃ ઉપલબ્ધ નથી. જૈનસંઘમાં ગુરુ-શિષ્યની આવી જોડલીઓ વધુ ને વધુ જોવા મળે એ જ શુભકામના!

## ☛ વિરલ પત્રોની વિરલ વાતો ☛

☛ સામાન્ય મર્યાદા એ છે કે 'ગુરુની ઈચ્છા એ જ શિષ્યની ઈચ્છા, ગુરુની હા, માં જ શિષ્યની હા, ગુરુને અનુકૂળ થઈને રહેવું એ જ શિષ્યનો ધર્મ, શિષ્ય ગૌરવ ગુરુનું જ કરતો હોય, શિષ્ય ગુરુને સમર્પિત હોય.' આપણી સંસ્કૃતિની–જૈન આચારસંહિતાની આ એક સનાતન વ્યવસ્થા છે–નિયમો છે. ગુરુ-શિષ્ય વચ્ચેની એક મર્યાદા છે, બંધારણ છે. છતાં સનાતન નિયમો પણ ક્યારે અને કેવા અપવાદ રૂપ બનતા હોય છે એનું દર્શન, કોઈપણ વાચકને પૂજ્ય યુગદિવાકર ગુરુ અને સાહિત્યકલારત્ન શિષ્ય વચ્ચેનાં અહીં રજૂ થતાં વિરલ પત્રો નિઃસંદેહ કરાવશે.

❖ ❖ ❖

☛ આ પત્રો તમને શિષ્યની ઈચ્છા, (પ્રધાનપણે) એ જ ગુરુની ઈચ્છા. શિષ્યની હા માં જ ગુરુની હા, જ્યાં શિષ્યની સંમતિ ત્યાં ગુરુની સંમતિ, શિષ્યના ગૌરવમાં જ પોતાનું ગૌરવ, બહુ ઓછા સ્થાનોમાં જોવા મળતી. આ એક સામાન્ય નહીં પણ અસામાન્ય, ભવ્ય, પ્રેરણાપ્રદ બાબત છે. આ જોઈ ગુણગ્રાહી, હળુકર્મી, સજ્જન, ધર્માત્માઓનું હૈયું આનંદથી ઉછાળા મારે અને તેથી વિપરીત ગુણવાળા તેજોદ્વેષી આત્માઓને બળતરા થાય તેવું છે. આ કાળમાં ઓછી જગ્યાએ જોવા મળે એવું, ઈર્ષ્યા જન્માવે તેવું, ગુરુ-શિષ્ય વચ્ચેનું જ્વલંત ઉદાહરણ છે.

પ્રશ્ન-શું ગુરુ નબળા, નમાલા કે ઓછી સમજણવાળા હતા તેથી શિષ્યને મોટા બનાવવા પડતા હતા? જવાબ છે–હરગીજ નહિ.

પ્રશ્ન–તો શું શિષ્ય જબરા હતા? શું માથાભારી, રૂવાબદાર કે અતડા હતા? હરગીજ નહિ, તે તો ઘણા વિનમ્ર, વિવેક અને વિનયાદિ ગુણસંપન્ન હતા.

☛ મુનિજીના ત્રણેય ગુરુદેવોની મુનિજી પ્રત્યે, દીક્ષા લેતા પહેલાંથી જ અસાધારણ સ્નેહ, પ્રેમ

અને અભેદ આત્મીયતા હતી, એટલે જ મુનિજી ઉપર અટલ શ્રદ્ધા એવી કે છેલ્લો આખરી અભિપ્રાય એમનો લેવાનો અને જે આપે તે અમલમાં મૂકવાનો.

☛ સાચી વાત એ હતી કે પૂર્વજન્મની કોઈ લેણ-દેણ, અનેરો સમર્પણભાવ, તદ્દન નિઃસ્વાર્થ, નિખાલસ, નિરપેક્ષ ભાવની ભક્તિ, પોતાના અંગતસ્વાર્થ કે હિત સાધવાનો કે ગુરુથી વધારે માન-પાન મેળવવાની ભાવનાથી સદાએ દૂર રહીને, સંઘાડા અને વડીલોને નજર સામે રાખીને સાધક-બાધક, હિતાહિતનો વ્યાપક રીતે શીઘ્ર વિચાર કરી, શીઘ્ર નિર્ણય આપવાની કોઠાસૂઝ શક્તિ. આ બધી બાબતોના કારણે દરેક કાર્યો (પ્રાયઃ) સફળતાને વરતાં હતાં. ત્રણેય ગુરુદેવો જીવનપર્યન્ત મુનિજીને શિષ્ય છતાં વડીલ ભાવે જોતા. ભારોભાર આદરમાન, વાત્સલ્યભાવ જાળવતા અને પ. પૂ. આ. શ્રી વિજયમોહનસૂરિજીના કાળધર્મ પછી તો મુનિજીના બંને ગુરુદેવોએ મુનિજીને હતા એથી વધુ કેન્દ્રીય બનાવી દીધા હતા.

❖ ❖ ❖

☛ બંને ગુરુદેવો જાહેર પ્રશ્ન, જાહેર બાબત કે સામાજિક પ્રશ્ન ઉપર અથવા પૂજ્યપાદ આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજી મહારાજ, પૂ. સાગરજી મહારાજશ્રી વગેરે મહાન આચાર્યો કે સાધુઓ ઉપરના, સમુદાયની વ્યવસ્થાને લગતા લખાતા પત્રો અથવા પોતે લેખો લખ્યા હોય તો તે, પ્રાયઃ તરત જ યશોવિજયજીના હાથમાં ચેક કરવા આપવામાં આવતા, તેમની નજર તળે કાઢ્યા પછી જ પોસ્ટમાં રવાના થતા. વરસો સુધી આ પ્રથા રહી. એમાં ગુરુ છતાં કશી નાનપ ન સમજતા. હૃદય એક હોય ત્યાં જ આ અનુભવાય!

☛ અરે! પોતાના બંને ગુરુદેવો ગમે તેવું કોઈ કામ કરવા માગતા હોય તો પણ મુનિજીને જાણ કર્યા સિવાય કરવાનું રાખ્યું જ ન હતું, એટલે પ્રથમ મુનિજીને જાણ કરે અને જો તે કામ યોગ્ય ન લાગતું હોય અને મુનિજી વિનયપૂર્વક 'કરવું ઠીક નહીં લાગે' એટલું જ કહે એટલે આનંદથી (પ્રાયઃ વિશેષ સવાલો ઉઠાવ્યા વિના) બંધ કરી દે. ક્યારેક ચર્ચા-વિચારણા કર્યા બાદ નિર્ણય કરે, બબે વખત તો ઉપધાન વગેરે જેવાં નક્કી થઈ ગએલાં મહાન કાર્યો લાભાલાભને ખાતર મુનિજીએ ના પાડી એટલે બંધ રાખ્યાં હતાં. આવી તો ઘણી ઘણી ઘટનાઓ–પ્રસંગોનો ઉલ્લેખ કરી શકાય. અહીં આપેલા પત્રો અમારી ઉપરોક્ત વાતની બરાબર ખાત્રી કરાવશે. આમ તો આ બાબતનો સાક્ષી સમગ્ર સંઘાડો અને સમગ્ર જૈન સમાજ છે.

☛ મુનિજી કહે છે કે પત્રો છાપવા એ પણ જરૂરી હોય છે એવા ખ્યાલો જૂના વખતમાં હતા નહિ, એટલે ડઝનબંધ પત્રો ફાડી નાંખ્યાં અને રાજકીય સંપર્ક સાથેનાં પત્રો તથા પૂજ્યશ્રી સાથેનાં પત્રો કોઈ ભાગ્યશાળી જીવે મુંબઈમાં ટ્રંકમાં જાણી જોઈને પાણી નાંખી સડાવી દીધા. નહીંતર તેઓશ્રીના ધર્મ-પ્રેમ સંબંધોને વધુ જાણી શકાત. અહીં પ્રગટ થતાં પત્રો આડા-અવળાં મૂકેલાં હતાં, પણ તપાસ કરતાં પૂજ્યશ્રીના વિચારો-ભાવનાઓ, હૃદયની મહાનતા વગેરેને વ્યક્ત કરતાં થોડાં મળી આવ્યાં. સાપેક્ષ ભાવે કહીએ તો આ પત્રો ખરેખર સંઘની, સમાજની કે સંઘાડાની મિલકત જેવા છે. આપણે એ પત્રોને જોઈએ.

# રજૂ થતાં પત્રો અંગે

નોંધ–જૈનસાધુનો સહજ સ્વભાવ છે કે, કાગળ ઉપર તિથિ લખે તો વાર ન હોય અને સાલ તો ભાગ્યેજ લખે જેથી પત્રો કઈ સાલના છે તે જાણી શકાય નહિ. સાલવાર ક્રમ ગોઠવવો હોય તે પણ ગોઠવી શકાય નહિ. આ પત્રો માટે પણ એ જ સ્થિતિ છે.

શિક્ષણસંઘની પત્રિકા દ્વારા જેમની પાસે જાહેરમાં પ્રગટ કરવા યોગ્ય, કોઈ પ્રેરણાત્મક કે ભાવાત્મક પત્રો હોય તો મોકલી આપવા અમોએ ટહેલ નાંખી, પણ ટહેલનો પ્રતિસાદ ન મલ્યો, પછી અમોએ તેઓશ્રીના પ્રધાન શિષ્યરત્ન પૂ. આ. શ્રી યશોદેવસૂરિજીને ભાર દઈને વિનંતી કરી કે સ્વર્ગસ્થ દાદાગુરુ સાથેના તથા યુગદિવાકર સાથેના અથવા આપની સાથેનો પત્ર વ્યવહાર મેળવી શકાય તો ગ્રન્થની મહત્તામાં વધારો થશે. આપના ગુરુદેવના સંગ્રહમાં જો હોય તો આપ થોડો પરિશ્રમ લઈ તપાસ કરશો તો કદાચ પત્રો મળી આવે. અમારી હાર્દિક વિનંતીથી તેઓશ્રીને પોતાની પાસેથી, મુંબઈ, વડોદરા, પાલીતાણા વગેરે સ્થળના જ્ઞાનમંદિરમાં તપાસ કરાવતાં થોડાં પત્રો મલી આવ્યાં. પૂજ્યશ્રીની પણ કલ્પના ન હતી કે આટલા બધાં પત્રો મળી આવશે. પણ સદ્‌ભાગ્યે બહુમૂલ્ય પત્રો મલ્યાં. આ બધાં જ પત્રો પૂ. યુગદિવાકર ગુરુદેવશ્રીએ શિષ્ય ઉપર સ્વહસ્તે જ લખેલાં મળી આવ્યાં.

આ પત્રો ગુરુ શિષ્ય વચ્ચે કેવો અતૂટ આત્મીય સંબંધ હતો. શરણાગતિ અને સમર્પણ ભાવથી એક શિષ્ય, ગુરુદેવનાં હૃદય, મન અને બુદ્ધિ ઉપર યાવત્ તેઓશ્રીના સમગ્ર જીવનમાં કેવા છવાઈ ગયા તેમજ શિષ્ય ઉપર ગુરુદેવના વાત્સલ્યનો ઝરો કેવો અસ્ખલિત વર્ષા કરી રહ્યો હતો? કેવો અભેદ ભાવ વર્તતો હશે, તેનું વિરલ આહ્‌લાદક અને મધુર દર્શન જોવા મળશે.

શાસ્ત્રીય કે તાત્ત્વિક વિવેચન કે ચર્ચા, વિચારણાને જણાવતા પત્રો કોઈ મલ્યા નથી.

## પત્રની આગળ મૂકેલી પત્ર અંગે સ્પર્શતી નોંધો-અવતરણ કે સમીક્ષા અંગે થોડી વાત

પૂ.આ.શ્રી વિજયમોહનસૂરિજીના સંઘાડાના પૂ. આ. શ્રી ધર્મસૂરિજી મહારાજે, એમાંય વિશેષ કરીને યશોવિજયજી મહારાજે ઝઝુવે રૂપે કેવા કેવા ભાગો ભજવ્યા અને સંઘાડા સાથે ઓતપ્રોત

★ મુનિજીએ મુંબઈ ચેમ્બુરના ઉપાશ્રય ખાતે મૂકી રાખેલ એક ટ્રંકમાં ચિત્રકલા, ફોટાગ્રાફર, કિંમતી હસ્તલિખિત પ્રતિઓ, ડાયરીઓ, નિર્વાણમહોત્સવ નિમિત્તે ભારત સરકારના વિવિધ ખાતાઓ જોડે થએલા પત્ર વહેવારની ફાઈલો, રાષ્ટ્રપતિ, ગૃહમંત્રી, શિક્ષણમંત્રીના પત્રો, ચારેય ફિરકાના આગેવાનોના પત્રો તથા બીજા પત્રોની ફાઈલો પણ હતી. શિલ્પ સ્થાપત્યની કિંમતી નેગેટીવો પ્રિન્ટો બધું હતું. ટ્રંકમાં સંગ્રહને નષ્ટ કરી નાંખવાની દુર્બુદ્ધિથી કોઈએ એમાં જાણીને પાણી ભરાવી દીધું. મહિનાઓ સુધી તે પાણી તેમાં રહ્યું, એટલે બહુમૂલ્ય કિંમતી સંગ્રહ સડી ગયો, નષ્ટ થઈ ગયો. પૂજ્યશ્રીને જાણીને પારાવાર દુઃખ થયું કયા મહાનુભાવને આવી દુર્બુદ્ધિ સૂઝી હશે! પણ જો તે સંગ્રહ સલામત રહ્યો હોત તો તેમાંથી પણ પૂજ્યશ્રીનાં થોડાં પત્રો મલી આવત!

બની સંઘાડા ઉપર કેવા છવાઈ ગયા હતા? પોતાના સંઘાડાના યોગ-ક્ષેમ માટે તથા તે વધુ ઉદાત્ત બને એ માટે, કેવા સજાગ પ્રહરી બની ઉપયોગી અને ઉદાત્ત વિચારો દર્શાવતા, કુશળ નિર્ણયો આપતા અને તેથી તેઓશ્રીના ત્રણેય ગુરુદેવોને મુનિજી તરફથી કેટલો બધો સંતોષ હતો તે, અને બીજું બધું ઘણું અહીં પ્રગટ થતાં પત્રો આગળ મૂકેલી નોંધો તમને જણાવશે.

☛ આ બધી નોંધો આત્મશ્લાઘા માટે મૂકવામાં નથી આવી પરન્તુ ગુરુ-શિષ્ય વચ્ચેના આંતરિક ભાવો અને અન્ય પ્રસંગોની બીજાઓને સારી રીતે સરલતાથી જાણ થાય અને તેઓએ પણ પોતાના ગુરુઓ કે વડીલો સાથે કેવું અતિ નમ્રભાવે વિનય-વિવેકપૂર્વક રહેવું જોઈએ, ગુરુઓના હૃદય જીતવા કેવું આત્મસમર્પણ કરવું જોઈએ તેનો બોધપાઠ કે પ્રેરણા મળે એ માટે ટૂંકમાં જ જરૂરી નોંધો આપવી પડી છે. આવી નોંધો આપવી કે કેમ? એ બાબતમાં અમો સહુ દ્વિધામાં હતા. કેમકે ખુદ પૂજ્ય મુનિજી જ દ્વિધામાં હોવાથી તેઓશ્રીનું અંતઃકરણ નિર્ણય કરી શકતું ન હતું. પરંતુ બીજી બાજુ આવી અંગત, ઘરગથ્થુ, આંતરિક અને ઐતિહાસિક ઘટનાઓ ભાગ્યેજ બહાર આવતી હોય છે, ત્યારે આ બધી બાબતો કાળના ગર્ભમાં વિલીન થઈ જાય એના કરતાં તે જીવંત રહે, એ બહુ જ જરૂરી છે એવો વિચારશીલ, બુદ્ધિશાળી વ્યકિતઓનો અભિપ્રાય મલ્યો. આ પત્રોનો લાભ સહુને મળવો જ જોઈએ, સાથે જણાવ્યું કે પત્રની સમજ મળે માટે ભૂમિકા બરાબર આપજો, એકલા પત્રો છાપવાથી વાચકોને વિશેષ કોઈ ખ્યાલ નહીં આવે અને પ્રગટ કરવાનો હેતુ સરશે નહિ. વાત તદન યોગ્ય અને સાચી હતી એટલે પછી ઠીક ઠીક રીતે લાંબી-ટૂંકી નોંધો લખવી પડી.

☛ પત્રોમાં લખાએલી ઘટનાઓ સિવાયની પાર વિનાની ઘટનાઓ અને પ્રસંગો, મુનિજીના જીવનમાં કેટલાંએ બન્યા છે-કે હશે એ તો તેઓશ્રીની જીવનકથા લખાય, કાં તેઓશ્રી સ્વયં આત્મકથા લખે, તો જ હૃદય, બુદ્ધિ, નીતિ, પ્રામાણિકતા, શાસ્ત્રીયતા, સમાજ અને સમુદાય, રાષ્ટ્ર, લોકકલ્યાણ વગેરેને સ્પર્શતી ઘણી ઘણી બાબતો જાણવા મલે, પણ એ બનશે કે નહિ, બનશે તો ક્યારે બનશે? એ બધું અધ્યાહાર હોઈ, અમોએ અમારી સદ્‌બુદ્ધિથી, ખૂબ તટસ્થ ભાવે, મર્યાદામાં રહીને જ સંયમ રાખીને લખાએલી નોંધો મૂકી છે.

આ નોંધો પ્રધાનપણે શિષ્યની ગૌરવગાથા અને પારાયણ કરનારી છે એવું પણ કોકને લાગે, પણ એ લાગવું આજે સ્વાભાવિક છે. દરેક વાચકોના દૃષ્ટિબિન્દુ જુદા, વિચારો જુદા, એટલે આ નોંધોનું લખાણ સહુને ગમશે જ એવું કેમ કહેવાય? વળી બીજી વાત એ પણ છે કે હંસ અને કાગના જન્મજાત રાહ જુદા જ હોય છે. એટલે એની ઉપેક્ષા જ હોય! પણ જેઓ આવા પત્રો એ જૈનસમાજની મૂડી છે, એક ઐતિહાસિક સંગ્રહ છે, સાધુ સંસ્થાના ગુરુ-શિષ્ય એ એક પ્રતીકરૂપ હોવાથી તે દ્વારા સાધુ જીવનની આટલી બધી આંતરિક વિગતો એક સાથે ક્યાંથી જાણવા મલે? આવું સમજનારાઓ આ નોંધો–પત્રોની રજૂઆતને જરૂર આવકારશે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# જ્ઞાનની આશાતનાથી બચો (ગુજરાતી)ની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૫૭ ઇ.સન્ ૨૦૦૦

૬૯

## ❀ થોડું આ વાંચી લો ❀

કોઈપણ સારી કે નરસી, પુણ્ય કે પાપની પ્રવૃત્તિમાં ત્રણ બાબતો ખાસ નિમિત્ત બને છે. પહેલું માણસનું મન, પછી તેની વાણી અને પછી તેનું શરીર–કાયા. જ્ઞાનની સાધના, આરાધના કે ઉપાસનાઓ મન, વચન, કાયાના ત્રિકરણ યોગથી જ થાય છે, એટલે કે તેમા મન, વચન, કાયા નિમિત્ત બને છે. આરાધનાથી પુણ્યબંધ અને કર્મક્ષય થાય છે તેમજ વિરાધનાથી પાપ અને કર્મનો બંધ થાય છે અને સરવાળે તે કેવળજ્ઞાનના (ત્રિકાળજ્ઞાનના) પ્રકાશની પૂર્ણ પ્રાપ્તિમાં અંતરાયરૂપ બને છે, માટે સહુ કોઈ જીવોએ વિરાધનાથી બચી જઈને આરાધનામાં જોડાઈ જવું જોઈએ. એમાંય છેવટે વિરાધના–આશાતનાથી તો બચતા રહેવું જ જોઈએ!

મન, વચન, કાયાના ત્રિકરણયોગથી કેવી કેવી જ્ઞાનની આશાતનાઓ થાય છે તે વિસ્તારથી લખાય તો યાદી ઘણી લાંબી થઈ જાય અને કાયાથી થતી આશાતનાનું પ્રમાણ ઘણું મોટું હોય છે માટે ફક્ત કાયા સાથે સંબંધ ધરાવતી આશાતનાઓની થોડી ઝાંખી અહીં આપેલા લેખમાં કરાવી છે.

જ્ઞાનનો, પુસ્તકનો તેમજ જ્ઞાનદાતા ગુરુનો અવિનય–અનાદર કે આશાતના ન થાય અને જ્ઞાનના પ્રકાશને ઢાંકનારું જ્ઞાનાવરણીય આ નામથી ઓળખાતું કર્મ ન બંધાય માટે જૈન સાધુ–સાધ્વીજીઓ સૂક્ષ્મમાં સૂક્ષ્મ રીતે જ્ઞાનની આશાતનાથી દૂર રહીને જ્ઞાન અને જ્ઞાનીનો કેવો ભવ્ય આદર–માન કરે છે તેની યાદી આ પુસ્તિકામાં આપી શક્યા નથી.

જ્ઞાનનો લેખ વિસ્તૃત ન લખતાં મર્યાદા જાળવીને લખ્યો છે. જયાં જ્ઞાનની આશાતનાનું આભ ફાટ્યું હોય તેવા કાળમાં જ્ઞાનની આશાતનાથી બચવાની વાત કરવી એ હાસ્યાસ્પદ, હાંસીપાત્ર લાગવાની છતાં સાચી વાત પ્રજાના કલ્યાણ માટે કહેવી જ જોઈએ.

જૈન સમાજના જાણીતા વિદ્વાન અને સતત જ્ઞાનાભ્યાસી સુશ્રાવક શ્રી ભંવરલાલાજી નાહટાએ 'જ્ઞાનની આશાતનાથી બચો' એ ગુજરાતી પુસ્તિકા વાંચી અને એમને તે એટલી બધી ઉપયોગી લાગી કે અનેક કાર્યોમાં વ્યસ્ત હોવા છતાં પણ તેમને હિન્દી અનુવાદ કર્યો અને તે હિન્દી અનુવાદ અમને મોકલી આપ્યો. તેમણે હિન્દી ભાષામાં જે બે બોલ લખ્યા હતા તેનું ગુજરાતી કરીને અમોએ ગુજરાતી પુસ્તિકામાં બે બોલ છાપ્યા છે.

શ્રીયુત્ નાહટાજીએ લીધેલા પરિશ્રમ બદલ ખૂબ ખૂબ ધન્યવાદ આપીએ છીએ. નાહટાજી અંગે વિશેષ વિગત પ્રગટ થનારી હિન્દી પુસ્તિકામાં વાંચવા મળશે.

મારી તીવ્ર ઈચ્છા જ્ઞાનની આશાતનાના ૧૫-૨૦ પ્રકારોને અપીલ કરે તેવી ડિઝાઈનો બનાવરાવીને પુસ્તિકામાં છપાવવાની હતી પણ ચિત્રકારના અભાવે આ પુસ્તિકાને સચિત્ર બનાવી શકાણી નથી.

પ્રસ્તુત પુસ્તિકામાં જાણે-અજાણે ક્ષતિ રહી ગઈ હોય તો મિચ્છામિ દુક્કડમ્! —લેખક

## બાળકથી લઈને મોટાંઓ સુધીના સહુ નીચેની જરૂરી શિક્ષા-સૂચના બરાબર ધ્યાનમાં લે!

૧. ઘરોમાં, બંગલામાં કે ધાર્મિક વગેરે સ્થળોમાં અક્ષરો, વાક્યો, કહેવતો તથા વેલકમ, સુસ્વાગતમ્ વગેરે લખેલાં કે ડિઝાઈનવાળાં પગલૂછણાં રાખવાં નહિ, તેના ઉપર પગ મૂકીને જવું-આવવું નહીં.

૨. ખમ્મીશ, પાટલુન, ચડ્ડી, બુશર્ટ, સાડી, ફ્રોક, પેન્ટ વગેરે કપડાં અક્ષરોવાળાં પહેરશો નહિ અને તમારાં બાળકોને પહેરાવશો નહિ.

૩. શરીર લૂછવા માટેના ટુવાલો, મોં લૂછવા માટેના રૂમાલો કે નેપકીનો વગેરે અક્ષરોવાળાં વાપરશો નહિ.

૪. અક્ષરોવાળી કે પશુ-પ્રાણીની ડિઝાઈનોવાળી પાથરવાની ચાદરો, ઓઢવાની શાલો તથા ઓશીકાનાં કવરોનો ઉપયોગ કરશો નહિ.

૫. પુસ્તકોને પગ અડાડશો નહિ. ભૂલથી અડી જાય તો ક્ષમા માગી લેજો. પુસ્તકો, છાપાંઓ, લખેલા કાગલ કે તેનાં ટૂકડા ઉપર પગ મૂકશો નહિ. આ વાત તમે ઘરમાં હો કે બહાર રોડ ઉપર ચાલતા હોય તો પણ બરાબર ધ્યાનમાં રાખજો.

૬. પુસ્તકો ઉપર આપણાં શરીર માટે વાપરવાની કોઈ પણ ચીજ-વસ્ત્રો વગેરે મૂકવાં નહિ.

૭. કોઈપણ ચીજ પેક કરવા માટે છાપાં કે લખેલા કાગળનો ઉપયોગ કરવો નહિ.

૮. લખેલા, છાપેલા કે કોરા કાગળ બાળી શકાય નહિ.

૯. પગ નીચે કચડાય તે રીતે લખેલા કાગળ રસ્તા ઉપર ગમે ત્યાં ફેંકવા નહીં.

૧૦. છાપાનાં કાગળોનું ઓશીકું થાય નહીં, તેના ઉપર બેસાય નહિ, સુવાય નહીં અને છાપામાં ખવાય પણ નહીં. છાપાંનાં કાગળો વડે બાળકોનો સંડાસ સાફ કરી શકાય નહીં.

૧૧. ખાતાં ખાતાં વાત કરવી નહીં. પુસ્તકો પણ વાંચવા નહીં. ખાતાં ખાતાં બોલવું પડે તો સહેજ પાણી પીને પછી બોલવું. એંઠા મોંઢે બોલવાથી જ્ઞાનની આશાતના-પાપ લાગે છે.

૧૨. તમારા મોંઢાનું થૂંક પુસ્તક કે છાપાં ઉપર ઉડે નહીં તેનું ધ્યાન રાખવું.

૧૩. ઘરની અંદર કે ઘરને આંગણે રંગોળી ચિતરાવો કે બનાવો તો તેની અંદર કોઈપણ જાતનું લખાણ કરશો નહિ.

## એમ. સી. વાળી બહેનો માટે

એમ. સી. દરમિયાન પુસ્તક-છાપાંને અડાય નહિ, પત્ર લખાય નહીં. જ્ઞાનની કોઈપણ ચીજનો સ્પર્શ થઈ શકે નહિ પછી વાંચવાનું તો હોય જ ક્યાંથી?

આ ભવમાં તમારે સારી તીવ્ર બુદ્ધિવાળા રહેવું હોય, આવતા જન્મમાં બહેરાં, બોબડાં, મૂંગા, આંધળા, લંગડા, પાંગળા ન થવું હોય, મૂર્ખા થવું ન હોય તો જ્ઞાનની આશાતનાના પાપથી સર્વથા બચી ન શકાય તો વધુમાં વધુ પ્રમાણમાં બચતા રહો!

## જ્ઞાન શું છે? જ્ઞાનની આશાતના કોને કહેવાય? અને એ આશાતનાનાં પાપોથી કેવી રીતે બચી શકાય? તે ઉપર વિસ્તૃત સમજણ આપતો લેખ

આ લેખ વિશ્વની તમામ માનવજાતને ઉદ્દેશીને લખાયેલો છે માટે સહુ વાંચે.

*-લે. જૈનાચાર્ય શ્રી યશોદેવસૂરિજી*

ભૂમિકા-મહારાષ્ટ્રના ગાંધીજી બાળગંગાધર ટિળકે આજથી પ્રાયઃ ૫૦ વર્ષ ઉપર ભારતની આઝાદીની લડત ચાલતી હતી ત્યારે દેશની પ્રજાને "સ્વરાજય પ્રાપ્ત કરવું એ પ્રત્યેક ભારતવાસીઓનો જન્મસિદ્ધ હક્ક છે" એવો મંત્ર આપ્યો હતો. તેની જગ્યાએ હું "મોક્ષ પ્રાપ્ત કરવો એ પ્રત્યેક જૈનનો જન્મસિદ્ધ હક્ક છે" એ સૂત્ર જૈનોને મારા ઉપદેશના પ્રસંગમાં કહું છું. પ્રત્યેક જૈન મોક્ષાર્થી હોવો જ જોઈએ એવી જ્ઞાનીઓની વાણી છે. એ એટલા માટે છે કે અનાદિકાળના જન્મમરણના ફેરાનો, તમામ દુઃખોનો અંત લાવવો હોય અને અનંતા શાશ્વતા સુખના ભોક્તા થવું હોય તેને મોક્ષ પ્રાપ્ત કરવો જ જોઈએ. એ મોક્ષ પ્રાપ્તિનો માર્ગ શું છે તે વાત જૈનધર્મનાં શાસ્ત્રોમાં સ્થળે સ્થળે જોરદાર રીતે જણાવી છે. અને તે એ છે કે સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને

સમ્યગ્ચારિત્ર, આ ત્રણેયની ઉપાસના-સાધના જો સમજણ અને ભાવપૂર્વક થતી જાય તો એ આત્મા વહેલો મોડો કોઈને કોઈ ભવમાં સંસારનાં બંધનોને તોડીને મુક્તિસુખનો અધિકારી બની શકે છે. એ ત્રણ કારણમાં જ્ઞાનને પણ કારણ માન્યું છે, અને એને મોક્ષનું અનન્ય–પ્રધાન કારણ તરીકે સ્વીકાર્યું છે. જ્ઞાન એ આત્માનો પોતાનો શાશ્વત ગુણ છે. જ્યાં જ્ઞાન છે ત્યાં ચેતના છે અને જ્યાં ચેતના છે ત્યાં જ્ઞાન છે. આ "જીવ" છે એને જો કોઈ ઓળખાવનાર હોય તો જ્ઞાનચેતના જ છે. એ ચેતના સૂક્ષ્મ રીતે પણ જીવમાત્રમાં બેઠી છે. આ જ્ઞાનચેતનાનો અંતરાત્મામાં ઉત્તરોત્તર વિકાસ થતો જાય તેમ તેમ જ્ઞાનમાં પ્રકાશ ઉપર રહેલો પડદો (આવરણ) ખસતો જાય અને પ્રકાશ વધતો વધતો કોઈને કોઈ જન્મમાં પ્રકાશ આડો પડદો સંપૂર્ણ ખસી જતાં આત્મામાં રહેલો સંપૂર્ણ જ્ઞાનપ્રકાશ પ્રગટ થઈ જાય, જેને જૈન પરિભાષામાં "કેવળજ્ઞાન" કહેવામાં આવે છે. વ્યવહારમાં તેને "ત્રિકાલજ્ઞાન" કહેવાય છે. આ જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરવો તે બહુ સહેલી વાત નથી. મોટાભાગના જીવોને અનંત જન્મને અન્તે થતો હોય છે, પણ એ માટેના પ્રયત્નો અનેક જન્મ પહેલાં શરૂ કરવા પડે છે. એ માટે નવું નવું સમ્યગ્જ્ઞાન શીખવું, બીજાને જ્ઞાનદાન કરતાં રહેવું જોઈએ. સાથે સાથે જ્ઞાન પ્રાપ્ત કરાવનાર જ્ઞાનીનો, ગુરુનો કે શિક્ષકનો વિનય, વિવેક અને બહુમાન તેમજ આદર કરવો જોઈએ. તે ઉપરાંત જ્ઞાનપ્રાપ્તિમાં કારણભૂત બાબત પુસ્તકોમાં રહેલું "અક્ષરજ્ઞાન" છે, તેથી સૌથી પ્રથમ એ જ્ઞાન અક્ષરોનું બહુમાન–આદર કરતાં રહેવું જોઈએ જેથી જ્ઞાનની ઉપલબ્ધિ પણ બધી રીતે આશીર્વાદરૂપ થઈ પડે. પરિણામે કોઈ જન્મના અન્તે પૂર્ણ જ્ઞાનપ્રકાશ પ્રાપ્ત થાય.

## મોક્ષ પ્રાપ્ત કરવાનો અધિકાર અજૈનોને પણ છે

ઉપર જે વાત કહી તે કેવલ જૈનો માટે નથી, માત્ર જૈન સંપ્રદાયની વાત નથી, તે વાત ગમે તે દેશના, ગમે તે ધર્મના માણસને લાગુ પડે છે. સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કરવાનો અને મોક્ષ પ્રાપ્ત કરવાનો અધિકાર સહુ માટે છે. મોક્ષ એટલે કર્મથી સદાને માટે મુકિત અને સર્વ દુઃખોનો અને જન્મ–મરણના ફેરાનો અન્ત થવો તે.

## અક્ષરજ્ઞાન એ પાયો છે અને કેવળજ્ઞાન એ શિખર છે

કેટલાકે મને પૂછ્યું કે જ્ઞાનને પવિત્ર કેમ માનવું? એનો જવાબ આપવામાં લેખ લાંબો થઈ જાય પણ ટૂંકમાં આજે લેખમાં જણાવું છું કે અક્ષર એ પાયો છે અને તેનું શિખર–ટોચ કેવળજ્ઞાન (ત્રિકાળજ્ઞાન) નો મહાપ્રકાશ છે. એક અક્ષરનું જ્ઞાન ભાવિ જન્મોમાં કોઈ ભવમાં અનંતાનંત અક્ષરોરૂપ મહાપ્રકાશને પ્રાપ્ત કરાવનાર છે અને વહેવારમાં હેયોપાદેય એટલે છોડવા લાયક શું છે અને મેળવવા લાયક શું છે? તેનું વિશાળ જ્ઞાન આપનાર છે, અહીં આટલો જવાબ જ કાફી છે.

લેખ સારી રીતે સમજાય તે માટે લેખની ભૂમિકા લખીને રોજેરોજ હજારો ઘરોમાં થઈ રહેલી જ્ઞાનની આશાતના પ્રત્યે પ્રજાનું ખાસ ધ્યાન ખેંચવા માગું છું. કેમકે તે પ્રાથમિક અનિવાર્ય અગત્યની બાબત છે. એ માટે જ આ લેખ લખ્યો છે ત્યારે તે ઉપર સહુ કોઈ ધ્યાન આપે, તેમાંય વિશેષ કરીને જૈનો ચુસ્ત રીતે ધ્યાન આપે.

*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# જ્ઞાનની આશાતનાથી બચો (હિન્દી)ની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૪૯ ઇ.સન્ ૧૯૯૩

૭૦

## ज्ञान क्या है? ज्ञानकी आशातना किसे कहते हैं? और उस आशातनाके पापोंसे किस प्रकार बच सकते हैं? इस विषयमें विस्तृत जानकारी देनेवाला लेख

यह लेख विश्वकी समस्त मानवजातिको उद्देश्यकर लिखा गया है। अतः सभी लोग पढें।

*—लेखक : आचार्य श्री यशोदेवसूरिजी*

भूमिका—महाराष्ट्रके गांधीजी बालगंगाधर तिलकने आजसे प्रायः ५० वर्ष पूर्व भारतको आजादीके संघर्षके समय देशवासियोंको यह मंत्र दिया था कि "स्वराज्य प्राप्त करना यह प्रत्येक भारतवासीका जन्मसिद्ध अधिकार है" इसके स्थान पर मैं अपने उपदेश प्रसंगमें कहता हूँ कि "मोक्ष प्राप्त करना यह प्रत्येक जैनका जन्मसिद्ध अधिकार है"। प्रत्येक जैन मोक्षार्थी होना ही चाहिए ऐसी ज्ञानियोंकी वाणी है। यह इस लिये है कि अनादिकालके जन्म-मरणके चक्करका, सारे दुःखोंका अन्त लाना हो और अनंता शाश्वत सुखका भोक्ता बनना हो तो उसे मोक्ष प्राप्त करना ही चाहिये। इस मोक्षप्राप्तिका मार्ग क्या है ? यह बात जैनधर्म के शास्त्रोमें स्थान स्थान पर जोरदार रूपमें बतायी है और वह ये है कि सम्यग्दर्शन, सम्यग्ज्ञान और सम्यग्चारित्र। इन तीनोंकी उपासना--साधना यदि समझकर और भावपूर्वक होती जाय तो यह आत्मा देर-सवेर किसी न किसी भवमें संसारके बंधनोंको तोडकर मुक्तिसुखका अधिकारी बन सकता है। इन तीन कारणोंमें ज्ञानको भी कारण माना है। और उसे मोक्षका अनन्य-प्रधान कारणरूपमें स्वीकृत

किया है। ज्ञान यह आत्माका अपना शाश्वत गुण है। जहाँ ज्ञान है वहाँ चेतना है और जहाँ चेतना है वहाँ ज्ञान है। यह "जीव" है इसकी यदि कोई पहचान करानेवाला हो तो वह ज्ञान चेतना ही है। यह चेतना सूक्ष्म रीतिसे भी जीवमात्रमें उपस्थित है। इस ज्ञानचेतना का अंतरात्मामें उत्तरोत्तर विकास होता जाय और ज्ञान प्रकाश पर रहा हुआ आवरण हटता जाय तो आत्माका संपूर्ण ज्ञानप्रकाश प्रकट हो जाय, जिसे जैन परिभाषामें "केवलज्ञान" कहा जाता है। व्यवहारमें इसे "त्रिकालज्ञान" कहते है। इस ज्ञानका प्रकाश प्राप्त करना बहुत सरल बात नहीं है। अधिकांश जीवोंको अनंत जन्मोंके बाद होता है लेकिन इसके लिये प्रयत्न अनेक जन्म पहले शुरु करना पडता है। अतः नया नया सम्यग्ज्ञान सीखना, दूसरोंको ज्ञानदान करते रहना चाहिये। साथ ही साथ ज्ञान प्राप्त करानेवाले ज्ञानियों, गुरु या शिक्षकका विनय, विवेक और बहुमान तथा आदर करना चाहिये। तदुपरांत ज्ञानप्राप्तिमें कारणभूत पुस्तकोंमें रहा हुआ "अक्षरज्ञान" है, इस लिये सर्व प्रथम इन ज्ञान-अक्षरोंका बहुमान-आदर करते रहनेसे ज्ञानकी उपलब्धि भी सर्वथा प्रकारसे आशीर्वादरुप हो जाय। परिणामतः किसी जन्मके अंतमें पूर्ण ज्ञानप्रकाशकी प्राप्ति हो।

## मोक्षप्राप्ति के अधिकारी अजैन भी हैं।

उपर जो बात कही वह केवल जैनोंके लिए ही नहीं, मात्र जैन संप्रदायकी बात नहीं, यह बात चाहे जिस देशके, चाहे जिस धर्मके व्यक्ति पर लागू पडती है। संपूर्ण ज्ञान प्राप्त करनेका और मोक्ष प्राप्त करनेका अधिकार सबको है। मोक्ष अर्थात् सदाके लिये कर्मोंसे मुक्ति और सर्व दुःखोंका और जन्म-मरणके चक्करका अन्त होता है।

अक्षरज्ञान नींव है और केवलज्ञान शिखर है।

कितने लोगोंका प्रश्न है कि ज्ञानको पवित्र कैसे माना जाय ? इसके उत्तरमें लेख बहुत लंबा हो जाय किन्तु संक्षेपमें बतलाता हूँ कि अक्षर यह नींव है और इसका शिखर केवलज्ञान (त्रिकालज्ञान) का महाप्रकाश है। एक अक्षरका ज्ञान भावि जन्मोंमें किसी भवमें अनंतानंत अक्षररूप महाप्रकाश को प्राप्त करानेवाला है। और व्यवहारमें हेयोपादेय अर्थात् त्याज्य क्या है और ग्रहण करने योग्य क्या है? इसका विशाल ज्ञान देनेवाला है। यहाँ इतना ही कहना पर्याप्त है।

लेख अच्छी तरह समझमें आ जाय इस लिए लेखकी भूमिका लिखकर प्रतिदिन हजारों घरोंमें होनेवाली ज्ञानकी आशातनाके प्रति प्रजाका ध्यान आकृष्ट करना चाहता हूँ। क्योंकि यह प्राथमिक अनिवार्य आवश्यकता है। अतए इस लेख लिखा है तब सभी लोग ध्यान दें, उसमें भी विशेष तो जैन बन्धु पूर्णतया ध्यान दें।

यह प्रारंभिक भूमिका हुई अब मूल लेखका प्रारंभ होता है।

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# પાર્શ્વનાથોપસર્ગહારિણી પદ્માવતી માતાજીની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૫૦ ઇ.સન્ ૧૯૯૪

૭૧

## સહુનું સર્વાંગી રીતે કલ્યાણ કરનારાં ભગવતી શ્રી પદ્માવતીજી

*પૂ.આ. શ્રી વિજયયશોદેવસૂરીશ્વરજી મહારાજ*

જૈનસમાજમાં 'સાહિત્ય-કલા-રત્ન' એવા ગૌરવવંતા વિશેષણ અને 'યશોવિજયજી' એવા હુલામણા નામથી ઓળખાતા પૂજ્ય આચાર્યશ્રી વિજયયશોદેવસૂરિજી મહારાજ સાહિત્ય, કલા અને સંશોધનના ક્ષેત્રે અવ્વલ ખ્યાતિ ધરાવે છે. તેઓશ્રીએ વિવિધ વિષયના ઘણા ગ્રન્થોનું સંપાદન કર્યું છે. જૈન સમાજના શ્રદ્ધેય પુરુષ છે. કલિકાલ કલ્પદ્રુમ ભગવાન શ્રી પાર્શ્વનાથના ભક્ત તથા ભગવતી શ્રી પદ્માવતીજીના અચ્છા ઉપાસક પણ છે. શિલ્પ, સ્થાપત્ય, મૂર્તિકલા, ચિત્રકલા, મન્ત્ર-યન્ત્ર કલા, આકૃતિઓની વિશેષતા-નવીનતા માટે પૂજ્યશ્રી પાસે ખૂબ ઊંડી, માર્મિક અને વ્યાપક સૂઝ-સમજ છે. તેઓશ્રી પાસે સમયનો અભાવ હોવા છતાં તેઓશ્રીએ થોડા સમય પહેલાં પદ્માવતીજી અંગે એક લેખ લખેલો, જેમાં પદ્માવતીજી ક્યાં રહે? કોના રક્ષક? કયું શરીર અને કયું જ્ઞાન ધરાવે છે? ઈત્યાદિ પ્રશ્નોની છણાવટ કરી હતી. સુધારા - વધારા સાથે તે લેખ અને તે ઉપરાંત ખાસ જાણવા જેવી મૂર્તિશિલ્પ રચનાના ઈતિહાસમાં બનેલી કેટલીક રોમહર્ષ, રોમાંચક અને ગૌરવાસ્પદ વિગતો ઉમેરીને અમને આપ્યો છે તે અહીં પ્રગટ કર્યો છે.

મુંબઈ-વાલકેશ્વરના શ્રી આદીશ્વરજીના દહેરાસરે ભગવતીજીની ભારતપ્રસિદ્ધ બેનમૂન

અને અજોડ મૂર્તિનું આયોજન કરનાર અને પૂજ્ય ગુરુદેવો સાથે રહીને મૂર્તિની સ્થાપના કરાવનારા પૂજ્યશ્રી જ છે! એટલું જ નહીં જૈનસંઘમાં છેલ્લાં ૨૫ વરસમાં સર્વત્ર પદ્માવતીજીનું જે ભારે મોજું ફરી વળ્યું છે તેમાં પ્રધાન કારણ પૂજ્યશ્રી જ છે!

જિનશાસનમાં શાસ્ત્રોક્ત રીતે દેવ-દેવીઓની સાધના–આરાધના પણ છે જ અને તેને ધર્માચાર્યો પણ જપ, સાધના અને અનુષ્ઠાન દ્વારા ઉપયોગમાં લે છે. પ્રતિક્રમણમાં દેવવંદન વગેરેની ક્રિયાઓમાં પણ દેવ-દેવીઓની સ્તુતિ-પ્રાર્થના કરે છે. એમાં અહીંયા વર્તમાનમાં વધુ પ્રભાવ બતાવી રહેલાં ભગવતી શ્રી પદ્માવતીજીનો સંક્ષિપ્ત પરિચય પદ્માવતીજીના પરમ ઉપાસક અને પરમ કૃપાપાત્ર પૂજ્યશ્રી અહીં કરાવે છે.

ભગવતીજીનાં અનેક રહસ્યોનો ભંડાર આ સૂરિદેવ પાસે હોવાનું કહેવાય છે. –સંપાદક

## જૈન સંઘમાં ભગવતી શ્રી પદ્માવતીજીની નિયુક્તિ ક્યારે થઈ?

આજથી ૨૮૬૨ વરસો ઉપર જન્મેલા અને કલિકાલમાં કલ્પવૃક્ષ જેવા ત્રિકાલજ્ઞાન ઉત્પન્ન થયું. દેવરચિત પ્રવચનગૃહ–સમવસરણમાં દેશના આપી. તે પછી તરત જ પોતાના સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકારૂપ ચતુર્વિધ શ્રીસંઘની સ્થાપના કરી. તે પછી એ પ્રસંગે શ્રી પાર્શ્વનાથ ભગવાનનાં શાસનના તથા તેઓશ્રીના સંઘના યોગક્ષેમ માટે એટલે કે પ્રજાના બાહ્ય–આભ્યંતર, ધાર્મિક, આધ્યાત્મિક ઉપરાંત ભૌતિક ઉત્કર્ષમાં સહાયક બને એ માટે સમગ્ર સભા વચ્ચે જાહેર રીતે કોઈપણ એક દેવ અને એક દેવીની નિયુક્તિ થાય છે. આ વ્યવસ્થા પુરાતનકાળથી★ ચાલી આવે છે. તેને અનુસરીને પોતાના (શ્રી પાર્શ્વનાથજીના) શાસનના અધિષ્ઠાયક-સંરક્ષક યક્ષ તરીકે (પુરુષ) પાર્શ્વ અને યક્ષિણી તરીકે પદ્માવતીદેવીની નિયુક્તિ કરી હતી. લોકોત્તર શાસનમાં પણ દેવ-દેવીની સહાયની અગત્ય અનિવાર્યપણે સ્વીકારવામાં આવી છે. આ રીતે પદ્માવતીજીની સંરક્ષક તરીકેની સ્થાપનાની વાત જણાવી.

### દેવ-દેવીઓ ક્યાં વસે છે તે જોઈએ :

અન્ય કોઈપણ ધર્મના ગ્રંથમાં દેવલોકની સૃષ્ટિ અને તેમાં વસતા દેવ-દેવીઓના વસવાટ અંગેનું વર્ણન સામાન્યકક્ષાનું, અવ્યવસ્થિત, છૂટું છવાયું અને બહુ જ થોડું મળે છે. જ્યારે સર્વજ્ઞકથિત જૈનગ્રંથોમાં તેનું વર્ણન વ્યવસ્થિત, વિશાળ પ્રમાણમાં અને વ્યાપક સ્વરૂપે મળે છે. એ એક સહુ માટે આનંદ અને સંતોષની બાબત છે.

### પ્રથમ વસવાટ અંગે જોઈએ :

દેવ–દેવીઓનો વસવાટ બે જગ્યાએ છે : આકાશમાં અને સ્વર્ગમાં. આપણે જે ધરતી ઉપર રહીએ છીએ તે ધરતીની નીચે હજારો ગાઉ-માઈલો નીચે પાતાલમાં વિરાટ ધરતી ઉપર અસંખ્ય દેવ ભવનો છે. આમ તો દેવ–દેવીઓ એક પ્રકારના સંસારી જ જીવો છે. પરંતુ મનુષ્યજાતિના શરીરની દ્રષ્ટિએ દિવ્ય-ભવ્ય હોય છે. વળી જેઓ તેમની ઉપાસના કરે છે ત્યારે ઉપાસનાનાં

આકર્ષાઈને દેવદેવીઓ ઉપાસકોને અનેક રીતે સહાય કરે છે. આ દેવ-દેવીઓ પણ બે પ્રકારે હોય છે. એક સમ્યગ્દૃષ્ટિ અને બીજા મિથ્યાદૃષ્ટિ. સામાન્ય રીતે સાધક સમ્યક્દૃષ્ટિવાળો હોય તો તેને સમ્યક્દૃષ્ટિ દેવ-દેવીઓ અને સાધક મિથ્યાત્વી હોય તો મિથ્યાદૃષ્ટિ દેવ-દેવીઓ સહાય કરે છે.

આ દેવ-દેવીઓ હજારો-લાખો વરસના આયુષ્યવાળા હોય છે અને સંપત્તિ, બુદ્ધિ, રિદ્ધિ, સિદ્ધિની બાબતમાં તેઓ સંસારમાં સર્વશ્રેષ્ઠ હોવાથી "દેવ" તરીકે ઓળખાતી એવી ઈશ્વરી-ઈશ્વરસ્વરૂપ વ્યકિતઓની ભકિત-ઉપાસના જેમ આત્મકલ્યાણને, ઈષ્ટકાર્યને અને મનોરથોને પૂર્ણ કરે છે, તે રીતે આ સંસારી દેવોની ઉપાસના પણ વિશિષ્ટ શક્તિના કારણે જીવોની પોતપોતાની જેવી સાધના, જેવી પુન્યાઈ તેને અનુલક્ષીને યથાશક્તિ બાહ્ય-આભ્યંતર બન્ને પ્રકારે ઈષ્ટસિદ્ધિ કરી આપવામાં સહાયક બને છે.

આ દેવ-દેવીઓનાં શરીર માટે એક વિશિષ્ટ બાબત એ છે કે તેઓનાં શરીરો આપણાં જેવા નથી હોતાં પણ આપણાથી તદ્દન ભિન્ન પ્રકારે હોય છે. અલબત્ત દેખાવમાં આપણાં જેવા છતાં ભિન્ન-વૈક્રિય પ્રકારના પુદ્ગલ પરમાણુઓનાં બનેલાં હોય છે.

## સંસારી જીવો પાંચ પ્રકારના શરીરો ધરાવે છે :

અંતિમ કક્ષાનું જ્ઞાન ધરાવનાર ત્રિકાળજ્ઞાની ભગવાન શ્રી મહાવીરે જ્ઞાનચક્ષુથી દૃશ્ય-અદૃશ્ય એવા આ વિરાટ વિશ્વને જોતાં ચૈતન્ય-અચૈતન્ય સ્વરૂપ જે સૃષ્ટિ જોઈ, એ સમગ્ર સૃષ્ટિમાં જીવો પાંચ પ્રકારનાં શરીરોમાં વહેંચાયેલાં જોયા. એ પાંચ શરીરનાં નામો અનુક્રમે (૧) ઔદારિક, (૨) વૈક્રિય, (૩) આહારક, (૪) તૈજસ અને (૫) કાર્મણ છે. મનુષ્યો, પશુપંખી, સૂક્ષ્મ જીવજંતુ વગેરે તિર્યંચોને ઔદારિક શરીર હોય છે. વિરાટ વિશ્વમાં અદૃશ્યરૂપે ખીચોખીચ રહેલાં ઔદારિક નામના પરમાણુઓથી તે શરીરો બનેલાં હોય છે. દેવ અને દેવીઓને વૈક્રિય શરીર હોય છે. ઔદારિકથી ભિન્ન વિરાટ વિશ્વમાં વૈક્રિય પ્રકારના પુદ્ગલ પરમાણુઓથી તે શરીરો તૈયાર થાય છે. બાકીનાં ત્રણેય શરીરો પણ તે તે શરીર બનવાને યોગ્ય એવા વિશ્વમાં વર્તતા પુદ્ગલોથી બને છે.

## વૈક્રિય શરીર શું છે તે અને તેનો પ્રભાવ :

ઔદારિક શરીરો ન્યૂનાધિકપણે સાત ધાતુઓ-પદાર્થો એટલે કે રસ, લોહી, માંસ, મેદ, હાડકાં, મજ્જા અને વીર્યથી બનેલાં હોય છે. જ્યારે દેવોના શરીરમાં સાત ધાતુમાંથી એકેય ધાતુ હોતી નથી. લોહી, માંસ, હાડકાં વગેરે કોઈ પદાર્થો હોતા નથી. છતાં વૈક્રિય વર્ગણાનાં પુદ્ગલો શરીરના તે તે સ્થાનમાં યોગ્ય રીતે ગોઠવાઈ જાય છે. તે જોવામાં આકૃતિથી માનવ જેવા હોવા છતાં મનુષ્યના શરીરથી અસાધારણ મજબૂત, તેજસ્વી, પ્રકાશમાન અને અતિ સુંદર હોય છે. વૈક્રિય શરીરની વાત વાચકોને નવાઈ લાગે તેવી છે પણ તે હકીકત છે. આ દેવનું દર્શન અશક્ય કે દુર્લભ હોવાથી આપણને એનું રૂપ કે એમની કાયાનું દર્શન થઈ શકતું નથી. છતાંય એ માટે એક માર્ગ ઉઘાડો છે. મંત્રસાધનાની સિદ્ધિથી મનુષ્ય આકર્ષણ કરી શકે તો તેને દેવદર્શન સુલભ બને છે, અથવા માનવજાતને વગર સાધનાએ, વગર પ્રયત્ને, રોજે રોજ દેવોના ભવ્ય અને અનોખા શરીરના

દર્શન કરવા હોય તો તીર્થંકરો આ ધરતી ઉપર વિચરતા હોય ત્યારે જન્મ લેવો જોઈએ, કેમકે તીર્થંકરોની પરિચર્યામાં હંમેશા સેંકડો દેવ-દેવીઓ રહે છે, જેથી લોકોને પ્રત્યક્ષ જોવા મળે છે. બાકીનાં ત્રણ શરીરની હકીકત આ લેખમાં આપવી જરૂરી નથી.

આવા વૈક્રિય શરીરધારી દેવોને દેવલોકમાં જન્મ થતાંની સાથે જ ભૂત, ભવિષ્ય અને વર્તમાનના ભાવોને મર્યાદિતપણે જણાવવાવાળું "અવધિજ્ઞાન" થી ઓળખાતું જ્ઞાન પેદા થાય છે; અને તે જ્ઞાનથી ભગવાન પ્રત્યે ભક્તોની સમર્પણભાવની ભક્તિ જોઈને તેઓના ઇષ્ટકાર્યની સિદ્ધિ, સફળતા અને મનોકામનાની પૂર્તિ વગેરે કાર્યોમાં યથાશક્તિ સહાયક બને છે. એ જ રીતે ખુદ એ દેવ-દેવીનું નામ, સ્મરણ, પૂજા, ઉપાસના કરવામાં આવે તો પણ તેઓ પ્રસન્ન થઈને મનોકામનાઓ પૂર્ણ કરવામાં સહાયક બને છે. સાધના જ્યારે ટોચે પહોંચે છે ત્યારે ઇષ્ટકાર્યમાં ધારેલી સફળતા અને સિદ્ધિ મેળવી શકે છે. દેવ અને દેવીઓ અકલ્પનીય, અદ્‌ભુત અને આશ્ચર્યજનક ચમત્કારો સર્જી શકે છે. તેઓ માનવજાત કરતાં હજારગણા સુખી, બુદ્ધિવંત, પ્રકાશમય શરીરવાળા, રૂપરૂપના અંબાર સમા, સદા નિરોગી, ઘણાં ઘણાં દિવસોને અંતે ફક્ત એક જ વાર શ્વાસ લેવાવાળા હોય છે. સુગંધી શ્વાસવાળા આ દેવ-દેવીઓ લાખો-કરોડો વર્ષના આયુષ્યવાળા અને હંમેશા માત્ર એક યુવાવસ્થાવાળા જ અને ઘણાં ઘણાં દિવસો કે વરસો બાદ એક જ વાર મનથી આહાર ગ્રહણ કરનારા છે.

## ભગવતી પદ્માવતી દેવી, તેનો પરિચય વગેરે :

ઉપર દેવ-દેવીઓનું [illegible] વર્ણન કર્યું તેને અનુરૂપ [illegible] પાતાલમાં વસતા [illegible] દેવી છે. આ દેવ-દેવીઓ માત્ર ભૌતિક સુખમાં જ સહાયક નથી બનતાં પરંતુ [illegible] પ્રાપ્તિ અને કર્મક્ષયમાં પણ કારણ બને છે. એ વાતનો ઉલ્લેખ માતાજીના સ્તોત્રમાં કર્યો છે.

આ ઉપરાંત શાસ્ત્ર અને કલાની દૃષ્ટિએ પણ નાની-મોટી ઘણી બધી વિશેષતાઓ છે. જેમકે વાહન માત્ર સર્પનું જ નહીં પણ કુર્કુટ સર્પ એટલે કૂકડાના મોંઢાવાળો એવો સર્પ જે ઉડી શકતો હતો. પ્રાચીન કાળમાં ખાસ કરીને દક્ષિણ ભારતમાં આવા સર્પો થતા હતા. આજે આ જાત નાશ પામી છે. મુખ્યત્વે કૂકડાના મુખવાળા સર્પનું વાહન હોવા છતાં આવા સર્પવાળી મૂર્તિ મને ક્યાંય જોવા ન મળી, એટલે થયું કે મારે આ અસલી વાહનને પણ પ્રસિદ્ધિ આપવી, એટલે આ મોઢું બનાવ્યું અને સર્પ કલાત્મક ગૂંચળાવાળો સુંદર બનાવરાવ્યો. યોગમાર્ગના તાર્કિકો સર્પવાહનને "કુંડલિની" સંજ્ઞક સૂચવે છે. કુંડલિની એ પદ્માવતીદેવીનું જ બીજું નામ છે એમ અભ્યાસીઓ માને છે. સાદો સર્પ પણ બતાવી શકાય છે.

## દેશમાં તીર્થંકરોમાં વધુ મંદિરો, મૂર્તિઓ પાર્શ્વનાથજીની અને દેવીઓમાં સૌથી વધુ મૂર્તિઓ પદ્માવતીજીની :

પદ્માવતી દેવીનાં આસન, વાહન અને આયુધો વગેરે બાબતોમાં મત-મતાંતરો છે. કાયા અને વસ્ત્રો માટે પીળો અને લાલ બે રંગો જણાવ્યા છે. શ્વેતાંબરોમાં ચાર હાથવાળી મૂર્તિ પ્રસિદ્ધ છે

અને દિગમ્બરોમાં ચાર ઉપરાંત વીશ હાથવાળી મૂર્તિઓ બનેલી છે. વીશ હાથવાળું દેવી સ્તોત્ર પણ મળે છે. દેશમાં ભગવાન શ્રી પાર્શ્વનાથનાં મંદિરો સૌથી વધુ એટલે પદ્માવતીજીની મૂર્તિઓ પણ વધુ. પાલીતાણાના ગિરિરાજ ઉપર નવ ટૂંક અને દાદાની ટૂંકમાં એકથી વધુ મૂર્તિઓ પદ્માવતીજીની છે. પહાડની ભૂમિ પવિત્ર અને શુદ્ધ હોય છે, અને ત્યાં શક્તિઓનો વાસ વધુ હોય છે. તેમજ ત્યાં કરેલી સાધના શીઘ્ર ફળે છે. માતાજીનો પ્રત્યક્ષ સાક્ષાત્કાર આવા સ્થળે શક્ય બને છે, માટે ત્યાં વરસો પહેલાં યતિઓ દ્વારા છાલાકુંડ પાસે માતાજીનું મંદિર બન્યું છે. દેવ–દેવીઓનાં ૧૦૮ નામનાં સ્તોત્રો આવે છે, પણ ૧૦૦૮ નામનાં સ્તોત્રો બહુ જ ઓછાં રચાયાં છે એમ છતાં મા પદ્માવતીજીના જીવતા જાગતા પ્રભાવને કારણે ભગવતી શ્રી પદ્માવતીજીનાં ૧૦૦૮ નામનું સ્તોત્ર પણ રચાયું છે. આ સ્તોત્રમાં ઘણાં ઘણાં વિશેષણ સમજવા જેવાં છે. તેમાં શક્તિઓને જૈન-અજૈન સ્તોત્રોમાં **भुक्तिमुक्तिप्रदा** તરીકે પણ વર્ણવી છે, એટલે તે ભૌતિક-આધ્યાત્મિક સુખ આપી મુક્તિમાર્ગની સહાયક, કર્મક્ષય કરાવનારી જણાવીને બાહ્ય–આભ્યંતર બન્ને રીતે સહાયક થનાર તરીકે જણાવી છે.

૧૯–૨૦ના સૈકામાં યતિઓ★ (ગોરજી) જ્યારે મોગલો–પેશવાઓની અંદર અંદરની લડાઈઓ અને નાનાં–મોટાં યુદ્ધો ખૂબ ચાલતાં હતાં તે વખતે જૈનશાસન અને પોતાની રક્ષા માટે ચાર–પાંચ જાતના દેવ-દેવીની સફળ સાધનાઓ કરતા હતા, અને દેવ-દેવીઓનો સાક્ષાત્કાર પણ કરતા હતા. તેમજ સિદ્ધ થયેલી સાધના દ્વારા ચમત્કારો બતાવી વિરોધી ઈસ્લામી રાજાઓ, અધિકારીઓ તથા હિન્દુ રાજાઓ, અધિકારીઓ અને વિરોધી વ્યક્તિઓ વગેરેને વશ કરતા હતા. એને લીધે યતિઓ જૈન મંદિરોની ભારે રક્ષા કરી શકયા હતા. એમની સાધનામાં એવું સમજાયું છે કે ભગવતી શ્રી પદ્માવતીજીની સાધના પ્રધાનપણે હતી. એના પુરાવામાં પાલીતાણા, મુંબઈ, પૂના અને બીજાં કેટલાંક સ્થળોમાં, ઉપાશ્રયોમાં, મંદિરોમાં આજે વિદ્યમાન પદ્માવતીજીની આરસની મૂર્તિઓ સાક્ષી પૂરે છે.

## દેવીઓમાં સહુથી વધુ ઉપાસના પદ્માવતીજીની જોવા મળે છે :

આ કાળમાં સાધકોને પદ્માવતીજીના શીઘ્રફળા તરીકે સફળ અનુભવો થતાં હોવાથી ચતુર્વિધસંઘની અંદર એમની ઉપાસનાનું પ્રમાણ વર્તમાનમાં ખૂબ વધ્યું છે. એમની નામઉપાસના, એમનું દર્શન, વંદન, પૂજન વગેરે દ્વારા ઉપાસના કરનારને ઈષ્ટની સિદ્ધિ, સફળતા અને સુખ-શાંતિ જરૂર પ્રાપ્ત થાય છે. આ સેંકડો સાધુ–સંતો અને ભક્તોના અનુભવની વાત છે એટલે માતાજીની સાધના વ્યકિત, સમાજ યાવત્ રાષ્ટ્રના હિતમાં છે.

## પૂજાઓ રચનાર પૂ. પં. શ્રી વીરવિજયજી અને મા ભગવતીજી :

જૈનસંઘમાં દહેરાસરોમાં પૂ. પંડિત શ્રી વીરવિજયજી કૃત અષ્ટપ્રકારી પૂજા જોરશોરથી ભણાવવામાં આવે છે. આ પૂજા ભકિતભાવ અને કાવ્યરચનાની દૃષ્ટિએ શ્રેષ્ઠ કોટિની થાય એ

★ [illegible] સાધુપણું પાળી ન શકવાના કારણે જેઓ શિથિલાચારી બને છે તેઓ જતિ–ગોરજી કહેવાય.

માટે પૂ. પં. શ્રી વીરવિજયજી મહારાજે ભગવતી શ્રી પદ્માવતીજીની સાધના ખાસ કરી હતી અને એમની કૃપાથી જ શ્રેષ્ઠ રચના કરી શક્યા. તે વાતનો તેમને ચોસઠપ્રકારી પૂજા પછીના આપેલ કળશ કાવ્યમાં ઉલ્લેખ કર્યો છે.

## પાલીતાણા જૈન સાહિત્યમંદિરમાં સર્જાયેલો અભૂતપૂર્વ ચમત્કાર :

પાલીતાણા જૈન સાહિત્યમંદિરમાં વિ. સં. ૨૦૪૮માં ફાગણ સુદિ બારસે ધર્મવિહારના ચોકમાં બિરાજમાન શ્રી પદ્માવતીજી જેમની પ્રતિષ્ઠા થયે માત્ર પાંચેક વર્ષ થયાં છે તે ભગવતીજીએ રાતના નવ વાગે સેંકડો નહિ પણ હજારો યાત્રિકો દહેરાસરમાં ભવ્ય આંગીના દર્શનાર્થે આવી રહ્યા હતા ત્યારે માતાજીએ એકાએક 'આંખ બંધ–ઉઘાડ' કરવાનો પ્રારંભ કર્યો, જે ચમત્કાર લગભગ રાતના ૧૧ા સુધી એટલે કે ૨ા કલાક સુધી ચાલ્યો હતો. ઓછામાં ઓછા દશેક હજાર માણસો પોતાની નરી આંખે આ ચમત્કાર જોઈને ભારે આનંદમાં આવી ગયા હતા. પ્રજાનો–યાત્રિકોનો ખુશીપાનો કોઈ પાર ન હતો. આ ચમત્કાર સાહિત્યમંદિરમાં કરવાનું કારણ મારી ઉપસ્થિતિ જ હતી. કોઈપણ ચમત્કાર પ્રાયઃ અડધા કલાકથી વધુ ભાગ્યેજ ચાલે છે પણ અહીં અઢી-અઢી કલાક સુધી આ ચમત્કાર ચાલ્યો એમાં કેટલાંક કારણો હતાં. આવો ચમત્કાર જૈનસંઘમાં અમારી સમજણ મુજબ ક્યારેય પણ થયો હોય તેવું જાણવા મળ્યું નથી. જૈનેતરના મંદિરોમાં પણ કોઈ દેવીએ આવો ચમત્કાર સર્જ્યો હોય તેવું પણ જાણ્યું નથી. આ એક અભૂતપૂર્વ અને અજોડ ઘટના હતી.

આવો અણધાર્યો જબરજસ્ત ચમત્કાર એકાએક સર્જી સહુને આશ્ચર્યના સાગરમાં ડુબાડનાર માતાજીના ચમત્કારના વાર્ષિક દિને માતાજી પ્રત્યે ભક્તિભાવ દાખવી પૂજન આદિ કરવું જોઈએ. જેથી સવારે ૧૦થી ૧૨ વાગ્યા સુધી સંક્ષિપ્ત પૂજન, ગુણગાન, ગીતો અને ભક્તિનો પોગ્રામ રાખ્યો હતો.

## બીજીવાર બીજા જ વર્ષે પાછો બતાવેલો ચમત્કાર :

કારણ ગમે તે હશે પણ બીજા વર્ષે એટલે સં. ૨૦૪૯માં ફાગણ સુદિ બારસના દિવસે રાતના ફરી પાછો ૧૦થી ૧૨ા સુધી આંખ બંધ-ઉઘાડનો ચમત્કાર સર્જ્યો. જાણીને હું સ્તબ્ધ બની ગયો. માતાજી આટલી બધી કૃપાવર્ષા શા માટે કરી રહ્યા છે અને તેની પાછળના સંકેતો શું છે તે વિચારતાં એવું સમજાયું છે કે, મા પ્રજાને કહેવા માગે છે, ચેતવવા માગે છે કે આ કાળમાં વ્યક્તિમાં, સમષ્ટિમાં અનેક તકલીફો, કષ્ટો, ચિંતાઓ, વ્યથાઓ અને પ્રશ્નો એટલા બધા ઉપસ્થિત થઈ ગયા છે કે જેથી માણસ ત્રાહિમામ્ પોકારે છે. તેવી પરિસ્થિતિમાં ભગવાન શ્રી પાર્શ્વનાથની થોડી સાધના-ઉપાસના, સાથે સાથે મારો જાપ વગેરે કરશો તો તમારા પુણ્ય પ્રમાણે તમને યથાશક્તિ સહાયક બનીશ.

## મુંબઈ–વાલકેશ્વર પદ્માવતીજીનું પ્રધાન સ્થાન :

વિ. સં. ૨૦૦૭માં મુંબઈ-વાલકેશ્વરમાં માતાજીની અલૌકિક મૂર્તિની પ્રતિષ્ઠા થયા બાદ હજારો લોકો એટલા બધા પ્રભાવિત થઈ ગયા કે તેઓ હજારો લોકોનું શ્રદ્ધાનું સ્થાન બની ગયા.

આ મૂર્તિ મારા હસ્તક તૈયાર થઈ અને પૂજ્ય ગુરુદેવો સહ અમોએ પ્રતિષ્ઠા કરાવી. વાલકેશ્વરમાં બિરાજમાન થયા પછી મુંબઈમાં કેટલાંક આકર્ષક પ્રભાવશાળી નિમિત્તો ઊભાં થયાં, એના કારણે માતાજીના ઉપાસક અનેક સાધુઓ, સાધ્વીજીઓ અને ભક્તોને માતાજીના અનેક અનુભવો થતા રહ્યા છે, જેના કારણે ૨૫ વર્ષની અંદર જયપુરના મૂર્તિ ઘડનારા કલાકારોએ આપેલી માહિતી મુજબ આખા દેશમાં નાની-મોટી થઈને હજારેક મૂર્તિઓ પદ્માવતીજીની બિરાજમાન થઈ ગઈ છે. આ આરસની મૂર્તિઓ પાંચ ઈંચથી લઈને ૬૧ ઈંચ સુધીની બનેલી છે અને ૪૧ તથા ૫૧ ઈંચની મોટી મૂર્તિઓ લગભગ બે ડઝનથી વધારે બિરાજમાન થઈ છે. પૃથ્વી[1] પાણીનો સંગમ થાય ત્યાં બિરાજમાન થવાની મા ભગવતીજીની ઈચ્છા હતી, તે સ્થળ વાલકેશ્વરમાં મળી ગયું. મૂર્તિનો આકાર પણ તેમને મનગમતો હતો તે રીતે કરાવ્યો છે, જેથી મા ભગવતીજી ખૂબ રાજીપો અનુભવે છે.

છેલ્લાં ૨૫ વર્ષમાં વાલકેશ્વર ટાઈપની મૂર્તિઓ આ દેશની ચારે દિશામાં લગભગ બેસી ગઈ. જેમાં મદ્રાસ, કલકત્તા, રાજસ્થાન, સૌરાષ્ટ્ર, મધ્યપ્રદેશ વગેરે પ્રદેશો ગણાવી શકાય. દેશના પ્રાંતોની દૃષ્ટિએ જોઈએ તો દિલ્હી, પંજાબ, બંગાલ, મહારાષ્ટ્ર, ગુજરાત, રાજસ્થાન, કર્ણાટક, આંધ્ર, બિહાર, મધ્યપ્રદેશ વગેરે ગણાવી શકાય. (ઓરિસ્સાની ખબર નથી.) પરદેશમાં નજર નાંખીએ તો અમેરિકામાં[2] સિદ્ધાચલમ્‌માં, યુરોપમાં, લંડનના લેસ્ટરમાં તથા સાંભળવા પ્રમાણે આફ્રિકા અને જાપાનમાં પણ હશે.

મા ભગવતીજી સાથેના મારા અંગત અનુભવો, પરચાઓ, કેટલીક[3] રહસ્યમય બાબતો તેમજ

---

૧. વાલકેશ્વરમાં મલબાર હીલ એ જબરજસ્ત પૃથ્વીતત્ત્વ અને જોડાજોડ સમુદ્ર એ અપાર જલતત્ત્વ અને બંનેના સંગમ સ્થાને થયેલી શક્તિની સ્થાપના ખૂબ પ્રભાવિત બને છે.

૨. જાણીતા જૈનધર્મના અનોખા પ્રભાવક, વિદ્વાન પ્રવકતા, મારા ધર્મસ્નેહી આચાર્યશ્રી સુશીલકુમારજીને અમેરિકામાં જૈનધર્મના પ્રચાર માટે પાયો નાંખવો હતો. એ માટે મારો અભિપ્રાય અને વિચારો જાણવા તેઓ મને પાલીતાણા બે-ત્રણ વખત મળી ગયેલ. જૈનધર્મના પ્રચાર કેન્દ્ર માટે સિદ્ધાચલમ્ જેવું સ્થાન ઊભું કરવું હતું. ત્યારે મેં એમને એક સલાહ ભાર દઈને આપી હતી કે આપ લોકોને જૈનધર્મી બનાવશો ખરા પણ તે પછી એ લોકોને આત્મિક-આધ્યાત્મિક સંતોષ માટે શું કરશો? ત્યારે તેમને કહ્યું કે આપ સૂચવો. ત્યારે મેં કીધું કે આપે જિનમંદિર ઊભું કરવું જ પડશે. તૈયાર થયેલા આપના ભક્તો-શિષ્યોને ખીલે બાંધવા હશે તો દેરાસર વિના નહીં ચાલે. હજારો લોકોને આકર્ષવા માટે પણ તે કરવું પડશે. મારી વાત તેમના મનમાં વસી ગઈ અને તેમને કહ્યું કે બીજી વખત આવીશ ત્યારે વિશેષ વાત કરીશ. બીજી વાર આવ્યા ત્યારે જિનમંદિર બાંધવાના નિર્ણયની વાત કરી અને એ માટે મારો સહકાર પણ માંગ્યો. તે વખતે મેં કહ્યું કે ભાવિની મહાન યોજના પાર પડે એ માટે આપ ભગવાન શ્રી પાર્શ્વનાથજી તથા શ્રી પદ્માવતીજીની મૂર્તિ ત્યાં પધરાવજો. એ વાત તેમને તરત જ ગમી ગઈ. એ વખતે મારી પાસે નવીન શૈલીમાં કરાવેલા ભગવાન શ્રી પાર્શ્વનાથ તથા મારી પસંદગીના બનાવેલા પદ્માવતીજીની ધાતુની મૂર્તિ હતી તે આચાર્યશ્રી લઈ ગયા અને સિદ્ધાચલમ્‌માં પ્રારંભમાં નાનું મંદિર બંધાવ્યું ત્યાં બિરાજમાન કર્યાં. ત્યારપછી સિદ્ધાચલમ્‌ના સર્જન કાર્ય વગેરેમાં ઘણી અનુકૂળતા થવા લાગી.

૩. અહીં એક અંગત વાતનો બહુ જ ટૂંકો નિર્દેશ કરું કે મંત્ર, તંત્ર અને શક્તિનાં (દેવીઓનાં) કેટલાંક તેજસ્વી રહસ્યો-પ્રભાવો જાહેર માટે ગોપનીય હોય છે, જે પ્રગટ કરવાનાં હોતાં નથી કેમકે સાધક અને શક્તિ વચ્ચે રહેલા દેશકાલાનુલક્ષી કેટલાંક નિયંત્રણો સાધકના અને સહુના હિતમાં સ્વીકારવા જ પડે છે. તે રીતે પ્રભાવ પ્રદર્શન માટે પણ કેટલાક આદેશોનો અમલ કરવો અનિવાર્ય હોય છે.

બીજાના સાંભળેલા સંખ્યાબંધ સફળ અનુભવો એટલા બધા વિશાળ સંખ્યામાં છે કે જેની નોંધ લેવાનો કે પ્રસિદ્ધિ આપવાનો આજે મને સમય નથી, પરંતુ શક્ય હશે તો ભાવિમાં માતાજીની સ્વતંત્ર પુસ્તિકા તૈયાર કરવા ભાવના છે, પણ હવે સમયનો અભાવ, શારીરિક પ્રતિકૂળતા કેટલો સાથ આપશે તે જ્ઞાની જાણે!

મહારાષ્ટ્રમાં મુંબઈ-વાલકેશ્વર જૈનશાસનની રખેવાળી માતાજીનું ધામ સારૂં બન્યું છે, તેમ ગુજરાતમાં હજુ ધામ ઊભું થઈ શક્યું નથી. વાલકેશ્વરના પદ્માવતીજીની સ્ટાઈલની મૂર્તિમાં બંને છેડે થોડો સુધારોવધારો કરીને પૂના પાસે લોનાવાલામાં વલવન ગામમાં શ્રી પદ્માવતીજીનું નવું શિલ્પ કંડારવામાં આવ્યું છે. જૈનસંઘમાં માતાજીના વરસી રહેલા પ્રભાવના કારણે અનેક સ્થળે પદ્માવતીજીની મૂર્તિ બિરાજમાન થઈ અને થતી રહી છે. દહેરાસરમાં મૂલનાયક ભગવાન ગમે તે હોય પણ સંઘને એમ થાય કે પદ્માવતી મા જોઇએ–જોઇએ જ.

## જૈનસંઘમાં (પ્રાયઃ) પહેલીજવાર લક્ષ્મીજીની થએલી સ્થાપના અને તેના અનુકરણની ચાલેલી હારમાળા :

આ પ્રસંગે એક વિશિષ્ટ વાતનો ઉલ્લેખ જણાવું તો અનુચિત નહીં લાગે. તે એ કે વાલકેશ્વરમાં પદ્માવતીજીની સાથે સાથે અનિવાર્ય સંયોગોના લીધે તેમની બંને બાજુએ સરસ્વતીજી અને લક્ષ્મીજીની સ્થાપના કરવામાં આવી છે. જૈનસંઘમાં જૈનમંદિરોમાં સરસ્વતીની સ્થાપના કરવાની થોડી પ્રથા તો જોવા મળે છે પરંતુ જૈનસંઘમાં ૨૫૦૦ વર્ષના ઇતિહાસમાં લક્ષ્મીજીની સ્થાપના આજ સુધી કોઇએ કરી હોય તેવું જાણ્યું નથી. અનિવાર્ય સંયોગોમાં મારા દ્વારા જૈનશાસ્ત્ર સંમત મહાલક્ષ્મીજીની સ્થાપના પહેલીજવાર થવા પામી. પૂજ્ય ગુરુદેવની નિશ્રામાં વાલકેશ્વરમાં સ્થાપના થયા બાદ મારા દ્વારા કોઈપણ થયેલી શિલ્પ-સ્થાપના વગેરે પ્રત્યે લોકોને મન એવી જોરદાર અને ઊંડી શ્રદ્ધા કે તેનું અનુકરણ કર્યા વિના રહે નહિ, તેથી મુંબઇના બીજા મંદિરોમાં અને ગુજરાતમાં ઘણે સ્થળે આ ત્રણે મૂર્તિઓની સ્થાપના થવા પામી છે.

શાસનદેવની મારા ઉપર એટલી બધી કૃપા અને જૈનસંઘની મારા પ્રત્યે કોણ જાણે એક એવી સચોટ શ્રદ્ધા અને શુભભાવના પ્રવર્તે છે કે મારા હસ્તક જે કંઇ પાષાણશિલ્પો, ધાતુશિલ્પો કે ચિત્રો વગેરે જે કંઇ સામગ્રી તૈયાર થાય એ સંપૂર્ણ શાસ્ત્રોક્ત, જરૂરી અને અમલ કરવા લાયક જ હોય તેથી તેનું અનુકરણ અન્ય ફિરકાના સાધુઓએ, સંઘોએ, વ્યક્તિગત રીતે અનેક વ્યક્તિઓએ વિશાળ પ્રમાણમાં કર્યું. દેશમાં જે હજારો મૂર્તિઓ માતાજીની બિરાજમાન થઇ ગઇ તે બધીએ (પ્રાયઃ) વાલકેશ્વર ટાઇપની જ બિરાજમાન થઇ. જે રૂપ માતાજીને મનગમતું હોય, તે જ જાતની મૂર્તિ બનાવરાવી હોય એટલે તે કોને ન ગમે? આ એક અસાધારણ કહી શકાય તેવી આશ્ચર્યજનક બાબત છે

## વાચકોના પ્રશ્નો

પાલીતાણા-સાહિત્યમંદિરમાં ચમત્કાર થયા પછી રૂબરૂ અને પત્રો દ્વારા ઘણા પ્રશ્નો પૂછાતા રહ્યા છે, એમાં -

કેટલાક પદ્માવતીજી માતાનો પરિચય માંગ્યો.

- ★ દેવ તો અનિમેષ નયનવાળાં હોય છે તો પછી આંખનું હલનચલન કેમ સંભવી શકે?
- ★ માતાજીના પૂજનો ખૂબ ભણાવાય છે તો પૂજનનો વિધિ કે પ્રથા નવી છે કે જૂની?
- ★ આજે માતાજીના હજારો ઉપાસકોમાં પદસ્થ મુનિરાજો તથા સેંકડો સાધુ-સાધ્વીજીઓ પણ છે, છતાં આવો અજોડ ચમત્કાર માત્ર આપની પાસે જ માએ કેમ બતાવ્યો? અને વરસોના ઇતિહાસમાં ન બન્યો હોય તેવો ચમત્કાર અઢી અઢી કલાક સુધી ચાલ્યો તો તેનાં કારણો જણાવી શકશો ખરા?
- ★ કેટલાક આચાર્યો, મુનિરાજો માતાજીના પૂજન સામે વિરોધભાવ રાખે છે તો તેનું શું કારણ?

અહીં ઉપરની બીજી-ત્રીજી બે જ બાબતનો ખુલાસો કરું કે દેવોનાં શરીર બે પ્રકારનાં હોય છે.

(૧) ભવધારણીય વૈક્રિયશરીર એટલે મૂલશરીર અને (૨) વૈક્રિય. જે ભવધારણીયમાંથી બીજું બનાવે તે ઉત્તરવૈક્રિયથી ઓળખાય છે. અનિમેષનેત્રનો નિયમ ભવધારણીય શરીર માટે છે, ઉત્તરવૈક્રિય શરીર માટે નહીં, એટલે મટકાના ચમત્કારને કશો બાધ નથી. પૂજનના વિરોધની બાબતમાં કશું જ તથ્ય નથી. ઊલટું વિરોધ કરીને પોતાનું અજ્ઞાન છતું કરે છે. પદ્માવતીજીનું પૂજન સેંકડો વરસ પહેલાં ભણાવાતું હતું. અનેક કારણોવશ વચ્ચે વચ્ચે પૂજન ભણાવવાનો યોગ ન બને [illegible] ન મળે. પરંતુ એના પૂજનની હસ્તલિખિત પ્રતિઓ અનેક જ્ઞાનભંડારોમાં [illegible] થઈ જાય. આ કાળમાં [illegible] પૂજન [illegible] સંસારમાં આસાનથી ઊભા થયેલા સંજોગોએ આ પૂજન ફરી પાછું ચાલુ કરાવ્યું. બાકી પૂજન નવું નથી પણ પુરાણું છે. ઘણા ભંડારોમાં સેંકડો વરસ જૂની પૂજનવિધિની પ્રતો છે.

## જાતજાતનાં માધ્યમો ઉપર ૨૦ લાખથી વધુ સંખ્યામાં પ્રચાર પામેલી માતાજીની આકૃતિઓ

પદ્માવતીજીની નાની-મોટી સાઈઝની ધાતુની જાતજાતની મૂર્તિઓ, હાથીદાંતની, ચંદનની તથા જુદાં જુદાં માધ્યમો ઉપર ૨૫ વર્ષમાં જે મૂર્તિઓ અનેક ઘરોમાં પહોંચી ગઈ તેની સંખ્યા અંદાજે બે લાખથી ઓછી નહીં હોય. એલ્યુમિનિયમ ઉપર, કાગળ ઉપર પ્રિન્ટીંગ, પેપરકટીંગ, ઘાસ વગેરે દ્વારા બનેલાં કલર ચિત્રો, બુકલેટ પંચાંગમાં વરસોથી છપાતા ફોટા વગેરેની સંખ્યા ૧૫ લાખથી વધુ થવા જાય છે. ઓફસેટમાં મોટી પ્રિન્ટો લગભગ ૧॥ લાખ થઈ હશે. પ્રગટપ્રભાવી મા માટે આટલી મોટી પ્રસિદ્ધિનો ન કલ્પી શકાય તેવો ઇતિહાસ જૈનસંઘમાં દેશ-પરદેશમાં સર્જાઇ ગયો છે.

## મા પદ્માવતીજી ૨૧મી સદીમાં ગોખલામાંથી સ્વતંત્ર મંદિર-દેરીઓમાં બિરાજતા થઈ ગયા

પ્રાચીનકાળમાં પદ્માવતીની શિલ્પમૂર્તિઓ ભરાવવાની પ્રથા કેવી હતી તે અંગે કંઇ નોંધ લેવાય

તેવી સ્થિતિ નથી, તેનો કશો ઈતિહાસ આપણી પાસે નથી; પણ છેલ્લાં હજારેક વર્ષથી વીસમી સદી સુધી એટલે ૮૦૦ વર્ષ દરમિયાનમાં ભગવતી શ્રી પદ્માવતીજીનાં શિલ્પોનો થોડો થોડો ઈતિહાસ જાણવા મળે છે. પદ્માવતીજીની ૩૧થી ૪૧ ઈંચ સુધીની મોટી મૂર્તિઓ પધરાવવાની પ્રથા છેલ્લાં એકાદ હજાર વર્ષના ઈતિહાસમાં ક્યાંક ક્યાંક જોવા મળે છે. પાટણ, અમદાવાદ (નરોડા)માં આજે પણ પદ્માવતીજીની મોટી મૂર્તિઓ જોવા મળે છે. બાકી તો શ્રી પાર્શ્વનાથજીના મંદિરમાં યક્ષ-યક્ષિણી તરીકે જે મૂર્તિઓ બિરાજમાન કરવાની સેંકડો વરસથી ચાલી આવતી પ્રથા હતી. તે ફક્ત નાના ગોખલાઓમાં સ્થાપન કરવાની હતી, તેમાં પ્રાયઃ ૧૫ ઈંચથી લઈને ૨૧ ઈંચ સુધીની મૂર્તિઓ રહેતી. તે પછી છેલ્લાં ૩૦ વર્ષમાં પદ્માવતીજીની મૂર્તિઓના ઇતિહાસમાં કલ્પનામાં જલદી ન આવે તેવી નોંધપાત્ર ઘટના બની. નવી જ કલ્પના સાથે નવી જ પદ્ધતિએ તૈયાર થયેલી પરિકર સાથેની પદ્માવતીજીની ૫૧ ઈંચની મૂર્તિ મુંબઈ, વાલકેશ્વર-રીજરોડ ઉપરના મંદિરમાં પહેલા મજલે પ્રતિષ્ઠિત કરવામાં આવી. તે પછીથી પદ્માવતીજીનો મહિમા એટલો બધો પ્રભાવશાળી અને ચમત્કારી બની ગયો કે ફક્ત ૨૫ વરસના સાવ ટૂંકા ગાળામાં સમગ્ર દેશમાં ભારે આશ્ચર્ય ઉપજે તેમ ઠેર ઠેર નાની-મોટી વાલકેશ્વર જેવી જ અનેક મૂર્તિઓ બિરાજમાન થવા લાગી, સાથે સાથે ૪૧ ઈંચથી લઈને ૬૧ ઈંચ સુધીની પણ અનેક મૂર્તિઓ મંદિરોમાં બિરાજમાન થઈ. દિલ્હી વગેરે સ્થળે તો પદ્માવતીજીનાં સ્વતંત્ર મંદિરો જેવી દેરીઓ થવા પામી. આ દેશમાં પ્રાચીન-અર્વાચીન બંને ગણીએ તો અંદાજે પદ્માવતીજીની ત્રણેક હજાર મૂર્તિઓ હશે. જયપુર તથા ગુજરાતમાં અમદાવાદ, પાલીતાણા વગેરે અનેક સ્થળના શિલ્પીઓએ પદ્માવતીજીની અનેક મૂર્તિઓ ઘડી છે. એ જોતાં શિલ્પકારોના કથન મુજબ ૨૫ વરસમાં હજારથી વધુ મૂર્તિઓ પ્રતિષ્ઠિત થઈ ગઈ હશે.

## મારી પ્રેરણાથી ભરાયેલી મૂર્તિઓની નોંધ :

મારા માટે કેટલીક પરિસ્થિતિ એવી બની કે મારું કાર્યક્ષેત્ર અનિવાર્યપણે સંશોધન, સંપાદન અને પુસ્તક પ્રકાશન તરફ વળી ગયું, એટલે અવનવી મૂર્તિઓ કરાવવા તરફ મારું લક્ષ્ય ઓછું રહ્યું. કોઈ મારા ઉપર ખાસ ફરજ નાંખે ત્યારે જરૂર પદ્માવતીજીની મૂર્તિ ભરાવવાની વ્યવસ્થા કરાવી આપતો. તેમાં મારી પ્રેરણાથી પદ્માવતીજીની મૂર્તિઓ નિમ્ન સ્થળે પધરાવવામાં આવી છે. તેમાં સૌથી પ્રથમ સર્વોત્તમકક્ષાની પરિકર સાથેની પદ્માવતીજીની મૂર્તિ પધરાવવાના શ્રીગણેશ-મંગલાચરણ મુંબઈ-વાલકેશ્વર, ૪૧ રીજરોડ ઉપર આવેલા બાબુના શ્રી આદીશ્વર જિનમંદિરમાં થયા. ત્યાં પધરાવ્યા. બાદ દેશ-પરદેશમાં જૈન-અજૈનોમાં ભારે આકર્ષણ બની ગઈ.

૧. મુંબઈ-વાલકેશ્વર, ૨. મુંબઈ-ગોવાલીયાટેંક, ૩. મુંબઈ-મલબારહીલ, નેપીયન્સી રોડ, એન્ટરપ્રાઈઝ ૪. મુંબઈ-લોનાવાલા, વલવનના મંદિરમાં, ૫. મધ્યપ્રદેશ-નાગેશ્વર તીર્થ, ૬. ગુજરાત-ડભોઈ ૭. ગુજરાત-કપડવંજ ૮. ગુજરાત-માંજલપુર (વડોદરા), ૯. ગુજરાત-બોડેલી, ૧૦. પાલીતાણા-જૈનસાહિત્યમંદિર★.

મારા હસ્તકના બીજાં સ્થાનો યાદ રહ્યા નથી.

યતિ વર્ગે પોતપોતાના રહેવાના ઉપાશ્રયોમાં, પૂના, પાલીતાણામાં શત્રુંજય પહાડ ઉપર કે અન્યત્ર રાત–દિવસ પોતાને કરવાની સાધના માટે આરસની મૂર્તિઓ જે બિરાજમાન કરાવી છે તે લગભગ એક જ પ્રકારની મળે છે. જતિઓ માત્ર પદ્માવતીદેવીની જ સાધના ન કરતા, સાથે સાથે ભૈરવ અને હનુમાનજીની પણ સાધનાઓ કરતા હતા. વધુ લંબાણ ન કરતાં આટલી ભૂમિકા કરીને છેલ્લાં ૨૫ વરસમાં વાલકેશ્વર ટાઈપની જ મૂર્તિઓ જયપુરના જાણીતા કયા કયા શિલ્પીઓએ કઈ કઈ સાઈઝમાં બનાવી તેની થોડીક યાદી જે ઉપલબ્ધ થઈ તે અહીં આપી છે.

નોંધ – મારાથી બહુ જોરદાર પ્રયત્ન થઈ ન શકયો, જેથી જયપુરના નાના–મોટા અન્ય કલાકાર શિલ્પીઓએ પણ ઘણી મૂર્તિઓ બનાવી હશે, તે નોંધ મેળવી શકયા નથી. જયપુરના બે-ત્રણ શિલ્પીઓના અંદાજ મુજબ વાલકેશ્વર ટાઈપની દેશમાં લગભગ એક હજારથી વધુ મૂર્તિઓ બેસી ગઈ હશે, અને તેઓ આજે કહે છે કે હજુ પણ ઓર્ડરો મળતાં રહે છે. હવે જયપુરના સેંકડો જૈનમૂર્તિઓ તૈયાર કરનારા જાણીતા કુશળ બે શિલ્પીઓએ પદ્માવતીજીની મૂર્તિઓ કેટલા ઈંચની કરી તેની નોંધ મારા ઉપર મોકલી છે, એ નોંધમાંથી માત્ર સાઈઝ અને સંખ્યા અહીં રજૂ કરી છે.

## પ્રથમ શિલ્પી શ્રી ચંપાલાલજીએ મોકલેલી નોંધ જોઈએ

વાલકેશ્વરમાં પહેલવહેલી પદ્માવતીજીની મૂર્તિ તૈયાર કરી આપનાર અમારા ખાસ આત્મીય જાણીતા નિષ્ણાત મૂર્તિઆર્ટીસ્ટ શ્રી ગણેશ નારાયણ ગંગાબક્ષ જેઓ ઉચ્ચકક્ષાના શિલ્પકાર હતા અને જેમણે મારી સૂચના મુજબ ભારતભરમાં અજોડ શિલ્પવાળી ૫૧ ઈંચની સપરિકર પદ્માવતીની મૂર્તિ પહેલીવાર તૈયાર કરી હતી. તેમના જ સુપુત્ર કુશળ શિલ્પકાર શ્રી ચંપાલાલજીએ પદ્માવતીજીની જે મૂર્તિઓ તૈયાર કરી તેની નોંધ તેમને પોતાની ડાયરીમાં જેટલી નોંધી હતી તે નીચે મુજબ છે.

છેલ્લાં ૨૫ વર્ષમાં તેમને ૬૦ મૂર્તિઓ તૈયાર કરી, તે મૂર્તિઓ ૧૭ ઈંચથી લઈને ૨૧, ૨૫, ૨૭, ૩૭, ૪૧, ૪૫, ૫૧, ૬૧, અને ૬૩ ઈંચના માપવાળી છે.

## હવે જયપુરના વિખ્યાત શિલ્પકાર શ્રી નારાયણલાલ રામધનને ત્યાંથી આવેલ યાદી

તેમને ૩૨ મૂર્તિઓ તૈયાર કરી તેમાં ૭ ઈંચથી લઈને ૪૧ ઈંચના માપવાળી મૂર્તિઓ તૈયાર કરી છે.

આ પ્રમાણે પદ્માવતી માતાજીની તથા તેને સ્પર્શતી વાચકોને ખાસ જાણવા જેવી કેટલીક વિવિધ હકીકતોથી સંકલિત લેખ અહીં પૂરો થાય છે.

તા. ૨૨–૧૧–૯૩ના રોજ મુંબઈના સુપ્રસિદ્ધ દૈનિક પત્ર 'મુંબઈ સમાચાર' માં પંજાબમાં આવેલા કાંગડા તીર્થમાં ચમત્કારની બનેલી અભૂતપૂર્વ ઘટના પ્રગટ થઈ હતી. તે એ પત્રમાંથી ઉદ્ધૃત કરીને અહીં આપી છે.

નોંધ – ઉપર આપણે પદ્માવતીદેવીના આંખ બંધ-ઉઘાડની ઘટના વાંચી. દેવ-દેવીઓમાં તો આવી ઘટના બને, પરંતુ તીર્થંકરની મૂર્તિમાં બનેલી આ ઘટના મને પહેલીજવાર જાણવા મળી છે. જો દેવો તીર્થંકરદેવની મૂર્તિમાં પણ ચમત્કાર બતાવતા હોય તો સ્વર્ગના દેવ-દેવીની આંખોમાં ચમત્કાર સર્જાય એમાં શું નવાઈ છે? આજના અશ્રદ્ધાળુ, નાસ્તિક વિચારસરણી ધરાવનારા, સાચા ચમત્કારોને પણ હમ્બગ માનનારા અને એ નિમિત્ત લઈને પૂજ્ય ગુરુદેવોની જાહેરમાં ભયંકર અવહેલના કરનારા પત્રલેખકોને આ કાંગડાની ઘટના ખરેખર! જોરદાર બોધપાઠ આપે છે.

શ્રી કાંગડા તીર્થમાં બિરાજમાન પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાનની પ્રાચીન મૂર્તિનાં ઉઘાડ–બંધ થતાં ચક્ષુ – પ્રવાસીઓને અનુભવ

મુંબઈ, તા. ૨૧–૧૧–૯૩

જૈન સોશ્યલ ગ્રુપ સાઉથ–બોમ્બેના ૭૦ વ્યક્તિઓનાં કુલુ-મનાલી પ્રવાસમાં પ્રાચીન તીર્થ શ્રી કાંગડા તીર્થની મુલાકાત દરમિયાન જૈનોના પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાનની (બંધ ચક્ષુવાળી) મૂર્તિના "ચક્ષુ ઉઘાડ–બંધ થતા જોયા. તેમજ પ્રતિમાજીનો વર્ણ (રંગ) બદલાઈ અને મુખાકૃતિઓનાં વિવિધરૂપો સહિત અમી–ઝરણાં"ના દર્શનનો લહાવો માણવા મલ્યો હોવાનું પ્રવાસમાં સાથે ગયેલા સામાજિક કાર્યકર સી.જે.શાહે જણાવ્યું હતું.

વધુ માહિતી આપતાં તેઓએ જણાવ્યું હતું કે હિમાચલ પ્રદેશના નગરકોટનાં ઐતિહાસિક કિલ્લાની રમણીય ઘાટી પર આવેલું પ્રાચીન સમયનું વૈભવશાળી જૈન તીર્થક્ષેત્ર શ્રી કાંગડા તીર્થ છે. પાટણ શહેરના જ્ઞાનમંદિરના ભંડારમાં ઉપલબ્ધ વિ. સં. ૧૪૮૪માં રચિત "વિજ્ઞપ્તિ ત્રિવેણી" નામના ગ્રન્થ મુજબ આ નગરીનું પ્રાચીન નામ સશર્મપુર હતું. ભગવાન શ્રી નેમિનાથ અને મહાભારતના પાંડવોના સમયમાં આ તીર્થના જિનમંદિરોનું નિર્માણ રાજા સુશર્મચંદે કરાવ્યાનો ઉલ્લેખ "વૈદ્યનાથ પ્રશસ્તિ"માંથી મળે છે.

હાલમાં દર વર્ષે તેરસની દિવાળીથી પૂનમ સુધી મેળો ભરાય છે. જેમાં હજારો ભક્તગણો યાત્રાસંઘમાં આવી પ્રભુભક્તિમાં તલ્લીન થઈ જાય છે, એટલા માટે આ તીર્થને "પંજાબનું શત્રુંજય તીર્થ" કહેવાય છે.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# વિજય યશોદેવસૂરિ-યશોજ્જ્વલ ગૌરવગાથાની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૫૨ ઇ.સન્ ૧૯૯૬

૭૨

## મારા બે શબ્દો

એક વખતની વાત છે. મારા ધર્મસ્નેહી શિક્ષિત મિત્રો બેઠા હતા. તેમણે કહ્યું કે આપનો અભિનંદન ગ્રંથ પ્રગટ થાય એવી અમારી તીવ્ર ઇચ્છા છે અને તત્કાલ એ શક્ય ન હોય તો આપના જીવન–કવનને લગતી થોડી વિગતો સાથેની એકાદ પુસ્તિકા પણ પ્રગટ થાય તેવી અનિવાર્ય-જરૂરિયાત છે. કેમકે હવે આપ નાનકડા સર્કલના નથી રહ્યા, પણ જાહેરના બની ગયા છો. આપના નિમિત્તે આપને લગતા પ્રસંગો ઉજવવાની ઘટના ક્યારેક ઊભી થતી રહે છે. એમાં છેલ્લા પ્રસંગોની વાત કરીએ તો ગુજરાતના ગવર્નરની હાજરીમાં પાલીતાણાની પ્રજા તરફથી સન્માન કરવામાં આવ્યું ત્યારે જે બોલનારા હતા તે લોકોને આપના જીવનની ઘટના વિષે વિશેષ જાણકારી ન હતી એટલે તેઓ આપના જીવન–કવનની માહિતી માંગતા રહેલા ત્યારે અમને થયું કે હવે આપના જીવનની જાણકારી પ્રજાને થવી જોઈએ. એ વખતે પ્રશ્ન એ ઊભો થયો કે જીવનની ઘટના આલેખન કરનાર કોઈ સારો લેખક તૈયાર હોવો જોઈએ, જે સમય મેળવી ચિંતન–મનન કરી તટસ્થ રીતે બનેલી ઘટનાઓને રજૂ કરી શકે. જો કે એ વખતે યોગ્ય લેખક મેળવવાનું કાર્ય બહુ મુશ્કેલ હતું એમ સૌને લાગ્યું. તો શું કરવું? ચર્ચા-વિચારણાને અંતે નક્કી કર્યું કે તત્કાલ યોગ્ય લેખક મળવો મુશ્કેલ છે. મળે તો ક્યારે લખી શકે ને આ કામ પાર પાડે તે આજના સંયોગોમાં મુશ્કેલ છે. છેવટે નક્કી કર્યું કે દૈનિક, સાપ્તાહિક અને માસિકોમાં જે જે પ્રસંગો છપાયા હોય તે પ્રસંગોને વ્યવસ્થિત લખાવરાવી તેનું જ મુદ્રણ કરાવી લેવું જોઈએ. જેથી બનેલી

ઘટનાઓ ચિરંજીવ બની રહે! જરૂર પડે વક્તાઓને રીતસર બોલવાનો ખોરાક મળી શકે. જે લખાણ ગુજરાતીમાં છપાય તે હિન્દીમાં પણ છપાય તો વક્તાઓને મુંઝાવું ન પડે, એટલે તૈયાર સામગ્રીને વ્યવસ્થિત કરીને છપાવવાનો નિર્ણય થયો. પ્રથમ છાપાઓમાં જે ઘટનાઓ અને પ્રસંગો પાલીતાણામાં થયા તે છપાવવાનું કામ શરૂ કરાવ્યું. તેનો જ આ પહેલો ભાગ ગુજરાતીમાં પ્રકાશિત થઈ રહ્યો છે. સારા લેખકના અભાવે આ બધી સામગ્રી કે સંકલન સુવ્યવસ્થિત અને આકર્ષક રીતે થઈ શક્યું નથી છતાં વાચકો તથા વક્તાઓની જરૂરિયાતને રીતસર સંતોષી શકશે એવી શ્રદ્ધા છે.

હિન્દીભાષી પ્રજા માટે પણ જીવન–કવનને લગતી સામગ્રી હિન્દી ભાષામાં છપાવી છે, પ્રસંગો–ઘટનાઓ એટલી વિશાળ છે કે આ પુસ્તિકા જેવડા જ બીજા બે પુસ્તકો પ્રગટ કરવા પડે પણ અત્યારે તો પહેલો ભાગ જ પ્રસિદ્ધ થાય છે. આ પુસ્તિકા બે વર્ષ પહેલાં છપાવવી જરૂરી હતી પરંતુ અણધારી આવેલી જીવલેણ માંદગીના કારણે આ કાર્ય સ્થગિત થઈ ગયું હતું પણ હવે તે આજે પ્રગટ થઈ રહી છે.

પ્રસ્તુત જીવનદર્શનના પહેલા ભાગમાં જન્મસ્થાન, જન્મદાતા કોણ? દીક્ષા–સંયમનો સ્વીકાર ક્યારે કર્યો? શાસ્ત્રાભ્યાસ કેવી રીતે કર્યો? તે પછી કેવા કેવા ગ્રન્થોનું સર્જન શરૂ કર્યું? શિલ્પ–સ્થાપત્યના ક્ષેત્રે, ચિત્રકલાના ક્ષેત્રે નાની ઉંમરમાં કેવું સર્જન કર્યું? ધર્મબોધ ગ્રંથશ્રેણી પ્રકાશન દ્વારા જૈનપ્રજાના ઘડતર માટે કેવા પ્રયાસો કર્યા? 'વિશ્વશાંતિ આરાધના સત્ર' મુંબઈમાં ઉજવાયું તે પ્રસંગે વિશિષ્ટ સાહિત્યકલાનું પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. તે પ્રસંગે પૂજ્ય ગુરુદેવો સાથે મુંબઈ–પાયધુનીમાં ગોડીજી ઉપાશ્રયમાં બિરાજમાન હતો ત્યારે મુમ્બાદેવીના મેદાનમાં આ પ્રસંગ ઉજવવામાં આવ્યો હતો. તે પછી ભારત–પાકિસ્તાનની લડાઈ વખતે દેશને સુવર્ણની જરૂર પડી અને તે વખતના દેશના વડાપ્રધાન શ્રી લાલબહાદુર શાસ્ત્રીની વિનંતી થતાં તે વખતે ૧૭ લાખનું સોનું ત્રણ દિવસમાં જૈનસમાજ પાસેથી ભેગું કરાવી આપ્યું અને ગોડીજીના ઉપાશ્રયમાં ગૃહપ્રધાનશ્રી ગુલઝારીલાલ નંદાને વિશાળ જનતાની હાજરી વચ્ચે અર્પણ કરવામાં આવ્યું હતું. આ એક ઐતિહાસિક અને સુવર્ણાક્ષરે નોંધાય તેવી ઘટના હતી.

પાલીતાણા જૈનસાહિત્યમંદિરમાં ભારતના વડાપ્રધાન શ્રી વી. પી. સિંઘનું આગમન થયું તેનો પ્રેરક પ્રસંગ, ૨૩ વર્ષની ઉમ્મરે તૈયાર કરેલા 'ઉણાદિ પ્રયોગયશસ્વિની મંજૂષા' નામના સંસ્કૃત પુસ્તકના વિમોચનનો પ્રસંગ, તેમજ આ જ પુસ્તકનો ઉજ્જૈન યુનિવર્સિટીમાં દેશ-પરદેશના બસોથી વધુ અગ્રણી વિદ્વાનો વચ્ચે ઉજવાયેલો 'લોકાર્પણ' સમારોહ. આ સંસ્કૃત પુસ્તક જે ભારતભરમાં સંસ્કૃતભાષાના ક્ષેત્રે પહેલીજવાર તૈયાર થયું તેની ઘટના. તે પછી સાહિત્યના ક્ષેત્રમાં કરેલાં કાર્યોની વિસ્તૃત નોંધ.

ગુરુ–શિષ્ય વચ્ચે થયેલા પત્રવ્યવહારનું જે પુસ્તક પ્રગટ થયું તેમાં પ્રોફેસર શ્રીમાન્ રમણલાલ શાહે જે નિવેદન લખેલું છે તે પણ અહીં છાપ્યું છે.

અઢાર વર્ષની નાની ઉંમરે જૈનધર્મની મહાન કૃતિ 'સંગ્રહણીરત્નમ્' અપરનામ 'બૃહત્ સંગ્રહણી'નો ૬૦૦–૭૦૦ પાનાંનો વિસ્તૃત અનુવાદ કર્યો હતો. જેમાં ઈતિહાસમાં કદી કોઈએ કર્યા

ન હોય, એવાં અભૂતપૂર્વ અને અજોડ ભૂગોળ–ખગોળને લગતાં વિવિધરંગી વિવિધ ચિત્રો તથા કોષ્ટકો પણ હતાં. જૈનસમાજના ઇતિહાસમાં આવી સચિત્ર કૃતિ પહેલીજવાર પ્રગટ થઈ તેની *વિગતો આપી છે.*

આવી નાની-મોટી રસપ્રદ ઘણી વિગતોનો સંગ્રહ આ પુસ્તિકામાં વાંચવા મળશે, આ પહેલા ભાગમાં બહુ મોટી મોટી વિગતોનો સમાવેશ થયો છે, હજુ મુંબઈની સ્થિરતા દરમિયાન રાજકીય ક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે ગુરુદેવોની નિશ્રામાં રહીને જે કાર્યો થવા પામ્યાં, તે ઉપરાંત અનેક દેશની સામાજિક અગ્રણી વ્યક્તિઓ સાથેના પ્રસંગો બન્યા તથા નાનાં–મોટાં સર્જનાત્મક જે કાર્યો થયાં, અને બીજા અનુપમ, અજોડ અને ઐતિહાસિક પ્રસંગો જે ઉજવાયા તેની સામગ્રી એટલી બધી વિશાળ છે કે એક સારૂં દળદાર પુસ્તક થવા પામે, પણ ચિંતા અને ખેદની વાત એ છે કે તાજેતરમાં (વિ. સં. ૨૦૫૦માં) મારી આખરી માંદગી ઊભી થઈ. છેલ્લી માંદગીએ ભૂતકાળની ઘટનાઓની વિસ્મૃતિ ઠીક ઠીક ઊભી કરી તેમાં છેલ્લા ચાર મહિનાથી તબિયતમાં થોડો સુધારો થયો છે, યાદશક્તિ ઘણી સુધરી છે એટલે ભૂતકાળના ઘણાં ઐતિહાસિક સંસ્મરણો, દેશના અગ્રણી નેતાઓ સાથેના વાર્તાલાપો, કોંગ્રેસ વગેરે સંસ્થાઓની અગ્રણી વ્યક્તિઓ સાથેનો વિચાર–વિનિમય, ધાર્મિક ક્ષેત્રોની રક્ષા માટેના પ્રસંગો, આ બધી નાની–મોટી અનેક ઘટનાઓ પૈકી જેટલી યાદ આવશે તેટલી ગ્રંથસ્થ થશે. આ બધી રસપ્રદ ઘટના પાંચ વરસ પહેલાં જો લખાઈ હોત તો પ્રેરણા લેવા માટે ખૂબ જ ઉપયોગી બની જાત. ભાવિભાવ! સામાન્ય રીતે જ્ઞાનીની દૃષ્ટિએ જેટલું સર્જિત હોય છે તેટલું જ બને છે.

આ પુસ્તિકાની હિન્દી આવૃત્તિ પણ પ્રગટ થશે.

આ પુસ્તિકાના લખાણમાં ભૂલચૂક હોય તેની ક્ષમા. આ પુસ્તિકાના પ્રકાશનમાં સહાયક અમારા સાધુ–સાધ્વીજીઓ તથા સોનગઢ પ્રેસના માલિક ભક્તિવંત શ્રી જ્ઞાનચંદજીએ ખૂબ લાગણીથી મુદ્રણ કામ કર્યું તેમને પણ ધન્યવાદ!

વિ. સં. ૨૦૫૨, કા. સુદ–૧૫ — *યશોદેવસૂરિ*
વાલકેશ્વર–મુંબઈ

**પૂજ્ય ઉપાધ્યાયશ્રી યશોવિજયજી મહારાજ જ્ઞાનસાર નામના ગ્રંથમાં જણાવે છે કે—**

**તારા ગુણોનું આલંબન લઈને બીજાઓ તો તરી જશે પણ તારા એ ગુણો બદલ તું પોતે જ જો અહંગ્રસ્ત બની ગયો તો તારો એ અહં તને તો ડુબાડીને જ રહેશે.**

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# વિજય યશોદેવસૂરિ યશોજ્જવલ ગૌરવગાથાની પ્રસ્તાવના (હિન્દી)

વિ. સં. ૨૦૫૩ ઇ.સન્ ૧૯૯૭

૭૩

## संपादकीय निवेदन

एक समयकी वात है। मेरे धर्मस्नेही मित्रों वैठे थे। उन्होंने कहा कि आपका अभिनंदन ग्रन्थ प्रगट हो ऐसी हमारी तीव्र इच्छा है और तत्काल ये शक्य न हो तो आपके जीवन-कवन को सार्थक, थोडीसी विगतों के साथ एक पुस्तिका भी प्रकट हो ऐसी अनिवार्य आवश्यकता है। क्योंकि अव आप छोटे सर्कल के नहीं रहे लेकिन जाहिर वन गये है। आपके निमित्त आपके प्रसंग मनानेकी घटना कभी खडी होती रहती है। इसमें आखिर प्रसंगोंकी वात करें तो गुजरात के गवर्नरकी उपस्थितिमें पालीताणा की प्रजा की ओरसे सम्मान किया गया तव जो लोग वोलनेवाले थे वो लोगोंको आपके जीवनकी घटनाओंके विषयमें विशेष जानकारी नहीं थी। इसलिए वे आपके जीवन कवनकी माहिती माँगते रहे तव हमें हुआ कि अव आपके जीवनकी जानकारी प्रजाको होनी चाहिए। इस समय ये प्रश्न खडा हुआ कि जीवनकी घटना आलेखन करनेवाला कोई अच्छा लेखक तैयार होना चाहिए। जो समय मिलाकर चिंतन-मनन करके तटस्थ रूपसे वनी हुई घटनाओं को प्रस्तुत कर सके। जो कि इस वक्त योग्य लेखक मिलनेका कार्य मुश्किल था ऐसा सभी को लगा। तो फिर क्या करें? विचार विमर्स करनेके वाद यह निर्णय हुआ कि तत्काल योग्य लेखक मिलना कठिन है, अगर मिले तो कव लिख सके और ये कार्य पूर्ण करे वे आजके संयोगोंमें मुश्किल है। आखिर तय हुआ कि दैनिक, साप्ताहिक और मासिकों मे जिस जिस घटनाओं छपी हो वे प्रसंगोंको व्यवस्थित लिखाकर उनका ही मुद्रण कर लेना चाहिए। जिससे वनी घटनाएँ चिरंजीव रहे। आवश्यकता होने पर वक्ताओंको अच्छी तरह से

बोलने का खुराक मिल सके। जो लेखन गुजरातीमें छपा हो वो हिन्दीमें भी छपाये तो वक्ताओंको कभी निराशा न होने पाये। इसलिए तैयार सामग्रीको व्यवस्थित करके छपानेका निर्णय हुआ। प्रथम वर्तमानपत्रोंमें जो घटना और प्रसंग पालीताणामें हुए वे छपानेका कार्य शुरु किया। उनका ही प्रथम भाग गुजरातीमें प्रकाशित हो गया है। अच्छे लेखक के अभावमें यह सब सामग्री या संकलन सुव्यवस्थित और आकर्षित न हो सका फिर भी पाठकों तथा वक्ताओंकी जरुरियातों को अच्छी तरह संतोष दे सकेंगे ऐसी श्रद्धा है।

हिन्दीभाषी प्रजाके लिए भी जीवन कवनकी सामग्री हिन्दी भाषामें प्रगट होती है। प्रसंगों--घटनाएँ इतना ज्यादा है कि यह किताब जैसे ही दो किताबें प्रकट करनी पडे लेकिन अभी तो प्रथम भाग ही प्रसिद्ध हुआ है। यह पुस्तिका दो वर्ष पहले छपवाना जरूरी था लेकिन यकायक मेरी भयंकर बिमारीके कारण यह कार्य स्थगित हो गया था लेकिन अब वे आज प्रकट हो रहा है।

प्रस्तुत जीवनदर्शनके प्रथम भागमें जन्मस्थान, जन्मदाता कौन ? दीक्षा-संयमका स्वीकार कब किया ? शास्त्राभ्यास कैसी तरह किया ? फिर बादमें कैसे कैसे ग्रंथोंका सर्जन शुरु किया ? शिल्प स्थापत्यके क्षेत्रमें, चित्रकला के क्षेत्रमें छोटी उम्रमें कैसा सर्जन किया ? धर्मबोध ग्रंथश्रेणि प्रकाशनके द्वारा जैन प्रजाके उत्थानके लिए कैसा प्रयास किया ? ''विश्वशांति आराधना सत्र'' मुंबईमें मनाया उस प्रसंगका विशिष्ट साहित्यकलाका प्रदर्शन मनाया गया था। वे प्रसंग पूज्य गुरुदेवोंके साथ मुंबई पायधुनीमें गोडीजी उपाश्रयमें बिराजमान थे तब मुम्बादेवीके चौगानमें यह प्रसंग मनाया गया था। फिर भारत--पाकिस्तान की लडाई के समय देशको सुवर्णकी जरूरियात हुइ उस वक्त देशके वडाप्रधान श्री लालबहादुरशास्त्रीकी विनंती होते १७ लाख का सोना तीन दिनमें जैन समाज की पाससे इकट्ठा करा दिया और गोडीजीके उपाश्रयमें गृहप्रधान श्री गुलझारीलाल नंदाने विशाल जनताकी उपस्थिति के बीच अर्पण किया गया था। यह एक ऐतिहासिक और सुवर्णाक्षरोंमें नोंधनीय घटना थी।

पालीताणा जैनसाहित्यमंदिरमें भारतके वडाप्रधान श्री वी० पी० सिंघका आगमन हुआ उनका प्रेरक प्रसंग, २३ सालकी छोटी उम्रमें तैयार किया ''उणादि प्रयोगयशस्विनी मंजूषा'' नामके संस्कृत पुस्तक के विमोचनका प्रसंग तथा यही पुस्तक का उज्जैन युनिवर्सिटीमें देश-परदेशके २००से ज्यादा अग्रगण्य विद्वानोंके बीच मनाये लोकार्पण समारोह। यह संस्कृत पुस्तक जो भारतभरमें संस्कृत भाषा के क्षेत्रमें पहलीबार तैयार हुआ उसकी घटना। बादमें साहित्यके क्षेत्रमें किये कार्योंकी विस्तृत नोंध।

गुरु-शिष्यके बीच हुए पत्र व्यवहारका जो पुस्तक प्रगट हुआ उसमें प्रोफेसर श्रीमान् रमणलाल शाहने जो निवेदन लिखा वे भी यहाँ छपा है।

अटारह सालकी छोटी उम्रमें जैनधर्मकी महान् कृति ''संग्रहणी रत्नम्'' अपरनाम ''बृहत् संग्रहणी'' के ६००--७०० पृष्ठ का विस्तृत अनुवाद किया था। जिसमें इतिहासमें कभी किसीने किया न हो ऐसे अभूतपूर्व और बेजोड भूगोल-खगोलके विषयमें विविधरंगी विविध चित्र तथा कोष्टक भी थे। जैनसमाज के इतिहासमें ऐसी सचित्र कृति पहलीबार प्रकट हुई उनकी विगत दी है।

ऐसी छोटी-बडी रसप्रद विगतोंका संग्रह यह पुस्तिकामें पढनेको मिलेंगे। यह पहले भागमें बहुत

वडी वडी विगतोंका समाविष्ट हुआ है। अभी मुंबई की स्थिरता के दरमियान राजकीय क्षेत्रमें सामाजिक क्षेत्रमें, पू० गुरुदेवोंकी निश्रामें रहकर जो कार्य होने पाये, इसके अलावा अनेक देशकी सामाजिक अग्रगण्य व्यक्तिओंके साथ जो प्रसंग वने तथा छोटे वडे सर्जनात्मक कार्यों हुए और दूसरे, अनुपम वेजोड और ऐतिहासिक प्रसंग जो मनाये उनकी सामग्री इतनी विशाल है कि एक अच्छा दलदार पुस्तक होने पाये। लेकिन चिंता और खेदकी वात ये है कि अभी अभी (वि० सं० २०५०में) मेरी आखरी विमारी खडी हुई। आखरी विमारीने भूतकालकी घटनाओंकी विस्मृति ठीक ठीक खडी कर दी है। इसमें चार महिनोंसे स्वास्थ्यमें थोडा सुधार आया है। याददास्त ज्यादा अच्छी है। इसलिए भूतकालके ज्यादा ऐतिहासिक संस्मरणों, देश के अग्रणी नेताओंके साथ वार्तालाप, कोंग्रेस आदि संस्थाओं के अग्रगण्य व्यक्तिओंके साथ विचार--विनिमय, धार्मिक क्षेत्रोंकी रक्षा के लिए प्रसंगों, यह सव छोटी-वडी अनेक घटनाओंमेंसे जितनी याद आयेगी इतनी ग्रंथस्थ होगी। यह सव रसप्रद घटना पाँच साल पहले जो लिखी गई होती तो प्रेरणा के लिये अति उपयोगी होगी। भाविभाव सामान्य रुपसे ज्ञानीकी दृष्टिसे जितना सर्जित होता है उतना ही वन सकता है।

वि० सं० २०५३, कार्तिक सुद–१५ *यशोदेवसूरि*
वालकेश्वर, मुंबई

❀ સુખ અને સુકૃત મોત સમયે અહીં જ રહી જવાના છે જ્યારે સદ્‌બુદ્ધિ તો પરલોકમાંય સાથે આવી શકશે.

❀ ભૂતકાળની ભૂતાવળોનો જનાજો ઉપાડીને ક્યાં સુધી જીવ્યાં કરીશું ? સ્મૃતિઓની વણઝાર આપણને વીતેલી વળગણો સાથે જોડી રાખે છે. અતીતનો અવસાદ આપણે ઓગાળી શકતા નથી. એક બાજુ ભૂતકાળ સાથે નાતો જોડી રાખીએ છીએ તો બીજી બાજુ ભવિષ્યનાં શમણાંઓનો કાફલો આંખ અને અંતરને એવો ઘેરી વળે છે કે વર્તમાનની પળો સાથે આપણે આંખ મીંચામણા કરી દઈએ છીએ. વાસ્તવમાં તો જે કંઈ છે તે માત્ર વર્તમાન છે. વર્તમાન સાથે વેર બાંધીને માણસ આનંદ મેળવી જ ના શકે. આનંદની એક જ ક્ષણ હોય છે અને તે છે વર્તમાન. ભૂલી જાવ ભૂતકાળને ! ખંખેરી દો ભવિષ્યનાં કોરા ધબ શમણાંને ! સ્વીકારી લો જે છે જેવું છે તેને ! જીવો વર્તમાનમાં.

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# યશોગ્રન્થમંગલ પ્રશસ્તિ સંગ્રહની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૫૩ ઇ.સન્ ૧૯૯૭

૭૪

## प्रधान संपादकनुं निवेदन

उपाध्याय श्री यशोविजयजी महाराजसाहेबना ग्रंथोना प्रकाशन माटे स्थपायेली श्री यशोभारती जैन प्रकाशन समिति तरफथी जे अप्रगट ग्रंथोनुं प्रकाशन करवा निर्धार्युं हतुं ते हवे थई चूक्युं छे. आ रीते २४ ग्रंथो प्रकाशित थया छे. आजे संस्था तरफथी एक नवुं प्रकाशन थई रह्युं छे. आ ग्रंथमां उपाध्यायजी महाराजना ग्रंथोना आदि तथा अंत भागो गुजराती ने हिंदी अनुवाद साथे आपवामां आव्या छे. ग्रंथोना मंगलाचरणमां इष्टदेवना स्मरण सिवाय विशेष हकीकत भाग्येज मळे छे, परंतु अंतभागना श्लोकोमां घणी वार उपाध्यायजी महाराजना जीवनवृत्तांत अने मनोभावनाने प्रकाशित करती माहिती आपणने मले छे. ए दृष्टिए आ सामग्रीनुं पोतानुं एक खास मूल्य छे.

आ सामग्री सौ प्रथम वि. सं. २०१४नी सालमां मुंबई कोटना जैन उपाश्रयमां तैयार थवा पामी हती. पछी केटलोक समय आ प्रकाशन करवुं के केम एनी द्विधा रही. छेवटे उपाध्यायजी महाराज प्रत्येनी मारी अनन्य लागणीए अने आ सामग्रीनी खास उपयोगिताए आ प्रकाशन करवुं ज जोईए एवो निर्णय करवा मने प्रेर्यो. परंतु ते पछीये मारा हाथ परनां बीजां कामोने लीधे आ सामग्रीने चकासी एनी प्रेसकोपी करवाथी मांडीने प्रूफ तपासवा सुधीनी कामगीरी माटे समय काढवानुं मारे माटे मुश्केल ज रह्युं. आ सामग्री भंडार खाते जमा पडी रहेशे के केम एवो संदेह पण ऊभो थयो. परंतु उपाध्यायजीना पुण्यप्रतापे केटलांक वरस पहेलां विद्वान प्रो. जयंतभाई कोठारीनो परिचय थयो. एमनी पासे में आ सामग्रीना प्रकाशननी मारी भावना मूकी. एमणे मारी भावनाने अनुमोदन आप्युं, केमके एमने उपाध्यायजीना सर्जननो परिचय हतो अने एमना प्रत्ये एमनो श्रद्धाप्रेमनो भाव केळवायो हतो. पांचेक वरस पहेलां एमणे आ सामग्रीना प्रकाशन माटेनी

जवाबदारी उत्साहपूर्वक पोताने माथे लीधी अने हुं चिंतामुक्त थयो. काम जरा कपरुं हतुं केमके ग्रंथोना आदि तेमज अंत भागो गुजराती तथा हिंदी अनुवाद साथे आपवाना हता अने उपाध्यायजीना ग्रंथोनो अनुवाद, तेमांना तत्त्वपरामर्श तथा ऊंची कोटिनी काव्यमयताना कारणे घणी सज्ज्ञता मागे एम हतो. परंतु जयंतभाईनी कार्यनिष्ठा अनन्य छे. एमने हाथे कोई काचुं काम न थाय एवी एमनी प्रतिष्ठा छे. कामने उत्तम रीते पार पाडवा माटे जे करवुं घटे ते सघळुं ए करी छूटे. एमणे उपाध्यायजीना ग्रंथोना आदि तेमज अंत भागोना अनुवाद कराव्या, पोते जहेमतपूर्वक तपास्या, शंकास्थानो माटे अधिकारी विद्वानोनी सहाय लीधी अने आखीये सामग्री बे विद्वान आचार्यश्रीओ– प्रद्युम्नसूरिजी अने शीलचंद्रसूरिजीनी नजर नीचेथी पसार थाय एवी गोठवण करी. सामग्रीमां जे कंई पूर्ति करवी घटती हती ते पण एमणे करी. आ ग्रंथनी संशोधन-संपादन कामगीरी केवी रीते थई एनी विगतवार माहिती एमना निवेदनमां आपवामां आवी छे.

विशिष्ट पद्धतिए तैयार थयेलुं आ जातनुं पुस्तक आपणे त्यां आ कदाच पहेलुं ज हशे.

जैन संघमां उपाध्यायजी महाराजना ग्रंथोना संपादन-संशोधनना प्रथम प्रशस्य प्रयत्ननो यश प्रायः पूज्यपाद सूरिसम्राट श्री नेमिसूरीश्वरजी महाराजसाहेब तथा तेमना विद्वान पट्टधर न्यायसिद्धांतमहोदधि पूज्य श्री उदयसूरीश्वरजी महाराजसाहेबने फाळे जाय छे. आजे ए समुदायना बे विद्वान मुनिवरो आचार्यश्री प्रद्युम्नसूरिजी तथा आचार्यश्री शीलचंद्रसूरिजीए उपाध्यायजीनी अद्‌भुत शासनसेवा अने साहित्यसेवा प्रत्येना आदरथी, अमारी विनंतीने स्वीकारीने आ ग्रंथना संपादन-संशोधनमां घणो महत्त्वनो फाळो आप्यो छे ते माटे तेमने खूबखूब धन्यवाद घटे छे. आ ग्रंथना प्रकाशननुं कपरुं कार्य सुंदर रीते पार पाडवा माटे श्री जयंतभाई कोठारी, एमनां सहकार्यकर ज्ञानाभ्यासी बहेनो अने एमने सहायरूप थनार सहु कोईने पण अंतरना अभिनंदन अने शुभेच्छा पाठवुं छुं.

ए आनंदनी वात छे के डभोईमां उपाध्याय श्री यशोविजयनी स्मृतिमां सारस्वतसत्रनी उजवणी पछी तेमना ग्रंथोनां प्रकाशनो थयां, आपणी साधुसंस्थामां खूब जागृति आवी, नव्य न्यायनुं अध्ययन वध्युं अने उपाध्यायजी महाराज माटे कांई ने कांई करी छूटवानी भावनाओ पण जागी. अमे ज्यारे उपाध्यायजीना ग्रंथो प्रगट करवानुं विचार्युं त्यारे मारा श्रद्धेय आगमप्रभाकर पू. मुनिश्री पुण्यविजयजी महाराज तथा उपाध्यायजीना ग्रंथोना प्रशंसक विद्वानोनी, एक प्रश्नोत्तरी मोकली, सलाह लीधेली. उपाध्यायजीना ग्रंथो अनुवाद साथे प्रगट करवानुं मनमां हतुं पण ए बाबतनो सौए निषेध कर्यो. कारणके एमना नव्य न्यायनी शैलीए लखायेला ग्रंथोनो अनुवाद करवानुं काम घणुं अघरुं बनी जाय. एनो प्रमाणभूत अनुवाद करनारा क्यांथी मळे ? आथी उपलब्ध थयेलां ग्रंथो ज संपादित करीने प्रकाशित करवानुं योग्य ठर्युं अने ए प्रमाणे ग्रंथो प्रगट पण थई गया. फक्त 'स्तोत्रावली' वगेरे एक बे ग्रंथो अनुवाद साथे छपाया छे. आजे हवे उपाध्यायजीना केटलाक महत्त्वना ग्रंथो अनुवाद साथे प्रगट थई रह्या छे. ए घणा आनंदनी वात छे.

वि. सं. २०१३मां 'श्री यशोविजय स्मृति ग्रंथ'नुं प्रकाशन थया पछी वि. सं. २०१४मां उपाध्यायजीनां ग्रंथोना प्रकाशन अर्थे श्री यशोभारती जैन प्रकाशन समितिनी स्थापना करवामां आवी. ए वरसे हुं मुंबई कोटना उपाश्रयमां हतो त्यां प्रेसकोपी करवा वगेरे कार्योमां सहायक बनी शके तेवा वयोवृद्ध सुशिक्षित सुश्रावक श्री लक्ष्मीचंदभाई मने मळी गया अने प्रकाशनना कार्यने वेग मळ्यो. समितिना प्रथम

पुण्य तरीके वि. सं. २०१८मां 'ऐन्द्रस्तुतिचतुर्विंशतिका'नुं प्रकाशन थयुं. आगमप्रभाकर पू. मुनिश्री पुण्यविजयजी संपादित ए ग्रंथ पूर्वे भावनगरथी प्रकाशित थयो हतो परंतु एक अपूर्ण प्रतने आधारे एनुं संपादन थयुं हतुं. पूज्यश्रीने बीजी संपूर्ण प्रत मळी आवतां पुनःसंपादित थयेलो ग्रंथ सुप्रसिद्ध निर्णयसागर प्रेसमां सुंदर रीते छपावीने प्रगट करवामां आव्यो. त्यारथी आज सुधीमां उपाध्यायजीना ग्रंथप्रकाशननी यात्रा चोवीशेक ग्रंथो (९ पुस्तको) सुधी पहोंची छे. वि. सं. २०३८थी ए प्रवृत्ति स्थगित थई छे, परंतु ते दरम्यान वि. सं.२०१७मां एक नवीन प्रकाशन कर्युं ते उपाध्यायजीना स्वहस्तलिखित ग्रंथोना पहेला-छेल्ला पानांनी फोटोस्टेट नकलोना आल्बमनुं. आगमप्रभाकर मुनिश्री पासेथी प्राप्त थयेली तथा एमनी अने पू. मुनिश्री रमणीकविजयजी साथे देवशाना पाडामां विमलगच्छना प्राचीन भंडारमां जोवा मळेली प्रतिओनुं ए परिणाम हतुं. पचासेकनी संख्यामां तैयार थयेला आल्बमो जुदा जुदा भंडारो अने केटलीक रस धरावती व्यक्तिओ सुधी पहोंच्या छे.

उपाध्यायजीना साहित्यना विषयमां हजु एक बे कामो मनमां विचारेलां पड्यां छे. वि. सं. २०२०नी आसपास उपाध्यायजीना ग्रंथोनी हस्तप्रतो कया-कया भंडारमां छे तेनी माहितीनो एक संग्रह कर्यो हतो, जे एनुं संशोधन करवा प्रवृत्त थनारने मार्गदर्शक बनी शके. ए यादीमां बहु थोडा भंडारोनी माहिती दाखल करवानी बाकी रही छे, ते उपरांत आजे उपाध्यायजीना घणा ग्रंथो प्रकाशित थई चूक्या छे त्यारे एनी उपयोगिता केटली एवो प्रश्न पण थाय छे. 'उपाध्यायजी एक स्वाध्याय' ए शीर्षकथी एक ग्रंथनुं आयोजन विचारेलुं अने केटलीक सामग्री संगृहीत करेली. पण हवे मारुं ८२मुं वर्ष चाले छे ने स्वास्थ्य कथळ्युं छे तेथी प्रकाशनकार्य समेटी लेवानी स्थिति ऊभी थई छे.

उपाध्यायजी महाराजना मारा हस्तकना अप्रगट ग्रंथो प्रगट करवानुं जे कार्य निर्धार्युं हतुं ते आ ग्रंथना प्रकाशन साथे लगभग समाप्त थाय छे. आ प्रसंगे आजथी चाळीश वर्ष पूर्वे स्थपायेली संस्थाना ट्रस्टीओए तथा कार्यकरोए तेमज मुंबईना जैन संघोना ट्रस्टोए अने मुंबईना सुखी अग्रणी सद्गृहस्थोए उपाध्यायजीनुं जैन संघ पर जे ऋण छे ते फेडवा माटे जे साथ, सहकार ने फाळो आप्यो छे ते माटे ते सौ पण अभिनंदनना अधिकारी छे.

उपरांत, एक या बीजी रीते मने सहायक बननारा अमारा संघाडाना साधुओ, मारा शिष्यो-प्रशिष्यो, साध्वीजीओ, सुश्रावको अने सुश्राविकाओ वगेरेनो पण हुं आभारी छुं. एमांय सतत मारी साथे रही बधी रीते मारी सारसंभाळ लेनार तथा मारा साहित्यकार्यना साथी मारा विनीत शिष्यो पंन्यास श्री वाचस्पतिविजयजीनुं तथा मारी प्रवृत्तिओमां उमळकाथी सहायभूत थनार भक्तिवंत मुनिश्री जयभद्रविजयजीनुं हुं विशेष भावे स्मरण करुं छुं.

मारा सदा आराध्य दर्भावती (डभोई – उपाध्यायजी महाराजनी स्वर्गवासभूमि) मंडन श्री लोढण पार्श्वनाथ भगवान, श्री शामळा पार्श्वनाथ भगवान, भगवती मा भारती, प्रगटप्रभावी माता पद्मावती देवी आदि शासनदेवो तथा मारा कार्यमां प्रेरक बननारा मारा जीवनोद्धारक गुरुदेवो प.पू. आचार्य श्री विजयप्रतापसूरीश्वरजी महाराज तथा युगदिवाकर प.पू. आचार्यश्री धर्मसूरिजी महाराजने मारां वंदन पाठवी, एक महापुरुषना साहित्यसर्जननी सेवा करवानी जे तक मने महान पुण्योदये प्राप्त थई ते बदल गौरव अनुभवुं छुं अने आवी कल्याणकारी श्रुतसेवा जनमोजनम प्राप्त थती रहे एवी भावना भावुं छुं.

# गुजरातना महान ज्योतिर्धर

विक्रमनी सत्तरमी सदीमां जन्मेला, जैन धर्मना परमप्रभावक, जैन दर्शनना महान दार्शनिक, जैन तर्कना महान तार्किक, षड्दर्शनवेत्ता अने गुजरातना महान ज्योतिर्धर श्री यशोविजयजी महाराज एक जैन मुनिवर हता. योग्य समये अमदावादना जैन श्रीसंघे समर्पित करेला, उपाध्यायपदना बिरुदथी 'उपाध्यायजी' बन्या हता. सामान्य रीते व्यक्ति 'विशेष' नामथी ज ओळखाय छे. पण आमना माटे थोडीक नवाईनी वात ए हती के जैन संघमां तेओश्री विशेष्यथी नहीं पण 'विशेषण' थी सविशेष ओळखाता हता. ''उपाध्यायजी आम कहे छे, आ तो उपाध्यायजीनुं वचन छे'' आम 'उपाध्यायजी' थी श्रीमद् यशोविजयजीनुं ज ग्रहण थतुं हतुं. विशेषण पण विशेष्यनुं पर्यायवाचक बनी गयुं हतुं. आवी घटनाओ विरल व्यक्तिओ माटे बनती होय छे. एओश्री माटे तो आ बाबत खरेखर गौरवास्पद हती.

वळी एओश्रीनां वचनो माटे पण एने मळती बीजी एक विशिष्ट अने विरल बाबत छे. एमनी वाणी, वचनो के विचारो 'टंकशाली' एवा विशेषणथी ओळखाय छे. वळी उपाध्यायजीनी शास्त्र एटले 'आगमशास्त्र' अर्थात् शास्त्रवचन एवी पण प्रसिद्धि छे. वर्तमानना एक विद्वान आचार्ये एमने 'वर्तमानना महावीर' तरीके पण ओळखाव्या हता.

आजे पण श्रीसंघमां कोई पण बाबतमां विवाद जन्मे त्यारे उपाध्यायजी विरचित शास्त्र के टीकानी 'शहादत' (शाहेदी) ने अन्तिम प्रमाण गणवामां आवे छे. उपाध्यायजीनो चुकादो एटले जाणे सर्वज्ञनो चुकादो. श्रुतकेवली एटले श्रुतना बळे केवली अर्थात् 'शास्त्रोना सर्वज्ञ' - एटले ज एमना समकालीन मुनिवरोए तेओश्रीने 'श्रुतकेवली' विशेषणथी नवाज्या छे. सर्वज्ञ जेवुं पदार्थनुं स्वरूप वर्णवी शकनारा.

आवा उपाध्यायजी भगवानने बाल्यवयमां (आठेक वर्षनी आसपास) दीक्षित बनीने विद्या प्राप्त करवा माटे गुजरातमां उच्च कोटिना विद्वानोना अभावे के गमे ते कारणे गुजरात छोडीने दूर-सुदूर पोताना गुरुदेव साथे काशीना विद्याधाममां जवुं पड्युं हतुं अने त्यां तेमणे छये दर्शननो तेमज विद्या-ज्ञाननी विविध शाखा-प्रशाखाओनो आमूलचूल अभ्यास कर्यो. तेना उपर तेओश्रीए अद्भुत प्रभुत्व मेळव्युं अने विद्वानोमां 'षड्दर्शनवेत्ता' तरीके पंकाया. उपाध्यायजीए काशीनी सभामां एक महासमर्थ दिग्गज विद्वान, जे अजैन हतो, तेनी जोडे अनेक विद्वानो समक्ष शास्त्रार्थ करी विजयनी वरमाळा पहेरी हती. तेओश्रीना अगाध पांडित्यथी मुग्ध थईने तेओश्रीने 'न्यायविशारद' बिरुदथी अलंकृत करवामां आव्या हता. ते वखते जैन संस्कृतिना एक ज्योतिर्धर जैन धर्मनो अने गुजरातनी पुण्यभूमिनो जयजयकार वर्ताव्यो हतो.

विविध वाङ्मयना आ पारंगत विद्वानने जोतां, आजनी दृष्टिए तो, तेओश्रीने चार नहीं पण संख्याबंध विषयोनी पी.एच.डी. पदवी धरावनार कहीए तो ते यथार्थ ज छे.

भाषानी दृष्टिए जोईए तो उपाध्यायजीए अल्पज्ञ के विशेषज्ञ, बाळ के पंडित, साक्षर के निरक्षर, साधु के संसारी व्यक्तिना ज्ञानार्जननी सुलभता माटे, जैन धर्मनी मूळभूत प्राकृत भाषामां, ए वखतनी राष्ट्रीय जेवी गणाती संस्कृत भाषामां तेमज हिन्दी-गुजराती भाषाभाषी प्रान्तोनी सामान्य प्रजा माटे हिन्दी-गुजरातीमां विपुल साहित्यनुं सर्जन कर्युं छे. एओश्रीनी वाणी सर्वनयसंमत गणाय छे.

विषयनी दृष्टिए जोईए तो एमणे आगम, तर्क, न्याय, अनेकान्तवाद, तत्त्वज्ञान, साहित्य, अलंकार, छंद, योग, अध्यात्म, आचार, चारित्र, उपदेश आदि अनेक विषयो उपर मार्मिक अने महत्त्वपूर्ण रीते लख्युं छे.

संख्यानी दृष्टिए जोईए तो एमनी कृतिओनी संख्या 'अनेक' शब्दथी नहीं पण 'सेंकडो' शब्दथी जणावी शकाय तेवी छे. आ कृतिओ बहुधा आगमिक अने तार्किक बंने प्रकारनी छे. एमां केटलीक पूर्ण, अपूर्ण बंने जातनी छे अने अनेक कृतिओ अनुपलब्ध छे. पोते श्वेताम्बर परंपराना होवा छतां दिगम्बराचार्यकृत ग्रन्थ उपर टीका रची छे. जैन मुनिराज होवा छतां अजैन ग्रन्थो उपर टीका रची शक्या छे. आ एमना सर्वग्राही पांडित्यनो प्रखर पुरावो छे. शैलीनी दृष्टिए जोईए तो एमनी कृतिओ खंडनात्मक, प्रतिपादनात्मक अने समन्वयात्मक छे. उपाध्यायजीनी उपलब्ध कृतिओनुं, पूर्ण योग्यता प्राप्त करीने, पूरा परिश्रमथी अध्ययन करवामां आवे तो अध्येता जैन आगम के जैन तर्कनो लगभग संपूर्ण ज्ञाता बनी शके. अनेकविध विषयो उपर मूल्यवान, अतिमहत्त्वपूर्ण सेंकडो कृतिओना सर्जको आ देशमां गण्यागांठ्या पाक्या छे, तेमां उपाध्यायजीनो निःशंक समावेश थाय छे. आवी विरल शक्ति अने पुण्याई कोईना ज ललाटे लखायेली होय छे. आ शक्ति खरेखर सदगुरुकृपा, जन्मान्तरनो तेजस्वी ज्ञानसंस्कार अने सरस्वतीनुं साक्षात् मेळवेलुं वरदान आ त्रिवेणीसंगमने आभारी हती.

तेओश्री 'अवधान'कार (एटले बुद्धिनी धारणाशक्तिना चमत्कारो करनार) पण हता. अमदावादना श्रीसंघ वच्चे अने बीजी वार अमदावादना मुसलमान सुबानी राजसभामां आ अवधानना प्रयोगो एमणे करी बताव्या हता. ते जोईने सहु आश्चर्यमुग्ध बन्या हता. मानवीनी बुद्धिशक्तिनो अद्‌भुत परचो बतावी जैन धर्म अने जैन साधुनुं असाधारण गौरव वधार्युं हतुं. अनेक विषयोना तलस्पर्शी विद्वान यशोविजयजीए 'नव्य न्याय' ने एवो आत्मसात् कर्यो हतो के तेओ नव्य न्यायना 'अवतार' लेखाया हता. आ कारणथी तेओ 'तार्किकशिरोमणि' तरीके पण विख्यात हता. जैन संघमां नव्य न्यायना आ आद्य विद्वान हता. जैन सिद्धान्तो अने तेना त्यागवैराग्यप्रधान आचारोने नव्य न्यायना माध्यम द्वारा तर्कबद्ध करनार एकमात्र उपाध्यायजी ज हता. १२०० वर्ष पहेलां मिथिलानगरीमां गंगेश उपाध्याये जन्म आपेल नव्य न्यायनी पद्धति समजवा-समजाववामां घणी कठिन छे. वैदिक धर्मना विद्वानोए शास्त्रीय रहस्यो समजाववामां एनो उपयोग कर्यो हतो पण जैन धर्मनां रहस्यो समजाववा माटे एने उपयोगमां लेवानुं बन्युं नहोतुं ते छेक अढारमी सदीमां उपाध्यायजीना हाथे थयुं.

तेओनी शिष्यसंपत्ति अल्पसंख्यक हती. एमनुं अवसान गुजरातना वडोदरा शहेरथी १९ माईल दूर आवेला प्राचीन दर्भावती, वर्तमानमां 'डभोई' शहेरमां वि.सं. १७४३मां थयुं हतुं. डभोई मारी जन्मभूमि अने उपाध्यायजी महाराज प्रत्ये मने नानपणथी ज ऊंडी श्रद्धाभक्ति. वरसो बाद उपाध्यायजीनी देहान्तभूमि पर एक भव्य स्मारक ऊभुं कराव्युं अने त्यां एमनी, वि.सं. १७४५मां प्रतिष्ठा करायेली पादुका पधराववामां आवी. आम आ स्थळ गुरुयात्रानुं एक धाम बनी गयुं. ज्ञानार्थी साधु-साध्वीओए आ पवित्र भूमिनी स्पर्शना करी, पादुकाना दर्शन करी पावन थवुं जोईए अने एना सान्निध्यमां नव्य न्यायना माध्यमथी जैन शास्त्रो समजवा-समजाववानी शक्तिनी याचना करवी जोईए.

मुंबई, वालकेश्वर, सं. २०५३

— यशोदेवसूरि

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# યશોજ્જ્વલ ગૌરવગાથાની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૫૪ ઇ.સન્ ૧૯૯૮

૭૫

## પ્રસ્તાવના

આજથી પચાસ વરસ પહેલાં ભગવાન શ્રી મહાવીરનું સચિત્ર સુંદર જીવન ચરિત્ર અપ્રાપ્ય હતું. ક્યારેક ક્યારેક વિદ્વાનો માગે ત્યારે ના પાડવી પડતી હતી અને તે માટે શરમ ઉપજતી હતી.

ઈશુખ્રિસ્તનું જીવન ચરિત્ર મળે, બુદ્ધનું મળે, હજરત મહમદ પયગમ્બરનું મળે, કૃષ્ણનું મળે, ન મળે એક ભગવાન મહાવીરનું, એ વાત મને બાવીશ વરસની ઉંમરનો હતો ત્યારથી જ ખટકતી હતી.

પણ ત્યારે તો આ બધું કામ કરવાની ગુંજાશ ન હતી. વડીલો હાથ ઉપર લે ત્યારે જ થઈ શકે એમ હતું. પણ એ તરફ કોઈનું લક્ષ્ય જતું ન હતું અને આ વાત મને હંમેશા ખટકતી હતી કે ભગવાન મહાવીરસ્વામીજીનું ચરિત્ર સુંદર ચિત્રોમાં રજૂ થવું જ જોઈએ.

એવામાં કુશળ, ચિત્રકાર ભાઈશ્રી ગોકુલદાસ કાપડીયાની ભેટ થઈ. તેઓએ પોતે તેઓના મિત્રના કહેવાથી આ કામની શરૂઆત કરી હતી એમ જણાવ્યું અને તેના સ્કેચ પણ પાલીતાણા આવીને મને બતાવ્યા એ વખતે પંદર ચિત્રોના સ્કેચ લાવ્યા હતા.

એ પંદર ચિત્રોમાં સુધારા વધારા જણાવીને સાથે સૂચનો કરી લીધા અને પછી તે પંદર ચિત્રો પહેલવહેલાં ચિત્રકારે બહાર પાડ્યાં. બહાર પાડ્યા પછી તે કામ લોકોને ખૂબ ગમ્યું હતું. ત્યાર પછી થોડા સંજોગો એવા ઊભા થયા કે ચિત્રકાર પાસેથી ઝડપથી કામ કરાવી ન શક્યા. થોડો સમય પસાર થયા પછી એ કામ કરી હાથ ઉપર લીધું અને બાકીનાં

૨૦ ચિત્રો તૈયાર કરાવરાવ્યાં અને એ રીતે કુલ ૩૫ ચિત્રોની ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી ભાષામાં પરિચય સાથેની પહેલી આવૃત્તિ બહાર પાડવામાં આવી અને તેનો અતિભવ્ય ઉદ્ઘાટન સમારોહ બીરલા માતૃશ્રી સભાગારમાં વિશાળ હાજરી વચ્ચે રાખવામાં આવ્યો.

આ પુસ્તકનું ઉદ્ઘાટન તત્કાલીન માનનીય રાષ્ટ્રપતિ શ્રી વી. વી. ગીરીનાં હસ્તે થવાનું હતું પરંતુ અમુક કારણોસર તે મુલતવી રહ્યું અને તે પુસ્તકનું ઉદ્ઘાટન મહારાષ્ટ્ર સરકારના માનનીય શિક્ષણપ્રધાન શ્રી નામજોષીજીનાં શુભહસ્તે થયું. આ પુસ્તકનાં ઉદ્ઘાટન પ્રસંગે અને ત્યારબાદ વિવિધ સ્થળેથી આવેલા માનનીય સંદેશાઓ, અભિનંદનો તથા ગ્રન્થની વિવિધ રીતે અજોડ સમીક્ષા કરતાં વર્તમાન પત્રો તથા બીજા પત્રોમાં આવેલી સમીક્ષાઓ આ પુસ્તકમાં પ્રગટ કરવામાં આવી છે. તે સાથે તે પ્રસંગની થોડીક વિવિધ તસ્વીરો પણ આપવામાં આવી છે.

આ ચિત્રસંપુટની પ્રથમ આવૃત્તિને એવો પ્રતિસાદ મળ્યો કે તેની બીજી આવૃત્તિ બે જ મહિનામાં પ્રગટ કરવી જરૂરી બની ગઈ હતી અને એ રીતે પ્રથમ આવૃત્તિની બે હજાર નકલ તથા બીજી આવૃત્તિની બે હજાર નકલ એમ કુલ ચાર હજાર નકલ તૈયાર થઈ પછી તેની સતત માંગ રહ્યા કરતી હતી. તેથી તરત પ્રગટ કરવાનું જરૂરી હતું.

પરંતુ અમુક શારીરિક આદિ કારણોસર તે કામ લંબાતું ગયું અને તેની ત્રીજી આવૃત્તિ વિ. સં. ૨૦૫૧ (ઈ. સં. ૧૯૯૫)માં પ્રગટ કરવામાં આવી.

પહેલી–બીજી આવૃત્તિમાં ૩૫ ચિત્રો હતાં. જ્યારે ત્રીજી આવૃત્તિમાં નવાં ૧૩ ચિત્રો ઉમેરીને ૪૮ ચિત્રોનું સંપુટ તૈયાર કરવામાં આવ્યું હતું, અને તેની કિંમત લોકો અને બુકસેલરોની ઈચ્છા ઘણાં કારણોસર ૬૦૦-૭૦૦ રૂા. રાખવાની હતી, પણ મારી ઈચ્છા ઘણા કારણોસર વધતી ન હતી, તેથી કિંમત રૂા. ૫૦૦ રાખવામાં આવી.

આમ ટૂંક સમયમાં પહેલી આવૃત્તિની ૨૦૦૦ નકલ, બીજી આવૃત્તિની ૨૦૦૦ નકલ તથા ત્રીજી આવૃત્તિની ૬૦૦૦ નકલ આમ ૧૦ હજાર નકલ પ્રગટ થઈ.

આ પુસ્તકની દેશ-વિદેશમાં સતત માંગ રહ્યા કરતી હતી એટલે ધર્મશ્રદ્ધાળુ ભક્તિવંત, ભાઈશ્રી કુમાર પોદાર અને તેમનાં ધર્મશ્રદ્ધાળુ ધર્મપત્ની શ્રી મયુરિકાબેનને આ પુસ્તક પ્રત્યે ખૂબ લાગણી હતી. બન્ને પતિ-પત્નીએ આ પુસ્તક અમેરિકામાં જૈનોનાં ઘરમાં હોવું જ જોઈએ એવી તીવ્ર ભાવનાને કારણે તેમણે ઘણો પુરુષાર્થ કર્યો. અમેરિકામાં જૈન સેન્ટરોને એ માટે વિનંતી કરી અને તેઓએ સારો સહકાર આપ્યો. જૈનોનાં ઘરોમાં પહોંચ્યા તથા પુસ્તક પ્રકાશન માટે સારો ફાળો પણ મેળવ્યો. તે બદલ તેમને અને તેમના ધર્મપત્ની શ્રી મયુરિકાબેનને ખૂબ ધન્યવાદ ઘટે છે.

આ પુસ્તક પ્રીન્ટીંગ કરનાર અમદાવાદનાં નીટ પ્રિન્ટ ઓફસેટ પ્રેસનાં માલિક, ધર્માત્મા, ભક્તિવંત, ધર્મશ્રદ્ધાળુ, મારા પ્રત્યે હાર્દિક ભક્તિભાવ ધરાવનાર સૌજન્ય સ્વભાવી શ્રી રાજેશભાઈ શાસ્ત્રીએ ખૂબ કાળજીપૂર્વક અને ઘણા પ્રેમથી આ પુસ્તકમાં પ્રકાશનની સંપૂર્ણ જવાબદારી માથે લઈને આ કાર્ય સરસ રીતે પાર પાડ્યું છે તેથી તેમને ખૂબ ખૂબ ધન્યવાદ ઘટે છે.

*–વિજય યશોદેવસૂરિ*

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સુવર્ણાક્ષરી બારસાસૂત્રની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૫૫ ઇ.સન્ ૧૯૯૯

૭૯

## સંપાદકીય નિવેદન

જેમને કાગળ ઉપર કલર કામ કરાવવું હોય કે લખાવવું હોય તેને કાગળ, શાહી, કલમ, વગેરેની પૂરી ચકાસણી કરવી જરૂરી બને છે. કાગળની જાત કઈ છે એ જોવું પડે છે. શાહી પણ કઇ કંપનીની છે? દેશી છે કે વિદેશી તે પણ જોવું પડે છે. જો આ બધાની ચકાસણી કર્યા વિના ઉતાવળ થાય તો કામને હાનિ-ધક્કો પહોંચે છે.

કાગળને કલરીંગ કરવાનો હોય તો કેવો રંગ તેને લગાડવો જોઇએ. કેવા રંગથી, કેવી રીતે રંગવું જોઇએ? એ બધું નક્કી કરવું બહુ જરૂરી હોય છે. જરૂર પડે આ વિષયના નિષ્ણાત અને અભ્યાસી હોય તેવાની સલાહ તેમાં બહુ ઉપયોગી થાય છે.

સોન્ડહર્સ્ટ પેપર ઉપર બધા જ કલરો મનગમતા ઉઠે કે કલર ખુટી ગયા પછી તેની મૂળભૂત અસરો ઉપસી આવે છે કે નહિ તે જોવું જરૂરી બને છે. મારા લખાયેલા બારસાસૂત્રમાં ઉંચી જાતનો કાગળ હોવા છતાં પણ બે-ત્રણ કલરમાં ક્ષતિ પહોંચી હતી. ગુલાબી તથા લીલા કલર જ કર્યા હતા. થોડા દિવસ બાદ તે કલર ઝાંખા પડી ગયા હતા. તેને હવામાન અને ભેજની અસર લાગી ગઈ હતી. ખૂબ જ ચોકસાઈ કરીને પણ કલર સ્કીમ અમલમાં મૂકવા છતાં પણ આવું બનવા પામે છે. આમાં કલરનો પણ વાંક હોય છે. એની બનાવટનો પણ વાંક હોય છે. હાથથી કરવામાં આવતા કલર ક્યારે ક્યાં જોખમ ઉભું કરશે તે કહી શકાતું નથી. ઘણું મોટું કામ લઈને બેઠા હોઈએ એમાં વચ્ચે વચ્ચે કલર દગો દઈ દે અને પાનાંની નીચેની સપાટી થોડો સમય જતાં ઝાંખી પડે કે વિકૃત થઈ જાય ત્યારે તેના કરાવનારને ભારે રંજ થવા પામે છે. કાગળમાં ઘણા મિશ્રણો હોય છે. શાહીમાં

ઘણું મિશ્રણ હોય છે. અનુભવે જ ખબર પડે છે કે તે સરખાં જવાબ આપે છે કે નહિ.

અમોએ આ જાતના ઘણા અખતરા કર્યા છતાં અમારા લખેલા બારસાસૂત્રમાં ગુલાબી તથા લીલા કલરમાં અમો થાપ ખાઇ ગયા છીએ એટલે આવા કામમાં ખૂબ જ ધીરજ, ઉંડી તપાસ અને આ વિષયમાં નિષ્ણાત વ્યક્તિનો અભિપ્રાય લેવો ખૂબ જરૂરી બની જાય છે. જેને જેને આવું કામ કરાવવું હોય તેઓ મારી આ ચેતવણી કહો કે સલાહ કહો તે ધ્યાનમાં રાખશે તો ખેદ કરવાનો વખત ન આવે.

બીજું આ બારસાસૂત્રમાં વિશેષતા એ છે કે તેમાં તીર્થંકરોના વર્ણ પ્રમાણે કાગળનો કલર રાખી અક્ષરો લખાવેલ છે. જેમકે પાર્શ્વનાથ ભગવાનના ચરિત્ર માટે લીલો, નેમનાથ ભગવાનના ચરિત્ર માટે શ્યામ છાંયવાળો. જ્યારે મહાવીરસ્વામી ભગવાનનો વર્ણ સુવર્ણ એટલે કે પીળો અને પીળા કલર ઉપર સુવર્ણ અક્ષર લખવા તે બરાબર ન લાગવાથી સુવર્ણ પાંચ વર્ણનું હોય છે, એમ કલ્પીને લાલ કલરનાં પાનાં ઉપર સુવર્ણ અક્ષરોમાં મહાવીર ચરિત્ર આલેખેલું–લખેલું છે.

બીજી વિશેષતા એ છે કે એમાં અક્ષરો મોટા રાખ્યા છે, અને આખી પોથી વિવિધ કલરો યુકત બની છે અને વિવિધ પ્રકારની બોર્ડરો આખા ગ્રન્થમાં મૂકવામાં આવી છે.

ઘણી જહેમત બાદ તૈયાર થયેલ આ બહુમૂલ્ય સુવર્ણાક્ષરી કલ્પસૂત્રને ઘણાં વરસો બાદ પ્રોસેસ પદ્ધતિથી સોનેરી કામ કરવામાં થોડી સફળતા મલવા લાગી એટલે પ્રેસવાળાઓને આ કામ કરવામાં રસ પડ્યો અને હિંમત આવી એટલે વિવિધ રીતે ખાત્રી કર્યા પછી છાપવાનું કાર્ય શરૂ કર્યું. અમને લાગે છે કે જોનારાઓને આ પ્રતિ જરૂર પસંદ પડશે.

આવાં મોટાં અને મહેનત માગતાં, ખરચાળ કામ વારંવાર થતાં નથી. આવાં કામો કરવાનો પ્રસંગ ક્યારેક જ આવે છે એટલે આ કામ જેઓને પસંદ પડે તેઓએ પોતાના સંગ્રહ માટે, પોતાના સમુદાય માટે, સંઘ માટે, કોઈપણ શ્રાવક પોતે જ્ઞાનની ભક્તિ કરવા માટે જરૂર વસાવી લે તેવી ખાસ ભલામણ છે. પોતાના કુટુંબીઓને આ કલ્યાણકારી અને કિંમતી પ્રત ભેટ આપી શકાય છે.

આ ગ્રંથ ગૃહસ્થોને વાંચવા માટે નથી, દર્શનાર્થે છે એટલે કોઇ પણ વ્યક્તિ ઘરે પણ રાખી શકે છે અને આ પોથીના પાનામાં લખ્યું છે તે રીતે તેનું પૂજન ભક્તિ વગેરે કરી શકે છે.

જૈનેતર ભાઈઓને મન થાય તો રાખવું હશે તો બહુમાન અને આદરપૂર્વક ઘરમાં રાખી શકે છે. ભારતની મહાનવિભૂતિના જીવનચરિત્રો આલેખાયેલા (લખાયેલા) હોવાથી આ પુસ્તક ખૂબ પૂજનીય અને વંદનીય છે, અને ઘરે બહુમાનપૂર્વક રાખવાથી ક્ષુદ્ર ઉપદ્રવો, નાની મોટી અશાન્તિઓ, દૈવિક ઉપદ્રવો વગેરેની પણ શાન્તિ થવા પામે છે.

જીંદગીની ચાલી રહેલી આખરી સફરમાં શેષ રહેલાં થોડાં ઘણાં કામો યથાશકિત પાર પડે અને જૈનસંઘોને તેના વધારેમાં વધારે લાભ મળે તેવી પ્રાર્થના...

સંપાદન કાર્યમાં જાણતાં અજાણતાં જે કોઇ ક્ષતિ રહી ગઈ હોય તે બદલ મિચ્છામિ દુક્કડં.

સંવત ૨૦૫૫. ઈ. સન્ ૧૯૯૮

[illegible] તા. [illegible]

*વિજય યશોદેવસૂરિ*

# આદિવચન

જૈનધર્મમાં છેલ્લાં પાંચસો વરસથી કલ્પસૂત્ર નામનું જૈન આગમ સૂત્ર કાગળ ઉપર લગભગ કાળી સ્યાહીથી લખાવવાની પ્રથા જોવા મલી છે. જૈન સંઘમાં આ સૂત્ર અત્યન્ત શ્રદ્ધેય, પૂજનીય, બહુમાન્ય શાસ્ત્ર છે. ચૌદમી શતાબ્દી પહેલાનું લખેલ સોનેરી કલ્પસૂત્ર કદાચ ક્યાંક વિદ્યમાન હશે પણ મારા જોવા–જાણવામાં આવ્યું નથી, એટલે એ પહેલાં સુવર્ણાક્ષરી કલ્પસૂત્ર લખાવવાની પ્રથા હતી કે કેમ? અથવા લખાયાં હશે કે કેમ? એ માટે ચોક્કસ કાંઈ કહી શકાય નહીં, એના કારણો શું હશે તેની ચર્ચા કરવી અહીં અસ્થાને છે.

અમારા સંગ્રહમાં અન્યત્ર સોળમી શતાબ્દીમાં કાળી કે લાલ સ્યાહીથી લખાયેલા કલ્પસૂત્ર તો છે જ, તે ઉપરાંત કોઈ કોઈ જ્ઞાનભંડારોમાં પણ સુવર્ણાક્ષરી પ્રતિઓ પણ વિદ્યમાન છે.

૫૦૦ વરસના ગાળામાં આવા કામના રસિયા ઉત્સાહી આચાર્યોએ કલ્પસૂત્ર પ્રત્યેની ઊંડી શ્રદ્ધા અને તેના પ્રત્યેના ઉત્કૃષ્ટ આદરને કારણે સુવર્ણાક્ષરી કલ્પસૂત્ર લખાવવાની પણ પ્રથા હતી. તેથી સુવર્ણાક્ષરી પ્રતિઓ પણ લખાવતા હતા.

મને પોતાને પણ મારી પોતાની સૂઝ-સમજ અને રસ પ્રમાણે એકાદ સુવર્ણાક્ષરી કલ્પસૂત્ર લખાવવાનો ઘણા વખતથી મનોરથ-ભાવ બેઠો હતો, એટલે વિ. સં. ૨૦૧૦ માં અમદાવાદમાં દશા પોરવાડ સોસાયટીમાં જ્યારે રહેતો હતો ત્યારે જાણીતા કુશળ લહીયા ભાઈ શ્રી ચીમનભાઈ પાસે પીળી સ્યાહીથી લંડનથી ખાસ મંગાવેલા હેન્ડમેડ પેપર-કાગળ ઉપર પ્રથમ એ પ્રતનું મૂળ લખાણ લખાવી, પછી સોનું ચઢાવવા માટે એ પ્રતને જયપુર મોકલી, ત્યાં મારા જાણીતા કલાકારોએ આખી પ્રતિના તમામ અક્ષરો ઉપર વરખના પાનાનું બનાવેલું સોનું ચઢાવી દીધું અને આખી પ્રતિને સુવર્ણાક્ષરી બનાવી દીધી. અત્યારે સોનાનાં વરખની સ્યાહીથી પ્રત કરાવવા જઈએ તો સોનાની મોંઘવારી જોતાં ખૂબ મોટો એટલે લાખો રૂા. નો ખર્ચ કરવો પડે. સ્યાહી સોનાના વરખ ઉપરથી થાય છે. વરખ અત્યન્ત મોંઘા બન્યાં છે, એટલે એનો પાવડર મોંઘો જ પડે. અત્યારે લાખોનો ખર્ચ થાય. આવું અતિ ખરચાળ કામ ભાગ્યેજ કોઈ કરાવે એટલે મને એમ થયું કે આજના યાંત્રિક સાધનો અને પ્રોસેસ પદ્ધતિથી પ્રિન્ટીંગ પદ્ધતિએ લખાણ સુવર્ણાક્ષરી લાગે તેવું જો થઈ શકતું હોય તો ભારતના જૈનાચાર્યો-સાધુઓ વગેરે તેમજ જૈન સંઘને સુવર્ણાક્ષરી પ્રતિનો લાભ મળે અને જરૂર પડે પોતાના ઘરમાં દર્શન પૂજન માટે પણ રાખી શકે એટલે મુંબઈમાં નેહજ પ્રેસના માલિક ભાઈશ્રી જયેશભાઈને આ કામ પ્રોસેસ-વૈજ્ઞાનિક પદ્ધતિથી તૈયાર થતું હોય તો તે રીતે તૈયાર કરવાની પ્રેરણા કરી. અને તેમને મહેનત લઈને જે પ્રત તૈયાર કરી તે અહીંયા મુદ્રિત કરી છે.

જેના ઉપરથી આ સુવર્ણાક્ષરી પ્રતિ કરવાની અનુકૂળતા પ્રાપ્ત થઈ તે પ્રતિ મેં આજથી ચુમ્માલીસ વર્ષ પહેલાં અમદાવાદ અને જયપુરમાં કેવી રીતે કરાવી, કોની પાસે કરાવી અને એના હેંડમેડ (હાથ બનાવટનાં) કાગળો ક્યાંથી મેળવ્યા વગેરે બાબતોનો ખ્યાલ સમગ્ર ઈતિહાસ આ વિષયના રસિયાઓને અને કામ કરનારને રસ પડે એટલે જાણીને વિસ્તારથી અહીં રજૂ કર્યો છે.

હજુ આપણે ત્યાં લખવાની એક જ પદ્ધતિથી પ્રતિ તૈયાર થાય છે. પણ મારી ઈચ્છા વિવિધ ઢબથી બનાવીને એમાં અક્ષર લખવા અને એ રીતે આખી પ્રત તૈયાર કરાવવી અને એમાં સૂક્ષ્મ ચિત્રો અને ડિઝાઈન વગેરે મૂકવું એ રીતે હતી, પણ મારી તબીયત અને વિવિધ કાર્યભારના લીધે મારાથી થઈ શક્યું નથી.

## ★ શ્વેત અક્ષરમાં (પ્રાયઃ) પહેલી જ વાર છપાયેલી પ્રતિ

આ સુવર્ણાક્ષરી પ્રતિ તૈયાર કરવાની સાથે સાથે આ પ્રોસેસની ખૂબીને કારણે સફેદ અક્ષરમાં પણ કલ્પસૂત્ર તૈયાર થઈ શક્યું છે. એ આપના માટે એક આનંદનો વિષય છે.

આ કામ થઈ શક્યું તે જયેશભાઈની સુસમજને આભારી છે. જોનારાઓને આ એક નવી આકર્ષક પ્રિન્ટ લાગશે. મને વિશ્વાસ છે કે પહેલી જ વાર છપાતી શ્વેત અક્ષરોની પ્રતિ સહુને ગમશે. આ એક જોઈને આનંદ થાય તેવું કામ છે. પ્રોસેસ પદ્ધતિમાં પણ લાખો રૂપિયાનો ખર્ચ થવા પામ્યો છે. પણ કામ જોતાં લાગે છે કે એમ થવું તે સ્વાભાવિક છે. સુવર્ણાક્ષરી પ્રોસેસ કામની સોનેરી ચમક કેટલાં વર્ષો ટકશે? એના જવાબમાં કરાવનાર અનુમાનથી કહે છે કે જલદી ઝાંખી નહીં પડે, પણ હકીકતમાં જેનો મેં અનુભવ કર્યો ન હોય તેના માટે મારાથી શું કહી શકાય?

મારી ઉમ્મર ૮૪ વર્ષની થઈ છે, હવે મારી ધારણાનાં, મારા રસનાં, કલ્પનાનાં થોડાં ઘણાં શક્ય કાર્યો થઈ જાય તો મને આત્મસંતોષ રહે. તેથી આ સુવર્ણાક્ષરી પ્રતિની પ્રવૃત્તિ કરવા મન લલચાયું. છાપકામમાં કંઈ ક્ષતિઓ રહી ગઈ હોય તો સુધારી લેશો. વળી કહેવત છે કે "ગોળ નાંખો એટલું ગળ્યું થાય પણ આ પ્રતને વધુ કલાત્મક બનાવવી જરૂરી ન લાગવાથી તેમ કર્યું નથી.

નોંધ : કલ્પસૂત્ર અને તેની પ્રતિઓ અને તેનાં ચિત્રો અંગે–

વિશેષ જાણપણું થાય એટલા માટે અહીં આ પ્રતને લગતી કેટલીક જાણકારી જણાવું-

## ★ પરમપવિત્ર શ્રી કલ્પસૂત્ર-બારસાસૂત્ર અંગેની મારી કથા અને નવા કરાવેલાં કલ્પસૂત્રનો ઈતિહાસ

શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈનસમાજમાં સેંકડો વરસોથી કલ્પસૂત્ર-બારસાસૂત્ર પ્રત્યે અસાધારણ શ્રદ્ધા, આદર, બહુમાન અને ભક્તિ પ્રવર્તે છે. કલ્પસૂત્ર મૂલવાચના-સૂત્ર શ્રવણ, ભારતમાં શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાયમાં ચાતુર્માસમાં ઉજવાતા પર્યુષણપર્વના આઠ દિવસના તહેવારોમાં છેલ્લા સંવચ્છરીના દિવસે (લગભગ ૧૨૩૫ શ્લોક પ્રમાણનું) ચતુર્વિધ સંઘ વચ્ચે સંભળાવવામાં આવે છે. આ પ્રથા સેંકડો વરસોથી ચાલી આવે છે.

## ★ હવે મૂલ વાત શરૂ કરૂં

આજથી ૫૦-૬૦ વરસ પહેલાં કલ્પસૂત્રની છૂટી છવાઈ પ્રતિઓ જોવા મળેલી. એ પ્રતિઓ જાડા-પાતળા કાગળ ઉપરની હતી. લાલ અને કાળી સ્યાહી બંનેનો સ્વતંત્ર કે મિશ્ર ઉપયોગ કરીને

તે લખવામાં આવતી હતી. કેટલીક પ્રતિઓ સાદી હતી, કેટલીક ચિત્રોવાળી હતી. પણ ત્યારપછીના વરસોમાં અવરનવર આ પ્રતિઓ જોવાના મને ચાન્સ મળતા હતા. સોનાની સ્યાહીથી લખેલા અક્ષરોવાળી સુવર્ણાક્ષરી પ્રતિ અમારા પૂ. ગુરુદેવની હાજરીમાં તેઓશ્રીની સંમતિ લઈને વેચાતી પણ લીધી. ૪૦ વરસ ઉપર સ્યાહીથી લખેલ કલ્પસૂત્રના પાનાનાં અડધા ભાગમાં ચીતરેલાં ચિત્રોવાળી કાગળની પ્રતિઓ વેચાવા આવતી હતી. કલ્પસૂત્રમાં બે પ્રકારે ચિત્રો ચીતરાતાં. એક તો સોનેરી સ્યાહી કે સોનેરી વરખનો બીલકુલ ઉપયોગ ન કર્યો હોય તેવાં અને બીજાં અંદર સુવર્ણની સ્યાહી કે વરખનો ઉપયોગ કર્યો હોય તેવાં. બંને જાતનાં ઘણાં ચિત્રો મને જોવા મલ્યાં હતાં. તે વેચવા આવતી પ્રતિની કિંમત પાનાંની સંખ્યા ઉપર નહિ પણ ચિત્રની સંખ્યા ઉપર આધારિત રહેતી હતી. તે દિવસે ૪૦ વરસ ઉપર અડધા પાનાંનાં એક ચિત્રની કિંમત માત્ર પાંચ રૂપિયા હતી. કલ્પસૂત્રની પ્રતિઓમાં લગભગ ૨૫ થી માંડીને ૪૦ સુધીનાં ચિત્રો આવતાં હતાં. ૩૦ ચિત્રોની પ્રતિ હોય તો તે માત્ર ૧૫૦ રૂપિયામાં મળતી. ૪૦ ચિત્રોની પ્રતિ હોય તો તે ૨૦૦ રૂપિયામાં મળતી. ભારત આઝાદ થયા પછી અનેક કારણોસર પુરાતત્ત્વની વસ્તુઓનાં અને પ્રાચીન ચિત્રોનાં મૂલ્ય એકદમ વધતાં ચાલ્યાં. પરદેશમાં કલ્પસૂત્રના સુવર્ણમય રંગીન ચિત્રોનું મહત્ત્વ ખૂબ વધી ગયું. એ વધવા પાછળ કારણ જુદાં જુદાં હતાં, પણ મુખ્ય કારણ તેની પ્રાચીનતા હતી. (આજે ભારતના લોકો કલાના ક્ષેત્રથી અજ્ઞાત, રસ વિનાના, તેથી પ્રાચીન અર્વાચીન બધું સરખું સમજે, પણ કલાની કદર કરનારા કલા પારખું કલાને માથે ચઢાવનારા તો ખરા પરદેશીઓ છે. જો ચિત્ર પ્રાચીન હોય, મનગમતું હોય તો ગમે[1] તે કિંમતે ખરીદી લે.) બીજું કારણ થોડામાં ઝાઝું બતાવવાની આ ચિત્રોની વિશિષ્ટતા, એની આકૃતિ બતાવવાની અમુક પદ્ધતિ હતી. સોનાનું કામ પણ કારણ હતું. આ ચિત્રોની કળાને જૈનપ્રધાન કલા અથવા જૈનાશ્રિત કલા તરીકે કલાના ક્ષેત્રમાં ઓળખાવા લાગી.

કલ્પસૂત્રના રંગીન ચિત્રોનાં આકર્ષણનું એક કારણ એ હતું કે એ ચિત્રો ઓછી જગ્યામાં થતાં અને થોડામાં ઝાઝું દર્શન કરાવતાં હતાં. બીજું કારણ રોજે રોજ અમુક પ્રકારનાં ચિત્રો જોઈને માણસનું મન અને આંખ તૃપ્ત થઈ ગયા હતાં. તે કંઈ નવું જોવા-જાણવા માગતા હતા. આ ચિત્રની એક ખાસિયત એ હતી કે નાક લાંબું, આંખ લાંબી અને પગ જરા ટૂંકા, મર્યાદિત વસ્ત્ર પરિધાન, આ બીજું આકર્ષણ હતું. આ કલા મોગલ બાદશાહો સાથે આવેલા ઈરાની ચિત્રકારોના સાથ સહકારના કારણે આ દેશમાં શરૂ થઈ હતી.

કોઈને જિજ્ઞાસા થાય કે આવી પ્રતિઓ જૈન ભંડારો તથા વ્યક્તિગત સંગ્રહ થઈને કેટલી હશે? ચોક્કસ આંકડો જણાવવાનું મુશ્કેલ છે પણ અનુમાનથી ૧૫૦૦ થી વધુ હોવી જોઈએ. આ પ્રતિના પ્રત્યેક ચિત્રની કિંમત વધીને વિ.સં. ૨૦૨૦ ની સાલ સુધીમાં ૩૦૦ થી ૫૦૦ સુધી પહોંચી ગઈ હતી. સુવર્ણાક્ષરી ૨૫ થી ૩૫ રંગીન ચિત્રો સાથેની પ્રતિની કિંમત આજથી ૪૦ વરસ પહેલાં વિ.સં.

---

૧. યુરોપ, અમેરિકાના દેશો એક વખતે એકદમ જૂનવાણી હતા. નવા સર્જનના સંજોગો બહુ ઓછા હતા એટલે આ દેશોમાં પ્રાચીન સંસ્કૃતિ અને સાહિત્યનો લગભગ અભાવ હતો એટલે વરસો બાદ એ દેશો ઉંચે આવ્યા ત્યારે પ્રાચીન ચીજો વસાવવાની તીવ્ર ભૂખ લાગી અને ભારત વગેરે દેશોમાંથી કલાત્મક ચિત્રોવાળી પ્રતો કે વસ્ત્રાદિ ચિત્રો વગેરે ગમે તે ભાવે કે મોંઘામાં મોંઘા દામ આપી ખરીદવા માંડ્યા અને સંગ્રહ કરવા માંડ્યા. આના કારણે અમેરિકા વગેરે દેશોમાં પૂર્વના દેશોની ધરતી ઉપરનો ઘણો સંગ્રહ ત્યાં પહોંચી ગયો.

૨૦૦૫ની આસપાસમાં ૩ થી ૫ હજાર રૂપિયા ગણાતી હતી. જ્યારે આજથી ૧૫ વર્ષ પહેલાં તેની કિંમત વધીને મારા જાણવા પ્રમાણે ૩૦ થી ૫૦ હજાર સુધી પહોંચી ગઈ હતી.

**સુવર્ણાક્ષરી પ્રતિઓ દેશમાં કેટલી હશે?** એ માટે પણ ચોક્કસ આંકડો કહી ન શકાય પરન્તુ ૧૦૦ની આસપાસ હોવી જોઈએ. સરકારમાં સચિત્ર પ્રતિઓની નોંધણી થયા પછી સ્યાહીની કે સોનેરી સચિત્ર પ્રતિઓ જાહેર વેચાણમાં જોવા મળતી નથી. ઉપરની આ વાત જણાવીને કહેવા એ માંગું છું કે શ્વેતામ્બર મૂર્તિપૂજક સાધુઓમાં જે કલા શોખીન સાધુ હોય તેને સ્વાભાવિક રીતે જ ભક્તિ-ભાવથી સુવર્ણાક્ષરી પ્રતિ પોતાના સંગ્રહ માટે નવીન બનાવવા મન થાય. મેં મારી રીતે, મારી પસંદગી પ્રમાણે પ્રતિ લખાવવા પૂજ્ય ગુરુદેવની અનુમતિ લઈને નિર્ણય કર્યો. તે માટે મેં નીચે મુજબ આયોજન કર્યું હતું.

૧. લખવા માટે ઓછામાં ઓછા ૧૫૦ થી ૨૦૦ વરસની ગેરંટીવાળો કાગળ વાપરવો. મીલના કાગળોમાં સફેદાઈ લાવવા માટે એસીડ વગેરેનો ઉપયોગ થતો હોવાથી મીલના કાગળ વાપરવા યોગ્ય ન હતા, કેમકે તે ત્રીસેક વરસે સડી જાય છે, બટકી જાય છે. આ માટે હાથના (હેન્ડમેડ) બનાવેલા દેશી માવાના કાગળો ઉપયોગી બની શકે. વ્યાપક તપાસ કરતાં ૧૫૦ વરસની ગેરંટીનો કાગળ લંડનની જે કંપની બનાવતી હતી તે પેપરનું નામ સોન્ડહર્સ્ટ પેપર હતું. એ કાગળના નમૂના મંગાવ્યા. બીજા પણ હેન્ડમેડના નમૂના જોયા, પરંતુ મેં સોન્ડહર્સ્ટ પેપર ઉપર પસંદગી ઉતારી. કંપની સોન્ડહર્સ્ટ પેપર કઈ સાલમાં બનેલો છે તેની પાણીની છાપ એના ઉપર છાપે છે અને એ પેપર ૧૫૦ વરસ સુધી ટકવાની કંપનીની ગેરંટીનો છે.

તે પછી કલ્પસૂત્ર-બારસામાં શ્રી મહાવીર ચરિત્ર માટે પાર્શ્વનાથ, નેમિનાથ, આદિનાથ ચરિત્ર અને સામાચારી આ વિભાગો લખવા માટે ગ્રાઉન્ડમાં જુદા જુદા કલર કરાવવાનું નક્કી કર્યું. કલરમાં એવું છે કે સુવર્ણાક્ષરે લખવાનું હોય તો કલરની પસંદગી ધાર્યા પ્રમાણે કરી શકાતી નથી. ભગવાન મહાવીરને સુવર્ણ વર્ણના કહ્યા છે. અને સુવર્ણથી (પ્રાયઃ) સર્વત્ર પીળો કલર લેવાય છે. સોનું વાપરવાનું હોય ત્યારે તે જ રંગના પીળા પાનાં માટે (સોનું પીળું જ હોવાથી) પીળો રંગ ઉપયોગી ન બને એટલે ફરજીયાત બીજો કલર પસંદ કરવો પડે એટલે મેં વિચાર્યું કે સુવર્ણ એટલે સોનું પાંચ રંગનું થતું હતું. અને સફેદ સુવર્ણ આજે પણ આપણે નજરોનજર જોઈએ છીએ. જેને અંગ્રેજીમાં પ્લેટીનમ કહેવામાં આવે છે. ૭૦ વરસ પહેલાં સફેદ સુવર્ણની વાત કરીએ તો માનવામાં ન આવે અને આજે એ વસ્તુ હકીકત બની ગઈ છે. એટલે મેં સુવર્ણનો લાલ રંગ નક્કી કરી તે વડે પાનાં રંગાવ્યાં. સમગ્ર મહાવીર ચરિત્ર લાલ રંગના પાનાં ઉપર સુવર્ણઅક્ષરે લખાવ્યું. ત્યારપછી પાર્શ્વનાથ ભગવાનના ચરિત્ર માટે લીલા રંગથી પાનાં રંગાવ્યાં, અને તેના ઉપર સુવર્ણઅક્ષરે લખવામાં આવ્યું. નેમિનાથ ભગવાન માટે શ્યામ રંગના પાનાં રંગાવ્યાં અને પછી તે તમામ પેપરને સોનાની ચમક ઉપસી આવે એટલે અકીકના પથ્થરથી ઘૂંટવામાં આવ્યાં.

સામાન્ય રીતે સુવર્ણાક્ષરી જે પ્રતિઓ મેં લક્ષ્યપૂર્વક જોઈ, સ્હેજ ટેસ્ટ પણ કર્યો ત્યારે તે ૧૫મા સૈકાથી લઈને ૧૮મી શતાબ્દી સુધીની લખાએલી પ્રતિઓ કાગળ ઉપર કલમ કે પીંછીથી ને સીધી જ રીતે સુવર્ણાક્ષરે લખાએલી હતી. મેં ટેસ્ટ કરવા ખાતર રંગીન પાનાં ઉપર સોનાના

અક્ષરથી અક્ષરો લખાવ્યા અને પછી અકીકથી પોલીશ કરાવી એટલે ચમકી ઉઠ્યાં. અકીક પથ્થર ફેરવવામાં ન આવે તો સોનું જરાપણ ચમકે નહિ. પણ એક વાતની સ્પષ્ટતા કરૂં કે સુવર્ણઅક્ષરોને બરાબર સન્મુખ રાખીએ તો ચમકતા ન દેખાય પણ પાનાંને જરા ત્રાસું રાખીને જોઈએ તો જ ચમક દેખાય. જયારે પ્રાચીન પ્રતિઓમાં એવું નથી. મારા અનુભવે કહું કે સોનાના અક્ષરનું પાનું ગમે તે રીતે સામે રાખ્યું હોય તો પણ તરત જ ચળકાટ અનુભવાય. બંને વચ્ચે આ ફરક કયા કારણે હશે તે શોધવું રહ્યું!

મેં મારી બુદ્ધિથી એવું નક્કી કર્યું કે પ્રથમ કલ્પસૂત્ર આખું પીળી સ્યાહીથી લખાવવું અને તેના ઉપર જયપુરના અમારા કારીગર પાસે પીંછીથી સોનું ચઢાવી દેવું. પીળી સ્યાહીથી લખવાનું કારણ એ હતું કે પાનું સીધું રાખવાથી સોનું ચમકે અને બીજું કારણ એ હતું કે કદાચ સોનાની પતરી ઉપરથી ઉખડી જાય તો પીળો અક્ષર તો નીચે વિદ્યમાન હોય જ, પછી એની જવાબદારી દેખરેખ રાખવાનું કામ જૈન સમાજમાં શિલ્પ-કલા ક્ષેત્રે ભગીરથ અને અજોડ સેવા આપનારા જયપુરમાં જ રહેતા વાસ્તુ તથા શિલ્પાદિ વિદ્યાના અભ્યાસી જયોતિર્વિદ્ સુશ્રાવક પંડિતજી શ્રી ભગવાનદાસજીને સોંપ્યું.

દરેક પાનામાં મારે જુદી જુદી બોર્ડરો મૂકાવવી હતી. જયપુરના કારીગરો અમુક જ જાતની બોર્ડરો ચીતરતા હતા, નવું આપવામાં ઉદાસીન હતા. જો મારે મનગમતી બોર્ડરો મૂકાવવી હોય તો મારે વિવિધ પ્રકારની બોર્ડરો મોકલવી જોઈએ. મારો સંગ્રહ ફંફોળતા મારી પાસે છાપેલી બોર્ડરોનું જૂનું પુસ્તક મળી આવ્યું એટલે મને ખૂબ આનંદ થયો. એ પુસ્તકમાં સેંકડો બોર્ડરના નમૂના હતા. પસંદગીની બોર્ડરો ઉપર સાઈન કરીને એ પુસ્તક જયપુર મોકલી આપ્યું. અને સાથે સાથે સૂચનો પણ મોકલાવ્યાં. કારીગરે ઘણી હોંશથી મારા કલ્પસૂત્રનું કામ શરૂ કર્યું. શરૂઆતમાં ભગવાનદાસજીએ કામ પાસ કરવા બે-ત્રણ સુવર્ણાક્ષરી બોર્ડરવાળા પાનાં નમૂનારૂપે મોકલાવ્યાં. મેં જોઈ તપાસી સૂચનો સાથે પાછાં મોકલ્યાં. કામ ચાલું હતું તે દરમિયાન મારી ઈચ્છા બીજી સુવર્ણાક્ષરી પ્રતિઓમાં જોએલી કંઈ કંઈ નવીનતાઓ તથા મારી પોતાની બુદ્ધિથી નક્કી કરેલી નવીનતાઓ વચમાં વચમાં બતાવવી, જેથી થોડી થોડી નવીનતાઓ પણ જોવા મળે. જો કે આવાં કાર્યો મારી રૂબરૂમાં થાય ત્યારે તે કાર્ય અનેરૂં થાય પણ એ શક્યતા હતી જ નહિ એટલે દૂરથી તો જે રીતે શક્ય હોય તે રીતે કરાવી ચલાવી લેવાનું હતું.

આ કલ્પસૂત્ર-બારસા અંગે જરૂરી ૧૦૦ ચિત્રો તો સં. ૨૦૧૦ માં મારાં જુદાં થઈ જ રહ્યાં હતાં, એટલે ચિત્રો કલ્પસૂત્રના ભેગાં કરવાનું રાખ્યું ન હતું, છતાં એમ થયું કે જરા જરા નમૂના પણ અપાય તો ઠીક લાગશે, એટલે ભગવાન પાર્શ્વનાથ અને ભગવાન નેમિનાથના ચરિત્ર તથા સ્થવિરાવલી વગેરેના લખાણના પ્રારંભમાં જ પહેલાં બીજાં પાનામાં ચિત્રો અને લખાણની વિવિધતાઓ દર્શાવી. એક જ પાનામાં છ પંક્તિ હોય તો દરેક પંક્તિની નીચેનો કલર જુદો જુદો હોય. આ રીતે થોડી થોડી વિવિધતાઓ બતાવી છે. આ જાતની વિવિધતાઓ વિદ્યમાન કોઈ સુવર્ણાક્ષરી પ્રતિમાં પ્રાયઃ નહીં હોય!

મારી બારસાની પ્રત તૈયાર થયા પછી છેલ્લાં ૨૫ વરસમાં બીજા આચાર્ય ભગવંતોએ

જયપુરમાં જે પ્રતો ચીતરાવી એમાં મોટે ભાગે બોર્ડરો મારા બારસામાંના પ્રતની જ વાપરવામાં આવી છે, એમ અમને જાણવા મલ્યું છે. મહત્તા દર્શાવવા ખાતર નહિ પણ હકીકતની દૃષ્ટિએ એમ કહી શકાય ખરૂં કે મારા જેવી જ બારસાની પ્રત કલાકારના જણાવવા મુજબ બીજી થઈ શકી નથી. આ પ્રતિ ઓફસેટ પ્રીન્ટથી કરાવવાનો વિચાર ઘણા વખતથી હતો જે વિચાર આજે અમલી બન્યો છે. મેં બારસા કરાવ્યા એની ભૂમિકા, એનું આયોજન અને એનો ફલાદેશ શું? એની બધી વિગતો ઉપર આપી છે. જેથી બીજા કોઈને બારસા બનાવવા હોય તો ઉપરના લખેલા વિચારો કે વિગતો તેને સહાયક બની શકે.

## કલ્પસૂત્ર-બારસાનાં અજોડ ચિત્રો માટે મેં કેવું સ્વપ્ન સેવ્યું હતું, તે અંગેની ૪૦ વરસ પુરાણી એક કહાણી

સં. ૨૦૦૦ની સાલમાં પ.પૂ. ગુરુદેવો સાથે અમદાવાદ જવાનું થયું, અને ત્યાં મારી તબિયત જરા વધુ લથડવાથી અમદાવાદમાં રહેવાનું નક્કી થયું. ત્રણેક વરસ પાલડી, મહાવીર સોસાયટી અને દશા પોરવાડ જૈન સોસાયટીમાં મારે રહેવું પડ્યું. દશા પોરવાડ જૈન સોસાયટીમાં ધર્માત્મા ચોકસી શેઠ ચીમનલાલ સકરચંદના બંગલે અમો ચોમાસું રહ્યા હતા. તે વખતે કલ્પસૂત્ર સુવર્ણાક્ષરે લખાવવાના અને ભગવાન મહાવીર વગેરે તીર્થંકરોના જીવન પ્રસંગોને લગતાં સોએક ચિત્રો ચીતરાવવાં એવો વિચાર આવ્યો. એ ૧૦૦ ચિત્રોની આઉટલાઈન ગુજરાતના જાણીતા વિખ્યાત કલાકાર શ્રી રવિશંકર રાવલ જેઓ મારી નજીકમાં જ રહેતા હતા, અને દશ-પંદર દિવસે નીકળે ત્યારે મને મળી જતા હતા. મેં એમણે એક દિવસ વાત કરી કે કલાના ક્ષેત્રમાં અમારે ત્યાં ત્રણ પ્રસંગો **Subject** વધુ જાણીતા છે, અને તેના અંગેનાં જાણીતાં ચિત્રો સેંકડો વરસોથી જૈનસંઘમાં ચીતરાતાં રહ્યાં છે. ૧. કલ્પસૂત્ર-બારસા ૨. મોટી સંગ્રહણી અને ૩. શ્રીપાલ રાજાનો રાસ. પ્રથમના બંને નંબરની સચિત્ર પ્રતિઓ ઘણા ખરા ભંડારોમાં હોય જ છે.

મેં રવિશંકરભાઈને કહ્યું કે મારે કલ્પસૂત્ર-બારસા મૂલ અને બારસાના પ્રસંગોનાં સો કે સોથી વધુ ચિત્રો બનાવવાં છે. તે ચિત્રોની આઉટલાઈન રેખાંકન આપની પાસે કરાવવું છે. આપની સાથે એક જૈન આર્ટીસ્ટ, એક બંગાલી આર્ટીસ્ટ અને જરૂર પડે તો પોતાની પસંદગીનો બીજા કોઈ આર્ટીસ્ટો રોકવા અને કલરકામ આપની પાસે બેસીને અથવા આપના માર્ગદર્શન પૂર્વક કરાવવું અને મને બતાવતા રહેવું. મને પણ કલાની એક દૃષ્ટિ સૂઝ છે તો હું સૂચના કરૂં તો માઠું ન લગાડવું. ખર્ચનો પ્રશ્ન નથી પણ આ એક એવી વસ્તુ બનાવવી છે અને તેને જાહેર પ્રસિદ્ધિ પણ એવી આપવી છે કે ભારતના કલારસિકો અને ભારતની બહારના કલારસિકો આ પ્રત જ્યાં રાખવામાં આવી હોય ત્યાં જોવા માટે અચૂક આવે, આવ્યા વિના રહે જ નહિ.

ભારતરાષ્ટ્રના બંધારણની પ્રત જે રીતે બની છે. મારે પણ તેવી કે તેથી સવાઈ રીતે જૈનસંઘમાં અજોડ, અદ્વિતીય અને અભૂતપૂર્વ પ્રતનું નિર્માણ થાય એવી મારી અત્યંત ખ્વાહેશ-ઉમેદ હતી. એ પ્રતને કેવું સ્વરૂપ આપવું, એને કેવી રીતે શણગારવી એ માટે પણ મેં કેટલીક નોંધો કરવા માંડેલી અને મારો માનસિક ઉત્સાહ પણ ખૂબ જ હતો. પણ એક દિવસ

રવિશંકરભાઈએ મારો ઉત્સાહ ઓસરી જાય એવી વાત મને કરી. એમણે કહ્યું કે કનૈયાલાલ મુન્શીનો જોરદાર કાગળ આવ્યો છે. અને પોતાની પરશુરામ કથાના લાંબા વખતથી અટકી પડેલાં ચિત્રો શરૂ કરી જલદી પૂરા કરવા માટે મને આગ્રહ કર્યો છે. મેં એમને થોડા વખત લંબાવવા પણ કહ્યું, પરન્તુ હવે તેઓ ધીરજ રાખે તેમ નથી, એટલે મારી આગળ રવિભાઈએ ખૂબ જ દિલગીરી સાથે નમ્રભાવે લાચારી વ્યક્ત કરી. એટલે બીજો મારા માટે કોઈ રસ્તો જ ન હતો, એટલે છેવટે એ કાર્ય ઉપર દુઃખદ પૂર્ણવિરામ મૂકાઈ ગયું.

આ પ્રતના ચિત્રો અને બોર્ડરો બંનેમાં નવીનતા અને વિશિષ્ટતા દર્શાવવાની ઈચ્છા મારી ખૂબ જ હતી. એ અંગેની બધી કલ્પનાઓ પણ મારા બ્રેન અને મગજના ફળક ઉપર આલેખાઈ ગઈ હતી. એની નોંધો પણ કરવા માંડી હતી એટલું જ નહિ પણ એ પ્રત ત્રણેક વર્ષમાં તૈયાર થઈ જશે એવી ધારણા પણ હતી. ૪૦ વરસ પહેલાં લાખેક રૂા.ના ખર્ચની અંદાજેલી આ યોજના હતી.

આવી બહુમૂલ્ય પ્રત તૈયાર થઈ જાય એને કોઈપણ સ્થળમાં કે જાહેર સ્થળમાં રાખવી કે સહુ જોઈ શકે. એમ કરવામાં ન આવે અને જો ભંડારમાં કે તાળા કુંચીમાં જ રાખવામાં આવે તો આટલી બધી જહેમત ઉઠાવ્યાનો કોઈ અર્થ ન સરે. બીજી બાજુ જાહેર સ્થળમાં મ્યુઝીયમની જેમ શોકેશમાં મૂકવામાં આવે તો ચોરાઈ જવાનો પણ ભય એટલો જ ઝઝુમતો હતો. એને માટે મેં જડબેસલાક આયોજન એવું કરવાનું વિચારેલું હતું કે એ પ્રતની પોથી સહુ જોઈ શકે છતાં તે કોઈ ઉપાડી જઈ ન શકે. તેમજ એને રાખવાની મંજૂષા (પેટી) તોડી પણ ન શકે. પણ કમનસીબે ઉપર જણાવ્યું તે કારણે મારૂં આખું સ્વપ્ન ભાંગી ગયું અને મારા જીવનમાં કલાની એક સર્વોત્તમ અને ઐતિહાસિક કૃતિ સર્જવાના સદ્‌ભાગ્ય ઉપર પૂર્ણવિરામ મૂકાઈ ગયું.

ચાલીસેક વર્ષ પહેલાં બનેલી એક નાનકડી છતાં વાચકો માટેની કંઈક જ્ઞાતવ્ય ઘટના અહીં પૂર્ણ કરૂં છું.

## ઘરમાં કલ્પસૂત્રની પ્રતિ રાખવા બાબત વાચકોને સૂચના

*લે. આચાર્ય યશોદેવસૂરિજી—મુંબઈ*

આ પ્રતિ વાચકો અને ખરીદ કરનારાઓને વિનંતી કે આવું ખરચાળ અને આંટીઘૂંટીવાળું પ્રકાશન જલદી તૈયાર થતું નથી માટે જૈનાચાર્યો, જૈન સાધુઓએ આ નવી છાપેલી પ્રતિ અનુકૂળતા હોય તેઓએ એકથી વધુ પ્રતિ ખરીદવાનું ચૂકવું નહીં.

સંસારી સદ્‌ગૃહસ્થોને આ પ્રતિ વાંચવાની હોતી નથી, પણ આવું મહાન કલ્પસૂત્ર આખા ભારતમાં સર્વ રીતે આદરણીય હોવાથી આ કલ્પસૂત્ર દર્શન કરવા માટે, પૂજન કરવા માટે, ધૂપ-દીપ કરવા માટે તથા જ્ઞાનની ભક્તિ આરાધના વગેરે કરવા માટે ઘરમાં જરૂર વસાવી પધરાવી શકાય છે, દીવો-ધૂપ પણ રાખી શકાય છે. ફૂલ પણ ચઢાવી શકાય, અગર તેની આગળ પણ મૂકી શકાય અને તેનાથી વધાવી પણ શકાય છે. રોજ પાટલા ઉપર સ્વસ્તિક, ફળ, નૈવેદ્ય, સોના-રૂપા નાણું ચઢાવી આનું વિશિષ્ટ રીતે બહુમાન ભક્તિ પણ કરી શકાય છે.

બેસતું વરસ, બેસતો મહિનો, મહાવીર જન્મ દિવસ, જન્મ વાંચન દિવસ, પર્યુષણના દિવસો, તથા સંવચ્છરીના દિવસે સોનાની ગીનીથી કે અન્ય ધનથી પૂજન કરી શકાય છે. જ્ઞાનની આરતી પણ ઉતારી, જ્ઞાનની સ્તુતિ તથા પૂજા પણ બોલી શકાય છે, અને આની સામે જ્ઞાનની આરાધના રૂપ વાસક્ષેપ પૂજન, ખમાસમણાં, કાઉસ્સગ્ગ જાપ વગેરે પણ કરી શકાય છે.

કલ્પસૂત્ર ઘરમાં રાખવાથી ઘરમાં કેટલાક ક્ષુદ્ર-મલિન દોષો હોય તો તે દૂર થાય છે. ઘરનું મંગળ અને શ્રેય થાય છે. કલ્પસૂત્રના રચયિતા એવા જ્ઞાની સિદ્ધપુરુષ છે કે એના શબ્દો કે રચના વ્યક્તિના જીવનમાં ઘણો પ્રકાશ, શાંતિ, તુષ્ટિ, પુષ્ટિ બધું આપી શકે એમ છે.

આવું કલ્પસૂત્ર જૈન સંઘે વસાવ્યું હોય તો તેઓએ મહિનામાં એક વાર તેની સામે જ્ઞાનની સ્તુતિ અને જ્ઞાનની પૂજા વગેરેથી ભક્તિ પણ કરી શકાય છે. જરૂર પડે તો જો સમૂહ હોય તો કલ્પસૂત્રનાં પૂજનની બોલીઓ પણ બોલી શકાય છે અને જે પુણ્યવાન શ્રાવકે ઘરમાં પધરાવ્યું હોય તે અઠવાડિયામાં એક દિવસ કે મહિનામાં એક દિવસ તેની સ્તુતિ પ્રાર્થના વગેરે બધું કરી શકે છે. ઘરમાંને ઘરમાં કુટુંબમાં પણ સમૂહ હોય તો દેરાસર, ઉપાશ્રયમાં જ્ઞાન પૂજા વગેરેની બોલી પણ બોલી શકાય છે.

ઘરમાં ઉચિત અને બહુમાનપૂર્વક રાખવાથી તેનો અનાદર કે આશાતના થાય નહીં, આ માટે એક સ્વતંત્ર કબાટ પરદાવાળું કરાવી લેવું જોઈએ. કલ્પસૂત્ર વાંચન (કલ્પધર) તથા સંવચ્છરીને દિવસે ધૂપ પૂજા, દીપકપૂજા, અક્ષત પૂજા, વાસક્ષેપ પૂજા, પૂષ્પ પૂજા વગેરની પાડોશીઓ ભેગા થઈને બોલીઓ પણ બોલી શકાય છે.

કોઈ વખતે રાત્રિજોગો પણ કરાવી શકાય છે. ભાવના રાખી શકાય છે. ભાવનામાં પૂજાનાં સ્તવનો, જ્ઞાનના ગીતો તથા દાંડિયા રાસ નૃત્ય વગેરે પણ યોજી શકાય છે.

કલ્પસૂત્રની પોથી ચોખ્ખા શુદ્ધ હાથથી લેવી-મૂકવી.

## (દિવસ દરમિયાન જ્ઞાનની આરાધના માટે ભેગા થઈ શું કરવું તે)

**પ્રથમ : સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામીજીને નમસ્કાર કરવો.**

**ૐ હ્રીં શ્રી મહાવીરસ્વામિને નમઃ ॥**

આ પ્રમાણે નમસ્કાર કરવા. ત્યારબાદ નીચે આપેલ જ્ઞાનની સ્તુતિઓ બોલવી :-

નિવ્વાણમગ્ગે વરજાણકપ્પં, પણાસિયાસેસ-કુવાઈ-દપ્પં;
મયં જિણાણં સરણં બુહાણં, નમામિ નિચ્ચં તિજગપ્પહાણં,

❀ ❀ ❀

બોધાગાધં સુપદ પદવી નીરપૂરાભિરામં, જીવાહિંસા વિરલ લહરી સંગમાડગાહ દેહં;
ચૂલાવેલં ગુરુગમ મણિસંકુલં દૂરપારં, સારં વીરાડગમજલનિધિં સાદરં સાધુ સેવે.

❀ ❀ ❀

જ્ઞાન પંચમીના દેવવંદનમાંથી જ્ઞાનનાં છાપેલાં સ્તવનો બોલી શકાય છે.

ત્રીજી સ્તુતિ

અર્હદ્વક્ત્રપ્રસૂતં ગણધરરચિતં દ્વાદશાંગં વિશાલં,
ચિત્રંબહ્વર્થયુક્તં મુનિગણવૃષભૈ ર્ધારિતં બુદ્ધિમદ્ભિઃ;
મોક્ષાગ્રદ્વારભૂતં વ્રતચરણફલં જ્ઞેયભાવપ્રદીપં,
ભક્ત્યાનિત્યં પ્રપદ્યે શ્રુત મહમખિલં સર્વલોકૈકસારમ્.

❀ ❀ ❀

જિન જોજન ભૂમિ વાણીનો વિસ્તાર,
પ્રભુ અર્થ પ્રકાશે રચના ગણધર સાર;
સો આગમ સુણતાં છેદીજે ગતિ ચાર,
જિનવચન વખાણી લહીએ ભવનો પાર.

આ પ્રમાણે ભક્તિ સ્તુતિ કરી, નમસ્કાર કરી અને સમ્યગ્જ્ઞાનની પ્રાપ્તિ થાય, જ્ઞાનનો પ્રકાશ મળે એ પ્રમાણે ભાવના ભાવવી. આવું બોલીને સમાપ્તિ કરવી.

સૂચના : ઉપર વિધિ, પ્રાર્થનાઓ લખી છે તે બધી જ બોલવી એવું નથી, તમારી પાસે સમય હોય તેટલા પ્રમાણમાં સ્તુતિ-ભક્તિ કરવી.

આ પ્રમાણે સ્તુતિ કર્યા પછી જ્ઞાનનો કાઉસ્સગ્ગ કરવો.

શ્રી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન આરાધનાર્થે કાઉસ્સગ્ગં કરૂં? ઈચ્છં, શ્રી મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન, કેવળજ્ઞાન આરાધનાર્થે કરેમિ કાઉસ્સગ્ગં, વંદણવત્તિઆએ૦ અન્નત્થ કહી પાંચ લોગસ્સનો કાઉસ્સગ્ગ કરવો.

વિશેષ આરાધના માટે કરવો હોય તો ૫૧ (એકાવન) લોગસ્સનો પણ કરી શકાય છે.

ત્યારબાદ નીચે મુજબનો દૂહો બોલી પાંચ ખમાસમણા દેવાં.

સમકિત શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ।
પ્રણમું પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ॥

વિશેષ આરાધના માટે ૫૧ (એકાવન) ખમાસમણાં દેવાં અને ત્યાર બાદ ૐ **ह्रीं नमो नाणस्स** કે ૐ **नमो नाणस्स** એ પદની પાંચ અથવા એકાવન માળા કરવી.

આ પ્રમાણે કલ્પસૂત્રની પોથી-પ્રતિ સામે શ્રુતજ્ઞાનની આરાધના કરી શકાય છે.

જેટલી અનુકૂળતા હોય અને સમય હોય તે પ્રમાણે ભક્તિ કરવી.

સંવત ૨૦૫૫, પોષ સુદ-૨
વાલકેશ્વર, માનવમંદિર રોડ,
મુંબઈ

આચાર્યશ્રી યશોદેવસૂરિજી લિખિત

# સ્વરૂપત્રયી સ્વરૂપ સોપાનની પ્રસ્તાવના

વિ. સં. ૨૦૫૭ ઇ.સન્ ૨૦૦૦

૭૭

॥ जयन्तु वीतरागाः ॥

**अप्पा सो परमप्पा॥** 'આત્મા એ જ પરમાત્મા છે.

આવું વાક્ય શિક્ષિત જૈનો ઘણી વાર ઉચ્ચારે છે. આત્મા એ જ પરમાત્મા છે એમ કહે છે ત્યારે શું આત્માની બીજી અવસ્થા છે ખરી? એવો પ્રશ્ન સહેજે થાય. એના જવાબમાં જૈન શાસ્ત્રકારોએ આત્મકલ્યાણના ચિંતનમાં ઉપયોગી થઈ પડે તેવી ત્રણ અવસ્થા બતાવી છે.

તેનાં નામો અનુક્રમે ૧. બહિરાત્મા ૨. અંતરાત્મા અને ૩. પરમાત્મા છે.

આ ત્રણેય અવસ્થા સમજવા માટે પૂર્વની ભૂમિકા જાણવા મળે તો આ બાબત સમજવામાં અત્યન્ત ઉપયોગી થઈ પડે.

ધર્માત્મા શ્રી રમણિકભાઈએ આત્માની ત્રણેય અવસ્થા અને ચૌદ ગુણસ્થાનક ઉપર બે શબ્દ લખી આપવા વિનંતી કરી. પણ મારૂં સ્વાસ્થ્ય અત્યારે અસ્વસ્થ હોવાથી માનસિક પરિશ્રમજન્ય કોઈ પણ કામ થઇ શકે એવી સ્થિતિ ન હોવાથી શું કરવું? એ મુંઝવણ થઈ છેવટે રમણિકભાઈની ભક્તિ-લાગણી એવી હતી કે મારા મને નમતું જોખ્યું અને આજે ટૂંકાણમાં દિગ્દર્શન પૂરતું લખાવું છું.

ચૌદ ગુણસ્થાનક એક એવો ગંભીર વિષય છે કે આની ઉપર ઘણું લખી શકાય પણ અહીંયા તો ગાગરમાં સાગર શમાવવા જેવી વાત છે અને તેટલી જ અહીં કરવાની છે.

દાદરમાં જેમ પગથિયા હોય છે અને પગથિયાના ઉલ્લંઘન દ્વારા ઉપરના મજલા

ઉપર પહોંચી શકાય છે. સ્કૂલમાં પણ ૧૪ કલાસ હોય છે એ કલાસ દ્વારા અંતિમ સોપાને પહોંચવાનું હોય છે તેમ આ ગુણસ્થાનકોનું શું છે. તેનો ટૂંકો જવાબ એટલો છે કે આત્મા ઉત્તરોત્તર કેટલો આગળ વધ્યો છે એને માપવાની પારાશીશી થર્મોમીટર છે કે સાધન છે. આ ચૌદ ગુણસ્થાનકોમાં આત્માની ત્રણ અવસ્થા બતાવી છે. તે અત્યારે વિગતવાર સમજાવવાનો સમય નથી.

ત્રણ ભૂમિકા પૈકીની પહેલી બહિરાત્માવસ્થા એ પ્રારંભના ત્રણ ગુણસ્થાનક સાથે સંકળાયેલી અવસ્થા છે અને આ અવસ્થામાં જીવ સંસારના બાહ્યભાવોમાં ખૂબ રંગાઈ જતો હોવાથી એકથી ત્રણ ગુણસ્થાનકો તો જીવના બહિરાત્મભાવને જણાવનારા છે અને ચારથી બાર સુધીના ગુણસ્થાનકો જીવની અંતરાત્મદશાને જણાવનારા છે. એટલે કે એ જીવો સંસારમાં રાચીમાચીને કે રાજીખુશીથી રહેતા નથી. બધાનો ઉપભોગ કરવા છતાં પણ અંતરથી જળકમળવત્ ન્યારા રહે છે.

આના માટે એ પ્રસિદ્ધ દૂહો છે કે–

સમકિતવંત જીવડો, કરે કુટુંબ પ્રતિપાલ,<br>
અંતર્ગત ન્યારો રહે, જીમ ધાવ ખેલાવત બાલ.

એટલે કે સમ્યગ્દૃષ્ટિને એટલે કે સાચી દૃષ્ટિને વરેલો જીવ સંસારમાં રહે ખરો પણ સંસારમાં રમે નહી એટલે આ દૂહો કહે છે કે બીજી દશાને પ્રાપ્ત કરેલો જીવ છે તે પોતાની જાતને જાળવશે અને પોતાના કુટુંબને પણ જાળવશે પણ કુટુંબને જાળવતી વખતે ધાવમાતા જેમ બીજાના પુત્રને પોતાનો પુત્ર ન માનતા પરાયો પુત્ર સમજીને પાલન કરે છે તેની માફક પરિવારનું પાલન કરે છે. આ બાળક મારૂં નથી એમ સમજીને.

અને છેલ્લા તેર અને ચૌદ આ બે ગુણસ્થાનક પરમાત્મદશાને જણાવનારા છે.

આના ઉપરથી વાચકોએ બોધ-સાર એ લેવાનો છે કે અનાદિકાળથી સમગ્ર સંસારી જગત બહિરાત્મભાવમાં રહીને સંસારસમુદ્રમાં ગોથા ખાઈ રહ્યું છે અને દીર્ઘસંસારી બની રહ્યું છે. જે જીવો ચોથા ગુણસ્થાનકથી આગળ વધતા રહ્યા છે એ જીવોનો બહિરાત્મભાવ ઉત્તરોત્તર એવો પતલો થતો રહે છે એટલે તેઓ બીજી ભૂમિકાને ઝડપથી પસાર કરી જાય છે અને તેરમા ગુણસ્થાનકમાં પરમાત્મા સ્વરૂપને પામે છે અને પરમાત્મસ્વરૂપમાં રહીને છેલ્લે ચૌદમા ગુણસ્થાનકનો કિંચિત્ સ્પર્શ કરી સિદ્ધ પરમાત્મા બની જાય છે.

આ પ્રમાણે સંસારી આત્મામાંથી જીવ સિદ્ધ-પરમાત્મા કેમ બને છે તે બતાવ્યું છે એટલે જ કહેવાય છે કે આખરે તો આત્મા એ જ પરમાત્મા છે.

ઘણીવાર તમને કોઈ પૂછે કે તમે કોના અનુયાયી છો. તે વખતે કોઈ કહેશે હું મહાવીરનો અનુયાયી છું. કોઈ કહેશે હું આદીશ્વરનો અનુયાયી છું. કોઈ કહેશે કે હું પાર્શ્વનાથ ભગવાનનો અનુયાયી છું. આ બધાયે તીર્થંકરો તમને એમ જણાવે છે કે તારે કોઈના અનુયાયી થવાનું શું કામ છે. તું જાતે ભગવાન જ બની જા, એટલે બીજા તારા અનુયાયી ભલે થાય તારે અનુયાયી થવાનું

નથી. એનો અર્થ એમ થયો કે જૈનકુલમાં જન્મેલી વ્યક્તિએ વહેલું મોડું પણ પરમાત્માની કક્ષાએ પહોંચવું પડશે તો જ સંસારચક્રના પરિભ્રમણનો અંત આવશે એટલે છેલ્લામાં છેલ્લી પરમાત્મદશા પ્રાપ્ત થઈ જાય પછી શેષ કાંઈ રહેતું નથી. એવી જ વાત આત્મા શબ્દ માટે સમજવાની છે. આપણે અંદરોઅંદર વાત કરીએ છીએ કે આ આત્મા ધર્મસૂરિ મ.સા. નો છે. આ આત્મા પ્રતાપસૂરિ મ.સા.નો છે પણ પરમાત્મદશા પ્રાપ્ત કર્યા પછી કોઈના આત્મા તરીકે ઓળખાવાની કશી જરૂર રહેતી નથી.

જૈન ધર્મનો આદેશ છે કે સૌ કોઈ પરમાત્મા સ્વરૂપ ચૈતન્યસ્વરૂપ બની જાવ.

હવે બીજી મહત્વની વાત - આત્મા આત્મા બોલવામાં આવે છે. આ ધરતી ઉપર કોઈ પણ દર્શનમાં આત્મા એટલે શું તેનું સ્પષ્ટીકરણ તમને કોઈ જગ્યાએ સ્પષ્ટ વાંચવા નહી મળે. સામાન્ય દૃષ્ટિવાળો કહેશે કે આપની સામે જ જે દેખાય છે તે શરીર છે અને તેની અંદર આત્મા રહેલો છે.

શરીરધારી–દેહધારી હોવાથી આપણે આત્મા તરીકે બોલીએ પણ તે હકીકતમાં વાત સત્ય નથી. તો આત્મા કોણે કહેવાય?

–આત્માને કોઈ જાતનું રૂપ છે.

–તે લાંબો, ગોળ, ચોરસ છે તેમ પણ કહી શકાય તેમ નથી કારણ કે તેને કોઈ આકાર નથી. તેને વર્ણ નથી, ગંધ નથી, સ્પર્શ નથી એટલે વહેવારમાં નિરંજન નિરાકાર બોલીએ તે અર્થમાં આત્માને સમજવાનો છે. જો આત્મા કાયમને માટે શરીર છોડી દે પછી તેને કોઈ વળગણ રહેતું નથી એટલે મોક્ષે ગયા પછી સીધી રીતે આત્માને કોઈ આકાર કે દેખાવ હોતો નથી. જ્ઞાન સ્વરૂપ અવશ્ય છે અને જ્ઞાનસ્વરૂપ ચૈતન્યમય કહીએ છીએ એટલે કહેવાનો ભાવ એ છે કે આત્મા જડ નથી પણ અનંતજ્ઞાન સ્વરૂપી છે. જ્ઞાનથી વિશ્વના ત્રણેય કાળના પદાર્થોને તે જાણે છે અને જુએ છે. આપણે સૌએ બહિરાત્મદશાને તજીને અંતરાત્મદશાને પ્રાપ્ત કરી પરમાત્મદશાએ પહોંચવાનું છે. મોક્ષમાં આત્મા જ્યોતિમાં જ્યોતિરૂપે ભળી જાય છે, અને જેમ એક પ્રકાશમાં અનંતો પ્રકાશ ભળે તે રીતે.

તો આપણે સૌ આવી અંતરદશા-પરમાત્મદશાને પ્રાપ્ત કરી સંસારના જન્મ-મરણના ફેરાનો, દુઃખ, અશાંતિ, રોગ, ઉપદ્રવોથી મુક્ત થઈને અનંતસુખના ભોક્તા બનીને ફરી ફરી સંસારમાં જન્મ ન લેવો પડે તેવા મુક્તિસ્થાનને પ્રાપ્ત કરીએ. એ રીતે જીવન જીવીએ તો આત્મા ચૌદમા ગુણસ્થાનકને સ્પર્શીને સીધો મોક્ષે પહોંચી જાય.

ઉપરની વાતનો ટૂંકો સાર એ કે એકથી ત્રણ ગુણસ્થાનક બહિરાત્મદશાના, ચારથી બાર ગુણસ્થાનક અંતરાત્મદશાના અને તેર અને ચૌદ બે ગુણસ્થાનક પરમાત્માદશાના છે.

ગુણસ્થાનકોનું વધુ સ્વરૂપ પ્રગટ થતાં પ્રસ્તુત પુસ્તકમાંથી જાણવા મળશે. હું તો ગ્રન્થના વિદ્વાન લેખક, જેઓને શબ્દોથી ઓળખાવી ન શકીએ તેવા ભાઈ શ્રી પનાભાઈ મારી સાથે ખૂબ પરિચયમાં આવેલા હતા.

જૈન સાહિત્યમંદિર પાલીતાણામાં લગભગ એકાદ અઠવાડિયા સુધી તેમનું વક્તવ્ય સાંભળવાનો પ્રસંગ પણ ગોઠવાયો હતો. ત્યારે અમો નિકટના પરિચયમાં આવ્યા હતા અને તેમની સાથે ઘણી ઘણી વાતો પણ કરી અને મેં એમને પાલીતાણામાં પંદરેક દિવસનો તેમનો પોગ્રામ ગોઠવવા માટે ખાસ વ્યવસ્થા કરવાનું નક્કી કર્યું. પણ ભવિતવ્યતા નહીં એટલે પોગ્રામ ગોઠવી શકાયો નહીં.

મારે બેધડક એટલું કહેવું જોઈએ કે આવા ક્ષયોપશમને વરેલી વ્યક્તિઓ બહુ ઓછી જન્મે છે. સંસારી હોવા છતાં પણ મેળવેલી જ્ઞાનસિદ્ધિને શબ્દોથી મુલવી શકાય તેમ નથી.

તેઓ જે કહી ગયા છે તે ઓછું નથી તેનું પણ મનન કરવામાં આવે તો જ્ઞાનનો અવનવો પ્રકાશ પ્રાપ્ત કરી શકાય.

એમને પોતાનાં જ્ઞાનનાં પુસ્તકો છપાવવા માટે મને સંકેત કર્યો હતો. મારી ઈચ્છા પણ ઘણી જ હતી પરંતુ તે સંજોગ થવા ન પામ્યો તેનો રંજ થાય છે.

એસ. પી. એપાર્ટમેન્ટ
માનવમંદિર રોડ
વાલકેશ્વર–મુંબઈ–૬
કારતક વદ–૧૦ સોમવાર
શ્રી મહાવીરસ્વામી દીક્ષાદિવસ

*—યશોદેવસૂરિ*

❀ આ જીવનનાં આપણાં પાપો ભલે ગમે તેટલાં નવાં અને નાનાં દેખાતાં હોય આપણે આ વાત સતત યાદ રાખવા જેવી છે કે પાપ સેવનનો આપણો અભ્યાસ તો જનમજનમનો જ છે અને એટલે જ નાનકડું પણ પાપ નિમિત્ત આપણને ઘોર પાપી બનાવી દેવાની પૂરી તાકાત ધરાવે છે.

❀ આજના યુગની એક જ વાક્યમાં વ્યાખ્યા કરવી હોય તો કહી શકાય કે આ યુગ ઈર્ષ્યા, સ્પર્ધા અને નિંદાનો યુગ છે.

# મુક્તિ કમલ જૈન મોહનમાળાના અદ્યાવધિ પ્રકાશિત પુષ્પો

૧. અનિત્યાદિ ભાવના સ્વરૂપ
૨. શ્રી જિનેન્દ્ર સ્તવનાદિ ગુણ મોહનમાળા
૩. ગુજરાતનું ગૌરવ યાને વિમલમંત્રીનો વિજય
૪. દેવ ગુરુ વંદનાદિ વિધિ સંગ્રહ
૫. સુબોધ પાઠ સંગ્રહ
૬. પૌષધ વિધિ
૭. પ્રતિમા શતક ગ્રંથ
૮. કર્મગ્રંથ ૧ થી ૪ સટીક
૯. માર્ગપરિશુદ્ધિ
૧૦. વિપાકશ્રુત છાયા-સટીક
૧૧. મુક્તિ માર્ગદર્શન યાને ધર્મપ્રાપ્તિના હેતુઓ ૨
૧૨. સુરપ્રિય મુનિ ચરિત્ર
૧૩-૧૫. પ્રતિમા સ્થાપન ન્યાય, પરમજ્યોતિઃ પંચવિંશતિકા, તથા પરમાત્મા પંચવિંશતિકા
૧૬. ચોમાસી તથા દિવાળી દેવવંદન
૧૭. જ્ઞાનસાર, શ્રાવક વિધિ પ્રકરણ
૧૮. દેવવંદનમાલા
૧૯-૨૦. ઉપદેશપદ-સટીક ભા ૧-૨
૨૧. અભિધાન ચિંતામણી કોશ રત્નપ્રભા
૨૨. મહાવીરસ્વામી ચરિત્ર
૨૩. સમ્યગ્દર્શન
૨૪-૩૫. સ્નાત્ર પૂજા વિધિ
૨૫. જિનેન્દ્ર સ્તવનાદિ ગુણ મોહનમાળા
૨૬. તપવિધિ સંગ્રહ
૨૭-૩૦. ષટ્ત્રિંશિકા ચતુષ્ક પ્રકરણ
૩૧. લઘુક્ષેત્ર સમાસ યાને જૈન ભૂગોળ
૩૨. નવતત્વ પ્રકરણ--સુમંગલાટીકા સહ
૩૩. ઉપોદ્ઘાત (લઘુક્ષેત્રસમાસનો)
૩૪-૪૨. સુપરા જિન સ્તવનાવલી
૩૬. ચન્દ્ર-સૂર્યમંડલ કર્ણિકા
૩૭. શતકનામા પંચમ કર્મગ્રન્થ
૩૮. વિપાકશ્રુત
૩૯. તીર્થગુણ માણેકમાલા
૪૦. પ્રશ્નોત્તર મોહનમાળા
૪૧. ઉપદેશસાર
૪૩. ચૈત્યવંદન--સ્તુતિ ચોવીશી આદિ
૪૪. ભક્તિગંગા તવસ્મરણાદિ સંગ્રહ
૪૫. સુયશ જિન સ્તવનાવલી
૪૬. આત્મકલ્યાણમાળા
૪૭. બૃહત્ સંગ્રહણી સૂત્ર યાને જૈન ખગોળ
૪૭. સજ્ઝાયો તથા ઢાળીયાં
૪૮. બૃહત્ સંગ્રહણી સૂત્ર ગાથાર્થ સહિત
૪૯-૫૧. સુયશ જિન સ્તવનાવલી
૫૨. બૃહત્ સંગ્રહણી સૂત્ર ગ્રંથ ભાષાંતરના પાંચ પરિશિષ્ટો
૫૩. નવ્વાણુ યાત્રાની વિધિ
૫૪. શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્ર અર્થ દીપિકા
૫૫. કલ્પસૂત્ર સુબોધિકા
૫૬. ઋષિમંડલ સ્તોત્ર (લઘુ અને બૃહત્) ગુજરાતી
૫૭. વિજય મોહનસૂરીશ્વરજી જીવન સૌરભ
૫૮. ભગવતી સૂત્રનાં ધાર્મિક પ્રવચનો
૫૯. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ભાગ-૧
૬૦. ઉત્તમ આરાધના સંગ્રહ
૬૧. જૈન પંચાંગ
૬૨. સ્વાધ્યાય સૌરભ
૬૩. શ્રમણ ભગવાન મહાવીર
૬૪. સ્વાધ્યાય કંચનમાલા
૬૫. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ભાગ-૨
૬૬. પચ્ચખ્ખાણ પરાગ
૬૭. જૈન તપાવલી અને તેનો વિધિ
૬૮. શ્રમણ ભગવાન મહાવીર ૧ થી ૨૬ ભવ
૬૯. જૈન સંસ્કૃત સાહિત્યનો ઇતિહાસ ભાગ-૩
૭૦. સંવચ્છરી પ્રતિક્રમણની સરલ વિધિ ગુજ.
૭૧. પ્રતિક્રમણ ચિત્રાવલી
૭૨. સંગીત, નૃત્ય અને નાટ્ય સંબંધી જૈન ઉલ્લેખો અને ગ્રંથો
૭૩. વિચાર વૈભવ
૭૪. પર્વાધિરાજ પર્યુષણ પર્વનુ વ્યાખ્યાન

૭૫. શ્રમણ ભગવાન મહાવીર-હિન્દી
૭૬. શ્રમણ ભગવાન મહાવીર
૧ થી ૨૬ ભવ (હિન્દી)
૭૭. કણ અને ક્ષણ
૭૮. સંવત્સરી પ્રતિક્રમણની સરલ વિધિ-હિન્દી
૭૯. સિદ્ધચક્ર યંત્ર પૂજન એક સર્વેક્ષણ
અને સમીક્ષા
૮૦. સત્તરભેદી પૂજા અને ભાવનાના
ગીતો નોટેશન સાથે
૮૧. ગણધરવાદાદિ વિષયત્રયી
૮૨. શ્રાવકો અને શ્રાવિકાઓનાં પ્રતિક્રમણો
૮૩. ઋષિમંડલ પૂજન વિધિ
૮૪. જલદી માણી ન શકાય તેવી અનોખી ઘટના
૮૫. તીર્થંકરદેવની કેશમીમાંસા
૮૬. ઋષિમંડલ સ્તોત્ર-હિન્દી
૮૭. મંગલ ચિત્ર સંગ્રહ શ્રેણીનો પરિચય
૮૮. ઋષિમંડલ સ્તોત્ર મૂલમંત્ર એક ચિંતન
૮૯. બૃહત્ સંગ્રહણી-હિન્દી
૯૦. યશસ્વિની યશોજ્જવલ ચિત્રાવલી
૯૧. પ્રેરણા અને પ્રકાશ આપતું એક પ્રવચન
૯૨. ઉણાદિ પ્રયોગ યશસ્વિની મંજૂષા
૯૩. ભ. મહાવીર અને ચંડકૌશિક નાગના
પ્રસંગની હૃદયસ્પર્શી કથા
૯૪. માનવ બનવું છે ખરૂં વગેરે છ ઉદ્‌બોધનો
૯૫. ઋષિમંડલ સ્તોત્ર એક સ્વાધ્યાય
૯૬. દેવવંદનમાળા
૯૭. શત્રુંજયતીર્થ, અભિષેક અને ઋષભદેવ
૯૮. જ્ઞાનની આશાતનાથી બચો
૯૯. પૂ. આ. શ્રી ધર્મસૂરિજી શ્રદ્ધાંજલિ વિશેષાંક
૧૦૦. યશોધર્મ પત્ર પરિમલ
૧૦૧. તીર્થંકરોની પ્રશ્નત્રયી
૧૦૨. જ્ઞાનની આશાતનાથી બચો-હિન્દી
૧૦૩. બૃહત્ સંગ્રહણી ગ્રંથ ભાષાંતરનાં પાંચ
પરિશિષ્ટો-હિન્દી
૧૦૪. ક્યા માનવ બનના હૈ ? આદિ
છ ઉદ્‌બોધન-હિન્દી
૧૦૫. પ્રતિક્રમણ એટલે શું અને તેની સમજ

આ ઉપરાંત આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ભગવાન મહાવીરનું ૪૮ ચિત્રોનું સંપુટ, યશોગ્રંથમંગલ પ્રશસ્તિસંગ્રહ જયપુરી ચિત્રસંપુટ (પ્રતાકારે), યશોદેવસૂરિ યશોજ્વલ ગૌરવગાથા, જિનશાસન ગૌરવગાથા, સોનેરી-રૂપેરી બારસાસૂત્ર આદિ પ્રકાશનો પ્રકાશિત થયાં છે.

❀ ❀ ❀

## ટૂંક સમયમાં પ્રકાશિત થનારાં પ્રકાશનો

❀ સાધુ દિનચર્યાના ૪૦ ચિત્રોનું આલ્બમ

❀ ૨૩ તીર્થંકરોના ૪૦ ચિત્રોનું આલ્બમ

❀ પૂ. આ.શ્રી યશોદેવસૂરિજી મહારાજે ૭૭ પુસ્તકોમાં લખેલી પ્રસ્તાવનાનો જેમાં સંગ્રહ થયો છે તે પ્રસ્તાવના સંગ્રહ.

નોંધ :— પૂ. આ. શ્રી યશોદેવસૂરિજી લિખિત પ્રસ્તાવનામાં નીચે અપાતાં ચારેય પુસ્તકોની પ્રસ્તાવના આગળ આવી ગયેલ છે પરંતુ વાચકોને વિશેષ જાણકારી મળે એ માટે પરિશિષ્ટરૂપે અહીં સુજસવેલીનો ગદ્ય અનુવાદ તથા શાહ બાદશાહનું નાટક આદિ આપવામાં આવેલ છે. આ નાટકની રચના પૂજ્યશ્રીએ વિ.સં. ૧૯૮૯માં વેરાવળમાં કરેલ છે.

## પરિશિષ્ટ નં. ૧

# શાહ બાદશાહ

### પ્રવેશ-૧

### સ્થળ—ચાંપાનેર દરબાર ભરાયો છે.

[ સાદુલખાંન વજીર રાજયના કામકાજ પ્રસંગે આવેલ છે, તેના માનમાં ખાસ દરબાર ભરાયેલ છે. ગામનું મહાજન વગેરે ગૃહસ્થો બેઠેલા છે. નાચ ગાનનો જલસો... બાદ ]

નાગરિક :— ન્યાય નીતિ સર્વ આવી છે, છે વસ્યા ગુજરાતમાં
વીરતા વાણિજ્ય બુદ્ધિ, છે ભર્યા ગુજરાતમાં

સાદુલખાંન :— પાક ભૂમિ, ગુજરીનું ગૌરવ તમારે આધીન છે, ધન્ય છે તે મુલક કે જ્યાં ધાર્મિક ભાવવાની જ્યોત સદા જલતી હોય, ધન્ય છે તે બાળક કે જેના માતા પિતા નેક ચલન હોય, ધન્ય છે તે પુરુષ કે જેની સ્ત્રી પાક દામન હોય, પવિત્ર હોય, વિવેક બુદ્ધિથી નહીં, પણ મારા પ્રત્યે પૂર્ણ લાગણીથી મારૂં સ્વાગત કરવા પધારેલા મહાજનો! હું કયા શબ્દોમાં તમારો અહેસાન માનું!

ચાં. મહેતા :— (પ્રવેશ) આભાર માનવા માટે શબ્દો શોધવાની જરૂરત પડે તો એકબીજાના સ્નેહનું ગૌરવ ઝાંખું પડે છે. સમજ્યા ખાંનસાહેબ!

સાદુલ :— પધારો! પધારો! ચાંપસી મહેતા : હું તમારી જ રાહ જોતો હતો કે વિમલશાહ, સોભાગચંદ શેઠ, પાનાચંદ શાહ, માણેક મહેતા, વગેરે બધા જ ગૃહસ્થો પધાર્યા છે, જ્યારે આપની ગેરહાજરી માટે...

ચાંપસી :— માફ કરશો નામદાર! આજે ચાર દિવસે હવે નિવૃત્ત થયો છું, અમારા મહેતા કુટુંબમાં જ એક બાઈની એકની એક દીકરીના લગ્ન હતા, કે જેનો પિતા, માત્ર છ વર્ષની તે બાળકીને મૂકી પરલોકવાસી થયો હતો, આજે મારૂં કર્તવ્ય પૂર્ણ થયું. ગાજતે વાજતે સુપાત્ર સ્થળે તે દીકરીનું કન્યાદાન આપી સંસારમાં પ્રભુએ મને સુયશ અપાવ્યો એ જ મારા ગૃહસ્થ જીવનની સાર્થકતા!

સાદુલ :— (કટાક્ષથી) ઓહો! ત્યારે તો આપ બહુ જ મહત્વના કાર્યમાં રોકાઈ ગયા હતા, બરાબર છે. મહેનત પણ બહુ જ પહોંચી હશે. આપની તબિયત તો મઝામાં છે ને?

ચાં. મહેતા :— હાજી, સર્વ રીતે માલિકની દયા છે.

[સાદુલખાંન, બેસવા માટે ઈશારત કરે છે, મહેતાનું આસન પર બેસવા જવું...ત્યાં બંબ બારોટનું આવવું. ચાંપસી મહેતાને જોઈ...]

બંબબારોટ :— ઘણી ખમ્મા! (૨) નગરશેઠ! રાજરત્ન, ગુણશિરોમણી શાહ-બાદશાહ દરબારમાં ભલે પધાર્યા, ઘણી ખમ્મા. (૨)

સાદુલ :— (ગુસ્સાથી) બારોટ, આવો ભલે આવ્યા. પણ ખુશામતની કંઈક હદ રાખો, વિચારીને બોલતાં શીખો,

સમયસર વાક્ય જે વદતા, નથી તે મૂર્ખમાં ઠરતા,
બની પંડિત કરે ચર્ચા, તે આખર ખાય છે ખત્તા.

ચાંપસી :— માઠું ન લગાડશો ખાંનસાહેબ! એ તો એમનો સ્વભાવ છે.

બંબ :— અમે દેવીપુત્ર, વિનોદમાં પણ અસત્ય ન કહીએ. સારાસારનો વિચાર કરી, સાહસમાં પણ સાચું જ કહીએ.

ચાંપસી :— બારોટ?

જ્યારે સમય પલટાય, ત્યાં સર્વસ્વ કંઇ ઉલટું થતું,
વહાલાં બને વૈરી, વળી સહુ સ્નેહનું ગૌરવ જતું,
નીતિ અનીતિના નિયમ, સહુ સ્વાર્થમાં હોમાય છે,
જ્યારે પડે સંકટ શિરે, ત્યારે જગત સમજાય છે.

સોભાગ :— (સ્વગત) ખાંનસાહેબ, રોષે ભરાતા હોય એમ જણાય છે. (મહાજન પ્રત્યે) મહાજનો! હવે આપણે રજા લઈશું?

બધા :— હા,

સોભાગ :— નામવર ખાંસાહેબ! હવે અમે જઈએ?

સાદુલ :— ખુશીથી પધારો મહાજનો! (બારોટ પ્રત્યે) બારોટ? તમે પણ જઈ શકો છો.

[ચાંપસીમહેતા, બંબ બારોટ, મહાજનો સર્વ જાય છે]

મૂર્ખ, ખુશામતખોર! મારી હાજરીમાં એક વાણિયાની આટલી બધી પ્રશંસા? અમારી મહેરબાની મીઠી નજરથી જીવવું અને વખાણ બીજાનાં કરવાં? ઠીક છે ઠીક. એનો પણ રસ્તો કરવો પડશે.

અંજામ જોવા ઝેરનો, જે અખતરો કરવા જશે,
ઈન્સાફ એનો એજ, કે નુકશાન પોતાને થશે. (જાય છે)

## પ્રવેશ-૨

## સ્થળ-ચાંપાનેરમાં બેગડાનો મહેલ

[મહમદશાહ બેગડો અને શાદુલખાંન; વાતચીત કરતાં પ્રવેશ]

બેગડો :— એટલે? ખાંનસાહેબ, તમારા કહેવા મુજબ બંબ ભાટે ભરસભામાં આપણું અપમાન કર્યું, એમ જ ને?

ખાંન :— મારા માલિક મને ખોટું બોલવાનું કંઈ જ કારણ નથી. વળી વ્યક્તિગત આ અપમાન મારૂં જ હોત તો હું આટલો બધો બેચેન ન બનત, પણ આ તો જેનું નીમક મારી નસે નસમાં રમી રહ્યું છે, અને જેની કૃપાભરી મીઠી નજરથી સમસ્ત ગુજરાતની ભૂમિ અમન-ચમન ઉડાવી રહી છે, એવા મારા નેકદિલ માલિકનું ભરદરબારમાં ખુલ્લે ખુલ્લું અપમાન છે, અને તે હું કોઈપણ રીતે સહન કરી શકું તેમ નથી જ.

મ. બેગડો :— અરે! કોણ છે? હાજર, (હજુરીયાનું આવવું) જાઓ અત્યારે ને અત્યારે, બંબ બારોટને બોલાવી લાવો (હજુરીયાનું જવું) ખાંન, તમે શાન્ત થાઓ, હું સર્વ કંઈ બંદોબસ્ત કરૂં છું. (બંબ બારોટ આવે છે) બારોટ! આવો.

બંબ :— ગરીબ પરવર? સેવકના સલામ.

મ. બેગડો :— બારોટ! આ શું હકીકત છે? ગરાસ અમારો ખાવો, અને ગુણગાન-બંદગી નગરશેઠની કરો છે? એટલે તારી નજરમાં અમે બાદશાહ કંઈ જ નહીં અને કંગાલ વણિકો કે જે મારી દયા પર જીવે છે, તે શાહ-બાદશાહ?

બંબ :— મારા માલિક! માઠું ન લગાડશો, જેમ આપના પૂર્વજોએ મહાન ધાર્મિક સામાજિક, અને નૈતિક કાર્યો કર્યા છે તથા ખ્યાતિ મેળવી છે. તેવી જ રીતે તેમના બાપદાદાઓએ પણ મહાન કાર્યો કરી કીર્તિ મેળવેલી છે. અને એથી જ મેં વાણિયાઓના જે વખાણ કરી શાહ-બાદશાહ તરીકે સંબોધ્યા છે તે વ્યાજબી જ છે.

વિવેકને વાણિજ્યમાં, આગળ વધ્યા છે વાણિયા,
સાહસ અને સત્કર્મમાં, જાગૃત રહ્યા છે વાણિયા,

ખાંન :— અરે મૂર્ખ !

એક એક પૈસા કાજ રખડે, ગામડે એ વાણિયા,
વિશ્વાસમાં કાપે ગળું, થઈ શેઠ મોટા વાણિયા,
છે ધૂર્ત પાપાચાર મૂરતિ, દેશના સહુ વાણિયા,
ધિક્કારને લાયક હવે તો, એ બધા તુજ વાણિયા.

બંબ :— મારા નામદાર! કેવળ ક્રોધના આવેશમાં, સમજફેરમાં સમસ્ત વણિક કોમને તમે નાહક નિંદી રહ્યા છો. જરા મનથી વિચાર કરો, સ્થિર બુદ્ધિનો ન્યાય કરો તો સાફ સમજાશે કે પ્રાણીમાત્ર પર દયાભાવ રાખનાર આ વણિક [illegible] જુદા જ વાણિયા છે, આ તો શુદ્ધ અહિંસા ધર્મી વાણિયા છે. ન્યાય નીતિથી જીવન ગાળનારા, દેશના સાચા સપૂતો છે, તે ઉપરાન્ત આ તમારા બેહદ વિલાસોને નિભાવનારા, રાજ્યના ખજાનાના સાચા રક્ષનાર, હિંસાના સખત વિરોધી, તપ ત્યાગ અને દેવના સાચા ઉપાસક, બુદ્ધિબળ અને અહિંસા [illegible] ધર્મના પરમપાલક, સંપના સર્જનાર એ જ સાચા વણિકો છે.

બેગડો :— એટલે? શું, એ ધૂર્ત વિદ્યાવિશારદ વાણિયાઓમાં દુનિયાને જીવાડવાની શકિત છે?

પોતે જ જે ડૂબી રહ્યા, તે અન્યને શું તારશે,
ત્હારા ગણે છે તે જ, આખર તને પણ ધિક્કારશે,
ઉંડા કુવામાં દોર બાંધી ઉપરથી તે કાપશે,
ત્યારે જ મારા શબ્દ તું, પસ્તાઈ ને સંભારશે.

બંબ :— ભૂલો છો મારા નામદાર! સમય સમયનું કામ કરે જ જાય છે. ગુજરાતમાં જ્યારે સંવત તેરસો પંદરથી (૧૩૧૫ થી ૧૩૧૭) ત્રણ વર્ષનો ભયંકર દુષ્કાળ પડ્યો હતો, ત્યારે કચ્છના મહાદયાળુ વાણિયા જગડુશાહે જ સમસ્ત ગુજરાતને જીવાડ્યું હતું. ગુજરાતના ખૂણે ખૂણે કંગાલ–નિઃસહાય અશક્ત-રોગી-મધ્યમવર્ગ તેમજ દરેક માણસને તેમણે આખા એક વર્ષનું અનાજ મફત પૂરૂં પાડ્યું હતું. તેમજ સિંધ કાશી વગેરે દેશોમાં અનાજ પૂરૂં પાડ્યું હતું. ઠેર ઠેર દાનશાળાઓ ખોલી નાંખી હતી, કશા પણ ભેદભાવ વિના દેશના લાખો માણસોને મૃત્યુના મુખમાં હોમાતા બચાવી લીધા હતા, અને તેથી જ તે 'જગતના પાલનહાર' તરીકે ઓળખાયો. તેમજ આજે પણ આગળ વધીને કહું તો હજુપણ ગુજરાતની પવિત્ર ધરતી પર એવા ચીંથરેહાલ બકાલશાહ-સોદાગરો વસે છે કે જેઓ આખા ગુજરાતને, ચાર-છ-માસ નહીં પણ એક વર્ષ સુધી મફત જમાડી શકે એમ છે.

ઉદાર આડંબર રહિત, પડ્યા છે કાંઈ મહાજનો,
છે દેશના સાચા ઉપાસક, એજ મોટા મહાજનો,
વિશ્વને ડોલાવનારા, એજ સાચા મહાજનો.
છો આપ કેવલ બાદશાહ, છે શાહ સાચા મહાજનો.

ખાંન :— મૂર્ખ ઘમંડી. તું કોની સામે વાત કરી રહ્યો છે? એનું તને કંઈ ભાન છે? પોતાની હેસિયત ભૂલી નાનાં મોંએ મોટી વાત કરતાં, એ વાતનો અંજામ કેવો ભયાનક આવશે એનું તને ભાન છે?

બંબ :— [ગંભીર હાસ્યથી] સામાન્ય ચર્ચાને, ગંભીર રીતે મોટાઓ આગળ રજૂ કરવાની. તમારા જેવા અમલદારોની ચાલબાજીને ભલે મોટા લોકો ન સમજી શકતા હોય, સારાસારનો વિચાર સત્તાકાંક્ષીઓ ન કરી શકતા હોય, ત્યાં પરિણામ ભયાનક જ હોય છે.

બેગડો :— આ રીતે, સમજવા છતાં, આટલી હદ સુધી વાતને વધારી રાજસત્તાનું અપમાન કરતાં તને કંઈ પણ ડર નથી?

બંબ :— સત્યને સાચું કહેવામાં ડરી જાય, તો એ મનુષ્ય માનવ તરીકે જીવવાને પણ લાયક નથી. મુલકના માલિક! જગતમાં મોત કરતાં વધુ ભયાનક બીજી કોઈપણ વસ્તુ નથી, જ્યારે આ છ ચીજ તો ખરેખર ભાગ્યાધીન જ રહેલી છે, લાભ-હાનિ-જીવન-મરણ-જશ-અપજશ.

ખાંન :— (ગુસ્સાથી) જહાંપનાને એ જણાવવાની કંઈ જ જરૂર નથી. કારણ તમે જાણી જોઈને સરકાર બાદશાહનું અપમાન કર્યું છે એટલે એ ગુસ્તાખીનો દંડ પણ તમારે શિરે કાયમ છે.

બેગડો :— જરૂર......જરૂર.

બંબ :— દંડ? દંડ ગુન્હેગારનો હોય, ફાંસી ખૂની માટે છે. સજા ચોરને હોય, ધિક્કાર વ્યભિચારી માટે છે.

બેગડો :— તે છતાં, તમોને માફ ત્યારે જ થઈ શકે કે જ્યારે તમે સાદુલખાંનની પાસે માફી માંગો.

બારોટ :— માફી માગું? કયા અપરાધની? કઈ ભૂલની? ભર દરબારમાં નિષ્કપટ ભાવે જાણી જોઈને બોલેલા શબ્દો એ કંઈ મારી ભૂલ નથી. તેમજ ઈરાદાપૂર્વક રાજસત્તાનું અપમાન કરવાની પણ મને કંઈ જ જરૂરત, અગર દ્વેષબુદ્ધિ ન હતી.

બેગડો :— [ ગુસ્સે થઈ ] તો પછી એ બોલેલા શબ્દો, તમારે ભવિષ્યમા સાબિત કરી આપવા પડશે, ત્યારે જ હું માનીશ કે તમે સાચા છો, અને એને માટે તમને મોંઢે માંગ્યો સમય આપવામાં આવે છે.

ખાંન :— કહો, કહો, કેટલો સમય જોઈએ?

બંબ :— [મંદ હસતાં-હસતાં] સમય? ૧ દિવસ, માસ, વર્ષ, બે વર્ષ, ત્રણ વર્ષ, બસ-બસ, દેશકાળને અનુકૂળ છે.

[બંબનું શાન્ત ચિત્તે ઊભા જ રહેવું, સાદુલખાંનનું દ્વેષભરી નજરે જોવું,]

શાહનું આશ્ચર્ય...

—ટેબ્લો —

નોંધ :—હવે પછીનો પ્રસંગ બે વર્ષ પછીનો આલેખવામાં આવ્યો છે.

## પ્રવેશ-૩

### સ્થળ-અમદાવાદમાં બેગડાનો મહેલ

[મહમદશાહ, બેગડો વિચારમગ્ન બેઠેલ છે. એક બાજુ હોકો વગેરે સાહિત્ય પડેલ છે. ત્યાં સાદુલખાંન-આવે છે.]

ખાંન :— જહાંપનાહ! છેલ્લા બબ્બે વર્ષથી, વરસાદના અભાવે ગુજરાતની સર જમીન પર દુષ્કાળ તેમજ આફતનાં વાદળો ઉતરી પડ્યાં છે. ન મળે ઘાસચારો કે ન મળે અન્નનો દાણો. આ પરિસ્થિતિવશાત્ ગુજરાતમાં પશુધનનો તો તદન નાશ જ થઈ ગયો છે. ઠેરઠેર માણસોનાં ટોળે ટોળાં અનાજની બૂમ મારતાં રખડી રઝળી રહ્યાં છે. ચારે કોર ભયંકર ભૂખમરો વ્યાપી રહ્યો છે. બજારોના એકબીજાના વ્યવહારો તૂટી પડ્યા છે. ભલભલી આસામીઓ મોળી પડી રહી છે.

બેગડો :— હા! છેલ્લા કેટલાક વખતથી હું પણ એ જ વિચાર કરી રહ્યો છું કે આજે અમદાવાદ શહેરની સ્થિતિ પણ ભયંકર છે. ચારે બાજુ ક્યાં ક્યાં મદદ અને ઈન્સાનીયતથી ઈન્સાફ આપવો, એ જ સમજાતું નથી.

ખાંન :— આપ નામદાર : આવા કટોકટીના પ્રસંગે જો રાજયનો ખજાનો અને અનાજના ભંડારો ખૂલ્લા મૂકીને લોકોને નહીં જીવાડો તો ભારે કલંક લાગશે. [સ્વગત] ઠીક યાદ આવ્યું. મગરૂર ચાંપસી મહેતો, અને મૂર્ખ બંબ બારોટ પર વેર લેવાનો આ પ્રસંગ બહુ જ કિંમતી છે. (પ્રગટ) નામદાર બાદશાહ સલામત, ઘણા જ વિચારોને અંતે હું એક નિર્ણય પર આવ્યો છું અને તે એ જ કે આપણે આવતીકાલે ચાંપાનેર જઈ બંબ બારોટ તેમજ ત્યાંના વાણિયા મહાજનને ભેગું કરી બોલાવીને આ બાબતસર...

બેગડો :— બરાબર છે બરાબર, ત્યાં ગયા પછી સર્વ કંઈ થઈ રહેશે.

ખાંન :— ત્યારે આવતી કાલે, આપણે જવા માટે હું સર્વ તૈયારી કરાવરાવું છું. હું રજા લઈશ.

બેગડો :— ખુદા હાફીજ (બેઉનું જવું)

## પ્રવેશ-૪

### સ્થળ-ચાંપાનેરમાં દરબાર.

[મં. બેગડો. સા. ખાંન, અમીરો, ગૃહસ્થો... વગેરે વગેરે બેઠેલા છે એક તરફ મહાજન, તથા બંબ બારોટ પણ બેઠેલો છે.]

| | |
|---|---|
| સા. ખાંન— | ચાંપાનેર શહેરના માનવંત નાગરિકો, તથા મહાજનો. જ્યાં દેશમાં ચારેબાજુ નાજુક હાલત હોય, ત્યાં માત્ર ચાંપાનેર શહેરનો જ. એકલો વિચાર કરવો તે ઠીક ન ગણાય. |
| મં. બેગડો— | વળી એકલી રાજસત્તા, બધે જ પહોંચી શકે એ બનવા જોગ પણ નથી, એક બીજાના સાચા હૃદયના સહકાર વિના જગતમાં કોઈપણ કાર્ય સરલ રીતે પાર પડી શકતું જ નથી, તો આ બાબત વિચાર કરો, કે આવા ગંભીર પ્રસંગે આપણે શું કરવું? અને શું ન કરવું? એ જ નિર્ણય પર આપણે આવવું જોઈએ. |
| | [ સર્વ ચૂપ–ચાપ-એકબીજા તરફ જોઈ, નીચે મોંઢે વિચાર કરે છે, તે જોઈ.... ... બંબ પ્રત્યે ... ... કેમ બંબ બારોટ? શું વિચાર કરે છે? ] |
| બારોટ— | વિધાતાની વિચિત્રતાનો. માગેલ સમય પૂરો થાય એ પહેલાં આવેલ કટોકટી ભરી પળનો. |
| ખાંન— | બારોટ! આમ ના ઉમેદ કેમ બની ગયા છો? જો તમારા કહેવા મુજબ વાણિયા, શાહ-બાદશાહની બરોબરી કરી શકે તેમ હોય તો 'આ' અવસર છે. આવા ભયંકર દુષ્કાળમાં આખા ગુજરાતને એક વર્ષ સુધી મફત જમાડે અને જીવાડે. |
| બારોટ :— | (હસતાં...હસતાં...) જી...જી નામદાર? એમ જ થશે. |
| બેગડો :— | (ગંભીરતાથી) બારોટ? જો એમ નહીં થાય તો યાદ રાખજો કે વાણિયાઓની "શાહ" અટક હંમેશને માટે છીનવી લેવામાં આવશે અને તેમને ફાંસીને માંચડે લટકાવવામાં આવશે. એ યાદ રાખજો. |
| બારોટ :— | (નમ્રતાથી) કબૂલ છે, હજુર, [ખાન તેમજ બેગડાનું જવું...] |
| ચાંપસી :— | બંબ, બંબ? આ કઈ રીતની કબૂલાત આપી જીવનું જોખમ માથે લઈ રહ્યા છો? |
| પાનાચંદ :— | વગર વિચારે સાહસ કરી, બાદશાહ સામે આવી હોડમાં ઉતરવું, એ શું તમારા મનથી બાળકના ખેલ છે? |
| સોભાગ :— | ભાઈ મારા! આજે કંઈ અફીણનો નશો-બશો તો નથી કર્યોને? કે આમ અમારી કોમવતી હોડ બકે છે? |
| બારોટ :— | થવા કાળ થઈ ગયું. મુખનું વચન, મુખથી બાણ નીકળ્યું તે હંમેશને માટે નીકળી ચૂક્યું. દયાસાગર મહાજનો!... |
| | મારી લાજ તમારે હાથ, તમારી લાજનો રક્ષક પ્રભુ. |
| પાના :— | તે ભાઈ, એ તારો ભગવાન આમાં વચ્ચે આવી કરે શું? ભગવાન તો નિરંજન નિરાકાર છે. એની તો બધા ઉપર સત્કૃપા હોય છે, આ તો ભાઈ આપણે જ કમર કસવાની છે. |

સોભાગ :— મારૂં વહાલું? એક ટંક હોય તો સમજ્યા પણ આ તો આખા એક વરસના દુષ્કાળનો કાળ, એને કઈ રીતે પહોંચાય?

બારોટ :— નગરશેઠ, ચાંપસીમહેતા! તમે કેમ ચૂપ છો?

ચાં. મહેતા :— બારોટ! શું કહું? તમારી સ્વાભાવિક વાતનું આટલી હદ સુધીનું ગંભીર પરિણામ આવશે એની મને તો કલ્પના જ ન હતી.

બારોટ :— (ગદ-ગદ કંઠે)..બુદ્ધિમાન! વિવેકની મૂર્તિ મહેતા? પ્રાતઃસ્મરણીય મહારાજ યુધિષ્ઠિર નહોતા જાણતા કે, કેવળ વિનોદને ખાતર રમતા જુગારનું પરિણામ ભયાનક આવશે, શૌર્ય સાહસ અને પતિવ્રતાની જ્યોતિદેવી 'કકેયી' નહોતી જાણતી કે શ્રીરામનો વનવાસ પોતાના જ વૈધવ્યનું મુખ્ય કારણ બની સમસ્ત લંકાપુરીનો વિનાશ નોંતરશે,

નથી રહેતી સમયપર, બુદ્ધિમાનની બુદ્ધિ,
બગડતી જાય છે, ગુણધામની ને જ્ઞાનીની બુદ્ધિ,
ક્યાંઈ મૃગ સુવર્ણના, પેદા થતા જગમાં નથી.
માઠા સમયે બગાડી, સીતાજીની બુદ્ધિ, (રડી પડે છે)

[પુરુષોત્તમ શ્રીરામ, અને મહાસતી ભગવતી સીતાજીનો એ સમય એક દૃષ્ટાંત તરીકે છે, ટીકા અગર આક્ષેપ નથી.–લેખક]

ચાં. મહેતા :— બારોટ,...ધીરજ રાખો! (૨)

બારોટ :— શેઠ, હું નથી સમજી શકતો કે આમાં કુદરતની શું રમત છે? જો મને નહીં બચાવો. અગર મારાં વાક્યો સત્ય નહીં કરી બતાવો તો સમસ્ત વણિક કોમની આબરૂ પર પાણી ફરી વળશે, મારી ફજેતી થશે, વાણિયાઓની "શાહ" અટક બાદશાહ હંમેશને માટે છીનવી લેશે, ને મને મારશે.

પાનાચંદ :— અલ્યા ભાટ? બોલકણો તો ભારે, તને બોલતાં ભાન નહીં રહ્યું અને હવે ગભરાય છે?

ચાં. મહેતા :— પણ હવે શું થાય? આ તો નાક અને શાખની વાત આવી.

મા. મહેતા :— ત્યારે કરો આ બાબત પર વિચાર કે હવે કયા રસ્તે જવું અને શું કરવું? (ચાંપસી મહેતા.....વિચાર કરી.....)

ચાં. મહેતા :— ઠીક છે, ત્યારે મહાજનો, લખો મારા તરફથી (૩૧) એકત્રીસ દિવસ. સમસ્ત ગુજરાતને ખોરાકી હું આપીશ. હવે કરો ટીપ તૈયાર અને દરેક મહાજન શ્રાવક પોતપોતાની પવિત્ર ફરજ સમજી યથાયોગ્ય મદદ કરશે એવી હું આશા રાખું છું.

સૌભાગ :— અગિયાર દિવસ મારા લખો. [બંબ એક કાગદ પર ટીપ લખે છે]

મા. મહેતા :— (૧૬) સોળ દિવસ માટે લખો મારૂં નામ.

પાનાચંદ :— (૧૮) અઢાર દિવસ હું મારે માથે રાખું છું,

બારોટ :— બોલો, બોલો, મારા મહાજનો, આ તો સેવાનો અમૂલ્ય સમય મળ્યો છે.

વિમલ :— (૧૫) પંદર દિવસ જનસેવાની જવાબદારી મારે શિરે કબૂલ છે.

બારોટ :— ધન્ય છે? (૨) મહાજનો પણ હજી સામો કિનારો દૂર છે.

લક્ષ્મીચંદ :— (૫) પાંચ દિવસ મારા તરફથી.

[ ખાંન તથા બાદશાહનું એક તરફ છૂપાઈને સાંભળવું ]

સાંકળચંદ :— (૪) ચાર દિવસ મારા તરફથી.

ચંદ્રકાન્ત :— (૬) છ દિવસ મારા તરફથી [ નીરવ શાન્તિ જોઈ...]

બારોટ :— હજુ તો માત્ર (૧૦૬) એકસો છ દિવસ જ થયા.

ચાં. મહેતા :— જરા ધીરજ રાખો, બારોટ! આ બાબત કંઈ સાધારણ નથી.

વિમલ :— ચાંપાનેર શહેરના મહારાજથી જેટલું બની શકે, તે કરતાંય વધુ પ્રમાણમાં કામકાજ થયું છે. હવે ફંડ ફાળો કરી આપણે બહુ બહુ તો, ચાર (૪) માસની ચાંપાનેર શહેરની બાંહેધરી આપી શકીએ, જ્યારે બાકી (૮) આઠ માસ માટે આપણે શું કરવું? એ વિચાર કરો.

ચાં. મહેતા :— ધારેલ કાર્ય પાર પાડવા માટે, પાંચ પચ્ચીસ માણસ અગર એક જ ગામ કે શહેરનું કામ નથી.

લક્ષ્મીચંદ :— આ છે વળી સમસ્ત કોમનો પ્રશ્ન, અને વળી આબરૂનો પણ મોટો સવાલ હોવાથી, બીજા મોટાં શહેરોની મદદ આપણે ફરજીયાત નછૂટકે પણ લેવી જ પડશે.

બંબ :— તો મારા મહાજનો? હવે આપણે બીજા શહેરોના મહાજનોની મદદ લેવા, અહીંથી જેમ બને તેમ જલદીથી દેશાટન નીકળવું જ જોઈએ.

ચાંપસી :— બારોટ! પ્રથમ તમે એક કામ કરો. નામદાર બાદશાહ તથા ખાંનસાહેબને મળી, એમને નમ્રતાપૂર્વક જણાવો કે ચાલુ માસ પૂરો થતાં, કાં તો ગુજરાતનું મહાજન, એક વરસ સુધી સમસ્ત ગુજરાતને મફત જમાડવાનું પોતાને શિરે લેશે. અગર તો પોતાની "શાહ" અટક ખુશીથી બાદશાહને પાછી સુપ્રત કરશે.

મ. બેગડો :— ચાંપસી મહેતા? તમારી અરજ મને કબૂલ છે અને ઈચ્છું છું કે પાક પરવર દીગાર તમને તમારા કામમાં કામીયાબ કરે.

ચાં. મહેતા :— આપનો અત્યંત આભાર? હવે અમે રજા લઈશું.

સાં. ખાંન :— બહુ જ ખુશીથી.

[બાદશાહ. અને ખાંન બેસે છે, મહાજન વગેરે સર્વનું જવું...જતાં...જતાં]

ચાં. મહેતા :— બારોટ? હજુ પણ ખાંન સાહેબનો રોષ એનો એ જ છે, બીજી તરફ પૂરા આઠ માસની જવાબદારી આપણે શિરે છે. તમે એક કામ કરો, સવારે અહીંથી અણહીલપુર પાટણ અમારા મહાજનની ટીપ લઈ ઉપડો, તે દરમિયાન આવતીકાલનો આખો દિવસ ચાંપાનેરનું કામકાજ પતાવી, પાંચ-છ દિવસે અહીંનું મહાજન ત્યાં આવી પહોંચશે. તમે જરાપણ ગભરાશો નહીં.

સર્વ બાજી ગોઠવીને પછી સ્હામે આવવું.
બોલવા કરતાં બને તે કરીને બતલાવવું.

બારોટ :— જરૂર, જરૂર બાપુ! સીધાવો......(સર્વનું જવું)

ખાંન :— મૂરખ ઘમંડના પુતળાં, એટલું પણ નથી સમજતા કે અત્યારે દુનિયા કયા માર્ગે ચાલી રહી છે, જહાંપનાહ? હું નથી માની શકતો કે માત્ર એક જ માસમાં તો શું? પણ છ માસમાં પણ આ લોકોનું ધારેલું કાર્ય સિદ્ધ થાય.

હોંશથી જાશે બધા અપમાન-અધિકારી થશે,
સળગી રહ્યું ચોપાસ ત્યારે કોણ તેમાં ઉગરશે,
વટ જશે હિમ્મત જશે ને ટેક પણ ખૂટી જશે.
બક્કાલોની બે આબરૂ બે શબ્દ જાતાં થઈ જશે.

મ. બેગડો :— જરૂર, જરૂર—પહેરે કપડે ભર દરિયામાં ઝંપલાવી, જો તરતાં ન આવડતું હોય, તો ડૂબી મરવું કમોતે મરવું. એ જ મૂરખાઓ માટે મુકદરનો (ભાગ્યનો) કાનુન છે, એ જ આખરી ફેંસલો છે.

ખાંન :— જહાંપનાહ : સાંભળીશું આપણે, જોવું હવે બાકી રહ્યું,
હસશે જગતને આપણે, એ લોકને રડવું રહ્યું, [બન્ને જાય છે]

## પ્રવેશ–૫

## સ્થળ-અણહીલપુર પાટણનો સીમાડો

બંબ :— (અંદરથી સ્વગત) હરેરામ! હરેરામ! રામરામ? હરે, હરે હરે કૃષ્ણ? હરે કૃષ્ણ? કૃષ્ણ કૃષ્ણ? હરે હરે.

(પ્રવેશ) જ્યાં ચળ વિચળ છે હૃદય, ત્યાં શાન્તિ તને ક્યાંથી મળે, છે ઝેર વાવ્યું હાથથી, તો અમીફળ ક્યાંથી મળે. આત્માની નિર્બળતા આ રીતે સતાવવા લાગી, મનની મલીનતા આ રીતે પોતાનો સ્વભાવ બતાવવા લાગી. હરિ : હરિ : હરિ :

છે કસોટી આકરી, જે પંથમાં પદ પદ ભર્યા કાંટા,
સંસારીઓના સ્વર્ગમાં, વિવેક વિણ કાંટા,

પિતા માતા, ગુરુ ભ્રાતા, સ્વજન જન નિજ ભૂમિની સેવા
કીધી ન નિર્મળ હૃદયથી, અસાર જીવન સાર, ત્યાં નિજ મોક્ષમાં કાંટા.

કાર્યના ઉત્સાહની પ્રેરણાથી, અહીં સુધી તો આવી પહોંચ્યો, હું ભૂલતો ન હોઉં, તો નજર સમીપે દેખાતો સીમાડો અણહીલપુર પાટણનો જ છે. (વટેમાર્ગુનું નીકળવું...તે જોઈ) ભાઈ...ઓ ભાઈ...સામે દેખાય છે તે કયું ગામ છે?

કાશીરામ :— જરા આઘા રહેજો બાપલા! તમારે કયે ગામ જવું છે?

બંબ :— અણહીલપુરપાટણ, નગરશેઠ કાન્તિચંદને મળવું છે.

કાશી :— તો જુઓ, બાપલા! પેલો પીપળો દેખાય છે. ત્યાંથી થોડાંક ડગલાં આગળ જશો ત્યાં ઉંચામાં ઉંચું જે ઘર દેખાય એ જ નગરશેઠનું ઘર, આમ તો હું તમોને થોડેક સુધી મૂકી જતે, પણ આજે મને થયું છે મોડું, એટલે લાચાર છું બાપલા?

બંબ :— ભાઈ, તમે કોણ છો? અને ક્યાં જાઓ છો?

[ખભે હાથ મૂકવા જતાં]

કાશી :— (ભડકી)એ આઘા રહેજો બાપલા, હું છું ચંડાળ અને મારે જવું છે મહાણ (સ્મશાન).

બંબ :— સમજ્યો? જન્મને કારણે જ માત્ર શુદ્ર ચંડાળ ગણાતા, સમાજની સેવાના વ્રતધારીયો મહાપુરુષોએ નિર્માણ કરેલ મર્યાદાઓનો, અમારામાં ક્યાં સુધીનો અતિરેક થયો છે કે જેને લીધે–

માનવ મટી દાનવ બન્યા, ને ભૂમિના રસકસ ગયા,
વાદલ ગયાં, વર્ષા ગઈ, શશી સૂર્યનાં કિરણો ગયાં,
જનની-જનક મર્યાદ મૂકી, બાળકો રાચી રહ્યા,
બ્રહ્મત્વ ભૂલી વિપ્રવર, સહુ સ્વાર્થમાં મ્હાલી રહ્યા,
હું કોણ? ને ક્યાં જાઉં છું? વિચાર જો એ કંઈ નથી.
તો શૂન્ય આગળ એક જાતાં શૂન્ય બાકી કંઈ નથી.

કાશી :— એ બાપલા? જો આવા વિચાર અમે કરવા બેસીએ, તો લોક સહુ ભેગું મળે, જરા આઘા રહેજો બાપલા! અમારે તો જેમ પાણીમાં કમળને મોંઢામાં જીભ રહે એ રીતે જ રહેવું જોઈએ.

બંબ :— (નીસાસો નાંખી) હશે ભાઈ, પણ ભવિષ્યે એક યુગ એવો જરૂર આવશે કે ભૂતકાળને ભૂલી, વર્તમાનને બાજુ પર મૂકી, માનવતાનો કોઈ પ્રખર ઉપાસક, તમારા પ્રત્યે માનવતાભર્યો વરતાવ કેળવવા જરૂર પ્રયત્ન કરશે.

કાશી :— એ વખત આવશે ત્યારની વાત ત્યારે, બાકી અત્યારે તો બાપલા અમારી હાલત ઘણી જ ખરાબ છે. દિવસ આખો મહેનત મજૂરી કરીએ છતાં, સાંજ પડે પેટ પૂરતો રોટલોય અમને મળતો નથી, વળી શાહુકારો, અમારા પડછાયાથી પણ અભડાઈ જાય છે, એટલે પૂરતી મજૂરી પણ અમને ક્યાંથી મળે? એ તો બાપલા......આ દુષ્કાળનો વખત છે, કંઈ નહીં તો રોજના દસથી-પંદર માણસ ભૂખમરાથી મરે છે. એટલે અમારૂં શાસન ચાલે છે, વળી એક તરફ ગાયો ભેંસો પણ બિચારી પૂરતા ખોરાક વગર ટળવળી જીવ ખોવે છે. આ બધું બાપલા......ભગવાન રૂઠ્યો નથી તો બીજું શું છે?

બંબ :— ભાઈ, એનું જ નામ કર્મની લીલા.

જે જ્ઞાની જનને બાંધતી, નિજ પ્રભાવે માયા,
ત્યાં મૂર્ખ માનવ શું કરે, છે બદલતી માયા,

(બેઉનું પોત પોતાને માર્ગે જવું)

નોંધ :— હવે પછીનો પ્રસંગ, મહાજનો પાટણ આવી ગયેલ છે તેમજ કેટલાક દિવસ રોકાઈ, પોતાનું કાર્ય પૂરૂં કરી ચૂક્યા છે, હવે પાટણથી-ધોળકા-ધંધુકા-તરફ જવાના નિર્ણય પર છે,

## પ્રવેશ—૬

### સ્થળ—પાટણ, નગરશેઠ કાન્તિચંદનું મકાન

ચાં. મહેતા :— (વાતો કરતા કરતા પ્રવેશ)ભાઈ કાન્તિ? તું આવો વિવેકી અને પરગજુ હોય, એમાં કાંઈ નવાઈ નથી, તારા પિતાનો અને મારો સંબંધ તો બહુ જ મિત્રતાભર્યો હતો, ભાઈ? એ સંબંધને સાચવવાની દરેક આવડત તારામાં જોઈ મને ખરેખર બહુ જ આનંદ થાય છે.

સોભાગ :— હા જ તો શેઠ! આનું જ નામ ખાનદાની!

| | |
|---|---|
| પાનાચંદ :— | હાસ્તો, એને કંઈ શીંગડું કે પૂછડું નથી હોતું. એ તો એક બીજાના પરિચય, વર્તન, વાણી ને વિવેકમાં જ જણાઈ આવે છે. |
| | *સદ્‌ગુણ અને સંસ્કાર, એ માંગ્યા કદી મળતા નથી*<br>ઊતરી ચૂક્યાં જે નીર, તે મોભે કદી ચઢતા નથી. |
| કાન્તિ :— | આપ સર્વે મુરબ્બીઓ, મને જે માન આપી રહ્યા છો. તે આપની મહાનતા છે. બાકી મારાથી શું બની શક્યું છે? |
| વિમલ :— | એમ નહીં, શેઠ આજે બાર બાર દિવસથી તમે અમારી સાથેને સાથે શું નથી કરી રહ્યા? પોતાનું દરેક કામકાજ એક તરફ મૂકી, દરરોજ અમારા જ કાર્યમાં એક ચિત્તથી લાગી રહ્યા છો, એ શું ઓછી પરમાર્થની ધગશ છે? |
| પાનાચંદ :— | ખરેખર (૨) તમારા જેવા સજ્જન અને સુશીલ નાગરિકો એ દેશનું અમૂલ્ય ધન છે. |
| ચાં. મહેતા :— | પાટણના મહાજનનો પ્રેમભાવ, તારી અમારા પ્રત્યેની પૂજ્ય લાગણી, તથા સારામાં સારી સરભરા, આ બધું અમે આજીવન તો ભૂલી શકીએ તેમ નથી. |
| સોભાગ :— | ભાઈ, હવે અમોએ અહીંથી ધોળકા-ધંધુકા તરફ જવાનો નિર્ણય કર્યો છે, |
| પાનાચંદ :— | હાજતો, કેમકે હવે દિવસો નજીક પહોંચે છે, અને હજુ પાંચ મહિનાની જવાબદારી આપણે શિરે છે, એટલે હવે એક એક દિવસ કિંમતી છે, સમય નક્કામો ખોવો એ ઠીક નહીં. |
| સોભાગ :— | વળી પાટણના મહાજન તરફથી, ત્રણ-માસની ટીપ ભરાઈ ગઈ એ કંઈ નાની સૂની વાત નથી. માટે શેઠ હવે તો ખુશી થઈ રજા આપો. |
| કાન્તિ :— | આપ મહાજનોની એમ જ મરજી છે તો ભલે, આવતી કાલે સવારે અહીંથી વિદાયગીરી આપીશું, પણ બંબ બારોટ અહીં રહે તો શું વાંધો છે? |
| ચાં. મહેતા :— | વાંધો કેમ નહીં ભાઈ? ગામે ગામ પ્રથમ મહાજન ભેગું કરી પાંચ પચ્ચીસ માણસોમાં વાતચીત કેમ શરૂ કરવી એ કામ તો એમનું, અમે તો પછી સમજાવીએ, શરમાવીએ અને કામકાજ કરી શકીએ. |
| પાનાચંદ :— | અને એટલા માટે જ તમારા પર ભલામણ પત્ર લખી, એમને અહીં પ્રથમ મોકલ્યા હતા, પણ અહીંથી તો સાથે જ નીકળવાની એમની તેમજ અમારી ઈચ્છા છે. |
| કાન્તિ :— | ભલે, જેવી આપની મરજી, અરે મહેતાજી? |
| મહેતો :— | (આવે છે) જી. |
| કાન્તિ :— | જમવાની કેટલી વાર છે? |

મહેતો :— આપ મહેમાનોને લઈ પધારો એટલી જ.

કાન્તિ :— શેઠીયાઓ?...ચાલો...પધારો...(સર્વનું જવું)

[નોંધ—પાટણથી વિદાય થઈ, મહાજન, ધોળકા, દશ દિવસ રોકાઈ. ત્યાંથી ધંધુકા જવા ઉપડે છે. ત્યાં રસ્તામાં "હડાળા" ગામડું આવે છે.]

## પ્રવેશ-૭

## સ્થળ-ભાલ પ્રદેશ "હડાળા" ગામની ભાગોળે

[ખીમચંદશાહ તથા બંબ બારોટ-વાત કરતાં પ્રવેશ]

ખીમચંદ :— બરાબર છે, તમારા કહેવા પ્રમાણે ચાંપાનેરનું મહાજન અહીં રોકાય જ નહીં, પણ બારોટ જ્યાં સુધી આ "ખીમો" જીવતો હોય અને હડાળાની ભાગોળથી મારા જાત ભાઈઓ ભૂખ્યા તરસ્યા બારોબાર ધંધુકા જાય એ બને જ કેમ? હું કોઈપણ પ્રયાસે મહાજનને અહીંથી આગળ જતું અટકાવીશ, છેવટે હાથે પગે લાગીને પણ રોકીશ.

કેમકે— અતિથિ સત્કાર, એતો આર્યોનો ધર્મ છે,
સેવા કરો નિષ્કામ, એ સાચું કર્મ છે,
*મિચ્છામિ દુક્કડમ્ : અહિંસા પરમો ધર્મ છે,
જીવી ગયો તે જગતમાં સમજી ચૂક્યો આ મર્મ છે.

પાનાચંદ :— (અંદરથી) આવો, આવો, શેઠીયાઓ...(પ્રવેશ)...થોડીકવાર અહીં આરામ કરી, પછી જ આગળ વધીએ.

સોભાગ :— અરે ભાઈ? આરામ જો નસીબમાં લખાયો હોત તો આ ઉપાધિમાં પડતે શાનાં? માટે હવે તો ચાલો આગળ જ વધીએ. સુખે દુઃખે પહોંચી જ જઈએ. એટલે પત્યું. (આગળ વધતા મહાજન પ્રત્યે)

ખીમચંદ :— આવો. આવો! બાપલીયા, ભલેપધાર્યાં! ધન્ય ભાગ્ય! ભગવાનની અપાર દયા, મારી એક નમ્ર પ્રાર્થના સ્વીકારો, પછી જ આપ મહાજન આગળ સીધાવો. (પગમાં પડે છે)

ચાં. મહેતા :— જો ભાઈ, અત્યારે દેશકાળ બહુ જ કપરો છે માટે સમજી વિચારી, અમે વટેમાર્ગુ છીએ, એમ સમજી તારે જે ઇચ્છા હોય તે માગી લે.

ખીમ :— તો શેઠિયાઓ! મારી માંગણી એટલી જ કે દયા કરી મારે ગરીબને ઘેર પધારો બાપલા, મારૂં આંગણું પાવન કરો,

---

★ થયેલા અપરાધની ક્ષમા માગવી તે.

ચાંપસી :— જો ભાઈ! અમે બહુ જ મહત્ત્વના કાર્ય માટે પ્રવાસે નીકળ્યા છીએ, એટલે એક પળ પણ નકામી ખોવી એ અમારે માટે વાજબી નથી.

પાના :— હા, અમારે હજુ તો ધંધુકા પોંચવું છે, માટે હાલ તુરત તો અમને માફ કરો ભાઈ.

ખીમ :— નહીં, નહીં. શેઠિયાઓ મારે ગરીબને ઘેર શિરામણી કરી, પછી જ આગળ વધો, મારા ગામની ભાગોળથી મહાજન જમ્યા વિના પાછું ન જાય એવો મારો નિયમ છે, તો કૃપા, ભાઈસાહેબ! મારૂં આટલું માન રાખો, હું પણ તમારો એક ગરીબ જાત ભાઈ છું, વળી ચાંપાનેરનું મહાજન, મારે ગરીબને ઘેર ક્યાંથી? તમને મારા સોગન છે. શિરામણી વખતે અહીંથી ન જવાય.

(પગમાં પડે છે. તેને ઉભો કરી)

ચાંપસી :— ભાઈ, તમારો આટલો બધો સદ્‌ભાવ છે, તો ભલે, તમારી લાગણી આગળ, અમે લાચાર છીએ, મહાજન પધારો!

ખીમચંદ :— (આનંદ પૂર્વક)...એ પધારો...પધારો...બાપલા

( સર્વેનું જવું )

## પ્રવેશ–૮

## સ્થળ—ખીમચંદ શાહનું ઘર

[સર્વે જમી. આનંદથી આવતો હોય તેમ પ્રવેશ]

પાના :— વાહ! વાહ! બહુ જ આનંદ થઈ ગયો. પણ ખીમચંદ શેઠ! આ ગામના માણસો તમને "ખીમોશા" કેમ કહે છે? શેઠ અથવા ખીમચંદ શાહ કહેતાં શું જીભે કાંટા વાગતા હશે?

ખીમ :— શેઠ, આ રહ્યું ગામડું ગામ, સહુની બુદ્ધિ પ્રમાણે બોલે, એમાં મારૂં શું સારૂં કે નરસું દેખાવાપણું હતું? હું તો એક સાધારણ ગરીબ માણસ છું, હાં... પણ આપ મહાજનો, આવા દુષ્કાળના સમયમાં, ચાંપાનેર છોડી કયા કારણસર આમ પ્રવાસે નીકળ્યા છો, તે જો કંઈ હરકત ન હોય તો મને જણાવશો?

ચાંપસી :— જરૂર, તમારા જેવા વિવેકી અને નિખાલસ હૃદયના પરગજુ માણસને જણાવવામાં હરકત શું હોય? બંબ! ખીમચંદ શાહને ફંડફાળાની ટીપ આપો.

ખીમ :— (બંબ ટીપ આપે છે તે વાંચી) બરાબર, શેઠીયાઓ, આ બધા વાવડ મને બે દિવસ થયા ઊડતી અફવાના રૂપમાં મળી ચૂક્યા છે.

સોભાગ :— હંઅ, એટલે જ તો આપ, મરચાં, મીઠાની દુકાન રેઢી મૂકી અમને ભાગોળે જ મળવા આવી પહોંચ્યા કેમ?

ખીમ :— (હસીને) હાસ્તો–

જગતમાં મળતું બધું, સેવાના અવસર ના મળે,
કુદરત તણાં નિયમો જુવો, જ્યાં, પવન જળ સહુમાં ભળે.
(મનથી) ભગવાનનો અપાર ઉપકાર છે, બુદ્ધિ અને મન પ્રેરણા કરી રહ્યું છે.

અંતર આત્મા પોકારી પોકારીને કહે છે.

નિજસ્વાર્થ ત્યાગી થા, તને જગમાં બધે દેખાય છે.
ક્રિયા વિનાનું જ્ઞાન, કેવળ ભારરૂપ મનાય છે,

તો હવે આ વિલંબ શા માટે? મહાજનો લાવો...(ટીપમાં લખી)
લ્યો, સ્વીકારો, આ રંકની સેવા બાપલા......

(ટીપમાં-૩૬૦-દિવસ વાંચી બધાં જ) વિચાર કરે છે.

ચાંપસી :— શેઠ! જરા ધ્યાનપૂર્વક વિચારીને ટીપ ભરો તો ઠીક.

ખીમચંદ :— અરે હા હા......થોડું લખ્યું છે શેઠજી, લાવો કૃપા કરી એ ટીપ મને પાછી આપો (ટીપ લઈ લખી, પાછી આપતાં...) લ્યો તેમાં બીજા, ૩૬૦--ત્રણસો સાઈઠ દિવસ ઉમેરી આપું છું, બાપલા, મારા જેવા હળદર-મરચું વેચતા ગરીબ વાણિયાનું નામ, તમારી જગ કલ્યાણની દયાધર્મની ટીપમાં તે વળી ક્યાંથી! (બધા વિસ્મય પામે છે, તે જોઈ) આવો, મહાજનો, મારી સાથે આવો, ... ...

(મશાલ સળગાવી, ભોંયરૂં ઉઘાડી ધન સંપત્તિ બતાવતાં) જુઓ......એકલી અટવાઈ ને, અહીં ભૂલી પડી છે.

સોભાગ :— (જોઈ) અહાહાહા? સાક્ષાત્ કુબેર ધન ભંડાર, લક્ષ્મી નૃત્ય કરી રહી છે.

ખીમચંદ :— જીવન જગતમાં વૃથા છે. નિસ્તેજ શાહી "શાહ"ની સત્તા. વાપરો સદ્કાર્ય પંથે, એજ એની મહત્તા

ચાંપસી :— ખીમચંદશાહ, ધન્ય છે તમારી ઉજ્વલ કમાણીને, શેઠ! ચાંપાનેરનું મહાજન અને સમસ્ત વણિક કોમ જીવનભર તમારી આભારી રહેશે.

(ચાંપસી પગમાં પડે છે, ઊભો કરી)

ખીમચંદ :— મારા શેઠ! એ શું બોલ્યા તમે? અમે ને તમે કંઈ જુદા નથી, વળી હું પણ જૈન વાણિયો જ છું, મારા ધર્મે મને હંમેશા બીજાનું ભલું કરવાનું ગળથૂથીમાંથી જ શીખવાડ્યું છે. સર્વે જીવોની રક્ષા એ તો અમારો જીવન-મંત્ર-

હોય છે. માટે મારી આ ધન સંપત્તિ કે જે પરિણામે ચંચળ ને નાશવંત ગણાય છે. એનો ઉપયોગ, આવા મહાન પુણ્યના કાર્યમાં નહીં થાય ત્યારે ક્યારે થશે? અમારા વિમળશાહ, જગડુશાહ, વસ્તુપાળ, તેજપાળ, જેવા મંત્રીશ્વરો અને ભામાશા મંત્રી જેવા ધર્મવીર પૂર્વજોએ પણ દુષ્કાળના વખતમાં દેશ માટે પોતાની અઢળક સંપત્તિનો ઉપયોગ કરી ઠેર ઠેર દાનશાળાઓ અને અન્નશાળાઓ ખોલી ન્યાત જાતના ભેદભાવ વિના સમસ્ત પ્રજાને જીવાડીને, મહાન પુન્ય બાંધ્યું હતું. તે સાથે સાથે દેશની મહાન સેવાઓ પણ કરી હતી, તો તેના વારસદાર તરીકે હું પણ જનસેવા કેમ ન કરૂં? જનસેવા એજ પ્રભુ સેવા કારણ કે પ્રજા જીવતી હશે તો પ્રભુ ભજીને પોતાનું કલ્યાણ કરશે. તો જોઈએ તેટલું આ બધું જ ધન ઉઠાવો. વાપરો કોઈપણ વાતે ગભરાવાની જરૂરત નથી, આતો "શાહ" અટક કાયમ રાખવાનો સવાલ છે! તે સર્વને જમાડો અને જીવાડો, આપણે શું અમસ્તા "શાહ" કહેવાતા હોઈશું? (હસે છે)

ચાંપસી :— બરાબર છે, બરાબર, ભાઈઓ, હવે પ્રવાસે આગળ વધવાની કંઈ જ જરૂર નથી, આવતીકાલથી જ ગામે ગામ, નગરે નગર અને શહેરે શહેરોમાં લોકોને જોઈતી અનાજની વ્યવસ્થિત રીતે. ન્યાત, જાત, કે કોઈપણ જાતના ભેદભાવ સિવાય દરેકને મળતી રહે એ રીતની કાર્ય પ્રણાલી શરૂ કરવી જોઈએ.

બંબ :— તે સાથે બીજો પ્રશ્ન, ગુજરાતનું પશુધન, કે જેના પર દેશની આબાદીનું ભાવિ સંકળાયેલું છે. પશુ સાથે પશુ તુલ્ય મહેનત કરી ધરતીને ધ્રુજાવતો ખેડૂત, કે જે વર્ષોથી અવિવેક, નિરક્ષરતા, અને ખોટા રીત રિવાજોના ચીલે ચાલી...

બંધને બંધાઈ, જે લાચાર પોતે છે બન્યો,
ઉત્પન્ન કરી અમૂલ્ય દ્રવ્યો, જે સદા રડતો રહ્યો,
સંતોષ-સત્પુરુષાર્થ-કીંમત કલાની ચૂકવાય ના,
એ વસુધાનો વ્હાલસોયો, દીકરો ભૂલાય ના.

સોભાગ :— બારોટજી! કોઈને પણ અસંતોષ નહીં રહે. વીતરાગ ભગવાનની સત્કૃપાથી સહુ સારા વાનાં થશે હોં?

પાનાચંદ :— જરૂર...જરૂર,

ચાંપસી :— ખીમચંદ શેઠ! મારી તમને એક વિનંતિ છે, અને તે એ જ કે તમારે અમારી સાથે અમદાવાદ આવવું પડશે.

ખીમચંદ :— મારે? મારૂં ત્યાં વળી શું કામ છે?

બંબ :— એ જવાબ હું આપું. અમારે શાહને બતાવી આપવું છે કે, ગુજરાતમાં એક "શાહ" વાણિયો છે. જ્યારે બીજો શાહ-બાદશાહ છે.

ચાંપસી :— તમને વાંધો શું છે? સાથો સાથ રસ્તામાં આનંદ આવશે.

ખીમચંદ :— ભલે, જેવી આપની મરજી, હું તો તમારો તાબેદાર છું, પણ હાલ તુરત તો બે દિવસ તમો મારા મોંઘેરા મહેમાન છો.

## પ્રવેશ-૯

[બેગડો હોકો પીતો બેઠેલ છે. આજુબાજુ સભાજનો વગેરે વગેરે બેઠેલા છે.]

મહમદ-બે. :— તમને કાસદ મોકલી અચાનક બોલાવવાનું કારણ માત્ર એટલું જ કે, આજે ચાંપાનેરના મહાજનોનું પંચ, કોઈક 'શાહ' સાથે બહુ જ ધામધૂમથી દરબારમાં હાજર થનાર છે, વાંચો આ રૂક્કો

(લીફાફામાંથી કાગળ કાઢી...ગુસ્સાપૂર્વક)

સાદુલ :— " વિ. સં. (લગભગ) ૧૫૩૯ની મિતિ વૈશાખ શુદિ ત્રીજ ને શુક્રવાર નામવર, બાદશાહ સલામત મહમદશાની સેવામાં નમ્રતાપૂર્વક અરજ છે જે ચાંપાનેરનું મહાજન તથા " શાહ " અને બંબ બારોટ, અમો બધા આવતી મિતિ, વૈશાખ શુદ-૯-ને ગુરૂવારે સવારે ધામધૂમથી આપની સેવામાં દરબારમાં હાજર થશું એ જ તસ્દી માફ ...લી. શાહ મહાજન, દ :—બંબ બારોટ "

(ગર્વથી) બુઝાતો ચિરાગ હંમેશા વધારે સળગી ખતમ થાય છે, ચારે તરફથી સૂર્યને ઢાંકતાં વાદળો, માત્ર ગર્જના કરી, પવનના એક જ સપાટે વીખેરાઈ જાય છે, છતાં મૂર્ખ લોકો એને વધુ વજૂદ આપે છે જ્યારે હું મારા અનુભવ અને માન્યતા મુજબ આમાં કંઈ જ સાર જોતો નથી.

(કાગદ ફેંકી દે છે, બીજી તરફ ઢોલ, ત્રાંસા અને શરણાઈનો અવાજ)

બંબ :— (અંદરથી) ઘણી ખમ્મા (૨) નગરશેઠ, રાજરત્ન, લક્ષ્મીના લાડકવાયા! "શાહ" મહાજનોને ઘણી ખમ્મા...(પ્રવેશ) પધારો...(૨) શાહ-બાદશાહ દરબારમાં ભલે પધાર્યા, બાપુ ઘણી ખમ્મા...(૨)

ખાંન :— (ગુસ્સાથી) બારોટ, આ શું? આ કઈ જાતનું વર્તન છે, કયા પ્રકારની સભ્યતા છે, કંઈ ભાન છે? આ કયું સ્થાન છે?

બંબ :— અરે હા! સભ્યતાનો મહાસાગર તરી, કાંઠે ઉભેલા મહાપુરૂષ એ અવિવેક થયો, નહીં?

કાર્ય સિદ્ધિના ઉમળકા, હોય છે કંઈ અવનવા,
શોખ સત્તાના અને. યૌવન અનુભવ અવનવા,
મળતા ઘણા સહુ લોક ને વળી વિખૂટા પણ થાય છે,
યાદી જગે સજ્જન જનોની, સંતમુખ રહી જાય છે.

| | |
|---|---|
| ચાંપસી :— | બંબ, હજૂરને "શાહ" તરફથી નજરાણું ભેટ કરો. |
| બંબ. :— | જી હા. (નજરાણું ભરેલ, જવાહીર વસ્ત્રોનો થાળ લઈ) નામદાર બાદશાહ સલામત! ચાંપાનેરના મહાજન તરફથી નહીં, પણ માત્ર એક જ "શાહ" તરફથી આપના ચરણોમાં આ ભેટ...વળી. |
| ખાંન. :— | સબૂર, શું તે વાણિયો અહીં હાજર છે? |
| બંબ. :— | જી હા! સમસ્ત ગુજરાતને ૩૬૦-ત્રણસો સાઈઠ દિવસ તો શું? પણ, ૭૨૦-સાતસો વીસ દિવસ પર્યન્ત મફત અનાજ પૂરૂં પાડનાર "શાહ" અત્રે હાજર છે. |
| ચાંપસી :— | 'ખીમચંદ શાહ' આવો, આગળ આવો નામદારોને મળો. |
| ખીમચંદ :— | અરે બાપલા! આપણે અહીં શું ખોટા છીએ? |
| બેગડો. :— | (હસીને) શેઠજી! આવો. પધારો! કહો જોઈએ આપને કેટલાં ગામ છે? કેટલા શહેર છે? અને કેટલો ગરાસ છે? |
| ખીમચંદ :— | અરે મારા હજૂર શાબ? એ શું બોલ્યા એ? મારે તે વળી શહેર કેવાં ને ગરાસ કેવો? મારા નામદાર! મારે તો બે જ ગામ હાચા છે. |
| મહમદ બે. :— | પણ તે......કયા (ખીમચંદ, બગલમાંથી પોટકી કાઢી, છોડી) |
| ખીમચંદ :— | એક આ 'પાલી' અને બીજી આ 'પલી' કે જેનાથી ઘી, તેલ, મરચું, મીઠું વેચું છું. અને આ પાલીથી, હું અનાજ ખરીદું છું. મારા નામદાર! તમારા ગરીબ સેવકના આ જ બે ખરેખરા ગામો છે, અને તેથી જ રળી રોટલો, હું ખાઉં છું. |
| ખાંન :— | વારૂ, શેઠ ગુજરાતને આ રીતે સહાયતા કરવામાં, તમારી તમામ મિલકત લગભગ ખલાસ થશે, એનો કંઈ વિચાર કર્યો! |
| ખીમચંદ :— | એ શું બોલ્યા તમે, મિલકત અને તે પણ મારી? (હસી) અરે જ્યાં એક દિવસ એવો આવશે, કે જે પુરા-લાડપાડથી જેને પોતે પોતાનું માન્યું છે એવું આ શરીર પણ પોતાનું નથી જ રહેવાનું, ત્યાં આ તો લક્ષ્મી, કે જે શરીરથી જુદી જ છે. મરકટના મન જેવી ચંચળ, વિજળીના ચમકારા જેવી ચપળ અને પરિણામે નાશ થવું એ જ જેનો ધર્મ, એક ઠેકાણે કદી તે ટકતી જ નથી, હા પુણ્યની સાંકળથી બાંધીએ તો જ એક ઠેકાણે જંપીને બેસે છે, જગતમાં જન્મી સહુ ખાલી છતાં મુઠ્ઠીવાળી હાથે જ આવે છે, અને મરે છે ત્યારે કેવળ ખાલી હાથે જ વિદાય લે છે. છતાં માનવ જાત, મિથ્યા મોહાંધ બનીને, "અહં" અને "મમ"નો મંત્ર ભજ્યા જ કરે છે, "હું આવો ને તેવો, આ મારૂં ને આ તારૂં" આવા મિથ્યા ભેદભાવ રાખે છે, એ કેવળ ભ્રમણા છે, એ અજ્ઞાન દશા છે તે મોટી ભૂલ છે. |

સહાયતા હું શું કરૂં? છું રંક મારૂં કંઈ નથી,
છે પૂર્વજોનું પુણ્ય, મારી ફરજ બાકી કંઈ નથી,

બંબ. :— સંકુચિત વિચારોનું વમળ ઉત્પન્ન કરી સંસ્કારી જીવનમાં ઝેર ભેળવવાના યત્નો ન કરો ખાંન સાહેબ?

બેગડો :— બરાબર છે, ખાંન, સોનાને જ્યારે પણ કસોટીએ ચઢાવો ત્યારે ખરૂં સોનું તે સોનું જ છે, આપણે ખરી રીતે વણિક કોમને આ રીતે ઓળખી શક્યા જ નથી, જ્યારે બંબનો અનુભવ એ તદ્દન સત્ય વસ્તુ છે, × પાક પરવર દિગારની પૂરી રહેમ નજર છે કે મારી સલનતમાં આવા "શાહ" સોદાગરો વસે છે,

× પવિત્ર પરમાત્મા

તમે ખરેખરા શાહ, હું કબૂલ કરૂં છું કે, એક શાહ વાણિયો ને બીજો "શાહ-બાદશાહ" (ખીમચંદને ભેટી પડે છે) ખીમચંદ શાહ? તમારા તરફથી આવેલ આ નજરાણું હું બંબ બારોટને ઈનામ તરીકે આપું છું, અને ખાંન તમને હુકમ કરૂં છું કે, તમે જે અપમાન મહાજનનું કર્યું છે, તેને માટે તમારે અત્યારે જ માફી માગવી,

(સાદુલખાંન, બાદશાહની આંખ ફરેલી જોતાં વિચારી બે ડગલાં આગળ આવે છે......ત્યાં...)

ચાંપસી :— નામદાર માફી માંગવાની કંઈ જ જરૂરત નથી.

બારોટ :— ભૂલેલા પ્રવાસીને, સીધો રસ્તો મળી જાય, તો તે ધારેલ સ્થળે પહોંચી જાય એમાં કાંઈ જ નવાઈ નથી, વળી ખાંન સાહેબ અને આપ અમારા શિરતાજ છો, અને આવી પડેલ કુદરતી આફતને પહોંચી વળવા એક બીજાના સહકારની સમ્પૂર્ણ રીતે જરૂરત છે, તો દરેક કાર્યને વેગ મળે, તથા પૂરી વ્યવસ્થા થાય એ જ મારી આપ સર્વેને નમ્ર પ્રાર્થના છે.

મહમદ :— જરૂર, ચાંપસી મહેતા જેવા બુદ્ધિશાળી, ખીમચંદ શાહ જેવા પરોપકારી અને ઉદાર હૃદયના મહાજનો! તમારા દરેકે દરેક કાર્યમાં અમારો પૂરતો સાથ છે, તો બધી જ જવાબદારી હું તમને સોંપું છું.—અને એ રીતે—

આબરૂ કાયમ કરો, આ સ્વાર્થ ત્યાગી શાહની,
ઘરેઘર ઉજ્જવળ કરો કીર્તિ તમારી શાહની

બંબ :— નવખંડ પૃથ્વીમાં બધે, ગૌરવ વધ્યું છે શાહનું. જે વારસો ને વારસે, એ ખર્ચતાં ખૂટે નહિ પદ શાહનું, બોલો......જૈન શાસનકી......જય

ચાંપસી :— જય, પરમાત્મા......મહાવીરકી જય

સમાપ્ત

## પરિશિષ્ટ નં. ૨

# સુજસવેલીભાસ-સાર્થ

*અનુવાદ-પૂજ્ય મુનિપ્રવર શ્રી યશોવિજયજી મ.સા.*

### ઢાલ ૧ લી

[ઝાંઝરીઆની દેશી; ઝાઝરીયા મુનિવર! ધન ધન તુમ અવતાર-એ દેશી.]

પ્રણમી સરસતિ સામિણી જી, સુગુરુનો લહી સુપસાય,
શ્રીયશોવિજય વાચક તણા જી, ગાઈસું ગુણ-સમુદાય. ૧ ગુ૦

ગુણવંતા રે મુનિવર! ધન તુમ જ્ઞાન-પ્રકાસ.
વાદિ-વચન-કસણિં ચઢ્યો જી, તુજ શ્રુત સુરમણિ ખાસ,
બોધિ-વૃદ્ધિ-હેતિ કરિ જી, બુધજન તસ અભ્યાસ. ૨ ગુ૦

સકલ મુનીસર સેહરો જી, અનુપમ આગમનો જાણ,
કુમત-ઉત્થાપક એ જ્યો જી, વાચક-કુલમાં રે ભાણ. ૩ ગુ૦

પ્રભવાદિક શ્રુતકેવલી જી, આગઈ હુઆ ષટ જેમ,
કલિમાંહિ જોતાં થકાં જી, એ પણ શ્રુતધર તેમ. ૪ ગુ૦

જસ-વર્ધાપક શાસને જી, સ્વ સમય–પર મત–દક્ષ,
પોહચે નહિ કોઈ એહને જી, સુગુણ અનેરા શત લક્ષ. ૫ ગુ૦

'કૂર્ચાલીશારદ' તણો જી, બિરુદ ધરે સુવિદિત,
બાલપણિં અલવિં જિણેં જી, લીધો ત્રિદશ ગુરુ જિત. ૬ ગુ૦

ગુજ્જરધર-મંડણ અછિં જી, નામે કનોડું વર ગામ,
તિહાં હુઓ વ્યવહારિયો જી, નારાયણ એહવેં નામ. ૭ ગુ૦

તસ ધરણી સોભાગદે જી, તસ નંદન ગુણવંત,
લઘુતા પણ બુદ્ધે આગલો જી, નામે કુમર જસવંત. ૮ ગુ૦

સંવત સોલઅઠ્યાસિયેં જી, રહી કુણગિરિ ચોમાસિ,
શ્રી નયવિજય પંડિતવરુજી, આવ્યા કન્હોડે ઉલ્લાસિ. ૯ ગુ૦

માત પુત્રસ્યું સાધુનાં જી, વાંદિ ચરણ સવિલાસ,
સુગુરુ ધર્મ ઉપદેશથી જી, પામી વયરાગ પ્રકાસ. ૧૦ ગુ૦

અણહિલપુર પાટણિં જઈ જી, લ્યૈં ગુરુ પાસેં ચારિત્ર,
યશોવિજય એહવી કરી જી, થાપના નામની તત્ર. ૧૧ ગુ૦

પદમસીહ બીજો વલી જી, તસ બાંધવ ગુણવંત,
તેહ પસગે પ્રેરિયો જી, તે પણિ થયો વ્રતવંત. ૧૨ ગુ૦

વિજયદેવગુરુ-હાથની જી, વડ દીક્ષા હુઈ ખાસ,
બિહુનેં સોલ અઠ્યાસિયેં જી, કરતાં યોગ-અભ્યાસ. ૧૩ ગુ૦

સામાઈક આદિ ભણ્યા જી, શ્રીજસ ગુરુમુખિ આપિ,
સાકર-દલમાં મિષ્ટતા જી, તિમ રહી મતિ શ્રુત વ્યાપિ. ૧૪ ગુ૦

સંવત સોલનવાણુએં જી, રાજનગરમાં સુગ્યાન,
સાધિં સાખિ સંઘની જી, અષ્ટ મહાઅવધાન. ૧૫ ગુ૦

'સા' ધનજી સૂરા, તિસેં જી, વીનવિં ગુરુ એમ,
'યોગ્ય પાત્ર વિદ્યાતણું જી, થાસ્યેં એ બીજો હેમ.' ૧૬ ગુ૦

જો કાસી જઈ અભ્યસેં જી, ષટ દર્શનના ગ્રંથ,
કરિ દેખાડેં ઊજલું જી, કામ પડયેં જિન-પંથ. ૧૭ ગુ૦

વચન સુણી સહગુરુ ભણિં જી, કાર્ય એહ ધનનેં અધીન,
મિથ્યામતિ વિણ સ્વારથેં જી, નાપે નિજ શાસ્ત્ર નવીન. ૧૮ ગુ૦

નાણીના ગુણ બોલતાં જી, હુઈ રસનાની ચોષ (ખ)
સુજસવેલિ સુણતાં સધેં જી, કાંતિ સકલ ગુણ પોષ. ૧૯ ગુ૦

## ઢાલ ૨

[થારાં મોહલાં ઊપરિ મેહ ઝબુકે વીજલી હો લાલ ઝબુકે વીજલી-એ દેશી]

ધનજી સૂરા સાહ, વચન ગુરૂનું સુણી હો લાલ,
વચન ગુરુનું સુણી હો લાલ,
આણી મન ઉચ્છાહ, કહેં ઈમ તે ગુણી હો લાલ.
કહેં ઈમ તે ગુણી હો લાલ.

દોઈ સહસ દીનાર, રજતના ખરચસ્યું હો લાલ. રજતના ૦
પંડિતનેં વારંવાર, તથાવિધિ અરચસ્યું હો લાલ. તથાવિધિ ૦ ૧

છિ મુજ એહવી ચાહ, ભણાવો તે ભણી હો લાલ. ભણાવો ૦
ઈમ સુણી કાશીનો રાહ, ગ્રહે ગુરુ દિનમણી હો લાલ, ગ્રહે ૦
હુંડી કરિ ગુરુરાય, ભગતિ ગુણ અટકલી હો લાલ. ભગતિ ૦
પાછલિથી સહાય, કરઈવા મોકલી હો લાલ. કરઈવા ૦ ૨

કાશીદેશ-મઝાર, પુરી વારાણસી હો લાલ. પુરી ૦
ક્ષેત્ર તણો ગુણ ધારિ, જિહાં સરસતિ વસી હો લાલ. જિહાં ૦

તાર્કિક-કુલ-માર્ત્તંડ, આચારજ ભટ્ટનો હો લાલ. આચારજ. ૦
જાણે રહસ્ય અખંડ, તે દર્શન પટ્નો હો લાલ. તે ૦ ૩

ભટ્ટાચારિજ પાસ ભણેં શિષ્ય સાતસેં હો લાલ. ભણે ૦
મીમાંસાદિ અભ્યાસ, કરેં વિદ્યારસેં હો લાલ. કરે ૦
તે પાસિં જસ આપ, ભણેં પ્રકરણ ઘણાં હો લાલ. ભણે ૦
ન્યાય મીમાંસાલાપ, સુગત જૈમિનિ તણાં હો લાલ સુગત ૦ ૪

વૈશેષિક સિદ્ધાંત, ભણ્યાં ચિંતામણી હો લાલ. ભણ્યાં ૦
વાદિ-ઘટા દુરદાંત, વિબુધ-ચૂડામણી હો લાલ. વિબુધ ૦
સાંખ્ય પ્રભાકર ભટ્ટ, મતાંતર સૂત્રણા હો લાલ. મતાંતર ૦
ધારેંમહા દુરઘટ્ટ, જિનાગમ-મંત્રણા હો લાલ. જિનાગમ ૦ ૫

પંડિતને દ્યેં આપ, રૂપૈયો દિન પ્રતિં હો લાલ. રૂપૈયો ૦
પઠન મહારસ વ્યાપ, ભણેં જસ શુભમતિં હો લાલ. ભણે ૦
તીન વરસ લગિ પાઠ, કરેં અતિ અભ્યસી હો લાલ. કરેં ૦
સંન્યાસી કરિ ઠાઠ, આયો એહવેં ધસી હો લાલ. આયો ૦ ૬

તેહસું માંડો વાદ, સકલ જન પેખતાં હો લાલ. સકલ ૦
નાઠો તજિ ઉદમાદ, સંન્યાસી દેખતાં હો લાલ. સંન્યાસી ૦
પંચશબદ-નીશાણ, ધુરંતિ ઈજતિ હો લાલ. ધુરંતિ ૦
આવ્યા જસ બુધ-રાણ, નિજાવાસિં તિતિં હો લાલ. નિજા ૦ ૭

વારાણસી શ્રીપાસ, તણી કીધી થુઈ હો લાલ. તણી ૦
ન્યાયવિશારદ તાસ, મહાકીરતિ થઈ હો લાલ. મહા ૦
કાશીથી બુધરાય, ત્રિહુ વરષાંતરે હો લાલ. ત્રિહુ ૦
તાર્કિક નામ ધરાય, આવ્યા પુર આગરે હો લાલ. આવ્યા ૦ ૮

ન્યાયાચાર્યનિં પાસિ, બુધ વલિ આગરે હો લાલ. બુધ ૦
કીધા શાસ્ત્ર-અભ્યાસ, વિશેષથી આદરેં હો લાલ. વિશેષથી ૦
ચ્યાર વરસ પર્યંત, રહી અવગાહિયા હો લાલ. રહી ૦
કર્કશ તર્ક્ક સિદ્ધાંત, પ્રમાણ પ્રવાહિયા હો લાલ. પ્રમાણ ૦ ૯

આગરાઈ સંઘ સાર, રૂપૈયા સાતસેં હો લાલ. રૂપૈયા ૦
મૂંકે કરિ મનુહાર, આગેં જસનેં રસેં હો લાલ. આગે ૦
પાઠાં પુસ્તક તાસ, કરાય ઉમંગસ્યું હો લાલ. કરાય ૦
છાત્રોનેં સવિલાસ, સમાપ્યાં રંગસ્યું હો લાલ. સમાપ્યાં ૦ ૧૦

દુર્દમ વાદી-વાદ, પરિં પરિં જીપતા હો લાલ. વિદ્યાઈ ૦
આવ્યા અહમદાવાદ, વિદ્યાઈ દીપતા હો લાલ. વિદ્યાઈ ૦

ઇણિપરિ સુજસની વેલિ, સદા ભણસ્યેં જિ કે હો લાલ. સદા ૦
કાંતિ મહારંગ રેલિ, સહી લહિસ્યેં તિ કે હો લાલ. સહી ૦ ૧૧

### ઢાળ ૩

[ખંભાઈતી-ચાલો સાહેલી વીંદ વિલોકવા જી. એ દેશી.]

કાશીથી પાઉધારેં શ્રી ગુરુ જી ઇહાં જી, જિતી દિશિ દિશિ વાદ,
ન્યાયવિશારદ બિરુદ ધરેં વડો જી, આગે તૂર-નિનાદ. ૧ ચાલો૦

ચાલો સહેલી હે! સુગુરુનેં વાંદવા જી, ઇમ કહેં ગૌરી વેંણ,
શાસનદીપક શ્રીપંડિતવરુ જી, જોવા તરસેં નેંણ. ૨ ચાલો૦

ભટ-ચટ-વાદી વિબુધેં વીંટિઓ જી, તારાઈ જિમ ચંદ,
ભવિક ચકોર ઉલ્લાસન દીપતો જી, વાદી-ગરુડ-ગોવિંદ. ૩ ચાલો૦

યાચક-ચારણ-ગણિ સલહીજતા જી, વીટ્યા સંઘ સમગ્ર,
નાગપુરીય-સરાહેં પધારિયા જી, લેતા અરઘ ઉદગ્ર. ૪ ચાલો૦

કીરતિ પસરી દિશિ દિશિ ઊજલી જી, વિબુધતણી અસમાન,
રાજસભામાં કરતાં વર્ણના જી, નિસુણેં મહબતખાન. ૫ ચાલો૦

ગુજ્જરપતિનેં હૂંસ હુઈ ખરી જી, જોવા વિદ્યાવાન,
તાસ કથનથી જસ સાધેં વલી જી, અષ્ટાદશ અવધાન. ૬ ચાલો૦

પેખી ગ્યાની ખાન ખુસી થયા જી, બુદ્ધિ વખાણે નિબાપ,
આડંબરસ્યું વાજિંત્ર વાજતેં જી, આવેં થાનિક આપ. ૭ ચાલો૦

શ્રીજિનશાસન ઉન્નતિ તાં થઈ જી, વાધી તપ-ગચ્છ-શોભ,
ગચ્છ ચોરાસીમાં સહુ ઇમ કહેં જી, એ પંડિત અક્ષોભ. ૮ ચાલો૦

સંઘ સકલ મિલિ શ્રીવિજયદેવનેં જી, અરજ કરે કર જોડી,
'બહુશ્રુત' એ લાયક ચઉથેં પદિં જી, કુણ કરેં એહની હોડિ?'' ૯ ચાલો૦

ગચ્છપતિ લાયક એહવું જાણિનેં જી, ધારે મનમાં આપ,
પંડિતજી થાનક-તપ વિધિસ્યું આદરેં જી, છેદણ ભવ-સંતાપ ૧૦ ચાલો૦

ભીના મારગ શુદ્ધ સંવેગનેં જી, ચાઢેં સંયમ ચોષ (ખ),
જયસોમાદિક પંડિત-મંડલી જી, સેવેં ચરણ અદોષ ૧૧ ચાલો૦

ઓલી તપ આરાધ્યું વિધિ થકી જી, તસ ફલ કર-તલિ કીધ,
વાચક-પદવી સત્તરઅઢારમાં જી, શ્રીવિજયપ્રભ દીધ. ૧૨ ચાલો૦

વાચકજી જસ-નામી જગમાં એ જ્યો જી, સુરગુરુનો અવતાર,
'સુજસવેલિ' ઇમ સુણતાં સંપજેં જી, 'કાંતિ' સદા જયકાર ૧૩ ચાલો૦

## ઢાલ ૪

[આજ અમારેં આંગણિયેં—એ દેશી]

'શ્રીયશોવિજય' વાચક તણા, હું તો ન લહું ગુણ-વિસ્તારો રે,
ગંગાજલ-કણિકાથકી, એહના અધિક અછેં ઉપગારો રે. ૧ શ્રી૦

વચન-રચન સ્યાદ્વાદનાં, નય-નિગમ-અગમ ગંભીરો રે,
ઉપનિષદા જિમ વેદની, જસ કઠિન લહેં કોઈ ધીરો રે. ૨ શ્રી૦

શીતલ પરમાનંદિની, શુચિ વિમલ-સ્વરૂપા સાચી રે,
જેહની રચના-ચંદ્રિકા, રસિયા જણ સેવેં રાચી રે. ૩ શ્રી૦

લઘુબાંધવ હરિભદ્રનો, કલિયુગમાં એ થયો બીજો રે,
છતા યથારથ ગુણ સુણી, કવિયણ બુધ કો મત ખીજો રે. ૪ શ્રી૦

સતરત્રયાલિં ચોમાસું રહ્યા, પાઠક નગર ડભોઈ રે,
તિહાં સુરપદવી અણુસરી, અણસણ કરિ પાતક ધોઈ રે. ૫ શ્રી૦

સીત-તલાઈ પાખતી, તિહાં થુભ અછેં સસનૂરો રે,
તેમાહિંથી ધ્વનિન્યાયની, પ્રગટેં નિજ દિવસિં પડૂરો. ૬ શ્રી૦

સંવેગી શિર-સેહરો, ગુરુ ગ્યાન-રયણનો દરિયો રે,
પરમત-તિમિર ઉછેદિવા, એ તો બાલારુણ દિનકરિયો રે. ૭ શ્રી૦

શ્રીપાટણના સંઘનો લહી, અતિ આગ્રહ સુવિશેષિં રે,
સોભાવી ગુણ-ફૂલડિં, ઈમ 'સુજલવેલિં' મ્હેં લેષિ (ખિ) રે, ૮ શ્રી૦

ઉત્તમ-ગુણ ઉદ્ભાવતાં, મ્હેં પાવન કીધી જીહા રે,
કાંતિ કહે જસ-વેલડી, સુણતાં હુઈ ધન ધન દીહા રે. ૯ શ્રી૦

# સુજસવેલીનો સાર

## ઢાલ પહેલી

[ સૂચના :—નીચેના અનુવાદની મહત્ત્વની બાબતોમાં સ્પષ્ટીકરણ માટે યથોચિત ટિપ્પણો આપ્યાં છે તે જોવાં. ]

સરસ્વતીદેવીને પ્રણામ કરી, સદ્ગુરુની સત્કૃપા પામી શ્રીયશોવિજય વાચકના ગુણ સમુદાયનું ગાન કરીશું. હે ગુણવંતા મુનિવર શ્રીયશોવિજયજી! તમારા જ્ઞાનપ્રકાશને ધન્ય છે. (૧)

નિશ્ચે આપનું દેવમણિ-ચિંતામણિ જેવું (નિર્મળ) શ્રુત-શાસ્ત્ર છે, વાદીઓનાં વચન રૂપી કસોટીએ ચઢેલું છે, તેનો અભ્યાસ પંડિતજનો બોધિ એટલે સમ્યક્ત્વ (સાચી શ્રદ્ધા)ની વૃદ્ધિ કરવા માટે કરે છે. (૨)

સકલ મુનીશ્વરોમાં શિરોમણિ, આગમ-સિદ્ધાન્તોના અનુપમ જ્ઞાતા, કુમતોના ઉત્થાપક અને વાચકો (ઉપાધ્યાયો)ના કુલમાં સૂર્ય જેવા આપ જયવંતા વર્તો છો. (૩)

પૂર્વે પ્રભવસ્વામી આદિ છ **'શ્રુતકેવળી'** થયા, તેવી રીતે કલિકાળમાં જોઈએ તો આ શ્રીયશોવિજય પણ તેવી રીતે (વિશિષ્ટ) શ્રુતધર વર્તે છે. (૪)

વળી તેઓશ્રી જૈન શાસનના યશની વૃદ્ધિ કરનાર, સ્વસમય એટલે પોતાના સિદ્ધાંતોના અને અન્ય મતો અને શાસ્ત્રોના દક્ષ-જ્ઞાતા હતા. તે ઉપરાંત તેમનામાં બીજા સેંકડો-લાખો અનોખા સદ્‌ગુણો હતા કે એથી તેમને કોઈ જ પહોંચી શકે તેમ ન હતું. (૫)

તેઓ **કૂર્ચાલી શારદા** (મૂછાલી-સરસ્વતી)નાં બિરૂદથી સારી રીતે જાણીતા થયા હતા અને જેણે બાળપણમાં લીલામાત્રથી (અલ્પ પ્રયાસથી) દેવતાના ગુરૂ બૃહસ્પતિ જેવાને પણ જીતી લીધેલા હતા. (૬)

ગૂર્જર-ભૂમિના શણગાર રૂપ **'કનોડું'** નામે ગામ છે. ત્યાં **'નારાયણ'** એવા નામવાળો વ્યવહારિયો (વાણિયો) વસતો હતો. (૭)

તેને **'સોભાગદે'** નામની ગૃહિણી હતી અને તેઓનો ગુણવંત પુત્ર નામે **'જસવંત'** કુમાર હતો જે પુત્ર ઉમ્મરમાં લઘુ હોવા છતાં બુદ્ધિમાં અગ્રણી-મહાન હતો. (૮)

**સંવત ૧૬૮૮માં 'કુણગેર'માં** ચોમાસું (અષાઢથી કાર્તિક સુધીનાં ચાર માસ) રહી પંડિતવર્ય **શ્રીનયવિજયજી** આનંદપૂર્વક 'કન્હોડું' ગામમાં પધાર્યા. (૯)

માતા સોભાગદેએ પુત્ર સાથે ઉલ્લાસથી તે સાધુ પુરુષનાં ચરણોમાં વંદન કર્યું અને તે સદ્‌ગુરૂના ધર્મોપદેશથી જસવંતકુમારને વૈરાગ્ય પ્રકાશ થયો. (૧૦)

અણહિલપુર-પાટણ (ગુજરાત-પાટણ)માં જઈ તે જ ગુરૂ પાસે જસવંતકુમારે ચારિત્ર (દીક્ષા) લીધું અને તે વખતે **'યશોવિજય'** એવું નામ સ્થાપન કરવામાં આવ્યું, એટલે હવે તે નામથી ઓળખાવા લાગ્યા. (૧૧)

વળી બીજા **'પદ્મસિંહ'** જેઓ જસવંતકુમારના ભાઈ હતા ને ગુણવંત હતા, તેમને પ્રેરણા કરતાં તે પણ વ્રતવંત થયા એટલે મહાવ્રતો લેવા દ્વારા ચારિત્ર અંગીકાર કર્યું. (તેનું નામ પદ્મવિજય રાખ્યું) (૧૨)

**વડીદીક્ષા** માટેનું યોગ-તપ અને શ્રીદશવૈકાલિકાદિક સૂત્રનો અભ્યાસ કરતા (યોગ્યતા પ્રાપ્ત થતાં) આ બંને મુનિ-બંધુઓને **સં. ૧૬૮૮ની** સાલમાં તપાગચ્છના આચાર્ય **શ્રીવિજયદેવસૂરિ**ના હસ્તે વડીદીક્ષા આપવામાં આવી. (૧૩)

વડીદીક્ષા બાદ શ્રીજસવિજયજીએ ગુરૂમુખદ્વારા સામાયિક આદિ (ષડાવશ્યક સૂત્રાદિ) સૂત્ર-જ્ઞાનનો અભ્યાસ કર્યો. જેના પરિણામે જેમ સાકરના દલમાં મીઠાશ વ્યાપીને (અણુએ અણુએ) રહી છે, તેવી રીતે તેમની મતિ શ્રુત-શાસ્ત્ર જ્ઞાનમાં વ્યાપી ગઈ. (૧૪)

સં. ૧૬૯૯ માં રાજનગર—અમદાવાદમાં સંઘ સમક્ષ સુજ્ઞાની શ્રીયશોવિજયે આઠ 'મહા અવધાન' કર્યાં. (૧૫)

તે વખતે શ્રીસંઘના એક અગ્રણી શાહ **'ધનજી સૂરા'** હતા તેણે ગુરૂ શ્રીનયવિજયજીને આ પ્રમાણે વિનંતિ કરી કે "આ [શ્રીયશોવિજયજી મહારાજ] વિદ્યા-જ્ઞાન મેળવવાને યોગ્ય પાત્ર છે એમને (ભણાવવામાં આવે તો) આ **બીજા હેમાચાર્ય** થાય તેમ છે." (૧૬)

જો કાશી જઈ છએ દર્શનના ગ્રંથોનો અભ્યાસ કરે તો કામ પડ્યે શ્રીજિનમાર્ગને ઉજ્જ્વલ કરી દેખાડે તેવા છે. (૧૭)

શાહ ધનજીભાઈનાં વચનો સાંભળીને સદ્‌ગુરૂદેવે જણાવ્યું કે 'કાશી જઈને ભણવાનું કાર્ય ધન-લક્ષ્મીને આધીન છે, કારણ કે વિના સ્વાર્થે અન્ય મતિઓ પોતાનાં શાસ્ત્રોનું જ્ઞાન આપતા નથી.' (૧૮)

આ 'સુજસવેલી' કાવ્યના રચયિતા **શ્રીકાન્તિવિજયજી** કહે છે કે જ્ઞાની પુરુષોના ગુણોનું કથન કરતાં મારી જિહ્‌વા નિર્મલ થઈ, અને આ સુજસવેલી કાવ્યને સાંભળતાં સઘળા ગુણોની પુષ્ટિ થાય છે. (૧૯)

## ઢાલ બીજી

ગુરુજીનું વચન સાંભળીને ગુણી શ્રાવક શાહ ધનજી સૂરાએ મનના ઉત્સાહ પૂર્વક કહ્યું કે રૂપા નાણાંની બે હજાર દીનારનો હું ખર્ચ આપીશ અને પંડિતનો તથાવિધિ-યથાયોગ્ય રીતે વારંવાર સત્કાર પણ કરીશ. (૧)

માટે મારી એવી ઇચ્છા છે કે તે તરફ જઈને તમે ભણાવો. આ સાંભળી સૂર્ય જેવા તેજસ્વી ગુરુએ કાશી તરફ વિહાર કર્યો, અને તે શ્રાવકે હુંડી કરી (લખી). તેથી ગુરૂરાજે તે શ્રાવકનો ભક્તિગુણ કળી લીધો, અને પાછળથી સહાય અર્થે (નાણાં મળી શકે માટે) તે હુંડીને કાશી મોકલી આપી. (૨)

કાશી દેશની વારાણસી નગરી છે, જે ક્ષેત્રના ગુણ-મહિમાને લક્ષ્યમાં લઈને જ્યાં સરસ્વતીદેવીએ પોતાનો વાસ કર્યો છે. ત્યાં તાર્કિક-કુલમાં સૂર્ય સરખા ષટ્‌દર્શનના અખંડ રહસ્યને જાણનાર એક ભટ્ટાચાર્ય હતા કે જેની પાસે સાતસો શિષ્યો મીમાંસા આદિ દર્શનોનો અભ્યાસ વિદ્યાના રસપૂર્વક કરતા હતા. તેમની જ પાસે શ્રીયશોવિજયજી પોતે ઘણાં પ્રકરણો ભણવા લાગ્યાં. ન્યાય, મીમાંસાવાદ, સુગત (બૌદ્ધ), જૈમિની, વૈશેષિક આદિના સિદ્ધાન્તો સાથે ચિંતામણિ જેવા ઉત્કટ ન્યાય ગ્રન્થોનો પણ અભ્યાસ કર્યો. જેથી વાદીઓના સમૂહથી ન જીતી શકાય તેવા અને પંડિતોમાં શિરોમણિ થયા. તેમણે સાંખ્ય અને પ્રભાકર ભટ્ટ [પૂર્વમીમાંસા] નાં મહાદુર્ગમ (સૂત્રનાં) મત-મતાંતરોની રચનાનો અભ્યાસ કરી જિનાગમ-સિદ્ધાંતો સાથેનો સમન્વય પણ કરી લીધો. (૩-૪-૫)

અધ્યાપક પંડિતજીને હંમેશનો રૂપૈયો અપાતો, શ્રેષ્ઠ બુદ્ધિશાલી શ્રીયશોવિજયજીને અધ્યયન કરવામાં મહારસ લાગ્યો હતો, તેઓશ્રીએ ત્રણ વર્ષ સુધી સતત ને ખૂબ પરિશ્રમ-પૂર્વક અભ્યાસ કર્યો. એવામાં ત્યાં મોટા ઠાઠથી ધસી આવેલા એક સંન્યાસી સાથે, સર્વજન-સમક્ષ શ્રીયશોવિજયજીએ વાદ (શાસ્ત્રાર્થ) શરૂ કર્યો. તે સંન્યાસી શ્રીયશોવિજયજીની પ્રચંડ વાદ-શક્તિ દેખતાં ઉન્માદ (ગર્વ) તજી પલાયન થઈ ગયો. પછી જેમની આગળ જિત-નિશાન સૂચવતાં પંચશબ્દ પાંચ પ્રકારનાં વાજિંત્રો વાગી રહ્યા છે એવા શ્રીયશોવિજયજી પોતાના નિવાસે પધાર્યા, અર્થાત્ તેમને વાજતે-ગાજતે ભારે સત્કાર સાથે પોતાના સ્થાને લઈ જવામાં આવ્યા. (૬-૭)

ત્યાં આવીને વારાણસી-શ્રી પાર્શ્વનાથની સ્તુતિ કરી અને તેઓની 'ન્યાયવિશારદ' તરીકેની મહાકીર્તિ થઈ. આ પ્રમાણે ત્રણ વર્ષ સુધી કાશીમાં રહીને 'તાર્કિક' નામ ધારણ કરીને પંડિતરાજ શ્રીયશોવિજયજી કાશીથી આગ્રા નગરે પધાર્યા. (૮)

ત્યાં આગ્રા શહેરમાં પણ ચાર વર્ષ પર્યન્ત રહીને વિદ્વાન ન્યાયાચાર્ય પાસે આ પંડિત શ્રી યશોવિજયજીએ વિશેષ આદરપૂર્વક એટલે અતિસૂક્ષ્મતાને ઉંડાણથી કઠિન-કર્કશ અને પ્રમાણોથી અતિ ભરપૂર તર્કના સિદ્ધાન્તોને અવગાહી લીધા. (૯)

શ્રી યશોવિજયની વિદ્વત્તાથી આકર્ષાઈ આગ્રાના ભક્તિવંત શ્રીસંઘે તેમની આગળ આગ્રહપૂર્વક સાતસો રૂપૈયા ભેટ ધર્યા, તેનો ઉપયોગ ઉમંગથી પુસ્તકો લેવા-લખાવવામાં અને પાઠા (પાટલીઓ આદિ) બનાવવામાં કર્યો અને પછી તે વસ્તુઓ આનંદ અને ઉત્સાહથી વિદ્યાભ્યાસીઓને સમર્પણ કરવામાં આવી. (૧૦)

ત્યાંથી વિહાર કરીને સ્થળે સ્થળે દુર્દમવાદીઓની સાથે વાદ કરીને તેમને પરાજિત કરતા, વિદ્યાથી દીપતા શ્રી યશોવિજયજી અમદાવાદ નગરમાં (ગુજરાતમાં) પધાર્યા. (૧૧)

આ પ્રમાણે આ સુયશની વેલીને જે સદા ભણશે, તે મહા આનંદના પૂરને પ્રાપ્ત કરશે એમ શ્રી કાંતિવિજયજી કહે છે. (૧૨)

## ઢાલ ત્રીજી

નોંધ :—વિદ્યાધામ કાશી જેવા દૂરના પ્રદેશમાંથી વિજયી બની અમદાવાદ પધારતાં અમદાવાદે તેમનું ભાવભીનું જે સ્વાગત કર્યું તે વાતને કવિ આ ઢાળમાં વર્ણવે છે.

અમદાવાદની નારીઓ આ પ્રમાણે વચનો ઉચ્ચારી રહી છે કે કાશીથી ગુરુદેવ યશોવિજયજી દશે દિશામાં વાદમાં વિજયો મેળવીને, 'ન્યાય વિશારદ' જેવા મ્હોટાં પદથી અલંકૃત થઈને, વળી જેમની આગળ વાજિંત્રો જોરથી વાગી રહ્યા છે તે અહીં (અર્થાત્ વાજતે-ગાજતે ધામધૂમથી) પધાર્યા છે માટે હે સાહેલીઓ! સદ્‌ગુરુદેવને વાંદવા ચાલો. આ શાસન દીપક પંડિતવર્ય છે, એને જોવાને માટે અમારાં નેત્રો તલસી રહ્યાં છે. (૧-૨)

તારાઓ વડે જેમ ચંદ્ર વીંટાએલો છે, તેવી રીતે ભટો, છાત્રો, વાદીઓ અને પંડિતજનો વડે તેઓશ્રી પરિવર્યા હતા. અર્થાત્ તેમના સ્વાગતમાં તેઓ સાથે હતા. શ્રીયશોવિજયજી ભવ્ય જીવો રૂપી ચકોરોને આનંદ કરાવવામાં ચંદ્ર સરખા અને વાદી રૂપ ગરુડોને વશ કરવામાં વિષ્ણુ સરખા હતા. (૩)

યાચકો ને ચારણોના સમુદાયથી સ્તુતિ-પ્રશંસા કરાતા, ઉત્તમ અર્ઘ (પૂજન) ને ગ્રહણ કરતા સકળ સંઘ-સમુદાયથી વીંટાએલા [ અમદાવાદની રતનપોળનાં નાકે આવેલી ] નાગપુરીય સરાહ (હાલમાં નાગોરી સરાઈ છે.) માં પધાર્યા. (૪)

આથી આ અજોડ પંડિતની ઉજ્જ્વલ કીર્તિ પ્રત્યેક દિશામાં ફેલાઈ ગઈ અને (અમદાવાદની) રાજસભામાં તેમની થતી પ્રશંસાને મહોબતખાને સાંભળી તેથી ગૂર્જરપતિ (સૂબા) મહોબતખાનને પંડિતવર્ય શ્રી યશોવિજયજીને જોવાની તીવ્ર હોંશ જાગી અને સૂબાખાનની વિનંતિથી (બુદ્ધિની મહત્તાનાં સૂચક) તેમણે 'અઢાર અવધાન' સાધી બતાવ્યાં. (૫-૬)

નવાબ-ખાન જ્ઞાની ગુરુની જ્ઞાન-શક્તિથી ખુશી થયો, તેઓશ્રીની બુદ્ધિનાં વખાણ કર્યાં, અને મહા આડંબરથી વાજતે-ગાજતે સ્વ સ્થાનકે પધાર્યા. (૭)

આથી જૈનશાસનની ઉન્નતિ થઈ અને તપાગચ્છની શોભા ખૂબ વધી. આ પંડિત ચોરાસી ગચ્છના સાધુઓમાં અક્ષોભ-કોઈથી ક્ષોભ ન પામે તેવા છે, એમ સર્વ લોકો કહેવા લાગ્યા. (૮)

અમદાવાદના શ્રી સંઘે શ્રી વિજયદેવસૂરિ ગચ્છનાયકને હાથ જોડી અરજ કરી કે 'બહુશ્રુત' શ્રી યશોવિજયજી કે જેમની હોડ કોઈ કરી શકે તેવું નથી. તેથી તેઓ (પંચપરમેષ્ઠી) ના ચોથા (ઉપાધ્યાય) પદે સ્થાપન કરવા યોગ્ય છે. (૯)

તપગચ્છાધિપતિ શ્રીવિજયદેવસૂરિજીએ પોતે, એ વાત જાણીને મનમાં ધારી લીધી. ત્યારબાદ પંડિત શ્રીયશોવિજયજીએ સંસારના સંતાપોનું ઉચ્છેદન કરવા માટે 'સ્થાનક' (વીશ સ્થાનક નામનું) તપ વિધિ-પૂર્વક આદર્યું. મોક્ષની સાધનાના ધ્યેયથી શુદ્ધ માર્ગથી ભીંજાએલા આ મુનિશ્રી સંયમની નિર્મળતામાં ચઢ્યા હતા. તે વખતે જયસોમ આદિ પંડિત-મંડલી તેમનાં નિર્મળ ચરણોની સેવા કરતા હતા. (૧૦-૧૧)

વિધિ-પૂર્વક વીશ સ્થાનકનું તપ આરાધ્યા પછી તેનાં પ્રત્યક્ષ ફલરૂપે તેમને વાચક-ઉપાધ્યાયપદવી સંવત ૧૭૧૮ માં (ગચ્છપતિ) શ્રીવિજયપ્રભસૂરિજીએ આપી. (૧૨)

આ વાચક-ઉપાધ્યાય શ્રીયશોવિજય જગતમાં જયવંતા યશનામી થયા. તેઓ ખરેખર બૃહસ્પતિના અવતાર સમા હતા. શ્રીકાંતિવિજયજી કહે છે કે આ સુજસવેલીને સાંભળતાં હંમેશા જય જયકાર થાય છે. (૧૩)

## ઢાલ ચોથી

કર્તા શ્રીકાંતિવિજયજી કહે છે કે હું શ્રીયશોવિજયવાચકના ગુણના વિસ્તારોને પામી શકું

તેમ નથી. તેમના ઉપકારો ગંગા-જલનાં બિન્દુઓ કરતાં પણ અધિક છે. ૧૧૨ ઉપનિષદો જેમ વેદના એક ભાગ રૂપ છે, તેમ શ્રીયશોવિજયજીની નય-નિગમથી અગમ્ય અને ગંભીર સ્યાદ્વાદ-વચન-સિદ્ધાન્તોની રચના એ આગમ (૪૫)ના જ એક વિભાગ રૂપે છે અને તે અતિ કઠિન છે. આનો લાભ કોઈ ધીર પુરૂષ જ ઉઠાવી શકે તેમ છે. (૧-૨)

જેમની શાસ્ત્ર-રચના રૂપી ચંદ્રિકા શીતલ, પરમાનંદને આપનારી, પવિત્ર, વિમળ-સ્વરૂપ અને સાચી છે, અને તેથી રસિકજનો તેનું હોંશે હોંશે સેવન-પાન કરે છે. (૩)

શ્રી હરિભદ્રસૂરિના આ લઘુ બાંધવ એટલે કલિયુગમાં 'બીજા હરિભદ્ર' થયા. આ પ્રમાણે મેં સ્તવેલા તેમના પ્રગટ અને યથાર્થ ગુણોને સાંભળીને કોઈ પણ કવિઓ કે પંડિતો રોષ કરશો નહિ. (૪)

સંવત ૧૭૪૩ માં આ પાઠક-ઉપાધ્યાય ડભોઈ નગરમાં ચોમાસું રહ્યા હતા અને તે ગામમાં તેઓશ્રી અનશનતપ કરી, પાપોને ધોઈ, સુર-પદવીને અનુસર્યા; અર્થાત્ સ્વર્ગવાસી થયા. (૫)

ત્યાં (અગ્નિ-સંસ્કારના સ્થળે) તેમનો તેજોમય સમાધિ સ્તૂપ વર્તે છે અને તેની પડખે જ 'શીત' નામની તલાવડી છે અને તે સ્તૂપમાંથી 'ન્યાયની ધ્વનિ' નિજ-સ્વર્ગવાસના દિવસે પ્રગટ રીતે પ્રકટે છે. (૬)

(કર્તા પોતાનો ભક્તિભાવ વ્યક્ત કરતાં છેવટે કહે છે કે) આ ગુરુદેવ સંવેગી—શ્રમણોના શિરોમણિ, જ્ઞાનરૂપી રત્નના સાગર, અને અન્ય મત રૂપી અંધકારનો નાશ કરવામાં બાલ સૂર્ય જેવા છે. (૭)

શ્રી ગુજરાત-પાટણના શ્રી સંઘના અતિ આગ્રહથી સુજસ (શ્રીયશોવિજયજી) ના સુવિશેષ ગુણોવડે કરીને શોભતી આ **સુજસવેલી** લખી-રચી છે. (૮)

(કર્તા) શ્રી **કાંતિવિજય** કહે છે કે ઉત્તમ પુરુષોના ઉત્તમ ગુણોને પ્રગટ કરતાં મેં મારી જીભને પવિત્ર કરી છે, આ યશ-વેલડીને સાંભળતા સાંભળનારના દિવસો ધન્ય થાય છે. (૯)

**॥ इति श्रीमन्नहोपाध्याय श्रीयशोविजयगणि-परिचये सुजसवेलिनामा ॥**

## પરિશિષ્ટ નં. ૩

# જંબૂસ્વામીનો રાસ

## પુરોવચન

આ પુસ્તકમાં 'केवली चरमो जम्बूः' કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્યજીની આ ઉક્તિથી અવિસ્મરણીય અંતિમ કેવળી શ્રી જંબૂસ્વામીજીનું જીવનચરિત્ર રાસ રૂપે વણી લેવામાં આવ્યું છે. કર્તા વર્તમાનના અન્તિમ જ્યોતિર્ધર, ન્યાયવિશારદ, ન્યાયાચાર્ય મહોપાધ્યાય પૂ. શ્રી યશોવિજયજી ગણિવર છે, જેઓશ્રી જૈનજગતમાં સુપ્રસિદ્ધ છે અને અજૈન જગતમાં પણ ખ્યાતનામ છે.

અઢારમી સદીમાં રાસા સાહિત્ય જ્યારે પૂર્ણતાની ટોચે પહોંચ્યું હતું, રાસાઓની રચનાઓની હારમાળાથી જૈન સાહિત્ય ઊભરાઈ રહ્યું હતું, ત્યારે ઉપાધ્યાયજીએ પણ એ ક્ષેત્રમાં ઝુકાવ્યું. જ્ઞાન-વિજ્ઞાનના ક્ષેત્રમાં ઊભી થએલી ઊણપોને પૂરી કરવામાં સતત જાગરૂક, સાહિત્યના ક્ષેત્રના કોઈ પણ પ્રકારનું શીઘ્ર અનુકરણ કરીને વિશિષ્ટકોટિનું અભિનવ સર્જન કરવામાં સદોત્સાહી ઉપાધ્યાયજીએ રાસાના પ્રકારને પણ અપનાવી લીધો. પ્રાચીન કાળના વિવિધ પ્રકારના અન્તિમ પ્રતીકોના અનુગામી લેખાતા ઉપાધ્યાયશ્રીએ પોતાના સર્જાતા સાહિત્યમાં રાસાન્ત નામથી અંકિત કૃતિઓનો ઉમેરો કર્યો, જૈન સાહિત્ય અને ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું અને રાસકવિ તરીકે તેઓ ઓળખાયા.

ગુજરાતી ભાષાની પદ્યમય દીર્ઘ રચનાના આખ્યાન. ચોપાઈ, ભાસ આદિ અનેક પ્રકારો છે. તે રીતે રાસ પણ એક પ્રકાર છે. આજે આપણને ઉપાધ્યાયજી કૃત ત્રણ રાસાઓ ઉપલબ્ધ થાય છે. બે રાસાઓ સાદ્યન્ત સ્વકૃત છે અને એક રાસ અન્યકૃત રાસની પૂર્તિ રૂપે છે. સ્વકૃત રાસનાં નામ અનુક્રમે (૧) દ્રવ્યગુણપર્યાયનો રાસ (૨) જંબૂસ્વામી રાસ (૩) વર્તમાનમાં અતિ પ્રચલિત ઉપા૦ શ્રી વિનયવિજયજીકૃત 'શ્રીપાલ રાસ' (કર્તા સ્વર્ગસ્થ થતાં) અધૂરો રહેલો જે પોતે પૂર્ણ કર્યો. આમાં દ્રવ્યગુણપર્યાયનો રાસ એ તો એક અનોખી વિશિષ્ટ રચના છે. સામાન્ય રીતે રાસાઓ આબાલગોપાલ પ્રજા માટે, કોઈ પણ પાત્ર, કોઈ પણ કથાનક કે કોઈ પણ ચરિત્રને કેન્દ્રમાં રાખીને પ્રાયઃ રચાતા હોય છે. જ્યારે પ્રસ્તુત રાસ એ તો જૈનોની મૌલિક સંપત્તિ તરીકે ગણાતા દ્રવ્ય-ગુણ-પર્યાય (નય-સપ્તભંગી આદિ) આદિ વિષયને ઉદ્દેશીને જ રચાયો છે. પદ્યમય ગુજરાતી ભાષામાં કઠિનમાં કઠિન વિષયને વણી લેવો એ ઘણું જ દુર્ઘટ કાર્ય છે. ખરેખર આ કાર્ય ઉપાધ્યાયજી જ બજાવી શકે.

આ કૃતિ બનાવવાના કારણમાં એક ઉક્તિ એવી સંભળાય છે કે જૈન મુનિઓના રાસાઓનું સર્જન અને પ્રચાર જોઈને વિરોધીઓમાં 'રાસડા એ તો ફાસડા' એમ કહીને તેનો ઉપહાસ કર્યો.

---

ટીપ્પણ--રાસ એટલે વિવિધ રાગોમાં ગવાતું કાવ્ય.

ઉપાધ્યાયજીએ એ વાત જાણી એટલે એમને થયું કે જૈન મુનિઓ કે તેના સાહિત્ય સામેની આ ટકોરને પણ ભુલાવી દેવી જોઈએ અને બોલનારને નિરુત્તર કરવા જ જોઈએ. એના ફલસ્વરૂપે જ આ 'દ્રવ્યગુણપર્યાય રાસ'નું નિર્માણ થયું. વિરોધીઓને પડકાર કર્યો કે "આવો, અને આ ફાસડાને સમજાવો!" છે તો ગુજરાતી જ ભાષાની એક માત્ર કવિતા, પણ ગહન વિષયથી પૂર્ણ, શબ્દાલ્પ અને વિપુલાર્થથી પરિપૂર્ણ અતિ કઠિન કૃતિ. કયો માડીજાયો સમજાવવા આવે અને આનો ભાવાર્થ-રહસ્ય ખોલી શકે? વિરોધીઓ નિરુત્તર બની ગયા. આ તો પ્રાસંગિક વાત કહી.

પુણ્યનામધેય જંબૂસ્વામીજી એ શ્રમણ ભગવાન મહાવીરના શાસનમાં અંતિમ કેવળજ્ઞાની (સર્વજ્ઞ) થયા. આ જંબૂસ્વામીજીનું એવું કોઈ વિરલ પુણ્ય હતું કે તેઓશ્રીની યાદ ચિરંતન કાળ સુધી શ્રીસંઘના હૈયામાં જળવાઈ રહેશે. એમનું જીવન અદ્‌ભુત છે, અતિ રમ્ય છે, આકર્ષક અને રસિક છે, દરેક કક્ષાના માનવીને રસ પડે તેવી સામગ્રીથી અલંકૃત છે. વળી આ કૃતિ કવિશ્રીના જીવનના અન્તિમ વર્ષોમાં સર્જાઈ છે, એટલે વયના પરિપાકથી ઉત્પન્ન થતી પારિણામિકી બુદ્ધિનો લાભ પણ આ કૃતિને સાંપડ્યો છે.

સંસ્કૃત, પ્રાકૃત, અપભ્રંશ અને ગુજરાતી એ ચાર ભાષાના ફલક ઉપર જંબૂસ્વામીનું જીવનચિત્ર આલેખાયું છે. એ પરથી એમની જીવનગાથાનું આકર્ષણ જનતામાં કેટલું ઊંડું હતું, તે સમજી શકાય છે.

અહીં મુદ્રિત થઈને પ્રસિદ્ધ થતો રાસ, કાવ્યના અનેક અંગોથી ઝળકતો અને અનેક રસોથી છલકાતો છે. મહાકવિ ઉપાધ્યાયજીએ આ રાસમાં શૃંગાર અને શાન્ત રસ વચ્ચે, ભોગ અને ત્યાગ વચ્ચે, વિલાસ અને વૈરાગ્ય વચ્ચે સંગ્રામ જગાવીને છેવટે નવરસમાં સર્વોપરિ સ્થાન ભોગવતા એ શાન્તરસને, ત્યાગને અને વૈરાગ્યને વિજય અપાવ્યો છે અને જૈન શ્રમણોને હાથે સર્જાતા કથા-સાહિત્યનો અન્ત આ રીતે જ આવે એ સ્વાભાવિક જ છે એટલે આ રાસ શુષ્ક અને રસિક બંને પ્રકારના માનવીને ગમી જાય તેવો છે. આ રાસને અંગે જે કંઈ કથયિતવ્ય હતું તે સંપાદક શ્રી રમણલાલ શાહે પ્રસ્તાવના અને ટિપ્પણમાં રજૂ કર્યું છે.

શેઠ નગીનભાઈ મંછુભાઈ જૈન સાહિત્યોદ્ધાર ફંડના મુખ્ય કાર્યવાહક શ્રી ભાઈચંદભાઈ નગીનભાઈ ઝવેરી શ્રીસંઘની અનેકવિધ સેવા બજાવનાર અને જૈન સાહિત્ય પ્રત્યે પ્રશંસનીય અભિરુચિ ધરાવનાર છે. તેઓ ગુજરાતી ભાષામાં લખાયેલા જૈન સાહિત્યને પ્રકાશમાં લાવવાનું જે સ્તુત્ય કાર્ય કરી રહ્યા છે તે એક આનંદનો વિષય છે. આવા અનેક સદ્‌ગૃહસ્થો જો શ્રુતજ્ઞાનના પ્રચારમાં આગળ આવે તો જૈન સાહિત્યમાં સુંદર વેગ આવે.

અન્તમાં આ કૃતિ વાચકવૃંદમાં પ્રશાન્ત રસની અભિવૃદ્ધિ કરે અને ગુજરાતના કવિઓમાં સમાદર મેળવે એ જ શુભેચ્છા!

શ્રી ગોડીજી જૈન ઉપાશ્રય, મુંબઈ
શ્રાવણ સુદ ૧, સંવત ૨૦૧૭

પરમ પૂજ્ય આચાર્યશ્રી વિજયધર્મસૂરીશ્વરાન્તેવાસી
**મુનિશ્રી યશોવિજયજી**

## પરિશિષ્ટ નં. ૪

# આગમરત્ન પીસ્તાલીશી

રચયિતા :—પૂજ્ય મુનિપ્રવર શ્રી યશોવિજય મહારાજ-મુંબઈ
ગોડીજી મુંબઈ વિ.સં. ૨૦૧૦

### ❊ મંગલાચરણ ❊

નમીએ શ્રી પ્રભુ પાર્શ્વને મહિમા કલિએ વિખ્યાત,
ભજીએ શ્રી ગુરુરાયને, સમરી પદ્મા માત. ૧

વિદ્યમાન આગમતણા, દુહા રચું સુખકાર,
ગાજો સ્તવજો ભાવથી, તરવા ઊઠી સવાર. ૨

### ❊ અગિયાર અંગના દુહા ❊

શ્રી મહાવીરના મુખથી, પ્રગટ્યો વચન પ્રવાહ,
આચારાંગે સ્થિત થયો, ચીંધે મુક્તિનો રાહ. ૧

સ્વ-પર સમય વિવાદથી, બીજું અંગ સોહાય,
તે સૂયગડાંગને નમું, સમકિત નિર્મલ થાય. ૨

ત્રિવિધિ અવંચકયોગથી, પૂજો ઠાણાંગ અંગ,
વિવિધ સંદર્ભોથી શોભતું, સુણતાં આવે રંગ. ૩

એકથી લઈને શતસુધી, વિવિધ વસ્તુ વિચાર,
સમવાયાંગે જાણીએ, ઉપજે હર્ષ અપાર. ૪

ગૌતમ પૂછે વીર વદે, પ્રશ્ન છત્રીશ હજાર,
વિવાહપણ્ણત્તી છે પાંચમું, સુણજો ભાવે ઉદાર. ૫

નાયાધમ્મકહા ભલું, છઠ્ઠું અંગ વિશાલ,
પ્રથમ અનુયોગે શોભતો, વિવિધકથા ભંડાર. ૬

ઉવાસગ અંગે કહ્યાં, શ્રાવક દશ અધિકાર,
વીર પ્રભુએ વખાણીઆ, પર્ષદા બારે મોઝાર. ૭

અન્ત સંસારનો જેહને, કીધો તેહની વાત,
તે કારણ અંતગડ કહ્યું, લઈએ નામ પ્રભાત. ૮

અણુત્તરોવવાઈ સૂત્રને, નમીએ ભવિજન સાર,
સંજમ લઈને અણુત્તરે ઉપન્યા તેહ અધિકાર. ૯

દશમા અંગને વંદીએ, પણ્હવાગરણ નામ,
પૂજો ધ્યાવો ભાવથી, લેવા શિવસુખ ધામ. ૧૦

વિવાગસૂત્ત અગિયારમું, દુઃખ સુખ ફળ અધિકાર,
તજીએ પાપને પુણ્ય પણ, ભજીએ સંવર સાર. ૧૧

## ❀ બાર ઉપાંગના દુહા ❀

બાર ઉપાંગમાં આદ્ય છે, ઓવવાઈ જેહનું નામ,
વિધવિધ વાતે સોહામણું, પૂજો મન અભિરામ. ૧

રાયપસેણિય સૂત્રમાં, રાજા પ્રદેશી અધિકાર,
સૂર્યાભ દેવ નાટક કરે, વીર પ્રભુ આગળ સાર. ૨

જીવાજીવ પદાર્થનું, ઉપજે જેહથી જ્ઞાન,
જીવાભિગમ ઉપાંગને, પૂજો બહુવિધ માન. ૩

પન્નવણા સૂત્રે કહ્યાં, પદ છત્રીસ રસાળ,
ઉપાંગમાંહી જે શ્રેષ્ઠ છે, સુણજો છોડી જંજાળ. ૪

સૂરપન્નત્તી શાસ્ત્રમાં, રવિ શશિનો છે વિચાર,
સોહમગણધરે વર્ણવ્યો, ખગોળ શાસ્ત્ર વિસ્તાર. ૫

પન્નત્તી જંબૂદ્વીપની, જંબૂદ્વીપ અધિકાર,
ભરત ઐરાવતને વળી, મહાવિદેહાદિક ધાર. ૬

ચંદપન્નત્તી ઉપાંગમાં, ચંદ્રાદિકનો સંચાર,
ગુરુગમથી તે જાણીએ, અનુયોગ ગણિત ઉદાર. ૭

નિરયાવલિયા ઉપાંગમાં, નરકાદિક અધિકાર,
સુણી ચેતે ભવિજના, પાપ ન કરીએ લગાર. ૮

કપ્પવડંસિયા સૂત્રમાં, શ્રેણિક પૌત્ર અધિકાર,
દશ અધ્યયન છે ભલાં, સુણિયે ભાવે ઉદાર. ૯

સાધ્વી સુભદ્રનો રૂડો, સંદર્ભ સુણજો હેત,
તે આગમ પુષ્ફિસા નમો, કરવા મુક્તિ સંકેત. ૧૦

પુષ્પચુલિઆ ગ્રંથમાં, સિરિ આદિ દશ અધિકાર,
તે આગમ સેવો સ્તવો, કરવા ભવ નિસ્તાર. ૧૧

વૃષ્ણિક વંશ જ બારની, કહી કથા સવિસ્તાર,
ચરમોપાંગને ભાવીએ, વણ્હિદશા મનોહાર. ૧૨

## ❀ દશપયન્નાના દુહા ❀

પયન્ના વરતે છે ઘણા, પણ દશ મુખ્ય ગણાય,
ચઉશરણપયન્નાયે નમું, પાતક દૂર પલાય. ૧

આઉર પચ્ચક્ખાણ સૂત્રમાં, વિવિધ મરણ વિચાર,
પચ્ચક્ખાણ ધર્મ આરાધતાં, પામે ભવજલ પાર. ૨

મહા પચ્ચક્ખાણ પયન્નામાં પંડિત વીરજવંત,
અનશન શુદ્ધ આરાધતાં, મુનિ હોવે મુક્તિનો કંત. ૩

જિનઆણા આરાધતાં, તપ જપ કિરિયા જેહ,
ભત્તપરિણ્ણામાં કહ્યું, શિવપદ લહે તેહ. ૪

તંદુલવેયાલીય શાસ્ત્રમાં, ગર્ભાદિક અધિકાર,
સુણી ધર્મ આરાધજો, તરવા આ સંસાર. ૫

ગણિવિજ્જાપયન્ને કહી, જ્યોતિષ વિદ્યા સાર,
શુભકર્મમાં તે યોજીએ, વરાવા સિદ્ધિ અપાર. ૬

રાધા વેધસમ સાધજો, વિનયાદિક ગુણભંડાર,
ચંદાવિજ્ઝય પયન્ને સુણો, ધન્ય મુનિ કથાસાર. ૭

આખ્યાન બત્રીસ ઇન્દ્રનું, વર્ણવ્યું છે વિસ્તાર,
આવાસ સ્થિતિ આદિ ઘણું, દેવિંદથય મોઝાર. ૮

મરણસમાહિ પયન્નામાં, પંડિત મરણને કાજ,
ઉપાય કહ્યા તે સેવિયે, લેવા મુગતિનું રાજ. ૯

સંથારે કરે સાધના, પંડિત મરણને કાજ,
સંથારગપયન્ને સુણો, અર્ણિકા આદિ મુનિરાજ. ૧૦

## ❀ છ છેદ સૂત્રના દુહા ❀

છ છેદ સૂત્રોને ભજો, દસ સુયક્ખંધ સાર,
કલ્પસૂત્ર જેહમાં કહ્યું, શ્રમણ સંઘ આધાર. ૧

પ્રાયશ્ચિત અધિકારને, વળી આચાર શાસ્ત્રની વાત,
કલ્પબૃહદ્‌માં આકરી, આચરે મુનિ સુખશાત. ૨

નિર્ગ્રન્થ સાધુ સાધ્વીની, આચાર સંહિતા જાણ,
દ્વાદશાંગ નવનીતસમ, છેદ વવહાર પ્રમાણ. ૩

જીયકપ્પાખ્યે વર્ણવ્યાં, દશ પ્રાયશ્ચિત સાર,
શ્રમણ જીવન વિશુદ્ધ બને, પાળે પંચાચાર. ૪

રચીયું છેદ નિસીહને, શ્રમણહિતાહિત કાજ,
નિરતિચારને પાળતાં, ધન્ય ધન્ય તે મુનિરાજ. ૫

મહાનિસીહને વંદીએ, ઉત્તમ કહ્યો આચાર,
વિધિ-નિષેધ-અપવાદ વળી, ઉત્સર્ગ માર્ગ વિચાર. ૬

## ❀ ચાર મૂલ સૂત્રના દુહા ❀

આવશ્યક સૂત્રે કહ્યાં, ષડાવશ્યક ધર્મ,
ઉભયટંક આરાધીએ, ભાંગે કર્મના મર્મ. ૧

દસવેયાલિયે દશ કહ્યાં, અધ્યયનો ભલી ભાત,
સર્વવિરતિ નિર્મળ કરે, વંદીએ ઉઠી પ્રભાત. ૨

પાવાપુરીમાં પ્રકાશિયું, મહાવીર મુખ મનોહાર,
ઉત્તરજ્ઝયણ સહુને જચ્યું, મુક્તિ મારગ કથનાર. ૩

શ્રમણસંઘ ભોજન વિધિ, પિણ્ડનિજ્જુત્તી મોઝાર,
નિર્દોષ ભિક્ષા ગવેષતા, વંદુ તે અણગાર. ૪

## ❀ બે ચૂલિકા સૂત્રના દુહા ❀

મંગલ નન્દીસૂત્રમાં, પાંચે જ્ઞાન પ્રકાશ,
ભણીએ સ્તવીએ ભાવથી, પ્રગટે આત્મ સુવાસ. ૧

પ્રશ્નોત્તર પરિપાટીથી, વર્ણવ્યા વિવિધ પદાર્થ,
અનુયોગદારને હું સ્તવું, તજવા મિથ્યા અનર્થ. ૨

## ❀ કળશ ❀

ઈમ પીસ્તાલીશી વર્ણવી, આગમરયણની સાર,
અતિસંક્ષેપે એ કહી, સમરો ઉઠી સવાર,

મુંબઈ બંદરે ગોડીજી, ચોમાસું રહી કીધ,
ભક્તિભાવે એ સ્તવી, સુયશ તિમિર હર લીધ.




CREATED BY NEHAJ 2873 6745/2873 6535